સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ, [illegible]

રીપોર્ટ, ભાષણો અને નિબંધો

રમણલાલ કનૈયાલાલ યાજ્ઞીક.
માનશંકર. પીતાંબર. મ્હેતા.
સામાન્ય મંત્રીઓ.



નેકનામદાર કૃષ્ણકુમારસિંહ
ભાવનગરના બાલમહારાજા સાહેબ

Lakshmi Art, Bombay, 8.

ભાવનગરમાં

તા. ૧૮, ૧૯ તથા ૨૦ એપ્રિલ ઈ. સ. ૧૯૨૪ ને રોજ મળેલી

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદનાં

વૃત્તાંત, ભાષણો તથા નિબંધો



પ્રકાશક

ભાવનગર સત્કાર મંડલ તરફથી

માનશંકર પીતાંબરદાસ મહેતા

રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક

સામાન્ય મંત્રીઓ.

તથા

કપિલરાય પરમાનંદદાસ ઠક્કર

મુનિકુમાર મણિશંકર ભટ્ટ

પ્રકાશન સમિતિના મંત્રીઓ.

ભાવનગર

વિ. સં. ૧૯૮૨ ઈ. સ. ૧૯૨૬

મૂલ્ય રૂ. ૩-૮-૦

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ—અમદાવાદ
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

સિવાય કે—

૧. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના અધ્યક્ષનું ભાષણ—મુંબાઇના સાહિત્ય પ્રેસના મેનેજર લાભશંકર પ્રભુરામ ભટ્ટે,

૨. વિજ્ઞાન વિભાગના અધ્યક્ષનું ભાષણ—મુંબઇના મનોરંજન પ્રેસના મેનેજર ડી. આર. મિત્રે,

૩. જૈન વિભાગના અધ્યક્ષનું ભાષણ-પંડિત સુખલાલ સંઘવીનો "જૈન ન્યાયનો ક્રમિક વિકાસ" નામનો નિબંધ અને શેઠ કુંવરજી આણંદજીનો "કર્મ સંબંધી જૈન સાહિત્ય" નામનો નિબંધ—એ ત્રણે ભાગો ભાવનગરમાં આનંદ પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર શેઠ દેવચંદ દામજીએ,

૪. ચિત્રો—મુંબઇમાં લક્ષ્મીઆર્ટ પ્રીંટીંગ પ્રેસના મેનેજરે છાપેલ છે

સામાન્ય મંત્રીઓ, નીલકંઠ મહાદેવની શેરી, ભાવનગર.
પ્રાપ્તિસ્થાન : ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફીસ, અમદાવાદ
એન એમ. ત્રિપાઠીની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.



મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી.

તેઓના સંદેશઃ—

"હું ગુજરાતી ભાષાના પ્રચારને બનીશકે તેટલો ટેકો આપીશ"

Lakshmi Art Bombay. 8

૧ વિભાગાનુક્રમણિકા.

૨ વિષયાનુક્રમણિકા.

ભાગ ૧ લો.

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદનો વૃત્તાંત.

ભાગ ૨ જો.

પ્રમુખો તથા અધ્યક્ષોનાં ભાષણો—

ભાગ ૩ જો.

સાહિત્ય વિભાગ—

ભાગ ૪ થો

ઐતિહાસ વિભાગ

ભાગ ૫ મો

વિજ્ઞાન વિભાગ.—

ભાગ ૬ ઠ્ઠો

જૈન વિભાગ.—

ભાગ ૭ મો

સાહિત્ય વિભાગ, પૂરવણી—

૩ ચિત્રાનુક્રમણિકા.

ભાગ ૧ લો

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદનો વૃત્તાંત.

(અધિવેશન–વિ. સં. ૧૯૮૦, ઈ. સ. ૧૯૨૪ના એપ્રિલ માસમાં
મુ. ભાવનગર.)



રા. રા. ઇંદુલાલ બાપાલાલ મહેતા.
ટ્રીઝરર અને હિસાબી.

રા. રા. માનશંકર પીતામ્બરદાસ મહેતા.
સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના મંત્રી.

પ્રોફેસર રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક, એમ. એ.
સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી.

ક—અધિવેશન પૂર્વેનો વૃત્તાંત.

૧ પૂર્વવૃત્ત.

ઇ. સ. ૧૯૨૦ (સં. ૧૯૭૬) માં અમદાવાદમાં મળેલી છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદની સભામાં રા. વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા તથા રા. માનશંકર પીતાંબરદાસ મહેતાએ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદને ભાવનગરમાં મળવાનું આમંત્રણ કર્યું, ત્યારે તેઓ કેવી જવાબદારી માથે લે છે, તેનો તેઓને પૂરેપૂરો ખ્યાલ આવ્યો ન હતો. ભાવનગરથી કેટલાક સાહિત્યવિલાસીઓ તે પરિષદમાં ભાગ લેવાને આવ્યા હતા. તેઓના એકત્ર આગ્રહથી જ તેઓને તે પગલું ભરવું પડયું હતું. પરંતુ તે પ્રસંગે પણ તેઓના જાણવામાં હતું કે—ઇ. સ. ૧૯૦૭ માં મુંબઇમાં ભરાયેલી બીજી સાહિત્ય પરિષદના ઠરાવ મુજબ ત્યાર પછી સાહિત્ય પરિષદ્ કોણે બોલાવવી, તેનો વિચાર કરવાને ઇ. સ. ૧૯૦૯ માં રાજકોટ મુકામે એક સભા ભરાઇ હતી તે પ્રસંગે કેટલાક સભ્યોએ ભાવનગરે આમંત્રણ કરવાનો ભાવનગરના પ્રતિનિધિઓને બહુ આગ્રહ કર્યો હતો. તે જ મુજબ ઇ. સ. ૧૯૦૯ માં સુરતમાં પાચમી સાહિત્ય પરિષદ્ ભરાઇ હતી, તે પ્રસંગે પણ ત્યાર પછીની પરિષદ્ ભાવનગર, નડિયાદ અથવા ભરૂચે બોલાવવી, એમ ઘણા સભ્યોએ અભિપ્રાય આપ્યો હતો. પરંતુ તે સમયે તે ત્રણમાંથી કોઇ પણ સ્થળ તૈયાર ન હોવાથી ઇ. સ. ૧૯૨૦ માં છઠ્ઠી સાહિત્ય પરિષદ્ અમદાવાદમાં ભરાઇ. મહાત્મા ગાંધીજી, જગત્કવિ રવીન્દ્રનાથ ટાગોર અને શ્રીમતી સરલાદેવી જેવી દર્શનીય વ્યક્તિઓથી તે પરિષદ્ બહુ આકર્ષક થઇ પડી હતી. અમદાવાદને ભૌગોલિક સ્થિતિને લઇને સાહિત્ય ક્ષેત્રમા જે લાભો મળ્યા, તેવા લાભો ભાવનગરને મળી શકે નહિ. છતાં જ્યાં સુધી ભાવનગરમા સાક્ષરવર્ય મણિશંકર રત્નજી ભટ્ટ, પ્રોફેસર જેકિસનદાસ જેઠાભાઇ કણિયા, શ્રીયુત કૌશિકરામ વિઘ્નહરરામ જેવા સાક્ષરોના આંદોલનોથી ભાવનગરની પ્રજાની સાહિત્યવૃત્તિનું ઉદ્દીપન થતું રહેતું હોય, કેળવણીના વિષયમા નવીન પ્રયોગોથી ભાવનગરની પ્રજામાં નવનવા સંસ્કારો જાગ્રત કરનાર દક્ષિણા મૂર્તિ ભવન વિદ્યમાન હોય, ત્યાં સુધી ભાવનગરમાં સાહિત્ય પરિષદને નિમંત્રણ કરનારાઓને સશંક રહેવાનું કંઇ કારણ ન હતું. અને ભાવનગરની પ્રજાની અને રાજ્યની પ્રથમથી સંમતિ મેળવવાની તો આવશ્યકતા હતી, તેમ છતાં પણ આમંત્રણ કરનારાઓનો પ્રજા અને રાજ્ય ઉપર પૂરેપૂરો વિશ્વાસ હોવાથી એટલું મોટું સાહસ કર્યું હતું. તે સમયે ભાવનગરની પ્રજા રાજકીય વાતાવરણથી એટલી બધી છવાઇ ગઇ હતી કે સાહિત્ય પ્રવૃત્તિનો પત્તો લાગે તેમ ન હતું. જગત્કવિ રવીન્દ્રનાથ ટાગોરનાં દર્શનથી ભાવનગરની પ્રજાની લંપાઇ રહેલી સાહિત્ય પ્રવૃત્તિ એકદમ આગળ ધસી આવશે, એમ માનીને તેઓએ મહાત્મા ગાંધીજીને, જગત્કવિ રવીન્દ્રનાથ ટાગોરને અને શ્રીમતી સરલાદેવીને ભાવનગર આવવાનું આમંત્રણ કર્યું. મહાત્મા ગાંધીજી અને શ્રીમતી સરલાદેવી અનિવાર્ય કારણને લીધે તે આમંત્રણ સ્વીકારી શકયાં નહિ. પરંતુ જગત્કવિ રવીન્દ્રનાથ ટાગોર પધાર્યા. "ભાવનગરની" આખી પ્રજાએ, 'અધિકારી' વર્ગે તેમ જ શ્રીયુત

પટ્ટણી સાહેબે હૃદયના અનેરા ભાવથી તેઓને વધાવી લીધા. તે પ્રસંગ કદી પણ વીસરાય તેવો નથી. તે જ સમયથી ભાવનગરના રાજકીય વાતાવરણમાં સાહિત્ય પ્રવૃત્તિ માટે જોઇએ તેટલો અવકાશ પડી ગયો. આમંત્રણ કરનારાઓએ તેનો તુરત લાભ લીધો; તા. ૧૫-૭-૧૯૨૦ ને રોજ ભાવનગર હાઇસ્કૂલમાં પચીશ ત્રીશ સાહિત્યરસિકો એકઠા થયા અને તેઓએ કેટલોક ઉહાપોહ કર્યા પછી ભાવનગરમાં સાહિત્યસભા સ્થાપવાનો નિર્ણય કર્યો.

૨ સાહિત્ય સભા

શ્રીયુત પટ્ટણી સાહેબે તે વિચારને ઉત્સાહપૂર્વક અનુમોદન આપ્યું. તા. ૨૬-૯-૧૯૨૦ ને રોજ તેઓના પ્રમુખપણા નીચે ભાવનગર પ્રજાની જાહેર સભા બોલાવી તે પ્રસંગે શ્રીયુત કૌશિકરામભાઇએ સાહિત્યસભાને માટે ભાવનગર કેટલું બધું યોગ્ય છે, સભા દ્વારા એ સાહિત્યરસિકોની રસવૃત્તિ વિકસિત કરવી જોઇએ અને ગુજરાતી સાહિત્ય સમૃદ્ધિ વધારવામાં ભાવનગરે યોગ્ય ફાળો આપવો જોઇએ, વગેરે વિવેચન કર્યું હતું. તે સાથે ગુજરાતી સાહિત્ય પરિષદને નિમંત્રણ કરવામાં આવ્યું છે, તે માથે વ્હોરી લીધેલું કાર્ય પાર ઉતારવામાં પણ સાહિત્યસભાની પૂરી આવશ્યકતા છે, તે પણ તેઓએ શ્રોતાજનોને સમજાવ્યું હતું. શ્રીયુત પટ્ટણી સાહેબે નિમંત્રિત સાહિત્ય પરિષદને પોતાથી બની શકશે તેટલી મદદ આપશે, એમ સ્પષ્ટ જાહેર કરી દીધું. પરંતુ સાહિત્ય સભાની પ્રવૃત્તિ માત્ર સાહિત્ય પરિષદને માટે તૈયારી કરવા પૂરતી જ ન હોવી જોઇએ. પરિષદ્ ગયા પછી પણ તેની પ્રવૃત્તિ સતત ચાલુ રહેવી જોઇએ, એવી ઇચ્છા દર્શાવી હતી. તુરત સાહિત્ય સભાનું રીતસર બંધારણ બાંધવામાં આવ્યું. શ્રીયુત પટ્ટણી સાહેબે સાહિત્ય સભાનું કાયમી પ્રમુખપદ સ્વીકારી લીધું; શ્રીયુત કાવસજી જમશેદજી સંજાણા સાહેબ, શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટ. શ્રીયુત જેકિસનદાસ જેઠાભાઇ કણિયા, શ્રીયુત પ્રભુદાસ ભગવાનદાસ નગરશેઠ, તથા શ્રીયુત કુંવરજી આણંદજી શાહને ઉપપ્રમુખો નીમવામા આવ્યા. તદુપરાંત બીજા સાત સાહિત્યરસિકો અને બે મંત્રીઓની બનેલી વ્યવસ્થાપક કમિટિને સાહિત્યસભાની વ્યવસ્થા કરવાનું સોંપ્યું.* વ્યાખ્યાનમાળા શરૂ કરવામાં આવી. ગુજરાતી કવિતાવાટિકામાં અશ્રુતપૂર્વ ગુંજારવ કરનાર કવિ નાનાલાલ દલપતરામને આમંત્રણ કરવામાં આવ્યું. તા. ૩૧-૧૦-૧૯૨૦ ને રોજ 'જગતના સાહિત્યમાં ગુજરાતી રસસાહિત્યનું સ્થાન'—એ વિષય ઉપર વ્યાખ્યાન કરી ભાવનગરની રસભીની પ્રજાને તેઓએ પોતાની રસીલી ગિરાનું પાન કરાવી વિશેષ ઉત્કંઠિત કરી. ત્યાર પછી ઉત્તરોત્તર વ્યાખ્યાનો થતાં જ રહ્યાં. શ્રીયુત ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા, શ્રીયુત રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક, પ્રોફેસર હનુમંતરાવ બળવંતરાવ ભીડે, શ્રીયુત મૂળશંકર સુંદરજી દવે, ગુજરાતી સાહિત્યને અનેરાં આંદોલનોથી હચમચાવી મુકનાર શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશી તથા શ્રીયુત મગનભાઇ ચતુરભાઇ પટેલ, વગેરે સાક્ષરોએ ભાવનગરની સાહિત્યવિલાસી પ્રજાના

---

* રા. રા. કૌશિકરામ વિઘ્નહરરામ, રા. રા. વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા, રા. રા. હનુમંતરાવ બળવંતરાવ ભીડે, રા. રા. ગુલાબરાય ગોવિંદરામ દેશાઇ, રા. રા. ત્રિભુવનશંકર ભગવાનજી બધેકા, રા. રા વૃન્દાવનદાસ રઘુભાઇ ઠક્કર, રા. રા. રૂસ્તમજી ખરસેદજી કોન્ટ્રાક્ટર, એ સાત સભ્યો અને રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા તથા રા. રા. વિઠ્ઠલદાસ ખીમજી પટેલ એ મંત્રીઓ. (રા. વિઠ્ઠલદાસ પટેલને બદલે તા. [illegible]ની વાર્ષિક સભામાં પ્રો. રમણલાલ યાજ્ઞિક નીમાયા.)

સંસ્કારો ઉદ્બુદ્ધ કર્યા, જેને પરિણામે આખી પ્રજા આગામી સાહિત્ય પરિષદ્-મંડળના મંત્રીઓ શ્રીયુત રમણભાઇ મહીપતરામ નીલકંઠ તથા શ્રીયુત હીરાલાલ ત્રિભુવનદાસ પારેખનો ભાવનગરમાં સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભરવાની ઉપરાણીનો તા. ૨૫–૪–૧૯૨૨ નો પત્ર આવ્યો. તા. ૧૫-૧૦–૧૯૨૨ (સંવત ૧૯૭૮ ના ભાદ્રપદ શુદી ૫ વાર રવિ) ને રોજ શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટના પ્રમુખપણા નીચે ભરાયેલ સાહિત્યસભાની વાર્ષિકસભા સમક્ષ તે પત્ર મંત્રીઓએ રજુ કર્યો, અને "સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ઇ. સ. ૧૯૨૩ ના અકટોબર માસમાં ભરવાનો અને તે બાબતની શરૂઆત કરવા માટે એક માસમાં ભાવનગરની જાહેર સભા બોલાવવાનો." તે સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો. તે ઠરાવનો અમલ કરતાં પૂર્વે આખી ગુજરાતી પ્રજાની જાણ માટે મંત્રીઓએ ગુજરાતનાં સઘળાં સાપ્તાહિક અને દૈનિક પત્રોમાં એક પત્રિકા પ્રસિદ્ધ કરી. (જુઓ, સાથેનું પરિશિષ્ટ અંક ૬ ની પત્રિકા) પરંતુ શુભ કામ શરૂ કરતાં જ તેમાં વિઘ્નો આવ્યા વિના રહેતાં નથી. જેઓને સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ને બીજી હરકોઇ પરિષદ્થી અપૂર્વ બનાવવાની તીવ્ર ઉત્કંઠા હતી, તે શ્રીયુત કૌશિકરામ ભાઇએ ભાવનગરના રાજ્યની નોકરી સાથે સાહિત્ય સભાનો પણ કાયમી સંબંધ છોડયો. તેઓની ખામી ડગલે પગલે જણાવા માંડી. તે ખામી દૂર કરવા ગુજરાતી સાહિત્ય પરિષદ્-મંડળના મંત્રીઓ શ્રીયુત રમણભાઈ મહિપતરામ નીલકંઠને અને શ્રીયુત હીરાલાલ ત્રિભુવન પારેખને હવે પછી ભરાવાની ભાવનગરની જાહેર પ્રજામાં હાજર રહેવાનું આમંત્રણ કર્યું તે આમંત્રણ તેઓએ બહુ ઉત્સાહપૂર્વક સ્વીકાર્યું. સંવત ૧૯૭૯ ના કાર્તિક્ય વદ ૩ વાર શવિ તા. ૫-૧૧–૧૯૨૨ ને રોજ ભાવનગર હાઇસ્કૂલમાં શ્રીયુત પટ્ટણી સાહેબના પ્રમુખપણા નીચે ભાવનગરની જાહેર સભા ભરવામાં આવી.

૩ પરિષદ્ ભરવાની તૈયારીઓ.

તે સભામા આશરે ૨૦૦ ગૃહસ્થો પધાર્યા હતા. શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટે બહુ અસરકારક શબ્દોમાં સભા બોલાવવાનો હેતુ કહી સંભળાવ્યો. તેમજ રાવબહાદુર રમણભાઇએ પણ પરિષદ્ ભરવાનો ઉદ્દેશ, નિબંધો કેવા પ્રકારના હોવા જોઇએ, પરિષદ્ ભરવાને કેવી વ્યવસ્થા કરવી જોઇએ, તેમજ પરિષદના પ્રમુખની નિમણુક કરવામાં માત્ર તેઓની વિદ્વત્તાની યોગ્યતા જ ધ્યાનમા લેવી જોઇએ, વગેરે બાબતોનું બહુ સ્ફુટ રીતે વિવેચન કર્યું. તે સભાએ ૧૯૨૩ ના અકટોબર માસમાં સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભરવાનો ઠરાવ કર્યો. સત્કાર મંડળ અને કારોબારી મંડળનું લગભગ ૭૨ સભ્યોનું એકત્ર મંડળ નીમ્યું. સાહિત્ય સભાના અધિકારીઓને તે સભાના અધિકારીઓ નીમ્યા. કામ કરવામાં એકત્ર મંડળની યોજના અગવડતા ભરેલી લાગવાથી તા. ૩–૧૨–૧૯૨૨ ને રોજ શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટના પ્રમુખપણા નીચે તે એકત્ર મંડળની એક સભા બોલાવવામાં આવી. તે સભાએ સત્કાર મંડળથી કારોબારી મંડળ અલગ કરી નાંખી લગભગ ૫૮ સભ્યોનું એક જુદું કારોબારી મંડળ નીમ્યું. તે મંડળના પ્રમુખ તરીકે મહેરબાન પ્રભાશંકર દલપતરામ પટ્ટણીને, ઉપપ્રમુખો તરીકે રા. બ. ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદી, મહેરબાન કેપ્ટન બોરાજીસિંહજી, મહેરબાન ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ મહેતા, મહેરબાન હાવસજી જયસિંહજી

સંજાણા, મહેરબાન મણિશંકર રત્નજી ભટ્ટ, મહેરબાન જેકિસનદાસ જેઠાભાઇ કણિયા, મહેરબાન પ્રભુદાસ ભગવાનભાઇ નગરશેઠ તથા મહેરબાન કુંવરજી આણંદજી શાહને તેમજ સામાન્ય મંત્રીઓ તરીકે રા. રા. શ્રી. માનશંકર પીતાંબરદાસ મહેતા અને રા. રા. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકને નીમવામાં આવ્યા. તદુપરાંત તે સભામાં ૨૦ સભ્યોની એક નિબંધ-નિમંત્રણ કમિટિ નીમવામાં આવી, તે કમિટિના મુખ્ય મંત્રી તરીકે રા. રા. હનુમંતરાવ બળવંતરાવ ભીડેની અને પ્રકાશન વિભાગના મંત્રી તરીકે રા. રા. કપિલરાય પરમાનંદદાસ ઠક્કરની યોજના કરવામા આવી. તે સિવાય ભંડોળ એકઠું કરવાને માટે ૩૩ સભ્યોની એક ભંડોળ કમિટિ નીમવામાં આવી. તે કમિટિના પ્રમુખ તરીકે મહેરબાન પ્રભુદાસ ભગવાનભાઇ નગરશેઠ અને મંત્રીઓ તરીકે રા. રા. શ્રી ગુલાબરાય ગોવિંદરામ દેશાઇ તથા રા. રા. શ્રી મણિલાલ મગનલાલ પારેખને નીમવમા આવ્યા. (જુઓ પરિશિષ્ટ અંક ૭ તથા ૧૩ થી ૧૫) નિબંધ નિમંત્રણ કમિટિએ પોતાનું કામ શરૂ કરી દીધું પરિશિષ્ટ અંક ૮ માં આપવામાં આવી છે, તે પત્રિકા નં ૨ સાક્ષરોને જાહેર રીતે આમંત્રવા માટે જાહેર પત્રોમા પ્રસિદ્ધ કરવામાં આવી. તે આમંત્રણ પત્રિકા સાથે નિબંધોની વર્ગવારી કરી માર્ગસૂચક યાદી જોડવામાં આવી છે. અમદાવાદમા ભરાયેલ છઠ્ઠી સાહિત્ય પરિષદના કારોબારી મંડળે જે પદ્ધતિ ગ્રહણ કરી હતી, તે પદ્ધતિનો તેમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. છઠ્ઠી સાહિત્ય પરિષદ્‌નો રિપોર્ટ વાંચતાં જણાશે કે-તે પરિષદના નિબંધોની વર્ગવારીમાં જૈન વિભાગ અલગ રાખવાની સૂચના થઇ હતી. પરંતુ તે સૂચના બહુ મોડી થવાથી તેનો અમલ થઇ શક્યો ન હતો. (જુઓ, છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો રિપોર્ટ, પરિષદનો હેવાલ, પૃ ૧૧). ભાવનગર તો જૈન સાહિત્યનું કેન્દ્રસ્થાન છે. જૈન સાહિત્યને પ્રકાશમાં લાવવા અને ખીલવવા ભાવનગરના જૈનોએ જેટલો ફાળો આપ્યો છે, તેટલો ફાળો બીજાં ઘણા ઓછાં સ્થળોએ આપ્યો હશે. એમ હોવાથી અહીં તો જૈન સાહિત્યની વિશેષતા પરિષદમાં ખાસ રીતે દર્શાવી શકાય તેવી યોજના કરવાની પૂરી આવશ્યકતા હતી. તે સઘળા સંયોગો ધ્યાનમાં રાખી નિબંધ નિમંત્રણ કમિટિએ જૈન વિભાગ જુદો પાડવાનું ઠરાવ્યું. જે યાદી છેવટ નિબંધ નિમંત્રણ કમિટિએ મુકરર કરી, તે યાદી શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટ વગેરે સાક્ષરોને વંચાવવામાં આવી હતી. તેઓએ કરી આપેલા સુધારા વધારા પછી જ તે પત્રિકા ગુજરાતી ભાષામાં નીકળતાં સઘળાં મુખ્ય મુખ્ય દૈનિક પત્રો, સાપ્તાહિક પત્રો અને માસિક પત્રોને પ્રસિદ્ધ કરવા મોકલવામાં આવી. એટલુંજ નહિ પણ ગુજરાત, કાઠિયાવાડ, મુબઇ, પુના, કરાચી, કલકત્તા, રંગૂન વગેરે સ્થળોએ રહેતા ગુજરાતી સાહિત્યરસિકોમાંથી જેઓના નામ ઠામ જાણવામાં આવ્યા, તેઓને એકેક નકલ મોકલી આપી. આ સ્થળે અમને કહેવાની જરૂર પડે છે કે-અમોએ લગભગ પાંચશે છસેં પત્રિકાઓ મોકલી હતી, છતા તેના પ્રત્યુત્તરો તો પાંચ સાતથી વધારે ગૃહસ્થો તરફથી અમને મળ્યા ન હતા. તો પણ ગુજરાતની છૂટી છૂટી સાહિત્ય સભાઓએ અમારા પરિશ્રમની કદર કરી હતી. ઉક્ત પત્રિકા સાથે આપેલ યાદી ઉપર કેટલીક સભાઓમા રસભેર ચર્ચા કરવામા આવી, જેને પરિણામે વડોદરાની સાહિત્ય સભા તથા અમદાવાદની સાહિત્ય સભાએ ખાસ પત્રો લખી અમોને કેટલીક સૂચનાઓ કરી હતી.

એ પ્રમાણે કાર્યની શરૂઆત કરવા સાથે તે તુરત 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની પેઠે

એકદમ વિઘ્ન ઉપસ્થિત થયું. કાર્યકર્તાઓને જેઓની સલાહની વરંવાર અને નિત્ય જરૂર હતી, જેઓની કાર્યદક્ષતાથી સ્ખલનો થવાનો સંભવ ઓછો હતો, તેવા કારોબારી મંડળના ઉપપ્રમુખ શ્રીયુત જેકિશનદાસ જેઠાભાઇ કણિયાને ક્રૂર કૃતાંતે એકાએક ઝડપી લીધા. પરિષદ્‌ની કાર્યવ્યવસ્થામાં ખામી આવી હોય તો તે શ્રીયુત કણિયા સાહેબની ગેરહાજરીનું પરિણામ હતું. હજી તે ઘા તો તાજોજ હતો, દરમ્યાન શ્રીયુત મણિશંકર રતનજી ભટ્ટ પંજાબ અને કાશ્મીરના પ્રવાસે ગયા, અને શ્રીયુત પટ્ટણી સાહેબને હવા ફેર કરવા માટે સ્વીત્ઝર્લાંડમાં જવું પડ્યું. આવી પરિસ્થિતિમાં કાર્યવાહકોનો ઉત્સાહ એકદમ અટકી પડે તે સ્વાભાવિક જ હતું. જેઓના બલ ઉપર પરિષદ્‌ના વિજયનો આધાર હતો, તેઓ સઘળાની ગેરહાજરીમા 'હવે શું કરવું ?' તે પ્રશ્ન ઉપસ્થિત થયો. શ્રીયુત મણિશંકરભાઇ બેચાર માસ પછી પ્રવાસમાંથી પાછા પધારનાર હતા, અને શ્રીયુત પટ્ટણી સાહેબ પણ સાલ આખરમા આવી જવાના હતા. તેથી પરિષદ્ તેઓની હાજરીમાં જ ભરવી, તેવો નિશ્ચય થયો. ૧૯૨૩ના ઑકટોબર માસ પછી કોઇ પણ સમય અનુકૂળ હોય તો ઇ. સ. ૧૯૨૪ના ઇસ્ટરના તેહેવારો જ હતા. તા. ૨૯–૭–૨૩ ને રોજ કારોબારી મંડળ તથા સત્કાર મંડળની એકત્ર સભા બોલાવવામાં આવી. તે સભાનુ પ્રમુખસ્થાન રાવબહાદુર ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદીને આપવામાં આવ્યું હતું. તે સભાએ નીચે પ્રમાણે ઠરાવો પસાર કર્યા.

ઠરાવ ૧—સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ઇ. સ. ૧૯૨૩ ના અકટોબર માસને બદલે ઇ. સ. ૧૯૨૪ના ઇસ્ટરના તેહેવારોમા ભરવી. સાક્ષરોને પોતાના નિબંધો તા. ૩૧–૮–૧૯૨૩ ને બદલે તા. ૧૫–૧–૧૯૨૪ સુધી મોકલી આપવાની વિનંતિ કરવી.

ઠરાવ ૨—વડોદરા સાહિત્ય સભાના તા. ૨૦–૨–૧૯૨૩ના પત્રમાં પ્રથમ દરખાસ્ત એ હતી કે–અહીંથી સાક્ષરોને મોકલેલી આમંત્રણપત્રિકા સાથે જોડેલી યાદીમાં કેળવણી વિભાગ તથા પ્રજાજીવન અને રાજકીય જીવન વિભાગ–એ બે વિભાગો ઉમેરવા. તેના સંબંધમાં ઠરાવવામાં આવ્યું કે—અહીંથી મોકલેલી યાદી માત્ર માર્ગદર્શક જ છે. સાક્ષરો તરફથી લખાઇ આવેલા નિબંધો ઉપરથી, તે નિબંધોનું વાંચન કેટલા વિભાગોમાં વહેંચવું, તે કામ નિબંધ નિરીક્ષણ કમિટિનું હોવાથી, તે દરખાસ્ત મંત્રીઓએ તે કમિટિ પાસે મૂકવી.

તે પત્રમાં તે સિવાય બીજી જે સૂચનાઓ કરવામા આવી હતી, તેના સંબંધમ. ઠરાવ કરવામા આવ્યો કે–સદરહુ સૂચનાઓ સંબંધી વિચાર કરી નક્કી કરવાનું કામ વિષયવિચારિણી કમિટિનું હોવાથી, તે સૂચનાઓ મંત્રીઓએ તે કમિટિ સમક્ષ રજુ કરવી.

ઠરાવ ૩—અમદાવાદની ગુજરાતી સાહિત્ય સભાના તા. ૧૮–૪–૨૩ના પત્રમાં પણ અહીંથી મોકલેલી નિબંધ-નિમંત્રણ યાદીના સંબંધમાં એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે–"ભાવનગર સાહિત્ય પરિષદ્‌માં નાટ્ય વિભાગ જૂદો રાખવો." તે બાબતમાં ઠરાવ કરવામાં આવ્યો કે–તેઓની દરખાસ્ત નિબંધ નિરીક્ષણ કમિટિને લગતી હોઇને, તે દરખાસ્ત મંત્રીઓએ કમિટિ સમક્ષ રજુ કરવી.

એ પ્રમાણે બન્ને ઠરાવોના ખબર તે તે સાહિત્ય સભાને આપવામાં આવ્યા, તેમજ

પરિષદ ભરવાનો સમય બદલ્યાના ખબર પત્રિકા નં ૩ મુજબ જાહેર પત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા, એટલુંજ નહિ પણ તે પત્રિકાની એકેક નકલ સાક્ષરો ઉપર પણ મોકલવામાં આવી. પત્રિકા નં. ૨ પ્રમાણે તો સાક્ષરો પાસેથી નિબંધો તા. ૩-૮-૨૩ સુધીમાં આવી જવાની આશા રાખી હતી. પરંતુ પરિષદ્ ભરાવાનો સમય લંબાયાથી નિબંધો મગાવવાના સમયમાં પણ ફેરફાર કરી તારીખ ૧૫-૧-૧૯૨૪ તે માટે રાખવામા આવી. તે જ કારણથી સઘળા સાક્ષરોને ફરી પત્રિકા મોકલવાની જરૂર પડી હતી. (જુઓ, પરિશિષ્ટ અંક ૯) છતાં તે પ્રસંગે પણ પાંચ સાત સાક્ષરોએ જ જવાબો લખવાની કૃપા કરી હતી. પરિષદ્‌ની સફલતા સાક્ષરોની સારી સંખ્યામાં હાજરી અને મનનશીલ નિબંધો ઉપર છે. બન્નેને માટે કાર્યવાહકોના અંતઃકરણમાં ચિંતાએ પ્રવેશ કર્યો. તે અરસામાં શ્રીયુત મણિશંકર રત્નજી ભટ્ટનું અમૃતસરથી લાહોર આવતાં માર્ગમાં ટ્રેનમાં મૃત્યુ થયાના સમાચાર આવ્યા; જેઓના અવસાનથી આખા ગુજરાતને, અરે! ગુજરાતી ભાષાને ન પૂરી શકાય તેવી ખોટ પડી. તેઓના મરણના સમાચારથી કાર્યવાહકો નાસીપાસ થાય, તે સ્વાભાવિક હતું. પરંતુ ઇશ્વરેચ્છા પાસે મનુષ્યનો ઉપાય ન હતો. પરિષદની ખરી તૈયારી તો હવે જ કરવાની હતી. તેવામાં વળી પરિષદના મહેમાનોને પોતાના કાવ્યમાધુર્યના રસથી ન્હવરાવી નાખે તેવા ભાવનગર રાજ્યના મસ્ત કવિ શ્રીયુત ત્રિભુવન પ્રેમશંકરે પણ પોતાના પ્રાણરૂપ મિત્ર શ્રીયુત મણિશંકરભાઇની પાછળ અનુગમન કર્યું. એ પ્રમાણે શ્રીયુત કણિયા સાહેબ, શ્રીયુત મણિશંકરભાઇ તથા શ્રીયુત મસ્ત કવિની ગેરહાજરીમાં કાર્યવાહકોની દૃષ્ટિ બોટાદમાં રહેતા પ્રતિભાશાલી કવિ દામોદર ખુશાલદાસ બોટાદકર ઉપર જાય, તેમાં આશ્ચર્ય શું? કવિ બોટાદકર સાથે કાર્યકર્ત્તાઓનો ચિરકાલિક અંગત સંબંધ હતો. છતાં તેઓ તેઓનું વિસ્મરણ કરે, તે બની જ શી રીતે શકે? તેઓના જાણવામાં હતું કે શ્રીયુત બોટાદકરની પ્રકૃતિ સ્વસ્થ રહેતી નથી. છતાં તેઓએ તેમને પરિષદની પ્રવૃત્તિમા બની શકે તેટલો ભાગ લેવાને માટે ભાવનગર આવવાનો અને તેને માટે જોઇતી સગવડ કરી આપવાનો તા. ૨૮-૧૨-૧૯૨૪ ને રોજ એક પત્ર લખી મોકલ્યો. તે પત્રના જવાબમાં તેઓએ પોતાની શારીરિક પ્રકૃતિ એટલી બધી અશક્ત જણાવી કે ફરીથી તેઓને વધારે આગ્રહ કરવાનું યોગ્ય લાગ્યું નહિ. (જુઓ શ્રીયુત બોટાદકરનો તા. ૨-૧-૧૯૨૪ નો પત્ર પરિશિષ્ટ અંક ૩).

એ રીતે કાર્યપરંપરા ચાલી રહી હતી. દરમ્યાન શ્રીયુત પટ્ટણી સાહેબ વિલાયતથી પાછા આવી ગયા હતા. વર્તમાન પત્રો અને માસિકોમાં સાહિત્ય પરિષદના પ્રમુખ નીમવાના સંબંધમાં બહુ જોશભેર ચર્ચા ચાલી રહી હતી. પ્રમુખની નીમણુંક કરવાનો સમય ભરાઇ ગયો હતો. તેમજ નિબંધનિમંત્રણ પત્રિકાની યાદીમાં નિબંધોના ચાર વર્ગો પાડયા હતા, તે ચારે વર્ગો માટે જુદા જુદા અધ્યક્ષો પણ નીમવાના હતા. અધ્યક્ષોની બાબતમાં પણ જાહેર પત્રોમાં કંઇ કંઇ સૂચનાઓ થતી. શ્રીયુત કવિ નાનાલાલભાઇએ સાહિત્યવિભાગના અધ્યક્ષ થવાની અમારી માગણી સ્વીકારી ન હતી, છતાં ભાવનગરના રાજ્ય સાથે તેમજ તેના અધિકારીઓ સાથેનો તેઓનો ગાઢ સંબંધ જોતાં, તેઓ આ પરિષદમાં તો આવ્યા વિના નહિ રહે એવી આશા રાખીને, તેઓની પરિષદના ઉપપ્રમુખ તરીકે નિમણુક કરવાનું નક્કી કરવામાં આવ્યું.

છેવટ તા. ૨૦-૧-૧૯૨૪ ને રોજ રા. બ. ત્રિભુવનદાસ કાલીદાસ ત્રિવેદીના પ્રમુખપણા નીચે સત્કારમંડળની સભા ભરવામા આવી. તે મંડળના પ્રમુખ તરીકે શ્રીયુત પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબની અને ઉપપ્રમુખ તરીકે ઑનરેબલ લલુભાઇ સામળદાસ મહેતાની નિમણુક કરવામા આવી. પરિષદના પ્રમુખ તરીકે હિંદુ યુનિવર્સિટીની કોલેજના પ્રિન્સીપાલ આચાર્ય આનંદશંકરભાઇ માટે અને ઉપપ્રમુખ માટે શ્રીયુત કવિ નાનાલાલ માટે દરખાસ્ત મુકવામાં આવી.

જાહેર પત્રોમાં નીચે લખેલ સાક્ષરોને પરિષદના પ્રમુખ નીમવાની આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવી હતી.

૧ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, ૨ શ્રીયુત અરદેશર ફરામજી ખબરદાર, ૩ શ્રીયુત નાનાલાલ દલપતરામ કવિ, ૪ રા. રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અને ૪ શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશી.

તેઓ પ્રત્યેકની યોગ્યતા માટે જે કંઇ વિવેચન કરવામા આવ્યું હતું, તે સઘળું મંત્રીઓએ નિવેદન કર્યું, તે ઉપરથી કેટલાક સભ્યોનો અભિપ્રાય રા. બ. કમળાશંકર ભાઇ માટે અને કેટલાકનો રા. બ. રમણભાઇ માટે થયો હતો. છતાં છેવટે જ્યારે મત લેવામાં આવ્યા, ત્યારે તો સઘળા મતો શ્રીયુત આનંદશંકરભાઇને માટે પડયા હતા. તે જ પ્રમાણે—

શ્રીયુત ન્હાનાલાલ દલપતરામ કવિ—પરિષદના ઉપપ્રમુખ,
શ્રીયુત અરદેશર ફરામજી ખબરદાર—સાહિત્ય વિભાગના અધ્યક્ષ,
શ્રીયુત ખુશાલ તલકચંદ શાહ—ઇતિહાસ વિભાગના અધ્યક્ષ,
શ્રીયુત કાંતિલાલ છગનલાલ પંડ્યા—વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ,
અને શ્રીયુત પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન જૈન વિભાગના અધ્યક્ષ,
તરીકે સર્વાનુમતે નીમાયા.

સત્કાર મંડળના સભ્યની ફીના રૂ. ૧૦–૮–૦ તો રાખવામાં આવ્યા હતા, તે સિવાય નીચે પ્રમાણે ફીના દરો ઠરાવવામાં આવ્યા.

પરિષદના સભ્યની ફી	રૂ. ૩–૦–૦,
સંભાવિત પ્રેક્ષકોની ફી	રૂ. ૧૦–૦–૦
પ્રેક્ષકોની ફી	રૂ. ૨––૦–૦
વિદ્યાર્થીઓ તથા સ્ત્રી પ્રેક્ષકોની ફી.	રૂ. ૧—૦–૦

તથા ભાવનગર રાજ્યની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને મફત પાસ.

તદુપરાંત તે સભામાં એક અગત્યનો ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો. કારોબારીમંડળ તથા સત્કારમંડળના સભ્યોની સંખ્યા ચાલુ કામ કરવાને માટે જોઇએ તે કરતાં વધારે હતી. તેથી હવે પછી પરિષદનું હરકોઇ કાર્ય કરવા માટે આડત્રીસ સભ્યોની એક કાર્યવાહક કમિટિ નીમવામાં આવી. તે કમિટિના પ્રમુખ તરીકે રા. બ. ત્રિભુવન કાળીદાસ ત્રિવેદીને, સામાન્ય મંત્રીઓ તરીકે રા. માનશંકર પીતાંબરદાસ મહેતા તથા રા. રમણલાલ

કનૈયાલાલ યાજ્ઞિકને, હીસાબી તરીકે શેઠ ગુલાબચંદ આણંદજી શાહને, હીસાબ તપાસનારાઓ તરીકે શેઠ કુંવરજી આણંદશાહ તથા રા. રા. ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતાને અને તીજોરર તરીકે રા. ઇંદુલાલ બાપાલાલ મહેતાને નીમવામા આવ્યા. (જુઓ પરિશિષ્ટ અંક ૧૮)

તે સિવાય પરિશિષ્ટ અંક ૧૬ મા દર્શાવ્યા પ્રમાણે ૨૩ સભ્યોની એક નિબંધ નિરીક્ષક કમિટી નીમવામાં આવી.

તા. ૨૦–૧–૨૪ની સભાએ કરેલા ઠરાવો મુજબ લાગતા વળગતાઓને ખબર આપવામાં આવ્યા, એટલું જ નહિ પણ પત્રિકા નં. ૫ મુજબ જાહેર પત્રોમાં તેની પ્રસિદ્ધિ કરાવવામાં આવી. (જુઓ, પરિશિષ્ટ અંક ૧૧). પ્રમુખની તેમ જ અધ્યક્ષોની કરેલી પસંદગી માટે લગભગ સઘળા પત્રોએ સતોષ જાહેર કર્યો હતો. અમદાવાદની સાહિત્ય સભાએ તો તા. ૩૧–૧–૧૯૨૪ ને રોજ ખાસ બેઠક કરી પરિષદમાં રચનાત્મક કાર્યો શા શાં થઇ શકે, તે બાબતના ચર્ચા કરી હતી. કેટલાંક પત્રોએ પણ તે ચર્ચા ઉપાડી લીધી હતી પ્રમુખ, ઉપપ્રમુખ અને અધ્યક્ષોને તે તે પદ સ્વીકારવાને માટે વિનંતિપત્રો લખી મોકલ્યા હતા સઘળા અધ્યક્ષોએ અમારી વિનંતિ ઉત્સાહપૂર્વક સ્વીકારી. શ્રીયુત નાનાલાલભાઇને આગ્રહપૂર્વક લખ્યા છતાં ઉપપ્રમુખપદ સ્વીકારવાની તેમણે ના લખી મોકલી. તેટલામાં વળી શ્રીયુત આનંદશંકરભાઇને પ્રમુખપદ સ્વીકારવાનો જે વિનંતિપત્ર લખી મોકલ્યો હતો, તેના જવાબમાં આખા એપ્રિલ માસ સુધીમા યુનિવર્સિટીનું બજેટ વગેરે કામનો પ્રસંગ હોવાથી તેઓથી આવી શકાશે નહિ, એમ તા. ૨૯–૧–૨૪ મીએ તેઓએ તાર કરી મોકલ્યો. વળી પાછી મુશ્કેલી ઉભી થઇ. ભાવનગરમા એપ્રિલ માસમા જ તાપ એટલો બધો પડે છે કે–જેઓને તેટલી ગરમી સહન કરવાનો પરિચય ન હોય, તેઓ તે ઋતુમા ત્યા આવવાની ઇચ્છા કરે નહિ. તેટલાજ માટે ઇસ્ટરના દિવસોમા પણ સવાર સાઝ પરિષદની બેઠકો કરવી, એમ ઠરાવ્યું હતું શ્રીયુત ખબરદારે લખી મોકલ્યુ હતું કે તાપની ઋતુમા તેઓ પ્રવાસ કરી શકે, તેવી તેઓની શારીરિક સ્થિતિ નથી, અને તેથી હવે પછી પરિષદ્ ભરવાનો સમય ન ફેરવવાની શરતે જ તેઓએ સાહિત્ય વિભાગના અધ્યક્ષપદનો સ્વીકાર કર્યો હતો. એટલુંજ નહિ પણ પરિષદ્ એક વાર ઇ૦ સ૦ ૧૯૨૩ ના અકટોબરમા ભરવી, એવો ઠરાવ કર્યા પછી, તે મુદત પણ ફેરવવી પડી હતી. કેટલાક પત્રોને તે ફેરફાર રુચ્યો નહોતો અને તેને માટે સખ્ત ટીકા કરી હતી. એ સઘળા કારણોને લીધે પરિષદના સમયમાં બીજી વાર ફેરફાર કરવાની કાર્યવાહકોની હિમ્મત ચાલી નહિ. તા. ૨૦–૧–૨૪ ને રોજ ભરાયેલ કાર્યવાહક સમિતિની સભામા થયેલ ચર્ચાનુસાર જ્યારે શ્રીયુત આનંદશંકર ભાઇએ પ્રમુખપદ સ્વીકારવાની અશક્તિ દર્શાવી, ત્યારે કાર્યકર્તાઓએ તાર દ્વારા એ સઘળી હકીકત રા. બ. કમળાશંકરભાઇને નિવેદન કરી અને પ્રમુખપદ સ્વીકારવાને આગ્રહપૂર્વક વિનંતિ કરી. સદ્‌ભાગ્યે, તેઓએ તે વિનંતિ તાર દ્વારા જ સ્વીકારી.

દરમ્યાન નિબંધો માટે લખેલા ઉઘરાણીના પત્રોના બીજા પ્રસિદ્ધ સાક્ષરો તરફથી કંઇ પ્રત્યુત્તરો આવ્યા ન હતા. જે નિબંધો આવ્યા હતા, તેની સંખ્યા સ્વલ્પ હતી અને પરિષદમાં રજુ કરવા યોગ્ય તો તેથી પણ સ્વલ્પ હતા. એટલામા ભાવનગરમાં શ્રીયુત ગુલાબરાયભાઇ અને શ્રીયુત કુંવરજીભાઇએ ફંડ એકઠું કરવાની શરૂઆત કરી દીધી હતી,

પરંતુ પરિષદના સઘળા ખર્ચને પહોંચી વળાય, તેટલું ફંડ માત્ર ભાવનગરમાંથી જ એકઠું થઇ શકે, તેવી બિલકુલ આશા ન હતી. તેથી ભાવનગર રાજ્યના મુંબઇમાં વસતા શેઠીઆઓનો આશ્રય લીધા વિના છૂટકો ન હતો. તે કારણથી તેમજ સાક્ષરોને રૂબરૂમાં મળી આમંત્રણ કરવા માટે કાર્યકર્તાઓમાંથી કોઇને જાતે જવાની જરૂર જણાઇ.

તા. ૧૦–૨–૧૯૨૪ ને રોજ રા. બ. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ત્રિવેદીના પ્રમુખપણા નીચે કાર્યવાહક સમિતિની એક સભા બોલાવવામા આવી. તે સભાએ રા. બ. કમળાશંકરભાઇએ પ્રમુખપદનો સ્વીકાર કર્યો, તે બાબતના ઉપકાર સાથે તેઓની એકમતે પ્રમુખ તરીકે નિમણૂંક કરી; તે સાથે સાક્ષરોને આમંત્રણ કરવાને તેમજ મુંબઇમાં વસતી ભાવનગરની પ્રજા પાસેથી ફંડ એકઠું કરવાને તેમજ કઠિયાવાડમાં પણ સાહિત્યરસિકોને આમંત્રણ કરવા જવાના ખર્ચ માટે રૂ ૩૦૦) સુધીનો ખર્ચ કરવાની મંત્રીઓને મંજુરી આપી.

તુરત રા. બ. કમળાશંકરભાઇને તે ઠરાવના ખબર તારથીજ આપી દીધા. અને જાહેરપત્રમાં પણ તે ઠરાવ પ્રસિદ્ધ થવા મોકલી આપ્યો. પ્રમુખની તે પસંદગી ઘણું કરીને સઘળાં પત્રોએ પસંદ કરી હતી, એટલુંજ નહિ પણ કેટલાક પ્રસિદ્ધ સાક્ષરોએ તો ખાસ પત્રો લખી પોતાના સહમતો દર્શાવ્યા હતા.

સામાન્ય રીતે આવી પરિષદો સાથે કળાપ્રદર્શન અથવા પ્રાચીન હસ્તલેખોનું પ્રદર્શન ભરાય છે. વડોદરામા તો કવિ પ્રેમાનંદનું નાટક પણ ભજવી બતાવવામા આવ્યું હતું. અહીંના કેટલાક યુવકોને પણ તેવો લ્હાવો લેવાની ઇચ્છા થાય, તે સ્વાભાવિક હતું. પરંતુ અહીંઆં રાજકીય પરિષદની સાથે થોડાજ સમય પહેલા હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન ભરાયું હતું; એટલુંજ નહિ પણ અમદાવાદમાં તા. ૧૦–૨–૧૯૨૪ ને રોજ કળાપ્રદર્શન મોટા પાયા ઉપર ભરવાની તૈયારીઓ થતી હતી. તેવી પરિસ્થિતિમાં ભાવનગરમાં કળા પ્રદર્શન માટે બિલકુલ અવકાશ ન હતો. દરમ્યાન શ્રીયુત મોતીભાઈ નૃસિંહભાઇ અમીનનો વડોદરેથી પત્ર આવ્યો, તેમાં તેઓએ ગુજરાતી સામયિક પત્રોનું પ્રદર્શન ભરવાને મજબુત આગ્રહ કર્યો હતો.

કાર્યવાહકોને તે સૂચના પસંદ પડી, અને ગુજરાતી પત્રકારોને પોતાના પત્રોની નકલો વગેરે મોકલવા માટે વિનંતિ પત્રો લખી મોકલ્યા. (જુઓ પત્રિકા નં. ૪ પરિશિષ્ટ અંક ૧૦) અહીંના ઉત્સાહી યુવકોએ નાટક ભજવી બતાવવાની પણ ઇચ્છા દર્શાવી હતી. પરંતુ તે વિચાર કાર્યવાહકોને પસંદ આવ્યો નહિ. કાઠિયાવાડની પરિષદ સાથે નાટક ભજવી બતાવાય તેને બદલે તેના ચારણ કવિઓમાં હજુ પણ કેટલું જોમ રહ્યું છે, તે પરિષદના સાક્ષરોને પ્રત્યક્ષ કરાવવાની જરૂર હતી. તે કામમા અહીં રાજકવિ પીંગળશી પાતાભાઇ ગઢવીએ અમને બહુ ઉત્સાહપૂર્વક મદદ આપી. તેઓએ ગુજરાત કાઠિયાવાડમાંથી પ્રસિદ્ધ કવિઓને બોલાવી આપવાનું માથે લીધું. તેઓની સૂચના મુજબ તેવા ચારણ કવિઓને પણ આગ્રહપૂર્વક આમંત્રણ કરવામાં આવ્યું. તે સાથે ગુજરાત કાઠિયાવાડના દેશી રાજ્યોને અને કોલેજો અને પ્રસિદ્ધ સાહિત્ય સંસ્થાઓને પ્રતિનિધિઓ મોકલવા વિનંતિપત્રો મોકલવામાં આવ્યા.

દરમ્યાન કેટલાક પ્રસિદ્ધ સાક્ષરો તરફથી નિબંધો પણ આવવા લાગ્યા હતા પરંતુ ફેબ્રુઆરી માસ પુરો થવા આવ્યો ત્યાં સુધી પચીશ ત્રીશથી વધારે સંખ્યા થઇ ન હતી. તેથી તા. ૧૦–૨–૧૯૨૪ ની કાર્યવાહક કમિટિએ કરેલા ઠરાવ મુજબ રા. રા. શ્રી વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા અને રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાએ પ્રથમ ગુજરાત અને મુંબઇ જવું અને ત્યાર પછી રા. રા. શ્રી ગુલાબરાય ગોવિંદરાય દેશાઇ અને રા. રા. શ્રી રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકે કાઠિયાવાડમા જઇ સાક્ષરોને આમંત્રણ કરવા તથા ફંડ એકઠું કરવું, એ રીતે નક્કી થવાથી તે કામ શરૂ કરવામાં આવ્યું.

૪ આમંત્રણ પ્રવાસ.

તા. ૨૮–૨–૧૯૨૪ ગુરુવારની રાત્રિએ રા. વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા તથા રા. માનશંકર પીતાંબરદાસ મહેતા અમદાવાદ જઇ પહોચ્યા. બીજે દિવસે સવારે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ્—મંડળના મંત્રી રા. હીરાલાલ ત્રિભુવન પારેખની સાથે પ્રસિદ્ધ સાક્ષરોને મળ્યા. તે જ સાંજે રા. હીરાલાલભાઇએ સાક્ષરોના મેળાપને માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના કાર્યાલયમાં એક સભા બોલાવી હતી. રા. બ. કેશવલાલભાઇ ધ્રુવ, શ્રીયુત દેરાશ્રયી, રા. બ. રમણભાઇ, શ્રીયુત કેખુશરૂ અરદેશર બાલા, રા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ, રા. પ્રીતમરાય વ્રજરાય દેસાઇ, રા. મણિલાલ નથુભાઇ દોશી, વગેરે અનેક સાક્ષરો ત્યાં પ્રીતિપૂર્વક પધાર્યા હતા. તેઓને મળીને મંત્રીઓના અંતઃકરણમા પરિષદની સફળતાને માટે જે કંઇ આશંકા હતી, તે એકદમ દૂર થઇ. મંત્રીઓએ ભાવપૂર્વક આમંત્રણ કર્યું. છેવટની ઘડી સુધી હજુ સાક્ષરોએ નિબંધો મોકલવાની તસ્દી લીધી નથી, તે સ્થિતિ ઉપર ધ્યાન ખેચ્યું. પરિષદ્માં કંઇ રચનાત્મક કાર્યો થવા જોઇએ અને તેની ચર્ચા આજથી સાક્ષરોએ જ ઉપાડી લેવી જોઇએ, વગેરે પોતાના હૃદયમા જે જે લાગણીઓ ભરાઇ રહી હતી, તે ખાલી કરી. તુરત જોશભેર ચર્ચા શરૂ થઇ. પરિષદ્ની કંઇ આવશ્યકતા જ નથી, એવા અવાજો પણ આવવા લાગ્યા. પરંતુ રા. હરિપ્રસાદ ડૉક્ટરે વિરુદ્ધ દલીલોનું બહુ યુક્તિપૂર્વક નિરસન કરીને ગત પરિષદોએ ગુજરાતી ભાષા ઉપર કંઇ ઓછો ઉપકાર કર્યો નથી, તે સિદ્ધ કરી આપ્યું. છેવટે સઘળા સાથીઓએ ભાવપૂર્વક મંત્રીઓનું આમંત્રણ સ્વીકાર્યું અને નિબંધો જેમ બને તેમ જલદી મોકલી દેવાની કબુલાતો આપી. પરિષદમા રચનાત્મક કાર્યો કરવા સંબંધમા વિચાર કરવાને એક કમિટિ નીમવામાં આવી. મંત્રીઓએ એટલેથી જ સંતોષ માની લીધો નહિ. તા. ૧–૩–૧૯૨૪ ને રોજ રા. હીરાલાલભાઇની સાથે તેઓએ પુરાતત્ત્વ મંદિરના સાક્ષરોને પણ જાતે મળી આમંત્રણ કર્યું. સાહિત્યક્ષેત્રથી આગળ વધી ધર્મક્ષેત્રમાં જ જીવન ગાળવાની ઇચ્છા રાખનાર અમારા કૌશિકરામભાઇને તો મળ્યા, આગ્રહ કર્યો, પણ તેઓ અમારી વિનંતિનો સ્વીકાર કરી શક્યા નહિ. છેવટ શ્રીયુત નાનાલાલભાઇને બહુ જ નિવૃત્તિથી મળવાનું રાખ્યું. શેઠ હઠીસિંગને બગલે તેઓ મળ્યા તે સમયે તેઓ બહુ પ્રવૃત્તિમાં હતા. કળાપ્રદર્શનની પૂર્ણાહુતિ પછી તેને આટોપવાના કામમાં પડી ગયા હતા અને વળી તુરત કંઇક જવાના હતા. ફરીથી તેઓને સાગ્રહ આમંત્રણ કર્યા છતાં, તેઓએ પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. ગુજરાત વિદ્યાપીઠ બંધ હોવાથી અને સત્યાગ્રહાશ્રમના અગ્રણીઓ ગામમાં નહિ હોવાથી ત્યા જઇ શકાયું નહિ. વળી આ સમયે એક નવું વિઘ્ન ખડું થયું.

સાહિત્ય પરિષદ્ ભરાવાના જ અવસર ઉપર એટલે તા. ૧૫-૧૬-૧૭ એપ્રિલના દિવસોએ બોરસદમાં ગુજરાત રાજકીય પરિષદ ભરવાનું ઠર્યું હતું. મંત્રીઓએ તે જ વખતે રાજકીય પરિષદના મંત્રીવર્યોને વિનંતિપત્ર લખી બની શકે તો તારીખો વધારે આગળ પાછળ રાખવાની માગણી કરી. તેઓને પણ રમજાન મહીનો હોવાથી તે તારીખો ફેરવવાની જરૂર હતી, અને તેથી એ માસમા રાજકીય પરિષદની બેઠકો રાખવામાં આવશે એમ તેઓનો પ્રત્યુત્તર આવી જવાથી નિવૃત્તિ થઇ. મંત્રીઓ પાસે તે તારીખ સુધીમાં લગભગ ત્રીશ નિબંધો આવ્યા હતા, તે સઘળા તેઓએ નિબંધ નિમંત્રણ કમિટિના અમદાવાદના સભ્યોને તપાસવાને આપી દીધા. તે જ રાત્રીએ એટલે તા. ૧-૩-૨૪ ને રોજ તેઓ વડોદરે જઇ પહોચ્યા.

બીજે દિવસે સવારે તેઓ રા. મટુભાઇ હરગોવિંદનદાસ કાંટાવાળાને તેઓની મીલની ઑફીસમાં મળ્યા. રા. મટુભાઇને તેઓનો પત્ર પહોચ્યો ન હતો; એટલે તેઓએ અગાઉથી કંઇ તૈયારી કરી રાખી ન હતી. છતા તે જ દિવસે સાંજે સાક્ષરોની મેળાપ સભા ગોઠવવાને માટે તુરત તેઓએ બંદોબસ્ત કરી દીધો. સાંઝરે રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાને ઘેર સાક્ષરોની મેળાપસભા બોલાવવામાં આવી હતી. રા. બ. હરગોવિંદદાસભાઇ પોતે ત્યાં હાજર હોય, તેમા તો કંઇ આશ્ચર્ય નહિ, પરંતુ તેઓએ મંત્રીઓનું એટલા બધા પ્રેમપૂર્વક આતિથ્ય કર્યું, તથા ત્યાં આવેલ ગૃહસ્થોને પરિષદમાં જવાને માટે તથા નિબંધો લખી મોકલવાને માટે એટલા બધા હૃદયપૂર્વક આગ્રહ કરી ઉત્સાહ બતાવ્યો, તે કદી વિસરાય તેવો ન હતો. તે સભામા શ્રીયુત નંદનાથ કેદારનાથ દીક્ષિતજી, રા. બ. ગોવિંદભાઇ, રા. ભાનુસુખરામભાઇ, રા. મોતીભાઇ અમીન, રા. જોષીપરા, સિયાજીવિજયના તંત્રી રા. હરિરાય, રા. મંજુલાલ, રા. ડૉકટર સુમંત, રા. જગજીવનદાસ મોદી, રા. ભરતરામ, વગેરે પધાર્યા હતા; તેઓએ પણ ઓછો ઉત્સાહ દર્શાવ્યો ન હતો. રા. મટુભાઇએ અમારૂં ઘણું સારૂં આતિથ્ય કર્યું હતું.

તા. ૩-૩-૨૪ સોમવારે મંત્રીઓ સુરત જઇ પહોંચ્યા. રા. બ. કમળાશંકરભાઇને તથા રા. જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળને અગાઉથી ખબર આપ્યા હતા. રા. બ. કમળાશંકરભાઇ નો રાહ જોતા બેઠી રહ્યા હતા. જેવા તેઓ તેઓને મકાને પહોચ્યા કે તુરત તેઓએ બહુ વિવેકથી અને હૃદયના સાચા ભાવથી તેઓનો સત્કાર કર્યો. આટલી વૃદ્ધ ઉમ્મરે પણ તેઓ સરસ્વતીની સેવામા એટલા બધા ઉદ્યોગશીલ રહેતા કે તેથી આશ્ચર્ય થયા વિના રહેવાય નહિ. તે પ્રસંગે તેઓ ભાણ્ડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ તરફથી પ્રક્રિયા કૌમુદી નામના વ્યાકરણનો બૃહદ્ ગ્રંથ સંપાદન કરતા હતા. પરિષદમા બની શકે તેટલા રચનાત્મક કાર્યો કરવાની તેઓને ઉગ્ર ઇચ્છા હતી, અને તેને માટે તેઓ તૈયારી પણ કરતા હતા. રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે, રા. રા. જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળ, રા. રા. અમૃતલાલ દાણી વગેરે સાક્ષરોની આજ મુલાકાત થઈ હતી.

રા. રા. શ્રી સરદાર સાહેબ જનાર્દન પાઠકજીને પણ તેઓને મકાને જઇને મળ્યા. તેઓએ ભાવનગરના સાહસ માટે બહુ સહાનુભૂતિ બતાવી અને બની શકે તો પરિષદમાં આવવાની કબુલત આપી. સાંજરે રા. રા. દૂરકાળે પોતાને ઘેર સાક્ષરોની મેળાપસભા બોલાવી હતી. રા. રા. શ્રી મોહનલાલભાઇ, રા. સરદાર સાહેબ પાઠકજી, રા. ચંદ્રવિદ્યાનંદ

પંડયા, રા. છબીલરામ પંડયા વગેરે સાક્ષરો તથા યુવાન પત્રકારો અને રાષ્ટ્રીય કેળવણીના અગ્રણીઓ વગેરેની સારી સંખ્યા જામી હતી. પધારેલા સઘળા ગૃહસ્થોએ બહુ ઉત્સાહ દર્શાવ્યો હતો. પરંતુ જ્યારે રા. રા. શ્રી દૂરકાળના વૃદ્ધ માતુશ્રી ગં. સ્વ. જસુબા, જેઓએ વેદાન્તના તત્ત્વચિંતનને તેમજ ઇશ્વરભક્તિને જ પોતાનું શેષ આયુષ્ય અર્પી દીધું છે, તેઓએ ગુજરાતી સાહિત્યની ઝાંખી રૂપરેખા દોરી, હવે પછી તેનો વિકાસ કરવાને પરિશ્રમ કરવાની કેટલી બધી જરૂર છે વગેરે બહુ સહૃદય અને પ્રેમાળ વાણીમા કહ્યું. ત્યારે તો શ્રોતાઓના હૃદયોમા કંઇ અનેરો આનંદ થયો, એમ કહ્યા વિના ચાલે તેમ નથી તે સૌ ભાઇની રજા લઇને મંત્રીઓ તા. ૪-૩-૨૪ ની રાત્રિએ મુબઇ જઈ પહોચ્યા.

મુબઇ નગરી જેટલી વિશાલ અને બહુરંગી છે, તેટલી જ ત્યાંની પ્રવૃત્તિઓ પણ વિશાલ અને બહુરંગી હોય, તેમા કંઇ આશ્ચર્ય નહિ એક તરફ મંત્રીઓનું કાર્ય સાક્ષરોને જાતે મળવાનું, આમંત્રણ કરવાનું, પત્રકારોનું સહકાર્ય મેળવવાનું, તેમજ જૂદા જૂદા મંડળોની સહાનુભૂતિ સંપાદન કરવાનું હતું, ત્યારે બીજી તરફ પરિષદના ખર્ચ માટે ફંડ એકઠું કરવાનું હતું. સદ્‌ભાગ્યે રા. રા. શ્રી ગુલાબરાય ગોવિંદરાય દેસાઇ અગાઉથી ત્યા પોતાના ખાનગી કામે આવ્યા હતા. તેઓ માત્ર એકાદ બે દિવસ રહેવાના હતા; પરંતુ ફંડનો પાયો નાંખવામાં તેઓના જેવા પ્રભાવશાલી ગૃહસ્થની જરૂર હતી. તેઓએ પ્રથમના બે દિવસોમા ફંડને માટે જે શ્રમ લીધો હતો, તે લીધો ન હોત તો જેટલું ફંડ પાછળથી એકઠું થઇ શકયું, તેટલું થઇ શકયું ન હોત. સાક્ષરો પણ નગરને એક છેડેથી બીજે છેડે રહેતા હોવાથી, સઘળાઓને મળવામા બહુ મુસ્કેલી આવતી હતી. મંત્રીઓ તા. ૫-૩-૨૪ ને રોજ સવારમા સૌથી પહેલા શ્રીયુત ચંદ્રશંકર નર્મદાશંકર પંડયાને મળ્યા. ત્યા વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ શ્રીયુત કાંતિલાલભાઇ પણ હતા. તે બન્ને ભાઇઓએ પરિષદની સફળતા માટે જોઇએ તેટલી મદદ આપવાનું કહ્યું. બીજે દિવસે પહેલું કામ ફંડનું કરવું, તેવો નિશ્ચય થવાથી, મંત્રીઓ રા. રા. શ્રી ગુલાબરાયભાઇ સાથે સાતાક્રુઝમાં ભાવનગરના શેઠ નરોત્તમ ભાણુજીને મળવા ગયા. તેઓએ જોઇએ તેટલું ફંડ એકઠું કરી આપવાનું વચન આપ્યું. ખરેખર, શેઠ નરોત્તમ ભાણુજી અને ભાવનગર રાજ્યની પ્રજાપરિષદના પ્રમુખ રા. રા. શ્રી ગિરિજાશંકર ભગવાનજી ત્રિવેદીએ ફંડ એકઠું કરવાને જેટલો ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, તેટલો ન લીધો હોત તો ફંડ કદી પણ એકઠું થઇ શકત નહિ. તે જ દિવસે મધ્યાનોતર શ્રીયુત વિશ્વનાથ પ્રભુરામ વૈદ્યને કોટમા તેઓની ઓફીસમાં મળ્યા. જૂદા જૂદા સાક્ષરોને શી રીતે મળવું, સાક્ષરોની મેળાપ સભા કોણે અને કયાં બોલાવવી અને મુબઇના પારસી લેખકોની સહાનુભૂતિ મેળવવા શા શા ઉપાયો લેવા, વગેરે યોજના તેઓએ યોજી કાઢી. તુરત સાહિત્ય સંસદના કાર્યાલયમાથી રા. રા. શ્રી લાભશંકર પ્રભુરામ ભટ્ટને બોલાવ્યા અને શ્રીયુત મુનશીજીની સલાહ લઇને સાક્ષરોની મેળાપસભા બોલાવવા તેઓએ સઘળી વ્યવસ્થા કરવી તેવી સૂચના કરી. તેઓની વાતચીત ઉપરથી લાગ્યું કે રવિવાર સિવાય તેવી સભા બોલાવી શકાશે નહિ; એટલે અમદાવાદ, વડોદરા અને સુરતની જેમ એક બે દિવસમાં અહીંનું કાર્ય પતી જાય તેમ ન હતું. ત્યાથી ઇતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રીયુત ખુશાલ તલકચંદ શાહને યુનિવર્સિટિના મકાનમા મળ્યા. તેઓની પ્રકૃતિ અસ્વસ્થ હતી, છતાં તેઓએ પ્રમુખ તરીકેનું ભાષણ તો લખવા માંડ્યું હતું. મરમીના

કારણથી પરિષદમાં તેઓ કદાચ નહિ આવી શકે, તેમ તેઓની સાથે વાતચીત ઉપરથી જણાયું. તે પ્રસંગે તેઓ યુનિવર્સિટીના બંધારણમાં ફેરફાર કરવાની હીલચાલ કરવામાં રોકાયા હતા. તેઓની ઇચ્છા હતી કે-અમદાવાદમાં જૂદી યુનિવર્સિટી સ્થાપવાની માગણી પરિષદે કરવી. ત્યાંથી ગુજરાતી પ્રેસમાં રા. રા. શ્રી નટવરરાય ઇચ્છારામ દેસાઇ તથા રા. રા. શ્રી અંબાલાલ બુલાખીરામ જાનીને મળ્યા. તેઓએ પરિષદની પ્રવૃત્તિને ઉત્તેજન આપનારાં લખાણો પોતાના પત્રમાં કરવાની કબુલત આપી. એ રીતે તે દિવસ તો સાક્ષરોને મળવા હળવામાં કાઢી નાંખ્યો. તા ૭-૩-૨૪ શુક્રવારની સવારે મંત્રીઓ શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશીને તેઓને મકાને મળ્યા. સવા વર્ષ પહેલાં શ્રીયુત મુનશીજી જ્યારે ભાવનગર આવ્યા ત્યારે તેઓના એક અઠવાડીયાના સહવાસમાં તેઓએ ભાવનગરને પોતાનું જ કરી દીધું હતું ભાવનગર ઉપર તેઓનો એટલો બધો અનુરાગ થઇ ગયો કે ભાવનગરની સાહિત્ય પરિષદને તેઓ પોતાની જ માનતા હતા. પરંતુ તે સમયે તેઓ ઘરની ઉપાધિમાં જેટલા આવી પડયા હતા તેટલી ઉપાધિ તેઓને માથે આવી પડી ન હોત તો જરૂર ભાવનગરની પરિષદને તેઓ જુદે રંગે રંગી શક્યા હોત. તેટલી બધી ઉપાધિ છતાં તેઓએ મંત્રીઓને જોઇતી મદદ આપવામાં ઊણપ રાખી ન હતી. તા. ૯-૨-૨૪ રવિવારની સાંજરે તેઓએ પોતાને જ મકાને સાહિત્ય સંસદને નામે સાક્ષરોની મેળાપસભા બોલાવવાની ગોઠવણ કરી દીધી. બપોર પછી શેઠ નરોત્તમ ભાણજીની સાથે ફરીથી ફંડ એકઠું કરવાનું કામ શરૂ કરી દીધું. ભાવનગરના સુપ્રસિદ્ધ શેઠ કુવરજી આણંદજીના ભત્રીજા શ્રીયુત મોતીચંદ ગિરધર કાપડીયાને પણ મળ્યા. તેઓએ પણ ફંડ એકઠું કરી આપવામાં સહાનુભૂતિ બતાવી. બીજે દિવસે ખાસ કરીને પારસી લેખકોને આમંત્રવાનું હતું. તે પેહેલા શ્રીયુત મુનશીજીની સાથે શ્રીયુત નૃસિંહરાવ ભોળાનાથ દીવેટિયાને વાદરે જઇ તેઓને બંગલે મળ્યા. તેઓએ મંત્રીઓનો બહુ પ્રેમપૂર્વક સત્કાર કર્યો. પરંતુ ગરમીની ઋતુને લીધે પરિષદમાં આવવાની તેઓએ અનિચ્છા દર્શાવી બપોર પછી કોટમાં જઇ શ્રીયુત જીવણજી જમસેદજી મોદી, શ્રીયુત મસાણી સાહેબ, જામેજમસેદના તંત્રી શ્રીયુત મરઝબાન અને મુંબઇ સમાચારના તંત્રી શ્રીયુત બેલગામવાળાને મળ્યા. પારસી લેખકો પરિષદમાં મોટી સંખ્યામાં હાજર રહે તેવાં લખાણો પોતાના પત્રોમાં કરવાની તંત્રીઓએ કબુલત આપી. શ્રીયુત જમસેદજી જીવણજી મોદીએ તો પારસી લેખકમંડળની સભા બોલાવવાની તજવીજ કરી અને તે મંડળ તરફથી પ્રતિનિધિઓ મોકલવાનો ઠરાવ કર્યો. તે જ રાત્રીએ મુંબઇ વડનગરા નાગર મંડળના મંત્રીઓ તથા નાગરનેત્રમણિના વ્યવસ્થાપક સાહેબ અને શ્રીયુત લલિત વગેરે ગૃહસ્થો મંત્રીઓને ઉતારે મળવા આવ્યા હતા. તેઓએ પણ તા. ૯-૩-૨૪ ને રોજ બપોરે પોતપોતાને મકાને મંત્રીઓનો સત્કાર કરવાને અર્થે મેળાપસભાઓ ગોઠવી દીધી. ઇશ્વરભક્તિમાં તલ્લીન થઇ ગયેલા શ્રીયુત લલિત પોતાને ભાવનગરવાસી ગણાવે તો તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી. તેઓએ તો સત્કાર મંડળના સભ્યની ફી આપી ફંડની શરૂઆત કરી દીધી. તેઓના જેવા શુદ્ધ હૃદયના ભગવદ્ભક્તને હાથે ફંડનું મંગળાચરણ થવાથી, તેનું ઉજ્જવલ પરિણામ આવ્યા વિના રહ્યું નહિ.

તા. ૯—૩—૨૪ રવિવારે સવારે મંત્રીઓ શ્રીયુત શેઠ રેવાશંકર જગજીવનદાસને બંગલે શ્રીયુત બરજોરજી ફ. ભરૂચાને મળવા ગયા. ત્યાં તેઓની સાથે સ્વામી શ્રી સત્યદેવજી

અને શેઠ રેવાશંકરભાઇનો પણ મેળાપ થયો. તેઓને પરિષદમાં પધારવાનું આમંત્રણ કર્યું, તે તો તેઓ ન સ્વીકારી શકયા. પરંતુ શ્રીયુત ભરૂચાએ પાછલી પરિષદોની હકીકત મંગાવી. જાહેર પત્રોમાં તે ઉપરથી એક ઉત્તેજક લેખ લખી મોકલ્યો. છેક સાંજરે શ્રીયુત મુનશીજીના મકાને સાક્ષરોની મેળાપ સભામાં ગયા. શ્રીયુત મુનશીજીએ જેવા ઉલ્લાસથી આમંત્રણો કર્યાં હતાં, તેવાજ ઉલ્લાસથી મુમ્બઇમાં રહેનારા સાક્ષરો પૈકી રા. રા. નૃસિંહરાવ ભોળાનાથ દીવેટિયા, સૌ. બ્હેન લીલાવતી, રા. મનહરરામ, રા. લલિત, રા. વિભાકર, શ્રીયુત ખુશાલ તલકચંદ શાહ, રા. ચંદ્રશંકર પંડયા, રા. કાંતિલાલ છગનલાલ પંડયા, રા. અંબાલાલભાઇ રા. ચિતળીયા, રા. શંભુલાલ, રા. હિંમતલાલ ગણેશજી અંજારીયા, રા. મોતીચંદ ગિરધર કાપડીયા, રા. પરમાનંદ કુંવરજી શાહ, રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય, રા. લાભશંકર પ્રભુરામ ભટ્ટ રા. કાંતિલાલ કેશવલાલ ઓઝા વગેરે લગભગ પચાસ સાઠ સાક્ષરો ત્યાં પધાર્યા હતા. અમદાવાદ વગેરેની સભાઓની જેમ અહીંઆં પણ મંત્રીઓએ પોતાનું આવવાનું કારણ જણાવ્યું. રા. વિભાકર, રા. ચંદ્રશંકર પંડયા, રા. મુનશી અને રા. નૃસિંહરાવ દીવેટિયા વગેરે સાક્ષરોએ મંત્રીઓની વિજ્ઞપ્તિને અનુમોદન આપ્યું અને પરિષદમાં કરવાના રચનાત્મક કાર્યોનો વિચાર કરવાને માટે એક કમિટિ નીમી. ત્યાં પધારેલા સાક્ષરોએ બહુ રસભર્યો ભાગ લીધો હતો અને પરિષદમાં સાક્ષરોની સારી સંખ્યા હાજરી આપશે, એવી આશા ઉત્પન્ન કરી હતી. અહીં પણ શ્રીયુત મુનશીજીએ અમારૂં આતિથ્ય કરીને નિર્મળ પ્રેમનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. સાક્ષરોને આમંત્રણ કરવાનું કામ સમાપ્ત થયું, પરંતુ ફંડ એકઠું કરવાને માટે બીજા ઓછામાં ઓછા પાંચ દિવસો ભાંગવા પડયા. તે દરમ્યાન તા. ૧૧-૩-૨૫ ને રોજ રા. રા. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને અને તા. ૧૩-૩-૨૪ ને રોજ રા. રા. શ્રી લલુભાઇ સામળદાસ મહેતાને મકાને જઇ મંત્રીઓએ આમંત્રણ કરતાં, તેઓએ બહુ હર્ષ સાથે તેનો સ્વીકાર કર્યો. તે જ તારીખે સાંજરે રા. રા. શ્રી વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા મહાત્માશ્રી ગાંધીજીને જૂહુના બંગલામાં આમંત્રણ કરવા ગયા હતા; તેઓને પરિષદમાં પધારવાનો ઘણો આગ્રહ કર્યો; પરંતુ તેઓની પ્રકૃતિ જોઇએ તેટલી સ્વસ્થ થઇ ન હતી તેથી તેઓ આમંત્રણનો સ્વીકાર કરી શકયા નહિ, છતાં પરિષદની ફત્તેહ માટે ઊંડા દિલથી આશીર્વાદ આપ્યો. ત્યારબાદ તા. ૧૪-૩-૨૪ સુધીમાં ફંડના કામનો લગભગ પરવાર આવી જવાથી મંત્રીઓ તે જ દિવસે સાંઝરે ભાવનગર આવ્યા. અમારો પ્રવાસ આટલો બધો સરળ થશે, શ્રી અને સરસ્વતીના ઉપાસકો આટલી બધી અમને મદદ આપશે, એમ અમે કદિ ધાર્યું ન હતું. એ સાફલ્યનું કોઇ પણ નિમિત્ત કારણ હોય તો રા. રા. શ્રી વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા જ હતા. તેઓએ પોતાની નોકરીને અંગે આવતી અગવડતા વેઠીને પણ પોતાના સમયનો એટલો બધો ભોગ આપ્યો હતો. જ્યારથી તેઓએ સાહિત્ય પરિષદને આમંત્રણ કર્યું હતું, ત્યારથી તેને શી રીતે પાર ઉતારવી, તેની યોજનાનો અમલ કરવામાં અને તે મુજબ સતત પરિશ્રમ કરવામાં તેઓ જંપીને બેઠા ન હતા. મંત્રીઓ તરીકે અમે તેઓનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો જ છે.

૫ પરિષદ ફંડનો હીસાબ.

પરિષદ ફંડનો હીસાબ પરિશિષ્ટ અંક ૨૫ માં તા. ૧-૧-૨૩ થી તા. ૩૧-૩-૨૫ સુધીનો આપ્યો છે. તે હીસાબ હીસાબી રા. રા. ગુલાબચંદ આણંદજી શાહે મેળવ્યો છે,

અને હીસાબ તપાસનારા રા. રા. ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા તથા રા. રા. કુંવરજી આણંદજી શાહે તપાસ્યો છે. ત્યાર પછી તા. ૧૯–૭–૧૯૨૫ ને રોજ મહેરબાન સંજાણા સાહેબના પ્રમુખપણા નીચે ભરાયેલી કાર્યવાહક સભાએ તે હીસાબ મજુર કર્યો છે. પરિશિષ્ટ અંક ૨૩–૨૪ ઉપરથી ધ્યાનમા આવશે કે સત્કારફંડના કુલ રૂ. ૬૨૮૨—૦—૦ ઉપજ્યા છે, જેમાં મુબઇના શેઠીઆઓનો ફાળો રૂ. ૪૪૫૬—૦—૦ નો અને ભાવનગરના શેઠીઆઓ તથા ગૃહસ્થોનો ફાળો રૂ ૧૮૨૬—૦—૦ નો છે. તદુપરાત પરિષદ સભાસદોના રૂપીઆ ૩૭૮–૦–૦, સત્કાર મંડળ સભાસદોના રૂ ૯૨૦–૦–૦ તથા પ્રેક્ષક ટીકીટ વેચાણના રૂ. ૧૪૭–૦–૦ મળી ને ત્રણ બાબતોના રૂ. ૧૪૪૫-૦–૦ ઉપજ્યા છે. તે સિવાય રૂ. ૬૩–૪–૩ વ્યાજના અને રૂ. ૧૫–૦–૦ સ્વ. કવિ બોટાદકરના ફંડના છે. એ રીતે કુલ રૂ. ૭૮૦૫–૪–૩ ઉપજનાં તેમાથી નાણુ વસુલ કરવાના કમીશન ખર્ચના રૂ. ૨૯૦–૦–૦ જતા ઉપજ રૂ. ૭૫૧૫–૪–૩ ની થઇ છે. તે જ સરવૈયામાં ઉધાર બાજુએ કુલ ખર્ચના રૂ. ૪૧૧૩–૦–૦ મૂકયા છે, તેમા પરિષદના પ્રમુખોના ભાષણો, પત્રિકાઓ અને સભા નિમંત્રણ પત્રિકાઓ છપાવવાનો ખર્ચ રૂ. ૮૭૩—૧—૩ તથા રિપોર્ટ છપામણી પેટે અગાઉથી આપેલા રૂ. ૧૧૮૭-૧૨–૦ નો સમાવેશ થાય છે. રિપોર્ટ છપામણી, બંધામણી અને પોસ્ટદ્વારા વહેચણીનો કુલ ખર્ચ રૂ. ૪૦૦૦—૦—૦ નો અટકળવામાં આવે છે. તે પૈકી ઉપર દર્શાવ્યા મુજબ અપાયેલી રકમ બાદ જતાં હજુ ઓછામા ઓછા રૂ. ૨૮૦૦) નો ખર્ચ થવાનો સંભવ છે. છેવટ કુલ ખર્ચનો પાકો હીસાબ થતાં સુધી ચોક્કસ રકમ કહી શકાય નહિ, તોપણ ઉપરના અડસટા મુજબ લગભગ રૂ. ૬૦૦) સુધી સીલીકે રહેવાની આશા રાખી શકાય.

૬ સ્વાગત વગેરેની તૈયારીઓ.

મુબઇથી જોઇએ તેટલું ફંડ એકઠું થઇ શક્યું હતું, અને હજુ મેહમાનોના સ્વાગતને માટે ઘણી તૈયારી કરવી બાકી હતી; તેથી કાઠીયાવાડમા જવાનું બંધ રાખ્યું. તા ૩૦—૩—૧૯૨૪ ને રોજ કાર્યવાહક સમિતિની સાધારણ સભા રા. બ. ત્રિભુવનદાસ કાલીદાસ ત્રિવેદીના પ્રમુખપણા નીચે ભરાઇ. તે સભાએ નીચે મુજબ છ સમિતિઓ નીમી.

૧ સ્વાગત સમિતિ, મેહેરબાન કૃષ્ણચંદ્રસિંહજી–અધ્યક્ષ અને મેહેરબાન કેપ્ટન જોરાવરસિંહજી–મંત્રી, તદુપરાત બીજા સાત સભ્યોની.

૨ મંડપ સમિતિ, રા. રા શ્રી વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ–અધ્યક્ષ અને રા. રા. શ્રી મણિલાલ પરમાનંદદાસ મંત્રી, તદુપરાંત બીજા છ સભ્યોની.

૩ ટિકિટ સમિતિ, રા. રા. શ્રી રતિલાલ જગન્નાથ જાની–મંત્રી, ઉપરાત બીજા છ સભ્યોની

૪ પત્ર પ્રદર્શન સમિતિ, રા. રા. શ્રી હનુમંતરાવ બળવંતરાવ ભીડે સાહેબ–મંત્રી, ઉપરાંત બીજા છ સભ્યોની.

૫ પ્રકાશન સમિતિ, રા. રા. શ્રી કપિલદાસ પરમાનંદદાસ ઠક્કર તથા રા. રા. શ્રી મુનિકુમાર મણિશંકર ભટ્ટ–સંયુક્ત મંત્રીઓ, ઉપરાંત બીજા આઠ સભ્યોની.

૬ સ્વયંસેવક યોજક સમિતિ, રા. રા. શ્રી વીરેન્દ્રરાય ચંદ્રપ્રસાદ દેસાઇ, રા. રા. શ્રી સુખવંતરાય શિવજી મહેતા, ભાવનગર આલ્ફ્રેડ હાઇસ્કૂલના બોયસ સ્કાઉટસના કેપ્ટન

રા. રા. શિવપ્રસાદ કરુણાશંકર ખૂચ તથા સનાતનધર્મ હાઇસ્કૂલના બોયસ સ્કાઉટના કેપ્ટન રા. રા. સંતોષરામ પ્રેમજી ભટ્ટ, એઓ અધિકારીઓ તથા અન્ય સભ્યોની.

(જુઓ પરિશિષ્ટ અંક ૧૭)

દરેક સમિતિ પોતપોતાનું નિયત કાર્ય કરવા મંડી પડી. સ્વાગતનો ભાર રાજ્યખર્ચના આસીસ્ટંટ અધિકારી મેહેરબાન મંચેરશા દોરાબજી ઉમરીગરે ઉપાડી લેવાથી, સમિતિનું કામ સરલ થઇ ગયું. રા. રા. શ્રી વીરેન્દ્રરાય ચંદ્રપ્રસાદ દેશાઇએ પોતાનો મંગળ મહેલ આપવાની ઉદારતા કરી હતી. તે સ્થળ મેહેરબાન પ્રમુખ સાહેબ અને તેઓની સાથે આવતા મેહમાનોને માટે રાખ્યું. રાજ્યના માજીરાજની વાડી અને નાકુબાગ તે અન્ય મેહમાનોને માટે તેમજ પાનવાડીના બંગલાઓ પારસી મેહમાનો માટે રાખવામાં આવ્યા. રાજ્ય તરફથી મ્હેમાનોની સેવામાં બની શકે તેટલી ગાડીઓ પણ સોંપી દેવામાં આવી હતી. તેથી સ્વાગતના કાર્યમાં કંઇ ઊણપ રહેવાની શંકા પણ રહી નહિ. જૈન મેહમાનો માટે શેઠ કુંવરજી ભાઇએ અને ચારણ મેહમાનો માટે રાજકવિ પીંગળશી પાતાભાઇ ગઢવીએ સઘળી વ્યવસ્થા કરી દીધી હતી.

ભાવનગર સનાતન ધર્મ હાઇસ્કૂલના ઉદાર માલેકોએ તેઓનું નિશાળનું વિશાલ મકાન સોંપી દીધું હતું, તેના ભવ્ય કમ્પાઉન્ડમાં મંડપ પણ ઉભો કરી દેવામાં આવ્યો, અને તેમાં વડોદરાની સેંટ્રલ લાઇબ્રેરીમાંથી આવેલી સાક્ષરોની છબીઓ યથાસ્થાન ગોઠવી દેવામાં આવી.

દરમ્યાન સ્વયંસેવક યોજક સમિતિ પાસે શહેરના એક ઉત્સાહી યુવકોની અરજી આવી ગઇ હતી. તદુપરાંત નીચેના મંડળો તથા સંસ્થાઓના સ્વયંસેવકોના કેપ્ટનોએ પણ પોતપોતાના સઘળા સ્વયંસેવકો સાથે પરિષદની સેવામાં હાજર કરવાને ઇચ્છા દર્શાવી. તે ઉપરથી તા. ૯–૩–૨૪ ને રોજ સ્વયંસેવક સમિતિની એક બેઠક થઇ તેમાં નીચે પ્રમાણે ઠરાવો પસાર કરવામાં આવ્યા.

ઠરાવ ૧

નીચે લખ્યા મુજબ સ્વયંસેવકો સ્વીકાર્યા તથા કેપ્ટનો નીમ્યા.

૪૦ ભાવનગર નાગર જીમખાના મંડળના સ્વયંસેવકો તથા શહેરના બીજા કેટલાક સ્વતંત્ર ઉમેદવારોનો વર્ગ–કેપ્ટન–મી. તનસુખરાય ચુનિલાલ મહેતા—

૩૦ ભાવનગર આલફ્રેડ હાઇસ્કૂલના બોયસ્કાઉટસ–કેપ્ટન–મી. રામચંદ્ર ગડકરી.

૩૦ ભાવનગર સનાતન ધર્મ હાઇસ્કૂલના બોયસ્કાઉટસ
કેપ્ટન–મી. કનૈયાલાલ વ્રજલાલ ઠક્કર

૨૫ દક્ષિણા મૂર્તિભવન તથા ઔદીચ્ય બૉર્ડિંગના સ્વયંસેવકો
કેપ્ટન–મી. મયાશંકર ભાણશંકર જાની.

તદુપરાત મી. વનમાળીદાસ શંકરલાલ દવે તથા મી મેરૂભા કલ્યાણસિંહને સામાન્ય દેખરેખ રાખનારાઓ નીમવામાં આવ્યા.

ઠરાવ ૨

પાટલીઓ વગેરના તેમજ બીજા પરચુરણ ખર્ચ માટે રૂ. ૧૨૫) સુધી ખર્ચવાનો ઠરાવ કર્યો.

ઠરાવ ૩

જૂદે જૂદે ઉતારે, સ્ટેશને અને મંડપમાં હાજર રહેવાને છ ટુકડીઓ પાડી, દરેકનું પોતપોતાનું કર્તવ્ય નિયત કર્યું.

૭ નિબંધ નિરીક્ષક સમિતિની બેઠક.

(તા. ૧૩-૪-૧૯૨૪ રવિવાર)

એ રીતે તૈયારી થઇ રહી હતી, તે દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદ મંડલના મંત્રીઓ પૈકી રા. રા. શ્રી હીરાલાલ ત્રિભુવન પારેખે અગાઉથી અહીં આવી, અમારા કામમાં સહાય કરવાનું સ્વીકાર્યાથી તેઓ તા. ૧૩-૪-૨૪ રવિવારે અમદાવાદથી આવી પહોંચ્યા, અને બીજે જ દિવસે રા. રા. શ્રી ભરતરામ ભાનુસુખરામ મહેતા પણ તે જ હેતુથી વડોદરેથી આવી ગયા. અમારે સ્પષ્ટ કહી દેવું જોઇએ કે—આ બે ભાઇઓ આવી પહોંચવાથી અમારૂં અધિવેશન સબંધીનું કાર્ય બહુ સરલ થઇ ગયું. વસ્તુતઃ તે સઘળા કાર્યના ભાર તો તે બન્ને ભાઇએ જ ઉઠાવ્યો હતો. રા. હીરાલાલભાઇની તો પ્રકૃતિ પણ ઘણી અસ્વસ્થ હતી, છતાં રાતદિવસ શરીરે કષ્ટ વેઠીને પણ તેઓએ તા. ૧૩ થી તા. ૨૧ સુધી અંતઃકરણ પૂર્વક જે પરિશ્રમ લીધો હતો, તેવો પરિશ્રમ લેનાર અન્ય વિરલ જ મળી આવે.

તે જ દિવસે એટલે તા. ૧૩-૪-૨૪ રવિવારને રોજ મહેરબાન સંજાણા સાહેબના પ્રમુખપણા નીચે બાર્ટન લાઇબ્રેરીમા નિબંધ નિરીક્ષક સમિતિની સભા ભરાઇ રા. હીરાલાલભાઈ અમદાવાદ તપાસવા આપેલા ૩૦ નિબંધો લેતા આવ્યા હતા. ત્યાર પછી તા. ૧૨-૪-૨૪ સુધીમા લગભગ ૪૦ નિબધો આવ્યા હતા. નિબધો એટલા બધા મોડા આવ્યા કે ખરી રીતે તપાસવાનું તો અશકય જ હતું. છતાં અહીંના નિબંધ નિરીક્ષક કમિટિના સભ્યોએ બની શકે તેટલા તપાસ્યા હતા. જૈન વિભાગના નિબંધો શેઠ કુંવરજી આણંદજી શાહે તપાસ્યા હતા. તે દિવસ સુધીમા ઇતિહાસના નિબંધો ઘણા થોડા આવ્યા હતા, તેથી સાહિત્યના અને ઇતિહાસના નિબધ એક વિભાગમા, અને વિજ્ઞાનના તથા જૈનસાહિત્યના નિબંધો બે જૂદા જૂદા ભાગોમા વાચવા, એવો તે સભાએ ઠરાવ કર્યો. તા. ૧૮-૪-૨૪ થી તા. ૨૦-૪-૨૪ સુધીના દિવસોમાં જે કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો, તેમાં સાહિત્ય અને ઇતિહાસના ૨૭ નિબંધો વાચવાનું ઠરાવ્યું; વિજ્ઞાનની જૂદી બેઠકમાં બની શકે તેટલા નિબધો વાંચવાનું અને જૈન વિભાગમા જૈનના કુલ ૨૦ નિબધો આવ્યા હતા તેમાંથી ૧૯ નિબંધો વાચવાનું નક્કી કરવામાં આવ્યું. તેમ જ પરિષદના અધિવેશનનો સમય સવારે ક. ૮-૩૦ થી ક. ૧૧-૦ સુધી અને સાંજરે ક. ૪-૦ થી ક.૭-૦ સુધી રાખવામાં આવ્યો.

આ સ્થલે અમારે એક બે બાબતોના ખુલાસા કરવાની જરૂર જણાય છે.

૧ જે છપાવેલા કાર્યક્રમની નકલો મંડપમાં વહેંચવામાં આવી હતી, તે કાર્યક્રમમા નિર્દિષ્ટ નિબંધલેખકો પૈકી કેટલાક આવ્યા ન હતા. એકાદ બે લેખકોએ હાજર છતાં પોતાના નિબંધો વાંચવાની અનિચ્છા જણાવી હતી.

૨ તા. ૧૮-૪-૨૪ રવિવારની રાત્રિએ વિષયવિચારિણી સભા ભરાઇ હતી તે પ્રસંગે જૈન વિભાગ જૂદો ન રાખતાં એક સાથે તે નિબંધો વાચવાનું કર્યું હતું.

૩ ઉપરના કારણોને લીધે અમારે દરરોજ તે તે સમયે જ કાર્યક્રમમા ફેરફાર કરવાની જરૂર પડી હતી. જે નિબંધલેખકો હાજર ન હતા, હા, ર છતા જેઓએ વાચવાની અનિચ્છા દર્શાવી હતી, તેઓની જગ્યાએ જૈન નિબંધો ગોઠવવામા આવ્યા હતા.

૪ એ રીતે ફેરફાર થતાં પરિશિષ્ટ અંક ૪ મા દર્શાવ્યા પ્રમાણે નીચે મુજબ નિબંધો વંચાયા હતા.

૨૮ સાહિત્ય, ઇતિહાસ અને જૈન વિભાગના નિબંધો એક બેઠકમાં વંચાયા.

૮ વિજ્ઞાનના નિબંધો જૂદા વિભાગમા વંચાયા.

૩૬

૫ તા. ૧૭-૪-૨૪ સુધી નિબંધો આવતા જ રહ્યા હતા. કુલ નિબંધો ૮૫ આવ્યા હતા (જૂઓ પરિશિષ્ટ અંક ૫) તે પૈકી આ રિપોર્ટ સાથે સાહિત્યના ૨૭, ઇતિહાસના ૯, વિજ્ઞાનના ૮ અને જૈનવિભાગના ૧૧ મળી કુલ ૫૫ નિબંધો છપાયા છે. ઉપરાત પ્રમુખ સાહેબ તથા ચાર અધ્યક્ષ સાહેબોના ભાષણો મળી પાચ ભાષણો પણ એક ભાગમાં એકી સાથે છપાયા છે. સત્કારમંડળના પ્રમુખ સાહેબ તથા ઉપપ્રમુખ સાહેબોએ મોઢથી બહુ ટુંકામા ભાષણો કર્યા હતા, તે ભાષણોના સારો પણ છાપવામા આવ્યા છે.

૬ ઇસ્લામી સાહિત્યના લેખક રા. અનિસે પોતાનો નિબંધ અમને તા. ૧૭-૪-૨૪ ને રોજ રજુ કર્યો, અને છેક છેવટે તો છેવટે પણ વાચવા દેવાનો આગ્રહ કર્યો. ને નિબંધની લિખિત પ્રતમાં પ્રમુખ વગેરે ઉપર છાપેલી પ્રતમા તેઓએ જે ટીકા ઉમેરી છે. તે ટીકા નથી જ. બીજે દિવસે પ્રમુખ સાહેબ અને અધ્યક્ષોનાં ભાષણો થયા પછી તેઓએ સદરહુ ટીકા ઉમેરી પોતાનો નિબંધ છેવટને વખતે મંડપમાં તેઓએ વહેંચ્યો હતો, એટલે તે હકીકત મંત્રીઓના ધ્યાન બહાર જાય, ને સ્વાભાવિક છે. રિપોર્ટ સાથે તેઓનો નિબંધ છપાયો છે, તેમા પાછળથી ઉમેરેલો ભાગ કમી કરવામાં આવ્યો છે.

૭ ઇતિહાસ વિભાગના અધ્યક્ષ મહેરબાન કે. ટી. શાહ આવવાના હતા, એમ અમારા જાણવામાં આવ્યું હતું; પરંતુ અસ્વસ્થ પ્રકૃતિને લીધે તેઓ આવી શકયા નહિ. છતાં તેઓનું ભાષણ રા. વિઠ્ઠલરાયભાઇ પાસે વંચાવવાની ગોઠવણ કરી હતી. તા. ૧૮-૪-૨૪ ને રોજ સાજરે અધ્યક્ષોના ભાષણો વંચાયા, ત્યારે સમય બહુ વીતી જવાથી તે ભાષણ વંચાઇ શકાયું નહિ.

તા. ૧૪—૪—૨૪ થી તા. ૧૭—૪—૨૪ સુધીની પ્રવૃત્તિ.

તા. ૧૬—૪—૨૪ થી મેહમાનો આવતા ગયા. ખાસ કરીને તે દિવસે શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવ તથા શ્રીયુત ખબરદાર, શ્રીયુત બાલા સાહેબ, શ્રીયુત કાબરાજી, શ્રીયુત બળવંતરાય કલ્યાણરાય ઠાકોર આવ્યા હતા. તા. ૧૭-૪-૨૫ ને રોજ સવારે મેહેરબાન પ્રમુખ સાહેબ કમળાશંકરભાઇ તથા સત્કાર મંડળના ઉપપ્રમુખ મહેરબાન લલ્લુભાઇ સાહેબ

અને તેઓની સાથે મુંબઇ, અમદાવાદ, વડોદરા અને સુરતના ઘણા ખરા સાક્ષરો પધાર્યા હતા. પ્રમુખ સાહેબને સત્કાર કરવા મહેરબાન પટ્ટણી સાહેબ તેમજ રાજ્યના મોટામોટા અધિકારીઓ, શેઠીઆઓ, મહેરબાન સંજાણા સાહેબ, તેમજ શ્રીયુત કેશવલાલ ભાઇ તથા શ્રીયુત ઠાકોર વગેરે સ્ટેશને પ્રથમથી જ આવી ગયા હતા. ખાખી પોષાકમાં સજ્જ થયેલા બોયસસ્કાઉટોએ તેઓને લશ્કરી માન આપ્યું હતું. વેટીંગ રૂમમાં તેઓ પધાર્યા બાદ વેદમૂર્ત્તિ બ્રાહ્મણોએ વૈદિક મંત્રોમાં તેઓને આશિર્વાદ આપ્યો હતો. ત્યાર પછી યોગ્ય સ્વારીના આકારમાં બજારમાં થઇ પ્રમુખ સાહેબને મંગળ મહેલમાં લાવવામાં આવ્યા હતા. તે જ તારીખે સાંજરે સઘળા સાક્ષરો આવી પહોંચ્યા હતા શ્રીયુત બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું તે દિવસે ગુજરાત વિદ્યાપીઠ ઉપર ભાષણ રાખવામાં આવ્યું હતું. સાંજરે પાંચ વાગતે ભાવનગર આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં તે ભાષણ સાંભળવાને શહેરના અનેક સાહિત્યવિલાસી ગૃહસ્થો અને શાળાઓના તથા કોલેજના વિદ્યાર્થીઓ આવ્યા હતા. મહેરબાન લલુભાઇ સાહેબ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. વિષય પોતેજ ચર્ચાસ્પદ હતો, તેમાં શ્રીયુત ઠાકોરની વિવાદ પદ્ધતિએ પુષ્કળ ચર્ચા ઉપસ્થિત કરી હતી અને તેમ થવાથી શ્રોતાઓને બહુ આનંદ ઉપજ્યો હતો. તે જ રાત્રિએ મંત્રીઓએ રા. હીરાલાલભાઇ અને સરતરામની મદદ લઇને વિષયવિચારણી સભાના સભાસદોની યાદી બીજે દિવસે પરિષદમાં દરખાસ્ત રૂપે મૂકવા તૈયાર કરી હતી ઇ. સ. ૧૯૨૦ ની સાહિત્ય પરિષદે તે સંબંધી જે નિયમ કર્યો હતો, તે મુજબ તો ઘણા જ થોડા સભાસદોનો સમાવેશ થઇ શકે તેમ હતું. તેમ જ સત્કાર મંડળના ઘણા પ્રતિષ્ઠિત અને વિદ્યાવિલાસી સભ્યો રહી જતા હતા. તેથી લગભગ ૫૦ પરિષદના સભાસદોમાંથી અને ૫૦ સત્કાર મંડળના સભ્યોમાંથી મળી ૧૦૦ સભ્યોની યાદી તૈયાર કરી હતી. એ રીતે કરવાથી પરિષદના નિયમ મુજબ જે જે સભાસદો આવવા જોઇએ, તેઓ આવી ગયા હતા. સદરહુ યાદી એટલી લાંબી કરવામાં મંત્રીઓનો બીજો કંઇ હેતુ ન હતો.

તે જ અરસામાં ગુજરાત કાઠિયાવાડ અને મુંબઇના જાહેર પત્રોના પ્રતિનિધિઓ પરિષદનો રિપોર્ટ લેવાને આવી ગયા હતા. ઘણું કરીને, બોમ્બેક્રોનીકલ, ટાઇમ્સ ઑવ ઇંડીયા, ગુજરાતી, સાંજ વર્તમાન, મુંબઇ સમાચાર, હિંદુસ્થાન, જામેજમસેદ, નવયુગ, સયાજીવિજય, પ્રજાબંધુ, ગુજરાતી પંચ, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ ટાઇમ્સ, સાબરમતી વગેરેના પ્રતિનિધિઓ આવ્યા હતા.

નિમંત્રિત ચારણો પૈકી જામનગરના રાજકવિ માવદાનજી ભીમાજીભાઇ, લાઠીરાજ કવિ રામભાઇ પાતાભાઇ, મેથળીના રહીશ કવિ વીસાભાઇ નાગભાઇ, ગુંદાળાના રહીશ માધવદાન ભાઇ આવ્યા હતા. રાજકવિ પીંગળશીભાઈ અને તેમના ચિરંજીવી ભાઇ તેઓના સત્કાર કર્ત્તા તરીકે હાજર જ હતા.

તે સિવાય જૂદી જૂદી સંસ્થાઓને, કોલેજોને, તથા દેશી રાજ્યોને પ્રતિનિધિઓ મોકલવા આમંત્રણ કર્યું હતું, તેઓએ પણ પરિશિષ્ટ અંક ૨૦ મુજબ પોતાના પ્રતિનિધિઓ મોકલવા મહેરબાની કરી હતી.

ખ. અધિવેશનનો વૃત્તાંત.

(તા. ૧૮, ૧૯, ૨૦ એપ્રિલ ઈ. સ. ૧૯૨૪)

૧ પ્રથમ દિવસ તા. ૧૮-૪-૧૯૨૪ શુક્રવાર.

તા. ૧૮-૪ ૧૯૨૪ શુક્રવારે સવારે બરાબર સાડા આઠ વાગતે સાહિત્ય પરિષદના પ્રથમ દિવસનું કાર્ય શરૂ થયું હતું. ભાવનગર સનાતન ધર્મ હાઇસ્કૂલના વિસ્તીર્ણ મેદાનમાં ભવ્ય મંડપ નાંખવામા આવ્યો હતો, અને બની શકે તે મુજબ તેને શણગારવામાં આવ્યો હતો. આઠ વાગતા પહેલા તો શહેરના અનેક સાહિત્યરસિકો, અધિકારીઓ, સાક્ષરો, વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓ તથા કન્યાઓથી આખો મંડપ ચીકાર ભરાઇ ગયો હતો. કુલ સંખ્યા છસેં સાતસેં સુધીની હતી, જેમા બહારથી આવેલા સાક્ષરોની સંખ્યા લગભગ ૧૫૦ ની તેમ જ સ્ત્રીઓ તથા કન્યાઓની સંખ્યા પણ લગભગ તેટલીજ હતી આખી પોષાકધારી ઓયસ્કાઉટો સઘળી વ્યવસ્થા જાળવવામાં પૂરેપૂરો ઉત્સાહ લેતા હતા. લગભગ સવા આઠ વાગતે પરિષદના પ્રમુખ રા. બ. કમળાશંકરભાઇ પધાર્યા હતા. સ્ટેજ ઉપર તેઓની સાથે પ્રમુખ રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, રા. ખબરદાર, શ્રીયુત પંડિત લાલન, રા. કાંતિલાલ છગનલાલ પંડ્યા, રા. કાબરાજી, રા. બાલા સાહેબ, રા. રૂસ્તમજી નાનાભાઇ રાણીના, રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, રા. મટુભાઇ હરગોવંદદાસ કાંટાવાળા, રા. જયસુખરાય જોષીપુરા, રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત, રા. મોહનલાલ પાર્વતીશંકર દવે, રા. જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળ, રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી વગેરે કેટલાક સાક્ષરો બીરાજ્યા હતા.

તેઓ સર્વના સત્કાર માટે સ્વાગત કમિટિના પ્રમુખ શ્રીયુત પ્રભાશંકર દલપતરામ પટ્ટણી લેડી પટ્ટણી સાથે હાજર થયા હતા. તદુપરાંત ઉપપ્રમુખ ઓનરેબલ લલ્લુભાઇ સામળદાસ, મહેરબાન વિજયસિંહજી મંગળસિંહજીભાઇ, રા. બ. ત્રિભુવનદાસ કાલિદાસ ત્રિવેદી, મહેરબાન કૃષ્ણચંદ્રસિંહજી, મહેરબાન કેપ્ટન જોરાવરસિંહજી, મહેરબાન પ્રભુદાસ ભગવાનભાઇ નગરશેઠ, મહેરબાન કાવસજી જમસેદજી સંજાણા સાહેબ, રા. બરજોરજી અરદેશર એંટીસાહેબ. રા. ગુલાબરાય ગોવિંદરામ દેસાઇ, રા. ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા, રા. વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા વગેરે ગૃહસ્થો અગાઉથી આવી ગયા હતા.

પરિષદના કાર્યારંભે "વિશ્વભારતીને વંદન"નું સુમધુર સુંદર ગીત બાર્ટીરાજ કન્યાશાળાની બાળાઓએ લલકાર્યું. (જુઓ પ્રમુખોનાં ભાષણો વિભાગ ૨ પૃ. ૩) એક ન્હાની, નમણી નાજુક કન્યા સરસ્વતી દેવીના શ્વેત સ્વાંગમાં સુસજ્જ થઈ હતી, અને બીજી કન્યાઓ જાણે તેના પરિચારિકાઓ હોય તેમ તેની ફરતી ફરી વળીને વિશ્વભારતી ને ભારતવર્ષ ઉપર પોતાની કૃપા અને પોતાનો પ્રભાવ વર્ષાવવા વિનવતી હોય તેમ તેમણે વંદનગીતનું ગાન કર્યું હતું. પછી સ્વર્ગસ્થ શ્રીમાન્ કાન્તનું રચેલું "પરિષત્સત્કાર"નું ગીત પણ તે બાળાઓએ સુમધુર સંગીત સાથે ગાયું હતું. (જુઓ ભાગ ૨ પ્રમુખોના ભાષણો પૃ. ૧) અને અહીંના રાજકવિ પીંગળશી પાતાભાઇએ એક સત્કાર ગીત ગાયું હતું.

પછી સત્કાર કમિટિના પ્રમુખ મેહેરબાન સર પ્રભાશંકર દ. પટ્ટણી સાહેબે પધારેલા વિદ્વાનોના સત્કારમા સંક્ષેપમા મોઢેથી ભાષણ કર્યું હતું. (જુઓ પ્રમુખોનાં ભાષણો ભાગ ૨ પૃ. ૭)

ત્યારપછી સત્કાર મંડળના ઉપપ્રમુખ ઓનરેબલ લલુભાઇ સાહેબે પણ ટુંકામાં પણ બહુ ચિત્તાકર્ષક ભાષણ કર્યું. (જુઓ પ્રમુખનાં ભાષણો ભાગ ૨ જો પૃ. ૮) એ રીતે પ્રસ્તાવ કર્યા પછી તેઓ સાહેબે કેટલાક વિદ્વાનો જેઓ પધારી શકેલા નહિ, અને જેમણે તારો કે પત્રદ્વારા પરિષદના કાર્યમા સહાનુભૂતિ તથા ફત્તેહ ઇચ્છી હતી તે તારો અને પત્રોનો સાર વાચી સંભળાવ્યો હતો.

તારદ્વારા કે પત્રદ્વારા શુભેચ્છા અને સહાનુભૂતિ દર્શાવનારા વિદ્વાનો નીચે મુજબ હતાઃ–

૧ આનંદશંકર બાપુભાઇ ધ્રુવ.
૨ સર મનુભાઇ નંદશંકર મહેતા. દીવાન સાહેબ, વડોદરા.
૩ રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી.
૪ રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.
૫ રા ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા.
૬ રા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.
૭ રા. પુરુષોતમ વિશ્રામ માવજી.
૮ સૌ. બહેન લીલાવતી.
૯ રા. રામમોહનરાય જસવંતરાય.
૧૦ વડોદરા સાહિત્યસભાના મંત્રી.
૧૧ રા. ઇંદુલાલ સેવકરામ દવે.
૧૨ રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા.
૧૩ રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય–બારીસ્ટર.
૧૪ રા. હરિપ્રસાદ વ્રજરાય ડૉકટર.
૧૫ રા. જનાર્દન વીરભદ્ર પાડકજી.
૧૬ પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ.
૧૭ રા. તંત્રી–નવચેતન અને તંત્રી–રંગભૂમિ.
૧૮ રા. બટુભાઇ ઉમરવાડીયા.
૧૯ રા. બળવંતરાય વિજયાશંકર છાયા.
૨૦ રા. હરિરાય ભગવંતરાય બૂચ, સિયાજી વિજયના તંત્રી.

છેલ્લા ત્રણ તારો મોડા આવેલા તેથી પાછળથી વંચાયા હતા.

પછી અહીંની સાહિત્ય સભાના મંત્રી રા. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકે જણાવ્યું કે– "વડોદરા સેંટ્રલ લાયબ્રેરીના સેક્રેટરી રા. મોતીલાલ અમીનની સૂચનાથી આ પરિષદને અંગે એક માસિકો અને સામુદાયિક પત્રોનું પ્રદર્શન પણ ભરવામાં આવ્યું છે. તે સાહિત્ય કેવું છે, તેમાં કેવા કેવા ફેરફારો કરવા, તેને કેવે માર્ગે દોરવું, અને તેને કેવું ઉત્તેજન

આપવું જરૂરનું છે તે વિચારી શકાય એવા હેતુથી લગભગ ૭૦ થી ૮૦ જેટલાં માસિક વગેરેનું પ્રદર્શન પણ આ સનાતન ધર્મ હાઇસ્કૂલના બે ખંડોમાં તૈયાર કરવામાં આવ્યું છે. તે આજે બપોરે ચાર વાગે ખુલ્લું મુકાશે તે જોવા અને તેને રસમય બનાવવા તથા તેને પોષવા માટે અત્રે પધારેલા સાક્ષરો અને સજ્જારીઓને નિમંત્રણ કરવામાં આવે છે.

વિશેષ જણાવતાં હર્ષ થાય છે કે-વિશ્વકોષ–સાયક્લોપીડીયા જેવું કામ જે અનેક વિદ્વાનોના સમૂહથી બની શકે તેવો વિશ્વકોષ અહીંના સદ્ગત શ્રી સવાઇલાલ છોટમ વોહરાએ એકલ હાથે તૈયાર કરવા માંડેલો તે **પ** પૈકી **પેશાવા** શબ્દ સુધી લગભગ ૧૦૫૯૧ પૃષ્ટોમાં તેમના હાથથી તૈયાર થવા પામેલો, અને તે પછી અધુરો રહ્યો છે. અને જેમ પ્રેમાનંદનો દશમ સ્કંધ અધુરો રહેતાં તેમના પુત્ર વલ્લભે પૂરો કર્યો હતો, તેમ સદ્ગત સવાઇલાલ ભાઇના પુત્ર કદાચ તે પુરો ન કરી શકે એવું હોય, તો તે તેમના કોઇ પણ સાક્ષરપુત્ર પૂરો કરે એમ ઇચ્છું છું. ઇસ્માઇલ ભાઇઓને માટે પણ સાહિત્યનું જુદું ટેબલ તૈયાર રાખવામાં આવ્યું છે તે સાહિત્યને પણ બનતી સહાય આપવી એવી સૂચના છે."

ત્યારપછી સામળદાસ કોલેજના માજી પ્રીન્સીપાલ અને સુપ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી મ. સંજાણા સાહેબે આ પરિષદના પ્રમુખની દરખાસ્ત કરતાં બહુ વિસ્તારપૂર્વક, પરંતુ તેઓની યોગ્યતાને સંપૂર્ણ રીતે સિદ્ધ કરનારૂં નીચે મુજબ ભાષણ કર્યું.

સર પ્રભાશંકર પટ્ટણી, ઑ. શ્રીયુત લલુભાઇ સામળદાસ સજ્જારીઓ અને સદ્ગૃહસ્થો,–

સ્વાગત મંડળના પ્રમુખથી થતું વિવેચન મે સર પ્રભાશંકર માંદગીના સબબે કરી શક્યા નથી તે માટે જે દિલગીરી ઑ. શ્રીયુત લલુભાઇએ પ્રદર્શિત કરી છે તેમાં આપણે સર્વે અંતઃકરણ પૂર્વક શામેલ છીએ. સર પ્રભાશંકર એમની બળવાન કાર્યદક્ષતાનો, એમના દેશવિદેશના અનુભવનો તેમજ એમના પરિપક્વ શાણપણનો આપણને બીજા તરફથી અલભ્ય એવો લાભ આપત એ નિઃસંદેહ છે એમના ભાષણથી જે આપણને આનંદ અને બોધ મળત તે મળ્યો નથી એ શોચનીય છે. પરંતુ હર્ષની વાત છે કે એમણે થોડા ઘણા શબ્દો મહત્ત્વના કહ્યા છે, અને કાંઇક દેહનું કષ્ટ પણ વેઠીને અત્રે પધારી આ મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરી છે; એ પ્રત્યે એમના આભાર આપણે જેટલો માનીએ તેટલો થોડો છે.

રાવ બહાદુર કમળાશંકર ત્રિવેદી એક સાહિત્યપ્રેમી મોટા સાક્ષર છે, ને એમની કારકીર્દી સામાન્ય રીતે ત્રણ વિભાગોમા વહેંચી શકાયઃ– સંસ્કૃત ભાષા અને સાહિત્યના ગ્રંથોનું એમણે કરેલું વિદ્વત્તાભર્યું પ્રકટન, ગુજરાતી સાહિત્યની એમણે કરેલી ઉપયોગિતાવાળી સેવા અને શિક્ષક પદ ઉપર ચિર સમયસુધી એમણે બજાવેલું મહત્ત્વ ને અગત્યનું કામ.

રાવ બહાદુર કમળાશંકર ભાઇએ ઘણાક સંસ્કૃત ગ્રંથોનું સંશોધન કરી ટીકા અને ટિપ્પણ સહિત પ્રસિદ્ધ કર્યા છે. એમાંના મહત્વના ગ્રંથો Bombay Sanskrit Series નામની મુંબઇ સરકારના આશ્રય હેઠળ નીકળતી પુસ્તકમાળામાં છપાય છે. આ પુસ્તકમાળાએ હિંદુસ્થાનમાં સારી નામના મેળવી છે. એટલું જ નહિં પરંતુ પારીસ-લંડન–બર્લિન ઇત્યાદિ સ્થળોના પ્રાચ્યશાસ્ત્રના અભ્યાસી મંડળોમાં પણ એ ઘણી પ્રતિષ્ઠા પામી છે. એ ગ્રંથો પૈકી મુખ્ય ગ્રંથોનું અત્રે ટૂંક વર્ણન આપુ છું.—

महाकाव्य—પદ્યમાં લખાએલો અલંકાર અને વ્યાકરણશાસ્ત્ર વિશેનો ગ્રંથ. આ આવૃત્તિની ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે ઘણી પ્રશંસા કરી છે.

एकावली—અલંકારશાસ્ત્ર વિષયક ગ્રંથ, મલ્લિનાથની ટીકા સાથે. એની પણ વિદ્વાન વર્ગમાં ખ્યાતિ છે અને આ આવૃત્તિ મદ્રાસ યુનિવર્સિટીએ કેટલાક વર્ષો સુધી એમ. એ. ના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકોમા દાખલ કરી હતી.

प्रतापरुद्रिय—અલંકાર શાસ્ત્રનો ગ્રંથ, કુમારસ્વામિની ટીકા અને ભામહના કાવ્યાલંકારના પરિશિષ્ટ સાથે આપણા જૂના પ્રખ્યાત અલંકારશાસ્ત્રી દંડીના કરતાંએ આ ભામહ પૂર્વકાલીન છે એમ કમળાશંકરભાઇએ સિદ્ધ કરી દેખાડયું છે.

व्याकरणभूषण—વ્યાકરણશાસ્ત્રની તત્વવિદ્યા (ફીલસુફી) વિશેનો ગ્રંથ. પ્રસ્તાવના અને વ્યાખ્યામાં સારૂં સ્પષ્ટીકરણ આપ્યું છે.

षड्भाषा चन्द्रिका—હેમચંદ્રનાં અપભ્રંશ સૂત્રો સહિત. સંસ્કૃતમાથી ઉત્પન્ન થતી જે છ મુખ્ય પ્રાકૃતો આપણી આધુનિક આર્યભાષાઓની માતૃભાષા ગણાય છે તેનું આ ઘણા મહત્ત્વના ગ્રંથમાં પ્રતિપાદન થયું છે. આ આવૃત્તિમાં કમળાશંકરભાઇએ આ છએ પ્રાકૃતો વિશે ઉપયોગી વિવરણ વિસ્તારથી આપ્યું છે. હેમચંદ્રસૂરિના આ ગ્રંથમાં આપેલાં અપભ્રંશ ભાષા ઉપરના સૂત્રો આપણી યુનિવર્સિટીના એમ. એ. ના ગુજરાતી અભ્યાસક્રમમાં દાખલ કરવામા આવ્યાં છે. આ હેમચંદ્ર સંસ્કૃત ભાષા અને સાહિત્યનું અગાધ જેવું જ્ઞાન ધરાવનાર એક જૈન મહા વિદ્વાન હતા, અને એ અપભ્રંશ ભાષા નામની પ્રાકૃત આપણી ગુર્જર ભાષાની જનેતા છે એમ વિદ્વાન વર્ગમાં સિદ્ધાન્તરૂપ ગણાય છે.

रेखा गणित—બે પુસ્તકોમાં, ગણિતશાસ્ત્ર વિષયક ગ્રંથ. સદ્ગત હરિલાલ ધ્રુવની માન્યતા હતી કે જો કે એ ગ્રંથ મહાન ગ્રીક ગણિતશાસ્ત્રી યુક્લિડનાં ભૂમિતિનાં મૂલતત્ત્વોના અનુવાદ જેવો દેખાય છે તો એ એમાના સિદ્ધાન્તો આપણા દેશમા સ્વતંત્ર રીતે ખોળી કહાડવામાં આવ્યા હતા. એમના સ્વર્ગવાસ પછી આ આવૃત્તિ બહાર પાડવાનું કામ રાવ બહાદુર કમળાશંકરભાઇને સોપાતા એમણે ખંતથી કાળજીભરી શોધખોળ કરી દૃઢપણે પણ સભ્યતાથી દેખાડી આપ્યું કે ગ્રંથ તો એક ફારસી ભાષામા લખાએલા ગ્રંથનો અનુવાદ છે અને તે ફારસી ગ્રંથનો મુખ્ય આધાર યુક્લિડના પ્રખ્યાત પુસ્તક ઉપર જ રખાયો છે

ગુજરાતી સાહિત્યની પણ રા. બ. કમળાશંકરભાઇએ બહુ સારી સેવા બજાવી છે. 'બ્રહ્મસૂત્રો ઉપરનાં શાંકરભાષ્ય' નો એમણે કરેલો અનુવાદ ઘણો ઉપયોગી છે અને ગુજરાતના વિદ્વાનોમાં એની ઉચ્ચ ગણના થઇ છે. જેમ વ્યાકરણ અને અલંકારશાસ્ત્રોમાં તેમજ વેદાંતશાસ્ત્રમાં પણ એઓ અતિ નિપુણ હોવાથી આ કપરાં અને ગૂઢાર્થ સૂત્રોનું એમણે કુશળતાથી પ્રકટ વિવરણ કર્યું છે. વળી શંકરાચાર્યના બીજાં લખાણોનોએ એમણે સારો પરિચય મેળવ્યો છે, જેને લઇને શંકર જયન્તી ઉજવતી વેળા સુરત, અમદાવાદ, ખંભાત વિગેરે સ્થળોએ એમને ભાષણો આપવા બોલાવવામાં આવ્યા હતા. એમની 'શંકરજયન્તી વ્યાખ્યાનમાળા' ની ઘણી પ્રશંસા થઈ છે. એમનું ગુજરાતી

ભાષાનુ 'બૃહદ્ વ્યાકરણ' શાસ્ત્રીય પદ્ધતિથી રચાએલું અને મહત્ત્વનું છે. શિક્ષકોના ઉપયોગ માટે ખાસ લખાએલો એમનો 'શિક્ષણશાસ્ત્રના મૂલતત્વો' નો ગ્રંથ સામાન્ય વાંચનારને પણ બોધકારી થઇ પડે એવો છે. એ ઉપરાંત 'ગુજરાતી' ઇત્યાદિ પત્રોના દીવાળી અંકોમા, 'સમાલોચક' ઇત્યાદિ માસિકોમા એમણે ઘણાક નિબંધો લખ્યા છે; એમાનો 'કાવ્યશાસ્ત્ર વિનોદ' નિબંધ લોકપ્રિય થયો છે અને 'અનુભવ વિનોદ' મા સાર ગ્રહણ કરવા જેવું વાચન સમાએલું છે. રાવબહાદુર કમળાશંકરભાઇએ બીજા નાના નિબંધો અને અનુવાદે ઘણા લખ્યા છે, જેમાંના માત્ર એકનુંજ નામ હું અહીં દઇશ એ 'ઈંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ' છે, જે Buckle's History of Civilization ના આધારે રચાએલો અને સામાન્ય વાચકને જ્ઞાનદાયક થઇ પડે એવો છે.

શિક્ષક તરીકેની રાવ બહાદુર કમળાશંકરભાઇની કારકીર્દી ગૌરવભરી છે. કેટલીક મુદત સુધી સામળદાસ, ડેકન, એલ્ફીન્સ્ટન કૉલેજોના એઓ સંસ્કૃતના પ્રોફેસર હતા; પાચ વર્ષ સુધી નડીઆદ હાઇ સ્કુલના હેડમાસ્તરનું અને બાર વર્ષ સુધી અમદાવાદની ટ્રેનીંગ કૉલેજના પ્રિન્સીપાલનું કામ એમણે બજાવ્યુ છે. વળી બાર વર્ષ સુધી 'ગુજરાત શાળા પત્ર' ના તંત્રી રહ્યા હતા, જે અરસામા એ પત્રમાં શિક્ષણ સબંધી તથા સાહિત્ય ને ભાષા વિશેના લેખો મોટી સંખ્યામાં એમણે આપ્યા છે; એટલે મુખ દ્વારા તેમજ લેખ દ્વારા એમણે બહોળા શિષ્ય વર્ગપર સારા શિક્ષણની છાપ પાડી છે. એ જ શિષ્યો મોટે ભાગે વર્તમાન સમયના વિદ્યાર્થીઓના શિક્ષકો છે; તો રાવબહાદુરને **गुरूणां गुरुः** ની સંજ્ઞા આપવામા કોઇએ અતિશયોક્તિ થતી નથી. એમણે લખેલા અનુભવ વિનોદ' અને 'શિક્ષણશાસ્ત્રનાં મૂલતત્ત્વો' ની મે આગળ નોંધ લીધી છે. ઉપરાન એમણે 'સસ્કૃત શિક્ષક' નામનો ગ્રંથ અગ્રેજીમાં રચ્યો છે; એના ગુજરાતી, મરાઠી, હિન્દી અને બંગાલી ભાષાઓમા અનુવાદો થયા છે અને અલ્લાહાબાદ યુનિવર્સિટીએ ત્યાની પ્રવેશન પરીક્ષામા એ ગ્રથને પાઠ્યપુસ્તક તરીકે નીમ્યો છે. પહેલીથી સાતમી ચોપડી સુધીના વાચનનો સમાવેશ થાય એવી એમણે 'ત્રિવેદી વાચનમાળા' પ્રસિદ્ધ કરી છે. કમીટીઓએ નિયોજેલી વાચનમાલાથી આ કેવળ સ્વતંત્ર છે અને એમા આર્યજીવન તથા સ્વદેશી સાહિત્યને લગતા વિષયો લેવામા આવ્યા છે.

પંદર વર્ષ સુધી એઓ સરકારી પાઠ્ય પુસ્તક મંડળ (Text Book Committee) ના સભ્ય હતા અને લગભગ છવીસ વર્ષ થયા મુબઇ સરકાર માટે ગુજરાતી પુસ્તકોનું અવલોકન કરતા આવ્યા છે. તો એઓ હમણાના ગુજરાતી સાહિત્યના નિકટ સંસર્ગમા રહ્યા છે અને કેટલાક વર્ષથી પ્રસિદ્ધ થતા ગુજરાતી ગ્રથો–સારા કે નરસા–થી સુપરિચિત થયા છે. એટલે આપણા સાહિત્યની ખુબી–ખામીઓ દર્શાવવા કમળાશંકરભાઇ પુરતા કાબેલ છે અને સાહિત્યનો પ્રવાહ કઇ દિશામા જવાથી લાભ થાય તે વિશે ઉપયુક્ત બોધ દેવા કેવળ સમર્થ છે

સંસ્કૃત વિદ્યાભ્યાસમા કમળાશંકરભાઇએ મુખ્યત્વે અલંકાર, વેદાન્ત અને વ્યાકરણ શાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું છે; પણ એમના પાંડિત્યની આટલાથી જ પરિસીમા બંધાતી નથી. આજ પચીશ વર્ષ થયા એઓ મુબઇ અને પંજાબની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સસ્કૃતના પરીક્ષક નીમાતા આવ્યા છે અને બી. એ. ના વૈકલ્પિક તેમજ એમ. એ. ના

વિષયો પણ તપાસતા રહ્યા છે; વળી પટણા, બનારસ ઇત્યાદિ સ્થળોની પાછળથી સ્થપાએલી વિદ્યાપીઠોમાં પણ ઉંચામા ઉંચી પદ્વી સુધીની પરીક્ષાઓમાં પરીક્ષક થયા છે. તેઓ સુવિસ્તીર્ણ અને અતિ ગંભીર સંસ્કૃત શાસ્ત્રોના મહાસાગરોમા માત્ર આ ત્રણ નાના સાગરોમાંથીજ નહિં પણ બીજાએ—ન્યાય—તર્ક—વૈદિક શબ્દશાસ્ત્ર (Philology) ઇત્યાદિ સાગરો અને ઉપસાગરોમાંથી સહેલાઇથી અને સાચી દિશાએ તરી જઇ પારંગત થવાના બળ અને કૌશળ એમણે પ્રાપ્ત કર્યા છે જ.

ગયા વીસ વર્ષમાં છપાએલા Bombay Sanskrit Series ગ્રંથોના લેખકોમા રાવ બહાદુર કમળાશંકર મુખ્ય ગણાય. હમણા પણ એ માળામા સિદ્ધાન્ત કૌમુદીથી જૂનો પ્રક્રિયા કૌમુદી નામનો ગ્રંથ પ્રસિદ્ધ કરવાનું કામ એમને સોપાએલું છે. એટલે આ માળામા જે નામાંકિત વિદ્વાનો આગળ મોટે ભાગે લખાણ કરતા હતા—જેવા કે પાશ્ચાત્યો ડૉકટર બુહ્લર અને ડૉકટર કીલહૉર્ન અને આપણા પોતાના શ્રી રામકૃષ્ણ ભાંડારકર અને ન્યાયમૂર્તિ કાશીનાથ તેલંગ—તેમની પંક્તિમા, તે જગીઓની સાથે, મુકાવાનું માન એમણે સંપાદિત કર્યું છે.

પોતાના પ્રાચીન શાસ્ત્રોનું પુરતું જ્ઞાન, સંસ્કૃત અને પ્રાકૃત ભાષામા પ્રવીણતા અને એમાં લખાએલા સાહિત્યનું વિદ્વત્તાભર્યું અધ્યયન એ સર્વેની ગુજરાત અને કાઠીયાવાડમાં ઘણી ન્યૂનતા છે એવી માન્યતા ત્રીસ ચાલીસ વર્ષ પહેલાં બીજા પ્રદેશોમા હતી અને પાણ્ડિત્યના આ કહેવાતા દારિદ્રય માટે આપણી ગુર્જર પ્રજાની અવગણના થતી હતી. બ્રિટીશ અમલની સ્થાપના પછી આપણામાં અલબત ઘણા સારા પંડિતો થઇ ગયા હશે; ઉપર જણાવેલા પક્ષમા તથ્ય હોય તો તે આટલું છે કે એ વિદ્વાનો સમયના પરિવર્તનને લક્ષમાં ન રાખતા શોધખોળ કરતા અને માત્ર જૂના શાસ્ત્રોનો અભ્યાસ ગતાનુગમનથી વધારતા. પરંતુ ગયા પચીસ ત્રીસ વર્ષમા પ્રાચ્ય અને પાશ્ચાત્ય સાહિત્યમાં અતિ નિપુણ અને ઐતિહાસિક ને શાસ્ત્રીય પદ્ધતિથી શોધખોળ કરનાર કેટલાક સુશિક્ષિત પંડિતો આપણી આ માતૃભૂમિમા ઉદ્ભવ્યા છે. એમ કહેવામા કાઇ ખોટું નથી કે એ બધાઓમા ભાઇશ્રી કમળાશંકરે અગ્રેસરી ને ઘણો મહત્ત્વનો ભાગ લીધો છે અને વિદ્વત્તાના દારિદ્રયના દૂષણમાથી ગુર્જર જનસમુહને ઘણે અંશે મુક્ત કર્યો છે.

મનુષ્ય જાતની ધાર્મિક, સાંસારિક કે આર્થિક, રાષ્ટ્રીય કે શાસ્ત્રીય, સાહિત્ય કે કળા સંબંધી પ્રત્યેક પ્રવૃત્તિમાં સત્યપંથની શોધખોળ કરનાર અભ્યાસીને બે મુખ્ય સૂત્રો ધ્યેય તરીકે રાખવા પડે છે;—પહેલા તો પોતાના અધ્યયન ક્ષેત્રના દરેક ભાગનો પુરતી ખંત, કાળજી અને સાવચેતી વાપરી નિષ્પક્ષપાત બુદ્ધિથી જેટલો બની શકે તેટલો ઊંડો અભ્યાસ કરવાનું, અને પછી જ્યારે એવા પંથ વિશે તેને જે પ્રમાણો કે સિદ્ધાન્તો શુદ્ધ મનથી સત્ય જણાય તે પાકી દૃઢતા અને સતત આગ્રહથી પરંતુ નરમાશ અને સભ્યતાવાળી ભાષામા જન સમક્ષ મૂકવાનું; આવી શોધખોળમા—નહિ સુહૃદો પ્રત્યે આદર રાખતા, નહિ કે વિરોધિયથી ડરતાં—માત્ર સત્ય ઉપર જ એકાગ્ર દૃષ્ટિ ચ્હોંટાડી કામ લેવાનું રહે છે. મારા ધારવા પ્રમાણે જ્યારે જ્યારે એ સૂત્રો ઉપર અમલ કરવાના પ્રસંગ આવ્યા છે ત્યારે ત્યારે રાવ બહાદુર કમળાશંકર પોતાના મતો નિડરપણે પ્રસિદ્ધ કરતા ચુક્યા નથી. વળી એમનામા પંડિતને

શોભે–વિદ્વત્તાને શોભાવે–એવા વિનય પ્રધાન ગુણોનું પ્રાચુર્ય જોવામા આવે છે. એકમાર્ગીપણું, સહનશીલતા, પોતાના અભ્યાસથી અન્ય વિદ્યાર્થીઓને સહાયતા આપવાનો ઉમંગ, સુજનતા, સૌમ્યતા એ ગુણો એમના આચાર વિચારમાં દેખાઇ આવે છે.

કેટલાક આત્મતત્ત્વવેત્તા અને ધર્મશાસ્ત્રકારોનો એવો મત છે કે આ ભવ એક નિશાળ સમાન છે જેમા તાલીમ લઇ આવતી જીંદગીમા ભવ્ય અને ઉચ્ચ તાલીમ લેવાને લાયક થવાની પ્રત્યેક માનવીની ફરજ છે. એટલે કવિ વર્ડ્સવર્થના એક કાવ્યના બે ચરણોમાં બે નાના ફેરફાર કરી એમ પણ કહેવામાં કાઇ ઝાઝી અતિશ્લાઘા નથી કે–જીંદગીની તાલીમ લેનાર આ ખરો ભાગ્યશાળી અભ્યાસી છે કે જેના જેવો થવા માટે એવી તાલીમ લેનાર પ્રત્યેક નિશાળીઓ આકાંક્ષા રાખે—

> This is the happy scholar; this is he
> Whom every man at school should wish to be.

તો બંધુઓ અને ભગિનિઓ તમો આગળ દરખાસ્ત રજુ કરૂં છું કે—

આ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ–એ પરિષદના પ્રમુખપદે રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીને નીમવાના ઠરાવ ઉપર આવે છે.

હું પૂર્ણ ઉમેદ રાખું છુ, ખાત્રીપૂર્વક માન્યતા ધરાવું છું કે આ દરખાસ્તને તમો સર્વે એકદિલથી એક અવાજે વધાવી લેશો."

રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠે માજી પ્રિન્સીપાલ સંજાણા સાહેબની ઉપયુક્ત દરખાસ્તને ટેકો આપતા જણાવ્યું કેઃ—

"મારા પૂજ્ય ગુરૂ પ્રિન્સીપાલ સંજાણા સાહેબની દરખાસ્તને ટેકો આપવાની હું વિનંતિ કરૂં છુ. રા. બ. કમળાશંકરભાઇને માટે મહેરબાન સંજાણા સાહેબે તેમની વિદ્વત્તા, પાંડિત્ય અને કાર્યપ્રદેશ વિષે વિસ્તારથી કહી બતાવ્યું છે, એટલે મારે કંઇ વિશેષ કહેવાનું રહેતું નથી. સંસ્કૃતમાથી ગુજરાતીમા ઉતારેલું તેઓનુ શારીરભાષ્ય અદ્વિતીય છે; તેમની ત્રિવેદીવાચનમાલા પ્રસિદ્ધ છે અને સંસ્કૃતના અધ્યાપક તરીકે અને પરીક્ષક તરીકેની તેમની કારકીર્દી સુવિદિત છે. એટલે પ્રમુખપદ માટે તેઓશ્રીને નિયુક્ત કરવાની દરખાસ્તને મારી સાથે સૌ ટેકો આપશો."

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ સદરહુ દરખાસ્તને યોગ્ય શબ્દોમાં અનુમોદન આપ્યા પછી, તે દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ. ત્યાર બાદ પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાચવું શરૂ કર્યું. ભાષણ બહુ લાંબુ હોવાથી વચમા વચમાં કેટલાક ભાગો મૂકી દેવાયા છતા ભાષણ પૂરૂં થતા લગભગ દોઢ કલાક વીતી ગયો હતો. ગુજરાતી સાહિત્યના ઇતિહાસ અને તેની ઉપર કરેલું વિવેચન તથા સાહિત્યની ઉન્નતિ કરવા માટે દર્શાવેલા ઉપાયો, વગેરે બાબતો ઉપર તેઓએ કરેલા ઉદ્ગારોથી શ્રોતાઓ સામાન્ય રીતે પ્રસન્ન થયેલા જણાતા હતા. મધ્યાહ્નોત્તર ચાર વાગતે જૈન વિભાગના અધ્યક્ષ શ્રીયુત પંડિત લાલનના ભાષણથી શરૂઆત થઇ; ત્યાર પછી વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ શ્રીયુત કાન્તિલાલ છગનલાલ પંડ્યા

અને સાહિત્ય વિભાગના અધ્યક્ષ શ્રીયુત ખબરદારના ભાષણથી શ્રોતામંડલ એટલુ બધું આકૃષ્ટ થયેલું જણાતું હતુ કે નિયત સમય વીતી ગયા છતા, તે ભાષણો સાંભળવાને સૌએ આતુરતા દર્શાવી હતી. ત્યાર બાદ મંત્રી રા. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકે વિષયવિચારિણી સભા તે દિવસે રાત્રીએ ૯ વાગતે મંડપમાં ભરાશે, તેની દરખાસ્ત રજુ કરતાં, તે સભાના સભ્યોની પસંદગીની એક યાદી વાચી સંભળાવી. રા. રા. શ્રી મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળાએ તે દરખાસ્ત સામે વાંધો લીધો કે છઠ્ઠી સાહિત્ય પરિષદે સભ્યો પસંદ કરવાનો જે નિયમ કર્યો છે, તે નિયમાનુસાર સભ્યોની પસંદગી કરવી જોઇએ. મંત્રી રા. માનશંકર પીતાંબરદાસ મહેતાએ ખુલાસો કર્યો કે સદરહુ નિયમ મુજબ પસંદગી કરવાથી (૧) આ પરિષદના સભ્યોમાથી તેમજ (૨) અહીંના રાજકાર મંડળમાંથી ઘણા ઓછા સભ્યોનો સમાવેશ થઇ શકે તેમ છે, એટલું જ નહિ પણ કુલ સભ્યોની સંખ્યા પણ જોઇએ તેટલી થશે નહિ; અને તેટલા માટે સમિતિના સભ્યોની સંખ્યા મોટા પ્રમાણમાં આવી શકે અને સત્કાર મંડળના સભ્યોને પણ તેનો લાભ મળે, તેવા હેતુથી તે દરખાસ્ત લાવવામાં આવી છે. છતાં પણ જ્યારે તેઓએ પોતાનો વાંધો પાછો ન ખેંચી લીધો ત્યારે રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠે ખુલાસો કર્યો કે છઠ્ઠી સાહિત્ય પરિષદ્ મંડળના ઘણા નિયમો અત્યાર સુધી અમલમાં આવી શકયા નથી એટલે આ પ્રસંગે જ્યારે મંત્રીશ્રી કહે છે તેમ મુશ્કેલી આવતી હોય તો આ એકજ નિયમ અમલમાં લાવવાની જરૂર રહેતી નથી. રા. રા. મટુભાઇને તે ખુલાસાઓ સંતોષકારક લાગ્યા નહિ, અને તેથી એવો સુધારો મૂકયો કે આ પરિષદના સઘળા સભ્યોને વિષયવિચારિણી સમિતિના સભ્યો નીમવા. તે સુધારાને રા. જોષીપુરાએ ટેકો આપ્યો. મંત્રી રા. માનશંકરભાઇએ તે સુધારા સામે એવો વાંધો દર્શાવ્યો કે સદરહુ સુધારો છઠ્ઠી પરિષદે કરેલા નિયમાનુસાર નથી, માટે તેને ગેરકાયદેસર ઠરાવવો. આ પ્રસંગે પુષ્કળ ચર્ચા થઇ, છેવટે કંઇ તોડ નીકળે તેવું ન હોવાથી, સત્કાર મંડળના પ્રમુખ મહેરબાન પટ્ટણી સાહેબે જાહેર કર્યું કે સત્કાર મંડળના જે સભ્યો વિષયવિચારિણી સભામા આવશે, તે સઘળાઓની સભ્યો તરીકેની ફી તેઓ પોતે આપશે. આ ઉપરથી તકરારનો અંત આવ્યો અને રા. મટુભાઇએ રજુ કરેલ સુધારા પ્રમાણે પરિષદના સઘળા સભ્યોને વિષયવિચારિણી સમિતિમા નીમવાનો ઠરાવ પ્રસાર થયો.

વિષયવિચારિણી સભા.—રાત્રીએ નવ વાગતે મંડપમાં પરિષદના ઘણા ખરા સભ્યો તેમજ સત્કાર મંડળના ભાગ્યે બેચાર સભ્યો આવી ગયા હતા. બધા મળી લગભગ ૭૦ સભ્યોએ હાજરી આપી હતી (જુઓ પરિશિષ્ટ અંક ૨૧). સભાનું પ્રમુખ પદ રા. બ. કમળાશંકરભાઇએ લીધા પછી કામ શરૂ થયું હતું. પરિશિષ્ટ અંક ૧ માં છપાયા છે તે ઠરાવો, લગભગ થોડી ઘણી ચર્ચાઓ સાથે પ્રસાર થયા હતા. માત્ર એક દરખાસ્ત રા. નારણજી પુરુષોત્તમ સાંગાણીએ એવી મતલબની કરી કે "ગુજરાતમાં એક જૂદી યુનિવર્સિટી કરવી." તે દખાસ્ત ઉપર લંબાણથી ચર્ચા થઇ હતી; છેવટે મત લેતાં બહુ વિરુદ્ધ મતે ઉડી ગઈ હતી. સમિતિનું કામ સાંગોપાગ શાન્તિથી ચાલ્યું અને નિર્વિઘ્ને સમાપ્ત થયું, તેનો યશ પ્રમુખ મહાશયને તો ઘટે જ છે. પરંતુ ઓનરેબલ લલુભાઇ સામળદાસે જે દક્ષતાથી દરખાસ્તો મૂકવાનું કામ લીધુ, તેવી દક્ષતા ન વપરાઇ હોત તો આવું સંતોષકારક પરિણામ આવત નહિ.

તા. ૧૯-૪-૧૯૨૪ શનિવાર

તા. ૧૯-૪-૨૪ ને રોજ સવારના સાડા આઠ વાગને પરિષદનો કાર્યક્રમ શરૂ થયો હતો. વિજ્ઞાન વિભાગના નિબંધો જૂદી બેઠકમાં વાચવાની કેટલાક વિજ્ઞાન રસિકોએ ઇચ્છા દર્શાવી અને અધ્યક્ષ રા. કાન્તિલાલભાઇએ તે દરખાસ્તને અનુમોદન આપવાથી-સનાતન ધર્મ હાઇસ્કુલના પ્રધાનખંડમાં તે વિભાગની બેઠક કરવામાં આવી હતી. તેમા રા. પ્રીતમરાય વ્રજરાય દેશાઇ, રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ, રા જોષીપુરા વગેરે સભ્યોએ બહુ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ઉપરા ઉપરી બે દિવસો સુધી તે વિભાગની બેઠકનું કામ ચાલ્યું હતું તેનો સવિસ્તર રિપૉર્ટ પરિશિષ્ટ અંક ૨ મા પ્રસિદ્ધ કરવામા આવ્યો છે, તે ઉપરથી સઘળી હકીકત જાણવામા આવશે.

૨. તે સિવાય મંડપમા સઘળા વિભાગોના નિબંધોનાં વાંચનો એકઠા કરવાનુ ઠર્યું હતું. શરૂઆતમા બાળાઓએ રા. રા. શ્રી લલિતજીનું આ પ્રસંગને માટે બનાવેલું "ગીત-મંજરી" નામનું ગીત ગાઇને શ્રોતાઓના ચિત્તો હરી લીધા હતા. ત્યાર પછી કાર્યક્રમ (પરિશિષ્ટ અંક ૪) માં દર્શાવ્યા મુજબ સવારે અને મધ્યાનોત્તર થઇને ૧૭ નિબંધો વંચાયા હતા, જે પૈકી રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ, ને રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર અને રા રા. ગોકુળદાસ દ્વારકાદાસ-રાયચુરાના નિબંધોએ બહુ ધ્યાન ખેંચ્યું હતું. મધ્યાનોત્તર શરૂઆત રા. રા. લલિતજીએ રા. રા. ખબરદારનું બનાવેલું સંગીન ગાઇ સંભળાવી શ્રોતાઓના મનરંજન કર્યાં હતા. તે જ બેઠકમાં એક સુભાઇના રસિક ગૃહસ્થે ઉત્તમોત્તમ અમુક ભાવનાવાળો શ્લોક બનાવી આપનારને રૂ. ૨૫) ઇનામના આપવાની ઇચ્છા દર્શાવવાથી, પ્રમુખ મહાશય તરફ રા. બ. કેશવલાલ ભાઇએ તેમની લાક્ષણિક રસિકતાથી શ્લોકનું ચોથું ચરણ 'એની ભાન વિનાની ચાલ નીરખી ચન્દ્રે ચૂકો ચાતુરી'-અને ભાવ વગેરે કહી બતાવ્યા. તે ઉપરથી જૂદાં જૂદા ૩૬ કાવ્યો રચાઇ આવ્યા હતા. પરીક્ષક મંડળીને તે પૈકી સૌ બ્હેન જયમન તથા રા. ગજેન્દ્રરાય બુચના શ્લોકો ઉત્તમોત્તમ જણાયાથી તે પ્રત્યેકને રૂ ૧૨-૮-૦ મુજબ ઇનામના આપવામા આવ્યા હતા. તે સિવાય બીજા ઘણા શ્લોકો સુંદર હતા. આ રિપોર્ટમા તે પૈકી બધા મળી ૧૧ શ્લોકો છાપવામા આવ્યા છે (જુઓ સાહિત્ય વિભાગ. પૃ. ૧૮૦ થી ૧૮૨) આ ઉપરાંત રા. રા. શ્રી રૂપશંકર ઓઝા તરફથી પ્રમુખ મહાશયે "ગાંધી યુગ અને તે પૂર્વના યુગની સરખામણી" નામનો નિબંધ લખી મોકલનારાઓ પૈકી ઉત્તમોત્તમ નિબંધ લેખકને રૂ. ૧૦૧) આપવાનું જાહેર કર્યું હતું.

૩. રાત્રિએ માજીરાજમાની વાડીમાં સાહિત્ય રસિકોએ કૌમુદી મહોત્સવ ઉજવ્યો હતો. રા. લલિતજીએ કવિ નાનાલાલ અને કાન્તના સુંદર ગીતો ગાયાં હતા અને રા. મેઘાણીએ કવીન્દ્ર રવીન્દ્રનાથ ટાગોરના ગીતો ગાઇને તેમજ મહેરબાન કેપટન જોરાવરસીંહજીની ભજનમંડળીએ આખું વાતાવરણ આનંદના રસથી છાઇ દીધું હતું.

તા. ૨૦-૪-૧૯૨૪ રવિવાર.

સવારમાં સાડા આઠ વાગતે બાળાઓએ મનોહર હાવભાવથી શ્રીયુત ખબરદારકૃત "ભારત દેવીનું" ગીત ગાઇ સંભળાવ્યા બાદ સાક્ષરો તરફથી ૧૧ નિબંધો વંચાયા હતા. પરંતુ આરંભમા જ સૌ. ચૈતન્યબાળાએ તો નિબંધની વર્ણનાથી અને વાણીના માધુર્યથી આખા મંડપને રસમાં તારબોળ કરી દીધો હતો. તેઓના વચન સુધાનું આસ્વાદન કરતા કરતા શ્રોતાઓને તૃપ્તિ થતી જ નહતી, અને તેથી નિયત સમય કરતા તેઓને પ્રમુખ મહાશયે બમણો ત્રમણો સમય આપ્યો હતો. મધ્યાનોત્તર વિષયવિચારિણી સભાએ પ્રસાર કરેલા ઠરાવો પરિષદ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. તે સઘળા ઠરાવો આ સાથેના પરિશિષ્ટ અંક ૧ માં છાપવામાં આવેલ છે. બીજા સઘળા ઠરાવો તો યથાવિધિ પ્રસાર થયા હતા, પરંતુ જોડણીને લગતો નં-૧૦ ઠરાવ પ્રસાર થતાં કેટલીક ચર્ચા ઉપસ્થિત થઇ હતી, તેની ટુંક નોંધ નીચે પ્રમાણે આપવામા આવે છે.

આ ઠરાવ રજુ કરનાર રા. રા. મટુભાઇ હ. કાંટાવાળાએ તે બાબતની તરફેણમાં અને જોડણી મુકરર કરવાની અવશ્યકતા વિશે વિવેચન કર્યા પછી તે ઠરાવને રા. રા. જય સુખરાય જોશીપુરાએ ટેકો આપ્યો, અને તે પછી આ ઠરાવની તરફેણમાં કે વિરુદ્ધમાં કોઇને કંઇ કહેવાની જરૂર જણાય તો બોલવાની છુટ માનનીય પ્રમુખ મહાશય તરફથી અપાઇ; એટલે પ્રથમ રાવ બહાદુર રમણભાઇ નીલકંઠ ઉભા થયા અને જણાવ્યું કે "તેમને પોતાને જોડણી અમુક જ રીતે રાખવા આગ્રહ નથી, પરંતુ કેટલાક સાક્ષરો પોતાની જોડણી અમુક જ રીતે રાખવા આગ્રહ રાખે છે, અને તેમને તેમ કરવામાં તેઓ પાસે કારણો પણ છે. જોડણીનો સવાલ ગંભીર છે અને તેનો નિર્ણય જલદી આવી જાય તેવું નથી. વળી પરિષદ તરફથી જેટલાં પુસ્તક બહાર પડે તેટલામાં એક સરખી જોડણી રાખવાથી કાઇ બીજાઓ તેનું જ અનુકરણ કરશે એવું નહિ બને. સરકારી વાચનમાળાની જોડણી અમુક રીતે એક સરખી રાખવા તે ખાતાએ ઘણા કાલથી પ્રયાસ કર્યો છે છતાં તેને સૌ અનુસરે છે ખરૂ? વળી જો પરિષદ મંડળ અમુક જ જોડણી નક્કી કરશે, અને તેવી જોડણી વગરના લેખો પરિષદમા નહિ લેવા કે નહિ છાપવા આગ્રહ રાખશે તો કેટલાક સારા સાક્ષરોના લેખો જ તેમા આવતા અટકી જશે. માટે તાણે તુટી જાય એટલો આગ્રહ આ બાબતમાં રાખવા જેવું નથી લાગતું. વળી જ્યારે આ ઠરાવ કમિટિમાં મુકાયો ત્યારે પણ તે સર્વાનુમતે પસાર નથી થયો પણ બહુમતે થયેલો છે તેથી તેની મહત્તા કેટલી છે તે સમજાય તે ખાતર આ હકીકત જણાવું છું"

ત્યાર પછી રા. રા. અરદેશર ખબરદાર આ ઠરાવની તરફેણમાં બોલ્યા કે–"આજે લગભગ ૨૦ વરસથી આપણી ગુજરાતી પરિષદ્ શરૂ થઇ છે, અને જોડણીનો સવાલ વખતોવખત ચર્ચાય છે છતા આપણે એક નિર્ણય ઉપર આવી શકતા નથી તે ઘણી દિલગીરીની વાત છે. પણ આવી લેખનની અરાજકતા હવે કયા સુધી ચાલવા દેશો? તમે પારસીઓને કહો છો કે તમારી જોડણી ખરાબ છે, તમારાં છાપામા જોડાક્ષર નથી, પારસીઓમા હ્રસ્વાઉ વરડું કે દીર્ઘાઉ વરડું તેમજ હ્રસ્વાઇ દીર્ઘાઇનો ઢંગધડો નથી, વગેરે આક્ષેપ તમે

પારસી લેખક ભાઇઓ ઉપર કરો છો, પણ તમારામાંજ એક સરખો નિયમ કયા છે ? કોઇ ત્હમને લખે છે, અને કોઇ તમ્હને લખે છે. કોઇ હ્રસ્વાઉ વરડુ લખે છે, તો કોઇ દીર્ઘાઉ વરડું પસંદ કરે છે. આમ જ્યાં સુધી છે ત્યાં સુધી પારસી કે બીજાઓને માથે આક્ષેપો વર્ષાવવા માટે તમને શું હક છે ? વળી આ વાતનો નિર્ણય જલદી થાય તેવું નથી એમ કહીને શું આપણે કાંઇ પણ ધોરણ નક્કી કરવુંજ ન જોઇએ. ઇંગ્રેજી ભાષામા પણ લગભગ ૧૬ મા ૧૭ મા સૈકા સુધી જોડણીની અનિયમિતતા આવીજ હતી, પણ ત્યાના વિદ્વાનોએ એકઠા થઇ અમુક ધોરણ મુકરર કર્યું તે આજે દોઢસો વરસથી ચાલુ છે, અને તેમા ફેરફાર થયો નથી. માત્ર અમેરિકામા કોઇ કોઇ શબ્દમાંથી કોઇક એકાદ સ્વર પડતો મુકવાની પ્રથા થઇ છે. માટે વાચન લેખનની સરલતા માટે જોડણી મુકરર થવી જ જોઇએ,"

પછી રા. રા. બળવંતરાય ક. ઠાકોરે આ બાબતમાં પોતાના વિચારો નીચે મુજબ જણાવ્યા:—

ખરૂં કે આ સવાલ એકમતિથી નહિ પણ બહુમતિથી રજુ થયો છે, એટલે સર્વાનુમત આમા નથી એ વાત સિદ્ધ છે. હાલ જોડણીની જે અવ્યવસ્થા અગાઉ હતી તે કેટલેક અંશે ઘટી છે, અને ભવિષ્યમાં એ ઘટાડો વધારે ઝડપથી અમલમા આવશે. પણ તેને તાત્કાલિક અમલમા મુકવા સંબંધે હું એકજ શબ્દમા કહું છું કે ' ખામોશ. '

હજી આપણી ગુજરાની ભાષાનું, તેના વ્યાકરણનું, જુની ગુજરાતી ભાષા અને તેની ઉત્પત્તિ વગેરેનું જ્ઞાન આપણા મોટા ગણાતા વિદ્વાનોને પણ યત્કિંચિત્ છે. રા. રા. કેશવલાલ હ. ધ્રુવ પોતે પણ ૂ દીર્ઘ વરડુ લખતા, તે હવે ુ હ્રસ્વ વરડુ લખતા થયા છે. સામળ, પ્રેમાનંદ, દયારામ વગેરેની હસ્તલિખિત જુની પ્રતોમા પણ બધે જુદી જોડણી છે. જોડણીમાં અવ્યવસ્થા જે ખૂંચે છે તે લાગણી સાથે હું પણ એકદિલ છુ. પણ ખામોશ થોડા દાયકા પકડો એટલી મારી વિનંતિ છે. સામાન્યત: ' હિસ્ટૉરિકલ ગ્રોથ ' બહુ ધીમે ધીમે થાય છે. વિલાયતમાં જોડણી મુકરર થયાનો ભાઇ ખબરદારે દાખલો આપ્યો, પણ ચોસરના સૈકાથી ૧૮ મા સૈકા સુધીમા કેટલા સૈકા થયા ? તેનો વિચાર કરો. ત્યા છેલ્લા ઓછામાં ઓછા ચાર સૈકા લગીના ભાષાજ્ઞાનના પરિપાકને અંતે જોડણી મુકરર થઇ શકી. અહીં આપણે તો સને. ૧૮૫૭ ના નવેમ્બરમાં શાળાઓ રીતસર સ્થપાઇ અને ભાષાજ્ઞાનની શાસ્ત્રીય રીતે શરૂઆત થઇ કહેવાય. તેને આજે ૬૬ વર્ષ થયા, અને એટલાં જ વરસમાં ભાષાના વિકાસનું જ્ઞાન થાય નહિ. જે જોડણીની બાબતમાં અવ્યવસ્થા છે ને વિદ્વાનોની હઠને લીધે હોવાનું કહેવાય છે, પણ ખરૂં જોતાં તો તે તેમની થોડી માહીતીને લીધે છે. અને જે અવ્યવસ્થા હાલ છે તે મુદત જતાં એની મેળે ઘટી જશે. કાયદો કાંઇ પળાવ્યાથી પળાય તે ખરો હુકમ નથી પણ જો ખરા દિલથી પળાય તો તે હુકમ ખરો કહેવાય, અને તેમ કરતાં જેટલો કચવાટ રહે તેટલો જુલમ જ ગણાય. આ બાબતમાં અહીં પધારેલા ૫૦૦ જેટલા સાક્ષરોમાં પાચ પંદર તો મારા મતના હશે. પણ આ બાબતમાં મત લેવા. હાવાળાને અને નાવાળાને ઉભા કરવા અને જુદા જુદા રાખી ગણવા, અને એ રીતે આ તકરારી સવાલનું મૂળ શોધી નિર્ણય કરતાં ઘણો વખત લાગે એવું છે. વળી તેની આજ ને આજ અગત્ય નથી. માટે આ વાત મહેરબાન પ્રમુખ સાહેબના નિર્ણય ઉપર છોડું છું. "

રા. દેવચંદ દામજીએ પોતાના વિચારો જણાવ્યા કે—આપણે અહીં ગુજરાતી ભાષાના સાહિત્યના વિચારો કરવા એકઠા થયા છીએ ત્યારે જો ગુજરાતીની જોડણીની અરાજકતા દૂર ન કરી શકીએ તો આપણે કાંઇ કામ કર્યું નથી. આવા વિષયમા મતભેદ અને આ ઠરાવમાં વિરોધ થાય તો આપણે કેવળ વાતો જ કરી ગણાશે. જો કોઈ રાજ્યબંધારણમાં નિયમ કે કાયદો ન હોય તો તે રાજ્ય સ્વસ્થ રીતે ટકી શકે નહિ, તેમ સાહિત્ય કે ભાષાના બંધારણમાં નિયમ વગર સ્થિરતા આવે નહિ માટે નિયમ તો જોઇશે."

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ આ ઠરાવના સ્વરૂપમાં સુધારો મુકવા દરખાસ્ત કરી કે—"જે પુસ્તકો પરિષદ્‌થી બહાર પાડવામા આવે તેમા એક સરખી જોડણી રાખી શકાય તે માટે એક સરખી જોડણી નક્કી કરવી."

(આ સુધારો મૂળ વિષયવિચારિણી કમિટિમાં આવેલ ન હતો તેથી તેને out of order હોવાનું રા. મટુભાઈ કાંટાવાળાએ જણાવ્યું).

રા. રા. કેશવલાલ હ. ધ્રુવે જણાવ્યું કે—"જોડણીની અનેક પદ્ધતિમાંથી ધીમે ધીમે પ્રજા ગમે તે એક સ્વીકારી લેશે. આગ્રહ કરતા કદાચ છુટા પડી જવાય એવો ખાલી વિરોધ શું કરવા કરવો. આપણે જે સુધારો અત્યારે દાખલ કરશું તે પણ કાળે કરીને અને અનુભવને પરિણામે બદલાશે, અને ખરૂં કહું તો રા. ભાઇ ઠાકોરે કહ્યું તેમ હજી આપણા વિદ્વાનોને ગુજરાતી જુની ભાષાનો જેવો જોઇએ તેવો સંપૂર્ણ અભ્યાસ થયો નથી, અને એ કારણથી જ જોડણીનો મતભેદ ઉભો થયો છે. તેમ છતા પરિષદ્ એક સંસ્થા તરીકે જે કરવું હોય તે કરી શકે. ગુજરાતી ભાષાનો ખરો શાસ્ત્રીય અભ્યાસ તો હજી છેલ્લાં પાંચ વર્ષથી જ યુનિવર્સિટીએ દાખલ કર્યો છે. માટે હજુ થોડો વખત ખમો."

રા. રા. કાન્તિલાલ છગનલાલ પંડયાએ કહ્યું કે—'જોડણી એક શાસ્ત્ર છે અને તેના વિકાસ માટે ઘણો સમય જોઇશે, એ વાત ખરી છે. તો પણ કંઇ ન કરવું તે યોગ્ય નથી. કંઇક કરવું તો જોઇએ અને પછી વળી જરૂર હશે, તો સુધારશું. માટે પરિષદ્‌મંડળે જોડણી માટે કંઇક નિર્બંધ કરવો જ જોઇએ. ખરૂં છે કે જ્યાં સુધી પરિષદે કંઇ નિશ્ચય ન કર્યો હોય, ત્યા સુધી બીજા વિદ્વાનોને અમુક જ જોડણીમાં નિબંધો લખી મોકલવાની ફરજ પડાય નહિ. પરિષદ્-મંડળે એક જોડણીનું ધોરણ નક્કી કરવું અને ઠરાવમાથી અપ્રિયતા ઉત્પન્ન કરનારી બાબત હાલ તુરત પડી મુકવી."

રા. રા. મટુભાઇ કાંટાવાળાએ છેવટ પ્રત્યુત્તરમાં કહ્યું કે—"જોડણી મુકરર અને એક ધોરણની થવી જોઇએ. આપણા ગુજરાતમા ગુજરાતી ભાષાના રા. રા. કેશવલાલભાઇ જેવા વિદ્વાનો જો નક્કી નહિ કરો, તો અમે અમારી મેળે નક્કી કરી લઇશું. રા. રા. ઠાકોર, કૃષ્ણભાઇ વગેરે ધીમે ધીમે અને હાલ ખામોશ રાખવા કહે છે, પણ તેથી તો ઉલટો ગુંચવાડો વધુ ઉભો થાય છે."

રા. રા. રાયચુરાએ વળી પાછું તેની પુષ્ટિમાં કહ્યું અને છેવટ સુધારેલા ઠરાવ વિશે મત લેતાં તે ઉડી ગયો. અને રા. મટુભાઇનો ઠરાવ ૫૦ વિરુદ્ધ ૩૩ મતે પ્રસાર થયો.

ત્યાર પછી કાર્યક્રમમા ચારણોના કાવ્યો વાચવાની બાબત મુકરર કરી હતી. પરંતુ વખતના અભાવે, તે કાર્ય તે સમયે બાકી રાખવામા આવ્યું. તે દિવસે રાત્રિએ એકઠા થવાની સગવડાઓની સમ્મતિ જણાતા મંત્રીઓએ રાત્રિએ મંડપમા સૌ ગૃહસ્થોને પધારવાની વિનંતિ કરી.

એ રીતે કાર્યક્રમ પૂરો થવાથી પરિષદના પ્રમુખ રા. બ. કમળાશંકરભાઇએ ઉપસંહારમા ઉપકાર માનતાં કહ્યું કે—" હવે પરિષદનું કામ પૂરૂં થાય છે. આ વેળા આવેલા ૮૫ નિબંધોમાથી ૨૮ નિબંધો વંચાયા છે. નિબંધોના વાચન ઉપરાત સંગીત કામનું પણ ખીજારોપણ થયું છે. ભાવનગરના સાહિત્યરસિકોએ આપણા બધાનું આતિથ્ય બહુ સારી રીતે કર્યું છે, અને રાજ્યે પણ વ્યવસ્થા કરવામા કોઇ પણ પ્રકારની ન્યૂનતા રાખી નથી. સ્વયંસેવકોનુ કાર્ય પણ સ્તુત્ય છે. પરિષદ્ વતી હું તેઓ સર્વનો આભાર માનું છું." તેના પ્રત્યુત્તરમા સત્કાર મંડળના પ્રમુખ શ્રીયુત પટ્ટણી સાહેબે પધારેલા મહેમાનોનો ઉપકાર માન્યો અને કહ્યું કે—" તમોએ અમોને સ્વાગતનું માન આપ્યું છે તે માટે હું તમો સર્વનો આભાર માનું છું." બાજી પ્રિન્સીપાલ સંજાણાના ભાષણ વખતે લંબાણ થયાથી કેટલાક શ્રોતાઓએ થોડો ઘોઘાટ કરી મુક્યો હતો, તેને ઉદ્દેશીને તેઓએ કહ્યું કે—એ ઉચિત ગણાય નહિ. વિદ્વાનોની સભામા તો સંપુર્ણ શાન્તિ રહેવી ઘટે; એટલું જ નહિ પણ વિદ્વતા આચરણમાં ઉતારવી જોઇએ, એમ હું માનું છું. જોડણી વિષેની ચર્ચામા વ્યક્તિ પરત્વે ટીકાઓ થઇ જાય અને અસહિષ્ણુતાનું ભાન થાય, તે પણ વિદ્વાનોની સભાની ઊણપ જેવું લાગે તેવે પ્રસંગે ટીકા સહન કરનાર કરતાં ટીકા કરનારને જ પરિણામે હાનિ થવાનો ભય છે. એવા જ એક પ્રસંગે મારા એક વિદ્વાન્ મિત્રે તેની ટીકાઓ આનંદ સાથે સહન કરવાની મને સલાહ આપતા, એક પ્રાચીન શ્લોક કહ્યો હતો તે મને આ પ્રસંગે યાદ આવે છે. તે શ્લોક એ છે કે—

> कश्चिन्नरो क्षिपति मां प्रति रूक्षवाक्यं
> सोऽहं मनोभुवनमेत्य मुदं प्रयामि ।
> शोकं व्रजामि पुनरेवमयं तपस्वी
> चारित्र्यतः स्खलितवानिति मन्निमित्तम् ॥

અને તે યથાર્થ જ કહ્યું છે. વાગ્બાણ સહનશીલ અને ક્ષમાવાન્ પુરુષ પ્રતિ વ્યર્થ જાય છે. પરંતુ તે ફેંકનાર પોતાના ચારિત્ર્યથી બીજાને ખાતર સ્ખલિત થાય છે, તેનો જ તેને શોક થાય છે, તે વાત વિચારવા જેવી છે.

શ્રીયુત ખબરદારના સાક્ષર જીવન તથા ઉચ્ચ શક્તિઓની તેમણે બહુ પ્રશંસા કરી હતી.

છેવટે ભાવનગરના એક પ્રજાજને વિશ્વકોષ લખી રાખ્યો છે, તે ઉપયોગી જણાતાં પ્રસિદ્ધ કરવામા આવશે, તો તેમા મદદ તરીકે રૂ ૩૦૦૦) નામદાર મહારાજા સાહેબ તરફથી આપવાનું જાહેર કર્યું હતું.

ત્યાર બાદ શ્રીયુત ખબરદારે મેહમાનો તરફથી ઉપકારની લાગણી દર્શાવવાને તે પ્રસંગે ખાસ રચેલું વિદાયગીત ગાઇ સંભળાવ્યુ હતું. તે જ પ્રમાણે સત્કર્તાઓ તરફથી મેહમાનોનો

ઉપકાર માનવાનું એક ખાસ ગીત રચાવવામાં આવ્યું હતું, તે ગીત બાળાઓએ ગાયા પછી પરિષદનું કાર્ય સમાપ્ત થયું હતું. (જુઓ ભાગ ૨ પ્રમુખોના ભાષણો, પૃ-૩-૪.)

સાંજરે મોતી બાગમાં શ્રીયુત પટ્ટણી સાહેબ તરફથી મહેમાનોને ગાર્ડનપાર્ટી આપવામાં આવી હતી. તે પ્રસંગે સ્ત્રીઓ તથા કન્યાઓની એક ગરબાપાર્ટી પણ ગોઠવવામા આવી હતી. પારસી અને નાગર જેવી સંસ્કારી કોમની સ્ત્રીઓએ તથા કન્યાઓએ તેમાં બહુ ઉત્સાહ પૂર્વક ભાગ લઇને જ્યારે ' શો બ્રહ્મનાદ ગાજે ?' તથા કવિ કાન્તકૃત ' સખી ! રમી લો રાસ રંગમાં ! ' એ ગરબાઓ ગાઇ સંભળાવ્યા, ત્યારે શ્રોતાઓના મન બહુ રંજન થયાં હતા. ગરબાપાર્ટીની સઘળી વ્યવસ્થા રા. રા. કપિલરાય ભૂપતરાય મહેતાએ કરી હતી, અને તે કાર્ય ફતેહમંદ પાર ઉતાયુ, તેનું સઘળું માન તેઓ ભાઇને ઘટે છે.

સ્નેહસંમેલન

રાત્રિએ નવ વાગતે શહેરના ત્રણાખરા સાહિત્યરસિકો મહેમાન સાક્ષરો શ્રીયુત પટ્ટણી સાહેબ વગેરે આશરે એક હજાર ગૃહસ્થોથી મંડપ ભરાઇ ગયો હતો. તે પ્રસંગને માટે રાજકવિ પીંગળશીભાઇની સૂચનાનુસાર કાઠિયાવાડ ગુજરાતના પસિદ્ધ ચારણોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેઓ પૈકી જામનગરના રાજકવિ માવદાનજી ભીમજી ભાઈ, લાઠી રાજકવિ રામભાઇ પાનાભાઇ, મેથળી ગામના રહીશ કવિ વિસાભાઇ નાગભાઇ અને ગુંદાળાના કવિ માધવદાનભાઇ આવ્યા હતા. રાજકવિ પિંગળશી ભાઇની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેઓ આવી શકયા નહતા, પરંતુ તેઓના ચિરંજીવી હરદાનભાઇ જેઓ હાલમા રાજ કવિની જગ્યોએ છે, તેઓએ પોતાના પિતાની ગેરહાજરીની ખામી જણાવા દીધી નહતી. આરંભમા તેઓએ ભાવનગરની સ્થાપનાનું તે સમયે એક ચારણે બનાવેલું સુંદર ગીત ગાઇને પછી સ્વ. મહારાજા સાહેબ ભાવસિંહજી તેમજ હાલના મહારાજા સાહેબ કૃષ્ણકુમારજીની પ્રશસ્તિના કાવ્યો ગાઇ બતાવીને શ્રોતાઓને આનંદ પમાડયો હતો.

ત્યાર પછી શ્રી રાયચૂરાએ એક કાઠિયાવાડી લોકસાહિત્યનુ કાવ્ય ગાઇને શ્રોતાઓને કાઠિયાવાડના જૂના કાવ્યોની વાનગી ચખાડી હતી. આ પ્રસંગે ગવાયેલું ' મને કરે કાટો વાગ્યો ', વાળું લોકગીત કદીય ભૂલાશે નહિ. પરંતુ જ્યારે જામનગરના રાજકવિ માવદાનજીભાઇએ આ વૃત્તાંતને અંતે છપાયેલ સ્વામીનારાયણ કવિ બ્રહ્માનંદ કૃત ' નટવરનૃત્ય'નો રેણકીછંદ લલકાર્યો, ત્યારે આખું શ્રોતામંડળ મંત્રમુગ્ધ થઇ ગયું હતું. તેજ મુજબ બીજા ચારણ કવિઓ રામભાઇ, વિસાભાઇ અને માધવદાનભાઇએ જૂના કાવ્યો ગાઇ સંભળાવી, શ્રોતાઓના મન રંજન કર્યા હતા. શ્રીયુત પટ્ટણી સાહેબે તે પ્રસગે માવદાનજીને રૂ. ૫૦-૦-૦ તથા બીજા ત્રણ કવિઓને, પ્રત્યેકને રૂ. ૨૫-૦-૦ મુજબ રાજ્ય તરફથી ઇનામના આપ્યા હતા. ચારણો સિવાય રા. શિવજીભાઇ, રા. મેઘાણી, રા. ઠક્કર રામુભાઇ અને છેવટે રા. લલિતે જૂનાં જૂદા કાવ્યો અને ભજનો ગાઇ સંભળાવ્યા ત્યારે તો સ્નેહનો સાગર છૂટયો હોય નહિ, તેમ થઇ રહ્યું હતું.

ઉપસંહારમાં શ્રીયુત પટ્ટણી સાહેબ ગુજરાતી ભાષા ઉપર મહાત્મા શ્રી ગાંધીજીએ કરેલ ઉપકારનું ઋણ ચુકવતા હોય નહિ, તેમ તેઓએ નીચે પ્રમાણે સ્વરચિત ખાદીની કવિતા ગાઇ સંભળાવી.

> " કૃષ્ણભગવાનના પ્હેરવાના પીતાંબર થકી પુનિત ગાંધીની ખાદી,
> રાજ, મહારાજ, સમ્રાટના તાજથી સોગણી કીમ્મતી સાદી ખાદી;
> દેશ આબાદીનું મૂળ મશહૂર, સ્વાતંત્ર્યને જન્મ દેનાર ખાદી,
> સર્વ સામન્ય ઢાંકણ ધનીગરીબનું હિંદના રાજની રાજગાદી. "

તે કવિતાથી શ્રોતાઓ બહુ પ્રસન્ન થયા હતા, અને લગભગ રાત્રીના બે વાગતે મેળાવડો વિસર્જન થયો હતો.

આભારદર્શન

અમારે તંત્રીઓએ કોનો આભાર માનવો અને કોનો ન માનવો ? જેની જેની અમોએ સહાય્ય માગી હતી, તેઓએ પ્રસન્નવદને અમને સહાય્ય આપવામાં કચાસ રાખી નહતી. શ્રીયુત પટ્ટણી સાહેબે તો પોતે જ પરિષદ્ બોલાવી હતી. અમે તો તેઓની ઇચ્છાનુસાર કાર્યકર્ત્તા હતા. છતાં રાજ્ય તરફથી સ્વાગતને અંગે તેઓએ જે જે મદદ આપી હતી, તે ન અપાઇ હોત તો પરિષદનું કામ આટલું ફતેહમંદ થયું હોત નહિ. તેઓનો તો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. નાણા ભરનાર ગૃહસ્થોનો, ખાસ કરીને નાણા ભરાવનાર ગૃહસ્થો શેઠ નરોતમ ભાણજી અને રા. રા. ગિરિજાશંકર ભગવાનજી ત્રિવેદીનો તો અમારે અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવો જ જોઇએ. અધિકારીઓ પૈકી રા. બહાદુર ત્રિભુવનદાસ ભાઇ, મહેરબાન કૃષ્ણચંદ્રસિંહજી, મહેરબાન કેપ્ટન જોરાવરસિંહજી અને આસીસ્ટંટ રાજ્ય ખર્ચ ખાતાના ઉપરી મહેરબાન મંચેરશા ઉમરીગરના ઉપકારો કંઇ ઓછા થયા નથી. ઓનરેબલ લલ્લુભાઇ સાહેબે પ્રમુખ મહાશયની પડખે બેસીને પરિષદનું નાવ ખડકે ચઢવા ન દીધું, એ તેઓની કાર્યદક્ષતા અને પરિશ્રમ માટે અમે તેઓનો ખાસ ઉપકાર માનીએ છીએ. સનાતન ધર્મ હાઇસ્કૂલના માલેકો રા. પ્રાણજીવનદાસ અને ગોપાળજીભાઇએ તો આખું મકાન સર્વ સાહિત્ય સાથે અમને સોંપી દીધું હતું, તેઓના તેમજ અધિવેશનના કાર્યનો રિપોર્ટ લેનાર રા. વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસથ્યાનો તેટલોજ ઉપકાર માનીએ છીએ. ખાખી પોષાકમાં સજ્જ થઇ સેવા કરવામાંજ કૃતાર્થ માનનાર સ્વયંસેવકોને તો ભૂલાય જ કેમ ? તેઓ તો પરિષદ્ વ્યવસ્થાની ક્રિયાશક્તિ જ હતા. તેઓનો અને તેઓના નાયકોનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. રા. રા. શ્રી હીરાલાલ ત્રિભુવન પારેખે માત્ર પરિષદ્‌ની શરૂઆત પહેલાં પધારીનેજ મદદ આપી હતી એટલુંજ ન હતું, પણ પરિષદ્‌ને અમે નોતરી ત્યારથી છેવટે તેની પૂર્ણાહુતિ થઇ ત્યાં સુધી સાંગોપાંગ મદદ આપ્યા કરી છે. તેઓના, તેમજ રા. ભરતરામ ભાનુસુખરામભાઇનો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. છેવટે પધારેલા સાક્ષર બંધુઓએ પણ અમારી અનેક

ખામીઓ હશે, તે તરફ બીલકુલ લક્ષ ન આપતાં, અમારી તરફ સતત સહાનુભૂતિ દર્શાવતા હતા, તે બાબતમાં તેઓનો પણ આભાર માનવાની જરૂર જણાય છે.

ઉપસંહારમાં અમારે કહેવું જોઇએ કે ભાવનગર વસ્યે બસેં વર્ષ પૂરાં થયાં કે તુરત આવા સરસ્વતીના મહાન્ યજ્ઞનાં દર્શન કરવાને ભાવનગરની પ્રજા ભાગ્યશાળી થઇ છે, તે સઘળો પ્રતાપ ભાવનગરના ઉત્તરોત્તર મહારાજાઓ અને તેઓના કાર્યદક્ષ અને ઉદારચિત્ત કાર્યભારીઓની રાજનીતિનું જ પરિણામ છે. હવે પછી બીજાં બસેં વર્ષો દરમ્યાન ભ વનગર શહેરની ઉન્નતિ અને અભિવૃદ્ધિ થશે, એમ અમે આશા રાખીએ તો તે અતિશયતામય નથી.

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ **ભાવનગર.** સંવત્ ૧૯૮૨ ના પૌષ શુદી ૨ ગુરુ તા. ૧૭ ડીસેંબર ઇ. સ. ૧૯૨૫	**માનશંકર પીતાંબરદાસ મહેતા.** **રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક.** સામાન્ય મંત્રીઓ

॥ अथ रासाष्टकम् ॥

ब्रह्मानंद कृत.

એક સમે શશી ઉદોત અતિ, હોય મન અધિક હુલ્લાસ,
યમુના ત્રટ વૃજનાર જુત, રચ્યો મનહર રાસ. ૧
ભરભર તન સજ આભરણ, વરતન કરન વિહાર,
કરકર ગ્રહ નટવર કૃષ્ણ, સરસર અનુસર સાર. ૨

(છંદ રેણકી)

સરસર પર સધર અમર તર અનુસર, કરકર વરધર મેલ કરે;
હરિહર સુર અવર અછર અતિ મનહર, ભરભર અતિ ઉર હરખ ભરે,
નિરખત નર પ્રવર પ્રવર ગણ નિરજર, નિકર મુકટ શિર સવર નમે;
ધણરવ પટ ધરર ધરર પદ ઘૂઘર, રંગભર સુંદર શ્યામ રમે. ૧
ઝણુણુણુણુ ઝણુણ ખણુણ પદ ઝાંઝર, ગોમ ધણુણ ગણુણ ગયણે;
તણુણુણ બજતંત ડણુણ ટંકાર મજ; રણુણુણ સુર ધણુણુણ રયણે,
ત્રહ ત્રહ અતિ ત્રણુણ ધણુણ બજ ત્રંસા, ભ્રમર ભ્રમર તરમણ ભમે:
ધણરવ પટ ધરર ધરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે—સુંદર શ્યામ રમે. ૨
ઝટપટ પટઉલટ પલટ નટવત ઝટ, લટપટ કટ ઘટ નિપટ લળે,
કોકટ અતિ ઉકટ ત્રુકટગતી ધીનકટ, મનડર મટ લટ લપટ મળે.
યમુનાં ત્રટ પ્રગટ અમટ અટ રટ, જૂર સુર થટ ખેખટ તેણ સમે,
ધણરવ પટ ધરર ધરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે ૩
ધમધમ અતિ ધમક ઠમક પદ ઘૂઘર, ધમથમકમ સમ હોત ધરા.
ભ્રમ ભ્રમવત વિષમ પરિશ્રમવત ભ્રમ ખમખમદમ અહિ વિષમખરા:.
ગમગતિ અતિ અગમ નિગમનલહતગમ, નટવત રમઝમ ગમ મનમેં
ધણરવ પટધરર ધરરપદ ઘુઘર, રંગભર સુંદર શ્યામ રમે. ૪
ગતગત પર ઉગત તુગત નૃત્ય પિયગત, રત ઉનમત ચિત વચન રતિ,
તત્પર ધરત નચત ઉચત મુખ ચે તત, આશ્રત અતઉન ભ્રમત અતિ,
ધાધીતતગત બજત મ્રદંગ સુર ઉઘઘત કત ભ્રર નરનત અનંત કમેં,
ધણ રવ પટ ધરર ધરરપદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે. ૫
થનગનતન નચત પવન પ્રચલન થન, સુગમ ગગન ધુન ભમન સુરા,
મનમન વર કૃષ્ન પ્રસન ધન તન મન, ધનધન વન ધન તાસ ધરા,
વીસરે તન ભાન ખાન પાન વીધિ, ગાનતાન જેહી કાન ગમે,
ધણરવ પટધરર ધરર પદ ઘૂઘર, રંગભર સુંદર શ્યામ રમે. ૬
ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલઝલ અણુકલ તેજ ઝરે,
ખલખલ ભુજબુર ચપલ અતિ ખલ[illegible] કાન કરીનક પ્રબલ કરે;

વલવલ ગલ હસ્ત તુમલચલચિત વલ, જુગલજુગલ પ્રતિઅંગ જમે;
ઘણરવ પટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે. ૭

સરવ સવશ મોહદરસ સુયથીર શશિ, અરસપરસ તૃપ ચરસ અતિ,
રસબસ ખુસ હસ વરસ રતિ,
દસનવ રસ સરસ ભયો બ્રહ્માનંદ અંતરસ મન તરસ અથમે:
ઘણ રવ પટ ફરર ૦ સુંદર શ્યામ રમે–રંગભર સુંદર શ્યામ રમે૦ ૮

(છપ્પય)

રમત મનોહર રાસ, સદા સુખ વાસ સ્વતંતર,
પ્રબલ ગોપાળ જન પાસ, કમલ આભાસ શશીકર;
વિહરત કરત વિનોદ, મોહ અંતર ન સમાવે,
અરસ પરસ એક તાર, દરસ નવરસ દર સાવે;
સુખ રૂપ સદા અશરણ શરણ, ફના કરણ ભવ ફંદ કે,
સંત સાથ સદા ખેલત સહી, નાથ સો બ્રહ્માનંદ કે. ૧

अथ रासाष्टकम् २

(ચરચરી છંદ)

એક નિશ શશી ઉજાશ, પ્રોઢ ઋતુ શરદ પ્રકાશ, રમતરાસ જગનિવાસ, ચિતવિલાસ કને,
મોરલી ધુન અતિ રસાળ, ગેહેર સુર કર ગોપાળ, તાનમાન સુભયતાલ, મનમોરાળ લીને;
વ્રજત્રિય સુનભર ઉઠાવ, બન ઠન તન અતિ બનાવ, ચિતવ્રત ગતનૃત ઉઠાવ, હાવભાવ છાજે;
હરિહર અજ હેરહેર, બિકસત સુર બેર બેર, પનઘટ પર ફેર ફેર, નટવર નાચે. ૧

ઠેં ઠેં બજ ત્રંબક ઠોર, સેં સેં સરણાઇ સોર, ધેં ધેં બજપરવ ઢોલ, ધેં ધેં બોલે:
ઝુક ઝુક બજત ઝાંઝ, ડુક ડુક મંજીર રંજ, ડુગ ડુગ ઓપંગ ચંદ, અતિ ઉમંગ ડોલે;
દગડદા દગડદા પખાજ, પગડદા થૈ થૈ સમાજ, કુકડદા કુકડદા દુકડ; ત્રુફટ ધન રાચે,
હરિ, હર, અજ હેર હેર, બિકસત સુર બેર બેર, પનઘટ પર ફેર ફેર, નટવર નાચે. ૨

સંતન અભિરામ ધામ, ક્રમત રમત ભ્રમત કામ. પ્રમત શ્રમત નમત ગ્રામ, વામ હામ લોભે,
અટન ઘટન અતિ ઉદામ, થનતતન ઠામ ઠામ, તજ વિશ્રામ, અતિ વિભ્રામ, શ્યામ સુંદર શોભે;
જમુના કે નીર તીર, ખેલત બલવીર વીર, ચહુવટ થટ સઘટ ભીર, કટિ સુધીર કાચે:
હરિ હર અજ હેર હેર, બિકસતસુર બેર બેર, પનઘટ પર ફેર ફેર નટવર નાચે. ૩

ઝલલલલલ તન કાંતિ ઝલક, ખલલલ ભુજ ચૂડ ખલક, સલલલ જેહી વિજ સલક, ભલક ભાવ સાજે;
અટપટ લટ છૂટ અલક, ત્રટ ઘટ શુભકિન તિલક, હટહટ ઘટ ત્રૂટ હલક, નટ વિલાસ રાજે;
તન તન પ્રતિ સુગત તાન જન જન મન એક જાણુ, કતઉક મૂખ કાન કાન, માનગાન માચે:
હરિહર અજ હેર હેર, બિકસતસૂર બેર બેર, પનઘટ પર ફેર ફેર, નટવર નાચે. ૪

ધમમમ ઘુઘર ધમંક, ઠમમમ ઝાઝર ઠમંક, ધમમમમમ ભૂધમ ધમક, ગતનીસંક ગાવે,
ઝગ ઝગ ઝગ ઝગમગાટ, થગ થગ થગ થૈત ઠાઠ, નૌતમ પગ દમ નિરાટ, લલિત નાટ નાવે,
હથ બથ હથ ગુંથ લીન, પથ પથ પ્રિય સથ પ્રવીન, કથકથ ગ્રંથ શેષ ક્ષીન, જુથ નવીન જાચે;
હરિહર અજ હેર હેર, બિકસતસુર બેર બેર, પનઘટ પર ફેર ફેર, નટવર નાચેઃ ૫

નૌતમ છબી નંદ નંદ, મુખસહાસ મંદ મંદ, દંપતી જુત દ્વંદ દ્વંદ, જગતવંદ ડોલે;
વિનતાસુર વ્રદ વંદ, નિરખત આનંદ કંદ, ગતિ અતિ સ્વછંદ છંદ, જય જય બોલે;
જુમલિત કર જોર જોર, ઠમક ઝમક ઠોર ઠોર, વિમલ તાન તોર થોર મોરલી વાજે;
હરિહર અજ હેરહેર, બિકસત સુર બેર બેર, પનઘટ પર ફેર ફેર, નટવર નાચે. ૬

લખ છબી સુરપતિ લજિત, ગુણ ગાન તાન ગીત, પ્રિયા પીયુસહિત પ્રીત, સમરજીત શોભે;
રમત ભ્રમત અજબ રીત ચકિત ઝુકિત, થકિત ચિત, લલિત હલિત મલિત લીત, નિરખ મિત્રલોભે;
લુંબ ઝુંબ એક લગન, વિમલિત દમ જાત વિગન, તકતક ચક હોત તગન, પ્રૌઢ મગન પ્રાચે;
હરિહર અજ હેર હેર, બિકસતસૂર બેર બેર, પનઘટ પર ફેર ફેર નટવર નાચે. ૭

તતતતતત હોત તાન, અચુંબીત ગત આન આન, ધૂરજટી ધટ છૂટત ધ્યાન, કાન બાન સુનતે,
ગેહરી ધુન હોત ગાન, મંગલ સુર માન માન, ભૂલ ભાન ખાન પાન, પ્રાણ જાન ભનતે;
ધીધીકટ નૃત ધાર ધાર શ્રીમિત્રતહાં સતાર તાર, બ્રહ્માનંદ વારવાર, ચરનન ચિત રાચે;
હરિહર અજ હેરહેર, બિકસત સુર બેરબેર, પનઘટ પર ફેરફેર, નટવર નાચે; ૮

પરિશિષ્ટો.

પરિશિષ્ટ અંક ૧

ગુજરાતી સાહિત્યપરિષદ્‌ની સાતમી બેઠકમાં પસાર થયેલ ઠરાવો.

ઠરાવ ૧:—નીચેના સાહિત્યરસિકોનાં, છેલ્લી પરિષદ પછી થયેલાં અવસાનની આ પરિષદ ખેદપૂર્વક નોંધ લે છેઃ—

સ્વ. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, સ્વ. કણીયા, સ્વ. સૌ. કનુબ્હેન દવે, સ્વ. કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટિયા, સ્વ. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી, સ્વ. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર, સ્વ. ત્રિભુવન પ્રેમશંકર કવિ, સ્વ. દેવશંકર વૈકુંઠજી, સ્વ. મણિશંકર રત્નજી ભટ, સ્વ. મનસુખલાલ રવજીભાઇ મહેતા, સ્વ. દી. બા. રણછોડભાઇ ઉદયરામ, સ્વ. વામનરામ સામનારાયણ દલાલ, સ્વ. મુનિશ્રી વિજયધર્મસૂરી, સ્વ. સવાઇલાલ છોટાલાલ વોરા, સ્વ. હસમનરામ કર્પૂરરામ મહેતા અને સ્વ. હાજીમહમદ અલારખિયા શિવજી. (પ્રમુખસ્થાનેથી)

ઠરાવ ૨:—ગુજરાતી ભાષાના પરમ સેવક મહાત્મા ગાંધીજી કારાગૃહવાસમાંથી હમણાંજ મુક્ત થયા અને ગુજરાતી સાહિત્યની સેવામાં પુનઃ પ્રવૃત્ત થયા છે તે પ્રસંગે આ પરિષદ મહાત્મા ગાંધીજીનું બહુ આનંદપૂર્વક અભિનંદન કરે છે અને તેઓ દીર્ઘાયુષ્ય અને સંપૂર્ણ આરોગ્ય ભોગવી ગુજરાતી સાહિત્યની દિન પ્રતિદિન ખૂબ સેવા કરતા રહે એવી આ પરિષદ પરમાત્માને પ્રાર્થના કરે છે. (પ્રમુખસ્થાનેથી)

ઠરાવ ૩:—ગુજરાતી સાહિત્ય પરિષદ્‌નું કામકાજ સતત ચાલુ રહે અને તે સ્થાયી અને સંગીન કાર્ય પાર પાડી શકે એ આશયથી છેલ્લી સાહિત્ય પરિષદને ' ગુજરાત સાહિત્ય પરિષદ્ મંડળ " સ્થાપવાનો ઠરાવ કર્યો હતો, અને તે પરિષદ મંડળ પરિષદ ભંડોળ કમિટી સાથે જોડી દેવાની યોજના કરવામાં આવી હતી. પરંતુ તે યોજના અમલમાં આવી નથી, અને તેથી "ગુજરાત સાહિત્ય પરિષદ મંડળ" સ્થાપન કરવાની જરૂર જણાય છે. માટે આ પરિષદ્ ઠરાવ કરે છે કેઃ—

(૧) ગુજરાત સાહિત્ય પરિષદ મંડળ સ્થાપવું.

(૨) સદરહુ પરિષદ મંડળનું બંધારણ પાકી રીતે તૈયાર થઇ અમલમાં આવે ત્યા સુધીને માટે હાલ તુરત નીચેનું કામચલાઉ મંડળ નીમવામાં આવે છે.

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી	સર. પ્રભાશંકર દલપતરામ પટ્ટણી
રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા	રા. રા. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક
રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ	રા. રા. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ
રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા	રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
રા. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજી	રા. રા. હરિલાલ માધવજી ભટ્ટ
રા. રા. અરદેશર ફરામજી ખબરદાર	ડૉ. જીવણજી જમશેદજી મોદી

રા. રા. મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા
રા. રા. પ્રીતમરાય નૃસિંહરામ કચ્છી
રા. રા. જયેન્દ્રરાવ ભગવાનલાલ દુરકાળ
રા. રા. ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા
રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા
રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારીઆ
રા. રા. ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય
રા. રા. છોટાલાલ નરભેરામ ભટ
રા. રા. જન્મશંકર મહાશંકર બુચ
રા. રા. રાજેંદ્ર સોમનારાયણ દલાલ
રા. રા. ગુલામહુસેન વારસ દેવશી અનિલ
રા. રા. રમણભાઇ મહિપતરામ નીલકંઠ
રા. રા. હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ
રા. રા. અંબાલાલ બુલાખીદાસ
રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોશી
ઓ. શ્રીયુત લલ્લુભાઇ શામળદાસ
રા. રા. વિઠ્ઠલરાય મહિપતરાય મહેતા
રા. રા. જયકૃષ્ણ ઇંદ્રજી
રા. રા. જયસુખરામ પુરુષોત્તમરાય જોષીપુરા
રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી
મુનિશ્રી જિનવિજયજી
રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ
રા. રા. કરીમ મહમદ માસ્તર.

રા. રા. મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા
રા. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ } મંત્રીઓ
રા. રા. ભરતરામ ભાનુસુખરામ મહેતા

(૩) સદરહુ મંડળના મંત્રીઓએ સદરહુ પરિષદ્ મંડળનું બંધારણ છ માસની અંદર તૈયાર કરી મંડળને રજુ કરવું:—

(૪) ઉપર મુજબ જે બંધારણ તૈયાર થાય તે સદર મંડળે સને ૧૮૬૦ ના ૨૧ મા એક્ટ મુજબ રજીસ્ટર કરાવી લેવું અને આગામી પરિષદ મળે ત્યારે સદર મંડળે પોતાના કામકાજનો અહેવાલ રજુ કરવો.

(૫) આ પ્રમાણે સદર મંડળ રજીસ્ટર થયેલી રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા જેમણે છેલ્લી પરિષદ્‌ને પોતા તરફથી રૂ. ૧૯૯૯૦) અને રા. નરભેશંકર ઉમિયાશંકર તરફથી રૂ. ૫૮૮૦) મળી એકંદર રૂપીઆ ૧૫'૮૦) પંદર હજાર રૂપીઆ આપવાનું જાહેર કર્યું હતું તે રકમ આ મંડળે માગી લેવી. આ મંડળે પરિષદ ભંડોળ કમિટિનું ભંડોળ પોતાના ભંડોળમા સાથે એકત્ર કરવા તજવીજ કરવી.

(૬) આ પ્રમાણે ગુજરાત સાહિત્ય પરિષદ મંડળ સ્થપાય તે પોતાના મંડળના નિયમો સાથે પરિષદ્‌નાં બંધારણના નિયમો વિચારી તેમાં યોગ્ય સુધારા કરી આવતી પરિષદ આગળ મંજુર થવા રજુ કરશે

દરખાસ્ત મૂકનાર:—રા. બ. રમણભાઇ મહિપતરામ નીલકંઠ
ટેકો આપનાર રા. મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા

ઠરાવ ૪:—આ પરિષદ્ " ગુજરાત સાહિત્ય પરિષદ્ મંડળ " ને સૂચના કરે છે કે:-
(૧) પ્રાચીન સાહિત્ય, ઇતિહાસ અને સંસ્કૃતિનું સંશોધન અને પદ્ધતિસર અભ્યાસ માટે વ્યવસ્થા કરવી; તથા જૂનાં હસ્તલિખિત પુસ્તકો; લોકગીત અને લોકકથા, ચિત્રો અને ઐતિહાસિક અવશેષો વગેરેનો સંગ્રહ કરવો અને તેની નોંધ રાખવી.

(૨) (ક) શિષ્ટ સાહિત્યના ગ્રંથોનો અભ્યાસ જનસમૂહમાં વધે અને સાહિત્યના

સંસ્કારની છાપ તેના પર વિશેષ પડે એ હેતુથી ગુજરાતી સાહિત્યમાંથી ઉત્તમ ગદ્યના અને પદ્યનાં પુસ્તકો પસંદ કરી તેમા પ્રતિ વર્ષે ઉંચા અને નીચા ધોરણમાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવી.

(ખ)—આ યોજનાથી જનસમાજ પરિષદના કામકાજથી પરિચિત રહેશે એટલુંજ નહિ, પણ પરિષદ્ સાહિત્યના ઉચ્ચ સંસ્કારની છાપ પ્રજા ઉપર પાડવા શક્તિમાન થશે એવી આશા રહે છે.

(૩) જનસમાજમા જ્ઞાનનો પ્રચાર વધારવાને, ખાસ કરીને વિજ્ઞાનનું શિક્ષણ આપવાને યુનિવર્સિટી એક્સ્ટેન્શન વ્યાખ્યાનમાળાની જેમ પ્રતિ વર્ષે બે કે ત્રણ વિષયો કરી તે પર ત્રણથી છ ભાષણોની એક વ્યાખ્યાનમાળા યોજવાનો અને જુદે જુદે સ્થળે તે ભાષણો અપાવવાને તજવીજ કરવી.

ઠરાવ ૪ઃ—મુંબાઇ યુનિવર્સિટીએ એમ. એ. અને બી. એ. પાસ કોર્સમાં ગુજરાતીને સ્થાન આપ્યું છે એ યોગ્ય થયું છે. પણ ગુજરાતીનો પદ્ધતિસર અને શાસ્ત્રીય રીતે અભ્યાસ કરવાનું વધુ સુગમ બને એ માટે કોલેજના પહેલા વર્ષથી ગુજરાતીનો ક્રમસર અભ્યાસ દાખલ કરવા અને યુનિવર્સિટીની બધી પરીક્ષામાં તેને સ્થાન આપવા આ પરિષદ મુંબાઇ યુનિવર્સિટીને આગ્રહપૂર્વક ભલામણ કરે છે. અને તે સંબંધી યોગ્ય તજવીજ કરવા ગુજરાત સાહિત્ય પરિષદ મંડળને સૂચના કરવામાં આવે છે.

દરખાસ્ત મૂકનારઃ—પ્રો. અનિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.
ટેકો આપનારઃ—પ્રો. મોહનલાલ પાર્વતિશંકર દવે.

ઠરાવ ૫ઃ—ગુજરાતી ભાષામા છપાતા તમામ પુસ્તકોનો બને તેટલો સંપૂર્ણ સંગ્રહ કરવા માટે ગુજરાતી લેખકોને તેમનાં પુસ્તકોની એક એક પ્રત પરિષદ પુસ્તકાલયને ભેટ મોકલી આપવાને આ પરિષદ્ સૂચના કરે છે. તેમજ વળી છાપખાનાના કાયદાની રૂએ સરકારને જે નકલો ભરવામાં આવે છે તેમાની એક પ્રત આ પરિષદ્ પુસ્તકાલયને મળે એવો પ્રબંધ થવા મુંબાઇ સરકારને રીતસર અરજ કરવી. (પ્રમુખસ્થાનેથી)

ઠરાવ ૬ઃ—(ક) સાહિત્ય પરિષદની ગત વિજ્ઞાન સમિતિએ કરેલા કાર્યને માટે પરિષદ તે સમિતિને અભિનન્દન આપે છે.

(ખ) ગત વિજ્ઞાન સમિતિએ આરંભેલા કાર્યને ચાલુ રાખવાને તથા આગળ વધારવાને નીચેના ગૃહસ્થોની નવી વિજ્ઞાન સમિતિ નીમવામાં આવે છે. વિજ્ઞાન વિભાગના અધ્યક્ષના વ્યાખ્યાનના ઉપસંહારમા (પૃ. ૩૩) સૂચવેલા માર્ગ પ્રમાણે આ સમિતિ વિજ્ઞાનપ્રસારનું તથા વિજ્ઞાન સાહિત્ય વિષેનું કાર્ય કરશે.

ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા (પ્રમુખ)	રા. રા. પ્રીતમરાય વ્રજરાય દેસાઇ (મંત્રી)
,, દુળજારામ ખાંડવાળા (તિજોરર)	,, પોપટલાલ ગોવિન્દલાલ શાહ
પ્રો. વીરમિત્ર ભીમરાવ દીવેટિયા	,, દુર્ગાશંકર કેવળદાસ શાસ્ત્રી
રા. રા. કલ્યાણદાસ નથુભાઈ જોષી	

(ગ) આ વિજ્ઞાન સમિતિના સહાયમા કામ કરવાને માટે નીચેના ગૃહસ્થોનું એક સલાહકાર મંડળ નીમવામાં આવે છે. એ મંડળમાં જરૂર પ્રમાણે વધારે નામો ઉમેરવાની સત્તા વિજ્ઞાન સમિતિને રહેશે.

ભૌતિકશાસ્ત્રો.

પ્રો. ડાહ્યાભાઇ બી. નાયક — રા. મણિલાલ એમ. મહેતા
પ્રિન્સીપાલ છોટાલાલ વી. વોરા

ગણિત, ખગોળ ઇત્યાદિ શાસ્ત્રો.

પ્રિન્સીપાલ નગીનદાસ માણેકલાલ શાહ — પ્રો. ત્રિભુવનદાસ પીતાંબરદાસ ત્રિવેદી
પ્રો. જેઠાલાલ ચિ. સ્વામીનારાયણ — રા. રા. ભોગીલાલ કે. પટવા
રા. રા. ગિરજાશંકર હ. જોશી — ,, અમૃતલાલ શાસ્ત્રી

રસાયન.

રા. રા. રવિશંકર વલ્લભજી આચાર્ય — રા. રા. સાંકળચંદ જેઠાભાઇ શાહ
,, વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ — ,, મદનભાઇ જેકીસનદાસ ગજ્જર
,, કપિલરામ હરદેવરામ વકીલ — ,, હરિલાલ મૂળશંકર મૂલાણી
પ્રો. નટવરલાલ મગનલાલ અંતાણી — ડૉ. કુંવરજી ગોસાઇ નાયક
રા. રા. પર્જન્યરાય વ. મેઢ

આરોગ્ય, વૈદક. ને તત્સંબન્ધી શાસ્ત્રો.

ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ — ડૉ. સુમન્ત મહેતા
ડૉ. વિઠ્ઠલરાય માધવજી ભટ્ટ — રા. રા. મોતીલાલ અલમૌલા

જીવનશાસ્ત્રો.

રા. રા. છોટાલાલ બાળકૃષ્ણ પુરાણી — રા. રા. જયકૃષ્ણ ઇન્દ્રજી પાઠક
,, ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા

કૃષિ શાસ્ત્ર.

રા. રા. રૂપશંકર ઉદયરામ ઓઝા — રા. રા. હીરાલાલ હરગોવિંદ પંડ્યા

ભુસ્તર શાસ્ત્ર.

રા. રા. વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ — પ્રો. ડી. એન. વાડીઆ
,, લલિતાપ્રસાદ શિવરામ દવે

પરિભાષા.

પ્રો. સાંકળચંદ જે. શાહ — રા. રા. ભાનુસુખરામ નિ. મહેતા
પ્રો. વીરમિત્ર ભીમરાવ દીવેટિયા — ,, જયસુખરામ પુરુષોત્તમરાય જોશીપુરા

ઠરાવ ૭;—ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતા પુસ્તકોમાંથી શાળા અને લાયબ્રેરીને ઉપયોગી થાય તેમજ પ્રજાને વાંચન માટે માર્ગદર્શક બને એવી એક સારાં પુસ્તકોની યાદી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મંડળ વખતો વખત બહાર પાડે એમ આ પરિષદ્ તે મંડળને સૂચના કરે છે. પરિષદ્ વળી આશા રાખે છે કે લેખક વર્ગ, પુસ્તક પ્રકાશક મંડળો અને બુકસેલરો તેમના તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો પરિષદ મંડળને મોકલી આપી આ કાર્યમાં બનતી સહાયતા આપશે. (પ્રમુખસ્થાનેથી)

ઠરાવ ૮:—ગુજરાતી ભાષામાં રેફરન્સના પુસ્તકો જેવાં કે વિશ્વકોષ, ઇયરબુક, ચરિત્ર-માળા વગેરે રચાયાં નથી. પણ તે ખામી જેમ બને તેમ જલદી પૂરી પડે એવાં વ્યવહારૂ

પગલાં પરિષદ મંડળ અન્ય સાહિત્ય વિષયક સંસ્થાઓ સાથે સહકાર કરી ઉપાડી લે એ આવશ્યક છે. દરમ્યાન સ્વ. સવાઇલાલ છોટમલાલ વોરાએ વિશ્વકોષ ' પ ' અક્ષર સુધી લખી તૈયાર કર્યો છે તે યોગ્ય માલૂમ પડે તો એક કમિટી નીમી અમુક સંખ્યામા ગ્રાહકો અગાઉથી મેળવી પ્રતિવર્ષે ચાર ભાગ બહાર પાડવાની યોજના કરવા તેનું તંત્રીપદ રા. માનશંકર પીતાંબરદાસ મહેતાને સોંપવા આ પરિષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૯:—ગુજરાત સાહિત્ય પરિષદ્ મંડળનું મુખ્ય કાર્યાલય અમદાવાદમાં રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૧૦:—પરિષદ્ તરફથી જેટલાં પુસ્તક બહાર પડે તેટલામા એક સરખી જોડણી રાખવી, અને તે જોડણી પરિષદ મંડળે નક્કી કરવી.

દરખાસ્ત મુકનાર—રા. રા. મટુભાઇ હ. કાંટાવાળા
ટેકો—રા. રા. જયસુખરામ પુ. જોશીપુરા

ઠરાવ ૧૧—પ્રમુખ સાહેબનો ઉપકાર.

દરખાસ્ત મુકનારઃ—રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા
ટેકોઃ—રા. રા. નન્દનાથ કેદારનાથ દિક્ષિત

ઠરાવ ૧૨:- નેક નામદાર મહારાજા સાહેબનો ઉપકાર.

પ્રમુખસ્થાનેથી

ઠરાવ ૧૩:—સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી ઓનરેબલ શ્રીયુત લલ્લુભાઇ સામળદાસ, સામાન્ય મંત્રીઓ સત્કાર મંડળના અન્ય સભ્યો કાર્યકર્તાઓ સ્વયંસેવકો વગેરે ગૃહસ્થોએ આ પરિષદ ભરવામાં જે સહાનુભૂતિ દર્શાવી છે તે ખાતર તે સૌની સેવાની ઉપકારસહ નોંધ આ પરિષદ લે છે

દરખાસ્ત મૂકનારઃ—રા. રા. જે. કે. એન કાબરાજી
ટેકો આપનારઃ—રા. રા. મટુભાઇ હ. કાંટાવાળા

ઠરાવ ૧૪:—આવતી સાહિત્ય પરિષદ મુંબઇ તરફના નિમંત્રણથી ત્યા ભરવાનું ઠરાવવામાં આવે છે. (પ્રમુખ સ્થાનેથી)

પરિશિષ્ટ અંક ૨

વિજ્ઞાન વિભાગની બેઠકનો રિપોર્ટ

(તા ૧૯ એપ્રિલ ઇ. સ. ૧૯૨૪ સોમવાર)

લેખક રા. રા. પ્રીતમરાય વ્રજરાય દેશાઇ.

વિજ્ઞાન સમિતિની બેઠક સ્હવારના નવ વાગે મળી હતી તે પ્રસંગે સમિતિના સભ્યો તથા વિજ્ઞાનમાં રસ લેતા ગૃહસ્થો મળી આશરે ૩૫ જણ હાજર હતા. શરૂઆતમાં પ્રમુખ ડૉ. કાન્તીલાલ છગનલાલ પંડ્યાએ અત્યારસુધી થયેલા કાર્ય ઉપર વિવેચન કર્યું હતું અને હવે પછી કરવાના કાર્યની રૂપરેખા સંબંધી વિવેચન કર્યું હતું, આ રૂપરેખા સંબંધી લંબાણ ચર્ચા ચાલી હતી અને થોડા સભ્યોની વિજ્ઞાનસમિતિ અને ઘણા સભ્યોનું સલાહ-કાર મંડળ સ્થાપવાનો ઠરાવ મંજુર થયો હતો.

વિજ્ઞાન સમિતિના મંત્રી રા. પ્રીતમરાય વ્રજરાય દેશાઇએ પ્રસિદ્ધ કરેલો " વિજ્ઞાન સમિતિનો રિપોર્ટ " મંજુર થયો હતો.

(તા. ૨૦-૪-૨૪)

વિજ્ઞાન વિભાગની બેઠક સવારના નવ વાગે મળી હતી તે પ્રસંગે આશરે ૩૫ ગૃહસ્થો હાજર હતા. હાજર રહેલાઓમાં ડૉ. કાન્તીલાલ છગનલાલ પંડ્યા, રા. પોપટલાલ ગોવિન્દ-લાલ શાહ, રા. પ્રીતમરાય વ્રજરાય દેશાઇ, ડૉ. તુલજારામ ચુનીલાલ ખાડવાળા, રા. રૂપશંકર ઉદયશંકર ઓઝા, રા. રવિશંકર વલ્લભજી આચાર્ય, રા. જયસુખરામ પુરુષોત્તમરાય જોષીપુરા, પ્રિન્સીપાલ છોટાલાલ હરજીવન વોરા, પ્રો. ખીમચંદ ચાંપશી શાહ, રા. રેવાશંકર ઓઘડભાઇ સોમપુરા, રા. ભાનુસુખરામ નિર્ગુણરાય મહેતા, રા. બાઇશંકર ગૌરિશંકર સિહોરી, પ્રો. વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ, પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ, કલ્યાણરાય નથુભાઇ જોષી, રા. મોહનલાલ ગોપાલજી દવે, રા. શિવપ્રસાદ દલપતરામ પંડિત, રા. અજીત વિઠ્ઠલદાસ મહેતા વગેરે મુખ્ય હતા.

પ્રમુખ ડૉ. કાન્તિલાલ પંડ્યાએ વિજ્ઞાન સમિતિ તરફથી બધાને આવકાર આપ્યો અને હવે પછી કામ કેવી રીતે લેવું તે સંબંધી વિવેચન કર્યું.

મંત્રી રા. પ્રીતમરાય વ્રજરાય દેશાઇએ વિજ્ઞાન વિભાગ માટે આવેલા નિબંધોનો સાર કહી સંભળાવ્યો અને નિબંધો વાંચી લીધેલા માની લેવામાં આવ્યા.

પ્રમુખે જણાવ્યું કે પારિભાષિક શબ્દો યોજાય તેમા દરેક યોજકે પોતાની પદ્ધતિ જાહેર કરવી જોઇએ અને એ પદ્ધતિ ઉપર જાહેર ટીકા થાય અને ઉહાપોહ પછી પદ્ધતિ બહુમતે માન્ય થાય તો કામ ઘણું સરલ થાય. વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થએલા વૈજ્ઞાનિક શબ્દસંગ્રહના બધા ભાગ સાથે આપણે કદાચ મળતા ન થઇ શકીએ અને તેમાં કેટલાક દોષો પણ છે અને આવા કામમાં હમેશાં રહેજ અને મતભેદને અવકાશ પણ છે તે છતાંએ ઘણું કાર્ય થયું છે. જો તેની યોજનાના મૂળભૂત સિદ્ધાન્તો આપણને જણાવવામાં આવે તો ઘણો લાભ થાય તેથી ભાઇ જોષીપુરાને તેમના સિદ્ધાન્ત સમજાવવા હું વિનંતિ કરૂં છું.

રા. જયસુખલાલ. પુ. જોષીપુરાએ નીચે પ્રમાણેના સિદ્ધાન્તો ઉપર તેમના કોશની રચના થઇ છે એમ જણાવ્યું.

(૧) આ દિશામાં સૌથી પ્રથમ કામ કરનાર પ્રો. ગજ્જર હતા અને તેમણે કેટલાક શબ્દો યોજેલા છે. ખાસ બાધકારક ન હોય ત્યાં સુધી પ્રો. ગજ્જરના શબ્દો કાયમ રાખ્યા છે.
(૨) બંગાળા, મહારાષ્ટ્ર અને ઉત્તર હિંદમાં આ પ્રકારના પ્રયાસો થયેલા છે તે કોશોમાં ઐક્ય ક્યાં છે અને ભેદ ક્યાં છે તે ક્રમવાર જુદા પાડયા. જ્યાં ત્રણે ભાષામાં ઐક્ય છે તે શબ્દો કબુલ રાખ્યા છે, જ્યાં ભેદ છે ત્યાં ગુજરાતીમાં વધારે અનુકૂળ પડે તેવો શબ્દ લીધો છે,
(૩) વેદ, પુરાણ, ધર્મશાસ્ત્રો, તંત્ર અને વૈદકના ગ્રંથો તપાસ્યા અને તેમાંથી જે શબ્દો મળી આવ્યા તે લીધા. વાયુપુરાણમાંથી એવા ઘણા શબ્દો મળી આવ્યા. Eugenics-ના પણ ઘણા શબ્દો એવી રીતે મળી આવ્યા છે. પ્રાચીન સંસ્કૃતિના શબ્દોનો ઉપયોગ કરવાથી આપણી ઘણી મુશ્કેલીઓ દૂર થાય છે.
(૪) ભાષાશાસ્ત્રનો ઉપયોગ કર્યો. લગભગ સરખા ધ્વનિવાળા અને સરખા અર્થના જે શબ્દો મળી આવે તેને પસંદગી આપવી. લેટીન અને ગ્રીક શબ્દોને મળતા ધ્વનિના અને અર્થના શબ્દો સંસ્કૃતમાં મળી આવવા મુશ્કેલ નથી.
(૫) શબ્દ યોજવા માટે suffix અને prefix ના અર્થ નક્કી કર્યા અને વચલા પદ માટે તેનો અર્થ મુકયો, દાખલા તરીકે logy ને માટે વિદ્યા નક્કી કર્યો તો logy વાળાં શાસ્ત્રોને વિદ્યા કહેવાં અને બીજાંઓને શાસ્ત્ર કહેવાં.

આપને ટુંકમાં અમારા મુખ્ય સિદ્ધાન્તો જણાવ્યા. આપ એ સિદ્ધાન્તો ઉપર ટીકા કરી શકો અને બીજા દેખાડી શકો અને મોઘમ ટીકા કરવાને બદલે constructive (રચનાત્મક) ટીકા કરો તો ઉપકાર થશે. અમારો અમુક શબ્દ ખરાબ છે એમ કહેવાને બદલે આ શબ્દને બદલે આ શબ્દ વાપરવો એમ કહેવા કૃપા કરશો. મોઘમ ટીકાથી કાર્ય આગળ વધતું નથી.

અમે બધાં શાસ્ત્રો જાણતા નથી; અમારી વિદ્વત્તા સંપૂર્ણ છે એવો અમે દાખલો પણ કરતા નથી. આ તો અમારો પ્રયાસ છે તેમા બધાની સહાનુભૂતિની જરૂર છે.

દિલગીરી સાથે જણાવવું જોઇએ કે ગુજરાતમાંથી અમને જોઇએ તેવા અભિપ્રાયો નથી મળ્યા. મહારાષ્ટ્ર, બંગાળ, પંજાબ વગેરે પ્રાંતોના વિદ્વાનોએ તેના ઉપર સંભાળથી ધ્યાન આપ્યું છે અને કેટલીક સૂચનાઓ પણ મોકલી છે. તેમાંની કેટલીક સ્વીકારવા જેવી પણ છે અને કેટલીકમાં ગેરસમજુત પણ થએલી છે તે સંબંધી પત્રવ્યવહાર ચાલે છે. મરાઠી સાહિત્ય પરિષદે એ કોશ ઉપર ચર્ચા કરવા એક દિવસ ખાસ રોકયો હતો. અને હવે મરાઠીમાં પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાં તેનો તેઓ છૂટથી લાભ લે છે. આપણા બધા શબ્દો તેઓ વાપરે છે એમ કહેવાનો હેતુ નથી પણ આપણામાંથી તેમણે ઘણું સૂચન લીધું છે અને આપણી મહેનતનો તેઓ પૂરો લાભ લે છે.

અમારા ઉપર એક આક્ષેપ ગમે તેવા શબ્દો યોજી કાઢવાનો અથવા જુના શબ્દો નવા અર્થમા ઠોકી બેસાડવાનો છે. પ્રાચીન શબ્દો સમજવા માટે એકલું અંગ્રેજીનું જ્ઞાન કામ નહિ લાગે. તેને માટે તો પ્રાચીન પુસ્તકોજ તપાસવાં પડશે.

દાખલા તરીકે અમે "આંગિરસ" એ શબ્દ Carbo Hydates ના અર્થમાં વાપર્યો તે સંબંધી અમારી ઉપર ટીકા થાય છે. હું એમ કહેવા માગું છું કે એ શબ્દ એજ અર્થમાં પ્રાચીન પુસ્તકોમા વપરાયલો છે. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજીને જે પુસ્તકસંગ્રહ મળી આવ્યો છે તેમા પણ એ જ અર્થમાં વપરાયલો છે અને અમારાથી સ્વતંત્ર રીતે સ્વ. સવાઇલાલ છોટાલાલ વોરાનો વિશ્વકોશ જે પ્રદર્શનમા રજુ થયો છે તેમા પણ એ શબ્દ માલમ પડે છે. હું ધારૂં છું કે આટલી ચર્ચા પછી કેટલાક મતભેદો દૂર થશે.

પ્રમુખે રા. જોષીપુરાનો ઉપકાર માન્યો અને બધું કાર્ય રચનાત્મક દૃષ્ટિથી કરવા વિનંતિ કરી અને જણાવ્યું કે પહેલી વખતે કોશનું કાર્ય પુરૂં થતું જ નથી તેમજ એકલે હાથે પણ થતું નથી; તેમા સંપ અને સહકારની જરૂર છે. અને છેવટે નવી સમિતિ અને સલાહકાર મંડળ આવતી પરિષદ્ પહેલાં વધારે સંગીન કાર્ય કરી દેખાડશે એવી આશા બતાવી હતી.

રા. પોપટલાલ ગોવિંદલાલ શાહે જાહેર કર્યું કે "લોઢું અને પોલાદ" એ બન્નેના ઉદ્યોગની સ્લાઇડો કરાવી આપવા એક ગૃહસ્થે વચન આપ્યું છે. તે જાહેરાતને સભાએ સહર્ષ સ્વીકારી અને સભા બરખાસ્ત થઇ.

પરિશિષ્ટ અંક ૩

બોટાદ તા. ૨-૧-૧૯૨૪

પરમ કૃપાસાગર મુરબ્બી શ્રી માનશંકરભાઇની સેવામાં

ભાવનગર.

આપનો તા. ૨૮-૧૨-૨૩ નો કૃપાપત્ર મળ્યો.

"સાહિત્ય પરિષદ્ "ની પ્રવૃત્તિમા ભાગ લેવા આપે મ્હને આમંત્રણ કર્યું, તેથી ઉપકૃત થયો છું, જીવનમાં કવચિત મળતા આનંદજનક પ્રસંગોમાંનો તે એક હોવાનું હું સમજું છું, અને ભાવનગરના પ્રજાજન તરીકે, સાહિત્યસેવક તરીકે એ કાર્ય કરવાની મારી ફરજ માનું છું. પરંતુ દુર્દૈવવશાત્ આજકાલ મ્હારી પ્રકૃતિ અતિશય અસ્વસ્થ રહે છે. પંદરેક દિવસ તાવ આવી જવાથી અત્યારે મારૂં શરીર અત્યંત દુર્બલ થઇ ગયું છે. ઘેરથી શાળા સુધી પણ પરાકાષ્ટાએ જઇ શકું છું, અને સહજ પણ પરિશ્રમ થઇ શકતો નથી. વૃદ્ધ વય, ચાલુ અગ્નિમાંદ્ય અને અસાધારણ દુર્બલતાને લીધે સંપૂર્ણ આરોગ્ય અને આવશ્યક શક્તિ પ્રાપ્ત થતાં કેટલોક સમય નીકળી જશે, એમ ભૂતકાળની માંદગીના અનુભવથી જણાય છે. તેથી સાહિત્ય-પરિષદ્‌ની સેવા માટે આપ જણાવો છો, તે સમયપર મ્હારાથી આવી નહિ શકાય, તેની ક્ષમા યાચું છું. વૈદ્યોના કહેવા પ્રમાણે અને ઉપક્રમના અનુભવે પૂર્વસ્થિતિ પ્રાપ્ત કરતાં બે-અઢી માસ લાગશે, એમ જણાય છે. જેથી એ પ્રવૃત્તિ માટે અન્ય કોઇ પુરુષની યોજના કરવા વિનંતિ કરૂં છું.

સત્કારનું ગીત તૈયાર કરવાની આપની આજ્ઞા સ્વીકારવા પ્રયાસ કરીશ. ક્યા રાગમાં તેની યોજના કરવી ? તે જણાવશો, તો વિશેષ સરલતા થશે.

શરીર સારૂં થશે તો પરિષદ્ પહેલાના પખવાડીયામાં કદાચ આવી શકીશ.

આજ્ઞાંકિત સેવક
દામોદર ખુસાલદાસ બોટાદકરના
સવિનય સા. દં. પ્રણામ.

પરિશિષ્ટ અંક ૪

કાર્યક્રમ.

(પ્રથમ નક્કી કરેલા કાર્યક્રમમાં સુધારા વધારા સાથે)

તા. ૧૮—૪—૨૪ શુક્રવાર

(સવારે ક. ૮-૩૦ (સ્ટા. ટા.)

૧ સરસ્વતી સ્તુતિ.
૨ સત્કાર સંગીત. } ક. ૮-૩૦ થી ક. ૯-૦ સુધી.
૩ સત્કાર કવિત.
૪ સત્કાર મંડળના મહેરબાન પ્રમુખ સાહેબનું ભાષણ.
૫ સહાનુભૂતિદર્શક આવેલા તારો તથા પત્રો વાંચવા.
૬ પરિષદ્‌ના પ્રમુખની નિમણુક માટે દરખાસ્ત મૂકવી.
દરખાસ્ત કરનાર—મે. કાવસજી જમસેદજી સંજાણા.
ટેકો આપનાર—રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.
અનુમોદન આપનાર—રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.
૭ મહેરબાન પ્રમુખ સાહેબનું ભાષણ.

તા. ૧૮—૪—૨૪ શુક્રવાર.

(મધ્યાહ્નોત્તર ક. ૪—૦ સ્ટા. ટા.)

૧ જૈન વિભાગના મે. અધ્યક્ષ સાહેબનું ભાષણ.
૨ વિજ્ઞાન વિભાગના મે. અધ્યક્ષ સાહેબનું ભાષણ.
૩ સાહિત્ય વિભાગના મે. અધ્યક્ષ સાહેબનું ભાષણ
૪ ઇતિહાસ વિભાગના મે. અધ્યક્ષ સાહેબનું ભાષણ.
૫ વિષયવિચારણી સભાની બેઠક (રાત્રીએ ક. ૯-૦ સ્ટા. ટા., મંડપમાં)

તા. ૧૯—૪—૨૪ શનિવાર

(સવારે ક ૮—૩૦ સ્ટા. ટા.)

[વિજ્ઞાન સમિતિની બેઠક તે જ વખતે સનાતન ધર્મ હાઇસ્કૂલના મકાનના મધ્ય ખંડમાં થશે.]

૧ સંગીતો—
૨ ગીર્વાણ કવિ જયદેવના સત્કર્મો-રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ ૧૫ મિ.
૩ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ઉગેલાં વિવેચના અંકુરો—
રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ ૨૦ મિ.
૪ કર્મ સંબંધી જૈન સાહિત્ય-શેઠ કુંવરજી આણંદજી ૧૫ મિ.

૫ વઢવાણના કેટલાક શિલાલેખો–રા. રા. ચુનીલાલ વર્ધમાન શાહ ૧૦ મિ.
૬ રાસપંચાધ્યાયીનો વાચ્યાર્થ–રા. રા. જયેન્દ્ર ભગવાનલાલ દુરકાળ ૧૫ મિ.
૭ કવિવર સમયસુંદર–રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ. ૧૦ મિ.
૮ કાઠિયાવાડનું લોક સાહિત્ય–રા. રા. ગોકુલદાસ દ્વારકાદાસ રાયચૂરા ૧૫ મિ.
૯ શ્રીમદ્ દેવચંદ્રજી–રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર ૧૦ મિ.

તા. ૧૯–૪–૨૪ શનિવાર
(મધ્યાહ્નોત્તર ક-૪-૦ (સ્ટા. ટા.)

૧૦ કવિતા શિક્ષણ–રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ૨૦ મિ.
૧૧ લિપિનો ઇતિહાસ–રા. રા. ભરતરામ ભાનુસુખરામ મહેતા ૧૫ મિ.
૧૨ કાવ્યકળા–રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે ૧૫ મિ.
૧૩ વિકાસવાદ–રા. રા. રેવાશંકર ઓઘડભાઇ સોમપરા ૧૫ મિ.
૧૪ પ્રાચીન ગુજરાતી જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ–પંડિત લાલચંદ ભગવાન ૧૫ મિ.
૧૫ ગુજરાતના ધાર્મિક ઇતિહાસની રૂપરેખા–
રા. રા. દત્તાત્રેય બાલકૃષ્ણ ડીસ્કલકર ૧૫ મિ.
૧૬ અખો અને તેની કવિતા–રા. રા. વિઠ્ઠલદાસ ખીમજી પટેલ ૧૫ મિ.
૧૭ જૈન રાસાઓમાં ગુજરાતી ભાષાનું પ્રથમ સ્થાન–
રા. રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ શાહ ૧૦ મિ.
૧૮ ઓખામંડળનું ભાષાવૈશિષ્ટ્ય–રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોષી ૧૦ મિ.
૧૯ ગુજરાતી જૈનસાહિત્ય અને તેનો ઇતિહાસ–રા. રા. માધવજી દામજી ૧૫ મિ.

તા. ૨૦–૪–૨૪ રવિવાર
(સવારે ક. ૮–૩૦ સ્ટા. ટા.)

[વિજ્ઞાન સમિતિની બેઠક એ જ વખતે સનાતન ધર્મ હાઇસ્કૂલના મકાનના મધ્ય ખંડમા થશે.]

૨૦ સંગીત ૧૫ મિ.
૨૧ લલિતકળા–સૌ. ચૈતન્યબાળા મંજુલાલ મજમુદાર ૧૦ મિ.
૨૨ લોકવાર્તાનું સાહિત્ય–રા. રા. ગિરિજાશંકર ભગવાનજી બધેકા ૨૦ મિ.
૨૩ ભર્તૃહરિના વૈરાગ્ય શતકમાંના કેટલાક શ્લોકો–રા. રા. કાવસજી જમસેદજી સંજાણા ૧૫ મિ.
૨૪ જૈન દર્શનનો અન્ય દર્શન સાથે મુકાબલો–રા. રા. જગજીવનદાસ
કાલીદાસ પાઠક ૧૦ મિ
૨૫ સરસ્વતીચંદ્રની સમાલોચના–રા. રા. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી ૧૦ મિ.
૨૬ જૈન ધર્મનું રહસ્ય–રા. રા. ગોકુલદાસ કાનજીભાઇ ગાંધી ૧૦ મિ.
૨૭ સાહિત્ય દર્શન–રા. રા. શાંતિલાલ સારાભાઇ ઓઝા ૧૫ મિ.
૨૮ ભવાઇનું ગુજરાતી રંગભૂમિમા સ્થાન–રા. રા. રૂસ્તમજી નાનાભાઇ રાણીના ૧૫ મિ.
૨૯ જૈન કવિઓ–રા. રા. શિવજી દેવશી ૧૦ મિ.
૩૦ કર્ણનું બલિદાન–રા. રા. લક્ષ્મીશંકર ત્રિભુવન ત્રિવેદી ૧૦ મિ.
૩૧ ઇસ્માઇલી સાહિત્ય–રા. રા. ગુલામે હુસેન અનિલ ૧૫ મિ.

તા. ૨૦-૪-૨૪ રવિવાર

(મધ્યાહ્નોત્તર ક. ૪—૦ સ્ટા. ટા.)

૧ વિષયવિચારિણી સભાએ પ્રસાર કરેલી દરખાસ્તો ઠરાવો રૂપે રજુ કરવામાં આવશે.

૨ ચારણ કવિઓના કાવ્યો—

૩ વિદાય સંગીત.

ટીપ:—૧ જૈન વિભાગની બેઠક જૂદી કરવાનું પ્રથમના કાર્યક્રમમા ઠરાવ્યું હતું; પરંતુ જૈન વિભાગના મે. અધ્યક્ષ લાલનની માગણીનો મે. પ્રમુખ સાહેબે સ્વીકાર કરવાથી, પ્રથમના કાર્યક્રમમાં જે ગૃહસ્થોના નિબંધો વાચવાનું ઠરાવ્યું હતું, તે ગૃહસ્થો હાજર ન હોવાથી તેઓની જગોએ જૈન નિબંધકારોને ગોઠવવામા આવ્યા હતા. તેમ જ ઇતિહાસ વિભાગના મે. અધ્યક્ષ સાહેબની ગેરહાજરીને લીધે તેઓનું ભાષણ વંચાઇ શકાયું ન હતું.

૨ તા. ૧૭-૪-૨૪ ગુરુવારને રોજ સાંજરે પાચ કલાકે ભાવનગર હાઇસ્કૂલના મકાનમાં રા. રા. લલુભાઇ સામળદાસ મેહેતાના પ્રમુખપણા નીચે રા.રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે "ગુજરાત યુનિવર્સિટી" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

૩ તા. ૧૯-૪-૨૪ શનિવારે મધ્યાહ્નોત્તર બેઠકના આરંભમાં રા. રા. લલિતજીએ રા. રા. ખબરદારનું બનાવેલું એક સંગીત ગાઇ સંભળાવ્યું હતું.

૪ તા. ૧૯-૪-૨૪ શનિવારે માજીરાજબાની વાડીએ કૌમુદી મહોત્સવ ઉજવાયો હતો. રા. રા. લલિતજીએ પોતાનાં લાલિત્યપૂર્ણ ભજનોથી તેમજ રા. મેઘાણીએ કવિવર ટાગોરનાં ગીતો ગાઇને શ્રોતાઓને બહુ આનંદ આપ્યો હતો.

૫ તા. ૨૦-૪-૨૪ રવિવારના મધ્યાહ્નોત્તર કાર્યક્રમમાં "ચારણોનાં કાવ્યો" નો ક્રમ ગોઠવવામા આવ્યો હતો. સમયના અભાવે તે ક્રમ પડતો મૂકવામાં આવ્યો હતો. પરંતુ તે જ દિવસે રાત્રિએ પરિષદના મંડપમાં સઘળા ગૃહસ્થોને પધારવાનું આમંત્રણ કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે રાજકવિ હરદાન પીંગળશીભાઇ ગઢવી તથા નગર તાબાના ગામ કાળાવડના ગઢવી માવદાનભાઇ વગેરે કવિઓએ જુની ચારણી કવિતાઓ ગાઇ સંભળાવી હતી. ગઢવી માવદાનભાઇનુ નટવર-નૃત્ય નામનું ગીત કાવ્ય બહુ આકર્ષક થઇ પડયું હતું. તદુપરાંત રા રાયચુરા, રા. શિવજીભાઇ, રા. લલિતજી રા. મેઘાણી વગેરે સંગીતરસિકોએ સંગીતો ગાઇ શ્રોતાઓને બહુ આનંદ આપ્યો હતો.

૬ તા. ૨૦-૪-૨૪ રવિવારે સાંજરે ક. ૬-૦ સ્ટા-ટા. મોતી બાગમા નામદાર કાઉન્સીલ-ઑાવ-એડમિનિસ્ટ્રેશનના મેહેરબાન પ્રેસીડંટ સાહેબ તરફથી ગાર્ડન પાર્ટી આપવામા આવી હતી. ત્યા નાની મોટી બાળાઓએ અને સ્ત્રીઓએ ગરબાઓ ગાઇને પધારેલા મેહમાનોના મનરંજન કર્યા હતા.

૭ તા. ૧૯-૪-૨૪ શનિવારે એક ગૃહસ્થે ઉત્તમોત્તમ અમુક ભાવવાળા શ્લોક બનાવી આપનારને રૂ. ૨૫) નું ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી હતી. તે ઉપરથી સૌ બ્હેન જયમન્ પાઠકજી અને રા. ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ-પ્રત્યેક ને રૂ. ૧૨-૦-૦ મુજબ આપવાનું રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે જાહેર કર્યું હતું.

૮ તા. ૨૦-૪-૨૪ રવિવારે રા. રા. રૂપશંકર ઉદયશંકર ઓઝાએ અમુક વિષયનો ઉત્તમોત્તમ નિબંધ લખનારને રૂ. ૧૦૧) ઇનામના આપવાની ઇચ્છા દર્શાવવાથી, રા. બ. કેશવલાલભાઇએ તે હકીકત જાહેર કરી હતી.

પરિશિષ્ટ અંક ૫

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ પાસે રજુ થયેલાં ભાષણો તથા નિબંધો.

ભાષણો.

૧ સત્કાર મંડળના પ્રમુખ મહેરબાન પ્રભાશંકર દલપતરામ પટણી સાહેબના ભાષણનો સાર.
૨ સત્કાર મંડળના ઉપપ્રમુખ મહેરબાન લલુભાઇ શામળદાસ મહેતાના ભાષણનો સાર.
૩ સાહિત્ય પરિષદના પ્રમુખ મહેરબાન કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનું ભાષણ.
૪ સાહિત્ય વિભાગના અધ્યક્ષ મહેરબાન અરદેશર ફરામજી ખબરદારનું ભાષણ.
૫ ઇતિહાસ વિભાગના અધ્યક્ષ મહેરબાન ખુશાલ તલકચંદ શાહનું ભાષણ.
૬ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ મહેરબાન કાંતિલાલ છગનલાલ પંડયાનું ભાષણ.
૭ જૈન વિભાગના અધ્યક્ષ મહેરબાન પંડિત ફતેહચંદ કર્પૂરચંદ લાલનનું ભાષણ.

નિબંધો.

૧ સાહિત્ય વિભાગ.

૧ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ઉગેલાં વિવેચનનાં અંકુરો–રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.
૨ કવિતાશિક્ષણ–રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર.
૩ લિપિનો ઇતિહાસ–રા. રા. ભરતરામ ભાનુસુખરામ મહેતા.
૪ લલિતકળા–સૌ. બહેન ચૈતન્યબાળા મજમુદાર
૫ સાહિત્યનો વિકાસક્રમ–રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી.
૬ વલ્લભ ધાંધકો–રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.
૭ લોકવાર્તાનું સાહિત્ય–રા. રા. ગિરિજાશંકર ભગવાનજી બધેકા
૮ દ્રૌપદી–સૌ. બહેન લીલાવતી.
૯ કાવ્યકળા–રા. રા મોહનલાલ પાર્વતીશંકર દવે.
૧૦ રાસપંચાધ્યાયીનો વાચ્યાર્થ–રા. રા. શ્રી જયેન્દ્ર ભગવાનલાલ દુર્કાળ.
૧૧ ગુજરાતના શિષ્ટ સંવાદો–રા. રા. વિજયરાય કલ્યણરાય વૈદ્ય.
૧૨ અખો અને તેની કવિતા–રા. રા. વિઠ્ઠલદાસ ખીમજી પટેલ.
૧૩ બે પાદપૂર્તિના શ્લોકો–૧ સૌ. બહેન જયમન્ વ્યોમેશ પાઠકજી તથા રા. રા. ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ
૧૪ ભર્તૃહરિના કેટલાક શ્લોકો–રા. રા. કાવસજી જમસેદજી સંજાણા
૧૫ રસિકતા–રા. રા. મનહરરામ હરિરામ મહેતા.
૧૬ કાઠિયાવાડનું લોકસાહિત્ય–રા. રા. ગોકુળદાસ દ્વારકાદાસ રાયચૂરા.
૧૭ સરસ્વતીચંદ્રની સમાલોચના–રા. રા. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી.
૧૮ ઓખામંડળનું ભાષાવૈશિષ્ટ્ય–રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોષી

૨ ઈતિહાસ વિભાગ

૫૨ નાસિકપંચવટી—રા. રા. હનુમંતરાવ બળવંતરાવ બીડે.

૫૩ ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ઉમેરવાનું એક પ્રકરણ—રા. રા. દત્તાત્રેય બાળકૃષ્ણ ડીસ્કળકર.

૫૪ ચૂડાસમા રાજાઓના શિલાલેખો—રા. રા. દત્તાત્રેય બાળકૃષ્ણ ડીસ્કળકર.

૫૫ સંશોધનદૃષ્ટિએ અપ્રધાન અમલ ઉપર પ્રકાશ-રા. રા. કેશવલાલ હિમ્મતરામ કામદાર

૫૬ કાઠિયાવાડના જૂના શિલાલેખો ને રિપોર્ટ-રા. રા. બરજોરજી અરદેશર એંટી

૫૭ ઇતિહાસ વાંચનમાળા-રા. રા. રેવાશંકર પ્રભુરામ રાવળ

૩ વિજ્ઞાન વિભાગ

૫૮ પ્રાચીન હિંદમાં વિજ્ઞાન-રા. રા. પોપટલાલ ગોવિન્દલાલ શાહ.

૫૯ પ્રાચીન આર્યોનું ભૌતિકશાસ્ત્ર-રા. રા. પુરુષોતમ વિશ્રામ માવજી,

૬૦ ચરક સંહિતામાં દઢબળનો હાથ—રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી.

૬૧ વિકાસવાદ—રા. રા. રેવાશંકર ઓઘડભાઇ સોમપરા.

૬૨ વિજ્ઞાન શું છે?—રા. રા. પર્જનરાય વૈકુંઠરાય મેઢ

૬૩ વિજ્ઞાનશાસ્ત્રનો પ્રચાર-રા. રા. વિજયલાલ ધ્રુવ.

૬૪ સમાજશાસ્ત્ર—રા. રા. માધવપ્રસાદ નવનીતરાય મજમુદાર.

૬૫ કલાવિજ્ઞાન અને કેળવણી—રા. રા. હરિલાલ મૂળશંકર મૂલાણી.

૪ જૈન વિભાગ

૬૬ જૈનન્યાયનો ક્રમિક વિકાસ—પંડિત શ્રી સુખલાલજી.

૬૭ કર્મ સંબંધી જૈનસાહિત્ય—રા. રા. કુંવરજી આનંદજી શાહ

૬૮ પ્રાચીન ગુજરાતી જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ—રા. રા. પંડિત લાલચંદ ભગવાન.

૬૯ કવિવર સમયસુંદરજી—રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ

૭૦ જૈન આચાર્યો.
૭૧ જૈન કવિઓ.
૭૨ જૈન દાનવીરો.
૭૩ જૈન રાજાઓ
} પ્રસ્તાવના સાથે—આચાર્ય શ્રી મુનિન્યાયવિજયજી.

૭૪ જૈન મંત્રીઓ—આચાર્ય શ્રી મુનિ દર્શનવિજયજી.

૭૫ જૈન તીર્થોનો ઇતિહાસ—આચાર્ય શ્રી મુનિ જ્ઞાનવિજયજી

૭૬ જૈન મંત્રીઓ—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી

૭૭ જૈન ભૂગોળની હિંદી ભૂગોળ સાથે સરખામણી—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી

૭૮ જૈન સૂત્રોનું દિગ્દર્શન—રા. રા. ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી.

૭૯ ગુજરાતી ભાષા અને જૈનો—રા. રા. ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી

૮૦ શ્રીમાન દેવચંદ્રજી અને તેમનું ગુજરાતી સાહિત્ય—
રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર.

૮૧ જૈન રાસાઓનું ગુજરાતી ભાષામાં પ્રથમ સ્થાન—
રા. રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ શાહ
૮૨ જૈનદર્શન, તુલનાત્મક દૃષ્ટિએ—રા. રા. ફતેહચંદ ઝવેરચંદ શાહ
૮૩ ગુજરાતી જૈનસાહિત્ય અને તેનો ઇતિહાસ—રા. રા. માધવજી દામજી માસ્તર.
૭૪ જૈનદર્શનનો અન્ય દર્શન સાથે મુકાબલો—રા. રા. જગજીવનદાસ કાળીદાસ પાઠક
૮૫ પાશ્ચાત્ય વિદ્વાનો અને જૈન સાહિત્ય—રા. રા. ફુલચંદ હરિચંદ શાહ.
૮૬ જૈનધર્મનું રહસ્ય—રા. રા. ગોકુલદાસ નાનજીભા ગાંધી.

પરિશિષ્ટ અંક ૬

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્.

તા ૧૫-૧૦-૧૯૨૨ રવિવારને રોજ ભાવનગર સાહિત્ય સભાની વાર્ષિક સભા ભાવનગર હાઇસ્કુલનાં મકાનમા ભરવામા આવી હતી. સભામા લગભગ ૧૦૦ ગૃહસ્થોએ હાજરી આપી હતી. સભાના કાયમી પ્રમુખ મહેરબાન સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબની પ્રકૃતિ અસ્વસ્થ થઇ જવાથી તેઓ પધારી શકયા નહતા; તેથી સભાનું પ્રમુખપદ મહેરબાન મણિશંકર રતનજી ભટ્ટને આપવામાં આવ્યું હતું. સભાના મંત્રીઓ તરફથી વાર્ષિક રીપોર્ટ વગેરે વંચાયા બાદ આવતા વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખો, મંત્રીઓ તથા વ્યવસ્થાપક મંડળના સભ્યોની સર્વાનુમતે નીમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના સામાન્ય મંત્રી સાહેબોનો આવેલો પત્ર મંત્રીઓએ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. અને તે ઉપરથી સભાના ઉપપ્રમુખ મેહેરબાન શેઠ કુંવરજી આણંદજી શાહે નીચે પ્રમાણે દરખાસ્ત મૂકી હતીઃ—

"આ સભા ઠરાવ કરે છે કે—ઇ. સ. ૧૯૨૩ ના ઓકટોબર માસમા હવે પછી મુકરર કરવામાં આવે તે તારીખે સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ અહીંઆં ભરવી. અને તે બાબતની શરૂઆત કરવા માટે તથા સત્કાર કમિટિ નીમવા વગેરે કાર્ય કરવા માટે આ સભાના મંત્રીઓએ હવે પછી એક માસની અંદર જાહેર સભા બોલાવવી."

સદરહુ દરખાસ્તને શ્રીયુત રા. રા. વિઠ્ઠલરાય મહિપરાય મહેતાએ ટેકો આપ્યા બાદ સર્વાનુમતે પસાર થઇ હતી આવતા માસમા ભાવનગર શહેરપ્રજાની જાહેર સભા બોલાવવામાં આવશે, અને તે પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના સામાન્ય મંત્રીઓ શ્રીયુત રા. રા. રમણભાઇ મહિપતરામ નીલકંઠ તથા શ્રીયુત રા. રા. હિરાલાલ ત્રિભુવનદાસ પારેખને સભામાં હાજરી આપવાનું આમંત્રણ કરવામાં આવ્યું છે. તે સભામાં સત્કાર કમિટિ નીમાયા બાદ પરિષદ્ ભરવાની સઘળી તૈયારી કરવાની શરૂઆત કરવામા આવશે.

ભાવનગર સાહિત્ય સભા,	માનશંકર પીતામ્બરદાસ મહેતા.
ભાવનગર. તા. ૧૭-૧૦-૨૨	રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક.
	મંત્રીઓ.

પરિશિષ્ટ અંક ૭

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ

પત્રિકા નં. ૧.

તા. ૫-૧૧-૧૯૨૨ રવિવારે ભાવનગર શહેરના પ્રજાજનોની એક જાહેર સભા ભાવનગર હાઇસ્કુલનાં મકાનમાં મહેરબાન સર પ્રભાશંકર પટ્ટણી સાહેબના પ્રમુખપદ નીચે ભરાઇ હતી. તે પ્રસંગે સાહિત્યસભાના આમંત્રણને માન આપી અમદાવાદથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મંડળના સામાન્ય મંત્રીઓ, શ્રીયુત રા. રા. શ્રી રમણભાઇ મહીપતરામ નીલકંઠ શ્રીયુત રા. રા. હિરાલાલ ત્રિભુવનદાસ પારેખ પધાર્યા હતા. ત્રીજા મંત્રી શ્રીયુત રા. રા. શ્રી કૌશિકરામ વિઘ્નહરામ મહેતાને આમંત્રણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેઓ અનિવાર્ય કારણને લીધે પધારી શક્યા નહતા. શરૂઆતમાં શ્રીયુત રા. રા. શ્રી રમણભાઇએ ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભરવાનો વિચાર શી રીતે ઉપસ્થિત થયો, તેનો મુખ્ય ઇરાદો શો છે, તેમા કેવા પ્રકારના નિબંધો આપવા જોઇએ, પરિષદ્‌ના પ્રમુખની ચુંટણી કરવામાં માન આપવાનો કે લેવાનો ભાવ હોવો જોઇએ નહિ, પરંતુ જેઓએ પોતાની પ્રતિભાથી સાક્ષરતા સિદ્ધ કરી હોય તેમજ જેઓએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં સારો ભાગ લીધો હોય, તેવા સાક્ષરવર્યનીજ પ્રમુખ તરીકે ચુંટણી કરવી જોઇએ, પરિષદ્ ભરવામા કેવી કેવી તૈયારીઓ કરવાની જરૂર છે, અને કેવી કેવી મુશ્કેલીઓ આવવાનો સંભવ છે, ભાવનગરમાં તો સત્કાર મંડળનું પ્રમુખપદ મહેરબાન પટ્ટણી સાહેબ સ્વીકારવાની કૃપા કરશે તો તેઓના નેતૃત્વ નીચે પરિષદ્‌નું નાવ કંઇ પણ વિઘ્ન ઉપસ્થિત થયા વિના સહિસલામત કિનારે પહોચી શકશે વગેરે બાબતોનું સવિસ્તર વિવેચન કર્યું હતું. ત્યાર પછી નગરશેઠ સાહેબ પ્રભુદાસ ભગવાન ભાઇએ નીચે પ્રમાણે દરખાસ્ત સભા સમક્ષ રજુ કરી હતી.

" ભાવનગરના પ્રજાજનોની સભા તા ૧૫-૧૦-૧૯૨૨ ને રોજ ભરાયેલી સાહિત્યસભાએ કરેલા ઠરાવ મુજબ ઠરાવ કરે છે કે— ઇ. સ. ૧૯૨૩ ના ઓકટોબર માસમાં, હવે પછી મુકરર કરવામાં આવે તે તારીખે, સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભાવનગરમાં ભરવી અને તે પરિષદ ભરવાના સંબંધમાં સઘળા પ્રકારની વ્યવસ્થા કરવા માટે ભાવનગર સાહિત્યસભાના અધિકારી વર્ગ સહિતના વ્યવસ્થાપક મંડળના સઘળા સભ્યોનું, હવે પછી સભ્યો વધારવાની સત્તા સાથે, એક કારોબારી મંડળ નીમવામા આવે છે. સદરહુ કારોબારી મંડળના સઘળા સભ્યો અને નીચે આપેલા સદ્‌ગૃહસ્થો તેમજ હવે પછી જેઓ જોડાય તેઓ સત્કાર મંડળના સભ્યો ગણાશે. સદર સત્કારમંડળના સભ્યોની ફી ઓછામાં ઓછી રૂ. ૧૦) ની રાખવાનું ઠરાવવામાં આવે છે."

સદરહુ દરખાસ્તને શેઠ સાહેબ કુંવરજી આણંદજી શાહે ટેકો આપ્યો હતો, અને તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી ત્યારબાદ મહેરબાન પટ્ટણી સાહેબે જાહેર કર્યું કે આગામી પરિષદ્‌નુ મંડપારોપણ આપણે આજે શરૂ કર્યું છે. આપણે મંડળીયા છીએ; અને આપણે સાક્ષરોનો જાન નોતરી છે. પરમાત્માની કૃપાથી સહુ સારાં વાના થશે ત્યાર-

બાદ પ્રમુખ મહાશયને અને મહેમાનોને રા. રા. ગુલાબરાય વકિલે આભાર માન્યા પછી સભા વિસર્જન કરવામાં આવી હતી.

ઉપરની આ દરખાસ્તમાં દર્શાવ્યા પ્રમાણે સડસઠ ગૃહસ્થો જેઓમાં રાજ્યના સઘળા મુખ્ય મુખ્ય અધિકારી સાહેબોને શમાવેશ થઇ જાય છે તેઓએ સત્કાર મંડળમાં જોડાવાની ઇચ્છા દર્શાવી છે. તે મંડળના સભ્યો વધારવાનું કામ ચાલુ છે, અને આખા ભાવનગરના રાજ્યમાથી તેમજ કાઠિયાવાડનાં મોટાં મોટા શ્હેરો અને ગામોમાથી સારી સંખ્યામાં તે મંડળના સભ્યો થશે, એવી આશા રાખવામા આવે છે.

કારોબારી મંડળમાથી કાર્યોના વિભાગવાર પેટા કમિટિઓ નીમાયા બાદ ગુજરાત કાઠિયાવાડના સાક્ષરોને નિબંધો માટે નિમંત્રણપત્રો મોકલવાનું કામ શરૂ કરવામાં આવશે.

સાહિત્ય પરિષદ્ જેવી વિદ્વાનોની મંડળીને એકઠી કરવાનું કામ ભાવનગરની પ્રજાને માથે આ પહેલીજ વાર આવી પડયું છે; તેથી તેમાં ઘણી ત્રુટિઓ આવવાનો સંભવ છે. વિદ્વાનો અને વિચારરસિકો એ પરિસ્થિતિ ધ્યાનમા લઇને અમારાં કોઇ સ્ખલનની ક્ષમા કરશે, અને અમારા પ્રયાસને સફળ બનાવવાને અંતઃકરણપૂર્વક સાહાય્ય કરશે, એવી અમારી નમ્ર પ્રથના છે.

સાહિત્ય પરિષદ માત્ર ભાવનગરની નથી, ગુજરાત કે કાઠિયાવાડની નથી, પરંતુ ગુજરાતી ભાષા બોલનારી આખી ગુજરાતી પ્રજાની છે. તે એક મહાન્ સરસ્વતી યજ્ઞ છે, જેના યજમાનો પણ સરસ્વતીદેવીના અનુગ્રહવાળા વિદ્વાનો છે; તેમજ ઋત્વિજો પણ તેઓ જ છે. સરસ્વતીના ઉપાસકોનો ધર્મ છે કે, તેમાં જે કંઇ હુત દ્રવ્ય જોઇએ, તે સઘળું તેઓએ જ પુરૂં પાડવું જોઇએ. આ મહાન્ સરસ્વતીયજ્ઞમા સાક્ષરો સમિત્પાણિ થઇ પધારશે અને યથાશક્તિ ઋત્વિકકર્મ કરીને યજ્ઞને નિર્વિઘ્ન પૂર્ણાહુતિએ પોહોચાડવામાં પોતનું ઋષિઋણ અદા કરશે એવી આશા છે.

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્દનું કારોવારી મંડળ. ભાવનગર, તા. ૧૨-૧૧-૧૯૨૨	માનશંકર પીતાંબરદાસ મહેતા રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક મંત્રીઓ.

પરિશિષ્ટ અંક ૮

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્–ભાવનગર

પત્રિકા નં. ૨

ભાવનગર

રા. રા.

વિનંતી કે આવતા અકટોબર માસમાં (હવે પછી મુકરર કરવામાં આવે તે તારીખે ભાવનગરમા સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્ ભરવાનો તા. ૫-૧૧-૨૨ ને રોજ ભરાયેલી ભાવનગરની જાહેર સભાએ ઠરાવ કર્યો છે, તે હકીકત વર્તમાન પત્રો ઉપરથી આપના જાણવામાં આવી હશે. સાહિત્યપરિષદ્‌ના જેવી વિદ્વાનોની મંડળીને એકઠી કરવાનું કામ ભાવનગરની પ્રજાને માથે પહેલીજ વાર આવી પડયું છે. સાક્ષરો, સાહિત્યના અભ્યાસીઓ અને સાહિત્યમાં રસ લેનારા ગૃહસ્થોની સંપૂર્ણ સહાનુભૂતિ અને સહકાર વિના તે કાર્ય સિદ્ધ થઇ શકે નહિ, તે સ્પષ્ટ છે. સાહિત્યપરિષદ્‌ની સાર્થકતા પણ વિદ્વત્તાપૂર્ણ નિબંધો અને પરષિદમાં હાજર રહેલા વિદ્વાનોની સંખ્યા ઉપર અવલંબે છે. અમે તેટલા માટે, આપને નિબંધ લખી મોકલવા અને પરિષદમાં પધારવાને અંતઃકરણપૂર્વક નિમંત્રણ કરીએ છીએ આશા છે કે આપ અમારૂં નિમંત્રણ સ્વીકારશો અને આપ જે નિબંધ લખવા ઇચ્છતા હો, તેનું નામ બનતી ત્વરાએ લખી મેકલવા કૃપા કરશો.

અમારી કમિટિએ નિબંધો માટે તૈયાર કરેલી માર્ગદર્શક યાદીની નકલ આ સાથે મોકલવામા આવી છે.

આ યાદીમા જૈનસાહિત્ય વિભાગ વધાર્યો છે. તેમજ જૈનસાહિત્યના સાક્ષરો તથા અભ્યાસીઓને પણ નિમંત્રણ કરવામાં આવ્યું છે ગુજરાતી સાહિત્યનું જૈન સાહિત્ય બહુ મહત્ત્વનું અંગ છે જૈન સાક્ષરો અમારી યોજનાનો ઉત્સાહપૂર્વક આદર કરશે એવી આશા છે.

આવેલા નિબધોનું વખતસર નિરીક્ષણ થઇ શકે તેટલા માટે આપનો નિબંધ તેમજ બની શકે તો તેના મુદ્દાઓની ટુંક નોધ (Synopsis) તા. ૩૧મી ઓગષ્ટ પેહેલા અમને મોકલાવશો તો અમને બહુ અનુકૂલતા થશે, એમ આપને પણ જણાશે.

સાહિત્ય પરિષદ માત્ર ભાવનગરની નથી. ગુજરાત કે કાઠિયાવાડની નથી, પરંતુ ગુજરાતી ભાષા બોલનારી આખી પ્રજાની છે. તે એક મહાન્ સરસ્વતીયજ્ઞ છે. જેના યજમાનો પણ સરસ્વતી દેવીના અનુગ્રહવાળા વિદ્વાનો છે, તેમજ ઋત્વિજો પણ તેઓ પોતેજ છે. આ મહાન સરસ્વતી યજ્ઞમા સાક્ષરો સમિત્પાણિ થઇ પધારશે અને યથાશક્તિ ઋત્વિક્કર્મ કરીને યજ્ઞને નિર્વિઘ્ને પૂર્ણાહુતિએ પહોચાડવામાં પોતાનું ઋષિઋણ અદા કરશે, એવી આશા છે.

પ્રભાશંકર દલપતરામ પટ્ટણી–પ્રમુખ

ત્રિભુવનદાસ કાલીદાસ ત્રિવેદી
મણિશંકર રતનજી ભટ્ટ
કુંવરજી આણંદજી શાહ
} ઉપપ્રમુખ

ભાવનગર સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદનું કારોબારી મંડળ.

તા. ક.—પત્ર વ્યવહાર નીચે લખેલ શિરનામે કરવાની વિનંતી છે.

પ્રોફેસર હનુમંતરાવ બળવંતરાવ ભીડે,
મંત્રી, નિબંધનિમંત્રણ કમિટિ.
યશોનાથમંદિર. ભાવનગર.

નિબંધોને માટે માર્ગદર્શક યાદી.

૧ સામાન્ય સાહિત્યવિભાગ

(અ) ભાષા અને સાહિત્ય.

૧ ગુજરાતી ભાષા અથવા સાહિત્યનો ઇતિહાસ, વિકાસ, તુલના, આધુનિક સ્થિતિ સુધારાની આવશ્યકતા અને તેના ઉપાયો.

૨ ગુજરાતી ભાષા અથવા સાહિત્યને સંસ્કૃત હિંદી, ફારસી, મરેઠી વગેરે બીજી ભાષા અથવા સાહિત્યની થયેલી અસર, સરખામણી, તુલના વગેરે.

૩ કાવ્યશાસ્ત્ર અથવા નાટયશાસ્ત્ર પ્રાચીન અને અર્વાચીન.

૪ ગુજરાત અથવા કાઠિયાવાડનું ચારણી સાહિત્ય અથવા લોકકથા અથવા લોકગીતો. તેનાં સાધનો, ઇતિહાસ, સમાજ ઉપર તેની થયેલી અસર, તુલનાત્મક સમાલોચના.

૫ બાલ સાહિત્ય.

૬ શિક્ષણ સાહિત્ય.

૭ વ્યાકરણ, ઐતિહાસિક અને તુલનાત્મક.

૮ ગુજરાતી લિપિ તેની ઉત્પત્તિ, વિકાસ, પ્રચાર, તુલના વગેરે.

૯ એક લિપિ અથવા એક ભાષા

૧૦ પરિભાષા, શૈલી, નિબંધ, સમાલોચના, વગેરે

૧૧ અપભ્રંશ અને ગુજરાતી.

૧૨ ગુજરાત અથવા કાઠિયાવાડના કવિઓ, સાક્ષરો અને તેઓનાં જીવનવૃત્તાંતો

૧૩ વર્તમાનપત્રનું સાહિત્ય.

૧૪ ગુજરાતી માસિકો.

(બ) ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજ.

૧ ગુજરાતના ભિન્ન ભિન્ન ધર્મો સંપ્રદાયો અથવા જ્ઞાતિઓ, તેઓનો ઇતિહાસ, વિકાસ, પરિણામ.

૨ હિંદુધર્મ, બૌદ્ધધર્મ, જૈનધર્મ, તેમજ બીજા વિદેશીય ધર્મો: તેઓનો પરસ્પર સંસર્ગ, સંબંધ, પરિણામ.

૩ ગુજરાત કાઠીયાવાડના સાહિત્યમાથી પ્રાપ્ત થતી ગુજરાત કાઠિયાવાડની સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય સ્થિતિ.

૪ રૂઢિયો, તેઓનું સમાજ ઉપર બલાબલ, ઉત્પત્તિ, ઇતિહાસ વગેરે.

૫ સમાજબંધારણ અને વ્યવસ્થા.

૬ ગુજરાત કાઠિયાવાડના સાહિત્યમાંથી પ્રાપ્ત થતું તત્ત્વજ્ઞાન, તેની સમાલોચના.

૭ વેદાન્ત, ન્યાયાદિ જુદાં જુદાં દર્શનો, તેઓની પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની શાખાઓ સાથે સમાલોચના.

૮ પ્રાચીન ગુજરાત કાઠિયાવાડનો વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ, વ્યાપારનાં બંદરો, પ્રસિદ્ધ ગામો અથવા શહેરો વગેરે.

૯ સામાજિક પ્રશ્નો, સુધારાની આવશ્યકતા, તેના ઉપાયો.

૨ ઇતિહાસ વિભાગ.

૧ ગુજરાત કાઠિયાવાડનો વેદ, પુરાણ, મહાભારત, રામાયણાદિમાથી પ્રાપ્ત થતો ઇતિહાસ.

૨ પુરાણાદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થતી ગુજરાત કાઠિયાવાડની ભૌગોલિક મર્યાદા, દેશો પ્રાંતો પર્વતો, નદીઓ, તીર્થો, જાતિઓ—તેઓની ઉત્પત્તિ, ઇતિહાસ વગેરે.

૩ ગુજરાતી સાહિત્ય ઉપરથી અથવા શિક્ષા-

ઓ, તામ્રપત્રો, શિલાલેખો વગેરે ઉપરથી ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ, તેનાં સાધનો વગેરે.
૪ પરદેશી મુસાફરોની નોંધ.
૫ ગુજરાતકાઠિયાવાડના અર્વાચીન ઇતિહાસનો વિકાસ સમાલોચના વગેરે.
૬ ગુજરાતકાઠિયાવાડનાં જૂદાં જૂદાં દેશી રાજ્યો, તેઓનું રાજ્ય બંધારણ, પરસ્પરનો સંબંધ, ગુજરાતની સામાજિક તથા રાજકીય પરિસ્થિતિ ઉપર તેથી થયેલી અસર.
૭ ગુજરાત અથવા કાઠિયાવાડમાં બ્રિટિશ રાજ્યનું બંધારણ.
૮ યુદ્ધકળા અને વ્યૂહરચના.
૯ ચારણી સાહિત્યમાંથી મળી આવતો કાઠિયાવાડ અથવા ભાવનગરનો ઇતિહાસ.
૧૦ રાજનીતિશાસ્ત્ર–પ્રાચીન અને અર્વાચીન.

૩ વિજ્ઞાન કલા વિભાગ.

૧ વિજ્ઞાનના ગુજરાતી સાહિત્યની સમાલોચના.
૨ રસાયનશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, પ્રાણીવિદ્યા વૈદ્યકશાસ્ત્ર માનવતત્ત્વશાસ્ત્ર, જીવનવિદ્યા પુરાણવસ્તુશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, જ્યોતિર્વિદ્યા નીતિશાસ્ત્ર, ખગોળવિદ્યા, પુરાતત્ત્વશાસ્ત્ર, ભુસ્તરવિદ્યા તેમજ
૩ ચિત્રકલા, સંગીતકલા, અભિનયકલા, વાદનકલા, શિલ્પ અને સ્થાપત્યકલા વગેરે તેમજ
૪ ગુજરાત કાઠિયાવાડનાં પ્રાચીન દેવમંદિરો, મહાલયો વગેરે સ્થળોની બાંધણી, ઇતિહાસ વગેરે–તેમજ
૫ ગૃહકળા.

[ઉપર લખેલા વિષયોની સમાલોચના, અન્વેષણ વગેરે]

૪ જૈનસાહિત્ય વિભાગ.

૧ જૈનસાહિત્ય અને તેનો ઇતિહાસ, વિકાસ, સમાલોચના વગેરે
૨ જૈનધર્મ અથવા સાહિત્યની હિંદુસમાજ ઉપર થયેલી અસર, પરસ્પર સંબંધ વગેરે
૩ જૈન દાનવીરો, રાજકુશળ પુરુષો, કવિઓ આચાર્યો–વગેરેનાં જીવનચરિત્રો
૪ જૈન ભૂગોળ, જૈન ઇતિહાસ–હિંદુઓના ઇતિહાસ અથવા ભૂગોળ સાથે સરખામણી, સમાલોચના વગેરે
૫ જૈન દર્શન–તુલનાત્મક
૬ જૈન તીર્થો, ઇતિહાસ, શિલ્પકામ વગેરે.
૭ જૈન સાહિત્ય અને બ્રાહ્મણસાહિત્યની તુલનાત્મક સમાલોચના
૮ જૈનાચાર્યોએ મુસલમાન રાજકર્તાઓ ઉપર કરેલી અસર.

પરિશિષ્ટ અંક ૯

પત્રિકા નં. ૩.

ભાવનગર, સાહિત્યપરિષદ્ કાર્યાલય.
તા. – –૧૯૨ .

શ્રીયુત મહાશય

વિનંતિ કે–પત્રિકા નં. ૩ મા વિનંતી કર્યા મુજબ સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્ આવતા વર્ષના ઇસ્ટરના તહેવારો (તા ૧૮–૧૯–૨૦, એપ્રિલ, ઇ. સ. ૧૯૨૪) મા ભરવાનો ઠરાવ કરવામા આવ્યો છે. તેમજ નિબંધો મોકલવાની છેવટમા છેવટના તા. ૧૫ જાન્યુઆરી ઇ સ. ૧૯૨૪ ની ઠરાવી છે. પરંતુ તે તારીખ પહેલા નિબંધો આવી જાય તો નિબંધ નિરીક્ષક કમિટિને તપાસીને ક્રમવાર ગોઠવવાની સવડતા થઇ શકે; તેટલા માટે આપને જેમ બને તેમ આપનો નિબંધ અને તેનો સંક્ષિપ્ત સાર તા. ૩૧–૧૨–૧૯૨૩ પહેલા નીચે લખેલ શિરનામે મોકલી દેવાની વિનંતિ કરવામા આવે છે. કૃપા કરી અમારી વિનંતી આપના ધ્યાનમા લેશો અને જેમ બને તેમ જલદીથી આપનો નિબંધ મોકલાવવા તસ્દી લેશો. નીચે લખેલ શિરનામે નિબંધો મોકલાવશો.

માનશંકર પીતાંબરદાસ મહેતા }
સાહિત્ય પરિષદ્ કાર્યાલય. **ભાવનગર.** }
હનુમંતરાવ બળવંતરાવ ભીડે.
મંત્રી, નિબંધ નિમંત્રણ કમિટિ

આગામી સાહિત્ય પરિષદે શું કરવું ?

. ––––––––––– ના મેહેરબાન અધિપતિ સાહેબ,

આપણી ગઇ છ સાહિત્યપરિષદે શું સંગીન કામ કર્યું ? એ પ્રશ્ન કોઇ પૂછે તો તેનો જવાબ અસ્તિ પક્ષમાં આપવા પહેલાં ઘણો વિચાર કરવો પડશે એમ અમારો નમ્ર અભિપ્રાય છે. સાતમી પરિષદ્ પણ એ જ પંક્તિમાં મૂકવા યોગ્ય ન થાય તો સારૂં એમ દરેક સાહિત્ય-ભક્ત ઇચ્છતા હશેજ. એ જ ઇચ્છાને પરિણામે નીચેની સૂચનાઓ સરસ્વતીના ઉપાસકોને વિનંતિરૂપે કરવાનું મન થાય છે.

૧ સૌથી મહત્વનું કામ અમને એ લાગે છે. અત્યારે છાપાઓમાં University Reform વિશે ચર્ચા ચાલી રહી છે, તેમા ગુજરાતને માટે સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાનો એક મુદ્દો છે, તે સાહિત્યપરિષદે ઉપાડી લેવો જોઇએ. ગુજરાતને માટેજ એક વિદ્યાપીઠની જરૂરીઆત તો છે તેમાં કોઇ ના પાડતા હશે એમ અમે ધારતા નથી. સાહિત્ય પરિષદ્મા તેની ચર્ચા થવી જોઇએ. કાર્યની વિગતો નક્કી કર્યા પછી વજનદાર વિદ્વાનોની એક કમિટી નીમવી. કમીટીએ મુખ્યતઃ બે કાર્યો કરવા; એક ફંડ ભેગું કરવાનું સરકારના અને ધનિકોના સહાયથી–બીજું, વિદ્યાપીઠ બને તેટલું વહેલું સ્થપાય તે માટે સરકાર સાથે પત્ર વ્યવહાર કરવો, યોજના ઘડવી વિગેરે.

પરિષદ્ જેવી અધિકારી સંસ્થા એ કામ હાથમા ન લે તો બીજું કોણ લઇ શકે ? ગુજરાતી સાહિત્યના વિસ્તારને માટે પણ વિદ્યાપીઠની અત્યંત આવશ્યક છે. અત્યારે વધારે વિગતોમાં ઉતરવા અમે માગતા નથી. જરૂર છે તે સૌને કબુલ હશે જ.

બીજું કાંઇ ન હોય તો પણ આ મહત્ત્વના પ્રશ્નને મૂર્ત સ્વરૂપમાં મૂકવામા સાહાય્ય કરવા ખાતર સર્વ ન્હાના મોટા સાહિત્યકારો પરિષદ્મા હાજરી આપશે એવી આશા રાખીએ તો તે નિષ્ફળ થશે ?

૨. સાહિત્યનો વિસ્તાર ગ્રંથ વૃદ્ધિથી થાય છે. પ્રતિભાયુક્ત ગ્રંથો હુકમથી તૈયાર થતા નથી એ ખરૂ, પરંતુ ઉપયુક્ત ગ્રંથો પ્રતિભા વિના કેવળ ખંત હોય તો નિર્માણ કરી શકાય. એ બીજા પ્રકારના ગ્રંથો તૈયાર કરવાની કોઇ યોજના પરિષદ્ ઘડાવી શકે. અમારા મત પ્રમાણે હાલ ત્રણ જાતના ગ્રંથો પ્રકાશિત કરી શકાય.

अ–અત્યારે સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોનુ ચિકિત્સક દૃષ્ટિથી અધ્યયન કરવું હોય તો અંગ્રેજી વિના બીલકુલ ચાલે નહિ, તેથી ગુજરાતી વાચકોનુ વિદ્યાક્ષેત્ર ઘણુંજ મર્યાદિત રહ્યું છે, અને સાહિત્યનો પ્રસાર અટકયો છે. માટે અમારી સૂચના છે કે સંસ્કૃતાદિ સાહિત્યના શિષ્ટ ગ્રંથો ગુજરાતી પ્રસ્તાવના, ટિપ્પણી અને ભાષાંતર સહિત પ્રકાશિત કરવા. લલિતવાઙ્મય તેમજ શાસ્ત્રીય ગ્રંથો, બધાનુ કાલાંતરે પ્રકાશન થવું જોઇએ દર વર્ષે એકાદ બે ગ્રંથ પરિષદ્ માર્ફત પ્રસિદ્ધ કરવાનું અશક્ય નથી. પરિષદ્‌ની અને વિદ્વાનોની કેવળ ઇચ્છા જોઇએ.

आ-તેમજ અંગ્રેજી ગ્રંથો વિશે અંગ્રેજી સાહિત્યની પ્રસાદી કેવળ ગુજરાતી વાંચકોને શા માટે ન આપવી જોઇએ? તેથી ગુજરાતી સાહિત્યને લાભ થયા વિના રહેશે નહિ.

इ–પૂર્વકાલીન ગુજરાતી સાહિત્યના પ્રકાશન વિશે અમારી કલ્પના આ પ્રમાણે છે. અત્યાર સુધી જેટલા કવિઓ અને લેખકો થઇ ગયા છે તેઓનો સ્વતંત્ર કાવ્યસંગ્રહ કે લેખસંગ્રહ ચિકિત્સક દૃષ્ટિથી શોધીને છાપવો. ગયા પચીસ વરસની અંદર થયેલા ગ્રંથકારો બાદ કરીએ તો ચાલે, પણ એ બાબત ગૌણ છે. અંગ્રેજીમા શેક્સપીઅરની 'વ્હેરીઓરમ' એડિશન છે તેનું ધ્યેય આપણા પ્રકાશકોએ દૃષ્ટિ સામે રાખવું જોઇએ. ગ્રંથના આરંભમાં ચિકિત્સક પ્રસ્તાવના-જેમા ગ્રંથકારનું ઇતિવૃત્ત, સાહિત્યની સમાલોચના વિગેરે આવે-ગ્રંથના પાઠભેદ, અને અન્તે સ્પષ્ટીકરણ માટે ટિપ્પણીઓ એટલા વિષયો ગ્રંથની અંદર આવે. પ્રસ્તાવના જુદી છપાય તો English Men of Letters જેવી 'માલા' પણ થઇ શકે.

૩ રાજકોટની પરિષદ્ વખતે વ્યાખ્યાનમાલાની એક યોજના થઇ હતી, પણ તે અમલમા ન મુકાઇ. અત્યારે તેવી યોજના સફલ ન થાય? રાજકોટની યોજનામાં એક દોષ હતો–અતિ લોભનો. બધાય વિદ્વાનોને એક સામટું નોતરૂ આપવામા આવ્યું હતું, જાણે, એકજ માલામા બધાને ગોઠવીને બીજી માલાની જરૂરી રાખવી નહોતી! અમારી સૂચના એ છે કે ફક્ત જ્ઞાનવૃદ્ધ અનુભવી સાક્ષરોને જ વ્યાખ્યાનો આપવાની વિનંતિ કરવી. દર વરસે ત્રણ વ્યાખ્યાનકારોને ચુટી કાઢવા. જે વિષયોમા તેઓએ ખાસ પ્રાવિણ્ય મેળવ્યું હોય તે વિષયો પર તેઓએ ત્રણથી છ સુધી વ્યાખ્યાનો આપવા. ત્રણ જણે જુદે જુદે ત્રણ સ્થળે વ્યાખ્યાનો આપવા–બે સ્થળો ગુજરાતમા અને એક કાઠિઆવાડમા, તેઓને '**पत्रं पुष्पं फलं तोयं**' (Honorarium) તરીકે પરિષદ્ માર્ફત કાંઇ અપાય તો સારૂ. એવી જાતની વ્યાખ્યાનમાલાઓ દર વરસે ચાલૂ રહે એવી કાંઇક ગોઠવણ કરવી જોઇએ. અને તો તે વ્યાખ્યાનોને પુસ્તક રૂપે છપાવવા જોઇએ જેથી સાહિત્યમાં કાયમનો વધારો થશે.

હાલ તો એટલી સુચનાઓ છે. વધારે અને ઉપયોગી સુચનાઓ આવે તો તેમનો વિચાર જરૂર થશે જ.

સાતમી સાહિત્ય પરિષદ્ કાર્યાલય,	વિઠ્ઠલરાય મહીપતરામ મહેતા.	
બાર્ટન લાઇબ્રેરી ભાવનગર.	હનુમંતરાવ બળવંતરાય ભિડે.	
	માનશંકર પીતાંમ્બરદાસ મહેતા.	સામાન્ય
તા. ૬-૩-૨૪.	રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક.	મંત્રીઓ

પરિશિષ્ટ અંક ૧૦

પત્રિકા નં ૪

સાહિત્યપરિષદ્ ઓફીસ, બાર્ટન લાઇબ્રેરી,
ભાવનગર, તા. ૨-૩-૨૪.

————————————ના મે. અધિપતિસાહેબ.

ભાવનગરમા આવતા ઇસ્ટરના તહેવારો દરમ્યાન સાતમી સાહિત્યપરિષદ્‌ના અધિવેશન સમયે, ગુજરાતી ભાષાના સઘળા પત્રો, દૈનિક, અઠવાડિક, માસિક, વિગેરનું એક પ્રદર્શન કરવાનો ઠરાવ પરિષદ્‌ની કાર્યવાહક સમિતિએ કરેલો છે.

એ પ્રદર્શન ફતેહમંદ થાય તેને માટે આપના સહકારની અમને પુરી જરૂર છે, અને તેને ફતેહમંદ કરવા માટે આપને વિનંતી કરીએ છીએ કે આપના પત્રની છેલ્લા વરસની ફાઇલ અને છેલ્લામા છેલ્લો અંક અમને મોકલી આપવા માટે કૃપા કરશો.

એ ઉપરાંત આપને વિનંતી કરીએ છીએ કે ગુજરાતી વર્તમાનપત્રના સાહિત્યનો કેટલોક ઉપયોગી ઇતિહાસ જાણી શકાય તેટલા માટે આપના પત્ર માટેની નીચેની હકીકત અમને પુરી પાડશો.

૧ માસિકનો હેતુ. ૨ ટુંકો ઇતિહાસ.
૩ કઈ સાલથી નીકળે છે. ૪ સચિત્ર છે કે નહિ.
૫ ગ્રાહકોની સંખ્યા. ૬ લવાજમ.
૭ ખાનગી મદદ મળતી હોય તો તે કેટલી. ૮ ખરચ પુરો થાય છે? હાંસલ રહે છે?
૯ કંઇ ખાસ લેખો. ૧૦ પત્ર ચલાવવામાં નડતી કંઇ ખાસ મુસીબત.
૧૧ આપના પત્રને લગતી કંઇ ખાસ વિશેષ હકીકત.

ઉપરની હકીકત માસિકની ફાઇલો સાથે માર્ચ ૧૫ મી તારીખ સુધી અમને મળી જાય તેવી ગોઠવણ કરશો તો ઘણા આભારી થઇશું.

આપના સેવકો,
માનશંકર પીતાંબરદાસ મહેતા.
રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક.
ગુજરાતી સાતમી સાહિત્ય પરિષદ્‌ના
મંત્રીઓ.

પરિશિષ્ટ અંક ૧૧

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ

પત્રિકા. નં ૫.

તા. ૨૦—૧—૧૯૨૪, રવિવારને રોજ ભાવનગર હાઇસ્કૂલમા રાવબહાદૂર ત્રિભુવન કાલીદાસ ત્રિવેદીના પ્રમુખપણા નીચે સત્કાર મંડળની સાધારણ સભા ભરાઇ હતી. તે સભામા સત્કારમંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખની, સાહિત્ય પરિષદના પ્રમુખ તથા ઉપપ્રમુખની, પેટા વિભાગોના અધ્યક્ષોની તેમજ નિબંધનિરીક્ષક કમિટિના સભ્યોની નિમણુક કરવા, વગેરેનો કાર્યક્રમ રાખ્યો હતો. આરંભમા મહેરબાન **સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબને**, અને **ઓનરેબલ લલ્લુભાઈ સામળદાસ મહેતાને** ઉપપ્રમુખ તરીકે નીમવાનો સર્વાનુમતે ઠરાવ કરવામા આવ્યો હતો.

ત્યારબાદ, સાહિત્યપરિષદના પ્રમુખ તથા ઉપપ્રમુખની નિમણુક કરવાની દરખાસ્ત મૂકવામા આવી. પ્રમુખની પસંદગી કરવાના સંબંધમાં જાહેર પત્રોમા જે જે ચર્ચા થયેલી છે અને કેટલાક ગૃહસ્થોએ ખાનગી પત્રો લખી પોતાના અભિપ્રાયો દર્શાવ્યા છે, તે વિષે મંત્રીઓએ સઘળી હકીકત સ્પષ્ટતાથી અને વિસ્તારપૂર્વક રજુ કરી. રાવબહાદૂર કમળાશંકરભાઇ, સાક્ષરવર્ય આનંદશંકરભાઇ, સાક્ષરવર્ય અરદેશર ફરામજી ખબરદાર, કવિશ્રી નાનાલાલભાઇ, રાવબહાદૂર રમણભાઇ, તથા સાક્ષરવર્ય કનૈયાલાલ માણેકલાલ મુનશી—તેઓમાના દરેકને માટે જે જે કારણો અને દલીલો આપવામા આવી હતી, તેનુ યોગ્ય વિવેચન કરવામા આવ્યુ.

સૂચવાયેલા વિદ્વાનોની તુલનાત્મક પરીક્ષા કરવાની અને તેવી પરીક્ષા કરીને તેમાના હરકોઇ એકને સર્વોત્કૃષ્ટ ઠરાવવા સભાની ઇચ્છા ન હતી, તેમ શક્તિ પણ ન હતી. તેવી પરિસ્થિતિમા દરેક સભ્યને પોતાના અંતઃકરણની રુચિ પ્રમાણે મત આપવાની જરૂર પડી હતી. લાંબા વખત સુધી રસભેર ચર્ચા ચાલ્યા પછી, મત લેવાતા સાક્ષરવર્ય **આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું** નામ પસંદ થયું હતું. અને તેથી તેઓને **પ્રમુખ તરીકે** ચુંટી કઢાયેલા જાહેર કરવામા આવ્યા હતા.

ત્યાર બાદ ઉપપ્રમુખ તરીકે સાક્ષરવર્ય **નાનાલાલ દલપતરામ કવિ**, સાહિત્ય વિભાગના અધ્યક્ષ તરીકે સાક્ષરવર્ય **અરદેશર ફરામજી ખબરદાર**, ઇતિહાસવિભાગના અધ્યક્ષ તરીકે સાક્ષરશ્રી **ખુશાલચંદ તલકચંદ શાહ**, વિજ્ઞાનવિભાગના અધ્યક્ષ તરીકે **કાંતિલાલ છગનલાલ પંડ્યા**, અને જૈન વિભાગના અધ્યક્ષ તરીકે **પંડિત ફતેહચંદ કપૂરચંદ લાલનને** નીમવામા આવ્યા. ઉપપ્રમુખ તરીકે કવિશ્રી નાનાલાલભાઇની સાથે એક મુસલમાન સાક્ષરને નીમવાની કેટલાક ગૃહસ્થોની સૂચના થયા છતા કોઇ પણ સભ્ય તરફથી તેવા મુસલમાન સાક્ષરનું નામ રજુ ન થવાથી, તેમ થઇ શક્યું ન હતું. અગાઉની કોઈ પણ પરિષદમા એક વખત જે સાક્ષર જે કામ માટે નીમાયેલ હોય, તેઓની તે કામ માટે ફરી નિમણુંક કરવી નહિ, એવું ધોરણ રાખવાથી ઇતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે

સાક્ષરવર્ય બળવંતરાય કલ્યાણરાય ઠાકોરને નીમવા કેટલાક સભ્યોની ઇચ્છા હોવા છતા તેઓની તે ઇચ્છા ફલીભૂત થઇ શકી નહિ.

ત્યારપછી, પચીશ સાક્ષરોની નિબંધનિરીક્ષક કમિટિ નીમવામા આવી. જે જે સાક્ષરોને તેમા નીમવામા આવ્યા છે તેઓને જુદા પત્રો લખી મોકલવામા આવ્યા છે. તે કામ થઇ રહ્યા પછી સત્કારમંડળની એક કાર્યવાહકકમિટિ નીમવામા આવી, તેમા ભાવનગરના સ્થાનિક સભ્યોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

ત્યારબાદ, સભ્યો અને પ્રેક્ષકોની પાસેથી લેવાની ફીનો દર નક્કી કરવાનો ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો. સભ્યની રૂ. ૩—૦—૦, સંભાવિત પ્રેક્ષકોની રૂ. ૧૦—૦—૦ પ્રેક્ષકોની રૂ. ૨—૦—૦. વિદ્યાર્થી અથવા સ્ત્રીપ્રેક્ષકની રૂ. ૧—૦—૦, એ પ્રમાણે ફી રાખવામાં આવી છે.

સત્કારમંડળના સભ્યની ફી રૂ. ૧૦—૦—૦ રાખવાનો ઠરાવ તો અગાઉની સભામાં થઇ ગયો છે.

એ પ્રમાણે સાહિત્ય પરિષદ્ના પ્રમુખ, ઉપપ્રમુખ, અધ્યક્ષો વગેરેની નિમણુંકો થઇ ગઇ છે. પરિષદ ભરવાને હવે માત્ર અઢી માસ બાકી રહ્યા છે, છતા અમને બહુ આશ્ચર્ય લાગે છે કે આજ દિવસ સુધીમા અમારી પાસે માત્ર ૧૧ નિબંધો આવી ગયા છે. તે પૈકી પ્રસિદ્ધ લેખકોના તો માત્ર બે ત્રણ નિબંધો જ છે. સાહિત્યપરિષદનું કર્તવ્ય મંત્ર નિબંધલેખન અથવા નિબંધવાચનમા જ પર્યાપ્ત થતું નથી, તે ખરૂં છે. પરંતુ ત્રણચાર વર્ષે ભરાતી સાહિત્યપરિષદમાં જો ઉત્તમોત્તમ નિબંધો ન આવે તો ફરીથી સાહિત્યપરિષદ્ ભરવાની આવશ્યકતા રહેશે કે કેમ તેનો વિચાર ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાનોએ કરવાનો છે. ભાવનગર પોતે તો તે ત્રુટિ પૂર્ણ કરવાને શી રીતે શક્તિમંત હોઇ શકે? ભાવનગર તો વિદ્વાનોને પોતાનું હૃદય અર્પણ કરી શકે, હૃદયપૂર્વક સત્કાર કરી શકે. પરિષદની તેજોવૃદ્ધિનો સઘળો આધાર અતિથિઓની તેજસ્વિતા ઉપરજ છે.

અમે સઘળા સાક્ષરલેખકોને અંતઃકરણપૂર્વક વિનંતિ કરીયે છીએ કે ભાવનગરના સાહસને નિર્વિઘ્ને પાર પાડવાને ખુલ્લા દિલથી તેઓ મદદ કરશે, અને દરેક લેખક પોતાનો નિબંધ જેમ બને તેમ સત્વર અમારી તરફ મોકલવા કૃપા કરશે. જાણે અજાણે અમો જેઓને આમંત્રણ પત્રિકા પહોચડાવી શકયા ન હોઇએ, શિરનામાના અજ્ઞાનથી મોકલ્યા છતા પહોચી ન હોય, તેઓ સઘળા અમને ક્ષમા કરશે, અને સઘળા લેખકો તેમજ સાહિત્યરસિકોને અમો આ પત્રિકાદ્વારા જાહેર આમંત્રણ કરીયે છીએ, તે તેઓ સ્વીકારશે, એવી આશા રાખીએ છીએ.

ભાવનગર, સાહિત્ય પરિષદ કાર્યાલય
તા. ૨૭—૧—૧૯૨૪

માનશંકર પીતાંબરદાસ મહેતા,
રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
મંત્રીઓ.

પરિશિષ્ટ અંક ૧૨

ગુજરાતી સાહિત્ય પરિષદોના અધિકારી વર્ગની યાદી.

(ઇ. સ. ૧૯૦૫ થી ઇ. સ. ૧૯૨૪ સુધી)

પરિષદ અંક	સ્થળ.	વર્ષ.	પરિષદના પ્રમુખો વગેરે	સત્કાર કમિટિના પ્રમુખો વિગેરે	સામાન્ય મંત્રીઓ.
પેહેલી	અમદાવાદ	ઇ. સ. ૧૯૦૫	સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી-પ્રમુખ.		
બીજી	મુંબઇ	ઇ. સ. ૧૯૦૭	સાક્ષરશ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ-પ્રમુખ.	સાક્ષરશ્રી શેઠ પુરુષોત્તમદાસ વિશ્રામ માવજી-પ્રમુખ.	રા. રણજિતરામ વાવાભાઇ રા. હિંમતલાલ ગણેશજી અંજારીયા રા. ઠાકોરલાલ હરિલાલ દેસાઇ.
ત્રીજી	રાજકોટ	ઇ. સ. ૧૯૦૯	સ્વ. સાક્ષરશ્રી અંબાલાલ સાકરલાલ દેસાઇ-પ્રમુખ.	ગોંડળના તે ના. રાણીસાહેબ અ. સૌ. નંદકુંવરબા-પ્રમુખ	રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મેહેતા રા. બલવંતરાય વિજયશંકર છાયા.
ચોથી	વડોદરા	ઇ. સ. ૧૯૧૨	સ્વ. સાક્ષરશ્રી રણછોડભાઇ ઉદયરામ-પ્રમુખ.		

પાંચમી	સુરત	ઇ. સ. ૧૯૧૫	સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા-પ્રમુખ.	રા. રા. મધુવચ્છારામ બળવન્તરામ હોરા—પ્રમુખ. રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી—ઉપપ્રમુખ.	રા. મનહરરામ હરિરામ મહેતા
છઠ્ઠી	અમદાવાદ	ઇ. સ. ૧૯૨૦	રા. બ. રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા-પ્રમુખ. રા. બ. રમણરામ મહીપતરામ નીલકંઠ-સાહિત્ય વિભાગના અધ્યક્ષ. સાક્ષરશ્રી બળવંતરાય કલ્યાણરાય ઠાકોર-ઇતિહાસ વિભાગના અધ્યક્ષ. સાક્ષરશ્રી સાકળચંદ જેઠાલાલ શાહ. વિજ્ઞાન-વિભાગના અધ્યક્ષ.	સાક્ષરશ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ-પ્રમુખ.	રા. રામમોહનરાય જસવંતરાય દેસાઈ. રા. હરિપ્રસાદ વ્રજદાસ દેસાઇ રા ડાહ્યાભાઇ લક્ષ્મણ પટેલ રા. ગટુલાલ ગો પીલાલ ધ્રુ. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ.
સાતમી	ભાવનગર	ઇ. સ. ૧૯૨૪	રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી પ્રમુખ. સાક્ષરશ્રી અરદેશર ફરામજી ખબરદાર સાહિત્ય વિભાગના અધ્યક્ષ સાક્ષરશ્રી ખુશાલ તલકચંદ શાહ-ઇતિહાસ વિભાગના અધ્યક્ષ. સાક્ષરશ્રી કાન્તિલાલ છગનલાલ પંડયા વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ. સાક્ષરશ્રી પંડિત ફતેહચંદ કપૂરચંદ લાલન-જૈન વિભાગના અધ્યક્ષ.	મહેરબાન સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ-પ્રમુખ ઑનરેબલ લલુભાઇ સામળદાસ મહેતા- ઉપપ્રમુખ.	રા. માનશંકર પીતાંબરદાસ મહેતા. રા. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક

પરિશિષ્ટ અંક ૧૩

કારોબારી મંડળ—

મહેરબાન પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ—પ્રમુખ

મહેરબાન ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદી
,, કેપ્ટન જોરાવરસિંહજી સાહેબ
,, ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ મહેતા
,, કાશવજી જમસેદજી સંજાણા સાહેબ
,, જેકિસનદાસ જેઠાભાઇ કણિયા સાહેબ
,, મણિશંકર રત્નજી ભટ્ટ
,, પ્રભુદાસ ભગવાનભાઇ નાગરશેઠ સાહેબ
,, કુંવરજી આણંદજી શાહ
} ઉપપ્રમુખ

રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા
,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક
} સામાન્ય મંત્રીઓ

,, ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા
,, વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા
,, ગુલાબરાય ગોવિંદરામ દેશાઇ
,, હનુમંતરાવ બળવંતરાવ ભીડે સાહેબ
,, વૃંદાવનદાસ રઘુભાઇ ઠક્કર
,, નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ
,, ગિરિજાશંકર ભગવાનજી બધેકા
,, બરજોરજી અરદેશર એંડી સાહેબ
,, પાનાચંદ જેચંદ મહેતા
,, પીંગળશી પાતાભાઇ રાજકવિ
,, બાલુભા પથુભા રાયજાદા
,, નારૂભા સાહેબ
,, મોતીચંદ ઝવેરચંદ મહેતા
,, મણિલાલ હરિલાલ મહેતા
,, મણિશંકર જયાનંદ ભટ્ટ
,, મણિલાલ મગનલાલ પારેખ
,, કપિલરાય ભૂપતરાય મહેતા
,, દોલતરાય સાકરલાલ મહેતા
,, કપિલરાય પરમાનંદદાસ
,, ઘનશ્યામલાલ રતિલાલ વોરા
,, ઇંદુલાલ બાપાલાલ મહેતા
,, વિઠ્ઠલદાસ ખીમજી પટેલ

,, મહાસુખરાય જટાશંકર વ્હોરા
,, ડાક્તર સાહેબ પુરુષોત્તમરાય વિનાયકરાય કાણેસાહેબ
,, ગુલાબચંદ આણંદજી શાહ
,, કુંવરજી મૂળચંદ શાહ
,, રવિશંકર મહાશંકર રાવળ
,, ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા
,, કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી
,, વલ્લભદાસ ફતેમચંદ પારેખ
,, ચંદ્રપ્રસાદ હરિપ્રસાદ પંડ્યા
,, રતિલાલ જગન્નાથ જાની
,, હિમતરાય દોલતરાય મહેતા
,, મનુભાઇ અનુપરામ પંડ્યા
,, વલ્લભદાસ ત્રિભુવનદાસ
,, જૂઠાભાઇ સાકરચંદ વોરા
,, ગિરધર ગોરધનદાસ વ્હોરા
,, જમનાદાસ અમરચંદ ગાંધી
,, જગજીવન અમરચંદ વ્હોરા
,, વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ
,, કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
,, રણછોડભાઇ ઉદયરામ
,, નૃસિંહરાવ ભોળાનાથ દીવેટિયા
,, હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા
,, રમણભાઇ મહીપતરામ નીલકંઠ
,, હીરાલાલ ત્રિભુવન પારેખ
,, કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા

(ઉપરના સાત) હુદ્દાની રૂહએ

પરિશિષ્ટ અંક ૧૪

ભંડોળ સમિતિ

મહેરબાન પ્રભુદાસ ભગવાન નગરશેઠ સાહેબ
,, બરજોરજી અરદેશર એંગીસાહેબ } મંત્રીઓ
,, ગુલાબરાય ગોવિંદરામ દેશાઈ } મંત્રીઓ
,, મણિલાલ મગનલાલ પારેખ } મંત્રીઓ
,, ઇંદુલાલ બાપાલાલ મહેતા —તીજોરર
,, ગુલાબચંદ આણંદજી શાહ —હીસાબી
,, ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા } હીસાબ તપાસનારાઓ
,, કુંવરજી આણંદજી શાહ } હીસાબ તપાસનારાઓ
,, વૃંદાવનદાસ રઘુભાઇ ઠક્કર } હીસાબ તપાસનારાઓ
,, વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા
,, ગિરજાશંકર ભગવાનજી વહોરા
,, મોતીચંદ ઝવેરચંદ મહેતા
,, કપિલરાય ભૂપતરાય મહેતા
,, ઘનસ્યામલાલ રતિલાલ વહોરા
,, દોલતરાય સાકરલાલ મહેતા
,, મણિલાલ હરિલાલ મહેતા
,, મહાસુખરાય જટાશંકર વહોરા
,, મણિશંકર જયાનંદ ભટ્ટ
,, રતિલાલ જગન્નાથ જાની
,, મનુભાઇ અનુપરામ પંડ્યા
,, વલ્લભદાસ ત્રિભુવનદાસ
,, જૂઠાભાઇ સાકરચંદ વહોરા
,, ગિરધર ગોરધન વહોરા
,, જમનાદાસ અમરચંદ ગાંધી
,, જગજીવન અમરચંદ વહોરા
,, શાંતિલાલ ચુનીલાલ મહેતા
,, નારૂભા સાહેબ
,, બાલુભા પથુભા રાયજાદા સાહેબ
,, હિંમતરાય દોલતરાય મહેતા
,, ડૉ. પુરુષોત્તમરાય વિનાયકરાવ કાણેસાહેબ
,, માનશંકર પીતાંબરદાસ મહેતા } મંત્રીઓ
,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક } મંત્રીઓ

પરિશિષ્ટ અંક ૧૫

નિબંધ નિમંત્રણ સમિતિ

૧ પત્રવ્યવહાર વિભાગ.

રા. રા. શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ
,, શ્રી જેકિસનદાસ જેઠાભાઇ કણિયા સાહેબ
,, શ્રી વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા
,, શ્રી હનુમંતરાવ બળવંતરાવ ભીડે સાહેબ—મંત્રી
,, શ્રી કુંવરજી આણંદજી શાહ
,, શ્રી વિઠ્ઠલદાસ ખીમજી પટેલ
,, શ્રી કુંવરજી મૂળચંદ શાહ
,, શ્રી નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ
,, શ્રી ગિરિજાશંકર ભગવાનજી બધેકા
,, શ્રી ભાનુશંકર માનશંકર મહેતા
,, શ્રી હિંમતરાય ગુલાબરાય દેસાઇ
,, શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા
,, શ્રી બળવંતરાય માણેકલાલ મહેતા
,, શ્રી કૃષ્ણપ્રસાદ શંકરપ્રસાદ મહેતા

૨ પ્રકાશન વિભાગ.

રા. રા. કપિલરાય પરમાનંદદાસ ઠક્કર—મંત્રી
,, નવિનચંદ્ર રતિલાલ મહેતા
,, મુનિકુમાર મણિશંકર ભટ્ટ
,, લાભશંકર લક્ષ્મીશંકર મહેતા
,, માનશંકર પીતાંબરદાસ મહેતા } સામાન્ય મંત્રીઓ હુદ્દાની રૂએ
,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક }

પરિશિષ્ટ અંક ૧૬

નિબંધ નિરીક્ષણ સમિતિ.

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
રા. રા. ખુશાલચંદ તલકચંદ શાહ
,, કાંતિલાલ છગનલાલ પંડ્યા
,, પંડિત ફતેહચંદ કપૂરચંદ લાલન
,, કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
,, રમણભાઈ મહીપતરામ નીલકંઠ
,, હીરાલાલ ત્રિભુવન પારેખ
,, કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા
,, હરિલાલ માધવજી ભટ્ટ
,, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
,, મટુભાઈ હરગોવિંદદાસ કાંટાવાળા
,, અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી
,, કાવસજી જમસેદજી સંજાણા સાહેબ
,, બરજોરજી અરદેશર એંટી સાહેબ
,, વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા
,, હનુમંતરાય બળવંતરાવ ભીડે સાહેબ
,, કુંવરજી આણંદજી શાહ
,, નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ
આચાર્યશ્રી જિનવિજયજી
રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા }
,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક } મંત્રીઓ

પરિશિષ્ટ અંક ૧૭

વિશિષ્ટ સમિતિઓ

૧ સ્વાગત સમિતિ

મહેરબાન કૃષ્ણચંદ્રસિંહજી
,, કેપ્ટન જોરાવરસિંહજી—મંત્રી
,, ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા
,, મંચેરશાહ દોરાબજી ઉમરીગર
,, કુંવરજી આણંદજી શાહ
,, રાજકવિ પીંગળશી પાતાભાઇ ગઢવી.
,, સામાન્ય મંત્રીઓ, હુદ્દાની રૂઇએ.

૨ મંડપ સમિતિ

મહેરબાન વલ્લભદાસ ઉત્તમચંદ પટેલ
,, મણિલાલ પરમાનંદદાસ પટેલ
,, કપિલરાય ભૂપતરાય મહેતા
,, ગોપાલજી ઓધવજી ઠક્કર
સામન્ય મંત્રીઓ-હુદ્દાની રૂઇએ

૩ ટિકિટ વ્યવસ્થાપક સમિતિ

,, રતિલાલ જગન્નાથ જાની—મંત્રી
,, મણિલાલ પરમાનંદદાસ
,, કપિલરાય ભૂપતરાય મહેતા
,, ગોપાલજી ઓધવજી ઠક્કર
,, મણિલાલ જીવનરામ જોષી
,, વૃંદાવન રઘુભાઇ ઠક્કર

૪ પત્ર પ્રદર્શન સમિતિ

,, હનુમંતરાવ બળવંતરાવ બાડે સાહેબ—મંત્રી
,, વિદ્યાશંકર ઇચ્છાશંકર દવે
, મણિલાલ જીવરાજ દોશી
,, જયન્તશ્યામ વરલનિવાશી
,, વલ્લભદાસ ત્રિભુવનદાસ
,, ભાનુશંકર માનશંકર મહેતા.

૫ પ્રકાશન સમિતિ

,, કપિલરાય પરમાનંદદાસ ઠક્કર } મંત્રીઓ
,, મુનિકુમાર મણિશંકર ભટ્ટ }

,, નવીનચંદ્ર રતિલાલ મહેતા
,, ફરામજી ખરસેદજી કોયાજીલ્ડર
,, ચિનુભાઇ શંકરપ્રસાદ દેશાઇ
,, ગૌરીશંકર કુબેર જોષી
,, કુંવરજી આણંદજી શાહ
,, વલ્લભદાસ ત્રિભુવનદાસ
,, સામાન્ય મંત્રીઓ-હુદ્દાની રૂએ

૬ સ્વયંસેવકયોજક સમિતિ

૧ રા. રા. શ્રી વીરેન્દ્રરાય ચંદ્રપ્રસાદ દેશાઇ
૨ ,, સુખવંતરાય શિવજીભાઇ મહેતા
૩ ,, શિવપ્રસાદ કરુણાશંકર બુચ
૪ ,, સંતોષરામ પ્રેમજી ભટ્ટ
૫-૬ ,, સામાન્ય મંત્રીઓ.

પરિશિષ્ટ અંક ૧૮

કાર્યવાહક સમિતિ

મહેરબાન ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદી-પ્રમુખ
,, લલુભાઇ સામળદાસ મેહેતા
,, કૃષ્ણચંદ્રસિંહજી
,, કેપ્ટન જોરાવરસિંહજી
,, પ્રભુદાસ ભગવનભાઇ નગરશેઠ
,, કેશવલાલ ગિરિધરલાલ ત્રિવેદી
,, કાવસજી જમસેદજી સંજાણા સાહેબ
,, બરજોરજી અરદેશર એંટી સાહેબ
,, ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા—હીસાબ તપાસનાર
,, ભાસ્કરરાય વિઠ્ઠલદાસ મહેતા
,, વીરેન્દ્રરાય ચંદ્રપ્રસાદ દેશાઇ
,, ત્રિકમલાલ કશાભાઇ
,, વિઠ્ઠલરાય મહીપતરાય મહેતા
,, ગુલાબરાય ગોવિન્દરામ દેશાઇ
,, મણિલાલ હરિલાલ મહેતા
,, દોલતરાય સાકરલાલ મહેતા
,, હનુમંતરાવ બળવંતરાય ભીડે સાહેબ
,, કુંવરજી મૂળચંદ શાહ
,, મણિશંકર જયાનંદ ભટ્ટ
,, રતિલાલ જગનાથ જાની
,, વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ
,, મણિલાલ મગનલાલ પારેખ
,, નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ
,, ગિરિજાશંકર ભગવાનજી બધેકા
,, કપિલરાય પરમાનંદદાસ ઠક્કર
,, જૂઠાભાઈ સાકરચંદ વ્હોરા
,, અમૃતલાલ દલપતરામ શેઠ
,, ગોપાળજી ઓધવજી ઠક્કર
,, રાજકવિ પીંગળશી પીતાભાઇ ગઢવી
,, શેઠ વલ્લભદાસ ત્રિભુવનદાસ
,, શા. ફત્તેહચંદ ઝવેરભાઇ
,, કુંવરજી આણંદજી શાહ—હીસાબ તપાસનાર
,, કપિલરાય ભૂપતરાય મહેતા
,, બાલુભા રાયજાદા સાહેબ
,, ગુલાબચંદ આણંદજી શાહ-હીસાબી
,, માનશંકર પીતાંબરદાસ મહેતા } મંત્રીઓ.
,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક }
,, ઈંદુલાલ બાપાલાલ મહેતા—તીજોરર.

પરિશિષ્ટ અંક ૧૯

ભાવનગર સાહિત્ય પરિષદના સભાસદોની યાદી.

૧ રા. રા. વિષ્ણુપ્રસાદ રણછોડજી ત્રિવેદી
૨ „ „ પ્રો. કાળીદાસ લલુભાઇ
૩ „ „ વકીલ શામજી શવજી વીરાની
૪ „ „ કંટ્રાકટર મોહનલાલ પુરુષોત્તમદાસ
૫ „ „ ઠક્કર રણછોડદાસ ગોપાલજી
૬ „ „ બાલચંદ્ર નાનુભાઇ ઓઝા
૭ „ „ ભરતરામ ભાનુસુખરામ મહેતા
૮ „ „ ભાનુસુખરામ નિર્ગુણરામ મેહેતા
૯ „ „ પીરોજશાહ પાલનજી ડમરી
૧૦ „ „ પ્રાણજીવન ભાઇશંકર આચાર્ય
૧૧ „ „ રવિશંકર ભોળાનાથ યાજ્ઞિક
૧૨ „ „ જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળ
૧૩ „ „ જયસુખરાય પુરુષોત્તમરાય જોષીપરા
૧૪ „ „ ગોકુલદાસ દ્વારકાદાસ રાયચૂરા
૧૫ „ „ મણિશંકર રત્નજી ઉપાધ્યાય
૧૬ „ „ શિવપ્રસાદ દલપતરામ પંડિત
૧૭ „ „ નારણજી પુરુષોત્તમ સાગાણી
૧૮ „ „ રવિશંકર વલ્લભજી આચાર્ય
૧૯ „ „ ત્ર્યંબકનાથ શિવનાથ વ્યાસ
૨૦ „ „ ડાહ્યાભાઇ પી. દેરાશ્રયી
૨૧ „ „ મૂલજીભાઇ જગજીવન ત્રિવેદી
૨૨ „ „ પુરુષોત્તમદાસ હીરજીભાઇ જોષી
૨૩ „ „ નારણભાઇ લાધાભાઇ વિઠ્ઠલાણી
૨૪ „ „ મોહનલાલ શંકરભાઇ મહેતા
૨૫ „ „ ભાઇશંકર કુબેરજી શુક્લ
૨૬ „ „ પ્રાણજીવન લાલજી જોષી
૨૭ „ „ પ્રભુદાસ સુંદરજી
૨૮ „ „ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
૨૯ „ „ ચંદ્રવદન મહેતા
૩૦ „ „ જી. એલ. ધીવાળા
૩૧ „ „ અનિલ
૩૨ „ „ જી. એચ. મુખી
૩૩ „ „ દેવચંદ શામજી

૩૪ ,, પરમાનંદદાસ મોતીલાલ
૩૫ ,, દેવશંકર કાળીદાસ
૩૬ ,, હરિચંદ છગનલાલ વકીલ
૩૭ ,, અમૃતલાલ દેવરામ
૩૮ ,, નગીનદાસ ગિરિધરલાલ
૩૯ ,, ભગુભા નથુભા
૪૦ ,, હસનઅલી શરીફભાઇ
૪૧ ,, રજબઅલી ખાનમેહમદ
૪૨ ,, જાફરભાઇ સબુરભાઇ
૪૩ ,, હસન શરીફભાઇ
૪૪ ,, નર્મદાશંકર મુરારજી
૪૫ ,, બચુભાઇ રાવત
૪૬ ,, કેશવજી પરમાર
૪૭ ,, સવાઇલાલ છોટાલાલ
૪૮ ,, કલ્યાણરાય નથુભાઇ જોષી
૪૯ ,, વિશ્વનાથ મગનલાલ બુચ
૫૦ ,, મહાસુખરાય જટાશંકર
૫૧ ,, પંડિત લાલચંદ ભગવાનદાસ
૫૨ ,, છોટાલાલ હ. વહોરા
૫૩ ,, મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા
૫૪ ,, સામળદાસ પરમાનંદદાસ
૫૫ ,, ભાઇશંકર અંબાશંકર ત્રિવેદી
૫૬ ,, અમૃતલાલ મોતીલાલ
૫૭ ,, ટી. સી. ખાંડવાળા
૫૮ ,, ઘનશ્યામલાલ રતિલાલ વ્હોરા
૫૯ ,, અજિતરાય વિઠ્ઠલરાય મહેતા
૬૦ ,, જમનાદાસ અમરચંદ
૬૧ ,, જેઠલાલ પ્રભુદાસ
૬૨ ,, શાંતિલાલ સારાભાઇ ઓઝા
૬૩ ,, કરુણાશંકર જયશંકર
૬૪ ,, અમૃતલાલ લક્ષ્મીદાસ
૬૫ ,, રૂસ્તમજી બાલા
૬૬ ,, નર્મદાશંકર સુખદેવ
૬૭ ,, હેમુ સુખદેવ
૬૮ ,, પી. ડી. મહેતા

૬૯ ,, મનહરરાય રૂપશંકર
૭૦ ,, જયાનંદ સંતોષરામ
૭૧ ,, કમળાશંકર પ્રાણશંકર
૭૨ ,, ભાઇચંદ વીરજી
૭૩ ,, છગનલાલ ભાવજી
૭૪ ,, ખીમચંદ ધારશી
૭૫ ,, વામનરાય રતનલાલ
૭૬ ,, પ્રીતમરાય વ્રજરાય દેશાઇ
૭૭ ,, જયન્તીલાલ શિવલાલ
૭૮ ,, નિહાલચંદ લક્ષ્મીચંદ
૭૯ ,, મણિલાલ વ્રજલાલ
૮૦ ,, ચાંપશી ગુલાબચંદ
૮૧ ,, જેઠાલાલ હરજીવન
૮૨ ,, રણજિતભાઇ
૮૩ ,, ભિક્ષુ અખંડાનંદજી
૮૪ ,, ત્ર્યંબકલાલ
૮૫ ,, રમણલાલ ચુનિલાલ
૮૬ ,, ભીખાભાઇ કુબેરભાઇ
૮૭ ,, મોતીભાઇ નરસિંહભાઇ અમીન
૮૮ ,, વીરચંદ ધનજી
૮૯ ,, જટાશંકર નથુરામ
૯૦ ,, ચમનલાલ ઝવેરચંદ
૯૧ ,, હેમચંદભાઇ રામજીભાઇ
૯૨ ,, મણિલાલ હેમચંદ
૯૩ ,, રતિલાલ ગોવર્ધન
૯૪ ,, જાદવજી ઝવેરભાઇ
૯૫ ,, મોહનલાલ
૯૬ ,, રામલાલ ચુનિલાલ મોદી
૯૭ ,, શિવજીભાઇ
૯૮ ,, ગટુલાલ ગોપીલાલ ધ્રુ
૯૯ ,, કુંવરજી આણંદજી શાહ
૧૦૦ ,, પરમાનંદ કુંવરજી શાહ
૧૦૧ ,, અનોપચંદ હરિભાઇ
૧૦૨ ,, મોહનલાલ દેશાઇ
૧૦૩ ,, હીરાલાલ અમૃતલાલ શાહ
૧૦૪ ,, ચુનિલાલ લવજી

૧૦૫ ,, બાયાલાલ છોટાલાલ ઠક્કર
૧૦૬ ,, જે. કે. કાબરાજી
૧૦૭ ,, રમણલાલ વસંતરાય દેસાઈ
૧૦૮ ,, મીસીસ કાબરાજી
૧૦૯ ,, અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી
૧૧૦ ,, મોહનલાલ પાર્વતીશંકર દવે
૧૧૧ ,, રાજેન્દ્રરાય સોમનારાયણ દલાલ
૧૧૨ ,, વ્યોમેશચંદ્ર જનાર્દન પાઠક
૧૧૩ ,, અનંતકૃષ્ણ હરિકૃષ્ણ દવે
૧૧૪ ,,
૧૧૫ ,, અમૃતલાલ એલ. ઠક્કર
૧૧૬ ,, નન્દનાથ કેદારનાથ દીક્ષિતજી
૧૧૭ ,, હીરાલાલ અમૃતલાલ
૧૧૮ ,,
૧૧૯ ,, મોતીચંદ ગિરધર કાપડીયા
૧૨૦ ,, સન્મુખલાલ પંડયા
૧૨૧ ,, હરિલાલ માધવજી ભટ્ટ
૧૨૨ ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ
૧૨૩ ,, મણિલાલ એમ. મહેતા
૧૨૪ ,, ગુલાબચંદ આણંદજી શાહ
૧૨૫ ,, કૃષ્ણલાલ મોહનલાલ
૧૨૬ ,,

ટિપ્પણ:—ખાલી આસનવાળા નંબરોની ટીકીટ ધરાવનારાઓનાં નામો જણાયા નથી, તેથી અહીં લખવામાં આવ્યાં નથી.

હુદ્દાની રૂએ.

૧૨૭ ,, રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. માજી પરિષદ પ્રમુખ
૧૨૮ ,, રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ સાહિત્ય, પ. મં. ના મંત્રી
૧૨૯ ,, અરદેશર ફરામજી ખબરદાર—સાહિત્ય વિભાગના અધ્યક્ષ
૧૩૦ ,, કાંતિલાલ છગનલાલ પંડયા—વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ
૧૩૧ ,, પંડિત લાલન —જૈન વિભાગના અધ્યક્ષ
૧૩૨ ,, હીરાલાલ ત્રિભુવન પારેખ—સાહિત્ય પ. મં. ના મંત્રી
૧૩૩ ,, સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી—સત્કાર મંડળના પ્રમુખ
૧૩૪ ,, ઓ. લલ્લુભાઇ સામળદાસ મહેતા— ,, ઉપપ્રમુખ
૧૩૫ ,, માનશંકર પીતામ્બરદાસ મહેતા } સાથાઓન્ય. મંત્રી
૧૩૬ ,, રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક }

૧૩૭	,,	પ્રો. હનુમંતરાય બળવંતરાય બીડેસાહેબ	અન્ય મંત્રીઓ (પેટા સમિતિઓના)
૧૩૮	,,	ગુલાબરાય ગોવિન્દરામ દેસાઇ	
૧૩૯	,,	કેપ્ટન જોરાવરસિંહ	
૧૪૦	,,	રતિલાલ જગન્નાથ જાની	
૧૪૧	,,	કપિલરાય પરમાનંદદાસ ઠક્કર	
૧૪૨	,,	મણિલાલ પરમાનંદદાસ	
૧૪૩		મનિકુમાર મણિશંકર ભટ્ટ	

પરિશિષ્ટ અંક ૨૦

રાજ્યો તથા સંસ્થાઓના પ્રતિનિધિઓની યાદી.

૧ વડોદરાના નામદાર ગાયકવાડ સરકારના રાજ્ય તરફથી—

રા. રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત
,, મોતીભાઇ નરસિંહભાઇ અમીન
,, અતિસુખશંકર કમલાશંકર ત્રિવેદી
,, મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા
,, જયસુખરામ પુરુષોત્તમરાય જોષીપુરા
,, ભાનુસુખરામ નિર્ગુણરાય મહેતા
,, કલ્યાણરાય નથુભાઇ જોષી
,, રમણલાલ વસંતરાય દેસાઇ

૨ પાલીતાણાના રાજ્ય તરફથી

રા. રા. મણિલાલ વ્રજલાલ વછરાજાની
,, દેવશંકર કાળીદાસ ભટ્ટ
,, ચાપશી ગુલાબચંદ શાહ
,, જેઠાલાલ હરજીવન મહેતા

૩ અમદાવાદ સાહિત્ય સભા તરફથી

રા. રા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ
,, શંકરરાય અમૃતલાલ સહીયડ
,, ચુનીલાલ શાહ
,, જયન્તીલાલ સી. કવિ
,, ડાહ્યાભાઇ પટેલ
,, સોમેશ્વર સી. પંડયા
,, રણજિતભાઈ ડાહ્યાભાઇ દેરાશ્રયી
રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
,, રમણભાઇ મહીપતરામ નીલકંઠ
,, ડાહ્યાભાઇ પી. દેરાશ્રયી
,, પ્રીતમરાય વ્રજરાય દેસાઇ
,, હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ
,, ચુનિલાલ વર્ધમાન શાહ
,, જેઠાલાલ ગોવર્ધન શાહ

૪ મુંબાઇ સાહિત્ય સંસદ તરફથી

રા. રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય
,, જન્મશંકર મહાશંકર બુચ
,, ગોકુલદાસ દ્વારકાદાસ રાયચૂરા

૫ મુંબાઇ જ્ઞાનપ્રચારક મંડળ તરફથી

,, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
,, રૂસ્તમજી નાનાભાઇ રાણીના

૬ ભરૂચ સાહિત્ય સભા તરફથી

રા. રા. છટુલાલ ગોપીલાલ ત્રિ

„ વિશ્વનાથ એમ. ભટ્ટ

૭ ગુજરાત કૉલેજ તરફથી

રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુ

૮ સુરત સાર્વજનિક કૉલેજ તરફથી

રા. રા. જયેન્દ્રરાવ ભગવાનલાલ દુરકાળ

૯ વૉટસન મ્યુઝીયમ-રાજકોટ-તરફથી

રા. રા. દત્તાત્રેય બાલકૃષ્ણ ડીસ્કલકર

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

—પરિષદના મહેરબાન પ્રમુખ સાહેબ

મહેરબાન પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ

—સત્કાર મંડળના પ્રમુખ સાહેબ

મહેરબાન રમણભાઇ મહીપતરામ નીલકંઠ

મહેરબાન લલ્લુભાઇ સામળદાસ મહેતા

—સત્કાર મંડળના ઉપપ્રમુખ

પરિશિષ્ટ અંક ૨૧

વિષય વિચારિણી સમિતિમાં હાજર રહેલા સભ્યોની યાદી

રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા
,, હિરાલાલ ત્રિભોવનદાસ પારેખ
,, અરદેશર ફરામજી ખબરદાર
,, જયસુખરાય પુરુષોત્તમરાય જોષીપુરા
,, જયેન્દ્રરાય ભગવાનલાલ દુર્કાળ
,, રાજેન્દ્ર સોમનારાયણ દલાલ
,, અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.
,, મટુભાઇ હરગોવનદાસ કાંટાવાળા
,, વામનરાવ રતનલાલ ધોળકીઆ
,, મોહનલાલ પાર્વતીશંકર દવે
,, વ્યોમેશચંદ્ર જનાર્દન પાઠકજી
,, છોટાલાલ હરજીવન બ્હોરા
,, મંજુલાલ રણછોડદાસ મજમુદાર
,, સન્મુખલાલ ઝવેરીલાલ પંડયા
,, અનંતકૃષ્ણ હરિકૃષ્ણ દવે
,, ભાઇશંકર કુબેરજી શુકલ
,, કલ્યાણરાય નથુભાઇ જોષી
,, વિશ્વનાથ મગનલાલ ભટ્ટ
,, પ્રાણજીવન જોષી
,, શામળદાસ ત્રિભોવનદાસ ગાંધી
,, મૂળજીભાઇ જગજીવનદાસ ત્રિવેદી
,, રવિશંકર ભોળાનાથ યાજ્ઞિક
,, કાન્તિલાલ છગનલાલ પંડયા
,, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
,, ચંદ્રવદન ચમનલાલ મહેતા
,, કુંવરજી આણંદજી શાહ
,, ડૉ. ટી. સી. ખાંડવાળા
,, મોતીચંદ ગિરધર કાપડીયા
,, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
,, પ્રીતમરાય વ્રજરાય દેસાઇ
,, નન્દનાથ કેદારનાથ દીક્ષિત
,, ભરતરામ ભાનુસુખરામ મહેતા

,, સુમન્ત મહેતા
,, હનુમંતરાવ બળવંતરાવ ભીડે
,, મોકળદાસ દ્વારકાદાસ રાયચુરા
,, રામલાલ ચુનીલાલ મોદી
,, ચુનીલાલ વર્ધમાન શાહ
,, શાન્તિલાલ સારાભાઇ ઓઝા
,, શિવપ્રસાદ દલપતરામ પંડિત
,, વિઠ્ઠલદાસ ખીમજી પટેલ
,, પોપટલાલ ગોવિંદલાલ શાહ
,, ગુલાબચંદ આણંદજી
,, રવિશંકર વલ્લભજી આચાર્ય
,, જમનાદાસ અમરચંદ ગાંધી
,, ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની
,, નારણજી પુરુષોત્તમ સાંગાણી
,, જેઠાલાલ પરભુદાસ પારેખ
,, ચુનીલાલ લવજી કપાશી
,, જયન્તિલાલ શિવલાલ કવિ
,, સવાઇલાલ છોટાલાલ મહેતા
,, પ્રાણજીવન વાલજી જોષી
,, પ્રભુદાસ સુંદરજી નંદાણી
,, શિવજીભાઇ
,, રમણલાલ વસંતરાય દેસાઇ
,, મોહનલાલ દલીચંદ દેસાઇ
,, રૂપશંકર ઉદયશંકર ઓઝા
,, ભાઇશંકર અંબાશંકર
,, પુરુષોત્તમ હીરજી જોષી
,, મોહનલાલ શંકરલાલ મહેતા
,, જી. એચ. સુખી
,, કુરજીભાઇ
,, રજબઅલી ખાનમામંદ
,, ગુલામહુશેન ટી. અનિલ
,, હીરાલાલ અમૃતલાલ શાહ
,, પરમાણંદદાસ કુંવરજી
,, કપિલરાય પરમાણંદદાસ ઠક્કર
,, રતિલાલ જગન્નાથ જાની

પરિશિષ્ટ અંક ૨૨

સત્કાર ફંડમાં ભાવનગરના જે ગૃહસ્થોએ નાણાં ભર્યા તેઓની યાદી.

રૂા. ૪૦૦) મહેરબાન સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ.
૧૨૫) ,, પ્રભુદાસ ભગવાનભાઇ નગરશેઠ સાહેબ
૧૦૦) ન્યુ જહાંગીર મીલ્સ તરફથી—ભાવનગર
૧૦૦) ન્યુ જહાંગીર મીલ્સ તરફથી—અમદાવાદ
૭૫) મહેરબાન ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદી
૭૧) ,, શેઠ નરોત્તમ ભાણજી
૭૧) ,, હરિભાઇ વિજયશંકર ઓઝા
૭૧) ,, શેઠ કુંવરજી આણંદજી શાહ
૬૧) ,, વીરેન્દ્રપ્રસાદ ચંદ્રપ્રસાદ દેશાઇ
૫૧) કોટન એસોસીએશન તરફથી
(શેઠ મકનદાસ તથા શેઠ રણછોડભાઇ)
૫૧) મહેરબાન પોપટભાઇ કાળીદાસ ચાહવાળા
૫૧) ,, શેઠ મગનલાલ નાનાભાઈ પારેખ
૫૦) ,, ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા
૫૦) ,, ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ મહેતા
૪૧) ,, દિનશા બમનજી
૪૧) ,, હિરાલાલ અમૃતલાલ શાહ
૩૫) ,, ઇન્દુલાલ બાપાલાલ મહેતા
૩૫) ,, શાન્તિલાલ ચુનીલાલ મહેતા
૩૫) ,, કુબેરદાસ કલ્યાણજી
૩૧) ,, રતિલાલ કે. મોદી
૨૫) ,, જોરાવરસિંહ હરિસિંહજી
૨૫) ,, કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી
૨૫) ,, કાવસજી જમશેદજી સંજાણા
૨૫) ,, બરજોરજી અરદેશર એંટી
૨૫) ,, જોરાવરસિંહજી કેસરીસિંહજી
૨૫) ,, મણિલાલ છગનલાલ બક્ષી
૨૫) ,, જીવરાજ દેવચંદ
૨૫) ,, નૃસિંહપ્રસાદ ધરણીધરદાસ દેસાઇ
૨૫) ,, છોટાલાલ પીતાંબરદાસ
૨૫) ,, જુઠાભાઇ સાકરચંદ વ્હોરા
૨૧) ,, શેઠ નથુભાઇ ફીરપારામ
૧૦) ,, શેઠ સાહેબ મુસાભાઇ અલાદીન

૧૮૨૬) કુલ રૂપિયા ૩૨

પરિશિષ્ટ અંક ૨૩

સત્કાર ફંડમાં ભાવનગર રાજ્યના મુંબઇમાં વસતા જે ગૃહસ્થોએ નાણાં ભર્યાં તેઓની યાદી.

રા. ૫૦૧) મહેરબાન દ્વારકાદાસ ત્રિભોવનદાસ
૫૦૧) „ લક્ષ્મીદાસ દામોદરદાસ
૨૫૧) „ વ્રજલાલ ભગવાનદાસ ગાંધી
૨૫૧) „ મોતીચંદ ગિરધર કાપડીયા
૨૫૧) „ ચતુર્ભૂજ જીવણ તથા હરગોવનદાસ જીવણભાઇ
૨૫૧) „ ત્રિકમદાસ પુરુષોત્તમદાસ
૨૫૧) „ પ્રેમચંદ ત્રિભોવનદાસ (નરોતમ ભાણજી)
૨૫૧) „ હરિદાસ નાગજી
૨૫૧) „ દોસ્તમહમદ મનજીભાઇ
૨૦૧) „ વિશ્વેશ્વર માણેકલાલ ઉર્ફે ભાઇદાસભાઇ
૧૫૧) „ મૂળજીભાઇ વલ્લભજી
૧૨૫) „ જગજીવનદાસ ઉજમશી
૫૧) „ વિઠલદાસ છગનલાલ લોઢાવાળા
૫૧) , ગિરજાશંકર ભગવાનજી ત્રિવેદી
૫૧) „ છગનલાલ હંસરાજ
૫૧) „ શાન્તિલાલ પરમાણંદદાસ
૫૧) „ ભગવાનદાસ ગોકળદાસ
૫૧) „ છોટાલાલ કેશવજી
૫૧) „ હરજીવનદાસ ધારશી
૫૧) „ લક્ષ્મીદાસ મંકનજી
૫૧) „ શામજી ગોલા
૫૧) „ બાલુભાઇ કહાનદાસ
૫૧) „ ભગવાનદાસ ડાહ્યાભાઇ
૫૧) „ વનમાળી મોતીરામ એન્ડ કું.
૫૧) „ પરમાણંદદાસ જાદવજી
૫૧) „ મૂળજી હરિદાસ
૫૧) „ મોતીભાઇ લક્ષ્મીદાસ
૫૧) „ જીવણદાસ પ્રભુદાસ
૫૧) „ જમનાદાસ અને ભાઇઓ
૫૧) „ જાદવજી હીરજી
૫૧) „ પુરુષોત્તમદાસ રામજી

૫૧) „ વ્રજલાલ જીવણદાસ
૫૧) „ હરજીવનદાસ ગોરધનદાસ
૨૫) „ નર્મદાશંકર હરજીવનદાસ
૨૫) „ સુંદરજી વલ્લભદાસ
૨૫) „ મોહનલાલ ગોપાળજી દવે
૨૧) „ મૂળશંકર હરજીવનદાસ
૨૧) „ પ્રાણજીવન મોનજી
૨૧) „ પરમાણંદદાસ અભજી
૧૧) „ હરિલાલ રામકૃષ્ણ

૪૭૫૬) કુલ રૂપૈયા ૪૦

પરિશિષ્ટ અંક ૨૪

સત્કાર મંડળના સભ્યોની યાદી—

૧૦) રા. રા. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ
૧૦) ,, ત્રિભુવનદાસ કાળીદાસ ત્રિવેદી
૧૦) ,, શાવકશા આદરજી
૧૦) ,, કેપ્ટન જોરાવરસિંહજી હરિસિંહજી
૧૦) ,, પ્રભુદાસ ભગવાનભાઇ નગરશેઠ
૧૦) ,, ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ મહેતા
૧૦) ,, કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી
૧૦) ,, ફરામરોઝ સાહેબ
૧૭) ,, ચીમનલાલ ભૂદરભાઇ
૧૦) ,, પાનાચંદ જયચંદ મહેતા
૧૦) ,, બરજોરજી અરદેશર એંટી
૧૦) ,, સરદાર બહાદુર સરદારસિંહજી સાહેબ
૧૦) ,, મહોબતસિંહજી સાહેબ
૧૦) ,, હમીરસિંહજી સાહેબ
૧૦) ,, કાવસજી જમશેદજી સંજાણા
૧૦) ,, કુંવરજી આણંદજી શાહ
૧૦) ,, ભૂપતરાય વિઠલદાસ મહેતા
૧૦) ,, હરિભાઇ વજેશંકર ઓઝા
૧૦) ,, વિઠ્ઠલરાય મહિપતરામ મહેતા
૧૦) ,, હનુમંતરાવ બળવંતરાવ ભીડે
૧૦) ,, ગુલાબરાય ગોવિંદરામ દેસાઇ
૧૦) ,, દોલતરાય સાકરલાલ મહેતા
૧૦) ,, ગુલાબચંદ આણંદજી શેઠ
૧૦) ,, વૃંદાવનદાસ રણુભાઇ ઠક્કર
૧૦) , ખરશેદજી બહેરામજી
૧૦) ,, ગુલામહુસેન નુરમામદ વજીર
૧૦) ,, વ્રજલાલ ડાહ્યાભાઇ બારૈયા
૧૦) ,, જીવરાજ ઓધવજી દોશી
૧૦) ,, પ્રો. ટી. કે. શહાણી
૧૦) ,, પ્રો. મણિશંકર જયાનંદ ભટ્ટ
૧૦) ,, મુસાભાઇ અલાદીન
૧૦) ,, મગનલાલ નાનાભાઇ પારેખ

૧૦) „ મણિલાલ મગનલાલ પારેખ
૧૦) „ દેવજીભાઇ મધુભાઇ
૧૦) „ પુરૂષોત્તમ વિનાયકરાય કાણે
૧૦) „ મણિલાલ હરિલાલ મહેતા
૧૦) „ ત્રિભોવનદાસ ડાહ્યાભાઇ માડલીય.
૧૦) „ માનશંકર પીતાંબરદાસ મહેતા
૧૦) „ રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક
૧૦) „ કૃષ્ણચંદ્રસિંહજી કાળુભા સાહેબ
૧૦) „ ઘનશ્યામસિંહજી કાળુભા સાહેબ
૧૦) „ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
૧૦) „ સુમન્ત મહેતા
૧૦) „ રમણભાઇ મહીપતરામ નીલકંઠ
૧૦) „ હરગોવિંદદાસ મણિશંકર
૧૦) „ ઇન્દુલાલ બાપાલાલ મહેતા
૧૦) „ સામળદાસ બાપુભાઇ વ્હોરા
૧૦) „ વીરેન્દ્રરાય ચંદ્રપ્રસાદ દેસાઈ
૧૦) „ સુમનરાય ચંદ્રપ્રસાદ દેસાઇ
૧૦) „ શંકરપ્રસાદ હરિપ્રસાદ દેસાઇ
૧૦) „ બેજનજી હોરમસજી ઉમરીગર
૧૦) „ ત્રિકમભાઇ કબાભાઇ મહેતા
૧૦) „ નાનચંદ બેચરદાસ દોશી
૧૦) „ બાપુભા નારણજી
૦૦) „ રાજ્યકવિ પીંગળશી પાતાભાઇ ગઢવી
૧૦) „ બાલુભા પથુભા રાયજાદા
૧૦) „ મણિલાલ છગનલાલ બક્ષી
૧૦) „ રૂપશંકર ઉદયશંકર ઓઝા
૧૦) „ શાન્તિલાલ ચુનીલાલ મહેતા
૧૦) „ ઉદયશંકર દેવશંકર ભટ્ટ
૧૦) „ કુંવરજી મૂળચંદ શાહ
૧૦) „ રવિશંકર મહાશંકર રાવળ
૧૦) „ રતિલાલ જગન્નાથ જાની
૧૦) „ ચંદ્રપ્રસાદ હરિપ્રસાદ પંડ્યા
૧૦) „ હિમતરાય દોલતરાય મહેતા
૧૦) „ વલ્લભદાસ ત્રિભોવનદાસ
૧૦) „ જીહાભાઇ સાકરચંદ વ્હોરા
૧૦) „ જગજીવન અમરચંદ વ્હોરા

૧૦)	,,	વિઠ્ઠલદાસ ખીમજી પટેલ
૧૦)	,,	નૃસિંહપ્રસાદ ધરણીધરદાસ દેસાઇ
૧૦)	,,	વલ્લભદાસ ઉત્તમચંદ પારેખ
૧૦)	,,	છોટાલાલ દલપતરામ કવિ
૧૦)	,,	ગિરજાશંકર ભગવાનજી બધેકા
૧૦)	,,	અમૃતલાલ દલપતરામ શેઠ
૧૦)	,,	જન્મશંકર મહાશંકર બુચ
૧૦)	,,	ત્રિભુવનદાસ પીતામ્બરદાસ ત્રિવેદી
૧૦)	,,	બળવંતરાય વજેશંકર છાયા
૧૦)	,,	જહાંગીરજી સોરાબજી ગંભીરજી
૧૦)	,,	કપિલરાય ભૂપતરાય મહેતા
૧૦)	,,	પ્રતાપરાય મોહનલાલ મોદી
૧૦)	,,	પ્રેમચંદ રતનજી શાહ
૧૦)	,,	હરિભાઈ લલ્લુભાઇ મહેતા
૧૦)	,,	પ્રાણજીવનદાસ ઓધવજી ઠક્કર
૧૦)	,,	ગોપાળજી ઓધવજી ઠક્કર
૧૦)	,,	કપિલરાય પરમાણંદદાસ ઠક્કર
૧૦)	,,	રામજીભાઇ મગનલાલ
૧૦)	,,	પેસ્તનજી બરજોરજી
૧૦)	,,	હરગોવિંદદાસ અંબાશંકર જાની
૧૦)	,,	પોપટલાલ ગોવિંદલાલ શાહ
૧૦)	,,	દત્તાત્રેય બાલકૃષ્ણ ડીસકળકર
૧૦)	,,	ફતેહચંદ ઝવેરભાઇ
૧૦)	,,	હિરાલાલ હરગોવિંદદાસ

૫૨૦) કુલ રૂપીઆ. ૫૨

પરિશિષ્ટ અંક ૨૫

ભાવનગર સાહિત્યપરિષદનું ઉપજ ખર્ચનું તા. ૧-૧-૧૯૨૩ થી તા. ૩૧-૩-૧૯૨૫ સુધી માસ ૨૭ નું એકંદર સરવૈયું,

જ

૬૦૧૭—૦—૦	સત્કારફંડની ભેટ ખાતે જમા
૪૪૫૬—૦—૦	મુંબાઇના ફાળાના
૧૮૨૬—૦—૦	ભાવનગરના ,,
૬૨૮૨—૦—૦	
૨૬૫—૦—૦	કમીશન ખર્ચના
૬૦૧૭—૦—૦	
૮૯૫—૦—૦	સત્કારમંડળના સભ્યોની ફી ખાતે જમા.
૯૨૦—૦—૦	સભ્યો ૯૨ ની ફીના દર રૂ. ૧૦) મુજબ
૨૫—૦—૦	કમીશન ખર્ચના
૮૯૫—૦—૦	
૩૭૮—૦—૦	સભ્યો ૧૨૬ ની ફીના, દર રૂ. ૩) મુજબ
૧૪૭—૦—૦	પ્રેક્ષક ટીકીટ વેચાણની ઉપજના
૩૦—૦—૦	સંભાવિત પ્રેક્ષક ટીકીટ ૩ના દર રૂ.૧૦ મુજબ.
૬૮—૦—૦	પ્રેક્ષક ટીકીટ ૩૪ના દર રૂ. ૨ મુજબ
૪૯—૦—૦	વિદ્યાર્થીઓની ટીકીટ ૪૯ ના દર રૂ. ૧ મુજબ.
૧૪૭—૦—૦	
૬૩—૪—૩	વ્યાજ વટાવની ઉપજના
૧૫—૦—૦	સ્વ. બોટાદકર ફંડ ખાતે જમા
૭૫૧૫—૪—૩	

ઉ

૮૭૩—૧—૩	પત્રિકાઓ, આમંત્રણ પત્રિકાઓ વગેરે પરચુરણ છપામણી ખર્ચ ખાતે ઉધાર
૧૧૮૭—૧૨—૦	રિપોર્ટ છપામણી ખર્ચ ખાતે તા. ૩૧—૩—૧૯૨૫ સુધી થયેલો ખર્ચ.
૭૯૮—૦—૬	મંડપ ખર્ચ ખાતે ઉધાર.
૧૨૮—૧૩—૩	સ્વયંસેવકોની બાબતમાં થયેલા ખર્ચખાતે ઉધાર.
૧૨૧—૧૧—૦	સ્વાગત ખર્ચખાતે ઉધાર
૨૨૦—૪—૬	રેલ્વે મુસાફરી ખર્ચખાતે ઉધાર
૯૦—૮—૦	દીવાબત્તી ખર્ચખાતે ઉધાર
૧૫૧—૧—૯	તારટપાલ ખર્ચખાતે ઉધાર
૫૧—૬—૦	ઘોડાગાડી-સાઇકલ ભાડા ખર્ચ ખાતે ઉધાર
૭૭—૮—૯	પરચુરણ ખર્ચખાતે ઉધાર
૧૫૬—૮—૦	નોકર પગાર ખર્ચખાતે ઉધાર
૨૭—૨—૬	પત્ર પ્રદર્શન ખર્ચખાતે ઉધાર
૭૬—૬—૯	સંગીત ગરબા પાર્ટી ખાતે ઉધાર
૧૦૦—૦—૦	ફોટોગ્રાફ ખર્ચખાતે ઉધાર
૫૨—૧૨—૦	કંટીજંટ ખર્ચખાતે ઉધાર
૪૧૧૩—૦—૦	
૨૦૦૦—૦—૦	વડોદરા બેંકમાં એક વર્ષને માટે વ્યાજે મૂકેલ રકમ ખાતે
૧૦૩૦—૦—૦	વડોદરા બેંકની સેવીંગ્સ બેંક ખાતે ઉધાર.
૩૪૧—૩—૦	વડોદરા બેંકમાં ચાલુ ખાતા ખાતે ઉધાર
૧૨—૦—૦	જોષી માધવજી ગાંડા ખાતે
૬—૮—૦	સાહિત્યસભાના મંત્રીઓ ખાતે
૩૩૮૯—૧૧—૦	
૧૨—૯—૦	સીલીક રોકડ
૭૫૧૫—૪—૩	

ઇંદુલાલ બાપાલાલ મહેતા તીજોરર

તા. ૧—૧—૧૯૨૩ થી તા. ૩૧—૩—૧૯૨૫ સુધી માસ ૨૭ નું સાલ આખર લેણદેણનું સરવૈયું.

જ		ઉ	
૩૩૮૭—૪—૦	પરિષદ ફંડ ખાતે જમા	૨૦૦૦—૦—૦	વડોદરા બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટના
૭૫૯૦—૪—૩	ફંડની કુલ ઉપજના	૧૦૩૦—૦—૦	,, સેવીંગ્સ બેંક ખાતે
૯૦—૦—૦	કમીશન ખર્ચના	૩૪૧—૩—૦	,, ચાલુ ખાતા ખાતે
૭૫૦૦—૪—૩	બાકી એ ઉપજના	૧૨—૦—૦	જોષી માધવજી ગાંડા ખાતે
૪૧૧૩—૦—૩	માસ ૨૭નો ખર્ચ	૬—૮—૦	સાહિત્ય સભાના મંત્રીઓ ખાતે
૩૩૮૭—૪—૦	કુલ અનામત બાકી	૩૩૮૯—૧૧—૦	
૧૫—૦—૦	સ્વ. કવિ બોટાદકર ફંડ ખાતે	૧૨—૯—૦	સીલીક રોકડ
૩૪૦૨—૪—૦		૩૪૦૨—૪—૦	

ઈંદુલાલ બાપાલાલ મહેતા તીજોરર

સદરહુ હીસાબ અમોએ વાઉચરો સામે મેળવી બરાબર તપાસ્યો છે.

તા. ૩૦—૪—૧૯૨૫

ગુલાબચંદ આણંદજી શાહ હીસાબી

સદરહુ હીસાબ અમોએ વાઉચરો સામે મેળવી બરાબર તપાસ્યો છે અને તે ખરો છે.

તા. ૨૧—૫—૧૯૨૫

ભૂપતરાય વિઠ્ઠલદાસ મહેતા
કુંવરજી આણંદજી શાહ
હીસાબ તપાસનારાઓ

ભાગ ૨ જો.

પ્રમુખો તથા અધ્યક્ષોનાં ભાષણો.

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્

ભાવનગર

ભાગ ૨ જો.

---

૧ સત્કાર સંગીતો.

[શુક્રવાર તા. ૧૮ એપ્રિલ ૧૯૨૪.]

૧ સરસ્વતી સ્તવન.

વંદન! જય! વંદન! જય વિશ્વભારતી!
સ્વજનસેવ્ય સુખદ સર્વથા સુહાવતી. —ટેક.

પુણ્યમય, પ્રકાશતી, દિવ્ય જ્યોત ધારતી,
અવિરત વર્ચસ્વ વિશ્વમાં વધારતી. વંદન૦

પરિમલ પ્રિય પુષ્પપુંજના પ્રસારતી,
અમિત રસભરિત સરિત લલિત વહાવતી. વંદન૦

ગ્રથિત ગીત ગજાવતી, રસિક ઉર રીઝાવતી,
ખંડ ખંડમાં અખંડ ઐક્ય સારતી. વંદન૦

ભારત રત સતત ગુર્જરી ગિરાવતી,
સુમનસ્ સૌરાષ્ટ્ર સર્વ શ્રેષ્ઠ સ્થાપતી. વંદન૦

દેશ પ્રેમ દાખતી મોહન માન રાખતી,
અભિનવ ઉત્કર્ષ હર્ષસાથ સાધતી. વંદન૦

બુલબુલ.

---

૨ પરિષત્સત્કાર.

(ઝુલણા-ગીત.)

નવલ યુગનો દિસે સૂર્ય આજે ઉદિત,
હિંદસંતાન ઉલ્લસિત કરતાં;
બાલ વીરો અને પ્રૌઢ વીરો સહિત,
વીર માતા તણું વૃંદ સરતાં!

આદરો સંઘનું કાર્ય ઉછરંગમાં,
આર્ય સંસારનું સુખ વધારો,

પૂજ્યો પરિષદે પુનિત પગલાં અમે;
બંધુઓ ને બ્હેનો પધારો !
પરિષદો છે પુરાણી પ્રથા આપણી,
નવલ આનંદ શો આજ રેલે !
સર્વનાં નયનમણિ દીપ્તિમય ભાસતાં,
હૃદયના રંગ શા રાસ ખેલે !
કેળવો દેશમાં દિવ્ય શિશુવાટિકા,
સજ્જનો ! પ્રથમ નિજ ઘર સુધારો !
પૂજ્યો પરિષદે પુનિત પગલાં અમે,
બંધુઓ ને બ્હેનો, પધારો !

કાંત.

[શનિવાર તા. ૧૯ એપ્રિલ ૧૯૨૪.]

૩ ગીત ગુર્જરી.

(મરાઠી સાખી–આશા.)

૧

સરસ્વતીનાં સ્વરાજ્ય-હંસલ ! સુમન-ગુર્જરી ઉજવિયે:
વસંતનાં ડોલર ફૂલડાં સમ, સુગન્ધ નૃત્ય મચવિયે:
ત્યાંને જન્મભૂચરિત પ્રભાવ,
સ્વભાષા સાહિત્યે, જગ ઝુલાવ !

૨

માનસરોવરના કલ હંસલ ! રસ ગુર્જરી ગજવિયે:
હૃદય-કમળના રસમૌક્તિકથી જય શૃંગાર સુહવિયે:
ત્યાંને રસાત્મચરિત સુલ્હાવ,
ધરિયે **સપ્તપદસખ્ય** ભાવ !

૩

પ્રાણ સરિતના પરમ હંસલાં ! સૂર ગુર્જરી જગવિયે:
ધારા ત્વરાએ, સ્વતંત્રતાના જીવિત લલિત જોગવિયે:
ત્યાંને દિવ્ય ચરિત્રે, સ્હાવ,
મંત્રદ્રષ્ટા હો: મહાનુભાવ !

જન્મશંકર લલિત.

[રવિવાર તા. ૨૦ એપ્રિલ ૧૯૨૪.]

૪ અનન્ય ભારત.

માત હો ! વ્હાલું તનમનથી;
માત હો ! વ્હાલું તનમનથી;
નથી નથી તુજ જેવી, ભારત ! જગમા અનન્ય નથી,—માત હો: (ધ્રુવ)

જ્યા પ્રભુ મુખના રસબોલ પ્રથમ બોલાયા,
જ્યાં અગમ નિગમના ભેદ પ્રથમ ખોલાયા;
જ્યા ધર્મ કર્મના યોગ ખરા તોલાયા:
જે વસાઇ સુરજનથી,
બલી જે વસાઇ સુરજનથી—માત હો !

જ્યા ઋષિ ઋષિના નક્ષત્ર અચળ ઝળઝળતાં,
જ્યાં નવજીવનનાં અમી યુગેયુગ મળતાં;
જ્યાં વળી ભક્તિરસ નીર ગંગ શું ભળતાં,
જે સજાઈ ઉરધનથી,
ભવ્ય જે સજાઈ ઉરધનથી—માત હો !

જુગ જુગમા જય ટંકાર, માત તેં કીધા,
તુજ આત્મ પ્રકાશ અનેક પ્રજાએ પીધા,
તુજ આશ્રમના આધાર અનાથે લીધા,
તું તવાઇ નિજ તનથી,
સદા તું તવાઇ નિજ તનથી—માત હો !

અમ આત્મ આત્મ સંદેશ લઇ તુજ ફરશું,
તુજ નવ ચેતના ભેખ ધરી ઉર ભરશું,
મુખ ધરી પુણ્યભર નામ જીવશું મરશું:
તું જડાઇ જીવનથી.
માત ! તું જડાઇ જીવનથી—માત હો !

નથી તુજ જેવી ભારત ! જગમાં અન્ય નથી,—
માત હો !

ખબરદાર.

૫ વિદાય

(સોહામણી સ્વર્ગની વાટ-એ રાહ.)

મોઘા મૂલા મેમાન, પુનઃ પધારજો અમ ધામ
શાં શાં કરીએ સન્માન, ગુણીજન આવજો અમ ધામ.-ટેક૦

સત્સંગત પારસમણી, સાપડતાં સદ્‌ભાગ્ય;
સ્પર્શન કંચન જન બને, રંજન મન મહા ભાગ.

અનુપમ અમ આગણ અજવાળ્યાં,
હેતભર્યાં હૈયાં વિકસાવ્યા;
પ્રેરિત દિવ્ય પ્રભાવ સુહાવન,
પ્રસરાવી પરિમલ કરી પાવન.

સ્વીકારી અંતર આમંત્રણ, કરુણા જળ વરસાવજો અમ ધામ:
શાં શાં કરીએ સન્માન, ગુણી જન આવજો અમ ધામ.-મોંઘાં મૂલાં૦

બુલબુલ.

---

૬ વિદાય *

(કર્તાઃ-મે. અરદેશર ફરામજી ખબરદાર)

નમનતણાં અમ ગાન
સ્વીકારો, દુલાં અમ જજમાન!

જુગજુગજૂના જગજાણીતા ભાવનગરના ભાવ:
ખટરસ ભોજન, નવરસ ગુંજનઃ લીધા લાખેણા લ્હાવ:
સ્વીકારો, દુલા અમ જજમાન! ૧

કૃષ્ણ ને શ્યામલ હોઠે પ્રભાભર વંશી વહાવે સૂરઃ
આજ તમારે મ્હોલે અમે પ્રિય રંગ ઉડાવ્યા પૂરઃ
સ્વીકારો, દુલાં અમ જજમાન! ૨

ખીલી કમળના પાંદડી ને ખીલ્યાં ઉંડાં આકાશઃ
મીઠી મ્હેમાનીનાં મોંઘાં છે સોણાં ને મોંઘેરા ભાવવિલાસ:
સ્વીકારો, દુલાં અમ જજમાન! ૩

---

* આ ગીત તા. ૨૦-૪-૨૪ ને રોજ સાંઝરે બેઠકની સમાપ્તિએ મ્હેમાનો તરફથી મે. અરદેશર ફરામજી ખબરદારે ગાયું હતું.

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્—ભાવનગર.



ઓનરેબલ લલ્લુભાઇ સામળદાસ મહેતા. સી. આઇ. ઇ. સત્કાર કમિટિના ઉપપ્રમુખ સાહેબ,

મહેરબાન સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબ કે. સી. આઈ. ઇ. સત્કાર કમિટિના પ્રમુખ સાહેબ.

રા. બ. ત્રિભુવનદાસ કાળિદાસ ત્રિવેદી કાર્યવાહક કમિટિના પ્રમુખ સાહેબ.

૨ સત્કાર મંડળના પ્રમુખ મહેરબાન

પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબના ભાષણનો સાર.

સાક્ષરવર્ય શ્રીયુત કમળાશંકરભાઈ અને તેઓની સાથે પધારેલું વિદ્વન્ મંડળ!

સામાન્ય વહીવટ પ્રમાણે 'સન્નારીઓ અને સદ્દગૃહસ્થો'–એ રીતે આ મંડળમા હું ઉદ્દેશતો નથી. કેમકે અહીં આજે મારે જૂદે જૂદે સ્થળોએથી પધારેલા વિદ્વાનો અને સાક્ષરોને સત્કારવા છે: એટલા માટે હું વિદ્વન્મંડળને ઉદ્દેશીને ઉપર મુજબનું સંબોધન વાપરૂં છુ. ગુજરાતના પ્રખર વિદ્વાનોએ અત્ર પધારીને જે માન અમને અને આ શેહેરને આપ્યું છે, તે માટે તેઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આવી પરિષદમા પોતાના કાર્યથી સાક્ષર તરીકે જેઓ અંકિત થયા ન હોય, તેઓને મોટું ભાષણ કરવાનો હક નથી. મેં એ દિશામા કશું કર્યું નથી, હું તો રાજકીય કારોબારના મહાન્ અને અગાધ સમુદ્રમા હજુ થોડા છીછરા પાણીમાં ફરનાર એક ન્હાનું મત્સ્ય છું. માટે મહાન્ અને પ્રખર વિદ્વાનોની સમક્ષ મોટું ભાષણ કરવું, એ મને યોગ્ય નથી લાગતું. તો પણ એટલી હું ખાત્રી આપુ છું કે ભાવનગર જે હૃદયભાવ માટે પ્રસિદ્ધ છે, તેવા હૃદયભાવથી સ્વાગત આપવામાં જરા ઉણપ રહેવા દેશે નહિ. તેમ છતાં કંઇ અમારી ઉણપ લાગે તો ક્ષંતવ્ય ગણશો, એવી આશા રાખું છું: કેમકે વિદ્વાનો સ્વાગતની ખામીને ગણતા નથી. અમે આહં તો સ્વાગતકાર્યમા કાયમ ટેવાયેલા છીએ, અને મને અધિકારના મિથ્યામાનથી કહી દેવાનું મન થાય છે કે અમે આપ વિદ્વાનોનું સ્વાગત ખુશીથી કરશું. પણ તે સિવાય બીજી બાબતો વિશે અહીં મારાથી ઘણા વધારે પ્રમાણમાં પ્રખર વિદ્વાનો હાજર છે, ત્યા કશું વિશેષ કહેવા હું માગતો નથી. તો પણ ભાવનગરને અનુકૂળ વાત પ્રસંગાનુસાર ન બોલાય, તો પણ તે એક ત્રુટિ ગણાય. મને આ વખત એક હકીકત યાદ આવે છે કે પ્રખ્યાત સદ્ગત દીવાનસાહેબ વિઠ્ઠલભાઇ નોકરીથી મુક્ત થયા પછી તેમની છાયામા રહીને જ અમારો વ્યવહાર ચાલતો હતો. જ્યારે જ્યારે આવા પ્રસંગો આવતા ત્યારે ત્યારે અમે સૌ એકમતે તેઓને માથે પ્રમુખની ઉપાધિ નાંખતા હતા, અને તે ઉપાધિ તેઓ એક શરતે સ્વીકારતા. તેઓ કહેતા કે પ્રમુખનીવતી બોલવા વગેરેની બીજી ઉપાધિ અમારામાથી કોઇએ વ્હોરી લેવી. હવે એ જ રીતે આજે મેં સ્વીકારેલા પ્રમુખપદની ઉપાધિ અહીં પધારેલા ઉપપ્રમુખ ઑનરેબલ લલ્લુભાઈ સાહેબ ઉપાડી લેશે: કેમકે મારી તન્દુરસ્તી સારી નથી અને હું હવે વિશેષ બોલી શકીશ નહિ.

૩ સત્કાર મંડળના ઉપપ્રમુખ મેહેરબાન

લલુભાઇ સામળદાસ મહેતાના ભાષણનો સાર

વિદ્વાન્ સાક્ષરો અને સન્નારીઓ !

મેહેરબાન સર પ્રભાશંકરભાઇએ મારી પાસેથી મારા મુરબ્બીભાઇનું જે ઋણ લેવાનું કહ્યું છે, તે એટલું બધું અને એટલું મોટું છે કે તે કોઇ રીતે હું પૂરૂં કરી શકું તેમ નથી. એમણે તેમની કરેલી સેવા એટલી વિશાળ હતી કે તેનો અંશ પણ હું અદા કરી શકીશ નહિ. અત્ર જે કંઇ હું તેમનીવતી બોલીશ, તેથી પણ તેમનું ઋણ તો જેમનું તેમ ઉભું જ રહેશે.

સાક્ષરમંડળ પાસે ઉભા થઇને બોલવામા તેમણે જેમ પોતાનો અધિકાર નહિ હોવાનું કહ્યું, તેવી જ રીતે મેં પણ સાહિત્યક્ષેત્રમા કઇ કામ કર્યું નથી; પણ ભાવનગરના રહીશ તરીકે મારે સત્કારનું કાર્ય કરવું જોઇએ, એ હું મારી ફરજ સમજું છું. તેઓએ મને આઠ દિવસ પેહેલાં નોટીસ તો આપી હતી કે તેઓની વતી સ્વાગત વિશે મારે કંઇક બોલવું. પણ હું નહોતો માનતો કે મારે તે કાર્ય કરવું જ પડશે. હું ધારતો હતો કે અઠવાડિયામા તેઓની પ્રકૃતિ સ્વસ્થ થઈ જશે, અને તેઓ પોતે જ સત્કારનું ભાષણ આપશે, અને મારે માથે તે ભાર આવશે નહિ. આવો પ્રસંગ એક વખત મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડના ખરડાની સભામા મારે અણધાર્યો આવ્યો હતો, તે મને યાદ આવે છે. સર વિઠ્ઠલદાસ ઠાકરશી સાથે દીનશા-વાચ્છા અને મારે જવાનું થયું. સર વિઠ્ઠલદાસને જ્યારે પુછવામા આવ્યું, ત્યારે તેઓએ કહ્યું કે રાજકીય વિષયનું તેઓએ અધ્યયન કર્યું નથી, પણ લલુભાઇએ તેનું અધ્યયન કર્યુ છે, તેથી તેઓ જવાબ આપશે. આમ તે વખતે મારે માથે તે બોજો અચાનક આવી પડયો હતો.

સર પટ્ટણી સાહેબને મિત્રતાને ભાવે મજાક કરવાનો સ્વભાવ આટલી વયે પણ રહ્યો છે, તે હું માનતો ન હતો. પણ ખરૂં કહું તો ગુજરાતી સાહિત્યમા બાળકોને જેટલું જ્ઞાન હશે, તેટલું પણ મારામાં નથી. મને લાગે છે કે હવે જો આપણે ગુજરાતી સાહિત્યનો અને ગુજરાતી ભાષાનો પ્રચાર યથાશક્તિ ન કરીએ તો આપણે કંઇ જ કર્યું નથી. જે ભાષા લોકો સમજી શકે તે ભાષામા જ લોકોની જોડે કામ લેવું જોઇએ. અમે અંગ્રેજી ગમે તેવું સારૂં લખવાબોલવાનો ડોળ કરીએ, પણ અમારી બ્હેનો અને વગર કેળવાયેલા ભાઇઓ આપણા અંગ્રેજી વિચારો સમજી શકે નહિ. માટે તેમને આપણા કામમા ભાગ લેતા કરવા હોય તો તેઓ સમજી શકે એવી ભાષામા કામ થવું જોઇએ.

મહાત્મા ગાંધીજીએ નવજીવનદ્વારા ટુંક સમયમા જે પ્રગતિ કરી છે, તે ગુજરાતી ભાષા ન હોત તો તો જેટલી જાગૃતિ હાલ ઘેર ઘેર થઇ રહી છે, તેવી થઇ શકત નહિ. માટે આપણે આપણી ગુજરાતી ભાષાને ખીલવીને તે દ્વારાએ જ આપણા અજ્ઞાત ભાઇબ્હેનોને જીવનનો સંદેશ આપવો જોઇએ.

મારા અહીં આવ્યા અગાઉ ચાર દિવસ પહેલા હું મહાત્મા ગાંધીજીને મળ્યો હતો, અને પરિષદને અંગે કંઇ તેઓના તરફનો સંદેશ મોકલવા વિનંતિ કરી હતી. તેઓએ ગુજરાતી ભાષાના પ્રચારને અને તેટલો ટેકો આપવાનો સંદેશ આપ્યો છે. તે સંદેશને આપણે વધાવી લઇશું, તો આપણે કંઇક કર્યું ગણાશે.

હું જો કે ભાવનગરથી હાલ ઘણે દૂર રહું છું, પણ મારી રગેરગમાં ભાવનગરનું જ લોહી વહે છે, એટલે આપ સર્વેએ અહીં પધારવાની તસ્દી લીધી, તેને માટે ભાવનગર તરફથી હું આપ સઘળાનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

૪ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ-નિયુક્ત

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનું ભાષણ

(ભાવનગર, તા. ૧૮ એપ્રીલ ઇ. સ. ૧૯૨૪.)

शरणं करवाणि कामदं ते चरणं वाणि चराचरोपजीव्यम् ।
करुणामसृणैः कटाक्षपातैः कुरु मामम्ब कृतार्थसार्थवाहम् ॥

' જે સરસ્વતીદેવીના સત્રમાં ઉપાસનાર્થે આપણે સર્વ સાર્થવાહ એકત્રિત થયા છે, તે સાર્થવાહ કૃતાર્થ થાઓ એમ હું દેવીના ચરણકમળને શરણે જઈ સ્તવન કરૂં છું.

ઉપકાર સાથે પ્રમુખપદનો સ્વીકાર—સન્માનકારિણી સભાના પ્રમુખ સાહેબ તથા અન્ય સભ્યો અને સાહિત્યબંધુઓ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો '—મારા તરફ પ્રેમભાવથી સાહિત્યપરિષદ્‌ના સાતમા અધિવેશનનું પ્રમુખપદ મને આપવા આપે કૃપા કરી છે તેને માટે હું આપનો આભારી થયો છું ને તે મેં ઉપકાર સાથે સ્વીકાર્યું છે. પરંતુ એ સંબંધમાં મારા મનની સ્થિતિ પ્રગટ કરવાની જરૂર છે. આપની પ્રથમ વરણી સર્વથા યુક્ત હતી. પ્રિન્સિપલ આનંદશંકરભાઇ એમના વિસ્તૃત વાચનનો, બહુદેશી અનુભવનો તેમજ પ્રાચ્ય અને પાશ્ચાત્ય સાહિત્યના ઊંડા અધ્યયનનો આપણને સર્વને અમૂલ્ય લાભ આપત એ સર્વ-વિદિત અને નિર્વિવાદ છે. એમણે એ પદ સ્વીકાર્યું હોત તો સમસ્ત ગુજરાતને બેલાશક ઘણોજ આનંદ થાત. મને તો ખાસ આનંદ થાત; કારણ કે એઓ મારા પ્રિય શિષ્ય હતા અને મારી તરફ ગુરુભાવની પૂજ્ય વૃત્તિ ધરાવે છે. એમના એ પદના અસ્વીકારથી આપણે સર્વેએ એ અનન્ય લાભ ખોયો છે, એ અતિશોચનીય છે. એમની મધુરી, આલંકારિક, અને હૃદયંગમ ભાષાનો ને પ્રૌઢ વિચારનો અદ્વિતીય લાભ પરિષદ્‌ને ન મળ્યો તેથી આપણે સર્વ હતાશ થયા છીએ. એમના ના કહેવાથી આપના મંત્રિઓએ-રા. માનશંકરભાઇ અને મારા પ્રેમપાત્ર રા. રમણલાલ યાજ્ઞિકે મને તાર મૂક્યો ને તેનો ઉત્તર તારથી જ માગ્યો. ' અમારી મુશ્કેલી સમજીને પ્રમુખપદ સ્વીકારવાનો તાર મૂકી અમને ચિન્તામુક્ત કરો ' એવા તારના અસરકારક શબ્દો વાંચી મારા મનની સ્થિતિ ઘણી કફોડી થઇ પડી.

રાત્રિના દસનો સુમાર થયો હતો. તે સમયે મારે ત્યાં ચિ. મોહનલાલ યુનિવર્સીટિના ફેલો તરીકે ચુંટાયા તેના આનન્દનિમિત્તે એક નાનું સ્વજનમંડળ ભેગું થયું હતું. તાર ઉઘાડતાં તો પ્રથમ મન ચિન્તાગ્રસ્ત થયું, તે બોલ્યો ને વાંચ્યો તે સમયે સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજી મારી પાસે બેઠા હતા. તેઓ તથા તેમના ચિ. પ્રો. વ્યોમેશ પાઠકજી તથા ચિ. મોહનલાલ ને મારી પુત્રી, એ બધા એકમત થઇ ગયા ને બધાએ મને આગ્રહપૂર્વક કહ્યું કે ના તો ન જ કહેવી. બધો વિચાર કરીને મેં સવારે સ્વીકારનો તાર મૂકવાનો નિશ્ચય કર્યો.

હવે હું બહુધા નિવૃત્તિમય જીવન નિર્ગમન કરૂં છું ગુ. વ. સોસાઇટિ મને વ્યાખ્યાન આપવા બે વર્ષ થયા નિમન્ત્રણ કરે છે તેની પણ એ જ કારણથી હું ના કહું છું તે તે સોસાઇટિ જાણે છે.



રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી. બી. એ.

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના પ્રમુખ.

શ્રીયુત આનંદશંકરભાઈ જેવા ઉત્સાહ, બુદ્ધિ, કાર્યશક્તિ, અને સર્વદેશીય કૌશલ્યથી સંપન્ન કાર્યધુરંધરે સાહિત્યપરિષદ્‌ની કાર્યધુરા બહુજ સુગમતાથી વહન કરી હોત, તે કાર્યધુરા મારા મગજ પર પડતી જોવા હું નારાજ હતો; પરંતુ તારની ભાષા એવી હૃદયદ્રાવક હતી અને મારા પર બધા ગૃહમંડળનું ને સ્વજનમંડળનું એવું દબાણ થયું કે એ તાર મૂકનારા સજ્જનોના પ્રેમપાશમા બદ્ધ થઇ અન્તે ગુર્જરસાહિત્ય પ્રત્યે મારી ફરજ મારે અદા કરવી જોઇએ એવી બુદ્ધિથી હું આ ઉચ્ચ પદવી સ્વીકારવા અનિચ્છતો પણ આકર્ષાયો છું.

તરુણ પુરુષનું આ કાર્ય—મારા સમજવા પ્રમાણે આવું કામ તરુણ પુરુષોનું છે. તરુણ પુરુષો ઉત્સાહ ને કાર્યશક્તિને બળે પ્રગતિ ને વૃદ્ધિ તથા ઉત્કર્ષ સાધવામા અગત્યનો ભાગ ભજવે છે. તેઓ ગુજરાતી સાહિત્યની ખિલવણી ને અભિવૃદ્ધિના માર્ગો શોધવા ને યોગ્ય ઉપાયો યોજવા ઉદ્યુક્ત થશે તો સાહિત્યનો વિકાસ સર્વગામી થશે એ નિઃસંશય છે.

કાઠીઆવાડની ઐતિહાસિક ને પવિત્ર ભૂમિ—આપનો પ્રદેશ ઐતિહાસિક, પ્રાચીન, ને પવિત્ર છે. પ્રાચીન સુરાષ્ટ્રની, પાછળથી સૌરાષ્ટ્રની ખ્યાતિ પામેલા દેશની, સીમા વિસ્તીર્ણ હતી. તે છેક સિંધુ નદીથી દમણ લગણ ફેલાયલી હતી. હાલનું કાઠીઆવાડ એ વિસ્તૃત પ્રદેશમાં અન્તર્ગત હતું. સુરાષ્ટ્ર દેશનો અતિપ્રાચીન ગ્રન્થોમા ને તામ્રપત્રોમા નિર્દેશ એની પ્રાચીનતા સ્પષ્ટ દર્શાવે છે. ઇ. સ. પૂ. ના ૮ મા સૈકાના ભગવાન્ પાણિનિના '**कार्तकौजपादयश्च**' ॥ ६।२।३७ એ સૂત્રને લગતા ગણપાઠમા '**कुन्तिसुराष्ट्राः**' એમ સુરાષ્ટ્રનો નિર્દેશ છે. મહાભારતમા વનપર્વમા ૮૬ મા અધ્યાયમા ધૌમ્ય ઋષિ યુધિષ્ઠિરને વિવિધ તીર્થનું વર્ણન કરે છે તેમા સુરાષ્ટ્ર દેશનું વર્ણન છે ને તેમાંના પુણ્ય સ્થળો, નદીઓ, તળાવો ને આશ્રમો દર્શાવ્યા છે. એ સુરાષ્ટ્ર પ્રદેશમા જ પ્રભાસ ને દ્વારામતી વર્ણવેલા છે. રુદ્રદામન્ અને સ્કન્દગુપ્તના ગિરનારના ને કેટલાંક વલભીનાં તામ્રપત્રોમાં સુરાષ્ટ્રનો ઉલ્લેખ છે.

તીર્થમય પ્રદેશ—આ પ્રાચીન અને પુણ્ય પ્રદેશના વિસ્તીર્ણ ક્ષેત્રમા અવતારી દિવ્ય પુરુષ શ્રીકૃષ્ણના નિવાસથી પવિત્ર ને પ્રખ્યાત થયલી, સપ્ત મોક્ષદાયિકા નગરીમાંની એક શ્રીમતી દ્વારામતી, મહેશ્વરના જ્યોતિર્લિંગોમા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથથી વિરાજિત પ્રભાસ નગરી, ને તેની સમીપનું ત્રિવેણીસંગમનું તીર્થ ભારતવર્ષનાં ભિન્ન ભિન્ન સ્થળોથી હજારો યાત્રાળુઓને પ્રતિવર્ષ આકર્ષે છે ને પાવન કરે છે. એ જ પવિત્ર પ્રદેશમા શ્રીકૃષ્ણે પોતાના સહાધ્યાયી સુદામાને, દ્રોણને દ્રુપદે તિરસ્કાર્યા ને વૈરભાવનું બીજ રોપ્યું તેમ લઘુતા ન દર્શાવતા વિલક્ષણ રીતે તેમનું સન્માન કરી દરિદ્રાવસ્થામાથી હમેશને માટે એવા વિમુક્ત કર્યા કે

'ક્યા ગઇ મારી તૂટી ઝુંપડીઆં, કાંચન મહેલ બને રે'—

એમ સુદામાનો સાશ્ચર્ય ઉદ્‌ગાર થયો, એ ભક્તરાજ, સ્વાભિમાની, ને યાચનાને અવગણનાર સુદામાની સુદામાપુરી, હાલનું પોરબંદર–મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન–વિરાજમાન છે. જેમણે પોતાની દૃઢ શ્રદ્ધા ને ભક્તિના અનુપમ બળ ને પ્રભાવથી અશ્રદ્ધાળુ ને ટીકળીખોર નાગરોને અનેક ચમત્કારો દર્શાવી ચકિત કર્યા હતા, અને જેઓ ગુજરાતી ભાષાના જૈનેતર કવિઓમા અગ્રિમ ને પ્રતિષ્ઠિત સ્થાન ભોગવે છે તે આદિ કવિ ભક્તરાજ નરસિંહ મહેતાનું જન્મસ્થાન

ભકતોના અને વેદાન્તીઓના પદપંકજથી પવિત્ર થયલું પ્રાચીન ને પુણ્યશાળી જુનાગઢ એ જ વિસ્તીર્ણ સુરાષ્ટ્રપ્રદેશમાં આવેલું છે. એ જીર્ણનગરમાં પવિત્ર શીલની વેદિ પર આત્મદેહને હોમનારા રાણકદેવી જેવા સ્ત્રીરત્નો પેદા થયા છે. એ જ નગરની પાસે શ્રીમન્ માઘકવિએ 'શિશુપાલવધ'ના ૪ થા સર્ગમા ભિન્ન ભિન્ન વૃત્તોમા જેનું અલૌકિક સૌન્દર્ય વર્ણવ્યું છે એવો રૈવતક ગિરિ–મહાભારતમા જેનું ઉજ્જયન્ત નામ આપ્યું છે તે–ગિરનાર પર્વત આવેલો છે. એ પર્વતની રમ્યતા જોઇ દ્વારકાથી ઇન્દ્રપ્રસ્થ જતા શ્રી કૃષ્ણ વારંવાર અપૂર્વવત્ વિસ્મય પામ્યા હતા એમ વર્ણવી માઘકવિએ રમ્યતાનુ લક્ષણ આપ્યું છે કે જે ક્ષણે ક્ષણે નવીન લાગે તે જ ખરૂં રમ્ય છે. એ પવિત્ર ગિરિ અનેક તીર્થોથી અને ઐતિહાસિક શિલાલેખોથી ભરેલો છે. આવા રમ્ય ને પુણ્ય પ્રદેશમાં સાંપ્રત સમયમાં પણ શતાવધાની શીઘ્ર કવિવર, આચાર્યવર્ય શ્રીમાન્ ગટ્ટુલાલજી તથા શીઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ તથા કવિશ્રી કેશવરાય હરિરાય, વગેરે અનેક નરરત્નો ઉદ્ભવ પામ્યા છે. આ પવિત્ર પ્રદેશનું ભવ્યનગર ભાવનગર માત્ર અખિલ કાઠીઆવાડને જ નહિ પરંતુ આખા મુંબઇ ઇલાકાને અલૌકિક બુદ્ધિપ્રભાવ ને ઉચ્ચતમ રાજકીય નાગરિકત્વ ને મુત્સદ્દીપણાથી શોભાવનાર સ્વર્ગસ્થ ગૌરીશંકરભાઇએ પોતાના જન્મથી અલંકૃત કર્યું હતું. એમના તેજસ્વી રાજયતન્ત્રે ભાવનગરના ઉત્તરોત્તર ઉત્કર્ષના બીજ રોપ્યા છે, જે કાલક્રમે શાખાપ્રશાખારૂપે સર્વત્ર પ્રસાર પામી રહ્યા છે. એવા પ્રદેશમા આપણે ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ માટે ભેગા થયા છીએ. બંધુઓ, પવિત્ર સ્થાનનું માહાત્મ્ય અલૌકિક છે. તેની તાત્કાલિક અસર જાદુઇ છે. પવિત્ર સ્થાનના ચમત્કારથી ગમે તેવો અશ્રદ્ધાળુ પુરુષ પણ ક્ષણ વાર પવિત્ર બને છે. બ્રહ્મગિરિના વર્ણનમાં કવિશ્રી નર્મદે ખરૂં કહ્યું છે કે

'સંસાર સંધો વિસરી જવાએ, પાપી પ્રપંચો મનમાથી જાએ.
લીલા પિના હું નથિ રે ધરાતો, એવો તપસ્વી ગિરિ છે જ આ તો.'

કાઠીઆવાડમાં ભાવનગરનું સ્થાન—સામાન્ય આબાદી, વેપારરોજગાર, ને કેળવણીની બાબતમા ભાવનગર કાઠીઆવાડમા અગ્ર સ્થાન ભોગવે છે. ભાવનગરની સંપત્તિ મહારાજા સાહેબ ભાવસિંહજી અને વખતસિંહજીના પરાક્રમ ને દૂરઅંદેશીપણાને આભારી છે. એ કામમાં સદ્ગત રૂપજી દેશાઇએ મંત્રી તરીકે તેમજ સરદાર તરીકે અગ્રેસર ભાગ લીધો છે. કલાભવન સ્થાપી ઔદ્યોગિક કેળવણીનો પ્રસાર કરવાની યોજના પણ હાલ અહિંજ થઇ છે. સ્વ. સર ગૌરીશંકરભાઇ જેવા નાગરિકોએ તેની અભ્યુન્નતિને માટે જે બીજ રોપ્યું છે તે તેમની પછીના બાહોશ રાજ્યતન્ત્રીઓએ સારી રીતે પોષી વિસ્તાર્યું છે. હાલ એ રાજ્યનો કારભાર બહુશ્રુત, અનુભવસંપન્ન, કાર્યદક્ષ રાજ્યતન્ત્રી શ્રીમાન સર પટ્ટણી સાહેબના હાથમા છે. એઓ સાહિત્યક્ષેત્રમા વિશારદ ને સાહિત્યના પોષક છે. આવા તપસ્વી પ્રદેશમા, બુદ્ધિની શીતલ જ્યોત્સ્ના સર્વત્ર પ્રસરી રહી છે, એવા વાતાવરણમા આપણું કાર્ય સાધવા આપણે મળ્યા છીએ, તો એના ઉચ્ચ સંસ્કાર આપણી સાધનસંપત્તિ ખિલવશે અને આપણા પ્રયાસને સફળ કરશે એવી મારી આશા છે.

બંધુઓ, આ રમ્ય નગરમાં હું ૩૮ વર્ષ ઉપર અહિંની સામળદાસ કૉલેજમા સંસ્કૃત પ્રોફેસર તરીકે એક વર્ષ રહ્યો હતો. તે સમયનાં પ્રિય સંસ્મરણના સંસ્કાર મારા મનમાં

આજ જાગ્રત્ થાય છે અને હાલની અનેક દિશાની પ્રગતિ જોઇને હું અતિહર્ષમાં મગ્ન થાઉં છું.

સાહિત્યસેવકોના સ્વર્ગવાસની નોંધ—પ્રથમ તો, હાલ થોડા જ વખત પર જે સાહિત્યસેવકોને આપણે ખોયા છે તેમને વિષે આપણો શોક પ્રદર્શિત કરવો એ આપણો ધર્મ છે. એમાના મુખ્ય પુરુષ દીવાન બહાદુર રણછોડભાઇ છે. એમની સાહિત્યસેવા સુવિદિત છે. વૃદ્ધાવસ્થામા પણ એમનામા જુવાનીનો ઉત્સાહ ને કાર્યશક્તિ અવસાન પર્યંત જોવામાં આવ્યાં હતા એ ખરેખરૂં પ્રશંસનીય છે. બીજો ખેદકારક શોક તનસુખરામભાઇના સ્વર્ગવાસનો છે. એમનું જીવન વ્યાધિગ્રસ્ત હતું, તેથી કોઇ વિષય પર એઓ મોટો ગ્રન્થ રચવા પામ્યા નથી. પરંતુ વેદાન્ત અને ન્યાયશાસ્ત્રનો એમનો ઊંડો અભ્યાસ, પ્રાચીન વિષયોની એમની સંશોધકવૃત્તિ, અને ભાષા અને સાહિત્યનું ગંભીર જ્ઞાન એમના માસિકોમાના લેખોમા સ્પષ્ટ જણાય છે. સાહિત્ય ને શાસ્ત્રના એવા અભ્યાસક વિરલ છે. એમના અકાલ સ્વર્ગવાસથી ગુજરાતી સાહિત્યના વિકાસને મોટી હાનિ થઇ છે. ત્રીજો સ્વર્ગવાસ સદ્ગત ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીનો થયો છે. એઓ સારા સાહિત્યસેવક ને પ્રૌઢ અભ્યાસક હતા. થોડા વર્ષ થયા એમનું આરોગ્ય સારૂં રહેતું નહોતુ. લોકમાન્ય તિલકના ભગવદ્ગીતાના પુસ્તકનું એમનું ગુજરાતીમા ભાષાન્તર આપણા સાહિત્યક્ષેત્રમાં એમની વિજયધ્વજા તરીકે પ્રકાશિત રહેશે. એઓની સાથે તેમજ એમના કુટુંબની સાથે મારો સંબંધ ઇ. સ. ૧૮૮૦ માં મારી અમદાવાદમા બદલી થઇ ત્યારનો હતો. અમદાવાદ હાઇ સ્કૂલમાં ને એલ્ફિન્સ્ટન કૉલેજમાં એઓ મારા પ્રિય વિદ્યાર્થી હતા અને મારા તરફ એમની ઘણી પૂજ્યબુદ્ધિ હતી. ગયે વર્ષે સુરતમાં નર્મદજયન્તીના સમારંભમાં કવિશ્રી ન્હાનાલાલભાઇના વ્યાખ્યાન સમયે સદ્ગત ઉત્તમલાલ પ્રમુખસ્થાને હતા. એઓનો નિવાસ મારે ત્યા હતો અને પ્રાસંગિક વાતમાં એમણે મને કહ્યું હતું કે હું પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ તૈયાર કરવા ઇચ્છું છું ને એની સામગ્રી એકઠી કરૂં છું. મારી યોજના પૂરી થયે હુ એક દિવસ તમારી સાથે એ વિષે ચર્ચા કરી સંમતિ મેળવી પુસ્તક રચવા માંડીશ. પરંતુ યમરાજાના દારુણ પ્રહારના પંજામાં એઓ સપડાઇ જવાથી આપણે એમની તરફથી એ અમૂલ્ય લાભ મેળવવો ખોયો છે એ ખેદની વાત છે. સદ્ગત કૃષ્ણરાવ ભોળાનાથ દીવેટીઆનો સ્વર્ગવાસ પણ શોચનીય છે. એઓ રસિક ને સંસ્કારી શૈલીમા પ્રસંગે પ્રસંગે સાહિત્યની સેવા કરતા હતા. એમના અવસાનથી ગુજરાતી સાહિત્યે એક ખેલાડી લેખક અને મેં એક પ્રિય મિત્ર ખોયો છે. વળી આપણે, સાહિત્યસેવકો પ્રો. જેઠીસનદાસ કણીઆ અને સ્વ. દામુભાઇને પણ એ જ અરસામા ખોયા છે. તેમજ આપણે ત્રણ ત્રણ કવિરાજ ખોયા છે—રા. કાન્ત, રા. મસ્ત, અને રા. નથુરામ. ત્રણે મોટા કવિ હતા. કાન્તની સાહિત્યસેવા વિવિધ હતી. સદ્ગત ચીમનલાલ દલાલના સ્વર્ગવાસથી જૂની ગુજરાતી ભાષાના સાહિત્યપર સારો પ્રકાશ પાડનાર એક અમૂલ્ય રત્ન આપણે ખોયું છે. છેલ્લો સ્વર્ગવાસ જેની નોંધ લેવાની જરૂર છે તે સ્વ. મનસુખલાલ રવજીનો છે. રાજકીય બાબતની ચર્ચા સાથે એઓ જૈન સાહિત્યના વિકાસમાં પણ સારો ભાગ લેતા હતા. એ બધા જીવાત્માને શ્રદ્ધાંજલિ અર્પવી ને ઇશ્વર એમના આત્માને શાન્તિ અર્પે એવી પ્રાર્થના કરવી એ જ આપણું અવશિષ્ટ કર્તવ્ય રહે છે.

બન્ધુઓ, આપની સમક્ષ પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી ગુર્જર સાહિત્યવાડિકામાં જે જે રમ્ય વૃક્ષો ને લતાઓ ઉદ્ભવેલાં છે તેમાંના મુખ્યનો નિર્દેશ કરવા તથા

તેમાંના કેટલાક સુગંધી પુષ્પોનો સુવાસ પમરાવવા હું ઇચ્છું છું. વાડીમાં નીંદવા જેવું ઘાસ પણ હોય છે તેમજ ગુલાબ જેવા સુંદર છોડોમા પણ કાંટા હોય છે. હું આપની સમક્ષ રમ્ય વૃક્ષો ને પુષ્પોનું જ પ્રદર્શન કરીશ. પછી આધુનિક સમયના આરંભમા બ્રિટિશ રાજ્યની સ્થાપનાથી સર્વત્ર સલાહશાંતિના પ્રસાદથી આપણા જનસમાજમા તેમજ સાહિત્યમા અનેક દિશામાં પ્રગતિ થઇ જે લાભાલાભ થયા છે તે તરફ, તેમજ પ્રાચીન અને નવીન પ્રવૃત્તિઓની તુલના કરી દેશકાલાનુસારે શું યુક્ત છે તે તરફ આપનું લક્ષ ખેંચીશ. આધુનિક સમયમા કાવ્ય, નાટક, નવલકથા, જીવનચરિત્ર, ઇતિહાસ, ને વિજ્ઞાનના સાહિત્યમા કેવી પ્રવૃત્તિ થઇ છે, કેવી થાય છે, ને કેવી ઇષ્ટ છે, તેનું દિગ્દર્શન કરાવીશ. પારસી ને મુસલમાન લેખકોએ, સ્ત્રીલેખકોએ, તેમજ દૈનિક ને માસિક પત્રોએ કેવી સાહિત્યસેવા બજાવી છે ને બજાવે છે તે પણ આપના મો આગળ મૂકીશ. વળી જે જે સંસ્થાઓ સાહિત્યને ખિલવે છે તેના કરેલાં કામોની નોંધ કરી કર્તવ્યમાર્ગ સૂચવીશ. છેવટે, સાહિત્યપરિષદના સ્થાયી મંડળની આવશ્યકતા સ્થાપિત કરીશ તેમજ એ મંડળના બંધારણ ને કર્તવ્ય વિષે મારા વિચાર દર્શાવીશ.

ગુર્જર સાહિત્યના ચાર કાળ—પદ્ય એ સાહિત્યનું કર્ણપ્રિય, મધુર, અને સ્મરણશક્તિને વિશેષ સુગમ એવું અંગ હોવાથી સર્વ ભાષાના સાહિત્યમા તેનો વિકાસ ગદ્ય કરતાં વહેલો થાય છે. ગુજરાતી ભાષામા પણ એ જ સત્ય પ્રવર્ત્યું છે. સ્થૂલ દૃષ્ટિએ નિહાળતાં આપણા પદ્યસાહિત્યના ચાર કાળ થઇ શકે છે: ૧. પ્રાકૃત કાળ; ૨. આદિ કાળ; ૩. મધ્ય કાળ; ૪. અર્વાચીન કાળ. પ્રાકૃત કાળમા અપભ્રંશમાંથી નીકળેલી પ્રાચીન ગુજરાતીમા લખાયલાં કાવ્યોનો સમાવેશ થાય છે. એ વર્ગમા પદ્મનાભ કવિકૃત 'કાન્હડદે પ્રબન્ધ' તથા ભાલણકૃત 'કાદમ્બરી' ને ભીમકવિકૃત 'હરિલીલા સોળકળા', શ્રીધર વ્યાસકૃત 'રણમલ્લ છંદ' તથા કર્મણ મંત્રિકૃત 'સીતાહરણ', ઉપાધ્યાય મેરુસુંદરનું 'પુષ્પમાલ પ્રકરણ', તેમજ જૈનોના રાસાઓ એટલે પદ્યબદ્ધ કથાઓ—ઇ. સ. ના ૧૨મા સૈકામા રચાયલા 'સપ્તક્ષેત્રી રાસા' તથા નરસિંહ મહેતાના સમયની કંઇક પૂર્વે રચાયલો શ્રીવિજયભદ્ર મુનિનો 'શ્રીગૌતમરાસ,' વગેરે જૈન રાસાઓ અન્તર્ગત થાય છે. આ પ્રાચીન ગુજરાતી ભાષા અપભ્રંશમાથી નીકળેલી છે. અપભ્રંશના નિયમો સિદ્ધહેમચંદ્રે પોતાના વ્યાકરણમા દર્શાવ્યા છે તેમજ તેના ઉદાહરણપદ્યો પણ આપ્યાં છે. વળી લક્ષ્મીધરના '**षड्भाषाचन्द्रिका**' મા, '**रूपावतार**' મા, તેમજ માર્કણ્ડેયના '**प्राकृतसर्वस्व**' મા પણ અપભ્રંશનુ વિવેચન છે. અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષા, એ ભાષાના વિકાસની શાસ્ત્રીય શોધ કરનારાને બહુ ઉપયોગી છે. સામાન્ય વાચકવર્ગને તે સમજવી અઘરી પડે છે.

પ્રાચીન કાળ—આ પ્રાચીન કાળથી જૈનોએ ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. ઇ. સ. ના ૧૨ મા સૈકાના 'જંબુસ્વામિરાસ'થી ઇ. સ. ના ૧૮ મા સૈકાના 'અશોકરોહિણી', 'હરિબાળલચ્છી', અને 'શત્રુંજય રાસા' આદિ રાસાઓ તેમણે રચ્યા છે એટલુંજ નહિ, પણ રા. જગજીવનદાસ મોદીએ પ્રકાશ કરેલી ગદ્યમય 'વૈતાલપચીસી', તેમજ 'શ્રીવસ્તુપાલતીર્થયાત્રાવર્ણન', 'ઉજ્જયન્તમહાતીર્થકલ્પ', આદિ ગદ્યગ્રંથો પણ રચ્યા છે. એ ગ્રન્થો 'ગાયકવાડ પ્રાચ્ય ગ્રન્થમાળા'ના ૧૩ મા ગ્રન્થ 'પ્રાચીન ગુર્જરકાવ્યસંગ્રહ'ના ગદ્યસંગ્રહમા પ્રસિદ્ધિ પામ્યા છે. એમાના 'પૃથ્વીચન્દ્રચરિત્ર'મા ૮૮

ચૌટાં, ૭૨ કળા, ને ૬૪ વિજ્ઞાન વર્ણવ્યા છે. ઈ. સ. ના ૧૫ મા સૈકામા ઉપાધ્યાય મેરુસુંદરે ' પુષ્પમાળ પ્રકરણ ' રચ્યુ છે, તેમાંથી કવિ નર્મદે ' નર્મકોશ 'ની પ્રસ્તાવનામાં ઉલ્લેખ આપ્યો છે, તેમા તે સમયની ભાષાનું સ્વરૂપ જણાય છે.

રાસાની ભાષા—જૈનોના રાસા છેક ઈ. સ. ના ૧૮ મા સૈકા સુધીના છે. એ રાસાઓમા જે ભાષા જોવામાં આવે છે તે જ ભાષા છેક ૧૮ મા સૈકા સુધી તે સમયના લોકોમા પ્રચલિત હતી એમ તો કહી શકાશે નહિ. વસ્તુસ્થિતિ એવી જણાય છે કે જૈન ગ્રન્થકારોને પ્રાકૃત ભાષાનો વિશેષ અભ્યાસ હોવાથી તેમજ તેમના સૂત્રો–શાસ્ત્રાયગ્રન્થો માગધી કે અર્દ્ધમાગધીમા લખેલા હોવાથી એ ભાષાની અસર તેમના પર થાય એ સ્વાભાવિક છે. બ્રાહ્મણોમા જેમ સસ્કૃતમા લખનાર વિશેષ કીર્તિ પામતો તેમ જૈનોમા પ્રાકૃતમા લખનાર અધિક સન્માન પ્રાપ્ત કરતો. આથી જૈન લેખકોએ જનમંડળમા ચાલતી ભાષામા લખવાને બદલે પ્રાકૃતમિશ્ર ભાષામાં લખવાનું જારી રાખ્યું. આથી જ છેક ૧૮ મા સૈકામાં રચેલા જૈનગ્રન્થોની ને બ્રાહ્મણગ્રન્થોની ભાષામાં ફેરફાર છે.

નરસિંહ મહેતા—ગુજરાતી ભાષાના બ્રાહ્મણ કવિઓમા આદ્ય કવિ નરસિંહ મહેતા છે. એમના કાવ્યો, પદો, ને પરભાતીઆ ભક્તિરસથી છલકાતા છે. શૃંગારના પદો પણ ભક્તિમા જ પરિણામ પામે છે. નરસિંહ મહેતાના નીચેના જેવા પદો તો સામાન્ય સ્ત્રીપુરુષોને મુખે પણ સાંભળવામા આવે છેઃ—

' નારાયણનું નામ જ લેતા, વારે તેને તજિયે રે,
મનસા, વાચા, કર્મણા કરીને લક્ષ્મીવરને ભજિયે રે. '

* * * *

' ભોળા ભોળા શંભુ તમને વિશ્વ વખાણે રે,
મૂળની વાતો તમારી કોઇ નવ જાણે રે
જોગીન્દ્રપણું, શિવજી, તમારૂં મેં જાણ્યું રે,
જટામા ધાલીને, શિવજી, આ કયાથી આણ્યું રે. '

* * * *

' પઢો રે પોપટ સીતા રામના, સતી સીતા પઢાવે.
પાસે બાંધી પાંજરે, મુખે રામ જપાવે. '

* * * *

' મારા મનગમતા મહારાજ, મારે ઘેર આવો રે,
હું તો તલનુ તમારે કાજ, હસીને બોલાવો રે. '

* * * *

તેમજ નીચેના જેવા પરભાતીઆં પણ ઘણા લોકો ને યાચકો ગાય છેઃ—

' જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના, ધેનમા કુણ જાશે. '

* * * *

' રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સુઇ ન રહેવું,
નિદ્રાને પરહરિ સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું. '

નરસિંહ મહેતાના પરભાતીઆમા ઉપદેશ, તત્ત્વજ્ઞાન, ને કૃષ્ણસ્તુતિના વચનો ઝળકે છે. એમને તત્ત્વજ્ઞાન કરતા પ્રેમરસ જ ઇષ્ટ લાગે છે, તેથી કહે છે કે—

' પ્રેમરસ પાને તું, મોરના પાંછધર, તત્ત્વનુ ટુંપણું તુચ્છ લાગે. '

તોપણ મહેતા તત્ત્વજ્ઞાનની અનેક વાર સ્તુતિ કરી કહે છે કે

' જ્યાલગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાલગી સાધના સર્વ જૂઠી,
માનુષદેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી. '

* * * *

' ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણી જન્મ ખોયો

નરસિંહ મહેતામા શુદ્ધ ભક્તિપૂર્ણ હૃદયના સ્વાભાવિક ભાવોના તરંગો ઉછળે છે. એમા કૃત્રિમતા નથી કે અલંકાર ઘટાવવાનો પ્રયત્ન નથી તોપણ મીરાબાઇના ગીતોમા જેમ

' બોલ મા બોલ મા બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા,
સાકરશેરડીનો સવાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે.
રાધાકૃષ્ણ૦ '

એ પદમા નિદર્શના અલંકારની છાયા છે, તેમ

' પૂર્ણ પુરુષોત્તમ નવલરંગી તજી, અન્ય દેવે જેનું મંન મોહે,
કોટિ ચિંતામણિ કામધેનુ તજી, મહિષીના પુત્રનું દૂધ દોહે.'—

એ પદમા નિદર્શના અલંકાર છે. અલંકારો ને ગુણો વિનાપ્રયત્ને, સ્વાભાવિક રીતે જ સારા કવિઓના કાવ્યોમા સ્ફુરી આવે છે.

લઘુતાવાચક પ્રત્યયો—નરસિંહ મહેતાના કાવ્યમા અનેક સ્થળે લઘુતાવાચક પ્રત્યયો અને ઘણે સ્થળે એવા બેવડા પ્રત્યયો નજરે પડે છે. એ પ્રત્યયો બહુધા વાત્સલ્યવાચક, લઘુતાવાચક, કે તિરસ્કારવાચક હોય છે, ને કેટલેક સ્થળે નિરર્થક—માત્ર સ્વાર્થવાચક હોય છે. અન્ય કવિના કાવ્યોમા જોવામા આવે છે તેના કરતા મહેતાના કાવ્યમા એનો પ્રયોગ વાચકનું લક્ષ આકર્ષે એવો છે, જેમકે ' ઘણેરૂં, ' ' સેજલડી, ' ' વિનતડી, ' ' દેહડી, ' ' સરીખડા, ' ' આગલડી, ' ' મરકલડો, ' ' કાકડલે, ' ' મારગડો, ' ' એકલડો, ' ' વહાલડો, ' ' વાછલડું, ' ' નાહનડીઆ, ' ' નાહાનડલા, ' ' બોઝનીયા, ' ' ઉંચેરેટા, ' ' ગોપિકાકેરડા. ' (એમાં પ્રત્યય પર પણ).

મીરાંબાઇ—એ જ સમયમા પાટણના કવિ બાલણ, સિદ્ધપુરના ભીમ, અને સ્ત્રીને છાજે એવા, લજ્જાયુક્ત, મર્યાદિત શૃંગારના કૃષ્ણભજન ગાઇ વાચકને કૃષ્ણભક્તિના રસમા તરબોળ કરનાર મેડતાનાં મીરાબાઇ ગુજરાતી સાહિત્યના આદિકાળના ક્ષિતિજમાં તેજસ્વી તારાના જેવાં પ્રકાશમાન થાય છે.

બાલણે ' કૃષ્ણલીલા, ' ' રામબાળલીલા, ' ' નળાખ્યાન, ' 'ઉદ્ધવઆવાગમન,' ' રુક્મિણીહરણ, ' ' દશમસ્કંધ. ' આદિ ગ્રન્થો રચ્યા છે. એના નીચેના પદો સ્ત્રીઓ ગાય છે:—

'ઊભા રહે રે આહીરડી, તું બોલતી ચાકા બોલ,
તારી આંખડીને મેં ઓળખી રે, અવર નહીં કોની તોલ, ઊભા૦'

* * * *

'બીખુભાનકેરી બેટી રાધા છે મારું નામ.
દધિતણો જો ખપ કરો આવજો ગોકુળગામ. બીખુ૦'

* * * *

'છબીલા નંદના રે તારી ચાલનો ચટકો જો,
છોરા આહીરના રે તારા મુખનો મટકો જો, છબીલા૦'

* * * *

મીરાંબાઇના ચરિત્રનું વાતાવરણ અનેક અસત્ય વૃત્તાન્તોથી દૂષિત થયું છે. એ વિષયમા સદ્‌ગત તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠીએ ઊંડું સંશોધન કરી ઘણો સાચ પ્રકાશ પાડયો છે. એનું કવિત્વ ઉચ્ચ પ્રકારનું છે ને વાચકને ભક્તિરસમા કલ્લોલ કરાવે છે. મહાત્મા ગાંધીજી કહે છે તેમ હૃદયમાંથી પ્રસરેલાં મનોભાવના એ ઝરણાં છે. એ લોકવૃત્તિને તૃપ્ત કરવા પ્રસરેલા નથી. એની ભાષા હિંદી.મિશ્રિત મધુર ગુજરાતી છે. એનાં ઘણાં કાવ્યો ભક્તજનોને ને સ્ત્રીઓને મુખસ્થ છે. થોડાંક ઉત્તમ કાવ્યો નીચે દર્શાવ્યાં છેઃ—

'રામ રમકડું જડિયું રે, રાણાજી મને રામ રમકડું જડિયું.'

* * * *

'મેરો મન હરિ લિયો રાજા રણછોડ,
કેશવ, માવધ, શ્રીપુરુષોત્તમ, કુબેર કલ્યાણકી જોડ, મેરો મન૦'

* * * *

'બંસીવાલા આજો મેરા દેશ
આજો મેરા દેશ, હો બંસીવાલા આજો મેરા દેશ.'

* * * *

'આવત મોરી ગલિયનમેં ગિરિધારી મેં તો છુપી હું, લાજકી મારી, આવત૦'

* * * *

'પ્રેમની પ્રેમની પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની.'

* * * *

'બોલ મા બોલ મા બોલ મા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા

* * * *

સાકરશેરડીનો સવાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે, રાધા૦'

* * * *

'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે

* * * *

મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.'

* * * *

'હા રે ચાલો ડાકોરમાં જઇ વસિયે, મને લેહે લગાડી એ રસિયે રે; ચાલો૦'

* * * *

'મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા મુખડાની માયા લાગી રે.'

* * * *

'વિપત પડે ત્યારે હરિને સંભારો મારી વહારે ચડો વનમાળી રે.'

* * * *

'મંદિર દેખીને ડરે રે સુદામા મંદિર દેખી ડરે રે૦'

* * * *

મધ્યકાળઃ પ્રેમાનન્દ—મધ્ય કાળમાં અનેક કવિઓ થયા, તેમા જો કે પ્રેમાનંદે, પોતાના પૂર્વગામી કવિઓ–નાકર, વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની, વજીઓ,–એ કવિઓનો કંઈક આધાર આખ્યાનની પસંદગીમાં અને શૈલી, વગેરેમાં લીધો હતો, તોપણ એ કાળમાં એ કવિચન્દ્ર સાહિત્યક્ષિતિજમાં પોતાની પૂર્ણ જ્યોત્સના સર્વત્ર પ્રસરાવી, અન્ય કવિતારકોને ક્ષીણ, નિસ્તેજ જેવા કરે છે; અને રસની ઝમાવટ, ભાષાનો કાબુ, વર્ણનની શૈલી, મનુષ્ય-હૃદયનું અને કુદરતનું જ્ઞાન, આદિ અનેક ગુણોથી વાચકના હૃદયમાં અમીરસ રેડી તેને રસભીનું કરી આનંદની લહરીમાં આંદોલન કરાવે છે. ગુજરાતી ભાષા તે સમયે 'શું શા પૈસા ચાર' તરીકે નિંદાતી હતી અને જે તે તે હિંદીમા કવિતા રચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા પ્રયાસ કરતા હતા. એવી અધમ સ્થિતિમાંથી ગુજરાતી ભાષાને ઉદ્ધારી સંસ્કૃતના જેવી પ્રતિષ્ઠાએ પહોંચાડવા આ કવિરત્ને પ્રયત્ન આદર્યો અને 'શક્તિ ઉપરાંત કામ સ્વીકારવું નહિ એ જેમ બુદ્ધિલક્ષણ છે તેમ આરંભેલા કાર્યનો નિર્વાહ કરવો એ પણ બુદ્ધિલક્ષણ છે,' એ નીતિવચનને અનુરોધે જ્યાસુધી ગુર્જર ભાષા પ્રતિષ્ઠિત પદ પામે નહિ અને પોતે અંગીકાર કરેલા કાર્યનો એ રીતે નિર્વાહ થાય નહિ ત્યાંસુધી પોતે જંપ્યા નહિ. રામાયણ અને મહાભારત જેવાં અનુપમ ગીર્વાણકાવ્યો જ્ઞાનના તે નીતિના આકરગ્રન્થો છે, તેમાંથી આખ્યાનો પસંદ કરી તેમાં જનસમાજને અનુકૂળ ને હૃદયંગમ થાય એવા યોગ્ય ફેરફાર કરી ઉત્તમ કાવ્યો રચી ગુર્જર ભાષાને ઉચ્ચ કોટિમાં આણી, જનસમાજની ધાર્મિક ને રસિક વૃત્તિ પોષી અને એ જ પ્રમાણે ભાષાનો ઉત્કર્ષ કરે એવું રત્નેશ્વર, વલ્લભ, સુંદર, વીરજી, હરિદાસ, વગેરે ૧૦૦ સ્ત્રીપુરુષનું કવિમંડળ પોતાની આસપાસ એકઠું કરી તેને જેમ ઘટે તેમ કામ સોંપ્યું. જેમ રોમમાં ઑગસ્ટસ રાજાના સમયમાં સાહિત્ય પુષ્કળ કેળવાયું ને ખીલ્યું હતું, અને જેમ ઇંગ્લંડમાં ઍન રાણીના રાજ્યમાં અંગ્રેજ સાહિત્યનો અનેક દિશામાં વિકાસ થવાથી ઇતિહાસકારો ઍનના રાજ્યને અંગ્રેજી સાહિત્યનો ઑગસ્ટન યુગ કહે છે તેમ આ મધ્યકાળને ગુર્જર સાહિત્યનો પ્રેમાનન્દયુગ–પ્રેમયુગ કહી શકાય. કવિ પ્રેમાનંદે ગુર્જર સાહિત્યની અનન્ય સેવા બજાવી છે ને

'સાંગોપાંગ સુરંગ વ્યંગ્ય અતિશે ધારો ગિરા ગુર્જરી,
પાદે પાદ રસાળ ભૂષણવતી થાઓ સખી ઉપરી;
જે ગીર્વાણ ગિરા ગણાય ગણુતા તે સ્થાન એ લ્યો વરી,
થાયે શ્રેષ્ઠ સહ સખીજન થશે એ આશ પૂરો હરિ.'–

એ પદ્યમા કર્યું છે તેવી આશા રાખીને ભગીરથ પ્રયત્ન કર્યો છે એમ સ્થાપન કરવામા લેશ પણ અતિશયોક્તિ ને ચાટૂક્તિ નથી.

પ્રેમાનંદનુ કવિમંડળ: વલ્લભ—કવિ પ્રેમાનદે પોતાની આસપાસ એકત્રિત કરેલા મંડળને જે કામ સોંપ્યું હતું તે કેટલેક અંશે યથાશક્તિ થયું, પરંતુ જેટલું એ તેવું દીપી નીકળ્યું નહિ. રત્નેશ્વર સંસ્કૃત ભાષામા વિદ્વાન્ હતો, તેણે ભાષાન્તરરૂપ કેટલાક ગ્રંથ રચ્યા અને કવિપુત્ર વલ્લભે પિતાની સ્તુતિ ને સામળભટ્ટની નિંદા કરી પોતાનાં કાવ્યોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી. તેણે 'કુન્તી–પ્રસન્નાખ્યાન,' 'દુ:શાસનરુધિરપાન,' 'યુધિષ્ઠિરવૃકોદરસંવાદ,' 'યક્ષપ્રશ્ન' આદિ ગ્રન્થો રચ્યા છે. ગીર્વાણ ભાષા જેવી ભાષા વિષે તેણે એક સિદ્ધ પુરુષને પૂછ્યું ત્યારે તેમણે તેને ગુર્જર ભાષા જ બતાવી, એમ વર્ણવી વલ્લભે જે ગુજરાતી ભાષાનુ ગૌરવ પ્રતિપાદન કર્યુ છે તે દરેક સાહિત્યસેવકે હૃદયમાં કોતરી રાખવા જેવું છે.

'ઉમર મૂકી અને તું, ડુંગરને પૂજે કેમ ?
ગોદમાનો સૂત ભૂલે, જાણ્યું નહિ જેમણે.
તારી ભાષા છે જ તેવી, જાણ્યું નવ તેં જરૂર,
વિચારી જો વારંવાર, ગુણથી ઘટે ગણે.
કોમળતા કમળથી, અધિક દેખાય જેમા,
મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે.
અમલતા એના જેવી, નથી કોઈ ભાષામધ્ય,
પ્રાચીનપણું તો જેવું, મોટેરું મનાય છે.
* * * *
ગુર્જર ગિરાની તુલ્ય, ઉપમા ઉર્વીમાં નથી,
સર્વગુણસંપન્ન છે, ઉચ્ચાર રસાળ શો ?'

સામળભટ્ટ અને અખો—એજ યુગના કવિ સામળભટ્ટે ને કવિ અખાએ પ્રેમાનંદથી જુદી જ દિશાએ સબળ પ્રયત્ન કર્યો છે. રામાયણમહાભારતનાં આખ્યાનો જનસમાજને ગાઇ ગતલાવવાને બદલે પોતાની કલ્પનાશક્તિને પ્રભાવે 'મદાપચ્ચીસી.' 'સુડાબોત્તેરી,' 'મદનમોહના,' પદ્માવતી,' 'ભદ્રા ભામિની,' 'નંદબત્રીસી,' વગેરે વાર્તાઓ તેમજ 'ઉદ્યમકર્મસંવાદ,' 'અંગદવિષ્ટિ,' 'રાવણમંદોદરીસંવાદ,' આદિ અનેક કાવ્યો કવિ સામળે રચ્યા છે, તેમા તેણે વસ્તુસંકલનાની અદ્દભુત શક્તિ, જનસ્વભાવ આલેખવાનું કૌશલ્ય. અને અલૌકિક જ્ઞાન તેમજ બહુશ્રુતતા ને વ્યવહારકુશળતા દર્શાવ્યા છે. ઉપમા તો કાલિદાસની એમ એક પ્રાચીન સંસ્કૃત પદ્યમા કાલિદાસની પ્રશંસા કરી છે તેમ છપ્પા તો સામળભટ્ટના એમ કહેવામાં લેશ પણ અત્યુક્તિ નથી.

અખો—સંસારથી વિરક્ત થયલો, કીધેલા ઉપકારના બદલામા નિંદા ને દોષારોપણ પામેલો, આદર્શભૂત નીતિ દર્શાવતા કારાગૃહમા ગોંધાયલો અખો કવિ સંસારનો ત્યાગ કરી મનની શાંતિ પ્રાપ્ત કરવા સદ્દગુરુની શોધમાં નીકળી પડે એ સ્વાભાવિક છે એ શોધમા એને બેત્રણ સ્થળે સ્વાર્થી અને સંસારમાં મચ્યાપચ્યા રહેલા ગુરુઓ માલમ પડે છે એટલે એવા ગુરુઓ પર પોતાની કવિતામા એ સચોટ પ્રહાર કરે એ પણ સ્વાભાવિક છે. આખરે, કાશીમાં મણિકર્ણિકાના ઘાટ પર એને જોઇતા ગુરુ મળે છે, તેમના તરફથી એને વેદાન્ત

શાસ્ત્રના ગૂઢ રહસ્યનું જ્ઞાન થાય છે અને એ જ્ઞાન તે 'ગુરુશિષ્યસંવાદ,' 'અખેગીતા,' 'ચિત્તવિચારસંવાદ,' 'પંચીકરણ,' આદિ ગ્રન્થોમાં દર્શાવે છે. એને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નહોતું, તેમજ છન્દઃશાસ્ત્ર કે કાવ્યશાસ્ત્રથી પણ એ પરિચિત નહોતો. જેવી કવિતા સૂઝી આવી તેવી કવિતામાં એણે પોતાના વિચાર દર્શાવ્યા છે. મૂળ તો વેદાન્તનો વિષય જ ગહન અને તે વળી કવિતામાં ઉતારવો એ કામ ઘણું દુષ્કર, એટલે એના કાવ્યો સુગમ ને લોકપ્રિય થાય નહિ એમા નવાઇ નથી. તોપણ એના કાવ્યોનો કેટલોક ભાગ વ્યાવહારિક હોવાથી તેમજ તે સાદી, સરળ, ને સીધી ભાષામા રચાયલો હોવાથી ઘણો લોકપ્રિય થયો છે. એણે લોકોને તીખી ભાષામાં ઉપદેશ આપ્યો છે. એના કેટલાંક પદ્યો લોકોક્તિમા સામાન્ય પ્રચાર પામ્યા છે; કેટલેક સ્થળે અસંસ્કારી ભાષા વાપરી પોતાનો હેતુ સાધવામા કવિ ચૂક્યો નથી. નીચેનાં જેવાં પદ્યો ઘણા લોકપ્રિય થયાં છેઃ–

'તિલક કરતા ત્રેપન વહ્યાં, જપમાળાના નાકા ગયા,
તીરથ ફરિ ફરિ થાક્યા ચર્ણ, તોય ન પોતા હરિને શર્ણ.'
'કથા સુણી સુણી ફૂટયા કાન, તોએ નાવ્યું બ્રહ્મજ્ઞાન,
એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણીને દેખી કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન.
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.'

'છુટકળ અંગ'માં એવા ઘણાં સરળ, સીધાં, ને સચોટ પદ્યો છે.

'આવિ નગૈરમાં લાગિ લાય, પંખિને શ્યો ધોખો થાય;
ઉંદર બિચારા કરતા સોર, જેને નહીં ઉડયાનું જોર.
અખા જ્ઞાની ભવથી કેમ ડરે, જેની અનુભવપાખ આકાશે ફરે.'

\+ + + +

ગુરૂ થઇ બેઠો સંનો સાધ, સ્વામિપણાની વળગી વ્યાધ.
તે પીડાથી દુખિયો થયો, રોગ કરાર અનુભવથી ગયો.
વાયક જાળમા ગુંચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે.'

\+ + + +

'સ્વામી થઇને બેઠા આપ, એ તો મનનં વળગ્યું પાપ;
શિષ્ય રાખ્યાનો શિર પર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર.
આશા રજ્જુને બાધ્યો પાશ, અખા શું જાણે જ્ઞાનીની આશ.'

\+ + + +

'દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતા વધ્યું શેર,
ચરચા વદતા તોલુ થયો, ગુરુ થયો ત્યા મણમા ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન તે મૂળગું ખોય.'

\+ + + +

'આત્મ અનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ;
અહંકૃતિ તજી સ્મરણ કરો, મન કર્મ વચન હરિ વડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ.'

\+ + + +

'ધન ધન જ્ઞાની જનનું ગાત્ર, જગત ગણ્યું જેણે તૃણમાત્ર;
જ્ઞાની તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંઘરે સાર;
સકળ કામના સવળી કરે, વાસના વપુ ઠેકાણે ઠરે:
ટાળે આપ ને ભાળે ઇશ, અખા એવા પુરુષને મળે જગદીશ.'

આમ કેટલેક સ્થળે અખો ઘણી સ્ફુટ ને કડવી પણ સત્ય વાણીમાં તે સમયના સ્વાર્થી ગુરુનું સ્વરૂપ ઉઘાડું કરી વેદાન્ત સિદ્ધાન્તોનો ઉપદેશ કરે છે.

'ભાષાના અંગ'માં અખો કહે છે કે—

'ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર;
સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતમાંથી નાશી ગયું ?
બાવનનો સઘળો વિસ્તાર, આખા ત્રેપનમો જાણે પાર.'

શીલવતીનો રાસ—આજ મધ્યકાળમાં જૈન કવિ નેમિવિજયે 'શીલવતી રાસો' નામનો ઉત્તમ રાસો રચ્યો છે અને વલ્લભે 'બહુચરાજીનો' ગરબો વીરરસમાં યોજ્યો છે.

ધીરો ભક્ત—આની પછીના ૧૮ મા સૈકામાં પણ ધીરો ભક્ત નીરાંત, તેમના શિષ્ય બાપુસાહેબ ગાયકવાડ, તથા લજ્જારામ અને પ્રીતમદાસ, તેમજ સ્વામિનારાયણના પંથના મુક્તાનંદ, બ્રહ્માનંદ, ને નિષ્કુલાનંદ, એ ભક્ત કવિનાં કાવ્યોમાં ધર્મ ને નીતિની ભાવના ઓતપ્રોત થઇ છે. સદ્ગુરુના સંસર્ગથી કેટલો લાભ થાય છે તે ધીરાની કવિતાથી જણાય છે. એને કેળવણીનો સંસ્કાર મળ્યો નહોતો; તોપણ એક સંન્યાસીના સત્સંગથી એને જ્ઞાન પ્રાપ્ત થયું. એના કાવ્યોમાં ગુરુભક્તિ ને વેદાન્તજ્ઞાન સ્થળે સ્થળે જણાઇ આવે છે. જેમ છપ્પા સામળના તેમ કાફી તો ધીરા ભક્તની જ. એ કાફી ઘણી લોકપ્રિય થઇ છે. નીચેની ઉત્તમ છેઃ—

' તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં. '
\+ + + +
' અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા. '
\+ + + +
પ્રભુ તમ સાથે રે મારે પ્રીત ઘણી. '
\+ + + +
' વાડા વાળી બેઠા રે પોતાનો પંથ કરવાને. '
\+ + + +
' જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ? '
\+ + + +
' હીરાની પરીક્ષા રે ઝવેરી હોય તે જાણે. '
\+ + + +

ધીરા ભક્તે 'સ્વરૂપ' કાવ્યમા લક્ષ્મીનુ, યૌવનનું, કાયાનું, માયાનું, તેમજ મનનું સ્વરૂપ ઉત્તમ કાફીમાં ગાયું છે. તેમાં 'લક્ષ્મીના સ્વરૂપ'મા નીચેની કાફીઓ ઉત્તમ છેઃ—

'કમળકેરૂં પુષ્પ જ રે, પ્રભાત તો થાયે જ્યારે;
ખીલવા કંઇક માડે રે, સુગંધ અતિ દે ત્યારે.'

* * *

અને

'સોમલ જેવી સાચી રે, ખાતા ન લાગે ખારી;
વિધ વિધ રંગી દેખાયે રે, આશા વધે અવિધારી.'

લજ્જારામ—લજ્જારામે 'અભિમન્યુ–આખ્યાન' રચ્યુ છે, તેની ભાષા પ્રાસાદિક છે ને તેમાં કવિએ કેટલેક સ્થળે રસની ઝમાવટ ઉત્તમ કરી છે. નીચેની જેવી પંક્તિઓ ઘણી લોકપ્રિય થઇ છેઃ—

'તુંજ વિના રહિશ હુ કેમ ટોળા વછુટી હરણી જેમ,
'સિંહ દેખી પશુ પામે ત્રાસ, ત્યમ સાંભળી હું થઇ નિરાશ.
ખોળે બેસારીને હું બાળ, ભોજન કરાવું તતકાળ,
આંખથી અળગાં થાઓ છો બાળ, પ્રાણ હરી જાઓ છો તતકાળ.
ફરી શું કહેવરાવે તુંય, રણે નહિ જાવા દેઉં હુંય',

* *

'મને બાલુડો ન કહેશો, મારી માવડી રે'.—

વગેરે જેમાં વય કંઇ તેજનો હેતુ નથી એવી ભાવના ઉત્તમ રીતે ઘટાવી છે.

'મને મારીને રથડા ખેડ રે, બાળા રાજા રે,
મને જુદ્ધે સાથે તેડ રે, બાળ રાજા રે.'

એમ કહી અભિમન્યુને યુદ્ધમા જતો અટકાવવા પ્રયાસ કરી તેમાં નિષ્ફળ થઇ ને સ્વામી યુદ્ધમા જશે એમ ખાત્રી થઇ, ત્યારે—

'ઉત્તરા કુંવરી વાણી બોલી, સાભળ મુજ ભરથાર,
તમે જુદ્ધ કરવા સંચરો છો ચક્રવ્યુહમોઝાર
મરજો કે મારજો તમે, નવદેશો પુઠ લગાર,
સહિયર મેણા મારી કહેશે, કાયરની આ નાર.
અવની પર જે અવતર્યો, તેને મરવું એક જ વાર;
મોત થકી ડરિયે નહિ, તે માટે ભરથાર.'

'**વેણીસંહાર**'મા પણ અશ્વત્થામા કૌરવસૈન્યને પાછું હઠતું જોઇ એવા જ વિચાર દર્શાવે છે કે સમરાંગણનો ત્યાગ કર્યાથી મૃત્યુનું ભય જ જતું રહેતું હોય તો ત્યાથી અન્યત્ર જવું યુક્ત છે. પરંતુ જો મરણ પ્રાણિમાત્રને અનિવાર્ય છે તો હે સૈનિકો, તમારો યશ નકામો શા માટે મલિન કરો છો ?

પ્રીતમદાસ ને નિષ્કુલાનંદ—પ્રીતમદાસના જ્ઞાન ને ભક્તિના પદો પણ સારાં છે

'આનંદે આવો રે, જીવન જમવાને,
બહુ પાક બનાવું રે, ગિરિધર ગમવાને.

તેમજ

'કાયા રે તારી કામ નહીં આવે, જો કરે કોટિ ઉપાય રે,'
વણશી જોતાં વાર નહીં લાગે, જો કુંદન કાપીને ખાય રે.'

અને

' રહે રસના તું રામ ભજનમા, હંસ દશા દિલ આણી;
કહું છુ કુટિલ વચન નવ કાઢિ, વૃથા વાયસવાણી. રહે૦'

જેવા પદો વાચકને ભક્તિરસમા તરબોળ કરે છે.

નિષ્કુલાનંદે 'ધીરજાખ્યાન'મા અનેક હરિભક્તો—પ્રહ્લાદ, ધ્રુવ, હરિશ્ચંદ, શિબિ, રંતિદેવ, મયૂરધ્વજ, વગેરેના આખ્યાન ગાયા છે. એમા નીચેનું પદ ઉત્તમ છેઃ—

' ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ૦
આવે અર્થ દોહલે દિન રે, સંતો ધીરજ૦'

તેમજ વૈરાગ્ય વિષેનું નીચેનું પદ પણ ઘણું લોકપ્રિય થયું છેઃ—

'જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી,
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનની૦'

મુક્તાનંદ—મુક્તાનંદે 'સતીગીતા'મા સતી સ્ત્રીઓનો પ્રભાવ વર્ણવ્યો છે, એમાં નીચેની ગરબી વાચકના હૃદયને કરુણરસમા તરબોળ કરે છેઃ—

'રસિયા વર રણછોડ છોગાળા, સાભળો વિનતિ અમારી રે;
મર્માળા મુને જાણી પોતાની, હાથ ગ્રહો ગિરધારી રે.'

બ્રહ્માનંદ—બ્રહ્માનદે કૃષ્ણકીર્તનના પદો ગાયા છે; નીચેના ઉત્તમ છેઃ—

'નારાયણ સુખકારી ભજી લે, નારાયણ સુખકારી,
સાધુજનની માન શિખામણ, વિષય વિકાર વિસારી. ભજી લે૦'

\+ + + +

'ઓરા આવો નટવર નાનડિયા, તમે મારા જીવ સાથ જડિયા. ટેક'
શોભો છો સોનેરી પટકે. છબી રંગ ચોળતણે ચટકે:
લીધું મન હાથતણે લટકે. ઓરા૦'

\+ + + +

એનાં નીચેનાં જેવાં જ્ઞાનભક્તિનાં પદો પણ ઉત્તમ છેઃ—

'આ તનરંગ પતંગ સરીખો જાતા વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધનસંપતિ મેલી, તારી નજરો આગેજી.'

\+ + + +

'પેટ કટારી રે, પેહેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઇના તે ન રહે ઝાલ્યા.

\+ + + +

તેની પેરે રે, હરિજન પણ જોઇને તીખા:
અંતર શત્રુને રે, લાગે અતિવ્રજ સરીખા.
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિને મન ભાવે'.

૧૯ મા સૈકાનાં કાવ્ય—૧૯ મો સૈકો એ કાળનો છેલ્લો સૈકો છે. એમાં ગિરિધર, ભોજોભક્ત, મનોહરસ્વામી, આદિ કવિઓએ ગુર્જરસાહિત્યવાટિકાને ખિલવી છે. ગિરધર કવિએ 'તુલસીવિવાહ' આદિ ગ્રન્થો રચ્યા છે: પરંતુ એનું 'રામાયણ' લોકોમાં અતિપ્રિય થયું છે. ઉત્તર હિંદમાં જેવું તુલસીકૃત 'રામાયણ' પ્રિય છે તેવું ગુજરાતમા ગિરધરકૃત 'રામાયણ' પ્રિય છે. એની ભાષા સરળ ને પ્રાસાદિક છે, ને એ લોકપ્રિય રાગોમા રચેલું હોવાથી જન-સમાજમા ઘણું પ્રચાર પામ્યું છે.

'ત્યારે માતા કૌશલ્યાજી બોલીયા, હો વાલા રે,
તુને નહીં જાવા દેઉં વન, કુંવરજી કાલા રે.'

ઇત્યાદિ.

રામચંદ્રજીને વનમા જતા અટકાવવા કૌશલ્યાના વચન કરુણારસથી ભરપૂર છે ને માતાના અકૃત્રિમ સ્નેહરસનો ખરો ચિતાર આપે છે. તેમજ પોતાની સાથે તેડી જવા સીતાજીએ રામચંદ્રને કહેલાં વચન પણ હૃદયદ્રાવક છે:—

'અહો નાથ હું દાસી તમારી વિજોગ નવ સેહેવાય,
તમ વિના હું કેમ રહું એકલી, એક ઘડી જુગ થાય.
જળ વિના જળચર કેમ જીવે, જો કરિયે કોટિ ઉપાય,
હું છાયા તમારા દેહતણી, પ્રભુ કહો કેમ અળગી થાય
કનકકાન્તિ જેમ દીપશિખા, રવિરશ્મિ સદા રહે પુરી.
તે કલ્પાન્તે વિલક્ષણ ન થાય, જે પરિમલ ને કસ્તુરી.
એમ હું તમથી ન રહું વેગળી, સુણિયે શ્રીરઘુરાય;
જેમ સદા વિવેક સાધુનું હદે નજી કલ્પાંતે નવ જાય.'

એની કેટલીક ગરબીઓ પણ ઉત્તમ છે:—

'આવો આવો રે નંદના લાલ, મારે ઘેર આવો રે.'

\+ + + +

'મુને મળિયા સુંદરશ્યામ, આજે મારે દીવાળી.'

મનોહરસ્વામી—મનોહરસ્વામી એ વડનગરા નાગર મૂળ જુનાગઢના વતની હતા. પણ ભાવનગરમાં સદ્ગત ગૌરીશંકરભાઇના આશ્રય નીચે આવીને રહ્યા હતા. પાછળથી એમણે સંસારથી વિરક્ત થઇ સંન્યાસ ગ્રહણ કર્યો હતો અને સચ્ચિદાનન્દ નામ ધારણ કર્યું હતું. પછી શ્રીયુત ગૌરીશંકરભાઇને પણ એમણે સંન્યાસની દીક્ષા આપી હતી. એઓ શાકરમતના દૃઢ હિમાયતી હતા અને એમણે વલ્લભમતના ખંડન વિષે કાવ્ય રચ્યું છે. એઓ ગીર્વાણભાષામા પ્રવીણ હતા અને 'ભગવદ્ગીતા' ને 'રામગીતા'નું ગુજરાતી કાવ્યમા

એમણે ભાષાન્તર કર્યું છે. એઓ સ્વભાવે સ્વતન્ત્ર અને આગ્રહી હતા. **એમણે** **वल्लभमत-खण्डन** નામનો સંસ્કૃત વાદગ્રન્થ રચ્યો છે. એમને ફારસી ભાષાનું પણ સારૂં જ્ઞાન હતું. એ ઉપરાત વેદાન્તવિચારથી અંકિત 'મનોહરકાવ્ય' પણ એમણે રચ્યું છે. એમાની કેટલીક સુંદર પંક્તિઓ નીચે આપી છે; પંથ ચલાવનારા પાખંડી લોકોને એમણે નિન્દ્યા છે કે—

'કંઇ પાખંડે પંથ ચલાવે, પ્રભુ થઇને પૂજાય,
શિષ્યતણો સંશય નવ ટાળે, ધૂર્તો ધન ખાય.'

કવિએ સત્ય કહ્યું છે કે જ્યાસુધી કામનાનો નાશ થતો નથી ત્યાંસુધી આન્તર મલિનતા ધોવાતી નથી:—

'પત્થર તેટલા દેવ કરે, તીરથમાં ડબકાં ખાય;
વ્રત ઉપવાસે દેહ દમે પણ, મનનો મેલ ન જાય.
કામ, ક્રોધ, મદ, મોહ, મચ્છરનું, મનમા જોર ન માય,
વિષય પામવા વલખા વીણે, રાક, રળાઉ, રાય.
માયા કાળતણા બંધનમાં, લાલચથી બંધાય,
મરીચિકાજળમોહોમા નાવે, આશા અદકી થાય.
ગુરુવેદાન્તવચનથી તેણે, નિજ સ્વરૂપ સમજાય;
વૃત્તિ અખંડ જ્ઞાનમય રાખે, જન્મમરણભય જાય.'

બ્રહ્માનન્દનો સ્વાનુભવ થવાથી કેવું સુખ થાય છે?

'બ્રહ્માનંદ મગનમા વિલસે, ત્રિવિધ તાપ ટળી જાય;
દેહ છતે દેહભાવ તજે, દઢ સંશયશોક પળાય.
હસે, રમે, સ્વયમાં સ્વય ખેલે, સ્વયમા બોલે, ગાય;
સ્વગતાદિક માયિક ઉરમાથી, ભેદ અશેષ વિલાય.
એ સુખ જે માણે તે જાણે, વાણે નવ કહેવાય,
મનોહર હરિગુરુપૂર્ણકૃપાથી, આત્માનંદ પમાય.'

આમાં અને અન્ય સ્થળે '**भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।**
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥'
અને '**यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः**
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥

આદિ ઉપનિષદ્વાક્યોની છાયા આવે છે. તેમજ

'જે અપાણિપાદ ગ્રહે ગતિ કરનાર રે,
આંખ્યો કાનો વિના દેખે-સુણે ઠારોઠાર રે:
બુદ્ધિચિત્તવાણો સર્વે જાણે ને સંભારે રે,
અખંડ જ્ઞાન છે જેનું કદી ન વિસારે રે:
એને કો ન જાણી શકે, સહુનો એ જાણ રે,
નિત્ય જગદાદિ રાજે, પુરુષપુરાણ રે.'

આમાં પરબ્રહ્મનું સ્વરૂપ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના

'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥'—

એ વાક્યનું સંસ્મરણ કરાવે છે.

ધર્મનો ઢોંગ કરનારા, દંભી બગઋષિઓના પર કવિએ સખત પ્રહાર કર્યો છેઃ—

'કપટી પાપ આપતો, હીંડે ઠારોઠાર.
ચપટી ચોખા લઈ ફરે, સર્વ દેવનાં દ્વાર.
કર જોડીને વીનવે મારા પાપ નિવાર.' કપટી૦

પણ કામાદિનો નાશ થયો નથી ત્યાંસુધી સિદ્ધિ થતી નથીઃ—

'પાપતણું તો મળ છે, કામાદિક મનમેલ.
ત્યાંસુધી નહીં સાંભળે, દેવ ગણે છે ફેલ.
પાપ ટાળવા ચાહે તો કામાદિકને ટાળ;
સત્ય દયા સંતોષની, આડી કરની પાળ.
નિર્મળ થઈ હરિભજન કર, રાખી દૃઢ વિશ્વાસ;
મનોહર સઘ મુકાવશે, કાપી પાતકપાશ.' કપટી૦

વળી—

'શત સંવત્સર તૂંબડી, જળમાં ડબકાં ખાય.
અંતર ધોયા વિણુ કદી, કટુતાઇ નવ જાય.'—

જેવી પંક્તિઓમાં મન નિર્મળ કરવાનો યોગ્ય ઉપદેશ કર્યો છે. જીવન્મુક્ત કયારે થવાય તેને માટે નીચેનું પદ ગાયું છેઃ—

'જે કોઈ સદ્‌ગુરુશરણે જાય, તેના સંશય દૂર પલાય,
કામ, ક્રોધ, મદ, મોહ, મચ્છર, આશા, તૃષ્ણા લય થાય,
અતિશયિતાદિક દોષ વિષયના, ઉરમાંહે દેખાય. જે કોઇ૦

* * *

સમરસવ્યાપક સચ્ચિદ્ આનંદ, રૂપ થઇને વિલસાય;
મનોહર મરણતણો ભય ભાગે, જીવન્મુક્ત કહેવાય. જે કોઇ૦'

વળી નીચેના જેવાં પદ સંસારનું સત્ય ચિત્ર દર્શાવી મનને બોધ ને શાન્તિ આપે છેઃ—

'મન તુ મેલ જૂઠ જંજાળ, માથે ભમે અચાનક કાળ. ટેક.
ભવસાગરમાં ચાર ખાણના, જંતુ લઘુ વિશાળ:
અગણિત પ્રગટે અગણિત મારે, કાળ પાથરી જાળ મન તું૦
કાળતણો જે કાળ નરહરિ, તે સાચો રખવાળ;
વેગે શરણ ગ્રહે તે હરિનું, લેશે શીઘ્ર સંભાળ. મન તું૦
ચેત ચેત રે ચેત શીઘ્રથી, મૂકી આળપંપાળ;
મનોહર મૃત્યુ થકી મૂકાવે, ચિદ્દઘન દીનદયાળ. મન તું૦'

ભોજો ભક્ત—ભોજો ભક્ત પણ કાઠીઆવાડનો વતની હતો ને એ જ સમયમાં થઇ ગયો. એ અસંસ્કારી કુટુંબમાં જન્મ્યો હતો ને એને વિદ્યાનો સંસ્કાર મળ્યો નહોતો તોપણ કુદરતની બક્ષિશથી એણે અસરકારક પદો ગાયા છે. એના 'ચાબખા' કેટલેક સ્થળે અસંસ્કારી, સીધી ને સચોટ ભાષામાં હોવાથી અને હૃદયના અન્તર્ભાગમાંથી નીકળેલા હોવાથી વાચકના હૃદયને ભેદે છે. જેમ ધીરો 'કાફી' માટે પ્રસિદ્ધ છે, તેમ ભોજો ભક્ત 'ચાબખા' માટે પ્રસિદ્ધ છે. નીચેના ચાબખા લોકપ્રિય થયા છેઃ—

'પ્રાણીઆ ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર.'
× × × ×
'મુરખા મોહી રહ્યો મારૂં રે, આમાં કાયે નથી તારૂં રે.'
× × × ×
'મનનિયું મોટાઇ મેલો રે, આ તો અવસર છે છેલો રે.'
× × × ×

તેમજ નીચેની જેવી 'હોરીઓ'

'નાથ મોરી અરજ સુણો અવિનાશી,
હું તો જનમ જનમ તોરી દાસી—નાથ૦'

અને 'કાચબોકાચબી'

'કાચબો કહે છે કાચબી, તું ધારણ રાખની ધીર'—

એ ગરબી જનમંડળમાં બહુ પ્રચાર પામી છે.

કવિ દયારામ—જેમ આદિકાળની સાહિત્યમાળાનો મધ્ય મણિ નરસિંહ મહેતા અને મધ્ય કાળની સાહિત્યમાળાનો મધ્ય મણિ કવિ પ્રેમાનંદ છે, તેમ અર્વાચીન કાળની મધ્ય માળાનો મધ્ય મણિ સહૃદય ને ફાંકડો કવિ દયારામ છે. એણે અનેક ગ્રન્થો ગુજરાતી ને હીંદીમા રચ્યા છે. એના મધુર કોકિલકંઠે એ અનેક રસિક ગાયનો, ભજનો, ને ગરબીઓ લલકારતો. કહે છે કે એમાંનાં કેટલાંક પદો તો એના ભકતોથી ઉતારી શકાયાં પણ નથી. કવિ નર્મદે એનાં કાવ્યો તેમજ જન્મચરિત્રની હકીકત એકઠી કરવા અતિશય પ્રયાસ કર્યો છે.

કવિ વૈષ્ણવ મતનો દઢ હિમાયતી હતો. એણે નવ પ્રકારની ભક્તિમા દસમો પ્રેમલક્ષણા ભક્તિનો પ્રકાર ઉમેર્યો છેઃ—

'શ્રવણ, કીરતન શ્રીકૃષ્ણનું, સ્મરણ, સેવન, અરચંન,
વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મનિવેદંન.
આત્મનિવેદન નવધા કહીએ, પ્રેમલક્ષણા દશમી લહિયે.
એ ભક્તિ સહુ સાધન-તાજ, જે પામે વશ થાયે વ્રજરાજ.'

આગળ ચાલતા કવિએ પ્રેમ, સ્નેહ, ને પ્રેમભક્તિનું સ્વરૂપ સુંદર રીતે દર્શાવ્યું છેઃ—

'રૂપ, દ્રવ્ય, ગુણ, ત્રણ એ કારણ પ્રીતિ થવાનાં કહાવે;
એ ત્રણ વિકારરહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે.

ભાવે એ પ્રેમે વહાલો વશ થાએ, તેણે મૂકી ક્ષણ દૂર નવ જાએ,
તે જને માન્યું મત એહ, જેમ તેમ થાયે સુખી પ્રભુ તેહ.
પ્રેમ, આસક્તિ, વ્યસન એ, ત્રણે રૂપ સ્નેહનાં લહયે,
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઇએ ન કહિયે.
કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિજોગ થાય ત્યારે તપે તન, તાહાનુ તાંહાં વળગ્યું મન.
એક વાર પણ આખા દિવસમાં, મળ્યા વિના નવ રહેવાએ,
જો ન મળે તો વિકળ થાય, આસક્તિ એ કહેવાએ. '

એ જ પ્રમાણે વ્યસન ને પ્રેમલક્ષણા ભક્તિનું લક્ષણ આપી તેના સ્વરૂપ સુંદર શબ્દોમાં સમજાવ્યાં છે:—

' પ્રેમલક્ષણા વળી દગ્રુચિ સ્મૃતી અભિલાખા ઉદ્વેગ ચાર. '

ગોપીની શ્રીકૃષ્ણ પ્રતિની ભક્તિ એ એવી ચાર પ્રેમલક્ષણા ભક્તિ છે:—

'જાતી જુઓ તો આહીરની, તેમ અબળા અધમ અવતાર;
વેદાદિક નોતી ભણી, નોતો ઉત્તમ કર્મ અધિકાર.
અધિકાર વણુ એક પ્રેમપ્રતાપ, કર્યા અધીન શ્રીકૃષ્ણ જે આપ;
ગોપીની પદરજ વંદે ઇશ, કર્યા પ્રેમલક્ષણા તે સહુને શીશ. '

દયારામનાં કાવ્યો ત્રણ વિભાગમાં વિભક્ત થાય છે:—

૧. ભક્તિના ને નીતિનાં કાવ્ય; ૨. જ્ઞાનનાં કાવ્ય, ૩. ગરબીઓ.

' ઓધવજી છે અળગી રે વાત એક પ્રેમતણી '—

એ ' પ્રેમપરીક્ષા ' ના કાવ્યમાં ઓધવજી જ્ઞાન કરતાં ભક્તિનો અધિક પ્રભાવ દર્શાવી કવિએ જ્ઞાની ઓધવજીનું મન પ્રેમ તરફ વાળ્યું છે:—

' એવા વચન સુણીને રે, ઓધવજીની ભ્રાતી ટળી;
જોગજંજાળ છૂટી રે, ગયું મન સ્નેહમા મળી.
અભિમાન મૂકીને રે, ઓધવ ગોપીપાય પડ્યા;
કહું દયાનો પ્રીતમજી રે, નિશ્ચે એક તમને જડ્યા. '

કવિશ્રીનું ' માતા જસોદા ઝૂલાવે પુત્ર પારણે '—એ પારણું તેમજ

' એક સમે હનુમાન ગરુડ બેહુ એક સ્થળે મળિયા;
કોઇ કોઇના ગાજ્યા ન જાય, એમ અહેકપે' બળિયા'—

એ હનુમાનગરુડ-સંવાદની લાવણી ઘણી લોકપ્રિય થયા છે.

દયારામની ગરબીઓ—ગરબીઓમા અનેક ગરબીઓ ગરબાના દહાડામાં કે અન્ય પ્રસંગે સ્ત્રીઓ લલકારીને ગાય છે. મીરાબાઇનાં ભજનો ને દયારામની ગરબીઓ સ્ત્રીવર્ગમાં અતિશય પ્રચાર પામ્યા છે. એવી ગરબીઓમાંથી માત્ર થોડીનો જ નીચે નિર્દેશ કર્યો છે.—

' સુણો સામળા, હું તમ માટે ઘેલી થઇ જો. '

× × ×

'સાંભળ રે તું સજની મ્હારી, રજની ક્યાં રમી આવીજી.'

* * *

'પ્રેમની પીડા તે કોને કહિયે રે, હો મધુકર, પ્રેમની૦'

* * *

'શીખ સાસુજી દે છે રે, વહુજી રોહો ઢંગે.'

* * *

'આઠ કુવા ને નવ વાવડી રે લોલ.'

* * *

'ગરબે રમવાને ગોરી નીસર્યાં રે લોલ.'

* * *

'મોહોલે પધારો મહારાજ, મણીધર મોહેલે૦

* * *

'લોચન મનનો રે કે ઝધડો લોચન મનનો'

* * *

'કાનુડો કામણગારો રે, સાહેલી આ તો કાનુડો કામણગારો રે.'

* * *

'મીરાં મન મોહનશું માન્યુ.'

* * *

'સખિ હુ તો જાણીતી જે સુખ હશે સ્નેહમા.'

* * *

'ચાલ વ્હેલી અલબેલી પ્યારી રાધે.'

* * *

નીતિભક્તિનાં પદો—નીતિભક્તિનાં પદોમા

'હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણસિંધુ ગ્રહો કર મારો.'

* * *

'ચિત્ત તું શિદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.'

* * *

'સર્વ તજીને ભજિ લે શ્રીગોવિંદને.'

* * *

'શૂં જાણે વ્યાકર્ણી વસ્તુને શું જાણે વ્યાકર્ણી ?'

* * *

'હરિ તુંને પ્રસન્ન તે કેમ થાએ ?'

* * *

'ગર્ભવાસમાં રાખ્યો રે કિરપા તને બહુ કરી'

એવાં પદો ઉત્તમ છે

હિંદી કાવ્યો—કવિએ 'સતસૈયા' નામનું મોટું હિંદી કાવ્ય રચ્યું છે, તેમાં કલ્પના-શક્તિનું ઊંચુ ઉડ્ડયન છે, તથા પ્રૌઢ વિચાર ને શબ્દચમત્કૃતિના સુંદર દાખલા છે.

'રસિકવલ્લભ'—'રસિકવલ્લભ' એ કવિનાં જ્ઞાનકાવ્યોમાનું મુખ્ય છે. એમા કવિએ વેદાન્તનું સારૂં જ્ઞાન દર્શાવ્યું છે. પરંતુ પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન કરીને અટકવાને બદલે કવિએ શાકર મત પર આક્ષેપ કર્યો છે અને એમ કરવામાં ન્યાય ને તર્કને બદલે યુક્તિ-પ્રયુક્તિનો પ્રયોગ કર્યો છે. કૃષ્ણ ને રાધાનું અદ્વૈત માની,

'શ્રીકૃષ્ણ રાધા નામ બે, વસ્તુતા જોતા એક,
જ્યમ અગ્નિજવાળા, ચંદ્રકૌમુદી, સિંધુ ને વળી છોળ.
કહેવા ભિન્ન અભિન્ન બંધે, વસ્તુ એક જ ખોળ.
જે એકમેવાદ્વિતીયં બ્રહ્મ, કહ્યું શ્રુતિ જુગજાણી;
નહિ તો થયું ધ્રુવ એવ શબ્દે, અદ્વિતીય શિદ વાણી'—

એ પદ્યોમાં કવિ કહે છે કે 'એવ' શબ્દથી નિશ્ચયનો અર્થ વાચ્ય થાય છે તો તેના પછી 'અદ્વિતીય' શબ્દની નિષ્પ્રયોજક પુનરુક્તિ છે; એથી એટલું જ વ્યંગ્ય થાય છે કે દ્વિતીય છે; રાધા ને કૃષ્ણનું યુગ્મ જાણીને જ શ્રુતિએ એમ કહ્યું છે. આવે સ્થળે તેમજ—

'કહિએ વળી સમવાયી કારણ વિવર, ચક્ર, ને દંડ'

એમા નિમિત્તકારણને કવિએ સમવાયી કારણ માન્યું છે. એવે સ્થળે ન્યાય અને વેદાન્તશાસ્ત્રનાં ગૂઢ તત્ત્વનું કવિનું અજ્ઞાન સ્ફુટ થાય છે.

ગદ્યસાહિત્યનો ઉદ્ભવ:—આ પ્રમાણે આદ્ય, મધ્ય, અને અર્વાચીન સમયના ગુજરાતી સાહિત્યનું સિંહાવલોકન કર્યું, ને મુખ્ય કવિઓનાં કેટલાંક ઉત્તમ કાવ્યોનું દિગ્દર્શન પણ કર્યું. ઉપસંહારરૂપે કહેતાં આ બધા સમયમાં પદ્યસાહિત્યનો જ વિકાસ થયો હતો. ગદ્ય-સાહિત્યમાં શાસ્ત્રીય ગદ્ય સિવાય રૂઢ ગદ્યનો હજી ઉદ્ભવ જ થયો નહોતો. પદ્યસાહિત્યમા પણ બહુધા આખ્યાનો, વાર્તાઓ, નીતિ, ભક્તિ, જ્ઞાન, અને ઈશ્વરપ્રાર્થનાનાં જ કાવ્યો રચાયાં હતાં. બધાં પદ્યોનો પ્રવાહ આ એક જ દિશા તરફ વહ્યો હતો.

આ સાહિત્યમાનું આદિ ને મધ્ય કાળનું સાહિત્ય અંગ્રેજ અમલ થયા પહેલાં રચાયું હતું. અર્વાચીન સમયનું કેટલુંક સાહિત્ય એ અમલ થયા પછીનુ હતું તોપણ તેમાં અંગ્રેજી કેળવણીના સંસ્કાર પડ્યા નથી.

બ્રિટિશ રાજ્યથી સાહિત્યને થયેલા લાભાલાભ—અંગ્રેજ સરકારનો અમલ થયાથી કેળવણીને બહુ લાભ થયા તેની સાથે કેટલાક ગેરલાભ પણ થયા. જાનમાલની સહી-સલામતી થવાથી ને દેશમા શાન્તિનાં શીતલ કિરણ પ્રસરવાથી લોકોનાં ચિત્ત સાહિત્યની ખિલવણી કરવા પ્રવૃત્ત થયા. અંગ્રેજી ભાષાનું વિશાળ, સંસ્કારી, ને ભિન્ન ભિન્ન રંગે રંગા-એલું ને ભિન્ન માર્ગમાં પ્રવૃત્તિવાળું સાહિત્ય શીખવાથી વ્યક્તિસ્વાતન્ત્ર્યનાં ને સામાજિક સુધારાનાં બીજ વાચકના મનમા રોપાયાં. મિલ, બર્ક, મેકોલે, કાર્લાઇલ, બેકન, હૅલમ જેવા ઉત્તમ ગ્રન્થકારોના ગ્રન્થોનું અધ્યયન ને પરિશીલન કરવાથી વાચકની બુદ્ધિ ખીલી તેના વિચારો પ્રૌઢ થયા, અને તેનું લક્ષ સ્ત્રીકેળવણી ને સામાજિક સુધારાની તરફ આકર્ષાયું,

સ્ત્રીવર્ગનો અજ્ઞાનાંધકારમાંથી ઉદ્ધાર કરી તેની અધમ દશા સુધારવા તરફ તેનું લક્ષ્ય ગયું. પરદેશગમનનો માર્ગ ઉઘડયો. એ વિષે લોકોના વિચાર ફેરવાયા. ઘરકૂકડાની પેઠે ઘરમાં ભરાઇ રહેવાને બદલે વેપારરોજગારને કે જ્ઞાન સંપાદન કરવાને અર્થે લોકો પરદેશ જતા થયા. પ્રવાસથી અને સુધરેલા લોકોના સમાગમથી તેમનો દષ્ટિકોણ વિશાળ ને વિસ્તીર્ણ થયો: અને વિચારક્ષેત્ર ને કાર્યક્ષેત્ર ભિન્નભિન્ન માર્ગે પ્રવર્ત્યું ને ખીલ્યું. આપ્ત પુરુષનું વચનમાત્ર પ્રમાણભૂત છે એમ માની લેવાની વૃત્તિ ઓછી થતી ગઈ. દરેક લખાણને અને વચનને બુદ્ધિ અને તર્કની કસોટીએ ચઢાવી તેની સમ્યક્ પરીક્ષા કર્યા પછી જ તેને સત્ય ને પ્રમાણભૂત તરીકે સ્વીકારવાની વૃત્તિનો ઉદ્ભવ થયો. અંગ્રેજો સાથેના સહવાસથી તેમના સમાજબંધારણનું જ્ઞાન થયું. ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓ અને વિજ્ઞાનનાં પુસ્તકો રચાવા માંડયાં. વિવેચક ને સંશોધક શકિતનો ઉદ્ભવ ને વિકાસ થયો. માનસિક દષ્ટિની મર્યાદા ઉદાર, વિશાળ, ને વિસ્તીર્ણ થઈ.

ગેરલાભ—અંગ્રેજ જેવી કેળવાએલી પ્રજાના સમાગમ ને સંસર્ગથી અને તેના શિષ્ટ ને સંસ્કારી વાઙ્મયના અધ્યયનથી આવા ઘણા લાભ થયા. સંસ્કૃત, ફારસી, ને અરબી, એ પ્રાચ્ય ભાષાઓની કેળવણી આપવી કે પાશ્ચાત્ય ભાષા અંગ્રેજીની, એ પ્રશ્નનો નિર્ણય કરવાનું કામ મેકૉલેના હાથમા આવ્યું. તેણે અંગ્રેજી ભાષાની જ કેળવણી આપવી ને તે અંગ્રેજી ભાષા મારફતે જ એવો નિર્ણય કર્યો અને એ નિર્ણયને અનુસરીને બ્રિટિશ કેળવણીનું બંધારણ યોજાયું. તેથી દેશી ભાષાઓની કેળવણીને ભારે નુકસાન પહોંચ્યું. માતૃભાષાની ખિલવણીને મોટો પ્રતિબન્ધ નડયો અને એ હાનિનાં અનિષ્ટ ને કડવાં ફળ હજી પણ આપણને ભોગવવાં પડે છે.

પ્રાચીન અને નવીન—જેટલું પાશ્ચાત્ય એટલું સ્તુત્ય ને ગ્રાહ્ય અને પ્રાચ્ય એટલું ગર્હ્ય ને ત્યાજ્ય એવો કુવિચાર ઉત્પન્ન થવાથી કેટલાક લોકો ઉન્માર્ગે પ્રવૃત્ત થયા. પાશ્ચાત્ય આચારવિચાર સારા, પાશ્ચાત્ય રહેણી કરણી ઉત્તમ, પાશ્ચાત્ય સામાજિક સ્વતંત્રતા આવશ્યક, પાશ્ચાત્ય પોશાક ને પાશ્ચાત્ય ભોજન આરોગ્યને વિશેષ હિતકર, જેટલું પાશ્ચાત્ય એટલું સંસ્કારી ને ગ્રાહ્ય ને પ્રાચ્યમાત્ર તિરસ્કાર્ય, એવી અનિષ્ટ વૃત્તિનો કેટલાક તરુણ ને બિન અનુભવી પુરુષોમા જન્મ થયો અને તેમનો સંસર્ગદોષ બીજાઓને વળગ્યો. પ્રાચ્ય સાહિત્યમાં ને ધર્મમાં કંઈ સત્ત્વ નથી. એ બધું દરિદ્ર નિઃસત્ત્વ, અને મનને કોઇ પણ પ્રકારે કેળવે નહિ એવું છે એવો અકલ્યાણકારક વિચાર ઉત્પન્ન થવાથી પ્રાચ્ય આચારવિચારથી લોકો ભ્રષ્ટ થવા માંડયાં. પ્રાચ્ય ભાષાનો ને દેશી ભાષાનો અભ્યાસ નષ્ટપ્રાય થયો. શાસ્ત્રીય પદ્ધતિનો વિધ્વંસ થયો ને ઉપલકીઆ અભ્યાસ તરફ લોકોનું વલણ થયું. ગ્રન્થકાર, કવિ, કે પત્રકાર થતાં પહેલાં તેને માટે શી સાધનસંપત્તિ આવશ્યક છે તેનો વિચાર કરવાની પણ જરૂર રહી નહિ. નિયમમાત્રનો ત્યાગ કરવા તરફ પ્રબળ વલણ થયું. પ્રાચીન નિયમબદ્ધ કાવ્યને બદલે સ્વચ્છંદી છન્દોમાં કે ગદ્યમાં પણ પદ્ય રચાવા માંડયાં. ગદ્યમાં કાવ્યત્વ હોય, પણ પદ્યમાં ગેયત્વ આવશ્યક છે એનો પણ અસ્વીકાર થવા માંડયો. સાહિત્યમાં આત્મબળ તરફ અશ્રદ્ધા ઉત્પન્ન થવાથી તર્જુમીઆં લખાણો તરફ મન આકર્ષાયું. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ ને વડોદરાનું ભાષાન્તરખાતું તેમજ સાહિત્યપરિષદ્ની બંડોળકમિટિ પણ બહુધા એવાં તર્જુમીઆં લખાણોને જ ઉત્તેજન આપતાં જણાય છે એ ખેદ સાથે કહેવું

પડે છે. ઊંચા શાસ્ત્રીય ગ્રન્થોના દેશકાલાનુસારી રૂપાન્તર કે ભાષાન્તરની જરૂર અંશે છે એની ના કહેવાશે નહિ. પરંતુ સ્વતંત્ર ગ્રન્થોની ઘણી આવશ્યકતા છે એ નિઃસંશય છે.

મોહક નવીનતા—નવીનતાનો મોહ મનુષ્યમાત્રને માદક પદાર્થની પેઠે પરવશ કરે છે ને તેની વિચારશક્તિનો લોપ કરે છે. કવિકુલગુરુ કાલિદાસે કાવ્યના સંબંધમા કહ્યું છે તેમ વસ્તુમાત્રમાં બધું પ્રાચીન કંઇ પ્રાચીનતાને લીધે જ ઉત્તમ નથી, તેમજ બધું નવીન કંઇ નવીનતાને લીધે જ ગર્હ્ય નથી. સાધુ પુરુષો નીરક્ષીર-ન્યાયે સારાસારનો વિવેક કરીને જ પ્રાચ્ય કે પ્રતીચ્ય, બેમાંથી એકનું ગ્રહણ કરે છે. સ્વતંત્ર બુદ્ધિથી વસ્તુઓની તુલના કરી સારનું ગ્રહણ કરવાને બદલે બુદ્ધિને તિલાંજલિ આપી પારકાના વિચારથી જ દોરાય છે તે મૂઢ છે, વિવેકશૂન્ય છે. દેશકાળનો ને પરિસ્થિતિનો વિચાર કરીને આચારવિચારમા તેમજ સાહિત્યમાં ફેરફાર કરવો એ જ ઉત્તમ માર્ગ છે.

અંગ્રેજી કેળવણીનો આરંભ સુરતમાં—ગુજરાતમા અંગ્રેજી કેળવણીનો દીપ પ્રથમ સુરતમા પ્રગટ્યો અને ત્યાથી તેનો પ્રકાશ ગુજરાતના બીજા ભાગમાં તથા કાઠીઆવાડમાં ને કચ્છમાં પ્રસર્યો. એક સમય એવો પણ હતો કે ત્યારે સુરતના વતનીઓ ગુજરાત ને કાઠીઆવાડની હાઇ સ્કૂલોમા હેડ માસ્તરો હતા; તેમજ અમદાવાદ ને રાજકોટની ટ્રેનિંગ કૉલેજોના પ્રિન્સિપલો અને ઘણાખરા ડેપ્યુટિ ઇન્સ્પેક્ટરો સુરતી હતા. આધુનિક ગુજરાતી સાહિત્યનો આરંભ પણ સુરતમા જ થયો. ત્યા સાહિત્યક્ષેત્રમા ત્રણ રત્નો એકી વખતે ઝળહળી નીકળ્યાં. એ રત્નોએ સાહિત્યનો વિકાસ જુદા જુદા માર્ગમાં કર્યો. એ રત્નોમાં સાહિત્યની અનન્ય સેવા કરી વિવિધ માર્ગે ખિલવનાર, 'રૂઢ, રમતી, ને મર્માળી' ભાષામા ગુજરાતી ગદ્યના ઉત્પન્ન કરનાર, ગુજરાતી કોશના આદ્ય પ્રણેતા, સંસારસુધારાનો ઝુંડો ઉઠાવનાર, વહેમદુર્ગનો વાગ્બાણના વજ્રપ્રહારથી નાશ કરનાર, 'આંખમા ઝળઝળીઆં સાથે' કલમને ખોળે બેસનાર, કલમને ખોળેજ ૨૪ વર્ષ લાડ લાડનાર, એ ટેક જવાનો સમય આવતે દિલગીરીથી તે છોડવો પડ્યો ત્યારે અવશિષ્ટ જીવન ખેદથી નિર્ગમન કરનાર, સાહિત્યસેવામા જીવન અર્પણ કરવાની આદર્શભૂત પ્રતિજ્ઞા અવસાનપર્યન્ત પાળનાર, જુવાનીના ઉચ્છેદક વિચારોના ત્યાગપૂર્વક સંરક્ષણ વિચારોનો સ્વીકાર દર્શાવનાર 'ધર્મગ્રન્થ' પ્રસિદ્ધ કરવાની અડગ હિંમત ધરાવનાર, ધીટ નરવીર, 'ગરવી ગુજરાત' ને સાહિત્યમા ઉચ્ચતમ સ્થાને પહોચાડનાર, 'પ્રેમશૌર્ય' અને સ્વદેશાભિમાનની ઉચ્ચ વૃત્તિ જનસમૂહમાં જગવનાર ને ઉત્તેજનાર, સ્વાનુભવરસિક કવિ નર્મદે અદ્વિતીય સાહિત્યસેવા બજાવી છે; ને દ્રવ્યની આપત્તિમાં એકલે હાથે, સરકાર કે રાજ્યના આશ્રય વિના ગુજરાતી સાહિત્યની જે ભિન્ન ભિન્ન દિશામા ખિલવણી કીધી છે તે હાલના, પ્રગતિની વાતોમાં જ કાર્યની પરિસમાપ્તિ માનનાર, વાચાળ જમાનામાં એક આદર્શભૂત ને સર્વથા અનુકરણીય દૃષ્ટાન્ત છે. તરુણ લેખકોએ આની નકલ યથાશક્તિ કરવા પ્રવૃત્ત થવું જોઇએ. તેઓ સાહિત્યની સંગીન સેવા બજાવવા તત્પર થશે તો સાહિત્યવૃક્ષ શાખાપ્રશાખાથી ચારે તરફ ફાલી સમૃદ્ધ થશે.

સાહિત્યસેવા માટે અધિકાર પ્રાપ્ત કરવાની આવશ્યકતા— પરંતુ તરુણ સાહિત્યસેવકોએ એક વાત લક્ષમાં લેવા જેવી છે. પ્રાચીનકાળથી આપણા વિદ્વાનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના કોઇ પણ કાર્ય માથે લેતા નહિ, ગુરુચરણની નમ્રભાવે સેવા કરી તેમની

પાસેથી અધિકાર પ્રાપ્ત કર્યા પછી જ ગુરુપ્રસાદથી મેળવેલી વિદ્યાનો તેઓ ઉપયોગ કરતા. પ્રાચીન શ્રુતિમાં આખ્યાનરૂપે કહ્યું છે તેમ ગુરુને પણ એવી આજ્ઞા હતી કે શ્રદ્ધાળુ, નિંદા ન કરનાર, પવિત્ર ને ઋજુ પુરુષને જ વિદ્યાદાન આપવું, એથી હું વીર્યવતી થઇશ, એમ વિદ્યાએ કામરૂપિણી થઇ બ્રાહ્મણ પાસે જઇ તેને કહ્યું છે. કાવ્ય લખતા પહેલા કવિ નર્મદે જયદેવના અલંકારગ્રન્થ 'ચંદ્રાલોક'નો અને 'વૃત્તરત્નાકર,' 'શ્રુતબોધ,' આદિ પિંગળગ્રન્થોનો અભ્યાસ કર્યો અને એક કડીઆના ઘરમાં દાદુપંથી સાધુકવિ લાલદાસના સંગ્રહમાંથી 'છંદરત્નાવળી' નામનું પુસ્તક શોધી તેને ઘેર દરરોજ જઇ તેની નકલ કરી; અને તે સમયે ગુજરાતીમાં પિંગળ છપાયું નહોતું તેથી એ રીતે છન્દઃશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું. વળી ભાષાના સંસ્કારી જ્ઞાન માટે કવિ 'સારસ્વત', 'લઘુ સિદ્ધાન્તકૌમુદી', ને 'રઘુવંશ' આદિ સંસ્કૃત કાવ્યો શાસ્ત્રી પાસે શીખ્યા. આટલો અધિકાર પ્રાપ્ત કર્યા પછી પોતે લેખક થયા અને પોતાના બુદ્ધિપ્રભાવે ને ઉત્સાહે સાહિત્યક્ષેત્રમાં પોતાનો અમર કીર્તિ-સ્તંભ સ્થાપ્યો. હાલમાં તો નવલરામભાઇ કહે છે તેમ જે ને તે કવિ થવા ઇચ્છે છે અને પોતાના નામની પૂર્વે 'કવિ' (તેમાં 'વિ' હ્રસ્વને બદલે દીર્ઘ હોય તો ફિકર નહિ') એવું ઉચ્ચપદ મૂકવા અભિલાષા રાખે છે. પ્રતિભા, શાસ્ત્રજ્ઞો પાસે કરેલો અભ્યાસ, બહુશ્રુતપણું, કાવ્યશાસ્ત્રનું ને ઉત્તમ કાવ્યોનું પરિશીલન, એ બધાં અત્યાવશ્યક સાધનો પ્રાપ્ત કર્યા વિના કાવ્ય રચવાં એ ઉપહસનીય જ થાય છે. સૉક્રેટીસના વિચાર પ્રમાણે દુનિયામાં ઉત્તમમાં ઉત્તમ પ્રાપ્ત કરવાની વસ્તુ જ્ઞાન છે, અને ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન આપણા પોતાના વિષેનું છે. આપણું પ્રમાણ આપણે પોતે માપવું જોઇએ. જેમ આપણે આપણી શક્તિને વધારે ઓળખીશું તેમ આપણું જ્ઞાન કેવું સ્વલ્પ છે તે આપણને સમજાશે. વળી આપણી સ્વલ્પ જ્ઞાનમર્યાદામાં જે ઘણું સત્ય ભાસતું હતું તે મર્યાદા વિસ્તીર્ણ થયે અસત્ય છે એમ ખાતરી થશે.

કવિ નર્મદ—કવિ નર્મદના સમયથી કાવ્યસાહિત્યનો માર્ગ બદલાયો. અગાઉ માત્ર જ્ઞાન, નીતિ, ને ભક્તિના જ ક્ષેત્રમાં કાવ્યસાહિત્ય વિચરતું હતું, તેને બદલે હવે તેનું ક્ષેત્ર વિસ્તૃત થયું. સામાજિક બંધનો, વહેમો, વાધાભરેલી રૂઢિ, વ્યસનો, કેફ, વિધવાનું દુઃખ, પુનર્વિવાહ, સ્વતંત્રતા, સ્વદેશાભિમાન, દેશદાઝ, અને કુદરત, એ બધા વિષયો પર કાવ્યો રચી કવિએ તેના પ્રવાહની દિશા બદલી. 'વનવર્ણન,' 'કબીરવડ,' અને 'પ્રવાસવર્ણન' માં કવિએ કુદરતના સ્વરૂપનું ઉત્તમ ચિત્ર આપ્યું છે. 'શૂરવીરનાં લક્ષણ'નાં પદોમાં કવિએ દાસત્વને નિંદી, સાહસ કરવાની વૃત્તિ ઉત્તેજી, સ્વતંત્રતાની રૂડી ભાવના વાચકના હૃદયમાં જાગ્રત કરી છે. એમાંનાં નીચેનાં પદો ઉત્તમ છેઃ—

'રડયાં કરે શું વળશે, ભાઇ, રડયાં કરે શું વળશે?'

*   *   *   *

'દાસપણું ક્યાંસુધી, કરવું દાસપણું ક્યાંસુધી?'

*   *   *

'પગલાં ભરવા માંડો રે, હવે નવ વાર લગાડો.'

*   *

'ડગલું ભર્યું કે ના ડરવું, ના હઠવું.'

*   *   *   *

'રણુ તો ધીરાનૂ ધીરાનૂં, નહિ ઉતાવળા કાયરનું.'

* * * *

'સહૂ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે'—

એ પદ તો જનસમાજમા અત્યન્ત પ્રચાર પામ્યું છે.

'વાદળ ફાટવા માડયુ હવે છે, ધ્રુવાદિ કંઇ કંઇ નજરે પડે છે'—

એ પદ બાળાઓ પ્રેમથી લલકારે છે.

'હિંદુઓની પડતી', 'પ્રેમશૌર્ય'–જેમાં દેશપ્રેમ, પ્રાચીન ઐતિહાસિક સ્થળોની મહત્તા, ને રજવાડા, તથા ગુજરાત ને દક્ષિણના શૂરવીરોનું ચરિત્ર નિરૂપ્યું છે, એ બધા કાવ્યો રોલાવૃત્તમા છે.

'આ તે શા તુજ હાલ, સુરત, સૂનાની મૂરત?'
ને 'સ્નેહશૌર્ય તો નથી, દેશમાં સ્નેહશૌર્ય તો નથી'—

એવાં કવિના રોલાવૃત્ત ઘણાં સુંદર છે. પ્રાર્થનાની ગરબીઓમાં

'સુણુ સાહેલી, ઇશ્વરકેરી માયા અપરંપાર જો !

* * * *

'પીની પીની પ્રેમાનંદ પ્યાલો, મટી જશે કળંતો ભાલો રે. પીની૦'

* * * *

'ઘટઘટમા તૂં રામ
રામ ઉપજાવે, રામ બચાવે, મારે તે પણુ રામ રામ રે, ઘટઘટમા૦'

* *

'દુનિયા જૂઠાની, જૂઠાની, એ અનુભવવાત પ્રમાણી.'

* * *

'કોની કોની છે ગુજરાત'—

(એ ગરબીઓ ઉત્તમ છે. 'જય જય ગરવી ગુજરાત' એ તો ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા પામી છે એ યુક્ત જ છે.

'નવ કરશો કોઈ શોક, રસિકડાં નવ કરશો કોઇ શોક'—

એ પદમા કવિએ આત્મપરીક્ષા કરી ખરૂં જ કહ્યું છે કે–

'ધીર, સત્ય, ને રસિક ટેકિપણું અરિ પણુ ગાશે દિલથી.'

* * * *

'લ્હેરની લ્હેરની લ્હેરની રે, બ્હેની, નીતિની સાડી લ્હેરની'—

એ નીતિની ગરબી સ્ત્રીઓ હોંસે હોંસે ગાય છે.

રામાયણુ, મહાભારત, અને પુરાણોમાંથી પ્રાચીન સ્ત્રીપુરુષોની હકીકત એકઠી કરી કવિએ 'કથાકોષ'મા આપી છે. એ કોષ ઘણો ઉપયોગી છે.

'નાગરસ્ત્રીઓમાં ગવાતા ગીત' પણુ રીતભાતની સમજુતી સાથે કવિએ એકઠાં કર્યા છે. એ પુસ્તકને અનુસારે અમદાવાદમા હાલ સ્વર્ગવાસ પામેલાં બાળાગૌરીએ ને નડીઆદમાં રા. નરહરિરામે પણુ આચાર ને રીતરિવાજના પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે.

નર્મગદ્ય—'નર્મગદ્ય' માં 'નિબંધો,' 'રામાયણ ને મહાભારતનો સાર,' 'કવિ ને કવિતા', 'પ્રેમાનંદ આદિ કવિઓનાં જીવનચરિત્ર', 'પ્રાચીન ને અર્વાચીન જગતનો ઇતિહાસ,' 'મહાપુરુષો, તત્ત્વવેત્તા, ને સંશોધકોનાં જીવનચરિત્રો,' અને 'ગુજરાતની ને મેવાડની હકીકત'માં બહુ ઉપયોગી ને એમના સમયમા વાચકને અન્યત્ર દુષ્પ્રાપ્ય બાબત જુસ્સાદાર ને સંસ્કારી ભાષામાં કવિએ આપી છે. 'રાજ્યરંગ'ના આદિ વાક્યો નર્મદની કીર્તિસ્તંભના મોખરાના લેખ છે.

'એક છે, અનેક છે, નિવર્તે છે, પ્રવર્તે છે' ઇત્યાદિ, તેમજ

'બ્રહ્માંડમા પૃથ્વી શું? પૃથ્વી ઉપર જનસમૂહ શું? રાજ્ય શું? રાજ્યના રંગ શું? હુ નર્મદ શુ? એ સંધું રસસિંધુના કંઠ ઉપરની કણિકા પણ નથી, તોપણુ તે કાંઇ છે ને રંગ છે. એ રંગ હું મારી તોતલી વાણીથી વર્ણવવા ઇચ્છું છું. દે પ્રસાદ–રંગાઉં–ઉદય–ઉદય શ્રીરંગ' ' ધન્ય છે કવિના વિનયને !

'પિંગળપ્રવેશ' અને 'અલંકારપ્રવેશ'મા કવિએ છન્દો ને અલંકારોનું વિવેચન કર્યું છે. 'રસપ્રવેશ'મા રસ અને વ્યભિચારી ભાવોનું વિવરણ છે. 'નાયિકાવિષયપ્રકાશ'માં નાયકનાયિકાના સ્વરૂપનું વર્ણન છે.

કવિએ 'શ્રીકૃષ્ણાકુમારી', 'દ્રૌપદીદર્શન', વગેરે નાટકો પણ રચ્યાં છે; એ નાટકોમાં ગદ્યભાગ વિશેષ છે, પદ્યભાગ થોડો છે. પણ 'રામજાનકીદર્શન'માં પદ્યો સારાં છે ને પૂરતી સંખ્યામાં છે. 'ગુજરાતી' પત્રના તન્ત્રીએ એ નાટકોની નવીન આવૃત્તિ પ્રસિદ્ધ કરવી જોઇએ.

જે સમયમાં હાલના જેટલો ઉચ્ચ કેળવણીનો પ્રચાર અને સુગમતા નહોતાં તે સમયે એકલે હાથે કવિએ કરેલી આ અનુકરણીય સેવાની જેટલી સ્તુતિ કરીએ તેટલી ઓછી છે.

કવિનું શિષ્યમંડળ—કવિના રસતરંગમા એના શિષ્યો સદ્‌ગત સવિતાનારાયણ, વિજયાશંકર, વગેરે હમેશ ન્હાઇ અજ્ઞાનરૂપી મેલ ધોઇ ઉચ્ચ સંસ્કાર પામતા હતા. કવિ વિજયાશંકરની 'વિજયવાણી' એ આ સમાગમનું ફળ છે. એ જ કવિનું 'સૃષ્ટિસત્ત્વ' સરળ ભાષામાં સંવાદરૂપે વેદાન્તના ગૂઢ તત્ત્વનું જ્ઞાન આપે છે. એમાં ગુરુશિષ્યના સંવાદના રૂપમાં ઘણું તત્ત્વજ્ઞાન છે. વાર્તાઓ, પૌરાણિક દૃષ્ટાન્તો સાથે તેમજ ઉપનિષદો, ગીતા, યોગવાસિષ્ઠ, અને શંકરાચાર્યના ગ્રન્થોમાથી ઉતારા આપી એમણે રસિક રીને બહુ જ્ઞાન આપ્યું છે. દિલગીરી સાથે કહેવું પડે છે કે આવો વિદ્વત્તાભરેલો ગ્રન્થ લોકોમાં પ્રચાર પામ્યો નથી. એટલું જ નહિ પણ એનું નામ પણ કેટલાકના જાણવામાં નહિ હોય, જેમ કવિઓ ન હોય તો રાજાઓના ચરિત્રોની મહત્તા ન થાય એવું એક સંસ્કૃત કાવ્યમા કહ્યું છે, તેમ વિદ્વાનોની કૃતિઓ પણ પ્રસિદ્ધિમા આણનાર મિત્ર ન હોય તો જગતમા અપ્રસિદ્ધ જ રહે છે. સવિતાનારાણનાં 'કાવ્ય' તેમજ 'અલંકારચન્દ્રિકા' પણ એ ગુરુચરણસેવાના પ્રાસાદરૂપ છે.

નવલરામભાઇ—સુરતના ત્રણ નનાથી નિર્દેશાતા ત્રણ નરરત્નોમાના બીજા સદ્‌ગત નવલરામભાઈ હતા. તેમનું જીવન સાહિત્યમય હતું. બાલ્યાવસ્થાથી જ તેમને ઊંડા વિચારમા નિમગ્ન થવાની ટેવ હતી. એ ટેવને લીધે તેમને વર્ગમાં કર્ટિસ સાહેબે વખોડયા હતા કે ઊંઘો છો કે શું? મૂળથી જ તેમને આત્મનિરીક્ષણ ને આત્મપરીક્ષણની ઉત્તમ ટેવ હતી. એક

વખત પોતાના એક મિત્રને આશ્રય મળવાનો સંભવ જાણી પોતાનું મન ઈર્ષ્યાથી કલુષિત થયું. નવલરામભાઈ લખે છે કે 'મને લાગ્યું કે તેને જો આશ્રય ન મળે તો આ પાપી મન ખુશ થાય ખરૂં.' પોતે ઈર્ષ્યાથી પ્રેરાઈ કંઈ અનિષ્ટ પગલું ભર્યું નથી; પરંતુ મનની નિર્બળતા પોતે તપાસી શક્યા, એ એમની મહત્તાનુ પ્રબળ પ્રમાણ છે. એમણે 'વીરમતી' ને 'ભટનું ભોપાળું' એ નાટકો, 'અકબર ને બીરબલનાં હિંદી કાવ્યો', અને 'નર્મદચરિત્ર', એ સ્વતન્ત્ર ગ્રન્થો રચ્યા છે, નવા યોજેલા મેઘચ્છન્દમા 'મેઘદૂત'નું ભાષાન્તર કર્યું છે, તેમજ 'માલતીમાધવ', 'મૃચ્છકટિક', 'રત્નાવલી', આદિ નાટકો તથા પુરાણોનો સાર આપ્યો છે. 'શિક્ષણશાસ્ત્ર'ના અનેક વિષયો એમણે ચર્ચ્યા છે. શિક્ષણ રસિક કેમ થાય, 'પરસ્પર સંભાષણપદ્ધતિ'નો શિક્ષણમા કેવી રીતે ઉપયોગ થાય વાચન અને અન્ય વિષયો કેવી રીતે ઉત્તમ શિખવાય–આવા અનેક શિક્ષણના વિષયોનું એમણે વિવરણ કર્યું છે. 'વાતાવરણ', 'ધરતીકંપ', 'બરફના ડુંગર', 'કાવીના તામ્રપત્ર' વગેરે સામાન્ય જ્ઞાનના અને વિદ્વત્તાના વિષય પર પણ એમણે પ્રકાશ પાડયો છે.

નવલરામભાઈ પોતાની સાધનસંપત્તિમા હમેશ વધારો કર્યા જ કરતા. તેઓ વાચન ને વિચારણામા જ પોતાનો સમય નિર્ગમન કરતા હતા. એ બે સંપત્તિ વિષે પોતે સંતૃપ્ત ન થાય ત્યાસુધી લેખનના કાર્યમા ઉદ્યુક્ત થતા નહોતા. વય જતાં એમના વિચાર વિશેષ પરિપક્વ થયા. એ પરિપક્વતા કવિ નર્મદ અને દલપતરામ વિષેના પાછલી વયે દર્શાવેલા વિચારમા પ્રત્યક્ષ થાય છે.

નવલરામભાઈની અપૂર્વ તેજથી ઝગઝગી રહેલી કીર્તિ તેમની આટલી સાહિત્યસેવા–જે કંઈ ઓછી નથી–તેને લીધે નથી. એ તો એમની 'પુસ્તકપરીક્ષા'ને લીધે છે. એ પરીક્ષા કરવામાં એમનું ક્ષેત્ર અત્યાર સુધી બિનહરીફ રહ્યું છે, એ એમની કીર્તિ જેવી તેવી નથી. એ ક્ષેત્રમાં એમની કીર્તિનાં કિરણો કોઈ પ્રતિદ્વન્દ્વીનાં કિરણોથી ઝંખવાયાં નથી.

ઉત્તમ ગ્રન્થાવલોકનનું સ્વરૂપ—ઉત્તમ વિવેચનમાં સમગ્ર ગ્રન્થ પર વિચાર જોઈએ, એકદેશ પર નહિ. વિવેચક રાગદ્વેષરહિત, ગુણદોષની યોગ્ય તુલના કરનાર, નિષ્પક્ષપાતી જોઈએ. ગમે તેવો વિદ્વાન્ હોય તોપણ માત્ર છિદ્રાન્વેષી ઉત્તમ વિવેચક કદી થઈ શકતો નથી. વિવેચનમા ગુણ ને દોષ, બંનેની પરીક્ષા જોઈએ. ગુણની યોગ્ય કદર ને દોષનો નિર્દેશ તેના ભવિષ્ય માર્ગને સહાયભુત થાય એવી સૂચના સાથે જોઈએ. તરુણ, ઊગતા ગ્રન્થકારની મહેચ્છાને જોઈતું ઉત્તેજન મળવું જોઈએ. વિદ્વાનોના ગ્રન્થ પર ઘટતું, વિદ્વત્તાભરેલું, ગુણદોષશોધક, પ્રૌઢ વિવેચન જોઈએ. તેમા પણ તેના ગુણની યોગ્ય તુલના ને દોષને માટે માર્ગસૂચક બોધ જોઈએ.

ઉત્તમ વિવેચક—આ બધા ગુણો નવલરામભાઈનામા હતા. તેમના વિવેચનથી વાચકને ઘણી જાણવા જેવી હકીકતનું જ્ઞાન થાય છે ને ગ્રન્થકારને ન્યાય મળે છે. 'કરણઘેલો' ને 'કાન્તા' પરના તેમનાં વિવેચન ઉત્તમ છે. તેમા રસક્ષતિ ક્યાં ને કેવી રીતે થાય છે તે તેમણે ઉત્તમ રીતે દર્શાવ્યું છે. 'કરસનદાસ મૂળજીના' ને 'દુર્ગારામ મહેતાજી'ના ચરિત્રમાં જીવનચરિત્રમાં કયા ગુણો આવશ્યક છે તે એમણે પ્રતિપાદન કર્યું છે. એ જ પ્રમાણે યોગ્યપ્રસંગે ઉત્તમ નાટક ને ઉત્તમ વાર્તાનું સ્વરૂપ પણ એમણે દર્શાવ્યું છે. એમણે સંસ્કૃતમય

ભાષાની નિંદા કરી છે. તે યુક્ત છે અપરિચિત સંસ્કૃત શબ્દોના પ્રયોગથી વાચકને ભાષા કઢંગી ને ક્લિષ્ટ લાગે છે. 'વાચનમાળા કેવી જોઈએ' તે વિષે એમણે વિવેચન કર્યું છે. જોડણી વિષે પણ એમણે પોતાના વિચાર દર્શાવેલા છે, તે મનનીય છે. ભાષાનું સ્વરૂપ જ બદલાઈ જાય એવી જોડણી એમને માન્ય નથી; તેમજ પ્રાન્તિક ઝઘડો ઊભો કરે એવી જોડણી પણ એમને ઇષ્ટ નથી.

નવલરામભાઈના કલમ ને વિચાર અનેક દિશામાં પ્રવર્તતા હતા. 'માસિકો' કે અન્ય વર્તમાનપત્રોમાં, લેખોમા કે પત્રોમાં કે પુસ્તકો રચવામાં, કંઇ ને કંઇ લખવામાં તેઓ રોકાએલા રહેતા. તેઓ જીવનપર્યન્ત અભ્યાસી હતા. 'કાવ્યાદર્શ', બેકનનું 'નોવમ ઑર્ગેનમ', 'તર્કશાસ્ત્ર', ને 'સાહિત્યદર્પણ' જેવાં પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો. જે સમયમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત જ થયલી અને સંસ્કૃત વિદ્યા શાળામાં સંપાદન કરવાનો એમને લાભ મળેલો નહિ, તે સમયમા આ ખાનગી અભ્યાસ ઘણો ઊંચો ગણાય.

નવલરામભાઈ જેવા જ્ઞાની, ગંભીર વિચારક અને ન્યાય વિવેચનકારની આપણા સાહિત્યમાં મોટી ખોટ છે.

માસ્તર સાહેબ નન્દશંકરભાઇ—સુરતના ત્રણ પ્રસિદ્ધ નનામાના ત્રીજા, માસ્તર સાહેબના નામથી જાણીતા સદ્‌ગત નન્દશંકરભાઇ છે. એમણે 'કરણઘેલો' નામની સુવિખ્યાત ઐતિહાસિક નવલકથા રચી એ નવીન માર્ગમાં સાહિત્યનો પ્રવાહ પ્રવર્તાવ્યો છે. માસ્તર સાહેબે આ એક જ નવલકથા રચી છે; પરંતુ તેમા વસ્તુનાં ને રીતભાતનાં વર્ણન પુષ્કળ છે ને તે એવાં તો ચમત્કારી ને અસરકારક છે કે એ એક જ પુસ્તકથી તેમણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પોતાની કીર્તિ અમર કરી છે. 'કરણઘેલા'ની ભાષા ઘણી તેજસ્વી છે. ગ્રન્થકર્તાની વાણીનો પ્રવાહ અવિચ્છિન્ન ચાલ્યો જાય છે તે વાચકને એટલો મોહક ને લોહચુંબકની પેઠે આકર્ષક થાય છે કે વાર્તા પૂરી થાય ત્યાંસુધી વાચકને હાથમાંથી પુસ્તક મૂકવું ગમતું નથી.

સંગીન સાહિત્યસેવાકાર—આ પ્રમાણે અંગ્રેજી કેળવણી આપણા દેશમાં દાખલ થયાના આરંભકાળમાં કવિ નર્મદ, નવલરામભાઇ, તથા નન્દશંકરભાઇએ ગુજરાતી સાહિત્યની જુદી જુદી દિશામાં અમૂલ્ય સેવા બજાવી છે. સમયપરત્વે વિચાર કરતાં કવિ નર્મદ ને નવલરામભાઇના જેવી સંગીન સાહિત્યસેવા બજાવનારની હાલના સમયમાં ખોટ છે એમ ભારે ખેદ સાથે કહેવું પડે છે.

કવીશ્વર દલપતભાઇ—સુરતના શૃંગારરૂપ કવીશ્વર નર્મદ અને નવલરામભાઇ જે સમયે આ ગુર્જર સાહિત્યને સમૃદ્ધ કરતા હતા તે સમયે અમદાવાદમા, મૂળ કાઠીઆવાડના વતની કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, જેમના સંક્ષિપ્ત ક. દ. ડા. થી પ્રાથમિક શાળાના બાળકો પણ પરિચિત છે, તેઓ જનસમાજનું રંજન કરે એવાં કાવ્યો પ્રાસાદિક વાણીમા રચી ગુજરાતી કાવ્યસાહિત્યનો વિકાસ કરતા હતા. કવિશ્રીએ ફૉર્બ્સ સાહેબના પ્રયત્નથી સ્થપાયલી ને વૃદ્ધિ પામેલી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિની સારી સેવા બજાવી હતી. તેઓ અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં કવિતાનો વિષય શિખવવા જતા હતા, એ તે વખતના ભાગ્યશાળી શિષ્યને મોટો લાભ હતો. કવિએ હુન્નરની ખિલવણી, સંસારસુધારો, વ્યસન, ધર્મ,

નીતિ, કેળવણી, અને અનેક પ્રાસંગિક વિષયો પર સભારંજની કવિતા રચી સરકારની તેમજ જનમંડળની પ્રીતિ સંપાદન કરી હતી. તેઓ ગુજરાતના રાજકવિની ઉચ્ચ પ્રતિષ્ઠાં પામ્યા હતા. પ્રભાત, સૂર્યોદય, ચન્દ્રોદય, સાયંકાલ, અને ઋતુ વિષેના તેમના કાવ્યોમાં કેટલાંકમાં કવિની કલ્પનાશક્તિ સારી ખીલેલી જણાય છેઃ—

પરોઢિયે શીતળ વાયુ વાય, તેથી પડે ટાઢ અને ધ્રુજાય.
કુરાજ્યમા જેમ જનો ન જંપે, બીકે બધા લોકની કાય કંપે.
કુકૂસ્વરો કુર્કટ તો કરે છે, સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવીરાવ પધારનારો, તેના છડીદારતણા ઉચારો.
વાજે રૂડાં ચોઘડિયાં નગારા, જે લોકને નિત્ય જગાડનારા,
જાણે નવા રાજ્યની ફોજ આવે, તેની બડી નોબત આ બજાવે.
વિદ્યારથી પાઠ ઉદી કરે છે, જાણે રવીના જશ ઉચરે છે.
પ્રભાતિયા ગાય સુભક્ત પ્રીતે, જાણે રવિના ગુણ ગાય ગીતે.'

આમા સ્વભાવોક્તિ સાથે ઉપમા કે ઉત્પ્રેક્ષા અલંકાર તથા માધુર્ય ને પ્રસાદ ગુણની સારી ઝમાવટ છે.

નીચેના પદ્યો પણ એવા જ સુંદર છેઃ—

'આદિત્ય આભાસ વિશેષ થાય, શશાંક ઝાખો પડતો જણાય;
બલિષ્ઠનો આગમ જાણિ જેમ, ઝાખો પડે નિર્બળ ભૂપ તેમ.
શશાંકનો છેક ઘટ્યો પ્રકાશ, કેવો દિસે પશ્ચિમ દીશ પાસ,
જાણે બજાવા ઘડિ પૂર્ણ થાતે, આકાશ ટાગી ઘડિયાળ આ તે.
ભાનૂથકી ચંદ્ર પ્રકાશ લે છે, તેથી જ તે શીતળતા ધરે છે,
ભિક્ષાર્થ પામે અતિરિદ્ધિ આપ, પડે ન તેનો જગમા પ્રતાપ.

જુઓ જુઓ આ રવિ દિવ્ય કાય, ભુમિ ભણી તે નમતો જણાય
જાણે ચડેલો અમરાપુરીમાં, પતંગ દીસે પડતો મહીમા.
અરે જુઓ વિશ્વ અનુભવીને, પૂજે જનો સૌ ઉગતા રવીને,
આવી પડે અસ્ત થવાનું જ્યારે, કોઇ ન છાંટે લઇ કંકુ ત્યારે.'

કવિ ગણપતરામ—કવિ દલપતરામની શૈલીમાં બુલાખીરામ છોટાલાલ, ને ગણપતરામે કાવ્યો રચ્યા છે; પણ તે તેવાં લોકપ્રિય થયા નથી. કવિ ગણપતરામે 'પ્રતાપનાટક' માં વીરરસની ઝમાવટ સારી કરી છે. 'લઘુ મહાભારત'ના પાચ પુસ્તકોમા કવિએ બહુધા દેશી રાગોમાં મહાભારતનો સાર કંઇ પણ ઉપયોગી અંશ મૂકી દીધા વગર સારી રીતે વર્ણવ્યો છે. એ ગ્રન્થ રચવામાં કવિએ બહુ પરિશ્રમ લીધો છે ને શેઠ ચીનુભાઇ જેવા ઉદાર પુરુષે એ પુસ્તકો પ્રસિદ્ધ કરવા આશ્રય ન આપ્યો હોત તો એ કદી પ્રસિદ્ધ પામ્યાં ન હોત. એકંદર કાવ્ય પ્રાસાદિક ને તેજસ્વી શૈલીમાં છે; પણ છંદો બહુધા એક જ જાતના લાબા સવાયા કે હરિગીતને ઢબે ગવાય એવા હોવાથી તેમાં નવીનતાને અભાવે પુસ્તકની લોકપ્રિયતામાં હાનિ આવે છે.

કેશવકૃતિ—પોરબંદરના પ્રશ્નોરા નાગર સદ્ગત કેશવરામ હરિરામ ભટ્ટનાં કાવ્ય સ્વદેશપ્રેમ, ઉચ્ચ નીતિ ને ધર્મની ભાવના, તેમજ વેદાન્તતત્ત્વના વિચારોથી પરિપૂર્ણ છે. એમનાં નીચેનાં કાવ્યો ઉત્તમ છેઃ—

'દોડ મા, ગમાર, દૂર, ઇશ્વર છે આહીં,
પૂર્ણ ને પ્રકાશમાન, માન સર્વમાહીં—દોડ મા૦'

* * * *

'પંખીનો મેળો ભેળો રહે કેમ ભાઇ ?
કોઇ ક્યાંહિથી કોઇ ક્યાંહિથી આવે એમ તણાઇ. પંખી૦'

* * * *

'હે ચિત્તચકોર, નિરખ પૂર્ણાનંદ પ્રકાશક ચંદ્રને;
શીતલ, સાચા, સ્વાભાવિક, સર્વોત્તમ સુખના કંદને.'

* * * *

'અમે તો આજ તમારા, બે દિનના મેમાનઃ
સફલ કરો આ સફલ સમાગમ, સુખનું એ જ નિદાન અમે તો૦'

આ છેલ્લું પદ્ય જનમંડળમા યથાર્થ રીતે અત્યન્ત લોકપ્રિય થયું છે.

ગોવર્ધનરામભાઇ–સરસ્વતીચન્દ્ર—ધીમે ધીમે અંગ્રેજી કેળવણીનો પ્રચાર ને પ્રકાશ વૃદ્ધિ પામતો ગયો. હાઇ સ્કૂલોમાં ને કૅાલેજોમાં સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ વધતો ગયો, પાશ્ચાત્ય અને સંસ્કૃત સાહિત્યના અધ્યયનથી વિદ્યાર્થીઓની સ્વતંત્ર ને સંશોધકવૃત્તિ ખીલતી ગઇ, ને પ્રાચીન સાહિત્ય ને વિચાર તરફ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ. સામાજિક અને ધાર્મિક સ્થિતિ વિષે લોકોના વિચાર બદલાયા. જનમંડળમાં સ્ત્રીના સ્થાન વિષે તેમજ સ્ત્રીની કેળવણી વિષે લોકોમા નવી નવી ભાવનાઓ ઉત્પન્ન થઇ. રાજકીય સ્થિતિની ચર્ચા દેશમા સર્વત્ર ખુબ જોસમાં ચાલવા લાગી, સમસ્ત પ્રજામા નવી જાગૃતિ ઉત્પન્ન થઇ. રાજકીય, સામાજિક, ધાર્મિક, વગેરે વિષયોમા નવીન વિચારો ને નવીન ભાવનાઓ અને નવીન જ્ઞાનને પોષે ને સંતોષે એવા સાહિત્યની અપેક્ષા થાય એ સ્વાભાવિક છે. વિદ્વાનોની તેમજ સામાન્ય વાચકવર્ગની આવી નવીન વાછના પૂરનાર, જેને જેવું ભોજન જોઇએ તેને માટે તેવું તૈયાર કરનાર ને પીરસનાર, જે નરરત્ન ઇશ્વિરકૃપાથી યોગ્ય સમયે ઉત્પન્ન થયું તે સદ્ગત ગોવર્ધનરામભાઈ. એમનો ' સરસ્વતીચંદ્ર ' એ ગુજરાતી સાહિત્યનો અપ્રતિમ કીર્તિસ્તંભ છે. નવલકથા તરીકે એના પર વિવેચન કરનારને વસ્તુસંકલનામાં દોષો તથા રસક્ષતિના દૃષ્ટાન્તો સહજ જડશે. પરંતુ એ તો મનુષ્યસ્વભાવનિરૂપણનો અને વિવિધ જ્ઞાનનો આકરગ્રન્થ છે. ચાર ભાગમાંના પહેલા બે ભાગ વિશેષ લોકપ્રિય થયા છે. બીજો ભાગ સ્ત્રીઓને ઉત્તમ વાચન પૂરૂં પાડે છે. ગુણસુંદરી તે ખરેખરો ગુણનો ભંડાર છે. એનું ચરિત્ર ગ્રન્થકારે અપૂર્વ શક્તિ ને ઝીણવટથી આલેખ્યું મરણશય્યામાં પડેલી ગુણસુંદરીએ ગાએલું.

' દયા ના દીસે રજ પણ, જમ તુજ આંખમાં રે, બીહામણું ઝાંખમા રે.

* * * *

હાર મુંજ હૈયાનો એ તો ! નથી એ ત્હારી પેઠે નમ્હેરો!
રોવા દે રોવા દે મુને, રોઇ લેવા દે જઇને એની બાથમાં રે. દયા૦

વ્હાલા ! વ્હાલ વીસારો તમારૂં. જમ આ કહ્યું ન માને મ્હારૂં,
તમને જપતી મસ્તી મસ્તી, રોતી રોતી પણ હસતી હું આશમાં કે
પામીશ મારો ચતુર અવર અવતારમાયે ! દયા હરિ આંખમાં રે ! દયા૦'

આ ગાન કરુણરસથી કેવું પરિપૂર્ણ છે ! શિલા રુદન કરે છે ને વજ્રનું પણ હૃદય ફાટે છે એ કવિ ભવભૂતિનું વચન આ ગાયન યથાર્થ કરે છે. ત્રીજા ભાગમા દેશી રાજ્યોના વહીવટનું સત્ય ને સંપૂર્ણ ચિત્ર છે. ચોથો ભાગ પાશ્ચાત્ય અને પ્રાચ્ય ગ્રન્થોમાના ઉતારાથી ભરપૂર છે. મલ્લભવન, મહાભારતનો અર્થવિસ્તાર, ને ભારતનું ભવિષ્યકથન, એટલા ભાગ ખાસ આકર્ષક છે. ચારે ભાગનો આ વિસ્તૃત ગ્રન્થ ગુર્જર સાહિત્યના વિશાળ ક્ષેત્રમા અપ્રતિમ પ્રદીપ છે. જ્યાંસુધી ગુર્જરભાષા છે ત્યાંસુધી એ અપૂર્વ, અદ્વિતીય પ્રદીપની શાખા સમાન જ્યોતિથી ઝગઝગ્યા જ કરશે. ગ્રન્થકારે જાતે ગ્રન્થને અન્તે ખરૂં કહ્યું છે કે ' પ્રિય વાંચનારી ! તું પુરુષ હો કે સ્ત્રી હો, સાક્ષર હો કે પ્રાકૃત જન હો......હો તે હો,— સર્વથા તું જે હોય તેને માટે યથાશક્તિ, યથામતિ થોડી થોડી સામગ્રી આ ગ્રન્થના કોઇક કોઇક પાનામાં તને મળી આવે મે કંઇ પણ ભાવતું ભોજન ન મળવાથી નિરાહાર પાછાં જવાનો વારો ત્હારે ન આવે. ' આ ગ્રન્થ વિદ્‌દ્વર્ગમા ને સાધારણ વાચકવર્ગમા જેટલો લોકપ્રિય થયો છે તેટલો બીજો કોઈ ગ્રન્થ થયો નથી, એથી વિશેષ એ ગ્રન્થની સ્તુતિ શી હોઇ શકે ? પાશ્ચાત્ય ફિલસુફી ને ઉપનિષદાદિ ગ્રન્થોમાંની પ્રાચ્ય વિદ્યા તેમજ પ્રાચ્ય ને પાશ્ચાત્ય કવિ, નાટકકાર, ને અન્ય ગ્રન્થકારના ઉત્તમ ગ્રન્થો—એ બધામાંથી સ્થળે સ્થળે ઉત્તમ વાકયના ઉતારા વિદ્વાન્ વાચકવર્ગના મનને ઉત્તમ વિચારો પૂરા પાડે છે ને હૃદયની ઉચ્ચ ભાવનાને સંતૃપ્ત કરે છે. સ્થળે સ્થળે ગ્રન્થકારે રસથી છલકાઇ જતાં પદ્યો પૂરાં પાડી સહૃદય અને કવિજનની રસવૃત્તિને પોષવાનું બાકી રાખ્યું નથી. એવાં થોડાક પદ્યોનું દિગ્દર્શન નીચે કર્યુ છેઃ—

' સુંદર ગિરિનાં શૃંગ ચુંબતા જળધરગણને,
પવિત્ર સાધુવૃન્દ જગવના ત્યાંજ અલખને. '

* *

' ઉત્તરમાં છે નમ વાસ, વ્હાલા માત ને તાત !
છેલા કરું છું પ્રણામ—છેલા કરું છું પ્રણામ !
વ્હાલા માતાપિતાને નમુ ! '

* * *

ડૂબવા તૈયાર થયલી માતાપિતાને સંભારતી કુમુદનો આ વિલાપ હૃદયદ્રાવક છે. જળમાં કેડ સુધી ડૂબેલી કુમુદસુંદરીને કર્ણે પડેલું ચન્દ્રાવલીનું નીચેનું ગાયન—

' ધીમી ધીમી ચાલી તું તો કરવા ત્હારૂં કામ !
માજીની ઇચ્છા એવી છે કે પાછી હવે તું આવ. ધીમી૦

* * *

સાગર આવો આભસરીખો, ઘોર ગાજે દિનરાત,
કયાં એ ને કયા કોમળ કળી સમી દીકરી, ત્હારી જાત ! ધીમી૦

સાયરને ત્યજી માઝીને મોધે ખોળે તું બેટા, બેસ;
ખોટી રે કાયા, ખોટી માયા, માઝી જ માઝી હમેશ. ધીમી૦'

વાચકના હૃદયમાં સમુદ્રના તરંગની પેઠે સંક્ષોભ કરે છે. તેમજ કુમુદને કહેલાં સરસ્વતીચન્દ્રનાં નીચેનાં વચન ઉત્તમ આદર્શ ખડો કરે છે.—

'હવે ગિરિરાજ પર આવ્યાં, સુધર્મી સાધુને ભાવ્યાં;
પ્રિયા ! ત્યજ સર્વ ભયને તું' પરાપ્રીતિયજ્ઞ રચને તું.'

મારા ખોળામાં સૂતી છે તે કરતા તને શું શિલા વધારે ગમે છે !—

'સુતી, વ્હાલી, તું મુજ ખોળે, મુખેથી કેમ ના બોલે ?
શિલાને આર્થી શું સારી, ગણે શય્યા, તું ગુણી નારી.'

બળાત્કારે વાળવા માડેલી દૃષ્ટિ ત્યાંથી પાછી વળતી જ નથી ત્યારે કહે છે કે—

'અતિરમણીય એ વેલી ! ઉરે મુજ વાસના રેલી !
ધડકતું ઉર તુજ ભાળું, સમાવા ત્યાં જ લોભાઉં !

છેવટે, લિંગ શરીરનો સંયોગ ઉત્તમ ને અસરકારક રીતે આલેખે છેઃ—

'હવે આવ્યાં નવે દેશે, હવે ફરીયે નવે વેશે;
નથી સંસારની ભ્રાંતિ, ત્યજી સંસારની રીતિ.
સગાં સંસારનાં છોડયા, છુટયા તેઓથી તરછોડયા;
વિશુદ્ધ જ સાધુનો પન્થા, ધરીએ આપણે કન્થા.
ગિરિવર રમ્ય પાવન આ, જગતમાં ના જડે એ સમા;
અહીં એકાન્ત ને શાન્ત, વસીએ વ્હાલી, રહી દાન્ત.'

આખા પુસ્તકમાં ચરિત્રનિરૂપણ અને વર્ણનો તેમજ જુદી જુદી પરિસ્થિતિનો ચિતાર ઉત્તમ છે. એમાં ગ્રન્થકારની મનુષ્યહૃદયની પરીક્ષા–માનસશાસ્ત્રનું સૂક્ષ્મ જ્ઞાન અને તેનો ઝીણવટથી ચિતાર આલેખવાની અપૂર્વ શક્તિ સ્થળે સ્થળે સ્પષ્ટ જણાઇ આવે છે. વસ્તુસંકલના ને કેટલાંક પાત્રના ચિત્રનિરૂપણમાં કલ્પનાનો પ્રભાવ વિશેષ જણાય છે.

ભાષા—પુસ્તકના ચાર ભાગમાંના છેલ્લા બે ભાગમાં ભાષા સાધારણ વાચકને કઠણ થતી જાય છે. પરંતુ તે ઘણે સ્થળે તેજસ્વી, જુસ્સાદાર, ને પ્રૌઢ છે. શૈલી આકર્ષક છે. કેટલેક સ્થળે સંસ્કારી વાચકને જ તે આનન્દદાયક થાય છે, સામાન્ય વાચકને દુર્ગમ થાય છે. પણ ગ્રન્થકારે સર્વ પ્રકારના વાચક માટે વાનગી ધરી છે, ને જેને જે રુચે તે તેમાં રમે એવી યોજના કરી છે. ખરેખર, 'સરસ્વતીચન્દ્ર' કોઈ પણ ભાષાના સાહિત્યને ભૂષણ રૂપ છે. એ ગ્રન્થનું અન્ય દેશી ભાષામાં ભાષાન્તર થયું છે એ એની વિસ્તૃત પ્રદેશમાં લોકપ્રિયતાનું સ્પષ્ટ પ્રમાણ છે.

અન્ય ગ્રન્થો—સદ્ગત ગોવર્ધનરામભાઇના અન્ય ગ્રન્થો 'લીલાવતીની જીવનકળા,' 'દયારામનો અક્ષર દેહ,' ને 'સાક્ષરજીવન' છે. 'સ્નેહમુદ્રા' કાવ્યમાં પોતે બહુ ઉંચી ભાવના પોષી છે.

'જતી તિમિર તતિ જગ છોડી જતી. ધ્રુવ૦
છોડી જતી ! સંતાઇ જતી ! જતી૦'

જોતામાં સળગે શોક, સહચરી ! જોતામાં સળગે શોક. ટેક
તિમિરસુતા છતી આનંદ દુઝતી તે
રજનિ ઝરે દુઃખ આજ. સહચરી૦'

* * * *

'મ્હારો ક્ષમા કરે અપરાધ, પુત્રી ! પ્રિય પ્રાણ ! ઘણી તું ડાહી.
તુજ ઉર મ્હેં ખોસી–અરે–અજાણ્યે ખરે–કટાર જ સાહી'

આ અને એવાં બીજાં કાવ્યો ઉચ્ચ કલ્પનાશક્તિ ને કવિપ્રતિભાનું ઉત્તમ પ્રમાણ છે.

દ્વિવેદી મણિલાલભાઇ—ગોવર્ધનરામભાઇની સાહિત્યસેવાની પેઠે સદ્ગત મણિલાલ નભુભાઇ દ્વિવેદીની પણ સાહિત્યસેવા ઘણા ઊંચા પ્રકારની છે. એઓ સંસ્કૃત સાહિત્યમાં નિષ્ણાત હતા અને ન્યાયશાસ્ત્ર ને વેદાન્તશાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. રાજકીય સંસ્કૃત પુસ્તકાવલીમાં **तर्ककौमुदी** ની એમની આવૃત્તિ વિદ્વદ્વર્ગમાં ને શિષ્યવર્ગમાં ઘણું સન્માન પામી છે. પ્રાચીન આર્યસંસ્કૃતિના એઓ પ્રબળ સમર્થક હતા ને સંસારસુધારાના સંબંધમાં એમને રા. બ. રમણભાઇ સાથે માસિકોમાં જબરો વાદ ચાલ્યો હતો. એમના લેખોએ આર્યસિદ્ધાન્તો ને આર્યસંસ્કૃતિ પર સારો પ્રકાશ પાડયો છે. 'સિદ્ધાન્તસાર' અને 'સુદર્શન-ગદ્યાવલિ' માં એમના ઊંચા પ્રકારના ને વિદ્વત્તાભરેલા લેખ છે. 'સિદ્ધાન્તસાર'માં આર્યતત્ત્વજ્ઞાનનું બહુ ઉત્તમ વિવરણ છે. છ એ દર્શનો, તથા અન્યથાખ્યાતિઓ અને વિવર્તવાદ, અવચ્છેદવાદ, વગેરે વાદ પર એમણે બહુ સારો પ્રકાશ પાડયો છે. તત્ત્વવિદ્યાના જિજ્ઞાસુઓને આ ગ્રન્થ ઉત્તમ છે. એમણે સંસ્કૃત નાટયશાસ્ત્રના નિયમોને અનુસરતું નહિ, પણ અંગ્રેજી નાટકોના નિયમોને અનુસરતું 'કાન્તા' નામનું નાટક રચ્યું છે. એમાં શૂરસેન કાન્તાને શોધે છે અને પ્રાણીને ને વનસ્પતિને પૂછે છે કે મારી સ્ત્રી જોઇ છે ?—એ ભાગ ઉત્તમ છે અને 'વિક્રમોર્વશીય' માં પુરૂરવસ્ ઉર્વશીને વનમાં શોધે છે, એ પ્રવેશની વાચકને સ્મૃતિ કરાવે છે. એમણે 'ન્યાયશાસ્ત્ર' ગુજરાતીમાં રચ્યું છે, તેમાં અંગ્રેજી ન્યાયશાસ્ત્રના પરામર્શખંડનું વિવેચન છે. અંગ્રેજી ને સંસ્કૃત ન્યાયશાસ્ત્રની તુલના કરી તે તૈયાર કર્યું હોત તો તે વિશેષ ઉપયોગી થાત. એમણે ભવભૂતિનાં **उत्तररामचरित** ને **मालतीमाधव** નાં ગુજરાતીમાં ભાષાન્તર કર્યાં છે, તે સંસ્કારી ને એકંદર પ્રાસાદિક છે. સમશ્લોકી કાવ્યોમાં કોઇક સ્થળે ક્લિષ્ટતા કે અપરિચિત શબ્દોનો પ્રયોગ અગતિક થાય છે; તેથી જ 'દુગ્ધકુલ્યાશી દષ્ટિ', 'નીવારૌદનમંડ ઉષ્ણ મધુરૂં', 'લોલોલ્લોલક્ષુભિત કરણોદ્વેગ' જેવાં સમસ્ત પદો ને અપરિચિત શબ્દો નજરે પડે છે. પરંતુ **'दलति हृदयं गाढोद्वेगं०', 'हा हा देवि स्फुटति हृदयं०', 'न किल भवतां स्थानं देव्या०', 'विना सीतादेव्या०'**નાં નીચે નિર્દેશેલાં ભાષાન્તરો ઉત્તમ છેઃ—

'હૃદય ન પડે ફાટી, દુઃખે દબાઇ પીડાય છે;'

* * * *

'મુઝાય છે હૃદય અતિશે, દેવી ગાત્રો ગળે છે,'

* * * *

'રુચ્યુ ન તમને દેવીકેરૂં, ગૃહે રહું કે તજી;'

'વિના સીતા દેવી શું શું ન દુઃખ વેઠે રઘુપતિ !'

* * * *

એમનું 'બાળવિલાસ' એ વડોદરા રાજ્યે રચાવેલું સ્ત્રીઓ માટેનું નીતિપુસ્તક છે. રાજ્યે નીમેલી મંડળી ને ગ્રન્થકાર વચ્ચે વિચારમાં સંમતિ ન થવાથી ગ્રન્થકારે તે ખાનગી રીતે પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકમા કન્યા, પુખ્ત સ્ત્રી, ને માતા માટે ઉપયોગી લેખો ને સતી આર્ય સ્ત્રીઓનાં જીવનચરિત્ર છે. ભાષા શિષ્ટ ને સરળ છે. એ પુસ્તક ઘણું લોકપ્રિય થયું છે. 'પ્રિયંવદા' ને 'સુદર્શન'માં અનેક લેખોથી તેમજ ધર્મવિષયક ગ્રન્થોથી એમણે પ્રાચીન આચારવિચાર તરફ લોકોને વાળવા સમર્થ પ્રયત્ન કર્યો છે, તે ખરેખરો સ્તુત્ય છે. પ્રાચીન ભાવના પર પ્રેમ ઉત્પન્ન કરનાર એવા સમર્થ લેખકની દેશને ને સાહિત્યને મોટી ખોટ છે. રા. દ્વિવેદીનું જીવન લંબાયું હોત તો તેઓ આથી પણ વિશેષ સંગીન સાહિત્યસેવા કરી શકત. તેમણે જેટલી સેવા કરી છે તેટલી પણ ઘણા ઊંચા પ્રકારની છે.

અન્ય સાહિત્યસેવકો—નડીઆદના બીજા સાહિત્યસેવકોએ પણ ગુર્જર સાહિત્યને ખિલવવામા સારો ફાળો આપ્યો છે. કવિવર કાલિદાસના 'અભિજ્ઞાન શકુન્તલા' નાટકનું પ્રથમ ગુજરાતીમાં ભાષાન્તર કરનાર સ્વર્ગસ્થ ઝવેરીલાલભાઇ હતા. ત્યાર પછી એ જ ગ્રન્થના બીજાં ત્રણ ભાષાન્તર થયાં છેઃ—રા. દલપતરામ ખખ્ખરકૃત, પ્રો. બલવન્તરાયકૃત, ને રા. મગનલાલ ચતુરભાઇ પટેલકૃત, તે બધાંમાં સદ્ગત ઝવેરીલાલભાઇનું ને સદ્ગત ખખ્ખરનું એ ભાષાન્તરો લોકપ્રિય થયાં છે. સદ્ગત મનઃસુખરામભાઇ હમેશ શુદ્ધ સંસ્કારી ભાષાના દૃઢ હિમાયતી હતા અને તેમનો 'અસ્તોદય' એવી ભાષાશૈલીમાં રચેલો છે. સદ્ગત દોલતરામ કૃપાશંકર પંડ્યાએ 'કુસુમાવલી' નામની નવલકથા, 'ઇંદ્રજિત્‌–વધ' નામનું સંસ્કૃત મહાકાવ્યની શૈલીમાં તૈયાર કરેલું મહાકાવ્ય, ને 'અમરસત્ર' નાટક રચ્યાં છે; તેમાંનાં નવલકથા ને કાવ્ય લોકપ્રિય થયાં છે. એ જ નગરીના અન્ય સાક્ષર બાલાશંકરે સુંદર ગઝલ રચી કાવ્યક્ષેત્રને વિસ્તાર્યું છે. રા. છગનલાલભાઇએ બાણ કવિની 'કાદમ્બરી'નું અપૂર્વ ભાષાન્તર રચી અન્ય ભાષાન્તરકારોને એ દિશામાં માર્ગ દર્શાવ્યો છે. એ જ ખેડા જિલ્લાના મહુધાના વતની સદ્ગત રણછોડલાલભાઇએ અવસાનપર્યન્ત ગુર્જર સાહિત્યની ખિલવણી કરી તરુણ અભ્યાસકોને ને લેખકોને સાહિત્યસેવાનો અનુપમ દૃષ્ટાન્ત પૂરો પાડયો છે. 'લલિતાદુ:ખદર્શક' જેવા એમના રચેલા નાટકે રંગભૂમિ પર ભજવાતાં શ્રોતૃમંડળને રસમા ન્હવરાવી નેત્રમાંથી અશ્રુધારા પડાવી છે. 'રણપિંગલ' રચવામા એમણે ઘણો પરિશ્રમ લીધો છે, તેમજ હિંદુસ્તાનના વ્યાપારના ઇતિહાસના મોટા ગ્રન્થો તૈયાર કરવામાં ઘણું સંશોધન કર્યું છે. એમનું 'લઘુ સિદ્ધાન્તકૌમુદી'નું ને 'હિતોપદેશ'નું ભાષાન્તર તથા 'નાટ્યપ્રકાશ' એમની બહુમાર્ગી ને ઉદ્યોગી પ્રવૃત્તિ દર્શાવે છે. ફૉર્બ્સના 'રાસમાળા'ના ગ્રન્થની એમણે નવીન આવૃત્તિ શોધિતવર્ધિત કરી છે. એ જ જિલ્લાના ઉમરેઠના વતની રા. બ. હરગોવિન્દદાસભાઇ પણ એવી જ અનેકમાર્ગી સાહિત્યપ્રવૃત્તિ દર્શાવી વૃદ્ધાવસ્થામા પણ સાહિત્યની સેવા કરતાં ચૂકતા નથી. 'ટચુકડી સો વાતો'એ બહુ રસિક વાચન પૂરૂં પાડ્યું છ.

કલાપી ને કાન્ત—કાવ્યપ્રદેશમાં કલાપીના નામથી પ્રસિદ્ધ થયલા સુરસિંહજીએ કાવ્યનો પ્રવાહ નવીન દિશામાં ચલાવ્યો છે. એમના કાવ્યમાં મનોભાવના ઝરણાં એવા સુંદર ને નિર્મળ વહ્યાં જાય છે કે તે ખરેખરાં હૃદયદ્રાવક થાય છે. તેની સાથે ભાષા પણ ઘણી

પ્રાસાદિક હોવાથી 'કલાપીનો કેકારવ' ગુજરાતના સ્ત્રીપુરુષોમાં અત્યન્ત લોકપ્રિય થયું છે અને ઘણા તરુણ લેખકોએ તેનું અનુકરણ કરવા માંડયું છે. 'કાન્ત' નામથી પ્રખ્યાત સદ્ગત મણિશંકર રત્નજી ભટ્ટે ઉત્તમ કાવ્યો રચ્યા છે. એમા અન્યોક્તિઓ છે તેમાં કવિની કલ્પના-શક્તિએ ઘણું ઉચ્ચ ઉડ્ડયન કર્યું છે. 'પૂર્વાલાપ'મા એમાંના થોડાક પ્રસિદ્ધ થયાં છે. એમનો 'શિક્ષણશાસ્ત્રનો ઇતિહાસ' એ પુસ્તક સદ્ગત પ્રો. ગજ્જરના તન્ત્રીપણા નીચે ચાલતી 'શ્રી સયાજીજ્ઞાનમંજૂષા'માં પ્રસિદ્ધ થયું છે. એમના સ્મરણાર્થે પ્રો. ઠાકોરે 'કાન્તમાળા'ની સુંદર યોજના યોજી છે ને તે સફળ થવાની તૈયારીમાં છે.

અમદાવાદના સાહિત્યસેવકો—અમદાવાદમાં સદ્ગત ભોળાનાથભાઈ તથા સદ્ગત ભીમરાવનાં કાવ્યો સંસ્કારી છે. સદ્ગત રા. સા. મહીપતરામભાઇએ અનેક શાલોપયોગી પુસ્તકો રચી પાઠયપુસ્તકોની ખોટ પુરી પાડી છે. એમની 'વનરાજચાવડો' નામની નવલકથા લોકપ્રિય થઇ છે. એમણે 'કરસનદાસ મુળજી'નું ને 'દુર્ગારામ મહેતાજી'નું જીવનચરિત્ર પણ આલેખ્યું છે. સદ્ગત હરીલાલ ધ્રુવે 'કુંજવિહાર' આદિ ઉચ્ચ ભાવનાનાં કાવ્યો સંસ્કૃતમય ભાષામાં રચ્યાં છે. તેમાં રા. ડાહ્યાભાઇ પીતાંબર દેરાસરીનાં પણ કાવ્યો છે. એમનું 'પ્રવાસ-પુષ્પાંજલી' કાવ્ય એમના સ્વર્ગવાસ પછી એમના પુત્રે પ્રગટ કર્યું છે. 'શ્રીવસન્તવિલાસિકા' નામની એક અંકવાળી એમની રચેલી વિલાસિકા પ્રસિદ્ધ થઇ છે.

અમદાવાદના અન્ય સાહિત્યસેવકોમાં શાસ્ત્રીજી વ્રજલાલ કાલિદાસે 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ,' તથા 'ઉત્સર્ગમાળા' જેવા ગ્રન્થોમાં પ્રાકૃત ભાષાના નિયમો ને શબ્દવ્યુત્પત્તિ પર સારો પ્રકાશ પાડયો છે. વળી એમણે ટેલર સાહેબને વ્યાકરણ રચવામાં મદદ કરી હતી. દી. બ. અંબાલાલભાઇએ અંગ્રેજી–ગુજરાતી કોશ, રેવ. મૅકૂડાનલ્ડ ને સ્વ. મણિધરપ્રસાદની સાથે પ્રસિદ્ધ કર્યો છે ને તેની બીજી આવૃત્તિ પોતે એકલાએ સુધારીવધારી પ્રગટ કરી છે, તેમજ 'અર્થશાસ્ત્ર'નું એમનું ભાષાન્તર ઉત્તમ છે. સ્વ. લાલશંકરભાઈની સેવા ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિને અંગે સુવિદિત છે. એઓ પણ સાહિત્યપ્રેમી હતા.

સુરતમાં રા. રા. મધુવચરામભાઇની કેટલીક પ્રાસાદિક કવિતાઓ સરકારી વાચનમાળામાં છપાઇ છે. સ્વ. લલિતાશંકરે પ્રાસંગિક કાવ્યો ને નાટકો રચ્યાં છે. રા. રા. ઇન્દિરાનન્દ લલિતાનન્દ પંડયા પાસે મોટો સંગ્રહ હસ્તલિખિત રૂપમાં છે, તે પ્રગટ કરવા યોગ્ય છે. એમાંનાં થોડાક કાવ્યો એમણે મને મુંબઈમા વાચી સંભળાવ્યા હતા, તેમા રસની ઝમાવટ સુંદર હતી.

તરુણ લેખકોમાં કેશવ હ. શેઠ, શેલત વાસુદેવ રામચંદ્ર, સાગર, પંડયા ચંદ્રશંકર, પ્રો. મોહનલાલ, વગેરેનાં કાવ્યો જ્યારે માસિકમાં આવે છે ત્યારે સારા આવે છે. રા. મનહરરામે પણ 'રામાયણ' રામછંદમા ઉતાર્યું છે.

પારસી ગ્રન્થકારોની સાહિત્યસેવા: મલબારી—પારસી લેખકોમાં મર્હુમ બહેરામજી મહેરવાનજી મલબારીના 'અનુભવિકા', 'નીતિવિનોદ', ને 'સંસારિકા', એ કાવ્યો શુદ્ધ ગુજરાતીમાં છે ને ઉંચી પ્રતિનાં છે. એમનો કાવ્યસંગ્રહ એમના પુત્રે કવિશ્રી ખબરદારના ઉપોદ્ઘાત સાથે પ્રસિદ્ધ કર્યો છે. એમાંના નીચેનાં કાવ્ય ઉત્તમ છે:–

> 'વ્હાણું વાયું જાગ, સખી રે, વ્હાણું વાયું જાગ;
> સુખમાં તારી વીતી રાતલડી, આ દિનકરગુણરાગ. સખી રે.'

* * * *

'વ્હાલા! રહો મુજ પાસે ક્ષેમ, વ્હીલી મૂકી ન્હાસો કેમ ?
લીલી સૃષ્ટિમાં વ્હીલી મૂકે, એદીલી દેખાય;
કર્મ ફૂટી હું મરણુ જ આણું, આ ભવ ખાવા ધાય, વ્હાલાં૦'

'હે દેશીઓ સામાસામી શું જુઓ ?
જોતાં જોતાં આંખો મીંચાઇ જાય જો;
ભવિષ્યને જ ભરોંસે ઘેલા! કા સુઓ,
ઊઠો, સત્વર બ્હાર પડો, જગમાંય જો, હે દેશીઓ૦'

'કરણી કરશે સજા, જીવ! તને કરણી કરશે સજા.
વીજળીથી વધુ વેગે ઉડતી, દેવધર્મની એ સજા! જીવ! તને૦'

હાલના કવિ ખબરદારનાં કાવ્યો અત્યન્ત લોકપ્રિય થયાં છે. તે શુદ્ધ ને પ્રાસાદિક છે ને તેમાં રસની ઝમાવટ સારી છે.

પારસી ગ્રન્થકારોની નવલકથા ને અન્ય ક્ષેત્રોમાં સેવા—નવલકથાના ક્ષેત્રમાં પણ કેખશરૂ નસરવાનજી કાબ્રાજીની 'દારાશાના' ને 'ભીખો બરભટીઓ' એ નવલકથાઓમાં વસ્તુસંકલના સારી છે. ભાષા સાધારણ રીતે ઠીક છે. ડૉ. જીવણજી જમશેદજી મોદીનાં 'શાહનામુ', ને 'શાહનામાના દાસ્તાનો' એમની ઊંડી વિદ્વત્તાના પ્રમાણરૂપ છે. અરદેશર ફ્રામજી મૂસ તથા નાનાભાઇ રૂસ્તમજી રાણીનાનો અંગ્રેજી–ગુજરાતી શબ્દકોશ ૧૬ ભાગોમાં હતો, તેમાં શબ્દો તેના જુદા જુદા અર્થ ને ઉતારા સાથે આપેલા છે. કહેવતો પણ બંને ભાષાની સરખાવી છે. જેમ પહેલું છાપખાનું તેમજ પહેલું વર્તમાનપત્ર કાઢનાર પારસીઓ હતા, તેમ પહેલો અંગ્રેજી–ગુજરાતી કોશ પ્રસિદ્ધ કરવાનું માન નાનાભાઇ રસ્તમજી રાણીનાને ઘટે છે. એમના એક મિત્રે ખરૂં કહ્યું છે કે "જેમ પહેલું છાપખાનું ને પહેલું વર્તમાનપત્ર કાઢનાર પારસીઓ હતા, તેમ પહેલો શબ્દકોષ કાઢવાનું માન પણ નાનાભાઇની જહેમતથી પારસીઓને ફાળે આવ્યું છે.' પ્રથમ 'જ્ઞાનચક્ર'ના પણ લેખક પારસી ગૃહસ્થ રતનજી ફરામજી સેટના છે. એ જ્ઞાનચક્ર ઘણું અપૂર્ણ છે; પરંતુ એવું પણ રચવાનું માન ઓછું નથી. રા. બરજોરજી પાલણજી દેસાઇએ 'ફિર્દુસીનું જીવનચરિત્ર' અને 'સૅસૅનાઇડીઓનો ઇતિહાસ' રચ્યા છે તે તેમના વિદ્વાન્ પુત્ર રા. પાલણજી બરજોરજી દેસાઇએ પ્રસિદ્ધ કર્યા છે. ખા. બા. જમશેદજી અરદેશર દલાલે પ્રો. અતિસુખશંકરના 'નિવૃત્તિવિનોદ'નું રા. બ. હરગોવિન્દદાસના આમુખ સાથે 'અવલોકન' રચ્યું છે. આટલા ટૂંકા નિરૂપણ ઉપરથી સમજાશે કે પારસી લેખકોએ પણ સરળ ને સાધારણ શુદ્ધ ગુજરાતી ભાષામાં પુસ્તકો રચી ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. પ્રતિવર્ષ નીકળતા 'સાંજવર્તમાન'ના પટેટી અંકોમાં પણ ઘણા સારા લેખો આવે છે. વળી આ વાત પણ યાદ રાખવાની છે કે આપણાં દૈનિક વર્તમાનપત્રોમાં પારસી પત્રોએ પહેલ કરી છે અને સારો ભાગ લીધો છે. દિન પર દિન તેની ભાષા શુદ્ધ થતી જાય છે. આવી કેળવાએલી કોમની માતૃભાષા ગુજરાતી જ છે. આપણા તરુણ લેખકોએ એ ભાષા ક્લિષ્ટ ને સંસ્કૃત શબ્દના આડંબરવાળી કરી કેળવાએલા વર્ગની સહાનુભૂતિ ખોવી ને વાચકવર્ગનું મંડળ સંકુચિત કરવું યુક્ત નથી.

મુસલમાન લેખકો—મુસલમાન લેખકોમાં રા. નાનજીઆની કરીમઅલી રહીમભાઇનાં

'નિબંધકરમાળા' અને બીજાં પણ પુસ્તકો છે. તેમજ ખા. બ. મહેબુબમીઆં, રા. કરીમ મહમદ, અને રા. જાફર રહિમતુલ્લાનાં પણ કેટલાંક પુસ્તકો છે.

સ્ત્રીઓની સેવા—સ્ત્રી એ હૃદયની અધિષ્ઠાત્રી દેવી છે અને કોમલ મનોભાવનું ભાજન છે. એની ભાવનાઓ સ્વાભાવિક રીતે જ લલિત ને સુકુમાર પદોમાં આવિર્ભાવ પામે છે. મીરાંદેવીના ભજનો અત્યન્ત હૃદયંગમ થયાં છે. ઇ. સ. ના ૧૮ ને ૧૯મા સૈકામાં ડભોઇની દીવાળીબાઇ તથા વડનગરની ને ડુંગરપુરની નાગરસ્ત્રીઓ કૃષ્ણાબાઇ ને પુરીબાઇએ સુંદર કાવ્યો રચ્યાં છે. આધુનિક સમયમા શ્રીયુત લલ્લુભાઇ સામળદાસની પુત્રી સ્વ. સુમતી બેને 'હૃદયઝરણા' નામનું ઉત્તમ કાવ્ય રચ્યું છે, તેમાં ટેનિસન ને બ્રાઉનિંગના કાવ્યોનું ઉત્તમ રૂપાન્તર છે. સૌ. બેન વિદ્યાગૌરી, સૌ. બેન શારદાગૌરી, તથા સૌ. લીલાવતી, સૌ. બેન હંસા, અને બીજી સ્ત્રીઓ માસિકોમાં ઉત્તમ લેખ લખી ગુર્જરસાહિત્યની સેવા કરે છે, એ સ્ત્રીકેળવણીનું શુભ લક્ષણ છે. એ દિશામાં રા. રા. રામમોહનરાય જસવન્તરાયના 'સુંદરી-સુબોધ'ની સેવા અતિસ્તુત્ય છે.

સ્ત્રીઓને ઉપયોગી સાહિત્ય—સ્ત્રીમંડળને ખાસ ઉપયોગી સાહિત્ય રચવાની દિશામાં પણ પ્રયત્ન આદરાયો છે એ ઘણી ખુશીની વાત છે. સર્દ્દત શાસ્ત્રી પ્રાણજીવન હરિહર અને રા. મણિલાલ છબારામ ભટ્ટનું 'પતિવ્રતા સ્ત્રીઓ' નામનું પુસ્તક પ્રાચીન ને અર્વાચીન સતી સ્ત્રીઓનું ચારિત્ર્યનિરૂપણ ઉત્તમ રીતે કરે છે. સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆરના 'સંસાર-સ્વર્ગ,' 'સ્વર્ગની સુંદરીઓ', વગેરે પુસ્તકો ઉત્તમ છે. વિષય ઘણો સારો છે ને તે એમણે ઓજસ્વી ને પ્રૌઢ ભાષામાં નિરૂપિત કર્યો છે. ગ્રન્થકારની ભાષાનો પ્રવાહ અતિવેગે અવિ-ચ્છિન્ન ચાલ્યો જાય છે. એમની સરળ, શુદ્ધ, ને તેજસ્વી ભાષા અનુકરણીય છે. રા. ડાહ્યા-ભાઇ રામચન્દ્ર મહેતાએ 'સ્ત્રીસુબોધ ગ્રન્થમાળા' રચવાની યોજના કરી છે ને એ ગ્રન્થ-માળામાં 'સીતાદેવી'નું પુસ્તક પ્રસિદ્ધ થયું છે, તે સારૂં છે. એમણે 'રામકૃષ્ણ પરમહંસ' અને 'સ્વામી વિવેકાનંદ'ની હકીકતોનાં અત્યુત્તમ પુસ્તકો પૂરાં પાડી સાહિત્યસેવા સારી કરી છે.

નવીન શૈલીના કવિઓ—નવીન શૈલીના કાવ્યમાં કવિ નરસિંહરાવ, કવિ નાના-લાલ, કવિ લલિત, અને કવિ ખબરદારનાં કાવ્ય ઉત્તમ છે. પદલાલિત્યને માટે કવિ નાના-લાલ ને લલિતના કાવ્યો પ્રસિદ્ધ છે; તેમાં પણ કવિ નાનાલાલનાં કાવ્યોમા તેમજ અન્ય લેખોમાં પદલાલિત્ય અલૌકિક-ઓરજ છે. કોલરિજે બરાબર કહ્યું છે કે ઉઘાડે હાથે, શસ્ત્ર વિના મિનારામાથી પત્થર ખસેડવો એના કરતાં પણ મિલ્ટન કે શેકસપીઅર જેવા ઉત્તમ કવિના કાવ્યમાં અર્થની પ્રૌઢતા કે ચમત્કૃતિમાં વિકાર ન થાય એવી રીતે એક શબ્દને બદલે તેનો પર્યાય શબ્દ મૂકવો એ વધારે અઘરૂં છે. કાવ્યશાસ્ત્રમાં જેને શય્યા એટલે પરસ્પર પદમૈત્રી કહે છે એવી પદમૈત્રી જે કાવ્યમાં હોય તે ઉત્તમ કાવ્ય છે. એવી પદમૈત્રી કેટલેક સ્થળે રા. નાનાલાલભાઇનાં વચનોમાં છે. એક પદને સ્થળે તેનું પર્યાયપદ મૂકી ન શકાય; કેમકે તેમ કરવાથી રસમાં ક્ષતિ થાય એવું અદ્ભુત પદલાલિત્ય કવિ નાનાલાલના વચનને મોહનમન્ત્રનું બળ આપે છે. એ મોહકતામાં અર્થપરિપ્રૌઢતા, જેને કાવ્યશાસ્ત્રમાં પાક કહે છે, તે પાક વૃદ્ધિ કરે છે અને વાચકના હૃદયને તેમાં લીન કરે છે. 'જયા અને જયન્ત' અને 'ઇન્દુકુમાર' નાટકો આ નવીન શૈલીમા રચેલાં છે. કવિ નરસિંહરાવે 'કુસુમમાળા',

'હૃદયવીણા', આદિ કાવ્યોમા અંગ્રેજી ને સંસ્કૃત કાવ્યોની ઉચ્ચ ભાવના વાચકના હૃદયમા બહુ સુંદર રીતે જગવી છે. કવિ બોટાદકર દામોદર ખુશાલરાયનાં 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', આદિ કાવ્યો પ્રાસાદિક ને સંસ્કારી છે.

એક ગંભીર વિચારકે ડહાપણના બોલ કહ્યા છે કે જે પુરુષમાં મરજીમાં આવે ત્યારે બાળક બનવાની શક્તિ હોય અને જે પુરુષનું મગજ વૃદ્ધ ને પરિપક્વ થયું હોય પણ હૃદય બાળકના જેવું લાગણીનું ભરેલું હોય તે જ પ્રતિભાશાલી છે. એવો પુરુષ મનોભાવનું ઉત્તમ ચિત્ર આલેખી શકે છે ને તે સુકુમાર, કાલી ભાષામા આલેખાય છે ત્યારે ઉત્તમ કાવ્ય બને છે.

'બુદ્ધનું ગૃહાગમન', 'ઉર્મિલા', આદિ કાવ્યોમાં રસનિષ્પત્તિ ઉત્તમ છે, વૃત્તોનો ભેદ પણ યથાર્થ ને હૃદયંગમ છે. એમનાં કાવ્યો સરળ ને શિષ્ટ ભાષામાં વાચકના હૃદયમાં ઊંચો ભાવ જગવે છે. એ બધાં યોગ્ય ઉત્તેજનને પાત્ર છે. 'સ્રોતસ્વિની'માં 'દુહિતા'નું ચિત્ર ઉત્તમ છે. હૃદયને રસથી આર્દ્ર કરે એવી ઉત્તમ રીતે એ ચિત્ર કવિ આપે છે.

'ઊભી ત્યાં વાટ જોતી પ્રણયસરિતશી માવડી સ્વાન્ત મીઠી,
દોડી દીઠી ન દીઠી વિકળસમ જઇ કારમી કંઠે બાઝી;
ચાંપી અંગે ઉમંગે હૃદય ભરી ભરી પ્રેમપીયૂષ પીતી,
ના છોડી ને ન છૂટી, જડસમ ઉરના ઐક્યથી બેય ઊભી.

* * *

ભલે પુત્રતણી મીઠી, લ્હાણુ છે મનુજાતને;
પરંતુ લ્હાણુ લાખોની, દીકરી એક ખાણુ છે.
પીયૂષ પ્રાણને પાતી, કર્કશત્વ નિવારતી;
સ્નેહસ્રોત સદા વ્હેતી, દુહિતા દિવ્ય નિર્ઝરી.'

મહાકાવ્યની આવશ્યકતા—કાવ્યસાહિત્યમાં હજી સંસ્કૃત મહાકાવ્ય જેવાં મહાકાવ્ય રચાવાની જરૂર છે. જે પ્રગટ થયાં છે તે બહુધા ખંડકાવ્ય છે.

જીવનચરિત્ર—જીવનચરિત્રોનું આપણું સાહિત્ય હજી જોઇએ તેવું ખીલ્યું નથી. જ્યાં-સુધી આપણામાં જીવનની દૈનિક નોંધ રાખવાની વૃત્તિ ઉત્પન્ન થઇ નથી તેમજ મહાન્ પુરુષોના મિત્રો પણ તેમના ખાનગી જીવનના નાના નાના પ્રસંગોની નોંધ કરતા નથી, ત્યાંસુધી સામગ્રીને અભાવે નમુનાદાર જીવનચરિત્રો રચાવાનો સંભવ નથી. મહાપુરુષોનું જાહેર જીવન તો જાણીતું હોય છે, પરંતુ મનુષ્યની પ્રકૃતિ ખરેખરી દર્શાવનાર તેના ખાનગી જીવનના સૂક્ષ્મ પ્રસંગ જ છે અને તેના પર જોઇતો પ્રકાશ પાડનાર હકીકત મળે નહિ ત્યાંસુધી તેના ચરિત્રનું યથાર્થ નિરૂપણ થઇ શકતું નથી. પરંતુ સાહિત્યનો એ માર્ગ તદ્દન ખેડાયા વિના રહ્યો નથી. માસ્તર સાહેબ નન્દશંકરભાઇનું જીવનચરિત્ર એમના પ્રસિદ્ધ પુત્ર રા. વિનાયકરાવે આલેખ્યું છે; એમાં માસ્તર સાહેબના જમાનાની ઘણી હકીકત વાચકને જાણવામાં આવે છે. સ્વ. ગોવર્ધનરામભાઇનું જીવનચરિત્ર એમના વિદ્વાન્ ભાણેજ રા. કાન્તિલાલે પ્રસિદ્ધ કર્યું છે. બંને ગ્રન્થકારો નિકટના સંબંધી હોવાથી ઘણી ઝીણી બાબતોનું વિવેચન બંને ચરિત્રોમાં છે. સદ્ગત રણછોડલાલભાઇનું જીવનચરિત્ર સ્વ. ભગવાનલાલ બાદશાહે અને સ્વ. માન્ય-મુનિવર ગૌરીશંકરભાઇનું ચરિત્ર રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતાએ રચ્યું છે. એ વિસ્તૃત પુસ્તકમાં ગ્રન્થકારે કાઠીઆવાડના ને ભાવનગરના પ્રાચીન ઇતિહાસની રૂપરેખા આપવા ઉપ-

રાંત નાગરોના પ્રાચીન ઇતિહાસ પર પણ પ્રકાશ પાડયો છે. સદ્‌ગત ગૌરીશંકરભાઇના જીવનની સંપૂર્ણ હકીકત તથા એમણે કરેલા રાજ્યમાંના સુધારા તેમજ એમની પ્રતિભાનાં કાર્યોની હકીકત રા. કૌશિકરામે બહુ સરળ ને શુદ્ધ ભાષામાં આપી છે. એમના વેદાન્તશાસ્ત્રના ઊંડા જ્ઞાનનું એમનું 'સ્વરૂપાનુસંધાન' પુસ્તક પ્રમાણભૂત છે.

સ્વ. ભાઇશંકર નાનાભાઇકૃત 'મારા અનુભવની નોંધ' એ કર્તાએ રચેલું પોતાનું જીવનચરિત્ર છે. એમાં સુંદર પદ્યો ને સરળ પણ પ્રૌઢ ને શિષ્ટ ગદ્યમા કર્તાએ ઘણી જાણવા જેવી નોંધ આપી છે. પોતાનાં પદ્ય પર અલંકાર વગેરેની પોતે રચેલા ટિપ્પણી છે. શેઠ પ્રેમચંદ રાયચંદની સાદાઇનું વર્ણન, શેઠ દલપતભાઇ ભગુભાઇનો કોઇના જામીન ન થવાનો બોધ, વગેરે અનેક હકીકત વાચકને આનંદ આપે ને ઉપયોગી થાય એવી છે. એ જ ગ્રન્થમાં ગ્રન્થકારે ભર્તૃહરિના 'વૈરાગ્યશતક'નું સમશ્લોકી ભાષાન્તર આપ્યું છે તે ઘણું પ્રાસાદિક છે. છેવટે તેમણે પ્રાસંગિક પરચુરણ પદ્યો આપ્યાં છે તે ઘણાં સારાં છે. જેમનું જીવન ઘણું વ્યવસાયી હતું તેમણે આટલી ને તે ઊંચા પ્રકારની કરેલી સાહિત્યસેવા ખરેખરી સ્તુતિપાત્ર છે.

એમને આશ્રયે ચાલેલી રેવાબાઇ શિક્ષણમાળામાં પણ થોડાંક સારાં પુસ્તકો રચાયાં છે.

નવલકથા—નવલકથાના ક્ષેત્રમાં રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં પુસ્તકો વાચકોમાં અતિપ્રિય થયાં છે. તેમજ રા. રા. ચુનીલાલ વર્ધમાન શાહના ને રા. રા. મોતીલાલ સટ્ટાવાળાનાં, સ્વ. ભોગીન્દ્રનાં તેમજ રા. રા. રાજેન્દ્રલાલ સોમનારાયણ દલાલનાં 'વિપિન' જેવાં પુસ્તકો સારાં છે. પરંતુ એ દિશામાં ઉત્તમ પ્રયત્ન માટે હજી ઘણો અવકાશ છે. બંગાળી, કે અંગ્રેજી કે બીજી પાશ્ચાત્ય ભાષાનાં ભાષાન્તર કે રૂપાન્તરથી એ ક્ષેત્ર શોભવાનું નથી: એમાં સ્વતન્ત્ર સારા પુસ્તકોની જરૂર છે. નિર્મર્યાદ શૃંગારનું નિરૂપણ કર્યા વિના નીતિના નિયામક અંકુશમા રહી સમાજનાં વિવિધ અંગની આધુનિક સ્થિતિનો જેમાં ચિતાર યથાર્થ આવે, તેમ જ જેમા આવશ્યક સુધારાના માર્ગનું સૂચન થાય એવી વસ્તુસંકલનાનું ને પાત્રનિરૂપણનું તથા અનેક સૂક્ષ્મ પરિસ્થિતિનું, જુદે જુદે પ્રસંગે ઉત્પન્ન થતા વિકારો. જેને નવલરામભાઇ 'રીતભાત' કહે છે, તેનું સંપૂર્ણ અને આબેહુબ વર્ણન, —એ નવલકથામાં આવશ્યક છે. એવા સ્વતન્ત્ર, ઉત્તમ પુસ્તકોની ન્યૂનતા પૂરી પાડવા એ ક્ષેત્રમાં પ્રસિદ્ધિ પામેલા લેખકોએ તેમજ અન્ય તરુણ લેખકોએ પ્રયત્નશીલ થવું જોઇએ.

નાટક—નાટકનું ક્ષેત્ર જોઇએ તેવું વિકસ્યું નથી. ઉત્તમ નાટક રચનારને નાટ્યશાસ્ત્રનું જ્ઞાન અને સંસ્કૃત ને અંગ્રેજી ભાષાના ઉત્તમ નાટકોનું પરિશીલન આવશ્યક છે. અધિકારિક વસ્તુની સંકલના કેવી રીતે કરવી, પ્રાસંગિકનો-પ્રકરી કે પતાકાનો-સંબંધ તેની સાથે કેવી રીતે ઘટાવવો, કાર્યનો ક્રમિક વિકાસ આક્ષેપી કાર્યસિદ્ધિને તેના હેતુઓ સાથે કેવી રીતે જોડી તેનો નિર્વાહ કરવો - વસ્તુસંકલનાનું આ બધું જ્ઞાન ગ્રન્થકારને આવશ્યક છે. પાત્રભેદ, ભિન્ન ભિન્ન પાત્રોનું યથાર્થ નિરૂપણ, કાર્યની એકતા, અને રસની જમાવટ, એ નાટકનાં આવશ્યક અંગ છે. નાટકકારે પ્રત્યક્ષ નીતિબોધ આપવાનો નથી. એ બોધ તેનાં પાત્રોનાં આચરણથી પરોક્ષ રીતે વાચકના મન પર પડે છે ત્યારે વિશેષ અસરકારક થાય છે. નાટકમાં પદ્યનો ભાગ પૂરતો જોઇએ ને નાટકકારમાં રસિક પદ્યો બનાવવાની શક્તિ જોઇએ. નાટક

એ દશ્ય કાવ્ય છે એ ભુલવું નહિ. આટલી સાધનસંપત્તિ પ્રાપ્ત કર્યા વિના ઉત્તમ નાટક રચી શકાય નહિ. રા. બા. રમણભાઈનું 'રાઈનો પર્વત' એ લોકપ્રિય થયું છે. પ્રો. ખુશાલદાસ તલકશી શાહ પણ માસિકોમાં નાટકો લખે છે.

રંગભૂમિ પર ભજવાતાં નાટકોમાં ભપકાદાર રંગભૂમિ ને પથ્થની રચના તથા વેશના કૃત્રિમ આડંબર પર વિશેષ લક્ષ અપાય છે. શૃંગારી ગાયનોમા ને ફારસોમાં ગ્રામ્ય ને અશ્લીલ ઉક્તિથી શ્રોતૃમંડળની અધમ માનસિક વૃત્તિને પોષવામાં આવે છે. તોપણ એમાં પણ સુધારો થઈ ભક્તિરસમય નાટકો રંગભૂમિ પર ભજવાતાં થયાં છે, તેથી લોકોનાં મન પર સારી અસર થાય છે. એવા રંગભૂમિ પર ભજવાતાં નાટકોમા પણ કેટલાંક બહુ ઉત્તમ કાવ્યો હોય છે. 'ભરથરી નાટક'માં વાઘજી આશારામનં, તેમજ 'મન માયાના કરનારા રે, જોની જોની વિચારી તારી કાયા' જેવાં ડાહ્યાભાઈ ધોળશાનાં કાવ્યો અને 'કાદમ્બરી', 'અનસૂયા'માંના ને 'સાવિત્રીના યમ સાથેના સંવાદ'નાં ફૂલચંદ ઝવેરદાસ શાહનાં ગાયનમાં કવિત્વ સારૂં છે. હાલમાં રા. ફૂલચંદે પ્રૌરાણિક કથાપુરુષોની કથા સંક્ષેપમાં કાવ્યમાં ચિત્ર સાથે આપવાનો પ્રયત્ન આદર્યો છે ને 'શ્રીકૃષ્ણચન્દ્રોદય-ચિત્રકથા'નું સંક્ષિપ્ત સચિત્ર કાવ્ય પ્રગટ કર્યું છે તે સ્તુત્ય છે. એ શૈલી પર 'શ્રીરામચંદ્રોદય-ચિત્રકથા', 'શ્રીગીતાગુણાનુવાદ' વગેરે પુસ્તકો રચવાનો એમનો પ્રયત્ન યોગ્ય દિશામાં છે.

લોકગીત—સ્વ. રણજીતરામ વાવાભાઈ મહેતા, જેઓ સાહિત્યપરિષદ્‌ના સ્થાપક, ચાલક, અને જીવન હતા, તેમણે 'લોકગીત'ના સાહિત્ય વિષે ૧ લી સાહિત્યપરિષદ્‌માં નિબંધ વાંચ્યો હતો. તેમણે ઘણાં લોકગીત એકઠાં કર્યાં હતાં; પરંતુ તેમના અકાલ ને શોચનીય સ્વર્ગવાસથી તે પોતે એ સંગ્રહ પ્રસિદ્ધ કરી શક્યા નહિ. સુરતની રણજીતરામસ્મારક કમિટિએ એ સંગ્રહ છપાવ્યો છે. રણજીતરામના એકઠા કરેલા મોટા સંગ્રહમાંથી છાપવા લાયક ગીતો તારવી કાઢવાનું કામ રા. રા. ચુનીલાલ રામચંદ્ર શેલત, જેઓ સારા કાવ્ય રચી જાણે છે, તેમણે સંભાળથી કર્યું છે. રા. દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરે 'રસાસ્વાદ' રૂપી એ ગ્રન્થનો ઉપોદ્‌ઘાત રચ્યો છે. એ દિશામાં પણ વિશેષ પ્રયત્ન થવાની જરૂર છે; તેમજ કાઠીઆવાડના લોકપ્રચલિત 'દુહા' ને 'સોરઠા'ને એકઠા કરી તેનું સંશોધન કરી વિવરણ સાથે પ્રસિદ્ધ કરવાની જરૂર છે. રાજકોટ 'પ્રકાશમંદિર'માંથી રા. રા. ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા 'શારદા' નામના માસિકમાં 'કાઠીઆવાડનું લોકસાહિત્ય' પ્રગટ કરવા ઇચ્છે છે. એ ઇચ્છા સ્તુત્ય છે.

ઇતિહાસ—ઇતિહાસનું ક્ષેત્ર પણ હજી અવિકસિત છે. શાળોપયોગી પુસ્તકો રચાયાં છે ને રચાશે; પણ ગુજરાતના પ્રાચીન ઇતિહાસ અને હિંદુસ્તાનના પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસ પાશ્ચાત્ય દૃષ્ટિથી નહિ પણ આપણી દૃષ્ટિથી વિસ્તૃત સંશોધન સાથે રચાવાની જરૂર છે. તેમજ મોટાં પ્રાચીન રાજ્યોનો—આસીરિઆ, ઇરાન, ઇજિપ્ટ, ગ્રીસ, ને રોમનો—સંક્ષેપમાં રસિક રીતે ઇતિહાસ જનસમાજના બોધ અને જ્ઞાનને માટે રચાવાની જરૂર છે. એમાં રાજાની વંશાવળીની જરૂર નથી. એ રાજ્યનો ઉદય શાથી ને કેવી પરિસ્થિતિમાં થયો, એની ઉન્નતિ શાં શાં કારણોથી ને કેટલી થઇ, એમાં રાજ્યબંધારણનું સ્વરૂપ અને પ્રજાની સામાજિક સ્થિતિ કેવાં હતાં, તથા એ રાજ્યનો અસ્ત શાથી થયો, એવી હકીકત સારી રીતે વર્ણવાની જરૂર છે. આવાં કાર્યને માટે હાલમાં સાધનસંપત્તિ પુષ્કળ છે અને અધિ-

કારી પુરુષો પણ છે. પ્રો. બલવન્તરાય કલ્યાણરાય ઠાકોરે 'હિંદના રાજ્યતંત્ર' વિષે વિસ્તૃત પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કર્યું છે. એમનાં કાવ્યો 'ભણકાર' ને નામે પ્રગટ થયાં છે ને યુનિવર્સીટિમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયાં છે. 'અભિજ્ઞાનશાકુન્તલ'નું ભાષાન્તર, 'પ્લૂટાર્કનાં જીવનચરિત્રો,' અને 'ઉગતી જુવાની'નું નાટક રચી એમણે પોતાની સાહિત્યપ્રવૃત્તિ અનેક દિશામાં ઉત્તેજી છે. એ ઉત્સાહ અને શક્તિ તેઓ પોતાના ખાસ વિષય ઇતિહાસમાં યોજી ઐતિહાસિક સાહિત્યને સમૃદ્ધ કરશે એવી આશા છે. રા. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ પણ એ દિશામાં પ્રયત્ન કરે છે તે ઉત્તેજને પાત્ર છે.

ભાષાન્તરો—ગુજરાતી સાહિત્યમાં સ્વતન્ત્ર ગ્રન્થોની જરૂર છે. અત્યાર સુધી બહુધા ભાષાન્તરો જ કે રૂપાન્તરો જ થયાં છે, એ ફરિયાદમાં બહુ વજૂદ છે. પરંતુ સાહિત્યની વૃદ્ધિને માટે કેટલેક અંશે ભાષાન્તરો પણ આવશ્યક છે. કાદમ્બરી, સંસ્કૃત નાટકો, ઉપનિષદો, વેદાન્ત ભાષ્યો, દર્શનગ્રન્થો—આવા પુસ્તકોનાં ભાષાન્તર ન હોય તો સંસ્કૃત ન જાણનારા ગુજરાતી વાચકોને સંસ્કૃત સાહિત્ય કેવું સમૃદ્ધ છે, તેમાં ભાષાશૈલી કેવા પ્રકારની છે, રસની જમાવટ કેવી સુંદર છે, એ વગેરેનું તેમજ તે તે વિષયોનું જ્ઞાન ક્યાથી થાય ? માટે રા. બ. કેશવલાલભાઇએ ભાષાન્તર દ્વારા ગુજરાતી સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે એ નિઃસંશય છે. વળી એમની પ્રકૃતિસિદ્ધ ઝીણવટથી એમણે હસ્તલિખિત પુસ્તકો તપાસી શુદ્ધ પાઠો તારવી કાઢ્યા છે ને ગ્રન્થકારના સમય વગેરે પર બહુ પરિશ્રમ કરી અપૂર્વ પ્રકાશ પાડ્યો છે. એ ઉત્કૃષ્ટ શૈલીએ રચાયલાં એમનાં 'પરાક્રમની પ્રસાદી', 'મેળની મુદ્રિકા', 'પ્રિયદર્શના', 'અમરુશતક', 'ગીતગોવિંદ', તથા 'ભાસ'નાં નાટકોનાં ભાષાન્તરો અત્યુત્તમ છે. બંને ભાષા પર અપ્રતિમ પ્રભુતા, અને પદ્યના રસને ઘટે એવાં સુંદર પદો પસંદ કરવાનો વિવેક, એવા ગુણો વિના આવાં સુંદર ભાષાન્તરો યોજાય નહિ એ નિર્વિવાદ છે. એમનાં 'પ્રેમાનંદ', 'વાગ્વ્યાપાર', આદિ લેખોમાં પણ એમણે સૂક્ષ્મ સંશોધન દર્શાવ્યું છે. ભાલણની 'કાદમ્બરી' ભા. ૧ લાની એમની આવૃત્તિ એવી જ સુંદર છે. તેના ટિપ્પણમાં પ્રાકૃત ને જૂની ગુજરાતી ભાષામા થયલા વિકારો ને વ્યુત્પત્તિ પર એમણે સુંદર પ્રકાશ પાડ્યો છે.

રા. રા. કીલાભાઇ ઘનશ્યામના 'વિક્રમોર્વશીય' ને 'મેઘદૂત'નાં ભાષાન્તર પણ શુદ્ધ અને પ્રાસાદિક હોવાથી લોકપ્રિય છે.

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ—રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજારીઆકૃત 'કાવ્યમાધુર્ય' ને 'કવિતાપ્રવેશ'માં તેમજ રા. રા. ખાનસાહેબ અને સ્વ. દેશભક્તકૃત 'સાહિત્યરત્ન' અને રા. રા. રતનરામ ઉત્તમરામ ભટ્ટકૃત 'સાહિત્યવિલાસ'મા ગુજરાતી સાહિત્યની રૂપરેખાનું સ્થૂલ ચિત્ર આલેખવામાં આવ્યું હતું; પણ સમગ્ર ચિત્ર દૃષ્ટાન્તો સાથે નિરૂપવાનું માન રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને ઘટે છે. 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો' પ્રથમ અંગ્રેજી ભાષામાં અને હાલ ગુજરાતી ભાષામાં પ્રગટ કરી એમણે ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે. વધારે વિસ્તૃત ને વિવેચનવાળા ગ્રન્થની જરૂર છે એ તો હરકોઇ કબૂલ કરશે. રા. બ. કેશવલાલભાઈ, રા. આનંદશંકરભાઇ, રા. નરસિંહરાવભાઇ, કે રા. બ. રમણભાઈ જેવા ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસકની કલમે એવો વિસ્તૃત અને પુષ્કળ દૃષ્ટાન્તોવાળો તથા કાવ્યશાસ્ત્રની દૃષ્ટિથી રસ, ગુણ, દોષ, અલંકાર આદિનું વિવરણ કરનારો ગ્રન્થ રચાય તો તે અવશ્ય સાહિત્યનાં અલંકારરૂપ થાય.

સાહિત્યની અભિવૃદ્ધિ કરનારી સંસ્થાઓ—એવી સંસ્થાઓમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ મુખ્ય છે. એ મંડળે અનેક ગ્રન્થોનાં ભાષાન્તર કરાવ્યાં છે, તેમાં થોડાંક સંસ્કૃત ગ્રન્થોનાં પણ છે. ઘણા સારા ગ્રન્થો–તેમા કેટલાક સ્વતન્ત્ર ગ્રન્થો પણ છે–લાંબો વખત થયાં સોંપાયા છે, પરંતુ હજી તૈયાર થયા નથી.

હાલમાં પ્રાચીન કાવ્યો પ્રસિદ્ધ કરવાનું કામ સોસાઇટિએ માથે લીધુ છે એ સ્તુત્ય છે. રા. રા. અંબાલાલ બુલાખીરામ જાનીને સોસાઇટિએ ભીમની 'હરિલીલા' સંશોધન કરી પ્રસિદ્ધ કરવાનું કામ સોપ્યું છે, એ ગ્રન્થ અને સંશોધન કરનાર બંનેની પસંદગી સારી કરી છે. એમની 'સુભદ્રાહરણ'ની આવૃત્તિ ઉત્તમ છે, તેમ જ 'કાવ્યદોહન'ના ૮ મા અંકમા 'કવિ નાકર' વિશેનો એમનો લેખ ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસ અને સૂક્ષ્મ સંશોધકવૃત્તિની સાક્ષી પૂરે છે. એ જ દિશામા રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા પણ ઘણું સારૂં કામ કરે છે.

એ જ માર્ગમા રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદારે ખાનગી રીતે પ્રસિદ્ધ કરેલું 'સુદામાચરિત્ર'નું પુસ્તક ગ્રન્થકારનો પરિશ્રમ, વિદ્વત્તા, ને સંશોધનની સારી સાબીતી આપે છે.

સાહિત્ય પરિષદની ભંડોળકમિટિ પણ પુસ્તકો પ્રસિદ્ધ કરાવી સાહિત્યને ઉત્તેજન આપે છે. એમાં રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીકૃત 'મ્હારી કમળા અને બીજી વાર્તાઓ' સારૂં પુસ્તક થયું છે; તેમજ પ્રો. મૅકડોનેલકૃત 'સંસ્કૃત વાઙ્મયના ઇતિહાસ'નું પ્રો. મોહનલાલ પાવર્તીશંકર દવેએ કરેલું ભાષાન્તર, જે પ્રસિદ્ધિ પામવાની તૈયારીમાં છે, તે પુસ્તક ગુજરાતી ભાષાના વાચકોને બહુ ઉપયોગી હકીકત પૂરી પાડશે. ભાષાન્તરકારે ગ્રન્થકાર પાસેથી બીજી આવૃત્તિમાં કરવામાં આવનાર વધારાની હકીકત મેળવી તે ભાષાન્તરમાં આપેલી હોવાથી અને મૂળ ગ્રન્થની ૨ જી આવૃત્તિ હજી પ્રસિદ્ધ થયલી ન હોવાથી એ પુસ્તક કૉલેજના વિદ્યાર્થીઓને પણ ઉપયોગી નીવડશે.

સ્વામી અખંડાનંદે 'સસ્તાસાહિત્ય'માં 'રામાયણ,' 'મહાભારત,' 'ભગવદ્ગીતા' જેવાં પુસ્તકોના અનુવાદ, 'સ્વામી રામતીર્થ,' 'ટોલસ્ટૉય' જેવા મહાત્માઓનાં જીવન-ચરિત્ર, 'કલાપીનો સંવાદ,' 'સ્વીડનબર્ગના ધર્મવિચાર,' 'અખાના કાવ્ય,' આદિ અનેક ઉપયોગી ગ્રન્થોની સસ્તી આવૃત્તિ છાપી સાહિત્યનો પ્રસાર જનમંડળમાં વધાર્યો છે એ અતિસ્તુત્ય છે.

સ્વ. નારાયણ હેમચંદ્રે પણ અનેક ઉપયોગી ગ્રન્થો સંક્ષેપમાં પ્રસિદ્ધ કર્યા છે; પણ ભાષા સરળ ને શુદ્ધ ન હોવાથી તે જોઇએ તેવા ઉપયોગી થયા નથી.

જાણીતા 'ગુજરાતી' પત્રના અધિપતિ સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ અનેક રીતે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરી છે. 'કાવ્યદોહન'ના મોટા ૮ અંકો તેમણે પ્રસિદ્ધ કર્યા છે, તેમાં ગુજરાતી ને જૈન કવિઓનાં કાવ્યોનો સંગ્રહ આપ્યો છે, બીજા બે અંકો જેટલું લખાણ હસ્તલિખિતરૂપમાં એમની પાસે છે. તેમ જ 'નરસિંહ મહેતાનાં કાવ્યો'નો સંગ્રહ પણ તેમણે છાપ્યો છે. વળી વાર્ષિક ભેટનાં પુસ્તકોમાં રા. નારાયણ વસનજી ઠક્કુર-કૃત નવલકથાઓ છાપી છે અને 'દીવાળીના અંક'મા વિદ્વાન્ સાક્ષરોના ને સાહિત્યસેવકોના ઉપયોગી લેખો પ્રસિદ્ધ કરી સાહિત્યવૃક્ષને પોષ્યું છે.

વડોદરા રાજ્યના વિદ્વાન્, સાહિત્યપ્રેમી, ને ઉદાર મહારાજા સાહેબ શ્રીમન્ત ગાયકવાડ સરકારના રાજ્યમાં ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિને અપૂર્વ પોષણ મળ્યુ છે. એમના

સુજ્ઞ, પરોપકારશીલ વિદ્યાપ્રેમી દીવાન શ્રીમન્ત મણિભાઇ જસભાઇ સાહેબના સમયમાં રા. બા. હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળા વિદ્યાધિકારી હતા ત્યારે 'પ્રાચીન કાવ્યમાલા'ના ૩૦ ગ્રન્થો સંશોધન ને ટિપ્પણ સાથે પ્રસિદ્ધ થયા છે, તેમા રા. રા. છોટાલાલ નરભેરામ-કૃત અલંકારાદિ દર્શાવતું ટિપ્પણ સારૂં છે. પ્રો. ગજ્જરના અધ્યક્ષપણા નીચે 'શ્રીસયાજીજ્ઞાન-મંજૂષા'માં અનેક ઉપયોગી ગ્રન્થો પ્રસિદ્ધિ પામ્યા છે. ૪ થી સાહિત્યપરિષદ્ વડોદરામાં મળી તે સમયે શ્રીમન્ત મહારાજા સાહેબે ગુજરાતી, મરાઠી, ને હિંદી ભાષાના સાહિત્યની વૃદ્ધિને અર્થે એક લાખ રૂપીઆની મોટી રકમ અલાયદી કાઢી, તેના વ્યાજમાથી સર મનુભાઇ જેવા વિદ્વાન્ ને વિદ્યાવિલાસી દીવાન સાહેબના વિદ્યાભિવૃદ્ધિ ને સાહિત્યની ઉન્નતિને માટેના પ્રેમને લીધે વિદ્યાધિકારીઓ, મિ. મસાણિ, મિ. કલાર્ક અને રા. રા. નંદનાથ કેદારનાથ દીક્ષિત જેવા સાહિત્યપ્રેમી વિદ્વાનોના અધ્યક્ષપણા નીચે 'શ્રીસયાજીસાહિત્યમાળા' મા 'વિજ્ઞાન–ગુચ્છ,' 'ચરિત્ર–ગુચ્છ,' 'ઇતિહાસ–ગુચ્છ,' 'વાર્તા–ગુચ્છ,' 'ધર્મ–ગુચ્છ,' 'નીતિ–ગુચ્છ,' 'શિક્ષણ–ગુચ્છ,' અને 'પ્રકીર્ણ ગુચ્છ' એવા ૮ ગુચ્છોમા અનેક પુષ્પો વિકાસ પામ્યાં છે, તેમાંના કેટલાંક સૌરભ ને ઉપયોગિતા માટે જનમંડળમા પ્રકાશ પામશે એ નિઃસંશય છે. એ પુસ્તકાવલીમા ઘણા પુસ્તકો ભાષાન્તરાત્મક છે; પરંતુ ચરિત્ર–ગુચ્છ-માના કવિઓના જીવનચરિત્રોમા પુસ્તકો સારાં છે. એ ખાતામાં રા. જોશીપરાની સેવા સ્તુત્ય છે. વિજ્ઞાન–ગુચ્છમાં રા. રા. નર્મદાશંકર દેવશંકરનું 'સુપ્રજનનશાસ્ત્ર'નું પુસ્તક તથા રા. હીરાલાલ વ્રજભુખણદાસ શ્રોફનું રચેલું 'સત્યાર્થમીમાંસા'નું પુસ્તક ઉત્તમ છે. આ પુસ્તકાવલી સાથે 'શ્રી સયાજીબાળજ્ઞાનમાળા' પણ છપાય છે, તેમાં પણ 'પાવાગઢ,' 'સુરત,' 'બૌદ્ધ ગુફાઓ,' 'મહાબળેશ્વર' તેમજ 'ગ્રહણ,' 'વાતાવરણ' જેવા ઉપયોગી વિષયો પર લઘુ પણ ઉપયોગી લેખો છે.

વળી વડોદરા રાજ્યે સાક્ષર આચાર્યવર્ય આનંદશંકરભાઇ પાસે 'નીતિશિક્ષણ,' 'ધર્મપોથીનું પુસ્તક,' તથા રામાનુજનું 'વેદાન્તભાષ્ય' એ ઉત્તમ પુસ્તકો તૈયાર કરાવી સાહિત્યમા સંગીન અભિવૃદ્ધિ કરી છે. એ જ દિશામા વડોદરા રાજ્યે શાસ્ત્રીજી રામકૃષ્ણ પાસે કરાવેલું 'નિર્ણયસિંધુ'નું ભાષાન્તર અને સ્વ. મણિલાલ ન. દ્વિવેદી પાસે કરાવેલું 'વિવાદતાણ્ડવ'નું ભાષાન્તર એ ઉપયોગી ધર્મશાસ્ત્રના ગ્રન્થો છે.

વડોદરાના શ્રીમન્નૃસિંહાચાર્યના અનુયાયીઓના શ્રેયઃસાધક–અધિકારીવર્ગ તરફથી સદ્ગત છોટાલાલ જીવણલાલના તન્ત્રીપણા નીચે પ્રગટ થતા 'મહાકાલ'મા ઘણા ધાર્મિક, ઉપયોગી વિષયો આવતા, તેમજ 'શ્રીસિદ્ધાન્તસિંધુ' આદિ ગ્રન્થો પણ છપાયા છે. એ વર્ગના લેખકોમા રા. રા. નગીનદાસ સંઘવી તેજસ્વી ભાષામા ધર્મના વિષય પર સુંદર પ્રકાશ પાડે છે. એમના વ્યાખ્યાન ને લેખો સીધા, સચોટ, ને મરોડદાર છે, તેનો સંસ્કાર શ્રોતા ને વાચકના હૃદય પર ઊંડો પડે છે. એ જ માર્ગના પ્રો. કણિયા જેકીસનદાસનું 'યોગશાસ્ત્ર'નું ગુ. વ. સો.એ કરાવેલું ભાષાન્તર ઉત્તમ છે.

ગુજરાત પુરાતત્ત્વમંદિર—આ સંસ્થા તરફથી પણ પુસ્તકો પ્રસિદ્ધ પામવા માંડયાં છે ને તેમાંના કેટલાક બહાર પડી ચૂકેલાં ઉપયોગી છે. 'પાલીપાઠાવલી' ને 'પ્રાકૃત કથાસંગ્રહ' પ્રાકૃતભાષાના અભ્યાસકને ઉપયોગી થશે. રા. રા. રામનારાયણ વિ. પાઠકકૃત 'પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા,' રા. કાલેલકરકૃત 'ઉપનિષત્ પાઠાવલી,' તથા 'હિંદુઓના

તહેવારોનો ઇતિહાસ, ' આ પુસ્તકોની પ્રસિદ્ધિ, એ ઉપયોગી માર્ગમાં પ્રયત્ન છે ને તે આદરણીય છે. દક્ષણી લેખકોમાં પ્રો. ભીડે ને રા. કાલેલકરના લેખો ઊંચી પ્રતિના છે.

વાચનમાળા—અંગ્રેજી ભાષામાં વિવિધ વાચનમાળા ભિન્ન ભિન્ન દૃષ્ટિથી રચાઇ છે. ગુજરાતી ભાષામાં દુર્ભાગ્યે સરકારી વાચનમાળા, પ્રથમ હોપકૃત ને પછી કૉવર્ન્ટનકૃત સિવાય અન્ય ગ્રન્થમાળા અત્યાર સુધી નહોતી. અમે સંપૂર્ણ ' ત્રિવેદીવાચનમાળા ' યથાશક્તિ, યથામતિ રચી છે. ત્યાર પછી રાષ્ટ્રીય વાચનમાળાનાં કેટલાંક પુસ્તકો પ્રગટ થયાં છે. રા. પુરુષોત્તમ મૂળશંકર ભટ્ટે ' ભૃગુપુરઋષિનિવાસગ્રન્થાવલિ ' પ્રસિદ્ધ કરવા પ્રયત્ન આદર્યો છે ને તેનો પ્રથમ ખંડ ' જ્ઞાનમંદિર બહાર પડયો છે. આવા પ્રયત્ન સરકારની કે રાજ્યની સહાયતા વિના થવા દુષ્કર છે. એમાં પ્રાથમિક કેળવણીનાં તત્ત્વનું જ્ઞાન, પરિશ્રમ, અને ચિત્રો તથા ચિત્રો માટે બેખા તૈયાર કરાવવાનો ખર્ચ એ બધી સાધનસંપત્તિની જરૂર છે. એવા પ્રયત્ન ઉત્તેજનને પાત્ર છે એની તો કોઇથી ના કહી શકાય એમ નથી. પ્રયત્ન માત્ર આરંભમાં સંપૂર્ણ હોઇ શકતા નથી. ધીમે ધીમે તેમાં જનમંડળની રુચિ પ્રમાણે સુધારા થાય છે; અને અનેક હાથે અને અનેક શિષ્ટ લેખકો પાસે તૈયાર કરાવેલી કૉવર્ન્ટનની વાચનમાળા પણ સરકારે નીમેલી ત્રણચાર કમિટિના કરેલા સુધારા અમલમાં મુકાયા પછી જ હાલની સ્થિતિએ પહોચી છે, ને હજી પણ એમાં અનેક સુધારાની અપેક્ષા છે. એમાં વિજ્ઞાનના પાઠોમાં ઘણી બાબત મનમાં ઉતારી ન શકાય એવી રીતે ખીચોખીચ ઠાંસીને ભરેલી હોવાથી એ પાઠો લેશ પણ માન્ય થવા પામ્યા નથી.

ભાષા: ભાષાશૈલી—મહાભાષ્યકાર પતંજલિ કહે છે કે ભગવાન્ વાર્ષ્યાયણિએ ક્રિયાના ૭ પ્રકારના વિકાર દર્શાવ્યા છેઃ—ઉત્પન્ન થાય છે, વિપરિણામ પામે છે, વધે છે, અપક્ષય પામે છે, અને વિનાશ પામે છે. પદાર્થમાત્રના આ ૭ વિકાર થાય છે. ભાષામાં પણ નવીન શબ્દરૂપો ઉદ્‌ભવ પામે છે ને જૂનાં નષ્ટ થાય છે. જીવન્ત ભાષાઓમાં આ નિયમ હમેશ પ્રવર્તે છે. સંસ્કૃત મૃત ભાષા થઇ અને માત્ર શિષ્ટ વર્ગમાં જ જીવતી રહી ત્યારે જ ભગવાન્ પાણિનિ જેવા સમર્થ વૈયાકરણે તેને નિયમબદ્ધ કરી. એમને પણ ઘણાં વૈકલ્પિક રૂપો માન્ય કરવાં પડયાં છે. અસંસ્કારી વર્ગના જિહ્વાદોષ, ઉચ્ચારની સરળતા, આદિ કારણોને લીધે સંસ્કૃત ભાષામાં વિકાર થઇ ક્રમે ક્રમે પાલી, પ્રાકૃત, અને અપભ્રંશ ભાષાઓ થઇ અને અપભ્રંશ ભાષામાંથી દેશી ભાષાઓ જન્મ પામી. એ વિકારો પણ ગમે તેમ મનુષ્યના સ્વચ્છંદ પ્રમાણે થયા નથી, વિકારો પણ નિયમોને અનુસરીને જ થયા છે એ લક્ષમા રાખવાથી પ્રાકૃતનો અભ્યાસ ઘણો સુગમ થશે. સંસ્કૃતમાં સંધિનિયમોનાં કારણો શોધતા તે પણ જડશે. બે ત્રણ દાખલાઓથી જ આ વાત સ્પષ્ટ થશે. અ+ઇ=એ; અ+ઉ=ઓ, એ સકારણ જ છે. સંધિસ્વર ' એ ' નું સ્થાન કંઠતાલુ ('અ 'નું કણ્ઠ ને ' ઇ ' નું તાલુ હોવાથી) છે; ' ઓ ' નું કણ્ઠૌષ્ઠ ('અ' નું કણ્ઠ ને 'ઉ' નું ઓષ્ઠ હોવાથી) છે. **दुग्ध** જેવા શબ્દોમાં બે જોડાક્ષરો ભિન્ન સ્થાનના હોવાથી ઉચ્ચારની સરળતાથી એક સ્થાનના થઇ **दुद्ध** થયું: **स्तम्भ** જેવા શબ્દોમાં એવી જ સરળતાથી **स्त**માંનો એક વર્ણ લોપાઇ તે ઊષ્મ ને મહાપ્રાણ હોવાથી અલ્પપ્રાણ **त्** નો મહાપ્રાણ **थ्** થઇ **थम्भ** થઇ ' થાંભલો ' (લો લઘુતાવાચક) થયો. એ જ પ્રમાણે **स्कन्धनुं खन्ध** થઇ ' ખાંધ ' થયું છે. આમ કારણો શોધતાં અભ્યાસ રસિક ને સુતર થશે. અન્ય પ્રજાના ને કોમોના સમાગમથી ગુજ-

રાતી ભાષામા ફારસી, અરબી, પોર્ટુગીઝ, અંગ્રેજી, ને દેશ્ય શબ્દો દાખલ થયા છે. પણ ગુજરાતી ભાષાના બંધારણ પર એ વિદેશીય ભાષાની અસર થઇ નથી.

ભાષાશૈલી અને શબ્દશુદ્ધિમાં કાલક્રમે ઘણો સુધારો થયો છે. અગાઉ જેટલા જોડાણીના દોષ હાલ આવતા નથી. છતાં હજી પણ નીચેનાં અશુદ્ધ રૂપો ઘણા ગ્રન્થોમાં જોવામા આવે છેઃ—

અશુદ્ધ	શુદ્ધ	અશુદ્ધ	શુદ્ધ
પૌર્વાત્ય	પૌરસ્ત્ય	નર્ક	નરક
	કે પ્રાચ્ય	પદ્વી	પદવી
શ્રીયુત્	શ્રીયુત	વિક્રાળ	વિકરાળ
સતત્	સતત	શુદ	સુદ
કલેષ	ક્લેશ	શાશ્વત્	શાશ્વત
બુદ્ધિવાન્-	બુદ્ધિમાન્,	આશિર્વાદ	આશીર્વાદ
નીતિવાન્ વગેરે	નીતિમાન્, વગેરે	સદૃઢ	દૃઢ—સુદૃઢ
મિમાંસા	મીમાંસા	સશક્ત	શક્ત
ઐક્યતા	ઐક્ય	સગવડતા	સગવડ
ધૈર્યતા, વગેરે	ધૈર્ય, વગેરે	વિરામતા	વિરામ
અદ્ભુત	અદ્‌ભુત	દરેક વસ્તુઓ,	દરેક વસ્તુ,
દ્રષ્ટાન્ત, દ્રશ્ય	દૃષ્ટાન્ત, દૃશ્ય	માણસો, વગેરે	માણસ, વગેરે

નીચેના જેવી ભાષા હવે ઓછી લખાય છે એ ખુશીની વાત છેઃ—

અંગ્રેજી શૈલીનું અનુકરણઃ કૃત્રિમ રચનાઃ—

'પાત્રતા અથવા સામર્થ્ય તે છે કે જેને લીધે જ ગૃહસ્થના સ્વભાવનો માણસ હિંદુસ્તાન સાથેના સંબંધમા તો તે એક વિજયાસક્ત વીર કરતા વધારે કાઇજ નહોતો.'

'વેશધારી વૈતાળ સમાન વિકાળ બનશે તો ઝાઝી વીટંબણા વેઠવા કાજે, વેશધારીનો વાવટો તે વેદનાનો વાંસડોજ, વેશધારીના વણતર તે સદા વિઘ્નાના વિંટાળા જ; વેશધારીનું વાહાણું તે વરણાગીનો વિકાસ; વેશધારીનો વારસો તે વ્યથાના વ્યાજ'.

'પોતાના ઉત્સાહ તથા દેશપ્રેમમાં પરંપરાન્વિત સાતત્ય તૂટશે ત્હેનું ભાન ન રહ્યું'.

ભાષાશૈલી—ભાષાશૈલી વિષયને ઘટે તેવી, પ્રૌઢ ઘટે ત્યાં પ્રૌઢ, મૃદુ ને કોમળ ઘટે ત્યાં મૃદુ ને કોમળ, તેજસ્વી ઘટે ત્યાં તેજસ્વી પણ સર્વત્ર પ્રાસાદિક જોઇએ. વળી ભાષા એકધારી જોઇએ. સરળ ભાષા ચાલતી હોય ત્યાં વચ્ચે શબ્દાડંબર આવે તો તે હાસ્યજનક થાય છે. બંગાળી ભાષાનાં પુસ્તકોમા એવું ઘણું જોવામાં આવે છે. બંગાળી ભાષામાં આપણી ભાષા કરતાં સંસ્કૃત શબ્દો ઘણી છૂટથી વાપરવામાં આવે છે. આપણી ભાષામા જે સંસ્કૃત શબ્દો અપરિચિત જેવાં લાગે તે બંગાળીમાં રૂઢ થઇ ગયલા હોય છે. ભાષાન્તરકારો એવા શબ્દો ગુજરાતીમાં વાપરી વાચકવર્ગને ક્લેશ ઉત્પન્ન કરે છે. નવલકથાનાં જેવાં પુસ્તકોમાં એકધારી સરળ ભાષા ચાલતી હોય ત્યા વચ્ચે 'ઉભયકુલપ્લાવિની' ('કૂલ' જોઇએ; 'તટ'નો અર્થ છે) 'કલાવિદ્યાપટીયસી', 'રમણીકુલલલામભૂતા', 'ઉચ્ચશિક્ષાસંગ્રામયી', 'શૈલપાદમૂલવિ-

હારિણી,' જેવા મોટા સમાસથી ભાષા કઢંગી થાય છે; એથી કંઈ ભાષાની શોભા વધતી નથી.

વર્તમાનપત્રો ને માસિકો—વર્તમાનપત્રો ને માસિકો પણ સાહિત્યની ખિલવણીમાં સારો ભાગ લે છે. અગાઉ પારસી દૈનિક પત્રો બહુ અશુદ્ધ ને ક્લિષ્ટ ભાષામા લખાતાં. હાલ તેમાં ઘણો સુધારો થયો છે. દિન પર દિન ભાષા શુદ્ધ ને જુસ્સાદાર બનતી જાય છે. સાપ્તાહિક પત્રોમાં 'ગુજરાતી' અને 'પ્રજાબંધુ' અગ્રસ્થાન લે છે. 'ગુજરાતી' અનેક દિશાએ સાહિત્યને વિકસાવે છે. એના દીવાળીના અંક વાચકોને બહુ ઉપયોગી વાચન પૂરૂં પાડે છે. દેશીરાજ્યનાં પત્રોમા 'સયાજીવિજય' સારી સેવા બજાવે છે. માસિકોમાં 'વસન્ત', 'બુદ્ધિપ્રકાશ', 'સાહિત્ય', 'સમાલોચક', 'ગુજરાત', 'ગુણસુંદરી', ને 'યુગધર્મ' એ અગ્રેસર માસિકો છે. એમા ઘણા શિષ્ટ લેખ આવે છે. એક દાયકો 'વસન્તે' સાહિત્યની ઘણી અતુલ સેવા કરી હતી. અગારૂ જેમ 'શાળાપત્ર'માંના લેખો માટે વિદ્વદ્વર્ગ આતુર રહેતો તેવી રીતે 'વસન્ત'ના લેખો માટે પણ વાચકવર્ગમાં આતુરતા જોવામા આવતી હતી. એનું માન રા. આનંદશંકરભાઇને ઘટે છે. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, રા. ગિરિજાશંકર ભ. બધેકા, રા. કાન્તિલાલ છગનલાલ પંડયા, પ્રો. મંજુલાલ, રા. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ, રા. ડાહ્યાભાઇ લક્ષ્મણભાઈ પટેલ, પ્રો. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિક, રા. રતિપતિરામ ઉમેદરામ પંડયા, રા. ભરતરામ ભાનુસુખરામ મહેતા, રા શંભુપ્રસાદ મહેતા, રા. પ્રાણજીવન વિશ્વનાથ પાઠક, રા. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, રા. કેશવ હ. શેઠ, રા. મણિલાલ નથુભાઈ ડોશી, રા. અંબાલાલ બુલાખીરામ જાની, વગેરે લેખકોના લેખ વાચવાલાયક હોય છે.

માસિકોમાં રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતાની વાર્તાઓ ઘણી ખુબીદાર હોય છે. એમાં રસિકતા, વર્ણનશૈલી, ને હાસ્યરસની છાયા—એ બધાની ઝમાવટ ઉત્તમ હોય છે.

'રંગભૂમિ' નામનું ત્રિમાસિક રા. વિભાકરના અધિપતિપણા નીચે પ્રગટ થાય છે, તે સચિત્ર હોય છે ને તેમાં લેખો સારા હોય છે.

કેટલાક કોમીય માસિકો નીકળે છે—જેવાં કે 'નાગરનેત્રમણિ' રા. ઉછરંગરાય કેશવરાયના તંત્રિત્વ નીચે સાટાકૂઝમાંથી પ્રગટ થાય છે; તેમજ 'સમસ્તદશાલાડમિત્ર' ભરૂચમાં રા. ઠાકોરદાસ નગીનલાલ ગુંદરીઆ વગેરેના અધિપતિપણા નીચે નીકળે છે. બારોટો માટેનું 'બ્રહ્મભટ્ટ' નામનું માસિક રા. પુરુષોત્તમદાસ માતરવાળા ચલાવે છે.

કોમીય લેખોના સંબંધમાં નાગરોની ઉત્પત્તિ માટેનો રા. રા. માનશંકરભાઇનો 'નાગરોત્પત્તિ' નામનો લેખ ઉત્તમ છે ગ્રન્થકારે એમાં ઘણું સંશોધન કરી પોતાનો પક્ષ સ્થાપિત કર્યો છે ને વિરુદ્ધ મતોનું ખંડન વિદ્વત્તાપૂર્વક ને યુક્તિપુરઃસર કર્યું છે.

સાહિત્યવિચારનો ઉપસંહાર—આ પ્રમાણે ભૂત અને વર્તમાન સાહિત્યપ્રવાહ કેવો ચાલ્યો છે ને તેને ક્યા માર્ગમાં વાળવાની જરૂર છે તેનું દિગ્દર્શન કર્યું. એ પ્રવાહમા જ્યાં જ્યાં સૌન્દર્ય છે, જ્યાં જ્યાં નિર્મળ જળ છે તેનું પ્રદર્શન કર્યું. એ પ્રવાહો કેટલેક સ્થળે કાંકરા અને ખાડાખૈયામાં થઇને જતા હોવાથી સૌંદર્યની સાથે વિરૂપતા પણ છે; પણ તેની સમાલોચના કરવી એ મેં પ્રમુખ તરીકેના મારા કર્તવ્યમાં ગણ્યું નથી. જે જે સુંદર છે તે દર્શાવી સાહિત્યમાર્ગમાં વિચરનારાઓનું લક્ષ તે તરફ પ્રેરવું તથા સાહિત્યપ્રવાહમાં

ખેલનારાઓને યોગ્ય માર્ગે પ્રવાહ પ્રવર્તાવવાનું સૂચન કરવું એ જ પ્રમુખપનું કર્તવ્ય હું સમજું છું.

ઉત્તેજનનો અભાવ—સરકાર તરફથી તેમજ દેશી રાજ્યો તરફથી ગુજરાતી સાહિત્યને જોઇએ તેવું ઉત્તેજન મળતું નથી એમ ખેદ સાથે કહેવું પડે છે. અગાઉ ડિરેક્ટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રક્શન પાસે થોડીક રકમ ઉત્તેજનાર્થે રહેતી હતી, તેમાંથી યોગ્ય પુસ્તકોની થોડીક નકલો ખરીદાતી ને તે શાળામાં પુસ્તકાલયોને માટે મોકલવામાં આવતી. આ રકમ બહુ થોડી હતી અને તેમાંથી બહુ નજીવું ઉત્તેજન મળતું ને તે પણ બહુધા મરાઠી પુસ્તકોને મળતું. પરંતુ, હાલ તો એટલું પણ ઉત્તેજન મળતું જણાતું નથી.

દેશી રાજ્યોમાં પણ સર્વત્ર ઉત્તેજનફંડ હોતાં નથી.

આ વસ્તુસ્થિતિ સારી નથી. સરકાર તરફથી તેમજ દેશી રાજ્યો તરફથી યોગ્ય પુસ્તકોનો સત્કાર થાય તો સાહિત્યની વૃદ્ધિ કરવામાં તે સહાયભૂત થાય.

પ્રતિવર્ષ ઉત્તમ લખાએલાં સ્વતન્ત્ર પુસ્તકોના કર્તાને સારૂં ઇનામ આપી સાહિત્યનો વિકાસ પોષે એવી યોજના એકાદ દેશી રાજ્યે ઉપાડી લેવી જોઇએ. ગુજરાતી સાહિત્યને માટે 'નોબેલ પ્રાઇઝ'ના જેવી યોજના કોઇક દેશી રાજ્યે વ્યવસ્થિત રૂપમાં કરવી જોઇએ.

ગુર્જર સાહિત્યની દરિદ્રતા—ગુર્જર સાહિત્ય દરિદ્ર છે? ઉપર દર્શાવ્યા પ્રમાણે ફેલાએલા સાહિત્યને દરિદ્ર કહી શકાય? આપણી હાલની અપેક્ષાઓ તે તૃપ્ત કરતું નથી એટલું દરિદ્ર છે જ. ત્યારે એમાં શી શી ન્યુનતા છે? એમાં—

૧. નવીન શૈલી પર રચેલાં પ્રાસાદિક મહાકાવ્યો નથી.

૨. સારા ગદ્યગ્રન્થો, જેમાં ભાષા ઉત્તરોત્તર ચઢતી હોય અને વિષયનું નિરૂપણ ઉત્તરોત્તર પ્રૌઢ થતું હોય, એવા નિબંધાત્મક, નીતિમય, ચરિત્રાત્મક, અને ઐતિહાસિક ગ્રન્થો નથી.

૩. સાહિત્યમાળાઃ—પ્રેમાનંદ, નરસિંહ, વગેરે કવિઓના મુખ્ય ગ્રન્થોની હસ્તલિખિત પુસ્તકોના સંશોધનને આધારે તૈયાર કરેલી, કવિના જીવનચરિત્ર અને કઠિન પદ ને પંક્તિઓ પર પ્રકાશ પાડે એવી ટિપ્પણીસમેત સરખી ને સોંઘી આવૃત્તિની ન્યૂનતા છે.

૪. કાવ્યપ્રકાશ જેવા કાવ્યશાસ્ત્રના પ્રમાણભૂત ગ્રન્થને આધારે તૈયાર કરેલું કાવ્યશાસ્ત્રનું પુસ્તક નથી. એવા પુસ્તકની જરૂર છે. એમાં કાવ્યસ્વરૂપ, કાવ્યલક્ષણ, કાવ્યત્વનાં બીજને પોષક કારણ, લક્ષણા, વ્યંજના, રસ, ધ્વનિઓ, ભાવ, રસાભાસ, ભાવાભાસ, ગુણ, દોષ, ને અલંકારનું પ્રાચીન ને અર્વાચીન ગુજરાતી કાવ્યોમાંથી એકઠા કરેલા દૃષ્ટાન્તો સાથે નિરૂપણ જોઇએ. આ બધા વિષયોના છૂટક છૂટક નાના ગ્રન્થો થયા છે. કવિ નર્મદે ને કવિ સવિતાનારાયણે, દી. બ. રણછોડભાઇએ, ને રા. બ. રમણભાઇએ અને યથાશક્તિ મેં પણ એ વિષય પર થોડું થોડું લખ્યું છે. રા. નાગરદાસ પટેલે 'નવવલ્લરી'માં અલંકારની સારી ચર્ચા કરી છે. રા. છોટાલાલ નરભેરામનું રચેલું 'રસશાસ્ત્ર' એ દિશામાં છે. કોઇએ અલંકારના નિરૂપણમાં 'કુવલયાનન્દકારિકા'નો આધાર લીધો છે, કોઇએ અન્ય ગ્રન્થનો; પણ એક જ ઉત્તમ પ્રમાણભૂત મનાતા 'કાવ્યપ્રકાશ' જેવા ગ્રન્થને આધારે સમગ્ર વિષયનું દળદાર પુસ્તક રચવાની ઘણી જરૂર છે.

૫. ઉપનિષદની આખ્યાયિકાઓનુ પુસ્તક નથી. એવું પુસ્તક ઉપનિષદ્ના રહસ્યનુ ઘણું રસિક જ્ઞાન આપશે, તેમજ જાણીતા પરથી અજાણ્યા પર જવાની જે શૈલીનું પાશ્ચાત્ય શિક્ષણશાસ્ત્રના ગ્રન્થોમાં પુષ્કળ નિરૂપણ કરેલું હોય છે, એવીજ, વ્યાવહારિક દૃષ્ટાન્તોથી તાત્ત્વિક રહસ્ય વાચકના મનમાં ઉતારવાની ઉત્તમ શૈલી આપણા આકરગ્રન્થોમાં છે, તેનું વાચકને કંઇક ભાન થશે.

૬. પ્રમાણભૂત વિસ્તૃત કોશનો અભાવ છે નર્મદ કવિને 'નર્મકોશ' કર્યાને ઘણાં વર્ષ થયાં, પણ સારો વિસ્તીર્ણ કોશ–જેમાં શબ્દની વ્યુત્પત્તિ સાથે તેના જુદા જુદા અર્થ પ્રાચીન કાવ્ય કે ગદ્ય ગ્રન્થોમાંથી દાખલા સાથે આપ્યા હોય એવો કોશ–હજી પ્રસિદ્ધ થયો નથી. એ દિશામા પ્રયત્નો તો થયા છે:—

(અ) ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિએ સપૂર્ણ કોશ ભાગોમાં છપાવી પોતાના જીવન પર્યન્તના સભ્યોમા તેની નકલ વહેંચી છે. એ પ્રયત્ન રા. મણિલાલ છબારામનો છે, તે અનેક રીતે અપૂર્ણ છતા જેવો થયો છે તેની સ્થિતિમાં પણ સ્તુત્ય છે. એની બીજી આવૃત્તિ નીકળવાની છે એમ સંભળાય છે. એની નકલો સભ્યો સિવાય બીજાઓને મળતી નથી એ વ્યવસ્થા ઠીક નથી.

(આ) રા. રાણીનાના અંગ્રેજી–ગુજરાતી કોશની પણ સુધારા સાથે બીજી આવૃત્તિ છપાવાની છે.

(ઇ) નર્મકોશની નવી આવૃત્તિ કવિએ ભેગા કરેલા નવા શબ્દો સાથે 'ગુજરાતી' છાપખાનાના તન્ત્રી. રા. મણિલાલ ઇચ્છારામ દેશાઇ છપાવે છે.

(ઈ) રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા મોટો ગુજરાતી–અંગ્રેજી શબ્દકોશ છપાવે છે.

૭. સારા 'જ્ઞાનસંગ્રહ'નો અભાવ છે. મરાઠીમાં બહુ સારો જ્ઞાનસંગ્રહ તૈયાર થાય છે. ગુજરાતીમાં એ થયો છે? એ દિશામા આરંભક પ્રયત્ન કરવાનું માન પારસી ગ્રન્થકાર રા. રા. રતનજી ફરામજી સેટનાને ઘટે છે, એ અગાઉ કહ્યું છે. અંગ્રેજીનું જ્ઞાન જે વાચક-વર્ગમાં નથી તેને એવો સંગ્રહ ઘણો ઉપયોગી થશે એમાં સંશય નથી.

૮. સ્ત્રીઓ ને બાળકો માટે સારાં સંક્ષિપ્ત નીતિનો બોધ પરોક્ષ રીતે આપે એવાં પુસ્તકોની ખોટ છે. 'સ્ત્રીબોધ' ને 'બાળમિત્ર' જેવાં માસિકો નીકળે છે, તેમજ 'સુંદરીસુબોધ' અને બે વર્ષ થયાં સૌ. વિદ્યાગૌરી ને સૌ. શારદાગૌરી 'મહિલામિત્ર' નામનું ઉપયોગી પુસ્તક પ્રગટ કરે છે, તે પ્રયત્નો સ્તુત્ય છે; પરંતુ સ્ત્રીઓને ને બાળકોને લગતું સાહિત્ય હજી બહુ ખેડાવાની જરૂર છે.

૯. વિજ્ઞાનનાં પુસ્તકોની મોટી ખોટ છે. હાલની વૈજ્ઞાનિક શોધો–'રૉન્ટગન કિરણો', 'તાર વગર સંદેશો પહોચાડવાની વિદ્યા', 'રેડિઅમ', 'જલાન્તઃસંચારિણી નૌકા', 'વિમાન', વગેરે વિષયોનાં, લોકો સમજી શકે એવાં ચિત્રો સાથે સરળતાથી સમજાય એવાં પુસ્તકોની જરૂર છે. તેમજ વધારે જ્ઞાન મેળવવા ઇચ્છનાર પુરુષો માટે વિશેષ જ્ઞાન આપે એવાં વિસ્તીર્ણ પુસ્તકોની પણ જરૂર છે.

આધુનિક પ્રવૃત્તિઓમાં સાહિત્યપરિષદ્ની પ્રવૃત્તિને સ્થાન:—બંધુઓ, આપ સર્વને વિદિત છે કે મહાત્મા ગાંધીજીએ અખિલ ભારતવર્ષમાં ગુર્જર પ્રદેશને ઉચ્ચતમ,

પ્રતિષ્ઠિત સ્થાને પહોચાડયો છે. તેમણે દેશમા અનેક માર્ગમા નવું ચેતન રેડયુ છે ને ચિરકાળની સુસ્તી ઉરાડી નવીન જાગ્રૃતિ પ્રેરી છે. રાજકીય ને રાષ્ટ્રીય કેળવણીને લગતી તેમની પ્રવૃત્તિને લીધે બધા દેશની નજર ગુજરાત પર છે. એ પ્રગતિની અસર સાહિત્ય ને ભાષા પર પણ થયા વિના રહી નથી. ભાષા સંસ્કારી ને જોમદાર તથા મરોડદાર બનવા માંડી છે. મહાત્મા પોતાના વિચાર માતૃભાષામાં દર્શાવે છે તેમજ માતૃભાષા ખિલવવામા અભિમાન ને અભિનિવેશ ધરાવે છે. મહાત્માએ પોતે શિષ્ટ ને સરળ તેમજ તેજસ્વી ને પ્રૌઢ ભાષાનો પ્રયોગ કરી દર્શાવ્યુ છે કે ભાષામાં બળ લાવવા અપરિચિત શબ્દો કે ક્લિષ્ટ રચના દાખલ કરવાની જરૂર નથી. હૃદયના અન્તર્ભાગમાથી નીકળતા વિચારો સીધી ભાષામા વાચકના હૃદયના અન્તર્ભાગમા પ્રવેશી જેવો સંસ્કાર પાડે છે તેવો સંસ્કાર આડંબરી ભાષામાં આડંબરી વિચારો પાડી શકતા નથી. સાહિત્યપરિષદે નવીન વાતાવરણમાથી વિમુખ રહેવુ યુક્ત નથી. તેણે કેળવણી ને સાહિત્યના વિષયમા રચનાત્મક કાર્યક્રમ હાથમા લેવો જોઇએ કે જનસમાજની રુચિને અનુસારે કઇક સંગીન કાર્ય થાય.

ગુજરાત યુનિવર્સિટી—હાલમાં, હિંદુસ્તાનમા કેળવણીની પ્રગતિ પૂર જોસમા ચાલી રહી છે. ઉત્તરમાં ઘણે સ્થળે નવી નવી યુનિવર્સિટિઓ અસ્તિત્વમા આવી છે. ગુજરાતમા પણ એક યુનિવર્સિટિ હોવી જોઇએ એ વિચાર અત્યારે આખા ગુજરાત પ્રાન્તને તેમજ કાઠીઆવાડને સંમત હોવો જોઇએ. જ્યા સુધી આપણી જરૂરીઆત સાધે એવી યુનિવર્સિટિ નથી, ત્યાંસુધી ગુજરાતી ભાષાના વિકાસને તેમજ આપણા જ્ઞાનના સર્વ અંગોને આપણી ઇચ્છાનુસાર આપણે પુષ્ટિ આપી શકીશું નહિ એ દેખીતું જ છે. અમદાવાદ એ ગુજરાત અને કાઠીઆવાડનું મધ્ય સ્થળ છે. વ્યાપારમાં, જ્ઞાનમા, ને બીજી દરેક પ્રવૃત્તિમા તે ઘણું આગળ પડતુ છે. આવી યોજનાને પાર ઉતારે એવા વિદ્વાનો તથા ધનાઢ્ય પુરુષો એમાં વસે છે. કાઠીઆવાડના રાજ્યો તરફથી પણ આ યોજનાને સહાયતા મળવાનો સભવ માની શકાય: માટે એ કામને માટે બે મંડળીઓ નિમાવવી જોઇએ; ૧. ગુજરાત ને કાઠીઆવાડના મોભેદાર પુરુષોની અને ૨. બંને પ્રાન્તોના વિદ્વદ્વર્ગની. પહેલી મંડળી એ કામને માટે જોઇતી રકમ એકઠી કરે અને બીજી મંડળી તેને માટે વ્યવસ્થિત યોજના ઘડી કાઢે. આ કામ આ પરિષદ ઉપાડી લે તો તેણે ખરૂ રચનાત્મક કાર્ય કર્યું કહેવાય. આને માટે માત્ર ઠરાવો કરી સંતુષ્ટ થવાનું નથી. તે સત્વર ને અવશ્ય અમલમા મુકાય એવા પગલાં ભરાય નહિ ત્યાં સુધી સંગીન કાર્ય સિદ્ધ થયલું કહેવાય નહિ.

વડોદરા યુનિવર્સિટિ—મહારાજા ગાયકવાડે પોતાના રાજ્યમા કેળવણીના પ્રચારને માટે ઉત્તમ પગલાં ભર્યાં છે. બ્રિટિશ પ્રાન્તોમા ફરજીઆત કેળવણી દાખલ કરવાનો વિચાર થયો તે પહેલાં મહારાજા સાહેબે પોતાના રાજ્યમા તે દાખલ કરી હતી. વડોદરામા ઉત્તમ પુસ્તકાલય છે. વાચનનો પ્રચાર વધારવા ફરતા પુસ્તકાલયની યોજના એ રાજ્યમા છે. વડોદરામા 'કલાભવન' જેવું વિજ્ઞાન પ્રાપ્ત કરવાનું ઉત્તમ સ્થળ છે, તેનો લાભ લેવા મુંબઇ ઇલાકાની બહારથી પણ શિષ્યો આવે છે. વડોદરાની ઇસ્પિટાલ પણ વિશાળ છે; તેમા રેડિઅમ, એક્સ-રેઇઝ, વગેરેના પ્રયોગ માટે સુંદર વ્યવસ્થા છે અને શારીર શાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન આપી શકે એવા વિદ્વાન્ દાક્તરો છે. એ ઇસ્પિટાલનો લાભ લેવા ઘણા દર્દીઓ દૂરથી પણ આવે છે. રૂના પાકના મીઆગામ ને નવસારી જેવાં મોટાં સ્થળો એ રાજ્યમાં છે એ રાજ્યમાં કચેરીમાં ને

શહેરસુધરાઇખાતામા બધુ કામ દેશી ભાષામાં ચાલે છે, એ ઘણું સ્તુત્ય છે. આ પ્રમાણે યુનિવર્સિટિ માટે સાધનસંપત્તિ પુષ્કળ છે, ને પરિસ્થિતિ અનુકૂળ છે. મ્હૈસુર જેવા રાજ્યમાં પોતાની યુનિવર્સિટિ છે, તો વડોદરા રાજ્ય માટે વડોદરામાં જુદી યુનિવર્સિટિ હોવી ઇષ્ટ છે. મહારાજા સાહેબની સમક્ષ વ્યવસ્થિત યોજના મૂકવામાં આવે તો તેનો સત્કાર થવાનો સંભવ માની શકાય. જુદી યુનિવર્સિટિથી મહારાજા સાહેબ કેળવણીને અનેક દિશામા જે સ્વરૂપ આપવું હશે તે આપી શકશે વ્યાપારી કેળવણી, ઔદ્યોગિક કેળવણી, ને વિજ્ઞાનની વ્યાવહારિક કેળવણી, તેમજ ખેતીની કેળવણીથી જ્ઞાનમાર્ગ સર્વદેશી થશે અને સમસ્ત પ્રજાનું શ્રેય થશે. મહારાજા સાહેબે પોતાની પ્રજાના હિતને અર્થે અનેક સારી યોજનાઓ ઘડી છે ને સંસ્થાઓ ઉઘાડી છે, તો કેળવણી જેવા અગત્યના વિષયમા આ અગત્યનું પગલું ભરી પ્રજાનું વિશેષ કલ્યાણ તેઓ સાધશે એવી આશા આપણે રાખી શકીએ તેમા કંઇ અજુગતું નથી.

આ બે કે બેમાથી એક યુનિવર્સિટિ સ્થપાશે તો માતૃભાષા દ્વારા કેળવણી આપવાના વિષયનું એની મેળે જ નિરાકરણ થઇ જશે. એ વિષે આપણે કોઇની ભીખ માગવાની રહેશે નહિ

સાહિત્યપરિષદ્નું કર્તવ્ય—પહેલી સાહિત્યપરિષદ્ ઇ સ ૧૯૦૫ મા મળી હતી, તેને લગભગ વીસ વર્ષ જેટલો લાબો સમય થયો છતા વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં પરિષદે બહુ ઉપયોગી કાર્ય કર્યુ હોય એવું જણાતું નથી, એ બાબત આસત્રમા ખાસ વિચારી કંઇક રચનાત્મક કાર્ય થાય એવી યોજના ઘડવી એ આ સત્રનું ખાસ કર્તવ્ય છે. વિદ્વાનોના પરસ્પર સંમીલનથી ઘણા લાભ થાય છે, એ નિર્વિવાદ છે, પરંતુ જ્યાસુધી પરિષદ્ કંઇ સંગીન કામ કરતી નથી ત્યાંસુધી આવા સમારંભથી જનસમાજ તૃપ્ત થતો નથી. નિબંધો લખાવવાની હવે બહુ જરૂર નથી. વર્તમાનપત્રોના ખાસ અંકો તથા સારા માસિકોમાં તેને માટે જોઇએ તેટલો અવકાશ છે. જોડણી જેવા વિષયનો પણ પરિષદ્થી નિર્ણય થઇ શક્યો નથી. એ વિષય ઘણો વિકટ છે ને સાક્ષરોના મતભેદને લીધે એનો નિર્ણય થઇ શકતો નથી પરંતુ નિર્ણય કરવો જ હોય તો ન જ બની શકે એમ નથી. આ વાત મેં 'ગુજરાતશાળાપત્ર'મા તેમજ મારા 'બ્રહદ્ વ્યાકરણ'મા ચર્ચી છે ત્યા જે માર્ગ દર્શાવ્યો છે તે માર્ગે જ નિર્ણય થઇ શકે એમ છે. વીસપચીસ વિદ્વાનોનું એક વ્યાપક મંડળ એકઠું કરવું જોઇએ, તેમા જેમની શિષ્ટ લેખકમા ગણના થતી હોય એવા હિંદુ, પારસી, મુસલમાન વિદ્વાનો, સારૂં ગુજરાતી જ્ઞાન ધરાવનાર પાદરીઓ, પ્રસિદ્ધ માસિક, સાપ્તાહિક, ને દૈનિક પત્રોના તંત્રીઓ, સરકાર તરફના ને વડોદરા ને કાઠીઆવાડના બબ્બે ત્રણ ત્રણ પ્રતિનિધિઓનું વિસ્તૃત મંડળ ભેગું થવું જોઇએ. એ મંડળ બહુમતે જે નિયમો કરે તે પરિષદે માન્ય કરવા એવો નિશ્ચય પરિષદ્ કરે તો કંઇ નિકાલ આવે. હિંદુ સભ્યોમાં જુદી જુદી સૈલીના હિમાયતીના પ્રતિનિધિઓ જોઇએ. હાલ તો એ વિષયમા અરાજકતા પ્રવર્તે છે. તરુણ લેખકો કંઇ પણ વિચાર કર્યા વિના સ્વચ્છંદે-રુચે તે માર્ગે-પ્રવર્તે છે. કોઇ બધા શબ્દો, જેના ઉચ્ચારમા હકાર સહેજ પણ સંભળાતો હોય એવા તમામ શબ્દોમાં હકાર લખે છે. કઢંગુ લખાણ કે છાપવાની મુશ્કેલીનો તેઓ વિચાર કરતા નથી. કેટલાક અર્ધજરતીય ન્યાયને અનુસરી થોડા શબ્દોમાં હકાર લખે છે ને થોડામા નથી લખતા. કેટલાક અત્યારસુધી હ્રસ્વ ઉ લખાતો

એવા સાધારણ શબ્દો-'લખું છું, વાચુ છું', જેવામા બધા ઉકાર દીર્ઘ લખે છે. ભાષાના સ્વરૂપમા આમ અરાજકતા ચાલવા જ દેવી ઇષ્ટ નથી. છતા, સાક્ષરો પોતાનો મત તજવા તૈયાર ન જ હોય ને ઉપર દર્શાવ્યું તેવું મંડળ જે નિયમો બહુમતે રચે તેને અનુસરવા તત્પર ન હોય તો એ વિષય પડતો જ મૂકવો. કાલક્રમે જનમંડળની રુચિ જ અનુસરવી પડશે ને તે જ વિજયી થશે.

સ્થાયી મંડળ—ઉપર દર્શાવેલાં જેવાં કામોનો નિકાલ કરવા સાહિત્યની વૃદ્ધિને યોગ્ય માર્ગે જે ઉત્તેજન અપાવી શકે અને જેના કાર્ય પ્રમાણભૂત ને વજનદાર ગણાવાથી ગ્રાહ્ય જ થાય એવા સ્થાયી મંડળને સાહિત્યપરિષદે નીમવું જોઇએ. એ મંડળ નીમવાની જરૂર માન્ય થશે તો એનું બંધારણ સહેલથી નક્કી કરી શકે એવા વ્યવહારદક્ષ અને અનુભવી પુરુષો-શ્રીયુત સર પટ્ટણી અને શ્રીયુત લલ્લુભાઇ સાહેબ જેવાની સલાહ નીચે કામ કરનારા પુરુષોની અહિં ખોટ નથી. એવા સ્થાયી મંડળના બંધારણ તથા કર્તવ્ય વિષે મારી નમ્ર સૂચના નીચે પ્રમાણે છેઃ—

બંધારણ—સુરત, વડોદરા, અમદાવાદ, તથા મુબઇ જેવા શહેરોમા 'સાહિત્યસભા' કે 'સાહિત્યસંસદ' છે. એવે સ્થળે એ સભા કે સંસદ અનુક્રમે ૩, ૩, ૪ ને ૬ પ્રતિનિધિ સ્થાયી મંડળ માટે નીમે. એ પ્રતિનિધિઓ સભાના કે સંસદના સભ્ય હોવાની જરૂર નથી. નડીઆદ, ભરૂચ, ગોધરા ને કાઠીઆવાડમા એવી સભા હોય તો ત્યાથી પણ શહેરોમાથી બબ્બે પ્રતિનિધિ ને કાઠીઆવાડ પ્રાંતમાથી ચાર પ્રતિનિધિ એ સભા નીમે. એ સ્થળોએ એવી સભા ન હોય તો અન્ય સ્થળોના પ્રતિનિધિઓનું મંડળ એ સ્થળેથી એટલા વિદ્વાનોની વરણી કરે.

એવા સ્થાયી મંડળનું કામ કરવા બે મન્ત્રીઓ નીમવા. બને તો એ મન્ત્રીઓ પગારદાર નીમવા. પગાર લીધા વિના કામ કરવા ઉત્સુક પુરુષો મળી આવે તો તેમની સેવા ઉપકાર સાથે સ્વીકારવી.

મંડળ ઘણુંખરૂં કામ મન્ત્રીના પત્રવ્યવહારથી જ કરે.

વર્ષમાં જે જે પુસ્તકો પ્રસિદ્ધ થયા હોય તેમાના સારાં, નોંધ લેવાલાયક પુસ્તકો કયા છે તે વિષે મન્ત્રીઓએ સ્થાયી મંડળના સભ્યો પાસે બહુ ટૂંકું લખાણ માગવું અને એ લખાણની બહુમતિ પ્રમાણે મંત્રીઓએ ટૂંકા વાર્ષિક રિપોર્ટનો ખરડો તૈયાર કરી તે એ મંડળના સભ્યોમા ફેરવવો. તેમની સૂચના થાય તો તેનો અમલ કરી એ રિપોર્ટ પ્રસિદ્ધ કરવો.

પ્રતિવર્ષ એવો રિપોર્ટ પ્રસિદ્ધ થવો જોઇએ.

સાહિત્યપરિષદનું નવું અધિવેશન થાય ત્યાસુધી આ સ્થાયી મંડળ ચાલુ રહે. પછી નવું મંડળ નિમાય તે નવા સત્ર સુધી જારી રહે.

સ્થાયી મંડળનું સ્થાન અમદાવાદમા રાખવું. ત્યા મંત્રીઓને કામ કરવા પ્રેમાભાઇ હૉલમાં કે અન્ય સ્થળે જગા મળી આવશે.

સ્થાયી મંડળનું કર્તવ્ય—

૧. ઉત્તેજનને માટે ભલામણ—સાહિત્યની ન્યૂનતા કઇ કઇ દિશામા છે તે ઉપર દર્શાવ્યુ છે. એ દિશામા સાહિત્યસેવકો તરફથી પ્રયત્નો થાય તેમાનો જે ઉત્તેજનને યોગ્ય

હોય તેને ઉત્તેજન આપવા વાર્ષિક રિપોર્ટમાં ભલામણ કરવી. આવા મંડળનો મત વજન-દાર ગણાશે. સરકારથી તેની ઉપેક્ષા કે તિરસ્કાર કરી શકાશે નહિ. દેશી રાજ્યો તેને માન્ય ગણશે. આથી લેખકને પોતાના કામમાં પ્રોત્સાહન મળશે. જનમંડળને પણ આવા મંડળની ભલામણવાળાં પુસ્તકો વાંચવાની ઇચ્છા થશે; વાચકવર્ગમાં સારા ગ્રન્થો તરફ અભિરુચિ ઉત્પન્ન થશે અને સાહિત્યના જ્ઞાનનો પ્રચાર વધશે.

૨. **પુસ્તકપરીક્ષાકમિટિ: બંધારણ ને કાર્યમાં ખામી**—સાહિત્યને સરકાર તરફથી જોઇએ તેવી મદદ મળતી નથી. સરકારના પુસ્તકપરીક્ષામંડળના બંધારણ અને કાર્યમાં ખામીઓ છે, એમાંની થોડીક નીચે દર્શાવું છું. સ્થાયી મંડળ એ તરફ સરકારનું લક્ષ ખેંચી શકે.

ઉત્તેજન માટે પુસ્તકો મોકલવાની કઢંગી પદ્ધતિ—પુસ્તકો અધિકારી તરફ મોકલવાના ગ્રન્થકારે પાળવાના નિયમો કઢંગા છે. સાધારણ રીતે પાઠ્યપુસ્તક તરીકે મંજૂર કરાવવાના પુસ્તકો જે જાતની શાળામાં-પ્રાથમિક કે માધ્યમિકમાં-તે ચલાવરાવાની ગ્રન્થકારની ઇચ્છા હોય, તે શાળાના કોઇ શિક્ષકે પોતાની ભલામણ સાથે તે પુસ્તક કેળવણીખાતાના ઇન્સ્પેકટરને મોકલવું. પ્રતિષ્ઠિત લેખકો પોતાનાં પુસ્તક ઇન્સ્પેકટરને બારોબાર મોકલે તો તે સ્વીકારવાની તેને સત્તા છે; પરંતુ સાધારણ રીતે તેને શાળાના શિક્ષકની મારફતે જ તે પુસ્તક મોકલવાની ફરમાશ કરવામાં આવે છે. અગાઉ ગ્રન્થકાર પોતાના પુસ્તક બારોબાર ઇન્સ્પેકટરને કે ડિરેકટર ઑવ્ પબ્લિક ઇન્સ્ટ્રકશનને મોકલી શકતો હતો. હાલનો નિયમ દેખીતો જ વિચિત્ર છે. લેખકની સ્વતંત્રતા પર ખોટો પ્રતિબન્ધ છે. સારા લેખકને પોતાના પુસ્તકની ભલામણ કરાવવા અન્ય પુરુષ મારફતે પ્રયત્ન કરવો ન ગમે એ હરકોઈ સમજી શકે એવું છે. સરકારી અમલદારોના લક્ષમાં આવી સાધારણ બાબત પણ કેમ ન આવી તે સમજી શકાતું નથી. મેં એ નિયમ કેવો કઢંગો છે તે દર્શાવી તે તરફ રિ. પ્રાજપેનું-કેળવણીખાતાના પ્રધાનનું-ધ્યાન ખેંચ્યું હતું; પરંતુ એમનો અંશે પદ્ધતિનો સમર્થક ને અંશે રૂડારૂ જવાબ જ મને મળ્યો હતો. વળી આ નિયમને સરકારે જોઇએ તેવી પ્રસિદ્ધિ આપી નથી. પરિણામ એવું આવ્યું છે કે મ્યુનિસિપલ પ્રાથમિક શિક્ષકોની તેમજ લોકલ બોર્ડના શિક્ષકોની એવી અરજી તેમના ઉપરિ અધિકારીઓ સ્કૂલ-બોર્ડના પ્રમુખે ને ડેપ્યુટિ એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે ઇન્સ્પેકટરને રવાને કરવા ના પાડી છે. એક વખત એક એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે ડિરેક્ટરને સરકારી રીતે પૂછ્યું કે તમારા નામની જે જે અરજી મારા પર આવે તે બધી તમને રવાને કરવાને હું બંધાયલો છું કે મને જે યોગ્ય લાગે તે જ હું રવાને કરી શકું, ત્યારે ડિરેક્ટરે ઇન્સ્પેકટરને યોગ્ય ઉત્તર આપ્યો હતો કે તમે મારા નામની દરેક અરજી મને મોકલવાને બંધાયલા છો. તમને રુચે તેવા શેરા સાથે પણ તમારે તે મોકલવી જ જોઇએ. આ નિયમ પળાતો નથી ને ઘણા અધિકારીઓ હાથ નીચેના નોકરોની પોતાના ઉપરિ અધિકારી તરફ કરેલી અરજી દબાવી રાખે છે. પ્રસંગવશાત્ આ દુર્વ્યવસ્થાની નોંધ લીધી.

બંધારણમાં ખામી—પુસ્તકપરીક્ષામંડળમાના સભ્યો કેળવણીના અનુભવી અને સાહિત્યના જ્ઞાતા હોવા જોઇએ. અમુક અધિકારીને તે સાહિત્યનો જ્ઞાતા હોય કે ન હોય તોપણ અધિકારની રૂએ જ સભ્ય નીમવો એ દેખીતું જ ઉપહાસને પાત્ર છે. જ્યાં જ્ઞાનની

જરૂર હોય ત્યાં અધિકાર શું કરી શકે? પરિણામ એવું અનિષ્ટ આવે કે અધિકારીમાં સાહિત્યનું કે ભાષાનું પૂરતું જ્ઞાન ન હોય તો તે પોતાના તાબેના માણસનો અભિપ્રાય લે. અર્થાત્, સભ્ય તરીકે અધિકારીને બદલે તેના તાબાનો માણુસ કામ કરે. આ બાબત પર સરકારનું લક્ષ જતું નથી તે ખેંચવું એ આવા સ્થાયી મંડળનું કામ છે.

અયોગ્ય અતિવિલંબ—પુસ્તકો પર નિર્ણય આવતા બહુ કાળ ન વીતે માટે સરકારે ચારેક વર્ષ થયા નવી કમિટી નીમી છે ને તેણે ત્રણ મહીનામા ઓછામા ઓછું એક વાર મળીને જલદી નિર્ણય કરવો એવો સરકારનો હુકમ છે. કોઇ પણ પુસ્તક પર નિર્ણય આપવામાં છ માસથી વધારે વખત ન જવો જોઇએ, ને કમિટિના વધુ મત પ્રમાણે નિર્ણય આપવો એવો પણ સરકારનો નિયમ છે. છતા સખેદ કહેવું પડે છે કે એ બધા નિયમોની કોઈ કોઇ વાર અવગણના થાય છે. નિયમ મનુષ્યમાત્રને સરખો બંધનકર્તા હોવો જોઇએ; પણ હાલ વસ્તુસ્થિતિ એવી છે કે નિયમ સાધારણ મનુષ્યને નિયામક છે, કેટલાક અધિકારીને નહિ. આધકારી તેના પર પણ પોતાનો અધિકાર ચલાવી તેનું ઉલંઘન કરી શકે છે. છ માસને બદલે વરસ થવા આવે છે કે થઇ જાય છે તોપણ પુસ્તકનો નિકાલ થતો નથી.

ઉત્તેજન નામનું જ છે—પાઠ્યપુસ્તક તરીકે મંજૂર થયલા પુસ્તકોને પોતાની શાળામાં ચલાવવાની શિક્ષકોને છૂટ છે; પરંતુ હાલ વર્ષ થયા ડિરેક્ટર સાહેબે એવો નિયમ કર્યો છે કે અમુક વિભાગની બધી સરકારી હાઇ સ્કૂલોમા અમુક ધોરણોમા સરખા જ પુસ્તકો ચાલે. આમ થવાથી કેળવણીને ને સાહિત્યને કેટલી બધી હાનિ પહોચે છે? હેડ માસ્તરોની સ્વતંત્રતા નષ્ટ થાય છે. નબળી નિશાળને ચઢીઆતી નિશાળ સાથે ખેંચાવવું પડે છે કે ચઢીઆતી નિશાળને નબળી નીચી સ્થિતિમા ઉતરવું પડે છે; કેમકે એક જ જાતના પુસ્તકો બધી નિશાળોને સરખા માફક આવી શકે જ નહિ. આ મંડળના બંધારણ ને કાર્યમા સુધારો સૂચવવો એ સ્થાયી મંડળનું કામ હું સમજું છુ.

૩. યુનિવર્સિટિના અભ્યાસક્રમમાં માતૃભાષાને સ્થાન:—આપણી યુનિવર્સિટિએ માતૃભાષાને યોગ્ય સ્થાન આપ્યું નથી. માત્ર એમ. એ.ના ને બી એ. ની પાસ પરીક્ષાના અભ્યાસક્રમમા જ ન છૂટકે સ્થાન આપ્યું છે. બીજી ભાષાની સાથે માતૃભાષાને દરેક પરીક્ષામા સ્થાન જોઇએ. તેને માટ બીજી ભાષાનો અભ્યાસક્રમ અંશે ઓછો કરાય કે વિદ્યાર્થીના શિર પર બોજો ન પડે. માતૃભાષાના સારા જ્ઞાન વગર તે પર પ્રેમવૃત્તિનો ઉદ્ભવ ને વિકાસ થયા વિના પદવીધરો પોતાના ઊંચા જ્ઞાનનુ સંક્રમણ જનસમાજના પ્રાકૃત માણસોમા કરી શકતા નથી; આથી જ્ઞાનનો પ્રચાર અટકે છે ને માતૃભાષાનો વિકાસ પણ હ્રાસ પામે છે.

માતૃભાષાને સ્થાન આપવામા વિરોધીઓ એવો વાધો કહાવે છે કે દેશી ભાષામાં યોગ્ય ને ક્રમિક સાહિત્ય નથી. ઉપર દર્શાવ્યા પ્રમાણે એ વાધો છેક અસત્ય નથી. પણ મનુષ્યને જરૂરીઆત પડે છે એટલે કાર્ય કરવાની શક્તિ ને ઉત્સાહ ઉત્પન્ન થાય છે એ સૂત્રનું વિસ્મરણ થવું યુક્ત નથી.

આ વિષય પર યુનિવર્સિટિનું લક્ષ ખેંચવું એ સ્થાયી મંડળનું કર્તવ્ય થશે. પરિષદ્ પણ એ બાબતનો ઠરાવ કરી શકે.

માતૃભાષામાં કેળવણી—વિદેશીય કેળવણી વિદેશી ભાષા દ્વારા આપવાની સૃષ્ટિક્રમથી વિરુદ્ધ પદ્ધતિ આપણા જ દેશમાં છે. મનુષ્યમાત્ર પોતાની માતૃભાષામાં જ વિચાર કરે છે, પર ભાષામાં કરતો નથી. આપણા દેશમાં વિપરીત પદ્ધતિ ચાલે છે. તેથી નીચે દર્શાવેલા ગેરલાભ થાય છેઃ—

૧. જ્ઞાન સંગીન થતું નથી.

૨. સ્મરણશક્તિ પર નિરર્થક ભાર પડે છે.

મારી હાઇ સ્કૂલની નોકરી દરમ્યાન પાંચમા ધોરણમાં એડિથ થૉમ્સનકૃત ઇંગ્લંડનો ઇતિહાસ એ પાઠ્યપુસ્તક હતું. ધોરણ માટે એની ભાષા અઘરી પડે એમ છે. શિક્ષણ તેમજ પરીક્ષા અંગ્રેજી ભાષામાં હોવાથી મને યાદ છે કે એક શિક્ષક વિદ્યાર્થીઓ પાસે જુદાં જુદા પરિચ્છેદો મોએ જ કરાવતો અને પરિચ્છેદનું મથાળું બોલી તેમની પાસે બધો પરિચ્છેદ મોએ બોલાવતો. વળી Feudal System વિષે શિષ્યો ગોખેલું લખી કાઢે ને Feudal System એટલે શું એમ પૂછીએ તો એ જમીનને લગતો ધારો હતો એટલું પણ જાણે નહિ એ કેવું ઉપહસનીય છે ' આ પ્રમાણે વિદેશીય ભાષામાં શિખવવાથી માત્ર સ્મરણશક્તિ પર જ નકામો બોજો પડે છે.

૩. સંસ્કૃત ભાષાનું જ્ઞાન માતૃભાષા દ્વારા સહેલાઇથી આપી શકાય છે. ઘણા શબ્દો બંને ભાષામાં સામાન્ય હોય છે. ગુજરાતી ભાષાનું વ્યાકરણ શિખવાતું નથી એ શોચનીય છે. એ જો વિદ્યાર્થી બરાબર શીખ્યો હોય તો સંધિ, સમાસ, ને તદ્ધિત ને કૃત્પ્રત્યયોનું જ્ઞાન તેને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ શીખવામાં ઘણું ઉપકારક થાય.

એક એવો પૂર્વપક્ષ ઉઠાવવામાં આવે છે કે વિષયોનું જ્ઞાન માતૃભાષા દ્વારા આપવાથી વિદ્યાર્થીનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું નબળું થશે. પરંતુ એ પૂર્વપક્ષ ખોટો છે. માતૃભાષા દ્વારા અગાઉ કહ્યું તેમ વિષયોનું જ્ઞાન સુગમ ને સંગીન થશે, સ્મરણશક્તિ પર નકામો બોજો અટકશે, અને થોડા વખતમાં વધારે સારૂ જ્ઞાન મળશે. આમ કરવાથી જે સમય બચશે તેનો ઉપયોગ અંગ્રેજી ભાષાનું સંગીન જ્ઞાન આપવામાં કરી શકાશે. આથી અંગ્રેજી ભાષાના અભ્યાસને ગેરલાભ થવાને બદલે ઘણો લાભ થશે.

લોકોની માગણી ઉપરથી સરકારનું લક્ષ એ તરફ ગયું છે. સંસ્કૃત ને ઇતિહાસ જેવા વિષયો માતૃભાષા દ્વારા શિખવવા મંડાયા છે. ' સ્કૂલ-લીવિંગ પરીક્ષા ' માં એ વિષયોની પરીક્ષા માતૃભાષામાં પણ લેવી એવી સરકારની ઇચ્છા છે; પણ યુનિવર્સિટિને ખરચ વધારે પડવાથી તે એ યોજના અમલમાં મૂકતી નથી.

હમણાં આપણી યુનિવર્સિટિ કોઇ પણ પ્રકારના સુધારા કરવા તરફ દુર્લક્ષ રહે છે. લાંબા સમયના પડેલા ચીલામાં જ પોતાનો માર્ગ લે છે, ચીલાથી સહેજ પણ બહાર નીકળવાની પ્રવૃત્તિ તેને ઇષ્ટ નથી.

પ્રાથમિક શિક્ષકોની ટ્રેનિંગ સંસ્થાની દુર્દશા—સરકારે એક તરફ કેળવણી ફરજીઆત કરી છે અને તેમ કરી જનમંડળ ઉપર મોટો ઉપકાર કર્યો છે ત્યારે બીજી તરફ તેણે ટ્રેનિંગ સંસ્થામાં ઘટાડો કરી કેળવાયલા શિક્ષકની સંખ્યામાં ઘટાડો કરી પ્રાથમિક કેળવણીની દુર્દશા કરી છે. સરકાર એમ માનતી જણાય છે કે ટ્રેનિંગ સંસ્થાના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં માત્ર પહેલા વર્ષની કેળવણી જ બસ છે. અત્યાર સુધી પહેલા વર્ગમાં પાસ

થયલા શિષ્યો કૉલેજ છોડી જતા રહ્યા હોય તો તે ટ્રેન્ડ ગણાતા જ નહિ. બીજું ને ત્રીજું વર્ષ પસાર કર્યું હોય તે જ ટ્રેન્ડ ગણાતા; અને એ જ વાસ્તવિક હતું; કારણ કે પહેલા વર્ષના અભ્યાસક્રમમા વિદ્યાર્થીઓને બહુધા જે શીખી ગયા હોય તેનું પુનરાવર્તન જ કરવાનું હોય છે. અગાઉ તો સંસ્કૃત ને અક્ષરગણિત એ બે વિષયો નવા હતા; હવે તો તે પણ કાઢી નાંખ્યા છે. આવી અપૂર્ણ કેળવણી મેળવેલાને ટ્રેન્ડ કહી પ્રાથમિક શાળાનું શિક્ષણ તેમને સોપવું એ દેખીતું જ અનેક રીતે શિષ્યને તેમજ શિક્ષકને બંનેને હાનિકારક છે. પ્રાથમિક શાળાના નીચલા ધોરણો શિખવવા સરકારને સારા કેળવાયલા શિક્ષકોની જરૂર ન હોય તો અંગ્રેજી નિશાળોમા નીચેના ધોરણો શિખવવા મોટા પગાર આપી પદવીધરોને રાખવાનું શું કામ છે ?

બીજા ને ત્રીજા વર્ષની કેળવણી આપી તેમને પગાર આપવો સરકારને ભારે પડે છે, તો મોટા અધિકારીઓને મોટા પગાર આપવા કેમ ભારે પડતા નથી ? મોંઘવારીનો ભાર થોડા પગારવાળાને કે મોટા પગારવાળાને અસહ્ય છે ? સરકારે પગાર વધારવામા નીચેના નોકરોના પગાર વધારવાની શરૂઆત કરી ઉપલા અધિકારી સુધી જવાને બદલે વિપરીત માર્ગ લીધો છે; અને એવી મોટી ભૂલ કરી હવે પૈસાની ભીડ પડવાથી પ્રાથમિક કેળવણીનું મોટું અકલ્યાણ કર્યું છે.

સંસ્કૃત, ફારસી, એ બીજી ભાષાને ને અક્ષરગણિતને અભ્યાસક્રમમાંથી કમી કરતી વખત સરકારે વિચાર કર્યો નહિ કે પચાસ વર્ષ થયા—જ્યારથી એ સંસ્થા સ્થપાઇ ત્યારથી—એ વિષયો શિખવાય છે, તો તેને કાઢી નાખતા પહેલા પોતાના અધિકારી સિવાય અન્ય અનુભવી પુરુષોનો અભિપ્રાય લેવો જોઇએ. પરંતુ તે લીધો નહિ ને પ્રાથમિક શિક્ષકોની પોતાની તેમજ જનમંડળની ફરિયાદ પર લક્ષ આપ્યું નહિ ને હવે પાચેક વર્ષને અન્તે ઠરાવ બહાર પાડી સરકારને પોતાની ભૂલ કબૂલ કરવી પડી છે કે ત્રીજું વર્ષ અગાઉ કરતા નબળું થયું છે, તેના કારણોમા સંસ્કૃત ને અક્ષરગણિતના વિષયો કમી કરવામા આવ્યા છે એ પણ છે !

સ્થાયી મંડળ આવી સરકારની ભૂલો તરફ તેનું લક્ષ ખેંચી શકે અને એ મંડળ મેં દર્શાવેલે માર્ગે કામ કરશે તો એનું લખાણ પ્રમાણભૂત ગણાશે ને સરકારને ને યુનિવર્સિટિને તે માન્ય કરવું પડશે એમ હું ધારું છું.

સ્કૂલ-લીવિંગ પરીક્ષા—આ પરીક્ષાના બે વિભાગ છે; ૧. મૅટ્રિક્યુલેશન અને ૨. સ્કૂલ ફાઇનલ એમાની પહેલી પરીક્ષા એ યુનિવર્સિટિ-કેળવણીનું પ્રવેશદ્વાર છે ને બીજી સરકારી નોકરીનું. પહેલી પરીક્ષામા દેશી ભાષા ને વિજ્ઞાન જેવા અગત્યના વિષયોની પરીક્ષા લેવાનું કામ યુનિવર્સિટિએ છોડી દીધું છે. તેને બદલે તે હેડ-માસ્તરોના ઉમેદવારને આપેલા પ્રમાણપત્રથી જ સંતુષ્ટ થાય છે. આ પદ્ધતિ ઘણીજ વાંધાભરેલી છે, તેના કારણો નીચે દર્શાવ્યા છેઃ—

૧. આ અગત્યના વિષયો બરાબર શિખવાતા નથી.

૨. મૅટ્રિક્યુલેશનમા જેટલા ઉમેદવારો હોય છે તેમાના તૃતીયાંશ કે ચતુર્થાંશ પરીક્ષામાંથી ઉત્તીર્ણ થાય છે; પરંતુ નાસીપાસ થયલા બધા ઉમેદવારોએ વિજ્ઞાન ને માતૃભાષા

તથા ભૂગોળના વિષયમાં પ્રમાણપત્ર મેળવેલા હોય છે. આનો અર્થ દેખીતો એ જ છે કે હેડ-માસ્તરો એ વિષયનાં પ્રમાણપત્ર આપવામાં ઘણા ઉદાર છે.

૩. માતૃભાષાની કેળવણી ને સાહિત્યની પ્રગતિ અને પ્રસાર માટે જનમંડળ ચારે તરફથી પોકાર કરી રહ્યું છે તેવે પ્રસંગે એ ઉપયોગી વિષયના શિક્ષણ પર યુનિવર્સિટિએ દુર્લક્ષ રહેવું યુક્ત નથી.

૪. વિજ્ઞાનનો વિષય સરકારે છેક નીચલાં ધોરણોમાં પણ દાખલ કર્યો છે. શાળાઓની પ્રયોગશાળામાં સંપૂર્ણ ને નવા પ્રકારના સાહિત્યો છે કે નહિ તેને માટે સરકાર પોતાના એ ખાતાના ઈન્સ્પેક્ટર મારફત તપાસ રાખે છે. આવી સ્થિતિમા છેક ઉપલા ધોરણમાં એ વિષયના શિક્ષણ તરફ યુનિવર્સિટિ આટલી બધી બેદરકાર રહે છે એ તે પોતાના કર્તવ્યમાંથી ભ્રષ્ટ થાય છે.

૫. અમુક વિષયોમાં પ્રમાણપત્રથી ચલાવી લેવું અને અમુક વિષયોની પરીક્ષા લેવી, એથી એટલું જ સિદ્ધ થાય છે કે જે વિષયોમાં તે પ્રમાણપત્ર સ્વીકારે છે તે વિષયોને તે બીજા વિષયોથી હલકા ગણે છે.

આ વાંધાભરેલી પદ્ધતિ કાઢી નાખી એ વિષયોમા પરીક્ષા શરૂ કરે કે શિક્ષણમાં સુધારો થાય, એ બાબત યુનિવર્સિટિના લક્ષમા લાવવી એ આ સ્થાયી મંડળનું કર્તવ્ય છે. પરિષદ્ પણ આ વિષયનો ઠરાવ કરી શકે.

શાળાઓના અભ્યાસક્રમમાં પણ સુધારાનો પુષ્કળ અવકાશ છે. દરેક શિષ્યે કોઇ પણ પ્રકારની શારીરિક કસરત લેવી જ જોઇએ. તે માટે એ વિષયને અભ્યાસક્રમમાં સ્થાન જોઇએ. તેમજ ગાયન જેવા વિષયને અભ્યાસક્રમમા સ્થાન નથી તે અપાવવું, અને પરીક્ષાના પ્રશ્નપત્રને અનુસરીને શાળામા શિક્ષણ ઘડાઇ વ્યુત્પત્તિ અને વ્યાકરણ જેવા અગત્યના વિષયોના પ્રશ્નો પુછાતા બંધ થયાને લીધે એ વિષયના શિક્ષણનો પણ શાળાએ બહિષ્કાર કર્યો છે તે વાત સરકારના કે યુનિવર્સિટિના લક્ષમા પણ કદાચ નહિ હોય, તે લક્ષમાં લાવવી, એ આ સ્થાયી મંડળનું કર્તવ્ય થશે.

વળી કેળવણી એકદેશી છે, તેને વિવિધ દિશામાં ફેરવવાની જરૂર છે. ઔદ્યોગિક ને વૈજ્ઞાનિક કેળવણીની હાલ દેશમાં આવશ્યકતા છે—આ અને બીજા અનેક કેળવણીને ને સાહિત્યને લગતા કૂટ પ્રશ્નોનું નિરાકરણ કરવા સ્થાયી મંડળની જરૂર છે.

ઉપસંહાર—ગૃહસ્થો, આપણા સાહિત્યની પૂર્વ દશાનું અને આધુનિક દશાનું તેમજ તેમાં શી શી અપેક્ષા છે તેનું અને માત્ર સંભાષણો ને વાદ કરવાને બદલે, કે નિબંધોના વાચનથી તૃપ્ત થવાને બદલે રચનાત્મક કાર્ય કેવી રીતે થઇ શકે તેનું પણ યથામતિ તમને સૂચન કર્યું. કાર્ય કરવું, પછી તે સુધરશે. દુનિયામા માનવકૃત્યમાં સંપૂર્ણતા ક્યાંથી હોય ? જૉન રસ્કિને ખરૂં કહ્યું છે કે મનુષ્ય યન્ત્ર જેવી સંપૂર્ણતાથી કામ કરી શકે જ નહિ. તેના હાથનાં આગળાં યન્ત્રના જેવું અને પગ દાંતાવાળા ચક્ર જેવું ચોક્સ કામ કરી શકતાં હોય તો પછી મનુષ્યત્વ નહિ, દૈવત્વ છે. શારીરિક કાર્યમાં જે નિયમ પ્રવર્તે છે તે માનસિક કાર્યમાં પણ પ્રવર્તે છે.

અન્તે, તરુણ સાહિત્યરસિકોને બે બોલ કહેવા અવશિષ્ટ રહે છે. બંધુઓ, ગુજરાતી સાહિત્યનું ભવિષ્ય તમારા જ હાથમાં છે. તમે એ સાહિત્યનો પ્રાણ છો, તમે જ એનો આત્મા છો તમારા પ્રયત્ન પર જ એના શ્રેયનો ને ભાવી કલ્યાણનો બધો આધાર છે. તમારી પૂર્વના લેખકોએ જે જ્ઞાનપ્રદીપ પ્રગટાવ્યો છે તેની જ્યોતને ઝગઝગતી કરો, તેનો પ્રકાશ ચારે તરફ ફેલાવો, અને સાહિત્યક્ષેત્રનો સર્વ પ્રદેશ એવો તો પ્રકાશમય બનાવો કે અન્ય સાહિત્યક્ષેત્રમા વિચરનારને તે આદર્શભૂત થાય.



મહેરબાન અરદેશર ફરામજી ખબરદાર
સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના સાહિત્યવિભાગના અધ્યક્ષ.

Lakshmi Art, Bombay 8.

૫. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના સાહિત્ય વિભાગના અધ્યક્ષ શ્રીયુત અરદેશર ફરામજી ખબરદારનું ભાષણ.

(ભાવનગર, તા. ૧૮ એપ્રિલ ઇ. સ. ૧૯૨૪.)

સાહિત્યવિલાસી બહેનો અને બંધુઓ,

તમારી આજ્ઞાને અહિં મારે માથે ચઢાવવામાં અને મારી પુણ્યભૂમિ ગુજરાતે મારી પાસે માગેલી સેવા બજાવવામાં જ હું મારી ફરજ અને મારૂં અહોભાગ્ય સમજું છું. આપણા વીર કવિ નર્મદે સાચા સ્વદેશાભિમાનથી એક મહાપ્રશ્ન પોતાના ગુજરાતી ભાઇઓને પૂછ્યો હતો કે " કોની કોની છે ગુજરાત ? " અને એ પ્રશ્નનો તેણે જ સ્પષ્ટ સત્યતાથી અને ખરી ઉદારતાથી યોગ્ય જ ઉત્તર આપ્યો હતો, કે—

" પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વદ્યા,
કોઇ રીતની તો પણ................
વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણું તે ભાઇ ઠર્યાઃ
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત."

સુજ્ઞ જનો ! કેવો અંતરનો ઉમળકો ઉભરાઇ જાય અને મુખ આનંદે ભરાઇ જાય તેવો સ્નેહપૂર્ણ શબ્દ એ " ભાઇ " છે ! એ શબ્દને તમે આજે સાર્થક કર્યો છે, અને અહિં આજે તમારા એ ભાઈ જેવો તમારી પાસે રહી તમારા સ્નેહનો મધુર અનુભવ હું લઉં છું ત્યારે મારૂં જીવન હું ધન્ય જ ગણું છું. એથી જ તમને સર્વને પ્રથમ " બહેનો અને બંધુઓ " જેવા શબ્દોથી મેં સંબોધન કર્યું, તે માત્ર શિષ્ટાચાર લેખે નહીં, પણ એ શબ્દોમા રહેલી અને આજે પ્રત્યક્ષ કરેલી એવી ખરી સ્નેહભાવનાને લીધે જ છે. તમારા એ 'ભાઇ' ને તમે જે સ્નેહ અને માનનું સ્થાન આપ્યું છે, તે માટે હું તમારો આભાર માનું છું, અને આશા રાખું છું કે જે ઉદાર વૃત્તિથી અને પ્રેમભાવથી તમે મને તમારી સેવા કરવાનો આ ધન્ય પ્રસંગ આપ્યો છે, તેમા તે જ વૃત્તિથી તમે સર્વ બહેનો અને બંધુઓ મને નિભાવી લેશો.

સાહિત્યનો પ્રશ્ન. જે ગુર્જર સાહિત્યની ઉન્નતિના વિચાર અર્થે આપણે અહિ ભેગાં મળ્યાં છીએ, એ સાહિત્ય એટલે શું, અને ખરૂં સાહિત્ય કોને કહેવું, એ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે. આપણા જીવનનો મનોવ્યાપાર પોતે જ પ્રશ્નોની હારમાળા રૂપ છે, તે તો આપણા જન્મથી ઐહિક જીવનના અંત સુધી આપણી નજર આગળ જે નવનવા અનુભવ અને નવનવી સૃષ્ટિ દેખા દે છે તે જ બતાવી આપે છે. સાહિત્યમાં રસ રાખનારને કે સાહિત્યમય જીવન ગાળનારને એ સાહિત્યની સાચી પિછાન કરવાની જરૂર પડે છે, અને તેથી " સાહિત્ય એટલે શું " એ પ્રશ્નનો ઉહાપોહ આજ સુધી હજારો વિદ્વાનોએ કરેલો હોવાથી તેની નવીનતામા કે યોગ્યતામા લેશ પણ ઘટાડો થતો નથી.

દુનિયામાં કેટલાક મહા પ્રશ્નોના ઉત્તર એ દુનિયાને ફરી પૂછવા ન પડે તેવા મળતા જ નથી. જનતા પૃથ્વીના પારણામાં હિંચકા ખાતી હતી ત્યારથી એ પ્રશ્નો પૂછતી આવી છે, હજીયે પૂછે છે, અને અનંત કાળ સુધી પૂછ્યા જ કરશે. પ્રભુ શું છે, ક્યાં છે, કોણ છે, કેવો છે, કદી તેની સંપૂર્ણ બુદ્ધિપૂર્વક પ્રતીતિ થઇ શકશે કે કેમ, વગેરે અનેક પ્રશ્નો જેમ હજી પૂછાયા જ કરે છે, તેમ માનવજાતિએ પોતાની બુદ્ધિનું મંદિર રચ્યા પછી એ મંદિરના અધિષ્ટાતા દેવનું સ્વરૂપ કલ્પવા અને નિર્ધારવા આજ સુધી પ્રશ્નો પૂછ્યા જ કીધા છે. હજારો લેખ લખાયા છે, લાખો ચર્ચા થઇ છે, વિચારકો અને રસવેત્તાઓએ કોડો ચિંતન કીધાં છે, પણ સાહિત્ય એટલે શું, તેની સંપૂર્ણ અને સર્વમાન્ય વ્યાખ્યા હજી કોઇ આપી શક્યું નથી.

આવી સ્થિતિમાં સાહિત્યની વ્યાખ્યા આપવાનો મારે અલ્પમતિએ પ્રયત્ન કરવો એમાં બાલિશતા છે, એમ જો કોઇ મને કહે તો તે હું માન્ય રાખું છું. પણ જે સાહિત્યની સેવા જીવનભર કરવાનું મને માન છે, તે સાહિત્યને હું કેવા સ્વરૂપમાં જોઉં છું તે દર્શાવવાની મારી પ્રથમ ફરજ છે. ભૂતકાળમા નાખી શકાય તેટલી દ્રષ્ટિ આપણે નાખીએ છીએ, વર્તમાનનું નાટક તો આપણે પ્રત્યેક પળે જોતા જોતા જ જીવનમાં ધપીએ છીએ, અને એ ભૂત તથા વર્તમાનને સાંકળીને આપણે ભવિષ્યના ઊંડા આકાશમાં તારાઓની પાર પણ આપણી કલ્પનાના પતંગોને ઉડાવીએ છીએ. જમાના જમાનાના સાહિત્યરસિયાઓ કાળના સદોદિત આગળ પડતા પગલાંમાં નવા રંગો જોતા જ રહે છે, અને તેનાં નવાં રહસ્યો ખોળતા ખોળતા દુનિયાના સમગ્ર સાહિત્યાનુભવના રત્નપુંજમાં કદી કદી એકાદ નવું રત્ન પણ ઉમેરતા રહે છે. બધા સાહિત્ય–સેવકો કુદરતની અને માનવહૃદય તથા માનવબુદ્ધિની ખાણમા કામ કરનારા છે, અને એ ખાણમાથી પથ્થરો તથા માટીના ઢગલા ફોડતાં કે તોડતા અથાગ શ્રમે પણ એકાદ રત્ન મેળવવાની તેઓ અભિલાષા રાખે છે. એ રત્ન કદી એકનિષ્ઠાથી એ ખાણ ખોદનારને મળે છે, કે કદી એના પત્થરો અને માટીના ઢગલા વહેનારને પણ તેમાંથી જડી આવે છે. એ રત્નપ્રાપ્તિ સકામવૃત્તિથી હો કે નિષ્કામવૃત્તિથી હો: આપણે તો માત્ર ખાણમાં જ કામ કરવાનું છે.

સાહિત્યનો આરંભ.

માનજીવન શરૂ થયું ત્યાંથી જ માનવસાહિત્યનો ઓછામા ઓછો પણ આરંભ થયો હોવો જોઇએ, એવી કલ્પના જો આપણે કરીએ તો તેમાં આપણે માનવહૃદયનો એક સામાન્ય ભાવ જ દર્શાવીએ છીએ. વાણીનું સ્વરૂપ બંધાયા પછી તેમાં બુદ્ધિ અને કલ્પનાના તારો વણાતાં જેને આજ આપણે વાઙ્મય કહીએ છીએ તેનું ઓછામાં ઓછું આદ્ય સ્વરૂપ પ્રથમ હસ્તીમા આવ્યું હશે. જીવનના ઉત્ક્રમમાં માનવી જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તેના ભાવમાં, વિચારમાં, બુદ્ધિમાં, કલ્પનામા, એમ તેના તમામ મનોવ્યાપારમા વિકાસ થતો જ ગયો, એટલે રોજના વહેવારની સાદી બોલી ઉપરાંત એ વિકાસને લગતાં હૃદય અને કલ્પનાનાં તત્ત્વોને કોઇ ખાસ અને યથોચિત વાણી સ્વરૂપમાં મૂકવાની તેને અગત્ય જણાઇ. એ અગત્યતામાં જ તેના નિર્વાહની કુંચી હતી, એટલે એનાં મનોદ્વાર ખોલ્યા, અને એ ખોલવામાં જ વાઙ્મય ઉત્પન્ન થયું. વિચારો અને ભાવોના ઉદ્ગારોને મૂર્ત સ્વરૂપ આપવા

લેખનકળાનો જન્મ ઘણો મોડેથી થયલો માનવઇતિહાસમાં નોંધાયલો છે, પણ તે પહેલાં પણ વાઙ્મય તો હસ્તીમાં હતું, અને તે જેને આપણે આજે પણ કંઠસ્થ સાહિત્યને નામે ઓળખીએ છીએ તેને મળતા કોઇક સ્વરૂપમાં માનવજાતિએ વંશપરંપરા જાળવી રાખ્યું હતું. એ કંઠસ્થ સાહિત્ય ના હોત તો માનવજાતિ અન્ય પ્રાણીઓથી કશી વિશેષતા પામત નહીં, કારણ કે તેનાં ભાવ અને કલ્પનાનાં અમૃત ઝીલી રાખવાનું સાધન ના મળતાં તેની જીવનભૂમિ રેતીના રણ જેવી સૂકી જ રહેત, અને માનવજીવનની જે લીલા આજે આપણે અનુભવીએ છીએ તે લીલાનો ઉદ્‌ભવ જ ના થતા માનવજીવન પશુજીવનથી કોઈ પણ રીતે ખરી વિશિષ્ટતા મેળવત નહીં.

પશુજાતિની જેમ માનવજાતિને પણ પોતાના સામાન્ય જીવનનિર્વાહને માટે, એટલે શરીરની રક્ષા કરી આયુષ્યની દોરી પૂરી કરવાને માટે, વાઙ્મય કે સાહિત્યની જરૂર નથી, એ તો આપણે આજની પણ જંગલીમાં જંગલી માનવજાતિનાં ટોળાંઓના મોટે ભાગેના વહેવાર પરથી જોઇ શકીએ છીએ. હું ' મોટે ભાગે ' ખાસ કહું છું, કારણ કે એ જંગલીઓની જાતિમાં પણ બહુ ઓછામાં ઓછા સ્વરૂપમાં વાઙ્મયનાં દર્શન તો થાય છે જ, તે તેમના નાચ, તેમનાં એકાદ લયની પૂર્તિનો આભાસ આપતાં આનંદગીતો, તેમની પ્રાણીપૂજા કે પદાર્થપૂજા, તેમના વહેમો, તેમની માન્યતાઓ, એવી એવી વસ્તુઓ બતાવી આપે છે. એ જાતિઓમાં પણ બહુધા કંઠસ્થ સાહિત્ય તેના સાદામાં સાદા સ્વરૂપમાં હસ્તી ધરાવે છે. પશુ અને માણસની વચ્ચેનો ફેર એ પશુબુદ્ધિ અને કલ્પનાશક્તિનો ફેરનો ઇતિહાસ છે, અને એ કલ્પનાશક્તિથી જ તુલના કરતો માનવી આજે પ્રભુનાં અમૃત ઝીલવાનો અધિકારી બન્યો છે.

માનવજીવનનો એ વાઙ્મય એટલે સાહિત્ય સાથેનો સંબંધ માનવજાતિના બીજમાં જ રહેલો છે, એવું દૃષ્ટ અનુમાન કરીએ તો તેમા કાંઇ ખોટું નથી. એ સંબંધ કાંઇ બહારથી આવીને થયલો નથી, કે નથી એ સંબંધ દેહ અને તેના વસ્ત્રઢાંકણ જેવો. એ તો એની કીકીનું તેજ છે, એના હૈયાનું રુધિર છે, એનાં ફેફસાંના શ્વાસોચ્છ્‌વાસ છે, એના મનની પ્રતિકૃતિ છે, એના આત્માનો અકથ આનંદ છે.

વાણી અને સાહિત્યની સાન્ધ્યભૂમિ.

માનવજીવન સાથે સંકળાયલું એવું એ વાઙ્મય કે સાહિત્ય તે શું હશે ? એ એવો તે કેવોક પારસમણિ હશે કે જે પોતાના સ્પર્શથી વાણીના લોહને સાહિત્યના કંચનમાં ફેરવી નાખે છે ? એ પારસમણિ લોહચુંબક જેવો માત્ર એક જ ગુણ કે તત્ત્વ પ્રદર્શિત કરે છે, કે કિરણોની સાતરંગી કળા જેવો વાણીનાં અનેક તત્ત્વોને એકીસાથે સ્પર્શ કરી તેમાં અવનવા ચમત્કારનાં દર્શન કરાવે છે ? આવી પ્રશ્નમાળાના અનેક દાણા આપણે ફેરવતા જઇએ, તોપણ એ સાહિત્યના આત્માનું સ્પષ્ટ દર્શન આપણે કરી શકીએ તેમ નથી. માત્ર પરિણામે જ આપણે એટલું કહી શકીએ કે સાંધ્યભૂમિની દૃષ્ટિમર્યાદા આગળ આ આપણી ગમ આવતો દેખાતો સીધો વિસ્તાર તે આપણી પૃથ્વીનો પાટ છે, અને ઉપર ગોળાકારે સુંદર રંગોથી રંગાયલું આપણી પૃથ્વીથી પર રહેલું ભવ્ય દૃશ્ય તે ઊંડું અગાધ આકાશ છે. વાણીપ્રદેશ અને સાહિત્યપ્રદેશની એવી સ્પષ્ટ સીમાદોરી આપણે જોઈ શકીએ, છતાં એ દોરીની પાસે તેને ઝાલવા જઇએ તો તે ત્યાંથી અદૃશ્ય થઇ પાછી દૂરને દૂર જ

જઇ ઊભી રહે, એવો એનો માયારૂપ ચમત્કાર છે. લોટ એટલે દળાયલા દાણાનો બારીક ભૂકો, એવી સ્થૂળ વસ્તુની વ્યાખ્યા આપણે આપી શકીએ; ઘંટી ચાલતી જાય, ઘંટીમા દાણા નખાતા જાય, એ દાણા દળાતા જાય, બીજી બાજુએથી ચોતરફ એનો લોટ થઇ પડતો જાય, એ બધી ક્રિયા આપણે જોઇ શકીએ અને વર્ણવી પણ શકીએ. પણ એ દાણા ભૂમિમાં બીજ રૂપે વવાય, તેમા ખાતરપાણી અપાય, અને એ દાણામાથી છોડ થઈ તેમા પાછા દાણા ઉગે, એ ક્રિયા સ્થૂળ નથી પણ સૂક્ષ્મ છે, અને બીજાત્માનું ફળદર્શન છે. એ ફળદર્શનનો અમુક હદ સુધી આપણે વિચાર કરી શકીએ, પણ એ પેલા દાણાના લોટની ક્રિયાથી જૂદી જ જાતની સૂક્ષ્મ ક્રિયા હોવાથી તેની કેવળ સ્પષ્ટ વ્યાખ્યા દોરી શકાવી મુશ્કેલ છે. એનો એ દેહ છતાં આત્માનાં તેજ સંકેલાઇ જતાં તેની બધી ક્રિયા બંધ પડે છે, તેથી જ દેહથી પર એવા આત્માનું આપણને અનુમાન અને ભાન થાય છે, તે જ પ્રમાણે એની એ જ વાણી હોવા છતાં તેને સાહિત્ય તરીકે લેખવવા માટે એવાં કોઇ સૂક્ષ્મ તત્ત્વની આવશ્યક્તા રહે છે. સાહિત્યની રંગભૂમિનું આકાશ વાણીની પૃથ્વી સાથે સંકળાયલું લાગતા છતાં વાણીથી તે પર છે, અને તેથી જ એ રંગભૂમિની પાસે હોવા છતાં અને તેના રંગોને પોતાની પીંછીમા ઉતારવાની શક્યતા છતાં માત્ર પૃથ્વીની જ ધૂળમા નજર રાખનાર માણસથી એ સાધ્યભૂમિની સીમાદોરી ઓળંગીને ઉપરની આકાશની ભવ્ય રંગભૂમિમા પ્રવેશ કરી શકાતો નથી. એનાં એ જ સાધનો છતાં કલ્પનાની આંખ જ્યા સુધી ઊંચે જોઇ શકતી નથી ત્યાં સુધી વાણીનું સ્વરૂપ સાહિત્યના સ્વરૂપમાં બદલાતું નથી. “એ તો તત્ત્વે તત્ત્વ ઘસાય ત્યારે લોહનું પારસ થાય.” એ પ્રમાણે વાણીના તત્ત્વને કલ્પનાનું તત્ત્વ સ્પર્શ કરે ત્યારે જ વાણીમાથી સાહિત્ય ઉત્પન્ન થાય છે.

આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે જે કાઇ બોલાય કે લખાય તે સાહિત્યની કોટિમાં આવી શકે નહીં. માનવજાતિને કુદરતમાથી જે જે સત્યનાં કે સૌંદર્યનાં દર્શન થતાં ગયા, તે તે સર્વને તે પોતાની કલ્પનાના રસમા બોળીને ઘાટ આપતી ગઇ, અને એ ખાસ ઘાટને વાણીમા ઉતારતી ગઇ. એ વાણીમા તેથી જે ચેતન આવ્યુ તેમાથી જ તેનો ચમત્કાર ઊભો થયો, એટલે એવી જીવંત વાણીનો પ્રાદુર્ભાવ થયો. એનું જ નામ તે સાહિત્ય કે વાઙ્મય.

સાહિત્યનું મુખ્ય તત્ત્વ–કલ્પના

સાહિત્યનું બીજ માનવજાતિની કલ્પનામા જ એવી રીતે જોયા પછી આપણે એ બીજનો વિકાસ કેમ થાય છે તે જોઇએ, તો સાહિત્ય શાને કહેવું તેની કસોટી આપણે કોઇક અંશે પામી શકીએ, અને એ સાહિત્યની વ્યાખ્યા સાહિત્યના નજીકમાં નજીક સ્વરૂપને ઓળખાવી શકે તેવી બાધી શકીએ. માનવજાતિના આજ સુધીના વિકાસક્રમમા અનુભવ અને કલ્પનાશક્તિ એ બે સાધનોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. માનવજીવનમાં જેમ જેમ ખરા ખોટાનો અનુભવ થતો ગયો તેમ તેમ માનવજાતિ સત્ અને અસત્‌ને કલ્પનાના ત્રાજવામા તોલતી ગઇ, અને એ અનુભવના પ્રમાણમા સત્ અને અસત્‌નાં તત્ત્વોની કહિંક પુરી તો કહિંક અધુરી પિછાન કરતી ગઇ. એણે અનુભવથી જેમ સત્યનાં તત્ત્વની પિછાન કીધી તેમ કલ્પનાથી એ સત્યનું સૌંદર્ય પણ જોયું, અને કુદરતમા ઠેરઠેર ડોકીઆં કરતા સૌંદર્યનું સત્ય પણ નિહાળ્યું. માનવજાતિએ આજ સુધીમાં વાણીના ચમત્કારયુક્ત જીવંત સ્વરૂપમા જે સાહિત્ય સંઘરી

રાખ્યું છે તે કાંતો સત્યના કે કાંતો સૌંદર્યના કોઇ પણ તત્ત્વને જ લગતું છે. દુનિયામાં આજ સુધી લખાયલાં ને સંઘરાયલાં તમામ શાસ્ત્રો એ બે વર્ગમાં જ સમાવી શકાશે. પણ સત્યના કે સૌંદર્યના તત્ત્વનું ગમે તેવું લેખન કે કથન એ સાહિત્યમાં ગણી શકાય નહીં. એમ કરવા જઇએ તો "આઠે દોઢે બાર" એ પણ સત્યનું તત્ત્વ છે, છતાં એ તત્ત્વ માત્ર કહી કે લખી નાખ્યાથી તેનું સાહિત્ય ઉત્પન્ન થતું નથી. ગણિતશાસ્ત્રના આંકડાઓની અમુક સ્થિતિ તે સાહિત્યદર્શનમાં નથી, પણ એ આંકડાઓમાં રહેલા ચમત્કારનું કોઇ કલ્પનાપૂર્વક દર્શન કરાવે તેવો લેખ લખાય કે તેવું કથન કરાય તો તે સાહિત્ય તરિકે ગણી શકાય. એ જ પ્રમાણે સૌંદર્યનું કોઇ તત્ત્વ સાહિત્યમય બનાવવા માટે તેનાં દર્શન કરાવવા કલ્પનાની જ સહાય પાછી લેવી પડે છે. ગિરનાર પર્વતનું સૌંદર્ય તેની લંબાઈ પહોળાઇના માપ કાઢી બતાવવામા કે તે કેટલા મણ માટી પથરાનો બનેલો છે તે દર્શાવવામાં નથી, પણ કોઇ પ્રચંડ જોદ્ધો આકાશે પોતાનું શિર અડાડીને ઉભો હોય અને તેના જોનારનાં મનમાં વીરતા, વિશાલતા, ભવ્યતા, અડગતા, પ્રતાપ, આદિ અનેક ગુણોનો આવિર્ભાવ ઉત્પન્ન કરે એવી મૂર્તિ કલ્પનાના ચમત્કારથી વાણીમાં ઉભી કરાય, ત્યારે જ તે વાણી પાછી સાહિત્ય નામને યોગ્ય થાય. આ પરથી આપણે જોઇએ છીએ કે એ સત્ય અગર એ સૌંદર્યના તત્ત્વને કલ્પનાનો સ્પર્શ થાય, ત્યારે જ તેને લગતો લેખ કે તેને લગતું કથન સાહિત્ય તરીકે ગણાવાની યોગ્યતા ધારણ કરી શકે.

સાહિત્યમાં ઔચિત્યનું પ્રાધાન્ય

પણ હજી એવા લેખ કે કથનને સાહિત્યનું સંપૂર્ણ નામ આપતા કાંઇક ઘટ પડતી હોય તેવું લાગે છે. સાહિત્યનું સંપૂર્ણ નામ કોઇ પણ લેખ કે કથનને તેમાં ઉપલા ત્રણ તત્ત્વો સમાયા છતા પણ આપવા અગાઉ ફરી વિચાર કરવો પડશે. શું એવો લેખ કે એવું કથન ગમે તેવી વાણીમા ઉતાર્યાથી તે સાહિત્યનું સંપૂર્ણ અને ઉચ્ચ નામ પ્રાપ્ત કરી શકશે? આ પ્રશ્ન આપણને સાહિત્યના જીવન માટે વિભાગોની યાદ આપે છે, અને કોઇ પણ જીવન્ત વસ્તુ માટે આત્મા અને શરીર એમ બન્નેની વ્યવસ્થા કરવી પડે છે. આત્મા વગર શરીરમાં ચેતનશક્તિ નથી, અને શરીરની સમરૂપતા અને શરીરના આરોગ્ય વગર આત્માની સંપૂર્ણ જ્યોતિ એ શરીર મારફતે ઉતરી શકતી નથી. સાહિત્યનું શરીર તે એની વાણીનો શબ્દસમૂહ છે, અને એ શબ્દસમૂહની શુદ્ધિ, તેનો યોગ્ય વપરાશ, તેની રચનાનો સંવાદ, અને એ સર્વને એકાકાર કરી તેમાંથી બહાર પડતી અર્થની સ્પષ્ટતા, એ સર્વ શરીરતત્ત્વોની સસાર યોજના અને ક્રિયા, એ બધું મળીને સાહિત્યનું સુંદર શરીર બંધાય છે. એ બધી ક્રિયા માટે એક જ મહાગુણની આવશ્યકતા છે, અને એ મહાગુણ તે ઔચિત્યનો અથવા વિવેકયુક્ત યથાર્થતાનો છે, માટે જ સાહિત્યને યોગ્ય ગણાતા લેખ કે કથનમા ભાષાશુદ્ધિ, શબ્દશુદ્ધિ અને અર્થશુદ્ધિ મુખ્યપણે આવશ્યક છે. હવે જ આપણે સમજી શકશું કે સાહિત્યના વિષયમાં આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારે કેવી ગંભીર જવાબદારી આપણે શિરે આપણે વહોરી લઇએ છીએ. એ જવાબદારી જો આપણે નહીં સમજીએ, તો સાહિત્યના ક્ષેત્રમાં આપણે માત્ર કાંટા જ વાવીએ, અને એ ક્ષેત્રમાં નકામાં ઝાખરા ઉગાડી એ ભૂમિને અપવિત્ર જ કરીએ.

સાહિત્ય ખરૂં કોને કહેવું તે માટેની કસોટી તૈયાર કરવા ઉપર વિસ્તારથી આપણે વિચાર કરી ગયા પછી હવે તેની વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કરીએ.

સાહિત્યની વ્યાખ્યા.

સત્યના કે સૌંદર્યના તત્ત્વનું કલ્પનાયુક્ત ઉચિત લેખન કે કથન તે સાહિત્ય. એવી વ્યાખ્યા કરીએ તો આપણે સાહિત્યના ખરા સ્વરૂપની નજીકમા નજીક આવ્યા છીએ એવું કાઇક મને લાગે છે. એ વ્યાખ્યા હું તમો સર્વ સાહિત્યવિલાસી સજ્જનોને ભેટ ધરૂં છું, અને એને તમારી પોતાની કસોટીએ ચઢાવી જોવાની વિનંતિ કરૂં છું.

સાહિત્યનો માનવજીવન સાથે સંબંધ.

માનવવાણીનું એવું જે ઉત્કૃષ્ટ સ્વરૂપ એ સાહિત્ય, તેનો માનવજીવન સાથેનો સંબંધ એ વાણી જેટલો જ જૂનો છે. એ સાહિત્યમા જ માનવજાતિની મોઘી પ્રસાદી વંશપરંપરા અને જાતિપરંપરા આજ સુધી ઉતરતી આવી છે. 'સાહિત્ય એ આત્મસંસ્કૃતિનું ફળદર્શન છે,' માટે જ તેના મોઘા આત્માને સ્થાયી અને સંસ્કારી શરીરમા માનવજાતિએ પોતાના જીવથીયે વહાલો ગણી સાચવી રાખ્યો છે. સાહિત્ય એટલે માનવહૃદયના મોઘા સંસ્કાર, સાહિત્ય એટલે સત્ય અને સૌંદર્યની શોધ, સાહિત્ય એટલે આત્માના ઉંડા સ્વપ્ના, સાહિત્ય એટલે કલ્પનાની વીજળીના ચમકારા, સાહિત્ય એટલે માનવજાતિના સુખદુઃખનો ઇતિહાસ, સાહિત્ય એટલે વાણીના સરોવર પર પડતો મનોનયનનો ઝળહળતો ચંદ્રિકાપાટ, સાહિત્ય એટલે જગતની સંસ્કૃતિનું સંગ્રહસ્થાન, સાહિત્ય એટલે મનુષ્યમાત્રને બંધુભાવથી સાંકળતું સ્નેહભવન;–અરે સાહિત્ય એ તો મનુષ્યની પ્રભુતાનું મંદિર છે. એના શબ્દે શબ્દે એ પ્રભુતાના પગલા પડેલા છે, અને એ પ્રભુતાના પગલા જોતા જોતા, અને તેમા આપણા પગલા પાછા પાડતા પાડતાં, આપણે ખુદ પ્રભુધામે જવાના માર્ગ પર પડીએ છીએ. એ પુણ્યપગલામા રહેલી પ્રભુતા જ્યારે આપણે સ્પષ્ટ રીતે જોઇ શકશું, ત્યારે તેમાં આપણા આત્માની પ્રભુતા પણ ભેળાતી જશે, અને આપણી પાછળ આવતી જનતાને માટે, અમેરીકન કવિ લોંગફેલો કહી ગયો છે તેમ, આપણે પણ આ જીવનને છોડી જતી વેળા કાળના રણ પર એવાં પગલાં આપણી પૂઠે મૂકતા જઇશું. અસ્તુ.

સાહિત્યથી માનવજીવનની યથાર્થતા અને ઉપયોગિતા.

માનવજીવન સાથે સાહિત્ય આવું ગાઢું જોડાયલું છે, છતા એ સાહિત્ય તરફ આપણાં ઘણા બહેનો અને ભાઇઓ હજી કેટલા બેદરકાર છે? એવાં કેટલાંઓએ આપણને કેટલીયે વાર પ્રશ્ન પૂછ્યા છે કે, ભાઇ, આ શી માથાદુખણ? આ સાહિત્યથી તમારો શો 'શુક્કરવાર' થવાનો છે? એની સેવા કરતાં તમારા બાળકોને રોટલીના કેટલા ટુકડા મળી શકશે? એ 'ધરમના ધક્કા' થી અને ઘર વેચીને તીરથ કરવાથી શો લાભ મળશે? એવા એવા વચનો કાઢનાર મનુષ્ય માનવજાતિના જે વંશવેલા પર બેઠો છે તેની પર જ અજ્ઞાનમાં કુહાડી મારે છે. સાહિત્ય ના હોત તો માનવજીવન અને પશુજીવનમાં શો ફેર હોય તેનો બોલનારે વિચાર સરખોયે કદી કીધો હશે? સાહિત્યે ગુંજતાં ગુંજતાં અનાજ ઉગાડયું છે, સાહિત્યે વસ્ત્ર બનાવ્યા છે, સાહિત્યે સોમરસ ગાયો છે. સાહિત્યે સ્નેહનાં રંગભવનોમાં ચિત્ર આલેખ્યાં છે, સાહિત્યે ઉદરનિર્વાહના સાધનો આપ્યાં છે.

સાહિત્યે ઉદ્યોગ, વેપાર, કળા વગેરે તનમનની ઉન્નતિના માર્ગ બાંધ્યા છે, સાહિત્યે સમાજ સ્થાપ્યા છે, સાહિત્યે રાજ્યો અને મહારાજ્યોની વ્યવસ્થા કરી છે, સાહિત્યે પીરામિડો બંધાવ્યા છે, સાહિત્યે તાજમહેલની મૂર્ત સુંદરતા સચેત રાખી છે, સાહિત્યે મંદિરોમાં સ્વર્ગ ઉતાર્યાં છે, સાહિત્યે આંખમાં સુધા ઉભરાવી છે, સાહિત્યે પ્રાણના ઓજસ્ હલવાવ્યાં છે, સાહિત્યે દિવ્યતામાં માનવતાને ચઢાવી છે, સાહિત્યે માનવતામાં દિવ્યતાને ઉતારી છે, સાહિત્યનાં અમૃત દેવોના અમૃતથીયે મીઠાં છે. સાહિત્ય ના હોત તો કહાનાની બંસરીના સૂર કયા ઝીલી રખાત? સાહિત્ય ના હોત તો ઋષિમુનિઓના આદેશ આપણા કર્ણમાં કેવી રીતે ફૂંકાત? સાહિત્ય ના હોત તો પેગંબરોના પેગામ કોણ પૂગાડત? દેવો ઊડી જાત, નંદનવનમાં રેતીના રણ ઉડત, દિવસ ધગધગતો જ રહેત, રાત્રિના અંધારમાં તારાની ભાત નહીં જ પડત, ઉપર આકાશ, નીચે ધરતી, તેમાં માનવી પશુ જેવો માત્ર નીચે મુખ રાખી પોતાનું ઉદર ભર્યાં જ કરત, અને એક રોજ કાળાવાયુના વંટોળીઆમાં ઝલાઇને તૂટી પડી ખાકમાં ખાક મેળવી દેત '

સાહિત્ય સાથે પ્રજા-જીવનનો ગાઢ સંબંધ.

સાહિત્યની આવી મહત્તા છે, તેનો આવો પ્રભાવ છે, તેનું આવું અમરત્વ છે. ક્ષણે ક્ષણે બદલાતી પ્રકૃતિનું અને પળે પળે મૃત્યુના મુખમાં હોમાતી માનવસૃષ્ટિનું એ નવજનક અમૃત છે. સાહિત્યની આવી મહત્તા જે જાણી શકે તે જ માનવજીવનની મહત્તા પિછાની શકે અને માનવજીવનમાં મહત્તા લાવી પણ શકે. જૂદી જૂદી પ્રજાઓની ઉન્નતિ કે અધોગતિ તે તે પ્રજાઓનાં સાહિત્યની ઉન્નતિ કે અધોગતિ સાથે પરસ્પર સંકળાયલી રહે છે, સાહિત્યની ઉન્નતિમાં પ્રજાજીવનનો ઉત્કર્ષ છે, અને પ્રજાજીવનના ઉત્કર્ષમાં સાહિત્યની ઉન્નતિ છે. પ્રજાપ્રજાઓના સમર્થ સાહિત્યગ્રંથો લો તો તે તે ગ્રંથો ગ્રથિત થયા તે કાળમાં તે તે પ્રજાઓ સંસ્કૃતિની પરમ સ્થિતિમાં હતી એવું તુરત પ્રત્યક્ષ થશે. સાહિત્યની ઉન્નતિ એટલે પ્રજાના મનોબળનાં પ્રખર દર્શન, પ્રજાની પુણ્યભાવનાઓનું દેવમંદિર, પ્રજાની આત્મશક્તિના વિપુલ ધબકારા. કોઇ પણ પ્રજા સૂતેલી છે કે જાગતી છે, તે તેના સમકાળિક સાહિત્યની દશાવડે થોડે વત્તે અંશે જરૂર સ્પષ્ટ કરશે. પૃથ્વીના રાજ્ય કરતા આત્માના મનોરાજ્ય વધારે વિશાળ અને વધારે બળવંતાં છે. પ્રજાની અધોગતિ એટલે એ મનોરાજ્યની અધોગતિ. " નંદનવનના પ્રસાદોની ટોચ " પરથી સરી પડતો એ મનોરાજ્યનો વિજયધ્વજ જ્યારે પૃથ્વીની ધૂળમાં રગદોળાતો થાય છે, ત્યારે તેની સાથે એ વિજયધ્વજને ધારતી પ્રજા પણ ધૂળમાં હવાતિયા મારે છે. જ્યા સુધી એ વિજયધ્વજને પોતાના હૃદય નીચોવીને તેના રંગથી એ પાછો ન રંગે, અને તેને પાછો સમર્થ હાથે ઝાલી વીરતાથી તે જ નંદનવનના અમરદ્રુમની ટોચે ચઢાવી ફરફરતો ન કરે, ત્યા સુધી એ પ્રજાનું પ્રજા તરીકેનું જીવન અસ્તવ્યસ્ત જ રહેવાનું. એને પરાઇ હાંલ્લી ધોવી પડશે, પારકા ચૂલા ફૂંકવા પડશે, ફેંકી દીધેલા વસ્ત્રો દિલે ચઢાવવાં પડશે, અરધા કરડીને નાખેલા ટૂકડા ખાવા પડશે, પરાયાં બાળકોના હાલરડાં ગાવા પડશે, એના તનમનને ગુલામીનું સ્નાન લેવું પડશે, અને પવિત્ર ગંગોદકની અમૃતધારા નજર સામે વહેતી જતી છતા એના આત્માને જ્વાલામુખી પર્વતના જેવો ધગધગતો રહી આજુબાજુ

અધોગતિની જ અસિધારા ઉઠાવવી પડશે. પ્રજાનુ જીવન એ પ્રજાના સાહિત્યભુવનનુ નિવાસી છે. એ ભુવનની મરામત ચાલુ ના રાખે, એને વળગેલા અને વળગતા જાળા હમેશા સાફ ના કરે, એની બારીઓ અને અટારીઓમાંથી રોજ રોજ નવપ્રકાશિત સૂર્યના પ્રાણપ્રેરક અને પ્રાણપૂરક કિરણો એના તમામ ઓરડાઓમા પ્રફુલ્લપણે પ્રવેશવા ના દે, એની ભીંતો અને છતો પરના સોનાજડયાં અને રત્નમઢયા કળાલેખનના ઝબકારા નવા નવા દષ્ટિકોણથી ના જોય, એના જૂના રાચરચીલાંની 'પ્રાણસમા સ્વજનના' જેવી વહાલથી સંભાળ રાખી યુગયુગના અને જમાના જમાનાના નવા નવા સાજનો તેમાં ખુમીદાર ઉમેરો ના કરે, એ મહાનુભવમા પ્રજાની ઉન્નતિ ઇચ્છનારા એ પ્રજાના રક્ષક પહેરેગીરો અને નેતાઓ પિતૃતર્પણની જેમ સાહિત્યતર્પણમા પોતાના આત્મા ના સમર્પે, અને એ પુણ્યભવનને 'ઘર જેવું મીઠું' ગણી પ્રજા એને માટે ઘરઘેલી ના બને, તો એ પ્રજાજીવનને વિશાળ આકાશની હેઠે કાળના સખત તડકામા તપીને વિલાવું પડશે, અને વાયુના ધમસાણોમા કે વરસાદની રેલરેલામા તણાઇ જઇ કદી પૃથ્વીથી પણ તેને જડમૂળથી ઉખડી જવુ પડશે. એ સાહિત્યભુવનો જેના જેના ભાગી ગયા કે તેનાં ખંડિયેર થયા કે અવશેષમાં માત્ર તેની ઝાંખી સ્મૃતિ જ રહી, તે તે પ્રજાનું પણ પૃથ્વીમાં માત્ર નામ જ અવશેષમા રહ્યુ છે. માટે પ્રજાજીવનની પ્રતિકૃતિ તેના સાહિત્યમા છે, તેમ સાહિત્યની પ્રતિકૃતિ તેને પોષનાર પ્રજાના હૃદયબળમા છે. પ્રજાજીવનમા જેમ જેમ ચેતન આવતું જાય, તેમ તેમ તેનું સાહિત્ય પણ નવચેતનવંતું થતું જાય છે. પ્રજા માત્ર ઉદરનિર્વાહના પશુકાર્યમા જ ગુંથાઇ રહે, પ્રજા માત્ર એશઆરામમા જ મશગુલ રહે, પ્રજા માત્ર સરસ્વતીનું સેવન લક્ષ્મીના રંગભુવ ના દ્વારમા પેસવા પુરતું જ કરે, અને પ્રજા માત્ર પૂર્વજોએ સંચિત કરેલા સાહિત્યભંડારની કીર્તિની વાતો કરવામા જ ગર્વ અને ગૌરવ માને, કે એ સાહિત્યભંડાર પર તાળા મારી તેમા પોતાના પરાક્રમની મુઠ્ઠીભર પ્રસાદી પણ ના ઉમેરી શકે એવી સ્થિતિએ તે પૂગે, ત્યારે એ પ્રજાની અધોગતિ શરૂ થઇ કે થઇ ગઇ છે એમ નક્કી જાણવું. એ પ્રજાને માટે પૂર્ણિમાની આકાશ ભરતી પ્રભાસુધા નથી, કે નથી તેને માટે શુક્લચંદ્રની દિનદિન વધુ વધુ ભરાતી ચાંદરણાની ભરતીઓની મોતી પરતી છાળો. એને માટે તો અમાસના જ અંધારા છે. એક ઠેકાણે મેં કહ્યું છે કે—

> "રસ ન ઝરે, પ્રભુતા ન સ્ફુરે, શુ
> આ તુજ એવી અમાસ?
> ઘુંઘટ ઉઘાડ, ખિલાવ કળા, સખી!
> વેરી દે તુજ હાસ!"

જે પ્રજાના જીવનમા એ સહિત્યના રસ નહી ઝરે, કે એના હૃદયની અને બુદ્ધિની પ્રભુતા નહીં સ્ફુરે, તે પ્રજાના માટે તો આખરે અમાસની જ દશા નિર્માણ થયલી છે. જે પ્રજાએ એ દશા ના લાવવી હોય, કે એ દશા ભણી જે ગબડતી જતી હોય, તે પ્રજાએ તો પોતાના જીવનની કળાને હજાર પ્રયત્ને પણ ચઢતી કરી ખિલાવવી પડશે, અને પોતાના હૃદયની રસિકતા તથા મનની પ્રભુતા વિકસાવવા માટે રાતદિન મથવું પડશે. એ મથન થશે ત્યારે જ પાછા પેલા દિનદિન ચઢતી કળાના ચાંદરણા આકાશભરમાં તેનો પ્રભાવ પાડશે, અને પછી જ પૂર્ણિમાની સોનેરી ગુલાબી પાદડીઓ જેવા તેના હાસ્ય જગતમા અનેરા અમૃત પ્રગટશે.

સાહિત્યનો ઇતિહાસ તે જ પ્રજાનો ઇતિહાસ.

પ્રજાનું સાહિત્ય એટલે એ પ્રજાનો પુરુષાર્થ, એ પ્રજાની વીરતાનો પુરાણ છતા દિનદિન નવા વિજય ઉડાવતો ધ્વજસ્થંભ, એ પ્રજાના સતત સ્ફૂર્તિભર્યા વિજયગીતોમા નવી નવી ચેતના પૂરતો અને ફૂંકતો શંખનાદ. કોઇ પણ પ્રજાનો પુરુષાર્થ નષ્ટ કરવો હોય, તો તેના સાહિત્યનો નાશ આવશ્યક છે, એ ક્રૂર મર્મ માનવજાતિને જૂના કાળથી જાણીતો છે. પૂર્વકાળમાં યુનાની સિકંદરે જ્યારે તે વેળાનું મહાબળી ઇરાન જીત્યુ ત્યારે તેની મુખ્ય પુસ્તકશાળાને બાળી નાખી હતી. આ પુરાણા સાહિત્યનો નાશ તે પછીની ઇરાનની વેદકાળ–જૂની પ્રજાની ઉત્તરોત્તર અધોગતિ પામેલી દશાનું મુખ્ય કારણ થઇ પડ્યો હતો. ઉત્તરકાળમાં ઇંગ્લંડે આયર્લેંડ જીત્યુ, અને ત્યા પણ આયર્લેંડના સાહિત્ય પર પડદો ઢાળવા તેના પ્રજાસાહિત્યને ખૂણે નાખીને નિશાળોથી માંડી તમામ લોકવહેવાર અને રાજ્યવહેવારમાં અંગ્રેજી ભાષાની જ સ્થાપના કીધી, અને તેનો જ પ્રસાર સારા દેશમા કરાવ્યો. બહુ લાંબા કાળ સૂધી આયર્લંડની પ્રજાનો આત્મા એમા કચરાયા કીધો, અને આખરે આજથી ત્રીશેક વર્ષ ઉપર ત્યાના વિચારકો, કવિઓ અને રસવેત્તાઓએ પાછો પોતાની પુરાણી ભાષાનો અને તેના ખૂણે ખોચરે છુપાવી રાખેલા સાહિત્યનો ઉદ્ધાર કરવાનો ખંતથી પ્રયાસ કર્યો, તથા એ પ્રયાસ કરતા પ્રજાની નાડીઓમા પાછું કેવું નવચેતન અને નવજીવન આવ્યું, અને પોતાની વહાલી સ્વતંત્રતા કેટલા મહાભોગ આપીને પણ પાછી મેળવી, એ તો આપણી નજર આગળ બનેલો આજનો ઇતિહાસ છે. આપણા આ પુરાણ ભારતદેશને આ છેલ્લા દોઢસો વર્ષનો પણ એવો જ કાંઇ ઇતિહાસ આપણે જોઇએ છીએ આપણી કથાઓ અને આખ્યાનોના ગામે ગામે અને શેરીએ શેરીએ થતા મેળાવડાઓ આછા આછા અને નહીં જેવા થતા ગયા, આપણા ધર્મગ્રન્થોને પણ પાશ્ચાત્ય ફિલસૂફીની કસોટીએ ચઢવું પડ્યું, આપણા ઇતિહાસને પણ પરબુદ્ધિએ જાણી જોઇને આપેલી વિરૂપતા આપણે ખરી માની તેવો જ વિરૂપ માનતા થયા, આપણા અખાડાઓ, આપણા તાલીમખાનાઓ, આપણી યુદ્ધવિદ્યા, આપણા સ્વયંવરો, આદિ આપણી મર્દાનગીના સાહિત્ય ગુમ થયા, આપણા ગરબાઓની હૈયા હલાવતી હીંચ તથા આપણા રાસડાઓની તાલભર છલંગો ભુલાતી અને નિર્માલ્ય થતી ગઇ, આપણું કંઠસ્થ સાહિત્ય, આપણી અનુભવરસિક લોકકથા, આપણા ગૃહભાવકૂંળા લોકગીત, આપણી લલિત કળાઓ, વગેરે સર્વ ધીરે ધીરે અદૃશ્ય થતું ચાલ્યું, આપણે સ્વજનમય મટી પરજનમય બન્યા,—એ સર્વ આપણી ભાષાને અને આપણા સાહિત્યને ખૂણે બેસાડી પરભાષા અને પરસાહિત્યને ઝોલે ચઢાવવાનાં પરિણામો છે. આપણા લોહીમા આપણી પોતાની સંસ્કૃતિના રાતા કણો બહુ કમી થઇ ગયા છે; અને તે સાટે આપણી રગોમા પરભાષાના સાહિત્યની મોહનીભર પીચકારી મારી આપણે આપણા પોતાના આત્મા અને હૃદયની શક્તિ તથા પ્રભુતા ભૂલી બેઠા છીએ આપણી પ્રજા તરીકેની અધોગતિ આપણા સાહિત્યની અધોગતિનું જ પરિણામ છે. આ સત્ય ભલે અપ્રિય હોય, ભલે કડવું હોય, પણ એ સત્ય આપણે તેના સ્પષ્ટ રૂપમા જોવું જ પડશે સત્યનું શુદ્ધ સ્વરૂપ જોવા જ જો આપણે અશક્ત હોઇએ, તો સત્યને શુદ્ધ રીતે આપણે કેમ દર્શાવી કે દેખાડી શકશુ ? સત્ય જેવી ભવ્યતા કોઇ નથી, સત્ય જેવી પ્રબળતા કોઇ નથી, સત્ય જેવી નવીનતાએ કોઇ નથી. એ સત્યને પ્રત્યક્ષ કરશું ત્યાથી જ આપણી આ અમાસ પાછી ગઇ કાલની ગણાશે,

અને આપણી પ્રજા તરીકેની ચઢતી કળા તે જ પળથી વધવા માંડશે. આપણી ગંગા અને યમુના, આપણી સિંધુ અને સાબરમતી, આપણી તાપી અને નર્મદા એ સર્વ પવિત્ર નદીઓની રેલ હાલ ખારા સમુદ્રમાં ઢોળાઈ અકારત જાય છે, તેના સભર પ્રવાહોને પાછા આપણા સરોવરમા વાળો, તેના પુણ્યોદકમા આપણા આત્મા અને હૃદયને અંઘોળ કરાવો, અને તેની વહી જતી શક્તિઓને આપણા જીવનમા જ એક વાર પાછી સમાવો ! આપણા વિદ્વાનો અને પંડિતો જ્ઞાનના પોટલા નહીં પણ પ્રજ્ઞાના પ્રભાકર થાય, આપણા કવિઓ ઘરના ભારવટીઆ પર માળો બાંધી ચીંચીં કરતી ચકલીઓ નહીં પણ આકાશ વીંધતા ગરૂડ બને, આપણા ગવૈયાઓ અને સંગીતશાસ્ત્રીઓ ગ્રામોફોનની ચૂડીઓ નહીં પણ નંદન-વનની પ્રાણભર મોરલી બને, આપણા ધર્મશાસ્ત્રીઓ મંદિરોની પૂજા પાતરી નહીં પણ મંદિરોના દેવોની આકાશવાણી થાય, આપણા કળાધરો ભીંતના રંગો કે પત્થરની હથોડી નહીં પણ સૌંદર્યના સરોવરમા નીરક્ષીરને જુદા પાડતા રાજહંસ બને કે તાજમહેલના જેવા ભાવનાપૂર્ણ મિનારા થાય, આપણા વેપારીઓ દલાલ અને દુભાસીઆ નહીં પણ નરસિંહ મહેતાની કુંવરબાઈનું મામેરૂં કરતા દામોદરદોશી બને, આપણા વિદ્યાર્થીઓ વિદ્યા-પીઠના બાકડા નહીં પણ સરસ્વતીના રસભુવનના ડોલતા મોરલાઓ થાય, આપણી મહિ-લાઓ ઘરના વાસણો કે રમવાની પુતળીઓ નહી પણ રસની રાણીઓ અને ગૃહમંદિરની ચેતનવંતી દેવીઓ બને,—અરે આપણે પોતે જીવનના ગાડા નહીં પણ પુરુષાર્થના ગાંડિવટંકાર કરતું આપણા સાહિત્યનું પ્રબળ રણશિંગડું બનીએ, તો જ આ સાહિત્યમા પાછું નવજીવન ફેંકી શકાશે, અને એના નવજીવન સાથે આપણી શુક્લ કળાનો ચંદ્રકુંભ દિનપરદિન અમૃતથી વધુ વધુ ભરાતો જતા આપણું પ્રજા તરીકેનું જીવન પણ પાછું પ્રફુલ્લ બનશે, અને ત્યારે જ—અરે ત્યારે જ આપણે આગણે પાછા મોતીના ચોક પુરાશે, આપણે કપાળે લક્ષ્મીજી રોજ પોતાને હાથે ચાલ્લો કરશે, અને વીણાધારી સરસ્વતીના ગાન આપણા જીવનમા સતત પ્રભુતા અને ઉલ્લાસ ભરશે એ પ્રભુતા અને ઉલ્લાસ આપણા આ દેશમા જલદી લાવવા મહાકૃપાળુ કિરતાર શક્તિ અને પ્રેરણા આપો ! આમીન !

પ્રજાના સાહિત્ય-શરીરનું આરોગ્ય.

પ્રજાજીવનમાં આરોગ્ય, શુદ્ધિ અને વૃદ્ધિ માટે એ પ્રજાના સાહિત્યના આરોગ્ય, શુદ્ધિ અને વૃદ્ધિની એવી રીતે આવશ્યકતા રહે છે, અને એ સાહિત્ય શરીરને નિરોગી, વીર્યવાન તથા તેજસ્વી રાખવા માટે ચાલુ પ્રયત્નો કરવા પડે છે. પ્રજાના નેતાઓએ એ શરીરની શક્તિને ટકાવવા તથા વધારવા માટે એની નાડી ઉપર વખતો વખત હાથ મૂકી તેની ગતિની ચિકિત્સા કરવી જોઇએ, અને કાળધર્મને અનુસરીને તેની જીવનશક્તિમા અવનવું તેજ પૂરવા નવા નવાં રસાયનો ખોળવા જોઇએ. એના હૈયાના ધબકારામાં એના પૂર્વજોએ એના જન્મની સાથે જ આપેલી એની ધર્મભાવનાની જેટલી જરૂર છે, તેટલી જ એના શ્વાસોચ્છ્વા-સને માટે સારી દુનિયામાં વ્યાપી રહેલી પ્રભુના શ્વાસરૂપ ચોખ્ખી હવાની પણ અગત્ય છે એને પુષ્ટ કરવા અનેકવિધ જ્ઞાનના વિવેકશીલ ખોરાકની જરૂર છે, તેટલી જ એના પ્રભા-વમા નવચેતન લાવવા રસ અને કલ્પનાના સંભાર ભરતા પહેલવાન પાકની પણ અગત્ય છે. એની આંખમા અખંડ સૌંદર્યભાવના જગાડવી પડશે, એના મુખમાંથી રાત્રિના આકા-શમા લટકતી લાખો રૂપેરી ઘંટડીઓના સ્વરો જેવું દિલજીત હસવું રેલાવવું પડશે, એના

શબ્દોમાં હિમાલયને પીગળાવે એવા ઊંડા કરુણભાવ ભરવા પડશે, એના સ્વપ્નામાં ઇંદ્રધનુષ્યની અલૌકિક અદ્‌ભુતતા ઉપાડવી પડશે, એના અંતઃકરણમાં બધા બોધને સમેટી લેતી બુદ્ધની શાંતિ વસાવવી પડશે, કે એના હૈયામા બ્રહ્માંડભરને જીતી આવવાનાં ઉત્સાહ અને વીરત્વ ઉછળાવવા પડશે. પ્રજાના સાહિત્યશરીરને આવું શુદ્ધ, સુંદર અને બળવાન કરી પ્રજાની બધી ધર્મ્ય પ્રવૃત્તિઓ માટે તેને સદા તૈયાર રાખવું એ કાંઇ નાનું કામ નથી. એવું કામ કાંઇ જોગીબાવાના હાથ ફરતાની સાથે દુઃખ ભસ્મ થઇ જાય તેવું અને તેટલું સુકર અને સહેલું નથી. આ પરિસ્થિતિને સમજનારા જ આ કાર્યની ગંભીરતા પૂરેપૂરી પિછાની શકે છે. એ ગંભીરતાને પિછાનનારા જ પ્રજાના આ મહાશરીરની યોગ્ય સંભાળ રાખી શકે છે. એ સંભાળ રાખનાર ધનવંતરીઓ જ એને કુપથ્ય પદાર્થના સેવનથી મુક્ત રાખી શકે છે. એની સેવાનો તો સૌને જ હક્ક છે. પ્રજાના બ્રાહ્મણો અને ક્ષત્રીઓ, પ્રજાના વૈશ્યો અને શૂદ્રો, સર્વ એ સેવામાં સરખી રીતે ભાગ લઇ શકે છે. સાહિત્યનું તો ખરેખરૂં પ્રજારાજ્ય જ છે. એમાં કોઇ પણ વ્યક્તિની જુલમી સત્તા ઝાઝો વાર ટકી જ શકતી નથી. હૃદયની ભાવના, બુદ્ધિના ચમત્કાર અને અખંડ લગની, એ જ એ સાહિત્યની સેવા કરવા માટેના પરવાના છે.

દુનિયાના મહાત્માઓએ લીધેલાં સાહિત્યનાં તપોવ્રત.

પ્રજાજીવનના આ મહાશરીરની સેવા, ઇતિહાસની નજર ભૂતકાળમાં જ્યાં સુધી પૂગી શકે છે ત્યાં સુધી પગાડતા દરેક પ્રજાના મહાત્માઓએ અખંડ તપે કીધી છે. વેદ અને વેદાંગના ઋષિમુનિઓ, હજારો શ્લોકોનાં પૂરવાળાં રામાયણ અને મહાભારતના વાલ્મિકી અને વ્યાસ, સંસ્કૃત, વાણીના ભવ્યભવનને વ્યવસ્થિત કરનાર ભગવાન પાણિનિ, વિધવિધ શાસ્ત્રોના અધિષ્ઠાતાઓ, શુક્રાચાર્ય અને ભાસ્કરાચાર્ય ચાણક્ય અને વિદુર, ભરત અને નારદ, કાલિદાસ અને ભવભૂતિ, અને એવા અનેક આ પુણ્યખંડ ભારતદેશના સાહિત્યતપસ્વીઓનાં તપની વિભૂતિ આપણી આગળ હજારો વર્ષ થયા છતાં આજે પણ મોજુદ છે. પશ્ચિમખંડ તરફ દૃષ્ટિ કરતા ત્યા પણ હોમર અને વર્જિલ, ઓરયન અને દાન્તે, રૂસો અને વૅાલ્તેર, વિક્ટર હ્યુગો અને ગોઇથે, શેક્સપીઅર અને મિલ્ટન, શેલી અને કીટસ જોનસન અને કોલરિજ, રસ્કિન અને બ્લેક, ડાર્વિન અને હેકલ, મીલ અને કોમ્ત, એમરસન અને થોરો, ન્યૂટન અને લેન્ડોર, કાર્લાઇલ અને ટોલ્સ્ટૉય, આદિ અનેક પ્રખર ભક્તોએ સાહિત્યસેવામા જ જીવન ગાળ્યાં છે. વર્તમાનકાળમા જોતાં ખુદ આ આપણા ગુજરાત દેશમાં પણ નરસિંહ મહેતો, ભાલણ, પ્રેમાનંદ, સામળ, અખો, દયારામ, અને આપણા ગઇ કાલના જ પ્રચંડ સાહિત્યભક્તો દલપતરામ, નર્મદાશંકર, નવલરામ અને ગોવર્ધનરામ જેવા પુણ્ય નામો તો હજી આપણી જીભ ઉપર તાજાં જ છે. ભારતના જગદ્‌વિખ્યાત આધુનિક કવિવર શ્રીયુત રવીંદ્રનાથ ટાગોરની અસ્ખલિત સાહિત્યભક્તિ તો હજીયે ધોધના જેવો ભર્યોભર્યો ભવ્ય સ્વર કાઢતી જ રહે છે. વર્ત્તમાન ભારતના સનાતન સત્યની મૂર્તિ જેવા મહાત્મા ગાંધીએ પણ એ જ સાહિત્યની જેવી તેવી સેવા બજાવી નથી. એમના અપૂર્વ ચેતનબળથી ગુજરાતી સાહિત્યની બહુ વર્ષથી આકાશમા જ વહેતી અમૃતગંગાને એમણે પાછી નીચે ઉતારી ઘેર ઘેર વહેતી કીધી છે. આપણા કેટલાક હૈયાત સાક્ષરો પણ વિધવિધ રીતે પોતાની ઊંડી સાહિત્યભક્તિનાં પુણ્યદર્શન આપણને કરાવી રહ્યા છે. આ સર્વ તપસ્વીઓએ પ્રજાની ઉન્નતિ માટે સાહિત્યની જ સમાધિ ચઢાવેલી છે. એ તપસ્વીઓએ

પ્રજાના હૃદયઘાટ ઉપર કાળના મોજાં અથડાતા અને એ ઘાટના ઘણાક પથ્થરોને ઢીલા પડતા જોતા પોતાની ભક્તિ અને પોતાનાં તપ એવડી પ્રાણશક્તિથી અપૂર્વ રીતે દીપાવ્યા છે. એમના તપમાં સ્વર્ગના રાજ્યની આકાક્ષા ન હતી, એમની ભક્તિમાં ધર્મપીઠ પામવાની આશા ન હતી, કે એમના અખંડ સ્નેહ માટે કશા બદલાની માગણી ન હતી. પ્રભુની પ્રજામાત્રને પ્રભુના પ્રસાદ અખંડ મળતા રહે એ જ તેમનું ધ્યેય હતું. એ જૂના જોગીડાઓ જૂના છતા આજે પણ નવીન જ છે, અને તેમનુ તપ કાળજૂનું છતા હજુયે અખંડ જ ચાલી રહ્યું છે:—

" જૂના છે કાળનાં મોજડા,
ને છે જૂનો અમારો ઘાટ રે:
જોગીડા જૂના જૂના રે

લીધા તપોવન સ્નેહનાં,
તહિં ઉભા અખંડ જોઇ વાટ રે.
જોગીડા જૂના જૂના રે."

આવા અખંડ સ્નેહનાં તપોવન જ્યારે આપણે લઇએ, ત્યારે જ એ તપસ્વીઓના તપ કેવાં ઉગ્ર હતાં તેનો કાંઇક ખ્યાલ આપણને આવી શકે, પ્રભુ એવા તપસ્વીઓને આપણા ગુજરાતી સાહિત્યમાં જમાનાએ જમાનાએ અને યુગે યુગે નવું ચેતન રેડવા જન્મ આપો! અસ્તુ!

ગુજરાતી સાહિત્ય-ની ગતિનો ક્યાસ.

સાહિત્યના સર્વવ્યાપક આકાશનું આ સામાન્ય દિગ્દર્શન કીધા પછી હવે આપણે એ આકાશમાના એક સૂર્યમંડળ જેવું આપણું ગુજરાતી સાહિત્ય છે, તેનું સિંહાવલોકન કરીએ, અને જગતના સાહિત્યાકાશમા આપણા ગુજરાતી સાહિત્યનું સૂર્યમંડળ કેવી ગતિ ધારણ કરી રહ્યુ છે તે જોઇએ. આપણે જેટલુ ખુલ્લી આંખે જોઇ શકીએ તેટલું તેમ જોઇશું, અને દૂર્બીનનું કામ પડતા તેનો પણ યથાવિધ ઉપયોગ કરશુ એ દૂર્બીનનો કાચ જેમ સાફ રાખવો પડશે, તેમ એ દૂર્બીનનું કેંદ્ર પણ બરાબર ગોઠવવું પડશે. આપણા દૃષ્ટિમાર્ગમા જે જે ચાલક શક્તિઓ કે પ્રેરકબળો આવશે તેની નોંધ રાખતા જઇશું, અને એવી રીતે એની પૂર્વ અને વર્તમાન ગતિને માપતા માપતાં એની ભાવિ ગતિનો ક્યાસ કંઇક કલ્પનાસંચારે કાઢીશું.

ભૂતકાળ તરફ નજર નાખતા એ સૂર્યમંડળના ગ્રહો અને ઉપગ્રહો જે જે આપણી દૃષ્ટિમર્યાદામા આવી ગયા છે તે તે સર્વની ગતિ તો આપણી આગળ હવે બહુધા ખગોળવિદ્યાના પ્રથમ પાઠની જેમ પ્રત્યક્ષ થયલી છે. આ સાહિત્ય પરિષદમા જ એના આગલા વિદ્વાન પ્રમુખોએ તેમ જ બીજા સાહિત્યના પૂર્વશોધકોએ આપણી ભાષા કેમ બંધાઇ, તેનું બીજ ક્યાથી આવ્યુ, તેનો વિકાસ કેવો થયો, તેનાં ગ્રહો ઉપગ્રહો વગેરે કેવી રીતે હસ્તીમા આવ્યા, તેઓએ કેવી ગતિએ ભ્રમણ કર્યુ, તેમના માર્ગોનો ચાસો કેમ પડયો, વગેરે ઝીણી વિગતોમા ઉતરીને આપણા ગુજરાતી સાહિત્યના પૂર્વકાળના વિધાયકોનું ઠીક ઠીક દર્શન આપણને કરાવ્યું છે, નરસિંહ મહેતા અને મીરાબાઇની ભક્તિની જ્વાળાઓના હૃદયભડકા;

અખા ભગતના વાદળ ફોડીને ધુમતા અનુભવ ટંકારના ગગડાટો; સામળના લોકબુદ્ધિના અંધારા માર્ગો પર સતત પડતા ચાતુર્ય વિલાસવતી વીજળીના ચમકારા; પ્રેમાનંદના ભાષાભિમાને ડોલતા હૃદયસાગરની ગગન ગજાવતી અને ધરણી ધ્રુજાવતી પ્રચંડ રસભરતીઓ; વલ્લભ, વીરજી, રત્નો, ધીરો, ભોજો, ગિરધર, વગેરે લઘુ ગ્રહોના નાના, મીઠા અને ઉપકારક ઝરણાં; અને દયારામની જીવનના વન–ઉપવનમા મીઠા કલ્લોલ કરતી અને રસિકોના હૈયાને હિંચોળતી કનૈયાચુંબી પ્રાણભર મોરલીના ઊંડા તનમનાટ, એ સર્વના દર્શન આપણા એ વિદ્વાનોની દુર્બીનોએ સારી પેઠે કરાવ્યાં છે. એ દર્શન કરી આપણે કૃતાર્થ થઈએ છીએ એટલું જ નહીં, પણ એ દર્શનથી આપણી આંખના ઘણાંક પડળો ઉઘડી જાય છે, અને આપણી વર્તમાન ગતિ માટે કે ભાવિ માર્ગના સૂચન માટે એ દર્શનથી આપણાં હૃદયને શક્તિમાન્ આશાવંતા થવાની વિભૂતિ જડે છે આપણું પ્રજાતરીકેનું જીવન કેવું હતું, આપણા પૂર્વજોની ધર્મ્ય અભિલાષાઓ, તેમના વિલાસો, તેમની આશાઓ, તેમની હૈયાં-ગુંચો, તેમની રહેણીકહેણી, તેમના જ્ઞાનભંડાર, તેમની ભાવનાઓ, તેમના ધ્યેયો, વગેરે બહુ બહુ માર્ગપર એ દર્શનથી પ્રકાશ પડે છે. આપણા સાહિત્યના સૂર્યમંડળનું બીજ કેવી રીતે વિકાસ પામ્યું, અને તેનો ઉત્ક્રમ કેમ આગળ ચાલ્યો, તે જો આપણે જાણીએ, તો એની પ્રકૃતિનું જ્ઞાન એના હવે પછીના ઉત્ક્રમ માટે ઘણું જરૂરનું થઈ પડશે, એ જ્ઞાન જે ગુજરાતીને મળ્યું નથી કે જે ગુજરાતીએ તે મેળવવાની દરકાર કીધી નથી, તે ખુદ પોતાના સાહિત્યગોત્રને જ જાણતો નથી. એવો ગુજરાતી જો ગુજરાતી સાહિત્યમાં કલમ દોડાવવા ચાહે તો તે તેનો પ્રયત્ન કદી પણ સંપૂર્ણ સફળતા નહીં પામે. જે બાગમા રોપાઓ ઉગાડવવા જઈએ તે, બાગની માટીની કે તેમાં ઉગી શકતાં ઝાડપાનની આપણને પિછાન જ નહીં હોય, તો તે બાગમાં આપણે કેવા રોપાઓ અને તે કેમ રોપી ઉગાડી શકીશું ? એ જ રીતે જો સાહિત્યનું સ્થિતિજ્ઞાન આપણને ન હોય તે સાહિત્યમા આપણા લખાણોથી આપણે કશું ઉપકારક કામ કરી શકશું નહીં. ગુજરાતી સાહિત્યમા લેખક તરીકેની અભિલાષા રાખનાર પ્રત્યેક વ્યક્તિને ગુજરાતી ભાષાના મૂળ અને પ્રાચીન સાહિત્યનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. પ્રજાવર્ગને આજ સુધી પ્રિય થઈ પડેલી એ પ્રાચીન લેખકોની ભાષામા શો ચમત્કાર સમાયલો છે તે જાણ્યા વગર માત્ર આપણા મગજમા ઉત્પન્ન થતા વિચારોને ભાષામા ઉતારતા આપણે એ પ્રજાહૃદયના બારણાં ખોલવાની કુંચી મેળવી શકતા નથી. સાહિત્ય જેમ મનુષ્યની ઊંચી શક્તિઓના દર્શનનું સંગ્રહસ્થાન છે, તેમ સાહિત્ય એ જ મનુષ્યની આશાઅભિલાષાઓની સ્વપ્નભૂમિ છે. એમાં માત્ર ભૂતકાળના જ ભણકા નથી, માત્ર વર્તમાનના જ ચિત્રો નથી, પણ ભવિષ્યના પ્રભાતદૂત જેવા હલકારાયે છે. દરરોજ ઉઘડતા પ્રભાતમા ઉષાએ નવા નવા રંગ પૂરવાના છે, પણ એ ભૂતકાળને અવગણીને કે વર્તમાનને જ જોઈને નહીં. એણે તો ભૂતકાળની તારાજડિત રજનીને ભવ્ય તેજભર દિવસ સાથે જોડવાની છે. એણે તો લાખો દીવીઓની જ્યોતમાથી ભભુકતી મહા સૂર્યજ્યોત જગાડવાની છે. એ દીવીઓ પણ પોતપોતાના સ્થાનમા સૂર્યનું જ કામ કરી રહેલી છે. એ આકાશમા આપણે પણ આપણા સૂર્યને ભભુકાવવાનો છે, અને આપણે પણ આપણો દિવસ પૂરો થતાં એ જ દીવીઓની હારમાં સમાવું છે. આ દર્શન જો આપણને સ્પષ્ટ થાય, તો એ ભૂતકાળની દીવીઓના જીવન–આલેખન અને

તેઓના વિજયવાર્તા જોવા–સાંભળવામાં અને આપણા હૈયામાં ઉતારવામા આપણી સિદ્ધિના પ્રથમ પગથિયા પર આપણે દૃઢતાથી ચઢ્યા છીએ, એવો સંતોષ પામી શકીએ.

પ્રાચીન સાહિત્યનો અભ્યાસ અને લોક હૈયાં ખોલવાની કૂંચી.

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે આપણા પ્રાચીન સાહિત્યનો અભ્યાસ આપણા મગજના ખોરાક માટે કેટલો અગત્યનો છે. એ પ્રાચીન સાહિત્ય મુખ્યપણે કવિતામા જ સમાયલું છે. એ પ્રાચીન સાહિત્યનું જીવન હજી કેવું પ્રવાહી રહ્યું છે તે તો આપણા ગામડાઓમા જ આપણે પ્રત્યક્ષ કરીએ છીએ. હજીયે લોકો નરસિંહ-મીરાના પદો, સામળની વાર્તાઓ તથા એના છપ્પાઓ, પ્રેમાનંદનાં જૂદાં જૂદાં આખ્યાનો, અખાના સોનારટીપણી જેવા કહેવતરૂપ બનેલા શબ્દ–ઘા મારતા છપ્પાઓ, દયારામની મધુરી ગરબીઓ, વગેરે કેવા ભક્તિભાવથી કે આનંદપ્રકાશથી ગાય છે, તે જ પ્રાચીન સાહિત્યના અમરપ્રાણની સાખ પૂરે છે. તમારે લોકોનાં હૈયામા જો ઉતરવું હોય, તો કયી કૂંચીઓથી એ હૈયાના બારણાં ઉઘડી શકે છે તેની પિછાન કરવી જ જોઇએ. ભાલણ, નરસિંહ મહેતા અને વિષ્ણુદાસની કવિતાઓએ જેમ પ્રેમાનંદ જેવા મહાકવિને એ કૂંચીઓ આપી હતી, તેમ દયારામ પણ એ જ કૂંચીઓને જોઇ પોતાની નવી ઝગતી કૂંચીઓ કરાવી હતી, અને એવી જ કૂંચીઓથી નર્મદ–દલપતે પણ લોકહૈયાના તાળા ખોલ્યાં હતાં. આજના જમાનામા પણ એ કૂંચીઓનો ભેદ જાણનારા જે નવા કવિઓ ધીરેધીરે એનો ચમત્કાર સમજતા થયા છે, તે સર્વ લોકહૈયાંને ટુંક સમય પણ ખોલી શકયા છે, બાકી તો એ કૂંચીઓને અવગણનાર કે એનો ભેદ ના જાણનાર બીજા લેખકો માત્ર કાગળપરના કવિઓ જ રહ્યા છે! નથી એ લેખકો એ લોકહૈયાના અચળ સ્થાનમા પ્રવેશ કરી શકયા, કે નથી એ લોકહૈયાએ એમની કશી પરવા રાખી. પક્ષી આકાશમા ભલે ઉડે, અને સૂર્યના તેજ આંખોમા ભરી પવનની પાંખ સાથે પોતાની પાંખ ઘસીને તે ભલે આનંદ માણે, પણ એ પક્ષીનો માળો તો નીચે ઝાડ પરજ કે કોઇ પથ્થરની બખોલમા જ રહેવાનો. એને ત્યા ઉતર્યા વગર છૂટકો નથી. આપણા નવા લેખકોએ અને કવિઓએ એ ભેદ હમેશા ધ્યાનમા રાખવાનો છે. એ ભેદ લોકહૈયાને તરછોડીને પછી પાછી તેની બેપરવાઇની ફરિયાદ કરવી એ અણજુગતું છે. સૂર્ય ભૂમિને મળવા જાય ત્યાં જ એના રંગો ખીલી રહે છે. એ ઊંચો અને અતડો રહે તો એને તપવું જ રહ્યું છે.

સાહિત્યનું વૃક્ષ અને લોકહૈયાંનો સ્પર્શ.

સાહિત્યનું પણ વૃક્ષ કહેવાય છે, એટલે એનો કોઇ પણ વિભાગ જ્યા સુધી એના મૂળમાંનો રસ મેળવી શકે છે ત્યાંસુધી તે એ વૃક્ષની સાથે જોડાયલો અને જીવતો રહે છે. એ વૃક્ષને વખતો વખત નવનવાં પાંદડા અને નવનવો ફાલ આવ્યે જ જાય છે, પણ તે માટે એ વૃક્ષની અનેક રીતે સંભાળ રાખવી પડે છે. એને ડાંખલીઓ આવતી જાય, અને તે પર પાંદડા, ફૂલો અને ફળો પણ ઉગતાં જાય. પણ એ સર્વનું પોષણ એ વૃક્ષના મૂળમાંના રસથી જ થવાનું. જે ડાંખળીને એ રસ પહોચતો બંધ થાય તે સૂકાઇને ખરી જાય છે. આ વૃક્ષની બીજી પણ કુદરતી ખુબી છે. એને પોતાની ડાંખળીઓ ઉગે તેનું પોષણ કરે એ તો સ્વાભાવિક છે, પણ એ વૃક્ષમા કોઈ એવાં જ બીજાં સજાતીય વૃક્ષની ડાંખળીની કલમ કરે અગર ખૂંટી મારે અને સંભાળથી તેની બરદાસ્ત રાખે,

તો એ નવી બહારથી આવેલી ડાંખળી સૂકાતી સૂકાતી પણ એ વૃક્ષના અંતરમાં મળી જાય છે, અને પછી તેનું જ સુદર અંગ બનીને રહે છે. પણ એ માટે પણ એ વૃક્ષનાં મૂળમાથી આવતા રસને જ તે આભારી છે એ મૂળના રસ વગર એ નવી ડાખળીનું જીવન કદી રહેવા પામે નહીં. આ સત્ય સાહિત્યને પણ સંપૂર્ણ રીતે લાગુ પડે છે. માટે જ મારા તમામ નવીન લેખકબંધુઓને મારી નમ્ર સૂચના છે, કે તમે બધી નવીનતાઓ આપણા સાહિત્યમાં ભલે લાવો, બલ્કે હમેશાં લાવો, અને તમારી નવી વિદ્યામાથી પ્રેરાતી અનન્ય પ્રતિભાના ચમકાર ભલે ચમકાવો; પણ એ તમારા હૃદયસ્વપ્નમા જોયલી સુંદરતાઓને એ સાહિત્યમા કાયમનું સ્થાન આપવા ઇચ્છતા હો, અને એ તમારા પ્રયત્નોને લોકહૈયામાં સદાના સમાવવા માગતા હો, તો એ વૃક્ષની ડાખળીઓ સાથે માત્ર બહારથી દોરી વીંટી લીધાથી તમારી ડાંખળીઓ સજીવન રહેવા પામશે નહીં, પણ એ નવી ડાખળીઓની એ સાહિત્યના વૃક્ષમા ખૂંટીઓ મારવી પડશે, અને એઓને એ સાહિત્યવૃક્ષના મૂળમાના રસથી જ પોષણ આપવું પડશે. વૃક્ષ જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ ભલે તે ફેલાતું જાય, અને તેને નવા નવા પાંદડા અને ફૂલો પણ આવતાં જાય, પણ એ સર્વમાં એ જ મૂળનો રસ પહોંચે છે અને તેથીજ તે સમૃદ્ધિવાન્ છે. નરસિંહ–મીરાના ભજનના કે શૃંગારનાં પદો જુઓ, પ્રેમાનંદના આખ્યાનોના અનેક રાગમા અને ઢાળમાં લખાયલાં ગીતો કે કડવાં સુણો, કે દયારામની રસવિલોલ ગરબીઓ સાભળો, આપણા ગદ્ય કાલના જ દલપતરામની ગરબીઓની પણ મીઠાશ આરોગો; એ સર્વ મહા કવિઓ આ ઊંડું સત્ય જાણતા જ હતા, અને તેથી એ સર્વની ભાષામાં આપણે એકસરખો અકથ ચમત્કાર જોઇએ છીએ. ભાષા ભલે આગળ અને આગળ વધતી જાય, તેમા અનેક સુંદર અંગોનો વિકાસ થાય, પણ એનો પ્રવાહ તોડી શકાય નહીં. એક જ દાખલો બસ થશે. નર્મદ–દલપત સુંધી આપણી એ બાલભાષાનો પ્રવાહ સારી પેઠે વહ્યો, અને ભાષામા ઉગતા નવીન વિચારોનો નિભાવ પણ એ કવિતાઓએ એ બાલભાષાના મૂળ રસથી જ કીધો. ત્યાર પછી ગોવર્ધનરામની "સ્નેહ-મુદ્રા" બહાર પડી. એ ઉંચી કલ્પના ભર્યા કાવ્યગ્રંથમા ગોવર્ધનરામથી મોટે ભાગે એ બાલભાષાનો મૂળ રસ ઝીલાયો નથી, અને તેથી એમાંના કાવ્યો ગુજરાતી સાહિત્યનાં પોતાના ફૂલો જેવા મોટે ભાગે ઉગ્યા જ નથી. એ કાવ્યોએ લોકહૈયાને સ્પર્શ સરખો કીધો નથી, અને એ લખાયાને લગભગ ચાલીસ વર્ષ થયા તો પણ હજી તે અતડાં જ રહ્યા છે. એ જ પુસ્તકમાનાં ત્રણ ચાર કાવ્યો, જેવા કે કોયલ, નદી, ઉષા, ચક્રવાકી, અને સંસ્કારી પુત્રીનાં વૃદ્ધ પિતાને કહેલાં હૃદયવેધક વચનોવાળું કાવ્ય, કે જે ગુજરાતની કોઇ પણ વ્યક્તિને ડોલાવે તેવાં છે, તે એ જ બાલભાષામા લખાયલા છે. "સરસ્વતી ચંદ્ર" માની ગઝલો અને લાવણીઓ તેમજ જોગીરાજ વાળું કાવ્ય પણ એ જ બાલભાષાનો અખંડ પ્રવાહ ધારીને લખાયલાં છે, અને તેથી તે લોકહૈયાને સ્પર્શ કરી શકયાં છે, અને ગુજરાતી ભાષામાં તે અમર પણ રહેશે. કલાપીની ભાષામાં પણ એ જ પ્રવાહીપણાનો મૂળ ગુણ રહેલો છે. આપણા હૈયાત કવિઓ પણ એ મૂળ રસનો પ્રસાદ જ્યાં જ્યા ઝીલી શક્યા છે, ત્યાં ત્યા એમની વાણીએ લોકહૈયાને જીત્યાં છે જ; અને આપણા તમામ ઉગતા કવિઓ અને લેખકો આ શુદ્ધ પણ સાહિત્યને લગતું સનાતન સત્ય જેટલું જલદી જોઈ શકે તેટલું તેમને તેમજ આપણા સાહિત્યને પણ લાભકારક જ છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિશે વિચાર.

હવે આપણે અર્વાચીન ગુજરાતી સાહિત્યની સ્થિતિ અને પ્રવૃત્તિ જોઇએ. દુનિયાની બીજી પ્રજાઓની માફક આપણે પણ આપણા સાહિત્યનું અભિમાન રાખીએ તેમા કશું ખોટું નથી. એ આપણુ સ્વજન છે, હૃદય છે, અને પ્રાણ પણ છે. અનંત બ્રહ્માંડમાં સૂર્ય શું, ચંદ્ર શું, આપણી પૃથ્વી શું, અને આપણે શું, પણ ન્યાયી ઇશ્વરે એ સર્વને તેમ આપણને પણ વ્યક્તિત્વ આપેલું છે, એટલે આપણી પોતાની મર્યાદામાં આપણી સેવા એ માયાળુ પ્રભુના ચરણમા દેવાનું આપણને યોગ્ય અભિમાન હોઇ શકે. ગુજરાતી સાહિત્ય સંસ્કૃત જેવું પ્રૌઢ ન હોય, અંગ્રેજી જેવું વિશાળ ન હોય, કદાચ એના બાળબંધુ બંગાલી જેવું નવસમૃદ્ધ પણ ન હોય, પણ એ સુંદર અને મધુર તો છે જ, અને આપણું પોતાનું હોવાથી વહાલું પણ છે જ. એને આપણા સિવાય બીજા કોણ લાડ લડાવશે, એની અભિલાષાઓ બીજા કોણ પૂરી કરશે, એની નાની મોટી સેવા બીજા કોણ ઉઠાવશે, અને દુનિયામા એને આગળ પડતું કરવા માટે આપણા સિવાય બીજા કોણ એને માથે કીર્તિની કલગી બેસશે, એવા એવા કોડ આપણ સર્વ ગુજરાતી બંધુઓમા સતત ઉછળતા રહેવા જોઇએ. એને માટે પ્રેમાનંદે જીવનભર માથે પાઘડી બાંધી નહી, એને માટે નર્મદે કેસરીઆ લઇ પેટે પાટો બાંધ્યો, એને માટે દલપતરામે દરબારે દરબારે વકીલાત કરી લક્ષ્મીજાયાઓ પાસે ભિક્ષા માગી, અને આપણી નજર સામે એને માટે ગોવર્ધનરામે લક્ષ્મીજીના સુવર્ણધામ છોડી વનવાસ સેવ્યો. બ્હેનો અને બંધુઓ, એવી એ આપણી ગુજરાતી ભાષા અને એવું એ આપણું ગુજરાતી સાહિત્ય કોને પ્રિય ન હોય ? એનું અભિમાન આપણે કેમ ન રાખીએ ? એની સેવામા આપણે કેમ નાનમ માણીએ ? એનું રક્ષણ કરવા આપણે કેમ પાછી પાની કરીએ ? જેવું છે એવું એવું એ સાહિત્ય આપણું છે, અને આપણી સેવા ઉપર એનો જન્મસિદ્ધ હક છે. પણ આપણી સેવા એની પ્રશંસાના બણુગા ફૂંકવામા નથી. એની દિન ઉગ્યે વધતી સમૃદ્ધિમા આપણે ફૂલ નહીં તો ફૂલની પાંખડીયે ઉમેરવાની છે. એમ કરવા જતાં આપણા પ્રયાસો વાંકાચૂંકા થઇ ન જાય તે સંભાળવાનુ છે. સેવાના આવેશમા આપણે જે પૂજ્યના ચરણ ચાંપીએ તેને આરામ આપવાને બદલે વિવેકહીણુ બળ વાપરી તેના “ હાડકાનો ખુરદો ” કરી ઉલટી પીડા કરીએ તેમ ના બને તે તપાસવાનું છે. આગળ પાછળનો વિચાર કર્યા વિના માત્ર કાંઇક ચમત્કાર કરી બતાવવાની ઇચ્છાથી જ ઉચ્છેદકવૃત્તિ ધારણ કરતા સાહિત્યના કોઇ અગત્યના અંગને જ નુકસાન પૂગવાથી ‘ ચમત્કાર ’ પણ જાય અને ‘ નમસ્કાર ’ પણ જાય એવી સ્થિતિમાંથી એનું રક્ષણ કરવાનું છે. ટુંકામા, ગુજરાતી સાહિત્ય દુનિયાની બીજી ભાષાઓના સાહિત્યની હરોલમા નહીં તો તેની હારમા પણ ઉભું રહે એવું થયલું જોવામા આપણું અભિમાન તૃપ્ત થાય એમ તો આપણે સર્વે ઇચ્છી શકીએ

ગુજરાતી સાહિત્યનો મંથનકાળ.

આપણા સાહિત્યના એવા સાચા અભિમાનથી આપણે હવે એની વર્ત્તમાન સ્થિતિને તપાસીએ, અને જોઇએ કે આપણે એનો પ્રવાહ કેવી રીતે આગળ વહેવડાવીએ છીએ. અંગ્રેજી કેળવણીના આગમનથી આખા હિંદુસ્થાનની જૂદી જૂદી ભાષાઓનો મંથનકાળ શરૂ થયેલો કહેવાય. જૂદી જૂદી સંસ્કૃતિમા ઉછરેલી પ્રજાઓ અનિવાર્ય ગાઢા સંબંધમા

આવતા નવી સ્થિતિઓ અહિં તહિં ઉભી થાય એ સ્વાભાવિક છે, અને તેથી એ જૂદી જૂદી પ્રજાના સાહિત્યપર પણ તેવીજ અસર થાય છે. નદી અને દરિયાના સંગમ સ્થાને જેમ મોજાંઓ ઘણા ઉછળે છે, તેમ ત્યા રેતી અને કાદવના ઢગ પણ ઉંચા થાય છે. આપણે ત્યા પણ એવું જ બન્યું છે. અંગ્રેજી ભાષાના અભ્યાસ સાથે સંસ્કૃતનો અને કંઇક અંશે ફારસીનો નવી દષ્ટિથી અને નવી પદ્ધતિથી અભ્યાસ થવા માડયો, એટલે એ ભાષાઓના સાહિત્ય જેવું આપણી ગુજરાતી ભાષાના સાહિત્યમાં પણ કંઇક જોઇએ, એવી નવી અભિલાષાઓ આપણા નવીન અભ્યાસી વર્ગમા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. એ સંગમકાળના પ્રથમ ભાગમા દલપતરામે અને નર્મદાશંકરે એ નવી આશાઓને તે કાળની પ્રજાને રુચે એવા એના નવા રૂપ આપ્યા. અલબત્ત, દયારામ કવિ મારફતે મળેલો સાહિત્યની બાલભાષાનો દીપ એ બંને કવિઓએ નવું તેલ પૂરતાં પણ જળતો રાખ્યો. એમ કરતા તેઓએ પણ કંઇક દીવીઓ અને કોડીઆ બનાવ્યા ને ભાગ્યા; પણ એ દીપને તો સતત જળતો જ રાખ્યો. એ સંગમકાળના પ્રથમ ભાગ પછી અંગ્રેજી કેળવણીની ભરતી કાઇક વધુ જોરથી ભરાતી ગઇ, અને તેને પરિણામે દેશના આચાર વિચારોમા તેમજ દેશના સાહિત્યમા પણ જબરો મંથનકાળ શરૂ થયો. સંસ્કૃતમાનું એટલું બધુ ઉત્તમ, અંગ્રેજીમાંનું કે ફારસીમાંનું એટલું બધુ અનુકરણ યોગ્ય, એવા વિચારોની ભરતી ભરાતા આપણા સાહિત્યની નદીના કિનારા ડૂબતા ગયા, પાળો કહિં કહિં ભાગતી ગઇ, અને નદીના પાણી ડહોળાં તેમજ ખારા પણ થયાં. એ થાય એ કુદરતી હતું. એ મંથનકાળ પણ ઉપકારક છે.

મંથનકાળનો બીજો ભાગ.

આ સંગમકાળના બીજા ભાગમાં આપણાં સાહિત્યની નવી નવી પ્રવૃત્તિઓ બહુ જોશભેર ચાલી રહી. કવિતામા કેવળ નવો જ માર્ગ લેનારા નીકળ્યા, અંગ્રેજી, સંસ્કૃત કે ફારસી કવિતાઓની અનુકૃતિઓની નાની નાની પણ કેટલીક સુંદર ભેટ ગુજરાતી સાહિત્યને તેના નવીન પૂજકો તરફથી મળી. હૃદય ઉમળકા ભર્યા હતા, સાહિત્યસેવાના કોડ હતા, નવી વિદ્યાનો મદ પણ હતો, ગુજરાતી પ્રજાને કાઇક નવું નવું કરી દેખાડવાની અભિલાષા હતી ઘણું ઘણું હતું; પણ એ સર્વ સંગમકાળના મોજાં હતાં, એટલે ન હતી એમા નદીના પાણીની મૂળ મધુરતા, કે ન હતું નદીનું બાપીકું પુર. એમા તો ખારા સમુદ્રના ઉછળતાં ફીણ હતા, તેમાં કચરોયે હતો, અને એ સંગમસ્થાને થતા રેતી અને કાદવના પણ ઢગ હતા. કુસુમમાળા, કુંજવિહાર, અભેદોર્મિ, હરિપ્રેમપંચદશી, ક્લાંત કવિ, સ્નેહમુદ્રા, વગેરે સર્વ એ કાળના જ મોજાં હતાં. એ સર્વમાં નદીનુ મૂળ પાણી બહુ થોડું ભળ્યું હતું ત્યાયે એ લોકહૈયાને અસ્પર્શ્ય લાગ્યું. મંથનકાળની સજા એના ફળને ઝીલનાર અને ઝીલાર નાર એ બંનેને લાગે છે. આપણા સાહિત્યના આ મંથનકાળમાં પણ તેવું જ બનતું આપણે જોયું છે. નવીન લેખકોને તેમજ લોકહૈયાંને સરખી રીતે તપવું પડયું છે. નવીન લેખકોએ પોતાની પૂર્વેના લેખકોની લોકહૈયાને સાકળતી પરંપરાને સર્પ જેવી જાણીને તરછોડી કાઢી, તો લોકહૈયાએ આ નવીન લેખકોની કૃતિઓને પોતાના આગણાંમા કુંકાઇને ઢગ થયલી ધૂળ જેવી ગણીને વાળી નાખી ! બંનેને રીસામણા જ રહ્યા. જૂના અને નવા વિચારોની અથડામણ જોશભેર થતી ચાલી, જૂનું એટલું ધરેડિયું, માટે ચાવીને કૂચો થયલું. ફેંકી દો

એને ઉકરડાપર: નવું એટલુ વિદેશી, સારા સંસારને અભડાવતું, મૂકો એને ન્યાતબહાર ! આવા હડાયુદ્ધની સ્થિતિમા આ સંગમકાળનો બીજો ભાગ જતો હતો. નદીનું પુર સમુદ્ર ભણી તેના મોજાંને હઠાવવા પ્રયત્ન કરતું હતું, તો એ મોજાં પણ વધુ વધુ સામે ધસી એ પુરમા ભળતાં ભળતાં નદીમા પ્રસરતા હતાં. એવામા ગુજરાતી સાહિત્યની કીર્તિને સર્વકાળ ઉજળી દીપાવે એવો એક ચમત્કાર બન્યો. વિષ્ણુ અને મહાદેવનુ તુમુલ યુદ્ધ અટકાવનો એક મહાયોગી પ્રગટ થયો, અને "હુ તો બેઉને લાગુ પાય, નમો નમો" એવો મધુર પણ ઊંડી ભક્તિનો સત્તાધારી સૂર એ મહાયોગીની "સરસ્વતીચંદ્ર" ની રસજ્ઞાનચક્ર જેવી નવલકથાએ એ જ કાળમાં કાઢયો. લોકહૈયાનું ઊંડું નિરીક્ષણ કરીને, તેની કથાપરંપરાને ઉપયોગમા લઇને, તેના અનુભવભંડારના મોઘા રત્નોને ચૂંટીને તથા સાફ કરીને, તેના સાહિત્યની બાલભાષાને ઠેર ઠેર સવિવેક વાપરીને, એ સમર્થ અમર લેખકે નવી વિદ્યાની મુક્ત હવા ફૂંકી તેના પ્રચંડ, શક્તિમાન્ અને સબરસ પૂર્ણ મોજાંઓનો વિજયવંતો સફળ યોગ એ નદીના પાણી સાથે કરાવ્યો. પ્રભુની વિભૂતિ ફરી એક વાર ગુજરાતના એ મહા લેખકદ્વારા ઉતરી. ગોવર્ધનરામ કવિ હતા, પણ એમનું કવિત્વ "સ્નેહ-મુદ્રા" ની દેવઝાડીમાં ગુંચવાઇ પડયું હતું. એ કવિત્વની રસરેલ તો "સરસ્વતીચંદ્ર" મા જ સમાઇ શકી અને લોકહૈયાને પણ તેમા ડુબાડી શકી. ગુજરાતના લેખકો અને વાચકો બંને એમા ભીંજાયા. પ્રાચીન સાહિત્યના અમર રંગો એ મહા લેખકે જ પાછા પૂર્ણ પ્રકાશભર બતાવ્યા. નવીન પ્રેરક બળોની છોળોના મોંઘા મોતી પણ એણે જ જાદુભરી રીતે આપણે આગણે વેરાવ્યાં. સંગમકાળનો બીજો ભાગ મને તો હજીયે ચાલતો જ દેખાય છે, કારણ એ મહાલેખક પછી એવો બીજો કોઇ લેખક હજી થયો નથી, કે જે સારી ગુજરાતના સાહિત્યમાં એવી પ્રખર વિદ્વત્તા, એવું તલસ્પર્શી જ્ઞાન, એવો ઊંડો અનુભવ, એવું વિશાળ વાચન, એવી પ્રગાધ વિવેચનશક્તિ, એવી વેગભર રસરેલ, એવી હંસન્યાયવૃત્તિ, એવી દૂરગામી કલ્પના, અને ટુંકમા કહીએ તો એવી અદ્‌ભુત લેખનકળાના દર્શન કરાવી શક્યો હોય, અને જ્યા સુધી એવો બીજો સમર્થ લેખક કે કવિ ગુજરાતમા દર્શન. આપશે નહીં, ત્યા સુધી તો એ મંથનકાળનો બીજો ભાગ ચાલુ જ રહેલો કહેવાશે, અને તેની ઉપર ગોવર્ધનરામનુ જ આધિપત્ય રહેશે. આ છેલ્લા ત્રીસ વર્ષના ગાળામા થોડા સારા લેખકો અને થોડા સારા કવિઓ પણ થયા છે, પણ એ બધા આકાશમાના તારા જેવા. એ કવિ-ઓએ અને લેખકોએ પણ ગુજરાતી સાહિત્યની ઉન્નતિમા પોતપોતાને માર્ગે યથાયોગ્ય ફાળો આપ્યો છે.

એક કવિની ઉગતી કવિતા જોઇ સ્વર્ગસ્થ કાન્તે તેને "અમીવર્ષણ ચંદ્રરાજ" ની સુધા જેવી ગણાવી હતી, પણ એ કવિ, ખરૂ પૂછો તો, ધૂમકેતુના જેવો જ ઉગ્યો હતો. એ ધૂમકેતુએ આપણી દૃષ્ટિ કૌતુક અને આશાથી ભરી નાખી, જોતજોતા આકાશની મધ્યમા એ આવ્યો, માર્ગમા કંઇક તારાઓને એણે પોતાના પૂંછના પ્રકાશમાં નવડાવ્યા, અને આંજ્યા, અને ઘડીભર આપણુ સર્વને તે આ આકાશ તેજથી ભરી દેશે એવું લાગ્યું. પણ એ ધૂમકેતુના કૌતુકમા જ એનું પ્રબળ પણ હતું. એ કૌતુક પણ જોતજોતાં ઉડી જતું જણાયું, કારણ એમા અચળ રોશની ફેંકતા તારાની સ્થિરતા ન હતી, કે શુક્લ-ચંદ્રના જેવી નિયમિત જ્યોતિ એના અમૃતકુંભમાથી આપણી પૃથ્વીને વધુ અને વધુ શુદ્ધ

અમૃતજળ દિનપરદિન મળતું ન હતું. એની લીલા જોતજોતાં સંકેલાતી લાગી, અને હવે તો માત્ર પૂંછનો જ પ્રકાશ પશ્ચિમાકાશની દૃષ્ટિમર્યાદામા ઉતરતો લાગે છે. આપણા સાહિત્યાકાશમાં એણે પણ પોતાની શક્તિ અનુસાર ઠીક ઠીક તેજ રેલાવ્યા છે. એની કવિતા જ્યા જ્યાં આપણા સૂર્યમંડળની શુદ્ધ પ્રકૃતિને વફાદાર રહી છે ત્યાં ત્યા તેણે સુંદર ચમત્કાર બતાવ્યા છે, પણ એ સૂર્યમંડળના વર્તુલની બહાર ધૂમકેતુની સ્વાભાવિક ભ્રમણ પ્રવૃત્તિ હોવાને લીધે એનું વાતાવરણ કાઇક જૂદું જ છે, અને એની ગતિ પણ કાઇક ભિન્ન જ છે. એથીજ એના તેજમા અંજાઇ એને અનુસરવા જનાર એ ધૂમકેતુના સ્વાભાવિક ભ્રમણને પામી શકતો નથી. સૂર્યમંડળની પ્રકૃતિ અને ગતિથી જે ભિન્ન પ્રકૃતિ અને ગતિ ધારણ કરે, તે એ સૂર્યમંડળનું સ્થાયી અંગ બની ના રહે તો તેમા નવાઈ નથી. ખુદ કાન્તે પણ આ સત્ય પાછળથી જોયું હતું, અને જે આજે એ જોઇ શકતા નથી તે વખત જતા જરૂર જોશે. સાહિત્યમા સત્ય જ નિભી શકે છે, એટલે એ સાહિત્યનું કેવળ સત્યની દૃષ્ટિથી અને નિષ્પક્ષપાત વૃત્તિથી દિગદર્શન કરાવતા કોઇ પણ બધુને તે અપ્રિય લાગે તો હુ તેની ક્ષમા જ માગી લઉં છું; પણ અસત્યની કે અર્ધસત્યની ઓથ તો હુ ના જ લઉં. જ્યા આખા આકાશનું આપણે દિગદર્શન જ કરવા બેઠા ત્યા એ સત્યથી અને સ્નેહથી બધું બતાવવું જ રહ્યું. મારી દુર્બાનિમા ખામી હોય તો તે શુદ્ધ કરવા તત્પર છું, પણ મારા હૃદયની સંપૂર્ણ નિખાલસતાની અને મારા શુદ્ધ બંધુભાવની તો હું સર્વને ખાત્રી આપુ છું. આપણા કવિ મને એ ધૂમકેતુના જેવા જ લાગ્યા છે. એના ચમત્કાર અને એની તેજભર નવી લીલા આપણી સ્મૃતિમાથી ખસે તેમ નથી. એના પણ આપણે ઋણી છીએ, ચંદ્ર વગરના આકાશમા એણે આપણી નજરને કૌતુકથી અને કદી કદી પોતાના તેજની અવનવી પિચ્છકળાથી ખેંચી રાખી આપણને આનંદ આપ્યો છે.

પણ—પણ આ મંથનકાળમા હજી આપણા માખણ ઉતર્યાં નથી. આપણો મહા કવિ કહેવાનો નહીં પણ ખરો મહા કવિ–આપણા આ નવયુગને પોતાની ગગનગર્જનાથી છાઇ દેતો અને પોતાના રસામૃતના વરસાદની મૂશળધારાથી સારા ગુજરાતને અને જગત સુદ્ધાને તરબોળ કરતો એવો આપણો મહાકવિ હજી આપણને મળ્યો નથી. ઉદયાકાશમા વાદળાં ચઢી આવે છે, કદી થોડી ગર્જના પણ થાય છે, કદી અદઘડી વરસાદના ઝરમરિયાં પણ વરસે છે; પણ એ પેલો ચોમાસાનો મહા અધિપતિ મેઘરાજ નહીં, પણ મહામાસના માવઠાં. હજી અષાઢની હેલીઓ, શ્રાવણના સરસરિયાં અને ભાદરવાના ભરપૂર ભરણા દૂર છે. બાકી તો આપણે આપણા પ્રિયજન માટે જે વધુ પડતું બોલીએ તે તો આપણી સ્નેહ-પ્રથા જ છે. આપણું મન મનાવવામા સંતોષ હશે, પણ સ્થિતિનું સત્ય જ્ઞાન કે પ્રગતિની ખરી ધગશ તેમા નથી.

નવી ગુજરાતી કવિતાની સ્થિતિ.

ગુજરાતી સાહિત્યના જૂદા જૂદા અંગોનો વિકાસ આ મંથનકાળમા કેવો થાય છે તેનું સમગ્ર દિગ્દર્શન હવે કરી લઇએ. પ્રથમ આપણે કવિતાનું અંગ તપાસીએ. મુખ્ય ભાગે તો આપણને હજી નાના સંગીતકાવ્યો જ મળે છે. એમા પણ આજ વીસ વર્ષથી જે બે ચાર કવિઓ સારા અને મંથનકાળના નવા નવા ચીલા પાડતા ગણાતા આવ્યા છે, તેઓ ક્વિરામ

હજી કોઇ તેઓના જેવો પણ નવો કવિ ખરી રીતે બહાર આવ્યો નથી. એ બે દાયકા આગળના બહાર પડેલા કવિઓની નવી કૃતિઓમા પણ મોટે ભાગે ચઢાવ નહીં પણ નીચે જતો ઢોળાવ જ લાગે છે. કેટલાકના રસઝરણાં સૂકાયા છે, છતાં તેમા કદી કદી ફર પડતા વરસાદના પાણી આવી જાય છે તે પૂરતા જ તે રહ્યા છે. કાઇક નવું કરવું, કાઇક મોટું કરી બતાવવું, એ અભિલાષા હજીયે કેટલાકના મનમા રહી છે. પણ કા તો એ અભિલાષાને કાર્યમા ઉતારવાની શક્તિ હવે તેઓમા રહી નથી, કે કા તો એને ફળીભૂત કરવા માટે ચોખ્ખો ખોળાતો ખરો માર્ગ તેઓને મળતો નથી. કેટલાક કવિ-કેસરીઓ જીવનભર પ્રશંસાના ફૂલઢગમા જ દટાઇ હવે અદૃશ્ય થવા આવ્યા છે, કેટલાક પોતાને કીર્તિટોચે પૂગી ગયલા માની પોતાના નાના મંડળના અધિદેવતા બની માથે લટકતા છત્રમા જ ઢંકાઇ જવા માંડયા છે, કેટલાક હજી ઘરના ભારવટીઆ પર બેસી ચીંચીં કરતા થાક ખાવા લાગ્યા છે, અને કેટલાકે તો પોતાનો દિવસ સંકેલી પણ લીધો છે. એકાદ બે જ ધીમે ધીમે પણ મક્કમ અને બળવાન પગલે ચઢાવ ચઢયા જાય છે, અને જો કે તેમનાં પગલા ધીમા છે પણ તે ગુજરાતી સાહિત્યના આ મંથનકાળમા સારી પેઠે માર્ગદર્શક થતા જાય છે. જે સર્વ ઢોળાવપર ઉતરતા જાય છે તેઓની એવી ગતિ કેટલેક અંશે આપણી અતિ પ્રશંસાને લીધે જ થઇ હોય એમ લાગે છે. આપણે આર્યજનો તેત્રીસક્રોડ દેવતાના પૂજારી પડયા, એટલે આપણી એ વેદકાળજૂની રૂઢિ પ્રમાણે એ દેવતાઓને વધારતા જ જઇએ. એ પૂજનવિધિ આપણા સાહિત્યના આ મંથનકાળના નાનામોટા બધા લેખકોને આપણા દેવનાસ્થાને બેસાડે છે, અને જેમ એ દેવતાઓને તેઓનું તેજચક્ર આપણે જ ચીતરી કે કોતરી આપી એવી રીતે તેઓનું દેવત્વ સ્થાપી આપીએ છીએ, તેમ એ લેખકોને પણ આપણે જ એવા દિવ્ય અધિકારી કરી બેસાડીએ છીએ. એથી આપણને તેમજ એ લેખકોને પણ હાનિ થાય છે. એ સમજે છે કે—ચાલો, અમે હવે મહા લેખક કે મહા કવિ થયા, આ બધા અમને પૂજે છે, અમારી આસપાસ મધમાખ જેવા ગુંજે છે, જયા જઇએ ત્યાં અમને સ્ટેશનપર કે ડક્કાપર માનભર લેવા અને મૂકવા આવે છે, અમારી મહત્તા હવે પૂરી અંકાઇ, અમારૂં જીવન હવે સાર્થક થઇ ગયું, ચાલો હવે વધુ કરવાનું નથી, હવે તો મોઢેથી પડયા વેણો ચટ ઝીલાઇ ઝટ કહેવત રૂપજ થઇ જવાના. આવી રીતિથી એ લોકોના ઉન્નતિમાર્ગ બંધ થઇ જાય છે, અને સાહિત્યનો ડુંગર એવા લેખકોથી પૂરો ચઢી શકાતો નથી. સાહિત્યની તો અખંડ સમાધિ ચઢાવવી જોઇએ. એને માટે દિલના આતશ હમેશા ધગધગતા રાખવા જોઇએ. લેખકોના શરીરે નહીં પણ લેખકોના જીગરે ફકીરીનો સાલ્લો ઓઢવો જોઇએ, અને એ સાહિત્યમા ગુલતાન થયલા જીગરે સાહિત્યની ધુન અને સાહિત્યની " અનલ—હક " ની બાગ પુકારવી જોઈએ. કવિતા માટે કહો કે સાહિત્યના બીજાં ક્ષેત્રો માટે કહો, પણ સતત પરિશ્રમ વગર મોટા પરિણામો કદી સંભવતા નથી. તેમાં આ મંથનકાળમા તો જ્યા બધુ નવેસરથી ઘડાવા માડયુ છે, ત્યા તો પોતાની જોખમદારી સમજનારા લેખકોને ચાલુ ઉદ્યોગની અને નિરંતર સાવધાનીની મુખ્ય જરૂર છે. સાહિત્યનુંયે કારખાનું છે, ત્યા ભલભલા નાનામોટા, તીણાબુઠ્ઠાં ઓજારો પડેલા છે. એ કારખાનામા કામ કરનારે સાવધાની રાખવાની છે; કદી હાથ પગ કપાય, કદી ખોટા ઓજારો વપરાશમા લેતા કામ બરાબર સધાય નહીં અને ઓજારો પણ બગડે. એમા પણ અનુભવની જરૂર છે. પ્રતિભા ગમે તેવી હોય તોપણ

યોગ્ય ઓજારો યોગ્ય વખતે યોગ્ય કામે જ લગાડાય તો જ કાર્યસિદ્ધિ થાય. કારીગર કળાવાન હોય, તેમજ સતત ઉદ્યોગી અને સાવધાન હોય તો અનુભવથી અને કળાને યોગ્ય ક્રિયાસિદ્ધિ પામ્યાથી તે પોતાને તેમજ જગત સુદ્ધાંને પ્રગતિમાં આગળ વધારે છે.

પ્રજ્ઞા અને મહાપુરુષોનાં વચનો.

મહાકાળી કવિઓ અને લેખકોને મહાકાર્યની સિદ્ધિ માટે જે જે ગુણોની આવશ્યકતા છે તેમા ખરી પ્રજ્ઞાની જ પ્રધાનપણે જરૂર છે. જ્ઞાન એ તો વસ્તુઓ અને વસ્તુઓના સંબંધોને લગતી સમજશક્તિ પ્રદર્શિત કરે છે, ત્યારે પ્રજ્ઞા—અલૌકિક ડહાપણ—એ તો સત્યને યથોચિત સાધનોની તેમજ સત્યને યથોચિત પરિણામોની ચૂંટણી કરી મન અને આત્માનો સંયોગ કરાવે છે પ્રજ્ઞા એ કાંઇ મગજમા ઘણામા ઘણી વસ્તુઓનું પ્રદર્શન એકઠું કરવામા નથી, કે નથી એ વસ્તુઓના તત્ત્વના તારેતાર ઉકેલવામા; પણ જે વસ્તુઓ આપણાં ચિરકાળ કલ્યાણ અને સત્ય ગૌરવની પ્રાપ્તિ માટેના માર્ગ તરફ અચૂક રીતે દોરવે, તે વસ્તુઓની વિવેકપૂર્વક ચૂંટણી કરવામા અને તેને સાધીને અર્થસિદ્ધિ કરવામા ખરી પ્રજ્ઞા ખરી આત્મદૃષ્ટિ–સમાયલી છે. એવી આત્મદૃષ્ટિ આ જગતના ગુરુઓ કે આ પૃથ્વીના પુસ્તકો આપી શકે તેમ નથી. તે તો પ્રતિભાના જેવો પ્રભુનો જ પ્રસાદ છે મહાકવિ કે મહાલેખક કયા ચમત્કારી ગુણથી સાહિત્યાકાશમા પોતાની અલૌકિક પ્રભા ચોમેર ફેલાવે છે, તેનું ગુહ્ય આ વસ્તુદર્શનથી સમજાશે. ગમે તેવા મનુષ્યના મહાવચનો જગતમાં પૂજાતા કે હૈયામાં કોતરી રખાતાં નથી, પણ મહાપુરુષોના વચનો જગતમા પૂજાય છે અને સદાસર્વદા સ્મરણમા સાચવી રખાય છે; કારણ કે ગમે તેવી ઊંચી રીતે કહેલાં વચનોમાં ચેતન નથી, પણ મહાપુરુષોમા જે ચૈતન્યરૂપ પ્રજ્ઞા છે તે એ જડ વચનોમા ચૈતન્યનું સામર્થ્ય પૂરે છે.

આજકાલની ગુજરાતી કવિતાની સ્થિતિ.

ગુજરાતી કવિતાની આજકાલની સ્થિતિ તપાસતા અપક્ષપાત અવલોકનકારને કાંઇક નિરાશા જ ઉપજે. પ્રમાણમા મોટા ગણાતા કવિઓની આંખમાથી કવિત્વનું પ્રાણપંખીડું ઉડી ગયલું લાગે છે, અને તેમ થતા તેઓના આત્મા વૃદ્ધાવસ્થાની ડાગ જેવી ફિલસૂફીને પકડીને જાણે કવિતાનો જ માર્ગ કાપતા હોય તેવી કરામત બતાવે છે, અગર બીજી ભાષામાની કવિતાના અનુવાદ કરી એ ઉડી ગયલા પ્રાણપંખીને પાછું બોલાવવા મથી રહે છે. બાકીના ઘણાખરા બીજા કવિનામશેષો જગતને આરે જ જાણે ઊભા રહીને સનમને જ બોલાવી રહ્યા છે. ત્રીસ ત્રીસ વર્ષના એ પુકાર "દે–દાતા"-ની શિષ્ટતાને જીવંત રાખી રહ્યા છે. કાં નહી ? બાળાશંકર, મણિલાલ અને કલાપી શું "સનમ" ના જ કવિ નહોતા ? અને "સનમ" વગરના કવિ કોઈ દીઠા છે ? કવિ કહેવડાવવું હોય તો સનમને ગાવી જ જોઇએ. એ આ જમાનાના ઉગતા કવિઓની લાલસા સનમ પણ બહેસ્તની હૂરી હોય તો તો ઠીક, પણ આ તો નવલરામે ગાયલી ચૂલામા ચિત્તવાળીયે સનમ નહીં પણ બાળકોને રમવાની કાષ્ટની ઢીંગલી જ ! મારા ઉત્સાહી નવજુવાન કવિબંધુઓના ઉછળતાં હૈયાઓને હું ભમ નહીં કરૂં. સાહિત્યમા કાંઇ પણ કરવું એવી એમની તીવ્ર ઇચ્છા એ જ એમનો દિવ્યાંશ કલાપીએ કેકારવ કર્યાં છે તે ગુજરાતે સભર હૃદયે ઝીલ્યા છે હવે

એ જ સ્વરો એ બંધુઓ પણ કાઢે, બસૂરા પણ ન હોય એવા, તો પણ એ તો ગ્રામોફોનની ચૂડીઓ જેવા, એ એમણે સમજવાનું છે. એ ચૂડીઓ હવે નવો સૂર એમ નહીં કાઢે. સનમના જ સૂર કાઢવા હોય, તો તે કલાપીએ જોયલી અને દેખાડેલી સનમના નહીં પણ એમના સાચા જીગરે પરખેલી નવા જ વ્યક્તિત્વથી ભરેલી નવરંગ સનમના હોવા જોઇએ. કવિતાના વિકાસ અને નવદર્શન માટે કુતૂહલવૃત્તિની ઘણી જરૂર છે. કુતૂહલવૃત્તિથી જ જ્યા ત્યા નવો પ્રકાશ પડી શકે છે એ કુતૂહલવૃત્તિને કેળવ્યાથી જ કવિના સ્વપ્નાં વિસ્તાર પામી શકે છે અને જીવંત વાણીમા આખરે સ્થાન પણ મેળવી શકે છે.

ઉગતા કવિઓને સૂચના.

કવિતાની ખીલવણી માટે ગુજરાતના ઉગતા કવિઓની સામે પહોળું ક્ષેત્ર પડેલું છે. એ ક્ષેત્રમાના મુખ્ય ચીલા તો ક્યારનાએ પડી ગયલા છે. લોકહૈયા પણ હવે નવી કવિતા માટે કાંઇક અંશે તૈયાર બની વાટ જુએ છે. જૂના કે નવા બધા કવિઓના જે જે કાવ્યો હવે સારી પેઠ લોકપ્રિય થયા છે, તે તે સર્વમાં કયા ચમત્કારી ગુણો છે તેની પરખ પ્રથમ કરવી જોઇએ, અને પોતાની વૃત્તિને સુદર લાગતા એવા ખાસ કવિની શૈલીને હૃદયમા ઉતારવી જોઇએ. એમ કરતાં હાથ બેસતો જશે અને કલા ખીલતી જશે. કવિતાની ધુન, લાગણીના ઉભરા, પ્રેરણાના ધોધ, એવું બધુ બીજા કવિઓ કે મહાકવિઓ માટે સામાન્ય જનોની માન્યતાઓમાં ઘણુંયે ભરાયલું હોય, પણ ઉગતા કવિ માટે તો એ ઉક્તિઓ વળગાડ જેવી બની તેઓના વિકાસમા આડ નાખે છે. કવિ જે લખે તે કવિતા, એમા 'જે'ની ઉપર ભાર મૂકી એનો ખોટો અર્થ કરી ગમે તેવા વાક્યોમાં વિચારોના બાવરા ઢોરોની ધમાચકડી મચાવ્યાથી કે લાગણીભર વચનોના ઘોડાની લગામ છોડી દીધાથી કવિતા ના જ થાય. શિલ્પીને માટે પથ્થર, છીણી ને હથોડી, ચિત્રકારને માટે ફલક, રંગ ને પીંછી, અને કવિને માટે વાણી, અર્થ ને ભાવ હોય છે. શિલ્પીનું પૂતળું કાંઇ પણ વ્યવસ્થા વગર જેમ ગમે તેમ છીણી માર્યાથી ઘડાતું નથી, તેમ કવિની કવિતા વાણી, અર્થ કે ભાવનો પ્રવાહ ગમે તેમ વહેવડાવ્યાથી બનતી નથી. શિલ્પી પૂતળું ઘડે તે પહેલાં તેની સામે પથ્થરનો ચોરસ ટૂકડો જ હોય છે, પણ એ શિલ્પીના અંતરાત્મામા જે મૂર્ત્તિ કલ્પાયલી છે, તે મૂર્તિ તેને તેવી જ પણ આબેહૂબ એ પથ્થરના ચોસલામા કલ્પનાદૃષ્ટિએ દેખાય છે. મૂર્ત્તિ તો ચોસલામા છે જ, માત્ર એ ચોસલામાનો જે બિનજરૂરી ફાલતુ ભાગ છે તે એ શિલ્પીની છીણીએ સંભાળથી તોડી છણી નાખવાનો છે. એ અણજોઇતો ભાગ એ પથ્થરમાંથી નીકળી જાય એટલી શિલ્પીની કલ્પનાદૃષ્ટિ અને સ્થૂળ નજર ચોક્કસ રહે, અને એની છીણી એટલું અણચૂકયુ કામ કરે, ત્યારે જ પેલી કલ્પનામાની મૂર્ત્તિ એ પથ્થરના ચોસલામાંથી ઉત્પન્ન થાય છે. સર્જક કળા આવી છે. કવિની નિર્માણશકિત એમજ કામ કરે છે. એના હૃદયમા જે ભાવના ઉત્પન્ન થાય છે, એની કલ્પનામા જે ચિત્ર ઉભું થાય છે, તેનો વાણીમય આકાર એની દૃષ્ટિમાં પણ એમજ તરે છે. વાણીના જે શબ્દો એ ભાવનાને, એ ચિત્રને ઉચિત મૂર્ત્તરૂપ આપી શકે તે જ રાખીને બીજા શબ્દોનો એ ત્યાગ કરે છે, એટલે પેલું કવિની કલ્પનામા વસેલું ચિત્ર શબ્દમાથી પદ્યવાણીરૂપે સ્થિત થઈ તેની કવિતા બને છે. એથી જ કવિતાને જેટલી પ્રતિભાની જરૂર છે તેટલી જ વાણીના યથોચિત રૂપની પણ

આવશ્યકતા રહે છે. વાણી ગમે તેમ ઉચરાય તો તેની કવિતા નહીં જ બને. આટલો ભેદ જો એ ઉગતા કવિઓ પ્રથમથી સમજી શકે, તો જે નકામા જોડકણાંઓના ઉકરડાનો સાહિત્યના આગણામા ઢગ વળે છે, અને જે ડોલતા કે ભયંકર શબ્દસાંઢિયાઓનાં વખાણ કે અનુકરણ થાય છે, તે બંધ પડે, અને ખરી કવિતાના ફૂલોનો પમરાટ એ આંગણામાં પ્રસરી રહે.

કવિમાં શોધક-બુદ્ધિની જરૂર.

ગુજરાતી કવિતામા નાના કાવ્યોના કવનમા પણ અનેક સૂચનાઓ આપી શકાય. આપણા જૂના ઇતિહાસમાથી તેમજ ગુજરાત અને કાઠિયાવાડની લોકકથામાંથી કવિઓના કવન માટે બહુ બહુ અંશો જડી આવે એમ છે. પ્રેમના, સાહસના, વીરત્વનાં, સતીત્વનાં, અદ્દભુતતાનાં વગેરે અનેક વિરલ ગુણોને પ્રદીપ્ત કરતા હજી બહુ બહુ ગીતો, સંગીત-કાવ્યો, ખંડ કાવ્યો ઉપર જણાવેલી ખાણોમા ચમકારા મારે છે. આપણા સાહિત્યમા એ સર્વમાથી સુદર કથાગીતો-બૅલેડ-થઇ શકે તેમ છેઃ સુરતની કલગીતોરાની લાવણીઓમાં અને કાઠીયાવાડની ઠકરાણીઓનાં કેંક ગીતોમા આવા જ કથાગીતોની છાયા છે. ગુજરાતની રાધા-કૃષ્ણની ગરબીઓ પણ એ જ કથાગીતોમાં સમાવી શકાય. એમા રહેલી ક્રિયા એ જ એના રસનું ખરૂં જીવન કહેવાય. પ્રસિદ્ધ કે લોકકથામાના બનાવોની રસમય ચુંટણી કરી તેને કલ્પનાથી ખીલવી શકાય છે. ગુજરાતી કવિતામા આવા આવાં અંગોનો નવીન દષ્ટિએ ઉમેરો કીધાથી ઉગતા કવિઓને તેમજ સાહિત્યને ઘણો લાભ થશે. એમ કરતાં કોઇ મોટા વિષય જડી આવશે અને કળા સુદઢ બનતા કોઇ મહાકાવ્ય પણ તેમાથી ઉત્પન્ન થશે. કવિ થનારામા શોધકબુદ્ધિનો ગુણ પણ આગળ પડતો હોવો જોઇએ. કુદરત હજી કોડવરણી છે, મનુષ્ય હજી અનંત લાગણીઓને ઉભરાવે છે, કવિએ પોતાના હૃદયના દ્વારોને તથા આખની કીકીઓને સદા ઉઘાડા રાખવાના છે. ભૂતકાળમા ઘણુંયે જોવાઈ ગયું હશે, તેથી હાલ જોવાનું કાઇ રહ્યું નથી એમ તો નથી જ; જુગ જુગ થયા અગણિત માનવીઓની લાગણીઓ કવિઓએ અનુભવી તેથી હાલ માનવીઓની લાગણીઓ બંધ થઇ નથી, કે કવિઓના હૃદય એ લાગણીઓ સમજવા અને ઝીલવા ના પાડતા નથી. જગતસુંદરી પોતાના કવિપ્રીતમ આગળ પોતાનો ઘુંઘટ ખોલવા સદા તૈયાર છે.

અજ્ઞાન અને પ્રતિભા.

કેટલાક કહે છે કે જ્ઞાન અને વિદ્યા વધી ગયાં છે, અને તેથી જગતમાથી કવિતા ઓછી થતી જાય છે. એ વાદ ટકે તેમ નથી. સંસ્કૃતિ જો દુ:ખનું મૂળ થાય તો કવિતા પણ આનંદહીન થાય. અજ્ઞાનથી આત્માનો જો ખરો આનંદ હોય તો મનુષ્યને પાછું પશુ થવું પડે. પણ માનવજાતિનું એ લક્ષ્ય નથી. અજ્ઞાન અને પ્રતિભા એ કાંઇ એકમેકના પર્યાય નથી કે જ્ઞાન અને સંસ્કૃતિ વધતાં કવિતા હ્રાસ પામતી જાય. જ્યા સુધી મનુષ્યને હૃદય છે અને આત્માનો આનંદ મેળવવાની ઇચ્છા છે, ત્યા સુધી કવિતાનાં ઝરણ વહેતાં જ રહેવાનાં. દૃષ્ટિમર્યાદામાં પર્વતોની ઊંચી દિવાલો દેખાય તેથી કાંઇ દુનિયા એ પર્વતો આગળ જ અટ-

હતી નથી. એ પર્વતોને જે વટાવી જાય, કે એની ટોચ ઉપર જે ચઢે, તે જોઈ શકશે કે એ પર્વતોની પેલી મેર પાછી બીજા પર્વતોની હાર છે. એવી જ રીતે કવિતા કોઈ જ્ઞાનની મર્યાદામા બંધાઈ જતી નથી.

રાષ્ટ્રસેવા ને રાષ્ટ્રગીતો. ગુજરાતી કવિતાનું એક બીજુ અંગ પણ હાલ ચમકારા મારી રહ્યું છે આખા દેશમા રાષ્ટ્રસેવાનો વંટોળીઓ ફરી વળ્યો છે. એટલે દેશની કવિતા જે તેના સાહિત્યનું હૃદય છે તે તેની સાથે ઉડવા માગે એ સ્વાભાવિક છે. એને લીધે માતૃભુમિની પ્રશંસા અને કર્તવ્ય-ભાવનાં ગીતો ચોમેર આકાશ ગજવી રહ્યા છે. પણ એમા પણ લાગણીનો ખરો રણકો હોય અને કર્તવ્ય કરવા પ્રેરે એવા વાદળના ગગડાટો અને વીજળીના ચમકારા થાય, ત્યારે જ વંટોળીઆની આખ ભરી દેતી ધૂળને દાબી દેતો મુશળધાર વરસાદ પડે, અને તેમાંથી ખરી કવિતાની રસરેલ ઘેરઘેર કર્તવ્યભાન જગાવી શકે. બાકી તો માત્ર જૂદી જૂદી લોકપ્રિય રાહમા તેના તે વિચારોનું પિષ્ટપેષણ કર્યા કીધાથી રાષ્ટ્રકવિતા બનતી નથી. વળી રાષ્ટ્રકવિતા માટે મોટી મોટી ફિલસૂફીઓના સભાર નથી જોઇતા, માતૃભૂમિની મોટાઇ બતાવાય એવા કવિ-તાને ગળે મોટા મોટા પહાણ જેવા હીરામોતીના અલંકાર નથી જોઇતા, કે શબ્દોના ભયંકર ખડકા એને પગે બાંધીને તેના ઝંકાર કરાવવા પણ નથી જોઇતા. એવી કવિતાનું પ્રથમ લક્ષ્ય લોકહૈયાને આરપાર હલાવવાનું જ હોવું જોઇએ, અને તે માટે ખરી લાગણીના રણકા તેમાથી ઊઠીને આકાશભરમા ટંકાર કરે, તથા લોકહૈયાને જગાડીને દોડાવે એવી કરુણ કે વીરરસથી ભરેલી વાણી જોઇએ. લડાઇના મેદાનમાં ક્ષત્રીયાણીના વિલોલ નહીં પણ મર્દોને મર્દના હુંકારા અને હલકારા જોઇએ. દેશકાળનું ઔચિત્ય મોટા કવિઓ પણ ના પાળે તો તેમની કવિતાઓમાં ગમે તેવું કવિત્વ છતા એવી રાષ્ટ્રકવિતામા તે ખરી રીતે સ્થાપ ન પામે. હાલ જે નવા ગીતો લખાયા છે તેમા કેટલાક તો ગુજરાતી કવિતામાં અમર સ્થાન લેશે. જે એવા ગીતો લખાયા છે તેની ખરી કસોટીથી ચૂંટણી થાય, અને રત્ન ભેગાં કાકરા પણ નહીં ગોઠવાય, તો મને લાગે છે કે બંગાળી કે કોઈ પણ બીજી ભાષાના રાષ્ટ્રગીતોથી આપણા ઉત્તમ રાષ્ટ્રગીતો કોઇ પણ પ્રકારે ઉતરતા નથી તેમા પણ વીરરસના રાષ્ટ્રગીતો તો મુખ્યે આપણા જ છે. વિશેષમા, કવિનું હૈયું જો કરામતી નહીં પણ કુદરતી લાગણીભર્યું હોય, અને તેની આસપાસ નજરે પડતી વસ્તુઓને પોતાના આદર્શમા પ્રતિબિંબ પાડવા જેટલું તે સાફ હોય, તો એ કવિથી રાષ્ટ્રસેવાની ગમે તેવી ધુનના જમા-નામાં અળગું કે મૂગું બેસી રહાય નહીં રાષ્ટ્રસેવા પણ કુદરતનુંજ અંગ છે. રાષ્ટ્રચેતન હોય ત્યા જ જીવન ચેતન પ્રદિપ્ત રહે, અને કવિએ તો ઘેરેઘેર ચેતન જ રેડવાનુ છે. એની દૃષ્ટિ ભૂતની તેમજ ભવિષ્યની પાર પણ જોઇ શકે છે, રાષ્ટ્રજીવનમા ઉત્સાહભરી વાણીથી હૃદય-બળ અને માર્ગદર્શન આપી શકે છે. માત્ર એક જ વસ્તુથી ખરા કવિએ એમાં સંભાળ-વાનું છે, અને તે એ કે રાષ્ટ્રસેવાના વંટોળીઆમા પોતે જાતે ઘસડાઇ જઇ એણે પોતાનું વ્યક્તિત્વ ખોઇ દેવું ન જોઇએ. તેમ એ કરે તો એ દ્રષ્ટા મટી જાય છે, અને વંટોળીઆના વમળમાં તણાતા એની આંખ ધૂળથી ભરાઇ કશું શુદ્ધ જોઇ શકે નહીં. ઉગતા કવિઓને આટલું સૂચન બસ થશે.

ગુજરાતી કવિતામાં પદ્યરચના.

પદ્યરચનામા ગુજરાતી કવિતાની સ્થિતિ બહુ સંતોષકારક તો નહીંજ કહેવાય. અંગ્રેજી કવિ પોપના જમાનામા કવિતા મોટે ભાગે દરબારી અને ઝાકઝમાળવાળી થઇ પડી હતી, અને કવિતામા પ્રતિભા કરતા પદ્યરચના પર જ વિશેષ અને મુખ્ય લક્ષ અપાતું હતું, તેથી એવી મહા કૃત્રિમ રચનામાં જકડાઇને ગુંગળાતી અંગ્રેજી કવિતાને પાછી તેના સત્ય પદે લાવવા માટે વર્ડ્સ્વર્થ જેવા સમર્થ કવિએ બંડ ઉઠાવ્યું હતું, અને પદ્યરચના સામાન્ય ઝોકદાર ગદ્યરચનાથી ભિન્ન ના હોવી જોઇએ એવો બંડખોર વાદ તેણે ઉઠાવ્યો હતો. એ વાદમા કેટલું સત્ય હતું, અને તે કેવો વિપથગામી હતો, તે તો તેના જ મિત્ર કોલરિજ જેવા મહા સમર્થ વિવેચકે સ્પષ્ટ શબ્દોમા અનેક રીતે બતાવી આપ્યું. કવિ દલપતરામની "સરસ સરસ રસ શબ્દ" ધારણ કરેલી અને અર્થને ભોગે પણ પદ્યશાસ્ત્રના નિયમોને ચીવટાઇથી વળગી રહેલી કવિતાની બાનીના અનુકરણે જે જાતના કવિતામશેષો ઉપજાવ્યા, તેની સામે આ સંગમકાળના બીજા વિભાગના કેટલાક કવિઓ અને વિવેચકોએ ભારે બંડ ઊઠાવ્યું. પણ કવિતા સુંદરીના મોહક અંગ પર જે દોરીઓના ગુંછળા સખત જકડાયલાં હતાં, તે દોરીઓને કાપવા જતા એ લોકોએ તેના અંગનો પણ વિચ્છેદ કીધો. પરિણામે પદ્યરચનામાં આજકાલ ભારે અનવસ્થા ચાલી રહી છે. કેટલાકે પદ્યરચનાને કવિતાનો દેહ નહીં પણ એ દેહનો અલંકારજ માની લીધો. અને પદ્યરચનાનો સમૂળો ઉચ્છેદ કરવા જતાં તેમને હાથે એવું પરિણામ આવ્યુ કે કવિતાનો આત્મા તેના સુંદર દેહની પ્રતિમા બંધાયા વગર સ્વર્ગે જ રાહ જોતો બેઠો! આ સ્થિતિ ઉપર હમણા હમણા બહુ ઠેકાણેથી સારી પેઠે ઉહાપોહ થયો છે, અને ઉગતા કવિઓને ગુજરાતી કાવ્યસાહિત્યના સાગરમાં આ ખડકે કેટલાં વહાણોને ડુબાવ્યા છે કે ભાગીને ખોખરા કીધાં છે તે બતાવી સાવધાન કરવામાં આવ્યા છે. પદ્યરચના કાંઇ બંધનકર્તા છે જ નહી દેહી કવિત્વનો એ સુંદર દેહ છે. આપણે પાછળ જોઇ ગયા તેમ કવિતાને વાણીમા મૂર્ત કરવાનો એ તો પેલા શિલ્પીના જેવોજ વિધિ છે. એને તરછોડતા જ શુદ્ધ કવિતા પોતાનું ખરૂં સ્વરૂપ કદી પણ વાણીમા પ્રગટ કરી શકશે નહીં. કવિત્વનો રણકો જો સાચો હશે તો તે પોતાની મેળે પોતાનું ઉચિત સ્વરૂપ શોધી લેશે. કવિતાના ભાવને અનુકૂળ કેવી પદ્યરચના જોઇએ તેની સાચી પરખ તે કરી લે છે.

અખંડ પદ્યની શોધ.

ગુજરાતી પદ્યરચનામા બહુ બહુ નવા પ્રયોગો માટે પૂરતો અવકાશ છે. એવા સફળ પ્રયોગો પણ ઘણા થયા છે. અંગ્રેજી 'બ્લેંક વર્સ' એટલે 'અખંડ' પદ્ય જેવું ગુજરાતી પદ્યરચનામા લાવવા ઘણા કવિઓએ ને રસિકોએ જૂદી જૂદી રીતે પ્રયત્નો કીધા છે, પણ હજી સુધા તેમા કોઇ સફળ થયા નથી. પણ એ વિષય માટે અગાઉ જેટલી અંધાધુંધી ગુજરાતના લેખકો અને વાચકોમા ચાલતી હતી તેટલી બધી આજે નથી. અપદ્યાગદ્ય તે "બ્લેંક વર્સ" નથી જ, એ તો ક્યારનું બતાવાઇ ગયું છે, "બ્લેંક વર્સ" મા જે જાતની અમીરી છૂટ વીરકાવ્યો લખવા માટે જોઇએ તે આપણી જૂને ચીલે ચાલતી કેવળ અક્ષરમેળ કે માત્રામેળવાળી પદ્યરચનામાથી મળવી મુશ્કેલ છે. એ માટે હું પચ્ચીસ વર્ષથી શોધ કરતો હતો, અને હું ધારૂં છું કે તે મને મળ્યુ છે. એ પ્રિય ફળ પણ હુ ગુજરાતને ચરણે જલદી મૂકીશ.

સર્જન અને રચનાની એકતામાં જ કવિતાનો ખરો પ્રસાદ.

સર્જન અને રચના એ પ્રભુના વિશ્વનું માયા સ્વરૂપ છે. પ્રકૃતિ પંચતત્ત્વની બનેલી છે, પણ એ તત્ત્વોની પાછળ જે અદૃશ્ય સર્જનકળા કામ કરે છે તેનાથી જ એ પ્રકૃતિના જૂદા જૂદા રૂપ ઉત્પન્ન થાય છે. ફૂલની પાંદડીઓમાં પ્રકૃતિ છે, પણ તેનાં તત્ત્વોનું જે રચનાથી મિશ્રણ થાય છે, તે રચના કાંઇ ફૂલનું વ્યક્તિત્વ દર્શાવી શકે નહીં. ફૂલની પાંડડીઓ કાંઇ તૈયાર બહારથી લાવીને ગોઠવેલી નથી, કે તેનો સુવાસ બહારથી અંદર સમાવવામા આવેલો નથી. ફૂલ ફૂટવા માંડે ત્યારથી તે પૂર્ણ ખીલી રહે ત્યા સુધી સર્જન અને રચના બંને સાથે સાથે જ આગળ ગતિ કરે છે. પ્રકૃતિ ધર્મ ને સર્જન સાચવે છે અને સર્જનના આત્માને પ્રકૃતિ અણુએ અણુએ ધારણ કરે છે. ફૂલની નાનામાં નાની કળીથી માંડી તે પૂરેપૂરૂં મોટું થઇ ખીલી રહે ત્યા સુધીની તમામ ક્રિયા પ્રથમથી તે અંત સુધીની સંપૂર્ણપણે જ ચાલી રહે છે, અને જે નાનામાં નાનું હતું તે જ સર્વાંગે અદૃશ્ય રીતે ખીલી મોટામા મોટું થાય છે. કવિના મનોવિશ્વનું માયા સ્વરૂપ કવિતા પણ એમજ પ્રગટ થાય છે આ સૂક્ષ્મ ભેદ કવિઓએ ધ્યાનમા રાખવાનો છે. કવિની સર્જનકળા જેવી અને જેટલી તેના આત્માને સાચી હશે, તથા જેવી અને જેટલી તે ખીલેલી હશે, તેવી અને તેટલી સુંદર તેની રચનાકળા પણ દેખાશે. એથી જ કવિતાના સંપૂર્ણ અને સર્વાંગસુંદર સ્વરૂપ માટે સર્જન અને રચના બંને ઓતપ્રોત જોઇએ, અને તેમ હોય ત્યારે જ કવિતાનો ખરો પ્રસાદ મળી શકે છે.

ગુજરાતી કવિતાની ખીલવણી માટે અહિં જરા વિસ્તારથી ચર્ચા કરવી પડી છે, પણ શુદ્ધ સાહિત્યનું એ ઉત્તમ અંગ આજકાલ અનેક આડાઅવળા પવનોના ફૂંકારાથી જરજરિયું જેવું થઇ ગમે તેમ ઘસડાતું જાય તે માત્ર જોઇ રહેવામા આપણો ધર્મ સચવાય નહીં. બીજા વિષયોને માટે તેમ કવિતા માટે પણ ભિન્ન ભિન્ન રુચિને લીધે મતભેદ હોઇ શકે. એવા મતભેદ સત્ય સ્વરૂપની શુદ્ધિ જાળવવા માટે હિતકર પણ છે. પણ તે સુરુચિ હોવી જોઇએ, કુરુચિ નહી. સુરુચિનો ગુણ રસજ્ઞતા વગર આવી શકે નહીં, અને જ્યાં એ રસજ્ઞતા જ ના હોય, ત્યા રુચિભિન્નતાની શુદ્ધિ જળવાઇ શકે નહીં.

નવલકથા અને ટુંકી વાર્તાઓનું સાહિત્ય.

ગુજરાતી સાહિત્યનાં બીજાં અંગોમા નવલકથાઓ અને ટુંકી વાર્તાઓ આજકાલ તો ઘણી લખાય છે. પણ "કરણઘેલા" ની શિષ્ટ, સરલ અને શાંત મધુરતા પછી "સરસ્વતીચંદ્ર" નાં જે સર્વાંગભવ્ય દર્શન આપણને થયા તેનું જ સામ્રાજ્ય હજી ચાલે છે. સંસારી અને ઐતિહાસિક નવલકથાઓ ઘણી લખાય છે, પણ આપણી નવલકથાઓનું મૂળ અંગ્રેજી "નોવેલ" ના અનુકરણમાંથી આવેલું છે તે જોતા તેમા જે જે અંગોની વિવિધતા અને સમરૂપતા આવે છે તે તે અંગો, જેવા કે વસ્તુસંકલના, પાત્રભેદ અને પાત્રોની સ્વાભાવિક ક્રિયાપરંપરા, ભાવનાઓનુ પ્રભાવશાળી દર્શન, જીવનના અટપટા પ્રશ્નો, અને એ સર્વને સમતોલપણે રાખી તેમાં રસની અખંડ ધારા વહી શકે એવી પ્રાસાદિક રચના —એ સર્વની ગુંથણી હજી સારી રીતે ખીલેલી લાગતી નથી પણ આપણા સાહિત્યમાં નવલકથાનું અંગ માત્ર પચાસેક વર્ષથી જ દાખલ થયુ છે તે જોતા "સરસ્વતીચંદ્ર" જેવી

વિશ્વસાહિત્યના દરબારમાં પણ ગૌરવભર્યા મુખે ઊભી રહી શકે તેવી ઉત્તમ નવલકથા આપણા સાહિત્યે ઉત્પન્ન કીધી છે, એ આપણો ઓછો યશ નથી. આજે પણ એ ક્ષેત્રમાં " ગુજરાતનો નાથ " જેવી સુંદર નવલકથા આપણને મળી છે, અને તેમાની ઊજળી બાજુ જોતાં તેમાં ચમત્કારદર્શન અને રસની સુંદર જમાવટ દેખા દે છે, તેજ આપણી ભાવિ આશાને પોષવા બસ છે. " ગુજરાતનો નાથ " ના લેખકમા પ્રતિભા છે, શક્તિ છે, રસદૃષ્ટિ છે, અને એમનું હૃદય તથા એમનું મગજ સાધનસંપન્ન પણ છે, એટલે આગળ ઉપર જતા તેમની પાસેથી ગુજરાતને ઉચ્ચતર નવલકથા મળે એવી આપણે જરૂર આશા રાખીશું. બીજા આગળ પડતા લેખકોના પ્રયત્નો પણ આ દિશામા જારી રહેશે, તો સાહિત્યના આ અતિ આનંદદાયક અને બોધપ્રદ અંગની ખીલવણી જરૂર થશે. ટુકી વાર્તાઓ પણ માસિકોમાં ઘણી લખાવા લાગી છે, પણ બહુધા તેમાં અનુવાદો જ છે. પણ હવે તો કોઇ પ્રતિભાશાળી લેખક પોતાની બલવંત લેખિનીથી એ ટુંકી વાર્તાઓમા ઘટ્ટ રસ જમાવી અંગ્રેજી કે બંગાલીમાંની એવી વાર્તાઓ સાથે હરિફાઇમા ઉતરે એવું તો ખચીત ઇચ્છીશું. બીજું આ વિષયને અંગે પ્રોફેસર બેઇને જાણે અસલ સંસ્કૃતમાથી અનુવાદ હોય તેવી કલ્પનાશીલ અને રૂપકપ્રધાન જે અદ્‌ભુત વાર્તાઓ અંગ્રેજીમા લખી છે, અને જેમાંની કેટલીકના અનુવાદો આપણી ભાષામા પણ થયા છે, તે વાર્તાઓ પર પણ ધ્યાન ખેંચવાની જરૂર છે. " ઓલીવ સ્કીનર " નામની એક અંગ્રેજ વિદુષી બાઇએ અતિ સુંદર રૂપકોથી સંસારનાં અનેક સત્યોનાં દર્શન રસમય રીતે કરાવવા ટુંકી ટુંકી વાર્તાઓ લખી છે, તેમા કલ્પનાનો અદ્‌ભુત પ્રભાવ છે. એમાની એકાદ બે વાર્તાઓના અનુવાદ એક બે માસિકમાં પ્રગટ થયેલા છે, (જો કે એ અનુવાદો છે એવું ખુલ્લી રીતે ત્યાં જણાવ્યું ન હોતું), અને એવી સ્વતંત્ર ટુંકી વાર્તાઓ એવાં સુંદર રૂપકોથી આપણી ભાષામા લખાય તો રસાનંદ આપવા સાથે તે અતિ બોધદાયક પણ થઇ પડે.

નાટકનું સાહિત્ય.

નાટકનું સાહિત્ય પણ આપણામા અંગ્રેજી ધોરણે જ બહુધા ઉતરી આવેલું છે. સાધારણ રીતે આજે તો શહેરે શહેર અને ગામે ગામ નાટકો ભજવાય છે, પણ સાહિત્યદૃષ્ટિએ જેને શુદ્ધ નાટક કહી શકીએ તેવા કોઇક જ કહી શકાય. નાટકોનોયે ધંધો છે, એટલે એમા સરસ્વતીની પાસ લક્ષ્મીની પૂજા કરાવવી પડે છે, અને સરસ્વતી એમાં પોતાનું વ્યક્તિસ્વાતંત્ર્ય અને ટેક જો ન જાળવે તો તેને ગુલામી જ કરવી જ પડે. વિદ્વાનો અને સાહિત્યવિવેચકો એવી ફરિયાદ કરતા આવ્યા છે કે રંગભૂમિ પર આજકાલ બહુધા અધમ નાટકો જ ભજવાય છે, ત્યારે નાટકશાળાના ચાલકો એવું કહે છે કે દેશકાળને અનુસરતા અને નાટકના તમામ અંશોને ખરી રીતે ધારણ કરતાં નાટકો અમને વિદ્વાનો તરફથી મળતા જ નથી, એટલે ધંધાની દૃષ્ટિએ ' થર્ડ કલાસ ' નાટકોથી લઇ ચલાવવું પડે છે. આ બંને ફરિયાદમાં વજુદ છે; પણ સરસ્વતીના ઉપાસકો જે વિદ્વાનો છે તેઓની જોખમદારી આ વિષયમા વિશેષ છે. નાટકો તો એ વિદ્વાનો પણ લખે છે, ત્યારે એ નાટકો ભજવાતા કેમ નથી ? ઊંડા ઉતરીને જોતા એવું ખરૂં કારણ જડી આવે છે, અને તે એ છે કે એ કહેવાતા ઊંચી પંક્તિના નાટકોમાં આકર્ષકતા નથી. નાટકનું મુખ્ય વ્યક્તિત્વ એને જોવામાં અને સાભળવામાં છે. એટલે જેને

એ દેખડાવવું અને સંભળાવવું છે તેને એ પૂરું થાય ત્યા સુધી એની તરફ આકર્ષી રાખવાનું પ્રથમ કર્ત્તવ્ય પ્રાપ્ત થાય છે. આપણા વિદ્વાનોએ લખેલા ઊંચી પ્રતિના નાટકોમાં એ જાતની " આકર્ષકતા " છે કે, તે જ મુખ્ય પ્રશ્ન છે. નાટકની કળા કાળમાન છે, એટલે એના વસ્તુની ગતિ એકધારી સતત વહેવી જોઇએ એના વસ્તુમાથી જે બોધ જનસમાજને પાવાનો છે, તે ફિલસુફીના કે નીતિના સીધા ને લાબા ભાષણોથી નહીં, પણ એની કાર્ય-કારણપરંપરાની ગતિમાથી પોતાની મેળે મળી આવવો જોઇએ. ઊંચી પ્રતિના નાટકોમા કવિતા તેના ગીતોમા પ્રધાનપણે અને તેના વસ્તુની ખીલવટમા ગોણપણે આવે એવી જોઇએ. બાકી મુખપૃષ્ટ ઉપર નાટકનું નામ લખી પુસ્તકની અંદર પાત્રોના નામ સાથે તેઓ વચ્ચે કવિતામા કે ગદ્યમા સંવાદ કરાવ્યાથી કદી પણ તે નાટક બને કે કહેવાય નહી. એવી જાતનાં લખાણો અંગ્રેજીમા જેને " Dramatic Poem " એટલે " નાટકરૂપ કવિતા " કહે છે તે જ વર્ગના છે એ કાંઇ સંસ્કૃતમા કે અંગ્રેજીમા જેને ખરા નાટક કહે છે તે નથી જ. લેખકો પોતે જો ખરા પ્રતિભાશાળી હોય તો નાટક નામને યોગ્ય, દેશકાળને અનુસરીને, ખરી આકર્ષક અને નાટકના ખરા ગુણોને પ્રદર્શિત કરતી કૃતિ ઉપજાવી શકે, અને એવી કૃતિ લોકહૈયાને આનંદ આપવા સાથે તેને સંસ્કારી પણ કરી શકે. પ્રજાજીવન ગમે તેટલું હોય, તોપણ એક ટાગોર કે એક ગાધીજી તેમા કેટલું પરિવર્તન કરી તેને પોતાને અનુકૂળ કરી શકે છે, તે તો આપણે આજે પણ પ્રત્યક્ષ કરીએ છીએ. ખામી લોકહૈયાની નથી, પણ એ લોકહૈયાંને જગાડનારી જાદુઇ લાકડીની જ છે. એ દિશામા પણ એવો જાદુઇ પ્રતિભાવાળો નાટકકર્ત્તા જન્મશે, ત્યારે તેને પણ ચોમેર અજવાળશે. આજે તો આપણે આ સ્થિતિની ખરી નોધ લઇ આપણા ઉગતા નાટકકારોને તે વિષે જાગ્રત રાખવાનું છે.

લોકકથા અને લોકગીતો.

લોકકથા અને લોકગીતોમાના બે ચાર સારા સંગ્રહો હાલ બહાર પડયા છે. હજી એવા પુષ્કળ ગ્રંથો બહાર પડવાની જરૂર છે, કારણ કે એમા આપણી પ્રજાનુ જીવનસાહિત્ય સંચિત થયલુ છે. આપણા બાલજીવનની વાર્તાઓ અને બાલજીવનના ગીતો આપણા મન-પર જીંદગી સૂધી છાપ પાડી રહે છે, તેમ આ આપણા સાહિત્યની બાલજીવનની કથાઓ અને તે જીવનના ગીતો આપણા સાહિત્યમા જળવાઇ રહે તો એ સાહિત્યજીવનનો અને તે સાથે પ્રજાજીવનનો વિકાસ કેમ થયો છે તે સહેજે સમજાય. " કુરબાનીની કથાઓ ", " કાઠીઆવાડની જૂની વાર્તાઓ ", " સૌરાષ્ટ્રની રસધાર ", " જૈનકથાસંગ્રહ ", એ નવા પુસ્તકો આ વર્ગમાં બહુ આવકારપાત્ર ઉમેરો છે.

ગુજરાતી સાહિત્યનાં બીજાં અંગો.

ઇતિહાસ, જીવનચરિત, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, વેપાર, હુન્નરઉદ્યોગ, રાજનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વગેરે અનેક દિશામા ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ સ્વતંત્ર અને ચિંતનાત્મક લેખોથી કરવાની ઘણી જરૂર છે. બીજી ભાષાઓમાંથી અનુવાદ રૂપે એ વિષયોમા થોડાક લેખો કે ગ્રંથો બહાર પડયા છે, પણ સ્વતંત્ર પ્રતિભાવાળા લેખો હજી બહુ થોડા જ જણાય છે. ચાલુ અભ્યાસ, શોધકવૃત્તિ, જનસમાજની જૂદી જૂદી પ્રવૃત્તિઓના પ્રચારનો સહૃદય સંસર્ગ, પોતાની શક્તિનું સાચું માપ, અને એ સર્વ ગુણોની

મદદથી જે જે વિષયનું સ્વતંત્ર સાહિત્ય ઉપજાવવું હોય તે તે વિષય તેના અધિકારવાળો વાચકવર્ગ માગી લે એવી યોગ્ય ભાષાથી લખાય, ત્યારેજ એ જાતનું સાહિત્ય ઉપકારક થઇ શકે છે. દાખલા તરીકે, વેપારને લગતું ધંધાદારીને માર્ગદર્શક સાહિત્ય જોઇએ તેમાં વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનને લગતી પરિભાષા વપરાય તો કયો વેપારી તે વાચવાની દરકાર કરશે? અહિં પણ દેશકાળનું ઔચિત્ય સચવાય તો જ એ સાહિત્ય પ્રજાજીવનને કામનું છે.

બાલસાહિત્યની અગત્ય.

બાલસાહિત્ય પણ આપણી ભાષામા હજી નજીવું જ છે. છેલ્લી સાહિત્ય પરિષદે આ દિશામા ખાસ પ્રવૃત્તિ કરવાની ગોઠવણ કીધી હતી, પણ હજી સૂધી તો કાઇ ખાસ નોંધવા જેવું થયલું લાગતું નથી. હાલમાં રાષ્ટ્રકેળવણીની દિશામા પ્રવૃત્તિ ચાલે છે તેને અગે બાળપોથીઓ નીકળી છે એ ખરૂં પણ બાલસાહિત્ય કાઇ તેમા સમાઇ જાય નહીં. અંગ્રેજીમા સાહિત્યનો આ વિભાગ પણ ઘણો ખેડાયલો છે. બાળકોની કલ્પનાના પ્રદેશને ધ્યાનમાં રાખીને જો સાહિત્ય ઉપજાવવામા આવે તો તે ઘણું રસમય અને ઉપકારક થઇ શકે. " એક હતો રાજા ને એક હતી રાણી ", એ તો જગતના તમામ બાળકોનો રોજનો વિનોદ છે. એમની પરીઓની અને દેવતાઓની દુનિયા સ્થૂલ દુનિયા જેવીજ જીવતી જાગતી હોય છે. -એમની ઢીંગલીઓ, એમના રમકડાઓ, એમના લાડકા, પશુઓ અને પક્ષીઓ, એમનાં વાત કરતા ફૂલો અને પાદડાઓ, એમને રોજરોજ આંખ મારતા તારાઓ, એમની કાગળની હોડીઓ, એમનાં રેતીના ઘરો, એમના પત્તાના મહેલો, એમની માતપિતા બનવાની હોસ, એમના મહેતાજીની ખુરસીએ ચઢી બેસી માસ્તર બની જવાના કોડ, એમના લાકડાના ઘોડા, એમની આગગાડીની સીસોટીઓ અને એમના ગાર્ડની "ઑલ રાઈટ". એમની કાગળપત્રોની ચીતરામણ અને તે ટપાલમા નાખવાની હલામણ, એમના સીપાઇ, એમના અડંગજડંગ અને કાકડીઆ કુમાર, વગેરે અનંત નવી નવી કલ્પનામા ખીલતું બાલજીવન એ કલ્પનાનું પોષક સાહિત્ય માગી લે છે. એમની ચિત્રસૃષ્ટિ પણ જીવંત હોય છે. આવું બાલસાહિત્ય અંગ્રેજીમાં તો ઘણું પડ્યુ છે, અને સહજસુલભ છે. આ દિશામા પણ આપણા વિદ્વાનોએ હજી ઘણું કામ કરવાનું છે. હાલ બે નવા માસિકો પણ ખાસ બાલકોને માટે ગુજરાતમા નીકળે છે, તેમાં બાળકોને રંજન કરી સન્માર્ગે દોરવાના કેટલાક ઠીક પ્રયાસો થતા દેખાય છે. એના તંત્રીઓને ઉપરની સૂચનાઓ કાંઇક ઉપયોગી થશે. આરંભના પ્રયાસોમાં ભૂલો પણ થાય તેથી મુંઝાવાનું નથી, પણ એક વેળા માર્ગનું સ્પષ્ટ ભાન થાય તો પછી પ્રયત્નોને અનુકૂળ કરવાનું બની આવે છે,

રાષ્ટ્રસાહિત્ય.

આજકાલ આખા દેશના સામાન્ય સાહિત્યમા રાષ્ટ્રસાહિત્યનો વેગ જોશભર ચાલતો થયો છે, એમા આપણને એટલે આપણા સાહિત્યને તો નવયૌવન જેવી ગતિ આવેલી જ ગણી શકાય. પાછળ કહ્યું છે તેમ એ હાલ તો વંટોળીઆ જેવું છે, પણ તે જ આપણા નવજીવનનું શુભ ચિહ્ન છે. યુગ બદલાયો છે અને યુગના મહાત્મા પ્રગટ થયા છે, તેનું ચૈતન્ય જ બધી પ્રવૃત્તિ ચોમેર ફેલાવી રહ્યું છે. આ વંટોળીઓ અમીરોના મહેલોને તેમજ ગરીબોની ઝૂંપડીને ફૂંકી રહ્યો છે, અને મારી તો સંપૂર્ણ શ્રદ્ધા છે કે જે ખરી જાગ્રતિ આજની રાષ્ટ્રસેવાની ધુનથી સામાન્ય

જનસમાજમા આવી છે તે પરિણામે સાહિત્યને ઘણી ઉપકારક જ થશે. મહાત્મા ગાંધીજીએ પોતાની સરલ, સચોટ અને જાદુઇ વાણીથી લોકહૈયાને ઠેરઠેર જગાડયા છે, અને જનસમાજમાં સ્વાધીનતાનો જે પ્રબળ શંખ એમણે ફૂંક્યો છે, તેથી લોકહૈયામા જ્ઞાનની અને શક્તિપ્રકાશની ઝંખના ઊઠી છે. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના પણ એમના મુબારક હાથે જ થઇ છે, એ પણ કાંઇ જેવી તેવી સાહિત્યમાર્ગની સેવા નથી. એમના "નવજીવન" પત્રમાના લેખોએ આપણા સાહિત્યમા નવું જોમ અર્પ્યુ છે. એમના વિશિષ્ટ મંડળો તરફથી યુગધર્મ, પુરાતત્ત્વ, સાબરમતી, સૌરાષ્ટ્ર જેવા સાહિત્યની અને જનસમાજની જૂદે જૂદે માર્ગે સેવા કરનારા માસિકો ને પત્રો નીકળ્યા છે. એમની પ્રવૃત્તિમાથી ચાર પાંચ સારા અભ્યાસીઓ ગુજરાતી સાહિત્યની સેવામા ઉમેરાયા છે સર્વત્ર ઉત્સાહ પ્રવર્તે છે. ભરતી આવતાં જેમ આખો દરિયો જ ઉંચો થાય છે, તેમ આ પ્રજાજીવનમા પણ તેવું જ દેખાય છે, અને સાહિત્યમાં પણ તેવું જ થશે. આ ભરતીના મોજાંઓ પર તેની ઉંચાઇ, તેનો પ્રવાહ, તેનો વેગ, તેની દિશા, વગેરેનું યથાયોગ્ય માપ જે સાહિત્યસેવક લઇ શકશે, તે જ પોતાનું નાવ આ પ્રજાજીવનના દરિયામાં સફળ ખેડી શકશે. ખરો નાવિક ભરતીના મોજાંઓથી ડરતો નથી, એ તો તેનો બરાબર કયાસ કાઢી તેને પોતાના નાવની ગતિને અનુકૂળ કરીને તે ઉપર એ નાવને ચલાવ્યો જાય છે. એ મોજાં એક તરફ જાય અને એ નાવ તેની ઉલટી દિશાએ જાય, તો નાવની ગતિ ધીમી પડી જાય એટલુ જ નહીં, પણ એ મોજાંઓની છોળ એ નાવને કદી પાણીથી ભરી દે કે નાવિક સાવધાન ન રહે તો નાવને ડૂબાડી પણ દે. ગુજરાતના સાહિત્યસેવકોએ તો આ રાષ્ટ્રસેવાની ભરતીને વધાવી જ લેવાની છે, કારણ કે એ તો પ્રજાની ઉછળતી વીરતાનું બહુ મંગળ ચિહ્ન છે. જે પ્રજાના હૃદયમાં એ ચેતન નથી, તે પ્રજાનું સાહિત્ય ચેતનવંતું નહીં જ થાય. આ નવયુગમા પ્રજાની નવી નવી ઊર્મિઓ જાગતી જશે, તેમ તેમ તેને લગતું સાહિત્ય પણ તે પોતે જ માગી લેશે. પ્રજાની પ્રબળ ઇચ્છા વિના સાહિત્યમા ખરૂં ચેતન આવતું નથી, એટલે આપણે તો આ ચળવળને ઉપકારક જ ગણવાની છે. જે ગઇ કાલે ન હતું તે આજે મળે છે. તે તરફ સાધુઓ જેવી ઉદાસીનવૃત્તિ સાહિત્યપ્રદેશમા રાખી શકાય નહીં. સાહિત્ય તો જૂનું રાખી તેનો વિકાસ કરે છે, તેમ નવું પણ પોતાનામા સમાવી તેમાથી નવા ઝરણો વહેવડાવે છે. જૂનામાં સત્ત્વ અને સાવધાનતા હશે તો નવામા ઉત્સાહ અને વીરતા મળશે. જૂનું પણ એક વેળા નવું હતું, તે જ નવાને જૂનામાં સ્થાન આપી શકશે.

વર્ત્તમાનપત્રોનું સાહિત્ય.

વર્ત્તમાનપત્રોનું સાહિત્ય પણ ગુજરાતીમાં વધતું જાય છે. પણ ગુજરાતનાં વર્ત્તમાનપત્રોમા હજી કોઇ દૈનિક ગુજરાતીમા બહાર પડતું દેખાતું નથી. જે દૈનિક પત્રો છે તે બધા મુંબઇમાં જ છે, અને એક બે સિવાય બીજાં બધા પારસીઓ જ ચલાવે છે. જે દૈનિકો હિંદુ તંત્રીઓના હાથ હેઠળ ચાલે છે તે પણ ભાષામાં અને છાપવામાં પારસીપત્રોથી મોટે ભાગે જૂદાં પડતા નથી. વર્ત્તમાનપત્રો પ્રજાજીવનનું હૃદયમાપક યંત્ર છે, એટલે તેની ભાષારચના સરલ તેમ શુદ્ધ પણ જોઇએ. પ્રજાના તમામ વાચકવર્ગમાં એની કુતૂહલતા રોજની છે, એટલે એનો સંસર્ગ પણ રોજનો છે. આવી વસ્તુમા અશુદ્ધ ભાષા, અશુદ્ધ જોડણી, અશુદ્ધ વાક્યરચના, વગેરે ઘણા અનિષ્ટ અંશો પ્રજાજન રોજ

રોજ જોય અને મગજમાં અજ્ઞાનતા ઉતારે, એનું પરિણામ પ્રજાની, ભાષાની કે તેના સાહિત્યની ઉન્નતિમા નહીં જ આવે. વર્ત્તમાનપત્રોના અધિપતિઓએ પોતાની જોખમદારી પૂરેપૂરી સમજવી જોઇએ. આ વિષે આગળ ઉપર હું પારસી સાહિત્ય માટે જે કાઇ કહેવાનો છુ, તેમા વધુ વિસ્તારથી આપણે ઉતરીશુ.

માસિકોનું સાહિત્ય. માસિકોનું સાહિત્ય તો કૂદકા મારતું આગળ ધપે છે. કવિ દલપતરામે એક ઠેકાણે ઊંટવૈદોની ટકોર કરતા લખ્યું છે કે " પથરો લેવા જયા નમુ, આવે વૈદ જ હાથ " તેમ હાલ તો નવો માસ ઉઘડયો કે તેની સાથે કોઇક નવુ માસિક જાણે હાથ આવેલું જ છે! આગળ જણાવી ગયલા નવા માસિકો યુગધર્મ, પુરાતત્ત્વ, અને સાબરમતી ઉપરાત, ગુજરાત, નવચેતન, રંગભૂમિ, સુવર્ણમાળા, કુમાર, વગેરે કેટલાક સુદર માસિકો ને ત્રિમાસિકો ઉમેરાયા છે. ગુજરાતના અમર કળાફકીર હાજી મહમ્મદના " વીસમી સદી " ની રાખમાથી જ એ સર્વનો જન્મ થયલો પ્રત્યક્ષ દેખાય છે. ચિત્રની નવીનતાનો શોખ ઠેરઠેર જાગ્યો છે, પણ ચિત્રની ઝાકઝમાળ હેઠે સાહિત્યના શુદ્ધ અંશોની બેપરવાઇ ના થાય તે એ માસિકોના ચાલકોએ હમેશા તપાસવાનું છે. માસિકોની પૃથકતા પણ ધીરે ધીરે જામતી જાય છે, એ શુભ ચિહ્ન છે સ્ત્રીઓને માટે ખાસ ઉપયોગી એવું એક જૂનું માસિક ખોળએ પડયું છે, ત્યારે " ગુણસુંદરી " નામે નવું માસિક બહાર પડયુ છે. હવે તો એમજ લાગે છે કે આપણી કોઇ વિદુષી અને સાધન-સંપન્ન બ્હેન પોતાની જૂની સંસ્કારિતા અને નવી વિદ્યારસિકતાના સુયોગરૂપ કોઇક સુંદર સ્ત્રીઉપયોગી માસિક કાઢે, અને તેમા ગુજરાતની નવી ઘડાતી ગૃહલીલાઓને સન્માર્ગે દોરે, તો સાહિત્યની તેમજ પ્રજાસમાજની ઘણી મોટી સેવા થાય. " ગુજરાત " અને " નવચેતન" મા જાગ્રતિના અમૂક ચિહ્નો છે અને સાહિત્યસેવાની ધગશ પણ છે. સાહિત્યમાં ચિત્રકળાનું સખીપણું આનંદદાયક છે, પણ એ સખીપણું સાહિત્યના સુંદર અંશોને ચિત્રકળાની આકર્ષક શક્તિએ વધુ પ્રકાશમા લાવવા પૂરતું હોય ને થાય, તો જ એ બંનેને લાભ છે, એ બંનેનો સંબંધ આ મૂળ ભાવથી જેટલો વેગળો જાય તેટલો અનર્થકારક છે, એ સૂત્ર આપણા માસિક પ્રવર્તાવનારાઓએ અને ગ્રંથકર્તાઓએ ખસુસ ધ્યાનમા રાખવાનું છે. શુદ્ધ ચિત્રકળાનો માર્ગ નિરાળો છે, અને માસિકો, વર્ત્તમાનપત્રો કે ગ્રંથો સાહિત્યની અને જનસમાજની ઉન્નતિ માટે છે, તેથી ચિત્રકળાના જે દર્શન કે યોગ એમા કરાવવામાં આવે છે તે એ ઉન્નતિને હલકી રુચિ પર ઉતારવા નહીં પણ તેને પોષીને આગળ વધારવા મદદ કરે તે પૂરતાં જ તેમા જોઇએ, એ મુખ્ય વાત કદી લક્ષ બહાર જવી ના જોઇએ. જૂના પ્રતિષ્ઠિત માસિકોમા સાહિત્ય, વસંત, સમાલોચક, બુદ્ધિપ્રકાશ, સ્ત્રીબોધ, વગેરે હજી પોતાનાં વ્યક્તિત્વ અને પ્રભાવ સાચવી રાખી શકયા છે. " સાહિત્ય " માસિકની સરળ અને તળપદી રૂઢ ભાષાનો આગ્રહ ચાલુ જ છે, અને તેનું અચૂક નિયમિતપણું અનુકરણીય છે. ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિની એ ચાલુ નોંધ રાખે છે, અને આજના ઘણા ઉગતા આશાજનક લેખકોને એણે જ સાહિત્યપ્રવેશ કરાવ્યો છે. ગુજરાતી ભાષા બોલતી અનેક કોમોના લેખકોનો યોગ્ય સહકાર એણે સાધ્યો છે, અને એ સહકારમા ગુજરાતી ભાષાને આયંદે ઘણો લાભ જ થશે. એ માસિકમાં જે મોટા ગુણો દેખાય છે, તેમા એના તંત્રીનું નૈતિક બળ અને સ્પષ્ટવક્તાપણું મુખ્ય છે. તેની નિડર વાણીના અને શુદ્ધ એકરારોના દાખલા એમાથી ઘણા મળી

આવે છે. શુદ્ધ ગુજરાતી એટલે તળપદી રૂઢ ગુજરાતી ભાષાની સચોટતા એમના લેખોમા અનેરૂં બળ દર્શાવે છે. એ માટેનો એમનો આગ્રહ આપણા માનને પાત્ર થવો જોઇએ. ઘણી વેળા સારાનો પણ અવળો અર્થ આ દુનિયામા લેવાય છે, તેમ એમના એવી રૂઢ ગુજરાતીના આગ્રહ માટે કેટલેક ઠેકાણે અર્થહીન ટીકા થાય છે. વિષય પ્રમાણે ભાષા અને શૈલી જોઇએ, તેનો અર્થ એ નહીં કે કોઇ પણ ખાસ શાસ્ત્રને લગતા વિષયમા તેની પરિભાષા ના વાપરવી, પણ જો તે વિષયને બધી રીતે રૂઢ ભાષા પોતાના શુદ્ધ, તળપદા અને જનસમાજમા પળોટાઇ ગયેલા શિષ્ટ શબ્દો પૂરા પાડી શકતી હોય તો દૂરના અજાણ્યા સંસ્કૃત, ફારસી કે બીજી કોઇ ભાષાના શબ્દો તેવા વિષયવાળા લેખમા વાપરવાની કશી જરૂર નથી. વળી આપણી ભાષામા અનેક ધંધાને લગતા અતિ રૂઢ ને સહેલા શબ્દોની ખાણ છે, પણ લેખકનો પોતાનો એ રૂઢ ભાષાનો અભ્યાસ જ ના હોય, તો તે તો બસ એમજ ધારી લે કે એ શબ્દો ગુજરાતીમા નથી, અને તેથી સંસ્કૃતનો કે બીજી ભાષાનો તે આસરો શોધે છે. એક બીજી વાત-રૂઢ ગુજરાતીમા તત્સમ શબ્દોનું પ્રમાણ પણ કાંઇ ઓછું નથી, પણ જે શબ્દો સદીઓથી ગુજરાતીમા તદ્ભાવ થઇ ગયા હોય, અગર મૂળ ગુજરાતીના દેશ્ય હોય, અને જે જનસમાજમા ચલણી રૂપીઆની માફક શુદ્ધરૂપે જ ચાલતા હોય, તે છોડી દઇ માત્ર પંડિતાઇ બતાવવા જ જને પળેપળ સંસ્કૃત શબ્દો-અને તે પણ અપરિચિત-વાપરવામા આવે, તો તેવી ભાષાને ગુજરાતી કહેવી કે "જબાને ઉર્દૂ હરફે ગુજરાતી" એવું જે ઉર્દૂ નાટકોના ગીતોની ચોપડીઓ પર મુબઇની નાટકશાળાઓમાં છાપવામાં આવે છે તેમ "શબ્દોએ સસ્કૃત વ્યાકરણે ગુજરાતી" સમજવી? સાહિત્યના તંત્રીનો આગ્રહ કાંઇ દુરાગ્રહ નથી, તેને ખરા પ્રકાશમા જોઇ શકીએ તો તે જ ખરો ભાષાભિમાનીને છાજે તેવો સદાગ્રહ છે.

"સસ્તું સાહિત્ય"

સાહિત્યનો પ્રચાર આમવર્ગમા વિસ્તારથી કરવાની પહેલ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય" તરફથી કરવામા આવી ત્યારથી એ સંસ્થાએ ગુજરાતની ઘણી સેવા બજાવી છે. સામાન્ય વર્ગમા જ્ઞાનનો પ્રચાર જ્યા સુધી પૂરતો થાય નહી, ત્યા સુધી પ્રજાની ઉન્નતિ ચોતરફથી થઇ શકે નહીં. એ સંસ્થા તરફથી ધર્મ, સમાજ અને સાહિત્યને લગતા પ્રિય વિષયોના નાના મોટા પુસ્તકો બહુજ જૂજ કિંમતવાળા બહાર પડ્યા છે, અને તેથી બહુ ગરીબ માણસ પણ પોતાની ટૂંક કમાણી છતા એ પુસ્તકોનો લાભ પૂરતો મેળવી શકે છે. અંગ્રેજીમા People's Books ના જેવી પુસ્તકમાળા પ્રાચીન અર્વાચીન કવિતાઓના જૂદા જૂદા નાના નાના સગ્રહ કરી બહાર પાડે તો તેથી પણ સાહિત્યનો પ્રચાર ઘણો થાય. ભિક્ષુ અખંડાનંદનો આ મહાસ્તુત્ય પ્રયાસ સાહિત્યમા નોંધવા જેવો છે, અને ગુજરાતના ધનાઢ્યોએ તથા વિદ્વાનોએ એ પ્રયાસોને ઘટતી સહાય આપવી જોઇએ.

સાહિત્ય મંડળોની જરૂર.

સાહિત્યની ચર્ચા વિદ્વાનો અને લેખકો એક ઠેકાણે સાથે મળીને કરી શકે એવાં ઘણા મંડળોની પણ આપણે ત્યા જરૂર છે. ગામેગામ અને શહેરેશહેર એવા મંડળો પોતપોતાના પ્રમાણમા બંધાવા જોઇએ, અને સાહિત્યની શુદ્ધ ચર્ચા તથા જનસમાજને પ્રિય થઇ પડે એવા આખ્યાનો અને વ્યાખ્યાનો ત્યા વખતોવખત થાય તેની યોજના કરવી જોઇએ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, ગુજરાત સાહિત્ય સભા, સાહિત્ય સંસદ, પારસી લેખકમંડળ, ફારબસ સભા, શ્રેયસ્ સાધક અધિકારી મંડળ, વગેરે થોડાંક મંડળો આવી જાતનું કામ કરે છે, પણ તેમાં હજી ઘણા ઉત્સાહની અને ઘણી કાર્યદક્ષતાની જરૂર છે. આવાં મંડળોમાં ઉત્સાહી યુવકોને માથે કાર્યભાર નાખી મોટેરા વિદ્વાનો તેમાં વખતો વખત પોતાનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપતા રહે, અને સાહિત્યને લગતા સામાન્ય વિષયોની સરળ ભાષામાં ત્યાં ચર્ચા કરાવાય, તો સાહિત્યને જનસમાજમાં આકર્ષક કરી શકાય. ઔચિત્યની અહિં પણ ખરી જરૂર છે, અને દેશકાળને અનુસરીને કામ મંડાય ને કરાય તો સિદ્ધિ ને સફળતા પણ મળે

શિક્ષણશાસ્ત્રના સાહિત્યની અગત્ય.

શિક્ષણસાહિત્યને લગતાં પુસ્તકો પણ આપણી ભાષામાં ઘણાં થોડાં છે. જે દેશમાં સ્વભાષામાં શિક્ષણ અપાય નહીં, તે દેશની ભાષાને ઘણું ખમવું પડે છે "માલ ત્યાં ખપ" નું નવું સૂત્ર સાહિત્યમાં પણ અચૂક રીતે લાગુ પડે છે. હવે રાષ્ટ્ર વિદ્યાપીઠ સ્થપાઇ છે, સરકારી વિદ્યાપીઠમાં પણ ઊંચી પરીક્ષાઓમાં ગુજરાતીને સ્થાન મળ્યું છે, એટલે હવે એને લગતા સાહિત્યની આપોઆપ માગણી જાગી છે, અને તેને લગતા નવીન પુસ્તકો પણ રચાવા લાગ્યા છે. આ જાતનું મુખ્ય સાહિત્ય ખાસ કરીને વિદ્યાપીઠમાં અને કેળવણીમંડળોમાં કામ કરતા અધ્યાપકોનું છે, કારણ કે તેઓ પોતાના પૃથક્પૃથક્ ખાસ વિષયોનાં જ્ઞાન અને અનુભવનો લાભ વિદ્યાર્થીઓને સીધી રીતે અને અભ્યાસકોને આડકતરી રીતે આપી શકે છે. આવા શિક્ષણશાસ્ત્રને અંગે રા. અંબાલાલ બુલાખીરામ જાનીનું "સુભદ્રાહરણ" અને રા. મંજુલાલ મજમુદારનું "સુદામાચરિત્ર" બહુ સારી વિદ્વત્તાથી અને શોધકબુદ્ધિથી લખાયલા લાગે છે. આ દિશામાં કવિતા અને ઇતિહાસને લગતા શિક્ષણશાસ્ત્રમાં આપણા માનનીય સાક્ષર શ્રીયુત બલવંતરાય ઠાકોર બહુ ઉત્તમ માર્ગદર્શક કામ કરી શકે તેમ છે, અને એ માટે એઓ સાહેબને હુ ગુજરાત તરફથી આમંત્રણ કરૂં છું. આ સાહિત્ય પરિષદના પ્રમુખ સાહેબ રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ પણ એ દિશામાં જીંદગીભર કામ કરેલું છે, અને એમના ઊંડા અભ્યાસ અને અનુભવનો લાભ હજી પણ ગુજરાતને બહુ મળે તેની આશા આપણે જરૂર રાખી શકીએ. આ જમાનામાં એમને હાથે "ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ" જેવું શિષ્ટ, શાસ્ત્રીય અને સત્તાધારી પુસ્તક આપણા સાહિત્યમાં ઉમેરાયું છે, એ કાંઇ ઓછા સંતોષની વાત નથી.

વિવેચનનું સાહિત્ય.

ગુજરાતી સાહિત્યના મુખ્ય અંગોની પ્રવૃત્તિ જોઇ ગયા પછી હવે એ બધાં અંગોની નાડીતપાસ કરનારૂં જે વિવેચનનું સાહિત્ય છે તે જોઇએ. રા. બા. રમણભાઇના "કવિતા અને સાહિત્ય" વાળા મોટા ગ્રંથ સિવાય બીજો કોઇ એવો ગ્રંથ બહાર પડ્યો નથી. રા. અંજારીઆનું "સાહિત્ય પ્રવેશિકા" જૂના-નવા સાહિત્યની અને તેના લેખકોની સામાન્ય પિછાન જ કરાવે છે અને તેમાં પણ ચોક્કસ વર્ગની લીલા જ મુક્તકંઠે ગાવામાં આવેલી દેખાય છે. તે છતાં સાહિત્યમાં પ્રવેશ કરવા ઇચ્છનારને માટે સાહિત્યમાં સામાન્ય પિછાન આપવાનો એ સારો પ્રયાસ છે. એ સિવાય વિવેચનના સાહિત્યમાં બીજું કોઇ ખાસ ધ્યાન ખેંચે એવું

નવું પુસ્તક બહાર પડેલું જાણમા નથી. છૂટક છૂટક લેખો માસિકોમા, વર્તમાનપત્રોમાં અને તેઓના વાર્ષિક અંકોમા કે કોઇ પુસ્તકના ઉપોદ્‌ઘાતમા આવે છે તે જ હાલ તો એ સાહિત્યની પૂર્તિ કરે છે. પણ "નવલ ગ્રંથાવળી" મા વિવેચનની જે ખરી પદ્ધતિ કેળવાતી હતી તેવી તો હજી બીજો કોઇ પણ વિદ્વાન દેખાડી શકયો નથી. વિવેચનકળા એટલે ઉદારતાની કળા, સહનશીલતાની કળા, ન્યાયતોલનની કળા, એ મુખ્ય વાત ભૂલાઇ ગઇ છે વિવેચન એટલે સાહિત્યના સદ્ અસદ્ અંશોની ગ્રહણશક્તિ અને તુલનાશક્તિનું દર્શન. વાંચવું, સમજવું, પિછાનવું, સમભાવ કરવો, ગુણપર વધુ પ્રકાશ નાખવો, દોષથી પ્રકાશને હાનિ છે તે સપ્રેમ બતાવવું, સમાન કાર્યોની તુલના કરવી, પ્રભુનો દિવ્ય અંશ માટીમા પણ છુપાયલો છે તે ખોળી કાઢી બતાવવો, અને કલાપીએ એક મહાસત્ય કહ્યું છે તેમ "કળા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કળા નહીં." એવી કળાની ઊંડી ભૂખ જે કદર તેનો ઉદારતાથી વપરાશ કરવો, એ સર્વ ખરા વિવેચકના અને ખરી વિવેચનકળાના મુખ્ય ગુણો છે. જંગલો કાપીને તેમાથી દાતખોતરણી બનાવી આપવી, કે ઘાસની ગંજીમા પડેલી સોયને ખોળી કાઢવા આખી શહેનશાહતના લશ્કરને રોકવું, એમા વિવેચનકળાની પરાકાષ્ઠા નથી. આપણા ભાઇનો છોકરો કાષ્ટના ઘોડાપર ઘાસનું પૂછડુ બાધી તેની ઉપર કેવી સુંદર સ્વારી કરી રહ્યો છે તેની ખુબી દર્શાવવા સાહિત્ય પ્રદેશના અરબી ઘોડાઓ અને આરબ સવારોની સાથે તેની તુલના કરી તેના અદ્‌ભુત દર્શન કરાવવા, અને આપણા પાડોશીનો ભાઇ તેજીલી કાઠીઆવાડી ઘોડી લાવ્યો છે તેના કાનનું માપ કાઢવા જવું અને તેના હણહણતા પગ જોઇ ગામના ખચ્ચરો વધુ લાત ઝાડવા મંડી જાય તેના ભયથી ગામને બચાવવા ભારે ચળવળ કરી મૂકવી, એ કાઇ વિવેચનકળાની મહત્તા નથી. ખરા વિવેચકે વિવેકશીલ અપક્ષતાનું ત્રાજવું પકડવાનું છે. એ ત્રાજવાને જેટલા જોરથી ઉચે ચઢાવો કે નીચે ઉતારો, તેટલાજ જોરથી તે પાછું તેથી ઉલટી દિશાએ જરૂર જાય છે, ત્રાજવામાની વસ્તુ પણ એના ધક્કાથી કદાપિ બહાર પડી જાય છે, અને વેરાઇ જાય છે. મર્યાદિત પ્રશસા અને મર્યાદિત ટીકા ન હોય ત્યા વિવેચક વિવેચક મટી વકીલ બની જાય છે, અને કા તો ભાટાઇનું કે કા તો નિંદાનું જ સેવન કરે છે. આપણે ત્યા ચોર્યાસી હજાર ન્યાતોમા વિવેચકોની બીજી ચોર્યાસી ન્યાતો ઉમેરાય તો સાહિત્ય આનંદ અને શિક્ષણનુ સાધન મટી પક્ષાપક્ષી અને તકરારોનું તાલીમખાનું બને. વિવેચનકળા એ વકીલનું વકાલતનામુ નહીં, પણ ન્યાયાધીશનો અપક્ષપાત છતા માયાળુ ચૂકાદો માગી લે છે.

સાહિત્યમાં અધિકાર-શાસન કે પ્રજાશાસન.

એક બીજી વાત. સાહિત્યમા રસ લેતા અને તેના આકર્ષક પ્રદેશમા દાખલ થવાના હોસીલા નવયુવકોની આજકાલ ઠરેઠર એવી ફરિયાદ છે કે ગુજરાતી સાહિત્યમા પણ "બ્યુરોક્રસી" એટલે અધિકારશાસન બધાયુ છે, અને તેના અધિકારીઓ પોપના જેવી સત્તા ચલાવે છે. આ ફરિયાદમા કેટલું સત્ય છે તે બારીકીથી તપાસવાનું આ સ્થાન નથી, પણ કેટલીક સૂચના સાહિત્યના લાભ માટે તો આપણે કરી શકીએ સાહિત્યપ્રદેશની કિલ્લેદારી એના રક્ષક વિદ્વાનોએ કરવાની ફરજ છે, અને એ ફરજ પરતો પોતાનો અધિકાર કોઇ પણ રીતની રાખરખાવટ વગર અને શુદ્ધ મને એ અધિકારીઓ ચલાવે તો તે સાહિત્યને ઉપકારક છે. સાહિત્યનું તો પ્રજાશાસન છે, એટલે અધિકારીઓ પ્રજાહક્કના રક્ષકો હોવા

જોઇએ એટલા પરન્તુ એઓ સમજે તો બસ છે. બાકી બાઇબલમાં જણાવ્યા પ્રમાણે પરમેશ્વરે પોતાની ઉત્તમમા ઉત્તમ કૃતિને સર્પની દયા પર કેમ છોડી હતી, એવો ઝાંખો ભાસ પણ એ હોંસીલા નવયુવકોને આવે તો તેમા સાહિત્યપ્રદેશના નેતાઓ પોતાની સામે બંડખોર વૃત્તિને જ ઉત્તેજન આપે છે. બીજી બાજુએ આ ઉત્સાહી નવયુવકોએ એટલું સમજવાનુ છે કે સાહિત્યપ્રદેશમા કોઇ ગમે તેવા છરીકુહાડા પકડવાથી સીપાઇ કે નાયક થઇ જવાતું નથી. એને માટે પ્રજાશાસનમા પણ વ્યવસ્થાપૂર્વક કવાયત તો લેવી જ જોઇએ. જે હુકમ પાળી શકે તે જ ખરો હુકમ આપી પણ શકે, એ પણ યાદ રાખવાનું છે. જો સીપાઇમા ખરૂં તત્ત્વ હશે તો તે પણ એક દિન નેપોલિયન જેવો શેહેનશાહ થઇ શકશે. સાહિત્યમાં પણ ત્રણ જાતનાં ફળ પાકે છે એક જાતના ફળ શિયાળાના ફળ જેવા હોય છે, અને તે બહુ દિન સુધી ઘાસમા કે બંધ કોઠીમા રાખ્યાથી જ પાકે છે; બીજી જાતના ફળ ઉનાળાના ફળ જેવાં જલદી પાકી જાય છે; અને ત્રીજી જાતના ફળ પકવીને ખાવાના નહીં પણ સારી પેઠે સૂકવીને ખાવાના હોય છેઃ આ ઝીણો ભેદ સમજી આપણે તેનો વિવેક રાખીએ, અને મોસમ પ્રમાણે તથા ફળની જાત પ્રમાણે ધૈર્ય રાખીએ તો પ્રભુની દુનિયામા તેમજ સાહિત્યની સૃષ્ટિમા પણ આપણી કૃતિ પોતાનો નાનામા નાનો ફાળો પણ જરૂર આપશે જ કીર્તિની પાછળ તમે જશો તો તે દૃષ્ટિમર્યાદાની માફક દૂર ને દૂર જ જશે. કીર્તિને પાછળ નાખી તમે તમારા કર્તવ્યને જ સૂર્ય જેવું સામે જોતા જોતા આગળ ધપશો તો કીર્તિ તમારી છાયાના જેવી તમારી પૂંઠ પૂંઠે આવશે; અને કીર્તિ પણ લક્ષ્મીના જેવી ચંચળ છે, ત્યાં કીર્તિ કરતા કર્તવ્ય જ મોટું છે.

ગુજરાતી ભાષાના સાહિત્યનું અને તેના મુખ્ય મુખ્ય અંગોનું દિગ્દર્શન ઉપર કરી ગયા પછી એમા સમાયલી વિશિષ્ટ પ્રવૃત્તિઓ જોવાનું પ્રાપ્ત થાય છે.

બિન-હિંદુ કોમોનું ગુજરાતી સાહિત્ય. ગુજરાત દેશ એક છતા તેમા અનેક કોમો વસે છે, અને અનેક ધર્મવાળાઓની એ માતૃભૂમિ છે. જેમ સામાન્ય રીતે એ દેશના મૂળવતનીઓ હિંદુઓ છે, તેમ બીજી કોમવાળાઓ પણ સહેલાઇથી એના જૂના વતનીઓ જ ગણાવી શકાય છે. ગુજરાતી ભાષાનું ભાષા તરીકેનું વિશિષ્ટ સ્વરૂપ સાતસેં વર્ષથી વધુ જૂનું નથી. ત્યારે આ બિન-હિંદુ કોમોનો ગુજરાતમાનો વસવાટ હજાર વર્ષથી ઉપરનો છે. જૈન, પારસી, મુસલમાન, ખ્રિસ્તી, વગેરે જૂદી જૂદી કોમો તદન જૂદા જૂદા ધર્મો પાળે ત્યા એ ધર્મોની મૂળ ભાષામાના તેઓના પરિચિત શબ્દો એવી સામાન્ય ભાષામા જરૂર દાખલ થાય. વળી દરેક કોમનું ધર્મનું સાહિત્ય પણ જૂદું જ હોય, અને એવા ધર્મના સાહિત્યનો તેને આગ્રહ પણ હોય. આ સત્ય વસ્તુસ્થિતિને આપણે પ્રથમ લક્ષમા લાવીએ તો જ આ બિન-હિંદુ કોમોના વિશિષ્ટ સાહિત્યોનો ખુલ્લો ક્યાસ કાઢી શકીએ. જૈનોના મૂળ ધર્મગ્રંથો માગધી ભાષામા હોવાથી એના કેટલાક શબ્દો જૈન લેખકોની ભાષામા સ્વાભાવિકપણે આવી જાય. એ જ પ્રમાણે પારસીઓ અને મુસલમાનોના મૂળ ધર્મગ્રંથોની ભાષાઓમાના તેમજ તેમના પૂર્વજો ઇરાન કે અરબસ્તાન કે તુરકસ્થાનથી આવેલા તે તે દેશોની ભાષાઓમાના શબ્દો પણ ગુજરાતી ભાષામા તેમનાથી અનાયાસે વપરાઇ જાય. આવી રીતે ગુજરાતી ભાષા એક છતા તેમા જૂદી જૂદી કોમોના પૂર્વજોની મૂળ ભાષાના શબ્દો દાખલ

થયા. ગુજરાતના ગૌરવને એથી કશી હરકત પૂગી નહીં. ઉલટું જ્યારે ગુજરાતી ભાષા ઘડાતી હતી ત્યારે એવા અનેક શબ્દોના જીવંત ઉમેરાથી તેમા નવું બળ આવતું ગયું. જૈન લોકોની રહેણી કહેણી તો બહુધા હિંદુઓના જેવી જ હોવાથી તેમનો માર્ગ જૂદો પડયો નહીં, અને તેમના સમર્થ ધાર્મિક વિદ્વાનો તે વેળાના ગુજરાતના રાજ્યોના અધિકારીઓ કે સલાહકારો પણ હતા, એટલે તેઓએ પોતાનું સાહિત્ય સમૃદ્ધિમાન્ બનાવ્યુ. જૈનોનું હિંદુઓ સાથેનું સહજીવન ઘણું ઘાડું હતું, એટલે તેઓના ભાષાજીવનોમા પણ તેવી રીતનો ઘાડો સંબંધ રહેવા પામ્યો. મુસલમાનોથી પણ તેઓમાની ખોજા કોમે ગુજરાતીમા જે સાહિત્ય ઉપજાવ્યું તે હિંદુઓના જેવું જ છે, તેનું એક કારણ એ છે કે એ મુસલમાની ધર્મના કાટામા હિંદુ-ઓના વૈષ્ણવ ધર્મના સાહિત્યનો ઘણો અતલગનો સબંધ લાગે છે. આમ હોવાથી જે સાહિત્ય ખોજા કોમે ઉપજાવ્યું છે અને જેની કવિતાઓની પિછાન રા બ હરગોવિંદદાસ કાંટાવાળાએ છઠ્ઠી સાહિત્ય પરિષદના સંમેલન વેળા આપી હતી, તે સાહિત્યની ભાષા શુદ્ધ હિંદુ ગુજગતી છે.

પારસી ગુજરાતીનું સાહિત્ય અને તેનું જૂદાપણું.

પણ પારસી કોમના સંબંધમા લગાર જૂદું જ પરિણામ આવેલું દેખાય છે, અને તેનું કારણ ઉપર જણાવ્યા પ્રમાણે તેમને હિંદુ ધર્મના કે હિંદુ સમાજજીવનના ઘાડા સંબંધની ન્યૂનતા જ છે. પારસી ધર્મને લગતા કે પારસી સાહિત્યને લગતા ત્રણસેં ચારસેં વર્ષ પર લખાયલા જૂના લેખોમાં પારસીઓની ગુજરાતી ભાષા તે વેળાના હિંદુઓની ગુજરાતી ભાષાના જેવી જ લાગે છે, જો કે તેમા પણ પારસીઓના ધર્મને લગતા ઝંદ, પાઝંદ કે ફારસી શબ્દો વપરાયલા દેખાય છે. પોતાનો જીવથી વહાલો ધર્મ સાચવવા પોતાના દેશનો પણ ત્યાગ કરીને પારસીઓ જ્યારે પ્રથમ ગુજરાતમા આવી વસ્યા, ત્યારે તે વેળાના હિંદુ રાજાએ તેમને હથિયાર વાપરવાની મનાઇ કીધી હતી, અને એ સર્વ લડાયક શરવીરોને ખેતી અને વેપારના શાન ધંધામાં પડી જીવન ગુજારવું પડયું. એમ કરતા એ લોકની ભાષા હિંદુઓના જે વર્ગની સાથે એ રહેતા હતા તેઓના જેવી જ બંધાઇ. પારસીઓ આજે જે ગુજરાતી ભાષા ગુજ-રાતના ગામડાંઓમા બોલે છે તે મુખ્ય કરીને સુરત જીલ્લાની છે, અને તેમા પણ ખાસ કરી એ જીલ્લાના અનાવલાઓની અને વાણીઆ વસ્તીઆતોની છે. એ કોમોમા કેળવણીનો પ્રચાર વિશેષ ન હતો, અને બહુધા તે ખેતી અને વેપારમા પડેલી હતી એટલે તેમની ભાષા કાંઇક અંશે અણખેડાયલી અને ગ્રામ્ય જ રહેતી. અંગ્રેજી કેળવણીના આગમન સાથે પારસીઓએ કેળવણીને માર્ગે પ્રથમ ઝૂકાવ્યું અને પશ્ચિમ દેશોના સાહિત્યોના સંબંધમાં આવતાં ત્યાના આચારવિચારોની પણ ઝડપથી નકલ કરવા માંડી. ખુદ ગુજરાતી ભાષાના અક્ષરોનાં બીબા પણ પ્રથમ એક પારસી મર્હુમ ફરદુનજી મર્ઝબાને ઇ. સ. ૧૮૧૪ મા પાડયાં, અને તે જ વર્ષમા તેમણે છાપખાનું પણ કાઢયું. ઇ. સ. ૧૮૨૧ મા તેમણે જ મુબ-ઇના પ્રથમ વર્તમાનપત્ર "મુંબઇ સમાચાર" ને પ્રગટ કર્યું ગુજરાતી ભાષાનો શિષ્ટ અભ્યાસ એ આરંભના પારસી ચાલકો અને સાહસિકોને ન હતો, એટલે જેમ તેઓ ઘરમાં બોલતા તેમ તેઓ લખતા અને છાપતા પણ હતા. ભાષા જ્યા સૂધી બોલાતી કે માત્ર લહીઆઓથી

મર્યાદામા લખાતી રહે, ત્યા સુધી તે ઘણી પ્રવાહી રહી શકે, અને તેમાં કેવળ જૂદા ફાંટાઓ ન પડે, કે પડે તો તેનું સ્વરૂપ કેવળ જૂદી રીતે જ બંધાય. પણ અહિં તો વર્ત્તમાનપત્રો, માસિકો, પુસ્તકો, વગેરે કંઇ કંઇ પારસીઓ પોતાના સ્વાભાવિક સાહસિકપણાથી બહાર પાડતા જ ગયા, અને તેમા તેઓના ચોક્કસ વર્ગોના સંબંધમાથી જ ઉદ્‌ભવેલી ઘરગથ્થુ ગુજરાતી બોલીનો જ પ્રચાર કરતા ગયા. હિંદુઓ બહુ વર્ષ સુધી સાહિત્યની આ પ્રચુર પ્રવૃત્તિથી દૂર રહ્યા, અને તેઓનું સાહિત્ય મોટે ભાગે ધર્મ વિષયોમા તે વેળા સમાયલું હોવાથી પારસીઓના સામાન્ય વાચકો અને લેખકોને પ્રિય કે માર્ગદર્શક થયું નહીં. જ્યા પારસીઓ વર્ત્તમાનપત્રો પર વર્ત્તમાનપત્રો નવા નવા કાઢતા જ ગયા, ત્યાં એ પત્રોના વાંચનારાઓ પર ચોક્કસ રીતની જ છાપ પડતી ગઇ, અને જોતજોતા આ "પારસી ગુજરાતી"નું વ્યક્તિત્વ બંધાઇ ગયુ. આ અકસ્માતના મુખ્ય કારણો જો સભાળથી આજથી પચાસ વર્ષ પરના હિંદુ વિદ્વાનો શોધી શક્યા હોત, તો આ ઉગતી અનિષ્ટતાથી ગુજરાતી ભાષાને બચાવી લેત. દાયકાઓ થયા આપણા હિંદુ વિદ્વાનો પણ ગુજરાતીને પાછી સંસ્કૃત તરફ વાળવાના ખોટા પ્રયત્નો કરવા લાગ્યા, એટલે એ બંને કોમોના ભાષાવેગ એકમેકથી ઉલટી દિશાએ જ વહેવા માંડ્યો. હિંદુ લેખકો ગમે તેવી પ્રાતિક ભાષા બોલે કે લખે, જોડણી અને તત્સમ શબ્દો પણ ગમે તેમ ચીતરે, તો હરકત નહીં, પણ પારસીએ લેખ લખ્યો છે એવું જોતાં જ તેમાં શબ્દે શબ્દે ખૂચ કાઢવાની જ વૃત્તિ કેટલાક હિંદુઓએ ધારણ કીધી. આના પરિણામો ભાષાના લાભમા નહીં પણ ગેરલાભમા આવ્યા. એકમેકનાં મન ઉંચા થયા, પણ તેમાં ગુજરાતી ભાષાને કેટલુંક ખરૂં નુકસાન પૂગ્યું છે. પારસીઓએ પોતાનો વાચકવર્ગ માત્ર પારસીઓમાથી જ નહી પણ મુસલિમ અને હિંદુ વર્ગમાના થોડી કેળવણી પામેલાઓમાથી બનાવી લીધો. આજે જુઓ તો પારસી જેવી નાની કોમે હજાર ઉપર ગ્રંથો પારસી ગુજરાતીમા લખેલા મળી આવશે. એમાં કાચી ઘરગથ્થુ અશુદ્ધ ગુજરાતીથી માંડી ચઢતેતર ભાષા વપરાતા વપરાતા કેટલાક ગ્રથો તો કેવળ શુદ્ધ અને રૂઢ ગુજરાતીમાં લખાયલા માલમ પડશે. આવી સાહસિક અને ઉદ્યોગી કોમનો સહકાર હિંદુઓ શુદ્ધ ગુજરાતી ભાષા માટે મેળવવા પામે, તો ગુજરાતી ભાષાને તથા સાહિત્યને ઘણો લાભ થાય.

પારસીઓની સાહિત્યસેવા.

પારસીઓએ ગુજરાતી સાહિત્યની, પોતાની ગમે તેવી શક્તિએ પણ ઠીક ઠીક સેવા બજાવવી છે. પહેલું વર્ત્તમાનપત્ર, પહેલું ચોપાનીઉ, પહેલો અંગ્રેજી–ગુજરાતી કોષ, પહેલું જ્ઞાનચક્ર, એ બધુ પારસીઓને જ હાથે થયલું છે. પારસીઓએ જેમ રાજદ્વારી અને સાંસારિક ક્ષેત્રોમાં પોતાની આગેવાનીનો લાભ આખા દેશને આપ્યો છે, તેમ લોકમત કેળવવામા પણ પારસી પત્રોની ચળવળે કાંઇ કમી હિસ્સો આપ્યો નથી. વળી થાકેલા મનને એઘડી ગમ્મત આપે એવું રમતિયાળ અને હસમુખું સાહિત્ય કે જેને અંગ્રેજીમા light literature એટલે "સુગમ સાહિત્ય" કહેવામા આવે છે, તે પણ એમને હાથે ઠીક પ્રમાણમા બહાર પડ્યું છે, પારસીઓમા હવે એક એવો લેખકવર્ગ પણ ક્રમભાગ્યે ઊભો થયો છે કે જે એમનું અશુદ્ધ ગુજરાતી બોલીનું વ્યક્તિત્વ જાળવી રાખવાની હોસ અને વડાઇ રાખે છે. પણ મર્હુમ બહેરામજી મલબારીએ વિલક્ષણ હિંમતથી અને જબરા પ્રયત્નથી શુદ્ધ ગુજરાતી ભાષામા જ કવિતા કીધી, અને પારસીઓના મોટા ભાગને આ 'બંડખોર' લેખકની

ભાષા નહીં જ ગમી, છતા વખત જતા એમને પગલે ચાલનારા ઘણા પારસીઓ નીકળ્યા. પારસી વર્ત્તમાનપત્રોમા પણ આજની ભાષા ત્રીસ વર્ષ પરની ભાષા કરતા ઘણી આગળ વધેલી અને શુદ્ધિ તરફ ઢળેલી વપરાય છે.

પારસીઓની ગુજરાતી ભાષાને શુદ્ધિ તરફ વાળ-વાની અગત્ય.

એ બધું તો ખરૂં. જે બનવાનું હતું તે બન્યુ. પણ હવે કાંઇ એ સ્થિતિનો ઉપાય થાય તેવું હોય તો તે મહા પ્રયત્ને પણ કરવાની જરૂર છે. શુદ્ધ ગુજરાતીના હિંદુ લેખકો જ્યાસુધી અતિ સંસ્કૃતના ભેળવાળી ગુજરાતી ભાષા વાપરે, ત્યાસુધી પારસી લેખકોનો સહકાર તેમને પૂરેપૂરો મળી શકે નહીં. "સાહિત્ય" માસિકના વિદ્વાન તંત્રીનો રૂઢ ભાષા માટેનો આગ્રહ એને લીધે જ છે. હિંદુ વિદ્વાનોનું આકાશે ઉછાળેલુ ત્રાજવું પાછુ કાઇક નીચે ઉતરે, અને પારસી લેખકોના જોડત્રાજવાને મળવાનો ખરા દિલથી પ્રયત્ન કરે, તો હું ધારૂ છુ કે પારસીઓને અશુદ્ધ બોલીના પાશમાથી છોડવી શુદ્ધ રૂઢ ગુજરાતી ભાષા જ સાહિત્ય લેખનમા વાપરતા કરવાના સહાયકારી ઉપયો યોજી શકાય તેમ છે.

પારસી ગુજરાતીની ઉત્પત્તિનાં કારણો.

આજના જમાનામાં આપણો રોજનો વેપાર ધંધોરોજગાર થોડે અંશે પણ દુનિયાના તમામ દેશો સાથે સંબંધ ધરાવે છે, અને તેને લગતી વાતો જાણવા આપણે હમેશા આતુર રહીએ છીએ થોડું ઘણું પણ શીખેલાઓ આજકાલ વર્ત્તમાનપત્રો વાચવા સાભળવાનો સ્વાભાવિક શોખ ધરાવે છે, અને ખાસ કરીને મોટા શહેરોમાં તો સવાર સાઝની ખબરો રોજ જાણવા માટે લોકો ઉત્સુક હોય છે વર્ત્તમાનપત્રોની જરૂરીઆત એ કારણથી વધતી જાય છે, અને તેથી લોકના રોજના વેહેવારની ભાષા ઉપર એ વર્ત્તમાનપત્રોના ચાલુ વાચનની અણદીઠી અસર થયા જ કરે છે. એ વર્ત્તમાનપત્રોના તંત્રીઓ અને લેખકોને હાથે ભાષાને લગતા ખરા ખોટા પ્રયોગો ચાલુ જ રહે તો તેવા પ્રયોગો વખતના વહેવા સાથે પાછા ચલણી થઇ જાય પારસીઓને હાથે જ ચાલતા વર્ત્તમાનપત્રોમા વપરાતી ભાષા આવા ખોટા પ્રયોગો કરે છે એમ નથી, પણ હિંદુઓના વર્ત્તમાનપત્રોની ભાષાના ઘણા ખોટા પ્રયોગો જે હવે ચાલુ થઇ ગયા છે, તે માટે પણ આપણા ભાષાશાસ્ત્રીઓએ ફરીયાદો કીધી છે. આ વિષયને માટે તપાસ કરતા મને એમ જણાયુ છે કે એ વર્ત્તમાનપત્રોની અશુદ્ધ અને ઘણી વાર નકલી ભાષાને વધારે બગાડનાર મુબઇ શહેરની વિચિત્ર સ્થિતિ છે. મુબઇ ગુજરાતીઓનું એટલે અસલ ગુજરાતી હિંદુ પારસી મુસલમાનો વગેરેનુ છે તેમજ આપણા દક્ષણી મરાઠી ભાઇઓનુ પણ છે. ઘણે ભાગે છાપખાનાઓમા બીબા ગોઠવનાર કમ્પોઝીટરો અને બીજા કામદારો એ દક્ષણી ભાઇઓ જ છે. ગુજરાતીઓ જેવી રીતે કામચલાઉ મરાઠી બોલીમા મરાઠી ભાઇઓ સાથે બોલે, તેવી રીતે મરાઠી ભાઇઓ કામચલાઉ ગુજરાતી બોલીમાં ગુજરાતીઓ સાથે બોલે. આ સંસર્ગના પરિણામ કેવા આવે તે આપણે હવે સમજી શકશું. બીજું એ કે એ વર્ત્તમાનપત્રોના છાપાખાનાઓમા પૂરતા જોડાઅક્ષરોના બીબા પણ રાખવામા આવતા નથી, અને એવા એક છાપાખાનામાં મારી પોતાની કવિતાઓ છપાવતા મને એના માલિકો પાસે એવા જોડાક્ષરોની ખાસ ખરીદી કરાવવી પડી હતી.

ત્રીજું એ કે દૈનિક વર્ત્તમાનપત્રોનું કામ વીજળીની ઝડપે રોજ ચલાવવું પડે, ત્યા પૂરતા 'પ્રુફરીડરો' એટલે છાપાખરડા વાચનારા ના રખાય તો લેખો શુદ્ધ રીતે ક્વચિત જ છપાય. એ છાપાખરડા વાચનારનું ગુજરાતી ભાષાનું પોતાનુ જ્ઞાન બહુ જૂજ હોય તો તે પણ લેખો અશુદ્ધ રીતે બહાર પડવાનું મુખ્ય કારણ છે. મારા પોતાના પુસ્તકો મેં હિંદુ તેમજ પારસી માલિકીના છાપખાનાઓમા છપાવ્યા છે, અને બન્નેમા મને એક સરખો જ અનુભવ મળ્યો છે. જ્યા સારા છાપાખરડા વાચનારા જ ના મળે ત્યાં ચાર ચાર પાચ પાચ વખત એવા ખરડા આપણે સુધારીને મોકલીએ છતા કાઇક ભૂલો તો રહેવા જ પામે. **ચોથું** એ કે દરેક વર્ત્તમાનપત્રમા બીજી ભાષાઓમા છપાયલી ખબરો કે લખાયલા લેખોના ભાષાતરો કરવામા આવે છે, અને તે માટે ખાસ મદદનીશો રોકવામા આવે છે. આ મદદનીશોને ગુજરાતી ભાષાનું અધકચરૂ જ્ઞાન હોય તો તે શુદ્ધ રૂઢ ગુજરાતીમા એવા પરભાષાના લેખો ક્યાંથી ઉતારી શકે ? એટલે જે ભાષામાંથી એવા ભાષાતર કરવામા આવે છે તેના રૂઢ પ્રયોગોનું જ ઓલેઓલ ભાષાતર આપણી ભાષામા થાય છે. આ અને આવાં બીજાં કારણો ભાષાનો ચાલુ બગાડ કર્યા જ કરે છે. એક તો મૂળમા તંત્રીઓ અને તેમના લેખકમંડળનું ભાષાજ્ઞાન ઘણુ સામાન્ય પ્રકારનું હોય, તેમા આવા દુષ્ટ કારણોનો ઉમેરો થયાથી ભાષાને ચાલુ નુકસાન થયા જ કરે. આવી અતિ અશુદ્ધ ભાષા લોકોના અને ખાસ કરી ઉગતા યુવકોના કાનપર રોજ પડયા જ કરે, તો એ દુષ્ટચક્ર ગોળગોળ ફર્યા જ કરે, અને ભાષાને સુધારવાના બીજા બહારના પ્રયત્નો મિથ્યા જ થાય.

આ સ્થિતિની સુધારણા માટે વસ્તુવિચાર.

આ ઉપર જણાવેલાં મુખ્ય કારણો જો વ્યાજબી હોય, તો એ કારણોનો જ ઉચ્છેદ કીધા વગર કાર્યનો ઉચ્છેદ કદી નહીં થવાનો. ગુજરાતના શિષ્ટ લેખકો અને વિદ્વાનો ભલે બોલ્યા જ કરે, અને મુંબઇનાં વર્તમાનપત્રો પોતાની અસલ રાહે ચાલ્યા જ કરે. માત્ર પરિષદમા કે હિંદુઓના શિષ્ટવર્ગમા ઉલ્લેખ કર્યા કીધાથી આ સ્થિતિમાથી કશો ઉગારો થવાનો નથી. ગુજરાતી ભાષા માટે પરિષદના ચાલકોને ખરી દાઝ હોય તો એ સ્થિતિ હવે વધુ વાર ચલાવવા દેવી ના જોઇએ. ગુજરાતી ભાષા વાપરતી બે સાહસિક અને બળવાન કોમો એક જ શિષ્ટ ભાષાનું સમાન અભિમાન રાખે, તોજ ત્યાં ભાષાની વૃદ્ધિ અને કોમકોમ વચ્ચેની પ્રીતિ વધે.

પરિષદના ચાલકો અને ગુજરાતના હિંદુ વિદ્વાનો આ વિષયમાં ખરા ઉમગથી કામ લેવા તત્પર થાય, અને વેહેવારૂ રીતે ગુજરાતી ભાષાની એકતા સાધવા પ્રયત્ન કરે, તથા બધી બાજુથી ભરતીનાં મોજાં માફક એકસામટા તરવરી રહે, તોજ કાળક્રમે પારસી ગુજરાતીના વિપથ જતા પ્રવાહને પાછો મળમા સમાવી શકાશે. એ માટે મારા પારસી બંધુઓને મારી નમ્ર અરજ છે કે એક કરોડ હિંદુઓની જે ભાષા છે તે જ આપણી હવે માદરજબા પણ છે. જેવી રીતે ગુજરાતના પ્રાતપ્રાતમા ઘરગથ્થુ ભાષા તે તે પ્રાતની આબોહવા અને વિશિષ્ટતાને લીધે કોઇ કોઇ પ્રયોગોમા જૂદી પડે છે, તેવી રીતે આપણી પારસીઓની ઘરગથ્થુ ભાષા પણ ભલે પોતાનું તેવું જ જૂદાપણું રાખ્યા રહે. પણ તેથી એમ ઠરતું નથી કે

જેવું આપણે ઘરમા બોલીએ તેવું જ ભાષાના શિષ્ટ વેહેવારમા પણ લખી નાખીએ. અંગ્રેજી ભાષા ઇંગ્લંડના જૂદા જૂદાં પરગણામા જેવી રીતે બોલાય છે, તેમજ ખુદ સ્કૉટલેંડમા પણ અંગ્રેજી ભાષાના જે વિપરીત પ્રયોગો થાય છે, તેવી રીતે કોઇ પણ શિષ્ટ લેખમા કે ઇંગ્લંડના કોઇ પણ વર્તમાનપત્રમા અંગ્રેજી ભાષા લખાતી કે છપાતી નથી. લોકો ભણેલા કે અણઘડ ગમે તેમ બોલે, પણ લેખકો કે વક્તાઓથી જાહેરમા તેવી ભાષા કદી લખાય કે બોલાય નહીં. તેમ જો કોઇ કરે તો માત્ર કૌતુકદર્શન સિવાય તેનો લેખ કોઇ છાપે નહીં, અને કદી છપાય તોપણ હસી જ કઢાય. અંગ્રેજી ભાષા પ્રાંતપ્રાંતમા કે ઘરવેહેવારમા બોલાય ગમે તે રીતે, પણ લખાય તો "King's English" મા જ એટલે રાજરૂઢ શિષ્ટ અંગ્રેજીમા જ. વર્તમાનપત્રોના અને માસિકોના પારસી તંત્રીઓ અને લેખકો ગુજરાતીમા લખે તો એવી રૂઢ ગુજરાતીમા જ લખે એવો ટેક રાખે, તો ભાષાજ્ઞાન મેળવવું પારસીઓને કાંઇ અઘરૂં નથી. પારસીઓ જો ચાહે તો છેલ્લા સો વર્ષની ભુલને દસ વર્ષમા ધોઇ નાખે, વળી પારસી લેખકોને પણ એક મોટો લાભ એ થશે કે તેમના પત્રો, માસિકો અને પુસ્તકો વાંચનાર વર્ગ હિંદુઓની મોટી વસ્તી જોતા બહુ બહોળો થવા પામશે, અને શુદ્ધ ગુજરાતી ભાષાની તથા તેના સુંદર સાહિત્યની ઉન્નતિ ઝપાટાભેર થશે.

શુદ્ધિ માટેના ઉપાયોની સૂચના.

ઉપર જે કારણો ભાષાબગાડના જણાવવામા આવ્યા છે, તે કારણો દૂર કરવા માટે અહિં થોડાક મુખ્ય ઉપાયોનું સૂચન કીધેલું વ્યર્થ જશે નહીં:—

૧. મુબઇનાં પારસી કે હિંદુ માલિકી હેઠળ ચાલતાં છાપાખાનાઓમાં બનતાં સૂધી ગુજરાતી, એટલે ગુજરાતી જ ભાષા જન્મથી બોલનાર, કમ્પોઝીટરો રાખવા.

૨. છાપાખાનાઓમા શુદ્ધ ગુજરાતી ભાષામા વપરાતા તમામ જોડાક્ષરોના બીબા માલિકો પૂરતા જત્થામા રાખે એવી વ્યવસ્થા આગ્રહપૂર્વક રખાવવી.

૩. પ્રુફરીડરો એટલે છાપાખરડા વાચનારા જરા વધુ સારો પગાર ભલે લે, પણ તે શુદ્ધ અને રૂઢ ગુજરાતી ભાષાના ઠીક જાણકાર જોઇએ. આ માટે પરિષદના ચાલકો અને પારસી લેખકમંડળના અધિકારીઓ મુબઇમા એવા સારૂ ગુજરાતી ભણેલા અને જાણનારા માણસો જાહેર ખબરથી કે અન્ય રીતે મેળવીને મુખ્ય વર્તમાનપત્રો અને માસિકો જે છાપાખાનામા છપાતા હોય તેમા બંદોબસ્ત કરીને તેઓને રખાવી શકે. તંત્રીઓ કે લેખકો ગમે તેવી ભાષામા લેખો ચીતરી કાઢે, પણ આ ખાસ છાપાખરડા વાચનારાએ તો તે લેખકોની ભાષા બનતાં સૂધી સુધારીને પછી જ તેવા લેખોને છાપવા દેવા આમ કરતાં તંત્રીઓને તેમજ લેખકોને પણ ચાલુ સહવાસથી શુદ્ધ પ્રયોગોનું જ્ઞાન થશે, અને પછી શુદ્ધ ચક્ર ચાલુ થતા ક્રમે ક્રમે પોતાની મેળે તેઓ પોતે પણ રૂઢ ગુજરાતી લખતા શીખશે.

૪ બીજી ભાષાઓમાથી ભાષાંતર કરનારા મદદનીશો પણ સારૂં ગુજરાતી ભણેલા જ દરેક વર્તમાનપત્રની ઓફિસમા રખાવી આપવા.

એ માટે રચનાત્મક કાર્યની આવશ્યકતા.

આ મુખ્ય રચનાત્મક કાર્ય પ્રથમ થવુ જ જોઇએ. એ જો નહીં થાય તો ખાલી ઉમરાણુ મચાવ્યાથી અશુદ્ધ પારસી ગુજરાતીની હસ્તી કદી નાબુદ ના થાય. હિંદુ અને પારસી વિદ્વાનોએ તથા લેખકોએ, અને ખાસ કરી વર્તમાનપત્રોના તથા માસિકોના તંત્રીઓએ તથા માલિકોએ આ વિષયમા શુદ્ધ મને સહકાર કરવો જ જોઇએ. મારી સંપૂર્ણ શ્રદ્ધા છે કે આટલું મુખ્ય રચનાત્મક કાર્ય જો એવા સહકારથી થાય તો જોતજોતા ગુજરાતી ભાષા, એટલે એક જ શિષ્ટ અને રૂઢ ગુજરાતી ભાષા, ઠેરઠેર લખાતી થશે અને આજકાલ ભાષામાં જે મહા મોટી અરાજકતા ચાલે છે તે બંધ થતા, તેમજ હિંદુ તથા પારસીઓનો વાચકવર્ગ વધુ બહોળો થતાં, આપણી સર્વ ગુજરાતીઓની મીઠી માદરજબાની ખીલવણી અને ચઢતી બહુ જલદીથી થશે.

વિદ્વાન હિંદુભાઇઓને વિનંતિ.

બીજી બાજુથી મારા વિદ્વાન હિંદુ ભાઇઓને પણ મારી ખાસ વિનંતિ છે. પારસી ગુજરાતી ભાષા જેવી રીતે લખાય છે તે દોષભરી છે તેની ના નથી. પણ એ દોષના ખરા કારણો પ્રેમપૂર્વક શોધીને તે નિવારવાના શુદ્ધ મને પ્રયત્ન કરવાને બદલે માત્ર જ્યા ત્યા પારસી લેખકોના—અને સારા શુદ્ધ લેખકોના પણ—દોષ પર ઉઠતા બેસતા આગળી જ નક્યા કરો તો એ દોષ સુધારવાના નથી, અને ઉલટુ તમે એક સાહસિક, આપબળથી આગળ વધનારી, અને આખા હિંદની પ્રગતિમા ખરા ઉત્સાહથી મૂળથી ભાગ લેતી આવતી કોમને તમારાથી દૂર કરો છો. પારસીઓમા કેળવણી મોટા પ્રમાણમાં પ્રસરેલી છે, અને વાચકવર્ગ પણ બહોળો છે. એ લોકના આ વિશિષ્ટ અને વિચિત્ર ભાષાપ્રવાહને જો તમે હજી પણ અણરોક્યો આગળ વધવા દેશો, તો એ લોકની ગુજરાતી ભાષા શિષ્ટ ભાષાથી તદ્દન જૂદી જ બનવા પામે. આશાનું એક શુભ કિરણ હજી પણ એ છે કે એ વર્ગમા પણ કેટલાક શુદ્ધ ભાષા લખનારાના સફળ પ્રયોગો જોયાથી તેવી ભાષા વાપરવા હમણા હમણા ઘણી બાજુએથી પ્રયત્નો થાય છે. "નવરંગ" માસિકના અધિપતિ મિ. અરદેશર ખરશેદજી દેસાઇ પોતાના માસિકમા પારસીઓ સાથે હિંદુ લેખકોને પણ સારી પેઠે આવકાર આપે છે, અને શુદ્ધ ગુજરાતી ભાષામા લખાયલા લેખો તેવા જ શુદ્ધ છપાઇ બહાર પડે તેની પણ કાળજી રાખે છે. "જામેજમશેદ" જેવા વગદાર પારસી દૈનિકના અધિપતિ મિ. પીરોજશાહ જહાગીર મર્ઝબાન (પીજામ) પોતે સારૂં ગુજરાતી લખે છે, અને પોતાના મુખ્ય લેખોની ભાષા દિનપરદિન વધુ વધુ રૂઢ અને શુદ્ધ આવતી જાય તેવા શુભ પ્રયત્નો કરે છે. બીજાં દૈનિકો અને માસિકો પણ ભાષાની બાબતમા ઘણો આશાજનક સુધારો બતાવે છે. આ પ્રયત્નોને પ્રેમથી વધાવી લો, તેને બની શકતુ ઉત્તેજન આપો. તમે મહાવિદ્વાનો છો, તો વિદ્યાનું ફળ હાસી કરવામા નહીં, પણ તમારા ઓછા જ્ઞાનસંપન્ન ભાઇઓને સમભાવથી મધુર મુખે તમારી તરફ આકર્ષી તેમને તેમના જ્ઞાનમા આગળ વધારવામા રહેલું છે. બીજી એક વાત તો હું ઉપર દર્શાવી જ ગયો છું, અને તે અતિ સંસ્કૃત ભાષાનો ત્યાગ કરી શુદ્ધ અને રૂઢ ગુજરાતી ભાષા જ વાપરવાને લગતી છે. અંગ્રેજી ભાષાનું આજનું રૂપ જોવા જો મર્હૂમ ડૉક્ટર જોનસન પાછો આવે તો તે જરૂર અજબ થાય કે એ ભાષાની ખીલવણી માત્ર મોટા મોટા ગ્રીક કે લેટીન મૂળના શબ્દોથી નહી પણ શુદ્ધ એંગ્લો-સેક્સન મૂળના

શબ્દોથી જ વધુ થઇ છે. સરલતામા જ પ્રવાહીપણું છે, અને સરલતામાં જ સમગ્ર જનસમાજને સાથે લઇને આગળ વધાય છે. પ્રજાની કોઇ પણ દિશા તરફની પ્રવૃતિ તેના નેતાઓ અને જનસમાજ વચ્ચેનો અંતર વધારવામા સફળ થતી નથી, પણ એ અંતર ઘટાડીને નેતાઓ પોતાની આગળીએ જનસમાજની આગળી ગુંથીને જ આગળ વધવાની નફળતા પામે છે. જ્ઞાનને પણ વ્યવસ્થાની જરૂર છે, નહીં તો સર્વજ્ઞાની પ્રભુના તેજબિંદુ રૂપ તારાઓ પણ આકાશમા ગમે તેમ ભમી અથડાયા કુટાયા કરત.

સાહિત્ય પરિષદની ખાસ પ્રવૃત્તિની આવશ્યકતા.

આ શુભ કામને અંગે બીજી પણ ગૌણ પ્રવૃત્તિઓ સાહિત્ય પરિષદની કમિટી અનેક રીતે કરી શકે. ઉપર જણાવેલુ મુખ્ય રચનાત્મક કાર્ય બરાબર ચાલતું રહે તે માટે શરૂઆતમા એ કામ માટે નીમેલા ખાસ ચાલકોએ સતત જાગ્રત રહેવું પડશે. આ કામ માટે દેશાભિમાની અને ભાષાભિમાની ઘણા યુવકો મળી શકશે. પરિષદ કમિટીના સભાસદો પણ વખતોવખત મુબઇના વર્ત્તમાનપત્રો અને માસિકોના તંત્રીઓને, તેમ જ આ વિષયમા સમભાવ બતાવી કાંઇ પણ સહાય આપી શકે એવા હિંદુ પારસી વિદ્વાનો અને ધનવાનોને મળી કાર્ય પ્રવૃત્તિને અંગે જે જે નવા પ્રશ્નો ઉઠે તેનો પ્રસગાનુસાર નિકાલ કરતા રહે, પારસી લેખક મડળની સભાઓ ભરી એ કામમા તેના સભાસદોની સાથે મસલત કરી તેઓનો વેહેવારૂ સહકાર મેળવે, અને એવી જ પ્રવૃત્તિ ગુજરાતના બીજાં મોટા શહેરોમા જ્યા જ્યા પારસી વર્ત્તમાનપત્રો, માસિકો કે પુસ્તકો બહાર પડતા હોય ત્યા ત્યાં પણ તેઓએ બની શકતી કરવી હિંદુ અને પારસી માસિકોમા એકમેકના સારા અને રૂઢ ગુજરાતીમા લખાયલા લેખો પ્રગટ થાય તેની વ્યવસ્થા કરાવી આપવાને પણ તેઓએ બનતું કરવું. આ માત્ર કાર્યની રૂપરેખા જ છે. એકવેળા હિંદુ પારસી વિદ્વાનો અને મુખ્ય વર્ત્તમાનપત્રો અને માસિકોના તંત્રીઓ સાથે મળી એકમેકના શુદ્ધ વિચારોની આપલે કરશે, ત્યારે આ કાર્યને સંપૂર્ણ રીતે સફળ કરવા માટે બીજી અનેક સૂચનાઓ પોતાની મેળે મળી રહેશે. વાટ માત્ર આ વિકટ લાગતા પ્રયત્નનો સમારંભ કરવાની જ છે. એ કરો, અને તે પર ખંતથી મંડી રહો, તો વિજયફળનો મહાસંતોષ આપણા સર્વ ગુજરાતી ભાઇઓને મળશે, અને પ્રભુના આશીર્વાદ પણ ઉતરશે. અસ્તુ

સાહિત્યવિલાસી બહેનો અને બંધુઓ ! આપણા ગરીબ પણ સુદર સાહિત્યની સેવા જો આપણે અંતરથી ચાહીએ તો બ્રહ્મપુત્રનું હિમાલયમાથી આણેલુ પાણી જેમ હજાર મુખે સાગરમા હોમાતું રહે છે તેમ આપણે પણ કરી શકીએ. પણ આ ‘ જો ’ અને ‘ તો ’ આપણી આતરશકિતના માર્ગમાપક હદીઆ જ છે. આપણે આગળ ચાલીએ તો એ પાછળ હઠતા જાય છે અને આપણી શક્તિનું માપ આપણે જ્યા કાઢવા જઇએ ત્યા એ દર્શાવવા તત્પર જ ઉભેલા દેખાય છે. આપણે ચાલીએ જ નહીં તો એની હારની હાર આપણી નજર પૂગે ત્યાં સૂધી લબાયલી જ લાગે છે અને આપણી આતરશકિતને માત્ર જોવાની જ ક્રિયામા ખપાવી દે છે. આટઆટલી વેળા પરિષદના સંમેલનો મળ્યાં પણ માત્ર વાતો કરી સર્વ વિદ્વાનો અને રસિકો છૂટા પડ્યા, અને હજી કશુ સંગીન કાર્ય કરી શક્યા નથી, એવો આરોપ બહુ ઠેકાણેથી આ પરિષદને માથે ઢોકાયો છે. હુ ધારૂં છું કે

આ શિષ્ટ ગુજરાતી અને પારસી ગુજરાતીનો મુખ્ય ભેદ ટાળી નાખવા જો સાહિત્ય પરિષદ્‌ના ચાલકો અંતઃકરણપૂર્વક પ્રયત્નો કરે, તો તેઓ ગુજરાતી ભાષાને લગતા આ કૂટ પ્રશ્નનો નિકાલ કરી શકે; અને આ એક જ કાર્ય પરિષદની હસ્તી સાબીત કરવા પૂરતું છે. ગુજરાતી ભાષા વાપરનારી તમામ બિન-હિંદુ કોમો એક જ શિષ્ટ ભાષા વાપરતી થાય અને તેને માટે ખરૂં અભિમાન રાખતી થાય તો ગુજરાતી સાહિત્યના તે ધન્ય દિન માટે પરિષદ વ્યાજબી ગર્વ ધારી શકશે.

ગુજરાતી સાહિત્યની 'ખાતાવહીનું' વાચન અને સરવાયું.

ગુજરાતી સાહિત્યના જમે ઉધાર પાસાં તપાસી ગયા પછી હવે આપણે તેનું સરવાયું કાઢીએ. ઉધાર પાસું જોતાં હજી આપણે બહુ કરજ ભરવાના છે. આપણી ભાષાને લગતો સત્તાધારી સંપૂર્ણ કોષ હજી બહાર પડયો નથી. આપણી મૂડી કેટલી વેરાઇ પડી છે તે તો પ્રથમ જાણવું જ જોઇએ. જોડણીનો નિર્ણય આ વીસ વર્ષે પણ થયો નથી, અને કરોળીઆના જાળા જેવી બારીક ગુંથણીઓની ઓથે રહી હજી પણ ઉડતી માખોને તેમા પકડવાનું જારી રહ્યું છે. એથી તીજોરીની કોથળીઓમા ચલણી નાણું કેટલું છે અને કેટલું ખરૂં ખોટું ઘુસી ગયલું છે, તેનો પત્તો મળતો નથી અને હિસાબ તપાસનારને ગોટાળો જ લાગે છે. ભાષાનો ઇતિહાસ અને સાહિત્યનો ઇતિહાસ એ બે મોટા ખાતાઓ હજી નામ માડી રાખેલા કોરાં જ પડયા છે. પણ "સાહિત્ય સંસદ" તરફથી મોકી રકમોની આશા અપાઇ છે. જુના હિંદુ અને જૈન કવિઓ તથા લેખકોના સંગ્રહ હજી પુષ્કળ બહાર પડવાના રહ્યા છે, એટલે આપણી બહુ મૂડી વગર વ્યાજે કે વેપારે બંધાઇ પડી છે. પરિષદનું માસિક તાત્કાલિક જમે ઉધાર કરવા માટે હજી ચોપડે ચઢયું નથી. અને સૌથી અગત્યનું ખાતું, એ બધા ખાતાઓને નિભાવી શકે એવું જે પરિષદના ફંડનું, તે હજી આપણને નિરાશી જ ઉપજાવે છે. જમા પાસામા રા. બ. કમળાશંકર ત્રિવેદીનું "બૃહદ્ વ્યાકરણ" ગુજરાતી ભાષામા મહત્ત્વનો ઉમેરો કરે છે. રાષ્ટ્રસેવાની ચળવળે સુંદર લોક-ભોગ્ય સાહિત્ય પૂરૂં પાડયું છે. મહાત્મા ગાંધીજીના લેખોએ ભાષાને નવું જોમ આપ્યું છે, અને સરલતા સાથે સચોટના પણ તેમા આણી છે. આજકાલ તો એ જ ખાતામાં વધુમા વધુ બારનિસીઓ નોધાયલી દેખાય છે. ગુજરાત, નવચેતન, યુગધર્મ, પુરાતત્ત્વ, રંગભૂમિ, કુમાર, બાલજીવન, વગેરે નવા નવા ઉત્સાહી માસિકો ભાષાની અને જ્ઞાન ગમ્મતની ખાધખોરાકીની સિલક સારી બતાવે છે. કેળવણીના વિષયમા રાષ્ટ્ર વિદ્યાપીઠ, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભરૂચ કેળવણીમંડળ, વગેરે તરફથી સ્વભાષામા શિક્ષણને લગતી પોથીઓના અવેજો આવતા જાય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, 'ગુજરાતી' છાપાખાનું, સાહિત્યસંસદ, ચરોતર એજ્યુકેશન સોસાઇટી, ગુજરાત સાહિત્ય સભા, વગેરે મંડળોએ અને સંસ્થાઓએ જૂની નવી પ્રસાદીઓ માટે નવી નવી રકમ આપવાનું જારી રાખ્યું છે. પારસી લેખક મંડળે "ગુજરાતી શૈલી અને લેખનપદ્ધતિ" ઉપર સારૂં પુસ્તક તૈયાર કરાવી ગુજરાતી ભાષાના ખાતામા સારી જેવી નવી રકમ જમા કરાવી છે. રા. બોટાદકરની "રાસતરંગિણી," કાન્તનો "પૂર્વાલાપ," તથા "રાષ્ટ્રગીત" એ સુંદર કાવ્યસંગ્રહોથી ગુજરાતના સંગમકાળની જૂની નવી ભાવનાઓ અને અવનવા ઉમળકાઓથી ભરેલી કાયમની નવી મૂડી જમે થઇ છે. પરદેશોમાથી પણ ખપતી ચીજો લાવી માલખા-

તામાં ઉમેરાવી છે. પરિષદના આડતિયાઓએ ચોમેરથી દેશપરદેશનો માલ ભંડોળખાતામાં ભરવા માડયો છે. આપણા સાહિત્યનું આ બેચાર વર્ષનું સરવાયું સારી આશા આપનારૂં જ કહેવાય. આપણા મોટેરા વિદ્વાનો અને કવિઓ હજી પણ બનતું કરી પોતાનાં ખાતા નિભાવી રાખવાની સદિચ્છા બતાવી રહ્યા છે. હવે નવે ચોપડે નવા કુંકુમલેખો માડવા સર્વ લેખક બંધુઓ આગળ પડો અને ધન્ય બનો, એ જ પ્રાર્થના.

સુજ્ઞ બહેનો અને બંધુઓ! એક ગમથી આકાશ પશ્ચિમે ઉતરતું જાય છે તો બીજી ગમથી પૂર્વનું આકાશ ચડતું જાય છે, અને દૃષ્ટિમર્યાદામા નવા નવા તારાઓના દર્શન થતા જાય છે. ચોમેર ચાલતી નવી પ્રવૃત્તિઓ બહુ આશાજનક છે. આપણી પેઢીની આટ વધતી જાય છે, એટલું નહીં પણ સમસ્ત ભારતની અને આખી દુનિયાની નજર ગુજરાતની કર્મ-ભૂમિ તરફ કુતૂહલથી, માનથી, અને આશાથી પણ ઠરી રહી છે. આપણા નવયુવકોમા નવું બળ અને નવો ઉત્સાહ આવતાં નવી શકયતાઓ ઉત્પન્ન થાય છે. આશાના મહેલો આકા-શને અથડીને ઊભા રહેલા છે. જે કીધુ છે એ ઠીક છે, જે કરવાનું છે તે માટે અનંત કાળ અને અનંત આકાશ સામે ઊભાં છે. આપણી આજની શકયતાઓ આપણા દૂરના ધ્યેય પર જવાનાં પગથીયાં છે. આપણી નિસરણી સાતમે કે સીત્તેરમે માળે નહીં, પણ છેક ચંદ્રના માળ પર અડાડી ઊભી રાખવી જોઇએ; પણ એનો અર્થ એમ નહીં કે આપણાં મીઠાં સ્વપ્નાંઓને જ માત્ર ત્યાં પૂગાડીએ, અને આપણું શરીર, આપણું ચારિત્ર્ય તો નીચે ધૂળમાં જ ઘસડાતું રહે. વિચારસૃષ્ટિની સાથે જીવનસૃષ્ટિને નદીના બે નોખા નોખા કાંઠા જેવી નહીં પણ બે ધોધ એક જ થાળામાં સાથે પડી એક જ નદીરૂપે વહે તેવી ઓતપ્રોત રાખવી. પ્રભુએ આપણા આત્માનું વ્યક્તિત્વ જૂદૂં રાખવાનુ અને તેને સ્વતંત્ર રીતે પોષી બળવાન કરવાનું યોગ્ય ધાર્યું છે, તો આપણો ધર્મ છે કે આપણી એ સ્વાધીનતાને દરેક પ્રયત્ને કેળવવી, અને કોઇના તેજમા ના અંજાતા આપણા નાના તેજને જ વધુ વિસ્તારવા બનતું કરવું આપણે સર્વ એકમેકના ઋણી છીએ. જે ભૂમિ ઉપર નદીનો પાટ પડેલો છે તે ભૂમિની માટીનો રંગ જરા પણ લીધા વગર કોઇ પણ નદી વહી શકતી નથી. માત્ર તમારા પોતાના આત્માની રેલ એમા નવનવી જીવનશક્તિ પૂરી શકે અને તમારી આજુબાજુની ભૂમિને તેનાં પાણીમા રસબોળ કરી શકે તો તમારૂં જીવન ધન્ય છે.

રસિક બહેનો અને બંધુઓ ! ગુજરાતી સાહિત્યના જન્માક્ષર જોઇ હું જે આ વરતારો કાઢી રહ્યો છું, તે તમે ધૈર્યથી, ઉત્સાહથી અને આશાથી સાભળ્યો

વરતારો અને શુભ છે, તે માટે હું તમારો આભાર માનું છું. ભવિષ્યવેત્તાની પણ મર્યાદા

ભવિષ્યના ભણકારા. હોય છે, અને તેથી એમાં કાંઇ ઘટતું કે વધી પડતું માલમ પડે, તો તે માનવતાનું જ અવધચિહ્ન છે એમ જાણી ઉદાર દૃષ્ટિથી તેની ઉપેક્ષા કરશો. કવિઓનાં હૈયાના પડદા પાતળા અને પારદર્શક હોય છે, અને એમની આંખની કીકીઓમાથી ભવિષ્યના ઝબકારા એ પડદા પર પડતા રહી નવા સ્વપ્નચિત્રો સિને-માની ફીલ્મ જેવાં એકધારે સરતા જ રહે છે. ગુજરાતી સાહિત્યનું ભવિષ્ય મને દરેક રીતે ઊજળું જ દેખાય છે. આપણામાના ઘણાઓએ જોયું અને ગાયું છે, આપણે કંઇક જોઇએ અને ગાઇએ છીએ, અને ઓ ! આ પૃથ્વીની પાદરેથી આકાશનો ચંદરવો ઉઘાડતા નવા

ગાનારાઓના મંગળ સૂરો આવતા સંભળાય છે. સાહિત્યના અવતારી માનવદેવો વખતોવખત આવી દુનિયાને નવા નવા સંદેશા આપ્યે જ જાય છે. એવા નવા અવતારીઓનાં પગલાંના ધબકારા પાસે પાસે આવતા હું સાળળી રહ્યો છું. ડંકા વાગી ચૂકયા છે; નિશાનો ફરફરી રહ્યાં છે. પક્ષીઓના ઉડતાં વાદળા એને માથે દૂર દૂરથી પાંખો ફફડાવતા આવતા દષ્ટિએ પડે છે. એવી આ સાહિત્યના નવા અવતારની સ્વારી પુણ્ય પગલે તેજના ફુલો ઉડાડતી અને વેરતી આગળ અને આગળ આવતી જ જાય છે. એના પગલામા નવરંગ પ્રભાત ભરેલા છે, એના મુખમાં નવરસ વસંતના હાસ્ય મલકી રહ્યાં છે. આવો, બ્હેનો અને બંધુઓ! એ સ્વારીમાં આપણે પણ ગાનાં ગાતા સ્નેહભર સામેલ થઇએ.

> "મેં દીઠા એના ડેરા ડોકાતા ઠામેઠામ,
> મેં શંખ સુણ્યા ફૂંકાતા એના શહેર ગામેગામ;
> ઓ વીર! ધસો ધ્વનિ કરતા એ ધ્વજ પૂંઠે અભિરામ!
> હો' પ્રભુની સ્વારી જાય."

અરદેશર ફરામજી ખબરદાર.

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્—ઈતિહાસ વિભાગ

સજ્જનો અને સન્નારીઓ.

સાહિત્યપરિષદ્‌ના એક વિભાગનું પ્રમુખપદ મેં સ્વીકાર્યું તેને માટે પરિષદ્‌ના કાર્યવાહકોનો આભાર માનું,—કે એ સ્વીકારવાની મેં ધૃષ્ટતા કરી માટે તેમની અને આપ સર્વની ક્ષમા માગું ? આ પ્રશ્ન અત્યારે મ્હને અતિશય મુઝવે છે. હું ઇતિહાસનો અભ્યાસક હોઉં તો પણ એ ક્ષેત્રમાં મેં કશી કૃતિ કરી નથી, એટલે સાહિત્યપરિષદ્‌ના ઇતિહાસ-વિભાગનું પ્રમુખપદ સ્વીકારવું તે એક રીતે તો ખરેખર ધૃષ્ટતાજ દેખાય છે અને સાથે ગુજરાતી ભાષામાં તો ઇતિહાસ વા અર્થશાસ્ત્રમાં પણ મેં હજી લગણ બહુ કંઇ કર્યું નથી, એટલે મૂળ ધૃષ્ટતા ઉલટી વધતી જણાય છે આથી હું પોતાને દોષપાત્રજ સમજી ક્ષમા યાચું તો તે અયોગ્ય ન કહેવાય. મ્હારા બચાવમાં ફક્ત એટલું જ કહી શકાય કે પરિષદ્‌ના બંધારણ મુજબ અર્થશાસ્ત્રનો ખાસ નિરાળો વિભાગ ન હોવાથી તેમજ તેના કાયદા પ્રમાણે વધાર યોગ્ય, પ્રૌઢ, વિદ્વાન્ ઇતિહાસ વેત્તાની ચુટણી કરવામાં કાર્યવાહકોને વાંધા નડવાથી અને અર્થશાસ્ત્રના મ્હારા ખાસ વિષયને ઇતિહાસ સાથે નિકટનો સંબંધ હોવાથી મ્હારી ધૃષ્ટતા આપની નજરમાં ક્ષમા પાત્ર જણાય, અને તેને માટે ક્ષમા કરશો તો હું સહૃદયે આભારી બનીશ. આમ ક્ષમા યાચી, તેનેજ માટે આભાર દર્શાવવાથી, હું એમ જણાવવા નથી ઇચ્છતો કે આ પ્રમુખપદના અપૂર્વ માનની મ્હને કિમ્મત નથી મ્હને તો એની એટલી બધી કિમ્મત લાગે છે કે, ધૃષ્ટ ગણાવાના જોખમે પણ મેં તે સ્વીકાર્યું છે. એટલે એને માટે હું કેટલો આભારી હોઇશ તે મ્હારે કહેવા કરતા આપ સૌને સમજી લેવું વધારે સુગમ પડશે.

પ્રારંભમાજ બીજો મહત્ત્વનો પ્રશ્ન ઉભો થાય છે. ઇતિહાસ એટલે શું ? મનુષ્યજીવનમાં, સમાજશાસ્ત્રમાં, તેનું સ્થાન કયું ? સામાન્યતઃ આપણી નિશાળો અને પાઠશાળાઓમાં ઇતિહાસની વ્યાખ્યા, જાણી જોઇને નહિં તો વ્યગ્યપણે, પોપટિયાં જ્ઞાનની ઉપમાને એટલે અંશે લાયક થઇ પડે છે, કે ઇતિહાસના અભ્યાસનું મૂલ્ય વ્યવહારિક નજરના લોકને બિલકુલ નથી લાગતું. ઇતિહાસ એટલે. કેટલીક લડાઇઓના સ્થાનસ્મરણ અને તારિખની યાદિ; કેટલાક નામ અને બનાવોની નોંધ. આમજ જો માની લઇએ તો અવશ્ય કબૂલવું પડે કે એવા શાસ્ત્ર (?) નાં અભ્યાસ કે ખીલવણીથી આ જમાનાને કોઇ લાભ સંભવતો નથી. પ્રખ્યાત અંગ્રેજ ઇતિહાસકાર ફ્રીમેને જણાવ્યું હતું કે જે યુદ્ધના પરિણામે ઇંગ્લિંડમાં નૉર્મન રાજ્યની સ્થાપના થઇ તેને "હેસ્ટીંગ્સનું યુદ્ધ" નહિ પણ "સેનલાકની લડાઇ" ને નામે ઓળખવું અને તે યુદ્ધમાં સૅક્ષન કોએે પોતાની આસપાસ ગજારકોટ ઉભો કર્યો હતો. "સેનલાકની લડાઇ" ખરું નામ

કે "હેસ્ટીંગ્સનુ યુદ્ધ" યોગ્યનામ અથવા તો તેમા અમુક લશ્કરે કાષ્ટવાડ-ગજ્જરકાટનો ઉપયોગ કર્યો હતો કે નહિ: એવા પ્રશ્નનોજ નિર્ણય કરવામા ઇતિહાસનુ તમામ ઉત્કૃષ્ટ સત્ત્વ આવી જતું હોય તો વ્યવહારબુદ્ધિવાળા લોકને અણગમો ઉત્પન્ન થયા વિના ન રહે. ઇતિહાસના અભ્યાસથી માત્ર પુરાણા ત્યજી દેવાયલા ખ્યાલો સતેજ થતા હોય, જીર્ણ અને અનિષ્ટ ઠરેલા સમાજસંજોગો પુનઃ સબળ બનતા હોય, વિસરાયલી વિક્રાળ પશુસમ વ્યક્તિઓની પુનઃ ઉપલક ઓળખાણ થતી હોય તો તેથી સમય અને શક્તિનો વ્યર્થ વ્યય થતો ઘણાકને લાગે તે સંભવિત છે પણ વાસ્તવિકપણે, સૂક્ષ્મદૃષ્ટિએ, ઇતિહાસનો અભ્યાસ કે તેનુ રહસ્ય માત્ર મનુષ્યની સ્વભાવની કુતુહલ જિજ્ઞાસાને સમર્થ કરવા માટે નથી ઇતિહાસમા મનુષ્યભાવની ઉંડી, લાંબી, વિધવિધ પિછાન થવાનો સભવ રહે છે. કારણ તેમા અનેક સંજોગોમા અનેક પ્રકારના મન શક્તિ અને બુદ્ધિબલના પ્રયોગ અને ઉપયોગ જેવાનુ મળે છે મનુષ્યસ્વભાવની ઓળખાણ કાલિદાસ કે શેકસપિયર જેવા મહાકવિઓની કૃતિ પણ કરાવે છે ખરી પણ કવિઓની કલ્પિત ઓળખાણ અને ઇતિહાસની યથાસ્થિતિ પિછાનમા ફેર એટલોજ કે કવિ પોતાના આદર્શ રચનાને યોગ્ય પડે તેમજ દૃશ્ય ચીતરે છે, જ્યારે ઇતિહાસ-ખરો માનનીય ઇતિહાસ-તો જરાય ઘાલમેલ કર્યા વિના યથાસ્થિત ચિત્ર આપી, તેનુ રહસ્ય ગ્રહણ કરવુ વાચનારની શક્તિપર રહેવા દે છે. શેક્સપિયરનો **સીઝર** કે **બ્રુટસ** અને ઇતિહાસનો **સીઝર** એક વ્યક્તિ નથી નવલકથાકારના **ઔરંગઝેબ** કે **શિવાજી** અને જદુનાથ સરકારે બનાવેલા તેજ પાત્રો અનેક અંશે ભિન્ન સહજ દેખાય છે. કવિએ પોતે પ્રત્યક્ષ કરેલું રહસ્ય કવિની મરજી મુજબ વાંચકને માનવું પડે, તેના કરતા વાચનાર પોતેજ બનાવો સંજોગો, વ્યક્તિઓનો ઇતિહાસમા મળતો યથાસ્થિત ખ્યાલ કરી પોતાનો નિર્ણય કરે. તે માનસિક ખીલવણીમા વધારે સંગીન કામ કરી શકે. ભૂતકાળમા થયલી ભૂલ અટકાવવી હોય, નીતિશાસ્ત્ર કે રાજ્યધારણને લગતા સૂત્રો કે દૃષ્ટાન્ત શોધવા કે સમજવા હોય વર્તમાન કાળના તમામ શક્તિ, તત્ત્વો, પ્રવાહો ઓળખી તેને યથેચ્છ કાબુમા રાખવા હોય. ભવિષ્યમા બનનાર સંજોગ કે સમાજરચનાને અમુક નિર્ધારેલી પ્રનાલિકાએ રચવા હોય, તો ઇતિહાસજ્ઞાન અનિવાર્ય તેટલુંજ લાભદાયક ગણાશે

પ્રખ્યાત જર્મન વિદ્વાન્ હેગલ પોતાના "ફિલાસોફી આફ હિસ્ટરી" નામના ગ્રંથમા લખે છે કે:-

History in general is, therefore, the development of Spirit in *Time*, as Nature is the development of Idea in *Space*:—

અર્થાત્ ઇતિહાસ એટલે કાળરૂપ અધિષ્ઠાનમા આત્મતત્ત્વની વિવૃદ્ધિ, અને પ્રકૃતિ એટલે દેશરૂપ અધિષ્ઠાનમા ભાવની વિવૃદ્ધિ, આ આત્મિક ઉન્નતિ માત્ર વ્યક્તિગત ન સમજવી. વ્યક્તિગત ઇતિહાસ-જીવન-ચરિત્ર-ને ઇતિહાસનુ નામ આપી શકાય ખરું; પણ જે વ્યક્તિનું ચરિત્ર આલેખાતું હોય તે પોતાના કાળમા, પોતાના સમાજમાં, છેક સર્વોત્કૃષ્ટ શિખરે ના પહોંચ્યો હોય, સમકાલીન વ્યક્તિ કે વિચારનાં સમાગમમાં અનેક રીતે ન આવ્યો હોય,

તે મોં પર પોતાના વ્યક્તિત્વને બળે વિધવિધ છાપ ના પાડી હોય,–તો તેવાનાં જીવન ચરિત્રો ક્ષુદ્ર, નીરસ કદાચ ના લાગે, તોપણ તેથી તે સમાજ કે જમાનાનુ સર્વાંશે તાદૃશ્ય ચિત્ર મળે છે એમ તો નજ કહી શકાય. અમુક ઉત્કૃષ્ટ તુંગે પહોંચવાની આવશ્યકતા છે, કારણ તે વિના દૃષ્ટિ મર્યાદા વધતી નથી, જનસમાગમ સાંપડતો નથી, વિચારપ્રૌઢતા સંભવતી નથી. **માદામ** દુબારી (Mme Du Barry) ના સ્મરણો, અને **અકબર** કે **અશોક**,–**સિકંદર** કે **સીઝરનાં** જીવનચરિત્રોમાં ફેર છે આવા જીવનચરિત્રો ઇતિહાસનુ એક અંગ છે, સાંકળની એક કડી છે! ઇતિહાસ પ્રવાહનુ મળ છે, ઇતિહાસ–બનાવના નિમિત્ત કારણ છે પણ **માદામ દુબારીના** સ્મરણ ઇતિહાસગૃહની રજ ઉપમાને પણ લાયક ભાગ્યેજ કહી શકાય. સંજોગો **મહાપુરૂષો**-ને ઉપજાવે છે, કે **મહાત્માઓના** તેજ પોતાના વ્યક્તિબળે યથેષ્ટ સંજોગો ઉભા કરે છે એ ગૂઢ પ્રશ્નનુ નિરાકરણ અહિ ના કરીએ, તોપણ મહાપુરુષોનાં જીવનચરિત્રો,–તેમના બુદ્ધિ, બળ, તેજ વડે, ઇતિહાસના નિમિત્તકારણો થઇ પડે છે; પોતાની સમકાલીન પ્રજાના તેમજ વંશ-જોનાં જીવન અને સમાજ રચનાપર ઉંડી છાપ બેસાડે છે તેની ના પાડી શકાતીનથી. દેવા-ત્માઓજ માત્ર કહી શકે કે यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत अभ्युत्थानमधर्मस्य तदात्मानमृजाम्यहम् પણ **નેપોલ્યન** કે **બિસમાર્ક**, **પેરીકલીસ** કે **સીઝર**, **ચંદ્રગુપ્ત** કે **બાબરના** જીવનચરિત્ર અભ્યાસથી પણ એટલુ તો સ્પષ્ટ જણાય છે કે આવી મહાપરાક્રમી વ્યક્તિઓની ઉત્પત્તિ ખરાખરીને પ્રસંગેજ થતી લાગે છે. અને તેથીજ તેઓ પોતાની છાપ સમકાલીન તેમજ ભવિષ્યના જમાનાપર પાડી શકે છે.

પણ જમાનામા સર્વોત્તમ ગણાતી, સમાજમા અપૂર્વ છાપ બેસાડતી, ભવિષ્યને પણ અનેક રીતે યથેચ્છ રચતી વ્યક્તિ કેટલી હોય ? કરોડ પણ એક અલભ્ય ઇતિહાસમા માત્ર તેમનોજ આત્મા સ્ફુરે છે એમ **બુદ્ધ** કે **મહમ્મદ**, **જીસસ** કે કન્ફ્યુસ્યસ માટે પણ કહેવું તે અતિશયોક્તિભર્યું લાગે, તો બીજા સામાન્ય લોકને માટે તો કેમજ કહેવાય, **મુસા**, **ઇસા**, **મહમ્મદ**, **મનુ**, **બુદ્ધ** ઇત્યાદિ **મહાત્માઓએ** પ્રનાલિકા રચી, આદર્શ નીમ્યો, પણ તે કયા લગી ટક્યા ? ભાષાની અપરિપૂર્ણતાને લીધે, દંતકથાની અશ્રદ્ધાને અંગે–મનુષ્યબુદ્ધિની મર્યાદા-ને લઇને, આવા મહાવીરોના ચરિત્રો અને કર્મો કે કથનો તત્ક્ષણ ભૂલાયા નહિ તો તેનો અનેકધા અનર્થ થવા માંડ્યો. એટલે તેમનોજ આત્મા પ્રજામાં કાળાનુકાળ લગી સ્ફુરે છે, સજીવ રહે છે, એમ માની નથી શકાતું. છતા પ્રજામા સમાજમા પ્રજાકીય–સામાજિક આત્મા છે એમ ઇતિહાસના અભ્યાસથી સિદ્ધ થાય છે અને એજ સમાજાત્મા–એટલે કે પરમાત્માના એક અંગને–ઓળખવાથી બ્રહ્માત્મા પણ ઓળખવા સંભવે છે. જીવ અને અજીવ ઉભય વચ્ચે બાહ્ય નજરે તફાવત પરીક્ષવો હોય તો આટલુ બસ છે કે જીવમા વિકૃતિ અને વિવૃદ્ધિ (change and development) સદા જારી રહે છે, જ્યારે અજીવમા પરિસ્થિતિ બદલાતી નથી અને વૃદ્ધિ સંભવતી નથી. મનુષ્યસમાજ તમામમા તેમજ તેના પ્રત્યેક વિભાગમાં આદર્શ, ભાવ, રચના પ્રતિદિન બદલાતા નજર આવે છે. અને તે વિકૃતિને અંગેજ વૃદ્ધિ સંભવે છે. એક રીતે ઇતિહાસમા યથેચ્છ પ્રયોગ કરવા–રસાયણ શાસ્ત્રીના કાર્યાલયમા થતાં અખ્તરા તુલ્ય પ્રયોગ કરવા–મનુષ્યશક્તિ અશક્ત દેખાય છે ત્યારે

બીજી નજરે ઇતિહાસ માત્ર અખ્તરાનોજ સંચય જણાય છે મનુષ્યકૃત પ્રયોગ રાજનીતિ સમાજવિધિ, અને કાયદા બંધનના ફેરફારમા, અને તેથી સંભવતી સમાજની અદલાબદલીમા દેખાય છે ખરા; પણ તે ઉપરાંત વધારે સૂક્ષ્મ, વધારે અજ્ઞેય અખ્તરા–તમામ માનવલોકને લાગુ પડતા પ્રયોગો પણ વિશાળ દૃષ્ટિએ ઇતિહાસ અભ્યાસ કરતા નજર આવે છે. એ પ્રયોગો કેવા હોય છે, કેમ સંભવે છે, કેવાં પરિણામ લાવે છે તેનો સંપૂર્ણ વિચાર ઇતિહાસના અભ્યાસ વડેજ સંભવે; અને તે વિચારથીજ એ સૌના પ્રેરક કે નિયામક આત્માની ઓળખાણ પડે; મનુષ્યજાતના ભવિષ્ય અને નેમ સમજાય.

પણ સમાજાત્માના સ્વરૂપની સર્વાંશે ઓળખાણ ઇતિહાસની અપરિપક્વતાને લીધે ન થઇ હોય ત્યાં લગી પણ તે સમૂહાત્માના અસ્તિત્વની ના નહી પડાય ઇતિહાસનું આ તત્ત્વ હવે દિન પ્રતિદિન સર્વમાન્ય થતુ જાય છે કે વ્યક્તિજીવનમા તેમજ સમાજજીવનમા વિકૃતિ સંભવે પણ વિપ્લવ જેવુ કશુ નથી—સિવાય કે દેખીતો વિપ્લવ માત્ર વિકૃતિ કે ઉન્નતિનુ એક અંગજ હોય. સામાજિક તેમજ વ્યક્તિગત જીવનમા દેખાતી વિકૃતિ ખરેખર તો મૂળ પાયા પર બંધાતી બદલાતી ઇમારત રૂપજ સમજવી, નહિં કે સદંતર, સર્વાંગે નૂતન આદર્શ, વિચાર કે સંસ્થાનો ઉમેરો. ઉદાહરણમા લો આપણુ ભારતીય જીવન યુરોપીય લેખકો નિર્વિકારી, નિર્વિકલ્પ અક્રિય પર્વાત્ય પ્રજાની ભ્રમણામા એટલા બધા નિમગ્ન થઇ ગયા છે કે તેમણે લખેલા ભારતીય ઇતિહાસમાં ભારતીય પ્રજાકીય આત્મસ્વરૂપ જણાતુજ નથી એ દેશ અને પ્રજા પ્રાણહીન દેખાય છે. તેમા અભિવૃદ્ધિને સ્થાન જડતુ નથી અને કદાચ જરૂર પણ નથી. પણ ભારતીય ઇતિહાસના સહૃદયે અભ્યાસ કરનારને, ભારતીય પ્રજાના જીવનમ ત્રને જાગૃતપણે પિછાણનારને આપણા સામાજિક આત્માની પિછાન પડયા વિના રહેજ નહી ભારતીય પ્રજા મૂળથીજ એક છે–There is a Fundamental Unity of India, તે પ્રો. મુકરજીએ પ્રત્યક્ષ કર્યા અગાઉ પણ વિચારશીલ, સમજદાર ઇતિહાસવેત્તાને સિદ્ધ હતુ અને તેનાજ એક રૂપ માફક આવિર્ભાવ કે સ્પષ્ટીકરણ સમ–આપણે વિદિત અને માન્ય ઇતિહાસના પ્રારંભ કાળથીજ અંગીકૃત કરેલ સાર્વભૌમત્વ કે ચક્રવર્તિપણાનો ખ્યાલ હું ઉદાહરણમા આપુ છુ હિન્દ પ્રજાના પ્રજાકીય જાગૃતિ, જુસ્સો, અને શક્તિ ખીલતા દેખી, ઘણાએ અંગ્રેજ લેખકોએ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યા છે કે ભારતવર્ષ મૂળતઃ એક નથી ઐક્ય કરતા ભિન્નતાનુ બળ તેમને વધારે લાગ્યું, અને તેથીજ તેમણે ઐક્ય વધારનાર દરેક પ્રગતિ અટકાવવા પ્રયત્ન કર્યો છે:–તે છેક એટલી હદ લગી કે ઢંગધડા વિનાના, તેમણે ફાવે તેમ રચેલા, પ્રાંતક કુંડાળાઓને પરસ્પર નોખા પાડી, તેમને સ્વતંત્ર–એટલે કે પરસ્પર અદેખાઇ કરતા–બનાવવાની તેમની કુટિલજાળને માન્ય કરી, તેમા આપણે જાતે પણ આજ ફસાયા લાગીએ છીએ. છતા ભારતીય ઇતિહાસ તો સ્પષ્ટ સૂચવે છે કે ભારતવર્ષ એક છે, તેનો પ્રજાત્મા પણ એક છે; તેના સંસ્કાર આદર્શ ઉદ્દેશ પણ એક છે. કેવળ સ્વાર્થી બુદ્ધિના ઇતિહાસકારો ગમે તેમ કહે, પણ હું તો નિઃસંદેહ માનુ છું કે આ ઐક્યતા તાદૃશ્ય કરવા–ગૂઢ હોય તો પ્રગટ કરવા–ભૂતકાળમાં ચક્રવર્તિની આણ વર્તાવવા જે જે પ્રયત્નો થયા હતા, તે સૌનો એકજ ઉદ્દેશ, એકજ રહસ્ય. ભરતખંડ જેવા મહાદેશમાં આવી ઐક્યબુદ્ધિ પ્રગટે કે પ્રગમે તે અલબત્ત તેની ભિન્નતાપર રાચતી, મ્હાલતી

નાની પરદેશી પ્રજાના સ્વાર્થી ઇતિહાસકારોને ન પરવડે પણ તેથી આપણને—હિન્દવાસીઓને—એમ માની લેવાની અગત્ય નથી કે મૂળથી આપણામાં ઐકય નથી, અને હવે તે આવશેજ નહિ. આજ કાલ મંજુર થયલી પ્રાંતિકસ્વતંત્રતાવિધિ Provincial autonomy માત્ર અંગ્રેજોની સ્વાર્થબુદ્ધિએ પ્રગટાવેલી કપટજાળજ છે તેમા ન ફસાઇએ-આપણે તે કબૂલ કરી તે વડે આપણેજ પગે આપણેજ હાથે કુહાડો ન મારીએ,—એટલા વાસ્તે સજીવ ઇતિહાસ ના સચેત અભ્યાસની અંતિમ અગત્ય છે ભારતીય ઇતિહાસ તમામ સમૂળો ફરીથી લખાવાની જરુર છે. પુરાણકાળને અલગ કરી, સાપ્રત કાળનોજ વિચાર કરીએ, તો ચંદ્રગુપ્તે આચાર્ય વીર ચાણાક્યની સહાયથી એકત્ર કરેલા સામ્રાજ્યનો અખ્તગે કેવો સંગીન અને કેટલા દીર્ઘકાલ સુધી અક્ષતપણે ચાલ્યો હતો! તેના પછી ગુપ્ત અને ચોલા વંશના મહારથીઓએ એજ પ્રનાલિકા કરેલી સદીઓ લગી સાચવી હતી, પછી શ્રી હર્ષે તે કેમ વધારી હતી; જયચંદ્ર અને પૃથુરાજે તે કેમ સંગ્રહી હતી જગદીશ્વરની કૃપામા ધગવતા અનેક પઠાણ દિલ્લીશ્વરે તે કેમ સતેજ રાખી હતી; મુગલકુલદીપક હિંદના સર્વોત્તમ શહેનશાહ અકબરે તે કેમ પ્રત્યક્ષ કરી દોઢસો વર્ષ લગી—ઔરંગઝેબના અવસાન કાળ લગી-તે અમર કરી હતી. અને તેને અનુસ્નાર મરાઠી વીર અને આખરે પરદેશી વેપારબુદ્ધિપ્રધાન રાજનીતિવાળા અંગ્રેજોએ પુનઃ કેમ સજીવ કરી, સાક્ષાત્ બનાવી એક સદી લગભગ અવિચ્છિન્ન રાખી છે.—તે સૌનો અભ્યાસ કરતાં, વિચાર કરતાં, મ્હને તો માત્ર એકજ તત્ત્વ સિદ્ધ થતુ જણાય છેઃ ભારતીય ઐકય. અશોક અને હર્ષના અખ્તરા અલગ રાખી, માત્ર સાપ્રતકાળના મુગલસામ્રાજ્યનોજ વિચાર કરીએ, તોપણ તે હિંદમાં અંગ્રેજ સામ્રાજ્ય કરતા વધારે વખત ટકેલું. અને વધારે નહિ તો તેટલુંજ સંગીન અને સર્વવ્યાપક બનેલુ હોવાથી, પ્રજામા ઐકયબુદ્ધિ અનિવાર્યપણે આવવીજ જોઇએ. "ખલ્ક ખુદાકા—મુલ્ક પાદશાહકા" એ સિદ્ધાન્ત એટલો સામાન્ય થઈ ગયો હતો કે ખુદ પાલખી ઉપાડનાર ભોઈ લોકો પણ પરિશ્રમ મંદ કરવા એ શબ્દગાન કરતા

ભારતીય સામ્રાષ્ટ્રીય બુદ્ધિના ઉદાહરણ ઉપરાત પણ હિંદી પ્રજાના ઐકયરૂપ—સામાજિક આત્માના સ્વરૂપતુલ્ય—બીજાં પણ દૃષ્ટાત ઘણાએ દેખાશે ભારતીય ગ્રામરચના—પ્રત્યેક ગામમા આત્મગત સ્વતંત્રત—ભારતીય સમાજરચનાના અતિ સૂક્ષ્મ પ્રતિબિંબરૂપ, આપણા તમામ ઇતિહાસમા અક્ષત અને અક્ષેયપણે અવિચળ રહી છે

चला लक्ष्मीश्चलाप्राणा श्चल सर्वत्र शासनम्
चलाचले हि साम्राज्ये ग्राम एको हि निश्चल

આપણી ગ્રામરચના માત્ર ભારતીય નથી, પણ સમગ્ર આર્યલોકની સર્વત્ર અમોઘ નિશાની છે. રશિયાનું મીર, જર્મનીનુ માર્ક, ઇંગ્લંડનું મેનર, ફ્રાન્સાદિ રોમન કે લેટીન દેશનું વિલ્લા; એ સૌ ભારતીય ગ્રામરચનાનાં મૂળતત્ત્વાનુસાર રચેલા, એકજ પ્રજાના ભિન્ન ભિન્ન નમૂના. એકજ પ્રજાકીય આત્માના આવિર્ભાવ અંગ્રેજ સત્તાએ આપણી અનાદિ અને અનંત જેવી લાગતી ગ્રામરચનાનો નાશ કરવા પ્રયત્ન કર્યો છે ખરો. પણ હજુ સુધી ગ્રામરચના નિર્બળ

અને નિસ્તેજ થઇ હોય, તોપણ તે સદતર નિર્જીવ બની નથી. અને તે નિર્જીવ કદાપિ નહિ થાય ઉલટી ભવિષ્યની પ્રજાને પ્રજાકીય રાજતંત્ર સ્થાપવાની હોસ હશે-અને સામ્રાષ્ટ્રીય ઐક્ય અને બળ ત્યજવાની આકાંક્ષા નહિ હોય-તો આપણી પુરાણી, સ્વાભાવિક ગ્રામરચનાનેજ પુનઃ સજીવ કરી, સતેજ બનાવવામા પ્રજાકીય હોસનું સાર્થક દેખાય છે. આપણા આજના પ્રાંતો કઢંગા અને હાનિકારક—માત્ર રાજ્યવહીવટની સુગમતાખાતર- બનાવેલા વિભાગો છે તેમા નૈસર્ગિક પ્રજાસ્વભાવને માફક આવે તેવુ કશુ નથી. એટલે તેમાથી પ્રજોદ્ધારની આશા રાખી શકાતી નથી પણ ગ્રામરચનાનો પુનરુદ્ધાર-એ તદ્દન જુદી વાત છે

ઇતિહાસ અભ્યાસને પરિણામે પ્રજાકીય આત્માની ઓળખાણ થાય છે. પ્રજાકીય વા સામાજિક આશય ઉદ્દેશની માહિતી મળે છે, મનુષ્યજાતિની પ્રગતિ કે ઉન્નતિક્રમ સમજાવા લાગે છે. એટલુંજ નહિ, પણ તેને લીધે આપણને સામાજિક સંસ્થાનુ હાર્દ સમજાય છે. પ્રજાજીવન પર તેની અસર ઓળખાય છે. અને પ્રતિદિન બદલાતા સંજોગો વચ્ચે પણ આવી સંસ્થાઓ કેમ સુધારવી વધારવી તેની સારી સમજૂતિ આવે છે. આપણે ગ્રામરચનાનુ ઉદાહરણ જોયું અહિં દલીલ ખાતર વર્ણભેદનુ દૃષ્ટાંત લઇએ અત્યારે સુધરેલા હિન્દીવાનો જ્ઞાતિભેદને હાનિકારક સમજતા થયા છે; અને મોટે ભાગે જ્ઞાતિબંધનો હાનિ ન કરે એવી પ્રવૃત્તિ આદરી બેઠા છે. પણ જ્ઞાતિબંધારણ-વર્ણશ્રેણીની ઉત્પત્તિ, પ્રકૃતિ, અને કાળાનુક્રમે થયલી વિકૃતિ યથાસ્થિત સમજવા વિના જ્ઞાતિભેદ પરનો હલ્લો મિથ્યા જાય એવી ભીતિ રહે છે હું અત્યારે અહિ જ્ઞાતિભેદનો-વર્ણાશ્રમધર્મનો નથી પક્ષ પકડવાનો કે નથી દોષ કહાડવાને, ધિક્કાર કરવાનો. મ્હારા આપેલા આ ઉદાહરણનુ પ્રયોજન અને તાત્પર્ય માત્ર એટલુંજ કે દરેક પ્રજામા જ્ઞાતિભેદ જેવી અનેક સામાજિક સંસ્થા પરંપરાએ ચાલી આવી છે કે જેનુ હાર્દ યથાસ્થિત સમજ્યા વિના તેની ટીકા કે પક્ષપાત સમાન હિસ્સે અયોગ્ય ગણાશે અને વ્યર્થ નીવડશે. આવી સંસ્થાનો એકજ ફટકે નાશ કરવો જેટલે અંશે અશક્ય તેટલેજ અંશે તે અનિષ્ટ છે. કારણ એમ નાશ કરવા જતા ખુદ તે સમાજનાજ મૂળ કપાઇ જવાની ધાસ્તી રહે છે. આવા કારણને લીધે ઉંડા સામાજિક ફેરફારો ધીરે ધીરેજ થાય છે વિપ્લવ સમયે દેખીતા ઘણાએ સમૂળા ફેરફાર થવા લાગે. તો પણ જેવો વિપ્લવપ્રવાહ નષ્ટ થયો કે તરતજ તે પુન. સજીવ થાય છે. ફ્રાન્સમા વિપ્લવ થયો. અને તેને અંગે ઘણાય ઉલટપાલટ ફેરફાર થયા. પણ દશ કે પંદર વર્ષની અંદર વિપ્લવકારોએ કરેલી તમામ વિકૃતિ નષ્ટ થઇ ગઇ. ભાવાર્થ એટલોજ કે જેમ ધરતીકંપ વા જ્વાળામુખી પૃથ્વીની સપાટી પર થતા ફેરફારના અનેક કારણોમાના એ તેમ વિપ્લવ મનુષ્યજાતના ઉન્નતિક્રમમાં ફેરફાર માટે એક કારણ-પ્રયોજનરૂપ છે પરંતુ પવન અને પાણીના મંદ પણ સતત પ્રયાસથી જે સંગીન કાયમના ફેરફાર પૃથ્વી તટપર નીપજે છે તેવા કાયમના ફેરફાર જ્વાળામુખી અને ધરતીકંપ ન કરી શકે. તેવીજ રીતે મનુષ્યજીવનમાં સમાજરચનામા પણ જે ફેરફારો આસ્તે આસ્તે થાય છે તે સદાના સંગીન બનવાની ઘણી વધારે આશા રહે છે. વળી આવા સામાજિક ફેરફારો-જ્ઞાતિભેદટાળન, કે વિધવાવિવાહયોજન કે, લગ્નવિમોચનસંપાદનને વ્યકિત સાથે અંતિમ, નિકટ સંબંધ રહે છે ખરો; પરંતુ તેથી જો કોઇ વ્યકિત પોતા પર તમામ

જવાબદારી વ્હોરી લઇ પોતેજ એકલે હાથે તે ફેર કરવા નીકળે તો મોટે ભાગે તેને ખમવું પડશે સમાજ રાક્ષસ છે તે ભોગ લે અને છતા લાભ ન આપે. ઉંડા સામાજિક ફેરફારોમાં વ્યક્તિનો હાથ રહે ખરો; અને અમુક વ્યક્તિની આત્મભોગ આપવાની તત્પરતા વિના અને આરંભ કરવાની હિમ્મત વિના એ ફેરફારો બહુધા અસંભવિત છે છતાં ઇતિહાસ-વિદિત કેટલાક મહાપ્રતાપી વ્યક્તિઓને બાદ કરીએ,–વિશ્વામિત્ર કે પરશુરામ, જીસસ કે લ્યુથર જેવા મહાત્માઓને અપવાદરૂપ ગણી અલગ રાખીએ–તો અવશ્ય એમ દેખાશે કે સમાજના પ્રવર્તિત બંધારણમા ક્યાંક ફેર કરવાની ધૃષ્ટતા કરનાર વ્યક્તિને સમાજ ભયંકરમાં ભયંકર દંડ દેવા તત્પર થશે

ઇતિહાસનો અભ્યાસ જેમ આ તત્ત્વ સિદ્ધ કરતો હોય તો સમાજાત્માની અભિવૃદ્ધિ અને ખીલવણીમા વ્યક્તિગત પ્રયોગ બહુધા ભોગરૂપજ નીવડે છે અને, અમુક મહાતેજસ્વી, શક્તિમાન્ મહાવ્યક્તિ ઉપરાંત, સામાન્ય પ્રાણીની આવા આત્મભોગે અખતરા આદરવાની બુદ્ધિ પણ ના હોય અને શક્તિ પણ ના સંભવે –તો સાથે એટલું પણ સિદ્ધ થયુ સમજવું પડશે કે સતત ઉંડો ઇતિહાસનો અભ્યાસ આવા પ્રયોગની સુગમ વિધિ–એકત્ર યુક્તિ–(Collective method) બતાવે ખરો. ઉપર્યુક્ત મહાવ્યક્તિઓએ સમાજતંત્રમા ઉપજાવેલા–આત્મગત વા સામાજિક–મહા ફેરફારો તેમની આંતરિક પ્રેરણાથી થયા કે તેમના ઇતિહાસના અભ્યાસથી નીપજ્યા, એ પ્રશ્નનો નિર્ણય કરવાની અહિં અગત્ય નથી તેમ ભવિષ્યમા પણ મ્હને શ્રદ્ધા છે, એટલે ભવિષ્યમા પણ આવાજ મહારથીઓ ઉદ્ભવશે, કે જેમની ઇતિહાસબુદ્ધિથી વા આંતરિક પ્રેરણાથી સમાજમા મોટા ફેરફાર થવાના પણ તેથી સામાન્ય વ્યક્તિએ નિરાશા આણવાની નથી સામાન્ય વ્યક્તિને પણ સમાજમા રહેવુ છે. અને તેને પણ સમાજના કઢંગા રિવાજો કે કાયદાઓ નડે છે એટલે એને પણ, બુદ્ધિ અને શક્તિ કમતી હોવા છતાં, આવા અરૂચતા રિવાજો અને કાયદાઓ ફેરવવાનુ મન તો જરૂર થાય. એટલા માટે ઇતિહાસનો સતત અને ઉંડો અભ્યાસ ઉપયોગનો. સમાજચક્રને રીતસર, ધૈર્યસર, કેમ ફેરવવુ તે ઇતિહાસનો અભ્યાસજ યથાર્થપણે શીખવી શકે. કારણ તે વડેજ સમાજની પ્રકૃતિ અને વિકૃતિ સમજી સજ્જ થવાનુ સંભવે છે. અત્યારે ઐતિહાસિક વિધિ The historical method–લગભગ દરેક શાસ્ત્રમા યોજાય છે. અર્થશાસ્ત્રમા ધર્મશાસ્ત્રમા, સમાજશાસ્ત્રમા ઐતિહાસિક વિધિને પ્રભાવે ભિન્નભિન્ન પ્રજાના ભિન્નભિન્ન સંજોગો, અને પ્રયોગોનુ વર્ણન અને જ્ઞાન દિનપ્રતિદિન વધવા લાગ્યા છે એટલે મનુષ્યસ્વભાવ તેમજ તેણે રચેલા સમાજનાં મૂળતત્ત્વો સારી પેઠે સમજાશે અને તે સમજાયા બાદ સામાજિક વિકૃતિ વધારે વેગથી–પણ સાથે વધારે નિયમાનુસાર અને નૈસર્ગિકપણે–થવી સંભવ છે, કે જેથી હાનિઓ થતી અટકે અને લાભનો વધારો થાય.

ઇતિહાસનો અભ્યાસ મનુષ્યજીવન અને સમાજમા રહેલી સંકલના અને સત્તા બતાવે છે તેનો એક દાખલો જોઇતો હોય તો હિન્દુસ્થાનના પ્રાચીન અને અર્વાચીન વેપારઉદ્યોગનુ અધ્યયન કરો. માત્ર આંકડાજ જોવા લાગીએ તો આજનો આર્યાવર્તનો વેપાર ભૂતકાળમા કદીએ નહોતો એટલો બ્હોળો અને કિંમતી દેખાય છે. પણ તેથી હિંદુસ્થાનને લાભ--વટાવ તેટલોજ થાય છે કે ? લગભગ ૨૦૦૦) વર્ષપર રોમના પ્રખ્યાત ઇતિહાસકાર પ્લીનીએ પોતાના અમર ગ્રંથમા

જણાવ્યુ છે કે, રોમન શાહેનશાહતમા ભારતવર્ષમાથી જે માલની આયાત થતી તેના પ્રમાણમાં નિકાસ એટલી નિર્જીવ જેવી હતી કે પ્રતિવર્ષ રોમન સામ્રાજ્યના વ્યાપારીઓને હીંદી વેપારીઓને દોઢ કે બે કરોડ રૂપીઆ જેટલું નગદ દ્રવ્ય મોકલવુ પડતુ. આજે પણ હિંદુસ્તાનનો વેપાર એજ ખૂબી બતાવે છે. હિન્દમા માલની આયાત કરતા હિંદમાથી નિકાસ વધારે, અને તેને પરિણામે હિંદને પરદેશમાંથી ખજાનાની આયાત કરવી જોઇએ આ ખૂબી મ્હારા અભ્યાસ મુજબ ત્રણ કે ચાર હઝાર વર્ષોથી ચાલુજ રહી છે છતાં આજે, એટલે કે છેલ્લી સદીમાં, એ ખુબીથી લાભ નથી પણ બેસુમાર હાનિ નભવે છે પ્રાચીનકાળનો હિન્દી વેપાર ઉદ્યોગના સંગીનપાયાપર રચાયો હતો. અને છેલ્લી સદી લગી અવિચ્છિન્ન ચાલુ રહ્યો હતો. એટલે ભૂતકાળમાં ભારતીય વ્યાપાર ભારતની પોતાની તમામ જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત વધારાના માલની નિકાસ કરવામાં સમાવેશ કરતો. અને તેથી પરિણામે ભારતને નગદ નાણાનો મોટો, ચાલુ, અખૂટ લાભ. તેનુ પ્રમાણ જોઇતુ હોય તો ખ્યાલ કરો કે સામાન્યતઃ આ દેશમા સુવર્ણની પેદાશ નથી. અથવા હોય તો તે નજીવી હશે છતા હિંદુસ્થાનના અનેક રાજભંડારમાં—અગણિત દેવાલયોમા—અપાર દ્રવ્યસંચય ભૂતકાળમા હતો એ તો આપણો ઇતિહાસ સહજ સિદ્ધ કરે છે. સોમનાથની સ્વારીમાથી મહમ્મુદ ગઝનવીને જે દ્રવ્ય મળ્યુ હતું, દક્ષિણની ચ્હડાઇમાથી અલ્લાઉદીન ખીલજીના સમયમા કાફુરે જે દ્રવ્ય આણ્યુ હતુ, વિજયનગરની જાહોજલાલી વેળા તેના રાજમહેલ અને રાજભંડારમા જે ખજાનો હતો તેના વર્ણન, અને તેની પડતી વેળા પણ તેમાથી કરેલી લૂટનો વિચાર, અકબરશાહના અવસાન કાળે તેણે મૂકેલા દ્રવ્ય ઇત્યાદિ સર્વનો ખ્યાલ કરીએ તો સહજ આશ્ચર્ય થશે કે આટલું સોનુ, રૂપુ, ઝવાહિર હિંદુસ્થાનમા આવ્યું કયાથી? કેવળ ભૂતકાળના વેપારને પરિણામે વર્તમાનકાળે પણ દેખીતો વેપાર આયાતનિકાસ વચ્ચે આપણી તરફેણમા દર વર્ષ સારી રકમ બતાવે છે પણ આજે સંજોગો તદ્દન પલટાઇ ગયા છે. વેપાર હિંદીવાનોના ઉદ્યોગનું પરિણામ નથી, પણ હિંદનો કાચો માલ અને ખોરાક તેમજ ખનિજ પદાર્થ તાણી જવાની વિધિ થઇ ગયો છે તેથી દેશમાં ખરી સમૃદ્ધિ નથી વધતી, પણ ઉલટી ગરીબી જાગે છે અને દેખીતી રીતે જો કે આજનો હિન્દી વેપાર પણ આપણાજ લાભમા દરસાલ મ્હોટુ લ્હેણુ દેખાડે છે, તોપણ આ નામના લ્હેણા સામે આપણને રાજદ્વારી કારણે અને બીજા વધારે ગૂઢ આર્થિક કારણે એટલું બધુ દેવુ રહે છે કે આપણને ન છુટકે દરસાલ કર્જમા વધારોજ કરવો પડે છે. વેપારને અંગે આપણી પ્રજાને દરસાલ પરદેશ સામે રા. ૫૦ કરોડનુ લ્હેણુ રહેતું હશે, તો રાજદ્વારી બ્હાને ૬૦ કરોડનું; પરદેશી મિલ્કતપર વ્યાજ વટાવ બ્હાને ૬૦ કરોડનુ; પરદેશી વ્હાણવટીઓને નૂર માટે ૪૦ કરોડનુ, પરદેશી નાણાંવટી, દલાલ અને બીજા અનેક વચવગરાને વ્યાજ, હુંડિયામણ, દલાલી, હકશીને નામે બીજા ૪૦ કરોડનુ, એમ મળી દરવર્ષે ૨૦૦ કરોડનુ દેવુ રહેતુ હશે તેથી દેશને દરસાલ મોટી ખંડણી ભરવી પડે છે. એટલુંજ નહિ, પણ વેપારની આજકાલ જે રીતે ખીલવણી કરવામાં આવે છે તેથી દેશી સંપત્તિના મૂળ કારણોનો પણ નાશ સભવે છે.

આ ઉદાહરણ આપવાનું કારણ એટલું જ કે ઇતિહાસના અભ્યાસ વિના આધુનિક સમાજની અને તેના અંગોપાંગની ખરી પ્રકૃતિ સમજાશે નહી; અને તે સમજણ વિના જોઇતા ફેરફારો કરી શકાશે નહિ. આ દેશમાં પ્રવર્તિત ઇતિહાસ અભ્યાસ સામે મ્હને હજાર વાંધા છે. હિન્દમાં ઇતિહાસતત્ત્વ પ્રાચીન કાળે હતુ કે નહિ; ભારતભૂમિમાં હેરોડોટસ–(હીરદત્ત ?) જેવા સર્વજ્ઞ, થુસીડિડિસ જેવા વિચારશીલ, ટેસીટસ જેવા તત્ત્વજ્ઞ, સીઝર જેવા જાતઅનુભવી ઇતિહાસકારો હતા કે નહિ; તેનો અહિ વિચાર કરવાનો નથી–જો કે અહિ પણ એટલું તો ઉમેરવાની આવશ્યકતા લાગે છે કે આપણા પુરાણકારો, આપણા કુલ્હણ, આપણા અલ્બીરૂની, બર્દુટા, બદાઓની, અબુલફાઝલ કે બખ્ખરકારોની ખરી કદર કરવાની આધુનિક ઇતિહાસ-વેત્તાઓને હજુ ફુરસદ મળી લાગતી નથી અહિં ખાસ એ જોવાનું છે કે હિન્દનો તમામ ઇતિહાસ નવેસરથી પુનઃ લખાવાની, અભ્યાસાવાની અગત્ય છે. અને તે માત્ર વ્યકિતગત બનાવોની કસોટી કરવા માટે નહીં, પણ તમામ આર્યવર્તનુ તાદશ્યા દૃશ્ય આપવા માટે. ચંદ્રગુપ્ત અને અશોકની ખરી ઓળખાણ કરવા; ઔરંગઝેબના સ્વભાવની કદર બૂઝવા, શિવાજીના પરાક્રમની કિમ્મત કરવા, વ્યકિતગત સંશોધનની પણ આવશ્યકતા છે અને કલકત્તાના કહેવાતા કારાગૃહ જેવા બિનપાયાદાર કલંક માટે પણ સંશોધન કરવાની જરૂર છે પણ તે સૌ ઉપરાંત. શાસ્ત્રીય નજરે. પ્રેમકૃત્ય વિધિએ, રાષ્ટ્રીય બુદ્ધિએ, હિન્દુસ્થાનનો તમામ ઇતિહાસ નવેસરથી લખાવાની અને અભ્યાસાવાની અનિવાર્ય અગત્ય છે. એવા અભ્યાસ વિના આપણાથી નથી સમજાવાની બરાબર આપણી સમાજ રચના કે તેની અભિવૃદ્ધિ, અને નથી કળાવાની ભવિષ્યમાં થનાર વિકૃતિની પ્રણાલિકા. ભવિતવ્યતા પર ગમે તેટલો ભાર મુકીએ તો પણ મનસ્વી થઇ સદંતર નિરૂપાય બની બેશી નહિ રહેવાય कमयोगो विशिष्यते. અને તે સિદ્ધ કરવા આવા અભ્યાસની અગત્ય છે

આવાં કારણોને લીધે આ દેશમાં અત્યારે ઇતિહાસ સંશોધન અને અભ્યાસની ખાસ અગત્ય જણાય છે. સાહિત્યપરિષદ્‌માં ઇતિહાસ વિભાગને સ્થાન મળ્યું તે આ જરૂરિયાતની પિછાનરૂપ હુ માની લઉછુ. પણ એ પિછાનનું વાસ્તવિક સ્વરૂપ ત્યારેજ આવ્યું ગણાય કે જ્યારે આવી પરિષદો કે વધારે કાયમની સંસ્થાઓને અંગે ઇતિહાસ અભ્યાસ ખરા સ્વરૂપમાં સપ્રેમ, સહોશે આગળ વધારવાનો સંગીન. સતત પ્રયાસ શરૂ થાય. અદ્યાપિ આપણે ત્યાં રાષ્ટ્રીય કેળવણી બાબત ઘણીએ ચળવળ થઇ રહી છે. પણ હજુ સુધી રાષ્ટ્રીય કેળવણીની વ્યાખ્યા કે તેના લક્ષણ કયાંય મે નિશ્ચય પૂર્વક કે સંતોષકારક સાંભળ્યા નથી. કોઇ કહે રાષ્ટ્રીય કેળવણી એટલે સ્વભાષામા અપાતુ જ્ઞાન. કોઇ કહે રાષ્ટ્રીય કેળવણી એટલે તે સંબંધી સર્વ સંસ્થામાથી સરકારી તત્ત્વનો બહિષ્કાર. જ્યાં સુધી આ દેશમાં પરદેશી હકુમત અને અમલ છે ત્યાં સુધી રાષ્ટ્રીય સંસ્થાઓ સ્વાભાવિકપણે પરદેશી પરત્વે વિરોધભાવ પ્રગટાવશે. પણ તે માત્ર બાહ્યચિન્હ. અંતર્ગત કે સ્વભાવ ફેર નહિ. અને ઉચ્ચતમ કેળવણી સ્વભાષામાં આપવાની અગત્ય સૌ કોઇ પિછાને તો પણ એવું નથી માની લેવાનુ કે માત્ર ભાષા બદલવાથી ભાવ પણ બદલાઇ જશે. કેળવણીમાં ખરેખર જો રાષ્ટ્રીય તત્ત્વ દાખલ કરવુ હોય તો તેને માટે સર્વોત્કૃષ્ટ અગત્ય તો ભાવ બદલાવવાની છે. અને એ ભાવ બદલી

કરવાના ઇતિહાસ. અભ્યાસ-ઉંડો, દીર્ઘ, સતત ઇતિહાસ અભ્યાસ–આપણને પરમ ઉપયોગી થઇ પડશે ખરા ઇતિહાસ અભ્યાસના લક્ષણોનું પૃથક્કરણ કરતાં એક સ્થળે અંગ્રેજ લેખક ફ્રેડરિક હેરીસને કહ્યુ છે કે: પ્રથમ તો મળતી તમામ વિગત અને બાતમીમાં અવિશ્રાંત સંશોધન જોઇએ. બીજું મનુષ્યજાતિના ઉન્નતિક્રમ સંબધી પકકું નિશ્ચિત તત્ત્વજ્ઞાન જોઇએ; ત્રીજુ પ્રત્યેક કાળમા ખરા મહાત્મા અને કાળગુણભાવ દર્શક બનાવો અને પ્રવાહો શોધી કહાડવાની આંતરિક બુદ્ધિ જોઇએ: અને ચોથુ, આ તમામ બાતમી, વિગત એકત્ર કર્યા પછી, મહાપુરૂષો અને મહાબનાવો ઓળખ્યા પછી, તે સર્વનુ યથાસ્થિત ખરા ચિત્રકારની બુદ્ધિ પ્રમાણે નિયમસર, વિધિસર આલેખન થવુ જોઇએ. આ ચતુર્વિધ ગુણમાથી આપણી પાસે અત્યારે તો એક પણ જોઇએ તેટલે અંશે ખીલતો જોવામાં નથી આવતો. જદુનાથ સરકાર જેવા વિરલ અભ્યાસીઓએ એ પથે પ્રવાસ આરભ્યો છે ખરો. પણ તેને સબળ કરવા, સમુત્તેજિત રાખવા માટે જરૂર જોગી દ્રવ્ય યોજના નથી. તેમજ તેટલો ઉત્સાહ આપનાર સંસ્થા પણ નથી. કમનશીબે અત્યારે આ દેશમાં સર્વત્ર પરીક્ષા બુદ્ધિ વ્યાપેલી હોવાથી, ઇતિહાસને નામે ગ્રથો રચાતા હશે, તોપણ તેમાંના મોટા ભાગનો આશય માત્ર વિદ્યાર્થીઓને જેમ બને તેમ તેમની અનેક પરીક્ષા પસાર કરવામાં સુગમતા કરી આપવા ઉપરાંત કશો નથી. પણ આંવા ક્ષુદ્ર આશયથી દેશકલ્યાણ કે સમાજની ખરી પિછાન કેમ થાય? ચિતારાની ખરી કળા કેમ સંભવે? તત્ત્વજ્ઞાનીનું ખરૂં જ્ઞાન કેમ દીપી નીકળે? પરીક્ષાકૃત મસ્કેલી અને ક્ષુદ્ર આશય ઉપરાંત બીજી પણ એક મોટી મુશીબત હિન્દમાં આધુનિક ઇતિહાસ વેત્તાઓને નડે છે, અને તે એ કે, જાણ્યે અજાણ્યે અહીં ઇતિહાસ સંબંધી આપણી નજરબંધી થવા લાગી છે. હિંદી પ્રજા પોતાનુ ભૂતગૌરવ, અતીત કીર્તિ, ગતપરાક્રમ સારી રીતે સમજે તો નવાજ પ્રકારના સ્વદેશપ્રેમની જ્યોત પ્રગટવાનો સંભવ રહે છે પણ એમ જો થાય તો વર્તમાન વ્યવસ્થાને કેટલેક અંશે–શારીરિક નહિ તો આત્મિક બુધ્ધિએ–આચકા આવે માટે હિંદના ઇતિહાસની હિંદીવાનોને ખરી માહિતી મેળવવી પણ અલભ્ય થઇપડી છે. હિંદના ઇતિહાસને લગતા મૂળ ગ્રંથોનો–પેશવાની બખ્ખરનો–અમુક અગ્રેજ ઇતિહાસકારે સ્વાર્થી કે દ્વેષ બુદ્ધિએ નાશ કર્યો કહેવાય છે. આવી દંતકથા ન માનીએ તોપણ એટલું તો સ્પષ્ટ જણાય છે કે પરદેશી ઇતિહાસકારો હિન્દી પ્રજાની ખરી ઓળખાણ આપી શકયાજ નથી કર્નલ ટૉડે રાજસ્થાનની જાહોજલાલી વર્ણવી છે: ઇલ્લયટ. કીન, એલ્ફિન્સ્ટન આદિ લેખકોએ પઠાણ અને મુગલ સામ્રાજ્યનાં ચિત્રો ખડા કરવા પ્રયત્ન કર્યો છે. પણ કોણ જાણે શાથી એ સૌનો અભ્યાસ કરવાથી હિન્દી અભ્યાસી અતૃપ્ત રહે છે અસંતુષ્ટ રહે છે. અશોક અને અકબરના જીવનચરિત્રો સ્વર્ગસ્થ વિન્સેન્ટ સ્મિથે ઘણી કાળજીપૂર્વક, અતિ સંશોધન ને અંતે લખ્યા લાગે છે. તેણે આપેલુ ઉભય મહાવીરોનુ ચિત્ર સપ્રેમે આલેખાયલું લાગે છે. તોપણ તેમા કંઇક અવાચ્ય ખામી જણાય છે. અને મૉરલૅન્ડ જેવા ઇતિહાસકારો આર્થિક નજરે તો ચોખ્ખા વકીલવૃત્તિ અંગીકાર કરી ભૂતકાળના સામ્રાજ્યનો વર્તમાન સામ્રાજ્ય જોડે મુકાબલો કરી, ભૂતકાળની ખામી કહાડવામાજ પોતાનુ કર્તવ્ય અને જીવન સાર્થકતા સમજતા દેખાય છે. આ વૃત્તિ પ્રધાન

સુદૃઢ બનવાથી, હિન્દી પ્રજાકીય બુદ્ધિએજ જો કોઇ હિન્દીવાન ભારત ભૂમિનો ઇતિહાસ લખવા બેસે, તો તેને કેટલી વિપત્તિ નડે તેનો ખ્યાલ તો જેને વીતી હોય તેનેજ યત્કિંચિત હોય. લખાણુમાં પક્ષભાવનો દોષ સામાન્ય થઇ પડયો છે, અને કેટલીકવાર ન છુટકે આવી જાય છે. છતા આજ કાલ એવીજ પદ્ધતિ થઇ પડી છે કે આ દોષ હોય કે નહોય,. પણ હિન્દી લેખકને ઘણીવાર આરોપવામા આવે છે, જ્યારે પરદેશી લેખક ગમે તેવો કર, અને અસબદ્ધ કે અન્યાયી પક્ષભાવ બતાવે તો પણ તેનામા તે ગુણરૂપજ ગણાય છે—એક જાતનો અલંકાર મ્હારા ત્રણ કે ચાર પુસ્તકોપર વિલાયતમા તેમજ આ દેશમા જાહેર વર્તમાનપત્રોમા ટીકા થઇ છે. અને લગભગ દરેક ટીકામા દરેક વેળા એ દોષ મ્હને આરોપવામા આવ્યો છે ઘણીએવાર લખતાં લખતાં એવો દૃઢ સંકલ્પ કર્યો છે કે એ દોષપાત્ર ન થવું. ખાસ નિશ્ચય કરી તટસ્થ શાસ્ત્રીય બુદ્ધિ રાખવા પ્રયત્ન કર્યો છે છતા પણ એજ ટીકા ઉદ્દભવી यत्नेकृतेऽपि न सिध्यति कोऽत्र दोष આ વાક્યના બે અર્થ સંભવે, તેમાથી આપ સાને ગમે તે સ્વીકારજો મ્હારે તો હવે ચામડી કંઇક કઠણ થઇ ગઇ લાગે છે એટલે કદાચ પાડાની પીઠપર પાણી જેવુ થતું હશે. પણ જાત અનુભવનુ આ દૃષ્ટાંત અહીં આપવાનુ પ્રયોજન એટલુંજ કે ભારતનો ઇતિહાસ પુન. સજીવ, સતેજ કરવાની આજે જેટલી અગત્ય છે, તેટલીજ તેમા મુશ્કેલી છે. છતાં તે સજીવ તો અવસ્ય કરવોજ પડશે: કારણુ તે વિના રાષ્ટ્રીય કેળવણીનુ બીજ માત્ર પણ સંભવતુ નથી શાસ્ત્રીયબુદ્ધિનો ઇતિહાસકાર યથાશકિત પક્ષભાવના દોષથી વિમુખ રહેવાના પ્રયત્નો સ્વાભાવિકપણે અવસ્ય કરશે. પણ તે દોષ કવચિત, અનાયાસે, અણધાર્યો આવી જશે,– અથવા કમળાની નજરવાળા ટીકાકારોને તે દોષ સમૂળો નહિ હોય છતાં તેનો ભાસ થશે– आत्मवत सर्व भूतेषु એ સૂત્રાનુસાર) એવી બીતિથી ભારતીય ઇતિહાસનો પુનરુદ્ધાર કરવોજ નહિ તે સદતર અનિચ્છવા યોગ્ય છે.

ઇતિહાસ અનેક પ્રકારના–અથવા અનેક દૃષ્ટિ બિન્દુએ લખાય છે આગળ મેં આપને હેગલનુ વાક્ય ટાંકી બતાવ્યુ છે. તેજ લેખક ઇતિહાસ ત્રિવિધ ગણે છે. Original History. યાને ઇતિહાસ મૂળ; Reflective History અથવા ઇતિહાસ મીમાસા. અને Philosophical History અર્થાત ઇતિહાસ રહસ્ય. પ્રથમ વિભાગના લક્ષણ દર્શાવતાં એજ લેખક કહે છે કે હેરોડોટસ અને થુસીડિડેસ જેવા મૂળ ઇતિહાસકારોએ ફક્ત દુનિયામા બાહ્યવિશ્વમાં બનતા બનાવોની નોધ લઇ તેને બુદ્ધિમય જગતમાં ખડી કરી દીધી. An external phenomenon is thus translated into an internal conception (આથી બાહ્યબનાવનું અંતર્ગત ખ્યાલ રૂપે રૂપાતર થયું.] બીજા વિભાગના ઇતિહાસના તેણે ચાર પેટા વિભાગ કર્યા છે. જે પૈકી પ્રથમ વિભાગના ઇતિહાસકારની મકસદ અમુક પ્રજા કે દેશની તમામ તવારિખનો એક સામટો ખ્યાલ લઇ લેવાની હોય છે. એમા ઇતિહાસની જે મૂળ બાતમી હોય–કાચો માલ હોય–તેને ચિત્રપટે કેમ ખુબીથી ગોઠવવી એજ માત્ર પ્રશ્ન રહે છે. ચિત્રકાર પોતાનીજ બુદ્ધિએ ચિત્ર ઉપજાવે છે. અને જોકે તે ચિત્ર ઉપજાવવામાં વાપરેલા પદાર્થની અસર તો અલબત જણાય: તો પણ તેમાં મુખ્ય ભાગ તો ચિત્રકારની બુદ્ધિ–આત્મા–જ

ભજવે છે. મોટલીએ ડચ પ્રજાની સ્વતંત્રતાનો ઇતિહાસ લખ્યો: તેની મૂળ બાતમી તો મોટલીને બીજા લખનારોએ પૂરી પાડી; પણ એ તમામ વસ્તુ એકત્ર કરી નવું ચિત્ર ઉપજાવ્યુ તે ખરેખર મોટલીની કૃતિ. સાહિત્યના બીજા વિભાગમાંથી સમાન દ્રષ્ટાંત લઇએ તો રોમન સામ્રાજ્યના પ્રખ્યાત શહેનશાહ જુલિયનનો ઇતિહાસ તો જગમશહૂર છે: પણ તેમાથી ઉપજાવેલું ઇબ્સનનું નાટક તો નિઃસંદેહ ઇબ્સનનીજ કૃતિ ગણવી પડશે. આમ ઇતિહાસ લખવા જતાં, સંભવ રહે છે કે ભૂતકાળનું વર્ણન આપતા અણધાર્યે તેમાં વર્તમાનની છાયા પડી જાય છે, અથવા ઇતિહાસકાર પડવા દેછે. જે ઇતિહાસમા આ ખુબી સંભવે તેને બીજા મૂળ વિભાગનો દ્વિતીય પેટા વિભાગ ગણ્યો છે. અને તેમાં વર્તમાનોપયોગી સાર ગ્રાહક બુદ્ધિ પ્રધાન રહેવાથી ભૂતકાળના નરચરિત્રો અને બનાવોનુ એવી રીતે વર્ણન અપાય છે કે જેથી જાણી જોઇને તેમાથી વર્તમાનોપયોગી સાર નીકળી આવે. મૅકૉલેનો ઇંગ્લંડનો ઇતિહાસ–જો એને નિર્દોષપણે ઇતિહાસનું નામ આપી શકાય—તો આ પેટા વિભાગનો દાખલો છે ત્રીજો પેટા વિભાગ નિરીક્ષક critical ઇતિહાસ લેખ્યો છે. એની ખૂબી મૂળ વિગત તેમજ મૂળ વિચારની સંકલનામા સમાયલી છે એ ખૂબી વાળા લેખકો મૂળ વિગતમા જે પ્રત્યક્ષ નહોય તે શોધી કહાડી, વ્યંગ્ય કે લક્ષ્યાર્થનુ સ્પષ્ટીકરણ કરે છે. અને છેલ્લો પેટા વિભાગ તો માત્ર પ્રજાકીય જીવનની એક કલા કે અંશનોજ ઇતિહાસ આપવામાં સમાઇ જાય છે. ધર્મનો ઇતિહાસ, કળાનો ઇતિહાસ, નીતિનો ઇતિહાસ એ સૌ આ વિભાગના નમૂના. સુવિખ્યાત ફ્રેન્ચ ઇતિહાસવેત્તા (Guizot) ગીઝોના યુરોપીય સમાજોન્નતિની તવારિખ (History of European Civilisation) આ મૂળ વિભાગમાં લેખીએ, તો પણ તે દ્વિવિધ છે. પ્રથમ તેમજ અંતીમ પેટા વિભાગનાં તેમાં ચિન્હો છે. અને આખરના ત્રીજા મૂળ વિભાગમાં–ઇતિહાસ તત્ત્વ માટે તો વિવેચનની જરૂર નથી.

ઇતિહાસની આ વિભાગ-રચના આપ સૌને મંજૂર હોય કે નહિ; પરંતુ એના પર મનન કરતા મ્હને એટલુ તો જણાય છે કે હિન્દુસ્થાનમાં આવા સર્વપ્રકારના ઇતિહાસ–અભ્યાસ વધારવાની અતિ જ અગત્ય છે ઇતિહાસ માત્ર વિદ્યાપીઠના અભ્યાસક્રમનુ એક અંગ કે પરીક્ષા પાસ કરવાનો વિષય ન સમજવો. પણ મનુષ્યના મનુષ્યપણાનું–સમાજની સંસ્કૃતિનું–એક ચિન્હ માનવું જોઇએ એ માન્યતાનુસાર ઇતિહાસ લેખન પણ એક કલા સમજવી પડશે. ગ્રીક લોકોએ સંસ્કૃતિની નવ દેવીઓમાની ખાસ એક અધિષ્ટાત્રી દેવી ઇતિહાસ માટે કલ્પી હતી અને અત્યારે આપણી સાહિત્ય પરિષદમા પણ ઇતિહાસ વિભાગને ખાસ સ્થાન આપવામા આવ્યું છે તે પણ એજ સૂચવે છે. એટલે ઇતિહાસ લેખનમાં સાહિત્યની ખૂબી,–કલા કૌશલ્ય–આવવુંજ જોઇએ, કે જેથી સામાન્ય વાંચનારને પણ તે વાંચવામાં રસ પડે ઐતિહાસિક નવલકથા વાચવી ઘણાયને રુચિકર હોય છે પણ તેથી ઇતિહાસ પર આગમો નહિ તો દ્રષ્ટિફેર થવા જરૂર સંભવે છે ઇતિહાસકાર કળા આદર્શ માટે મૂળ બાતમી વિપરિત કરે,–મૅકૉલેની માફક ઇતિહાસમાં ગદ્ય–પદ્યની ખૂબી દાખવવા મૂળ વિગતને મરડી મચડી નાંખે–તે સર્વથા અનિષ્ટ છે. પણ મૂળ વિગતને વિપરિત કર્યાં વિના પણ સાહિત્યરૂપ ઇતિહાસ લખી શકાય અને લખાવા જોઇએ. મ્હને એ પ્રશ્ન ઘણોજ દુર્ઘટ લાગે છે કે ઇતિહાસકારે

કેટલે અંશે સાહિત્યકારની–ચિત્રકારની–વૃત્તિ અંગીકાર કરવી. પણ થોડે કે વધારે અંશે એ વૃત્તિ રાખવી તો પડશે એમ મને લાગે છે. ગિબન જેવા ઇતિહાસકારો ઇતિહાસ લખે–છતાં તેમાં સાહિત્યપ્રેમ વાક્યે-વાક્યે અને શબ્દેશબ્દે વિરાજિત કરી શકે. અને જ્યાં સુધી તે સામાન્ય વ્યક્તિને પણ રસ પડે એવી રીતે ઇતિહાસનુ રસિક લખાણુ નહિ થાય ત્યાં લગી લેખકોમાં ખામી સમજવી પડશે. એટલુંજ નહિ, પણ જે ઉદ્દેશથી આપણે ઇતિહાસજ્ઞાનની અભિવૃદ્ધિ ચાહીએ તે ઉદ્દેશ સિદ્ધ નહિ થાય.

ગિબનનુ દૃષ્ટાંત આપતા આ સ્થળે એક બીજા પ્રશ્ન પર પણ વિવેચન કરવા કારણ મળે છે. એ પ્રખ્યાત ઇતિહાસકારે લગભગ ૧૦૦૦) વર્ષની વિગત,-સ્પેનથી તુર્કસ્થાન અને સ્કૉટલૅંડથી સાહારા સુધીના મુલકની બિના વર્ણવી છે. છતાં પોતાની મૂળ દૃષ્ટિ–કેન્દ્રબિન્દુ–કદીએ ચૂકી નથી ગયો. રોમન શાહેનશાહતની અધોગતિ અને વિનાશનો ચિતાર આપતાજ–અને તે આપવા અર્થેજ–તેણે બીજી સર્વ પ્રજા, દેશો, પુરૂષો અને બનાવોની નોંધ લીધી છે છતા તે અપ્રધાન માર્ગે આવતા વિષયોના ચિતારમા તેણે અપૂર્ણતા રહેવા દીધી નથી સામાન્ય પુસ્તકના ૩૦૦૦ પાનામા આ અદ્‌ભૂત સમાવેશ કરનાર કારિગર દરરોજ જન્મ લેતો નથી, તે ખરૂ. છતા તેણે બતાવેલ આદર્શ સર્વમાન્ય હોઇ શકે, અને તેને બળે ઇતિહાસ અભ્યુદય કરી શકાય. ભારતીય ઇતિહાસમા ખાસ કરીને આવી સર્વગામી દૃષ્ટિની આવશ્યકતા છે. આર્યાવર્ત એક છે, ભારતીય પ્રજા–સમાજ મૂળ એક, અવિભાજ્ય છે એવી મ્હારી પકી નિષ્ઠા છે. છતા ભારતીય પ્રજાના ભિન્નભિન્ન અંગનો ઇતિહાસ પૃથક્ પૃથક્‌પણે લખાય તે અનિવાર્ય છે. ભારતીય ઐક્ય અને પ્રાંતિક અસ્મિત્વ વચ્ચે મ્હને તો બહુ વિરોધ જણાતો નથી અને હોય તો તેને ઉત્તેજવાની મ્હને ઉત્કંઠા નથી. પણ વિધવિધ પ્રજાનો ઇતિહાસ પણ ઐક્ય દૃષ્ટિએ લખી શકાય અને ભારતીય પ્રજાને મૂળતઃ હુ એક માનનો હોવાથી ભૌગોલિક, સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય સંજોગો, સસ્થાઓ, સંસ્કૃતિ. અને સિદ્ધાતો આ દેશમાં એકજ હોવાથી; ભારતીય પ્રજાનો ઐતિહાસિક પુનરુદ્ધાર મ્હારી નજરે તો ગિબન જેવા લેખકનુ અનુકરણ કરવામાં સમાયલુ લાગે છે. એક કેન્દ્રસ્થાન એક કેન્દ્ર બિન્દુ ધારી લઇએ તો આ જાતનો ઐક્યમય–અક્ષય ઇતિહાસ–અસ-ભાવ્ય નથી. યુરોપખંડમા ભૂતકાળે રોમન શાહેનશાહતે ઐક્યતા આણી હતી, અને મધ્યકાળે ખ્રીસ્તી સંપ્રદાયે ઐક્યતા જાળવવા પ્રયત્ન કર્યો હતો, તેના કરતા પણ ભારતીય પ્રજાના દેખીતા અનેક વિભાગ હોવા છતા તેનુ ઐક્ય અખડ છે વર્તમાનકાળે આપણી નજર સન્મુખ તરતા નવા અંકુરો, નવી સ્ફુરણા, નવા આશય પણ એજ ઐક્યાત્મા દર્શાવે છે. આપણા ધર્મશાસન કે કાયદા કાનુનનાં બીજ એકજ છે. આપણી સામાજિક સંસ્થાનાં મૂળ એકજ છે, આપણા રાજકીય અભિલાષોના ઉદ્દેશ એકજ છે. તે બીજને પોષવા ને ઉદ્દેશને ઉત્તેજવા આપણને એકત્ર ભારતીય ઇતિહાસની અનિવાર્ય અગત્ય છે. તાજમહાલની કારીગિરીમા હજાર જુદી જુદી કણીઓએ રચાયલું ચિત્ર જેમ આખર જોવામા તો એકજ સ્વરૂપે આવે છે,– તેમજ હિન્દની વિધવિધ પ્રજાનો ઇતિહાસ ભલે પ્રત્યેક પ્રાંત પરત્વે લખાય; પણ જો આ મૂળ ઐક્યની ઓળખાણ બરાબર થઇ હશે, તો આખરે જેમ એકજ સચાના જુદાજુદા

વિભાગો સંયોજાઇ સર્વાંશે સંપૂર્ણ સચો ઉત્પન્ન કરે–તેમ એકત્ર ભારતીય ઇતિહાસ તત્ત્વરૂપે ઉદ્‌ભવશે

આવ ઉદ્દભાવમાં સાહિત્યપરિષદ્ જેવી સંસ્થાનુ સ્થાન બતાવવાની હું ધૃષ્ટતા નહી કરું. માત્ર એટલુંજ ઉમેરીશ કે સાહિત્યપરિષદ્ અદ્યાપિ સ્વતંત્ર, પ્રજાકીય સંસ્થા છે. તે ચાહે તો સ્વતત્ર ઇતિહાસસાહિત્યને ઉત્તેજી શકે. તેના હરિફરૂપ વ્યવસ્થિત વિદ્યાપીઠોમાં સરકારી તત્ત્વ હજુ અતિ બળવાન છે; એટલે સ્વતંત્ર બુદ્ધિએ ઉપજેલા ઇતિહાસ સાહિત્યને એવી અમલદારી સંસ્થાઓ દેખીતાંજ કારણે ન સમુત્તજે તે વાસ્તવિક અને સંભવિત છે. ગુજગત સાહિત્ય પરિષદ્ જેવી સસ્થા, અલબત્ત, ગુજરાતી ઇતિહાસનેજ પ્રધાનપદ આપવા ચાહે તે સહજ સમજી શકાશે. પણ મૂળ દૃષ્ટિબિન્દુ ખોટું ન હોય તો આવા પ્રયાસથી કશી હાની મ્હારી નઝરે નથી સંભવતી. સર્વજ્ઞાન આખરે એકજ છે.–જો કે અત્યારે મનુષ્યશક્તિ અતિ મર્યાદિત હોવાથી આપણને ન છુટકે તેના વિભાગ પાડવા પડે છે–અભ્યાસની સગવડ ખાતર. પણ અભ્યાસની સગવડ ખાતર માત્ર શાસ્ત્રના વિભાગ પાડયા તેથી શાસ્ત્રીય ઐકયતા (Synthesis of Knowledge) અટકવાની નથી. તેવીજ રીતે ભારતીય ઇતિહાસની મુળ ઐકયતા આવા વિભાગથી નષ્ટ થવાની નથી. પણ એને ગમે તે રીતે ફાવે તે માર્ગે સચોટ પ્રેરવાની, પોષવાની અગત્ય તો અનિવાર્ય છે; અને તે પરત્વે, મેં આગળ કહ્યું તેમ–સાહિત્ય પરિષદ્‌નું સ્થાન કે કર્તવ્ય બતાવવાની હું ધૃષ્ટતા કરવાનો નથી

“સાહિત્ય પ્રેસ, કોટ, મુંબઈ”



ડૉકટર કાન્તિલાલ છગનલાલ પંડ્યા.

એમ. એ; પી. એચ; ડી. સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્‌ના વિજ્ઞાનવિભાગના અધ્યક્ષ.

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્-ભાવનગર.

વિજ્ઞાનવિભાગના અધ્યક્ષનું ભાષણ.

સાહિત્યવિજ્ઞાનરસિક સન્નારીઓ ને સજ્જનો.

આપના સત્કારમંડળે મ્હારો આ સ્થળે નિયોગ કર્યો એ સમાચાર મ્હારા જાણવામાં આવ્યા તેવામાં કિંગ્ઝલીની "વેસ્ટવર્ડ-હો!" નામની ઇલિઝાબેથન વીરોની પરાક્રમ-કથા હું વાંચતો હતો. અજાણ્યા સમુદ્રો તથા અમેરિકાના અજાણ્યા પ્રદેશો તરફ "શોધખોળ" ને માટે મોકલાતા એક પરાક્રમી વીરનું વચન તે વેળાએ મ્હારા વાંચવામાં આવ્યું ને હૃદયમાં ઠેઠ ઉતરી ગયું. તે વચન આ હતું: "The best reward for having wrought well already is to have more to do." આપના આમંત્રણ માટે મ્હારો આભાર પ્રકટ કરવાને આથી વધારે સારા શબ્દો મ્હને પણ મળશે નહિ, કે "મ્હેં જો યત્કિંચિત્ સારૂં કર્યું હોય તો એનો ઉત્તમ બદલો એ જ છે કે વિશેષ કાર્ય કરવાનો મ્હને લાભ મળે." જો કે હું ભુલતો નથી કે ગુજરાતી વૈજ્ઞાનિક સાહિત્યને માટે હું જો કાંઇ પણ કરી શક્યો હોઉં તો તે બહુ થોડું છે: મ્હારા મનોરથના પ્રમાણમાં તો ઘણું જ થોડું છે, ને આપણી ગરજના પ્રમાણમાં તો નહિ જ જેવું થોડું છે. છતાં આપનું ઉત્તેજન તથા આપની પ્રેરણા મ્હને બહુ મૂલ્યવાન થયાં છે.

તે ઉપરાંત હું વિશેષ ઋણી એટલા માટે છું કે આજે લગભગ પંદર વર્ષે ભાવનગરનાં ફરીથી દર્શન કરવાનો આનન્દ મ્હને પ્રાપ્ત થયો છે. ખરેખર, મ્હારી આ પહેલાંની ચારે મુલાકાતોનાં બહુ મીઠાં સ્મરણો મ્હારા સ્મરણપટ ઉપર મુદ્રિત થયાં છે, અને આપને, તેથી ય વિશેષ, ખાતરી આપું છું કે આ પંદર વર્ષ દરમ્યાન હિન્દ યૂરોપ તથા અમેરિકાનાં ઘણાં શહેરોમાં વિવિધ પ્રકારની પણ અત્યન્ત માયાળુ મહેમાનગીરીઓ પામવાનું મ્હારૂં સદ્ભાગ્ય થયેલું છે તે છતાં, મ્હારા જીવનના આરંભમાં લગભગ પહેલી જ વાર દીઠેલી એવી ભાવનગરી મહેમાનીની મીઠાશ મ્હારા સ્મરણમન્દિરમાં હજી પણ એવોને એવો સુવાસ પ્રસારી રહી છે. ખરૂ છે કે તે તે કાળના, પોતાની અમીભરી પ્રીતિથી આતિથ્યના અનુપમ પાઠ શીખવનારા, મ્હારા સ્નેહીઓમાંના ઘણા અત્યારે નથી. આજના ગમે તેવા ઉલ્લાસમાં પણ એ વાતનો શોક વિસરાય તેવો નથી. પરંતુ સૃષ્ટિનો નિયમ છે કે વ્યક્તિઓ વહી જાય ને તેઓના ગુણો વિશેષ ચિરંજીવ રહે, તેમ આ ભાવનગર, કેટલાક નામાંકિત

ગુજરાતીઓની જન્મભૂમિ, કેટલાક શ્રેષ્ઠ સાહિત્યકારોના સંસર્ગથી પુનિત થયેલી આ નગરી, સંસ્કારિતા વિદ્યાનુરાગ તથા આતિથ્યના સુન્દર ભાવોના નગર હોવાનો પોતાનો ટેક હજી પણ જાળવી રહેલ છે. ત્હેના પુનર્દર્શનનો યોગ, સાહિત્યપરિષદ્‌ના અન્ય સુયોગની સાથે, મ્હારાં પૂર્વનાં સંસ્મરણોને અધિક ઉત્તેજિત તથા આહ્‌લાદક બનાવે છે.

પ્રથમ અર્ધ્ય.

આજે ચાર વર્ષના અન્તરાય પછી વિજ્ઞાનવિભાગનુ કાર્ય ફરીથી આરંભીએ તે પહેલાં, આપણા વિજ્ઞાનસાહિત્યને પોતાની સેવા અર્પનારા ત્રણ ગુજરાતીઓનાં આ અરસામાં થયેલાં અવસાનની સખેદ નોંધ લેવાનુ અને તેઓને આપણી કદરના તથા સન્માનના અર્ધ્ય આપવાનુ ધર્મકાર્ય આપણે કરી લેવુ જોઇએ. આ ત્રણ પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર, પ્રો. હસમનરામ કર્પૂરરામ મહેતા ને શેઠ હાજી મહંમદ અલારખીઆ શિવજી: એક રીતે જરા મેળવગરની ટોળી તો ખરી; પણ અકાળ મૃત્યુને લીધે ત્રણેની આશાભરી કારકીર્દી અધવચ જ કપાઇ ગઇ અને ત્રણેની વિજ્ઞાન-સાહિત્યની સેવા એકમેકથી તદ્દન નિરાળી હોવા છતાં મૂલ્યવતી ને સત્કારયોગ્ય તો ખરી જ.

પ્રો. હસમનરામ મહેતા

આ ત્રણમાં વિજ્ઞાની લેખક તો પ્રો. હસમનરામ મહેતા જ હતા. ભૌતિકશાસ્ત્રના વિદ્વાન તથા શિષ્યવૃન્દને પ્રિય થઇ પડેલા એ શિક્ષકને નેત્રના અસાધ્ય વ્યાધિએ યુવાવસ્થામાં જ નિવૃત્તિ લેવરાવી–ને તેવામાં જ પહેલી ને છેલ્લી વાર મ્હારે એમનો મેળાપ થયો હતો–ત્યારે, મ્હારી પેઠે ઘણાઓએ આશા બાંધી હતી કે, નેત્રહાનિથી વિજ્ઞાનના પ્રયોગાત્મક અભ્યાસને માટે અશક્ત થવા છતાં, તેઓ વિજ્ઞાનના સાહિત્ય સાથેનો પરિચય ચાલુ રાખી શકશે અને ગુજરાતીમાં વિજ્ઞાનનો પ્રકાશ ઉતારતે ઉતારતે પોતાની શારીરિક પીડા વિસરી શકશે. તેઓ પોતે પણ ઉત્સુક હતા. પણ ભાવી જુદું હતું. અને આજે આપણે આપણા વૈજ્ઞાનિક કાર્યકર્તાઓના ન્હાનકડા દળમાંથી એક કુશળ સાથીને ગુમાવ્યાનો અફસોસ જ કરવાનો બાકી રહે છે.

હાજી મહંમદ.

હાજી મહંમદનું નામ "વીસમી સદી"ના વિધાતા તરીકે ગુજરાતને સુવિદિત છે. એમની કૃતિનુ તેજ ગુજરાતની બહાર, "બૃહદ્ ગુજરાત"માં, અને તેથી ય દૂરના કળારસિક વિદેશીઓ લગી, પ્રસરેલુ હતું. એમના અકાળ અવસાન પછી ગુજરાતે એમની કાંઇક કદર પ્રકટ કરી છે ને હજી વધારે કરશે. તેઓ કાંઇ વિજ્ઞાની ન્હોતા, પરંતુ વિજ્ઞાનસાહિત્યના પ્રકાશક તરીકેની એમની હોંશ તથા એમની કૃતિ આપણી સાભાર કદરને યોગ્ય છે. "વીસમી સદી"ના આરંભથી જ, તેઓએ મ્હને, "સમાલોચક"ના તંત્રવાહકોની પેઠે, સંમતિ આપી હતી કે બનશે તો "સદી"ના પ્રત્યેક અંકમાં વૈજ્ઞાનિક લેખને તેઓ સ્થાન આપશે. પણ બીજાઓમાં ને હાજીમાં એ ફેર હતો કે એક વાત મન ઉપર લીધા પછી ત્હેને સારામાં સારી રીતે પાર પાડવામાં હાજી સ્હેજ પણ કચાશ રહેવા દેતા નહિ. આ પ્રમાણે સારા આકર્ષક વિજ્ઞાનલેખો તૈયાર કરાવવા તેઓ તત્પર રહેતા, એટલું જ નહિ પણ તે પાછળ લાક્ષણિક ઉમંગથી શ્રમ દ્રવ્ય આદિનો પુષ્કળ વ્યય

કરતા. ડૉ. જગદીશચન્દ્ર બોસના કાર્યનું વિવરણ "સદી"ના વાચકોને યાદ હશે, તેમ મ્હને પણ તે સમયનો એમનો ઉત્સાહ હજી સાંભરે છે. ખરે, "વીસમી સદી"ના ટુંકા પણ અતિ તેજસ્વી જીવનની અંદર એમણે જે મનોરંજક તથા જ્ઞાનદાયક વૈજ્ઞાનિક સાહિત્ય પ્રકટ કર્યું છે તે આપણા સામયિક સાહિત્યમાં સ્મરણીય રહેશે. ગુજરાતી વિજ્ઞાનસાહિત્ય માટે હાજી જેવા કદરદાન પ્રકાશકની જરૂર હમેશ રહેવાની, અને એમના જેવા ઘણા પ્રકાશકો ગુજરાત જોવા પામે એમ ઇચ્છવાનુ છે.

'ગજ્જર સાહેબ''નું સ્થાન તથા વ્યક્તિત્વ આ બન્ને કરતાં જુદું, ને આખા ગુજરાતમાં ય અનેરૂં, હતું. રસાયનવિદ્યાના એક આચાર્ય તરીકે, વડોદરાના "કળા–ભુવન"ના આદ્ય પ્રણેતા તરીકે, મુંબાઇમાં વિજ્ઞાનના શિક્ષણને તથા રાસાયનિક ઉદ્યોગને વેગ આપનાર તરીકે, અથવા તો અસામાન્ય શક્તિવાળી તથા અસામાન્ય સંયોગોમાં મૂકાયલી વ્યક્તિ તરીકે, એમનું નિરૂપણ કરવાનું આ સ્થાન

ગજ્જર સાહેબ.

નથી. તેવી જ રીતે જે સહગામી ત્રુટિઓએ તથા દુર્ભાગ્યસંયોગોએ એમનુ ઉત્તરજીવન આટલું નિષ્ફળ કરુણ ને દુઃખમય બનાવ્યું તે વિષે ય અત્યારે મૌન જ ઉચિત છે. એમના જીવિતની રસાયનસમી પ્રેરણાઓ તેમ જ ગંભીર ચેતવણીઓ અવિદિત રહી નથી. પણ અત્યારે આટલું એ નોંધ લેવી ઘટે છે કે પ્રો. ગજ્જર, પોતે લેખક કે પ્રકાશક ન્હોતા છતાં, ગુજરાત ને ગુજરાતી ઉભયમાં વિજ્ઞાનનુ અવતારણ કરવાની, લગભગ સૌથી પહેલી અને, તે કાળની સગવડોના પ્રમાણમાં, ઘણી હિંમતભરી અભિલાષાનઓના, યોજનાઓના તથા પ્રવૃત્તિઓના પણ પિતા હતા. ગત વિજ્ઞાનવિભાગના અધ્યક્ષ રા. ભાઇ સાંકળચંદ શાહે બહુ યોગ્ય રીતે આપણું ધ્યાન ખેચ્યું છે[1] તેમ, વિજ્ઞાનની પરિભાષા ગુજરાતીમાં રચવાના ભગીરથ પ્રયાસ એમણે આરંભ્યા હતા તથા "કળા–ભુવન"ના શિક્ષણમાં ને કેટલાંક પાઠ્ય–પુસ્તકોની તૈયારીમાં એમનો શ્રમ સફળ પણ થયો હતો. એ સઘળું કાર્ય જ્યારે આપણી સમક્ષ પ્રસિદ્ધ થશે ત્યારે ગુજરાતી વિજ્ઞાન–સાહિત્યની ઉત્પત્તિનુ આ પહેલું પ્રકરણ આપણે બરોબર જાણી શકીશુ, એટલું જ નહિ પણ આજથી લગભગ પાંત્રીશ વર્ષ પહેલાં પણ કેવા પ્રયાસ થયા હતા ત્હેના ભાનથી આપણે એકદમ નમ્ર ને ઉત્સાહી બની શકીશું. એમના કાર્યનું ચોકસ મૂલ્ય આંકવાનાં સર્વ સાધનો આપણી આગળ નથી તે છતાં એ આખા કાર્યની મહત્તા વિષે કોઇને સંશય રહે એમ નથી. અધવચ છોડી દીધેલા આ કાર્ય તરફ, કદાચિત્ ગોવર્ધનરામના સમાગમને લીધે, એમનું મન ઘણી વાર પાછું વળતું હતું, ને " જ્ઞાન–મંજૂષા "ની ઉમળકાભરી વાતો કદી કદી એમને મુખેથી સાંભળવામાં આવતી હતી. એમની પાછળ એક બે ભાષણ સિવાય બીજું કાંઇ ગુજરાતે કર્યું નથી, અને એમની કૃતિનો વિશેષ અહેવાલ પ્રસિદ્ધ થાય ત્યાં લગી તો એમની તેજસ્વી પ્રતિભા, અસામાન્ય વેગવતી કલ્પના, આવેશભર્યા તથા આવેશ આપી શકે એવા આદર્શ, ભીષણ ઉદ્યોગશક્તિ, અને, સૌની ઉપર, એમનું પ્રેરણાદાયક વ્યક્તિત્વ–એ સર્વની સ્મૃતિમાત્ર જ એમનો ખરો અવશેષ થઇ રહેશે. સાહિત્યપરિષદ્‌ની દૃષ્ટિ

---

૧. અમદાવાદની છઠ્ઠી ગુજરાતી સાહિત્યપરિષદ્‌નો રીપૉર્ટ, વિજ્ઞાનવિભાગના અધ્યક્ષનુ ભાષણ. પૃ૦ ૪, ૫, ૯.

વિજ્ઞાની સાહિત્ય તરફ બરોબર વળી ત્યારે, પ્રથમ વિજ્ઞાનવિભાગની બેઠકને સમયે, તે અત્યન્ત બિમાર હતા. તે પછી ત્રણ માસની અંદર જ એમણે દેહ છોડયો. આજે હવે એ વિજ્ઞાન-નાયકને આપણા શોકનાં તથા આભારનાં અશ્રુઓનો અર્ધ્યમાત્ર જ ગુજરાતી સાહિત્યપરિષદ્ આપી શકશે.

સાહિત્યપરિષદ્ અને વિજ્ઞાન.

આજથી લગભગ ઓગણીસ વર્ષ ઉપર, ગુજરાતના રાજનગરે આપણી ગુજરાતી સાહિત્યપરિષદ્‌ને જન્મ આપ્યો તે સમયે ત્હેના સ્થાપકો તથા પ્રણેતાઓ ગુજરાતી વિજ્ઞાન-સાહિત્યનો પ્રશ્ન વિસર્યા ન હતા; એટલુ જ નહિ પણ પરિષદ્‌ને હાથમાં લેવાના આઠ વિષયોમાં "ઇતિહાસ અને પદાર્થવિજ્ઞાનનું સાહિત્ય ગુજરાતી ભાષામાં કેવી રીતે ઉત્પન્ન કરવુ" તથા "પદાર્થવિજ્ઞાનની પરિભાષા ગુજરાતીમાં શી રીતે ઉતારવી" એ બે વિષયો સૂચવીને[1] આ વિષયનું પૂર્ણ મહત્ત્વ સ્વીકાર્યું હતું. ખરે, આપણી પરિષદ્‌ની આખી સંસ્થાના મૂળ પ્રાણરૂપ સદ્‌ગત ભાઈ રણજિતરામ, એમના જેવા વ્યાપક દૃષ્ટિવાળા ચિન્તની પાસેથી આશા રહે તેમ, આ પ્રશ્નના ગૌરવને સમજ્યા હતા તે, એમની સાથેની વાતચિતોથી તેમ જ પ્રથમ સાહિત્ય-પરિષદ્‌ના રીપોર્ટના એમના મર્મગ્રાહી આમુખથી, પૂરેપૂરી રીતે સ્પષ્ટ થયેલું છે. તે ઉપરાંત તે પરિષદ્‌ના સત્કારમંડળના પ્રમુખ રા. રા. રમણભાઇએ પોતાના વ્યાખ્યાનમાં પદાર્થવિજ્ઞાનના સાહિત્ય તથા પરિભાષા સંબન્ધી બહુ ટુંકામાં, પરંતુ આજે પણ મહત્ત્વના લાગે એવા વિચારો રજુ કર્યા હતા (પૃ. ૭). વળી તે જ પરિષદ્‌માં રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી તથા રા. રા. શિવપ્રસાદ શંભુપ્રસાદ મહેતાએ વિજ્ઞાનનાં સાહિત્ય તથા પરિભાષાની ઉપર લેખો રજુ કર્યાં હતા.

ત્યાર પછીનાં પંદર વર્ષોમાં વિશેષ કાંઇ થયું નહિ : પ્રત્યેક પરિષદ્‌ની વિષયોની યાદીમાં વિજ્ઞાનસાહિત્યને સ્થાન મળતું, તે ઉપર એક કે વધુ નિબન્ધ રજુ થતા, અને ઘણા-ખરા પ્રમુખો પોતાનાં ભાષણોમાં ત્હેને વધતો ઓછો સ્પર્શ કરતા, તે સિવાય બીજું કાંઇ કામ થયું નહિ. તે પછીથી સન ૧૯૨૦ ના ઇસ્ટરમાં અમદાવાદે ફરીથી સાહિત્યપરિષદ્‌ને વધાવી લીધી ત્યારે અમદાવાદે જ પાછો વિજ્ઞાની સાહિત્યના પ્રશ્નને વધારે આગળ કર્યો.

કારણ કે સાહિત્યપરિષદ્‌ની છઠ્ઠી બેઠકને મહાત્મા ગાંધીજી તથા કવિવર ટાગોરની વિભૂતિઓથી જ્યોતિર્મયી કરવા ઉપરાંત, સાહિત્યપરિષદ્‌ની સંસ્થાને વધારે દૃઢ, વધારે સ્થાયી તથા વધારે સજીવ કરવાના, તેમ જ ત્હેના કાર્યપ્રદેશને વધારે ઊંડો ને વધારે વિશાળ કરવાના, એમ બન્ને પ્રયાસો અમદાવાદે કર્યા હતા. પહેલા પ્રકારના પ્રયાસનો આરંભ રાજકોટની બેઠકથી જ થયો હતો, ને તે પછીનાં અગીઆર વર્ષો લગી તે પ્રયાસ આપણી ગુજરાતી રીતપ્રમાણે "ચાલુ" રહ્યા હતા, પણ તે કદી બરોબર ફાવ્યા ન્હોતા, અને અમદાવાદના એ પ્રયાસો પણ ફાવ્યા નથી, એટલે સાહિત્યપરિષદ્‌ના પ્રવૃત્ત સ્થાયીપણાનો તથા સજીવ સંયોજનનો પ્રશ્ન હજી આપણી સ્હામે એમને એમ ઉભો છે.

---

૧. પ્રથમ ગુજરાતી સાહિત્યપરિષદ્‌નો રીપોર્ટ, રા. રા. રમણભાઇ મહીપતરામનું ભાષણ, પૃ. ૨.

આ અવસ્થાની હાનિ વિજ્ઞાનસાહિત્યની પ્રવૃત્તિને પણ, અન્ય વિષયોનાં સાહિત્યની માફક, લાગી છે, તે છતાં સદ્ભાગ્યે, અમદાવાદના બીજા પ્રયાસ વધારે સફળ થયા અને પરિષદ્‌નો કાર્યપ્રદેશ વધારે વિશાળ ને ઊંડો કરવાના યત્નોમાં વિભાગરચનાનું મહત્ત્વનું પગલું લેવાયું. ખાસ કરીને વિજ્ઞાનવિભાગની રચનાને તે ક્ષેત્રમાં કામ કરનારાઓએ અસંદિગ્ધ ઉત્સાહથી વધાવી લીધી છે. વિજ્ઞાનના ગુજરાતી વિદ્વાનો તથા લેખકોની એક ખરી જરૂર આવી રીતે પૂરી પડી છે, કારણ કે તેઓની છૂટીછવાઇ વિખરાયલી સંખ્યાને ભેગી કરવાની ને વધારવાની, તથા પરસ્પરના ઓળખાણથી તેઓનાં સહકારી સંયોજનો રચવાની, અપૂર્વ તક હવે ઉત્પન્ન થઇ છે. વળી એથી લેશ પણ ઓછા મહત્ત્વનું નથી તેવું બીજું એ પણ થયું છે કે, સાહિત્ય તથા વિજ્ઞાનનું એક સંસર્ગતીર્થ ગુજરાતમાં રચાયું તેથી તે બન્નેના ભક્તો તથા રસિકોને એકત્ર થવાની સરસ સરળતા જન્મ પામી છે. આ બન્નેનાં ભાવી કલ્યાણોનો વિચાર કરતાં હું હિંમતથી કહી શકું છું કે વિજ્ઞાનવિભાગની રચના એ ગુજરાતી વિજ્ઞાનસાહિત્યના ઇતિહાસમાં (જ્યારે તે ઇતિહાસ લખાશે ત્યારે) એક મહત્ત્વના સ્મરણાંક તરીકે રહેશે, અને અમદાવાદના કાર્યકર્તાઓ તે માટે ઘણાં અભિનન્દનને પાત્ર છે.

વિજ્ઞાનવિભાગ

વિભાગરચનાનો પ્રાથમિક આશય નિબન્ધવાચનની સગવડ વધારવાનો જ હતો, તે છતાં સમસ્ત સાહિત્યપરિષદ્‌ની પ્રવૃત્તિના જે મુખ્ય ઉદ્દેશો છે, જે પ્રથમ પરિષદ્‌ના રીપોર્ટમાં રા. ભાઇ રણજિતરામે તથા રા. રા. રમણભાઇએ વર્ણવ્યા છે, અને છઠ્ઠી પરિષદ્‌ના રીપૉર્ટની પ્રસ્તાવનામાં અમદાવાદના મંત્રીઓએ ફરીથી આલેખ્યા છે, તે ઉદ્દેશો પોતાના ક્ષેત્રમાં પાર પાડવાનું કાર્ય વિભાગોને સ્વયમેવ પ્રાપ્ત થાય છે. વિજ્ઞાનસાહિત્યના સંબન્ધમાં તો વિશેષ રીતે આમ છે, એવી સમજ પ્રથમ વિજ્ઞાનવિભાગમાં હાજર રહેલા સર્વ સભ્યોની હોવાથી, તેઓએ, એક પગલું આગળ ભરવું એમ કરીને, એક વિજ્ઞાનસમિતિની સ્થાપના કરી, ને સમસ્ત પરિષદે તે સ્વીકારી. અલબત આ પગલું એક પ્રયોગ જેવું જ હતું, પણ તે પ્રયોગથી હવે એટલું નિર્ણીત થયું છે કે આ દિશામાં વધારે કામ કરવાને આપણે શક્તિમાન થઇશું. એ વિજ્ઞાનસમિતિના ઉત્સાહી મંત્રી રા. રા. પ્રીતમરાય વ્રજરાય દેસાઇએ હમણાં પ્રકટ કરેલ " રીપોર્ટ " ઉપરથી આપ એટલું જોઇ શકયા હશો કે આ ચાર વર્ષનો ગાળો તદ્દન નકામો તો નથી જ ગયો, બલ્કે તે અરસામાં કેટલુંક ઉપયોગી કાર્ય શરૂ થઇ ચૂકયું છે. એમાં સૌથી વધારે આશાજનક તથા વિજ્ઞાનના પ્રસારમાં બહુ ઉપયોગી એવું કાર્ય વૈજ્ઞાનિક વ્યાખ્યાનોનું છે. એ કાર્યને વધારે સંઘટ્ટ કરવાનું તથા વધારે વિકસાવવાનું, તેમ જ અન્ય દિશાઓમાં શરૂ કરેલાં કાર્યોને આગળ વધારવાનું કર્તવ્ય આપણું છે. મ્હારી ખાત્રી છે કે વિજ્ઞાનસમિતિનું કાર્ય આપના સત્કારને પાત્ર થશે અને આપણા વિભાગની બીજી બેઠકમાં, આપની નિખાલસ સૂચનાઓથી તથા આપના સહકાર વડે, હાથમાં લીધેલા તે કાર્યને આપણે હજી વધારે સારા ઘાટમાં મૂકીશું અને એ કદમ વધારે આગળ વધી શકીશું.

વિજ્ઞાનસમિતિ.

વિજ્ઞાન.

વિદ્વાન તથા વિદ્યાનુરાગી જનોના આવા સંમેલનની સમક્ષ વિજ્ઞાન એ શું છે અને વિજ્ઞાનનું સાહિત્ય ગુજરાતને શા માટે જોઇએ છે તે કહેવાની આવશ્યકતા રહે જ નહિ. પરંતુ આજના કાળમાં આવાં પ્રત્યેક સંમેલનની બહાર વાચકોની આલમનાં અનેક મ્હોટાં સંમેલનો રહેલાં છે, જેઓને આપણો શબ્દ પહોંચશે અને જે આપણા શબ્દ તથા કાર્યને જાણવાને તથા સમજવાને ઘણાં આતુર હોય છે. તે સર્વને ખાતર, આજના સંમેલનના થોડાઘણા સભ્યોને તદ્દન પરિચિત થયેલી, અથવા પ્રાથમિક દેખાતી, થોડીક હકીકતો સંક્ષેપમાં કહું તો ત્હેને આપ સહી લેશો.

અંગ્રેજીમાં જેને "સાયન્સ" કહે છે અને ગુજરાતીમાં પણ જે સાયન્સ, પદાર્થવિજ્ઞાન, ઇત્યાદિ નામોથી ઓળખાવાય છે ત્હેને માટે "વિજ્ઞાન" એ જ શબ્દ ઉત્તમ છે. સંસ્કૃત સાહિત્યમાં આ શબ્દના અનેક અર્થ હોવા છતાં ઘણીખરી હિન્દી ભાષાઓએ પણ "વિજ્ઞાન" શબ્દ જ સ્વીકારી લીધો છે, અને તે યોગ્ય છે. એના વિશાળમાં વિશાળ તાત્વિક અર્થમાં "સાયન્સ" એ "વ્યવસ્થિત વા સંયોજિત જ્ઞાન" (Systematised or organised Knowledge) છે, અને "વિજ્ઞાન"નો "વિશિષ્ટ જ્ઞાન" નો અર્થ પણ ત્હેને મળતો છે.

વિજ્ઞાનવિકાસ.

આ વિજ્ઞાનનો વિકાસ એ માનવસાહસની મ્હોટામાં મ્હોટી ફતેહ છે, "કાળ' માથાના માનવી"ની શક્તિ તેમ જ શક્તિમર્યાદા ઉભયનું એક મ્હોટામાં મ્હોટું માપ છે, અને મનુષ્ય-જાતિના સમગ્ર ઇતિહાસનું એક અત્યન્ત રસીલું ને અદ્ભુત પ્રકરણ છે. વિજ્ઞાનનો ઇતિહાસ જેટલો બોધદાયક છે તેટલો જ વિનોદક ને પ્રોત્સાહક છે. અનેક અંગોમાં વિસ્તાર પામેલા, અને હજી પામ્યા કરતા, વિજ્ઞાનનો એ ઇતિહાસ કોઇ રસિક ગુર્જર વિદ્વાનની ફાંકડી કલમ ગુર્જરપ્રજાને ચરણે ધરે એ જેટલું ઇચ્છવાયોગ્ય છે તેટલું જ—બની શકે તો તેથી ય વધુ—ઇચ્છવાયોગ્ય એ છે કે વિજ્ઞાન તરફ વળવા માંડેલી ગુર્જર પ્રતિભા વિજ્ઞાનના ભાવિ ઇતિહાસને ઘડવામાં પણ સામિલગિરી આપીને તેમાં પોતાનુ નામ કીર્તિવન્ત કરે.

આ વિજ્ઞાનનાં બીજ તો "સર્જનજૂના" કાળમાં રોપાયાં હતાં, પણ માનવજાતિના અતિશિશુકાળમાં તે સ્પષ્ટ વર્તી શકાય એવો વિકાસ પામ્યાં ન્હોતાં. પરિસ્થિતિને જાણવાની સમજવાની તથા સ્વસુખને માટે અનુકૂળ બનાવવાની નૈસર્ગિક આતુરતા તથા આવશ્યકતા-માંથી જન્મ પામેલ વિજ્ઞાનની કુંપળો, અગણ્ય કાળ લગી, મનુષ્યને જ્ઞાન શક્તિ તથા સુખવૈભવ દેતે દેતે, ધર્મ તથા ફિલસુફીની છાયા તળે જ પોષણ પામ્યા કરી. ધીરે ધીરે ગણિત, આકાશ, વનસ્પતિ, રસાયન, વૈદ્યક તથા કેટલીક કળાઓનું જ્ઞાન વધવા તથા એકત્ર થવા લાગ્યું: તેમ તેમ આ બાળવૃક્ષનો વિકાસ વધવા લાગ્યો. આખરે ધર્મની (ખરૂં કહીએ તો ધર્માન્ધતાની) સંકોચક નિયંત્રણા ત્હેના વિકાસને અસહ્ય તથા ત્રાસદાયક થઇ પડી. યૂરોપખંડના ક્ષેત્રમાં આ નિયંત્રણા સ્હામે યુદ્ધ કરી વિજ્ઞાને મુક્તિ તથા સ્વાતંત્ર્ય મેળવ્યાં.

હિન્દ જેવા અન્ય દેશોમાં એ સ્થિતિ હજી આવી નથી એ વાત આપણા જીવનની પુષ્કળ હકીકતો તેમ જ આપણી સંસ્કૃતિરચનાનાં ઘણાં તત્ત્વો સ્પષ્ટ રીતે જાહેર કરે છે.

આરોગ્ય, દેહશુદ્ધિ, ખાનપાન, ઉત્સવો, ધંધાઓ, પહેરવેશ, મુસાફરીઓ અને એવી અસંખ્ય બાબતો હિન્દુજીવનમાં ધર્મના ધ્વજ તળે જ ગોઠવાઇ છે, ને હજી ઘણે અંશે રહી પણ છે. આ લોકવ્યવસ્થાના ગર્ભમાં રહેલાં ઊંડાં રહસ્યોની તથા તેમાંથી પ્રાપ્ત થયેલાં સંરક્ષક કલ્યાણોની અવગણના થઇ શકે એમ નથી; આ સર્વ વિષયો તત્ત્વતઃ કે આચારવ્યવહારમાં ધર્મથી તદ્દન અલગ ને સ્વતંત્ર જ છે તથા રહેવા જોઇએ એવું પણ સર્વાંશે સ્થાપિત થયું નથી; તેમ લગભગ સમગ્ર જીવન ઉપર પ્રવર્તતી આવી ધર્મસત્તા યુરોપઅમેરિકાની જનતાના ઘણા વર્ગોમાં, હજી પણ વધતા ઓછા પ્રમાણમાં, સ્પષ્ટ દેખી શકાય છેઃ એ સઘળું સ્વીકાર્યા પછી પણ, ઉપર કહેલું સત્ય અબાધિત રહે છે કે મધ્યકાળમાં ધર્મના ત્રાસમાંથી છૂટ્યા પછી જ વિજ્ઞાનની ખરી ખિલવણી થઇ, સૃષ્ટિના સત્યોની શોધખોળના ધોરી માર્ગ બંધાવા લાગ્યા અને માનવજીવનની ઉપર અવનવા પ્રકાશોની તેજધારાઓ પડવા લાગી.

પૃથ્વી ઉપરના જુદા જુદા ખંડોમાં વિખરાયલી માનવ જાતિએ અલગ અલગ ભરેલા ને ગુપ્ત રાખેલા જ્ઞાનભંડારો ધીરે ધીરે ભેગા ને પ્રકટ થવા લાગ્યા હતા. અનેક દેશોમાં અનેક સદીઓ લગી વીકસેલી વિજ્ઞાનશાખાઓના બન્યા તેટલા ટુકડાઓ મેળવી, બરોબર ઉકેલી, યુરોપીય પ્રજાઓએ થોડી સદીઓની અંદર વિજ્ઞાનવૃક્ષનાં મૂળ ઘણાં ઊંડાં પ્રસારાવ્યાં, અને અઢારમી સદીમાં તો એ વૃક્ષ ઘણી શાખાઓ પલ્લવો તથા ફળફુલોથી શોભવા લાગ્યું. ઓગણીસમી સદીને વૉલેસે "The Wonderful Century" કહી છે તેવી જ વિસ્મયકારક ને હતી, અને એનાં વિસ્મયોને પણ ભુલાવી શકે એવી માત્ર વીસમી સદી જ થઇ છે, અને ને પણ ત્હેનો પ્રથમ પાદ પૂર્ણ થાય તે પહેલાં.

આજે વિજ્ઞાન મનુષ્યજીવનના પ્રત્યેક વિષયને સ્પર્શી રહ્યું છે. એની તીવ્ર જિજ્ઞાસુ તથા સત્યશોધક વૃત્તિ સમસ્ત સૃષ્ટિજીવનના સત્યને ગ્રહણ કરવા મથે છે. વિજ્ઞાનના એકછત્ર તળે

વિજ્ઞાનની શાખાઓ.

અત્યારે કેટલાં ય શાસ્ત્રો ફુલ્યાંફાલ્યાં છે, ને હજી બીજાં કેટલા નવા પલ્લવિત થશે તે તો કોઇ પણ કહી શકે નહિ. અગણિત મનુષ્યો, સ્ત્રીઓ તથા પુરુષો બન્ને, અત્યારે એના અભ્યાસમાં રોકાયાં છે ને ગભરાવી નાંખે તેવી ઝડપથી ત્હેના વિકાસને વધારે છે. આજે વિજ્ઞાન એટલે કાંઇ એક જ "પદાર્થવિજ્ઞાન' નથી : ભૌતિક, રસાયન, જીવન, પ્રાણી, વનસ્પતિ, ભૂમિ, ભૂગર્ભ, ભૂગોળ, સમુદ્ર, હવા, આકાશ, શરીર, ગણિત ઇત્યાદિનાં જ શાસ્ત્રો છે એમ પણ નથી : પરંતુ આરોગ્ય, વૈદક, કૃષિ, ઉદ્યોગ, કળા હુન્નર, યંત્ર, નૌકા, વિમાન, યુદ્ધ, એન્જીનીઅરીંગ ઇત્યાદિનાં અનેક વ્યવહારોપયોગી શાસ્ત્રો : તેમ જ સમાજ, મનુષ્યજાતિ, મન, અર્થ, વાણિજ્ય, ભાષા, પુરાતત્ત્વ ઇત્યાદિનાં લગભગ અપ્રયોગાત્મક શાસ્ત્રો—અને એ ઉપરાંત બીજાં ઘણાં, જેઓનાં અગર સાચાં ગુજરાતી નામ મળે તો પણ તે સમજવાં કઠિન પડે એવાં, શાસ્ત્રો–એ સર્વ વિજ્ઞાનના ધ્વજ તળે ગોઠવાયાં ને સમૃદ્ધિ પામ્યાં છે.

પ્રત્યેક શાસ્ત્રની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તે બીજાં શાસ્ત્રોની ઉપર નવો પ્રકાશ ફેલાવે છે, અને કદી કદી આમ વિજ્ઞાનની બે ત્રણ શાખાઓમાંથી વળી કોઇ નવીન શાસ્ત્ર પણ રચાય છે. કદી કદી કોઇ પ્રતિભા કોઇ એક શાખાના સમગ્ર ક્ષેત્રને નવા તેજથી અજવાળે છે,

જાણીતી હકીકતોના નવા અન્વયો રચે છે અને નવા નિયમ ને નવા વાદ સ્થાપે છે. કદા
એથી ય મ્હોટી પ્રતિભા પેશ્વર, આઇન્સ્ટાઇન આદિની પેઠે મૌલિક શોધો વડે ઘણા વિજ્ઞાન-
શાસ્ત્રોમાં નવા યુગ પ્રવર્તાવે છે. આપણા ડૉ. જગદીશ ચન્દ્ર બોસનુ કાર્ય આ જાતનુ છે. પરન્તુ
તે ત્હેવા ઉંચા પ્રકારનુ હોય એમ અર્વાચીન વિજ્ઞાનની આલમને હજી પ્રતીત થયુ નથી.

આ વિરાટ્-દેહી વિજ્ઞાનનું ખરૂં બળ ત્હેની લાક્ષણિક પદ્ધતિમાં રહેલુ છે. એ પદ્ધતિ
વિજ્ઞાનશાસ્ત્રીનુ મોટું અસ્ત્ર છે. તે વડે જ તે અન્ય સાધનોને ઉત્પન્ન કરે છે ને જીવનના
રહસ્યો ભેદે છે. આ પદ્ધતિને લીધે તથા વિચાર ને કૃતિનાં એનાં ઊંડાં પરિણામોને લીધે, વિજ્ઞાને
અર્વાચીન જગત્‌ની એક મ્હોટામાં મ્હોટી પરિવર્તનશક્તિનુ પદ મેળવ્યુ છે.

આજના દિવસમાં જીવવા ઇચ્છતી કોઇ પણ પ્રજા એનાથી વિમુખ રહી શકે નહિ.
તેમાં ય જગત્‌ની એક મહાપ્રજાના ગૌરવ તથા સામર્થ્યને ઇચ્છતી પ્રજાએ તો વિજ્ઞાનની બની
શકે તેટલી સંપૂર્ણ સિદ્ધિ મેળવવી પડશે.

આ વિજ્ઞાન સ્વયમેવ ધર્મનાશક છે એવો ડર કોઇને થવો જોઇએ નહિ. યૂરોપમાં વિજ્ઞાન
તથા ધર્મની વચ્ચેના કલહ થયા હતા ત્હેના પડઘા હજી પણ આપણા દેશમાં પડે છે. વસ્તુત
પ્રાચીન કાળમાં તો ઘણા દેશોમાં વિજ્ઞાનનું શિશુત્વ ધર્મગુરુઓની તથા

વિજ્ઞાન ને ધર્મ.

ધર્મમન્દિરોની છાયામાં જ પોષણ પામ્યું હતુ. વળી યૂરોપના
ધર્માધિકારીઓ સાથેના મન્થનમાંથી ઉભયનું હિત થયેલુ છે.
પ્રત્યેકને પોતાની મર્યાદાઓનું હવે ભાન થયું છે, અને વિજ્ઞાને જેમ જડવાદનો ત્યાગ કર્યો છે
તેમ ક્રાઇસ્ટના પવિત્ર નામની ઉપર જામેલા ભ્રમ અજ્ઞાન આદિના અનેક પોપડાઓ ઉખડ્યા
છે અને અર્વાચીન ખ્રિસ્તિ ધર્મ વિશેષ શુદ્ધ ને ઉદાર થઇ શકયો છે. આ છેલ્લી વાતનો
સ્વીકાર ડીન ઇંગ જેવા તે જ ધર્મના કેટલાક ઉત્તમ આચાર્યો ને વિચારકો મુક્ત
કંઠે કરે છે, અને વિજ્ઞાન તથા ધર્મ અન્યોન્યના શત્રુ થવાને બદલે સહાયક
થાય છે એમ બન્ને તરફનાં શ્રેષ્ઠ "ચિત્ત" દાવો કરે છે. ધર્મપરાયણતાને ચ્હાનારી તથા
આધ્યાત્મિકતાની ખ્યાતિ પામેલી હિન્દી પ્રજામાં "અઘટિતઘટના પટીયસી" પ્રતિભા પણ
ઇતિહાસસિદ્ધ છે : વિજ્ઞાનના શુદ્ધ આત્માના સ્વીકારથી આપણે પણ ધર્મશુદ્ધિ કેમ ન સાધી શકીએ ?

હું તો એથી પણ વધારેની ખાતરી રાખું છું કે ઇતિહાસ તથા વિજ્ઞાનનાં સત્યો
જેમ જેમ વધારે પ્રસાર પામશે ને માનવ સમજની અંદર ઉતરશે તેમ તેમ ધાર્મિક વ્હેમ
ઝનુન દ્વેષ ને કલહો ઓછાં થશે. ધર્મની અધર્મ્ય દિવાલોથી વહેંચાયલી ને ધર્મને નામે લ્હડતી
માનવતા વિજ્ઞાનના પ્રકાશમાં આ ભેદોની અસારતા જોશે, અને મનુષ્યની મૌલિક એકતાની અનુસાર
મૌલિક એક જ વિશ્વધર્મ-"World-Religion" જોઇ, અનેક ભેદોને શમાવશે. અનેકોમાં
એકતત્ત્વને, અને એકમાં અનેકોના તત્ત્વાંશને, માનવતા સમજશે. ત્યારે ધર્મ ધર્મ, જાતિ જાતિ
ઇત્યાદિના વિગ્રહો બન્ધ થશે, એટલું જ નહિ પણ ધર્મ ને વિજ્ઞાન **એક પરમ સત્યમાં** મળી ગયાં
હશે. આ શ્રદ્ધા કોઇને અતિશ્રદ્ધા પણ લાગે: પણ મ્હને તો તે બહુ સાધાર તથા આશ્વાસ-
દાયક લાગે છે આવી અતિશ્રદ્ધામાં હું તદ્દન એકલો નથી, અને મ્હારો તાજામાં તાજો

સાથી એચ. જી. વેલ્સ છે. આ "અંગ્રેજી-બોલતી આલમની મ્હોટામાં મ્હોટી વિભૂતિ" એ પોતાના "ઇતિહાસના રેખાદર્શન"મા ધર્મનું "ભવિષ્યદર્શન" આવું જ સૂચવ્યું છે ને !

વિજ્ઞાન પાશ્ચાત્ય છે અને તેથી તે આપણને ઇષ્ટ નથી એવું પણ કોઇ રખે માની લેતું. પૂર્વ પૂર્વની રીતે જ રહે ને પશ્ચિમ પશ્ચિમની રીતે રહે એ હવે અશક્ય છે. તેમ વિજ્ઞાન કાંઇ પાશ્ચાત્ય જ નથી, ને પશ્ચિમવાસીઓના ઇજારાનો તે વિષય નથી. છેલ્લાં દોઢસો બસો વર્ષોમાં પશ્ચિમે જ વિજ્ઞાનનો આવો વિકાસ કર્યો છે એ ખરૂ, પણ તે પહેલાં આપણે વિજ્ઞાનનો ઓછો આદર કર્યો ન્હોતો, અને પુરાતન કાળમાં તો વધારે જ કર્યો હતો. હિન્દે વિજ્ઞાનમાં શું શું આપેલું છે ત્હેની બધી હકીકત જાણીતી નથી તો પણ આપણા પ્રાચીન પૂર્વજો ઋષિ-મુનિઓ તથા અન્ય શોધકો, (ભલે તેઓનાં નામ ને ચોકસ કામ ઇતિહાસને પાને ચઢ્યાં ન હોય,) તેવા ઘણાઓએ વિજ્ઞાનનાં મૂળ સ્થાપવામાં જેવી તેવી મદદ કરી નથી. એટલું જ નહિ પણ બોસ, રામાનુજમ્ ને રામન જેવા હિન્દપુત્રોએ આજે આપણો ફાળો જગતના વિજ્ઞાનમાં પાછો શરૂ કર્યો છે, અને જાપાનની પ્રજાએ ઘણા પ્રકારની વિજ્ઞાનસંસિદ્ધિ કરી પણ લીધી છે, એ બન્ને વાત ઉપરથી દરેક જણ સમજી શકશે કે વિજ્ઞાનમાં પૂર્વપશ્ચિમના તથા બીજા ભૂગોળ-જાતિ-વર્ણ-ભાષાઆદિના ભેદો ટકી શકતા નથી. વિજ્ઞાનમન્દિરની રચનામાં લગભગ દરેક પ્રાચીન પ્રજાએ, ગુપ્ત કે પ્રકટ રીતે, કાંઇક અર્પણ કરેલું છે અને અત્યારે પણ દરેક અર્વાચીન પ્રજા અર્પણ કરી શકે-જો તે ઇચ્છે ને તૈયાર થાય તો. માનવકૃતિનું આ મન્દિર ખરૂં જોતાં સમસ્ત મનુષ્ય જાતિને ખુલ્લું છે, અને એમાં પૂજાતા દેવ સત્યાન્વેષણ તથા જગત્કલ્યાણ જ હોઇ શકે. એટલું છે કે એ મન્દિરના પૂજારીઓ પણ માણસ જાત હોવાથી માનવ નિર્બળતાને વશ થઇ આ દેવોને સંતાડે, કે કદી અન્ય અ-દેવોને દેવ ઠરાવે: જેમ ગત યૂરોપીય યુદ્ધને સમયે થયું હતું તેમ. પણ એવા વટાળને નિવારવાના ઇલાજ સ્થાને છે, નહિ કે સમસ્ત મન્દિરનો જ ત્યાગ. હિન્દની સંસ્કૃતિનો આત્મા જ કદાચિત્ એ ઇલાજ જગદ્વિદિત કરશે.

"પાશ્ચાત્ય" વિજ્ઞાન.

આ વિષયમાં જરા વધારે ઉતરવાની જરૂર છે. આપણી વાણી તથા વિચારમાં "પૂર્વ" અને "પશ્ચિમ" એ બે તદ્દન અલગ ને લગભગ સર્વાંશે વિરોધી તત્ત્વો તરીકે સ્થાપવામાં આવ્યાં છે. આ ભેદની ઉપર એટલુ કહેવાયું તથા રચાયું છે કે સાધારણ મનુષ્ય ત્હેને એક પ્રાથમિક સત્ય તરીકે સ્વીકારે છે, અને આ બન્નેની તળે રહેલી સામાન્ય માનવતાને તેમ જ આ ભેદની ઉપર રચાયલી અનેક અત્યુક્તિઓને તે દેખી પણ શકતો નથી. વારંવાર મ્હોટા માણસો પણ વિવેક વિના ત્હેનો ઉપયોગ કરે છે.

પૂર્વ અને પશ્ચિમ.

આ પ્રમાણે એવું કહેવાય છે કે પૂર્વવાસી મનુષ્ય વિચાર-ચિન્તન-શ્રદ્ધા-આર્ષદર્શન ઇત્યાદિ આધ્યાત્મિક ગુણોથી સંપન્ન છે, પણ ત્હેનામાં ચોકસાઇ-માપ-અવલોકન-પ્રયોગાત્મક અન્વેષણ ઇત્યાદિ ન્યૂન છે. એની ખામી તે પાશ્ચાત્યનું બળ છે, અને એના ગુણ એ પાશ્ચાત્યની ખામી છે. પશ્ચિમનું બળ વિજ્ઞાન ને પૂર્વનું બળ ધર્મ. પ્રત્યેકને પોતાની ખામી પૂરવાને માટે

બીજાનું બળ મેળવવાની જરૂર છે. આ વાત આવા અતિસામાન્ય રૂપમાં ને સહગામી મર્યાદાઓની સમજપૂર્વક કહેવાય તો તેમાંનું સત્ય સ્પષ્ટ થાય ને તે સહાયક પણ થાય. ત્હેને બદલે પૂર્વપશ્ચિમની વિરોધ–ઉક્તિઓએ સાધારણ રીતે એવું ફળ ઉત્પન્ન કર્યું છે કે પશ્ચિમવાસી એમ માને છે કે પોતે હુશિયાર, ઉદ્યોગી, પ્રવૃત્ત, વિજ્ઞાનસંપન્ન, પોતાની ને પારકાંની સંભાળ લેવાને લાયક છે, ને પૂર્વવાસી આ ગુણવિહીન હોવાથી મન્દ ઉપહાસને, તિરસ્કારને ને હકૂમતને લાયક છે. પૂર્વવાસીને ધાર્મિક તથા ફિલસુફ તથા આધ્યાત્મિક કહીને ય ત્હેના તે ગુણ તરફ એને લેશ પણ માન થતું નથી, કારણ કે એ સર્વ ક્રિયાહીન પરાક્રમહીન મડદાં છે એમ તે માને છે. બીજી પાસથી પૂર્વવાસીનુ વલન પણ ઘણે અંશે આના પ્રતિધ્વનિરૂપ હોય છે: તે પોતાને નીતિધર્મપરાયણ, તત્ત્વજ્ઞાની, ઐહિક કરતાં પારલૌકિક સુખનો વધુ વિચાર કરનારો, રસસૌન્દર્ય સમજનારો ને અનન્તતામાં વિહરનારો માનીને પશ્ચિમવાસીને શુષ્ક, જડવાદી, પાર્થિવ પદાર્થો માટે હમેશ તરફડીઆં મારતો, લોભી, સ્વાર્થી પામર જન્તુ કલ્પે છે, અને પોતાના ઉંચા આધ્યાત્મિક આસન ઉપરથી, ગમે તેવી ઉતરતી કે પગાધીનતા સાંસારિક અવસ્થામાં પણ, ત્હેના ઉપર એવા જ તિરસ્કારથી નિહાળે છે. પરિણામે "ઓરિયેન્ટલ" ફિલસુફી, ધાર્મિકતા, આધ્યાત્મિકતા ઇત્યાદિ તરફ પાશ્ચાત્યને જેટલો તિરસ્કાર બંધાયલો છે તેટલો જ તિરસ્કાર "પાશ્ચાત્ય" સમર્થના, "પાશ્ચાત્ય" વિજ્ઞાન ઇત્યાદિ તરફ પૂર્વવાસીને પણ થયો છે. તેઓ બન્ને એક બીજાને જુદી જુદી જાતનાં પશુતુલ્ય ગણે છે, ને ખરી માણસાઇનો ઇજારો પોતે જ લીધો છે એમ નિરાંતે માને છે. આ મ્હારા અવલોકનમાં એટલા બધા અપવાદો હું જાણું છું કે અહીં હું દરેક અથવા લાક્ષણિક પૂર્વવાસી કે પશ્ચિમવાસી મનુષ્ય વિષે બોલવાને બદલે અકેક વલનના સંબન્ધી જ બોલુ છું. પરંતુ આવાં વલનો ઘણાં વ્યાપક ને બળવાન છે, તથા તે બંધાવનાર મ્હોટે ભાગે તે લોકો છે જેઓ પૂર્વ ને પશ્ચિમ એવા શબ્દોની પરિભાષામાં જ સઘળું સારૂં નરસું કહી શકે છે. હાસ્યવિનોદને જ માટે તથા મર્યાદાઓના પૂરા જ્ઞાનથી "Indian purctuality" કે "કાઠિઆવાડી મીઠાશ," "ફ્રેન્ચ સભ્યતા" કે "સ્કૉચ કરકસર" એવા પ્રયોગો વાપરવા એક વાત છે, અને તેવાં વચનોને સોએ સો ટકા નહિ તો નવાણુ ટકા સાચાં લક્ષણો માની અભિપ્રાય બાંધવો એ તેથી બહુ જ જુદી વાત છે. છતાં પૂર્વ પશ્ચિમ એ બે શબ્દોને વિષે આવું જ થયુ છે ને હજી થાય છે. પરિણામે અન્યોન્યની કદર તથા ગુણગ્રાહકતા કમ થાય છે, ને માનવના સંકુચિત ને દરિદ્ર રહે છે.

મ્હારા વિષયને વધારે પ્રસ્તુત વાત એ છે કે આપણા ઘણા સારા વિચારશીલ ને વિદ્વાન માણસોમાં ય, કાંઇક આવા કારણોને લીધે, "પાશ્ચાત્ય" વિજ્ઞાનનો તિરસ્કાર નહિ તો અનાદર જરૂર દૃષ્ટિએ પડે છે. આનુ એક અસાધારણ ઉદાહરણ મ્હને અત્યારે યાદ આવે છે, તે મ્હારા એક કરતાં વધારે મુદ્દાઓને પ્રકાશિત કરે છે એટલે એનું કાંઇક નિવેદન આવશ્યક છે. વળી એ પ્રસંગ પણ જરા રસ પડે એવો છે.

આપણી પરિષદ્‌ની છેલ્લી બેઠકમાં થયેલું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું ચમત્કારિક વ્યાખ્યાન હજી ઘણાઓને યાદ હશે. અવિસ્મરણીય ભવ્યતાથી વંચાયેલ એ મોહક સન્દેશમાં કવિશ્રીએ પાશ્ચાત્ય દ્રવ્યપૂજાનાં તથા સ્વાર્થસાધક લોભવૃત્તિનાં અનેક

ટાગોર ને વિજ્ઞાન.

પશુકૃત્યોની ઉપર સજડ પ્રહારો કર્યા હતા. તે સમયની એમની મૂર્તિ, કવેતાઇ વક્તૃત્વના સુન્દર આવેશમાં, જાણે આ "પાશ્ચાત્ય દૈત્યો"ને બાળીને ભસ્મ કરવાને આધ્યાત્મિક ક્રોધના અંગાર વર્ષાવતી, વિશ્વામિત્ર જેવા કોઇ

પ્રાચીન ઋષિના અર્વાચીન અવતાર સમી, ઘણાનાં હૃદયમાં ઊંડી કોતરાઈ રહી હશે. એમના આર્ષ કોપના ઝપાટામાંથી વિજ્ઞાન પણ બચવા પામ્યું ન્હોતું એટલું જ નહિ પણ આ કળિ-કાળમાં ખરો ગુનેહગાર વિજ્ઞાન જ હોય એવી રીતે ત્હેને એવું આરોપપાત્ર બનાવી મૂકાયું હતું કે વિજ્ઞાનનો કોઇ પણ શુદ્ધ ઉપાસક તેથી બેબાકળો જ બને. કવિશ્રી યૂરોપ અમેરિકા ફરીને વિજ્ઞાનને ત્હેના આજના ઘરમાં જ જોઇ આવ્યા હતા, તેથી મ્હેં ઠેઠ લગી આશા રાખી હતી કે એમના વ્યખ્યાનમાં કોઇ પણ સ્થળે, કોઇ પણ રીતે, કાંઇ નહિ તો છેવટે એકાદ ઉપવાક્ય ઉમેરીને કે "કૌંસ"માં ઢાંકીને પણ, કવિશ્રી વિજ્ઞાનની "બીજી બાજુ" (જેને હું વધારે ખરી બાજુ માનું છું તે)ની તથા પોતાની આન્તરદર્શનની અચૂકતાની ઝાંખી કરાવશે. પણ અન્ત લગી આ બહુ અપેક્ષિત શબ્દ વા ઉપવચન નીકળ્યું જ નહિ. કવિશ્રીનો આખો સન્દેશ આ અપૂર્ણતાને લીધે હું અમિશ્ર હર્ષથી ઝીલી શકયો નહિ.

પણ વિજ્ઞાનના ખરા આત્માની કદર, તથા તે સમયે જાણ્યેઅજાણ્યે રોકી રાખેલ વચન, તે પછીથી અન્ય સ્થળે કવિશ્રીએ ઘણી ઉત્તમ રીતે પ્રકટ કરેલ છે. આપણી પરિષદ્ પછીથી તરત જ કવિ ફરીથી યૂરોપ અમેરિકાની યાત્રાએ નીકળ્યા હતા : આ યાત્રા ખાસ કરીને ફ્રાન્સ, જર્મની, હૉલેન્ડ આદિ યૂરોપીય દેશોમાં એક અર્વાચીન દિગ્વિજય સમાન નિવડી હતી. તે દરમ્યાન એમણે જે ભવ્ય ને લાક્ષણિક વ્યાખ્યાનોથી આ યૂરોપીય દેશોને અધિક મુગ્ધ કરી મૂકયા હતા, અને જેમાંનાં ઘણા ખરાં આપણા "મૉડર્ન રીવ્યુ" એ આપણને સુલભ કર્યાં છે, તેઓમાં કવિએ વિજ્ઞાન વિષે જુદો, ને વધારે ખરો, સુર કાઢયો છે. આ વિજ્ઞાનકદર પહેલી જ વાર અત્યારે જન્મ પામી હતી કે વિશેષ પુરાણી હતી તે હું કહી શકતો નથી ; તેમ એ સવાલ કાંઇ વિસાતનો પણ નથી. ફકત હું તો એટલું જ ઉમેરીશ કે મ્હારા પોતાના જે મત વિજ્ઞાન તથા કવિદૃષ્ટિ વિષે બંધાયલા હતા ત્હેને, અને બન્નેમાં ઉચ્ચ શ્રદ્ધા રાખનાર મ્હારા હૃદયે ઉભયના પરસ્પરના યોગ્ય ઓળખાણની આતુર આશા રાખી હતી ત્હેને, જે આઘાત આપણી પરિષદ્વેળાએ પહોંચ્યો હતો તે નિવૃત્ત થયો, અને વિજ્ઞાન તથા ટાગોર બન્નેની મ્હારી કદર સાચી પડેલી જોયાનો આનન્દ મ્હને મળ્યો.

આ પ્રકરણ યોગ્ય રીતે પૂરૂં કરવાને આપનું લક્ષ્ય આપણા આ વીસમી સદીના ઋષિ તથા જગદ્વિખ્યાત ફ્રેન્ચ તત્ત્વવેત્તા બર્ગસન બેની વચ્ચે થયેલી વાતચિત તરફ ખેંચીશ. કારણ કે તત્ત્વજ્ઞાનીની પૃથક્કરણ–સૂક્ષ્મતાથી અને ફ્રેંચ કુશળતાથી બર્ગસને પૂર્વપશ્ચિમની પ્રતિભાઓને અન્યોન્યના બળની તથા પ્રકાશની જરૂર છે અને પૂર્વખંડની પ્રતિભાને વિજ્ઞાનસંસિદ્ધિની આવશ્યકતા છે એમ સૂચવ્યું, ને કવિએ તે સ્વીકાર્યું[1]. વળી " ઇસ્ટ એન્ડ વેસ્ટ " નામના પોતાના એક અનુપમ વ્યાખ્યાન-નિબન્ધમાં કવિએ બન્ને તરફનાં સત્ય જોવાનો વધારે સફળ પ્રયાસ કર્યો છે, અને " The need of the East is Science "[2] એમ પ્રતિપાદિત કરી જે લાક્ષણિક વચનો ઉચ્ચાર્યાં છે તે અવતરણ કરવા યોગ્ય છે. પૂર્વપશ્ચિમના સંગમ વિષે બોલતાં તેઓશ્રી કહે છે:[3]

---

૧. મૉ. રી. જાન્યુઆરી ૧૯૨૧. પૃ. ૨૫. ૨ પૂર્વની ગરજ વિજ્ઞાન છે. ૩ મૉ. રી. સપ્ટેમ્બર ૧૯૨૧. પૃ. ૨૮૨.

"Yes, the East did meet the West profoundly in the growth of her life. Such union became possible because the East came to the West with the ideal that is creative and not with the passion that destroys moral bonds The mystic consciousness of the infinite, which she brought with her, was greatly needed by the man of the West to give him his balance.

" On the other hand, the East must find her own balance in science—the magnificent gift that West can bring to her. Truth has its nest as well as its sky. That nest is definite in structure, accurate in the law of construction; and though it has to be changed and rebuilt over and over again, the need of it is never-ending and its laws are eternal. For some centuries the East has neglected the nest-building of truth. She has not been attentive to learn its secret. Trying to cross the trackless infinite, the East has relied solely upon her wings. She has spurned the earth, till, buffeted by storms, her wings are hurt, and she is tired, sorely needing help. But need she then be told that the messenger of the sky and the builder of the nest shall never meet ?" ×

આપણે જો સાચેસાચ જગત્‌ની આત્મશાસનવાળી મહાપ્રજાઓમાંની એક થવું હોય, અને તે પણ આજકાલની કોઇ કહેવાતી મહાપ્રજાની નકલમાત્ર જ નહિ, પરંતુ આપણા લક્ષણિક આદર્શોને તથા આપણી સંસ્કૃતિનાં કેટલાક પુરાણાં કાળસિદ્ધ તત્ત્વોને જગત્‌માં પ્રકાશિત કરનારી મહાપ્રજા થવું હોય, તો આપણી સંસ્કૃતિમાં તથા સૂક્ષ્મસંપત્તિમાં વિજ્ઞાન-સંસિદ્ધિ ઉમેરવી જ પડશે, અને આપણી આધ્યાત્મિક શક્તિને વિજ્ઞાનબળનો ચિરંજીવ આશ્રય આપવો જ પડશે.

× **ભાવાર્થ:**—પોતાના જીવનના વિકાસમાં પૂર્વ પશ્ચિમનો ગાઢ સંગમ પામ્યુ તો ખરૂ આ સંગમ થઇ શક્યો ત્હેનું એટલું જ કારણ હતું કે પશ્ચિમની કને પૂર્વ આવ્યુ ત્યારે ત્હેની સાથે નૈતિક ગ્રન્થિઓ તોડનાર રાગ અથવા પ્રબળ વિકાર ન્હોતો, પણ સર્જનશીલ આદર્શ હતો. અનન્તતાનું રહસ્યમય ભાન, જે પૂર્વે પોતાની સાથે, પશ્ચિમને ઉપહાર આપવા, આણ્યુ હતું ત્હેની પશ્ચિમના મનુષ્યને, પોતાનું સમતોલપણું જાળવી રાખવાને માટે, ખરેખરી જરૂર હતી. બીજી પાસથી, પૂર્વને પોતાનું સમતોલપણ વિજ્ઞાનથી મેળવવું પડશે પશ્ચિમ પોતાની સાથે પૂર્વને માટે જે ભવ્ય ઉપહાર લાવી શકે તે વિજ્ઞાન જ છે. સત્યને પોતાનું આકાશ છે તેમ પોતાનો માળો પણ હોય છે. તે માળાની બાંધણી વ્યવસ્થિત તથા નિયત છે, ત્હેની રચનાના મહાનિયમ ચોકસ છે; અને જો કે ત્હેને વારંવાર બદલવો પડે છે, ને ફરી ફરી બાંધવો પડે છે તો પણ તે માળાની જરૂર હમેશાની છે તથા ત્હેના સિદ્ધાન્તો સનાતન છે સત્યનો આ માળો બાંધવાનુ કામ, કેટલીક સદીઓ થયાં, પૂર્વે વિસાર્યું છે. તથા ત્હેનાં રહસ્ય શીખવા ઉપર લક્ષ્ય આપ્યુ નથી. અનન્તતાનો પગથી વગરનો પન્થ કાપવાને માટે ત્હેણે પોતાની પાંખો ઉપર જ આધાર રાખ્યો છે. ત્હેણે પૃથ્વીનો તુચ્છકાર કર્યો છે, પણ હવે સખ્ત તોફાનોના આઘાત ખમી ખમીને એની પાંખો ઇજા પામી છે, તે થાકી ગયેલ છે, અને ત્હેને મદદની ખરી જરૂર પડી છે. પણ એને શું એવુ સાંભળવું પડશે કે આકાશી દૂત તથા માળાનો બાંધનાર કદી મળતા જ નથી ?

આવું બળદાયક રચનાત્મક વિજ્ઞાન એ કેવળ પુસ્તકીઉં જ્ઞાન અથવા દૂરનો ગહન, કે પ્રદર્શનમાં જ જોવા યોગ્ય, વિષય નથી. પ્લેગ કે ઇન્ફ્લુએન્ઝા આવે ત્યારે જ સંભારવાનો ને બાકી હમેશ સંગ્રહઘરોમાં ને લેબોરેટરીઓમાં પૂરી રાખવાનો, એવો કવચિત્ કામ આવનારો વિષય પણ તે નથી. તે તો આપણી આખી દિનચર્યામાં ઉતરનારો ને જીવનના પટેપટમાં ચેતના આપી શકે એવો મિત્રતુલ્ય સાથી છે. આપણા વ્યક્તિજીવનની તથા પ્રજાજીવનની કેટલી અસંખ્ય હકીકતો આજે વિજ્ઞાનપ્રકાશની રાહ જોતી બેઠી છે ! એ પ્રકાશ કેવળ “ પાશ્ચાત્ય વિજ્ઞાન ” જ નહિ આપી શકે: એ અર્વાચીન વિજ્ઞાન ને આપણે “ અપનાવીશું, ” આપણી મુશ્કેલીઓના ઉકેલને માટે વાપરીશું. અને ભૂત ભાવી ને વર્તમાન ત્રણે સ્થિતિઓના સંબન્ધમાં ત્હેના નિર્ણયો માગીશું, ત્યારે જ એ વિજ્ઞાનમય પ્રકાશ આપણા જીવનના ખૂણેખૂણામાં વ્યાપી રહેશે અને આપણામાં ખટતાં તત્ત્વો પૂરવા માંડશે.

વિજ્ઞાનનું સામર્થ્ય,

વળી, હિન્દના અગ્રગણ્ય પુરુષોએ હિન્દની ઉન્નતિને માટે જે જે સાધનો તથા માર્ગો તરફ આપણું લક્ષ્ય વારંવાર ખેંચ્યું છે તે સર્વની સિદ્ધિ વિજ્ઞાન વિના કદી પણ થશે ? દેશની અંદરના તથા બહારના વ્યાપારની વૃદ્ધિ કરવાને જળસ્થળમાર્ગો સુધારવા હોય તથા જળસ્થળ ને હવામાર્ગનાં વાહનો બરોબર વસાવવા હોય, હિન્દી રેલ્વેઓ—હિન્દી વહાણો—હિન્દી મૉટોરો ને હિન્દી વિમાનો રચવાં હોય તો વિજ્ઞાનનાં કેટલાં બધાં શાસ્ત્રો આપણે ત્યાં સ્થાપવાં પડશે ? સ્વરક્ષણને માટે, થોડામાં થોડું છતાં સમર્થમાં સમર્થ સૈન્ય સજાવવું હોય તો જળસ્થળ ને હવાની ઉપર વળી વધારે પ્રભુત્વ મેળવવું પડશે, તે માટે તથા અર્વાચીન શસ્ત્ર-અસ્ત્ર આદિની સિદ્ધિને માટે વળી કેટલાં બીજાં વિજ્ઞાનશાસ્ત્રો અંહીં આણવાં પડશે ! છેલ્લા મહાભારત યુદ્ધે એટલું સિદ્ધ કર્યું છે કે સૈનિક એકલો, અંગબળથી ને શસ્ત્રબળથી જ, જય મેળવી શકતો નથી; એની પાસે રક્ષણની પૂરતી સામગ્રી, એના નિર્વાહને માટે ઉચિત અન્નવસ્ત્રની યોગ્ય સામગ્રી, ત્હેના આરોગ્યને માટે સ્વચ્છ પરિસ્થિતિ ઔષધોપચાર આદિની સમર્થ સામગ્રી, ઇત્યાદિ અનિવાર્ય છે, તે સૌને માટે કેટલાં વિજ્ઞાનશાસ્ત્રો આપણને હસ્તગત થયાં હોવાં જોઇશે ! યુદ્ધ સિવાયની આજની કહેવાતી સુલેહશાન્તિમાં, આપણાં લાખ્ખો ને કરોડો માણસો ભૂખ્યાં તરસ્યાં ને નવસ્ત્રાં ફરે છે; ત્હેમની પહેલી જરૂરીઆતો નિવારવા આપણી ખેતી ને ઉદ્યોગો વધારે સબળ ને વધારે સફળ કરવાં પડશે, તે જ કાર્ય વળી આપણા વિજ્ઞાનવૃક્ષની કેટલી બધી શાખાઓનો સબળ આશ્રય માગશે ! વળી આવી જ સુલેહશાન્તિમાં, આપણા દેશમાં દરવર્ષે મેલેરીઆથી, ક્ષયથી, તથા બીજા રોગો ને ઉપદ્રવોથી મૃત્યુ પામે છે તે માણસોની સંખ્યા એક કરોડની નજીકમાં છે; એ જીવોને બચાવવા હોય અને આ રોકી શકાય તેવા ગંભીર મ્હોટા ઘસારાથી પ્રજાદેહનું રક્ષણ કરવું હોય તો વિજ્ઞાનના ત્વરિત આશ્રય વિના કેમ ચાલશે ? આપણી રહેણીકરણી, આહારવિહાર, ખાનપાન એ સઘળું બદલાતું જાય છે, જૂનો કસ ગયો છે ને શાસ્ત્રીય વિચારથી જે નવી શકિત આવવી જોઇએ ત્હેને બદલે નવી હાડમારીઓ ને નવા ત્રાસ જ મળ્યાં છે. આપણો ખોરાક, આપણાં ઘરબાર, આપણા રીતરીવાજ એ સૌ વારંવાર વૈજ્ઞાનિક દૃષ્ટિએ તપાસવાં જોઇએ. બાળમરણોની

આટલી મ્હોટી સંખ્યા, યુવાવસ્થા પહેલાં અન્ત ન પામે તો તેમાં જ નિઃસત્ત્વ થઈ જતાં શરીરો, કૌવત તથા જોમનું ઝરણું આપણા જીવનમાં અલ્પ કાળ જ દેખાવાનું, બાકીનું આયુષ્ય રોગગ્રસ્ત કે અકાળ વિરામને ન પામે તો, આપણી મશહૂર હિન્દુસ્તાની સુસ્તીથી જ અંકિત, "ચલનેસે ઠાડા ભલા, ઠાડેસે બેઠાન" એ જ આપણું લક્ષણદર્શક સૂત્ર : આ સર્વનાં કારણો તપાસવામાં ને ઈલાજો અજમાવવામાં વિજ્ઞાનશાસ્ત્રી વિના આપણી શી ગતિ થાય !

વિજ્ઞાનનાં પરાક્રમો.

વિજ્ઞાને આજ લગીમાં ઘણું કર્યું છે. દૂરમાં દૂર તારાઓ તથા મ્હોટામાં મ્હોટાં સૂર્યમંડળોથી માંડીને તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અણુથી પણ અણુ ને પરમાણુથી પણ અતિલઘુ એવા વિદ્યુદણુઓ (ઇલેક્ટ્રૉન્સ) નાં માપ વિજ્ઞાને કર્યાં છે. સૃષ્ટિની તખ્તી ઉપર આ સૌ જે અસંખ્ય નાટકો ભજવે છે ત્હેનો પડદો કાંઇક ઉપાડી ને ઉપરના નટોની તથા તેઓની અનન્ત વિવિધરંગી શક્તિની આપણને કાંઇક ઝાંખી કરાવી છે. પૃથ્વીને પણ એક કણતુલ્ય બનાવી દે એવા વિશાળ આકાશની સમગ્ર સૃષ્ટિરચના તથા તે પૃથ્વીના જ એક ન્હાના કણમાં રહેલું સૂક્ષ્મ જગત્ એ બન્નેનું વિરાટ્-દર્શન વિજ્ઞાને હવે શક્ય બનાવ્યું છે. સજીવ તથા નિર્જીવ સૃષ્ટિમાં વિલસતા ચેતનની એકતા વિજ્ઞાને જ સિદ્ધ કરવા યત્ન કર્યો છે. તે સિવાય વધારે વ્યાવહારિક રૂપે આજે પૃથ્વીને એક છેડાથી બીજા છેડા લગી વિજ્ઞાનસેતુએ જોડી દીધી છેઃ કુદરતની અસલની જંગલી ભયંકરતાને કમ કરી કુદરતી બળોને વધારે ઉપયોગી હિતકારક ને આનન્દદાયક પણ બનાવ્યાં છે. ઉજડ જમીનને વિજ્ઞાને ફળદ્રુપ બનાવી છે, પનામા જેવા પ્રદેશને મેલેરીઆ–મુક્ત કરી જાણે નવા નિવાસપ્રદેશ પૃથ્વી ઉપર ઉમેર્યા છે, અને રોગી આજારી અપંગ ઇત્યાદિના ઉપર ઘણાં આશાજનક કિરણો પ્રસાર્યા છે. વિશ્વના ભેદ અનન્ત છે ને સૃષ્ટિની લીલા અપાર છે. વિજ્ઞાન તે જાણે છે, તેમ તે પોતે ય, સનાતન વિશ્વનિયમો ઉપર સ્થાપિત થયા છતાં, સદૈવ વિકસતું ને અજરામર છે. ભવિષ્યકથન હમેશ મુશ્કેલ છે, પરંતુ વિજ્ઞાનનાં ભવિષ્યનાં પરાક્રમોમાં હિન્દ જેવા પ્રાચીન દેશનો પુનરુદ્ધાર હોય તો તે આશ્ચર્યકારક નથી, કદાચિત્ તેમ થશે તો તેમાં વિજ્ઞાનનું પોતાનું હિત ને મનુષ્યજાતિનુ વિશેષ કલ્યાણ બન્ને ય સધાશે.

વિજ્ઞાનનું સાહિત્ય.

આવા વિજ્ઞાનનું હિન્દમાં યથાર્થ અવતારણ કરવાને માટે એક કરતાં વધારે ઇલાજો યોજાવા જોઇશે; પણ તે સર્વમાંના એકની જ સાથે આપણને અત્યારે કામ છે. તે ઇલાજ વૈજ્ઞાનિક સાહિત્યનો છે.

અર્વાચીન વિજ્ઞાનસાહિત્યનો દેહ મુખ્યત્વે જર્મન, ઑસ્ટ્રિઅન, રશ્યન, ફ્રૅન્ચ, અંગ્રેજી વગેરે યૂરોપીય ભાષાઓમાં બંધાયો છે, અને તે તે દેશોમાં નિરન્તર ચાલતા સંશોધનકાર્યથી તે સાહિત્ય હમેશાં વધતું જ જાય છે. આપણી પ્રજાનો લગભગ ૯૯ ટકા ભાગ તે ભાષાઓથી તદ્દન અજાણ છે, તેથી તે પરભાષાઓમાં ગમે તેટલી વિજ્ઞાનસમૃદ્ધિ હોય તો પણ આપણી ભાષાઓમાં તે આવ્યા વિના તે આપણી પ્રજાને કદી પણ બરોબર પહોંચી શકે નહિ. તેથી,

જો કે આપણા વિજ્ઞાનશાસ્ત્રીઓને તો આ પરભાષાઓના સંપર્કમાં હમેશ રહેવું જ પડશે તો પણ, સામાન્ય પ્રજામાં વિજ્ઞાનશાસ્ત્રોની સમજ તથા તેઓનાં ફળો બરોબર ઉતરે તે માટે આપણી ભાષાઓમાં વિજ્ઞાની સાહિત્ય બને તેમ વ્હેલું ઉત્પન્ન કરવું જોઇશે.

જે હિન્દની જરૂર છે તે ગુજરાતની પણ છે. હિન્દના સામાન્ય પ્રશ્નોના ઉપરાંત ગુજરાતના પોતાના પ્રશ્નો પણ પુષ્કળ છે જે વિજ્ઞાનની સમજણની તથા વિજ્ઞાનવેત્તાની અપેક્ષા રાખે છે. ગુજરાતી વિજ્ઞાનસાહિત્ય એ આપણી એક મ્હોટામાં મ્હોટી જરૂરીઆત તરીકે આ પ્રમાણે સિદ્ધ થાય છે.

મ્હારી ખાતરી છે કે "સાહિત્ય"ની વ્યાખ્યામાં ઉતરવાની આપ મ્હને ફરજ નહિ પાડો. ગત પરિષદ્‌ના સાહિત્યવિભાગના વિદ્વાન્ અધ્યક્ષે, હું જાણું છું કે, સાહિત્ય-વિજ્ઞાન-વિજ્ઞાનસાહિત્ય એ સર્વનું પરિષદ્‌માં શું સ્થાન છે ઇત્યાદિ ઉપર ઘણી પ્રકાશક તથા સફાઇદાર ચર્ચા કરેલી છે: તે બહુ મનનીય ને આદરયોગ્ય છે. છતાં, સાહિત્યપરિષદ્ આગળ કેટલું વૈજ્ઞાનિક સાહિત્ય આવી શકે અને વૈજ્ઞાનિક ગ્રન્થોમાંના કીયા "સાહિત્ય"માં ગણી શકાય તથા કીયા ન જ ગણી શકાય, એ મહત્ત્વના પ્રશ્નોના કરતાં ય વધારે મહત્ત્વનો ને વધારે વિશાળ દૃષ્ટિનો પ્રશ્ન આપણી પાસે આજે ઉભો છે. અને તે એ કે વિજ્ઞાનનો બરોબર પ્રસાર કરી શકે એવું સાહિત્ય કીયું છે? વિજ્ઞાનનું સત્યદર્શન કરાવી શકે અને તે દર્શન પ્રજાની રગેરગમાં ઉતારી શકે—આખા વિજ્ઞાનનું તેમ જ (જેમ વધારે સંભવિત છે તેમ) વિજ્ઞાનનાં પ્રત્યેક અંગનુ—એવું પ્રમાણરૂપ તથા સમર્થ સાહિત્ય જોઇએ. એ જ આપણી મુખ્ય કસોટી છે. સાહિત્યના ઉંચા આદર્શો તે જેમ વધારે સાચવશે તેમ તે વધારે સમર્થ થશે અને સાહિત્યવિષયક ગુણવત્તા તેમાં જેટલી વધારે હશે તેટલું તે અધિક આદરપાત્ર થશે એ ચોક્કસ છે: પણ બીજી પાસથી વૈજ્ઞાનિક મહત્તાવાળો અમુક ગ્રન્થ સાહિત્યની કોઇક સાંકડી વ્યાખ્યામાં આવી ન શકે છતાં વિજ્ઞાનના આત્માના દેહ તરીકે વિજ્ઞાનના ઇષ્ટ પ્રસારમાં અથવા સંશોધનમાં ઘણો ઉપયોગી હોય તો તે આપણી ગણનામાં આવવા જ જોઇએ.

વિજ્ઞાની સાહિત્યના બે મ્હોટા પ્રકાર પાડી શકાય.

૧. સંશોધનનું વિદ્વદ્‌ભોગ્ય વિજ્ઞાનસાહિત્ય.

સંશોધકો પોતે જ્યારે પોતાનાં સંશોધનોને પ્રકટ કરે છે, ત્યારે તેઓનાં નિવેદનો મુખ્યત્વે અન્ય સંશોધકો તથા અભ્યાસકોની જાણ તથા વિવેચનને માટે અને જ્ઞાનની તેટલી પ્રગતિની નોંધ રાખવાને ખાતર લખાયલાં હોવાથી, સ્વાભાવિક રીતે વિષયની પરિભાષાથી એટલાં બધાં રંગાયલાં હોય છે કે તેઓ સામાન્ય વાચકવર્ગને કઠિન તથા અબોધક લાગે છે. આવું શોધખોળોના દેહવાળું વૈજ્ઞાનિક સાહિત્ય જ્યાં સ્વતન્ત્ર શોધખોળો ચાલતી હોય છે ત્યાં જ ને તે શોધખોળોના પ્રમાણમાં પ્રકટ થાય છે. સાધારણ રીતે વિજ્ઞાનપત્રોમાં, વિજ્ઞાનસભાઓની અંદર અથવા વિજ્ઞાનીઓનાં જાહેર સંમેલનોની સમક્ષ તે રજુ કરવામાં આવે છે. અવૈજ્ઞાનિક જનતાને અગમ્ય હોવા છતાં આ જ સંશોધનાત્મક સાહિત્યમાં વિજ્ઞાનનો ખરો પ્રાણ રહે છે. વિજ્ઞાનની ખરી ઉન્નતિ આ જ સાહિત્યની ઉન્નતિ ઉપર રહેલી છે. અને નવું જ્ઞાન ખોળવાની પાછળ જેઓ લાગેલા છે તેઓનો તે મ્હોટો આધાર છે.

આપણે ત્યાં વૈજ્ઞાનિક સંશોધન એટલું જૂજ છે કે આવું સંશોધનાત્મક સાહિત્ય પણ તે જ પ્રમાણમાં જૂજ હોય એ સ્વાભાવિક છે. ગુજરાતને તેવા સાહિત્યની પણ બહુ ગરજ છે. કારણ કે વિજ્ઞાનનો ખરો આત્મા આપણે ત્યાં આવીને વસ્યો છે ત્હેની એ અચૂક, ને લગભગ એક જ, સાબીતી છે. પણ ત્હેનો આધાર શોધખોળોની ઉપર છેઃ અને શોધખોળો હૂકમ કર્યે થઇ જતી નથી. તે તો ધીરે ધીરે જ વધી શકે, પરતુ ધીરે ધીરે સંશોધન આપણે ત્યાં જડ ઘાલે એવાં પગલાં તો બને તેટલાં વ્હેલાં લેવાં જોઇએ. યુનિવર્સિટિઓ વિદ્યામન્દિરો ને સાહિત્યસંસ્થાઓ આમાં હમેશ પહેલ કરી શકે છેઃ સાહિત્યપરિષદ્ પોતે ય સંશોધનની મહત્તા સ્થાપવામાં, સંશોધનની સગવડો રચવા ને વધારવામાં, તથા સંશોધકોનો કદર કરવામાં ઉત્તમ દાખલો બેસાડી શકે. વૈજ્ઞાનિક સંશોધનની કદર એ સાહિત્યપરિષદ્‌ની મર્યાદાબહારનો વિષય કોઇને, કદાચિત્ ઘણાને, લાગશે. પણ ખરેખર ઉત્તમ પ્રકારનું વૈજ્ઞાનિક સાહિત્ય જોવાની આશા આવા સંશોધન વિના કોઇ પણ રાખી શકશે કે? વાસ્તવિક રીતે ગુજરાતે જે જે ખ્યાતિઓ મેળવી છે તેમાં વૈજ્ઞાનિક સંશોધનની ખ્યાતિ આવી ગઇ હોય એવું મ્હારી જાણમાં નથી. આપણી આ મુખ્ય ખામી પૂરીશું નહિ ત્યા લગી આ ઉચ્ચતર વિજ્ઞાન–સાહિત્ય ગુજરાતમાં જોવાની આશા નિષ્ફળ જ થવાની છે.

પરંતુ લગભગ તદ્દન અંધારા આકાશમાં ય આપણને પ્રકાશની આશાનાં ચિહ્ન ઉદય થતાં દેખાય છે. ત્હેવાં બેનો જ ઉલ્લેખ અત્ર કરીશ.

પુરાતત્ત્વ મન્દિર.

એક તો અમદાવાદનું પુરાતત્ત્વ મન્દિર છે; હજી તે બાળકમાત્ર છે, અને સંશોધનમાં સંશોધકના વ્યક્તિત્વમાત્રથી જ ઓછી અગત્યના અંશો કાળ ને અનુભવ છેઃ છતાં સંશોધનના સુન્દર–ને હું ઇચ્છું છું કે સ્થિર–સંયોજનનો આરંભ ગુજરાતે હવે કર્યો છે એ નક્કી છે. આ મન્દિરના આપણા બન્ધુઓને આવકાર તથા અભિનન્દન આપી, આપ સૌની સાથે હું એટલું ઇચ્છીશ કે તેઓના ઉચ્ચ–ગ્રાહો સિદ્ધ થાય એવી અનુકૂળતા તેઓને પ્રાપ્ત થાય, અને પુરાતત્ત્વશાસ્ત્રના ગુજરાતી સાહિત્યની મહત્ત્વની વૃદ્ધિ કરવા તેઓ સમર્થ થાઓ.

રા. જયકૃષ્ણ ઇન્દ્રજી.

બીજું, વનસ્પતિશાસ્ત્રને લગતું છે. રા. રા. જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકરના જેવા અનુભવી અભ્યાસી તથા સંશોધક કાર્યકર્તા ગુજરાતમાં આંગળીને વેઢે ગણાય એટલા ભાગ્યે હશે. એમનો ગ્રન્થ "વનસ્પતિશાસ્ત્રઃ કાઠિયાવાડના વરડા ડુંગરની જડી–બુટ્ટી, તેની પરીક્ષા અને ઉપયોગ" એ એવા પ્રકારની શોધખોળથી તથા શૈલીની વિશદતાથી અંકિત થયેલો છે કે અન્ય દેશમાં તે એકદમ વિદ્વાનો તથા સંશોધકોની સાભાર કદરને પાત્ર થયો હોત. વનસ્પતિશાસ્ત્ર, વૈદક, સ્થાનિક વનસંપત્તિ ઇત્યાદિની દૃષ્ટિઓથી પ્રધાનપણે મહત્ત્વનો એવો આ ગ્રન્થ તે શાસ્ત્રોની વૈજ્ઞાનિક પરિભાષાની દૃષ્ટિએ વળી અધિક આકર્ષક તથા ઉપયોગી છે. એ ગ્રન્થના પ્રકાશનને આજ લગભગ ચૌદ વર્ષ થયાંઃ આવા વયોવૃદ્ધ સંશોધકની કદર સાહિત્યપરિષદ્ પણ કંઈ કાળે કરી શકી હોત તો તેથી તે પોતે જ સંમાનિત થાત એટલું જ નહિ પણ ખરા

મૂલ્યવાળા સંશોધનની કદરથી ગુજરાતમાં સંશોધનને અધિક પ્રેરણા આપત. સદ્ભાગ્યે શ્રી કચ્છનરેશ, જેઓ પોતે વનસ્પતિશાસ્ત્રના શોખીન તથા વિદ્વાન છે, તેઓએ એમને કચ્છ-સંસ્થાનની વનસ્પતિના વર્ણનનું કાર્ય સોંપી આ ગુજરાતી વનસ્પતિશાસ્ત્રીની યોગ્ય કદર કરી છે. મ્હારી સમજ પ્રમાણે આ કાર્ય પૂરૂં પણ થયું છે ને નવો ગ્રન્થ મુદ્રાલયમાં છે.

૨. લોકપ્રિય વિજ્ઞાનસાહિત્ય.

ત્હેનું સ્વરૂપ.

તદ્દન સંશોધનાત્મક સાહિત્ય, પછી તેમાંનાં સંશોધનો પહેલી વાર ગુજરાતીમાં પ્રકટ થતાં હોય કે અન્યભાષાઓમાંથી ગુજરાતી સંશોધકોને માટે આણ્યાં હોય તેવું સંશોધનોનું સાહિત્ય ગુજરાતી વિજ્ઞાનના પ્રાણરૂપ હમેશ રહેશે, તે છતાં ત્હેને એકદમ રચી શકાય એમ નથી. પરંતુ આ બીજા પ્રકારનું સાહિત્ય જેને, ગોવર્ધનરામની ભાષામાં, પ્રથમ પ્રકારના વિદ્વદ્ભોગ્ય સાહિત્યથી જુદું પાડવા લોકભોગ્ય વૈજ્ઞાનિક સાહિત્ય કહી શકાય, તે વ્હેલું તથા જથ્થામાં પ્રકટ કરવું એ આપણા હાથની વાત છે. આ સાહિત્ય લોકભોગ્ય ને લોકપ્રિય હોવું જોઇએ, એટલે કે સાહિત્ય તથા વિજ્ઞાનથી તદ્દન અજાણ્યા અથવા થોડા જ જ્ઞાનવાળા જન-સમુદાયને તે વિજ્ઞાનનું જ્ઞાન આપી શકે તથા રસથી આકર્ષી શકે એવું હોવું જોઇએ. બને તેટલી ચોકસાઇવાળું હોવા છતાં પરિભાષાનો તે કમમાં કમ ને તે પણ સ્પષ્ટ સમજ પાડીને જ ઉપયોગ કરનારૂં, વિદ્વાનો તથા સંશોધકોની મૂળ શોધખોળોના લેખોનું સરળ દોહન કરી રસિક જીજ્ઞાસુ બુદ્ધિશાળી પણ અ-વિજ્ઞાની જનસમાજને ત્હેનું મુખ્ય તારતમ્ય ગળે ઉતાર-નારૂં, શોધખોળોનાં પ્રાણરૂપ તત્ત્વો ફળો વિધિઓ ઇત્યાદિનો પણ બને તેટલો તાદૃશ ને આકર્ષક ખ્યાલ આપી શકે એવું તે હોવું જોઇએ. આ સાહિત્ય વિજ્ઞાનના વિકાસની તથા ઇતિહાસની માહીતી આપશે, વિજ્ઞાનની લાક્ષણિક પદ્ધતિ સમજાવશે, વિજ્ઞાનનાં સંખ્યાબંધ શાસ્ત્રોના મૌલિક સિદ્ધાન્તો તથા વાદો મનમાં ઠસાવશે, વિજ્ઞાનના વ્યવહારૂ ને લાભકારક ઉપ-યોગો જાણમાં લાવશે, શિષ્ટતા અથવા ઐતિહાસિક મહત્તા પામેલા પ્રયોગોનું સ્પષ્ટ વર્ણન આપશે, નામાંકિત વિજ્ઞાનશાસ્ત્રીઓનાં તથા મહાભારત શોધખોળોનાં રસીલાં વૃત્તાન્ત રજુ કરશે, હિન્દની પ્રાચીન વિજ્ઞાનકૃતિનો બરોબર ખ્યાલ ફેલાવશે તથા બોસ-રાય-રામાનુજમ-રામન જેવા અર્વાચીન હિન્દી વિજ્ઞાનીઓની કૃતિ વારંવાર પ્રજાની સમક્ષ રાખશે, આપણા દેશની ઘણી પ્રાચીન હુનરકળાઓનું જ્ઞાન જે અત્યારે મ્હોટે ભાગે મનમાં જ સમાઇ રહ્યું છે ને મુખથી તથા ક્રિયાથી અપાતે અપાતે અત્યારે નિર્જીવ તથા સત્ત્વહીન થવા લાગ્યું છે ત્હેને એકઠું કરી ત્હેનો પ્રસાર તથા રક્ષણ કરશે, અને આજના દિવસમાં જે અનેક કર વડે વિજ્ઞાન આપણા જીવનને વધુ ને વધુ સ્પર્શ કરી રહ્યું છે ત્હેની ખરી સમજ અસરકારક રીતે આપણી પ્રજાના સર્વ વર્ગોમાં ફેલાવશે.

ત્હેનું સ્વરૂપ પણ ત્હેના પ્રાથમિક ઉદ્દેશોની અનુસાર વિવિધપ્રકારનું થશે. તે વિચારપૂર્ણ નિબન્ધો, શાસ્ત્રીય વાચનમાળાઓ, ઐતિહાસિક વૃત્તાન્તો ઇત્યાદિનું ગંભીર સ્વરૂપ ધારણ કરશે તેમ નોંધો, સમાચારો, કથાઓ, જીવનચરિતો, ખુલાસાઓ, વ્યાખ્યાનો, ચર્ચાઓ ઇત્યાદિનું વધારે

મનોરંજક સ્વરૂપ પણ લેશે. કદી કદી મ્હોટા સંશોધકો ય તેમાં પોતાની પ્રસાદી ઉમેરશે અને સ્પેન્સર, હક્સ્લી, ટીન્ડૉલ, લૅન્કેસ્ટર ઇત્યાદિના ગુજરાતી અવતારો પણ આપણે જોઇ શકીશું. તો પણ મ્હોટે ભાગે આવા સાહિત્યનો ભાર સંશોધકોના ઉપર મૂકી શકાતો નથી. તેઓની પ્રેરણા સલાહ ને દેખરેખ મળતાં રહે તો પણ ઘણું છે. મ્હારી સમજ પ્રમાણે એટલું મેળવવું આવશ્યક છે, નહિ તો આ લોકપ્રિય વિજ્ઞાનસાહિત્યની શિષ્ટતા ને સફળતા બહુ જોખમમાં આવી પડશે.

જે જે દેશોમાં આજે વિજ્ઞાનનો અભ્યાસ તથા અન્વેષણ ચાલે છે ત્યાં આ બન્ને પ્રકારનું વિજ્ઞાનસાહિત્ય, કેવળ બહુ વિપુલ ને સમૃદ્ધ છે એટલું જ નહિ પણ, બહુ ઝડપમાં વધતું જાય છે. અંગ્રેજી ભાષામાં જે લોકભોગ્ય વિજ્ઞાનસાહિત્ય છે ત્હેનો અમુક ભાગ આપણા અંગ્રેજી ભણેલા વર્ગોમાં પણ પ્રસરે છે, તે છતાં ત્હેનો પૂરો ખ્યાલ તો તે દેશમાં જ આવી શકે છે.

આ અંગ્રેજી સાહિત્યની સમાલોચના અથવા લક્ષણદર્શન, ઉપયોગી હોવા છતાં, અત્યારે અસ્થાને છે. પરંતુ તે સમર્થ ને અતિ વિવિધ છતાં અતિ અસરકારક એવા સાહિત્યને ઉત્પન્ન કરનારી કેટલીક શક્તિઓનો સંક્ષિપ્ત ઉલ્લેખ અપ્રસ્તુત નથી.

અંગ્રેજી સાહિત્ય.

ઇંગ્લન્ડમાં, તેમ જ અન્ય દેશોમાં, ઘણી મ્હોટી મ્હોટી સભાઓ તથા સંસ્થાઓ વિજ્ઞાનના પ્રસારનું તથા વિજ્ઞાનની વૃદ્ધિનું કાર્ય ઉત્તમ રીતે કરે છે. તેઓ એકંદરે બન્ને પ્રકારનાં વિજ્ઞાનસાહિત્યને પોષણ આપે છે, જો કે મ્હોટામાં મ્હોટી સંસ્થાઓ તો સ્વાભાવિક રીતે વિદ્વાનોને માટે જ હોય છે. આ સંસ્થાઓની રીતિ તથા પ્રણાલીનું જ્ઞાન આપણને ઘણી રીતે સહાયક થઇ શકશેઃ એટલે કે લોકભોગ્ય વિજ્ઞાનસાહિત્યના પ્રશ્ન ઉપર તો તે પ્રકાશ નાંખશે જ, પણ તે ઉપરાંત સંશોધન ને સંશોધનાત્મક સાહિત્ય, ગુજરાતની સાહિત્યસંસ્થાઓનું સહકારી સંયોજન, અને આખી સાહિત્યપરિષદ્‌ની કાર્યપદ્ધતિ વિષેનો બહુ ચોળાયલો પ્રશ્ન—એ સર્વની ઉપર પણ તે ઉપયોગી ને સૂચક પ્રકાશ નાંખશે.

આ સંસ્થાઓમાંની કેટલીક તો જાણે જગદ્‌વિદિત છેઃ કેટલીકના નમૂનાઓ ઉપર આપણે ત્યાં રચનાઓ પણ થઇ ચૂકી છે. તે સૌમાં "બ્રિટિશ એસોસિએશન ફૉર ધી ઍડવાન્સમેન્ટ ઑવ સાયન્સ" નામની સંસ્થાની પ્રતિકૃતિઓ અન્ય સંસ્થાનોમાં, અમેરિકામાં તથા કેટલાક યૂરોપીય દેશોમાં પણ છે. આપણી "ઇન્ડિઅન સાયન્સ કૉંગ્રેસ" પણ ઘણે અંશે એના જ ઘાટ ઉપર ચાલે છે. લન્ડનનું "રૉયલ ઇન્સ્ટિટ્યૂશન" એ સંશોધન તથા પ્રસાર બન્ને કાર્યો એક સરખી શિષ્ટ રીતે કરે છે, ને તે રીતે તે અદ્વિતીય છે. વૈજ્ઞાનિક પર્યેષણાના અગ્રણીઓની સપ્રયોગ વ્યાખ્યાનમાળાઓ પ્રતિવર્ષ ત્યાં ચાલે છે. તે વ્યાખ્યાનો, શ્રોતાઓની પાસેથી વિજ્ઞાનની કાંઇક સમજની, તથા સરળતાથી રજુ કરેલી વૈજ્ઞાનિક હકીકતો ગ્રહણ કરવાની બુદ્ધિની, અપેક્ષા રાખે છે, તેમ—મ્હારે ઉમેરવું જોઇએ કે—શ્રોતાની પાસે થોડીક "ગીની"ઓની પણ અપેક્ષા રાખે છે.

આવા દાખલાઓ છતાં એકંદરે એ વાત કબુલ કરવી પડશે કે આ વિજ્ઞાનમંડળો, વિજ્ઞાનસંસ્થાઓ, યુનિવર્સિટિઓ વગેરે, ઉંચા પ્રકારનું પુષ્કળ વૈજ્ઞાનિક સાહિત્ય ઉત્પન્ન કરીને પણ, આખરે તો મુખ્યત્વે વિદ્વાનોની અંદર જ વિજ્ઞાનપ્રચાર કરે છે. ત્હેની બહાર જે મ્હોટો જનસમુદાય છે, "The great Public" છે, ને જે "અ-વૈજ્ઞાનિક" છે, ત્હેની તરસ છીપાવવાનું ખરૂં કામ તો દેશની "પ્રેસ" જ કરે છે. સર્વ પ્રકારનાં, વર્તમાન તથા સામયિક, પત્રો તેમ જ ગ્રન્થપ્રકાશકો જ મ્હોટે ભાગે આ સેવા કરે છે. કુશળ લેખકોની સેવા પણ તેઓ જ મેળવે છે, અને જનસમાજની રુચિને ઉશ્કેરીને ત્વરિત સંતોષ પણ તેઓ જ આપે છે.

તેઓએ આ કાર્ય કેવું વિવિધ, કેવું હૃદયંગમ ને કેવું સંગીન બનાવ્યું છે! દૈનિક "ટાઇમ્સ" જેવા પત્રનાં વૈજ્ઞાનિક "કૉલમ" થી માંડીને તે, "સાયેન્ટિફિક અમેરિકન," "સ્ટ્રેન્ડ", "લન્ડન", ઇત્યાદિના સચિત્ર લેખોમાં થઈ, મીની "ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડીઆ," ટૉમ્સનની "આઉટ—લાઇન્સ ઑવ સાયન્સ" ઇત્યાદિની મોહક પુસ્તકમાળાઓમાં થઇ, હક્સ્લી ટિન્ડૉલ લેન્કેસ્ટર જેવાના નિબન્ધો તથા "રોમાન્સ ઑવ સાયન્સ," "હીરોઝ ઑવ સાયન્સ," "વન્ડર્સ ઑવ સાયન્સ," "પીપલ્સ બુક્સ," "હોમ યુનિવર્સિટિ લાઇબ્રેરી" ઇત્યાદિની લગભગ અગણિત ગ્રન્થમાળાઓમાં ફરી, જૂલ વર્નની કથાઓથી લઇને એચ. જી. વેલ્સની છેલ્લી નવલકથાઓ લગીમાં કેટલી બધી વિજ્ઞાનવાચન-સમૃદ્ધિ અંગ્રેજી વાચકની પાસે રજુ થઇ ચૂકી છે! આખા વિજ્ઞાનના આટલા વ્યાપક થયેલા ને હજી વધારે વ્યાપક થતા ક્ષેત્રના કોઇ પણ વિભાગમાં એક નવી મહત્ત્વની શોધ થઇ, એક નવો બનાવ બન્યો કે એક નવો વાદ પ્રકટ થયો કે સંખ્યાબંધ લેખકો—જેઓ જાતે વિજ્ઞાનશાસ્ત્રી ન હોય તો વિજ્ઞાનની સારી સમજ તો ધરાવે જ છે અને જેઓની લેખનશકિત સિદ્ધ થયેલી છે તેઓ—ત્હેને એકદમ હાથમાં લઇ જુદા જુદા પ્રકારે પ્રજાની સમક્ષ રજુ કરે છે. આવા કુશળ લેખકોનું મ્હોટું દળ, "જ્ઞાનની ન્હાની ન્હાની દુકાનદારીઓ"ના કામથી શરમાયા વિના, પત્રકારો તથા ગ્રન્થપ્રકાશકોના આશ્રય તળે, વિજ્ઞાનનાં કઠિન તત્ત્વો તથા દુર્ગમ રહસ્યોને, પરિભાષાદિની ગૂંચવણી-માંથી અને તેટલાં તારવી લઇ, નિરન્તર ઉત્સુક જનસમાજના હાથમાં પહોંચાડે છે. તેઓનાં લખાણોમાં કેટલાંક તાત્કાલિક અલ્પાયુષી ને ધાંધળવાળાં પણ હોય છે, પણ બાકીનાં વધારે મૂલ્યવાળાં ને વિશેષ સ્થાયી તત્ત્વવાળાં જુદાં પડી શકે છે.

આ વિષય ઉપર એક સુન્દર અગ્રલેખ "Science and Publicity" ના નામથી "નેચર" નામના સુપ્રસિદ્ધ અંગ્રેજી વિજ્ઞાનપત્રમાં થોડા સમય ઉપર (૧૫ સપ્ટેમ્બર ૧૯૨૩ ના અંકમાં) પ્રકટ થયો હતો. લોકભોગ્ય વિજ્ઞાનસાહિત્યની આવશ્યકતા તથા સાધનો બન્નેનો વિચાર ઘણી સારી રીતે, જો કે ઇગ્લંડની દૃષ્ટિથી, એમાં રજુ થાય છે. અમેરિકામાં તો આ પ્રશ્નનું મહત્ત્વ વધારે સમજાયું છે, અને આ વિષયમાં પણ અમેરિકા વધારે જાગૃત, વધારે સજ્જ, ને વધારે પ્રવૃત્ત છે એ સ્પષ્ટ થયેલું છે. અમેરિકાવાસીઓએ લાક્ષણિક રીતે આ ખોટ પૂરવાની વ્યવસ્થા પણ રચી રાખી છે, અને "સાયન્સ સર્વિસ"ના નામથી ત્હેની યોજના તથા પ્રવૃત્તિ સફળતા પણ પામી છે. એક ધનાઢ્ય અમેરિકને દશ લાખ

ડૉલરની સખાવત કરી આરંભ રહેલો કરી આપ્યો છે, પ્રથમ પંક્તિના કેટલાક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીઓ ત્હેની "બોર્ડ ઑવ ટ્રસ્ટીઝ"માં નિમાયા છે અને આ સંસ્થા વિજ્ઞાનનું લોકભોગ્ય સાહિત્ય, સરળ ચિત્તાકર્ષક ને પ્રમાણરૂપ લઘુ લેખ વડે, અમેરિકાનાં પચાસ કરતાં વધુ પત્રોને પૂરૂં પાડે છે.

ગુજરાતનું લોકપ્રિય વિજ્ઞાનસાહિત્ય.

ગુજરાતનું સંશોધનાત્મક સાહિત્ય બહુ જૂજ હોય તો આ બીજા પ્રકારનું લોકગમ્ય સાહિત્ય કેટલું છે? કેવું છે? અને ત્હેને વધારેમાં વધારે સારી રીતે પણ થોડામાં થોડા વખતમાં કેવી રીતે ઉત્પન્ન કરી શકાય? વિજ્ઞાનવિભાગની આગળ આજે મ્હોટામાં મ્હોટા પ્રશ્નો આ જ છે.

સરવૈયું.

આપણને શરમની સાથે ભાન થાય છે કે અત્યાર લગીના ગુજરાતી વિજ્ઞાનસાહિત્યનું સરવૈયું પણ આપણે હજી કાઢ્યું નથીઃ એ સાહિત્ય ક્ષુદ્ર તથા સ્વલ્પ હોય તો પણ ત્હેની યાદીય પ્રકટ થઇ નથી. રા. ભાઇ રણજીતરામની વિષયોની યાદીમાં, પરિષદ્‌ના પ્રારંભથી જ, એને માટે માગણી હતી, પણ હજી લગી આ ક્ષેત્ર લગભગ તદ્દન વર્જિત રહેલું છે. "લગભગ" શબ્દ મૂકવાનું કારણ એક જ છે, અને તે અભિનન્દનયોગ્ય છે, કે આપણી વિજ્ઞાનસમિતિના ઉત્સાહી મંત્રી રા. ભાઇ પ્રીતમરાયે આ બહુ જરૂરી કાર્યનું મંગળાચરણ કર્યું છે. એમણે હમણાં જ પ્રકટ કરેલા આપણી સમિતિના રીપૉર્ટનાં ૯૨ થી ૯૬ લગીનાં પૃષ્ઠોએ આપનું ધ્યાન ખેંચ્યું હશે તો તેમાં આવી સમાલોચનાને માટે પ્રાથમિક અગત્યની એક નોંધ આપે દીઠી હશે.

જુદા જુદા વિષયોનાં મળી કુલ ૧૯૧ વિજ્ઞાનપુસ્તકો એમની ગણત્રીમાં આવ્યાં છે, ને તેમાં રહી ગયેલાં બીજાં ઉમેરીએ તો પણ વધુમાં વધુ ૨૫૦થી વધારે વિજ્ઞાનપુસ્તકો ગુજરાતીમાં નહિ હોય એમ એમને લાગે છે. આ ઉપરાંત એમણે વિષયાનુસાર એક કોષ્ઠક આપ્યું છે તે પણ ઉપયોગી છે.

આ કાર્ય આગળ વધારી પૂરૂં કરવામાં આવે તો તેથી વિજ્ઞાની લેખકોને તથા ગુજરાતી વાચકોને ઉભયને સવડ પડશે. વિજ્ઞાનનાં જાણીતાં શાખાશાસ્ત્રોનાં નામ તળે ગુજરાતનાં સઘળાં વિજ્ઞાનપુસ્તકોને ગોઠવવામાં આવે, અને આ વિષયવાર યાદી, પુસ્તક લેખક તથા પ્રકાશકોનાં પૂરાં નામ સાથે, તેમ જ ત્હેનાં મૂલ્ય પૃષ્ઠસંખ્યા તથા મુદ્રણતિથિ સહિત, પ્રકટ કરવામાં આવે તો આપણા સરવૈયાનું બીજું પગલું આપણે લીધું એમ થશે. આટલી યાદી પણ ઘણી ઉપયોગી થશે, અને ત્હેની ઉપયોગિતા ચાલુ રાખવાને નવાં પ્રકટ થતાં પુસ્તકોની એ જ પદ્ધતિની યાદી ત્હેના વધારા તરીકે પ્રતિવર્ષ પ્રકટ થવી જોઇએ.[1] તે પછી એક જ કાર્ય બાકી રહે છે કે પ્રત્યેક શાસ્ત્રના પુસ્તકસંગ્રહની સામાન્ય સમાલોચના તે તે શાસ્ત્રના જાણનાર વિદ્વાને કરવી રા. ભાઇ પ્રીતમરાયે આરંભ કરેલ કાર્યની પૂર્તિ તેઓ પોતે જ કરી શકે તો આપણને વધારે હર્ષ પામવાનું કારણ મળે.

---

૧. અંગ્રેજી વિજ્ઞાન-પત્ર "નેચર" સઘળા વૈજ્ઞાનિક પુસ્તકોની યાદી, આ સર્વ વિગતો સાથે, ઘણું કરીને પ્રતિમાસે, અલગ બાંધી શકાય એવી રીતે પ્રકટ કરે છે, અને ત્હેનાં સાપ્તાહિક ગ્રન્થાવલોકનોની સાથે આ માસિક યાદી સઘળા કાર્યકર્તાઓને તથા વાચકોને સહાયક થાય છે.

રા. ભાઇ ઓતમરાયે પ્રકટ કરેલા આંકડાએ ઉપરથી આપણા મનના કેટલાક સંસ્કારો દૃઢ થાય છે. તેમાંનો એક એ છે કે આ પુસ્તકોનો મ્હોટો ભાગ, અર્ધાથી સ્હેજ ઓછો ભાગ, વૈદ્યક આરોગ્ય શરીર ને તત્સમ અન્ય વિદ્યાઓને લગતાં પુસ્તકોનો છે. આ વિદ્યાઓનું આખું ક્ષેત્ર સાહિત્યમાં તેમ જ પ્રજાજીવનમાં જે મહત્ત્વને યોગ્ય છે ત્હેની અત્યુક્તિ થઇ શકે એમ નથી. પરંતુ એટલું યાદ રાખવાની ખાસ જરૂર છે કે આપણા દેશમાં પ્રચલિત થયેલી તે તે વિદ્યાઓનો, અર્વાચીન વિજ્ઞાનશાસ્ત્રની ભૂમિ ઉપર, અંગ્રેજી વિદ્યાઓની સાથે સમન્વયાત્મક અભ્યાસ થશે ત્યારે જ આ ક્ષેત્રમા ખરેખરી કીમતવાળું સાહિત્ય પાકશે. અને આ સત્ય લોકગમ્ય તેમ જ સંશોધક બન્ને પ્રકારનાં આ વિજ્ઞાનશાસ્ત્રોના સાહિત્યોને લાગુ પડે છે. વળી બીજી એક નોંધ અસ્થાને નહિ ગણાય કે ગુજરાતમાં વિજ્ઞાન-પત્રો નથી તે છતાં આ વિષયોને લગતાં એક કરતાં વધારે માસિકો કેટલાં ય વર્ષો થયાં ચાલે છે. અલબત, એ પત્રોમાં જાહેરખબરો, નુસખાઓ, તાત્કાલિક વાપરવાની દવાઓ, અકસ્માતના ઇલાજો, ઇત્યાદિ પુષ્કળ હોય છે, જે ઉપયોગી હોય તો પણ વૈજ્ઞાનિક સાહિત્યમાં ગણી ન શકાય. પણ ત્હેની સાથે એ પણ કબુલ કરવું જોઇએ કે ઝંડુ જેવા ગુજરાતી વૈદ્યરાજોની જીવનકથાઓને લગતી અથવા તેઓની વૈદ્યકપદ્ધતિને લગતી, સ્થાનિક ઔષધિઓના ગુણદોષાત્મક અભ્યાસની તથા કદી કદી વૈજ્ઞાનિક અન્વેષણો વિષેની હકીકતો પણ દૃષ્ટિગોચર થાય છે. તે પત્રોના પ્રયોજકો શાસ્ત્રીય મહત્ત્વની વધારે સામગ્રી રજુ કરવા યત્ન કરે એ ઇષ્ટ છે.

આ સિવાયનાં બીજાં ગુજરાતી પુસ્તકો મુખ્યત્વે કૃષિશાસ્ત્ર તથા પ્રાણિશાસ્ત્રને લગતાં છેઃ મ્હોટે ભાગે "કેળવણી ખાતાને માટે અથવા શાળાઓના ઉપયોગને માટે પ્રસિદ્ધ થયેલાં છે." તે સઘળાં પુસ્તકોનો કેટલામો હિસ્સો લગભગ શબ્દશઃ ભાષાન્તર છે એ જાણવું અગત્યનું છે, તેમ તેવાં પુસ્તકોના પ્રચાર તથા આકર્ષક શક્તિની જેટલી હકીકતો મળી શકે તેટલી ઉપયોગી છે. સ્વતન્ત્ર અભ્યાસને પરિણામે લખાયલાં પુસ્તકો આમાંથી કેટલાં થોડાં નીકળશે !

આ સર્વ પુસ્તકોમાં આવી ગયેલા સાહિત્યની ઉપરાંત કેટલુંક ખરેખરૂં સારૂં લોકપ્રિય સાહિત્ય આપણાં સામયિક પત્રોમાં દટાઇ ગયું છે. તેમાંનું કેટલુંક તો અલગ ગ્રન્થરૂપે. અથવા સંગ્રહમાં, પ્રકટ થવાને હજી પણ લાયક છે. ત્હેને વીણી કાઢવાનો તથા ફરીથી પ્ર ાશમાં લાવવાનો ઉત્સાહ કોઈ બતાવશે ખરૂં કે ?

નવો ફાળો.

આ પ્રશ્ન નિરર્થક નથી. છેલ્લાં સાતેક વર્ષોમાં ગુજરાતી વિજ્ઞાનસાહિત્યની પ્રવૃત્તિને સારો વેગ મળ્યો છે, અને જેમ ગ્રન્થપ્રકાશનમાં ત્હેને પરિણામે સંખ્યાબંધ પુસ્તકોનો પાક ઉતર્યો છે તેમ સામયિક પત્રોમાં ત્હેને લીધે વિજ્ઞાનના ઝરણે અનિયમિત છતાં સ્પષ્ટ દેખાવ ચાલુ રાખ્યો છે. આરંભની તથા બીનઅનુભવની મુશ્કેલીઓ તથા ખામીઓ સ્વાભાવિક છે; પરંતુ વિચાર ને પ્રયાસથી, અવલોકન તથા સંયોજનથી તે કમ થશે એ પણ નક્કી છે.

એ પણ એક નવાઇની, જો કે સાચી, વાત છે કે પ્રકટ થયેલાં પુસ્તકોના કરતાં આ સામયિક પત્રોમાંનું સાહિત્ય, એકંદરે લોકપ્રિય વિજ્ઞાનસાહિત્યના આવશ્યક લક્ષણોમાં, વધારે સમૃદ્ધ છે. અત્યારની હાલતમાં તો મ્હને એ સામયિક સાહિત્યનું ક્ષેત્ર વધારે આશાસ્પદ લાગે છે.

આ નવા ફાળામાં ઘણા જુદા જુદા વિષયોનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. મ્હારી લાંબી ગેરહાજરીને લીધે તે સર્વની સાથે હું મ્હારી ઇચ્છા જેટલો નિકટ પરિચય મેળવી શક્યો નથી. છતાં મ્હને જે બે મુખ્ય સંસ્કારો પડ્યા છે ત્હેને આપનામાંથી જેઓએ તે પુસ્તકોને બરોબર જોયાં હશે તેઓ સંમત થઇ શકશે એવી આશા રાખું છું. પ્રથમ તો એ કે નવા નવા વિષયો ગુજરાતી વિજ્ઞાનસાહિત્યની અંદર લાવવામાં આવ્યા છે અને વિષયોનું વૈવિધ્ય આ પ્રમાણે વધ્યું છે, જો કે આપણી જરૂર પૂરે તેટલી વિશાળ વિવિધતા તો હજી ઘણી દૂર છે. બીજો સંસ્કાર એ છે કે લગભગ સર્વ ભાષાન્તર છે, તે એટલે સુધી કે વિજ્ઞાનસાહિત્ય રચવાનો એ જ શાહી માર્ગ હોય એવો ભ્રમજનક ઘોષ પણ આપણે કાને પડે છે.

આ નવી સંવૃદ્ધિનો સૌથી મ્હોટો હિસ્સો વડોદરાના શ્રીમંત મહારાજ સાહેબના ઉદાર આશ્રયને આભારી છે. ત્હેની કેટલીક હકીકત રા. રા. ભરતરામ મહેતાએ " વડોદરા રાજ્યની સાહિત્યસેવા " નામના લેખમાં આપી છે.[1] તે લેખ ઉપરથી માલૂમ પડે છે કે, " શ્રી સયાજીસાહિત્યમાળા"ના " વિજ્ઞાનગુચ્છ"માં લગભગ ૧૭-૧૮ વૈજ્ઞાનિક પુસ્તકો ગુજરાતીમાં પ્રકટ થયાં છે, અને " શ્રીસયાજી બાળજ્ઞાનમાળા"માં બીજા ૧૬ પુસ્તકો પ્રકટ થઇ ચૂકયાં છે. આ બીજી માળાનું દરેક પુસ્તક છ છ આને મળી શકે છે અને એમાંનાં કેટલાંક બીજી આવૃત્તિ પામ્યાં છે એ તેઓની " લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે. " પરંતુ " શ્રી સયાજી સાહિત્યમાળા "નાં વૈજ્ઞાનિક પુસ્તકોની પાંચસેં પાંચસેં નકલો પણ પાંચ વર્ષ લગીમાં ખપી ગઇ હોય, ને એકકેની બીજી આવૃત્તિની જરૂર પડી હોય, એમ દેખાતું નથી, તે હકીકત પણ તે જ ન્યાયે વિચારવા જેવી છે.

આટલાં પુસ્તકો ઉપરાંત, આ રાજ્યના ભાષાન્તરખાતાએ " શ્રી સયાજી વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ " બહાર પાડ્યો છે તે વિષે એ જ ભાઇ આપણને જણાવે છે કે " તેનાં સર્વત્ર મુક્તકંઠે વખાણ થયાં છે "—જે વાત મ્હને તથા આપમાંના ઘણાને તદ્દન નવા જ સમાચાર જેવી છે. દુર્ભાગ્યે આ ભાઇનો આખો લેખ આ જ ધાટીના પ્રશંસાત્મક નિવેદનનો છે. આ આખા કાર્યના આટલા સમૂહ માટે, વિજ્ઞાન ઉપર તેઓએ આટલું લક્ષ આપ્યું તે માટે અને આ સઘળા કાર્યની પાછળ જે પરિશ્રમ હોવો જ જોઇએ ત્હેને માટે આ પુસ્તકોના પ્રયોજકોને સર્વ કોઈ પૂરેપૂરા અન્તઃકરણથી અભિનન્દન આપશે.તેઓએ સ્વીકારેલી પદ્ધતિ તથા પ્રકટ કરેલાં પુસ્તકોની વિજ્ઞાનસાહિત્યની દૃષ્ટિએ કીમત એ બન્ને પણ તેટલાં જ સંમાનયોગ્ય હોત તો આપણને

---

૧. "યુગધર્મ." આસો, ૧૯૭૯, પૃ. ૫૫-૬૭.

અધિક આનન્દ થાત. કારણ કે આ બન્ને સંબન્ધી તેઓની તથા ગુજરાતના બીજા ઘણા વિજ્ઞાની કાર્યકર્તાઓની વચ્ચે ગંભીર મતભેદ છે એ છાનું રહે એમ નથી. આપણા દેશમાં વિજ્ઞાની સાહિત્યની જે મુશ્કેલીઓ છે તે જોતાં વડોદરાના આ ઉત્સાહી પ્રયોજકોની કૃતિમાં ન્હાની ન્હાની ખામીઓ હોય તે વિસરવા સર્વ કોઇ તૈયાર છે. પણ આ મતભેદ એવા મહત્ત્વના વિષયનો છે, જે પદ્ધતિ સ્વીકારવામાં આવે ત્હેનાં પરિણામ ગુજરાતના વિજ્ઞાન-સાહિત્યને એટલાં પ્રાણરૂપ છે, વળી વડોદરારાજ્યની સાહિત્યસેવા અત્યાર લગી એવી ઉજ્જ્વળ છે, કે આ વિષયમાં કોઇને ય કાંઇ પણ જોરથી કહેવું પડે તો તે સત્યને જ ખાતર, વિજ્ઞાન-સાહિત્યની ઉત્પત્તિ તથા ઉન્નતિ એ સર્વમાન્ય ફળને જ ખાતર, તથા વિજ્ઞાન ને સાહિત્ય ઉભયનાં શિષ્ટ ધોરણો આપણા વિજ્ઞાનસાહિત્યમાં સચવાવાં જોઇએ એવી ચીવટને જ લીધે, કહેવાવું જોઇએ. આવા વિવેચનથી ઉત્સાહીઓનો ઉત્સાહભંગ ન થાય અને કાર્ય કરવાની શકિતવાળાઓ વધારે વિવેક તથા દીર્ઘદૃષ્ટિથી પોતાનો માર્ગ પસંદ કરે, ને પસંદ કરેલો તપાસે, એ જ ઇષ્ટ ઉદ્દેશ છે.

મુખ્ય વાત એ છે કે જે નવું સાહિત્ય વડોદરાએ પ્રકટ કર્યું છે ને હજી પ્રકટ કરવા માગે છે તે સઘળું એકેકા અંગ્રેજી પુસ્તકના ભાષાન્તરના પાયા ઉપર જ થયું છે ને થવાનું છે. ભાષાન્તરને માટે મ્હને તિરસ્કાર નથી, તેમ ત્હેની સામે દુરાગ્રહ નથી. સાહિત્યસર્જનમાં ને સાહિત્યવૃદ્ધિમાં ભાષાન્તરો આવશ્યક અનિવાર્ય ઉપકારક પણ હોય છે. પણ ત્હેની મર્યાદા છે, ને તે ઓળંગવી એમાં સમય–શકિત–દ્રવ્યનો દુર્વ્યય ને સાહિત્યના લાઘવનું ભય બન્ને છે. આખો પ્રશ્ન તેથી કરીને આ મર્યાદા નક્કી કરવાનો જ છે.

ભાષાન્તરો.

પરભાષાના શિષ્ટ ગ્રન્થો, પ્રથમ પંક્તિના લેખકોની કૃતિઓ, વિદ્વત્તાભરી પર્યેષણાઓ, માનવતાના સામાન્ય પ્રશ્નો ઉપર નવીન પ્રકાશ પાડનારાં પુસ્તકો વગેરે આપણા દેશના ખપ પ્રમાણે તથા વાચકોની ગ્રહણશક્તિ પ્રમાણે, આપણી ભાષામાં ઉતારવાં જ પડશે, અને તે કામ પણ બહુ સમજ વિવેક તથા શક્તિથી થાય તો જ સાર્થક છે. પણ આ એક વાત છે, અને પરભાષામાં જુદી જ ભૂમિકાવાળા વાચકોને માટે તથા તે જ લોકોના વિનોદને માટે તૈયાર થયેલી આખી વાચનમાળાઓ ગુજરાતીમાં ઉતારવાનો લોભ કરવો, અથવા "હોમ યુનિવર્સિટિ લાયબ્રેરી," "પીપલ્સ બુક્સ," "ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડીઆ" વગેરે ગુજરાતીમાં તરજુમો કરીને આખીને આખી ઉતારવી એ તદ્દન જુદી વાત છે. તેમાં પણ આવા તરજુમાઓના, અને તે પણ ગમે તેમ પસંદ કરેલાં પુસ્તકોના તરજુમાઓના, ઢગલાથી "ગુજરાતી વૈજ્ઞાનિક સાહિત્યના ઉષઃકાલ" ની આશા બાંધવી એ મોહ તો શોકજનક જ છે. એ મોહ મ્હેં પણ એક સમયે અનુભવ્યો છે અને આપણા કેટલાક વિદ્વાનો તેમાં ફસાઈ ગયા હોય એવું ય મ્હેં દીઠું છે, પરંતુ મ્હારી ખાતરી થઇ છે કે આ પહેલી નજરે સ્હેલોસટ તથા ઝડપદાર દેખાતો રસ્તો આખરે લાંબો ને વિફળ નિવડે છે. વિજ્ઞાન જેવા વિષયને માટે તો ખરેખર તેમ જ છે. આપણે પરસાહિત્યનાં જે તત્ત્વો તથા જે સામગ્રી

જોઇએ તે જરૂર લેવાં, પણ તે સંસ્કારો-ભૂમિકા-વાતાવરણ આદિને અનુકૂળ કરીને રજુ થાય ત્યારે જ સફળ અવતાર પામે. વડોદરાની સાહિત્યમાળાનાં વૈજ્ઞાનિક પુસ્તકો માટે પસંદ થયેલાં અંગ્રેજી પુસ્તકો વિજ્ઞાન તરફ ગુજરાતી પ્રજાને આકર્ષવાને માટે એકંદરે યોગ્ય નથી, અને તેઓના ઘણા ખરા શબ્દશઃ તરજુમાઓએ તો અસલ પુસ્તકમાં જે કાંઇ સત્ત્વ હતુ તે પણ ન્યૂન કર્યું છે. આવાં પુસ્તકો, ખાસ કરીને ભાષામાં પહેલી વાર યોજાતાં હોય ત્યારે, જે પદ્ધતિ ઉપર ઇંગ્લન્ડમાં રૉસ્કો લૉકીયર આદિ વિજ્ઞાનશાસ્ત્રીઓએ "સાયન્સ પ્રાઇમર" યોજી હતી, તેવી પદ્ધતિના આશ્રય ઉપર રચાવાં જોઇએ. વિજ્ઞાનમાં પ્રજાને નવો રસ ઉત્પન્ન કરાવવાને માટે ખરેખરા વિદ્વાનોએ જ પ્રાથમિક પુસ્તકો તૈયાર કરવાં જોઇએઃ તેઓ પરસાહિત્યના શિષ્ટ નમૂનાઓ ધ્યાનમાં રાખશે, પ્રજાને તરત સમજ તથા રસ પડે એવી રીતે પરિચિત દૃષ્ટાન્તો આપી પુસ્તક રચશે, અને તે વિષયના વિદ્વાન હોવાથી એક જ વિદેશી પુસ્તકનાં પાનાંઓમાં સમાયલા જ્ઞાનથી બંધાઇ રહેવાની કષ્ટદાયક જરૂર ત્હેમને નહિ રહે. શેક્સપીઅરે લખેલ નાટકનું તો ભાષાન્તર કે અનુવાદ જ હોઇ શકેઃ પણ શેક્સપીઅરનાં જીવન, કૃતિ, સાહિત્યસેવા આદિનું ગુજરાતને જ્ઞાન આપનાર પુસ્તક બે પ્રકારની પદ્ધતિથી થઇ શકે, કાં તો તે કોઇ જાણીતા વિદેશી લેખકના તેવા એક પુસ્તકનું ભાષાન્તર હોય, અથવા તો આપણા કોઇ રસિક વિદ્વાન શેક્સપીરીઅન સાહિત્ય બરોબર વાંચી શેક્સપીઅર ઉપર લખાયલું બરોબર પચાવી તે સર્વનો સુન્દર અર્ક કાઢી પોતાની રીતે તે આપણી પાસે રજુ કરે. આ બે રસ્તાઓમાં વધારે સ્હેલો કીયો છે એ જેમ સ્પષ્ટ છે તેમ જ વધારે મૂલ્યવાન તથા ચિરંજીવ સાહિત્ય પ્રકટ કરનાર કીયો છે એ પણ શું સ્પષ્ટ નથી?

આ સર્વ પ્રશ્નો તથા ત્હેનો વિચાર કેવળ વડોદરાની માળાઓના પ્રયોજકોને માટે નહિ, પરંતુ આપણી અન્ય સાહિત્યસંસ્થાઓના નાયકોને માટે તેમ જ મ્હારા અન્ય ઉત્સાહી બન્ધુઓને માટે પણ રજુ કરૂં છું.

ગુજરાતની સાહિત્યસંસ્થાઓ.

કારણ કે વડોદરાના ભાષાન્તરખાતા ઉપરાંત બીજી સંસ્થાઓ પણ ગુજરાતી વિજ્ઞાન-સાહિત્યના પ્રશ્નમાં રસ લે છે, પણ ભાષાન્તર સિવાયનો બીજો માર્ગ હજી લગી કોઇએ ઘડયો નથી, ને ભાષાન્તરોમાં ય કોઇએ એવી ધ્યાન ખેંચે એવી ફતેહ મેળવી નથી. દાખલા તરીકે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અત્યાર લગીમાં જે વિજ્ઞાનપુસ્તકો પ્રકટ કર્યાં છે ત્હેની કુલ સંખ્યા જાણી શકાય એમ નથી, અને તે પ્રચાર પામ્યાં નથી, તો પણ તે સંખ્યા તો ન્હાની નથી જ. "ગુજરાતી" પ્રેસ તરફથી, "ફાર્બસ સભા" તરફથી, જીવનલાલ અમરશી જેવા પ્રકાશકો તરફથી પણ એક કે વધારે વિજ્ઞાનપુસ્તકો પ્રકટ થયાં છે.

ગુજરાતની આવી સાહિત્યપ્રકાશક સંસ્થાઓ, સંખ્યા તથા સમૃદ્ધિ બન્નેમાં, એકંદરે સારી સ્થિતિમાં છે એ વાતની સાબીતી રા. રા. હીરાલાલ ત્રિ. પારેખનો "સાહિત્યપ્રકાશક સંસ્થાઓ"ના સંક્ષિપ્ત દિગ્દર્શનનો લેખ આપે છે.[1] બીજી એ વાત પણ તેટલી જ સ્પષ્ટ છે

---

૧. "યુગધર્મ" આસો, ૧૯૭૯. પૃ. ૨૭.

કે પ્રત્યેક સંસ્થા પોતપોતાને ચીલે કામ કરે છે, અને પ્રત્યેકની પૂરેપૂરી સ્વતંત્રતા જાળવીને સૌના સર્વમાન્ય ઉદ્દેશોને માટે તેઓની વચ્ચે કોઈ જાતનો સંપ, કાર્યવિભાગની વહેંચણી, કે સહકારી સંયોજનની રચના કરવાના પ્રયાસ હજી શરૂ પણ થયા નથી. સાહિત્યપરિષદ્ પોતે ય, સમસ્ત ગુજરાતની સંસ્થા તરીકે, તે સર્વનો સમન્વય કરવાને પ્રવૃત્ત થઈ નથી. આ સર્વ સંસ્થાઓ તથા પ્રકાશકો વિજ્ઞાનસાહિત્ય તરફ વધારે ધ્યાન આપે અને તેમાં પણ સ્વતન્ત્ર અભ્યાસથી સાહિત્ય રચવાના માર્ગને પૂરેપૂરો સ્થાપિત કરે એ ઘણું આવશ્યક છે.

વિજ્ઞાનસાહિત્યનું વધારે ગંભીર, વધારે શ્રમવાળું ને સંયોજનની વધારે અપેક્ષા રાખતું કાર્ય આવી સંસ્થાઓ ઉપાડી લે તો ત્હેનું વધારે હળવું, મનોરંજક, ત્વરિત થઇ શકે તેવું ને તાત્કાળિક જિજ્ઞાસાને પૂરે એવું બીજું કાર્ય આપણા પત્રકારો ઉપાડી શકે. અલબત, આવી કોઈ અડગ વ્હેંચણી થઇ શકે નહિ તેમ તે કરવાની જરૂર પણ નથી, છતાં કેટલુંક કાર્ય કરવાની પત્રકારોને ખાસ સવડ છે ને વારંવાર લાગ મળે છે ત્હેનો લાભ લેવાની આ એક સૂચના જ છે. વિજ્ઞાનની રુચિ કેળવવા, વિજ્ઞાનની સમજ ને વિજ્ઞાનમાં રસ ફેલાવવા, તથા વિજ્ઞાનની જિજ્ઞાસા તૃપ્ત કરવા જેટલું ને જેટલી ત્વરાથી આપણાં પત્રો કરી શકશે તેટલું ને તેટલી ત્વરાથી અન્ય કોઇ પણ કરી શકશે નહિ. સદ્ભાગ્યે આપણા પત્રકારોએ આ કાર્યની કદર કરવાની શરૂઆત કરી છે. જો કે તદ્દન વિજ્ઞાનનાં સામયિક પત્રો—"પુરાતત્ત્વ" સિવાય—ગુજરાતને અજાણ્યાં છે, તો પણ અન્ય સામયિક પત્રો આ વિષય તરફ જોતાં થયાં છે, ને દૈનિક—સાપ્તાહિક પત્રો પણ પ્રસંગોપાત્ત વિજ્ઞાન તરફ દૃષ્ટિ કરે છે. તેઓનું વલન અનુકૂળ છે, તથા વિજ્ઞાનની ઉપયોગિતા પણ તેઓ સ્વીકારે છે. જરૂર એટલી જ બાકી રહી છે કે તેઓ વધારે પ્રવૃત્ત બને, સારા લેખો ને સારૂં સાહિત્ય મેળવવા વધારે યત્ન ને સાહસ કરે, અને વિજ્ઞાનપ્રસારમાં તેઓનું જે મ્હોટું સ્થાન છે તે તેઓ ખરેખર પ્રાપ્ત કરે. આ વિષયનું વધુ વિસ્તારપૂર્વક દર્શન મ્હેં અન્યત્ર[1] હમણાં જ કરેલું છે, એટલે પુનરુક્તિની જરૂર નથી.

ગુજરાતી પત્રો.

પરંતુ સંયોજકો ને પ્રકાશકો કરતાં લેખકો કોઇ રીતે ગૌણ મહત્ત્વના નથીઃ ઉલટું, કેટલીક વાર ને કેટલાક પ્રસંગમાં લેખકો સ્પષ્ટ રીતે ગુરુપદે છે. અન્ય સાહિત્યની પેઠે વિજ્ઞાન-સાહિત્યને માટે ય ઘણા લેખકો ને જુદા જુદા પ્રકારના લેખકોની જરૂર છે. તેમાં ય પ્રતિભાશાળી લેખકોની જરૂર તો સર્વત્ર હોય જ. ગુજરાતી વિજ્ઞાનસાહિત્યની સેવામાં એક ગોવર્ધનરામ કે એક ગાંધીજી, એક ન્હાનાલાલ કે એક મુનશી, ઉદ્ભવ પામે તો તે સાહિત્યની પ્રગતિ કેટલી ઝડપથી થવા લાગે! પણ પ્રતિભાની ઉત્પત્તિનાં કાંઇ શાસ્ત્ર કે નિયમ હોતાં નથી—હશે તો હજી જડ્યાં નથી, અને તેવાઓને "હેલસેલ" પેદા કરવાનાં કારખાનાં હજી કલ્પી પણ શકાતાં નથી. એવા કોઇ લેખક કે લેખકોને વિજ્ઞાનસાહિત્ય માટે ગુજરાત મેળવે ત્યાં લગી આપણા જેવા પ્રાકૃતજનોએ આપણા ઉત્સાહથી તથા શ્રમથી એવા આગમનની તૈયારી માટે ઘણું પ્રાથમિક કાર્ય, ઘણું "spade-work,"

વિજ્ઞાની લેખકો.

1. "નવચેતન." એપ્રિલ ૧૯૨૪, પૃ. ૫–૯.

કરી રાખવું ઘટે છે. તેમ આપણી ન્હાની સંખ્યા પાકા સંગઠનથી, પ્રતિભાનું તો નહિ, પણ મ્હોટી સંખ્યાનું કાર્ય તો બેશક સાધી શકશે. "કાકા" કાલેલકર જેવો એક જ લેખક, વિજ્ઞાનસાહિત્યના કોઇ એક કે વધુ અંગ તરફ પોતાનું જ્ઞાન ને શકિત વાળે તો બીજા કેટલા ય લેખકોના એક દળ કરતાં ય વધુ મૂલ્યવાન ફળ અર્પી શકે !

ખરૂં જોતાં, આપણી યુનિવર્સિટિઓ, ત્હેની રાક્ષસી અપૂર્ણતાઓ છતાં, વૈજ્ઞાનિક લેખકોની ગુપ્ત ખાણ છે. કારણ કે બીજા થોડાક અપવાદો બાદ કરીએ તો વિજ્ઞાનનો પ્રસાર અત્યારે યુનિવર્સિટિઓ દ્વારા જ આપણા દેશમાં થાય છે. હિન્દના બીજા મુખ્ય પ્રાન્તોના કરતાં ય મુંબઇમાં વિજ્ઞાનનું શિક્ષણ અત્યારે ઓછું ને ઉતરતું છે, અને, મુંબાઇમાં "રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ"નો આરંભ થયા છતાં ય, વિજ્ઞાનશાસ્ત્રોના અભ્યાસની તથા શોધખોળની સગવડ કમ છે. સંશોધન પોત ય લગભગ નહિ જેવું છે. પણ આ સ્થિતિ સુધરશે, "કાળ પોતે ત્હેની તરફ છે," અને વિજ્ઞાનનું શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ચાર વર્ષમાં ઝડપથી વધી છે. વિજ્ઞાનનાં જે થોડાં શાસ્ત્રો અંહીં શીખવાય છે ત્હેના અભ્યાસક તથા વિજ્ઞાનની જુદી જુદી ડીગ્રી મેળવનાર ગુજરાતીઓની સંખ્યા હરસાલ વધતી જાય છે, એટલું જ નહિ પણ મુંબાઇમાં, બૅંગલોરમાં ને પરદેશમાં વિજ્ઞાનનાં કોઇ શાસ્ત્રનો આગળ અભ્યાસ કરનારા તેમ જ સંશોધન કરનારા ગુજરાતીઓની સંખ્યા–બંગાળ પંજાબ આદિને મુકાબલે ન્હાની હોવા છતાં–વધતી જાય છે. આ એક શુભ ચિહ્ન છે.

વળી આપણા ઇલાકાની અંદર તેમ જ ઇલાકાની બહાર, શાળાઓ, કૉલેજો ને યુનિવર્સિટિઓમાં જુદા જુદા પ્રકારના અધ્યાપકની પદવીઓ ઉપર જે ગુજરાતીઓ છે તેઓમાંનું સારૂં પ્રમાણ રસાયન–ભૌતિક–વનસ્પતિ–ગણિત–સમાજ–અર્થ–ભૂમિ ઇત્યાદિનાં વિજ્ઞાનશાસ્ત્રોમાં નિપુણ છે. તેઓ વિજ્ઞાનના અભ્યાસમાં તથા શિક્ષણમાં રસ લે છે અને ગુજરાતી વિજ્ઞાનસાહિત્યની સેવા માટે શોખ ધરાવે છે, અથવા ધરાવી શકે છે. આ સેવાને માટે તેઓને અસાધારણ અનુકૂળતા તથા ખાસ લાયકાત છે. "સાક્ષરતા," "સાહિત્ય" વગેરેથી ભડકવાની કે ગભરાવાની તેઓને જરૂર નથી. માતૃભાષામાં સ્હેલી ને સાદી રીતે લખવાની ટેવ પાડવી એ મુશ્કેલ નથી—મુશ્કેલ લાગે તો પણ અશક્ય નથી, અને કર્તવ્યરૂપ તો છે જ. ઘણાઓ એમ મોડી ઉમરે શીખ્યા છે ને સારા લેખક થયા છે. વળી મદદ કરનાર અન્ય ગુજરાતી લેખકો ને વિદ્વાનો અલભ્ય નથી.

વિજ્ઞાનની પરિભાષા.

પણ વિજ્ઞાનના ગુજરાતી સાહિત્યને લગતી આપણી મ્હોટામાં મ્હોટામાં મ્હોટી મુશ્કેલી વિજ્ઞાનની પરિભાષાની છે. પ્રત્યેક અનુભવી વિદ્વાન જાણે છે તેમ આપણને સૌથી વધારે અવરોધક તથા સૌથી વધારે વિલમ્બકારક આ જ મુશ્કેલી છે. એક રીતે એનો સંતોષકારક નિકાલ જેમ બને તેમ વ્હેલો આવે તો લેખકો તથા વાચકો બન્નેને ઘણી સરળતા થાય. નહિ તો વાચકો ને અભ્યાસકોને ગોટાળા થશે, ઘણા લેખકોનો ઉત્સાહ આ પહેલી જ મુશ્કેલીથી ભાગી જશે, વાચનસામગ્રીનું દારિદ્ર વધારે કાળ લંબાશે, અને તે દરમ્યાન કેટલાક લેખકો—

ત્વરાને લીધે, માર્ગદર્શનના અભાવને લીધે તથા, પરિભાષાના સમગ્ર ક્ષેત્ર તરફ સ્વાભાવિક રીતે તેઓનું અલક્ષ્ય હોવાથી, સંકુચિત દૃષ્ટિને લીધે–એવા પણ શબ્દો દાખલ કરી દેશે જે આગળ ઉપર નડશે.

એકપાસથી આટલી તાકીદ હોવા છતાં, આ વિષયમાં લગાર પણ ઉતરનાર દરેક જણે જોયું જ હશે કે વિજ્ઞાનની પરિભાષાનું કામ કઠિન, નવીન પ્રકારનું ને ઘણી રીતે અટપટું છે. તેથી તે ઘણી ધીરજભરી સંભાળથી, ઘણી બાજુઓના વિચાર પછી અને ઘણા વિદ્વાનોના સહકારી પરિશ્રમવતી જ સિદ્ધ થાય એવું છે. વળી ભાષાનો વિષય જ એવો છે કે બે ચાર વિદ્વાનોએ દસવીસ હજાર શબ્દો, પોતાના અભ્યાસગૃહમાં, તૈયાર કર્યા, પછી પ્રકટ કર્યા, કદાચિત્ થોડાં પુસ્તકોમાં કે લેખોમાં તે વાપર્યા, તેટલા જ માત્રથી તે શબ્દો ચલણી સિક્કા થઇ ભાષામાં રૂઢ થતા નથી. ખરી પરિભાષા, અને તે પણ અહીંની પેઠે આરંભની પરિભાષા, પોતાના સ્વીકાર તથા વૃદ્ધિને માટે બીજાં બળોની તથા ઘણાં વર્ષોની અપેક્ષા રાખે છે.

ત્વરા ને ધીરજની આવી વિષમ આવશ્યકતા છતાં, પરિભાષાનો પ્રશ્ન ગુજરાતની પાસે કાંઇ પહેલી જ વાર ઉભો થયો નથી, અને વળી એ પ્રશ્ન કાંઇ એકલા ગુજરાતનો જ નથી.

અત્યાર લગીના પ્રયાસો.

આ પ્રશ્નના મહત્ત્વને ઉચિત ગાંભીર્યથી તથા વિદ્વત્સંયોજનથી એને હાથમાં લેનાર સૌથી પહેલા પ્રો. ત્રિભુવનદાસ ક. ગજ્જર હતા. સન ૧૮૮૮ માં–તે પહેલાં આવો પ્રયાસ હિન્દમાં કોઇ સ્થળે થયેલો મ્હારી જાણમાં નથી–એમણે કેવળ ગુજરાતી જ નહિ પણ ગુજરાતી–મરાઠી–હિન્દી વિજ્ઞાન–કોષ રચવાની અપૂર્વ તૈયારી કરી હતી. સંયોગવશાત્, આપણે સૌ જાણીએ છીએ તેમ, આ કાર્ય એમને અધવચ છોડવું પડયું હતું.

તે પછીનો નોંધવા લાયક પ્રયાસ (શ્રીયુત જોગશચન્દ્ર રાયના એક લેખ પ્રમાણે[1]) કદાચિત્ બંગીય સાહિત્યપરિષદનો હતો, પણ કટકે કટકે કેટલોક શબ્દસંગ્રહ બહાર પાડ્યા પછી તેઓએ તરત જોયું કે નથી તેમાં કોઇને રસ કે નથી થતો ત્હેનો કાંઈ ઉપયોગ ! આથી નિરાશ થઇ તેઓએ આ કાર્ય છોડી દીધું.

તે પછીનો પ્રયાસ કાશીની નાગરી–પ્રચારિણી સભાએ શ્રીયુત શ્યામસુન્દર દાસના સમર્થ નાયકપણા નીચે કર્યો. આ કાર્ય વધારે નમ્ર પણ સૌથી વધારે સંગીન થયું. ઘણા વિદ્વાનો તેમાં સામેલ હતા, ઘણાં વર્ષોનો શ્રમ હતો, અને જો કે વિજ્ઞાનની થોડીક જ શાખાઓનો ત્હેમણે વિચાર કર્યો હતો–જીવનશાસ્ત્ર, વનસ્પતિ ને પ્રાણિશાસ્ત્ર આદિનો પણ સ્પર્શ ન્હોતો કર્યો–તો પણ, તે તે શાખાના પ્રાથમિક અગત્યના પારિભાષિક શબ્દો તૈયાર કરાવી, તે તે શાખાની તળે ગોઠવી, સન ૧૯૦૬ માં એમણે "હિન્દી વિજ્ઞાનકોષ" પ્રકટ કર્યો ત્યારે અન્ય ભાષાઓના વિદ્વાનો પણ તેથી પ્રસન્ન થયા. આટલે વર્ષે ત્હેની ખામીઓ વધારે મ્હોટી દેખાય એ બને, પણ તે કાર્ય ને કાર્યપદ્ધતિ બન્ને સંમાનયોગ્ય હતાં. તે પછી લગભગ દરેક વર્ષે પ્રયાગની "વર્નાક્યુલર સાયેન્ટિફિક સોસાયટી" એ હિન્દી ભાષામાં "विज्ञान"

---

૧. "મૉડર્ન રીવ્યુ," ઑગસ્ટ, ૧૯૨૨, પૃ. ૧૯૧.

નામનું માસિક પ્રકટ કરવા માંડયું. ત્હેને અંગે ત્હેના પ્રયોજકોએ હિન્દી વૈજ્ઞાનિક શબ્દસંગ્રહનું ભંડોળ વધાર્યું એટલું જ નહિ પણ ઘણાં વિજ્ઞાનશાસ્ત્રોના શબ્દો તૈયાર કર્યા. છેલ્લાં ચારેક વર્ષ થયાં તેઓના સંસર્ગમાં હું નથી તેથી તેઓની સફળતા કેટલી થઇ તે બરોબર કહી શકતો નથી.

પંજાબી, મરાઠી તથા દક્ષિણની દ્રાવિડ ભાષાઓમાં ય જાણવા જેવા પ્રયાસો થયા હશે. તેમ નિઝામ સરકારની ઉસમાનીઆ યુનિવર્સિટિને અંગે પદવી લગીનું સર્વ વિષયોનું શિક્ષણ ઉર્દુમાં જ આપી શકાય તે માટે ઉર્દુ સાહિત્ય તૈયાર થવા માંડયું હતું. તેઓએ સ્વીકારેલી વૈજ્ઞાનિક પરિભાષામાંથી પણ ગુજરાતીને કાંઇક પ્રકાશ મળશે. આ પ્રત્યેક વિષેની વધારે હકીકતો કોઇ જાણનાર પ્રકટ કરશે તો બહુ ઉપયોગી થશે.

આજના ગુજરાતી પ્રયાસો.

આજે ગુજરાતે ફરીથી આ સવાલને આગળ કર્યો છે, ને તે માટે ખરો ધન્યવાદ વડોદરાના કેટલાક કાર્યકર્તાઓને ઘટે છે. "શ્રી સયાજી વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ" વડોદરારાજ્યના "વિદ્યાધિકારી કચેરી–ભાષાન્તર શાખા" તરફથી તૈયાર થયો છેઃ ત્હેની "વિભૂતિના એક અંશમાત્ર" જેવો એક સંગ્રહ પ્રકટ થયો છે. તે "કેવળ નમૂનારૂપે પ્રસિદ્ધ કરવામાં આવેછે," અને ત્હેના પ્રયોજકો વડોદરાના બે ઉત્સાહી સાક્ષરો, રા. રા. જયસુખરાય પુરૂષોત્તમરાય જોષીપુરા અને રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા છે. સાહિત્યપરિષદ્ના આ બે માજી મંત્રીઓને આપ સૌ જાણો છો જ. ફકત એટલું કહેવું જોઇએ કે પ્રો. ગજ્જરે લગભગ પાંત્રીસ વર્ષ પહેલાં શરૂ કરેલા કાર્યનો આમાં કેટલો ઉપયોગ થયો છે એ અગત્યની તથા જાણવા જેવી હકીકત ઉપર કાંઇ પ્રકાશ હજી લગી પડયો નથી.

આ ઉપરાંત અમદાવાદની વિદ્યાપીઠે "ગણિતની પરિભાષા" વિષે થોડુંક પ્રકટ કર્યું છે,[1] અને આપણી વિજ્ઞાનસમિતિના "રીપૉર્ટ"ને અન્તે, પ્રો. વીરમિત્ર દીવેટીઆ, રા. રા. પ્રીતમરાય, વડોદરાની "કેમિસ્ટ ક્લબ" વગેરેની પ્રસાદીઓ, વિશેષ શબ્દસંગ્રહ તરીકે, આપની સમક્ષ રજુ થઈ છે.

આ સર્વ પ્રયાસોના ભાવને આપ જરૂર વધાવી લેશો. વૈજ્ઞાનિક પરિભાષાનું કાર્ય કાવ્ય કે કથાવાચનના જેવું આકર્ષક નથી, તે છતાં ગુજરાતે તે કઠિન ને શુષ્ક જણાતું કામ હાથમાં લીધું એ "આવકારલાયક" છે. તે કામ હવે આગળ વધે ને, કદાચિત્ ધીરે ધીરે પણ, યોગ્ય રીતે સંતોષકારક ઉકેલ પામે એ હવે બાકી છે.

આ પ્રયાસોની વિગતવાર તુલનાનું કામ તો વિજ્ઞાનીઓની તથા ભાષા–શાસ્ત્રીઓની મિશ્ર સમિતિ જ કરી શકે. તેથી કેટલાંક સામાન્ય અવલોકનો જ અંહી આપની વિચારણાને માટે રજુ કરીશ.

---

૧. રા. હીરાલાલ ત્રિ. પારેખ, "યુગધર્મ" શ્રાવણ ૧૯૭૯, પૃ. ૪૦૦.

સામાન્ય નિયમોનો નિશ્ચય.

આ સર્વે પ્રયાસોમાં, તેમ જ તે સિવાયનાં કેટલાંક ભાષાન્તરી પુસ્તકોમાં ભાષાન્તરકર્તાઓએ પોતે જ બનાવેલ ને વાપરેલ શબ્દસંગ્રહોમાં, એક સામાન્ય ન્યૂનતા દૃષ્ટિએ પડે છે, અને તે આવા શબ્દસંગ્રહના આધારરૂપે પ્રયોજકે માનેલા ને પાળેલા નિયમોનું સંપૂર્ણ અકથન છે. વિજ્ઞાનપરિભાષા રચવામાં જે જે દૃષ્ટિઓ સામાન્ય રૂપમાં હાજર રહેવી જોઇએ તથા જે જે પરસ્પર વિરોધી દાવાઓ ઉત્પન્ન થાય છે તેઓના નિર્ણયમાં કીયાં ધોરણ, કીયા નિયમ ને શી પદ્ધતિ સ્વીકારાઇ છે, તથા એ નિર્ણયો પણ શા છે, તે સર્વેનું સ્પષ્ટ નિવેદન કોઇ સ્થળે દેખાયું નથી. ખરે, "સયાજી વૈજ્ઞાનિક શબ્દ-સંગ્રહ" જેવા, સોળ વિદ્યાઓની પરિભાષાનો તથા આઠ હજાર વૈજ્ઞાનિક શબ્દોનો સમાવેશ કરતા, મ્હોટા કોષમાં પણ મૌલિક નિયમો કીયા છે તે વાચકે જ ખોળી કાઢવાનું રહ્યું છે, અને–સત્યને ખાતર ઉમેરવું જોઇએ કે–તે ખોળ્યા પછી પણ ઘણી વાર સ્પષ્ટ માલૂમ પડતું નથી.

તે છતાં એ તો દેખીતી વાત છે કે આવાં નિવેદન સિવાય કોઇ પણ શબ્દ–સંગ્રહને ન્યાય થઈ શકે નહિ, ત્હેની ઉપર યોગ્ય ચર્ચા પણ થઇ શકે નહિ, અને તે વિના નિર્ણય પણ થઇ શકે નહિ. જો કે આ પ્રશ્નમાં વિગતોનું મહત્ત્વ કમ થઇ શકે એમ નથી અને સામાન્ય નિયમો નક્કી કર્યા પછી પણ વિગતો કેવી રીતે નક્કી થાય છે એના ઉપર આખી સફળતાનો પુષ્કળ આધાર છે, તો પણ પરિભાષાના ભૂમિકા–કાર્યમાં જ સામાન્ય નિયમો નક્કી કરવાની પહેલી જરૂર ઉભી થાય છેઃ ત્યાર પછી જ, અને અન્ય પ્રયોજકો, અન્ય વિચારકો ને અન્ય વિદ્વાનોના વિવેચન પછી જ, કાંઇક એવી એકમતીની, અથવા લગભગ એકમતીની, આશા રાખી શકાય જે ગુજરાતી વિજ્ઞાનપરિભાષાના પ્રશ્નમાં, અન્ય પ્રશ્નોની માફક, મૌલિક રીતે આવશ્યક છે.

આજે ગુજરાતમાં જુદા જુદા કાર્યકર્તાઓએ આ સવાલ ઉપાડ્યો છે તેમાંથી એક લાભ એ મળી શકશે કે જુદી જુદી દૃષ્ટિઓ વધારે અસરકારક રીતે રજુ થઇ શકશે. 'સયાજી વૈજ્ઞાનિક શબ્દ–સંગ્રહ" ના પ્રયોજકોએ કેવળ શબ્દો ઘડ્યા છે એટલું જ નહિ પણ તેઓનો લગભગ ૩૫-૩૬ પુસ્તકોમાં ઉપયોગ પણ કર્યો છે. કોઇને આ ઉતાવળ લાગી હશે, તો બીજી પાસથી એમના પ્રયોગ તપાસવાનું એમને તથા અન્ય જનોને એક વધારે સાધન મળ્યું છે એ પણ સ્વીકારાશે. એ પ્રયોજકોએ સ્વીકારેલી પદ્ધતિ સ્હામે ઘણા મત પ્રકટ થયા છે અને અત્યારના ગુજરાતી વૈજ્ઞાનિક કાર્યકર્તાઓમાંનો મ્હોટો ભાગ મ્હારી જાણ પ્રમાણે એ પદ્ધતિને પસંદ કરતો નથી. આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો, અને વિજ્ઞાનપરિભાષાનું કામ આગળ વધારવાનો ખરો માર્ગ મ્હેં ઉપર સૂચવ્યો તે જ છે કે, વડોદરાના પ્રયોજકો, અન્ય પ્રયોજકો તથા આમાં રસ લેતા અન્ય વિદ્વાનો સૌ પોતપોતે યોગ્ય માનેલા નિયમો સંક્ષેપમાં પણ સ્પષ્ટ ખુલાસાની સાથે પ્રકટ કરે. મ્હારી સમજ પ્રમાણે વિજ્ઞાનસમિતિ આટલી વ્યવસ્થા હાથમાં લઇ શકે. તે પછી જ ખરી શાસ્ત્રીય ચર્ચા થઇ શકે અને આપણે કાંઇક નિર્ણયો કરી આગળ વધી શકીએ. આવા નિર્ણયો એકદમ, એક જ ચર્ચામાં, કે

એક જ વર્ષમાં પણ થઇ જાય એમ ન બને તો આપણને વધારે ધીરજ ને વધારે ખંત રાખવી પડશે.

આ વિચારણામાં સહાયક થાય એવી બીજી કેટલીક સામગ્રી આપણી કને મોજૂદ છે તે વિસારવી ન જોઇએ. સાહિત્યપરિષદ્‌નાં જુદાં જુદાં પ્રમુખસ્થાનોએથી આપણા સાહિત્યને જે મૂલ્યવાન સમૃદ્ધિઓ મળેલી છે તેઓમાંનાં ઘણામાં વિજ્ઞાનપરિભાષાના પ્રશ્નનો સંક્ષેપમાં પણ મુદ્દાસર સ્પર્શ કરેલો છે. જો કે તેઓમાં, ગત વિજ્ઞાનવિભાગના પ્રમુખ સિવાય, કોઇ પણ વિજ્ઞાનશાસ્ત્રી ન્હોતા, તો પણ ભાષા ને સાહિત્યનાં શાસ્ત્રોના તેઓ ઊંડા અથવા વ્યાવહારિક અભ્યાસી હોવાથી, તેઓએ જે પ્રકાશ નાંખ્યો છે તે થોડો હોવા છતાં મ્હને અનુભવ ને ડહાપણનાં તત્ત્વોથી સમૃદ્ધ લાગ્યો છે. એ ભલામણો મ્હને લાગે છે કે આપણી વિચારણામાં ઘણી સહાયક થવી જોઇએ. વળી વિજ્ઞાનપરિભાષા વિષે જ કેટલાક લેખો પરિષદ્‌ના અહેવાલોમાં છપાયા છે, ને બીજા અન્યત્ર પ્રકટ થયા હશે. સૌથી વધારે માર્ગદર્શક બે લેખો મ્હારા જાણવામાં છે, અને જો કે કોઇની એકેકેએક ભલામણની સાથે પ્રત્યેક જણ સંમત ન થાય એ સ્વાભાવિક છે, તો પણ એકંદરે તે બન્ને તલસ્પર્શી ને ગ્રાહક દૃષ્ટિ પ્રકટ કરે છે એ નિઃસંશય છે. એક રા. રા. પોપટલાલ ગોવિન્દલાલ શાહનો "ગુજરાતી વિજ્ઞાન કોષ" ઉપર "સાહિત્ય" પત્રમાં (સન ૧૯૨૦ના સપ્ટેમ્બર અંકમાં) પ્રકટ થયેલો વિવેચનાત્મક લેખ અને બીજો, તેથી ય વધારે મૌલિક વિચારણાવાળો, શ્રીયુત જોગેશચન્દ્ર રાયનો, "સયાજી વૈજ્ઞાનિક શબ્દ-સંગ્રહ"ની સમાલોચનાનો "મૉડર્ન રીવ્યુ" (ઑગસ્ટ ૧૯૨૨) માં પ્રકટ થયેલ અંગ્રેજી લેખ.

કેટલીક ખાસ મુશ્કેલીઓ.

બીજી એક વાત વિસરવા યોગ્ય નથી. સામાન્ય શબ્દકોષ અને ગુજરાતી ભાષાના આવા વૈજ્ઞાનિક શબ્દકોષની વચ્ચે કેટલીક બાબતમાં મ્હોટો ફેર છે. સામાન્ય શબ્દકોષમાં ભાષામાં પ્રચલિત થઇ ગયેલા શબ્દોનો જ સંગ્રહ હોય છે, અને તેઓના જુદા જુદા રૂઢ અર્થોનો નિર્દેશ કરેલો હોય છે. આપણું કામ આ અને એ કરતાં ય વધારે છે. પ્રચલિત વૈજ્ઞાનિક શબ્દોનો સંગ્રહ કરવો એ તો આવા કોષકારનાં કામોમાંનું એક છેઃ અત્યાર લગીમાં જે જે વિજ્ઞાનપુસ્તકો ને વિજ્ઞાનલેખો ગુજરાતીમાં પ્રકટ થયેલાં છે તેઓમાં, તથા જે જુદાં જુદાં વ્યાવહારિક વિજ્ઞાન-શાસ્ત્રો ગુજરાતના હુન્નરકળાને લગતાં છે, જે ઉપર પુસ્તકો પ્રકટ થયાં નથી, અને જેના પારિભાષિક શબ્દો તેઓના ખાસ કારીગરો તથા ઉસ્તાદોમાં જ મુખ્યત્વે ફરી વળે છે તેઓમાં જેટલું શબ્દભંડોળ છે તે સઘળું ભેગું કરવાનું કાર્ય, એ તો હજી એક જ કામ થયું. કેટલાક પ્રચલિત શબ્દોનો અર્થનિર્ણય કરવાનું તથા ત્હેને મળતા અંગ્રેજી શબ્દોનો નિર્ણય કરવાનું કામ પણ આની સાથે જ કરવાનું છે. કેટલાક શબ્દો તો અર્ધપ્રચલિત જેવા હોય છે, કારણ કે કોઇ લેખકોએ તેઓને નવા જ યોજી ઉપયોગમાં લીધા હોય છે, તેઓની યોગ્યતા તથા તેઓની પ્રચલિતતા બન્નેનું ખરૂં મૂલ્ય આંકવું બહુ મુશ્કેલ પડે છે. તો પણ વિવેક તથા ઉદાર દૃષ્ટિથી તે કાર્ય પણ કરવા યોગ્ય છે.

આમાં જે એક મુશ્કેલી હમણાં જ ઉભી થઇ છે ને જે થવી જોઇતી ન હતી તે "ઋષાજી વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ"ના યોજકોની એક રીતિને આભારી છે. આ રીતિ ઉપર તેઓ જુને તેટલો જલ્દી વિચાર કરે ને ત્હેનો ત્યાગ કરવાનું યોગ્ય સમજે એ આ દૃષ્ટિએ બહુ જ જરૂરનું છે. તે મુશ્કેલી અંગ્રેજી શબ્દોને સંસ્કૃત વેશ પહેરાવી, બન્ને મૂળમાંથી તેઓને ખસેડી એકદમ સાહિત્યમાં ઉમેરવાથી ઉત્પન્ન થઇ છે. દાખલા તરીકે આ સંગ્રહમાંથી પુષ્કળ શબ્દો આપી શકાય એવા છે તેમાંના કેટલાક, ખાસ કરીને રસાયનવિદ્યાને લગતા, સ્પષ્ટતા માટે, નીચે રજુ કરૂં છું:

અંગ્રેજી.	નવો રચેલો.	અંગ્રેજી.	નવો રચેલો.
આર્ગોન.	આજર્ન.	ઑસ્મિઅમ.	આમોદક.
બેરિયમ.	ભારાય.	સેલીનીઅમ.	સૌમ્ય.
બિસ્મથ.	વિષમથ.	ટેન્ટેલમ્.	તંનિલીય.
નીઑન.	નવીન.	નાઇટ્રોજન.	નત્ર.

આ કૃત્રિમ તથા ભ્રમજનક રીતિને કોઇ પણ ભાષાશાસ્ત્રી અનુમતિ આપે તો મ્હને આશ્ચર્ય થાય. કોઇ અંગ્રેજી શબ્દ ઘણાં વર્ષો લગી રૂઢ થઇ જનતાને મુખે આવા પ્રકારની વિકૃતિ પામ્યો હોય, ત્હેને સ્વીકારવો એ એક વાત છે, અને આમ પહેલેથી વિકૃત કરી, સંસ્કૃત ધ્વનિથી કાંઇ અર્થમયતાનું સૂચન પણ કરવું, એ તદ્દન જુદી વાત છે. એક તદ્દન અનાવશ્યક મુશ્કેલી આ પ્રમાણે ઉભી થાય છે, અને તે વધે તે પહેલાં ત્હેને રોકી દેવી એ ડહાપણ છે.

આ ઉદાહરણોમાં ગુજરાતી પર્યાય તરીકે મૂકાયલા શબ્દો સંસ્કૃત વેશ ધારી હોવા છતાં કાંઇ પણ અર્થરહિત હતા: બીજા કેટલાક શબ્દો સંસ્કૃત તથા અર્થવાળા હોવા છતાં, અનુચિત અર્થવાળા હોય છે અને તેથી ય મુશ્કેલી થાય છે. એ ખરૂં છે કે તદ્દન નવા શબ્દો બનાવવાને બદલે કોઇ જૂનો શબ્દ અથવા શબ્દસમૂહ નવો અર્થ પ્રકટ કરવાને સમર્થ હોય તો તે રસ્તો વધારે સારો છે. પણ તે શબ્દની અર્થશક્તિનું પૂરેપુરૂં તોલ તો કાઢવું જ જોઇએ. દાખલા તરીકે નીચેના પર્યાયો અર્થરહિત નથી છતાં અયોગ્ય ને ભ્રમજનક અર્થનો જ ધ્વનિ કરે છે.

હાઇડ્રોજન માટે	આર્દ્રવાયુ.	એમોનિઆ માટે	અપાનવાયુ,
હાઇડ્રૉલિસિસ ,,	જલહરણુ.	હાઇડ્રો-કારબન ,,	આર્દ્રાંગિરસ.

પ્રત્યેક વિજ્ઞાની લેખક આ રીતિઓ અનુસરીને પોતાની મોડી મરજી માફક શબ્દો વાપરવા અને રચવા લાગે, તો ગુજરાતી શબ્દસંગ્રહ એકદમ મ્હોટો તો થઇ જાય!

વિજ્ઞાનશબ્દકોષની મ્હોટામાં મ્હોટી મુશ્કેલી, આ પ્રમાણે, નવીન અર્થોનો નિર્ણય કરવાની અને નવીન શબ્દો ખોળી કાઢવાની છે. આ વિષયની સ્વાભાવિક મુશ્કેલી વધવાનાં કારણોમાં કૃત્રિમ એકરૂપતા માટેનો આગ્રહ પણ એક છે. કેટલાકને દરેક શબ્દ સંસ્કૃત અથવા સંસ્કૃતવેશી હોય તો જ સંતોષ થાય છે, ત્યારે કોઇકને આખી પરિભાષા એકદમ અંગ્રેજી ઉપરથી ઉતારી લીધી હોય તો જ ચ્હેન પડે છે. વળી કોઇક એવા પણ હશે કે એક જૂનો શબ્દ મળી આવતો હોય તો પછી તે ઉપરાંત તે જ અર્થનિર્દેશ માટે બીજો સંસ્કૃત કે અંગ્રેજી

પર્યાય સહન કરી શકે નહિ. આ મુશ્કેલી રસાયન, પ્રાણી, વનસ્પતિ, ભૂમિ, શરીર ઇત્યાદિ શાસ્ત્રો માટે ખાસ ઉભી થાય છે, કારણ કે તેઓનો મ્હોટો ભાગ વર્ણનાત્મક હોવાથી પ્રત્યેકને માટે હજારો નવા પદાર્થોનાં નામ ખોળવાની જરૂર પડે છે: તે તે શાસ્ત્રની ગુજરાતીમાં બહુ થોડી ખિલવણી હોવાથી ગુજરાતીમાં તેમાંના ઘણા પદાર્થોનું જ્ઞાન ને નામ પણ હોતાં નથી.

આવાં વિજ્ઞાનશાસ્ત્રોને માટે શબ્દો રચવામાં કોઇ એક સામાન્ય પદ્ધતિના અને તદનુસારી એકરૂપતાના ફાયદા સમજી શકાય એવા છે. પણ દેખીતી રીતે અહિં અતિયોગ પણ થાય એમ છે. કેટલાંક સ્વાભાવિક ને પ્રાણપ્રદ તત્ત્વોને "બૉયકૉટ" કરવાની વૃત્તિ પણ જન્મ પામી શકે છે અને ભાષાની સમૃદ્ધિનાં કેટલાંક નૈસર્ગિક દ્વાર બંધ પણ કરાય છે. તેમાં, ખાસ કરીને જરા વધુ વપરાશના સામાન્ય શબ્દોને માટે, એમ પણ પૂછવું પડે છે કે તે અર્થ અથવા તે પદાર્થને સૂચવનાર એક કરતાં વધારે શબ્દ ભાષામાં હોય તો શું ખોટું છે?

આખરે ય જેવી પ્રજા તેવી ભાષા. ગુજરાતી ભાષા કોની છે? ગુજરાત કોની છે? ગુજરાતી પ્રજા કોણ છે? એ સર્વ વિષે લગભગ અર્ધી સદી ઉપર "વીર" નર્મદે આપણને અમર શબ્દોમાં શીખવ્યું છે તે આપણાથી કદી ભૂલી જવાશે કે?

આપણી વિજ્ઞાનપરિભાષાનો પાયો (૧) સંસ્કૃત, (૨) ફારસી, અરબ્બી, કે (૩) અંગ્રેજી એમાંથી શેનો હોવો જોઇએ એ સૌથી વધારે વિવાદકારક ને સૌથી વધારે મૌલિક પ્રશ્નનું

નિર્ણયભૂમિ.

સમાધાન, (૧) ગુજરાતી ભાષાનું વ્યક્તિત્વ, (૨) પ્રત્યેક સાધનમાર્ગની અનુકૂળતા ને સામર્થ્ય, (૩) અન્ય હિન્દી ભાષાઓએ સ્વીકારેલાં ધોરણ, અને (૪) હિન્દની બહારની સમસ્ત વિજ્ઞાનની આલમ સાથે ગુજરાતી વિજ્ઞાનને તથા ગુજરાતી વિજ્ઞાનસાહિત્યને જાળવવાનો સંબન્ધ—એ સર્વની વિવેકપૂર્ણ વિચારણાથી જ થઇ શકશે. એ ચારમાંથી પ્રત્યેકને એકી વખતે પૂરેપૂરૂં માન આપવું અશક્ય છે, કારણ કે ઘણીવાર પ્રત્યેકની માગણી અન્યના વિરોધમાં ઉભી થશે. પરંતુ એ પણ નિર્વિવાદ છે કે એ ચારમાંથી કોઇની ય તદ્દન અવગણના કરવી અને વિજ્ઞાનની ગુજરાતી પરિભાષાનો સ્થાયી ને અચળ પાયો નાંખવાની આશા રાખવી એ અશક્ય છે,

આ ઉપરાંત બીજા ઘણા સવાલો પરિભાષાને અંગે ઉભા થશે, પણ તેઓમાંના ઘણા ખરા વિગતના છે (જો કે તેથી અગત્યવિનાના છે એમ સમજવાનું નથી).

સંક્ષેપમાં, આ સમગ્ર પ્રશ્નનું અવલોકન કરતાં એમ જણાય છે કે વિજ્ઞાનની ગુજરાતી પરિભાષાને માટે એક પાસથી જૂની ગુજરાતી, ભાષાશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, સાહિત્યવિકાસ આદિનું પૂરેપૂરૂં જ્ઞાન જોઇશે; બીજી પાસથી સંસ્કૃત, ફારસી, અરબ્બી, અંગ્રેજી, વગેરેના જે જે સમુદ્રોમાંથી આપણે નવાં શબ્દરત્નો આણવાનાં છે તેઓનું તથા તેઓમાં પરિભાષાની કાંઇ સંપત્તિ હોય તો ત્હેનું સંપૂર્ણ જ્ઞાન જોઇશે; ત્રીજી પાસથી, ગુજરાતની પેઠે અન્ય હિન્દપ્રાન્તોમાં જે પ્રયાસો થતા હોય ને જે સિદ્ધ પામ્યા હોય તેઓનો સજીવ સંપર્ક જોઇશે, એટલું જ નહિ પણ જ્યારે આવા પ્રયાસો "અખિલ ભારતીય" સહકારને પામીને,

કોઈ "સકલ હિન્દના" કે "ઑલ-ઇન્ડિઆ" સંયોજનથી કામ કરવા માંડે ત્યારે તેમાં આપણું સ્થાન લેવા તૈયાર રહેવું જોઇશે; અને ચોથી પાસથી (કેટલાક ઉત્સાહીઓ વિસરી જાય છે કે) વિજ્ઞાનશાસ્ત્રોનું પોતાનું તાજું ઊંડું ને ચોકસ જ્ઞાન જોઇશે, કારણ કે એ વગરના સઘળા પ્રયાસો વૃથા છે.

આ ચાર ઉપરાંત બીજા કશાની જરૂર હોય તો, આપણાં અન્ય સાર્વજનિક કાર્યોમાં પણ જેની ઘણી જરૂર પડે છે તે, કામ કરવાની શુદ્ધ વૃત્તિ, નિખાલસ ચર્ચા, સમર્થ સહકાર, અહંતા-તરંગીપણું-બૉયકાટવૃત્તિ એ સર્વને સ્થાન જ ન આપવું એવો નિશ્ચય, અને પરિભાષાનું તથા વિજ્ઞાનનું ચિરંજીવ મન્દિર ગુજરાતમાં ઉભું કરવાની ઉલ્લાસભરી પ્રતિજ્ઞાઃ એ જ છે.

પરિભાષા ઉપરાંત બીજા પણ પ્રશ્નો આપણે વિચારવાના છે. વૈજ્ઞાનિક વ્યાખ્યાનમાળા, વિજ્ઞાનના વાતાવરણની રચના, સંગ્રહસ્થાન-પ્રદર્શન-"Conversazione" આદિની સ્થાપના, શિક્ષણક્રમમાં વિજ્ઞાનનું સ્થાન, ને શિક્ષણપુસ્તકો માટે સૂચના, વગેરે વગેરે. પણ હું ધારૂં છું કે એક વ્યાખ્યાનમાં આવી શકે તેથી ઓછું મ્હેં કહ્યું નથી, કોઈ કહેશે કે વધારે કહી દીધું છેઃ તેથી તે પ્રશ્નો આપણા વિભાગની સભાને માટે તથા તે વિષે બોલવાને ખાસ તૈયાર હોય તેવાઓને માટે રાખીશ, અને આપની હવેની વિચારણામાં ખાસ ઉપયોગી થાય એવી બાબતો સંક્ષેપમાં ઉપસંહારરૂપે રજુ કરીશઃ

ઉપસંહાર.

૧. એક સ્થાયી વિજ્ઞાનસમિતિઃ બની શકે તો પ્રત્યેક મુખ્ય મુખ્ય વિજ્ઞાનશાસ્ત્રના એક કે વધુ પ્રતિનિધિની બનેલી. ત્હેના સભ્યો ટપાલદ્વારા કે મળીને સંસર્ગ સાચવે, ને બને તો વર્ષમાં એક વાર પણ ભેગા થાય. વિજ્ઞાનસાહિત્યને લગતી પ્રવૃત્તિઓ આરંભે તથા ચાલુ રાખે.

૨. ગત પરિષદ્‌માં નીમાયલી સમિતિએ શરૂ કરેલી વ્યાખ્યાનમાળા ચાલુ રાખે અને, તેના ઉદ્દેશ અનુસાર આગળ ખીલવે.

૩. એક જાતના પ્રકાશક-મન્દિર ("પબ્લીસીટી બ્યુરો")નું કાર્ય તે કરેઃ એવી રીતે કે વિજ્ઞાનના સત્તાવાર લેખો સમાચાર વગેરે સરળ રૂપમાં લખાય ને નિરન્તર પ્રગટ થાય. તે માટે લેખકો તથા પ્રકાશકો બન્નેના સંસર્ગમાં રહે. ગુજરાતના પ્રકાશકો તથા સાહિત્યસંસ્થાઓ પણ, જરૂર પડયે, લેખો માટે, લેખકોને માટે, ગ્રન્થાવલોકન માટે, તથા એવી અન્ય સહાયતા માટે, તે સમિતિના સભ્યોને પુછી શકે. વિજ્ઞાનશિક્ષણના ગુજરાતી સાહિત્ય સંબન્ધી પણ પુછવા યોગ્ય સ્થાન તે થઇ શકે.

૪. વિજ્ઞાનની ગુજરાતી પરિભાષાના આધારરૂપ નિયમો મેળવવાને માટે, તથા ત્હેનુ આ કામ આગળ વધારવાને માટે, જરૂરી પ્રયાસ કરે.

૫. વિજ્ઞાનસાહિત્યને લગતી બીજી કોઇ પ્રવૃત્તિ કરવા તે શક્તિમાન હોય તો તે માટે સભા, સંમેલન, ઉપસમિતિ આદિની યોજના કરે.

સન્નારીઓ અને સજ્જનો ! વિજ્ઞાન અને સાહિત્ય ઉભયના શિષ્ટ સમ્પ્રદાયને પાળીને કાર્ય કરવાના આપણા આદર્શને ઘણી મુશ્કેલીઓ નડશે. તે સૌને ધીરજ ને સંપથી વટાવીને

આપણે સર્વાંગસમૃદ્ધ, લોકગમ્ય તેમ જ સંશોધનાત્મક, વિજ્ઞાનસાહિત્ય ગુજરાતમાં પ્રકટ કરી શકીએ જેથી, પ્રાતઃકાળના સૂર્યની પેઠે, વિજ્ઞાનનો પ્રકાશ ધીરેધીરે આપણી પ્રજાના સમગ્ર જીવનની અંદર વ્યાપી રહે. એના પાયારૂપ કાર્યો આપણે યોજવાનાં છે. આરંભશૂરતાના જાણીતા રોગમાંથી બચવાની જરૂર છે, તેમ માત્ર આરંભની જ મુશ્કેલીઓથી ડરી જવું પણ જોઇતું નથી. ધારેલી સિદ્ધિ ઝટ ન મળી તેથી જેમ ગભરાવાનું નથી તથા પરાજય પોતે જ ઘણી વાર જયમાર્ગ તરફ લઇ જાય છે એ યાદ રાખી આગળ ને આગળ જ વધવાનું છે, તેમ અતિ ઉતાવળા થઇ બધું સ્હેલુંસટ છે એમ માની લઇ પાછળથી પસ્તાવામાં પડવાને બદલે "चलत्येकेन पादेन तिष्ठत्येकेन बुद्धिमान् ।" એ સુવર્ણસૂત્ર પણ યાદ રાખવા જેવું છે. આપણે ગુજરાતના કાર્યકર્તાઓમાંના આટલા આજ એકત્ર થયા છીએ, અને બીજા ઘણા આપણી પાછળ છે, તો એ જ ઉચિત છે કે અત્યારલગી થયેલા કામને આગળ વધારીને જ આપણે છૂટા પડીએ, અને છૂટા પડયા પછી પણ બેશી ન રહીએ.

વિજ્ઞાની કાર્યકરમંડળની બહારનાં પણ વિજ્ઞાનરસિક તથા સાહિત્યવિલાસી જે અન્ય સ્ત્રીપુરુષો અંહીં ભેગાં થયાં છે તેઓને એક છેલ્લો શબ્દ કહેવાની રજા લઉં છું.

ઈંગ્લંડના આજના મ્હોટામાં મ્હોટા, ને મ્હારા પ્રિયમાં પ્રિય, નાટકકાર જેમ્સ બેરી (સર જેમ્સ બેરી)નું એક વચન મ્હારા મન આગળ આજ વારંવાર આવ્યું છે: " The man of science appears to be the only man who has something to say just now—and the only man who does not know how to say it." અર્થાત્ "વિજ્ઞાની મનુષ્ય આજે એવો એક જ માણસ દેખાય છે કે જેને કાંઇક કહેવાનું છે—અને એવો એક જ માણસ દેખાય છે જે તે કેવી રીતે કહેવું એ જાણતો નથી." આપના દિલમાં પણ એવું આવ્યું હશે ?

મ્હને તો એક વાત બ્રમ્હાના અક્ષર જેવી અચળ ને નિર્દિષ્ટ દેખાય છે, અને તે જ મ્હારી ત્રુટિત રીતે કહેવાનો મ્હેં આજ પ્રયાસ કર્યો છે, કે ગુજરાતે-હિન્દે વિજ્ઞાનનો સન્દેશ ગ્રહણ કરવો જોઇએ. જગતની આ નવી શક્તિનો પ્રભાવ, જે હજી વૃદ્ધિમન્ત જ છે, ત્હેને વિજ્ઞાનમંડળની બહારના વિચારકોએ પણ સ્વીકાર્યો છે. આપણી પડતી શરૂ થઈ ત્યારે ને ત્યારથી આપણે વિજ્ઞાનને વિસાર્યું છે, અને અત્યારે અર્વાચીન વિજ્ઞાનનાં મ્હોટામાં મ્હોટાં ફળો તથા કૃતિઓથી આપણે કાં તો તદ્દન અજ્ઞાન છીએ, અથવા તો ત્હેના પડઘા જ આપણી સ્વપ્નશીલ વૃત્તિ સાંભળે છે. હકૂમત, દ્રવ્ય લોભ, રાજકીય લાભ ઇત્યાદિ બળો પોતાના સ્વાર્થને ખાતર વિદેશથી કાંઇ કાંઇ વિજ્ઞાનસિદ્ધિ આપણી કને આણે છે ત્હેને આપણે અજ્ઞાનના દીનકૌતુકથી અથવા તત્ત્વજ્ઞાનના સગર્વ તુચ્છકારથી જોઇએ છીએ. આપણી પ્રજામાં આજે પણ કેટલા ટકા માણસો એવા નીકળશે જેઓએ ટેલિફોનના પરિચિત "હ-લ્લો" અને "બ્રૉડ-કાસ્ટિંગ" કદી સાંભળ્યાં પણ ન હોય ! અથવા જેઓ અતિસામાન્ય મોટર ને એન્જીનની કરામત લેશ પણ સમજ્યાં ન હોય ! તો પછી " ઇલેક્ટ્રૉન " ને આઇન્સ્ટાઇનની તો વાત જ શી કરવી ? છતાં જૂની ને નવી દુનિયાની વચ્ચે ખરો તફાવત કરનાર વિજ્ઞાનબળ વિના આપણો ઉદ્ધાર શકય છે ?

કોઇ કહેશો કે વિજ્ઞાન તો હવે હિન્દમાં આવ્યું જ છે ને આવ્યાં જ કરશે. તો પછી આટલી લાંબી ફિકર શા માટે ? ત્હેનો ઉત્તર એ જ છે કે વિજ્ઞાનનું આ આક્રમણ તદ્દન સાચું છે, પણ શું તે આપણી વિભૂતિથી જીતી આણેલી શક્તિ તરીકે આવેલ છે ? આજે એ ભલે આપણી કેટલીક સગવડો વધારે, પણ એકંદરે એ આપણી પરાધીનતા અને આપણું દાસત્વ જ વધારે છે એ નક્કી છે. અને આક્રમણ અનિવાર્ય છે ત્યારે ખરેખરો સવાલ તો એ જ છે કે એના આપણે દાસ થઇશું કે આપણે ત્હેને સસિદ્ધ કરી અને આપણો ખરો મિત્ર બનાવીશું ! આ સવાલનો એક જ જવાબ હોઇ શકે : અને ત્હેના માર્ગ વિજ્ઞાન-વૃદ્ધિ, વિજ્ઞાનપ્રસાર તથા વિજ્ઞાનની સ્પષ્ટ સમજ જ છે.

હું વિજ્ઞાનનો નમ્ર ભક્ત છું: પણ વિજ્ઞાનભક્તિ એટલે જડવાદ-યાંત્રિકતા-દ્રવ્યલોભ-જાતીયસ્પર્ધા-વર્ણદ્વેષ ઇત્યાદિની પૂજા નથી. એ સર્વને આપણે " પાશ્ચાત્ય " કહીએ છીએ, —અને પશ્ચિમે તે જાહેર રીતે પ્રકટ કર્યાં છે ત્હેની કોણ ના કહી શકશે !—પણ આપણા પૂર્વમાં, આપણા જ દેશમાં ને આપણા જ ઘરમાં શું તે નથી કે ? તે તો માનવપ્રકૃતિના અંશ છે. કાંઇ કહેવાતા પૂર્વપશ્ચિમનાં લક્ષણ નથી. તેઓ વિજ્ઞાનને પોતાની સેવામાં જોડે માટે વિજ્ઞાન અને તે એક જ થઇ જતાં નથી. આ દુષ્ટ અંશો સર્વત્ર નિન્દ્ય છે. પણ તેઓને ગાળ દેનાર માત્ર ગાળ દીધાથી પવિત્ર થઇ જતો નથી.

આપણો ખરો શત્રુ અજ્ઞાન છેઃ એના છત્ર તળે દારિદ્ર, રોગ, પરાધીનતા, ભીરુતા, કુસંપ આદિ અનેક સરદારો ભેગા થઇ, એના જ શાસનથી, આપણી ઉપર રાજ્ય કરે છે.


એમ ન માનતાં કે હું વિજ્ઞાનનો અન્ધપૂજક છું. આપણા ઉદ્ધાર માટે જે જે શક્તિઓ આપણે મેળવવાની છે તેઓમાં મ્હોટામાં મ્હોટી એક વિજ્ઞાનની છે એટલું જ મારૂં વકતવ્ય છે. બીજીઓ વિષે અન્ય વિચારકો તથા દૃષ્ટાઓ વારંવાર આપણને કહે છે. તેઓ કાં તો વિજ્ઞાનને જાણતા નથી અથવા વિસરી જાય છે. વસ્તુતઃ, મહાત્માજીએ બતાવેલો શુદ્ધિ તથા સ્વાશ્રયનો અહિંસાત્મક માર્ગ અને કવિશ્રી ટાગોરે બતાવેલ પૂર્વપશ્ચિમના સંસ્કૃતિસંગમથી, સમન્વયથી, ઘડાનાર નવીન શ્રેષ્ઠ મનુષ્યત્વનો માર્ગ—એ બન્નેના જેટલી જ મહત્તાવાળો અને એ બન્નેની સાથે સમતાથી મળનારો એવો આ ત્રીજો માર્ગ, વિજ્ઞાનનાં શુદ્ધ તત્ત્વને, પદ્ધતિને તથા પ્રકાશને આપણા જીવનના પટપટાન્તરોમાં ઉતારવાનો છે.

કવિવર ટાગોર કહે છે તેમ, પણ નમ્રતાથી, વિજ્ઞાનસાહિત્યનો પ્રત્યેક ભક્ત કહી શકે કે,

" The idea is great. I accept it. I fully believe in it ; it is leading me on in an unknown path, yet how ludicrously small we are ! The petty complications of our daily life, how insignificant and yet how obstructive ! We have our path across the mountains, but rubbish heaps made of daily refuse of life, lying scattered on our path, cause trouble and delay and produce fatigue. But the sun is shining overhead, and God's blessing is in my heart ; the call is clear and help is waiting by the road side."

કાન્તિલાલ છગનલાલ પંડ્યા.

Printed by D. R. Mitra at Manoranjan Press, 3 Sandhurst Rd, Bombay 4,
& published for the Seventh Gujarati Sahitya-Parishad of Bhavnagar by
Prof. Kantilal Chhaganlal Pandya, M. A., Ph. D. etc., of Chinabag, Bombay.



શ્રીયુત ફતેહચંદ કર્પૂરચંદ લાલન.

સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના જૈનવિભાગના અધ્યક્ષ.

Lakshmi Art, Bombay, 8.

સાતમી ગુજરાત સાહિત્ય પરિષદ્‌ના જૈન વિભાગના અધ્યક્ષ
શ્રીયુત્ પંડિત ફત્તેહચંદ કપૂરચંદ લાલનનું ભાષણ.

જૈન સાહિત્યની હિતાવહ દિશા.

यो विश्वं वेदवेद्य जननजलनिधेर्भृगिनः पारदृष्वा,
पूर्वापर्याविरुद्धं वचनमनुपमम् निष्कलंकं यदीयम्;
तं वंदे साधुवंद्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषन्तम्,
बुद्धं वा वर्द्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा.[१] १

बोधागाधं सुपदपदवीनीरपूराभिरामम्,
जीवाऽहिंसाऽविरललहरिसंगमागाहदेहम्;
चूलावेलं गुरुगममणिसंकुलं दूरपारम्,
सारंवीरागमजलनिधिं सादरं साधु सेवे.[२] २

૧—જેમના જ્ઞાને જાણવા યોગ્ય સમગ્ર વિશ્વને જાણ્યું છે, જેઓના દર્શને સંસારરૂપ મહાસમુદ્રનો પાર દીઠો છે, જેમનું પ્રવચન (આગમ) પૂર્વાપર અવિરુદ્ધ છે, અનુપમ છે, ને નિષ્કલંક છે, જેઓ સાધુજનોને પણ વંદ્ય છે, સકળ ગુણના ભંડાર છે, દોષ-રૂપ શત્રુનો નાશ કરનાર છે, એવા કોઇપણ પુરુષવિશેષને હું વંદન કરૂં છું. પછી જોઇએ તો તે બુદ્ધ હો, વર્ધમાન હો, બ્રહ્મા હો, વિષ્ણુ હો, કે મહાદેવ હો.

૨—જેમ સમુદ્ર અથાગ હોય છે તેમ અપરિમિત જ્ઞાનવાળા જિનાગમો પણ અથાગ છે. જળની અતિશયતાને લીધે જેમ સમુદ્ર સુંદર લાગે છે, તેમ લલિત પદોની રચનાને લઇને આગમ પણ સુંદર લાગે છે. ઉપરાઉપરી મોજાઓ ઉડતા હોવાથી સમુદ્રમાં પ્રવેશ કરવો કઠણ લાગે છે, તેમ જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારોથી જિનાગમો પરિપૂર્ણ હોવાથી તેમાં એકદમ પ્રવેશ કરવો કઠણ લાગે છે. સમુદ્રમાં મોટા મોટા તટ હોય છે તેમ આગમમાં પણ મોટી મોટી ચૂલિકાઓ-પૂરવણી હોય છે. સમુદ્રમાં રત્ન-મોતી અને પરવાળા જેવી વસ્તુઓ છે તેમ આગમમાં ઉત્તમ ગમ-આલાવા (અર્થાત્ અનેકાર્થ બોધવાળા સદૃશ પાઠ) હોય છે. સમુદ્રની જેમ આગમનો પાર પામવો-અર્થાત તે સંપૂર્ણ રીતે સમજવુ અત્યંત કઠિણ હોય છે. એવા આગમોની હું ભક્તિ તથા વિધિપૂર્વક સેવા કરૂં છું.

સાહિત્યરસિક આત્મપ્રિય સુશીલ બ્હેનો અને સુજ્ઞ બાંધવો !

સમાજસેવા અને જ્ઞાનસેવા કરવા જેટલું મારામાં બળ હો કે ડહાપણ હો યા ન હો પણ મારા અંતરને તે અત્યંત પ્રિય છે; એટલા માટે જ્યારે આ પરિષદ્‌ના વિદ્વાન્ મંત્રીઓ તરફથી પરિષદ્‌ના જૈન વિભાગનું પ્રમુખપદ સ્વીકારવાનો આદેશ આવ્યો ત્યારે મને મારી અયોગ્યતાનું સંપૂર્ણ ભાન હોવા છતાં મેં તે આદેશ શિરસાવંધ કર્યો. એટલુંજ નહીં પણ સાહિત્યના ક્ષેત્રમાં મને સેવા કરવાની એક અલભ્ય તક આપી તે માટે તેજ વખતે મેં તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માન્યો. અત્યારે ફરીથી વાણીથી એ ઉપકાર હું વ્યક્ત કરૂં છું.

વકતૃત્વકળાને અપનાવવા જે કાંઇ મેં શ્રમ લીધો છે તેવો લેખ લખવાનો પ્રયત્ન ન થવાથી સ્વાનુભવદર્પણનો દુઃખદ પ્રસંગ મને યાદ આવ્યા વિના રહેતો નથી. ફુટનોટમાં રહેલ પ્રમાદને લઇ મ્હારો સમાજ મ્હારા આશયને સમજી શકયો નહીં. જાતે મૂર્ત્તિપૂજક, શ્રદ્ધાએ મૂર્ત્તિપૂજક અને મૂર્તિદ્વારા પ્રભુપૂજનમાં કેવો આનંદ રસ લેવાય છે તેવાં ભાષણો આપવા છતાં અને એ મારો લેખ મારા આશયને બીલકુલ સંદિગ્ધ ન કરતો હોવાથી હું હજુપણ એ લેખની ધીરજપૂર્વક ફુટનોટ વાંચી જવાની ભલામણ કરૂં તો મને ક્ષમા થશે. એટલું કહી આ લેખના શબ્દો કરતાં આશયપર વિશેષ લક્ષ આપવાની સુજ્ઞ શ્રોતાજનોને પ્રાર્થના કરી આ લેખ વાંચવા પ્રારંભ કરૂં છું.

જૈનોનું વાઙ્મય સાહિત્ય—જૈનોના વાઙ્મય સાહિત્ય ઉપર હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે મને એમ લાગે છે કે જ્ઞાન એક એવી પવિત્ર પૂર્ણ અને અદ્‌ભુત વસ્તુ છે કે શબ્દમાં આવતાં તેની પવિત્રતા વધવાને બદલે કંઇક ન્યૂન થતી હોય અને લિપિમાં ઉતરતાં તો તેથી પણ વિશેષ ન્યૂન થતી હોય. શ્રી તીર્થંકરોના ઉપદેશ વિષે દિગંબર સંપ્રદાયનો એવો મત છે કે તીર્થંકરો માત્ર ૐ નોજ ધ્વનિ કરે છે અને તેમના મુખ્ય શિષ્યો તેનો ભાવ સમજી વાણીમાં ઉપદેશ આપે છે. શ્વેતાંબર સંપ્રદાય એવો મત ધરાવે છે કે શ્રી તીર્થંકર પ્રભુઓ પોતાના ગણધરોને ઉત્પાદ વ્યય ને ધ્રુવ (ઉત્પત્તિ, વ્યય, અને સ્થિતિ) એ પ્રકારની ત્રિપદીમાં ઉપદેશ આપે છે અને ગણધરો તેને શબ્દમાં ગુંથે છે. આ રીતે વાઙ્મયની પવિત્રતા છેક મહાવીરથી માંડીને ઇ. સ. ના પાંચમા–

---

૧ ધ્વનિમય ૨ વાકમય ૩ લેખમય, ૪ મુદ્રામય,

છઠ્ઠા સૈકા સુધી રહી પછી જેમ જેમ સ્મૃતિભ્રંશ થવા લાગ્યો તેમ તેમ ગણધરો અને શ્રુતકેવળીઓ વિગેરેના ઉપદેશેલા પાઠ ભૂલાવા લાગ્યા. એ સંબંધે એક એવી કથા છે કે ' એક વેળા એક મુનિશ્રીએ કાન ઉપર હળદરનો ગાંઠીયો રાખેલો તે પાછો વાપરવો ભૂલી ગયા; તેથી સમજાયું કે હવે સ્મૃતિભ્રંશ થવા લાગ્યો છે.' એટલે ત્યાર પછી જ્ઞાનને પુસ્તકારૂઢ કરવાનું ઠર્યું અને સઘળા જૈન શ્રમણોએ તે કબુલ રાખ્યું. પછી મથુરામાં સૌ પ્રથમ મુનિપરિષદ મળી અને જે જે મુનિઓને પાઠ યાદ હતા, તે તે તેમણે લખાવ્યા. આ રીતે વાઙ્મય સાહિત્ય હતું તે ગ્રંથસાહિત્યનું સ્વરૂપ પામ્યું. ત્યારપછી શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણ સૂરિના પ્રમુખપણા નીચે વલ્લભીપુરમાં બીજી મુનિપરિષદ મળી, અને તે વખતે પણ પહેલાની જેમ વાઙ્મય સાહિત્ય ગ્રંથારૂઢ થયું. મથુરાની સાહિત્ય સંયોજનાને માથુરી વાંચના અને વલ્લભીપુરની સાહિત્ય સંયોજનાને વલ્લભી વાંચના તરીકે જૈન સાહિત્યમાં ઓળખાવવામાં આવે છે. ત્યારપછી વિદ્વાન જૈનાચાર્યોએ અનેકાનેક વિષયો વિષે ગ્રંથો લખ્યા અને તેનો પ્રચાર કર્યો. એ ભૂતકાળના પ્રસંગને છોડી હવે આપણે વર્તમાન ઉપર આવીએ.

આજથી લગભગ ૪૦ કે ૫૦ વર્ષ ઉપર જૈન સાહિત્યને છપાવી બહાર પાડવાનો પ્રયત્ન થયો, ત્યારે જેઓ પરંપરાની પવિત્રતાને સાચવી રાખવા ઉત્સુક હતા તેમના તરફથી તેનો વિરોધ કરવામાં આવ્યો; કારણ કે તેઓ એમ માનતા હતા કે એમ થવાથી વાઙ્મયની પવિત્રતા નહીં જળવાય. પરંતુ કાળબળે પોતાનું કામ કર્યું અને આજે પણ કર્યે જાય છે. એટલું તો નિર્વિવાદ છે કે વાઙ્મય સાહિત્ય કરતાં લેખન સાહિત્ય વિશેષ પ્રચાર પામે છે અને હસ્તલિખિત સાહિત્ય કરતાં મુદ્રિત થયેલું સાહિત્ય બહોળા પ્રમાણમાં વંચાય છે. સ્મૃતિ શક્તિનો અનાદર કરી જડ સાધનોનો આશ્રય લેવો એ એક પ્રકારનું પરાવલંબન તો છેજ, પણ જે વખતે સ્મૃતિભ્રંશ વધતો જતો હોય, તે વખતે સ્મૃતિને સહાયક થાય તેવા સાધનોનો ઉપયોગ ન કરવો તે કદાગ્રહજ લેખાય અને એવો કદાગ્રહ અનેકાંત મતના ઉપાસકોને તો બીલકુલ શોભાસ્પદ ન ગણાય. પ્રસંગોપાત હું મારા પરંપરાપ્રિય અને પ્રગતિપ્રિય પૂજ્ય મુનિવરો અને ગ્રહસ્થોને સૂચના કરવાની રજા લઉં છું કે હવે વિશેષ સ્મૃતિભ્રંશ ન થાય એટલા માટે ગ્રંથનો ફળવિસ્તાર વધારવાનો તથા જુના-ઉપયોગી ગ્રંથોનો ઉદ્ધાર કરવાનો આપણે બને તેટલો પ્રયત્ન કરવો જોઇએ.

જૈન સાહિત્યનો વિસ્તાર માપવો એ સહજ નથી. જૈનાચાર્યોએ તેને ચાર ભાગમાં વહેંચી નાંખ્યું છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરિ-

તાનુયોગ અને (૪) ચરણુકરણાનુયોગ. આ ચારે અનુયોગમાં ચાર વેદની પેઠે જૈન સાહિત્ય જીવે છે અને જીવશે.

વિશ્વના સાહિત્યમાં હિંદના સાહિત્યનું સ્થાન કયાં છે અને હિંદના સાહિત્યમાં જૈન સાહિત્યની જગા કયે સ્થળે છે તે આલેખવાને પ્રયત્ન કરવો એ મારી શકિતની બહાર છે; તથાપિ જૈન સાહિત્ય જેટલું પ્રકટ થઇ શકયું છે અને અપ્રકટ રહેલું પ્રકટ થાય તો હિંદ સાહિત્યનું ગૌરવ કેટલું વધે અને તેથી વિશ્વના સાહિત્યમાં કેવું મનોજ્ઞ અભિવર્ધન થાય એ દાખવવા યથાશક્તિ પ્રયત્ન કરીશ.

માનવસૃષ્ટિની ઉન્નતિ કે અવનતિ તેની વિચારની કક્ષા ઉપર આધાર રાખે છે. જેવા વિચાર મનુષ્ય પ્રકટ કરે છે તેવો તે થાય છે. ઉચ્ચ વિચારના સૃષ્ટા પ્રતિભાશાલી વિદ્વજ્જનો છે અને તેમની ગ્રંથસૃષ્ટિ તથા વ્યાખ્યાનસૃષ્ટિના ઉપજીવી માનવજીવો જેવી સૃષ્ટિમાં રહે છે તેવા બને છે.

જૈન-સાહિત્ય શોધખોળનો વિષય—આનંદની વાત છે કે બૌદ્ધ-સાહિત્યના જેટલું નહીં પણ કેટલેક અંશે જૈનસાહિત્ય પણ બૌદ્ધસાહિત્ય-ની પેઠે પાશ્ચાત્ય દેશોમાં ને હિંદમાં પણ હવે શોધખોળનો વિષય થઇ આદર પામવા લાગ્યું છે. વેદબાહ્ય પણ આર્યદર્શનોમાં ગણાતા બુદ્ધ ભગવાન્ કોણ હતા ? અને બૌદ્ધ ધર્મ કેવો છે ? એમ જો પૂછવામાં આવે તો સૌ કોઈ સમજુ ઉત્તર આપે કે બુદ્ધ મહારાજ એક મહાન્ ધર્મના ઉત્પાદક હતા અને એ ધર્મનું મુખ્ય લક્ષ્ય નિર્વાણપ્રાપ્તિ છે. એ નિર્વાણ આખા ભૂમંડળના સર્વ જીવોપર અનુકંપા રાખી વર્તવાથી પ્રાપ્ત થાય છે. બુદ્ધ ભગવાનના સ્વર્ગારોહણ પછી એમના ઉપદેશેલા ધર્મે માત્ર બે એક સૈકામાંજ હિંદનો ધર્મમહિમા વિસ્તારી મૂકયો, એટલુંજ નહિ પણ પોતાની વિજયપતાકા પૂર્વ એશિયાના જાપાન, ચીન ને પાસીફીક મહાસાગરના દ્વિપો, ને સૈબીરીયા ઉપર પણ ફરકાવી. બુદ્ધ ધર્મનું સાહિત્ય હાલ તે તે દેશોમાં, યુરોપમાં અને તેમાં પણ જર્મનીમાં વિશેષ છે.

જૈન કોણ છે ? અને જિનધર્મ શો છે ? એ પ્રશ્ન વિદ્વજ્જનોને પૂછવામાં આવે તો તેનો મનમાનતો ઉત્તર આ દેશમાં બહુ થોડા આપી શકે. યુરોપ અમેરિકામાં તે વિષયના અભ્યાસીઓ હોવાથી તે પ્રશ્નનો ઉત્તર આપનારા કોઇ કોઇ મળે છે. આપણી ધર્મપ્રકૃતિ અને સંસ્કારના પ્રમાણમાં

આપણે આ દેશના વિદ્વાનો અને શોધકો પાસે જિનધર્મ અને જૈનદર્શનના સંબંધમાં ઘણી આશા રાખી શકીએ. આપણી એ આશા સંપૂર્ણપણે કેમ ન ફળી ? એ પ્રશ્ન વિચારવાનું મને મન થાય છે. બૌદ્ધધર્મે જે દયાનો ઉપદેશ કર્યો છે, તેના કરતાં જિનધર્મે શું કોઇ પણ પ્રકારે ન્યૂન ઉપદેશ કર્યો છે ? બુદ્ધ ભગવાનના જીવન કરતાં જિનભગવાનનું જીવન શું કોઇ પણ પ્રકારે માનવકલ્યાણમાં પછાત છે ? મને તો લાગે છે કે જૈનધર્મનો સાહિત્યમેરૂ સર્વ કરતાં ઉચ્ચતર અને ઉપકારક છે, માત્ર તેનો અદ્યાવધિ જેવો જોઇએ તેવો પ્રકાશ અને પ્રચાર નથી થયો. આજે હિંદની સંસ્કૃતિ પર તેનો અલ્પતર વિસ્તાર પણ કેવો મહત્વનો ભાગ ભજવી રહ્યો છે અને હિંદના ધર્મો તથા નીતિબંધારણો પર વિશેષે કરી તે કેવી અસર કરી રહ્યો છે, તેમજ કળા ને વિજ્ઞાન, સાહિત્ય ને ભાષા વિગેરેમાં નિગૂઢભાવે રહ્યો રહ્યો કેવાં મીઠાં ને મધુર ફળો ઉપજાવી શકયો છે તે સર્વ કોઇ ઉદાર હૃદયને જાણવા યોગ્ય છે.

બુદ્ધધર્મના પ્રભાવ વિસ્તારને એક કાળે ઘણા સારા સંયોગો હતા. પરંતુ તેમનું સાહિત્ય રચાય ને વિસ્તરે તે પૂર્વે, એટલે કે આઠમા સૈકામાં બુદ્ધધર્મ હિંદભૂમિપરથી પલાયન થઇ ગયો. જૈનધર્મ તેનો સહયોગી હોવા છતાં હિંદમાં જ ટકી રહ્યો અને આર્યસંસ્કૃતિની પ્રત્યેક શાળામાં પ્રવેશ કરી, નવો જ રસ અને બળ પ્રેર્યાં. જૈનધર્મ અનુસરનારા જૈનોના બે વિભાગ થયા. દિગંબર ને શ્વેતાંબર.

દિગંબર સંપ્રદાયના અધ્યાત્મગ્રંથો સાથે મને થોડો પરિચય થયો છે, કોઇ કોઇ ગ્રંથપર મનન કરી વિવેચનો પણ લખ્યાં છે; પરન્તુ સ્વાભાવિક રીતે જ શ્વેતાંબર સાહિત્યનો મને વધારે અનુભવ છે. જૈનસાહિત્યમાં શિરોમણિરૂપે શ્રી જિનાગમ છે. જે જિનાગમો શ્વેતાંબર સંપ્રદાય માને છે તેજ નામવાળા ગ્રંથો દિગંબરો પણ માને છે. પરંતુ નામ એક હોવા છતાં બન્ને ગ્રંથોમાં વસ્તુ તો ભિન્ન જ હોય છે. દિગંબરોનું માનવું એવું છે કે શ્રી તીર્થંકરોના ઉપદેશો અને આગમોનો તો કયારનોએ વિચ્છેદ થઇ ગયો છે.

સૂત્ર-અધિકાર—હિંદુઓના મોટા ભાગની એવી માન્યતા છે કે વેદનો અધિકાર અબ્રાહ્મણો કે સ્રીઓને નથી; તેમ શ્વેતાંબર સંપ્રદાયમાં જે વર્ગ દેરાવાસીના ઉપનામથી ઓળખાય છે તેમની એવી માન્યતા છે કે મુનિવર્ગ સિવાયના ગૃહસ્થ એવાં સ્રી-પુરૂષોને જિનાગમો વાંચવાનો કે ભણવાનો અધિકાર નથી. મુનિવર્ગમાં પણ સાધ્વીજીઓને અમુક અંશે એ અધિકાર નથી. જિના-

ગમોના લગભગ બધા વિષયો ઉપર પૂર્વાચાર્યોએ પ્રકરણ ગ્રંથો લખ્યા છે તેથી જિનાગમની ખોટ ઘણે અંશે પૂરી પડે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં જે વર્ગ સ્થાનકવાસીના ઉપનામથી ઓળખાય છે તેઓ ૮૪, ૬૩ કે ૪૫ આગમસૂત્રોમાંના માત્ર ૩૨ ને માને છે અને સાધુ, સાધ્વી કે શ્રાવક, શ્રાવિકાને સર્વને વાંચવા-ભણવાની છૂટ આપે છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રકરણ ગ્રંથો કે જેના વિષયો સર્વ કોઇ સહેલાઇથી સમજી શકે તેવી શૈલીથી લખાયા છે તેનો બહુ પ્રચાર નથી. તેઓ ૩૨ સૂત્રો શિવાય તેની ટીકા વિગેરેને કે અન્ય ગ્રંથોને માનતા નથી-સ્વીકારતા નથી.

કંચનશ્રીનો મહિમા—અમારા પરમપૂજ્ય આચાર્યો કેવળ-જ્ઞાનશ્રીથી જ વિશેષે કરીને શોભતા, અને અમારો જૈનવર્ગનો મ્હોટો ભાગ જ્ઞાનશ્રીનેજ પૂજનારો ગણાય છે, છતાં આજે અમારા જૈનસમાજમાં કંચનશ્રીનો મહિમા વધી પડ્યો છે; અને તેથી જ્ઞાનનો રત્નાચળ મ્હોટે ભાગે ઉપેક્ષિત રહ્યો છે. અમારા બધા સૂત્રોમાં આચાર સૂત્રોપર મને વિશેષ ભકિત હોવાથી મુનિઓના આચારને દર્શાવનારૂં **શ્રી આચારાંગ સૂત્ર** અને શ્રાવકોના આચારને દર્શાવનારૂં **શ્રી ઉપાશક દશા સૂત્ર** મારા જોવા—જાણવામાં આવ્યાં છે. અમારા આદર્શ પુરૂષ શ્રી મહાવીરનું ચરિત્ર ગૃહવાસમાં અને મુનિપણામાં કેવું ઉત્તમોત્તમ હતું તેનો ખ્યાલ તે સૂત્રો ઉપરથી આબેહુબ આવી શકે છે. વિષયાંતર નહીં પણ વિસ્તારભયથી કંપિત હૃદય હોવા છતાં, શ્રી વીરે સ્વબળે કેવળજ્ઞાન સંપાદન કરી સ્વચરિત્રથી સ્વાવલંબનનો પાઠ માનવજગતને કેવો શીખવ્યો ? એ કહેવાની લાલચ હું રોકી શકતો નથી. તે માટે આચારાંગ સૂત્રના ૨૪ મા અધ્યયનમાંથી હું થોડું અવતરણ અહીં ટાંકુ છું:—

"ભગવાન માગશર વદિ ૧૦ ના સુવ્રત નામના દિને, વિજય મુહૂર્તે, છેલ્લા પહોરે, પાણીવગરના બે ઉપવાસે, સહસ્ત્રવાહિની ચંદ્રપ્રભા નામની શિબિકા-પાલખી ઉપર ચડી, દેવ, મનુષ્ય તથા અસુરોની પર્ષદાઓ સાથે ચાલતાં ચાલતાં ક્ષત્રિયકુંડપુરના મધ્યમાં થઇને જ્યાં જ્ઞાતવનખંડ નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી એક હાથ ઉંચી શિબિકા સ્થાપી. પછી ધીમે ધીમે તેમાંથી ઉતર્યા. ઉતરીને ધીમે ધીમે પૂર્વાભિમુખે સિંહાસન ઉપર બેસી આભરણ અલંકાર ઉતારવા લાગ્યા. શક્રઇંદ્રે ગોદોહાસને રહી સફેદ વસ્ત્રમાં આભરણ-અલંકાર ગ્રહણ કર્યાં. **तओणं समणे भगवं महावीरे दाहिणे दाहिणं** ત્યારપછી શ્રમણ ભગવન મહાવીરે જમણા હાથથી જમણી તરફનો-અને **वामेण वामं** ડાબા હાથથી ડાબી તરફનો **पंचमुट्ठियं लोयं करेइ**-પંચમુષ્ટિ લોચ કર્યો.

શક્રદેવેન્દ્રે તે વાળ રત્નના થાળમાં ગ્રહણ કરી, ક્ષીરસમુદ્રમાં પહોંચાડ્યા. પ્રભુના ખભા ઉપર એક વસ્ત્ર મુકયું. આ પ્રમાણે ભગવાને લોચ કર્યા પછી **णमो सिद्धाणं**–શ્રી સિદ્ધને નમસ્કાર કર્યા. પછી **करेमि सामाइयं**–હું સામાયિક–સમાધિયોગમાં રહીશ, મારા શુદ્ધ સ્વરૂપમાં રહીશ, **सव्वं मे अकरणिज्जं पावकम्मं**–મારે કોઈ પણ પ્રકારનું પાપકર્મ કરવુ નહીં; એ રીતે ભગવાને સામાયિક ચારિત્ર લેવાની પ્રતિજ્ઞા કરી. તુર્તજ ભગવાનને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું; અર્થાત્ સર્વ કોઈના મનોભાવ તેમને દેખાવા લાગ્યા.

પ્રવ્રજ્યા લીધા પછી ભગવાન પોતાના મિત્ર, જ્ઞાતિજને તથા સગાસંબંધીઓની આજ્ઞા લઇ પોતે ત્યાંથી અન્યત્ર જવા ચાલ્યા. અને એવો અભિગ્રહ લીધો કેઃ—

" મુજ આત્મવિકાસ કરીશ સદા, હર એક પળે ધરી તત્પરતા;
મુજ સાધ્ય વિષે યદિ કાંઇ નડે, મન વાચ શરીર તણીજ જરી,
પ્રકૃતિ ઝટ દૂર કરીશ વળી, બસ જીવ સટોસટ યત્ન કરી. "

પ્રભુના સાધનકાળના કેટલાક નિશ્ચયો પણ જાણવા જેવા છેઃ—

(૧) પરસહાયની અપેક્ષા ન રાખતાં પોતાના જ વીર્યથી જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવવું; કારણકે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આત્મબળજ ઉપયોગી છે.

(૨) જે કંઈ ઉપસર્ગો એટલે કે દેવ–દાનવ કે માનવકૃત વિઘ્નો કે કલેશો આવી પડે તેમજ પરિસહો–નૈસર્ગિક આપત્તિઓ આવી પડે તેમાંથી નાસી છુટવાનો બીલકુલ પ્રયત્ન ન કરવો. કારણ કે ઉપસર્ગો અને પરિસહો સહન કરવાથીજ પાપકર્મનો ક્ષય થાય છે, ચિત્તની શુદ્ધિ થાય છે. દુઃખ માત્ર પાપકર્મનું ફળ છે. ફળ ભોગવવાની કાયરતાવાળા પ્રાણીઓ તેમાંથી બચવા પ્રયત્ન તો કરે છે, પણ તેનું પરિણામ એ આવે છે કે આજનું દુઃખ માત્ર આવતી કાલ ઉપર ઠેલાય છે. જેઓ શાંતિ અને હિમ્મતથી પોતાના પાપકર્મના પરિપાકરૂપ દુઃખને વેદે છે તેઓ જ પોતાનું આત્મબળ ખીલવવાવાળાં ભાગ્યશાળી થાય છે.*

* શ્રી મહાવીર પ્રભુનું ચરિત્ર, મનુષ્યોને માટે એક આદર્શ ચરિત્ર છે. જૈનોમાં જેઓ મુનિવર્ગના નામથી પ્રસિદ્ધ છે, તેઓ મ્હોટે ભાગે તેમના આદર્શ ચરિત્રને જ અનુસરે છે અને દીક્ષા લેતી વખતેજ એવી પ્રતિજ્ઞા કરે છે કે **करेमि भंते सामाइयं**–હે ભગવાન્ ! હું આત્મ સ્વરૂપમાં–પરમાત્મસ્વરૂપમાં સ્થિર રહીશ, **सव्वं सावज्जं जोगं पच्चक्खामि**–પ્રત્યેક પાપવ્યા-

આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસીઓ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની વાત તો સારી પેઠે જાણતા હશે. જૈનસિદ્ધાંતે ઠામ ઠામ નોબત વગાડીને જાહેર કર્યું છે કે પ્રત્યેક જીવ પોતાના નશીબનો-સદ્ભાગ્યનો કે દુર્ભાગ્યનો વિધાયક છે. પોતાની કૃતિથી જ તે પોતાને માટે નરક રચે છે અથવા નરકમાં ઉતરી પડે છે અને પોતાની કૃતિથીજ ઉંચામાં ઉંચા સ્વર્ગ ઉપર આરોહણ કરી શકે છે; એટલુંજ નહીં પણ આત્મબળે કર્મજાળને છેદી નાંખી સકળ સંસારસમુદ્રની પેલી પાર એવા મોક્ષને-મહા આનંદમય સ્થિતિને-પામી શકે છે. વસ્તુત: જૈનદ્રષ્ટિએ મનુષ્ય કે ઇતર પ્રાણીઓનો નિયંતા પોતાની જ અંદર રહેલ ઇશ્વર-આત્મા છે; અર્થાત્ પોતાના સિવાય બીજું કોઇ નથી. આ રીતે જૈનદર્શન પુરૂષાકાર કે આત્મબળવાદી છે. યજ્ઞમાં પશુના બલિદાનથી કે કોઇ એક તારણહારના ભોગથી જૈનો પોતાની મુક્તિ થશે એમ માનતા નથી. પોતાને જન્મ જન્માંતરની સાંકળે બાંધનાર અથવા છોડનાર જો કોઇ હોય તો તે પોતાનો જ આત્મા છે. જૈન સાહિત્ય, ખરૂં જોતાં, પંચ કારણનો સ્વીકાર કરવા છતાં મુખ્યત: આત્મબળ અથવા આત્મપ્રભાવ બતાવનારૂં સાહિત્ય છે. જૈન સાહિત્યનો આત્મા જ **સ્વાવલંબન** છે એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય.

જેમના સાહિત્યમાં, આચારમાં ને વિચારમાં આવો પુરૂષાકાર, સ્વાવલંબન ભર્યો હોય એવો જૈનસમાજ કેવળ-એકાંતે કર્મવાદી ગણાઇ જાય અથવા તો તેમનાપર એવો આક્ષેપ લાવવામાં આવે એ શું સમયની જ બાલહારી નથી ? કર્મગ્રંથોનો અભ્યાસી સ્હેલાઇથી જોઇ શકે એમ છે કે જો કર્મનો અર્થ નસીબ કે એવો જ કંઇ થતો હોય તો જીવ તેને જીતી શકે નહીં અને જો જીતી ન શકે તો તે જિન કે જૈન શી રીતે થઇ શકે ? હું જેટલું જોઇને વિચારી શકયો છું તે પરથી મને તો એમજ લાગ્યું છે કે પોતાના ભાગ્યનો

પારનો હું ત્યાગ કરૂં છું, **तिविहं तिविहेणं** મન, વચન અને કાયાના યોગથી કોઇ પણ પાપ કાર્ય ન **करेमि न कारवेमि करंतमपि अन्नं न समणुजाणामि** કરૂં નહી, કરાવું નહીં, કરનારને અનુમોદન આપુ નહી. આ નિયમ યાવત્જીવન પાળીશ- **जावज्जीवाए पज्जुवासामि** અને આમ કરતાં ભૂલું તો તુર્તજ **पडिक्कमामि** મારા શુદ્ધ સ્વરૂપમાં પાછો ફરૂં, અને **तस्स निंदामि**-એ વૃત્તિને નિંદુ, ગુરૂસાક્ષીએ **गरिहामि**-ગર્હું, **अप्पाणं वोसिरामि** અને દેહાત્મભાવને સર્વથા ત્યાગ કરૂં છું. આમ મુનિઓ જીવન પર્યંત અને શ્રાવકો પોતાના નિત્યકર્મમાં ઓછામાં ઓછું બે ઘડી કે એક મુહૂર્ત્ત પર્યન સામાયિક, યોગ કે સમાધિ-ધ્યાન કરે છે.

વિધાયક કે સૃષ્ટા પોતાને જ માનવામાં જૈન સિદ્ધાંત બીજા બધા કરતા અગ્રણી છે. જૈનાગમનું રહસ્ય ' દૂરપારં '–બહુ દૂરવર્તી છે એમ કહેવામાં શ્રી હરિભદ્રસૂરિજી જૈનસિદ્ધાંતના અભ્યાસીઓના હૃદયનો જ પડઘો પાડી રહ્યા હોય એમ મને લાગે છે.

વિશ્વવિદ્યા—પ્રત્યેક જીવમાં કેટલીક શક્તિઓ સ્વાભાવિકપણેજ રહેલી હોય છે. જૈનસિદ્ધાંત તેને ' પર્યાપ્તિઓ ' (Capacities) ના નામથી ઓળખાવે છે. ચૈતન્ય પોતાની આંતર કે ઉચ્ચતર શક્તિઓને છુપાવી–છદ્મ રાખી–એ પર્યાપ્તિ કે બાહ્યશક્તિવડે આ વિશ્વપ્રકૃતિમાંથી પુદ્‌ગલના સ્કંધોને આકર્ષી, તેનો રસ કરી, (આહાર પર્યાપ્તિથી) પોતાની શરીર રચના કરી, (શરીર પર્યાપ્તિ) ઇન્દ્રિયો (ઈંદ્રિય પર્યાપ્તિ) ઘડી, એક કુશળ શિલ્પકાર અથવા વિશ્વકર્માની પેઠે, પ્રાણ સર્જી, (શ્વાસોશ્વાસ પર્યાપ્તિ) ભાષા (ભાષાપર્યાપ્તિ) અને મનની (મનઃપર્યાપ્તિ) પણ રચના કરી શકે છે. દાખલા તરીકે વૃક્ષમાં રહેલું ચૈતન્ય પોતેજ પોતાની શક્તિઓવડે, પોતાની આસપાસ રહેલા પ્રકૃતિ સમુદ્રમાંથી પુદ્‌ગલ પરમાણુના સ્કંધોને આકર્ષી–ગ્રહી એવું રૂપ આપે છે કે જેથી આપણે તેને વૃક્ષરૂપે ઓળખી શકીએ છીએ. એ રીતે વૃક્ષમાં રહેલું ચેતન્ય જ વૃક્ષનો સૃષ્ટા, વિધાતા અથવા નિયામક છે, અને એજ ચેતન્ય પોતાની વિકસિત શક્તિના પ્રમાણમાં બીજી ઉન્નત શરીરરચનાઓ પણ કરી શકે છે. તેવી જ રીતે જળ, અગ્નિ, વાયુ, પર્વત, પૃથ્વી, વનસ્પતિ, જંતુ, પશુ, પક્ષી, જળચર, સ્થળચર, મનુષ્ય, નારક, ચંદ્ર, સૂર્ય અને દેવ વિગેરે દેહોનો સૃષ્ટા–વિધાતા પણ જીવ પોતે જ છે. ચિત્રકાર પોતાની કલ્પના અને મનોભાવને વ્યક્ત કરવા નાના પ્રકારના ચિત્રો આલેખે છે, તેમ જીવરૂપી ચિત્રકાર પણ પ્રકૃતિપટ પર પોતાની નામકર્મરૂપી શક્તિવડે નાના પ્રકારના ચિત્રો રચે છે. આથી સ્પષ્ટ થશે કે ચૈતન્ય પોતાની શક્તિપર જ નિર્ભર રહેવાવાળું છે.

અંતઃશક્તિ પ્રભાવ—જેમ બાહ્ય શક્તિથી–પર્યાપ્તિથી ચૈતન્ય પોતાની બાહ્ય શરીરરચના કરી લે છે તેમ અંતઃશક્તિ કિંવા અંતરાત્માથી પોતાના આંતર ગુણોનો પણ વિકાસ કરે છે. તે એટલે સુધી કે પોતાનું પૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ પ્રકટાવે છે. એ ભાવના ઉદ્‌ગારોથી જૈનસાહિત્ય પરિપૂર્ણ છે. આપનામાંથી કદાચ કેટલાકોએ શ્રીપાળ–મયણાસુંદરીના ચરિત્રનું વાંચન કર્યું હશે; અથવા તો તે ચરિત્ર પરથી સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજીએ રચેલું વીણાવેલી નાટકનું વસ્તુ જોયું કે સાંભળ્યું હશે. અમારા જૈનસમાજમાં તો વર્ષમાં બે વાર શ્રીપાળરાજાના રાસનો પાઠ થાય છે. એ આખા ચરિત્રમાં સ્વ-

કર્મવાદ અથવા આત્મબળનો જ સિદ્ધાંત પ્રરૂપવામાં આવ્યો છે. આ પ્રકારનું કથા સાહિત્ય તેમજ તાત્ત્વિક સાહિત્ય તો સંપૂર્ણપણે બહાર આવે અને તેનો પૂરેપૂરો પ્રચાર થાય તો જનતાને કેટલો લાભ થાય ?

અહિંસા પ્રભાવ—આત્મબળની જેમ અહિંસાના સિદ્ધાંતને પણ જૈનોએ કેવો અપનાવ્યો છે તે વાત હવે ગુજરાતની પ્રજાને નવેસરથી કહેવાની કંઈ જરૂર ન હોય. જીવવું ને જીવવા દેવું, મરવું પણ મારવું નહીં એ અમારી મૂળ ભાવના છે.* પ્રત્યેક જીવની સાથે દર્શનોપયોગે અભેદ અને જ્ઞાનોપયોગે સમભાવ–પહેલાથી એકતા અને બીજાથી વિધવિધ પણ સમતા, એમ જૈનધર્મના સિદ્ધાંતો ઠામ ઠામ ઉપદેશી રહ્યાં છે. જૈનસાહિત્યરૂપી સમુદ્રમાંથી નિરંતર "**माहण**"[1] નો જ ગંભીર નાદ નીકળી રહ્યો છે. ધર્મના નામે યજ્ઞમાં થતી પશુહિંસા અને તેનો **वेदोक्त हिंसा न भवति**–વેદમાં ઉપદેશાયેલી હિંસા એ હિંસા જ ન કહેવાય એવો થતો બચાવ હવે હિંદુસમાજમાં ઘણા થોડાજ માનતા હશે. કળિકાળમાં હિંસાવાળા યજ્ઞો બંધ કરવા જોઇએ–**कलौ यज्ञो निषेधयेत**, એવા જે વચનો જૈનેતર ગ્રંથોમાંથી મળી આવે છે તે જૈન સાહિત્યમાં પ્રરૂપાયેલ અહિંસા અને જૈનજીવનમાં ઉતરેલી આચરણાનો જ પ્રભાવ છે. એ વાત હવે સૌ કોઇ સ્વીકારે છે. એ રીતે એક તરફ પશુહિંસા સામે અને બીજી તરફ અધઃપાત પામેલા વામતંત્ર સામે જૈનસાહિત્યને યુદ્ધ કરવાં પડ્યાં છે. અમારા પૂર્વજોએ પોતાના સુંદર ચારિત્ર્યની રાજા—મહારાજાઓ અને સામાન્ય જનતા ઉપર પણ એટલી સરસ રીતે છાપ પાડી હતી કે આજે અમે જૈનો મહાજનના ગૌરવભર્યા નામથી ઓળખાઇએ છીએ. દયા અને પ્રાણીસેવા એ અમારો વારસો લેખાય છે. અને એ વારસો સાવ નિષ્ફળ ગયો છે એમ પણ શી રીતે કહેવાય ? અમારા અહિંસાવાદના પ્રતાપે જૈનપ્રજામાંથી કોઈ ખુની તો ભાગ્યે જ જડે, માંસાહારી કે શીકારી કોઈ જૈન હોઇ જ ન શકે. કેદખાનાના સરકારી રીપોર્ટોના આધારે પણ ફોજદારી ગુન્હાનું પ્રમાણ બીજી સમાજો કરતાં જૈનસમાજમાં અત્યંત ન્હાનું હોય છે.

---

* એમ છતાં હિંસાથી રંગાયેલાં રેશમી વસ્ત્રો અને સંચામાં બનેલાં કપડાં વાપરવાનો રીવાજ જૈનસમાજમાં વધી પડ્યો એ દુર્ભાગ્યની વાત છે.

૧ *माहण* નો પાઠ–જપ કરનારા પાછળથી બ્રાહ્મણો ગણાયા એવી એક વિચાર પ્રણાલી છે. બ્રાહ્મણો અને જૈનો વચ્ચે વિચારભેદ હોવા છતાં, સદ્‌ભાગ્યે એવો સુસંપ સ્થપાયો છે કે હાલમાં જૈનોના મંદિરોમાં મ્હોટે ભાગે બ્રાહ્મણ પૂજારીઓજ હોય છે. "હસ્તિના તાડ્યમાનોપિ" વાળી વાર્તા હવે કોઇ યાદ પણ નથી કરતું.

સ્થાપત્યકળા— ચારિત્ર્ય એ જીવનનો પાયો છે. એ ચારિત્ર્ય ઉપર જૈન-સાહિત્યે કેવો પ્રભાવ વિસ્તાર્યો છે એ મેં ટુંકામાં કહ્યું. પરન્તુ તે સિવાય જૈન-સાહિત્યે, સાહિત્યની બીજી ઘણી શાખા-પ્રશાખાઓમાં રસ ભર્યો છે. મને આ પ્રસંગે મારા જર્મન વિદ્વાન્ મિત્ર પ્રો૦ હર્મન જેકોબીનો એક પ્રસંગ યાદ આવે છે. પ્રો૦ જેકોબી અને હું ગુજરાત અને રાજપુતાણાના પ્રદેશમાં પ્રવાસ કરતાં કરતાં પાટણ પહોંચ્યા અને ત્યાં જૈનભંડારમાંના તાડપત્રપર તેમજ બીજા કાગળોપર સુંદર અક્ષરોએ લખેલા શ્રી જૈન સાહિત્ય દેવીનાં દર્શન કર્યાં. મેં મારી ભકિતકુસુમાંજલી પ્રેમાશ્રુવડે સમર્પી. તે વખતે અમને શ્રી હિંમત-વિજયજી નામના એક સ્થાપત્યવિદ્યામાં નિષ્ણાત યતિવર્યનો સહજ સમાગમ થયો. મ્હારા વૃદ્ધ મિત્ર-પ્રો૦ જેકોબીએ મને નમ્ર સ્વરોમાં પૂછ્યું કે—“ ભાઇ ! આ યતિવર્ય મને પોતાનો શિષ્ય બનાવી તેમની ચરણસેવા કરવાની તક ન આપે ? ” જે સ્થાપત્યકળા એક વાર જૈન પ્રજાના પ્રતાપે ઉન્નતિની ટોચે પહોંચી હતી તે કળા વિષે આજે ગણ્યાગાંઠ્યા જૈનો જ રસ લેતા જણાય છે.

જૈન મંદિરોની સ્વચ્છતાની પાશ્ચાત્યો પર અસર ને કળાપૂજા—ગુજરાતને શિલ્પકળા અને સ્થાપત્યકળાથી સમૃદ્ધ કરવા જૈનોએ લાખો રૂપિયા ખર્ચ્યાં છે. જૈન મંદિરો અને ગૃહદેરાસરોની સ્વચ્છતા જોઇ મારા મિત્ર પૉલ રીશાર, પ્રો૦ હર્મન જેકોબી તથા ડૉ. એફ. ડબલ્યુ થોમ્સ મુગ્ધ થયાનું મેં જાણ્યું છે. માત્ર ગુજરાતમાં જ નહીં પણ હિંદના જુદા જુદા પ્રાંતોમાં પણ જૈનોએ પોતાની કળાપૂજાની ભાવના સાર્થક કરવા પ્રાસાદો, પૈષધશાળાઓ અને તીર્થક્ષેત્રોને બને તેટલાં મનોહર બનાવ્યાં છે. કઠણમાં કઠણ આરસ પથ-રમાં પુષ્પની મૃદુતા જોવી હોય તો આબુના જૈન મંદિરોની એકવાર મુલાકાત લઈ આવશો. એમ કહેવત છે કે એક શ્રી આદીશ્વરના મંદિરમાં વિમળશાએ (આબુ પર) ઓગણીશ કરોડ રૂપિયા ખર્ચ્યાં છે; અને નેમિનાથના મંદિરમાં વસ્તુપાળ તેજપાળે કરોડો રૂપિયા ખરચ્યા છે. મહિસુર રાજ્યમાં આવેલા દિગંબર આમ્નાયમાં મનાતા શ્રવણ બેલગુલની શ્રી ગોમટેશ્વરની પ્રતિમાજી પણ ભવ્યતાનો એક ઉંચામાં ઉંચો નમુનો છે. એ પ્રતિમાજી લગભગ એક હજાર વર્ષથી એ સ્થળે છે. તેની ઉંચાઈ અઠ્ઠાવન ફીટની છે. શિરોભાગથી તે કાન સુધી છ ફીટ અને છ ઇંચ છે. જૈનસમાજની કળાપૂજાનો આપને એટલાપરથીજ ખ્યાલ આવી શકશે.

લોક પ્રકાશ—Jain Encyclopaedia—જૈન સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં ભિક્ષોપજીવી-નિર્ગ્રંથ-ત્યાગી મુનિવરોએ શા શા સાહિત્યરત્નો વેર્યાં છે? તેનું વર્ણન એક કલાકમાં તો શું પણ ત્રીશ દિવસ સુધી એક એક કલાક કહેવામાં

આવે તો પણ પૂરૂં ન થાય. હું માત્ર લોકપ્રકાશ તરફજ આપની દ્રષ્ટિ આકર્ષું છું, આપને લાગશે કે EncycloPaedia નો વિચાર એક કાળે પૂર્વાચાર્યોને જરૂર હોવો જોઇએ.

શ્રી હેમાચાર્ય—જૈન સાહિત્યમાં ચક્રવર્ત્તી સમા પ્રભાવશાલી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના અસાધારણ સામર્થ્ય અને પ્રતિભા વિષે આપે અવશ્ય કંઈક સાંભળ્યું હશે. એમ કહેવામાં આવે છે કે એ એકજ આચાર્યે સાડાત્રણ ક્રોડ જેટલી શ્લોક સંખ્યા જૈન પ્રવચન માતાના ચરણકમળમાં ધરી દીધી છે. સાહિત્ય, વિજ્ઞાન, દર્શન, ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ કે રાજનીતિનો એવો એક પણ વિષય નથી કે જેને શ્રી હેમચંદ્રાચાર્યે ન વિકસાવ્યો હોય. ડા. કીલહોર્નના લખવા પ્રમાણે તેમનો 'અષ્ટાધ્યાયી' નામનો વ્યાકરણનો ગ્રંથ પાણિનીની 'અષ્ટાધ્યાયી' સાથે સ્પર્ધા કરે છે. (જુઓ, જર્મનીનું ઓરીઅન્ટલ રીવ્યુ.) તેમના અભિધાન ચિંતામણિ અને દેશી નામમાળા વિગેરે કોષો, તેમની છંદશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર વિષેની રચનાઓ, તેમનું ત્રિષષ્ટી શલાકાપુરૂષ ચરિત્ર, તેમના ન્યાયશાસ્ત્ર, જ્યોતિષ્શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અર્હન્નીતિ જેવા કાયદા શાસ્ત્ર વિગેરે વિષયોના ગ્રંથો તરફ આપની સૌની દ્રષ્ટિ આકર્ષું છું. યોગના વિષય ઉપરનું તેમનું યોગશાસ્ત્ર, વાદના વિષય ઉપરનું વાદશાસ્ત્ર, ભક્તિભાવભર્યાં તેમનાં સંસ્કૃત સ્તોત્રો અને પાણિની મુનિની જેમ ધાતુપાઠ, ગણપાઠ, લિંગાનુશાસન, ઉણાદિપાઠ વિગેરે ગ્રંથો પણ વિદ્વજ્જનોને આશ્ચર્ય પમાડે એવાં છે. દ્વાશ્રય નામનું તેમનું એક કાવ્ય ગુજરાતની ઐતિહાસિક સામગ્રી ગણાય છે. એ કાવ્ય ભટ્ટીકાવ્યની સ્પર્ધા કરે છે. તેનો એક અર્થ ગુજરાતના મહારાજા સિદ્ધરાજને લાગુ પડે છે અને બીજો અર્થ પોતે રચેલી વ્યાકરણ વિષયક અષ્ટાધ્યાયીને લાગુ પડે છે.

ભાષા—જૈન લેખકોએ કેવળ સંસ્કૃત કે પ્રાકૃત સાહિત્યજ નથી ખેડ્યું, પણ માગધી, અર્ધ માગધી, અપભ્રંશ, જુની મહારાષ્ટ્રીય ભાષા, હિંદી, જુની ગુજરાતી અને પર્શીયન ભાષામાં પણ પોતાનું સાહિત્ય લખ્યું છે. તામીલ અને કાનડી ભાષામાં દિગંબર જૈન સાહિત્ય પ્રચૂર પ્રમાણમાં મળી આવે છે એમ બ્રીટીશ મ્યુઝીયમના ઓરીયંટલ ડીપાર્ટમેંટના લાઇબ્રેરીયન ડા૦ બાર્નેટે મને કહ્યું હતું. આ ભાષામાં ગ્રંથોનો પરિચય અંગ્રેજી જૈન ગેઝેટ દ્વારા તેના વાચકોને થયો હશે.

ઇતિહાસ—ડા૦ ભંડારકર, પ્રો. પીટરસન, મેકેન્જી, વેબર, કોલબ્રુક,

કીલ્હોર્ન તથા ડૉ૦ ગેરીનો વિગેરે વિદ્વાનોએ જૈનસાહિત્યના સંશોધનને લગતા જે રીપોર્ટો બ્હાર પાડ્યા છે તે જૈનનું ઐતિહાસિક સાહિત્ય કેટલું અગાધ છે તેનો અચ્છો ખ્યાલ આપે છે. જેમને બહુ અવકાશ ન હોય તેઓ આ રીપોર્ટો જોઈ જવાની તકલીફ લેશે તો પણ તેમાંથી તેમને ઘણું નવું જાણવાનું મળી આવશે. તેમાં મૂળ ગ્રંથ, ગ્રંથોનો વિષય, ગ્રંથનું પ્રમાણ, ગ્રંથની શૈલી અને ભાષા તથા છેવટે ગ્રંથની પ્રશસ્તિઓ પણ આપવામાં આવી છે. તે પરથી ગ્રંથ રચાયાના કાળની તથા ગ્રંથકર્તાની તેમજ તેમના પૂર્વ પુરૂષની પણ સંક્ષિપ્ત માહિતી મળી રહે છે. જૈનગુરૂઓની પટ્ટાવલી કે જે લગભગ છેલ્લા અઢી હજાર વર્ષની મળે છે તે પણ ઇતિહાસપ્રેમીઓને માટે એક અગત્યનું સાધન છે.

પુસ્તક ભંડાર—પાટણમાં છ પ્રાચીન ગ્રંથ ભંડારો છે, અમદાવાદમાં બે, જેસલમીર, ખંભાત, લીંબડી, કચ્છનું કાશીરૂપ કોડાય વિગેરે સ્થળે એક એક અને મુંબઈમાં દશા ઓશવાળનો તથા દિગંબર બંધુઓનો મળી બે, તેમજ (પુના) ડેકનકોલેજમાં, રાંધનપુરમાં અને જામનગરમાં જુનાં જૈન ગ્રંથોના ભંડારો છે.

લિપિ કૌશલ્ય—જુના જૈન સાહિત્યનું લિપિકૌશલ્ય પણ જરા મોહ પમાડે તેવું છે. લહિયાઓએ એ સાહિત્ય તાડપત્રો પર, દેશી કાગળો પર, તેમજ શીલાલેખો ઉપર ઉતારવાના યત્નો કર્યા છે. કોઈ કોઈ પ્રાચીન પ્રતમાં છાપખાનાના અક્ષરોને પણ મ્હાત કરે એવા સુંદર અને સોનેરી-રૂપેરી શાહીથી લખાયેલા લેખો મળી આવે છે. પ્રસંગને છાજતા પ્રાસંગિક ચિત્રો પણ તે કાળની ચિત્રકળાનું દર્શન કરાવે છે.

પુસ્તક પ્રસિદ્ધિ—છેલ્લા એક બે દશકામાં જૈન આચાર્યોએ તથા તેમના શિષ્ય પરિવારે જૈન સાહિત્યનો ઉદ્ધાર કરવા જે કમ્મર કસી છે તેનો હું અત્રે આનંદપૂર્ણ ચિત્તે ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી. તે સિવાય જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા, વિદ્યા પ્રસારક વર્ગ, અમદાવાદની વિદ્યાશાળા, શ્રી દેવચંદ લાલભાઈનું પ્રકાશન મંદિર, પરમશ્રુત પ્રભાવક મંડળ, આરાનું સેંટ્રલ પબ્લીશીંગ હાઉસ, પં. હિરાલાલ હંસરાજનું જૈન ભાસ્કર ગ્રંથ પ્રસિદ્ધિ ખાતું, આગ્રાની આત્માનંદ સભા, આગમોદય સમિતિ અને શા. ભીમસિંહ માણેક વિગેરેએ એ દિશામાં ઘણા આવકારદાયક પ્રયાસો કર્યા છે. એ સંસ્થાઓના પ્રતાપે જૈન ગ્રંથો ગુહાઓને છાડી પુસ્તકાલયોમાં અને જ્ઞાન-મંદિરોમાં અધિષ્ઠિત થઈ પોતાનું મંગળ દર્શન આપી રહ્યાં છે.

નવું કોષ વ્યાકરણ સાહિત્ય—નવું સાહિત્ય હાલમાંજ પં. બેચરદાસજીએ પ્રાકૃત વ્યાકરણ સાંપ્રતકાળની પદ્ધતિએ લખી બ્હાર પાડ્યું છે, તેમજ પં. હરગોવિંદદાસે એક પ્રાકૃત કોષ બહાર પાડી પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. પં. શ્રી રત્નચંદ્રજીએ આગમાભ્યાસી મુનિવરોની સગવડ માટે એક માગધીભાષાનો શબ્દ સંગ્રહ પ્રકટ કર્યો છે. આ નવાં સાધનોથી, મને આશા છે કે જૈનસાહિત્યના સંસ્કૃત અને પ્રાકૃત પ્રદેશોનો પ્રવાસ કેટલેક અંશે સુગમ થઇ પડશે.

લોકોપકારક સાહિત્ય—જૈનાચાર્યો સિવાય જે બ્રાહ્મણ પંડિતોએ પ્રાચીન કાળમાં ગ્રંથો લખ્યા છે તેઓમાંનો મ્હોટો ભાગ ઘણું કરીને કોઈ રાજા-મહારાજાને રીઝવવા અર્થેજ લખાયો હોય એવો ભાસ થાય છે. કારણ કે જુના કાળમાં વિદ્વાનોને સારો રાજાશ્રય મળતો એ નિર્વિવાદ છે અને તેથી તેઓ રાજદરબારમાં કીર્ત્તિ કે પ્રતિષ્ઠા મેળવવા પોતાની શક્તિ વાપરે એ સ્વાભાવિક છે. જૈનાચાર્યોએ રાજ્યનો અને પ્રજાનો આશ્રય મેળવ્યો છે. તેઓએ કેવળ રાજકર્તાઓને રીઝવવા માટે જ ગ્રંથો નથી લખ્યા. રાજસભામાં પૂજાવા છતાં તેમણે સાધારણ જનસમાજ તરફ જરાય દુર્લક્ષ નથી કર્યું. વિક્રમના દરબારમાં કવિવર્ય ધનપાળ એક કવિરત્ન તરીકે પંકાયા છે, કુમારપાળ અને સિદ્ધરાજના દરબારમાં શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન અતિ ઉચ્ચ છે, અને અકબરની રાજસભામાં શ્રી હીરવિજયસૂરિજીનો પ્રભાવ ઇતિહાસપ્રસિદ્ધ છે. છતાં તે તે આચાર્યોનું સાહિત્ય લોકસેવાની ભાવનાથી અળગું નથી થયું એ એક અભિમાનનો વિષય છે. તત્ત્વજ્ઞાન, કાવ્ય, વૈરાગ્ય કે નાટ્ય વિગેરે વિષયો ઉપરાંત જૈનાચાર્યોએ ધનુર્વિદ્યા, ગજવિદ્યા, અશ્વવિદ્યા, રસાયણવિદ્યા અને વૈદ્યકવિદ્યા વિષે પણ ઘણા ગ્રંથો લખ્યા છે. તે સિવાય મંત્રવિદ્યા, જ્યોતિષવિદ્યા, સુવર્ણ-પરીક્ષા અને રત્નપરીક્ષા જેવા વિષયો વિષે પણ ઘણું સાહિત્ય મળી આવે છે. એક ફ્રાન્સના વિદ્વાને રત્નપરીક્ષા નામનો જૈન ગ્રંથ ફ્રેંચ ભાષામાં અનુવાદ કરાવી બહાર પાડ્યો છે. જૈનધર્મ પાળતા ઝવેરીઓને પણ પોતાના સાહિત્યની જે માહિતી ન હોય તે યુરોપીયન વિદ્વાનો હજારો કોસ દૂર રહેવા છતાં મેળવી રહ્યા છે.

જૈન સાહિત્યની સમન્વય દ્રષ્ટિ—જૈન સાહિત્યની વિશેષતાઓમાં તેની સમન્વયપદ્ધતિ પણ એક છે. એ પદ્ધતિએ ઘણા વિદ્વજ્જનોને આકર્ષ્યા છે. કેટલાકો તો એ સમન્વયપદ્ધતિને આશ્રયીને એટલે સુધી માનવાને તૈયાર થયા છે કે જૈન એ કોઈ ધર્મ (Religion) નથી, પણ જગતને નવું દ્રષ્ટિબિંદુ આપનાર એક દર્શનવિશેષ જ છે. (Philosiphy) હું તેમ માનતો નથી. કારણ કે જો જૈન

કેવળ દર્શન જ હોત તો આજે વૈશેષિક, સાંખ્ય કે મિમાંસક દર્શનની જેમ તે માત્ર એક પાઠ્ય દર્શનજ બની ગયું હોત. જૈન એ ધર્મ છે, અને તે જ વખતે દર્શન પણ છે. હવે જૈન દર્શન અમને જુદા જુદા માર્ગો વિષે કેવું સમાધાનભર્યું સમન્વય કરી આપે છે. તે ટુંકામાં કહીશ.

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે:—

अ " ષડ્ દર્શન જિન અંગ ભણીજે,
ब સર્વાંગી સર્વ નય ગ્રહી રે;
क સાગરમાં સઘળી તટિની છે,
તટિનીમાં સાગર ભજના રે. "

अ—જિનશાસનરૂપી પુરૂષનું મસ્તક જૈનદર્શન છે, તેમનો જમણો હાથ વેદાંતદર્શન છે, ડાબો હાથ બૌદ્ધ દર્શન છે, જમણો પગ યોગદર્શન છે, ડાબો પગ સાંખ્ય દર્શન છે, અને કુખ (પેટ) લોકાયત (ચાર્વાક) મત છે કે જે કેવળ પ્રત્યક્ષપ્રમાણને જ માને છે. વળી શ્રી નેમિનાથ પ્રભુના સ્તવનમાં તેઓ કહે છે કે:—

" ષડ્ દર્શન નિજ અંગ ભણીજે,
ન્યાય ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્દર્શન આરાધે રે— "

છએ દર્શન જિનના અંગ કહેવાય છે. તે શી રીતે ? જિનેશ્વર ભગવાનની આકૃતિમાં છ અંગોને વિષે એ છએ દર્શનની સ્થાપના કરવી. શ્રી નેમિનાથ જિનેશ્વરના ચરણ ઉપાસકો—અર્થાત્ ખરા જૈનો-એ છએ દર્શનની આરાધના કરે છે.

પણ એ સ્થાપના (ન્યાસ) શી રીતે કરવી ? તે વિષે તેઓ કહે છે કે:—

" જિન સુરપાદપ પાય વખાણુ,
સાંખ્ય જોગ દોય ભેદે રે;
આત્મસત્તા વિવરણ કરતાં,
લહો દુગ અંગ અખેદે રે. "

એટલે કે જિનેશ્વર ભગવાનરૂપ કલ્પતરૂ તેના પાય (મૂળિયાં) રૂપે બે

પગ વખાણો. હવે જિનેશ્વરનાં તે બે અંગો કયા ? સાંખ્ય અને યોગ. આ બન્ને અંગો આત્માની સત્તા માને છે. એ અપેક્ષા શ્રી જિનની પણ હોવાથી તે અપેક્ષાએ સાંખ્ય અને યોગને બે પગરૂપ કહ્યા છે. એ પ્રમાણે ગ્રંથકાર પોતાની આગ્રહરહિતતા પ્રકટ તો કરે છેજ પણ સાથે વાચકવર્ગને પણ ભલામણ કરે છે કે એ વાત તમે ભેદરહિતપણે ગ્રહો.

ભેદવાદી અને અભેદવાદી અથવા સુગત (બુદ્ધ) પ્રણિત બૌદ્ધદર્શન અને જૈમિનિપ્રણિત પૂર્વ મિમાંસા તથા વ્યાસ પ્રણિત ઉત્તર મિમાંસા (વેદાંત) મળી મિમાંસા દર્શનને બે હાથ કહેતાં કહ્યું છે કે:—

" ભેદ અભેદ સુગત મિમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિએ,
ગુરૂગમથી અવધારી રે. "

શ્રી જિનદર્શનમાં સ્વભાવમાં જુદા જુદા જ્ઞેયના જ્ઞાનરૂપ અને વિભાવમાં–કર્મને આશ્રિત પુદ્‌ગલથી પ્રાપ્ત થયેલ દેહોમાં પર્યાયને ક્ષણે ક્ષણે બદલાતા માન્યા છે; અને બૌદ્ધ દર્શને પર્યાયનો ફેરફાર મૂળના ફેરફાર રૂપ માન્યો છે. મિમાંસકો આત્મા એક જ છે, નિત્ય છે, અબદ્ધ છે, ત્રિગુણબાધક નથી એમ માને છે. જિનદર્શનના નિશ્ચય નયની અપેક્ષાએ એ વાત યોગ્ય જ છે.

જુદા જુદા દર્શનો પ્રત્યે આવી રીતે ઉદાર દ્રષ્ટિ રાખવામાં શ્રી આનંદઘનજી મહારાજે પોતાની મતાંતરક્ષમતા તેમજ જિનદર્શનની મહત્તા પ્રકટ કરી છે. ચાર્વાક અથવા જેને નાસ્તિક કહીએ તેમના પ્રત્યે પણ ખંડનમય દ્રષ્ટિથી જોવાને બદલે બહુ જ ઉદાર ભાવથી નજર નાંખી છે; પણ વિસ્તારના ભયથી એ વાત અહીં ન લખતાં જતી કરૂં છું.

જિનદર્શન પૂર્વાપર અવિરૂદ્ધ શી રીતે ?— જિનદર્શનમાં અનેક નિશ્ચયો, અપેક્ષાઓ, અને દ્રષ્ટિઓનો સમાવેશ થઈ જાય છે, કારણ કે બ્રહ્માંડના જડ–ચૈતન્ય વિગેરે દ્રવ્યો પોતેજ અનેક ધર્મવાળા છે. તેને જો એક ચોક્કસ દ્રષ્ટિથી જોઇએ તો સત્ય ન પામીએ. એટલા માટે અનેક દ્રષ્ટિથી જ જોવાની રીત રાખવી ઘટે. કોઈ પદાર્થ વિષે બોલતી વેળા મુખ્ય ધર્મને બોલવાની પદ્ધતિ છે, પણ તેજ વેળા તેના અનેક ગૌણધર્મોનો અધ્યાહાર હોય છે, એ વાત લક્ષમાં હોવી જોઇએ. એજ કારણથી જૈનવાદને સ્યાદ્‌વાદ કે અનેકાંતવાદ

કહેવામાં આવે છે. જેમ એક પદાર્થ ઉત્પત્તિ અને લયની અપેક્ષાએ અનિત્ય કે નાશવંત છે, ક્ષણિક કે પર્યાયવંત છે તેમ તેજ પદાર્થ મૂળરૂપ સત્ છે. સોનાની મુદ્રિકામાં મુદ્રાપણાની કે આકારપણાની ઉત્પત્તિ અને વિનાશ પણ છે, પરંતુ સુવર્ણરૂપે તો તે સત્ અને નિત્ય જ છે. એ દ્રષ્ટિએ બ્રહ્માંડના છએ દ્રવ્યોને નિત્યાનિત્ય કહેવામાં આવ્યા છે.

કોઈ જીજ્ઞાસુના કલ્યાણ માટે, ઉપદેશ કરતાં પહેલાં તેની ભૂમિકા વિચારવી પડે છે અને એ ભૂમિકા અનુસારે નય કે અપેક્ષાની પદ્ધતિનો સ્વીકાર કર્યે જ છુટકો થાય છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ યોગબિંદુમાં ૧૩૨ મા શ્લોકમાં કહે છે કે:—

चित्रा तु देशनैतेषां, स्याद् विनेयानुगुण्यतः ।
यस्माद् एते महात्मानो, भवव्याधिभिषग्वराः ॥

અર્થાત્—" તમે જે મહાત્મા કપિલ, મહાત્મા બુદ્ધ, મહાત્મા મહાવીર, મહાત્મા કણાદ, મહાત્મા ગૌતમ વિગેરેના નામની ખાતર અને તેમના વચનના સમર્થન માટે લડવા ભેગા થયા છો તે તમારો વ્યામોહ છે. તેમણે આત્મા નિત્ય છે અથવા આત્મા અનિત્ય છે, પરમેશ્વર કર્તાહર્તા છે એ પ્રકારે જુદી જુદી દેશનાઓ આપેલી છે તે બધી તે તે વિનેયો-શિષ્યોની અનુકૂળતા અને યોગ્યતા તરફ લક્ષ્ય રાખીને જ આપેલી છે. કારણ કે (ટીકાકાર લખે છે કે) જે પુરૂષો મહાત્માઓ અને સર્વજ્ઞ હતા તેઓ આ સંસારરૂપ વ્યાધિ નાબુદ કરવા માટે ઉત્તમ વૈદ્ય સમાન હતા."

વળી લખે છે કે—" શ્રોતાને-શિષ્યને જે પ્રકારે સમજાવવાથી આત્મજ્ઞાનના બીજનું આધાન થવાનો સંભવ હોય અને તે સંભવ પણ પ્રતિદિન વર્ધમાન હોય તો શિષ્યને તેઓએ તે તે પ્રકારે-જુદી જુદી દ્રષ્ટિએ સમજાવ્યું હોય એ બનવા જોગ છે.

" અથવા કદાચ તેઓએ તો એકસરખી દેશના કરેલી હોય તોપણ જુદી જુદી ભૂમિકાપર રહેલા સાંભળનારા અને જુદી જુદી ભૂમિકાપર રહેલા સમજનારા એ બધાની બુદ્ધિમાં તરતમતાનો ભેદ હોવાથી સંભવિત છે કે એકદેશના પણ અનેક રૂપમાં સમજાઇ હોય.

જુદી જુદી વાનીઓ જેમ જુદા જુદા જમનારના ચિત્તને સંતોષ આપે છે,

તેમ જુદી જુદી દેશનાઓ દરેક સાંભળનારને તેની યોગ્યતા પ્રમાણે કંઈ ને કંઇ લાભ તો કરે છે જ; માટે એ દેશનાઓને અવંધ્ય કહેવામાં કશો બાધ નથી. અને દેશ કાળ તથા નયોને લક્ષ્યમાં રાખી તત્ત્વદ્રષ્ટિએ જોતાં એ દેશનાના મૂળમાં દેશના જ પ્રતીત થશે. "

શ્રી હરિભદ્રસૂરિજીની મતાંતરક્ષમતા–શ્રી હરિભદ્રસૂરિજી યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં કહે છે કે–" આપણે સૌએ વાદવિવાદ, ખંડનમંડન કે તર્કજાળ છોડીને મહાપુરૂષના માર્ગનો આશ્રય કરવો જોઇએ. " ટુંકામાં જે રીતે સાંભળનારાઓનો મિથ્યા મોહ દૂર થાય, દેહાધ્યાસ છુટે, આત્મજ્ઞાનનું બીજ રોપાય અને સંસારના પ્રપંચ તરફ દુર્લક્ષ રહે તે રીતે ઉપદેશ આપવો એ જ એક સૌનું લક્ષ્ય હોવું જોઇએ. "

કોઇ મુમુક્ષુ ગુરૂજન પાસે આવીને કહે કેઃ—" હું તો મરી જઇશ, અરે રે ! મારૂં કલ્યાણ શી રીતે થશે ? મારી ઉમર પણ બહુ થઈ ગઇ ! " આવા કાળભીરૂ અને કાયરને તેના ગુરૂ જવાબ આપે કે–"ભાઇ ! તું મુંઝા મા. (શરીરરૂપી વ્યંજનમાં શાશ્વત સ્વરની પેઠે રહેલો) તું પોતે તો કદિ મરતો જ નથી, તું નિત્ય છે, તારે વળી કાળની બીક શી ? કાળ—દેશને અને કાર્ય કારણને માપનાર તો તું જ છે. તને તેઓ શી રીતે માપી શકે ? તું તારૂં સાધન કરે જા. " આ પ્રકારે કાળભીરૂ શિષ્યની નિરાશા અને કાયરતા દૂર કરવા તથા તેની આત્મસાધનાને નિરંતર ચાલુ રાખવા માટે શરીરાદિ પર્યાયોને ગૌણ કરી અને દ્રવ્યને પ્રધાન રાખી અદ્વૈતવાદ ઉપદેશવામાં આવે તો શું સર્વાંગી જૈનદર્શનનુંજ તે એક અંગ નથી ?

વળી કોઇ બીજો મુમુક્ષુ શિષ્ય ભોગો ભોગવવામા જ શૂરોપૂરો રહેતો હોય અને મહાત્મા ટોલસ્ટોય[1] કહે છે તેમ એ ભોગોની પાછળ કેટલાય પામર પ્રાણીઓની હાયવરાળ રહેતી હોય તો એ જડાભ્યાસી–વિષયાસક્ત પુરૂષના મનને ઠેકાણે લાવવા બુદ્ધ ભગવાનનો ક્ષણિક વિજ્ઞાનવાદ કે ટોલસ્ટોયનો સમાનવાદ કામમાં લાવી શકાય અને તેને કહી શકાય કે—" ભાઇ ! તું આંખો બંધ કરીને બેઠો છે. આ બધું જે તું જુએ છે અને ભોગવે છે તે ક્ષણસ્થાયી છે. ઘડી પછી તેમાંનું કંઈ જ નહીં હોય. તું આ સર્વને સ્થાયી માની બેઠો છે તે તારી અજ્ઞાનતા છે. " આવી રીતે દ્રવ્ય (રૂપ સ્વર) ને ગૌણ કરી (વ્યંજન-

૧ First step.

રૂપ) શરીરપર્યાયને મુખ્યત્વે સ્થાપી સમજાવવામાં આવે તો એ અનિત્યવાદના ઉપદેશને પણ જૈનદર્શનનું એક અંગ કેમ ન લેખાય ?

સત્ય મહાન્ છે, વ્યાપક છે, મન-બુદ્ધિની પેલી પાર ગયા વિના તેની ઝાંખી થતી નથી અને જે ઝાંખીમાં આવે છે તે શબ્દવડે સંપૂર્ણપણે વ્યક્ત કરી શકાતું નથી. છતાં સઘળા દર્શનો પોતાને સર્વગ્રાહી અને બાકીનાને અંશગ્રાહી કહેવાની હિમ્મત કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એવા અંશગ્રાહી પ્રત્યે પણ કેવી ઉદાર દૃષ્ટિથી નીહાળે છે તે તમે જોશો તો મને ખાત્રી છે કે એ ઉદાર પુરૂષ માટે તમને અભિમાન સ્ફુર્યા વિના નહીં રહે.

કોઇકને હાથી જોતાં તેની હડપચી સુંદર લાગે અને તેથી તે તેને કુંજર કહે, બે મ્હોઢેથી પાણી પીતો જોઇ દ્વિપ કહે, તેના બ્હાર આવેલા દાંતોને જોઈ કોઇ તેને દંતી કહે, કોઇ મદ ઝરતું જોઇ તેને મતંગજ કહે, કોઇને ઉંચો પહાડ જેવો લાગવાથી નાગ કહે, સૂંઢવડે ઘણા કામ કરતો જોઇ કોઇ હસ્તી કહે તો તેથી શું એ બધાને આપણે અંધ કહી શકીએ ? સૂંઢ જોનાર અથવા દાંત જોનાર આખા હસ્તીને તો જુએ છે જ, પણ તે આખા સત્યને વ્યક્ત કરવા એક અંશનો આશ્રય લે તેથી શું થયું ? એવી જ રીતે સત્યનો સાક્ષાત્કાર કરનાર દર્શનો કોઇએક અંશ વર્ણવે તો તેથી આપણે તેને અંધની કોટીમાં મુકવાનું સાહસ ન કરી શકીએ.[૨] એવા ભાવનું શ્રી હરિભદ્રસૂરિએ પોતાના શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય અને યોગબિંદુ વિગેરે ગ્રંથોમાં નિરૂપણ કર્યું છે. (જુઓ ચાર સંજીવીની ન્યાય.) શ્રી આનંદઘનજી મહારાજે પણ મેઘ સમા ગંભીર સૂરમાં ગાયું છે કે:—

> " રામ કહો રહેમાન કહો, કોઇ કહાન કહો મહાદેવરી;
> પારસનાથ કહો કોઈ બ્રહ્મા, સકળ બ્રહ્મ સ્વરૂપ રી. "

અર્થાત્—રામ, રહેમાન, કાન, મહાદેવ, પાર્શ્વનાથ, બ્રહ્મા એ સર્વ શુદ્ધાત્માનાં જ નામો છે. કારણકે જે સમયે પોતે નિજરૂપમાં રહે છે ત્યારે આત્મા રામરૂપ બને છે, જ્યારે સર્વપર કરૂણા (રહેમ) કરે છે ત્યારે તેજ આત્મા રહેમાન બને છે અને જ્યારે કર્મનું નિકંદન કરે છે ત્યારે તે કાન કે કૃષ્ણ થઇ જાય છે. આવું સર્વ દૃષ્ટિઓ, સર્વ અંશો અને સર્વ ખંડોનું સમન્વય જૈનોનું

---

૨ વાદવિવાદ ન થાય તેટલા માટે કદાચ સર્વ અંશને જણાવનાર શબ્દ બનાવીએ તો તે કેવો લાંબો અને બેહુદો થઇ પડે તેનું એક ઉદાહરણ આપું છું. चतुष्पादद्विहस्तपृष्ठवेत्रगुम्फितकिलिकखचीतासनम् (ખુરશી)

યોગસાહિત્ય કરી શકે છે. પણ તે માટે અપેક્ષાઓ, અને નયો વિગેરેનો અભ્યાસ જરૂરનો છે.

જૈન ઔપદેશિક સાહિત્ય—જેને જૈન પરિભાષામાં ધર્મકથાનુયોગ કહેવામાં આવે છે તેવા ઔપદેશિક સાહિત્યથી જૈન સાહિત્ય ભરપૂર છે. સાધારણ સંસારી જનોને માટે રસાત્મક કથાઓ ઘણી ઉપકારી ગણાય છે. જૈન લેખકોએ આવા કથાનકો ગદ્યમાં, પદ્યમાં, રાસારૂપે, ચરિત્રરૂપે, રૂપકરૂપે કે આખ્યાન રૂપે બહોળા પ્રમાણમાં લખ્યાં છે. હું આપને તેમાંના થોડા કથાનકોનો વાનગીરૂપે પરિચય કરાવીશ:—

ષટ્પુરૂષ ચરિત્ર—આ ચરિત્રમાં આખી માનવ જાતિને છ વિભાગમાં વ્હેંચી અંગ્રેજીમાં જેને Representative અર્થાત્ પ્રતિનિધિ સ્વરૂપ મનુષ્યો કહીએ તેનું આમાં વર્ણન છે. મનુષ્યોમાં (૧) અધમાધમ (૨) અધમ (૩) મધ્યમ (૪) વિમધ્યમ (૫) ઉત્તમોત્તમ અને (૬) ઉત્તમ—કોણ કહેવાય તેનું નિરૂપણ આ ષટ્પુરૂષ ચરિત્રમાં છે. આ પ્રત્યેક વર્ગમાં એકેક ચરિત્ર તેની પ્રકૃતિ પ્રમાણે આલેખ્યું છે. આ ગ્રંથ વાંચવાથી વાચક કે શ્રોતા પોતે જ પોતાની કોટી નક્કી કરી શકે છે અને પોતાનામાં જાણતાં-અજાણતાં જે કંઇ અધમતા રહી ગઈ હોય તેને ખંખેરી આગળ વધવાના અભિલાષ બાંધે છે.

પ્રતિજ્ઞાપાલન—આ વિષય ઉપર ચાર ગૃહલક્ષ્મી-વહુની કથા છે. તેનું સંક્ષિપ્ત કથાનક આ પ્રમાણે છે:—એકવાર એક સસરાને વિચાર થયો કે ચાર પુત્રવધુમાંથી કઈ વહુને ઘરનું કયું કામ સોંપ્યું હોય તો સમુચ્ચયે સર્વને અનુકૂળ થાય? તેનો નિર્ણય કરવા સસરાજીએ ચારે વહુને બોલાવી 'જ્યારે માગું ત્યારે આપજો' એમ કહી, પાંચ પાંચ શાળના દાણા આપ્યા. દરેક વહુએ આ દાણાનો કેવો ઉપયોગ કરવો તેનો પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર્યો. એક વહુએ દાણાને નિરૂપયોગી ગણી વાસીદાની સાથે કાઢી નાંખ્યા, બીજી વહુ ખાઈ ગઈ, ત્રીજીએ પોતાના દાગીના સાથે એ દાણા પણ સાચવી રાખ્યા અને ચોથીએ પોતાના ભાઈને તેમોકલી આપ્યા અને કહેવરાવ્યું કે 'આ દાણા આપણા ખેતરમાં વાવજો, એટલું જ નહીં પણ જે પાક ઉતરે તે પણ ફરી ફરીને વાવ્યા કરજો.' સસરાએ પાંચ વર્ષ પછી ચારે વહુને બોલાવી પેલા દાણા માગ્યા. પહેલી વહુએ કહ્યું કે "મેં તો નકામા જાણી વાસીદામાં કાઢી નાંખ્યા." બીજીએ કહ્યું કે:—"હું તો ખાઈ ગઈ." ત્રીજીએ કહ્યું કે:—"મેં મારા ઘરેણાં સાથે સંઘરી રાખ્યા છે"

અને ચોથીએ કહ્યું કે–" મારે પીયર ગાડાં મોકલી મંગાવી લ્યો. " આ પરથી સસરાએ પહેલી વહુને વાસીદા વાળવાનું સોંપ્યું; કારણકે તેને નાંખી દેતાં ઠીક આવડતું હતું અને તેનું નામ ઉજ્ઝિતા રાખ્યું. બીજી વહુને રસોડાનું કામ સોંપ્યું, કારણ કે જેને ખાતા આવડે તે કદાચ સારી રીતે ખવરાવી પણ શકે, અને તેનું નામ ભક્ષિકા રાખ્યું. ત્રીજીને સારી રીતે સાચવતા આવડ્યું એટલે તેને પટારાની ચાવીઓ સોંપી, અને તેનું નામ રક્ષિતા રાખ્યું. ચોથીને ઘરનો બોજો વધારનારી સમજી ઘરની ઉપરી નીમી અને તેનું નામ વર્ધિતા (રોહિણી) પાડ્યું.

પ્રતિજ્ઞા પાળવામાં ઉત્સાહ પ્રેરવા અર્થે આ કથા ઘણી ઉપયોગી ગણાય છે. વર્ધિતા નારીએ જેવી રીતે પાંચ દાણામાં અસંખ્ય ગણી વૃદ્ધિ કરી તેવી રીતે વ્રતી જીવોએ ક્રમે ક્રમે પોતાના વ્રત–જપ–તપમાં પણ વૃદ્ધિ કરવી જોઇએ, એવો આ કથાનો ધ્વનિ છે. દીક્ષા લેનાર સ્ત્રી–પુરૂષને ખાસ કરીને આ કથાનું વસ્તુ સમજાવવામાં આવે છે અને ક્રમશઃ સંયમપાલનમાં આગળને આગળ વધવાની પ્રેરણા કરવામાં આવે છે.

ઉપમિતિ ભવ પ્રપંચા કથા—આ એક રૂપક કથા છે અને પ્રબોધ ચંદ્રોદય નાટક અથવા Pilgrim's Progress ની સાથે રૂપક, રસ અને ભાષામાં સ્પર્ધા કરે તેવું છે; તેનું ભાષાસૌંદર્ય કાદંબરીની સ્મૃતિ કરાવે છે. છતાં ખુબી એ છે કે તેમાં કલ્પનાનું કે લાંબા લાંબા સમાસોનું કાઠિન્ય નથી. જીવ-સ્વભાવની હલકામાં હલકી સ્થિતિ–નિગોદની સ્થિતિથી લઇને તે ઠેઠ મોક્ષની સ્થિતિએ શી રીતે પહોંચાય તેનું આમાં સુંદર વર્ણન છે. કથાની સાથે જૈનતત્ત્વ અથવા સિદ્ધાંતોની પણ ઘણી સુંદર રીતે ગુંથણી કરવામાં આવી છે. તેના ગુજરાતી તથા હિંદીમાં પણ ભાષાંતરો થયા છે, અને પ્રો. હર્મન જેકોબીએ એકવાર તેનો અંગ્રેજી અનુવાદ કરવાની તત્પરતા દર્શાવી હતી. કથાના કર્ત્તા કલિકાળ કેવળીનું બિરૂદ ધરાવનાર શ્રી સિદ્ધર્ષિગણિ છે. આને મળતી દિગંબર સાહિત્યમાં એક ચેતન કર્મકથા પણ મળી આવે છે, અને તેનો અનુવાદ પણ થયો છે.

સમરાદિત્ય કેવળીનો રાસ—આ રાસમાં બે મિત્રોના, જન્મજન્માંતરથી ચાલતા આવતા એકપક્ષી વૈરની વાર્તા છે. આખરે એ વૈર શી રીતે ભાંગે છે તેનો સરસ રીતે ખ્યાલ આપવામાં આવ્યો છે. રાસના વાંચનથી વાંચનારને કર્મની કઠિનતાનું અને તેમાંથી છૂટવાનું સામર્થ્ય સ્ફુરે છે. મનુષ્ય

ઘણી વાર પોતે પોતાના કર્મથી ઉપજાવેલાં ફળો ભોગવવામાં કાયરતા દાખવે છે એ દુર્બળતા છે. જેણે નારકીના અને તિર્યંચપણુના અનેક અસહ્ય દુઃખો ભોગવ્યાં છે તે દુઃખ કે કલેશથી નિરાશ તો ન જ થાય, ઉલટું તે આત્મબળે ભોગવી કર્મથી છૂટવાનો જ નિશ્ચય કરે. આ રાસથી જુનાં કર્મો ભોગવી લેવાનું અને નવાં પાપ ન કરવાનું દઢીભૂત થાય છે.

પંડિતજી સુખલાલજીએ કર્મગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કેઃ—

प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान् नाप्युत्तरैः श्लिष्यतां ।
प्रारब्धं त्विह भुज्यतामथपरब्रह्मात्मना स्थियताम् ॥

અર્થાત્—" પહેલાના બાંધેલા અશુભ કર્મોને જ્ઞાનબળથી ગાળી નાંખો, આત્મબળથી નવા અશુભ કર્મના બંધનમાં ન બંધાઓ, અને આત્મવીર્યથી પ્રારબ્ધ કર્મને ભોગવતાં ક્ષીણ કરી નાંખો. એ રીતે આખરે બ્રહ્મપદમાં અનંતકાળ પર્યંત સ્થિર રહો. "

ઇલાયચી કુમારની કથા—આ કથા બહુ રસિક અને બોધપ્રદ છે. મોહવશ પ્રાણીઓ શુભ ધ્યાનમાં આરૂઢ થતાં કેવી રીતે આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન પામે છે તેનું મનોહર નિરૂપણ આ કથામાં છે. હું ટુંકામાં તેનો સાર કહી જઉંછું.

ઇલાયચીકુમાર એક ધનવાન્ શ્રેષ્ઠીનો કુમાર છે. તરૂણાવસ્થામાં તે એક નાટક જોવા જાય છે. ત્યાં નટની એક રૂપવતી પુત્રી ઉપર મોહી પડે છે અને નાટક બલાસ થવા છતાં વિચારમાં ને વિચારમાં તે ત્યાંને ત્યાંજ બેસી રહે છે. તેના મિત્રો તેને સમજાવી પટાવી ઘેર લઇ જાય છે. ઘેર જવા છતાં તેનું ચિત્ત કેમે શાંત થતું નથી. તે એક ભાંગલી-તૂટલી ખાટલી ઉપર પડે છે. (પૂર્વકાળમાં કોઇ કુમાર રીસાય ત્યારે ભાંગલી-તૂટલી ખાટલીનોજ આશ્રય લેતા અને પછી મોટેરાંઓ આવી સમજાવટ કરતા.) ઘરના વડીલ અને વૃદ્ધ પુરૂષો તેને સમજાવવા આવ્યા. પણ તેણે તો એકજ વાત કર્યા કરી કે—" મને પેલી નટની પુત્રી સાથે પરણાવો. " કુળવાન અને ધનવાન શેઠનું કુટુંબ એકદમ એક નીચ કુળની નટી સાથે પોતાના કુળદીપકનું લગ્ન કરવાને શીરીતે તૈયાર થાય ? શરૂઆતમાં તો તેમણે આનાકાની કરી, પણ લાડકવાયા પુત્રનું મન સંપાદન કરવા આખરે તેમણે સમ્મતિ આપી. નટે પોતાની પુત્રી પરણાવવાનું કબુલ્યું, પણ એક એવી આકરી સરત કરી કે—" જો ઇલાયચીકુમાર નાટકકળામાં કુશળ બની,

કોઈ એક રાજાને રીઝવી, તેની પાસેથી દ્રવ્ય મેળવી. એ દ્રવ્યવડે અમારી આખી નાતને ભોજન કરાવે તો હું મારી પુત્રી તેને પરણાવું. " રૂપમુગ્ધ કુમારે તે સરત પણ સ્વીકારી. પછી તેણે નાટ્યકળાની તાલીમ લેવા માંડી. ક્રમે ક્રમે તે એક કુશળ નટ બન્યો. પછી એક રાજા પાસે જઇ તેણે પોતાનો ખેલ બતાવવાની રજા માગી. રાજાએ તે આપી અને પોતે પોતાની રાણી તથા બીજા અમલદારો સાથે નટના ખેલમાં હાજર થયો. ઇલાયચીકુમારે એક પછી એક એવા અદ્‌ભુત ખેલ કર્યા કે આખો પ્રેક્ષકવર્ગ ચકિત થઇ ગયો. ખેલ ખલાસ થવા આવ્યો, પણ રાજાજીએ ઇનામ સંબંધે એક શબ્દ સરખો પણ ન ઉચ્ચાર્યો. ઇલાયચીકુમારની આટઆટલી કુશળતા અને શ્રમ તરફ તેનું લક્ષ્ય પણ ન ખેંચાયું; કારણકે તે તો કુમારની કુશળતા જોવાને બદલે પેલી રૂપવતી નટપુત્રીની સુંદરતા નિહાળવામાંજ ચકચૂર બની ગયો હતો. મોહાંધ મનુષ્યનું મન પોતાના મોહપાત્રને છોડી બીજી તરફ જઈ શકતું નથી. કુમારે ફરી ફરીને બે ત્રણ વાર પોતાના પ્રયોગો કરી બતાવ્યા, પણ રાજાનું ચિત્ત પેલી ઢોલ વગાડતી નટપુત્રીમાં પરોવાયેલું તે કેમે કરતાં કુમાર તરફ ન વળ્યું તે નજ વળ્યું. તે ચિંતવવા લાગ્યો કે—" આ ઉંચા વાંસ ઉપર આધાર વગર નાચતો કુમાર જો નીચે પડે અને મરી જાય તો કેવું સારૂં ? જો તેમ થાય તો આ સુંદર નટી મને પ્રાપ્ત થાય. " બરાબર તેજ વખતે ઉંચા વાંસને છેડે ચડેલા ઇલાયચીકુમારે એક અદ્‌ભુત દૃશ્ય જોયું. ગામની એક પોળમાં એક મુનિ મહારાજને એક અત્યંત રૂપ-સૌંદર્ય-લાવણ્યવતી નારી નિર્ભયપણે આહારાદિ સામગ્રી વ્હોરાવી રહી છે અને પેલા સંયમી મુનિરાજ પૃથ્વી તરફ નીચાં નેત્રો ઢાળી શાંત ભાવે ઉભા છે. ઇલાયચીકુમારે વિચાર કર્યો કે—પોતાની સામેજ જગતના સમસ્ત સૌંદર્યના ભંડાર ખુલ્લા હોવા છતાં આ મુનિમહારાજનું તે તરફ લેશમાત્ર ચિત્ત નથી જતું એ કેવું આશ્ચર્ય ? તેમના પોતાના મનમાંજ કેટલું અગાધ સૌંદર્ય હોવું જોઇએ કે જેથી આ સામેનું સૌંદર્ય તેમને તુચ્છ અને તૃણવત્ લાગે છે ? ધન્ય છે તેમના સંયમને, ધન્ય છે તેમની અચંચળ મનોવૃત્તિને ! આ રીતે શુભ વિચારની શ્રેણીએ ચડતાં તેનો મોહનો પડદો તુટ્યો અને આત્મજ્ઞાનનો ઉદય થયો. રાજાને પેલી નટીમાં અને રાણીને પોતાનામાં મોહમુગ્ધ થયેલાં પોતાના જ્ઞાનદર્પણમાં જોયાં. અંતે તેમને સૌને પણ તેના ઉપદેશથી આત્મસૌંદર્યનું દર્શન થયું. આ કથા અમારા જૈનસમાજમાં સારી પેઠે પ્રચાર પામેલી છે અને તેને લગતાં ચિત્રો પણ કોઇ કોઇ મંદિરોમાં જોવામાં આવે છે. અષ્ટવિધ સામાયિકમાં પરિજ્ઞાનાત્મક સાતમી સામાયિક સાથે આ કથાનો સંબંધ છે.

જૈન કથા સાહિત્યનો ઉપયોગ અને જાળવણી—જૈન કથાનું સાહિત્ય એ તો માત્ર ફુરસદને વખતે વાંચવાનું સાહિત્ય હોત તો આટલું જળવાત કે કેમ ? એ એક શંકા છે. મુનિમહારાજાઓ સવારના વ્યાખ્યાનમાં આવું એકાદ કથાનક પસંદ કરી શ્રોતાઓને સંભળાવે છે અને તે એક આવશ્યક ધર્મકર્તવ્ય ગણાય છે. બપોરના વખતમાં ઉપાશ્રયમાં સ્ત્રીસમુદાયમાં સાધ્વીજીના કે કોઇ શીક્ષિતા શ્રાવિકાના અધ્યક્ષપણા નીચે રાસ કે ચરિત્ર વાંચવાનો રીવાજ છે; અને સાયંકાળે પ્રતિક્રમણમાં, સજ્ઝાયમાં અથવા તે પછી કેટલેક સ્થળે આવો વાતો ચર્ચાય છે. આથી કરીને જૈન કથા સાહિત્ય સંપૂર્ણ યથાર્થ રૂપમાં અત્યારસુધી જળવાઈ રહ્યું છે અને જ્યાંસુધી એ ક્રમ અખંડિત રહેશે ત્યાંસુધી જળવાશે એ નિર્વિવાદ છે.

બૌદ્ધ કથાનક સાથે તુલના—ઘણીખરી જૈન કથાઓને અંતે કથાકાર કેવળીને અથવા સર્વજ્ઞ જિન ભગવાનને લાવે છે અને તેમની દ્વારા જન્મ જન્માંતરના વિવિધ કારણો પ્રકટ કરાવી સમગ્ર ઘટનાનું રહસ્ય ખુલ્લું કરે છે. જૈન વાર્તાકારોની આ પદ્ધતિ બૌધ જાતક કથાનું સ્મરણ કરાવે છે; પરંતુ જાતકો કરતાં જૈન કથામાં એક વિશેષતા છે. જાતક કથાઓ એવી રીતે શરૂ થાય છે કે ઘણે ભાગે સમજવું મુશ્કેલ થઇ પડે. અમુક સાધુને અમુક થયું એવી રીતે જાતક કથાનો પ્રારંભ થાય છે. પછી બુદ્ધ ભગવાન્ પધારે છે. અને પ્રશ્નના ઉત્તરમાં બુદ્ધ ભગવાન્ તે શ્રમણના પૂર્વજન્મનું વૃત્તાંત કહી સંભળાવે છે. જાતકની મુખ્ય કથા ભતકાળને ઉદ્દેશી હોય છે; જ્યારે જૈન કથા ભવિષ્ય કે પરિણામ તરફ વહેતી હોય છે. લગભગ બધી જાતક કથાઓમાં બોધિસત્ત્વ કે ભાવિ બુદ્ધ પોતેજ ભાગ લેતા હોય છે. જૈન કથાઓમાં તેમ નથી હોતું. આનું કારણ મને એમ લાગે છે કે જાતક કથાઓ પ્રાય: હિંદુસ્તાનની જુદી જુદી લોકકથાઓમાંથી જન્મ પામી હોય છે તેથી તેમાં રસિકતા, અદ્ભુતતા અને વૈચિત્ર્ય જળવાય છે પણ તેને સુઘટિત બનાવવા કેટલાક પરિવર્તન કરવાં પડે છે; અને આમ પરિવર્તન કરવાથી કોઇ કોઇ વાર મૂળ કથા શુષ્ક પણ બની જાય છે. જૈન લેખકોએ મૂળ પ્રચલિત લોકકથાઓનો આશ્રય લીધો છે પણ પોતાને અનુકૂળ બનાવવા તેમાં વિરૂપતા આવે એવી કાપકુપ નથી કરી. બનતાં સુધી તો તેમણે લોકરીવાજ અને યુગની ભાવના તેના ખરા સ્વરૂપમાં જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. બુદ્ધ કથામાં અર્થકથા કે રાજકથા પાપરૂપ છે. જૈન લેખકો એ વિષયમાં સ્વતંત્ર છે. તેઓ તો વાર્તામાંના પાત્રોને સદ્ગુણી કે દૈવી ચિતરવાને પણ બંધાતા નથી.

કારણકે તેઓ જાણે છે કે વાર્ત્તાનો સાર કંઇ વાર્ત્તામાં બનેલા બનાવો ઉપરજ અવલંબતો નથી, પરંતુ કેવલી ભગવાન્ વાર્ત્તાને અંતે જે રહસ્ય બતાવશે તેના ઉપરજ અવલંબે છે. આથી જૈન લેખકો વાર્ત્તાના પાત્રોને પૂરેપૂરી સ્વતંત્રતાથી ઘાત પ્રતિઘાત અને સુખ દુઃખમાં થઇને લઇ જાય છે. આખરે કેવલી ભગવાન્ આવી પાત્રોને પડેલા દુઃખો ક્યા ક્યા દુષ્કર્મના ફળ છે તે સમજાવે છે અને પડદો ઉચકી જતાં અનંત પ્રકાશ પ્રાપ્ત થાય છે. જૈન લેખકોએ જેમ જુની પ્રચાલત લોકકથાઓમાં વિવિધ રંગ પૂર્યા છે તેમ ધર્મપ્રચાર અને ધર્મદેશના માટે સિદ્ધાંતને દૃષ્ટિમાં રાખી ઘણી ઘણી નવી કથાઓ પણ રચી છે.

જૈન સાહિત્યની અસર—જૈન સાહિત્યનો પ્રભાવ કેવળ તેની સાંપ્રદાયિક સીમામાં જ સમાપ્ત નથી થતો. પોતાના પાડોશી સાહિત્ય ઉપર પણ તેણે અસર કરી છે. ડા. વેલર કહે છે કે જૈન ધર્મ સંબંધી મારૂં જ્ઞાન પણ ઘણે અંશે બ્રાહ્મણોના શાસ્ત્રમાંથી જ આવ્યું છે. શ્રીમદ્ ભાગવદ્‌માં બુદ્ધ ભગવાનને જેમ વિષ્નુના અવતાર માન્યા છે, તેમ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને પણ વિષ્ણુના અવતાર તરીકે ઓળખાવ્યા છે. યોગવાશિષ્ટમાં રામ પોતાના ગુરૂ શ્રી વશિષ્ઠને કહે છે કે:—

> नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।
> शांतिमासितुमिच्छामि, स्वात्मनीव जिनो यथा ॥

શાન્તિપર્વના મોક્ષપર્વમાં પણ લખ્યું છે કે:—

> एतदेवं च नैवं च, न चोभे नानुभे तथा ।
> कर्मस्था विषयं ब्रुयुः, सत्त्वस्थाः समदर्शिनः ॥

એ જ પ્રકારે જૈનસાહિત્યે પણ હિંદના સાહિત્યમાંથી ઘણું સારૂં લાગ્યું તે ઝીલવામાં સંકોચ નથી કર્યો. કાલીદાસના મેઘદૂત ઉપર કેટલાક જૈન કવિઓ મુગ્ધ થઇ ગયા છે અને તેમણે મેઘદૂતના અનુકરણમાં ઘણા સરસ કાવ્યો જૈનસાહિત્યને ભેટ ધર્યા છે. મેઘદૂતના પ્રત્યેક શ્લોકના અંતીમ ચરણને લઇ અને કેટલાકમાં પ્રત્યેક ચરણને લઇ જૈન કવિઓએ સરલ કલ્પનાવૈભવ તથા ભાષાલાલિત્ય પ્રકટ કર્યાં છે. કેટલાક વિદ્વાન જૈન લેખકોએ જૈનેતર ગ્રંથો ઉપર પોતાની વ્યાખ્યાઓ અને વૃત્તિઓ પણ રચી છે. આમ ધર્મસિદ્ધાંતમાં મત મતાંતર હોવા છતાં સાહિત્યમાં તો જૈન લેખકોએ ભેદભાવને એક કોરે રાખી એક ચિત્તે અને શુદ્ધ ભાવે સાહિત્યસાધના કરી છે.

ॐ वीर.

ઉપસંહાર.

સજ્જનો ! ચાર વેદની પેઠે જૈનસાહિત્યના પણ ચાર ભાગ છે. પ્રથમ દ્રવ્યાનુયોગ Philosophy of Religion, જેમાં તત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, ન્યાય જ્ઞાનના સાહિત્યનો સમાવેશ થાય છે. બીજા ભાગમાં ચરણકરણાનુયોગ Conduct of Religion જેમાં ધર્મને આચારમાં ઉતારવાના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. ત્રીજો ભાગ કે જેને ધર્મકથાનુયોગ Demonstraation of Religion કહે છે. આ ભાગમાં ઉપર કહેલા બન્ને અનુયોગના સિદ્ધાંતોને અમલમાં મુકનારના ચરિત્રો હોય છે અને ચોથોભાગ ગણિતાનુયોગ The jain Cosmology નો છે. જેમાં ક્ષેત્રસમાસ તથા જૈન ભૂગોળ–ખગોળનો સમાવેશ થાય છે. આ ચારે ભાગના સાહિત્યનો યથાવિધિ અભ્યાસ કરે તો જૈન પરમાત્મવિદ્યા (Theology), આત્મવિદ્યા, (Psycology), વિશ્વવિદ્યા (Bosmology), અને પરલોકવિદ્યા (Estachology) એ ચારે વિષયોનો જૈન માન્યતા સંબંધીનો નિર્ણય અભ્યાસીને જણાઈ આવે તેમ છે.

જૈન આગમમાંથી માત્ર મેં આચાર વિધાનવાળા સૂત્રોનોજ ઉલ્લેખ કર્યો છે. જૈનના ન્યાય સાહિત્ય, તત્વજ્ઞાન સાહિત્ય, ભાષાસાહિત્ય, અને વિજ્ઞાન સાહિત્ય વિષે કુશળ જૈન વિદ્વાનો આપણને વિશેષ કહેશે. મારા લેખમાં મેં ઉપદેશિક સાહિત્યનો ઉલ્લેખ કર્યો છે અને તેનું વર્ણન આ લોકમાં શુભ પ્રવૃત્તિ કરાવવાનું અને અધ્યાત્મ દ્વારાએ જીવનના અંતિમ સાધ્ય મોક્ષ કે મહાનંદ તરફ લઈ જવાનું છે એ જણાવ્યું છે. મારા લેખમાં ઘણી ત્રુટીઓ રહેલી છે એમ હું જાણું છું, તથાપિ લેખ લખીને નિબંધ વાંચવાનો આ મ્હારો પ્રથમ પ્રયાસ હોવાથી આપ ઉદારતાથી ક્ષમા કરશો. છેવટે મારા આ લેખને મારા જર્મન મિત્ર પ્રો. હરમન જેકોબીની જૈન સાહિત્યની પ્રગતિ વિષેની ગાથા ટાંકી સમાપ્ત કરૂં છું.

जिणपवयणं पसिद्धं, जंबुदिवम्मि चेव सव्वम्मि ।
कीत्ति जस्सं च अचिरा, पायवो सयल पुढविए ॥

इति शुभम्.

પરિશિષ્ટ.

સાહિત્યની પરસ્પર અસર.

૧ જૈન સૂત્ર ગ્રંથમાં કલ્પસૂત્ર પણ ગણાય છે. પવિત્ર સૂત્રોમાં આ સૂત્ર અગ્રગણ્યનીય એટલા માટે ગણાય છે કે આમાં શ્રી તીર્થંકરોના સંક્ષિપ્ત પણ મૂળ ચરિત્રો છે. અને કયા વર્તનથી તેમણે કેવળજ્ઞાન ને મોક્ષનો મહા આનંદ પ્રાપ્ત કર્યો હતો એ વર્તનરૂપ આચાર જેને સાધુસમાચારી કહે છે તે પણ તેમાં છે. આ પવિત્ર સૂત્રમાં ગણધરવાદ છે. તેમાં શ્રી મહાવીરસ્વામીએ ઇંદ્રભૂતિ નામના ગૌતમગોત્રી વિદ્વાન બ્રાહ્મણનો સંશય—

विज्ञान घन एव एतेभ्यः भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञाऽस्तीति એ વેદ પાઠવડે દૂર કર્યો હતો.

૨ જૈનયોગ ગ્રંથો—યોગબિન્દુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગસાર, સમાધિ શતક, પરમાત્મ પ્રકાશ, જ્ઞાનાંકુશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપીકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ્‌, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મતરંગિણી, અધ્યાત્મ ગીતા—વિગેરે.

૩ પ્રથમ જ્યારે મેં આચારાંગ સૂત્ર અવલોકયું ત્યારે મને તેમાં સમજણ પડી હતી નહી, પરન્તુ જ્યારે Francis of Assisi નું ચરિત્ર વાંચ્યું કે આચારાંગસૂત્ર સમજાયું એટલુંજ નહી, પણ એ ફ્રેંચ સાધુ ચરિત્ર કરતાં જૈની દીક્ષા મને કાંઇ ન્યૂન ન લાગી. ફ્રાન્સિસે જ્યારે બ્રહ્મચર્ય (Chastity), અકિંચનત્વ (Poverty), વિનય (Obedience) અને શ્રદ્ધાને (Faith) મુખ્ય કર્યા હતા ત્યારે જૈન સાધુના ચારિત્રમાં ઉપરના સદ્દગુણો ઉપરાંત અહિંસા, સત્ય વિગેરે બીજા પણ ગુણો ક્રિયાગત છે, અને કાળાનુસાર હાલ પણ ઘણેક અંશે યથાશક્તિ તે ગુણોનું સેવન થયા કરે છે.

૪ જૈન સાહિત્ય પોતામાં રહેલા આત્મા સિવાય બીજા કોઇને જગતના કર્ત્તા, ભોક્તા કે હર્તા માનતું જણાતું નથી, તથાપિ તે નાસ્તિક નથી, કારણકે પાણિની મુનિ કહે છે કે—

परलोकोऽस्तीति मतिर्यस्यास्तीति आस्तिकः।
परलोको नास्तीति मतिर्यस्यास्तीति नास्तिकः।

પરલોક છે એવું માનનાર આસ્તિક છે. અને એવું નહીં માનનાર નાસ્તિક છે.

૫ આદર્શ પુરૂષોને જૈનો શલાકા પુરૂષ- મહા પુરૂષ ને યુગપ્રધાન અને ધર્મનો પ્રભાવ વધારનારને જૈન સાહિત્યમાં પ્રભાવિક પુરૂષ ગણેલા છે.

૬ સમાજવાદના એક પ્રશ્નનો નિવેડો .જૈનમાન્યતા દાખવી શકે એવું

તેમના સાહિત્યમાં મળી આવે છે. મનુષ્યે ખાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર, અને રહેવાને માટે નિવાસસ્થાન એટલા ઉપરાંત કાંઇપણ મીલકત ન રાખવી. આવી મર્યાદા કરનાર લોભનો નિગ્રહ કરવા પરિગ્રહનું પ્રમાણ કરે છે. પરિમાણ ઉપરાંત જે મીલકત હોય તે શુભ કામમાં ખર્ચી નાંખે છે. આ ઉપરથી અમેરીકામાં સાંભળેલ એક વિચારનું સ્મરણ થાય છે કે જે મનુષ્યની દોલત ત્રણ કરોડ ડાલર કરતાં વધારે હોય તે વધારાની દોલત દેશના લોકોને આપી દેવા તેમણે ગવર્મેન્ટને સોંપવી.

૭ જૈન સાહિત્યે પોતાના કાવ્યોમાં, કથાનકોમાં, રાસોમાં, નાટકોમાં નવે રસને પોષ્યા છે. તદ્દહેતુને લઇ શૃંગારરસને ગૌણ રાખી શાન્ત રસને પોષે છે. આ દેશમાં જ્યારે બાળલગ્ન નહિ હતા, અને બ્રહ્મચારી આશ્રમમાંજ બારબાર વર્ષ સુધી વિદ્યાર્થી અભ્યાસ કરતા, ત્યારપછી પતિ–પત્ની થનારાઓને વાત્સાયન શાસ્ત્રનો અભ્યાસ કરાવતા. પરંતુ આ કાળે શૃંગારરસે સ્વચ્છંદે બિભિત્સરસ અને વ્યભિચારનું સ્વરૂપ લીધું છે, ત્યારે શૃંગારનું પોષણ સમાજને હિત કરતાં હાનિકર્તા વિશેષ છે, એવું સમજી જૈનસાહિત્યકારોએ શૃંગાર ગૌણ કરી શાન્ત રસને પોષ્યો હોય એવું અનુમાન થાય છે.


૮ જૈનો જ્ઞાનપંચમીને દિવસે વ્રત કરી જ્ઞાનપૂજા કરે છે. આ દિવસ દર વર્ષે કાર્તિક શુદિ પંચમીએ આવે છે. પૂર્વના વખતમાં જ્ઞાનપંચમીનું વ્રત કરનાર વ્રતની પૂર્ણાહુતી વખતે ઉજમણું કરીને જ્ઞાનના સાહિત્યો એટલે સાપડા, નવકારવાળી, કાગળ, કલમ, ઉપરાંત પુસ્તકો લખાવી કિંમતી પાઠાઓમાં રાખી, દાબડામાં મૂકી ભંડારમાં રખાવતા હતા. હાલમાં એ પ્રચાર ઓછો થઈ ગયો છે.

૯ કળિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કેવા જ્ઞાનશ્રીમંત હતા, તેમનું ઉદાહરણ આ પ્રમાણે છે. તેઓ શતાવધાન કરતા, વિશેષ અવધાનો પણ કરતા, શાહીના કુંડની આસપાસ એકી સાથે પાંચસો લહિયાઓને લખવા બેસાડતા, અને પ્રત્યેક લહિયાને ભિન્ન ભિન્ન વિષયોપર વારાફરતી શ્લોકો લખાવતા હતા.

૧૦ જૈન દર્શન છે કે ધર્મ ? Philosiphy or Religion ? કેટલાએક જૈનેતર વિદ્વાનોનું માનવું એવું સંભળાય છે કે ન્યાયાદિ ષડ્ દર્શનોની પેઠે જૈન એક દર્શનજ છે–એક પ્રકારની દૃષ્ટિ છે, એટલે કે વસ્તુને અનેક સ્વરૂપે જોવાની દૃષ્ટિ છે. જૈન સાહિત્યનું વિશેષ અવલોકન કરનારને માલુમ પડશે કે જૈન દર્શન કે ફિલસુફી નો છેજ પરંતુ તેનું વિશેષ લક્ષ્ય ધર્મ કે રીલીજીયનપર છે; કારણકે પોતાનામાં રહેલા શુદ્ધાત્મા કે પરમાત્માને પામવાને, તેના માનનારને સર્વે જીવોપર સમભાવ શિખવવો પડે છે, અને એ સમભાવના આચરણ પછીજ મનુષ્ય શુદ્ધાત્મા અર્થાત્ પરમાત્માનું ધ્યાન–દર્શન--પૂજન--મનન–ભક્તિ યથાર્થ રીતે કરી શકે છે; અર્થાત્ ધર્મની ભીંતપર જૈન--સાહિત્યનો પ્રાસાદ નિર્ભર છે. સમભાવ તેના હૃદયમાં છે, અને સ્યાદ્વાદ તેના મુગટનો ચૂડામણિ છે.

ભાગ ૩ જો.

સાહિત્યવિભાગ.



સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ્—ભાવનગર.
તા. ૧૮, ૧૯–૨૦ એપ્રીલ ઈ. સ. ૧૯૨૪

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્,

ભાવનગર.

ભાગ ૩ જો.

૧. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ઉગેલા વિવેચનના અંકુર.

(લેખક– રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ)

વિક્રમ સંવતના ૧૯ મા સૈકાના અંત સુધી ગુજરાતી ભાષામા વિવેચન (criticism)-નું સાહિત્ય હતું નહિં. પ્રાચીન ગુજરાતી સાહિત્ય જે રીતે ઘડાયુ તેમા વિવેચનનો અવકાશ હતો નહિં. ભક્તિના ભાવ અને જ્ઞાનના વિચાર પ્રકટ કરનાર આદ્ય ગુજરાતી કવિઓ પોતાની માનસિક સૃષ્ટિમાં એવા તલ્લીન હતા કે તે બહાર જઈ બીજા લેખકોની કૃતિઓ વિશે કલમ ચલાવવાની વૃત્તિ તેમને થઇ નહિં. વ્રજ ભાષાની કવિતા તેમના અભ્યાસનો વિષય હોવા છતાં તે કવિતાની અલંકારમય શૈલી તેમની ભક્તિગ્રાહી તથા જ્ઞાનદર્શી કવિતામાં દાખલ થઇ નહિં રસ તથા અલંકારના શાસ્ત્રના વ્રજ ભાષાના ગ્રન્થોનું વાચન એ સમયમાં વિદ્વત્તા પ્રાપ્ત કરવા માટે આવશ્યક હોવા છતા ગુજરાતના વિદ્વાન લેખકો ફક્ત પ્રકારની કવિતારચનામાં વ્યાપૃત થવાથી રસ અથવા અલંકારના ગ્રન્થો પણ ગુજરાતી ભાષામા લખાયા નહિં. આગળ જતાં રામાયણ, મહાભારત, ભાગવત અને પુરાણમાથી આખ્યાનો અને આખ્યાયિકાઓ લઇ ગુજરાતીમાં કાવ્યો લખાયાં ત્યારે તે રચનાઓમાં અલંકાર વિશેષ દાખલ થયા તોપણ વિદ્વાનોની એ પ્રથા કાયમ રહી કે લેખક પોતાની વિદ્વત્તા અને કલ્પના વડે પોતાના ભાવ અને વિચાર પ્રકટ કરનારા ગ્રન્થ લખે પણ બીજા લેખકોના ગ્રન્થની પરીક્ષા કરે નહિં. ધાર્મિક ગ્રન્થોમાની કથાઓ મુકી દઇ સંસાર વ્યવહારના પ્રસંગોની વાર્તાઓ લખનાર વચ્છરાજ અને સામળભટ સરખા કવિઓએ પણ એ પ્રથા ચાલુ રાખી. આ રીતે પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વિવેચનના ગ્રન્થ ઉત્પન્ન થયા નહિં. પ્રાચીન સાહિત્યનો ઘણો મ્હોટો ભાગ પદ્યમાં લખાયો અને ગદ્ય લેખો તો ઘણા જુજ લખાયા અને તે માત્ર સાધારણ લેખકોને હાથે લખાયા એ પણ આ સ્થિતિનું એક કારણ છે. Speculative Criticism ના (વિવેચનના સિદ્ધાન્તો દર્શાવનારા) ગ્રન્થો કેટલીક વાર પદ્યમાં લખાયા છે ખરા, પરંતુ, એવાં લખાણુ માટે પદ્ય શૈલી અનુકૂળ નિવડી નથી. રસ અને અલંકારના શાસ્ત્રના ગ્રન્થો સંસ્કૃતમાં પદ્યમાં લખાયા છે, પણ તે શાસ્ત્રમા પણ પદ્યકારિકા સાથે ગદ્યવૃત્તિ સામેલ કર્યાથી જ યથાર્થ વિવેચન થઇ શકયું છે. પોપનો Essay on Criticism નામનો વિવેચન વિશેનો નિબંધ પદ્યમાં છે પણ એ વિષયના નિબંધ તરીકે તેમાં કાંઇ ગુણ નથી અને

વિવેચનની ચર્ચા તરીકે તે ઉપયોગી નથી. બાયરનનું English Bards and Scotch Reviewers નામનું ઇંગ્રેજ કવિઓ અને સ્કોચ ટીકાકારો સંબંધી કાવ્ય પદ્યમા છે, પણ તેમા માત્ર આક્ષેપનો આવેગ છે, વિવેચનનું મૂલ્ય નથી–એમાં Speculative Criticism (વિવેચનના સિદ્ધાન્ત) નથી તેમ જ Judicial Criticism (ગુણદોષની પરીક્ષા કરનારૂં વિવેચન) નથી. વિવેચનમાં વિવેચકનો કલ્પનાપ્રભાવ આવિર્ભૂત કરવાનો નથી હોતો, અને, વિવેચકના પોતાના ભાવ પ્રકટ કરી રસનિષ્પત્તિ કરવાની નથી હોતી. વિવેચનમા ગંભીર-મનનથી સદસદ્‌વિવેક કરવાનો હોય છે, એવા વિવેકનો માર્ગ દર્શાવવાનો હોય છે, ગુણ-દોષની પરીક્ષા કરવાનાં ધોરણની ચર્ચા કરવાની હોય છે, સારાસારની તુલના કરવાની હોય છે. અને, એ બધા વિચારવ્યાપાર માટે પદ્ય નહિં પણ ગદ્ય જ અનુકૂળ થાય છે. તેથી, પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સમર્થ લેખકો પદ્યરચના તરફ જ વળ્યા એ પણ વિવેચનસાહિત્યના અભાવનું એક કારણ છે.

ભક્તિ અને જ્ઞાનની કવિતા રચનાર લેખકોને બીજા લેખકોની કૃતિ વિશે ચર્ચા કરવાની વૃત્તિ ઉપર કહ્યું તેમ થઇ નહિં, તેજ રીતે, ધાર્મિક કથાઓનો વિસ્તાર કરનાર લેખકોની કૃતિઓના નાયકનાયિકાઓ સર્વત્ર પૂજ્ય હોવાથી એ કૃતિઓના વાચનથી એ પૂજ્યભાવ પુષ્ટ કરવામા વાચકોનું અને વિદ્વાનોનું ચિત્ત એવું ગુંથાયેલું રહેતું કે એ ભાવમાંથી નિકળી કવિની કૃતિની પરીક્ષાની વૃત્તિમાં તેમનું ચિત્ત જતું નહિં. ઐતિહાસિક વિષયનાં વીરરસ કાવ્યોનું અને સંસાર વ્યવહારના પ્રસંગ ચિતરનાર કાવ્યોનું સાહિત્ય બહોળું થયું હોત તો ધર્મમાંથી નિકળી માનુષ વિષયમાં આવતાં પરીક્ષાની વૃત્તિ ઉદ્‌ભૂત થાત, પણ, 'કહાનડદે પ્રબંધ' રચાયા પછી ઇતિહાસના વિષય લઇ વીરરસ કાવ્યો રચનારા થયા નહિં અને સંસાર વ્યવહારની વાર્તા લખનાર વચ્છરાજ અને સામળભટ સરખા બીજા થયા નહિં. વિવેચનસાહિત્યના અભાવનું આ પણ કારણ છે.

પરંતુ, સાહિત્યમાં પ્રવૃત્તિ કરનાર વિદ્વાન લેખકોને વિવેચનના વિચાર સ્ફૂર્યા વગર રહે એમ બને નહિં. પ્રાચીન ગુજરાતી સાહિત્યમા વિવેચનસિદ્ધાન્તોનો જ્યોતિર્મય દીપ પ્રકટ થયો નથી તે છતાં એ પ્રકાશનાં કિરણો કદી કદી પ્રવિષ્ટ થયાં છે; અને, ગુણદોષ-પરીક્ષાનો શોધક અગ્નિ સળગ્યો નથી છતા એ પાવકના સ્ફુલિંગો કદી કદી ચેત્યા છે. રસથી દૂર રહેલા, વેદાન્ત સરખા વિષયના નિરૂપણમાં તલ્લીન થયેલા અખાની વાણીમાં પણ

> ' કવિતા ઘણા કવી ગયા, અદ્યાપિ કવે પ્રત્યક્ષ રહ્યા;
> વળી આગળ કવસે બહુ કવી, મનની વૃત્ય જોજો અનુભવી.
> અખા મનાતીત ત્યમનું ત્યમ, મનની વૃત્યમા મનની ગમ્ય,
> જ્ઞાનીની કવિતા ન ગણીશ,* કિરણુ સૂર્યનાં કેમ વરણીશ. '
>
> (કવિ અંગ.)
>
> ' ઉધ્યા ખરલે પંડિત કવિ, જે મનની વૃત્તિ રહ્યા અનુભવી. '
>
> (આત્મલક્ષ અંગ.)

---

* 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ ' એવો પાઠ બીજી સાહિત્ય પરિષદમાં ' અખાભક્ત અને તેમની કવિતા ' વિશે રા રા. અંબાલાલ બુલાખીરામ જાનીએ વાંચેલા નિબંધમાં આપ્યો છે.

'ભાષાને શું વળગે ભૂર, જે રણમા જીતે તે શૂર,
સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતમાંથી નાશી ગયું.

* *

સંસ્કૃત પ્રાકૃત જે વડે ભણે, જેમ કાષ્ટવિષે રહ્યો ભાથાકણે;
તે છોડયા બાણો ના'વે અર્થ, તેમ પ્રાકૃત વિના સંસ્કૃત તે વ્યર્થ.'

(ભાષા અંગ.)

એવા વિવેચનના સિદ્ધાન્તો પ્રકટ થયા છે. અને કવિઓ મનની વૃત્તિનો અનુભવ પ્રાદુર્ભૂત કરે છે, કવિ સરખી મનની વૃત્તિમા આવ્યાથી તેની વૃત્તિ ગમ્ય થાય છે, જ્ઞાન એ કવિતાનો પ્રત્યક્ષ વિષય નથી, જ્ઞાની તે કવિથી જુદા છે, મનની વૃત્તિ પ્રકટ કરનારા પંડિતોની અને કવિઓની કલ્પનાઓ તે સ્વમની ઝાંખી સરખી હોય છે. ભાષા કરતાં વક્તવ્ય વિષયનું વધારે મહત્ત્વ છે, જે પ્રાકૃત ભાષા આપણે નિત્ય બોલતા હોઇએ તેનો અનાદર કરી કેવળ સંસ્કૃતને વળગી રહેવાથી લક્ષ્ય વસ્તુએ પ્હોચાતું નથી, પ્રાકૃત બોલનાર માટે વિવક્ષિત વાત પ્રાકૃતમાં જ યથેષ્ટ કહી શકાય છે; એ અખાએ કહેલા સિદ્ધાન્તો વિવેચનસાહિત્યમા ઘણા મૂલ્યવાન છે.

આવાં વચનો અમૂર્ત (abstract) વિચાર પ્રકટ કરનાર જ્ઞાનપરાયણ લેખકની વાણીમાં પ્રસંગવશાત્ આવવાનો વિશેષ સંભવ છે, ભાવવાહક મૂર્તિમંત (concrete) ચિત્રો આવિર્ભૂત કરનાર રસપરાયણ લેખકની વાણીમાં એવો સંભવ બહુ ઓછો છે. તેથી, પ્રેમાનંદ સરખા કવિનાં કાવ્યોમાં આવાં વચનો નજરે પડતા નથી. સામળભટ વાર્તારૂપ મૂર્તિમંત્ર ચિત્રો ઘણાં રચે છે, પરંતુ, સામાન્ય વિચારો, પ્રસ્તાવિક વચનો, સમસ્યાઓ, કહેવતો અને શિખામણની વાતો પ્રકટ કરવાનો તેનો શોખ તેની વાર્તાઓમા પણ દાખલ થયો છે. વાર્તા કહેતાં પણ તે સંબદ્ધ અસંબદ્ધ સાધારણ સ્થિતિઓના વ્યાપનની ઉક્તિઓમાં ઉતરી પડે છે. એવા એક પ્રસંગમાં તે કહે છે.

'કહ્યું કથે તે શાનો કવિ, શીખી વાત તે શાની નવી,'

(નંદબત્રીશી.)

કામવાસનાથી પ્રધાનને ઘેર જવા રાત્રે બહાર નિકળેલા નંદસેન રાજાની સ્થિતિના વર્ણનમાં કવિત્વ વિશેનું આ વચન કેવળ અપ્રસ્તુત છે. પરંતુ, જારબુદ્ધિ હોય ત્યાં લાજ ન હોય એ વચન કહી સામળભટ ઘણાં અપ્રસ્તુત વચનોના કથનમાં ઉતરી પડે છે, અને ભિક્ષા હોય તેને ભોગ ન હોય, અક્કરમીને ઉદ્યોગ ન હોય, સંતોષીને દુઃખ ન હોય, કંઠ વિના ગાયન ન હોય, વહેવાર વિના વેપાર ન હોય: એવાં અનેક અસંબદ્ધ વચનોની વચમાં કવિત્વ વિશેનું આ વચન તે મુકી દે છે. આ વચનમાં પ્રેમાનંદ કવિ સામે આક્ષેપ છે, ધાર્મિક ગ્રન્થોમાંની જુની કથાઓ લઇ પ્રેમાનન્દે આખ્યાન રચ્યાં અને એ રીતે કહેલી વાત કહી એમાં કવિત્વ શાનું? એમાં નવીનતા શી?-એવો આક્ષેપ કરવાનો આ વચનનો હેતુ છે: એ માન્યતા સંભવિત લાગે છે. અલબત્ત, પ્રેમાનન્દ સામેનો આવો આક્ષેપ યથાર્થ નથી. જુની વાર્તાઓ વસ્તુ રૂપે લઇ પ્રેમાનન્દે પોતાની રસિકતા અને કલ્પનાથી વિસ્તારી આખ્યાનો લખ્યા છે તે નવીન કૃતિઓ જ છે, એમાની કવિતા કહેલી

વાત કથતી નથી. એ પ્રમાણે જુની વાર્તાઓનો આધાર લઇ તે ઉપરથી નવીન સૃષ્ટિ રચવાનો પ્રકાર કાલિદાસ, શેક્સપીઅર, મિલ્ટન વગેરે મહાન્ કવિઓએ ગ્રહણ કર્યો છે અને તેમની રચનામાં એ દોષ નથી. પરંતુ, પ્રેમાનન્દની કૃતિઓને લક્ષ્ય કરવામાં સામળભટની ભૂલ હોવા છતા તેણે દર્શાવેલો સિદ્ધાન્ત શુદ્ધ સ્વરૂપે ખરો છે. કવિ જે કહે તે કોઇએ કહેલું હોવું ન જોઇએ, કવિતામાં નવીનતા હોવી જોઇએ, કવિ રસમય દર્શનથી જે તત્ત્વ શીખવે તે પૂર્વે બીજા કોઇએ શીખવેલું હોય તો ચમત્કાર જતો રહેઃ એ સિદ્ધાન્તો વિવેચનસાહિત્યમા કવિની શક્તિ અને કલા પરત્વે ઘણા અગત્યના છે.

વિવેચનનો બીજો એક સિદ્ધાન્ત સામળભટ ' પ્રશ્નોત્તરવિષય છપ્પા ' માં દર્શાવે છે

' ધિક કવિતા કવિકેરી કૃપણના જશ જો જોડે. '

શેને ધિક્કાર છે ?

કવિતામા અપાત્ર મનુષ્યની પ્રશંસા કરવામાં આવે તો રસક્ષતિ થાય છે, અને પ્રશંસા ગમે તેટલી કલ્પનાપૂર્ણ કે ભાવપૂર્ણ હોય તોપણ નાયક નાલાયક હોય ત્યા અરુચિકરતા જ થાય છે એ સિદ્ધાન્ત યથાર્થ છે. કૃપણના દૃષ્ટાન્તથી સર્વ અયોગ્ય પાત્ર વક્તવ્ય છે. આ વચનમાં પ્રેમાનન્દ ઉપર કોઇ આક્ષેપ હોઇ શકે નહિં કેમકે પ્રેમાનન્દે પોતાની કથાનાં નાયક નાયિકા સિવાય કોઇની સ્તુતિ કરી જ નથી. નંદુરબારના રાજા તરફથી પ્રેમાનન્દને ઇનામ મળતાં પણ પ્રેમાનન્દે કદિ તેની કીર્તિ ગાઇ નથી. સામળભટને સિંહુજના પાટીદાર રખીદાસનો ઉદાર આશ્રય મળ્યો હતો અને સામળભટે

' રખીદાસ ગુણ રાજવી ભૂપતિ બીજો ભોજ, '

(છપ્પા)

' કણબી કરણ સમો વસે રખિદાસ તેનું નામ, '

(નંદબત્રીસી.)

એવા વચનોથી તેની સ્તુતિ કરી છે. એ આશ્રયદાતાની સહાયતાની કદર કરવામાં કાંઈ અયોગ્યતા નહોતી, પરંતુ, સામળભટ સાથેની સ્પર્ધાથી પ્રેરાઇ પ્રેમાનન્દ ઉદ્‌ગાર કહાડે છે કે

' કવિઓ નૃપના કે શ્રીના, હળધર બળધર ત્રાસ,
જગતીસુર હું લોભી તો, પણ વટપતન વાસ. '

(દ્રૌપદીહરણ.)

અર્થાત્ કવિઓ રાજાઓના કે શ્રીમંતોના, હળધર-ખેડુતોના, કે બળધર-બળવાનોના ત્રાસ વેઠે છે. જગતીસુર (બ્રાહ્મણ) હોઇ લોભી છું છતા વડોદરામા જ વાસ કરૂં છું. આ રીતે ખેડુતનો આશ્રય લીધા માટે સામળભટને પ્રેમાનંદ ઉપાલમ્ભ દે છે. એવી જ હરીફાઇના આવેગથી સામળભટ કહે છે,

' ઘર ઘર રાગ તાણું નહિં, ન પુત્ર મુજ ગુણ ગાય,
રાજદરબારે રઝળવું, મેળવી નથી પસાય.
ભાટ બ્રાહ્મણને ભાંડવા, લાબી મુકે પોક;
રીઝી ભલા ભલા કરે, તેથી થાયેશોક.

રીઝવે ગાન ને તાનથી, હાથે લઈ કરતાલ;
શિષ્યો ગુરુનો ગાદરો, વા : વા : ત્યા શો માલ '

(મદનમોહના.)

પ્રેમાનદ માણભટની કથા કરતા, તેમના પુત્ર વલ્લભ પોતાનાં પુસ્તકોમા તેમની સ્તુતિ લખતો, નંદુરબારના રાજા સાથે પ્રેમાનંદને મિત્રાચારી હતી અને તે પ્રેમાનંદને ઘણીવાર બોલાવી તેમની કવિતા સાભળતા, અને પ્રેમાનંદને વિસ્તારી શિષ્યમંડળ વિંટલાયેલું હતું, એ બધી હકીકત સંબંધે અહીં ઉપહાસ સાથે ઇશારો કર્યો છે

પરંતુ, આ પ્રકારની ટીકા વિવેચનસાહિત્યમાં કાંઈ કિંમતની નથી. એથી વિવેચન-સિદ્ધાન્તોનું પ્રતિપાદન થતું નથી, ગ્રન્થના ગુણદોષની પરીક્ષા કરવાનો માર્ગ મળતો નથી, તેમ જ, ગ્રન્થનું વિવરણ કરવામા સહાયતા થતી નથી. આક્ષેપનો હેતુ છતા પણ જ્યા સામળભટ

' જેમ તેમ શબ્દો ગોઠવી, રચે ઘાટ કુંભાર;
કિલષ્ટ કાવ્યથી રાચશે, કવિન્દ્ર ને કુંભાર *

\+ + + + +

સાદી ભાષા સાદી કડી, સાદી વાત વિવેક;
સાદામા શિક્ષા કથે, તેજ કવિજન એક. +

(મદન મોહના.)

એવા વચનો કહે છે ત્યા વિવેચનના સિદ્ધાન્તનું દર્શન થાય છે, પણ તે એટલું જ કે કાવ્યની રચના કિલષ્ટ હોવી ન જોઇએ, કાવ્યની ભાષા તેમ જ વાત સાદી હોવી જોઇએ અને વિવેકવાળી હોવી જોઇએ. અને, સામળભટ જ્યા.

' જહા ગતિ નહિ સૂર્ય ચંદ્રની, ત્યા સુધી ગતિ કરતા કવિ

(રાવણમંદોદરીસંવાદ.)

એવું વચન કહે છે ત્યા તો ' કહ્યું કથે ' છે, સાધારણ ઉક્તિનો અનુવાદ કરે છે.

પ્રેમાનન્દના પુત્ર વલ્લભે કવિઓની કૃતિના ગુણદોષની વીગતવાર પરીક્ષાનો પ્રયાસ કર્યો નથી. પણ, કવિઓની કૃતિઓની તુલનાનો એક પ્રસંગ આદર્યો છે. 'પૃથિરાજ રાસા'ના કર્તા ચંદ વરદાઇ અને પ્રેમાનંદની સરખામણી કરતા તે કહે છે,

ચદે છંદબદ્ધ રચ્યો, રાસ આશ આણી ઉર,
પ્રેમાનદ આગે મંદ, ગતિ તેની લેખિયે,

* આ કડીઓ તેમ જ ઉપર ઉતારેલી ' ઘર ઘર રાગ ' ૦ ઇત્યાદિ કડીઓ રા. રા ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ પ્રસિદ્ધ કરેલા ' બૃહત્ કાવ્યદોહન ' મા છે રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા અને શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકરે ત્રિમાસિક પ્રાચીન કાવ્યોમા પ્રસિદ્ધ કરેલી ' મદન-મોહના ' માં આ કડીઓ નથી.

\+ ત્રિમાસિક પ્રાચીન કાવ્યના અંકમા ' સાદી ' થી શરૂ થતી કડી છે પણ બીજી લીટી ' સતવાદીપણું શાણપણુ, નરપતિ કેરા નેહ ' એવી છે.

ભારત સમુ પ્રમાણ, રાસાના તમાસા ભાળો,
કર્યા ભારત બે ત્રણ, આરત ઉવેખિયે.
પૃથ્વીશ પ્રશંસા કથી, માન શેનુ મોઘું તેમા ?
પ્રેમાનંદની કવિતા, સવિતાશી પખિયે;
બ્રાહ્મણથી ભાટ થયા, વંશજ વિધિના આ તો;
કવીશ્વરના પિતાથી ચંદ મંદ દેખિયે. ૧
બિચારો બરદિયો જે, દેવીભક્ત દુનિયા કે,'
ભોગ આપે અજા કેરો, ડરે શારદૂલથી.

મદિરામાં મસ્ત બન્યા, જો જો ચંદથી ચતુર;
લાંચ્છન લગાડી લઇ, રીઝયા રક્ત ફૂલથી,
આડ કરી અહો કહ્યું, દેવીએ સંકષ્ટ દહ્યું,
પ્રસન્ન થૈ પૂરેપૂરી, વેધી અંગ શૂળથી;
પત રાખી બા'ના કેરી, બાંદયો ત્યારે બનાવ્યો,
ભારતીના ભક્તને તે મળે કિયા મૂળથી ? ૨.

પૂજા કરતા પરોઢે, ચતુરાની ચૂક પડી,
યવન ઉપાયા આઇ, ભક્ષી ગયા ભક્તને;
ચંડી દંડી પડી નહિ, મંડી ખંડી મારવાથી,
આર્યાવર્ત તર્ત તોડયો, જાહેર છે જક્તને;
ચંદ થઈ ગયો મંદ, ગ્રંથે રાખ્યો જીવતો તે,
ભારતીના ભક્ત આગે, કોણ લેખે શક્તને ! ૩.

પ્રેમાનંદ પિતા મારા, ભારતીના પૂરા ભક્ત,
બર્દિયાને બાધી ઘંટ, લખે રાસા લાખને;
પ્રેમ ને આનંદ બંને, લાચ્છન વિના લજ્જ,
કહો મોટા કોણ ત્યારે, સાચી દઇ સાખને !
સરસ્વતી સુત થયા, પછે નવ પજ્યા કોઇ,'
દેવ દેવી રહ્યા સૂઇ, બળી થયા રાખને;
સ્વધર્મ એ સાચો માન્યો, પરધર્મ પૂજ્યો નહિ,
ભારતીના ભક્ત થતા, મારવી ન માખને ! ૪.

કવી જેની કવિતા, નિકંદન તેનું કરાવ્યું,
પાંચ સાત નારી ભેળી, નર નિપજાવિયો;
તોડ્યા શબ્દ છોડ્યા નહિ, જોડ્યા કર તોય ઝૂડ્યા,
રૂડા રસિકે ન જોયું, ભાવ શો બજાવિયો !
પેટ કાજે વેઠ કરી, ઠેઠ તેય પો'ચ્યા નહિ,
બેટ બુદ્ધિ અર્પ્યું કાજે, દેશ આ નજાવિયા:

ઝવેરી ઝવેર જાણુ, કરૂં શા મુખે વખાણ,
મંદ ચંદ લખી ચંદ-છંદથી સજાવિયો ૫.

ભારે ભાર ભાટ કેરો, વધતો વધારી દીધો,
ચંદના તો છંદ ભાખ્યા, ધન્ય છે રસિકને;
અવગુણ નવ આણ્યો, એક ગુણ શુદ્ધ જાણ્યો,
વખાણ્યો વધાર્યો પંથ, માની નહિ છીંકને,
રત્નની પરીક્ષા કરી, જત્ન થકી જાળવીને,
એબ જેબ જોઇ નહિં, દાઠ કહ્યો ઠીકને;
એવે દેશ જન્મ દેજે, રસિકનો વાસ જ્યાંહી!
કથીર કંચન કરે, બાળી મૂકે બીકને. ૬.

ધિ:ક ગુર્જર! છે ધિ:ક, રસિક ન સાથ રાખ્યો,
પ્રતાપી પ્રભાકરને, પિછાણ્યો ન કોઇએ!
છંદ પ્રેમ કેરા ઘણા, પદમાં તો શેની મણા,
દુહા ને ચોપાઇ ઘણી, સાખ બંધ જોઇએ;
ચાર જણે જેહ કર્યું, એક જણે કર્યું આ તો,
એવું નવ જુએ કોઇ, ખાંતે ખરૂં ખોઇએ;
મૂગા મૂઢ નિર્લજ સૌ, પેટે પડિયા પાષાણ,
ગુજરાત શુષ્ક થયો, શું રસાલ ઓઇએ? ૭.

એક નિકાવન નર, એક નારી પૂજ્ય ધારી,
તે વડે નીપાવ્યા મોટા, લક્ષાવધિ દેવતા;
કર્યું રૂડું સર્વ કેરૂં, વિઘ્નનું ન નામ સુણ્યું,
તાર્યા રાય ના બૂડયા, ગ્રંથપંથ સેવતા,
દુખિયાના દુ:ખ ટાળ્યાં, સુખિયાને કિધાં સુખ,
કવિના મૂકાવ્યા માન, ચનોહી ને દેવતા;
અરસિક જાણે કશુ, રત્ન પડયું રંક હાથ,
નિ:શંકી ને શંકી સર્વ મૃત્તિકાથી રૈવતા? ૮.

ચંદે એક રાસો લખ્યો, સવાલક્ષ પૂરકેરો,
એક પુત્ર શા હિસાબે? દુનિયાનો રાહ છે!
રાસા જેવડા બૃહત, પૂરમા અધિક એથી,
ત્રણ ગ્રંથ લખ્યા પ્રેમે, કોની વાહવાહ છે!
સુત મારા જેવો કવિ, રવિ જોઇ ઝાખો પડે!
ચંદનો તે છંદ કશો? મંદ સૌ ઉજાહ છે!
ઠામી ઠોકી ઢોલ વાઇ, કવીશ્વર વલ્લભ કે.'
મંદ ચંદ પ્રેમ પર, આનંદ અનાદ છે. ૯.

(કુન્તીપ્રસન્નાખ્યાન)

આ લીટીઓમાં બડાઇનાં અને અવિચારીપણાનાં વચનો છે તે બાજુએ મુકી વિવેચનના ઉદ્દેશની ઉક્તિઓ છે તે જુદી પાડીશું ચંદ કરતા પ્રેમાનંદનું ચઢીઆતાપણું સાબીત કરવા વલ્લભ નીચેના અંશ દર્શાવે છે—

ચંદે મહાભારત જેવડો મ્હોટો ગ્રંથ 'પૃથિરાજ રાસો,' એ નામે લખ્યો છે પણ પ્રેમાનંદના ગ્રન્થોનું બે ત્રણ મહાભારત જેટલું પ્રમાણ થાય છે.

ચંદે પોતાના આશ્રયદાતા રાજાની પ્રશંસા કરી છે, પણ પ્રેમાનંદે કોઇની એવી પ્રશંસા કરી નથી.

ચંદ દેવીનો ભક્ત હતો પણ પ્રેમાનંદ ભારતી (સરસ્વતી) નો ભક્ત છે. બરદિયો (શ્લેષથી–બળદિયો) ચંદ મદિરાથી મસ્ત બનેલો અને તેણે પોતાનું અંગ શળથી વીંધ્યું ત્યારે દેવી પ્રસન્ન થઈ. પ્રેમાનંદે એવું કાંઈ કરેલું નહિ. દેવીની ભક્તિમા ચંદની ચૂક થઈ તેથી દેવીએ કોપાયમાન થઇ યવન ઉપજાવ્યા તેમને હાથે છેવટે ચંદ મરાયો. એ દેવીના કોપથી આર્યાવર્ત દેશ યવનોને હાથ ગયો. પણ, ભારતીએ પ્રેમાનંદને લાબુ આયુષ્ય આપ્યું. પ્રેમાનન્દે સરસ્વતી સિવાય બીજા કોઈની ભકિત કરી નહિં, કવિધર્મ સિવાય બીજો ધર્મ ગ્રહણ કર્યો નહિં, યુદ્ધ કર્યું નહિ, હિંસા કરી નહિં.

ચદે જેની કવિતા કરી તે પૃથ્વીરાજનું નિકંદન કરાવ્યું, પાચ સાત ભાષાઓનું મિશ્રણ કરી રાસો કર્યો, અને શબ્દરચના આણવા શબ્દો તોડયા–બગાડયા, તે શબ્દોએ તોબાહ થઇ હાથ જોડયા તોપણ તેમને ઝુડયા તોપણ રસિક જનોએ ચંદના દોષ જોયા નહિ, તેના ગ્રંથમા શો ભાવ ભજાવ્યો છે તે જોયું નહિ. ચંદે પેટ માટે આ બધો પ્રયાસ કર્યો તે પણ સફળ થયો નહિ. ચંદને દેશ તજવો પડયો અને યવનોના મુલકમા તેનું મરણ થયું. એમ છતા, ઝવેર પારખનાર ઝવેરીઓ–રસિકોના શા વખાણ કરૂં? તેમણે ચંદના છંદને* ઉત્તમ કહ્યા.

આ રીતે ચંદનો મહિમા વધ્યો છે, તેના અવગુણ કોઇ જોતું નથી. દેખાદેખી સહુ તેની પ્રશંસા કરે છે. ઇશ્વર ! એવા જ દેશમાં જન્મ આપજે કે જયા આવા જનોનો વાસ હોય, જયા એ રસિકજનો કથીરને કંચન કરે–દોષને ગુણ માની લે અને ગુણહીન લેખકોની બીક કહાડી નાખે.

ગુર્જર ! તને ધિક્કાર છે. તારા દેશમા રસિકનો સાથ નથી કોઇએ સૂર્ય સરખા પ્રતાપી પ્રેમાનંદની કદર ન કરી. પ્રેમાનદના પણ ઘણા છદ છે, તેના પદમા મણા નથી, તેના દુહા અને ચોપાઇઓ ઘણી છે. ચંદ, સુરદાસ, બિહારીદાસ અને તુલસીદાસ; એ ચારે જે કર્યું તે પ્રેમાનંદે એકલાએ કર્યું છે એ કોઇ જોતું નથી. ખરી વાત ખોવામાં આવે છે. સહુ મૂઢ થઈ મૂગા બેઠા છે. ગુજરાત શુષ્ક થઇ ગયો છે રસાલ નથી.

---

* चद छद पद सूरके, दूहा बिहारीदास;
चोपाई तुलसीदासकी केशव कवित्तविलास.

આ સ્તુતિનો આડી ફેંકી છે.

પ્રેમાનંદ એકનિષ્ઠાવાન નર છે, તેણે એક માત્ર સરસ્વતીની જ પૂજા કરી, તેની કૃપાવડે લક્ષાવધિ દેવતા નિપજાવ્યા, બધી કથાઓમાં શુભ પરિણામ આણ્યા, તેને વિઘ્ન નડ્યાં નહિ, તેણે પોતાના ગ્રંથવર્ણનમા રાજાઓને તાર્યા, બૂડાડયા નહિં, દુખિયાના દુઃખ ટાળ્યા, સુખિયાને વિશેષ સુખ અપાવ્યાં, ચનોદી ને દેવતા જુદા પાડી બતાવ્યા, અને કવિઓના માન મૂકાવ્યા. પણ આ લોકોને એની કદર નથી, રંકને હાથ રત્ન પડ્યું છે, અને એ રત્ન છે એવી શંકા વગરના અને એવી શંકાવાળા સહુ એ રત્નને માટીથી ઢાંકે છે.

ચંદે સવા લાખ શ્લોકનો એક રાસો લખ્યો તો પ્રેમાનંદે એવડા ત્રણ ગ્રંથ લખ્યા છે અને પ્રેમાનંદને વલ્લભ જેવો પુત્ર છે, જેની આગળ રવિ ઝાંખો પડે. ચંદ મદ છે અને પ્રેમાનંદ પરેપૂરો આનંદરૂપ છે.

આ ઉક્તમાં કવિની કૃતિના ગુણદોષ સાથે કવિના જીવનની સમ્વિષમતાને ભેળી દીધી છે, પણ, સુભાગ્યવાળા કવિને હાથે સારી કૃતિ થાય, અને, સારી કૃતિ કરે તે સુભાગ્યવાળો થાય; એમ કહેવાનો આશય છે. વાસ્તવિક રીતે વિવેચનસિદ્ધાન્તોમાં આવા અંગત સુભાગ્યદુર્ભાગ્યનો સમાવેશ થતો નથી. ચંદને ઘણા સંકટ પડેલા, ચંદને દેશ તજવો પડેલો અને ચંદને પરાક્રમી પુત્ર નહોતો; એ હકીકત તેના કાવ્યના ગુણદોષની પરીક્ષામા નિરર્થક છે. ચંદે પેટ ભરવા માટે 'પૃથિરાજ રાસો' લખ્યો એમ કહેવું એ ખરૂં નથી અને વાજબી નથી

વલ્લભે કવિઓની કૃતિઓના ગુણદોષ માટે જે ધોરણ દર્શાવ્યા છે તે યથાર્થ છે કે કેમ તેના કરતા એવાં ધોરણ પ્રકટ કરવા તેણે પ્રયાસ કર્યો એ પ્રસ્તુત પ્રસંગે વિશેષ મહત્ત્વની વાત છે. ગ્રન્થનું કદ એ ગ્રંન્થકારની શક્તિની મ્હોટી કસોટી નથી. પરંતુ, એ ખરૂં છે કે વીરરસ કાવ્ય અને બીજાં મહાકાવ્ય મ્હોટાં વિસ્તારવાળાં હોવાં જોઇએ. ઘટતી રીતે વસ્તુનો ભરાવ થાય માટે એવા કાવ્યોમા લાંબો વિસ્તાર આવશ્યક છે, એવું વિસ્તારી કાવ્ય લખી શકે નહિં તેની એ વિષયની શક્તિ ન્યૂન ગણાય. પરંતુ, ચંદનો લખેલો સવા લાખ શ્લોકનો 'પૃથિરાજ રાસો' એવી ન્યૂનતાવાળો નહોતો. બીજા કોઇનો ગ્રન્થ એથી પણ મ્હોટો હોય તો તેટલા પરથી ચઢતાપણું-ઉતરતાપણું નક્કી થાય નહિં; ગ્રન્થમાની રચનાના ગુણદોષ પરથી તે નક્કી થાય. પ્રેમાનન્દે એવા ત્રણ ગ્રન્થ લખ્યા તો તેની કલ્પનાની ગ્રાહકતાનું એ કાંઇક પ્રમાણ ગણાય ખરૂં.

આશ્રયદાતાની પ્રશંસા એ ચન્દના કાવ્યમા દોષ છે એમ વલ્લભ લેખે છે અંગત લાભના કારણથી ખોટી પ્રશંસા કરવી એ દોષ છે ખરો, પણ, પૃથ્વીરાજ ચૌહાણના વીરત્વની પ્રશંસામા કોઇ રીતની અયથાર્થતા રહેલી નથી. એ વીરત્વ ખરેખરૂં હતું અને તે વર્ણવી ચંદે જનસમાજની મહાસેવા કરી છે

ચંદ દેવીભક્ત હતો અને પ્રેમાનંદ ભારતીભક્ત હતો, એ વિરોધ વલ્લભ દર્શાવે છે તે યથાર્થ નથી. ચંદ પણ ભારતીભક્ત હતો. બધા કવિઓ અને લેખકોને સરસ્વતીના ભક્ત ગણી શકાય છે. 'પૃથિરાજ રાસો'ની રચનામા ચંદે પોતાની દેવીભક્તિનો પ્રસંગ દાખલ કર્યો છે, તે દેવીના મંદિરમાં હતો ત્યાં દ્વાર બંધ થઇ જવાથી તે પુરાઇ ગયો અને ત્યા

તેણે એ ગ્રન્થ રચ્યો એમ તેણે કહ્યું છે તે પરથી એમ કહી શકાય નહિ કે તેની કાવ્યરચના એ સરસ્વતીનું કાર્ય નહોતું. ચંદ દેવીભક્ત હતો તેમ પ્રેમાનન્દમાં પણ ધાર્મિક ભક્તિવિહીનતા નહોતી. વિવેચનના સિદ્ધાન્તો સાથે આવી હકીકતને સંબંધ નથી. તેમ ચંદ મંદિરાથી મસ્ત બનેલો કે કેમ અને તેણે દેવીને પ્રસન્ન કરવા પોતાનું અંગ વિંધેલું કે કેમ એ આ વિષયમા અપ્રસ્તુત છે.

ગ્રન્થમા વર્ણવેલી કથા સુખકર છે કે દુઃખકર છે એ પણ વલ્લભે પરીક્ષાનું ધોરણ ગણ્યું છે, અને ચંદની કૃતિમા મુસલમાનોની ચઢાઇ વર્ણવી છે, તથા આર્યાવર્ત મુસલમાનોને હાથ ગયાનું વર્ણવ્યું છે અને પ્રેમાનન્દનાં કાવ્યોમાં એવી કોઇ અનિષ્ટ વાતો કહી નથી પણ સહુનું સારૂં થયુ વર્ણવ્યું છે એ તેની ઉત્તમતા વલ્લભે કહી છે; આ ધોરણ પણ સ્વીકારી શકાય તેમ નથી. કવિના વર્ણનમા રસિકતા છે કે કેમ, ઉચ્ચ અને સુંદર કલ્પના છે કે કેમ, કલા છે કે કેમ, એ જોવાનું છે; વર્ણવેલી વાત બની હોય તો સારૂં કે ન બની હોય તો સારૂં એ જોવાનું નથી. વળી ચંદે તો ઇતિહાસમા બનેલી વિપત્તિઓ વર્ણવી છે, અને એવી વિપત્તિઓથી કાવ્યનો વિષય થવો જોઇએ નહિં એમ કહી શકાશે નહિં.

કાવ્યના નાયકનો નાશ વર્ણવવો એ અપકર્ષ છે એ ધોરણ લઈ વલ્લભ કહે છે ચંદે પૃથ્વીરાજનું નિકંદન વર્ણવ્યું છે તે મોટો દોષ છે. પ્રેમાનંદે પોતાના કોઇ નાયકનો નાશ વર્ણવ્યો નથી, સહુનો ઉદ્ધાર વર્ણવ્યો છે, એ તેનો ઉત્કર્ષ તે બતાવે છે. સંસ્કૃત સાહિત્યમા આ મત માટે આધાર છે,* પરંતુ પરાક્રમી પુરુષોનો નાશ થાય છે એ હકીકત પણ ઇતિહાસમાં બને છે, અને કરુણરસ પણ રસ છે અને તેના આસ્વાદથી આહ્‌લાદ થાય છે એ લક્ષમા લેતા એ મત સ્વીકારી શકાતો નથી. મહાકવિઓએ આવા વિષયને પોતાના કાવ્યમાં ગુંથ્યા છે એ વાત પણ પ્રતીતિ કરાવે છે કે આવા વિષયથી કાવ્યનો અપકર્ષ થતો નથી.

ચંદે પોતાના ગ્રંથમાં પાંચ સાત ભાષાઓનું મિશ્રણ કર્યું છે તે દોષ છે એમ વલ્લભ કહે છે. પરંતુ, આવો સામાન્ય સિદ્ધાન્ત થઇ શકતો નથી. ભાષાઓના મિશ્રણમા ચમત્કાર હોય ત્યા તે રુચિકર થાય છે અને એવા ગુણ વિના કરેલું મિશ્રણ દોષ થાય છે. કેટલાક પ્રાચીન ગુજરાતી કવિઓએ પોતાના કેટલાક કાવ્યો હિન્દીમાં રચ્યાં છે એટલું જ નહિં પણ કેટલીક વાર ગુજરાતીનું અને હિન્દીનું, ગુજરાતીનું અને મારવાડીનું, અથવા ગુજરાતીનું અને મરાઠીનું મિશ્રણ કર્યું છે. ઉદાહરણાર્થ,

> 'મહાસંત શિરોમણી સાધુ, ગોરખ દેવ મહારાજ હે;
> નામ નિરંજન જાણી જેનું, સિદ્ધ કરના સહુ કાજ હે.
> કાશીપુરીમા ગયા ગોરખજી, મિલ્યા સર્વ સમાજ હે;
> મોટા મોટા લોક આવ્યા છે, કાસીકા જ્યા રાજ હે.'
>
> (મુકુંદ—ગોરક્ષ ચરિત્ર)

* निर्दिशेत् नाधिकारिवधं क्वापि दशरूपक।' અધિકારી (નાયક) નો વધ કદી દર્શાવવો નહિં.' અલબત્ત, દશરૂપકનું આ વચન નાટકના નાયક માટે છે.

'થારી નથ ડારો મોતી ઝુમણું લળકે છે'
દેખ મોહ્યો બ્રજમોહન પ્યારો કલેજામેં સલકે છે.
બ્રખુભાન દુલારી થારા મુખરી સોભા ચંદન સરસ ઘની ચલકે છે;
કહી ન સકે દયો વે આનક જબ, મંદ મધુરો મુખ મલકે છે.'
(દયારામ—શૃંગાર.)

'એમ આનંદ ઓછવ હોઈ રે,
કૃષ્ણા દેવ આલા મંડપ સોઇ રે;
ગુણ ગાતી રાધીબાઇ અપાર રે.
રાધી લમાસ ઝાલી તૈયાર રે.
કરતી વિશાખા કારભાર રે.
ધન્ય ધન્ય દેવા કૃષ્ણા રાયા રે.'
(રાધાબાઇ—કૃષ્ણવિવાહ.)

આ મિશ્રણ અરુચિકર નથી લાગતા અને ચંદે **षट्भाषा पुरानं च कुरानं कथितं मया** એમ કહી જુદી જુદી ભાષાઓ પોતાના ગ્રંથમા દાખલ કરી છે તે હકીકત જાતે જ અરુચિકરતા ઉત્પન્ન કરતી નથી +

અલંકારરચના માટે શબ્દો તોડવા અને બગાડવા એ દોષ છે એમ વલ્લભ કહે છે એ ખરૂં છે. વ્રજભાષાના કાવ્યોમાં આ દોષ ઘણો સામાન્ય છે, પણ, ચંદની વાણીમાં આ દોષ કરતા ગુણનું ઘણું આધિક્ય છે એમ કહેવું જોઇયે.

रंग राग वागन थट्टयं, घन घोर सोर प्रगट्टयं ।
सुनि अलख बीर स जग्गयं, सिर पलट उंघिय पग्गयं ॥

આવી રચનાઓમા ચંદે શબ્દોને મરડયા છે છતા વાણીનો પ્રતાપ ઢંકાયો રહેતો નથી.

પ્રેમાનંદે શબ્દોને કદર્થિત કર્યાં નથી એ તેની સરસાઇ છે એ ખરૂં છે.

પ્રેમાનંદની યથાયોગ્ય કદર થઇ નહિં એમ વલ્લભ ફરીયાદ કરે છે. તે સાથે વિરોધમા ચંદની લોકપ્રિયતાને તે નિન્દે છે તે યોગ્ય નથી. ચંદની લોકપ્રિયતા અસ્થાને નથી. વળી, પ્રેમાનંદના સમયમાં તેની કદર કેટલી થઇ હશે તે બરાબર કહી શકાય નહિં, પણ તેનાં કાવ્યોનો ફેલાવો થયો અને તેનો અભ્યાસ પ્રસર્યો તેમ તેની કૃતિઓ ગુજરાતમા લોકપ્રિય થઇ અને માન પામી અને એ માટે કાલક્રમની આવશ્યક્તા છે એ લક્ષમાં લેવું જોઇએ.

કવિનાં કાવ્યો અમુક છન્દમાં હોય, કે પદમા હોય એને વલ્લભ મહત્ત્વ આપે છે તે અકારણ છે. વિષયને અનુકૂળ પદારચના હોવી જોઇએ એટલું જ આવશ્યક છે. પ્રેમાનન્દે પણ છંદમાં, દુહામાં અને ચોપાઇમાં કવિતા કરી છે એમ વલ્લભ બચાવ કરે

+ સાહિત્યદર્પણમાં **रासक**નું એક લક્ષણ **भाषाविभाषाभूयिष्ठम्** । ('ઘણી ભાષા અને વિભાષાવાળું') એવું કહ્યુ છે. **रासक** પરથી 'રાસો' શબ્દ થયો છે એમ રા રા નરસિંહરાવનો મત છે.

છે, પણ, દેશીઓમા પ્રેમાનન્દે જે કવિતા કરી તે તેની કૃતિ ઉત્તમ છે એ ખરો બચાવ છે.

દુઃખીના દુઃખ ટાળવાં, સુખીનાં સુખ વધારવાં, અને વાર્તાનું શુભ પરિણામ આણવું: એ પ્રકારમા વલ્લભ ઉત્તમતા માને છે અને એ સિદ્ધાન્ત Poetic Justice (રસસૃષ્ટિની ન્યાયમયતા) ને અનુરૂપ છે. પરંતુ, વિધાતાની સૃષ્ટિમા એથી ઉલટું પણ બને છે અને કાવ્યમા તે રસિક રીતે વર્ણવી શકાય છે એ પણ લક્ષમા લેવું જોઇએ. Poetic Justice નો સિદ્ધાન્ત કરુણરસને લાગુ પાડવામા આવતો નથી અને એ સિદ્ધાન્ત ઇતિહાસ ખોટો કરવાનો આગ્રહ કરતો નથી. છુટક બનાવો ગમે તેવા બને પણ આખર સરવાળે દુનિયામા ન્યાય છે એ તેનું ખરૂં તાત્પર્ય છે.

આવી રીતે મંગળાચરણમાં નિંદા કરવી એ ' આગમ વિરુદ્ધ ' છે, પ્રાચીન કવિઓને વખોડવા નહિં, ' પ્રાચીન પંડિતને ન, અર્વાચીન પોંચી શકે ' : એવો આરોપ કરનારને ઉત્તરમા વલ્લભ કહે છે ' જાવ જાવ તમે માનવાનો કાંઇ નથી. '

' થોથા જેવાં પોથા ભાળી, પ્રાચીનો તણા હું વંદું,
કચરી ક્વીશ જીભ, શેણે જાઉં ના મરી. '

પોતાની ટીકા સત્ય છે એ વલ્લભનો આગ્રહ છે, અને પ્રાચીનો તરફની ભક્તિ ખાતર નિર્માલ્ય કૃતિને ઉત્તમ કહેવા કરતાં મરવું સારૂં એવો તેનો મત છે.

હિંદી કરતા ગુજરાતી ભાષા ચઢીઆતી છે એ દાવો પણ વલ્લભ આ જ અભિમાન-ભરી શૈલીથી કરે છે.

' ભાષણમાં ભાષા તારી ઢીલામાં તો ઢીલી દીસે '

એવા હિંદુસ્તાની તરફથી ગુજરાતી પ્રતિ થતા આરોપના ઉત્તરમા તે કહે છે,

' હિંદુસ્તાન મધ્ય ભાળી ભાષા તેની ભલી જેહ,
યવનથી ભ્રષ્ટ થઇ હજી નથી લાગતી;
સારો શબ્દ રૂપી નર, ઝડપી લે જોતા માહી,
ભ્રષ્ટ કરે પછે તેને એમ અનુરાગતી. '

અને ગુજરાતી ભાષા તો

' કોમળતા કમળથી, અધિક દેખાય લા,
મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે,
અમલતા એના જેવી, નથી કોઇ ભાષા મધ્ય,
પ્રાચીનપણું તો જેનું, મ્હોટેરૂં મનાય છે. '

માટે પૂર્વપક્ષ કરનારને તે કહે છે,

અલ્યા હિંદુસ્તાની ! બસ, હવે બોલતો ન કાંઈ,
કાળપ લગાડય મુખ, પડય જાઇ કૂપમા;
કર્કશી કૃતરી તો, સૂતરી ન લાગે સત્ય,
ઉતરી ગૈ વાત હવે, ગૂર્જરીના રૂપમાં. '

(યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાન.)

વલ્લભના કેટલાક સિદ્ધાન્તો અગ્રાહ્ય છે, તેનું અભિમાન અરુચિકર છે, તેનાં આક્ષેપ-વચનો જુગુપ્સાકર છે, તોપણ ગુજરાતી ભાષાના સાહિત્યમા તેણે એક વિશેષ કાર્ય કર્યું છે કે વિવેચનનું કાર્ય કરવાનો તેણે પ્રયાસ કર્યો છે અને વિવેચનના સિદ્ધાન્તો પ્રતિપાદન કરવાનો આરંભ કર્યો છે. પોતાના પિતાનું મહત્ત્વ અભિમાનથી સિદ્ધ કરવાનો પ્રયત્ન તેણે છોડી દીધો હોત અને ગદ્યમાં પોતાના વિચાર ગોઠવવાનું તેણે આદર્યું હોત તો તેની વિવેચક વૃત્તિ તેને એક નવું અને ઉપયોગી સાહિત્ય ઉત્પન્ન કરવા તરફ દોરી જાત એમ લાગ્યા વિના રહેતું નથી.

Criticism of Interpretation (નિરૂપણાત્મક વિવેચન) નું એક જ કાર્ય પ્રાચીન ગુજરાતી સાહિત્યમા થયું છે અને તે દયારામના હિંદી કાવ્ય ' સતસૈયા ' ઉપરની ગુજરાતી ગદ્ય ટીકા. એ ગ્રન્થની સમાપ્તિએ દુહો છે કે,

यथामति यह ग्रंथको कीनो अर्थ प्रकाश ।
दीन दास रनछोरने करुनाबल अविनाश ॥

એ રીતે આ ટીકા લખનારનું નામ 'રણછોડ ' આપ્યું છે, પરંતુ, કવિ નર્મદાશંકર કહે છે, ' હું ધારૂં છું કે પોતાના શિષ્યનુ માન વધારવાને માટે અથવા ગ્રંથકારે પોતાના ગ્રંથની ટીકા પોતે કરવી એ કવિના મનમાં અવિવેક જેવું લાગ્યું હશે માટે, ટીકા કરેલી તો કવિયે પોતે જ પણ ટીકાકારનું નામ રણછોડનું રાખેલું. ' (દયારામકૃત કાવ્યસંગ્રહ.)

આ સિવાય બીજાં વિવેચનકાર્ય પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં માલમ પડતા નથી. વિક્રમની વીસમી સદી બેઠા પછી ગુજરાતી ભાષામાં આવેલા નવા બળથી પ્રોત્સાહિત થઇ કવિ નર્મદાશંકરે ગુજરાતીમાં શિષ્ટ ગદ્ય લખવાનો આરંભ કર્યો, તેમાં ' કવિ અને કવિતા ' વિશે નિબંધ લખ્યો અને પ્રાચીન ગુજરાતી કવિઓનાં ચરિત્ર લખ્યા ત્યારથી ગુજરાતી ભાષામા વિવેચનસાહિત્યનાં બીજ રોપાયા. અને નવલરામે વિવેચનની વાડી ફલવંત કરી ત્યારથી ગુજરાતી ભાષામા એ સાહિત્યનો નવો યુગ શરૂ થયો.

૨ કવિતાશિક્ષણ.

(લેખકઃ-રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર.)

<u>પ્રકરણ ૧: ઉછરતા લેખકો.</u>

લખતા લખતા હાથ બેસે છે, કલ્પના અને લાગણી વાણીનું સાધન વાપરતા શીખે છે, અને યદૃચ્છાએ ફણગો ફૂટી કલાવેલ વિચારવૃક્ષને વળગે છે, તથા બંને સાથે સાથે જીવનને જીવતા, લડાવતા, અને ઉકેલતાં, એક બીજાને પોષીને વધેખીલે છે. આમાં મોટે ભાગે તો લેખક પોતે જ ગુરુ છે અને પોતે જ શિષ્ય છે, પોતે જ વિધાયક અને વિવેચક અને ભોક્તા ત્રણે છે. અને તોપણ ઉછરતા લેખકને તેના પ્રયાસના આરંભમા જ તેની કૃતિઓના ગુણદોષ વિશે સકારણ અન્વેષણા અને સજીવન ચર્ચા કરનાર કરાવનાર સમભાવી મિત્રગુરુ મળી જાય, તો તેનો વિકાસ જલદી અને અંગાંગમા કંઇક પ્રમાણસર થવા સંભવ છે. જેમ જોડણી, શબ્દાર્થ, વ્યાકરણ, ભાષાવિકાસ અને વ્યુત્પત્તિનું શાસ્ત્ર, દલીલનું શાસ્ત્ર, છંદોના સ્થૂલ રૂપ, અને અલંકારોનાં અંગોપાગ શીખવી શકાય છે, તેમ ગદ્યપદ્યદેહી કલાકૃતિઓનાં વધારે ઊંચા ઊંડાં મર્મસ્થ લક્ષણો પણ અમુક હદ સુધી બતાવી અને શીખવી શકાય છે. જે પ્રજાઓમા કેળવણી ઊંચામાં ઊંચા પગથિયા સુધી માદરી જબાંમાં અપાય છે, ત્યા નિબંધલેખન, પદ્યરચના, અલંકાર, ટૂંકી વાર્તા નાટક નવલ કાવ્યાદિમા વસ્તુસંકલના, શૈલી અને વિષયના સંવાદવિસંવાદ, પાત્ર વસ્તુ અને વાતાવરણના સંબંધ, સાહિત્યના વિશિષ્ટ રૂપોના લક્ષણ, એ દરેક રૂપના ઐતિહાસિક ઉદયાસ્ત, વગેરે ઘણું ઘણું સ્વભાષાની ઉત્તમમધ્યમ કૃતિઓને પદાર્થપાઠની જગાએ રાખીને, શાસ્ત્રીય પૃથક્કરણના વિષય બનાવીને, તેમ સાથેસાથે શિષ્યને પોતાને મનોયત્નો આપીઆપીને, અને દરેક ન્હાના મોટા નિર્ણયનાં કારણો તેની બુદ્ધિ આગળ અનેકાનેક રીતે ધરીને, શીખવવામાં આવે છે. આવું શિક્ષણ જ સાહિત્યશિક્ષણનું ઉત્તમાગ છે. આપણા દેશમા આપણી ભાષાદ્વારા ઊંચું શિક્ષણ આપવાની શરુવાત હવે થતી આવે છે, તો આપણે ત્યા પણ સાહિત્યશિક્ષણનાં આ ઊંચા અંગો ધીમે ધીમે ખીલ્યા વગર નહીં રહે. પરંતુ હાલ તો એમાનું કંઇ જ છે નહીં. દરેક લેખક સાહિત્યના આગણામાં પેસતાં ઉમરેથી ઠોકરો ખાય છે. ઘણાખરા એ ને એ ઠોકરો ખાય છે, અને જરામા ત્યજી શકાય એવા દોષોથી ભરેલી બલ્કે એવા દોષો વડે જ નિર્માયેલી જેવી કૃતિઓ ઢગલાબંધ આપણા વધતાં જતા માસિકો અને ન્હાના મોટાં પુસ્તકોમાં ઉભરાય છે. લખાય છે વધારે અને વધારે, પરંતુ સારી, ફરીફરીને વાચવા લાયક, અને ચિરંજીવી તેજસ્વી કૃતિઓનું પ્રમાણ વધતુ જણાતું નથી. અનુવાદો અને અનુકૃતિઓમાં પણ મૂલની ખૂબી કયા છે શી છે અને કેમ સાધેલી છે, તે પકડવાની શક્તિ તેમ તે ગુજરાતીમા ઉતારવાની શક્તિ વધતી જણાતી નથી. સાહિત્યક્ષેત્રના જુદા જુદા કિત્તામાંથી અત્યારે સૌથી માઠી સ્થિતિ કવિતાની જણાય છે. દોષોથી ખદબદતી અને નિઃસત્ત્વ કવિતાઓ જેટલી-ચોમાસાના આરંભમા પ્રકટ થતી ક્ષણુજીવી જીવાત સમી-ઉભરાય છે, તેટલી અને તે પ્રમાણમાં બેડોળ અને ગંદી, આજનાં માસિકો આદિમા ટૂંકી વાર્તાઓ પણ ઉભરાતી નથી તેથી વિશેષ શોચનીય એ છે જે તે ને તે લેખક

સારી ગણાય એવી તેમ સારી ન જ ગણી શકાય એવી કૃતિઓ લખે છે અને પ્રકટ કરે છે; જે ચોખ્ખું બતાવી આપે છે, કે લેખકને પોતાને પોતાની ઘટનાઓમાં સારૂં શું અને ઉતરતું શું છે, તેની ચોખ્ખી સમઝ ઓછી છે. કોઇ કોઇ સારી કૃતિ પ્રકટ કરી હોય એવા લેખકો પણ બીજી કૃતિઓમા અક્ષમ્ય દોષો રહેવા દે છે. કવિતામાં દોષો અને ગુણો કોને કહેવા, તેનું કેમ જાણે સર્વમાન્ય વા શાસ્ત્રીય ધોરણ હોય જ નહીં, એ જાતની અનવસ્થા ચાલી રહેલી લાગે છે. બેશક, સાહિત્ય અને કલાની સૃષ્ટિમા કવિતાનો પ્રદેશ કેટલાક મોટા અને ગંભીર મતભેદોનું માનીતું ક્ષેત્ર છે. એક પણ મોટા લેખક સંભારી શકાતો નથી, જેની દૃષ્ટિએ બીજા એવા જ મોટા લેખકમા કેટલાક (પોતાને) અસહ્ય દોષો ના હોયઃ વાલ્મીકિ અને વ્યાસ, કાલિદાસ અને ભવભૂતિ, તુલસી અને ચંદ, બંકિમ અને રવીંદ્ર, હોમર અને વર્જિલ, સોફોક્લીસ અને યુરિપિડીસ, હિરોડોટસ અને થ્યુકિડાઇડીસ, પ્લેટો અને એરિસ્ટોટલ, શેકસ્પીયર અને સ્કૉટ, ટેનિસન અને બ્રાઉનિંગ, મિલ્ટન અને વર્ડ્ઝ્વર્થ, ડિકન્સ અને થેકરે, ડૅન્ટી અને ગ—અ—થ, બાર્કલી અને શોપનહાવર, કૅન્ટ અને હેગલ, મોલિયેર અને સર્વેન્ટીસ,—દિલ ચાહ્ય તે જોડકું લ્યો અને વિચાર કરી જુવો. પરંતુ તેથી શું? જુદી જુદી જાતિ અને ભિન્ન ભિન્ન શૈલીઓના અકારણ અનુચિત ખીચડાને રુચિવૈવિધ્ય વા સિદ્ધાન્તભેદની ઢાલ રક્ષી શકે નહીં. સામાન્ય વિષયો ઉપરની સામાન્ય કૃતિઓમાં ઉંડી પર્યેષણાના બચાવ આગળ કરવામા આવે એ વિતંડાવાદનો જ એક પ્રકાર. વળી ઘણાઘણા દોષ કોઇ પણ દૃષ્ટિએ દોષ જ ગણાય, એવી શાસ્ત્રીય ચોક્કસાઈ તો કવિતાના પ્રદેશમા પણ છે જ. કવિતાના પ્રદેશમા પણ ચર્ચા આરંભીશું, અને ચલાવ્યે રાખીશું, તો એકમતિની—સકારણ એકમતિની આણ ઘણી છે એમ જોવામાં આવશે, અને તે વધારે જીવન્ત અને દૂરગામી થતી અનુભવાશે. આવી એકમતિવિધાયક ચર્ચાનો આરંભ સમય પોતે જ માગી રહ્યો છે અને તેમા બને તો સહાયભૂત થવું એ સીધી કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઇને આ નિબંધ લખવામા આવે છે. એમા જે જે કૃતિઓના દાખલા ટાકવામા આવશે તે તેના કર્તાઓની બીજી કે બધી કૃતિઓને માટે કશો સામાન્ય સમગ્ર અભિપ્રાય ઉચ્ચારવાનો અગર તેમની જરા પણ અંગત ટીકા કરવાનો આશય છે જ નહીં. નમૂનાઓના દોષ અને ગુણ બંને બતાવીશ. તેમ દોષપ્રધાન નમૂના જ નહીં લઉં, ગુણપ્રધાન નમૂના પણ આપીશ. તથાપિ શુદ્ધ શાસ્ત્રીય પ્રયાસમા ય આવાં લાછન કલ્પીને તે છે જ એમ માની લેઈ અન્યને બતાવવા મથનારા કલહરસિક નારદજીઓનો તોટો હોતો નથી, એટલે પ્રસંગોપાત્ત આટલો ઇશારો કરી લઇને આરંભુ છું.

સુભાગ્યે પ્હેલા ચાર દાખલા ટાકું છું *તેના કર્તાઓના નામ જાહેર છે નહીં અને જાહેર થવાના પણ નથી. દાખલો ૧લો અને ૩જો ઉછરતા લેખકોએ લખેલા છે. એમણે એ કરતા સારી કવિતા લખેલી છે, અને આગળ ઉપર વધારે સારી લખી શકે એવા છે આ કૃતિઓ શિષ્યભાવે એમણે એક મિત્રને દેખાડી, તેણે તેમાંના દોષ બતાવી આપવાના

* કવિઓ હ્રસ્વદીર્ઘની છૂટ અત્યંત લે છે;—ના ચિહ્નન પણ બહુ ઓછા મુકે છેઃ કેટલી બધી છૂટ લેવાય છે, તે પૂરેપૂરૂ જણાઇ આવે એ પ્રમાણે કેટલુંક મુદ્રણ વખતો વખત થવુ હોય, તો આ અતિછૂટ જાતે શરમાઇને કંઇક મર્યાદામાં આવેઃ એટલે આ દાખલાઓ નમૂના તરીકે

હેતુથી દાખલો ૨જો અને ૪થો લખેલા છે. એ પણ સારી કવિતાના દાખલા નથી, મનોયત્ન માત્ર છે મૂલ વિષયો અને પંક્તિઓને બનતા સુધી વળગીને અને તેમા ન છૂટકે જ ફેરફાર કરીને લખેલા મનોયત્નો છે.

૧લા દાખલામાની નકામી વિગત ૨જામા છોડી દીધી છે, ૩જાની પુનરુક્તિઓ ૪થામા છોડી દીધી છે. ૧લો અને ૩જો બનેમા પંક્તિઓ અસ્પષ્ટ છે, અને આખા વિષયની પણ ચોખ્ખી છાપ ઉઠતી નથી, એ દોષ મનોયત્નોમા નથી. ૪થા દાખલામા વિષયને સુગ્રથિત રૂપે અને ટૂંકામા મુકતા સ્પષ્ટતા આવી છે, તો ૨જામા ધુમસ અને રણની ભ્રાંતિના દેખાવને તથા તે દૂર કરનાર સવિતાના કિરણને વર્ણવવામા ઉચિત લબાણ વડે, તથા જે બોધ પ્રાર્થના રૂપે એ કૃતિનું વક્તવ્ય છે, તેની રેખા વિશેષ ઉપસાવવાથી, સ્પષ્ટતા આવી છે. અને કર્તાઓએ પોતાની કૃતિઓના પાડેલા નામ પણ મનોયત્નોમા સ્પષ્ટતા સાધવાની ખાતર જ ફેરવી નાખ્યા છે. આ દાખલાઓ ઉપર આથી વધારે સમય નહીં લઇયે. (૧) છંદ રચના, (૨, **દૃષ્ટિચંદ્રકિરણ**ને બદલે **ત્વદક્ષિસુધા, દેહવન્ત વિભુનો** ને ઠેકાણે **મૂર્તી વિભુપ્રણયની**; (૩) **હાર્યોનહૂ** તદપિ; **શાંતિ ન લેશ છાંડી** એવી વિષયને પ્રતિકૂલ પંક્તિનો ત્યાગ, વગેરે અગત્યની પણ ઝીણી બાબતો ઉપર લંબાણ નહીં કરિયે. અને દાખલા ૨ અને ૪ના દોષ—વિષયના પોતાના દોષ તે જાણે એ મનોયત્નના દોષ ન ગણાય. તથાપિ તેના કથનમા રહેવા દીધેલા દોષ: અથવા **ફુલકોમલ દેહ** એવો મૂલમાનો અંશ નથી રાખ્યો એ પ્રકારના દોષ,—એવું એવું પણ વાચનારને જાતે જોવા ઉપર રાખીશું.

હાથ હજી બેઠા નથી ત્યા સુધીની કૃતિઓમા જે એક દોષ સામાન્ય રીતે આવે છે, તે ઉપલા દાખલાઓમા ખાસ ધ્યાન ખેંચતો નથી. નવા લેખકોની અસ્પષ્ટતા તેમના મગજમા અનેક વિચારતંતુઓની ગૂચને લીધે, તેમના લખાણમા આ કારણથી આવતા રૂપકખીચડાને લીધે, અને ભિન્ન ભિન્ન દિશાના સૂચનો વડે વાચનારના મગજમા અર્થ ટપકતા ટપકતા જ ડહોળાઇ જવાને લીધે થાય છે. દાખલા ૫માની પ્હેલી લીટી જ તપાસો.

અંધારે જ્યોતિરેખા શી લસે છે વ્યોમદીપિકા:—

તું ગૃહદેવી છે, વરદાવી છે, તે એવી સુંદર કે ગૃહદીપિકા તો શું વ્યોમદીપિકા છે, અંધારે ઝગતી જ્યોતિરેખા—? આકાશગંગા? તારાઝુમખી-જેવી છે. કર્તા કહેવા માગે છે આ; એ કહી શકે તો તે કથનમા કવિત્વ પણ હોય કદાચ. પરંતુ વિચારશીલ વાચનાર જાતે વપરાયલા શબ્દોના સુચનો ઉપરથી વિચારનું જે પૂરૂં રૂપ ઉપજાવી શકે તેમા કવિતા હોય, તે કંઇ એ મૂલ શબ્દોમાંની કવિતા ના ગણાય: વિચારને દષ્ટ અને યોગ્ય રૂપમા શબ્દો જાતે કથી શકે, તો જ તે શબ્દોમા વિચારમા હોય તેટલી અને તેવી કવિતા.

છાપવાના છે જ, તો તેમા લઘુગુરુ જેમ વૃત્ત માગી લે તે પ્રમાણે રાખ્યા છે, અને તે પ્રમાણે જ છાપ્યા છે. બધી કવિતામા અહીં પ્રમાણે લેટણી કરવી એમ કહેવા કે સૂચવવા પણ નથી માગતો. કવિઓને કોઇ કોઇ વખત તો એમના ઉચ્ચારણની અતિકૃત્રિમતાનું પ્રતિબિંબ બતાવવું જોઇયે, એટલા માટે જ આ વિશેષ તસ્દી લીધી છે

ઉપલી પંક્તિના શબ્દો કર્તાના મગજમા ચારપાચ ગૂંચવાએલા તંતુ રૂપે પડેલો વિચાર યથાયોગ્ય કહી શકે છે એમ ભાગ્યે મનાશે.

બીજી લીટી જુવો: જે હૈયામા દૂમો સ્હડ્યો હોય તેની પ્રથમ જરૂર શી છે? માર્ગદર્શનની? કર્તાની સાથે પૂરેપરો સમભાવ રાખીને જોઇયે તોપણ–**દૂમો સ્હડેલ હૈયાનું** ઉપમાન રાત્રિ છે; અને રાત્રિમા જેમ વ્યોમદીપિકા જ્યોતિરેખા તેમ દૂમો સ્હડેલ હૈયાને તું, એક માર્ગદર્શક અને બીજી દૂમાનો ઉનાર; આ બે ય અર્થ માટે એક શબ્દ જોઇયે અને તે વળી **દીપિકા** સાથે કાફિયો મળતો આવે એવો. **પંથદર્શિકા** શબ્દ કાફિયો મેળવી આપે છે અને એક અર્થ કથે છે, ત્યારે બીજો રદી જાય છે કર્તાના મગજમા.

બીજા શ્લોકનો ઉત્તરાર્ધ વિચારો. ઉરને ઉર **થકી** ગૂંથ્યું; વારુ, અને **તે બિછાવ્યું.** અહીં **તે** એટલે? પોતાનું ઉર, બ્હેનનું ઉર, કે ગુંથેલું ઉરયુગલ? વળી કયા બિછાવવું છે? બિછાવીને **શું** કરવું છે? અથવા **બિછાવ્યૂં** એ ઉપમાનાર્થ હોય તો તે પાછળ ઉપમેયાર્થ કંઇક હોવો જોઇયે તે શો છે? કર્તા વળી **વાત્સલ્યમૂર્તિ** શબ્દ વાપરે છે તે બીજા કયા શબ્દ સાથે જાય છે? એ શબ્દ **પ્રભુનું** વિશેષણ છે, કે પોતાના ઉરનું, કે બ્હેનના ઉરનું, કે ગૂંથેલા ઉરયુગલનું? કે કર્ણપ્રિય પાદપૂરક ઉચ્ચારણ જ અહીં ગોઠવી દીધું છે કેવલ? વાત્સલ્યમર્તિ પ્રભુને ચરણે કર્તા કયુ ઉર ધરાવે છે, અથવા પ્રભુને ચરણે કઇ વાત્સલ્યમૂર્તિ ધરાવે છે, ચરણે ધરાવે છે શું, બિછાવે છે શું?– એ કશું જ કળાય એમ નથી. જેના મગજમા ગૂંચવણ તેની કવિતા વાચનારને મૂંઝવણ.

આગળ ચાલિયે. **દૃષ્ટિસ્પર્શન**માં સ્પર્શન શબ્દ કેવલ પાદપૂર્તિ નથી તો શું ઉમેરી આપે છે? દર્શનને સ્પર્શે સ્પર્શે અથવા તો દર્શનનો સ્પર્શ માત્ર એ પ્રમાણે વક્તવ્ય હોય તો આખી લીટીનો અર્થ સારો છે; જો કે 'દર્શને દર્શને' અથવા 'દર્શન માત્ર' એટલાથી જ તે વધારે સાદી અને અસરકારક રીતે કહેવાત. Poetic diction કવિત્વમય પદાવલિ ઉછરતા લેખકોને બહુ આકર્ષે છે અને બીચારાઓની બુદ્ધિને આંટી મારી દઇને પછાડે છે. ઉછરતો લેખક વિચારશક્તિવાળો હશે તે કવિત્વમય પદાવલિના બાહ્ય આકર્ષણો અને આગન્તુક સૂચનોથી આઘો આઘો પોતાના વિચારને સીધે માર્ગે જ જશે. દરેક સાચો કર્તા પોતાને ફાવતી અલંકરણ સામગ્રી, વિશિષ્ટ પદાવલિ, આદિ ધીરે ધીરે, લખતાં લખતા પોતે જ ઉપજાવી લે છે. રૂઢ અલંકારો અને લોકપ્રિય કવિતામા સુદર ગણાઇ ચુકેલા શબ્દગુચ્છો, આદિ જ વાપરી જાણે તે કવિ નહીં, સારી કવિતા તરીકે પ્રતિષ્ઠિત સુંદરતાનો છાયો કે પ્રતિધ્વનિ માત્ર. ખરેખર નવી સુદરતા ઉપજાવવાની સર્ગશક્તિવાળો હોય તે જ કવિ. છાયો અને પ્રતિધ્વનિ સારો હોય છે તે શરુવાતમા વધારે ધ્યાન ખેંચે એ કુદરતી છે, કેમકે વાંચનારાઓમા સ્વતંત્ર વિવેક અને પરખવાળા થોડા જ હોય. પરંતુ એવી સસ્તી લોકપ્રિયતા ટકતી નથી, અને અક્ષર કવિતાની ધીમે ધીમે પણ અવશ્યમેવ વધતી જતી લોકપ્રિયતાથી તો તે સો ગાઉ વેગળી છે.

ભગિનીસ્નેહમાં, ભગિનીસ્નેહ દ્વારા પણ, બ્રહ્મદર્શન સુધી પહોંચાય. એ વિચાર સારો છે, ઊંચો છે, કથવા જેવો છે; એ કલાથી કહેવાય તો તે ઉક્તિ ઊંચી કવિતા બની રહે. પણ તેને માત્ર કથી નાખવામાં કવિતા નથી.

ચોથો શ્લોક મુકાબલે સારો છે; પણ ગૂઢ એટલે શું તેનો વિચાર કર્ત્તાને થયો હોત તો વધારે બંધબેસતું વિશેષણ યોજવા અથવા તો આખી ઉક્તિ જૂદી રીતે મુકવા પ્રેરાત. પાચમો શ્લોક મ્હડિયાતો છે, જો કે એમા ય એકબે શબ્દ પૂરો વિચાર કર્યા વગર લખી નાખ્યા છે. એ શબ્દ કયા ? કઇ ? ના, ઓછીવત્તી ઉજાળે એ તો ઠીક કહ્યું છે. મ્હને વાંધા પડતો લાગે છે **સર્વ**, અને તેથી ઓછા પ્રમાણમા **કુંળી.**

પછીના શ્લોકમા કર્તા કહેવા માગે છે " સૌમા પ્હેલી; " **પ્રથમ સૌનો** એ અર્થ થઇ શકતો નથી. વળી આપણા જીવનમાંની છેક સામાન્ય બાબતની પાછળ આટલા શબ્દો અને " કવિતા ! " વાપરિયે, તો તે બાબત લડાવીને કે લલિત નવીનતાથી કહેવી જોઇયે.

આ પછીનો શ્લોક છે ત્યા મુકવામા ક્રમભંગ છે. કવિના મનમા વિષયનો જે સારબોધ છે તેનો એક અંશ આ શ્લોકમા કહ્યો છે, તો તેનું યોગ્ય સ્થાન કૃતિના અંત આગળ છે.

આઠમા શ્લોકનું વક્તવ્ય છટ્ઠાના જેવું સામાન્ય નથી. કર્તાના મનમા-બ્હેન અને ચંદ્ર, બ્હેનનું ગાન અને ચાદની, કાળી રાત્રી અને પોતાના મનમાની ભૂંડી ચિન્તા, અને ચાદની અને ચંદ્ર જેમ તેમ બ્હેન અને બ્હેનનું ગાન મનની અને રાત્રીની સ્થિતિનો પૂરેપૂરો વિપર્યય શી શાત મીઠી અમોઘ રીતે કરનારાં-એ પ્રમાણે વક્તવ્ય છે; જે ખરે જ સુંદર કવિતા છે, પરંતુ તેને માટે એમણે જે શબ્દો યોજ્યા છે, તેમાં એ સમઝાય અને સુંદર લાગે એમ ઉતર્યુ છે ખરૂં ?

પછીના શ્લોકોની તપાસણી વાચનારને સોપીશું. કર્તાએ પોતાના વિષય ઉપર વધારે મનન કરીને વિચારો, વર્ણન, ભાવ, અને સારબોધના અંગો અન્યોન્ય પોષક બની રહે એમ એકરૂપ સંવાદી બુટ્ટીગુચ્છ ઉપસાવ્યું હોત, એટલે કે લખતાં લખતા ઉત્તેજિત કલ્પનાના કીમિયા વડે એમ બની આવે ત્યા સુધીની ધીરજ રાખી હોત, તો કૃતિ વધારે ટુંકી વા લાબી પણ વધારે સારી થાત એમા શક નથી.

૬ઠા દાખલામાં ઉછરતા લેખકોમા સામાન્ય રીતે જણાતા બીજી જાતના દોષો જોવામાં આવે છે. ક્યાં અટકવું તેની જ એવા ઘણા લેખકોને ખબર હોતી નથી. છટ્ઠી કડી વિષયનાં શીર્ષકમા જ આવી જાય, અને કડી ૩, ૪, અને ૫ થી કશો જ લાભ નથી. આ દાખલામા બીજી ખામી tone (ટોન-માપ; પ્રમાણ) ના છે. **ટોન** માટે આપણે હું ધારૂં છું કે રંગમાત્રા શબ્દ વાપરી શકિયે. આ કાવ્યનો વિષય કરુણ રસનો છે ખરો, પરંતુ તે ઘેરા રંગનો કે આછા ? રંગમાત્રાની ભૂલો સંવેદનામા પૂરતી સૂક્ષ્મતા ન હોવાથી થાય છે, તેમ તે વિચારશક્તિ, જ્ઞાન, અનુભવ આદિ ઓછા હોવાથી પણ થાય છે. અહીં વિષયનું સમ્પૂર્તિરૂપે અવયવ (complementary part) પણ લલિત રીતે અંદર લઇ લેઇયે તો કરુણ રસ ઓછો બને છે, અને સાથે આલેખન વધારે સાચું બને છે, તે કર્તાની પ્હેલી બે કડીઓને દાખલામા આપેલી નવી કડીઓ સાથે સરખાવતાં જણાશે

આ સર્વ દાખલાઓમાં કર્તા સાચી ઊર્મિથી પ્રેરાયો છે, અને લખતા લખતાં કંઈક વિચાર અને કલા ઊર્મિ સાથે ભળ્યા છે, વિચાર અને કલા પરતાં ન આવી શક્યાં એ

તેમની ખામી મોટી છે, પણ તેમની ખામી એ જ. પરંતુ ઊર્મિ, વિચાર, વિષય, કે પ્રસંગ કશા વગર, કવિતા "રચવી" એવા હેતુથી જ ઘણા લખનારા કાગળ ઉપર કલમ હંકારે છે, અને રમ્ય લાગતો શબ્દરણત્કાર ઉપજાવે છે. આવી કૃતિઓના દાખલા આપવા વ્યર્થ છે. હાલના કોઇ પણ માસિકના અંકોમાથી જોઇયે તેટલા મળી રહેશે. વિચારપ્રવાહ જ ન મળે, ત્યાં આરંભ, મધ્ય, અને અંતની કે બીજી કોઇ રીતની સ્પષ્ટતા હોય કયાથી, અને એવા દાખલાના પૃથક્કરણથી સાર પણ શો હાથ આવે ?

મોટા કવિઓની રચનાપદ્ધતિ વિશે જે કંઇ વિશ્વસનીય નોંધાયુ છે તે ઉપરથી જણાય છે જે કેટલાકને હાલતા ચાલતા રાત ને દિવસ કવિતાની લગની જ લાગી રહેતી. કઇં પણ જુવે, વાચે, મગજ જરા સળવળે, ને બે પાચ પંક્તિ રચાઇ જાય. કોઈ કોઇ કવિ એવા પણ થઇ ગયા છે, જેઓ આવી પંક્તિઓ–ચિત્રકારો જેમ સ્કેચો (sketches) ને, વિજ્ઞાનશાસ્ત્રીઓ જેમ નમૂનાને, તેમ–સંગ્રહી રાખે, અને પોતે જે કોઇ ખાસ કૃતિ ચાક પર ચ્હડાવેલી હોય અને "રચતા" · હોય, તેમા આવી પંક્તિઓ

* "રચેલી" કવિતા તે કૃતિમ, નિસર્ગ અને નિખાલસતાથી વેગળી, અર્થાત્ ત્રહી અને દબી નહીં ત્યારે પણ ઉતરતી, એવા એવા મત છેક બાલિશ છે. કલા અને કલાના વાહન (અહીં–વાણી) ઉપર કાબુ વગર કલાકૃતિઓ સંભવે નહી જીવન, વિચાર, અને સર્ગશક્તિના ત્રેવડા ઘર્ષણ વિના ઊચી કલાકૃતિ અસંભવિત છે. એકાદ અચ્છો ફટકો વાગી બી જાય, પણ તેથી તે રમનારો ખેલાડી ન ગણાય. ઈશ્વરદત્ત પ્રતિભા, નૈસર્ગિક ઉભરો, એ વગર સજીવનતા ન આવે, એ જેટલુ ખરૂ છે તેટલું આ પણ નગદ સત્ય છે, કે ઝમાને ઝમાને બીચારા સેંકડો વિચક્ષણ કિશોરો એકાદ ફટકો અચ્છો વાગી જતાં–હા ! હમ ભી ખેલાડી, હું યે કવિ, કેમ નહીં ?–એવા મસ્તિષ્કવ્યાધિમાં સપડાય છે. વિચારપક્વ નિબંધ, અભ્યાસસિદ્ધ અનુવાદ, શોધક ઇતિહાસ, ખરી અને ઉપયોગી માહિતી, તર્કગ્રથિત અને સરલ ગદ્ય, આગલા સાહિત્યનાં સમભાવી વિવરણ, રસિક વર્ણન, છટાદાર બોધ, એવી એવી અસંખ્ય પ્રકારની સાચી સેવા તરફ એકે કલમ વળતી નથી, અને કાડિયામકોડિયા કવિઓના રાફડા ચોતરફ ફાટી નીકળે છે. માત્ર રચેલી હોય તે ઊંચી કવિતા ના જ હોય, પ્રયાસ ગમે તેટલો યશસ્વી હોય તથાપિ તેની પાછળ, **તેના આત્માને સ્થાને "દર્શન" હોવું જોઇયે, અને એ "દર્શન" ના જે ગુણ, તેથી ઉચ્ચતર ગુણવત્તા એ પઘહેલી પ્રતિબિંબમાં ના જ હોયઃ** આ મહાસત્યનો "રચેલી તે કવિતા નહી" એવો ક્ષુલ્લક વિપર્યય, વિદૂષક રાજાની ગાદીએ ચડી જાય એમ, સાહિત્યની અમુક સ્થિતિમાં પોતે જ મહાસત્ય જેવો મનાય છે. ઊર્મિલલકારના "સ્વાનુભવરસિક" ઉદ્‌ગારો તે જ શુદ્ધ અને ઉત્કૃષ્ટ કવિતા, બીજી કવિતાઓમા પણ આ આવે તેટલો અંશ જ ઉત્કૃષ્ટ, એ દૃષ્ટિબિંદુ વ્યક્તિવિકાસ વ્યક્તિવિલાસ અને વ્યક્તિકુલાશને અમુક પગથિયે સર્વોપરિ થાય છે ખરૂં, પરંતુ ધર્મ, રાજ્ય, અને સંસારના વિષયોમાં જેમ એ જ વ્યક્તિવિકાસ, વ્યક્તિવિલાસ, વ્યક્તિકુલાશના સમયમા રાજા થઇ બેઠેલા વિપર્યયોનો, તેમ સાહિત્યપ્રદેશમાં આ વિપર્યયનો, આ વિદૂષક–રાજાનો, કીર્તિકાલ લાંબો હોતો નથી.

હું યે કવિ! કેમ નહીં ?—એ રોગમા સપડાયેલામાંથી કોઇક જ સારો લેખક નીવડી આવે છે. **ગો. મા. ત્રિ.** નો જાણીતો રૂપક વાપરિયે તો "તડતડિયા" અને "તણખા" થી વધારે ઉષ્મા અને પ્રકાશ એમાંના કોઈકમા જ આવે છે. કવિતા અને કલા તો દેવીઓ છેઃ દીર્ઘ, અવિરત, શ્રદ્ધાન, નિર્મલ, નિર્મમ, બુદ્ધિનીત પરમ ભક્તિ વડે જ તેઓ રીઝે તો રીઝે, જેના ઉપર જેટલી રીઝે તેટલું તેનું અહોભાગ્યઃ આવી નીતિવૃત્તિમાથી જ સારા કવિ પાકી શકે મોટા કે મધ્યમ દરેક

ઘટના ફેરફાર સાથે યોગ્ય સ્થલે ગોઠવી દે. મહાકવિઓને× માટે આ પદ્ધતિ ખોટી નથી. પ્રતિભા બધો વખત એક સરખી સ્ફુરતી નથી. તેથી એની ન્હાનામા ન્હાની લીલા આમ સંગ્રહી રાખવામાં વિનમ્રતા અને સદુપયોગની હાથોટી બંને છે. વળી એ પણ યાદ રાખવાનું છે કે એઓ એ ચાર આવા ફકરાઓનો ઉપયોગ કરતા હશે તો બીજા સંખ્યાબંધ ફકરાઓને નાપાસ કરી કચરામાં વિસર્જન પણ કરતા હશે. પણ આપણે તો અહીં કવિપદ મેળવવાની મહાકાક્ષાથી પ્રેરાતા નવાસવા લેખકોની વાત ચાલે છે. અને એવા ભાઇઓને સ્પષ્ટ સદાગ્રહથી સલાહ આપવી પ્રાપ્ત થાય છે કે આવી પદ્ધતિ એમને માટે છેક જ ખોટી છે. સારા કવિઓ અને ઉત્તમ કવિતા વાંચો, ઉત્કૃષ્ટ સાહિત્યનો મનન કરી

સાચો કવિ અનન્ય ભક્ત હોવો જ જોઇયે. ભક્ત નહી તે બધા યે ઉપકવિ કવિને વળી અભિમાન હોય ? હાથી ભસકણો હોઇ શકે તો અભિમાની માણસ સાચો કવિ હોઇ શકે !

(આગળ પણ જુઓ નિબંધના અંતભાગમા)

જીવન્ત પ્રગતિમાન સાહિત્યમાં ઝમાને ઝમાને ઉપકવિઓ ઘણા પાકવા જોઇયે ગદ્યપદ્યાત્મક કલા જૂના સાહિત્યરાશિના ગ્રંથોમા સંગ્રહાયલી, એ ગ્રથો ઝમાને ઝમાને તેમનામાંના પ્રકાશ, પ્રેરણા અને સત્યને માટે જેવાતા રહે તેની સાથે સાથે જેવાય છે, શીખાય છે, ચર્ચાય છે, ખીલવાય છે. ભાષાશિક્ષણ અને સંસ્કૃતિશિક્ષણ વિદ્યા અને સસ્કૃતિસંપન્ન સ્ત્રી પુરુષો કેળવી આપે છે. તે કાર્ય જેટલે અંશે સારૂં સધાય છે, તેટલે અંશે રસિક ઉપકવિઓને પણ ઉત્પન્ન કરી શકે છે. અને આવા ઉપકવિઓ ઘણી ઘણી રીતે ઉપયોગી છે અને સાહિત્ય તેમ જીવનમા ઘણી યે સેવા બજાવી શકે છે. સ્વ. ભોગીંદ્રરાવ દીવટિયા કે મણિલાલ નથુભાઇ દ્વિવેદીમા સર્ગશક્તિ મધ્યમ જ હતી, વિદ્યમાન કેટલાક લેખકોમાં જરા યે જણાતી નથી, તથાપિ તેમને હાથે સેવા કાર્યોનો સારો સંચય વાઙ્મયમા ઉમેરાયો છે અને ઉમેરાય છે. ઉચ્ચ સાહિત્યશિક્ષણમાં જેટલા સારા ઉપકવિ નિયોજાયલા હોય તેટલુ તે કાળે એ કાર્યમાં તેજ પિંગળ, કાવ્યશાસ્ત્ર, આદિ વિષયો ચર્ચવાની હામ ભીડે તે વ્યુત્પન્ન વિદ્વાનની સાથે ઉપકવિ પણ હોવા જ જોઈયે એમાંના કોઇ કોઇ રાઘવભટ્ટ જેવા કાલિદાસની કવિતામા પણ સકારણ સુધારા સૂચવવાના સામર્થ્યવાળા પાક કવિતાના પાઠશોધન અને અનુવાદ જેવાં કાર્યોને માટે તો વળી જેટલી ઊંચી વિદ્વત્તા અને કવિત્વશક્તિનો સમન્વય મળી આવે, તેટલો સાહિત્યને લાભ જ થવાનો. એકલી વિદ્વત્તા કે એકલી કવિત્વશક્તિનાં એ કાર્ય જ નથી.

× શીઘ્રકવિ કહેવાય છે તેમની હાથોટી વળી જુદી તરેહની હોય છે. તત્ક્ષણ જરા ચોટ જેવી અસર કરે છે અને પછી પ્રસંગની સાથે એ કૃતિ પણ ભૂલાઇ જાય અને ભૂલવા જ યોગ્ય, એવી એ "કવિતા"માંની ઘણીખરી હોય છે. તુરત ઉચ્ચારેલી પાદપૂર્તિ કે અન્યોક્તિ મુક્તકકાવ્ય તરીકે ભાષામા કાયમનું સ્થાન મેળવે એવી તો અત્યત વિરલ. અમારા ભરૂચાઓમા ધીરજકાકા એ ટૂંકાં નામે બે ત્રણ દાયકા સારી પેઠે જાણીતા થયેલા સ્વ. ધીરજરામ પુરાણી સારા શીઘ્રકવિ હતા. બીડી, રાટો જેડો, જાડી ભંગિયણ, દૂણાયલી દાળ, સાસૂવહુના અણબનાવ, કજેડાનાં દુ ખ, ઇશ્કી મીયાભાઇ, અમદાવાદી ભગલા, સુરતી શોખ, બોખેરાઇ તોર, ચટણાઓની અરસિકતા, સાહેબલોકના કાચા કાન, આદિ ચાહો તે ભૂલોક તરંગલોકના વિષય ઉપર એમના હાસ્ય અને ચાતુર્ય અને કટાક્ષની ધારા ચોટવાળા છંદોમાં ઉડતી આપણે કૃત્રિમ મધપુડા ખરીદીને તેને ગમે તે સ્થળે ગમે તે ઋતુમાં માંડી તેમાં મધમાખ વસાવીને યથેચ્છ મધ મેળવી શકિયે છિયે, અમુક જાણીતી મર્યાદાઓની અંદર. ધીરજકાકાનું ચિન્તતંત્ર આવા બનાવટી મધપૂડા જેવું હતું હાલની કેળવણીએ આવા શીઘ્રકવિઓની વેલ જડમૂળથી ઉખેડી નાખી છે, તેમા કવિતાને હાનિ થઈ નથી ચાર ઘડિના મિજલસી વિનોદને મોટી ખોટ ગઇ છે.

કરીને અભ્યાસ કરો, તેમાં ગુણ કયા, શા કારણથી તે ગુણ ગણાય, ક્યાં અને શી રીતે સાધ્યા છે, એ સર્વ વિષયમા વિહરીને વિવેકબુદ્ધિ અને રસેંદ્રિયોને કેળવો, દરેક સાચી કવિતામા કવિનું પ્રધાન વક્તવ્ય જે એનું "દર્શન", તેની રેખાઓ મૂલ પ્રમાણે જ ત્હમારી કલ્પનામાં છપાય એને માટે ત્હમારી શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરી કરી કરીને મથો; **घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदनं चारुगंधम्**–તેમ આવું વારંવાર બુદ્ધિઘર્ષણ ઠીક ઠીક સહન કરી શકે, અને ઘર્ષણે ઘર્ષણે નવા બુટ્ટા, નવા ફુવારા, નવી જ્યોત, નવી છટા અનુભવાય, તેને જ સારી કવિતા માનો, ન ઇતરને. વળી જ્ઞાન ચોતરફ વધારો, સારૂં ગદ્ય લખવાનો મ્હાવરો પાડો, ભાષાશક્તિ મેળવો અને ખીલવો; એ માર્ગ જ આ પ્રકારનો શક્તિવિકાસ મેળવવાને માટે સાચા ભક્તનો રાજમાર્ગ છે. એમ કરતાં કરતાં પ્રેરણા જાગશે અને યોગ્ય વિષય જડશે અને ખીલવી શકશો, તો ત્હમે પણ કવિ થશો, કેમ નહીં? હાલના સમયના–કોઇ પણ સમયના–મોટા ગણાતા કવિ અને વિદ્વાન અને વિવેચક અનુદાર અને મત્સરી પણ હશે. ભણે રહ્યા ! પ્રતિભા ઇશ્વિરના આલમનૂરનો કિરણ છે. ત્હમારી કોઈ કોઇ કૃતિમા એ જરા પણ ચમકશે, તો ઝમાનો અને ઝમાનાના આગવા ઝખ મારે છે. ત્હમે પોતે ત્હમારી કૃતિઓના નિખાલસ અને ઊંડામા ઊંડા ટીકાકાર બનો. ત્હમને જે દોષ જણાય તેને બીજાઓ ગુણ ગણે તોપણ દોષ જ ગણો; અને તે સુધારી–સુધારીને આપપ્રયાસે ઉન્નતિબળે ઊંચા ચ્હડો. સાહિત્ય ગિરિરાજનો ચ્હડાવ આ રીતે જ ચ્હડવાનો છે. ભાષામાતા ત્હમને કેડે બેસાડીને ચ્હડાવવાની નથી.

<u>પ્રકરણ ૨ઃ અનુવાદો.</u>

હવે અનુવાદો જોઇશું. સારા એટલે મૂલની ખૂબી ઝીલેલી હોય અને સાથે ગુજરાતી સ્વતંત્ર લખાણના ગુણ હોય એવા અનુવાદો જેમ વાધારે થાય તેમ ભાષાસમૃદ્ધિ વધે છે, ભાષાની શક્તિ પણ ખીલે છે, જિજ્ઞાસુને મૂલ ભાષા શીખે તો જ અમુક કૃતિના રસ જ્ઞાન ભાવના પ્રાપ્ત થાય એ પરવશતા ઘટે છે, અને દેશની સંસ્કૃતિમા અવનવા તંતુ વણાતા આવે છે. સારા અનુવાદ લખવા એ નથી સહેલું કામ ને નથી હલકું. વિદ્વત્તા અને કવિત્વશક્તિ બંને એક સાથે સારા પ્રમાણમાં હોય તેવા લેખકથી જ સારા અનુવાદ રચી શકાય છે. અને કવિતાના અનુવાદમાં કેટલેક સ્થળે ભલભલા પણ હારી જ જાય. મૂલમા જ્યાં અમર રચના સધાઇ હોય, ત્યાં અનુવાદક બીચારો પોતાની ભાષાના અનેકાનેક બીબાં ગોઠવી ગોઠવીને પાછાં વીંખે છે, અને છેવટે જે કંઇ ઘાટ રાખે છે તે મૂલ કર્તાને હાથ જોડીને પોતાની અશક્તિ સહી જવાની દીન વિનંતિ સાથે જ રાખે છે. કોઇક સ્થલે મૂલ કરતાં વધારે સારો ઘાટ રચાઇ આવે છે, તો તે પણ અનુવાદકનો દોષ લેખાય છે. શબ્દશઃ અનુવાદમાં પણ કઇ ને કઈં વધઘટ આવી જાય તે ચલાવી લેવી પડે છે, કેટલીક જાણીને કરવી પ્રાપ્ત થાય છે, અને કેટલેક સ્થલે દેશકાલભાષા આદિના ભેદને લઇને મૂલનો ભાવ આણવાને માટે અનુકૃતિ જ કરવી બેહતર હોય છે. આ સર્વમા કસાયલી વિવેકશક્તિ એટલી તો જોઇયે છે, કે સામાન્ય વાચનાર તેનો ખયાલ જ બાધી શકે નહીં, તો પછી તેની પરખ અને કદર કરવાનું બંધુકાર્ય થોડા સમભાવી વિદ્વાનોને માથે જ પડે છે, અને વિદ્વાનોમાં વિદ્યા અને ઉદારતાનો સંયોગ કઇ જાતનો હોય છે એ તો જાણીતું છે. બેલા-

ડીઓમા હરીફના દીસી આવે એવા ગુણ હોય તેની જાતે આગળ પડીને યોગ્ય પ્રશસા કરવા કરાવવામા ભૂષણ મનાય છેઃ ખેલાડીપણું (sportmanship) ની આ ઉદાર ભાવના નર્મદ અને નવલરામ લખતા અટક્યા તે પછી આપણા વિદ્વાનોમાથી ઉડી જ ગયેલી જણાય છે.

દરેક ભાષાના ઇતિહાસમાં અનુવાદના યુગ–યુગો આવે છે અને આવવા જ જોઇયે. કોઇ પ્રજામાં પ્રતિભાનો ફાલ પુષ્કળ આવે અને તેનું સાહિત્ય એકદમ નવો પ્રકાશ પ્રસારે, કે તેના કિરણ વત્તાઓછા પ્રમાણમા ઘણી ખેડાયલી ભાષાઓ અને સજીવન પ્રજાઓ ઝીલે છે જ. ભાષા–પ્રજા વધારે સમૃદ્ધ સજીવન અને ખેડાયલાં હોય તેમનામા જિજ્ઞાસા અને તે તૃપ્ત કરવાની શક્તિ બે ય સારાં વિકસેલા હોય છે, અને એવા સાહિત્ય અને પ્રજામાં અનુવાદો વ્હેલા સંખ્યાબંધ અને સારા થાય છે. એથી ઉલટું, જે સાહિત્ય અને જે પ્રજા હજી નબળા છે, તેને પારકાની બ્હીક લાગે, પરાયાથી તે અભડાતાં હોય એવું વલણ દેખાડે, અને લાભ લે તે પણ છાનોછૂપો, તેમ રખે ને કોઇ અમારી સ્વતંત્ર શક્તિ વિશે અવળું ધારે એવા સ્પષ્ટાસ્પષ્ટ સંકોચથીઃ—આવા દાયકા પણ સાહિત્ય અને પ્રજાના ઇતિહાસમા આવે છે; આવે છે અને વહી જાય છે. અને એવા દાયકાઓના પ્રકટાપ્રકટ અનુવાદોથી મળેલો લાભ પછીના કાળમા ખુલ્લો સ્વીકારવામા આવે છે.

અત્યારે હિંદની બધી ભાષાઓ ઉપર સૌથી વધારે બળવાન અને મર્માન્તરમા ઉતરી જતી અસર ઇંગ્રેજી ભાષા અને ઇંગ્રેજી સાહિત્યની છે. આપણું બલ અને આપણી વાચા પણ સૌથી વધારે એથી જ પોષાઇ રહ્યાં છે. નર્મદ–દલપતરામથી માંડીને આપણા સાહિત્યમાં જે અનેકાનેક નવા વિષય, નવા દૃષ્ટિબિંદુ, નવી ભાવના, નવા ઢાંઢ, અને નવા કલાધોરો દાખલ થયા છે અને વધતાં જાય છે, તે ઘણા મોટા પ્રમાણમા ઇંગ્રેજીમાથી જ આવેલાં છે. ઇંગ્રેજીના સંસ્કાર ઓછા એવા દલપતરામ, અમૃતલાલ સુંદરજી પઢિયાર, અને રા. રા. દામોદર બોટાદકર જેવા લેખકોમા પણ ઇંગ્રેજીની અસર સ્થલે સ્થલે દેખાઇ આવે છે. ઇંગ્રેજીની એ કરતા પણ વ્યાપક અસર આપણી ભાષામા વાક્યબંધારણ, અને વાક્યસમૂહનાં* વલણ અને પ્રવાહીપણા ઉપર થયેલી છે. સરલ પ્રવાહની સાથે મરોડદાર, અને મ્હોરે મ્હોરે ગાભીર્ય અને તેજ અને પ્રભાવની સાથે ગતિમા છટાવાળું ઇંગ્રેજીનું જે મહાવાક્ય–Period તેને અપનાવી લેવામા બંગાળી, હિંદી અને મરાઠી ભાષાઓ જ્યારે હજી સુધી નથી ફાવી શકી, ત્યારે આપણી ભાષામા તો નર્મદના અનુયાયીઓએ નર્મદનો આપેલો વારસો કેળવી કેળવીને એને પોતીકી મતા બનાવી લીધી છે, અને કોઇ પણ સામાન્ય લેખક જરા સંભાળ લે તો તેને સાધી શકે, એટલું ચલણી એ થઇ ગયુ છે. કાદમ્બરીવાક્યથી મોહિત થયેલા ગોવર્ધનરામ+ અને દોલતરામ બાણશાઇ સમાસપલટણ ગોઠવતાં ગોઠવતાં યે ઇંગ્રેજી મહાવાક્યના ઢાળામા વ્યવસ્થિત અન્યોન્યપૂરક વિવિધતાઓ વડે સધાતા મધુર પ્રવાહ, મનભર સંવાદ, અને સ્વતંત્ર સ્વયંભૂ વૈભવના જાણ્યે અજાણ્યે સેવક બન્યા, અને એ ભરચક છતા

* Paragraph.

+ લીલાવતી જીવનકલા અને સાક્ષર જીવનમા ગો. મા. ત્રિ. ની શૈલી અને વાક્યરચના સરસ્વતીચંદ્રના કરતાં જુદી પડે છે, તેમા મુખ્ય કારણ વિષયભેદના કરતા કર્તાના મનના બદ-

સુરેખ ઘાટની નકલ ઉતારી શકયા, તેટલી જ સિદ્ધિ ખાટી શકયા છે. અર્વાચીન રીતે કહેવાના અર્વાચીન વક્તવ્યમાં કાદમ્બરીવાક્યની સમાસપલટણનો જૂનો પુરાણો ઘાટ અતિવિરલ સંજોગોમાં જ બંધ બેસતો આવે. રતે રતે અરણ્ય આખું યે ફરી જાય; વાઙ્મયનો આખો બંગ યુગે યુગે પલટાય.+

લાયલાં વલણને ગણું છું. અમુક પદાર્થને ઉત્કૃષ્ટ રીતે એક જ શબ્દ કથે એવા વીણી વીણીને વાપરેલા શબ્દમૌક્તિકોની મિતાક્ષરતામા જ શૈલી અને કલાની લીલાઓ ખીલે. પરંતુ એ મિતાક્ષરતા સામાન્ય વાંચનારને તો આકર્ષવાને બદલે ઉલટી આઘા હડસેલે છે. એવી ભીતિમાથી **ગો. મા. ત્રિ.** ની ઉત્તર કાલની ઇબારત જન્મેલી લાગે છે.

અતિસંસ્કૃત લખાણ શાસ્ત્રીઓને જેમ વધારે રુચે તેમ સામાન્ય વાચનારને ઉલટું આઘા હડસેલે છે, એટલું તો હુ ધાર છું કે સૌ સ્વીકારશે. અમુક સ્થાને સૌથી વધારે સામર્થ્યવાળો શબ્દ –શબ્દમૌક્તિક–સંસ્કૃત જ, શાસ્ત્રીય જ, અપરિચિત જ, જે લખાણમાં વારંવાર આવે, તેવા લખાણને હું અતિસંસ્કૃત અને પંડિતભોગ્ય ગણું છું. આવી શૈલી બેશક ત્યાજ્ય છે. પરંતુ, તો લીલાવની-જીવનકલા અને સાક્ષરજીવનમાંની અણઘડ વાકયો અને પુનરુક્તિઓ વાળી રીતે જ લખવુ પડે,–એમ ફલિત નથી થતુ. સરલતા અને પ્રૌઢિ, તળપદાં શબ્દમૌક્તિક, સચોટતા અને મહાવાક્યવિલાસ, શબ્દો અને વલણોમાં નવીનતાની સાથે દર્શક્તા, પ્રકાશ અને જુસ્સો, ઋજુતા અને વક્તૃત્વ–આ પરસ્પર વિરોધિ જેવા દેખાતા ગુણો એક સાથે યથાયોગ્ય આવે તેનું નામ જ ભાષા ઉપર કાબૂ

+ ગુજરાતી કવિતામાં મહાવાક્ય હજી અતિવિરલ છે. મહાવાકયોની ગુંથણીમાં જ યથાયોગ્ય કવાય એવું વકતવ્ય હોય તો તેને માટે શબ્દપ્રવાહ આપણી રૂઢ પદ્યરચનાના યતિ અને વિરામોને ડુબાડતી નવી પદ્યરચનામાં જ રેલાવવો ઘટે. આવી પદ્યરચના બે પ્રકારની સંભવે બંને ગુજરાતીમાં હજી પ્રયોગદશામાં છેઃ (૧) **ગો. મા. ત્રિ.**નો કટાવ, રા. **મનહરરામ**નો રામછંદ, ન્હારો લગોપજાતિ,–એવી; આમાં વિરામ (મોટે ભાગે) પંક્તિને છેડે, અને પંક્તિઓની લંબાઇ અને સંખ્યા અનિયમિત; (૨) મ્હારા સળંગ અગેય પૃથ્વી છંદ જેવી. રા. રા. ન્હાનાલાલ કવિ છંદ માત્રને કુછંદ અને બેડીઓ કહે છે, જે અર્થહીન છે. આપણા રૂઢ છંદોમાં બંધનો અને બેડીઓ છે,–ગેયતાના. ગેયતાની બેડીઓમા જકડાયેલી છંદરચનામા જેટલી શકય છે તેથી વધારે અને જુદી જાતની પ્રવાહિતા આણવા માટે પ્રયોગો તો ઘણાયે થયા છે અને થાય છેઃ સૌથી વધારે જાણીતામાં અભ્યસ્ત (વિલંબિ, પરંપરિત, દૂહોડવેલ) શિખરિણી, મંદાક્રાતા, માલિની, હરિણી, સ્રગ્ધરાઃ મિશ્ર હરિગીત, પ્રવાહી તોટક, લાવણ્યમયી, નવા નવા ઉપજાતિ, વગેરે ઘણા ગણાવી શકાય. પરંતુ ઇષ્ટ પ્રવાહિતા માટેનું એ બધાનું સામર્થ્ય અહીં પ્રથમ ગણાવેલા ચારને મુકાબલે છેક ઓછુ છે. આવા કોઇ એક મિશ્રણની કડી સાધીને પછી તેને જ વળગી રહેવામા આવે, તો તુરત માલુમ પડે છે કે આ તો ગેય છંદનો જ એક નવો પ્રકાર સધાયો; અને મહાવાક્ય કવવાની અશક્તિ જેટલી આપણા જૂના છંદોમાં છે, લગભગ તેટલી જ આ પ્રકારોમાં પાછી અનુભવાય છે, જો કે જરા જુદી જાતની, જો કે જરા નવતર. તોપણ એ તો પાછી ગેયતાની જ બેડીઓના ખખડાટની પુનરાવૃત્તિઓ કાનને વેઠવાની રહે છે

નવી તરેહ રચિયે તેની નવીનતાનો **અનિયમિતપણે**-અર્થ માગી લે તે પ્રમાણે જ્યા જેટલો જરૂર પડે તેટલો લાભ લેવામા આવે. તો તેટલે અંશે ગેયતાની આણ તુટે છે, અને અર્થાનુસારી પ્રવાહિતા તેનું સ્થાન મેળવી શકે છે. આ બીજા પ્રયોગાથી **ગો. મા. ત્રિ** નો કટાવ, **મન**હરરામના રામછંદ, અને ન્હારો લગોપજાતિ, પ્રવાહિતા આણવાના સામર્થ્યમા ચ્હડિયાતા છે આ તેમની અનિયમિતતાના કારણથી; જો કે એ ત્રણેનું સામર્થ્ય પણ સળંગ અગેય પૃથ્વી કરતાં માઠાં ઉતરે (આ વિશે આગળ પણ જુઓ, કે અને કિના અનુવાદોની ચર્ચાના આરંભમા.)

ત્રિ. ૩. ૪.

ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર સંસ્કૃતની અસર પણ હજી ઘણી, વિધ વિધ પ્રકારની, અને જીવન્ત છે; પરંતુ સંસ્કૃતનુ બલ ઇંગ્રેજી બલ કરતાં ઉતરતા દરજ્જાનું થઇ ચૂક્યું છે અથવા તો થોડા વિશેષ સમયમા નિઃસંશય થશે.* ઉર્દૂ ફારસી અને અરબીનું બલ પણ આપણી ગુજરાતીને વિશેષ પોષતું થાય એમ હું તો ઇચ્છું છું. પરંતુ આપણા પારસી અને મુસ્લિમ ભાઇબ્હેનો સ્વ. બેહરામજી મલબારી, તાલેયારખાન, અને હાજી મહંમદ, અને રા. રા. અરદેશર ખબરદાર, 'પીજામ,' અને રુસ્તમજી પેશુતનજી મસાણીના જેવું રૂઢ ગુજરાતી લખતા થાય, તો જ તેમને વાહન તરીકે વાપરીને ગુજરાતીમા ઉર્દૂ વગેરેનું બલ કંઇયે આવી શકે. આ લાભ મેળવવાને માટે બીજો એટલો સંભવિત માર્ગ અત્યારે તો દેખાતો નથી.

ફ્રેંચ, જર્મન, લૅટિન, અને ગ્રીક, એ યુરોપીય ભાષા અને સાહિત્યોનાં બલ આપણને પણ મળતાં થાય, એવી ઇચ્છા સ્વપ્નપ્રદેશમાની ઇચ્છા જેવી લાગે છે. ફ્રેંચ અને લૅટિનમા ઊંચી ડિગ્રી (degree) મેળવેલી એવા ગુજરાતી પદવીધરો ગુજરાતમા નથી એમ નથી, ફ્રાન્સ અને જર્મનીમાં જાયુ જેવો નિવાસ કરી રહેલા ગુજરાતીઓ પણ છેક નથી એમ નથી, પરંતુ ગુજરાતી લખતાં જ શીખેલા ન હોય, અથવા તો પદવી ભલે મેળવી લીધી પણ સાહિત્ય અને કલાની રસિકતા ઉદ્દભવેલી જ ન હોય, એવા ગુજરાતીઓ બીજી ભાષા અને સંસ્કૃતિનો લાભ પોતાના દેશબંધુઓને આપવા અસમર્થ નીવડે છે.

બેશક, લખાણમાં જેમ કલામયતા વિશેષ તેમ તેનો અનુવાદ કરવો અઘરો, તેમ સારામાં સારો અનુવાદ પણ મૂલનું બિંબ આખું જ ઝીલી શકે. કલામય ગદ્ય કરતાં પદ્યમાં કલા વધુ સમાહિત હોવાથી પદ્યાનુવાદ ગદ્યાનુવાદ જેવો બધબેસતો ના જ થાય. શૈલી ઉપર પણ આધાર છે. બાણ અને ભવભૂતિના કાલિદાસ અને ભાસના અનુવાદો જેવા ન જ થાય. અને કાલિદાસમા પણ કાવ્યોના અનુવાદ નાટકોના અનુવાદો જેવા ન થઇ શકે. કોઇ પણ વિષયમાં મગદૂર ઉપરાંત આશા રાખવી, એવું વલણ અશાસ્ત્રીય અને ત્યાજ્ય છે. અનુવાદોના ગુણદોષ વિચારતા જ્ઞાતા અને સાફ દિલના ટીકાકાર આવા આવાં વિવેકબંધનો ડગલે ડગલે સ્વીકારીને મત બાંધે છે અને ચર્ચા કરે છે

આટલા સામાન્ય વિવેચન પછી આપણે પાછા આપણા નમૂનાઓ ચૂંથવાનું અપ્રિય પણ આવશ્યક કાર્ય લઇ બેસિયે. પ્રથમ ઇંગ્રેજી ગીતાંજલિના પ્હેલા પદના બે અનુવાદો

આ પ્રવાહિતા અથવા અર્થને વાક વાકે વલણ લેતુ અર્થાનુસારી વલણ તે શું, એનો જ્યારે કોઇને ખયાલ જ ન હતો, ત્યારે તેનો નમૂનો પાડવાના જ હેતુથી ઘણા વર્ષો ઉપર એક "પ્રવાહી તોટક" લખ્યો હતો, તે નમૂના રૂજાને અંતે ૭મા દાખલા તરીકે છાપ્યો છે એ પ્રવાહી તોટક હવે તો નવીન પણ ના ગણાય. મણિશંકર, કલાપિ, વગેરેના એ છંદમા રચાયેલા ઉત્તમ ઊર્મિગીતો (lyrics) સારી પેઠે લોકપ્રિય થઇ ચૂક્યા છે Lyric "સ્વાનુભવરસિક" કાવ્ય, "આત્મલક્ષી" કાવ્ય, વગેરે શબ્દો સ્વ. નવલરામ, રા. બ. રમણભાઇ, આદિએ યોજ્યા છે પારિભાષિક શબ્દમાં પદાર્થની મુખ્ય વિશિષ્ટતાનું સ્પષ્ટ કથન, સરલતા, અને લાઘવ ત્રણે હોય તો સારૂ. એવી બુદ્ધિથી આ[illegible]વો શબ્દ ઘડ્યો છે.

* આ વિષયની વિશેષ ચર્ચા માટે જુવો ગુજરાતી સાહિત્ય પરિષદના વડોદરે થયેલા અધિવેશનના "અહેવાલ અને નિબંધસંગ્રહ" એ પુસ્તકમા મ્હારૂ વ્યાખ્યાન

જોઇશું: રા. રા. રામચંદ્ર અધ્વર્યુનો અને સ્વ. ભાવનગર મહારાણી સાહેબ નન્દકુંવરબાનો (એટલે કે સ્વ. મણિશંકરનો.)

તેં મને અમર બનાવ્યો **ઉઠાવી ગયેલ છે**

–એ નન્દકુંવરબાના પાઠ બરાબર નથી; અને **બરૂની વાંસળી,** **હાથ ઉપર, ને હજી પણ ભરાવાનું સ્થાન છે,** એ તરજુમા છે અનુવાદ નથી, એટલે કે એમાં શબ્દોને જ વળગી રહેવાયું છે. આ પાચે સ્થલે રા. રામચંદ્રનો અનુવાદ ચ્હડે છે, તો એમા Ages pass and still એ અંશ ટૂંકાવી નાખ્યો છે, **અવિરમ** શબ્દ વાપર્યો છે તેને ગુજરાતી શબ્દ ભાગ્યે ગણી શકાય, અને **તે દ્વારે નિત નવલા સુસ્વર તેં ગાયા** કર્યું છંદ, એ પંક્તિ નબળી છે. રા. રામચંદ્રની કૃતિ સંગીતદષ્ટિએ પણ સારી હોવાથી વધારે અસરકારક છે, અને તેથી જ, છેલ્લી કડીનો ભાવ મૂલના જેવી સચોટતાથી કર્તા નથી કથી શકયા, તે વધારે ખૂંચે છે.

ગીતાંજલિના બીજા બે અનુવાદ પણ જાણીતા છે, અને હવે પછીના ત્રણ દાખલા નમૂનાઓમાં ઉતાર્યા વગર જોઇશુ, તેમા એ ચારેનો મુકાબલો કરીશું.

ગીતાંજલિના ૬ઠા પદમાં Honour it with a touch of pain from Thy hand and pluck it, એ નાજુક ભિક્ષાના અનુવાદમા આપણા બંને કર્તા તેમ સ્વ. કનુબ્હેન દવે પણ હાર્યાં છે; વળી આ ત્રીજામાં **કરકમલ,** તો રા. રા. મણિભાઇ હરિભાઇ દેસાઇના અનુવાદમા **પવિત્ર હસ્ત** એમ અનુચિત ઉમેરીને લખ્યું છે.

૧૦ મા પદનો રા. રામચંદ્રનો અનુવાદ નકામો છે. The poorest and the lowliest and the lost જેમ ઇંગ્રેજીમાં દરેક કડીમા આવે છે, તેમ અનુવાદમા ય તે ને તે શબ્દો ફરી ફરીને આવવા જોઇયે; એક ને એક બિંદુએ ઘા ફરી ફરીને પડતા જે પ્રગુણિત (cumulative) અસર થાય, તે ઇષ્ટ હોવાથી. રા. દેસાઇને શબ્દવૈવિધ્યમા જ સદા ય કલા વસતી લાગે છે. વળી પ્રથમ વાકયનો અર્થ એમણે ખોટો કર્યો છે, તો સ્વ. કનુબ્હેને છેલ્લાં વાક્યનો ખોટો કર્યો છે. પણ એકંદરે મૂલની કંઇ યે છાયા એમના અને સ્વ. નન્દકુંવરબાના અનુવાદોમા છે.

એક વધારે દાખલો જોઇયે; ૩૫મું, અતલ વિચાર ગાંભીર્યનું, પદ. પદ્ય અને ગદ્યનો અપ્રમેય તફાવત ધ્યાનમાં રાખિયે તો રાણીશ્રીનો રવીન્દ્રનાથ ઠાકુરના આ શ્રેષ્ઠ પદ્યોમાંના એકનો અનુવાદ, આરસી જેમ બધી જ રેખા ઝીલે એવો, સર્વાંગશુદ્ધ છે. અમર પદ્યરચનામાં જે અક્ષરે અક્ષરની અવિચલતા હોય છે, તે અપદ્યાગદ્ય કે ગદ્યમાં સંભવે નહીં, એટલે બીજા ગદ્ય અનુવાદો, જો કે જુદા શબ્દોમાં તથાપિ એવા ને એવા સારા, સંભવે ખરા, એટલી જ એમાં ઊણપ છે. સ્વ. કનુબ્હેનનો અનુવાદ નબળો છે. રા. દેસાઇ અને રામચંદ્રના અનુવાદ એટલા નિષ્ફળ નથી લાગતા.

આ સર્વ દાખલાઓનું ઝીણું નિરીક્ષણ જિજ્ઞાસુને સોંપી હવે આપણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના આપણા બે જાણીતા અનુવાદ ખોલિયે, ગટુલાલજીના અનુવાદને નમૂનાપટમાં ગ

સંજ્ઞા આપી છે, રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિના અનુવાદને ન્હા. સંજ્ઞા આપી છે.

कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत्

એ શ્લોકાર્ધના બંનેના અનુવાદ દુષ્ટ છે. ગ.માં **વિષાદી, પરમ, કૃપા આવિષ્ટ,** એકે ઠીક નથી; ન્હા.માં **परा**નો અર્થ **પરમ** કરી તેનું વળી **પરમ** કરી નાખ્યું છે, ગુજરાતીમાં **કૃપા**નો સામાન્ય અર્થ જુદો છે તે વીસરાયું છે, **आविष्ट**ને માટે **ભર્યો** લખ્યું છે. પરંતુ આમ એક લીટીને પકડવી અને ક્રૂર શિકારી પ્રાણીની માફક તેને રીંખવી, એ પદ્ધતિ સારી નથી. ઓગણીશે શ્લોકનો આખો વિભાગ જોઇયે.

બને અનુવાદને સાથે સાથે વાચી જતાં સરખામણીકાર્યની એક નવી સુરેખી રેખા દે છે. ગ.ની ભાષા મુકાબલે જૂની છે, ઓછી ખીલેલી છે; ન્હા.ના એટલે કે આપણા સમયની ભાષાના જેટલાં છૂટ અને પ્રવાહીપણું એમાં નથી. ગ. અંત્યાનુપ્રાસ આવશ્યક ગણે છે, એ વગરના અનુષ્ટુપ ગુજરાતીમાં કોઇ વાંચશે જ નહીં એવી માન્યતા જે દાયકામાં ખોટી ન હતી તે દાયકામાં એમણે અનુવાદ લખ્યો છે; અને અંત્ય પ્રાસથી ભગવદ્‌ગીતા જેવા વિષયમાં લાભ ક્વચિત જ, ઘણે ભાગે તો એ બંધન જ નીવડે છે. ગ. અંત્ય લઘુ વાળી પંક્તિઓ પણ ન છૂટકે રહેવા દે છે. પદ્યરચનાથી આગળ વધી વ્યાકરણ અને વાક્યરચના જુવો. હણ્યે જેવું રૂપ; **સ્હામા-ન-થનારને** જેવો સમાસ; **ય યે** એ શબ્દો; **શું** શબ્દના **किं फलं, कस्मात्, किं,** એ ત્રણે અર્થમાં વિકારી અવિકારી બંને રૂપમાં યથેચ્છ પ્રયોગ. **જો કે, જાણે કે,** અને **કે**ના ઉપયોગ, છેલ્લાનો અત્યંત છૂટથી; વિભક્તિ પ્રત્યયોનો છૂટથી લોપ; ક્રિયાપદના સત્ત્વભેદ અને પ્રેરકભેદનાં રૂપ; વગેરે વગેરેના લાભ ન્હા.ને મળે છે. વળી ગ.ની પદ્ધતિ પણ જૂની છે. એ દરેક રૂપને વળગી રહે છે; કૃષ્ણનું જે ઠેકાણે જે નામ મૂલમાં આવે છે તે જ એમને વાપરવું છે, જે જે સ્થલે નામ આવે છે તે દરેક સ્થલે અનુવાદમાં પણ એમને એ રાખવું છે,—કેમ જાણે અનુવાદ વાચતાં વાંચતા પણ શ્રીકૃષ્ણનું નામ જેટલી વાર ઉચ્ચારાય તેટલું રોકડ પુણ્ય વાચનારને પ્રાપ્ત થાય! આ પ્રમાણે હોવાથી કુદરતી જ છે કે ગ. અનુવાદ કરે છે પંક્તિએ પંક્તિએ. આખું વાક્ય, આખો પ્રસંગ. ગુજરાતીમાં વધારે સારી રીતે ઉતારવાને કાજે કંઇક જતું કરવું પડે તે જતું કરિયે, કઇં ટૂંકાવિયે, કઇ લંબાવિયે, કઇં પુનરુક્તિઓ છાંટી નાખિયે, જરા જરા જ, અને એ પ્રમાણે સમગ્ર સિદ્ધિ વિશેષ મળતી હોય તો શબ્દશુદ્ધિ કોઇ કોઇ બિંદુએ ભલે ને ચૌદ જ આના આવે:—આ એમનો આદર્શ જ નહીં. સમશ્લોકીપણામાં પણ અપવાદ નામે એમને અગ્રાહ્ય; એવા એવા વિચાર જ એમના રૂઢિજડ મગજમાં અસ્થાને. છેલ્લા શ્લોકમાં ઉપજાતિ ખીલી આવે છે, અને ક્રમભંગ પણ રસપોષક અસરકારક બની શકે, તથા ઉક્તિનો અંત દર્શાવે છે એટલો તો ઉચિત છે, એવી દશી ઝીણવટ આપણા શાસ્ત્રીઓની કલામાં ન મળે.

ભાષા અને સાહિત્યનો વિકાસ આવા મહત્ત્વના લાભ અમુક સમયે લેખકને આપે છે, તે સાથે વત્તાઓછા ગેરલાભ પણ જોડાયા હોય છે. છૂટ અને અતિછૂટ વચ્ચેની સીમા કોઇ કાળે કોઇ વિષયમાં દૃઢ હોતી નથી. છૂટનો ઉપભોગ લેનારા અસાધારણ સંયમી ન હોય, તો અતિછૂટમાં ય જઈ પડે. **સામા-ન-થનારને** નો દાખલો ઉપર આવી ગયો છે.

એથી ઉત્કટ બીજો દાખલો જુવો: **કુલનાશે-કર્યા-દોષ-પેખનારે-અમારે.** આવી રચના વાળી ભાષા છૂટી ભાષા ન કહેવાય, મરડી મચડી નાખેલી ભાષા જ કહેવાય. વળી બીજી જાતનો એક દાખલો જુવો:

જાણે કે મનડું ભમે. .

વક્તા અર્જુન છે તથાપિ તેના મુખમાં પોતાના મનને માટે મનડું શબ્દ મુકતા રા. ન્હાનાલાલને રસહ્રાસ ન લાગ્યો. ન લાગે. ન્હાનાલાલ, લલિત, અને એમના જેવાઓને ના લાગે. ભાર ડું ઉપર જ પડે છે-ડું-એ વળી આ પાદની વિશેષ ખૂબી! (આ વિશે આગળ પણ જુવો, આ પ્રકરણને અંતે.)

બારીક વિગતો જવા જ દઇયે. રા. ન્હાનાલાલનો અનુવાદ વધારે પ્રવાહી છે. ભાષા વધારે પ્રવાહી અને સમૃદ્ધ બની છે, પદ્ધતિ વધારે ઉદાર, યુક્તિ પ્રયુક્તિ વાળી, અને પુષ્ટ બની છે, તેનો લાભ એમને મળ્યો છે. ઝમાને ઝમાને અને કેટલીક વાર તો દાયકે દાયકે શિષ્ટ સર્વહૃદ્ય કૃતિઓના નવા અનુવાદ થાય છે અને થવા જોઇયે, તેનો એક ખુલાસો આ પ્રકારનો છે. સંસ્કૃત ભાષા અને ઉપનિષદ્‌ની ફિલસુફીનો સારો વિદ્વાન હોય, ગુજરાતી ભાષા અને પદ્યરચના ઉપર હાથ બેઠો હોય, તથા રા. ન્હાનાલાલને પ્રિય અતિછૂટમા સરી ન પડે એટલો સંયમી અને વિવેકી હોય, એવા લેખકને હાથે ભગવદ્‌-ગીતાનો નવો જીવન્ત અનુવાદ થવાની ખરેખરી જરૂર છે.

પણ પ્રાચીન ઉપનિષદો અને પુરાણોના પ્રાચીન ભાગના અનુવાદ કરવા મુકાબલે રહેલા છે, તેમ તેમનામાંથી સાહિત્યને લગતી ચર્ચા માટે વિશેષ મળે એમ હોતું નથી. હવે જરા ઊંચું નિશાન તાકિયે. અનુવાદચર્ચાના છેલ્લા નમૂના તરીકે કાલિદાસ વિરચિત વિક્રમોર્વશીય નાટકના રા. રા. કેશવ હર્ષદ ધ્રુવ અને સ્વ. કિલાભાઇ ઘનશ્યામ ભટ્ટ એ પંડિતોના જાણીતા અનુવાદોમાંથી પાંચમા અંકના શ્લોક સરખાવી જોઇયે. પ્હેલા માટે કે અને બીજા માટે કિ સંજ્ઞા રાખીશું. સ્થલ અને સમય પૂરતાં ન હોવાથી પ્હેલા દશ શ્લોક જ લઇશું. આ બે દાખલા પ્રથમ પદ્યરચનાદૃષ્ટિએ, પછી ભાષાદૃષ્ટિએ, અને ત્યાંથી આગળ વધીને અર્થની દૃષ્ટિએ તપાસિયે. સાથેસાથે મેં પણ એમાંના આઠ શ્લોકના અનુવાદ નમૂનાપટની છેલ્લી હારમાં મુકયા છે (બ), માત્ર શીખાઉની સેવા કરવાના હેતુથી, તે ઉપરે નઝર જશે.

હું સળંગ પદ્યરચનાનું કુદરતી વાહન માગું છું એ જાણીતું છે: કુદરતી એટલે સંગીતના બંધનોથી વિમુક્ત; વક્તવ્ય અર્થ અને ભાવનો જે વેગ, જે મરોડ, જે તેમા વિરામો (અલ્પ, અર્ધ, અર્ધાધિક, પૂર્ણ), તે સર્વ તેને આપે, જ્યાં જે જેટલું જોઇયે તેટલું અને તેવું, ન જુદું, ન વત્તુંઓછું, ન વ્હેલુંમોડું; વળી ગદ્ય જાતે ખડબચડ, બેડોળ, અનલંકૃત, સીધું વ્યવહારૂ, ત્યારે આ તો પદ્ય, એટલી એમાં કૃત્રિમતા ખરી, પરંતુ તેનો બદલો પદાવલિને સુંદરતા અને અવિચલતા અને અપૂર્વ અર્થદ્યોતક્તા અર્પીને અપ્રમેય વાળી આપે એવું. ઇંગ્રેજી બ્લૅન્ક વર્સ (Blank verse) તે આ. મહાવાક્ય શોભિત સુંદર વસ્તુને કથતાં તેની સુંદરતાને સંગીતના આશ્રય વગર ખીલવી આપે

તેવી પદ્યરચના આ જ. સંગીતકાવ્યથી ભિન્ન જાતિનું વ્યવસ્થિત વાણીમાધુર્ય તે આ, ઊંચામાં ઊંચા સંગીતને રસજમાવટ તથા ભાવનોદ્બોધનમા નીચું જોવડાવે એવું: કારણ એ કે આમાં તો વિચારસામર્થ્ય અને કલ્પનાકૌતુક પણ ભળેલા. ટૂંકામાં, કવિતાની કલા-દેવીને તેના હક્કની ખુરસી અપાવનારી પદ્યરચના તે આ. હિંદની સંસ્કૃતોત્થ ભાષાઓમાં કવિતાનું સ્થાન સંગીતની ભાર્યા કે કિંકરીના જેવું થઇ ગયું છે. પ્રજામાનસનાં આંદોલનો અને ઊર્મિઓ, મંથનો અને એષણાઓ, ઉલ્લાસો અને વિષાદોમાંથી અમુકનુ જ અમુક માત્રામાં જ આપણી હાલ સુધીની કવિતા વાહન બની શકે છે. કવિતાના વિષય અને કવિતાની ચોટનું વર્તુલ આવું સંકુચિત હોય, તે પ્રજાની એક ભારે અશક્તિ છે. બ્લૅન્ક વર્સ માટે માંગણી, ગેયછંદરચનાથી અતૃપ્તિ, ઇંગ્રેજી બ્લૅન્ક વર્સનું સામર્થ્ય સમઝનાર વર્ગમા આજ દાયકાઓથી પ્રવર્તે છે, અને અપદ્યાગદ્ય જેવી બ્લૅન્ક વર્સની ડોળઘાલુ વિકૃતિઓ પણ થોડો વખત આદર પામે છે, તેનું મોટું સજીવન કારણ આ છે. આ વિચારગુચ્છ, આ દૃષ્ટિબિંદુ, અને આ પ્રયાસોનો માત્ર નવીનતાની લાલસાથી ઉદ્ભવ માનનારા, અને તેમને "અડપલા," "વિલાયતી" "સૌંદર્યદ્રોહી," જેવા સુમનો વડે વધાવનારા, વિષયનું વ્યાપક, ગંભીર, અને પ્રૌઢ સ્વરૂપ જ જોઇ શકતા નથી.

સળંગ પદ્યના પ્રયોજકોને સંગીત અળખામણું છે કે ગેય છંદો સાથે વાકડું છે, એમ ગણવાનું નથી. સંગીતને ફેંકી દેવા કે ગેય છંદોને તોડવા તે માગતા નથી. પરંતુ સંગીતનો આત્મા જુદો છે, કવિતાનો આત્મા જુદો છે, તે ભેદના કથન સળંગ પદ્યવાદ્યુઓને કરવા અનિવાર્ય છે, અને એવાં કથનોને મોડીમચડીને ઉપર પ્રમાણે અર્થ કરવામા આવે છે, જે સત્ય અને ન્યાયથી વેગળા છે, અને વળી આ વિષયમાં જે સામા જવાબો દેવામા આવે છે, તે ઘણા ખરા આવા અનર્થના જ રદિયા હોઇને અપ્રસ્તુત અને અસંબદ્ધ અને નકામા હોય છે. (જરા આગળ પણ જુવો, આર્યાગીતિને લગતી ચર્ચામાં.)

તથાપિ, આ તો ખુલ્લું છે કે અત્યારે આપણે તપાસવાને હાથમાં લઇયે છિયે તેવા સમશ્લોકી અનુવાદોમાં તે ડગલે ડગલે એક કે બે કે બહુ જ થોડા શ્લોક રચવાના, મૂલના કે તેને મળતા જ છંદોમા, તેમાં આવી સળંગ પદ્યરચનાના મોટા અને જુદા ધોરણને અવકાશ જ નથી. જે છંદ જયા પસંદ કરિયે તેમાં મૂલના અર્થ ભાવ આદિ શુદ્ધ અને અસરકારકતાથી કથાય-કવાય, તે જ ભાષાંતરની ગુણવત્તા. પૂર્વાર્ધમાંથી ઉભરાઇને વક્તવ્યનો કોઇ અંશ ઉત્તરાર્ધમા જગા લે, તે આવી રચનાઓમાં દોષ; ગમે તેવો ઝીણો તોપણ. આ દૃષ્ટિએ કેના શ્લોક* ૧, ૨, ૮ કિના શ્લોકો જોડે સરખાવો; એ શ્લોકોમાં કિની પદ્યરચના ચ્હડે.

---

* કેના નમૂના એમના અનુવાદની ૨જી આવૃત્તિમાંથી ઉતાર્યા છે. એ પછી આવૃત્તિઓ થઇ તેની મ્હને ખબર નહીં. પછી ગયા માસમાં અમદાવાદમાં સાંભળ્યું કે નવી આવૃત્તિ બ્હાર પડવામાં છે અને હું જાણું, જે કેની પોતાના કામમાં કર્ત્તવ્યનિષ્ઠા છે, આપણા જમાનાના વિદ્વાનોમાં કોઇની કર્તવ્યનિષ્ઠા એમનાથી ન ચ્હડે એટલી; જેનું એક પરિણામ આ, કે એમની દરેક આવૃત્તિ ઘણા ફેરફાર અને સુધારા સાથે જ બ્હાર પડે. એટલે આ (૬ઠી) આવૃત્તિ બ્હાર પડી અને તુરત તેની નકલ જોઇ છે; તેમાંના આ શ્લોકો અહીંના ઉતારાઓ સાથે સરખાવ્યા છે. ૯ માંથી એક શ્લોક જ

લઘુગુરુની બાબત જુવો. કેટલેક ઠેકાણે સારામાં સારા પદ્યકારો પણ યથેચ્છ ફેરફારો કરે છે; સૌથી ઓછી છૂટ લેનાર, કડકમા કડક ધોરણ પાળનાર, આપણા ઝમાનામા, મ્હારી જાણ પ્રમાણે, સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ હતા. પણ–

ચળવીચળ (કે ૯)! **બનિ ’તિ (કે ૮)!**

આવું બીજા કોઇના લખાણમાં હોય તો એ પોતે જ ન કહે વારુ કે પદ્ય અને ભાષાનું ખૂન થાય છે!

વર્ણસગાઇ જુવો. ગુચ્છનૂં છોગૂં (કે ૩) અને **ધારી ધરાય નહિ ધીરજ (કિ ૯)** રમ્ય છે. **બનિ ’તિ કાંતિ વળી (કે ૮), એ મુજ પિતા હું સુત એનો (કિ ૧૦), રાજે રેણે અરુણો (કે ૪), તેણે કરિને મણિ એ (કે ૫)**–જાણે ઢોલક વાગી! કેટલાકને આવી રચનાઓ ખૂબીદાર લાગે છે. યોગ્ય પ્રસંગે સૌને સારી લાગે. પણ કર્ણપ્રિયતાનો વિષય રુચિ રુચિ પ્રમાણેના મતભેદનો છે; એ સદા યાદ રાખવાનું છે જે ચાર આઠ કાનની સત્તા તળે આખી ગુજરાતી પદ્ય પ્રવૃત્તિ જો આવી જશે, તો તે તે દરેક સમયમાં એ પદ્યપ્રવૃત્તિ નિર્જીવ જ હોવાની. ગમે તેવા સર્વમાન્ય લેખકને પણ આવી બાબતમાં પોતાનું જ ટટ્ટુ આગળ કરવાનો હક્ક નથી. દરેકે પોતાનો ખરો મત સ્પષ્ટતાથી અને મીઠાશથી જણાવવો અને વાત જતી કરવી.

આર્યાગીતિના માપનો વિષય અહીં જાણીને છેલ્લો રાખ્યો છે. આ મોટા સૂક્ષ્મ અને રસિક વિષયમાં જિજ્ઞાસુને રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવટિયાએ આખું પિંગલ સાહિત્ય મથીને વસન્ત માસિકના કેટલાક અંકોમાં થોડાં વર્ષ ઉપર દાખલાઓની ચર્ચાથી ભરેલો વિદ્વાન નિબંધ પ્રકટ કરેલો છે, તે ધ્યાનપૂર્વક ભણી જવાની ભલામણ કરૂં છું. મેં એમાથી જે સારબોધ ખેંચ્યો, તે, પછી તુરત, એ જ માસિકમાં મેં એક ટૂંકા લેખ દ્વારા અને અભિ·

ફેરફાર વગરના છે (પમો); નજીવો ફેરફાર બીજા એકમા જ છે (દશમો, જે એમની ગણતરીએ છઠ્ઠો). ફેરફારામાના ઘણા સુધારા જ છે એમ ઉમેરતાં આનંદ થાય છે.

આ બનાવથી મ્હારા ટીકાકાર્યમાં અનાયાસે સરલતા થઇ ગઇ છે. મ્હારા ઉતારાઓમાંના જે અંશ આ ૬ ઠી આવૃત્તિમા પણ છે, તે ઉપરની મ્હારી ટીકા જ રા. રા કેશવલાલને કર્તા તરીકે સીધી અને પૂરી સ્પર્શે છે; જે ઘણા અંશ આ નવી આવૃત્તિમા નથી તે ઉપરની મ્હારી ટીકા રા. કેશવલાલે પોતે ત્યજી દીધેલી પદાવલિઓ ઉપર છે; તે પદાવલિઓ વિશે એઓ પણ હવે મ્હારી માફક તટસ્થ છે, એટલું જ નહી પણ તે એમને પણ એમના પોતાના સ્વતંત્ર વિચારને પરિણામે દોષવાળી જણાઇ, એટલી મ્હારી એમની એકમતિ છે, પછી ભલે એમને એક દોષ ખૂંચેલો હોય અને મ્હને બીજો અને વળી એ પદાવલિઓને એમણે હવે પોતાના અનુવાદમાથી કહાડી નાખેલી છે, તેથી કરીને કવિતાશિક્ષણ અંગે ચલાવવાની ગુણદોષચર્ચા માટે તેમની દૃષ્ટાન્ત તરીકે યોગ્યતા જરા યે ઓછી થતી નથી

જિજ્ઞાસુ વાંચનારે છ યે આવૃત્તિ સરખાવવી, અને ઝીણામોટા દરેક ફેરફારનાં કારણ વિચારવા કવિ ઉપકવિ કર્તવ્યનિષ્ઠ હોય તેનું કારખાનું કવિતાશિક્ષણ મેળવવા માટેની કુદરતી શાળા તરીકે ઘણું કીમતી છે; અને આવા વિદ્વાન કર્તવ્યનિષ્ઠ લેખકે ફરીફરીને કરેલા–દરેક આવૃત્તિમા નોધાઇ રહેલા ફેરફારો જોવાવિચારવાનો લાભ એવા કારખાનામાં પણ ક્વચિત જ મળે છે. (૧–૬ ૧૯૨૪)

જ્ઞાનશકુન્તલા નાટકના મ્હારા અનુવાદમાંની આર્યાગીતિ આદિના દાખલા સાથે પ્રકટ કરેલો છે. (વસંત, ચૈત્ર ૧૯૭૮).*

હું પદ્યરચનામાં ઘણી છૂટ લઉં છું, કવિતા નિયમોને માટે નથી, નિયમો કવિતાને માટે જ હોઇ શકે એ સૂત્રનો યાવદાયુ અને બંડખોરોની હારમાં ઊભનારો હિમાયતી છું, ગુજરાતી પદ્યરચનાને ચોતરફ ખીલવવા અને જડ બંધોમાંથી વિમુક્ત કરવાને યથામતિ મથું છું, અને કાલિદાસ જેવાની વાણી આ વિષયમા ઘટાવીને કહેતો આવ્યો છુ જે—

पुराणमित्येव न साधु सर्वं	પ્રાચીન પ્રાચીન ન સાધુ તેથી,
न चापि वृत्तं नवमित्य वद्यं ।	નવીન હો વૃત્ત ન નિંદ્ય તેથી:
सन्तः परीक्ष्यान्यतर द्भजंते	જાતે જુવે છે કસ કોઇ સંત,
मूढः परप्रत्ययनेयबुद्धिः ॥	ચીલે વહે, ભાખ્યું ભષે અનંત.×

અને તો પણ આ ઝુંડા તળે હું પ્રથમ આવી રહ્યો તે જ ક્ષણથી સ્વીકારેલું પણ છે, જે " સંસ્કૃતિના સૈકાઓથી રૂઢ થઇ ગયેલાં રૂપોમાં સુધારો કરવાનું કામ, સંસારસુધારાના કામ જેટલું જ, રાજકીય કે આર્થિક સુધારાના કરતાં વધારે દુર્ઘટ છે. દલીલો અને શાસ્ત્રીય ચર્ચા માત્ર આપણા બુદ્ધિ આચરણની સપાટીને સ્પર્શી રહે. લાગણીઓ, રસેંદ્રિયો, ભાવનાઓ જેમ જેમ ભેદાય અને ફરતી આવે તેમ તેમ જ આવા સુધારા થઇ શકે. "+ स्व प्रत्यय મા વિશ્વાસ જેનો હાથ પદ્યરચનામાં બેઠો હોય અને ભાષાને ઘડતા ઘડતાં ઘડાયો હોય તેવાને છાજે. વળી એવા આત્મવિશ્વાસુએ પણ જાહેર ટીકા અને શિક્ષણના સાહસમા ઝંપલાવતા ઘણુંઘણું સમાલવું પડે. વિચારશુદ્ધિ, પદ્યશુદ્ધિ, પદલાલિત્ય, અને સંગીત, ચારેની બાજુ વિષય અને કૃતિના ડૉળ પ્રમાણે સમાલવી પડે, કવિતાવિકાસ પદ્યવિકાસ આદિની ઐતિહાસિક દૃષ્ટિ કેળવવી પડે; અને છક્કડ મારે તે છક્કડ ખાય પણ, એ ન્યાયે આવી પડતી સર્વે અવસ્થામા પોતાની જવાબદારી તલના તેત્રીશમા ભાગ સુધી સમઝવી પડે. અને વળી સુજનતાનો વિનય તો પળ્યે જ છૂટકો. અર્થના અનર્થ કરે, મનામણાં માગે, તોબરો તાણે, ગાળ દઇ બેસે, ' એક મ્હારૂં ઊંહૂં'–એ કોઈનો આશ્રય લે, તે ગમે તેવા માનલાયક સાક્ષર હોય, તથાપિ સર્વના સમાન હક્કના અને જાહેર ચર્ચા વડે લોકમત કેળવીને સત્યસમર્થનના આ પ્રજાશાસક ઝમાનામાં, તેમનું વક્તવ્ય મુદ્દે સાચું હોય તથાપિ ન યે સંભળાય.

---

* રા. રા. દીવટિયાનો નિબંધ—"ગીતિનું સ્વરૂપ"–વસંત માસિકના ૧૬ મા વર્ષના આરંભથી શરૂ થાય છે અને ૧૭ મા વર્ષના ફાગણના અંકમા પૂરો થાય છે

× માલવિકાગ્નિમિત્ર નાટક. વૃત્ત શબ્દ મ્હારો છે; વળી વૃત્ત અને ભષે એ બે ય શબ્દ બે અર્થમાં લેવાના છે. કાલિદાસે મૂઢઃ શબ્દ વાપરીને ગાળ જ દીધી છે, તો મ્હારે પણ અત્યંત કચવાતે મને–અનુવાદશુદ્ધિ જાળવવાને માટે–તેમ કરવું પડે છે. વૃત્ત શબ્દના બે અર્થ પ્રમાણેના સંત શબ્દના પણ બે કરી લેવા: (૧) સાચો વિદ્વાન, (૨) સાધુ પુરુષ. જેમ સાધુ પુરુષ લાખોમાં એક, તેમ અનંત ચોપડિયા પંડિતોમા જાતે કસ જોનારો સાચો વિદ્વાન અતિ વિરલ

+ ભણકાર. શુદ્ધ (અગેય) પદ્યના નિબંધ, પૃ (૨૪)

માટે જે વર્ગને ખાસ ધ્યાનમાં રાખીને આ નિબંધ લખું છું તે ઉછરતા લેખકોને સ્પષ્ટ જણાવીશ કે–ભાઇઓ, ત્હમે પદ્યરચનામાં એકદમ મ્હારી કે રા. રા. ખબરદારની કે રા. રા. ન્હાનાલાલની નકલ કરવા ન જશો. અને કદાચ અમારે પગથિયે ચ્હડવાનો ત્હમે નિશ્ચય જ કરો, તો તે પ્હેલાં જરા વધારે તૈયારી કરો તો સારૂં. પ્રથમ ત્હમે રૂઢ નિયમો પાળી પાળીને હાથ બેસાડો. એ નિયમોને પાળતાં પાળતા તે પાછળના સત્ત્વની ઝાંખી કરતા થાઓ. પર–પ્રત્યય ને ડગલે ડગલે પૂરા વિશ્વાસથી અનન્ય વફાદારીથી ચાલનાર સૈનિકની મૂઢતામાં જ પારંગત થાઓ. એમ કરતાં કરતાં, ખાતરી આપું છું કે, લાયક હશો તો ત્હમારૂં પોતાનું નેત્ર ઊઘડશે, ત્હમારો પોતાનો કાન સૂક્ષ્મતર થશે. આ પ્રમાણે સ્વતંત્રતાને યોગ્ય થયા પછી સ્વતંત્રતા લેવા માંડજો. અમારે પ્હેલ કહાડી નવી પગથી પાડવાની પાળી માથે પડી, તે અપૂર્વ ફરજના એ ગેબી અણુસારને અમે દીઠો, વધાવી લીધો, અને ઝંપલાવ્યું. અને અમારૂં જે થવાનું હતું તે થયું: જે થયું તે નથયું થનાર નથી, અને અમને કોઇ વાતે અતૃપ્તિ યે નથી. અને તોપણ ત્હમને અમારા અભૂતપૂર્વ અનુભવમાંથી ઉગારવાની અને ત્હમારી પ્રગતિ સમતોલ થાય અને વધુ ફલદાયી નીવડે એવી હિતબુદ્ધિથી સલાહ આપવામાં આવે છે, જે સ્વતંત્રતા લેવા માડો તે પ્હેલાં સ્વતંત્રતાને યોગ્ય બનવાને અમારા કરતાં વધારે સંગીન મથન કરજો. જે ઝમાનામાં સાહિત્યમા બંડખોર વૃત્તિ સામાન્ય થઇ જાય, તે સાહિત્યમાં બે ત્રણ દાયકા તો અનવસ્થા જ પ્રવર્તે, અને એવી અનવસ્થા દરમિયાન સમતોલ પ્રગતિ અને કુદરતી વિવૃદ્ધિ અશકય બને છે, ભલે પછીના દાયકાઓમાં બંડોમાંના સત્ત્વને લીધે જ ફલવત્તા ત્રેવડી જણાય. વળી બે ત્રણ દાયકા એટલે શું, તેનો પણ જરા વ્યવહારૂ ખયાલ મગજમા બાંધો. એવી એવી બાબતો તેના નિયત મૂર્ત સ્વરૂપમાં જોઇ લેવાની શક્તિ કેળવો. બે ત્રણ દાયકા એટલે કેટલાક અત્યંત આશાજનક કિશોરોનું આખું જીવન અને અથેતિ કૃતિસંગ્રહ! શ્રી ગણેશાય નમઃ થી માડીને અચ્યુતં કેશવં લગીની આખી જીવનકથા એ બે ત્રણ દાયકાની અવધમાં ખલાસ! પછીના સમયમાં સાહિત્યક્ષેત્રમાં ફલદ્રુપતા વિવિધતા શક્તિ પ્રકાશ આદિ ગમે તેટલાં વધવા પામે, પરંતુ તેથી એ બાપડા જે પ્હેલાં જ હોમાઇ ગયા તેઓનું શું વળે?*

---

* આં નિબંધ લખાઇ ગયા પછી રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિનું અમદાવાદ કલા-પ્રદર્શન આરંભે કરેલું વ્યાખ્યાન જોવામાં આવ્યુ; તેમાં નીચેનો ભાગ ઉપલીજ વાતને સ્વતંત્ર રીતે ટેકો આપે છે, માટે અહીં ઉમેરી લેતાં આનંદ થાય છે. એમાં કોઇ કોઇ શબ્દનો અર્થ સ્પષ્ટ નથી, ત્યાં ત્યા હું જે અર્થ કરૂં છું તે કૌંસમાં જણાવું છુ

"સૌંદર્ય અને કલાનો પરમ નિયમ સમપ્રમાણતાનો છે, ભાવના અને દર્શન (ideal અને real)ની સમતુલાનો છે. વીશમી સદીમાં જગતની પ્રજાઓના નાવ ઝોલે ચ્હડયા છે, ને આપણું ય જહાજ આજ ભરદરિયે ઝોલાં ખાય છે. સંસારની રાજ્યની પ્રેમની પુણ્યપાપની ભાવનાઓની તેમ જ આનંદ સૌંદર્ય અદ્‌ભુતત્વ (romance)ની, જૂની નિયમાવલિઓ ઉપરથી આપણી શ્રદ્ધા ઉઠી ગઈ છે; શુદ્ધ શંકાઓ જન્મી છે; મહા અશ્રદ્ધાઓ ઉભી છે એમાની કેટલીક નિયમાવલિઓ તુટી છે, કેટલીક તુટે છે, કેટલીક તુટશે. નવી નિયમાવલિઓ કઇ અને કેવી રચાશે? સૌંદર્યભાવનાઓની એ ભાંગફોડમાં–રસશાસ્ત્રની સંક્રાંતિમાં, મ્હારી યે જવાબદારી છે કવિતાની નિયમાવલિઓનો સાર્વભૌમ અખંડ સત્તાવાદ મ્હારે ય તોડવો પડયો છે છતા પણ ઊંચે સ્વરે ઉચ્ચાર

દાખલા **(૧૪) ખ** મા ૬ ઠો શ્લોક છે તે હ્રહોડવેલી ગીતિ છે. હ્રહોડવેલ આર્યા, ગીતિ, સોરઠા હુ જ કોઇક વેળા લખુ છુ, બીજા કોઇની એવી એકે રચના હજી સુધી જોવામા આવી નથી. હ્રહોડવેલ એટલે અહીં એક પાદ વધારે. ઉક્ત શ્લોકમાં **૧૨** માત્રાના એને ઠેકાણે ત્રણ પાદ છે.

જણાય ઘેરા અંતરીક્ષ–આરે (બ ૪), મૌલિરત્નસહ જાલિમ ગગનેથી (બ ૬), એ રચનાઓ રૂઢ નિયમોના નમૂના નથી. પ્હેલીને માટે મ્હને ય આગ્રહ નથી; પણ બીજી ઉપર તો આસન વાળીને બેઠો છુ પદ્યશાસ્ત્રીઓની એ સામે અરુચિ કાયમની નીવડે, તો મ્હારી એમની વચ્ચે એટલો રુચિભેદ રહેવાનો. પદ્યશાસ્ત્રીઓના રૂઢ નિયમો શા છે, તે ઉપર્યુક્ત રા. **દીવટિયાના** નિબંધમા સારી રીતે નોંધેલા અને ચર્ચેલા છે, અને હું તે નિયમોને કયા અર્થમા કઇ દૃષ્ટિએ તોડતા ય સાધુ છે, તે મ્હારા ઉપર્યુક્ત સારગ્રાહી લેખમા જણાવેલું છે, એટલે અહીં પુનરુક્તિની જરૂર નથી.

મણિ એ ખગના મુખમાં (કે ૪), લવલીદલશી મુખની (કે ૮), એ રચનાઓ નિયમ પ્રમાણેની છે, તથાપિ મ્હને એ ⏑ ⏑ — — ની ત્રિપુટી ઉપર ભાવ નથી.

આર્યાગીતિ આદિ રચનાઓ ગુજરાતીમા ઓછી થઇ ગઇ છે, તે એક દુર્ભાગ્ય લાગે છે. એ પદ્યબંધ, આખી પંક્તિનો સંવાદ જાળવીને અંદરના ચતુષ્કલ એકમોને માટે પૂરેપૂરી

છુ કે **ઉચ્છેદ** એ કલાકારનો પરમ કલાધર્મ નથી; **સૂજન** એ જ પરમ કલાધર્મ છે સંસારમા રાજ્યમા રસપ્રદેશમા પ્રણાલિકાઓ અખંડ રહે ને ન બદલાય, એ અશક્ય છે ...જગતની જાડનની વહે નહીં, થંભી જાય, એ બ્રહ્માંડનિયમનના ઉત્ક્રાંતિવાદ (evolutionary principle in the universe નિયમનમાંના ઉત્ક્રાંતિતત્વ) થી વિરુદ્ધ છે. સંસારના ધર્મના રાજ્યના કવિતાના નવીન કલાવિધાયકોએ આ સંક્રાંતિયુગમા ન વીસરવાનુ તો એક જ મહાસૂત્ર છે, કે પોતે ઉચ્છેદ છે વધારે કે સૃજક છે વધારે ? નકાર કે ઉચ્છેદ કલાકારની ભાવના ન હોય નવવિધાનની સ્થાપના એ જ કલાવિધાયકોનુ કલાધ્યેય હોય. ઇતિહાસની-પ્રાચીનતાની-ભૂમિકા ઉપર નવવિધાનના સંસારમ્હેલો સ્થાપવા એ જ કલાનું પરમ લક્ષ્ય. “ I come not to destroy but to fulfil.” પયગંબરનો, સંસારશાસ્ત્રીનો (શાસનકાર–કાયદા ઘડનાર–સ્મૃતિ બાંધનારનો) મહાકવિનો, એ જ મંત્રોચ્ચાર હોય. આરસની શિલાનો ભાંગીને ભુક્કો કરવો એમા કલાધર્મ (કલા કે કલાધર્મ પ્રમાણેનુ આચરણ એક) નથી આરસની શિલાને છોલી સમારી એ અણઘડ અસંસ્કારી ઘાટ (જડ વસ્તુ માત્ર) ને ઘડી સંસ્કાર આપી સજીવન કરવી: રસના કે સંસારના કે બ્રહ્માંડના મહાકલાવિધાયકનો સજીવારોપણ (જડમા પ્રાણ ફુંકવો) એ જ પરમ કલાધર્મ છે... . ગતિ પ્રગતિ અવનતિનો–સંક્રાંતિયુગ (ની સામસામે ઝઘડતી દલીલચાલો) નો–સરવાળો સારવનાર બ્રહ્મર્ષિ (ઉદાર સમભાવી અપક્ષ ન્યાયમૂર્તિ) એ **સર્વદૃષ્ટાની** (ના જેવી) દૃષ્ટિથી એ જ સારવવાનું છે, કે લોક કલ્યાણમાર્ગ સંચરે છે કે અકલ્યાણને ? ”

રા મ્હાનાલાલની શબ્દપુષ્કળતા (verbosity), એમની શૈલીના આડંબર, સ્પષ્ટ બાબતને વધુ પડતા દૃષ્ટાંત રૂપક સૂચનાદિ વડે ઉલટી–ક્ષારમા પાણી નાખનાખ કરીને–પાતળી પાડી નાખવાની એમની રીત, પસંદ હો તેને હો, મ્હને તો નથી પસંદ પરંતુ આ અવતરણમાનું તત્વ મુદ્દે સાચું છે. અને શૈલીના કોઇ કોઇ દોષથી છેડાઇ પડીને લેખકના સત્યને પણ આપણે જોઇ ન શકિયે, તો તો આપણને થોડું જ સત્ય પ્રાપ્ત થવાનું એ નિસંદેહ, કેમ કે દોષરહિત શૈલી તો દેવને પણ દુર્લભ છે જેમ દોષરહિત ચારિત્ર્ય

છૂટ રાખતા અને વૈવિધ્ય ખીલવતા, અર્ધસંગીત અથવા રેસિટેશન (recitation) ની રીતે વાચતા અને ઉચ્ચારતા જેટલો અસરકારક છે તેટલો વિવિધસ્તુર અને સ્વતંત્ર છે. દોહરા, ચોપાઇ, અનુષ્ટુપ, વસંતતિલકા, ઉપજાતિ, રોળા, લાવણી, સવૈયા, શાર્દૂલવિક્રીડિત, જેવાની લાળી ધારા વહે તેટલી એની પણ રેલાવવા જઇયે તો એકસૂરી કંટાળો લાગે એ જુદી વાત, પરંતુ ટૂંકા વિષય માટેના પદ્યબંધ લેખે એનો વધારે ઉપયોગ થવો ઘટે છે. ઊર્મિગીતો માટે એ વપરાશમાં નથી તેનું મુખ્ય કારણ આપણા લેખકોનું એ બંધના નાજુક વિવિધ સામર્થ્ય વિશેનું અજ્ઞાન જ હશે.

હવે આપણા નમૂનાઓની ભાષા ઉપર આવિયે

સંસ્કૃત નાટકોની રૂઢિ પ્રમાણે રાજા એ તો ઉત્તમ પાત્ર. તેના મુખમા **સઉ મોર** (કે ૧) જેવી ગ્રામ્યતા ન શોભે. કિ ૩ મા **સોતા** શબ્દ છે તે પણ આ ટીકાને પાત્ર છે. **સુહવે શકે** (કે ૩) જેવી રચના વખાણી શકાતી નથી. **લોચનિયાં ભિંજાયે** (કે ૯)–**મીરાં**, કવિ દયારામના પદ અને ગીતગોવિંદ જેવા સાહિત્યમા જે દૂષણ નહીં એટલું જ નહીં પણ ઉચિત, કેમ જે વિષય, ભાવ, પ્રસંગ, પાત્ર અને વાતાવરણને બંધબેસતું, તેને અવિચારીપણે ઠેર ઠેર વાપરવાની ફેશન (fashion) ફેલાવવાના સાહિત્યપાતકને માટે આ ઝમાનાના વિદ્વાન લેખકો અને ભાષાનો મરોડ ઉપજાવનારાઓમાં આગેવાન લેખે રા. રા. કેશવલાલની જવાબદારી ઓછી નથી. [જુવો આગળ, પ્રકરણને અંતે.] કિ ૧ મા માત્ર **વિહગ** છે તે કરતાં ગુજરાતી સાહિત્યમાં એ પંખીને માટે **સાચાણો** નિંદાશબ્દ તરીકે રૂઢ છે, તે વધારે સારો છે (કે ૧). કિ ૨ મા **મુખ** છે, તે કરતા કેનો વધારે સ્પષ્ટ **ચાંચ** શબ્દ વ્હડે. કિ ૯ ના જેવો સારો શ્લોક કેના આ ભાગમા એકે જણાતો નથી.

અર્થના પેટાભાગ ઉપર પાછું કંઈક લંબાણ થશે. મૂલના બીજા અને ત્રીજા શ્લોકને સાથે ધ્યાનમા લ્યો. બંને અનુવાદકો આ શ્લોકયુગલના મુખ્ય અર્થને કથવામા હાર્યા છે. પંખી પાસે હતો ત્યાસુધી લટકતા મણિના જે કુંડાળા તેજકુંડાળા લાગતા હતા, તે હવે મણિના કિરણપરિવેશ જેવાં જ જણાય છે અને આયો ગયેલો મણિ ઉલટો મોટો થયો હોય એવી ભ્રાંતિ થાય છે. કાલિદાસના **अलातचक्रप्रतिमं रागरेखावलयं** (૨) અને "પ્રભાપલ્લવિત મણિ" (૩) એ બેમા, એ બેના સાનિધ્યમા આ અર્થવિશેષ અનુક્ત છતા સ્પષ્ટોક્ત છે. એવી અનુક્તોક્તિમા વિશેષ સુંદરતા છે; તખ્તાલાયકીને માટેનો એક આવશ્યક ગુણ—દરેક ગતિ વક્તા જુવે તેવી સુસ્પષ્ટ શ્રોતાઓ પણ જોઈ શકે એવાં જ વર્ણન વક્તામુખે કરાવવાનો ગુણ, આમ જ સધાય છે; ભવભૂતિ જેવાનાં આંગળી કરીકરીને દેખાડવા મથતાં પીંજણ શાં વર્ણનો વડે નહીં. અને આ મત સ્વીકારી લેતા ખંચાય તેઓ પણ કબૂલ કરશે, જે કાલિદાસ તો અનેકાનેક વાર આમજ કરે છે: ગતિ વગરનો એના પ્રવેશોમાં ભાગ કોઇક જ અને તેમાં પણ આવાં ગતિવર્ણન ખરાં; પ્રવેશમાનાં પાત્રોની ગતિ દોડી હોય, ત્યાંપણ તેઓ બીજાઓને વધારે ગતિમા મુકતા હોય, અથવા તો તેમની આખ આગળ બીજાઓની વધારે ગતિ હોય, જેવડે કાર્યનું એક આવશ્યક પગથિયુ વ્હડાતું કે ઉતરાતું જ હોય. કાલિદાસ એટલે જ આખે ઉડીને વળગે એવી સુંદરતાની મૂર્તિ. પંક્તિએ

પંક્તિએ ચિત્ર દોરી શકો એવી સ્પષ્ટ સુરેખતા આખી દુનિયાના સાહિત્યમા એનાથી વિશેષ નહીં જડે. અને એના અનુવાદ કરવા નીકળિયે છીયે—હું જેવા ચશ્મેધબ ! દુનિયાનો ન્યાય, દુનિયાની ગ્રાહકતા, દુનિયાની રસિકતા, દુનિયાની અમરતા, એવી જ. અને દિવસો અને રાત્રિઓના પરિશીલન પછી એ અગાધ રૂપસાગર અગાધ છે એટલું પણ જોવાઇ જાય છે અને પાછું ભૂલી જવાય છે, તો અમારા વાંચનારા, અમે પ્હેરાવિયે તે ચશ્મા પ્હેરીને જોનારા, કેટલું જોઈ શકવાના !

ટીકાકાર, અનુવાદક, અને સ્વતંત્ર લખનાર, જે કથવા માગતા હો તે અર્થને ત્હમે પોતે સ્પષ્ટ જુવોઃ જોઈ જોઇને મનન કરો, જે એ અર્થમાં બીજ, થડ, પાન, પુષ્પ, ફ્લ, ક્યાં ક્યાં ક્યાં ક્યાં. એની અંદર જે એક સરખો રસ વહે છે તે જાતે પામો, અને વાચનારને પમાડવા મથો. આખો વૃક્ષ બાંહ્યાંતર સ્વરૂપમાં, તેની શક્તિ–અશક્તિ, તેજ–છાયા, ઊંચાઇ ઊંડાઇમાં; અને તેના કુદરતી ઉપવન વા વનમાં પ્રથમ જાતે નિહાળો, અને પછી તે દર્શનને આલેખવા મથો. આલેખતાં આલેપતા અનેક ચિત્ર ફાડવા પડશે, એમ કરતાં કરતાં જ ચિતારા બની શકશો, રેખા રંગ અને ખાલી ભોયના અન્યોન્યપૂરક અર્થવાળું ત્રિતાર કલાતંત્ર શીખી શકશો, અને રસવાહક જીવંત ચિત્ર સાધી શકશો, ન અન્યથા.

આ સધાય તેનું નામ perspicuity, વિશદતા, પ્રસાદ. ખરો પાકો રંગનો અમર પ્રસાદ આ જ. સાહિત્યકૃતિનું,

कुसुममिव लोभनीयं यौवनमंगेषु संनद्धं

(નવયૌવનનો ખીલ્યો ફુલફુલ શો બ્હાર અંગાગે)*

તે આ. પદલાલિત્યનો પ્રસાદ તો માત્ર પરિમિત વિચારશક્તિનાં બાલકોને રમવાનો ઘૂઘરો અને કૃત્રિમ કવિતામય પદાવલિ (poetic diction) એ તો પ્રસાદ નહીં એટલું જ નહીં પરંતુ તેની જીવલેણ શોક્ય. ત્હમે ખરી ખરી રાણીને ચાહો છો કે શોક્યને, તે લખવા માડો તેના આરંભમાથી જ નિશ્ચય કરી રાખજો. કેમ કે પડી ગયેલી ટેવો અને જામવા પામેલા રાગાપરાગમાથી પછી આખ ઉઘડચે પણ મુક્ત થવું વિષમ છે.

સ્થાયી અસરકારકતાનું સાચું સાધન આ પ્રસાદ છે. ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓની અપ્સરા જેવી અમરતા અને મોહકતા આને આભારી છે. રસ કેટલો આછો કે ઘેરો, શબ્દ કેટલો આકરો કે મૃદુ, વાકયરચનામા કર્તાક્રિયાપદવિશેષણવ્યવસ્થા અને ભારવ્યવસ્થા, એ તમામ

---

* કાલિદાસ, અભિજ્ઞાનશકુંતલા નાટક. અનુવાદ કૌંસમાં મુક્યો છે, સંસ્કૃતમાની નાન્યતર જાતિ અને અનુવાદમાંની નરજાતિ એ બેની વાક્યમા ટક્કર થાય તે ન થવા દેવાને. ઉપર ટાંકવામાં આવેલો વસંત માસિક, ચૈત્ર ૧૯૭૪ ના અંકમાંનો મ્હારો નિબંધ જોશો. તો તેમાં આ પંક્તિનો અનુવાદ જુદા શબ્દોમાં, **लोभनीयं** શબ્દને વળગી રહીને કરેલો જોવામા આવશેઃ **ને ખીલ્યૂં અંગાંગે નવજોબન ફુલસમાન લોભવતૂં. ને ખીલ્યૂં અંગાંગે,** આખો પાદ ગુરુઓનો; એવી પદ્યરચના ચલાવી લેવાય કોઇ કોઈ સ્થલે જ. વળી **ફુલસમાન** એમા **कुसुममिव**નો માત્ર શબ્દાર્થ છે. ફુલથી ઉભરાઇ જવા જોબનવાળી લતાનો બ્હાર જેની આખ આગળ હોય, તેને મ્હારો એ જૂનો અનુવાદ ફીકો પડે

અંગના યથાયોગ્ય સૌષ્ઠવમા જ આખા શરીરની કાંતિ જેવો પ્રસાદ વસે-લસે છે. પદ-લાલિત્ય કે અલંકરણ કે શબ્દશુદ્ધિ કે વિચારગોઠવણી કે પ્રવાહિતા કે લાઘવ કે સરલતા કે સુકુમારતા કે ચોટ કે એવા કોઇ એક જ ગુણમા એનો અધ્યારોપ કરનારા કાણા છે. સાહિત્યક્ષેત્રમાં આવો અંધહસ્તિન્યાય ઘણો ચાલે છે માટે ખાસ ચેતતા રહેવાનું છે. સપાટીથી તલ સુધી જે કૃતિમા પારદર્શક વિચારશુદ્ધિ નહીં તેમા પ્રસાદ હોય જ ક્યાંથી ?

બીજો શ્લોક ફૂરીને જુવો. કાલિદાસ ઉપમા વડે તાદૃશ ચિત્ર કલ્પનામાં પાડે છે, ત્યાં અનેરૂં (કે) શું ? શા માટે ? મ્હને અહીં મ્હારા કેટલાક કેળવાયલા પણ ગુજરાતી શબ્દભંડોળમાં ભીખારી મિત્રો સાભરે છે. એઓ વાતચિતમા જ્યાં બંધબેસતા શબ્દ જોઇયે ત્યાં ઘણી વાર ઇંગ્રેજી શબ્દો વાપરે છે, જ્યા ઇંગ્રેજી ના વપરાય એવા સંજોગમાં સપડાય, કે " પેલું-પેલું " એમ ફાંફાં મારે છે. ' જેની જોડ વા ઉપમા નથી ' એવો સ્પષ્ટ અર્થ ના હોય છતાં " અનેરૂં " શબ્દ વપરાયો હોય, એવે સ્થળે તે અજુગતો છે. શબ્દબાહુલ્ય ગદ્યપદ્યની કેટલીક શૈલીઓમા ચાલે બલ્કે આવશ્યક છે, અને ઠીક સધાયું હોય ત્યાં ભૂષણરૂપ છે. પરંતુ કાલિદાસના અનુવાદમાં અને આવે સ્થલે ! મ્હારાથી ન ખમાય, ખાસ કરીને રા. કેશવલાલ જેવાના લખાણમા તો ન જ ખમાય, કેમ જે ગુજરાતી શબ્દભંડોળમાં રા. કેશવલાલ જેવા માતબર આ ઝમાનામાં કોઇક જ હશે, તે સારી રીતે જાણું છું.

એ જ શ્લોકમાં **અંગારક** શબ્દ વાપરીને એઓ શ્લેષ વડે મંગલ ગ્રહનું સૂચન અંદર આણે છે* એ પણ અસહ્ય છે. કાલિદાસમા આ સ્થલે એવો શ્લેષ નથી, એટલું જ નહીં પણ ૪થા શ્લોકમાં તેણે મંગલને જે રીતે ઉપમાનપદે આણ્યો છે તેથી સ્પષ્ટ છે કે તે પ્હેલાંના કોઇ પણ નજીક સ્થલે મંગલનું સૂચન પણ અનિષ્ટ છે. બધી કલાનું એક આવશ્યક તત્ત્વ આ છે, કે જે રંગ, જે ચિત્ર, જે અસર, જે ચોટ અમુક બિંદુએ મુકેલ હોય, તે તે જ બિંદુએ રાખવાનું છે.

૬ઠા શ્લોકમાં બંને અનુવાદક કંચુકી જેવા પ્રિયંવદ દરબારીના

रोषेण ते मार्गणतां गतेन अनेन निर्भिन्नतनुः

એ શબ્દોને ઉતારવામાં હાર્યા છે. બંનેએ શ્લોકમા ગાંઠનું પણ ઉમેર્યું છે. કિ ઉમેરે છે **બિજા તંબુનિ પાસ;** કે ઉમેરે છે **વામી;** કયું ઉમેરણ વધારે ખરાબ ?

બ ૮માં **વિશેષ તેજસ્વી** એ ઉમેરણ છે. કાલિદાસની કૃતિઓમાં બીજાં આવા સ્થલો જુવો અને એ ઉમેરણ વિશે ઠીક લાગે તે મત બાંધો. વળી આ આઠમા શ્લોકમાં આપણા બંને અનુવાદકોની કૃતિ મ્હને તો મૂલ કરતાં વધારે ઘેરા રંગે ચિતરીને સુંદર વસ્તુને ઓછી સુંદર કરીને દેખાડનારી લાગે છે; સારાં ચિત્રોને જેમ છાપખાનું પ્રતિકૃતિઓની હજારો નકલ કહાડી આપે છે એ સેવા બજાવતાં, મૂલ જેવા નાજુક રંગ કે રંગમિશ્રણ પોતાથી ન જ બને એટલે જેવું બને તેવું કરી આપે છે, તે પ્રમાણે.

આ દોષ કે ૯માં વળી વિશેષ ઘેરો જણાય છે.

---

* જુવો ચોપડીને અંતે એમનો શબ્દકોષ (૨જી આવૃત્તિ, ૧૯૧૨ માં પ્રકટ થયેલી).

ભચડી ભુજજુગ્મમાંહે
આલિંગવા જ ચળવીચળ અંગ થાયે !

આ વિશે શું કહું ? શૈલીના એમના આદર્શ મ્હારા આદર્શોથી કોઇ ને કોઇ અંશમા અત્યંતાત્યંત ભિન્ન હોવા જોઇયે,—બીજું તો શુ કહી શકું ? વાત્સલ્યની પરાકાષ્ઠામા ય પ્રધાન લાગણી આનંદની પ્રસન્નતા રહે છે. શૃંગારની પરાકાષ્ઠાનું જુદું લક્ષણ છે. પુત્રને ભેટવાના પ્રસંગમા આવા ઉત્કટ શબ્દોને વેડફી મારે, તે લેખક લાંબા વિરહને અંતે ફરી મળતી પ્રિયાને ભેટવાના પ્રસંગમા તીક્ષ્ણતર શબ્દો બેશક જોઇયે, તે કયાંથી કહાડશે ? અથવા તો–

આલિંગવા જ ભચડી ભુજજુગ્મમાંહે
અંગે અધીર કંઇ નર્ત્તતિયાં નચાયે !—

એમ નથી લખ્યું એટલો એમનો પાડ જ માનવો ઘટે ! લોચનિયાં અને નર્ત્તનિયાંને સાથે આણનારી આવી કડીને હાલના ઉપકવિ–અપકવિઓની એક ટુકડી આપણી કવિતામા લલિત માર્દવના અનેરા નમૂના તરીકે ઠેર ઠેર ગાઈ બતાવત, અને તેમા "ચાંચાંયા ભિંજાયે," "ઊઊઊભરાયે," "ચાંચાંયાં નચાયે," ગવાતા, કંઠ અને હાથના અનેક લ્હેંકાઓની સાથે મંજિરાની રમઝટ પણ જામત. સંગીતની વેચાણ ગુલામડી જેવી ગરીબ બીચારી ગુજરાતી કવિતા !

પ્રકરણ ૩ઃ અનુકૃતિઓ.

હવે આપણો વિષયાનુક્રમ આપણી આગળ અનુકૃતિઓને આણી મુકે છે. અનુકૃતિ શબ્દને જરા તાણિયે, તો દુનિયાનું ઘણું સાહિત્ય એ વર્ગમા પડે એ જાણીતું છે. માણસ અનુકરણશીલ પ્રાણી છે. અનુકરણ કરતાં કરતાં પ્રયાસમા સર્ગશક્તિ પણ ભળે છે, અને એમ બાલક વધી વધીને માણસ થતામા વાચા અને રીતભાત, હુન્નર અને કલા શીખે છે અને ખિલવે છે. હોમરના જેવા મહાકાવ્ય લૅટિનમાં કેમ નહીં, લાવ હું જ રચી જોઉં, એ મહાકાક્ષાએ વર્જિલ પ્રેરાયો. હોમર અને વર્જિલ જેવા મહાકાવ્યો પોતપોતાની ભાષામા વિરચવાની મહાકાક્ષા ડૅન્ટી, ટૅસ્સો, સ્પેન્સર, મિલ્ટન, માઇકેલ મધુસૂદન દત્ત, આદિને સ્ફુરી. મિલ્ટને વિષયો પસંદ કરેલા તેમા, કેટલાક એની પ્હેલાના કવિઓની યાદીમા તેમ એની યાદીમા પણ, "રાજા આર્થર અને એના ગોળ ટેબલ ઉપર વિરાજતું એના વીર સાથીઓનું બંધુમંડલ" એ વિષય, પૌરાણિક ઇતિહાસની પદ્ધતિએ, મહાકાવ્ય રચવાને માટે હતો. આ વિષય મિલ્ટન પછી પણ ઘણા કવિહૃદયોને આકર્ષતો રહ્યો, અને ઓગણીશમી સદીમાં "કવિતાયોગ્ય વિષયના અભાવવાળા ખાલી ઝમાનાના ગાયકગણો" * જાણે એના ઉપર, અને એને મળતા નૉર્વીજિયન, જર્મન, આઇસલૅન્ડિક, આઇરિશ, ફ્રેંચ, અને ફારસી રાસાઓ (sagas) ઉપર તુટી જ પડયા. સ્કૉટે ધિ લે ઑફ ધિ લાસ્ટ મિન્સ્ટ્રલ ("છેલ્લા બારોટનો પ્રબંધ") એ કાવ્ય લખ્યું તે વખણાયું, એટલે એણે

* "The idle singers of an empty day."

W. *Morris*.

પોતે અને પછી બીજાઓએ એવી અનેક પદ્યનવલિકાઓ રચીઃ ઊર્મિગીત (lyric), મહાકાવ્ય (epic), નાટક (drama) ત્રણેના તત્ત્વોનું નવું મિશ્રણ કરીને, અને આમો રંગબંગ ભવ્યને બદલે જનસ્વભાવ તથા અનુભવની સામાન્ય કોટિને છાજે એવો રચીને. સ્કૉટની જ ૫્હેલી ગદ્ય નવલમાંથી ઐતિહાસિક નવલની નવી કલાજાતિ ઉદ્ભવી, અને એ વટવૃક્ષ આખી દુનિયામાં વડવાઇઓ નાખે છે ઉ–વોલ્ટ વ્હિટ્‌માને અપદ્યાગદ્ય આરંભ્યું, એટલે કે એ વિશિષ્ટ રચનામાં સમકાલિક સમર્થ લેખક તરીકે ઘણા લોકોનું ધ્યાન પ્હેલું એણે આકર્ષ્યું, અને એ કૃચાપ્રધાન બીજ ગુજરાતીમાં ય વવાયું છે. * કાવ્ય એટલે મર્યાદાઓ વડે સ્પષ્ટ અંકિત પટ વા દેહવાળી, એકપુદ્‌ગલ–એટલે વ્યક્તિત્વ વા આત્મા વાળી છે એવી છાપ પાડવાની શક્તિવાળી, કલ્પના અને કલાના સહધર્મચારે સાધેલી, વિશિષ્ટ શૈલીતંતુઓ વડે સ્રજાયલી, દર્શને દર્શને દિદૃક્ષા વધતી જાય એવા ચમત્કાર વાળી, સહૃદયના સ્મરણો અને સ્વપ્નોમાં ય વણાઇ જાય ને **किमपि द्रव्यं** બને એવી, સુંદરતામૂર્તિ. + કવિહૃદય એવી મૂર્તિ જ્યાં જ્યાં જુવે છે, ત્યાંથી પોતાને હાથે પોતાની વાણીમાં એવી પણ નવી રચવા

---

* આગળ અપાઇ ગયેલ એક અવતરણમાં રા. રા. ન્હાનાલાલ લખે છે, "છંદોની નિયમાવલિઓનો **સાર્વભૌમ અખંડ સત્તાવાદ** મ્હારે ય તોડવો પડ્યો છે." આમાં **અખંડ** શબ્દ તેના પૂરા–'નિરપવાદ' એ–અર્થમાં લઇયે તો ઉક્તિ ખોટી થઇ જાય, એટલે એને rhetorical flourish તરીકે જ લેવાનો છે. અપદ્યાગદ્ય જેનો "સાર્વભૌમ" નામ versliber, free verse, વગેરે છે, તે વસ્તુતાએ તો ઉવૉલ્ટ વ્હિટ્‌માનથી યે ઘણું જૂનું છે. એ (કવિતાને બદલે ફરીફરીને rhetoric માં જઇ પડનાર) વાહનનાં પ્રથમ દર્શન બાઇબલના પૂર્વાર્ધ–"જૂના કરાર"–માંના કેટલાક જૂના ભાગોમાં થાય છે અથવા તો તેની ઉત્પત્તિ એથી પણ જૂની લાગે છે. કેમકે આપણી વેદત્રયીમાંના પણ કટલાક ભાગનું બંધારણ અપદ્યાગદ્યના જેવું અતિશિથિલ જ જણાય છે.

માનસશાસ્ત્ર (psychology) ની દૃષ્ટિએ જોતા, રા. રા. ન્હાહાલાલના છંદો સામેના વિરોધનુ સૂક્ષ્મ બીજ, ક. ૬. ડા ના ઉપયોગને માટે અંદર કાણાની બે હાર પાડીને દોરીઓ બાધીને રાખવામાં આવતી પાટીઓ હશે એમ લાગે છે,–જેમાંની કેટલી યે બાલક ન્હાનાલાલની બાલચેષ્ટાએ ફુટી ગઇ હશે, અને તેથી એ તેજ બાલકને મોટેરાઓને હાથે કંઇ કંઇ ખમવું પડેલુ હશે.

એમણે અપદ્યાગદ્ય ગુજરાતીમાં ઉતાર્યું તેનુ સૂક્ષ્મ બીજ **સામવેદી શ્રીમાળી** કુલોત્થ બાલકના કાનમાં છેક બચપણથી **સામ**ગાનનું "ડોલન" અનેકાનેક વાર ઉતરેલુ હોવું જોઇયે, તે હકીકત હશે.

બેશક આ પ્રમાણે તો અપંગ વકીલ માટેની પાટીઓ ફોડનાર બાલક અક્ષરશત્રુ જ બનવો જોઇયે, વળી બીજી દલીલ પ્રમાણે તો દરેક **શ્રી**માળી બાલક અપદ્યાગદ્ય રચનાર જન્મવો જોઇયે, માટે ઉપલા બને તર્ક દુષ્ટ (absurd) અગર દૂરાકૃષ્ટ (far-fetched) અને ફેંકી દેવાના, એવી સામી દલીલ પણ થઇ શકે છે–માનસશાસ્ત્રી તર્ક અને ગાણિતિક દલીલ વચ્ચેનો મોટો તફાવત ન જાણનારાથી જ. લાખોમાંથી એક બાલકનો પણ માનસવિકાસ આવું વલણ પકડે, તો જ્ઞાત ફલના સૂક્ષ્મ બીજોમાંનું એક, ઉકત પ્રકારનું કોઇ બચપણમાં પ્રવર્તેલું vera causa **વાસ્તવિક કારણ** હોવું છેક અસંભવિત નથી, એટલો–તથાપિ સારી રીતે સૂચક–આવા તર્કોનો અર્થ હોય છે

+ આપણી જાણીતી વ્યાખ્યાઓ अदोषौ शब्दार्थौ...,रसात्मकं वाक्यं...,रमणीयार्थ प्रतिपादकः शब्दः...આદિ મ્હારા જેવા અપંડિતને મુક્તક કાવ્યને જ વિષયવર્તુલના મધ્યબિંદુએ રાખીને રચાયલી જણાય છે. પણ આવો વિષય આમ ટિપ્પણમાં તો–બહુ મોટો, એક ઐતિહાસિક નિબંધ તો શું પણ આખો ગ્રંથ માગે એટલો મોટો છે, એમ કહીને પડતો મુકવો જ પડે છે.

પ્રાણ પાથરે છે, અને કલ્પનાકલ્પિત, ભાવસમુલ્લસિત, વિચારપોષિત, ભાવનાફલના નવા નવા ફલ આપીઆપીને જીવનનું ઉદ્‌ભાવન કરનારી સાહિત્યવાડી વધે છે.

નર્મકવિતામાંનાં ટિપ્પણો અને કલાપીના કાવ્યો જુવોઃ શેલિ, બાઇરન, વર્ડ્સ્‌વર્થ, ટેનિસન, સ્કૉટ, આદિમાંથી એઓએ કેટકેટલું અનુકરવા પ્રયાસ કરેલા, અને સરવાળે કેટલું થોડું લઇ શકયા છે. પૅલ્ગ્રેવ ગોલ્ડન ટ્રેઝરી (Palgrave: Golden Treasury of Songs and Lyrics) પાઠ્યપુસ્તક લેખે વિદ્યાપીઠમાં દાખલ થઇ, અને વીશથી વધારે વર્ષ ચાલી સહૃદય પ્રોફેસરોને હાથે શીખવાઇ, તે દરમિયાન આપણી આર્ટ્સ્‌ કૉલેજોમાં ઇંગ્રેજી કવિતા ભણતા ઘણા ય ગુજરાતી કિશોરોનું ઇંગ્રેજી લિરિક (lyric ઊર્મિગીત), આઇડિલ (idyll), ઓડ (ode) વગેરેએ કેટલું બધું આકર્ષણ કરેલું, તે જાણીતું છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવ, બળવંતરાય ઠાકોર, ગોવર્દ્ધનરામ, મણિશંકર, રા. રા. નરસિંહરાવ, સર રમણભાઇ નંદશંકર, રા. બ. રમણભાઇ, રા. રા. આનંદશંકર, રા રા. ન્હાનાલાલ સર્વ એ શિક્ષણના બાળકો છે. એ ઝમાનાની કૃતિઓમાં વર્ડ્સ્‌વર્થ, શેલિ, બાઇરન, ગોલ્ડન ટ્રેઝરી, આદિના અનુકરણો છે, તે નવાઇ નથી: એવાં અનુકરણો ના જ હોય તો તે નવાઇ ખરી.

પરંતુ અનુકૃતિ શબ્દને આવા વિશાળ અર્થમા અહીં હું યોજવા ઇચ્છતો નથી. અર્વાચીન ગુજરાતી સાહિત્યની કૃતિઓમાથી કેટકેટલી કયા અર્થમા શેની શેની અનુકૃતિઓ છે, એવું મોટું પર્યેષક સંશોધન અહીં ઉપાડવાનો મ્હારો ઇરાદો નથી. મ્હારે અહીં બે ત્રણ બીજા નમૂના લઇને તેમની જ વત્તીઓછી અને માર્ગદર્શક ટીકા કરવી છે, અને તે માટે પ્રથમ તો અનુકૃતિ શબ્દની સંકુચિત અને વિશિષ્ટ વ્યાખ્યા બાંધવી પ્રાપ્ત થાય છે. રા. રા. નરસિંહરાવની ચંદા શેલિના મેઘની અને પ્રોમીથિયસ અન બાઉન્ડ (Prometheus Unbound) માંના કેટલાક અંશની, મ્હારી પ્રેમનો દિવસ એ ઊર્મિગીતમાલામાંના કેટલાક ખંડો બ્રાઉનિંગનાં ડ્રામટિક લિરિકોની (dramatic lyric), અનુકૃતિઓ ગણવી હોય તો બેશક ગણી શકાય, અનુકૃતિ શબ્દને પૂરતો વિસ્તાર આપી લઇયે તો. પણ એવો વિશાલ અર્થ સાહિત્યચર્ચામાં થોડો જ ઉપયોગી છે. અનુકૃતિઓ કહેવાય છે વા કહી શકાય તેવી ઘણી કૃતિઓ બહુ તો તે તે માતા–માતાઓની પુત્રીઓ છે, તે તે જાતની કૃતિઓ છે, અનુકૃતિઓ નથી. માતાનું હાર્દ પુત્રીમાં એકએ મુખ્ય અંશમાં ખરૂં, તથાપિ એ જાતે સ્વતંત્ર વ્યક્તિ હોય છે, વિશિષ્ટ લક્ષણો વાળી, માતાની છાયા માત્ર નહીં. રા. રા. કનૈયાલાલ મુનશીની નવલ–નવલોમાંના કોઇ અંશ ડૂમા (Dumas) ની કોઇ નવલ–નવલોમાંથી ઓધે ઉતરી આવેલા કે ચોકૂખા અનુકરેલા હશે; કરણ ઘેલાના કેટલાક ગુણ અને દોષ સ્કૉટની નવલ–નવલોમાંથી ઓઘે ઉતરી આવેલા કે ચોકખા અનુકરેલા હશે. પરંતુ એટલા ઉપરથી પછીની કૃતિને આગલી કૃતિ–કૃતિઓની અનુકૃતિ કહીને વિષયને પડતો ના મુકાય. પછીના કર્તાને ન્યાયની ખાતર, તેની કૃતિની સ્વતંત્રતા પણ જેટલી જેવી હોય તેવી તેટલી બતાવવી પડે. માટે પરિભાષાની ચોકસાઇ પણ અનુકૃતિ શબ્દનો કંઇક પરિમિત અર્થ માગે છે. અમુક કૃતિને પ્હેલાની કોઇ કૃતિ સાથે આદિથી અંત સુધી સરખાવતાં, તે મોટે ભાગે એ પ્હેલી કૃતિના પ્રતિબિંબ જેવી લાગે, અને પ્રતિકૃતિ છે એમ ઠરાવવા જેટલી બન્નેની નિકટતા તો ના હોય, ત્યારે એ જોડકામા મોડી તે પ્હેલીની નકલ વા અનુકૃતિ:

અનુવાદ અથવા લગભગ પૂરી પ્રતિકૃતિ નહીં, તેમ સ્વતંત્ર પુત્રી ગણાવા જેટલી ભિન્ન પણ નહીં, માટે તે અનુકૃતિ.

રા. રા. **નરસિંહરાવની ચંદા** ત્હમે વાંચી હશે. સ્વ. કલાપીની **કમલિની** ત્હમે વાંચી હશે. બંને સાથે કોઇ વાર વાચી છે? વાચી જુવો: એ જ છંદ, એ જ લંબાઈ, એ જ રમતિયાળ લલિત દૃશ્યોનું લાલિત્ય લડાવનાર શૈલીઃ કમલિની ચંદાની અનુકૃતિ છે; બંને રમકડાં સુંદર વિનોદવસ્તુઓ છે. ચંદા પૂરતી લોકપ્રિય છે. કમલિની એટલી જાણીતી નથી. ગુજરાતને હજી સૌંદર્યની જાતપરખ નજેવી છે. કોઇ ને કોઇએ ગુજરાતી સૌંદર્યને પણ ગુજરાતને બતાવી આપવાની સેવા બજાવવી પડે છે. કમલિની તરફ આ નિબંધ વડે ધ્યાન ખેંચતા આનંદ થાય છે. *

એમા કઇ કૃતિ ચ્હડે? આવા સવાલ સાહિત્યક્ષેત્રમા શિખાઉઓ જ પૂછે. દરેક સારી કૃતિમા વિશિષ્ટતા હોય છે. અને ઘણી વિશિષ્ટતાઓ એકબીજાથી અપરિમેય હોય છે. મોતી ચ્હડે કે રત્ન? સ્ત્રી ચ્હડે કે પુરુષ? કવિતા ચ્હડે કે સંગીત કે ચિત્રકલા?

આવા સામા સવાલ એમાંથી કયા કવિ ચ્હડે એવા પ્રશ્નને ઉડાવવાને જેટલા વાજબી ગણાય, તેટલા તે એક જ જાતની બે કૃતિઓની સરખામણીમાંથી છટકવાને માટે ઉપયોગી નથી. તોપણ આટલું તો એવી સરખામણીમા ય ઘણી વાર વીસરાય છે, કે પ્રસ્તુત બે કૃતિ એક જાતની છતા પણ બે જુદા કર્તાની છે, અને દરેક સારા કર્તાની દરેક સારી સધાયલી કૃતિમા કઇંને કઇં લાક્ષણિક અંશ હોય જ. વળી વિષય જુદા જુદા, તેનો ય ફેર પડે. કમલિનીનો વિષય ચંદાના જેટલો આકર્ષક ન જ હોઇ શકે; કવિએ તે સાધવામા ઘણી વધારે ફત્તેહ મેળવી હોય તો પણ. ચંદાના વિષયમાં વ્યોમ, મેઘ, સિંધુ, સંધ્યા, શુક્ર, ઝાડ તળેનાં ચાદરણાથી માંડીને ગ્રહઉપગ્રહોના વિશ્વભ્રમણ સુધીના પેટાવિષયો કુદરતી રીતે આવે, એટલું જ નહીં પણ એ દિવ્ય ગોળાઓનું સ્વર્લોકસંગીત (કડી ૯) પણ આવે. કમલિનીમા પણ કવિએ વિષયોની લગભગ ચંદાના જેટલી રસિક પરંપરા યોજી છે, તે એના વિજયને માટે વિચારશીલ વાચનાર એના કલાચાતુર્યને ઊંચું ગણવાને પણ લલચાય. અને, ઉલટ પક્ષે, વિષય જાતે લોકપ્રિય બને તેવો હોય, પરંતુ તેને યોગ્ય રસ એક સરખો સધાય છે, તો જ તે લોકપ્રિય બને છે. આ વિષયમાં ચંદાને મુગ્ધ કુમારિકાવસ્થામા દાખલ થતી, પણ બાલિકાનું રમતિયાળપણું હજી એવું ને એવું ટકેલું છે, એ પ્રકારની વર્ણવી છે,—કિશોરાવસ્થાની કોઇ અપ્સરાપુત્રી જેવી. આમા એના રસની લોકપ્રિયતા છે. અને કેટલીક નબળી કડીઓ છે, તોપણ એકંદરે આ રસ એકસરખો સધાયો છે ને કલાવિજય, કલાપીનો કમલિનીમાં છેક જુદી જાતનો કલાવિજય છે, તેનાથી ઉતરતો ગણવો કે ચ્હડતો, એ વિશે જુદા જુદા અધિકારી નિરીક્ષકો રુચિ પ્રમાણે જુદા જુદા મત આપે, એવું પણ બનવા જોગ છે.

---

* **હૃદય ત્રિપુટી** વિશેના મ્હારા વ્યાખ્યાન માટે જુવો 'હિન્દુસ્થાન' પત્રનો ઇ સ. ૧૯૨૨ ની દીવાળીનો અંક.

દરેક કર્તામા વિશિષ્ટતા હોય છે એ હમણા જ આવી ગયું. આવી વિશિષ્ટતાઓના વર્ગમા તેના લાક્ષણિક દોષો પણ આવે છે. આ દિવ્ય ગોળાઓના સ્વર્લોકસંગીત (the music of the heavenly spheres.) ની કડી જુવો:—

એવી મેઘની રેત સરસૂં નાવ મુજ ઘસડાય જ્યાં,
મધુરા રસીલા મંદ ઝીણા સુંદરા સુર થાય ત્યાં;
માત્ર દિવ્યજનો સુણે એ મીઠું ગાન મનોહરૂં,
ને સુણે હરણૂં આહરૂં, ને ઊંઘ મીઠી લે ખરૂં.

આ દિવ્યસંગીત અમુક સ્થલોમાં અમુક સંજોગોમા અમુક ક્ષણોમા જ થાય છે? નાઃ એ થાય છે તે જો સત્ય હોય, તો તો એ નિરંતર ચાલી રહે છે, ચાલી રહેલું જ છે. આ દષ્ટિએ જોતા, કડી ૭ ૮ અને ૯ ને સાથે લઇને તેમનો એકંદર અર્થ કર્તાને બનતો લાભ મળે એમ કરિયે; વળી કવિને ઘણી વાર અછડતું દર્શન જ કરાવવું પડે, જે વિષયો કવિ છેડે અથવા તેના વર્ણન અલંકાર આક્ષેપ આદિમાથી સૂચિત થાય, તે સર્વનું સંપૂર્ણ દર્શન અશકય, એ બધું યે સ્વીકારિયેઃ તથાપિ જેટલું અંશદર્શન કવિતામા આવે તેટલું પૂરા સત્યની સાથે રમ્ય રીતે બંધબેસતું તો હોવું જોઇયે. અને તે અહીં કવિથી સધાયું નથીઃ રોમેન્ટિક શૈલી ઘણી યે વાર સાધી શકતી જ નથી.

બીજી રીતે જુવો. આ નવમી કડીમાં ૪ થી પંક્તિનો શો અર્થ? કર્તા કે તેના અનન્ય ભક્ત કોઇયે કહી શકશે ખરા? હરિગીતના ઘૂઘરામાં રમતિયાળ રમ્ય શબ્દો વગાડતા વગાડતા આ ચોથી લીટી પણ વગાડી લેવી; એટલી વાર વાચનારે પોતાની બુદ્ધિને, કવિના કે ચંદાના મૃગલાની માફકજ, મીઠી ઊંઘ લેવા દેવી. આ કવિતા એટલે કે વિચારપ્રવાહ છે, એ તેટલી વાર વીસરી જવું; સ્વર વ્યંજનની રમ્ય આનુપૂર્વીના લયમા જ લીન થવું.

વિચારમા કઇં ઉતરતાં (અથવા ચ્હડતા) જે ભાગજડો આવે છે, જે ઉઠવા ન દેવી અથવા તો તેની નિરાકૃતિ સાધવી એમા જ વિચાર અને કલાનો વિજય છે, તેવી આ પ્રમાણે રા. રા. નરસિંહરાવની સારામા સારી કવિતામા ય એમ ને એમ પડી રહેલી દેખાય છે. એ સપાટી ઉપર વિહરતી કવિતા એવું કશુ જોતીજ નથી. જેને જેને ગૂંચો ખટકે તે તે તેટલા એ નૃત્યલીન કવિતાને માટે અપાત્ર! લોકો પણ મોટે ભાગે સપાટી જોઇનેજ મોહનારા, એટલે આ ગૂંચો અને આવા દોષો તેમને જણાયે નહીં.

કલાપીના દોષ જુદી તરેહના છે. એ ધુનિ વિધાયક જે કંઇ કરવા માડે છે તે અધીર ઝડપે ઘડી નાખે છે. એટલે બેપરવાઇમા કોઇ ઠેકાણે અનુચિત શબ્દ, સૂચન, આદિ રહી જાય છે. કમલિનીની ૭ મી કડીમા **શાંત રસ** એ શબ્દો વિચારો. વિચારતા જ જોશો જે અહીં **શાંત** વિશેષણ બેસતું નથી; કયું વધારે બંધબેસતું, તે પણ એકાએક સુઝે એમ નથી.

કલાપીએ કમલિનીનો જે અંત યોજ્યો છે, તે આ મોટે ભાગે આછા રંગનો રહેવો જોઇયે એવા વિષયને માટે જરા ઘેરો પડી જાય એવો છે. એક બાજુએ આવો વિસવાદ ચંદામા નથી, તો બીજી બાજુએ—

આગિયાનું નીલવર્ણું તેજ (કમલિની, કડી ૨),
ચંદ્રલાંછનનું તલ ભ્રૂકમાન અને કાજળ–આંજેલ આંખ રૂપે સૂચન (કડી ૪),
પતંગિયાંનું અપ્સરા રૂપે વર્ણન (કડી ૧૫),
હંસલાની ડોલરમાલા સમી ડોક (કડી ૨૦),
સંધ્યાના આરંભના રંગની કોકિલની કીકી જેવા દ્રાક્ષરસ સાથે સરખામણી (કડી ૨૯),
રાત્રિમાં સિંહની અંગાર જેવી આંખ (કડી ૨૭),
—એવી એવી વર્ણનખૂબી પણ ચંદામાં મળે એમ નથી.

જે કવિ વા કૃતિ પાસેથી મળી શકે તે લેવું અને તે પૂરતો તેને વખાણવો. મગદૂર ઉપરાનની માગણીઓ કરી અગર આશા રાખી રાખીને તે મળે નહીં માટે અસંતુષ્ટ થવું, એમાં સમભાવની વૃત્તિ નથી. વિવેકી સહૃદયતા કે શાણી ન્યાયવૃત્તિથી યે એવો અસંતોષ વેગળો છે. જે હાટમાં જે સોદો જ ન હોય,–જેમ કે ટૂંકી વાર્તામાં પાત્રોનો ચારિત્ર્ય-વિકાસ,–તેને માટે ત્યાં ઊભા ઊભા વાણોતરને જીભનો સ્વાદ ચખાડવો, એમાં વ્યવહારુતા પણ નથી. મીઠાશથી વદાય થઇ બીજું હાટ શોધવું.

મતલબ કે સાહિત્યચર્ચા મોટે ભાગે ગુણદર્શી અને ગુણદર્શક હોવી જોઇયે. ઝમાને ઝમાને કવિઓ, ટીકાકારો, પર્યેષકો, અને વિદ્વાનોમાંથી સમદર્શી હોય છે તે આ ધોરણ ફરી ફરીને પોતાને આવડે તે બધા ય સૂરમાં પોકાર્યા કરે છે, અને બોધ્યા કરે છે. તથાપિ સાહિત્યચર્ચામાથી દોષદર્શિતા અને દોષદર્શકતાની નિંદ્ય પ્રવૃત્તિઓ ઓછી થતી નથી. આનું રથ.યી કારણ જનસ્વભાવ છે. વિચિત્રતાપૂજકો, પોતાના સાકડા વર્તુલ બ્હારનાને વખાણી ન શકનાર ધૂમાવિષ્ટ નિંદકો, અને એવા એવા આ ક્ષેત્રમા પોતાનું ટટ્ટૂ હાંકયેજ રાખે છે, અને પરપ્રત્યયનેય તેમ જ્ઞાનલવદુર્વિદગ્ધ લોકના દોડાદોડ અને શોરબકોરને લીધે, શાત સ્વભાવના અને સ્વતંત્ર મત બાંધવાની શક્તિવાળા ઘણા કવિતાભકતો મતામતિના ખંડનમંડનમા પડતા જ નથી. કવિ અને કૃતિ માટે જે સત્તા ધીમેધીમે છેવટનો નિર્ણય આપે છે, તે આ રૂપપ્યાસી, સમદર્શી, મૌન લોકમતની સત્તા છે, છાપે ચ્હડતા અને વાદવિવાદનું ધાંધલ મચાવતા લોકમતની સત્તા નથી.

રા. રા. નરસિંહરાવની કવિતાને સપાટી પર પ્રકાશવતી કહું છું, તે એકંદરે લેવાનું છે. એમના કવિતાસંગ્રહમાં અપાવાદ રૂપે કેટલુંક ઊંડું અને સૂક્ષ્મ પણ છે જ. આપણા આ અનુકૃતિપ્રકરણમાં લઇ શકિયે એવો આનો એક ઊંચો દાખલો એમની કૃતિઓમાં મળી આવે છે. કમલિની મૂલનાથી લગભગ સ્વતંત્ર જેવી અનુકૃતિ છે, તો અનુકૃતિનો આ નવો દાખલો મૂલના લગભગ અનુવાદ જેવો છે. વસંત માસિકના ગોવર્દ્ધનસ્મારક અંક (અધિક ચૈત્ર, ૧૯૬૩)માં રા. નરસિંહરાવના–"સ્વ. ગોવર્દ્ધનભાઇનાં છૂટક સ્મરણો" એ ગદ્યલેખનો અંતભાગ જુવો. અને સાથેસાથે સમાલોચક ત્રિમાસિકના ગોવર્દ્ધનસ્મારકઅંક (અષાઢ ૧૯૬૩) માં એમની જ " ગોવર્દ્ધનભાઇ " એ પદ્યકૃતિ જુવો. ગદ્યકૃતિ ૧૯૦૭ના પ્હેલા અને પદ્યકૃતિ બીજા માસમાં લખાયલી છે. બંનેને સરખાવો. પદ્યકૃતિ નૂપુરઝંકારમાં સંગ્રહેલી છે (પૃ ૯૩–૪); અને એ પ્હેલાંના ઉપલા ગદ્યલેખનો અંતભાગ એ જ ચોપડીના ટિપ્પણમાં કર્તાએ ફરી છાપેલો છે (પૃ ૨૪૫).

ગદ્યમા—**પ્રભાતના અંધકારમાં ઘેરાં પ્રભાતિયાં ગાતો,**

રાત્રિના ચમકતા અંધકારમાં ઊંડા ભાવ ઉદ્દીપતો, સાગર,—**એમ** વિકલ્પ છે. અનુકૃતિમાથી એ વિકલ્પ ઊડી ગયો છે. આને લાભ ગણીશું કે હાનિ ?

ગદ્યમા–**તારાજડિત આકાશથી તે ફાસ્ફરસના પ્રકાશથી ચમકતા તરંગના ફેન સુધી સર્વત્ર એકાકાર કારમી* સંવેદના સ્ફુરાવનારૂં શાંતિનું પૂર-છે.** આ પણ અનુકૃતિમા આછું જ જણાય છે

અનુકૃતિમાં એક વિશેષતા આ છે,—

ઉદધિસુરનાં આછાં બિંબો બની નભતારલા
ધ્વનિત કરતા એ ગાનોને શું વ્યોમગુહા વિશે !

આ કલ્પના કુદરતી કે લલિત ગણી શકાય એવી નથી, વિચિત્ર અને દુરૂહ (conceit) છે. એનો આટલો બચાવ થઇ શકે ખરો જે કરુણ રસમા અને ખાસ કરીને વિરહકાવ્યમા કઇને કઇં કન્સીટ (conceit) આવી જાય, એ અકુદરતી નથી. વિરહીના મગજમા લાગણીપૂરના ઉછાળાઓ પ્રમાણે છેક ઘેલછાના સીમાડા સુધીની કન્સીટો (conceits) ચક્રો વમળો અને બુદ્બુદોના જેવી ફુટયા કરે છે. અથવા તો આ બે પંક્તિઓને ઉપલા ગદ્યભાગનું પ્રતિબિંબ પણ ગણી લેવાય.

અને ગદ્યમા માત્ર વસ્તુકથન છે. કેટલીકવાર નર્યું કથન જાતે ઊંચી અમર કવિતા હોય છે: જુવો—

આ સમયે આ દેખાવમાં પ્રતિબિંબિત થઇને એ પ્રેમલ મૂર્તિ, એ મિત્રનો મધુર આત્મા, જાણે મ્હને વીંટી વળે છે.

અહિં આ સમયે ઊંડી શાંતિ ફરે,
તહિં એ મુજ મિત્રનિ મૂર્તિ તરે.

અનુકૃતિમા કર્તા એની “કવિતા” કરવા ગયા છે. અને મ્હારા નમ્ર મતે ફાવ્યા **નથી.** છેલ્લી કડી તો–લખાઇ ભલે, તથાપિ પાછી–છેકી નાખવી જોઇતી હતી. જે આવશ્યક નહીં તે બધુ યે કલામાં નકામુ બલ્કે હાનિકારક, એ કલાલાઘવનો નિયમ ભલભલાને પણ અતિકડક પડે છે. આની સામે બચાવમા એટલું જ સુઝે છે કે વિરહકાવ્યમા, વિરહકાવ્ય જો જરા યે લાગુ હોય તો, પુનરુક્તિ, નબળી ઉક્તિ, અસ્પષ્ટતા આદિ પણ હોય. અથવા, જે પદ્યલેખકો સંગીતપ્રધાન અને લાગણીપ્રધાન શૈલીઓને વશ થઇ ગયા હોય, તેમની કૃતિઓ બુદ્ધિની તાવણીને ઠીક સહન કરી શકે અને તેમાથી શુદ્ધ ઉતરે, એવું ભાગ્યે જ બને છે.

આ પ્રમાણે આપણી સરખામણી પૂરી થાય છે, અને, બેશક, એમાં પહેલી લખેલી ગદ્યકૃતિ બીજી જે પદ્યકૃતિ અને અનુકૃતિ છે તેના કરતા ચ્હડે.

---

* **કારમી** એટલે ? અનુકૃતિમા પણ એ જ શબ્દ વાપર્યો છે (કડી ૨) **નર્મ**કોષમાં **“**ચમત્કારિક, અદ્ભુત, મારકણું, સુદર ” એમ અર્થ આપ્યા છે. Penetrating yet ineffable એવો અર્થ વક્તવ્ય લાગે છે. અને તો તેને માટે **કારમી** શબ્દ ઠીક નથી પછી એ આપણા શ્રેષ્ઠ ભાષાશાસ્ત્રી આ શબ્દ વિશે જે નવો પ્રયોગ આપે તે ખરો

પરંતુ આટલી ચર્ચાથી સંતોષ માનીને આપણા વિષયના બીજા વિભાગને ઉપાડવાનું હજી બની શકે તેમ નથી. સ્વર્લોકસંગીતની ચર્ચામા આપણે જોયું, તેમ અહીં પણ, કૃતિ-ચર્ચામાંથી કૃતિમા આલેખેલા વિષય ઉપર જવું પડે એમ છે. સાહિત્યચર્ચામાં આમ ઘણી વાર બને છે. અને પ્રસ્તુત કૃતિમાનો એ વિષય જેમ આપણા જીવનને અને આપણા ઝમાનાને માટે વધારે મહત્ત્વનો લાગે તેમ તેનામા આપણને પોતા ભણી ખેંચી લેવાનું બળ વિશેષ હોય છે. આ કૃતિયુગલમા આલેખાયલું સ્વ. ગોવર્દ્ધનરામનું ચિત્ર આ પ્રકારનો વિષય છે. એ ચિત્ર પ્રમાણે સરસ્વતીચંદ્ર, સાક્ષરજીવન, અને સ્નેહમુદ્રાના કર્તામાં ગાન ખરૂં, શાંતિ ખરી, વિશાલતા ખરી; અપૂર્વતા, મહત્તા, ભવ્યતા ખરી; પણ—પણ—પ્રકાશની આછી સુરખી કે તારાટપકી જ, અને તે પણ ધૂમસરજના વ્યાપક પડદા આડે જે કંઇ દેખાય તેટલી જ! ગો. મા. ત્રિ.નું એમનું ચિત્ર—આ!

આ ચિત્ર વિશે શું ધારવું? એને સત્ય ગણવું? સત્ય એટલે? મ્હારા ચિદાકાશમાં ગોવર્દ્ધનરામની છાપ આથી જુદી, અત્યંત જુદી; ત્હમારા ચિદાકાશમાંની એથી ય જુદી;—તે ભલે. રા. નરસિંહરાવના મગજ, હૃદય, કલ્પના, આદિ આખા ચિત્-તંત્રમાના એમના ગોવર્દ્ધનરામ આ. તેઓની સાથે લાબો મિત્રતાસંબંધ કબૂલ; તેમનું માધુર્ય, તેમની કોમલતા, એ બધું યે કબૂલ: પરંતુ એ અંગત અને સ્થૂલાવિષ્ટ અનુભવોને અલગ રાખીને ગોવર્દ્ધનરામને એક બુદ્ધિસત્ત્વ તરીકે આપણા કર્તા આ પ્રકારના જ જુવે છે, અને માને છે; અને એમની સત્યવાદિની કલા, આલેખતી દૃષ્ટિ અને પ્રતીતિનું પ્રતિબિંબ પાકા રંગ અને અમર રેખાઓમાં આલેખી આપે છે. ગદ્ય જેને પ્રિયતર તેને માટે કર્તાએ એ ચિત્ર ગદ્યમાં આલેખ્યું છે, પદ્ય જેને પ્રિયતર તેને માટે એ જ ચિત્ર એમણે તેમા આલેખ્યું છે. ધારો કે એ ચિત્ર ત્હમને ખૂંચે છે. પરંતુ તેમા એમનો શો દોષ વારુ? સૌને પોતપોતાના દર્શનમંતવ્યને વળગવાનો અને આગળ કરવાનો અને તેને યથાશક્તિ દીર્ઘાયુ અને વ્યાપક બનાવવાનો એકસરખો હક્ક છે. અને અગર જો કે છેલ્લે સરવાળે ત્હમારૂં, એમનું અને આપણ દરેકનું માપ, પોતપોતાના (આવા આવા) દર્શન, મંતવ્ય, લેખ, વર્તન આદિ સમગ્ર કૃતિકલાપમાંના સત્યાસત્ય, હાર્દ, અને ચારિત્ર્યલક્ષણો પરથી નીકળવાનું એ સિદ્ધ, તથાપિ એ છેલ્લો સરવાળો શો આવશે તે આગળથી જાણવાની શક્તિ કોઇ જ ધરાવતું ન હોવાથી, એ જે આવશે તે "મ્હારા" લાભનો જ આવવાનો, એવી શ્રદ્ધા અને આશા રાખવાનો આપણ દરેકે દરેકને નિર્વિશેષ હક્ક છે. ત્હમને એ હક્ક ખરો, તો રા. નરસિંહરાવને પણ તેટલે જ દરજ્જે ખરો. પરમતસહનના સમભાવને સાહિત્યમાં પણ સ્થાન છે.

સાહિત્યચર્ચામાં સ્થલેસ્થલે ફુટી નીકળતા અભાવ, ટીકા, નિંદા—અથવા સામી બાજુએ અતિપ્રશંસા આદિના ફુવારા, ચર્ચાબિંદુ કૃતિના પોતાના સાહિત્યલક્ષ્મ ગુણદોષ વિશે જેટલા નથી ઉડતા, તેટલા તે એ કૃતિમા મૂર્ત થતા, સૂચવતા, કે સ્પર્શતા વિષય-વિષયોને લગતા અનેક ન્હાનામોટા મતભેદને લઇને ઉડે છે. સાહિત્યકૃતિ પોતે બાપડી રહી જાય છે બાજુએ, પોતાના નાજુક અંગોને જેમતેમ સંકોરતી; ધર્મ, નીતિ, સમાજ, રાજ્ય આદિના હઠીલા ઝગડા સાહિત્યની શુદ્ધ ચર્ચા થોડી થતાં નથાતામા અહીં પણ કુદી પડે છે, અને સામસામે આથડે છે. મણિલાલ નભુભાઇ જેવા સનાતની નરસિંહરાવ જેવા સુધારકની કુસુમ-

માલાને, વધોડે જ, રમણભાઇ જેવા નવલોહિયા તરુણ સામે ઉતરીને એ જ કુસુમમાલાને, ગુજરાતી કવિતામહેલના ઊંચામા ઊંચા કળશ ઉપર–પ્રેમાનંદથી યે ઊંચી ટોચે, એક વાર તો મુકે જ. તરુણ મલ્લ ઠેકડો મારે તે ગગનચુમ્બિ ના હોય તો તે તરુણ જ શેનો!

જીવનચરિત, ઇતિહાસ, ઐતિહાસિક નવલ અને નાટક અને કાવ્ય, એવા સાહિત્યને વળી બીજી જાતનાં વમળ પણ નડે છે. પ્રજાસ્મિતાના હોડા જોરથી ઉછળતા હોય એવા સમયમા આવી કૃતિઓની સાચી સુંદરતા ન જોવાય એટલું જ નહીં પણ તેમાના જે અંશ અસ્મિતાપોષક વા અસ્મિતાવિઘાતક માની લેવાય, તેમના ઉપર લોકમતની ઇમારત ચણાય છે. ઔરંગઝેબ અને શિવાજી પાત્રો હોય તેવા ઇતિહાસ, નવલ, નાટક, કે કાવ્યમાં એકને રાક્ષસ જેવો અમાનુષ અને બીજાને દેવ જેવો અમાનુષ આલેખ્યો હોય, એ ગંભીર આલેખનદોષો જ એ કૃતિના મોટા ગુણ તરીકે ગવાઇ રહે છે, અને લોકપ્રિયતાની પ્યાસી કલમો એવી એવી વસ્તુના અનેકાનેક અપચિત્રો ચિત્રે છે, અને ફુલાઇ ફુલાઇને સાહિત્યવ્યોમને ટેકાવનાર થાંભલા પોતે જ હોય, એમ અક્કડ ને અક્કડ ઊભી રહે છે: વળી તે પોતાના મળતિયા વાદિત્રો આદિને આગળ પાડે છે, સાચા સાહિત્યચંદ્રો સામે રાહુની જેમ વર્તે છે, અને ઉજળા ઉજળા માનસસરને પણ વલોવી વલોવીને ડહોળી નાખે છે.

રાજ્ય સમાજ આદિમા હોડા અને વમળો ચાલ્યા જ કરવાના. એ પરિસ્થિતિ એ હવામાં ઊભેલા આપણે પરિસ્થિતિ અને હવાના દોષોને સ્થિરબુદ્ધિએ દોષો જ માની શકીશું, એવા દોષો અતિ ઉપર જતા અટકે અને વળી ઘટતા આવે એમ આપણા આખા મનોબલ વડે ઇચ્છી શકીશું, અને તે માટેના સજીવન ઉપાયો અવિરતોદ્યોગે શોધીશું, તો સત્ય અને સૌંદર્યની સેવા અને લગનીનો એક જ ઉપાય સૌથી ઊજળો અને સૌમા શ્રેષ્ઠ છે, એમ આપણી નિઃસંશય ખાતરી થઇ જશે. આ સેવા અને લગની જેમ વધારે શુદ્ધ, વધારે આગ્રહી, વધારે એકમાર્ગી, વધારે વ્યાપક, તેમ તેન તેની પ્રેરણાશક્તિ અને ફલસિદ્ધિ. આવી ભક્તિને પ્રકટાવવી, ઉત્તેજવી અને જ્વલંત રાખવી, તે સંસ્કૃતિશિક્ષણના સીધા આડકતરા, મોટા ન્હાના, સંસ્થાબદ્ધ અને અંતરે અંતરે થોડો કાલ ફરીફરીને કરવામા આવતા, તમામ પ્રયાસોનું ઊંચામા ઊંચું લક્ષ્ય ગણાવું ઘટે છે.

પરમતસહનની આવશ્યકતા જોતાં જોતા જરા આગળ નીકળી ગયા. નિબંધ પણ લાંબો થઇ ગયો છે એટલે હવે આપણે અનુકૃતિનો બીજો એક જ દાખલો જોઇ શકીશું.

કલાપીનો વૃદ્ધ ટેલિયો વર્ડ્સવર્થ વિરચિત ‘એક્સકર્શન (Excursion)’એ કાવ્યના પ્રથમ સર્ગ ‘ધિ ઉવૅાન્ડરર (The Wanderer)’ એટલે વટેમાર્ગુની ટૂંકાવેલી અનુકૃતિ છે. માર્ગરિટ (Margaret)ના જીવનની વાત અથેતિ કહેનાર ‘વટેમાર્ગુ’ નો શ્રાતા (કવિ પોતે) સાથેનો સંબંધ કેવો હતો અને કેમ બંધાયો, વગેરે વર્ણન અને ઇતિહાસથી વર્ડ્સવર્થ પોતાનો સર્ગ આરંભે છે. એ આખો વિષય કલાપીએ છોડી દીધો છે. તેમાંથી થોડીક જ વિગત લઇને તેમાં આપણા દેશકાલને બંધ બેસતી કલ્પિત વિગત સાંધીને કલાપી મૂલ કવિના વટેમાર્ગુમાંથી પોતાનો ટેલિયો ભિખારી સર્જે છે. અને તે કથાનાયિકાની હકીકત કહેતાંકહેતાં વચ્ચે ટૂંકામાં જ પોના વિશેનું કહી લે છે, એટલે કથાતંતુની સળંગતા પણ

જળવાય છે. નયિકા બાલાંના જીવનને લગતી વિગતો કલાપિ મૂલમાં વર્ડ્સ્વર્થે માર્ગ રેટની ચિત્રી છે તે જ રાખે છે. અને એ મુખ્ય વર્ણન પણ ટૂંકાવીને કલાપિ વિષયને ઘટતી લંબાઇનો જ રાખી રસની જે પાકી માત્રા સધાય તે સાધે છે; અને આ રીતે ગુજરાતી કવિતામા સાદી ભાષા, સાદી કડી. સાદી વિગત, સાદાઇ નરી, એ સાધનો વડે જ મર્મભેદક કરુણ રસનો એક ઉત્તમ નમૂનો સર્જે છે.

વર્ડ્સ્વર્થનું કાવ્ય લાંબુ છે તે સાથે તેનો ઉદ્દેશ અને પદ્ધતિ બંને જુદાં છે. એ મહાકવિની વિશિષ્ટ કૃતિઓમા શાંત રસ પ્રધાન હોય છે, અને કુદરતનાં વર્ણનો માનવ બનાવો અને વીતકોનાં કરતાં ઉતરતી અગત્યતાના હોતાં નથી. એની કાવ્યકલામા, ટૂંકામાં કહિયે તો, માનવ પાત્રો કુદરતની સજીવન અનંતતામા બ્હેંતિયા જીવ કે તેથી યે ક્ષુદ્ર જંતુ જેવાં, આબાજાંબુડા ઉપરનાં કીડીમંકોડી જેવાં હોય છે. શ્રદ્ધા અને શાંતિ, પ્રકાશ અને આત્મા પણ વર્ડ્સ્વર્થના કલાપટમા કુદરત મહામૈયાના હોય છે. કુદરતના અતિવિશાળ ઉછંગોદરમાં મનુજપંખી ઉડે છે, અને થોડું મ્હાલે છે તો થોડું સહન કરે છે, અને વીતકથી ગાંડું થઇ જાય છે, તો વળી કુદરતની અજબ અમીથી દર્દની ખટક ધીમે ધીમે સહ્ય પણ બને છે. મધ્યાહ્નના સૂર્ય પછી જેમ સંધ્યાની પરિણામરમણીયતા કુદરતી રીતે જ આવે છે, તેમ વર્ડ્સ્વર્થના આઇડીલો (idyls) માં અવસાન શાંત તેજોમય સમતામાં આવે છે. કુદરત માણસને આ પ્રમાણે ઘડે છે, પશુનો 'દ્વિજ' બનાવે છે; કુદરતથી માણસ આ પામે છે: એ સત્ય રૂપસુંદર અને મનોવેધક રીતે શીખવનાર કવિ–ગુરુ અથવા ઋષિ (prophet) તે વર્ડ્સ્વર્થ.

આ પ્રમાણે ઘડાઇ ઘડાઇને વૃદ્ધ થઇ ગયેલો તથાપિ અંગે અને બુદ્ધિમા સશક્ત રહેલો જેવો વર્ડ્સ્વર્થનો 'વટેમાર્ગુ' છે, તેવો જ કલાપીનો ટેલિયો છે. માર્ગરેટ–બાલાના જીવનની અતિકરુણ ઘટનાને માટે એના હૃદયમા દર્દ થઇ થઇ થઇને એ આખો ઇતિહાસ એને દુ:ખરસનો ભરેલો તો એવોને એવો રહ્યો છે, પણ તે દુ:ખરસમા હવે ખટક નથી: બીચારીને અહોહો ! જુવોને માથે દુ:ખના ઝાડ ઊગ્યા, એ પ્રમાણેની અનુકંપા ખટકનું સ્થાન લે છે; અને તીવ્ર ખટકને બદલે આ સરલ અને શાત અને મૃદુલ વ્હેતી અનુકંપા સરિત વર્ણનને સુંદરતા અર્પે છે. વળી વિધિનો ખેલ એવો ! – એ પ્રકારની દષ્ટિનો કોમલ પ્રકાશ એ અનુકંપાસરિતા ઉપર એક સરખો પડે છે. પરંતુ કલાની આવી નાજુક સર્જકતા આગળ પૃથક્કરણ અને સમઝુતી વૃથા કાલક્ષેપ છે. ટેલિયાના કેટલાક ઉદ્‌ગાર જાતે જ જુવોઃ—

બોલ્યો ધીમે, અરે બાપૂ ! * દુ:ખીના દુ:ખ કાં પુછો ?
ન જાણે તે ન જાણે છે વાતોથી દુ:ખિનાં દુ:ખો. ૮

× × ×

રે મ્હેરબાન ! નકિ મૃત્યુ ભલાનું વ્હેલૂં
ને શુષ્કને સળગવા બહુ કાળ લાબો ' ૧૭

---

* મૂલમાં શ્રોતા વર્ડ્સવર્થ તેમ આ અનુકૃતિમાં કલાપી પોતે. જમણી બાજુએ મૂકેલા આંક તે તે શ્લોકનું આખા કાવ્યમાનું સ્થાન જણાવે છે.

આ નેત્ર કૈં નિરખતાં અહિં આસપાસ
જેનૂં કશું નમન જોઇ શકે ન ત્હારા;
આ સ્થાનમાં સમયના પલટા કઈ છે,
રે ! સ્થૂલ ભૂમિ પણ કૈ પલટા સહેતી! ૧૮

રે ભાઇ ! આખર બધાં ય મરી જવાના,
લેતૂં ન મૃત્યુ વળિ આપણ એકલાને;
જે જે પદાર્થ પર પ્રેમ જનો કરે છે,
તે તે પદાર્થ પણ તે જન સાથ જાતા ! ૧૯

તે વ્હાલની અગર ચીજ ફરી જની સૌ,
વીતેલની પ્રિતિતણૂં ફરતૂં બધું યે;
હા ! તુર્ત સુંદર સહૂ ય કુરૂપ થાતૂં,
વીતેલની રહિ શકે ન નિશાનિ યે કો ! ૨૦

× × ×

'જે સર્વને જગતમાં નવ તે મ્હને છે,
જે ના મ્હને વળિ ત્હને ય રહ્યૂં નહીં એ,'
એવી જ નિત્ય કંઇ વાત અમે કરીને
ના જાણતાં હૃદયમાં ગળતૂં હતૂં શું ! ૨૮

'જે અન્યને જગતમા નવ તે મ્હને છે,'
એ લાગણી ઉપર વિશ્વ બધું ફરે આ;
એ લાગણી નરક સ્વર્ગ તણી જનેતા,
ને એ વતી જ અમ ઊર ઢળ્યા પ્રભૂમાં. ૨૯

× × ×

અરેરે ! હર્ષની લ્હેરી સંકોચાતી વહે નકી !
અરેરે ! કષ્ટની રેલો વધે છે કાલ આજથી ! ૪૭

× × ×

ગમે તે અલ્પની સામે, ગમે તે દુષ્ટની ભણી,
કૃતઘ્ની ને મહાપાપી તિરસ્કારનિ દૃષ્ટિ છે ! ૫૧

× × ×

સહેવાનૂં સહી નાખ્યું બાકી આજ નથી કશૂં,
ટપાનૂં આયુ કષ્ટોથી, મ્હારૂં તો દીર્ઘ છે થયૂં. ૫૭

હશે, ભાઇ ! હશે, ભાઇ ! દુઃખી હૂં નવ લેશ છૂં,
જીવતાં હૂં નથી થાક્યો; મોતથી ય નહીં ડરૂં. ૫૮

× × ×

જિજ્ઞાસાકાજ દર્દીની વાતો ના સુણવી ઘટે,
ઇચ્છા એવી મરેલાંમાં રાખતા ઠપકો ઘટે. ૬૧

કોઇનાં ય દુખોમા છે યોગ્ય ના સુખ પામવું;
મરેલાં તો પ્રભૂના છે, તેનૂં માન જ રાખવું. ૬૨

પરંતૂ આપણે સર્વે જાણતાં ય નકી જ કે
દર્દીના દર્દની વાતે આપણૂં મિત્ર કો વસે. ૬૩

દર્દથી જે મળે તે કં દર્દની વાતથી મળે,
દર્દીની કો કથામાં તો દર્શનો પ્રભુનાં જડે ! ૬૪

દુનિયામા સદા વીતે તેની આ મુજ વાત છે:
કલા છે ના, નવૂં છે ના, રસીલૂં ય નહીં કશૂં. ૬૫

× × ×

અહીં મધ્યાન્હે આ જગત સઘળૂં ગાઢ સુખમાં
દિસે લેતૂં ઝોલાં, સહુ ગમ બધૂં શાત સરખૂં.
દિસે છે અત્યારે જગતપર આરામનિ ઘડી,
અને ના સૂતૂં તે રમણિય બધૂં હર્ષમય છે. ૮૬

અહીં જન્તૂટોળા ગણુ ગણુ ઉડે વૃક્ષવિટપે,
બધાં યે શાન્તીથી મધુર સુરિલો મેળ રચતા;
અરે ! ત્યારે કાં આ ગમગિન રહે વૃદ્ધ નયનો ?
ઘટે ના આ દેવા રુદન કરવા આપણુ ઉરે. ૮૭

ઘટે વ્હોરી લેવી નહિજ નબળાઇ જનતણી
ગયાં સ્વર્ગે તેના દરદ બહુ જૂના સ્મરિ સ્મરી:
મરેલાંના સત્યો મરણુ સુધિ ના ના મળિ શકે,
અને રાહા જોવી, વધુ પણુ કશૂં ના થઇ શકે. ૮૮

પ્રભૂના આરામો ઉપર નયનો બંધ કરતાં
ઘટે ન્હાની વાતો ઉપર નવ આસૂ ટપકવાં;
અહીં ઘોળી કાંઇ દુખમય વિચારો હૃદયમાં
અરેરે ! શાને કૈ દખલ કરવી આ કુદરતે ? ૮૯

અંજલી ગમગીનીની સદા યે અરપ્યા થકી
પ્રભુની પામવા પ્રીતી બિન્દુ હર્ષતણૂં વધુ. ૯૦

× × ×

એ તો બિચારી દશ વર્ષ આમ
ઝૂરી, અહો ! એ દશ વર્ષ પૂરા.

કેવા હશે એ ભડકા દુખોના ?
—તોબા પ્રભુ! – એનિ કળા જ ન્યારી ' ૧૬૩

× × ×

* અત્યારે એ મુખ નયનની આગળે—આ તરે છે '
ઓહો ' કેવું દુખમય છતા શાંતિમા વાસ એનો '
રે ' અત્યારે પગ ડગુ ડગૂ ચાલતા એ હશે શું ?
કે કૈલાસે પ્રભુપદ કને શાતિમા મ્હાલતા શું ? ૧૬૪

જ્યા હો ત્યા હો, પણ સુખિ હશે શાંત આત્મા નક્કી એ:
જ્યા હો ત્યા હો, પણ હૃદય કૈ બોધ દેતું હશે એ:
શ્રીમંતોને ગરિબ દિલની વારતા શીખવીને
જ્યા હો ત્યા હો, પણ પ્રભુ કને દોરતું કૈ હશે એ. ૧૬૫

કલાકારની સ્વતંત્રતાનુ માપ આકતા એક મુશ્કેલી એ આવે છે કે કલામા પસંદગીની શક્તિ જેટલી નવું યોજવામા જોઇયે, તેટલી જ જુદે જુદે સ્થલથી બીજાના અંશો પોતાના કરવામાં જોઇયે, અને તેટલી જ પસંદ કરેલ અંશોમાથી પણ ઘણું ત્યજવામા જોઇયે. સામાન્ય દુનિયા **માત્ર** ત્યજી દીધુ છે, **માત્ર** પસંદ કર્યું છે, એમ કહી એ બંને પ્રવૃત્તિઓ ઉપર પોતાના હલકા અભિપ્રાયની છાપ ઠોકે છે: અને, એથી ઉલટું, નવું યોજ્યું હોય તે પ્રવૃત્તિને હદથી વધારે માન આપે છે. નવું જોડેલુ **નવું** જોડાયું તેથી વખાણ લાયક નથી હોતું, **યોગ્ય** જોડાયું હોય તો જ વખાણ લાયક હોય છે: અને યોગ્યાયોગ્ય વિવેચકશક્તિ બીજી બે પ્રવૃત્તિઓમા ય એટલી જ મહત્ત્વની છે.

વડર્સવર્થ સાથે ઉપર ટાંકેલી પંક્તિઓ જ નહીં પણ આખી કૃતિ મેળવી જોતા, મૂલમાં નથી એવું ટેલિયામા ભાગ્યે કંઇ પણ મળી આવે. અને આ હકીકતનું મૂલ્ય વધારે આકવું યોગ્ય ગણે તેવો વિવેચક ઘણું કરીને ટેલિયાને અનુકૃતિ કરતા ટૂંકાવેલો અનુવાદ જ ગણે. સામી બાજુએ, કલાપીએ એટલુ તો ટૂંકાવ્યું છે, અને જે થોડો ભાગ શબ્દશઃ અનુવાદ જેવો છે તે પણ એવો અસરકારક છે, તથા એકંદરે લેતા કૃતિ–એવી તો હૃદયની ઊર્મિમાથી ઉદ્‌ભવેલી અને ઐક્યવાળી છે, કે એને અનુવાદના વર્ગમા મુકવી અશક્ય લાગે છે.

કલાપીને પોતાને આ કાવ્યના ગુણ વિશે શંકા રહેતી, તેના બે કારણ છે. કોઇ પણ સાચા કવિને પોતાની કૃતિથી પ્રસન્નતા અને પૂરા સંતોષનો અનુભવ છેક વિરલ હોય છે. સુંદરતા અને કલારૂપ ઇંદ્રલોકની અપ્સરાની જે આખને ભરે જ ઝાંખી થઇ હોય છે, તે પોતાની ઘણીખરી કૃતિઓ વિશે અસંતુષ્ટ હોય જ હોય. લોકો જ્યારે માત્ર તેની કૃતિ જુવે, ત્યારે તે તો પોતે જે અનિર્વચનીય વસ્તુ સરજવા મથેલો, અને બદલે પામ્યો ત્યારે આ યત્કિંચિત્, તે પોતાના ચિદાકાશમાનો કિરણ પણ સાથે સાથે જુવે છે, એટલે કૃતિ તેને મુકાબલે ઝાખી લાગે તેમા શી નવાઇ ' ઝાંખી ન લાગે તો તે નવાઇ

* છેલ્લા બે શ્લોક ટેલિયા વિશે 'બાપુ' એટલે કવિની ઉક્તિ છે

ખરી. વળી જેમ તેનો હાથ બેસતો જાય છે, જેમ જેમ માત્ર સ્વરવ્યંજનમાંથી કલાનો જાદુ શું ને શુ સજીવન કરી આપે છે તે અનુભવ મળતો જાય છે, તેમ તેમ તેની પોતાની સૌંદર્યતૃષા વધતી જ જાય છે, અને તે પ્રયોગો કરવામાં પણ વધારે સાહસ ખેડતો જાય છે. મોટા અને દીર્ઘાયુ કલાકારોની આ પ્રમાણે થતા થતા દિશા જ બદલાઈ ગયેલી આપણે જોઇયે છિયે—શેક્સપીયર અને ગ–અ–થમાં તો વળી આવો મહાપરિવર્ત્ત એકથી વધારે વાર બનેલો સુસ્પષ્ટ છે. પ્રગતિ એક સરખી ચાલેલી ન હોય, એક કે વધારે લાબા ટૂંકા ગાળા પડી ગયેલા હોય એવા દાખલાઓમા પણ પછીની શરૂવાત–શરૂવાતોમા કઇંને કઇં નવીનતા જોવામાં આવે છે.

કલાપીને ટેલિયાથી અસંતોષ રહેતો તેનું વિશેષ કારણ એની પોતાની વર્ડ્સ્વર્થ ઉપરની આસક્તિ. તેણે વર્ડ્સ્વર્થનો એવો તો અભ્યાસ કરેલો, કે તેનો એ અભ્યાસીમાથી ભક્ત બની ગયો હતો, અને એને તો એ "ગુરુવર્ય"* એ "મહાકવિ," એ "ઋષિ" ની કોઇ કૃતિ લે, તો તેનો સંપૂર્ણ સળગ અનુવાદ કરી શકે, મૂલ જેવી જ સારી ભવ્ય ભાષામા, મૂલ જેટલો મર્મવેધક, તો જ સંતોષ વળે એમ હતું.

પણ ટેલિયાના મૂલનો એવો સંપૂર્ણ સળંગ અનુવાદ કર્ત્તાને પોતાને ગમે તેવો પ્રિય થઇ પડત, તથાપિ ગુજરાતી કવિતામાં તો બહુ નીચું સ્થાન લેત એમાં શક નથી. ઘણી વિગત જતી કરી છે, કુદરતના વર્ણનો ઘણા છોડી દીધા છે, વગેરે જે જે કલાપીને પોતાને અસંતોષનું કારણ હતી, તે ક્રિયાઓ વડે જ આ કૃતિમા કરુણ રસ અને ઐક્ય, સુરેખતા અને મર્મવેધકતા, ઉત્તમ સધાયાં છે.

એક વધારે અનુકૃતિ તપાસવા ઇચ્છા હતી; પરંતુ સ્થલસંકોચને લીધે તે માંડી વાળવી પડે છે. અને અનુકૃતિપ્રકરણ પછી વિચારક્રમ પ્રમાણે સ્વતંત્ર કૃતિઓ આવે; જે વિષય નવેસર આરંભ કરીને જુદી રીતે ખીલવવો વધારે અનુકૂલ પડે એમ લાગે છે. વળી સમય પણ છેક ભરાઇ ગયો છે, અને આવશ્યક કામના ભારે બોજાના દબાણમાં યેન કેન પ્રકારે વખત કહાડીને આ જેવું તેવું યે આટલું પણ બની આવ્યું છે, જે છેક અસંબદ્ધ નથી લાગતું, તો અનુકૃતિ–પ્રકરણની સાથે નિબંધ આખો અહીં જ સમાપ્ત કરૂં છું. આ ત્રણ પ્રકરણમા જે જે કૃતિઓ અને કર્તાઓ વિશે લખ્યું છે, તેમાના એક પણ શબ્દથી કોઇને કદાચ માઠું લાગી જાય, તો વિષય આરંભતા જ કહેલું છે તે પુનરપિ કહેવા રજા લઉં છુ, જે કોઇને પણ માઠું લગાડવાનો મ્હારો આશય છે નહીં.

પૂના, બુધવાર, માઘ શુદ, વિ. સં. ૧૯૮૦. તા૦ ૨૦–૨–૧૯૨૪.

---

* કલાપીના કાગળોઃ રા. રા રૂપશંકર ઉદયશંકર ઓઝાના "કલાપીનું આક્ષરજીવન એ નિબંધમા વર્ડ્સ્વર્થ વિશેના ફકરા

પરિશિષ્ટ

નમૂનો ૧ લો

દાખલો ૧.

અસ્પષ્ટ દર્શન

ઊઠયો ત્યજી શયન આજ સખિ, પ્રભાતે,
પૂરાં કર્યાં સકલ કાર્ય સ્હવારનાં મેં;
ચાલ્યો પછી ગૃહ થકી ધરિ વસ્ત્ર સર્વે,
ઠંડી અતી શિશિરની નવ લેખવી તે ૧

દષ્ટી ન દેખિ શકતી કંઇ માર્ગમાં તો,
ઘેર્યો મને ધુમસ કોટ થકી ખરે જો;
હાર્યો ન હું તદપિ શાંતિ ન સ્હેજ છાંડી,
પ્રાસાદ પંક્તિ મુકિ આગળ મીટ માંડી. ૨

સામે અસીમ રણુ જેવું કંઈ જણાયું,
ઊભો રહ્યો ઘડિક સ્તબ્ધ બની જ ત્યાં હું;
આ શું હશે? કુદરતી નવ ખેલ આશો?
કોદી ન મેં જિવન માહિ દિઠેલ એવો? ૩

દેખ્યું સરોવર ભર્યું ગત રાત્રિએ જ્યાં
આજે નિહાળું રણુ શુષ્ક વિશાળ હું ત્યાં:
કિન્તુ રહ્યો ક્ષણિક ભાસ, પછી દિઠું મેં
પાછું સરોવર યથાસ્થિત ત્યાં ઉભું જે ૪

માયા તણા પડળ આવરિ ચક્ષુ લે જો,
ના સત્ય વસ્તુ કદિ ભાસતિ દૃષ્ટિએ તો,
યાચું પ્રભો તુંથિ હું સત્યનું જ્ઞાન થાવા,
ખેલો યદા પ્રકૃતિ ખેલ વિચિત્ર આવા. ૫

દાખલો ૨.

પ્રાર્થના

ઊઠયો ત્યજી શયન આજ, સખિ, પ્રભાતે,
ચાલ્યો અને તુરત ધૂન ભર્યો અકેલો,
ચાલ્યો દિશા વગર લક્ષ્ય વિના જ ઘેલો,
ઠંડી અતી શિશિરની, નવ લેખવી તે. ૧

આજાર ને સહનહાર રહયા પછાડી,
ચાલ્યો વહયો જ ઝડપે ધુનમાં અગાડી;
ઘેરી લીધો અજબ ત્યાંજ વિચિત્ર દૃશ્યે:–
ગૂંથેલું ધૂળ રવિ ઝાકળમાંથી ઈશે ૨

ચોપાસ શો ધુમસ કોટ રહયો રચાઇ,
ને જ્યાં હતૂં સર વિશાળ મનોજ્ઞ સામે,
ત્યાં તો દિઠૂં રણ અગાધ ધગંતું ઝાળે,
ઊભો છબી નિરખિ એ, નકળ્યં જ કાંઇ. ૩

આ શું હશે? કુદરતી નવ ખેલ કેવો–
દીઠો ન ક્યાહિ નહિ વા કલપેલ એવો?
છે છે સરોવર વિશાળ મનોહરૂં જ્યા,
આશી નિહાળું રણઝાળ બિહામણી ત્યા? ૪

ત્યાં ઊતર્યું અજબ અંશુ સવીતૃકેરૂં.
ગોરંભ એ તિમિર ધૂળ તણો જ તૂટ્યો:
તે કારમો રણ તણો પણ જાદુ ફીટયો,
દીઠું દિઠૂં જ ફરિ તે સર સ્વચ્છ મીઠૂં. ૫

માયાવિ વ્હેમ–ભય નેન મહીં ભરાય.
મીઠા સજીવ ધ્રુવ સત્ય અદૃશ્ય થાય,
માગૂં પ્રભો સદય સદ્ય ત્યહાં મ્હને તૂં
સેજે ઉગારિ, દઇ અંશુ સવીતૃ કેરૂં. ૬

નમૂનો ૨ જો

દાખલો ૩.

જાદુઈ વદન

રાત્રી અને દિન સચિન્ત, સખી, વિતાવ્યાં,
નાના પ્રકાર, દુખ શોક વિશે ધકાયા;
આવી પળો કંઇક ધૈર્ય સહૃ ગળ્યૂં જ્યા,
આશ્વાસતૂં વદન એકલ તાહરૂં ત્યાં. ૧

દુઃખો મહી થઇ નિમગ્ન રહ્યો હતો જ્યા.
હૈયૂં કઠોર દુખથી જડ આ દિસે જ્યા,
અશ્રુય એક ન ખરી દુખ કૈય શામે,
સૂધા ઝરંત દગને, સખિ, ત્યા હું હાળે. ૨

એ દૃષ્ટિએ હૃદયસાગર ભર્તિ આવે,
કે મોહની મહિં વિષાદ તણાઇ જાયે;
અંકૂરતી પ્રણય ધૈર્યનિ લાગણી જ્યાં;
ઉત્સાહ ઑર વધિ યુક્તિ નવી સુઝે જ્યાં. ૩

કાર્યે યદા જગતના ઉર મસ્ત થાતું
જ્યા ઊર સ્નેહ કવિતા પણ ભૂલિ જાતું,
વેરાનતા વસતિ જ્યા ઉરમાંહિ ત્યારે
એ દૃષ્ટિચંદ્ર કિરણે દ્રવી ઊર જાયે. ૪

હૈયા તણા, સખિ, સુકોમળ ભાવ સારા,
મૂખે અહો તરવરંત નિહાળું ત્હારા;
ભાવીય સારું તુજ ભાવ વિશે વિલોકું,
સામર્થ્ય મૂજ સહુ કેન્દ્રિત ત્યાજ દેખું ૫

એવું અહો વદનમાં તુજ જાદુ શું કે
જ્યા ગાઢ શોક દુખ યે સખિ માર્ગ મૂકે;
ક્યાથી શિખ્યા પ્રિયતમે મધુરી પ્રભૂતા
વીસંવદન્ત ફુલકોમલ દેહથી આ? ૬

રહેજો સખી તમ અખંડ વિદગ્ધતા એ,
વાધો સદાય તમ આત્મિક દ્રવ્ય, બાલે!
સૌભાગ્ય રહો અમર જે સખિદેહરૂપે
ત્યા દેહવંત વિભુનેહ વસ્યો સમીપે. ૭

દાખલો ૪.

જીવનસખી

રાત્રી અને દિન સચિન્ત, સખી, વટાવ્યા,
શોકાગ્નિની વિવિધ ભટ્ટિ મહી તવાયા
આવ્યા પળો વિષમ વૈર્ય ગયા ગળી જ્યા
મુદ્રાજ એક કુમળી તુજ ઠારતી જ્યા ૧

દિઙ્મૂઢ બુદ્ધિ જગભાર તળેજ જ્યારે,
નિશ્ચેષ્ટ ને વમળકંદુક હૈયુ જ્યારે,
રે આંસુયે ખુટિ વસુકી જતાજ જ્યારે,
આધાર ત્યા, સખિ, ત્વદક્ષિસુધાજ મ્હારે. ૨

ને જ્યાં કંઇક સુખનેહ તણો પ્રકાશ
આવી ઉરે પ્રકટતો જ ઉમંગ આશ,
ખીલે અહો હૃદય શું સખિરી ત્હમાંઇ—
ચિંતા કયહા ગમ કયહા ઉડિ જાય વાઉ? ૩

એ નેત્ર વક્ત્ર હૃદયે કંઇ બંધ બાધ્યા
તે સ્નેહ તે પ્રગતિ તે ધ્રુતિનાજ મીઠા;
ભાવીય મ્હારું દયિતે તુજમા વિલોકૂં
સામર્થ્ય જે મુજ કંઇ, સખિ સર્વ તે તું. ૪

રૂહેજ્બેજ, જીવનસખી તમ સૌ કલા એ,
વાધો સદૈવ તમ આત્મિક સત્ત્વ બાલે;
મૂર્તી વિભૂ પ્રણયની જ ખરે, સખી, છો
છાજો ભવોભવજ આ તવ દાસને જો. ૫

નમૂનો ૩ જો

દાખલો ૫.

ઇંદુ

(ગુજરાત માસિક, માઘ ૧૯૮૦ નો અંક)

અંધારે વ્યોમ રેખાશી લસે છે વ્યોમ દીપિકા
ડૂમો ચ્હડેલ હૈયાની એવી એ પંથ દર્શિકા. ૧

જ્યારે મળું દગ મહીં તુજને ભરૂં હું;
સંસારના સુખ ભુલી તુજને સ્મરૂં હું;
ગૂથી વળી ઉર થકી ઉર તે બિછાવૂં
વાત્સલ્યમૂર્તિ પ્રભુને ચરણે ધરાવૂં. ૨

ઉછાળે જૂજવા ભાવો તાહરૂં દૃષ્ટિ સ્પર્શન,
અને મેં ત્યાહરે કીધા સ્નેહમા બ્રહ્મદર્શન, ૩

માન્યૂ હતૂં જગત તો જડ છેક છે આ,
આત્મા તણૂં જિવન શૂં કંઇ સામ્ય છે ના;
ત્હારા વડે પ્રથમ મેં પ્રભુતા પ્રમાણી,
આ વિશ્વને જિવનની ગુઢ ગ્રંથિ જાણી. ૪

ઉકેલે મૃદુ બોલોથી હૈયાની ઘડિઓ કુંળી,
ઉજાળે કંઇ આત્માની દિશાઓ સર્વ ધૂંધળી. ૫

કાર્યો કરૂં પ્રથમ સૌ બહુ હેત ભાવે
સૌભાગ્યવંતિ શકુનો લઇ સામે આવે;
અંગૂલિ કુંકુમ ભિની કરિને કપાળે
ચાલ્લો કરી ઉમળકે શુભ ભાગ્ય બોલે. ૬

ભાઇને ભગિની સાચાં ઉરતંની જગાડજો
પ્રેરણા પાઇને પીને સ્નેહમંત્રો ગજાવજો. ૭

ચિંતા ભુંડી ધગધગે દિલમાંહિ જ્યારે,
વીણા લઇ રસભર્યા ગિત ગાઇ ત્યારે,
ડોકે શશી નભ મહીં રજની ઉજાળે,
આત્મા બની સ્થલતણો રિઝિને રિઝાવે. ૮

(બીજા ૭ શ્લોક)

દાખલો ૬.

છાનાં આંસુ

(સાહિત્ય માસિક, ડિસેમ્બર ૧૯૨૩ નો અંક)

એ આસૂડા કોણે જોયા ? એ આસુડા કોણે લ્હોયા ?
વણ જોયા વણ લોહ્યા આસૂ ક્યારે સૂકાયાં ? ૧
પાંપણુના યુગ્મોએ જોયા, પાલવને છેડે તે લ્હોયા,
પાંપણુ પાલવ વિણુ કો જાણે આંસૂ શા ઉનાં ! ૨

(બીજી ચાર કડી)

ઉપલી બેને ઠેકાણે નીચે મુજબ વાંચો અને

સરખાવો:—

આર્ય ગૃહિણીનાં આંસુ

એ આસૂડાં કોણે જોયાં ? એ આંસૂડાં કોણે લોહ્યા ?
વણુ જોયા વણુ લોહ્યા આસૂ—વ્હેતા યે લાજે ! ૧
પાપણના યુગ્મો પલ દેખે, પલ પાલવ પરસેઠે રેખે,
ત્યાં તો પાલવ પાપણ ટેકે—સહુ બને લાજે
ટેકે ને લાજે ! ૨

દાખલો ૭.

ફરતાજ હતા કંઇ વાત નવીન
રસે વદનો ભરપૂર હતાં;
વચમા વચમાં તરુઝુમ્મટલીનજ
યુગ્મ ખગે દગ ઊર જતા,
મૃદુ મંદ સુવાસિત શીત સમીરણ
વીજનથી પુલકંત થતા;
હરિયાળિ મહીં સરતા ઝરતા
દડતા બટકંત
તરંગ સમા મલકંત હતા ૧

× × ×

નમૂનો ૪ થો

ઇંગ્રેજી ગીતાંજલિનું પદ ૧ લું

(રા. રા. રામચંદ્ર અધ્વર્યૂનો અનુવાદ)

દાખલો ૮.

એ ત્હારો આનંદ, મુજને કીધ અનંત, એ ત્હા૦
વાર વાર ભંગુર ભાજન આ ખાલી તુંહી કરંત,
અભિનવ જીવનથી વળિ એને તૂંજ સદૈવ ભરંત એ૦
કૈ ગિરિકંદર ન્હાનકડી આ વાંસલડી વહિ સંગ,
તે દ્વારે નિત નવલા સુરવર તેં ગાયા કૈં છંદ એ૦
તવકર કેરા સ્પર્શ અમરથી નિજ મર્યાદ ત્યજંત,
આહ્લાદે બટુ અંતર મ્હારૂં ઉદિરણ અકથ સૃજંત એ૦
વામન સમ ટૂંકા કર મ્હારા તુર્જે પ્રદાન નિરંત,
અવિરમ કંઇ જુગથી વરષાવે ઊણા હજિય રહંત એ૦

દાખલો ૯.

(સ્વ. નંદકુંવરબા, ભાવનગર મહારાણી સાહેબ, નો અનુવાદ)

ત્હેં મ્હને અમર બનાવ્યો છે એવી ત્હારી લીલા છે. આ ભાંગી જાય તેવા પાત્રને તું ફરીફરીને ખાલી કરે છે, અને નિરંતર નવા જીવનથી ભર્યા કરે છે.

આ બરૂની ન્હાની વાસળીને તું ટેકરીઓ તથા ખીણોની ઉપર ઉઠાવી ગયેલ છે, અને તેના દ્વારા નવા નવા ગાન તેં ઉડાવ્યા છે.

ત્હારા હાથના અમૃત સ્પર્શથી મ્હારૂં નાનું હૃદય હર્ષમાં પોતાની સીમાઓને ભૂલી જાય છે, અને અવાચ્ય વાણીને જન્મ આપે છે.

ત્હારી અનંત બક્ષેસો આ મ્હારા બહુ ન્હાના હાથ ઉપરજ આવે છે; યુગો ચાલ્યા જાય છે, અને છતાં તું વરસાવ્યા કરે છે, અને હજી પણ ભરાવાનું સ્થાન છે.

(મૂલને ઇંગ્રેજી પુસ્તકમાથી જોઇ લેવું. આ પછી બીજાં થોડાં પદોના ચારે ગુજરાતી અનુવાદોની નિબંધમા ઉડતી સરખામણી કરેલી છે તે સર્વ પણ તે તે પુસ્તકમાથી જોઇ લેવા.)

નમૂનો ૫ મો

શ્રીમદ્ ભગવદ્ ગીતા. અધ્યાય ૧ શ્લોક ૨૮ થી ૪૬

(વિદ્યાર્થીએ મૂલ સંસ્કૃત શ્લોકો પણ જોવા.)

દાખલો ૧૦ ગ.

વિષાદી આમ પરમ કૃપા આવિષ્ટ ઉચરેઃ
દેખીઆ સ્વજનો, કૃષ્ણ, આવિયા યુદ્ધ–આદરે,
મારાં ઢીલા પડે અંગો, મુખ સર્વ સુકાય છે.
મારા શરીરમા કંપ, રોમાંચ પણ થાય છે.
હાથમાથી ધનુ પડે, ચામડી સઘળી બળે,
ન શકું છું સ્થિર રહી, મારૂં હૃદય શું ચળે !
નિમિત્તો પણ દેખું છુ ઊંધા કેશવ આ હવે,
પછી શ્રેય નથી જોતો હણી સ્વજન આહવે.
કૃષ્ણ ઇચ્છું ન વિજય, નહિ રાજ્ય સુખો અને,
ગોવિંદ, અમને રાજ્યે, ભોગે શું ફળ જીવને,–
રાજ્ય ભોગ અને સૌખ્ય જે અર્થે ઇચ્છીયા હમે
પ્રાણ ધનો તજી તે આ, ઉભા છે રણ ઉદ્યમે.
(એક શ્લોક અહિં છોડી દીધો છે)
હણતા પણ એઓને, ઇચ્છુ ન હણવા જરી,
ત્રૈલોક્ય રાજ્યાર્થે પણ, શુ મહી–અર્થ મધ્વરિ !
ધાર્તરાષ્ટ્રો હણી હર્ષ, જનાર્દન્, થશે કિયો ?
અમોને પાપજ થશે હણી એ આતતાયિઓ.
અમે ન મારવા યોગ્ય ધાર્ત્તરાષ્ટ્ર સ્વબાંધવ.
થઇએ સ્વજનો મારી સુખિયા કેમ માધવ ?
એ જો પણ નથી જોતા, કુલક્ષયજ દોષને,
ને મિત્રદ્રોહમા પણ, ભરી ચિત્તે અતોષને,
અમે ન ધારવું કેમ આ પાપથી નિવર્ત્તન,
કુલ ક્ષય થકી દોષ જોનારાએ જનાર્દન ?
કુલક્ષયે નાશ પામે કુલધર્મો અનાદિ જે,
પરાભવે ધર્મનાશે, અધર્મ કુલ સર્વને.
તેથી કુલસ્ત્રીઓ કૃષ્ણ કલંકી થાય દૂષણે,
વાર્ષ્ણેય, દૂષિત વધૂ વર્ણસંકરને જણે.
કુલને ને કુલઘ્નોને, નાખે નરક તે નકી.
પડે છે પિતરો જેના હીન પિંડજલો થકી.

આ દોષો કુલઘ્નોના વર્ણસંકર-સાધન,
જાતિના કુલના ધર્મો જાય તેથી સનાતન;
કુલધર્મો જે જનોના જનાર્દન નહી કદા,
વૃદ્ધોથી સુણિયો વાસ, તેઓનો નરકે સદા.
અહો ! અરે ! અમે ધારી મહાઘ કરવા મળ્યા–
જે રાજ્ય સુખના લોભે સ્વજનો મારવા વળ્યા.
અયુદ્ધ નિઃશસ્ત્ર મને જો શસ્ત્રધર મારશે,
ધાર્તરાષ્ટ્રો રણે, મારું અધિક ક્ષેમ તે થશે !

દાખલો ૧૧ મ્હો.

(રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિનો અનુવાદ)

પરમ કૃપા ભર્યો આમ ખેદવન્તો વદ્યો ત્યદાઃ
દેખી આ સ્વજનો કૃષ્ણ ઉભેલા યુદ્ધ વાછતા,
ગળે છે ગાત્ર સૌ મ્હારા, ને મો સુકાઇ જાય છે;
કંપારી કાયને છૂટે, અને રોમાચ થાય છે;
સરે ગાંડીવ હાથેથી, ને દાઝે છે બધી ત્વચા;
નથી શક્તિ ઉભા રહેવા, જાણે કે મનડું ભમે !
ને નિમિત્તોજ પેખું છું સૌ અવળાજ કેશવ !
નથી જોતો કંઇ શ્રેય, યુદ્ધમા સ્વજનો હણ્યે.
ન વાંછું જય, ગોવિંદ, રાજ્ય કે સુખ ઇચ્છું ના,
અમારે, કૃષ્ણ, શું રાજ્યે શુ ભોગે કે શું જીવિતે–
વાંછીયે જેમને કાજે, રાજ્ય ને ભોગને સુખો,
તે ઉભા રણ રોપી આ. તજીને પ્રાણ ને ધન !
(એક શ્લોક અહિં છોડી દીધો છે.)
એમને હું હણાતાયે, ન ઇચ્છું હણવા પ્રભો !
ન ત્રિલોકરાજ્યાર્થેયે, તો પૃથ્વી એક કાજશું !
હણીને કૌરવો, કૃષ્ણ, અમારે હર્ષ હોય શો ?
પાપજ અમને લાગે, હણ્યે યે આતતાયી તે,
માટે નથી અમે યોગ્ય મારવા ભાઇ કૌરવોઃ
સ્વજનોજ હણી કેમ પામિયે સુખ, માધવ !
કુલનાશે કર્યા દોષ, મિત્રદ્રોહનું પાતક,
લોભમૂર્છિત હૈયાના, જો કે તે લેખતા નથી.
કુલનાશે કર્યા દોષ, પેખનારે જનાર્દન
અમારે પાપથી આવા, કહો શે ન વિરામવું ?

કુલનાશે નાશ પામે કુલધર્મો સનાતન,
ધર્મ નાશે કુલે આખે આણુ વર્તે અધર્મની.
અધર્મે ઘેરતા થાય દુષ્ટાચારી કુલસ્ત્રીઓ.
સ્ત્રીઓ દુષ્ટ થતા, કૃષ્ણ, જન્મે છે વર્ણસંકર.
કુલને કુલઘાતીને નાખે સંકર નર્કમાં
પડેજ તેમના પિત્રી લોપાતા પિંડતર્પણ.
વર્ણસંકરકારી આ દોષથી કુલઘાતિના,
ડુબે છે જાતિધર્મો ને કુળધર્મોય શાશ્વત,
કુલધર્મો ડુબ્યા જેના તે જનોના જનાર્દન,
સદાનો નર્કમા વાસ થાય, એમ સુણેલું છે.
અરેરે ! હા ! મહાપાપ, ખેડવા નીકળ્યા હમે,
કે રાજ્ય સુખના લોભે, સ્વજનો હણવા ઉઠ્યા !

(ઉપજાતિ)

અશસ્ત્ર સામાનથનારને મ્હને,
આવી અહિં જો કર શસ્ત્ર ધારિને,
હણે રણે કૌરવ બંધુ માહરા,
તો ક્ષેમ મ્હારૂં વધુ થાય, હે હરિ !

નમૂનો ૬ ઠો

કાલિદાસ વિરચિત વિક્રમોર્વશીયઃ અંક ૫ શ્લોક પહેલા ૧૦

દાખલો ૧૨ કે.

(રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ કૃત અનુવાદ)

૨ જી આવૃત્તિ ૧૯૧૨

ક્યાં છે એ મોત માગંતો સીચાણો ચોર જેહણે
સહુ મોર કરી ચોરી મંદિરે જ મહીપને ૧

સુવર્ણસૂત્રે મણિ ચાચ માહે,
ગ્રહી, લઇ ચક્કર વેગમા એ
ઉડંત અંગારકણુ અનેરૂં,
દોરે રચૂં વર્તુલ તેજકેરૂં, ૨

કિરણે કરિ મોરેરા મણિરૂપે દિશા મુખે,
અશોકગુચ્છનું છોગું ગીધ એ સુહવે શકે ! ૩

રાજે રેણે અરુણો મંગલ કાળા ઘન નિકટે જેવો,
મણિએ ખગના મુખમા આપે આધે પણે તેવો ૪

હુ એ સંગમનીયે પામ્યો સંગમ પ્રિયા તણો કરિને
તેણે કરિને મથિએ મુજને પ્રિય છે, ન મણિ કરિને ૫
એ વધ્ય આ બાણ મિષેજ આપે
હણાઇ પૃથ્વીપતિના પ્રતાપે
સજા ગુન્હાની ભરિપૂરિ પામી
મુવો પડી ભૂ પર· રત્ન વામી. ૬

(૭ મો શ્લોક કેમાં નથી.)

સામળિ પડિ'તી કુચની
દીટડિ, ને આંખડી જતી'તિ ઢળી:
લવલીદલશી મુખની
પાળચટી બનિ'તિ કાંતિવળી. ૮
જોતાં ઠરે હૃદય લોચનિયા ભિંજાયે,
વાત્સલ્યભાવ ઉરમા વળિ ઊભરાયે;
ને ધૈર્ય ખોઇ ભચડી ભુજજુગ્મમાહે,
આલિંગવાજ ચલવીચલ અંગ થાયે. ૯
એહ પિતાને સુત હૂં લહતા ઉભરાય ભાવ જો આવો,
તો અંકે ઉછર્યાનો નેહ વડિલ શું હશે કેવો ! ૧૦

દાખલો ૧૩ કિ.

(સ્વ. કિલાભાઇ ઘનશ્યામ ભટ્ટકૃત અનુવાદ)

માગતો મૃત્યુ પોતાનૂં કયા છે વિહગતસ્કર ?
પ્હેલી ચોરી કરી જેણે નિજ રક્ષક મંદિર ૧
મણી પરોવેલ સુવર્ણ સૂત્રે
ગ્રહી મુખે ગોળ ઉડે સપાટે
તે રંગરેખાથિ અલાત ચક્ર
સમા કુંડાળા કરતો વિહંગ ૨
પ્રભાથી પલ્લવો સોતા મણિથી કરતો ખગ
અશોક ગુચ્છના જેવો દિશાનો અવતંસક ૩
મંગળ ધાડા ઘનના વાદળ પાસે નિશાસમે જેમ
શોભે શ્રેષ્ઠ મણી આ ખગથી દુર લઇ જવાયલો તેમ ૪
રત્નજ છે તે માટે એ મણી ઉપર નથી પ્રેમ મ્હારો
પણ એ સંગમનિયથી સખે સમાગમ થયેલ છે મ્હારો ૫
આ મારવા યોગ્ય બળે ત્હમારે
વીંધાયેલો બાણ તણે સપાટે
આકાશથી રત્નની સાથ પક્ષી
પડયો બિજા તંબુનિ પાસ આવી. ૬

ઉર્વશી માહિ જન્મેલા ઇલાના ધન્વિ પુત્રથી
કુમાર આયુનો બાણ લે શત્રુ પ્રાણ જે હરી ૭
કાળી સ્તન દીટડિએ લવલીદલશી ફિકીવદન કાતી
આંખો ભારે ભારે તેવામાં લાગતી હતી એની. ૮
આસુ ભરાય નયને નિરખ્યાથિ એને
વાત્સલ્યભાવ ઉપજે મન મોદ પામે
ધારી ધરાય નહિં ધીરજ અંગ કંપે
આવે મને ઉમળકો જઇ ભેટવાને ૯
ઉપજે આવી પ્રીતિ સુણતા એ સુજપિતા હું સુત એનો
તો ગુરૂજન પર કેવો પ્રેમ હશે હાથના ફિકેર તણો.

બ

(વિદ્યાર્થી સરખામણી કરી શકે માટે સૂચવેલા અનુવાદ ખંડ.)

કયા છે એ મોત માગંતો સીચાણો ચોર માહરો
પહેલી ચોરીજ કીધી છે જેણે રક્ષકમંદિરે. ૧

પંખી અતીવ દુરે જણાય ઘેરા અન્તરીક્ષ આરે
મણિ ને પંખી જાણે રાતે મંગલ જલદશિખા કોરે. ૪

સંગમનીયે સંગમ મ્હારો પુનરપિ પ્રિયાસહે સાધ્યો
તે કારણથી પ્રિય એ નહિ કેવલ રત્ન છે માટે ૫

નૃપવર, દંડ ઉચ્ચાર્યો
          રોષે, તે બાણકાય આપ સજી,
ધાઇ તસ્કર પુંડે,—
આ એણે જ પછાડયો
          મૌલિરત્ન સહ જાલિમ ગગનેથી. ૬

ઉર્વશિ અપ્સરા માતા સુધન્વી ઐલ તાતના
આયુ કુમારનો બાણ શત્રુનો કાળ જાણજો. ૭

મુદ્રા લગીર પાંડુર લવલીદલથી વિશેષ તેજસ્વી
નયનો લગીર મંથર અને કુચાગ્રો જરા કાળા. ૮

ભીની ભિની મુખ નિહાળિ નિહાળી આંખો,
વાત્સલ્ય ચિત્ત ઉપને, મન મોદ પામે,
થાઉં અધીર ફરકી ઉઠતાંજ અંગ
આવે અને ઉમળકો લઇ ભેટવાને ૯
ઉરોર્મિ ઉછળે આવી, માત્ર જાણતા પિતાજી આ મ્હારા
તો અંકે ઉછર્યાના વડીલ શું હેત તો કેવા ! ૧૦

૩ લિપિનો ઈતિહાસ.

(લેખકઃ—રા. રા. ભરતરામ ભાનુસુખરામ મહેતા.)

પુરાણવસ્તુશાસ્ત્રના થોડાક વર્ષોના અભ્યાસથી મને પ્રાચીન લિપિશાસ્ત્રનો અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. એવામા આપણી પરિષદ્‌ના મંડળે 'અશોકના શિલા-લેખો'નો ઇનામી નિબંધ જાહેર કર્યો. આથી મારા લિપિશાસ્ત્રના અભ્યાસને જોર મળ્યું, અને મેં સદરહુ નિબંધ લખ્યો. સદ્‌ભાગ્યે મારો નિબંધ મંજુર થયો, ને મને ઇનામ મળ્યું. આ નિબંધ લખતી વખતે પ્રાચીન લિપિનો વિશેષ અભ્યાસ કરવો પડયો, અને તેના પરિણામમાં ગૂજરાતી લિપિનો ઇતિહાસ લખવાનો વિચાર થયો. અત્યાર સુધીમાં લિપિને લગતું પુસ્તક તો માત્ર શ્રી. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ જ લખેલું જાણવામા છે. પરંતુ તેમા આખા હિન્દુસ્તાનની બધી લિપિઓનો સમાવેશ કરેલો હોવાથી પ્રત્યેક લિપિની વિગતમાં ઉતરવાનું બની શકયું નથી. આથી મેં વિગતવાર "ગૂજરાતી લિપિનો ઇતિહાસ" તૈયાર કરવા માંડયો છે. સદર ગ્રંથનો મોટો ભાગ તૈયાર થઇ ગયો છે. આ લેખમાં લિપિશાસ્ત્રના ઇતિહાસનું ટુંકું દિગ્દર્શન કરવાનું ધાર્યું છે.

પ્રાચીન લોકોએ ખીલવેલી કળાઓ પૈકી લેખનકળા બહુ મહત્ત્વની છે. એ કળાએ અનેક પ્રકારના જ્ઞાનને દૃષ્ટિગોચર બનાવી ચિરસ્થાયી કર્યું છે. બોલાતી ભાષામા જે જુદા જુદા અવાજ સંભળાતા હોય તે બધા અવાજોનું પૃથક્કરણ કરીને પ્રાચીન મનુષ્યોએ દરેક અવાજનો એકેક વર્ણ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો. તેના પરિણામમાં આખી વર્ણમાળા ઉત્પન્ન થવા પામી. આટલી અવસ્થાએ આવી પહોંચતા પણ તેમને અનેક સદીઓ લાગી હોવી જોઇએ. પણ તેના ઇતિહાસમા ઉતરવાની જરૂર અહીં આપણને નથી.

આપણી લેખનકળા આપણે જ શોધી કાઢી છે, એમ અત્યારે તો ચોક્કસપણે કહી શકાતું નથી. તેમ છતાં પણ આપણી લેખનકળા ઘણી જૂની છે, એ તો નિઃસંદેહ વાત છે. આપણી લેખનકળા ચિત્રલિપિમાંથી ઉદ્‌ભવી છે કે કેમ, એ મોટો સવાલ છે. એનો નિર્ણય હજી થયો નથી, પણ મને લાગે છે કે, આપણે છેક શરૂઆતમાં ચિત્રલિપિ વાપરતા હોઇશું ખરા. ચિત્રલિપિ બે પ્રકારની હોઇ શકેઃ—(૧) વિચારવ્યંજક અને (૨) વસ્તુવ્યંજક. સૂક્ષ્મનું દર્શન વિચારવ્યંજક ચિત્રલિપિ કરાવે, અને સ્થૂલનું દર્શન વસ્તુવ્યંજક ચિત્રલિપિ કરાવે. આ રીતે મોટા ભાગના પ્રાથમિક જ્ઞાનને લેખરૂપે ઊતારી શકાય. આથી કરીને આપણા પૂર્વજોએ ચિત્રલિપિથી લેખનકળાની શરૂઆત કરી હોય એ બનવાજોગ છે. આ વાતના પુરાવા આજે આપી ન શકાય; કેમ કે. હજારો સદીઓ વીતી ગએલી હોવાથી તે કાળના કોઇ અવશેષો મોજુદ નથી. પણ તુલનાત્મક દૃષ્ટિએ આવી કલ્પના કરવામાં કાંઇ હરકત નથી.

પ્રાચીનમાં પ્રાચીન ગુહાવાસી મનુષ્યોને પોતાના મનના સૂક્ષ્મ વિચારને સ્થૂલ સ્વરૂપ આપવાની જરૂર જણાઇ હશે, અને તેથી તેમણે ચિત્રોનો ઉપયોગ કરવાનો ઠરાવ કર્યો હશે. શરૂઆતમાં તેઓ જુદી જુદી ચીજોની ઉપર માણસોના અને પશુઓના ચિત્રો

કોતરવા લાગ્યા હશે. પણ તેમ કરવાથી તો માત્ર તે તે માણસોની કે પશુઓની કલ્પના જ વ્યક્ત થતી તેમને લાગી હશે, અને તેથી તેમાનું અધૂરાપણું તેમને તુરત જ સમજાઇ આવ્યું હશે. આથી કરીને પોતાની આ કલ્પના–દર્શક લિપિમા કાઇક સુધારો કરવાની જરૂર તેમને જણાઇ હશે. દરેક પદાર્થનું વિશિષ્ટપણું પણ તુરત તેમના ધ્યાનમાં આવ્યા વિના રહ્યું નહિ હોય; અને તેથી આવા ચિત્રો કોતરતી વખતે દરેક ચિત્રના વસ્તુને લગતા અમુક ખાસ ગુણ પણ તે ચિત્રદ્વારા વ્યક્ત કરવાનું તેમને સૂઝયું હોવું જોઇએ. પછીથી તેમને બીજો નવો વિચાર સૂઝ્યો હશે. દરેક માણસ બોલે છે ત્યારે તેના ઉચ્ચારણના પરિણામમાં કઠોર અને નરમ, ઊંચા અને નીચા વગેરે જુદા જુદા પ્રકારના અવાજ નીકળે છે. આની તરફ પ્રાચીન લોકોનું ધ્યાન ગયું હશે, અને તેથી આવા થોડાક અવાજને પણ મૂર્ત સ્વરૂપ આપવાનો વિચાર તેમને થઇ આવ્યો હશે. આના પરિણામમા જે લિપિ તેમણે યોજી હશે તે લિપિને આપણે "ધ્વનિદર્શક લિપિ" તરીકે ઓળખીએ તો ચાલે.

આ જાતની લિપિનું સ્વરૂપ કેવું હશે? દરેક અવાજનું સ્વતંત્ર ચિહ્ન યોજાએલું હોવાથી એકંદરે સંખ્યાબંધ ચિહ્નોનો સમાવેશ એમા થતો હશે. એક વ્યંજન અને એક સ્વર, એક સ્વર અને એક વ્યંજન, અથવા બે વ્યંજનો અને એક સ્વર મળીને જેટલા ઉચ્ચાર તૈયાર થઇ શકે તે પૈકીના દરેક ઉચ્ચારને લગતું એકેક સ્વતંત્ર ચિહ્ન યોજાયું હોવું જોઇએ. પણ તેમાંનાં ઘણા ચિહ્નો તો બાતલ પણ થયાં હોવા જોઇએ; કારણ કે, રોજના વ્યવહારમા કાઇ બધા જ અવાજોના બનેલા શબ્દો વપરાતા નથી. આપણી હાલની લિપિમા 'ક્' થી 'બ્' સુધીના ૩૪ વ્યંજનો છે. તેમાં 'અ' થી 'અઃ' સુધીના ૧૬ સ્વરો મેળવ્યાથી પૂર્ણ ઉચ્ચાર થઇ શકે છે. આ પ્રમાણે સ્વરસંયોગથી આ ૩૪ વ્યંજનો ૫૪૪ (૩૪×૧૬) વિવિધ અવાજ વ્યક્ત કરી શકે છે. આમાં સ્વરના બીજા ૧૬ અવાજ ભેળવતા એકંદરે ૫૬૦ અવાજ બનવા પામે છે. આમાના કેટલાક અવાજ તો આપણા વ્યવહારમા હયાતી ધરાવતા જ નથી. એટલે આશરે ૪૦૦ કે ૪૫૦ ધ્વનિ આપણને પરિચિત છે, એમ ગણીએ તો ચાલે. ૩૪ વ્યંજન અને ૧૬ સ્વર મળીને બનેલી આપણી ૫૦ વર્ણની વર્ણમાળામાંથી બબ્બે વ્યંજનો અને એકેક સ્વર લઇને જોડાક્ષરો બનાવીએ તો તે કેટલા બધા થવા પામે? આ બધા સ્વતંત્ર અવાજ જ છે. તે જ પ્રમાણે વ્યંજન, સ્વર અને વ્યંજન મળીને જે રૂપો બને તે પણ સ્વતંત્ર ધ્વનિ જ ગણાય. પણ આ બધા પ્રકારના અવાજમાંથી વ્યવહારમાં ન આવતા ધ્વનિ બાદ કરતાં ધ્વનિદર્શક લિપિમા ૪૦૦ કે ૪૫૦ ધ્વનિઓ સહેજે રહેવા પામે છે.

આ ધ્વનિદર્શક લિપિના ધ્વનિઓનો બારીક અભ્યાસ કરીને પછી સંક્ષિપ્ત સ્વરચિહ્નોનો અને વ્યંજનચિહ્નોનો ઉપયોગ કરીને વર્ણલિપિ બનાવવામાં આવી હશે. આમ વ્યંજનની કલ્પના મનમા બરાબર ઠસી જતાની સાથે ધ્વનિદર્શક લિપિને તિલાંજલિ મળી હોવી જોઇએ.

આ પ્રમાણે ચિત્રલિપિમાંથી ધ્વનિદર્શક લિપિ ઉત્પન્ન કરીને પછી શબ્દોના અવયવોનું પૃથક્કરણ કરીને ફિનિશિયાના લોકોએ ઇસ્વી સનની પૂર્વે આશરે દશમી સદીના અરસામા સ્વર અને વ્યંજન નક્કી કર્યા. યુરોપીય પુરાણવસ્તુશાસ્ત્રીઓ કહે છે કે, પ્રાચીન

મીસરી ચિત્રલિપિમાંથી નીકળેલી 'હીઅરેટિક' વર્ણલિપિમાંથી ઉત્પન્ન થએલી 'ફિનિશિયન' વર્ણલિપિમાંથી આપણા દેશની વર્ણલિપિ ઉત્પન્ન થવા પામી છે. પ્રથમ દર્શને જ આ વાત અસંભવિત લાગ્યા વિના નહિ રહે. હિમાલયના માર્ગે અને વાયવ્યકોણના માર્ગે હિન્દુસ્તાનમાં દાખલ થએલા આપણા પ્રાચીન આર્યો કાંઇ આજથી ત્રણ હજાર વર્ષો પૂર્વે જ અહીં આવેલા નહિ. વેદકાલીન આર્યોનો વખત નક્કી થઇ શકે એમ નથી. પણ વેદકાલીન અને વેદાનતરકાલીન આર્યોને લિપિજ્ઞાન ન હતું એમ માનવાને કારણ નથી.

આપણા પ્રાચીન પૂર્વજો એમ માનતા કે, બ્રહ્મદેવમાંથી લેખનકળા ઉત્પન્ન થઇ છે. 'અન્હિકતત્ત્વ,' 'જ્યોતિસ્તત્ત્વ,' 'નારદસ્મૃતિ' વગેરે આ વાતની સાક્ષી પૂરે છે. હુએનત્સંગ પણ કહી ગયો છે કે, "ભરતખંડમાની વર્ણમાલાની ઉત્પત્તિ બ્રહ્મદેવમાથી થઇ છે, અને તે ત્યારથી આજ સુધી હિન્દુસ્તાનમા ચાલતી આવેલી છે." પણ મૅકડોનેલના મતે ઇ. સ. પૂ. ચોથી સદી પહલા, બર્નેલના મતે ઇ. સ. પૂ. પાંચમી સદી પહેલાં, અને બ્યૂહ્‌લરના મતે ઇ. સ. પૂ. દશમી સદી પહેલા હિન્દુસ્તાનમા લિપિજ્ઞાન હયાત નહિ હોય.

પ્રાચીન લિપિનો કાળ જાણવાના હેતુથી આપણે આપણું પ્રાચીન સાહિત્ય તપાસવું જોઇએ. મૅકડોનેલ સાહેબને આપણા પ્રાચીન વ્યાકરણકાર પાણિનિની પરિભાષામાં લેખનકળાસૂચક એક શબ્દ પણ જડેલો નહિ, એ બહુ નવાઇની વાત છે. પાણિનિએ તો 'લિપિ,' 'લિબિ,' 'લિપિકાર' અને 'યવનાની' શબ્દ તૈયાર કરવાના કામે ઉપયોગમાં લેવાના નિયમો આપેલા છે. તે પૈકીના ૩-૨-૨૧ વાળા સૂત્રમાં 'લિપિ' અને 'લિબિ' શબ્દનો અર્થ 'લેખન' થાય છે. વળી ૪-૧-૪૯ વાળા સૂત્રમાં 'યવનાની' શબ્દ છે તેનો અર્થ કાત્યાયને અને પતંજલિએ 'યવનલિપિ' કર્યો છે. વળી પાણિનિએ અનેક ગ્રંથોનો પરિચય કરાવ્યો છે તે પણ લેખનકળાનો પુરાવો આપે છે. તેના વખતમા 'કૃત' 'પ્રોક્ત' અને 'ઉપજ્ઞાત' નામના ત્રણ પ્રકારના ગ્રંથ હયાત હતા. તેના ૧-૩-૭૫ વાળા સૂત્રમાં 'અગ્રંથ' શબ્દ છે, અને ૧-૩-૮૭ વાળા તથા ૪-૩-૧૧૬ વાળા સૂત્રમા 'કૃત' એટલે રચેલા ગ્રંથોનો ઉલ્લેખ કરેલો છે. ૪-૩-૧૦૧ વાળા સૂત્રમા તેણે વેદોની શાખાઓને 'પ્રોક્તિ' કહી છે. ૪-૩-૧૧૫ વાળા સૂત્રમા તેણે નવા વિષયના સંબંધમા લખેલા ગ્રંથને 'ઉપજ્ઞાત' કહ્યો છે. ૪-૩-૮૮ વાળા સૂત્રમા તેણે પોતાના વખતના કેટલાક ગ્રંથોને લગતું અને તેમના વિષયોને લગતું પોતાનું જ્ઞાન બતાવી આપ્યું છે. ૪-૩-૧૧૦ વાળું સૂત્ર બતાવી આપે છે કે, 'ભિક્ષુસૂત્ર' અને 'નટસૂત્ર' નામના બે સૂત્રાત્મક ગ્રંથ તેના વખતમાં હયાત હતા. ૬-૨-૩૮ વાળા સૂત્રમાં તેણે મહાભારતની હયાતી પણ જણાવી છે. વળી, તૈટીકિ, ઔદુંબરાયણ, કાશ્યપ, શાકપૂણિ, કૌત્સ, શાકટાયન, સેનક, આપિશલિ, સ્ફોટાયન, આક્રવર્મણ, ગાલવ, ઔપમન્યવ, ઔર્ણવાભ, વાર્ષ્યાયણિ, ભારદ્વાજ, શાકલ્ય, ક્રોષ્ટુકી, શતબલાક્ષ, કાત્થક્ય, ચર્મશિરસ્, મૌદ્‌ગલ્ય, સ્થૌલાષ્ઠીવી, આગ્રાયણ અને ગાર્ગ્ય નામના વ્યાકરણકારોના તથા નિરુક્તકારોના નામ તથા મત પણ તેણે પ્રસંગોપાત્ત પોતાની અષ્ટાધ્યાયીમા આપેલા છે.

પાણિનિની સૂત્રાત્મક અષ્ટાધ્યાયીનું સ્વરૂપ બરાબર ધ્યાનમાં લઇએ તો તુરત જણાઇ આવે કે, લેખનકળાના અભાવે આવો ગ્રંથ તૈયાર થઇ શકે જ નહિ. અષ્ટાધ્યાયીના જેવો સૂત્રાત્મક ગ્રંથ તો શું પણ વ્યાકરણશાસ્ત્રને લગતો કોઇ પણ ગ્રંથ લેખનકળાના અભાવે તૈયાર થઇ શકે જ નહિ. કોઈ પણ ભાષાનું વ્યાકરણ લખતા પહેલા તેવી ભાષાનુ લિખિત સાહિત્ય હયાત હોવું જોઇએ. સાહિત્યના અભ્યાસ વગર વ્યાકરણના નિયમ ઘડી શકાય જ નહિ.

વ્યાકરણશાસ્ત્રના પારિભાષિક શબ્દો ઉપનિષદ્‌થી માંડીને વેદસંહિતા સુધીના બધા ગ્રંથોમાં વચ્ચે વચ્ચે દગ્ગોચર થાય છે. છાંદોગ્યોપનિષદ્‌માં અક્ષર, ઇકાર ઊકાર, એકાર, સ્વર, ઊષ્મન્ અને સ્પર્શવર્ણ દૃષ્ટિએ પડે છે. તૈત્તિરીયોપનિષદ્‌મા વર્ણ અને માત્રા નજરે પડે છે. ઐતરેયારણ્યકમા ઊષ્મન્, સ્પર્શ, સ્વર, અંતઃસ્થ, વ્યંજન અને ઘોષ જણાવ્યા ઉપરાન ન-કારની અને ણકારની તથા સકારની અને ષકારની વચ્ચે રહેલો ભેદ બતાવેલો છે તેમ જ 'સંધિ' શબ્દનું વિવેચન કરેલું છે. શાખાયનારણ્યકમાં પણ આમાની ઘણીખરી બાબતો જોવામાં આવે છે. શતપથ બ્રાહ્મણમાં એકવચનની અને બહુવચનની વચ્ચેનો ભેદ બતાવ્યો છે, અને ત્રણે લિંગોનો ઉલ્લેખ પણ કરેલો છે. વળી 'નિરુક્ત' અને 'નિર્વચન' શબ્દ યોજીને ભાષાનું વ્યાકરણ કર્યાની વાત પણ આમા આપેલી છે. તૈત્તિરીયસંહિતામા પણ ભાષાનું વ્યાકરણ કર્યાનું જણાવેલું છે. ઐતરેયબ્રાહ્મણમાં કહ્યું છે કે, અકાર, ઉકાર અને મકાર મળીને 'ૐ' અક્ષર બનેલો છે. કૌશીતકી બ્રાહ્મણમા અને આશ્વલાયનશ્રૌતસૂત્રમા પણ આવું જ કહ્યું છે. આ બધાની ઉપરથી આપણે એટલું જ કહી શકીએ કે, આપણા વેદકાલીન પૂર્વજો લેખનકળા જાણતા જ હતા.

વ્યાકરણની વાત આઘી મુકીને છંદઃશાસ્ત્રની વાત હાથમા લઇએ તો પણ વેદના વારા સુધી વાત જાય છે. ઋગ્વેદમા ગાયત્રી, અનુષ્ટુપ, બૃહતી, વિરાજ, ત્રિષ્ટુભ અને જગતી છંદના નામ આપેલા છે. વાજસનેયી સંહિતામા આના ઉપરાત પંક્તિછંદનુ નામ પણ મળી આવે છે, અને દ્વિપદા, ત્રિપદા, ચતુષ્પદા, ષટ્‌પદા તથા કકુમ્ વગેરે છંદોની વચ્ચેનો ભેદ બતાવેલો છે. અથર્વવેદમાં જુદા જુદા છદોનાં નામ આપેલા છે, અને એક સ્થળે તો એકંદર ૧૧ છંદ હોવાની બાબતમા ઉલ્લેખ કરેલો છે. શતપથબ્રાહ્મણમાં મુખ્ય છંદ ૮ કહ્યા છે. તૈત્તિરીયસંહિતા, મૈત્રાયણીસંહિતા, કાઠકસંહિતા અને શતપથ-બ્રાહ્મણ જોતા તેમાં કેટલાક છંદોમાંના અક્ષરોની સંખ્યા આપેલી જોવામા આવે છે તેમ જ તેમના દરેક પાદમા કેટકેટલા અક્ષર હોય છે તે પણ બતાવ્યું છે. આમ બ્રાહ્મણોમાં તથા વેદોમાં જુદા જુદા છંદોના નામ તથા તેમનામાના અક્ષરોની સંખ્યા પણ આપેલા છે, એ વાતની ઉપરથી આપણે એમ જ કહી શકીએ કે, તે વખતે આપણા દેશમાં લેખનકળા સારી પરિણતાવસ્થામા હતી

આ જ રીતે આપણા પ્રાચીન સાહિત્યમાથી આપણા પ્રાચીનકાળના અંકજ્ઞાનની સાબીતી આપી શકાય તેમ છે, પણ સ્થળના અભાવે આપણે અહીં તેની વિગતમાં નહિ ઊતરીએ. આપણે માત્ર એટલું જ કહીશું કે, ગણિતને લગતું આપણું જે જ્ઞાન આપણા પ્રાચીન સાહિત્યમા વ્યકત થાય છે તે લેખનકળાના અભાવે થવું અશકય જ ગણી શકાય.

શુક્લયજુર્વેદસંહિતામાં 'અક્ષર' શબ્દ અનેક સ્થળે વાપરેલો જોવામાં આવે છે. વાજસનેયી સંહિતામાં "**अक्षरपंक्तिश्छन्दः**" એમ પણ કહ્યું છે. અર્થાત્ શુક્લયજુર્વેદ મંત્રકારને અકારાદિ વર્ણનું જ્ઞાન હતુ એટલું જ નહિ, પણ જુદા જુદા છંદોમાં કેટકેટલા અક્ષરો હોય છે તેનું તેમ જ ૭૬ અક્ષરોવાળા 'અતિધૃતિ' છંદનું પણ જ્ઞાન હતું અને 'છંદ' એટલે 'અક્ષરપંક્તિ' એમ પણ તેના જાણવામાં હતું. તૈત્તિરીયસંહિતામાં 'લિખ્' ધાતુનો ઉપયોગ '**परिलिखितम्**' '**व्यालिखिता**' અને '**प्रलिखिते**' એ સ્વરૂપે કરેલો છે. વળી એ જ સંહિતાના તેમ જ વાજસનેયી સંહિતાના અશ્વમેધ પ્રકરણમાં કહ્યું છે કે, ઘોડાના શરીરની ઉપર જે ઠેકાણે તરવારનો ઘા કરવાનો હોય તે જગ્યાએ યજમાનની ત્રણ રાણીઓએ 'સૂચિ' ની મદદથી રેખા દોરવી જોઇએ. એ જ સંહિતાઓમાં 'અક્ષર' નો અને 'અક્ષરપંક્તિ' નો ઉલ્લેખ પણ કરેલો છે.

ઋગ્વેદમાં 'લિખ્' ધાતુનો ઉપયોગ થએલો જોવામાં આવતો નથી; પણ 'અક્ષર' શબ્દ અનેક જગ્યાએ વપરાએલો જોવામા આવે છે. ૭–૬૫–૯, ૭–૧–૧૪, ૧–૧૬૪–૩૯ વગેરે ઘણી ઋચાઓ આ વાતની સાક્ષી પૂરે છે. ઉપર અશ્વમેધ પ્રકરણના સંબંધમા તૈત્તિરીયસંહિતામાથી અને વાજસનેયી સંહિતામાથી ઉલ્લેખ આપ્યો છે તેવો જ ઉલ્લેખ ઋગ્વેદમાં પણ છે. '**अंक्राः सूनाः परिभूषन्त्यश्वम्**' (૧–૧૬૨–૧૩) એ ઋચાભાગમા જે 'અંક' શબ્દ છે તેનો અર્થ સાયણાચાર્યે "**हृदयाद्यवयवांकनसाधनाः वेतसशाखाः**" એવો કર્યો છે. ૧૦–૭૧–૪ વાળી ઋચામાં કહ્યું છે કે, '**उतत्वः पश्यन्त ददर्श वाचं । उत त्वः श्रृण्वन्न श्रृणोत्येनाम् ॥** અહીં સાયણાચાર્ય કહે છે કે, '**अनेन अर्धेन अविद्वान् अभिहितः** એવો અર્થ છે. જે માણસ વાણીને જોતો હોવા છતા પણ જોતો નથી અને સાંભળતો હોવા છતાં પણ સાંભળતો નથી તે (નિરક્ષર અર્થાત્ અભણ) માણસને લખેલો લેખ દેખાનો હોવા છતાં પણ ઉપયોગનો નથી, એવો આનો ભાવાર્થ છે. અહીં '**वाचं पश्यन्**' શબ્દો લખેલા અક્ષરોને ઉદ્દેશીને જ વાપરેલા છે, એ સ્પષ્ટ છે.

અથર્વવેદમાંથી 'લિખ્' ધાતુનો ઉપયોગ મળી આવે છે. ૧૨–૩–૨૨ વાળી અને ૨૦–૧૩૨–૮ ઋચામાં એ ધાતુ વપરાયો છે. વળી ઋગ્વેદમાં જોવામા આવતા અક્ષર સંબંધી ઉલ્લેખ પણ અથર્વવેદમા જોવામા આવે છે. અહીં 'અક્ષર' નો વર્ણાર્થ સૂચવાયો છે. જે ખરી ન જાય તે અક્ષર કહેવાય. બોલાએલી વાણી લુપ્ત થાય છે, પણ જે વાણી સ્થાયી રહે છે તે 'અક્ષર' શબ્દથી અહીં સૂચવાઈ છે. આથી એમ જ સાબીત થાય છે કે, જે વાણીને લેખરૂપે કાયમનું સ્વરૂપ અપાયું હોય તેને જ 'અક્ષર' કહી શકાય. એ રીતે જોતાં, વેદકાળમાં લેખનકળા સંપૂર્ણ પરિણતાવસ્થામા હયાતી ધરાવતી હતી, એમ જ કહી શકાય છે.

વેદો કેવળ શ્રોતવ્ય ન હતા પણ લિખિત હતા, એ બતાવવાને અવકાશના અભાવે માત્ર એક જ પ્રમાણ આપીને અહીં તો સંતોષ માનવો પડે છે. વેદનાં પ્રાતિશાખ્ય પાણિનિની પહેલાં રચાયા હતાં, વેદની જુદી જુદી શાખાઓના પઠનપાઠનમા જે કાંઇ

વ્યતિક્રમની સભાવના થતી હતી તેને લગતા દોષને દૂર કરવાના હેતુથી પ્રાતિશાખ્યની રચના થવા પામેલી પાણિનિએ પોતાના ૧-૧-૬૦ વાળા સૂત્રમા કહ્યું છે કે, કોઇ અક્ષરનું અદર્શન હોય ત્યા તેનો લોપ થયો કહેવાય. આ લોપના સંબંધમાં સુપ્રાચીન પ્રાતિશાખ્ય-માથી પણ ઘણા સૂત્રો મળી આવે છે "**लोप उदःस्थास्तम्भोः सकारस्य ॥**" "**अन्तस्थोष्मसु लोपः ॥**" વગેરે. વેદ કેવળ શ્રોતવ્ય હોત તો લોપની સાર્થકતા કદિ પણ ન રહેત. એની પછી રેફનો પ્રયોગ થાય છે. ઋક્, યજુર્, અથર્વ વગેરે બધાં પ્રાતિશાખ્યોમા રેફનો નિયોગ અને રેફવાળા વ્યંજનનુ દ્વિત્વવિધાન બતાવેલા છે; પુષ્પઋષિએ રચેલા સામપ્રાતિશાખ્યમા પણ લોપની, રેફની અને અવગ્રહની વાત આપેલી છે. અર્થાત્ વેદ કેવળ શ્રોતવ્ય હોત તો, વેદમાં રેફનો અને અવગ્રહનો પ્રયોગ અને લોપ ક્યાં થશે અને દ્વિત્વ કયા કરવામાં આવશે, એ બાબતના નિયમ જણાવવાની કાંઇ જરૂર જ ન રહેત. ટુંકામા, વેદકાળમા આપણા લોકો લેખનકળાથી પૂરેપૂરા માહિતગાર હતા.

પરંતુ તે કાળમા વપરાતી લિપિ કયા નામથી ઓળખાતી હતી, એ આટલી સદી-ઓની પછી કહી શકાતું નથી. તે કાળના કોઇ અવશેષો મોજુદ ન હોવાથી તે કાળની લિપિની વર્ણમાલા તથા તેનું નામ અત્યારે આપણા જાણવામા નથી. પુરાણવસ્તુશાસ્ત્રી-ઓની શોધખોળના પરિણામમા અશોકના અનેક શિલાલેખો આખા હિન્દુસ્તાનમાથી ઠેરઠેર મળી આવેલા છે તે અત્યારે તો આપણી પ્રાચીન લિપિના લેખી અવશેષ તરીકે મોજુદ છે. અશોકના પહેલાંના કાળમાં વપરાતી લિપિ 'બ્રાહ્મી' લિપિ કહેવાતી હતી તેથી અશોકના પોતાના કાળની લિપિને પણ બ્રાહ્મી લિપિ કહેવામા આવે છે. જૈન લોકોના 'સમવાયાગ' અને 'પન્નવણા' સૂત્રમા જે ૧૮ લિપિઓના નામ આપેલા છે તેમા 'બંભી' (બ્રાહ્મી) લિપિને અગ્રસ્થાન આપેલુ છે. 'ભગવતી' સૂત્રનો આરંભ જ '**नमो बंभीए लिविए**' અર્થાત્ 'બ્રાહ્મી લિપિને નમસ્કાર' કરીને કરેલો છે. બૌદ્ધ લોકોના 'લલિતવિસ્તર' નામક ગ્રંથમા ૬૪ લિપિઓના નામ આપેલા છે તેમા પણ બ્રાહ્મી લિપિને અગ્રસ્થાન અપાએલું છે.

બ્રાહ્મી લિપિનું મૂળ શોધવાના કામે અનેક વિદ્વાન્ લોકોએ મહેનત કરેલી છે. અંગ્રેજ વિદ્વાનો પૈકી આલ્ફ્રેડ મ્યૂલર, પ્રિન્સેપ, સેનાર્ત, કસ્ટ, રૅપ્સન, વિલ્સન, સ્ટીવન્સન, પોલ ગોલ્ડસ્મીથ, ઇ. મ્યૂલર, બર્નેલ, ટેઇલર, લેર્નોમોન, ક્લૉડ, ર્હાઇસ ડેવિડ્ઝ, વેબર, જોન્સ મેક્સમુલર, મૅકડોનેલ, વિટની, હૅલેવે, બ્યૂહ્‌લર, બાર્નેટ, ડીકે વગેરે વિદ્વાનોએ જુદા જુદા અભિપ્રાય દર્શાવેલા છે. એ બધાની વિગતમા અહીં ઊતરવાનું બની શકે એમ નથી. ટુંકામાં કહીએ તો, એડવર્ડ થોમસ, કનિંગહામ, ડૉસન, લૅસન વગેરે ચાર પાચ પરદેશી વિદ્વાનો સિવાયના બધા વિદ્વાનો તો એમ જ માની બેઠા છે કે, બ્રાહ્મી લિપિનું મૂળ પરદેશી છે, સ્વદેશી નથી. પરંતુ અત્યાર સુધીમા આપણે તેના સ્વદેશીપણાની શકયતાની બાબતમાં કાંઇક ઝાખી કરી ગયા છીએ. આથી સ્થળના અભાવે આ બાબતની લાબી ચર્ચામા આપણે અહીં તો નહિ ઊતરીએ.

અશોકના શિલાલેખોનો અભ્યાસ કરતા જણાય છે કે, ઇ. સ. પૂ. ચોથી સદીના અરસામા આપણા દેશમા બીજી નાની લિપિઓના ઉપરાત એ જાતની લિપિ પ્રચારમા હતી,

ડાબી તરફથી જમણી તરફ લખાતી લિપિ 'બ્રાહ્મી' લિપિ તરીકે ઓળખાય છે, અને જમણી તરફથી ડાબી તરફ લખાતી લિપિ 'ખરોષ્ઠી' લિપિ કહેવાય છે. અશોકના માત્ર બે જ શિલાલેખો ખરોષ્ઠી લિપિમાં કોતરેલા છેઃ–(૧) શાહબાઝગઢીનો શિલાલેખ, અને (૨) મનશહરનો શિલાલેખ, આ બન્ને શિલાલેખો આપણા દેશના વાયવ્ય-ખૂણામાંથી મળી આવ્યા હતા. તે દેશભાગના લોકો ખરોષ્ઠી લિપિ વાંચી શકતા હશે તેથી અશોકે પોતાનાં શાસનો એ લિપિમા ત્યા કોતરાવ્યા હશે. ઇ. સ. પૂ. આશરે પાચમી સદીમાં એ દેશભાગમાં ઉદ્ભવેલી આ લિપિ બ્રાહ્મી લિપિના સહેલાપણાને લઇને જીવવા પામી નહિ. સં. ૩૮૪ ના આંકડાવાળો એક લેખ પેશાવર જિલ્લાના ચારસડા તહસીલમાંના હસીનગર-માથી મળી આવ્યો છે તે ખરોષ્ઠી લિપિનો છેલ્લામાં છેલ્લો લેખ જણાયો છે. આથી એમ અનુમાન થઇ શકે છે કે, અશોકના કાળની પછી તુરત જ ખરોષ્ઠી લિપિ આ દેશમાથી લુપ્ત થઇ હશે. હિન્દુકુશ પર્વતની ઉત્તરે આવેલા મુલકમાં અને ચીની તુર્કસ્તા-નમાં બૌદ્ધ પંથનો અને આપણી સંસ્કૃતિનો પ્રસાર થએલો હોવાથી તે ભાગમાં પાછળથી થોડા વખત સુધી ખરોષ્ઠી લિપિ હયાત રહી હશે. ડૉ. સર ઑરેલ સ્ટાઇને ચીની તુર્ક-સ્તાન વગેરે દેશમાંથી કેટલીક પ્રાચીન વસ્તુઓ ભેગી કરી છે તેમાં ખરોષ્ઠી લિપિમા લખેલ પુસ્તકો અને લાકડાની પટ્ટીઓ પણ તેને મળી આવેલ છે. આ પ્રમાણે અલ્પાયુ ખરોષ્ઠી લિપિનો નિકાલ કરતા આપણે ચિરાયુ બ્રાહ્મી લિપિનો વિચાર કરવાને પ્રવૃત્ત થઇ શકીએ છીએ.

સારામા સારી લિપિમાં બે ગુણ હોવા જોઇએઃ–(૧) આપણે જેમ બોલીએ તેમ લખી પણ શકીએ એવો અસંદિગ્ધ સંકેત દરેક ઉચ્ચારના સંબંધમા હોવો જોઇએ; અને (૨) આપણે જે લખ્યું હોય તે બીજો કોઇ ઇસમ વાચે તો તેના બોલવામાં અને આપણે જે બોલેલા હોઇએ તેમા બીલકુલ ફેર પડવો જોઇએ નહિ. આ કસોટી બ્રાહ્મી લિપિને લાગૂ પાડતા તે સારામા સારી લિપિ ઠર્યા વગર રહેતી નથી. બ્રાહ્મી લિપિના સ્વરોની અને વ્યંજનોની સંખ્યા પૂર્ણ છે, અને હ્રસ્વદીર્ઘનાં અને અનુસ્વાર વિસર્ગના જુદાં જુદાં ચિન્હો પણ તેમાં છે. દરેક વ્યંજનનો ઉચ્ચાર કયા સ્વરથી થાય છે તે જોઇ તપાસીને શાસ્ત્રીય ક્રમથી બ્રાહ્મી લિપિની ગોઠવણ થઇ છે. બ્રાહ્મી લિપિથી માત્ર સંસ્કૃત ભાષાના જ નહિ પણ બીજી કોઇ પણ આર્ય ભાષાના ધ્વનિ વ્યક્ત કરી બતાવી શકાય છે. વ્યંજનોને સ્વરચિન્હો જોડવાની બાબતમા બ્રાહ્મી લિપિમા જે સવડ છે તે સવડ દુનિયામાની બીજી કોઇ પણ લિપિમા ભાગ્યે જ હશે. તેમ છતા પણ ફારસી, અંગ્રેજી વગેરે પરભાષાઓના સંસર્ગથી કેટલાક ધ્વનિ આપણે નવેસર શીખ્યા છીએ તેમના ઉચ્ચાર આપણી લિપિમા ઊતારતાં મુશ્કેલી નડતી જણાય છે. દાખલા તરીકે, અંગ્રેજી 'ઇઝ' શબ્દમા 'ઝ' અક્ષ-રનો જે ધ્વનિ નીકળે છે તેને આપણી લિપિમાં બરાબર ઊતારી શકાતો નથી. આ બાબતમાં 'ઝ' ની નીચે ટપકું મુકવાને લગતી હિમાયત અગાઉ કરવામા આવેલી છે, પણ કોઇએ તેનો સ્વીકાર કર્યો નથી. મને લાગે છે કે, આ પ્રમાણે નવા વર્ણો ઊમેરવાની જરૂર પણ નથી. નવા વર્ણો વગર આપણો વ્યવહાર ખુશીથી ચાલી શકે તેમ છે. જેમ અંગ્રેજી ભાષામા એકેક વર્ણના અનેક ઉચ્ચાર જુદા જુદા સ્થળે કરવા પડે છે તેમ છતા પણ એ ભાષામા વ્યવહાર ચાલી શકે છે તેમ આપણી ભાષામા પણ થઇ શકે તેમ છે.

આથી નવા વર્ણો ઊમેરવાના જરૂર રહેતી નથી. આ પ્રમાણે બ્રાહ્મી લિપિ આપણા વ્યવહારમાંના બધા ધ્વનિઓ વ્યક્ત કરનારી સંપૂર્ણ લિપિ છે, એમ ગણી શકાય છે

બ્રાહ્મીલિપિનું મૂળ શોધવું તદ્દન અશક્ય છે, એ વાત અગાઉ આવી ગઇ છે. આ બાબતમા કેટલાક વિદ્વાનોનું એવું ધારવું છે કે, દેવતાઓની મૂર્તિઓ બની તેના પહેલા હિન્દુઓ કેટલાંક સાંકેતિક ચિહ્નોના દ્વારે એ દેવતાઓની ઉપાસના કરતા, અને ત્રિકોણ, ગોળ વગેરે આકૃતિઓથી તૈયાર કરેલા "દેવનગર" નામના યંત્રમાં આ ચિહ્નો કાઢવામાં આવતા. દેવનગરમાં લખવામાં આવતા આ સાંકેતિક ચિન્હો કાલાંતરે તે તે દેવતાઓના નામના પહેલા અક્ષર મનાવા લાગ્યા, અને તે શરૂઆતમા દેવનગરમા કઢાતા તેથી "દેવનાગરી" નામ તેમને આપવામા આવ્યું. આ માત્ર કલ્પના છે. તેમાં ખરાપણું કેટલું છે તે અત્યારે કહી શકાય તેમ નથી. પણ આપણે એટલું તો કહીશું કે, આપણી લિપિને 'દેવનાગરી' નામ તો બહુ પાછળથી અપાયુ છે. બ્રાહ્મી લિપિની પહેલા પણ દેવનાગરી લિપિ હયાતી ધરાવતી હતી, એ વાત હજી સુધી તો બહાર આવી નથી. અશોકના શાસનોની લિપિના પહેલાની લિપિનુ દર્શન કપિલવસ્તુ (વિપ્રાવા)માંથી મળેલા પાત્રની ઉપર આપણને થાય છે. પણ બ્રાહ્મી લિપિની પહેલાં દેવનાગરી લિપિ હયાત હતી, એમ તો હજી સુધી કોઇ જાણતું નથી. અહીં સાથે સાથે એટલું જણાવી દઇશુ કે, રાજશાસનો કોતરાવવાની શરૂઆત અશોકે જ કરી હતી, એવી જે માન્યતા છે તે ભૂલભરેલી છે. યાજ્ઞવલ્કય, વસિષ્ઠ, વ્યાસ, બૃહસ્પતિ, કાત્યાયન વગેરે બધા ધર્મશાસ્ત્રકારોએ રાજલેખોનો અને રાજાનુશાસન લિપિનો ઉલ્લેખ કરેલો છે. યાજ્ઞવલ્કયે કહ્યું છે કે,

दत्वा भूमिं निबंधं वा कृत्वा लेख्यं तु कारयेत्।
आगामिभद्रनृपतिपरिज्ञानाय पार्थिवः॥
पटे वा ताम्रपट्टे वा स्वमुद्रोपरिचिह्नितम्।
अभिलेख्यात्मनो वंश्यानात्मनश्च महीपतिः॥
प्रतिग्रहपरिमाणं दानच्छेदोपवर्णनम्।
स्वहस्तकालसंपन्नं शासनं कारयेत् स्थिरम्॥ (१-३१७-३१९)

વેદાગના બીજા શિક્ષાગ્રંથમા લખ્યુ છે કે, શંભુના મતે પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં યથાક્રમ ૬૩ કે ૬૪ અક્ષર પ્રસિદ્ધ છે. તેમાં સ્વરાક્ષર ૨૧ છે; સ્પર્શાક્ષર અર્થાત્ 'ક' થી 'મ' સુધીના વર્ગના અક્ષર ૨૫ છે; યાજ્ઞક્ષર અર્થાત્ ય,વ,ર,લ,શ,ષ,સ,હ એ ૮ અક્ષર છે, અને યમ અથવા યુગ્માક્ષર ૪ છે. તેના ઉપરાત અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, દુઃસ્પૃષ્ટ, લૃકાર અને પ્લુત મળીને એકંદરે ૬૪ અક્ષરો થાય છે. વેદકાળના આ અક્ષરો પૈકીના કેટલાકનો ઉપયોગ લૌકિક ભાષામા ન રહ્યો. તેથી પાછળથી બુદ્ધકાળમાં ૪૫ અક્ષરો રહેવા પામ્યા હશે. 'લલિતવિસ્તર'ના દશમા અધ્યાયમા નીચેના ૪૫ અક્ષરો ગણાવ્યા છેઃ—

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ
ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ,

ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન,
પ, ફ, બ, ભ, મ, ય, ર, વ, શ, ષ, સ, હ, ક્ષ.

તંત્રમા ૫૦ માતૃકાલિપિનો અને ૪૨ ભૂતલિપિનો ઉલ્લેખ કરેલો છે:-

त्रिचत्वारिंशदिति भूतलिपिर्मंत्रमयी, पंचाशद्दिति मातृकालिपि ॥

અશોકકાળની પહેલા અઢાર લિપિઓ પ્રચરિત હતી, એમ આપણે જાણીએ છીએ. તે વખતે પણ મગધલિપિ, શકલિપિ વગેરે જુદા જુદાં નામો જુદા જુદાં સ્થાનની લિપિઓને અપાયા ન હતાં. પણ પછીથી ગામ, જાતિ, વ્યક્તિ વગેરેને ઉદ્દેશીને જુદી જુદી લિપિને જુદાં જુદા નામ અપાવા લાગ્યાં. ઇ. સ. ની પાચમી સદીમાં લખાએલા જૈનગ્રંથ "નંદીસૂત્ર"મા છત્રીશ જાતની લિપિઓનો ઉલ્લેખ કરેલો છે; જેમ કે, હંસ, રાક્ષસ, માલની, નાગરી, પારસી, ચાણક્યી, લાટી, કાનડી, ગુર્જરી, સોરઠી, માગધી વગેરે વગેરે. ઇ. સ. ની બારમી સદીમાં શેષકૃષ્ણે ૬ મૂળ પ્રાકૃત અને ૨૭ અપભ્રંશ ભાષાઓનો ઉલ્લેખ કરેલો છે. તેણે પોતાના "પ્રાકૃતચંદ્રિકા" નામના ગ્રંથમા ૩૩ લિપિઓનાં નામ આપેલા છે; જેમ કે, માગધી, શૌરસેની, મહારાષ્ટ્રી, લાટ, વૈદર્ભી, ઉડ્ર, સૈંહલ, પ્રાચ્ય, ગૌર્જર વગેરે વગેરે. પરંતુ આ બધી લિપિઓના સ્વરૂપની વિગતમાં ઊતરવાને અહીં સમય ને સ્થાન નથી. માત્ર એટલું જ અહીં તો નોંધીશુ કે, અશોકકાળની લિપિમાથી અને અન્ય રીતે ઉતરી આવેલી નીચે જણાવેલી મુખ્ય મુખ્ય લિપિઓ આપણા દેશમા પ્રચારમાં છે:-

અરીરા, અસમીઆ, ઉડીઆ, ઓઝા, કણાડી, કરાડી, કાયથી, ગૂજરાતી, ગુરુમુખી, ગ્રંથ, તામિલ તુલૂ, તેલગુ, થલ, દોગરી, દેવનાગરી, નિમારી, નેપાલી, પરાચી, પહાડી, બણિયા, બંગાલી, બિસાતી, બડિયા, ભાવલપુરી, મણિપુરી, મલયાલમ, મરાઠી, મારવાડી, મુલતાની, મૈથિલી, મોડી, રેરી, લામાવાસી, લુંડી, શરાફી અથવા શ્રાવકી, શિકારપુરી, સારિકા, સૈંસી, સિંહલી અને સિંધી. વળી બર્મા, સ્યામ, લેયસ, કાંબોજી, પેગુયવની, યવદ્વીપી, ફિલિપાઇની, ફારસી, અંગ્રેજી વગેરે જુદી જુદી જાતની બીજી લિપિઓ પણ વ્યવહારમાં પ્રચરિત છે. આ બધી લિપિઓ પૈકીની માત્ર ગૂજરાતી લિપિની સાથે અત્યારે તો આપણે વિશેષ પરિચય રાખીશું.

લિપિશાસ્ત્રની દૃષ્ટિએ પણ હું તો ગૂજરાતને નંદનવન ગણું છું. હાલનો ગૂજરાત-કાઠીઆવાડનો પ્રદેશ પ્રાચીન કાળથી પરદેશીઓનુ ધ્યાન ખેંચતો આવેલો છે. આથી કરીને જે જે પરદેશીઓ અથવા પરપ્રાંતીઓ આપણા વિભાગમા વખતો વખત આવેલા તે તે તમામ પોતાની લેખનકળાના અંશો આપણા દેશભાગમા સ્વાભાવિક રીતે પોતાની પાછળ મુકતા ગએલા, એમ કહેવામાં કાંઈ પણ અતિશયોક્તિ નથી. ગિરનારની શિલાની ઉપર ઈ. સ. પૂર્વેની ત્રીજી સદીની મગધલિપિ મોજુદ છે. વળી ઈ. સ. ની બીજી સદીની લિપિ પણ ત્યા જ ક્ષત્રપવંશી રુદ્રદામાના લેખમાં મોજુદ છે. તે જ પ્રમાણે ઇ. સ. ની પાંચમી સદીની લિપિ પણ એ જ શિલાની ઉપર સ્કન્દગુપ્તના લેખમા મોજુદ છે. ઇ. સ. ની દશમી સદીની લિપિ જાઇકદેવના મોરબીના દાનપત્રમા મોજુદ છે. આ દાખલા તો માત્ર નમૂના

તરીકે ગણાવ્યા છે. બીજા પણ પુરાવા આપણા દેશભાગમા મોજુદ છે. દેવનાગરી લિપિ અને ગૂજરાતી લિપિ તો અલબત્ત, બધા સ્થળે હયાત છે. એટલે, કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે, આપણા ગૂજરાતમાથી જ પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીની જુદી જુદી લિપિના નમૂનાઓ મળી શકે તેમ છે. અલબત્ત, આ કામે વિશેષ શોધખોળ કરવાને માર્ગ રહે છે ખરો. પણ તે કોણ કરે ?

આપણી ગૂજરાતી લિપિ કયારે ને કેવી રીતે શરૂ થઇ છે, એ વિષય મહત્ત્વનો છે. ઇ. સ. ની દશમી–અગીઆરમી સદી ગુધી તો આપણા આ દેશભાગમા પણ મોટા ભાગે દેવનાગરી લિપિનો જ પ્રચાર હતો, એમ અત્યારે તો કહી શકાય છે. મને અત્યાર સુધીમાં જૂનામા જૂના ગૂજરાતી લિપિના નમૂના સં. ૧૬૫૧ ના એટલે ઇ. સ. ૧૫૯૪–૯૫ ના વર્ષના અમદાવાદના એક ખતમા જોવા મળેલા છે. આનાથી પણ જૂના ગૂજરાતી લિપિના નમૂના મળી આવવાનો સંભવ છે. આથી એવું અનુમાન કરી શકાય કે, આશરે ઇ. સ. ની તેરમી–ચૌદમી સદીમા આપણી ગૂજરાતી લિપિના વલણની શરૂઆત થઇ હશે. અલબત્ત, શરૂઆતમા તો દેવનાગરી લિપિની સાથે સાથે જ ગૂજરાતી લિપિ વિકસતી હતી. મુખ્યત્વે કરીને આપણા વણિક લોકોએ ઝપાટાબંધ લખવાની પદ્ધતિ શરૂ કરી તેના પરિણામમાં ગૂજ-રાતી લિપિનો જુદો મરોડ ઊભો થવા પામ્યો હશે, એમ મને તો લાગે છે. ઝપાટાભેર લખવાની લિપિમા આપણે જ અગ્રસ્થાન ભોગવતા હોઇશુ, એમ પણ લાગે છે. મરાઠાઓએ દેવનાગરી લિપિમાંથી હેમાડપંતી ખોડી લિપિ બહુ પાછળથી વિકસાવી છે. બંગાળીઓએ આપણી પહેલાં નહિ તો કદાચ આપણી સાથે સાથે અથવા તો આપણી પછી તુરતમાં જ ઝપાટાભેર લખવાની બંગાળી લિપિ કદાચ વિકસાવી હશે. પણ એ સૌમા આપણી લિપિ સહેલામા સહેલી છે, એમ તો અન્ય સૌ પણ કબૂલે છે.


ઇ. સ પૂર્વેની મગધલિપિનો વિકાસ થતા થતા દશ–બાર સદી વીતતા સુધીમા દેવ-નાગરી લિપિએ પોતાનું રૂપ પકડવા માડયુ, અને ઇ. સ. ની દશમી સદીના અરસામા સં-પૂર્ણ દેવનાગરી લિપિ વિકસી ગઇ, એમ કહી શકાય છે. ત્યાર પછી આપણા દેશભાગમા મુસલમાનોનાં આક્રમણો થવા લાગ્યા. એ ઇતિહાસ ભાગની વિગતમા અહી આપણે નહિ ઊતરીએ. અહીં માત્ર એટલું જ કહીશુ કે, આ અરસામા આપણા પ્રાતના વણિક લોકોને વ્યવહાર પરત્વે વધારે ઝડપવાળી અને સહેલી લિપિમાં લખાણ કરવાની સૂજ પડી હશે, અને તેના પરિણામમા આશરે ઇ. સ. ની તેરમી–ચૌદમી સદી સુધીમા દેવનાગરી લિપિની વર્ણ-માળા પૈકીના ક, ખ, ચ, જ, ઝ, ણ, દ, ફ, બ, ભ, લ, શ, ળ અને તેર વ્યંજનોનો અને તમામ સ્વરોનો મરોડ હાલની ગૂજરાતી લિપિના રૂપમા તેમણે ફેરવી નાખવા માડયો હશે. તેમ છતા પણ શરૂઆતમા તો આ મરોડનુ વલણ પણ દેવનાગરી લિપિના મરોડની તરફ વધારે ઝુકતું રહેતું હતું, અને લેખકનો હાથ ઠરેલો રહેતો ન હતો. તે જ પ્રમાણે દેવનાગરી લિપિમા દરેક અક્ષરની ઉપર જે આડી લીટી દોરવામા આવે છે તે ધીમે ધીમે ગૂજરાતી લિપિમાથી નાબૂદ થઇ ગઇ તેમ છતાં પણ, ગૂજરાતી અક્ષરોની ઉપર જ નહિ પણ વિસર્ગના ચિહ્નની ઉપર પણ માત્ર મોહની ખાતર આડી લીટી લોકો દોરતા, એમ કહી શકાય છે; કેમ કે, એવા બેએક અપ્રસિદ્ધ શિલાલેખો મારા જોવામાં આવેલા છે.

સ્વરો પૈકીના જે સ્વરો ઓછા વપરાશમા આવતા હતા તેમને આપણા લોકોએ છોડયા નહિ. તેના પરિણામમા ઋ અને ॠ કાયમ જેવા જ રહ્યા. તેમ છતાં પણ આજના કેળવણીના જમાનામાં 'રૂષી,' 'રૂતુ,' 'નૈરૂત્ય' વગેરે ખોટા શબ્દો લખાઇને 'ઋ' ને પણ તિલાંજલિ અપાતી ચાલી છે, એ જોઇને કોને ખેદ ન થાય? વળી એ જ રીતે હ્રસ્વ 'ઇ' નો અને દીર્ઘ 'ઊ' નો પણ ક્રમશઃ લોપ થતો જાય છે, એ પણ કેટલી ખેદજનક વાત છે? 'સ્થીતી.' 'ઉતરવું,' વગેરે અનેક દાખલા આ બાબતમાં ટાંચી શકાય તેમ છે. ખરૂં પૂછો તો, આજકાલ શબ્દકોષોમાં હ્રસ્વ 'ઉ' ના વિભાગમા વધારે શબ્દો દાખલ થએલા હોય છે તે દીર્ઘ 'ઊ' માં દાખલ થએલા હોવા જાઇએ. આના વિશેષ વિવેચનને અત્રે સ્થાન અને સમય નથી.

જે સ્વરોનો વાપર વધારે રહ્યો તે સ્વરોના રૂપમા આપણા લોકોએ વિકૃતિ કરી, અને 'અ' 'આ,' 'ઇ,' 'ઈ,' 'ઉ,' 'ઊ,' 'ઓ,' 'ઔ,' 'અં' અને 'અઃ' એવા વિકૃત રૂપો ઊભાં થયાં. 'એ' અને 'ઐ' તો નવેસર જ ઊપજાવી કાઢવામાં આવ્યા. દેવનાગરીના 'ए' અને 'ऐ' ક્યાં? અને આપણા 'એ' અને 'ઐ' ક્યાં? સંવત ૧૬૮૪ ના એક ખતમાં તો 'ए' તેમ જ 'એ' એમ બન્ને રૂપો જોવામાં આવે છે.

વ્યંજનો પૈકીના જે વ્યંજનો સહેલાઇથી લખી શકાય એવા હતા તે મૂળ દેવનાગરીના જ લગભગ કાયમ રહ્યા. દાખલા તરીકે, ગ, ઘ, ઙ, છ ઞ, ટ, ઠ, ડ, ઢ, ત, થ, ધ, ન, પ, મ, ય, ર, વ, ષ, સ, અને હ. જોડાક્ષરોની બાબતમા પણ એવું જ બન્યું છે. મગધલિપિમાં હમેશા જોડાક્ષરો એકબીજાની નીચે લખાતા હતા. દાખલા તરીકે[1] ષ્સ; ચ્છ; ત્ય; ન્હ વગેરે. દેવનાગરી લિપિમાં એ પૈકીના કેટલાક જોડાક્ષરો એકબીજાની પાસે પાસે અડોઅડ લખાતા થયા અને તેના પરિણામમાં આગલા વ્યંજનને તોડી નાખવાની પ્રથા ચાલૂ થઇ. દાખલા તરીકે, क्त, स्य, ग्घ, च्य, ज्य, ण्य, त्व, श्य, ष्म, प्त, વગેરે વગેરે. તેમ છતા પણ એમાં યે ખાસ કરીને છ, ટ, ઠ, ડ, ઢ, ફ વ્યંજનો જોડાક્ષરોમાં તૂટયા નહિ પણ એમ ને એમ ચાલૂ રહ્યા 'ટ્ટ' 'ઠ્ઠ' વગેરે કેટલાક જોડાક્ષરો એકબીજાની નીચે જ હજી સુધી લખાતા રહે છે. પણ 'द' ની સાથેના અમુક જોડાક્ષરોમાં દેવનાગરી લિપિમાં ફેરફાર થયો ખરો. મગધલિપિમાં એકબીજાની નીચે અક્ષરો જોડાતા તેમ દેવનાગરી લિપિમાં બે જોડાક્ષરો 'द्ध' અને 'द्य' મૂળ રીતે લખાતા રહ્યા ત્યારે 'द' ની સાથે તેના પેટામાં અમુક વ્યંજનો જોડાવા લાગ્યા; જેમ કે, द्र, द्व, અને द्ग.

રેફની વાત તો વેદનાં પ્રાતિશાખ્યોમાં પણ આપેલી છે. પણ તેનું દેખી રૂપ ઇ.સ.પૂ.ની બીજી સદીના અરસામાં જોવામાં આવ્યું છે. એ પુરોગામી 'ર્'ના ચિહ્નમાં સહેજ ફેરફાર થયો. અને દેવનાગરીમાં '॔' આવું રૂપ તેણે લીધું તે ગૂજરાતીમાં પણ એમ જ ચાલૂ રહ્યું છે. તે જ પ્રમાણે અનુગામી 'ૃ' એ પણ ઇ. સ. પૂ. ની બીજી સદીના અરસામાં જે રૂપ લીધેલું

1 =ષ્સ; =ચ્છ; =ત્ય; =ન્હ.

તેમા થોડોક ફેરફાર થયો, અને વ્યંજનના પેટામા આડી લીટીના રૂપે તે દેવનાગરી લિપિમાં જોડાવા લાગ્યો. આપણે પણ તે જ રૂપ કાયમ રાખ્યું. માત્ર છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, વ્યંજનની જોડે 'ર્' કાકપાદના રૂપે '‸' આમ લખાતો થયો તે આપણે પણ ચાલૂ રાખ્યો; કેવળ 'ર'ના પેટામાં 'ર્' જોડાવાનો પ્રસંગ ન આવ્યો.

તદ્દન સ્વચ્છંદી જોડાક્ષરો 'ક્ષ' અને 'જ્ઞ' છે. મગધલિપિમા[1] 'ક' ની નીચે 'ષ' જોડાતો. ઇ. સ. ૯૦૪ ના જાઈકદેવના મોરબીના દાનપત્રમા જે 'ક્ષ'[2] જોવામાં આવે છે, તેમાથી દેવનાગરીનો 'ક્ષ' ક્રમેક્રમે વિકસ્યો અને આપણે તે જ ચાલૂ રાખ્યો. તે જ પ્રમાણે 'જ્ઞ'નું પણ બન્યું છે. ગિરનારની શિલાની ઉપરના રૂદ્રદામાના લેખમા આવો[3] 'જ્ઞ' જોવામા આવે છે. અર્થાત્ 'જ' ની નીચે 'ઞ' જોડવામા આવતો. ઇ. સ. ૯૫૯ ના પ્રતિહાર વિજયપાળના અલવરના લેખમા આવો[4] 'જ્ઞ' જોવામાં આવે છે. ઇ. સ. ૯૯૨ના છિંદવંશી લલ્લના દેવળના લેખમાં આવો[5] 'જ્ઞા' જોવામા આવે છે. તેમાથી ક્રમે ક્રમે દેવનાગરીનો 'ज्ञ' વિકસ્યો અને આપણે પણ તે જ 'જ્ઞ' ચાલૂ રાખ્યો.

આ ઠેકાણે હાલના કેટલાક વર્તમાનપત્રોમા જોડણીના સંબંધમા દેખાતી બેદરકારીનો ઉલ્લેખ કરવાની જરૂર જણાય છે. કેટલાક પત્રકારો 'ઉદયોગ' 'રહયા,' વગેરે જોડાક્ષરોને તોડી પાડીને હાસ્યજનક લખાણ કરી રહ્યા છે. તેઓ સમજીને અટકશે ? અને ગૂજરાતી લિપિને અવનત થતી અટકાવશે ? આ સ્થળે બીબા પાડનારાં મંડળોને પણ વિનતિ કરવાની છે કે, તેઓ ખાસ કરીને જોડાક્ષરો વધારે પ્રમાણમા તૈયાર કરતા રહેશે ? તેમના તરફથી ઓછા પ્રમાણમા જોડાક્ષરો મળતા હોવાથી છાપખાનાંવાળાઓ ઓછી સંખ્યામા આવા અક્ષરો રાખે છે, અને તેના પરિણામમા છાપખાનાંવાળાઓ આવા ગોટાળા કરી મુકે છે.

આ વાતને આટલેથી પડતી મુકીને આપણે સ્વરચિહ્નોનો વિચાર કરી લઇએ. ઓછા વપરાતા સ્વરો કાલક્રમે ગલત થતા અત્યારે આપણને બારાખડીના બાર સ્વરો અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં અને અઃ જાણીતા છે; અને તેના ઉપરાત ક્વચિત્ વપરાતો ઋ પણ આપણને પરિચિત છે. આ સ્વરોને વ્યંજનની સાથે જોડવાની જરૂર જણાઇ તેથી સ્વરચિન્હો યોજવાની જરૂર પડી. મગધલિપિમા નીચેના મુખ્ય મુખ્ય સ્વરચિન્હો જોવામા આવે છે.—

---


૧ 

૨ 

૩ 

૪ 

૫ 


આ
ઇ
ઈ
ઉ
ઊ
ઋ
એ
ઐ
ઓ
ઔ
અં
અઃ

આ	ˆ —	એ	—
ઇ	ˇ —	ઐ	=
ઈ	ˉ	ઓ	— =
ઉ	– ˇ ı ˇ —	ઔ	~
ઊ	= ॥	અં	०
ઋ	˃	અઃ	៖

અલબત્ત, આમાં અનેક સ્થળે અનેક વિકાર થએલા જોવામાં આવે છે. પરંતુ તે વિકૃત રૂપોની વિગતમા ઉતરવાને અહીં જગ્યા નથી. વળી આ પ્રાચીન રૂપોમાથી અર્વાચીન રૂપો કેવી રીતે વિકસ્યાં તે પણ અત્રે બતાવી શકાય એમ નથી. એ બધી વિગતો મારા પુસ્તકમાં આવશે.

લિપિના સંબંધમા છેક ઉપરછલ્લો વિચાર સ્થળના અભાવે આ પ્રમાણે અહીં પૂરો કરીશુ.

લિપિનો અભ્યાસ કાંઇ નજીવો નથી. આપણી લિપિનો ઇતિહાસ હજી સુધી લખાયો નથી, એ બહુ નવાઇ ઉપજાવનારી વાત છે. આ ખોટ પૂરી પાડવાના હેતુથી મેં આપણી લિપિનો ઇતિહાસ લખવા માંડેલો છે, અને ઇશ્વરકૃપા હશે તો થોડા વખતમાં તે આપની સેવામાં રજૂ પણ થશે. પરંતુ આ વિષય એવો છે કે, ફરી ફરીને કોઇ આવું પુસ્તક લખવાનું કામ હાથે ધરી શકે નહિ. આથી કરીને જે પુસ્તક પ્રથમ પ્રસિદ્ધ થાય તે બનતાં સુધી સંપૂર્ણ હોવું જોઇએ. આમ હોવાથી આપ સૌને મારી વિનતિ છે કે, ખાસ કરીને ગૂજરાતી લિપિમાં લખાએલા જૂનામાં જૂના તામ્રપત્રો, ખતો, ચોપડા, રોજમેળ, હસ્તલિખિત પુસ્તકો, શિલાલેખો વગેરે વગેરે જે કાઇ જે કોઇના જાણવામાં કે કબજામા હોય તેના ખબર તેવા ગૃહસ્થની તરફથી મને મળશે તો એ સૌનો યોગ્ય ઉપયોગ મારા પુસ્તકમાં કરી લેવાને હું શક્તિમાન્ થઇશ, ને તેટલા અંશે મારૂં પુસ્તક સંપૂર્ણ થશે. રા. બ. કેશવલાલભાઇએ પોતાની કનેનાં જૂના ખતો મને વાપરવા આપીને મારી ઉપર ઉપકાર કર્યો છે; તે જ પ્રમાણે અન્ય ગૃહસ્થો પણ કરીને મને ઉપકૃત કરશે, એવી આશા દર્શાવીને હુ બેસી જવાની રજા લઉં છું.

૪ લલિત કલા

લેખિકા–સૌ. બ્હેન ચૈતન્યમાળા મંજુલાલ મજમુંદાર.

કલા એટલે શું.

સુંદરતાની ભાવનાને ગમે તે પ્રકારે જીવનમા પ્રત્યક્ષ કરી અનુભવવી અને ત્હેનાથી આનંદ પામવો એનું નામ કલા અથવા કલા એટલે મનુષ્યના આત્મામાં વસેલા સૌંદર્યભાવોનું મૂર્તિવિધાન–એ મૂર્તિવિધાન, શબ્દમા, વાણીમાં, રંગમાં કે સ્વરૂપમાયે હોય.

મનુષ્ય જાતમાં સૌંદર્યની ભાવના બધા કાળમા અને બધા પ્રદેશોમા રહેલી છે. જંગલી દશામા અથવા તો કેળવાયલી સંસ્કારી દશામાં પણ આ ભાવના જોઇ શકાય છે. જંગલી લોકો છુંદણા છુંદાવી, પીંછા ખોશી, નાચ કરી, ગાઇને આનંદ મેળવે છે. સુધરેલી પ્રજા સંસ્કારી રીતે આવો આનંદ મેળવે છે. આમ માણસના હૃદયમા સૌંદર્યનું ભાન કરાવનાર વૃત્તિ તે કલા.

એકલું સૌંદર્ય તે કાંઇ કલા નથી, પણ તે સાથે આનંદ અને સુખ આપવાનો ગુણ તે કલામા હોવો જોઇએ. કોઇ વસ્તુમા સુખ આપવાનો ગુણ હોવાથી તે સુંદર છે એમ પણ કહેવાય નહિ. ચંદનના લેપથી સુખ થાય છે પરંતુ તેમા સુંદરતાનો અંશ નથી રહેલો, તેવી રીતે ચંદ્રને જોવાથી આનંદ થાય છે, પરંતુ તેથી તેમાં હંમેશાં સૌંદર્યનો ગુણ હોતો નથી.

શોભીતી ઘણી વસ્તુઓની આકર્ષકતાનું કારણ તેમનો આનંદ આપવાનો ગુણ છે, તેનું હરહમેશનું સૌંદર્ય તે નથી. કલા એ નિરાકાર વસ્તુને સાકાર અને વિરૂપ વસ્તુને સુરૂપ કરવાની ક્રિયા છે. સૌદર્ય એટલે મનુષ્યના હૃદયને આકર્ષવાની શક્તિ, એને આકર્ષણશક્તિ કહો અથવા મોહનશક્તિ કહો, તેનેજ કલામયતા કહી શકાય. કોઇ સુંદર ચિત્ર, મધુર રાગ કે ઉત્તમ બાંધકામ દેખી મન પ્રસન્ન થાય તે તેમા રહેલી કલાની કલામયતા છે.

કલા એટલે ગોઠવણી.

એકલી સુંદરતા કાંઇ કલા નથી. એકલી સુંદરતા આકસ્મિક છે; જ્યારે કલા સંયોજીત છે. કલા તે મનુષ્યનો પ્રવૃત્તિ છે. કલાકાર પોતાનાં સાધનોને તે જૂદાં જૂદા હોય તેમાથી પ્રમાણસર લઇ તેની ગોઠવણી કરે તે કલા. કલાકાર કાંઇ નવી સામગ્રી બનાવતો નથી. એ તો જે સાધનો અસ્તિત્વમાં હોય છે તેની રમ્ય ગોઠવણી કરે છે; અને એ ગોઠવણીમાંથી જ કલાનો જન્મ છે.

દિવાળીના દિવસોમા દીવા હારબંધ ગોઠવેલા હોય તો તે જોતાં સામાન્ય આનંદ થાય છે ખરો; પણ જો તે દીપમાળમા કમાન કરી ગોઠવેલા હોય તો તેમા અવનવો આનંદ લાગે છે. અને તે આનંદ કલાનો છે. પહેલો આનંદ સ્થૂલ છે બીજો સૂક્ષ્મ છે.

કોઇ પણ વસ્તુને કુશલતાથી ગોઠવી ત્હેનો ઉપયોગ કરવો એ પણ એક કલા છે. અનુકરણ શક્તિ, કલ્પના અને લાગણીઓ એ બધુ એકઠું કરી મનુષ્ય આવી કલા ઉપજાવે છે. આમ કલા એ સૌંદર્ય પામવાની વિધિ છે.

કલા એ મનુષ્યલીલાને પુનર્જીવન આપનાર અથવા અમર કરનાર છે. કલા ન હોય તો મનુષ્ય પોતાનું મનુષ્યત્વ ખોઇ બેસે. જીવન કલામય છે અને

જીવનમાં કલાની જરૂર. કલા જીવનમય છે.

આ કલાનો પ્રદેશ સાંકડો નથી, જ્યા જ્યા મનુષ્યના હૃદયાલાપ છે ત્યાં ત્યાં કલા છે. મનુષ્યના ઝુંપડાથી માંડીને ભવ્ય તાજમહેલ સુધી, પારણામા ઝુલતા કિશોર બાળકના મીઠા કીલકીલાટથી માંડીને રવિન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ સુધી, અને કોઇ રંક ઓસરીમાં ચિતરાયલા સાથીઆથી માંડીને આર્ટ ગેલેરી સુધી કલાનો પ્રદેશ પથરાએલો છે. જેમ મનુષ્યની લાગણીઓ અમર્યાદ છે તેમ કલાનો પ્રદેશ પણ અમર્યાદ છે.

કલા અને જીવન વચ્ચે અંતર પડવાથીજ જીવન શુષ્ક, રસ વગરનું, જડ અને પાપી બને છે. કલાને જીવનમાંથી દેશવટો મળ્યો છે, તેથીજ આપણે જાડી જીંદગી ગુજારીએ છીએ. કલા એ જીવનનું પ્રતિબિંબ છે, યુગયુગની કળા જુઓ એટલે એ કલાના પોષકોનો ઇતિહાસ જણાશે. કલાની અવનતિ પાછળ સમાજની અવનતિ ઉભી જ હોય છે.

જેમ કુદરતની લીલા એકલી લીલા જ નથી પણ તેમા કોઇ દૈવી હેતુ છે, તેમ કલાની ખાતર એકલી કલા નથી, પરંતુ જીવનના ઉત્કર્ષની ખાતર કલા છે:

કલાનો હેતુ: કારણ કે મનુષ્યજીવન તેના ઉત્કર્ષને માટે છે.

મનુષ્યજીવનના ઉચ્ચ અંશોને ઉચ્ચતર બનાવવા એ કલાનો ઉદ્દેશ અને સંદેશ છે. પ્રત્યેક મનુષ્યમા કલાને સ્હમજવાની અને અનુભવવાની શક્તિ રહેલી છે. તે સ્હમજવાને ઉંડા શાસ્ત્રીય જ્ઞાનની જરૂર નથી પડતી.

ઉત્તમ કલા આનંદ-સ્વરૂપ છે અને અમુક રમ્ય ચિત્ર કે ભાવ નિહાળતાં જીવ આનંદમાં તરબોળ થાય છે; ત્યારેજ કલાની સાર્થકતા જન્મી શકે. પરંતુ કલાને આભૂષણરૂપ અથવા એકલા આનંદનું સાધન માનવાથી કેટલીક કળાઓ હલકી પડી ગઇ છે, ગાયન અને નૃત્ય અનીતિ ફેલાવનાર અને હલકા ગણવામા આવે છે; પણ ખરૂં જોતાં તે કલામા અનીતિ નથી. તેનો એવો હલકો ઉપયોગ કરનાર અનીતિવાળા છે.

સાચી કલા તો તે જ કે જે ચિરંજીવ અને લોકમાન્ય થાય. જે કલાથી આનંદ, સુખ અને સૌંદર્ય માટે પ્રેમ જાગે, જે કલાથી લોકો સાત્વિક અને પવિત્ર જીંદગી ગાળવાને દોરાય. તે જ સાચી કલાનો હેતુ હોઇ શકે; નહિ તો એકલા વિલાસ અને સૌંદર્યની ઉપાસનાથી ગ્રીસ અને રોમના મહારાજ્યોની પેઠે પ્રજાની અવનતિ થાય છે.

કલાની અસર

દરેક કલાના કાર્યમા રહામાને અસર કરવાની શક્તિ હોવી જોઇએ. કોઇ માણસ કલાકારનો ભાવ અનાયાસે સમજી શકે અને તેની સાથે એકતા અનુભવી શકે તો તે કાર્ય કલામય છે એમ કહી શકાય. કોઇ પણ કાર્ય જોતાં ભોકતાને એમ જ લાગે કે આ મારા જ વિચાર છે પણ હું તે બતાવી શકું તેના કરતા વધારે સરસ રીતે અહિં બનાવવામાં આવ્યા છે, તો ત્યા સાચી કલા રહેલી છે એમ કહી શકાય.

આ પ્રમાણે એક ખરી કલાના કાર્યથી કર્તા અને ભોકતા વચ્ચે અદ્વૈત ઉત્પન્ન થાય છે. ભેદભાવ ભૂલી જઇ ખરૂં અદ્વૈત જોડવું એ જ ખરી કલાનુ મુખ્ય લક્ષણ અને આકર્ષણ છે. કલાપીએ કહ્યું છે:—

> " કલા છે ભોજ્ય મીઠી તે, ભોકતા વિણ કલા નહિ;
> કલાવાન કલા સાથે, ભોકતા વિણ મળે નહિ. "

આમ જણાશે કે કલાવાન સ્વાર્થી નથી. પોતાને જ માટે માત્ર રાધનાર નથી. પરંતુ પોતે જમી એ જગતને જમાડે છે. કલાનો આનંદ પોતે અનુભવી બીજાને અનુભવવાનો છે. કલાકારનો હેતુ માત્ર વર્તમાનને કાજે કલા સર્જવાનો નથી હોતો. એ તો યુગયુગને કાજે સૌંદર્યના બગીચા સર્જે છે.

ધર્મમાં કલાનું તત્ત્વ.

કલા ભક્તિભાવનું મુખ્ય સાધન મનાયલી છે. ઘણા પ્રાચીન સમયમાં આર્યોની પ્રવૃત્તિ કેવળ ધર્મની આરાધના કરવામા જ રહેલી હતી

વૈદિકકાળમાં ઉષાદેવી, ગાયત્રીદેવી, સૂર્ય દેવ વગેરેને મૂર્તિરૂપે પ્રત્યક્ષ કરી આરાધના કરનાર આર્ય પૂર્વજોની કલા કેટલી રસ ભરેલી હશે? રામાયણ, મહાભારત અને બીજાં ધર્મશાસ્ત્રો પરથી જણાય છે કે પ્રાચીનકાળના પુરુષોએ ચિત્ર તથા શિલ્પમાં કુશલતા મેળવી હતી. તેમાં પણ ઇશ્વર પૂજનનો જ ભાવ હતો,

આર્ય ચિત્રકારને ચિત્રકલા એ ઇશ્વરની ઉપાસના હતી. અને શિલ્પકલા પણ ધર્મની સ્થાપના, રક્ષા અને ફેલાવવાનું સાધન હતી. ચોસઠ કલાની વિદ્યા પરમેશ્વરની કૃપા વધારનારી છે એટલે ઇશ્વરને માટે જ ભણવી જોઈએ. વળી તેનો પજન, અર્ચન અને વ્રતોદ્યાપનમા ઘણો ઉપયોગ થાય છે એટલે ધર્મભાવના અનાયાસે જાગે છે. દરેક મંદિરમા અને વૈષ્ણવોના ઘરમા આવી ધર્મને-અર્થે કલાઓ વખતો વખત જોઇ શકાય છે.

દિવાળીમાં ખાંડના રમકડા, હોળીમા હોળાયાંના હારડા, નાગપાચમે નાગના ચિત્ર અને વ્રતોદ્યાપનમાં મંડળ પુરવા, માટીના પાર્થીવ બનાવી પૂજા કરવી વગેરે સામાજિક ધાર્મિક કલાઓ છે: અને તેમા કલા સાથે ધાર્મિક ભાવ સમાએલો છે.

આર્ય અને પાશ્ચાત્ય કલા.

દેશદેશના આદર્શો જૂદા હોય છે. કોઇ જડને પૂજે છે. કોઇ જડમાં રહેલા ચેતનને પૂજે છે. પાશ્ચાત્ય કલાની સાર્થકતા મનુષ્યનું અને કુદરતનું બાહ્ય સ્વરૂપ આબેહુબ બતાવવામા રહેલી છે; સૂક્ષ્મ દૃષ્ટિ સાથે તેમને કાંઇ સંબંધ નથી. ત્યારે આર્ય કલાકાર, બાહ્ય સ્વરૂપ ન જોતા આંતર

દૃષ્ટિથી વિચારી પોતાના મનોગત ભાવોને મૂર્તિરૂપે ઝળકાવે છે.

પાશ્ચાત્યોમાં દૃષ્ટિ-અવલોકન પ્રધાન છે. જ્યારે આર્યોમા ધર્મભાવના પ્રધાન છે. બન્નેનું દૃષ્ટિબિંદુ જુદું છે અને આશયો પણ જૂદા છે. આર્યોએ ઇશ્વરભક્તિની ભાવનાથી પ્રેરાઈ ઉત્તમ શિલ્પ, ચિત્ર વગેરેમાં કૌશલ્ય બતાવ્યું હતું. પરંતુ હાલ પાશ્ચાત્ય કલાના પવને ખરી કલાને બાહ્ય આડંબરના સ્વરૂપમાં ફેરવી નાખી છે.

આર્યોની દૃષ્ટિએ " કલા જડવાદ નથીઃ કલાની ઉપાસના એ સ્થૂલ પૂજા નથી; બ્રહ્માંડવાસીની બ્રહ્મપૂજા છે. કલા મિથ્યાસાર નથી; કલા પુણ્ય છે કલાનો રસ એ મદિરા નથી, અમૃત છે. એ રસની ઊર્મિઓ કેફની નથી પણ પરમ આનંદની છે.

લલિત-કલા

કલા એટલે શું તેનો કંઇક ખ્યાલ આવ્યા પછી ' લલિત ' કલા કોને કહેવી તેનો વિચાર કરીએ. જે કલામાં લાલિત્ય એટલે ઉંચા પ્રકારનો આનંદ આપવાની શક્તિ છે તે લલિત કલા કહી શકાય. અંગ્રેજીમાં તેને Fine Arts કહે છે. એકલા સૂક્ષ્મ આનંદ આપવાના ગુણ સાથે ઉપયોગી થવાનો ગુણ પણ કલામા હોય છે. કારીગરની કલા અને કલાવિધાયકની કલા વચ્ચે ફક્ત કલાતત્ત્વના પ્રમાણનો ફરક છે. જેમ કલા જાડી તેમ તેના પદાર્થો જાડા અને કારીગર પણ જાડા. સૂક્ષ્મ કલામા સૌંદર્યનો, ઝીણવટનો, અને કલ્પનાનો ગુણ વધારે હોય છે.

રઘુવંશમાં ઇન્દુમતી માટે અજ વિલાપ કરે છે ત્યા—

" **गृहिणी सचिवः सखि मिथः। प्रियशिष्या ललिते कलाविधौ** "

(ગૃહિણી, ઘરની પ્રધાનને, પ્રિય શિષ્યા મધુરી કલાની તું !) એ લીટીમા લલિત કલાનો ઉલ્લેખ કર્યો છે.

શાસ્ત્રમાં સામાન્ય રીતે ચોસઠ કલાઓ ગણાવી છે. તે કલામાથી બધી કલાઓને લલિત કહીએ એમ નથી. છતા કલાના વ્યાપક અર્થ લઇએ તો બધા હુન્નર ઉદ્યોગમા બતાવાતું કૌશલ્ય પણ કલા કહેવું જોઇએ; અને આવી કલામાં લાલિત્ય-મનોરંજન કરવાનો ગુણ હોય તો તે બધાયે લલિત કલાઓ જ છે. કેટલાક લોકો કલાના લલિત કલા, ઉપયોગી કલા, અને ગૃહ્ય કલા એવા ભેદ પાડે છે.

ઉપયોગી કલા-હુન્નર

કોઇ પણ કલાની કૃતિમા ઉપયોગી થવાનો ગુણ આગળ પડતો હોય છે. અને લાલિત્ય ગૌણ હોય છે, ત્યારે એ કલા હુન્નર કલાને નામે ઓળખાય છે, હુન્નર કલામાં સુતાર, સોની, કંસારો, કુંભાર વગેરે કારીગર લોકોની કલાઓનો સમાવેશ થાય છે. એમના હુન્નરની કલા ઉપયોગી છે. ફરનીચર, ઘરેણાં, વાસણ વગેરે વ્યવહારની વસ્તુઓ ઉપયોગની છે. છતાં તે ચિત્રકલા કે સંગીતના જેટલી આકર્ષક નથી; તેથી તેની, કલામા ગણના નથી કરાતી. છતાં કહેવું જોઇએ કે આવી ઉપયોગની કલા પણ લલિત જ છે કારણ કે પોતાના કોઇ પણ કાર્યમાં જ્યારે મનુષ્ય, માત્ર ઉપયોગ પૂરતિજ સાકડી દૃષ્ટિ છોડી દઇ આનંદ ઉત્પન્ન કરવા તરફ લક્ષ રાખે છે, ત્યારે તેના કાર્યને કલાનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

કારીગર જે ચીજ બનાવે છે તે તેના ઉપયોગ પૂરતિજ સારી બનાવતો નથી. પણ તે કેવી રીતે આકર્ષક બને એ ઉપર ખાસ લક્ષ આપે છે.

કેટલાક દેશોની હુન્નર કલા ઘણી વખણાઇ છે તેથી જાણે એ દેશ અને તેના હુન્નરનું લોકોમાં અદ્વૈત મનાય છે. હિંદુસ્થાન એની સંપૂર્ણ જાહોજલાલીના સમયમા ઘણી ઘણી વસ્તુઓ માટે ઠેઠ યુરોપ અને બીજા દરીયાપારના દેશો સુધી પ્રખ્યાત હતું. હિંદુસ્થાન અને મુખ્યત્વે કરીને ગુજરાતની વસ્તુઓને કવીશ્વર દલપતરામે એક કવિતામાં ગણી બતાવી છે. તે લીંટીઓ આ પ્રસંગે સંભારવા જેવી છે. ' પાટણે જઇને પટોળા રંગદાર રખાવજો ' ' સમશેર તો શીરોહીની પ્રતિમા ભલી ડુંગર પરી ' ' કપડવંજી કાચ સાચુ ' ' નાશક તણા જળપાત્ર ' ' બુરાનપુરી શેલાં સરસ, પણ પેંઢણી પાઘડી ચઢે ' ' શુભ શાલ તો કાશ-મીરની ' ' ધોતી જોટા નાગપુરી ' ' જુઓ ચિત્ર જયપુર '–વગેરે લીંટીઓમા હુન્નર કલાનો ઇતિહાસ લખાયલો છે.

આ બધી હુન્નર કલામા લાલિત્યનો ગુણ અવશ્ય હોય છે જ તો પછી ઉપયોગી અને લલિત કલા એવા બે વિભાગ પાડવા એ નકામા છે, તે એક બીજાનાં વિરોધી નથી પણ જાણે એક જ વેલના બે ફુલ છે. " કાપડમાં પોત અને ભાત બન્નેયે પારખૂઓ તો પારખે છે. પ્રજાજીવનનું એ પોત એટલે હુન્નર ઉદ્યોગ, અને એ ભાત એટલે સૌંદર્ય ને કલા. "

લલિત કલાઓમાં એ કલાનું વત્તું ઓછું પ્રમાણ હોય છે. જે કલામા જડ પદાર્થોની ગોઠવણ હોય તે ઉતરતી કલા ગણાય છે. અને ઉપયોગો માટે જે મકાનો મનુષ્ય બાંધે છે, તેમને શણગારવામાં જે કલા રહેલી છે તે સ્થાપત્ય કલા કહેવાય છે. ફક્ત રહેવાના ઉપયોગ કરતા એમા કંઇક વિશેષ કરવામા આવે છે. કહે છે "સ્થાપત્યશાસ્ત્રી શિલ્પી સ્થૂલમા ચેતનના ફુવારા માંડે છે."

બાંધકામ-સ્થાપત્ય

જાણીતી જડ વસ્તુઓના એકીકરણમાંથી મનુષ્ય આવી કલા ઉપજાવે છે. તાજમહેલ માટે એક કવિએ લખ્યું છે કે " ત્હેના પત્થરમાયે લાગણી મૂકનાર શિલ્પીની કલા અજબ છે. એ તાજમહેલ પત્થર વડે લખેલું એક સ્નેહ અને શોકનું કાવ્ય છે. " પત્થરમાયે ઇતિહાસને કોતરી રાખનારી કલા શિલ્પીની છે. કવિ ન્હાનાલાલના ' ગિરનારને ચરણે ' નામના કાવ્યમાં ' ગિરિકણ ' અને ' સ્થૂલની શિલા ' મા રહેલું ઉંડું ઉંડું અને અદ્ભુત રહસ્ય બનાવ્યું છે. કવિ લખે છે:—

" તે એક શૈલી–કણના ઉરમાંહિ જોતા,
ઇતિહાસવાડી લીધ દર્શન ત્યા પ્રભુના. "

શિલ્પ કલામા વધારે ઝીણવટ હોય છે. તેમા લાગણી અને ભાવનું આલેખન કરવામા આવે છે. હથોડી અને ટાકણાથી શિલ્પી પોતાના હૃદયનો ભાવ અને કલ્પના પત્થર ઉપર આલેખે છે, કેટલાંક મનમોહક પૂતળાં જોઇને

શિલ્પ.

હમણા બોલી ઉઠશે એવો ભાસ જોનારને થાય છે ત્યારે તેમા સાચી કલા રહેલી છે એમ કહેવું પડે છે.

પ્રાચીન શિલ્પકલામા બૌદ્ધ લોકે સ્તૂપો બનાવી, ગ્રીકોએ સ્તંભો બનાવી અને રોમનોએ ગોલખંડ બનાવી નામના મેળવી છે. ઇલોરા, કાર્લા, કેનેરી અને અજંટાની ગુફાઓમાંના ચમત્કારી ચિત્રોના નમૂના આજે પણ તેવાને તેવાજ મનમોહક રંગ તથા રાગથી આપણું મન આકર્ષે છે. આ ગુફાઓમા બૌદ્ધ તથા હિંદુધર્મની છાયાવાળા શિલ્પના નમૂના આજે પણ મોજૂદ છે.

તાંડવ નૃત્ય કરતા શંકરની મૂર્તિ, મહિષાસુરમર્દિની, હરિહર, અર્ધનારીશ્વર, રાવણ તથા કૈલાસના ચિત્રો વગેરે જોતા તે કાલની શિલ્પ તથા ચિત્રકલા ઘણી ઉન્નતિએ પ્હોંચેલી હોય એમ લાગે છે.

હિંદુઓ મૂર્તિપૂજક હોવાથી શિલ્પ તેમ જ ચિત્રકલાને ઉત્તેજન મળતું હતું. પરંતુ મુસલમાનોના વખતમા મૂર્તિપૂજા ન હોવાથી ચિત્રકલાની અવનતિ થઇ અને મૂર્તિ બનાવવાનું શિલ્પ પણ અવસાન પામ્યું. પરંતુ તે કલામકાન બાધવાના શિલ્પમાં તેટલા જ જુસ્સાથી વિકાસ પામી. એક દિશામા દાબી દીધેલો ઉત્સાહ બીજી દિશામાં મસ્જીદો અને મહેલો બાધવાની શિલ્પ કલામા સ્ફુરી નિકળ્યો; ત્હેના ૪ળ તરિકે તાજમહેલ, કુતુબ મિનાર, દિવાન–એ–આમ, મોતી મસ્જીદ, વિજાપુરનો ઘુમ્મટ વગેરે નમૂના આપણી પાસે પ્રત્યક્ષ છે.

અંગ્રેજોના આવ્યા પછી આર્ય–શિલ્પ અથવા મુસલમાની–શિલ્પના શુદ્ધ નમૂના દેખાતા બંધ થયા છે. આજે તો ઘણે ઠેકાણે ચાર પાંચ પ્રકારની પદ્ધતિઓની ભેળસેળવાળાં મકાનો બંધાય છે. કલાનું તત્ત્વ આથી કંઇક અંશે ઓછું થયું છે એમ તેથી કેટલાક માને છે.

ચિત્ર. શિલ્પતાથી કંઇક વધારે સૂક્ષ્મ કલા ચિત્રકામની છે. એમા જડ પદાર્થ સાથેનો સંબંધ બહુ જ ઓછો થતો જાય છે; ૪ક્ત કાગળ, પીંછી અને રંગમાંથી જ એ કલાનો સાક્ષાત્કાર થાય છે. "ચિત્રકાર રંગ અને રેખાઓ દ્વારા અદ્ભુતતાના અમ્મર આંકડા આલેખે છે." ચિતારો એક પીંછીના ફેરવવાથી કાંઇ કાંઇ લાગણીઓ અને ભાવો એક ઘડીમાં લાવી શકે છે. નાટકના પડદાનો દેખાવ આવો આબેહૂબ લાગે છે તે તેમાં રહેલી કલાને લીધે જ.

પ્રાચીન કાળમાં આપણી ચિત્રકલા પોષાયલી હોવાનાં ઘણાં ઉદાહરણો આપણા સંસ્કૃત કાવ્યો તથા નાટકોમાંથી મળી આવે છે. કાલિદાસના નાટકોમાં તેમજ ભવભૂતિના નાટકોમા ચિત્રકલાનું ગૌરવ પાત્રો દ્વારા બતાવેલું છે.

રાજવંશીઓમાં પણ ચિત્રકલા સારા પ્રમાણમા હાથ કરાતી હતી. શાકુન્તલના છઠ્ઠા અંકમાં મોહસંભ્રમ થવાથી શકુન્તલાને ભૂલી જઇ દુષ્યંત તેનો તિરસ્કાર કરે છે, અને

શકુન્તલા આકાશમાં ઉડી જાય છે. પછી પસ્તાવો પામી મુનિના આશ્રમનું ચિત્ર દુષ્યન્ત કાઢે છે. ત્યાં પાંદડાના પડીયામા દુષ્યંત શકુન્તલાના પાળેલા હરણને પાણી આપે છે. પણ અજાણ્યું લાગવાથી તે પીતું નથી, અને શકુન્તલાને હાથે તે પીએ છે. એ આશ્રમનું ચિત્ર દોરતાં દુષ્યંત અનુપમ કલ્પનાશક્તિ બતાવે છે તે કલાનું સારૂં ભાન આપણને મહાકવિ કાલિદાસ કરાવે છે.

ભવભૂતિના ઉત્તર-રામ-ચરિતમા ચિત્રદર્શન નામનો વેધક પ્રસંગ કોને અજાણ્યો છે ? " ગિરિથી ઝમઝમ ઝરણો વહી જાય, પ્રિયે રે ! તે તે કયમ વિસરાય " એ કાવ્યોમાં કેટલી રસિકતાથી ચિત્રકલાનું રહસ્ય અને સામર્થ્ય પ્રગટ કર્યું છે તે સૌને અજાણ્યું નથી. સીતા ચિત્રપટમાં પંચવટીનો પ્રસંગ જુવે છે ને હબકી જાય છે કે " ફરીથી આર્યપુત્ર રામનો વિયોગ કેમ ખમાશે ! " અહીં ચિત્રકારની ખરી સફલતા છે; અને તે જ ત્હેની કલામયતા છે.

સંગીત.

આંખને રીઝવનાર શિલ્પ તેમ જ ચિત્રકલાઓથી એક પગથીયું ઉંચે જનાર સંગીતની કલા છે. સંગીતમાં ગાયન, વાદન અને નૃત્યનો સમાવેશ થાય છે. આખ બંધ કરીને બેસી રહીએ તોપણ ઉંડાણમાંથી આવતો મધુર અવાજ કાનથી આપણે જાણે પી શકીએ છીએ.

સંગીતમા એકાગ્રતા લાવવાનો ગુણ છે, તેથી ભક્તિ કરવા માટે તેની ખાસ મદદ લેવાય છે. સંગીતના સૂરની લ્હેરમા માણસ જાણે ઉચો ઉડતો જાય છે; આ દુનિઆથી દૂર જઇ બેસે છે. ઇશ્વિરપૂજનમાં વૃત્તિને તદાકાર કરવા માટે પ્રાર્થનાઓમા સંગીતની મદદ લેવાય છે.

કાદંબરીમાં મહાદેવના મંદિરમા બેઠેલી મહાશ્વેતા જ્યારે સુંદર વીણા વગાડે છે, ત્યારે એના સ્વરથી જ ખેંચાઇને ચંદ્રાપીડ ત્યા જઇ પહોચે છે. શરદપૂનમનો રાસ રમતા શ્રીકૃષ્ણ મોરલી વગાડે છે. તે મોરલીના સૂર એવા નીકળે છે કે તેથી—

" જાતા વળતા થભીઆ. નદીઓ કેરા નીર,
વચ્છ ને બાળ વીલંબીઆં, પીતાં પીતાં ખીર.
ખગ મૃગ શ્રવણ કરી રહ્યા, તૃણ ન વંદે ગાય;
ઢારો ઢાર ઠરી રહ્યાં, તૃણ ચારા મુખમાંય.
પવન રહ્યા મુરછાઇને, મુનિવર ચુકયા ધ્યાન;
વળી રહ્યા વિલંબાઇને, વન ઉપર વૈમાન.
એ મોરલીના તાનમા, વ્યાકુલ થઇ વ્રજનાર;
એક એકની સાનમા, હીંડીઓ હારોહાર. "

આવું વર્ણન એક કવિએ કર્યું છે. સંગીતમા રહેલી શક્તિઓનો ચિતાર આથી બીજા કયા શબ્દોમા આપી શકાય ?

નૃત્ય-અભિનય.

" હાવભાવથી, અંગોના વિલાસથી અભિનયની મૂક વાણીથી, કવિતામાનું અને સંગીતમાંનું અગોચર સૌંદર્ય નટરાજ બતાવે છે. "

હાલમાં નૃત્ય અને સંગીત બન્ને કલાઓ અધમ સ્ત્રીઓના હાથમાં જવાથી એ કલાઓનું અધઃપતન થયું. કલા નીતિનું પોષણ કરવાને બદલે અનીતિનું વાતાવરણ પેદા કરે ત્યારે તેમાંથી લાલિત્ય એટલે ઊંચા પ્રકારનો આનન્દ આપવાનો ગુણ જતો રહે છે. બાકી ભક્તિ ઉપાસનામાં ષોડશોપચારમાં નૃત્ય એ એક અંગ મનાયું છે.

'મહાભારતમાં' વિરાટને ત્યાં અર્જુન સ્ત્રી–વેષે રહ્યો હતો, ત્યારે વિરાટ–પુત્રી ઉત્તરાને તેણે નૃત્યકલા શીખવી હતી. નૃત્ય રાજ્યકુમારીઓને પહેલા આવશ્યક ગણાતું. નૃત્યમાં અભિનય અને શરીરના વિધવિધ અવયવોનું હલનચલન નૃત્યના તાલ સહિત થવામાં કલા રહેલી છે. ગુજરાતના ઇતિહાસમાં મિનળદેવીની વાત નૃત્યના પ્રસંગમાં સંભારવા જેવી છે.

પાટણના રાજા કર્ણદેવને મિનળદેવી સાથે લગ્ન કર્યા પછી તેનો મોહ ઉતરી ગયો, ત્યારે મિનળદેવીએ નૃત્યકલાથી જ તેને પ્રસન્ન કર્યો હતો એમ ઇતિહાસ કહે છે. ગુજરાતી કવિઓમાં કવિ પ્રેમાનન્દના આખ્યાનોમાં અને સામળભટની વાર્તાઓમાં તેમનાં સ્ત્રીપાત્રોને નૃત્યકલા શીખવ્યાના ઘણા દાખલા છે.

કવિતા. આ બધીથી એ કલાનો અંશ જેમાં વધારે છે તે તો કવિતા જ. શિલ્પી પોતાની હથોડી અને ટાકણાથી પત્થરમાં ભાવ મૂકે છે, ચિતારો પીંછી અને રંગથી વસ્તુભાવ અને લાગણીઓ ચિતરે છે, કવિ ફક્ત થોડાક શબ્દોમાં અથવા તો બેચાર લીટીઓમાં આખું ચિત્ર આંખ આગળ ખડું કરે છે. આવાં શબ્દ–ચિત્રો ઉત્તમ કવિઓની કવિતામાં ઘણાં નજરે પડે છે.

મહાકવિ પ્રેમાનંદની કવિતામાંથી આવું એક શબ્દ–ચિત્ર નમૂના દાખલ આપીએ છીએ. નળાખ્યાનમાં હંસ દમયંતી આગળ નળનાં વખાણ કરવાને આવે છે, તે વખતનું વર્ણન બધો ચિતાર આપણી આંખ સમક્ષ ખડો કરે છેઃ

"અબળા હેઠી ઉતરી, ઝાંઝર કાઢયાં તત્કાળ;
હંસે દીઠી કામની ત્યારે બેઠો નીચી ડાળ.
દોડે આડી અવળી અંગના, કરે ઝાલવાનો ઉપાય;
હાથમાંથી હંસ નાહાસે, ચપળ નવ ઝલાય"

આમાંથી દમયંતીની હેઠળ ઉતારવાની ક્રિયા, પગના ઝાંઝર કાઢવાની ઉતાવળ, હંસનું નીચી ડાળે આવીને બેસવું, દમયંતીનું તેને ઝાલવા જવું, હંસની ચોતરફ ઉડાઉડ, આખર હંસ ન ઝલાયાથી ઓશીયાળી જણાતી દમયંતી, એ બધું આખ આગળ કેવું તરવરી રહે છે!

રાજવી—કવિ કલાપી "વીણાના મૃગ" માં ફુવારાનું વર્ણન પણ એટલું જ આબેહુબ આપે છેઃ—

"ઉડી રહ્યો છે જલનો ફુવારો,
હોજે તરે રંગીન માછલીઓ;
ત્યાં કાન માંડી મૃગ તે ઢળે છે,
જરા નમીને જલ એ પીએ છે."

આ ચાર ટુકી લીંટીઓમાથી ખડું થતું ચિત્ર એકદમ કલ્પી શકાય તેવું જ છે. આમાં જ કવિની કલાનું સામર્થ્ય રહેલું છે.

કેટલીક કવિતાને ' શબ્દ-ચિત્ર ' કહેવાની યથાર્થતા એટલા ઉપરથી જણાય છે કે કેટલાક શિષ્ટ અને સંસ્કારી ચિત્રકારો આવા સમર્થ કવિઓના કાવ્ય વાંચી તેનો ભાવ હૃદયમાં ઉતારી એ કાવ્ય-પ્રસંગ ઉપરથી ચિત્રો દોરે છે. આવા ચિત્રોનો પ્રસંગ જાણીતો હોવાથી તે વધારે લોકપ્રિય બને છે. પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિવર્માએ સંસ્કૃત કાવ્ય અને નાટકો ઉપરથી આર્ય સંસારનાં દોરેલાં ઘણાં ચિત્રો શબ્દચિત્રોનો જ નવો અવતાર છે.

ગૃહ કલા.

શાસ્ત્રમાં ગણાવાતી ચોસઠ કલાઓમાથી કેટલીક કલાઓ ખાસ કરીને સ્ત્રીઓની જ કલા કહેવાઇ છે. આવી કલાઓ ' ગૃહ કલા ' કહેવાય છે. ગૃહ કલા એટલે ઘરને શોભાવવાની કલા. ઘર એટલે ઇંટ માટીનું ઘર નહિ, પરંતુ કુટુંબનું વિશ્રાંતિસ્થાનઃ ધરતીનો છેડો. આ ઘરને ઉપયોગી થનાર અને આનંદ આપનાર કલાઓમાં ગાવું, વગાડવું, ફુલના શણગાર બનાવવા, વેણી ગૂંથવી, રસોઇ બનાવવી, શીવવું, ભરવું, ગૂંથવું, સાથીયા ને વેલો કાઢવી, તુલસી વીગેરેના છોડ વાવી બાગ બનાવવા, ઝીણું સુતર કાતવું વગેરે કલાઓનો સમાવેશ થાય છે.

આ બધી કલાઓ પ્રાચીન સમયમા હિંદુસંસારમા ઘણી જ પ્રચારમા હતી એમ લાગે છે. ઘણે ભાગે ગૃહ કલાઓ ઘરતી દેવીઓની-સ્ત્રીઓની જ છે, તો કન્યાશાળાઓમા આ કલાઓનો વિકાસ સ્હેજ વધારે પ્રમાણમા ધ્યાનમા લેવાય તો કન્યાઓને તે બાબતમા રસ પડે અને ઉત્સાહ વધે જેથી તેઓ પોતાનો સંસાર સંસ્કારી અને સુખી બનાવી શકે.

પાક શાસ્ત્ર

કાવ્યના જેમ નવ રસ કહ્યા છે, તેમ જીભના ષટ્રસ કહેવાય છે. એ રસની રમ્ય મિલાવટ કરવામા ખાસ કલા રહેલી છે. જૂદા જૂદા રસની વાની બનાવવાની રાધણ કલાને તેથી " શાસ્ત્ર " કહેવામા આવે છે. તે કલા રોજ આનંદ આપનારી અને ઉપયોગમા આવનારી છે. એ કલા સ્ત્રીઓને શીખ્યા વગર છુટકો નથી, રસોઇમા હથોટી બેસવી એ પણ એક કલા છે.

પુરુષોને એ કલા ન આવડે અથવા આવડતી નથી એમ કહેવાય નહીં. નળાખ્યાનમાં મહાકવિ પ્રેમાનંદ નળને ઋતુવર્ણના સારથી તરીકે બાહુક વેષે વર્ણવે છે, ત્યાં દમયંતીના ફરી સ્વયંવરના પ્રસંગ ઉપર " એતોભીયા છે આત્મનિવેદી " એમ જણાવે છે; નળ સરસ પાક બનાવે છે ને હાથે રાંધીને જમે છે.

નંદબત્રીસીમા શામળભટે પ્રધાનની રાણીને ભાત ભાતની રસોઇ બનાવવામાં કુશલ વર્ણવી છે.

' પ્રમદા મંદિરમા પરવરી, શાક પાક સામગ્રી કરી;
કરવા માડયા ઉત્તમ પાક, રસોઇ બત્રીશી સુંદર શાક.
મીઠાં મધુરા શુભ સેલરા, ખાટાં તીખા અથાણા ખરા,
વાર ન લાગી એકે ઘડી, જુગતે કરી રસોઇ ત્રેવડી;

હાલમાં તો સ્ત્રીઓને "પાકશાસ્ત્ર" અને "પકવાનપોથી" જેવી ચોપડીઓની મદદ લેવા છતાએ રાંધણકલા બરોબર આવડતી નથી.

વૈષ્ણવ મંદિરોમાં કલા ખીલવવાનો હેતુ ધર્મભાવનાની સાથે જ ખીલેલો હોય છે. ઠાકોર સેવામાં છપ્પનભોગ અને અન્નકૂટથી પાકશાસ્ત્ર પૂર્ણપણે ખીલે છે અને સાથે ધર્મ-ભાવના પણ જાગ્રત થાય છે. અન્નકૂટમા દરેક પ્રકારના શાક, અથાણાં, રાઇતા, ભજીઆં અને બત્રીસી રસોઇ કરી ઠાકોરજીને ધરાવાય છે. છપ્પનભોગમા પણ એ જ પ્રમાણે થાય છે.

ભરત-ગૂંથણ-સીવણ.

ભરત ગુંથણ ઘણી જાતનું થાય છે. છુટી છુટી વિખરાયલી વસ્તુઓને આકૃતિમા ગોઠવવામા, અથવા તો જાતજાતનાં ચિત્રો પાડવામા કલા રહેલી છે કાચનાં મોતી મણકા વગેરેના તોરણો અને પડદા ભરવામા અવનવિ આકૃતિઓ અને નમૂના ઉતારી શકાય છે. પડદામાં મોર, પોપટ વગેરે આકૃતિઓ ઉતારવામા તો રંગની મિલાવટ પણ ધ્યાનમાં લેવી પડે છે.

રંગબેરંગી કોડીયા વડે ઝાડ, ઉઠાણી, કોથળીઓ, કલમ, ખડીઆ વગેરે ગૂંથવામા જૂદી જ રીતો હોય છે.

ભરતકામમા દોરાવડે તેમ જ ઉનવડે ઝબલા, ટોપી, ગલપટા, મોજાં, સપાટ, તોરણ, ચંદરવા વગેરે ઘણી સરસ રીતે ભરાય છે, અને વળી તે સાથે છોકરાને તે ઘણાં જ ઉપયોગમાં આવે છે. ઉપયોગી સાથે આનંદ આપનારી આ લલિત કલા ઘણી જ પ્રચારમાં આવવી જોઇએ.

મખમલ ઉપર ઝીકનું તથા સુતરાઉ કે રેશમી કપડા ઉપર આરીનું ભરત પણ ભરી શકાય છે. હાલમાં મખમલનું સ્થાન ખાદીએ લીધું છે તે સ્વદેશી કલાના હિમાયતીઓને હરખાવા જેવું છે. તેમા વધારે સાજ વાપરી પુષ્કળ ભરવા કરતા સાદા પણ સુંદર નમૂના બનાવવામાં વધારે કલા રહેલી છે.

સીવણ કામમાં મનપસંદ કામ કાઢી મનગમતું શીવી પહેરવામાં ખરી કુશલતા રહેલી છે. કપડાંમાં પણ જાતજાતની ઢબ આવતી જાય છે. યુગે યુગે એમાં ફેરફાર થતો જાય છે. અને પ્રાન્ત પ્રાન્તની ઢબમાયે ભિન્નતા ઓછી હોતી નથી. રસિકતા અને કલાનો ઇતિહાસ આ સીવણની સમયસમયની ઢબમાં સમાએલો છે. પહેલાં લાંબી બાંયના તથા ફૂલેલી બાંયના પોલકા પહેરવામાં ફેશન મનાતી હતી; આજે સાદી બાંય પસંદ કરવામાં આવે છે.

ચણીયામાં પણ જૂદી જૂદી જાતો હોય છે. મારવાડી લોકોના ઘાઘરા પુષ્કળ ઘેરવાળા હોય છે. ગુજરાતીઓમા ચણીઆને ઝાલર મૂકેલી હોય છે; અથવા સાદી પટી વાળી રીબીનની ફેશન કરેલી હોય છે. સફાઇદાર કામ કાઢી બંધ બેસતું અને શોભતું કપડું શીવી યોગ્ય વખતને અનુસરીને પહેરવામા સીવણકામની સફળતા રહેલી છે. ઉપયોગ સાથે રસિકતા અને કલાની દૃષ્ટિએ સીવણકામમાં ફેરફાર થતા જાય તો તેમા વિશેષ આનંદ છે.

વસ્ત્રાભૂષણ.

વસ્ત્ર અને આભૂષણ, ઋતુ, વય, રંગ અને સ્થિતિને અનુસરીને સાદાં આછાં અને શોભતાં સજવામા કલા રહેલી છે. શીયાળામા ઉનના ગરમ કપડા અને સોનાના શણુગાર શોભે છે, ઉનાળામા આછાં ઝીણાં મલમલનાં કપડાં અને મોતીના આભૂષણો વધારે રુચિકર થઇ પડે છે. ચોમાસામા સામાન્ય રીતે જાડાં કપડાં વપરાય છે.

દેશ દેશના પહેરવેશ જુદા હોય છે. તે ત્યાની ઋતુને અનુસરીને જ નક્કી કરવામા આવે છે. તેમા સુંદરતા, લાજ, મર્યાદા તથા સગવડ ઉપર ખાસ લક્ષ આપવામા આવે છે. આભૂષણ પણ સાદા અને આછા ગોઠવીને પહેરવાં જોઇએ, જેટલાં હોય તેટલાં પહેર્યાથી તેમા કાઇ ચમત્કૃતિ આવતી નથી. સો મણ સોનાનો ભાર વહેતી મારવાડણ જેવાં ઘરેણાં ખડકવા કરતા, આછા અને શોભતાં વસ્ત્ર અને આભૂષણ પહેરવાથી શોભા વધારે દીપે છે.

શાસ્ત્રમા સૌભાગ્યવતીના સોળ શણગાર ગણાવ્યા છે. હિંદુ સંસારમા આદર્શ સ્ત્રી-પુરુષ રાધા અને કૃષ્ણ કહેવાય છે. રાધાના શણગારમાં, અણવટ–વીંછીઆ, બે નેપૂર, કટિમેખલા, મંગલસૂત્ર, કાંઠીયાસેર, બે બાજુબંધ, બે પહોંચી, વીંટી, નથવેસર, શિશફુલ, બે કર્ણફુલ અને ટીલડી એમ સોળ શણગાર ગણાવ્યા છે. કૃષ્ણના શણગારમા બે નેપૂર, કટિમેખલા, વૈજયંતિ અને વનમાળા, બે બાજુબંધ, બે કંકણ, બે પહોંચી, નથવેસર, કુંડલ, મોરમુકુટ એમ સોળ શણગાર ગણાવ્યા છે.

" ગુર્જર સુંદરીઓનો પોષાક, સગવડ, સૌંદર્ય, અને લાજ મર્યાદને માટે બેનમૂન છે. મદ્રાસમા, મહારાષ્ટ્રમાં, બંગાળામા, ઘણી નવ સુંદરીઓ ગુજરાતના પોષાક ઉપર મોહી પડી છે ને તે ધારણે કીધો છે." ગુજરાતણ એટલે—

" ચોળી ચણીયો, પાટલીનો ઘેર;
સેંથલે સાળુની સોનલ સેર,
છેડલે આચ્છાદી ઉર ભાવ,
લલિત લજ્જાનો વદન જમાવ,
અંગ આખેયે નિજ અલબેલ,
સાળુમા ઢાકતી રૂપની વેલ."

આ લીટીઓમા વર્ણવેલી આર્ય સુંદરી: અને તેના શણગાર એટલે,

" ભાલ કુંકુમ, કર કંકણ સાર;
કન્થના સજ્યા તે જ શણગાર."

શણગાર એકલા સોના, રૂપા અને હીરા મોતીના જ નથી હોતા. ફુલના શણગારની શોભા તો કોઇ રસિક જ મૂલવી શકે.

સામાન્ય રીતે આવા શણગાર વપરાશમા જોવામાં આવતા નથી. એ તો દેવમંદિરોમાં જ હોય છે. ફુલના હિંડોળામા ઝીણી ઝીણી કળીઓની ગોઠવણીથી આબેહૂબ ચિત્રો પાડેલાં હોય છે.

સામાન્ય વપરાશમા તો ફુલના ગજરા, વેણી વગેરે જોવામા આવે છે, તેમાંયે માથે ફુલની વાઢી ભરવાનો રિવાજ કેટલેક સ્થળે જોવામાં આવે છે, તેમા વધારે કલા વપરાયલી હોય છે. પરીઓની વાતોમા પણ ફુલની ચાદર ગૂંથી, ઓરાડયાનું સાભળવામાં આવે છે.

ઠાકોરજીને ઉન્હાળામા બધા ફુલના શણગાર ધરાવવામા આવે છે. તેમા મુકુટથી ઝાંઝર સુધીના શણગાર ફુલના જ હોય છે એમ વર્ણન ઉપરથી અને પ્રત્યક્ષ રીતે પણ જોઇ શકાય છે. વલ્લભ અને સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં ફુલ-મંડળીઓ ભરાય છે, ફુવારા ગોઠવાય છે, આસોપાલવની કુંજો રચાય છે, હિંડોળા ભરાય છેઃ એ બધામાં કલાવિધાન બહુ ઉંચા પ્રકારનું બતાવાય છે, એની કોણ ના પાડશે? ભક્ત કવિ મુક્તાનંદ, પોતાના રસિક પ્રભુને નખશિખ ફુલથી શણગારે છે ને એનો આનંદ વર્ણવે છેઃ—

ફુલના પેરી રે, જામા ફુલના પેરી,
ફુલ્યો રસિક સુજાણ જામા ફુલના પેરી.
ફુલનો મુકુટ, કુંડળ ફુલના છે કાન;
ઓઢી ઉપરણી ફુલની શોભે-વાલો ભીને વાન—ફુલના૦
સુગંધી ફુલોના શોભે, હૈડે સુદર હાર,
માથે ફુલના તોરા અંગે તેજનો અંબાર—ફુલના૦
ફુલડાંના ગજરા, બાજુ ફુલની છડી;
કરે ઇંદ્ર ઉપરથી ફુલની ઝડી—ફુલના૦
ફુલડાંના ઝાંઝર ચરણે, પેરી સુંદર શ્યામ;
મુક્તાનંદને વાલે કીધું, ઘેલું ગોકુળ ગામ—ફુલના૦

કેશરચના એ પણ એક કલા છે. એ કલા આવશ્યક અને આકર્ષક બંને છે.

કેશની શોભા. જંગલી દશામા વાળ વધારવાનો રિવાજ હતો, ત્યાર પછી માથામા જંતુઓ ન પડે માટે વાળ ઓળવાની જરૂર જણાઇ અને ત્યાર પછી મોહકતા તરફ દૃષ્ટિ ખેંચાઇ.

કેશ સમારવાની કલામાં કુશલ ગણાવાને સ્ત્રીઓ અતિશય આતુર હોય છે. પહેલાં સીધી સેંથી અને સાદો અંબોડો વખણાતો; હવે વાંકી સેંથી વધારે રુચિકર લાગે છે. નાના છોકરાને એક સેર કે બે સેર ગૂંથી જલેબી ચોટલા, ઉઠેણી ઘાટ, સફાઇદાર ગાઠ, અંબોડો વાળવો, મોટાએ સાદું ઓળવું વગેરે વયને અને સમયને અનુસરી કુશલતા વાપરવી એ પણ એક ખાસ કલા જ કહી શકાય.

યૂરોપમા પણ તેલ, સેન્ટ, મીણ, વેસેલાઇન આદિ ચીકણા અને પોમેટમ વગેરે ખુશબોદાર પદાર્થોથી ચોટલા અને લટોને સજ્જ કરવાનો રિવાજ છે.

કેટલીક વખત કોઇ ઠેકાણે કૃત્રિમ ચોટલા, અંબોડા, વેણીઓ ઉપસાવેલી અથવા છાબડી ઘાટની-વગેરે માથે બંધ બેસતી વેચાતી લઇ પહેરવાના રીવાજ છે; છતા કહેવું જોઇએ કે કૃત્રિમ વસ્તુ સુંદર નથી જ દેખાતી.

કેશ રચનાની રુચિ કેવળ સ્ત્રીઓમા જ પહેલાં હતી એમ ન હતું, પુરુષોમા પણ તે પ્રધાન અંશે હતી. રુદ્રને જટાધારી કહીને સ્તુતિ થાય છે. બાલ કૃષ્ણના ખીટલીઆળા કેશની શોભા ઉપર ગોપીઓ વારી જતી. પુરુષો પણ અંબોડા વાળતા—બંગાળા, મદ્રાસ, ઉત્તર હિંદ, ગુજરાત વગેરે ભાગોમા હજી પણ કેટલાક પુરુષો મોટા ચોટલા રાખે છે, અને તેલ કે સુગંધી પદાર્થો નાખી હોળે છે. તોપણ હવે એ રીવાજ પાશ્ચાત્ય સુધારાથી ઓછો થઇ ગયો છે. અસ્તવ્યસ્ત કેશને સમારીને ગૂંથવાથી રસિકતા વધે છે.

સાથીયા વેલ. ચિત્રકલાથી સ્ત્રીઓનો ધીમાશ અને સ્વચ્છતા રાખવાનો ગુણ કેળવાય છે. આ સ્ત્રીઓની ચિત્રકલા એટલે ગૃહસ્થાશ્રમીના રોજના વ્યવહારમા આવતા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમા બતાવાતું સાધારણ ચિત્ર-કામ. પરંતુ પ્રાચીન આર્યસુંદરીઓનો ઇતિહાસ વાચતા સ્ત્રીઓ આથી વધારે પ્રમાણમા ચિત્રકલાને ખીલવતી હતી, એમ જણાય છે.

ઉષાએ અનિરૂદ્ધને સ્વપ્નમા જોએલા વરને ચિતરી બતાવવા પોતાની સખી ચિત્ર-લેખાને કહ્યું. ચિત્રલેખાએ દેશ દેશના રાજવીઓના ચિત્ર દોરી બતાવ્યા છેવટે જ્યારે—

" ચિત્રલેખાએ લખીને દેખાડયો અનિરૂદ્ધ;
સુગટ ભમર પર વદન સુધાકર નેત્ર બે અંબુજ,
ઘેલી થઇ ઓખા ધાઇને ભેટી, કાગળને ભરીભૂજ,
ના, ના, બોલો મારા સમ છે લાજો છો શામાટે,
ચિત્રલેખા કહે ન હોય સ્વામી, વળગ્યામા કાગળ ફાટે; "

અહિં પ્રધાન પુત્રી ચિત્રલેખાની ચિત્રકલા કેટલી બધી સાચી અને આબેહૂબ છે, તે મહાકવિ પ્રેમાનંદે સુંદર રીતે બતાવ્યુ છે.

આટલે દરજ્જે ચિત્રકલા નહિ તો પણ સાથીઆ પુરવા, રંગોળી પૂરવી, નાગ કહા-ડવા, વેલો કાઢવી એટલું તો ખાસ સ્ત્રીઓએ જાણવું જરૂરનું છે. લગ્નજનોઇમા ગણેશ કાઢવા, નવરાત્રિમા ભીંતો ઉપર વેલો કાઢવી, નાગપાચમ ઉપર નાગ દેવતા ચીતરવા, આગણામા રંગબેરંગી રંગપૂરી રંગોળી, સાથીઆની મનોહર આકૃતિ કાઢવી વગેરેમાં સ્ત્રીઓની કલાઓનો હાલ તો સમાવેશ થાય છે. છતાં સ્ત્રીઓનો સંસાર રસિક અને રળી-આમણો બનાવવા માટે એટલું ક્ષેત્ર કાઇ ઓછું નથી. ભોજન વખતે પાટલા આગળ રંગોળી પૂરે છે, તેમા પવિત્ર વિચાર આવી મલિનતા દૂર થાય અને ચિત્તશુદ્ધિ સાથે ઉલ્લાસ થાય એ હેતુ છે.

આગણું સવારમાં વાળીને સમાર્યુ હોય, આછો આછો છંટકાવ કર્યો હોય અને પછી રંગોળીના સુંદર ચિત્રો હાથથી દોરેલા હોય ત્યારે જાણે કેવું બધે રળીઆમણું રળીઆ-મણું લાગે અને મન ઉલ્લાસમા આવી જાય છે ?

સાથીઆને માટે સાધનસામગ્રીમા ચોકખાઇ પહેલી જોઇએ, નહિ તો જે ઘરના આગણામા કચરો પડયો હોય, આગણું સ્વચ્છ ન હોય, તે ઘરમાંથી લક્ષ્મી પગ કરે છે

એમ કહેવાય છે. સ્વચ્છતા તો દિવ્યતા છે અને દિવ્યતામા દેવોનો વાસ છે. નાના છોકરાં ગાય છે કેઃ—

" ચોખ્ખું મારૂં આગણું ચોખ્ખો ઘરનો ચોક,
ચોખ્ખા લુગડા જોઇને, ચોખ્ખું કહે સૌ લોક;
ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખા મારા હાથ;
ચોખ્ખા મારા દીલમા, રહે જગતનો નાથ. "

સાદાઇમા સંસ્કાર લાવનારી, અને રજકણમાથી રત્ન બનાવનારી ગૃહિણીની સરલ રહેણીકરણીમા ડગલે ડગલે કલાના દર્શન થાય છે.

ગરબા.

સ્ત્રીઓની ગૃહ કલાને અંગે સંગીત એટલે શાસ્ત્રીય ઉસ્તાદી સંગીત એમ નહિ. ઉસ્તાદી પદ્ધતિસર સંગીતની તાલીમ મેળવવી એ તો હાલના વખતમાં સામાન્ય રીતે અપવાદ રૂપે ગણી શકાય. છતા સ્ત્રીઓના કંઠમાંની કુદરતી મીઠાશ આવી કેળવણી લીધા વગર પણ ઓછો આનંદ આપતી નથી.

ગરબા, રાસડા, ગરબીઓ અને ધોળ એ સ્ત્રી–સંગીતનો ભાગ છે. એ સ્ત્રીઓનો જ વારસો છે. હિંદુસ્થાનમાં ગરબા ગરબીઓનો ચાલ અને તે ગાવાની પદ્ધતિ ગુજરાત સિવાય બીજે કોઇ સ્થળે જોવામાં આવતી નથી; ગુજરાતી ગરબીના ઢાળ પ્રમાણે મરાઠીમાં કેટલાક ગરબા રચાએલા જોવામાં આવે છે; પરંતુ તે જૂજ પ્રમાણમા. ફરતાં જઇ તાળી પાડતાં જવું ને ગાવું એવા એવા ગરબા તો માત્ર ગુજરાતમાં જ છે.

આ પદ્ધતિ સુંદર અને મનોરંજક છે તોપણ તેમા સહજ ફેરફાર કરવાથી તેની સુંદરતા અને ચિત્તાકર્ષક શક્તિ વધી શકે છે. દરેક ગરબા એક સરખા તાલના હોય છે. એક જ તાળી પાડવાથી અને એક જ ઢબથી ગોળ ફરવાથી એકતાનતા આવી જાય છે અને ઘણો વખત સુધી એ જોવાથી એમાં રસહીનતા લાગે છે. સાખીવાળા ગરબામા સાખી વખતે ફરવાનું તથા તાળી વગાડવાનું કાર્ય બંધ રહે છે, તેથી તેમાં એકતાનતાનો ભંગ થઇ આનંદકારક થાય છે. ગુજરાતી સાહિત્યમા વલ્લભના ગરબા પ્રસિદ્ધ છે. ગરબાથી વિશેષ મીઠી ગરબીઓ છે. દયારામભાઇ, એ ગરબીઓના ખાસ કવિ કહેવાયા છે. સ્ત્રીઓને તે ઘણી પ્રિય છે. સોરઠીઆણી અને હાલારની કોકિલકંઠીના ગરબા વખણાય છે. સોરઠ માટે તો કહેવાય છે કે " સોરઠ મીઠી રાગણી. "

એક જ ઢબની તાળી અને ગોળાકારમા ફરવા કરતા ગરબીના અર્થને અનુસરીને તાળી પાડવી અને ફરવું વધારે ચિત્તાકર્ષક નીવડે છે. એકને બદલે ત્રણ, પાંચ, સાત તાળીઓ જ્યાં યોગ્ય લાગે ત્યા વગાડવાની અને ફરવામા ત્વરિત અથવા મંદ ગતિ અને યોગ્ય સ્થળે વિશ્રામ કરવામા આવે તો કાવ્યની ખુબી વધારે ઝળકી ઉઠે અને આનંદ થાય છે. કાઠીઆવાડી રાસડામાં આ પ્રમાણે ત્રણ તાળીના ગરબા જોવામા આવે છે અને ઝડપથી ફરવાનો રીવાજ છે. ગુજરાતમા માથે લોટા મૂકી અથવા હાથમા દાંડીયા

વઇ વિવિધ હાવભાવ સાથે ગાવાના રાસ પ્રચારમા આવેલા દેખાય છે. હિંદુસ્થાનમાં પ્રાચીન સમયથી જ આ કળા પ્રચારમા હશે એમ રાસેશ્વર શ્રી કૃષ્ણના પૂર્ણિમાના રાસ ઉપરથી આપણે જાણી શકીએ છીએ.

હાલરડાં.

સ્ત્રીઓના સંગીતમા હાલરડા પણ એક સંગીત જ છે. આડાઇ કરતાં છોકરા મધુર સ્વરથી 'હાલોરે હાલો ભાઇને હીચકો ઘણો વાલો' એટલું સાંભળતાં જ શાંત થઇ જઇ સાભળી રહે છે ને ઉંઘમાં આવી જાય છે.

મધુરતા, કોમળતા, સુંદરતા વગેરે ગુણો સ્વભાવથી જ સ્ત્રીઓમાં રહેલા છે, તેનું પોષક અને પ્રકાશક તત્ત્વ સંગીત છે. રસને રેડનારૂં તત્ત્વ સંગીત છે અને તે રસરાજ્યની રાણી–સ્ત્રીઓને પરમ વહાલું છે.

સંગીતની અસર અજબ છે. દીપક રાગ ગવાય છે ત્યારે દીવાના અખંડ અજવાળા પ્રગટી રહે છે એમ કહેવાય છે. મલ્હાર રાગથી વરસાદ પડે છે. કુંવરબાઇને સાસરે "મહેતાજીને ન્હાવાને અર્થે જળ મેલ્યુ કકળતુંરે" ત્યારે "ઉષ્ણોદક ઉનું દેખીને મેહેતે, માગ્યું ટાઢું પાણીરે.' એટલે નાગરી નાતે નરસિંહ મહેતાને કહ્યું "માગ્યા મેહ વરસે મહેતાજી તો અમ પાસે શું માગો રે." એટલે મેહેતે "આલાપ્યો રાગ મલાર" અને વૃષ્ટિ થઇ એ બધી વાત "મામેરૂ" વાચનારને નવી નથી.

સાપ પણ મોરલીના નાદથી નાચે છે ને હરણ સંગીત સાભળતા સ્થંભી જાય છે. નારદજીની વીણાના સૂરથી ભગવાન પણ સ્થિર થઇ જાય છે તો સંગીતના ઘેનથી છોકરૂં ઉંઘી જાય તેમા શું નવાઇ ?

કેટલીક વખત આવા હાલરડા છોકરા કરતા તેની માને સંભળાવવાને માટે પણ ગાય છે; છતાં છોકરૂં તો સંગીત જાણી ઉંઘી જ જાય છે. 'ગલકીના ફુલ છે રાતા, ભાઇના મોસાળીયાંરે માતા' 'માતાં કરીને શુ કર્યું, ભાઇને આગલા ટોપી બહુ કર્યું,' વગેરે.

કલા–પરમેશ્વરનું અનુકરણ.

ઉપર કહી તે બધી લલિત કલાઓ મનુષ્યો ઘડે છે એ ખરૂં; પણ વિશ્વનો સૌથી સારામા સારો કલાધર તો સર્વ શક્તિમાન પ્રભુ છે. ઉગતા અને આથમતા સૂર્ય અને ચંદ્રની શોભા, અંધારી રાતે આકાશમાં દેખાતા કોટિ નક્ષત્રોની અદ્‌ભુત રચના, મહાન સમુદ્રોની અગાધતા, પૃથ્વીના પડમા તેમ જ સપાટી ઉપર વસી રહેલાં જૂદી જૂદી જાત, ભાત, રંગ અને વર્ણના પ્રાણીઓની વિચિત્રતા, મનુષ્યશરીરની અદ્‌ભુત રચના એ બધું રચનાર પ્રભુ જ મ્હોટો કલાવંત છે. આપણે તો એનાં સૌ રમકડા છીએ; અને એક જાદુગરનાં પૂતળાં જેમ સોપેલું અને શિખવાડેલું કામ કરે તેમ આપણે કરનારાં છીએ. આમ કુદરતની સુંદર રચના કરનાર પરમેશ્વર સૌથી મોટો કલાવિધાયક છે, અને મનુષ્ય ઘણું તો ફક્ત એનું કંઇક અનુકરણ કરી સંતોષ માને છે.

૫ સાહિત્યનો વિકાસક્રમ.

(લેખકઃ-રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી.)

"પ્રારંભમાં શબ્દ હતો. શબ્દ ઇશ્વિરની સાથે હતો. શબ્દ તે જ ઇશ્વર હતો. એણે બધી વસ્તુ સરજાવી અને એના વિના સૃષ્ટિ અણુસરજી રહી. જીવન એમાં જ સમાયુ હતું." ઇસુના આદ્ય શિષ્યે આ સૂત્ર ઉચ્ચાર્યા હતા. અને તે સુત્રોનું રહસ્ય ઉચ્ચારનારે ધારેલા અર્થથી પણ વિશેષ ઉંડું છે એમ લાગ્યા વિના રહેતું નથી. કારણ કે પ્રારંભમા પણ શબ્દ હતો ને આજે પણ શબ્દ સર્વવ્યાપી છે. પ્રારંભમા પણ શબ્દે સૃષ્ટિને જીવનની ઓળખ કરાવી, ને આજે પણ એના વિના આચાર કે વિચાર, ભાવ કે ભાવના શક્ય નથી. શબ્દો અંધકારનો વિનાશ કરે છે; સંસાર સાંધે છે ને તોડે છે; હૃદયો ભાંગે છે ને ભેગાં કરે છે; પ્રેમ ને ઉલ્લાસનો સ્વાદ ચખાડે છે. તે વિચારની ગહનતા માપે છે ને આચારની પ્રણાલિકા નક્કી કરે છે. શબ્દજાળે રચેલા કરાર પર વ્યવહારુ જીવન ટકી રહે છે. શબ્દરચનાથી ઘડેલા કાનુનો રાજ્યો રાખી રહે છે ને ઉથલાવે છે. શબ્દરૂપે પ્રગટેલી ભાવના સમગ્ર જીવન પર સત્તા ચલાવે છે, જનતાને જીતે છે, સંસ્કાર જગવે છે અને પ્રગતિ ને મોક્ષ સાધે છે. સેંટ જોન કહે છે તે ખરું છે. જીવન એમા જ સમાયું છે. શબ્દબ્રહ્મ સર્વવ્યાપી છે અને સર્વ સત્તાનું મૂલ છે.

આ શબ્દબ્રહ્મની પૂજા એ મનુષ્યનો આદ્ય ધર્મ છે. પશુમાથી મનુષ્ય થવા મથતા પ્રાણીનો પ્રથમ પ્રયાસ સમજાય એવા નાદસમૂહથી અંતરાત્મા વ્યક્ત કરવાનો હતો. અને જે જુદાજુદા નાદસમૂહમાં વ્યક્ત કરવાની શકિત હતી તેને સમારી, સુધારી, ગોઠવી, તેમાંથી નવા નવા ચમકારા કાઢવામા તેણે હજારો વર્ષો ગાળ્યાં. સંસ્કૃતિની શરુઆતથી જ જંગલી માણસ શબ્દરચના પર ધ્યાન આપે છે; કારણ કે સંસ્કાર શબ્દોમા મઢાય તો જ અમર થાય છે. કલાની ટોચે ચઢેલા ગ્રીકોએ શબ્દવ્યૂહની અપૂર્વતા સાધવામાં જ જીવનનું સાફલ્ય માન્યું હતું. શબ્દની ધારા અખંડ રાખવા હીંદુ સંસ્કૃતિએ વિશુદ્ધ ને ભાવનાશીલ બ્રાહ્મણોનું વર્ણશાસન અમર કર્યું. અને આજના વ્યવહારયુગમા પણ સાહિત્ય દરેક સ્વરૂપે જનતાની ભક્તિ ને બુદ્ધિશાલીની સેવાને પાત્ર થાય છે. અને જ્યાં હોય ત્યા એ બ્રહ્મનો ઉપાસક ને એની પૂજાનો પ્રચાલક સાહિત્યક-વકીલ, ધર્મગુરુ, પંડિત કે કવિરૂપે-અર્ધ્ય પામે છે.

પણ સાહિત્યપૂજાનુ વર્ણન જેટલું સહેલું છે તેટલું જ અઘરું કામ તેનો ઇતિહાસ શોધવાનું અને તેની રૂપરેખા દોરવાનું છે. કોઇપણ મનુષ્યજાતિના ઇતિહાસના મૂલ નંખાયાં તે પહેલાં આ શરુ થઇ ચુક્યો હતો. અને છેલ્લાં દશ હજાર વર્ષનું જે સાહિત્ય હાલ હાથ લાગે છે તે આ ઇતિહાસનાં માત્ર છેલ્લાં પ્રકરણો જ પુરા પાડે છે. આર્યોએ વેદ ઉચ્ચાર્યા કે મીસરવાસીઓએ ચિત્રાક્ષરી (hieroglyphics) લખવા માંડી તે માત્ર આરંભના જ પ્રયત્નો નથી, પણ હજારો વર્ષોના પુરોગામી પ્રયત્નોના સાફલ્યરૂપી સુંદર પરિણામ છે. પણ આપણે સદ્‌ભાગ્યે જનતાના જુદાજુદા વિભાગો સમસંસ્કારી

નથી. પચીસો વર્ષ પર પાણિનિએ વ્યાકરણના નિયમો નિશ્ચલ કર્યા છતા પણ આજે દુનીઆની કેટલીક જંગલી જાતિઓ અસ્પષ્ટ ઉચ્ચારણની આરંભદશામા છે; અને તેવી જુદીજુદી જાતિના સંસ્કૃતિ, ભાષા ને જીવનની સરખામણીથી એ ઇતિહાસના આગલાં કેટલાંક પ્રકરણોની સામગ્રી મળે છે.

જાનવરો પોતાના ભાવો માત્ર અસંબદ્ધ અવાજ કાઢી દર્શાવે છે અને તે દશા પુરી થઇ ત્યારથી શબ્દનો ઇતિહાસ શરુ થએલો લાગે છે. દરેક શબ્દ પાછળ કે પણ વ્યક્ત કરવાનો પ્રયત્ન રહેલો છે અને વ્યક્ત કરવાના સાધન પ્રમાણે એ ઇતિહાસના સીમાચિહ્નો ગોઠવી શકાય. એ પ્રમાણે સાહિત્ય-વિકાસનો ક્રમ પાડી શકાય:—

૧. શબ્દનું ઉચ્ચારણ શરુ થયું ત્યારથી શરુ થયલો વિભાગ.
૨. સંબદ્ધ ભાષાનો વિભાગ.
૩. પદ્યરચના શરુ થઇ તે વિભાગ.
૪. લેખનકલા શરુ થઇ તે વિભાગ.
૫. છાપવાની કલા શરુ થઇ ત્યાર પછીનો વિભાગ.

પ્રાણીઓની માફક અસંબદ્ધ અવાજથી લાગણી દર્શાવવી એ સ્થિતિ અને શબ્દના ઉચ્ચારણથી વસ્તુ કે ક્રિયા દર્શાવવી એ સ્થિતિ વચ્ચે સમય અને સંસ્કારનું ઘણુંજ મોટું અંતર રહ્યું છે અમુક વસ્તુ અમુક જ અવાજે ઓળખાવવી, અમુક ક્રિયા અમુક જ ફેરફારથી સૂચવવી: એ વસ્તુ વચ્ચેનો એક પ્રકારનો સંબંધ એક જ રીતે દેખાડવો; એક વસ્તુની ઉપમા બીજીને આપી તેનાથી થતી અસર દેખાડવી—આ ક્રિયાઓને પેઢીધર કેળવેલા સંસ્કારથી સહેલી કરી, શબ્દના ઉચ્ચારણો સરજાવવામાં મનુષ્યજાતિના કેટલા યુગો ગયા હશે? બાળકને જે શક્તિ થોડા મહીનામા આવે છે તે માટે મનુષ્ય જાતિને શતાબ્દિ-પરંપરા સુધી પ્રયત્ન કરવો પડ્યો છે.

ત્યાર પછી સંબદ્ધ ભાષાનો યુગ આવતા પણ ઘણો સમય થયો હશે. શબ્દ ઉચ્ચારવા એ એક વાત પણ શબ્દોના સમૂહથી વસ્તુ કે ભાવને સ્પષ્ટ કરવા એ બીજી વાત છે. આ બીજા યુગમા વ્યાકરણમા સમાયલા બુદ્ધિના સનાતન નિયમોનું દર્શન થયુ. તેની મદદથી ભાષા જન્મી અને અંતરને વ્યક્ત કરવાના પ્રયત્નો વધારે સરલ થવા લાગ્યા.

આ યુગમા માત્ર વસ્તુના કથનથી માણસે સંતોષ માન્યો નહી. તેણે કલ્પનાની મદદથી વસ્તુ વસ્તુ વચ્ચે સંબંધ ઉપજાવ્યો અને અલંકારને જન્મ આપ્યો. તેણે શબ્દ-રચનાથી વિચાર સ્પષ્ટ કરવા માડયા, વિચારેલા સિદ્ધાંતોને નવા શબ્દમાં જડી માનસિક વિકાસના સીમાચિહ્નો મુકવા માડયા ને કાર્યકારણના સંબંધનો ખ્યાલ તેણે શબ્દરૂપે બહાર પાડવા માંડયો. વર્ણનો શરુ થયા, વાતચીત શરુ થઇ, સ્પષ્ટ વિચાર શરુ થયો. માત્ર કથનથી માણસે સંતોષ ન માન્યો, પણ કથનને અસરકારક બનાવવાનો પ્રયાસ કર્યો. વાણીમા ભાવ આણ્યો અને હાથચાળાને તેને અનુરૂપ બનાવ્યા. અને પરિણામે વાચા માત્ર અંતરને વ્યક્ત કરવાનું એક સાધન ન રહી, પણ સાંભળનાર પર સત્તા ચલાવવાનું શસ્ત્ર બની બેઠી. શબ્દોચ્ચારણે સાહિત્યનુ સ્વરૂપ લેવા માડયુ.

વાચાદ્વારા અસરકારક રીતે ભાવોને પ્રદર્શિત કરવા જતા પદ્યનો જન્મ થયો અને નવો યુગ શરુ થયો. પદ્યની શરુઆત સાહિત્યની પ્રગતિમા અગત્યનું ડગલું છે. પદ્ય થતાં ભાષા વધારે અસરકારક અને સુંદર બની: એક નીરાળી ને પ્રતાપી પ્રવૃત્તિ તરીકે સાહિત્યને મનુષ્યજીવનમાં સ્થાન મળ્યું; અને વાચાદેવીના ઉપાસક તરીકે સાહિત્યકની કીંમત વધવા લાગી. ભાવ ને કલ્પનાની પાંખે ચઢી પદ્યે અણદીઠી સૃષ્ટિઓ જોવા ને જોવડાવવા માંડી. પદ્યની ધુનમા ભાવના ઉંચે ને ઉંચે ચઢવા લાગી અને એ પદ્યનો રચનાર મનુષ્ય મટી દૈવી મંત્રદ્રષ્ટા લેખાવા લાગ્યો.

મનુષ્યની બધી જાતિઓમા આર્યોએ આ યુગ સહુથી પહેલા આરંભ્યો હોય એમ લાગે છે. જ્યારે બીજી જાતિઓ શબ્દોચ્ચારણની દશામા હતી ત્યારે આર્ય મંત્રદ્રષ્ટાઓએ ઉત્કૃષ્ટ ભાવ અને અદ્દ્ભુત ભાવનાઓને ગૌરવશીલ અને સુંદર પદ્યમા અમર કરી. સંસ્કૃતિના આદ્દ યુગથી જ શબ્દબ્રહ્મની સેવા આર્યત્વનું અંગ બની ગઇ; અને આર્યસમાજમા એ બ્રહ્મના ઉપાસકની પદવી, બારોટ, રાજ્યકવિ કે પ્રશંસકની નહીં પણ બધી પદવીથી નીરાળી ને શ્રેષ્ઠ એવી મહર્ષિની થઇ આ પદવીધર મનુષ્ય મટી દેવોનો મિત્ર થઇ રહ્યો. "**विदुष्टे तस्य मेधिरा:**"[૧] મંત્રદ્રષ્ટા મધુચ્છંદાનો પુત્ર જેતા ઇંદ્રને કહે છે. અને આવા 'મેધિરા' વિશ્વામિત્રો ને વસિષ્ઠોને રાજાઓના ગુરુ, સંસ્કૃતિઓના સ્થાપક અને ભાવિના વિધાતાઓનાં પદ મળ્યા. અને જ્યા જ્યા આર્યત્વ પ્રસર્યું છે ત્યાં ત્યાં સાહિત્ય ને સાહિત્યકનું સ્થાન સર્વોત્તમ અને અસ્પર્શ્ય બની રહ્યું છે. અને આજે આર્યજીવનના અધિષ્ઠાતાપદે વિશ્વામિત્ર, વ્યાસ, વાલ્મીકિ અને પાણિનિ, હોમર, કાલિદાસ ને ડેમોસ્થનીસ; શેકસ્પીઅર અને ગીટી જેવા શબ્દબ્રહ્મની સિદ્ધિ પામેલા મંત્રદ્રષ્ટા, 'Sayers'–કથનકાર– ભોગવે છે.

પદ્યયુગ પછીના યુગની શરુઆત અનાર્યોએ કરી એ તો સ્પષ્ટ વાત છે. પરાધીનતા તરફ દ્વેષથી જોનાર આર્યોએ તો સાહિત્યને સ્મરણશક્તિ દ્વારાજ અમર કર્યું, પણ લેખનકલાની શોધ સેમીટીક જાતિએ કરી અને અક્ષરાવલિ શોધવાનો યશ ફીનીશ્યનોને અપાય છે. એસીરીઆના અસલ વતની સુમેરીઅનો કે ફીનીશ્યનો અને આર્યો વચ્ચે ગમે તે સંબંધ હોય, પણ આર્યો જ્યારે વરુણના યશોગાન જ્વલંત પદ્યમાં ગાતા અને પર્ણકુટિમાં રહી સાદું ને સરલ જીવન ગાળતા, ત્યારે સેમીટીક અનાર્યો ગગનભેદી પ્રાસાદો બાંધતા, સુંદર શિલ્પકામ કરતા અને ચિત્ર–અક્ષરોથી નજીવા સાહિત્યને ચિરસ્થાયી વસ્તુઓ પર કોતરી અમર કરતા. આથી આર્ય અને સેમીટીક દૃષ્ટિબિંદુ વચ્ચેનો વિરોધ સ્પષ્ટ થાય છે. આર્ય શબ્દથી આત્માને વ્યક્ત કરતો, સેમીટીક સ્થાપત્ય, કોતરકામ ને ચિત્રથી આત્માને વ્યક્ત કરતો. સેમીટીકે ચિત્રદ્વારા આત્મા વ્યક્ત કરવા જતાં ભાષાનું સ્થાન ચિત્રને આપ્યું અને ચિત્ર–અક્ષરોનો જન્મ થયો.

જેમ શબ્દ ઉચ્ચારણની દશા પ્રાપ્ત કરવા જતા સાહિત્યનો જન્મ થયો તેમ લેખનકલા શોધવા જતાં સાહિત્યની વૃત્તિ સુદૃઢ અને સતેજ થઇ. પહેલા એક સામાન્ય વસ્તુ દર્શા-

---

૧ "તને કવિઓ પીછાણે છે" ઋગ્વેદ મ ૧ અ ૩ સ ૧૧.

વવા કોઇએ તેનું ચિત્ર દોર્યું, પછી કાલ્પનિક વસ્તુઓ અને ક્રિયા રૂઢ ચિત્રથી દર્શાવાઇ. પછી વસ્તુનું નામ જે વ્યંજનથી શરુ થાય તે વ્યંજનના ઉચ્ચારણ માટે તે વસ્તુ વપરાતી ગઇ. આમ ધીમે ધીમે ચિત્ર-અક્ષરી પેદા થઇ. મીસરવાસીઓની ચિત્ર-અક્ષરી એ લેખન-પદ્ધતિ સ્થાપવાનો પ્રથમ પ્રયાસ નહોતો, પણ હજારો વર્ષના વિકાસથી રચાયલી લેખનકલાના પરિપાકરૂપ તે હતી.

પછી ચિત્રના ચિહ્ન થઇ ગયા અને ચિહ્ન ઉચ્ચારણ દર્શાવવા વપરાવા માંડ્યા. ગ્રીક કલ્પનાસૃષ્ટિના પ્રોમેથીઅસ સમા કોઇ મહાન્ શોધકે ' સરસ્વતી દેવીના બ્રહ્માસ્ત્ર તે સૃષ્ટિભરના સ્મરણચિહ્ન '[1] સમા સ્વર અને વ્યંજન શોધ્યા અને આખી અક્ષરાવલિની પદ્ધતિ હાથ લાગી. સાહિત્ય માત્ર ઉચ્ચારાતું મટી ગયું, લખાતું પણ થયું. વ્યક્ત કરવાની બે પદ્ધતિ એક થઇ ગઇ. પરિણામે સાહિત્ય ચિરસ્થાયી બન્યું, વધારે અસરકારક બન્યું અને તેમા સૌંદર્ય સીંચવાનો પ્રયોગ વધારે સફલ થયો. સરસ સાહિત્ય ચિરંજીવી થવાથી આદર્શ વધ્યો અને વધેલો આદર્શ ઝપાટાબંધ સંસ્કારને વિકસાવવા અને વિચારને ઉત્તેજવા લાગ્યો.

શોફનહોર[2] લેખકના બે વિભાગ પાડે છે; વસ્તુ માટે લખે તે અને લખવા માટે લખે તે. ખરું જોતાં, લેખનકલા શરુ થતા સાહિત્યકોના બે પ્રકાર થયા, એક પોતે શું ધારે છે કે કેવે સ્વરૂપે વસ્તુ જુએ છે તે કહેનાર, અને બીજો પુરોગામી સાહિત્યકો કહી ગયા છે તે વડે વસ્તુ જોનાર ને કહેનાર. જેમ પદ્યયુગમાં મંત્રદ્રષ્ટા-સાહિત્ય ઉચ્ચારનાર-નો વર્ગ થયો તેમ લેખનપદ્ધતિએ પંડિતવર્ગ પેદા કર્યો. પંડિતની પ્રેરણા પુસ્તકો છે; તેની શક્તિ પુસ્તકોદ્વારા મેળવેલી છે; તેની મહત્તા પુસ્તકો રચવાની શક્તિમાં છે. મંત્રદ્રષ્ટા આત્મામા ડુબકી મારે છે. પ્રકૃતિને તીક્ષ્ણ દૃષ્ટિએ નીરખે છે અને એ બે ક્રિયાઓથી નીપજેલો અનુભવ વ્યક્ત કરે છે પંડિત બીજાએ રચેલા સાહિત્યમા મચ્યો રહે છે. તેની દૃષ્ટિ જ્ઞાનનું પ્રદર્શન જોઇજ રાચે છે, અને આ પ્રકારની મહેનતથી કરેલા જ્ઞાનસંચયને વ્યક્ત કરવા તે મથે છે. દ્રષ્ટાને નિયમ માત્ર પોતાનાજ ને પોતાની રસદૃષ્ટિના: પંડિતના નિયમો ભેગા કરેલા જ્ઞાનમાથી નીતરતા સિદ્ધાંતો. જેમ જ્ઞાનનો સંચય થતો ગયો તેમ વિદ્વત્તાના આદર્શો પ્રગટ્યા અને દ્રષ્ટાએ વિદ્વત્તાને એક માત્ર સાધનરૂપ બનાવી, પંડિતે તેને પ્રયત્નનું મૂલ ને લક્ષ્ય બંને લેખ્યાં. જેમ સાગરમા દેખાતા પર્વતશૃંગનું પ્રતિબિંબ ખરા પર્વતથી પણ સરસ ને મનોહર હોય છે તેમ દ્રષ્ટાના કથનમા માત્ર કરેલી વસ્તુ સરસ નથી હોતી, પણ કહેનારનું વ્યક્તિત્વ ને દૃષ્ટિ-બિંદુ વધારે સરસ હોય છે. આથી દ્રષ્ટાના કથનમા માનવતા વધારે દેખાય છે અને તેથી તે ચિરંજીવ થાય છે પંડિતના કથનમા માનવતા કરતા મહેનત વધારે હોય છે અને તે મહેનતની મદદથી થનાર પંડિત વધારે સમૃદ્ધિના ભાર નીચે પડેલાનું કથન દાબી નાખે છે. આ મૂલ ભેદે સાહિત્યના વિકાસના દરેક યુગમા જુદા જુદા તરંગો ઉપજાવ્યા છે.

લેખનકલાના વિકાસથી સાહિત્યના ભંડારીઓ પંડિતો થયા. લખવું એ અઘરું કામ હતું અને લખેલા પુસ્તકો ભેગા કરવા એ તેથીએ અઘરૂં હતું; એટલે સાહિત્યનું જ્ઞાન દુષ્પ્રાપ્ય

૧ પ્રોમેથીઅસઞ બાઉંડ: એસ્કાયલીસ (Prometheus Bound-Aeschyles.)

૨ 'લેખકવૃત્તિ' શોફનહોર (Authorship-Schopenhaur).

હતું. થોડાકજ પંડિતો થઇ શકતા. થોડાકજ પંડિતાઇનો પાઠ શીખવી શકતા અને થોડાકજ પંડિતાઇની પરીક્ષા કરી શકતા, પંડિત વિદ્વત્તા મેળવતો, સાહિત્યના આદર્શો શોધવાનો પ્રયત્ન કરતો, સાહિત્યની પ્રણાલિકાઓ સરજાવતો અને પંડિતોના અભિપ્રાય પ્રમાણે પોતાનું દષ્ટિબિંદુ બદલતો. હીંદમાં લેખનકલાએ સ્મરણશક્તિનું સ્થાન કયા સુધી લીધુજ નહીં; અને પંડિતાઇનો આધાર ખાસ કેળવેલી સ્મરણશકિત પર રહ્યા કર્યો,

આ લેખનયુગમાં સાહિત્યનું ક્ષેત્ર ઘણુંજ સંકુચિત છતા ઘણુજ નિર્મલ રહ્યું. સાહિત્યની ભાવના થોડાક સાહિત્યકોએ વિશુદ્ધ કરી ને શિષ્ટ સાહિત્યની અને સાહિત્યના ક્ષેત્રની સીમા નક્કી કરી. આલમ આજે અપૂર્વ શિષ્ટતાના સાધક તરીકે જે સાહિત્યકોને પૂજે છે એ પૂજા પણ આ યુગમા શરૂ થઇ.

પંદરમી સદીમા નવા યુગમાં બીજ રોપાયા. ગટનબર્ગે જર્મનીમાં, કોસ્ટરે હોલાંડમા અને કેક્ષ્ટને ઇંગ્લાંડમા છાપવાની કલા સરલ કરી. તે સમયમાં કાગળ બનાવવાનું પણ સહેલ થઇ ગયું. જે પંડિતોનો ઇજારો હતો તે સમસ્ત લોકની મીલકત બની. સાહિત્યમાં લોકશાસન સ્થપાયું અને સાહિત્યનો આસ્વાદ લેવાનો અધિકાર આખી જનતાએ પ્રાપ્ત કર્યો. પંડિતોની સંખ્યા વધી ખરી પણ પરીક્ષકોની સંખ્યા અગણિત થઇ ગઇ. દ્રષ્ટાઓને શુષ્ક જ્ઞાન મેળવી પંડિતોની કસોટીએ ચઢવાની જરૂર ન રહી. સાહિત્યકને પંડિતની લેખિનીની પરવા વગર ચિરંજીવી બની, ભવિષ્યની પ્રજાના સ્વીકાર માટે '**कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी**' એ માન્યતા આદરવાનું સરલ થઇ પડયું. કૃત્રિમ પંડિતાઇ વિના હૃદયને વ્યકત કરવાનો અધિકાર મનુષ્યમાત્રને પ્રાપ્ત થયો અને સાહિત્યના આદર્શોમાં સ્વાભાવિકતા અને વૈવિધ્ય આવ્યાં.

યુરોપમા છાપવાની કલા જેમ વધતી ગઇ તેમ સાહિત્ય ને સાહિત્યક બંનેમા ફેરફાર થયો. મનુષ્યના મને સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. મનુષ્યના આચરણને સ્વતંત્ર કરવાના પ્રયાસો શરુ થયા. ધાર્મિક સ્વાતંત્ર્ય માટે યુદ્ધ શરુ થયુ અને ભૂતકાલના સાહિત્યની ભાવનાઓ જીવનનો પુનરુદ્ધાર કરવા મંડી ગઇ. લ્યુથર, ડાંટે ને શેકસપીઅરમા છુટાછવાયાં મૂર્તિમાન્ થયેલા બલો આખરે આ સાહિત્યયુગના પયગંબર રુસોમા એકઠા મળ્યાં. એણે રાજકીય સત્તા સામે બળવો કર્યો; સ્વાતંત્ર્યના સિદ્ધાંતો શીખવ્યા ને ફ્રેંચ ઉત્ક્રાંતિની આગ ચેતાવી. એણે અર્વાચીન યુગના શ્રેષ્ઠ સાહિત્ય સ્વરૂપ નવલકથાને વિકસાવી. એણે આત્માના સર્વ-દેશીય ઉચ્ચારણોને સાહિત્યમા મઢાવવાનો હક સિદ્ધ કર્યો. પંડિતો ગુંચવાયા અને તેમને ભુવનત્રય ત્રુટતા લાગ્યાં. પુરાણી માનવસૃષ્ટિ પર તાડવ કરતા રુસોએ નવસૃષ્ટિ સરજાવી કહીએ તો ચાલે. એના આત્મકથનો ને નવલકથાઓ સાહિત્યની આ સૃષ્ટિના આદર્શો થઇ રહ્યા. અને સાહિત્યકો—બાયરન, શેલી, ગીટી, હ્યુગો, ઇબ્સન, ફ્રાસ અને કલાપીઓ–આ સૃષ્ટિની રચના સંપૂર્ણ કરવા મથી રહ્યા. સાહિત્યના સામ્રાજ્યની સીમા ફરીથી નક્કી થઇ. સાહિત્ય એટલે સમસ્ત જીવનનાં અંગોના દરેક સ્વરૂપનું કથન–એમ સ્વીકારાયું, અને સાહિત્યકોને જીવનમાં બધાં તત્ત્વો ભેળવવાનો અને કલાનું દરેક સ્વરૂપ સરજાવવાનો પરવાનો મળ્યો. પરિણામે લેખનયુગે નિર્ણિત કરેલી શિષ્ટતાનું ધોરણ અદૃષ્ટ થઇ ગયું. જીવન અને સાહિત્ય સમવિસ્તારી થયા.

આ પ્રમાણે સાહિત્યના આદર્શો અને પ્રગતિ જુદાજુદા યુગ પ્રમાણે બદલાતા આવ્યા છે.

વલ્લભ ફાંકડો.

(લેખક-રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.)

"યુધિષ્ઠિર કહે ભાઇ ....
"તોય કરવી ન નિન્દા, ધૂળ હોય ધાણીમાં"
(કુન્તીપ્રસન્નાખ્યાન.)

બુદ્ધધર્મના પ્રચારની શરૂઆતમા મહાત્મા બુદ્ધને એના શિષ્ય આનન્દે પૂછ્યુ કે સ્ત્રીઓ પ્રતિ મારે કેવી રીતે વર્તવું. તેના ઉત્તરમા બુદ્ધે કહ્યું:

"તેના તરફ જોવું સુદ્ધા નહિ; જો જોવું, એ જરૂરનુ હોય, તો તેની સાથે બોલવું નહિ; જો બોલવું, એ જરૂરનું હોય, તો બહુ જ સાવધાન રહેવુ."

કંઇક આવી જ દશા આપણી બધાની આપણી ગુર્જરી સરસ્વતીના પ્રતિ થઇ પડી છે. આપણી આધુનિક કેળવણી આપણને કીટ્સ ને શેલી, ને બાયરન ને વર્ડ્ઝવર્થ વગેરેનું નિરીક્ષણ, નિરીક્ષણ માત્ર શુ પણ ધ્યાન ને સમ્યગ્ધ્યાન ને નિદિધ્યાસન કરવાની ફરજ પાડે છે, અને તે ઇચ્છવાજોગ છે; છતા નરસિંહ ને મીરાબાઇ, કે અખો ને પ્રેમાનંદ, કે વલ્લભ ને સામળ તરફ જોવું સુદ્ધા નહિ, એમ ફરજ પાડે છે, અને તે બિલકુલ ઇચ્છવાજોગ નથી. છેક બી. એ. ને એમ. એ. નો અભ્યાસ કરવાનો વખત આવે ત્યારે તેના અભ્યાસક્રમના મન્દિરની બાજુમાની એકાદ નાની જાળીમાથી વિદ્યાર્થી પોતાની ભાષાનું ને તેના સાહિત્યનું સહેજસાજ **દર્શન** કરી શકે. અને ખરે તે માત્ર **દર્શન** જ હોઇ શકે છે. "જો જોવું, એ જરૂરનુ હોય, તો તેની સાથે બોલવુ નહિ, જો બોલવું, એ જરૂરનું હોય, તો બહુ જ સાવધાન રહેવું." યુનિવર્સિટિના અભ્યાસક્રમોની યોજના દેશી ભાષાઓ તરફ આપણે ત્યાં બરાબર આવી જ ફરજ પાડે છે. જેઓ ખાસ એ વિષયના વિદ્યાર્થીઓ હોય છે તેમને પણ શિક્ષણક્રમ આમ 'અ-દેખા' ને અબોલા ને 'સાવધાના' પળાવે છે, તો બીજાઓનું તો પૂછવું જ શુ? તેમને તો પૂરેપૂરા 'નિરવધાના' પાળવા પડયા હોય છે.

આવી સ્થિતિમા ગુજરાતમા સ્વ. ગોવર્ધનરામ ને સ્વ. મનસુખરામ, પ્રો. આનંદશંકર ને રા. બા. કેશવલાલભાઇ, રા. બા. રમણભાઇ ને રા નરસિંહરાવ, રા નાનાલાલ ને રા. ખબરદાર, રા. કૃષ્ણલાલ ઝવેરી ને પ્રો. ઠાકોર, રા. કનૈયાલાલ મુનશી ને રા. મોહનલાલ દવે, રા. ચંદ્રશંકર ને રા. વિભાકર જેવા સાહિત્યશોખીનો ને સાહિત્યસેવકો ઉદ્ભવી શકયા એ ખરેખર ઘણું આનંદપ્રદ ને આશા ઉત્પન્ન કરનારૂં છે, એ એમની કેળવણીની વ્યવસ્થાને જેટલું શરમાવનારૂં છે, તેટલુ વા તેથી ઘણું વધારે આપણા સાહિત્યવિલાસીઓનાં હૃદયને ગર્વથી ફુલાવનારૂં છે

અંગ્રેજી કેળવણીને પ્રતાપે જેમ અન્ય ઘણી દેશી વસ્તુઓ તરફ તેમ આપણા સાહિત્ય ને આપણી ભાષા તરફ પણ આપણે ચમત્કાર કરતા શીખ્યા હોઇએ છીએ. મિત્ર મિત્રની

જોડે વાત કરશે તેમા, કે ભાઇ બહેનની જોડે વાત કરશે તેમા, કે પુત્ર પિતાની સાથે વાત કરશે તેમાં, કે પતિ પત્ની તરફ વાત કરશે તેમા આપણે ત્યાં શુદ્ધ દેશી ભાષાનો ઉપયોગ હાલ કેટલો બધો થોડો જોવામાં આવશે ? એક વાકયમાં બે શબ્દ અંગ્રેજી નહિ ઘુસે તો નસીબ; અરે, શબ્દ તો શું પણ અન્વય પણ અડધો અંગ્રેજી નહિ હોય તો નસીબ! આ શોચનીય છે, આ અક્ષંતવ્ય છે, આ અનાડી છે; જો કે આ ટીકા વખતે મારે પોતાને પણ માથું નીચું કરવું પડે છે, કારણ મને પોતાને પણ ખેદ સાથે ભાન થાય છે કે હું જાતે આવું ઘણી વાર કરૂં છું. ભાષાના જ્ઞાનની દુર્દશા છે તેથી પણ વધારે દુર્દશા સાહિત્યના જ્ઞાનની છે. સાહિત્યપ્રેમ તો આપણો ખીલતો જ નથી. આમ તેમ થોડા ઘણાં માસિકોમાં સહેજ સાજ ડોકીઆં કર્યાં ને ભાષાની અનેક ભૂલો ને છાપની અનેક અશુદ્ધિઓ સાથે મળતી એકાદબે વાતો કે ચર્ચાનાં ચૂંથણાં જોયા કે આપણામાંના ઘણા ભાવી લેખકો કટિબદ્ધ થઇ જાય છે, ને સાહી ને કાગળનો છૂટથી ઉપયોગ વા દુરુપયોગ કરે છે. આ પણ શોચનીય છે, અક્ષંતવ્ય છે, અનાડી છે; અને આમ કહેતી વખતે મને સહર્ષ ગર્વ થાય છે કે આવી લાલસામાં લપટાતાં હજી સુધી હું દૂર રહ્યો છું.

સારૂં નઠારૂં, ઉત્તમ અધમ, જેવું હોય તેવું આપણું પોતાનુ સાહિત્ય આપણે બને તેટલું જોવું જોઇએ. તે આપણી પ્રથમ ફરજ છે. આપણી સાહિત્યવાડી ખિલવનારા અનેક માળીઓમાના એકનું ઓળખાણ તાજું કરાવવું, એ આજનો મારો વિષય છે; અને આ પ્રયત્નથી જો વલ્લભનાં અથવા બીજા આપણા આગલા કવિઓનાં કાવ્યો ને આખ્યાનો જોવા તરફ કેટલાકનું મન દોરવાશે તો હું તેને સફળ થયો ગણીશ

વલ્લભ, જે જાતે જેવો હતો તેવો ' ફ્રકડ, ' એ વિશેષણ વડે પોતાને વિશેષ્ય બનાવે છે. તે પ્રેમાનંદનો જયેષ્ઠ પુત્ર હતો. એની માતાનું નામ હરકોર હતું, ને પ્રેમાનંદનું ને એનું—વડોદરાની મહંમદવાડી—એનું નિવાસસ્થાન હતું. ઇ. સ. ૧૬૪૦ પૂર્વે એકાદ બે વર્ષ પહેલાં એ જન્મ્યો હોવો જોઇએ.

પ્રેમાનંદને માધવ નામે ગૃહસ્થની મૈત્રી ને તેનો આશ્રય હતા. વલ્લભે પોતાના કવિમંદિરનું પ્રથમ સોપાન માધવકાવ્ય નામે કાવ્ય રચી, પોતાના પિતાના મિત્ર ને પોતાના સ્વાભાવિક રીતે જ મમતા ને સ્નેહ દર્શાવનાર સદ્‌ગૃહસ્થની પ્રશંસા કરી. પ્રેમાનંદને વલ્લભના આભારપણા માટે તિરસ્કાર ઉત્પન્ન થયો, ને વલ્લભને મોંએ એના કાવ્યને એણે વખોડી કાઢ્યું. પ્રેમાનંદે પુત્રને શિખામણ દીધી કે કોઇનું પણ ગુણગાન કરવું નહિ. વલ્લભે ખિજવાટમા આવી માધવકાવ્યનો નાશ કર્યો, અને પિતાની શિખામણ ભવિષ્યમાં હદપાર અમલમાં મૂકી, એટલે સુધી કે પોતાના પિતા સિવાય બીજા કોઇને એ સારા કવિ તરીકે જોઇ શકયો નહિ. " કુંતીપ્રસન્નાખ્યાન " માં વલ્લભ ચંદ જેવા તેજદાર ને વિખ્યાત કવિને મંદ ગણી પ્રેમાનંદને ઉત્તમતા અર્પે છે. વલ્લભ કહે છે:—

" ચંદે છંદબદ્ધ રચ્યો, રાસ આશ આણી ઉર,
" પ્રેમાનંદ આગે મંદ, ગતિ તેની લેખિયે.

અર્થાત્, ચંદે મનમા અનેક આશાઓ આણી છંદબદ્ધ રાસો રચ્યો, પણ પ્રેમાનંદ આગળ તે મંદ પડે છે.

"ભારત સમુ પ્રમાણ, રાસાના તમાસા ભાળો,
"કર્યાં ભારત એ ત્રણ, આરત ઉવેખિયે.

એ ચંદના રાસાના તમાસા તો ભાળો. તેનું પ્રમાણ, અર્થાત્ માપ ભારત જેટલું છે, જ્યારે પ્રેમાનંદે તો એ ત્રણ ભારત જેટલું લખ્યું છે. તેથી ચંદની આરતને, અર્થાત્ ઇચ્છાને, કીર્તિની આશાને ઉવેખીએ છીએ, હસી કાઢીએ છીએ.

"પૃથ્વીશ પ્રશંસા કથી, માન શેનું મોઘું તેમા ?
"પ્રેમાનંદની કવિતા, સવિતાશી પેખિયે.
"બ્રાહ્મણથી ભાટ થયા, વંશજ વિધિના આ તો,
"કવીશ્વરના પિતાથી, ચંદ મંદ દેખિયે.

ચંદે તો રાજાની સ્તુતિ કરી પોતાની કવિતાને મલિન બનાવી, પ્રેમાનંદે તેમ થવા દીધું નથી. પ્રેમાનંદ તો બ્રાહ્મણ, ને ચંદ તો ભાટ, બ્રાહ્મણ વિધિમાથી-બ્રહ્મામાથી ઉત્પન્ન થયા, ને ભાટ તો બ્રાહ્મણમાંથી, એટલે ભાટ ઊતરતા, ને કવીશ્વરના પિતાથી, મારા પોતાના પિતાથી ચંદને મંદ દેખું છું; અર્થાત્ પ્રેમાનંદ કરતા ચંદને હું ઊતરતો ગણું છું.

"બિચારો બરદિયો, જે દેવીભક્ત દુનિયા કે',
"ભોગ આપે અજા કેરો, ડરે શારદૂલથી.
"મદિરામા મસ્ત બન્યા, જો જો ચંદજી ચતુર,
"લાછન લગાડી લઇ, રીઝયા રક્ત ફૂલથી;
"આડ કરી અદો કહ્યું, દેવીએ સંકટ દહ્યું,
"પ્રસન્ન થૈ પૂરેપૂરી, વેધી અંગશળથી;
"પત રાખી બા'ના કેરી, બર્દિયો ત્યારે બનાવ્યો,
"ભારતીના ભક્તને તે, મળે ક્રિયા મૂળથી !

ચંદે દેવીની આરાધના કરી, હીજડાની માફક 'અદો ભવાની' કહ્યું ને અંગને શૂળથી વીંધ્યુ ત્યારે દેવી પ્રસન્ન થઇ, ને એને દેવીએ બર્દિયો ('ચંદ બરદાઇ',) અર્થાત્ ભાટ (વક્રોક્તિથી બળદીઓ) બનાવ્યો. આવો જે ચંદ તે પ્રેમાનંદ જેવા સરસ્વતીના ઉપાસકની સાથે ક્યાથી બરાબરી કરી શકે ?

જેટલી વલ્લભની નિષ્કારણ તિરસ્કારબુદ્ધિ, શા માટે નિષ્કારણ ? ઇર્ષ્યાજનિત તિરસ્કાર વૃત્તિથી આપણને કંટાળો ઉત્પન્ન થાય છે, તેટલી એની ટોળ કરવાની શક્તિને માટે અજાયબ દૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ટોળ કરવામા તો આપણે જાણીએ છીએ કે સાક્ષરશ્રી નરસિંહરાવભાઇ ઘણી અજબ શક્તિ ધરાવે છે. પણ જો વલ્લભ ને નરસિંહરાવભાઇની આ શક્તિની તુલના કરી હોય, તો મને લાગે છે વલ્લભ આબાદ ચઢી જાય.

પ્રેમાનંદ ને સામળ સમકાલીન હતા. બંને કવિ, ને બંને સારા કવિ. કોણ જાણે કેમ પણ વિદ્વાનોમા ઇર્ષ્યાનો દોષ પ્રબળ હોય છે. આ સંસારને જેઓ માયારૂપ કહે છે

ને બુદ્ધિથી સમજે છે, તેઓ બધા જ કંઇ હૃદયથી તેમ સ્વીકારતા નથી. સામાન્ય માણસો કરતાં ભણેલાઓ, પ્રાકૃત કરતા શિષ્ટ જનો કેટલીક વાર સામાન્ય દોષના ભોગ વધારે થઇ પડે છે, ને તેમનું નૈતિક સ્ખલન જેમ ભયંકર વધુ તેમ રસિક પણ વધુ હોય છે; ભયંકરતા ને રસિકતાને કંઇ ખાસ વિરોધ હોતો નથી. વિદ્વાનોમાં બુદ્ધિને ને નીતિને વેર હોય છે તેના કરતાં પણ ઘણું વધારે વેર કેટલીક વાર કવિઓમા હોય છે. કેટલાક કવિઓમાં ઈર્ષ્યા વધારે હોય છે, કેટલાકમાં ક્રોધ વધારે હોય છે, કેટલાકમા નિરંકુશપણું, સામાજિક કે ધાર્મિક ઘણું વધારે હોય છે, અને તેનો પ્રાદુર્ભાવ જ્યા રસિક રીતે કવિતાની બાનીમા ઝાગ્યો હોય, ત્યાં પછી પૂછવું જ શું? લઢનારા લઢી મરે, જોનારને તો આનંદ જ મળે. તેટલા જ માટે હાલના સાહિત્યમા પણ ચર્ચાઓ ને આક્ષેપો, ને વાદવિવાદ ને વિતંડાવાદ સૌ કોઇને વિશેષ મઝા આપે છે. "સાહિત્ય" ને આખું વાંચી જવાની જેમને નવરાશ નહિ હોય કે રસ નહિ હોય, તેવાઓ પણ બે ઘડી "ચર્ચાપત્રો" પર તો નજર ફેરવી જ જશે. મનુષ્ય ટીકાખોર વૃત્તિ સબળ પ્રમાણમા ધરાવે છે; ને ટીકા કરવી ને ટીકા જાણવી એમાં તેને અનહદ આનંદ મળે છે. જ્યા ભાષા હાથમાં હોય ત્યા ટીકા કરવાનું કામ જેમ સરળ તેમ જ આનંદપ્રદ હોય છે. આવું કામ વલ્લભે છૂટથી કર્યું હતું. પ્રેમાનંદમતે પુરાતન કથા પર કવિતા કરવી એ ઇષ્ટ હતું, ને સામળમતે કલ્પિત કથાઓ રચી કવિતા કરવી એ ઇષ્ટ હતું. એ બે વચ્ચે આ તકરારનો વિષય હતો. તેમા વલ્લભે પ્રેમાનંદના બચાવ માટે ઘણું લખ્યું છે. સામળ પર ટીકા કરતા વલ્લભ અંગત હુમલાનો પણ ઉપયોગ ચૂકતો નથી; સામળનો પુત્ર બાડો હતો, તે સંબંધમા વલ્લભ કહે છે કે પ્રેમાનંદનો બચાવ કરનારા હું પોતે ને જીવણરામ, એ બે સપુત છીએ, તો તેને તું, સામળ તે શું જીતી શકશે? તારો પુત્ર તો બાડો છે.

વળી, વીરજીની પણ એવી જ અંગત ટીકા વલ્લભ નિડરપણે કરે છે પ્રેમાનંદે પોતાના શિષ્ય વીરજીને સામળ જેવી કવિતા કરવાનું કામ સોપ્યું હતું. વીરજીએ 'સુરેખાહરણ' લખી એવો પ્રયત્ન કર્યો. પરંતુ 'સુરેખાહરણ' સામળની પદ્માવતીની વાર્તાની કવિતાની બરાબરી કરી શક્યું નહિ. તેનું ટીખળ કરતા વલ્લભ કહે છે કે તું તો વીર–જી, એટલે કે સ્ત્રી; એવા સ્રૈણ માણસથી સામળની બરાબરી કમાથી થાય? બરાબરી તો મારા જેવાથી થાય. એમ કહી એણે સામળની 'અંગદવિષ્ટિ' થી ચઢી જાય એવું 'કૃષ્ણ વિષ્ટિ' બનાવ્યું.

'કૃષ્ણ વિષ્ટિ' થી પ્રેમાનંદ પ્રસન્ન થયા. આ કાવ્ય વલ્લભે હિંદી કાવ્યોને ટક્કર મારે એવું ઉત્તમ બનાવ્યું હતું, ને પોતાના શિષ્યોમા વલ્લભ પોતાને ખુશ કરે એવો નીવડયો તે પરથી પ્રેમાનંદે તેને કહ્યું કે હું આ કાવ્યથી ઘણો પ્રસન્ન થયો છુ, તું જે માગે તે હું તને આપું. વલ્લભે માગણી કરી કે તમારી પ્રતિજ્ઞા હવે સિદ્ધ થઇ ને આજથી હવે પાઘડી તમે પહેરતા થાઓ. પ્રેમાનંદે પાઘડી પહેરી, પણ પાછળથી પોતાની ભાષા ખેડવા સંબંધી પ્રતિજ્ઞા પરિપૂર્ણ રીતે સિદ્ધ હજી થઇ નથી એમ વિચારતાં, પાઘડી પહેરવાનું પાછું બંધ કર્યું. પ્રેમાનંદની પાઘડીની પ્રતિજ્ઞા કાવ્યક્ષેત્રમાં વીરત્વનું સ્થાન પ્રેમાનંદને અપાવે છે. કાર્લાઇલ કહે છે કે અભિનિવેશ, એ વીરત્વનું લક્ષણ છે. પ્રેમાનંદની પ્રતિજ્ઞા

એ પ્રેમાનંદના અભિનિવેશનું ફળ હતું. એ અભિનિવેશ, એ પ્રતિજ્ઞા, જેમ પ્રેમાનંદ પ્રતિ આપણામા વીરપૂજાની વૃત્તિનું ઉદ્દીપન કરે છે, તેમ વલ્લભ ધ્રાંકડાની આ ઉપર દર્શાવ્યા મુજબની ફાકડાઈ પણ આનંદ સાથે એક જાતનું ઉચ્ચ માન ઉત્પન્ન કરે છે. " સામળની બરાબરી ? બસ ન શું થાય ? તારા જેવા બાયલાથી ન થાય, જીથી ન થાય (વિરજી) કરી બતાવું ત્યારેજ હું ખરો. " ખરેખર ' ધ્રુકડ ' ખરેખર ફાકડો કવિ.

વલ્લભના ગ્રંથોમા " દુઃશાસન રુધિરપાનાખ્યાન " (લ. સા. ઇ સ. ૧૭૨૪) " કુંતી-પ્રસન્નાખ્યાન " (લ. સા. ઇ. સ. ૧૭૨૧) " યક્ષપ્રશ્નોત્તર " (લ. સા. ઇ સ. ૧૭૨૫) " કૃષ્ણ વિષ્ટિ " (લ. સા. અપ્રસિદ્ધ ને અજ્ઞાત) " પ્રેમાનંદ કથા " (લ. સા. અપ્રસિદ્ધ ને અજ્ઞાત) " મિત્ર ધર્માખ્યાન " (લ. સા. ઇ. સ. ૧૭૫૪) " યુધિષ્ઠિરવૃકોદરાખ્યાન " ને કેટલાક અધૂરા રહેલા ગ્રંથો છે.

વલ્લભ નિડર હતો. વલ્લભ ' ધ્રુકડ ' હતો. વલ્લભ અક્કડ હતો. એ સ્વતંત્ર હતો. એ દૃઢ હતો. એ અભિનિવેશવાળો હતો. નવે રસ ખેડવા એની ઉમેદ હતી; ને તે સફળ કરવા એણે સબળ પ્રયત્ન કર્યા હતા. એનામા ભાષા પર કાબુ છે, જો કે કેટલીક વાર એ ક્લિષ્ટતામા સંડોવાય છે. એનામાં મનરંજન કરવાની વૃત્તિ છે, ને તેથીએ વધારે શક્તિ છે. એનાં કાવ્યોમાથી થોડુંક થોડુંક જોયાથી એનું વધારે સારૂ પિછાન થશે.

" દુઃશાસન રુધિરપાન આખ્યાન: "–દ્રૌપદીના વસ્ત્રાહરણ ને કૌરવોની ભર સભામા થએલા અપમાનને લીધે ભીમે દુઃશાસનનું વેર લેવા પ્રતિજ્ઞા લીધી હતી, તે પ્રતિજ્ઞાની સિદ્ધિ આ આખ્યાનનું વસ્તુ છે. એમા વીર રસની ઝમાવટ છે વસ્તુ વીર રસને માટે યોગ્યજ છે, ને તે રસ આખા કાવ્યમા સર્વત્ર વલ્લભ આબાદ ઝમાવી શકયો છે.

મંગલાચરણમાં નમ્ર થવા સામે પોતાનો વાંધો વલ્લભ દર્શાવે છે, તે એનો સ્વભાવ બતાવી આપે છે.

" વળી વાર વાર વા'લ, આણી આપળે છે,
" ગ્રંથ લખી નમ્ર થાવ, એ તે કયાનો ન્યાય છે,
" ગુરૂતા ગુમાવવાનો, મારગ માનીઓ મોહે,
" પરીક્ષિત જેવા શ્રોતા, તેવા દાસ થાય છે,
" વક્તા શુક જેવા નહિ, કથ્યું કાંઇ જાણે નહિ,
" લખ્યું લાખ મોટે વર્ણ, [તોય] શૂન્ય સમજાય છે,
" ચુઆ જેમ ચારૂ ચાર, અર્થ વિના નાશ કરે.
" તેવા અર્ધદગ્ધ શ્રોતા, વક્તા વખણાય છે.
" કે'છે નમસ્કાર લખો, ખર જેવે સ્વરે ગાય,
" ઢાળમા ઉંચેથી ઢળે, નમુ હુંય તેમને ?
" છંદ દેખી છળી જાય, ભૂત વળગ્યા શું ગાય
" જૂતી પાયતણી માથ, નમો નમો એમને !

" વાચી જાણે ભાખી જાણે, સુણી જાણે તેહ સારા,
" ઉચ્છિષ્ટ કવિનું ખાય, નમુ તેવાને મને ?
" ફક્કડ વલ્લભ નામ, નમે નહિ ઠામ ઠામ,
" કવીશ્વર ઈશ્વર શો, નમુ આપને નને

અર્થાત્, શ્રોતાઓ પ્રતિ નમ્ર થવાનો ન્યાય મને માન્ય નથી. ઉંદર જેમ સુંદર ચીરનો નાશ કરે, તેવા આજના શ્રોતા ને વક્તા છે; તેને વળી નમસ્કાર કેવા ? તેને તે હું નમુ ? તેમને માથે તો મારા પાયની જૂતી નમો ' બીજાઓનુ ગાએલું ગાય, શું તેવાને નમું ? નહિ, નહિ. આ ફક્કડ વલ્લભ તો આપને, પ્રેમાનંદને જ નમસ્કાર કરશે.

શ્રી કૃષ્ણે સુઝાડેલી યુક્તિ પ્રમાણે દ્રૌપદી ભીમનો ક્રોધ કેવો ઉદ્દીપ્ત કરે છે ને એણે લીધેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કેવું સચોટ કરાવી આપે છે, તે વિષે નીચેની પંક્તિઓ સચોટ છે.

" આ પ્રિય કસ્તુરી આ પ્રિય અત્તર,
" આજ ગુલાબતણે જળ રાજી,
" લાવું હું અંગે ઉમંગ અથાગથી,
" રે સ્મરી રે સ્મરી, રે પ્રિય લાજી.

હે પ્રિય ! આ કસ્તુરી, અત્તર, ગુલાબજળ હું અંગે લગાડુ છું, પણ, રે ! હા, મને સાંભર્યું, મને સાંભર્યું, રે ! હું તેથી લજ્જાઉં છું. શાથી ? તો કું—

" આપ સભા બિચ બોલિ ગયા પતિ,
" કે સતી દ્રૌપદી અંગ અનેરે,
" જે કર દુષ્ટ દુઃશાસનનો અડ-
" કયો લવિયો કરૂં વ્યર્થજ ફેરે,
" લોહી ઉનું વદને કરીને પીઉં,
" બીઉં નહીં બકરોજ વધેરે,
" તે રુધિરે ખરડાઇ મળું સતી,
" તો પતિ ભીમ ભણોજ અજે રે.
" ત્યાં વળી આપ બળેથકી તો કથિ-
" યા મમ સામું નિહાળી નિહાળી,
" આજથી અંગ સુરંગ ન દ્રૌપદી,
" લાવીશ લોહી દુઃશાસન ટાળી;
" એ પતિ આપ ધર્યુ પણ વ્યર્થજ,
" જાય હું અંગ સુરંગજ ભાળી,
" દાસની દાસ ઉભી તમ આધીન,
" વલ્લભ પાણી જશે વહી કાળી.

ઇત્યાદિ, ઇત્યાદિ ક્રોધ ને વૈરબુદ્ધિથી ભરેલી દ્રૌપદીને મુખે નીકળવા જોઇતા વચનો કઢાવી વલ્લભ બરાબર રસ આણી શકે છે. ભીમ બરાબર ક્રોધમા સંડોવાય છે, તે ઉત્તર આપે છે:—

" અરે ! નારી નીચ વેણ, કથી કેમ કષ્ટ દેણ,
" વીતે શુ આજની રેણ, દુઃશાસન જીવ જાય,
" સાથે શ્યામ તુંય જાય, બોલતા નહિ લજાય,
" નિંદાકારને સજાય, કરૂં શેણે શિવ થાય,
" ભોપાળિયા પોળિયા તું, આવ આવ વૈલો આવ,
" લાવ લાવ ગદા લાવ, ખાતે ખાંડું ક્ષીત રાય;
" કાળી બાળી સોન ટાળી, એના રુધિરમા મા'લી.
" લગાવું સુઅંગ રાગ, વલ્લભ જો નીવ ના'ય.
" નો'ય નો'ય નારી ધર્મ, ભીમ ભીષણો છે પર્મ,
" નિંદા કેરાં પાપો કર્મ, વીણી વીણી હાથમાંય;
" એમ વદી ત્રાડ પાડી, ગર્જના આબાદ ધાડી,
" દ્રૌપદી શું દીધ ગાડી, કંપ કંપ સાથ માય;
" આખ લાલચોળ ભાળી, પાખ શું ગરૂડ ટાળી,
" ધાખ [=જો] આજ તું કરાળી, કાસળોજ હાથમાંય (કૌવતમા)
"વલ્લભેશ્વરા કવીશ, વલ્લભા ડરાવે ઈશ,
" પોળિયા પરોઢ થાય, કાઢું વંક માથ માય.

હે દુષ્ટ નારી ! આજની રાત પૂરી ન થતા દુઃશાસનનો જીવ જાય, અને બોલતા લજાતી નથી તેથી સાથે તુંએ જાય. હે ભોપાળિયા, પોળિયા ! ગદા લાવ કે એ દુષ્ટ રાજાને મારી નાખું. હે નારી ! મને ધર્મરાય જેવો ન સમજતી; હું તો પરમ ભીષણ છું. એમ કહી ચીસ પાડી તેથી દ્રૌપદી ત્રાસી ને સર્વે સાથમા કંપ વછૂટયો.

જો કે બાબત સાધારણ અનુભવમા આવે એવી છે, છતા તેનું વર્ણન ખરેખર ઘણું રસિક રીતે કરવામા આવ્યું છે. એટલુંજ ઉપલી લીટીઓમા શબ્દબંડોળ પણ ઘણું સારૂં છે એમ સ્પષ્ટ માલમ પડશે. સારા શબ્દભંડોળ વગર વર્ણનની ઝમાવટ બરાબર ખીલી શકતી નથી, ને શબ્દભંડોળ સરખામણીમા જૂના કવિઓ સારો ધરાવતા, વલ્લભ પાસે પણ તે ઘણો અચ્છો હતો. યુદ્ધનું વર્ણન, કર્ણ–ભીમનું ને દુઃશાસન–ભીમનું અને રુધિરપાનનું વર્ણન વાચનારને તાદૃશ ચિત્ર આપે એવા છે. નીચેની પંક્તિઓ તરફ ધ્યાન ખેંચી એ વિષે સંતોષ માનીશું.

" દ્રૌપદી કેશ ગ્રહ્યા મતિમૂઢ તું,
" ભર્તૃપરાઙ્મુખ તેં કરી દુષ્ટન,
" જે નિરપ્રાધી રજસ્વલ તો હતી
" વસ્ત્ર અપાહર તું કર પુષ્ટન;
"એમ વદી ધૃત હોમ જશો બની.
" જાજ્વલરૂપ હવો અતિ રૂષ્ટન,
" કર્ણ જુએ કૃપ અશ્વ નિહાળત,
" ભાળત યોધન. અંગ સુકષ્ટન.

× × ×

" જે વીર માન કૂખે કરી જન્મજ
" તો અટકાવ કરોજ ભાર્ણું હર,
" રક્ષક થાવ સમક્ષ ઉભા સહુ
" પક્ષ અધક્ષ કરો મૂકીને ડર.
" કર્ણુ કરે કરીને શર ભોકત,
" શિથિલ પારથ ભીમથકી અતિ,
" વાધ વિકાળ થયો પછી મારત,
" વેગ વધે તિમ તો ચલવી મતિ;
" બાળ બિચે હૃદયે શર લાગત;
" ઝાળત ઝાળ ઝગે અતિને અતિ,
" મારૂં છું મારૂં છું મારૂં છું વલ્લભ,
" કર્ણ નિહાળ તું ચઢવતી વર્તી.
" એમ વદી હરિ જેમ ગ્રહે કરિ,
" નિગ્રહ તેમ દુઃશાસનનો કરી;
" ચક્ષ ધરીજ નિશાન કરી ઝટ.
" તીક્ષણુ ધારવતી અસિને ધરી;
" કંપવતી ગ્રીવ બીચ ધરી પગ,
" ભાખત મૂઢ ગણે નવ તું જરી,
" આજ થતો નવ દીન મતિ વિણુ,
" વસ્ત્ર ધરો ઉધરો ઉધરો ફરી.

દુઃશાસનને બરાબર દાવમા લીધો, ને પછી ભીમ બોલ્યો હે મૂઢ! તું કોઇને ગણકારતો નહોતો આજે મતિહીન ને દીન ન થતો; આજે હવે વસ્ત્ર પકડ, ને ખેંચી કાઢ.

કુંતીપ્રસન્નાખ્યાન:—આ અદ્દ્ભુત રસનો ગ્રંથ છે, વલ્લભે એમા અદ્દ્ભુત રસ આદિથી અંત સુધી ખિલવ્યો છે. આ આખ્યાનનું વસ્તુ મહાભારતમા જોવામાં આવતું નથી, ને તેથી 'ગ્રંથ વિવેચન' મા પ્રાચીન કાવ્યમાળાના સંશોધનકર્તા કહે છે કે કવિના આ કાવ્યનું 'વસ્તુ' ને 'કલ્પના' બંને સરખી રીતે અદ્દ્ભુત છે. મયદાનવે પાંડવોને માટે વિસ્મયકારક સભામંડપ રચ્યો, તે એવો અદ્દ્ભુત હતો કે તેમા જોનારને જળને સ્થળે સ્થળ જણાય ને સ્થળને ઠેકાણે જળ ભાસે. એ સ્થળે ઐરાવતનું પ્રતિબિમ્બ કુન્તીએ જોયું, ને તે જોતાં જ એને સાક્ષાત્ મૂળ ઐરાવતને જોવાની તીવ્ર ઇચ્છા થઇ. તે ઇચ્છા એટલી પ્રબળ થઇ કે તે મક્કમ આગ્રહમા પરિપાક પામી, ને તેથી આગળ જઇ દુરાગ્રહમાં અવનતિ પામી.

કવિ કહે છે:—

" પ્રભાકર ઉગે અને, ઝાકળનું જળ રહે,
" મૃગજળ સત્ય ઠરે, શશ સિંહ ડારશે;

" કદાપિ એ બંને જાણે, તથાપિ ન જીવે કુંતી.
" શકનાગ જુએ નહિ, અગ્નિ દેહ ભારશે.

હવે સ્વર્ગમાંથી ઐરાવતને ભુમિપર કેમ લાવવો, એ પાડવોને ચિંતા થઇ પડી. એ ચિંતાનું નિરાકરણ તેમને ઇન્દ્રના તુંબુર નામના ગંધર્વની મદદથી મળ્યું. તેણે તેમને વાકેફગારી આપીને અર્જુને ઐરાવત મેળવવા માટે ઇન્દ્રને બાણુપર લખેલો પત્ર મોકલ્યો. તેમા ઐરાવતની માગણી કરી. તે પત્ર દેવોની સભામા વાદવિવાદનું રમુજી કારણ થઇ પડયુ. જેવી એ હાથી માટે ઇચ્છા અદ્‌ભુત તેવી આ પત્રની વાત અદ્‌ભુત. ઇન્દ્રે ઉત્તર મોકલ્યો કે હાથી સ્વર્ગમા આવીને લઇ જાઓ. જવાબમાં અર્જુને બાણસેતુ રચ્યો ને તે પર ભીમ ને અર્જુન સ્વર્ગમા ગયા. ત્યાં તેમને દેવોએ બ્હાવા માંડયા; પણ જ્યારે તેમ ન ફાવ્યા ત્યારે તેમણે છેવટે ઐરાવતને ગાડો બનાવી છોડી દીધો, ને પકડી લેવા ફરમાવ્યું, ઐરાવતને ભીમ ને અર્જુને હરાવ્યો, ને છેવટે દેવોએ તે હાથીને ભુલોકમા મોકલવા કબૂલ્યું. ભીમ ને અર્જુને ઐરાવતને નીચે આણ્યો ને કુન્તીની કુતૂહલવૃત્તિને સંતોષી. આ વાતમા દરેકે દરેક બાબત અદ્‌ભુતતાથી ભરપૂર છે

શર મારફતે અર્જુન ઇન્દ્રને સંદેશો પત્રથી મોકલે છે, તે ઘણું અદ્‌ભુત રસમા લીન કરે એવું વર્ણન છે. વલ્લભ કહે છે:—

" શક્રાસન મધ્ય બેઠા, શચી સહ શચીનાથ,
" શર સુસવાટ કરી, આવતું ઉતાવળું,
" જોઇ ઝટ વજ્ર સાંધ્યું, એવે નમ્યું શર આવી,
" પ્રણામ ત્યા પંચ કીધા, કવીશ કે' સાભળું!
" વિસ્મય ઉદય શર, વિબુધો ત્યા જોઇ હવા,
" પત્ર મુખ પર ભાળ્યો કીર્તિ નવ હું કળું
" તે શર ઇન્દ્રાંક પર, આવી પડયું જોત જોતે,
" છોડયો પત્ર તર્ત ત્યાંહી, દેવ દૈન્યમા વળું!
" ગજબ ગજબ આ શો શિલીમુખ સાથ પત્ર,
" નેહથી નમન કરે, પ્રત્યુત્તર માગતું,
" કોનો પત્ર આવ્યો અત્ર? આ શરસંધાણ કોનુ?
" વિષય શો સમાયો છે? મન અનુરાગનું?
" વાચો દેવાચાર્ય વેગે, અવનવું આ તો અતિ,
" જોયું નહિ જાણ્યુ નહિ, અસ્ત્ર ઊભું જાગતું;
" બૃહસ્પતિ ગુરૂએ ત્યાં, પ્રકટ પત્રિકા વાચી,
" અર્જુનનું નામ સુણી, વેણ બાણ વાગતું.

કલ્પનાને બદલે અદ્‌ભુતતાની ઝમાવટમા મિલ્ટન જેવો કવિ પણ આ પ્રસંગ ખિલવવો હોય તો આથી વધુ શું કરી શકે? કલ્પના અહીં તો કમાલ કરી ગઇ છે. જ્યા ન પહોંચે રવિ ત્યાં પહોચે કવિ-એ આબાદ જ કથન છે.

આ આખ્યાનમાં એકેએક પ્રસંગના વર્ણનમાં વાચકને આનંદ આપી શકવાની ખુબી માલમ પડી આવશે. આખ્યાન વાંચવાનું શરૂ કર્યું કે એકી બેઠકે તેના અન્ત સુધી જવાનું

સૌ કોઇને મન થાય તેવું છે. અને જેમ શુક્લ પક્ષમા ચંદ્રની કલા દિન પર દિન વૃદ્ધિંગત જ થતી જાય છે તેમ જેમ જેમ આગળ જઇએ છીએ તેમ તેમ આખ્યાનના પ્રસંગોનાં ચિત્રની અદ્ભુતતા વૃદ્ધિંગત થતી જાય છે. મયરચિત સભાનું વર્ણન, કુંતીએ તેનું દર્શન કર્યાથી તેને થએલી કામનાનું વર્ણન, શક્રસભામાં શરપતનનું ચિત્રલેખન, ભીમ અને ઐરાવતનું યુદ્ધ, ભીમાર્જુનના ભૂમિ પર આગમન સમયે લોકોના રસિક તર્કવિતર્ક, ઐરાવતદર્શન થતાં ઊછળેલી અદ્ભુતતાની ઊર્મિઓ–હાથી સ્વર્ગથી આવ્યો જાણી પંડિતો ને પુરાણીઓ પણ સભામાં દોડી આવે છે તેનું ચિત્ર,

"કવીશ્વર આવ્યા એક, તેમણે કવિત કર્યું,
"શુભ્ર અભ્ર આ તે હશે, અંબાડી કે વીજળી;
"ઘંટ કેરો ઘોર થાય, ચઢવા એ લાગ્યો મેઘ,
"આભૂષણ ઝૂલ એ તો, રંગની રેખાવલી;

અહીં **વિક્રમોર્વશીય**ના પ્રખ્યાત સંદેહાલંકારના શ્લોકો સરખામણીમાં સ્મૃતિપટ પર તરવરી રહી આનંદની વૃદ્ધિ કરે છે; કવિ કહે છે કે આ તે ધોળો હાથી કે ધોળું વાદળું ? આ ઘંટનો અવાજ છે કે મેઘનો ? આ આભૂષણ કે રંગની રેખાઓ ?

"હસ્ત્યારોહ આ તો નોંય, ઘન અટકાવનાર,
"શુભ્ર અભ્ર કરનાર, શંકા થઇ ને ટળી;
"કવન કવિનું સુણી, નૃપ દેવા લાગ્યો દ્રવ્ય,
"જોઇએ ન જંઇ મારે, વિત્ત કવિતા કળી'

મને શંકા થઇ પણ ખરી ને તે ગઇ પણ ખરી: એ સાંભળી નૃપ, યુધિષ્ઠિર દ્રવ્ય આપવા મંડયો, ત્યારે કવિ ના પાડે છે ને કહે છે કે કવિતા કંઇ વિત્ત તુલ્ય છે ? નહિજ; અને પછીની લીટીઓમા એક ભાટની મનોદશાના વર્ણનમાં સામળભટ પર શ્લિષ્ટ આક્ષેપ કર્યો છે, તે બધુ––,

આ તમામ વિગતોનું કવન કલ્પનાવિમુખ જડ પ્રાકૃત વાચકનું પણ જાડ્ય ઉડાવી દે, એના બુદ્ધિજાડ્યને ગુલાંટ ખવડાવી દે ને કંઇક અંતઃક્ષોભ આપી શકે એવું અલૌકિક છે. દુઃશાસનરુધિરપાનાખ્યાનમાં તો કદાચ ભાષા સ્થળે સ્થળે કિલષ્ટ પડે તેવી માલમ પડશે; પણ "કુન્તીપ્રસન્નાખ્યાનમા તો ભાષા પણ અનહદ સરળ છે.

"**યક્ષપ્રશ્નોત્તર**":—આ કરુણરસપ્રધાન કાવ્ય છે. પાંડવો વનમાં હતા તે વખતે એક બ્રાહ્મણે આવીને યુધિષ્ઠિરને અરજ કરી કે એક હરણ તેને શિંગડે ભેરવી મારૂં અગ્નિમંથનકાષ્ટ લઇ ગયું છે, તે મને આણી આપો. આ પરથી યુધિષ્ઠિર ને બીજા ચારે પાંડવો તે હરણની શોધમાં ગયા. તેઓ ઘણા રખડયા ને તૃષાર્ત થયા. પાણીની શોધ કરતાં તેમને દૂર એક સરોવર દેખાયું. તેમાંથી પાણી લાવવા એક પછી એક પાંડવો જાય છે. પરંતુ સરોવરનો રક્ષક એક યક્ષ હતો, તેણે દરેકને કહ્યું, 'મારા પ્રશ્નના ઉત્તર આપીને પાણી પી, નહિ તો મરી જઇશ.' આ શરત પાળ્યા વિના યુધિષ્ઠિર સિવાયના એક પછી

એક ચાર પાંડવો મૃત્યુવશ થયા. યુધિષ્ઠિર શોધમા ગયો, તો તેને પણ યક્ષે એ જ પ્રમાણે કહ્યું. બીજી તરફથી તે બધાને પાછા આવતા વાર થઇ એટલે દ્રૌપદીને ફિકર થઇ. એ તે બધાની શોધમા ગઇ. એણે સરોવર આગળ પાચેનાં શબ જોયાં ને એના શોકની સીમા ન રહી. વસ્તુત. યુધિષ્ઠિર બેભાન હતો; ભાઇઓના પીધા વિના મારે જળ ન પીવું, એવા ધર્મને એ સાચવી રહ્યો હતો. એ જાગ્રત્ થયો ને એને યક્ષ સાથે વાત થઇ. યક્ષે એને બનેલી વાત કહી, ને યુધિષ્ઠિરે યક્ષના પ્રશ્નોના ઉત્તર દીધા તે પરથી યક્ષે પ્રસન્ન થઇ ચારે પાંડવોને જીવિતદાન આપ્યું. વાતનો આટલો સાર છે.

કરુણરસ વલ્લભના સ્વભાવથી તદ્દન ઉલટો હતો. ' અરરર, ' ' હાય હાય '—એવું જેમાં વર્ણવવું પડે એ એને મહા દુઃખ હતું. પરંતુ કરુણરસ પણ ઝમાવતાં આવડે છે એટલું બતાવવા ખાતર વલ્લભ આ કાવ્ય લખે છે. વાચકને સ્પષ્ટ માલમ પડશે કે વલ્લભ ' કુન્તીપ્રસન્નાખ્યાન ' માં જે ખીલ્યો છે, ને તેથી કંઇક ઊતરતો જે ' દુઃશાસન-રુધિરપાનાખ્યાન ' મા ખીલ્યો છે, તેવો ' યક્ષપ્રશ્નોત્તર ' મા ખીલી શક્યો નથી. અલબત એણે એનું બનતું કર્યું છે, પણ એનાં ચિત્રોથી આપણો હૃદયક્ષોભ બરાબર થતો નથી. એના દુઃખના વર્ણનમાં આપણને કૃત્રિમતા માલમ પડે છે; લાગણીઓને ઉશ્કેરે એવું એમા કશું નથી. બૌદ્ધિક પૃથક્કરણથી કંઈ કારુણ્ય ઉદ્દીપ્ત થતું નથી. હૃદયમાંથી નીકળેલી વાત હૃદયને ન ફોરે ત્યાંસુધી કરુણરસ માટે આશા રાખવી એ વેવલા વીણવા જેવું છે. વલ્લભ તો બુદ્ધિથી ચિત્ર વિચારી થંડે પેટે એક પછી એક વિગતનું કંટાળો આવે એવા વિસ્તારથી વર્ણન કરે છે. છતા યુધિષ્ઠિરની દશા ને દ્રૌપદીની દશાના એના ચિત્રાલેખનમા કોઇ કોઇ ઠેકાણે કરુણરસ ઝામે છે.

આ સ્થિતિમાં વલ્લભની પોતાની શક્તિમા વલ્લભની શ્રદ્ધા જોઇને વાચકને હસવું આવે એવું જ છે, અર્થાત્ એની બાલિશતા, એના ખોટા ગર્વને વિષે.

રસ ઉત્પન્ન કરે એવી, આ કાવ્યમા નીચેની થોડીક પંક્તિઓ તરફ ધ્યાન ખેંચું છું.

બ્રાહ્મણ પાંડવો પાસે જઇને પોતાનું દુઃખ યુધિષ્ઠિરને કહે છે ને આકળો ને ક્રુદ્ધ બને છે; તેના તામસિક સ્વભાવનું વલ્લભ રમુજી ચિત્ર આપે છે. તે વખતે યુધિષ્ઠિર કેવો થંડો રહે છે તે પણ ઠીક દર્શાવાયું છે.

" ચંદનને આગ લાગે, તવ તે સુગંધ આપે,
" તપાવે કનકને તો, કાંતિ કરે કારમી;
" વીંધે જ્યારે મૌક્તિકને, મૌલ્ય તે અપાર આપે,
" ઘસે ખૂબ વજ્રને તો, હદેમાં રહે રમી;
" જેમ જેમ ચોળે અને, ચુંથે મલ્લિકાને કોઇ,
" વાસ ને સુવાસ ભલો, અર્પતી દેહે દળી;
" તેમ સજ્જન તમામ, કસોટીએ કસ આપે,
" વલ્લભ કે' આ તો હતો, સજ્જનમાં ધાર્મી.
" એવે સુણી દ્વિજવાણી, કે ઊઠીને ઊભો થયો,
" ગયો પાસ ઝાલી ઝટ, ધૌમ્યને ગમ્યું નહિ;

" બીજા મહામુનિઓને અવિનય આવ્યો ઉર,
" ભીમ ભડ આંપ કાઢે, નૃપ શું કરે જઈ;
" નમી દ્વિજવરને તે, કહે ભાઈ શાંત થાઓ,
" આશ્રમમાં બેસો અમે, આવું કાષ્ઠને લઈ;
" રીઝે ગુરૂજી તમારા, યજ્ઞકેરૂં કર્મ થાય,
" એવું કરૂં આજ, મૃગની પૂઠે ધઈ.
" વિપ્ર કહે ડાહી ડાહી, વાતો શી કરો છો તમે,
" મૃગલો તો નાઠો જાય, મરવા દીજે મને.
" કહે યુધિષ્ઠિરરાય, રથમાંહી બેસી અમો,
" સત્વર સાહીશું તેહ, ભલે રખડે વને;
" વિપ્ર કહે નહિ આવે હાથ મુને મરવા દે,
" થાય ન કારજ મારૂં, નિ કર્યો છે મને: .
" અર્જુન કે' શાંત થાવ, કાષ્ઠ સહ મૃગ આ ગું,
" અધીરપણું શું ધરો, ચિંતા નથી એમને.
" દ્વિજ કહે તારી નથી, વાંચના મેં કરી કાંઈ,
" ઘૂરકીને ધાટો કાઢે, તેહ નહિ સાંભળું;
" (એનાં) પરિયાંને પરવડે, કરે તેણે કાજ મારૂં,
" ના કરે તો અહિં મરૂં, પાર્થ કે' ત્યારે વળ્યું.
" ભીમ કહે કારજ એ, કરવાને ઊભા થયા,
" પછે આમ શેના લઢો, મન માન્યું તો મળ્યું;
" બ્રાહ્મણુ કે' ભઠ પડો, અદાતાની પાસ આવ્યો,
" ખીજી ખીજી ખુંદી નાખે, દુઃખ તો નહિ ટળ્યું.
" નકુલ ને સહદેવ, કરે પાત્ર આણી સેવ,
" તેને કહે દ્વિજ દેવ, પૂજા નથી જોઈતી;
" ન કરવું કારજ તો, કહી દે અલ્યા તું રાય,
" આમ સમજાવે શેણે, મતિ હીણ હોઈતી;
" ધૌમ્ય કહે જોડાય છે, રથ ઋષિરાજ મોટા,
" કહો તમે શાપતણી, સિદ્ધિ ક્યહા ખોઈતી;
" કહે માગણ તે વાર, જરઠ તું બેશી રહે,
" તારે બાપે ધર્મ કેરી, કોઈ તુંબી બોઈતી ?
" અર્જુન કે' વધુ નવ, બોલવું મા'રાજ આજ,
" થશે કારજ તમારૂં, જુઓ રાયની દશા;
" ઊભા સારથીની પાસ. કેટલી ત્વરા કરે એ,
" અમને ન સોંપે કાજ, તમે મનમાં વસ્યા;
" ધૌમ્ય કહે દ્વિજરાજ, કેટલું શીખ્યા છો તમે ?
" સમય છે મારે કહો, હય જુઓ એ હસ્યા;

" દ્વિજે ફૂટયું માથું, ફૂટયું કરમ કે આવ્યો અહીં,
" ધરમ તે જોઇ ત્યાથી, આવિયા ધશ્યામશ્યા;
" વંદી વિપ્રવરને કે', વાર નથી હવે વધુ,
" બધું આ તૈયાર થયું, ગયું દુઃખ દૂર તો;
" વિપ્ર કહે મરૂં નિશ્ચે, કારજ ન થાય તુંથી,
" પંથ છે વિશાળ તેને, (તું) એકલો શું પૂરતો;
" મૃગ જાય આમ ત્યારે, તું તો ધાઇ મરૂં આમ,
" કથળે છે કાજ મારૂં, ચિત્ત રહે ચૂર તો;
" કહે ધર્મસૂનુ તદા, પંચ બંધુ અમે દ્વિજ,
" ચાર દિશે ચાર જાઉં, મધ્યે રહે શૂર તો.
" ધૌમ્ય કહે કાષ્ઠ એને, બીજું અમે આણી દઉં;
" પંચને જવા ન દેઉં, દ્રૌપદી ધરી અહીં;
" જયદ્રથ જેવો કોઇ, અન્યાય આવી કરે તો,
" કાષ્ઠમા ..કે શું એનું, બકે છે કંઇ કંઇ,
" દ્વિજ કહે નથી મારે, ખપ બીજાનો લગાર,
" બ્રહ્મહત્યા દેઉં તને, આજ તો અહીં સહી;
" અજાતશત્રુ કહે છે, શાત થાવ દ્વિજરાજ,
" સર્વસ્વ જો જાય મારૂં, તોય ના કહું નાહ.
" ના કહી નહિ તેમા શું, કારજ થયું અમારૂં,
" શાપ ગુરૂદેવ કેરો, ટળશે એના થકી ?
" મરૂં છું મરૂં છું કહે, હસ્ત ઝાલે રાય તેનો,
" વારવાર વારે તેમ, વધારે જાયે ભકી;
' એવો ન વિચાર કાઇ, ધરમનંદન કરે,
" શાત થાવ શાંત થાવ, કારજ કરૂં નકી;
" ટાઢો પાડી આડો દ્વિજ, રથારૂઢ રાય થયો,
" કે આજ્ઞાનુસાર ચાર, રહ્યા રથમા ટકી.

આ વર્ણનમા વલ્લભે કમાલ કરી છે. આકળા બ્રાહ્મણનું આકળાપણું, એનો વધતો જતો ક્રોધ, ને ધર્મરાયનું ધીરાપણું આમા વર્ણવાયાં છે તેથી વધુ સારી રીતે વર્ણવી શકાય, એ અશક્ય છે.

કૃષ્ણાવિલાપ, ને વૃકોદરવિલાપ ને એવા વિલાપનાં ચિત્રો માત્ર થંડા પેટે કરેલા આલાપ જેવા લાગે છે. તેથી તે તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર નથી. વલ્લભ તે તે પ્રસંગોમાં ઠેકાણે કૃત્રિમ બને છે; એના 'લલિતો'માં લાલિત્ય ને કારુણ્ય ભાગ્યેજ જણાય છે. આ પરથી એટલુંજ કે કરુણરસને માટે વલ્લભ નાલાયક નીવડયો.

" **મિત્રધર્માખ્યાન.:—** " આમા ઇંદુ ને મિંદુ, બે મિત્રની વાત છે. ઇંદુ વિદ્વાન્ છે, મિંદુ મૂઢ છે; ઇંદુ ઉપકારક વૃત્તિનો છે, મિંદુ અપકારકનો. ઇંદુને મિંદુ અદેખાઇને લીધે

અત્યંત પજવે છે, એનું લગભગ ખૂન પણ કરે છે, પણ તે છતા ઇંદુ મિંદુનું હમેશાં ભલુંજ કરે છે. આ ટૂંકી વાતનો અનેક પ્રસંગોમાં વાણો તાણો નાખી કવિ આખ્યાન લંબાવે છે. એ આખ્યાન ઘણું સરળ શૈલીમા છે ને એકંદરે આનંદ આપે તેવું છે. તેમા કવિત્વના ઉચ્ચ ઝળકાટ જેવું કશું છે નહિં; છતાં તે સાદ્યંત આહ્લાદક છે.

આ આખ્યાનમાં લૂટારાઓની રીતનું અચ્છુ ચિત્ર દોરવામા આવ્યું છે. નીચેની લીટીઓમા તેનો ખ્યાલ આવશે.

" આડફેટો ગયો ચાલી, સીધો માર્ગ મૂકી કરી,
" સમી સાંજ થવા આવી, વાટમા તેને વળી:
" વાંકો વળી ચાલ્યો ત્યારે, ચોર મામા ચાર જોના,
" પૂંઠે પડયા તેહ તર્ત, કજા કાક તો કળી;
" ભારે પગ ભલા એના, ચાલો કરી લૈએ કાજ,
" એમ કહી પડયા પૂંઠે, વાડયમા વાંકા વળી;
" ઉતાવળો હતો એક, તેહ બોલી ઉઠ્યો તર્ત,
" અલ્યો રે' છ ઊભો કે ન, દાણે નાંછિયે દળી?
' વિકરાળ વેણ સુણી, આમ તેમ જોઇ ઝટ,
" ઉપાન કરમા ગ્રહી, નાસવા તે લાગિયો;
" હરણની દોટય જેમ, વસમી ન વ્યાઘ્ર આગે,
" તેમ ચૌર થકી મિંદુ, ભાગ્ય વિના ભાગિયો;
" શ્વાસ લીધા વિણ નાસે, જાણે છેટું પડયું ઘણું,
' નાશ નાશ કરે તોય, અતિ અનુરાગિયો;
" એવે ચારમાંના દ્રય, વળ્યા જેહ વાંકી વાટય,
" વાડય કૂદી વેગે આવ્યા, કે જુલમ જાગિયો'
" ઊભોરે' ઘરૂડા (બ્રાહ્મણ) અલ્યો, એમ કહી સાયા કાન
" અડબોટ મૂકી ચાર, વઘા કેમ નાસે છે?
" બાપનો થિયો' તો માલ, પુક બાંધી નાહીં જાહ.
" મુચ્ચ મુચ્ચ વે'લો મુચ્ચ, મિંદુ અતિ ત્રાસે છે,
" એવે મળી આવ્યા બેય, વદ્યા મારો ઘરૂડોને
" વાજ એણે આણ્યા ઘણા, ચ્યાંકણે એ વાસે છે!
" વદી એમ ઠોંસા તર્ત, ચાર પાંચ મારતા તે,
" પોટલું પડાવી લીધું; ઓરશિયો ધ્રાસે છે''

ખરેખર, ઓરશિયો કંઇ ઘસાય છે? એ તો સુખડજ ઘસાય. તેમ ચોરને કંઇ બોવાનું હોય છે? એ તો વટેમાર્ગુજ ખોય. આ આબેહૂબ ને રમુજી ચિત્ર છે.

"**યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાન**:—આ આખ્યાનમાં કવિ રૌદ્રરસ પૂર બહારમાં ઝળાવે છે. ચીડાએલી દ્રૌપદી ને ક્રુદ્ધ થએલો ભીમ, એક પછી એક યુધિષ્ઠિર સાથે પોતાના

આવેશનું પ્રદર્શન કરે છે ને યુધિષ્ઠિર ધીરજથી સાંભળ્યા કરે છે. તેનું ચિત્ર તે તે વ્યક્તિઓના સ્વભાવનો સુંદર ખ્યાલ કરાવે છે; એટલુંજ નહિ પણ આખ્યાન વાંચતી વખતે વાચકને એમજ લાગે છે કે એ જાણે ત્યાં સંવાદ આગળ હાજર જ ન હોય. દ્રૌપદીની મનોદશા ને ભીમની મનોદશાની સાથે બે ઘડી વાચકની સંપૂર્ણ સમભાવના થઇ જાય છે. એ આ સંવાદની ઉત્તમતા દર્શાવે છે. "કુંતીપ્રસન્નાખ્યાન" માં વલ્લભ જેમ અદ્ભુતરસ ખિલવવામાં કમાલ કરે છે. તેમ આ આખ્યાનમાં રૌદ્રરસ ખિલવવામાં કમાલ કરે છે; જેમ તેમાં તેમ આમાં કવિનો ભાષા પર કાબુ ને એની ભાષાની સરળતા મનમોહક બને છે.

મંગળાચરણમા વલ્લભ ગુર્જરી ભાષાની યોગ્ય પ્રશંસા કરી પોતાનો ભાષાપ્રેમ પ્રગટ કરે છે. એ લીટીઓ ભાષાપ્રેમીના પ્રેમને અભિમાન વા યોગ્ય ગર્વના પાયા પર મુકાવવા પ્રેરે એવી છે.

"એવે મળી આવ્યા સિદ્ધ, પૃથ્વીમાં પ્રસિદ્ધ પૂરા,
"નમી પૂછ્યું તેમને મેં, ભલો ત્યારે ભાવિયા.
"નિષ્કલંકી ભાષા કોઇ, બતાવીએ નરવર'
"પૂજક હું થાઉં તેનો, વ્યગ્ર મન અતિ છે.
× × ×
"યોગીરાજ ઇશ્વિરશા વધા વેણ ત્યારે તર્ત,
"અલ્યા' કયી જાત તારી, પૂછ્યું એમ તેમણે;
"મેં કહ્યું હું ગૂજરાતી, મૂલ્યવાળો શુ શા વિષે,
"શુદ્ધ ભાષા જોવી મારે, મૂલ્ય કર્યું એમણે;
"ઉમર મૂકી અને તું, ડુંગરને પૂજે કેમ ?
"ગોદમાંનો સુત ભૂલે, જાણ્યું નહિ જેમણે;
"તારી ભાષા છેજ તેવી, જાણ્યું નવ તેં જરૂર,
"વિચારી જો વાર વાર, ગુણથી ઘટે ગણે !
"કોમળના કમળથી, અધિક દેખાય જેમા,
"મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે;
"અમલતા એના જેવી, નથી કોઇ ભાષા મધ્ય,
"પ્રાચીનપણું તો જેનું, મોટેરૂં મનાય છે;
"નવરસની નાયકા, સુખદાયકા છે સિદ્ધ,
"જાણે નહિ તેહ એના, ખોટા ગુણ ગાય છે.
"કર્ડકણાપણું કે' છે, નથી એના મહીં રજ,
"વીર ગ્રંથ ભાળ્યા નહિ, ખત્તા તેણે ખાય છે.
"પોતે પોતાકેરી કરે, અથવા પોતાના તણી,
"પ્રશંસા તો પેર પેર, તે માહી તે માલશો ?
"પ્રશંસનીય જો પૂરા, તોય નૂર ઘટે તેમા,
' તેણે વધુ બોલું નહિ, રૂપીઓ છે રાળશો;

"**રૂપીઓ છે રાળશો;** સત્તર આના ને ઉપર પઇ, એમ કહેવામાં જેટલો સંતોષ થાય તેટલો અહીં દર્શાવાયો છે. **રૂપીઓ છે રાળશો;** ગુર્જરી ભાષારૂપી રૂપીઓ રાળશો, સવા બે રૂપીઆની કિમ્મતનો સિક્કો, સંસ્કૃત ભાષારૂપી ચઢીઆતી ભાષાના જેવીજ છે, તેથી ઊતરતી નથી એમ કહેવાનો સાર છે.

" ગુજરી ગિરાની તુલ્ય, ઉપમા ઉર્વીમાં નથી,
" સર્વ ગુણસંપન્ન છે, ઉચ્ચાર રસાળશો,
" એમ સમજાવી મને, સારે પંથે વાળ્યો સિદ્ધ,
" અનુભવ્યે ખરૂં લાગ્યું, ટળ્યો નાના બાળશો !

હવે આખ્યાનમાથી દ્રૌપદીના ક્રોધનું ચિત્ર ને ભીમના ક્રોધનું ચિત્ર દર્શાવે એવી થોડી થોડી લીટીઓ જોવાથી વલ્લભની રૌદ્રરસ ઝમાવવાની ઉસ્તાદી વિષે ખ્યાલ કરી કરી શકાશે.

" તનયા હું નૃપ તણી, પત્ની છું પૃથ્વીશ કેરી,
" જોયું જાણ્યું ઘણું જાતે, માટે વહું વારતા;
" કપટ કપટી કેરૂં, જોઇ કપટી થવાનું,
" વિચારી જે જાય તે ના, ખોટું ધ્યાન ધારતા;

× × ×

" દયાળુ થવું હતું જો, તો થયા શે ભૂપ મોટા ?
" વિચારીને વાત જુઓ, સર્વતો સાક્ષાત છે !
" ધર્મ જ્યારે ધારવો'તો તો તજ્યું કૌશિકે રાજ્ય,
" રાજ થઇ દ્વિજધર્મ-ધાર્યે પૂરો પાત છે !

× × ×

" જો સ્વભાવ શાંત હતો, તો તો ઇંદ્રપ્રસ્થ એક,
" જે મળ્યું હતું તે સ્વામી, લેઇ સુખી થાવું'તું;
" કહો એમ કર્યું પ્રભુ; શાથી નવ તેમ કર્યું,
" રાજસૂય આરંભીને, પાપમા શે જાવું'તું ?
" ક્ષત્રી કુળધર્મ ધર્યો, માટે કર્યા કૂડા કષ્ટ,
" થયા હોત તપસી જો, રૂડું ક્યા ત્યાં ગાવું'તું ?

× × ×

" નાખીને નિશ્વાસ વળી, વામા વદી વેણુ આગે,
" કરો કૈંક તો વિચાર, થયું જોવા જેટલું;
" સતધર્મી હતા જ્યારે, ત્યારે પેલી ભીલડીને,
" બળવા દીધી શે તમે, તાન તજો તેટલું.

× × ×

" વરસાદ ઉખરમાં, વા'લ વાયુ ભૂખરમાં,
" દુઃખ નહિ સુખરમાં, ઉપદેશ વ્યર્થ છે;
" વિચારી જુઓને વાત, દાનેશ્વરી ! દાન કેરો,
" હેતા દ્વિજને તમે તે, ગણ્યાતો શું ગર્થ છે !

"હેમપાટ તેવા પાત્ર, દ્વિજને ભોજન દેવા,
"બાજઠા ન મળે આજે, જીવ્યામાં શો અર્થ છે!
"નામ સુણી નૃપાળનું, કંપતા અરિ તમામ,
"આજ કાયા આજ કંપે, કોણ કે' સમર્થ છે?
"ચાર ભ્રાત તમારા જે, અને પાચમી હું નાર,
"સુતાદિક સર્વ ગ્રહો, સુખિયાં વિચારીને,
"દુઃખિયા તે સર્વ થયા, દીન જેવી દશા થઇ,
"ઇજ્જત ગોરીની ગઇ, ધ્યાને જુઓ ધારીને.

× × ×

"દુશ્મન જો શિર પર, પાદ ધરી ઊભા રહે,
"કંટક લાગ્યા તે કહો, આપ તો અનુપ છો!
"રોગીને ઔષધ અને, ભોગીને તો દુઃખ ભોગ,
"લાગે છે સમાન વા'લાં, કદર્દાન રૂપ છો;
"કરવું ન પોતે કાઇ, કરવા ન કોને દેવું,
' ધન્ય ધન્ય ધૈર્યવાન, દુઃખના સ્વરૂપ છો!

× × ×

આગળ જતા તો મેણાં ને ક્રોધ ખરેખર જ આખર કરી નાખે છેઃ—

"કર જોડી નમુ નાથ, આ વિદ્યા શીખાવો મને,
"ભવોભવ ભૂલું નવ, અર્પું કશુ બદલે?
"અલંકાર એક નહિ, વસ્ત્ર પણ લાધે નહિ,
"અર્થ મારો સાધે નહિ, આ વિદ્યા ક્યાથી મળે?
"ફૂલ નહિ ત્યારે પ્રભુ, પાખડી હું અર્પુ તેની,
"સ્વીકારી શીખવો વિદ્યા, રંક આવું કયાં રળે?
"કપાળમા કંકુ કેરો, ચાદલોય નથી મારે,
"કાજળની કાળી રેખા, તેય પણ ન ફળે!'

હે નાથ મને તમારી ક્ષમાની વિદ્યા શીખવો! પણ, હા, હું તમને ગુરુદક્ષિણા શું આપીશ? મારી પાસે કંઇ પણ અલંકાર નથી, એવી દશા તમે કરી મૂકી છે. કપાળમા કંકુએ નથી કે તે આપુ. અને કાજળની રેખા વિષેઃ—

"કંકુના કરાય નવ, મેંશ મેં અર્પાય નવ,
"શીર્ષમાથી સ્નેહ કાઢી, અરપી વિદ્યા ગ્રહું;
"અરેરે! નથી શું સ્નેહ! સંતાપો હૃદયમા શુ?
' હવે અર્પુ કશુ સ્વામી! વિદ્યાવતી શું રહુ?'

× × ×

"બોલો બોલો જુઓ ઉંચું, સમાધાન કરો સર્વ,
"અકૃત્ય આવું શુ કર્યું, થઇ મૂઢ મતિ છે.

× × ×

" વદી એમ કૃષ્ણા પછે, અતિશે નિશ્વાસ નાખે,
" યુધિષ્ઠિર નીચે થકી, ઉંચું નવ ભાળતા.
" દ્રૌપદી કને જઇ કે', સ્કંધ હલાવી હલાવી,
" ઉત્તર ન આપો એ શું, રૂડેરી છે રાવતા ?
" ' કંઇ નહિ ' કહ્યું ધર્મ, તારૂં કે'વું સહુ સત્ય,
" ઉપાય છે હવે કંઇ, ફેલ કરો ફાવતા !

આ સંવાદ કોના હૃદય પર અસર કર્યા વિના રહે એવો છે ?

લંબાણને લીધે ખંચાતા છતાં પણ ભીમનો ક્રોધ બતાવનારી લીટીઓ તરફ ધ્યાન ખેંચવું ઉચિત ધારૂં છું. એ પણ ઠીક રસ ઉત્પન્ન કરે તેવી છે.

" અરે મૂઢ યુધિષ્ઠિર, સૂર્યે સૂર્યપણું તજ્યું,
" તથાપિ વદે ન મુખ, ધ્યાનમા ધિક્કાર છે;
" શીતળ અગ્નિ જણાયો, કોમળ જણાયો કાળ,
" તથાપિ ન રીઝયો રજ, સાર કે અસાર છે;
" દુષ્ટ કર્મ માફ કરી, હૃદયને સાફ કરી,
" તેડવાને આવ્યો યમ, ન જાણે ગમાર છે;
" શનિશ્ચરાદિક ગ્રહ, વાંકી વેળા સીધા થયા,
" મગરૂરી કરી ત્યારે, ખાંતે કહે ખાર છે.
" બોલતો નથી શું અલ્યા, બહુ ધ્યાની થઇ બેઠો,
" પ્રાણ લેઉં પે'લા તારા, પછે આપું આ તને;
" હજીએ ન બોલતો શું, બોબડો થઇને બેઠો,
" ભવોભવ રે'જે એવો, મૂર્ખ લેખિયો મને !
" સો કરી મેં સીધી વાત, ઉત્તર ન એક કેરો,
" આપિયો અલ્યા તેં આજ, જાણીતો થયો જને;
" રક્ષા મધ્ય ઢંકાયલો, પ્રલયકારી પાવક,
" જાણો અને નાણો નર, રખે જાઓ કોકને ! !
" વરસે મૂશળધાર, વરસાદ વાર વાર,
" ગિરિ કાંઈ ગણે તેને, તેમ નૃપે ત્યા કર્યું !
" છિલ્લર છલાઇ જાય, જળ આવી મળે જ્યારે,
" અબ્ધિને શાનો વિચાર, રૂપ ગંભીર ધર્યું;
" એવી વાત જાણે કદા, તદા ભીમ ભડ શાનો,
" સદા ક્રોધ કેરો સેવી, ક્રોધને જાણે વર્યું;
" ભૂચટ ! ન બોલે હજી, બુદ્ધિહીન ' બેશી રહ્યો,
" અવજ્ઞા કરે શું અલ્યા ! નીચપણું આ નર્યું !

ગુર્જર કવિમંડળમા વલ્લભનુ સ્થાન ઊંચું છે, ને ઊંચું જ રહેશે. પ્રેમાનંદમા જે પ્રસાદ છે, તે વલ્લભમાં કેટલીક વાર નથી જોવામા આવતો. સામળમાં જે વાર્તારસ ઝમાવવાની ખૂબી છે, તે વલ્લભમા કેટલીક વાર નથી જોવામાં આવતી. દયારામમા જે સ્ફુરણા છે, તે વલ્લભમા નથી જોવામા આવતી. નર્મદમાં જે મસ્તપણું છે, તે વલ્લભમા નથી જોવામા આવતું. દલપતરામમા જે સભારંજની ઢબ છે, તે વલ્લભમાં નથી જોવામાં આવતી. પણ વલ્લભમા જે અક્કડપણું ને ફાકડાપણું છે, તે આ કોઇમાં નથી જોવામા આવતું. વલ્લભ તે તો વલ્લભ જ છે; એનું વૈયક્તિક વૈલક્ષણ્ય, એની રોફની, ભભકાની, તેજદાર ઢબમા સમાએલું છે. એની મગરૂબીના પ્રમાણમાં એની સફળતા જણાતી નથી; કારણ કે જો કે એને દરેક રસ પર જૂદું જૂદું લખી, પોતાની શક્તિ સ્થાપિત કરવા ઉમેદ હતી, છતા એ શક્તિ વાપરવા જતા કરુણરસની ઝમ વટમા તો એણે મારા માનવા મુજબ છક્કડ જ ખાધી છે. એના સ્વભાવથી એ વિરુદ્ધ રસ હતો. એના કરુણમા સ્પષ્ટ કૃત્રિમતા માલમ પડશે. નવલરામભાઇ કહે છે તેમ "તાક્યું તીર મારનાર તો પ્રેમાનંદ જ"—એની બરાબરી આપણા જૂના કવિઓમા કોઇથી થઇ શકે તેમ નથી જ. અને એટલું એ ખરૂં છે કે કોઇ કોઇ સ્થળે વલ્લભ ક્લિષ્ટતામા ને કૃત્રિમતામા ને કંટાળો આપે તેવાં નાહક લંબાણની શૈલીમા સડોવાય છે, છતા તેથી કંઇ એની કવિ તરીકેની કિંમત નાબૂદ થતી નથી—એની ઉત્તમતાને પણ કંઇ ડાઘ લાગતો નથી. એના પોતાના જ, "કુંતીપ્રસન્નાખ્યાન" ના શબ્દોમાં

"યુધિષ્ઠિર કહે ભાઇ.........
"તોય કરવી ન નિન્દા, ધૂળ હોય ધાણીમા.

—હોય, ધાણીમાં પણ ધૂળ હોય છે, તેથી કંઇ ધાણી ફેંકી દઇએ છીએ? નહિ જ. તે જ રીતે કાવ્યના સંબંધમાં પણ આપણે સમજી લેવાનું છે.

અંગ્રેજી વિધાનાં ચશ્માથી જોતાં આપણને જૂના કવિઓની કૃતિઓમા નૈરાશ્ય ઉત્પન્ન થાય છે. પરંતુ કોઇ પણ કૃતિની પરીક્ષા જે દષ્ટિબિન્દુએ તે રચાઇ હોય, જે સમાજને માટે તેનો ઉપયોગ ધારવામા આવ્યો હોય, જે સમકાલીન સંજોગોમા તે અસ્તિત્વમાં આવી હોય, તે ધાનમા લઇને જ કરવી જોઇએ. તે રીતે જોતા વલ્લભનું સ્થાન ગુર્જર કાવ્યોધાનમા સદાને માટે સ્મરણીય રહેશે. એ ઉદ્યાનમાં વિહરનાર ભાગ્યે જ કોઇ એમ કહી શકશે કે મને—

આ ક્યારામાથી સુવાસ ન આવી.

જરૂરનું માત્ર એટલું જ છે કે એ ઉદ્યાનમાં છૂટથી વિહરવું જોઇએ. તેમ ન કરતાં વિહરીએ ઇન્ગ્લંડ કે અમેરિકાના ઉદ્યાનમા, ને પછી આપણને આપણા ઉદ્યાનમાંની સૌરભ ન આવે, તો તેમા વાંક શું આપણા ઉદ્યાનનો છે?

નહિ જ.

લની સમાજવ્યવસ્થામાં સ્ત્રીઓનું સ્થાન શું હતું એના કાલ્પનિક ચિત્રો દોરવા કરતાં પુરાવા અને હકીકતોનો જરાક આધાર લઇએ તો એ ચિત્રો એટલા જ સુંદર બની શકે ખરાં ? માત્ર મહાભારતના ગ્રંથને જ શ્રદ્ધા કરતાં ઐતિહાસિક દૃષ્ટિએ વધારે વાચવામાં આવે, અને એમાં આવતી અસંગત અને વિચિત્ર વાતોમા જરાક ઉંડી ડુબકી મારવામાં આવે તોયે એ દૃષ્ટિપડળ વધારે ટકી શકે ખરા ? તે વખતમાં સમાજમા નીતિની વ્યાખ્યા આપણા કરતાં જુદી હતી એ તો ચોક્કસ. પાછળથી જેમ જેમ એ વ્યાખ્યાનું સ્વરૂપ બદલાતું ગયું તેમ તેમ તેને અનુકૂળ કરવાને એ શાસ્ત્રીય ગ્રંથ પર ઘણા પ્રયોગો કરવામાં આવ્યા. એમાં રહેલી સત્ય હકીકતોને મરડી મરડીને એનું સ્વરૂપ બદલવાનો પ્રયત્ન થયો. પરિણામે નથી એનું મુળ સ્વરૂપ રહ્યું કે ન નવું સ્વરૂપ બન્યું. પણ છતાયે એની આસપાસ ઉગેલા નવા વેલાઓને દૂર કરવાની જરાક મહેનત લઇએ તો એના મુળ સ્વરૂપની કૈંક ઝાંખી થયા વિના રહેતી નથી.

દ્રૌપદીના લગ્ન એ આવા જ એક વિવાદનો વિષય. એક સ્ત્રીને પાચ પતિઓ પરણે છતા એ સતી ગણી શકાય કે કેમ, અને ગણી શકાય તો હાલની નૈતિક ભાવના સાથે એનો મેળ રહી શકે ખરો ? ન રહે તો પણ શાસ્ત્રકારોએ તો એને સતી ગણેલી જ છે. એનો શો ખુલાસો હોઇ શકે ? આવી ઘણી પ્રશ્નપરંપરા એ વિષયમાં થયા વિના રહેતી નથી.

માત્ર શારીરિક પવિત્રતાના એક જ દૃષ્ટિબિંદુથી આ પ્રશ્નપરંપરા પુરી થતી નથી. આપણામાં તો સતીત્વ મનસા, વચસા અને કર્મણા એ ત્રણ પ્રકારે પાળવાનું હોય છે. ભાવ અને લાગણીઓને બીજા સર્વ વિષયોમાં તીવ્રરૂપે અનુભવનારી આ સ્ત્રીનો અંતરાત્મા હૃદય અને જીવનના આવા ઉત્કૃષ્ટ પ્રશ્નમાં નિર્લેપ રહી શકતો હશે ? એના હૃદયમાં શુ એવા જુદા જુદાં ખાના પડી ગયા હશે કે જેથી એના જુદા જુદા અનુભવોનું મિશ્રણ એનામા કદીએ નહીં થતું હોય ? મહાબાહુ અર્જુન અને શક્તિશાળી ભીમ સાથે સ્વરૂપવાન નકુળ અને જ્યોતિષી સહદેવ એક જ હારમા ઉભા રહી શકતા હશે ? સામર્થ્ય અને શક્તિનાં સર્વ કાર્યો વખતે એને સદા પ્રિયપતિ ભીમાર્જુન જ સાભરે છે એ શું માત્ર એક અકસ્માત જ કહી શકાય ? માનસશાસ્ત્ર એ કોયડો એ રીતે ઉકેલવા ના પાડે છે, અને મહાભારતકારે પણ દ્રૌપદીના અપક્ષપાતના દૃષ્ટાંતો આપવામાં બહુ દરકાર રાખી નથી.

પણ છતાં દ્રૌપદી સતી ગણાય છે એ શાથી ? પ્રણાલિકા દ્વારા એ વાત એ રીતે માન્ય છતાં મહાભારતને પણ એનો બચાવ કરવાની જરૂર તો જણાઇ છે, અને તેથી તપસ્વિની તરીકેના એના પૂર્વજન્મની વાત તથા મહાદેવે એને વર આપ્યો હતો તે વાત એના બચાવ તરીકે એમાં ઉમેરવી પડી છે. પણ તેથી આપણી દૃષ્ટિએ એનું સમાધાન થતું નથી.

એનો ખુલાસો માત્ર એક જ રીતે થઇ શકે. લગ્નની પવિત્રતાનો સ્વીકાર એ જ સતીત્વનું લક્ષણ. લગ્ન જેટલાંની અથવા જેની સાથે થયાં હોય તે સિવાય બીજાનો વિચાર

ન કરવો ત્યાં જ પવિત્રતાની મર્યાદા. તે વખતમા સ્ત્રીઓથી એક કરતાં વધારે પતિઓને પરણી શકાતુ હશે એ તો સ્પષ્ટ લાગે છે. હાલ પણ હિમાલયના પ્રદેશમાં અને ટોડા વિગેરે કેટલીક અનાર્ય જાતિઓમા આ પ્રથા ચાલુ છે. પતિના જીવતા અથવા પતિ ન હોય ત્યારે પુત્ર માટે પણ સ્ત્રીઓને કેટલાક પ્રકારની છુટ અપાતી. કુંતિના પુત્રો પાડવો અને વિચિત્ર-વીર્યની રાણીઓના પુત્રો ધૃતરાષ્ટ્ર, પાડુ અને વિદુર આના જીવંત ઉદાહરણો છે. મહાભા-રતના ઘણા મહાન માણસોની ઉત્પત્તિની કથાઓ તે વખતની નીતિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

દ્રૌપદીને સતી ગણવાનું એક બીજું પણ કારણ છે. આર્ય સમાજમાં સ્ત્રીઓની મહત્તા માપવાની સતી સિવાય બીજી એકે પદવી નથી. સતી ન હોય એવી રાણી કે વીરાંગના કે વિદુષીનો હિસાબ હિન્દુ જનસમાજે કદી ગણ્યો નથી. અને જે સ્ત્રીને એના સમયનાં નીતિના ધોરણ પ્રમાણે સતી ગણવામાં બાધ ન નડતો હોય તેના અવગણી ન શકાય એવા વ્યક્તિત્વને ન્યાય આપતાં તે વખતના શાસ્ત્રકારોને સંકોચ નહીં નડ્યો હોય? પણ એને માટે ખુલાસો આપવાનો પ્રયત્ન તો જેમ જેમ નીતિનું ધોરણ બદલાતું ગયુ તેમ તેમ પાછળથી જ થતો ગયો એમ લાગે છે. મહાભારતનો ગ્રંથ હાલ જે સ્વરૂપમા આપણી પાસે છે તે તેનું મુળ સ્વરૂપ ન હતું એમ માનવાને ઘણાં કારણો મળે છે. સમયને અનુસરતા ફેરફારો અને માન્યતાઓ તેમા દાખલ કરવામા આવ્યાં હોય તો ના ન કહેવાય.

આ એક અગત્યના પ્રશ્ન વીશે આ રીતે આપણા મનનું સમાધાન કર્યા પછી દ્રૌપદીના શક્તિશાળી વ્યક્તિત્વને વધારે સરળતાથી આપણે પ્રશંસી શકીએ છીએ. એના જીવનના દરેક પ્રસંગમા એનામાં કંઈ ને કંઈ નૂતનતા જડ્યા વિના રહેતી નથી. અને એ સર્વ પ્રસંગોમાં શક્તિના દર્શન એ એના વ્યક્તિત્વની ખાસ લાક્ષણિકતા છે.

એના સતીત્વમા મોહકતા છે અને બુદ્ધિના ઓજસથી એ ઝળહળે છે. સંપત્તિકાળમાં એને પ્રસાદ અને અકૃપા બન્ને દેખાડતાં સરસ આવડે છે. ગર્વભરી એ માનિની દુર્યોધનના અજ્ઞાન પર હસી શકે છે, પણ કુંતિજીની સેવા કરતા નમ્રતા એને છોડતી નથી. જુદાં જુદાં તત્ત્વોના પ્રતિનિધિ હોય એવા સર્વ પાંડવોની એ પ્રિયતમા થઇ શકે છે, અને છતા બંધુઓના ઐક્યમાં એના નિમિત્તે કદીએ વિક્ષેપ નડતો નથી. એ સર્વદા ઉત્સાહ પ્રેરે છે, અને કદી નિરાશ થતી નથી. પણ ઘણી વાર બધાં એની મોહકતા કરતા શક્તિને વધારે નમતા હોય એમ લાગે છે.

દ્રૌપદીના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી જોતા એનામાં જુદા જુદાં પ્રકાશનાં કિરણો દેખાય છે. આપણે એ સૌને સાથે ન જોતા એક પછી એકની તપાસ લઇશું.

સૌથી પ્રથમ બુદ્ધિ અને શક્તિનો પ્રભાવ દેખાડતી કૌરવોની રાજસભામાં એને આપણે જોઇએ. બુદ્ધિનો પ્રભાવ દેખાડી પ્રથમ એ જીતવા પ્રયાસ કરે છે, અને જ્યારે પ્રતિકામી દુર્યોધનની આજ્ઞાથી એને સભામાં લઇ આવવા જાય છે તે પ્રસંગ મેધાવિની દ્રૌપદીના આત્મભાનનો સરસ ખ્યાલ આપે છે. સભાપર્વમાથી એક નહાનું અવતરણ છેક અસ્થાને નહીં ગણાય.

પ્રતિકામી જ્યારે એને "યુધિષ્ઠિર તમને દ્યુતમા હારી ગયા છે અને દુર્યોધન તમને દાસી તરીકે બોલાવે છે" એમ કહે છે ત્યારે દ્રૌપદી એને પુછે છે કે,

"હે પ્રતિકામી! આવી રીતે કેમ બોલે છે? એવો કોણ રાજાનો પુત્ર છે કે પોતાની સ્રીનું 'પણ' મુકીને જુગટું રમે? જુગારના નીશાથી વિવેક વિસરી ગએલા રાજા યુધિષ્ઠિર મને હારી બેઠા, ત્યારે શું મારા વિના બીજું કંઈપણ મુકવાનું ન હતું?"

પ્રતિકામી જવાબમા કહે છે કે, "રાજા યુધિષ્ઠિર પોતાના ભાઇઓને અને પોતાની જાતને પણ જુગારમાં મુકી ચુકયા, અને છેવટે કંઈ બાકી ન રહ્યું ત્યારે તમને 'પણ' મુકીને હારી ગયા છે," ત્યારે ઉશ્કેરાયલી દ્રૌપદી પોતાનું માનસિક સ્વાસ્થ્ય ન ખોતાં ફરી કહે છે કે,

"હે સુતના છોકરા! તું સભામા જઇ યુધિષ્ઠિર રાજાને પુછી આવ કે પ્રથમ તમે તમારા આત્માને હાર્યા છો કે મને?" (સભાપર્વ–અ. ૬૭.)

દ્રૌપદીના આ પ્રશ્નનો ઉત્તર યુધિષ્ઠિરથી કંઈ અપાતો નથી અને દ્રૌપદીને ફરીથી સભામાં તેડવા મોકલે છે. ફરી એનો એ જ પ્રશ્ન દ્રૌપદી સભાના મહાત્મા સભાસદોને પુછાવે છે, પણ દુર્યોધનના ભયથી કોઇ કાંઇ ઉત્તર આપતું નથી. છેવટે દુરાત્મા દુઃશાસન એને સભામાં અમર્યાદ રીતે ખેંચી આણે છે, ત્યારે એનો ક્રોધ સમાતો નથી. દુર્યોધન, દુઃશાસન, કર્ણ અને શકુનિ સિવાય બીજા સર્વનાં અંતર આ દૃશ્યથી વિંધાય છે, અને ભીષ્મપિતામહ, દ્રૌપદીના ન્યાયયુક્ત પ્રશ્નનો, અડધા શરમાતા, ગોળગોળ જવાબ આપે છે કે,

"હે દ્રૌપદી! સ્વામી દાસ થયો એટલે તેની સ્રી દાસી ગણાય, અને યુધિષ્ઠિરનું વશપણું જોઇને તથા પરવશ અને અશકત બનેલો સ્વામી બીજાના દ્રવ્યનું 'પણ' મુકવા સમર્થ નથી, એ સર્વ જોતાં ધર્મની વાત ઘણી સૂક્ષ્મ છે, તેથી તારા ખરા પ્રશ્નનો બરાબર ઉત્તર કરી શકાતો નથી. હે દ્રૌપદી! સમૃદ્ધિવાળી સઘળી પૃથ્વીને રાજાએ મેલી દીધી પણ પોતે ધર્મને મેલ્યો નહીં, અને યુધિષ્ઠિરે હું હારી ગયો એવું કહ્યું, માટે પોતે હાર્યા પણ સ્રી હારી એમ ગણાય નહીં; તેથી તારા પ્રશ્નનો બરાબર ઉત્તર કરી શકાતો નથી. વળી દ્યુત રમવામાં હોંશિયાર શકુનિએ પરાજય કર્યો તેથી યુધિષ્ઠિર રાજાએ કંઈ ખરાબ જાણ્યું નહી, તેથી પણ તારા પ્રશ્નનો બરાબર ઉત્તર થઇ શકતો નથી."

તે સાંભળી દ્રૌપદી બોલ્યાં કે, "જુગટામાં રાજી થનાર ભુંડા કામ કરનાર મૂર્ખ, છોકરા જેવા અને દુષ્ટ મનવાળાને બોલાવી અભ્યાસ વગરના મારા સ્વામી સાથે રમાડયા તેથી તે હાર્યા એમ કેમ કહેવાય? કૌરવો અને પાંડવોના મુખી અને જુગટામાં અજાણ્યા રાજાને બધા કપટી અને દુષ્ટ કામ કરનારાઓએ છળીને જીતી લીધા. પાછળથી કપટ કર્યું માટે તે હાર્યા ન કહેવાય. આ સભામા વહુ દીકરાવાળા વૃદ્ધ કૌરવો બેઠા છે. તે આવો અન્યાય જોઇ તથા મારાં વાકયો સાંભળી તેનો ખરેખરો ઉત્તર આપો." (સભા પર્વ. અ. ૬૭.)

દ્રૌપદીની આ તેજસ્વી વાણીએ આખી સભામા ખળભળાટ મચાવી મુકયો લાગે છે. ભીમસેન પણ દ્રૌપદીની આ વાણીથી એકદમ આવેશમાં આવે છે, અને ધૃતરાષ્ટ્રનો પુત્ર

વિકર્ણ દ્રૌપદીનો પક્ષ લઇ આખી સભા પાસેથી ન્યાય માગે છે, અને ફરી ફરી દ્રૌપદી જીતાયાં ગણાય કે નહીં, તેમ જ યુધિષ્ઠિરને સર્વસ્વ હારી ગયા પછી દ્રૌપદીને 'હોડ' માં મુકવાનો હક્ક હતો કે નહીં એ સવાલનો જવાબ માગે છે. સભામા ઘોંઘાટ થઇ રહે છે. કર્ણ તે વખતે દુર્યોધનની વતી બોલવા ઉઠે છે, અને તે વખતે પણ સ્હામી દલીલ એવી લાવે છે કે, " ઇશ્વરે સ્ત્રી જાતિને માટે એક પતિ નિર્માણ કરેલો છે, અને આને તો પાંચ પતિ છે. માટે તે......જેવી સ્ત્રીને આ સભામા લાવવાને હરકત નથી." (સભા પર્વ. અ. ૬૮.) પાજરામાં પુરાયલી સિંહણને આ અપમાન કેટલું સાલ્યું હશે ?

પણ જે કાર્ય બુદ્ધિ ન કરી શકી તે દ્રૌપદીના પાછળ રહેલા બળતા ખ્યાલે કર્યું. મહાત્મા અને ધર્માત્મા પુરુષોની સભામાં, અબળાના વસ્ત્રપર હાથ લગાડતા, કુળધર્મની મર્યાદા, પુરુષત્વનો ખ્યાલ, નિર્બળને રક્ષવાનો ક્ષાત્રધર્મ, કે નિરાધાર સ્ત્રીના ધર્મ અને માનની રક્ષાનો પુરાણો આચાર, એ કશુએ કામ નહીં આવ્યું, ત્યા અસહાય જણાતી દ્રુપદની એ પુત્રીની પાછળ યાદવોના નાથ અને આર્યોના સૌથી સમર્થ પુરુષનું સમગ્ર બળ એને બચાવવાને તત્પર હતું–એ ભાને કૃષ્ણાના ખેંચાતાં વસ્ત્રો બચ્યા. વસ્ત્રહરણના પ્રસંગમા ચમત્કાર કરતા કૃષ્ણને નામે યુદ્ધનું આહ્વાહન આપતી પાચાલીના આત્મબળથી જ એ ભયંકર અપમાનમાંથી એ રક્ષાઇ. જુલ્મગારો જ વધારે કાયરો હોઇ શકે છે.

પણ જે યુગ અને સમાજમા સ્ત્રીજાતિનું આવું ભયંકર અપમાન શકય હોઇ શકે છે તેની નીતિની ભાવના માટે શું કહેવું ? દ્રૌપદી જેવી પ્રતાપી અને બળવાન સ્ત્રીની આ દશા જ્યા થઇ શકે ત્યા બીજી નિર્બળ સ્ત્રીઓની રક્ષા કેવી રીતે થતી હશે તે વિશે પણ શુ ધારવું ? સસ્કારિતાના કેન્દ્રસ્થાન કુરુકુળમા જે વડીલોને હિન્દુઓ આજ સુધી પૂજતા આવ્યા છે તેમની સમક્ષ પાચાલ દેશના શક્તિશાળી રાજાની પુત્રીનું આ અપમાન, એ એ યુગની સ્ત્રી–સન્માનની ભાવનાનું અનેરૂં ચિત્ર પુરૂં પાડે છે, અને એ સુવર્ણયુગમાં સ્ત્રીજાતિની અતિ ઉત્તમ મનાતી દશાનું ભાન કરાવે છે.

પણ હજી દ્રૌપદીના સભામાં થતા અપમાનનો અંત આવ્યો નથી. કાયરો ભય પામે અને દબાય ત્યારે પણ સ્વભાવની નીચતા દર્શાવ્યા વિના રહેતા નથી. સભામા ઘોંઘાટ ચાલુ જ રહે છે, અને સૂર્યચંદ્ર પણ જેને જોવાને ભાગ્યશાળી નહોતા થતા એવી દ્રૌપદીને ઘણા ઘણા દૃષ્ટિપાતો અને ઘણા ઘણાં વચનબાણો સહેવા પડે છે. છેવટે કપટી ધૃતરાષ્ટ્ર એમની હંમેશની રીત પ્રમાણે દ્રૌપદીને મીઠે વચને વરદાનો માગવાનું કહે છે, અને દ્રૌપદી પાડવોને એ વરદાનો દ્વારા છોડાવે છે. ધૃતરાષ્ટ્ર પાડવોને રાજ્યપાટ પાછા આપે છે, પણ ફરી ધુત રમી હરી લેવા માટે. પાડવોનું ફરી હારી જવું, બાર વર્ષ વનમા તથા એક વર્ષ ગુપ્તવાસમા રહેવું એ શરતે સ્વીકારેલો વનવાસ અને દ્રૌપદીનું સાથે જવું, એ સર્વ કથા તો અત્રે અપ્રાસંગિક જ ગણાય. પણ વૃદ્ધ કુંતાજીને પણ દ્રૌપદી પાંડવોની સાથે છે એ વિચારે કૈંક આશ્વાસન મળતું લાગે છે.

દ્રૌપદીના માની સ્વભાવને આ અપમાનનુ દુઃખ કેટલું સાલે છે, એ વનપર્વમા વર્ણવેલા કેટલાક પ્રસંગોમા બહુ સુંદર રીતે વર્ણવેલું છે. દ્રૌપદીના પોતાના જ શબ્દો એનો બરાબર ખ્યાલ આપી શકશે.

શ્રી કૃષ્ણ પાંડવોને વનવાસ ગએલા જાણી ત્યા એમને મળવા આવે છે. તે પ્રસંગે પ્રથમ શ્રી કૃષ્ણની સ્તુતિ કર્યા પછી દ્રૌપદી કહે છે કે, "હે ઇશ્વર ! તમે સર્વ મનુષ્યો તથા સ્વર્ગમાં રહેનાર દેવતાઓ રૂપ છો, વાસ્તે નમ્રતાથી તમને હું મારાં દુઃખ કહું તે સાંભળો. હે શ્રી કૃષ્ણ ! પાંડવોની સ્ત્રી, તમારી સખી અને ધૃષ્ટદ્યુમ્નની હું બ્હેન છું. તેને કોઇ ખેંચી શકે નહીં, પણ કૌરવોની સભામા રજસ્વલા, એક વસ્ત્ર પહેરેલી થરથર કંપતી અને દુઃખવાળી એવી મને દુઃશાસને ખેંચી. વળી રાજાઓના સમાજમા પાપયુક્ત મનવાળા ધૃતરાષ્ટ્રના પુત્રો મને જોઇને હસ્યા. હે મધુસૂદન ! પાચ પાડવો પુત્રો સહિત પાંચાલ દેશના રાજા દ્રુપદ તથા સર્વ વૃષ્ણીકુળ જીવતાં છતા કૌરવો મને દાસીપણાથી ભોગવવાની ઇચ્છા કરવા લાગ્યા, અને તેઓએ બળાત્કારથી ભીષ્મપિતામહ તથા ધૃતરાષ્ટ્રની ધર્મેકરી હું વહુ થાઉં તેને દાસી કહી. માટે હે જનાર્દન ! હું યુદ્ધ કરનાર પુરુષોમા શ્રેષ્ઠ તથા મહાબળવાન પાડવોની નિંદા કરૂં છું; કારણ કે તેઓ પતિવ્રતા ધર્મવાળી અને જગતમા યશવાળી મને કૌરવોથી દુઃખ પામતી જોઇ રહ્યા. હે સંહારકર્તા ! ભીમસેન તથા અર્જુને અલ્પ પરાક્રમી કૌરવોએ મને દુઃખ આપ્યું તે સહન કર્યું. વાસ્તે ભીમસેનના બળને અને અર્જુનના ગાંડીવ ધનુષ્યને ધિક્કાર છે......હે શ્રી કૃષ્ણ ! આ પાડવો પોતાને શરણે આવેલા હરેકની રક્ષા કરે છે, છતા મારી રક્ષા કરવામા કેં પણ દયાયુક્ત થયા નહીં. હે વાસુદેવ ! આ પાંચ પતિથી મને જે પાચ પુત્રો ઉત્પન્ન થયા છે તેમની ઉપર નજર રાખીને મારી રક્ષા કરવી યોગ્ય હતી. વળી હે શ્રી કૃષ્ણ ! ધનુષ્ય ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અને યુદ્ધમા શત્રુથી નહીં જીતાય એવા આ પાડવો બળ વગરના ધૃતરાષ્ટ્રના પુત્રોનો અપરાધ કેમ સહન કરે છે ?" આ જાતના ને આવા ઘણાં વચનો દ્રૌપદી શ્રી કૃષ્ણને કહે છે, અને છેવટે તેમને ઉપાલમ્ભ આપતાં કહે છે કે, "હે મધુસૂદન ! પતિ, પુત્ર, સગા, સંબંધીઓ, ભાઇઓ, પિતા અને તમે કોઇ મારા નથી, કારણ કે જ્યારે અલ્પ પરાક્રમવાળા કૌરવોએ મારો પરાભવ કર્યો ત્યારે શોક વગરના પુરુષ સરખા થઇને કોઇએ પણ મારી સહાયતા કરી નહીં. તે વખતે કર્ણે જે મારો ઉપહાસ કર્યો છે તે દુઃખ મને શમતું નથી. હે કેશવ ! તમારે મારી રક્ષા સંબંધભાવથી, અથવા હું અગ્નિના કુંડમા ઉત્પન્ન થઇ છું તે માટે, વા સખાપણાથી અથવા ઇશ્વરભાવથી કરવી હતી." (વનપર્વ. અ. ૧૨). આ વચનોમા કેટલો ઉગ્ર રોષ રહલો છે તે સહેજ દેખાઇ આવે છે, અને શ્રી કૃષ્ણ આશ્વાસન આપે છે તેમાં પણ દ્રૌપદી પ્રત્યે રહેલો ઉંડો ભાવ દેખાઇ આવ્યા વિના રહેતો નથી. કોઇ વાર તો એમ પણ પ્રશ્ન થાય છે કે શ્રી કૃષ્ણ પાંડવોના વધારે મિત્ર હતા કે દ્રૌપદીના ?

પાડવો કૌરવો સાથે દ્યુત રમ્યા તે પ્રસંગે શ્રી કૃષ્ણ દ્વારકામા ન હતા, પણ સૌભ શહેરના શાલ્વ રાજાનો નાશ કરવા ગયા હતા; તેથીજ પાંડવો આવું મૂર્ખકૃત્ય કરી શક્યા. યુદ્ધમાંથી પાછા ફરતાં વાત સાંભળી શ્રી કૃષ્ણ તરતજ હસ્તિનાપુર આવી પહોચ્યા, પણ ત્યારે તો ઘણું થોડું થઇ ચુકયું હતું, અને પાડવો વનમા પણ સિધાવ્યા હતા. શ્રી કૃષ્ણ ત્યાથી તરતજ પાડવોને મળવા આવ્યા અને દ્રૌપદી સહ પાડવોને આશ્વાસન આપ્યું.

વનપર્વમાંનો એક બીજો પ્રસંગ પણ હેક અસ્થાને નહીં ગણાય.

દ્રૌપદીના અભિપ્રાય પ્રમાણે તો બળવાન ક્ષત્રિયોએ આ જાતના અપમાનને સહન કરવું એ નિર્બળતાની નિશાની રૂપ જ હતું, અને તેથી એનાથી પરિતાપ કર્યા વિના રહેવાતું નથી. ધર્મરાજાને ઉપાલમ્ભ આપતા પહેલાંની અને હાલની સ્થિતિ એનાથી સરખાવ્યા વિના એ રહેવાતું નથી. એના જેવી અભિમાની સ્ત્રીને ક્ષણે ક્ષણે પોતાની દુરાવસ્થા અને શત્રુઓનો આનંદ સાલે છે. એ તો યુધિષ્ઠિરને ચોકખું કહી સંભળાવે છે કે, " હે ભરતકુળમા શ્રેષ્ઠ ! તમને વનવાસના દુઃખો યુકત તમારા ભાઇઓ તથા મને જોઇને ક્રોધ ઉત્પન્ન થતો નથી, માટે હું એમ માનું છુ કે, તમારામા કૈં પણ ક્રોધનો અંશ નથી. હે રાજન ! જે ક્ષત્રિયને ક્રોધ હોતો નથી એને જગતમા ' આ ક્ષત્રિય છે ' એમ કોઇ કહેતું નથી. તેમ આજ હું તમને ક્ષત્રિયપણા વગરના જોઉં છું. હે યુધિષ્ઠિર ! ક્ષત્રિય સમય આવ્યે પોતાનુ પરાક્રમ ન દેખાડે તો તેનો સર્વભૂત પ્રાણી પરાભવ કરે છે, માટે તમારે શત્રુપર ક્ષમા રાખવી યોગ્ય નથી. " (વનપર્વ. અ. ૨૭.)

જ્યારે આ વચનોથી યુધિષ્ઠિર ઉત્તેજાતા નથી ત્યારે દ્રૌપદી બુદ્ધિવાદમાં ઉતરે છે, અને શરૂઆતમાં બલિ વૈરોચનનો સંવાદ કહે છે. બલિરાજા પ્રશ્ન પુછે છે કે, " હે પિતામહ ! મનુષ્યનું કલ્યાણ શાથી થાય ? ક્ષમા રાખવાથી કે ક્રોધ કરવાથી ? એ વીશે મને સંદેહ થયો છે. " ત્યારે પ્રહ્લાદજી એનો ઉત્તર આપે છે કે, " હે પુત્ર ! મનુષ્યનું સદૈવ ક્ષમા રાખવાથી અથવા ક્રોધ કરવાથી કલ્યાણ થતું નથી. વખતસર એક રાખવાથી કલ્યાણ થાય છે, એમ તું જાણ. પછી ક્ષમા અને ક્રોધ કયે પ્રસંગે કરવો એ વિશે ઉપદેશ કરે છે. " (વન પર્વ. અ. ૨૮) યુધિષ્ઠિર રાજા ક્રોધની સામે જુની પુરાણી દલીલો ઉત્તરમાં કહી સંભળાવે છે, ત્યારે દ્રૌપદી છંછેડાઇને કહે છે કે, " હે યુધિષ્ઠિર ! ઇશ્વર તથા પૂર્વના કર્મ જે તમને મોહ પ્રાપ્ત કરાવે છે તેને હું નમસ્કાર કરૂં છું. તમારે તો તમારા પિતા અને પિતામહો બળે કરી રાજ્યગ્રહણ કરવા રૂપ ધર્મમા વર્તતા હતા તેવી રીતે વર્તવું જોઇએ. તેમા તમને અવળી મતિ પ્રાપ્ત થઇ ગઇ છે.........તમને જીવવાથી પણ ધર્મ પ્રિય છે, તો તે ધર્મનું પાલન કરવા સારૂ મારા સહિત ભીમસેન, અર્જુન, સહદેવ, નકુલનો પણ ત્યાગ કરો. હે ભરતવંશમા શ્રેષ્ઠ ! ધર્મ પોતાનું સેવન કરનાર રાજાની રક્ષા કરે છે, એમ મે મહાપુરુષોથી સાંભળ્યું છે; પણ તમારી રક્ષા કરતો નથી. તમને ધર્મમા નિરંતર એકાગ્ર બુદ્ધિ રહેલી છે, તેથી તમે તમારા સમોવડિયા કે તમારાથી કમી પુરુષોનું અપમાન કરતા નથી, તો તમારાથી શ્રેષ્ઠ પુરુષનું તો શાનું જ કરો ? કોઇનું અપમાન કરવું એ અભિમાન વગર થતું નથી, અને તે તો તમને રાજ્ય હતું ત્યારે પણ નહોતું.... ....પણ તમે સદા ધર્મનુ જ સેવન કર્યું છે ત્યારે તમને અધર્મરૂપ દ્યુત રમવાની બુદ્ધિ કેમ પ્રાપ્ત થઇ ? જે દ્યુતથી તમે રાજ્ય, દ્રવ્ય, આયુધો, પોતાના ભાઇઓ તથા મને પણ હારી ગયા, તેથી તથા આપણને થતા વનવાસના દુઃખો જોતાં મને મોટો મોહ ઉત્પન્ન થાય છે.

હે રાજન ! સર્વ જીવ ઇશ્વરને વશ છે, પોતાને વશ નથી.........હે યુધિષ્ઠિર ! ઇશ્વરની માયાનું બળ તો જુઓ કે જે ઇશ્વર પોતાની માયાએ કરી લિંગ શરીરાભિમાન જીવને જડરૂપ સ્થુલ શરીરમા આત્મબુદ્ધિ કરાવીને પરસ્પર નાશ કરાવે છે............જેમ

માતાપિતા પોતાના સંતાનોનું પ્રિય કરે છે તેમ ઇશ્વર પ્રિય કરતા નથી, ને ક્રોધથી બીજા મનુષ્યોની પેઠે કોઇને સુખ કોઇને દુઃખ પ્રાપ્ત કરાવે છે; તે ઇશ્વર દયાળુ નથી. વળી ઇશ્વર ધર્મમા વર્તનારાને દુઃખ પ્રાપ્ત કરાવે છે અને અધર્મીઓને સુખ પ્રાપ્ત કરાવે છે એમ મને જણાય છે. હું ધર્મમા વર્તનાર તમને આવી આપત્તિ તથા અધર્મી દુર્યોધનને આવી રાજ્ય-સમૃદ્ધિ જોઉં છું, માટે તેની (ઇશ્વરની) નિંદા કરૂં છું. હે શ્રેષ્ઠ રાજન! ધર્મશાસ્ત્રની મર્યાદાથી ઉલટો ચાલનાર ક્રૂર, લોભી તથા અધર્મી દુર્યોધનને સમૃદ્ધિ આપી તેથી તેને શું ફળ પ્રાપ્ત થયું હશે? હે યુધિષ્ઠિર! તમે જીવને કર્મ પ્રમાણે ફળ મળે છે એમ કહેશો, તો કર્મ કરવામાં પ્રેરણા કરનાર ઇશ્વર છે, માટે તેને ફળ મળવું જોઇએ, પણ જીવને મળવું જોઇએ નહીં. જો જીવે હરેક કામમા કરેલું પાપ તે કરાવનાર ઇશ્વરને પ્રાપ્ત થતું નથી, તો તેમાં ઇશ્વરનું બળ જ કારણ છે, માટે બળ વગરના જીવો માટે હું અફસોસ કરૂં છું." (વનપર્વ. અ. ૩૦.) કોણ કહેશે કે આવું કહી શકે તે સ્ત્રી આજથી ત્રણ હજાર વર્ષ પૂર્વે જન્મી હતી?

પણ ધર્મના અવતાર રૂપ યુધિષ્ઠિરને આવાં નાસ્તિક વચનો કેમ રુચે? એમના મત પ્રમાણે દ્રૌપદીના અજ્ઞાનરૂપ વાદળને વીખેરવા તરતજ ધર્મ અને કર્મ ફલ વિશેનો ઉપદેશ શરૂ કરે છે, અને ફરીથી આવી નાસ્તિક બુદ્ધિ ન કરવા માટે દ્રૌપદીને વિનવે છે. દ્રૌપદીને તરતજ લાગે છે કે આ પાસો બરાબર નથી પડયો, એટલે તરતજ નમ્રતા ધારણ કરી યુધિષ્ઠિર રાજાને ખાત્રી આપે છે કે એનો ઇરાદો ધર્મની નિંદા કરવાનો ન હતો, પણ વનવાસના દુઃખોએ જ એને અકળાવી મુકી હતી. પણ આટલું કહીને એ વિરામ પામતી નથી. સાથે સાથે ઉદ્યોગનું માહાત્મ્ય તો એ વર્ણવે જ છે. એ કહે છે કે, "જેમ તલમા તેલ, ગાયોમાં દુધ, અને કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે, પણ તે ઉદ્યોગ કર્યા વિના હાથમા નથી આવતાં, તેમ કર્મફલ પર આધાર રાખ્યાથી ગએલું રાજ્ય પણ પાછું ન આવે; અને રાજ્ય ન આવે તો એનો અર્થ એ થશે કે આપણા અદૃષ્ટમાં રાજ્ય છે જ નહીં. ખેડુત ખેતી કરે પછી વરસાદ ન આવે તો દૈવનો દોષ, પણ તેમા ઉદ્યોગ ન કર્યાનો અસંતોષ તો રહેતો નથી. હું ઉદ્યોગ કરૂં અને ફલસિદ્ધિ ન થાય તો?—એ વિચારે પુરુષાર્થીઓએ બેસી રહેવું યોગ્ય નથી, કારણ કે તેથી પોતાના પરાક્રમની પુરુષને ખબર પડતી નથી. સામ, દામ, ભેદ, કે દંડ એ હરેક ઉપાયથી અર્થસિદ્ધિ કરવી એ જ પરાક્રમી પુરુષને ધર્મરૂપ છે." (વનપર્વ. અ. ૩૨.) આવા અર્થના ઘણા વાકયો દ્રૌપદી યુધિષ્ઠિરને સંભળાવે છે. ભીમસેનનું અંતર તો દ્રૌપદીના આ શબ્દોથી એકદમ ઉકળે છે, અને તે પણ ઉછળતા અંતરે મોટાભાઇને ઘણાં વચનો સંભળાવે છે. ત્યારે પ્રથમ તો ધર્મરાજા એને ધર્મબોધથી શાંત કરવાનો યત્ન આદરે છે, પણ છેવટે ભીમ-સેન નથી જ સમજતો ત્યારે એક બીજું અત્યાર સુધી ન કહેલું કારણ દર્શાવે છે. "હે ભરત કુળમા ઉત્પન્ન થએલા ભીમસેન! જે પુરુષ સાહસથી પાપરૂપ કામ કરવાનો આરંભ કરે છે તેને તે કામ દુઃખ આપનાર થાય છે. વાસ્તે હું કહું તે તું સાંભળ! ભૂરીશ્રવા, શલ્ય, જરાસંધ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા તથા દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રના પુત્રો સૌ કુશળ અને મોટા ધનુર્ધારીઓ છે. જે રાજાઓને આપણે તાપ પમાડેલા છે તે સૌ કૌરવ પક્ષનો આશ્રય કરનાર તથા દુર્યોધનના સ્નેહને લીધે તેનું હિત ઇચ્છનાર છે. માટે તેઓ મોટા ધનવાન હોવાને લીધે યુદ્ધમાં ખુબ યત્ન કરશે. તેઓને દુર્યોધન મોટા સન્માનથી અનેક

તરેહના સાહિત્યો તથા ખાનપાનાદિ આપશે. પુત્રો તથા પ્રધાનાદિ સહિત તેઓ યુદ્ધમાં પોતાના પ્રાણત્યાગ કરશે એમ મને નિશ્ચય છે. વળી ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યને આપણામા તથા કૌરવોમા સરખી પ્રીતિ છે, તો પણ તેઓ દુર્યોધનનું અન્ન ખાય છે, માટે તેનો પક્ષ કરીને યુદ્ધમા પોતાના પ્રાણનો ત્યાગ કરશે. હે ભીમસેન ! તેઓ સર્વશ્રેષ્ઠ અસ્ત્રવિદ્યામા કુશળ, સ્વધર્મપરાયણ, અને યુદ્ધમાં દેવતા તથા દૈત્યોથી પણ ન જીતાય એવા છે. વળી તેઓમા મહારથિ, સર્વ અસ્ત્રવિદ્યામાં કુશળ કોઇથી પરાભવ પામે નહીં એવો તથા કોઇથી પણ ન ભેદાય એવું કવચ ધારણ કરનાર કર્ણ આપણી ઉપર નિરંતર દ્વેષ રાખે છે. માટે એ સર્વને જીત્યા વગર તારાથી દુર્યોધનને જીતવો ઘણો મુશ્કેલ છે, એવા વિચારથી મને રાત્રિ દિવસ નિદ્રા પણ પ્રાપ્ત થતી નથી." (વનપર્વ અ ૩૬) ધર્મરાજાના હૃદયમા ધર્મથીએ ઉંડું આવી શંકાઓનું શલ્ય ખુંચતું હશે કે નહીં ? આ શંકાઓથી દુઃખી થએલા યુધિષ્ઠિર મહાબાહુ અર્જુનને અજેય્ય જોવા ઇચ્છે છે, અને તેથી તેને ઇન્દ્ર પાસે દિવ્યાસ્ત્રો લેવા મોકલે છે. ગાંધીજીની માફક ધર્મરાજાનો ધર્મ પણ એમની વ્યવહારૂ બુદ્ધિને ઠીક મદદ રૂપ થતો લાગે છે એવો નાસ્તિક વિચાર કોઇ વાર આપણા અંતરમા આવે તો એ માનુષી નિર્બળતા ક્ષમ્ય કરવા યોગ્ય છે.

દ્રૌપદીની પ્રીતિ અર્જુનપર સૌથી વિશેષ હતી એ તો ઘણે ઠેકાણે દેખાય છે. દ્રૌપદીના રસિક અને વીર હૃદયને સંતોષે એવો એ માત્ર અર્જુન એક જ છે એ પણ કૈંક લાગ્યા વિના રહેતું નથી. સહદેવ અને નકુળને દ્રૌપદી કદી ભુલતી નથી, પણ કોઇ પણ ઠેકાણે એમની પાસે સીધી યાચના કરતી કે એમના પરાક્રમમા ખાસ ગર્વ લેતી કદીએ દેખાતી નથી. ભીમસેનના તરત ઉશ્કેરાય એવા સ્વભાવનો એ પ્રસંગસર ઉપયોગ કરે છે, અને યુધિષ્ઠિરના શાન્ત હૃદયમાં એ વેગ આણે એવી ચાવી તો એ એક જ છે. એને ધમકાવતા અને મીઠાસથી સમજાવતા આવડે છે. જરૂર પડે ત્યારે એ દલીલોમા ઉતરી શકે છે. એ સ્ત્રી છે પણ સત્તાધારી થવાને એ વધારે યોગ્ય છે. કીચકને ભોળવતા કે ભીષ્મને છેતરી વરદાન લેતા—એ કપટ કરવાની જરૂર પડે તો તે કરતા પણ તે અચકાતી નથી, અને છતા સત્યભામાને ઉપદેશ આપતા સ્ત્રીધર્મની પ્રણેતા એ થઇ શકે છે. નમ્રતા એના સ્વભાવમા નથી પણ તેનોએ ડોળ કરવો હોય તો તે તેને પુરેપુરો આવડે છે. માનવી વિકારોને એ વશ થતી નથી પણ એનું પ્રદર્શન એ પોતાને અનુકૂળ વખતે ધ્યેય સાધવાને કરે છે. અર્જુન સુભદ્રાને પરણી આવે છે ત્યારે ' સુભદ્રા પાસે જાઓ ' એમ કહેતી આ અપૂર્વ સ્ત્રી માત્ર સ્ત્રી સ્વભાવને સુલભ ઇર્ષ્યા દાખવે છે કે એ રીતે અર્જુનને વધારે ખેંચે છે એ કોણ કહી શકે ?

પાંડવોનો દ્રૌપદી પ્રત્યેનો ભાવ તો એ એને પૂજ્ય કુલદેવતા માનતા હોય કે પાંચ ઇંદ્રિયો જેવા પાંડવો આત્માસમી દ્રૌપદીને વશવર્તી થઇ ચાલતા હોય એવો કૈંક છે. દરેક એનાપર સ્નેહ રાખે છે, અને છતા દરેકપર એનો તાપ પડતો હોય એવું લાગે છે. એનામા કૈંક એવું આકર્ષણ છે કે એની અતિ તેજસ્વીતાનો જુલમ કોઇક વખત એમને લાગતો હશે તોયે એનાથી દૂર ખસવાનું મન કોઇને થતું નથી. માતાની માફક એ એમની સંભાળ રાખે છે અને પત્ની થઇ એ એમને રીઝવે છે. દ્રૌપદીની મહત્ત્વાકાંક્ષાને ન સંતોષવાની હોત તો પાંડવો આટલાં પરાક્રમ કરત ખરા ?

પણ દ્રૌપદીમાં સુકુમારતા નહોતી એમ નહીં. દુઃખ પડે ત્યારે અશ્રુનાં પુર એનાં નયનોમાંથી સદાય ઉલટતાં, પણ એના અશ્રુનું મૂલ્ય ઘણું મોઘું પડતું એટલો જ એનામા ફેર. એના સુકોમલ દેહને દુઃખ થતું ત્યારે એ અશ્રુ પડાવતો. એ દેહમાં વસતો બલવાન આત્મા ઘવાતો ત્યારે તેમાંથી નિશ્ચયની ઉગ્ર જ્વાલાઓ નીકળતી. આ સ્રીના કાંતો મિત્ર રહી શકાય કે શત્રુ થઇ શકાય. શત્રુ કે મિત્ર એ બેમાથી એકે હારમાં ન આવે એવી કોઇ પદવી જ આની સાથેના સંબંધમાં શક્ય નહોતી.

અને તોય આ સ્રી કોડીલી હતી, પણ સાહસ વિનાના કોડ એને સંતોષતા નહીં. ગંધમાદન વનમાંથી સહસ્રદલ કમલ લેવા એ ભીમને મોકલે છે, ત્યારે રાક્ષસોથી ભરપૂર વનમાં ભીમને એકલો મોકલતા એને સંકોચ કે ગભરામણ થતી નથી, ને અરણ્યમા યે એ રાજ્ઞીના જ તોરથી રહે છે. જયદ્રથે મોકલેલા કોટિકને જવાબ દેતા ને જયદ્રથને સત્કાર માટે નિમંત્રણ કરતાં મોટા ઘરની એ કુલવધૂ એની મોટાઇને યોગ્ય જ જવાબ દે છે, ને જયદ્રથનું સ્વાગત કરતાંએ સમ્રાજ્ઞીનું ગૌરવ એને છોડતુ નથી.

જયદ્રથ દ્રૌપદીનું હરણ કરે છે તે પ્રસંગે પણ દ્રૌપદીનો પ્રભાવ દેખાયા વિના રહેતો નથી. અબળા અને એકલી તેથી તેનું જોર ન ચાલ્યું એ ખરૂં, પણ ગર્વ અને પ્રતિભા તો એની વાણીમાંથી ત્યારે પણ ઝરે છે. એના તિરસ્કારમાં એક પ્રકારની ઉગ્ર જ્વાળા છે, અને જેના પર એ છુટે છે તેને એ બાળ્યા વિના રહેતી નથી.

યુધિષ્ઠિરના ઠંડા અને ધીમા સ્વભાવથી કોઇ વાર એ પોતાના સ્વભાવપરનો કાબુ ખુએ છે, પણ બનતા સુધી એમના તરફની માનવૃત્તિને જરાએ હાની ન પહોચે એ દેખાડવા એ પ્રયત્ન કરે છે. જયદ્રથને ન મારવાનો આદેશ જ્યારે યુધિષ્ઠિર કરે છે ત્યારે આકુળવ્યાકુળ થએલી દ્રૌપદીથી, " જો તમારે મારૂં પ્રિય કરવું હોય તો જયદ્રથને માર્યા વિના છોડવો નહીં " એવું ભીમાર્જુનને કહ્યા વિના રહેવાતું નથી. પણ જ્યારે એને પકડી લાવે છે અને યુધિષ્ઠિર એને મુકી દેવાનું કહે છે ત્યારે ભીમ કહે છે કે, " આને દ્રૌપદી કહે તો મુકી દઉં. " યુધિષ્ઠિર ફરી ભીમને એને મુકી દેવાનું કહે છે અને દ્રૌપદી પણ યુધિષ્ઠિરનો મનોભાવ જાણી વગર કહ્યે એ જ આજ્ઞા કરે છે. આ પ્રસંગમાં ગમે તેટલો ક્રોધ ચઢયો હોય છતાં યુધિષ્ઠિરની મહત્તા ન ઘટાડવાની એની ચિંતા દેખાયા વિના રહેતી નથી.

ગુપ્તવાસનો સમય હવે પાસે આવતો જાય છે. જન્મથી જેણે કં કામ કર્યું નથી એવી દ્રૌપદી કયુ કાર્ય સ્વીકારશે એની પાંડવોને ફીકર થાય છે. પણ સમયને ઓળખનારી આ માની સ્રી જરાએ સંકોચ વિના સૈરંન્ધ્રિનું કાર્ય સ્વીકારે છે, અને પાડવો વિરાટનગર પ્રતિ જાય છે. રાણી સુદેષ્ણાને દ્રૌપદીને જોતાં થયેલી શંકા કે " આને જોઇને રાજા કદાચ મને મુકી દેશે " એ કોણ કહેશે કે અસ્થાને હતી ? દ્રૌપદી ઇચ્છે તો એની શક્તિપાશમા ન સપડાય એવો નર વસુંધરાના છેડા પર કોઇ વસતો ન હતો. એ ન ઇચ્છે તો શક્રનું સામર્થ્ય પણ એને મોહ ઉપજાવવાને સમર્થ ન હતું. દ્રૌપદી " પાંચ ગાંધર્વો મારા પતિ છે

અને મારી રક્ષા કરે છે, " એમ કહી ત્યા રહે છે. રાણી સુદેષ્ણાએ જરા ભોળી તો ખરી કે દ્રૌપદીને આ રીતે ઓળખતી નથી.

સુરક્ષિત સૌંદર્ય પ્રેરણા અપે છે. અરક્ષિત સૌંદર્ય જોઇ માનવની પાશવવૃત્તિ ઉશ્કેરાય છે. અગ્નિની માફક સૌન્દર્ય પણ સુખ અને દુઃખ બન્ને લાવે છે. જે સૌંદર્ય દ્રૌપદીની સમ્રાજ્ઞી તરીકેની શોભામા વધારો કરતું તે તેની અસહાય અવસ્થામા ને દાસીપદમાં એના કષ્ટો વધારવાનું સાધનભૂત થયું. ગમે તેવી બળવાન હોય તોયે સ્ત્રી જાત. તેની પાછળ કોઇ પુરુષનું રક્ષકબળ ન દેખાય તો તેને સન્માનવાનો ધર્મ કોણ જાણે કેમ ઘણી વાર પુરુષજાતિ ભુલી જાય છે. અસહાય અને અરક્ષિત દેખાતી દ્રૌપદીને પણ તેમ જ થયું. એને જોઇને કીચકની પાશવવૃત્તિ જાગી. રાણી સુદેષ્ણાએ ભાઇનો પક્ષ લઇ તેનું દુઃખ નીવારવા દ્રૌપદીને મદિરા લેવાને બહાને મોકલી. દ્રૌપદી તેનો તિરસ્કાર કરી સભામાં દોડતી ફરીઆદ કરવા આવી, પણ રાજાના દેખતા કીચકે દ્રૌપદીને કેશ પકડી મારી. દ્રૌપદીનો ક્રોધ આ વખતે સમાતો નથી. યુધિષ્ઠિર અને ભીમ બન્ને ત્યા હાજર હતા પણ કંઇ કરી શકતા નથી રાજા અસહાય સ્ત્રીનો પક્ષ લઇ ન્યાય આપવાને બદલે બળવાન કીચકને કૈં પણ કહેવા અસમર્થ થાય છે. દાસદાસીઓની નીતિ અનીતિની કીંમત તો અત્યારે પણ ક્યા અંકાય છે ? ઇન્દ્રપ્રસ્થની મહારાણી આ અપમાનને કેમ સહી શકી હશે તે તો તેનો અંતરાત્મા જ જાણે. "

દ્રૌપદીને પાંડવોની નિર્બળતા આ વખતે ઘણી જ સાલે છે. એ જાણે છે કે શાંતિના અવતાર યુધિષ્ઠિર કે ગાણ્ડીવબાજ અર્જુન આ વખતે ,ઉશ્કેરાઇ એની વહારે ચઢવા કે વેર લેવા નીકળવાના નથી, અને કીચક જીવે તો એના સળગતા આત્માને એક ક્ષણની શાતિ પણ મળવાની નથી. બળવાન ભીમના સ્વભાવ અને બળ બન્ને પર શ્રદ્ધા રાખી એને સુતેલાને ને એના સુતેલા સ્વભાવને તે જગાડે છે. દ્રૌપદીનો એ વખતનો શોક ખરેખર હૃદયને હલાવે એવો છે.

ભીમને હાથે કીચકો મરાયાની કથાનો સંબંધ દ્રૌપદીના કોઇ વિશિષ્ટ ગુણ સાથે સંબંધ ધરાવતો નથી એટલે એ વીશે વધારે વિગતમાં આપણે નહી ઉતરીએ.

રાણી સુદેષ્ણાના અંતઃપુરમા સૈરન્ધ્રિનું સ્થાન સામાન્ય દાસીઓ કરતા ઘણું ઉચ્ચ પ્રકારનું હોવું જોઇએ. ઉત્તરકુમાર " સારથિ વગર યુદ્ધે કેમ ચ્હડાય " એમ વિમાસણમાં પડે છે, ત્યારે અર્જુનના સૂચનાથી દ્રૌપદી એને બૃહન્નલાને સારથિ તરીકે લઇ જવા ભલામણ કરે છે. એવા કટાકટીના સમયમા જેના અભિપ્રાયની ભાગ્યે જ કીમત હોય એવી દાસીની સલાહ ઉત્તરકુમાર માન્ય રાખે ખરો ? અને તે પણ બૃહન્નલાનું અર્જુન તરીકેનું ઓળખાણ તો ઉત્તરકુમારને પછીથી થાય છે. દ્રૌપદીની કહેવાની રીતમાં પણ દાસત્વનો અંશ પણ જણાતો નથી.

આ પ્રસંગ પછી દ્રૌપદી ઉદ્યોગપર્વમા કૃષ્ણ વિષ્ટિનું કહેણ લઇ જાય છે ત્યાં દેખાય છે. સહદેવ સિવાય સર્વ પાંડવો–ભીમ અને અર્જુન સુદ્ધાંત બનતાં સુધી શાંતિ કરાવવાનો

આગ્રહ શ્રીકૃષ્ણને કરે છે. ભીમના નિર્બળ વચનો સાંભળીને તો શ્રીકૃષ્ણને પણ આશ્ચર્ય થાય છે. પણ માત્ર દ્રૌપદી જ યુદ્ધની ખરેખરી આતુરતા દેખાડે છે. આ પ્રસંગે ખરેખર એમ લાગ્યા વિના નથી રહેતું કે આ સ્ત્રી ન હોત તો મહાભારતનું યુદ્ધ મંડાત નહીં, અને મંડાત તો જીતાત નહીં. શોકયુક્ત થએલી દ્રૌપદી ભીમસેનને અત્યંત શાંત થએલો જોઇ આંખમાં આંસુ આણીને કહે છે કે, "હે મધુસૂદન! જે રીતે છળ કરી અમાત્ય સહિત ધૃતરાષ્ટ્રના પુત્રે પાંડવોને રાજ્યભ્રષ્ટ કર્યા છે તે બધુ તમે જાણો છો.......યુધિષ્ઠિરે 'પાંચ ગામ અમને આપો' એમ દુર્યોધનને તથા તેના સંબંધીઓને કહેવરાવ્યું પણ હે શ્રીકૃષ્ણ! સંધિને ઇચ્છનાર યુધિષ્ઠિરનું વાક્ય સાંભળીને પણ દુર્યોધને તેમ કર્યું નહીં માટે હે શ્રીકૃષ્ણ! રાજ્ય આપ્યા વગર કદી દુર્યોધન સંધિ કરવા ઇચ્છે તો તેમ તમારે ત્યાં જઇ ક્યારેય કરવું નહીં. હે મહાબાહો! સંજય સહિત પાંડવો કોપેલા ભયંકર દુર્યોધનના સૈન્ય સામા ઉભા રહેવા સમર્થ થશે. તેમને વીશે સામ તથા દામે કરી કોઇ પણ અર્થ સિદ્ધ કરી શકાય તેમ નથી, માટે તેમને વીશે તમારે દયા કરવી નહીં. જે શત્રુઓ સામ તથા દામે કરી શાંતિ ન પામે તેમને વીશે તો દંડનો જ ઉપાય કરવો.".........વળી કહે છે કે, "હે કેશવ! મારા સરખી સ્ત્રી પૃથ્વીમાં કોણ છે? દ્રુપદની કન્યા વેદિના મધ્યમાં ઉત્પન્ન થએલી ધૃષ્ટદ્યુમ્નની બ્હેન, તમારી પ્રિય સખી અજમીઢના કુળમાં પ્રાપ્ત થએલી, મહાત્મા પાંડુરાજાની પુત્રવધુ અને તેજે કરી પાંચ ઇન્દ્ર સરખા પાંચ પાંડવોની પત્ની, એવી હું છું. તે પાંડવો દેખતે છતે અને તમે વિદ્યમાન છતે મારા કેશ તણાયા, અને સભાના મધ્યમાં કલેશ પામી. પાંચાલ રાજાઓ, વૃષ્ણિઓ અને પાંડવો જીવતે પાપિષ્ટોની દાસી થઇ સભામા હું ઉભી.... ......હે કૃષ્ણ! ભીમના બળને અને અર્જુનના ધનુષ્ય ધરવાને ધિક્કાર છે, નહીં તો એવું કામ કરી દુર્યોધન બે ઘડી પણ જીવે? હે કૃષ્ણ! હું તમારે અનુગ્રહ કરવા લાયક હોઉં અને મારા વીશે તમને દયા હોય, તો ધૃતરાષ્ટ્રના પુત્રો ઉપર તમારે પૂર્ણ ક્રોધ કરવો." જરા વારે ફરી દ્રૌપદી પોતાના સુંદર કેશપાસને હાથમાં લઇ શ્રીકૃષ્ણને દેખાડતા આંખમા આંસુ આણી કહે છે કે, "હે પુંડરીકાક્ષ! દુઃશાસનને હાથે ખેંચાયલો આ કેશપાશ તમે જુઓ. તેણે કેવો ખેંચ્યો છે? સંધિની ઇચ્છાવાળા તમારે સર્વ કાર્યને વીશે એને પણ યાદ રાખવો. હે શ્રીકૃષ્ણ! કદી ભીમ અને અર્જુન કૃપણતાને લીધે સંધિની ઇચ્છા રાખતા હોય તો મહારથિ પુત્રો સહિત વૃદ્ધ એવો મારો પિતા, અને અભિમન્યુને આગળ કરી મારા મહા પરાક્રમી પાંચ પુત્રો કૌરવો સાથે યુદ્ધ કરશે. હે શ્રીકૃષ્ણ! જ્યાં સુધી પાપી દુઃશાસનનો હાથ સારી રીતે કપાયલો તથા રજથી ભરેલો હું ન જોઉં, ત્યા સુધી મારા હૃદયને કેમ શાંતિ વળે? પ્રદિપ્ત અગ્નિની માફક હૃદયમાં ક્રોધ રાખી વાટ જોતાં મને તેર વર્ષ વીતી ગયા. તમે આ ટાણે ધર્મ વિચારવા જાઓ છો ખરા, પણ તેમના વચનશલ્યથી પીડા પામતું મારૂં હૃદય ચીરાઇ જાય છે." કાયરના હૃદયમાંએ શૌર્યની છોળો ઉછાળે એવા દ્રૌપદીનાં આ વચનો સાંભળતાં એના પ્રિયસખા શ્રીકૃષ્ણના અંતરમાં શું થયું હશે? આ પ્રતાપી સ્ત્રીના વેગ આગળ પાંડવો પણ નિરુત્સાહી જેવા જણાય છે. માત્ર શ્રીકૃષ્ણ સરખા પુરુષોત્તમ જ એને તો ધૈર્ય આપી શકે છે.

શ્રીકૃષ્ણ રડતી દ્રૌપદીને કહે છે કે, "હે! દ્રૌપદી! થોડા વખતમા તું કૌરવોની સ્ત્રીઓને રડતી દેખીશ. હે ભીરૂ! જેમની ઉપર તું ક્રોધી થએલી છે તેમની

સ્ત્રીઓ પોતાના બંધુઓ મરવાથી જે રીતે તું રડે છે તે જ રીતે થોડા વખતમાં રોશે. હું પોતે યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમ, અર્જુન, નકુળ, સહદેવ સહિત એ કામ કરીશ. કાળે કરી થાકી રહેલા ધૃતરાષ્ટ્રના પુત્રો જો મારા વચનો નહીં સાંભળે તો નાશ પામી પૃથ્વી ઉપર શયન કરશે, અને શ્વાન અને શૃગાલો તેમને ખાશે. હિમવાન્ પર્વત ચલાયમાન થાય, પૃથ્વીના શત કટકા થાય, કે કદી નક્ષત્ર સહિત સ્વર્ગ પડે તોપણ મારૂં વચન મિથ્યા થાય નહીં. હું આ સત્ય પ્રતિજ્ઞા કરૂં છું માટે હવે તું રડતી મા. શત્રુ રહિત થએલા લક્ષ્મીયુક્ત પતિને તું થોડા વખતમા દેખીશ." (ઉદ્યોગ પર્વ–અ–૮૨) શ્રીકૃષ્ણ વિના આટલા વિશ્વાસથી આવું આશ્વાસન આપવાની બીજાની છાતી ચાલે નહી અને દ્રૌપદી વિના માત્ર સખાભાવથી આટલો હક્ક શ્રીકૃષ્ણ ઉપર બીજી કોઇ સ્ત્રીથી થાય નહીં.

દ્રૌપદી અને કૃષ્ણ વચ્ચે એક પ્રકારના–જેને અંગ્રેજીમાં 'Comeraderi' કહીએ તેવા સાહચર્યની ભાવના છે, અને તે બન્નેમા પુરુષત્વ અને સ્ત્રીત્વ જેને આપણે 'Superman' અને 'Superwoman' કહીએ તેવું–લોકોત્તર પ્રકારનું છે. સાધુતા અને અસાધુતા માપવાનું નીતિનું સામાન્ય ધોરણ એ બન્નેને માપવાને માટે નકામુ થઇ પડે છે. એ બન્ને કાયદામા બંધાએલા નથી, પણ કાયદાઓને બનાવનારા છે. બન્ને લોકમતના વ્હેણમાં દોડતાં નથી પણ તેને દોરે છે. એ બન્નેનું વ્યક્તિત્વ સૌથી પ્રથમ સ્થાન ન મળે એવી કોઇ પણ સ્થિતિ કે પદવી સ્વીકારવાની ના પાડે છે. પરસ્પરની આવી સામાન્ય વિશિષ્ટતાઓથી જ બન્ને પરસ્પરને આકર્ષે છે.

ગોપીઓની ભક્તિમાં પ્રેમ અને ભક્તિ છે, પણ સમાનતા નથી. દ્રૌપદી સાથેના શ્રીકૃષ્ણના સંબંધમાં સખ્યભાવની સમાનતા છે. શ્રીકૃષ્ણ જેવા પુરુષનું હૃદય પ્રિયતમાઓના મનોરથો પુરવા સદા તત્પર રહે છે, પણ આદેશ અને પ્રેરણાની આકાક્ષા તો એ સદા દ્રૌપદી જેવા જ્વલંત સ્ત્રીત્વ પાસેથી જ કરે છે. પત્નીઓની ઇચ્છા પુરવામા તેને ભર્તાનો આનંદ દેખાય છે, પણ સખીના આદેશ ઝીલવા અને તેની સાથે સ્વપ્ન જોવાની તેના હૃદયની ઉંડી અભિલાષા સ્પષ્ટ જણાય છે. બહારની દુનીઆ માટે સ્નેહ કે સત્તાના રાખેલા બખ્તર વિના એને એના સ્વરૂપે જુએ અને ઓળખે, એની મહત્ત્વાકાંક્ષાઓને વિજયગીતથી ઉત્સાહ અર્પે અને એની નિર્બળતાઓને એ નિર્બળતા ખાતર જ ચાહે અને ભાવભીના હૃદયના લાડથી પંપાળે એવી સખી પામવાની આકાંક્ષા કયા સાચા પુરુષને નથી થતી, અને કયું સાચુ સ્ત્રીહૃદય એવા પુરુષની મૈત્રી પામવા તલસતું નથી ?

એક પ્રશ્ન કદી આપણને બહુ આર્ય નહી લાગે એવો છતાયે થયા વિના રહેતો નથી. દ્રૌપદી અને શ્રીકૃષ્ણ પરણ્યા હોત તો ? શ્રીકૃષ્ણની મહત્તા આજ છે એથી કદાચ વધત નહીં, પણ વૃષ્ણિઓના અને કુરુકુળના વિનાશક ભાવિને બદલે મહાભારતની કથા કૈ જુદી જ રીતે લખાત નહીં ? એ બન્ને વિનાશના દૂતોને બદલે ભારતવર્ષને વધારે બળવાન અને વધારે સુગઠિત મુકી જવામા શક્તિમાન થાત નહીં ? 'હોત તો' એ શબ્દમાં જગતની શી શી અણુસરજી ભાવનાઓ અને બીનાઓનો ટંકાર રહ્યો છે એ કોણ કહી શકે ?

પાંડવો પાસે આ કુળનાશક યુદ્ધ કરાવવું યોગ્ય હતું કે નહીં એ એક બીજો પ્રશ્ન છે. કુરુઓના અપમાનનો બદલો લેવાને ઇચ્છતા પાચાલ દેશના દ્રુપદ રાજાની તે પુત્રી હતી. અપમાન પામેલા પાંડવોની તે પત્ની હતી. અંગત અપમાનથી દુભાયલી તે સ્ત્રી હતી. ભારતવર્ષના ચક્રવર્તીપદની આકાક્ષા ધરાવનાર રાજાઓને વિજય ન મળવા દેવાની દૃઢ ઇચ્છાવાળા રાજ્યદ્વારી નીતિનિપુણ શ્રી કૃષ્ણની તે સખી હતી, અને કાયરતા જેના સ્વભાવમાં ન હતી —એવી દ્રૌપદી યુદ્ધની ઇચ્છા ન રાખે તો શાની રાખે ? એના જન્મ, સંસ્કાર અને સ્વભાવ ત્રણેથી એ યુદ્ધની દેવી જ નિર્માણ થઈ હતી. એના જેવા સંયોગોમાં, એના જેવી સ્ત્રી બીજી સલાહ આપી જ કેમ શકે ?

આ પછી તો ઘણા બનાવો બને છે. કૃષ્ણ વિષ્ટિ લઇને જાય છે અને નિષ્ફળ થઇને પાછા આવે છે; અને મહાભારતના યુદ્ધના મોરચા મંડાય છે. અઢાર દિવસ સુધી લોહીની ધાર અવિરતપણે કુરુક્ષેત્રમાં વહે છે. આ બધામા દ્રૌપદીની સીધી હાજરી કોઇ સ્થળે દેખાતી નથી, પણ છતાં એનું વ્યક્તિત્વ અદૃશ્ય રહી એ બધાને વીંટતું હોય એવું ભાન સદાયે રહ્યા જ કરે છે. આખા મહાભારતમાં શ્રી કૃષ્ણ અને દ્રૌપદી એ બન્ને જ એવી શક્તિઓ છે કે જેમની ઇચ્છાશક્તિ કશાથી ને ક્યારેયે થાકતી નથી, પોતાનું સાધ્ય સાધવાને એ ગમે તેવા સાધન વાપરતાં અચકાતી નથી. એ બન્ને માત્ર એમના ધ્યેયને જ જુવે છે. એ ધ્યેયને પ્રાપ્ત કરવામાં નડતી ન્હાની મ્હોટી કોઇ આડખીલીઓની એમને દરકાર નથી, અને સાધનો શુદ્ધ જ હોવાં જોઇએ એવીએ એમને પરવા નથી.

યુદ્ધ દરમ્યાન દ્રૌપદીની હાજરી બહુ ન લાવવામાં કવિએ પણ એક પ્રકારનું ઔચિત્ય જ વાપર્યું છે. ગમે તેવી સબલ સ્ત્રી જાતનેયે યુદ્ધ જેવા અમાનુષી કાર્યની વચ્ચે આણતા કે સાક્ષીભૂત બનાવતાં રસવૃત્તિનો ક્ષય થાય છે, અજેય ઇચ્છાશક્તિવાળી દ્રૌપદીના અંતરનો કોમળ ભાગ, યુદ્ધને આવશ્યક અને ધર્મ્ય માન્યા છતાંયે, સંહારને જોતા જરૂર કમકમ્યો હશે એમ આપણને માનવાનું મન થયા વિના રહેતું નથી.

યુદ્ધ પછી અશ્વત્થામાએ કરેલા રાત્રિસંહાર વખતે જ દ્રૌપદીથી આ પડદો પળાતો નથી. પુત્રો અને સ્વજનોનો ક્ષાત્ર ધર્મ વિરુદ્ધ થએલો સંહાર જોઇ એનો અંતરાત્મા કકળી ઉઠે છે, અને એ અશ્વત્થામાને મરેલો જોયા વિના અન્ન ન ખાવાની પ્રતિજ્ઞા કરે છે. આવેશથી ધર્મરાજાને મહેણું માર્યા વિનાયે એનાથી રહેવાતું નથી. કે, "હવે પુત્રો વગર તમે રાજ્ય ભોગવી સુખી થાઓ." આ વખતે પણ ભીમ અને કૃષ્ણથી પ્રેરાએલો અર્જુન એની સહાયતા કરે છે અને અશ્વત્થામા સાથે ઘોર યુદ્ધ કરી એના માથાનો મણિ લઇ આવે છે. આ બધામાં કૃષ્ણની એક ખુબી દેખાયા વિના રહેતી નથી. દ્રૌપદીનું પ્રિય કાર્ય કરવાનું હોય ત્યારે શ્રી કૃષ્ણ બનતા સુધી તો અર્જુન કે ભીમ પાસેજ કરાવે છે, અથવા કરાવ્યાનો દેખાવ કરે છે. એમનાથી ન બને ત્યારે ન છુટકે જ એ સીધી રીતે કાર્યમાં એકલા ઉતરે છે. સ્ત્રીના મિત્ર થવા ઇચ્છનાર પુરુષે તે સ્ત્રીના પતિના મિત્ર થવાની સંભાળ પ્રથમ લેવી એ સૂત્ર કૃષ્ણ જેવા ચતુર નરને અજ્ઞાત કેમ હોઇ શકે ?

યુદ્ધ પછી દ્રૌપદીનું સૂચન બહુ થોડા જ પ્રસંગોમાં મહાભારતકાર કરે છે. કર્ણના મૃત્યુથી યુધિષ્ઠિરને થએલા સ્મશાનવૈરાગ્ય વખતે યુધિષ્ઠિર સન્યાસ લેવાનો નિશ્ચય કરે છે.

ત્યારે સર્વની સાથે દ્રૌપદી પણ તેમ ન કરવા તેમને વિનવે છે. અશ્વમેધ યજ્ઞ કરતી વખતે પાંડવોની સહધર્મિણી રૂપે અને ઐશ્વર્યનું દર્શન કરાવતી એને આપણે જોઇએ છીએ, અને ઉત્તરાની ગર્ભરક્ષા કરવા મધુસૂદનને એ પ્રાર્થે છે.

દ્રૌપદીનું છેલ્લું દર્શન પાંડવોની સાથે હિમાલયમાં તપ કરવા જતાં થાય છે. અર્જુન પર એનો વધારે પક્ષપાત હતો એ વાત મહાભારતકારને છેલ્લે સુધી ખટકતી લાગે છે, અને એ પાપને સારૂ સર્વથી પહેલાં એનો દેહ પડે છે એમ ધર્મરાજાને મુખે એ કહેવરાવે છે. પુરુષહૃદયની ઇર્ષ્યાનો એમાં અંશ હશે ખરો ?

આ અદ્ભુત સ્ત્રીનો જન્મ અને મૃત્યુ બન્ને એના વ્યક્તિત્વની માફક સૌથી જુદી રીતેજ થયાં. એનામાં શૌર્ય હતું ને શક્તિની વાઞ્છના હતી, એનામાં બળ હતું ને બળવાનને આકર્ષવાની શક્તિ હતી, એનામા ગર્વ હતો અને ગર્વને સંતોષવાની તાકાત હતી, એનામા બુદ્ધિ હતી અને તેનો ઉપયોગ કરવાની આવડત હતી, એનામાં સૌંદર્ય હતું ને તેને શણુ-ગારવાની એનામાં કળા હતી.

એને સમય ઓળખતાં ને રાહ જોતા આવડતું. એને ધીરજ રાખતાં ને બદલો વાળતાં આવડતું. એને સ્વાશ્રયી થતાં ને પ્રસંગ ઓળખતા આવડતું, એને સેવા સ્વીકારતાં ને સંભારી રાખતા આવડતું.

બલ એ એનો મહામંત્ર હતો. તેજસ્વિતા એના સ્વભાવમા હતી. શક્તિ એના હૃદયમાં હતી. મદ એની દૃષ્ટિમાં હતો.

મહાન પદને માટે એ સર્જાઇ હતી; મહાજનોની એ મિત્ર હતી; એના સંબંધથી મહત્તા પમાતી; એના સંગથી મહત્તા કેળવાતી.

જુની આર્યાવર્તની સ્ત્રીસૃષ્ટિમાં જ્યોતિર્માલામાં સવિતા સરખી જ્વલંત અને તેજસ્વી એ સદાયે પ્રકાશશે.

૯ કાવ્યકળા.

(લેખકઃ—રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે.)

'**निरंकुशाः कवयः ।**' એવું જે ઘણી વાર કહેવામા આવે છે તે જો સર્વથા સાચું હોય તો તો કાવ્યવિષયક પ્રવૃત્તિને કળાનું નામ આપવું અને કળા તરીકે એ વિષયની ચર્ચા કરવી એ ઉભય અસ્થાને છે; કારણ કે અમુક નિયમો જ્યાં સચવાતા નથી, અમુક ધોરણ જ્યાં સ્વીકારાતું નથી, અમુક આદર્શ જ્યા લક્ષમાં રખાતો નથી, ત્યાં કળા નામને શોભે એવી રચના હોતી નથી; ત્યા કળારસિક સજ્જનોની ગુણદોષ પરીક્ષણશક્તિને માટે અવકાશ હોતો નથી; ત્યા કળાજન્ય લોકોત્તર આનન્દની પ્રાપ્તિનો સંભવ હોતો નથી. કવિઓની પ્રવૃત્તિમા જો કેવળ નિરંકુશતા જ સમાતી હોત, તો કાવ્યની કૃતિઓને કદી કળાની કૃતિઓ ગણવામાં આવત નહીં અને કાવ્યની કળા સમ્બન્ધી કોઇ પણ પ્રકારના વિવેચનને માટે અવકાશ રહેત નહીં.

ત્યારે "**निरंकुशाः कवयः ।**" એ વચનમાં કંઇ પણ સત્ય સમાયલું છે કે નહીં, અને હોય તો તે શું છે તેનું આપણે અન્વેષણ કરીએ. એ તો ઉઘાડી વાત છે કે નિત્યના લૌકિક વ્યવહારમાં આપણે જે જે પ્રવૃત્તિ આદરીએ છિયે તે તે પ્રવૃત્તિમાં આપણને અમુક મર્યાદામાં રહેવું પડે છે. એ વ્યવહારને અંગે જે જે વિચારો આપણા હૃદયમા ઉત્પન્ન થાય છે તે તે આપણી તથા ઇતર જનોની પ્રવૃત્તિઓના પરિણામ રૂપ અને તત્તત્પ્રવૃત્તિના સ્થૂલ ઇન્દ્રિયો દ્વારા થયલા સુખદુઃખાદિ અનુભવના ફળ રૂપ હોય છે. એ વિચારો આપણા લૌકિક લાભાલાભની ક્ષુદ્ર ગણનાઓથી દૂષિત થયલા હોય છે. એ વિચારો આ વિશાળ વિશ્વના અમુક સાંકડા પ્રદેશના અલપઝલપ થયલા દર્શનથી જ બંધાયા હોય છે. એ વિચારો જગતમાં સર્વત્ર પથરાઇ રહેલી પ્રભુની સુન્દરતાને આપણી આગળ કોઇ અલૌકિક પ્રભાવથી રજુ કરનારા ફિરસ્તાને અભાવે વસ્તુ માત્રનું ઉંડું અને સાચું દર્શન કરાયા વગરના ઘડાયા હોય છે. એ વિચારોમા રૂંધાઇ રહેલા આત્માને ચિરકાલીન આનન્દની પ્રાપ્તિ થઇ શકતી નથી. એ વિચારોના વમળમાંથી આઘા ખસીને કોઇ દૂર દૂરના ઉજ્જવળ પ્રદેશ તરફ જવાને એ તલસે છે. એ વિચારોના ગુંગળાવી નાંખતા વાતાવરણથી વેગળા જઇને, સઘળી દુનિયાદારીની ખટપટોને તિલાજલિ આપીને કોઇ વધારે વિશાળ, કોઇ વધારે તેજસ્વી, કોઇ વધારે પવિત્ર, કોઇ વધારે ખુલ્લી ભૂમિઓમા સ્વતંત્રપણે વિહરવાને એ તલપી રહે છે. એ દિવ્ય ભૂમિઓનાં અલૌકિક દર્શન કરાવનાર સ્વર્ગીય ફિરસ્તો તે કળાવાન્.

કવિ તરીકે, ચિત્રકાર તરીકે, ગવૈયા તરીકે, શિલ્પી તરીકે એમ અનેક સ્વરૂપે એ સ્વર્ગીય ફિરસ્તો આપણી આગળ આવીને ઊભો રહે છે, અને દુન્યવી વ્યવહારનાં જડ બન્ધનોમા જકડાઇ ગયલા આપણા આત્માને આસપાસના ગોઝારા વાતાવરણથી છૂટો કરી, પોતાની કલ્પના રૂપી બહુરંગી પાંખો ઘડે ઉંચે ને ઉંચે ઊડતો એ ફિરસ્તો આપણને કોઇ

નવલા અને રળિયામણા પ્રદેશોમા લઇ જાય છે અને આપણને અલૌકિક આનન્દનો આસ્વાદ કરાવે છે. એ આસ્વાદ આપવાની શક્તિ કળાવાનમા એની ' નિરંકુશતા ' ને લીધે આવે છે. વિશ્વને સત્ય સ્વરૂપે નિહાળવામા અંતરાયરૂપ થઇ પડનારા જગતના કૃત્રિમ વ્યવહારોની જાળમાંથી છૂટીને કલ્પનાના બળ વડે કરીને ઉન્નત પ્રદેશોમાં વિહરવાની અને વસ્તુનું યથાર્થ દર્શન જાતે કરીને અન્યને કરાવવાની કળાવાનોની જે અદ્‌ભુત શક્તિ તે જ તેઓની ' નિરંકુશતા. '

આ અર્થમા જ **निरंकुशाः कवयः** એવા વચનો આપણે વાપરી શકીએ. આ દૃષ્ટિથી જ .'જ્યાં ન પહોચે રવિ ત્યાં પહોચે કવિ' એ કહેવતની યથાર્થતા આપણે સમજી શકીએ. આ વિચારથી જ કળાવાનના વ્યાપારમા કલ્પનાની શક્તિ કેવો આગળ પડતો ભાગ ભજવે છે તે આપણે સમજી શકીએ. કાવ્ય કળાના ઉપાસકની કૃતિમા કલ્પનાનું જે બળ સંગીન અને સર્વવ્યાપક હોય છે તેના વિષે જગદ્‌મશહૂર કવિ **શેકસપિયરે** પોતાના એક નાટકમાં એક પાત્રને મુખેથી નીચે પ્રમાણેના ઉદ્‌ગારો કઢાવ્યા છે.–

> " The poet's eye, in a fine frenzy rolling
> Doth glance from heaven to earth, from earth to heaven;
> And as imagination bodies forth
> The forms of things unknown, the poet's pen
> Turns them to shapes and gives to airy nothing
> A local habitation and a name."

(પ્રેરણા વડે દેદીપ્યમાન થતી કવિની દૃષ્ટિ આકાશથી પૃથ્વી સુધી, પૃથ્વીથી આકાશ સુધી ફરી વળે છે; અને જે વસ્તુઓ અજ્ઞાત છે તેને કલ્પના જેમ જેમ ઘાટ આપતી જાય છે તેમ તેમ કવિની કલમ તેને મૂર્ત સ્વરૂપમા રજુ કરે છે અને જે કેવળ હવાઇ શૂન્યતા છે તેને અમુક સ્થાનિક નિવાસ અને અમુક નામની પ્રાપ્તિ કરાવે છે.)

આ પંક્તિઓ વડે સબળ શૈલીમાં કવિના કલ્પનાવ્યાપાર વિષે સૂચન કરવામા આવ્યું છે. પણ તેની સાથે ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે એક પાત્રને મુખે તેના સ્વભાવને અનુકૂળ ઉદ્‌ગારો કવિએ કઢાવ્યા છે; તેમાં કવિના પોતાના વિચારોનું જ પ્રતિબિમ્બ પડેલું છે એવું માનવાની સામાન્ય છતા ગંભીર ભૂલ આપણે કરવી જોઇએ નહી. ' જે વસ્તુઓ અજ્ઞાત છે,' ' જે કેવળ હવાઇ શૂન્યતા છે ' તે કવિના કલ્પનાવ્યાપારનો વિષય છે એ વિચાર શેકસપિયર, જેની કૃતિઓમાં કુદરતની સત્ય વસ્તુઓનું જ યથાર્થ પ્રતિબિમ્બ પડેલું જોવામાં આવે છે અને જેણે શૂન્યતા ઉપર પોતાનો કલ્પનાવ્યાપાર ચલાવ્યો છે એવું કદી કહી શકાય તેમ નથી, તેનો પોતાનો હોય એવો સંભવ નથી.

સૌન્દર્યમૂર્તિ પ્રભુની રચેલી આ સૃષ્ટિમા સ્થળે સ્થળે જે સૌન્દર્ય પસરી રહ્યું છે તે જ કાવ્યકળા અને ઇતર કળાઓના ઉપાસકોનો વિષય છે. સત્ય, સાધુતા, અને સૌન્દર્ય એ માનવહૃદયના ઉંડામાં ઉડા ભાવો છે. વિશ્વના પટ ઉપર પથરાઇ રહેલા અને વેદની વાણી સમા એ અચળ અને શાશ્વત ભાવો સર્વત્ર પોતાની સૌરભ ફેલાવી રહ્યા છે. એ ભાવોને

કળાવાન્ પોતાની કલ્પનાશીલ દૃષ્ટિથી જોઇ શકે છે, એ ભાવોને પોતાનાં સ્ફટિકસમાં નિર્મળ હૃદય વડે એ ઝીલી શકે છે, એ ભાવોને મૂર્તિમંત સ્વરૂપ આપીને જગતનાં જડ નયનોની આગળ એ ધરી શકે છે. એ ભાવોમાં " શૂન્યતા " નથી. એ ભાવોમાં ઉપલક્રિયાપણું નથી. એ ભાવોમા હવાઇ સ્વપ્ના નથી, પણ એમા પરમાર્થ સમાયલો છે. કુશળ કળાવાનો એ પરમાર્થને પ્રકટ કરનારા છે, અને એમા જ તેઓનું ગૌરવ સમાયલું છે. ' કુસુમમાળા'ની

' અરે વ્હાલા ! સ્વપ્નાં, સફળ તુજ એ તો કવિપણું "

એ પંક્તિમા દર્શાવાયલો વિચાર ' કવિત્વને ભ્રમાત્મક માનનાર ' પ્રાકૃતજનનો છે, વિદ્વાનો કે કળારસિકોનો નથી. " ઉંચા પ્રકારનું સત્ય જોનાર તથા દેખાડનાર " કવિઓ અને ઇતર કળાવાનોનો કળાવ્યાપાર અસત્ય ઉપર, ' સ્વપ્નાઓ ' ઉપર, કે ' શૂન્યતા ' ઉપર ચાલતો નથી, પણ સત્ય એ જ એઓની પ્રવૃત્તિનો વિષય છે. જે સત્ય પ્રાકૃત જનોની સ્થૂલ દૃષ્ટિએ જોઇ શકાતું નથી, જે સૌન્દર્ય દુનિયાદારીની ખટપટોમાં ગુંચવાઇ રહેલા પામર પ્રાણીઓથી નિહાળી શકાતું નથી, તે સત્ય અને તે સૌન્દર્ય કાવ્યકળા અને ઇતર કળાઓના ઉપાસકો પોતાની કલ્પનાના બળ વડે તીક્ષ્ણ થયલી દૃષ્ટિથી જાતે જોઇ શકે છે અને અન્યને જોવડાવી શકે છે.

આ પ્રમાણે કળાવાન્‌ની કલ્પનાનો વ્યાપાર અસત્યવિષયક, ભ્રમાત્મક, કે સ્વપ્નસદૃશ નથી, પણ સત્યવિષયક, યથાર્થ જ્ઞાન આપનારો, અને પરમ તત્ત્વનું દર્શન કરાવનારો છે. કલ્પના એટલે ખોટી બનાવટ કરવાની શક્તિ નહીં, પણ વિશ્વનું સાચું સૌન્દર્ય નિહાળીને તે અન્યને નિહાળાવવાની શક્તિ. કોઇ કોઇ વખત કળાવાન્ પોતાની એ કલ્પનાશક્તિ વડે આ વિશ્વમાં ક્યાંઇ પણ ન જણાતી એવી નવીન સૃષ્ટિ પણ ઉભી કરે છે, પરન્તુ તે જવલ્લે જ; અને એવી નવીન સૃષ્ટિ એ જ્યારે ઉભી કરે છે ત્યારે પણ ઇશ્વરની રચેલી સૃષ્ટિથી એ કદી વિમુખ થતો નથી. એ સૃષ્ટિને એ પોતાના નમૂના તરીકે સ્વીકારે છે, એ સૃષ્ટિનું એ પોતાની કૃતિમાં અનુકરણ કરે છે, એ સૃષ્ટિમાં પળાતા કુદરતી નિયમોને એ ધ્યાનમાં રાખે છે, અને પોતાની રચેલી નવીન સૃષ્ટિમાં પણ તેને અનુસરતા નિયમો ઘડવાની એ ખાસ કાળજી રાખે છે. આ પ્રમાણે કળાવાન્‌ની કળાપ્રવૃત્તિમાં કુદરતનું અનુકરણ કરવામાં આવતું હોવાને લીધે એની કૃતિઓ વિદ્વજ્જનોને અને કળારસિકોને ક્ષોભનું કારણ આપે એવા અસંભવના દોષમાંથી મુક્ત રહે છે.

આ પ્રમાણે કળાઓ, જે માનવીના હૃદયમા રહેલી સૌન્દર્યની ભાવનાને મૂર્તિમંત સ્વરૂપ આપનારી પ્રવૃત્તિઓ છે, તેમાં કુદરતનું અનુકરણ કરવામાં આવતું હોવાથી એ કળાઓને ' અનુકરણ કરનારી કળાઓ ' પણ કહેવામાં આવે છે. પરન્તુ ધ્યાનમા રાખવું જરૂરનું છે કે જે તે વસ્તુ લઇને તેનું અનુકરણ માત્ર કરવું એ કંઇ કળાનો વ્યાપાર નથી.

અમુક વસ્તુના પૃથક્ પૃથક્ અવયવો લઇને તેનું સવિસ્તાર વર્ણન આપવું, અમુક વૃત્તાન્તની ઝીણામાં ઝીણી વિગતો યથાર્થ નોંધવી, અમુક વ્યક્તિનાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ લક્ષણો આપવા એટલા વ્યાપારમાત્રથી કંઇ કળાની કૃતિ નિષ્પન્ન થતી નથી. પણ વસ્તુના અંતસ્તત્ત્વને

નિહાળવું, વૃત્તાન્તના ઊંડા રહસ્યને સમજવું, વ્યક્તિના ખાસ સ્વભાવને ઓળખવો અને તેનું એવું પ્રભાવશાળી નિરૂપણ કરવું કે જેથી તાદૃશ ચિત્ર ખડું થાય, યથાર્થ બોધ મળે, વિશ્વના સાચા સૌન્દર્યનું ભાન થાય, હૃદયને લોકોત્તર આનન્દની પ્રાપ્તિ થાય, અને એ પ્રમાણે ઊંચા અને નિર્મળ વાતાવરણમા રહેવાથી આત્માની શુદ્ધિ તથા ઉન્નતિ સધાય એ જ કળાવાનોની કળાનો સાચો વ્યાપાર છે.

કાર્લાઇલે ‘ ફ્રેંચ રેવોલ્યૂશન ’ એ નામનો ગ્રન્થ લખ્યો છે તેમા વર્ણવેલી કેટલીક સૂક્ષ્મ વિગતો યથાર્થ નથી એમ કેટલાક સંશોધકોએ બતાવી આપ્યું છે. દાખલા તરીકે લુઇને જે ગાડીમાં લઇ જવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તેનો રંગ કાર્લાઇલે વર્ણવ્યો છે તેવો નહીં પણ જુદો હતો એમ એ સંશોધકો કહે છે. સૂક્ષ્મ વિગતોની આવી ઝીણી ઝીણી ભૂલો હોવા છતા જે સમયનું નિરૂપણ કરવાનું કામ એ સમર્થ લેખકે પોતાને માથે લીધું હતું તે એણે પોતાની કલ્પનાના પ્રભાવથી એવી સચોટ રીતે કીધું છે કે તેને લીધે, એ ગ્રન્થ ગદ્યમાં હોવા છતા આપણા હૃદય ઉપર કાવ્યના જેવી ઉંડી અસર કરી શકે છે. બાણની ‘ કાદંબરી ’ પણ ગદ્યમા હોવા છતા કાવ્યની કીર્તિ સંપાદન કરી શક્યું છે તે એ કલ્પનાના પ્રભાવથી જ. કાલિદાસની રચનાઓના જે આબેહૂબ વર્ણનો જોવામા આવે છે તે પણ એ કલ્પનાના પ્રભાવની જ સાક્ષી પૂરે છે, અને વસ્તુનું યથાર્થ દર્શન કરીને અન્યને એ દર્શન કરાવવાની એની ઉત્કંઠાને લીધે જ એ પ્રતિભાસંપન્ન કવિએ ઉપમાઓનો પોતાની કૃતિઓમા છૂટથી ઉપયોગ કર્યો છે. સૌન્દર્યની ઊંડી ભાવનાથી પ્રેરાઇને વસ્તુનું સાચું સૌન્દર્ય જાતે નિહાળીને અન્યને નિહાળાવવું એ કામ વર્ણનનો વિષય બનેલી વસ્તુને તેનાથી ભિન્ન પણ તેની સાથે અમુક અંશે સાધર્મ્ય ધરાવની વસ્તુ જોડે સરખાવવાથી જ વધારે સચોટ રીતે થઇ શકે છે. આ ફળની સિદ્ધિને અર્થે જ એની કૃતિઓમાં ઉપમા આદિ અલંકારોનું પ્રાચુર્ય આપણા જોવામાં આવે છે, અને તેને લીધે એ મહાકવિએ એવો યશ પ્રાપ્ત કીધો છે કે ઉપમા તો કાલિદાસની જ (**उपमा कालिदासस्य**) એ વચન એક સામાન્ય કહેતી રૂપ થઇ પડયું છે.

ઉપરના લખાણ પરથી સમજાશે કે કળાવાન્ થવા માટે આપણી પાસે કળાવાનની દૃષ્ટિ પ્રથમ હોવી જોઇએ. એ દૃષ્ટિ પુસ્તકિયા જ્ઞાનથી નથી આવતી, એ દૃષ્ટિ દરેક વસ્તુનું ઝીણવટથી નિરીક્ષણ કરીને તેની બારીક નોંધ રાખવાની ટેવ પાડયાથી નથી આવતી, એ દૃષ્ટિ કોયલ, કે ચન્દા, કે ભ્રમર કે પુષ્પની કળી વિષેના અન્ય કવિઓના ઉદ્ગારોને સ્મરણમા રાખ્યાથી નથી આવતી. એ દૃષ્ટિ પ્રભુની કુદરતી બક્ષીસ છે. એ દૃષ્ટિ જેનામાં હોય તેને આપણે પ્રતિભાસંપન્ન કહીએ છિયે. એ દૃષ્ટિ વિના રચાયલી કવિતા તે કવિતા નહીં, પણ માત્ર જોડકણા સમજવા.

કલાપી પોતાના એક કાવ્યમા કહે છે:

‘ અરે ? આ સૃષ્ટિને કવિનયનથી જો ઘડિક તું. ’

ઘણાં વર્ષ ઉપર એ પંક્તિ વાંચતા મ્હને વિચાર આવેલો કે કાવ્યની ઉત્પત્તિનું ખરૂં કારણ કવિના નયન કે કવિનું હૃદય ? કવિતા એ હૃદયની લાગણીનો આવિર્ભાવ છે, કવિતા

એ અંતઃક્ષોભનું પરિણામ છે, કવિનું હૃદય એ કવિતાની ઉત્પત્તિનું સ્થાન છે એવું ઘણી વાર કહેવામાં આવે છે. ત્યારે કાવ્યની ઉત્પત્તિનું ખરૂં કારણ કયું? કવિનું મન કે કવિનાં લોચન? આ 'લોચન મનનો ઝગડો' ક્ષણ વાર કદાચ કોઇને ગુંચવે, પણ એ ઝગડો ગંભીર નથી. એ લોચન મનનો વિરોધ સાચો વિરોધ નથી, પણ વિરોધનો આભાસ માત્ર છે, કારણ કે કવિની દૃષ્ટિથી વિશ્વને નિહાળવું અને અંતઃક્ષોભ પામે એવા કોમળ હૃદયથી સંપન્ન હોવું એ બે વસ્તુતઃ એક જ છે. કવિની દૃષ્ટિથી વિશ્વ તરફ જોવામા આવે ત્યા અંતઃક્ષોભ હોય જ.

આ અંતઃક્ષોભ કાવ્યકળાની કૃતિઓ નિષ્પન્ન થાય તે વખતે જ હોય છે એમ નથી, પણ દરેક કળાની કૃતિઓને સફળ કરવાને માટે એ અંતઃક્ષોભ જરૂરનો છે. જે હૃદયના ઉંડાણમાંથી નીકળ્યું હોય તે જ હૃદયના ઉંડાણ સુધી પ્હોંચી શકે છે. ઉત્તમ કવિઓની રચનાને તપાસો, ઉત્તમ ચિત્રકારોની છબીઓને નિહાળો. જ્યાં અંતઃક્ષોભનો અનુભવ નથી ત્યાં સત્યનું દર્શન નથી, ત્યાં લાગણીનો રણકો નથી, ત્યાં કળાની નિષ્પત્તિ નથી.

આત્મલક્ષી કાવ્યોમા એ અંતઃક્ષોભ સૌથી વધારે ઊંડો અને ઉત્કટ જણાઇ આવે છે, તેથી જ એ કાવ્યો વાચક હૃદયના ઉંડાણ સુધી વધારે સ્હેલાઇથી પ્હોંચી જાય છે અને ચિરકાળ સુધી ટકી રહે એવી અસર ઉપજાવે છે. એથી ઉલટું જયા ઋતુઓનાં કે અન્ય વર્ણનોમાં ઝીણી ઝીણી વિગતોની નોંધ કરવામાં આવી હોય, જ્યા પૃથક્કરણની રીતિ સ્વીકારાઇ હોય, જ્યા શૃંખલાબદ્ધ દલીલો આપવાનો પરિશ્રમ લેવાયો હોય, ત્યાં હૃદયના ઉંડાણનો ક્ષોભ હોતો નથી, ત્યા કળાવાનનો કુદરતી કળાવ્યાપાર દૃષ્ટિગોચર થતો નથી, ત્યાં કળાવાનની રચનાના સંસ્કાર બુદ્ધિના ઉપલક્રિયા પ્રદેશો સુધી જ ફરીને પાછા હઠે છે, પણ હૃદયના ઉંડાણ સુધી પ્હોંચતા નથી, હૃદયમા સચોટ છાપ પાડતા નથી, હૃદયને અવનવો આનન્દ આપતા નથી.

માનવીને માનવીમાં જેટલો આનન્દ મળે છે તેટલો બીજા કશામાં નથી મળતો, એ પણ આત્મલક્ષી કાવ્યોની વિશેષ સફળતાનું એક અગત્યનું કારણ છે. કાવ્યકળાની એ કૃતિઓમાં કળાવાનના હૃદયની સૌથી વધારે સમીપમાં જવાનું વાચકથી બની શકે છે તેથી જ એ પ્રકારની કૃતિઓ તરફ એ વિશેષ લલચાય છે અને એ કૃતિઓ એને વધારે આકર્ષક લાગે છે. કુદરતનાં વર્ણન માત્ર એટલાં આકર્ષક નથી લાગતા, પણ એ જ કુદરતનો માનવ હૃદયની સાથેનો ગાઢો અને ગૂઢ સમ્બન્ધ કવિ પોતાનાં આત્મલક્ષી કાવ્યોમાં પોતાના હૃદયના ઉભરા કાઢીને જ્યારે વાચકને દૃષ્ટિગોચર કરાવે છે, ત્યારે એની રચનામા અનેરી મિઠાશ આવે છે અને એની કાવ્યકળાનો વ્યાપાર સફળ થાય છે.

ખરેખર, કવિઓ અને અન્ય કળાવાનોનો ઉત્કર્ષ જ એ છે કે પોતાની કૃતિઓ ઉપર તેઓ પોતાના વ્યક્તિત્વની સચોટ છાપ પાડી શકે છે. આ વસ્તુસ્થિતિને લીધે જ વર્ડ્ઝવર્થની કવિતા, શેલિની કવિતા, કાલિદાસની કવિતા, પ્રેમાનંદની કવિતા, એવી રીતે અમુક વ્યક્તિઓની સાથે અમુક કવિતાપ્રકારને આપણે જોડી શકીએ છિયે, અને અમુક રચનાને નિહાળતાં તે રચનાની પાછળ રહેલા અમર આત્માનાં આપણે દર્શન કરી શકીએ

છિયે. વિજ્ઞાનના સત્યોનું જ્યારે આપણે જ્ઞાન મેળવીએ છિયે, ત્યારે એ સત્યો માત્ર બુદ્ધિગમ્ય હોવાથી તે આપણા હૃદયમા અમુક વ્યક્તિ–વિષયક કુતૂહલ ઉત્પન્ન કરતા નથી, પણ કાવ્ય વગેરે રચનાઓ તો કળાવાન્‌ના આત્માનો આવિર્ભાવ કરે છે તેથી એ રચનાઓ અને તેના રચનારને, કવિ અને તેની કવિતાને આપણે છૂટાં પાડી શકતા નથી.

કળાની રચના ઉપર કળાવાન્‌ના વ્યક્તિત્વની આમ સચોટ છાપ પડતી હોવાને લીધે કળાવાન્‌ના સ્વતંત્ર વ્યાપારને આપણે સખ્ત બંધનોની બેડીથી જકડી લઇએ એ આપણને પાલવે નહીં, કારણ કે સાહિત્યના નિયામકોના રચેલા એવા આકરા કાયદાઓ આત્માના આવિર્ભાવને અટકાવનારા છે. સંસ્કૃતમાં કાવ્યરચનાને માટે અમુક આકરા નિયમો જ્યારે ઘડવામાં આવ્યા, ત્યારે તેનું પરિણામ એ જ આવ્યું કે કવિઓની કવિત્વશક્તિ અમુક અંશે કુંઠિત થઇ ગઇ અને તેઓની રચનાઓ બુદ્ધિના પ્રભાવથી યુક્ત હોવા છતાં સાદાઇ અને સરળતાને સ્થાને કૃત્રિમતા અને ક્લિષ્ટતા, આડંબર અને અક્કડાઇ તેમા વધારે આવી ગઇ.

છતા પણ, કળાવાન્‌ની પ્રત્યેક કળાના વિશિષ્ટ સ્વરૂપને લીધે વિષયની પસંદગીમાં, નિરૂપણ કરવાની શૈલીમા, અંતિમ સાધ્યના નિશ્ચયમાં દરેક કળાવાને અમુક નિયમોને તો આપોઆપ વશ રહેવું જ પડે છે. એવા કેટલાક નિયમોનું સૂચન કરીને હુ આ લઘુ લેખ સમાપ્ત કરીશ.

કાવ્યકળાનો ઉપાસક વાણીદ્વારા પોતાની સૌન્દર્ય ભાવનાને પ્રકટ કરે છે, ત્યારે ચિત્રકળાનો ઉપાસક અમુક આકૃતિદ્વારા એ ભાવનાને પ્રકટ કરે છે. આને પરિણામે કવિ પોતાની એક જ કૃતિમાં અમુક વૃત્તાન્તનું આદિથી તે અન્ત સુધીનું વર્ણન કરી શકે છે, પણ ચિત્રકારથી એક જ કૃતિ વડે એવો વૃત્તાન્ત સવિસ્તર આલેખી શકાતો નથી. પોતાની એક કૃતિ વડે તો વૃત્તાન્તનો અમુક એક જ ભાગ તે રજુ કરી શકે છે. આદિથી તે અન્ત સુધીનો વૃત્તાન્ત આલેખવાને તો અનેક ચિત્રો એને ચીતરવા પડે. એવાં અનેક ચિત્રો કદાચ ચીતરવામા આવે તોપણ તેને એક બીજાની સાથે સમ્બન્ધમા આણી શકાતાં નથી. એક ચિત્રમા તો ચિત્રકાર અમુક દેખાવનું એક ક્ષણનું જ ચિત્ર ચીતરી શકે. આ કારણથી ચિત્રકારને પોતાના કલાવ્યાપારને અનુકૂળ જે એક ક્ષણની પસંદગી કરવાની છે તેમા તેણે ઘણું સાવધ રહેવાનું છે. ક્ષણ એવી હોવી જોઇએ કે જેની સ્થિતિનું આલેખન જોનારના હૃદય ઉપર સૌથી વધારે ઊંડી અસર કરે. આ દૃષ્ટિથી જોતા જે ચિત્ર જોનારની કલ્પનાને ઉત્તેજિત કરે, એ કલ્પનાને આગળ વધવાને માટે જે ચિત્ર પૂરતો અવકાશ આપે, લાગણીની અન્તિમ દશાનુ દર્શન કરાવીને જે ચિત્ર જોનારની કલ્પનાની પાંખોને કાપી ન નાખે તે જ સૌથી વધારે અસરકારક થઇ શકે. એવું ચિત્ર જેમ જેમ આપણે વધારે ને વધારે નિરખીએ તેમ તેમ તે આપણી કલ્પનાબુદ્ધિને સતેજ કરતું જાય, આપણને નવા નવા વિચારો સુઝાડતું જાય, આપણને ચિત્રદર્શનના ફળ રૂપે અધિક ને અધિક આનન્દ આપતું જાય.

વળી ધ્યાનમા રાખવાનું છે કે જે ક્ષણનું ચિત્ર કળાવાન્ પોતાની કળા વડે ચીતરે છે તે ક્ષણને એ કળાવ્યાપારને પરિણામે સ્થાયી સ્વરૂપ પ્રાપ્ત થાય છે. એ ક્ષણનું કળાવાન્‌નું ચિત્ર

લાંબા વખત સુધી એના ચિત્રપટ ઉપર જળવાયલુ રહે છે. એ ચિત્ર દીર્ઘકાળ સુધી જોનાર જોયાં જ કરે એવું બને છે. આવી રીતે કળાવાન્ એક ક્ષણુ જેટલા ટુંકા સમયને પોતાની કળા વડે લંબાવી શકે છે. આ કારણથી સઘળા ક્ષણિક લાગે એવા ભાવો, ક્ષણુ વાર જ ટકી શકે એવા સઘળા બનાવો, અલપઝલપ જ જેના દર્શન થાય એવા સઘળા દેખાવો ચિત્રકળાના વ્યાપારને માટે પ્રતિકૂળ છે; માટે એવા વિષયો ચિત્રકારે પોતાની કળાપ્રવૃત્તિને માટે પસંદ કરવા ન જોઇએ. એવા ક્ષણિક દશ્યોને જો ચિત્રકારે પોતાની કળા વડે સ્થાયી સ્વરૂપ આપ્યુ હોય, તો તેનું પરિણામ એ થાય છે કે એવાં ચિત્રો તરફ આપણે જેમ જેમ વધારે જોઇએ તેમ તેમ તેના સંસ્કાર વધારે નબળા પડતા જાય છે અને આખરે તેનો આપણને કંટાળો આવવા માડે છે. "કોઇ ફિલસુફનું મ્હો હસતું ચીતરવામાં આવ્યું હોય, તો પહેલી વખતે જોઇએ તે વખતે જરા ઠીક લાગે, પણ જેમ વધારે વખત જોઇએ તેમ તેની રમણીયતા આપણને ઓછી થતી જણાય. પ્રથમ જે ફિલસુફ જેવો જણાતો તે આખરે મૂર્ખ જણાય, પ્રથમ જે હસતો જણાતો તે આખરે દાંતિયા કાઢતો જણાય."

ચિત્રકારને આવી રીતે પોતાના કળા–વ્યાપારની મુશ્કેલીને લીધે વિષયની પસંદગી કરવામાં ખાસ સંભાળ રાખવી પડે છે. કવિને આવી મુશ્કેલી પોતાના કળાવ્યાપારમાં ઓછી નડતી હોવાને લીધે તેને માટે વિષયની પસંદગીનું વધારે વિશાળ ક્ષેત્ર ખુલ્લું રહે છે. તો પણ જે તે તે વિષય ઉપર જોડકણાં જોડવાં એને કંઇ કળાનો વ્યાપાર આપણે કહી શકીએ નહીં. તત્ત્વજ્ઞાનના શુષ્ક વિચારોને આપણે છન્દોબદ્ધ રચનામા મૂકીએ તેથી કંઇ તે કાવ્ય બની જાય નહીં. નિત્યના વ્યવહારના ઝીણા ઝીણા પ્રસંગોને આપણે કવિતાના લેબાશમા રજુ કરીએ તેથી કંઇ તે કવિતા કહેવાય નહીં. જે વસ્તુમા કંઇક અનેરૂં સૌન્દર્ય હોય, જે વસ્તુ આપણા હૃદયને હલાવે, આપણી કલ્પનાને જાગ્રત કરે, આપણી દૃષ્ટિને પોતાના અંતસ્તત્ત્વનું નિરીક્ષણ કરવાને ખેંચી લઇ જાય તે જ કવિકળાના ઉપાસકોને પોતાના કળા-વ્યાપારને અનુકૂળ વિષય પૂરો પાડી શકે.

એ કળાવ્યાપારમા ગુંથાતા પ્હેલા દરેક કળાવાને પોતાની કળાની શક્તિમર્યાદા પણ ધ્યાનમાં રાખવી જોઇએ. એક પ્રકારની કળામાં જે ફળસિદ્ધિની અપેક્ષા આપણે રાખી શકીએ તે અન્ય પ્રકારની કળામા આપણાથી ન જ રાખી શકાય. ચિત્રકાર પોતાની કળા-વડે સૌન્દર્યનિરૂપણ કરીને ક્ષણમાત્રમાં જે સચોટ છાપ પાડી શકે તે કવિ પોતાનાં લાંબા લાંબાં વર્ણનોથી પણ ન જ કરી શકે. 'કુમારસંભવ' માં કાળિદાસે પાર્વતીના સ્વરૂપનું વર્ણન આપવામાં, 'નળાખ્યાન' મા પ્રેમાનન્દે દમયન્તીના સ્વરૂપનું વર્ણન આપવામા કશી કમીના રાખી નથી. બન્ને કવિઓએ સમર્થ કવિઓને સુલભ એવી સઘળી રસસામગ્રીનો છૂટથી ઉપયોગ કરીને પૃથક્ પૃથક્ અવયવોનાં ઘણાં ઝીણવટભર્યાં વર્ણનો આપ્યા છે. એ વર્ણનો ઘણાં રસ આપે એવા છે, છતા પાર્વતી કે દમયન્તીના સૌન્દર્યનો સાક્ષાત્કાર કરા-વવાનું કામ એક ચિત્રકાર જેટલી સ્હેલાઇથી અને જેટલી સચોટતાથી કરી શકે તેટલું એ કવિઓ નથી કરી શક્યા એમ આપણે વગર સંકોચે કહી શકીએ. તેનું કારણ એ છે કે એ ફળસિદ્ધિને માટે જે અનુકૂળતા ચિત્રકારને પોતાની કળાના વિશિષ્ટ સ્વરૂપને લીધે પ્રાપ્ત

થયેલી હોય છે તે કવિને હોતી નથી. યોગ્ય પ્રમાણમા એ ફળસિદ્ધિ પ્રાપ્ત થવાની અશક્યતાના તીવ્ર ભાનને લીધે જ કેટલાક કવિવરોએ સુન્દરીઓના પૃથક્ પૃથક્ અવયવોનાં વિસ્તૃત વર્ણન આપીને સૌન્દર્યનો સાક્ષાત્કાર કરાવવાનો મિથ્યા લોભ ન રાખતાં બે ચાર બોલવડે સૌન્દર્યનું માત્ર સૂચન કરીને જ સન્તોષ માન્યો છે, અને જે વસ્તુ કાવ્યકળાને સુસાધ્ય નથી તેને ઝાઝી ન છેડતા વાચકની કલ્પનાને જ સ્વચ્છન્દ વિહરવાને માટે વિશાળ ક્ષેત્ર ખુલ્લું રહેવા દઇને તેઓએ પોતાનું કળા–કૌશલ્ય દાખવ્યું છે.

કાવ્યકળાના ઉપાસકની કૃતિનું બાહ્ય સ્વરૂપ કેવું હોવું જોઇએ, કવિની વાણી કેવા પ્રકારની હોવી જોઇએ, છન્દોબદ્ધ રચના એ કવિની કવિતાનું આવશ્યક અંગ છે કે નહીં એ પ્રશ્નના સમ્બન્ધમા આપણા સાહિત્યમા કંઇ થોડી ચર્ચાઓ થઇ નથી, એટલે એવી ચર્ચામા આ પ્રસંગે હું ન ઉતરૂં તો તે ક્ષમ્ય ગણાશે. હું એટલું જ કહીને સન્તોષ માનીશ કે વિચાર અને વાણી એવા બે ભાગ પાડીને વિદ્વાનો ભલે તેની ચર્ચા કરે, પણ એ બે એકબીજાની સાથે એવા આન્તર સમ્બન્ધથી સંકળાયલા છે કે તેને ખરેખરાં આપણે કદી છૂટા પાડી ન શકીએ. ઊંડા ભાવો જે હૃદયમા પ્રકટ થાય તે હૃદયને એ ભાવોને અનુકૂળ વાણીની શોધમાં નીકળવું પડતું નથી; એ વાણી તે હૃદયને આપોઆપ મળી આવે છે. છન્દોબદ્ધ રચના જો ભાવનું વહન કરવાને અનુકૂળ બનતી હોય, તો એ હૃદયથી એ રચનાનો આપોઆપ સ્વીકાર થઇ જાય છે; જો તે પ્રતિબન્ધક થતી હોય તો કળાવાન્ ઉચ્છેદક બનીને એ શૃંખલાઓ તોડી નાંખે છે અને તેને દૂર ફેંકી દે છે. એવા વિષયમાં સાચા કળાવાનોને તો ‘ સહજ ઉપલબ્ધિ હૃદયની ’ એ જ પ્રમાણ છે.

૧૦ રાસપંચાધ્યાયીનો વાચ્યાર્થ.

(લેખકઃ—રા. રા. જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળ.)

અર્થાન્વયનું બીજ.

ગોપાલોત્તર તાપિની[1] ઉપનિષદ્‌માં એક અદ્‌ભુત પ્રસંગનું વર્ણન આપણને શ્રુતિભગવતીના અનુગ્રહરૂપે-ઉપહારરૂપે-પ્રાપ્ત થાય છે. વ્રજની સ્ત્રીઓ સર્વેશ્વર શ્રી કૃષ્ણને પૂછે છે કે ' અમારે કોઇ બ્રાહ્મણને ભિક્ષા આપવી છે તે કોને આપીએ ? ' ' દુર્વાસાને આપો '-એમ ઉત્તર મળતા વ્રજાંગનાઓ પૂછે છે કે ' યમુનાનું જળ તરીને અમે શી રીતે જઇએ ? ' પ્રભુએ ઉત્તર આપ્યો. ' કૃષ્ણ બ્રહ્મચારી ' એમ કહેવાથી યમુના તમને માર્ગ આપશે. એ રીતે ગોપીઓએ કર્યું અને તેઓને યમુનાએ માર્ગ આપ્યો. આ વૃત્તાન્તમા અત્ર વિવક્ષિત અને પ્રસ્તાવિત અર્થસંબંધનું બીજ વિલસે છે.

સમાલોચનાનું દૃષ્ટિબિન્દુ.

આનંદકંદ રસરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માના પુનિત જીવનની સમાલોચના અને યશોગાન કરવાં એ શ્રદ્ધાન્વિત વૈષ્ણવોનો તો પરિચિત પાઠ જ હોય છે. શ્રીકૃષ્ણ ભગવાનનું ચરિત્ર કોને અપરિચિત છે ? આ ભારતભૂમિ ઉપર આશરે ૫૦૦૦ વર્ષ પ્હેલા—' મલયગિરિમાં જેમ ચંદન ઉત્પન્ન થાય ' તેમ ભૂમિપરનો પાપનો ભાર ઉતારવા સારૂ, અવિદ્યાદિકથી ઘેરાયેલાં મનુષ્યોને સ્મરવા યોગ્ય કાર્યો વડે તેમનો જાણે અનુગ્રહ કરવા અજન્મા ભગવાન શ્રીકૃષ્ણરૂપે અવતારિત થયા હતા. જેના એક દેશ માત્રમાં કલ્પિત થયેલી માયાશક્તિ વડે આ અપ્રમેય વિશ્વ ઉત્પન્ન થયું છે તેના ગુણ કર્મોને કઇ બુદ્ધિ માપમાં લઇ શકે ? આપણો સર્વ વાગ્‌વિલાસ તેની આરાધનામાં યોજાઇને જ સફળ થાય છે એવા પરમવિનમ્ર ભાવથી જ સર્વાધિષ્ઠાભૂનત નારાયણની અવતાર કથાઓનું આપણે અવલોકન કરી શકીયે.

પ્રચલિત અર્થાન્વયો.

શ્રી કૃષ્ણચંદ્રનું પતિતપાવન ચરિત્ર ભગવાન વેદવ્યાસની સમાધિભાષારૂપ શ્રીમદ્ ભાગવતમાં વિશેષતઃ દશમ સ્કંધમાં અને એમનો જગદુદ્ધારક અંતિમ સંદેશ એકાદશ સ્કંધમાં અપૂર્વ વાગ્‌વૈભવ સમેત વિસ્તરે છે. એ ભક્તિભાવથી ઉભરાઇ જતી સંહિતાના દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણ ચરિતામૃત સરિતાના ૨૯ થી ૩૩ અધ્યાય સુધીનો જે રસસમૂહ રાસપંચાધ્યાયીને નામે વિખ્યાત છે તેમાં વર્ણવેલી રાસલીલાનો વિષય અનેક દૃષ્ટિબિન્દુઓથી અવલોકન કરાયો છે. કેટલાક શ્રી કૃષ્ણચરિતનો આ ભાગ મહાભારતમાં દૃષ્ટિગોચર નથી થતો કહી તેને વિસરાવવા યત્ન કરે છે.[2] કેટલાક તેનો પરિચિત વાચ્યાર્થ રુચિકર ન જણાતાં લક્ષ્યાર્થની કલ્પના કરે છે. કેટલાક શ્રદ્ધાસમેત ઇશ્વરનાં કાર્યોની તુલનાના પરિશ્રમને

---

૧ गोपाज्जीवानात्मत्वेन सृष्टिपर्यन्तमालाति स गोपालः । (गो. उ.)

૨ જુઓ રા. બ. લાલા બૈજનાથનું હિન્દુ ધર્મ ઉપરનું પુસ્તક.

નિવારી પ્રચલિત વાચ્યાર્થને અનુસરે છે. અને કેટલાક ઐકાન્તિક ભક્તિપુરઃસર આ રાસના ધ્યાનવડે વૈકુંઠના અખંડ રાસમાં નિમગ્ન થાય છે. કેટલાક તેને ઉડુગણોનો રાસ, કેટલાક જીવનની જીવનક્રિયાઓનો રાસ, કેટલાક જડ અને ચૈતન્યનો રાસ, કેટલાક આત્માનો ઇન્દ્રિયો સાથેનો રાસ અને કેટલાક તેને ઇશ્વરના જીવો સાથેના અનંત રાસ ઇત્યાદિના રૂપક તરીકે કલ્પે છે

જુગુપ્સિત કર્મ ?

આ ભિન્નતાનું એક કારણ એ છે કે શ્રી કૃષ્ણચંદ્રના આદર્શ ક્ષત્રિયજીવનમા આવા પ્રકારનું દેખાતું કાલુષ્ય કેટલાકને ખુચે છે શ્રી કૃષ્ણભગવાનની ગોપી-વસ્ત્રહરણ લીલામા બાળચેષ્ટા સુસ્પષ્ટ સમજાય એમ છે; કુબ્જા જોડેનો પ્રસંગ પણ અવિવાહિતા સુન્દરી જોડેના ગાન્ધર્વ વિવાહ સંબંધરૂપે સહજ અનવદ્ય સમજી શકાય તેવો છે. ૧૬૧૦૮ સ્ત્રીઓ સાથે લગ્નમા શ્રીકૃષ્ણ-ભગવાનનો ઐશ્વર્ય-વૈભવ જ વિલસે છે, જે વૈભવને જોઇને દેવર્ષિ નારદ મોહ પામ્યા હતા. આ રાસલીલાના પ્રસંગ વિષે મને લાગે છે કે વાચ્યાર્થના યથાવિધ સંઘટન વડે શ્રુતિભગ-વતીના વાક્યની પરિપુષ્ટિ થઇ શકે, ને તે વડે શ્રીકૃષ્ણ બ્રહ્મચારી એ સત્યનું યાથાતથ્ય આપણા હૃદયમંદિરમા નિવાસ કરે.

અક્રૂરનું બ્રહ્મલોક દર્શન.

બન્ધુઓ, શ્રીમદ્ ભાગવતનો એક અન્ય પ્રસંગ આપની સ્મૃતિમા લાવું છું. ભગવદ્-ભક્ત અક્રૂરજી ગોકુલપ્રિય નંદનંદનને સાથે લઇ મથુરા જતા રસ્તામા યમુનામા સ્નાન કરવા ગયા તે સમયે તેમણે જળમાં શ્રી શેષશાયી નારાયણ ભગવાનને જોયા; અને આશ્ચર્યસમેત શ્રી નારાયણ અને શ્રી કૃષ્ણના મુખની એકરૂપતા દીઠી. આ દિવ્ય દર્શન થતાં તેમણે પ્રભુની સ્તુતિ કરી. થોડી વારે બ્હાર રથ પાસે આવ્યા, ત્યારે પ્રભુએ પૂછ્યું, ‘ કેમ કંઇ અદ્‌ભુત જોઇ આવ્યા હો એવા દેખાઓ છો ? ’ અક્રૂરજીએ સાનમાં પ્રભુને કાકુપ્રશ્નથી ઉત્તર આપ્યો કે ‘ પૃથ્વી, જળ અને આકાશના સર્વ આશ્ચર્યોના સ્થાન રૂપ તમને વિશ્વાત્માને જોયા પછી બીજું શું આશ્ચર્ય મ્હેં આ દુનિયામા જોયું હોય ? ’ ભગવાને જ અક્રૂરની શાન્તિ અને અનુગ્રહને અર્થે એમને અજ્ઞાનથી પર એવું પોતાનું ધામ જેને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મલોક ઇત્યાદિ શબ્દો વડે વાણી લક્ષિત કરવાને મથે છે, તે ધામ બતાવ્યું હતું. એ જ ધામ શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના ભક્ત નન્દાદિક ગોપગોપીઓને પણ બતાવ્યું હતું એમ શ્રીમદ્ ભાગવતમા ઉલ્લેખ છે અને તે જ આધિદૈવિક ધામમા યોગમાયા વડે પ્રભુએ ગોપીઓની સાથે બ્રહ્મરાત્રિમા રાસલીલા વિસ્તારી હતી. આ અર્થ-સંકલના અત્ર વિવક્ષિત છે અને વાચ્યાર્થના આવા સમન્વયની યોગ્યતા આપણે વિચારીશુ.

વિવક્ષિત અર્થાન્વય.

પ્રચલિત માન્યતા શ્રીકૃષ્ણ ભગવાનની રાસલીલાને આ ભૂમિ ઉપરના એટલે આધિ-ભૌતિક ગોકુળ ગ્રામ પાસેના વ્રજવનમાં સ્થાન આપે છે. સ્વાભાવિક રીતે જ શ્રદ્ધાન્વિત જનોને સર્વાત્મા ભગવાનના ગોપીઓ સાથેના રાસમા પ્રભુની આ વિશ્વરૂપિણી માયા કરતા કોઇ વિશેષ ગુંચવણ જણાતી નથી. તથાપિ અનેક રીતે જોતા જોતાં એ **રાસલીલાનુ**

સ્થાન ગોલોક છે[૧] એવી માન્યતામા અર્થાન્વય અને પૂર્વાપરનો વિચાર પણ આપણને સહાયભૂત થાય છે. તર્કની અપ્રતિષ્ઠા ભગવાન વેદવ્યાસ સૂત્ર ગ્રથિત કરે છે અને તેથી શાસ્ત્રને અનુકૂળ તર્ક વડે સત્યનું સમર્થન જ આપણને અભીષ્ટ છે.

કૃષ્ણોપનિષદ્‌નો પ્રસંગ.

કૃષ્ણોપનિષદ્‌માં વર્ણવેલો એક બીજો પ્રસંગ જરા અવલોકીએ. સર્વાંગ સુન્દર શ્રીરામચન્દ્રને શ્રી વિષ્ણુરૂપ જાણીને મુનિયોને તેમને પ્રત્યક્ષ રીતે આલિંગન કરવાની ઇચ્છા થઇ; એટલા સારૂ કે તે વડે તેમનો ભૂમિ ઉપરનો જન્મ શ્રેષ્ઠ ગણાય. પ્રભુએ તેમને કૃષ્ણાવતારમાં ગોપીઓ થઇ આલિંગન કરવા કહ્યું. મુનિઓએ ઉત્તર આપ્યો તેમાં કહ્યું કે 'અમને તમારી સ્ત્રીઓ કરો'. પ્રભુએ મનનશીલ રૂદ્રાદિક દેવોને તેમનો અંગસંગ કરવાનું ને તેમનું વાક્ય સત્ય કરવાનું વચન આપ્યુ. આ વરને રાસલીલાના પ્રસંગ સાથે કેટલાક વિદ્વાનો યોજે છે. તથાપિ તે જ ઉપનિષદ્‌માં અવતારિત થયેલી ૧૬૧૦૮ સ્ત્રીઓ સૂચિત કરી છે તે સંખ્યા શ્રીકૃષ્ણચંદ્રની ધર્મપત્નીઓની સંખ્યા સુવિદિત છે. વળી અત્ર સંકલ્પ ભગવાનનો વરરૂપે છે, દેવમુનિઓની તો યાચના છે. તથાપિ વેદની ગૂઢ અને ગંભીર કામધુકનો આવો સમન્વય આપણા વિવક્ષિતાર્થને બાધક નથી; એક રીતે ઉપકારક જ છે; કેમકે ૨૮ મા અધ્યાયમાં ગોપવૃન્દને ગોલોકનું દર્શન કરાવવાના પ્રભુના હેતુ સંબંધે મહાત્મા શુકદેવ કહે છે કે 'તેમના સંકલ્પની સિદ્ધિને અર્થે પ્રભુએ આમ વિચાર્યું' એટલે તે વિચારનું નિર્વહણ એ ગોલોકમાં અંગસ્પર્શના વિવરણ વિના અપૂર્ણ રહે. તથાપિ સંભવિત એમ લાગે છે કે કાત્યાયની વ્રત્ત[૨] પ્રસંગનો ગોપીઓના જીવાત્માઓનો પ્રભુને વરવાનો સંકલ્પ પ્રસિદ્ધ છે તેનું અહીં સૂચન છે.

વિષ્ણુનો અવતાર.

આમ ગ્રંથોવડે આપણને વિદિત થાય છે કે ભૌતિક જળથી પર એવા 'નાર' થી પૂર્ણ ક્ષીરોદધિમાં વિરાજતા મહાપુરુષ પાસે ઉપસ્થાન કરીને દેવોએ પૃથ્વીની રક્ષાને અર્થે ભગવાનને પ્રાર્થના કરી, અને તેનો સ્વીકાર કરી પ્રભુએ અવતાર લીધો. અન્ય દેવો પણ એમની પ્રેરણાનુસાર આ આર્યોની કર્મભૂમિમા વિવિધરૂપે પ્રકટ્યા. આવી દૈવી શક્તિઓના ભૌતિક દેહ ધારણ કરવાના પ્રસંગો દુનિયાના ઇતિહાસમા વિરલ હોય છે અને પ્રકૃતિના સામંજસ્યથી તેમનાં નામો પણ યથાગુણ સ્ફુરિત થયેલાં આપણે જોઇએ છીએ. નામોની સુયોગ્યતા એ આવાં વૃત્તાન્તોમાં કૃત્રિમતાની વિભાવક નહિ પણ પ્રકૃતિસ્વભાવની સંવાદક છે. ગોકુળ, યમુના, વૃન્દાવન, કૃષ્ણ, નંદ, યશોદા ઇ૦ નામો પ્રકૃતિના નિયમો વડે પદાર્થોને સ્વભાવતઃ સુપ્રાપ્ત થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. ગંગા, યમુના, નર્મદા, બ્રહ્માવર્ત, હરિદ્વાર એ નામો કવિની મનોહર કલ્પનાશક્તિના વિલાસો પણ બની શકે; તથાપિ એ તત્તદ્‌ગુણાન્વિત ભૌતિક નદીઓ અને સ્થાનો છે.

---

૧ આ અર્થાન્વય ઇ. સ. ૧૯૧૬ મા વિદ્વાન પૌરાણિક બ્રહ્મનિષ્ઠ ભટ્ટ શ્રી ગંગારામજી પાસે મ્હેં પ્રથમ સૂચિત કર્યો હતો

૨ જુઓ શ્રી ભાગવત ૧૦–૨૨–૪ અને ૧૦–૨૨-૨૫.

શ્રીકૃષ્ણનાં અમાનુષી પરાક્રમો.

શ્રીકૃષ્ણચંદ્ર ગોકુલમા પ્રકટ થયા તે પછી દશ અગીયાર વર્ષની વયમા તો તેમણે પોતાના અમાનુષી પરાક્રમોથી પોતાનું ઐશ્વર્ય જણાવી દીધું હતું. પૂતનાવધ વડે, મૃત્તિકા-ખાદન પ્રસંગે, અસુરોના વિનાશ વડે, કાલીયદમન વડે, દાવાગ્નિનિવારણ વડે અને ગોવર્દ્ધન-ધારણ ઇત્યાદિ લીલાઓ વડે વિરોધી અને અવિરોધી જનોને શ્રીકૃષ્ણ એ ઇશ્વરાવતાર છે એમ ગોકુલમા સુજ્ઞાત થઇ ગયું હતું. ગોવિંદના સૌંદર્યથી, પરાક્રમથી અને મનોહરતાથી ગોપગોપીઓ સર્વ તેમના ઉપર મોહિત થઇ જાય એમાં શુ આશ્ચર્ય? અને શ્રીકૃષ્ણ એ ઇશ્વરાવતાર છે એ જ્ઞાન સર્વ ગોપવૃન્દનુ તેમના તરફનું દષ્ટિબિન્દુ બદલી નાખે એમાં શી નવાઇ? આ દષ્ટિબિંદુથી તેઓનુ વર્તન ઘણે અંશે નિર્ણિત થતું હતું એ સ્મૃતિ અનેક સંદેહોના સમાધાન માટે ઉપકારક થઇ પડે એમ છે.

દિવ્ય પ્રસંગનો આરંભ.

શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના ૨૮ મા અધ્યાયમા નન્દરાયને યમુના નદીમા તળીયા નીચે વરુણ દેવના અનુચરો લઇ જાય છે. શ્રીકૃષ્ણ યમુનાજીમા પડીને તેમને વરુણ પાસેથી લઇ આવે છે. નન્દરાયજી બ્હાર આવીને એ અતીન્દ્રિય વરુણલોકનુ અને ત્યાં શ્રીકૃષ્ણ પ્રત્યે વરુણે દેખાડેલા પૂજ્ય-ભાવનું વિસ્મયસમેત પોતાના જ્ઞાતિજન પાસે વર્ણન કરે છે. આ ઉપરથી ઇશ્વરાવતાર શ્રીકૃષ્ણનો આત્મવૈભવ જોવાની સૌએ ઉત્કંઠા દેખાડી, અને ભગવાને તેમને પોતાના જાણી તેમના પૂર્વ સંકલ્પની સિદ્ધિને અર્થે કૃપા કરીને તમસથી પર એવા પોતાનો ગોલોક તેમને દેખાડ્યો. ભગવદનુગ્રહથી યોગમાયા વડે બ્રહ્મહ્રદમા[1] લઇ જવાયેલા, તેમા લીન થયેલા, અને ઉદ્ધાર પામેલા ગોપજનોએ "બ્રહ્મલોકને જોયો કે જ્યા અક્રૂર ગયા હતા." તે બ્રહ્મલોકને જોઇને નન્દાદિ સર્વ ગોપવૃન્દ પરમ આનન્દની શાન્તિને પ્રાપ્ત થયા, અને ત્યા સાક્ષાત્ શ્રુતિયોને શ્રીકૃષ્ણની સ્તુતિ કરતી જોઇને વિસ્મય પામ્યા. આટલેથી ૨૮ મો અધ્યાય પૂરો થાય છે પણ વિષય પૂરો થતો નથી; પૂરો થવાના ચિહ્ન નથી, અને આવું પુણ્યદર્શન–અદ્ભુત દર્શન–ત્રણ શ્લોકમા ભગવત્ સ્તુતિ વિના આમ ટુંકેથી એકાએક સંપૂર્ણ થતું જણાતું પણ નથી. કેમકે ૨૯ મા અધ્યાયનો પ્હેલો જ શ્લોક જાણે પૂર્વકથાના અનુસંધાનમા શરૂ થાય છે:–

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमाया मुपाश्रितः ॥

યોગમાયાનો જેણે આશ્રય લીધો હતો એવા ભગવાને **પણ તે** રાત્રિઓને[2] શરદથી ખીલેલાં મલ્લિકા પુષ્પોવાળી જોઇને રમવાનો વિચાર કર્યો. યોગમાયા વડે ગોલોક દેખાડતા શ્રીકૃષ્ણ પરમાત્માની ગોલોકની પ્રધાન લીલાનું વર્ણન અહીંથી શરૂ થાય છે. **अपि** અને **ताः** એ બે શબ્દો પૂર્વ સંબંધના સ્પષ્ટરીતે દ્યોતક છે. આ ગોલોકનું વર્ણન વિસ્તારપૂર્વક આદિ-

---

૧ હ્રદ એ સરોવર, ગુહા અથવા કિરણના અર્થમા વપરાય છે

૨ ઘણું કરીને માર્કંડેય પુરાણમા કહેલી कालरात्रि महारात्रि मोहरात्रिश्च दारुणा, જે પ્રયાગમાં દૃશ્યમાન થતા ગંગાયમુનાના શ્વેતકૃષ્ણ પ્રવાહ સમ સહકાર સમેત બ્રહ્મલોકમા અનુભવગમ્ય થતી હતી

પુરાણમા છે, અને પ્રાદેશમાત્ર સૂચન શ્રીભાગવતના ત્રીજા સ્કંધના ૧૪ મા અધ્યાયમાં છે. એ ગોલોકમા ઇંદિરા, રાધિકા આદિ દેવીઓ મૂર્તિમતી થઇને રહે છે. આ ગોલોકમા શ્રીકૃષ્ણ ગોકુલ, વૃન્દાવન, વ્રજ, યમુના, ઇત્યાદિ, દિવ્ય સત્ત્વો રૂપે વિરાજે છે; અને તેમા અનેક વિષ્ણુભક્તો ગોપગોપીઓ રૂપે વિચરે છે.

યોગયામિક સ્વપ્ન.

એ તો સ્પષ્ટ છે કે ૧૧–૧૨ વર્ષના સામાન્ય બાળકની યુવાવસ્થા ગણાય જ નહિ. એટલે આપણા વિદ્વાન પંડિતો આ રાસક્રીડાને યુક્તિપૂર્વક અનવદ્ય ગણે છે. તથાપિ રાસપંચાધ્યાયીમાં કામકેલિનો ઉલ્લેખ સ્પષ્ટ છે; અને થોડા જ સમયમાં વક્રાંગસુન્દરી કુબ્જા જોડે વિહારની કથા આપણે વાંચીએ છીએ. એટલે આ રીતે પણ આ રાસક્રીડા ગોલોકમા પૂર્ણ કલાધર શ્રીકૃષ્ણચંદ્ર સાથેની દિવ્ય રાસલીલા–વાગ્વિલાસ–રૂપ છે એ અર્થાન્વય સહજ ઘટી શકે છે. આ પ્રમાણે સમજતા શ્રીકૃષ્ણની યોગમાયા વડે ગોપ ગોપીઓના આત્માઓ જાણે એક અદ્‌ભુત સ્વપ્નનો અનુભવ કરે છે એ યોગસ્વપ્નમાં સામાન્ય સ્વપ્નની પેઠે જ કંઇક પૂર્વસ્મૃતિ, કંઇક પૂર્વભાવનાસિદ્ધિ અને કંઇક નવીન દર્શનની અવર્ણ્ય રસગુંથણી થાય છે.

રાસલીલાનું પુણ્ય વાતાવરણ.

શ્રીકૃષ્ણ ભગવાન્ ગોલોકના વૃન્દાવનમા પોતાનું સંગીત શરૂ કરે છે. ગોપીઓ ઉત્સુક થાય છે, અને પોતાની સામાન્ય ક્રિયાઓ છોડી દઇ પોતાને પ્રભુ પાસે જતી અનુભવે છે. વળી કોઇક તો આ બ્રહ્મરાત્રિમા પતિ પિતા કે બન્ધુથી જવાની મના થતા આંખ મીંચી દઇને ધ્યાનમાં જ પ્રભુના આશ્લેષના આનંદ વડે અક્ષય મંગલને[1] પ્રાપ્ત થતી પોતાના ગુણમય શરીરનો ત્યાગ કરી સર્વબંધનથી મુક્ત થાય છે. રાજા પરીક્ષિત્‌ના સંદેહનો પરિહાર કરતા શુકદેવ કહે છે કે જે કોઈ અનન્ય ભાવથી પ્રભુને ભજે–ભલે પછી તે ભાવ હરકોઇ પ્રકારનો હોય તોપણ–તે શ્રીહરિની સાથે તન્મયતાને પ્રાપ્ત થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. દૃષ્ટિસૃષ્ટિવાદના અનુગ્રહ વડે આ વિશ્વને જોનારા વિવેકીઓને આ સમાધાન સુલભ છે અને જીવની અવિદ્યાના વિજૃંભણ રૂપે વિશ્વને અનુભવતા બ્રહ્મનિષ્ટ મહાત્માઓને ‘લોક’ એટલે દૃષ્ટિગોચર થતું કંઇક–એ શબ્દની યોગ્યતા સુપરિચિત છે એ કહેવાની ભાગ્યે જ આવશ્યકતા રહે છે. પોતાની સમીપ આવેલી ગોપીઓને ભગવાન પ્રથમ તો પ્રશ્ન પૂછી તેમના અંતઃકરણની પરીક્ષા કરે છે. પ્રભુ ગોપીઓને આદરથી કહે છે કે ‘ તમે આવી રાત્રે અહીં કેમ આવ્યા છો ? મ્હારા ઉપર સ્નેહથી તમે આવ્યા હો તથાપિ તમારે તમારા પતિની સેવા નિષ્કપટ ભાવથી કરવી એ જ તમારૂ કર્તવ્ય છે; ’ વળી ભવિષ્યમા ભૌતિક ગોકુલમા જઇને શું કરવું એની જાણે વ્યંજના કરતા પ્રભુ કહે છે કે ‘ મ્હારા શ્રવણ, દર્શન, ધ્યાન અને કીર્તનથી મ્હારામા જે ભાવ જણાય છે તે મ્હારા સંગથી નથી થતો માટે ગૃહ પ્રત્યે જાઓ. ગોપીઓ હતાશ થઇ આંસુઓ લ્હોતી. લ્હોતી પોતાના હાર્દિક ભાવ પ્રકટ કરતી સંસારના સર્વ કાલુષ્યથી વીતરાગ થયેલી પ્રસાદવતી વાણીમાં વદે છે કે ‘ હે વિભો, આપનો ઉપદેશ સત્ય હો. પણ આપ તો દેહધારીઓના પ્રિયતમ’–અથવા વિદ્યારણ્ય મુનિની ભાષામા પરમપ્રેમાસ્પદ–

---

૧ निर्वृत्या क्षीणमंगलाः ને સ્થાને निर्वृत्याऽक्षीणमंगलाः વધારે સુઘટિત જણાય છે.

'આત્મા છો. સંસારના સંબંધોથી શુ છે ?' આવો સસાર પ્રત્યેનો તેમનો વિરાગ અને તેમની નૈષ્ઠિક ભકિત જોઇને ભગવાન તેમની આનંદની સ્થૂલ ભાવનાને સિદ્ધ કરવા કહો કે શાન્ત કરવા ઉદ્યુકત થયા; અને નિજ સ્વરૂપમાં જ નિત્યતૃપ્ત શ્રી હરિ જેમ વિશ્વલીલાને વિસ્તારે છે તેમ આત્મારામ શ્રી કૃષ્ણ પ્રભુએ ગોપીઓ સાથે ક્રીડા કરી. ગોપીઓની એ સૌભાગ્ય દશાને આપણા કવિવરોએ પોતાની વિશદ, પ્રાસાદિક, ઓજસ્વિની અને મધુર–, વળી રાગવતી છતાં પણ વિરાગવતી વાણીમા ગાઇ છે. ગોપીઓની સાથે થોડી વાર રમીને પોતાના ભકતોના સૌભાગ્યમદ રૂપી સાત્વિક અભિમાનને પણ નિયંત્રિત કરનાર શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધ્યાન થાય છે. ગોપીઓ વિહ્‌વલ થાય છે અને પછી તેમનું અમર કરુણગીત ગાય છે. એમાં પણ સૂચક વાકયો નજરે પડે છે. 'આ વ્રજમાં ઇન્દિરા હમેશાં નિવાસ કરે છે' 'તમે ગોપિકાનન્દન નથી પણ અખિલ દેહીઓના અંતરાત્મા દ્રષ્ટા છો !' ઇત્યાદિ વાકયો ગોલોકની ક્રીડાને સૂચવે છે. રુદનને અંતે પ્રભુ સ્મિતવદને તેમની પાસે આવિર્ભૂત[૧] થાય છે અને લોકોત્તર સુકોમળ વાણી વડે તેમનું સાત્વન કરે છે. છેલ્લા એટલે ૩૩ મા અધ્યાયમાં અનેક કૃષ્ણ રૂપોની રાસલીલાનું વર્ણન છે. અને રાજાની શંકાનું યથોચિત સમાધાન કરી શુકયોગેશ્વર બ્રહ્મરાત્રની રાસલીલાનો પ્રસંગ ફલશ્રુતિના અનુસધાન સમેત સમાપ્ત કરે છે.

ગોપીઓનું સૌભાગ્ય.

શ્રીકૃષ્ણચંદ્ર, જેમનું અંગ શ્રીનું સાક્ષાત્ ધામ હતું, તેમના અતુલ સૌંદર્યથી અને ઐશ્વર્ય પ્રભાવથી ગોપીઓ મોહિત થઇ હતી એ તો સુપ્રસિદ્ધ જ છે. તેમની ક્રિયાની નૈતિક સમાલોચના અત્ર વિવક્ષિત નથી તેમના જીવનની સૌભાગ્ય ધન્યતા તો ઈશ્વરના પરમ પ્રસાદમાં જ લીન થતી, માનુષી સંદેહો પ્રત્યે મંદ સ્મિત કરતી વિચરે છે. જેને શ્રીકૃષ્ણના ઐશ્વર્યનો અનુભવ થઇ ગયો હતો, જેના પૂર્વ સંસ્કાર જાગ્રત અને પરિપકવ થયા હતા એવી ગોપિકાઓ પોતાના સંસારના સર્વસ્વનો ત્યાગ કરી સર્વાન્તર્યામી સર્વ દેહીઓના પતિ શ્રીકૃષ્ણમા પોતાના સર્વ પ્રેમની અને સમગ્ર જીવનની આહુતિ આપે એમા શું આશ્ચર્ય છે ?

શ્રીકૃષ્ણની અસંગતા.

તથાપિ શ્રીકૃષ્ણને વિષે શ્રદ્ધાન્વિત જનોને સ્વાભાવિક રીતે થતી શંકા પરીક્ષિત્ મહારાજ શ્રી શુકદેવને નિવેદન કરે છે. 'ભગવાન ધર્મસંસ્થાપનને અર્થે અવતર્યા હતા તેમણે આવો પરદારસંબંધ કેમ કર્યો ? તે તો આપ્તકામ હતા.' શુક યોગેશ્વર તેમને અનેક દૃષ્ટિબિન્દુઓથી ઉત્તર આપે છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રથમ તો તેજ[૨]રૂપ દેવોના કાર્યો ભૌતિક મનુષ્યોના કાર્યોની પેઠે દોષપાત્ર નથી. કારણ કે તે સ્થૂલ ક્રિયાઓ જ નથી. બીજી તરફથી અનુકરણનો તો પ્રશ્ન જ ન હોય. ઐશ્વર્યવાન દેવોના જેવું આચરણ તેવી યોગ્યતાવાળો જ કરી શકે, નહિ તો તેને પોતાના વિનાશનો વખત આવે. વિશ્વોપાધિવાળા જ્ઞાનમય ઈશ્વરની ક્રિયાઓમાં અહંકાર કે સ્વાર્થનું વાસનાબીજ હોતું નથી, એટલે બાળકની ચેષ્ટાની પેઠે તે દોષારોપણને

---

૧ જુઓ મૂળ. तेषामाविरभूत शौरिः અને સરખાવો यत्राक्रूरो ऽ भ्यगात्पुरा શ્રી. ભાગવત ૧૦=૨૮–૧૬.

૨ જુઓ મૂળ तेजीयसा न दोषाय. તૈજસ એ અભિધાન સ્વપ્ન દશાના અભિમાની જીવનું છે તે પણ સૂચક છે

સારૂ અયોગ્ય છે–લીલા માત્ર છે. ઇશ્વરની પાદરજને શિરોવંદ્ય ગણનારા કર્મબંધથી મુક્ત થાય છે, તો પછી ઇશ્વરની પોતાની શી વાત? શ્રીકૃષ્ણ ગોપીઓના, તેમના પતિઓના, અને સર્વ દેહીઓના અંતરાત્મા જ હતા. તેમણે પ્રાણીઓના અનુગ્રહને અર્થે માનુષી લીલા કરી હતી, કે જેનું વર્ણન સાંભળી મનુષ્ય ભક્તિમા પ્રેરાય. આ બધું કહીને છેવટે કહે છે કે કૃષ્ણની માયાથી મોહિત થયેલા ગોપજનો પોતપોતાની સ્ત્રીને પોતાની પાસેજ જાણતા હતા, અને તેથી શ્રીકૃષ્ણ પ્રત્યે તેમને અસૂયા થઇ નહોતી, અને તેમજ સ્વાભાવિક હતું. કેમકે આ યોગસ્વપ્નમા સર્વ ગોપગોપીઓ પોતપોતાના આનંદને જ અનુભવતાં હતાં. તે પછી **બ્રાહ્મી**રાત્રિનું આવરણ સંકેલાઇ જતા વાસુદેવથી અનુમોદિત ગોપસ્ત્રીઓ યમુના તટેથી પોતાના ગૃહ પ્રત્યે ગઇ.

કૃષ્ણ-ગોપીઓનો સંબંધ.

જેમ બ્રહ્મવિદ્‌ને સાક્ષાત્કારની ખુમારી રહે છે તેમ ગોપીઓને આ પરમ અદ્‌ભુત અનુભવની સદા ખુમારી રહેતી હતી. અને તેઓ ભૌતિક ગોકુલમાં પ્રત્યક્ષ થતા બાલગોપાળનાં દર્શન, કીર્તન અને ધ્યાનથી પોતાને કૃતકૃત્ય સમજતી હતી. પવિત્ર ભક્તિભાવના જ એમના હૃદયમા વિલસતી હતી. તેને જ અનુસરીને ઉદ્ધવ દ્વારા પ્રભુનો અને ઉત્તરમાં ગોપીઓનો સંદેશ આપણે સરલતાથી સમજી શકીએ છીએ. ભગવાનનો સંદેશ એ ઇશ્વરાવતારનોજ સંદેશ છે. તેમા ભૌતિક વિષયોનો લેશ પણ ગન્ધ નથી. આત્મજ્ઞાનની જ લ્હાણી છે. કહેવામાં આવે છે કે મહાભારતમા આ રાસક્રીડાનો પ્રસંગ નથી. શી રીતે હોય? જેવો યશોદા માતને મુખમાં વિશ્વદર્શન કરાવ્યાનો પ્રસંગ, અક્રૂરને શેષશાયી નારાયણનું દર્શન કરાવ્યાનો પ્રસંગ, અર્જુનને વિરાટરૂપ દેખાડયાનો પ્રસંગ, તેવો જ આ ગોપગોપીઓને ગોલોક દર્શાવ્યાનો પ્રસંગ હતો. તે તે પ્રસંગો બાહ્ય જગતને ભાગ્યે જ દૃષ્ટિગોચર પણ થયા હશે, પણ તદ્‌તદ્ વ્યક્તિઓની જીવન ભાવનાઓના તો તે નિયામક બની ગયા હતા એ સમજવું કઠિન નથી. એટલે જ આપણે જોઇએ છીએ કે શ્રીકૃષ્ણનો વૈરી શિશુપાલ શ્રીકૃષ્ણની નિન્દા કરે છે ત્યા આ પ્રકારનો કોઇ આરોપ નથી.[1]

વાચ્યાર્થની અભીષ્ટ સિદ્ધિ.

વાચ્યાર્થ બાધ હોય ત્યા જ લક્ષણાનો આશ્રય લેવો યોગ્ય ગણાય છે. વળી એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે જે અજ્ઞાત હોય તે અસ્તિત્વમાં ન હોય એવો કંઈ નિયમ નથી. પરમાત્માની આ અપાર સૃષ્ટિમાં આપણને અપરિચિત અનેક તત્ત્વો અને અનુભવો સંભવે છે. રસની સંપૂર્ણ સંસિદ્ધિ રસરૂપ પરમાત્માના ધામમાં હોય એમા શું આશ્ચર્ય છે? આવી રસસિદ્ધિનું સ્વરૂપ તત્ત્વમાં આધ્યાત્મિક, ઉપાધિમા આધિદૈવિક, અને કથનમાત્રમાં આધિભૌતિક હોય એ સહજ સમજાય એવું છે. જે વૈકુંઠમાં પરમાત્મા સાથે અખંડ રસમા લીન થઇ જવાની અનેક ભક્તોની ઉદાર આતરભાવના છે તે વૈકુંઠમાં પ્રભુ સાથેના રાસની સમાલોચના ક્યા તત્ત્વવિચારક વૈષ્ણવને પ્રિય, પૂજ્ય અને પુણ્યરૂપ થયા વિના રહે? અહીં અનાસ્થાને સ્થાન નથી. અનીતિનો ગંધ નથી; અને કામધેનુ રૂપ શબ્દની અભિધા, લક્ષણા અને વ્યંજના સર્વ શક્તિઓ શરદ્‌ની કુંજોની પેઠે ફલવતી થાય છે.

---

૧ જુઓ સભાપર્વ ૪૧ ઇત્યાદિ.

પુરાણ ગ્રંથોની વંદના.

આપણા પુરાણ ગ્રંથો સમગ્ર જગતના આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક ઇતિહાસનું, જીવનના ચતુર્વિધ પુરુષાર્થની યથોચિત સિદ્ધિને અર્થે વિહંગાવલોકન કરે છે. ભગવાન વેદવ્યાસે પોતાની વ્યવધાન રહિત દિવ્ય દૃષ્ટિ વડે કરેલી એ સમાલોચના સર્વ પ્રકારના મનુષ્યોને અનેક રૂપે ઉપકારક છે. દૈવી સૃષ્ટિ મનુષ્યને સામાન્યતઃ બહુધા અવિદિત, અનવગત હોય છે તેનું ગીર્વાણ ભાષામા યથાતથ્ય વડે વિવેચન કરનાર પુણ્ય ગ્રંથોની પ્રતિભા યથાયોગ્ય પરિશીલનની જ પ્રતીક્ષા કરે છે. અને મ્હને તો લાગે છે કે એ ગ્રંથોના પુણ્ય પરિશીલનમાં ભારતના ભાવિ ઉદયના જ નહિ પણ સમગ્ર માનવજાતિના કલ્યાણના અનેક બીજો વિરાજે છે.

૧૧ ગુજરાતના શિષ્ટ સંવાદો.

(લેખકઃ–રા. રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય.)

૧.

જીનવભરના કોઇ ગદ્ય લેખકને જ્યારે એક જણે ભાન કરાવ્યુ કે તેં આજ સુધી વાતચીત પણ ગદ્યમાં જ કરી છે ત્યારે તેને અચરજ થયું. આપણને પણ જો કોઇ સૂચવે, કે આપણું જીવતર સંવાદ કરવામા જ જાય છે, તો એ સાદી વાત પણ એવી જ રીતે નવાઇ ઉપજાવે. અને છતા એ ખરું છે. માણસને મળે ત્યારે હંમેશાં સંવાદ થયા વિના રહેતો નથી અધિપતિ ઉગતા લેખકને શિખામણ આપે ત્યારે સંવાદ શરુ થાય છે, યુવક યુવતીના પ્રેમગોષ્ઠી કે પ્રેમકલહ સંવાદનું રૂપ ધર્યાં વિના રહેતાં નથી; શેઠ તામસી વાણોતરને વઢે કે પિતાપુત્ર વચ્ચે કમનસીબ વિગ્રહ જાગે ત્યારે ઉગ્ર સંવાદ આરંભાય છે; સહકારીને અસહકારીનો મેળાપ એ આ સમયમા સંવાદની કલાનો વિકસવાનો પરમ પ્રસંગ બને છે. સંવાદ આ રીતે આહારનિદ્રા અને ભય જેટલો જ માણસને અનિવાર્ય અને સ્વાભાવિક છે.

જીવનમા જે વસ્તુ આટલી વ્યાપક છે તેણે સાહિત્યમા એટલુ જ વિશાળ રૂપ લીધુ નથી એ વાત ખાસ નોંધવા જેવી છે. સાહિત્યના પ્રકાર તરીકે સંવાદના સૌથી ઉચ્ચ અને કલાત્મક નમુના સર્વ દેશકાલમા બહુ જુજ મળે છે. યુરપના લગભગ બે હજાર વર્ષના સાહિત્યમા સંવાદશ્રેષ્ઠ લેખકો પુરા પાચ પણ નથી. પ્રાચીન ગ્રીસમા પ્લેટો અને કટાક્ષની મોહક કલાનો સ્વામી લુશીઅન; અઢારમી સદીના ફ્રાંસમાં 'ડાયલોગઝ ઑફ ધ ડેડ' ને લખનાર ફ્રૅન્ટનેલ; અને સંવાદ લેખનમા કેટલાક અપૂર્વ તત્ત્વો ગયા શતકમા ઉમેરનાર પ્રસિદ્ધ ઇંગ્લિશ સાહિત્યકાર વૉલ્ટર સૅવેજ લેન્ડોર; આટલા નામ ગણાવ્યાં એટલે સંવાદસાહિત્યના સૌથી સમર્થ યુરોપી વિધાયકો ગણાવાઇ રહે છે. જે દેવીએ આટલી કાળજી અને કસરથી પોતાના રહસ્ય કૃપાપાત્રોને દર્શાવ્યાં તેના આંતર બાહ્ય સ્વરૂપનું થોડું નિરીક્ષણ આવશ્યક છે

"બે અથવા વધુ માણસોની લેખરૂપે વાતચીત": આવી સંવાદની વ્યાખ્યા આપીને મી. એડમંડ ગોસ ઉમરે છે કે, 'સંવાદ એટલે નાટકશાળા વિનાનું નાનકડું નાટક.'[૧] આ બંનેની પૂર્તિમા મી. હેવલોક એલીસનો મત ધ્યાનમાં લેવા જેવો છે; "સંવાદ એટલે ગતિમય (dynamic) નહીં પણ સ્થિર (static) નાટક."[૨] સંવાદનું નાટક સાથેનું આ સામ્ય તેનાં શાસ્ત્ર અને ઇતિહાસને સમજવામાં ઘણું સહાયકર્તા થાય તેમ છે. આદ્ય પ્રણેતા પ્લેટોએ બે અતિપ્રાચીન સીસીલીઅન કવિઓનાં 'માઇમ' (mime) જાતનાં, બે જ પાત્રોના વાર્તાલાપવાળાં, નાટકોને આધારે પોતાની કૃતિઓ રચી અને 'સીમ્પોશી-

૧ 'ઍનસાઇકલો પીડીઆ બ્રીટાનીકા'માંનો લેખ, 'ડાયલોગ.'

૨ 'સ્કૉટ લાઇબ્રેરી'માંના લૅંડોરના સંવાદસંગ્રહનો ઉપોદ્ઘાત

અમ' તથા 'ફીડો' મા તેનો સંપૂર્ણ ઉલ્લાસ સાધ્યો. પણ તેણે 'માઇમ' માનુ નાટયતત્ત્વ વધારે વિકસાવવાને બદલે પોતાના સંવાદોને ચર્ચાત્મક વધુ અંશે બનાવ્યા. જ્ઞાનનિધિ સોક્રેટીસની અકળ વિભૂતિની આસપાસ ગુંથાયલી એ અનુપમ કૃતિઓનો આત્મા તત્ત્વવિચાર છે, તેનું વાતાવરણ અખંડ કટાક્ષમયતાનું છે અને પુરાતન એથેન્સની સંસ્કૃતિનું તાદૃશ ને તેજસ્વી પ્રતિબિંબ તેમાં પડે છે તે પ્રત્યેકને પૃષ્ઠે પૃષ્ઠે રસ અને વાણીસૌન્દર્ય અસ્ખલિત વહે છે એટલે, કેવળ તત્ત્વચિંતનના જ શોખીન હોય તેવા સંસ્કારી વાંચકોને પણ તે આકર્ષી શકે છે.

આ પદ્ધતિના સંવાદો પ્લેટોના સર્વ અનુગામીઓએ રચ્યા પણ લેંડોર સુધી કોઇને તેમાં નાટયતત્ત્વનો છૂટથી ઉપયોગ કરવાનું સૂઝ્યું નહીં. તે પણ લાંબા સંવાદોમા તો, જે મહાન્ ગ્રીક ફીલસુફને પોતે વખતે ને કવખતે ઉપહાસનાં બાણે વીંધતો તેને જ અનુસરે છે, ને પાત્રોને મુખે સાહિત્ય, રાજકારણ, ઇતિહાસ ને ધર્મ વીશે ચર્ચાઓ કરાવે છે. પણ તેની મસ્તકલ્પના આટલાથી જ સંતોષાય એમ નહોતું. સાહિત્ય ને ઇતિહાસના સતત અભ્યાસથી સમૃદ્ધ ને ઉત્તેજિત બનેલી એ કલ્પનાને અભિલાષ જાગ્યા કે ઐતિહાસિક પાત્રોની જ અપૂર્વ સૃષ્ટિ રચવી—તેના ઉરભાવોને મૂર્ત કરવામાં સ્વપ્રતિભાનો આહ્લાદક સાક્ષાત્કાર અનુભવવો આ મનોરથ પુરવાનો એણે આરંભ કર્યો. ચર્ચાનો શુષ્ક માર્ગ અળગો કરીને તેણે પાત્રોના સ્વભાવને અનુરૂપ નાના વાર્તાલાપો ગોઠવ્યા. તેમા બહુરૂપી માનવ મૂર્તિઓના વિધાન હતાઃ ધર્મનાં ઝનૂન કે રાજસત્તાના કેફથી ઉન્મત્ત થએલા જાલીમો અને તેમના ભોગ બનેલા નિરાધાર જીવો. નિર્મલ હૃદયનો ભગવદ્‌ભક્ત અને મલિનતામા રાચતો સંસારકીટ, પ્રજાદ્રોહી ઉમરાવ અને તેની પ્રજાસેવી અર્ધાંગના; પ્રફુલ્લ હૈયાનો કવિ અને તેનો વેદિઆ ઢોર સમો વિદ્વાન મિત્ર—આવાં આવાં અનેક વિરોધી જોડકાની લાગણીઓને લડાવવામા તે આજન્મ કલાધર તલ્લીન બનતો. તેનામા પાત્રોના પ્રાણ જ જાણે અવતરતા—અને તે એટલે સુધી કે, સર્વશ્રેષ્ઠ સાહિત્યકારોની માફક, તેવા અનુભવોની સૌથી પ્રબળ ક્ષણોમા તે પોતે તેમનાં સુખદુ:ખ, આવેશો ને સાહસોનો કલ્પનાપ્રભાવથી સહભાગી થઇ રહેતો. પાત્રોનો વિજય તેને મુખે સ્મિત ફરકાવતો અને તેમની આફતો તેની આંખને ભીની કરતી. સંવાદ લખતાં લખતાં તે પોતે જ વારાફરતી પાત્રો સાથે વાતચીતમાં પડી જતો ને કલાસંવેદનના રોકયા રોકાય નહીં તેવા પ્રવાહમા નિરંકુશ વિહરતો—આવા સુહાગી અનુભવોના પરિણામરૂપ ઉંચી કોટિના સંવાદોથી લેખનકલાના એ પ્રકારને સર્જનાત્મક સાહિત્યની પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવવાનો અને તે ક્ષેત્રમાં અપ્રતિમ ચિરંજીવ કાર્ય કરી જવાનો યશ લેંડોરને છે તેટલો બીજા એકે સંવાદ લેખકને નથી.

૨.

ગુજરાતનું સંવાદસાહિત્ય ખીલતી દશામા છે. પ્રાચીન કવિઓમાંના કોઇ કોઇએ—ભાલણ, શામળ અને દયારામે, તથા પાછળથી દલપતરામે—આ રૂપમા કેટલીક રચનાઓ કરી છે ને પ્રત્યેકમા આપણી જુની કવિતાના ગુણ કરતા દોષ વધારે છે. રૂઢ રૂપકો ને

નીરસ પ્રશ્નોત્તરોના એ સમૂહને સંવાદ નામ શિષ્ટાચારને ખાતર આપીએ એટલું જ. આમ હોવાથી, તેની પરીક્ષા કરવા રોકાવાની જરુર નથી. અર્વાચીન યુગમાં સ્વ. 'કાંત', 'કલાપી' આદિ શિષ્ટ લેખકોએ કરેલી શરુઆત પછી આપણે ત્યા આ પ્રકાર પોતાના સ્વાભાવિક વાતાવરણમા પોષાવા લાગ્યો છે. ઉપર જે બે યુરોપી સાહિત્યકારોની કૃતિઓની આપણે પીછાન કરી તેની હારમા મુકાય તેવું તો નહીં જ, પણ તેમની સાથે સરખાવી શકાય તેવું પણ આપણે ત્યા અત્યારે બહુ થોડું છે. તો પણ, એ બંનેનો અભ્યાસ અહીં ઠીક પ્રમાણમાં થયો છે એટલે પ્લેટોની ચર્ચાપ્રધાન અને લૅંડોરની ભાવપ્રધાન શૈલીનાં કેટલાંક અંગો આપણા સારા સંવાદોમા-જેમાના ઘણાખરા 'સંવાદમાલા' નામના નવીન સંગ્રહમા જ છે તેમા—નજરે પડે છે.

એ આપણા શિષ્ટ સંવાદોનું વિવેચન શરુ કર્યાં પહેલા ગુજરાતી સંવાદોના વિષય સંબંધી બે બોલ લખવા અસ્થાને નથી.

એક વખત મીસીસ એની બેસન્ટે કહ્યું હતુ કે રેલ્વે ટ્રેનમા બે યુરોપીયનો સાથે મુસાફરી કરતા હોય ત્યારે તેઓ હવા કે રમત ગમત વીશે વાતો કર્યા કરે છે, પણ તેવે વખતે બે હીંદીઓ તો અદ્વૈત મતના સિદ્ધાંતોની મીમાંસા કરી રહ્યા હોય છે. કર્કશ અને અખંડ ઘર્ષણથી વિશ્વમાંના દ્વૈતનું જ ભાન કરાવતી આગગાડીમા અદ્વૈતની ચર્ચા કર્યાથી તેનો મહિમા વધે છે કે કેમ તે અમારી જાણ બહાર છે; તેમ જ અદ્વૈતસ્વરૂપ છતા દ્વૈતભાવી, સર્વવ્યાપી બ્રહ્મનો આવિર્ભાવ હવા કે રમતગમત રૂપે થાય તેમાં બ્રહ્મભાવનાનાં તે મહાપ્રચારકને શું ન ગમ્યું તે પણ સમજાતું નથી. પરંતુ તેમણે દર્શાવેલા ભેદમાં સત્ય છે. એમનું કથન હિંદવાસીઓની વૈવિધ્ય વિનાની ચીલાવશ મનોદશા ને તેમના તેવા જીવનનું સચોટ ચિત્ર આલેખે છે એ જીવનનું પ્રતિબિંબ ધારતું આપણું સાહિત્ય, જેમાં જોગણ વિના નાટક નહીં, અલખના અન્વેષક વિના વાર્તા નહીં, અને અભેદના રાજ વિના કવિતા નહીં, તેણે સંવાદના વિષયો પણ પોતાની પૂજ્ય પરંપરાને અનુસરીને જ ઉકેલવા ઉચિત ધાર્યા છે. સાહિત્યમા સંવાદલેખન એ એક જ પ્રકાર એવો છે જ્યાં સૌથી પરિમિત ક્ષેત્રમાં, સૌથી ઉંડી ને એકાગ્ર, સૌથી વિવિધ અને તીવ્ર લાગણીઓનું આલેખન વૈભવવતી કલાને રૂપે સાધી શકાય છે. તેવી સિદ્ધિ માટે વિષય વત્તે ઓછે અંશે ધર્મના કે નીતિના ભક્ષે લેવાય-'મેનાવતી ને ગોપીચંદ,' 'શાલિભદ્ર અને માતાભદ્રા' કે 'અશોક અને સંપુષ્ટાચાર્ય'-પણ તેની રચના જ્યારે ઉપલક કે અલ્પરસિક શૈલીમા થાય ત્યારે તેવા સંવાદોને સાહિત્યની કક્ષામા મહા સંકોચ પછી જ મૂકી શકાય છે આથી, વિષયની દૃષ્ટિએ આપણે પસંદ કરેલા સવાદસંગ્રહને અવલોકતા આ અનુમાન અનિવાર્ય બને છે કે તેના ઉત્તમ પ્રતિના છત્રીસ સંવાદોમાના પચીસ કરતાં વધુના લેખકોએ મીસીસ બેસંટના પ્રમાણપત્ર માટે પોતે હરીફાઈમાં ઉતર્યા હોય તેવા ભાવથી ને તેવી રીતે પોત-પોતાની કૃતિઓ રચી છે.

૩

પણ એ મર્યાદા એકેએક સંવાદોને રુંધતી નથી એ સંતોષ લેવા જેવું છે. ગુજરાતી ભાષાના કેટલાક સર્વોત્તમ સંવાદો સંગ્રહમા જોવામા આવે છે. તેમાના ' જેસલ અને તોળલ ' (કલાપી) ' હલદીઘાટ ' (રા. નાનાલાલ કવિ),' શિવાજી અને તાનાજી '. (સાગર) ' પ્રતાપ અને ભામાશા ' (રા. કેશવ હ. શેઠ), તથા ' સિદ્ધરાજ અને જસમા ' (ધૂમકેતુ) એટલા નાટ્યતત્ત્વ ધારનાર ભાવાત્મક શૈલીના છે; અને ' સિદ્ધાર્થ અને રાહુલ ' તેમજ ' રાણાકુંભો અને મીરા ' (સ્વ. ' કાંત '), ' પુરુરવ અને ઉર્વશી ' (રા. નરસિંહરાવ), તથા ' વર અને વહુ ' (પ્રો. ઠાકોર) એ ચાર મુખ્યત ચર્ચાત્મક શૈલીના છે. ગુજરાતી સંવાદોનું સ્વરૂપ બરાબર સમજવા માટે આ પ્રતિનિધિ રૂપ નમુનાઓ પર હવે સંક્ષેપમાં કેટલુંક વિવેચન કરીશું.

સર્જનાત્મક સાહિત્યના કેટલાક મહત્ત્વના ગુણો ' જેસલ અને તોળલ '[૧] મા છે. જનમભરના લુટારાના પશ્ચાત્તાપ અને સતી તોળલને હાથે તેનો ક્રમશઃ આત્મવિકાસ ને ઉદ્ધાર એ તેનો વિષય છે. સામાન્ય લેખકના હાથમા એ જ ધર્મનીતિનો વિષય સહેલાઇથી શુષ્ક અને નિર્જીવ થઇ ગયો હોત; કલાપીની તેજસ્વી કલ્પના હૃદયના અમૂર્ત ભાવોને પણ ચૈતન્યમય અક્ષર મૂર્તિને રૂપે અવતારીને વાચકના આત્માને પાત્રો સાથે અદ્ભુત તન્મયતા સધાવી શકે છે. આ વિધાનકલા કવિમા એટલી તો સુવિકસિત છે કે ઘણી વાર તો જેસલના અંતરના ઉદ્‌ગારોમા નથી તે કવિતા તોળલનાં ઉપદેશવાક્યોને વરી શકી છે,

" પ્રભુની મહાન યોજનાના મેળમા તારો સીતાર મેળવી દે, તેનાથી જુદું તે બધુ બસરું જ છે."

" પહેલી જ રાતે પાપના સાદ તને મીઠો લાગે તો બહેતર છે કે અત્યારે પણ તુ લુટારો જ રહે."

" ભરવાડ આખા ટોળાને છોડીને જેમ ખોવાએલા મેંઢાને શોધે છે તેમ પાપમા ખોવાએલાને પ્રભુનો સ્નેહ શોધી રહ્યો છે."

" આપણા પાપ અને આપણા પુણ્ય પણ તે [પ્રભુ]જ માફ કરે છે. તો જ આપણને આશા છે: નહી તો એવું કયું પુણ્ય માનવીમા છે જે તેને તારી જાય છે ?"

અપૂર્વ વિચારોના આવા ચમકાર તથા અલંકાર ને દૃષ્ટાંતોની આ વ્યાપકતા, ઉત્તમ સંવાદોના અંશ તરીકે, પ્લેટોની અમર કૃતિઓની કેક ઝાંખી ગુજરાતી વાચકોને કરાવે છે; તેમજ કુદરતના પ્રતિપલ પલટાતા રંગોને પશ્ચાદ્‌ભૂમિ તરીકે સ્વીકારવાની પદ્ધતિ તેના ' ફીડ્રસ 'ના આરંભભાગની યાદ આપ્યા વિના રહેતી નથી. આ ગુણો વધુ ઓછે અંશે કલાપીના સર્વ સંવાદોમા છે પણ આપણા સંવાદસાહિત્યમા અગ્રપદે શોભતા ' જેસલ અને તોળલ 'ની પરિપક્વતા કે પ્રબળ ઊર્મિઓનું આલેખન તેમા તેટલા જ પ્રમાણમા નથી.

હલદીઘાટના ચિરયશસ્વી સમર્પણ પછી કર્તવ્ય પ્રીછતાં શીખેલો સગરસિંહ ફરીથી ગણા પ્રતાપના સંગમા ભળે છે, એ પ્રસંગ રા. નાનાલાલના સંવાદમાં ગુંથાયો છે. એ

૧ આ બે પાત્રો સંબંધી વધુ વિગત માટે જીજ્ઞાસુએ ' રણજીતકૃતિસંગ્રહ 'ની છેલ્લી વાર્તા જોવી.

શૌર્યવાર્તા કવિતા કરતા વાગ્મિતા (rhetoric) ની પોષક વધુ અંશે છે અને વિધિએ અનુકૂળ આલેખકના હાથમાં તે સોંપી જણાય છે. કવિતાનો આત્મ રસ છે; વાગ્મિતાનો અલંકાર. કવિ સત્ય અને સૌંદર્યનો અંતર્દષ્ટિથી સાક્ષાત્કાર કરીને કૃતિ રચે છે; વક્તા સત્યના અમુક જ સ્વરૂપને, આવેશ ને છટાની મદદથી, મનગોહક વાણીમાં મૂર્ત કરે છે. આવી વાણીના સુંદર તેમજ સાધારણ નમુના શ્રી. કવિની બીજી રચનાઓમાં તેમ 'હલદીઘાટ'માં નજરે પડે છે. તેમાં અપાર્થિવ ઊર્મિઓના સંવેદન કે સાચો રસવૈભવ નથી. વાચકને તે વાચતા ઉષ્મા કરતા ઉષ્ણતાનો અનુભવ વધારે થાય છે, અને 'મૃત્યુની તો ક્ષત્રિયો માળા પહેરીને ફરે છે' 'ઓપની ક્યા ઓછપ છે?' 'ઉડતા લોહીના ભડકા' આવા, વાગ્મિતાની કલાનો પણ અતિરેક જ સાધતા, શબ્દપ્રયોગો વસ્તુના ગૌરવને નાટકી ઢબથી રજુ કરતા હોય તેમ સૂક્ષ્મ રસજ્ઞોને લાગ્યા વિના રહેતું નથી. આ સ્ખલનને છાયામા નાખી દે તેવા સબળ પાત્રાલેખન, ભાવોદ્રેક કે કાર્યપ્રકાશ પણ આ સંવાદમા કે એ જ લેખકના 'મીરાબાઇ' માં હોત તો એમના આશાભર્યા વાચકોને ઠરવાનું ઠામ મળી શકત; પણ તેમ બનતુ નથી.

'પ્રતાપ અને ભામાશા' તથા 'શિવજી અને તાનાજી' એ બે સંવાદ કલાના સારા નમુના બનતાં સહેજમા બચી ગયા છે. પ્રત્યેક લેખક વિષયના આકર્ષણથી મુગ્ધ થયા છે તેટલા જ વિધાનકૌશલની આવશ્યકતાથી થયા હોત તો બીજી પંક્તિમા ઉંચે સ્થાને શોભે તેવું તેમનું કાર્ય થાત. પહેલા સંવાદમા તો પ્રતાપની પાસે આવેલો ભિક્ષુક ખરી રીતે ભામાશા છે એ વાત મથાળામા જ સૂચવી દઇને લેખકે રસપ્રવાહને નકામો ખાળ્યો છે. બાકી, એ સંવાદ ટુંકો અને રસભર્યો છે તથા એ જ લેખકના અતિ વિસ્તારવાળા 'અશોક અને સંપુષ્ટાચાર્ય' થી ગુણવત્તાની દૃષ્ટિએ પણ, જુદો પડી આવે છે નિષ્પ્રયોજન અતિ વિસ્તારનું, અને તે વિસ્તારમા પણ રૂઢ અને રસહીણા ઉપદેશ આપવાનું દૂષણ શિવાજીવાળા સંવાદને પણ તેવીજ રીતે નીચી કોટિમા ઉતારે છે. વળી, અસંખ્ય સશસ્ત્ર યુદ્ધોના યોધ અને તેમાં જ જીવનભર રાચનાર શિવાજી મહારાજને મુખે અહિંસાત્મક અસહકારની ભવિષ્યવાણી કેવીક શોભે તેનો વિચાર પણ થવો જોઇતો હતો.

ભાવાત્મક શૈલીના આપણા છેલ્લા દૃષ્ટાંત 'સિદ્ધરાજ અને જસમા' મા ઉત્તમ અંશો એટલા છે અને સારા સંવાદની અણુવિકસી શકયતા પણ તેમા એટલી બધી વરતાય છે કે તેના નાના નાના દોષો–કહીંક અણઘાટીલું વાકય, કહીંક ઉદ્‌ગારવચનના અતિરેક–તરફ ધ્યાન દોરવાનું મન ન થાય. 'ધૂમકેતુ' સંજ્ઞાથી લખનાર પ્રાસાદિક લેખનની એ કૃતિ, આ પ્રકારના સંવાદોમાં 'જેસલ અને તોળલ' પછી તુરતજ, બીજે સ્થાને, વગર સંકોચે મુકાય તેવી છે. રસમય પ્રસંગને આલેખકે સજીવ પાત્રો ને શુદ્ધ કવિત્વ દ્વારા જાણે નવેજ અવતારે સરજ્યો છે.

બે લાક્ષણિક અવતરણથી આ વાત વધારે સ્પષ્ટ થઇ શકશે.

"મહારાજ !......માળવાનું સિંહાસન લુટાય તો માળવી સૈન્ય કોઇક દિવસ અપયશ ભુંસી શકે, પરંતુ માળવાની સ્ત્રી વેચાય તો માળવી સ્ત્રીઓનું સૌંદર્ય વેચાય છે. ગઇ કીર્તિ મળે છે, પણ ગયુ સૌંદર્ય મળતુ નથી, કીર્તિ તો મનુષ્યનો માની લીધેલો સિક્કો છે; સૌંદર્ય ઇશ્વરદત્ત બક્ષીસ છે, નીતિનું અંતિમ પરિણામ છે, અનેક જીવનનો અમર સંસ્કાર છે,..."

"જસમા! આ બાલની છટા! પેલા સુંદર ગંભીર ચળકતા નયનો! આ શરીરસામર્થ્ય અને સમૃદ્ધિ–એના પર ચાલ્યો જતો સૌંદર્યનો પ્રવાહ! અને એ બધા પર તારું સ્પષ્ટ વ્યક્તિત્વ, મદભર્યું માન, માનિની! સિદ્ધરાજ તારૂં જ કાવ્ય કરે છે, તારૂં જ ચિત્ર દોરે છે, તનેજ જુએ છે........."

આવાજ તેજસ્વી રત્નોથી આખોય સંવાદ ભરચક છે.

૪

ચર્ચાત્મક શૈલીના સંવાદમા પાત્રનાં સ્વભાવ ને ઊર્મિઓનું આલેખન સંવાદકારનું લક્ષ્યબિંદુ મટીને ગૌણ બને છે તેમાં બે પાત્રો વચ્ચે વિવાદ કરાવીને જ તે સંતોષ માને છે. વળી તેમા વિવાદનો વિષય જેમ મતભેદને વધારે ઉશ્કેરનારો, તેમ સંવાદ વધારે રસભર બને છે. પણ આ શૈલીની એક ખામી પણ ગંભીર છે; તેમા રચનારના અંગત અભિપ્રાયો ઘણી વાર પેઠા વિના રહેતા નથી. પરિણામે. કલાકૃતિ તરીકે આ સંવાદોનું મૂલ્ય ઓછું જ આકી શકાય. ચિંતનાત્મક સાહિત્યના નમુના તરીકે તે સત્કારપાત્ર હોય છે, પણ પ્લેટો જેવા અતિવિરલ અપવાદ શિવાય, તેમાં સર્ગશક્તિનો નજીવો જ આવિર્ભાવ નજરે પડે છે.

'સંવાદમાલા' મા આવા વિચારપ્રધાન સવાદો પણ કેટલાક મુકાયા છે. સ્વ. 'કાત' કૃત 'સિદ્ધાર્થ અને રાહુલ,' ને 'રાણો કુંભો તથા મીરાં' તેમજ રા. નરસિંહરાવનો 'પ્રેમ-રહસ્ય' આ પ્રકારના નમુના રૂપ છે. પ્રત્યેકની ધીરગંભીર, સ્વલ્પલંકાર વાળી ને ગૌરવાન્વિત શૈલીનું બંનેમા પ્રતિબિંબ છે. એ સંવાદો જીવનરસિક કરતા પાંડિત્યરસિક સ્વભાવના વાચકોને વધુ ગમશે. તે વાંચતા વાંચનાર, સ્વત્વ ભુલાવતા અદ્ભુત અનુભવોની સૃષ્ટિમા વિહરતો નથી, પણ બુદ્ધિવિલાસના પ્રશાત ને સૂક્ષ્મ વાતાવરણની રમ્યતા ભોગવે છે. રા. બલવંતરાય ઠાકોરનો 'વર અને વહુ' પણ આ જ કોટિમા આવે છે. તેમા નિરાડંબર કલાથી ઍબલાર્ડ અને ઍલોઇસની કવિ પ્રિય અમર પ્રેમકથા વર્ણવવા–ચર્ચવાનો યત્ન છે; અને ચર્ચાત્મક શૈલીની આ સર્વ કૃતિઓની સર્વસામાન્ય મર્યાદા તેને પણ બંધાઇ છે; જીવતાં કે ઇતિહાસમાથી જગાડેલા પાત્રોની વાતચીતમા 'નિરપેક્ષ' 'લાઘવ' 'અસ્થિ' 'સૂક્ષ્માત્મા' 'ધર્મ્ય' 'વર્જ્ય' 'વેષ્ટિત' 'શારીર' ને 'રસાસ્વાદ' જેવા શબ્દપ્રયોગો કૈંક અસ્વાભાવિકતાનું વાતાવરણ ઉત્પન્ન કરતા નથી?–એમ વાચકે પુછવું પડે છે. કદાચ વિવાદ અને ઝીણાવટભરી મીમાસાઓ માટે એ જરૂરના હશે. પણ રસજ્ઞોને તે ખુંચે તો છે જ

સ્થલકાલનાં બંધન કેટલીક વસ્તુઓને બાધી શકતા નથી, તેમ વર્ગીકરણના બંધન 'ચાર મુરખાઓ સાથે મસલત' (ગ. અનિસુખશંકર ત્રિવેદી) એ નામવાળા સંવાદોના ઝુમખાને બાંધી શકતા નથી. પણ તેની નોંધ તો લેવાવી જોઇએ. ઉપર જે બે પ્રકાર આપણે દર્શાવ્યા તે દરેકના ગૌણ લક્ષણ આમા અમુક પ્રમાણમાં દેખાય છે. તે શિષ્ટ કરતા સામાન્ય વાચકને વધુ આકર્ષશે કેમકે તેમા કલાતત્ત્વ નહીં જેવું છે અને નિત્યજીવનમા બહુસાધારણ એવા સવાલ જવાબોને લીધે જ એ ધ્યાન રોકી શકે છે. પ્રાથામક હાસ્યરસના એ સારા નમુના છે અને આ આખા સંગ્રહમા હાસ્ય ઉપજાવનાર તે સંવાદો એકલા જ છે. એ તેમની વિશેષતા છે.

યુગબળોને પ્રભાવે આજે ગુજરાતનું સાહિત્ય નવો અવતાર પામી રહ્યું છે. પારકા સાહિત્યોના નબળા સબળા પડઘા પાડવાને બદલે નવા સાહિત્યકારો તે સાહિત્યોના અભ્યાસ પરથી ફક્ત માર્ગદર્શન શોધે છે, પણ પ્રેરણા તો ગુજરાતની ભૂમિ અને ગુજરાતીઓના જીવનમાંથી જ સાંપડે એ તેઓ સમજ્યા છે. આ મનોદશાની અસર સંવાદલેખન પર પણ થશે ત્યારે તે નવીન વિષયો અને અપૂર્વ કલાવિધાનથી પ્રકાશવા લાગશે–ત્યારે પશ્ચિમના પ્રખ્યાત તેમજ કેટલાક અલ્પપરિચિત સંવાદોની–એક સ્પેનીશ લેખકના 'ચિત્રકલા', ડ્રાયડનના 'નાટ્યકલા', ફ્રેડરિક હેરીસનના 'સંસ્કારિતા' કે વાઇલ્ડના 'વિવેચક કલાસ્વામી તરીકે' જેવા સંવાદોની–ઝાંખી આપણા સંવાદોમાં પણ નવનવા રંગો પુરશે. તેને અમર આકર્ષણ અર્પશે અને અદ્દભુત રસવૈભવથી તેને વિભૂષિત કરશે.

૧૨ અખો અને તેની કવિતા.

(લેખકઃ—રા. રા. વિઠ્ઠલદાસ ખીમજી પટેલ.)

કોઇ પણ ભાષામા ગદ્ય કરતા પદ્યનો પ્રારંભ પ્રથમ થએલો હોય છે. તદનુસાર આપણી ગુજરાતી ભાષામાં પણ કાવ્યોનો પ્રારંભ પ્રથમ થએલો છે ગુજરાતી કાવ્યના વિકાસક્રમના પાચ પગથીઆં છે. (૧) પ્રાચીન યુગઃ-તેમા ઇસ્વી સનના આઠમા—નવમા શતકથી આરંભી ચૌદમા શતક સુધીના કાળનો સમાવેશ થાય છે. આને અપભ્રંશ અને જૂની ગુજરાતીનો કાળ કહી શકાય. આ કાળમા કવિતાના ક્ષેત્રમાં મુખ્ય ફાલ લેનાર જૈન કવિઓ છે. (૨) બીજા યુગમા પંદરમા તથા સોળામા સૈકાનો સમાવેશ થાય છે. આ યુગનો મુખ્ય કવિ નરસિંહ મ્હેતો છે. તે અર્વાચીન ગુજરાતીનો પિતા ગણાય છે; તેને આદિ કવિ પણ કહેવામા આવે છે. નરસિંહ મ્હેતા ઉપરાત ભક્ત કવિ વિષ્ણુદાસ, ભાલણ, પદ્મનાભ, વસ્તો આદિ કેટલાક કવિઓ આ યુગમાં થઇ ગયા છે. પ્રસિદ્ધ ભક્ત કવયિત્રી મીરાંબાઇ પણ આ યુગમા થઇ ગઇ છે. (૩) ત્રીજો યુગઃ—આ યુગમાં સત્તરમા તથા અઢારમા સૈકાઓનો સમાવેશ થાય છે. આ યુગમા ભાષાપ્રેમી કવિ પ્રેમાનન્દ પ્રથમ પંક્તિના કવિઓમાં અગ્રગણ્ય છે; તેથી તેને પ્રેમાનન્દનો યુગ કહી શકાય. આ યુગમા પ્રથમ પંક્તિના બીજા કવિઓમાં તત્ત્વજ્ઞ વેદાન્તી અખો અને કથાનિપુણ શામળ પ્રેમાનન્દથી ઉતરતું સ્થાન ભોગવે છે. એ સિવાય વલ્લભ, નાકર, વીરજી રત્નેશ્વર આદિ ઉતરતી પંક્તિના બીજા ઘણા કવિઓ આ યુગને શોભાવે છે. (૪) ચોથો યુગઃ—આમા ઓગણીસમા શતકના પૂર્વાદ્ધનો સમાવેશ થાય છે. આ યુગાકાશમાં પ્રથમ પંક્તિના તારા તરીકે શૃંગારરસિક દયારામ પૂર્ણ કળાથી પ્રકાશે છે; તેથી તેને દયારામનો યુગ કહી શકાય. તે સિવાય ભોજો, ધીરો, પ્રીતમ, મનહર, ગિરધર, નિષ્કુળાનંદ વગેરે વત્તાઓછા પ્રસિદ્ધ કવિઓ આ યુગમા થઇ ગયા છે. (૫) અર્વાચીન યુગઃ—આ યુગનો આરંભ "સભારંજની બાની" વાળા કવિ દલપતરામથી થાય છે. આ છેલ્લા યુગમા પ્રાશ્ચિમાત્ય સંસ્કૃતિની છાયા આપણા સાહિત્ય ઉપર પડેલી જોવામા આવે છે; તેની સાથે આપણી ભાષામા સંસ્કૃત સાહિત્યના અભ્યાસના પરિણામ રૂપે વાણીની વિશુદ્ધતાએ પણ અધિકાશે પ્રવેશ કર્યો છે. આ સમયના નર્મદાશંકર આદિ કેટલાક અતિ તેજસ્વી તારાઓ સાહિત્યાકાશમાં અદૃશ્ય થએલા છે; કેટલાક હજુ ઝાખા પ્રકાશથી તેમજ કેટલાક પ્રચંડ પ્રકાશથી ઝળક્યા કરે છે.

વેદાન્તી કવિ અખો ઉપર જણાવ્યું તેમ ત્રીજા યુગમા થઇ ગયો છે. જેમ ઇંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં સત્તરમુ શતક "ઓગસ્ટન" યુગ તરીકે અતિ ઉજ્જ્વલ પ્રકાશથી ઝળહળી રહ્યું છે, તેમ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમા પણ સત્તરમુ છતક "સુવર્ણ" યુગ તરીકે તેટલા જ તેજથી પ્રકાશી રહ્યું છે. આદિ કવિ નરસિંહ મહેતા, ભાલણ વગેરેના વિયોગથી શોકને વશ થઇ ગુર્જરગિરાએ દ્વિતીય યુગમા અરસિકતા ધારણ કરી. ગોવર્ધનરામભાઇ કહે છે તેમ " કવિતા રચવાનુ કાર્ય ધર્મગુરૂઓ અને વલ્લભમતાનુયાયીઓના હાથમાં જવાથી કવિતાએ એકદેશીય ભક્તિરૂપ ધારણ કર્યું. " પરંતુ સત્તારમા સૈકામાં માતૃ ભાષાના

પ્રેમથી ઉછળતા હૃદયે, રસિક કવિ પ્રેમાનન્દે ગુર્જરગિરાને પુનઃરસિકતા ધારણ કરાવી: અને નવીન, સુંદર તથા મનોહારી પ્રભાથી ગુર્જરગિરા પ્રકાશવા લાગી. સત્તરમા સૈકાનો આ પ્રખર પ્રતિભાવાન સૂર્ય ઉદય પામી ધીમા, મંદ, રમણીય બાળકિરણોથી લોકોને આનંદ આપી મધ્યાહ્ન થતા પૂર્ણ પ્રતાપથી પ્રકાશી એ આનંદમા વૃદ્ધિ કરે એ પહેલા અખા રૂપી અરૂણે માર્મિક અને કડક વાણીમા, બહુ ઉંચા, ઊંડા, ટોક મારતા, ચિત્તવેધક વિચારોથી સોળમા શતકની રાત્રિમા વ્યાપી રહેલા દંભ, પ્રપચ અને સ્વાર્થરૂપી અંધકારનો વિનાશ આરંભ્યો.

આ સૈકામા મુખ્ય કવિઓ ત્રણ થયા છે-અખો, પ્રેમાનંદ અને શામળ. તેઓમા સૌથી પ્રથમ અખાએ પોતાનું કાર્ય આરંભ્યું. દરેકે સ્વતંત્ર રીતે પોતપોતાનું કાર્યક્ષેત્ર પસંદ કર્યું; અને બીજાઓની મદદની અપેક્ષા વિના જ પોતાના લક્ષ્ય તરફ કાર્યનૌકા હંકારતાં દરેકે આગળ ધપાવ્યું. દરેકે સ્વાભાવિક રીતે જ એક બીજાના કાર્યક્ષેત્રમા જે ઉણપ હતી તે કોઇના જાણવામાં ન આવે તેવી રીતે સુંદરતાથી પૂરી. દરેકે આ પ્રમાણે સમાજની ઉન્નતિનું કાર્ય પોતપોતાની શક્તિ પ્રમાણે ઉપાડી લઇ પોતાના કાર્યક્ષેત્રમાં કાવ્યરૂપી ઉત્તમ પાક ઉત્પન્ન કરીને સાહિત્ય કોઠારમા ઘણો સારો વધારો કર્યો. અત્યાર સુધી ભક્તિનાં પદો અને શુષ્ક કથા વર્ણનોમાં કાવ્યની ઇતિકર્તવ્યતા પૂર્ણ થતી હતી. હવે સુંદર નૈસર્ગિક વર્ણનો, મનુષ્ય સ્વભાવનું બારીક અવલોકન, ચારિત્ર્યનું અને કાવ્યના જૂદા જૂદા અંગોનું કલાવિધાનકની દૃષ્ટિથી સંવટ્ટન, પરિપાક આદિને કવિતામા સ્થાન મળ્યું. કાવ્યસરિતામાં નવું પાણી ભળ્યું. અત્યાર સુધી નાના નાના ખાબોચીઆમા ભરાઇ રહેલાં ભક્તિનાં પાણી લાંબા સમય સુધી સ્થિતિસ્થાપક દશામા રહેલાં, તેથી તેમાં કાઇક ખારાશ આવેલી; તે આ નવીન, રસાળ, પ્રબોધક જળથી દૂર થઇ. અને કાવ્યસરિતા પુનઃ નિર્મળતાથી વહેવા લાગી.

જનસમાજને પ્રબુદ્ધ કરવાનો ઉચ્ચ અને ઉન્નત આશય, આ કવિઓની સમક્ષ આદર્શરૂપ થયો. ગુજરાતી સાહિત્યમા નવનવા રસ લાવવા; અને લોકોને અવનવો આનંદ આપવા પ્રેમાનન્દ તથા તેના શિષ્યમંડળે કાવ્યો રચ્યા. શામળે સમાજના વાસ્તવ સ્વરૂપને કલ્પનાનો ઓપ આપી તેને નવીન રૂપમા લોકો સમક્ષ ખડું કર્યું. અખાએ સમાજના દોષો ઉઘાડા પાડી, તેનો ખળભળાટ દૂર કરી તેમા વેદાન્તવિચારથી શાન્તિ આણી. આ પ્રમાણે માતૃભાષાને ઉન્નત કરવાને, સમાજને સુધારવાને તેઓ સાભિમાન પ્રયત્નશીલ થયા.

ગુજરાતી કવિતાએ ક્રમે ક્રમે કેવું રૂપ ધારણ કર્યું તે આપણે ટુંકામા જોઇ ગયા. હવે અખાના સમયની કેવા પ્રકારની પરિસ્થિતિ હતી, અને એ પરિસ્થિતિએ તેને કેવા પ્રકારની કવિતા કરવા પ્રેર્યો તે જાણવા સારૂ કવિના જીવનનું અવલોકન કરીએ.

અખાનો જન્મ કયારે અને કયા સાલમા થયો તેને માટે સપ્રમાણ હકીકત કોઈ સ્થળેથી મળી આવતી નથી. તેના જીવન સંબંધી વિગતવાર અહેવાલ હજુ પ્રકાશમાં આવ્યો નથી. કવિએ પોતે પોતાના ગ્રંથમા જ્ઞાતિ કે કુલ વિશે કાઇ ઉલ્લેખ કર્યો હોય એમ લાગતું નથી; કોઇ કોઇ સ્થળે અખાએ પોતાના જીવન સંબંધી ઉદ્ગારો કહાડેલા છે, તે દ્વારા તથા કવિના સંબંધી આખ્યાયિકાઓ પ્રચલિત છે તે ઉપરથી ભાંગ્યું તૂટ્યુ વૃત્તાંત ઉપજાવી શકાય.

"અખે ગીતા" સંવત્ ૧૭૦૫ ના ચૈત્ર માસના શુક્લપક્ષની નવમી અને સોમવારે પૂરી થઇ એમ તેના અંતમા લખેલું છે. એ સમયના તેના જ્ઞાન તથા અનુભવનો અને એ અગાઉના ગુરુપ્રાપ્તિ માટેના ભ્રમણના વર્ષોનો વિચાર કરતા એમ અનુમાન થઇ શકે કે એ કાવ્ય ૩૫–૪૦ વર્ષના જીવનના પરિપક્વ અનુભવનું ફળ છે. આ ઉપરથી અખાનો જન્મ કયી સાલમાં થયો એ ચોક્કસ રીતે કહી શકાય નહિ, તથાપિ એવું અનુમાન તો કરી શકાય કે તેનો જન્મ સંવત્ ૧૬૬૫ ના અરસામાં થયો હોવો જોઇએ. (રા. નર્મદાશંકર તથા રા. ઇચ્છારામભાઇના લખવા મુજબ) તે વ્યવહાર–કુટિલ ગણાતી સોની જ્ઞાતિનો હતો. કેટલાકની એવી માન્યતા છે કે તે બાલ્યકાલથી જ અમદાવાદમા ખાડીઆની પોળમા રહેતો હતો; કેટલાક એમ કહે છે કે તેણે પોતાનું બાળપણ અમદાવાદથી થોડે દૂર આવેલા જેતલપુરમાં ગાળ્યું હતું, અને જેતલપુરથી પંદર સોળ વર્ષની વયે તેના બાપની સાથે અમદાવાદમા આવી તેણે નિવાસ કર્યો હતો. એની વીસ વર્ષની વય પહેલા એના પિતાનો સ્વર્ગવાસ થયો. થોડા જ વખતમાં એની એકની એક બ્હેન જેના ઉપર તેનો અતિ ગાઢ સ્નેહ હતો તેણે પણ દેવલોકમા વાસ કર્યો. બાળલગ્નથી પ્રાપ્ત થએલી યુવાન સ્ત્રી પણ એ જ સમયમાં એને એકલો મૂકીને મૃત્યુ પામી. ઉપરાઉપરી આવા ઘણા અનિષ્ટ પ્રસંગો તેના ઉપર આવી પડયા. આથી તેને સંસાર ઉપર તિરસ્કાર છૂટયો. તેના ચિત્તમાં વૈરાગ્યનું બીજ રોપાયું. એણે સાધુસંતોનો સમાગમ કરવા માંડયો. આ સાધુઓમા ઘણા ખરા ભાગ, ગાંજો વગેરે વ્યસનોમાં મશ્ગૂલ હોવાથી તથા અન્ય રીતે પણ માયાના પાસમાં લપટાએલા હોવાથી, કનક અને કાન્તામા મોહિત થએલા હોવાથી તેમના જ્ઞાન તથા વૈરાગ્ય તરફ, તેમના દંભ તથા ડોળ તરફ તેને નિરસ્કાર તથા ધિક્કાર છૂટયો; ખરા જ્ઞાન તથા વૈરાગ્ય ઉપર પ્રીતિ પેદા થઇ, અને તેની શોધમા એનું મન ગુંથાયું; તેનો વૈરાગ્ય અંકુરિત થયો.

અખાનું મન સંસારમાથી ઉઠી ગયું. માયાના પાશમાથી તે ધીમે ધીમે મુક્ત થતો ગયો. માયાની મિથ્યા પ્રાપંચિક જાળ તોડીને જગતમા દૃશ્યમાન થતા દ્વૈતભાવનો નાશ કરી સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય એ જાણવા તરફ તેનું લક્ષ્ય દોરાયું; અને તે મેળવવાની અભિલાષા તેને ઉત્પન્ન થઇ. તેના વૈરાગ્યમા તીવ્રતા આવી. થોડા જ વખતમા એ વૈરાગ્ય ફલિત થવાના કારણો તેને મળ્યાં. એક બાઇ હતી, તેના ઉપર કવિ સગી બ્હેનના જેટલું હેત રાખતા. આ બાઇ પાસે આશરે ત્રણસેં રૂપીઆનું સોનું હતું, તેની કંઠી બનાવવાનું કામ તેણે અખાને સુપ્રત કર્યુ. તે બાઇ ઉપરના પોતાના હેતને લીધે–ભગિની તરીકે તેને ગુપ્ત રીતે વીરપસલો આપવાની ઇચ્છાને લીધે કવિએ એમા એક સો રૂપીઆનું સોનું ઉમેરીને ચારસો રૂપીઆની કંઠી કરી આપી. "સોની તો સગી માનો ય સાલ્લો કાઢી લેય" એવી કહેવત સર્વત્ર સુપ્રસિદ્ધ છે; અને અખો પણ સોની હોવાથી પેલી બાઇને તેના ઉપર અવિશ્વાસ ઉત્પન્ન થયો. તે બાઇએ પોતાની શંકા દૂર કરવાને તથા અખાની કસોટી કરવાને તે કંઠીની કિંમત પોતાના ઓળખીતા ચોકસી પાસે અંકાવી; ચોકસીએ તેના ઉપર કાપ મૂક્યો અને તપાસ કરીને કંઠીની કિંમત ચારસોની આંકી. બાઇને ભોંઠપ લાગી. પછી તે કંઠી પાછી સમી કરાવવા માટે અખા પાસે તે ગઇ, અને વહેમની વાત છૂપાવવા માટે ઉંદરે તે કાપી ખાધી એમ તેણે જણાવ્યું. કંઠીને જોતાવેંતજ અખાને શંકા થઈ, તેથી યુક્તિપુરઃસર ખરી હકીકત તે બાઇ પાસેથી જાણી લીધી. આથી

અખાને બહુ સંતાપ અને પરિતાપ થયો. સંસારીઓના જૂઠા સંબંધની અને તેમના સ્નેહમાં રહેલી મમતા અને સ્વાર્થની અખાને વિશેષ પ્રતીતિ થઇ. આ દુનિયામાં કોઇ કોઇનું સગું નથી, સઘળા માણસો પ્રપંચી અને ઠગારા છે એમ તેનો દૃઢ અભિપ્રાય બંધાયો.

આ પછી બીજો પણ એવો જ વિષમ પ્રસંગ બન્યો કે જેથી અખાના વૈરાગ્યમાં તીવ્રતા–ઉગ્રતા આવી. એમ કહેવાય છે કે એ અમદાવાદની ટંકશાળામા ઉપરી અધિકારી તરીકે કામ કરતો હતો; તેથી તેની જ જ્ઞાતિના અદેખાઇથી બળેલા કોઇ બીજા સોનીએ બાદશાહને એમ કહ્યું કે તે ચાંદી–સોનાના સિક્કામાં હલકી ધાતુનો ભેગ કરીને નિમક-હરામી કરે છે, માટે તેની તપાસ થવી જોઇએ. બાદશાહે તત્કાળ ગુસ્સાના આવેશમાં અખાને પકડી મંગાવી કેદમાં નાંખ્યો; પછી તે વિષે તપાસ કરાવી. અખો આ પરીક્ષામાં પ્રમાણિક ઠર્યો, અને તેના દુશ્મનો માનભંગ થયા. અખાનો કોઇ પણ જાતનો પ્રપંચ માલૂમ પડયો નહિ, અને તે નિર્દોષ સિદ્ધ થયો. પરંતુ આ બનાવથી તેના હૃદયમાં વૈરાગ્યે એવી તો ઉંડી જડ ઘાલી કે તેણે નોકરી મૂકી દીધી, અને વૈરાગ્ય તરફ મનોવૃતિ પ્રેરાયાથી તેણે પોતાના સોનીના ધંધાનાં તમામ ઓજારો કુવામાં ફેંકી દીધાં; માલમતા વેચી નાંખી પૈસો ગાંઠે કર્યો અને સંસારનો ત્યાગ કરી સંત્સાધુઓના સત્સંગમાં સત્પદાર્થની શોધમાં નીકળી પડયો. તે સમયથી તેના આત્મમંથનનો કાળ શરૂ થયો. સંબંધીઓનો વિયોગ, સ્નેહીઓનો અવિશ્વાસ, અને જગતના કાવાદાવાએ તેના ચિત્તમાં વૈરાગ્યને પલ્લવિત કર્યો. તે સદ્‌ગુરુને ઢુંઢવા નીકળી પડયો. અમદાવાદમા અનેક મહાત્માઓ–સાધુપુરુષો સાથે સત્ય પદાર્થની પ્રાપ્તિના સાધનની તે ચર્ચા કર્યા કરતો. પરંતુ આમાંના કોઇ પણ મહાત્માથી તેને સંતોષ મળ્યો નહિ, તેની શંકાઓનું સમાધાન થયું નહિ. ચિત્તની શાન્તિ દૂરની દૂર જ રહી. તેથી તે કાશી–પ્રયાગ જવાનો નિશ્ચય કરી અમદાવાદ છોડીને નીકળ્યો. અખો વલ્લભ સંપ્રદાયના મતનો હતો; તેથી માર્ગમાં તેને ગોસ્વામી વલ્લભાચાર્યના કુળના બાળકોનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી તે જયપુર ગયો. અહિં તે મહારાજશ્રીને શરણે થોડો સમય રહ્યો. અખા પાસે ઘણું દ્રવ્ય હોવાથી ગોસાઇ મહારાજે તેનો સારો સત્કાર કર્યો. ત્યાં તેણે ગુરુદીક્ષા લીધી હોય એમ તેના “ ગુરુ કીધા મેં ગોકુલ નાથ ” એ કથન ઉપરથી અનુમાન થઇ શકે છે. અહિંઆ તેને હમેશાં જમવામાં સારા સારા મિષ્ટાન્ન મળવા લાગ્યા; પરંતુ ઉપદેશની વાત જ ન મળે. જે હેતુને માટે તે અહિં રહ્યો હતો તે નિષ્ફળ ગયો. તેની જ્ઞાનની ભૂખ ન ભાગી. હમેશાં પોતાનો સમય મોજમજામાં ગાળનાર ગુરુ ઉપર તેને તિરસ્કાર આવ્યો. જે ગુરુ પોતાના આત્માનું શ્રેય શામાં રહેલું છે તે ન સમજતો હોય એવો ગુરુ પોતાના શિષ્યોને તો જ્ઞાનમાર્ગ બતાવી જ કયાં શકે? આવા દંભી ગુરુને તેણે ઘણા સખ્ત ચાબખા માર્યા છેઃ–

“ ગુરૂ થઇ બેઠો હોંસે કરી, કંઠે પથાણ શકે કેમ તરી;
નાર નાનકડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત. ”

× × × ×

“ પોતે હરિ નહિ જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ,

સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવ પાર.”

(ગુરુઅંગ.)

છેવટે એ ત્યાંના જીવનથી કંટાળી ગયો, તેથી મહારાજશ્રીને ભેટ દક્ષિણા આપી, વિદાયગીરી લઇ ત્યાંથી અખો ચાલી નીકળ્યો; એ પછી તે ગોકુળ મથુરા ગયો.

“દર્શન વેષ જોઇ બહુ રહ્યા, પછે ગુરુ કરવાને ગોકુળ ગયો.”

(પ્રપંચઅંગ.)

અહિંયા પણ તેને કોઇ સંત પુરુષથી સંતોષ ન થયો; ઉલટું આવાં પુણ્યસ્થળોમાં થતા અધર્મ કૃત્યોથી તેના મનને ઘણો ખેદ થયો. જે તીર્થસ્થળોમા અનેક પ્રકારના પાપકર્મો થતા હોય છતાં પવિત્ર માનવામાં આવે, તેવા સ્થાનોમા ભટકવાથી જ–ફરવાથી દેહનું કલ્યાણ થાય છે એમ માનવાનું નથી; જો અંતઃકરણ નિર્મળ, પવિત્ર, મલિન વાસના રહિત અને શુદ્ધ વિચારોથી ઉન્નત હોય, તો ઘેર બેઠાં પણ ભકિતથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. તે માટે અખો કહે છે કે:–

“રામ રડવડતાં કૂહેને મળ્યો, ઘેલો તે ઘરે સુખથી ટળ્યો;
હું મારૂં ખોયાશું કામ, મળે અખા ઘર બેઠાં રામ;
હરિ વિણ જાણે ક્ષેપણુ કાળ, ધોયે હિર ન થાયે વાળ ”

(તીર્થઅંગ.)

કોઈ સ્થળે સદ્ગુરુ નહિ મળવાથી છેવટે તે કાશી ગયો.

કાશી મોક્ષનું ધામ મનાય છે; તેના તીર્થ પ્રદેશમા પુણ્ય સલિલ પતિતપાવની ગંગાનું નિર્મળ જળ શાંત અને ગંભીર રીતે વહન કરે છે. અનેક ગગનચુંબિત મંદિરોથી આ દેવનગરી મંડિત છે. અહિં અનેક મઠો અને આશ્રમો જોવામાં આવે છે. વિવિધ ધર્મના અનેક સાધુઓ અને પંડિતોનું તે નિવાસસ્થાન છે. છતાં તે માટે એવી લોકોક્તિ છે કે “ રાંડ, સાઢ અને સંન્યાસી, ને તેથી વસે છે કાશી.” અર્થાત્ અહિં વેશ્યા, સાઢ, અને સાધુઓ– એ ત્રણેનું અતિ પ્રાબલ્ય છે “કાચન અને કામિનીની મોહજાળમાં ન ફસાય અને માયાથી નિર્લિપ્ત રહી કેવળ જ્ઞાનયજ્ઞરૂપે જ લોકહિતમા નિરત રહે એ જ જીવનમુક્ત સાચા સંત કહેવાય.” આ સત્યોક્તિની અખાના હૃદય ઉપર ઉંડી છાપ પડી હતી, તેથી એવા સાચા સંતની શોધમાં અખો કાશીમાં બધા સ્થળોએ ફર્યો. અને જયપુરવાળા ગોકુળનાથના થએલા અનુભવથી એ જે જે મહાત્માઓનાં સમાગમમાં આવતો તેમની પરીક્ષા કરતો, જ્ઞાનગોષ્ટિનો પ્રસંગ કાઢી એમની સત્યનિષ્ઠા, વિદ્વત્તા અને નિર્મળ મનોભાવની કસોટી કરતો, એમના તપોબળને તાવતો, અને એમની જીવન લીલા નિહાળતો; પરંતુ કામિની તથા કાંચનથી ન ચળે એવો કોઇ સાધુ પુરુષ તેના જોવામાં આવ્યો નહિ આ પ્રમાણે સંત પુરુષની શોધમા તે રાત્રિદિવસ ફર્યા કરતો હતો, તેવામાં તેને છેવટે એક સમર્થ જ્ઞાની મહાત્માનો સમાગમ થયો. આ મહાત્મા તેની કસોટીમાંથી સંપૂર્ણ રીતે વિશુદ્ધ નીવડયા; અને અખાએ તેમની પાસેથી સાચો બ્રહ્મ ઉપદેશ પ્રાપ્ત કર્યો.

"ચરણ ચિંતવી સ્તુતિ કરૂં, ચિદ્ શક્તિ બ્રહ્માનન્દની" 'અખે ગીતા'ના મંગળાચરણમાં આ પ્રમાણે તે પોતાના ગુરુના નામનો ઉલ્લેખ કરે છે.

આ મહાત્માનો સમાગમ અખાને અદ્‌ભુત રીતે થયો. તે પ્રસંગ નીચે પ્રમાણે છે. બન્યું એમ કે ભટકતાં ભટકતાં એક વખત અખાએ આ બ્રહ્માનન્દજી મહાત્માને મણિકર્ણિકાના પવિત્ર ઘાટ પાસે એક ન્હાની પર્ણકુટિમાં પોતાના એક શિષ્યને વેદાન્તનો ઉપદેશ આપતા સાંભળ્યા. કાશીમા જ્યા પ્રત્યેક મઠમાં અસંખ્ય વિદ્યાર્થીઓ ઉભરાતા હોય, અને જ્યાં અપ્રસિદ્ધ ગુરુની પાસે પણ સો જેટલા શિષ્યો નિત્ય કથા શ્રવણ કરવા આવતા હોય તેવે સ્થળે આ એકાંત પર્ણકુટિમાં માત્ર એક જ શિષ્યને ગુરુ ઉપદેશ આપે એ અખાને જરા વિસ્મયજનક લાગ્યું. અખાએ ગુપ્ત રીતે આ ઉપદેશ સાભળ્યો; તેને તે રુચ્યો, તેથી તે પર્ણકુટિની પછીત પછવાડે ઉભા રહી નિત્ય કથા શ્રવણ કરવા લાગ્યો. આ ઉપરથી તે મહાત્મા પવિત્ર સત્ય પુરુષ અને પૂર્ણજ્ઞાની છે તથા તેમના શિષ્ય થવું સર્વથા યોગ્ય જ થશે એમ અખાની પ્રતીતિ થઇ. પરંતુ મહાત્માઓની પરીક્ષા કરવાની તેની ટેવ હજી ગઇ ન હતી, તેથી એ દ્રવ્યથી કે સ્ત્રીથી ચલાયમાન થાય છે કે નહિ તેની કસોટી કરવાના હેતુથી દિવસના તેમની પાસે જઇને દ્રવ્યાદિકનો મોહ લગાડયો; પણ તે સંતપુરુષ એથી જરાય ચલિત થયા નહિ; તેમને સંસાર ઉપર પૂર્ણ વિરાગ હતો. તેમણે વાસનાદેહને જીતી અક્ષય દેહની પ્રાપ્તિ કરી હતી; તેથી અખાની કસોટીમાં તે વિજયી નીવડયા; અને અખાની આસ્થા તેમના ઉપર ચ્હોંટી. અખાના હૃદયમાં તેમને માટે આદર અને ભક્તિભાવ ઉત્પન્ન થયાં. આ મહાત્માના ઉપદેશમા તેને રસ પડવા લાગ્યો. મનમાં તેણે મહાત્માને પોતાના સદ્‌ગુરુ માની લીધા, અને પ્રથમની જેમ છુપી રીતે કથાશ્રવણનું કાર્ય ચાલુ રાખ્યું. એકાદ વર્ષ સુધી એમ બહાર બેસીને જ તેણે કથા શ્રવણનો લાભ લીધો. એવામા એક દિવસ કથા સાંભળનાર શિષ્યને ઝોકું આવ્યું, અને કથા પ્રસંગમાં હોંકારો ન દેવાયો. હોંકારો નહિ આપવાથી બ્રહ્માનન્દજી ઉપદેશ આપતા અટકી પડશે એમ માનીને અખાએ બહાર બેઠા બેઠાં હોંકારો આપ્યો. રાત્રિના સમયે કોઇએ બહારથી હોંકારો આપ્યો એ સાંભળીને બ્રહ્માનન્દજીને આશ્ચર્ય થયું, અને કોણે એ હોંકારો આપ્યો તે જાણવાની મનોવૃત્તિ થતાં તેમણે બહાર જઇને તપાસ કરી, તો અખો બેઠેલો દેખાયો. એણે જ હોકારો દીધો હશે એમ માનીને તે કોણ છે, ક્યાંથી આવ્યો છે, ઇત્યાદિ તેનાં નામ ઠામ વગેરે હકીકત પૂછતાં અખાએ પોતાનો સર્વ વૃત્તાંત સવિસ્તર નિવેદન કર્યો, તથા પોતે એકાદ વર્ષથી કથાશ્રવણનો લાભ લે છે, અને પોતાને કથાશ્રવણ કરવાની આજ્ઞા મળે કે ન મળે, તેથી છુપી રીતે બહાર બેસીને જ તે કથા શ્રવણ કરતો હતો એ વાત પણ અખાએ નિવેદન કરી. બ્રહ્માનન્દજી સ્વામીને અખો મુમુક્ષુ જણાયો, તેથી તેને કથા સાંભળવા બેસવા દીધો. આ પછી અખો લગભગ ત્રણેક વર્ષ કાશીમાં રહ્યો. આ મુદત દરમિયાન તેણે બ્રહ્માનન્દજી પાસે પંચદશી, અધ્યાત્મ રામાયણ, ભગવદ્‌ગીતા, યોગવાસિષ્ઠ રામાયણ વગેરે વેદાન્તના ગ્રન્થોનો અભ્યાસ કર્યો.

આ પ્રમાણે ચાર વર્ષ કાશીમા રહી અખો પાછો ગુજરાતમાં આવી રહ્યો. પાછા આવતાં તે પુનઃ જયપુર ગયો. આ વખતે તે પ્રથમના જેવો દ્રવ્યવાન ન હતો. કારણ કે તેની પાસે જે થોડું ઘણું દ્રવ્ય હતું તે તેણે પોતાના કાશીનિવાસ દરમિયાન સાધુ સંતોને

દાનમાં આપી દીધું હતું. વળી પ્રાપંચિક વસ્તુઓ ઉપરનો તેનો મોહ નાશ પામી તેનું મન ગંગાજલ જેવું સ્વચ્છ અને નિર્મળ થયું હતું. તેનો અહંભાવ જ્ઞાનમાં ગળી ગયો હતો. તેનામા આડંબર, ડોળ, દંભ બિલ્કુલ ન હતાં. તેને જયપુરમાં આવ્યા પછી પોતાના મૂળ ગુરુ ગોકુલનાથની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ આવી. પોતે દ્રવ્યવાન્ હતો તે વખતે પોતાને જે સત્કાર આદર મળ્યો હતો, તેવોજ સત્કાર અને આદર નિર્ધન દશામા મળે છે કે નહિ તે જાણવાની તેને અભિલાષા થઇ આવી. તેણે ધાર્યું હતું તે પ્રમાણે જ થયું. દ્વારપાલે તેને ઓળખ્યો નહિ, અને અંદર જતો અટકાવ્યો. જ્યાં દ્રવ્યનો જ સત્કાર થતો હતો એવા મંદિરમાં "અખો આવો ભિખારી ન હતો. એ તો ખરો દ્રવ્યવાન શેઠીયો હતો" એ શબ્દો દ્વારપાલને મુખે તેણે સાભળ્યા. પોતાનું નામ મહારાજશ્રીને પહોચાડવાને તેણે દ્વારપાલને કહ્યું, દ્વારપાલે તેમ કરવાની ના પાડી. આ પ્રમાણે ગડબડ થતી સાંભળીને મહારાજે મેડી પરથી બારીમાથી ડોકીયું કર્યું, અને અખાને ઓળખ્યા છતા તેનો તિરસ્કાર કર્યો. આથી અખાને ઘણું દુઃખ લાગ્યું. પોતાનો નહિ પરંતુ પોતાના દ્રવ્યનો જ મહારાજે અગાઉ સત્કાર કર્યો હતો એ જાણીને તેને એવા સ્વાર્થપટુ, દંભી અને લંપટ ગુરુ ઉપર ધિક્કાર ઉપજ્યો. તેણે કહ્યું, "આ સંસારમા જે કોઇ વસ્તુ આ અધર્મીઓને મહત્ત્વની લાગતી હોય તો તે દ્રવ્ય જ છે. આ સઘળા ધનના જ સગા છે, નિર્ધનના નહિ, માટે ધિક્કાર હો તમને!" આ પ્રસંગના સ્મરણમા તેણે લખ્યું છેઃ—

"ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોય ન ભાગી મનની દાઝ;
દર્શન વેશ બહુ જોઇ રહ્યો, પછી ગુરુ કરવાને ગોકુળ ગયો;
ગુરુ કર્યા મેં ગોકુળનાથ, ગુરુએ મુજને ઘાલી નાથ."

(પ્રપંચ અંગ.)

"પ્રાપ્ત રામ કહે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યા વરૂ;
ધન હરે ધોખો નહિ હરે, સંબંધ સંસારી સાચો કરે;"

(જડભક્તિ અંગ.)

એને ત્યાં આવો અનુભવ થયો હતો, એમ તે સ્પષ્ટ કહે છે. એણે આ પહેલાં અમદાવાદ અને અન્ય સ્થળોએ રહીને બાવા, વૈરાગી, સાધુ વગેરેના જીવનનો–આચરણોનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો હતો, અને તેમના અનીતિમય, તથા યોગી જીવનથી તેને એટલો તો તિરસ્કાર ઉપજ્યો હતો, કે તેણે આવા ડોળઘાલુ, વિષયી, લાલચુ અને કાંચનને જ સર્વસ્વ માનનાર સાધુઓને ઉઘાડા પાડવામાં પોતાનું જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. તેને જે જે સાધુ સંતોનો સમાગમ થયો હતો તેઓ બધા આ કોટિના જ હતા એમ ન હતું. તેમા કેટલાક સારા, સત્યનિષ્ઠ અને નિર્મળ જીવન ગાળનારા સાધુઓ પણ તેના જોવામાં આવ્યા હતા. અને આવા સત્યપ્રેમી, શુદ્ધ જીવન જીવનારા સંત મહાત્માઓની પ્રશંસા તે પોતાના ગ્રંથોમાં કેટલેક ઠેકાણે કરવાને ચુકયો નથી. તો પણ એટલું તો ખરૂં કે તેના ગ્રંથોમા ઢોંગી, દંભી, છેતરપિંડી કરનારા સાધુઓને સખ્ત ચાબખા તેણે માર્યા હોય એવા પ્રસંગો ઘણા વધારે જોવામાં આવે છે.

અખો પ્રથમ વલ્લભમતાનુયાયી હતો; પરંતુ એ સંપ્રદાયના આચાર્યોના વર્તનથી તેને એ ધર્મ ઉપર કંટાળો ઉપજ્યો હતો; વળી તેઓ તેની જ્ઞાનની ભૂખ ભાગી શક્યા ન હતા;

છેવટે તે અગાઉ કહી ગયા પ્રમાણે વેદાન્તનિષ્ઠ બ્રહ્માનન્દજીને શરણે ગયો અને તેમની પાસેથી વેદાન્તરહસ્ય પ્રાપ્ત કર્યું, ત્યારથી તે શાંકરમતાવલંબી થયો હતો.

અખાએ ૭૪૬ છપા, અને ૬૦ પદો લખેલાં છે. આ છપ્પાઓને વ્યવસ્થા પૂર્વક ગોઠવવાનો પ્રયત્ન તેણે કર્યો નથી. આથાક મહેનતને અને દીર્ઘ કાળના ભ્રમણ પછી સંત પુરુષની અને સત્યની તેને જે અલભ્ય પ્રાપ્તિ થઈ હતી તેનો લાભ જેમણે અધિકાર પ્રાપ્ત કર્યો નથી એવા જિજ્ઞાસુ ધર્મનિરત સામાન્ય કોટિના લોકોને આપવા માટે, તથા તેઓ ચોમેર જોવામાં આવતા પાખંડ, અધર્મ અને અનીતિથી સાવચેત રહે એટલા માટે તેણે આ છપ્પાઓ બનાવેલા છે. આ છપ્પાઓ તેનાં વેદાન્તના બીજા ગ્રન્થોની જેમ શુષ્ક તથા નીરસ લાગતા નથી. આ છપ્પાઓ વાંચનારને તરતજ માલૂમ પડશે કે તે બધા લોકોને ઉદ્દેશીને જ લખાયેલા છે. એ લખવા માટે પોતાની નિન્દા થાય કે પ્રશંસા થાય તેની દરકાર તેણે કરી નથી. આ છપ્પાઓમાં તેણે દાંભિક વ્યવહાર અને તેમાં દષ્ટિગોચર થતી કુટિલતા એ બન્નેને નીડરતાથી અને ખુલ્લી રીતે ઉઘાડા પાડયા છે. આ છપ્પાઓમાં તેણે અનીતિને માર્ગે ચાલનારા લોકોને, ટીલાં ટપકાં, પાઠપૂજા વગેરે બાહ્યાચારને જ માન આપનારાઓ, પરંતુ આતર ગુહામાં નિગૂઢ રહેલા આત્માના અવાજને તરછોડનાર જુદા જુદા પંથ વાળાઓને; મોજ શોખમાં રચીપચી રહેલા, ધનની લોલુપતા વાળા, ભ્રષ્ટાચારથી પતિત થયેલા ઢોંગી ધર્મગુરુઓને; માયાની મોહિનીમાં મસ્ત રહેલા સાધુસંતોને ઘણા આકરા શબ્દોમાં ચાબખા માર્યા છે. દ્રવ્ય, સ્ત્રી, માબાપ, છૈયાંછોકરાં, ભાઇ બ્હેન, સગાં વ્હાલાં, મિત્ર, ચાકર નોકર—આ બધા જ્યાં સુધી પોતાનો સ્વાર્થ સચવાય ત્યાં સુધી જ સંબંધ રાખે છે. જ્યાં સુધી કોઇ માણસ પાસે દ્રવ્ય હોય છે ત્યાં સુધી જ એ બધા તેના ઉપર હેત રાખશે; જેમ પુષ્પમાંથી ભમરો મધ ચૂસી લઇ મધ ખૂટી જાય ત્યારે તેનો ત્યાગ કરીને ઉડી જાય છે, તેમ કોઇ માણસ પાસે દ્રવ્ય હશે ત્યાં સુધી એ બધા તેને ફોલી ફોલીને ખાશે; અને તે દ્રવ્યહીન થયો કે તરત જ તેને છોડી દેશે. માટે વસ્તુતઃ આ દુનિયામા કોઇ કોઇનું નથી; સંસાર અને તેમાં રહેલી સર્વ વસ્તુઓ મિથ્યા છે, અસત્ય છે; વ્યવહાર દુઃખનું કારણ છે; સાધુઓ, સંન્યાસીઓ, ગુરુઓ, આચાર્યો—એ સર્વ આડે માર્ગે દોરનારા છે; તેથી ભૂલ્યે-ચૂક્યે તમે એમના ઉપર ભરોંસો રાખશો મા. જો તમે ભરોસો રાખ્યો તો તમારૂં વહાણ મધ્ય દરીએ ડૂબવાનું. તેથી માત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ ઉપર જ ભરોંસો રાખશો, તેને તમારો હમેશનો સાથી ગણશો તો તમે સહજ આ અનીશ્વર જગતની પેલી પાર તરી જશો, અને પરમ પદને પામશો. આ અનિત્ય જગત્ તો માત્ર નિત્ય સ્વરૂપ બ્રહ્મની લીલા જ છે, તેથી તે અસત્ય—અનિત્ય લીલાનો ત્યાગ કરી સત્ય નિત્ય પદાર્થની પ્રાપ્તિ માટે કટિબદ્ધ થાઓ વગેરે વગેરે ઘણીય અનુભવસિદ્ધ વાતો અખાએ અનેક દૃષ્ટાન્તોથી અતિ જુસ્સાદાર બાનીમાં આ છપ્પાઓમાં પ્રતિપાદિત કરી છે.

આ છપ્પાઓ ઉપરાંત નીચે જણાવેલા તેના ગ્રન્થો પ્રસિદ્ધ છે. અખેગીતા, ચિત્ત વિચાર સંવાદ, પંચીકરણ, ગુરુ શિષ્ય સંવાદ, અનુભવ બિંદુ, કૈવલ્ય ગીતા, બ્રહ્મ લીલા (હિંદુસ્તાનીમાં), પરમપદપ્રાપ્તિ અને પંચદશી તાત્પર્ય. આ બધા વેદાન્ત ઉપર લખાયેલા ગ્રન્થો છે. અખો વેદાન્ત દર્શનમાં કેટલો નિપુણ હતો તે જાણવાને ઉપરોક્ત પ્રથમના ચાર

ગ્રંથો બસ છે. આ ગ્રન્થોમાં દર્શન રહસ્ય એટલું ગૂઢ રહેલું છે કે વેદાન્ત દર્શનમાં માત્ર યત્કિંચિત્ પ્રવેશ હોય એવા સામાન્ય અભ્યાસકને તેનો અર્થ સહેલાઇથી સમજાશે નહિ. તેણે આ બધા ગ્રન્થો લોકોને ઉદ્દેશીને લખ્યા હતા એ ખરૂં, પરંતુ પોતે પરબ્રહ્મ-પરમ સત્યની શોધમાં જેટલો ઉંડો ઉતરી શક્યો હતો, તેટલા ઉંડા સામાન્ય લોકો ન ઉતરી શકે એ વાત તેના સ્મરણમા ન રહી હોય એમ લાગે છે. તેણે તે વેદાન્ત દર્શનના સિદ્ધાન્તોનો જેટલો સૂક્ષ્મ અભ્યાસ કર્યો હતો, તેને કૈવલ્ય જ્ઞાનનું જેટલું રહસ્ય હાથ લાગ્યું હતું, તેટલે દરજ્જે સામાન્ય લોકોએ અભ્યાસ ન કર્યો હોય, તેમજ રહસ્યસિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય એ વાત ઉપર તેણે દુર્લક્ષ્ય આપ્યું હોય એમ લાગે છે. વળી તત્ત્વજ્ઞાનને કવિતામાં ઉતારવું એ કાર્ય અતિ વિકટ છે; તો પછી શાંકર દર્શન જેવા વેદાન્તના રહસ્યપૂર્ણ ગ્રંથમાં રહેલા ઉંડા, ગૂઢ, કઠિન, સહેલાઇથી સમજી ન શકાય એવા તત્ત્વજ્ઞાનને કવિતામાં ઉતારવું એ કેટલું વધારે મુશ્કેલ કાર્ય હોવું જોઇએ તેનો ખ્યાલ વાચકને સહજ આવશે. આવા વિષયને કવિતામાં ઉતારવાથી તે આકર્ષક ન બને એમાં કાંઇ નવાઇ નહિ. આ કારણને લીધેજ અખાના છપ્પા જેટલા પ્રમાણમા વંચાય છે, તેટલા પ્રમાણમાં તેના ઉપરોક્ત વેદાન્ત ગ્રંથો વંચાતા નથી.

અખાને કવિ ગણવો કે નહિ એ પ્રશ્ન અહિં ઉપસ્થિત થાય છે. આ સંબંધી બે પક્ષ છે. એક પક્ષ અખાને કવિ ગણવાની સાફ ના પાડે છે, કારણ કે તેમના મંતવ્ય પ્રમાણે શબ્દ, ચાતુરી, ઝડઝમક, અલંકાર ઇત્યાદિ કવિતાના આવશ્યક ગણાતાં અંગ તેની કવિતામા જોવામાં નથી આવતાં. શબ્દરચના, પદલાલિત્ય, અલંકાર ઇત્યાદિમાં જ કાવ્યનો આત્મા આવી રહેલો છે એમ તેઓ માને છે, તેથી તેમને મન અખો કવિ નથી લાગતો. બીજો પક્ષ **रसात्मकं काव्यम्** એવી કાવ્યની વ્યાખ્યાને સ્વીકારે છે, તેથી તેમને તો અખો નિઃસંશય કવિરૂપે ભાસવાનો. આ પક્ષને મન શબ્દરચના, ઝડઝમક વગેરે કાવ્યનાં આવશ્યક અંગ નથી, પરંતુ ઉપકારક અંગ છે. કોઇ પણ અંગીરસની નિષ્પત્તિ કરવામા જ કવિતાનું રહસ્ય રહેલું છે, એમ તેઓ માને છે. અખાને પોતાને પણ રૂઢ અર્થમા ગણાતા કવિ તરીકે ગણાવાની વૃત્તિ ન હતી. તે "કવિ અંગ" મા કહે છે.

"જ્ઞાનીની કવિતા ન ગણીશ, કિરણ સૂર્યના કેમ વરણીશ."

અખાનું દૃષ્ટિબિંદુ કવિતા રચી તે દ્વારા પ્રસિદ્ધ થવાનું હતું જ નહિ, તેથી અમુક પ્રકારની કવિતામાં જ કવિત્વ રહેલું છે, બીજામા નહિ એવા મતાગ્રહને "આત્મ લક્ષ અંગ" માં તે નિંદે છે. તેને મન તો જે શબ્દરચનાથી અખંડ પરમાત્મ તત્ત્વ સમજાય તે શબ્દ રચનામાં જ કવિત્વ રહેલું હતુ.

"અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પહોંચે શરે;
કે લેવું કે મૂકવું કહે, તે તો ત્યાં આઘેરૂં રહે;
એવું કવતાં આવે લાજ, સમજ્યા સરખો છે મહારાજ."

"ઉકેલ પડે તે જોડયું ખરૂં, જેણે જીવપણું જાયે પરૂં;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સૌ કો ગાય;
અખા અર્થરહિત કહેજો વાત, નાચે પૂત તવ લાજે તાત."

ઉપરના છપ્પામાં ઘણું ઊંડું રહસ્ય રહેલું છે. જે કાવ્યથી વાચકના હૃદય ઉપર બોધની છાયા પડતી નથી, તે કાવ્ય પ્રજાની નૈતિક ઉન્નતિ સાધવામા જરાય ઉપયોગી નથી. જે કાવ્ય વાંચવાથી વાચકના હૃદયની સંસ્કારિતા જાગ્રત થતી નથી, જે કાવ્યથી હૃદયના ઉંડાણમાં આત્માનો ગુંજારવ થતો નથી, જે કાવ્ય તલસ્પર્શી નથી તે કાવ્યને અલંકારોથી ગમે તેટલું વિભૂષિત કર્યું હોય તો પણ તે ચિરંજીવ નીવડવાનું નહિ. શબ્દ તથા અલંકારમાં કાવ્યનું કાવ્યત્વ નથી, પણ શબ્દાર્થની પાછળ રહેલા ધ્વનિમાં, બોધમય રસમાં કાવ્યત્વ છે; જેમ કોઇ સ્ત્રીએ ખૂબ આભૂષણો તથા સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હોય તથાપિ તેનામાં સૌંદર્ય ન હોય તો એ વસ્ત્રો અલંકારો તેણે શરીર ઉપર ધારણ કર્યાં હોય ત્યા સુધીજ પ્રેક્ષકને મોહ પમાડવાની શક્તિ તેનામાં રહે છે; પરંતુ વસ્ત્રાલંકારો તેણે દૂર કર્યા કે તરત તેની મોહકતા નાશ પામે છે. તેવીજ સ્થિતિ અલંકારયુક્ત પરંતુ રસવિહીન કાવ્યની છે. કાવ્યના પ્રયોજનનું વર્ણન કરતાં મમ્મટાચાર્ય **कान्तासंमित तयोपदेशयुजे**। એમ કહી કાવ્ય સ્રીની જેમ મધુર ઉપદેશ આપે છે એવો સિદ્ધાન્ત પ્રતિપાદિત કરે છે. કાવ્યની આ વ્યાખ્યા સ્વીકારીએ તો અખાની ગણના કવિમાં કરવી જ જોઇએ. તેના છપ્પામાં કવિતારસ થોડે ઘણે અંશે રહેલો છે, તેથી તેની ગણના કવિમાં કરવામાં આવે છે; તથાપિ એનામાં કવિનાં કરતાં જ્ઞાનીનાં લક્ષણો જ વિશેષ હતાં તેથી એને કવિ નહિ પરંતુ જ્ઞાની કવિ કહેવામાં બાધ નથી.

અખાનો ઉદ્દેશ પોતાને કવિ તરીકે ગણાવવાનો ન હતો, તો પછી ગદ્યમાં લખતાં પદ્યમા તેણે શા માટે લખ્યું એવી શંકા કદાપિ થાય તો તેના ઉત્તરમાં એટલું જ કહેવાનું કે અખાના સમયમાં ગ્રંથો ગદ્યમાં લખવાનો રિવાજ ન હતો. વળી ગદ્યના વાંચન કરતાં પદ્યના વાંચનથી લોકો ઉપર અસર ઘણી વહેલી થાય છે. પદ્યમાં વિચારો સંક્ષેપમાં દર્શાવેલા હોય છે, તેથી તાત્પર્ય સહેલાઇથી અને ત્વરાથી સમજી શકાય છે. કદાચિત્ અખાનો આવો ઉદ્દેશ હોય.

અખાએ જીવનમુક્તિ પ્રાપ્ત કરી હતી. તે સંસારના બંધનથી અળગો થઇ ગયો હતો. તેને બંધનો પ્રિય ન હતાં; તેથી વેદાન્ત જેવા ગહન વિષય માટે તેણે કાવ્ય કરવામા સંસ્કૃતને બદલે પ્રાકૃત ભાષા પસંદ કરી હતી. અમુક ભાષામાંજ લખવું અથવા બોલવું એવો આગ્રહ તેને ન હતો.

"સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતથી નાસી ગયું ?"

તેનો હેતુ લોકોને ઉપદેશ આપવાનો હતો, તેમના મૂર્ખતા ભરેલાં કૃત્યો તરફ તેમની આંખ ઉઘાડવાનો હતો, તેથી તેણે પ્રાકૃતમાં જ—લોકોની ભાષામાં જ કવિતા કરી છે. લેખકે અમુક ભાષા માટે આગ્રહ ન રાખવો જોઇએ; જે ભાષાથી પોતાનો ઉદ્દેશ સિદ્ધ થતો હોય તે ભાષામાં તેણે પોતાના વિચાર પ્રકટ કરવા. તે કહે છે,

"ભાષાને શું વળગે ભૂર, જે રણમા જીતે તે શૂર."

પંડિતોએ, વિદ્વાનોએ અમુક વિષયો દેવભાષા સંસ્કૃતમા જ લખવા જોઇએ એ આગ્રહ મૂકી દેવો જોઇએ. પ્રાકૃતથી જો કામ સરતું હોય તો બીજી ભાષા ઉપર એટલો બધો મોહ શું કામ રાખવો ? આ હેતુથી જ અખાએ પોતાની માતૃભાષામા–પોતે જેવી ભાષા બોલતો હતો તેવી ભાષામાં પોતાના ઉદ્‌ગારોનો ધોધ વહેવડાવ્યો છે.

છપ્પામાં દર્શાવેલા વિચારોથી સાફ જણાય છે કે તેણે બહુ જોયેલું, બહુ સાંભળેલું, બહુ વેઠેલું; તેથી એમાં રહેલા વિચારોમાં કૃત્રિમતા બિલકુલ નથી. એ જ તેની કવિ તરીકેની ખુબી છે. (તેનો કોઇ પણ છપ્પો પિંગળશાસ્ત્રના નિયમ મુજબ રચાયો નથી. અખાએ છંદશાસ્ત્રનો અભ્યાસ કર્યો હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે.) કવિએ ઝડઝમક, અલંકારાદિ કાવ્યના બાહ્ય સ્વરૂપ ઉપર લક્ષ આપ્યું જણાતું નથી. તે પોતે જ " અખેગીતા "માં કહે છે. કે હું " મગણ, જગણ " જાણતો નથી, ચાતુરી, ઝડઝમકાદિ હું કાવ્યમા લાવી શકતો નથી.

" તેણે ગ્રંથ પહેલું એમ જાણવું, અમો મગણ જગણ નથી જાણતા;
તુક, ચોક, ચાતુરી, ઝડઝમકો, અમો લહ્યા વિના નથી આણતા "

અલંકારપ્રયોગ જ્ઞાનનાં મૂળ તત્ત્વ સમજવામાં આડખીલી રૂપ થાય છે એવી કવિની માન્યતા હોવાને લીધે આલંકારિક ભાષા તરફ તેને સ્વાભાવિક અપ્રીતિ હતી. કવિ એ વિશે " પ્રપંચ અંગ " છપ્પામાં કહે છે.

" શ્લોક સુભાષિત મીઠી વાણ્ય, તેણે મોહ્યા કવિ અજાણ. "
× × ×
" કવિએ શકય જણાવા કાજ, ગાજે જેમ રોહિણીનો ગાજ;
વૃષ્ટિ થવાને નવ ગડગડે, સામો અવધ્યથો પાછો પડે;
પૂજાવા મનમાં બહુ કોડ, શબ્દ તણા જોડે છે જોડ. "
× × ×
" કવિ થઇને અધિકું શું કવ્યું, જોતા નહી બ્રહ્મ અણચવ્યું:
રાગદ્વેષની પુંજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી.
તેમાં અખા શું પામે લાભ, વાએ ગયો જેમ સ્ત્રીને ગાભ. "

" જડ ભક્તિ " અંગ છપ્પામા પણ કહે છે કે;

" શબ્દજાળ કર્મના ગ્રંથ, એમા સાર ન લીધે અંત,
સાચું સાધન જે કો કરો, વાગવિલાસ સકળ પરહરો. "
× × ×
" શબ્દજાળ માયાનું કુડ, ત્યાં નર પશુ પડે મતિમૂઢ;
શણગારી વાણી સૌ ગાય, મોહ્યા જીવ સાંભળવા જાય;
અખા શું વાચ્યુ સમજ્યો કશું, આખનું કાજળ ગાલે ઘસ્યું. "

વળી " કુટકળ અંગ " છપ્પામા પણ કહે છે કે,

" વાચક જાળમાં ગુંચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે; "
× × ×
" પંડિત પંડિતાઇનું જોર, પણ અંતઃકરણમા અંધારૂં ઘોર;
અખા તે થકી પ્રાકૃત ભલા, જો આવે સમજ્યાની કળા. "

તેની ભાષા તેના જીવનની પેઠે આડંબર વિનાની અને સરળ છે. કવિમાં ગણના કરાવવાની મહદિચ્છા તેને ન હતી, તેથી શબ્દરચના અને પદલાલિત્ય ઇત્યાદિ તરફ તેણે અપેક્ષા

રાખી છે, તેમજ છંદની માત્રા તરફ પણ તેણે યથોચિત લક્ષ આપ્યું નથી. તેણે ભાષાની ખૂબીઓ ઉપર લક્ષ ન આપતાં વિચારસંકલના ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. વેદાન્ત જેવો કઠિન અને ગહન વિષય હોવાથી તથા વિચારોને સંક્ષેપમાં દર્શાવવાની વૃત્તિ હોવાથી તેની કવિતામાં કેટલેક ઠેકાણે અર્થ જોઇએ તેટલો સ્પષ્ટ થઈ શકયો નથી. શબ્દપ્રયોગોમા પણ કોઇ ઠેકાણે અશુદ્ધતા અને ક્લિષ્ટતા જોવામાં આવે છે. વાક્યરચના પણ ક્રિયાપદ આદિ આવશ્યક અંગો અધ્યાહૃત રહેવાથી કઠિન બની છે. તેથી ઉપર જણાવ્યું તેમ અખાની કવિતા આડંબર રહિત અને સરળ છે તથાપિ કેટલેક ઠેકાણે અપરિચિત, કઠિન, ક્લિષ્ટ થઇ પડી છે.

પરંતુ અખાનાં વેદાન્તનાં પદો જોતાં તેમા જોસ અને સરળતા દૃષ્ટિગોચર થયા વગર રહેશે નહિ. તેમા રસની જમાવટ સારી રીતે થયેલી હોવાથી વાચનારને એ વાંચતાં ઘડી-ભર તો આનંદ થવાનો જ. વિવિધ દૃષ્ટાન્તોથી વિષય સારી રીતે સમજાવ્યો છે. ભાષાની ક્લિષ્ટતા તેમાં કેટલેક અંશે ઓછી જોવામા આવે છે. પદોમાં નૈસર્ગિક સરળતા તરી આવ-વાને લીધે કવિતાનો પ્રવાહ પણ અખંડ, અસ્ખલિત વહે છે; દૃષ્ટાંત તરીકે "અક્ષય લીલા" નું નીચેનું પદ—

"સંતોરે વનસ્પતિ ફુલી, માયા કેરા ધામમાં;
ઘર ગયો છે ભૂલી, સંતોરે વનસ્પતિ ફુલી.
વણ ખેડુ વન વરખડો, જઇ ગગનમાંહે મેર્યો;
ફાલ્યો ફુલ્યો બહુ ફળ્યો, ત્રિલોકમાં ફેર્યો. સંતો રે.
પગ વિના પગ કાઢવો, વણ વાટે દીવો બાળો;
જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતાં નિહાળો." સંતો રે.

વળી જુઓ "અનુભવબિંદુ" નું નીચેનું પદ,

"જેમ વર્ષા ઋતુ જાય, શરદ્ ઋતુ રૂડી દીસે;
દામિની દોડી પળાય, વાય મન હળવા હીસે.
ચોદિશ ચળકે ચંદ, દ્વંદ્વ બહુ મનનો ભાગે;
તેમ ભાગે ભવ ભ્રાંતિ, કાન્તિ જેમ દ્વિતીયા આગે.
વિમળ વપુ હોય વારિ, ચતુર લિંગ દેખી લહે;
ચિદાકાશ ચિન્મય અખો, ધ્યાતા ધ્યેય સમરસ રહે."

અખાની કવિતા એના અનુભવના ઉદ્ગાર રૂપે છે, તેથી એની કવિતામાં ગંભીરતા, ડહાપણ તથા અર્થસૂચકતા રહેલી છે. એની કવિતા જિજ્ઞાસાને જાગ્રત કરી આત્માને મોહ-જાળમાંથી છોડાવી વૈરાગ્ય તરફ પ્રેરવા માટે સજ્જડ મેણાં મારી સત્યને પ્રકટ કરનારી અને સાત્ત્વિક શ્રદ્ધા ઉત્પન્ન કરનારી છે. એણે જ્યા ત્યાં પ્રપંચ, દંભ, અને અનાચાર જોયાં હતા અનુભવ્યા હતા, એણે પ્રજાને વ્હેમ અને અજ્ઞાનમાં ડૂબેલી જ જોઇ હતી, તેથી તેણે એ વ્હેમ અને અજ્ઞાનને દૂર કરવામાં, પ્રપંચ અને દંભને ઉઘાડા પાડવામાં કવિતાસુદ્ગરના જે

પ્રહારો કર્યા તે તે સમયની પરિસ્થિતિને સર્વથા યોગ્ય જ હતા. અખાની બાની સત્ય રૂપી તલવારની ધાર જેવી તીક્ષ્ણ છે; અહંભાવ અને અધ્યાસનો નાશ કરવામાં ઉપયોગી છે. અખો સોની હતો, અનીતિમય–અધર્મપૂર્ણ વ્યવહારને ગાળીને તથા કસોટીએ ચઢાવીને તેમાંથી "નગદ ધર્મનું" સંશોધન કરવું એ તેને મન પરમ કર્તવ્ય હતું. તે સમયની પરિસ્થિતિનો યથાર્થ અભ્યાસ કરનારને વિદિત થશે કે અખાની પ્રૌઢ ગૂઢ અને માર્મિક કાવ્યકૃતિની તે સમયે કેટલી ઉપયોગિતા હતી.

આ કવિતા લખવામાં અખાનો હેતુ પાખંડ–અનીતિ–અધર્મનો ઉચ્છેદ કરવાનો અને તેને બદલે આત્મજ્ઞાનને જાગ્રત કરી સાચા ધર્મનું–સત્યનું સંસ્થાપન અને સંરક્ષણ કરવાનો હતો; તેથી તેના છપ્પાઓ ઘણા અંશે તત્ત્વજ્ઞાનના ઉદયમાં વિઘ્ન નાંખનાર બાહ્યાચાર, દંભ અભિમાન ઇત્યાદિના પરિત્યાગ માટે લખાયેલા છે. કવિનો આશય સત્ય વસ્તુનું સંશોધન કરવાનો અને તે દ્વારા આત્મકલ્યાણ સાધવાનો હતો. આ હેતુમાં દંભ છળ આદિ જે જે વસ્તુઓ અંતરાયરૂપ નીવડે તે સર્વનો નાશ કરવામાં તેણે પોતાના જ્ઞાન તથા અનુભવનો ઉપયોગ કર્યો છે.

કેવળ વિનાશક પક્ષને અનુસરી જ અખો વિરમ્યો નથી, પરંતુ **ધર્મસંસ્થાપનાર્થાય** એણે વેદાન્તના ગ્રન્થો પણ રચ્યા છે. શ્રીમદ્ શંકરાચાર્ય પ્રતિપાદિત કેવલાદ્વૈત અખાએ સ્વીકાર્યું હતું. એ વેદાન્ત તેણે પોતાના ગ્રન્થોમાં સ્પષ્ટ રીતે સરળ ભાષામાં સમજાવ્યું છે.

એણે સમજણ વિના ધર્મના આચાર માત્રને વળગી રહેનાર મનુષ્યો તરફ સખ્ત પ્રહાર કર્યા છે, તથાપિ સાથે સાથે એ સર્વને અંતઃકરણની વિચારની શુદ્ધિ કરવા માટે વારંવાર પ્રતિબોધ આપે છે. અખો આચારને નિરર્થક ગણતો નથી; તે આચારની આવશ્યકતા સ્વીકારે છે, તથાપિ વ્હેમથી નિર્મુક્ત, શુદ્ધ આચારની, દાંભિક આચારની નહિ. તે "આભડછેટ" અંગ છપ્પામાં કહે છે કે,

"ઇશ્વિર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
મીઠા મહુડા માન્યાં દ્રાખ, અજ નો'ય અજમાની રાખ;
સોનામુખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વા'ણું વાય".

તેણે લોભી–દંભી ગુરુની નિંદા કરી છે, પરંતુ સાથે સાથે જ્ઞાનના ઉદય માટે સદ્ગુરુની આવશ્યકતા સ્વીકારી છે, તથા સદ્ગુરુ કેવો હોવો જોઇએ તે પણ સમજાવ્યું છે. સદ્ગુરુની આવશ્યકતા વિશે તે "અખેગીતા" માં કહે છે,

"જેમ સુવર્ણ કેરી મોહર માંહે, અન્ય મુદ્રા છે અતિ ઘણી;
તેમ ગુરુભજનમાં સર્વ આવે, જો મન વળે ગુરુચરણ ભણી.
જેમ બધિર ન જાણે નાદ સુખને, સ્વાદ નોહે રસના વિના;
તેમ ગુરુ વિના હરિ નવ મળે, જેમ ભોગ ન પામે નિર્ધના.
કહે અખો સહુ કો સુણો, જો ટાળવા હીંડો જંતને;
એ આરત થું ઉરમાં ધરો, સેવો તે હરિગુરુ સંતને.

'સાચા ગુરુ'નાં લક્ષણ કહે છે,

"સાચો ગુરુ કેને નવ ભજે, જુઠાથી કાંઇ નવ નીપજે".

× × ×

"સાચો ગુરૂ જાણી જે જક્ત, કનક કામિની નોહે અસક્ત."

× × ×

"તે આદર કેનો નવ કરે, સે'જ ઐશ્વર્ય અખા તે ધરે".

(વેષવિચારઅંગ).

"પરાત્પર પર બ્રહ્મ જે, તે મન વાણીને અગમ્ય;
તેનો લક્ષ આપી શકે, તે માટે ગુરુ તે બ્રહ્મ;
શ્વાન, શુકર, બિડાલ, ખર, તેનાં ટોળાંનો જે જંત;
તેને મૂકે હરિ કરી, જેને મળે સદ્‌ગુરુ સંત.
જેમ રવિ દેખાડે રવિધામને, તેમ ગુરુ દેખાડે રામ".

(અખેગીતા.)

"પ્રીછે તો ગુણ પારે રહે, ગુણમાં આવે તેને કહે;
જે ઉડયો જાયે આકાશ, તે નોહે પૃથ્વીની પાસ.
અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી વરી સુંદરી."

(વિચાર અંગ.)

વળી જડ ભક્તિને અખો નિંદે છે, પરંતુ તેની સાથે નિર્ગુણ પરામાત્મા પ્રતિની ભક્તિનો તેને ઘણો આદર છે.

ઉપરોક્ત પ્રકારના વિનાશક અને સંસ્થાપક વિચારોને સ્પષ્ટ અને સુદૃઢ કરવાને અખાએ ઠેકઠેકાણે દૃષ્ટાન્તોનો ઉપયોગ છૂટથી કર્યો છે. દૃષ્ટાન્ત એકલું નિરુપયોગી છે એ ખરૂં, પરંતુ યોગ્ય રીતે તેનો ઉપયોગ કરવામાં આવે તો દૃષ્ટાન્ત એવું પ્રબલ શાસ્ત્ર છે કે તેથી સિદ્ધાન્ત સારી રીતે પ્રતિપાદિત થાય છે એટલુંજ નહિ પરંતુ પ્રતિપક્ષીના મન ઉપર પણ તે ઉંડી અસર કરે છે. વળી સાધારણ બુદ્ધિના મનુષ્યના હૃદયમાં ધારેલી અસર કરવામાં સરસ અને સરળ દૃષ્ટાન્ત શુષ્ક તર્ક કરતાં ઘણે અંશે ફળીભૂત થાય છે.

ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા માટે અખાએ વિષયની સ્પષ્ટતા તથા સરળતા સારૂ દૃષ્ટાન્તના તીક્ષ્ણ શાસ્ત્રનો ઉપયોગ કર્યો છે એમ કહેવામાં કાંઇ અનિશ્ચયોક્તિ નથી. કુશળ બાણાવલીની પેઠે અખો દૃષ્ટાન્ત વડે પોતાના લક્ષ્યને સચોટ વીંધે છે. દૃષ્ટાન્તો એવા તો માર્મિક છે કે વિરોધીને તેનાથી જે ઘા થાય છે તેની અસર લાંબા સમય સુધી રહે છે, અને એની વેદના એટલી તો અસહ્ય થઇ પડે છે કે તે ટાળવાને માટે હૃદયની શાંતિના–મનની પવિત્રતાના–ઉપાયો યોજવાની તેને ફરજ પડે છે. કેટલાક દૃષ્ટાન્તો તો ઘરગથ્થુ કહેવતરૂપ થઇ પડયાં છે. એમાંનાં કેટલાંક દૃષ્ટાન્તો નીચે આપ્યાં છેઃ—

"તિલક કરતા ત્રેપન વહ્યાં. જપમાળાનાં નાકાં ગયાં;
તીર્થ ફરી ફરી થાક્યા ચર્ણ, તોય ન પહોંતા હરિને ચર્ણ;
કથા સુણી સુણી ફૂટયા કાન, અખા નાવ્યું તોય બ્રહ્મજ્ઞાન."

"એક મૂર્ખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ;
પાણીને દેખી કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન,
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર ક્યાંની વાત."

× × ×

"આંધળો સસરો ને શણગટ વહુ, કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઇ ને સમજ્યા કશું, આંખ્યનું કાજળ ગાલે ઘસ્યું;
ઉંડો કુવો ને ફાટી બોખ, શિખ્યું સાંભળ્યું સર્વે ફોક.

× × ×

"જ્યાં જોઇએ ત્યા ફૂડેફૂડ, સામે સામા બેઠા ઘૂડ".

(ફૂટકળ અંગ.)

× × ×

"ઓછું પાત્રને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ચોમાસું મ્હાલ્યો, કરડકણા કુતરાને હડકવા ચાલ્યો;
મરકત ને વળી મદિરા પીએ, અખા એથી સહુકો બીએ.

× × ×

"સાચી કથની કરતા જાય, ઉંદર અર્થ કરે અન્યાય;
વૃદ્ધ થયો વંઠયું મન તન, ઉપાય ટળ્યો ને ખૂટ્યું ધન."

હવે આપણે અખાની કવિતામાં રહેલા વિચારરહસ્યનું દર્શન કરશું. અખાના વિચાર સંબંધી કાવ્યદોહન ભા. ૧ લા માં નીચે પ્રમાણે જણાવ્યું છે; "કવિ તરીકે એનું કાવ્ય જુદા જ પ્રકારનો ભાસ ઉત્પન્ન કરે તેવું છે. કવિતા તરફ કે રચના અને કાવ્યચાતુર્ય પર એનું લક્ષ જણાતું નથી. એણે તો માત્ર પોતાના વિચાર દર્શાવવા તરફ જ લક્ષ દીધું છે. એના જ્ઞાનના વિચાર બહુ ઉંચા, ઠોક મારતા, ચિત્તવેધક છે, તેમજ બોધક, શોધક, પૃચ્છક અને મનન કરવા યોગ્ય છે. વિચાર એટલા બધા પ્રૌઢ છે કે સહજમાં સમજાય નહિ અને તેમાં પંડિતો પણ હાર પામી જાય. જે જે ઉંચા વિચારો ભભકભરી વાણીમાં એણે દર્શાવ્યા છે તે સાધારણ સમજમાં ઉતરી શકે નહિ એવા છે."

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरं ॥ अहं ब्रह्मास्मि ॥ તથા **तत्त्वमसि ॥** વેદાન્તના આ મહાકાવ્યોમાં રહેલું ખરૂં રહસ્ય અખાના અનુભવમાં આવેલું એવું તેની કવિતામાંથી સ્પષ્ટ સમજાઇ આવે છે. બ્રહ્મની સાથેના જીવના ઐક્યનું તેને પૂર્ણ જ્ઞાન થયું હતું. તેણે શાસ્ત્રમાં જેને જીવન્મુક્તની દશા કહેવામાં આવે છે તેવી દશા પ્રાપ્ત કરી હતી. તેનો જીવભાવ ગળી ગયો હતો, તેનામાં હુંપણાનો ઉચ્છેદ થયો હતો અને તે બ્રહ્મસ્વરૂપ થયો હતો. તેણે એક ઠેકાણે કહ્યું છે કે:—

હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે ફરે.

મોક્ષ પ્રાપ્ત કરવાના અધિકાર માટે વેદાન્તશાસ્ત્રમાં વિવેક, ષટ્સંપત્તિ આદિ જે ચાર સાધનો આવશ્યક ગણ્યાં છે, તે અખાને પણ માન્ય છે; તથાપિ તેની સાથે નિર્ગુણ બ્રહ્મની ભક્તિનો અખાને ઘણો આદર છે. જડભક્તિ તરફ અખાને મોહ નથી; કેમકે પોતાના સમયમાં આ જડભક્તિનાં માઠાં પરિણામ તેણે જાતે અનુભવ્યાં હતાં.

સાધનસંપત્તિ

સામાન્યકોટિના આત્માઓ માટે સગુણ–સાકાર પરમેશ્વરની ભક્તિ આવશ્યક છે; પાઠપૂજા કરવી, દેવદર્શને જવું, કથાવાર્તા સાંભળવી એ બધું અંતઃકરણની શુદ્ધિ માટે જરૂરનું છે: પણ તે સદ્વિચારયુક્ત હોય તો જ. આ પ્રકારની ભક્તિ જ નિર્ગુણની ઉપાસનામાં ઉપકારક છે, પરંતુ જો એ ભક્તિ સદ્વિચારવિહીન હોય તો તે જડતાની જ ઉત્પાદક થાય છે. વળી પરમાત્મ તત્ત્વના સામાન્ય સ્વરૂપને જાણ્યા વિના તેના ઉપર પ્રીતિ–ભક્તિ બંધાતી નથી; તેથીજ અખો કહે છેઃ—

નિર્ગુણ બ્રહ્મઉપાસનામાં ભક્તિનું સ્થાન.

હરિ જાણી હેત કરે સકલમા, પહેલાં જે ઉવેખતો;
હરિ જાણે થકે ભક્તિ થાએ, તેજ ભક્તિ જાણો ખરી.

(અખેગીતા.)

પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંતે સહુ પડે વરે;
હું તે કોણ હરિ શી વસ્ત, જે જાણી ગ્રહું જ્યું હસ્ત;
એમ જાણી જપે મળે ભગવાન, નહિ તો અખા વરવોણી જાન.
સદ્વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવ શિવની લહીએ વ્યક્તિ.

અર્થાત્ પરમાત્માના અને પોતાના વાસ્તવ અભેદને જ્ઞાનથી જાણી એ પરમ તત્ત્વ બ્રહ્મ તરફ અગાધ ભક્તિના પ્રવાહને વહેવડાવવો એ જ સાચી ભક્તિ છે.

જ્યાં સેવ્યસેવકના ભેદભાવથી ભજન થાય છે, ત્યાં પ્રેમની પરાકાષ્ઠા નથી. આવો પ્રેમ સમર્યાદ અને સહેતુક હોય છે: વળી તે પોતાની મેળે સ્ફુરતો નથી; કારણ કે તે કામનાને અવલંબીને રહ્યો હોય છે. આવો પ્રેમ કામનાની સિદ્ધિ થયે નિવૃત્ત થાય છે. પરમેશ્વર આપણા વાસ્તવ આત્મા છે, એ સર્વનો આધાર છે, સર્વમાં અનુસ્યૂત છે, માટે બીજા આત્માઓ તરફ ભક્તિભાવ–પ્રેમ દેખાડીયે તે આપણા આત્મા તરફ દેખાડવા બરાબર છે, તે પરમેશ્વર તરફ પ્રેમ દેખાડયા બરાબર છે;–આવી ભાવનાથી ઉદય પામેલો પ્રેમ સ્વાભાવિક છે અને તે જ્ઞાનથી જ ઉદય પામે છે. આવી ભાવનાવાળો મનુષ્ય સર્વત્ર બ્રહ્મને જ જુએ છે, તેને બ્રહ્મ વિનાનું એક પણ સ્થળ દેખાતું નથી. તે વિશે અખો કહે છેઃ—

દેખે નેત્ર પરબ્રહ્મનાં પરબ્રહ્મના કર્ણ માત્ર;
પાદપાણી પરબ્રહ્મનાં, પરબ્રહ્મ દાતાને પાત્ર.
જલે પરબ્રહ્મ, સ્થળે પરબ્રહ્મ, સ્વર્ગ મૃત્યુ પાતાલ;
ગિરિ અંકૂર વન વાટિકા, પરબ્રહ્મ જાળ ને માળ,

પરબ્રહ્મ વિના નહિ ઠામ ઠાલું, એમ દેખે ભરપૂર;
જિહાં તિહાં દેખે હરિભાઇ, જેનાં પડળ થયા દૂર.
(અખેગીતા.)

જે પરમ તત્ત્વને જ્ઞાનથી ઓળખી તે પ્રતિ અગાધ ભક્તિનો અખંડિત પ્રવાહ રેલાવવાનું અખાએ ઇષ્ટ ગણ્યું છે તેનું સ્વરૂપ અખાએ કેવું બાંધ્યું છે તે અવશ્ય આપણે જાણવું જોઇએ. આ પરમ તત્ત્વ બ્રહ્મ જગતના અધિષ્ઠાનરૂપે છે અને તેના વડેજ જગત સ્ફુરાયમાન થાય છે.

પ્રપંચ પારે રહે છે રામ, સદા સર્વદા ન્યારૂં ધામ;
તે વડે ચાલે આ સંસાર, આગમાપાયિ તે નિરધાર;
અખે રામ ઓળખીઓ તેહ, ઉદર આભ્યંતર નાવે જેહ.

વળી આ બ્રહ્મ ઇંદ્રિયગ્રાહ્ય નથી; મન વાણીથી અગમ્ય છે. તે સાધકના અંતરાત્મા રૂપ છે. તે અરૂપી છે, અવિકારી છે, નિત્ય છે, છતાં તેમાથી આ અનિત્ય, અસત્ય જગત ઉત્પન્ન થયું છે.

ઇન્દ્રિય ગ્રાહ્ય પરમેશ્વર નથી, ભરમે કોઇ ન મરશો મથી;
× × ×
પરબ્રહ્મને જોવાને મન, બહુ ભાતનાં કરે જતન;
પુતળીને કેમ જુએ ચક્ષ, દેખણહાર પુતળી છે મુખ્ય.
દરપણ માંડી જોવા જાય, તે અખા નિજ છાયા પ્રાય.

× × ×

જેહને વર્ણ વેષ ન રૂપ મુદ્રા, તેહ તણા સર્વ રંગ;
છાયા માયા નહિ જેહને, તેહના જાણો સર્વ ઢંગ,
વાણી માંહે જેહ ન આવે, તેહ તણી સર્વ વાણ્ય;
નેતિ નેતિ કરી સો કહીયે, તેહની જાણે સર્વ જાણ.
કૂટસ્થ આત્મા બ્રહ્મ કૈવલ્ય, તેહનો સર્વ પ્રસાર;
જેહને વિશેષણ એકે ન લાગે, તે વિલસી રહ્યો સંસાર.
જે કહેવો એ કહેવાય નહિ, શબ્દાતીત સદાય;
અનિર્વચનીય વચન બોલે, તે નાવે વાણી માંય.
(અખેગીતા.)

આ તત્ત્વ સર્વવ્યાપક છે, છતા ન્યૂનાધિક નથી.

શ્વાન શ્વપચ ગૌબ્રાહ્મણ જોય, રામથકી અળગો નહિ હોય;
તત્ત્વ એકને ચેતન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
આપે અખા ચલાવે ખેલ, એમ સમજતાં પડે ઉકેલ.
ઉંચ ખરા તે ઉંચ ન જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ;
ઉચમાં રામ બમણો નથી ભર્યો, નીચ પીંડ ઠાલો નથી કર્યો;

કહે અખો સ્વપ્નામાં બકયો, જેમ છે તેમ જોઇ નવ શકયો.
સ્વામી મારો રહ્યો સઘળે, અહર્નિશ ચિંતન એમ કરે;
ભુવન ત્રણમાં રહ્યો પૂરી, પૂરણ સ્વે પરમાત્મા.

(અખેગીતા.)

આ સર્વોપાસ્ય પરમ તત્ત્વ એક જ છે, અને તે સર્વ ઉપાધિથી અબાધિત છે, પર છે; તેને આદિ નથી, અંત નથી, તે દેશકાલાતીત છે.

× × ×

અમલ આત્મા એક પૂરણ, અખંડિત અવિનાશ;
અજર અમર અનામ અવ્યય, પૂરણ જ્યોતિ પ્રકાશ.
તેને આદ્ય અંત ને મધ્ય નહિ, નહિ જેહને દેશકાળ;
છાયા માયા વપુ વર્જિત, માપ રહિત વિશાળ.

× × ×

બાલ યૌવન વૃદ્ધ નહિ, તે વડે સર્વ ભાસ.

× × ×

સર્વ માંહિ ને સર્વ રહિત, નહિ ઉત્પત્તિ નહિ નાશ.

(અખેગીતા.)

અખા એ મોટો ઉત્પાત, ઘણા પરમેશ્વર ક્યાંની વાત.

× × ×

જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની એકતા.

આ બ્રહ્મની અભેદ ભાવે ભક્તિ કરવા અખાએ સચોટ ભાષામા લોકોને બોધ કર્યો છે. અખાની માન્યતા પ્રમાણે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય અન્યોન્યના ઉપકારક છે. ભક્તિ પંખિણીની જ્ઞાન અને વૈરાગ્ય બે પાંખો છે, અને આ પાંખો મજબુત હોય તો પરમેશ્વરનો સાક્ષાત્કાર સુગમ થઇ પડે છે. પરમાત્મા સ્વરૂપને યથાર્થ નહિ સમજનારા અને સંપ્રદાયના સંકુચિત ધર્મમાં જ રમી રહેલા દુરાગ્રહી આચાર્યોએ અને મહંતોએ આ ત્રણ સાધનોનો વિરોધ ઉપજાવી સામાન્ય બુદ્ધિવાળા લોકોને સુમાર્ગે જવામાં ઘણી આડખીલીઓ ઉભી કરી છે. સંસારનો મોહ છૂટયા વિના, સ્ત્રી પુત્રો, સગાં સંબંધીઓ તરફનો મોહ છૂટયા વિના, પૂર્ણ નિર્વેદ સંભવતો નથી, અને પૂર્ણ નિર્વેદ ન હોય, નીરથી વિખુટું પડેલ માછલાની જેમ તીવ્ર આતુરતા ન હોય તો અન્તર્યામિ પ્રભુ તરફ અખંડ પ્રેમનો અસ્ખલિત ધોધ વહન કરે એ સંભવતું નથી. વળી પ્રભુનું ખરૂં સ્વરૂપ ન જાણવામાં આવે તો ભક્તવત્સલ પ્રભુ તરફ પ્રેમાંકુરો સ્ફુરે એ પણ અસંભવિત છે; આ પ્રમાણે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પરસ્પરના ઉપકારક છે. તેથી અખો કહે છે:—

ભાઇ ભક્તિ જેવી પંખિણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે.

(અખેગીતા.)

ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક, ત્રણ નામ વિભાગ;
તેને અજાણ્યો કહે જુજવા, સમજુને તે એક જ હુવા;

અનુભવતા જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ.
જગતભાવ હૃદેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગ્ય જ થયો;
જ્યાં જુવે ત્યાં હરિ દૃષ્ટ પડે, ત્યારે ભક્તિ શરાઢે ચઢે,
દ્વૈત ભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું.

આ ત્રણે સાધનોના સમ્યક્ પાલનથી પરમાત્મસ્વરૂપનો યથાર્થ અનુભવ થાય છે:

જીવન્મુક્ત દશા.

અને તદનન્તર એ મુક્તાત્મા પરમાત્માના યશોગાન કરવારૂપ પ્રવૃત્તિને જ સેવે છે. સંસારથી તેનું ચિત્ત તદ્દન વિરક્ત રહે છે, અને દિવસ અને રાત તે પોતાનો સમય હરિભક્તિમાં જ વ્યતીત કરે છે. જેમ અભિસારિકાનું ચિત્ત તેના પ્રિયના રટણમાં જ મગ્ન થયું હોય છે અને તેને ગૃહનાં કાર્યો તરફ લક્ષ્ય રહેતું નથી, તેમ જેણે મુક્તિ પ્રાપ્ત કરી છે એવા ભક્તનું ચિત્ત પરમાત્માના ધ્યાનમાં જ એકતાન થયેલું હોય છે, તેને સંસાર ઝેર સમાન લાગે છે.

ગદગદ કંઠે ગાતે થકે રોમાંચિત હોય ગાત્ર,
હર્ષ આંસુ બહુ હેત હૃદય, પ્રેમ કેરૂં તે પાત્ર.
ખાતો પીતો બોલતો, દેખતો તે સઘળે રામ;
વેધ્યું મન રહે તેહનું, શિથિલ સંસારી કામ.
જેમ જારે લુબધી યુવતી, તેનું મન રહે પ્રીતમ પાસ;
અહર્નિશ રહે આલોચતી, ભાઇ એહવું મન હરિદાસ.

(અખેગીતા.)

આ સાધનત્રયીથી હુંપણું ગળી જાય છે, કામક્રોધાદિ વિકારોનું દહન થાય છે, સર્વ ઇન્દ્રિયો અને વૃત્તિઓ અન્તર્મુખ થાય છે, અંતઃકરણરૂપ આદર્શ નિર્મળ થાય છે, સર્વત્ર સમભાવ થાય છે, બુદ્ધિ પરમ શુદ્ધિ પ્રાપ્ત કરે છે તેથી સર્વ વસ્તુનું યથાર્થ પ્રતિબિંબિત સ્વરૂપ ગ્રહી શકાય છે. જીવ, ઇશ્વર તથા જગતના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રકટે છે, જગતવૃત્તિ નાશ પામે છે અને જીવ શિવ સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારના **તત્ત્વજ્ઞાનમાં વિઘ્ન નાંખનાર** માયા-જન્ય સંસાર અને તેની વિવિધ પ્રવૃત્તિઓનો મિથ્યા મોહ છે. એ મોહ વિવેકશૂન્ય બાહ્યાચાર, દાંભિક વર્તન, પાંડિત્યનો આડંબર અને અસદ્ ગુરુ એ ચાર દોષોથી દઢીભુત થાય છે. એ પ્રત્યેક દોષ મનુષ્યને અધર્મને પંથે વાળવાને સમર્થ છે તો જ્યાં એ ચારે દોષો એકત્રિત થયા હોય તેની અધમ દશાને માટે તો પૂછવું જ શું ?

ધર્મના આચારને સમજ્યા વિના વળગી રહેનાર મનુષ્યો તરફ અખાએ સખ્ત ચાબખા માર્યા છે. સ્પર્શાસ્પર્શને તે બહુ વખોડી કાઢે છે. "હાડ ચામડાં" ને ધોવામાં જ આચાર રહ્યો નથી. કેવળ શરીરની બાહ્ય શુદ્ધતા જાળવવાથી અંતરની શુદ્ધિ જળવાય છે એ માન્યતા ખોટી છે. "હાડ ચામડાં" ધોનાર મનુષ્યો પોતાનું અંતઃકરણ કેટલું મલિન અને દુર્ગંધયુક્ત છે તે આંતર દૃષ્ટિથી તપાસે તો તેને તરતજ માલૂમ પડશે કે તેની અને પરમેશ્વરની વચ્ચે ઘણું અંતર રહેલું છે. બ્રહ્મના યથાર્થ સ્વરૂપને નહિ ઓળખવાથી

મનુષ્ય આ સર્વ બાહ્યાચારોને જ પરમ સત્ય માનીને તેમા રચ્યોપચ્યો રહે છે. પરિણામ એ આવે છે કે તે જે હેતુને માટે આટલી મહેનત ઉઠાવે છે, તે હેતુ તો સિદ્ધ થતો નથી, અર્થાત્ બ્રહ્મથી તે વેગળો જ રહે છે. અખો એ વિશે કહે છે:—

> આભડછેડ અંત્યજની જાણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ઘણી.
> \+ + + +
> પોતાના પડખાં નવ જુએ, હાડ ચામડાં મૂરખ ધુએ;
> શુદ્ધ થાય કયમ જો ચામડું, મોઢું માહે એ વાકડું,
> હરિ જાણ્યા વિના ભૂલ્યા તમે, અખા પાર ન પામે કયમે.
> (આભડછેડ અંગ)

સાથે એમ પણ કહેવું જોઇએ કે અખો આચારને મિથ્યા માનતો નથી; તેનું કહેવું એટલું જ છે કે મનુષ્ય ભલે આચાર પાળે, ભલે તે શરીરને શુદ્ધ રાખે–શરીરની શુદ્ધિ પણ જરૂરની છે; પરંતુ સાથે સાથે તેણે અંતઃકરણ પણ શુદ્ધ કરવું જોઇએ; વિચારો અને કાર્યોને પવિત્ર બનાવવાં જોઇએ. જ્યા સુધી વિચારો અને કાર્યોમાં મલિનતા રહેશે ત્યાં સુધી શરીર ગમે તેટલું ચોખ્ખું હશે તોપણ તે નિષ્પ્રયોજન નીવડશે. આચારનું ખરૂં સ્વરૂપ કેવું હોવું જોઇએ તે વિશે અખો કહે છે:—

> ઇશ્વિર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
> મીઠાં મહુડાં માન્યાં દ્રાખ, અન્ન નોય અન્નમાંની રાખ.
> સોનામુખી સોનું નવ થાય, અખા આંધળાને પાથરતા વહાણું વાય.
> (આભડછેડ અંગ)

આંતરશુદ્ધિ વિનાનો બાહ્યાચાર માત્ર જેમ નિરર્થક છે, તેમજ તીર્થાટન, વ્રતાદિ પણ જો છલ, નિંદા વગેરેનો ત્યાગ ન કર્યો હોય તો મિથ્યા છે. સચ્ચિદાનંદ પરમાત્મા પ્રત્યેક મનુષ્યના હૃદયમા વિરાજી રહેલ છે, તો પછી તેને શરીરની બહાર શોધવાની જરૂર નથી. નકામું બહાર ભટકવાથી માણસ ઉલટો ઘરના સુખથી વિમુખ થાય છે. સ્નાન માત્રથી પાવન થવાય છે એ માન્યતા ખોટી છે. કારણ કેવળ બહારના સ્નાનાદિ ઉપચારોથી અંતરની શુદ્ધિ થતી નથી; એટલે એ સર્વ વેઠ થઇ પડે છે. ખરૂં કામ તો કામક્રોધાદિ ષડ્રિપુઓને જીતી અહંતાને વેગળી કરવી એ છે, અને એ તો ઘેર બેઠા પણ સાધી શકાય છે.

> જો મુક્તિ વાછે માનવી, તો એ કાશી એ જાન્હવી;
> પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ;
> અખા નહિ ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી.
> રામ રઝવડતાં કે'ને મળ્યો, ઘેલો તો ઘર સુખથી ટળ્યો;
> હું મારૂં ખોયા શું કામ, મળે અખા ઘર બેઠા રામ.
> છળ નિંદા જો નવ વિસરે, ખડીયો કાંધે શું નિસરે.
> મન જાણે હું પાવન થયો, પણ ખરે દોષ પેલો નવ ગયો.
> અખા પડી એ સઘળી વેઠ, જ્યાં નહિ લાધી હરિની પેઠ
> (તીર્થ અંગ)

વળી બ્રહ્મપ્રાપ્તિમાં દેહદમન તપવ્રતાદિ પણ આવશ્યક નથી. અલબત્ત તપવ્રતાદિ આંતરશુદ્ધિને ઉપકારક છે, તથાપિ તે એકલાથી જ ઇષ્ટસિદ્ધિ શક્ય નથી. એ વિશે અખો કહે છે:—

દેહદમન મુંડાનું કર્મ, મૂર્ખ જાણે માંડયો ધર્મ;
પીડે પિંડને તે પેટને કાજ, કાયા કશી જાયે મહારાજ;
વિષે વધ્યુંધ્યો વ્યસની થયો, અખા આત્મપરિચય ગયો.
ખરી વગુતા પંડિત જાણ, કર્મતણું બાંધ્યું બંધાણ;
ભણી ગણી થઇ બેઠા પૂજ, પણ અળગું રહ્યું આત્માનું ગુજ;
ભેદ ન લહ્યો વાંચ્યાં પ્રાકડા, કાળે અખા ફેરવ્યાં માંકડા.

(જીવ ઇશ્વર અંગ)

તપ તીરથ દેહ દમવા કાજ, જાણી ઉન્મત્ત આવે ગાજ.

(દંભભક્તિ અંગ)

તપ તીરથ દાન વ્રત નેમ, ઘર બેઠા તે પામે એમ;
સદ્વિચાર થઇ જેણે ગ્રહ્યું, તેને શાખા પત્ર બારૂં નવ રહ્યું;
સદ્વિચાર વિણ જે ઘણું; તે ધૂળ ઉપર અખા લીંપણું
રહેણી વિના કહેણી જે કથે, મહિ વિના પાણી જે મથે.
લક્ષ વિના કહેણી જોઇ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાન લખે.

(આત્મા અંગ)

પરબ્રહ્મ પ્રત્યેક જીવમા રહેલ છે ને હુંપણું ગાળી નાંખતા તે પ્રત્યક્ષ થઇ શકે એમ છે, છતા પણ મનુષ્ય તો તેને પોતાની બહાર જ શોધ્યા કરે છે.

હરિ કંઠે પોતાને અમુલ, તે પડયો જાણી બહાર ખોળે ધૂળ;
કર્મ કાચની કણિકા જડી, વ્યસને લાગ્યો કાઢે હડી

નિર્દાંભિક રહેવાને માટે પણ અખો એટલો જ આગ્રહ કરે છે. જેવી રીતે વિચારરહિત આચાર નિરુપયોગી છે તેવી રીતે દંભ તથા અભિમાનયુક્ત તત્ત્વવિચાર પણ નિષ્પ્રયોજન છે. અભિમાન જ્ઞાનનું વિરોધી છે, માટે મોક્ષપ્રાપ્તિમા તેના ત્યાગની જરૂર છે. અભિમાનને લીધે મનુષ્ય પોતે વિશુદ્ધ-સિદ્ધ-મહાત્મા છે એમ જગતને ઠસાવવા અનેક દંભપ્રપંચ યુક્ત પ્રયત્નો આદરે છે; અને અસત્ ક્રિયાઓ કરે છે.

કોઈ આળસ કોઇ ક્રોધે થયો, વાટે વેશ પહેરીને ગયો;
નહિ મહેનત વેડે નહિ સાય, વંદે વિશ્વ એ ફળ મહીમાય,
હરિને અર્થે અખા એક વિચાર, પછે સામુ પડે તેમ રહે સંસાર.
ડહાપણ ભોળપણ છાંડી રહે, આડ કરે હરિ મારગ એ;
ભોળાને અસૂઝની આડ, વિચક્ષણ પડયો ચતુરાઇની ખાડ
અખા તરવું તેને માથે ભાર, હીરા છાર એ નાખે પાર.

(વિભ્રમ અંગ)

આવા ડહાપણના દરીયામા ડુબેલા પંડિતોના હૃદયમા જ્ઞાનરવિનો પ્રકાશ હોતો નથી; એવા જનોનો ઉપહાસ કરતાં અખો કહે છે:—

જ્યાં જોઇએ ત્યાં ફૂડેફૂડ, સામે સામાં બેઠાં ઘૂડ;
કોઇ વાત આવી સૂરજની કરે, તે આગળ જઇ ચાંચ ધરે;
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા કયાથી થયા;
અખા મોટાનો તો એવી જાણ, મુકી હીરો ઉપાડયો પાણ.

આંતર વિકારોના નાશ વિના તીર્થાટન, દેહદમન, આદિ નિષ્પ્રયોજન નીવડે છે.

વળી તત્ત્વશોધકને સત્ય વસ્તુનું જ્ઞાન મેળવવા સાથે કામ છે, તેને પાંડિત્યની જરૂર નથી. સત્ય જ્ઞાન સમજ્યા પછી જેને સાચી પ્રીત હશે, જેણે **आत्मवत्सर्वभूतेषु यः पश्यति सः पश्यति** ગીતાના મહાવાકયનો અનુભવ કર્યો હશે તે જ મોક્ષપ્રાપ્તિને માટે અધિકારી રહેશે.

પંડિતને પંડિતાઇનું જોર, પણ અંતઃકરણ અંધારૂ ઘોર,
અખા તેથી પ્રાકૃત ભલા, જો આવે સમજ્યાની કળા.
શબરી શું સંસ્કૃત ભણી હતી બાઇ, કયા વેદ વાંચ્યા કર્માબાઇ;
વ્યાધ તે શું ભણ્યો હતો વેદ, ગણિકા શું ભણી હતી ભેદ;
વળી શ્વપચની સમજ્યો રીત, અખા હરિ તેના જેની સાચી પ્રીત.

આ સત્ય જ્ઞાન **સદ્ગુરુની** કૃપા વિના થવાનો સંભવ નથી. જગતમા ઘણાય દંભી, પાખંડી ગુરુઓ મળશે, જેઓ ભોળા હૃદયના સ્ત્રીપુરુષોને ભરમાવીને પોતાનો સ્વાર્થ સાધવામાં જ તત્પર હોય છે. પોતાના અંતરનો મેલ ધોવાયો ન હોય એવો ગુરુશિષ્યને મુક્તિ ક્યાંથી અપાવવાનો હતો. દંભી ગુરુ સાપના જેવો છે. એવા ગુરુ પાસે જનારા શિષ્યો ખરૂં જ્ઞાન મેળવ્યા વિના માત્ર દંભ, પાખંડ અને પંડિતાઇનો મિથ્યા આડંબર શીખીને જ આવે છે. એવા ગુરુઓ શિષ્યોને સંસારની પાર લઇ જઇ શકતા નથી.

પોતે હરિ જાણે નહિ લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ઘેર ચાલ્યો સાપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવ પાર,
(ગુરૂ અંગ)

સદ્ગુરુનું વર્તન એથી ઉલટું જ હોય છે; તે આચારમાં તેમજ વિચારમાં શુદ્ધ, પવિત્ર હોય છે. તે હમેશા શિષ્યનું કલ્યાણ કેવી રીતે થાય, તે જોઇ તથા વિચારીને જ તેને યોગ્ય ઉપદેશ આપે છે. સદ્ગુરુ માયાથી પર છે, સંસારનો મોહ તેને જરાય અસર કરી શકતો નથી, તેનું મન હમેશા હરિના ધ્યાનમાં જ હોય છે. સાચા ગુરુનાં લક્ષણ અખો કહે છેઃ—

સાચો ગુરૂ કેને નવ ભજે, જુગથી કાઇ નવ નીપજે;
\+ + +
સાચો ગુરુ જાણી જે જક્ત, કનક કામિની નોહે આસક્ત.
\+ + +
તે આદર કેનો નવ કરે. સેજ ઐશ્વર્ય અખા તે ધરે.
(વેષવિચાર અંગ)

એ પ્રમાણે અખાના જીવનનું અને તેની કવિતાનું રહસ્ય, વાચક ! તેં જાણ્યુ. તને તેની કંઇ પણ અસર થશે અને તારૂં મન સદ્વર્તન પ્રતિ પ્રેરાશે, તો મારો શ્રમ સફળ થયો ગણીશ.

૧૩ રસસમાધિના શ્લોકો*

૧

(લેખિકાઃ—**સૌ. જયમન્ વ્યોમેશ પાઠકજી, સુરત.**)

આકાશે ઝરતી સુધા શરદની દૈવી મીઠી ચાંદની,
કોકિલા ટહુકાર કંઠમૃદુથી હૈયે ત્વરા પ્રેરતી;
આવ્યો કાંત સુણી હતં. શરદથી શોભા વધુ અંતરે,
હૈયું સ્નેહસુધા વધુ વરસતું, ઝાંખો કરે ચંદ્રને.

૨

(કર્તા—**રા. ગજેન્દ્રરાય ગુલાબરાય બુચ, બી. એ. જુનાગઢ.**)

આવ્યો **એ** રસરાજ **કે** અજબ કૈં આકર્ષણે ઉભરી,
કાન્તા **કૌમુદી**માં ચ કાન્તમિલને **એ** વ્હાવરી નીસરી;
દોડે, જેમ ચકોરી ચંદ્ર છુપતા વ્યોમે ભમે આતુરી—
" એની ભાન વિનાની ચાલ નિરખી ચંદ્રે ચુકયો ચાતુરી. "

---

* તા. ૧૯-૪-૨૪, શનીવારની પરિષદ્‌ની બેઠકમાં, એક મુંબાઇના રસિક સદ્‌ગૃહસ્થે **ઉત્તમોત્તમ શીઘ્ર પાદપૂર્તિ કાવ્ય** રચી આપનારને **રૂ. ૨૫) નું ઇનામ** આપવાની ઇચ્છા દર્શાવી હતી. વડોદરામાં પાદપૂર્તિનો રસિક પ્રસંગ હજી કેટલાકના મનમાં સતેજ હતો; તે પ્રસંગે રા. કેશવલાલ ધ્રુવે-' અંગુલી અધરે અરાડી ચતુરા જો આ મૃગાક્ષી ઉભી "-એ મનોહર પંક્તિ એટલી રસજ્ઞતા અને અત્યંત સુંદર અભિનયયુક્ત ઉચ્ચારી હતી કે વિસરી શકાય નહિં. આથી આ પ્રસંગે ભાવનગરમા પણ તે જ સાક્ષરરત્નને નાનકડી રસમીમાસા રચી પાદપૂર્તિની પંક્તિ પરિષદ્ સમક્ષ રજુ કરવા વિનતિ કરવામા આવી. પોતાનું ચિત્ત કઇક વ્યગ્ર હતુ છતાં તેમણે શરદઋતુનું વર્ણન કવિને યોગ્ય સરસ શબ્દોમાં કર્યું હતું ને લેખકને **રસ સમાધિમાં** અડધો કલાક મગ્ન થવા સૂચન કર્યું હતું. **શરદ્‌ઋતુમાં સયોગ શૃંગારનો શ્લોક** રચવાનો હતો.

" એની ભાન વિનાની ચાલ નિરખી-ચન્દ્રે ચૂકયો ચાતુરી
-ચન્દ્રે મૂકી ચાતુરી
-મોરે મૂકી ચાતુરી. "

—એ પદની **પાદપૂર્તિ** રચવાની પણ ઈચ્છા હોય તેને છૂટ હતી.

આ ઉપરથી જૂદાં જૂદાં ૩૬ કાવ્યો રચાઇ આવ્યા હતા. રા. કેશવલાલભાઇ, પ્રમુખ મહાશય તથા રા. રણછોડભાઇની સમિતિએ પરીક્ષા કરી છેવટે **પ્રથમ બે શ્લોકો—સૌ. બ્હેન જયમનનો તથા રા. ગજેન્દ્રરાય બુચનો—ઉત્તમ ઠરાવી** તે બન્ને એક સરખા ગણવાનો અભિપ્રાય આપ્યો. આથી આ પ્રત્યેક વ્યક્તિને ૧૨-૮-૦ મુજબ ઇનામ આપવાનું જાહેર થયું હતું...આ બન્ને શ્લોકો સિવાય બીજા **નવ શ્લોકો** વિવિધ દૃષ્ટિથી સુંદર ને ભાવયુક્ત જણાયા હોવાથી વાચકના રસ-વિલાસ માટે અમે છાપ્યા છે તે લોકપ્રિય થશે એવી આશા છે.

(૩)

કર્તાઃ—રા. મંજુલાલ મજમુંદાર, વડોદરા.

ઘેલા મોર ચકોર કંઇક ઉડતા, આછી ખીલી ચાંદની
જાતી કોડ ભરી, પિયેર મૂકતા, હૈયે થતી આતુરીઃ
"આવ્યા નાથ ખરે!" અધીર નયને પ્રીતી સુધા માધુરી
ચાલી ભાત વિનાની એવી નિરખી ચંદ્રે ચૂકયો ચાતુરી.

(૪)

કર્તાઃ—રા. જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે.

કાળાં નીર સમા પડેલ વાદળ વિષે, મન્દાકિનીને ઉરે
મોંઘા, ઉજ્જવળ, રમ્ય કો કુમુદશો, ઉગ્યો રસેન્દુ નભે,
આઘે કો શમણે ઢળ્યો મયૂર, ને ઉડે ચકોરો નભે,
ત્યાં શાન્તિ મહિં ભાત પાડતી જતી મુગ્ધા પતિના ગૃહે.

(૫)

કર્તાઃ—રા. નંદલાલ મગનલાલ મહેતા, બી એ;

આછાં વાદળમાં સુધાંશુ વિલસે, કેકા મયૂરો કરે,
વૃક્ષો પીયૂષસીંચને લસી રહી આનંદ રાસે રમે;
એવે એક વિચાર મગ્ન લલના ચાલી જતી એકલી,
દેખે કાંઇ ન, દષ્ટિ એક હૃદયે સંધાઇ છે કાંતથી.

(૬)

કર્તાઃ—રા. મુનિકુમાર મણિશંકર ભટ્ટ.

આકાશે શરદભ્રછાય નિરખી ને દર્શનેચ્છા થતાં;
સૂરો ચાતક મોરના વળિ સુણી અંગો પીડા પામતાં
ચાલે વેગવતી, પિયુ નિરખવા, જે દીર્ઘ વાટે ઝુરી
તેની ચાલ નિહાળીને તુરત ત્યાં ચંદ્રે મુકી ચાતુરી.

(૭)

કર્તાઃ—રા. પાદરાકર.

શીળી રમ્ય સુચાંદની ચમકતી આછી નિશા ઓપતી,
મીઠા મોર ટ્હુકથી મલપતી, શાણી પ્રકૃતિ સતિ;
આવ્યા નાથ વિદેશથી મિલનની આશા ઉરે ધારતી,
વ્યાકુળ ચિત્ત વિયોગિની ઝડપથી સ્વામિ ગૃહે આ જતી.

(૮)

કર્તાઃ—રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય, બી. એ.

ઋતુફેર, પ્રકાશધાર શશિની, ટ્હૌકો મયૂરે કર્યો,
સર્વે જાદુ નિસર્ગના અફળ છે-પ્રાણેશ હૈયે દર્યા.
સૃષ્ટિનાં જડ દર્શનો મનુજને નિત્યે ન આકર્ષતા,
આત્માનું પૂર એક સદ્ય વહતું સંવેદનો હર્ષ જ્યાં.

(૯)

કર્તાઃ—રા. મણિશંકર વ્યાસ (પ્રવાસી)

"આવ્યા નાથ!" કહી રસિકહૃદયા રામા જુઓ ધાય છે,
દેખી ચન્દ્ર ચકોરી આજ વિયતે, ઉડી ઉડી ગાય છે;
આખો મત્ત મયૂરની ઘડી ઘડી, ઘેરાય છે ઘેનથી;
ત્હેની ભાન વિનાની ચાલ, નિરખી ભોળો ભૂલ્યો ચાતુરી.

(૧૦)

કર્તાઃ—રા. છોટાલાલ ભાઈલાલ વ્યાસ વસો.

ચાલી જ્યાં વિરહીણી એ પિયરથી, ઉતાવળી મ્હાવરી,
મીઠી લ્હેર અનીલની વહી રહી, અભ્રે ચઢી વાદળી.
ટુહુ મોર કરી રહ્યો તહિં અને ખીલી હતી ચાદની;
એની ભાન વિનાની ચાલ નિરખી, ચંદ્રે મુકી ચાતુરી.

(૧૧)

કર્તાઃ—રા. લલિત.

ઉગ્યો એ વિજયેન્દુ જ્યાં ગગનમા લીલા ભર્યો લાડિલો—
લંકામા ટૂહુકયો અશોક વનનો, સીતાજીનો મોરલો;
સૂણી એ સતીનો પતિ, શરણમા ટાપી રહ્યો ઝૂકવા—
ને જ્યા રામ ઉરે ઝૂલ્યા સતી જ ત્યાં લાવણ્યની ધન્યતા!

૧૪ ભર્તૃહરિના વૈરાગ્યશતકના કેટલાક શ્લોકોનું ભાષાન્તર.

ભાષાન્તર કરનારઃ—મે. કાવસજી જમસેદજી સંજાણા
ભાવનગર-સામલદાસ કોલેજના માજીપ્રિન્સીપાલ સાહેબ.

દિક કાલોપાધિથી મુક્ત, આત્મજ્ઞાન પ્રમાણુ જે,
ચિત્સ્વરૂપ, અનાદ્યન્ત—તે નમું શાન્ત તેજને. ૧

તારૂં ચિન્તન હું કરૂં સતત ને તું મદ્વિરકતા બને,
ઇચ્છે પૂરુષ અન્ય; તે રમણુ તો આસક્ત છે જેહને
તે બીજી; વળી ઈશ્કથી મુજ ઝુરે ત્રીજી સ્વકીયે મને;–
ધિક તેને, તુજને, મને મદનને, એને જ સંસારને. ૨*

આ બાળા મુજને પ્રહાર કરતી ઇન્દીવર જ્યોતિની
આખ્યોના સતતે કટાક્ષથી હૃદે ધારે છે, શું કામિની?
મ્હારો મોહ ગયો મટી, મદનના શલ્યો તણા ઘાવના
દાહો શાન્ત થયા,—તથાપિ વિરમે કાંઇ વરાકીજના. ૩

ગાઠો માસ ભરી સ્તનો—કળશ તે સૌવર્ણ કહેવાય છે;
શ્લેષ્માનું ઘર મ્હોં—સુધાકર વળી ચન્દ્રેજ તોલાય છે;
મૂત્રસ્રાવથી મેલી જાંઘ—કરિની સૂંઢો ગણે તેહને;
ભૂંડું કેવળ-રૂપકોથી કવિના સ્ત્રી રૂપ મ્હોટું બને, ૪×

બુઢ્ઢો, દુર્બળ પુચ્છકર્ણવિણુ ને કાણો, લૂલો લંગડો,
દુર્ગંધી પરુથી, વ્રણાંકિત, ધરે દેહે કૃમના પરો.
પીડાએ ભુખથી, ગળે લઇ ફરે કાઠો ત્રુટા ઠામનો,—
તે એ શ્વાન શુની પુઠે જ ! મૃત—ને મારો પડે કામનો. ૫×

કારે ચિત્ત ! ભમે વૃથા દશ દિશે ? કાંઇક વિશ્રામ લે;
જે થાવાનું અવશ્ય તે ત્યમ થશે, ના અન્યથા થાય તે;
કાંઇ ના કરી ભૂતના સ્મરણુ ને સંકલ્પ તો ભાવિના,
આવે જાય ન લક્ષ દે—અનુભવી ભોગો જ લે અહિંના. ૬

ગંગાના સુપવિત્ર નીરકણુથી છે શીત જેના સ્થળો,
જેનાં ચારુ શિલાતળો પર વસે તેજસ્વી વિદ્યાધરો.
તેવા શું હિમવાન અદ્રિવરના નષ્ટ પ્રદેશો થયા ?—
કે લોકો પર સાવમાનદીધ કે પિણ્ડે રતિ લૈ ગયા. ૭

* આ શ્લોક રાજા ભર્તૃહરિએ પોતા પ્રત્યેના રાણી પિંગળાના વર્તનને અનુલક્ષીને રચ્યો છે. ભાષાંતરમાં 'તું' શબ્દથી સંબોધ્ય પિંગળા છે.

× આ શ્લોકો કાંઇક અશ્લિલાર્થ સૂચક છે. માત્ર નમુના દાખલ મુકવામાં આવ્યા છે.

કીધી ક્ષાંતિ નહીં ક્ષમા; ગૃહ સુખો છોડયાં, નહીં ત્યાગથી;
વેઠયાં દુ:સહ તાપને હિમ, તપો માડયાં ન વેરાગથી;
દીધું ધ્યાન ધને અહર્નિશ, નહીં શંભુપદે નિર્મળ;
કીધાં સર્વજ કર્મ જે મુનિ કરે—તે તે ગયાં નિષ્ફળ. ૮

હાહાકારથીં કયાંહ થાય રુદનો, હાસ્યો મધુરાં કહીં;
મૂર્ખોના અહિંયા મહાન્ધ કલહો, વિદ્વાનવાદો અહીં;
દીસે બુઢ્ઢી કુરૂપ જર્જર કવચિત્ રામા કવચિત્ ભામિની;—
ના જાણું દુનિયા બની અમૃતની વા કૈ બની વિખની ૯

સૂરજના ઉદયાસ્તથી દિન દિને સંક્ષીણ આયુષ્ બને;
કાર્યોના ગુરુભાર સંતત થકી ના કાળે જાતો કળે;
જોઇ જન્મ-વિપત્તિ-મૃત્યુ વળીનાં થાએ વ્યથા લેશ;—હા !
પીને મોહમયી પ્રમાદ મદિરા ઘેલી બની દુનિયા. ૧૦

ધ્યાને નાજ ધર્યા મહેશ પદ જે સંસારના તારણ;
સંપાદ્યો નહિં ધર્મ જેથીં ઉઘડે સ્વર્દ્વાર તો તત્ક્ષણ;
નારીનાં કુચ પીન ઊરુ ઘન તો પીડયા ન આલિંગને.
માતૃયૌવનવૃક્ષ છેદ કરતા કુઠાર તે આપણે. ૧૧*

આશા સત્ય નદી, મનોરથ જળો તેનાં, તરંગો તૃષા,
કામ ક્રોધ ભયાદિ ત્યાંહ મગરો, પક્ષી વિતર્કો વૃથા;
તેના મોહ સુદુસ્તર ભ્રમ થકી ઉત્તુંગ ચિન્તાતટે
જે પારંગત શુદ્ધ માનસ જનો—પામ્યા ચિદાનન્દ તે. ૧૨

સેવીને ખળ લોકને કયમ કરી સાંખ્યા કુવેણો કટુ;
મ્હોટાને રિઝવી, હસી રૂદન મને, આંસુય રોકયાં બહુ;
હૈયું તો વળી રાખીને દૃઢ ધરી હા ! અંજળી દુષ્ટને;–
રે આશા ! તુજ યત્ન વ્યર્થજ બધા તોએ નચાવે મ્હને. ૧૩

ખોદી કૈં નિધિ કાજ પૃથ્વી, ગિરિની ફૂંકીજ કૈં ધાતુઓ;
સંતોષ્યા બહુ યત્નથી નૃપતિઓ, મ્હોટા તર્યા સિન્ધુઓ;
મન્ત્રોથી ધન સાધવા વળી નિશા કહાડી સ્મશાને ઘણી;-
ફૂટી કોડી ન મેળવી અહહ ! રે તૃષ્ણા હવે છોડની. ૧૪

ભૂમિ રમ્યજ નીલકાન્તિ વનની, શીતાંશુ શોભા ભલી;
સાધુની બહુ રમ્ય સંગતિ, કથા શૃંગાર કાવ્યો તણી;
કાન્તાવક્ત્ર સુરમ્ય તે તરળ છે જે વ્યાજકોપાશ્રુથી;
સર્વે રમ્ય–અનિત્યતા ભય વસે ત્યા રમ્ય કાંઇ નથી. ૧૫

---

* આ શ્લોક કાંઇક અશ્લિલાર્થ સૂચક છે માત્ર નમુના દાખલ મુકવામાં આવ્યો છે.

પ્રાણો ભંગુર ગ્રસ્ત છે જમ થકી, વૃદ્ધત્વથી યૌવન;
સન્તુષ્ટિ ધનલુબ્ધતા ગ્રહીંજ લે, શાન્તિ રમાલોચન;
ઘેરાયા સુજનોય મત્સર થકી, સદ્‌ભૂપ દુર્મન્ત્રથી,
અસ્થૈર્યે ગ્રહીં સંપદા;–જગતમા શું ગ્રસ્ત શાથી નથી. ૧૬

ભોગીને ભય રોગ, ભ્રંશ કુળને; ભીતિ નૃપોથી ધને;
માનીને ભય દૈન્ય, શત્રુ બળને; ભય વૃદ્ધતા રૂપને;
શાસ્ત્રો વાદથીં ભીત, દુષ્ટથીં ગુણો, મૃત્યુ થકી કાય છે;
સંસારે નરનું ભયાન્વિત બધું;–નિર્ભેજ વૈરાગ્ય છે. ૧૭

ભાઇ કષ્ટ અહો ! મહા નૃપતિ તે, તેના ભલા સામતો.
મન્ત્રીમંડળ તેનું તે ચતુર ને ચંદ્રાનના તે સ્ત્રીઓ,
માનોન્મત્તજ રાજપુત્રગણ તે, બન્દીજનો તે કથા,–
એ જેથી સ્મૃતિમાત્ર રહીં થઇ રહ્યું તે કાળ વન્દો મહા. ૧૮

જ્યા કોઇ ઘરમાં અનેક વસતાં ત્યા એક બાકી દીસે;
જ્યાંતો એક અનેક થાય પછીં, ત્યા અન્તે ન એકે રહે;—
આ પેરે દિન રાત્રિ ખડખડ કરી પાસા જ બે ફેંકતા
કાળી કાળ રમે, કળાથીં બહુને છે પ્રાણીઓ સોકટાં. ૧૯*

તૃષ્ણા ભોગ તણી શમી, ઘટી ગયું સન્માન આ લોકમાં;
મિત્રો પ્રાણ સમાન જે સમવયો બેઠા જ સ્વર્લોકમા;
યષ્ટિથી હળવે ઉઠાય, નયનો ગાઢાન્ધકારે તરે;—
હા ! નિર્લજ્જ શરીર તોય મરણત્રાસે વૃથા થરથરે. ૨૦

પ્હેલાં બાળકવેષ લૈ પછીં ઘડી કામી યુવા તે બને;
દેખાએ ક્ષણમાજ નિર્ધન, ક્ષણે સમ્પૂર્ણ કૈં વૈભવે;
બુઢ્ઢો ક્ષીણ બને ઘડી,–નટપઠે આ માનવી તો ભમેઃ
પેસીને યમરાજધાનીંપટમા અન્તે પછી નિષ્ક્રમે. ૨૧

આશા જીર્ણ થઇ ઉરે ઉર તણી, આવી ઉભી વૃદ્ધતા;
અંગે જે કંઇ સદ્‌ગુણો વિફળતા પામ્યા ગુણજ્ઞો વિના;
આવે નિષ્ઠુર ક્રુદ્ધ આ યમ તણા દૂતો મહા વેગથી;–
ગૌરીનાથપદામ્બુજો વિણ રહી મ્હારી ન અન્યા ગતિ. ૨૨

" આ તે વખ્ત કયો ? રહસ્ય હમણાં, ઊંઘી ગયા નાથ; જો
જાગી જોઇ જશે બહુજ ભડકશે "–વાણી વદે જ્યા જનો
એવી તે ઘર છાડીં ચાલ મનડાં વિશ્વેશને મન્દિરે.—
ત્યા શબ્દો કટુ દ્વારપાળ ન કહે, ત્યાં હર્ષ નિઃસીમ છે ૨૩

* આ શ્લોક ચોપાટની બે પાસાની રમતને ઉદ્દેશીને લખાએલો છે.

કાશી તીર્થ પવિત્રમાં સુરનદી તીરે નિવાસી બની,
લંગોટી ભલી મારીને નિજ શીરે કૈં અંજળી તો ધરી,
" ગૌરીનાથ, પુરારિ, શમ્ભુ, શિવ હો ' કરજો દયા મુજને "
હોંકારી બહુ હર્ષથી નિમિષમાં ગાળીશ આયુષ્યને. ૨૪

ટંકારોથી ધનુષ્યના તું કરને કાં કામ ' પીડા કરે ?
કારે કોકિલ ! કોમળા કલરવો ગાએ વૃથા સુસ્વરે ?
કૈંકે કામિની ! લ્યાં વિદગ્ધ, મધુરા, સ્નેહાર્દ્ર નયનો જ શું ?–
ચિત્તે ચુમ્યાં મહેશનાં ચરણુ હું ધ્યાનાર્ણવે મગ્ન છું. ૨૫

હે માઇ પૃથવી, પિતા પવન હે, બાઇ પ્રભા તું ભલી,
ભાઇ અમ્બર, મિત્ર વારિ ! તમને છેલ્લી પ્રણામાંજલી;
પુણ્યે પ્રાપ્ત અતીવ સંગ તમથી–જેના પ્રભાવે બની
જ્ઞાની નિર્મળ, તોડી મોહ મહિમા, જાઉં **परे ब्रह्मणि**. ૨૬

આ શ્લોકો લખી કાઢવામા અને થોડીક સૂચના કરવામાં શાસ્ત્રીજી ગિરિજાશંકર ગૌરીશંકરે મને સહાયતા આપી છે તેની નોંધ અત્રે લઉં છું.

૧૫ રસિકતા

(લેખકઃ-મનહરરામ હરિહરરામ મહેતા.)

દરેક દેશના ઉત્કર્ષનો આધાર તેના સાહિત્ય પર છે. સાહિત્યના પ્રકારનો આધાર દેશજનની રસિકતા પર છે. એટલા વાસ્તે રસિકતા શુ છે, તે કેવી રીતે અને કેટલે સુધી કેળવાય અને તેનાં અંતિમ ધ્યેય-આદર્શ શો હોવો જોઇએ તે સંબંધી અત્રે આપણે વિચાર કરીશું.

કલાની કૃતિમાં રસ હોય તેનો આસ્વાદ લઇ આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ તે રસિકતા અથવા તો કલાની કૃતિ એટલે કવિતા, ચિત્ર, મૂર્તિ, ગાયન કે સ્થાપત્યકામ સરસ છે કે નીરસ છે-સારૂં છે કે નરસું છે તે પીછાનવાની શક્તિ તે રસિકતા.

આ ગુણ સર્વમાં હોતો નથી. સ્વાદના સંબંધમાં આપણે જાઇએ છીએ કે કેટલાએક લોકો સ્વાદશૂન્ય હોય છે તે પ્રમાણે રસિકતાના સંબંધમા પણ સમજવું. ઘણાઓના હૃદય એવાં હોય છે કે તે ઉત્તમ કવિતાથી પણ દ્રવતાં નથી. ઘણાઓની કર્ણેંદ્રિય એવી હોય છે કે સંગીતના સ્વરભેદ તેઓ પીછાની શકતા નથી; તેમ ઘણાઓની દૃષ્ટિ એવી હોય છે કે તેઓ રંગની છાયાઓ તો રહી પણ મૂલ રંગના ભેદ પણ જોઇ શકતા નથી.

આમ છતાં પણ આ ગુણ જેઓમાં હોય છે તેઓમાં તો તે પ્રકૃતિજન્યજ હોય છે. બાલકો હાલરડાંથી રીઝે છે છોકરાંઓ રમકડા, ચિત્રો, સૃષ્ટિનાં સુંદર દેખાવો વગેરે જોઇ આનંદ પામે છે, વાર્તાઓમાં રસ લે છે અને તાલ સંગીત સાંભળી નાચવા મંડી જાય છે.

આ ગુણની તીવ્રતા પણ સર્વમાં સમાન હોતી નથી. કાલિદાસની કૃતિનો આસ્વાદ જેટલો મલ્લીનાથ કે રવીંદ્રનાથ લઇ શકે તેટલો કદાચ તમે ન લઇ શકો અને તમે લઈ શકો તેટલો હું ન લઇ શકું. તાનસેન ગાતો હોય તો પ્યારા સાહેબ જેટલી એની પીછાન કરી શકે તેટલી બીજો ન કરી શકે અને બીજો કરી શકે એટલી ત્રીજો ન કરી શકે: કોઇ માત્ર સાદાં ગાયનોથી તૃપ્ત થતો હોય તેને સર્વ નીરસ લાગે.

વળી આસ્વાદની તીવ્રતા ઉચા પ્રકારની હોય છતાં તે એકદેશીય કે અપૂર્ણ હોઇ શકે. આ વાત નીચેના ઉદાહરણથી સ્પષ્ટ થશે. બાદશાહ પાસે એક અત્તારી નવું અત્તર લઇને આવ્યો. બે પરીક્ષકોએ પરીક્ષા કરી. એકે કહ્યું કે ગુલાબ, હેના, મોગરો અને જુઈ એમ ચાર અત્તર એકઠાં કરી આ નવું અત્તર બનાવવામાં આવ્યું છે. બીજાએ કહ્યું કે ચાર અત્તર તો ખરાં પણ જુઇ નહીં પણ જાઇ છે. અત્તારીને પુછતાં તેણે જણાવ્યું કે ચાર નહીં પણ ગુલાબ, હેના, મોગરો જુઇ અને જાઇ એમ પાંચ અત્તરનું મિશ્રણ છે. આ ઉપરથી સહજ સમજાશે કે બન્નેની ઘ્રાણેંદ્રિય ઘણી તીવ્ર પણ એકદેશીય-અપૂર્ણ. જેનામાં તે સંપૂર્ણ હોય તે પાંચે પાંચ પારખી શકે. આ જ પ્રમાણે રસિકતાના સંબંધમા સમજવું.

આ પ્રમાણે સામાન્ય ભેદ ગણ્યા, પણ તે ઉપરાંત દેશ, કાળ, સરકાર, અવસ્થા વગેરે કારણોને લીધે વિશેષ ભેદ ઉત્પન્ન થાય છે. અંગ્રેજી અને દેશી સંગીત વચ્ચેનો ભેદ આ પ્રકારનો છે. અંગ્રેજી સંગીત આપણને ન રુચે કે આપણું સંગીત અંગ્રેજોને ન રુચે માટે બન્ને નીરસ એવું કૈં નહીં. આપણે પોપટીઆ નાકની પ્રશંસા કરીએ છીએ: રોમન લોકો પણ તેમજ કરતા હતા. પણ ચીનાઓ અને હબશીઓની રસિકતા કૈં અન્યજ પ્રકારની છે. ગ્રીક લોકોએ મનુષ્યની મૂર્તિ ઘડવાની કલાને સંપૂર્ણતાના શિખરે ચઢાવી આનંદ માન્યો ત્યારે મુસલમાન લોકોએ તેનું ખંડન કરીને તૃપ્તિ મેળવી. આપણામા એક વખતનાં લોકપ્રશસ્ત આંખનાં અંજન અને સેંથાના સિંદુર ગયાં અને નાકપર ચશ્મા અને બાલનાં જુલ્ફાં આવ્યાં. યુવકોને શૃંગાર ગમે છે અને ડાહાપણ અને જ્ઞાનની વાતોમાં ટાહેલું લાગે છે, જ્યારે પીઢ માણસોની રુચી તેથી ઉલટી હોય છે. વળી કોઇને કવિતા ગમે છે, કોઇને નાટક ગમે છે અને કોઇને નવલકથાપર જ વિશેષ ભાવ હોય છે. કોઇ વળી સાહિત્યના શોખીન નથી હોતા પણ માત્ર સંગીતના જ ભોગી હોય છે. અને કોઇ વળી માત્ર ચિત્રમાં જ રસ લે છે. કોઇને સાદું પ્રિય હોય છે ને કોઇને અલંકૃત પ્રિય હોય છે. કોઇને એક રંગ તરફ પક્ષપાત હોય છે અને કોઇને બીજા રંગ તરફ પક્ષપાત હોય છે. આ પ્રમાણે દેશ, કાળ આદિ કારણો મેળવીને રુચિ વૈવિધ્ય ઉત્પન્ન થાય છે.

ઉત્તમ રસિકને માટે તીવ્ર અને સંપૂર્ણ એટલે ઉચ્ચ આસ્વાદની જેટલી આવશ્યક્તા છે તેટલી જ આવશ્યકતા અશક્તિને અંકુશમા રાખી તેને વાસ્તવિક ઉપયોગમાં લેવાને માટે ઉચ્ચ બુદ્ધિની છે. રસિક જ્યારે પરીક્ષા કરવા બેસે ત્યારે પ્રથમ તો એણે પોતાનું હૃદય શુદ્ધ-પક્ષપાત રહિત રાખવું જોઇએ, કે જેથી કરીને કોઇ પણ કૃતિને વિના કારણે અન્યાય ન થાય, કોઇ પણ અંકુર ઉગતું જ દગ્ધ ન થાય, કોઇ પણ રત્ન બાહ્યાવરણને લઇને ગુપ્ત હોવાના કારણે બહિષ્કૃત ન થાય. અમુક લેખકનું માટે નિર્માલ્ય, ઉધરતા લેખકનું એટલે કચરા જેવું, નવિન ચિત્રકારનું માટે દમ વગરનું આ પ્રકારની ભ્રમણાથી તેણે મુક્ત રહેવું જોઇએ. રુચિભેદ તેના લક્ષ બહાર ન રહેવા જોઇએ. કલાકારની વૃત્તિ સમજવી જોઇએ અને કોને ઉદ્દેશીને કૃતિની રચના થઇ છે તે તેણે ધ્યાનમાં રાખવું જોઇએ. કલાકારની ધારણા શી હતી અને તે તેણે કેવી રીતે સિદ્ધ કરી તે તેણે પીછાનવું જોઇએ. કૃત્રિમા પ્રાણ છે કે નહીં અને તેનાં અવયવો પ્રમાણસર, રોગરહિત અને બલવાન છે કે નહીં તેની તેણે પરીક્ષા કરવી જોઇએ. પાત્રોની અવાસ્તવિકતા, ભાવની કૃત્રિમતા અને શૈલીનો આડંબર તેણે પકડી પાડવો જોઇએ. આ પ્રકારના કાર્યને માટે ઉચ્ચ બુદ્ધિની ઉત્તમ રસિકને કેટલી આવશ્યક્તા છે તે સહજ સમજાશે.

આ ઇશ્વરદત્ત શક્તિઓને પછી ઉત્તમ બનાવવા માટે અભ્યાસથી કેળવવાની પરમ આવશ્યક્તા છે. અભ્યાસનો અભાવ ઘણી વખત સંગીતના જલસાઓમાં સ્પષ્ટપણે તરી આવે છે. તરતજ ગાઈ ગયલા રાગની ફરમાએશ જે ઘણી વખત જોવામા આવે છે એ શ્રોતાના અનાભ્યાસનું જ પરિણામ છે. સુભાગ્યે જે ઇંદ્રિયો દ્વારા આ શક્તિ કેળવાય છે તે એવા પ્રકારની છે કે તે અભ્યાસથી ક્ષીણ થવાને બદલે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે. નજરી ઝવેરીઓ અભ્યાસથી સૂક્ષ્મમા સૂક્ષ્મ ભેદ પારખતા થાય છે તે એટલે સુધી કે દસ વર્ષ

અગાઉ જોયલું રત્ન તેઓ ઓળખી કાઢે છે. તે જ પ્રમાણે ચોક્સીઓ પણ સોનાની કસોટી કરી શકે છે. ગવૈયાઓ સ્વરના અને ચિત્રકારો રંગના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભેદો પારખી શકે છે. આવી સ્થિતિએ પહોચવાને વાસ્તે તેઓને કેટલો ઉદ્યમ અને કેટલો અભ્યાસ કરવો પડ્યો હશે અને કેટલો અનુભવ લેવો પડ્યો હશે તે સહજ ધ્યાનમા આવશે. તે જ પ્રમાણે ઉત્તમ રસિક થવાને માટે દેશદેશની કૃતિઓ જોવી જોઇએ, સમજવી જોઇએ, સરખાવવી જોઇએ, એકની એક અનેક વખતે અનેક દૃષ્ટિબિંદુએ ઉથલાવવી જોઇએ. આ પ્રમાણે કર્યું હોય તો જ યોગ્ય પરીક્ષક થવાય: તો જ ઉત્તમ કૃતિની સરસતાના સૂક્ષ્મમા સૂક્ષ્મ તત્ત્વોની લહેજત લેવાય: તો જ તેના દરેકે દરેક અંગમા રહેલા રસિક તત્ત્વનો ઉપભોગ થઇ શકે: તો જ નીરસ કૃતિના બાહ્યસ્વરૂપના ઝગઝગાટથી અંજાઇ ન જતાં તેના ગુણદોષની યોગ્ય પરીક્ષા થાય અને વિશ્વાસપૂર્વક અભિપ્રાય આપી શકાય.

આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે ઉત્તમોત્તમ રસિક થવાને સારુ ઉચ્ચ આસ્વાદ અને ઉચ્ચ બુદ્ધિ આવશ્યક છે એટલું જ નહીં પણ તેને અભ્યાસ અને અનુભવથી કેળવવાં જોઇએ. એ પ્રમાણે કર્યું હોય તો જ કલાની કૃતિમાના રસનું યોગ્ય ગ્રહણ થાય, ગુણક્ષેત્રનું યોગ્ય પરીક્ષણ થાય અને સત્ય આદરણીય અભિપ્રાય અપાય.

ત્યારે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આ સ્થિતિએ હું પહોંચું ત્યાં સુધી શું મારે બેસી રહેવું? કલાની કૃતિની શું મારે પરીક્ષા ન કરવી? મારે શું અભિપ્રાય બાંધવા કે ઉચ્ચારવા નહીં? શું મારી શક્તિનો વિકાસ નિ:સીમ છે? હું ગમે તેટલી કસરત કરું તો પણ રામમૂર્તિ જેવો બળવાન થઇ શકું ખરો? હું ગમે તેટલા પ્રયત્નો કરું છતાં સુરેંદ્રનાથ જેવો વક્તા બની શકું ખરો? પોખરાજને ગમે તેટલો ઓપ ચઢાવીએ તો પણ તેનામા હીરા જેટલો ઝગઝગાટ આવે ખરો? એમ જો ન થાય તો શું મારે માટે કૈં ઉપાય જ નથી? શું એવું કોઇ પ્રમાણ નથી કે જે વડે કલાની કૃતિનું માપ લઇ શકાય? એવો કોઇ કાંટો નથી કે જેવડે કલાની કૃતિનું તોલ કરી શકાય? શું એવો કોઇ સિદ્ધાંત નથી કે જે વડે જુદા જુદા અભિપ્રાયોનું સમાધાન કરી નિશ્ચિત નિર્ણય પર આવી શકાય?

આના ઉત્તરમાં કહેવાનું કે એક એવું માપ, એવો કાંટો, એવો સિદ્ધાત છે કે જે વડે કલાની કૃતિની પરીક્ષા થઇ શકે. લોકમત એમ કહે છે કે સાકર મીઠી છે તો તે સત્ય છે ને કોઇ એવો નીકળે કે જેને સાકર મીઠી ન લાગે તો તે સ્વાદશૂન્ય કે સ્વાદભ્રષ્ટ. એ ન્યાયે જે કૃતિઓની સમસ્ત જગત્ પ્રાચીન કાળથી પ્રશંસા કરતી આવી છે તે સરસ હોવી જોઈએ અને તેથી એવી કૃતિઓ તપાસતા આપણને જે પ્રમાણ, જે કાટો, જે સિદ્ધાત હાથ આવે તે સત્ય એમાં કૈં શંકાસ્પદ હોય જ નહીં. આ પ્રમાણે વેદ, મહાભારત, રામાયણ, ઇલીઅડ, પરેડાઇસ લોસ્ટ તેમજ શેક્સપીઅર, ડેન્ટી, પ્લેટો, એરીસ્ટોટલ વગેરે મહાન લેખકોની ઉત્તમ કૃતિઓ, ઉપરાંત તાજમહેલ સરખી આરામગાહો, દેલવાડા વગેરે સ્થલના મંદિરો, એલીફન્ટાની ગુફામાંના યુરોપીય ચિત્રકારોનાં જગપ્રસિદ્ધ ચિત્રો, લોકપ્રશસ્ત મૂર્તિઓ, ગાયનો વગેરે કૃતિઓનું અવલોકન કરતાં આપણે શા સિદ્ધાત પર આવીએ છીએ તે જોઇએ.

આ આધિ, વ્યાધિ અને ઉપાધિ મુક્ત જગતથી અને તેના નૈતિક શાસનથી ત્રાસ પામી, પરમકૃપાળુ અને ન્યાયાસક્ત વૃત્તિ પર શ્રદ્ધા રાખતો મનુષ્ય જ્યારથી સમજણો થયો ત્યારથી એમ માનતો આવ્યો છે કે એક અજાણ્યે સ્થળે એક એવું જગત છે કે જે સર્વાંશે પરિપૂર્ણ છે અને ત્યાં સતત શાંતિ, નિર્ભેળ સુખ અને અખંડ આનંદ લુંટવાનો છે. આ ભૂમિને સ્વર્ભૂમિ, સ્વર્ગ, અમરભૂમિ, પ્રભુભૂમિ, દિવ્યભૂમિ, વૈકુંઠ, કૈલાસ, બેહીસ્ત, હેવન વગેરે નામથી ઓળખાવવામાં આવે છે. ત્યાંના કાળને સત્યયુગ, કૃતયુગ, ગોલ્ડન એઈજ વગેરે નામથી જણાવવામાં આવે છે. આ ભૂમિનું નૈતિક શાસન પણ સંતોષકારક છે. પ્રાકૃત સૃષ્ટિમાં સાધુ અગ્નિથી બળે છે પણ પેલી દિવ્ય સૃષ્ટિમાં તપ્ત લોખંડના સ્તંભને બાઝતાં કે ઉકળતા તેલની કઢામાં નખાતાં છતાં તેને ઉણી આંચ આવતી નથી. પણ આ ભુમિનું હું વર્ણન કરું તેના કરતા જગન્માન્ય કવિઓએ કરેલા વર્ણન ટાંકું તો વધારે યોગ્ય થશે.

વાલ્મીકિ કહે છે–

"સહુ તુષ્ટ પુષ્ટ પ્રહૃષ્ટ ધાર્મિક મુદિત એના રાજમા,
દુર્ભિક્ષ ભય વર્જિત સદા નિશ્ચિંત સર્વ સમાજમા;
રોગો રહિત સહુ પુરુષ કદિ નવ પુત્ર મૃત્યુ દેખતા,
સૌભાગ્ય ભોગવતી અખંડ વસે સતી સુપતિવ્રતા;
જળઅનળ કે વાયુ બળ કો લોકને પીડતા નહીં,
મળતા ન કોઇ ક્ષુધાને કે તસ્કર ન કો વસતા તહીં;
એ નગર ને વળી રાષ્ટ્ર છે સંપૂર્ણ શુભ ધનધાન્યથી,
કૃતયુગ સમા વસતા સહુ સુખમાં સદા આનંદથી."

કાલિદાસ મેઘદૂતમા આ ભૂમિનું અદ્‌ભુત દર્શન કરાવે છે. એમાથી બે શ્લોકો તો ટાંક્યા વગર નથી જ રહેવાતું.

જ્યા માતેલા મધુકરતણા વૃંદથી ગાજી રેતા–
આપે વૃક્ષો સકળ ઋતુમા, પુષ્પ તાજાં ખીલેલા;
હંસ શ્રેણીતણી ઝળકતી મેખલાથી સુહાતી,
અર્પે છે જ્યાં કમલિની રુડા પદ્મ નિત્યે વિકાશી.
કેકા શબ્દો કરી કરી કળા ધારી નાચે મયૂરો,
જ્યા જ્યોત્સ્નાથી તમ ટળી જતાં રમ્ય લાગે પ્રદોષો.

આનંદાશ્રુ વગર નયને આસુ હોયે ન બીજાં,
બીજો તાપ સ્મરવીણ નથી જે શમે પ્રેમી જોતાં;
જ્યા છે માત્ર પ્રણયકલહે રુષણામાં વિયોગ,
યક્ષોને જ્યાં નથી વય બીજું માત્ર તારુણ્ય એક.

તુલસીદાસજી આ ભૂમિને નીચેના સ્વરૂપમાં જોય છેઃ–

દૈહિક દૈવિક ભૌતિક તાપા । રામરાજ નહિં કાહુ હિન્યાયા ॥

સજ્જનર કરહિં પરસ્પર પ્રીતિ । ચલહિં સ્વધર્મ નિરત શ્રુતિ નીતિ ॥
ચારિઉ ચરત ધરમ જગમાહી । પૂરિ રહા સપનહુ અઘનાહીં ॥
રામ ભગતિરત નર અરુનારી । સકલ પરમગતિ કે અધિકારી ॥
અલ્પ મૃત્યુ નહીં કવન ઉપીરા । સબ સુંદર સબ બિરુજ શરીરા ॥
નહિં દરિદ્ર કોઇ દુઃખી ન દીના । નહિં કોઇ અબુધ ન લચ્છનહીના ॥

× × ×

ફૂલહિં ઝરહિં સદા તરુ કાનન । રહહિં એક સંગ ગજ પંચાનન ॥
ખગમૃગ સહજ વયરુ વિસરાઇ । સબન્હિ પરસ્પર પ્રીતિ બઢાઇ ॥

\+ + + +

લતા વિટપ માગે મધુ ચવહીં । મન ભાવે તો ધેનુ પરશ્રવહીં ॥
શસ્યસંપન્ન સદા રહ ધરતી । ત્રેતા ભઇ કૃતિયુગકી કરની ॥

\+ + + +

આ પ્રકારનાં કથનો જગતના દરેક મહાન કવિઓની કૃતિઓમા જોવામા આવે છે. પ્રખ્યાત અંગ્રેજ કવિ કીટ્સનું એક કાવ્ય ઉતારશું.

Bards of passion and of mirth
You have left your souls on earth!
Have you souls in heaven too,
Double-lived in region new?

Yes and those of heaven commune
With the sphere of sun and moon;
With the noise of fountains wonderous
And the parle of voices thunderous;
With the whisper of heaven's trees
And one another, in soft ease
Seated on Elysian lawns,
Browsed by none but Dian's fawns;
Underneath large blue-bells tented
Where the daisies are rose-scented,
And the rose herself has got
Perfume which on earth is not;
Where the nightingale doth sing
Not a senseless, tanced thing,
But divine melodious truth;
Philosophic numbers smooth;

Tales and golden histories
Of heaven and it smysteries
Thus ye live on high and then
On the earth ye live again :
And the souls ye left behind you
Teach us, here, the way to find you
Where your other souls are joying.
Never slumbered, never cloying.

ગુજરાતી કવિઓની વાણીમા પણ આ ભૂમિ "વસે સૂર્ય જેમા સદૈવ–આનાથી કૈં અધિક હૃદયે આર્દ્ર જ્યા હોય દૈવ " તેના ઉલ્લેખ ઓછા નથી. "બીજી ધરા છે નથી મૃત્તિકા જ્યા," "એ દ્વીપ અલૌકિક રસ ભરીઓ, અનેક ત્યાં પડી અમરનગરીઓ, સુંદરતાના સરોવરો એ વાસમા રે" "શાંત સદા જ્યા નીર, નહીં જ્યા વાદળ ધાંધળ; એવો ને વળી અમર, સદા આનંદ સ્વરૂપે "–આવા આવા કેટલાંએ વચનોથી ગુજરાતી વાચક અજાણ્યો નહીં હોય.

આ અમર ભૂમિમા પહોચી સતત શાંતિ, નિર્ભેળ સુખ અને અખંડ આનંદ–પરમ આનંદ ભોગવવાની મનુષ્ય આશા રાખે છે. તે સમજે છે કે પ્રભુએ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે તેને ત્રણ શક્તિઓ આપી છે–બુદ્ધિ, ક્રિયાશક્તિ, અને લાગણી. આ પ્રત્યેક ત્રિશક્તિને સિદ્ધ કરનાર તે " Knower " (જ્ઞાન યોગી) "Doer" (કર્મયોગી) અને " Sayer " (કથનકાર–કલાકાર–કવિ–ભક્તિયોગી), આ ત્રણેમા પ્રત્યેકના ગુણ ગૌણાશે તો રહે જ છે પણ તેનો પોતાનો ગુણ પ્રધાનાશે હોય છે. જ્ઞાનયોગી બુદ્ધિને કેળવી અજ્ઞાનનો પટ ભેદી જ્ઞાન દ્વારા પ્રભુના સત્ય સ્વરૂપનું દર્શન કરે છે: કર્મયોગી નિષ્કામ કર્તવ્ય કરતો કામાસક્તિના બંધન તોડી પ્રભુના ચિદ્‌રૂપનો સાક્ષાત્કાર કરે છે અને કથનકાર–કલાકાર–કવિ–ભક્તિ યોગી ઉપાસના કરતો માયાનું આવરણ છેદી રસિકતા દ્વારા પ્રભુના આનંદમય સ્વરૂપનું દર્શન કરે છે. કવિ એ સર્વદ્રષ્ટા છે. " માનવ હૃદયનાં અને સૃષ્ટિના ઉંડાણો અને સંચલનો" માં તે ઉતરી શકે છે એટલું જ નહીં પણ સચરાચર જગતની પેલી તરફ જે એક ગૂઢ તત્ત્વ રહેલું છે તે એ જાણે છે. સૂર્ય–આનંદ રવિ પોતાનાં કિરણો સમેટી લઈ તેની પછાડી રહેલું પોતાનું કલ્યાણતમ–મંગલતમ–પરમ આનંદયુક્ત સ્વરૂપ તેને દર્શાવે છે. હિરણ્યમય પાત્રના આવરણ નીચે ઢંકાયલું સત્યનું–આભ સ્વરૂપનું–બ્રહ્મના આનંદ સ્વરૂપનું એ દર્શન કરે છે. પ્રભુની સર્વ વિભૂતિઓમા બ્રાહ્મગુણ છે, જે એક વિશ્વવ્યાપી તત્ત્વ છે, જે પ્રકૃતિનો આત્મા છે, જે પરમાત્માનું કલ્યાણ સ્વરૂપ રહેલું છે તે તેને વ્યકત થાય છે. નમેરી છાયાનો વિકટ ઘેરો ઘટ થતા પણ તે મણિમય પ્રીતિપંથ જોય છે. પુત્રમૃત્યુ સંસારની જંજાળમાથી મુક્તિ આપનાર તરીકે તેને ભલું લાગે છે. આથી બાહ્ય વિષયોમા આસક્તિ વિનાનો તે આત્મામા જે સુખ છે તેને અનુભવે છે. તે જોય છે, અનુભવે છે અને વ્યકત કરે છે. એને સત્યામૃતના દર્શન થાય છે તેનું તે પાન કરે છે ને કરાવે છે, આનંદ લુંટે છે અને લુંટાવે છે. આ આનંદ શુદ્ધ છે, નિર્મળ છે, અનંત છે, સત્ય છે,

નિત્ય છે. ઐહિક આનંદની પકેમ ઉપભોગ કરતાં તે ક્ષીણ થતો નથી, પણ તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો ભોક્તાનો આસ્વાદ કેળવી સૂક્ષ્મતમ રૂપનો અનુભવ લેવાનો અધિકાર પ્રાપ્ત કરાવે છે. ભર્તૃહરિ કહે છે કે આ અનિર્વાચ્ય સર્વોત્કૃષ્ટ આનંદના ભોક્તાને ઇંદ્રાદિક દેવતાઓ પણ તૃણવત્ લાગે છે અને ત્રૈલોક્યનું રાજ પણ તેને વિરસ લાગે છે.

એટલા સારૂ મનુષ્યે એક એવી સંસ્થાની યોજના કરી છે કે જ્યાં સર્વ નાની મોટી કલાઓનો સંયોગ થાય છે. આ સ્થાન દેવાલય છે. ત્યાં સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, કવિતા, સંગીત, નૃત્ય, અભિનય, અલંકાર, પુષ્પગુંથન વગેરે વગેરે અનેક નાની મોટી કલાઓની કૃતિઓ એકત્ર કરવામાં આવી છે. ત્યા ગયેલો મનુષ્ય પોતાનો અધિકાર કેળવતો આ મર્ત્ય ભૂમિથી ઉંચો ચઢી અમરભૂમિમાં પહોચી છેવટે પ્રભુના આનંદમય સ્વરૂપનું દર્શન કરી પરમ આનંદનું પાન કરે છે.

આ પ્રમાણે રસિકતાનું અંતિમ ધ્યેય પરમ આનંદની પ્રાપ્તિ છે. કલા આ રસિકતા કેળવી પરમ આનંદની પ્રાપ્તિનું સાધન છે, તેથી કલાનો આદર્શ પણ પરમ આનંદ છે; અને જે કલાની કૃતિ આપણને ઉદ્વેગ વખતે શાંતિ આપે, શોક સમયે આશ્વાસન આપે, દુઃખને પ્રસંગે સહાયો આપે, વિપત્તિ કાળમાં હૃદયબળ આપે, ભાવોની શુદ્ધિ કરે, આદર્શોને ઉંચા કરે, સન્માર્ગની પ્રેરણા કરે, સત્ય પ્રતિ આગ્રહ ઉત્પન્ન કરે, પ્રેમ અને શ્રદ્ધાનો વિકાસ કરે અને અંતમા આપણી આંખો પરનાં પડળનું નિવારણ કરી પ્રભુના આનંદ સ્વરૂપનું દર્શન કરાવી, પરમ આનંદનું પાન કરાવી આપણું જીવન સદા દુઃખમુક્ત નથી પણ સદા આનંદમય જ છે એવી આપણને પ્રતીતિ કરી આપે, અર્થાત્ આપણા પરમ મિત્ર અને ગુરુ તરીકે વર્તે તે કૃતિ ઉત્તમોત્તમ. આદર્શ જેટલા પુરતો સધાય તેટલા પુરતી કલાની કૃતિ સફલ અને આ આદર્શ જે કલાકાર જેટલા પુરતો અપૂર્વ સાધનો વડે સાધે તેટલા પુરતો તે અપૂર્વ.

અંતમા આપણે પ્રભુ પ્રત્યે એવી પ્રાથના કરીશું કે ગુજરાતમાં તે એવા કલાકારો ઉત્પન્ન કરે કે જે

* * to our high-raised phantasy present.
That undisturbed song of pure concent,
Aye sung before the saphire-coloured throne
To him that sits thereon,
With saintly shout and solemn jubilee,
Where the bright seraphim in burning row
Their loud uplifted angel-trumpets blow,
And the cherubic host in thousand quires
Touch their immortal harps of golden wires,
With those just spirits that wear victorious palms;
Hymns devout and holy psalms

Singing ever-lastingly ;
That we on earth with undiscording voice
May rightly answer the melodious noise;

\+ + + +

And keep in tune with heaven till God ere long
To his celestial concert us unite,
To live with Him, and sing in endless morn of light.

(*Milton*)

૧૬ કાઠીયાવાડનું લોકસાહિત્ય

(લેખક-રા. રા. ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા)

સેંકડો વર્ષોથી અણખોલ્યા ખજાના દટાઇ રહ્યા હોય તેવી સ્થિતિ કાઠીયાવાડના લોકસાહિત્યની છે. હમણા હમણા એ ખજાનો બહાર લાવવાના કંઇક પ્રયત્નો ચાલુ થયા છે, છતાં હજુ સુધી એ ખજાનાનો ઘણો ભાગ અપ્રાપ્ય રહ્યો છે. સોરઠ, હાલાર, ઝાલાવાડ, એ સર્વ પ્રદેશમાં ભિન્ન ભિન્ન પ્રકારનું એ લોકસાહિત્ય મળી આવે છે. સામાજિક રિવાજો, ઐતિહાસિક માહિતીઓ, શૌર્યભર્યા પ્રસંગો, અને પ્રજાશરીરને નવપલ્લવિત કરનાર વિવિધ પ્રકારની સાહિત્યસામગ્રી એ લોકસાહિત્ય દ્વારા પ્રાપ્ત થઇ શકે તેમ છે. કાઠીયાવાડની રજપુત, ખવાસ, મેર, આહિર, રબારી, મૈયા, હાટી, કાઠી–એ સર્વ જાતો પાસેથી એ લોકસાહિત્યના જૂદાં જૂદા અંગો સ્હમજી શકાય છે.

આ લોકસાહિત્ય કંઠસ્થ છે, એમાંનું કેટલું મરનારની સાથે મરી ગયું અને કેટલું જીવતું છે તે આજે કલ્પી શકાતું નથી, કહી શકાતું નથી. હવે તો જેટલું જીવતું છે તેટલું મરી ન જાય એની સર્વ જોખમદારી ગુજરાતના સાહિત્યરસિક વર્ગ ઉપર અને વિશેષે સાહિત્યની એકપૂરી સંસ્થા સાહિત્ય પરિષદ ઉપર છે. કેટલેક સ્થળેથી એ કંઠસ્થ સાહિત્ય પ્રકટ કરવાના ઠીક ઠીક પ્રયત્નો થયા છે પણ એ તદ્દન પુરતા છે એમ તો લોકસાહિત્યનો કોઇ પણ અભ્યાસી કહી ન જ શકે.

આ કંઠસ્થ લોકસાહિત્યમાં દુહા–સોરઠા, લોકગીતો અને લોકવાર્તાઓ એ મુખ્ય છે. દુહા ઘણે ભાગે કરુણરસ અને પ્રેમના પ્રસંગો ચિતરવામા સફળ દેખાય છે.

દુહા ગાનાર જે હલકથી એના સૂર આપે છે તે દિશાઓમાં–વાતાવરણમાં રસની અજબ જમાવટ કરે છે. પાદપૂર્તિના પ્રયોગોમાં કવિઓ જે રમઝટ આણી ન શકે તે રમઝટ દુહાનો લલકારનાર આણી શકે છે. જે પ્રસંગને લગતો દુહો એક જણ બોલે તેનો જવાબ તે જ પ્રસંગમાં સ્હામેનો જણ આપે. એમા જેટલી ત્રુટી તેટલી કલાની ખામી. એક બોલનાર જો આશક તરીકે દુહા લલકારતો હોય, તો જવાબ આપનારાએ માશુકના ભાવ પ્રકટ કરવા જ જોઇએ. એક પક્ષ તરફથી પતિનો ભાગ દુહા દ્વારા રજુ થાય તો બીજા પક્ષે પત્ની તરીકે જ જવાબ આપવો જોઇએ. આ રીતે આ રમઝટ જામે છે. સોરઠમાં ખાસ કરીને રામનવમીને પ્રસંગે માધવપુર ગામે એક મ્હોટો લોકમેળો ભરાય છે. કાઠીયાવાડમા ભરાતા સર્વ લોકમેળાઓમા આ સોરઠી મેળો અગ્રસ્થાન ભોગવે છે. હજારોની સંખ્યામા લોકો લગભગ આઠ દસ દિવસ સુધી આ મેળામાં રસભર્યો ભાગ લેય છે. આ મેળાનું સાહિત્યની દષ્ટિયે જો ખાસ આકર્ષણ હોય તો તે આ દુહા–સોરઠામા જ છે. અજવાળી રાત્રીના ચાંદનીના રંગમંડપમાં મેર, રબારી, આહિર અને બીજી લોકજાતોના જુવાનો એકઠા થઇ જૂદા જૂદા ટોળામાં વ્હેંચાઇ જાય છે. ટોળાનો એક એક અગ્રનાયક હોય છે. તે દુહા

બોલવાની શરૂઆત કરે છે. આ દૂહાના લલકારનું યુદ્ધ એવું તો જામે છે કે જે કલાકોના કલાકો અખંડ ચાલે છે. બોલનાર, સાભળનાર અને સર્વ દિશાઓ એ રણકારમાં તન્મય થઇ એક રસ થઈ જાય છે. લોકસાહિત્યની ખરી ઝલક આ પ્રસંગે દેખાઇ આવે છે.

લોકગીતોનું સાહિત્ય તો એથી યે અજબ છે. રાજપુતાણીઓ, ખવાસણો, આહિરણો, અને ખાસ કરીને કોકીલકંઠી મેરાણીઓના રાસ એટલે લોકગીતની અવધી. ત્હેમની હલક અને હીંચ, ત્હેમના કંઠના માધુર્યભર્યા લલકાર, ત્હેમના શરીરના આકર્ષક મરોડ, ત્હેમના તાલની સુંદર જમાવટ, એ સર્વ આ લોકગીતો દ્વારા સચવાઇ રહ્યું છે. લોકગીતોને જેમ એ વર્ગે જીવતાં રાખ્યાં છે તેમ એ વર્ગના જીવનની મીઠાશ આ લોકગીતોએ ટકાવી છે. એ પ્રજાના જીવનમાં આપણુ વર્તમાન સાહિત્યે જરાય પ્રવેશ નથી કર્યો: ત્યાં નથી પહોંચ્યા નરસિંહરાવ, ન્હાનાલાલ કે રમણભાઇ અને આનંદશંકર; ત્યાં નથી પ્રવેશ્યા કલાપી અને સાગર કે બલવંતરાય અને હરિ હર્ષદ. એટલે એ પ્રજાના લોકજીવનને નવપલ્લવિત કરનાર તો એકજ સાધન છે અને તે તેઓનું લોકસાહિત્ય.

ખાસ કરીને મેર જાતી કે જે હાલારના બરડા પ્રદેશની પડોસમાં રહે છે એ પ્રજાનાં લોકગીતો સાભળવા જેવાં છે. કવિ ન્હાનાલાલે યથાર્થ ગાયું છે કે;

અમૃત શા મીઠા બોલ પણ ત્રાને અધુરી,
એ કોકિલકંઠી નાર હાલારની મધુરી,

આ મેરાણીઓના કોકિલ કંઠથી ગવાતા રાસડા અદ્વિતીય છે. એક તાલ, બે તાલ, અને ત્રિતાલ અને હીંચ અને હલક સાથે ગવાતા આ લોકગીતો સાહિત્ય પરિષદના કેટલા ચાલકોએ કેટલા ભકતોએ સાંભળ્યા છે ? એ લોકગીતોમા કદાચ શબ્દલાલિત્ય ન હોય, કદાચ ઝડઝમક ન હોય, કદાચ પ્રાસાનુપ્રાસ યથાર્થ ન હોય છતા તેમા રસ તો નિતરે છે જ અને એ જ એની ખુબી છે. આ લોકગીતોનો એક પણ સંગ્રહ પ્રકટ થયો હોય તો તે મ્હારી જાણમા નથી: એટલે આ લોકગીતોનું સાહિત્ય એકઠું કરી પ્રજાશરીરના વિવિધ પ્રસંગો આલેખતી સાહિત્યની એ રસસામગ્રી જાળવી રાખવાના પ્રયત્નો કરવાની હવે ખાસ જરૂર છે. એ ગીતોના થોડાક નમુના આપવા જેવા લાગે છે છતાં એક સૂચના કરવી પડે છે કે એ ગીતોની ખરી ખુબી કોઇ કોકિલકંઠી સુન્દરી ગાતી હોય ત્યારેજ જાણી શકાય.

(૧)

રાજલ પાણી ગીઆતા અમે સહિયર પાણી ગીઆતા,
માધવપુરનો મારગ અમને વેરી થઇને લાગ્યો.
વેરી થઇને લાગ્યો અમને ઝેરી કાંટો વાગ્યો,
માધવપુરનો મારગ અમને વેરી થઇને લાગ્યો.

ત્હારા નાકડીયાની દાંડી રાજલ નાકડીયાની દાડી,
જાણે દિવડયે સગ માડી રાજલ દિવડયે સગ માડી.

ત્હારા માથાનો અંબોડો રાજલ માથાનો અંબોડો,
જાણે છૂટો તેજણ ઘોડો રાજલ છુટો તેજણ ઘોડો.

ત્હારા વાંસાનો વળોટો રાજલ વાંસાનો વળોટો,
જાણે સરપનો સરેટો રાજલ સરપનો સરેટો.

ત્હારા હાથની આંગળીયું રાજલ હાથની આગળીયું,
જાણે ચોખા મગની ફળીયું રાજલ ચોખા મગની ફળીયું.

ત્હારા પેટડીયાનો ફાંદો રાજલ પેટડીયાનો ફાંદો,
જાણે પૂનમ કેરો ચાંદો રાજલ પૂનમ કેરો ચાંદો.

... ...

(૨)

હાકેમ ! રહેજો અમારી બાગમાં,
છડીદાર ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમાં એલચીનાં ઝાડ છે
ત્યા ઉતારા કરજો હો !
હાકેમ ! રહેજો અમારી બાગમા.

અમારી બાગમા આંબા ને આબલી
ત્યા દાતણીયાં કરજો હો !
છડીદાર ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમાં ગોરી ગાવડીયું,
ત્યા દૂધલડાં પીજો હો !
હાકેમ ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમાં લીંબુનાં ઝાડ છે,
ત્યાં રસ ઘૂંટડા પીજો હો !
છડીદાર ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમા નદિયુંનાં નીર છે,
ત્યા નાવણિયાં કરજો હો !
હાકેમ ! રહેજો અમારી બાગમા.

અમારી બાગમા ગોળ નાળેરી,
ત્યા ભોજનીયાં કરજો હો !
છડીદાર ! રહેજો અમારી બાગમા.

અમારી બાગે નાગરવેલ પાન છે,
ત્યાં મુખવાસીયા કરજો હો !
હાકેમ ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમા ચંપો ચંબેલી,
ત્યાં સુગંધી લેજો હો !
છડીદાર ! રહેજો અમારી બાગમાં.

અમારી બાગમાં હિંડોળાખાટ છે,
ત્યાં પોઢણીયાં કરજો હો !
હાકેમ ! રહેજો અમારી બાગમાં.

આ લેખકને જનસેવાના વિવિધ પ્રસંગોએ કાઠીયાવાડનાં ગામડાંઓમાં જ્યારે જ્યારે જવાનું થાય છે ત્યારે આ લોકગીતો શોધી એકઠાં કરવાનું કાર્ય ચાલુ છે અને લેખકને અભિલાષ છે કે એ લોકગીતોની એક ગીતમાળા ગુર્જર સાહિત્ય દેવીને ચરણે ધરી એ જૂનું સાહિત્ય જાળવી રાખવું.

જેમ લોકગીતો લોકસાહિત્યમાં અગ્રસ્થાન લેય છે તેમ લોકકથાઓનું પણ સારૂં સ્થાન છે. કાઠીયાવાડની લોકવાર્તા એટલે ભુલાતા ઇતિહાસનો એક અદ્દભુત પ્રસંગ, કાઠીયાવાડની લોકવાર્તા એટલે શૂરી પ્રજાની શૌર્ય ભરી લોકકથા. વિશુદ્ધ પ્રેમને માટે પ્રાણાર્પણ; દેશને માટે મરી ફીટવાની હોંસ; પ્રજાને માટે રાજાઓની ખગશ; બુદ્ધિ અને ચાતુર્યની પરિસીમા–આ અને એવા પ્રસંગો એ લોકવાર્તાઓનું પ્રાધાન્ય વસ્તુ હોય છે. રાજપુતો કે કાઠીઓના દાયરામાં, રબારી કે ચારણના નેસડામાં, આહિર કે મેરના ચોરામા આ લોકકથાઓ આપણી આધુનિક નવલકથાઓ કરતાં હજુ સુધી સારૂં સ્થાન ભોગવી રહી છે. જૂદી જૂદી પ્રજાઓની પ્રેરણા સરીખું એ લોકકથાનું કંઠસ્થ સાહિત્ય કંઠમાં જ રહી ન જાય એ માટે પણ સાહિત્ય પરિષદે સાવચેત થવું જોઇએ.

ઓખામંડળના વાઘેરોની વાતો કહેનાર એક કાઠીયાવાડીને મ્હેં જ્યારે સાંભળ્યા ત્યારે એ વાતોનું ખરૂં જોમ મ્હને જણાયું. વાર્તા કહેનાર શૌર્યરસમાં એટલો બધો ગુલતાન થઇ જતો કે વાર્તા કહેતા કહેતા તે પોતે શરીરનું ભાન ભૂલી જતો.

ન છડીયાં હથિયાર,
સુળુભા !
ન છડીયા તલવાર—

જો છડી દિયાં તલવાર,
તો માથે કુલાય ઉપાડયો ભાર !
સુળભા !
ન છડીયાં હથિયાર—

આ કડીયો લલકારતા એ વાર્તા કહેનાર પોતે જાણે કેમ વાઘેરોનો શૌર્યમણી "દેવુમાણેક" હોય ! આ વાઘેરોની કથા શૌર્યરસ જમાવવામાં અદ્દભુત કામ કરે છે. સાહિત્ય પરિષદે પોતાના કાર્યક્રમમાં આવી લોકકથા સંભળાવવાના પ્રસંગો યોજવા માટે શું શું કર્યું છે ?

કાઠીયાવાડના લોકસાહિત્યની અત્રે માત્ર એક રૂપરેખા જ આલેખી છે. સાહિત્યપરિષદ્ જેવી સંસ્થાએ સાહિત્યના આ એક રસપૂર્ણ અંગને ચિરંજીવ રાખી વિકસાવવાની ખાસ

આવશ્યકતા છે. આ સાહિત્ય એકઠું કરવામાં કેટલીક મુશ્કેલીઓ પણ છે. રબારીના અને ચારણોના નેસડામાં મેર, આહિરના કુટુંબમાં અને રાજપુતોના રણવાસમાં આ સાહિત્ય સમાયું છે. જો સાહિત્ય પરિષદ આ ઉપયોગી કાર્ય માટે બેથી ચાર સાહિત્યરસિક સાહિત્ય-સેવકને પોતા તરફથી એને માટે યોજે તો મ્હારી ખાત્રી છે કે પરિષદ રસસાહિત્યના એક અંગને ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જરૂર સાચવી રાખશે.

"આનંદ ભુવન"
ચોરવાડ—
૨૭-૩-૨૪

ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા.

૧૭ ઓખા મંડળનું ભાશા–વૈશિષ્ટ્ય

(લેખક—રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોષી)

કાઠીઆવાડના પશ્ચિમ છેડા પર આવેલ દ્વારકાની આસપાસના પ્રદેશને "ઓખા મંડળ" નામથી ઓળખવામાં આવે છે. એ પ્રદેશ ભૌગોલિક દૃષ્ટિએ કાઠીઆવાડનો ભાગ ગણાય છે; પરંતુ તેમાં કાઠીઆવાડીપણું–વાઘેર લોકના શરીરના મજબુત બાંધા સિવાય –બીજું કંઇ પણ નથી. ઓખા મંડળમાં વસતા માણસો પોતાને કાઠીઆવાડીથી જુદા ગણે છે. પોતાની ભાષાને કાઠીઆવાડી ભાષાથી જુદી ગણે છે. મનુષ્યના જીવન–વ્યવહારની દૃષ્ટિએ ઓખામંડળનો સંબંધ અત્યાર સુધી કચ્છ પ્રદેશ સાથે વિશેષ હતો. તેથી જીવનના ઘણા ખરા ખાતામાં કચ્છી તત્વ બારીકાઇથી અવલોકન કરનારને ઓખામંડળમાં જણાયા વિના રહે તેમ નથી. ઓખામંડળ એ "હાલાર" વિભાગનો છેડો ગણી શકાય. એ રીતે હાલારી રૂઢિ, હાલારી લ્હેકો, હાલારી કહેવતો અને હાલારી ઢબછબ ઓખામંડળની ભાષામાં ખાસ હોય છે. છતા ઓખામંડળની ભાષા એ રાજકોટની કે જામનગરની ભાષા નથી.

ઇતિહાસ એવો છે કે ઓખામંડળ પ્રદેશ ઉપર જામનગરની સંસ્કૃતિનો ઉપકાર બહોળા પ્રમાણમા છે. અસલના વખતમા જામનગરી બ્રાહ્મણો ઓખાના પંડયા (મ્હેતાજી)નું વૈદ્ય શાસ્ત્રીનું, અને મુત્સદ્દી વર્ગનું કામ કરતા હતા. જામનગરી નાણું જ ઓખામાં ચાલતું હતું; જામનગરી શિલ્પી જ ઓખામાં મોટા મકાન બાધતા, જામનગરી રંગારા અને જામનગરી સોની અને જડીઆ ઓખાની પ્રજાના રસિક કોડ પૂરા પાડતા. આ રીતે ઓખાની સંસ્કારી ભાષાનું મૂળ અંગ શુદ્ધ "હાલારી ભાષા" કહી શકાય. "હાલારી ભાષા" આખા કાઠીઆવાડમાં (કદાચ સોરઠ જ બાદ કરીએ તો) વધારેમા વધારે સંસ્કારી અને ઉચ્ચારની અશુદ્ધિથી વધારે મુક્ત ગણાય તેવી છે. અત્યાર સુધી પણ શુદ્ધ કાઠીઆવાડ જેતપુરની ભાષામાં, ભાવનગરી ભાષામા, લીંબડી વઢવાણની ઝાલાવાડી ભાષામાં પ્રાંતિક ઉચ્ચાર અને પ્રાંતિક લ્હેકો સુસ્પષ્ટ જણાઇ આવે છે. જામનગર, રાજકોટ, જુનાગઢ અને પોરબંદરની ભાષામાં એવી ઉચ્ચારની અશુદ્ધિ કે લ્હેકાનું વૈચિત્ર્ય જણાતું નથી.

ઓખામંડળની ભાષા આ રીતે હાલારના શુદ્ધ ગુજરાતી ખોખામાથી વિકસિત થઇ છે; હાલારી ભાષા ઉપર વાઘેર લોકની કચ્છી અને સિંધી ભાષાનો પાસ બેસતો ગયો. ઘણી સુઘટિત રચના, સુંદર રૂઢ વાકયો, મજાની મર્મ વાળી કહેવતો અને અર્થપ્રચુર શબ્દો ઓખામંડળે કચ્છી અને સિંધી ભાષામાથી લીધા છે એ અત્યારની દ્વારકાની સંસ્કારી ભાષાના અભ્યાસીને જણાયા વિના રહે તેવું નથી. બીજી સાહિત્ય પરિષદ્‌ના ઉપસંહારના ભાષણમાં પ્રમુખ સાહેબ સાક્ષરવર્ય કેશવલાલ ભાઇએ "મોઢે બરો મૂતર્યો છે" એ વાકયની વ્યુત્પત્તિ સમજાવી સભામાં જે સંસ્કારી આનંદ આપ્યો હતો તે આનંદ આપનાર "બરો" શબ્દ ઓખામા તાવ (જવર) ના અર્થમાં વપરાય છે. અને "બરો મુહી ઉતરીયો" એ રૂઢ વાકય ગુજરાતમાં "બરો મૂતર્યો" એ સ્વરૂપમાં પહોચાડવાની સેવામાં

ઓખામંડળના વાઘર લોકોનો હિસ્સો હોય એવુ માનવાનું સબળ કારણ છે. એ "બરો" શબ્દ ઓખામા અને તેની મારફત હાલારે અને તે દ્વારા કાઠીઆવાડે બહુ સુંદર રૂપમાં રૂઢ વાક્યમાં વાપરી ભાષાની એક સારી કહેતી બનાવી છે. દૃષ્ટાંત તરીકે ગર્વથી ભરપૂર સ્રીને તેની પાડોશણ કરે છે કે "ઓય, બાઇ, તારો બરો તો ક્યાંય સમાતો નથી." "ઓય તારો બરો!" "એનો બરો ભગવાન ઉતારશે." (આનું નામ તે કચ્છી પાસ) કચ્છી ભાષાની બીજી એક અસરનો દાખલો વાચી તે સિદ્ધાન્તની પૂર્ણ પ્રતીતિ વાચકને થશેજ. ગુજરાતી ભાષામાં શબ્દને બેવડાવવાની જે રીત છે તેનું સુંદર સ્વરૂપ કચ્છમા જ છે. જેમકે આપણે "ખીચડી બીચડી" "કાગળ–બાગળ" "ઝાડ–બાડ"–વગેરે જોડકામાં બીજો શબ્દ અર્થ વગરનો વાપરીએ છીએ–તેને ઠેકાણે કચ્છી ભાષામાં એવા ઘણા અર્થ સૂચક જોડકાં પ્રચલિત છે કે જેનો ઉપયોગ ઓખામંડળમા સારી પેઠે થાય છે. જેમકે ઠામ ઠીકરૂં (વાસણ કુસણ) સામાન સતરા (ઘરની સતરા–ઘરનું રાચ રચીલું) અસૂર–અસૂર્ય અંધારે–મ્હોડું વ્હેલું) જણુસ બાબ, (ચીજ વસત), રાત વરત, ઢોર ઢાંખર, અણુક ઝણુક, વાર પરબ, (વાર પર્વ) આવ્યો ગયો, અને અવાર નવાર (વખતો વખત) આ ઉપરાંત કચ્છી રૂઢ વાક્યો અને શબ્દો ઓખામંડળની ભાષામાં સારી પેઠે ઓતપ્રોત થયા છે.

સિંધી અસર.

ઓખા મંડળની ભાષા ઉપર બહુ જૂના વખતમા સિંધી ભાષાની પણ અસર સારી રીતે થયેલી છે. હાલમાં પણ ઓખામંડળનો વેપારનો સીધો સંબંધ કરાચી સાથે છે તેટલો સંબંધ બીજા કોઇ શહેર સાથે છે નહિ. ભૂતકાળમાં સિંધથી આવનારી લશ્કરી ચઢાઇ સાથે કેટલાક માણસો પણ આવ્યા હશે કે જેમણે પોતાનો વાસ ઓખામંડળમાં રાખવા પસદ કર્યુ હોય. ઓખામંડળમાં લોહાણા વેપારીનાં નામ કેવળ સિંધી ઢબથી જ રાખવામાં આવતા હતાં. લગભગ છેલ્લા ૨૫ વરસથી એ નામ વિસારે પડતા જાય છે. સિંધમા જેમ **ગીડવાની, મલ્કાની, વસ્વાની**–વગેરે "આની" અંત્યાક્ષરવાળા નામ હોય છે તેમ ઓખામંડળમા પણ અત્યાર સુધી માવજી જે **માવાણી**, ભોજરાજ જે **ભોજાણી**, પ્રધાન જે **પીધાની** નારાયણજી જે **નાચાંણી**, ગોકલદાસ જે **ગોકાણી**, લક્ષ્મીદાસ જે **લાખાણી**–કહેવાની રીત પ્રચલિત હતી. ઓખામંડળમાં વસતા ગુગલી બ્રાહ્મણમા "**ઇસરાણી**"નો એક ડહેલો છે. ઘણા ગુગલી ભાઇઓને જ એ નામ મુસલમાન જેવું લાગે છે; પણ તેમને ક્યાં ખબર છે કે એ તો "**ઈશ્વર**" "**ઇશ્વરાણી.**" "**ઇસરાણી**"–જેવું સુંદર બ્રાહ્મણને છાજે તેવું સિંધી છાપવાળું નામ છે! આ રીતે કંઇક અંશે ઓખામંડળના વાઘેરો મારફત અને મોટે અંશે સિંધમાંથી મહમદ કાસમની ચઢાઇ વખતે બેટ દ્વારકામાં આવેલા વટલેલા મુસલમાન (ભડેલા) મારફત ઓખામંડળની ભાષા ઉપર સિંધી અસર ઘણી જ મુલાયમ રીતે થઈ ગઇ છે.

હીંદી અસર.

ઓખામંડળમાં દ્વારકા એ યાત્રાનું ધામ હોવાથી અનેક દેશના માણસો યાત્રાર્થે ત્યા આવે છે. બેટના મંદિરોમા અને દ્વારકાના નાના મંદિરોમા ઘણા સાધુ વેરાગી કેવળ વિરક્ત ભાવથી પોતાનો પ્રાંત છોડી આવીને વસતા હતા. તેમની પ્રતિભાવાળી છાપથી તથા હાલ પણ ચાલુ રીતે

આવ્યા કરે છે. તે બધા હિંદી ભાષા જાણનાર યાત્રાળુઓની અસરથી ઓખામંડળની ભાષા ઉપર હિંદીની છાપ પણ પડયા વિના રહી નથી. જેમ મદ્રાસ ઇલાકામાં હિંદી જાણનાર ગણ્યાગાંઠયા હોય છે તેમ ઓખામંડળમાં હિંદી ન જાણનાર ગણ્યાગાંઠયા હોય છે. વૈષ્ણવ ધર્મની વલ્લભાચાર્યની પ્રણાલિકાનો પ્રચાર બેટ દ્વારકામાં સારો હોવાથી એ પંથના આચાર્યો અત્રે વખતોવખત પધારે ત્યારે વ્રજ ભાષામાં જ બોધ આપતા હોય છે તેથી વળી હિંદીની છાપ ઓખામંડળની ભાષા ઉપર વધારે પાકી પડતી જાય છે. કોઇ માણસને ધમકાવતી વેળા આ વાકય ઓખામંડળમા વપરાય છે-" અરે, બેસ, હવે ઝાઝી **તીનપાત** ન કર." (**તીનપાત=તીનપાંચ** હિંદી) અગર-" આવ્યો મોટો **તીસમારખાં**" બીજાની ચીજ ઉચાપત કરવાના અર્થમાં "પાઇ જવું" શબ્દ ઓખામાં વપરાય છે. [હિન્દી "**પાઇ જવું**" = ખાઇ જવું] "**દાદ** દેવી" ના કહ્યામા રહેવું-કોઇને કોઠું આપવું- અહિં "દાદ" શબ્દ હિંદી ભાષાના "દાદ ફરીઆદ" માંથી લેવામા આવેલ છે. તેવી જ રીતે "ખોપરી" શબ્દ હિંદી ભાષામાંથી ઓખાની ભાષામાં દાખલ થયેલ છે. "ઉંધી ખોપરીનો માણસ" "તારી ખોપરી તોડી નાખવામા આવશે."-આ પ્રમાણે ઓખામંડળની ભાષા ઉપર હીંદી ભાષાની અસર પણ જોઇ શકાય તેવી છે.

મરાઠી અસર.

ઓખામંડળ વડોદરા સરકારને તાબે હોવાથી ઘણા દક્ષણી બ્રાહ્મણો અને મરાઠા ગૃહસ્થો સરકારી નોકરીને લીધે અસલથી દ્વારકા બેટમાં રહેતા હતા. તેથી મરાઠી ભાષાની કેટલીક અસર ઓખામંડળની ભાષા ઉપર થવા પામી હતી. મરાઠીમા લોટને **પીઠ** કહે છે. ચણાના લોટના શાકને-પીઠ ઉપરથી **પીઠલું** કહે છે. ઓખામા પીઠલું ને બદલે **પીઠીઉં** વપરાય છે. કાઠીઆવાડમાં પણ એ શબ્દ પ્રચલિત છે. "માહિતી," "સોઇરકર" "પ્રકૃતિ" (તબીયત), "તીખટ," "દેણગી," "વર્ગણી," "પૂર્તતા કરવી," વગેરે કેટલાક મરાઠી શબ્દો ઓખામંડળમા સરકારી કચેરીના દક્ષણી કારકુન વર્ગના પરિચયથી ચાલુ થઇ ગયા છે.

વહાણવટાંની અસર.

ઓખામંડળની ભાષાના ઘડતરમાં તે દેશની પરિસ્થિતિએ પણ બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. એ દેશ દરીઆ કિનારે આવેલો હોવાથી લોકોનો વ્યવહાર વહાણ અને આગબોટ સાથે હોવાથી લોકોએ પોતાની ભાષામાં વહાણવટાની ભાષાના કેટલાક શબ્દો, અને વાકયો સુંદર રીતે રૂઢ બનાવી લીધા છે ઉદાહરણ તરીકે-

કાઠે (બંદરે) બંધાયેલા વહાણનો દોરડાનો **છેડો** જ્યારે છોડવામા આવે ત્યારે તે વહાણ કિનારેથી દરીઆમા ચાલતું થઇ શકે. જ્યાં સુધી **છેડો ન છૂટે** ત્યા સુધી વહાણ હંકાર્યું ગણાય નહિં. તેના ઉપરથી ઓખાની ભાષામા-કોઇ પણ માણસના કામનો નીકાલ કરવાનો હોય ત્યારે-તે માણસનો **છેડો છોડવો**-એમ રૂઢ વાકય ઉમેરાયું છે.

તેવી રીતે "**સોડ પડવું**," "**સોડે પડવું**"=ની સાથે સંબંધ જોડવો. (વહાણ કુરજા ઉપર આવી કુરજાની સાથે અડીને ઉભું રહે છે ત્યારે વહાણ કુરજાની સોડે પડયું કહેવાય છે. આગબોટને જ્યાં સુધી મછવા અડકે નહિ ત્યા સુધી મછવા આગબોટને **સોડ**

પડયા કહેવાય નહિ.) " ખબરદાર, **એ રેઢીઆરને સોડે ચડયો છે** તો તારાં છોતરાં પણ ઉડી જશે."

સુકાન વગરનો માણસ=ચોક્કસ સિદ્ધાન્ત વગરનો માણસ, ફાવે તે વિચાર પર દોરવાઇ જાય તેવો. (સુકાન એ વહાણને કબજે રાખનાર ભાગ છે.)

કોઇના દોરડાં ખેંચવા=કોઇના કામમાં મદદ રૂપ બનવું (વહાણમાં ખલાસી ઉપરાંત ઉતારૂ ચડયા હોય તે ઘણી વાર વહાણ ચલાવવામા **દોરડાં ખેંચી** મદદ રૂપ થાય છે.)

બાપનું વહાણ અને બેસવાની તાણ=કોઇ પણ કાર્ય પોતાની સીધી દેખરેખ નીચે થતું હોય છતાં તેમાંથી પોતે અંગત લાભ નથી મેળવી શકતો ત્યારે માણસ આ કહેવતનો ઉપયોગ કરે છે. આ કહેવતમાં "તાણ" શબ્દનો અર્થ "તંગી" "તંગાશ" એવો થાય છે.

પ્રેમલો એટલી બધી વગવાળો માણસ છે કે ટાણું આવશે ત્યારે **સૌ એના વહાણમાં બેસી જશે**=આ વાક્યમાં "વહાણમાં બેસવું" એટલે "ના પક્ષમાં મળવું" એવો અર્થ થાય છે. સરખાવો-કાઠીઆવાડનું રૂઢ વાક્ય. "**ગરીબને ગાડે કોઈ બેસવાનું નથી**"-(ગાડાને બદલે ઓખામંડળમાં વહાણ મૂકાયું છે.)

સુકાની=આગેવાન. જેમ વહાણમાં કામ કરનારામા મુખ્ય માણસ સુકાન સંભાળનાર સુકાની હોય છે તેમ ઓખામંડળમાં કોઇ પણ હીલચાલનો આગેવાન "સુકાની" કહેવાય છે. કોઇ માણસ બહુ જ મુશ્કેલીમાં હોય અગર કોઇ માણસની ગંભીર માંદગી હોય ત્યારે ઓખામંડળમાં એમ કહેવાય છે કે "હમણા એ માણસ **મધ્ય દરીએ** છે; ઇશ્વર લાજ રાખે તો ભલે."

કડે ચડી જવું, છીતી રહેવું, છીપી રહેવું, ખરાબે ચડવું—વગેરે શબ્દોનો ઉપયોગ મુશ્કેલીમાં આવી ગયેલા માણસ માટે વપરાય છે. "એનું વહાણ હમણાં **કડે ચડી ગયું છે**;" "છીપી રહ્યું છે" કે "ખરાબે ચડયું છે." માટે તમારા જેવા કુશલ **માલમ** (નાવિક) ની મદદ વિના એનું કામ પાર પડશે નહિ."

"**દરીઆમાં રહેવું અને મગર સાથે વેર રાખવું કેમ પાલવે?**"=આ કહેવતનો અર્થ એવો છે કે સમાન ધંધાવાળા વચ્ચે કે સહવાસીઓ વચ્ચે સંપ ન હોય તો ફાવતું જ નથી. રાત દિવસ જેની સાથે કામ હોય તેની સાથે મીઠાશનો સંબંધ હોય તો જ લાભ રહે છે.

આવી રીતે સમુદ્રને લગતી ભાષાએ ઓખામંડળની ભાષામાં સારી પેઠે સુધારો વધારો કર્યો છે.

ખેતીની અસર. ઓખામંડળ ખેતીનો પ્રદેશ નથી; છતાં ત્યાં ગામડાંનો મુખ્ય ઉદ્યોગ તો ખેતી જ હોવાથી ઓખામંડળની ભાષામાં ખેતીની દૃષ્ટિથી અને ખેડુતોની હોંશીઆરીથી કેટલાક સુંદર પ્રયોગો દાખલ થવા પામ્યા છે. જેમાંથી કેટલાક પ્રયોગ દૃષ્ટાંત રૂપે અત્રે આપવામાં આવે છે.

તેણે **સેઢે આવી શીરામણ** માગ્યું=કોઇ કામ લગભગ સંપૂર્ણ થઇ ગયું હોય ત્યારે તે કામ કરનાર અટકી પડે, તો તેના માટે આ કહેતી વપરાય છે. (અહિં "**સેઢો**" શબ્દ ખેતરની છેલ્લી હદના અર્થમા વપરાય છે. બે ખેતરના **સેઢા** બાજુ બાજુએ આવે છે. ગામમાથી ખેતરે કામ કરાવવા સારૂ મજુરોને ખેડુત લઇ જતો હોય અને છેક ખેતર નજીક આવી મજુર શીરામણની માગણી કરે તે અજુકતું ગણાય. તેના ઉપરથી આ કહેવત પ્રચલિત થઇ ગઇ છે.)

"**કુવામાં હોય તો અવાડામાં આવે**"=મુખ્ય સ્થળે વસ્તુની છત હોય તો પેટા સ્થળે તે વસ્તુ પોતાની મેળે પહોચે. (આ કહેવત કેવળ ખેતીકારોની જ ભાષામાથી ઉદ્દ્ભવેલી છે.)

"પટેલની નોકરી એ **બકરીનું દુઝાણુ છે**"=પટેલની નોકરીમાં દેખીતો લાભ ઓછો છે પણ ઝીણા ઝીણા લાભ ન દેખાય તેવા ઘણા છે. (બકરીનું દુઝાણું ભેંસના દુઝાણા જેવું મોટું લાગતું નથી; પણ જ્યારે જોઇએ ત્યારે થોડું થોડું દૂધ બકરી આપે છે. તે ઉપરથી આ કહેવત ઘડાઇ છે. બકરીને બદલે બાકરી પણ બોલાય છે.)

મને કંઇ ઉકાશેઠનું **થોડું દુઝાણુ** છે કે હુ તેનું ઉપરાણું કરું=મને ઉકા શેઠ તરફથી કોઇ જાતનો લાભ મળતો નથી કે જેથી હું તેનો પક્ષ ખેંચું–અહિં "દુઝાણુ હોવું" એટલે કંઇક "લાભ મેળવવો" "લાભ હોવો" એવો અર્થ થાય છે.

ખાલી મોટા પૂળા વાળવાથી શું થશે?—ફોકટ મોટી વાતો કરવી નકામી છે.

ધોયેલ મૂળા જેવો=એકલો હાથપગ હલાવતો. નિરુપયોગી થઈ પડે તેવી સ્થિતિમાં આવેલા માણસને કહેવાય છે કે "ધોયેલ મૂળા જેવો શું આવ્યો છે ?"

તેં સુઆંગ (સ્વાંગ) કોસ જોડી દીધો એટલે હવે બીજાના મનની વાત તું કેવી રીતે જાણે ?=સુઆગ કોસ જોડવો–એટલે બીજા કોઇને બોલવા ન દેતાં પોતેજ બોલ્યા કરવું તે સ્થિતિ. આ કેવળ ખેતીકારનો જ પ્રયોગ સામાન્ય ભાષામા ઉતરેલો છે.

મૂળ, મૂળગા, સમૂળગા=આ શબ્દો ઝાડના કે રોપાના મૂળમાંથી ખેતીકારોએ ભાષામાં દાખલ કરેલ છે. જ્યારે તાવ જરા પણ ઉતરતો ન હોય ત્યારે એમ બોલાય કે "દરદીને મૂળે તાવ ઉતરતો નથી." (મૂળ=બીલકુલ) વેપારીએ માલ લાવવામા જેટલા નાણાં ખર્ચ્યા હોય તેટલી જ કીમતે તે માલ વેચાય ત્યારે તે એમ કહે છે કે "માંડ માંડ મૂળગા નાણા થયા" (નફો મળ્યો નહિ) "વ્યાજ તો બાજુએ રહ્યું પણ મારા **મૂળગાં** નાણા પણ પાછા મળે તો હું તમારો ઉપકાર માનીશ" આ બીજો પ્રયોગ–જ્યારથી તેના બાપને અમારે ત્યાંથી રજા આપી ત્યારથી એ ભાઇ પોતે **સમૂળગો** આવતો જ નથી. આ પ્રયોગ ઓખાની ભાષામા સારી પેઠે પચી ગયો છે. છોકરાનું વેશવાળ કરવાના અર્થમાં "**છોકરાને નાથવો**"–એ પ્રયોગ વપરાય છે. બળદના નાકમાથી દોરડું કાઢી તેને નાથ પહેરાવે ત્યારે બળદને નાથ્યો કહેવાય છે તેના ઉપરથી "છોકરાને નાથવાનો" પ્રયોગ સૂચિત થયો છે. એ કેવળ ખેતીકારની જ ભાષા પર થયેલી અસર કહેવાય. જે માણસ પોતાની વાત ઝટ પૂરી ન કરે તે જ "**ગોઇડીઆની ઝડ**" કહેવાય છે. ગોઇડીઆના કાંટા જલદી ઉખડી શકતા નથી.

આ સિવાય ઘણા છૂટા શબ્દો ખેડુત વર્ગ પાસેથી ઓખામંડળની ભાષામાં મળેલા છે તે છેવટે આપેલી યાદી પરથી જણાશે.

દ્વારકા એ તીર્થનું સ્થળ હોવાથી ત્યાં બ્રાહ્મણો સ્વાભાવિક રીતે વધારે વસે છે. તેમની દિનચર્યાની છાપ ઓખા મંડળની ભાષા પર પડયા વિના કેમ રહે?

બ્રાહ્મણોની અસર. ઘણા રૂઢ વાક્યો ઓખામંડળમાં બ્રાહ્મણોના જીવનક્રમ ઉપરથી ઘડાયાં છે, તેમાંથી થોડાંક અત્રે ઉતારવામાં આવે છે.—

ભૂરશી આપવી.=કોઇને લાંચ આપવી.

દરભની પથારી કરાવી દીધી=વેપારીને તદ્દન દેવાળીઓ બનાવી દીધો.

કંકુના (પગલા) કરો=રવાના થઇ જાઓ. ચાલ્યા જાઓ. ફોજદાર સાહેબના **નૈવેદ્ય** (નિવેદ) **થશે** કે ઉમ ?=ફોજદાર સાહેબને તેમાંથી કંઇ મળશે કે કેમ ?

પારકે ભાણે મોટા લાડુ=બીજાને વધારે લાભ થયો છે એમ સમજવું.

આજે તો રામજી સુતારને **આશીર્વાદ દીધા**=એટલે કે રામજી સુતાર પાસેથી આજનું કામ કરાવી લીધું.

અમને એ બાબતમાં **સ્નાન કે સૂતક** કંઇ નથી લાગતું=એ બાબત સાથે અમારે જરા પણ લાગતું વળગતું નથી.

યજમાનનું ઘી વપરાશે તેમાં તારે ક્યાં **ન્હાવા જવું પડે તેમ છે?**=યજમાનનું ઘી વધારે વપરાશે તેમાં તને શી ખોટ જવાની હતી ?

ફુલ તુલસી છાંટવા. જો તે ભાઇને ખોટું લાગતું હોય તો તુ કાલે થોડાં **ફુલ તુલસી છાંટી** આવજે=મીઠાં વચનો સંભળાવવાં.

લાડુ લાફસી પીરસવાં=પોતાનું કામ સાધી લેવા તે તો બહુ લાડુ લાફસી પીરસશે. (ખોટા સાચા લાભ બતાવશે)

હમણાં જે કારકુન આવ્યા છે તે જ્યાં ત્યાંથી **આરોગ્યા** જ **કરે** છે=અયોગ્ય રીતે ખાઇ જવું=આરોગવું.

હમણાં જો બાપ બધુ નાણું વાપરી નાખશે તો દીકરો પાછળથી **શું ટોકરો વગાડશે?** ભિક્ષુકની સ્થિતિમાં રહેશે ?

શંખ ફુંકવો=લાચારીની સ્થિતિ સૂચવવા શંખ ફૂંકવો-(સાધુ, બાવાનું એ સૂચક ચિન્હ છે.)

મુંડી લેવું, **કોઇની મુંડ** કરવી=તીર્થ કાંઠે મુંડણ કરવાનો રીવાજ હોય છે તેના ઉપરથી આ પ્રયોગ દાખલ થયો છે. **મુંડી લેવું**=છેતરી લેવું. અમુક માણસ **મુંડાયો**=છેતરાયો ઠગાયો.

આવી રીતે દ્વારકા તીર્થના સંસ્કાર ઓખામંડલની ભાષા ઉપર સારી રીતે પડયા છે.

ઓખા મંડળની ભાષાનો અભ્યાસ કરનારને એક તબક્કો દ્વારકાંની ગુગળી બ્રાહ્મણની બાઇડીઓમાંથી તથા ગામડાંના લોહાણા જ્ઞાતિની બાઇડીઓમાથી પ્રાપ્ત થાય તેમ છે. તેમની વઢવાની રીત ગાળો દેવાની રીત, મેણા ટોણા આપવાની રીત, સંભરામણી કરવાની રીત, અને મશ્કરી કરવાની રીત ઓખામંડળની ભાષાનું ખાસ લક્ષ બતાવનાર એક ખાતું છે.

ન ભાઇ, નપીરી (પીર=માવિત્ર, સાસરીયાથી વિરુદ્ધ) વ્હાલા મુઓ, ધા કાઢુ (સ્વાર્થ સાધનાર) નખોદીઓ. નખોદ નીકળવું, જીભ ખેંચી લેવી, ચીરીને મીઠું ભરવું, તેલ કાઢવું આંખ કાઢી લેવી, ચામડું ફાડી નાંખવું, સોબડામા દેવી, સોઇ ઝાટકીને દેવી (તમાચો મારવો) મેથી પાક ચખાડવો, શંખ ચંદ્ર ધરાવવાં (માર મારવો) ફીંગડી ઝાલીને રમરમાવવી; ટાંગો ઝાલીને પછાડવી, ટાગો વાઢવો (ટાગો એટલે પગ)–વગેરે પ્રયોગો વઢવામા સારી પેઠે વપરાય છે.

ખાંડ ખાવી. (ધૂળ ફાકવી) વાસર ફુંકવો, મોઢું ધોઇને આવવું, દાઢીમાં હાથ નાખવો (ખુશામત કરવી) ભાઈ બાપુ કરવું, બાપુ બચ્ચા કરવું (લાડ કરવા) વેંચી દાણ ન દેવું (હોશીઆરીથી છેતરવું) સૂતા વેચવું (છેતરવું) કોઇને તાગવું (મનની વાત જાણવી) કોઇનું પેટ લેવું. (મનની વાત્ત જાણવી) મોઢું તોડી લેવું (અવિનયી બની જવાબ આપવો) ફીફા ખાડવાં, પાણી વલોવવું (ફોકટ યત્ન કરવા) કોઇને માથે છાણા થાપવાં (ની આજ્ઞા ન માનવી) ધણીને પી જવું, વરનો જરા પણ ડર ન હોવો, બીજાના હાથ સાજા કરવા (બીજાને લાભ અપાવો) પાતીએ પાતીએ તેલ નાખવું, (પ્રત્યેક વાતમા મેણા આપવાં) ત્યાં શો ડાબલો (દાબડો) દાટયો હતો ? કયી હુંડી વટાવવા ગયા હતા ?––આવાં આવાં અનેક મર્મવાળાં વાકયો ઓખામંડળમા પ્રચલિત થઇ ગયા છે એટલુંજ નહિ પરંતુ તે ઓખામંડળની ભાષામાં પચી ગયાં છે.

—ઓખા મંડળની ભાષાના ખાસ વ્યાકરણના પ્રયોગ—ઓખામંડળની ભાષાની વિશિષ્ટતા બતાવવા કેટલાક ખાસ વ્યાકરણના પ્રયોગો નોધવા જેવા છે; જેમાંના કેટલાક કચ્છમા અને કેટલાક કાઠીઆવાડમાં પ્રચલિત છે.

(૧) નારી જાતિના નામનું બહુ–વચન " ઓ " ને બદલે " ઉ " કે " યું " પ્રત્યયથી કરવામાં આવે છે

એક વચન	બહુ વચન.
છોકરી	છોકરીયું.
ગાય	ગાયું.
ભેંસ	ભેંસું
વાત	વાતું
કીડી	કીડીઉં

(૨) દર્શક સર્વનામ, સંબંધી સર્વનામ, પુરુષ સર્વનામ–વગેરે સર્વનામના છેડાના " એ " ને સ્થળે " ઇ " વપરાય છે.

જે ને બદલે **જી** ...જી દેવું હોય તી દઇ નાખો.

તે ને બદલે **તી**

એ ને બદલે **ઇ** ...ઇ તો વાતું છે બાઇ, ઝીણીઉં રે.

(૩) કૃદંત ને છેડે યો, યી, યું આવે છે તે શબ્દમાં ઓખામંડળમાં " યો, યી, યું " ને બદલે " ણો, ણી, ણું " વપરાય છે.

શહાબુદીન **મરાયો**—શહાબુદીન **મરાણો**.
પાઠ **વંચાયા** નથી.—પાઠ **વંચાણા** નથી.
મારાથી આખો લાડુ **ખવાયો** નહિ—મારાથી આખો લાડુ **ખવાણો** નહિ.

(૪) ભવિષ્ય કૃદંત–" નાર " અંત વાળા હોય છે તેવા કૃદંતને છેડે ઓખામાં " તલ " લગાડવામાં આવે છે.

કહેનાર બાળા અને **સુણનાર** પણ બાળા
ને બદલે **કહેતલ** બાળા અને **સુણતલ** પણ બાળા
તારી પાસેથી ગાડું માગનાર કોણ છે ?
ને બદલે તારી પાસેથી ગાડું માગતલ કોણ છે ?

(૫) દેવું—ધાતુ ઓખામંડળમાં ત્રણ અર્થમાં વપરાય છે.

(૧) દેવું=આપવું–આલવું, ઓખામંડળમાં " આપવું " ક્રિયાપદ બહુજ થોડું વપરાય છે. સીપાઇ પૈસા આપી આવ્યો—ને બદલે સીપાઇ પૈસા દઇ આવ્યો.

તારે આપવાનું હોય તે આપી દે. તે બદલે તારે **દેવાનું** હોય તે દઇ દે.

(૨) દેવું=કૃદંતપૂર્ણ તરીકે.

પુસ્તક ઝટ ફેંકી **દે**.

પારકા પાસેથી ઉછીના લીધેલા નાણા આપી **દેવાં** જોઇએ.

(૩) દેવું=બંધ કરવું–વાસવું.

બારણા બંધ કરો–ને બદલે બારણા દઇ ઘો.

કમાડા વાસ્યાં–ને બદલે કમાડ દીધા.

(૬) " જવું "—ક્રિયાપદના રૂપમાં ' જ 'ને લંબાવી " જા " કરવામા આવે છે.

જતો હતો ને બદલે જાતો હતો.
જવા માડ ને બદલે જાવા માડ.

(૭) " જોઇએ "—ના રૂપોમા 'ઇ' નો લોપ કરી નાખવામાં આવે છે.

મને શાક **જોઇતું** હતું
ને બદલે મને શાક **જોતું** હતું.
તમારે શાળામા આવવું **જોઇશે**
ને બદલે તમારે શાળામા આવવું **જોશે**
જોઇતી ચીજ મંગાવજો
ને બદલે **જોતી** ચીજ મંગાવજો

(૮) " કોર " શબ્દ તરફના અર્થમાં ઓખા માડળમા વપરાય છે.

મેં ઘોડાને નિશાળ **તરફ** જતાં જોયો—ને બદલે મેં ઘોડાને નિશાળ **કોર** જાતાં જોયાં.
તારો બાપ તારી તરફ છે કે તારા ભાઇ તરફ ?— ને બદલે
તારો બાપ તારી **કોર** છે કે તારા ભાઇ **કોર** ?

(૯) " સાટે " શબ્દનો પ્રયોગ બદલાના અર્થમાં થવા ઉપરાત ઉભયાન્વયી અવ્યય તરીકે " On the contrary "ના અર્થમા થાય છે તે ઓખા મંડળની ભાષાનું ખાસ લક્ષણ છે. ઉદાહરણ–

આ છોકરાનો બાપ ઘણો પ્રેમાળ છે પણ **સાટે** તેની મા બહુ ખરાબ છે.

મારા વર્ગના વિદ્યાર્થીઓ ઘણા ચાલાક છે પણ **સાટે** તેમની હાજરી બીલકુલ નિયમિત હોતી નથી.

(૧૦) ઓખા મંડળમા સામાસિક શબ્દો સારા પ્રમાણમા જોવામા આવે છે એ વાત એ ભાષાનું પ્રાગલ્ભ્ય સૂચવે છે.

કેટલાંક ઉદાહરણ–

માલધણી,	આવ્યો ગયો,	ઘી ચોપડ,
વાભીનું (થોડું ભીનું),	ધણીમારો,	કાનફટો,
ઉંચકનો (ઉંચા કાનવાળો)	મ્હોસુજણું,	પગરખું,
માથાબંધણું,	અણુસરજી,	અણુઆથમ્યું,
અણુઘડ,	નોધારો (અધાર વગરનો)	સુકલકડી,
કાટારખા,	ઘોરખોદો (જનાવર)	બોરખેતરી,
ત્રવાટો,	ઘરણુઘેલો,	કાછડીછૂટો,
નાકાતૂટ,	હરફર.	ચડઉત્તર,
ઉંઘખોપીઓ,	મખ્ખીચુસ,	લેણદેણુ,
નપાણીઉં (ગામ),	હૈયાફૂટી,	વિધાભૂલી,
છમાસી,	ત્રિપક્ષી,	માનમોંઘો,
મીઠાબોલી,	નમાલી,	વ્હાલાસુઇ,
બહુબોલો,	હરખપદુડી.	બાપલખાણો,

(૧૧) ઓખા મંડળમા માણસોને નામથી બોલાવતી વેળા બહુ વચનથી સંબોધવાનો રીવાજ બહુ કમી હતો એટલુંજ નહિ પરંતુ પ્રેમનો પ્રસાર વિશેષ હોવાથી બધા નામનાં તોછડા નામો સુંદર રીતે ઘડાઇ ગયા છે, એ ઓખાની અને કચ્છની ખાસ વિશિષ્ટતા છે. એવા ટુંકાવેલા નામ પૈકી થોડા અત્રે આપ્યા છે.

મૂળનામ	ટુંકા નામ.
રઘુનાથ	રઘો
ગોકલદાસ	ગોકો, ગોકલીઓ.
લક્ષ્મીદાસ	લખુ, લખીઓ, લખુડો
કલ્યાણજી	કલીઓ, કલુ
પ્રેમજી	પ્રેમો, પ્રેમલો.
પરમાણુંદ	પમો, પમલો.
ગોરધનદાસ	ગોધુ, ગોધીઓ.
ચુનીલાલ	ચુનીઓ, ચીનો, ચીનકો.
મકનજી	મકુડો, મકનો.
તુલસીદાસ	તુલીઓ.

જયકૃષ્ણ	જેકો.
મુરારજી	મલીઓ, મલુ.
સુંદરજી	સુંદીઓ, સુંદો.
આણંદજી	આદુ, આણુદો.

આ સિવાય કેટલાંક નામો તો કેવળ નવીન જ બનેલા છે. તે કયાં નામના ટુંકાવેલાં સ્વરૂપ છે તે જાણી પણ નથી શકતું ઉદાહરણ.

ટીટીઓ, બલુ, ગલુ, ગગલ, બભલ, રાઠીઓ, તેતર, હાપ્પો, હુચો, ભાચરો, ફનુ, ટકુ, ઉકો, ઢબી, ફોદીઓ, ખોધો, અને ઉનીઓ.

(૧૨) ઓખા મંડળની ભાષામા-કાઠીઆવાડની ભાષા પેઠે એક મૂળ શબ્દ ઉપરથી નવીન શબ્દો ઘડી કાઢવાની રીત બહુ સુંદર રૂપમા જોવામાં આવે છે. કેટલાક ઉદાહરણ.

મૂળ શબ્દ	બનાવેલા શબ્દો
વઘારવું	વઘાર, (શાકનો રસો.) વઘારણી (હિંગ)
ભરવું	ભરણ (આખમા ભરવાનું ઓસડ) ભરાવો ભરપાઇ;
સુંઘવું	સુઘણી (તપખીર)
રાંધવું	રાંધણું (ભાત ખીચડી), રાંધણીઉં (રસોડું)
દહોવું	દહોણું. દહોણી,
જોવું	જોણું (તમાસો)
ધોરો	ધોરપ,
સારૂં	સારપ
માઠું	મઠાર
માંદુ	માંદપ, મંદવાડ.
આળસ	આળસી જવું (બંધ થવું, બંધ કરવું, અટકવું) અળસાવી દેવું (અટકાવવું)
મોળું	મોળાટી જવું
ધોળું	ધોળકાય છે (સરખાવો " હીરકાય છે. ")
સુગ	સુગામણું
કામ	કામોરા (સરકારી કામ કરનાર અમલદાર) કામઢો, (કામમાં મચી રહેલો) કામગરી (કામગીરી)
માખવું (ચોપડવું)	માખણ (મસ્કો) મખ (ચોપડવાનો રંગ રોગળ)
ઉપર	ઉપરાણું (પક્ષ લેવો તે)

ઓખામંડળની ભાષાના પ્રાંતિક દોષ.

આ પ્રદેશની ભાષામા એક બે અક્ષરના અશુદ્ધ ઉચ્ચાર સિવાય કોઇ પણ પ્રકારના પ્રાંતિક દોષ હોય તેવું જણાતું નથી.

(અ) ઓખામંડળમા " ળ " ને બદલે " ર " કે " ડ " અણસમજુ લોકો બહુ વાપરે છે. એ દોષ સર્વસામાન્ય છે તેથી બહારથી આવનાર સંસ્કારી માણસોને ઓખા-મંડળના માણસોની ભાષા પણ બહુ અશુદ્ધ હોવાનો ભાસ થઇ આવે છે; કારણ કે 'થાળી' ને બદલે " થારી, " ધોળું ને બદલે " ધોડું " તેમજ

બાળવું	ને બદલે	બારવું
ગાળવું	,,	ગારવું
ગળી જવું	,,	ગરી જવું
મળવું	,,	મરવું
સાંભળવું	,,	સાભરવું
નળ	,,	નડ
મૂળગા	,,	મુડગા—જેવા ઉચ્ચારથી

ભાષા કેટલી બધી કર્કશ અને અશુદ્ધ જણાઇ આવે તે કલ્પી શકાય તેવું છે.

(બ) બીજો દોષ ઓખામંડળમા—શ, ષ, સ નો ભેદ ઉચ્ચારમા ન રાખવાથી થાય છે. એ દોષને લીધે પણ સંસ્કારી જનને ઓખામંડળની ભાષા બહુ અશુદ્ધ ભાસી આવે છે.

પરંતુ આ બે દોષને જો કોરે મૂકીએ તો ઓખામંડળની ભાષા જામનગર અને રાજકોટની મીઠી ભાષા કરતા પણ વધારે મીઠી અને વધારે મુલાયમ માલુમ પડે તેવી છે. અલબત્ત તે સાક્ષરોની કે મુત્સદ્દી વર્ગની ભાષા નથી, પરંતુ સદા ભીડમા—સંકટમાં—રહેલા સાદા પણ સાહસિક લોકોની ખેડાયેલી બોલી છે. તે બોલીમા માણસના મનના બધા ભાવ ઉતરેલા છે; અને ભવિષ્યમા નવા સંજોગથી મનના ભાવ વધે તેને ઉતારવાની સવડ પણ એ બોલીમા છે. ઓખાની ભાષાનો અભ્યાસ કોઇ ભાષાશાસ્ત્રી કે વૈયાકરણી કરે તો ઘણી નવીન ખોળ તેમની ચીવટ અને ચતુરાઇથી થઈ શકે તેમ છે. ગુજરાતી ભાષાના મૂળ સાથે સંબંધ ધરાવનાર કંઇક છાલછોતરા ઓખામંડળની ભાષામાથી મળવાનો સભવ સારી રીતે જોઇ શકાય છે; કારણ કે તે ભાષા કંઇ કોળીભીલની નથી, તેમ નથી દૂબળા નાયકડાની. તે ભાષામા હાલની પ્રચલિત ગુજરાતી ભાષા કરતાં સંસ્કૃત ભાષાનો વધારે પાસ દેખાય છે.

આટલું ઓખામંડળની ભાષા વિષે રજુ કરી કેટલાક શબ્દો, કહેવતો, પ્રયોગો—પરિશિષ્ટ તરીકે કોઇ પણ પ્રકારના વર્ગીકરણના નિયમ વગર અત્રે જોડવામાં આવ્યા છે. આશા છે કે કોઇ ભાષાશાસ્ત્રીને તે યાદી કોઇ કાળે ઉપકારક થશે.

પરિશિષ્ટ

ઓખામંડળની ગુજરાતી ભાષામાં વપરાતા જાણવા જોગ શબ્દોની અને રૂઢ વાકયોની યાદી–

અલખો–અલખું=અઘરો, અઘરૂં, કપરૂં.
સલખો, સલખું=સહેલું, સહેલો, સરળ.
ઓંત્રો=કઠણુ, અઘરો.
સગડ=પગલાં.
સગડ મેલવો=જતો કરવો; કેડો છોડવો;
મોળો=(સ્વભાવમા) ઠંડો; (જોરમાં) ઢીલો; ઉતરતો;
પીત્તળીઆ=સોનાનાં પાતળા ઘરેણા.
આટીકુટી=પુંજી.
પાંકડા ઢોર=જે દૂઝણા ન હોય તેવા ઢોર.
વસુકી જવું=દૂધ દેતાં બંધ થવું.
ગાય મળે છે=ગાય દૂધ આપે છે.
ગોઇડીઆની ઝડ=ગોઇડીઆ નામના ઝાખરાના ઝાડના કાંટા ચોટયા પછી જલદી છૂટા થઇ શકતા નથી, માટે વાતો કરતાં જલદી અંત ન આવે તેવા માણસને "ગોઇડીઆની ઝડ" કહેવાય છે.
ભૂરથી આપવી=(દક્ષિણા) લાચ આપવી.
ઉઠાં ભણાવવાં=બનાવી જવું; છેતરવું.
બીનું સંકેલવું=મોઘમ વાત રાખી ખુલાસો કરી લેવો.
કંકુના કરવાં=વિદાય થવું.
માથાના હોવું=બીજાને પહોંચે તેવા થવું.
સનસ (સણુસ) રાખવી=પરવા રાખવી.
હડી કાઢવી, પટ્ટી કાઢવી=દોટ મેલવી.
નામુ મંડાઇ ગયું=તે બધી રીતે હારી ગયો.
પાઇ જવું=ખાઇ જવું, ઉડાવી જવું.

નૈવેદ્ય ધરી જવું=ઉચાપત કરી જવું.
કોઇના નિવેદ થવા=કોઇને રૂશ્વત આપવાની સવડ થવી.
–નું ટાળી નાખવું, –નું વાટી નાખવું=નો સ્વાર્થ ભૂંસી નાંખવો
નભાઇ=ભાઇ વગરની.
નપીરી=માવિત્ર વગરની સ્ત્રી.
વ્હાલા મુઇ=વ્હાલા સગા મરી ગયા હોય તેવી.
ઓસોટવું=જમવું=ખાવું.
આશીર્વાદ દેવા=પેટ પુરતું ન જમતાં એક બે કોળીઆ ખાઇ ઉઠી જવું તે.
મ્હો કે માથું સુઝતું નથી=આ વાતમાં કશી ખબર પડતી નથી કે આદિ કોણ અને અંત કોણ.
મોથ મારવી=ઉંચુ કર્તવ્ય બજાવવુ.
સુડસાઇ=અભિમાન.
સુડસાયો=મીજાજી.
પડલાનુ હોવું=પડલાનો સાલ્લો એકજ રાખવાનો હોય છે. તેથી ઘરમા જે કંઇ ચીજ શોભાની એકજ રાખી હોય છે તેને માટે એમ કહેવાય છે કે "તેની પાસે એકજ પડલાની પાઘડી છે."
રગ=નસ.
રગત્રગ થઇ જવી=નસનું ખસી જવુ.
રગ પારખવી=મનની પરીક્ષા કરવી.
રગાવવું=બ્હાના આપી વાત લંબાણમા નાખવી.
પીટ દેવી, પીટ કાઢવી=માર મારવો,

બે છાણાની થવા દેવી=હોળી થવા દેવી, કજીઓ ઊભો કરવો.

હોળી સામે ડાકણ=જેવાની સામે તેવા થવું.

કાંકરો કાઢી નાખવો=માણસની કીંમત ઉતારી નાંખવી.

વકર વગરનો=માલ વગરનો (જેનો "વિક્રય" થાય નહિ તે)

રાત લઇને ભાગી જવું=છૂપી રીતે પલાયન કરવું.

ધામો નાખવો=કોઇને ઘેર સામટા માણસ જઇ તેના પર ભારરૂપે પડવું.

ધા કહુ=સ્વાર્થ સાધક.

પરબારૂં ને પોણાબારૂ=પારકાને ખર્ચે લાભ લેવાની રીત.

નોકરોનું તેલ કાઢવું=નોકરોને ત્રાસ આપવો.

નાકા તૂટ=ચારિત્ર્યશૂન્ય માણસ, વ્યભિચારી.

ઘરવહ્લી
સાસરાવહ્લી
માવહ્લી
બાપવહ્લા } જેને ઘર, સાસરા, મા, કે બાપ વ્હાલા છે તે ઘરવ્હાલી.

ગાયના બકરી હેઠ અને બકરીના ગાય હેઠ=ખટપટ કરવી; ઉંધાચત્તાં કરવાં.

આકાઇ=કુટુંબ, એકજ વંશના માણસોનો સમૂહ.

સંભળામણી કરવી=મર્મના વાક્યો સંભળાવવા

બત્રીસીએ ચડવું=લોકનિંદાએ ચડવું.

સાગમટે=જવું=સહકુટુંબ જવું.

સાવ=તદ્દન સપુચું.

સોથ=હાર, ઓળ.

ઓથ=આશ્રય, છાંયો.

વઢીઆ
સમોવઢીઆ. } =હરીફ; સરખેસરખા.

ભરાવવું
ચસ દેવો } =ખોટી રીતે મન પર ઠસાવવું

ચડસ હોવો, અથવા
ચડસ લાગવો

ચડસા ચડસી=હરીફાઇ.

વેન લેવું=ને માટે આગ્રહ રાખી હઠીએ ચડવું.

વેને ચડી જવું=ને માટે આગ્રહ પકડી રાખવો

રાતવરત=મ્હોડું વ્હેલું.

સગાંસાઇ=કુટુંબ કબીલા.

ઢોરઢાખર

બાઇ બેસાડવી
દી દેવા. } = ખોટ આપવી; નુકસાની બેસાડવી.

નરવાઇ=તંદુરસ્તી. રોગમાંથી મુક્ત હોવું.

શરીરે કસર જણાય છે=માંદગી.

ફુલ તુલસી છાટવાં=ખુશામત કરવી.

વીંઝણો=પંખો.

વાસર નાખવો=પવન ઢોળવો.

વાવડો=પવન.

આખા બોલો=કડક શબ્દમાં સાચી વાત કહેનાર

આરોગી જવું=ઉચાપત કરી જવું.

ટાણું=સમય.

હુંગો=નાસ્તો

સેઢે આવી શીરામણ માગવું

સુંઘણી=તપખીર.

વઘારણી=હીંગ.

હેડુ કરવું
વગોવવું } =ની ટીકા કરવી.

સારમાણસાઇ
ભલમનસાઇ } =સદ્ગૃહસ્થાઇ. Gentlemanliness.

ઘરઘવું=નાતરૂં કરવું.

ઘરઘરણું=નાતરૂં કરવું.

ટોકરો વગાડવો
શંખ ફુંકવો } =ખાલી ફોટક ફાંફાં મારવા.

ધીંગાણું=તોફાન, ઝપાઝપી.

ધીંગો=જાડો

ધડકી=ગોદડી

ઘોડાને ધડકી લઇ પાછળ પડવું=કોઇ વાતનો અંત લેવા પ્રયત્નશીલ થવું.

ઠામડા=વાસણ.

ઠામઠીકરાં=વાસણકુસણ.

લોડકો=બળવાળો-નાણાવાળો.

લોદાહએ=બળાત્કારે, ફરજીઆત રીતે.

સોબડામા દેવી=મોઢા પર લગાવવી.
સુબી=છબી, મોઢું.
કોણી કોણી જેવડાં (લીંડાં) મૂકવાં=ડરકણ હોવું
આવગું=સ્વતંત્ર, એકલાનું જ.
સુઆંગ (સ્વાંગ) કોસ જોડવો=કોઇને બોલવા ન દેતા એકલાએ જ વાતો કર્યા જવું તે

કાળીઉં } = પંચીઉં.
આડીઉં }

બાબ=ઘરેણા, જણસ.
જણસ બાબ=ચીજ, વસ્તુ.
સાચાં લુગડાં=રેશમી લૂગડા.
ખોટા લૂગડાં=સૂતરાઉ લૂગડા
વતું કરવું=હજામત કરવી
રેજડીઓ=છૂટક વેપાર કરનાર
રેજકી સામાન=કચરા તરીકે રહેલો છેલ્લો સામાન
ઘરેણે મૂકવું
બાપનું વહાણ અને બેસવાનું તાણ
ખાટલે મોટી ખોટ કે પ્રથમ પાયોજ નથી
મોજમાં હોવું, મોજ પડવી=આનંદમા હોવું
ટાઢા પહોરના ગપાટા
ટાંગ, ટાગો, ટંગડી=પગ.
ટાંગો વાઢવો=માર્મિક કહેતી.
ટાંગ ઝાલી ફેંકવું
બરો=તાવ, ગરમી, મીજાજ
પાલવતું=પોસાવું
ઠેકડી=મશ્કરી
ફૂગાં=આંસું, ફૂંગારો=રડારડ
માદપ=માદગી
ખપવાળો=ઉપયોગી
બેકી મુંઝાઇ જવી=અકળાઈ જવું
છડેછડો=એકલો
કળ=અસીલ, ઘરાક

માયાવાળો } = ધનવાન
જીવવાળો }

અવાર નવાર=વખતો વખત

આજુકે વરસ } = આ વરસ
ઓણુકે વાસ }

પરવા=ગયે વરસે (પર વર્ષ.)
મઠાર=મંદી [માઠું=નરમ]
ધરાર આવીશ=ના કહેવા છતાં આવીશ.
પકતુ, પકતાણ=પહોળુ, પહોળાઇ.
સોઢવું=સાથે આવવા તૈયાર થવું.
સોઢાડવું=આવવા તૈયાર કરવુ.
ત્રેવડ=સવડ.
તાગ લેવો=મન ચકાસવું; નું તળીઉ તપાસવું (Sound)
દાણો દબાવી જોવો=ઉપલક પરીક્ષા કરવી.
ખીચડી લેવી=ઉપરની દલાલી રૂપે રૂશ્વત લેવી.
મુસી રહેવું=ફસાઇ જવું [मुष्=ચોરવું]
મુસાડી દેવું=નુકસાનીમાં ઉતારવું.
ફીટ=હોંશીઆર
ટોપી પહેરાવવી=નુકસાનીમા ઉતારવું.
દાણીગણ=કરજ
ધમક=સુગંધ.
સો બસોની ઉઠી=સો બસોનું નુકસાન ગયું.
ફજા=નુકસાની (વેપારની)
પચ્ચાસનો ચાડલો ચોટયો=-નુકસાન થયું.
મગજમા રાઈ ચડવી=ચીડાવું.
ધણીપત=માલીકી.
ધણીઆતી=કોઇના કબજા વાળી
નધણીઆતી=માલિક વગરની-રેઢી;
ભોયો=ભોલીઓ.
અભોગો=અજાણ્યો.
કામઢો=ઉદ્યોગી.
બેઠાડુ=આળસુ-બેસી રહે તેવો.
સોઢી શણગારવી=મુખ શણગારવું.
કાઠું=શરીરનો બાંધો (૨) કલમ માટે બરૂ.
માખવું=ચોપડવું.
મખ=ચોપડવાની વસ્તુ.
માખણ=(ચોપડવા યોગ્ય) મસ્કો.

મીંઢો
મુંઢ માર=શરીર પર જે મારની નિશાની ન દેખાય તેવો માર.
ધ્રુમત, ધ્રુસ્તો, ઠોંસો=મુક્કી.
ઓજરું=પેટ.
મ્હો સુજણું=પ્રભાત
દીવા ટાણું=સંધ્યા, સાંજ.
વક્ર વગરનો લોટ=ચીકાસ વગરનો લોટ.
વળે બરાવવું
દાઢીઆરો=પુરુષ.
ટોપીઆરો=યુરોપીઅન.
રવદ મારવી=સરત બકવી.
ઓગણ જવું=તળાવ છલી જવું
ચાગલો=લાડકો.
ચાગનો ધ્રુધરો=લાડમાં ઉછરેલ
બોડો=બ્હેરો.
આગોતરો=અગાઉનો (સરખાવો "અગ્રતર")
પાછતરો=પાછળથી આવેલો.
સથવારો=સંઘાત (સાર્થવાહ)
વેળાવો=રસ્તે જતાં ચોકી કરવા લીધેલો માણસ.
ખેપ=કાસદની મજુરી.
ખેપીઓ=કાસદ
ધગવું=બળવું, તપવું.
ધગશ=તાપ.
વેતરણ રાખવી=સવડ રાખવી.
રવાડી=પાલખી.
સુથી=બ્હાનાના પૈસા (ગાડીવાળા પાસેથી લેવાના)
ઉકાસ=સવડ.
ઠારક, ઠારકો=ટાઢક.
'સા'=સુગંધ.
સોગાત=ભેટ.
ચોલકી=ટોપલી (ઘાસની)
છલ્લી=મોટી ટોપલી (ઘાસની)
સુંડો, સુંડલી=ટોપલી (વાંસની)
સાવરણી=ઝાડુ.

મોલાચો=કામચલાઉ ઇંઢોણી.
સીંચણીઉ=દોરડું (પાણી ખેંચવાનું)
રાધણીઉં=રસોડું.
નાયણી=ન્હાવાની ઓરડી.
દીંચણીઉં=જમતી વખતે દીંચણ આગળ રાખવાનું સાધન.
ઢગ=બહુ, ઘણું.
ઉખલું=બ્હોળું.
ઉખલાણ=પહોળાણ, પહોળાઇ, મોકળાશ.
વખાના માર્યા=દુઃખને લીધે, સંકટને કારણે.
નખોદ=(એક જાતની ગાળ)
પાપરાં=ચાળા કરવા.
આફેડો=પોતાની મેળે.
ધોખો કરવો=ખોટું લાગવું.
ગોફીરો=શોર બકોર.
–ને મોઢે થઇ આવવું=–ને મળી આવવું.
મ્હોં ભેળા થવું=રૂબરૂ મળવું.
મ્હોં સુધી જઇ આવવું=રૂબરૂ મળવા જવું
મોર, મોરથી=અગાઉથી, આગળ–પહેલાંથી.
વીયા=બચ્ચાં, છોકરાં.
દવલા=વ્હાલા નહિ તે
રઝળુ=રખડેલ
હાબડ, અડબાઉ=કુમળો નહિ તે, ડફર, પાકેલ. જંગલી.
વાઘ=બકરાંનું ટોળું.
ખાડુ=ભેંસનું ટોળું.
બાળદુ=બળદનું ટોળું.
ખોભરવું=ઉભા રહેવું, થોભવું.
રેઞો=ખાલી, ફોકટ.
ધુન=પસંદગી.
ડારો દેવો=ધમકાવવું.
ડારો ડફારો કરવો=ધમકી આપવી.
વટાવું=પસાર થવું (વ્યતીત)
ભર=ભલે, છો.
બગાવવું
ગુંડા વાળવો=કોઇના મરણ પછી રડવા જવું.

ગુડો=ગોઠણ (લાડુ દેખી ગુડા ભાગે)
ખરખરો=મરણ પછી કોઈને મોઢે શોક પ્રદર્શિત કરવો.
વકાડ } =ઠરાવ.
વડાડ
-નો વાદ કરવો=-ને પ્રમાણે હોવાનો હક લેવો.
મૂલ=મજૂરી.
મૂલી } =મજૂર.
મૂલણુ
મૂલે જવું=મજુરીએ જવું.
ઉકલ પાનીઉં=ગાડો, ચક્રમ.
આછો=પાતળો, ધોળો (રંગે)
પાંખો=પાતળો (રંગ)
ટુંબા ખાવા=મેણા સહન કરવા, ધમકીઓ સહન કરવી.
મોરીઓ=ઘડો (માટીનો)
કુરડો } =માટીનો લોટો.
ચરવો
રામ વાટકા }
રામ બટેરા } =માટીના વાટકા.
રામ પાતર }
આપડી લેવું=પહોચી જવું; પકડી પાડવું.
પુગવું=પહોંચવું.
નરસું=ખરાબ.
લકાઈ જવું } =સંતાઈ જવું.
લકાડી દેવું
સોણું=સ્વપ્નું.
સોણું લાધવું=સ્વપ્નું આવવું.
લાધવું=જડવું.
લોસાવવું=ચીડાવવું.
ખદડો=હીજડો.
દાખડો=મહેનત-પ્રયત્ન.
કારસો=યુક્તિ.
સાદ પાડવો=બોલાવવું.
બરકવું=બોલાવવું.
સઈ, સુઈ=દરજી.
સાંગો=મુરખ, ભોળા માણસ માટે-ભરવાડનું નામ-(સાંગો બોડકે જઈ આવ્યો=હરીભદ્ર વડોદરું કરી આવ્યો.)
સાંગા બોડકું કરવું=મૂર્ખાઈ ભરેલી રીતે ગોટાળો કરવો.

અચી કરવી } =રમવામાં ખોટું બોલવું, ખોટી
કુડ કરવું } રીતે વર્તવું.
આડાં દોઢાં કરવા } =ખટપટ કરવી.
આઘા પાછા કરવા
ધરવ=તૃપ્તિ (ધરાવું ઉપરથી)
વંઝી=બાબુની ખપાટ.
પરોણો=વાંસની આખી લાકડી.
રૂવા કરવું=હેરાન કરવું.
ઉધરાવો હોવો=ચિંતા હોવી.
લાળકું=મિત્રતાનો સંબંધ.
રોનક=ખૂબી.
રોનકદાર=ખૂબીવાળો.
ઘરઘરાઉ=બજારમાં જતા પહેલાં મળેલો માલ.
ખાટવું=જીતવું.
ખાટ=જીત.
ખટાવવું=વેપારીને લાભ કરાવવો.
પૂળા વાળવા } =ખોટી સાચી વાતથી ભોળવવું
લાડુ પીરસવા
આકરૂં=કડક, તીખું, ગરમ.
કઢારા નાણા=ઉછીના લીધેલાં નાણાં.
અણુઝ=મૂરખ.
લાસામાં લોટી જવું=સહેલાઈથી કામ પાર પાડવું
ઓકાસા=ખૂણો.
ઉપાડો=જોર.
ઉપાડ-માલ દુકાનેથી લેવો તે.
ઉતરેલ-હલકી (ગાળ)
ખોપ-ખટપટ.
ખોપીયો-ખટપટી.
ખોટી કરવું-રોકી રાખવું.
ખોટીપો-વખતનું રોકાણ.
ખોટકો-ત્રુટી-ખામી.
ખાણુ-બળદ ગાયને ઘાસ સિવાય કપાસીઆ, બાજરી, અડદ વગેરે ખવરાવવાની ચીજ.
ખાણીઉ-ખાણુ ખાનાર ગાય કે ભેંસનું ઘી "ખાણીઉં" કહેવાય.
ઢગો-મોટો બળદ જેવડો.
પોરો-વીસામો.
તગડવું-દોડાવવું.
ઓજી હોવું-કરજ મુક્ત થવું.

૧૮ ભવાઈનું ગુજરાતી રંગભૂમિમાં સ્થાન.

(લેખક—રા. રા. રૂસ્તમજી નાનાભાઇ રાણીના.)

" જ્ઞાન–પ્રસારક મડળી '' જેવી મુબાઇની છેક જૂની અને વિખ્યાતિ પામેલી સંસ્થાના પ્રતિનિધિ દાખલ અત્રે હાજર થવાનું જેમ મારે મનથી હું અનુપમ માન સમજું છું, તેમ આવા સાહિત્યના સાચા સેવકો તથા સાક્ષરોના સમુદાય સન્મુખ ઉભા રહેવાની મળેલી આ તકથી હું પોતાને બહુ ભાગ્યશાળી માની લઉ છું. જ્યારે મને અત્રે આવવાની ફરમાશ થઇ ત્યારે મને આગ્રહપૂર્વક કહેવામા આવેલ કે મારે કોઇ વિષય ઉપર લેખ લખવો અને પરિષદ પાસે તે રજુ કરવો. એ વાત ઉપર વિચાર કરતાં મારા પૂજ્ય ગુરુ સમાન, વિદ્વાન મિત્ર સ્વર્ગસ્થ રણછોડભાઇનું મને સ્મરણ થયું. કેમકે તેમના દુઃખદાયક મરણની થોડો જ વખત આગમચ જ્યારે તેઓ ગુજરાતી રંગભૂમિના ઇતિહાસની કંઇક વિગતો ભેગી કરવામા રોકાયલા હતા, ત્યારે તે સંબંધે કેટલીક તપસીલોની છણાછણી અમે સાથે બેસી કરી ચુક્યા હતા. તેમાની કોઇ હાથ ધરી એક લેખ ઉપજાવી કાઢવાનો મે ઠરાવ કર્યો; કે જેથી મારા મગજમા તરબતર થઇ ગયલો વિષય હું મને સંતોષ થાય તેવી રીતે લખીને વિદ્વાન ભાઇઓ સામે રજુ કરી શકું. નાટકમા મને ચેટક લાગેલ તે ફક્ત ગુજરાતી કે હિંદી કે ઉર્દૂ સાહિત્યને લગતું જ. અને તે વિષે મરહૂમ રણછોડભાઇ સાથે ઠીક વારંવાર ચર્ચા થતી. હવે હાલના નાટકની અગાઉ ભવાઇના વેષો ભજવાતા તેને લગતું કંઇક લખાય તે નવી બાબત ગણી શકાય એવા લોભથી આવા વિદ્વાનોના મેળાવડામા મારો રેસાલો મૂકું છું કે જેથી મારૂં અનુમાન કેટલે ભાગે પાકું અને ખરૂ છે તેને લગતી ચર્ચા કરાય તો છેવટ કાઇ નિર્ણય ઉપર આવી શકાય.

નાટક એ શેકસ્પીઅરના શબ્દોમા જગતની ચર્યાનું ભાન કરાવે છે. કુદરતમા ન્હાના મ્હોટાં જીવો બધાનો કોલાહલ થયા કરે છે તેમાથી મનુષ્યજાતિની ક્રિયાઓમા જે કાઇ ખાસ જાણવા જેવું હોય, ચમત્કાર ઉત્પન્ન કરવા સમર્થ હોય, મનને ખુશી રાખવાને લાયક હોય ઇત્યાદિ અનેક તરેહની લાગણીઓ પેદા કરીને ચિત્રરૂપે વિચિત્રતા દેખાડવાની હોય, તે કૃત્રિમ રીતે બતાવવી, અને એક યુગ એટલે એક જમાનામાં જે જે જીવનના ભાગો ભજવાઈ ગયા તે તે ભાગો ફરીથી ભૂતકાળના પડદામાથી બહાર વર્તમાન કાળના રંગમા ચિત્રીને રંગભૂમિપર દેખાડવાનું કામ નાટકનું છે. રંગભૂમિ તે પ્રદર્શન કરવાનું સ્થાન; અને ચાલુ જમાનાના નર–નારી પ્રદર્શનકળામા કાબેલિયત ધરાવીને જીવનના અમુક અમુક તબક્કાઓ રજુ કરે છે તે તે તબક્કાઓમાથી વળી સંસારની જાળમા ફસાતા માણસોને આડકત્રી રીતે સલાહ આપે છે તથા નીતિનો બોધ કરાવે છે—આવું આવું પ્રયોજન અનેક પ્રકારનું નાટકનું માનવામા આવે છે

તે મુજબ પૂર્વની આર્યપ્રજા પરાપૂર્વથી ભૂતકાળની પૂજારી છે એમ ઘણે ઠેકાણે કહેવામાં આવે છે. વર્તમાનકાળમાં ભૂતકાળની મદદવડે જે કાઇ ફળની પ્રાપ્તિ થાય તેમાં

પણ પૂર્વકાળની ભક્તિ ફળે એ માન્યતા ઘણે ભાગે રહેલી છે. આપણે ગુજરાતમાં ઘણા લાંબા વખતથી ઘણી પ્રથાઓ અને ઘણી સંસ્થાઓ ચાલી આવેલી જોઇએ છીએ કે જેમાં ખુલ્લીરીતે/પૂર્ણરીતે પ્રકટ થાય છે. ગુજરાતી સમાજ–જ્ઞાતિઓનો ભેદ રાખ્યા વિના–અગાઉનાં રાજ્યોમાં કેળવણી આપવા માટે પોતે જાતે ખંત વડે, પૈસાવડે અને યુક્તિવડે મહેનત કરતો હતો. મુસલમાની રાજ્યોના સમયમા એટલે લગભગ છ સૈકાઓની દરમિયાન હાલના વખતની સુધરેલી પ્રજાઓને લાયક માનસિક વિકાસની કેળવણી આપવામાં આવતી નહિ. બલકે તે વખતે તો હિંદુ ધર્મવાળાઓને હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં પણ મુશ્કેલી પડતી હોય તો તેમાં કાંઈ નવાઇ જેવું નથી. જ્યારે બુદ્ધ ધર્મના ફેલાવાને લીધે સંસ્કૃત ભાષા નિસ્તેજ બની, પછી ધીમે ધીમે, બોલાતી ભાષા તરીકે તેનું મરણ થવાનો સમય આવ્યો, ત્યારે સહજ ભાગ્યા તુટયા પ્રયત્નો વડે નાટક મારફતે લોકોને કંઇ કંઇ કેળવણી લઈ શકાય તેમ કરવામાં આવતું હતું. પરંતુ જ્યારે મુસલમાની રાજ્યો થયાં ત્યારે નાટક–ચેટક વગેરે ધીમે ધીમે અસ્ત થવા માંડયું; અને ગુજરાતની તો દુર્દશા વધારે મ્હોટે ભાગે થયલી હતી, ત્યાં કેળવણીના પ્રયોગો અવિચ્છિન્ન થઈ શકતા ન હોય એમ માનવામાં આવે છે.

પ્રજાકીય કેળવણીની પદ્ધતિઃ (૧) હિંદુઓમા તે વેળાએ કેટલીક રીતિયો અને રિવાજો એવા હતા કે તેમાથી સંસાર સંબંધે જ્ઞાન મળી શકતું. પહેલું તો વેદનું જ્ઞાન લેવા માટે મોટી સંખ્યામા માણસોને એકઠા કરીને વેદનું પારાયણ કરનાર બ્રાહ્મણ–અથવા બ્રાહ્મણો–બેસી જતા અને ચોકસ વખતે પારાયણ દરમિયાન વેદ મ્હોએ બોલવામાં તે બ્રાહ્મણો ઉપરાંત એકઠા મળેલા શ્રોતાજનો પણ મદદ કરતા. ઉપરાત વળી આઠ દશ દિવસ પારાયણ ચાલે તેમાં વેદના મંત્રોનું પ્રવચન કરવામા આવે, જેથી વેદને લગતું જરૂર જોગું જ્ઞાન સજીવન રહી શકતું.

(૨) કથાભટ્ટ–એટલે હરીની કથા કરનારાઓ શ્રી કૃષ્ણનાં ચરિતો કથા તરીકે માણસોનાં મ્હોટાં મંડળોની સામા બેસીને કહી જતા; અને તેઓ શ્રીમદ્ ભાગવતના ટુંકા ટુંકાં આખ્યાનો એટલે વાર્તાઓ ગાયન અને વાજાં સાથે સંભળાવતા હતા. આ બન્ને સંસ્થાઓ એવી હતા કે તેમાંથી બોધ લઇ શકાતો; અને તેની સાથે ધર્મશાસ્ત્રોનું જ્ઞાન કરાતું; તે ઉપરાંત તે પવિત્ર વાતાવરણમાં અને તે કાળની સૃષ્ટિમાં જે કાઇ ચારિત્ર્ય, નવાં નવાં વર્તનો વગેરે સૌન્દર્યની બાબતો, મનના વિકારો, વિચારોની પરંપરાઓ ઇત્યાદિનું ભાન થતું હતું. શાસ્ત્ર માંહેના તૈયાર વચનો ગદ્ય–પદ્ય બન્ને રીતે બોલવાનું એ બન્ને સંસ્થાઓમાં હતું. પણ જુદા જુદા સ્વાંગો ભજવવા માટે કંઇ ક્રિયા નહતી; અને કોઇ પણ પ્રકારે તે તરફ મન જતું નહિ.

(૩) માણભટ્ટ એ તાંબા કે પિત્તળની માણ માંડીને–ખાલી વાસણો મૂકીને તેને પોતે પહેરેલી લોઢાની વીંટી કે છવીંટીઆ વડે વગાડતા જઇને કથા કહેનાર એક બ્રાહ્મણ એકઠા મળેલા ટોળાબંધ શ્રોતાજનોને બોધ કરતો; તેમા પણ ગદ્યપદ્યાત્મક બાબતો સમાયલી રહેતી. ઓખાહરણનો દાખલો લઇને હજી પણ કોઇને આ માણભટ્ટની કથા સાંભળવાની ઇચ્છા હોય તો સુરત કે વડોદરામાં ચોકસ મોસમમાં જઇ તપાસ કરે તો કદાચ તે ત્યાં સાંભળ-

વામાં આવે. ટુંકામાં માણભટ્ટ બેઠે બેઠે કે ફરતા ફરતાં પોતાની વાર્તા કે આખ્યાન કહી જતો અને કથાભટ્ટ જે ભાગવત વાચનાર અથવા વેદ પારાયણ કરનાર તે બેસીને જ પ્રવચન કર્યા કરે; પણ હરિદાસની કથા કરનાર ભટ્ટ બેઠે બેઠે કવચિત્ 'વ્યાખ્યાન' કરતો; તેને તો ખાસ હાવભાવ બતાવવા માટે ફરવું જ પડે; કદાચ કોઇ કોઇ કાબેલ ભટ્ટ હોય, તો તે આકાર અને ઇગિત વડે પણ પોતાનું પ્રવચન જોવા લાયક અને સાંભળવા લાયક રસીલું કરી દેતો, ટુંકામાં, નાટકનો ચિતાર ખડો કરી શકતો. પણ ઘણે દરજ્જે ખામીવાળો તે ચિતાર રહેતો તે પણ સમજી શકાશે.

આ ત્રણ રાષ્ટ્રીય કેળવણીનાં સાધનો અને અંગો તરીકે પસંદ કરવામા આવ્યાં હતાં. વીરરસ, શૃંગારરસ, હાસ્યરસ, કરુણરસ અને જે મરજીમા આવે તેવો રસ ઉત્પન્ન કરવાની શક્તિ અમુક દરજ્જે હરિદાસમા અને માણભટ્ટમા હતી; પારાયણભટ્ટ તો કેવળ શાંતરસ ઉત્પન્ન કરી શકે તે પણ સમજી શકાય તેવી બાબત છે. આ બધા ત્રણે પ્રકારની કથા કહેનારાઓ એક જગ્યાપરથી બીજી જગ્યાપર જઇ જઇને પોતાનું કામ કરતા હતા અને તેથી તેઓ "ભટકતા રામ" કરી ઓળખવામાં આવતા. તેઓ પૈસા પણ સારા પેદા કરી શકતા; અને મોસમે મોસમે પોતાની કમાણી જોઇતી હોય તેટલી થઇ શકતી. જેમ હાલના સુધરેલા જમાનામા સુધરેલાં નાટકો જોવાને પરિણામે અમુક સંખ્યામાં નાટકવાળાઓ કમાણી કરે છે, અને હસતે મ્હોએ લોકો પૈસા આપે છે, તેવી રીતે તે સમયે પણ બનતું હતું. તે ત્રણે જાતના ભટ્ટો સ્વચ્છ આચાર વિચાર, ઉંચી જાતની નીતિ અને શાસ્ત્રનું જ્ઞાન શિખવવા માટે લોકોની માગણી બનતી રીતે પુરી કરતા હતા. આ ત્રણે સંસ્થાવાળાઓ દેવમંદિરની નજદીક અથવા દેવમંદિરમાં પોતાનું કામ કરતા હતા.

"ભવાઇ"ની સંસ્થા કંઇક અંશે એના જેવીજ ગણી શકાય. ઉપરની ત્રણ સંસ્થાઓની સાથે આ ચોથી ભવાઇની સંસ્થા મૂકી શકાય. ભવાઇ કરનારાને સંબંધે વધારે એટલું ધ્યાનમા રાખવાનુ છે કે તેઓનો વિષય-વસ્તુ એટલે વર્ણ (plot)–ગમે તે જાતની લોકમાં ચાલુ, દંતકથામા ગવાતી, સાધારણ લોકના હૃદયમા જલદી અસર કરે તેવી વાર્તા હોય, અને ધર્મશાસ્ત્રની ન હોય તે પણ સમજાય તેવું છે; કેમકે તે સમયના રાજ્યને કારણે ધર્મશાસ્ત્રનો લોપ થઈ જવા જેટલી સ્થિતિપર વાત આવી હતી. ઉંચી કેળવણી લેનારા થોડા હતા; અને તેની સાથે જે હતા તે આખા હિંદુસ્થાન જેવા મ્હોટા દેશમાં છૂટા છવાયા ખૂણે ખોચરે રહેતા હતા. ભવાયા લોકો સામાન્ય લોકોની પેઠે કેળવણી લીધેલા હોય કે ન હોય તે અલગ વાત છે; પણ તેઓ સાધારણ રીતે લોકોને બોધ કરવા માટે સમર્થ હતા. ભવાઇમાં સ્વાગ ભજવવાની ખાસ બાબત વધારે છે; કે જે ઉપલી ત્રણે સંખ્યાઓમાં લગભગ બિલકુલ નહતી. હાલના નાટકોની જેમ દરેક જાતની નાટક જેવી વ્યવસ્થા નહતી તે તો સત્ય છે; પણ મોઢા ઉપર નાખવા માટે બચ્ચાના ખેલ જેવા અનેક પદાર્થોમાંથી બનાવી કાઢેલા મ્હોં-ઢાકણો (masques) રાખીને અને સ્ત્રીઓને માટે બુરખા જેવા કપડાં આડાં ધરાય તેમ શરીર ઉપર પહેરીને જુદા જુદા સ્વાગો રચવામા આવતા હતા. ભવાયાઓમાં સ્ત્રીઓ પણ ભાગ લેતી; પણ પુરુષોને સ્ત્રી જેવા ગણાવા માટે વાધો નહતો. ભવાયા લોકોની જ્ઞાતિ અલગ છે; અને તેઓનો આ એક ધંધો હતો. તેઓ દેવીના ભક્ત; અને દેવીની સામે સ્ત્રી

જાતિ તરીકે દરેક ભવાયાને વર્તવું પડતું. ભવાઇ નવરાત્રી દરમિયાન ભજવાતી; અને દેવીના માહાત્મ્ય અને કીર્તિનાં ગાન ગાવા માટે પ્રથમ ભવાઇની બાબતો રમાતી હતી. ભવાઇ કરવી એટલે સ્ત્રીજાતિ બની–વેષ બદલી–ને દેવીનાં કીર્તન કરવા. ધીમે ધીમે ભવાઇમાં વેષો ઘણા બદલવા પડતા તેથી પડદાઓ આડા બાંધી એકડા થયલા શ્રોતાજનોની સામે પડદામાંથી એક પછી એક સ્વાંગ ભજવવાની શરૂઆત થઇ. વખત જતે જતે માત્ર દેવીનું કીર્તિગાન ગાવાની જગ્યામાં બીજી હરકોઈ નીતિની વાર્તા લઈને તેને સ્હેજ નાટકના ભાંગ્યા તૂટયા સ્વરૂપમાં મૂકીને જુદાં જુદાં પાત્રો એક ખેલ તરીકે રચી દેતા થયા. આ પ્રમાણેની ક્રિયા કરવામાં વેષ કાઢવા માટે જે જે સાધનો અને ચીજોની જરૂર પડે તે સઘળાં ભવાયાની ટોળીઓ પોતાની સાથે રાખતી. એક સ્થળથી બીજે સ્થળે એક જ ટોળી નવરાત્રીના દશ કે પંદર દિવસમાં ન જઇ શકે માટે જુદી જુદી ટોળીઓ ભવાઇમાં કુશળતા ધરાવીને હાલની જુદી જુદી નાટક કંપનીઓની પેઠે ફર્યા કરતી હતી; અને ધંધા તરીકે તે લોકો પાસે આ એક ઇલ્મ હતો એમ કહી શકાય.

ભવાઇ વિષે દેવીના ચરિત્ર સાથે સંબંધ બતાવીને કહેવાની અહિં કાંઇ જરૂર નથી. વળી આવા સાહિત્યના રસિક અને સાહિત્યના વિષયોની ચર્ચામાં કાબેલ ગૃહસ્થો સનમુખ જે હકીકત સહુ કોઇના જાણવામાં છે તે રજુ કરીને ચાવેલું ફરી ચાવ્યાનો દોષ વ્હોરી લેવાને બદલે ફક્ત જે જાણવાજોગ બાબત છે તેનીજ નોંધ લેવી વાજબી લાગે છે. ભવાયા લોકોની ઉત્પત્તિ વડનગર પાસે બહુચરાજી તથા અંબાજી માતાના હાલના ધામમાં થયેલી; અને ભવાયા લોકો તથા માતાજીનો સંબંધ એ વગેરે હકીકત ભવાઇ વિષેના વિવેચનોમાં ઘણી જગ્યાપર વાંચવામાં આવે છે; જેથી મૂળ સ્વરૂપમાં વધારે ઉંડા ઉતરવાની અગત્ય નથી. બીજી વાત એ છે કે "નાટક" શબ્દનો અર્થ અને નાટકની ખરી વ્યાખ્યા પણ આ સાહિત્ય બનાવનારાઓ, સાહિત્ય ઝીલનારાઓ અને સાહિત્યમાં રસ લેનારા તથા ગુણ દોષ જોઇ શકનારા વિવેચકો પાસે રજુ કરવાનો અવિવેક મારે કરવો ન જોઇએ. પરંતુ 'ભવાયા અથવા 'ભવાઇ' એ શબ્દનો મૂળ અર્થ કોઇ બીજી જગ્યામાં હજી વાચવામા ન આવ્યો હોય એમ માની રજુ કરવો ઘટે છે. 'ભવ' એટલે જીવન–સંસારમાં ભટકનારા તથા તેનું દર્શન કરાવી અમુક અમુક દિશાઓમાં અનુભવ કરાવનારાઓ તે ભવાયા કહી શકાય ખરા.

ભવાઇમાં ઘણે ઘણે સ્થળે સારાં નીતિનાં, ધર્મનાં અને સામાન્ય રીતે દુનીઆનું જ્ઞાન કરાવનારાં વચનો હોય છે તેના દાખલા નીચે મુજબ થોડા છેઃ–

"સાંભળ સાભળ ફૂલનો ચોડો કહું: ફૂલે ચંપોરાય, તેને જાઇ જુઈ પટરાણી."

"અબે દાબલા ટંટાકી બાત જાને દે, બંદગી કર."

"જટ બંધાએ ખુદા મીલે તો બડ પોંચે સબ ભસ્ત."

"બંદા બાજી જૂઠ હેં, મત સાચી કર માન; કહાં બીરબલ ગંગ હે, કહાં અકબરખાન." વગેરે વગેરે.

આ લેખને માટે વધારે લાબું કોઇ પણ પેટાવિષયમાં લખવાની જરૂર લાગતી નથી; તોપણ એટલું તો કહેવું પડશે કે મુસલમાની વખતમાં દેશમાં જીવન સુધારવા માટે કેળવ-

ણીનો પ્રકાર આ પસંદ કરવો પડ્યો હશે. બીજું, ભવાયા લોકોની ભવાઇ માંહે વપરાયેલી ભાષામાં પણ મુસલમાની બોલીની અસર છે, તેની સાથે તે સમયના બાદશાહોની કીર્તિ પણ ગાવામાં આવી છે. ત્રીજું મારવાડની ભાષાશૈલી ભેળ થયલી ગુજરાતી ભાષા છે, તે પણ જાણવા લાયક વાત છે. એવી રીતે ઘણા ઘણા તત્ત્વો ભવાઇમાંથી બારીક નજર કરવાથી જણાઇ આવશે; પરંતુ એ બધી બાબત ભવાઇ વિષેનું વિવેચન કરનારને જોવાની છે.

હવે થોડો વખત આપણે પશ્ચિમ તરફની નાટકની સંસ્થાનાં શરૂઆતનાં બીજોને તપાસીએ:–નાટકો હયાતીમાં આવ્યાં તે પહેલાં દેવમંદિરના આશ્રય તળે અને અંકુશ નીચે હૃદયનું રંજન કરવા માટે જે પ્રયાસો થયા હતા તે ખાસ જાણવાજોગ છે. ભટકતા ભવાયાઓની માફક પોતાનો ધંધો કરીને બેઠેલા એવા કેટલાક રંગભૂમિપર ખેલ ભજવવામાં કુશળ માણસોની ટોળી આ કામ કરવામાં મશગુલ રહેતી. ઇંગ્રેજ લોકોને તહેવારનો ઉપભોગ કરવા માટે અને રમતગમત કરવા માટેની શક્તિ તથા મનની વૃત્તિ ઘણી તીવ્ર હોય છે અને બધી પશ્ચિમ તરફની તથા પૂર્વ તરફની પ્રજાઓ માંહે તે લોકોની આ લાગણી ખાસ બહાર પડતી છે એમ ઘણા લેખકો કહી ગયા છે; તે જ રીતે હાલ પ્રત્યક્ષ જોઇ પણ શકાય છે. બીજી તરફ ઇટલી અને ફ્રાન્સ કે જ્યાં સુધારો ઈંગ્લાડની માફક અસરકારક રીતે પ્રવેશ કરી શક્યો ન હતો, તે બે સ્થળોમા ક્ષુલ્લક જેવી એટલે હલકી જાતની મઝાહ મારવાની વૃત્તિ વધારે બહાર પડતી થઇ હતી. જૂના ગ્રીસ અને રોમના સાહિત્યનો વારસો પ્રથમ દરજ્જે અગર જો કે ઇટલી અને ફ્રાન્સને મળ્યો હતો, છતાં તે વારસો જેટલો ઈંગ્લાંડમાં થોડે અંશે મળ્યો તેટલે અંશે પાછો તેને સંગીન બનાવવા માટે પુષ્ટિના બીજાં તત્ત્વો તેમાં ઉમેરવામાં આવ્યાં હતાં. આ સંયોગો કે જેનું નામ મધ્ય યુગના અંધકારનો સમય એવું આપવામાં આવ્યું છે તે શેક્સપીઅર વગેરે નાટકકારોની પહેલાંનો સમય છે

Pastoral Drama અને Mask–masque–એ નામથી પ્રખ્યાત તે સમયનું ભવાઇને મળતું આવતું નાટકનું સ્વરૂપ હતું. આ રચવામાં પણ જુદા જુદા માણસોની મનની પ્રતિમા કામે લાગેલી હોય એમ અનુમાન કરી શકાય છે; અને તે રીતે ઘણે ભાગે ભવાઇઓનું પણ સમજવાનું છે; વળી ભવાઇની માફક તેમાં વેષ ભજવવા જતાં કૃત્રિમતા ઠેક ઠેકાણે જણાઈ આવતી. માસ્કમાં સંવાદો, ગાયનો, નાચવાનું અને પડદાઓ તથા વેષ બદલીને ખેંચાણ કરવાનું કામ પણ ભવાઇમા હતું તેવી રીતિનું હતું એમ સરખાવી શકાય. જેમ ભવાઈ વાળી વળે તેવી એટલે જે રીતે ઇચ્છા મુજબ ફેરફાર કરી શકાય તેમ સ્વાંગ વગેરે ઘણીખરી બાબતોમા ફેરફાર માસ્કમાં પણ કરી શકાતો, અને તે રસીલા કરવા માટે ગમે તે સ્વરૂપમા ભજવાતાં અભિનય કળાનું સ્વચ્છ, શુદ્ધ અને ઉંચી પ્રતિનું સ્વરૂપ જેમ ભવાઇમાં નથી, તેમ માસ્કમા પણ ન હતું. પાત્રોમા ભેદ નાયક, નાયિકા અને સૂત્રધાર એ થોડે ઘણે દરજ્જે નાટકને મળતાં આવતા હોય તેવું ભાન બન્નેના સંબંધમાં થાય છે; પરંતુ વસ્તુનું ઐક્ય (unity of plot) એ ચોક્સ ભાગે ભંગ થયલું બન્નેમા જોવામાં આવે છે, એમ કહેવામાં વાંધો નથી. સાહિત્ય ઉંચું અને ગદ્ય તો ઠીક પરંતુ પદ્ય તો બિલકુલ સાધારણ પ્રકારનું અને સાધારણ લોકોના શબ્દોમા ઘડાયેલું, સાધારણ લોકોના બોધને માટે નિર્માણ થયેલું, સાધારણ લોકોની વચ્ચે ચાલી શકે તેવું બંનેમા હતું, એમ કહી શકાય. રાજ દર-

બારમાં અને દેવમંદિરની સમક્ષ જેમ ભવાઇ કરવામા આવતી તેવું જ મારકને માટે પણ હતું. રાણી એલીઝાબેથ અને પહેલા જેમ્સના રાજમહેલમાં મારક ભજવાયાનું લખાણ છે, તેવી રીતે ભવાઇઓ કાઠીઆવાડના રજવાડામા પચાસ વર્ષો પહેલાં ભજવાતી કોઇ કોઇએ જોયેલ હશે. મઝાહ, ગમ્મત એ બધું બન્નેમાંથી મળતુ; પરંતુ દિવ્યદર્શનોથી દિવ્ય રસનું પોષણ અને હૃદયની તથા અંતરાત્માની અલૌકિક શાંતી–સૌખ્ય જેવાં નાટકો–કે જે પૂર્વ અને પશ્ચિમમાં પાછળથી થયાં તેમાંથી મળે છે, તે મળી શકતાં નહિ, એ તો નિર્વિવાદ વાત છે. મધ્ય યુગના અંધકારના સમયમા જેમ ધર્મને લગતા જ મારકો વગેરે રચાયાં છે, તે જ રીતે ભવાઇઓ પણ ધર્મનો બોધ કરવા માટે પહેલા રચાઇ હોય એમ માનવું ખોટું નહિ ગણાય; પરંતુ સ્વચ્છ અને નિર્મળ ધર્મનું સ્વરૂપ ભવાઇમાં નથી. ઉપર કહ્યું તેમ ભવાઇમાં નીતિના પાઠો છે ખરા તેમ જ રાજતંત્રશાસ્ત્ર વગેરે પણ કોઇ કોઇ પ્રસંગે જોવામાં આવે છે.

તે ઉપરાંત Mysteries એટલે ગુપ્ત ખેલો કરવામાં આવતા હતા; અને એ સ્વરૂપ પણ નાટકોની પહેલાંનું હતું. તે ઉપરાંત જે બીજાં બે હતાં તે Miracles એટલે ચમત્કારિક ખેલો, અને Morality plays એટલે નીતિના ખેલો પણ સાહિત્યના પ્રદેશમાં ઘુમનારાઓના જાણવામાં હોવા જોઇએ. આમા ગુપ્ત ખેલોમાં વસ્તુ (plot)–વિષય (subject) ધર્મને સંબંધ ધરાવનારો હતો; એટલે કે જેમ અમુક ભવાઇમાં ગુહ્ય ભેદોવડે કૃષ્ણની લીલા વગેરે બતાવવા માટે ભાગવતમાં પ્રયાસો કરવામા આવ્યા છે તેવી રીતે બહુચરાજી અને અંબાજી માતા–યાને દેવીના પરાક્રમ અને સંસારના રેંટમાળને લગતા થોડાક ખેલો જોવામાં આવે છે, તેમ ક્રાઇસ્ટના ગુપ્ત ભેદો અને ગુહ્ય ચારિત્રોની સાથે જગતના ઉદ્ધાર (redemption) વગેરેની બાબતો mysteries માં જોવામાં આવે છે. પરમાત્માની ઉંચ શકિત તે દેવીને લગતી હકીકતો તેમજ પાશ્ચિમમાં ક્રાઇસ્તને લગતી કેટલીક બાબતો એમ મુકાબલો કરી શકાય. 'મીરેકલ્સ' માં ચમત્કારો એટલે મહાન યોગી કે સાધુઓના ચમત્કારો–જેવા કે રાઇનો પર્વત—એ ભવાઇમાં કોઇ કોઇ જગ્યામાં બારીકીથી જોતાં માલમ પડશે. નીતિના ખેલોમાં તો સદ્ગુણને સજીવારોપણની ક્રિયા (personification) વડે મ્હલાવવામાં આવે છે, અને તે સદ્ગુણના ઉંચાં સ્વરૂપો બતાવીને તેની જગતમાં ફતેહ બતાવવામાં આવે છે, તેવી રીતે ભવાઇમાં પણ થોડે ઘણે દરજ્જે કરવામાં આવેલું છે.

હવે ભવાઇને લગતા એક પેટા વિષયમાં ઉંડા ઉતરવા જતાં Passion-play મનોવિકારો ઉપર અસર અથવા લાગણીઓના ખેલો જુદા જુદા રંગના અને જુદા જુદા તબક્કાઓમાં કેવી રીતે, કેટલે દરજ્જે અને કેવા હેતુથી રચાય અને ભજવવામા આવે, તે બાબતો ઉપર ટુંકમાં પણ બે બોલો લખવા પડે; અને તેમ કરવા જતાં નાટય શાસ્ત્ર (dramaturgy) અથવા નાટકની કળાના પ્રદેશમાં ઝંપલાવાનું બની જાય; અને તેમાં ઘણી જગ્યા રોકવી પડે અને આ પરિષદ્‌ના બીજા મ્હોટા વિદ્વાન ભાઇઓ કે જેમની પાસેથી ઘણું અમૂલ્ય જાણવાનું બને છે તેઓના વખત ઉપર તરાપ મારવાનું આડકત્રી રીતે થઇ પડે તેથી એક બે વાકયોમાં જ આટોપી દઇશું. કોણ નહિ જાણતું હોય કે મનના વિચારો; અંદરના વિકારો; સારી કે માઠી, ઉંચી કે નીચી લાગણીઓ, તરંગો, ખ્યાલો અને કલ્પનાઓને આધારે નાટક બને છે ? વળી ઉંચી ભાવનાઓ, ઉંચા આદર્શો, ઉંચા સંસ્કારવાળા

ભાવો તથા રસો નાટક જોનારા અને સાંભળનારાઓમાં પેદા થાય તેવા પ્રયાસો ચાલુ હતા અને છે એ પણ જાણીતી વાત છે. ભવાઈમા પણ આ સઘળું હતું; પણ દરજ્જાનો ફેર, તેમ વળી રીતનો ફેર. ભવાઇ સાધારણ લોકોએ રચેલી; ભવાઇના વેષ ભજવનારા પણ સામાન્ય લોકો. નાટક બનાવનાર સફાઇદાર ઉંચા સંસ્કારવાળા લેખકો; અને ભજવનારા પણ શરૂઆતના જમાનામા તો છેક કાઢી નાખવા જેવા લોકો નહિ. પણ જોવાનું તો એટલું જ રહે છે કે લોકોના મન ઉપર અમુક નાટક કે અમુક ભવાઇની અસર કેવી થઇ. હાલ તો કદાચ પૈસા આ નાટકથી વધારે કમાશું કે પેલી ભવાઇથી?—એમ પણ ખ્યાલ કેટલેક દરજ્જે કરતા હોય; પણ અસલના જમાનામાં તો એટલું જ કે કયા પાત્રની સારી છાપ પડી ? કયા ભાવની નીતિની ઉંચી અસર થઇ શકી ? ઇત્યાદિ.

જેમ જેમ દેવ મંદિરમાં અહિંની ભવાઇઓ અને પશ્ચિમના ત્રણ ચાર સ્વરૂપો ભજવાતે ભજવાતે શ્રોતા અને દ્દષ્ટા જનોની સંખ્યા વધારે ને વધારે થતી ગઇ તેમ તેમ મંદિરની બહાર કે થોડેક વધુ દૂરની જગ્યામાં તે ભજવાતાં થયા, કે જ્યાં લોકો કોઇ પણ રીતના અંકુશ વિના બેસીને આનંદ કરી શકે; અને તેમ તેમ ગમે તેવાં સ્વરૂપો ધારણ કરવા તરફ ખરાબી તથા નીચી પાયરી પર જવાનું તે બધાં માટે બન્યું. હલકી ભાષા, જેવા તેવા વેષો, જેટલી મળે તેટલી સાધન-સામગ્રીઓ, એ બધું પૂર્વ અને પશ્ચિમમા એક સરખી રીતે આવી લાગ્યું. દેવ મંદિર તથા રાજદરબારના સંબંધથી ઉજળા દેખાતા ભવાયા અને મીસ્તરી તથા મીરેકલના ખેલાડીઓ નબળા થવા લાગ્યા. લોકોનાં મનને વશ કરી લીધેલાં હતાં તેથી સાધારણ લોકો તો તે જોવા માટે આગ્રહપૂર્વક ઇંતેજારી ધરાવતા હતા તેમાં ફેર પડયો નહતો. દેવીનું અને શંકરનું "તાડવ નૃત્ય" ભજવવામાં ભવાયાઓ કુશળતા પકડતા ગયા; અને જેમ જેમ નાચવા સાથે ગાયન અને બજાવવાનો ભાગ વધતો ગયો તેમ તેમ લોકાના મન વધારે ખુશી થતા ગયા, અને તેની સાથે ભવાયાઓને જુદી જુદી રીતે લોકોને રીઝવવા તરફ મરજી થતી ચાલી.

અસલમાં ભવાઇઓની સંખ્યા ઓછી હશે; અને જમાના જમાનાની તાસીર જાળવી રાખવાના હેતુથી વધારે ઉમેરો મૂળમાં થયો હશે એમ માની શકાય. કેટલીક ઘણી જૂની અને કેટલીક પાછળથી લખાયલી હશે એમ લાગે છે. પ્રેમાનંદના સમયમાં તે જ મહા ઉત્તમ ગ્રંથકારે નાટકનું ખરૂં શુદ્ધ સ્વરૂપ હયાતીમા મૂક્યું; તે પહેલાં ભવાઇ હશે કે કેમ તે મુકરરપણે કહી શકાતું નથી. પ્રેમાનંદ કવિ તેને વિષે કાઇ ઇસારો પણ કરતા નથી. વલ્લભ કવિ જેણે માતાના ગરબાઓ રચ્યા છે (અને પ્રેમાનંદનો દિકરો તે વલ્લભ નહિ) તેણે પણ ભવાઇ વિષે કશું કહ્યું નથી. બહુચરાજીની સ્તુતિ કરવાનું, અંબાજીના ગરબા ગાવાનું અને તત્ત્વજ્ઞાનની નજરે બધું દેવીનું કીર્તન કરવાનું કેળવાયલા લોકોનું જ કામ હશે; અને સામાન્ય લોકો જેને કેળવણી ઓછી અથવા બિલકુલ નહિ તેઓને ભવાઇમાંથી શિક્ષણ સાથે આનંદ લેવાનું બનતું હશે. ભવાયા લોકો વેષ ભજવવામાં કાબેલ હોય છે અને તે જાણે ઓધે ઉતરેલો કસબ હોય તેમ હાલની નાટક કુંપનીઓમાં પણ કેટલાક ભવાયાનાં પાત્રો સારાં વખણાય છે.

પાછળથી રચાયલી ભવાઇઓ સાથે ગણતાં તેની સંખ્યા સારી હોવી જોઇએ. સ્વર્ગવાસી રાવસાહેબ મહિપતરામ ભાઇએ લગભગ વીશનો ઉદ્ધાર કર્યો છે. એટલી પણ જુદા

જુદા સમયે રચાઇ હોય એમ જણાય છે. ‘ ભાવનગર ’ શબ્દ “ કંસારાના વેષ ” માં વપરાયલો છે તે જોતાં કેટલીક ભવાઇઓ મૂળ હશે, અને મજકુર ભવાઇ અઢાર—ઓગણીસમા સૈકા પછી લખાઇ હોય. કારણ કે ભાવનગર નામ જ એ સૈકામાં ધારણ થયું:—“ અજીહો ભાવનગર ખુબ, ઉસમે મિનારા ચાર; ઉવા બેઠે ગુનીજન ફકીરો, અખાડા મૌલા હકારે. ” બીજી બાબત એથી વધારે અગત્યની છે, તે “ પાંચ ચોરના વેષ ” માંથી મળે છે. તેમાં “ ટોપીવાળે સમન્સ કરીને બોલાવ્યા ” વગેરે શબ્દો આવે છે તે જોતાં યૂરોપની પ્રજાનો વસવાટ જ નહિ પણ અંગ્રેજી રાજ્યના ધારા ધોરણ મુજબ સ્થાપવામાં આવેલી ન્યાયની અદાલતો હૈયાતીમાં આવેલ હોવી જોઇએ, એ વખતનું બયાન છે. તે જ ભવાઇમાં કારકુનનો વેષ આવે છે, તેમાં ‘ બેલીફ, રેજીસ્ટ્રાર, જેલર, માજીસ્ટ્રેટ ’—વગેરે ઇલ્કાબો અને દરજ્જાઓનાં શુદ્ધ નામો છે, જે ઉપરથી અનુમાન કરી શકાય કે અંગ્રેજોનું રાજ્ય કુલફુલાં જામ્યું તે વખત સુધી પણ નાટકો હયાતીમા નહતા. છેવટ સાર એ કે પ્રેમાનંદે ત્રણ નાટકો ગુજરાતીમાં રચ્યાં તે પહેલાં સંસ્કૃતના નાટક રચવાના પ્રયાસો છૂટા છવાયા ક્યાંક ક્યાંક થયા હતા; પણ ગુજરાતી ભાષામાં પ્રેમાનંદના કાળમા સંસ્કૃતની ઝાંખી થાય તેવો અનુભવ ત્રણ નાટકોએ આબેહુબ કરાવ્યો. હવે પ્રેમાનંદ પહેલો જ નાટકનો કર્ત્તા; અને ભજવવામાં તે ઘણાં અઘરાં અને અગવડ ભર્યાં છે; તે જોતાં એમ લાગે છે કે તે લોકપ્રિય કદાચ નહિ બન્યાં હોય. સાંકળના અંકોડા તૂટયા વગર ‘ નાટક ’ ને સંસ્કૃતમાથી ગુજરાતીમા એમ લાવી શકાય તેમ નથી; કારણ કે મધ્યયુગમાં સંસ્કૃત નાટકોનો પણ ચોક્સ સૈકાઓ દરમિયાન લોપ થયો હતો; તેની સાથે હાલ આપણને સંબંધ નથી. ફક્ત પ્રેમાનંદના વખત પછી તે હાલના જમાનામા અંગ્રેજી કેળવણીના પ્રસારને લીધે જે જે નાટકો ગુજરાતીમા લખાયાં અને ભજવાયાં તેની પહેલા ભવાઇનું પરિબળ હતું, અને ભવાઇઓ વડે લોકપ્રિય ભાષામાં લોકોને કેળવણી આપવા માટે પ્રયત્નો કરવામાં આવતા હતા તેમાં શક નથી. આ લેખમાં તેની એક ઉડતી તપાસ સિવાય વધારે કાંઇ કરી શકાય નહિ; વિગતોને બારીકીથી તપાસીને પાકા અનુમાન ઉપર આવવા માટે વળી વધારે સારો પ્રયત્ન વધારે મોટા વિદ્વાન કરી શકે, અને વધારે ખંત અને શોધક બુદ્ધિના બળવડે તેવો પ્રયત્ન સફળ કરી શકે. આ દરીઓ ઉંડો છે; તેને ડહોળી તે માહેથી અમૂલ્ય પદાર્થો બહાર લાવવાનું કામ ઉંચી મગજશકિતનું છે; એટલે બધી રીતે જોતા આ લેખનો અંત એટલેથી લાવવો વાજબી ગણાશે.

૧૯ લલિત વાઙ્મય અને તેની સમાજ ઉપર અસર

(લેખક. રા. રા. ગૌરીશંકર મોતીરામ ભટ્ટ.)

આજકાલ દર વરસે અનેક પુસ્તકો બહાર પડે છે અને તેમાં એક સરખી યોજના કે એક સરખા વિચાર હોતા નથી. દવાઓનાં કે બીજી જાતનાં સૂચી પત્રો, કાયદાના પુસ્તકો અને રેલ્વેગાડીના ડબામાં વેચાતાં રંગબેરંગી ભાતભાતનાં પુસ્તકો એ તમામનો સાહિત્યમાં સમાવેશ થતો નથી. સાહિત્ય એટલે મનુષ્યના વિચાર, અનુભવ અને લાગણીઓની સહૃદય નોંધપોથી. આજકાલ ગુજરાતી ભાષામા અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી વગેરે ભાષામાંથી અનુવાદો થઈ રહ્યા છે એનાથી જ માત્ર સાહિત્યનું કામ સરતું નથી. જો આપણે સ્વતંત્ર જ થવું હોય તો આપણું સાહિત્ય પણ સ્વતંત્ર જ થવું જોઇએ. તે માટે કવિઓએ અને કલાકારોએ પણ પોતાનું જીવન સ્વતંત્ર બનાવવું જોઇએ.

આપણે કેટલીક વાર એવું સાંભળીએ છીએ કે સાક્ષર અને સમાજનું જીવન ભિન્ન ભિન્ન પડી જાય છે. આપણી પાસે લોકસાહિત્ય નથી. આપણા લોક ગીત અને આપણાં જુના ગુજરાતી અને કાઠીયાવાડી સાહિત્યને ભેગું કરવાને જોઇએ તેટલો પ્રયાસ થતો નથી, આપણા જુના સાહિત્યમા જે ભાવનાત્મકપણું romanticism જોવામા આવે છે તે આજ કાલના ચોમાસાના જંતુ માફક ઉભરાતા સાહિત્યમા જોવામાં નથી આવતું. વિદ્વાનોએ સમાજમા ભળી જવું જોઇએ એટલુંજ નહિ પણ તેમણે ખેતરે ખેતરે અને ઝુંપડે ઝુંપડે તેમની અસર ફેલાવવી જોઇએ. સમાજ, ધર્મ, રાજ્ય, અને વ્યકિતની સ્વતંત્રતાના વિચારો આપવા જોઇએ. ખુશામત અને અવનતિ ફેલાઇ હોય ત્યાં પોતાનો દંડ પ્રહાર કરીને કાશ્મીરથી કેપ કોમોરિન સુધી પોતાનો દિગ્વિજય ફેલાવવો જોઇએ. જગતનાં સુખદુઃખ પોતાની નજરે જોઇને તે પોતાના આદર્શો સાથે ગૂંથવાં જોઇએ. તો જ સાક્ષરો અને સમાજ એકબીજા સાથે સહકાર કરતા થઇ જાય. હાલ તો બન્ને અસહકારીઓ છે.

કુદરત એ ઇશ્વરની કળા છે. પ્રેમ એ જગતનું બંધારણ છે. સત્ય ઉપર સર્વ કંઇ ટકી રહેલું છે. જ્ઞાન અને અનુભવથી બધે ચેતન પ્રસરી રહ્યું છે. એમર્સન કહે છે કે સાહિત્ય એટલે મનુષ્યના ઉંડામા ઉંડા ભાવ. ચિત્ર, કાવ્ય, સંગીત સ્થાપત્ય એ સર્વથી સૌંદર્યનો સાક્ષાત્કાર થાય છે, અને એનું સાહિત્ય એટલે લલિત વાઙ્મય. ગ્રીસનો સુવિખ્યાત ફિલસુફ પ્લેટો લલિતકળાઓને નકામી માને છે કેમકે તે છુપો આનંદ આપનારી છે અને અનુભવથી દૂર છે. તેમ છતાં લલિત કળા એ કંઇ રમત નથી. લલિત કળાથી મનુષ્યનું જીવન ઉન્નત બને છે. કવિ શિલર કહે છે કે વિષયસૃષ્ટિ અને મનઃસૃષ્ટિનો વિરોધ મટાડનાર લલિત કળા છે. એ ઉચ્ચ પ્રકારનો આનંદ આપનાર છે.

જેટલું સુંદર એટલું પ્રભુને વહાલું છે. કેટલાક કહે છે " જેટલું સુંદર એટલું ઉપયોગી, અને જેટલું ઉપયોગી એટલું સુંદર છે." એમર્સન એ બે વચ્ચેનો ભેદ સ્વીકારે છે.

મમ્મટ, સાહિત્ય-દર્પણકાર અને પ્રાચીન અલંકાર શાસ્ત્રીઓ "આનંદ" અને "લોકોત્તર આનંદ" એ બન્નેને જુદા માને છે. સાધારણ આનંદ એ હૃદયનો આનંદ નથી. હૃદયનો આનંદ તો હૃદયના ઉંડા ભાવમા સમાયલો છે. તે સારા વસ્ત્રાભૂષણ કે ભોજન માત્રથી જ મળતો નથી. એ ઉંચા ભાવ લલિતકળાઓ આપી શકે છે.

લલિત વાઙ્મયમાં કાવ્યો, નાટકો, નૉવેલો અને સંવાદોનો સમાવેશ થાય છે. એ બધાનો હેતુ એ હોય છે કે સત્યને બરાબર ઓળખાવવુ. ઘણી વાર હેતુ સમાવવામા નથી આવતો, પણ માત્ર સૂચન જ હોય છે. દેહ અને આત્મા જુદા છે, જેટલા જાયાં તેટલાં જરૂર જવાનાં છે, ભાવિ હમેશા સર્વોપરિ છે, એ બધું મનુષ્યોની આગળ સાહિત્ય દ્વારા રજુ કરવામા આવે છે. લેખકની શકિત પ્રમાણે સાહિત્યને રંગ મળે છે. જીવનના વિકટ પ્રસંગોમાં ઉચ્ચારેલા શબ્દો સાહિત્ય બને છે. નવલકથા ઇતિહાસ કરતા એક બાબતમાં ચડી જાય છે;–કોઈ વાર ઇતિહાસના બનાવો ખોટા ઠરે છે, જ્યારે નવલકથાને પ્રથમથી જ સત્યની દૃષ્ટિથી જ ગુંથેલી હોય છે. લેખકે પોતાની કળા સાથે ઉપદેશ પણ આપવો જ જોઇએ એવો કંઇ નિયમ નથી. લેખકની શકિત અને કળાનો આધાર તે વાચક ઉપર કેટલી અસર કરી શકે છે તે ઉપર રહે છે. ઇંગ્લાંડમાં હાલમાં ઇબ્સન, બ્યુન્સર્ન, બર્નાર્ડ શૉ વગેરે લેખકોએ ઘણી અસર કરી મુકેલી છે.

સાહિત્યમાંથી દૂધ અને પાણી જુદું પાડવાને કટીબદ્ધ થઇ રહેવું જોઇએ. મૂર્તિકાર, નટ, ચિત્રકાર, ગાયક અને કવિને પોતાના ગુણ પ્રમાણે માન મળે છે. સાત્વિક આનંદ એ જ લલિત વાઙ્મયનો હેતુ છે. સુંદર ચિત્રો અને મધુર સંગીતથી જડમાં જડ પશુ ઉપર પણ અસર થાય છે તો મનુષ્યના હૃદયને તે સ્પર્ષ કરે તેમાં શી નવાઇ? એક સારો લેખક પોતાના જમાનાનો ઉત્પાદક છે. તે પોતાના આદર્શો આપે છે. લોકોની ખામીઓ જુએ છે ને આખો સમાજ બદલી શકે છે.

કાળચક્રના પરિવર્તન અનુસાર સમાજ, પ્રજા અને રાજા પણ બદલાય તેમા શી નવાઇ? ગુજરાતી સાહિત્યમાં પણ પરિવર્તન થયું છે. પુસ્તકો અને ચોપાનીયાનો વધારો દર વરસે થયા કરે છે. આ વખતે ટીકાકારોએ પણ પોતાના હૃદયના ઉદ્દગારો બહાર કહાડવાની જરૂર રહે છે. "નરસિંહ મહેતા" થી માંડીને "મણીકાંત કાવ્ય માળા" સુધીનાં કાવ્યોની સમાલોચના ભલે થાવ; શાકુંતલ, માલતી માધવની રંગભૂમિ ઉપર શું સ્થિતિ છે તે ભલે સમજાવો; નંદશંકર, મહીપતરામ, ગોવર્ધનરામ પછીથી લખાયેલી નવલકથાઓને ભલે સરખાવાય. તો જ સમાજનું સાહિત્ય સુધરશે. તો જ સમાજની સ્થિતિ પણ સુધરશે. હિંદુ સમાજને સડો લાગ્યો હોય તો સુધારાની યોજનાઓ હોવી જ જોઇએ. શૃંગારિક વાર્તાઓ કે ચિત્રોથી શોભા આપનારૂં સાહિત્ય સંગીન બનાવવાની જરૂર છે, અને તે કામની શરૂઆત લલિત વાઙ્મયથી થવી જોઇએ. તે માટે લલિત કળાઓને પણ ખીલવવી જોઇએ.

લલિત વાઙ્મય જ્ઞાન સાથે ગમ્મત આપે છે. બેચાર માસ્તરો, બે ત્રણ વકીલો, એક બે દાક્તરો ફુરસદે જે કંઇ લખે તેનાથી કંઇ સાહિત્યનો શુક્રવાર વળે નહિ. તેમાં તો કળાની જરૂર છે. અને કળા માટે વધારે મહેનતની અને બુદ્ધિની પણ જરૂર છે. નડીયાદના સાક્ષરો

અને સૌરાષ્ટ્રના નાટકકારો અને કલાકારોએ સાહિત્યના ક્ષેત્રમાં પોતાનો ઠીક ઠીક હિસ્સો આપ્યો છે. જ્યાં સાહિત્ય આજીવિકાનું જ સાધન મનાતું હોય, જ્યાં સાહિત્ય કેવળ વિલાસ માટે જ વપરાતું હોય તે ઉંચી સ્થિતિએ શી રીતે પહોંચે ?

જગતમા આપણો દેશ કેળવણીમાં પછાત ગણાય છે. વાંચી લખી જાણનારા કરતાં અભણની સંખ્યા આપણા દેશમાં વધારે છે. ત્યા આગળ કાળીદાસ, કે ભવભૂતિનાં નાટકો કે કાવ્યો વધારે અસર નહિ કરી શકે. ગંભીર લેખોની ત્યાં કંઇ પણ અસર નહિ હોય. સાહિત્ય, બાળસાહિત્ય, ગ્રામ્યસાહિત્યની ત્યા વધારે જરૂર પડશે. આજકાલ ઇંગ્લાંડ અમેરિકા દેશો આટલા સુધરેલા ને કેળવાયલા મનાના છતાં ત્યાં ગંભીર લેખો કરતાં તેવું સાહિત્ય વધારે પ્રમાણમાં જોવામા આવે છે. ત્યાંનો સમાજ પણ મોટે ભાગે ગંભીર લેખોને સમજી શકતો નથી. એવા લેખો કરતાં એક વાર્તા કે કવિતા વાચવાથી અપૂર્વ આનંદ મળે છે. આજના જીવનકલહમાં જડ લેખો વાચીને વિચાર કરવાનો ઘણો જ થોડો વખત મળે છે. જો રા. ગોવર્ધનરામે સરસ્વતિચંદ્રને બદલે તે જ બાબતોને નિબંધરૂપે પ્રગટ કરી હોત તો તે કેટલાને પ્રિય થઈ હોત ?

આંગ્લ ફિલસુફ કાર્લાઇલ કહે છે કે લલિત વાઙ્મય એ આબાલવૃદ્ધનું એક વિદ્યાપીઠ છે. તે લોક શિક્ષણની પવિત્ર ફરજ બજાવે છે. તે મારફતે લોક મત સારી રીતે કેળવી શકાય છે તથા નવા વિચાર આપી શકાય છે. કોલંબસ માફક જે કોઇ નવો માર્ગ શોધે છે તે જગતનો મહાન ઉપકારી માણસ છે. આપણું સાહિત્ય સ્વતંત્ર થતું જશે તેમ તેમ ગરીબ ભાષાંતરો પણ ઓછાં થશે; તો જ તે વિદ્યા–પીઠનો હેતુ સચવાશે.

ગુજરાતમા હાલ કેવા સાહિત્યની જરૂર છે તે આજ સુધીના સાહિત્યની અસરો જોવાથી દીવા જેવું સ્પષ્ટ જણાય છે. રા. નવલરામભાઇના શબ્દોમાં કહીએ તો "તાકયું તીર માનનારો તો પ્રેમાનંદ". એના જ વખતમાં–તે જ સૈકામાં ગુજરાતના ઘણાખરા મોટા કવિઓ થઇ ગયા. શામળે વાર્તા રૂપે ગુજરાતના સંસાર ચિત્રો પહેલ વહેલાં આપવા માડયાં, અખો પોતાના હથોડાથી લોકોના સોના સરખા વહેમ તોડવા મંડી ગયો, વલ્લભ તાળી પાડીને બહુચરાજીની વીરરસની ભક્તિ ગાવા લાગ્યો અને ખેડાનું નાનકડું રત્ન કોમળ શૃંગારના ઝળકારા મારી રહ્યું.

પણ, પ્રેમાનંદમાં જનસમાજનું ઉંડું જ્ઞાન હતું. ક્યા કેટલો રસ મુકવો તે તે બરાબર સમજતો. અને એ ગુણોથી જ તે જન-સમાજમાં લોકપ્રિય થયો છે. કુંવરબાઇના મામેરામાં તે ઝડપથી કલમ ચલાવી રહ્યો છે. તેમાં સ્ત્રીઓના વર્ણનમાં લાલિત્ય અને આનંદમય ચિત્ર છે એવું જ લાલિત્ય આપણા સાહિત્યમાં જોઇએ. રા. રણજીતરામ પછી આપણા જુના સાહિત્યમાંનું ભાવનામય લાલિત્ય એકઠું કરનારની ખોટ પડી છે.

દયારામમાં પરકીયાનું વર્ણન છે. એમની ગરબીઓ સુંદર છે, જ્યારે કવિ નર્મદ સ્વકીયાનું વર્ણન આપે છે. કવિ દલપતરામ માટે એમ કહેવાય છે કે તે પોતાનાં કાવ્યો લખીને એક નાના મંડળમા ગાઇ સંભળાવતા. જો તે મંડળમાં તે પ્રિય થતાં તો જ તે પ્રસિદ્ધ કરતા.

આજકાલ વધારે કેળવણીથી બુદ્ધિવાદ વધી ગયો છે. કાવ્યોનો જમાનો ગયો છે. "કોણ, કેમ અને શાથી ?" પૂછતાં તમામ સૌન્દર્ય, તમામ કળાનો લોપ થયો છે. બુદ્ધિવાદ સાથે ભાવનાઓને સ્થાન મળે તો જ સાહિત્ય ઉચ્ચ બને. ઇતિહાસ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના સૂકા અને લુખ્ખા લેખોથી બુદ્ધિ ખીલે છે પણ ભાવનાને પોષણ મળતું નથી.

લેખક બંધુઓ—એ ભાવનાઓને પોષો. જનસમાજનું જીવન ઉન્નત બનાવો. બીજા દેશો માફક આપણે પણ સાહિત્યમાં જ્ઞાન સાથે ગમ્મત આપનારૂં અપૂટ સાધન તૈયાર કરો. લલિત કળાઓમાં બીજાઓને રસ લેતા કરો. હુન્નર અને કળાનાં સંગ્રહસ્થાનોમાં મોટી મોટી ફી રાખવાની જરૂર નથી. આપણે તો તમામ જનસમાજને એક સરખો લાભ આપવાની જરૂર છે. લોકોમાં જો પ્રથમ રુચી ઉત્પન્ન થશે તો ધીમે ધીમે ભાવનાઓ પણ જાગૃત થશે. સાહિત્યમાં કોમળતા અને ઉંચા ભાવ આવશે.

માણસ માત્રની રસ શક્તિમાં વારંવાર ફેરફારો થાય છે. આપણે આજે ગમે તેટલી જાડી બુદ્ધિના હઇશું તોપણ કાલે સ્હેજ કોમળ બનીશું. ધીમે ધીમે સર્વ રીતે કોમળ બનીશું. જ્યાં સુધી આપણી દૃષ્ટિ ટુંકી જ રહે છે, જ્યાં સુધી આપણા અંતઃકરણમા પ્રેમ ઉત્તેજિત થયો નથી ત્યાં સુધી ઉંચા પ્રકારનો પ્રેમ અનુભવાતો નથી. જ્યા સુધી આપણે સ્હેજ આનંદ મેળવ્યો નથી ત્યા સુધી ઉંચા પ્રકારનો આનંદ આપણી પાસે આવી શકતો નથી.

લલિતકળાઓ એ જ ઉંચી ભાવનાઓ માટે મજબુત સાધન છે. ઉંચી ભાવનાઓ એ જ ઉંચું જીવન છે. હજી રામાયણ, મહાભારત, હિતોપદેશ ને ઇસપની નીતિના ઉંડા સંસ્કારો હિંદુસમાજના મન ઉપર રમી રહ્યા છે. એક આદર્શ રાજા, એક આદર્શ પિતા, એક આદર્શ માતા, એક આદર્શ ભાઈ—બ્હેન—લેખક બંધુઓ—ભાવના સૃષ્ટિમાં પ્રગટવો હજી પણ.

૨૦ ભારતવર્ષમાં ભાષાઓનો સવાલ.*

(લેખકઃ–એરચ જાંહગીર સોરાબજી તારાપોરવાલા)

જ્યારે એક પ્રજામા નવજીવન સ્ફુરે છે ત્યારે અનેક પ્રકારનાં ઐક્યના ચિહ્નો પ્રજામાં પ્રગટી નિકળે છે, અને એવાં ચિન્હોમાં ભાષાની એકતા મુખ્ય ગણી શકાય. પ્રાચીન સમયમાં પણ એ જ ભાવ સ્પષ્ટ દેખાય છે. પ્રાચીન પ્રજાઓમા પોતાની ભાષા બોલી ન શકે એવી અન્ય પ્રજાઓની અવગણના થતી. ગ્રીક લોકો અન્ય પ્રજાઓને "બાર્બારોઇ" (Barbaroi) ને નામે ઓળખતા, એ નામનો અર્થ "બર્બર કરનારા" અથવા "ન સમજ પડે તેવું બબડનારા" થાય છે. સામાન્ય પ્રજાજીવનમાં ભાષા મુખ્ય સ્થાન ધરાવે છે. ભાષાની એકતા હોય તો જ પ્રજા પરસ્પર નિકટ સંબંધમાં આવી શકે, તો જ પ્રજા પોતાનું ઐક્ય સમજી તેમ જ સાધી શકે.

પરંતુ આપણે આપણા ઉત્સાહને કારણે એમ પણ ન સમજવું જે પ્રજાનું ઐક્ય સાધવામાં ભાષા એકમાત્ર સાધન છે. ભારતવર્ષના આપણા કેટલાક "શુભેચ્છકો"–જેઓ આપણું આ નવું ભારતવર્ષ જોવા રાજી નથી તેઓ–આપણને વારંવાર યાદ આપે છે જે "ભારત એક કેમ થઇ શકે? તમારા દેશમા તો સેંકડો ભાષાઓ બોલાય છે!" આ સવાલની લગાર ઉંડી તપાસ આપણે ઘટતે સ્થાને કરીશું. માત્ર આરંભમાં એક વાત મનમાં ઠસાવવી અવસ્યની છે. તે એ કે યદ્યપિ ભાષા ઐક્ય સાધવાના સાધનો પૈકી એક મુખ્ય સાધન લેખાય, છતા એ સર્વોપરિ ન ગણાય અને એવું એકલું જ સાધન તો ન જ લેખાય. પૂર્વકાળના મહાન્ સામ્રાજ્યો માત્ર ભાષાના ઐક્ય પર જ રચાયા ન હતાં. "ભાષાભેદ હોય તો દ્વેષભાવ પણ હોય જ" એવું સૂત્ર ગ્રહણ કરી શકાય નહી. તેમ જ તેથી ઉલટું સૂત્ર કે "ભાષાના ઐક્યથી પ્રજાનું ઐક્ય થાય જ" એ પણ ન સ્વીકારી શકાય. આપણા દેશનું જ દૃષ્ટાન્ત લઇએ. હીંદુ પ્રજામા જે ધર્મની તેમ જ આચાર–વિચાર ઇત્યાદી સંસ્કારોની જે એકતા છે તે ભાષાભેદને નહી ગણકારતાં સમસ્ત હીંદુ પ્રજાને એક વ્યક્તિરૂપે જોડે છે. એથી ઉલટું ઇંગ્લાંડ અને આયર્લંડની પ્રજાઓ એક જ ભાષા બોલે છે, છતાએ તેઓનો પરસ્પર વિરોધ એવડો મોટો છે જે ભાષા તે દૂર કરવા કેવળ અશક્ત થઇ છે. એથી આપણે ઉલટા બે સૂત્રો છોડી એક નવું જ સૂત્ર સ્વીકારવું જોઇએ કે "પ્રજા જીવનની એકતા સાધવા માટેના ઉપાયોમા ભાષાને પણ કાંઇક અગ્રસ્થાન મળવું જોઇએ." બીજાં સાધનો (ધર્મ આચાર વિચાર ઇત્યાદિ) જો ઐક્ય પ્રેરતા હોય તો ભાષા એમને બહુ જ સમર્થ ટેકો આપી શકે.

હાલના સમયમા "India is a mere geographical expression" (ભારતવર્ષની એકતા માત્ર ભૂગોળના પુસ્તકોમા જ સાંપડે) એવા સૂત્રનું ખંડન કરવાની અગત્ય

* આ લેખ ઇ. સ. ૧૯૧૯ મા અંગ્રેજીમાં પ્રકટ થયો હતો અત્રે ગુજરાતી અનુવાદ થોડાક ફેરફાર સાથે દીધો છે.

નથી. જ્યારે આપણી પ્રજા અર્ધનિદ્રાની અવસ્થામા પડી હતી, ત્યારે એ સૂત્રમાં કાંઇક સત્ય હતું; પણ મહાત્મા ગાંધીના યુગમાં તો આપણે એટલું શીખ્યા છીએ કે ગમે તેવાં પરિવર્તનો છતાંએ આ ભૂમિની બધી કહેવાતી "ભિન્ન ભિન્ન પ્રજાઓ" એક જ મૂળમાંથી નીકળી છે. વૃક્ષ બહુ મોટું વધવાથી શાખાઓ એકમેકથી દૂર દૂર ફેલાઇ ગઇ છે, પણ મૂળ એક જ છે, અને પ્રત્યેક શાખા એક જ મૂળમાથી પોતાનું પોષણ મેળવે છે. આ ઐક્ય કોઇ અસહકારી અથવા "હોમ રૂલર" ના મગજનો ધખારો નથી પણ ઇતિહાસે પુરવાર કરેલ સત્ય છે. જ્યારથી આર્ય પ્રજા આ પવિત્ર ભૂમિમા આવી વસી ત્યારથી આર્ય સંસ્કારની એકતા આપણા દેશના સેંકડો હજારો વરસના ઇતિહાસમા સ્પષ્ટ દેખાય છે. એ જ ઐક્યને લઇને આપણી પ્રજાની હસ્તી છે. એનો પ્રત્યક્ષ પુરાવો આપણા દેશનાં પાચ સર્વોપરિ તીર્થસ્થળો છે. ઉત્તરે કેદારનાથ, પૂર્વે પુરી, દક્ષિણે રામેશ્વરમ, પશ્ચિમે દ્વારકા અને મધ્યમાં કાશી, એ પાંચ પવિત્ર તીર્થો આ ભૂમીને ચાર ખુણે ગોઠવાયલાં છે અને એકતા સાધવામા એ મુખ્ય ભાગ ભજવે છે. એ પાંચ સ્થળોમા ભારત નિવાસીઓની ભિન્નતા તેમ જ એકતા પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે.

ઉર્દૂના જાણીતા કવિ શેખ (સર) મહમદ ઇકબાલે કહ્યું છે:—

> યૂનાનો મિસ્રો રોમાં સબ મિટ ગયે જહાંસે
> બાકી હય લેકિન અબતક નામો નિશાં હમારાં;
> કુછ બાત હય કે હસ્તી મિટતી નહીં હમારી
> સદિયો રહા હૈ દુશ્મન દૌરે ઝમાં હમારા.

—સદીઓ સુધી "ઝમાનાનો દૌર" અમારો દુશ્મન રહ્યો છતાં અમારી હસ્તી રહી છે જ્યારે આપણી ભારતભૂમિનાં સમકાલીન યૂનાન, મિસ્ર, રોમનું નામ માત્ર રહ્યું છે. એમાં ઇશ્વરની કાંઇક ગૂઢ "વાત" જણાય છે. હજી આપણી પ્રજાનું અસ્તિત્વ જળવાઇ રહ્યું છે, એ જ આપણી આશાઓ સજીવન કરે છે, અને અત્યારે જ્યારે દેશમાં નવજીવનની ઉર્મિઓ ચોતરફ ઉછળી રહી છે, ત્યારે આ ઐક્યનુ ખરૂં રહસ્ય સમજાવા માડે છે. ઇશ્વરની સૃષ્ટિમાં આ પવિત્ર ભૂમિનું કાર્ય હજી પુરૂં થયું નથી. પૂર્વકાળમા બ્રહ્મજ્ઞાન આ જ દેશે જગતને આપ્યું હતું અને ભવિષ્યમાં પણ સમસ્ત સંસારના ધર્મગુરુ થવાનું આ જ દેશને નિર્માણ થયલું છે. આર્ય પ્રજા પૂર્વકાળમાં પૃથ્વી પર અગ્ર પ્રજા ગણાતી અને ફરી એક વાર એ પ્રજાએ પોતાનું ઉચ્ચ પદ–મનુષ્ય માત્રના નેતા તરીકે–ગ્રહણ કરવું છે. આર્યજાતિના પુનરુદ્ધાર માટે જ, આ સદીઓના અંધકાર છતા, હજારો વર્ષોના "ઝમાનાના દૌર" છતા, આ પ્રજાને હજીએ ઇશ્વરે જીવિત રાખી છે. એ ઇશ્વરનિર્મિત કાર્ય આરંભવાનો સમય નિકટ આવ્યો છે અને આર્ય સંસ્કૃતિના નવા દિવસનો અરુણોદય થઇ રહ્યો છે. થોડા જ વખતમાં સૂર્ય પુર તેજમાં પ્રગટશે.

ઉપર જે ઉપમા આપી છે તે યોગ્ય જ છે કેમકે છેલ્લાં હજાર, દોઢ હજાર વર્ષથી આ દેશ અંધકારમાં જાણે સ્વપ્નાવસ્થામા પડયો હતો. સાધારણ દૃષ્ટિએ પ્રજાના અનેક વિભાગ થયલા દેખાય છે અને પ્રત્યેક વિભાગની સંસ્કૃતિ તથા ઇતિહાસ નિરાળાં જણાય

છે. પણ એ બધા ભિન્ન ભિન્ન ખંડોમા આર્ય સંસ્કૃતિની એકતા જળવાઇ રહેલી છે. એ જાણે જુદાં જુદા રત્નોને સોનેરી તારમા પરોવીને હાર બનાવેલો છે, એ હાર આપણા પરમપૂજ્ય ભારતમાતાને ગળામા આરોપવો છે. પ્રત્યેક રત્ન શુદ્ધ જોઇએ અને એકે મૂકી દેવાય નહિ. પ્રત્યેક રત્ન જુદું છે પણ હાર તો એક જ છે, રચના પણ એક જ છે. એ જુદા જુદા રત્નો તે જુદા જુદા વિભાગોની સંસ્કૃતિ સમજો. એ સંસ્કૃતિ ભાષા દ્વારા પ્રતિબિમ્બત થાય છે માટે આપણે આપણા વિષયની દૃષ્ટિથી એ રત્નોને ભાષાઓ જ સમજીએ તો ખોટું ગણાશે નહી. આપણા દેશનું નવજીવન શોભાવવા દરેક ભાષા રત્નનું તેજ પૂરૂં પ્રકાશવું જોઇએ. રત્નની કીંમત માત્ર તેના પોતાના તેજ પરથી થતી નથી, પણ તે હારમા કયું સ્થાન ધરાવે છે તે પરથી થાય છે એટલે આપણા દેશની દરેક ભાષાની ઉન્નતિ માત્ર એક પ્રાંત માટે જ નહી પણ સમસ્ત દેશને કાજ થવી જોઇએ. પણ એમ પ્રત્યેક ભાષાની ઉન્નતિ તરફ લક્ષ આપતાં આખા ભારતવર્ષની ઉન્નતિ ભુલાવી જોઇતી નથી. એક પ્રજા, એક દેશ હોય તો એક રાષ્ટ્રીય ભાષા પણ હોવી જ જોઇએ. એટલે આપણા વિષયની ચર્ચા બે ભાગમા વહેંચાઇ જાય છે–૧. પ્રાંતિક (provincial) અને ૨. રાષ્ટ્રીય (national)

આપણી ઉન્નતિના પક્ષકારો તેમ જ વિરોધીઓ જ્યારે આ દેશની ભાષાઓ માટે ચર્ચા કરે છે ત્યારે તેમની સંખ્યા જોતા અવાક્ થઇ જવાય છે. બધાનાં મનમાં એમ કે "આટલી બધી ભાષાઓ હોય તો દેશની એકતા કેમ સાધવી ?" આપણે એ સવાલ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ તપાસીયે.

ભાષાશાસ્ત્રમા "ભાષા" (language) અને "બોલી" (dialect) એવા બે-મા ભેદ ગણવામા આવે છે. આપણામા કહેતી છે જે "બાર ગાઉએ બોલી બદલાય." અને એ કહેતી તદ્દન ખરી ગણાય, કારણ કે "બોલી" (dialect) એ જ પ્રમાણે દર ગામડાની જુદી હોઇ શકે. એ રીતે જો "બોલી" ને "ભાષા" બંનેને ભેળી નાખી કહીએ તો પૃથ્વીના કોઇ પણ દેશમા અનેક ભાષાઓ ગણાય. પણ ખરી રીતે "ભાષા" શબ્દનો અર્થ આપણે કાંઇક સંકુચિત કરવો જોઇએ. આપણા વિષયની દ્રષ્ટિએ આપણે "ભાષા" માં બે વાત અવશ્ય જોવી જોઇએ. એક તો સાહિત્ય. વસ્તુતઃ આ અવશ્ય ન જ ગણાય પણ આપણા આ વિષય માટે એની અગત્યતા સ્વીકારવી પડશે. બીજી વાત એ જે અશિક્ષિત વર્ગને પરસ્પર જ્યા લગણ સમજ પડી શકે ત્યાં લગણ "બોલી" ગણાય; ન સમજાય તો જુદી "ભાષા" ગણાય. જેમકે કાઠયાવાડનો કોઇ ગામડિયો સુરત, ભરૂચ અથવા નડીયાદના ગામડિયાની વાત કેટલેક અંશે સમજી શકે તેથી એ બધી એક જ "ભાષા" ની "બોલીઓ" ગણાવી જોઇએ. પરંતુ એ જ કાઠયાવાડી ગામડિયો પુના અથવા નાસિકના ગામડિયાની વાત જરાએ સમજી ન શકે, કારણ એ જુદી "ભાષા" ની "બોલીઓ" છે. આ રીતે "બોલી" તથા "ભાષા" નો જે ફેર દેખાડયો છે તે સાધારણ માણસને સમજમાં આવે તેવો છે, પણ એ વિષે વિવિધ પ્રકારના મત હોય છે એ તો કબુલ કરવું જ જોઇએ. એ રીતે જો આપણે સમજીએ તો હિંદુસ્તાનમાં સાહિત્ય ધરાવનાર નીચલી ૧૭ ભાષાઓ ગણી શકાય.

આર્ય ભાષાઓ : ૧. આસામી; ૨. બંગાળી; ૩. ઉડીઆ; ૪. બીહારી; ૫. હિંદી; ૬. ઉર્દુ; ૭. વ્રજ, ૮. પંજાબી; ૯ સિંધી; ૧૦. રાજસ્થાની (અથવા મારવાડી); ૧૧. ગુજરાતી, ૧૨. મરાઠી; ૧૩. કાશ્મીરી.

દ્રાવિડી ભાષાઓ : ૧. તામીલ; ૨. તેલંગી; ૩. કનાડી; ૪. મળયાલમ.

આપણા જેવા મોટા દેશ માટે એટલી ભાષા ઘણી ન જ કહેવાય. એટલા જ વિસ્તારનો દુનિયાનો કોઇ પણ પ્રદેશ લઇએ તો એટલી જ અથવા એથી વધુ ભાષાઓ ગણી શકાય. યુરોપ ખંડમાં રૂશીઆ છોડી દઇએ તો હિંદુસ્તાન જેટલો વિસ્તાર થાય. અને તેમા નીચલી ૨૧ ભાષાઓ પ્રચલિત છે.

ઇંડો-યુરોપીય ગોત્રની : ૧. ઇંગ્લીશ; ૨. ડચ; ૩. ઉચ્ચ (High) જરમન; ૪. ડેનીશ; ૫. સ્વીડીશ; ૬. ફ્રેન્ચ; ૭. ઇટાલયન; ૮. સ્પેનીશ; ૧૦ પોર્ટુગીઝ; ૧૧. રૂમાનયન; ૧૨. પોલીશ; ૧૩. સર્વીઅન; ૧૪. બલગેરયન; ૧૫. ચેખ (અથવા બોહીમીઅન); ૧૬. ગ્રીક; ૧૭. આઇરિશ; ૧૮. વેલ્શ.

બીજા ગોત્રની : ૧. ટુર્કીશ; ૨. હંગેરયન; ૩. ફીન્નીશ.

એમાં નાની ભાષાઓ (જેવી કે, લીથુએનયન, નીચ-જરમન (Low-German); સ્કોચ, ઇત્યાદિ) જે પણ સારૂં સાહિત્ય ધરાવે છે તે તો ગણી નથી. યુરોપમાં એ બોલીઓ ગણો તો ઇંગ્લંડમા જ ૫૦ ઉપર બોલીઓ ગણી શકાય. માત્ર લંડન શહેરમા જ ઓછામાં ઓછી પાંચ-છ બોલીઓ બોલાતી હશે.

આવડા મોટા વિસ્તારમાં એક જ ભાષા હોઇ શકે જ નહી. પણ સંસ્કૃતિ એક હોય, ઇતિહાસ એક હોય, ભાવના એક હોય, લક્ષ્ય એક હોય. અને આપણા દેશમા એ બધી પ્રકારની એકતા જડે છે અને ભાષાઓ ભિન્ન હોવા છતાંએ તે પણ આપણા દેશની એકતાનું એક સ્વરૂપ જ લેખી શકાય. કારણ આપણા દેશની આર્ય ભાષાઓમાં જે મેળ તથા સમાનતા છે તે બીજા કોઈ પણ દેશની ભાષાઓમા જડશે નહી. જેટલો ઘાડો સંબંધ આપણી આર્ય ભાષાઓ પરસ્પર ધરાવે છે તેટલો ઘાડો સંબંધ યુરોપની કોઇ પણ બે ભાષા વચ્ચે જડશે નહી. ગુજરાતી જાણનાર બે માસમાં આપણા દેશની કોઇ પણ ભાષા શીખી શકે. આપણા સાહિત્યમા મીરાનો જ દાખલો જુઓ-તે ગુજરાતી તેમજ રાજસ્થાની સાહિત્યમાં ઉચ્ચ સ્થાન ભોગવે છે, અને એ સીવાય એ ભાષાઓના સાહિત્ય તપાસો તો સઘળે એક જ આર્ય સંસ્કૃતિના પાયા પર રચાયલું સાહિત્ય મળશે. ટુંકમા આપણી આર્ય ભાષાઓ ભિન્ન છતાંએ દેશના જુદા જુદા ભાગોને જોડે છે.

કદાચ કોઈ એમ પુછે જે "દ્રાવિડી ભાષાઓનું કેમ ?" તે પણ આર્ય સંસ્કૃતિ માંજ સમાઇ જશે. કેટલાક વર્ષ પર **દેવનાગર** નામે માસિક છપાતું હતું, તેમાં આપણા દેશની દરેક ભાષામાં લેખો છપાતા. માત્ર બધા વાચી શકે તેટલા કાજે દેવનાગરી (બાળબોધ) લીપીમાં છપાતા. તેમાં દ્રાવિડી લેખોનું તાત્પર્ય ભાષા ન જાણવા છતાએ ઘણીકવાર સમજાતું, કારણ કે એ ભાષાઓ પર સંસ્કૃતની છાપ બહુ જ ઉંડી પડી છે. વળી આપણે એ

પણ જોઇએ છીએ જે આપણા દેશમાં મોટાં શહેરોમાં ઘણે ભાગે બે ભાષાઓ સાધારણ પ્રચલિત છે. જેમ કે મુંબાઇમાં ગુજરાતી ને મરાઠી; મદ્રાસમા તામીલને તેલંગી; કલકત્તામાં બંગાળી ને હિંદી.

ત્યારે એ ભાષાઓને ખીલવવી અને તેમની ઉન્નતિના માર્ગ શોધવા એ આપણું પ્રથમ કર્તવ્ય છે. એ માટે સૌથી પહેલા માતૃભાષાની સેવા થવી જોઇએ. દરેક સુશિક્ષિત ભારતવાસીએ પોતાની માતૃભાષાનો ઉંડો અભ્યાસ કરેલો હોવો જોઇએ. દુર્ભાગ્યે આપણા દેશમા હજીએ ઘણાકો પડેલા છે જેમને પોતાની માતૃભાષા જરાએ આવડતી નથી એટલું જ નહી પણ તે ન જાણવાનો તેમને ગર્વ રહે છે. વર્ષો સુધી આપણે (આ લેખકના સમકાલીન ભાઇઓએ) અંગ્રેજીનો અભ્યાસ કર્યો, તેને અંગે આપણને અંગ્રેજીમા લખવું બોલવું સુગમ થઇ પડયુ છે. પણ તેથી એમ ન જાણવું જે માતૃભાષા દ્વારા કાંઇ ન જ થઇ શકે. મને એકાદ બેવાર એક અદ્ભૂત દૃશ્ય નજરે પડયું હતું તે એ કે બે ગુજરાતી ભાષાના પ્રોફેસરો પરસ્પર અંગ્રેજીમા વાતો ચલાવતા હતા' આ બાબતમા આપણા બંગાળી ભાઇઓ આપણાથી ઘણા ચઢે છે. તેઓ પોતાની માતૃભાષામાં બોલવાને કદી ચુકતા નથી. અને તેઓ માને છે કે મનુષ્યના હૃદયનો કોઇપણ ભાવ એવો ન હોય જે માતૃભાષા દ્વારા પ્રકાશ ન પામી શકે. માતૃભાષાની સેવા એ આપણું પ્રથમ કર્તવ્ય છે. માત્ર પ્રાથમિક જ નહી પણ ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષા દ્વારા જ હોય એવું બધા દેશભક્તોના હૃદયમાં વસવું જોઇએ. આજના જમાનાના નવાં નવા શાસ્ત્રો જેવાં કે આરોગ્યશાસ્ત્ર (Hygiene); અર્થશાસ્ત્ર (Politics and economics) ઇત્યાદિ માતૃભાષાદ્વારા કેમ થાય તે બાબે કેટલાકના મનને સંદેહ હોય. પણ આપણા દેશમા શુ સંસ્કૃત, ફારસી, અરબી જાણનારા વિદ્વાનોનો એટલો ટોટો છે જે તેઓ એ શાસ્ત્રોને બંધબેસ્તા શબ્દો શોધી ન શકે ? એ શાસ્ત્રો શું આ વીસમી સદીમાં જ નીકળ્યા છે ને આપણા વડવાઓ એ બધાથી કેવળ અજ્ઞાન જ હતા ? અને એમ પણ હોય તોએ આપણને બને ત્યાં સુધી આપણા સ્વદેશી શબ્દો બનાવતા કેટલી વાર ?

મારે એટલુ તો ખુલાસાથી કહેવું જોઇએ જે કેટલાક વિજ્ઞાનના શબ્દો સર્વ દેશમાં પ્રચલિત છે તેવા શબ્દોનો અનુવાદ કરવો ઠીક પડે નહી. જેમકે રસાયણમા Oxygen, Nitrogen, Chlorine એજ રૂપમા રહે તો હરકત નહી પણ Gold ને જગે "સોનુ", Iron એટલે "લોઢું" એ મુજબ અનુવાદ થવો જોઇએ. ટુંકમા એ જ જે અનુવાદ એવો જોઇએ કે સાધારણ માણસ ઝટ સમજી શકે. જેમકે Hydrogen gas નો અનુવાદ "ઉદ્રજનક વાયુ" કર્યે તો સમજતા તેમ જ યાદ રાખતા કાંઇક વિલંબ થાય. તે જ મુજબ હેડ માસ્તરને ઠેકાણે "પ્રથમાધ્યક્ષ" કરવું માત્ર પાંડિત્ય દેખાડવું જ ગણાય.* સામાન્ય લોકોને શિક્ષણ મળે અને તેથી ઝટ સમજી શકાય એવી ભાષામા વિજ્ઞાનના બધા વિષયો લખાવા જોઇએ. અને એવા લેખોમાં લખનાર કરતાં વાંચનારનું હિત આગળ પડતું લેખાવું જોઇએ.

માતૃભાષાની ખરી ખુબીઓ બીજી ભાષા સાથે તુલના થવાથી જ માલમ પડે માટે માતૃભાષાનું શિક્ષણ "તુલનાત્મક" હોવું જ જોઇએ. એમ કર્યાથી આ દેશની ભાષાઓમાં

પણ જે ઐક્ય છે તે વધુ સ્પષ્ટ થશે અને દેશની એકતા સાધવાને માતૃભાષાનો ઊંડો અભ્યાસ બહુ જ ઉત્તમ સાધન થઇ પડશે. માતૃભાષા શીખ્યાથી એક બીજો મોટો ફાયદો થાય છે તે એ કે આપણું સ્વમાન ને આપણા દેશ પ્રત્યે પ્રીતિ વધે છે. નરસિંહ મહેતા, ભાલણ, અખો અને પ્રેમાનંદ **આપણી** ભાષા બોલતા હતા એ જ જાણવે આપણું હૈયું કેટલું ઊંચે આવે છે! માટે માતૃભાષાની સેવા તે દેશસેવાનું પહેલું પગલું.

હવે આપણે હિંદ માટેની રાષ્ટ્રીય ભાષા કઇ થાય તે પ્રશ્નની ચર્ચા કરીએ. આ સંબંધે યાદ રાખવું જે એ રાષ્ટ્રીય ભાષા માતૃભાષાના સ્થાને નહી, પણ આ દેશના પ્રત્યેક પ્રાંતો વચ્ચે વ્યવહારના સાધન રૂપ **બીજી ભાષા** તરીકે ગણાવી જોઇએ. બહુ જ નિકટ ભવિષ્યમા આપણો દેશ પોતાનુ પુરાતન ઉચ્ચ સ્થાન આર્ય પ્રજાઓના શિરોમણિ થઇ ફરી એક વાર ગ્રહણ કરશે, તે સમયે આ નવ્ય ભારતની એકતાના બાહ્ય સ્વરૂપ જેવી એક ભાષા પણ જોઇશે જ. એ પરથી એમ અનુમાન તો ન જ નીકળે કે પ્રત્યેક ભારતવાસી બે ભાષા જાણતો અને બોલતો થશે આપણી અસંખ્ય વસ્તી માટે આ બનવું અશક્ય જ ગણાય. છતાંએ એમ તો આપણે જરૂર જ સ્વીકારવું જોઇએ કે પ્રત્યેક પ્રાંતના નેતાગણ રાષ્ટ્રિય જીવનકાજે, રાષ્ટ્રીય પ્રગતિમા પરસ્પર સહાનુભૂતિ કે વિરોધ દર્શાવવા માટે એક જ સામાન્ય ભાષાનો ઉપયોગ કરશે. એ ભાષા આપણા દેશની જ ભાષાઓ પૈકી એક હોવી જ જોઇએ, કારણ કે રાષ્ટ્રીય ભાષા એવી જોઇએ જેના મૂળ આપણી જ ભૂમિમા ગૂઢ રહેલાં હોય, તથા જેમા આપણા હૃદયની સર્વ ભાવનાઓ, આપણી સંસ્કૃતિ, આપણો ધર્મ જરાએ અચકયા વિના પ્રગટ કરી શકયે.

એ જ કારણથી અંગ્રેજી ભાષા એ સ્થાન ગ્રહણ કરી શકે નહી. યદ્યપિ આપણે એ પણ કબુલ રાખીયે જે આ દેશની હાલની સઘળી ભાષાઓ કરતાં અંગ્રેજી ભાષા ઘણી આગળ વધેલી છે, એનું સાહિત્ય આપણી બધી ભાષાઓનાં સાહિત્યો સાથે મળે તે કરતાએ ઘણું વિશાળ છે, તો પણ. એ બધુ છતાએ, અંગ્રેજી ભાષામાં આપણા મનના ભાવો આપણા હૃદયની ઉચ્ચ ભાવનાઓ, આપણી વાછનાઓ સ્પષ્ટ અને સચોટ રૂપે પ્રગટ કરી શકાય નહી. તેનું એક જ કારણ છે તે એ જે અંગ્રેજી ભાષાનું મૂલ ભારતભૂમિમાં નથી. એનો વિકાસ આ પુણ્ય ભૂમિમા થયો નથી. એથી એ ગમે તેવી ઉચ્ચ સ્થાને બીરાજતી હોય છતાં આપણા હૃદયને સ્પર્શ કરી શકે નહિ. એ સાભળતા આપણને આપણા પૂર્વજોની કીર્તિની ઝાખીએ થાય નહીં. કેટલાક ઉદાહરણ લઇએ–"અહિંસા" શબ્દથી જે બુદ્ધદેવ અને જીન પ્રભુનાં સ્મરણો આપણા મનમાં સ્ફુરે છે તે શું "non-killing"મા સમાઇ શકશે. આપણે ગુજરાતીઓ "બાપુ ગાધી" કહી આપણા મહાન્ નેતાને સંબોધીયે છીએ એ "બાપુ" શબ્દનો અગ્રેજીમા એવો કોઇ અનુવાદ થઇ શકે જે આપણને તેટલો જ પ્રિય તેટલો જ હૃદરસ્પર્શી હોય? પ્રત્યેક દેશની ભાષામા દરેક શબ્દની સાથે તેનો

(જૂઓ પૃ ૨૩૨) * આજ કારણથી ઘણાક સારા સાક્ષરોના લખાણો બહુ જ થોડાઓ વાંચી તથા સમજી શકે છે. આપણા ગુજરાતી વાચનારાઓ મોટે ભાગે "પારસી સાહિત્ય" વાચે છે તેનું પણ આજ કારણ છે. અસ્તુ–એ જુદો જ વિષય છે.

ઇતિહાસ જોડાયલો રહે છે એ જ તે શબ્દની "શક્તિ" છે. આપણે બીજી ભાષામાં માત્ર શબ્દાર્થ આપી શકીયે પણ શક્તિ આપવી એ લગભગ અસંભવ વાત છે, અને જ્યારે પ્રજાના વ્યક્તિગત જીવનનો સવાલ ઉભો થાય ત્યારે તો એ પ્રકારનો અનુવાદ તદ્દન જ લુખો ને ભાવહીન જણાવો જ જોઇએ.

અલબત અત્યારે આપણું રાષ્ટ્રીય જીવન મોટે ભાગે પાશ્ચાત્ય ભાવનાઓથી ભરપુર છે અને તેથી અત્યારે આપણને લાગે કે અંગ્રેજી ભાષા જ આપણા દેશની સામાન્ય ભાષા તરીકે કામ આવી શકે. પણ એકવાર આપણા દેશને સંપૂર્ણ સ્વરાજ મેળવવા દો, એક વાર આપણા ભારતનું વ્યક્તિત્વ પ્રકાશવા દો, ને પછી જુઓ કે અંગ્રેજી ભાષા આપણે માટે કેટલી અધુરી પડશે આપણા દેશનું સૌથી મોટું કાર્ય આપણા આર્ય આદર્શો સમસ્ત જગતમા ફેલાવવાનું છે. ઉપનિષદ્ તથા ગીતા, વેદ તથા વેદાત આપણે ભાનભુલા પશ્ચાત્ય દેશોને શીખવાડવા છે. શું એ **राजविद्या राजगुह्यम्** માત્ર શબ્દશઃ અનુવાદ કર્યે શીખવાડી શકાય ? અને આપણે આપણા જ દેશમા પાશ્ચાત્ય ભાષાદ્વારા એ **राजविद्या** પાછી સજીવન કરી શકીયે ખરા ? અત્યારે જે અંગ્રેજી ભાષાનો મોહ લાગ્યો છે તેનું એક જ સબળ કારણ છે. અત્યારે આપણા રાષ્ટ્રીય જીવન (national) મા માત્ર "કાઉન્સીલો" અને "મહાસભા"ની ચળવળો સમાય છે. આપણું રાષ્ટ્રીય જીવન (national life) કેવળ શાસન પદ્ધતિ (politics) અને અર્થશાસ્ત્ર (economics) મા જ સંકોચાઇ રહ્યું છે. પણ સ્વરાજ્ય મળતા જ એ જીવનમા બધી દિશાએ વિકાસ થવો જ જોઇએ; અને મનુષ્ય હૃદયની બધી ભાવનાઓ "રાષ્ટ્રીય જીવન"મા સમાશે, ત્યારે જ અંગ્રેજી ભાષા કેટલી સંકુચિત છે તેનો ખ્યાલ આવશે. એ ભાષામા **આપણા** દેશના આદર્શો **આપણી** ભાવનાઓ **આપણે માટે** પ્રગટ કરવા માટે સમર્થ શબ્દો નથી. તો પછી એ ભાષા કેવી રીતે **આપણી** રાષ્ટ્રીય ભાષા થઇ શકે ?

હવે સવાલ ઉઠે કે ભારતીય ભાષાઓ પૈકી કઇ ભાષા આ ઉચ્ચ સ્થાન ભોગવવા યોગ્ય છે. એનો નિર્ણય તો ક્યારનો થઇ ચુક્યો છે. વિવાદ કરવાની જરૂર છે જ નહી. **હિંદી** ને પ્રજાએ પોતે એ સ્થાન આપ્યું છે. અને એ સ્થાન આજકાલનું નથી પણ અનેક સૈકાઓથી ચાલ્યુ આવેલું છે આપણા દેશમા કોઇપણ પ્રાંત એવો નહી હશે જ્યા એ ભાષા જાણનારા અને સમજનારાઓ સારા પ્રમાણમા વસતા ન હોય.* મદ્રાસમાં પણ હિંદીનો પ્રચાર આજકાલ વિશેષ ઉત્સાહ પૂર્વક થઇ રહ્યો છે દ્રાવિડી ભાષાઓ મૂલમાં આર્યભાષાઓથી ઘણી જુદી પડે છે છતાએ આર્ય સંસ્કૃતિ તથા આર્ય ધર્મની છાયા એ ભાષાઓ પર પણ મજબુત પડી છે તે કારણે દ્રાવિડી બોલનારને પણ હિંદી શીખતાં ઝાઝો વિલંબ તો થવો ન જોઇએ; અને ગમે તેમ હોય પણ આપણા દેશના દેશીઓ માટે અંગ્રેજી કરતા હિંદી ઘણી વધારે સહેલી થઇ પડે એ તો નિર્વિવાદ છે. વળી દ્રાવિડી ભાષાઓ અને આર્ય ભાષાઓની પરસ્પર ઘણીક અસરો થઇ છે, જે ધીમે ધીમે વિદ્વાનો

*વસ્તીની ગણત્રીના રીપોર્ટ (Census Report) મા અંગ્રેજી વાંચી લખી શકે તેમના વિગતવાર આંકડાઓ અપાય છે આપણે હિંદી બોલી તથા સમજી શકે તેવાઓની ગણત્રી ન કરી શકીયે ?

અને ભાષાશાસ્ત્રીઓ ઉકેલી રહ્યા છે અને તે પરથી એ બે ભાષા-ગોત્રમાં સાધારણ ધારવામાં આવે છે તે કરતાં ઘણુંક વધારે સામ્ય જણાય છે.

એક બીજો પ્રશ્ન હવે સુઝે છે-" હિંદી કે ઉર્દુ ?" આપણા રાજ્યકર્તાઓ અને બીજા કેટલાક લોકોનું કહેવું એ છે કે એ બંને ભાષાઓના પરસ્પર વિરોધ અને સ્પર્ધા એટલાં છે જે રાષ્ટ્રીય ભાષા માટે બીજાં કારણોને લીધે હિંદી ભલે લાયક હોય છતાંએ એનો નિર્ણય સંતોષકારક થઇ શકે જ નહી. એના મૂલમા આપણો જુનો હિંદુ-મુસલીમ ઝગડો છે. ઉર્દુનો ઇતિહાસ જરા તપાસયે. એ ભાષા દીલ્હીના તુઘલક વંશના સમયથી (૧૪મા સૈકાથી) જણાયલી છે. જે મુસલમાનોની માતૃભાષા ફારસી હતી તેઓ જ્યારે આ દેશમાં આવી વસ્યા ત્યારે એ લોકોને દેશીઓ સાથે બોલચાલ કરવા માટે એક પ્રકારની "ખચડી"* ભાષાનો ઉપયોગ કરવા માડયો. પરદેશીઓ જ્યારે આ દેશની ભાષા બોલે ત્યારે અનેક પ્રકારનું મિશ્રણ તો થાય જ તેમજ તેમાં રસ પણ કાંઇક વધુ પડે. પણ શાહનશાહ અકબ્બરના સમયમા ઉર્દુ ભાષાની ખરેખરી ઉન્નતિ થઇ એ શાહનશાહે એ ભાષાનું સ્થાન સ્વીકાર્યું. એનું નામ "ઉર્દુ" (અર્થાત્-"લશ્કરી છાવણીની બોલી") સ્વીકાર્યું, અને એની ઉન્નતિ માટે અનેક પ્રયત્નો કર્યો. તે સમયે મુસલમાન સામ્રાજ્ય અને ઇસ્લામી સંસ્કૃતિનુ પ્રાબલ્ય હતું તેથી ઉર્દુનો વિકાસ બહુ ઝડપથી થયો અને લોકો ઘણા ઉમંગથી એ શીખવા લાગ્યા. જ્યારે અંગ્રેજો આવ્યા ત્યારે એ ભાષાએ દેશમાં પોતાનું સ્થાન પૂરું જમાવ્યું હતું એટલે એઓએ પણ આવતાં સાથ જ એ ભાષાને આ દેશની મુખ્ય (અથવા રાષ્ટ્રીય) ભાષા તરીકે સ્વીકારી.

વાસ્તવિક રીતે જોતા ઉર્દુ અને હિંદી વચ્ચે ફેર માત્ર શબ્દ કોષનો જ છે, વ્યાકરણનો નહી. ઉર્દુમા બહુ મોટા પ્રમાણમા ફારસી અરબી શબ્દો ઘુસી ગયા છે અને હિંદીમાં દેશીય અથવા સંસ્કૃત શબ્દો મુખ્ય ભાગે છે. એ જ રીતે હાલની આપણી ભાષાઓમાં અંગ્રેજી શબ્દોનું કેટલું પ્રમાણ છે તે તપાસીએ તો ઉર્દુમા ફારસી શબ્દો કેમ આવ્યા તે ઝટ સમજાશે.

આપણા દેશના ઉદ્ધાર માટે આપણા પરમપૂજ્ય બાપુજીએ આપણને એક મહામંત્ર શીખવ્યો છે-**હિંદુ-મુસ્લીમ** ઐક્ય અને એ ઐક્ય સાધીયે તો જ સ્વરાજ્ય મળે, તો જ સ્વરાજ્યને લાયક આપણે ગણાઇએ, એવું એઓશ્રીએ કહ્યું છે, અને એકતાનું બાહ્ય સ્વરૂપ આપણી ભાવિ રાષ્ટ્રીય ભાષા છે. એ હિંદીએ નહી, ઉર્દુએ નહી, પણ એ બંને એક થઇ બનેલી **હિંદુસ્તાની** ભાષા થશે. અત્યારે જગેજગ જે હિંદીનો પ્રચાર થઇ રહ્યો છે તે બહુ જ ઇચ્છવા જોગ છે છતાંએ જાણ્યે અજાણ્યે એમા આપણા મુસલમાન ભાઇઓ તરફ વિરોધ હોવાનો ભાસ થાય છે. સાધારણ રીતે જે હિંદીનો પ્રચાર કરતા કેટલાક મથે છે તે એટલી તો સંસ્કૃતમય છે કે સંસ્કૃત ન જાણનારને તે સમજમા આવે જ નહી. એનું એક રમુજી ઉદાહરણ આપું. આસરે દશેક વર્ષ પર હું કાશીની સેન્ટ્રલ હિંદુ કોલીજીએટ સ્કુલનો હેડમાસ્તર હતો. ત્યારે વિદ્યાર્થીઓ માટે કેટલાક નિયમો મેં અંગ્રેજીમા

* આ શબ્દ માત્ર મિશ્રણને (જે રીતે ખીચડીમાં થાય છે તેવું) અર્થે જ લીધો છે. એમા જરાએ કટાક્ષ કરવાનો મારો હેતુ નથી. મને ઉર્દુ ભાષા અને સાહિત્ય પ્રત્યે ઉંડો પ્રેમ છે.

લખી કહાડયા. (તે સમયે હું હિંદી ઝાઝી જાણતો ન હતો) પછી મેં મારા હિંદી પંડિતજીને કહ્યું જે " નાના છોકરાઓને એ સમજવું મુશ્કેલ પડશે માટે તમો એ હિંદીમા લખી આપો." બીજે દિવસે પંડિતજી હિંદી નિયમો લઈ આવ્યા તે છપાવીને નાના છોકરાઓમાં વહેંચાવ્યા. ત્યાર પછી બધા નાના છોકરાઓ મારી પાસે અંગ્રેજી નિયમો માગવા આવ્યા, કારણ કે તેમને પોતાની માતૃભાષામાં લખાયલા નિયમો કરતા અંગ્રેજી નિયમો સમજવા વધુ સહેલ માલમ પડયા ! એમા હિંદીનો વાક ન કહેવાય પણ સંસ્કૃત વિશેષ પ્રમાણમાં ભેળાયલું હોવાથી આવી સ્થિતિ વારંવાર ઉપસ્થિત થાય છે. સંસ્કૃત ભણેલા પંડિતોની સભામા એ પ્રકારની ભાષા ચાલી શકે, પણ સાધારણ માણસને એ ન ખપે. ખાસ કરી આપણા મુસલમાન ભાઇઓ એ પ્રકારની હિંદી લગારે સમજી શકે નહી.× એથી ઉલટું લખનૌના મોલવી સાહેબો જ્યારે ભારોભાર અરબીને ફારસી શબ્દોથી મંડિત ઉર્દૂ બોલે ત્યારે માત્ર મુસલમાનો અને અરબી ફારસી ભણેલા ઉલ્માઓ જ તે સમજી શકે. એ બંને પ્રકારની ભાષા રાષ્ટ્રીય ભાષા હોઇ શકે જ નહી. એટલે કે શુદ્ધ હિંદી અને શુદ્ધ ઉર્દૂ કદી પણ આ દેશમા અત્યારે આવી શકે જ નહી. આપણી રાષ્ટ્રીય ભાષા માત્ર સંસ્કૃત જાણનારા પંડિતો માટે અથવા અરબી જાણનારા મોલવીઓ માટે નથી પણ સામાન્ય જનસમાજ માટે છે, અને એ સાધારણ માણસ સમજી શકે તેવી સહેલ ભાષા પોતાની મેળે જ ઉત્પન્ન થશે. કોઇપણ સમાજ અથવા સંસદના ઠરાવ પસાર કરવાથી ભાષાઓની ઉત્પત્તિ થતી નથી, પણ સાધારણ જનસમાજની વપરાસથી ભાષાઓ બને છે. જેટલા પ્રમાણમા આ દેશના સાધારણ માણસો એ ભાષા સમજી શકે તેટલા જ પ્રમાણમાં એ ભાષાનો વિકાસ થાય; એટલે શુદ્ધ સંસ્કૃતમય હિંદી અથવા શુદ્ધ ફારસી અરબીથી ભરપુર ઉર્દૂને માટે એમા સ્થાન જ નથી. એથી આ આપણી રાષ્ટ્રિય ભાષાને " **હિંદુસ્તાની** " કહેવી જેથી હિંદી–ઉર્દૂનો કૃત્રિમ ઝગડો મટે અને આપણા દેશનુ નામ પણ એ ભાષાના નામમા જળવાયલું રહે.

અત્યાર સુધી આપણે જોયું જે આપણા દેશમા દરેક પ્રાત માટે તે પ્રાતની દેશી ભાષા પહેલા ખીલવવી જોઇએ અને સામાન્ય રાષ્ટ્રીય ભાષા તરીકે " હિંદુસ્તાની " ખીલી રહી છે. પણ હજી એક બીજો સવાલ ઉભો થાય છે. આ દેશને પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું કાર્ય નિર્માણ થયલુ છે. મનુષ્યે ઇશ્વર કેમ થવું–એ આપણે સમસ્ત સંસારને શીખાડવું છે. અને એ પાઠ શીખવાડવા, તેમજ પૃથ્વીના બીજા દેશો સાથે અનેક પ્રકારના સંબંધો જોડવા કાજે આપણને એક એવી ભાષાની અગત્ય છે જે સમસ્ત ભૂમંડળમા પ્રચલિત હોય અને જેમા જોઇતું સામર્થ્ય પણ હોય. એવી માત્ર એક જ ભાષા આપણને પૃથ્વીમા જડે છે તે અંગ્રેજી ભાષા છે.* અંગ્રેજી સામ્રાજ્યના વિસ્તાર, અંગ્રેજ પ્રજાનો વ્યાપારવણજ, અંગ્રેજી ભાષાનું વિશાળ સાહિત્ય, અને એ સાથે અંગ્રેજોની પોતાની ભાષા પ્રત્યે પ્રીતિ અને બીજી ભાષા શીખવા તરફ ઉદાસીનતા એ બધા કારણો ભેગા મળીને અંગ્રેજી ભાષાને

× પારસીઓનું તો પુછવું જ શુ ?

* એ બાબે કલકત્તામા પ્રગટ થતા " નવરોઝ " પત્રના છેલ્લા દીપોત્સવ અંક (તા० ૯–૧૧–૨૩) માં મારો લેખ (The Problem of a world-language) જુઓ આ લેખનો ગુજરાતી અનુવાદ થોડાક સમય પછી " ગુજરાત "મા હુ મોકલવા ધારૂ છુ, ત્યા સુધી વાચકગણ કૃપા કરી આ વાતનો સ્વીકાર કરે એ વિનંતી છે.

"જગત્-ભાષા" ('world-language') નું પદ પ્રાપ્ત થઈ રહ્યું છે. અનેક વિદ્વાનોએ કૃત્રિમ ભાષાઓ રચવાના પ્રયાસો કર્યા છે જેમાં એસ્પેરાન્ટો" (Esperanto) ની કૃતિ ઘણી જ જાણવા જોગ છે.+ પણ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં કોઇ પણ કૃત્રિમ ભાષાનો સ્વીકાર સામાન્ય જનસમાજ કદી કરે નહી. એ રીતે જોતા "કુદરની ભાષાઓ" (Natural languages) મા માત્ર અંગ્રેજી જ આ મહાન્ પદ પર બીરાજવા લાયક છે. આપણે કદાચ આપણા સ્વદેશ પ્રેમથી દોરવાઇ પુછીયે કે આપણી હિંદુસ્તાની જ કા નહી. તેનો જવાબ માત્ર એક જ છે કે આપણા દેશનું સ્થાન વિદેશમા હજી એટલું ઉચ્ચ ગણાતું નથી, જેથી કરી આપણી ભાષાનો પરદેશીઓ સ્વીકાર કરે. અને આપણી દેશી ભાષા સમસ્ત ભૂમંડળમાં સ્વીકારાય ત્યાં સુધી થોભી જવાનો આ સમય નથી. ઇશ્વરે આપણા દેશને ઇગ્લેન્ડ સાથે આવા ગાઢા સંબંધે જોડયો છે તેનું કારણ એ જ કે એક દેશ પોતાની **राजविद्या** આપે અને બીજો પોતાની ભાષા આપે. અંગ્રેજી ભાષામાં આ વિષય માટે યોગ્ય શબ્દો નથી એ ખરી વાત, માટે આપણને ઘણાક શબ્દો આપણા પોતાના જ રાખી પરિભાષા આપવી પડશે-જેમકે **आत्मा, धर्म, कर्म, योग,** ઇત્યાદિ એ શબ્દો તો અત્યારથી જ પાશ્ચાત્ય ભાષાઓમા પ્રચલિત થઇ ચુકયા છે અને હવે તે માટે આપણને જરાએ સંદેહ રાખવાની જરૂરત નથી. ઇશ્વરનિર્મિત કાર્ય પરિપૂર્ણ થાય માટે જ ભારતવર્ષને સ્વરાજ્ય જોઇએ છે, અને એ માટે જ ગાધીજી જેવા વીર આપણા દેશમા જન્મ્યા છે. આપણા આર્ય આદર્શોને જ અનુસરી આપણે સ્વરાજ્ય મેળવીશું તો જ આપણી પોતાની ભાવનાઓમા અડગ શ્રદ્ધા થશે, તો જ આપણે આપણા આદર્શો આખા જગતને શીખવી શકીશું.

સારાંશ એ જ કે દરેક શિષ્ટ સજ્જન ભારતવાસીએ પહેલી સેવા પોતાની માતૃભાષા દ્વારા કરવી. ત્યાર પછી સમસ્ત દેશની સેવા હિંદુસ્તાની દ્વારા કરવી અને છેવટે જનસેવા અંગ્રેજી દ્વારા કરવી. મારા ધારવા મુજબ આપણા દેશમા અત્યારે જે "ભાષાઓનો ગરબડગોટો" જણાય છે તેમાંથી છુટવાનો માર્ગ આવા જ કોઈ પ્રકારે જડશે.

+ એ ભાષાનો મને જાતે પુરો અનુભવ થયો છે.

૨૧ વલ્લભીય સંપ્રદાયનું મુદ્રિત સંસ્કૃત સાહિત્ય

(લેખક—રા. રા. જેઠાલાલ ગોવર્ધન શાહ.)

ભારતવર્ષનો અત્યાર સુધીનો ધાર્મિક ઇતિહાસ અવલોકીશુ તો આપણને માલૂમ પડશે કે વૈષ્ણવ ધર્મે આ દેશને અપૂર્વ સાહિત્ય આપ્યુ છે. રામાનુજ, નિંબાર્ક, મધ્વ, ચૈતન્ય ઇત્યાદિ ધર્મપ્રવર્તક કે વૈષ્ણવ આચાર્યોએ આ દેશના સાહિત્યને ઘણું જ ઉન્નત બનાવ્યું છે. પણ આ દિશામા સર્વેથી વિશેષ સેવા કોઇ પણ સંપ્રદાયે અથાગ પરિશ્રમ ઉઠાવીને કરી હોય તો તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પુષ્ટિમાર્ગ છે. આ સંપ્રદાયમા ઘણા આચાર્યોની પરંપરા થઇ ગઇ છે કે જેમણે ઘણીજ સાવધાનતાથી વિદ્વત્તા, રસિકતા તથા સુંદરતા યુક્ત સાહિત્ય પ્રકટ કર્યુ છે.

શ્રી વલ્લભાચાર્ય, તેમના પુત્ર વિઠ્ઠલનાથ, શ્રી ગોકુળનાથજી, શ્રી દેવકીનંદજી, શ્રી હરિરાયજી, શ્રી પુરુષોત્તમજી, શ્રી ગોપીનાથજી, શ્રી કૃષ્ણચંદ્ર ઇત્યાદિ આચાર્યો તરફથી, તથા તેમના આશ્રિતભટ્ટો તથા પટ્ટ શિષ્યો તરફથી ઘણા જ ગૂઢાભિનિવેશ યુક્ત, તથા ભવ્ય તત્ત્વ જ્ઞાનવાળા ગ્રંથો ભારતવર્ષને મળેલા છે, અને તેમણે આ દેશના સાહિત્યની ખરી કિંમત અંકાવી છે. તત્ત્વજ્ઞાનની દષ્ટિએ શ્રી વલ્લભાચાર્યનો માર્ગ શુદ્ધાદ્વૈત ગણાય છે. શ્રી વલ્લભાચાર્યના સેવકો ભારતવર્ષના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પથરાયલા છે. વાસ્તવિક રીતે વૈષ્ણવ ધર્મે ભારતવર્ષને જે રસિકતા આપી છે તે અન્ય ધર્મે આપી નથી. એ ઉક્તિમા કોઇ પણ પ્રકારની અતિશયોક્તિ નથી. અન્ય ધર્મોના સાહિત્યમા જ્ઞાન અને વૈરાગ્યની ભાવનાઓ ઉત્કટ રીતે વર્ણવેલી આપણે વાચીએ છીએ પણ તે ભાવનાઓ સાથે રસિકતા આપણે ભાગ્યેજ જોઈ શકીએ છીએ, અને તેથી જ શંકરાચાર્ય જેવા મહાસમર્થ ધર્માચાર્યોના સિદ્ધાન્તોની અસર સમાજના સર્વ ભાગમા જેવી થવી જોઇએ તે થઇ શકી નથી. જનતા સર્વદા રસિકતાને ચાહે છે. જ્ઞાન ઉપરાંત તેમના જીવનને અલૌકિક પંથે વાળી શકે એવી અપૂર્વ અને અવનવી સામગ્રી તે વૈષ્ણવ ધર્મના સાહિત્યમાં હોવાથી, તે ધર્મની પ્રબળ અસર સર્વ ઉપર સ્હેલાઇથી થઇ શકી. આ વૈષ્ણવ ધર્મના એક અંગરૂપ પુષ્ટિમાર્ગનુ સાહિત્ય કેટલું વિપુલ છે તે માત્ર જણાવવાનો અહિયા ઉદ્દેશ છે.

આજથી કેટલાક વર્ષ ઉપરાન્ત પુષ્ટિ માર્ગમા સમર્થ વિદ્વાનોના અભાવે, તેમા વિદ્યમાન હસ્તલિખિત સંસ્કૃત સાહિત્યના મુદ્રણ વિષયક કોઇ પણ પ્રવૃત્તિઓ હાથમા ધરવામાં આવી નહોતી. પણ આજથી ૨૧ વર્ષ પૂર્વે સંપ્રદાયના અગ્રણી ગણાતા પ્રો૦ મગનલાલ શાસ્ત્રીના મનમા શ્રીમદ્ વૈષ્ણવ પરિષદ્ જેવી એકાદ સંસ્થા સ્થાપવાનો વિચાર સ્ફુર્યો. આ સમયે નડિઆદમા સ્વર્ગસ્થ લલુભાઇ પ્રાણવલ્લભદાસ, સ્મોલકોઝ કોર્ટના જજ તથા હાલમાં મોરબી સ્ટેટના દિવાન સાહેબ રા. રણછોડલાલ વૃંદાવનદાસ પટવારી તથા વડોદરાવાળા ચીમનલાલ શ્યામળ બ્હેચરવાળાના મનમાં આવો જ વિચાર ઉદ્ભવ્યો. આ વ્યક્તિઓના વિચારબળે કરીને વૈષ્ણવ પરિષદ્‌ની સ્થાપના થઇ. આ પરિષદ્‌ની પ્રથમ બેઠક વડોદરામાં ભરવામાં

આવી હતી, ત્યાર પછી પાટણ નંદુરબાર, સુરત અને પુના એમ જુદા જુદા સ્થળે ભરવામાં આવી હતી. આવી રીતે પરિષદ્‌ની સ્થાપનાથી, વૈષ્ણવોમા એકાએક જાગૃતિ થઇ. જો કે આ પરિષદ્‌ના કાર્યમાં કેટલોક વિક્ષેપ તો પડ્યો હતો કારણ કે કેટલાંક કારણોને લીધે નિયમિત રીતે તેના અધિવેશનો ભરાતા નહોતા; છતા પણ આ પરિષદ્‌થી વૈષ્ણવ-સૃષ્ટિમાં ઘણી જ જાગૃતિ આવી ગઇ એની કોઇ પણ ના કહી શકશે નહિ. વૈષ્ણવ પરિષદે પ્રથમ અગત્યનું કાર્ય એ કર્યુ કે જે જે સ્થળે સાપ્રદાયિક સાહિત્ય જે સ્થિતિમા હોય તેને પરિષદ્‌ની ઓફીસમા એકત્ર કરવું. મુમ્બઇમા ભારતમાર્તણ્ડ પણ્ડિત ગટ્ટુલાલાના પુસ્તકાલયમા તથા સંપ્રદાયના મંદિરોના સરસ્વતી ભણ્ડારોમા અસંખ્ય હસ્તલિખિત ગ્રંથોની પ્રતિઓ બિરાજતી હતી તે સર્વને સંગૃહીત કરવાનું કાર્ય પરિષદ્‌ના અગ્રણીઓએ આરંભ્યું. પ્રો૦ મગનલાલ શાસ્ત્રી, રા. વાડીલાલ નગીનદાસ શાહ, રા૦ તેલીવાળા મૂળચંદ તુલસીદાસ, રા. ધીરજભાઇ સાંકળીયા, રા. રણછોડલાલ પટવારી, ઇત્યાદિ વિદ્વાનો ઘણા ઉત્સાહપૂર્વક પુસ્તકોને સંગૃહીત કરવાના તથા તેને મુદ્રિત કરવાના કાર્યમા રસ લેવા લાગ્યા. એઓના એકત્રિત પ્રયાસના પરિણામે અત્યારે અલ્પ સમયમા અનેક સાપ્રદાયિક ગ્રથો પ્રકાશમા આવ્યા છે, અને તેથી સંપ્રદાયમા પૂર્વે જે સુષુપ્તિ તથા અજ્ઞાનની દશા સર્વત્ર જોવામા આવતી હતી તે હવે ધીમે ધીમે પલટાઇ ગઇ છે.

હવે આપણે આ સંપ્રદાય તરફથી કયા કયા ગ્રથો સમાજની સમક્ષ મૂકવામા આવ્યા છે તેની ટુંકમા સમીક્ષા કરીશું.

વૈષ્ણવ પરિષદ્‌ની સ્થાપનાની પૂર્વે મી. ગ્રીફીથ અને ડો. થીબોની વ્યવસ્થા નીચે કાશીથી કેટલાક સંસ્કૃત ગ્રથો પ્રકાશિત થતા હતા. આ પુસ્તક પ્રકાશન સમિતિની આજ્ઞાથી રત્નગોપાલ ભટ્ટ નામના પણ્ડિત તરફથી શ્રીમદણુભાષ્ય તથા અન્ય ગ્રંથો પ્રકટ કરવામા આવ્યા હતા.

શ્રીમદણુભાષ્ય એ શ્રી વલ્લભાચાર્યજીનો તત્ત્વજ્ઞાન વિષયક ગ્રંથ છે. એમા શુદ્ધાદ્વૈતમતાનુસાર બાદરાયણ વ્યાસના બ્રહ્મસૂત્રો ઉપર સ્વતંત્ર ભાષ્ય કરવામા આવ્યુ છે. શંકરાચાર્ય, રામાનુજ, મધ્વ, નિંબાર્ક વગેરેએ, સ્વસ્વમતાનુસાર, બ્રહ્મસૂત્રો ઉપર પોતાના ભાષ્યો યોજ્યાં છે પણ તે સર્વ સૂત્રાનુસાર યથાર્થ નથી. પણ Dr. Bhandarkar ના મતે "શ્રી વલ્લભાચાર્ય જ બાદરાયણને અનુસરે છે. ભાષ્યની વ્યાખ્યા શ્રી વલ્લભાચાર્યજીએ એવી આપી છે કે–

सूत्रार्थो वर्ण्यते यत्र वाक्यैः सूत्रानुसारिभिः
स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

અર્થાત્—જે ભાષ્યમા સૂત્રને અનુસરનારા વાક્યોવડે સૂત્રાર્થ વર્ણવામા આવે છે અને પદોનું પણ વર્ણન કરવામાં આવે તેવા ભાષ્યને જ્ઞાતાઓ ભાષ્ય તરીકે ઓળખે છે. યુક્તિથી અને તર્કથી રમણીય અન્ય બીજાં ભાષ્યો છે પણ સૂત્રના મૂળ અર્થને કિંચિત્ પણ બાધ કર્યા વગર યથાર્થ રીતે કોઇ પણ ભાષ્ય લખાયુ હોય તો તે આ જ છે શ્રી વલ્લભાચાર્ય સર્વ આચાર્યોના કરતાં પછી પ્રકટ થયા છે અને તેથી સર્વ આચાર્યોનાં ભાષ્યોનું તુલનાત્મક નિરીક્ષણ તેમણે આ ગ્રંથમાં કર્યુ છે. અણુભાષ્ય એ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ હોવાથી તથા તેમાં

નવીન શુદ્ધ દ્વૈતમતનું પ્રતિપાદન કરેલું હોવાથી, લોકને તે સુગમ્ય બનાવવાને શ્રી વલ્લભાચાર્યજી પછી બીજા એમના અનુયાયીઓએ જુદી જુદી ટીકાઓ લખેલી છે. આ ટીકાઓમાં નીચેની ટીકાઓ સુપ્રસિદ્ધ થઇ છે :—

+૧ શ્રી બાલકૃષ્ણજી " વાગીશપ્રસાદ " નામક ભાષ્ય ટીકા
૨ શ્રી મથુરાનાથજીકૃત " પ્રકાશ " નામક ટીકા
૩ શ્રી પુરુષોત્તમજીકૃત " પ્રકાશ " સંજ્ઞક ટીકા.
૪ શ્રી ગિરિધરજીકૃત " વિવરણાખ્ય " ટીકા.
૫ શ્રી મુરલીધરજીકૃત ટીકા
૬ શ્રી વલ્લભજીકૃત ટીકા
૭ શ્રી વ્રજનાથકૃત ટીકા
૮ શ્રી લાલુભટ્ટજીકૃત ટીકા
૯ શ્રી ઇચ્છારામજીકૃત " પ્રદીપ " ટીકા.

પંડિત રત્નગોપાલ ભટ્ટે પ્રકટ કરેલા અણુભાષ્યમાં શ્રી પુરુષોત્તમકૃત " પ્રકાશ " નામની ટીકા પણ મુદ્રિત થઇ છે. આ " પ્રકાશ " નું કદ ઘણું જ વિપુલ છે. દશદિગન્તવિજયી પુરુષોત્તમજીએ સંપ્રદાયના સાહિત્યમાં નવલાખ શ્લોકપૂર જેટલું સાહિત્ય અર્પ્યું છે. "પ્રકાશ"માં તેમની અપૂર્વ વિદ્વત્તા દૃષ્ટિગોચર થાય છે. એમા અણુભાષ્યના અર્થ ઉપરાંત અન્ય ભાષ્યકારોના મતનો પણ ઉપન્યાસ કરવામા આવ્યો છે. આજકાલ તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરનારાઓ એવો આક્ષેપ કરે છે કે શાસ્ત્રીઓ અગર પંડિતો એ દૃષ્ટિથી અભ્યાસ કરતા નથી, પણ આ કથન પુરુષોત્તમજીના " પ્રકાશ "થી અસત્ય પડે છે. પૂર્વના દરેક ભાષ્યકારોના મતનો અવિકલ અનુવાદ કરીને, તેની યોગ્ય સમીક્ષા કરીને, શ્રીમદણુભાષ્યનું સૂત્રાનુસારિત્વ પ્રકટ કરીને, ગ્રન્થ ગૌરવનું વિશદીકરણ "પ્રકાશ" અદ્‌ભુત રીતે કરે છે. પણ આ " પ્રકાશ " ટીકાની દુર્ગમતાને લીધે ભક્તિમાર્તણ્ડના કર્તા પંડિત ગજેન્દ્ર શ્રી યોગિ ગોપેશ્વરજી મહારાજે એક " રશ્મિ " નામની ટીકા લખી છે. એનું પૂર પચાસ હજાર શ્લોકનું છે. આ " રશ્મિ " ગ્રંથની પ્રતિ સુરતના મહારાજશ્રીના મંદિરમા બિરાજે છે.

શ્રી ઇચ્છારામજી જેમણે " પ્રદીપ " નામની ટીકા અણુભાષ્ય ઉપર લખી છે તે જાતે શ્રીમાળી બ્રાહ્મણ હતા, અને પેટલાદના રહીશ હતા. તે શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં આવ્યા પછી તેમને અણુભાષ્ય ઇત્યાદિ માર્ગીય ગ્રંથો વાચવાનો ઘણો શોખ થયો. તેઓ પોતે એક પ્રખર પંડિત હતા અને તેમનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન અપૂર્વ હતું. તેમના સહવાસથી ગુર્જર કવિ દયારામમા પણ પુષ્ટિમાર્ગીય ધર્મના સંસ્કારો સ્થાપિત થયા હતા. આ ઇચ્છારામજીનો " પ્રદીપ " પ્રો૦ મગનલાલના પ્રયાસથી વૈષ્ણવ પરિષદ્ તરફથી બે અધ્યાય સુધી બહાર પાડવામાં આવ્યો છે.

મુબઇના શ્રી ગોકુળનાથજી મહારાજ તરફથી તેમના શાસ્ત્રી રમાનાથે પણ શ્રી અણુભાષ્યની ત્રિસૂત્રી સપ્ત ટીકાઓ સહિત પ્રકટ કરી છે. આ ગ્રંથ ઘણો જ સુંદર અને આક-

+ વૈષ્ણવ ધર્મપતાકા માસિક પુસ્તક. ૨, અંક. ૧ ઉપરથી.

ર્ષક બન્યો છે. વળી મુંબઇ સરકારના ગવર્નમેન્ટ પ્રેસ તરફથી, ડેક્કન કૉલેજના પ્રો૦ શાસ્ત્રી પાઠકે આખું અણુભાષ્ય, ઉપોદ્ઘાતસહ પ્રકાશિત કર્યું છે. આ ગ્રંથ બીજા કરતાં સસ્તો થયો છે. મી૦ પાઠક બીજા ભાગમા આ ગ્રંથ ઉપર પોતાની બાલબોધિની નામની ટીકા પ્રકાશિત કરવાના છે. એમ એ. ની પરીક્ષામા અણુભાષ્ય લેનારાઓને માટે આ પુસ્તક ઉપયોગી થઇ પડે એમ છે.

ઉપર જણાવેલી ટીકાઓ ઉપરાંત (૧) શ્રી કૃષ્ણચંદ્રકૃત "ભાવપ્રકાશિકા વૃત્તિ (એક અધ્યાય છપાયો છે) (૨) શ્રી વ્રજનાથજીકૃત "મરીચિકાવૃત્તિ" (૩) શ્રી પુરુષોત્તમ પ્રણીત "અધિકરણમાળા" અને (૪) શ્રી નિર્ભયરામ ભટ્ટકૃત "અધિકરણ સંગ્રહ" પણ છે અને તે મુદ્રિત થયાં છે. અણુભાષ્યના મુખ્ય ચાર અધ્યાય છે, અને તેના અધ્યાય પણ ચાર છે– સમન્વયાધ્યાય (સ્વરૂપ વિચાર), અવિરોધાધ્યાય (મતાન્તર નિરાકરણ), સાધનવિચાર ફલાધ્યાય. સમન્વયાધ્યાયનાં ચાર પાદ છે અને તેમા અનુક્રમે કાર્યપ્રતિપાદક, અન્તર્યામિ-પ્રતિપાદક, ઉપાસ્યસ્વરૂપપ્રતિપાદક, અને પ્રકીર્ણ એમ ચાર પાદો છે. અવિરોધાધ્યાયમાં શ્રુતિવિપ્રતિષેધપરિહાર, સ્વાતંત્ર્યેણ પરમતનિરાકરણ, જડજીવવિરુદ્ધાંશનિરાકરણ, જીવ શરીરવત્યન્તર્બહિરિન્દ્રયવિચાર, એ પ્રમાણે પાદો છે. સાધનાધ્યાયમા અધિકારિજન્મ નિર્ધાર, જીવમુક્તિયોગ્યતાવિચાર, બ્રહ્મગુણોપસંહાર, કર્મોપસંહાર એ વિષયો છે અને ફલાધ્યાયમાં અન્તરંગસાધનવિચાર, સૂક્ષ્મશરીરાદિલયવિચાર, ક્રમમુક્તિમાર્ગવિચાર, પુષ્ટિમર્યાદાફલવિમર્શનપૂર્વક લીલાનિત્યત્વવિચાર. આ ગ્રંથમાં મુખ્યત્વે કરીને, નીચેના શુદ્ધાદ્વૈતતત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો શ્રી વલ્લભાચાર્યજીએ દર્શાવ્યા છે.

૧ બ્રહ્મ નિર્ગુણ તથા સગુણ ઉભયરૂપ છે.

૨ બ્રહ્મ વિરુદ્ધ ધર્માશ્રયી છે.

૩ બ્રહ્મ એ જગતનું સમવાયી તથા નિમિત્ત કારણ છે.

૪ જગત્ બ્રહ્મનું કાર્ય હોવાથી સત્ય છે.

૫ જગત્ અને સંસાર એ ભિન્ન છે. સંસાર અહંતામમતાત્મક જીવની અવિદ્યાએ કલ્પેલો હોવાથી મિથ્યા છે.

૬ કર્મ, જ્ઞાન અને ભક્તિમાં, ભક્તિ એ જ પરમ સાધન છે. ભક્તિમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ એ જ ખરૂં સાધન છે.

૭ જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, ચૈતન્યયુક્ત છે સ્વતઃ વ્યાપક નથી.

૮ કૃષ્ણ એ જ પરબ્રહ્મ છે.

૯ **રસો વૈ સઃ** એ શ્રુતિ પરબ્રહ્મની રસાત્મકતાનું વર્ણન કરે છે.

૧૦ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ એ ગણિતાનંદ છે ઇત્યાદિ.

અણુભાષ્યના આ અધ્યાય સુધીનો જ ભાગ શ્રી વલ્લભાચાર્યે રચ્યો છે. બાકીનો અવ-શિષ્ટ ભાગ તેમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ લખેલો છે, એવું ભાષાના આધારે તથા બીજા આન્તરપ્રમાણોથી સિદ્ધ થઇ શકે છે.

અણુભાષ્યની માફક શ્રીજૈમિનિસૂત્રભાષ્ય પણ શ્રી વલ્લભાચાર્યે રચ્યું છે. પ્રથમ આ ભાષ્યનું મુદ્રણ પુષ્ટિભક્તિ સુધા નામના માસિકમા શાસ્ત્રી મગનલાલે કર્યું હતું. પણ પછીથી તેને સ્વતંત્ર પુસ્તકના રૂપમા વૈષ્ણવ પરિષદ્ તરફથી પ્રકટ કરવામાં આવ્યું હતું. આ સૂત્રો ઉપરની સ્વવિરચિત કારિકા પણ એ જ માસિકમા મુદ્રિત થઇ હતી.

तत्त्वदीपनिबंध. આ ગ્રંથ પણ શ્રી વલ્લભાચાર્યજીએ રચલો છે. તેના શાસ્ત્રાર્થ પ્રકરણ, સર્વનિર્ણય, અને ભાગવતાર્થ પ્રકરણ એમ ત્રણ ભાગ છે. આ આખો ગ્રન્થ ફક્ત નિબંધની કારિકાઓ તથા પ્રકાશસહ પંડિત ગટુલાલા તરફથી મુદ્રિત કરવામા આવ્યો હતો. તેમ જ શ્રી પુરુષોત્તમજીના "આવરણ ભંગ" વાળી વિદ્વત્તાભરેલી ટીકા સહ પંડિત રત્નભટ્ટજીએ Benares Sanskrit Series તરફથી પ્રકાશિત કર્યું હતું. પણ કોટાનિવાસી પણ્ડિત ગોકુલદાસે બે ભાગમાં પ્રસિદ્ધ કર્યો છે તે કંઇક ઠીક છે, કારણ કે તેમા અસલ સંસ્કૃત ટીકાનો ભાવાર્થ વ્રજભાષામા પણ આપવામા પણ આવ્યો છે. પણ આ ગ્રંથના સર્વનિર્ણય ભાગ સુધીજ તે પ્રકટ થયા છે. સ્વ. લલ્લુભાઇ વૈષ્ણવ સાહિત્યના ઘણાજ અભ્યાસી હતા. તેમણે પણ શાસ્ત્રાર્થ પ્રકરણનું ગુજરાતી સરલ શૈલીમા ભાષાંતર છપાવ્યું છે. રા. તેલીવાળા "સર્વનિર્ણય" વિભાગનુ સરલ ગુજરાતી ભાષાંતર "વેણુનાદ" નામના સાંપ્રદાયિક માસિકમા પ્રકટ કરે છે.

"પત્રાવલંબન" ગ્રંથ. શ્રીમદ્ વલ્લભાચાર્ય જ્યારે કાશી પાસે ચરણાદ્રિમાં રહેતા હતા ત્યારે એમણે ભક્તિમાર્ગના પ્રચારમાં ઉપયોગી ઉત્તર મીમાંસાના ભાષ્યનો બ્રહ્મવાદથી વિચાર કર્યો હતો; અને જ્ઞાન અને કર્મના સમુચ્ચયના ઉપયોગને માટે પૂર્વ મીમાંસાના ભાષ્યથી ધર્માદિનો વિચાર કર્યો હતો. આ સમયે માયાવાદ અને ભાટ્ટ મતના પંડિતો વિવાદ કરવાની ઇચ્છાથી કાશીથી ચરણાદ્રિ આવ્યા. તે વખતે તેમની સાથે ચરણાદ્રિમાં વિવાદ કરવાથી ભગવત્સેવામા પ્રતિબંધ થાય તેથી તેની નિવૃત્તિ માટે પોતે કાશી પધાર્યા અને એક પત્રમાં મર્યાદામત લખીને કાશી વિશ્વેશ્વરના દેવાલયના બારણા વિષે સ્થાપન કર્યો, માટે આ ગ્રંથનું નામ પત્રાવલંબન કહેવાય છે. આ ગ્રંથની પ્રસિદ્ધિથી સર્વ પણ્ડિતો વિવાદમા હારી ગયા હતા. આ ગ્રંથ સમજવો ઘણો જ દુર્બોધ છે. એમા જૈમિનિ પ્રતિપાદિત ધર્મતત્ત્વની સમીક્ષા બહુજ સૂક્ષ્મ રીતે કરવામા આવી છે. આ ગ્રંથે રા. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારીએ, શાસ્ત્રી મોહનલાલ કાશીરામ પાસે શોધન કરાવી ગુજરાતી અનુવાદ સહિત પ્રસિદ્ધ કર્યો છે. એની સાથે શ્રી પુરુષોત્તમજીકૃત ટીકા પણ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ ન્હાના મોટા ૮૪ ગ્રંથો સંસ્કૃતમા લખ્યા છે. શ્રીમદ્ભાગવત ઉપર એમણે ઘણું જ સાહિત્ય લખેલુ છે. એમની સુબોધિનીજી નામની ટીકા ઘણીજ પ્રસિદ્ધ છે. આ સુબોધિનીજી જો કે શ્રીમદ્ભાગવતના ગૂઢાશયને પ્રકટ કરે છે છતાં પણ તે સમજવા ઘણા કઠણ છે અને તેથી તે ઉપર ઘણીજ સાંપ્રદાયિક સંસ્કૃત ટીકાઓ થઇ છે. આ સર્વ ટીકાઓ સહિત સુબોધિનીજીનું મુદ્રણ કરવું ઘણું મુશ્કેલ છે કારણકે તેમાં દ્રવ્યનો મ્હોટો પ્રશ્ન છે. તો પણ હાલમા સુભાગ્યે સંપ્રદાયના મહારાજોની શુભેચ્છાથી આખા સુબોધિનીજીના જુદા જુદા ભાગો જુદે જુદે સ્થળથી પ્રકટ થયા છે; અને હજુ પણ બીજા ભાગોનું મુદ્રણ ચાલી જ રહ્યું છે; ભાગવતના પ્રથમ સ્કંધ અને દ્વિતીય સ્કંધનું સુબોધિનીજી

સહ મુદ્રણ મુંબઇના ગોસ્વામી ગોકુળનાથજીની આજ્ઞાથી પણ્ડિત બલભદ્ર શર્માએ કર્યું હતું. હાલમાં દશમ સ્કંધનું કામ આરંભાયું છે. પ્રથમ તો પ્રો. મગનલાલે "શ્રી સુબોધિનીજી" નામનું માસિક ચાલુ કર્યું હતું અને તેમાં સર્વ ટીકાઓ તથા ગુજરાતી અનુવાદ સહિત સુબોધિનીજીનું મુદ્રણ થતું હતું, પણ કેટલાક સંજોગોને લીધે તેમને તે કાર્ય બંધ કરવું પડયું હતું. પણ તેમના પછીથી શેઠ ખીમજીની મદદથી કોટાવાળા પણ્ડિત મુખ્યાજી ગોકળદાસે કેટલોક વખત ચાલુ રાખ્યું, પણ તેમા જન્મપ્રકરણ સુધી ગતિ કરતું તે માસિક બંધ થયું. હમણાં જ પોરબંદરવાળા જીવનેશજી મહારાજશ્રીની ઉદાર મદદથી તેમના શાસ્ત્રી તરફથી "જન્મ પ્રકરણ" સર્વ સાહિત્યસહ મુદ્રિત થાય છે. રા. તેલીવાળાએ પણ "રાજસ પ્રકરણ" ઘણી જ સારી રીતે પ્રકાશિત કર્યું છે, અને બીજું "રાસ પંચાધ્યાયી તથા ભ્રમર ગીત" ઇત્યાદિ ભાગો પણ અલ્પ સમયમા તૈયાર થવાની વકી છે. સુબોધિનીજી ઉપર સંપ્રદાયમાં શ્રી ગુસાંઇજીની ટિપ્પણી, શ્રી પુરુષોત્તમજીનો પ્રકાશ, વલ્લભજીનો "લેખ" તથા લાલૂભટ્ટની "યોજના" વગેરે ઘણી જ સુંદર અને માર્મિક ટીકાઓ છે. દશમસ્કંધ ઉપરના ટિપ્પણીનું મુદ્રણ પણ સુરતના મહારાજ વ્રજરત્નની સહાયથી રા. તેલીવાળા તથા સાકળીઆએ કર્યું છે. શ્રીમદ્દભાગવત ઉપર વલ્લભાચાર્યજીની સૂક્ષ્મ ટીકા પણ જૂદી છે અને તેનો અલ્પ ભાગ "પુષ્ટિભકત સુધા"માં પ્રો. મગનલાલે છપાવ્યો હતો.

"**भागवतार्थ प्रकरण**" તત્ત્વદીપ નિબંધના ભાગ તરીકે પણ પ્રથમ બે સ્કંધ સુધીનો શ્રીનાથદ્વારના શ્રી ગોપેશ્વરલાલજીની અર્થસાહાય્યથી રા. તેલીવાળા તથા શાસ્ત્રી વસંતરામે પ્રકટ કર્યો છે. વલ્લભાચાર્યજીએ શ્રીમદ્દભાગવતના અર્થ સાત પ્રકારે કરી બતાવ્યા છે. આ વિષે પોતે જ તત્ત્વદીપ નિબંધમાં આમ આજ્ઞા કરે છે.

शास्त्रे स्कन्धे प्रकरणेऽध्याये वाक्ये पदेऽक्षरे।
एकार्थं सप्तधा जानन्नविरोधेन मुच्यते ॥

આ ઉપરાંત ભાગવત ઉપરથી તેમણે પુરુષોત્તમની લીલાનાં બોધક સહસ્ર નામ તારવી કાઢયાં છે. તેમા દરેક અધ્યાયના સંક્ષિપ્ત સારનો પણ બોધ થઇ શકે છે. આ ગ્રંથ "પુરુષોત્તમ સહસ્ર નામ" તરિકે અમદાવાદના રા. લલ્લુભાઇ છગનદાસે છપાવ્યો છે. વળી **त्रिविधनामावली** નામનો ગ્રંથ વલ્લભાચાર્યજીએ નિજ તનુજ શ્રી ગોપીનાથજીને શ્રીમદ્દભાગવત પાઠ સહજમાં થઇ જાય એ હેતુથી પ્રકટ કર્યો છે એવી કિંવદન્તી સંપ્રદાયમાં દૃષ્ટિગોચર થાય છે આ ગ્રંથમા કૃષ્ણના લીલાબોધક નામો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. કૃષ્ણની બાલલીલા, પ્રૌઢલીલા અને રાજલીલા એમ ત્રિવિધ લીલાનો બોધ થવાને કૃષ્ણનાં ત્રિવિધ નામો યોજ્યાં છે. બાલલીલાના નામથી પ્રભુમા પ્રેમ, પ્રૌઢના પાઠથી આસકિત અને રાજલીલાના નામપાઠથી વ્યસન, સિદ્ધ થશે એમ ગ્રંથાન્તે ફલશ્રુતિ છે. આ ગ્રંથનું મુદ્રણ ગોકુલોત્સવકૃત "નિવૃત્તિ"સહ નડિઆદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના એક વખતના મંત્રી ત્રિભુવનદાસ પીતાંબરદાસ શાહ તથા રા. તેલીવાળા તેમજ રા. સાંકળીઆએ સંશોધન કરીને છપાવ્યું છે.

"**श्री फलप्रकरण सुबोधिनी**" એ નામનો ગ્રંથ સ્વર્ગસ્થ હરજીવનદાસ પુરુષોત્તમદાસના ફંડની મદદથી અમદાવાદના હરિદાસ ઝવેરદાસ તથા દલાલ મનમોહનદાસ તેમજ

શાસ્ત્રી વસંતરામે સંશોધન કરીને છપાવ્યો હતો. **रासपञ्चाध्यायी प्रकाश** નામની સ્વતંત્ર પીતામ્બરજી પ્રણીત ટીકાગ્રંથ પણ મી. તેલીવાળાએ છપાવ્યો છે. આ પ્રમાણે ભાગવત્ ઉપરનું વિશાલ સાંપ્રદાયિક સાહિત્ય એક પછી એક પ્રકટ થતું જાય છે.

श्रीमद्गायत्रीभाष्यम्" ગાયત્રી એ વેદબીજરૂપ ગણાય છે. સંપ્રદાયના ગ્રંથોમાં એવું લખેલું છે કે ગાયત્રી એ બીજ છે, અને વેદાદિ શાસ્ત્રો તેમાથી પ્રકટ ગયેલું કલ્પવૃક્ષ છે અને શ્રીમદ્ભાગવત એ તેનું ફળ છે. ગાયત્રી મંત્ર લગભગ દરેક હિંદુ સંપ્રદાયમાં મનાય છે પણ કેટલાક સૂર્યને તેના અધિષ્ઠાતા કહે છે તો કોઇ રુદ્રને કહે છે. પણ શ્રી વલ્લભાચાર્યજીએ આ ભાષ્યમાં પોતાની કમનીય ભાષામા, આ મંત્રના અધિષ્ઠાતા તે રસાત્મક બ્રહ્મ જ હોઇ શકે અન્ય કોઈ નહિ એમ સિદ્ધ કરી આપ્યું છે. શ્રી વલ્લભાચાર્યજીના ભાષ્ય ઉપર શ્રી ગોકુલેશ્વરે સ્વતંત્ર ગાયત્રીનો અર્થ કર્યો છે. વિઠ્ઠલનાથજીએ લગભગ ૩૫ કારિકાઓમાં ગાયત્રીની વ્યાખ્યા આપી છે, અને પુરુષોત્તમજીએ તેના ઉપર લાંબુ વિવરણ કર્યું છે. વળી શ્રી મઠેશેન્દિરેશે પણ આ અર્થનું વિવરણ કર્યું છે. તેમ જ ભારતમાર્તણ્ડ વેદાન્ત ભટ્ટાચાર્ય ગોવર્ધનભટ્ટે પણ એક ટીકા લખી છે. આ સર્વ ટીકાનો આશય ગાયત્રી મંત્રના અધિષ્ઠાતા રસાત્મક કૃષ્ણ છે એવો ફલિત થાય છે. આ સર્વ ટીકાઓ સહિત **श्री गायत्रीभाष्य** નામનો ગ્રંથ, ગુજરાતીમા "દ્વિજરાજસુધા" નામના અનુવાદ સાથે પ્રો. મગનલાલે છપાવ્યો છે.

न्यासादेश નામનો પણ એક લઘુ ગ્રંથ વલ્લભાચાર્યજીનો લખેલો છે તેની ઉપર વિઠ્ઠલનાથજીનું વિવરણ છે. આ ઉભયનું મુદ્રણ ગુજરાતી ભાષાન્તર સહિત મુબઇનાં ગોકુલનાથજી મહારાજની આજ્ઞાથી ભટ્ટ શ્રી રમાનાથજીએ કર્યું છે.

"**सन्यासनिर्णय:**" નામના શ્રી વલ્લભાચાર્યજીના ગ્રંથ ઉપર શ્રી ગોકુલનાથ; શ્રી રઘુનાથ, શ્રી ગોકુલોત્સવ, ચાચા શ્રી ગોપેશ્વર, શ્રી પુરુષોત્તમજી, કાકા શ્રી વલ્લભજી, તથા ચાચા શ્રી ગોપેશની ઘણી જ સુંદર ટીકાઓ છે. અને તે સર્વ સહિત તથા ગુજરાતી અનુવાદ સાથે આ ગ્રંથની પ્રસિદ્ધિ રા. તેલીવાળા તથા રા. સાકળીઆએ પોરબંદરના મહારાજશ્રીની આર્થિક સાહાય્યથી કરી છે. આ ગ્રંથમા ખરો સન્યાસ કોને કહેવાય અને એ સન્યાસનું અધિકારી કોણ છે અને શા માટે તથા કયા કાળમા તે અંગીકાર કરવો જોઇએ તે સર્વનું નિરૂપણ છે માત્ર પ્રભુના વિરહના અનુભવ માટે જ સન્યાસનું ગ્રહણ કરવાનું છે અને તે કર્મ કે જ્ઞાન માર્ગમા નહિ પણ ભક્તિ માર્ગમા અને તે વળી પ્રેમલક્ષણા સ્થિતિમાં જ ગ્રહણ કરવાનો છે એવો પરમ બોધ આ ગ્રંથમાં છે.

मधुराष्टक ગ્રંથમા ભગવાનના સૌંદર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં જો કે ફક્ત આઠ જ શ્લોકો છે, પણ તે ઘણા જ ઉત્તમ છે. આ ગ્રંથનું રહસ્ય સ્ફુટ કરવા શ્રી વિઠ્ઠલનાથજી, ઘનસ્યામજી, બાલકૃષ્ણ, વલ્લભ, રઘુનાથ, તથા શ્રી હરિરાયજીએ સંસ્કૃતમાં ટીકાઓ લખી છે. તે સર્વને જુદી જુદી પ્રતિ ઉપરથી સંશોધક મી. તેલીવાળાએ પુસ્તકાકારમા પ્રકટ કર્યા છે.

निरोधलक्षण આ ગ્રંથ પણ શ્રી વલ્લભાચાર્યજીનો બનાવેલો છે. આની ઉપર ચાચાશ્રી ગોપેશ, કાકાશ્રી વલ્લભ, શ્રી હરિશયન, શ્રી વલ્લભ, શ્રી પુરુષોત્તમજી તથા શ્રી

વ્રજરત્નજીની ટીકાઓ છે. તે સર્વ સહિત આ ગ્રંથનું મુદ્રણ મી. તેલીવાળાએ તથા મી. સાંકળીઆએ કર્યું છે. નિરોધ એટલે પ્રપંચની વિસ્મૃતિ પૂર્વક ભગવચ્ચરણસરોજમાં આસક્તિ, નિરોધ સિદ્ધ થવાને માટે ઇંદ્રિયોનું દમન તથા વિષયોનો ત્યાગ થવો જોઇએ. આને માટે શ્રી વલ્લભાચાર્યજી જુદી જુદી ઇન્દ્રિયોનો ભગવત્સેવામાં કેવી રીતે વિનિયોગ કરવો જોઇએ તે દર્શાવે છે.

"**बालबोध**" આ ગ્રંથ ભક્તિમાર્ગની પ્રવેશિકા જેવી છે. ભક્તિમાર્ગ એ શું છે અને બ્રહ્મ એ શું વસ્તુ છે તેનું જ્ઞાન આ ગ્રંથમા કરાવવામાં આવ્યું છે. એમાં ચાર પુરુષાર્થો (ધર્મ, અર્થ કામ અને મોક્ષ) ઇશ્વરપ્રોક્ત અને ઋષિપ્રોક્ત એમ ઉભય પ્રકારના જણાવ્યા છે. ઇશ્વરપ્રોક્ત વેદની શ્રુતિઓનો વિષય છે. લૌકિક પુરુષાર્થો સ્મૃતિઓમાં ઋષિઓએ કહેલા છે. તેમાં ધર્મ, અર્થ અને કામ માટે જુદા જુદા ગ્રંથો છે તે ઉપરથી તે કેવા પ્રકારના હોય છે અને હોવા જોઇએ તેનો નિર્ણય થઇ શકે છે. પણ મોક્ષને માટે ભિન્નભિન્ન વિચાર જણાવવામાં આવ્યા છે. સાંખ્ય અને યોગ સ્વતોમોક્ષ માને છે પણ સાંખ્ય તેને માટે ત્યાગને સાધનરૂપ ગણે છે, યોગ માત્ર માનસિક ત્યાગને સાધન ગણે છે. પરતોમોક્ષ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ દેવો તરફથી મળે છે. આ પછી વિષ્ણુ એ જ મોક્ષના દાતા છે એ સિદ્ધાન્ત આ ગ્રંથમાં જણાવ્યો છે પણ વિષ્ણુનું ખરૂં સ્વરૂપ કયું તે **सिद्धान्त-रहस्य** નામના બીજા ગ્રંથમાં છે. આ બાળબોધ ગ્રંથ ઉપર દેવકીનંદજીની તથા શ્રી પુરુષોત્તમજીની ટીકાઓ છે તે બન્ને ટીકાવાળા ગ્રંથો સંસ્કૃતમાં સાહિત્યાચાર્યભટ્ટ બળભદ્રે પ્રકટ કર્યા છે. વળી નડિઆદના શ્રી વલ્લભીય ગ્રંથ પ્રકાશક ફંડ તરફથી પણ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ થયો છે.

श्रीमद्वल्लभाचार्यचरितम् આ ગ્રંથ શ્રી મુરલીધરદાસજીએ બનાવેલો છે. તેમા શ્રી વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર સંક્ષેપમાં ઘણી સુંદર ભાષામા કરેલું છે. આ ગ્રંથને વાડીલાલ નગીનદાસ શાહ તથા શાસ્ત્રી વસંતરામે મુદ્રિત કર્યો છે. વળી **श्रीवल्लभदिग्विजय** નામનો સંસ્કૃત ગ્રંથ શ્રી નાથદ્વારના વિદ્યાવિભાગ તરફથી સંસ્કૃતમા પ્રસિદ્ધ થયો છે, એમા પણ શ્રી વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર આપેલું છે.

श्री परिवृढाष्टक તથા **कृष्णप्रेमामृत.** આ બન્ને ગ્રંથો એક પુસ્તકમાં રા. તેલીવાળાએ છપાવ્યા છેઃ **कृष्णप्रेमामृत** ઉપર શ્રી વિઠ્ઠલનાથજીની ઘણી જ પાણ્ડિત્યથી ઝળકતી ટીકા છે. **श्री परिवृढाष्टक** વલ્લભાચાર્યજીનો બનાવેલો છે. તેમાં દરેક શ્લોકને અન્તે **रतिप्रादुर्भावो भवतु सततं श्री परिवृढं** (પરબ્રહ્મ કૃષ્ણમા મારી રતિનો પ્રાદુર્ભાવ થાવ એમ પોતે ઇચ્છે છે)

શ્રી વલ્લભાચાર્ય વિરચિત **सेवाफल** ઉપર બાર વિવરણો છે. વલ્લભાચાર્યનું પોતાનું, તે ઉપરાંત કલ્યાણરાયજી, ચાચા શ્રી ગોપેશ, શ્રી દેવકીનંદનનું, શ્રી હરિધન ચરણનું, શ્રી વલ્લભનું, શ્રી પુરુષોત્તમજીનું, તથા તેમને અનુસરનાર એક જણનું, લાલૂભટ્ટ, જયગોપાલભટ્ટ, લક્ષ્મણભટ્ટ વગેરેનાં છે. આ સર્વનું મુદ્રણ રા તેલીવાલાએ પોરબંદરના મહારાજશ્રીના અર્થ સાહાય્યથી કર્યું છે. આમાં સેવાના ત્રણ ફલ, અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, વૈકુણ્ઠાદિમા સેવોપયોગી

દેહની પ્રાપ્તિ, આપેલા છે. ઉદ્વેગ, પ્રતિબંધ તથા ભોગ એ સેવાના પ્રતિબંધક છે. લૌકિક ભોગ ત્યાજ્ય છે અને અલૌકિક ગ્રાહ્ય છે સાધારણ પ્રતિબંધ ત્યાજ્ય છે પણ ભગવત્કૃત અત્યાજ્ય છે. એવો સિદ્ધાન્ત દર્શાવ્યો છે.

"**श्री यमुनाष्टक**" આ શ્લોકબદ્ધ ગ્રંથ વલ્લભાચાર્યજીએ રચ્યો છે. તેના ઉપર શ્રી વિઠ્ઠલનાથજી, પુરુષોત્તમજી તથા હરિરાયજીની ટીકાઓ છે. આ ગ્રંથને ભટ્ટ બલદેવ શર્માએ છપાવ્યો. યમુનાજી સર્વ સિદ્ધિનાં દાતા છે એમ કહ્યું છે. પુરુષોત્તમજીની ટીકા પ્રમાણ શૈલીને અનુસરે છે જ્યારે હરિરાયજીની ભાવાત્મક છે.

વલ્લભાચાર્યજીનો **भक्तिवर्धिनी** ગ્રંથ ૧૪ ટીકાઓ સહિત છપાયો છે.

श्री सर्वोत्तमस्तोत्र તથા **श्रीमद्‌वल्लभाष्टक**. આ બન્ને શ્લોકબદ્ધ ગ્રંથો શ્રી વિઠ્ઠલનાથજીએ બનાવ્યા છે. પ્રથમમાં વલ્લભાચાર્યજીના ૧૦૮ નામો છે અને બીજામાં તેમના સ્વરૂપનું વર્ણન કર્યું છે. પ્રથમ ઉપર ગોકુળનાથજીની બે ટીકાઓ છે. હાલમાં લઘુ ટીકા સહિત એ પુસ્તક નડિઆદના શા. ત્રિભોવનદાસે પ્રકટ કર્યું છે. ગોકુળનાથજીની બીજી ટીકાનું પૂર ૧૨૦૦૦ શ્લોક જેટલું છે, તે હજુ મુદ્રિત થઇ નથી. "શ્રી વલ્લભાષ્ટક" ઉપર શ્રી ગોકુળનાથજી, શ્રી પુરુષોત્તમજી, શ્રી રઘુનાથજી, તથા શ્રી ગોકુલેશની ટીકાઓ છે. કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ ઘણો જ રસિક છે. સંપ્રદાયમા વૈષ્ણવો આ બન્ને ગ્રંથોનો ઘણા જ ભાવ પૂર્વક નિત્ય પાઠ કરે છે. **वल्लभाष्टक**નો સર્વ ટીકાઓ સહ ગુજરાતી અનુવાદ અમદાવાદના લલ્લુભાઇ છગનદાસે પ્રકાશિત કર્યો છે.

"**भक्तिहंस**" એ શ્રી વિઠ્ઠલનાથજીએ રચેલો છે. એની ઉપર શ્રી રઘુનાથજીની **भक्तितरंगिणी** નામની ટીકા છે; તેમ શ્રી પુરુષોત્તમજીએ **तीर्थ** તથા **विवेक** એમ બે ટીકાઓ કરી છે. આ ગ્રથ અને તેની ટીકાઓને સસ્કૃતમા શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત કાર્યાલય તરફથી ભટ્ટ બળદેવે છપાવ્યો છે. પણ તેનો ગુજરાતી અનુવાદ રા તેલીવાલાએ પુષ્ટિભક્તિ સુધા નામના માસિકમા કર્યો છે આ ગ્રંથમા ભક્તિ એટલે શું? કર્મ તથા જ્ઞાન કરતા ભક્તિનું આધિક્ય શાથી છે? નવધા અગર સાધનરૂપા ભક્તિ અને પ્રેમલક્ષણા અગર સાધ્યરૂપા ભક્તિ એમની વચ્ચે શુ તારતમ્ય છે એ સઘળા વિષયોની સૂક્ષ્મ ચર્ચા શ્રુતિ તથા ભાગવતાદિ ગ્રંથોને આધારે કરી છે. **भक्तिहेतु** તથા **भक्तिनिर्णय** ગ્રંથો પણ ભક્તિ તત્ત્વને સમજાવનારા પ્રકટ થયા છે. શ્રી ગોપેશ્વરજી મહારાજે પણ **भक्तिमार्तण्ड** નામનો મહાન્ અપૂર્વ ગ્રંથ રચેલો છે. આ ગ્રંથનું મુદ્રણ Benares Sanskrit Series માં પણ્ડિત રત્ન ગોપાલ ભટ્ટે કર્યું છે. આનો થોડોક અનુવાદ શાસ્ત્રી ચિમનલાલે "પુષ્ટિ ભક્તિ સુધા"માં કર્યો છે.

विद्वन्मण्डन—આ તત્ત્વજ્ઞાનનો મહાન ગ્રંથ શ્રી વિઠ્ઠલનાથજીએ બનાવેલો છે. પ્રથમ આ પુસ્તક સંજીવિની ટીકા સહિત કાશીથી પંડિત રત્ન ગોપાલ ભટ્ટે પ્રકટ કર્યું હતું. પણ સુવર્ણ સૂત્ર તથા શક્તિ ઇત્યાદિ ટીકાઓ સહ તેનું પુનર્મુદ્રણ હાલમા શ્રી દેવકીનંદજીના શ્રી વલ્લભલાલજીના વિદ્યાવિભાગ તરફથી શરૂ થાય છે તે થોડા વખતમા પ્રકટ થશે. આ

ગ્રંથનો ગુજરાતી અનુવાદ પુરુષોત્તમજીના “સુવર્ણ સૂત્ર” તથા શ્રી ગિરધરજીની “હરિતોષિણી” ટીકાને આધારે ઘણી જ સરલ શૈલામા મી. નાનુભાઇ નારણદાસ ગાંધીએ કર્યું છે.

“**શૃંગારરસમણ્ડન**” આ એક ભક્તિમાર્ગીય કાવ્યગ્રંથ છે. એમાં કૃષ્ણની લીલાનું વર્ણન છે. જયદેવના ગીતગોવિંદનું કંઇક અંશે અનુકરણ છે. સંપ્રદાયમા કૃષ્ણની સાથેની પરમપ્રેમ–લક્ષણભક્તિ એજ શૃંગારરસ કહેવાય છે. તેનું બીજું નામ મધુરરસ છે. એનો લૌકિક કામ સાથે બિલકુલ સંભ્રમ* કરવાનો નથી. વિઠ્ઠલનાથજીએ રસાત્મક, આનંદઘન કૃષ્ણની લીલાનું વર્ણન રસિક રીતિએ કર્યું છે. આ ગ્રંથ સંસ્કૃતાભિજ્ઞ વૈષ્ણવ વર્ગને ઘણો જ સત્કારને પાત્ર થયો છે. શ્રી વિઠ્ઠલનાથજીને મતે અને સંપ્રદાયના સિદ્ધાન્તાનુસાર ખરો પ્રેમ અગર રસ તે પ્રભુ સંબંધીનો જ હોય છે. તદ્વ્યતિરિક્ત માત્ર આભાસ જ છે. આ ગ્રંથનું ગુજરાતી સમશ્લોકી ભાષાન્તર ખંભાતના શાસ્ત્રી ભદ્રશંકરે કર્યું છે અને તેનું પ્રસ્તાવના સહિત મુદ્રણ રા. તેલીવાળાએ કર્યું છે.

શાણ્ડિલ્યભક્તિસૂત્રભાષ્યમ્ આ ગ્રંથ શાણ્ડિલ્ય મુનિના ભક્તિસૂત્રો ઉપર ભાષ્ય રૂપે છે. આના વિરચયિતા શ્રી વિઠ્ઠલનાથજીના અન્તેવાસિ શ્રી મુરલીધરદાસજી છે. વૈષ્ણવ પરિષત્ તરફથી રા. શાહ વાડીલાલે તથા શાસ્ત્રી વસંતરામે એને પ્રકટ કર્યો છે. સાથે ગુજરાતી અનુવાદ પણ છે.

પ્રસ્થાનરત્નાકરઃ–શ્રી પુરુષોત્તમજીએ અનેક અપ્રતિમ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો લખેલા છે. એમના જેટલી સાહિત્ય પ્રવૃત્તિ અન્ય કોઇ વિદ્વાનની અત્યાર સુધી થઇ હોય એમ ભાગ્યે જ જાણવામા આવે છે. વેદાદિના ભાષ્યકાર સાયણાચાર્ય તથા જૈનોના હેમાચાર્યની માફક એઓ પણ અસાધારણ બુદ્ધિબળ ધરાવતા. વિદ્યાના તે ઘણા જ રસિક હતા. આ ગ્રંથ પણ તેમણે રચેલો છે. એક રીતે આ તર્કશાસ્ત્રનો ગ્રંથ છે. આમાં આ શાસ્ત્રના કોઇપણ તત્ત્વ સંબંધી જુદા જુદા આચાર્યોમા જે ભેદ હોય તે તુલનાત્મક દૃષ્ટિએ સમજાવ્યો છે. મીમાંસકો, વૈશેષિક, પાર્થસારથિમિશ્ર, શ્રી હર્ષમિશ્ર, માયાવાદિ, બૌદ્ધો, વિજ્ઞાનવાદિ, સાંખ્યો–ઇત્યાદિ સર્વના મતોનો નિર્દેશ કર્યો છે. આ ગ્રંથમાં પ્રમાણપરિચ્છેદ તથા પ્રમેયપરિચ્છેદ એમ બે મુખ્ય વિભાગ છે. પ્રમાણપરિચ્છેદ અંગમાં–પ્રમાણનિરૂપણ તથા કરણનિરૂપણ નામના ભાવવ્યુત્પન્નપ્રમાણનિરૂપણ, વિષય તથા શબ્દ, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ, ઐતિહ્યાદિ, લોકવેદપ્રામાણ્ય વિવેક વગેરેનો વિચાર કર્યો છે. કરણોમાં શબ્દને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. પ્રમેયકોટિમા સ્વરૂપકોટિ, રત્નત્રયો તથા કાર્યકોટિનો વિચાર કર્યો છે. આ ગ્રંથનું પ્રકાશન પ્રો. મગનલાલ શાસ્ત્રીએ કર્યું છે.

તૈત્તિરીયોપનિષદ્–આ ઉપનિષદ્ ઉપરના બ્રહ્માનંદવલ્લી જેમા બ્રહ્મરસ સ્વરૂપે વર્ણન છે, તે વિભાગ ઉપર મઠપતિ શ્રી જયગોપાલ ભટ્ટકૃતભાષ્ય છે. ભાષ્યસહ તથા ઉપોદ્ઘાતમાં એના ગુજરાતી અનુવાદસહ, આ ગ્રંથનું મુદ્રણ રા. તેલીવાલાએ કર્યું છે.

મનોદૂતકાવ્યમ્ તથા **હૃદયદૂતકાવ્યમ્**–આ કાવ્યોમા કાલીદાસના મેઘદૂતનું અનુકરણ છે. અહિં કાલીદાસના મેઘદૂતમા જેમ યક્ષ મેઘદ્વારા પોતાની પત્નીને સંદેશો

* ! [illegible] !

મોકલે છે તેમ અહિંઆ ભક્ત પોતાના મન અગર હૃદયદ્વારા પ્રભુને સંદેશો મોકલે છે. મનોદૂતમાં ચિત્તને ગોકુળ જ્યા નિત્ય કૃષ્ણવિહાર કરી રહ્યા છે તે સ્થળે મોકલે છે અને હૃદયદૂતમા હૃદયને શ્રી નાથદ્વારમા બિરાજતા પ્રભુ શ્રી ગોવર્ધનધર પાસે મોકલે છે. **मनोदूतकाव्यना** પ્રણેતા મહેશ-ઇન્દિરેશ ભટ્ટ છે અને **हृदयदूतकाव्यना** દેવર્ષિભટ્ટ હરિહર છે. **हृदयदूतनुं** મુદ્રણ પ્રથમ પંડિત ગટ્ટુલાલજીએ કર્યું હતું. પણ પુનઃ રા. પટવારી રણછોડદાસના દ્રવ્ય સાહાય્યથી રા. તેલીવાલાએ તેના ગુર્જર–અનુવાદ (શ્લોકબદ્ધ) સહ મુદ્રણ કર્યું છે.

વળી શ્રી લાલૂભટ્ટૌપનામક શ્રી બાલકૃષ્ણભટ્ટ વિરચિત " **ख्यातिविवेक** " શ્રી પુરુષોત્તમ વિરચિત " **भेदाभेद स्वरूपनिर्णयः** " "**भगवत्प्रकृति पूजनवादः**" " **सृष्टिभेदवादः** ", " **ख्यातिवादः** " " **मूर्तिपूजनवादः** " "**नामवादः**" "**खलालपनध्वंसवादः** " " **भक्त्युत्कर्षवादः**" "**प्रतिबिम्बवादः**" " **आविर्भावतिरोभाववादः** " " **जीवप्रतिबिम्बत्वखण्डनवादः** " " **ब्रह्मणत्वाब्धिदेवतावादः** " શ્રી પીતાંબર પ્રણીત "**भक्तिरसत्ववादः**", શ્રી ગોપેશ્વરવિરચિત **आत्मवादः**, શ્રી ગિરધરજી વિરચિત " **प्रपञ्चवाद,** " શ્રી વલ્લભજી વિરચિત **प्रपञ्चसंसारभेदः** ઇત્યાદિ અનેક વાદના ગ્રંથો, **वादावली** નામના પુસ્તકમા સંગૃહીત કરીને ભટ્ટ રમાનાથે, શ્રી વ્રજરત્નલાલજીની આર્થિક સાહાય્યથી શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત કાર્યાલય તરફથી પ્રકટ કર્યા છે.

પંડિત ગટ્ટુલાલજીના સ્વતંત્ર ગ્રંથોમા **सत्सिद्धांत मार्तण्ड प्राभंजन, वेदान्तचिन्तामणिः** એટલા સંસ્કૃતમા મુખ્યત્વે કરીને પ્રસિદ્ધ થયા છે. શ્રી પુરુષોત્તમજીનો **प्रस्थानरत्नाकर** તથા **द्रव्यशुद्धिः** તેમ જ **उत्सवप्रतानः** સ્વતંત્ર રીતે પ્રકટ કરવામા આવ્યાં છે.

શ્રી ગિરધરજીનો **शुद्धाद्वैत मार्तण्ड** વિદ્વાનોમા ઘણો જ આદર પામ્યો છે. પ્રથમ પંડિત રત્નભટ્ટે કાશીથી પ્રકટ કર્યો હતો, પણ શાસ્ત્રીજી મગનલાલના શુદ્ધાદ્વૈતસિદ્ધાન્ત પ્રદીપ સહિત અનુવાદવાળો આ ગ્રંથ જ્યારે પ્રકટ થયો ત્યારે તે ઘણો જ પ્રશંસનીય બન્યો હતો. લાલૂભટ્ટનો **प्रमेयरत्नार्णव** નામનો ગ્રંથ એક અન્ય **शुद्धाद्वैत मार्तण्डની** આવૃત્તિ ભેગો છપાયો છે.

तत्त्वदीप सहिता श्रीमद्भगवद्गीता તથા શ્રી વ્રજરાયકૃત **श्रीगीतामृततरंगिणी** સ્વતંત્ર રીતે છપાયા છે. તેમ જ ગુજરાતીમા પણ ઉક્ત ટીકાને આધારે એક ગીતાનું પુસ્તક અમદાવાદવાળા લલ્લુભાઇ છગનદાસે છપાવ્યું છે.

શ્રી હરિરાયજી વિરચિત **ब्रह्मवाद** ગ્રંથ સંસ્કૃતમા છપાયો છે, તેનો ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ સ્વર્ગસ્થ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખે કર્યો હતો.

શ્રી હરિરાયજી કૃત **शिक्षापत्र** હરકોઇ એતન્માર્ગીય વૈષ્ણવ વાંચે છે. ભાગ્યે જ કોઇ વૈષ્ણવ એવો હશે કે જે આ ગ્રંથથી અજ્ઞાત હોય ? સ્વામીનારાયણ સંપ્રદાયની શીક્ષાપત્રીની માફક આ ગ્રંથ ઘણો જ પ્રસિદ્ધ છે. દરરોજ ભગવન્મંડળીમાં વાર્તા પ્રસંગે આ ગ્રંથ

વંચાય છે. અત્યાર સુધી આ ગ્રંથ મૂળ સંસ્કૃતમા તથા તેની ઉપરની વ્રજ ભાષાની ટીકા-માં જ મળતું હતું, પણ હાલમાં લલ્લુભાઇ છગનદાસે રા. સુંદરલાલ બી. એ. પાસે એની ટીકાને ગુજરાતીમાં કરાવીને છપાવ્યું છે.

આ ઉપરાંત બીજા અનેક ગ્રંથો બૃહત્સ્તોત્રરત્નાકરમાં પ્રસિદ્ધ થયા છે અને હજુ ઘણાએ અપ્રસિદ્ધ હસ્તલિખિત પ્રતિઓમા સાંપ્રદાયિક સરસ્વતી ભંડારોમા બિરાજી રહ્યા છે. આ ઉપરથી વૈષ્ણવ સાહિત્ય કેટલુ વિશાળ છે તેનો કંઇક ખ્યાલ સર્વ કોઇને આવશે? છપાવવાના ઘણા જ ગ્રંથો હજુ એમના એમ પડી રહ્યા છે, તેમ જ રા. તેલીવાળા જેવા વિદ્વાનો પણ ઘણા ઉત્સાહથી એ દિશામાં કાર્ય કરવાની ધગશ જણાવે છે, પણ તે સર્વ ગ્રંથોને પ્રકાશમા લાવવાને જે દ્રવ્યની સાહાય્ય જોઇએ તે હજુ વૈષ્ણવો તરફથી જોઇએ તે પ્રમાણમા મળતી નથી, આથી તે ગ્રંથો અપ્રકટિત દશામાં પડી રહ્યા છે; વળી અત્યાર સુધી મુદ્રિત થયેલા સાહિત્ય ઉપર દૃષ્ટિપાત કરતાં જણાશે કે આ ઘણું ખરૂં સાહિત્ય સંસ્કૃતમાં જ છપાય છે, તો જનસમાજ કેવી રીતે તેના તરફ આકર્ષાશે? સમાજમા ઘણો ભાગ તો એ ભાષાથી અજ્ઞાત છે? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે સર્વ કોઇને થાય જ. પણ અત્યારે તો સંપ્રદાયના વિદ્વાનોનું લક્ષ્યબિન્દુ આ સાહિત્યનો નાશ થતાં અટકાવવા તરફ છે. જો કે આ સર્વ જ્ઞાનને લોકપ્રચલિત ભાષામાં ગમ્ય કર-વાની ઘણી જ જરૂર જણાય છે. ગુજરાતી સાહિત્યમાં કાવ્ય, નવલકથા, ઇત્યાદિ બીજા અનેક વિષયનું સાહિત્ય છે પણ ધાર્મિક સાહિત્યની ઘણી જ ઉણપ છે. જો સાહિત્યપ્રિય ગુજરાતનું લક્ષ વૈષ્ણવ સંપ્રદાયના આ સાહિત્ય તરફ આકર્ષાય તો જરૂર તેઓ આ ગીર્વાણ સાહિત્યને ગુર્જર ભાષામાં અલ્પ સમયમાં ઉતારી શકે અને તેને સમૃદ્ધ કરી શકે.

મુંબઇનું શુદ્ધાદ્વૈત સિદ્ધાંત કાર્યાલય, નડિઆદની શ્રી વલ્લભીય પુસ્તક પ્રચારક સંસ્થા, અમદાવાદની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભા, તેમ જ રા. તેલીવાળા રા. પટવારી, રા. લલ્લુ-ભાઇ છગનદાસ દેસાઇ, રા. મગનલાલ શાસ્ત્રી, રા. વસંતરામ શાસ્ત્રી ઇત્યાદિ જો આ કાર્યમાં વિશેષ ધ્યાન આપે તો આ ધાર્મિક સાહિત્યનો બહોળો ફેલાવો થઇ શકે.

પુષ્ટમાર્ગીય સંપ્રદાયના સરસ્વતી ભંડારોમા અનેક ગ્રંથરત્નો વિદ્યમાન છે. જેટલું સંસ્કૃત સાહિત્ય અતિ વિપુલ છે તેટલું જ ભાષામાં અર્થાત્ વ્રજ તથા ગુજરાતીમાં પણ ઘણું જ છે. સંસ્કૃત ગ્રંથોની સંપૂર્ણ યાદી વૈષ્ણવ પરિષદ્ તરફથી એક વખત છપાઇ છે. હાલમાં તે ગ્રંથો સંબંધી કોઇ પણ માહિતી રા. વાડીલાલ નગીનદાસ શાહ તથા શાસ્ત્રીજી મગનલાલ ગણપતિરામ અગર રા. મૂળચંદ તુલસીદાસ તેલીવાળાને પૂછવાથી ખબર મળી શકશે. ગુજરાતી પુસ્તકોનો કેટલોક સંગ્રહ શાસ્ત્રી વસંતરામે કર્યો છે. આ સર્વ સાહિત્ય સમયની તથા દ્રવ્યની અનુકૂળતાએ પ્રકટ થશે. જ્યારે આ અખિલ સાહિત્ય પ્રકાશમા આવશે ત્યારે જ સમાજ જોઇ શકશે કે વૈષ્ણવ સંપ્રદાયનું સાહિત્ય કેટલું અમૂલ્ય છે. અત્યારે તો લોકોની અજ્ઞાનતા તથા નિરવધીનતાને લીધે આ સંપ્રદાય આક્ષેપને પાત્ર બન્યો છે. જેમ

સ્વર્ગસ્થ લલ્લુભાઇએ તન, મન અને ધનથી સંપ્રદાયના સાહિત્યનો ઉદ્ધાર કરવાનો પ્રયાસ કર્યો હતો તેવો જો કે અત્યારે કેટલાક વિદ્વાનો કરે છે, છતાં પણ તે સંખ્યા ઘણી જ ન્યૂન છે. આશા છે કે સંપ્રદાયનો ધનિક વર્ગ આ વિદ્વાનોની સેવાની કદર કરીને સાહિત્યના મુદ્રણ માટે પ્રયાશક્તિ આર્થિક સાહાય્ય કરશે તથા સંપ્રદાયની લુપ્ત વિદ્યાનો પ્રચાર સમાજમાં બહોળા પ્રમાણમા થાય તેમ કરશે. અત્યારે અમદાવાદમાં પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ મહાસભા સ્થપાઇ છે અને તે લોકમતને આ દિશામા વ્યાખ્યાનો દ્વારા કેળવવાનું કરી રહી છે, તેવી જ રીતે જુદા જુદા સ્થળે સભાઓ સ્થપાય અને આ કાર્ય ઉપાડી લેશે, તો આ બાબતમાં જલદીથી સરલતા પ્રાપ્ત થશે.

૨૨ કવીશ્વર શ્રી પ્રેમાનંદનાં ત્રણ નાટકોનું સૂક્ષ્મ નિરીક્ષણ.

(લેખક:—ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા. એમ. એ.)

આ લેખનું પ્રયોજન.

સત્યભામાખ્યાન, પાંચાલી પ્રસન્નાખ્યાન અને તપત્યાખ્યાન આ ત્રણ નાટકો પ્રેમાનંદનાં કહેવાય છે. એ નાટકો મહાકવિ પ્રેમાનંદના છે, કે કોઇ ગુપ્તાનંદના છે, એ જ પ્રશ્નનું નિરાકરણ કરવાનો અમારો ઉદ્દેશ નથી. જો કે એ પ્રશ્નને અંગે અમારી કેટલીક શંકાઓ લેખના અંત્ય ભાગમાં દર્શાવવામાં આવશે. જેટલું પ્રેમાનંદે લખ્યું, કે પ્રેમાનંદના નામનો લાભ લઇ જેટલું લખાયું તે સર્વ અતિ ઉત્તમ અને રસપૂર્ણ જ છે એવી કટક દૃષ્ટિ અમને ઠીક ન લાગવાથી આ પ્રસ્તુત લેખ લખવા વિચાર થયો. પ્રેમાનંદના નિબંધમાં સાક્ષર શ્રી કેશવલાલ લખે છે, " જે વખતે સંસ્કૃતમાં પણ પંડિત કવિઓને હાથે સારાં નાટકો લખાતાં બંધ પડયાં હતાં, તથા હિન્દુસ્થાની કે મરાઠીમા નાટક મૂળમાં લખાયાં જ ન હતાં, તે વખતે કાલિદાસ, ભવભૂતિ, વિશાખદત્ત, હર્ષદેવ, શુદ્રક અને નારાયણે મળી જેટલાં નાટકો લખ્યાં છે, તેટલાં પ્રેમાનંદે એકલે લખ્યાં......સંસ્કૃતમાં કાળીદાસ અને ભવભૂતિની કૃતિ બાજુ ઉપર રાખીયે તો બીજાં જે નાટકો રચ્યાં તેથી એ ઉતરે એવાં કહી શકાય નહિ: " તેમજ પ્રાચીન કાવ્યમાળાવાળા તપત્યાખ્યાનની પ્રસ્તાવનામાં લખે છે. " પ્રેમાનંદ કવિની કવિ તરીકેની પ્રૌઢતા અને કવિત્વનો પરિપાક આમાં સ્થળે સ્થળે આપણા જોવામાં આવે છે. " (પા. ૧.) વળી " રોષદર્શિકા નાટકનો ઉત્તમ ગ્રંથ છે ને આ (પાંચાલી પ્રસન્નાખ્યાન) તેના કરતાં કોઇ પણ રીતે ઉતરતો નથી. " બન્ને સાક્ષરોને આ નાટકોમાં કંઇ દોષ દેખાતા જ નથી. રા. કેશવલાલને રૂકિમણી—સત્યભામાનાં કંકાસ દશ્યથી જરા ગ્લાનિ થાય છે ત્યારે પ્રાચીન કાવ્યમાળાવાળાઓને તો કોઇ જાતનો દોષ દેખાતો નથી. અમને પણ કવિ શ્રી પ્રેમાનંદને માટે ઘણું માન છે; પરન્તુ પ્રેમાનંદનું નામ આવ્યું એટલે દોષ જોવા જ નહિ, અથવા તો જે ગ્રંથની ટીકા કરવા બેઠા તેમાં દોષ જ નથી એમ માની લખેવું અમને યોગ્ય લાગતું નથી. એટલે પ્રથમ આ ત્રણે નાટકના ગુણ દોષનું નિરૂપણ કરવા પ્રયાસ કરીશું.

ભરતનાટયશાસ્ત્રના નિયમો કેવી રીતે અને ક્યાં જળવાયા છે, કયે સ્થળે કયું અંગ વર્ણાયું છે, તેમ જ વસ્તુસંકલનાના આધારભૂત ભાગો ક્યા છે તેનું ઘણું જ સારૂં નિરૂપણ પ્રાચીન કાવ્યમાળાની પ્રસ્તાવનામાં થયું હોવાથી અહિં તે કરતા નથી.

રોષદર્શિકાખ્યાનમાં સત્યભામા—રોષદર્શનનું એક જ સૂત્ર છે.

પ્રથમ પ્રસિદ્ધ થયેલું નાટક " રોષદર્શિકા સત્યભામાખ્યાન " છે. એની પ્રશંસા કરતાં પ્રાચીનકાવ્યમાળાની પ્રસ્તાવનામાં ટીકાકારો લખે છે, " એક રીતે જોતાં અહિં નાટિકા સમાપ્ત થાય છે. કેમકે નાટિકામાં જોઇતા ચાર અંક પૂરા થાય છે, તથા અનુરાગ બીજનું ફળ પણ મળી ચૂકે છે....એમ છતાં કાંતો નાટકની પેઠે સપ્તાંકી કરવાને, અથવા સત્ય-

ભામાનો રોષ ઉત્પન્ન કરી તે દેખાડવાને, અથવા તો સ્ત્રીઓનું કેવું દુઃખ છે તે બતાવી આપવાને કે ગમે તે કારણથી કવિએ વસ્તુને લંબાવી છે." (પાનું-૧૫ મુ.) વળી તેઓ બીજું પણ કારણ બતાવે છે. "રોષદર્શિકા સત્યભામાખ્યાન" એ નામ ઉપરથી તો જાણે પાછલા ત્રણ અંક જ નાટકને માટે બસ છે; પણ તેમ થાય તો છેક નાનું થાય, તથા નાટિકાના બધા લક્ષણ તેટલામાં આવી શકે નહિ, માટે સત્યભામાનો પરિણય એમા ઉમેરીને કવિએ આખું નાટક ઘડયું હોય એમ લાગે છે." (પાનું ૩ જું.)

આ પ્રમાણે પહેલા ચાર અને પછીના ત્રણ અંકોનું સમાધાન કરે છે.

આ સમાધાની અમને યોગ્ય લાગતી નથી. કારણ કે આ નાટકમાં મુખ્ય ઉદ્દેશ સત્યભામાનું રોષદર્શન કરાવવાનો જ છે. પરિણયનો નહિ. સત્યભામા રૂકિમણી બન્ને દિવ્ય અંશાત્માઓ કે આત્માઓ છે. પણ તેમને તેનું ભાન નથી. ભવિષ્યમા સત્યભામા અને રૂકિમણીનો કલહ દર્શાવવાનો છે, અને તેને માટે સત્યભાના અને રૂકિમણીનો પરસ્પર ઈર્ષ્યાભાવ ઉત્પન્ન થવાના સબળ કારણો દર્શાવવા જોઇએ, નહિ તો પાત્રોના આલેખનમા દોષ આવે. આટલા પૂરતું જ પ્રથમ ચાર અંકમા તે બતાવ્યું છે. પણ ખાસ પરિણય બતાવવા પૂરતા પ્રથમ ચાર અંકો નથી. જુઓ. સત્યભામાને પરણે તો મણિ ચોર્યાના આળમાથી કૃષ્ણ મુક્ત થાય, એ ઇરાદાથી શ્રીદામો તે સંબંધ જોડવા તત્પર થાય છે. પરન્તુ રૂકિમણીનો સપત્નીમૂલક ઇર્ષ્યાભાવ ઉત્પન્ન થાય છે અને પોતાનો વિરોધ બતાવે છે. સત્યભામા અને કૃષ્ણ એક એકને જોઇ ગાઢ પ્રેમી બને તે માટે સુવર્ણ સરોજિકામા મળવાનો તાલ કરે છે. રૂકિમણી અહિં પણ આડે આવે છે. જ્યા સત્યભામા પ્રેમીના પ્રેમદર્શનામૃતનું પાન કરી રહી છે, તે જ વખતે રંગમા ભંગ કરી સત્રાજિત્ તેને ઉપાડી જાય છે, અને રૂકિમણી પ્રવેશ કરી, સત્યભામાને બચાવવા જતા કૃષ્ણને વારે છે. આ અસહ્ય ઘા સત્યભામાના હૃદયમાં રૂઝાય ખરો ? આગળ જતાં સત્યભામાને પરણનારા ઉમેદવારોમાના એકને-કૃતવર્માને-આડકતરી રીતે શતધન્વાના નામે કૃષ્ણની સામા ઉશ્કેરે છે. બીજી બાજુ સત્યભામા પ્રેમી તેમ જ સખીના વિરહે ટળવળે છે તેનું કારણ પણ રૂકિમણી. પોતાના પ્રિયતમ પાસેથી પોતે ચિતરેલી ચિત્રપાટિકા પણ ખુંચવી લે છે. રૂકિમણી મહોત્સવમાં એક પાસથી શતધન્વા, બીજી પાસથી કૃતવર્મા, ત્રીજી પાસથી સત્રાજિત્, ચોથી પાસથી રૂકિમણીની સખીઓ અને સશસ્ત્ર સ્ત્રી સૈનિકોથી રક્ષાતી કેદીની સ્થિતિ ભોગવે છે એનું કારણ પણ રૂકિમણી. આ પ્રમાણે ભાવી કલહ સમુચિત દેખાય, એવા ઇરાદાથી કવિએ પ્રથમથી જ આવા ઇર્ષ્યાબીજો વાવ્યા છે, અને સત્યભામા જેને નાયિકા કલ્પી છે તેનું પાત્ર સાચવવા આમ સ્વાભાવિક દ્વેષભાવ ઉત્પન્ન કર્યો છે. જ્યારથી તે કૃષ્ણની દૃષ્ટિયે પડે છે ત્યારથી તે મુગ્ધા, શરમાળ, સરળ અને નિખાલસ જણાય છે. એનામા રૂકિમણી માટે કોઇ પણ જાતનો દ્વેષભાવ હોય એમ દેખાતું નથી. સ્ત્રીસ્વભાવ જ એવો છે કે એક વાર મનમાં ગુંચ પડી તો તે છૂટવાની જ નહિ, અને તે ગુંચ પડી. જીવનનો પ્રથમ પ્રણય લ્હાવ લેવાની મળેલી અલભ્ય તકે, જ્યારે તે કંઇ નવી જ સૃષ્ટિના દૃશ્યનો આનંદ લઇ રહી હતી અને જેમાથી ભવિષ્યનું અમૂલ્ય સુખ પ્રાપ્ત થવાનું હતું આ સર્વ ધ્યાનમા રાખી, લગ્ન થયા બાદ જ્યારે કૃષ્ણ, સામેથી આવતી રૂકિમણીને પગે લાગવાનું સત્યભામાને કહે છે, ત્યારે તે બોલે છે-આર્ય પુત્ર ! એ મહાદેવી છે,

તો એને પગે લાગવા કોઇ મહાદેવ જોઇએ. **હજી એના વેરેલા કાંટા મારા હૈડામાં ભચોભચ વાગ્યાં કરે છે. અંતરના ઉમળકા વિના તો મારાથી એમાંનું કશુંયે થાય નહિ.**" આ બળતા હૃદયના ઉદ્‌ગારો છે અને તેથી પોતે તેને સમાન કોટીપર ગણે છે. અને તેથી પગે ન લાગતા કહે છે. "શું મારા કોટની વરમાળ એને કાજે કાઢી નાખું ? મહારાજ ! આશા તો સર્વને સરખી જ હોય." આ ઉપરથી જણાશે કે જો પહેલા ચાર અંકો ન હોય તો સત્યભામાનું રોષદર્શન અસંબદ્ધ અને અસ્વાભાવિક દેખાય.

અત્ર જો કોઇ પ્રશ્ન કરે કે કવિનો જો આ વિચાર હતો તો જેમ જેમ રૂક્મિણી કાંટા વેરે છે તેમ તેમ સત્યભામાનો ઇર્ષ્યાભાવ કવિ કેમ બતાવતા નથી ? એનો ઉત્તર એટલો જ કે રૂક્મિણીના કૃત્યોથી જે અસર વાચક ને શ્રોતા વર્ગપર થાય છે તેટલી પૂરતી સબળ છે. વળી સત્યભામાને કૃષ્ણપર પ્રીતિ પહેલેથી ન હતી. અમુક પ્રસંગે દર્શન માત્રથી જ થાય છે, અને સ્નેહપાશથી બદ્ધ થતી પરણવા તૈયાર થાય છે. એના મુખમાં ઇર્ષ્યાના ઉદ્‌ગારો મૂકે તો તેનામાં સ્વાભાવિક ઇર્ષ્યા છે એમ દોષ આવે, અને "અહા ! આ બિચારી કેવી શુદ્ધ હૃદયની પ્રેમાળ સ્ત્રી છે, છતાં તેને રૂક્મિણી પરણવા દેતી નથી" એમ પ્રેક્ષક કે વાચક વર્ગની સહાનુભૂતિ રહે નહિ. એવી સહાનુભૂતિ રાખવાની ખાસ જરૂર છે. નહિ તો વાચક વર્ગ ભવિષ્યમા કંકાસ કરતી સત્યભામાને દેખી એમ જ કહે કે "છે એ તો એવી જ અદેખી છે." એટલે સત્યભામાની નિર્દોષતા બતાવવા, વાચકવર્ગની સહાનુભૂતિ ઉત્પન્ન કરવા, અને ભાવી કંકાસને રૂક્મિણીના આ વર્તનથી મજબૂત ટેકો આપવા આ ચાર અંકો લખાયા છે. જો કે કવિએ તેનો પૂરતો લાભ લઇ પોતાની કવિતા શક્તિ બતાવી છે એ વાત ખરી, પણ સત્યભામાપરિણયનો મુખ્ય ઉદ્દેશ નથી. પૂર્વોક્ત સત્યભામાની નિર્દોષતા અને સરળતા કવિએ પાછલા અંકોમા પણ જાળવી, બળતું હૃદય જે કૃષ્ણના પ્રેમચાતુર્યથી ઠંડું પડતું હતું, તેમાં પુષ્પના પ્રસંગથી ઘી હોમ્યું ને અગ્નિ પ્રજ્વલિત કર્યો અહિં પણ રૂક્મિણીએ પૂર્વે વેરેલા કાંટાઓને ઉદેશી સત્યભામા રૂક્મિણીને કહે છે–"તમે તમારા ભારમાં રહેજો. જેને તમારી ગરજ હશે તે સાખી રહેશે. હું તો **કાળજું કપાઇ જાય** એવા મો'ર મો'રના ઉત્તર આપીશ." આ ઉપરથી પૂર્વોક્ત ઉપસંહાર યોગ્ય જ લાગશે.

પંદરમા પાનાં ઉપરની ટીકા આગળ ચલાવતાં પ્રાચીનકાવ્યમાળાવાળા લખે છે. "વસ્તુ લંબાવવાનો વિચાર કવિને પાછળથી નથી થયો પણ નાટક શરૂ કરતાં પહેલાં જ તેણે આવી એવડી રચના કરવાનું ધાર્યું છે, એમ તો બીજા અંકમાં નારદનો પ્રવેશ મૂકીને જ બતાવ્યું છે." આ ટીકા યોગ્ય નથી. કેમકે એનું નિરાકરણ તે જ પ્રવેશમાં કૃષ્ણ નારદને ઉત્તર આપે છે તેમાં જ થઇ જાય છે કૃષ્ણ–"બ્રહ્મર્ષિ ! શકસૂચના મારે શિરસામાન્ય છે. મારા પ્રણામપૂર્વક કહેજો કે હું એ જ ઉદ્યોગમાં છું" એ ઉદ્યોગ કયો ! સત્યભામા પૃથ્વીનો અવતાર છે. પૃથ્વીનો પુત્ર ભૌમાસુર છે. તેનો વધ, તેની માતા પૃથ્વી એટલે સત્યભામા કહે તો જ થઇ શકે, અને તેથી કૃષ્ણ અને સત્યભામાનો પરિણય થવો જોઇએ. પરિણય થાય પણ યુદ્ધમાં સાથે આવે તો જ "આ દુષ્ટને મારી નાંખો." એવા ઉદ્‌ગાર કાઢવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેમ જ યુદ્ધમાં આવવા પૂરતું કંઇ સબળ કારણ હોવું

આ નાટકમાં એવડી વસ્તુ-સંકલના નથી.

જોઇએ અને તે એવું કે જેથી મનોવૃત્તિ પુત્રપ્રેમના ઉમળકાને ક્ષણવાર વિસરી જાય. આ કારણોથી પરિણય થતાં પૂર્વે ઇર્ષ્યા ભાવની ઉત્પત્તિ, પરિણય બાદ સત્યભામાનું પુષ્પ માટે રૂક્મિણીએ કરેલું અપમાન, અને તેથી સત્યભામાનો આક્રોશ વર્ણવવો પડ્યો છે. એટલે ભૌમાસુરનો વધ કરવાનો ઉદ્યોગ, સત્યભામાપરિણય અને તેનું પારિજાતકવૃક્ષાર્થે જતાં યુદ્ધમાં આકસ્મિક આવવું એ જ હોઇ શકે. એટલે કવિએ સામાન્ય દૃષ્ટિએ પરિણયથી મણિ ચોર્યાનું આળ દૂર કરવા બતાવ્યું. કવિ દૃષ્ટિયે દૃઢાનુરાગ દર્શાવવા પ્રથમ દર્શનથી ઉત્પન્ન થતો પ્રેમ બતાવ્યો, જ્યારે કૃષ્ણના દૈવી અંશપર ધ્યાન ખેંચી રૂક્મિણીનો લગ્ન પ્રતિ વિરોધ બતાવી, ભવિષ્યમાં સર્વ બીજો પરિપાક પામે, એવી સંકલના કરી એટલે ભૌમાસુરવધ કરવાનું કૃષ્ણના ધ્યાનમાં હતું જ; પરન્તુ યોગ્ય સમય અને સંજોગની રાહ જોતા હતા, જ્યારે દેવો ઉતાવળા થઇ કાર્ય કરવા પ્રેરણા કરતા. ભૌમાસુરવધ સત્યભામા રોશદર્શનનું આકસ્મિક પરિણામ છે એમ નાટક વાંચતાં થઈ જાય છે, પણ તેમ નથી. એને અંગે આ પરિણયને કલહ છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં જણાશે જ એટલે આ નાટકમા બેવડી વસ્તુ-સંકલના નથી. આ પ્રવેશથી વાચકોને કૃષ્ણના દૈવી અંશનું ભાન થાય, કૃષ્ણની અકળિત ગતિ, નારદ જે એનું મન છે તે જાણી શકે નહિ તો બાપડા દેવો તે શું જાણે એ બતાવવા, તેમજ સ્પષ્ટ ભાન કરાવવા ગર્ભાંક મૂક્યો. એટલે ખરૂં જોતાં નાટકમાં ફલાપ્તિ ભૌમાસુરનો વધ છે, પરન્તુ તેમાં મુખ્ય કારણ કલહ છે, એથી એને આખા નાટકના આધાર રૂપ માની "રોષદર્શિકા સત્યભામાખ્યાન" એવું નામ આપ્યું.

કૃષ્ણના પાત્રમાં દૈવી અંશ જાગૃત છે કે નહિ?

નાટકમાં બેવડી રચના નથી, એ પ્રતીતિ કૃષ્ણના પાત્રમા કૃષ્ણનો દૈવી અંશ કેટલે સુધી જાગૃત છે એનો વિચાર કરવાથી પણ થશે. દૈવી અંશ જાગૃત નથી એમ લાગવાનું કારણ શુ? કારણ એ જ કે કૃષ્ણનું વર્તન કેટલીક વાર સામાન્ય મનુષ્ય જેવું છે. ચોરીનું આળ દૂર કરવા જાતે પરિશ્રમ લીધો છતા દૂર થયું નહિ, તેથી દિલગિરી થાય છે. શ્રીદામો સત્યભામાને પરણી તે આળ દૂર કરવાની યુક્તિ બતાવે છે ત્યારે કૃષ્ણ કહે છે–સખા! શ્યામાની જીજ્ઞાસા વિના તે બને નહિ. આ વખતે કૃષ્ણને વિચાર આવતો નથી કે સત્યભામા પૃથ્વીનો અવતાર છે. વળી સત્યભામાને ઓળખ્યા વિના એના પ્રેમમાં પડી મુગ્ધ થાય છે. દેવો અને નારદો વારંવાર સૂચવે છે છતાં કૃષ્ણ કાર્ય પરત્વે કંઇ કરતા જણાતા નથી, ઉલટા રાધિકાની પ્રેમપ્રતિજ્ઞાથી માયાની જાળમાં ફસાતા દેખાય છે. નારદ દેવોનું કષ્ટ શું છે તે વર્ણવે છે ત્યારે કૃષ્ણ કહે છે, "પદ્મયોનિજ! પ્રારબ્ધ અન્યથા કેમ થાય કે સુખ દુઃખાદિનો નિર્મિત કાળ શી રીતે મિથ્યા કરાય?" તેમ જ ગર્ભાંકમાં અદીતિ કુંડલા હરણ નાટકનો પ્રયોગ જોઇ સત્યભામાનું હૃદય દ્રવે છે ત્યારે એવો કરુણમય પ્રયોગ કરાવવા વિષે કૃષ્ણ શ્રીદામાને ઠપકો આપે છે. સત્યભામા કંકાસ કરે છે ત્યારે એ સ્ત્રી કરનાર ધણી જે દુઃખ પામે તે દુઃખના ભાવો અને ઉદ્‌ગારો કૃષ્ણના મુખમાં મૂક્યા છે. ઇત્યાદિ પ્રમાણોથી એમ બતાવવા પ્રયાસ કરાય કે કૃષ્ણના પાત્રમા દૈવી અંશ ગુપ્ત છે.

અત્ર કહેવાનું કે દૈવી અંશ જાગૃત છે અને કૃષ્ણની એ અકળિત ગતિ બતાવવા પૂરતું જ. કવિએ સ્પષ્ટ ઉલ્લેખ કરી વાચક કે પ્રેક્ષકવર્ગનું ધ્યાન ખેંચ્યું નથી "હું એ જ ઉદ્યોગમાં છું"

એ શબ્દોથી કૃષ્ણનો દૈવી અંશ કાર્યકર્તા છે એમ સૂચન થાય છે. તેમજ ઇન્દ્રાદિ દેવોએ, અને નારદે પણ પ્રેરણા કરી છતાં તે વખતે ભૌમાસુરનો વધ કરવા ગયા નહિ,, પણ સત્યભામાની પારિજાતક વૃક્ષ મેળવવાની પ્રબળ હઠને વશ થાય છે. ગરૂડને બોલાવી સીધા સ્વર્ગમાં ન જતા ભૌમાસુર સાથે યુદ્ધ કરવા જવું છે એમ ગરૂડને કહે છે. એ ઉપરથી કૃષ્ણ આ જ અવસરનું પ્રતિપાલન કરતા હતા એ સ્પષ્ટ થાય છે. વળી સત્યભામાને સત્રાજીત્ ઉઠાવી જાય છે તે વખતે રૂક્મિણીના આગમથી અને રોષયુક્ત શબ્દોથી તેનું હરણ કૃષ્ણ થવા દે છે. જો માનુષિક અંશનો જ ખ્યાલ રાખ્યો હોત, તો કોઇ પણ ક્ષત્રિય રાજા એ પ્રમાણે થવા દે નહિ. એટલે દૈવી અંશ જાગૃત હતો એમ સિદ્ધ થાય છે. એટલે કૃષ્ણનું શ્રીદામા સમક્ષ વર્તન, નારદ અને ઇન્દ્રાદિ દેવોના પ્રયત્નો પ્રતિ નિરપેક્ષ રહેવું, સત્યભામાના કલહ પ્રસંગે દુ:ખી થવાના ઉદ્દગારો કાઢવા, આદિ માનુષિક વર્તન કાર્યાપેક્ષાને લીધે ઇચ્છિત હતું, સ્વાભાવિક નહિ. તેમજ કલહથી કંટાળી કૃષ્ણ બોલે છે:.—

માયાયે કરિયો મને ક્યમ કરી અદ્વૈતવાદી અહા,
રે અદ્વૈત ગયું થયું દુ:ખ મને માયા! ન કાયા વહી;
જાણીજા જીવો તો જરૂર સુખ છે અદ્વૈત ધર્મે નહો,
વ્હેલો થા વચળે ચલે ચપળતા કામે ન કાચું અહા!

આ ઉદ્દગાર કેવળ સત્યભામાને ઉશ્કેરવા પુરતા છે. કેમકે હજી એટલી પરાકાષ્ટા આવી નથી કે સત્યભામા પારિજાતક વૃક્ષ લેવા પોતાની સાથે આવવા તૈયાર થાય. એ માનુષિક વર્તન રાખ્યું છે એટલા પૂરતું. બાકીનો સર્વત્ર દૈવી અંશ ચિનગારી રૂપે રહી ધારેલું કામ કર્યો જાય છે. જ્યારે તે સર્વ કાર્યો અને ઉદ્દગારો ઉપલક દૃષ્ટિએ માનુષિક દેખાય છે. પણ જ્યારે કૃષ્ણ એકલા હોય છે ને હૃદયના ઉદ્દગારો કાઢે છે (ત્રીજો અંક.) સત્યાભામાની પ્રતિમા શ્રીદામો આપી જાય છે તે પહેલાં કૃષ્ણ વિરહપીડિત સ્થિતિમાં કહે છે–" હે મકરધ્વજ! તારાં કમળ જેવાં કોમળ શર મારાથી સહન થતાં નથી." વખતે પોતાની આ સ્થિતિ શ્રીદામાને બતાવી પોતાનું કાર્ય–અને ઉદ્યોગ જલદી પૂરૂં કરવા કૃષ્ણનો પ્રયાસ હોય, તોપણ રાધિકાની પ્રેમ પત્રિકા પોતે એકલા વાંચે છે અને પ્રેમપીડાથી પીડાય છે " (પ્રેમપત્રિકા ઉકેલતાં) હે હૃદય! (ઘણો ભાગ કોરો જોઇ) આથી તારે પણ સમજવાનું છે કે તારો ઘણો ભાગ આમ કોરોકટ થઇ પડયો છે. (બે લીટી કાળા રંગે લખેલી જોઈ) આહા! હૈડા તું સમજ કે જે તારામાં કિંચિત્ રંગાયલું છે તે કૃષ્ણ રંગવાળું જ છે." ઇત્યાદિ આ ઉપરથી સાર જણાય છે કે એ દૈવી અંશ કામદેવના બળથી દબાઇ જતો હતો એમ કવિ બતાવવા ઇચ્છે છે.

અહિ કોઇ એવું કહે કે નારદ અને ઇન્દ્રાદિ દેવોએ તેમ જ ઉગ્રસેન આદિ મહરાજ અને મંત્રીમંડળે વારંવાર પ્રેરણા કર્યાથી જ અને તેમાં નારદની પારિજાતક પુષ્પની યુક્તિથી જ કૃષ્ણનો દૈવી અંશ જાગૃત થાય છે. દૈવી અંશ પૃથ્વીમાં અવતાર લે એટલે માયાની જાળમા લપટાય, અને તેથી તેને કરવાનાં કાર્ય માટે પુન: પુન: પ્રતિબોધ કરવો પડે આ મત કૃષ્ણના પાત્ર વિષે યોગ્ય લાગતો નથી. કારણ કે ઉપર બતાવ્યું તેમ ઉત્કંઠિત હૃદયે, કોઇ વસ્તુ મેળવવાની અતિ તીવ્ર અભિલાષાથી સત્યભામા કૃષ્ણની સાથે જાય, અને યુદ્ધનો પ્રસંગ એક આકસ્મિક બને, એવી વસ્તુસ્થિતિ આવે એવી જ કૃષ્ણ રાહ જોતા હતા અને તેથી

જ જો કે ભૌમાસુરવધ એ આ નાટકનું મુખ્ય કાર્ય છે છતા તે કેવળ આકસ્મિક અને ફળરૂપ બતાવાયુ છે.

સત્યભામા અને રૂક્મિણીમાં દૈવી અંશ જાગૃત નથી.

પ્રસંગવશાત્ સત્યભામા અને રૂક્મિણીમાં દૈવી અંશ કેટલે અંશે જાગૃત રહે છે એનો વિચાર કરીશું. સત્યભામાના સ્વભાવમા દૈવી અંશ ઉપર પ્રમાણે જાગૃત નથી. માયાના આવરણમાં એટલો બધો ઢંકાયલો છે કે ભૌમાસુર મરી ગયા પછીથી જ તેને એ પોતાનો પુત્ર હોવાનું સ્મરણ થાય છે. માયાના આવરણથી નહિ, પણ ઉપર કહ્યું તેમ પારિજાતકવૃક્ષ મેળવવાની લાલસામા એ વિસ્મૃતિ થઇ, એમ કોઇ કહે તો, ઇર્ષ્યાભાવ, કંકાસઆદિ કરવાની વૃત્તિ, એ સર્વ માયાના આવરણને લીધે થાય છે. તેમ જ નારદનો સ્વભાવ સમજવાની શક્તિ પણ સત્યભામામાં નથી. એ સમજ પણ કૃષ્ણે આપી છે. પાંચમો અંક—સત્યભામા—હલા નાગરિકે ? નારદજીનું કહેવું સાચે સાચુ લાગે છે......પણ સખિ ! નારદજીની વાત સાચી હશે કે જુઠી ?......નારદમુનિએ ધાર્યું હશે કે વગર પૈસાની લડાઇ જોવાનો આ ઠીક લાગ છે. મને બ્રહ્મપુત્રના સ્વભાવ વિષે આર્યપુત્રે રજેરજની સમજણ પાડી મૂકી છે.

રૂક્મિણીનો સ્વભાવ પણ એ જ પ્રમાણે આલેખાયો છે. પણ કોઇ કહેશે કે કૃષ્ણનું કાર્ય સુગમતાથી થાય, કલહ કરવાથી સત્યભામા વૃક્ષ લાવવા હઠ લે, એ વિચારોથી જ રૂક્મિણીએ સત્યભામાના માર્ગમા કાંટા વેરી ઇર્ષ્યાળુ બનાવી. જો એમ હોય તો પારિજાતક વૃક્ષ આણ્યા પછી રૂક્મિણીનું વર્તન દૈવી અંશનું નથી પણ ઇર્ષ્યાવાળી સ્ત્રીનું છે. એ એના શબ્દો સ્પષ્ટ બતાવે છે. રૂક્મિણી—“ મારાય ગ્રહ ગામ ગયા નથી કે એક વાર વઢવા આવી સોળસહસ્ર સાલ વેં'રાવ્યાં અને બીજી વાર લડવા આવી કંઇનું કંઇ કરાવું. આ તો તું જ્યારે ઝાડ દેખાડવાને એક પગે થઇ રહી હતી ત્યારે જે બે ખરા બોલ હતા તે કહેવા પડયા ! (એવે આવે ઘણી સ્ત્રીઓ આવતી જોઇ) લે બેન ! આ તારાં આણેલા ફૂલો ફાલ્યાં ! હવે સુંઘાય તેટલાં સુંઘ. ” ઇત્યાદિ

રૂક્મિણી શા માટે સત્યભામા અને કૃષ્ણના પરિણયની વિરુદ્ધ આચરે છે ?

જો આ પ્રમાણે રૂક્મિણીના પ્રત્યેક કાર્યમાં માયાનું પ્રાધાન્ય વધારે દેખાય છે, તો પછી સત્યભામાપરિણયનો એ વિરોધ કરે છે તે શાથી ? કેવળ સપત્ની પ્રતિ ઇર્ષ્યાભાવે, કે કૃષ્ણદેવ માટે એ અજુગતું છે તેથી ?—રૂક્મિણી મણિ ચોર શબ્દ સાભળી છંછેડાયલી આવે છે. શ્રીદામો કૃષ્ણને લગ્ન કરવાની યુક્તિ બતાવે છે. તે સાભળી રૂક્મિણી સ્વગત બોલે છે—“ અરે દુષ્ટ ગોપ ! દેવને અવળે માર્ગે ચઢાવવાનું તને જ છાજે ” આ ઉપરથી એમ સમજાય છે કે કૃષ્ણ વિનયપથની બહાર જાય છે તેને અટકાવવા પ્રયાસ કરે છે; સત્યભામા પ્રતિ ઇર્ષ્યાભાવથી નહિ. પરન્તુ જ્યારે કૃષ્ણ તેને મનાવવાનું કરે છે ત્યારે રૂક્મિણીનો ઇર્ષ્યાભાવ પણ જણાઇ આવે છે. કૃષ્ણ—“ પણ તેના પર તમારૂં સ્વામિત્વ છેને !” રૂક્મિણી—“દેવ સ્વામિત્વ માને છે અને આટલાં મોના મીઠડા પણ કરે છે, તે વડે હું તો ધન્યતા જ માનું છું. ” પણ આ ઇર્ષ્યાભાવ પ્રાસંગિક ઉત્પન્ન થાય છે સ્વાભાવિક નથી. કારણ કે રૂક્મિણી કનક માલિકાને કહે છે. “ તે (શ્રીદામો) દેવને લાગેલું

કલંક ભુંસવાને મોટામા મોટી શીખવણી કરતો હતો. મારાથી ખમાયું નહિ અને મેં એને અને દેવને ઠઠકાર્યા ” એટલે કૃષ્ણના લપસણા સ્વભાવને શ્રીદામો ટેકો આપે છે, તેથી રૂક્મિણીના મનમાં સપત્ની ઈર્ષ્યાભાવ ઉત્પન્ન થાય છે. બાકી સત્યભામા પોતાની સપત્ની થવા યોગ્ય છે અને એ લગ્ન ઇચ્છવા યોગ્ય છે એમ રૂક્મિણી પોતે જ કહે છે. કૃષ્ણની વિરહાવસ્થા દેખે છે ને વિવાહ અટકાવવા યોજના કરે છે તો પણ જે એને સત્ય લાગે છે તેનો પણ વિચાર એને આવે છે ખરો. રૂક્મિણી–“ હલા કનકમાલિકે ! આર્યપુત્રને આમ દુભવવા ઠીક લાગતું નથી. તેમ એ સત્યભામા મારી સપત્ની થવા યોગ્ય છે. વળી મારાં સાસુજીની પણ મોટામા મોટી ઇચ્છા છે......માટે પેરવી કર્ય કે આર્યપુત્ર અહિં પધારે તે સમયે પ્રાણપતિ સત્યભામાને પણ અહિં જુએ. પછી આપણે ઘટિત લાગશે તે કરશું ” આ પરથી રૂક્મિણી ઇર્ષ્યાભાવથી જ દોરાય છે એમ નથી. વળી એક બીજું પણ કારણ અહિં જણાય છે. રૂક્મિણીને પૂછીને કે સલાહ લઇને જો કૃષ્ણે પરણવા ઇચ્છયું હોત, તો તે આમ વિરોધ કરત નહિ અને તેથી કૃષ્ણ એને પડતી મૂકી શ્રીદામા દ્વારા એ કામ સાધે છે તે પણ એનાથી ખમાતું નથી. રૂક્મિણી–“જે વાત દેવે ગોપ બન્ધુને કહેવા યોગ્ય માની અને અમે તેથી અયોગ્ય કર્યા—ઇ. ”

આ દૈવી અંશથી પ્રેરાયલાં કાર્ય નથી એમ સ્પષ્ટ થાય છે. જો એમ હોય તો બે દૈવી અંશ વચ્ચે આવા ઉદ્‌ગારો નીકળે નહિ. તેમ જ કૃષ્ણ પુષ્પ લઇ સત્યભામાને મંદિરે જાય છે તે દિવસે એ પુષ્પ પર ખરો અધિકાર સત્યભામાનો હતો; કેમકે કૃષ્ણ તેને મંદિરે જવાના હતા. છતાં પોતાપણું સાબીત કરવા રૂક્મિણી અયોગ્ય આચરણ આચરી કૃષ્ણને પોતાને મંદિરે લઇ જઇ પુષ્પ પડાવી લે છે અને સત્યભામાના પ્રેમમાં પૂળો મૂકે છે. આ કંઇ દૈવી અંશનું કાર્ય નથી પણ નારદના કહેવાથી મહાદેવી પદની સત્તા ભોગવવાનું પરિણામ છે.

નાટકનું નામ ભૌમાસુરવધ એમ કાં ન આપ્યું ?

આ પ્રમાણે કૃષ્ણના દૈવી અંશનો, રૂક્મિણી અને સત્યભામાના માનવ અંશનો વિચાર કરી નાટકનું અવલોકન કરીયે તો જણાશે કે શ્રીદામો ચોરીનું આળ દૂર કરવા લગ્ન માટે મરી મથે છે એમ બતાવી, ખરી પરિસ્થિતિ રૂક્મિણી અને સત્યભામા વચ્ચે સપત્નીભાવે દ્વેષ ઉત્પન્ન કરાવી, રોષદર્શનના પરિણામે ભૌમાસુરનો ધ કરાવવાની છે. એટલે આ નાટકની રચના એક વૃક્ષ જેવી છે. ભૌમાસુરના વધ માટે દેવોની આકાંક્ષા, મણિ ચોર્યાનું આળ, રૂક્મિણીનો પરિણય માટે વિરોધ, એ એક બીજામાંથી ફુટેલાં મૂળો અતિ ઉંડા ગયાં છે, જેના ઉપર સત્યભામાપરિણયનું થડ બંધાતાં રોષદર્શનની શાખા ફુટે છે, જેમાંથી ફળરૂપે ભૌમાસુરનો વધ થાય છે. આ પ્રકારની રચના શ્રી હર્ષદેવના નાગાનંદના નાટકમા જણાય છે. ત્યાં પણ કેટલાક વિદ્વાનો–આખા નાટકમાં જુદા જુદા પ્રસંગો ભેગા કરી ગોઠવી દીધાનું કહે છે; કારણકે ‘ નાગાનન્દ ’ નાટકનું નામ છે અને છેલ્લા બે અંકમાં તેનો વિષય આવે છે. જયારે પહેલા ત્રણ અંકમાં મલયવતી અને જીમૂત–વાહનનો પરિણય વર્ણ્યો છે. અહિં વિદ્વાનો ભુલ ખાય છે. કેમકે કવિએ નાટકનું નામ નાગાનન્દ આપ્યું, પરિણામ એટલે ફલાપ્તિ ઉપરથી પણ ખરૂં જોતાં એ હેતુ નાટક લખવાનો ન હતો

એ સૂત્રધારના મુખમાં મુકેલા શ્લોકથી–નાન્દીના અને પ્રસ્તાવનાના શ્લોકથી સિદ્ધ થાય છે. ખરો હેતુ તો સિદ્ધરાજનું ચરિત્ર વર્ણવવાનો હતો. **લોકે હારિ ચ સિદ્ધરાજચરિતં નાટ્યે ચ દક્ષા વયમ્ ।** અને તે દૃષ્ટિએ જો જોઇએ તો આખું નાટક સુરચિત ને સુસંબદ્ધ લાગે. એ વાત ખરી છે કે વિટ આદિના પ્રસંગો કેવળ નકામા છે, નાટકને પોષનારા નથી. તેવી રીતે જો આ રોષદર્શિકાખ્યાનને જોવામાં આવે તો આ નાટકમાં એવી રચના નથી. પણ જે વૃત્તાંત ઉપરથી ફલપ્રાપ્તિ થાય છે તે વૃત્તાંત ઉપર કવિએ નાટકનું નામ આપ્યું. વધ રંગભૂમિ પર બતાવાય નહિ એટલે યુદ્ધ પણ બતાવવું બંધ રાખ્યું ... ચોમાસું ... સૂચવ્યો, અને એ મુખ્ય વિષયને પ્રાસંગિક કરી દીધો. જેવી રીતે અભિજ્ઞાનશાકુન્તલમાં શકુંતલા મુદ્રિકા પ્રાપ્ત થવાથી મળી, અને મુદ્રિકાને લીધે વિસ્મૃતિ ગઇ અને અભિજ્ઞાન થયું, તેથી કવિએ એ મુખ્ય પ્રસંગ ઉપર અભિજ્ઞાનશાકુન્તલ એ નામ આપ્યું: જેવી રીતે મુદ્રાના જોરે રાક્ષસ જીતાયો છે, તેથી મુદ્રારાક્ષસ નામ પાડ્યું; જેવી રીતે પરાક્રમથી ઉર્વશી મળી, માટે વિક્રમોર્વશીય નામ પાડ્યું, તેવી જ રીતે સત્યભામાનાં રોષદર્શનને લીધે ચોમાસું વધ થયો, માટે રોષદર્શિકાસત્યભામાખ્યાન એ નામ પાડ્યું. પુષ્પનો પ્રસંગ ... ઉપજાવે છે એ વાત ખરી પણ તે પ્રાસંગિક છે. કારણ કે સત્યભામાના પહેલાંથી બળી રહેલા હૃદયમાં એથી ઘી હોમાય છે. એટલે પ્રાસંગિક પ્રસંગ ઉપર નામ ન આપ્યું, અને તેથી નાન્દીમાં રોષદર્શન વિષે ઉપક્ષેપ છે તેમ જ પુષ્પ વિષે પણ છે.

સત્યભામા રૂક્મિણીનો કલહ ગ્રામ્ય છે? સ્થાને છે કે અસ્થાને? કવિની નિર્બળતા બતાવે છે કે કળાકૌશલ્ય?

સાક્ષર શ્રી કેશવલાલ નાટકોની પ્રશંસા કરતાં લખે છે. "એમ ગીર્વાણ નાટ્ય સાહિત્યની સુન્દર છાયા પ્રેમાનંદના નાટકોમાં સંક્રાન્ત થઇ તેની શોભા આપનાર બની છે: ત્યારે સમકાલીન ભવાઇની ગ્રામ્યતાની છાપ પણ તેના પર પડયા વિના રહી નથી...આ ગ્રામ્યતા સ્ત્રીઓની ઉક્તિમાં આગળ પડતી જોવામાં આવે છે. કૃષ્ણ ભગવાનના અન્તઃપુરમાં સ્ત્રીઓને ન છાજે એવી ગ્રામ્ય ગાળાગાળી સાંભળીયે છીએ." (પાનું ૨૬ પ્રેમાનંદ) આગળ ટીકા કરતા જણાવે છે કે 'પ્રેમાનંદના મનની નિર્બળતાને લીધે અથવા તો શ્રોતાને રાજી કરવા, એવા પ્રસંગો આણ્યા.' આ ટીકા યોગ્ય નથી. આ પ્રવેશોથી કવિના મનની નિર્બળતા સાબીત થતી નથી. તેમ જ તે સમયના ભવાઇના ખેલોની છાપ પણ નથી. સત્યભામાનું રોષદર્શન એ નાટકનો મુખ્ય વિષય છે. એટલે એ પ્રસંગમાં કવિએ પરાકાષ્ઠા લાવવી જ જોઇએ. એ પરાકાષ્ઠા કુદરતી છે કે નહિ તેટલું જોઇને પછી અંતર્ગત વિષયનું નિરૂપણ કરીશું. સત્યભામાને પ્રત્યક્ષ અનુભવ થયો છે કે રૂક્મિણીએ તેના પ્રેમ માર્ગમાં કાંટા વેર્યા છે અને તેથી તે બળી રહી છે. એટલે સુધી કે રૂક્મિણીને તે પગે લાગતી નથી. પગે લાગવાનું કહેનાર કૃષ્ણને તે તરછોડે છે. તેમજ પોતાની મા પણ તેને પગે લાગવાનું કહે છે ત્યારે પણ તે તેમજ કહે છે–"હવે તો હું છું ને એ છે. થડ કુબધું હશે તો ડાળાં પાંખડાં જખ મારે છે. માડી! તું જો તો ખરી! હવે તો એ જ મને પગે લાગતી આવશે." સત્યભામા મૂળથી છોકરવાદ અને ચઢાઉ તો છે જ. તેમાં પોતાને કેદ થવાનો પ્રસંગ લાવનાર રૂક્મિણી પર હૃદય બળ્યું બળ્યું રહે એમાં નવાઇ નથી. મહારાણીપદ ભોગવતી રૂક્મિણી સંપૂર્ણ વિઘ્નો નાખે, જરા મોકું મન ન રાખે તો સત્યભામાનું

અંગ ભડભડાટ કાં ન બળે? શું બધી જ સ્ત્રીઓ શાંત અને સહનશીલ હોય છે? છતાં કૃષ્ણના ચાતુર્યથી તે બે વચ્ચે વઢવાડ થતી નથી. બન્ને સાથે બેસી નાટક જોય છે. શ્રીદામો સત્યભામાને "લેવું દેવું" કહી સંબોધે છે ને તે ખીજાય છે છતાં મર્યાદામાં રહી છે, જેથી સાબીત થાય છે કે રુક્મિણીનું મહાદેવીપદ પોતે સ્વીકાર્યું છે. એનું સરળ અને સદય હૃદય કૃષ્ણના હૃદયને વશ કર્યું છે, ને કૃષ્ણના પ્રેમસાગરમાં ડુબકી મારી કલ્લોલ કરી રહ્યું છે, ને પાછલી વાત ભૂલવા માંડી છે. કૃષ્ણને રાધિકાનો પત્ર આવ્યો છે, છતાં પોતે કૃષ્ણથી વિખુટી રહી ન શકવાથી રથ છોડવી નાખ્યો, તેને વ્રજ જતા અટકાવ્યા, ને તેના પ્રેમના અણમૂલ આનંદ લેતી તેની માર્ગપ્રતીક્ષા કરતી બેઠી છે. હમણાં પ્રિયતમ આવશે —એમ ઉત્સુકતાથી રાહ જોય છે. તે જ પ્રસંગે ને તે જ દિવસે, જ્યારે પોતાનો વારો ન હતો, ને જેના ઉપર પોતાનો અધિકાર ન હતો એવાં પુષ્પ ને કાજે કૃષ્ણને અટકાવી, રૂકિમણી પોતાને મંદિરે લઈ જાય છે. આ બાજુ સત્યભામા રાહ જોયા જ કરે છે. નારદ આવી સ્પષ્ટ કથન કરે છે, સત્યભામાને ચઢાવે છે, છતાં નારદના ટીખળી સ્વભાવથી ચેતેલી સત્યભામા ન માનતાં પોતાની મેળે ખાત્રી કરવા જાય છે. વિચાર કરો, કે જેણે પ્રેમનું અણમૂલ સુખ ભોગવવા કૃષ્ણને વ્રજ જતા અટકાવ્યા છે, (પા. ૨૨૪) જે તેની પ્રતિક્ષણ માર્ગપ્રતીક્ષા કરતી બેઠી છે, પોતાને પુષ્પ ભોગવવાનો અધિકાર બીજાએ છીનવી લીધો છે, એમ સાંભળ્યું છે, છતાં પ્રેમાવેશથી માન્યું નથી, કૃષ્ણ તેને વધારે પ્રેમથી ચાહે છે એમ હૃદયની ખાત્રી હતી, તે સ્ત્રી હૃદયના આવેશમાં ખાત્રી કરવા જાય છે. જેણે આટલા સમય સુધી રૂકિમણીએ વેરેલા કટાક્ષ દુઃખ ભોગવ્યાં હતાં અને જેના પડેલા ઘા રૂઝાવા આવ્યા હતા, તે સ્ત્રી જ્યારે પોતાની સપત્નીને પોતાના નામથી પ્રિય પતિને સોગન લેવડાવતી સાંભળે છે અને દેખે છે, પોતાના પર પૂર્ણ પ્રેમવાળો પતિ તેનું માની તેવા સોગન લે છે, આ સમયે એવી કઈ સ્ત્રી સહનશક્તિવાળી હોય કે જગતની સર્વ બળતરાથી ક્રોધને વશ ન થાય! અને પ્રેમમાં પૂળો મૂકાતો ન દેખે? સર્વને વિદિત છે કે ક્રોધ મનુષ્યને આંધળો બનાવે છે. મોટા મોટા ઋષિઓ ક્રોધને વશ થતા પોતાનું ભાન ભૂલે છે. દેવોને હાથે ન કરવાનાં કાર્યો થાય છે. તો માયામાં લપટાયલો બળ્યોબળ્યો થઈ રહેલો આ દેવી અંશ ભાન ભૂલે એમાં શી નવાઈ! "ખાવાને જાગતો ને કુટવાને ભગલો. છે કંઈ લેવા દેવા! સોધી ને સફરી સત્રાજિત્ સુતા બલી જડી છે. પણ હું તો રગે રગે રજ ચોપડું તેવી છું." આવા ઉદ્ગાર કોણ ન કાઢે? એક વાર મગજ પરથી કાબુ ગયો તે શું ન કરે? રાજરજવાડાઓમાં શું નથી થતું? જ્યાં સુધી રાજાઓના અંતઃપુરની સ્થિતિ આપણે જોઈ નથી ત્યાં સુધી જ આ સર્વ વિચિત્ર લાગે છે. કેળવાયલી સપત્નીઓના તો દાખલા નજરે જોયા નથી એટલે શું પરિણામ કલ્પી શકાય? પણ જ્યાં કેળવાયલા નણંદ ભોજાઈઓ હોય છે ત્યાં આવાં મજબુત કારણો નથી હોતાં તો પણ ઘર ગાજતાં સંભળાય છે, તો આ સપત્નીઓના સ્વભાવના આલેખનમાં દોષ જોવો શા માટે? તેમ નાટકમાં અતિશયોકિત હોય તો જ રંગ ઝામે છે ને અસર થાય છે. વળી અહિં તો કલહ કરાવનાર નારદ છે. જે પોતાની નારદવિદ્યા કે નારદવેડા માટે સુપ્રખ્યાત છે. સર્વત્ર એના પાસા પડ્યા છે. કલહનું બી એક વાર રોપતા નથી પણ બરાબર પરિપાક થાય તે માટે રૂકિમણી અને સત્યભામાને ચડાવે છે, એટલું જ નહિ, પણ રૂકિમણીને ત્યાં સત્યભામાને મોકલે છે. આથી સત્યભામા જેને કૃષ્ણ

સામાન્ય પુષ્પ આપી ઠગતા હતા તે પારિજાતક પુષ્પ જુએ છે ને કંકાસ વધી પડે છે. અહિં રૂક્મિણી અને સત્યભામા વચ્ચે બોલાચાલી થાય છે. સત્યભામા જો કે ક્રુદ્ધ થયલી છતાં રૂક્મિણી સાથે મર્યાદાથી વાત કરે છે પણ રૂક્મિણીના દરેક શબ્દો તેનામાં આગઆગ પ્રેરે છે ને સત્યભામા મર્યાદા મૂકે છે. દોષ સત્યભામાનો નથી પણ રૂક્મિણીનો છે. પાત્ર દોષિત થાય છે તે રૂક્મિણીનું સત્યભામાનું નહિ. પણ જો આ પ્રકારે પરાકાષ્ઠા ન આવે તો પારિજાતકનું વૃક્ષ માગવા જેટલું જોર સત્યભામામાં આવે નહિ અને તેથી યુદ્ધમા જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય નહિ. એ વિચાર બાજુએ રાખીએ તો પણ આ જે તકરાર ઊભી થાય છે તે તકરાર આધુનિક કે તે સમયમાં થતી શોક્યોની તકરાર જેવી નથી. ભરેલી સાડી, કે નવીન અલંકારો કે હાલનાં ફેશનેબલ બ્લાઉઝ કે સિફોનની તકરાર નથી, પણ પુષ્પ ને તે દૈવી પારિજાતક પુષ્પ જેની સુગન્ધિ અને ઉપભોગ માટે હરકોઇ તકરાર કરે એવું એ પુષ્પ છે. જો સામાન્ય શોક્યોનો પ્રસંગ બતાવવો હોત તો હજી ઘણી પુષ્પાંજલીઓનો વર્ષાદ દરેક જણી વર્ષાવી શકતે; તે ઉપરાંત મારામારી, વાળની સામસામી ખેંચાખેંચી સુધી કામ પહોંચી શકતે. આ નાટક લખનાર કવિની મનની નબળાઇ નથી પણ આ પ્રસંગ આમ આલેખ્યા વિના એને છૂટકો જ નથી. તેમ તે વખતની લેખકની છાયા નથી. સ્વાભાવિક થવું જોઇએ તે જ બન્યું છે અને તેથી પારિજાતકના વૃક્ષની માગણી સ્વીકારાઇ છે. તેમ લેખકે મર્યાદા તજી નથી. જે લખ્યું છે તે આવેશમાં આંધળા બનીને લખ્યું નથી, પણ યુક્તિપૂર્વક ધારેલો અંત આણવાને જ આ પ્રસંગ આમ ગોઠવ્યો અને ચિતર્યો એમાં કવિનો કોઇ પણ પ્રકારનો દોષ અમને દેખાતો નથી. આ પ્રસંગ જેટલો વાચતાં અસર કરે છે તેટલી અસર રંગભૂમિ પર ભજવાતાં નહિ કરે. કારણ કે રંગભૂમિને લાયક આ પ્રસંગ નથી. રંગભૂમિ પર લાગું પિંગળ જ લાગે, એમ રંગભૂમિના કંઇક અનુભવથી અમારે માનવું પડે છે. છતાં જો આ પ્રવેશો સાક્ષરશ્રીને પ્રેમાનંદની કલમને કલંક લગાડનારા લાગતા હોય, તો એ મતે કંઇક જુદું જ ફળ દેખાય. પ્રેમાનંદ કોઇ દિવસ આવા અયોગ્ય પ્રસંગો ચિતરે નહિ કારણ કે એ દૃઢ મનનો, વિચારશીલ, જમાનાથી દોરાઇ ન જાય એવો અને પુરાણીઓને સુધારવા પ્રયાસ કરનારો કવિ હતો. તેથી એ મતે આ નાટક એનું જ લખેલું હશે કે કેમ એ વિષે શંકા-સ્થાન ઉત્પન્ન થવા સંભવ રહે છે.

ગર્ભાંકનું શું પ્રયોજન?

કોઇ પ્રશ્ન કરશે કે જે કાર્ય પુષ્પથી થયું તેને માટે ગર્ભાંક પણ મૂકી નકામો અંક વધારવાની શી જરૂર હતી? એ પ્રમાણે તો અનેક પ્રસંગો ઉભા કરી શકાય. આનો ઉત્તર એ કે ઇન્દ્રાદિ દેવો અને નારદ જે નારાયણ આગળ કશા લેખામાં નથી (નારદના જ શબ્દો, જ્યારે કૃષ્ણ સત્યભામાને મનાવવા પાછળ દોડે છે. પા. ૨૩૭) તે એમ માને છે કે કૃષ્ણ માયામાં લપટાયા છે તેને પ્રતિબોધ કરવો- નારદ-" મને શક્રે પ્રથમથી જ કહ્યું હતું કે અમે સર્વેએ મળી અદીતિકુંડલાહરણનો કરુણમય પ્રયોગ કરી બતાવ્યો તેમાં દયાળનું માનસ દયાર્દ્ર ભાવવાળું થયું. તથાપિ અંજસા કોઇ વ્રજ આહિર આવ્યો, તેણે કરી અવિનાશી પૂર્ણ અજયાના આવરણમાં આવી પડયા. " પણ ગર્ભાંકનું કવિના વિચાર પ્રમાણે કંઇ જુદું જ પ્રયોજન દેખાય છે. સત્યભામા આ દૃશ્ય જોય તો તેનામાં સંપૂર્ણ

દયાભાવ ઉદ્‌ભવે અને તેને અંગે જ્યારે યુદ્ધમાં જાય ત્યારે સોળસહસ્ર સુન્દરીનાં દુઃખની સાથે સ્વર્ગના દેવોનું દુઃખ અને ખાસ કરીને શચીનું દુખ નિવારવા ભૌમાસુરને મારી નાખવા કૃષ્ણને કહી શકે. આથી જ કવિ સત્યભામાના મુખમા શબ્દો મૂકે છે–" આર્યપુત્ર ! તમે શૂર-મણિ કહેવાવ છો તો પછી આ બિચારા સૂરને પડતું કષ્ટ કેમ ટાળતા નથી? મહારાજ એ જોરાળાપણું અને ગર્વ શા કામનાં કે જે જોર અને ગર્વથી કોઇનેય લાભ કરી શકાયો નહિ? હાં–હાં દેવ ! હું તો તમારા બળ વિશેની ભોમિયણ જ છું પણ હે આર્યપુત્ર ? તમે બિચારી શચીના કષ્ટ સામું જુઓ તો તો બહુ સારૂં ' બહુ સારૂં " બીજો હેતુ કૃષ્ણ કહે છે તેમ કેવળ આનંદ માટે. કૃષ્ણ–"વયસ્ય ' એમાં તારોજ વાક છે. આવો કરુણમય પ્રયોગ તેં શા માટે કરાવ્યો કે સર્વેનાં મન આનંદયુકત થવાને બદલે શોકયુકત થયા ? "

રાધિકાના પત્રનું શું પ્રયોજન છે ?

ગર્ભાંક આ પ્રમાણે સયુક્તિક છે તો પછી રાધિકાનો પ્રણયપત્ર દાખલ કરવાની શી જરૂર છે ? એથી શુ કાર્ય સધાય છે ? આ પ્રસંગ સત્યભામાને ઉશ્કેરવા પૂરતો છે. અદીતિકુંડલાહરણનો પ્રયોગ જોવાથી સત્યભામાનું હૃદય દુ:ખી થયું છે ને દયાભાવ ઉપજ્યો છે. આ પ્રસંગમાં સત્યભામા કૃષ્ણની સાથે રહે તો શાંતિ પામી આનંદયુક્ત રહે. પણ જો કૃષ્ણ વ્રજમાં જવા તૈયાર થાય તો સત્યભામા વિરુદ્ધ પડે અને જવા ન દે અને સત્યભામા તેમજ કરે છે તે પણ રીસાઇ જઇને જ. સત્યભામા નાગરિકાને કહે છે. "મેં જો આટલો રૂમાડો કર્યો ન હોત તો તો સવારમા ઉઠીને ક્યારના વ્રજમા ચાલ્યા ગયા હોત." માંડ માંડ કૃષ્ણને રાખે છે, એવામા રૂક્મિણી પોતાને મંદિરે આવતા કૃષ્ણને અધવચ ખાળે છે. એટલે સત્ય-ભામાની જે યુક્તિથી ને પરિશ્રમથી કૃષ્ણ વ્રજમા ગયા નથી તે યુક્તિ અને પરિશ્રમ મિથ્યા થાય છે. એટલે રાધિકાની પ્રેમપત્રિકા સત્યભામાને ક્રુદ્ધ થવાનું કારણ આપે છે. રત્નગત પત્રિકા વાંચી પ્રેમના ઉમળકા બહાર કઢાવવામાં તો કવિનો ઉદ્દેશ એક જ માલમ પડે છે માયાનિર્લેપ પણ કામબાણથી મુક્ત નથી એનું ભાન કરાવવું.

કેટલાક નકામા લાગતા પ્રવેશો.

આ નાટકમાં આ પ્રમાણે યોજના અમને માલમ પડે છે. પરન્તુ કવિએ હિમતીનું પાત્ર શા કાજે આણ્યું ? જે ખબર હિમતી આપે છે તે જ ખબર અથવા તેનાથી સારી ખબર રૂક્મિણીની બે દાસીઓની ગમે તે એક લાવી શકત. એટલે હિમતીનું પાત્ર નિરર્થક છે. એથી કંઇક નવીનતા દેખાય છે ને કવિને પોતે નવી યોજેલી ભાષા વાપરવાની તક મળે છે એ સિવાય બીજું કંઇ અમને દેખાતું નથી.

તેમજ પહેલા અંકનો છેલ્લો પ્રવેશ જેમા હિમતી પાસેથી રૂક્મિણી ભાળ મેળવે છે તે પણ નિરર્થક છે. એ પ્રવેશથી કંઇ નવું જાણવાનું મળતું નથી, કે નવો રસ ઉત્પન્ન થતો નથી, કે નવો પ્રસંગ ઉભો થતો નથી. ફક્ત રૂક્મિણીને શ્રીદામાની હિલચાલની ભાળ મળે છે. પરન્તુ તે ભાળની તો બીજા અંકમાં શરૂઆતમા પ્રવેશકથી ખબર પડી જાત. તેમજ જો આ પ્રવેશ આ સ્થળે ન મૂકાયો હોત તો અંકનો અંત પ્રાચીન રૂઢિ પ્રમાણે સ્વાભા-

પ્રવેશથી રુક્મિણી શું કરવા માગે છે અને કનકમાલિકા અને પદ્મપ્રભા બે જણીઓ સહાય કરવા તત્પર થઈ છે, એ બહાર પડે છે. એટલે આ પ્રવેશ જો રાખવો હોય તો છેલ્લાની પહેલો રખાય કે કૃષ્ણશ્રીદામાવાળો છેલ્લો રખાય તો યોગ્ય ગણી શકે.

બીજા અંકના બીજા પ્રવેશમાં જેમ કનકમાલિકા સત્યભામા અને નાગરિકાની ખબર લાવે છે તેમ પદ્મપ્રભા કૃષ્ણ અને સુદામા સુવર્ણસરોજિકા જવા તૈયાર થયા છે એમ ખબર લાવતી હોત તો કનકમાલિકાના અનુમાનપર રુક્મિણીને અવલંબન કરવું પડત નહિ.

ત્રીજા અંકનો પ્રથમ પ્રવેશ પણ જરૂરનો નથી. એ સર્વ બીના ચારુમતીના બે ત્રણ વાક્યમાં પછીના પ્રવેશમાં બતાવી શકાત. કુંચીની અને સત્યભામા કેદ થયાની વાત તો નાગરિકાને શ્રીદામાની વાતચિતપરથી સ્પષ્ટ જ થાય છે. સત્રાજિત્ લગ્ન વિરુદ્ધ છે એ તો સુવર્ણસરોજિકાના પ્રસંગ ઉપરથી વિદિત થાય છે જ. તેમજ ચારુમતી સત્યભામાનું લગ્ન ઇચ્છે છે એ જ્યોતિષીઓના પ્રવેશથી સિદ્ધ થાય છે. એટલે આ પ્રવેશ મહત્વનો નથી.

આખા નાટકમાં પાત્ર દોષિત હોય તો તે રુક્મિણીનું છે એ અમે ઉપર બતાવ્યું છે. ખાસ ધ્યાન ખેંચનારૂં પાત્ર શ્રીદામાનું છે એની એક જ સૂચના પર, કહીયે તો આખું નાટક ઘડાયું છે, એ પહેલા અંકના પહેલા પ્રવેશ ઉપરથી જ સિદ્ધ થાય છે. શ્રીદામાની જે જે યુક્તિઓ છે તે તે યુક્તિઓ ઘણી જ પ્રબળ છે અને વિરોધ કરનારી કનકમાલિકા અને રુક્મિણી પણ પહોંચી શકતી નથી આખું નાટક વાંચતા સહજ પ્રતીત થશે કે શ્રીદામો કેવળ વિદૂષકની માફક ગમેતેમ બોલી, વિચિત્ર ચાળા કરી હાસ્ય જ ઉત્પન્ન કરતો નથી પણ નાટકની પરાકાષ્ઠા આણવામાં પણ સારૂં કામ કરે છે.

પાંચાલી પ્રસન્નાખ્યાન

પ્રેમાનંદનું બીજું નાટક પાંચાલી પ્રસન્નાખ્યાન છે. નામ ઉપરથી જ ઉપરના નાટક પ્રમાણે મુખ્ય વિષયની પ્રતીતિ થાય છે. રોપદર્શિકાસત્યભામાખ્યાન કરતા આ નાટક અમને ઘણું જ ઉતરતું લાગ્યું. વસ્તુસંકલના, પાત્રોનું આલેખન, મુખ્ય વિષય, પ્રસંગોની ચુંટણી વગેરે ઘણાં નબળા પડે છે જોરદાર નથી આશ્ચર્ય એ જ થાય છે કે પ્રાચીન કાવ્યમાળાના ટીકાકારો આ નાટકમાંએ વસ્તુ છે એ જોઇ શકતા નથી. જુનું તેટલું સોનું, ખરૂ યા ખોટું એ સર્વ સુસંગત અને સુસંબદ્ધ માનવુ, સારા લેખકનુ લખેલું કે તેના નામની છાયા નીચે પ્રગટ થતું સર્વ પ્રશંસાને યોગ્ય જ માનવું એવી એમની રૂઢિ જણાય છે.

વસ્તુસંકલના બેવડી છે.

આ નાટકમાં વાચકો જોશે કે પ્રથમ બે અંકે એક વિષય પૂરો થાય છે. છેલ્લા ત્રણ અંકનો વિષય તદ્દન જુદો જ દેખાય છે. પ્રથમ બે અંક મંત્રાનંદ ગર્વમોચન અને પછીના ત્રણ અંકોમાં પાંચાલી પ્રસન્નકરણ એમ બે ભાગ દેખીતા જ છે. આનો બચાવ પ્રાચીન કાવ્યમાળાવાળાઓ કરે છે. "ભીમ આવું મોટું સાહસ કેવળ કમળ ખેંચી લાવવા માટે લે એટલો ધૈર્યવાન હતો કે નહિ, તથા દ્રૌપદી પ્રતિ બીજા પાંડવો કરતા ભીમની વિશેષ પ્રીતિ

હતી કે નહિ, એ વાત કવિએ પ્રથમ બતાવી આપવી જોઇએ. કેમકે જો ભીમ પાસે એકાદ રાક્ષસનો વધ કરાવી તેના ઉદ્ધત બળની અસર કવિ શ્રોતાના મન પર ન બેસાડે, તેમ દ્રૌપદી સાથે તેનો સહવાસ વર્ણવી દ્રૌપદી પરની તેમની ગાઢ પ્રીતિ પણ પ્રથમ ન બતાવે, તો આ નાટકના પાછલા અંકોમાં વર્ણવાયલુ ભીમનું ઝવમાટાનું સાહસ, અને તેને હાથે થતું કુબેરાદિના અનુચરો આદિકનું મરણ સુઘટિત થાય નહિ. "મહાકવિ પ્રેમાનંદના લક્ષ્યમાં પણ આ વાત હતી, એમ તેની નાટકની વસ્તુસંકલના પરથી જણાઇ આવે છે " કેવળ બચાવ કરવાની દૃષ્ટિએ આ પ્રમાણે આપી શકાય પરંતુ જે ઉદ્દેશથી પહેલા અંક લખાવવા જોઇએ તે ઉદ્દેશ સાધી શકાતો નથી. જટાસુર નામે રાક્ષસ પાંડવો પર વેર લેવા યુકિતથી મંત્રાનંદ નામના બ્રાહ્મણ તરીકે રહી જાય છે; કપટથી દ્રૌપદીનું હરણ કરે છે, ને છેવટે ભીમને હાથે મરે છે. આ પહેલા બે અંકનું વસ્તુ, પાચાલીને પ્રસન્ન કરવા કમળનો જે પ્રસંગ ઉભો થાય છે તેને કોઇ રીતે પોષક થતું નથી. એ વૃત્તાંત અને કમળના વૃત્તાંતને કોઇ જાતનો સંબંધ નથી. ભીમની કાર્યદક્ષતાની પ્રતીતિ કરાવવા માટે જ જો બે અંકનું પ્રયોજન હોત તો તે પ્રયોજન બીજી કોઇ પ્રસંગની ગુંથણીથી સાધી શકાત, જેથી એ વૃત્તાંત ત્રીજા અંક સાથે મજબૂત સંધાણ પામત. પ્રથમથી જ દ્રૌપદીને (મંત્રાનંદની યુક્તિદ્વારા) કમળ ગમ્યું હોત, અને એવા સહસ્ર કમળની પ્રાપ્તિ કરવા અભિલાષા થઇ હોત, અને પ્રસંગોપાત્ત ભીમને દૂર કરવાની ઇચ્છાવાળા મંત્રાનંદની પ્રેરણાથી એ અભિલાષાને ટેકો મળ્યો હોત, અને ભીમ દૂર થતાં જ કપટી મંત્રાનંદે દ્રૌપદીનું હરણ કર્યું હોત, અને મંત્રાનંદની કપટજાળ તે વાતે દ્રૌપદીને સમજાઇ હોત, તો રસ વધારે જામી શકત અને શ્રોતા કે વાચકવર્ગના મન પર સારી અસર થઇ શકત. દ્રૌપદીની ડગમગતી સ્થિતિ, કષ્ટમય અવસ્થા, મંત્રાનંદની માયા, ને દ્રૌપદીને યુક્તિ ગુપ્ત રીતે સહાય કરતી હોત, બન્નેએ મળી સમય લંબાવવા યુક્તિ કરી હોત, યુધિષ્ઠિરાદિની લાચાર સ્થિતિમાં ક્રોધાદિનો ઉદ્‌ભવ બતાવાતો હોત, એ જ અરસામાં બીજી બાજુ ભીમના વીરરસના પ્રસંગો બતાવાતા હોત, કમળની પ્રાપ્તિ થતાં સહદેવાદિને કોઇ તરફથી દ્રૌપદીઆદિની દશાની ખબર મળી હોત ને જટાસુરનો વધ થયો હોત તો રસ ઘણો સારો જામી શકત. પ્રસ્તુત નાટકમાં કવિએ બે અંકનુ સંધાણુ રાખવા કંઇ પ્રયાસ તો કર્યો છે. જટાસુર એ વનદેવતા નવમલ્લિનો ભક્ત હતો એમ સંધાણ બનાવ્યું છે. તેમજ આ બે અંકમાં મંત્રાનંદને સ્મરવર્ધકનું કામ સોંપાવી પાચાલીએ પ્રસન્નતા મેળવી છે એમ બતાવ્યું છે. પરન્તુ આ બન્ને પ્રસંગો નાટકના મુખ્ય ઉદ્દેશને પુષ્ટિકર નથી. ઉલટા ઝાંખા પડે છે. ત્રીજા અંકથી નવું જ નાટક શરૂ થાય છે એમ લાગે છે જટાસુરના મૃત્યુ સિવાય બીજા કોઇ પણ પ્રસંગનો ઉલ્લેખ નથી. તેમ બીજા કોઇ પણ પ્રસંગના પ્રરૂપ કોઇ પણ પ્રસંગ આલેખાયો નથી.

પહેલા બે અંકો. હવે પહેલા બે અંકનું અવલોકન કરીયે. પહેલો અંક બીજા અંકનો પોષક છે એ ખરૂં, પણ એ પોષકતા સબળ નથી. સ્મરવર્ધકનું સ્થાન મંત્રાનંદને મળે, દ્રૌપદીની પ્રીતિ મંત્રાનંદ પર વિશેષ રહે, યુધિષ્ઠિર એને સંશયરહિત દૃષ્ટિયે જુએ, એમાં મંત્રાનંદનો કંઇ કાર્યસરલતા થાય છે? અશ્વાદિ ચોરી જવાનું કાર્ય તો પોતે માયાબળથી કરી શકે છે. એટલુ કહી શકાય કે એનો કપટી સ્વભાવ સાબીત થવાથી બીજા અંકમાં જે જે કાર્યો તે કરે છે તેને સારી પુષ્ટિ

મળે છે, અને વાચક વર્ગ મંત્રાનંદ કપટી છે એમ જાણતાં સર્વને છેતરતો ફરે છે, ઓળખાઇ જવાની બ્હીકે ગભરાય છે તેથી તેની અસર સારી થાય છે. પણ તેથી દ્રૌપદી આદિનું હરણ કરી જવાના કાર્યમા પુષ્ટિ થતી નથી. અમારૂં એમ માનવું છે કે શરૂઆતમાં મંત્રાનંદ રૂપે જટાસુર પાસે સ્વગતોક્તિ દ્વારા એના કપટી અર્થનું ભાન કરાવ્યુ હોત—બકરાક્ષસનું વેર લેવા તલપી રહ્યો છે, દ્રૌપદીનું હરણ કરવા મથી રહ્યો છે, પ્રથમ ચાર પાડવોનો કપટથી ઘાત કરી પછીથી ભીમનો કરીશ એવું સૂચવતો હોત, એવામા યજ્ઞમંડપમાં તે નથી, તેથી તેને શોધતી દ્રૌપદી આવી હોત, જેથી દ્રૌપદીની એનાપર મીઠી નજર છે એમ દેખાઇ આવત અને તે વખતે મંત્રાનંદ યુધિષ્ઠિરની શંકા વિષે ફરિયાદ કરતો હોત, દ્રૌપદી ભીમ આદિ સર્વે એના કપટમા ફસાતા હોત, તો રંગ સારો ઝામતે. ભીમના જવાની મંત્રાનંદ રાહ જુએ છે એવો સ્પષ્ટ ઉલ્લેખ એના મુખથી થવો જોઇએ; એના જવાથી જટાસુર ઘણો જ આનંદિત થઇ કાર્યમાં વ્યગ્ર થઇ જાય છે એમ સૂચન થવું જોઇએ.

બીજા અંકમા દ્રૌપદીને યુધિષ્ઠિર વગેરે મંત્રાનંદના મંદિરમાંથી લઇ જાય છે. અને ભીમ દ્રૌપદીનું દિવ્ય વસ્ત્ર ઓઢી સ્ત્રી-પાત્રનું અનુકરણ કરે છે. આ પ્રસંગની પ્રશંસા કરતા પ્રાચીન કાવ્યમાળાવાળા તેને કીચક વધના પ્રસંગ સાથે સરખાવે છે. " કીચકનો વધ સાંભળવાના પ્રસંગમાં જે ગમ્મત પડે છે તેવીજ કાંઇક અહિં ગણાય છે." પા. ૧૬. આ યોગ્ય નથી. કીચકના વધના પ્રસંગમા તો પાડવોને ગુપ્ત રહેવાનું હતું. ભીમે ગુપ્તપણે કીચકને મારવાનો હતો. ગુપ્તપણે દ્રૌપદીનું દુઃખ મટાડવાનું હતું. અને તેથી જ અર્થ સાધવાનો છે, કે જેથી ભીમને સ્ત્રી વેશ ઓઢવાની જરૂર પડી ? કાવ્યમાળા વાળા લખે છે. " સ્ત્રી-લોભી મૂઢ રાક્ષસ ભીમને સ્ત્રી જાણી કેવો ઠગાય છે, એ ગમ્મત બતાવવાને કવિયે બે ડગલા આગળ ચલાવી રાક્ષસને તેને ઘેર પહોચાડયો છે" પા. ૧૬. અમારૂ એમ માનવું છે કે કવિનો ઇરાદો ગમ્મત બનાવવાનો નથી. અને તેમ હોય તો તેણે આ પ્રસંગ ચિતરવામાં ભૂલ કરી છે. ભીમ તો ક્રોધાવિષ્ટ બની તેનો નાશ કરવા જાય છે, તેવી રીતે તેનો પ્રવેશ થવો જોઇએ. દૂરથી રાક્ષસને દેખતા જ વીરરસનો સંપૂર્ણ આવેશ તેનામા હોવો જોઇએ. અને જે ગદાથી તે તેનો ઘાત કરવા તલપતો હતો તે ગદા ઉછાળવી જોઇએ. અહિં તો ભીમ જે ગદાને હાથમા તાળી તેને સંબોધે છે તેનું પ્રયોજન પણ રહેતું નથી. વીરત્વના આવેશને બદલે કૃત્રિમતાથી જટાસુર પર જીત મેળવવા જાય છે એ ભીમના સ્વભાવના આલેખનમાં દોષ છે. એવો દોષ ઉત્પન્ન કરી શ્રોતાજનોને ગમ્મત આપવી એવો નાટકમાં કોઇ પણ સિદ્ધાંત હોવો ન જોઇએ. એટલે ભીમ સ્ત્રીવેશ પરિધાન કરે છે તે કેવળ અસ્વાભાવિક છે. આખા દૃશ્યનું આથી ખૂન થાય છે અને ઝામતા રસમા ભંગ પડે છે. કોઇ એમ કહે કે સ્ત્રીવેશ પરિધાન કરવાથી જટાસુર તેને દ્રૌપદી માની છેડછાડ કરવામાં રોકાય, તેટલા સમયમાં યુધિષ્ઠિરાદિ દ્રૌપદીને નસાડી લઇ જઇ શકે. તો પણ ભીમના પરાક્રમમાં દોષ આવે કેમકે એ કોઇ રાક્ષસથી બીહતો નહતો. એણે અનેક પ્રસંગોમાં દ્રૌપદીની સમક્ષ રાક્ષસોને માર્યા છે. જે જટાસુર પ્રથમથી જ ભીમથી ગભરાતો હતો અને કપટથી જીતવા ગયો, હાથમાં તાળી લેતાં જેનો હાથ જુઠો પડે છે તે જટાસુરથી ભીમને શું ડરવાનું હતું કે સ્ત્રીવેશ ધરી કાળક્ષેપ કરાવે ! કાર્ય કરવા બાહુબળપર જ આધાર રાખે એવો જે ભીમનો સાહસિક સ્વભાવ છે,

તે જો આ યુક્તિ કરે તો શું રસક્ષતિ ન થાય! જટાસુરને પારકી સ્ત્રીને છેડવાનો પાઠ શીખવવાનો ભીમને આ સમયે હેતુ ન હોય. જો એમ હોય તો જટાસુર આલિંગન કરવા જાય તે જ વખતે પોતાનું રૂપ બતાવી યુદ્ધ કરે અને ૫ળ ચખાડે. રાક્ષસની માયાથી બ્હીને ભીમે આ વેશ ધારણ કર્યો એમ માનવું પણ યોગ્ય નથી. કેમકે પછીથી જે કાર્યો એ કરે છે તે માયાથી ભય રાખ્યા વિના કરે છે. (અંક ત્રીજો અને ચોથો) અને ભીમ કદી માયાથી બીન્યો નથી. કામપીડિત દૃષ્ટિ હોવાથી ભીમને સ્ત્રીવેશમાં ઓળખી ન શક્યો અને મુખ ઢાંકવા કરે છે તેથી ભીમે ત્યાં ઘુમટા પદ્ધતિનું અનુકરણ કર્યું એમ સમજાય છે. એમ ભલે હોય પણ આ સ્થળે ભીમને આ પ્રમાણે આનંદ કરવાનું સ્થળ નથી. અને તેમ કરવાથી ભીમના પાત્રમાં દોષ આવે છે ને રસક્ષતિ થાય છે; ભલે પછી બીજો રસ હાસ્યનો કે ગમ્મતનો ઉત્પન્ન થતો હોય. કોઇ કહે કે ભીમ યુદ્ધ કરે તો રંગભૂમિપર વધ થાય અને તે નાટ્યશાસ્ત્રની વિરુદ્ધ જાય છે. તો અમે કહીશું કે બન્ને વચ્ચે કેટલીક તકરાર થતાં ગદા ઉછળતી હોત કે સપાટામાં જ તેને પકડી રંગભૂમિપરથી ઘસડી ગયો હોત તો વધ થાત નહિ ને મૂળ મુદ્દો જળવાત. યુદ્ધ ન થાય પણ યુદ્ધના ચિહ્નો બતાવી શકાય, તેથી શાસ્ત્રની વિરુદ્ધ વર્તન થયું કહેવાય નહિ.

ત્રીજો અંક.

ત્રીજા અંકમાં દ્રૌપદી ભીમને પુષ્પ લાવવા ઉશ્કેરે છે અને પ્રતિજ્ઞા લેવડાવે છે. અહિં પણ કવિની કલમ નબળી પડે છે. પ્રસંગ, તેની લખાવટ, અને ખીલવણી અસરકારક નથી. કમળની મોહિની દ્રૌપદીને લાગે છે, પણ તે એટલી સબળ કવિયે દર્શાવી નથી કે જેના જોરે તે ભીમને લેવા મોકલે. કવિયે તેને એટલી ઉત્કંઠિક બતાવી નથી કે જેથી તે જે યુક્તિ કરે છે તે યોગ્ય સ્થાને દેખાય. સીતા સુવર્ણ મૃગને જોઇ તેની કંચુકી પહેરવાની માગણી કરે છે. રામ ના પાડે છે તેમ તેમ તે વધુ હઠ લે છે. રોષદર્શિકામાં પુષ્પને માટે તીવ્ર આકાંક્ષા સત્યભામાના મનમાં નારદ ઉત્પન્ન કરે છે. ત્યારે અહિં દ્રૌપદીને પ્રથમ અલૌકિક સુગન્ધ આવે છે ને પછી કમળ દેખાય છે. એટલે મનમા કોઇક યુક્તિ ઘડી કાઢે છે પણ કોઈ જાતની પ્રબળ ઉત્કંઠા ઉત્પન્ન થતી બતાવાઇ નથી. તેમ એવાં કમળની તે ઘેલી હોય. એવો ઉન્માદ પણ વર્ણવાયો નથી. તેમ એ કમળની સુગન્ધિથી ઉત્પન્ન થતો કામાવેશ પણ બતાવાયો નથી, જેથી દ્રૌપદીને પ્રબળ અભિલાષા થાય. વળી ભીમ કમળ આણી આપે તેને માટે દ્રૌપદી નૃત્ય કરે છે, એ યુક્તિ પણ જોરદાર નથી, તેમ સ્વાભાવિક પણ નથી. દ્રૌપદી ભીમ પાસે કમળની શય્યા પર શયન કરવા કમળની માગણી કરે છે. ભીમ કહે છે કે એ દૈવી કમળ દુર્લભ છે. તે વખતે કવિ નૃત્યનું અનુસંધાન કેવી રીતે કરે છે તે જુઓ. પાંચાલી—" પ્રિય પતિ! આમ સૈજ વાત કરતામાં ચઢી શેના જાવ છો તે ' જો તમે મારે કાજે, આવતો સુવાસ લઇ કમળ લાવવાની ઇચ્છા કરી તો હું પણ આર્યપુત્રની અભિરુચિ હોય તો મુનિકુમારિકાઓ એક વનમા મન પ્રસન્ન થાય એવું નૃત્ય કરે છે તે કરી બતાવું; " પછી વરદાન માગતાં દ્રૌપદી સહસ્ર કમળ માગે છે. ભીમ ચીડાય છે ને પછી હા કહે છે કે લાવી આપું છું. અહિં દ્રૌપદીયે કંઇ યુક્તિ કરવી જોઇએ તેટલા પૂરતો આ પ્રસંગ આણ્યો. આવો જ પ્રસંગ વલ્લભના દુઃશાસન રુધિરપાનાખ્યાનમાં છે. ત્યાં કૃષ્ણને ચિંતા થાય છે કે દુઃશાસનનું રુધિર પીવાની ભીમે પ્રતિજ્ઞા કરી છે તે કેમ પૂરી કરવી ? ભીમ જ્યારે અનુરાગવશ

થતો દ્રૌપદી સાથે વિલાસ કરવા તત્પર થાય છે, ત્યારે દ્રૌપદીને કૃષ્ણ સખીવેશે બોલાવી તેના કાન ફુંકે છે તે અનુસાર દ્રૌપદી ભીમને ઉશ્કેરે છે. એટલે સુધી કે ભીમના ક્રોધથી પોતે પણ કંપી ઉઠે છે, ને છેવટે ભીમ રાતોરાત દુઃશાસનનો નાશ કરવા જાય છે. કુન્તીપ્રસન્નાખ્યાનમાં પણ કુન્તી બનાવટી ઐરાવત જુએ છે, તે ઉપરથી સાક્ષાત્ ઇન્દ્રના ઐરાવતને જોવાની હઠ લે છે. એ કાર્ય તો આ કમળ કરતાં વધુ દુર્ઘટ છે. ઉપલા બન્ને પ્રસંગમાં કવિની કલમ જોર કરી રહી છે. આવો નૃત્ય જેવો નિર્માલ્ય પ્રસંગ આણવો પડયો નથી. એ વાત ખરી છે કે ઉપલાં બે કાવ્યની કોટીમા આવે છે જ્યારે આ નાટક છે. છતાં પણ નાટકને શોભે એવી ખીલવણી કરવામાં આવી હોત તો ઘણો જ ઉત્તમ પ્રસંગ ચીતરાત.* ત્રીજા અંકમાં (કવિની વસ્તુસંકલનાને અનુસરીને ફેરફાર સૂચવીયે તો) ભીમે અને દ્રૌપદીએ જલક્રીડા કરવાનું ગોઠવ્યુ છે, તે સમયે જલસ્થાન અને વિહાર કરવાની પુષ્પાદિની સામગ્રીનું વર્ણન કરતો ભીમ આવે અને તેની સાથે આવેલી દ્રૌપદી તે વર્ણનથી ઉન્માદિત થાય; ભીમ ક્રીડા કરવા જવા વિનવે તે પ્રસંગે વાયુબળે ઉત્તમ સુગન્ધ આવવાથી ક્રીડા કરવા જતી દ્રૌપદી અટકી જઇ આશ્ચર્ય પામતી મુગ્ધ બનતી ભીમને એ સુગન્ધ ક્યાંથી આવી તે વિષે પૂછે; ભીમ તે દિવ્ય સ્થાનનું શ્રુતિ પરંપરા સાભળેલું અલૌકિક વર્ણન કરે, પરન્તુ દુર્લભ છે એમ જણાવે નહિ, એવામા કમળ ત્યાં ઉડી આવી પડે. દ્રૌપદી મુગ્ધ બની તેની અપૂર્વ આમોદ અને ચિત્તાકર્ષક–ઉન્દમાક સૌન્દર્યથી વધુ ઉન્માદ પામે અને વિહારાર્થે આણેલાં પુષ્પોની તુલના કરતાં એવાં કમળોથી વિહાર કરવાનું સૂચવે; ભીમ મર્યાદિત રીતે ના કહે અને તેથી વાંકું પાડી દ્રૌપદી રીસાય, વાંકા વચનો બોલે અને ભીમના પરાક્રમ વિષે તોણા મારી મર્યાદિત સ્ત્રી–હઠ લે. આ સર્વ લખાણ શૃંગારાદિનો રસ ન તજતાં થવું જોઇએ. અને દ્રૌપદીના મ્હેણાથી ભીમ ક્રોધે ભરાઇ તે લેવા જાય. અને દ્રૌપદી મનમાં રાજી થતી રહે. આ પ્રસંગ આણવામાં કવિની કલ્પનાશક્તિને, સ્ત્રીઓની હઠવિધાને, તેમજ પુરુષોને ઉશ્કેરી કામ કઢાવી લેવાની સ્ત્રીઓની સ્ત્રીશક્તિને સંપૂર્ણ અવકાશ મળશે. અને જ્યારે આગળ ભીમ કયાં ગયો તે વિષે યુધિષ્ઠિર પ્રશ્ન પૂછે છે તે સમયે આ પ્રસંગ આમ ચિતરાવાથી દ્રૌપદીને પોતાની સ્થિતિ વિષે બરાબર ભાન થાત, તેનો ગભરાટ મુઝવણ આદિનો ખ્યાલ આપવામા કવિની શક્તિ સંપૂર્ણ ખીલી શકત અને તે પ્રવેશ ઘણો સુન્દર લખી શકાત. આમ કરવાથી વખતે ભીમ ધીરોદ્ધત નાયકની કોટીમાં ગણાય પરન્તુ જરા ભીમનો ક્રોધ યુક્તિપૂર્વક વર્ણવાય તો આ ખામી ઘણે અંશે દૂર થઇ શકે.

ચોથો અંક.

ચોથા અંકનો પહેલો પ્રવેશ હનુમાનના પ્રવેશ સાથે જોડી દેવાયો હોય તો સારૂં. કેમકે નવમલ્લિ અને વકવલ્લિની વાતચિત ઉપરથી સમજાય છે કે ખરો રસ્તો તેઓ પૂરી નાખનાર છે; એટલે વાયુદેવ તે જ ચિન્તા કરતા પ્રવેશે અને યુક્તિ શોધી કાઢતા હનુમાનને બોલાવે તે ઠીક છે.

* પ્રાચીન કાવ્યમાળાવાળાઓનો તોડ અમને ઠીક લાગતો નથી. એઓ લખે છે. "આખા નાટકમાં એક પણ નૃત્યનો દેખાવ નહિ તેથી કવિએ નૃત્યની યોજના કરી લાગે છે." જાણે કે નૃત્ય હાલના નાટકોની પેઠે, પ્રેમાનન્દના વખતમાં એક આવશ્યક વિભાગ હોય. વખતે આ ટીકા તપત્યાખ્યાનના વેણિકાના પણ આવા અપ્રાસંગિક નૃત્યને ઉદ્દેશી હોય. માલવિકાગ્નિમિત્રમાં તો નૃત્યકળા શીખવાની છે એટલે એ કંઇ પ્રાચીન રૂઢિ ન કહેવાય.

છે તે ખોટું નથી પણ એમ છૂટું પાડવાથી જાણે એક ભવિષ્યમાં આવનાર પ્રવેશનું બી વવાતું હોય તેમ જુદું પડી જાય છે. ઉપલી રીતિએ સંધાણ સારૂં રહેશે.

પાંચમો અંક. પાચમા અંકમાં યુધિષ્ઠિર દ્રૌપદીની ચિન્તા વિષે પ્રશ્ન કરે છે ને ધૌમ્ય આવી અપશુકન સૂચવે છે, ત્યારે તેમને ભીમ નથી તેનું ભાન થાય છે. આખો આ પ્રસંગ અહિં યોગ્ય સ્થળે નથી. ચોથા અંકમા કોઈ સ્થળે વર્ણ્યો હોત તો એથી ઘણું સચવાઇ જાત. ભીમને ગયે સમય થયો છે, એ તો ત્રીજા અંકના અંતભાગમાં જણાય છે. ચોથા અંકની શરૂઆતમાં આ પ્રવેશ મૂકાયો હોત અને ભીમનું કંઈ જરૂરી કામ આવી પડવાથી યુધિષ્ઠિરાદિ તેને શોધતા આવ્યા હોત, અને રાક્ષસો અને વનદેવતાઓ સાથે થવાના ઉત્પાતનાં ચિહ્નો સૂચવતા હોત, તેથી દ્રૌપદી મુંઝાતી હોત, ગભરાટ વધતો હોત, યુધિષ્ઠિરાદિ પણ ગુસ્સે થવા જેટલી દશા પર આવી જાત ને દ્રૌપદી શોક કરતી કમળનું વૃત્તાંત કહેતી હોત અને સર્વ ગભરાતા ત્યાં દોડી જાત. આનું અનુસંધાન પાંચમા અંકમા આવી શકત. જ્યાં આ પ્રવેશ છે ત્યાંજ ભીમનાં પરાક્રમનાં ચિહ્નો જોતાં સર્વે આવે, ગભરાતા યુધિષ્ઠિરને નકુલ, સહદેવ ધૌમ્યાદિ એનું વર્ણન કરતા જાય, તો આ સ્થળે કવિની કલ્પનાને ઘણું જ ઉત્તમ સ્થાન મળી જાય, તેમજ કવિની પૂર્વ રચના પ્રમાણે રાખીયે તો જે સમયમા યુધિષ્ઠિરાદિ ભીમને પકડી પાડે છે તે સમય પુરતો નથી. ઘટોત્કચ આદિ રાક્ષસોની ગતિને લીધે વ્હેલા જઇ પહોંચે એ વાત ખરી, પણ તેથી ભવ્યતા કાયમ રહેતી નથી. આથી વાચકના મન ખેંચાતાં રહેતાં નથી. જ્યારે ઉપર પ્રમાણે પ્રવેશ દાખલ થવાથી ભવ્યતા વધે, મન ખેંચાયલાં રહે, અને ભીમના પરાક્રમનું ભાન પૂરેપુરૂં થાય, અને પ્રાચીન કવિઓની રૂઢિ પ્રમાણેનું લખાણ થવાથી એ ઢબના નાટકની ખૂબીમાં ઓર વધારો થાય અને દેશ અને કાલની સુસંગતિ કાયમ રહે.

વળી પાંચમા અંકમાં જે યુદ્ધપ્રસંગના શુકનો બતાવાયાં છે તે પણ યોગ્ય લાગતાં નથી. એ અપશુકનોથી ખરૂં જોતાં વનદેવતાઆદિના પ્રસંગો સૂચવાય છે. ભીમના પરાક્રમથી એ ઉત્પાત થયા લાગે છે. કેમકે જો યક્ષો સાથેના ભાવી સંગ્રામનું સૂચન કરતા હોય તો તે પ્રસંગ શરૂ થઇ ગયેલો હોવો જોઇએ કે જેની અસર વાતાવરણમાં ઉત્પન્ન થતાં વીચિ દ્વારા હૃદયમાં થાય, અને પક્ષીઆદિઓની ન્હાસભાગ પૃથ્વીઆદિનું ચલાયમાન થવું ઇત્યાદિ દર્શનોથી પોતાને પણ ભાવી દુઃખ કે યુદ્ધ પ્રસંગ આવી પડશે એમ માન્યતા થાય. જ્યારે ધૌમ્ય ગુરુનાં વચનોથી ટીકાકારો કહે છે તેમ તલવાડી પાસે યક્ષ સાથેનો ભાવી સંગ્રામ સૂચવાય છે (પા. ૩૨. પ્રસ્તાવના) એ બંધબેસ્તું આવતું નથી. કેમકે યક્ષાદિ સાથેનો પ્રસંગ તો હજી થવાનો છે. ભીમ હજી ત્યાં સુધી પહોંચ્યો નથી અને જે યુદ્ધ થાય છે તે તો ઘટોત્કચાદિ ત્યાં પહોંચે છે એટલે થાય છે ને તે એવું ભયાનક યુદ્ધ નથી. કેવળ શંખનાદથી જ યક્ષો તરફડી મરે છે. જ્યારે અપશુકન દર્શાવાતા શ્લોકોથી તો કંઇ જુદો જ ચિતાર મન પર ખડો થાય છે. જો અપશુકનના શ્લોકો સ્થાને ગણીયે અને તે શ્લોકોથી યક્ષો સાથેનું યુદ્ધ સૂચવાતું માનીયે તો યુધિષ્ઠિરાદિના પ્રવેશ પછી લાગલો આ જ પ્રવેશ આવવો જોઇએ. અને એમ થાય તો ઘટાસુરનો વધ થઇ શકતો નથી, અને જે માર્ગ કાપતાં ભીમને આટલો બધો વખત લાગ્યો, તે માર્ગ યુધિષ્ઠિરાદિ નિમિષ માત્રમાં કાપી શક્યા

(વખતે રાક્ષસોના માયાબળથી) આમ વિચાર કરવાથી અજુગતું ઘણું છે, અને ઘણા પ્રશ્નોનો કવિયે વિચાર કર્યો નથી.

ભારતવાક્ય.

વળી નાટકની સમાપ્તિ વખતે ભીમ અર્જુનને મળે છે. ભીમ સહસ્ત્ર પુષ્પ લઇ કુબેરને નમે છે. અહો સર્વે જણાં અહિં આવ્યાં છો ? તેના ઉત્તરમાં દ્રૌપદી કહે છે–જ્યા ધનેશ્વરનાં અનાયાસે દર્શન થવાનાં હોય, જ્યાં પ્રિયપાર્થ પધારવાના હોય, અને જ્યા સ્વેચ્છિત મળવાનું હોય ત્યા કોણ ના આવે ? અને પછી ધૌમ્યગુરુના પ્રશ્નાનુસાર યુધિષ્ઠિરના ભરતવાકયથી નાટક પૂરૂં થાય છે. અહિં એટલું જ કહેવાનું કે ભીમે દૂર રહીને જ દ્રૌપદીને પ્રસન્ન કરી. એને કમળ આપ્યાં નથી. આપ્યાં એવું માની લેવાનું જ રાખ્યું. વિક્રમોર્વશીયઆદિ નાટકોમાં કાર્યની સમાપ્તિ થયા બાદ ભરતવાકય આવે છે: ને ખરૂં જોતા જેના કાર્યની સમાપ્તિ થઇ હોય તેને પૂછાય છે ને વાકય બોલાય છે. અહિં એવું નથી. સમય એવો છે કે કુબેર ગુસ્સે થયા નથી. ભીમ પર પ્રસન્ન છે. તેમણે કહેવું જોઇએ કે હે ભીમ ! તું સહસ્ત્ર કમળ સ્વહસ્તે મેળવી શક્યો, તારી પ્રિયતમાને રીઝવી શક્યો ને મૃત્યુ પામેલા સર્વ યક્ષો પુનઃ સજીવન થયા છે તો કહે આથી તારૂં બીજું શું પ્રિય કરૂં ? અથવા તો ભીમ દ્રૌપદીને કહે કે–હે પ્રિયે ! જે કમળને માટે તું અતિ ઉત્કંઠિત હતી તે મેં તને આપ્યાં છે. હવે કહે બીજું શું તારૂં પ્રિય કરૂં ! અથવા તો જો કે યુધિષ્ઠિરને મુખે ભરતવાક્ય બોલાવવાની જરૂર નથી, છતાં પણ જો તેને જ આગળ રાખવા વિચાર હોય તો એટલું જ કહી શકાય– હે અજાતશત્રુ ! તું જે ભીમને માટે ઉત્કંઠિત હતો, તેવા વિજયી ભીમ સાથે મેં તને પુનઃ મેળવ્યો. હવે કહે બીજું શું અધિક પ્રિય કરૂં ! આમ કરવાથી ધૌમ્યાદિ જે અપશુકન સૂચવી યુધિષ્ઠિરને ભીમની પાછળ જવા પ્રેરે છે તેનો સંબંધ જળવાત. પણ જે છે તે પ્રમાણે જોઇએ તો લોમશ પ્રિય કર્યાનું કહે છે તેનો વિચાર કરવો જોઇએ. અજાતશત્રુ ! મેં મઘવાના કહેવાથી આ પ્રમાણે તારૂં પ્રિય કર્યું છે. શ્રવણ કર–

તીર્થ મહીના સઘળા, મા'ત્મ્ય મુનિના પ્રણામ સહભાખ્યા;
દિવ્ય કમળ આ મળિયાં, પ્રિયસુરદર્શન કુકષ્ટ નવ રાખ્યાં.

તથાપિ હે ધર્માત્મા તું કે' કે' કે આથી પણ હું તારૂં શું અધિક પ્રિય કરૂં. ?'

હવે અહિં ઉપલાં બે પાદમાં જે જે સૂચવાયું છે તે વિષેનું આ નાટકમા કાંઇ પણ સૂચન નથી. દિવ્ય કમળ મળવામા યુધિષ્ઠિરને કંઇ કહેવાનું નથી. ભીમ અને દ્રૌપદીને ઉદ્દેશી તે પ્રસંગ બને છે તેમ પ્રિય અને સુરનાં દર્શન કરાવવાના હતાં તે વિષે પણ નાટકમાં ઉલ્લેખ નથી. એટલે લોમશે પ્રિય કર્યાનું આ સ્થળ યોગ્ય નથી. શાકુન્તલ, વિક્રમોર્વશીય, મુદ્રારાક્ષસ આદિ નાટકોમા જો ભરતવાકયના અનુસંધાન જોવાશે તો થયલાં કાર્યને ઉદ્દેશી કહેવાય છે કે આ પ્રમાણે કર્યું હવે બીજું શું પ્રિય કરૂં ! એમાં જેનું કાર્ય કરવાનું હોય તેને જ ઉદ્દેશીને બોલાય છે. મુદ્રારાક્ષસમાં ચાણક્ય પોતાની પ્રતિજ્ઞા પુરી કર્યા વિષે શ્લોક બોલી પૂછે છે કે આટલું કીધું, હવે ચંદ્રગુપ્ત અને અમાત્ય રાક્ષસ બોલો બીજું શું પ્રિય કરૂં ! તે જ પ્રમાણે શાકુન્તલમાં મારીચ ઋષિ રાજા દુષ્યન્તને પોતાના નગરમાં જવાનું કહી આશીર્વાદ આપે છે. તે પ્રમાણે રાજા કરવાનું કબૂલ કરે છે ત્યારે મારીચ કહે છે કે હવે

તારૂં બીજું શું પ્રિય કરૂં ? માલતીમાધવમાં પણ વસ્તુને ઉદ્દેશીને જ પૂછાય છે. કામન્દકી શ્લોકમાં પૂછે છે કે તમારી અનેક મનોરથવાળી ઇચ્છાઓ પૂર્ણ થઇ ને મારા શિષ્યોયે લીધેલો પરિશ્રમ પણ સફળ થયો ઇત્યાદિ. તો હે રાજપુત્રો હવે જે બીજું પ્રેય કરવાનું હોય તે બોલો, અને પછી ભરતવાક્ય આવે છે. તેમજ રેષદર્શિકામાં નારદ, દ્વારકામાં વ્રજનું ભાન કરાવાય છે એટલે સત્યભામા, રૂક્મિણી અને સોળ સહસ્ર સુંદરી આદિને ઉદ્દેશી બોલે છે અને કૃષ્ણદેવ નારદજીની કૃપાદષ્ટિનું પરિણામ સૂચવે છે ત્યારે નારદ કહે છે કે વાસુદેવ ! કહો શું તમારૂં એથી અધિક શ્રેય કરૂં ! એ જ પ્રમાણે તપત્યાખ્યાનમાં કુલપતિ શ્લોકોદ્વારા–વૃષ્ટિ થવાનું, તપતી મળ્યાનું, વિયોગ મટવાનું આદિ જે જે વિષયો નાટકમાં રાજાને લગતા ઉપસ્થિત થયા છે તેનો ઉપસંહાર કરી તે પ્રાપ્ત થયાનું સૂચવે છે અને કહે છે—

"વાચ્છો શું પ્રિય આજ રાજ અમથી, કેવું ન કૈં કાનમાં."

આ પ્રમાણે ઉપર બતાવ્યું તેમ લોમશનું વાક્ય બરાબર નથી અને તેથી આખા નાટકની જે સમાપ્તિનો ભાગ છે તે ખૂબીથી ચિતરાયો નથી અને અતડો લાગે છે.

નાટકનાં પાત્રો.

આખા નાટકમા જે જે પાત્રો ચિતરાયાં છે તેમાં ધ્યાન ખેંચનારૂં પાત્ર ભીમનું છે. બાકી બધાં પાત્રો ઠંડાં લાગે છે. જટાસુરનું પાત્ર બે અંકે ખતમ થાય છે. એટલે ભીમના પ્રતિનાયક તરીકે સારી અસર કરી શકતું નથી. સ્મરવર્ધક શ્રીદામાના જેવું હાસ્યોત્પાદક પાત્ર છે. પરન્તુ જે ધ્યાન શ્રીદામો ખેંચે છે, કાર્યની ઝમાવટ આણવા જે જે ચાતુર્યભરી યુક્તિઓ શ્રીદામો કરે છે, તે સર્વનો વિચાર કરતાં સ્મરવર્ધકનું પાત્ર ફીકકું લાગે છે અને જો ખાસ વિચાર કરીયે તો નકામા જેવું પાત્ર છે. ફક્ત હાસ્ય ઉત્પન્ન કરે છે એટલું જ અને તે પણ પહેલા અંકમાં અને સ્હેજસાજ છેલ્લા અંકમા. બાકી તો એનું જે કાર્ય છે તે કોઈ સામાન્ય નોકર આદમી કે બ્રાહ્મણ પણ કરી શકે એમ છે. એનું સ્થાન કંઇ એટલું ઉત્તમ નથી કે જે મંત્રાનંદને મળવાથી તેનું કાર્ય સફળ થઇ પડે. તેમ જે હાસ્ય એ પાત્ર તરફથી પહેલો અંક વાંચતા અપેક્ષિત રહે છે, તેમાં આપણે કેવળ નિરાશા જ રહે છે. શ્રીદામા વિના રેષદર્શિકાખ્યાન લુલું થઇ જાય છે, અને રાજા વનમા એકલો રહે એના કરતાં વસંતક સાથે હોય એ સ્વભાવિક છે, કેમકે એ એનો સલાહકાર છે, તેમજ વસંતકની સૂચનાથી જ રાજાને કુલપતિનું સ્મરણ થાય છે ને વસિષ્ઠ પધારે છે, ને તપતી મળે છે, અને પહેલેથી ઠેઠ સુધી કાયમ રહે છે. સ્મરવર્ધકને હાથે એવું કંઇ મોટું કાર્ય પણ થઇ શકતું નથી. ફક્ત બધા બ્રાહ્મણો દોડા દોડ કરે છે ત્યારે સ્મરવર્ધક વસંતિકાનો આર્તનાદ સાંભળે છે અને તે કયાં પડી છે તે બધાને બતાવે છે. વળી તે દ્રૌપદીનો પ્રીતિપાત્ર મટી જાય છે, જ્યારે શ્રીદામો રૂક્મિણીની પ્રીતિ તત્કાળ સંપાદન કરી શકે છે, અને ખટપટી માણુસ છે એ બતાવાય છે. જો કે તે પણ પાછલા અંકોમાં નબળો પડે છે. પણ દારૂકનો રથ છોડાવી નાખવામાં અને સત્યભામાને મનાવવા જવામાં તે ફરીથી સહાય કરનારો થઇ પડે છે. ત્યારે સ્મરવર્ધકથી કંઇ સહાય થઇ શકતી નથી.

આ નાટકમાં નવાં નવાં પાત્રો આવ્યાં જાય છે. એક ભીમ નાયકની આસપાસ અનેક નવાં નવાં પાત્રો રૂપી વિવિધ પુષ્પો ગુંથાયાં છે. ત્યારે રેષદર્શિકામાં પાત્રો છે તેથી જ

સુસંગત માળા ગુંથાઇ છે. પાચાલીપ્રસન્નાખ્યાનના પ્રસંગો છૂટા છૂટા દેખાય છે, ને અનુસંધાનને યોગ્ય નથી: ત્યારે રોષદર્શિકામાં એક એકના પરિણામ રૂપ દષ્ટિગોચર થાય છે.

યજ્ઞવિધિનો પ્રસંગ, જટાસુરવધ પ્રસંગ, ભીમ અને ભૂતોના પ્રસંગ, હનુમાન ભીમનો પ્રસંગ, ભીમ અને યક્ષોના પ્રસંગ ખરેખર છુટા છુટા લેતાં અસરકારક છે. પોતે પોતાની અસર ઠીક કરે છે, પરન્તુ આખું નાટક એક દષ્ટિએ જોતા કોઇ મુખ્ય અર્થ સર્વે પોષતા હોય એમ દેખાતું નથી. વસ્તુસંકલના, પ્રસંગોની ગોઠવણ અને લખાવટ ચાતુરીભરી નથી, એટલે તે ફીકકું લાગે છે છતાં દશ્ય નાટકની દષ્ટિએ ન જોઇએ તો વાંચતાં કંટાળો આવતો નથી પણ આનંદ આવે છે અને રસ પણ ઠીક પડે છે.

તપત્યાખ્યાન

પ્રેમાનંદનું ત્રીજું નાટક તપત્યાખ્યાન છે.* આ નાટકમાં વસ્તુસંકલના પાંચાલી પ્રસન્નાખ્યાન કરતાં ઠીક વિચારપૂર્વક કરવામાં આવી છે. શરૂઆતથી જ રાજા કોઇ બીજીને પરણશે એવી શંકા બતાવતી રાણી દેખાય છે. પુત્રકામેષ્ટિ યજ્ઞની નિષ્ફળતા સૂચવી છે, પરન્તુ રાજા વ્યાઘ્રનો શિકાર કરવા જાય છે પછી પુનઃ તે યજ્ઞારંભ થાય છે અને રાણીને ગર્ભ રહ્યો છે, એનું ઘણુંજ ગૂઢ શબ્દોમાં સૂચન માત્ર થાય છે. તેમાં રાજાએ તપતીને મળવું અને પટરાણી પદ આપવાની ઇચ્છા દર્શાવવી અને ઘણા સમય પછી ગર્ભવતી થયેલી રાણીએ જાણવી અને એથી રાજાની કફોડી સ્થિતિ થવી અને તેનો કુલપતિએ ન્યાયપૂર્વક તોડ કાઢવો ઇત્યાદિ પ્રસંગોની ગુંથણી સારી થઇ છે. રાજા વનવાસ કરી રહ્યા છે ત્યારે રાજા વિના દેશની દશા કેવી થાય છે, પ્રજાને કેટલા પ્રકારનાં દુ:ખ પડે છે, સારા પ્રધાન અને સારા વહિવટદારો ન હોય તો પ્રજાની શી દશા થાય, પ્રધાન ચુંટવા તો કેવા પ્રકારના ચુંટવા, દુષ્કાળના સમયમાં કેવી રીતે પ્રજાને પાળી તેનું રક્ષણ કરવું, શત્રુઓથી કેવી રીતે ચેતતા રહેવું, રાજનીતિનાં અંગો કેમ યોજવાં આદિ વિષયોની ચર્ચા સારી કરાઇ છે. નૈતિક રાજનૈતિક અને ઉપદેશક તત્ત્વોનું કોકડું સારૂં ગુથાયું છે. સત્યભામાખ્યાનમાં બે સ્ત્રી હોવાથી પતિની કેવી દશા થાય છે તેનું ભાન કરાવાય છે, દૈવની અકળિત ગતીનો ખ્યાલ અપાય છે. પાંચાલી-

---

* આ નાટક ઉપરથી મુંબઇમા આર્ય નૈતિક નાટક કંપનીમાં "સૂર્ય કુમારી" નામે ખેલ મૂકાયો છે. ઘણો ફેરફાર થયો છે. પરન્તુ એ પરથી એટલું જણાશે કે હાલની રંગ ભૂમીપર આ નાટકો આવા ને આવાં સ્વરૂપમાં મુકાય એમ નથી. ઘણો ફેરફાર કરવો પડે. "સૂર્ય કુમારી" ઘણું પંકાયું છે છતાં તે નિર્દોષ ને ઉત્તમ છે એમ અમારૂં કહેવું નથી. ઘણા દોષો માલ્ર રહેલા છે. અસંગતતા ઘણી છે. તેમજ વલ્લભના દુ:શાસન રૂધિરપાનમાંથી એક ભાગ–દ્રૌપદી જ્યારે ભીમને દુ:શાસન વધ કરવા ઉશ્કેરે છે તે ભાગ–"સતી દ્રૌપદી"ના ખેલમાં આવી ગયો છે. કેટલાંક વાકયો તો વલ્લભમાનાંજ છે. વળી થોડા વખત ઉપર મુંબઇમાં રૂક્મણી સ્વયંવરનું નાટક ભજવાયું હતું. તેમાં સત્યભામારોષદર્શિકા નાટકમાના બીજા અંકમાં કૃષ્ણ સત્યભામાના મેળાપ વખતે ચંદ્ર અને બળદ વાળી યુક્તિનું અનુકરણ કરવામાં આવ્યું છે. તેમજ રોષદર્શન અને પારિજાતક વૃક્ષનો વિભાગ ઉપર્યુકત "સતી દ્રૌપદીમા" (દેશી નાટક સમાજમાં) ફેરફાર સાથે મુકવામાં આવેલ છે.

પ્રસન્નાખ્યાનમાં કપટ અને અભિમાનની પડતી વાચકનુ ધ્યાન ખેંચી રહી છે, પરન્તુ જન સમાજને હિતકર ઉપદેશો તો તપત્યાખ્યાનમા જ મળે છે. જેવી રીતે સત્યભામા અને કૃષ્ણનો મેળાપ શ્રીદામા અને નાગરીકાની યુક્તિથી થાય છે, તેવી રીતે તપતી અને સંવરણનો મેળાપ તપતીની બે સખીઓથી થાય છે. ત્યાં કૃષ્ણની સંમતિ છે તો અહીં તપતીની છે. ત્યાં કૃષ્ણ યુક્તિ કરી સત્યભામાને આકર્ષે છે, અહિ તપતી વ્યાઘ્રાદીની યુકિતથી સંવરણને આકર્ષે છે, સત્યભામા સ્વાભાવિક રીતે કૃષ્ણ પ્રતિ ખેંચાઇ હતી, તેમ તપતી પણ ખેંચાય છે. સત્યભામાના મેળાપ વખતે રૂકિમણી વિઘ્ન કર્તા થાય છે, તેમ અહિં સુલોચના રાજાની ખરી સ્થિતિ જોગણને વેશે જાણી જઇ વિઘ્ન નાખવા જાય છે, ને રીસાય છે. શ્રીદામાની યુક્તિથી વસ્તુ વિસ્તાર પામે છે, તો અહિં વસંતકના દોષથી રાણી આગળ ધટસ્ફોટ થાય છે, પણ તેથી વધુ વિસ્તાર થતો નથી.

આ જ પ્રમાણે પાંચાલીપ્રસન્નાખ્યાનમા કમળનો પ્રસંગ, સત્યભામાખ્યાનમાં પારિજાતક પુષ્પના પ્રસંગ જેવો છે. ત્યાં દેવી પુષ્પ છે, તો પાંચાલીપ્રસન્નાખ્યાનમા દૈવી કમળ છે. ત્યાં સત્યભામા અને કૃષ્ણ દેવને દૈવી પુષ્પની અપ્રાપ્ય સ્થિતિ વિષે કલહ થાય છે, તેમ અહિ દૈવી કમળ વિશે કલહ થાય છે. ત્યા કંઇક ગ્રામ્યતા પ્રસંગવશાત્ સૂચવાય છે તો અહિં જુદાજ પ્રકારની પ્રગતિ સૂચવાય છે.

આ પ્રમાણે ઉપર્યુકત નાટકોમાં કંઇક સમતા દેખાય છે. પરન્તુ તપત્યાખ્યાન અને પાંચાલીપ્રસન્નાખ્યાનમાં તેવી સમતા દેખાતી નથી. કંઇક દેખાય તો એટલી જ કે ભીમના ત્રાસથી વનદેવતાઓ અને યક્ષના અનુચરો કંપી ગયા છે, ને રક્ષણ કરવામાં નિષ્ફળ થાય છે, ત્યારે તપત્યાખ્યાનમાં રાજાની ગેરહાજરીથી દુષ્કાળથી પ્રજા અતિ પીડાય છે અને કાર્યદક્ષ વહિવટદારો પણ રક્ષણ કરતાં મુઝાય છે. મંત્રાનંદ પોતાની માયાથી દ્રૌપદીનું હરણ કરે છે, ત્યારે અહિ તપતી માયાથી વ્યાઘ્રરૂપ ધારી સખીઓ દ્વારા સંવરણને આકર્ષે છે. ભીમ વિના પાડવો પીડાય છે તો અહિં રાજા વિના પ્રજા પીડાય છે.

વસ્તુ સૂચન.

પ્રાચીન કાવ્યમાળામાં બતાવ્યું છે વમ કવિ સવિતાનારાયણના સંસ્કૃત કવિ શ્રીનિવાસના તપતીસંવરણનાં નાટકના ભાષાંતરને વિસ્તૃત સ્વરૂપમાં આ નાટક મૂકાયું હશે. અમને એ નાટક મળી શક્યું નહિ એટલે કંઇ કહી શકતા નથી. પણ સંસ્કૃતમા ત્રિવેન્દ્રમ સંસ્કૃત સીરીઝમાં મહા કવિ શ્રી કુલશેખરવર્માનું તપતીસંવરણનું નાટક અમારા જોવામાં આવ્યું. બન્નેની વસ્તુ-સંકલના અને પ્રસંગો તદ્દન જુદા છે. શરૂઆતમાં રાજાને છોકરાં ન હોવાથી તે દુઃખી સ્થિતિમાં દેખાય છે. રાણી પુત્રપ્રાપ્તિ માટે ઘણા નિયમો અને ઉપવાસો કર્યા કરે છે. રાણીને મળવા રાજા જાય છે ત્યાં એના પ્રેમમાં પડેલી તપતીનું કર્ણપૂર મળી આવે છે, જે ઉપરથી તેને જોઇ નથી છતાં રાજા તેના મોહમાં પડે છે. બીજા અંકમાં મદન પીડિત થયેલી તપતીને રાજા પ્રત્યક્ષ જુએ છે. સખીઓના પરસ્પર થતા સંલાપથી રાજા તપતીની સ્થિતિ કળી જાય છે, ને સંપૂર્ણ મોહવશ થાય છે. ત્રીજા અંકમા સૂર્યની ઉપાસના કરવાથી તપતી મળશે એમ મેનકા રાજાને કહે છે તેથી તે તીવ્ર તપ આદરે છે. ચોથા અંકમાં સૂર્યના પ્રસાદથી તપતી સાથે લગ્ન થઈ ગયાં છે, અને તપતીને પુત્ર પ્રસવ થાય છે, પણ

રંભાની માયાથી તે સ્વપ્ન હોય એમ લાગે છે. એવામાં મોહિનિકા નામની રાક્ષસીના રાજાએ સો પુત્રો મારી નાખ્યા હોવાથી રાજાને છેતરવા તે માયા રચે છે. પાંચમા અંકમાં સૂર્યની આજ્ઞાથી તપતીને સૂર્યલોકમાં જવું પડે છે. રાજા તેને શોધતો ફરે છે એવામાં દુકાળ પડયાના વર્તમાન પ્રધાન લાવે છે, તેથી રથારૂઢ થઇ તેની નિવૃત્તિ કરવા જાય છે. છઠ્ઠા અંકમાં મોહિનિકા રંભાના રૂપે રાજાને તપતી મરી ગયાના સમાચાર કહે છે, અને તપતીને મેનકાના રૂપમાં રાજા મરી ગયાના સમાચાર કહે છે તેની સખીઓને પણ તેવું જ કહે છે એથી બધા મરવા તૈયાર થતા અકસ્માત એક એકને મળી જાય છે. અહિ વસિષ્ઠ મુનિ તપતીના પુત્ર સાથે આવે છે, મોહિનિકાને ક્ષમા અપાય છે ને તપતી પુત્રને ઓળખે છે ને સર્વ સારૂં થાય છે.

આ નાટક ઉપલા ત્રણે તપતીસંવરણનાં નાટકોથી જુદું જ પડે છે એ સહજ દેખાશે. જો કે થોડુંક આરંભમાં સામ્ય છે ખરૂં.

પ્રસ્તુત નાટકમાં કવિ પ્રસંગો સામસામા તોળતા હોય એમ લાગે છે એક બાજુ દેશની દુઃખદ સ્થિતિમાં પ્રધાનની મુઝવણ છતાં કાર્યદક્ષતા. બીજી બાજુ રાજાની કામપીડિત દુઃખપૂર્ણ સ્થિતિ ને તેમા વિદૂષકની મૂર્ખતા એક બાજુ પુત્રેષ્ટિયજ્ઞની નિષ્ફળતા ને રાણીના માનસિક દુઃખ અને રાજાના પરિણય વિષે શંકા. બીજી બાજુ તપોવનના ઋષિઓનો ત્રાસ ને તેમનાં દુઃખ. એક પાસ પ્રધાને દેશની સ્થિતિ સુધારવા તીવ્ર પ્રયાસો કરવા, બીજી બાજુએ રાજાએ તપતીને પ્રાપ્ત કરવામા આખું માનસિક બળ અજમાવી દેહને કષ્ટવો, એક બાજુ તપતીની વિરહવેદના બીજી બાજુ રાજાની. આ પ્રમાણે પ્રસંગોનું નિરીક્ષણ કરતા નાટકમાં ઘણું વિચારીને મનન કરવા જેવું છે એ સાફ દેખાય છે.

છતા નાટક દોષ રહિત નથી. જેમ નવીનતા અને નવીન પ્રસંગો છે, તેમ પ્રવેશો, વિચારો અને લખાણમા પિષ્ટપેષણ અને પુનરુક્તિ પણ ઘણી છે.

અંક ૧ લો. પહેલા અંકમાં પ્રેક્ષક કે વાચક વર્ગ આગળ પુત્રેષ્ટિ યજ્ઞની નિષ્ફલતા બતાવી છે. તે જ નિષ્ફલતાનું વિવેચન પાછું બીજા પ્રવેશમાં વસંતકને મોઢે રાજા આગળ થાય છે. સર્વે એમ માની જ શકે કે આ બાબતની રાજાને ખબર પડી છે. નથી પડી એમ બતાવવાથી કંઇ નવીન પ્રસંગ ઉભો થતો નથી, કે કંઇ નવું તત્ત્વ સાધવાનું નથી. નાટકમાં આવાં કેટલાક વૃત્તાંતો તો પ્રેક્ષક કે વાચક વર્ગને સમજી જ લેવાના હોય છે. નહિ તો નકામાં પિષ્ટપેષણથી કંટાળો આવે. ફક્ત આ પુનરુક્તિથી વિદૂષકનો સ્વભાવ બતાવાય છે, તે તો બીજી કોઇ રીતે બતાવી શકાય. પછીના બે પ્રવેશો પણ નિરર્થક છે. પહેલો જેમા માલતી વલ્લિકા અને માધવી આવી લપેડ કરે છે, અને પછીથી સુલોચના આગળ જાહેર થાય છે. આમાં બે જ નવી વાત છે. એક તો પુત્રકામેષ્ટિયજ્ઞની મુદ્દત લંબાઇ છે.* અને બીજું રાજમાતાએ રાજાનું બીજુ લગ્ન કરવા પ્રયાસ કર્યો છે તે આ બન્ને વાતો એવી છે કે પહેલા જ પ્રવેશમાં કુલપતિ ગયા પછી તરત જ સુચવી દેવાય. અથવા તો તે હોય ને સૂચવાય. છે તેમ રાખવાથી કોઇ જાતનો અર્થ સચવાતો

---

* શા માટે ? મુહુર્ત નથી તેથી–કવિએ શા કારણથી લંબાવ્યો હશે તેનું કારણ નથી આપ્યું લંબાવ્યો ન હોય તો રાણી સગર્ભા વ્હેલી થાય અને તેવા ચિહ્ન સંપૂર્ણ દેખાયા હોય તો રાજમાતા તેને વનમા જવા ન દે.

નથી ને રસ સ્થાપિત થતો નથી. ફકત સ્ત્રીઓની ભાષા આલેખવાની તક કવિને મળે છે. વળી જે પ્રસંગમાંથી બીજો પ્રસંગ ખીલે નહિ અથવા તો રસ જામે નહિ તેવા પ્રસંગની આવશ્યકતા નથી.

છેવટનો ભાગ જ્યાંથી તપોવનનો ગભરાટ અને તપતીનો પ્રવેશ થાય છે, એ બન્ને પ્રવેશો સારા ચિતરાયા છે તેમજ અસર સારી કરી શકે છે. રંગભુમિની દૃષ્ટિયે તેની અસર એટલી બધી નથી, પરન્તુ સંવરણુ વાઘણુને મારવા જાય છે ત્યારથી પછીની સિપાઇઓની લપેડ નકામી છે. ઉલટું રક્ષણાર્થે આવેલા સિપાઇઓની નબળાઇ બતાવી ખોટી છાપ વાચક ને શ્રોતા વર્ગ પર પડે છે. તેમ જ વસંતક અને સમરસિંહના પ્રવેશથી ખાસ કંઇ ફલિત થતું નથી. કેવળ નિરર્થક ગભરાટનો સંચાર થાય છે. ખાસ પ્રયોજન કંઇ સચવાતું નથી, તેમજ પછીના અંકમાં કોઇ પ્રવેશ સાથે તેનું અનુસંધાન નથી.

અહિ એક પ્રશ્ન થાય છે કે મૂળ મહાભારતના ઇતિહાસને ફેરવી, તપતી શા કાજે માયાવી વ્યાઘ્ર અને વાઘણની સહાય લે છે? રાજાને જોવા ઇચ્છતી હતી તો દૈવી શક્તિવાળી હોઇ રાજાને તેના અંતઃપુરમા જોઇ શકત, નહિ તો મૃગયા કરવા જાત ત્યારે જોઇ શકત. છતાં તેમ ન કરતાં નિર્દોષ મુનિઓના લોહી ઉકળાવે છે તે શું પાપ નથી? હોય; પણુ અમે ધારીયે છીએ તેમ તપતી પ્રેમાવેશમા એ મર્યાદા ઓળંગી જાય છે, તેમજ પોતાના પ્રિયમાં કેટલી નિડરતા છે, પરાક્રમ કેવું છે તે સ્વતઃ જોઇ શકે. તેમજ એની શૌર્યમયી મૂર્તિમાંથી પ્રતિક્ષણુ સ્ફુરતી સુન્દરતાનો નયનથી ઉપભોગ કરી શકે, જે દશ્ય અન્તઃપુરમાં જોવાનું મળી ન શકે. તેમ જ ત્યાં રાણી સ્વતઃ હોય એટલે રાજાનું મન પોતાના પર પ્રેમભર્યું લાગે નહિ. છતાં અહિં એક નવીન અનુમાન થઇ શકે છે કે આ પ્રસંગ પ્રાચીન પદ્ધતિનો નથી લાગતો. હાલનાં નાટકો જે રંગભૂમિ ઉપર ભજવાય છે ને જ્યાં આવાં શિકારનાં દશ્યો ભજવાય છે તેની અસરનો છે. કાવ્યમાં ભલે શિકારને મૃગયાનું વર્ણન આપી શકે, પણુ નાટકમાં તો એ દશ્ય લાવવાને રંગભૂમિ પરનો થોડો ઘણો પણુ અનુભવ ન હોય ત્યાં સુધી તે ન આપી શકે. અમે આગળ બતાવીશું તેમ આ નાટક પડદા આદિની કલ્પિત ગોઠવણુ વિના લખી શકાય તેવું જ છે નહિ, અને તેને માટે અધકચરો પણુ નાટક જોવાથી અનુભવ મળેલો હોવો જ જોઇએ.

અંક ૨ જો

બીજા અંકમાં તપનદેવ અને ધન્વંતરી તપતીની તબિયત જોય છે, કે તરત કંચુકી ઇન્દ્રનો સંદેશો લાવે છે. તેમા સંવરણુના યજ્ઞાદિ બંધ થવાથી તે સંબંધી વિચાર કરવાનું સૂચવાય છે, આથી ફક્ત સંવરણુના રાજ્યમાં ભાવી દુષ્કાળનું સૂચન થાય છે. પરન્તુ એનું મુખ્ય અનુસંધાન કવિના ધ્યાનમાં રહ્યું નથી. દેવલોકની કોઇ વ્યક્તિ મનુષ્યલોકમાં પરણે તેને માટે ઇન્દ્રાદિ દેવોની અનુમતિ ઠીક દેખાય. ઇન્દ્રાદિ દેવો જ તપનદેવને કહે કે તમે તપતીનાં સંવરણુ સાથે લગ્ન કરો. તેમ થાય તો સંવરણુ રાજ્યમાં જાય ને યજ્ઞાદિ થવાથી આપણે રહીયે. આ બાબતનું સૂચન ચોથા અંકમાં વસિષ્ઠની આગળ તપનદેવે કર્યું હોત તો ઠીક થાત. નહિ તો સૂર્યદેવ ઇન્દ્રસભામાં ગયા ને શું કર્યું? ઇન્દ્રસભામાં બોલાવવાનું પ્રયોજન

સચવાતું નથી અને તેથી કંચુકીનો પ્રવેશ નિરર્થક થાય છે. કેમકે એ બાબત તો પ્રધાનાદિના પ્રવેશ ઉપરથી સમજાય છે.

અહિં કોઇ એવો પ્રશ્ન કરે કે ધન્વંતરીના નિદાન બાદ તપનદેવે તપતીને સંવરણ સાથે તરત કેમ ન પરણાવી ! એટલો જ ઉત્તર આપી શકાય કે બન્નેના પ્રેમની પરાકાષ્ઠા જોવાની છે. એક માનવી અને બીજું દેવી. બન્નેનો પ્રેમ હૃદયનો છે એવું સમજાય ત્યાર પછી તેની અનુમતિ અપાય. તેમ જ સંવરણ માનવી હોવાથી તે તપતીની માગણી કરે, અને વસિષ્ઠ જેવા મહામુનિ તે અર્થે આવે તો ના પાડી શકાય નહિ. બાકી દેવની પુત્રી માનવ સાથે પરણે એ અઘટિત દેખાય.

બીજો પ્રવેશ જે દુઃખથી પીડાતા પદાતિનો છે તેમાં લપેડ ઘણી છે ને મહત્ત્વ ઘણું ઓછું છે.

ત્રીજા પ્રવેશમા રાજા એકદમ વસંતકને બોલાવી પ્રેમગાથા કહી દે છે એ સ્વાભાવિક નથી. સુષેણાદિને તે હમણાં જ દેખે છે. વસંતકને બોલાવે છે તો એ સર્વને મોકલી દીધા બાદ રાજા વસંતકને કહે અથવા વસંતક રાજાની સ્થિતિ જોઇને પ્રશ્ન પૂછે ને રાજા તેને ઉત્તર આપે એ વધારે સ્વાભાવિક દેખાય. રાજા વસંતકને કહેવા આતુર ભલે હોય પણ પરિજનના દેખતાં તે તેને કાનમાં કહે ને પરિજન ખસી જાય, એ યુક્તિ ઠીક નથી લાગતી. વળી તરત દૂત આવે છે અને વસંતકને સુષેણ બોલાવે છે ને પૂછે છે, ને જાણે વસંતક સુષેણનો જાસુસ હોય તેમ બધું તેને કહી દે છે. યુક્તિપૂર્વક સુષેણ કઢાવતો હોય તો ઠીક અસર થાય. આ તો મનમાં આવ્યું તે પ્રમાણે કવિએ ગોઠવી દીધું લાગે છે. સ્વાભાવિક દેખાય એવું નથી.

અંક ત્રીજો

ત્રીજા અંકમાં વેણિકા નાયકાનું ખાસ પ્રયોજન નથી. એટલું જ સમજાય છે કે રાજા નથી છતાં પણ રાજા વિનાનું બધું અંધેર, એવું ગામમાં ન ચર્ચાય અને સચિવ તેની કેટલી સંભાળ રાખે છે, તે બતાવવા પૂરતું છે. બાકી તો જેમ પ્રાચીન કાવ્યમાળાવાળા પાંચાલીપ્રસન્નાખ્યાનમાં દ્રૌપદીના નાચ વિષે ટીકા કરે છે કે "આખા નાટકમા નૃત્યનો એક પણ દેખાવ નહિ તે કવિને ઠીક નહિ લાગ્યું હોય તેથી તેણે દ્રૌપદી પાસે નૃત્ય કરાવવાની યોજના કરી હોય એમ લાગે છે", તેમ તેમના મતાનુસારે લોકોને રીઝવવા હાલ નાટકોમાં જેમ પગો નપગો નાચ ગોઠવવામા આવે છે તેમ આ નાટકમાં કર્યું હોય. પણ જો એમ હોય તો સત્યભામાખ્યાનમાં કેમ નાચ ન મૂક્યો ને જો મૂકવો એવી ધારણા હોય તો પ્રેમાનંદના વખતમાં આવા નાટકોમા નાચ થતો હતો ? અમને તો એમ લાગે છે કે કવિ એમ બતાવવા ઇચ્છે છે કે રાજરહસ્ય સાચવવા પુરતા કેટલીક વાર ઘણા ખોટાં ખરચ પણ કરવા પડે છે.

શિવાનંદ અને બ્રહ્માનંદનો પ્રવેશ નિરર્થક છે. કારણકે ગત બે પ્રવેશથી જ સૂચવાઇ ગયું છે કે સુલોચના અમુક કાર્યદક્ષ રક્ષકો સાથે વનમાં રાજાને ઢુંડતી આવી છે. એટલે શિવાનંદ અને બ્રહ્માનંદ દ્વારા એ અર્થ સ્ફુટ કરવા જરૂર રહેતી નથી. સાથે આવેલા મનુષ્યો કોણ હતા, તે પણ સૂચવાયલું છે, પ્રત્યક્ષ દેખાડવાનું છે અને વાતચિતપરથી સમજાવવાનું

છે એટલે તેની પણ જરૂર નથી. એટલે આ પ્રવેશ પિષ્ટપેષણ કરે છે અને નકામો છે. વળી માધવી, માલતી અને સુકેશીની વાતચિતમાં જોગી વેશ લેવાની યુક્તિ બતાવી છે, એટલે તે અર્થનું આથી પોષણ કરવાની જરૂર નથી. રાજા ધ્યાનગ્રસ્ત દેખાય ત્યાં જ ત્રણે જણીઓ આવે અને તેમના પ્રથમ બે ત્રણ વાક્યો ઉપરથી તેઓ કોણ છે અને શા કાજે આવી છે તે સમજાય એટલે જુદા પ્રવેશની જરૂર રહેતી નથી.

ચોથો અંક

ચોથા અંકમાં રામસિંહ, રણજીતસિંહ અને માધવીની વાતો નકામી છે. રાજાના મુખમાંથી રાણી ધીચ ઝાડીમાં અલોપ થઇ ગયાનું સ્પષ્ટ છે, તે જ વાત ફરીથી માધવી કરે છે. રાજાને મળે છે ત્યારે ફરીથી તે જ વાત ચર્ચાય છે. વળી માધવી ક્રોધ કરીને જોગી વેશમાં જાય છે તેથી પણ કાંઇ ફલિત થતું નથી. તેમ જ કોઇ પ્રસંગ સ્થાપિત થતો નથી. ફક્ત સાથે રહેલા સરદારોની જરા મુંઝવણ દેખાડે છે. પણ તેથી કંઇ પ્રયોજન સચવાતું નથી, તેમ જ એ લોકો રાજાને આવી મળે છે તેથી કંઈ ઝાઝો અર્થ સચવાતો નથી. સૈનિકો રાણીને ખોળી કાઢશે એટલી રાજાને ચિન્તા ઓછી થાય છે. એટલું એમ ન થયું હોત તો રાજાના પ્રેમની પરાકાષ્ટા વધારે સારી રીતે બતાવી શકાત.

પાંચમો અંક

પાંચમો અંક સંવરણ અને તપતીના શૃંગારથી શરૂ થાય છે. એ દૃશ્ય મૂકવાનું શું પ્રયોજન છે? રાજાને તરછોડી રાણી ગઇ પછી તેનું શું થયું તે જ ચર્ચવાનું બાકી રહ્યું છે અને તે કુમારના પ્રવેશથી જણાઇ આવે છે. અગારે કહેવું પડશે કે આ પ્રવેશો લખવામાં કવિએ થાપ જ ખાધી છે. રાણી રાજાને તરછોડી ત્રીજા અંકને છેડે જાય છે. ત્યાર પછી ચોથા અંક અને ત્રીજા અંક વચ્ચે કોઇ પણ રીતે અમુક માસનો ગાળો કલ્પી શકાય તેમ નથી. કારણકે માધવી સમરસિંહ રાજાની આગળ વાત કરે છે તે પરથી એમ સમજાય છે. રામસિંહનો પ્રવેશ થતાં જ જે વાકયો છે તે પરથી જ એની પ્રતીતિ થાય છે. રાણીની તપાસ કરતાં તે ન મળ્યાની ખબર સુષેણને વીરકેતુ આપે છે તે પરથી પણ સમજાય છે કે તે વાતને વખત બહુ થયો જ નથી. પણ ઘણા થોડા દિનની વાતો છે. ત્યાર પછીથી તપતીનાં લગ્ન થાય છે તેટલા સમયમા બેથી ત્રણ વર્ષ વીતી ગયાં એ માની શકાતું નથી; તેમ કોઇ પણ ઠેકાણે એનું સૂચન કરવામાં આવ્યું જણાતું નથી. વળી રાજા ધ્યાન ધરી બેસવાના છે, ને તેમાં સૂર્યદેવનું અને કામદેવનું સૂચન તો અંકની શરૂઆતમા જ તપતીના ગયા પછી થાય છે, અને તે ધ્યાનમા પણ રાજાનું ચિત્ત ચોટતું નથી; એટલે વસિષ્ઠમુનિ રાજાની સમક્ષ પધારે છે તે પ્રવેશ પણ તરતનો જ સમય સૂચવે છે. વળી પછીના પ્રવેશમાં વસિષ્ઠ-મુનિ તપનદેવના લોકમાં જાય છે તેને પણ દૈવી શક્તિ પ્રાપ્ત થઇ હોવાથી સમય ઘણો જ થોડો લાગે. એટલે રાણી ગુમ થયા પછીથી રાજા અને તપતીનાં લગ્ન થાય છે તે સમય ઘણો નથી. વધારેમાં વધારે એક જ માસ મૂકી શકાય. હવે પાંચમા અંકમા જે પ્રથમ પ્રવેશમાં રાજા અને તપતીનો શૃંગાર છે, તેમાં રાજાના અતિ ઉન્માદભર્યા વર્તનથી એમજ માની શકાય છે કે તે પ્રસંગ પણ લગ્ન થયા પછી તરતનો જ છે. વસંતક જ્યારે ગભરાય છે અને તપતી જડતી નથી તેને માટે શંકા કરે છે કે તે સૂર્યલોકમાં ચાલી ગઇ હોય, તેની શંકા નિવારવા તમાલિકા કહે છે કે "ભાઇ વસંતક' નરેન્દ્રવધૂ થતા જ

તેની ઉર્ધ્વ ગતિનો અવરોધ થયો છે," આ શબ્દો તો સાફ સૂચવે છે કે લગ્ન થયે સમય ઘણો જ અલ્પ થયો છે. વળી તપતીને રાજા ગાઢાલિંગન આપે છે ત્યારે જાણે તમાલિકાને છેલ્લી મળવા ઇચ્છતી હોય તેમ કહે છે–" એક વાર મને તમાલિકાને મળી લેવા દો." અને તેના ઉત્તરમા રાજા કહે છે કે "તમાલિકાને આજ સુધી મળી તોએ તૃપ્ત ન થઇ?" આ પરથી પણ સાફ જણાય છે કે આ પ્રસંગ લગ્ન પછીનો તાજો જ છે. વળી તરલિકા અને તમાલિકાને પણ પૃથ્વીપર તપતીના લગ્ન બાદ વધુ વખત રહેવાની જરૂર નથી. કારણકે તેઓ દૈવી છે. સેવા કરવા રહી શકે એમ મનાતું નથી. જેમકે વિક્રમોર્વશીયમા ઉર્વશી પુરૂરવાને પ્રાપ્ત થયા પછી ચિત્રલેખા ત્યાં રહેતી નથી તેમ જ રાજાના શબ્દો "નવોઢા તું જેવી, કદિક પતિથી જો ડર તજે" એ જ સૂચવે છે. લગ્ન થયા બાદ તપોવનમા બે વર્ષ ગુમાવાનું કારણ? કવિએ સુલોચનાને શોધવાનું કે વનમા વિહાર કરવાનું બતાવ્યુ નથી. ઉલટું પ્રજા પીડાય છે, દુષ્કાળ છે માટે વ્હેલા જ જવું જોઇએ, એટલે આ પ્રસંગ લગ્ન પછી તરત જ ઉભો થાય છે. આ પ્રસંગ પછી તરતનો પ્રસંગ કુમારનો છે. કુમાર બોલે છે, ચાલે છે, તોફાન કરે છે તે ઉપરથી તે આશરે ઓછામા ઓછો ત્રણ વર્ષનો હોઇ શકે. જ્યારે ઉપર બતાવ્યું તેમ વિચાર કરીયે તો, રાણી જે ગર્ભવતી હતી અને જેને પૂરા માસ થયા નહોતા (થયા હોત તો રાજ્યમાતા તેને વનમા ન જવા દેવા માટે એક કારણ રૂપ ગણત) તેને પુત્ર પ્રસવ થયો અને તે ત્રણ વર્ષ જેટલો મોટો થયો, એમ માનવું યોગ્ય નથી અને તેથી સમયની વિચારણામાં કવિયે ભુલ કરી છે. જો એમ કહીયે કે પછીના પ્રવેશો ઘણા આવે છે તેથી રંગભુમિ ઉપર કે શ્રોતાના કે વાચક વર્ગના મન પર તેટલા સમયની છાપ પડી શકે છે, અને નાટકનો સમય ત્રણ વર્ષનો સૂચવાય છે, તો એનો જવાબ એટલો જ કે કેટલાક પ્રવેશો એવા પ્રકારના આવવા જોઇએ કે જે મોટા અન્તરે થયા હોય. જ્યારે અહિં બનતા પ્રસંગો થોડા જ વખતમા બની ગયા છે એમ પ્રસંગોના અનુસંધાન ઉપરથી સ્પષ્ટ જણાય છે. પછી કવિએ ખુલ્લો ઉલ્લેખ કર્યો હોય તો પણ નકામું અને તેટલા પ્રવેશો આલેખવામા તેની ખામી. આ ઉપરથી એમ પ્રતીત થશે કે કુમારનો પ્રવેશ તદ્દન અજુગતો છે. કવિએ એવી બારી રાખવી જોઇએ, એવાં વાક્યો પાત્રોના મુખમા યોગ્ય અવસરે મૂકવાં જોઇએ કે તે જેટલા સમયનું અન્તર કલ્પવા ઇચ્છે તેટલા સમયનું અંતર સુસંગત દેખાય. શાકુન્તલમા શકુન્તલા ગર્ભવતી છે અને તેને રાજા પાસે મોકલાઇ છે, રાજા તિરસ્કારે છે અને મેનકા લઇ જાય છે, પછી વીટી મળવાથી રાજાને તેની સ્મૃતિ થાય છે. આટલો ભાગ વાચવાથી વાચકના મન પર અસર થાય છે કે શકુન્તલાના નવ માસ પુરા થવા આવ્યા છે. પછી રાજા ખિન્ન થાય છે, ઇન્દ્રનું તેડું આવે છે, યુદ્ધ કરવા જાય છે ને યુદ્ધમા જીતીને આવે છે, ઇન્દ્રરાજાને ત્યા રહે છે, માન પામે છે, પાછો આવે છે તેટલો સમય એ ત્રણ વર્ષનો કલ્પી શકવામા કોઇ જાતનો વાધો આવતો નથી. કેમકે યુદ્ધ તો ઘણાં વર્ષ ચાલે. એ તો દેખીતું જ છે કે તપત્યાખ્યાનમાં રાણી ગર્ભવતી થઇ રાજા પાસે જાય છે તે ભાગ અને પછી જે કુમારની ચેષ્ટાઓ બતાવાય છે તે ભાગ, ખાસ કરીને પાછલો ભાગ શાકુન્તલના એ ભાગોના અનુકરણ રૂપે છે.* ફક્ત રચના જુદી છે.

*તેમ જ, ત્યાં મરીચિ ઋષિનો આશ્રમ છે, અહિં વસિષ્ઠના શિષ્યનો છે ત્યા પણ પુત્રદ્વારા શકુન્તલાનો મેળાપ થાય છે, તેમ અહિં પણ પુત્રદ્વારા મેળાપ થાય છે. એમ જોઇએ તો ઘણા ભાગોનું અનુકરણ છે.

કુમારના પ્રવેશમાં કવિયે કોઇ જાતનું ચાતુર્ય બતાવ્યું નથી. ફક્ત શાકુન્તલમાંના સર્વદમનના પાત્રનું અનુકરણ કરી આ બાળકના મુખમા બાળકોની ભાષા મૂકી છે. બાકી એથી કંઇ છાપ પડતી નથી. ત્યારે પાંચમાં અંકમાં ખાસ પ્રયોજન શું? એટલું જ કે પટરાણી કોણ થાય! સુલોચના કે તપતી? સુલોચના ક્રોધથી રાજાને તરછોડી ગઇ છે. કેમકે તેણે તપતીને તે પદ આપવા જણાવ્યું છે, ને પાંચમા અંકમાં તપતી તે પદની માગણી કરે છે. તેનો તોડ વસિષ્ઠ મુનિ કરે છે એટલે નિકાલ થાય છે. અમે તો એમ માનીયે છીએ કે સંવરણ અને તપતીનો શૃંગાર વર્ણવાનો અવસર મળે, કુમારની બાલ્યભાષા લખવાનો પ્રસંગ મળે માટે પાંચમો અંક લખ્યો ને તેથી નાટકની ગણતીમા આવે એમ કર્યું. બાકી તો ચોથે અંકે જ નાટક પૂરૂં થાય છે. પાંચમા અંકના શૃંગારના દશ્યથી કાંઇ બે ત્રણ વર્ષની મુદત બતાવી શકાતી નથી, એટલે યુક્તિપૂર્વક સુલોચનાનો મેળાપ વસિષ્ઠમુનિ કરાવી શકત. કેમકે સુલોચના પોતાના શિષ્યના આશ્રમમાં જ હતી તેમ જ સુષેણાદિ સર્વ ત્યાં આવી શકત. આથી અમે એમ કહીએ છીએ કે પાચમો અંક લખવા માટે લખ્યો. તેનાં પોષક તત્ત્વ રૂપે જે બીજો મૂકાયા છે તે સબળ નથી. કાણુર કે સમયનું અન્તર બતાવનારા યોગ્ય પ્રવેશો નથી.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે કવિની શક્તિ વિષે અમને હલકો અભિપ્રાય છે. અથવા તો કવિના દોષ જ જોવાની કે છીંડાં ખોળવાની અમને ઇચ્છા થઇ છે. ત્રણે નાટકો વાંચતાં પ્રથમ માન અમને કવિની ભાષા માટે થયું છે. કવિનો પ્રયાસ સ્તુત્ય છે. પરન્તુ પ્રાચીન કવિઓની પદ્ધતિ પૂરેપુરી જાળવી શક્યા નથી, અને લખાણમાં ઘણે સ્થળે શક્તિ મન્દ પડે છે. આ પ્રમાણે કવિના નાટકો વાંચતાં જે જે અમને લાગ્યું તે તે લખ્યું છે. સુજ્ઞ જનો અમારી ચૂક થતી બતાવશે તો કૃપા હશે.

નાટકો ભજવાય ખરાં? ભજવાયાં હશે?

હવે આ નાટકો હાલ ભજવવાની સ્થિતિમાં છે કે કેમ? પ્રેમાનંદના સમયમાં તે ભજવવા જેવાં હતાં કે નહિ?–એ પ્રશ્નનો વિચાર કરવા પ્રયાસ કરીએ. આધુનિક રંગભૂમિને યોગ્ય આ નાટકો છે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર આપવામાં રંગભૂમિપર શોભે એવાં નાટકો લખવામાં કેટલાં દષ્ટિબિન્દુઓ ધ્યાનમાં રાખવાં પડે છે તેનો વિચાર કરવો પડે. સ્થળસંકોચને લીધે મુખ્ય બે ચાર મુદ્દાઓ તપાસીશું. કોઇ મહા વિદ્વાન હોય, કલ્પનાઓ પ્રેરણાઓ અને આવેશથી ઉભરાતો હોય, વસ્તુસંકલનામાં ચતુર હોય, પાત્રો આલેખવામાં કુશળ હોય, પ્રસંગ આણવામાં કળાવાળો હોય, છતાં પણ જ્યાં સુધી તેણે રંગભૂમિપર ભજવાતા નાટકોનું નિરીક્ષણ કર્યું ન હોય, ત્યા સુધી નાટકમાં વપરાતી ભાષા અને લખાણ હાથ આવવું મુશ્કેલ છે. આધુનિક રંગભૂમિમાં લેખકનો મુખ્ય ગુણ એ જ હોવો જોઇએ. નાટકની ભાષા અને લખાણ એટલે શું? એનું વિવેચન કરવા એક જુદું જ પુસ્તક લખવું યોગ્ય લાગે છે. છતાં એટલું ધ્યાનમાં રાખવાનું કે જે જે ભાવો, અભિનયથી અને મુખપર હૃદયોર્મિને લીધે કે કોઇ કળાથી તેનો આવિર્ભાવ કરવાથી સમજાતા હોય તેને શબ્દમાં મૂકવાની જરૂર નથી. કોઈ વાર પ્રસંગવશાત્ તેમ કરવું પડે એ જુદી વાત છે. કોઇ પણ વાતનું પિષ્ટપેષણ થવું ન જોઇએ. ભાષામાં નકામા શબ્દો ન જોઇએ. જેમ ઓછા શબ્દો વાપરવાથી અર્થ સૂચવાય તેવી વાક્યરચના કરવા જરૂર છે.

ઉપર બતાવ્યું તે પ્રમાણે તપત્યાખ્યાનમાં અનેક વાર પિષ્ટપેષણ થયાં છે. ચુંથણાં અને ટાયલાં પણ ઘણાં છે. ભાષા નાટકને લાયક નથી. જો કે ઘરગથુ વપરાતી ભાષાથી વાંચવામાં ઘણી મઝા પડે છે. ભાષા નાટકની નથી તો તેવા કેવી રીતે થાય એનો ખ્યાલ ઉદાહરણથી આપીશું. તપત્યાખ્યાનમાં પ્રેમાનંદના પ્રથમ પ્રવેશને આ પ્રમાણે ગોઠવી શકીએ.

સુલોચના—સખી ! મદનમંજરી તો ગઇ તે ગઇ. પુત્રેષ્ટિયજ્ઞ થયો કે નહિ તે જાણવા કુલપતિને તેડવા મોકલી છે. સવારના આર્યપુત્રયે ગયા છે, તેનીયે ભાળ નથી. ઓ સખી ! શું કરૂં ?

સુકેશી—મદનમંજરી હવણાં આવશે. ને મહારાજ તો તારા વિના અન્ન જળ પણ લે એવા નથી. પછી ચિન્તા કા કરે !

સુલોચના—હું સંતાનહીન છું તેથી સાસુજી આર્યપુત્રને એક બે નવીન કન્યા પરણાવવા ઇચ્છે છે. સખી ! તું જાણે છે ને કે ભાયડાને ભમરા બેય સરખા. ભમરો એક વેલીને વળગી રહે નહિ ને ભાયડા એક પત્નીમાં બંધાઇ રહે નહિ.

(દ્વારપાલિકા× આવી નમન કરે છે.)

દ્વાર—દેવી ! કુલપતિ પધારે છે.

(મદનમંજરી ને કુલપતિ આવે છે ને પાદપ્રક્ષાલન કરે છે)

વસિષ્ઠ—વત્સા ! તારૂં કલ્યાણ થાવ.

કીર્તિ લક્ષ્મી અને કાંતિ, સ્વામી સુખાદિ સૌ મળો,
સ્વેચ્છા સફળ તો થાશે, શાંતિરૂપે ધને રળો;

સુલોચના—(વિધિપુરઃસર સન્માન કરીને) મહારાજ ! બિરાજો.

(આસન બતાવે છે.)

વસિષ્ઠ—શું બિરાજું ! તને પુત્રપ્રાપ્તિ થાય તે માટે યજ્ઞ કર્યો પણ—

યજ્ઞારંભ કર્યો રૂડે મનગમી, વાતો સહુ તો બની,
ઇચ્છા પૂર્ણ થઇ, ગઇ દુઃખ વ્યથા, ધાર્યું બન્યા સૌ ધની.
પૂર્ણાહુતિ હતી તદા થઇ પીડા, કર્મે લખ્યું કો કળે !
પુરોડાશ અશુચિ શુનીથી થયો, હા ! વિધિ કેવો ફળે ! !

સુલોચના—અરેરે ! શું એમ બન્યું ! ઓ ભગવાન્ ! મને દૈવે પણ દગો દીધો !

વશિષ્ઠ—દેવી ! એ તો આપણાં પ્રારબ્ધ.

કરમતણું ન કાંઇ કાર્ય સીધે,
પુરુષપ્રયત્નથી કર્મ કંપી બીધે.
પુનરપિ કરૂં યજ્ઞ સર્વથા હું,
દુઃખ દૂર થાય તજો ન વ્યથા તું.

(સુલોચના પ્રણામ કરી નમે છે.)

દ્વાર—(આવીને) મહાદેવી ! રાજમાતા કંઇ કામસર આપને સત્વર બોલાવે છે.

× દ્વારપાલિકા સાથેની સુલોચનાની તકરાર નકામી છે.

વસિષ્ઠ—વત્સે ! સત્વર જા. તારી મનકામના પૂર્ણ કરવા હું પણ બનતી ઉતાવળે કાર્ય કરીશ.
સુલોચના—મહર્ષિની કૃપા

આ નાટકની ભાષા થઇ. જે છે તે સ્થિતિમા જ જો સઘળા પ્રવેશો ભજવાય તો શ્રોતાજનોને સાંભળતાં કંટાળો આવે, અને જે કંઇ નાટકની ખૂબી છે તે મારી જાય. એ વાત ખરી છે કે જેવું ઘરમાં કે રાજમંદિરમાં બને છે, જેવી વાતચિત થાય છે, તેવું જ કવિએ બરાબર બતાવ્યું છે. પરન્તુ તે રંગભૂમિને યોગ્ય નથી. એટલે કે આ નાટકની પદ્ધતિ શ્રાવ્ય કાવ્યની છે, અથવા તો નવલકથામાં જે વાતચિતના પ્રસંગો લખાયા હોય છે તેવી છે. ફેર એટલો જ દેખાય છે, કે અહિં પ્રસંગો નાટકની ઢબપર મૂકી ચર્ચાય છે, જ્યારે નવલકથામાં તેમ નથી થતું. ત્યાં આખી વાર્તા કથનરૂપે કથાય છે. જો કે આ નાટકમાં કેટલાક પ્રસંગો એવા છે કે તેને નાટકી ઢબમાં લખેલા કહી શકાય, તો પણ તેમાં કેટલાક શબ્દો અને વાક્યો કાઢી નાખી, ટુંકાં અર્થમય વાક્યો લખવાની જરૂર છે.

પાંચાલીપ્રસન્નાખ્યાનમાં આવી પદ્ધતિ છે ખરી, પણ લખાવટ નાટકની નથી. તેમજ કેટલાક પ્રસંગો નાટકના લગતા નથી. જેમકે પહેલા અંકનો પહેલો પ્રવેશ. આ પ્રસંગ અમે બતાવ્યું તેમ જુદી જ રીતે ઉપસ્થિત થવો જોઇએ, ને લખાણ જુદા જ પ્રકારનું થવું જોઇએ. જેમ છે તેમ રંગભૂમિપર અસર કરી શકે નહિ પણ મોળું પડી જાય. તેમ જ યજ્ઞનો પ્રસંગ છે તે સ્થિતિમાં રંગભૂમિપર ઝામી શકતો નથી. આખો પ્રસંગ જુદી જ રીતે ફેરવી નવી જ લખાવટથી લખાવો જોઇએ. એ વિષે અમે ઉપર સુચન કરી ગયા છીએ.

પ્રથમ પ્રવેશનું નાટકને યોગ્ય લખાણ નીચે મુજબ થઈ શકે.

મંત્રાનંદ—(આવે છે) વેર, વેરની આગથી બળી રહ્યો છું. મંત્રાનંદ રૂપ ધારી જટાસુર ! બ્રાહ્મણ વેશમાં રહ્યો છતાં શું ઓળખાઇ ગયો ! મારી માયા કંઇ કરી શકી નહિ ! ના, ના હવે જાળ પાથરી હું એવું કરીશ કે આ દ્રૌપદીનો વિશ્વાસ મેળવી પાંચે પાંડવોનો નાશ કરીશ ને દ્રૌપદીને સાથે લઇ જઇશ. એક વાર દ્રૌપદીને જો અનાયાસે મળું—(સામેથી દ્રૌપદી આવે છે ને તેને જોઇ દુઃખી થતો દીન બની ઉભો રહે છે ને નિઃશ્વાસ નાખે છે.)

દ્રૌપદી—અરે ! આ કોણ ? ભૂદેવ ! યજ્ઞ ત્યાં થાય છે ને તમે અહિ !

મંત્રાનંદ—દેવી ! હું બ્રાહ્મણ છું એમ કોણ માને છે ?

દ્રૌપદી—શું મારા પતિ-મહારાજ યુધિષ્ઠિર છતા આમ બોલો છો !

મંત્રા—હું દેવી ! મારા મંત્રના જોરે હું સર્વનાં હૃદય પારખું છું. છતાં શું બન્યું તે સાભળ.

ભૂસુર પાર વિના મળીયા, યશ ગાય ઘણા મન આશ વધારી,
દાન સુમાન સમાન ગણી કરી, દે મતિમાન સુકીર્તિ પ્રસારી.
માંત્રિક માનિની ! તેં થકી મેં નવ, પાંડવ અસ્રથી દૃષ્ટિ નિવારી,
વૈમ પડયો નૃપના મનમાં અતિ, તે ભુલ ભામિનિ ! છે જ અમારી.

એટલે અજાતશત્રુએ મહર્ષિ લોમશનું ધ્યાન ખેંચ્યું, એમણે મને અનેક પ્રશ્નો પૂછ્યા, બીજે ટીકા કરી, એટલે ઘટોત્કચ મને પકડવા આવ્યો. મહારાજ ધર્મરાજે એને ખાળ્યો.

મારું સન્માન કર્યું. છતાં હજી ધટોત્કચ મને શંકાભરી દૃષ્ટિથી જોય છે એટલે મારું હૃદય અતિ ખિન્ન થાય છે. તેથી અહિ આવ્યો છું.

આ પ્રમાણે આ પ્રવેશ આગળ લખી શકાય. તેમજ રોષદર્શિકાસત્યભામાખ્યાન માટે સમજવું. અત્ર વિસ્તાર ઘણો થાય એ ભયથી વધુ ટિપ્પણ કરતા નથી. કેવળ પહેલા અંકના બીજા પ્રવેશનું જરા નિરીક્ષણ કરીશું.

કૃષ્ણદેવ—શ્રીદામા ! સ્યમંતક મણિએ તો મને બાલ્યાવસ્થા પ્રાપ્ત કરાવી અને કાંચનપુરીને વેલીવાળું વ્રજ બનાવ્યું. અરેરે-સખા ! મારો પરિશ્રમ પણ સિદ્ધિપ્રદ થયો નહિ !

શ્રીદામો—શેનો થાય ! વ્રજવનિતાની આતરડી કકળાવી અહિ આવી વસો, એટલે એના નિસાસા કેમ ન નડે ! (બાજુમાંથી રૂક્મિણી જાય છે.)

કૃષ્ણ—અરે ! શ્રીદામા ! કોઇ જન આમ ગયું એમ મને લાગે છે.

શ્રીદામો—દેવ ! અહિં તો કોઇએ નથી. હાં–હાં. સમજ્યો આપના જેવાને તો એમજ થાય.

કૃષ્ણ—શું ત્યારે હું ચોર છું ?

શ્રીદામો—લોકો કહે છે. હું નહિ.

કૃષ્ણ—તો તેમની પ્રતીતિ કર કે એમ નથી.

રૂક્મિણી—(સ્વ) પ્રસંગ તો મણિનો જ નીકળ્યો લાગે છે. ગુપ્ત રહી સાંભળું તો ખરી.

શ્રીદામો—મહારાજ ! વ્રજમાં તો રાધિકાના કૃપાકટાક્ષને લીધે ચોરીના આળમાથી છૂટતા, તેમ અહિં જો કોઇના કૃપાકટાક્ષ મળે તો.

કૃષ્ણ—હા-સખા ! સત્ય કહ્યું-કેમકે

> કૃપાકટાક્ષથી સખા ખરા તથાપિ છૂટતા,
> નથી કૃપાકટાક્ષ તેથી જૂઠ માહિ લૂટતા;
> કરે કૃપાકટાક્ષ કો હું મુક્ત કારણે બિયા !
> ખરા ઠર્યાતણા લહો કહો ઉપાય છે કિયા !

રૂક્મિણી—અરે ! દેવ આ મૂઢ ગોવાળીયાની સલાહ માને છે શું ?

શ્રીદામો—મહારાજ ! એવાં કૃપાકટાક્ષ, તો સત્રાજિતસુતા સત્યભામા સાથે પરિણય થવાથી મળે તેમ છે.

—ઇત્યાદિ

આ ઉપરથી સમજાશે કે આ નાટકો હાલની રંગભૂમિને માટે યોગ્ય નથી. ઘણી વાર વિદ્વત્તાભર્યા સરળ ને સારા લખાણો રંગભૂમિ પર નકામા જાય છે, એનું કારણ એટલું જ કે રંગભૂમિની ભાષા અને લખાવટનું લેખકોને પૂરતું ભાન હોતું નથી. લોકો સમજતા નથી એમ નથી, પરન્તુ રંગભૂમિ ઉપર તે ફિક્કું અને મોળું પડે છે. જ્યારે પુસ્તકમાં વાંચતાં તે આકર્ષક હોય છે.

હવે આ નાટક અને પ્રાચીન સંસ્કૃત નાટકોની લખાવટનું અવલોકન કરીયે.

આ નાટકો અને પ્રાચીન સંસ્કૃત નાટકો

સાક્ષરશ્રી કેશવલાલ પ્રા. કા. ટીકાકારોના મતને મળતા થઈ લખે છે, " સંસ્કૃતમાં કાલિદાસ અને ભવભૂતિને બાજુએ મૂકીયે તો બીજાં જે નાટકો રચ્યાં, એનાથી એ ઉતરે એવાં કહી શકાય નહિ. " (પ્રેમાનંદ પા. ૨૧) આ પક્ષપાતી દૃષ્ટિબિન્દુથી પ્રેરાયલું વાક્ય છે. આ ત્રણે નાટકો માં ફક્ત રોષદર્શિકાસત્યભામાખ્યાન જ એક નાટક છે જે કેટલેક અંશે વિશાખદત્તના મુદ્રારાક્ષસને અને શુદ્રકના મૃચ્છકટિકને તોલે આવી શકે. બાકીનાં નાટકો કવિ હર્ષદેવનાં નાટકો કરતા ફક્ત પ્રસંગ અને વસ્તુસંકલનામાં જ કંઇક ચઢે એમ છે. કવિતા અને લખાવટમાં તેનાથી ઉતરતાં છે એમ અમારૂં માનવું છે. જે ખીલવટ, રસની ઝમાવટ,ને લખાણની કળા ઉપલાં નાટકોમા જોવામાં આવે છે તે આમાં નથી, વસ્તુસંકલનામાં પાંચાલીપ્રસન્નાખ્યાનમાં પણ કવિએ થાપ ખાધી છે, એ અમે ઉપર બતાવ્યું છે. પ્રસંગની ખીલવટમાં બીજા અંક સિવાય અન્ય સ્થળે કવિની કલમ લથડી છે એ પણ બતાવ્યું છે. સંસ્કૃત નાટકોમાં જે નાટકની ભાષા જોવામાં આવે છે તેવી ભાષા તપત્યાખ્યાનમાં નથી. એ ઉપરિ ઉક્ત કવિઓનાં નાટકોની ભાષા તપાસતાં સહજ જણાશે. એ કવિઓનાં કોઇ પણ નાટકમા પિષ્ટપેષણ–વિચારોની પુનરુક્તિ, ભાષાનું લંબાણ, વાતચિતનાં નકામાં ગુંથણાં, નકામા પ્રવેશો જોવામાં આવતા નથી. તેમ જ શ્લોકો પર ધ્યાન આપતાં કલ્પનાઓ જે સંસ્કૃત કવિઓનું કવિત્વશક્તિનું મુખ્ય ક્ષેત્ર છે તેમાં આ નાટકોની કવિતાની કલ્પનાઓ ઘણી જ ઉતરતી છે. રોષદર્શિકાસત્યભામાખ્યાનમા પાત્રો ઘણાં જોરદાર છે ને કવિતામાં કંઇક સારી કલ્પનાઓ છે. તેમ જ મુખ્ય બે પ્રસંગો સત્યભામાનો કૃષ્ણ સાથે મેળાપ અને સત્યભામાનું રોષદર્શન જોરદાર છે, જો કે લખાવટ તેમાયે કંઇક નરમ પડે છે. ભાસનાં નાટકો કરતા આ નાટકો ચઢે કે નહિ તે વિચારવા જેવું છે. એટલું તો કહીશું જ કે લખાવટ અને નાટકો ભાષામાં તો ઉતરતાં છે જ. પ્રસંગ અને વસ્તુસંકલનામાં ચઢે. પરન્તુ તે વખતે નાટકો ઘણાં જ થોડાં, નહિ જેવાં, એ કળા પણ ખીલેલી નહિ. આ વાતનું સ્પષ્ટીકરણ તો સંસ્કૃતનાટકોના પ્રવેશો લઈ આ નાટકના પ્રવેશો સાથે મૂકી સરખાવીયે ત્યારે થાય. અહિ સ્થળસંકોચને લીધે તે વાચકવર્ગને માટે જ રાખીયે છીએ. સામાન્ય દૃષ્ટિએ જોઇએ તો સંસ્કૃત કવિઓને કલ્પનાના ઉદ્દગાર કાઢવા શ્લોકો લખવાનાં અનેક સ્થળ મળે છે, ત્યારે આ નાટકોના લેખકને તે બહુધા પ્રાપ્ત થતાં નથી. આ લેખકનું ધ્યાન યમક અને પ્રાસ મેળવવામાં જ ગુંથાયું છે, ત્યારે સંસ્કૃત કવિઓ કલ્પનામાં જ આનંદ મેળવી રહ્યા છે. સંસ્કૃત કવિઓ આખા અંકમાં એક જ રસ મુખ્ય ને કોઇ વખત તેને પોષક બીજા અંગોભૂત રસો ઝમાવે છે, જ્યારે આ નાટકોમાં મોટે ભાગે રસ ઝમાવી શકાતો નથી. કારણ એટલું જ લાગે છે કે આ નાટકોના લેખકે પ્રવેશોની ગુંથણી હાલનાં રંગભૂમિ પર ભજવાતાં નાટકોને અનુસરતી કરેલી છે. રંગભૂમિનો પૂરો અનુભવ નહિ એટલે એમાં ઉપર બતાવ્યું તેમ કવિએ છક્કડ ખાધી છે. ત્યારે કેટલાક પ્રવેશો બાદ કરીયે તો પ્રાચીન સંસ્કૃત નાટકો કરતાં આ નાટકોના અંક ઉતરતા દેખાઇ જ આવશે. પાત્રાલેખનમાં પણ ચંદ્રગુપ્ત, ચાણક્ય, રાક્ષસ વગેરે પાત્રો મુદ્રારાક્ષસમાં; વસન્તસેના, ચારુદત્ત, શકાર આદિનાં પાત્રો મૃચ્છકટિકમાં જીમૂતવાહન નાગાનન્દમાં, વત્સરાજ, સાગરિકા અને વાસવદત્તા રત્નાવલિમાં; દુર્યોધન, ભાનુ-

મતિ અને ભીમ વેણીસંહારમાં: વાસવદત્તા અને પદ્માવતી સ્વપ્નવાસવદત્તમાં; એમ જોતાં તપત્યાખ્યાન અને પાંચાલીપ્રસન્નાખ્યાનનાં પાત્રો કરતાં તે ચઢીઆતા ખરા જ. કોઇ કહેશે કે પાત્રોની સરખામણી થઇ શકે તેમ નથી. તો એટલો જ ઉત્તર કે પાત્રોના આલેખન કરવાની શક્તિનો ખ્યાલ સહજ આવી શકશે. પ્રસંગો અને વસ્તુસંકલનાની ખૂબીમાં મુદ્રારાક્ષસ મૃચ્છકટિકથી આ નાટકો ઉતરતા છે એ પણ સહજ જણાશે. આ પ્રમાણે જો તપાસીયે તો સાક્ષરશ્રી અને પ્રા. કા. ટીકાકારોના મતથી અમારે વિરુદ્ધ પડવું પડે છે.

આ નાટકોનો સમય વિચારતા પોતે લખે છે, "જે વખતે સંસ્કૃતમાં પણ પંડિત કવિઓને હાથે સારાં નાટકો લખાતાં બંધ પડયા હતા, અને હિન્દુસ્થાની કે મરાઠીમાં નાટક મૂળમાં લખાયાં જ ન હતાં, તે વખતે કાલિદાસ, ભવભૂતિ, વિશાખદત્ત, હર્ષદેવ, શુદ્રક અને નારાયણે મળી જેટલાં નાટકો લખ્યાં છે, તેટલાં પ્રેમાનંદે એકલે લખ્યા" જ્યા પ્રેમાનંદનાં ફક્ત ત્રણ જ નાટકો બહાર પડયાં છે અને બીજાંનો તો હજી પત્તો જ નથી, અને જે છે તે ઉપરિ ઉક્ત કવિના નાટકોની તુલનામા એકદમ આવી શકે તેમ નથી (રોષદર્શિકા બાદ કરીશું) ત્યાં તો ઉપલી ટીકા થાય છે. ભાવ એવો ધ્વાનત કરવામા આવે છે કે નાટકો લખ્યાં ને વળી ઉત્તમ લખ્યાં, એટલે લેખકની શક્તિ ઉપરિ ઉકત કવિઓ કરતાં વધારે! જે સમયે સંસ્કૃત નાટકો લખાતાં બંધ પડયા હતાં એ સમયની મગરૂરી લેવા જેવું નથી. કેમકે પ્રસિદ્ધિ પામેલા કવિઓના નાટકના સંસ્કાર સારા જ હતા. વળી તે વખતમાં સંસ્કૃત નાટકો લખાતા બંધ પડયા હતાં એ શા પરથી જાણ્યું? લખાયલા સારાં નાટકો કાં હજી અમુદ્રિત ન હોય! શું બધાં નાટકની હસ્તલિખિત પ્રતો એમણે વાંચી છે? વળી તેઓ લખે છે "કે ગુજરાતીમા અત્યાર સુધીમાં રચાયલાં બીજાં બધાં નાટકોથી આ નાટકો ચઢીઆતાં છે." પ્રા. કા. ટીકાકારો પણ આવી જ ટીકા પ્રયોજે છે. પ્રથમ તો ઉપર બતાવ્યું તે પ્રમાણે આ નાટકો ભજવવા જેવી સ્થિતિનાં નથી. વળી જે આધુનિક નાટકો લખાય છે, તે રંગભૂમિને માટે જ લખાય છે. તેમાં ભાવનાઓ ઉંચી આવી શકે, પરન્તુ ઉંચી કલ્પનાઓને સ્થાન નથી. કારણ કે પ્રેક્ષક વર્ગમા એટલી ગ્રહણશક્તિ નથી. એ વાત ખરી છે કે પાત્રાલેખનમાં ઘણાં નાટકો સત્યભામાખ્યાનના પાત્રો કરતા ઉતરે છે. પરન્તુ આ નાટકો ભજવવા યોગ્ય હોઇ, તેની સાથે આ નાટકો જે ભજવવા યોગ્ય નથી તેની સરખામણી કરવી નિરર્થક છે. રણછોડભાઇ ઉદયરામના નાટકોનો મોટો ભાગ રંગભૂમિને માટે જ લખાયલો હતો અને તે પણ સમયના લોકોની ગ્રહણશકિતને અનુસરતો જ. મણિલાલ નભુભાઇનાં નાટકો પણ રંગભૂમિને ઉદ્દેશીને લખાયલાં. દોલતરામ કૃપારામનું અમરસત્ર નાટક જુદા પ્રકારનું છે. એટલે આ નાટકોની સરખામણી ઉપરિ ઉક્ત નાટકો સાથે કરવી યોગ્ય નથી.

નાટક લખાયાં તે સમય.

હવે મૂળ બાબતનો વિચાર કરીએ. પ્રેમાનંદે નાટકો લખ્યાં માની તે લખાવાનો સમય વિચારીએ. આ નાટકોમાં વ્રજવાસી, મહારાષ્ટ્રી અને **गुर्जराणां मुखं भ्रष्टम्** બોલનારાઓના મુખમા ધૂળ નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ત્યારે જે મહાન્ વિગ્રહ પુરાણીઓ સાથે થયો તેનું સૂચન માત્ર પણ નથી. અહિં તો ભાષા પરત્વે ઉપલો ઉપક્ષેપ છે એમ માનીયે, તોપણ એ કલહ ચાલતો હતો, તો તેની આખા નાટકમાં કોઇ સ્થળે પણ છાયા આવવાનો

સંભવ છે. કારણ કે જે વાતાવરણમાં કંઇ લખાયું હોય તેમાં તે વાતાવરણનાં પરમાણુઓ પ્રવેશે, એ સ્વાભાવિક છે. કેમકે એની અસર મનપર ઘણી રીતે પડેલી હોય છે, ને પ્રેમાનંદના વિષયમાં તો તેમ હતું જ. એટલે આ નાટકો કલહ થયા પૂર્વે કે પછી લખાયા હોય એમ માનવું સુયોગ્ય છે. વળી પ્રકાશકો લખે છે કે તેમને મળેલી પ્રત પ્રેમાનંદના શિષ્ય વીરજીને હાથે લખાયલી છે. એનો વિચાર કરીએ. તે સમયમાં આવા નાટકો કેવળ નવીનતા રૂપ હોવાથી જોનાર અને લખનાર એની પ્રશંસા કરે એ સ્વાભાવિક છે. વીરજી પ્રેમાનંદનો એક વિશિષ્ટ શિષ્ય હતો. તેણે આ પ્રત લખી હોય તો પોતાના કોઇ કાવ્યમાં પોતાના ગુરુના તદ્દન નવીન પ્રયાસની પ્રશંસા કરવાનું મન થાય અને તેમ કરે. એનાં બીજાં કાવ્યોનું ભલે સૂચન ન હોય, પણ આનું સૂચન થવા સંપૂર્ણ સંભવ છે. કેમકે ગુર્જર સાહિત્યમાં આ નવો ને પ્રથમ જ સ્તુત્ય પ્રયાસ છે. વીરજીનો કવનકાળ વિ. સં. ૧૭૨૦ થી વિ. સં. ૧૭૪૨ નો ગણાય છે. એટલે ૧૭૪૨ પછી પ્રેમાનંદે નાટક લખ્યાં એમ ધારી શકીયે. અને સં. ૧૭૪૮ ના અરસામા પુરાણીઓનો કલહ શાંત પડયો હોય તો સં. ૧૭૫૦ કે તે પછી નાટકો લખાયાં એમ માનવાને હરકત નથી.

નાટકો ભજવાયાં હશે?

હવે એ સમયે નાટક ભજવાયાં હશે? આ પ્રશ્નનો ઉકેલ ઘણો મુશ્કેલ છે છતાં વિચાર કરીએ. પ્રેમાનંદે ગુર્જર ભાષાની અધોગતિ દેખેલી; સાહિત્ય ઘણુંજ નબળું દેખેલું અને તેથી આવેશમાં આવી ગુર્જર સાહિત્યનો અને ગુર્જર ભાષાનો ઉત્કર્ષ કરવા એક દીલથી મંડયા એ સર્વમાન્ય છે. પુરાણીઓ સાથે કલહ થયલો તેમા પુરાણીઓ કેટલોક સમય ફાવેલ અને લોકોને તે વખતે પુરાણીઓ પ્રિય હતા. તેઓનું પુરાણ છેક સાદી, સરળ અને સહેલી ભાષામાં થતું. પ્રેમાનંદના ભગીરથ પ્રયાસે વાતાવરણ ફેરવ્યું અને લોકોને પોતાની તરફ આકર્ષ્યા. પ્રેમાનંદનાં બે ચાર કાવ્યો બાદ કરીએ તો બીજાં કાવ્યો સાદી અને સરળ ભાષામાં જ લખાયાં છે. આ ઉપરથી એમ માનવું થાય છે કે શ્રોતા વર્ગ ઘણો કેળવાયલો ન હતો. ભાષાજ્ઞાન, ઉચ્ચ ભાવનાની પ્રશંસાશક્તિ, કવિત્વશકિતમાં આહ્‌લાદન કરવાની ઊનતા એ સમયના લોકોમાં હોવાનો સંપૂર્ણ સંભવ છે. જ્યાં સુધી બીજાં નાટકો આ નાટકોની પૂર્વે હતાં એમ સિદ્ધ થયું નથી ત્યાં સુધી તો આ જ નાટકો પ્રથમ લખાયાં એમ માનવું પડે છે. તેમજ પૂર્વે બીજાં ગુજરાતી નાટકો ન હોવાનો સંભવ સંપૂર્ણ રહે છે. હોત તો વ્રજવાસી કે મહારાષ્ટ્રી કે બંગવાસી તેવા પ્રયોગોનો પણ ઉપહાસ કરે છે એમ સૂચવ્યું હોત. તેમજ પ્રેમાનંદે પણ તેવાં નાટકનો ઉલ્લેખ કર્યો હોત. પ્રેમાનંદને તેવાં નાટકોની ખબર ન હોય એવો સંભવ ઓછો છે, કેમકે જે મનુષ્ય પ્રથમ નાટક લખવું શરૂ કરે તે સ્વભાવીય બીજાં નાટકો કેવાં લખાયાં છે તે જોવાનો પ્રયાસ કરે જ અને ભજવાતાં નાટકનો ઉલ્લેખ કરે. એણે પ્રયાસ કર્યો ને ન મળ્યાં, એટલે સુધી જવું એનો અર્થ એ જ કે હવે પણ નહિ મળે. એટલે આ નાટકો પ્રથમ જ લખાયલાં. એટલે આવાં ભવાઇ આદિ કરતાં ઘણી ઊંચી પંક્તીનાં નાટકો તે વખતે જનસમૂહ આગળ ભજવાતાં નહિ. તેમજ ઉપર અનુમાનથી માન્યું તેમ તે સમયના જનસમાજનો મોટો ભાગ પણ કેળવાયલો નહિ અને ખાસ સાહિત્યરસિક પણ નહિ. કેવળ પુરાણીઓનાં પુરાણ સાંભળવામાં, રાસલીલા કે ભવાઇ કે જાત્રા આદિ ભજવાતાં જોવામા આનંદ લેનાર હતો. એટલે એવા જનસમૂહ આગળ કૃષ્ણ આદિની ઉચ્ચ સંસ્કૃતમય ભાષાવાળાં નાટકો

ભજવાયાં હોય એમ અમને લાગતું નથી. અને ભજવાયાં હોય તો લોકપ્રિય થયાં નથી એ દેખીતું જ છે. એટલે જેવી રીતે શેક્સપીયરના સમયમાં શેક્સપીયરના નાટકો વખણાયાં નહિ, મિલ્ટનને પંદર પૌંડ માટે અમૂલ્ય પુસ્તક વેંચવું પડયું, શેલી અને કીટસની ખૂબીઓ હવણાં જ જણાવા માંડી છે તેમ પ્રેમાનંદના નાટકોનું થયું એમ માનવું પડે.

પ્રેમાનંદનાં નાટકો વિશે શંકા.

પ્રેમાનંદે આ નાટકો લખ્યાં તો ત્યાર પછીના આશરે બસો વર્ષમાં એનું અનુકરણ કરનાર કોઇ પણ ન નીકળ્યું ? એના આટલા બધા શિષ્યોમાંથી નાટકો લખવામા એણે કોઇને પણ પ્રોત્સાહન ન આપ્યું ? (વલ્લભે લખ્યાં કહેવાય છે. પણ કહેવાય છે એટલું જ) ને આપ્યું ને લખાવ્યાં તો તે પણ હજી ગુપ્ત જ રહ્યાં ? ત્યારપછીના સમયમાં નાટકો લખાયાં હોય તો તે બધા જ ગુપ્ત રહ્યા ? ગદ્યસાહિત્યની તે વખતે નવીનતા હોવાથી શું એમાં કોઇએ ફાળો ન જ આપ્યો ? જો આપ્યો હોય તો એ નવીનતા હોવાને લીધે તેનો વધુ ફેલાવો થવા સંભવ છે નાશ થવાનો નહિ. જ્યારે નાના મોટા કવિઓની કવિતાના ગ્રંથો હજી અમુદ્રિત મળે છે, તો આવાં નાટકો જે કેવળ તે વખતે ગદ્યસાહિત્યમાં નવીનતા રૂપ જ હતા, તે સાચવી અને જાળવી રાખવા પ્રયાસ ન થાય અને ન મળે એ સંભવતું નથી. હસ્તલિખિત પ્રતોની નામાવલિ કરવાના પ્રયાસો ઘણા થાય છે અને નામાવલિઓ થઇ છે, છતા હજુ સુધી ગદ્યસાહિત્ય તરીકે કોઇ પણ આવો ગ્રંથ પ્રકાશમાં આવેલ નથી. દૈવ યોગે કોઇ ખુણેખાંચરે પડી રહ્યા હોય તો તે પ્રભુ જાણે. પણ જ્યાંસુધી એવા ગ્રંથોની પ્રાપ્તિ નથી ત્યાંસુધી ગદ્યગ્રંથો લખાયા છે એમ માનવું, એના કરતા નથી લખાયા એમ માનવું એ વધારે સુશ્લિષ્ટ લાગે છે. કેમકે હોવાનો સંભવ અમને તો દેખાતો નથી. તેમજ પ્રેમાનંદના સમયમાં ગદ્યસાહિત્ય લખવાનો પ્રચાર નહતો એમ અમારૂં માનવું થાય છે. કેમકે હોય તો બસો વર્ષ સુધી તે ખીલે જ નહિ, કોઇપણ લેખક તેવા ગ્રંથ લખવા પ્રેરાય નહિ, અને લખાયા તો બધા જ ગુમ થયા એટલે સુધી માનવા જવું એ કેવળ પક્ષપાતી દૃષ્ટિ છે. સાહિત્યમા નવીનતારૂપ હોવાથી તે નવીનતા કોઇ પણ પ્રકારે જળવાઇ રહેવા સંભવ છે. જો આમ માનીયે તો આ ગદ્યગ્રંથો પ્રેમાનંદે લખ્યા એમ માનતાં અચકાવવું પડે છે. કેમકે તે વખતે અને ત્યાર પછી ગદ્યગ્રંથોનો પ્રચાર હજી સુધી જોવામાં આવતો નથી. પ્રેમાનંદે કર્ણ-ચરિત્ર લખ્યાનો ઉલ્લેખ વલ્લભે કર્યો છે છતાં તે મળતુ નથી. એથી રા. અંબાઇદાસ કહે છે તેમ પ્રેમાનંદે એ નથી લખ્યું એમ સિદ્ધ થતું નથી. પરન્તુ એ કાવ્ય હતું અને એવાં કાવ્યો પ્રેમાનંદે ઘણાં લખ્યાં છે તેને આધારે મનાય કે કર્ણચરિત્ર લખ્યું હતું. પરન્તુ આ તો નવીનતા, ગદ્યસાહિત્યના પાયારૂપ ગ્રંથો, જેઓ સાહિત્યમા તદ્દન નવીન હતા છતાં જેને માટે કોઇ પણ જાતનો કોઇ પણ કવિઓના ગ્રંથમાં ઉલ્લેખ નથી ! તે પ્રેમાનંદના જ છે કેમકે પ્રેમાનંદનું નામ એમાં છે એમ માનવું ઠીક લાગતું નથી. નવીન પ્રયાસ હોવાથી, તેની ઘણી નકલો હોવાનો સંપૂર્ણ સંભવ છે. છતાં એક જ પ્રત મળે અને તે પણ વીરજીની જ એથી નવાઇ લાગે જ. કાવ્યો સહેલાઇથી યાદ રહે એથી લોકપ્રિય થાય એ વાત ખરી. પરન્તુ આ તો નવીન–ગદ્યસાહિત્ય, અને તે પણ નાટકો જેમાં કૃષ્ણ પાંડવો આદિની જાણીતી કથાઓનાં દૃશ્યો લખેલાં, તેવા ગ્રંથોના અનેક ઉતારા થવા સંભવ વધારે અને તેથી તે મળવાના સંભવ વધારે અને મળવા જ જોઇએ. એ મળતા નથી. વીરજીની એકની એક

પ્રત આટઆટલી તકરાર થયા છતાં જનસમાજને બતાવાઇ નથી, એટલે મનુષ્ય એ જ અનુમાન કરવા દોરાય કે એ પ્રતમાં ઘોટાળો છે કે બનાવટી છે. જો પ્રેમાનંદના સમયની હોય તો તો તેમ તરત જ જણાઇ આવે, પરન્તુ આધુનિક હોય તો કંઇક જુદાં અનુમાનો થવા સંભવ રહે, અને તેવા ભયને આધારે તે પ્રત નથી બતાવાઇ એમ માનવું જ પડે. તેમ જ જ્યારે નાટકોના કર્તૃત્વ વિષે ચર્ચા આટલી લંબાઇ છે, ત્યારે સંદેહ દૂર કરવા પ્રકાશનું આહ્‌વાહન શામાટે કરતા નથી, કે જેને પ્રેમાનંદના કર્તૃત્વ વિષે સંદેહ હોય તે જાતે આવી મળેલી પ્રત જોઇ જાઓ? તેઓ મુગા કાં રહ્યા છે? પ્રત સંબંધી કંઇ ઘોટાળો નથી જ તો તેમણે બીજા કોઇને માટે નહિ તો કવિશ્રી પ્રેમાનંદને માટે જ આ પ્રતનો સંદેહ દૂર કરવાની જરૂર છે. નકામી પ્રમાણોની આપલે કરાવી, વ્યંર્થ પરિશ્રમ કરાવી શું તેઓ લેખકોની વિચારશક્તિનું માપ લેવા ઇચ્છે છે? કે બેકન શેક્સ્પીયરના વિવાદ પેઠે ગુર્જર સાહિત્યમાં પણ વિવાદ થયા છે એમ બતાવી ગુર્જર સાહિત્યનું મહત્ત્વ વધારવા ઇચ્છે છે? કે પ્રતો નવી હોઇ જુની થવાના કાલનું પ્રતિપાલન કરે છે? કે જુની હોવા છતાં તે કોઇને ન બતાવવી એવા શપથ લેવા પડયા છે? કે અનેક મનુષ્યોના જોવામાં આવવાથી ફાટી જવાનો ભય રહે છે? એટલે રા. નરસિંહરાવભાઇની શંકા અમને રા. અંબાઇદાસની પેઠે નિર્માલ્ય લાગતી નથી પણ યોગ્ય લાગે છે.

૨. પોતાનાં કાવ્યોમાં વલ્લભે પ્રેમાનંદનાં નાટકો વિષે મૌન રાખ્યું છે, તે પ્રસંગમાં રા. અંબાઇદાસનું કહેવું અમને યોગ્ય લાગતું નથી. એ વાત કબૂલ કરીયે કે "કવિતામાં પ્રેમાનંદની કૃતિઓ ગણાવી વલ્લભે તેની શ્રેષ્ઠતા સાબીત કરી નથી." પરન્તુ ચંદ કરતાં કવિ પ્રેમાનંદ ચઢે એ વાત તો સિદ્ધ કરવા માગે છે. અને તેથી કર્ણચરિત્ર જે કાવ્ય વર્ગમાંનું એક છે તેનો ઉલ્લેખ કર્યો, અને બીજાં કાવ્યો ઓખાહરણઆદિનો ન કર્યો; કેમકે કર્ણ-ચરિત્રથી તે કાવ્યવર્ગ સૂચવાયો. પણ નાટકો તો કેવળ નવીનતા હતી. વળી ગદ્યસાહિત્યમાં તે પ્રથમ જ હતું અને હિન્દીમાં તેવું ઉપલબ્ધ નહતું. એટલે ભરભડીયો ફૂફડ વલ્લભ કદી આ દૃષ્ટિબિન્દુ ચૂકે નહિ ને એમ જ લખે કે તારા રાસાથી ચઢે એવું કર્ણનું ચરિત્ર જો. તેં તો ફક્ત રાસા ઘસડી કાઢયા ને કર્ણચરિત્ર જેવાં કાવ્યથી હેઠો પડયો, પણ મારા પિતાની શક્તિ જો. તેમણે તો સંસ્કૃત પદ્ધતિ અનુસાર કેવાં સુન્દર નાટકો લખ્યાં છે? તેં તો પદ્ય-ક્ષેત્રમાં હાર ખાધી ત્યારે મારા પિતાએ તેમાં વિજય મેળવી ગદ્યક્ષેત્રમાં પણ નામના કરી છે. તેમ જ "શું શાં પૈસે ચાર" શબ્દ બોલનારને પણ તોણા કાં ન મારે? નાટકોમાં વપ-રાયલી ભાષા એટલી તો ચમકવાળી છે કે તેનાં ઉદાહરણ મૂકે અને તે નહિ તો સૂચન માત્ર પણ કરી ગુર્જરભાષાની ઉત્કટતા કાં સાબીત ન કરી?

વળી તેઓ લખે છે કે "કુંન્તીપ્રસન્નાખ્યાન વલ્લભે સંવત્ ૧૭૭૭ માં લખ્યું છે. પ્રેમાનંદનું મરણ સંવત્ ૧૭૯૦ માં થયેલું માનવામાં આવે છે. એટલે કુન્તીપ્રસન્નાખ્યાન લખાયા પછી આ નાટકો પ્રેમાનંદે લખ્યાં હોય, એ વાત અસંભવિત નથી." અત્ર કહે-વાનું કે આ નાટકોની પ્રત વીરજીને હાથે ઉતારેલી છે એમ પ્રાચીન કાવ્યમાળાવાળા સાફ લખે છે. તો પછી વીરજી પણ સંવત્ ૧૭૮૦ માં જીવતો હોવો જોઇએ, કેમકે સં. ૧૭૭૭ પછી આ નાટકો વીરજીએ લખ્યાં. વીરજીની સાહિત્યપ્રવૃત્તિ સંવત્ ૧૭૪૨ થી બંધ થયેલી

સાફ જણાય છે, તો સંવત્ ૧૭૪૨ અને સંવત્ ૧૭૮૦ વચ્ચે પ્રેમાનંદના વિશિષ્ટ શિષ્યો-માંના એક શિષ્યની અઠ્ઠાવીશ વર્ષના ગાળામાં કાંઇ પણ પ્રવૃત્તિ ન થઇ? થઇને તે કાવ્યો ગુપ્ત રહ્યાં છે એમ રા. અંબાઇદાસની પદ્ધતિ પ્રમાણે માનવું? એ કેટલું અસંગત લાગશે!

ધારો કે નાટકો કુન્તીપ્રસન્નાખ્યાન પછી લખાયાં તો વલ્લભનાં બે કાવ્યો, એક દુ:શાસનરુધિરપાનાખ્યાન જે સંવત્ ૧૭૮૦ મા લખાયું, અને બીજું યક્ષ પ્રશ્નોત્તર જે ૧૭૮૧ માં લખાયું તેમાં પણ તેનો ઉલ્લેખ નથી. દુ:શાસનરુધિરપાનાખ્યાનમાં તો એ ઉલ્લેખ થવાનું સ્થાન દેખીતું જ છે. જુઓ કવિત ૧૧ ને ૧૨ જ્યાં કાવ્યને કાવ્ય ન કહેવું પણ આખ્યાન નામ આપી નમ્ર થવા પ્રેમાનંદનો ઉપદેશ હતો એમ વલ્લભ જાહેર કરે છે અને તે પ્રમાણે પોતે વર્તન રાખ્યું છે એમ કહે છે.

નામ કાવ્ય રાખી કે'વું, આ તો મારૂં કાવ્ય કાવ્ય,
એ તો રૂપ સાકરનું, લઇ કીર્તિ ગાળી છે.
મહાકાવ્ય મહાકાવ્ય, લખ્યાં લખ્યાં મહાકાવ્ય;
મુખ્યથી જણાવે મૂઢ, શોભા તો ગુમાવી છે.
નાટકનાં ચેટક તો, લાગે ખેટક શો થયો;
ભલે દેવગિરા હોય, મહત્તા ગુમાવી છે.
પારસ વિના ઉચ્ચાર, અડકી સુવર્ણ કરે,
મનશીખ એહ ધારી, કવિતા ફુલાવી છે.
જો વાલ્મીકિ રામાયણ, લખી નામ સાદું રાખ્યું,
તત્ત્વ હતું માંહિ આદિ, કાવ્ય તે ઠેરાવી છે. ઇત્યાદિ.

આ સ્થળે "નાટકનાં ચેટક તો" ઇત્યાદિ ટીકા કરી છે ત્યાં વલ્લભને જણાવવાનું સ્થળ છે કે મારા પિતાએ પણ નાટકો લખ્યાં છે, છતાં નાટક નામ ન આપતાં તેને કેવળ આખ્યાન નામ આપ્યું છે એ તેમની નમ્રતા છે. એ જ રૂઢિને અનુસરી હું પણ આ ગ્રંથને કાવ્ય નામ ન આપતા આખ્યાન નામ આપું છું. જેવી રીતે એ નાટકોની પરીક્ષા કરી તેને યોગ્ય નામ જનસમાજ આપશે તેમ આ આખ્યાનની પરીક્ષા કરી તેને પણ કાવ્ય નામ આપશે. આ પ્રકારનો ઉલ્લેખ આગળ ૧૩ મા કવિતમાં આવી શકે.

નથી નામ રાખ્યા એણે ઉપદેશ્યો એણે વેણે,
વલ્લભે આખ્યાન નામ દાખ્યું શીખ ભાવી છે.
હશે મણિ પ્રકાશીને, ઓળખ કરશે રૂડી,
મુડી ક્યાહી છુપી રહે, ડાટી બાર આપી છે.

આની ઉપરના કવિતમાં તો પ્રેમાનંદનો ઉપદેશ છે એમ માનીયે તો પ્રેમાનંદ પોતે જ ઉલ્લેખ કરે એમ સંભવ છે, કે મેં પણ મારા નાટકોને નાટક નામ ન આપતાં આખ્યાન નામ આપ્યું છે તેમ તું પણ કર. આ જ સમયમાં આ નાટકો લખાયાં એમ માનવાથી, તેમ જ નાટકોને આખ્યાનનું નામ આપવાથી અને તે નવીનતા હોવાથી આ ઉલ્લેખ સંપૂર્ણ સંભવે છે. વલ્લભ જાણતો હોય છતા ઉલ્લેખ ન કરે એ કલ્પનાશક્તિની બહાર છે. કાવ્ય

અને આખ્યાનની ચર્ચામાં નાટકનો પ્રશ્ન કેમ સંભવે, એમ કોઈ કહે તો ઉપર બતાવ્યું તેમ આખ્યાન નામ શામાટે રાખ્યું એની ચર્ચામાં નાટકને બદલે પણ આખ્યાન નામ રખાયું છે એવો ઉલ્લેખ સંપૂર્ણ સંભવે.

યક્ષપ્રશ્નોત્તર જે સંવત્ ૧૭૮૧ માં લખાયું તેમાં પણ "કવિ કેવો જોઇએ" એ પ્રશ્ન યક્ષ પાસે કવિ પૂછાવે છે તેમાં નાટકનો ઉલ્લેખ કરી શકાય. સારાંશ કે આ સમયમાં નાટકો લખાયાં હોય તો ઉલ્લેખ હોવો જોઇએ. કેમકે એ ગદ્યસાહિત્યનો વિભાગ હોવાથી પ્રેમાનંદની ઉચ્ચ શક્તિની પ્રશંસા અર્થે, તેમ જ ગદ્ય લખાણના પ્રથમ નમુના તરીકે તેનો ઉલ્લેખ હોય. અને ફક્કડ વલ્લભ તો કર્યા વગર રહે જ નહિ. કાવ્યોનો ન હોય કેમકે તે તો પ્રચલિત હતાં જ અને તેની પ્રશંસા ફેલાતી જ હતી અને એમાં કાંઇ નવીનતા ન હતી. જ્યારે આ ગદ્યવર્ગથી તો પ્રેમાનંદની કીર્તિ ફેલાવવાની હતી.

૩. રોષદર્શિકાસત્યભામાખ્યાનમાં ઉપર બતાવ્યું તેમ કૃષ્ણદેવનું પાત્ર ઘણી જ ખૂબીથી ચિતરાયું છે. એનો દૈવી અંશ જળવાયો છે. રૂક્મિણી અને સત્યભામાના પાત્રોમાં માનુષિકતા સંપૂર્ણ બતાવાઇ છે. અને દૈવી અંશ માયાની જાળમા છવાઇ ગયા છે. સુદામા ચરિત્રમાં કૃષ્ણનો આ જ દૈવી અંશ કાયમ છે. પરન્તુ રૂક્મિણીનો દૈવી અંશ આ નાટકમાં જેમ સંપૂર્ણ માયાના આવરણમાં છે તેમ ત્યાં નથી. ત્યાં તેનો દૈવી અંશ સંપૂર્ણ જાગ્રત છે. અને સુદામાને સર્વ આપી દેવા ભરાતી તાન્દુલની બીજી ત્રીજી મુઠીએ રૂક્મિણી લઇ લે છે અને સર્વને વેંચી અપાય છે. કૃષ્ણ સુદામાને કંઇ પણ આપ્યા વિના મોકલે છે તેનો અર્થ સત્યભામા સમજી શકતી નથી, તેમ જ રૂક્મિણી પ્રતિ માનની દૃષ્ટિએ જોય છે. ત્યારે અહિ તો બન્ને એક એકની સામા કટાક્ષભર્યાં વાક્ય વિનિયમ કર્યાં જાય છે. તેમ જ આ નાટકમાં રૂક્મિણી કૃષ્ણનું એક પણ પગલું સમજી શકતી હોય એવું સૂચન માત્ર પણ કોઇ સ્થળે થતું નથી. જે કવિએ સુદામા ચરિત્ર લખ્યું તે જ કવિએ આ નાટક લખ્યું હોય તો રૂક્મિણીનો દૈવી અંશ છેક નમાલો રહી જાય નહિ. અને કિંચિત્ કિંચિત્ પણ જાગ્રત રાખી તેની પાસે આનું આ જ વર્તન કરાવે.* એ બનવા જોગ છે કે કોઇ કવિ પ્રસંગવશાત્ પાત્રોની જુદે જુદે સ્થળે એ બાજુ ચિતરે પણ પાત્ર છેક હલકું પડે અને મહત્ત્વ ખૂટે એ ઠીક લાગતું નથી. આ પ્રમાણે એકનું એક પાત્ર જુદી રીતે ચિતરવાથી લેખક વિષે સંશય પડે છે અને પ્રેમાનંદ આ નાટકના કર્તા હશે કે નહિ તેનો સંદેહ વધુ દૃઢ થાય છે.

તેમ જ પાંચાલીપ્રસન્નાખ્યાનમાં દ્રૌપદીનું પાત્ર નબળું પડે છે. સુભદ્રાહરણમાં વગેરેમાં જોઇશું તો આ પાત્ર અને એ પાત્ર ચિતરવામાં જુદા જ મગજે કામ કર્યું લાગે છે.

૪ તપત્યાખ્યાનનો અમર્યાદિત શૃંગાર જેને સંભોગશૃંગારનું નામ અપાયું છે. તે શૃંગારની સાથે ઋષ્યશૃંગાખ્યાનનો ધાર્મિક કાવ્યનો શૃંગાર સરખાવવામાં આવે છે. રા. અંબાઇદાસ

* પ્રેમાનંદના અભિમન્યુ આખ્યાનમાં રૂક્મિણી સામાન્ય સ્ત્રીની માફક વર્તતી દેખાય છે. પરન્તુ તેનું નિશંકરણ કવિ ઉપરના કડવામાં કરે છે.

"પડપુછ એની નવ કરે, મૂકું સુભદ્રાને ઘેર
મનની વાત કોને નવ કહી, આગળ બાંધલું છે વેર.

લખે છે, "ઋષ્યશૃંગાખ્યાન શ્રોતાઓને આગળ સાંભળવાનું ધાર્મિક આખ્યાન હોવાથી, તે નાટકોના ગ્રામ્ય શૃંગાર કરતાં અશ્લીલતાની કોટીમાં વધારે આવી શકે છે." હવે કોઇ પણ વાચકવર્ગ જોશે તો જણાશે કે ઋષ્યશૃંગાખ્યાનમાં કવિને છૂટકો જ નથી. જે શૃંગીઋષિને કામદેવ તે શું? સ્ત્રીઓ તે શું? સ્ત્રીની ઉત્પત્તિ શામાટે? કામાવેશ તે શું? વિલાસ તે શું? આદિ વિષયોની ઝાખી પણ નથી તેને વિલાસી કરવો એ કામ સહેલ ન હતું. જેણે એક વાર વિલાસનો સ્વાદ ચાખ્યો હોય એવાને જપ તપ તજાવી વિલાસી કરવો સહેલ છે. તેમ જ જે ચેષ્ટાઓ વર્ણાઇ છે તે મોહલેખાની છે જે વારાંગના છે. તેમ જ એ ચેષ્ટાઓ ન કરે તો એને સોંપવામાં આવેલું કામ ઘણું કપરૂં હતું તે કેવી રીતે થયું એવો સંશય શ્રોતાના મન ઉપર રહી જ જાય. તેમ જ ઋષિની કંઇ જે ચેષ્ટાઓ થાય છે તે મોહલેખાને સ્ત્રી સમજીને નહિ પણ ઋષિ સમજીને. તેમ જ અન્યત્ર તો કલ્પનામિશ્ર શૃંગાર છે. આ સિવાયનાં બીજાં અનેક સ્થળો છે જ્યાં કવિને ટેવ જ હોત તો ત્યાં આવા શૃંગારો લખી શકત પણ લખ્યા નથી. એક જ કાવ્યમાં ને તે પણ પ્રસંગવશાત. જ્યારે તપત્યાખ્યાનમા આવા શૃંગારને સ્થાન નથી, આવો પ્રસંગ નથી, ત્યાં આવા પ્રસંગો ચિતરાય એથી કર્તૃત્વ વિષે સંશય ઉત્પન્ન થાય જ ને થવો જ જોઇએ. આ નાટક નરસિંહ મહેતાએ કે દયારામે લખ્યું એમ હોત તો માની શકાતે, કેમકે એ કવિઓના શૃંગાર સર્વ વિદિત છે. જ્યારે પ્રેમાનંદમાં તેમ નથી. છતાં આ નાટકમાં છે એટલે સંશય પડે. તેમ જ આ નાટક સંસ્કૃત નાટકોની પદ્ધતિ પર લખાયેલું છે, ખાસ કરીને પ્રસંગો. પ્રેમાનંદે જો લખ્યું હોય તો સંસ્કૃત પદ્ધતિ અનુસાર આવો શૃંગાર વર્ણવે જ નહિ, તેમ જ જે રચના પ્રવેશોની કરી છે તે કરે જ નહિ. કેમકે તે પ્રાચીન કવિઓને અનુસરીને જ ચાલે અને તે જ સંભવ છે. કેમકે ગુર્જર નાટક સાહિત્ય તે વખતે વિસ્તૃત થયું ન હતું બલ્કે ભાગ્યે જ હતું. એટલે પ્રાચીન પદ્ધતિથી ઉલટું પ્રેમાનંદ ચાલે એમ મનાતું જ નથી. નાટક ભજવવા પૂરતું ન હોય તો વાચી જવાને બાધ ન આવે, પરન્તુ વાંચનારને તો ચેષ્ટા વર્ણવવી પડે અને આખ્યાનમાં વર્ણવી હોય તેવી જ અસર કરે. ભજવાયું હોય તો વધારે ખરાબ અસર થાય. ધાર્મિક આખ્યાનમાં તો વાધો ન જ આવે કેમકે નરસિંહ મહેતા, ભાલણ, મીરાં આદિની ભક્તિશૃંગારની કવિતાઓથી લોકો ટેવાયલા હતા. જ્યારે આ નૂતન પ્રકારનું સાહિત્ય હોવાથી કંઇક વિચિત્ર અસર કરે. તેમ જ આ પ્રવેશ જ અસ્થાને છે અને ચેષ્ટાઓ પણ અસ્થાને છે. લખવા પૂરતું જ દશ્ય લખાયું છે. તેમ જ ભવાઇ આદિના પરિણામરૂપ આ પ્રસંગ હોઇ શકે જ નહિ. જનસમાજને સુધારવા પ્રેમાનંદ પ્રયાસ કરે બગાડવા નહિ. નાટક ભજવવાના ઉદ્દેશથી લખાયાં ન હોય, તો પણ લખનાર માણસ જે ચેષ્ટા આદિ કલ્પે તેનો ખ્યાલ તો તેના મનમાં હોવો જ જોઇએ. શી ચેષ્ટા કરી તે ચોકખા શબ્દોમા લખી છે તો પછી શૃંગારની અશ્લીલતા ધ્યાનમાં ન રહે એવું તો રા. અંબાઇદાસ જ માની શકે.

૫. આ નાટકોમાં પ્રવેશોની ગોઠવણ પ્રાચીન સંસ્કૃત નાટકોની ગોઠવણ કરતાં ઘણી જ જુદી છે, અને હાલની રંગભૂમિપર ભજવાતાં નાટકોના પ્રવેશની ગોઠવણીને ઘણી જ મળતી આવે છે અને તેનું ભાન ટીકાકારોને પણ થયું છે. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે એક દશ્યમાં અનેક પ્રવેશો થાય, અને એક જ રસના અંગીભૂત રસો આછા આવે (જરૂર હોય

તો જ) અને એક અંક પૂરો થાય. ત્યારે આ નાટકોમાં એથી જુદું છે. સત્યભામાખ્યાન અંક ૧ લો-પહેલો પ્રવેશ રૂક્મિણી અને સત્યભામાનો છે અને બીજો સ્થાયી દૃશ્યનો પડદાપર ન ભજવાય તેવો છે, કેમકે રંગમહાલ છે. પડદા ઉપર માનીયે તો પણ અહિ બીજો પડદો આવે, પછી શ્રીદામો અને હિમતી એ સ્થાન કનકપ્રાસાદની પાસેનું છે. અહિ પણ ત્રીજો પડદો જોઇએ, પછી કૃષ્ણદેવ અને શ્રીદામાનો પ્રવેશ અને તે કનક પ્રાસાદમાંનો લાગે છે, એટલે અહિં ચોથો પડદો જોઇએ અને પછી રૂક્મિણીનું મન્દિર હોવું જોઇએ કેમકે એ પોતાના ખાનગી વિચાર દર્શાવે છે. આ ઉપરથી એમ દેખાય છે કે પાંચ જુદા જુદા પડદા જોઇએ અને તેમ નહિ તો હાલ થતા " ટ્રાન્સ્ફર સીન " સંક્રામ્ય દૃશ્યો જેવાં છે. હાલની નાટય દૃષ્ટિએ, સંસ્કૃત નાટકોના પ્રવેશો રંગભૂમિ પર આણી શકાય એવી રીતિએ ગોઠવાય એવા નથી. જેમ કે મુદ્રારાક્ષસમાં ચંદ્રગુપ્ત કૌમુદી મહોત્સવ બંધ કોણે કર્યો એ પૂછે છે અને ચાણક્યને તેડવા મોકલે છે. પછી ચાણક્યના મંદિરનો દેખાવ છે. ત્યાંથી તરત પાછો ચંદ્રગુપ્તના મંદિરનો દેખાવ છે. તો કંચુકી ચાણક્યને તેડવા જાય ને પડદો પડે ? ને ચાણક્ય ત્યા બાજઠ પર ઘસડાઇ આવે ? તેમજ કુંચુકી પણ ચાણક્યના ગૃહમા જાય છે તે કેવી રીતે જાય છે તે પણ દેખાડવાનું છે. તેમ જ ઘણી વાર સંસ્કૃત નાટકોમા રાજા રસ્તો પૂછે છે અને કંચુકી બતાવે છે કે મહારાજ આ આપનો મહેલ, પધારો; અને રાજા પધારે છે. મહેલનાં પગથીયા ચઢે છે અંદર જાય છે છતાં પાછા દેખાય છે. ઇત્યાદિ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં આધુનિક રંગભૂમિ પર એ નાટકો મૂકતાં, દૃશ્યો આણતાં, મહામહેનત પડે એમ છે. ત્યારે આ નાટકકર્તાએ એ બાબતનો સંપૂર્ણ વિચાર કર્યો છે. તેમજ એના વખતમાં નાટકો એટલી સ્થિતિએ પહોંચ્યાં હશે કે જેથી ઉપલી બાબતોનો નિકાલ થઇ ગયો હશે. અને તે સ્થિતિ છેલ્લાં ૭૦-૮૦ વર્ષ ઉપર હોય એમ લાગતું નથી. જો એમ હોય તો અત્યાર સુધીમાં ઘણોજ મોટો ફેરફાર નાટયશાળામાં જોવામાં આવે. ખાસ કરીને ૬ ઠ્ઠા અંકનો રોષદર્શનનો અંક વિચારવા જેવો છે. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે એ પ્રવેશો જ ગોઠવાયા નથી પણ આધુનિક પદ્ધતિ પ્રમાણે ગોઠવાયા છે. રોષદર્શનના પ્રવેશમાં સત્યભામાની પાછળ કૃષ્ણ તેને મનાવવા જાય છે અને પછી નારદ આવી તે જોય છે અને પછી રૂક્મિણીને ત્યાં જાય છે એટલે પડદો પડવો જોઇએ. એ પ્રવેશ પછી પડદો ઉંચકાય અને સત્યભામાને મનાવતા કૃષ્ણદેવ પધારે. પણ પ્રાચીન પદ્ધતિ પ્રમાણે સત્યભામા અને કૃષ્ણનો વિખવાદ સંપૂર્ણ ચાલી રહ્યો હોય, અને સત્યભામા કૃષ્ણની જાળમાં સપડાતી હોય, તેવામાં નારદ આવે અને કૃષ્ણની લાચાર સ્થિતિ દેખી રૂક્મિણીને ત્યાં જાય, (દૃશ્ય એ જ કાયમ રહે) અને રૂક્મિણી સાથે વાતચિત થાય, તેને તેડી લાવે, અને પાછો કલહ પ્રસંગ ઝામે. આ ઉપરથી સિદ્ધ થશે કે કવિએ નાટક પ્રસંગો જોયલા અને પ્રવેશો ગોઠવવાની પદ્ધતિમાં પણ સુધારા સંપૂર્ણ દેખેલા અને તેની મજબૂત અસર મન પર થવાથી પ્રવેશની ગોઠવણો આમ થયેલી. નાટકની ભાષા અને પ્રસંગોની ખીલવટ અને નાટકની લખાવટની સંપૂર્ણ અસર થયલી નહિ અથવા તો એના સમયમા નાટકી લખાવટ આધુનિક પદ્ધતિએ પહોંચેલી નહિ. અને એ સમય આધુનિક કંપનીના સૂત્રધારો

સાથેની વાતચિત પરથી માલમ થશે કે વધારેમાં વધારે ૭૦-૮૦ વર્ષનો હોઇ શકે. એટલે પ્રેમાનંદના સમયમા જો આટલો સુધારો થયો હોય, તો પછીનાં ૧૫૦-૨૦૦ વર્ષમા ઘણો વધારે જ ફેરફાર થયો હોવો જોઇએ અને ઘણાં નાટકો થયા હોવાં જોઇએ જેમાનું એક પણ મળતું નથી. ભજવાયલા બધા જ નાટકો ગુમ થયા એ માની શકાતું નથી. એટલે પ્રેમાનંદના કર્તૃત્વ વિષે શંકા પ્રબળ થાય છે.

૬. વળી ત્રણે નાટકોની પ્રસ્તાવના જોઇએ તો તે એક જ અર્થનું પોષણ કરી રહી છે અને એનો એ જ અર્થ ભરતવાકયમાં છે-ગુર્જરભાષાની ઉન્નતિ. જાણે કે આ ત્રણે નાટકો એટલા પુરતાં જ લખાયાં છે. ગુર્જર સાહિત્યની ઉન્નતિ કરવા કવિએ તીવ્ર પ્રયાસ કરેલો એ સર્વને વિદિત છે. છતાં તેણે આમ ઉઘાડી રીતે ગુર્જર ભાષાપ્રતિ પક્ષપાત કોઇ પણ સ્થળે બતાવ્યો નથી. ગુર્જર સાહિત્યને ઉત્કૃષ્ટ કરવાની પ્રબળ ઉત્કંઠા એને હતી; છતાં કોઇ પણ સ્થળે એણે એ વિષે ઉદ્દગાર કાઢયા નથી પણ કાર્ય જ કરી બતાવ્યું છે. એટલે ભાષાની ઝમક અને ઉત્કટતા બતાવવા એ આમ બોલી પ્રયાસ કરે એ સંભવતું નથી. ભાષા ઉત્તમ છે, પૂર્ણ સંસ્કારવાળી છે એ બતાવવાનો પ્રયાસ તો પરદેશીઓની સાથે કઇ ભાષા સારી છે એની તકરારમા થાય. એ તકરાર પ્રેમાનંદે કોઇ સ્થળે બતાવી નથી. કેવળ વલ્લભના યુધિષ્ઠિર-વૃકોદર સંવાદાખ્યાનના મંગલાચરણપરથી સમજાય છે. ત્યાં **गुर्जराणां मुखम् भ्रष्टम्** નથી પણ " શું શા પૈસા ચાર " એના પર તકરાર છે અને તે બોલનાર હિન્દુસ્થાની છે, બંગવાસી નથી. જુઓ.

કવિત ૮ મું. અબે તબે અઠેકઠે ઇકડં ને તિકડં એ,
શું શા થકી ચઢે કેમ ? જુદી જેની વાત છે.

ત્યારપછીના કવિતમાં પ્રેમાનંદે સર્વ ભાષા જોઇ. ઉત્તમ ભાષાની શોધ કરતાં ગુર્જરભાષા જ પ્રાપ્ત થઇ એમ લખ્યું છે. એટલે જો **गुर्जराणां मुखं भ्रष्टम्** વિષેનો ઉલ્લેખ વલ્લભે સાભળ્યો હોય તો આ સ્થળે એ બોલનાર કવિની ઝાટકણી ન કાઢે એ નવાઇ છે. વલ્લભ આ વિષે અજ્ઞાત હતો એમ કેવી રીતે મનાય? કંકાસ થયાનો પૂરો ઇતિહાસ એણે આપ્યો છે તો આ મહત્ત્વનું વાક્ય શા માટે તજે ? એટલે એ પદનો પ્રયોગ પ્રેમાનંદ સમક્ષ થયલો નહિ એમ અમારૂં માનવું છે.* તેમ જ ગુર્જરભાષાની ઉન્નતિ કરવા પ્રયાસ કરી રહ્યો છું એવું લખાણ પ્રેમાનંદ કરે એ સંભવતું નથી. કેમકે એવી આત્મશ્લાઘા એમને રુચતી જ નહિ. અને તે ઉપલાં વાકયથી થાય છે. તેમ જ ત્રણે નાટકમાં ગુર્જરભાષા ઉન્નત થાય એવું લખાણ પ્રસ્તાવના અને ભરતવાકયોમા કરવું એ પ્રેમાનંદીય નથી. કરે તો હજી એકલા ભરતવાકયમાં કે કોઇ એક પ્રસ્તાવનામાં આડકતરી રીતે. બાકી તો પ્રસ્તાવનામાં આખા નાટકને સૂચવતી કે કોઇ પાત્રનો પ્રવેશ કરાવતી જ વાતચિત થાય છે કે જેની છાયાથી લોકો નાટક પ્રતિ ખેંચાય, જ્યારે તપત્યાખ્યાનમાં તો ભાષાભક્તિ સંપૂર્ણ ચર્ચાઇ છે. આવી પદ્ધતિ સંસ્કૃત નાટકોમાં નથી. ઘણો ઉત્સાહ હતો તેથી એમ કર્યું અને આ નાટકોની પ્રસ્તાવના એ જ યોગ્ય સ્થળ છે, તો કહીશું કે ભરતવાકયોનું સ્થળ એથી વધારે સુસંગત છે. અને તેથી અર્થ સરે એમ

* એ શ્લોક કઇ સાલમા લખાયો છે એની શોધ થાય તો નાટકની પ્રાચીનતા પર ઘણો પ્રકાશ પડે.

છે એ પ્રેમાનંદ જોઇ શકે એમ છે. એટલે કોઇએ પ્રેમાનંદનો ભાષા પરત્વેના પક્ષપાતનો લાભ લઇ, આ પ્રેમાનંદના જ નાટકો છે એમ છાપ પાડવા, ત્રણે નાટકો અને તેનાં ભરતવાક્યોમાં પુનરુક્તિ કરી છે. એવી શંકા થાય છે. બીજાં કોઇ પણ કાવ્યોમાં આ અભિલાષા બતાવાઇ નથી એટલે તે કાયમ રહે છે.

૭. વળી નાન્દીના શ્લોકોમા કવિ શંકરનું સ્મરણ કરે છે. ત્રણે નાટકોમા એમ છે, જ્યારે એનાં કાવ્યો તપાસીએ છીએ તો દરેકમાં ગણપતિ, ગજાનન, લંબોદર કે શારદા, સરસ્વતી અને અમ્બાની પ્રાર્થના છે, શંકરની નથી. ફક્ત દ્રૌપદીહરણમા આમુખ શંકર અને વિષ્ણુના મેલાપનું છે. ત્યાં પણ પ્રથમ સ્તવન તો ગણપતિ ને સરસ્વતીનું જ. આ નાટકોમા એમ કાં ન કર્યું ! સરસ્વતી કે ગણપતિના સ્તવનથી પણ પ્રેક્ષક કે વાચકોનું કલ્યાણ સૂચવી શકાત ? કાળીદાસ શંકરની જ સ્તુતિ રઘુવંશમા તેમ જ નાટકોમાં કરે છે. એ ભિન્ન દેવો નથી. કોઇ કહેશે કે કાળીદાસ તો દેવીભક્ત હતો, છતા જેમ શંકરની સ્તુતિ કરે છે તેમ અહિ પ્રેમાનંદે કર્યું, તો એટલું જ કહેવાનું કે એનાં કાવ્યોમાં એમ નથી, એટલે કાલિદાસના કાવ્યોમાં દેવીનું સ્તુતિવચન નથી, શંકરનું જ છે અને તે જ મુખ્ય છે, જ્યારે પ્રેમાનંદમાં સર્વત્ર ગણપતિ અને સરસ્વતિ અને અમ્બાનું છે શંકરનું નથી.

પ્રેમાનંદની ગદ્યભાષામા યમકઆદિ હોવાનો બચાવ ઘરગથ્થુ ભાષામાં વપરાતા શબ્દો 'ખીચડી બીચડી', 'રૂમઝુમ', 'કપટનું ચપટ' ઇત્યાદિ શબ્દોથી થાય છે. તેમ જ ફારસી ગદ્યનો સંપર્ક બતાવાય છે. આ તો ખાલી બચાવ કરવા જ લખાયલું છે. અમુક ફારસી શબ્દો આવે, ફારસી વાક્યો આવે તેથી હાલના નાટકોમા આવી સ્વાભાવિક ગદ્યાન્તર યમકની રૂઢિ દાખલ થઇ જાય એ માનવામાં આવતું નથી. અંગ્રેજી ભાષાનો આટલો બધો પ્રચાર થયો ત્યારે "તમે કેમ છો" (How are you) ઇત્યાદિ અંગ્રેજી પ્રવેશો ઘુસ્યા, 'ડાયરેક્ટ' અને 'ઇનડાયરેક્ટ' રચનાઓ ધપવા માંડી, અને કાવ્યોમા અંગ્રેજી પદ્ધતિ પ્રવેશી. તે વખતે અંગ્રેજીના જેટલો ફારસી સંપર્ક હતો એ માનવું યોગ્ય નથી. કપટનું ચપટ ઇત્યાદિ પ્રયોગો તો સામાન્ય થઇ ગયા છે; ફક્ત બોલવામાં, અને ગદ્ય સાહિત્ય તો મોડું શરૂ થયું. પ્રેમાનંદના કાવ્યમાં એવા યમક રૂપ ભલે હોય, પણ તેથી ગદ્યમા પણ હોવાં જોઇએ એમ સાબીત થતું નથી. ગદ્ય સાહિત્યની શરૂઆતમાં આવી રૂઢિ એકદમ ઘુસી જાય એ પણ સંભવિત નથી. તેમ જ જે યમકો નાટકોમાં વપરાયાં છે તે કાંઇ "ખીચડી બીચડી" જેવાં રૂઢ યમકો નથી.* તેમ જ પ્રેમાનંદના કાવ્યોના યમકો વાપરવા પૂરતા જ લખાયાં છે એવું નથી. કાવ્યમાં તો સ્વાભાવિક આવી જ જાય છે. પણ ગદ્યમાં તો પ્રયાસ વગર અર્થયુક્ત યમકો આવવા મુશ્કેલ છે. અને તેમા પણ એ વપરાશના અભ્યાસની જરૂર છે. ને તેથી જે અવતરણો રા. નરસિંહરાવે આપ્યાં છે, તેમાં તો યમક આણવાનો ખાસ પ્રયાસ જ દેખાઇ આવે છે. એ કંઇ સ્વાભાવિક કાવ્યપ્રવાહના પરિણામ રૂપ નથી.

નીચેનાં અવતરણો તો ખાસ સાધુનિક પદ્ધતિનાં જ દેખાય છેઃ–

---

* "રમતગમત," "લડઇબડઇ" ઇત્યાદિ મળે છે.

શ્રીદામો–જો ભૂલી ગયા હો તો કરે મને ગુરૂ એટલે રહેશે નહિ કંઇ **અધૂરૂં** (રોષદર્શિકા)
કૃષ્ણ–અરે **પ્રિયા** ! કોપક્રિ**યા** ! (રોષદર્શિકા)
મંત્રાનંદ–અર્પું **આનંદ**, આ ચારે કરૂં **અંદ**, (પાંચાલીપ્રસન્નાખ્યાન)
પાંચાલી–અરે દૈવ ! આ પર્ણકુટીમાં પડ્યાં **રહ્યાં છીએ**. વનચર જેવાં **થયાં છીએ** અને પ્રેમીજનના વિયોગવાળા **છીએ** ઇત્યાદિ દુઃખ તને અલ્પ જ ભાસે છે કેમ ?

યમકના લોભે કેટલાક વિચિત્ર વાક્યો પણ લખાયાં છે–

સંવરણ–જેમ મેં માજીને હા કહ્યું છે, તેમ જ તે કાર્ય ધીમે ધીમે કરવા સચિવને સમજાવ્યું છે.......તને મારા સમ જો તું તારા જીવને સંતાપ કરે તો.

સંવરણ–મુનિશાર્દૂલ ! મારો એવો શો અપરાધ થયો છે કે આપ પૂજાદિ ગ્રહણ કરતા નથી કે સ્થિર ચિત્તે બેસતા પણ નથી.

નારદ–એ સ્ત્રીએ પારિજાતક પુષ્પ નિહાળી જોયું નથી, કે મારાથી તે પૃથ્વીમાં થતું નથી એમ જ સમજાવાયું નથી.

પ્રાસાન્તવાળી કહેવતો ઉપરથી પ્રાસ દાખલ થયા કે યમક પ્રેરાયા એ માનવું ઠીક નથી, કેમકે તે ઉપરથી તો એવી ઢબના વાક્યો યોજાય. કોઇ કોઇ વાર તો આ નાટકમાં હાલની નાટકની ઢબના પદ્યાત્મક શૈલીનાં વાક્ય પણ છે.

રૂક્મિણી–એવી વિચિત્ર વાણીથી રીઝે તારા દેવ. પા. ૩૮
શ્રીદામા–શું ત્યારે અમો રાહુ ! લ્યો રહ્યા અમારે ઘેર સંતાઓ ચંદ્ર અને વાટ જુઓ ચંદ્રિકા. —૪૨
નાગરિકા–વળી જો રૂક્મિણીદેવી કે સત્રાજિત જાણે તો થાય તારી ને મારી વેતરણ. —૪૮
શ્રીદામો–જો તારામાં હિમ્મત હોય તો બેસાડી પાડીયે ચોકડું. પછે થાય સત્યભામા પટરાણી અને તું થઇ પડય તેની સખી. જેણે કરી વધે તારો ને મારો ભાવ.
શ્રીદામો–તું છું નાગરિકા ને હું છું શ્રીદામો......માટે આપ્ય વચન અને પછી બાંધીયે કેડ. –૪૯
માધવી–ત્યારે જુઓ છો શું. ચઢો ટેકરી પર. —૧૦૦
વસંતક–ભાઇ ! અમારા ભોગ લાગ્યા કે તમને બોલાવ્યા ! ભોગીના જોગી જેવા થઇ આવું દુઃખ વેઠયા સતા ના ગુણ કે પાડ. —૧૦૦
વસંતક–એ તે તમને કરો છો તેવો સો વર્ષ બડબડાટ કર્યા સતાં કદીએ કેનાર છે કે ચાલો મારી પાસે. —૧૧૧
સુલોચના–આ ઉજ્વળ કુળમાં ભ્રષ્ટતા ! ધિક્કાર છે ધરણી પતિપદને ! ! તારા મનમાં રમી રહેલીને જો કે હું વા'લી નાગણું, તથાપિ પરમાર્થ–કાજે તે જો મારા જોવામાં આવે તો તેને કહું કે જેવી એકની વલે તેવી બીજીની.
સંવરણ–કોણ દેવી !
સુલોચના–નાના જેને સેવી છે તે. —૧૧૨
વસંતિકા–એમાં કિયાને વખોડે ને કિયાને વખાણે ! જા તું તારે જતો હોય ત્યાં. —૧૨૫
સ્મરવર્ધક–હું મુનિમહારાજને કહું છું કે ધૂતને ઠેકાણે પચ ચાલશે. પણ મહારાજ ! મારૂં માને છે કોણ ! ઇત્યાદિ–

આ ઉપરથી અમારી શંકા તાજી જ રહે છે.

તેમ જ પ્રેમાનંદને યમક અને પદોની અંદર પ્રાસો વાપરવાનો શોખ નથી. એવી રીતે પ્રાસાદિ યોજવાં એ એની શૈલી જ નથી. છતા આપણે જોઇશું તો તેવા પ્રાસાદિ વાપરવાના ઘણા જ પ્રયાસ થયા છે અને તેથી કેટલીક વાર અર્થ સમજવા પણ દુર્લભ થઇ પડે છે.

પાંચાલી પ્રસન્નાખ્યાન અંક ૧ લો શ્લોક ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬ ૨૨ ઇત્યાદિ. અંક ૨ જો ૧, ૪, ૬, ૧૩, ૧૭, ૧૮, ૨૧–ઇત્યાદિ. આગળ ઘણા મળી આવશે.

તપત્યાખ્યાન અંક ૧ લો ૧૩, ૧૪, ૧૯, ૨૦, ૨૧, ઇત્યાદિ.

સત્યભામાખ્યાન અંક ૧ લો ૯ અંક ૨ જો ૧, છેલ્લા અંકમાં ગુર્જરી રાગનું ગાયન, તેમ જ નટીનું પ્રસ્તાવનામાં. આ સિવાય બીજાંયે મળશે.

પ્રેમાનંદનાં કાવ્યોમાં મોટે ભાગે આ રૂઢિ છે નહિ, જ્યારે આ નાટકોના શ્લોકોમાં તો તે આંખ આગળ તરી આવે છે એટલે પણ શંકાને સ્થાન રહે છે.

૮. આહીરી અને રાક્ષસી બોલીઓ ઘડી કાઢેલી છે એ તો સિદ્ધ જ છે. કપોલકલ્પિત એટલે મગજમાંથી જ નવી ઉપજાવી કાઢી છે એમ નથી. પરન્તુ ગુજરાતી ભાષાને પ્રાકૃતના નિયમો કોઇ કોઇ ઠેકાણે લગાડી જુદું સ્વરૂપ આપી દીધું છે.

જેમકે સુવર્ણ ઉપરથી સુવ્વણ–અહિ ઉંધો નિયમ લગાડયો છે. ‘ કર્મ ’ ઉપરથી ‘ કમ્મ ’ તેમ ‘ સુવર્ણ ’ ઉપરથી ‘ સુવણ્ણ ’ થવું જોઇએ તેને બદલે ‘ સુવ્વણ ’ કર્યું એટલે ‘ ણ ’ને બદલે ‘ વ ’ને બેવડો કર્યો, તેને આધારે ‘ કવ્વણ ’ કર્યુ. ‘ અનઇ ’ ‘ અને ’ ‘ એ ’માંથી ‘ અ ’ અને ‘ ઇ ’ જુદો પાડવાથી ગુજરાતીનો આભાસ મટી જાય છે, જેમ ‘ ઢોરા ’ ‘ ખેતરાં ’ તેમ “ આહિરાં ” “ ત્રસ્સ ” “ વાસ ” ઉપર્યુક્ત નિયમ. ‘ મિલઇ ’ “ મિલે ” કે **मीलति** સંસ્કૃત ઉપરથી. એમ જોવા જઇશું તો નિયમો જડશે. પરન્તુ નિયમો એક નિયમને આધારે લાગ્યા નથી. એમ કર્યું હોત તો અપભ્રંશનું સ્વરૂપ આવી જાત એટલે રબારી આદિની ભાષાના, ખેડૂતોના વગેરેના કેટલાક શબ્દો લઇ પ્રાકૃતના નિયમો પ્રમાણે ફેરફાર પણ કોઇ કોઇ જગાએ કરી આ ભાષા યોજી જણાય છે. એટલે એવા નિયમો જાણવાની પણ અપેક્ષા છે. નહિતો આ ભાષા આમ ઘડી કઢાય જ નહિ. આ ભાષા ઘડનારના મનપર નિયમોની સંપૂર્ણ છાયા તો હોવી જ જોઇએ. પ્રેમાનંદને એટલું બધું સ્વભાષા માટે કરવાનું હતું કે પ્રાકૃતનો અભ્યાસ કરવા વખત મળ્યો હશે કે નહિ એ પણ વિચાર કરવા જેવું છે. આ ભાષા લખવા પૂરતો વખત કાઢયો એમ માનીયે તો પણ આ આહીરી અને રાક્ષસી ભાષા નાટકમાં નવીન હોવાથી કોઇનું પણ ધ્યાન ખેંચે, ખાસ કરીને વલ્લભનું. અને પ્રેમાનંદના ભાષાભિમાનનાં વખાણ કરતાં કહે પણ ખરો કે જુઓ ગુજરાતીએ સંસ્કૃતનું સ્થાન લેવા માંડયું અને પ્રાકૃતો પણ યોજાઇ. વળી પ્રેમાનંદ તો કુદરતને અનુસરનાર કવિ હતા. તે આહીરનું ચિત્ર તાદશ્ય ખડું કરવા ગોકુળ મથુરામાં જઇ ચોબાજી પાસેથી એમની ભાષા શીખી લાવી એ ભાષાનો ઉપયોગ કરે એ વધારે સુસંબદ્ધ છે. જે ચેષ્ટાઓ (business)

કૌંસમાં સૂચવાઇ છે તેમાં પણ એ પ્રસંગોમાં એ જ ભાષા વપરાઇ છે તેથી અમને એમ લાગે છે કે લેખકે પોતાની યોજક શક્તિનો વધુ ખ્યાલ આપવો ધાર્યો હશે.

ઉપરના પ્રમાણોથી કોઇ એમ પણ કહે કે પ્રેમાનંદે રાક્ષસોની ભાષા વાપરવા માટે રાક્ષસો શોધવા હતા કે ભીલો શોધવા હતા એમ કેમ નથી કહેતા ? તો એનો જવાબ એટલો જ કે એ વાત બને કે ન બને પણ પ્રેમાનંદ તો મુસાફરી કરવા ગયલા એટલે ચોબાજીની ભાષા સાંભળી શીખી શકે એ પ્રસંગવશાત્ બની જાત, જ્યારે ભીલ આદિ તો તે વખતે લુટારૂ જેવા હતા એટલે ભાગ્યે જ ત્યાં જવા ઇચ્છા થાય.

૯. તપત્યાખ્યાન અને પાંચાલીપ્રસન્નાખ્યાનનો નૃત્ય પ્રયોગ પણ આધુનિક છાયા બતાવે છે. તે વખતે નૃત્ય નહોતું એમ કહેવાનો ભાવાર્થ નથી, પરન્તુ જે પ્રસંગોમાં નૃત્ય કરાવાય છે તે પ્રસંગોમાંનું સ્થળ તેને યોગ્ય નથી. નૃત્ય કરાવવા પૂરતું નૃત્ય થાય છે એમ તો પ્રા. કા. ના ટીકાકારો પણ માને છે, અને તેની યોગ્યતા ઘટાવવા પ્રયાસ કર્યો છે. છતાં છાયા રહી જાય છે કે એ યોગ્ય સ્થળે નથી. પરન્તુ આધુનિક નાટકોમાં નાચમુજરા તો થવા જ જોઇએ એવી પદ્ધતિ ઘુસી ગઇ છે તેને અનુસરીને હોય. માલવિકાગ્નિમિત્રમા નૃત્ય થાય છે પરન્તુ તે પ્રાચીન પદ્ધતિ બતાવતું નથી. છોકરીઓ નૃત્ય શીખે છે તેની પરીક્ષા છે. ત્યારે તપત્યાખ્યાનમાં "ઠીક ત્યારે કંઇ રંગરાગ ચાલવા દો અથવા દેવશ્રી આવે ત્યારે રાખજો." ઇત્યાદિ ઢબથી શરૂ થાય છે. એ ઢબ આધુનિક પદ્ધતિને ઘણી મળતી આવે છે તેમજ આ નૃત્યથી કંઇ ખાસ અર્થ સધાતો નથી એ તો ઉપર અમે બતાવ્યું જ છે. તેમજ પાચાલી-પ્રસન્નાખ્યાનમાં એ જ પ્રસંગની ટીકા કરી છે તે ઉપરથી જણાશે કે એ પ્રસંગ પણ ઘુસાડવા પૂરતો જ ઘુસાડયો છે. આથી પણ શંકા વધે છે.

આ પ્રમાણે અમારી શંકાઓ છે. આથી એમ માનવાનું નથી કે અમે આ નાટકોને પ્રેમાનંદની કૃતિ માનતા જ નથી. પણ એ તો ખરૂંજ કે મન સંશયસ્થ રહે છે. અને એ સંશય કાઢવા પૂરતો એક જ રસ્તો છે કે એ નાટકોની પ્રતો જનસમાજ સમક્ષ મૂકાય અથવા તો વડોદરા પુસ્તકાલયમા મૂકાય કે જેથી સર્વના સંશય ટળે અને પ્રેમાનંદની પ્રથમ નાટકકાર તરીકેની કીર્તિ સુસ્થાપિત રહે. આઘો દેખાતો સ્થાણુ છે કે પુરુષ એવો સંદેહ થાય છે. તે સ્થાણુ છે એટલું જ આપ્તજનના વાક્યથી મન સંશય ટાળી શકતું નથી. એને નજરે જઇને જોય ત્યારે જ તે સંદેહમુક્ત થઇ વસ્તુનું ખરૂં સ્વરૂપ સમજી શકે. અમને તો આ નાટક વિષે કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા તેના ઉત્તર આપ્યા છે. અને કેટલીક કર્તૃત્વ વિષે શંકા ઉપજી છે તે આગળ કરી છે. એમાં અમારી ચૂક હશે ને કોઇ પણ વિદ્વાન તેના પ્રતિ અમારૂં ધ્યાન ખેંચશે તો ઉપકૃત થઇશું. ઇતિ અલમ્.

ભાગ ૪ થો

ઈતિહાસ વિભાગ

૧ ગીર્વાણકવિ જયદેવના સત્કર્ત્તા.

(લેખકઃ–રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ)

કેંદુલીનો મહોત્સવ.

બંગાળાના વીરભૂમિ જિલ્લામાં કેંદુલી નામે ગામ છે. તે અજયા નદીને તીરે આવેલું છે. એ ગામમા પ્રતિવર્ષ મેળો ભરાય છે, અને એક ભક્તકવિના મહિમાનો ઉત્સવ ઊજવાય છે. કહે છે કે તે તિથિએ ભગવતી ગંગા એ ભક્તકવિની ખાતર અજયા નદીમા પૂર્વે પધાર્યા હતાં અને કવિનો વિશ્ણુલોકે વાસ થય પછી તેના પવિત્ર નામની ખાતર પ્રતિવર્ષ પધારે છે.[1] એ કવિને માટે આખો દેશ અભિમાન ધરાવે છે. આઠસેં વરસ વીતતાં એ બંગાળી બંધુઓ એને સંભારે છે. વંગ સાહિત્યના અરુણોદય પહેલાના બ્રાહ્મ મુહૂર્તનો એ ગીર્વાણકવિ તે **गीतगोविन्द**નો રચનાર જયદેવ.

કેંદુલીના સેન રાજા.

કેંદુલી ગામ અષ્ટપદીના કર્તાની જન્મભૂમિ છે.[2] ઇસવી બારમા સૈકામા ત્યાં [3]ચંદ્રવંશી સેન રાજાઓની આણુ ફરતી હતી. [4]અરિરાજ વિજયસેન સૈકાના આરંભમા પશ્ચિમ બંગાળનો રાજા હતો. બહોળા નૌકાસૈન્યના બળથી ગંગાકાંઠાના મુલકને નમ્યૂ આપવાની તેણે ફરજ પાડી. પ્રદ્યુમ્નેશ્વરપ્રશસ્તિમા એ રાજાએ રાઘવ, વીર, વર્ધન અને નાન્યને હરાવી કેદ કર્યાનો ઉલ્લેખ છે. તેમાનો રાઘવ તે ગૌડ દેશનો રાજા રામપાલ ([5]ઇ. સ. ૧૦૬૯–૧૧૧૧) હોય એમ હું માનૂં છું. એને બારમી સદીના પહેલા દસકામા વિજયસેને હરાવ્યો સંભવે છે. ગૌડ ઉપરાત કલિંગ અને કામરૂપના રાજાઓનો પણ સેન રાજાએ પરાભવ કર્યાનું પ્રશસ્તિમાં છે. કદાચ વીર અને વર્ધન તે આ દેશના જ રાજાઓ હશે. એમની સાથેના વિગ્રહનો સમય ચોકસ જાણવામા આવ્યો નથી. છેલ્લો નાન્ય કિંવા નાન્યદેવ મિથિલાનો રાજા હતો.[6] તેનૂં રાજ્ય યુવરાજ વલ્લાલસેને ઇ. સ. ૧૧૧૯ મા જીતી

---

૧ જુઓ સદ્‌ગત વિજયચંદ્ર મજમુદારે છપાવેલા બંગાળી ગીતગોવિંદની ભૂમિકા. ૨ જુઓ **गीतगोविन्द । ३ । १० ।** એમા કહેલૂં કેંદુબિલ્વ તે જ કેંદુલી. ૩ જુઓ લક્ષ્મણસેનકૃત **अद्भुतसागर ।** શ્લોક ૪। **भुवः...भर्ताजनि विजयसेनः शशिकुले ।** જુઓ વળી **प्राचीनलेखमाला । २ ।** પ્રદ્યુમ્નેશ્વરપ્રશસ્તિ, શ્લોક ૩–૫ । **जगत्यसावचरमो राजा सुधादीधितिः ॥ वंशे तस्य......सेनान्ववाये...सामन्तसेनः ।** રાજકુમાર કેશવસેન પણ પોતાના મૂળપુરુષરૂપે ચંદ્રને સ્તવે છે; જુઓ **सदुक्तिकर्णामृत । १ । ७२ । ५ । जयति भुजभुवां वंशकन्दः सुधांशुः ।.** અબુલફજલ સેન રાજાઓને વૈદ્યવંશીય કહે છે તે ભૂલ છે. ખુલાસા માટે જુઓ પંડિત વિશ્વનાથ રેઉ કૃત **भारतके प्राचीन राजवंश (प्रथम भाग) । पृ. २९८.** ૪ વિજયસેનનૂં બિરુદ. ૫ રામપાલના રાજ્યના આરંભ અને અંતના વર્ષ Indian Antiquary, 1922, July–August માંથી ઊતાર્યા છે. ૬ **भा. प्रा. रा. । १ ।** મા કર્ણાટકના નાન્યદેવે શક ૮૧૧ (ડૉ.

લીધું. એ જ સંધિમાં યુવરાજને મહેલે કુમાર લક્ષ્મણસેન પધાર્યાની વધામણી પણ મળી. રાજ્યની અને વંશની વૃદ્ધિનું આ વર્ષ વિજયસેને નવો લક્ષ્મણસેનસંવત સ્થાપી અમર કર્યું.[૭] સેન વંશનો એ પહેલો પ્રતાપી રાજા હતો. એણે ઇ. સ. ૧૦૯૬ થી ઇ. સ ૧૧૫૭ સુધી રાજ્ય કર્યું[૮].

વિજયસેન પછી વલ્લાલસેન ગાદીએ આવ્યો. આ વખતે તેની ઉમ્મર ઓગણસાઠ વરસની હતી. એનું ઘડપણ જોઇ ઇ. સ. ૧૧૬૫ ના અરસામાં ગૌડ દેશના રાજાએ વિગ્રહ માંડયો. પરંતુ કુમાર લક્ષ્મણસેન પિતાના જેવો જ પરાક્રમી હતો. તેણે ગૌડ રાજાને હરાવી કેદ કર્યો અને તેના રાજ્યનો મોટો ભાગ જીતી લેઇ **गौडेश्वर** બિરુદ પ્રાપ્ત કર્યું[૯]. સમર્થ યુવરાજને રાજ્યની ચિંતા સોંપી વૃદ્ધ રાજા સરસ્વતીની આરાધનામાં ગૂંથાયો. બદરિકાશ્રમવાસી સાધુ સિંહગિરિના ઉપદેશથી તાન્ત્રિક બૌદ્ધ ધર્મ તજી તેણે શૈવ ધર્મ સ્વીકાર્યો હતો. અનેક રાજપંડિતના સમાગમમા તેણે **प्रतिष्ठासागर** અને **आचारसागर** રચી[૧૦] **दानसागर** અને **अद्‌भुतसागर** આરંભ્યા. આ બે પૈકી પહેલો ગ્રંથ ઇ. સ. ૧૧૬૯–૭૦ મા પૂરો થયો. બીજો ગ્રથ તેણે ઇ. સ. ૧૧૬૮–૬૯ મા રચવો શરૂ કર્યો હતો, તેમા પછી તેણે ચિત્ત પરોવ્યું. પરંતુ તેનું શરીર વરસ જતા કરી બહુ ખખળી ગયું હતું. તેથી અધૂરો ગ્રંથ મરણોત્તર પૂરો કરાવવાની આજ્ઞા આપી તેણે એંશી વર્ષની વયે ઇ. સ. ૧૧૭૮ માં તીર્થરાજ પ્રયાગ આગળ ગંગા અને યમુનાના સંગમમાં નવી રાણી સાથે જળપ્રવેશ કર્યો[૧૧].

વલ્લાલ સેન વંશનો બીજો પ્રતાપી રાજા હતો. એનું રાજ્ય રાઢ કિંવા પશ્ચિમ બંગાળમા, વરેન્દ્ર કિંવા પૂર્વ બંગાળમાં, વંગ કિંવા ઉત્તર બંગાળમા, વાગડી કિંવા ગંગાનાં મુખ વચ્ચેના દક્ષિણ બંગાળમા તથા મિથિલામા પસર્યું હતુ[૧૨]. વર્ણમર્યાદા પળાવવામા અને શાતિ જાળવવામાં તે બહુ કડક અને જાગ્રત હતો. બ્રાહ્મણોને સંતાપનાર સોનીવાણિયાના તેણે જનોઇ ઊતરાવી લીધા. વરેંદ્રના માછી બહુ તોફાની હતા, તેમને એ નીતિનિપુણ રાજાએ યુક્તિથી વિખેરી નાખી પ્રજાનો ત્રાસ ટાળ્યો. સચ્છૂદ્રમા દાખલ કરી તેણે એમને ઘરકામની નોકરીનાં દ્વાર ઊઘાડી આપ્યા, એટલે એ આપોઆપ નોકરીના લોભમાં ચારેકોર દૂર દૂર વેરાઇ ગયા. કુંભાર માળી વગેરેની પણ સચ્છૂદ્રમા ગણતરી કરી બહોળા

કીલહૉર્નના મત પ્રમાણે શક ૮૮૯) મા નેપાળ જીત્યો એમ કહ્યું છે. એ જ નાન્યદેવને પંડિતજી વિજયસેન સાથે સંઘર્ષમા આણે છે. પરતુ નેપાળના જીતનાર નાન્યદેવનો અને વિજયસેનનો રાજ્યકાળ, એ પરસ્પર બંધ બેસતા નથી. આથી વલ્લાલસેને કેદ કરેલા નાન્યને નેપાળ જીતનાર નાન્યદેવથી હું ભિન્ન ગણું છું. ૭ લક્ષ્મણસેનસંવતના આરંભ બાબત બહુ બહુ વાતો ચાલે છે; જુઓ **भा. प्रा. रा. । १ ।** વગેરે. એ બધી પાછળથી ઘડી કાઢેલી લાગે છે. ૮ વિજયસેન, વલ્લાલસેન અને લક્ષ્મણસેનના રાજ્યના આરંભ અને અંતના વરસ Indian Antiquary, 1922, July–August ને અનુસરીને આપ્યાં છે. ૯ જુઓ Madhainagar Plate:-**आसीद् गौडेश्वरश्रीहठहरणकरी यस्य कौमारलीला.** આ ગૌડ રાજા કદાચ ગોપાલ હશે. ૧૦ આ માહીતી Ind. Ant. 1922, July–August માથી મેળવી છે. જુઓ **भा. प्रा. रा. । १ ।**. ૧૧ આ વૃત્તાંત **भा. प्रा. रा. । १ ।** માંથી લીધો છે. ૧૨. જુઓ **भा. प्रा. रा. । १ ।**.

વિચારના રાજાએ ધરકામના નોકર મેળવવાની હાડમારી ટાળી; અને હલકા વર્ણનો ઉદ્ધાર કરનાર તરીકે તેનૂં નામ યાવચ્ચંદ્ર અમર કર્યું.

વલ્લાલસેનની સભામા અનિરુદ્ધ, શ્રીનિવાસ આદિ પંડિતો અને ગોવર્ધન શરણ આદિ કવિઓ વિરાજતા હતા. અનિરુદ્ધ[13] ઉત્તર બંગાળાનો વતની હતો. તેણે **दानसागर** રચવામા વિદ્યાવિલાસી રાજાને સારી મદદ કરી હતી. **अद्भुतसागर**નૂં મંડાણ [14]શ્રીનિવાસની સહાયતાથી થયૂં હતૂં; અને એ અધૂરો ગ્રંથ રાજાના મરણ પછી એ ગણિત તથા જ્યોતિષમા કુશળ પંડિતે જ પૂરો કર્યો સંભવે છે. આચાર્ય ગોવર્ધને **आर्यासप्तशती** અને ભટ્ટ શરણે **वल्लचरित** રચ્યા, તે વલ્લાલસેનના રાજ્યકાળમા .પહેલા પુસ્તકમા **प्रतिष्ठासागर आचारसागर** વગેરે પ્રબંધકળા પ્રગટાવનાર તરીકે એ ચંદ્રવંશી રાજાની પ્રશંસા છે[15]. બીજાની માહીતી ઇ. સ. ૧૫૧૧ મા અનંત ભટ્ટે રચેલૂં નવૂં [16]**वल्लालचरित** માત્ર આપે છે[17].

લક્ષ્મણસેન જ્યારે ગાદીએ બેઠો, ત્યારે તેની ઉમ્મર પણ ઓગણસાઠ વરસની હતી. તે પિતાના જેવો વિદ્યાવિલાસી અને તેના જેવો જ પરાક્રમી હતો. ગૌડ ઉપરાત કાશી કલિંગ તથા કામરૂપના રાજાઓને તેણે જીત્યા હતા[18]; અને પ્રયાગ વારાણસી તથા પુરીમા રોપેલા કીર્તિસ્તંભ તેનો જશ ગાતા હતા.[19]. રાજ્યરૂઢ થતા તેણે મોટી ઉમ્મરના કુમાર માધવસેન તથા કેશવસેનને રાજ્યકારભારમા જોડ્યા[20]. ત્રિકૂટાચળની શીતળ છાયામા દસ વરસ ઉપદ્રવ રહિત આનંદમાં પસાર થયાં. તેટલામા બે જબરાં શિખર તૂટી પડયા. પહેલો માધવસેન ગુજરી ગયો ને પછી કેશવસેન પણ ગત થયો[21]. ન્હાનો કુમાર વિશ્વરૂપસેન, તે જ વૃદ્ધની લાકડીરૂપ રહ્યો. એવામા તોફાનનૂં ભારે વાદળ ચઢી આવ્યૂં; તેણે પડોશનૂં પાલરાજ્ય પાયમાલ કર્યૂં. ગુલામવંશના દિલ્હીના સુલતાનના સરદાર બખ્તિયાર ખિલજીએ

---

૧૩ **हारलता, चम्पाद्वितीया** વગેરેનો કર્તા. ૧૪ **गणितचूडामणि**નો કર્તા. ૧૫ જુઓ **आर्यासप्तशती । ३९ । सकलकलाः कल्पयितुं प्रभुः प्रबन्धस्य कुमुदबन्धोश्च । सेनकुलतिलकभूपतिरेको राकाप्रदोषश्च ॥**. પંડિત વિશ્વનાથ રેઉ પણ આ શ્લોકમાં વલ્લાલસેન અભિપ્રેત સમજે છે; જુઓ **भा. प्रा. रा. । १ ।** પૃ. ૨૧૮–૨૧૯. ૧૬ ગોપાલભટ્ટે વૈદ્ય જાગીરદાર શિષ્ય વલ્લાલસેનનૂં જીવનચરિત્ર લખ્યૂં છે, તેનૂં નામ પણ **वल्लालचरित** છે; તેનાથી શરણનૂં અને અનંત ભટ્ટનૂં **वल्लालचरित** ભિન્ન સમજવૂં. વૈદ્ય જાગીરદાર સેન રાજા પછી અઢીસેં વરસ મોડો થયો હતો. ૧૭ જુઓ **भा. प्रा. रा. । १ ।**. ૧૮ જુઓ Lakshmanasena's Madhainagar Plate. ૧૯ જુઓ Visvarupasena's Madanpada Plate. ૨૦ **सदुक्तिः । १ । ६४, ६५, ७२ । ५, २, ५ ।** માં કેશવસેનના નામ પૂર્વે **श्रीमत्** વિશેષણ મૂકયૂં છે અને એ ત્રણ શ્લોક પૈકી વચલાને અંતે નામ પાછળ **देव** ઉપપદ જોડયૂં છે, તે ઉપરથી તેને રાજ્યાધિકાર ભોગવતો મેં માન્યો છે. એ ઉપરથી મોટા રાજકુમાર માધવસેનનો રાજ્યાધિકાર અર્થાપન્ન છે. ૨૧ અબુલફજલ માધવસેનનો રાજ્યકાળ દસ અને કેશવસેનનો પંદર વરસ આપે છે, તે મેં સ્વીકાર્યો છે. પરંતુ એ બે રાજકુમાર લક્ષ્મણસેન પછી ગાદીએ આવ્યાનૂં આઇને અકબરીમા લખ્યૂં છે તે માન્ય નથી. Madanpada Plate મા વિશ્વરૂપસેન પોતાને લક્ષ્મણસેનનો ઉત્તરાધિકારી કહે છે. એથી માધવસેન તથા કેશવસેનને પિતાના પૂર્વે ગત

ઇ. સ. ૧૧૯૭ મા છેલ્લા ગૌડ રાજા ગોવિંદપાલને હરાવી તેની રાજધાની ઔદંતપુરી ઉજ્જડ કરી. એ કાળા નાગના ફૂંફાડાથી ભય પામી લક્ષ્મણસેનની પ્રજાએ નાસભાગ કરી મૂકી. કેટલાંક માણસ કામરૂપ તરફ, તો બીજાં પુરી તરફ સિધાવી ગયાં. પણ શૂરો વૃદ્ધ રાજા ડગ્યો નહિ. સામે મ્હોએ લડી પિતાપુત્ર ધર્મયુદ્ધમાં વિજયની કે સ્વર્ગની આશા રાખતા હતા, તેવામા લશ્કરને પાછળ મૂકી એંશી જ સવારથી આગળ વધી માજી સુલતાન શહાબુદ્દીન ગોરીનો ગુલામ રાજધાની નવદ્વીપમા એકાએક દાખલ થયો. વસતીમા કોઇને પણ ન છેડતા તેણે પાંશરો રાજમહેલનો રસ્તો લીધો. લોક સમજ્યા, કે આ કોઇ ઘોડાનો સોદાગર છે તે દરબારમા ઘોડા વેચવા જાય છે. જેવો ખિલજી દરબારગઢે પ્હોંચ્યો, તેવો જ તેણે જોસ ભેર હુમલો કર્યો; અને જે સામા થયા તેમને દમસ્કની તીખી તરવારે કાપી નાખ્યા. એ અવસરે રાજા ભોજનશાળામા જમવા બેઠો હતો, તે ભાણા ઉપરથી ઉઠી પાછલે બારણેથી રવાને થઇ ગયો. ઇસ્લામી ફોજ આવી પ્હોચી, તેણે લૂંટ ચલાવી આગ લગાડી નવદ્વીપનો નાશ કર્યો. પછી ખિલજી સરદાર લક્ષ્મણસેને વસાવેલી લક્ષ્મણાવતીએ ગયો. આસપાસનો પ્રદેશ કબજે કરી ત્યા તેણે રાજગાદી સ્થાપી. નવદ્વીપની લૂંટનો મોટો ભાગ તેણે સુલતાન કુતુબુદ્દીનને દિલ્હી ભેટ મોકલ્યો. પોતાના માલિકના ગુલામને સુલતાને મહેરબાનીમા લક્ષ્મણાવતીની જાગીરનો પટો કરી આપ્યો; ઇ. સ. ૧૧૯૯[૨૨].

આ તરફ નિરુપાય સ્થિતિમાં ચાલી નીકળેલો એંશી વરસનો સેન રાજા સહીસલામત પૂર્વ બંગાળમાં પ્હોચી ગયો. ખિલજીના છળથી પશ્ચિમ બંગાળ ખોયો તે ખોયોઃ બાકી બીજું બધું રાજ્ય તો લક્ષ્મણસેનના સ્વામિત્વમા જ હતું. વિરેંદ્ર વિભાગના વિક્રમપુરમાં રાજધાની ઠરાવી ધર્મમૂર્તિ સેન રાજાએ સાત વરસ શાતિથી રાજ્ય કર્યું[૨૩]. પિતા અને પિતામહની આયુર્મર્યાદાએ ઇ. સ. ૧૨૦૬ માં કુમાર વિશ્વરૂપસેનને રાજ્ય સોંપી એ સ્વર્ગવાસી થયો[૨૪]. એનો પ્રતિપક્ષી અધર્મની જાગીર છ વરસ ભોગવી ઇ. સ. ૧૨૦૫ માં

થયા મેં કહ્યા છે: અને એમનો રાજ્યકાળ પિતાના રાજ્યકાળમાં સમાવ્યો છે, બખ્તિયાર ખિલજીના ઉપદ્રવ પહેલાં તે મેં કલ્પ્યો છે. ૨૨ બખ્તિયાર ખિલજીના ઉપદ્રવની હકીકત **भा. प्रा. रा. । १ ।** ના આધારે આપી છે. ૨૩ અબુલ્ફજલે લક્ષ્મણસેનનો રાજ્યકાળ સાત વરસનો આપ્યો છે, તે હું વિક્રમપુરની ગાદીનો સમજૂં છું. આઇને અકબરીમા નવદ્વીપની ગાદીનો રાજ્યકાળ ગણતરીમા લેવો જ રહી ગયો છે. એથી ઉલટૂં તબકાતે નાસિરીમાં વિક્રમપુરની ગાદીના સાત વરસ લેખામા લેવાયા નથી; અને રાજગાદી મળતા પહેલાનાં ઓગણસાઠ વરસ નવદ્વીપની ગાદીનાં એકવીસ વરસમા ખોટાં ઉમેરાયાં છે. લક્ષ્મણસેનસંવતની ઘટનામા પણ આવી જ વિવિધતા છે. એ વિવિધતા વિક્રમપુરની ગાદીનો સાત વરસનો ગાળો ગણતરીમાં લેવાથી અને મૂકી દેવાથી ઉત્પન્ન થઈ છે, એમ મારૂં માનવું છે. અકબરનામાના લક્ષ્મણસેનસંવતમા એ ગાળો ગણતરીમા લેવાઇ ગયેલો છે. તિરહૂતના રાજા શિવસિંહના દાનપત્રના સેનસંવતમા એ પડો મૂકાયેલો જણાય છે. મિથિલાના પંચાગમાં ભૂલથી એ દુપટ પડતો મૂકાયલો છે. ૨૪ વિશ્વરૂપસેન સંજ્ઞાને બદલે ટૂંકી વિશ્વસેન સંજ્ઞા પણ વપરાતી હશે. એ ટૂંકી સંજ્ઞાનો પર્યાય સદાસેન પણ પ્રચારમા હશે. આ માન્યતાથી આઇને અકબરીના સદાસેનને હું વિશ્વરૂપસેન જ સમજૂં છું.

કામરૂપ ઉપરની સવારીમાં માર ખાઇ પાછો વળતા એના જ અમીર અલીમરદાનના હાથે વગર મોતે મુઓ.

લક્ષ્મણસેન બહુ બહાદુર અને હિમ્મતવાન રાજા હતો. એના પરાક્રમની નોંધ અનેક તામ્રપત્રોમા જળવાઇ રહી છે. બખ્તિયાર ખિલજીએ નવદ્વીપ છળથી લીધું તે ભલેઃ એનાથી વિક્રમપુર ઉપર સવારી લેઈ જવાઇ નહિ. પિતાની આજ્ઞા પાળી લક્ષ્મણસેને અધૂરો **અદ્ભુતસાગર** પૂરો કરાવ્યો એટલું જ નહિ, પણ તેમના વારાના પંડિત અને કવિઓને પોષ્યા. વલ્લાલસેનને હાથે ઉત્તમ કેળવણી પામેલા રાજાએ રાજકુમારોને પણ ઊંચા પ્રકારની કેળવણી આપી. લક્ષ્મણસેન કવિ હતો તેમ કેશવસેન પણ કવિ હતો. **સદુક્તિકર્ણામૃત**ના દેવપ્રવાહની પાસઠમી વીચીનો બીજો શ્લોક વાચી લક્ષ્મીસ્વયંવર ઉપર રાજકુમારે સંસ્કૃત કાવ્ય રચ્યાનું અનુમાન નીકળે છે. સેન રાજાના પ્રીતિપાત્ર મહાસામંત વટુદાસના પુત્ર મહામંડળેશ્વર શ્રીધરદાસે ઇ. સ. ૧૨૦૫ મા **સદુક્તિકર્ણામૃત** રચ્યું છે તેમાં રાજાના, રાજકુમારનાં અને રાજકવિઓનાં અનેક સુભાષિત મળી આવે છે. એવા શૂરવીર, ચારિત્રવાન્, પ્રતિભાશાળી, રસિક રાજાનો શક ચાલ્યો. તે યોગ્ય જ થયું.

સેન રાજાઓના પંચરત્ન.

જંગલીપણામાં અને ઝનૂનમા નવદ્વીપનો નાશ કરી બખ્તિયાર ખિલજીએ અને થાનેશ્વરનો નાશ કરી મહંમદ ગિઝનવીએ રાજમહેલ અને દેવસ્થાનની સાથે ઇતિહાસનાં અમૂલ્ય સાધનનો પણ નાશ કર્યો છે. અનેક લેખો, અનેક કીર્તિસ્તંભો અદશ્ય થઇ ગયા છે. શિલ્પ કળા અને સંસ્કૃતિનાં અભિજ્ઞાન લુપ્ત થયાં છે. ગિઝનવીએ કરેલા કેરમાંથી બચ્યું છે એકલું મહારાજા હર્ષની રાજધાનીનું નામ; અને ખિલજીએ વર્તાવેલા વિનાશમાંથી ઊગર્યો છે એકલો સભામંડપના શિરોલેખનો શ્લોક[૨૫]. એમાં નવદ્વીપની રાજસભાનાં પાચ રત્ન ગણાવ્યાં છેઃ—ગોવર્ધન, શરણ, જયદેવ, ઉમાપતિ અને કવિરાજ. આચાર્ય ગોવર્ધન અને ભટ્ટ શરણ વિશે પૂર્વે કહેવામા આવ્યું છે. **આર્યાસપ્તશતી**માં ધ્વની આદિ કાવ્યના પદાર્થ શાસ્ત્રીય રીતે નિદર્શિત કર્યા છે, તેને લીધે ગોવર્ધનને સેન રાજા તરફથી આચાર્યની માનવંત પદવિ મળી લાગે છે. **સદુક્તિકર્ણામૃત**ના પહેલા પ્રવાહની ચોત્રીસમી વીચીના પાંચમા શ્લોક નીચે **आर्याविलासस्य** એવી મુદ્રા છે; એ નામથી કદાચ આચાર્ય ગોવર્ધન જ અભિપ્રેત હોય. શરણ ભટ્ટે શ્રીકૃષ્ણને નાયક કલ્પી કોઇ સંસ્કૃત કાવ્ય લખ્યું હતું એવી પ્રતીતિ એ જ સુભાષિતસંગ્રહના પહેલા પ્રવાહની એકસઠમી વીચીના ત્રીજા શ્લોકથી ઊપજે છે. આ બે કવિ સાથે બાકીના ત્રણ પણ વલ્લાલસેનની સભા શોભાવતા હતા, એમ પ્રસ્તુત શ્લોકને અંતે આવેલો સમુચ્ચયવાચક **च** અવ્યય સૂચવે છે. **समितौ लक्ष्मणस्य च** એ શબ્દો કહી આપે છે કે એ કવિઓ વલ્લાલની તેમ જ લક્ષ્મણની સભાનાં પંચરત્ન હતાં; અર્થાત્ પાચે કવિને બંને સેન રાજાનો આશ્રય હતો.

---

૨૫ જુઓ **આર્યાસપ્તશતી**ના આરંભે સદ્ગત પંડિત દુર્ગાપ્રસાદે આપેલી ટિપ્પણીઃ— **' गोवर्धनश्च शरणो जयदेव उमापतिः । कविराजश्च रत्नानि समितौ लक्ष्मणस्य च ॥ ' इत्ययं श्लोको लक्ष्मणसेनसभागृहद्वारोपरि शिलायामुत्कीर्ण आसीत् ।**

સભામંડપના શ્લોકમાનો **कविराजः** તે, **गीतगोविन्द**ના આરંભે આપેલા ક્ષેપક સુભાષિતમાં **धोयी कविक्ष्मापतिः** કહ્યો છે તે જ સમજવાનો છે. ધોયી કે ધોઇ તેનું વિશેષનામ હતું અને **कविक्ष्मापति** એટલે **कविराज** ઉપનામ હતું. આ તેને **पवनदूत**[२६] કાવ્ય લખવાથી લક્ષ્મણસેન તરફથી મળ્યું હશે. તેમા દિગ્વિજયે નીકળેલા એ સેન રાજાને જોઇ મોહિત થયેલી મલયાચળની ગંધર્વકન્યા કુવલયવતીએ પવન દ્વારા કહાવેલો સંદેશો સમાવ્યો છે. એ શતશ્લોકીના ઉત્તર ભાગમાં સુહ્મ અને ગૌડનું વર્ણન છે તે બહુ રમણીય છે[૨૭]. ભૌગોલિક સ્ખલનોની ઉપેક્ષા કરિયે, તો **पवनदूत** મહાકવિ કાલિદાસના **मेघदूत**ની નહિ જેવી છાયા લેઇ રચાયલું વૈદર્ભી રીતિનું સુંદર કાવ્ય છે. ગાદીએ બેઠા પછી રાજા વિજયયાત્રાએ નીકળ્યાનો આચાર કરે છે તે સંપ્રદાય ઉપર ભાર મૂકિયે, તો એ પ્રાસંગિક કાવ્ય ઇ. સ. ૧૧૭૮ મા રચાયું હશે એમ કહી શકાય. પંચરત્નમાના ઉમાપતિને અને **गीतगोविन्द**માના ક્ષેપક સુભાષિતના ઉમાપતિધરને પણ હું અભિન્ન માનું છું. **प्रबन्धचिन्तामणि**માં ઉમાપતિધરને લક્ષ્મણસેનનો અમાત્ય કહ્યો છે[૨૮]. પિતાના વારાના રાજપંડિત [૨૯]હલાયુધને જેણે પોતાનો મંત્રી અને ધર્માધિકારી બનાવ્યો[૩૦], તે લક્ષ્મણસેને તેમના વારાના રાજકવિ ઉમાપતિધરને અમાત્ય નીમ્યો હોય એ સંભાવ્ય છે. **गीतगोविन्द** ઉપરની **बालबोधिनी, संजीवनी, रसमञ्जरी** આદિ ટીકા એ સંભાવનાનું સમર્થન કરે છે. **भागवत**ની **भावार्थदीपिका** ઉપરથી **वैष्णवतोषिणी** ટીકા તેથી આગળ વધી એને જયદેવનો મિત્ર પણ કહે છે[૩૧]. **सदुक्तिकर्णामृत**માં શ્રીધરદાસે ઉમાપતિધરના પુષ્કળ શ્લોક લીધા છે. એના પહેલા પ્રવાહની છઠ્ઠી વીચીનો ચોથો શ્લોક વિચારતાં પ્રસ્તુત કવિએ શિવપાર્વતીને નાયકનાયિકા કલ્પી કોઇ કાવ્ય રચ્યું હોય એવું અનુમાન બંધાય છે. [૩૨]ઉમાપતિ કિંવા ઉમાપતિધરની કવિતામાં અલંકારની ધમક આગળ પડતી છે. જયદેવના સુભાષિત પણ **सदुक्तिकर्णामृत**ની પુષ્ટિ કરે છે. એનો જન્મ ભોજદેવ અને વામાદેવીથી થયો હતો. કવિ બહુ કોમળ અને પ્રેમાળ મનનો હતો. એને પદ્માવતી નામે સુશીલ પત્ની હતી, તેને એ અત્યંત ચ્હાતો હતો. કવિનો પ્રેમ પરાશર આદિ બંધુ પ્રત્યે પણ ન્હેતો હતો; તે પણ એને બહુ પ્રિય હતા[૩૩]. દૃઢ વિષ્ણુભક્ત છતા શંકરની સ્તુતિના શ્લોક પણ એના રચેલા મળી આવે છે[૩૪]. એના હૃદયની વિશાળતા બુદ્ધ ભગવાનની પ્રશંસામાં દૃષ્ટિગોચર થાય છે[૩૫].

---

૨૬ વાદિચંદ્રકૃત **वातदूत**ને પણ **पवनदूत** કહે છે, તે ધોયીના **पवनदूत**થી ભિન્ન. ૨૭ આ સાર વંગીય **साहित्यपरिषत्पत्रिका**મા હરપ્રસાદ **શાસ્ત્રીએ** આપેલા **धायी कविर पवनदूत** એ મથાળાવાળા લેખમાથી લીધો છે. ૨૮ જુઓ **लक्ष्मणसेनोमापतिधरयोः प्रबन्धः** ।. ૨૯ **ब्राह्मणसर्वस्व** આદિ અનેક ગ્રંથનો કર્તા. ૩૦ જુઓ **भा. प्रा. रा.** । १ । **पृ.** २१९ ।. ૩૧ જુઓ **भा. प्रा. रा.** । १ । **पृ.** २१७ ।. ૩૨ **प्रद्युम्नेश्वर**ની પ્રશસ્તિનો કર્તા ઉમાપતિધર પંચરત્નમાના ઉમાપતિધરથી ભિન્ન કે અભિન્ન, તેનો નિર્ણય કરવાનાં પૂરાં સાધન નથી. **सदुक्ति.** । १ । ११, ७३ ।३, १ । નો કર્તા ઉમાપતિ તો ભિન્ન જણાય છે. ૩૩ જુઓ **गीतगोविन्द**નાં ઉપોદ્ઘાત અને સમાપ્તિ. ૩૪ જુઓ **सदुक्ति०** ।१।४४।४। ૩૫ જુઓ **गीतगोविन्द**ની દશાવતારસ્તુતિની

રાજસભાના આ પંચરત્નની પ્રત્યેકની ખુબી નોખી હતી[૩૬]. ઉમાપતિધરની વાણીમાં કોઇ અનેરી પ્રૌઢિ હતી. શરણ ભટ્ટની કવિતા વીજળીના ચમકારા જેવી ચાકત કરનારી હતી. ગોવર્ધન એક એક આર્યામાં શૃંગારનૂં સર્વસ્વ સમાવી સૌનાં ચિત્ત હરી લેતો હતો. ધોયી તેની વિદ્વત્તાને લીધે શ્રુતધર ઉપનામથી ઓળખાતો હતો. જયદેવ સાહિત્ય અને સંગીતના સ્પૃહણીય યોગમાં ઝળકતી પ્રબંધમાધુરીને માટે વખણાતો હતો. વિશેષમા ઉમાપતિધરની પ્રૌઢિ, શરણની ગહનતા, ગોવર્ધનની રસચ્છટા અને ધોયીની વિદ્વત્તા **गीतगोविन्द** મા મળી એકરસ થાય છે. તેથી જ મર્મજ્ઞ સેન રાજાએ જયદેવને **पंडितकवि** અને **कविराजराज** બિરુદ આપ્યાં હતા[૩૭]. **आर्यासप्तशती** કે **पवनदूत** જયદેવની અષ્ટપદીની તોલે આવે નહિ[૩૮].

અષ્ટપદી. ૩૬ જુઓ **गीतगोविन्द**માનૂં ક્ષેપક સુભાષિત **वाचः पल्लवयत्युमापतिधरः संदर्भशुद्धिं गिरां जानीते जयदेव एव शरणः श्लाघ्यो दुरूहद्रुतौ। शृंगारोत्तर सत्प्रमेयरचनैराचार्यगोवर्धनस्पर्धी कोऽपि न विश्रुतः श्रुतधरो धोयी कविक्ष्मापतिः ॥** કોઇએ આ શ્લોક ખાસ જયદેવની પ્રશંસાનો માની **गीतगोविन्द**માં ધૂસાડી દીધો છે. ખરૂં જોતાં એમાં પંચરત્નની વિશિષ્ટતા જ નિરૂપિત છે. ૩૭ જુઓ **गीतगोविन्द । ११. १२ । २१, २६ ।**. ૩૮ આ લેખમાં રામપાલ, નાન્યદેવ, વીર અને વર્ધન વિશેનૂં, લક્ષ્મણસેનસંવતની સ્થાપના વિશેનૂં, તેની વિવિધ ઘટનાના સમાધાન વિશેનૂં, **अद्भुतसार**ની શેષપૂર્તિ વિશેનૂં, સેન રાજાઓનાં વિશેષલક્ષણ વિશેનૂં, રાજકુમાર માધવસેન તથા કેશવસેનના રાજ્યકારભાર વિશેનૂં, વિશ્વરૂપસેન અને સદાસેનની એકતા વિશેનૂં, કેશવસેનની કવિ તરીકેની ગણના વિશેનૂં અને પંચરત્ન તથા તેમની કૃતિ વિશેનૂં સમસ્ત કથન મારૂં પોતાનૂં છે. આધાર નથી ટાંક્યા તે તે બધી બાબતનો જવાબદાર જાતે જ છું.

૨ કેટલાક અપ્રસિદ્ધ જૂના લેખો.

સંપાદક-શ્રીયુત રા. રા. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

૧

શ્રી ફોર્બ્સ ગુજરાતી સભાના સંગ્રહમાં કેટલીક જૂની ફારસી સનદો અને કેટલાક જૂનાં બાદશાહી ફરમાનો છે. એ સનદો તથા ફરમાનોની સંખ્યા મ્હોટી નથી. પરંતુ જે છે તે કેટલેક ભાગે ગુજરાતના ઇતિહાસને ઉપયોગી છે. એ સંગ્રહમાથી એક ફારસી લેખનું ભાષાંતર થોડા વખત પર "ગુજરાતી" ના દિવાળીના અંકમા "પેશ્વા સાથેનો એક કરાર" એ મથાળા હેઠળ પ્રસિદ્ધ કરવામા આવ્યું હતું. ગુજરાતની અર્વાચીન સ્થિતિને લગતો એ કરાર હતો. એ સ્થિતિ જોડે સંબંધ રાખતો એક બીજો લેખ એ સંગ્રહમાથી મળી આવ્યો છે. જે વખતે જનરલ ગોડાર્ડ (General Goddard) ના હાથમા અમદાવાદ આવ્યું તે વખતે એણે એક જાહેરનામું પ્રસિદ્ધ કરેલું, તે જાહેરનામાની ખરી નકલ ગોડાર્ડની સહી સાથની એ સંગ્રહમાથી મળી આવી છે. દરેક વિજયી સેનાપતિ એવી રીતનાં જાહેરનામા કે ઢંઢેરા પોતાના તાબામા આવેલી રૈયતના સાત્વન અર્થે બહાર પાડતા, અને હજી પણ પાડે છે. છેલ્લી મ્હોટી લડાઇ વખતે જર્મનો પણ એવાં જાહેરનામાં ઠેર ઠેર બ્હાર પાડતા હતા. આ જાહેરનામું ટુંકું પણ મુદ્દાસર છે.

શાહ આલમ બાદશાહ ગાઝી
અમીરૂદ્દૌલા જનરલ
ગોહાર્ડ બહાદુર ફતેહ
જંગરીદવી સને
૧૧૯૪

અસલ મુજબ નકલઃ—

નથુ (નાનુ) શંકર સૂબા વગેરે અમદાવાદની રૈયત, એ શહેરના વતનીઓ તથા ત્યાં રહેનારા અને વસનારા સઘળાને માલૂમ થાય.

એમ થાઓ કે હવે સૌ લોકોએ ખાતર જમા રાખી પોતાના મકાનમાં રહેવું, અને કોઇ પણ રીતનો અંદેશો કે ડર પોતાની હમેશની રહેણી કરણી સંબંધે ન રાખતાં રોજના કામકાજમા મશગુલ રહ્યા જવું, કારણ કોઇ પણ આણસ તેમને કોઇ રીતની અડચણ કે

અટકાવ કરશે નહિ. આ બાબત તેમણે ખાત્રી રાખવી, અને આમાં લખ્યા મુજબ ત્હેમણે વર્તવું. લખ્યું ' તારીખ ૫ મહીનો સફર હી. સ. ૧૧૯૪ તે ગાદીએ બેઠાનો સને ૩૫.

(અંગ્રેજીમાં સહી) Thomas Goddard.

૨

જહાંગીર અને શાહજહાન બાદશાહના વખતમાં અમદાવાદનો જૈન વેપારી, ઝવેરી શાંતિદાસ (કે સતિદાસ) બહુ વગવાળો માણસ થઇ ગયો હોય એમ જણાય છે. એ બાદશાહોના તરફથી એને ઘણાં ફરમાનો મળ્યાં હોય એમ લાગે છે, અને તે સર્વે જૈન ધર્મના સિદ્ધાંતોને અનુસરી ચાલનારાઓને દરેક રીતે અડચણમાંથી મુક્ત રાખવાને માટે એણે કઢાવ્યાં છે. જીવહિંસાની મના, શિકારનો પ્રતિબંધ, જૈન દેરાસર તથા ધર્મશાળાઓ વગેરેના ઉપયોગમાં પરધર્મીઓ તરફથી થતી અડચણોનો અટકાવ, એ આ ફરમાનોની મુખ્ય મતલબ છે. પોતાની હિંદુ રૈયતને ત્હેનો ધર્મ, ત્હેની મરજી મુજબ અબાધિત રીતે પાળવા દેવા માટે ત્હેમાં દરેક રીતે કાળજી દર્શાવવામાં આવી છે. શેત્રુંજાની આસપાસ જાનવરોની કતલ કે ત્હેનો શિકાર ન થાય તથા ત્યાં માછલાં મારવાં કે પકડવાં નહિ, એવો કોઇ ફરમાનથી હુકમ થયો છે, તો કોઇ બીજા ફરમાનથી હિંદુઓની ધર્મની જગા પાસે કોઇ એક મુસલમાન ફકીર ગેરકાયદે દરગાહ બનાવી બેઠો હતો ત્હેને એકદમ ખસી જવાની આજ્ઞા થઇ છે. આ ફરમાનોની ભાષા ને મજકૂરમાં અપક્ષપાતપણું લીટીએ લીટીએ તરી આવે છે. ધર્મ બંબંધી છૂટ ત્હેમાં વાક્યે વાક્યે દેખાઇ આવે છે. એ ફરમાનોમાંથી થોડાંક નમૂના રૂપે આપ્યાં છે.

(અ)

સોરઠ સરકારમાં હાલમાં કામ કરતા તથા ભવિષ્યમાં થનાર અમલદારો જેઓ સુલ્તાનની મહેરબાનીની આશા રાખે છે, તથા તે મહેરબાનીને યોગ્ય ગણાવા માગે છે ત્હેમને માલૂમ થાય કે ઝુબ્દે ઉલ્ અકરાન (એક ખેતાબ છે) શાંતિદાસ ઝવેરીએ, સ્વર્ગસમાન હમારી દરબારમાં એક અરજદાર તરીકે, અરજ કરી જણાવ્યું કે સદરહુ સરકારના તાબાના પરગણામાં મોજે પાલીતાણા નામે એક ગામ આવેલું છે ત્હેમાં હિંદુઓની પૂજાનું એક સ્થાન જેને શેત્રુંજો કહે છે તે આવેલું છે અને ત્યા આસપાસના માણસોની તીર્થ માટે–જાત્રા કરવા–આવજાવ થયા કરે છે તેથી ઉંચા દરજ્જા અને ઉમદા પદ્વીવાલા (બાદશાહ) નો હુકમ કાઢવા, તથા પ્રદર્શિત કરવામાં આવે છે કે પાનખર ઋતુની શરૂઆતથી (પીચીઇલ મહીનાથી) મજકુર મોજે (ગામ) ઉપર જણાવેલા ઝુબ્દે ઉલ્ અકરાનને હમે મહેરબાનીની રાહે ઇનામમાં આપીએ છીએ, અને તેથી સૌની ફરજ છે કે, એ ઇનામ ત્હેમણે કબૂલ રાખી કોઇ પણ રીતે તેને હરકત કરવી નહિ, અને આસપાસના માણસો ત્યાં નિશ્ચિંતપણે તીર્થ કરવા આવે જાય, ત્હેમને આ હુકમની રૂએ કોઇ પણ રીતે હરકત હલ્લો કરવો નહિ. લખ્યું તારીખ ૨૯, મોહોરમ ઉલ્ હરામ મહીનો. ગાદીએ બેસવાનું વરસ ત્રીજું.

આ સનદના ઉપરના ભાગમાં શાહજહાન બાદશાહનાં મહોર ને સિક્કો છે, અને કોઇ અલી તકીખાન મારફત એ મોકલવામાં આવી છે એવું લખ્યું છે.

(ખ)

આ ફરમાન પણ ગુજરાત (શેહેર) ના હાકેમ તથા અમલદારોના ઉપર કાઢવામાં આવ્યું છે.

સદરહુ શેહેરમાં રહેતા મહાજનોમાં લોકા નામની એક કોમ વસે છે તે કોમ હમારા દરબારમાં આવી, ને ત્હેણે હમારી મદદ માટે અરજ ગુજારી કે શાંતિદાસ, સૂરદાસ વગેરે મહાજનો હમારી જોડે ખાનપાનનો તથા સગપણનો વ્યવહાર રાખતા નથી. આ ઉપરથી આફતાબ જેવી પ્રકાશિત દરબારમાંથી એવો હુકમ કાઢવામાં આવે છે કે ઉંચા દરજ્જાના શરીઅત તથા દેદિપ્યમાન એવા (હમારા) ધર્મ પ્રમાણે પરસ્પર ખાવા પીવાનો કે સગપણનો વ્યવહાર રાખવો એ બંને પક્ષની રાજીખુશી તથા રઝામંદી (ઇચ્છા) ઉપર આધાર રાખે છે, તેથી જો એમની તે બાબતની ઇચ્છા હોય તો ત્હેમણે એક બીજા જોડે સગપણનો વ્યવહાર બાંધવો તથા પરસ્પર જમવા ખાવાની છૂટ રાખવી; પણ જો તેમ ઇચ્છા ન હોય તો કોઇ પણ શખસે કોઇ બીજાને તે બાબત અડચણ કરવી નહિ અને એને સંબંધે કોઇએ કોઇને હેરાન કરવું નહિ. તેમ છતાં જો કોઈ કોઇને હેરાન કરશે તો (હમારા) ધર્મ પ્રમાણે ત્હેનો ન્યાય થશે, તેથી કોઇએ હમારા ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહિ. લખ્યું તારીખ ૨૭ માહે રજબ્ ઉલ્ મુરજ્જબ્, ગાદીએ બેઠાનું વરસ ૧૮ મુ તે હીઝરી સને ૧૦૩૪.

આ લેખના ઉપરના ભાગમાં એક મ્હોટી ચોરસ મહોર છે, તેમ એક વર્તૂલ આકારની મહોર છે, તે વર્તૂલની આસપાસ નવ ગોળાકાર મહોર છે, અને તે દરેકમાં બાદશાહના વડવાઓનાં તૈમૂર સુધીનાં નામ છે. પાછળ મહમદ દારા શકુહની મહોર છે, અને ઇસ્લામખાન મારફત એ સનદ નીકળી છે એમ લખ્યું છે.

(ક)

[ગુજરાતના સૂબા તથા અમલદારોના અંગે જે ખેતાબો વગેરે વાપર્યાં છે તેનો અત્રે અનુવાદ કર્યો નથી.]

ગુજરાતના હાલના તથા હવે પછીના સૂબાઓને માલૂમ થાય કે અત્યાર પહેલાં ઝૂબ્દે ઉલ્ અકરાન્ શાંતિદાસ ઝવેરીના દેરાસરની બાબતમાં ઉમ્દત્ ઉલ્ મુલ્ક્ શાયસ્તખાનના નામ પર ફરમાન નીકળ્યું હતું કે શાહજાદા સુલ્તાન ઔરંગઝેબ બહાદૂરે ત્યાં થોડા મેહેરાબ (કમાનો) બનાવી તેને મસ્જીદનું નામ આપેલું, અને ત્યાર બાદ મુલ્લા અબ્દુલ હકીમે અરજ કરી જણાવ્યું કે એ મકાન પર બીજો માણસ પોતાનો હક હોવાનો દાવો કરે છે, તેથી આપણા પાક ધર્મ મુજબ એ મકાન મસ્જિદ ગણાય નહિ. આ ઉપરથી બાદશાહી હુકમ નીકળ્યો હતો કે એ મકાન સતિદાસ (શાંતિદાસ) ની મીલકત જોડે તાલૂકો (સંબંધ) ધરાવે છે અને નામદાર શાહજાદાએ મેહેરાબની શિકલવાળા મકાનનો ત્યાં પાયો નાંખ્યો છે, તેથી તેને કોઇ રીતે હરકત થવી જોઇએ નહિ, તેથી એ મેહેરાબને ત્યાંથી ખસેડી નાંખવો, અને મજકુર મકાન તેને હવાલે કરી દેવું; હવે આ બાબતમાં આખી દુનિયા જેને તાબે છે એવા બાદશાહનો એવો હુકમ નીકળ્યો છે કે ઉંચા દરજ્જાના નામદાર શાહજાદાએ જે મેહેરાબ બનાવ્યો છે તે કાયમ રાખવો અને દેરાસર અને મેહેરાબની વચમાં મેહેરાબની

પાસેથી એક દીવાલ ચણી લેવી કે જેથી એ બે વચ્ચે એક પડદો થાય. એટલા માટે હુકમ કરવામાં આવે છે કે ઉંચા દરજ્જાના બાદશાહના બંદાઓએ જ્યારે મજકુર સતિદાસ (શાંતિદાસ) ને એ દેરાસર મહેરબાનીની રાહે બક્ષિસ જ આપ્યું છે, ત્યારે આગળની રીત મુજબ તે તેનો કબજો લઇ લે, અને પોતાના ધરમ મુજબ જેમ ચાહે તેમ તેમાં પૂજા કરે અને કોઇ પણ માણસ તેમાં તેને હરકત કે અટકાવ કરી શકે નહિ, અને વળી કેટલાએક ફકીરો જેઓ ત્યાં મુકામ કરી પડયા છે તેમને ત્યાંથી ખસેડી સતિદાસને તેમના તરફથી થતી અડચણ તથા તેમના તરફથી ઉભા થતા કજીઆમાથી મુક્ત કરવો, અને વળી હમને એવું પણ જણાવવામાં આવ્યું છે કે બાવરી જાતના કેટલાકએક માણસોએ દેરાસરની ઇમારતનો મસાલો ઉપાડી લૂંટી ગયા છે. તો ગમે તે પ્રકારે પણ એ મસાલો પાછો મેળવી મજકુર શખ્સને આપવો, અને જો તે લોકોએ તે વાપરી નાંખ્યો હોય તો તેમની પાસથી ત્હેની કીંમત લઇને સતિદાસને આપવી. આ બાબત આ બાદશાહી ફરમાન છે એમ ગણી તેનાથી વિરુદ્ધ યા ઉલટું કોઇએ ચાલવું નહિ. લખ્યું તારીખ ૨૧ મહીનો જમાદી ઉલ્ સાની સને (હી) ૧૦૮૧.

મથાળે મહોર સીકકો. શાહજહાનના પુત્ર મહમદ દારા શકુહનો છે.

(૬)

ગુજરાત સુબાના હાકેમને માલૂમ થાય કે સતિદાસ ઝવેરી અરજ કરે છે કે આલી દરજ્જાના બાદશાહના હુકમ મુજબ મજકુર શેહેરમાં તેની માલેકીની હવેલીઓ, દુકાનો, બીજી મીલકત તથા બાગબગીચા છે. આ ઉપરથી હુકમ કરવામા આવે છે કે જહાનપનાહ બાદશાહની કચેરીનો એ ઝવેરી તથા ખેરખાહ વેપારી છે. તેથી કોઇ પણ માણસ એ હવેલીમા જઇ ઉતારો કરે નહિ એવો મનાઇ હુકમ કાઢવો અને એ દુકાનોનું એ ભાડું ઉધરાવે ત્હેમાં એને કોઇએ અડચણ કરવી નહિ, અને બાદશાહી ફરમાન મુજબ જે બાગબગીચા એને મળેલા છે તે બાબતમાં કોઇએ કાંઇ દખલ કરવી નહિ. વળી વિશેષ હુકમ કરવામાં આવે છે કે એ સુબાના અમલદારોમાંથી કોઇ પણ માણસે કોઇ પણ રીતના કાયદાનું બહાનું કાઢી એની માલ મિલકત લઇ લેવાનો પ્રયત્ન એના પ્રત્યે યા એનાં ફરજંદો પ્રત્યે કરવો નહિ, કે જેથી એ તથા એનાં ફરજંદો નિશ્ચિંતપણે પોતાના વતનમાં આબાદ થઇ હમારી પાદશાહત હમેશ ચાલુ રહે એવી દુઆ ખુદા પાસે કરતા રહે. હમારા આ હુકમથી વિરુદ્ધ યા ઉલટું કોઇએ વર્તવું નહિ. લખ્યું તારીખ ૨ જી નૂર માહ ઇલાહી સને ૮ મો.

લેખની ઉપરના ભાગમાં મહોર સિકકો શાહજહાન બાદશાહનો છે, અને બીજો સિકકો દારા શકુહનો છે. (હી. સ. ૧૦૪૫)

(૭)

આ નીચેનું ફરમાન જહાંગીર બાદશાહ તરફથી નીકળેલું છે. એની નકલમાં કંઇક અક્ષરો પડેલા છે. અને લખ્યા સાલ વગેરે કેટલીક બાબત તેમા ઉતારી નથી, છતાં પણ પોતાની રૈયતમાં શ્રાવક કોમ પ્રત્યે બાદશાહની કેટલી લાગણી હતી, તે એમાંથી ખુલી રીતે દેખાઇ આવે છે.

આ ફરમાન પોતાના કુલ રાજની અંદર નીમાએલા હાકેમો, અમલદારો, જાગીરદારો, કરોરીઓ, મુત્સદ્દીઓ, અને આખી ગુજરાતના સુબા પર કાઢવામાં આવ્યું છે. એમાં તેમને જણાવ્યું છે કે પરમેશ્વરની પ્રીતિ ત્યારે જ મેળવી શકાય છે કે જ્યારે રાજમાં રહેતી દરેક જાત યા કોમની રૈયતના મનને આસુદગી અને નિશ્ચિંતપણું રહેલું હોય. હાલમાં શ્રાવક હરખા પરમાનંદજીએ જહાનપનાહની દરબારમાં આવી અમલદારો મારફતે અરજ કરી કે વિજયસેનસૂરી, વિજયદેવસૂરી, અને ખુશ ફહમ નંદજી (?) એઓ હમારા આચાર્યો છે, અને ઠેક ઠેકાણે તેમનાં દેરાં ને ધરમશાળા છે, અને તેઓ હમેશાં પવિત્ર-ધાર્મિક-કામમાં, સેવા પૂજામાં, અને ઇશ્વિરને યાદ કરવામાં મશગૂલ રહે છે, અને ખરેખર હમને મજકુર શ્રાવક હરખા પરમાનંદજીની વફાદારીની ખબર છે કે એ હમારૂં શ્રેય ચાહનાર, વફાદાર માણસ છે, તેથી હમારી-જહાનપનાહની-દરબારમાંથી હુકમ કાઢવામાં આવે છે કે એ કોમની ધરમશાળા કે તેમના દેરામાં કોઇએ મુકામ કરવો નહિ અને તેની નઝદીકમાં પણ કોઇ રીતની દખલગીરી ન કરવી, અને તેઓ ત્હેને ફરીથી નવાં બનાવવા માગે તો તેમાં પણ અડચણ ન કરવી. વળી ત્હેમના શિષ્યોના મકાનમાં પણ કોઇએ ઉતારો રાખવો નહિ; અને તેઓ જો સોરઠના મુલકમાં શેત્રુંજે જાત્રા કરવા જાય તો કોઇએ તેમની પાસે કશું માગવું નહિ. વળી એ જ માણસની માગણી અને અરજ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે દરેક અઠવાડીઆમાં, બે વાર-દિવસ-એટલે રવિ તથા ગુરુવારે, દર મહીને તે મહીનાને પહેલે દહાડે, તેમજ ઇદ (તહેવાર)ને દહાડે, તેમજ દર વરસે યૂર માસમાં,...............(?) તેમજ હમારી ઉમરનાં જેટલાં વર્ષ ગયાં છે તે વર્ષ ગણી દર વર્ષે એક દીવસ એ પ્રમાણે, હમારા આખા રાજમાં કોઇ પણ જાનવરને કતલ કરવું નહિ, તેમજ તેનો શિકાર કરવો નહિ, તેમજ પક્ષી, માછલાં, વગેરે જીવોને પકડવાં નહિ યા મારવાં નહિ. આ હુકમ પ્રમાણે ચાલવાને સૌએ કોશિશ કરવી. એનાથી વિરુદ્ધ વર્તવાને કોઇને અવકાશ જ નથી.

આ ફરમાન ખાનજહાન મારફત નીકળેલું.

૩ ગુજરાતના ધાર્મિક ઈતિહાસની રૂપરેખા.

પૂર્વાર્ધ-પ્રાચીનકાળથી ઇ. સ. ૧૩૦૦ સુધી.

લેખકઃ-દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર.

કોઇ પણ દેશનો ખરો ઇતિહાસ તેમાં કોણ કોણ રાજાઓ ક્યારે થઇ ગયા, તેઓએ કોની સાથે લડાઇઓ કરી, તેઓના કોણ કોણ અધિકારીઓ કયા કયા પ્રાંત ઉપર અધિકાર ચલાવતા હતા આની કેવળ રાજકીય માહિતીથી જ પુરો થતો નથી. તે દેશની ધાર્મિક આર્થિક, સામાજિક, વિગેરે વિષયોની પણ યોગ્ય માહિતિ તેની સાથે આપવી જોઇએ. રાજકીય ઇતિહાસનું ધાર્મિક ઇતિહાસ વિગેરે કરતાં અનેક દૃષ્ટિઓથી આર્થિક મહત્ત્વ હોવાથી તે જાણવા માટે લોકો વધારે પ્રયાસ કરે છે તે યોગ્ય જ છે, અને તે જ કારણથી અમુક દેશનો ઇતિહાસ એટલે તે દેશનો કેવળ રાજકરણનો ઇતિહાસ આવી સમજ થાય છે. તથાપિ અન્યવિષયક ઇતિહાસનું પણ યોગ્ય મહત્ત્વ છે એ થોડા વિચારાંતે માલુમ પડશે.

ગુજરાત દેશનો પ્રાચીનકાળથી આજ સુધીનો રાજકીય ઇતિહાસ તૈયાર કરવાના કામમાં જેમ ઉત્કીર્ણ લેખોનો અત્યંત ઉપયોગ થાય છે, તેમ જ તેનો ધાર્મિક ઇતિહાસ, વાઙ્મયાત્મક ઇતિહાસ, આર્થિક ઇતિહાસ, વિગેરે તૈયાર કરવા માટે પણ થાય છે. ઉત્કીર્ણ લેખો તે તે કાળના વસ્તુસ્થિતિનિદર્શક હોવાથી તેઓનું મહત્ત્વ ઇતિહાસનાં સાધનોમાં ઘણી વખત મુખ્ય માનવામાં આવે છે. છેલ્લા પાંચ વરસમાં ગુજરાતના સેંકડો પ્રકટ અને અપ્રકટ ઉત્કીર્ણ લેખોના અધ્યયનથી મને જે ગુજરાતના જુદા જુદા કાળની ધાર્મિક સ્થિતિ સંબંધી માહિતિ થઇ છે તે પ્રસ્તુત લેખમાં આપું છું, તે સર્વથા પરિપૂર્ણ અને બરોબર છે આવો દાવો હું ધારતો નથી. તેમાં ન્યૂનાધિક અને યોગ્ય દુરસ્તીઓ કરવા માટે સૂચનાઓ કરવાનો અધિકાર તજ્જ્ઞ પંડિતોનો છે.

સમ્રાટ અશોક પહેલાં એટલે ઇ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દીના પહેલાં ગુજરાતમાં સર્વત્ર વૈદિક ધર્મનો અને તેના અંતર્ગત કૃષ્ણ અને તથા શિવસંપ્રદાયનો પ્રચાર હતો એમ આપણે દ્વારકા અને સોમનાથ વિષેની અનેક પૌરાણિક કથાઓ વિગેરે ઉપરથી જાણી શકીએ. અશોક પહેલાં મહાવીર અને ગૌતમબુદ્ધના વખતથી એટલે ઇ. સ. પહેલાં છટ્ઠી શતાબ્દીના વખતથી મગધ દેશમાં જૈન ધર્મનો તથા બૌદ્ધ ધર્મનો થોડો થોડો પ્રસાર થવા લાગ્યો હતો. અશોકનો પિતામહ મહાસમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય પોતાના આખરના આયુષ કાળમાં સામ્રાજ્ય ત્યાગ કરી અને જૈનધર્મની દીક્ષા લઇ ભદ્રબાહુ નામના જૈન સાધુ સાથે ઠેઠ દક્ષિણમાં મહિષમણ્ડલ (મ્હૈસૂર) માં શ્રવણબેળગોળામાં તપ કરવા ગયા હતા એમ આપણને જૈન કથાઓ ઉપરથી જણાય છે. આ વાતમાં યદિ સત્યતા હશે તો તે વખત બહારદેશની બહારના પણ કોઇ લોકો જૈન મતાનુયાયી થયા હશે. તથાપિ આપણા ગુજરાત દેશમાં જૈનધર્મનો પ્રવેશ તે વખતે તો થયેલો દેખાતો નથી જ. પણ-હું આગળ બતાવું છું તે પ્રમાણે-સેંકડો વરસ સુધી થયો ન હતો.

તથાપિ બુદ્ધધર્મનો પ્રસાર મગધ પ્રાંતની બહાર ગુજરાતમાં જ કેવળ નહિ પણ સર્વત્ર ભારતવર્ષમાં અને તેની બહાર પણ જે થવા લાગ્યો તે અશોકના વખતથી જ. તે પહેલાં તે ધર્મના થોડા જ અનુયાયીઓ હતા, અને તેઓ પણ બહાર પ્રાંતની અંદર જ હતા એમ આપણે માની શકીએ. પોતે બનાવેલાં ધર્મશાસનો લોકોને સમજાવવા માટે અશોકે ઠેકઠેકાણે પત્થર ઉપર તથા સ્તંભ ઉપર કોતરાવેલા કેટલાક લેખો હિંદુસ્થાનમાં મળી આવ્યા છે. તેઓમાંનો એક આપણા પ્રાંતમાં જુનાગઢમાંથી પણ મળી આવ્યો છે. જો કે અશોકે બુદ્ધધર્મના પ્રસાર માટે તે બોધવચનો લોકો સામે મુકયાં છે તો પણ તે અમુક એક વિશિષ્ટ ધર્મના મતો અથવા વચનો તરીકે નથી. હરએક માનવી પ્રાણિએ સન્માર્ગથી કેવી રીતે ચાલવું-પોતાનો 'ધર્મ' પાળવાની તેને કેટલી આવશ્યકતા છે એ બતાવનારાં તે અબાધિત અને વિશિષ્ટધર્મમતબાહ્ય નીતિવચનો છે. આવાં બોધવચનો આપવાનું કારણ અશોકની બુદ્ધધર્મ ઉપર નિસ્સીમ આસ્થા હતી એમ નિર્વિવાદ છે. તે બોધવચનો લોકોને વાંચવા માટે પત્થર ઉપર લખાવી રાખી અશોક સ્વસ્થ બેઠો નથી. તેણે તે બોધવચનોની લોકોનાં મન ઉપર વિશેષ અસર કરવા માટે ચારે તરફ પ્રચારકો મોકલ્યા હતા. અપરાંતકમાં પશ્ચિમ કિનારાના દેશોમાં ધર્મપ્રચાર કરવાનું કામ ધર્મરક્ષિત નામના એક યવનને સોંપાવ્યું હતું. ગુજરાતમાં સાહજિક રીતે તે જ ગૃહસ્થધર્મ પ્રચાર કરતો હતો. આવાં અનેક કારણોને લીધે તે વખતે અશોકે પોતે જ એક લેખમાં કહ્યા પ્રમાણે ઘણા લોકોને બુદ્ધધર્મ માટે લાગણી ઉત્પન્ન થઇ અને કેટલાક તો તે ધર્મના અનુયાયી પણ થયા.

અશોક પછીના અઢીસો ત્રણસો વર્ષના કાળના શિલાલેખો વિગેરે ગુજરાતમાંથી ન મળવાથી તે વખતનો ધાર્મિક ઇતિહાસ તો શું પણ રાજકીય ઇતિહાસ જાણવો મુશ્કેલ છે. તે કાળમાં કોઇ પરદેશી ગ્રીક પાર્થિયન વિગેરે રાજાઓનો થોડોઘણો અમલ ગુજરાત ઉપર હશે એમ તેઓના શિક્કાઓ અહીંઆં મળી આવે છે તેના ઉપરથી તેમ જ કેટલાક ગ્રીક ઇતિહાસકારોના કહેવા ઉપરથી અનુમાન થાય છે. પરંતુ તે રાજાઓ સંબંધી માહિતિ અત્યંત અસ્પષ્ટ અને અધુરી છે. તેઓ કયા ધર્મના હતા એ ચોક્કસ કહી શકાતું નથી. પરંતુ તે વખતનો વૈદિક ધર્મ અને બૌદ્ધધર્મ પરધર્મવાળા લોકોને સ્વધર્મમાં જરાય સંકોચ વિના દાખલ કરતા હતા એ ઉપરથી એમ કહી શકાય છે કે તેઓ હિંદુ થઇ ગયા હતા, અને વૈદિક ધર્મ તથા બૌદ્ધ ધર્મ બનેને માન આપતા હતા. કેમકે તેઓને બંન્ને ધર્મો પાળતી પ્રજામાં લોકપ્રિયતા મેળવવાની જરૂર હતી.

ક્ષત્રપ કાળના જે કાંઇ લેખો મળ્યા છે તેઓમાંથી બ્રાહ્મણધર્મ કે બૌદ્ધધર્મ વિષે કાંઇ વિશેષ માહિતિ ન મળવાથી અશોકના કાળમાં બૌદ્ધધર્મના પ્રસારનું જે કામ શરૂ થયું તે એક સરખું ચાલતું હતું કે નહિ તે કહેવા માટે આપણી પાસે સ્પષ્ટ આધાર નથી એમ કહેવું પડે છે. ગ્રીક રાજાઓ સંબંધમાં ઉપર કહ્યા પ્રમાણે ક્ષત્રપ રાજાઓ પણ મૂળ હિંદુસ્થાન બહારના અને પરધર્મના હતા પણ થોડા જ કાળમાં હિંદુ થઇ ગયા હતા.

ગુપ્તકાળથી એટલે લગભગ ઇ. સ. ની ચોથી શતાબ્દીથી વૈદિક ધર્મનું તેમ જ તેની સાથે સંબંધ ધરાવનારી કેટલીક વિદ્યાઓનું સારી પેઠે પુનરુજ્જીવન થવા લાગ્યું. તથાપિ તે વખતે પણ બૌદ્ધધર્મને માનનારા કેટલાક માણસો હતા એમ હિંદુસ્થાનના તે કાળના

ઇતિહાસ ઉપરથી માલુમ પડે છે. તે કાળની ધર્મસ્થિતિ સંબંધી માહિતિ આપે આવો ગુજરાતમાં તત્કાલીન એક પણ લેખ મળતો નથી. ગુપ્તવંશકાલીન ફક્ત સ્કન્દગુપ્તનો એક જ લેખ મળ્યો છે. પરંતુ તેમાં તત્કાલીન ધર્મસ્થિતિ સંબંધી કાંઇ પણ માહિતિ આપેલી નથી.

ગુપ્તકાળ પછી વલભી કાળ આવ્યો. તે વખતે લગભગ ઇ. સ. ૪૭૫ થી ૭૭૫ સુધી ગુજરાતના મોટા ભાગ ઉપર વલભીના મૈત્રક રાજાઓ અમલ ચલાવતા હતા. તે રાજાઓનાં ઘણાં તામ્રપત્રો–લગભગ ૯૦–મળી આવ્યાં છે અને તેમાથી તત્કાલીન ધર્મસ્થિતિ સંબંધી સુદવે સારી માહિતિ મળી આવે છે. વલભીના રાજાઓના કુલદેવ શિવ હતા એમ તેઓના પ્રત્યેક તામ્રશાસન સાથે જોડેલી રાજમુદ્રા ઉપરથી જણાય છે. કારણ કે તે મુદ્રા ઉપર શિવના વાહન પોઠિયાનું ચિહ્ન હોય છે. વલભીના મૈત્રક વંશમાં કુલ ૧૯ રાજાઓ થઇ ગયા. તેઓમાંથી ત્રણ સિવાય બાકી બધા પોતાને પરમમાહેશ્વર એટલે મોટા શિવભક્ત કહેતા હતા. ફક્ત ધ્રુવસેન પહેલો પોતાને પરમભાગવત એટલે મોટો વિષ્ણુભક્ત અને તેનો ભાઇ અને ઉત્તરાધિકારી ધરપટ્ટ પોતાને પરમાદિત્યભક્ત એટલે મોટો સૂર્યભક્ત કહેતા હતા. ઓગણીસ રાજાઓમાં કેવળ એક જ રાજા પોતાના રાજ્યકાળની આખરનાં વરસોમાં બ્રાહ્મણધર્મ એટલે શિવની ઉપાસના છોડી બુદ્ધની ઉપાસના કરવા લાગ્યો, એમ તેના બે ત્રણ તામ્રપત્રોમાં તેણે પોતાને પરમોપાસક, એટલે મોટો બુદ્ધભક્ત પદ લગાડેલ છે, તે ઉપરથી દેખાય છે. તથાપિ ઘણાખરા વલભીના રાજાઓ વૈદિક ધર્મી અને શિવભક્ત હતા. એકંદર રીતે જોતાં તે કાળમાં સર્વત્ર શિવપૂજાનો પ્રચાર હતો એમ કહેવામાં કાંઇ વાંધો નથી.

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીના મત પ્રમાણે વલભીકાળમાં જ સોમનાથની પ્રખ્યાતિ વિશેષ થઇ એમ માની શકાય. ગુજરાતમા તે વખતનું એક પણ મંદિર–શંકરનું કે બીજા દેવનું–હાલમાં દેખાતું નથી. અગર તે સંબંધનો એક પણ શિલાલેખ મળતો નથી. તથાપિ ખાસ વલભીમાં કેટલાક મોટાં મોટાં શિવ મંદિરો ઘણું કરીને મૈત્રક રાજાઓએ બાંધેલાં હતાં એમા કાંઇ શંકા નથી. કેમકે હાલના વળા ગામ પાસે–જ્યાં જુના વખતનું પ્રખ્યાત વલભીનગર હતું–ત્યાં કેટલાંક બહુ જ મોટા શિવલિંગો અને સ્વાભાવિક આકારના તથા તે કરતાં મોટા અને નાના આકારના પત્થરના પોઠિયાઓ જમીનમાં દટાઇ ગયેલા મળી આવે છે. તે જ પ્રમાણે વલભીમાં વિષ્ણુનું તથા સૂર્યનું મંદિર હશે એમ આપણે ઉપર આપ્યા પ્રમાણે પરમભાગવત અને પરમાદિત્યભક્ત આ બે રાજાઓનાં ઉપપદો ઉપરથી માની શકીએ. દેવીનાં મંદિર વિષે વલભીનાં બે તામ્રપત્રોમાં ઉલ્લેખ છે. બ્રાહ્મણ ધર્મના બીજા દેવો સંબંધમાં આપણે કાંઇ જાણી શકતા નથી.

યદ્યપિ વલભીના રાજાઓ બ્રાહ્મણધર્મના ચુસ્ત અનુયાયીઓ હતા તો પણ હિંદુ રાજાને સ્વાભાવિક એવું માન તેઓ પરધર્મને આપતા હતા. ગુપ્તકાળથી બ્રાહ્મણધર્મનું જોરથી સર્વાંગી પુનરુજ્જીવન થવા લાગ્યું તેથી હિંદુસ્થાનમાં સર્વત્ર બૌદ્ધધર્મની પડતી થવા લાગી. તે એટલી કે પ્રસિદ્ધ ચિની પ્રવાસી હ્યુએનત્સંગ (ઇ. સ. ૬૩૦ થી ૬૪૫) હિંદુસ્થાનમાં ફરતા હતા ત્યારે તેને તે સ્થિતિ સારી રીતે માલુમ પડી. તથાપિ સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મનું માન બહુ ઓછું થયું એમ લાગતું નથી. વલભીના રાજદરબારમાં તેને સારૂં માન મળે એવી તેની યોગ્યતા તે વખતે હતી એમ આપણને વલભીનાં તામ્રપત્રો ઉપરથી માલુમ પડે છે.

વલભીના રાજાઓ બૌદ્ધધર્માનુયાયીઓને સારો આશ્રય આપતા હતા એટલું જ નહિ પણ ઉપર કહ્યા પ્રમાણે તેઓમાંથી એક રાજાએ બૌદ્ધધર્મની દીક્ષા લીધી હતી. તેમ જ રાજવંશની એક સ્ત્રીએ પણ બુદ્ધધર્મ સ્વીકાર્યો હતો અને પોતે વલભીમાં એક મોટો બૌદ્ધ વિહાર બાંધી તેને કાયમનું માનનીય સ્થાન આપ્યું હતું. તે રાજકન્યાના—તેનું નામ ડુડ્ડા હતું—આશ્રયથી અને અતીવ લાગણીથી હજારો બુદ્ધભિક્ષુઓ પરદેશથી આવી ત્યાં બુદ્ધધર્મનો અભ્યાસ કરવા રહેતા હતા. વલભીમાં ડુડ્ડાનો વિહાર બહુ જ મોટો હતો. બીજી પણ એક સ્ત્રીએ, જેનો સંબંધ ઘણું કરીને રાજવંશ સાથે હતો, વલભીમાં સ્વતંત્ર વિહાર બંધાવ્યો હતો, રાજ્યના કોઇ અધિકારીઓએ પણ બુદ્ધધર્મ સ્વીકારી ડુડ્ડાવિહાર પાસે પોતાના વિહારો બંધાવ્યા હતા. એક રાજાએ પણ એક વિહાર બંધાવ્યાનો પ્રત્યક્ષ ઉલ્લેખ છે. આ વિહારોમાં પ્રત્યેક બૌદ્ધ ભિક્ષુની જમવાની, કદાચ માંદો પડે તો તેને ઔષધપાણી આપવાની વિગેરે હરએક પ્રકારની સગવડ કરવામાં આવતી હતી. વિહારોમાં ધાર્મિક પુસ્તકોનો પણ સંગ્રહ કરવામાં આવતો હતો, એ વાત ધ્યાનમાં લેવાલાયક છે. આવાં એકાધિક કારણોને લીધે દેશદેશના મોટા મોટા બૌદ્ધ ભિક્ષુઓ ત્યાં અધ્યયન નિમિત્તે રહેવા આવતા હતા. તે કાળમાં વલભી બુદ્ધધર્મને લગતી વિદ્યાઓનું એક મહાન્ વિદ્યાપીઠ હતું. હ્યુએનત્સંગ પછી થોડા જ વરસમાં હિંદુસ્તાનમાં આવેલો બીજો બૌદ્ધ પ્રવાસી ઇત્સિંગ લખે છે 'હિંદુસ્થાનમાં બે મોટી વિદ્યાપીઠો છે. એક બિહાર પ્રાંતમાં નાલંદા અને બીજું સોરાષ્ટ્રમાં વલભી. ચીન દેશમાં જે મોટી મોટી વિદ્યાપીઠો છે તેઓના જેવી જ આ છે અને ત્યાં આસ્થાવાળા વિદ્યાર્થિઓ દૂરદૂરથી આવી બબ્બે ત્રણત્રણ વરસ સુધી રહી બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો એક નિષ્ઠાથી અભ્યાસ કરે છે.' વલભીના વિદ્યાપીઠની કીર્તિ ચીન દેશ સુધી એટલી ગઇ હતી કે ઇ. સ. ની છઠ્ઠી શતાબ્દીના પ્રારંભમાં થઇ ગયેલો બૌદ્ધ પંડિત સ્થિરમતિ અને તે જ સદીની આખરમાં થયેલો બૌદ્ધ પંડિત ગુણમતિ આ બન્નેને ચીનમા બહુ માન સાથે બોલાવવામાં આવ્યા હતા.

વલભીરાજ્ય સાથે જ વલભીનગરનો તેના મોટા મોટા બૌદ્ધ વિહારોનો તેમ જ બૌદ્ધ ધર્મનો નાશ થયો. ત્યાર પછી ક્યાંય પણ શિલાલેખમાં કે તામ્રપત્રમાં તે ધર્મનું નામ પણ આવતું નથી. અપવાદ તરીકે ગુજરાતમાં આવેલ અડાલજમાં જમીનમાંથી મળી આવેલી એક બુદ્ધની મૂર્તિના બેસણી ઉપરનો બે લીટીવાળો એક લેખ રા. બ. કેશવલાલભાઇને મળ્યો હતો. તેમાં ફક્ત બુદ્ધધર્મનું '**ये धर्मोऽयं...**' આ પ્રસિદ્ધ વાક્ય કોતરેલું છે. તેમાંના અક્ષરો લગભગ આઠમી શતાબ્દીના છે. એ લેખ બુદ્ધધર્મની ગુજરાતમાંથી મળેલી છેલ્લી નિશાની છે.

ગુજરાતમાંથી બૌદ્ધધર્મનો નાશ કેવી રીતે અને બરાબર ક્યારે થયો તે કહેવાનું કામ બહુ જ અઘરૂં છે. અરબ લોકોએ આક્રમણ કરી વલભીનો—અને બુદ્ધધર્મને માન આપનારા મૈત્રક રાજવંશનો—નાશ કર્યો તે પછી તે ધર્મને આશ્રય આપનારો કોઈ રહ્યો ન હતો. લગભગ તે જ અરસામાં કુમારિલ ભટ્ટ અને આદ્યશંકરાચાર્યે ધર્મ સંબંધમાં આખા હિંદુસ્તાનમાં જે ક્રાંતિ કરી તેના પરિણામમાં બુદ્ધધર્મના જે કોઇ થોડા અનુયાયીઓ રહ્યા હશે તેઓ બ્રાહ્મણધર્મમાં પાછા દાખલ થયા. અને પશ્ચિમમાં દ્વારકામાં પોતાનો એક મઠ સ્થાપી શંકરાચાર્યે પહેલેથી ચાલતા આવેલા શિવસાંપ્રદાયને અપૂર્વ પુષ્ટિ આપી.

આ સંબંધમાં એક વિશેષ વાતની નોંધ કરવી પડે છે તે એ કે ગુજરાતમાં ચૌલુક્ય કાળ સુધી એટલે ઇ. સ. ૧૦૦૦ પહેલાના જૈનધર્મ સંબંધી ઉત્કીર્ણ લેખોમાં ક્યાંય પણ ઉલ્લેખ મળતો નથી.

હિંદુસ્થાનના બીજા પ્રાંતમાં અને ખાસ કરી મથુરામાં તે ધર્મ સંબંધના કેટલાક શિલાલેખો ઇ. સ. ની શરૂઆતના એક બે સૈકાના મળ્યા છે. પરંતુ ગુજરાતમાં તો બિલકુલ જ નથી.

વલભીકાળ ગુજરાતમાં ઘણો જ શાંતિવાળો અને આબાદ હતો એમ દેખાય છે. તે વખતના શત્રુંજય માહાત્મ્ય નામના જૈન લોકોના એક ગ્રંથમા એમ લખ્યું છે કે તેનો કર્તા ધનેશ્વર વલભીના રાજા શિલાદિત્યનો ગુરુ હતો. તેણે સં. ૪૭૭ માં વલભીમાં જૈનસૂત્રો લખાણમાં મુકવા માટે જૈન આચાર્યોની એક પરિષદ ભરી હતી. બીજા એક જૈન લોકોના કલ્પસૂત્ર નામના પુસ્તકમા એમ લખ્યુ છે કે વલભીમા ધ્રુવસેનના વખતમાં વીરસંવત ૯૮૦ મા એક જૈન પરિષદ્ ભરી હતી અને તે વખતે લોહિત્યસૂરીના શિષ્ય દેવર્ધિગણિક્ષમા શ્રમણે સિદ્ધાંતો લખી કાઢયા· આવી જ ત્રીજી એક દંતકથા છે કે આનંદપુરના ધ્રુવસેનની સોમ વિ. સં. ૯૯૩ માં જૈનધર્મ સંબંધમાં પ્રવચનો થતાં હતાં. આવી અનેક દંતકથાઓ જૈન લોકોમાં છે પરંતુ તેઓ વિશ્વાસપાત્ર નથી એમ જણાય છે. કેમકે દાખલા તરીકે પહેલી દંતકથા સંબંધમા કહીએ તો આપણને એમ માલુમ પડે છે કે વિક્રમ સંવત્ ૪૭૭ એટલે ઇ. સ. ૪૨૧ મા ધ્રુવસેનનું હોવાનું જ અશકય છે. કેમકે તે વખતે વલભી રાજ્યની જ શરૂઆત થઇ હતી કે નહિ તેમા સંશય છે. બીજી અને ત્રીજી દંતકથાઓ સંબંધમાં આટલી અસંભવનીયતા આવતી નથી, તોપણ તે બન્ને કાળ અને રાજાના નામ સંબંધી બરાબર બંધબેસતી નથી.

બીજું એ જોવું જોઇએ કે વલભીના રાજાઓના ઉપર કહ્યા પ્રમાણે ૯૦ તામ્રશાસનો અત્યાર સુધી મળ્યા છે. તે બ્રાહ્મણોને તથા બુદ્ધસંઘોને દાનાર્થ આપેલા છે. તે વખતે વલભીમાં જો જૈન ધર્માનુયાયીઓ હોત અને તેઓ પણ ઉપર બતાવ્યા પ્રમાણે રાજા સાથે વિશેષ પરિચય ધરાવનારા હોત તો જૈનધર્મ સંબંધનું એક પણ તામ્રશાસન કે લેખ કેમ ન મળે?

વઢવાણ શહેર વર્ધમાન સ્વામીના નામથી વસેલું હતું. ત્યાં સં. ૩૧૯ નો એક લેખ છે–આવો તે વખતે જૈન ધર્મનું અસ્તિત્વ બતાવવા માટે કોઇ માણસ કદાચ આક્ષેપ મુકશે, તો તે સંબંધમાં એટલું જ કહેવાનું છે કે, વર્ધમાન સ્વામી મગધ પ્રાંતમાં થઇ ગયા હતા. તેના નામનું વસેલું વર્ધમાનપુર ત્યા છે. વઢવાણ સાથે તેનો કાઇ પણ સંબંધ દેખાતો નથી. બીજું સં. ૩૧૯ નો જે શિલાલેખ કહેવામા આવે છે તેના અક્ષરો વિગેરે જોતા એમ જ નિશ્ચિત થાય છે કે, તે સં. ૧૩૧૯ નો હશે અને કોતરનારની ભૂલથી અથવા હજારનો આંકડો ન આપવાના એક રિવાજ પ્રમાણે તે સંવતમાંનો પ્રથમનો અંક રહી ગયો છે.

આવાં અનેક કારણોને લીધે એમ જ માનવું પડે છે કે તે વખત વલભીમાં તો શું, પણ ગુજરાતમા જૈન ધર્માનુયાયીઓ બહુ જ થોડા, અને વિશેષ મહત્વના ન હતા. ઇ. સ.

ની દશમી શતાબ્દીની શરૂઆતના કોઇ લેખો પડિહાર સમ્રાટોના વખતના કાઠિયાવાડમાંથી *મળી આવ્યા છે. તેઓ પણ જૈનધર્મ સંબંધી કાંઇ પણ માહિતિ ન આપતા ઉલટી રીતે સૂર્યોપાસના* શિવોપાસના તે વખત કાઠિયાવાડમા ચાલતી હતી એમ બતાવે છે. આ બધા વિવેચનથી એમ જ કહેવું પડે છે કે ગુજરાતમાં સૌથી પહેલા જૈન લેખ ચૌલુક્યકાલીન જ છે. તે પહેલા જૈન ધર્મનું કાંઇ પણ ચિહ્ન મળતું નથી. આ સંબંધમા પ્રસિદ્ધ વિદ્વાન્ મુનિ જિનવિજયજીનાં વાક્યો ખાસ ધ્યાનમાં લેવા લાયક છેઃ

"ભારતના ઇતિહાસમાં જેને 'મધ્ય યુગ' (એટલે ઇ. સ. ૫૦૦ થી ૧૦૦૦ સુધી) કહેવામાં આવે છે, તે યુગના જૈન લેખો ભાગ્યે જ મળી આવે છે. જૈન ઇતિહાસ માટે આ એક ખાસ વિચારણીય પ્રશ્ન છે. કેવળ લેખોની દૃષ્ટિએ જ નહિ, પરંતુ સમુચ્ચય જૈન સાહિત્યની દૃષ્ટિએ પણ આ પ્રશ્ન વિચારવા જેવો છે. શ્વેતામ્બરીય સૂત્ર સાહિત્યને બાદ કરતાં, બીજું સાહિત્ય પણ એ યુગમાં જૈનોના હાથે વધારે લખાયું નથી. તેમજ સ્થાપત્ય પણ જાણવા જેવું કે નોંધવા જેવું મંડાયું નથી. હિંદુસ્થાનના રાષ્ટ્રીય ઇતિહાસની દૃષ્ટિએ પૂર્ણ જાહોજલાલીવાળો ગણાતો એ કાળ જૈન ઇતિહાસની દૃષ્ટિએ બહુજ અપ્રકાશિત દેખાય છે. લગભગ ૪૦૦—૫૦૦ વર્ષ જેટલા એ 'મધ્ય યુગમાં' જૈન ધર્મની અને તેમા ખાસ કરીને શ્વેતાંબર સંપ્રદાયની શી સ્થિતિ હતી, તે જાણવા માટે કાંઇ પણ ઉલ્લેખયોગ્ય પુરાવાઓ અદ્યાપિ મળ્યા નથી. એ યુગનો મહાન ચિની મુસાફર હ્યુએનત્સંગ આખા હિંદુસ્થાનમા મુસાફરી કરી ગયો હતો અને બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મના અનેકાનેક સંપ્રદાયોનો વિસ્તૃત અહેવાલ તે પોતાની નોંધવહીમા લખી ગયો હતો. પરંતુ તેની એ વિશાળ નોંધમાં, હિંદુસ્થાનની છેક દક્ષિણે રહેતા થોડાક દિગંબરોની સૂચના સિવાય જૈનસમાજ, જૈનસાહિત્ય, જૈનસ્થાપત્ય, કે જૈન સાધુઓના સંબંધમા એક પૂરી લીટી પણ લખાએલી જડતી નથી"+

ચૌલુક્યકાળ ગુજરાતમા એક ઉત્કૃષ્ટ કાળ હતો; તે કાળમા જ જૈનધર્મનું નામ ગુજરાતમા પ્રથમ સ્પષ્ટરીતે જણાવવામા આવ્યું, અને તે કાળમા જ જૈનધર્મની મહત્તા અતીવ વધી ગઇ. જૈનધર્મની ઉન્નતિ એટલે બ્રાહ્મણધર્મની પડતી હોવી જ જોઇએ એવું કાંઇ નથી. તે ધર્મની સ્થિતિ પણ તે વખતે સારી જ હતી. તે કાળમા જેમ હેમચંદ્ર, અરિસિંહ, અમરચંદ્ર, માણિક્યચંદ્ર, મલ્લિષેણ જેવા મોટા મોટા જૈન પંડિતો થઇ ગયા, તેમ જ ઉવ્વટ, દ્યાદ્વિવેદ, વિષ્ણુ, વાગ્ભટ, સુભટ, નાનક, એવા વિદ્વાન બ્રાહ્મણો પણ થઇ ગયા. ચૌલુક્ય રાજાઓ ઘણા ખરા બ્રાહ્મણધર્મી જ હતા, અને તેઓના કુલદેવ શિવ હતા, એમ તેઓના અનેક શિલાલેખો, તામ્રપત્રો, વિગેરે ઉપરથી દેખાય છે. ચૌલુક્ય વંશનો પ્રસ્થાપક મૂળરાજ શૈવ હતો અને તેણે અણહિલવાડપાટણમા, અને બીજા કેટલાક ઠેકાણે ત્રિપુરુષપ્રાસાદ, મૂલેશ્વર, વિગેરે શિવાલયો બંધાવ્યા. પ્રબંધચિંતામણિ જેવા જૈનગ્રંથમા યદ્યપિ મૂળરાજે કોઇ જૈન મંદિરો બંધાવ્યાનું કહ્યુ છે, તથાપિ તેનો અર્થ એટલો જ કે મૂળરાજ હિંદુરાજાની હમેશની પદ્ધતિ પ્રમાણે, તે વખતમા ઘણા લોકોમા માન્યતા પામેલા જૈનધર્મ વિષે પ્રેમ રાખતો હતો, અને તેના અનુયાયીઓને સારો આશ્રય આપતો હતો. તથાપિ એ પણ

+ જુઓ મુનિ જિનવિજયજીકૃત પ્રાચીન જૈન લેખ સંગ્રહ પા. ૧૧.

ધ્યાનમાં રાખવું જોઇએ કે ચૌલુક્ય રાજાઓના અત્યારસુધી જેટલાં તામ્રપત્રો મળી આવ્યા છે તેઓમા એક પણ જૈન સાધુને કે મંદિરને આપેલું મળતું નથી.

એક વાત બ્રાહ્મણો સંબંધમા ધ્યાનમાં રાખવા લાયક છે. ગુજરાતના બ્રાહ્મણોમાં ઔદીચ્ય બ્રાહ્મણ નામનો જે એક મોટો વર્ગ છે, તે પોતાના સંબંધમા એવી દંતકથા કહે છે કે તેઓને સોળંકી વંશના પ્રસ્થાપક મૂળરાજે ઉત્તરહિંદુસ્તાનમા આવેલ કુરુક્ષેત્રમાથી બોલાવ્યા અને મોટા માન સાથે સારો આશ્રય આપ્યો. તે જ પ્રમાણે તેના વંશજ સિદ્ધરાજ જયસિંહે કેટલાક ઔદીચ્ય બ્રાહ્મણોને સિદ્ધપુરમા, કેટલાકને હળવદમાં, કેટલાકને સિહોરમાં, અને કેટલાકને વળામાં ગરાસો કરી આપ્યા. પરંતુ દુર્દૈવની–અથવા ખરૂં કહીએ તો નવાઇની વાત એ છે કે અત્યાર સુધીમા તે સંબંધનો એક પણ વિશ્વાસ રાખવા લાયક લેખ કે તામ્રપત્ર ઉપલબ્ધ થયું નથી. તેથી તે બ્રાહ્મણોનું ઔદીચ્ય નામ નક્કી શા ઉપરથી પડયું, તેમ જ તેઓ ગુજરાતમા કયા પ્રસંગે આવ્યા, તે સંબંધમાં નિશ્ચયાત્મક કાંઇ પણ કહી શકાતું નથી.* ગુજરાતની એકંદર લોકવસ્તીમા, તેમ જ બ્રાહ્મણજ્ઞાતિની લોકવસ્તીમા, ઔદીચ્ય બ્રાહ્મણોનો વર્ગ એટલો મોટો છે, તેમ જ બ્રાહ્મણેતર જ્ઞાતિઓ સાથે ધાર્મિક વિગેરે બાબતોમાં, તેઓનો એટલો નજીકનો સંબંધ છે કે તેમના સંબંધી ઉપર આપવામા આવેલી માહિતી પુરી અને સમાધાનકારક નથી. સાથે સાથે એમ પણ ધ્યાનમા રાખવું જોઇએ કે ઔદીચ્ય બ્રાહ્મણોનો વર્ગ ચૌલુક્યકાળમાં પણ વિદ્વત્તા, રાજકારણ વિગેરે દષ્ટિથી ખાસ મહત્ત્વનો ન હતો એમ દેખાય છે. તેઓમાથી એકાદો બ્રાહ્મણ કદાચ વિદ્વાન્ થયો હશે, અને તેને એકાદ ચૌલુક્ય રાજાએ એકાદું તામ્રપત્ર આપ્યું હશે, તેમ જ એકાદ બ્રાહ્મણે રાજકારણમા પ્રવીણતા બતાવી કોઇ પ્રસંગે મોટી જગ્યા મેળવી હશે એટલું જ; બાકી તેઓની દંતકથા પ્રમાણે તેઓનું મહત્ત્વ ઇતિહાસમાં દેખાતું નથી.

ચૌલુક્યોના વખતમાં વિદ્વત્તા અને રાજકારણમાં નાગર બ્રાહ્મણો જ અગ્રેસર હતા, એ વાત તેઓએ બનાવેલા ગ્રંથો, તેઓને ચૌલુક્ય રાજાઓએ આપેલા દાનપત્રો તેમ જ તેઓને રાજ્યમાં મળેલી મોટી મોટી જગ્યાઓ વિગેરે ઉપરથી સ્પષ્ટ થાય છે. વલભીકાળથી નાગર બ્રાહ્મણો મહત્ત્વનું સ્થાન ઉપભોગે છે, એ વલભીના વખતના તેઓના અનેક તામ્રપત્રો ઉપરથી, તેમ જ અણહિલવાડ પાટણના વખતના ઉપર બતાવેલા સાધનો ઉપરથી દેખાય છે. ચૌલુક્ય કાળમાં નાગર બ્રાહ્મણોનું મુખ્ય સ્થાન આનંદપુર અથવા વડનગર ખરેખર બૌદ્ધિક વિદ્યાઓનું કેન્દ્ર હતું, અને ચૌલુક્ય રાજાઓએ યદિ કોઈ બ્રાહ્મણોને સારો આશ્રય આપ્યો હશે તો તે નાગર બ્રાહ્મણોને જ. ઔદીચ્ય, શ્રીમાળિ, શ્રીગૌડ, વિગેરે બ્રાહ્મણોને તેઓએ બોલાવ્યા એમ કહેવા કરતા ગુર્જ્જર પ્રતિહાર સમ્રાટોની અવનત દશાની વખતે, તેઓ આશ્રયાર્થ આવ્યા એમ કહેવું અધિક સયુક્તિક દેખાય છે. મારા આ કથનને પુષ્ટિ આપે એવા ફક્ત બે જ દાખલાઓ અહીંઆં આપું છું.

સોમેશ્વરદેવ કૃત સુરથોત્સવ નામના કાવ્યના પંદરમા સર્ગમાં તે કવિએ પોતાના પૂર્વ-

---

*પાટણના મહારાજ સિદ્ધરાજ જયસિંહ સોળંકીએ હળવદના બ્રાહ્મણોને તે ગામ દાન કરી આપ્યું, આવા મતલબનું સં, ૧૧૫૬ માહા શુદ ૫ વાળું, એક તામ્રપત્ર ઔદીચ્ય બ્રાહ્મણો તરફથી બતાવવામાં આવે છે. પરંતુ તે અનેક કારણોથી તદ્દન ખોટું છે.

જેની સારી હકીકત આપેલી છે. તેમા તે લખે છે કે તેના 'સોલ' નામના એક પૂર્વજને, મૂળરાજ સોળંકીએ પોતાનું પુરોહિતપણું વંશપરંપરાથી આપ્યું. તે પ્રમાણે સોમેશ્વરદેવ સુધી, એટલે ચૌલુક્ય રાજા બીજા ભીમદેવ સુધી, તેઓનું રાજપુરોહિતપણું અબાધિત ચાલતું આવ્યું. એ વંશ 'નગર' ના એટલે વડનગરના રહેનારા વસિષ્ઠ ગોત્રી, અને ગુલેચા નામવાળો હતો, તેથી તેઓ નાગર બ્રાહ્મણ હતા તે સંબંધમા કાઇ પણ શંકા નથી. મૂળરાજે ઔદીચ્ય બ્રાહ્મણોને બોલાવ્યા હોત તો આ પુરોહિતની જગ્યા નાગર બ્રાહ્મણને ન મળત. હાલમા માત્ર પ્રત્યેક રાજાનો પુરોહિત ઔદીચ્ય બ્રાહ્મણ જ દેખાય છે. હવે બીજા પુરાવાથી રાજકારણમા પણ નાગર બ્રાહ્મણોને માન હતું તેમ દેખાય છે.' પ્રભાસપાટણમા સં. ૧૨૭૨ નો ચૌલુક્ય રાજા બીજા ભીમદેવના વખતનો એક બહુ જ ઉપયોગી લેખ મળ્યો છે. તેમા તેણે પોતાના મંત્રી શ્રીધર નામના નાગર બ્રાહ્મણ મારફત પ્રભાસપાટણમાં મેઘધ્વનિ નામે સોમનાથનો મંડપ બનાવ્યાને લખ્યું છે. આ લેખમા મૂળરાજથી બીજા ભીમદેવ સુધી, ચૌલુક્ય રાજાની વંશાવળી આપી છે અને તે રાજાઓના મંત્રી તરીકે કામ કરનાર શાંડિલ્ય ગોત્રી, વસ્ત્રાકુલ અવટંકવાળા-જેને હાલમા વસ્તા કહેવામા આવે છે-બીજા એક નાગર બ્રાહ્મણના વંશની, પહેલા પ્રમાણે જ લાબી અને અવિચ્છિન્ન વંશાવળી આપી છે. આ બે નાગર વંશોની વંશાવળીઓ નાગરોના ઇતિહાસ માટે અત્યંત ઉપયોગી છે જ એટલું જ નહિ પણ તે ગુજરાતના ચૌલુક્ય રાજાઓના ઇતિહાસ માટે ઉપયોગી છે. કેમકે ચૌલુક્ય રાજવંશ, ગુલેચા પુરોહિત વંશ, અને વસ્તા મંત્રીવંશ, એ ત્રણે વંશોનો અઢીસો વરસના લાંબા કાળ સુધી અને કેટલીક પેઢીઓ સુધી પરસ્પર નજીકનો સંબંધ હતો એમ તેઓ ઉપરથી દેખાય છે. તે વખતના નાગર બ્રાહ્મણો પણ વલભી કાળ પ્રમાણે વેદવિદ્યા વિગેરેમાં, તેમ જ રાજ- કારણમા સારી રીતે નિષ્ણાત હતા, એમ કેટલાક શિલાલેખો વિગેરે ઉપરથી દેખાય છે. તે વખતના મોટા મોટા સુંદર અને વિદ્વત્તા સાથે રચાયેલા શિલાલેખો નાગર બ્રાહ્મણોએ જ લખેલા હતા, એમ ઘણી વખત લેખની નીચે આવનાર, તેઓના નામ ઉપરથી જણાય છે. એટલું જ નહિ પણ જૈન લોકોના મોટા મોટા લેખો પણ નાગર બ્રાહ્મણોએ જ લગાવેલા હતા. ચૌલુક્ય કાળની શરૂઆતથી આખર સુધી, એટલે લગભગ વિ. સ. ૧૦૦૦ થી ૧૨૫૦ સુધી, જેમ મોટા મોટા પંડિતો અને કવિઓમા, નાગર બ્રાહ્મણો તથા જૈનોનાં નામો આવે છે તેમ ઔદીચ્ય બ્રાહ્મણોનાં નામો વિશેષ મળતા નથી. જેઓના 'નાગરત્વ' સંબંધના સ્પષ્ટ ઉલ્લેખો છે, એવા ઉવ્વર, ધાહિવેદ, સોમેશ્વરદેવ, નાનક વિગેરે મોટા મોટા વૈદિક પંડિતો અને કવિઓ ચૌલુક્ય કાળમા થઇ ગયા. એકંદર રીતે જોતા એમ કહી શકાય કે વિદ્વત્તા અને રાજકારણમા નાગર બ્રાહ્મણ અને જૈન જ્ઞાતિઓ બહુ જ ઉંચ્ચે દરજ્જે પહોચેલી હતી, અને તેઓની જ સ્પર્ધા ચાલતી હતી. નાગર બ્રાહ્મણો સંબંધી મારે અહીંઆં એક નોંધ કરવાની છે કે હાલમા નાગર અને બ્રાહ્મણ એવા જે બે સ્પષ્ટ વિભાગો દેખાય છે તેવા તે વખતે ન હતા. હાલના નાગરોને પોતાના નામ સાથે બ્રાહ્મણ શબ્દ લગાડવામાં સંકોચ લાગે છે. તેઓ બ્રાહ્મણ શબ્દનો ભિક્ષુકશબ્દના અર્થમાં ઉપયોગ કરે છે. તથાપિ પૂર્વકાળમા સર્વ નાગર જ્ઞાતિ પોતાને 'નાગર બ્રાહ્મણ' પદ મોટા અભિમાન સાથે લગાડતી હતી એમ માલુમ પડે છે. ચૌલુક્ય રાજાઓના ધર્મ સંબંધી ઉપર કરેલા લાબા વિવેચનથી વાચકના મન ઉપર મારે આટલી જ વાત ઠસાવવાની છે કે ચૌલુક્ય કાળમાં મોટા મોટા

જૈન શેઠીયાઓએ અનેક મંદિરો બનાવેલાં માલુમ પડે છે; ઘણી વખત ચૌલુક્ય રાજાઓના મુખ્ય મંત્રીઓ જૈનધર્માનુયાયી હતા, એવા અનેક કારણોથી ચૌલુક્ય રાજાઓ જૈન મતાનુયાયી થયા હતા વિગેરે કહેવામાં આવે છે. તો પણ તેમા બહુ સત્ય નથી. ખાસ જૈનધર્મ ઉપર આસ્થાવાળા અનુયાયી તરીકે કુમારપાળ રાજાનું નામ લેવામા આવે છે. આ એક રાજા સિવાય બાકી બધા ચૌલુક્ય રાજાઓ, બ્રાહ્મણ ધર્મના અનુયાયીઓ હતા એમ શિલાલેખો વિગેરે ઉપરથી જણાય છે. માત્ર તેઓ પરધર્માસહિષ્ણુ ન હતા અને જૈન ધર્મને પણ સારૂં માન આપતા હતા એટલું જ.

યદ્યપિ ચૌલુક્યોના વખતમાં જૈનધર્મના ઘણા લેખો મળી આવે છે, અને બ્રાહ્મણ ધર્માનુયાયીના તે કરતા ઓછા મળી આવે છે, તથાપિ જે કોઇ મળી આવે છે તેમના ઉપરથી એટલું ચોક્કસ થાય છે કે તે વખતના રાજાઓની, તેમ જ ઘણા ખરા લોકોની શિવ સંપ્રદાય માટે લાગણી બહુ જ હતી. ચૌલુક્ય રાજાઓએ, તેઓના માંડલિક રાજાઓએ, તેઓના અધિકારીઓએ, તેમ જ કેટલાક ખાનગી ગૃહસ્થોએ બંધાવેલાં કેટલાક અતિવિશાળ અને સુંદર શિવમંદિરો ખંડિત સ્થિતિમા અત્યારે પણ જોવામાં આવે છે. યદ્યપિ કુમારપાળ રાજા જૈન મતાનુયાયી થયા હતા, તથાપિ ગુજરાત દેશના અંદરના તેમ જ ગુજરાતની બહારના માળવા, રાજપુતાના, વિગેરે સ્થળોના માંડલિક રાજાઓએ, અને પ્રાંતાધિકારીઓએ સર્વત્ર શિવમંદિરો બંધાવ્યાના ઉલ્લેખો મળી આવે છે. પાટણના સોમનાથની મહત્તા વલભીના રાજાઓએ કરી હશે, અને તેમા આદ્યશંકરાચાર્યે વૃદ્ધિ કરી હશે, પરંતુ એટલું સ્પષ્ટ હતું કે ચૌલુક્ય રાજાઓના વખતમાં સોમનાથની મહત્તા બહુ જ વધી ગઇ હતી. કોઇ ચૌલુક્ય રાજાઓ અને તેઓના માંડલિકો પોતે સોમનાથની પૂજા કરવા માટે, ત્યા જતા હતા, એમ શિલાલેખો બતાવે છે. સ્વાભાવિક રીતે જ, ઘણા લોકોમાં પણ તેની ભક્તિ વધી ગઇ. આ કારણને લીધે સોમનાથનાં મંદિરમાં અપાર સંપત્તિ દટાદટ ભરાઇ ગઇ હતી. ગિઝનીના મહમદને સોમનાથના ઉપર હલ્લો કરવાનું એક કારણ, હિંદુધર્મ ઉપર પ્રહાર કરવાનું, અને બીજું સોમનાથ ઉપર પ્રહાર કરી, ત્યાંની અપરંપાર સંપત્તિ લુંટી લઇ જવાનું હતું. મોટી નવાઇની વાત એ છે કે, આ હકીકત સંબંધી ગુજરાતના શિલાલેખોમાં જરા પણ (passing) ઉલ્લેખ નથી, તો પછી બીજા પ્રાંતના શિલાલેખો સંબંધી શી વાત કરવી? તેમ જ એક પણ જૈન કે બ્રાહ્મણ ગ્રંથમા તેનો ઉલ્લેખ નથી. તથાપિ મુસલમાની તવારિખોનો તે સંબંધનો એટલો બારી પુરાવો છે કે તે વિષે શંકા લેવાનું કાંઇ પણ કારણ નથી.

જો કે મહમદ સોમનાથનું મંદિર તોડી અને મૂર્તિ ફોડી અખૂટ સંપત્તિ લઇ ગયો તો પણ સોમનાથ વિષેનું માહાત્મ્ય તે કાળમાં કિંચિત પણ ઓછું થયું નહોતું. એટલું જ નહિ પણ સોમનાથપાટણમાં જે ઘણા-મોટા મોટા અને સારા શિલાલેખો મળી આવે છે, તે બધા મહમદ પછીના કાળના છે, અને તેઓમાં સોમનાથનું મંદિર ફરીથી બનાવ્યાના તથા તેની નજીકમાં જ કેટલાંક બીજા મંદિરો, જલાશયો, વિગેરે મોટા મોટાં મકાનો બંધાવ્યાના ઉલ્લેખો મળી આવ્યા છે. તે કાલના લોકોમાં શિવસંપ્રદાય માટે અને વિશેષ કરીને સોમનાથ માટે અત્યંત ભક્તિ હતી એમ તેથી સ્પષ્ટ દેખાય છે. તથાપિ સોમનાથનું મંદિર

મહમદે તોડયા પછી, એક કે બે વખત નહી પણ ત્રણ વખત ફરીફરીથી મુસલમાનોએ તોડયું એમ શિલાલેખો વિગેરે ઉપરથી જોયાથી ગુજરાતના ધર્માભિમાન, અને ક્ષાત્રતેજને કોઇ પણ વખત ન ધોવાય તેવું કલંક લાગ્યું એ વાત કોઇથી નાકબુલ ન થઇ શકે.

શૈવ સંપ્રદાયાન્તર્ગત લકુલીશ પાશુપત નામના એક પંથનો પ્રચાર ગુજરાતમા ચૌલુક્ય કાળમાં હતો તે વિષે થોડી માહિતિ આપું છું, કેમકે તેની માહિતિ લોકોને ક્વચિત જ હોય છે. આ પંથની માહિતિ આપણને માધવાચાર્યકૃત સર્વદર્શન સંગ્રહ, વિષ્ણુપુરાણ એવા ગ્રંથો, અને હિંદુસ્થાનમાં કોઇ કોઇ ઠેકાણે મળી આવેલા શિલાલેખો ઉપરથી જ કેવળ મળી આવે છે. હાલમા આ પંથના અનુયાયીઓ કોઇ મળતા નથી. પરંતુ પ્રાચીન કાળમાં તેઓ ગુજરાત, રાજપુતાના, માળવા, દક્ષિણ, બંગાલ, વિગેરેમાં સર્વત્ર હતા, એમ દેખાય છે. લકુલીશની મૂર્તિઓ હાલમાં પણ ઘણે ઠેકાણે મળી આવે છે. વડોદરાથી દક્ષિણ દિશામાં પંદર માઇલ ઉપર ' કારવાન ' કરીને જે મુસલમાનોએ ઉધ્વસ્ત કરી નાંખેલું ગામ છે, ત્યા પ્રાચીનકાળમાં ભગવાન શંકરે લકુલીશ નામનો અઢારમો અવતાર લીધો હતો એમ માનવામાં આવતું હતું. લકુલીશ અથવા લકુટીશ શબ્દ લકુટ એટલે દંડ ઉપરથી થયો છે, અને લકુલીશની મૂર્તિના એક હાથમા દંડ હોય છે. તે પદ્માસન કરી બેઠેલી હોવાથી કેટલાક તે મૂર્તિને જૈન અથવા બૌદ્ધ મૂર્તિ માને છે, પરંતુ તે ભૂલ છે. તે શિવના એક અવતારની મૂર્તિ છે. લકુલીશ ઉર્ધ્વરેતા (જેનું વીર્ય કોઇ વખત સ્ખલિત થતું નથી) માનવામાં આવે છે, તેથી તેવું ચિહ્ન (ઉર્ધ્વલિંગ) મૂર્તિ ઉપર દેખાય છે. આ પંથના આચાર્યો યોગાદિ વિદ્યાઓમાં પ્રવીણ હતા. તેઓના નામની આખરે રાશિપદ હોય છે જેમકે ત્રૈલોક્યરાશિ, ધર્મરાશિ, વીરભદ્રરાશિ. આ પંથનો સોમનાથપાટણમાં એક બહુ મોટો મઠ હતો એમ શિલાલેખો બતાવે છે. ચૌલુક્યકાળ પછી એટલે ઇ. સ. ની ચોદમી શતાબ્દી પછી આ પંથનો ગુજરાતમાથી અસ્ત થઇ ગયો એમ દેખાય છે.

ચૌલુક્ય કાળમા બ્રાહ્મણધર્મના શિવ સિવાય બીજા કયા દેવતાઓની ભક્તિનો લોકોમા પ્રચાર હતો, તે વિષે હવે થોડું લખું છું. તે વખત બુદ્ધધર્મ તદ્દન નષ્ટ થયો હતો, એ કહેવાની જરૂર નથી. જૈનધર્મના કોઇ અનુયાયી સિવાય બાકી રહેલા જૈન સમૂહનો મોટો ભાગ શિવસંપ્રદાયી હતો એમ ઉપરના વિવેચનથી દેખાઇ આવશે. બાકી રહેલા લોકો, કોઇ વિષ્ણુની, કોઇ સૂર્યની, આવી રીતે ઉપાસના કરતા હતા. શિવ પછી વિષ્ણુની ઉપાસના કરનાર માણસો ઘણા હશે એમ અનુમાન કરવામા આપણને વાંધો નથી. પરંતુ તે સંબંધના તત્કાલીન શિલાલેખો કે મંદિરો બહુ જ ઓછા મળી આવે છે, એમ પણ કહેવું જોઇએ. હાલનો વલભાચાર્યનો વૈષ્ણવ સપ્રદાય બહુ આધુનિક છે.

સૂર્યની ઉપાસના વિષે માત્ર બહુ ઉપયોગી માહિતિ મળી આવે છે. વલભીના એક રાજા ધરપટ્ટે પોતાને માટે, પરમાદિત્યભક્ત એવું વિશેષણ લગાડયું હતું, એમ ઉપર એક ઠેકાણે કહેવામાં આવ્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે તે વખત કોઈ કોઇ લોકો સૂર્યની ઉપાસના કરતા હતા. તેઓએ ઘણું કરીને સૂર્યનું એકાદ મંદિર પણ વલભીમાં બનાવેલું હશે. ગુજરાતમાં સૂર્યપૂજાનો તે પ્રથમનો જ ઉલ્લેખ. વલભીકાળ–પછી પડિહારકાળમાં–ઇ. સ. ની દશમી સદીના આરંભના જ લેખો સૂર્યપૂજા સંબંધના મળ્યા છે તે ઉપર કહેવામાં

આવ્યું છે. દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓનાં લગભગ તે જ કાળના જે તામ્રશાસનો લાટમાંથી મળ્યાં છે તેઓમાંથી કોઇમાં સૂર્યપૂજાનો ઉલ્લેખ છે. તથાપિ ચૌલુક્ય કાળમાં સૂર્ય પૂજાનો પ્રચાર બતાવનારા શિલાલેખો અને મંદિરો વધારે સંખ્યામાં જોવામા મળે છે. તેમ જ તે લેખો અને મંદિરો બહુ જ સુંદર છે. સૂર્યપૂજા માટે આપેલું ચૌલુક્ય કાળનું તામ્રશાસન માત્ર મારા જોવામા આવ્યું નથી. દુર્ભાગ્યવશાત્ સૂર્યપૂજાનો પ્રચાર ગુજરાતમાથી નિકળી ગયેલો હોવાથી સૂર્યનું નવું મંદિર તો જોવામા આવતું જ નથી, અને જુના મંદિરો મુસલમાનોના નિર્ઘૃણ દંડાથી અને કાળના પરિણામથી અત્યારે બહુ જ ખરાબ સ્થિતિમા છે.

ચૌલુક્ય સિદ્ધરાજ જયસિંહનો ધ્રાંગધ્રા સંસ્થાનમા ગાળા નામના ગામમા એક સં. ૧૧૯૩ નો ઉલ્લેખ મળ્યો છે. તેમા દેવી અને વિનાયકનું મંદિર બનાવ્યાનો ઉલ્લેખ છે. ઘણા શિલાલેખોમા જૈન લોકોના લેખોમાં પણ આરંભમા જ ગણપતિને નમન કરવાનો રિવાજ ઘણા પ્રાચીનકાળથી જોવામા આવે છે. તથાપિ પ્રસ્તુત લેખના વખત સુધી ગણપતિના મંદિર વિષે એક પણ શિલાલેખમાથી માહિતિ મળતી નથી. અણહિલપાટણમાં એક ગણપતિની મૂર્તિ નીચે સં. ૮૦૨ વાળો લેખ છે. પરંતુ અક્ષરો વિગેરે ઉપરથી તે લેખ સં. ૮૦૨ નો નથી પણ ઉપર બતાવેલા સિદ્ધરાજના લેખ કરતા પણ તે આધુનિક છે એમ માનવું સકારણ છે. દક્ષિણ દેશમા જેમ ગણપતિનું સ્વતંત્ર મંદિર બનાવવાનો પ્રચાર છે તેવો ગુજરાતમા નથી. કાઠિયાવાડમા ધારીમાં ગણપતિનું સ્વતંત્ર મંદિર જોવામા આવ્યું છે, પરંતુ તે આધુનિક કાળનું અને કોઇ દક્ષિણી ગૃહસ્થે બનાવેલું છે. દક્ષિણમા જેમ એકાદો 'ગાણપત્ય' હોય છે તેવો ગુજરાતમા થયેલો લાગતો નથી.

નાગર લોકો જેઓનું પ્રાબલ્ય ચૌલુક્ય કાળમા સારૂં હતું તેઓ શિવભક્ત તથા દેવીભક્ત હોય છે. તેથી દેવીના મંદિરો તે વખત મોટી સંખ્યામા હોવાં જોઇએ. પરંતુ તે કવચિત જ જોવામા આવે છે, અને તે સંબંધનો લેખ તો મારા જોવામા આવ્યો જ નથી.

કાઠિયાવાડમાં દક્ષિણ ભાગમાં સમુદ્ર કિનારે પસનાવડા નામના ગામમા એક ગાયત્રીનું મંદિર છે. અદ્યપિ ત્યા શિલાલેખ નથી તોપણ તે મંદિર ચૌલક્ય કાળનું હોવાનું સંભવનીય છે. ગાયત્રીના મંદિરો ગુજરાતમા તો શું પણ હિંદુસ્થાનમા કવચિત જ જોવામા આવે છે. ગુજરાતમા તે એક જ છે, એમ મારી માન્યતા છે અને તે કદાચ અજમેર નજીકના પુષ્કર તીર્થમાંથી જે બ્રાહ્મણો ગુજરાત કાઠિયાવાડમા આવી વસ્યા તેઓના ઉપક્રમથી બનાવવામાં આવ્યુ હશે.

તે જ પ્રમાણે બ્રહ્મદેવનાં મંદિરો પણ કવચિત જ જોવા મળે છે. ગુપ્તપ્રયાગમાં (જુનાગઢ સંસ્થાનના ઉના મહાલના તાબે) એક બ્રહ્મદેવની મૂર્તિ ઉત્તર ગુજરાતમાંથી આવેલી રાજકોટના મ્યુઝીયમમાં સંગ્રહિત કરેલી છે. બાકી તે દેવનાં ગુજરાતમા મંદિરો મારા જોવામાં કે સાંભળવામાં આવેલાં નથી. બ્રહ્મદેવ સૃષ્ટિકર્તા છે આવી કલ્પના કેટલાક શિલાલેખોમા ખાસ કરીને લાટ દેશના ચૌલુક્ય વંશના કીર્તિ રાજાના તામ્રશાસનમા આવેલી છે. બ્રહ્મદેવના ચુલુકમાથી એટલે અંજલિમાથી ચૌલુક્ય નામનો વીર ઉત્પન્ન થયો આવી માન્યતા ગુજરાના ચૌલુક્યોના કેટલાક લેખોમાં તો છે જ, પણ ગુજરાત બહારના લેખોમાં

પણ છે. તથાપિ સ્વતંત્ર મંદિરો બંધાવી બ્રહ્મદેવની પૂજા કરવાનો રિવાજ ગુજરાતમાં ન હતો એમ કહેવામા વાંધો નથી.

રામના તથા સ્વતંત્ર હનુમાનનાં મંદિરો ગુજરાતમાં ઓછાં જ જોવા મળે છે. શિલાલેખોમાં તે સંબંધનો ઉલ્લેખ મારા જાણવામાં આવ્યો નથી. મને એમ લાગે છે કે હિંદુસ્થાનમાં આવા મંદિરોનો પ્રચાર આધુનિક કાળમાં જ થયેલો છે. હાલમા માત્ર દક્ષિણમા જેમ પ્રત્યેક ગામના સિમાડા ઉપર હનુમાનનું મંદિર અવશ્ય હોય છે તેવો રિવાજ ગુજરાતમા હાલમા વિશેષ દેખાતો નથી. રામનાં અને હનુમાનના મંદિરો ગુજરાતમા બહુ થોડા છે.

દત્રાત્રેયની પૂજા કરવાનો ગુજરાતમાં રિવાજ જણાતો નથી. ગિરનાર ઉપર જે દત્તાત્રેયનાં પગલાં માનવામા આવે છે તે સંબંધી શંકા લેવાનું કારણ છે. કેમકે તે પાદુકાની પાછળના ભાગમા એક જૈન મુર્તિ કોતરેલી દેખાય છે અને નીચે એક અસ્પષ્ટ અક્ષરોવાળો કદાચ ચૌલુક્યકાલીન લેખ દેખાય છે. બીજું કારણ એ છે કે ગુજરાતમા અન્યત્ર દત્તાત્રેયનું સ્થાન ક્યાંય જોવામાં આવતું નથી.

બાકી બ્રાહ્મણધર્માન્તર્ગત દેવતાઓ સંબંધના લેખો કે મંદિરો જાણવામા આવતા નથી. શૂદ્ર, અતિશૂદ્ર, વિગેરે હલકી કોમવાળા લોકો તે વખત બ્રાહ્મણોના શંકર વિષ્ણુ વિગેરે સિવાય કયા દેવતાઓની પૂજા કરતા હતા, તે જાણવા માટે સાધનો નથી. કેમકે તે સંબંધી જાણવા માટે જે આધાર શિલાલેખો છે તે તો આ અભણ માણસો લખી શક્તા નહિ. તે કામ બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ણના લોકોનું જ હતું.

હવે ચૌલુક્યકાલીન શિલાલેખો ઉપરથી જૈનધર્મ વિષે આપણને શું માહિતિ મળે છે તે આપણે જોઈશું. મેં ઉપર કહ્યું છે કે ગુજરાતમાં ચૌલુક્ય કાળથી જ જૈનધર્મનો વિશેષ પ્રચાર થયો અને રાજાશ્રય અને તે કરતા પણ ધનાઢ્ય વૈશ્ય લોકોના મુક્તહસ્ત આશ્રયને લીધે તે એટલો વધી ગયો કે, તે સંબંધના અસંખ્ય શિલાલેખો મળી આવે છે. એક માણસે સહજ વિનોદ કરવાના હેતુથી ઉદ્‌ગારો કાઢ્યા કે જૈન મૂર્તિઓ એટલી છે કે તેઓની સંખ્યા ખાસ જૈન લોકોની સંખ્યા કરતાં પણ મોટી છે. આ વાતમા કદાચ અતિશયોક્તિ હશે. પરંતુ એટલું તો ખરૂં કે ગુજરાતમાં જૈન મૂર્તિઓ બહુ જ છે. તથાપિ સાથે સાથે એમ પણ કહેવું જોઇએ કે જૈન લોકોની બીજા ધર્મીઓ કરતાં આ એક વિશેષતા છે કે તેઓ જે જે મૂર્તિની સ્થાપના કરે છે, જે જે મંદિરો બંધાવે છે તેમાં તે સબંધી લેખ જરૂર રાખે છે. એટલે જૈન શિલાલેખોની સંખ્યા પણ ગુજરાતમા બહુ જ છે. જૈન લોકોનો આ ગુણ કહો કે વ્યસન કહો પણ તેઓના શિલાલેખો આપણા દેશનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાના કામમાં ઘણા જ ઉપયોગી થાય છે, એ વાત કબૂલ કરવી પડે છે. ઘણાખરા જૈન લેખો એકાદા તીર્થંકરની મૂર્તિ સ્થાપ્યા સંબંધના હોય છે, અને તેમાં સંવત્, મૂર્તિ સ્થાપનારનું નામ, જેના શ્રેય માટે મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી એવા પોતાના માતાપિતા વિગેરે વડિલોનું નામ, તેમ જ તે મૂર્તિની પ્રતિષ્ઠા કરનાર જૈન સૂરિનું નામ, તેનો ગચ્છ, ગુરુપરંપરા વિગેરે માહિતિ આપેલી હોય છે. ઘણી વખત આ મૂર્તિનું ચોવીસ

તીર્થંકરોમાંથી એક તીર્થંકરના 'બિંબનું' નામ પણ આપેલું હોય છે. મૂર્તિની સ્થાપના કરનારો માણસ કદિ સાધારણ હોય અને તેનો તત્કાલીન રાજકારણ સાથે કાંઇ પણ સંબંધ ન હોય, ત્યારે ઘણી વખતે તેનો શિલાલેખ ઐતિહાસિક બાબતો જાણવાના કામમાં વિશેષ ઉપયોગી થઇ શકતો નથી. આવા લેખો જૈન સાધુઓની પરંપરા, તથા તેઓના ગચ્છો, વિગેરે જૈન ધર્મના ઇતિહાસની ઉપયોગી માહિતી મેળવવા માટે માત્ર ઉપયોગી થાય છે. હમેશ કાંઇને કાંઇ ઉપયોગી બાબતની નોંધ કરવાની જૈન લોકોની–વ્યાપારી લોકોની–સાહજિક જ વૃત્તિ હોવાથી કોઇ વખત જૈન લેખો ઉપરથી આપણને તત્કાલીન ઐતિહાસિક માહિતિ સાથે, આર્થિક, સામાજિક, ભૌગોલિક, વિગેરે માહિતિ પણ મળી આવે છે. જે સ્થળમાં જૈન 'બિંબ' સ્થપાયું તે સ્થળનો અધિકારી, તેની નિમણુક કરનાર રાજાનું નામ, તે રાજા યદિ કાંઇ સાર્વભૌમ રાજાનો માંડલિક હોય તો તેનું નામ વિગેરે માહિતિ જૈન લેખોમાં કોઇ વખત મોટી કાળજીથી આપેલી હોય છે.

ગુજરાતમાં જૈન લોકોનાં સૌથી પ્રસિદ્ધ તીર્થસ્થાનો બે છે. એક શત્રુંજય અને બીજું ગિરનાર, શિલાલેખો વિગેરે ઉપરથી અબુ પર્વત આ બે સ્થાન કરતાં પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે, પરંતુ તે રાજપુતાનામાં હોવાથી આપણા લેખની મર્યાદામાં આવતો નથી. શત્રુંજયના મુખ્ય દેવ પ્હેલા તીર્થંકર આદિનાથ છે, અને ગિરનાર ઉપરના મુખ્ય દેવ બાવીસમા તીર્થંકર નેમિનાથ છે. શત્રુંજયનું માન મોટું છે. તથાપિ ગિરનાર પર્વત ઉપર લેખો બહુ જુના, મહત્ત્વના, અને પુષ્કળ છે. શત્રુંજય પર્વત ઉપરના ચૌલુક્યકાલીન લેખો બહુ જ થોડા છે, આધુનિક કાળના–વિશેષ કરી અકબર પછીના કાળના–વધારે છે. યદ્યાપિ આ કાળમાં ગુજરાતમાં જગાએ જગાએ સેંકડો જૈન મંદિરો બંધાવવામાં આવ્યાં, તીર્થંકરોની હજારો મૂર્તિઓ સ્થપાઇ, અને તે માટે લાખો–કરોડો કહીએ તો કાંઇ વાંધો આવે એવું નથી–રૂપીયા ખર્ચ થયું, તથાપિ તેમાંનો મોટો ભાગ ગિરનાર અને શત્રુંજય ઉપર જ ખરચાયો એમ જોવામાં આવે છે. ત્યાના શિલાલેખોની સંખ્યા સાહજિક રીતે જ મોટી અને મહત્ત્વની છે. તથાપિ હમણાં જ કહ્યા પ્રમાણે ખાસ કુમારપાળના વખત સુધીના જૈન લેખો ગિરનારમાં પણ બહુ ઓછા મળે છે, અને શત્રુંજય ઉપર તો મળતા જ નથી. ચૌલુક્ય રાજા બીજા ભીમદેવના વખતમાં તેના માડલિક લવણપ્રસાદના કારભારીઓ વસ્તુપાળ અને તેજપાળ, નામના બે ભાઇઓ હતા. તેઓ પહેલેથી જ વ્યાપારને લીધે ધનાઢ્ય થયા હતા. પછી કારભારીનું પદ હાથ આવ્યું. તે ભાઇઓ મોટા ગુણી અને ધાર્મિક પણ હતા. તેઓએ કેટલીક વખત સંઘપતિ થઇ ગિરનાર અને શત્રુંજયની મોટી મોટી યાત્રાઓ કરી એમ આપણને ત્યાંના કેટલાક લેખો ઉપરથી તેમ જ એકાધિક ગ્રંથો ઉપરથી માલુમ પડે છે. ત્યાર પછી તે સ્થાનોનો–વિશેષ કરી ગિરનારનો મહિમા બહુ જ વધી ગયો, અને મોટા મોટા જૈન ભાવિક વ્યાપારીઓને ગિરનારની યાત્રા કરી ત્યા કાંઇ ધર્મકૃત્ય કરવાની પદ્ધતિ જ પડી ગઇ. ગિરનાર ઉપર નેમિનાથાદિ તીર્થંકરોનાં બહુ વિશાળ અને સુંદર મંદિરોનો જીર્ણોદ્ધાર તથા વસ્તુપાળ તેજપાળના સ્મરણાર્થે નવાં મંદિરોની બાંધણી તથા મૂર્તિઓની પ્રતિષ્ઠાપના કરવામાં આવી હતી અને તે તે પ્રસંગે શિલાલેખો કોતરી રાખવાનો પ્રઘાતજ પડયો.

૪ ચાવડાઓની વંશાવળી.

(લેખક, રામલાલ ચુનીલાલ મોદી.)

સાધનો.

ચાવડાઓનો ઇતિહાસ ઘણું કરીને પાટણની સ્થાપનાથી શરૂ થાય છે. એ પહેલાં [1]પંચાસરમાં ચાવડાઓનું રાજ્ય હતું ખરૂં, પણ ત્યાંના માત્ર એક જ રાજા–જયશેખર સંબંધી કંઇક હકીકત મળે છે.[2] એ સિવાયના બીજા રાજાઓનો ઇતિહાસ હજી અંધારામાં જ છે.

પાટણના ચાવડાઓની પણ જે હકીકત મળે છે તે બહુ જુજ છે. તેમાં પણ, એ એટલી તો પરસ્પર વિરુદ્ધ, સંશયયુક્ત અને ગોટાળાભરેલી છે કે માત્ર થોડીક જ વિનાસંકોચે ઇતિહાસ રૂપે ગ્રાહ્ય થઇ શકે. સૌથી વધારે ગુંચો તો એ રાજાઓની વંશાવળી વિષે છે. એ ગુંચો ઉકેલવાનો પ્રયત્ન આ લેખમાં કર્યો છે.

ચાવડાઓની વંશાવળી ઉપર પ્રકાશ નાંખે એવા શિલાલેખો કે તામ્રપત્રો મળ્યાં નથી.[3] માત્ર જે કાંઇ છે તે જુદા જુદા ગ્રંથોમાં આપેલી છૂટક છૂટક હકીકત. આ ગ્રંથો પણ તત્કાલીન રચાયેલા નથી, પરંતુ ઘણાખરા વાઘેલા વંશમાં રચાયેલા છે–એટલે ચાવડાવંશની સ્થાપના પછી સુમારે પાંચસે વર્ષે અને તેના અંત પછી સુમારે ત્રણસેં વર્ષે. કેટલાક ઇતિહાસના ગ્રંથો જેવા કે **द्व्याश्रय, कीर्तिकौमुदी** આદિમા તો સોલંકી વંશથી જ આરંભ કરેલો છે. આવી સ્થિતિમાં ચાવડાવંશના ઇતિહાસની બાબતમાં મતભેદને અવકાશ જરૂર રહેવાનો.

જે ગ્રંથોમાં ચાવડાઓની હકીકત છે તેનાં નામ આ પ્રમાણેઃ—

૧ **सुकृतसंकीर्तन** (સં. ૧૨૮૫ સુમારે). ૨ **सुकृतकीर्तिकल्लोलिनी** (સં. ૧૨૯૦

---

૧ જુઓ જનાશ્રય પુલકેશીનું તામ્રપત્ર, Bombay Gaz. Vol. I. pt. I. p. 109.

૨ જુઓ **रत्नमाल. प्रबन्धचिंतामणि** માં પંચાસરનું નામ આપ્યું છે, પણ જયશેખરનું નામ તો માત્ર એક **रत्नमाल** મા જ છે.

૩ કેટલાક છે, પણ વંશાવળીમાં ઉપયોગી નથી. ઉપર્યુક્ત પુલકેશીનું તામ્રપત્ર ચાવડાનું માત્ર અસ્તિત્વ સિદ્ધ કરે છે. (સં. ૭૯૪–૫ માં) હરસોળના તામ્રપત્રમાં (પુરાતત્વ, ૨, ૧) સં. ૧૦૦૫ માં થયેલા કોઇ યોગરાજનું નામ છે. પણ તે ચાવડો હોવાનું સિદ્ધ થતું નથી. 'બુદ્ધિપ્રકાશ' ૧૮૮૧, નવેમ્બરના અંકમા વનરાજનું સં. ૮૦૨ નું તામ્રપત્ર પ્રસિદ્ધ થયું છે, પરન્તુ એ બનાવટી મનાય છે અને તેનાથીએ ચાવડાની વંશાવળી ઉપર કંઇ પ્રકાશ પડતો નથી. પાટણના ગણપતિના મંદિરમાં ઉમામાહેશ્વરની મૂર્તિ નીચે પાટણ સ્થપાયાની તિથિ (સં. ૮૦૨, ચૈત્ર સુદ ૨ શુક્રવાર) સંબંધી લેખ છે. તે પણ પાછળથી કોરેલો જણાય છે. પાટણના પંચાસરના મંદિરમાં એક લેખ વનરાજગુરુ શીલગુણસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિની મૂર્તિનો અને બીજો સં. ૧૩૦૧ નો વનરાજવિહાર બંધાવ્યા સંબંધીનો છે, પરન્તુ તે પણ આપણા વિષય માટે બહુ કામના નથી.

સુમારે). **प्रबन्धचिंतामणि** (સં. ૧૩૬૧). ૪ **विचारश्रेणि.** ૫. **कुमारपालप्रबंध** (સં. ૧૪૯૨). ૬. **धर्मारण्य.** ૭ **रत्नमाल.** ૮ મિરાતે અહમદી. એ ઉપરાંત ભાટ-ચારણોના ચોપડા, કવિતાઓ, પટ્ટાવલીઓ વગેરે.[૪]

૧ પુસ્તક અરિસિંહનું રચેલું છે. તેમાં વસ્તુપાલનું ચરિત્ર છે. તેના પહેલા સર્ગમાં ચાવડા વંશના રાજાઓનાં નામ છે. તે તેના અનુક્રમ માટે ઉપયોગી છે. ભાવનગરની આત્માનંદ સભા તરફથી પ્રકટ થયેલું છે.

૨ આ પણ વસ્તુપાલની પ્રશસ્તિ છે. તે ઉદયપ્રભસૂરિની રચેલી છે. તેના આરંભના શ્લોકોમાં ચાવડા વંશના રાજાઓનાં નામ છે. તે પણ રાજાઓના અનુક્રમ માટે ઉપયોગી છે. એ ગાયકવાડ પ્રાચ્યમાલામાં **हम्मीरमदमर्दनम्** નાટકના પરિશિષ્ટમાં છપાયું છે.

૩ આ ગ્રંથ મેરુતુંગનો રચેલો છે. તેમાં ઐતિહાસિક રાજાઓ સંબંધી પ્રબંધો છે. તેમાં **वनराजप्रबंध**માં ચાવડા સંબંધી હકીકત છે. આ ગ્રંથ પંડિત દિનાનાથે ઇ. સ. ૧૮૮૮ માં પ્રકટ કર્યો હતો. હાલ તે દુષ્પ્રાપ્ય છે.

૪ આ પણ મેરૂતુંગનો રચેલો છે. તેમાં રાજાઓનાં રાજ્યકાલનાં વર્ષો ફક્ત આપેલાં છે. તે અપ્રકટ છે. તેની પ્રતો પુનાના ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં, મુબઇની એસીયાટીક સોસાઇટીમાં અને રાજકોટના વોટસન મ્યુઝીયમમાં છે. મુબાઇની અને પૂનાની પ્રતો બહુ અશુદ્ધ જણાય છે.[૫]

૫ આ જિનમંડનનો રચેલો ગ્રંથ છે. તેમાં આરંભમાં ચાવડાવંશની નામાવલિ અને રાજ્યકાલના વર્ષ છે.

૬ આ મોઢજ્ઞાતિનું પુરાણ છે. તેનાં છેલ્લા પ્રકરણોમાં ચાવડા વંશ સંબંધી હકીકત છે. તે સંવતના પંદરમા સૈકામાં રચાયો હશે એમ હું માનું છું.

૭ આ હિંદી કવિતાનો ગ્રંથ છે. તે પૂરો પ્રાપ્ત થયો નથી. ૭ રત્નપૂરાં અને ૮ મુ અધુરૂં છે. એ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી પ્રકટ થયો છે. તે કૃષ્ણદાસનો રચેલો છે.

૮ આ ફારસી ઇતિહાસનો ગ્રંથ છે. તેમાં આરંભમાં હિંદુ રાજાઓની હકીકત છે. એનો આધાર प्र. चिं. જણાય છે.

રાજાઓનો અનુક્રમ.

ચાવડાવંશના રાજાઓની સંખ્યા અને તે કયા ક્રમમાં થઇ ગયા તે વિષે પણ પ્રાચીન ગ્રંથો સહમત નથી. મુખ્ય રીતે બે ક્રમ નજરે પડે છેઃ—

---

૪ આમાંની કેટલીક હકીકત ફાર્બસસભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તાર નામાવલિમાં છે.

૫ રાજકોટની અને પૂનાની પ્રતોના ઉતારા શ્રીયુત દ. બા. ડિસ્કળકરે અને મુંબાઇની પ્રતનો ઉતારો મિ. મં. પે. ખરેઘાટે મોકલ્યો હતો, તેથી તેમનો આભારી છું. મિ. ખરેઘાટે તો પુષ્કળ મહેનત લઇને તિથિવારોની જ્યોતિષ ગણત્રી પણ કરી આપી છે.

૧	૨
વનરાજ, યોગરાજ, ક્ષેમરાજ, ભૂવડ, વૈરિસિંહ, રત્નાદિત્ય, સામંતસિંહ.	વનરાજ, યોગરાજ, રત્નાદિત્ય, વૈરિસિંહ, ક્ષેમરાજ, ચામુંડ, રાહડ (આકડ, આહડ, ઉઘડ, ઘાઘડ) ભૂવડ (ભૂયટ, ભભટ, સામંતસિંહ).

રાહડનાં બીજાં જે ચાર નામો છે તે જુદા જુદા ગ્રંથમાં જુદાં છે, પરંતુ જેમ સંસ્કૃત **भूभट** ઉપરથી ભૂવડ કે ભયડ થયેલું હોવું જોઇએ, તેમ સં. **राजभट** ઉપરથી રાહડ થયેલું હું માનું છું અને તે યોગ્યતમ છે. એ નામ **सुकृतसंकीर्तन**મા છે. ‘ સામંતસિંહ ’ ભૂવડનું બિરૂદ હશે એમ જણાય છે.

પહેલો અનુક્રમ માત્ર **कु. प्र.**, **र. मा.** અને મિરાતે અહમદીને સંમત છે, જ્યારે બીજો તે સિવાય બધા ગ્રંથોમાં આપેલો છે. **प्र. चिं.** નાં બે ભિન્ન સંસ્કરણ હશે એમ જણાય છે. પંડિત દિનાનાથે પ્રકટ કરેલી સંસ્કૃત આવૃત્તિમાં મુખ્ય ભાગમાં બીજો અનુક્રમ છે; જ્યારે પરિશિષ્ટનાં પાઠાંતરો અને તેના ગુજરાતી ભાષાંતરમા પ્રથમનો અનુક્રમ છે. આથી એમ તર્ક કરીએ તો ખોટું નથી કે મેરુતુંગે પ્રથમ પહેલા અનુક્રમવાળું સંસ્કરણ તૈયાર કર્યું હશે અને પાછળથી તેને વિશેષ સંશોધનના અંતે બીજો ક્રમ વધારે યોગ્ય લાગ્યો હશે, તે તેણે **वि. श्रे.** માં અને બીજા સંસ્કરણમાં દાખલ કર્યો હશે. **कु. प्र**, **र. मा**. અને મિરાતે અહમદીના કર્તાએએ પોતાના ગ્રંથો **प्र. चिं.** ના આધારે રચેલા જણાય છે અને તેમની પાસે તેનું પ્રથમ સંસ્કરણ હોવાથી તેમણે એ ક્રમ પોતાના ગ્રંથોમાં દાખલ કર્યો હશે. ગેઝેટીયર અને રાસમાળાના લેખકો પાસે પણ એના પ્રથમ સંસ્કરણવાળી પ્રતો હોવી જોઇએ, એમ તે વાચનાં જણાઇ આવે છે, આ રીતે જોતા માત્ર એક જ ગ્રથમા (**प्र. चिं.**) પ્રથમ અનુક્રમ ગણી શકાય–અને તે પણ તેના કર્તાએ પાછળથી એ વખત ફેરવ્યો છે,– જ્યારે બાકીના ગ્રંથોને બીજો ક્રમ સંમત છે. જૈનોને બ્રાહ્મણ ગ્રંથ **धर्मारण्य** પણ એ બાબતમાં પુષ્ટિ આપે છે, તેથી એ ક્રમ જ વિશેષ યોગ્ય જણાય છે.

રાજાઓનો પરસ્પર સંબંધ.

યોગરાજ વનરાજનો પુત્ર હતો, એ સર્વસંમત છે, તેમજ ક્ષેમરાજનો પુત્ર ચામુંડ અને ત્યાર પછીના દરેક એક એકના પુત્રો છે, એમા પણ મતભેદ નથી. મતભેદ માત્ર રત્નાદિત્ય, વૈરસિંહ અને ક્ષેમરાજના સંબંધમાં છે. **प्र. चिं.** મા લખ્યું છે કે યોગરાજને ત્રણ પુત્રો હતા, જેમાંના એકનું નામ ક્ષેમરાજ હતું. આ ઉપરથી ગેઝેટીયરના લેખકે એ ત્રણેને યોગરાજના પુત્રો લખ્યા છે. **धमारण्य**મા તો એ ત્રણે એક બીજાના પુત્ર હતા એમ છે. રત્નાદિત્યનો ટુંકો રાજ્યકાલ જોતાં વૈરિસિંહ એનો પુત્ર નહિં પણ પૌત્ર હશે એમ લાગે છે. પરંતુ ક્ષેમરાજને પણ ભાઇ ગણવાનું કશું કારણ નથી. **प्र. चिं.** માં ક્ષેમરાજને યોગરાજનો કુમાર કહ્યો છે, પરન્તુ પૌત્રને પણ કુમાર કહી શકાય. **वि. श्रे.** માં વૈરિસિંહનો ક્ષેમરાજ પુત્ર હતો એમ સ્પષ્ટ કહ્યું છે. **तत सं ९०९ उष० तत्सुत क्षेमराजस्य राज्यं.** આથી ક્ષેમરાજ વૈરસિંહનો પુત્ર જ હતો.

રાહડ પછી થયેલા રાજાનું નામ ગેઝેટીઅરના લેખકે આપ્યું નથી અને લખ્યું છે કે તેનું નામ જણાયું નથી—' Unknown ' છે. પરંતુ સર્વ ગ્રંથોમાં ભૂવડ છે. (આગળ જણાવ્યા પ્રમાણે ભૂભટ અને ભૂવડ એક જ નામ છે અને સામંતસિંહ બિરૂદ છે.) ગેઝેટીઅરમાં આમ જણાવવાનું કારણ તેના લેખકની પાસે **वि. श्रे.** ની ભ્રષ્ટ પાઠ વાળી પ્રત હોવી જોઇએ. રોયલ એશીયાટીક સોસાયટીની પ્રત બહુ અશુદ્ધ છે. તેમાં એ નામ રહી ગયું છે. એમાં પાઠ **९९८ वर्षे पिविसुतप्रराज्यं च ॥ ९** એમ છે. આ પાઠ દેખીતો જ અશુદ્ધ છે. વોટસન મ્યુઝીયમની પ્રતમાં શુદ્ધ પાઠ **९९८ वर्षोपविष्टसुत सामंतसिंह राज्यं वर्ष १९** એમ છે. આથી છેલ્લારાજાનું નામ અજાણ્યું નથી.

ગેઝેટીઅરના લખાણના આધારે શ્રીયુત દત્તાત્રેય બાળકૃષ્ણ દિસ્કળકરે હરસોલના તામ્રપત્રના આધારે એ છેલ્લા ચાવડાનું નામ યોગરાજ કલ્પ્યું છે.[૬] પરંતુ **मूलम् नास्ति** એ ન્યાયે એ કલ્પના નિરર્થક છે. ગેઝેટીઅરની કલ્પનાજ નિર્મૂલ છે, તો તેના આધારે કરેલો તર્ક નિર્બળ જ હોઇ શકે. વળી હરસોલના લેખમા જે યોગરાજનું નામ છે તે ચાવડો હતો કે પાટણનો રાજા હતો એવો તેમાં લેશ માત્ર પણ ઉલ્લેખ નથી. વખતે એ કનોજના મહેન્દ્રપાલનો સામન્ત બીજો અવનિવર્મા હોય કે જેનું અપર નામ યોગવર્મા હતું.[૭]

મૂળરાજને સામંતસિંહનો દૌહિત્ર **वि. श्रे.** માં કહ્યો છે. પરન્તુ બીજા બધા ગ્રંથમાં ભાણેજ કહ્યો છે, તેથી **वि. श्रे.** ની હકીકત બરોબર જણાતી નથી.

કેટલોક નવો પ્રકાશ.

મૂળરાજે તેના મામાને કપટથી મારીને રાજ્ય લીધું કે, તેના સ્વાભાવિક મરણ પછી તે ગાદીએ આવ્યો, અગર તેને હરાવીને રાજ્ય લીધું. એ સંબંધી સ્પષ્ટ માહીતી નથી. **प्र. चिं.** અને ભાટોના ચોપડા સિવાયના કોઇ ગ્રંથમા મૂળરાજે મામાને માર્યાનું વિધાન નથી એ ખરૂં છે, પરન્તુ બીજી કેટલીક હકીકત મૂળરાજના વિરુદ્ધમાં જાય છે. **रत्नमाल** મૂળરાજને કપટી, સ્વાર્થી અને વિશ્વાસઘાતી કહે છે. વળી **धर्मारण्य**મા તો એને માર્યાનું સ્પષ્ટ કથન છે.[૯] વડનગરની પ્રશસ્તિની નીચેની પંક્તિ તેણે એના મામાને હરાવીને ગાદી લીધી હતી, એના સમર્થનમાં ટાકવામા આવે છે[૧૦]

---

૬. પુરાતત્ત્વ, પુ. ૨, અંક ૧.

૭. ઊનાનું સં. ૯૫૬નું તામ્રપત્ર. શ્રી ડિસ્કળકરનો અપ્રકટ લેખ " ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ઉમેરવાનું એક પ્રકરણ. "

૮. **तदनु संवत १०१७ वर्षे चौलुक्य वंशोपविष्टस्य दौहित्र मूलराज राज्यं वर्ष ३५**

૯ **कस्मिन्मासे च पक्षे च सभामंडलसंस्थितः । मूलडो भागिनेयश्च सोलंकीदुःखद रकः ॥ ९६ ॥ मूलडेन हतो राजा निर्वंशो भूपतिश्च स । पश्चान्मूलडनामाऽसौ राजाभत्पट्टने पुरे ॥ ९७-अ० ६६ ॥**

૧૦. " ૫ મો શ્લોક મૂળરાજે ગુજરાત ચાવડાઓના હાથમાંથી જીત્યાનું જણાવે છે, જ્યારે પ્રબંધો તેણે છળકપટથી પોતાના સગાને મારીને ગુજરાત મેળવ્યાનું જણાવે છે " (ફાર્બસ સભ નાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ. પૃ. ૯૫.)

यश्चापोत्कटराजराज्यकमलां स्वच्छंदबंदीकृतां !

અર્થાત મૂળરાજે ચાવડા રાજાની રાજ્યલક્ષ્મીને સ્વચ્છંદ રીતે કેદ કરી હતી. આમાં તેણે યુદ્ધ કરીને રાજ્ય લીધું હતું એવો અર્થ કયાંથી નીકળે છે ? રાજ્યલક્ષ્મીને કેદ કરી, એનો અર્થ ગમે તે રીતે રાજ્ય લીધું એમ થાય; ખાસ યુદ્ધનો અર્થ વિવક્ષિત છે એમ કહી શકાય નહિં. ઉલટું સ્વછંદ શબ્દ એ અર્થની વિરુદ્ધ જાય છે અને રાજ્ય પચાવી પડયો એને પુષ્ટિ આપે છે.

જો એમ કહેવામાં આવે કે મૂળરાજે મામાને કપટથી માર્યો એ વાત ખરી હોય તો ચાવડા વંશના સરદારો અને પ્રજા તેની વિરુદ્ધ કેમ ન પડયાં ? એનું કારણ સામંતસિંહની વર્તણુંકમાં જણાય છે. **रत्नमाल** તેને અવિવેકી અને સારાસારનો વિચાર ન જાણનાર લખે છે. એ ઉપરાત **धर्मारण्यथी** તો વિશેષ પ્રકાશ પડે છે. તેમાં તેને વિષયી, જીભના સ્વાદવાળો અને અંતઃપુરમાં જઇ ભરાઇ રહેનાર રહ્યો છે.

राजा भूवड नाम्ना च तत्सुतो राज्यशासने।
बहुमोदकभक्षी च कामी कामकलाबुधः ॥
आसक्तो योषितां वृन्दे करिण्यां गजराडिव ।
अंतःपुरे वसन्नित्यं कामसेवापरायणः ॥

આ પ્રમાણે તે વિષયી હોવાથી સરદારો અને પ્રજા તેના વિરુદ્ધ હોય અને જેમ કર્યું વાધેલાને કોઇએ મદદ ન કરી, તેમ તેને પણ મૂળરાજ વિરુદ્ધ કોઇએ મદદ ન કરી હોય તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

કોઇ કહે છે કે ભૂવડને છોકરૂં ન હતું, તો તેના પછી મૂળરાજનો હક્ક હતો, તો તે શાથી મામાને મારે ? એનો ઉત્તર એ કે રાજ્યલોભ એટલી ધીરજ ખમી શકતો નથી. તેમજ ભૂવડને પાછળથી છોકરૂં થાય અથવા બીજાને દત્તક લે એ પણ સંભવિત હતું. વળી ભાટ ચારણોના કહેવા પ્રમાણે ભૂવડને અહિપત નામે કુંવર બાર માસનો હતો, તે લઇને તેની મા તણોત જતી હતી અને પછી તે કુંવર કચ્છના લાખા ફુલાણીના શરણે ગયો હતો.[११] ભૂવડને કુંવર થયા પછી મૂળરાજને રાજ્ય મળવાની આશા ન રહી હોય, તેથી પણ તેણે મામાનું ખુન કર્યું હોય.

આથી **प्र. चिं.** અને **धर्मारण्यनुं** કથન યોગ્ય જણાય છે. **धर्मारण्यथी** બીજી એક બાબત ઉપર પણ પ્રકાશ પડે છે. વનરાજને ઉછેરવામાં જૈન આચાર્ય શીલગુણસૂરીએ

गुर्जराणा मिदं राज्यं वनराजात्प्रभृत्यपि ।
जैनेस्तु स्थापितं मन्त्रै स्तद्द्वेषी नैव मन्यते ॥

---

૧૧ જુઓ ‘ રાસમાળા ’ (ગુ. ભા. ત્રીજી આ.) પૃ. ૫૪, ફુટનોટ ૧.

મદદ કરી હતી એમ **प्र. चिं.** જણાવે છે. પરન્તુ એ વાત સર્વમાન્ય નહોતી એમ એ ગ્રંથમાંજ ઇશારો છે.

એટલે સંવત ૧૩૬૧ માં પણ આ સંબંધી મતભેદ હતો. ત્યારે વનરાજને આશ્રય કોના તરફથી મળ્યો હતો ? **धर्मारण्य**માં જણાવ્યું છે કે મોઢેરાના મોઢ બ્રાહ્મણોએ આશ્રય આપ્યો હતો અને તે ત્યાંજ ઉછર્યો હતો.

પાટણની સ્થાપના.

ચાવડાઓની વંશાવળીનો આરંભ ક્યાંથી ગણવો એ વિષે મતભેદ છે. પાટણની સ્થાપનાનું અને ચાવડાઓના રાજ્યારંભનું વર્ષ એક જ છે. તેથી પાટણની સ્થાપના ક્યારે થઇ એનો પ્રથમ વિચાર કરીશું, **वि. श्रे.** સિવાયના બધા ગ્રંથોમાં સંવત ૮૦૨ છે. જનશ્રુતિ પણ એ જ વર્ષ જણાવે છે. **प्र. चिं.** અને **वि. श्रे.** એ બન્ને ગ્રંથોમાં વાર, તિથિ અને માસ એક જ છે. વૈશાખ સુદ ૨ ને સોમવાર સં. ૮૦૨ માં આવે છે. (૨૮ માર્ચ ૭૪૬ ઇ. સ.), ૮૨૧ માં નહિ. એ વર્ષમાં તો સદર માસની સદર તિથિએ ગુરુવાર હતો. (૨૮ માર્ચ ૭૬૫ ઇ. સ.) આથી સંવત ૮૦૨ જ ખરૂં વર્ષ જણાય છે.

વનરાજનો જન્મ.

વનરાજના જન્મ વિષે એ કરતાં પણ વધારે મતભેદ છે. **प्र. चिं.** પ્રમાણે વનરાજે ૫૯ વર્ષ, ૨ માસ અને ૧ દિવસ [૧૨]રાજ્ય કર્યું હતું. તેનું રાજ્યારોહણ સં. ૮૦૨, વૈશાખ સુદ ૨ ગણતાં, મરણ સં. ૮૬૧ આષાઢ સુદ ૩ ના દિવસે થયું હશે. એની ઉમર ઉક્ત ગ્રંથમાં ૧૦૯ વર્ષ, ૨ માસ અને ૨ દીવસ[૧૩] છે એટલે એનો જન્મ સં. ૭૫૨ વૈશાખ શુદ ૧૫ ના દિવસે હોવો જોઇએ. ગણત્રીથી આ તિથિ આપણે કાઢી તે બરોબર છે, કેમકે **रत्नमाल**માં પણ એ જ આપેલી છે. જુઓઃ—

> विक्रमाजीत शाक वर्ष जान, शतसप्तदोहपंचासमान ।
> ऋतु तव वसंत सबसुखराशि, वैशाख मास तिथि पूर्नमासि ॥ ८, ३१.

આ પ્રમાણે વનરાજના જન્મનું વર્ષ સં. ૭૫૨ કરે છે. પરન્તુ ગૅઝેટિયરના લખનારે વનરાજના જન્મની સાલ સં. ૭૭૬ (ઇ. સ. ૭૨૦) માની છે.[૧૪] એના કારણમાં લખ્યું છે કે એ એકસો નવ વર્ષ જીવ્યો હોય અને મોટી ઉમરે ગાદીએ બેઠા પછી એણે એટલું લાંબુ રાજ્ય ભોગવ્યું હોય એ સંભવિત નથી. બીજું કારણ અને વધારે મહત્ત્વનું એ જણાવવામાં આવ્યું છે કે સિન્ધના આરબોએ ઇ. સ. ૭૨૦ ના અરસામાં ગુજરાત

---

૧૨ છપાયેલી પ્રતમાં ૨૧ દીવસ છે, પણ એ ભૂલ જણાય છે. યોગરાજના રાજ્યારોહણની તિથિ આષાઢ સુદ ૩ આપી છે, એટલે એક દિવસ થાય. ૮૬૨ ની સાલ મૂળમાં છે. એ પણ ખોટી છે. વનરાજનાં રાજ્યકાળનાં ૫૯ વર્ષ ગણતાં સં. ૮૬૧ જોઇએ. (૮૦૨+૫૯)

૧૩ મૂળમાં અહિં પણ ૨૧ દીવસ છે, પણ ખરી રીતે ૨ લઇએ તો જ વૈશાખ સુદ ૧૫ આવે. એક દિવસનો ફેર રહે છે, પરન્તુ એ નજીવો છે. પૂનમ ઉપર પડવે હોય તો ગમે તે તિથિ ગણી શકાય.

૧૪ Bombay Gazetteer vol. 1. pt. I. p. 150.

ઉપર આક્રમણ કર્યું હતું તે વખતે વનરાજના બાપના રાજ્યનો નાશ થયેલો હોવો જોઇએ. તેથી એ જ વર્ષ વનરાજના જન્મનું ગણી શકાય.

આમાંથી પ્રથમનું કારણ બહુ વજનદાર નથી, કેમકે તે વખતે જીંદગીનું પ્રમાણ હાલ કરતાં વિશેષ હતું એ સહુ કોઇ કબૂલ કરશે. વનરાજના વખતમા ૮૯–૯૦ વર્ષનું આયુષ્ય સાધારણ હોય એમા શક નથી. કુમારપાલ ૮૨ વર્ષની ઉમરે અને ભીમ બીજો પણ લગભગ તેટલી ઉમરે મરણ પામ્યો હતો. આ પ્રમાણે તે વખતે આયુર્મર્યાદા ૮૦–૯૦ ની સાધારણ હોય તો કોઇની અપવાદરૂપ ૧૦૦–૧૦ ની હોય એમા આશ્ચર્ય નથી. મહાભારતના કાળમાં આયુર્મર્યાદા સાધારણ રીતે ૧૨૫ વર્ષની હતી. છતા પણ ૧૫૦–૧૭૫ વર્ષ જીવ્યાના દાખલા છે. દાખલા તરીકે ભીષ્મની ઉમર ૧૭૦ અને વ્યાસની ૧૫૭ હતી, અને જે મરાયા તેમના જીવનનો અંત પણ કુદરતી ન કહેવાય, કારણ કે તે લઢતાં મરાયા હતા. હાલ આયુર્મર્યાદા સાધારણ રીતે ૪૦–૫૦ ની ગણાય છે, તો પણ ઘણા લોકો અપવાદ રૂપે ૭૦–૮૦ અને તે કરતાં પણ વધારે વર્ષ સુધી જીવે છે. તો વનરાજનું આયુષ્ય એટલું લાબું કેમ ન હોય તે સમજાતું નથી. વળી, એની બાલ્યાવસ્થા તો જંગલમા ખુલ્લી હવામાં ગઇ હતી અને તેણે ભીલ લોકોની સોબતમાં શિકારમા પોતાનું શરીર કસ્યું હતું. વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યું એમાં પણ અસંભવિત જેવું શું છે? ગુજરાતના ઇતિહાસમાંથી જ તેટલાં વર્ષ રાજ્ય કર્યાનાં ઉદાહરણો નીકળે એમ છે. સિદ્ધરાજે ૪૯ વર્ષ અને બીજા ભીમે ૬૩ વર્ષ રાજ્ય કર્યું હતું.

બીજું કારણ જરા વિચારવા જેવું છે. **रत्नमाल** નો કર્તા લખે છે કે વનરાજના બાપ જયશેખરને કલ્યાણના રાજા ભૂવડે હરાવ્યો હતો. હવે કલ્યાણ કટકના રાજા વિજયાદિત્યનું અપર નામ ભુવનાશ્રય હતું અને તેનો સમય સંવત ૭૫૨ થી ૭૮૯ નો હતો. આથી તેણે સં. ૭૫૨ મા જયશેખરને હરાવ્યો હોય તો કંઇ અસંભવિત નથી.

પરન્તુ ગેઝેટીઅરના લેખકે વનરાજના જન્મનું વર્ષ સં. ૭૭૬ (ઇ. સ. ૭૨૦) માનવાનું બીજું કારણ એ આપ્યું છે કે પંચાસર ઉપર આરબોએ હુમલો એ અરસામાં કર્યો હતો અને એ રાજ્યનો ભૂવડે નહિ પણ આરબોએ નાશ કર્યો હશે. પુલકેશી જનાશ્રયના સં. ૭૯૪ ના તામ્રપત્રમા આરબોએ ચાવડાનું રાજ્ય નાશ કર્યાનું લખ્યું છે.[૧૬] આ વિશે જરા ઉંડા ઉતરવું પડશે. પ્રથમ એ કે સિન્ધના આરબોની તવારીખમા પંચાસરના ચાવડાને હરાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, માત્ર 'ગુર્જર' એમ મોઘમ છે. જુઓઃ—

"This is the time of khalif Hasha'm (H. 105–125, A. D. 724–743) whose Sindh Governor Junaid is recorded to have sent expeditions against Marmad (Marwad), Manddi, Dalmaj (Kamleji) Barus (Bharuch) Uzain, Malida (Malwa) and Juzr (Gurjar.)"[૧૭]

૧૬–૧૭ Bombay Gaz. Vol. I. pt. p. 109.

આમાં અગત્યની બાબત એ છે કે આ હુમલા જુનેદના વખતમાં એટલે ૭૨૪–૭૪૩ ઈ. સ. સુધીમાં થયા હોવા જોઇએ. તો ઇ. સ. ૭૨૦ ની સાલ શી રીતે આવે ? વનરાજનો જન્મ એ સાલમાં માન્યો છે. તો શું એના જન્મ પછી ૪–૫ વર્ષે જયશેખરે રાજ્ય ખોયું ? તેમ હોય તો વનરાજ વનમાં જનમ્યાની હકીકત ખોટી માનવી પડે. પુલકેશીના તામ્રપત્રમાં ચાવટક (ચાવડા) ઉપર તાજીકોએ (આરબોએ) હુમલો કર્યાનું લખ્યું છે. પણ એ તામ્રપત્રનું વર્ષ સં. ૭૯૪ છે. તેમાં આરબોના હરાવવાનો ઉલ્લેખ છે. હવે જો તેણે સં. ૭૭૬ (ઇ. સ. ૭૨૦) માં આરબોને હરાવ્યા હોય તો તેનો કીર્તિ લેખ એટલો બધો મોડો શું કરવા કોતરાવે ?

પરન્તુ ખરી રીતે આરબોનો હુમલો ગુજરાત ઉપર સં. ૭૯૦ (ઈ. સ. ૭૩૪) મા થયેલો હોવો જોઇએ. અને તે વનરાજના વખતમાં, નહિં કે તેના બાપના વખતમાં. એનાં કારણો આ પ્રમાણે છે. (૧) પ્રથમ તો એ સાલ આરબ તવારીખ અને પુલકેશીના તામ્રપત્ર પ્રમાણે બંધ બેસતી છે. (૨) વનરાજને અને કલ્યાણના રાજાને સંધિ થઇ હતી, એમ પ્ર. ચિં. માં જણાવ્યું છે. કેમકે એને ખંડણી ઉઘરાવવાને સેલભૂત નીમ્યો હતો.[૧૮] હવે જો સંધિ થઈ હોય તો તેને એના બાપનું રાજ્ય પાછું મળે એમા નવાઇ નથી (૩) પંચાસર હતું છતા નવું શહેર વસાવાનું કારણ આરબોના હુમલાનું છે. આરબોએ પંચાસરનો એવો નાશ કર્યો હશે કે જે રહેવા લાયક રહ્યું નહિ હોય તેથી તેણે ફરી વસાવ્યું હશે. આ પ્રમાણે વનરાજનો જન્મ સં. ૭૫૨, પંચાસરનો નાશ સં. ૭૯૦, અને પાટણની સ્થાપના સં. ૮૦૨ ઠરે છે. વનરાજને પંચાસરનું રાજ્ય સંધિને રૂઇએ મળેલું હોવું જોઇએ અને ત્યા કેટલાંક વર્ષ રાજ્ય પણ કર્યું હશે, એમ હું ધારૂં છું.

સાલવારી.

હવે આપણે ચાવડા વંશના રાજાઓની સાલવારી હાથમાં લઇશું અને જૂદા જૂદા ગ્રંથમાં આપેલી સરખાવીશું. પરન્તુ એમ કરતાં પહેલાં પ્ર. ચિં. મા થયેલી લહીઆની કેટલીક ભુલો સુધારવા પ્રયત્ન કરીએ. પ્રથમ તેમા આપેલી સાલવારી યથાસ્થિત ઉતારૂં છું:—

" સંવત ૮૦૨ વૈશાખ સુદિ ૨ સોમે નગરમાં પ્રવેશ કર્યો. વનરાજે વર્ષ ૫૯, માસ ૨, દિન ૨૧ રાજ્ય કર્યું. વનરાજનું આયુષ્ય ૧૦૯ વર્ષ, માસ ૨, દિન ૨૧ નું હતું. સં. ૮૬૨ વર્ષે આષાઢ સુદિ ૩ ગુરુવારે અશ્વિન નક્ષત્રમાં સિંહ લગ્નમાં વનરાજના સુત યોગરાજનો રાજ્યાભિષેક થયો. × × × × યોગરાજે સં. ૮૭૮ ના શ્રાવણ સુદિ ૪ સુધી વર્ષ ૧૭ માસ ૧ દિન ૧ રાજ્ય કર્યું. સં. ૮૭૮ શ્રાવણ સુદિ ૫ ઉત્તરાષાઢા નક્ષત્રે ધનુ લંગ્નમાં રત્નાદિત્યનો રાજ્યાભિષેક થયો. આ રાજાએ સં. ૮૮૧ કાર્તિક સુદિ ૯ સુધી ૩ વર્ષ, ૩ માસ, (?) દિવસ રાજ્ય કર્યું. સં. ૮૯૮ જેઠ સુદિ ૧૩, શનિવારે હસ્ત નક્ષત્રમ. સિંહ લગ્ને ક્ષેમરાજનો રાજ્યાભિષેક થયો. સં. ૯૨૨ ભાદરવા સુદિ ૧૫ રવિવાર સુધી ૩૮ વર્ષ ૩ માસ, ૧૦ દીવસ આ રાજાનો રાજ્યકાળ હતો. સં. ૯૩૫ આસો સુદિ ૧

---

૧૮ प्रबन्ध चिंतामणि, पृ. ३३.

સોમવારે રોહિણી નક્ષત્રમાં કુંભ લગ્ને ચામુંડરાજદેવનો પટ્ટાભિષેક થયો. સં. ૯૩૮ મહા વદિ ૩ સોમવાર સુધી ૧૩ વર્ષ, ૪ માસ અને ૧૬ દિવસ આ રાજાએ રાજ્ય કર્યું. સં. ૯૩૮ મહા વદિ ૧૪, મંગળવારે સ્વાતિ નક્ષત્રમાં સિંહ લગ્ને શ્રી આકડદેવ ગાદીએ બેઠો. × × × × × × તેણે સં. ૯૬૫, પોષ સુદિ ૯, બુધવાર સુધી ૨૬ વર્ષ, માસ ૧, દિવસ ૨૦ સુધી રાજ્ય કર્યું. સં. ૯૯૦, પોષ સુદિ ૧૦ ગુરુવારે આર્દ્રા નક્ષત્રમાં કુંભ લગ્ને ભૂયગડ દેવ પાટે બેઠો. આ રાજાએ સં. ૯૯૧ આષાઢ, સુદિ ૧૫ સુધી ૨૭ વર્ષ, માસ ૬, દિવસ ૫૦ સુધી રાજ્ય કર્યું. આ પ્રમાણે ચાવડા વંશમાં ૭ પુરુષ થયા અને ૧૯૦ વર્ષ, માસ ૨, દિન ૭ તે વંશનું રાજ્ય ચાલ્યું × × × × × સં. ૯૯૩, આષાઢ સુદિ ૧૫, ગુરુવારે અશ્વિન નક્ષત્રમાં સિંહલગ્ને રાત્રિના બે પહોર વખતે જન્મથી એકવીસમા વર્ષે મૂળરાજનો રાજ્યાભિષેક થયો." (प्र. चिं. ૩૫-૪૦).

આમાં કેટલીક દેખીતી ભૂલો છે, જે કદાચ લહીઆના પ્રમાદથી થયેલી હશે, તે સુધારી લઇએ.

૧ વનરાજે ૫૯ વર્ષ રાજ્ય કર્યું છે. એટલે યોગરાજના રાજ્યાભિષેકનું વર્ષ ૮૬૨ નહિ, પણ ૮૬૧ હોવું જોઇએ. તેમ જ પાછળ લખ્યા પ્રમાણે યોગરાજે ૮૭૮ સુધી ૧૭ વર્ષ રાજ્ય કર્યું છે, એટલે પણ એ જ વર્ષ બરોબર છે.

૨ રત્નાદિત્યે સં. ૮૭૮ શ્રાવણ સુદ ૫ થી ૩ વર્ષ ૩ માસ (૪ દિવસ) રાજ્ય કર્યું છે. તેથી તેના રાજ્યકાળનો અંત સં. ૮૮૧ માં નહિં, પણ ૮૮૨ માં ગણાય. (કાર્તિક સુદ ૧૩).

૩ રત્નાદિત્યનો અંત સં. ૮૮૨ કાર્તિક સુદ ૯ ગણ્યો છે અને ક્ષેમરાજનો આરંભ સં. ૮૯૮ જેઠ સુદ ૧૩ ગણ્યો છે. તેથી વચમા ૧૬ વર્ષનો ગાળો છે, એ રાજ્યકાળ વૈરિસિંહનો ગણાય. એનું નામ રહી ગયેલું જણાય છે.

૪ ક્ષેમરાજનો રાજ્યારંભ ૮૯૮ જેઠ સુદ ૧૩ અને અંત ૯૨૨ ભાદરવા સુદિ ૧૫ લખ્યો છે અને ચામુંડનો આરંભ ૯૩૫ આસો સુદ ૧ લખ્યો છે, તેથી ૯૯૨ નહિ પણ ૯૩૫ જોઇએ અને ભાદરવા સુદી ૧૫ નહિ, પણ ભાદરવા વદિ ૧૫ (૦))) જોઇએ અને રાજ્યકાળના વર્ષ ૩૮-૩-૧૦ નહિં પણ ૩૭-૩-૧૭ જોઇએ.

૫ ચામુંડનો રાજ્યકાળ ૯૩૫ આસો સુદ ૧ થી ૯૩૮ મહા વદિ ૩ જણાવ્યો છે અને રાજ્યકાળનાં વર્ષ ૧૩-૪-૧૭ છે, પરન્તુ ૧૩ ને બદલે ૩ હશે, તેથી તેનો રાજ્યાંત ૯૩૯ મહા વદ ૩ ઠરે અને દિવસ ૧૬ નહિં પણ ૧૭.

૬ આથી આકડનાં ૨૬ નહિં, પણ ૨૫ ગણાય. અને તેના રાજ્યારંભની તિથિ મહા વદ ૧૪ નહિં પણ ૪ હશે. તેમજ તેના રાજ્યકાળમાં માસ ૧ નહિં, પણ ૧૧. ૯૩૯ મહા વદ ૪; વર્ષ ૨૫-૧૧-૨૦.

૭ આકડના રાજ્યાંતનું વર્ષ ૯૬૫ આપેલું છે, છતાં ભૂયડનો આરંભ ૯૯૦ છે એ દેખીતી ભુલ જ છે. તે ૯૬૫ જોઇએ. એ સાલથી ગણીએ તોજ એનાં રાજ્યકાળના વર્ષ બરોબર બેસે, નહિં તો ૯૯૦ થી ૯૯૧ એક જ વર્ષ રહે. તેમજ એના રાજ્યકાળનાં વર્ષ ૨૭ આપ્યાં છે, તેથી એનો રાજ્યાંત ૯૯૧ માં નહિં, પણ ૯૯૨ માં ગણવો જોઇએ.

અને રાજ્યકાળના દિવસ ૫૦ નહિ પણ ૫ હોવા જોઇએ. બીજી ગણત્રીએ પણ ૯૯૨ બરોબર છે. ચાવડાઓનો રાજ્યકાળ ૧૯૦ વર્ષ ગણ્યો છે. તેથી પણ એ સાલ જોઇએ (૮૦૨+૧૯૦=૯૯૨). એમાં દિવસ ૧૭ છે તેને બદલે ૧૩ જોઇએ. વૈશાખ શુદ ૨ થી આષાઢ સુદ ૧૫ (**૨ માસ, ૧૩ દિવસ**).

ઉપર સંવતોની સાથે મેરુતુંગે માસ, તિથિ, વાર, નક્ષત્ર અને યોગ આપ્યાં છે. છતાં પણ એમાંથી ભાગ્યે જ કોઇનો મેળ મળે છે. નક્ષત્રો તો કોઇ જ ખરાં નથી. તિથિઓમાં માત્ર બે જ ખરી છે. એક પહેલી અને બીજી છેલ્લી. દા. ૮૦૨ વૈશાખ સુદ ૨ સોમવાર અને ૯૯૨ અષાઢ સુદ ૧૫ ગુરુવાર. બીજી એકમાં માત્ર એક દિવસ ઓછો આવે છે. ચામુંડનો રાજ્યારંભ ૯૩૫ આસો સુદ ૧ સોમવાર લખ્યો છે, પણ ખરી રીતે રવિવાર તે તિથિએ હતો.

હવે આપણે જૂદા જૂદા ગ્રંથોમાં આપેલા રાજ્યકાળ પ્રમાણે બધા રાજાઓનાં આરંભ અને અંતનાં વર્ષો સાથે એક કોઠો બનાવીશું. એટલે સરખામણી કરવી ઠીક પડે, રાજાઓના અનુક્રમમાં આપણે બીજો અનુક્રમ સ્વીકાર્યો છે. તેથી પ્રથમ અનુક્રમવાળા ગ્રંથોમાંથી માત્ર પ્રત્યેક રાજાનાં રાજ્યકાળનાં વર્ષો જ લેવાં પડશે. એમનાં આરંભ અને અંતનાં વર્ષો ગણીને મૂકવાથી ગોટાળો થાય એમ છે.

જૂદા જૂદા ગ્રંથોની વંશાવળીનો કોઠો.

રાજાનું નામ.	प्रबंध चिंतामणि (२)		विचारश्रेणि		धर्मारण्य.		प्रबंधचिंतामणि (१) कुमारपाल प्रबंधरत्नमाळ मिरातેઅહમ્મ.	
	ક્યાથી ક્યા સુધી.	વર્ષ.	ક્યાથી ક્યાં સુધી.	વર્ષ.	ક્યાંથી ક્યાં સુધી.	વર્ષ.	ક્યાંથી ક્યાં સુધી	વર્ષ,
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
વનરાજ	૮૦૨ થી ૮૬૧	૫૯	૮૨ થી ૮૬૨	૬૦	૮૦૨ થી ૮૬૨	૬૦	૮૦૨ થી ૮૬૨	૬૦
યોગરાજ	૮૬૧ થી ૮૭૮	૧૭	૮૮૧ થી ૮૯૧	(૯) ૧૦	૮૬૨ થી ૮૭૧	૯	૮૬૨ થી ૮૯૭	૩૫
રત્નાદિત્ય	૮૭૮ થી ૮૮૨	૩ + ૧	૮૯૧ થી ૮૯૪	૩	૮૭૧ થી ૮૭૪	૩	૦	૧૫
વૈરિસિંહ	૮૮૨ થી ૮૯૮	૧૬	૮૯૪ થી ૯૦૫	૧૧	૮૭૪ થી ૮૮૪	૧૦	૦	૨૫
ક્ષેમરાજ	૮૯૮ થી ૯૩૫	૩૭	૯૦૫ થી ૯૪૪	૩૯	૮૮૪ થી ૯૧૩	૨૯	૦	૨૫
ચામુંડ	૯૩૫ થી ૯૩૯	૩ + ૧	૯૪૪ થી ૯૭૧	૨૭	૯૧૩ થી ૯૪૪	૩૧	૦	૦
રાહડ	૯૩૯ થી ૯૬૫	૨૬	૯૭૧ થી ૯૯૮	૨૭	૯૪૪ થી ૯૭૧	૨૭	૦	૨૯
ભૂવડ	૯૬૫ થી ૯૯૨	૨૭	૯૯૮ થી ૧૦૧૭	૧૯	૯૭૧ થી ૯૯૮	(૨૭)	૦	૭
કુલ		૧૮૮ +૨		૧૯૬		૧૯૬		૧૯૬

જૂદા જૂદા ગ્રંથોની સાલવારી મેળવતાં એટલું જણાય છે કે **વિ. શ્રે.** અને **ધર્મારણ્ય**નાં રાજ્યકાળનાં વર્ષો લગભગ સરખાં છે. આમ બે ભિન્ન ભિન્ન–જૈન અને બ્રાહ્મણ–ગ્રંથોની સાલવારીનાં વર્ષો મળતાં હોય એથી સ્પષ્ટ જણાય છે કે તે ખરાં હોવાં જોઇએ. પરન્તુ એ બંનેમાં રાજાઓનાં આરંભ અને અંતનાં વર્ષોમાં ફેર છે. આ ફેર ૧૯ વર્ષનો–સમજી શકાય તેવો છે. કેમકે **ધર્મારણ્ય** વનરાજના રાજ્યારંભનું વર્ષ ૮૦૨ ગણે છે, જ્યારે **વિ. શ્રે.** માં ૮૨૧ આપેલું છે. આથી ૧૯ વર્ષનો તફાવત મૂળનો કાયમ રહ્યો છે.

આ બેમાંથી કયું વર્ષ ખરૂં છે તે જોઇએ. ઉપર વનરાજનો આરંભકાળ ૮૦૨ થી હોવાનું બતાવ્યું છે. તે બીજી રીતે પણ તપાસીએ. **પ્ર. ચિં.** ના બીજા સંસ્કરણનો ભ્રષ્ટ પાઠ છોડી દઇએ તો ચાવડા વંશનાં એકંદર રાજ્યકાળનાં વર્ષો ૧૯૬ હોવા બાબતમાં લગભગ બધા ગ્રંથકારો સંમત છે. તેમ જ મૂળરાજનું મરણ ૧૦૫૨–૫૩ મા થયેલું એમાં પણ મતભેદ નથી. **વિ. શ્રે.** મા આરંભની સાલ ૮૨૧ આપી છે, તેથી ચાવડાઓનો અંત ૧૦૧૭ મા માન્યો છે અને તેથી મૂળરાજનાં ૫૫ ને બદલે ૩૫ રાજ્યકાળનાં વર્ષ ગણ્યાં છે. પણ મૂળરાજનો રાજ્યાભિષેક સં. ૧૦૧૭ મા ઠરી શકતો નથી. તેનાં બે કારણો છે. (૧) મૂળરાજના રાજ્યાભિષેકની તિથિ **પ્ર. ચિં.** માં આષાઢ સુદ ૧૫ ગુરુવાર આપી છે. તે સં. ૯૯૮ પ્રમાણે બરોબર મળે છે. (ઇ. સ. ૯૪૨, જુન ૩૦ ગુરુવાર), સં. ૧૦૧૭ પ્રમાણે મળતી નથી. તે વર્ષમા તો એ તિથિએ સોમવાર હતો. (ઇ. સ. ૯૬૧. જુલાઇ ૧ સોમવાર) (૨) સિદ્ધપુરના રુદ્રમાળનું જુનું કવિત છે તેમાં મૂળરાજના રાજ્યાભિષેકનું વર્ષ સં. ૯૯૯ આપેલું છે.

સંવત નવ નવાણુંએ મૂળદેવ મહારાજ,
મૂળદેવ કુળ ચાવડો (?) પામ્યો પાટણ રાજ.[19]

આ જોતાં મૂળરાજના રાજ્યાભિષેકનું વર્ષ સં. ૯૯૮ ગણવું જ બરોબર છે અને તેથી ચાવડા વંશનો આરંભ સં. ૮૦૨ થી જ ગણવો ઠીક છે (૯૯૮–૧૯૬=૮૦૨).

વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યાનું બધા ગ્રંથોમાં છે, **વિ. શ્રે.** સુદ્ધા. પરન્તુ વખતે તેણે એટલા વર્ષ સુધી સક્રિય ભાગ નહિ લીધો હોય. યોગરાજનાં રાજ્યકાળનાં કેટલાક ૩૫ વર્ષ જણાવે છે અને બીજા ૯ વર્ષ. આથી ગેઝેટીયરના લેખકે ૨૬ વર્ષનો વચમા ગાળો ગણી તે રાજ્યકાળ વનરાજના બીજા કોઇ પુત્રનો હશે એમ અટકળ કરી છે. પણ ખરી રીતે તેમ ન હોવું જોઇએ. મારૂં અનુમાન તો એમ છે કે સં. ૮૬૧ સુધી વનરાજ જીવતો હશે, પરન્તુ યોગરાજે રાજસત્તા સં. ૮૩૫ મા હાથમાં લીધી હશે. જેઓ તેનાં ૩૫ વર્ષ ગણે છે તે તેણે રાજસત્તા હાથમાં લીધી ત્યારથી ગણતા હશે, જ્યારે જેઓ તેનાં ૯ વર્ષ ગણે છે, એ વનરાજના મરણ પછીથી તેનો રાજ્યારંભ ગણતા હશે. પરન્તુ રાજાના મરણ સુધી સત્તા ગમે તેના હાથમાં હોય પણ આણ તો તેના નામની જ વર્તાય. આથી યોગરાજનાં ૯ વર્ષ જ ગણવાં વધારે યોગ્ય છે.

રત્નાદિત્યનો રાજ્યકાળ ૩ વર્ષનો હશે, એ ચોક્કસ છે, કેમકે ત્રણે ગ્રંથો એમાં સંમત છે. વૈરિસિંહનો રાજ્યકાળ **વિ. શ્રે.** માં આપેલો ૧૧ વર્ષનો યોગ્ય જણાય છે. **ધર્મારણ્ય**માં

---


૧૯ ‘ગુજરાત’ માસિકના સ. ૧૯૭૬ ના આસોના અંકમાં રા. ભરતરામનો લેખ.

એક જ વર્ષ ઓછું છે. ક્ષેમરાજ અને ચામુંડનો રાજ્યકાળ **ધર્મારણ્ય** પ્રમાણે લેવો ઠીક છે. ચામુંડનો કાળ **પ્ર. ચિં.** પ્રમાણે માત્ર ૩ વર્ષ છે, પરન્તુ એની આગળનો ૧ લુપ્ત થયો હોય એ પણ સંભવિત છે. રાહડનો રાજ્યકાળ **વિ. શ્રે.** અને **ધર્મારણ્ય**માં મળતો છે, તેથી એ લીધો છે, તેમ જ ભૂવડનો કાળ **પ્ર. ચિં.** અને **ધર્મારણ્ય**માં મળતો છે, તેથી પણ એ સ્વીકાર્યો છે.

ઉપર પ્રમાણે ભાગલાગ કરીને વંશાવળી ગોઠવીએ તો આ પ્રમાણે ગોઠવાય:—

અંક.	રાજાનું નામ.	ક્યાંથી	ક્યા સુધી	વર્ષ.
૧	વનરાજ	૮૦૨	૮૬૧	૫૯
૨	યોગરાજ	૮૬૧	૮૭૦	૯
૩	રત્નાદિત્ય	૮૭૦	૮૭૩	૩
૪	વૈરિસિંહ	૮૭૩	૮૮૪	૧૧
૫	ક્ષેમરાજ	૮૮૪	૯૧૩	૨૯
૬	ચામુંડ	૯૧૩	૯૪૪	૩૧
૭	રાહડ	૯૪૪	૯૭૧	૨૭
૮	ભૂવડ	૯૭૧	૯૯૮	૨૭
			કુલ	૧૯૬

રાજાઓના પરસ્પર સંબંધનું વંશવૃક્ષ નીચે આપ્યું છે:—



परिशिष्ट अ.

અપ્રકટ ગ્રંથોમાંથી ઉતારા.

१. विचार श्रेणि

(વૉટસન મ્યુઝીઅમની પ્રત)

××× तदनु ८०२ वर्षे वैशाख शुदि २ सोमे चाउडा वंशोत्पन्नः श्री वनराज श्री अणहिलपुरं अस्थापयत् तत्र च ६० वर्षाणि राज्यमभुक्त तत्पुत्रेण योगराजेन वर्ष ९ राज्यं कृतं ततः संवत् ८९१ वर्षोपविष्ट श्री रत्नादित्येन वर्ष ३ राज्यं कृत ततो वैरसिंहस्य राज्य वर्ष ११ ततः सं. १०५ उप० तत्सुत क्षेमराजस्य राज्यं व० ३९ ततः ९४४ वर्षोपविष्ट सुत चामुंड राज व० २७ ततः संवत् ९७१ वर्षोप० सुत चावडस्य राज्यं वर्षे २९।९९८ वर्षो-पविष्टसुत सामंतसिंह राज्यं वर्ष १९ इत्थं एवं १०१७ इत्थं चावडावंशोऽष्टभि १९६ वर्ष राज्यं कृतं तदनु संवत् १०१७ वर्षे चौलुक्य वंशोपविष्टस्य दौहित्र श्री मूलराज राज्यं वर्ष ३५ × × × × × × × ×

२. विचार श्रेणि.*

(મુમ્બાઇની રેયલ એ. સોસાઇટીની પ્રત)

××× तदनु ८२१ वर्षे वैशाख शुदि २ सोमे चाउडा वंशोत्पन्नः श्री वनराजः श्री अणहिलपुरं अस्थापय तत्र च ६८ वर्षाणि राज्यमभुक्त तत्पुत्रेण योगराजेन वर्षे ९ राज्यं कृतं। ततः संवत् ८९१ वर्षे पिविष्ट श्री रत्नादित्येन वर्ष ३ राज्यं कृतं। ततो वैरसिंहस्य राज्यं वर्ष ११ ततः संवत् १०५ उप० तत्सुत क्षेमराजस्य राज्यं व० ३९ ततः ९४४ वर्षेपिविष्ट सुत चामुंडराव २७ ततः सं. ९७१ वर्षेपिप सुत घाघडस्य राज्यं व० ७। ९९८ वर्षेपिवि सुत मराज्यं च॥ ९ इछं एवं १०१७ इछं चावडा वंशे अष्टभिः १९६ वर्ष राज्यं कृतं। तदनु सं. ९०१७ वर्षे चोलुक्य वंशोपविष्टस्या दौहित्र मूलराज्यं व ३५ × × × × ×

३ धर्मारण्य.

कृत्वा राज्यं षष्ठि वर्षं वनराजो दिवं गतः।
तत्सुतो योगराजश्री प्रजापालन तत्परः॥ ८७॥
वर्षाणां नवकं तेन कृतं राज्यं विजानता।
भुक्त्वा भोगांश्च विविधान् पश्चात्सोऽपि दिवं गतः॥ ८८॥

---

* પૂનાની પ્રત આને મળતી છે, પણ આનાથી એ વધારે અશુદ્ધ છે.

रत्नादित्येऽति नाम्नात्रै तत्सुतो राज्यशासने ।
वर्षत्रयं कृतं राज्यमल्पायु ष्टवान्मृतश्च सः ॥ ८९ ॥
तत्सुतो वीरसिंहश्च वर्षाणां दशकं तथा ।
त्रैविद्यानां कृता सेवा मनसा कर्मणा च वै ॥ ९० ॥
राजा कालवशे जात स्तत्सुतः क्षेमभूपतिः ।
एकोनत्रिंशता सोऽपि राज्यं कृत्वा दिवं गतः ॥ ९१ ॥
पश्चाद्राजा भवत्तस्य चामुंडाख्य सुतो बली ।
नेत्रभूमि मितैर्वर्षैः सोऽपि कालवशं गतः ॥ ९२ ॥
उधडस्तस्य दायादो वर्षाणां सप्तविंशतिः ।
राज्यं चकार धर्मात्मा सोऽपि कालवशं गतः ॥ ९३ ॥
राजा भूवड नाम्ना च तत्सुतो राज्यशासने ।

× × × × × × ×

परिशिष्ट ब.

કેટલાક સંવતનાં તિથિ વાર અને ખ્રિસ્તિ તારીખો.

૧	સં. ૮૦૨*	વૈશાખ	સુદ	૨	=	સોમવાર,	તા.	૨૮	માર્ચ	ઇ. સ. ૭૪૬
૨	સં. ૮૨૧×	,,			=	ગુરુવાર,	તા.	૨૮	માર્ચ	ઇ. સ. ૭૬૫
૩	સં. ૮૬૧	આષાઢ	સુદ	૩	=	મંગવાર,	તા.	૩	જુન	ઇ. સ. ૮૦૫
૪	સં. ૮૬૨*	,,			=	સોમવાર,	તા.	૨૨	જુન	ઇ. સ. ૮૦૬
૫	સં. ૮૫૪	,,			=	ગુરુવાર,	તા.	૨૧	જુન	ઇ. સ. ૭૯૮
૬	સં. ૮૬૪	,,			=	ગુરુવાર,	તા.	૧	જુન	ઇ. સ. ૮૦૮
૭	સં. ૮૯૮*	જેઠ	સુદ	૧૩	=	શુક્રવાર,	તા.	૨૬	મે	ઇ. સ. ૮૪૨
૮	સં. ૮૮૬	,,			=	સોમવાર,	તા.	૯	મે	ઇ. સ. ૮૩૦
૯	સં. ૮૮૪	,,			=	શનિવાર,	તા.	૩૦	મે	ઇ. સ. ૮૨૮
૧૦	સં. ૯૨૨*	આશ્વિન	સુદ	૧	=	શુક્રવાર,	તા.	૧૩	સપ્ટેંબર	ઇ. સ. ૮૬૬
૧૧	સં. ૯૨૪	,,			=	સોમવાર,	તા.	૨૧	સપ્ટેંબર	ઇ. સ. ૮૬૮
૧૨	સં. ૯૩૫*	,,			=	રવિવાર,	તા.	૨૦	સપ્ટેંબર	ઇ. સ. ૮૭૯
૧૩	સં. ૯૩૮*	માહ	વદ	૪	=	શુક્રવાર,	તા.	૧૨	જાનેવારી	ઇ. સ. ૮૮૨
૧૪	સં. ૯૪૩	,,			=	મંગળવાર	તા.	૧૭	જાનેવારી	ઇ. સ. ૮૮૭
૧૫	સં. ૯૫૦	,,			=	મંગળવાર,	તા.	૨૯	જાનેવારી	ઇ. સ. ૮૯૪

* સંવત, તિથિ, વાર, માસ **प्रबन्धचिंतामणि**માં આપ્યા છે.

૧૬ સં. ૯૬૪	પોષ સુદ ૧૦	=	ગુરુવાર,	તા.	૧૭	ડિસેંબર	ઇ. સ. ૯૦૭
૧૭ સં. ૯૬૫*	,,	=	સોમવાર,	તા.	૫	ડિસેંબર	ઇ. સ. ૯૦૮
૧૮ સં. ૯૭૧	,,	=	ગુરુવાર,	તા.	૨૯	ડિસેંબર	ઇ. સ. ૯૧૪
૧૯ સં. ૯૯૦	,,	=	સોમવાર,	તા.	૨૯	ડિસેંબર	ઇ. સ. ૯૩૩
૨૦ સં. ૯૯૧*	આષાઢ સુદ ૧૫	=	શુક્રવાર,	તા.	૧૯	જુન	ઇ. સ. ૯૩૫
૨૧ સં. ૯૯૨	,,	=	ગુરુવાર,	તા.	૭	જુલાઇ	ઇ. સ. ૯૩૬
૨૨ સં. ૯૯૮	,,	=	ગુરુવાર,	તા.	૩૦	જુન	ઇ. સ. ૯૪૨
૨૩ સં. ૧૦૧૭	,,	=	સોમવાર,	તા.	૧	જુલાઈ	ઇ. સ. ૯૬૧

(આ તિથિઓની ગણત્રી કરી આપવા માટે હું મિ. મંચેરજી પેસ્તાનજી ખરેઘાટનો અત્યંત ઋણી છું).

+ તિથિઓની ગણત્રી **વિચારશ્રેણિ**માં છે.

(આ બધામાં માત્ર પહેલી તિથિજ ખરી છે. કેટલાક ગ્રંથોમાં ચાવડાના અંતની તિથિ સં. ૯૯૨ કે ૯૯૮ આપેલી છે, તે પણ ખરી છે.)

૫ વઢવાણના કેટલાક શિલાલેખો.

લેખક–ચુનીલાલ વર્ધમાન શાહ.

વઢવાણની પ્રાચીનતા.

કાઠીઆવાડનાં જૂનામાં જૂનાં શહેરોમાંનું વઢવાણ પણ એક લેખાય છે અને જે વિગતો અત્યારે મળે છે તેને આધારે કેટલાકો તેને વલ્લભિપુરની સ્થાપનાના કાળનું પણ માને છે; પરન્તુ જેટલા પ્રાચીન વલ્લભિપુરના અવશેષો માલૂમ પડયા છે, તેટલાં પ્રાચીન વઢવાણનાં ઉપલબ્ધ અવશેષો માલૂમ પડતાં નથી. વઢવાણ એ વર્ધમાનપુર તરીકે પ્રાચીન કાળમાં ઓળખાતું અને તેનો પુરાવો શિલાલેખો ઉપરથી મળે છે, પરન્તુ તેનું ' વર્ધમાનપુર ' એવું નામ છેલ્લા જૈન તીર્થંકર મહાવીર સ્વામીનું નામ વર્ધમાન સ્વામી હતું, તે ઉપરથી પડયું હોવાનું જે કેટલાકો માને છે તે શોધખોળને આધારે યથોચિત માલૂમ પડતું નથી. જૈન સંશોધકો અને વિદ્વાનોએ જ ચર્ચાને અંતે સિદ્ધ કર્યું છે કે મહાવીર સ્વામી કોઇ વાર સૌરાષ્ટ્રના પ્રદેશમાં આવ્યા જ નહોતા, એટલે શૂલપાણિ યક્ષને પ્રબોધીને મહાવીર સ્વામીએ તેનો ઉદ્ધાર કર્યો તે કાર્ય તેમણે વઢવાણની નદીને કાંઠે કર્યું હોય એ સંભવિત નથી. વઢવાણના ભોગાવાના કાંઠા પર આજે મહાવીર સ્વામીની દહેરી છે અને શૂલપાણિ યક્ષના પ્રસંગની જ તે યાદ આપે છે, પરન્તુ એ દહેરી ત્યાં ઇતિહાસનો વિરોધ હોવા છતાં કેવી રીતે બંધાઈ તે વિષેનાં ચિત્ર–વિચિત્ર અનુમાનો કરીને જ આપણને ચલાવી લેવું પડે તેમ છે. મહાવીર સ્વામીએ શૂલપાણિ યક્ષને જે સ્થાને પ્રબોધ્યો હતો એ સ્થાન આજે એકલા વઢવાણને જ બતાવવામાં આવતું નથી, પરંતુ એવા જ નામ વાળાં બીજાં ગામો મારવાડ અને બિહારમાં પણ બતાવવામાં આવે છે, જે સ્થાનોની પાસે નદીઓ છે અને એક સ્થળે તો મહાવીર સ્વામી અને શૂલપાણિ યક્ષના પ્રસંગને યાદ આપતી દહેરી પણ છે. આ ઉપરથી વઢવાણની પ્રાચીનતા મહાવીર સ્વામીના કાળ જેટલી દૂરની ઠરાવવા જેટલાં વિશ્વાસપાત્ર સાધનો આજે ઉપલબ્ધ થતાં નથી. સંવત્ ૧૩૦૧ નો એક શિલાલેખ એક દટાઇ ગએલી વાવમાંથી મળી આવેલો અને જે વઢવાણ શહેરની હકીકતના વઢવાણ રાજ્ય તરફથી ચાલીસેક વર્ષ પહેલાં બહાર પડેલા પુસ્તકમાં આપેલો છે તેમાં " વર્ધમાન મંડળ " એ શબ્દો જણાય છે. તે પૂર્વેના શિલાલેખો પણ વઢવાણમાં છે અને તેમાં સિદ્ધરાજના કાળના શિલાલેખો પણ છે, પરન્તુ તેના શિલાલેખોના જે કાંઇ ભાગો વાંચી શકાયા છે તેમાં વઢવાણના નામ સંબંધી કશા ઉલ્લેખો મળી આવતા નથી. ઉપર જણાવેલા સં. ૧૩૦૧ ના શિલાલેખમાંના ઉલ્લેખ ઉપરાંત સંવત ૧૬૧૩ નો એક શિલાલેખ છે તેમાં " વઢવાણ " તરીકે તેને ઓળખાવવામાં આવ્યું છે. ' વર્ધમાન ' નું નામ ' વઢવાણ ' ગુજરાતમાં મુસલમાનોનું રાજ્ય સ્થપાયા પછી પ્રચલિત થયું હોય એમ તે ઉપરથી માલૂમ પડે છે.

વઢવાણમાં શહેરની મધ્યમાં આજે એક " પાડા–મસીદ " ને નામે ઓળખાતી મસ્જીદ છે અને તેની આસપાસ મોટું વેપારી ચૌટું છે. ત્યાં આગળ પૂર્વે

પાજા વસહિકાનો શિલાલેખ. 'પાજાવસહિકા' નામનો લત્તો હતો. તે સંબંધે ચાલતી દંતકથા ઘણી વિચિત્ર છે. પાજો નામનો વાણીયો ઘી તેલનો વેપાર કરતો હતો, તેને ત્યાં વશી નામની ભરવાડણ ઘીનો ગાડવો વેચવા આવી હતી. પાજાએ તેનો ઘીનો ગાડવો અને તેની સાથેની ઇંઢોણી બધુંએ વેચાતું રાખ્યું. ઇંઢોણી અમરવેલની હતી એટલે તેના દિવ્ય પ્રભાવથી ઇંઢોણી ઉપરનો ગાડવો એ ઘીનું અક્ષયપાત્ર બની ગયું અને ઘી ગમે તેટલું વેચતાં છતાં તે ખૂટયુ નહિ' એ અમરવેલની ઇંઢોણીના પ્રભાવથી પાજો ધનવાન થયો અને તે રીતે મેળવેલા ધનથી તેણે જૈન મંદિરો બંધાવ્યા તથા તે મંદિરોને પોતાનું તથા પેલી ભરવાડણનું નામ આપી "પાજા–વશી" નાં મંદિરો ઠરાવ્યાં. પરન્તુ જે સ્થળે એ મંદિરો હતાં અને જ્યા આજે ઉપર્યુક્ત મસ્જીદ આવેલી છે તે સ્થળેથી ભોંયમાંથી ખોદતાં હાથ લાગેલા એક શિલાલેખ ઉપરથી જણાય છે કે "પાજાવસહિકા" (પાજા વસહિકા) એવા નામે ઓળખાતા સ્થાનને "પાજા–વશી" જેવું બંધ બેસતું નામ લોકોક્તિમાં અપાઇ ગયું છે અને સદર્હુ ચમત્કારિક વાર્તાને 'પાજાવસહિકા' સાથે કશો સંબંધ નથી. એ શિલાલેખ નીચે મુજબ વંચાય છે:—

स० १३९ वैशाख सुदा ३ मोढ वंशो श्र० पाजान्वये व्य० देदासुत व्य० मुंजालं भार्याये। व्य० रतनदिव्या आत्मश्रेयोऽर्थं श्री नेमीनाथ बिंबं कारीतं प्रतीष्टीतं श्री जायोद्धर गच्छे श्री सर्वाणंदसुरी संताने श्री देवसुरी पट्टभूषण मणिप्रभु श्री हरीभद्रसुरी शीष्ये सुप्रहित नामभेय भट्टारक श्री चंद्रसिंह सुरी पट्टलं करणे। श्री विबुधप्रभसुरी श्री पाजावसहीकायां भद्रं भवतु॥

આ શિલાલેખ એટલું બતાવે છે કે પાજા અટકવાળા મોઢ વણિક દેદાના પુત્ર મુંજાલની પત્ની રતનદેવીના આત્મશ્રેયને અર્થે નેમીનાથ પ્રભુનું બિંબ જાલ્યોદ્ધર ગચ્છના વિબુધસુરિએ "પાજાવસહિકા"માં પ્રતિષ્ઠિત કરાવ્યું. જેને અર્થે એ મંદિર બંધાએલું તેનું નામ તેમા મળે છે, પરન્તુ જેણે એ મંદિર બંધાવેલું તેનું નામ મળતું નથી. સોલંકી રાજાઓના કાળમાં મોઢ વણિકો જૈન ધર્મ પાળતા હતા એવું તો ઇતિહાસ કહે છે; પરન્તુ આ શિલાલેખમાં જે મુંજાલની પત્ની રતનદેવીના નામનો ઉલ્લેખ છે, તે મુંજાલ કર્ણ સોલંકી અને સિદ્ધરાજના મંત્રીઓમાનો એક ઇતિહાસપ્રસિદ્ધ મુંજાલ હશે કે કેમ તેનો નિર્ણય કરી શકાતો નથી. આ નિર્ણય કરવા માટે સં. ૧૩૯ નું પરીક્ષણ કરવું પડશે. આ શિલાલેખ એક જૈન ઉપાશ્રયમા દાટવામા આવેલો છે એટલે તે જોવા માટે મેળવી શકાયો નથી. પરંતુ આખો શિલાલેખ આદિથી અંત સુધી વંચાય છે અને તે વઢવાણ શહેરની હકીકતના પુસ્તકમાં ઉતારવામાં આવ્યો છે. જ્યા પાજાવસહિકાનું જૈન મંદિર હતું અને જ્યાં આજે પાડા મસ્જીદનો ભાગ આવેલો છે ત્યાનો લત્તો ભોયરાળાને નામે ઓળખાય છે. ત્યા ખોદકામ કરતાં એ શિલાલેખ જૈન મંદિરના અવશેષો સાથે દટાએલો મળી આવ્યો હતો. સં. ૧૩૯ ની પહેલાંનો કે પછીનો અંક ભુંસાઇ ગયો હોવાની શંકા એ લેખ વાંચીને ઉતારી લેનાર વઢવાણના એક મર્હુમ વિદ્વાન્ ન્યાયાધીશ સ્વ. ખોડીદાસને પણ થઇ નથી. તેમની શંકા એવી છે કે કદાચ તેની પૂર્વેનો એક આંકડો છોડીને એટલે કે ૧૧૩૯ ને બદલે ૧૩૯ નો સંવત્સર શિલાલેખમાં દર્શાવવામાં આવ્યો હોય. જો એ સંવત્ ૧૧૩૯ હોય તો

ઇતિહાસપ્રસિદ્ધ મુંજાલની પત્નીના આત્મશ્રેયને અર્થે પાજાવસહિકાનું મંદિર બંધાયું હોય એ માનવા જોગ વાર્તા છે. પરંતુ શતકના બે અંક છોડીને એકમ–દશકના બે અંકોવાળા શિલાલેખો મળી આવે છે પણ એક અંક છોડીને લખેલા શિલાલેખો મળી આવતા નથી. એટલે એ લેખ સંવત્ ૧૧૩૯ નો હોવાનો સંભવ નથી. વળી એ શિલાલેખમા જાલ્યોદ્ધર ગચ્છના સર્વાણંદ સૂરિના શિષ્ય શ્રી દેવપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રી ચંદ્રસિંહસૂરિ અને તેમના ગુરુબંધુ શ્રી વિબુધપ્રભસૂરિએ એ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરાવી હોય એવું જણાય છે. જાલ્યોદ્ધર ગચ્છનો એક બીજો શિલાલેખ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ–ભાગ ૨ જો" માં શ્રી જિનવિજયજીએ ૪૮૪ મા નંબરનો આપ્યો છે. તેમાં શ્રી દેવસૂરિનું નામ આવે છે. આ લેખમાં પણ દેવસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિ અને તેમના શિષ્ય ભટ્ટારકશ્રી ચંદ્રસિંહસૂરિના ગુરુબંધુ વિબુધપ્રભસૂરિનું નામ આવે છે. એટલે હરિપ્રભ-સૂરિ, ચંદ્રસિંહસૂરિ અને અને વિબુધપ્રભસૂરિ સમકાલીન હોવા જોઇએ. ૪૮૪ નંબરનો "પ્રાચીન જૈન લેખ સંગ્રહ" માનો શિલાલેખ સંવત્ ૧૩૪૯ ની સાલનો છે અને વિબુ-ધપ્રભસૂરિવાળો પાજાવસહિકાનો શિલાલેખ ૧૧૩૯ ની સાલનો હોય તે ન માની શકાય તેવું છે. આ કારણથી આ ત્રણ અંકનો શિલાલેખ સિંહ સંવત્સરનો હોવો જોઇએ. સિંહ સંવત્સરના જે થોડા શિલાલેખો કાઠિયાવાડમાથી મળેલા છે તે શિલાલેખોમા સિંહ સંવત્ની સાથે વિક્રમ સંવત્ અને બીજા સંવત્ પણ દર્શાવેલા છે, પરન્તુ આ શિલાલેખને જો સિંહ સંવત્નો માનીએ તો કાઠિયાવાડમા એકલા સિંહ સંવત્ના શિલાલેખો પણ હોવા જોઇએ એમ માનવાનું કારણ મળે છે. સિંહ સવત્ ૧૫૧ સુધીના બીજા લેખો મળ્યા છે તે જોતાં ૧૩૯ નો સિંહ સંવત્નો લેખ સંભવિત છે. ૧૩૯ + ૧૧૬૯ – ૧૧૭૦ = ૧૩૦૮–૯ ની સાલમાં ગુજરાતમાં વીસળદેવ વાઘેલાનું રાજ્ય હતું જે કાળ જૈનોની ચડતીનો હતો. વીર-ધવળ વાઘેલાના કાળમાં વસ્તુપાળ–તેજપાળ થયા અને તેમણે અનેક જૈન મંદિરો બંધાવ્યાં હતા. તે જ કાળમા આ પાજાવસહિકાનું જૈન મંદિર બંધાયું હોવું જોઇએ. આ ઉપરથી સમજી શકાશે કે કર્ણ અને સિદ્ધરાજ સોલંકીના કાળમા થએલા મુંજાલની સાથે આ શિલાલેખમાંના મુંજાલને કશો સંબંધ નથી, પરન્તુ એ મુંજાલ કોઇ બીજી વ્યક્તિ હોવી જોઇએ. આ પાજાવસહિકાના મંદિરનો નાશ સંવત્ ૧૫૦૪ મા થયો હોય એમ જણાય છે. કારણકે એ વર્ષમા જાણીતી પાડામસ્જીદ અસ્તિત્વમાં આવી હતી એવું એ મસ્જીદના શિલાલેખપરથી જણાય છે. માત્ર ૨૦૦ વર્ષ અસ્તિત્વમા રહેલા મંદિરનો શિલાલેખ કે જે ત્યાર પછી ૪૫૦ વર્ષ સુધી જમીનમાં દટાએલો રહ્યો હતો તેમાં સંવત્ના આંકડાની સ્પષ્ટતા પરિપૂર્ણ હોય એ બનવા જોગ છે, તેમજ માનવા જોગ છે.

સંવત ૧ નો પાળીયો. સિંહ સંવત વઢવાણથી શરૂ થયો હોવાનું મનાવનારો એક પાળીયો પણ હાલમાં વઢવાણમાં જોવામા આવ્યો છે. આ પાળીયો રાણકદેવીના સુપ્રસિદ્ધ મંદિરની પાસે દટાએલા તથા ઉભા સંખ્યાબંધ પાળીયામાંનો એક છે. તેમાં શસ્ત્રધારી અશ્વારોહી સૈનિકની આકૃતિ હેઠળ નીચે પ્રમાણે ઉલ્લેખ છે.–

સવત ૧ નવિરષે ફાં-	सवत १ नविरषे फां-
ગણ વદ નામ વાર હ-	गण वद नाम वार ह-

રપાઅજી કામ આ- વા છે.	रपाअजी काम आ- वा छे.

આ લેખમા સંવત ૧ નો આંકડો સ્પષ્ટ અને અસંદિગ્ધ છે કે તેના વિષે જરા પણ શંકાને સ્થાન રહેતું નથી. શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા પોતાના 'ભારતીય પ્રાચીન લિપિમાલા' એ ગ્રંથમા સિંહ સંવત કોણે ચલાવ્યો તે વિષે કશો નિર્ણય કરતા નથી. કર્નલ જેમ્સ ટોડ તેને ગોહીલ શિવસિંહનો ચલાવેલો સંવત માને છે. ભાવનગરના ભૂતપૂર્વ દીવાન શ્રી વિજયશંકર ઓઝા, પોરબંદરના એક લેખમા શ્રીસિંહ નામના સૌરાષ્ટ્રના મંડલેશ્વરનું નામ મળતું હોવાનું જણાવીને તેણે એ સંવત્ ચલાવ્યો હોય એવું અનુમાન કરે છે. પરન્તુ પોરબંદરનો એ લેખ પ્રસિદ્ધિમાં આવ્યો નથી. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી તેને સિદ્ધરાજ જયસિંહનો ચલાવેલો સંવત માને છે. જો સિદ્ધરાજે વિ. સં. ૧૧૬૯-૭૦ માં રા'ખેંગાર ઉપર વિજય મેળવ્યો હતો એવું સિદ્ધ કરી શકાય તો એ 'સિંહ સંવત' 'જયસિંહ સંવત'ના ટુંકા નામ તરીકે ઓળખાતો મનાય; પરન્તુ સિદ્ધરાજ જયસિંહના સૌરાષ્ટ્રના વિજયનું વર્ષ નક્કી કરી શકાતું નથી. ઉપર આપેલો સંવત ૧ નો શિલાલેખ જેની લિપિ વિક્રમના બારમા શતકના ગુજરાત-કાઠિયાવાડના શિલાલેખોને મળતી છે, તે સિંહ સંવત્સરનો જ હોવો જોઇએ એમ માનવાનું કારણ મળે છે. રાણકદેવીના મંદિરની પાસેના શિલાલેખોમાંનો એ પાળીયો છે તે જોતાં સિંહ સંવત વઢવાણથી જ સિદ્ધરાજે શરૂ કર્યો હોય એમ માનવાનું એક વિશેષ કારણ મળે છે. એ કાળના બીજા શિલાલેખોની લિપિ તો આ લેખની લિપિના જેવી જ જણાઇ છે. તેની પછીના ૧૦૦ વર્ષનો એટલે ભીમદેવ બીજાના કાળનો એક લેખ મુંબઇના મ્યુઝીયમમા છે અને તેની લિપિ આ લેખની લિપિને મળતી જ છે; પરન્તુ ઘણાખરા લેખો સંસ્કૃતમાં મળી શકે છે અને આ લેખ ગુજરાતીમાં છે; તેમાનો ક્રિયાપદનો પ્રયોગ 'આવા છે' સહજ શંકાશીલતા ઉપજાવે છે. પરંતુ શિલાલેખમાં 'છે' અક્ષર 'છિ' અથવા પ્રતિમાત્રાની રીતે વાંચતા 'છૈ'નું ભાન પણ કરાવે છે: એટલે એ લેખને જૂના કાળના ખરા લેખ તરીકે વાંચવામાં કશો વાંધો હોય એમ હું માનતો નથી. વઢવાણના બીજા શિલાલેખોમા 'છે' ક્રિયાપદ વિક્રમની ૧૫ મી સદીમાં વપરાએલું માલૂમ પડે છે. વચ્ચેના કાળના બીજા લેખો પુષ્કળ મળે છે, પરન્તુ તે સંસ્કૃત ભાષામાં લખાએલા છે, ૧ આકડાની પૂર્વેના કોઈ આંકડા મૂકી દેવામાં આવ્યા હોય એવી શંકા પણ સ્વાભાવિક છે. બે અંકના સંવત્સરવાળા શિલાલેખો ઘણી વાર સિંહ સંવતનો ભ્રમ ઉપજાવે છે. કોઇ વાર વિક્રમ સંવતના એવા શિલાલેખોમા શતકના બે અંક છોડીને બે અંક છેલ્લા દર્શાવવામાં આવેલા હોય છે, પરન્તુ એક કે ત્રણ આંકડાના સંવતમાં એવો ભ્રમ ઉપજવાનું કશું કારણ રહેતું નથી, પરન્તુ તેને ખરેખર સિંહ સંવત માનવામાં કાંઇ વાંધો જણાતો નથી.

માધાવાવનો શિલાલેખ.

માધાવાવ સબંધી એક લોકગીત હાલમાં વધારે પ્રસિદ્ધિમા આવ્યું છે. એ ગીત કરુણારસથી ભરેલું છે અને તેનો સાર એ છે કે માધાવાવ ગળાવતાં બાર વર્ષ થયા અને વાવ બંધાઇને તૈયાર થઈ તોપણ તેમાં પાણી આવતું નહોતું, તેથી તેને એક જીવતા દંપતીનો-એક ક્ષત્રીય યુવક તથા તેની પત્નીનો ભોગ આપવામાં આવ્યો હતો અને તેથી માધા-

વાવમા પાણી આવ્યું હતું. આવા વહેમો જૂના વખતમાં અસ્તિત્વ ધરાવતા હોય એ બનવા જોગ છે, એટલે વસ્તુતઃ એવો ભોગ આપવામાં આવ્યો પણ હોય, અથવા તો વાવ ગાળ-વામાં આવતી હોય ત્યારે તેમાં કોઇ દંપતી ડૂબીને કે અન્ય કોઇ રીતે મરણ પામ્યું હોય અને પાછળ એ કરુણારસભરિત બનાવ અતિશયોક્તિ સાથે દંતકથામાં અને લોકગીતમાં ગુંથાવા પામ્યો હોય.

આ વાવ અત્યારે માધાવાવને નામે ઓળખાય છે અને લોકકથની એવી છે કે તે કરણ વાઘેલાના પ્રધાન માધવે બંધાવી હતી. વઢવાણ શહેરની હકીકતનું જે પુસ્તક વઢવાણ રાજ્યે પ્રસિદ્ધ કર્યું છે તેમાં પણ એમ જ જણાવેલું છે; પરન્તુ એ વાવ માધવે બંધાવી હોવાનો પુરાવો તેની અંદરનો શિલાલેખ આપતો નથી. એ શિલાલેખમા એક પુરુષ તથા એક સ્ત્રીની નાની મૂર્તિઓ કોતરવામા આવી છે અને તેની હેઠળ નીચે મુજબ ઉલ્લેખો કરવામાં આવલા છેઃ—

(૧) સંવત ૧૩૫૦ વર્ષે કાતીક સુદ ૮ ગુરૌ
નાગર જ્ઞાતીય વ૦ શ્રી સોમ સુત મહં શ્રી સિંધૂ

(૨) નાગર જ્ઞાતીય મહં શ્રી સોઢલ સુતા મહંશ્રી તષમાદેવી.

નાગર જ્ઞાતિના કોઇ સિધૂ તથા તેની સ્ત્રી તષમાદેવીએ આ વાવ બંધાવી હોય એવું જણાય છે. ' માધાવાવ ' જેવું પ્રચલિત નામ અને શિલાલેખની અંદરની ' નાગરજ્ઞાતિ ' એ બે ઉપરથી ઇતિહાસ પ્રસિદ્ધ માધવ લોકોના ધ્યાનમાં તુરત આવી જાય એ બનવા જોગ છે. પરન્તુ સંવત ૧૩૫૦ નો વિચાર કરતા માધવ એ વર્ષે વઢવાણમાં આવીને વાવ બંધાવે, એ શક્ય જણાતું નથી. મુસલમાનોએ સં. ૧૩૫૬ મા ગુજરાત સર કર્યું. તે પૂર્વે મુસલમાન સેના અલફખાંની સરદારી હેઠળ દિલ્હીમાથી નોકળીને પાટણમા આવી અને તેની પહેલાં માધવ ગુજરાતમા લપાતો છુપાતો દીલ્હી ગયો હતો. દિલ્હી ગયા પૂર્વે તે કચ્છમાં ગુજરાતના રાજા માટે ઘોડાની ખરીદી કરવા ગયો હતો, એટલે ગુજરાત સર થયાની સાલ ૧૩૫૬ પહેલાં ૬ વર્ષે માધવ વઢવાણમાં માધાવાવ બંધાવવાનો વિચાર સરખોએ કરી શકે એ સંભવિત નથી. માધવે આવા કોઇ જાતનાં બીજાં લોકોપયોગી કાર્યો કરેલાં માલૂમ પડતાં નથી, એટલે ૧૩૫૦ ની સાલમાં નાગર જ્ઞાતિના કોઇ સિંધુએ બંધાવેલી વાવને માધવના નામ સાથે જોડવી એ ઇતિહાસથી તેમજ પુરાવાઓથી વિરુદ્ધ છે. લોકકથામાં હમેશા સત્ય વસ્તુસ્થિતિ જ હોય છે એમ માનવાનું કારણ નથી. ઉપર પાજા-વશીની પ્રચલિત લોકકથા જણાવવામા આવી છે અને ' પાજાવસહિકા ' ઉપરથી પાજા વાણીયા તથા વશી ભરવાડણની કથા જન્મી તો વઢવાણની ૩ વાવોમાની સૌથી મોટી વાવને ' મહાવાવ ' ને સ્થાને લોકો ' માધાવાવ ' કહી ઇતિહાસપ્રસિદ્ધ માધવને તેની સાથે જોડી દે એ કાઇ અશક્ય નથી.

વઢવાણ એક પ્રાચીન નગર છે એ જાણીતી વાત છે. ત્યા બીજા અનેક શિલાલેખો જાહેર તેમજ છૂપા પડ્યા છે પરન્તુ તેની શોધખોળ કરાવવામાં રાજકર્તાને કાંઇ રસ પડતો હોય એમ જણાયું નથી. ઉપર જણાવેલો સંવત ૧ નો શિલાલેખ જે થોડા માસ પહેલાં

જમીનમાં દાટેલો ઉભો હતો, તેને હાલમા ખોદી કાઢીને સાધારણ પત્થરની દશામાં રખડતો મૂકવામાં આવ્યો છે. આ લેખમાં માત્ર ઐતિહાસિક દષ્ટિએ પ્રકાશ પાડવા જોગ થોડા શિલાલેખો વિષેનું જ વિવેચન કરવાનું ઉચિત માન્યુ છે; વઢવાણમા આવેલા બીજા શિલાલેખોની જો શોધખોળ કરવામાં આવે અને ખુલ્લા પડેલા શિલાલેખોનો અભ્યાસ કરવામાં આવે તો ઇતિહાસને મદદગાર થાય તેવી નવી વિગતો ઉપલબ્ધ થવાનો સંભવ છે.

તા૦ ક૦ આ લેખમાં દર્શાવેલા શિલાલેખોમાંનો સંવત ૧ નો લેખ તથા માધાવાવનો શિલાલેખ એ બેઉના ફોટોગ્રાફો લેખકની પાસે છે.

૬. નાસિક પંચવટી

(કયાં આવી ?)

લેખકઃ—રા. રા. હનુમંતરાવ બળવંતરાવ ભીડે.

શ્રીરામ કથા અત્યંત પ્રાચીનકાળથી આપણા આબાલવૃદ્ધોને બહુ પ્રિય થઇ રહી છે. એનું એક પ્રમાણ સંસ્કૃતમા અને માગધીમાં લખાએલા જુના ગ્રંથો એ છે. બીજું પ્રમાણ એ છે કે હિંદુસ્તાનના લગભગ દરએક પ્રાંતના લોકોમા એવી શ્રદ્ધા છે કે આપણા પ્રાતમાં શ્રીરામચંદ્ર આવી ગયા હતા; તેની નિશાની તરીકે ત્યા ત્યા શ્રીસીતારામના ચરણસ્પર્શથી પવિત્રિત તરીકે કેટલાક સ્થળો બતાવવામાં આવે છે. ગુજરાત–કાઠિઆવાડ આ એકજ એવો પ્રાંત છે કે જ્યાં શ્રીરામના આવી ગયાના સ્મરણચિન્હો જોવામાં આવતા નથી. કોસલથી અતિ દૂર પંચજદ, ત્યાં પણ શ્રીરામના પુત્રની રાજધાની વસાવવામા આવી હતી. અસ્તુ, લોકોની માન્યતા એ એક વસ્તુ છે; ઐતિહાસિક સત્ય એ બીજી વસ્તુ છે. લોકો માને છે અથવા યાત્રા કરવા જાય છે તેથી તે ક્ષેત્રમાં શ્રીરામ આવી ગયા હતા એમ માનવું સકારણ હોતું નથી. કોઇક વાર ઇતિહાસ તેથી ઉલટું બતાવે છે. આનું એક ઉદાહરણ આજે વિદ્વાનો આગળ મૂકવાની રજા લઉં છું.

રામાયણકાલીન હિંદુસ્તાનના ભૂગોલ વિશે હું કેટલાક દિવસથી વિચાર કરૂં છું. તેમાં નાસિક-પંચવટી બાબત લૌકિક શ્રદ્ધા અને ઐતિહાસિક સત્ય આ બેની વચ્ચે વિરોધ મને દસ્યમાન થવા લાગ્યો. વધારે વિચાર કરતા તે વિરોધમા મજબૂતી આવતી જાય છે.

અત્યારનું નાસિક સૌ કોઈ જાણે છે. તેના અક્ષાંશ ૨૦·૬° ઉ. અને રેખાંશ ૭૩·૫૪° પૂ. છે. નાસિકથી એ માઇલ પંચવટી છે. વનવાસી સીતા રામ લક્ષ્મણ ત્યા ઘણા દિવસ રહ્યા હતા અને ત્યાંથી રાવણે સીતાનું હરણ કર્યુ એવી માન્યતા છે. શૂર્પણખાના નાસિકાછેદન ઉપરથી તે સ્થાને નાસિક નામ મેળવ્યું એવી પ્રથા છે. પ્રસ્તુતનું નાસિક ગોદાવરીના ઉગમથી બહુ દૂર નથી.

આપણી ચર્ચા માટે રામાયણ કથાની બીજી એક વિગત ધ્યાનમાં રાખવાની જરૂર છે. દંડકારણ્યમાં ફરતાં ફરતા શ્રીરામ અગસ્ત્યના આશ્રમે આવ્યા અને તે ઋષિના કહેવાથી જનસ્થાનગત પંચવટીમાં રહેવા ગયા, એટલે જનસ્થાન, નાસિક, પંચવટી એ બધાં સ્થળો અગસ્ત્યાશ્રમથી બહુ દૂર ન હતાં એમ માનવું સયુક્તિક છે.

એવી વિગતોનું વર્ણન જે સ્થાન સંબંધે આપણા પ્રાચીન ગ્રંથકારો કરે છે તે નાસિક–પંચવટી હોઇ શકે.

તે જાણવા બે જાતનો પુરાવો આપણી આગળ છે. મુખ્ય પુરાવો આર્ષ ઇતિહાસ રામાયણનો તે પહેલો. મહાભારત અને બીજા પુરાતન આર્ષ ગ્રંથો, તેનો પણ વિચાર સાથે સાથે કરી શકાય. બીજો, આનુશંગિક, એટલે આર્ષગ્રંથોના આધારે લખાયેલા કાવ્યનાટકાદિ સાહિત્યમાં મળી આવે તે. આ બેમાંથી પહેલી જાતના પુરાવાનો વિચાર થોડો ઘણો થયેલો છે. પરંતુ કાવ્યનાટકોનો અભ્યાસ એ દ્રષ્ટિથી કરેલો મારી જાણમાં તો નથી.

રામકથા વિષયક લલિતવાઙ્‌મય અલ્પ વા ઉપેક્ષણીય નથી. સંસ્કૃતમા તથા પ્રાકૃતમાં શ્રીરામના આખ્યાનોપાખ્યાનો ઉપર કાવ્યો તથા નાટકો પુષ્કળ છે. તેમનું પરિશીલન કરી, રામાયણકાલીન ભૂગોલ વિશે તે તે ગ્રંથકારનો શો અભિપ્રાય છે તેનો તુલનાત્મક અભ્યાસ કરવો એ બહુ મનોરંજક છે. રામાયણકાલીન ભૂગોલ એટલે સમગ્ર હિંદુસ્તાનનો ભૂગોલ. તેમાં સ્થલોનું નામાંતર, તેમ જ નામોનું સ્થલાંતર થયું છે. પ્રયાગ અલાહાબાદ થયું છે; કુંડિનપુરે મધ્ય હિંદુસ્તાનથી પશ્ચિમ હિંદુસ્તાન તરફ પ્રયાણ કર્યું છે. તેમ જ, નાસિક પંચવટીએ પણ 'પૂર્વાચલ'નો ત્યાગ કરીને 'પશ્ચિમાચલ' ઉપર નિવાસ કર્યો છે. આ નામાંતર-સ્થલાંતરનો ઇતિહાસ તપાસતાં આપણા પ્રાચીન ઇતિહાસનાં કેટલાક અંગો ઉપર સારૂં અજવાળું પડે એવો સંભવ છે.

નાસિક-પંચવટી-જનસ્થાનની બાબતમા પ્રાચીન સાહિત્ય-ગ્રંથોમા જે માહિતી મળે છે તેનું ટુંકમાં સંકલન કરવાનો પ્રસ્તુત નિબંધનો ઉદ્દેશ છે. અત્રે, ખ્રિસ્તની ૧૪ મી શતાબ્દી પહેલા થયેલા ગ્રંથકારોનો વિચાર કર્યો છે. એ કાલમર્યાદા બાધવાનાં કારણો બે છે. ૧૪ મી શતાબ્દી સુધી ગ્રંથરચના ઘણી ખરી સંસ્કૃતમા જ થઇ છે. દેશીભાષાના ગ્રંથો અપવાદાત્મક છે. ગુજરાતી, મરાઠી, બંગાલી વાઙ્‌મયનો વિસ્તાર ૧૪ મી શતાબ્દી પછી જ થયેલો જોવામાં આવે છે. સિવાય, પ્રાકૃતમાં થયેલી અને સંસ્કૃતમા થતી હતી તે ગ્રંથરચના જુદી. એવા વિસ્તીર્ણ વાઙ્‌મય મહોદધિનું મંથન એકલાના જ હાથથી થવાનું લગભગ મુશ્કેલ છે. માટે, એક વિશિષ્ટ કાલ લઇ તેમાં થયેલા ગ્રંથોની પ્રસ્તુત પ્રશ્નને લગતી વિચારણા કરવી તે વધારે ઉપયુક્ત ને સુસાધ્ય છે એમ માનીને એ અલ્પ પ્રયત્ન કરવામા આવ્યો છે. એ એક કારણ. બીજું કારણ આથી વધારે મહત્ત્વનું છે. જનસ્થાનના સ્થાન વિશે પ્રાચીન કલ્પના શી હતી તે જોવાનો આપણો પ્રધાન ઉદ્દેશ છે; માટે પ્રાચીન ગ્રંથોનો જ આધાર ગોતવો જોઇએ. ગ્રંથ જેટલો વધારે પ્રાચીન તેટલો તેનો મત વધારે વિચારણીય. નાસિક ક્યા છે તે વિશેની ૧૪ મી શતાબ્દી પછીની લોકકથા અને અત્યારની સમજણ, એમાં બહુ અંતર છે એમ મને લાગતું નથી. આ બે કારણોથી, ૧૪ શ૦ પછીના ગ્રંથોનો વિચાર અહીંઆ કર્યો નથી.

આ લેખમાં ગ્રંથકારોનો નિર્દેશ કાલના ઉલટા અનુક્રમથી (વ્યુત્ક્રમથી) કરવામાં આવ્યો છે; એટલે, ૧૪ મી શતાબ્દીના જયદેવથી પ્રારંભ કરીને ખ્રિસ્તપૂર્વ થયેલા કાલિદાસ સુધીના ગ્રંથકારોની સાક્ષી લીધી છે. ગ્રંથકારોનો જે કાલ મેં દર્શાવ્યો છે તે બાબત કેટલેક ઠેકાણે મતભેદ થાય તે શકય છે ઉદાહરણ તરીકે કાલિદાસનો સમય, હું તેને ખ્રિસ્તપૂર્વ મૂકું, તો કેટલાક ઇતિહાસસંશોધકો તેને ખ્રિસ્તપશ્ચાત પાંચમી અથવા છઠ્ઠી શતાબ્દીમાં મૂકે છે પરંતુ એ કવિકાલ વિષયક મતભેદ અત્યારે ગૌણ ગણીએ તો ચાલે. કવિઓના ગ્રંથોમાંથી જે વચનોનો આપણે વિચાર કરવાના છીએ તેમનું પ્રસ્તુત પ્રકરણ સંબંધીનું મહત્ત્વ ઓછું થતું નથી.

હવે આપણે, આપણા લીધેલા કાલમાં સૌથી અર્વાચીન કવિ જયદેવ, તેને તપાસશું.

જયદેવ—જયદેવ નામના બે કવિઓ છે. એક 'ગીતગોવિંદ'કાર અને બીજો 'પ્રસન્નરાઘવ'કાર. આ બીજો આપણો જયદેવ. તેનો સમય લગભગ ખ્રિ૦ ૧૪ મું શતક છે.

પ્રસન્નરાઘવના પાંચમા અંકમાં રામના વનપ્રવાસની હકીકત છે. અયોધ્યાથી નિકળીને ઋષ્યમૂક પર્વત પર આવ્યા પછી રામે સુગ્રીવ સાથે સખ્ય કર્યું ત્યાં સુધીના પ્રવાસનું વર્ણન વિવિધ પાત્રોના મુખથી કર્યું છે. પ્રથમ, ગંગા, યમુના અને સરયૂ પ્રવેશ કરે છે. અને રાવણકૃત સીતાહરણનો વૃત્તાંત કલહંસના મુખથી તેમના જાણવામાં આવે છે. આ સંભાષણમાંથી અમુક ભાગ પ્રસ્તુત પ્રકરણમાં બહુ અગત્યનો હોવાથી અહીંઆ ઉદ્ધૃત કરૂં છું.

सरयूः-कियतां पुनरह्नां परिवर्तेन रघुराष्ट्रमतिक्रान्तं वत्सेन ।

(ભાવાર્થ—સરયૂઃ-કેટલા દિવસોમાં રામ રઘુરાષ્ટ્રપાર ગયા ?)

कलहंसः—उत्तर कोसलास्तु त्रिचतुरैरेवाहोभिरतिक्रान्ताः अथ पुरमथन मौलिमालतीमाला मन्दाकिनीमतीत्य कालिन्दगिरिकरिकपोलमदवारिधारां कालिन्दीमप्यतिक्रान्तः।......ततः शबरशरदलितविन्ध्यकरिकुम्भतटी विमुक्त मुक्ताफलप्रकरकोरकिततीरलतावितानपरिच्छदां शर्मदां नर्मदामतीत्याचिरेण गोदावरीपरीसरं प्रयाताः। (तत्र शूर्पणखा) सौमित्रिशरदलितनिजनासिका रुधिरसीधुरसमास्वादितवती ।

(ભાવાર્થઃ—ત્રણચાર દિવસોમા જ ઉત્તરકોસલ પાર થયા અને ગંગા, યમુના અને નર્મદા ઓળંગીને થોડા વખતમાં ગોદાવરીતટે આવી પહોંચ્યા. ત્યાં શૂર્પણખાએ સ્વનાસિકા રુધિરનો આસ્વાદ લીધો.)

પછી, જનસ્થાનનિવાસી નિશાચરો સાથે રામનું યુદ્ધ અને અંતે સીતાનું હરણ, એટલો વૃત્તાત કલહંસ કહે છે.

પછી, સાગર અને ગોદાવરી પ્રવેશ કરે છે. તેઓ તરફથી ઉપરિનિર્દિષ્ટ ત્રણ નદીઓને જટાયુના વધનો સમાચાર મળે છે. છેવટમા તુંગભદ્રા આવે છે તે, વાલિનું મૃત્યુ, સુગ્રીવને વાનરચક્રવર્તિપદની પ્રાપ્તિ અને સીતાશુદ્ધયર્થ કપિઓનું પ્રયાણ, ત્યાસુધીની હકીકત જણાવે છે; અને અંક પૂરો થાય છે.

સાતમા અંકમાં, રામ લંકાથી અયોધ્યા પાછા આવે છે તે વખતના વર્ણનમાં નીચેનો શ્લોક છે.

रामः—एवमेतत् ।

उल्लङ्घ्य नीराधिमतीत्य च दन्डकानि
नद्यौ च मेकलकलिन्दसुते व्यतीत्य।
प्राप्ताः शिखण्डिशतमण्डितशाखिखण्ड—
मेते वयं शिखरिणं ननु चित्रकूटम् ॥ ९८ ॥

(ભાવાર્થઃ—સમુદ્ર, દંડકારણ્ય, ગંગા ને યમુના ઓળંગીને આપણે ચિત્રકુટ પર્વતે પહોંચ્યા છીએ.)

એ વર્ણન ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે જયદેવના મત પ્રમાણે દંડકારણ્ય અને જનસ્થાન (જેમાં નાસિક હોવું જોઇએ) નર્મદાની દક્ષિણમાં હતાં. થોડો સૂક્ષ્મ વિચાર કરીએ

તો આપણને લાગશે કે 'ગોદાવરી સહચર' સાગર અને તુંગભદ્રા એમના પ્રવેશો સાભિપ્રાય કરાયેલા છે. ગોદાવરી કાંઠે આવ્યા પછીનો વૃત્તાંત ગોદાવરી મારફત જ કહેવરાવવો તે સાહજિક અને મનોહર છે. તેમ જ એ વૃત્તાંતમાં સાગરના સાહચર્યનું વર્ણન છે; માટે તે હકીકત જ્યાં બની તે સ્થાન એટલે જનસ્થાન–પંચવટી–નાસિક, સમુદ્રસમીપ હોવાનું–ગોદાવરી સમુદ્ર સંગમસમીપ હોવાનું–કવિ સૂચિત કહે છે એમ મને લાગે છે. એ અનુમાન નિર્દોષ હોય તો, જયદેવના મત પ્રમાણે જનસ્થાન–પંચવટી એટલે અત્યારનું નાસિક નહિ પરંતુ મદ્રાસ ઈલાખામા ગોદાવરીના મુખની પાસે કોઈ ઠેકાણે હોવું જોઈએ, એમ સિદ્ધ થાય છે. બીજા કેટલાક પ્રાચીન કવિઓનો મત પણ એવો જ છે એવો પુરાવો આગળ દાખલ કરવામાં આવશે.

એવા અનુમાનથી ઉપર ઉદ્ધૃત કરેલા ઉતારાના આધારે એમ કહી શકાય છે કે ઋષ્યમૂક અને કિષ્કિંધા તુંગભદ્રાની પાસે અથવા દક્ષિણમાં હતાં અને દંડકારણ્ય સમુદ્ર અને નર્મદા એ બેની વચ્ચે હતું.

આપણા અનુમાનને એક શબ્દનો વાંધો આવે તેમ છે. '**नर्मदामतीत्यचिरेण... गोगवरीपरिसरं प्रयाताः।** (નર્મદા ઓળંગીને **થોડા વખતમાં** ગોદાવરી પાસેના પ્રદેશમાં આવ્યા.) પશ્ચિમસમુદ્ર પાસેનું નાસિક અને નર્મદા વચ્ચેના અંતર કરતાં પૂર્વસમુદ્ર પાસેનું નાસિક અને નર્મદા વચ્ચેનું અંતર પુષ્કળ મોટું છે અને તે થોડા વખતમાં કાપી શકાય એમ ન કહી શકાય. પશ્ચિમ કિનારા પાસેના નાસિક વિશે કદાચ તેમ કહી શકાય. પરંતુ એ શંકા અપરિહાર્ય નથી. એક તો એ કે તેને આપણે કવિકૃત કાલસંક્ષેપ–જેનો લાભ નાટકકારો ઘણી વાર લે છે અને જેને નાટ્યશાસ્ત્ર અનુમતિ આપે છે–માનવો જોઈએ. કારણ મૂળ રામાયણમાં તેનું વર્ણન નથી. દંડકારણ્યમાં વિરાધવધ કર્યા પછી અગસ્ત્યાશ્રમ ને પંચવટી રામ ગયા ત્યાંસુધી ઘણો સમય નવ દસ વર્ષો વીતી ગયો હતો એમ મૂળમાં છે. કવિએ તેનો સંક્ષેપ કર્યો છે તે ગેરવ્યાજબી ન ગણાય. નાસિકનું સ્થલાંતર થાય તો મૂળ વર્ણનને વિરોધ આવતો નથી; એટલે, તદનુસાર, 'અચિરેણ' ને કવિકલ્પિત કાલસંકોચ માનવો એ જ યુક્ત છે. બીજું, ઉપર જે પ્રવેશસંગતિ બતાવી છે તેને અનુકૂલ 'અચિરેણ' નો અર્થ કરવો જોઈએ; માટે પણ તેનો કેવળ વાચ્યાર્થ લેવો એ ઠીક નથી. સાગરગોદાવરીના સાહચર્યને ઉપકારક એવા સ્થાનમાં જનસ્થાન–પંચવટી હોવી જોઈએ. સહ્યાદ્રિ પાસેની પંચવટી એ પ્રકારની નથી; કારણ ત્યા ગોદાવરીનો ઉગમ છે, સમુદ્રસંગમની પાસે સાહચર્યનું વર્ણન યોગ્ય હોઈ શકે.

હવે બીજો કવિ.

क्षेमेन्द्रः—એ એક કાશ્મીરક કવિ છે. તેનો સમય ખ્રિ૦ સ૦ ૧૦૨૦–૧૦૮૦ છે. એના અનેક ગ્રંથો છે, તેમાંથી રામાયણમંજરી નામક ગ્રંથમાં રામાયણની કથા સારાંશરૂપમાં આપેલી છે. તેનો આધાર નીચેના મજકૂરને માટે લીધો છે.

ચિત્રકૂટ ઉપર ભરત સમાગમ થયા પછી રામાદિ ત્રિવર્ગ અત્રિઋષિના આશ્રમે આવ્યો, ત્યાં એક રાત્ર રહીને બીજે દિવસે તેઓએ દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. ત્યાં વિરાધવધ કરીને

તે સ્થાનથી દોઢ યોજન ઉપર આવેલા શરભંગના આશ્રમે તે ગયા. (અરણ્ય કાંડ, ૩૮૩) પછી સુતીક્ષ્ણાશ્રમ. ત્યાં પૂરા સાડા નવ વરસ નિવાસ કર્યો. (**चिरं तस्थौ ययुर्याव-द्वने सार्धाः समा नव ॥ अरण्यकाण्ड, ४४२**) પછી રામ અગસ્ત્યાશ્રમ પહોંચ્યા. અગસ્ત્ય–રામ સંવાદમાંથી નીચેના શ્લોકો મહત્ત્વના છે.

योजनार्धसहस्रेऽस्मिन्पादे विन्ध्यस्य दक्षिणे ।
पर्जन्या नैव ववृषुर्ववुश्च न समीरवाः ॥
ततोऽहं सुरकार्यार्थी संघर्षे मेरुविन्ध्ययोः ।
हिमाद्रिशिखराच्छून्यां प्राप्तः श्वेतामिमां पुरीम् ॥
(अरण्य० ४७७–८.)

એ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે અગસ્ત્ય મુનિનો આશ્રમ વિંધ્યની દક્ષિણ બાજુમા ઘણો દૂર—પાચસો યોજન—હતો. અગસ્ત્યના કહેવાથી ગોદાતીર ઉપર આવેલી પંચવટી પ્રત્યે રઘુનંદન રહેવા આવ્યા (**अ० ४८२**). એટલે પંચવટી અગસ્ત્યાશ્રમ પાસે કોઇ ઠેકાણે હોવી જોઇએ. અત્યારની પંચવટીની આસપાસ અગસ્ત્યાશ્રમ હોવાની પ્રસિદ્ધિ નથી. અગસ્ત્યાશ્રમ પૂર્વ કિનારા પાસે આવેલો પ્રસિદ્ધ છે—જેનું વર્ણન પુરાણોમા મળી આવે છે. માટે પંચવટી અગસ્ત્યાશ્રમ પાસેની, એટલે પૂર્વ તરફની હોવી જોઇએ. ક્ષેમેંદ્ર એમજ કહે છે. અગસ્ત્યાશ્રમથી રામ ગોદાવરી તીર ઉપરની પંચવટી પ્રત્યે ગયા (**अरण्य० ४८२**) ત્યાં હેમંત ઋતુ વીતાડી. અહીંઆ ઋતુવર્ણનમાં એક શ્લોક એ છે—

લક્ષ્મણ રામને કહે છે—

यातास्त्रयोदशसमा वर्षशेषव्रतोऽघुना ।
मयूर इव पर्जन्यं भरतस्त्वां प्रतीक्षते ॥ ५७६ ॥

ઉપર કહ્યું છે કે સુતીક્ષ્ણાશ્રમ મૂક્યો તે વખતે સાડાનવ વરસ પૂરાં થતાં હતા; પંચ-વટીમા આવ્યા ત્યારે તેર વરસ પૂરાં થયા; અગસ્ત્યાશ્રમમાં રામચંદ્રે એક જ રાત્ર ગાળી હતી. એથી એવું અનુમાન કરવામા બાધ નથી કે સુતીક્ષ્ણાશ્રમથી પંચવટી આવતાં ત્રણ—સાડાત્રણ વરસનો સમય થયો હતો. એવું જો હોય તો સુતીક્ષ્ણાશ્રમથી અગસ્ત્યાશ્રમ અને પંચવટી ઘણાંજ દૂર હોવાં જોઇએ. કહેવાની મતલબ કે પૂર્વ તરફ આવેલા અગસ્ત્યાશ્રમ—પંચવટી વિશે એ કાલ પરિમાણ વધારે સુસંગત લાગે છે.

પછી, પંચવટીમા બનેલી ઘટનાઓનું ક્રમવાર વર્ણન છે—શૂર્પણખાવિરૂપકરણ, ખરાદિવધ, સીતાહરણ અને જટાયુ–મરણ. કનકમૃગવધ પ્રસંગમાં રોહિણ પર્વતનો ઉલ્લેખ છે અને સીતાને રાવણ લઇ જતી વખતે માર્ગમાં ગોદાવરી નદીનો ઉલ્લેખ છે. (**अरण्य०** ૭૩૯ અને ૮૬૦). ત્યારબાદ મતંગાશ્રમમા શબરીને રામે દર્શન દીધું ને પછી દક્ષિણ તરફ આવેલા પંપાસરોવરે રામલક્ષ્મણ આવી પહોંચ્યા. (**एष ते दक्षिणः पन्था यत्र पम्पा-सरो महत् । अरण्य० ७०९२**) પછી વાલિવધ અને સુગ્રીવાભિષેક, કિષ્કિંધામાં. અહીંઆ એક મુદ્દો જોવા જેવો છે. પંચવટીથી પંપા-કિષ્કિંધા સુધીનો પ્રવાસ બહુ

થોડી મુદતમાં થયો છે. પંચવટી કિષ્કિંધા પાસે હોય તોજ એમ બને. અત્યારની પંચાવટી અને કિષ્કિંધા વચ્ચેનું અંતર ધ્યાનમાં લેતા કોઇને પણ લાગશે કે રામાયણકાલીન પંચ-વટી બીજે સ્થળે હોવી જોઇએ. અત્યારે આગગાડીની સહાયથી પણ નાસિકથી કિષ્કિંધા જતાં રામે પગરસ્તે જે સમય લીધો તેથી વધારે આપણને જોઇએ. એટલો દૂરનો પ્રવાસ રામે કર્યો હોત તો તેનું સૂચક ચિહ્‌ન—વચલા પ્રદેશનું વર્ણન વિગેરે—રામાયણમાં અને ઇતર ગ્રંથોમાં આપણને અવશ્ય મળી આવત. તેના અભાવે આપણે માનવું જ જોઇએ કે પંચવટી કિષ્કિંધા પાસે—અત્યારના મદ્રાસ ઇલાખામાં કોઇ ઠેકાણે—હોવી જોઇએ. અસ્તુ.

કિષ્કિંધા સમીપ, માલ્યવાન્ પર્વત પાસે, પ્રસ્રવણગિરિ ઉપર વર્ષાકાલ રામે વ્યતીત કર્યો, અને સીતા શુદ્ધિનો પ્રયત્ન તહકૂબ રાખ્યો (**किष्किन्धा० २१२–९**) શરદૃતુ શરૂ થયા પછી વાનરોની ટુકડીઓ ચારે દિશા તરફ મોકલવામાં આવી. ચારે દિશામાં શોધ કરવાના સ્થળોનાં નામો સુગ્રીવે વાનરોને કહ્યા હતાં. દક્ષિણ તરફ જાંબવત્પ્રભુતિ જે વાનરો ગયા હતા તેઓને દીધેલી માહિતિ નીચે પ્રમાણે છે.

सोऽब्रवीज्जाम्बवन्मुख्यान्सनीलाङ्गदवायुजान् ।
भवद्भिर्दृश्यतामाशा दक्षिणा मम रक्षिणैः ॥
नर्मदालिङ्गितो विन्ध्यस्ततो वेगवती नदी ।
कृष्णवर्णा सवरदा देविका वायुमत्यपि ॥

(कृष्णा वेण्या ?)

मेकलोत्कालिका जम्बूर्वाहिनी वेत्रवत्यपि
दशार्णा निषधाद्याश्च देशाः पुण्ड्रककोसलाः॥
श्रीखण्डशैलो मलयः कावेरी वलयोचितः।
सपाण्ड्यविषयः श्रीमानगस्त्याश्रममण्डितः॥
ततो विधातुरादेशादतर महोदधिः।
हेमशृङ्गतटे यस्य महेन्द्रः शक्रसेवितः॥
समुद्रादुद्गतश्चान्यो गिरिश्चन्द्रार्कयोः सुहृत्।
यस्येन्दुः सेवते श्रृङ्ग रौप्य हैमं च भास्करः॥
पारे समुद्रं विद्युतान्विश्वकर्मकृतो गिरिः।
उशीरभोजनामा च ततोऽद्रिः काञ्चनद्रुमः॥
देहान्तकाले पश्यन्ति तान्वृक्षान्सर्वजन्तवः।
पितृलोकस्ततो घोरः कान्ता यमपुरी ततः॥

महर्षेः पुण्यतपस्तृणाङ्गेराश्रमस्ततः।
कल्पवृक्षैः परिवृतः स्वर्गेणोपेत्य सेवितः॥
विचिन्त्य ज्ञायतां तूर्णं देशेष्वेतेषु मैथिली।
अतःपरमनालोक्यममूर्यमजनं नयत्॥

किष्किन्धा० २३२-२४१

આમા એક વાત તો સ્પષ્ટ છે,—અગસ્ત્યાશ્રમ પાંડ્યદેશમાં છે: અર્થાત્ પંચવટી પણ તે તરફ હોવી જોઇએ. બાકી જે ભૌગોલિક માહિતિ છે તેમાં પૂર્વાપરવિરોધ છે. વિન્ધ્ય, નર્મદા કૃષ્ણ વરદા નદીઓ કિષ્કિંધાથી દક્ષિણમાં હોવાનું લખ્યું છે તે ઉપર ઉદ્ધૃત કરેલા શ્લો૦ ૪૭૮—૮૨ ની સાથે વિસંગત છે. તેમાં અગસ્ત્યાશ્રમ વિંધ્યાદ્રિના દક્ષિણપાદ ઉપર આવેલો જણાવ્યો છે. અગસ્ત્યના નિર્દેશથી રામ પંચવટી ગયા હતા તે વિંધ્ય ઓળંગીને ફરીથી ઉત્તરે આવ્યા હશે તે સંભવનીય નથી. ક્ષેમેંદ્રકૃત વર્ણનોમાં એવો પરસ્પર વિરોધ ઉત્તર કાંડમાં પુનઃ આપણી નજરે આવે છે. લંકાથી અયોધ્યા પાછા જતા રામે સીતાને પૂર્વ પરિચિત સ્થળોની ઓળખાણ જે ક્રમથી કરાવી તે એ પ્રમાણે—(તે માટે જુઓ ઉત્તરકાંડ શ્લોકો ૧૪૧—૧૫૦) ૧ સમુદ્ર; ૨ સેતુ; ૩ વેલાવન; ૪ મહેંદ્રગિરિ; ૫ માલ્યવાન્ પર્વત—જ્યા '**वानर राजजुषा राजधानी**' છે, અને જ્યાં પ્રિયાવિયોગથી વિશેષ તાપદાયિ થયેલો વર્ષાસમય રામે વ્યતીત કર્યો હતો તે; ૬ પંપાસરોવર; ૭ જટાયુ મરણ સ્થાન; ૮ અગસ્ત્યાશ્રમ; ૯ અનંતર, અત્ર્યાશ્રમ વિગેરે. અહીંઆ કિષ્કિંધા, પંપા અને અગસ્ત્યાશ્રમ અનુક્રમથી પરસ્પર દક્ષિણે હોવાનું કહ્યું છે; એટલે કિષ્કિંધા સૌથી દક્ષિણે આવી. પરંતુ ઉપર આપેલા કિષ્કિંધા કાંડના શ્લોકોમાં, કિષ્કિંધા સૌથી ઉત્તરે આવે છે. અરણ્યકાંડ અને ઉત્તરકાડ એના વર્ણનોની પરસ્પર સંગતિ છે. પણ આ બન્નેનો કિષ્કિંધાકાંડમાં આવેલા વર્ણન સાથે વિરોધ છે.

સાથે સાથે એ પણ નમૂદ કરવામાં વાધો નથી કે રામાયણ મંજરીમાંનું ભૂગોલ વર્ણન ભારત મંજરીમાંના ભૂગોળ વર્ણન સાથે તુલના કરીને જોતાં બેમા પુષ્કળ વિરોધ દેખાશે. પરંતુ તે વિશે અત્રે વિસ્તાર કરવાની જરૂર નથી. આપણા પ્રસ્તુત પ્રશ્ન પૂરતું જોતાં તે વિરોધ આપણા અનુમાનને બહુ બાધક થાય તેવો નથી. પંચવટી કિષ્કિંધા નજદીક હોવી જોઇએ તદ્વિરુદ્ધ ક્ષેમેંદ્ર જતો નથી.

અરણ્યકાંડમાં 'રામ પ્રલાપ' નામક એક પ્રકરણ છે, તેમાં રામ લક્ષ્મણને કહે છેઃ—

व्रज जानीहि सौमित्रे यदि जीवति जानकी।
जलजाहरणे व्यग्रा जाह्नवीपुलीने स्थिता॥
इति तारप्रलापस्य लक्ष्मणस्तस्य शासनात्।
भ्रान्त्वा मन्दाकिनीकूले न सा दृष्टेत्युवाच तम्॥

रावणेन हृतां तस्मै सीतां शंसेति खेचरे:।
प्रेरितापि न पौलस्त्यभयादूचे त्रिमार्गगा ।।

अरण्य० १०१६–१८

અહિંઆ જાહ્નવી, મંદાકિની, ત્રિમાર્ગગા આ શબ્દોથી તુંગભદ્રા નદી ઉદ્દિષ્ટ છે.+ પ્રસંગ સીતાહરણ પછી તરતજ છે, તુંગભદ્રાને તીરે સીતાનો શોધ કરવાને રામ લક્ષ્મણને કહે છે.

અહિંઆં 'દક્ષિણાપથજાહ્નવી' એટલે તુંગભદ્રા. રામ કહે છે કે જાનકી તુંગભદ્રા પુલિનમાં કમલો ભેગાં કરતી હોય તો હે લક્ષ્મણ જોઇ આવ. લક્ષ્મણ ગયો; પણ રાવણના ભયથી નદીએ કાંઇ પણ કહ્યું નહિ. એ ઉપરથી સ્પષ્ટ નથી થતું કે પંચવટીમાં રહેતી વખતે સીતા તુંગભદ્ર તીરે હંમેશ જતી હતી, જેથી ત્યા તપાસ કરવાનું રામ કહે છે? એમ હોય તો, રામની પંચવટી તે અત્યારની પંચવટી ન હોઇ શકે.

સારાંશ ક્ષેમેંદ્રના મત પ્રમાણે નાસિક–પંચવટી જનસ્થાન હાલના મદ્રાસ ઇલાકામાં આવે છે.

राजशेखर:– આ કવિ ખ્રિ૦ નવમી શતાબ્દીના અંતે અને દસમીના આરંભમાં થઇ ગયો. એના પ્રબંધોમાં એક **बालरामायणमहानाटक**–આપણા વિષય વિશે બહુ અગત્યનો છે.

બાલરામાયણના છઠ્ઠા અંકમાં રામે અયોધ્યાથી પ્રયાણ કર્યું ત્યાથી સીતાહરણું, જટાયૂવધ સુધીનો વૃત્તાંત છે. તેમાં ભૂગોલવિષયક ઉપર્યુકત માહિતિ વિશેષ નથી. જરૂર જેટલો ભાગ એ છે:–

सुमन्त्र:–तादित्थं कतितिथे प्रयाणे
गिरिषु जयपताका विन्ध्यशैलस्य पाणि–
र्द्विपकुलनिचिताम्भा: प्रेयसी दक्षिणाब्धे:।
नयनपथमथागान्नर्मदा देव तेषां
शिशिरितजलमिन्दोश्चान्द्रिकेव प्रसूता ।।५२।।

दशरथ:–या किल भगवत्यार्यावर्तदक्षिणापथयोर्विभागरेखा........

सुमन्त्र:–ततोऽहं तानवलोकयन् अर्वाक्कूले एव तां रजनीमुषितस्ते तु परपारे। अथान्येद्युः........

+ પૂર્વ કાલમાં તુંગભદ્રાને દક્ષિણગંગા કહેવામાં આવતું. કેટલાક શિલાલેખોમા એવું જોવામાં આવે છે. તેમજ બિલ્હણકૃત **વિક્રમાંકદેવચરિત**મા આવેલો નીચેનો શ્લોક જુઓ:—

ततः कतिपयैरेव प्रयाणैः प्रणयिप्रियः।
तां क्षोणीपतिरद्राक्षीद्दक्षिणापथजाह्नवीम् ।।

४. ५२.

ते दिग्विभागं स्तिमितवचसो नर्मदायाः परस्तात्
लोपामुद्रापतितिलकितं देव गन्तुं प्रवृत्ताः ॥५५॥

દસમો અંક વધારે મહત્ત્વનો છે. તેમાં લંકાથી અયોધ્યામાં જતાં માર્ગમાં દેખાતા સ્થલાદિકનું વર્ણન છે.

સિંહલદ્વીપ છોડયા પછી પ્રથમ સમુદ્ર આવ્યો.* તે ઓળંગતા માલ્યવાન્ પર્વત રામે જોયો. (શ્લો૦ ૫૧) આગળ જતા મલયપર્વત (શ્લો૦ ૫૪) મલય ઉપરથી રત્નપ્રસૂ તામ્રપર્ણી વહે છે. (શ્લો. ૫૬) પછી અગસ્ત્યાશ્રમ (શ્લો.૫૮–૬૧) ત્યાં વિમાનમાથી ઉતરીને બધાએ અગસ્ત્ય–લોપામુદ્રાનું દર્શન કર્યું; અને ફરી વિમાનારૂઢ થઇ માર્ગનું આક્રમણ શરૂ કર્યું. ઉપર જતાં પહેલવહેલાં દ્રવિડદેશ રામની નજરમાં આવ્યો, (શ્લો૦ ૬૭). જમણી બાજુ આંધ્રદેશ તે દેશમા ભીમેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ સ્થાન હતું. એ જ દેશમાં ગોદાવરી નદી સાત પ્રવાહમા વિભકત થઇને સમુદ્રસંગમ કરે છે. એ વર્ણન જે શ્લોકમાં છે તે પ્રસ્તુતમા અગત્યને‌ા હોવાથી અને આગળમા ફરીથી તેનો ઉલ્લેખ આવવાનો છે માટે અહિંઆ ઉતારી લઉં છું.

वाक्सत्वाङ्गसमुद्भवैरभिनयैर्नित्यं रसाल्लासतो
वामाक्ष्यः प्रणयन्ति यत्र मदनक्रीडामहानाटकम्।
अत्रान्ध्रास्तत्र दक्षिणेन त इमे गोदावरीस्रोतसां
सप्तानामपि वार्निधिप्रणधिनां द्वीपान्तराणि श्रिताः ॥७०॥

સાથે કર્ણાટ દેશ પણ જોવામાં આવ્યો, જેમાથી કાવેરી નદી વહે છે. (શ્લો- ૭૨)+ ત્યારબાદ આગળનો મહારાષ્ટ્ર દેશ. (**सुग्रीवः–भरताग्रज अयमग्रे महाराष्ट्रविषयः ।** મહારાષ્ટ્રને વિદર્ભ એ બીજું નામ હતું (**रामः—सोऽयं सुभ्रु पुरो विदर्भविषयः**

---

* એ ઉપરથી સ્પષ્ટ છે કે નવમી શતાબ્દીને આખરે તો સિંહલદ્વીપ તે જ લંકા એવી સમજણ હતી.

+અહીંઆ રાજશેખરે આપેલી માહિતિમાં આપાતતઃ વિરોધ છે. કાવેરી નદી કર્નાટકમાં નથી. દ્રવિડ દેશમાં છે. રાજશેખરનો દ્રવિડ તે અત્યારનો કેરલ હોય તો તેનુ વર્ણન અગસ્ત્યાશ્રમના પહેલાં આવવું જોઇએ. કવિએ નામકરણમા ગોટાળો કર્યો લાગે છે. દેશોની યાદીમા આ જે ક્રમ-ભંગરૂપ દોષ તેનો પરિહાર કદાચ એ પ્રમાણે કરી શકાય–અગસ્ત્યદર્શન કરી વિમાનમા બેસીને ઉપર જતાંવહેંત બધાએ જ્યારે આજુબાજુ જેયું ત્યારે તેઓના નજરમાં આ ત્રણ દેશ આવ્યા. પ્રથમ ગોદાવરી કાઠે આંધ્રદેશ જે સામેજ હતો; પછી બીજો આંધ્રની દક્ષિણે આવેલ દ્રવિડ દેશ. અને ત્રીજો દ્રવિડ પાસે છે તે કર્ણાટ દેશ. પરમપૂજ્ય અગસ્ત્યમુનિના આશ્રમે પ્રથમથીજ ધ્યાન ખેંચેલું હોવાથી તેની દક્ષિણે આવેલી કાવેરી તરફ દુર્લક્ષ થયું; પરંતુ પછી વિમાન ઉપર ચઢતાં તરત તે પ્રદેશ તરફ દૃષ્ટિ ગઇ હશે. અસ્તુ ગમેતેમ હોય; આપણે જે આગળ અનુમાન બાંધ્યું છે અગસ્ત્યાશ્રમ, જનસ્થાન પંચવટી, કિષ્કિંધા પૂર્વસમુદ્ર પાસે હોવા જોઇએ તેને ઉપર દર્શાવેલો વિરોધ બાધ કરતો નથી

सारस्वती जन्मभूः। श्लो० ७४) પછી નર્મદા નદી અને ડાબી બાજુ લાટ દેશ દેખાય છે. પછી અનુક્રમે, અવન્તિરાજધાની ઉજ્જયિની, માલવ દેશ, યમુના નદી, પાંચાલ દેશ વિગેરે.

એટલા સારાંશ ઉપરથી જનસ્થાન વિશે રાજશેખરનો અભિપ્રાય સ્પષ્ટ સમજી શકાય. જનસ્થાન નર્મદાની જ નહિ કિંતુ ગોદાવરીની પણ દક્ષિણમા હોવું જોઇએ; અને એ ગોદાવરી પ્રદેશ તે સાંપ્રતના નાસિક પાસેનો—ગોદાવરી ઉગમ પાસેનો—નહિ; પરંતુ જ્યાં ગોદાવરી સાત હાથથી સમુદ્રને ભેટે છે—જ્યાં ગોદાવરી—સમુદ્ર સંગમ છે—ત્યાંનો હોવો જોઇએ. હાલના નાસિક પાસે સંગમનું વર્ણન બિલકુલ અસ્થાને થાય. અગસ્ત્યાશ્રમનું વર્ણન ગોદાવરી પહેલાં આવેલું હોવાથી આશ્રમ નદીની દક્ષિણે અને તેની પાસે જનસ્થાન—પંચવટી હોવાં જોઇએ.

સારાંશ, રાજશેખરના અભિપ્રાય પ્રમાણે રામની નાસિક પંચવટી તે હાલની નહિ.

मुरारिः—આ કવિ નામી શતાબ્દીના પ્રારંભે અથવા આઠમીના અંતે થઇ ગયો હશે તેનું **अनर्घराघव** નાટક પ્રસિદ્ધ છે તેના ત્રણ અંકો ચોથો પાંચમો અને છઠ્ઠો, આપણા વિષયના સંબંધમાં મહત્ત્વના છે.

વાલ્મીકિ રામાયણ કથામાં મુરારિએ નાટકાનુરોધે કેટલાક ફેરફાર કર્યાં છે; તેમાં તે એક ઠેકાણે એવી કલ્પના કરે છેઃ સુગ્રીવ જાંબવાન્ હનુમાન વિગેરે વાલિથી અસંતુષ્ટ હતા. તેમને સુગ્રીવને અભિષેક કરવો હતો અને તેમા રામચંદ્રનું સાહાય્ય લેવું હતું. તે માટે તેઓએ એક કપટપ્રબંધ રચ્યો. મતંગાશ્રમમાં રહેતી શ્રમણાનામક સિદ્ધશબરીને જાંબવાને કહ્યું 'તમે પરાકાયપ્રવેશ વિદ્યા જાણો છો; તો હનુમાનના રક્ષણ નીચે અયોધ્યા જઇને જ કૈકેયીની દાસી જે મંથરા તેના શરીરમાં પ્રવેશ કરે! અને રામ દંડકારણ્યમાં પિતૃનિર્દેશથી આવે એવી અમુક યુક્તિ કરો જેથી તેનું વાલિવધપૂર્વક સુગ્રીવ સાથે સખ્ય થાય.' એ વાત રાવણના એક પ્રધાન માલ્યવાન્‌ના કાને આવતાં તેને પણ હર્ષ થયો કારણ રાવણનું વેર વાળવાનું હતું; (**विराधप्रभृतिभिरधिष्ठितेषु विन्ध्यगिरिगह्वरेषु विहरतो रामस्य सुकरं कलत्रापहरणम्** ।) જનકે રાવણની માગણીનો અસ્વીકાર કરીને સીતા રામને આપી હતી. અસ્તુ. આ સંબંધમાં માલ્યવાન્ એક ઠેકાણે કહે છેઃ—**ततश्च सापि शबरयोगिनी सुग्रीवानुरोधेन सर्वमोमित्युरसिकृत्य तदैव विदेहाभिमुखी प्रस्थितेति मे जनस्थानविहारिभिर्निशाचरैरागत्य निवेदितम्** ।"

(ભાવાર્થ—શબરીએ વિદેહ તરફ પ્રયાણ કર્યું એમ મારા જનસ્થાનનિવાસી રાક્ષસોએ ખબર આપી છે) એ કથાભાગ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વાલિસુગ્રીવનું સ્થાન—કિષ્કિંધા, શબરીનું સ્થાન મતંગાશ્રમ અને નિશાચરોનું સ્થાન—જનસ્થાન, બધા પરસ્પર સમીપ હોવાં જોઇએ. અત્યારના નાસિક—પંચવટી વિશે એવું કહેવું સુસંગત લાગતું નથી.

રામના અયોધ્યાનિર્ગમનથી સીતાહરણ સુધીનો વૃત્તાંત વિવિધ પાત્રોના મુખથી પાંચમા અંકમાં વર્ણવ્યો છે. વિષ્કંભકમાં શ્રમણા અને સુગ્રીવ સચિવ જાંબવાન્ એમનો

સંવાદ છે. ચિત્રકૂટથી ભરત નિવૃત્ત થયા પછી, જનસ્થાનવાસી ખરદૂષણાદિ રાક્ષસોએ મોકલેલા વિરાધનો વધ રામે ચિત્રકૂટમાં કર્યો. પછી પિતાની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરીને દક્ષિણનો માર્ગ લીધો, અને

क्रमेणैव सुतीक्ष्णादीनुपस्थाय महामुनीन् ।
अगस्त्यशासनादास्ते पञ्चवट्यां रघूद्वहः ॥ ४ ॥

(ભાવાર્થઃ—અનુક્રમે સુતીક્ષ્ણાદિ મહા મુનિઓને વંદન કરી અગસ્ત્યની આજ્ઞાથી પંચવટીમાં રામ હાલ રહે છે.) એટલું સાંભળતાં જ જાંબવાન્ કહે છેઃ—**तर्हि हस्तगत एव अस्माकम् । कियदन्तरं ऋष्यमूकजनस्थानयोः ।** (ભાવાર્થ–' એમ હોય તો રામ આપણા હાથમાં આવ્યો જ સમજવો, ઋષ્યમૂક જનસ્થાન વચ્ચે તો કેટલું અંતર છે ?) આ ઉપરથી નિર્વિવાદ સિદ્ધ થાય છે કે જનસ્થાન (એટલે નાસિક પંચવટી) ઋષ્યમૂક પાસે જ હોવું જોઇએ. પછી શૂર્પણખાવિરૂપકરણ, ખરાદિવધ, એ કારણોથી રામનું રાવણ સાથે બંધાયેલું શત્રુત્વ શ્રમણા જાંબવાનને નિવેદન કરે છે. એટલામાં રાવણ સીતાહરણ કરે છે અને તે જ વખતે મલય પર્વત તરફથી આવતા જટાયુ જાંબવાનને દેખાય છે. જટાયુ કહે છેઃ-**प्राप्तैवेयमस्माभिः पंचवटी । यद्भूर्गोदावरीतरङ्गसीकरसेकसुकुमारमांसलपरिसरारण्यमालिन्यो जनस्थानसीमानः ।** સીતાને લઇ જતા રાવણને જોઇને જટાયુ તેની સાથે યુદ્ધ કરે છે અને તેમાં મરણ પામે છે. અહીંઆ વિષ્કંભક પૂરો થઇ અંકની શરૂઆત થાય છે, અને રામ લક્ષ્મણ પ્રવેશ કરે છે. લક્ષ્મણ રામને કહે છેઃ-**इत इत आर्य मारीचमथन दृश्यन्ताममूरवाचीं ककुभमभिवर्धमाना विन्ध्यवनवीथिभूमयः ।** એમાં વિંધ્યવન ભૂમિ દક્ષિણમાં આવેલી લક્ષ્મણ કહે છે. આ અંકમાં વિંધ્ય પર્વતનો ઉલ્લેખ આગળ પણ આવે છે. (શ્લોક ૧૮, ૨૭ વિગેરે). ત્યા નજીક માલ્યવાન્ પર્વત હતો (**लक्ष्मणः-आर्य, अयमितो गिरिर्माल्यवान्**) (શ્લોક ૨૦, ૨૧ વિગેરે). એ દંડકારણ્યનો એક ભાગ હતો (**रामः—हा प्रिये दण्डकारण्यविहारसब्रह्मचारिणि**) તે ઠેકાણે રામે દુંદુભીના અસ્થિકૂટનો પ્રક્ષેપ કર્યો, અને તન્નિમિત્ત વિગ્રહમા વાલિવધ કરીને સુગ્રીવને રાજ્યાભિષેક કર્યો.

गुहः—देव, दुन्दुभिं नाम दैत्येन्द्रं निष्पिपेष कपीश्वरः ।
तस्य कङ्कालकूटोऽयं कुमारेण विलोडितः ॥ १९ ॥
तन्निमित्तजन्मा संप्रति वालिनो महानभियोगः संभाव्यते ।..........
........गुहः–(ससंभ्रमम्) कुमार पश्य पश्य
सप्ततालानयं भित्वा वालिप्रहरणीकृतान्
हत्वा च वालिनं बाणो रामतूणीरमागतः ५१ ॥

अनर्घराघवंના પાચમા અંક ઉપરથી એક વાત સ્પષ્ટ છે. જનસ્થાન, પંચવટી, માલ્યવાન્ પર્વત અને કિષ્કિંધા, બધા પરસ્પર સમીપ હોવાં જોઇએ. અત્યારના નાસિક પંચવટી બહુ દૂર છે.

આ અંકમાં એક વાત આપણા અનુમાનને વિરોધી છે. **दृश्यन्ताममूरवार्ची०** આ વચનમાં કહ્યું છે તેમ વિંધ્ય વન દક્ષિણમાં આવે તો જનસ્થાન અને કિષ્કિંધા વિંધ્યની ઉત્તરે થાય. હિંદુસ્થાનનો ભૂગોલ જોતાં એ વર્ણન ભૂલભરેલું જ ગણવું જોઇએ; અથવા તે કવિનું ભૂગોલવિષયક અપૂર્ણ જ્ઞાન બતાવે. કદાચ આપણે એમ પણ માની શકીએ કે પૂર્વ સમુદ્ર તરફ જનસ્થાનમાં આવેલા પર્વતોને કવિએ વિંધ્યનો ભાગ ગણ્યો હોય. વિંધ્ય એટલે મેરુ હિમાલય જેવો મહાન્ પર્વત એવી જૂની કલ્પના, અને કવિ ઉત્તરનો કાશ્મીર નિવાસી. તેથી, વિંધ્ય સમગ્ર દંડકારણ્ય વ્યાપી રહ્યો છે એમ કવિની કલ્પના થઇ હોય તો તેમા અસંભવનીય કાંઇ નથી. પરંતુ એ ભૂલ જ છે એમ માનીને પણ, જનસ્થાન કિષ્કિંધા પાસે છે એવો જે કવિનો મત તે અગાહ્ય માનવાનું કારણ નથી.

હવે સાતમો અંક જોશું.

વિમાનમાં બેસીને લંકાથી નીકળ્યા પછી પ્રથમ સમુદ્રવર્ણન અને સેતુવર્ણન છે. પછી સીતાએ ઇચ્છા દર્શાવતાં વિમાન ચંદ્રમંડલ સુધી ઉન્નત થયું ત્યારે સર્વેનું ધ્યાન કર્પૂરગૌર હિમાલયે અને સુવર્ણમય મેરુએ ખેંચ્યું. થોડી વાર પછી વિમાન નીચું આવતી વખતે મરૂ દેશ દેખાય છે; ત્યાર બાદ વિમાન પૃથ્વીની સમીપથી ચાલવા માંડે છે, માર્ગમાં દેખાતા સ્થળોનો ક્રમ નીચે પ્રમાણે છે.–(૧) મૌક્તિકસંભૂતિ સિંહલ દ્વીપ; (૨) રોહણ-ગિરિ ઉપરનો અગસ્ત્યાશ્રમ; (૩) એક બાજુ (**अन्यतः**) મુક્તાખનિ તામ્રપર્ણી; (૪) બીજી બાજુ (**अन्यतः**) મલયાચલ; (૫) આગળ જતાં (**अग्रे**) બીજો અગસ્ત્યાશ્રમ (**एतदपरं पुरो लोपामुद्रासहचरमुनेराश्रमपदम्। श्लोक ९४**) એ આશ્રમ પૂર્વ સમુદ્ર પાસેનો જ હોવો જોઇએ એ સ્પષ્ટ છે. એ ઠેકાણે સુગ્રીવ કહે છે–' **अहो चिरेणाद्य चतुर्दशलोकैकदण्डधरे धर्मासनाधिकारिणि रामदेवे दण्डकारण्यगृहमेधिनां तपोधनानामृद्धयः।** ' એ ઉપરથી સમજાય છે કે આસમંતાતના પ્રદેશને દંડકારણ્ય એ નામ હતુ. ત્યાંથી વિમાન ઉપડતા (૬) તે ' **हिरण्यहरिणविहारकान्तारस्थली** ' ઉપર આવ્યું; પાસે (૭) પંચવટી (શ્લોક ૯૭) અને (૮) પ્રસ્રવણ પર્વત (શ્લોક ૯૮) હતાં. તે જોઇને સીતાએ જનસ્થાનાધિષ્ઠાત્રી દેવતાઓને વંદન કર્યું (**सीता कपोतहस्तं कृत्वा–भगवत्यो जनस्थानदेवताः, एषा वः परिचारिका जानकी प्रणमति**) ત્યાં એક બાજુ (**अन्यतः**) (૯) ગોદાવરી નદી; બીજી બાજુ (**परिवृत्यवलोकितेन**) (૧૦) માલ્યવાન્ પર્વત (શ્લોક ૧૦૦); જ્યાં રામે સીતાવિરહ પછીનો વર્ષાકાલ વીતાડ્યો, વિમાન ચાલતાં આગળ (૧૧) મહારાષ્ટ્ર રાજધાની કુંડિન, નગર (**इदमग्रे महाराष्ट्रमण्डलैकमण्डनं कुण्डिनं नाम नगरम्।** મહારાષ્ટ્રને વિદર્ભ કહેતા હતા (શ્લોક ૧૦૧, ૧૦૨). (૧૨) તેની જમણી બાજુ, આંધ્ર દેશમા સપ્તગોદાવર પાસે આવેલું ભીમેશ્વર મહાદેવનું સ્થાન (**दक्षिणतः ' आन्ध्रविषयलक्ष्म्याः सप्तगोदावरहारकयालैकनायको भगवान् भीमेश्वरः**), (૧૩) ત્યા જ પાસે (**अन्यतः**) દ્રવિડરાજપુરી કાંચી (**द्रविडमण्डलमौलिमण्डनमाणिक्यमणिस्तबकमिदं काञ्चीनामधेयमायतनं मीनकेतनस्य।**); (૧૪) ડાબી બાજુ (**वामतः**) ઉજ્જયિની; (૧૫) ' અન્યતઃ ' ચેદિના કલચુરિઓની રાજધાની માહિષ્મતી (**कलचुरिकुलनरेन्द्रसाधारणाग्रमहिषी माहिष्मतीनाम चेदिमण्डलमुण्डमाला**

नगरी।), વિમાન ચાલતા આગળ (૧૬) યમુના, (૧૭) ગંગા નદીઓ (૧૮) વારાણસી, વિગેરે.

ઉપરની યાદીમાં એકાદ બે ઠેકાણે ભૂગોલવિષયક ભૂલો થયેલી લાગશે. પરંતુ આપણા પ્રશ્નને લગતું જોતાં, મુરારિનું પ્રામાણ્ય સ્વીકારવામાં બાધ આવે તેમ નથી. યાદીમાં અનુક્રમ સંખ્યા ૫ થી ૧૧ સુધીના સ્થળોનાં નામો જોતાં સિદ્ધ થાય છે કે અગસ્ત્યાશ્રમ, જનસ્થાન, પંચવટી નાસિક, બધાં સ્થળો પૂર્વ સમુદ્ર પાસે આવેલાં હોવાં જોઇએ.

अनर्घराघव ઉપર **रुचिपति उपाध्यायनी** ટીકા છે. ટીકામાં એ ઠેકાણે તે કહે છે. '**जनस्थानं मलयाद्रिसमीपे रक्षोवासस्थानम्**।' બીજે એક ઠેકાણે પણ લખે છે—'**पञ्चवटी दण्डकारण्ये तपोवनम्**।' પંચવટી જનસ્થાનમાં હતી એ તો પ્રસિદ્ધ છે. તેથી, દંડકારણ્યની વ્યાપ્તિ દક્ષિણમાં મલયપર્વત સુધી હતી એવો રુચિપતિનો મત હતો એમ દેખાય છે. બીજું, જનસ્થાન મલયાદ્રિ પાસે હોવાનું તે જણાવે છે; તો પછી અત્યારનું નાસિક જનસ્થાન ન હોઇ શકે. સારાંશ, રુચિપતિના મત પ્રમાણે એટલે રુચિપતિના સમયના લોકમત પ્રમાણે—લગભગ ખ્રિ૦ ૧૩ મી શતાબ્દી સુધી—જનસ્થાન વિગેરેનું સ્થાન અત્યારે મનાય છે તેથી જુદું હતું—પૂર્વ સમુદ્ર પાસે હતું.

કાલિદાસના **रघुवंश** ઉપરથી પણ એવું જ અનુમાન નીકળે છે એમ આગળ બતાવવામા આવશે.

भवभूति—એ પ્રસિદ્ધ નાટકકાર આઠમી શતાબ્દીની આરંભે થઇ ગયો. **महावीरचरित** અને **उत्तररामचरित** નામના બે પ્રબંધોમા સંપૂર્ણ રામચરિત તેણે નાટક રૂપમાં ગ્રથિત કર્યું છે. **महावीरचरित**માં રાવણવધ સુધીનો ઇતિહાસ છે તે પ્રથમ આપણે તપાસીશું.

કવિએ એવો પ્રસંગ કલ્પ્યો છે કે રામહસ્તથી શિવધનુર્ભંગ થયેલો સાંભળીને રાવણમાતામહ માલ્યવાને પરશુરામને રામશિક્ષાર્થ પ્રેરણા કરી. પરિણામે પરશુરામનો તેજોભંગ થયો ત્યારે પરશુરામે પોતાનું ધનુષ્ય રામને સોપીને કહ્યું 'દંડકાવનમાં પુણ્યનદીઓના કિનારે રહેતા તાપસોને લંકાવાસી રાક્ષસો તાપ દે છે તેમનું રક્ષણ કરવાનો અધિકાર આ ધનુષ્ય સાથે આપું છું.'

पुण्यानामृषयस्तटेषु सरितां ये दण्डकायां वने
भूयांसो निवसन्ति तेषु सततं लङ्कासदो राक्षसाः।
विध्वंसाय चरन्ति तत्प्रमथने यस्योपयोगो भवेत्
सम्प्रत्येव सतामुनैव धनुषा वत्सेऽधिकारः स्थितः ॥

अङ्क ५ । ३८.

ત્યારે રામચંદ્રને ચિંતા થઇ કે કયા ઉપાયથી હું દંડકામાં જઇ શકું, (**यदपि नामान्येन केनचिदुपायेन दण्डकारण्यं प्रतिष्ठेयम्** ।

....न्यस्तशस्त्रे भृगुपेतो परतन्त्रे तथा मयि ।
कष्टमुत्सारिताः क्रूरैर्यातुधानैस्तपोधनाः ॥ ३९ ॥

એટલામાં મંથરા—જેના શરીરમાં માલ્યવાનના કહેવાથી શૂર્પણખાએ પ્રવેશ કર્યો હતો તે પ્રવેશ કરીને રામવનવાસ કરાવે છે. રામ લક્ષ્મણ સીતા જવા નિકળતી વખતે શૃંગવેરપુરથી ગુહ સંદેશ મોકલે છે કે તે પ્રદેશ સુધી વિરાધ રાક્ષસે તોફાન મચાવ્યું છે. (**लक्ष्मणः—कथितमार्यस्य श्रृंगवेरपुरवास्तव्येन निषादपतिना गुहेन तत्प्रदेशपर्यन्तावस्कन्दिनो विराधराक्षस्य दुर्विलसितम् ।**) ત્યારે રામચંદ્રે ઋષિરક્ષણ માટે દંડકામાં જનસ્થાને જવાનો નિશ્ચય કર્યો. (**रामः—तेन विराधहतकोन्मथनाय सन्निकृष्टप्रयागमनुषक्तमन्दाकिनीपवित्रमेखलं चित्रकूटं नामाचलमुपेत्य मुनिभिरुपजुष्टतीर्थं, रक्षांसि निहत्य दण्डकां प्राप्य, सन्निहितगृध्रराजं क्रमेण यामो जनस्थानम् ।**). રામને દંડકારણ્યમાં લાવવા માટે માલ્યવાને કરેલી કપટકૃતિ—જેથી પછી વિરાધદનુકબંધાદિ રાક્ષસોના હાથથી રામનો વધ કરાવવાનો તેનો વિચાર હતો—સફલ થઇ (**माल्यवान्—... ततोऽनेन योगाचारन्यायेन सुदूरमाकृष्य रक्षसामन्तिकमुपनीतस्य विन्ध्यकान्तारेषु अदेशज्ञस्य विचरतः सुकराण्यवस्कन्दनानिस्युः । विराधदनुकबन्धप्रभृतयो हि दण्डकारण्यसत्रिषु तीक्ष्णाश्चरन्ति ।**) એવી રીતે ચોથા અંકની સમાપ્તિ થાય છે.

પાંચમા અંકનો આરંભ મલયપર્વત ઉપર થાય છે. ત્યાં જટાયુના મોટા ભાઇ સંપાતિનો નિવાસ હતો. પર્વતની બાજુમાં કાવેરી નદી વહેતી હતી (**कावेरीवलयितमेखलस्यसानौ०** શ્લોક ૩). અભિવાદનાર્થે આવેલા જટાયુને સંપાતિ રામની હકીકત પૂછે છેઃ—

सम्पातिः—वत्स जटायो, आपि कालविप्रकर्षान्मन्दीभूतः पितृमरण शोको रामभद्रस्य ।

....तृप्तैर्विराधमांसानां गृध्रैरावेदितं हि मे ।
चित्रकूटाद्यथा रामः शरभङ्गाश्रमं गतः ॥ ८ ॥
तदा च शरभङ्गेन हव्यवाहे हुता तनुः ।
अथोपसेदिवान्रामः सुतीक्ष्णादीन्मुनीनाथ ॥ ९ ॥

जटायुः—बाढम् । अधुना अगस्त्यवचनाद्रामः पञ्चवट्यां प्रतिवसति ।

सम्पातिः—(चिरात्स्मृत्वा) आः । अस्ति जनस्थाने पञ्चवटी नाम गोदावरीतटोद्देशः ।

પછી જટાયુએ શૂર્પણખાકર્ણનાસૌષ્ઠકર્તન, ખરાદિવધ વિગેરે વૃત્તાંત કહ્યો. સંપાતિએ જટાયુને સીતારામલક્ષ્મણનું રક્ષણ કરતાં રહેવાનું કહ્યું. સંપાતિને વંદન કરીને પાછા વળતાં જટાયુ પંચવટી ઉપરથી જતા હતા તે સમયે સીતાને લઇ જતો રાવણ તેના જોવામાં આવ્યો.

(**अयं...गोदावरीमुखरकन्दरः ... जनस्थानमध्यदेशगो गिरिः प्रस्रवणो नाम । इयं च पञ्चवटी ।**).

પછી જટાયુમરણ અને રામનો પંચવટીત્યાગ. તે પ્રસંગે રામલક્ષ્મણનો સંવાદ આપણને મહત્ત્વનો છે.

लक्ष्मणः-एतानि......अरण्यानि दक्षिणां दिशमभिवर्तन्ते तदेभिरेव पथिभिर्भवावः ।

रामः-अदृष्टापूर्वाः खल्वमी जनस्थानविभागाः ।

लक्ष्मणः-ननु तदैव तातमारुणिं गृध्रराजमग्निसात्कृत्य निर्गतयोः पञ्चवट्या-श्रमादावयोः कोऽपि कालो वर्तते, यदा दूरविच्छिन्नाः सम्प्रति जनस्थान-सीमानः । यथा चैतान्यग्रतः प्रतिभयजनजान्यरण्यानि तथा नूनमसौ जनस्थानपश्चिमः कुञ्जवान्नाम दनुकबन्धाधिष्ठितो दण्डकारण्यविभागः ।

પછી કબંધવધ; ત્યારબાદ ઋષ્યમૂકપર્વતપર રહેતા, સુગ્રીવનો મિત્ર બિભીષણ, તેના લેખહારિણી શ્રમણાનું દર્શન અને તેની સાથે કિષ્કંધા તરફ ગમન. રસ્તામા દુંદુભિનો અસ્થિ-સંચય દેખાયો. સમંતાદ્‌ભાગમાં ‘ઋષ્યમૂક પંપાપર્યન્ત ભૂમયઃ’ અને મતંગાશ્રમોપકંટ. અંતે વાલિવધ અને રામનો બિભીષણ સુગ્રીવ સાથે મૈત્રીધર્મનો સ્વીકાર. અહિંઆ પાંચમો અંક પૂરો થાય છે.

આ પ્રમાણે ચોથા અને પાચમા અંકમાં ભૂગોલવિષયક માહીતી છે. તે ઉપરથી આપણે નીચેનાં અનુમાનો બાંધી શકીએ. (૧) માલ્યવાન્‌ના ભાષણ ઉપરથી દેખાય છે કે જે પ્રદેશમાં વિરાધદનુકબંધાદિ રાક્ષસોનું અધિષ્ઠાન હતું તે દંડકારણ્યનો જ ભાગ હતો. વિરાધનો ઉપદ્રવ ચિત્રકૂટ સુધી હતો; દનુકબંધનો પ્રસંગ રામે પંચવટી મૂકયા પછી બન્યો છે. તેથી એ સ્પષ્ટ છે કે ચિત્રકૂટથી જનસ્થાનપર્યંતના સર્વ પ્રદેશનું દંડકારણ્ય નામ હતું. (૨) જટાયુનો રાવણસાથે વિગ્રહ થયો તે જટાયુ મલયથી પાછા આવતા. જટાયુનું નિવાસ-સ્થાન સંપાતિના સ્થાનથી બહુ દૂર નહિ હોય. તે પ્રસ્રવણ ગિરિઉપર હતું એમ **उत्तररामचरित**માં સ્પષ્ટ કહ્યું છે (अंक २-श्लो० १४, १५). પ્રસ્રવણ ગિરિ કિષ્કિંધા પાસે છે એમ રામાયણમાં છે (**किष्किन्धा० सर्ग १७**). એ બધાનો સમન્વય કરતાં આપણને કહેવું પડે છે કે જનસ્થાનમાં આવેલો ‘પંચવટી નામ ગોદાવરી તટોદેશ’ અત્યારના નાસિક પાસેનો નહિ કિંતુ, પૂર્વમાં આવેલો. (૩) પંચવટી મૂકયા પછી રામલક્ષ્મણે જે માર્ગે ગમન કર્યું તે જુઓ. પ્રથમ તઓ દક્ષિણમાં આવેલા અરણ્યમાંથી ‘કોऽપિકાલઃ’ સુધી વાટ ચાલીને પશ્ચિમ તરફ ચાલતાં જનસ્થાનની સીમા ઓળંગીને કુંજવનમાં આવી પહોચ્યા. તે દંડકારણ્યનો ભાગ હતો; તે જનસ્થાનની પશ્ચિમે હતો; અને ત્યાં દનુકબંધ રહેતો હતો. ત્યાં પાસે જ ઋષ્યમૂક, પંપા, મતંગાશ્રમ વિગેરે હતા, એ પ્રવાસમાર્ગ અત્યારની નાસિક પંચવટી સાથે બંધબેસતો નથી. રામે પંચવટીથી ઋષ્યમૂક જવામાં વ્યતીત કરેલો સમય બહુ લાંબો તો નથી જ. અત્યારના નાસિકથી તેટલા સમયના પ્રવાસને અંતે ઋષ્યમૂક પહોંચી શકાય તે બનવાજેગ નથી. અને બીજું, ઋષ્યમૂક અત્યારના નાસિકથી દક્ષિણ–પશ્ચિમ આવેલું છે એમ પણ ન કહી શકાય. અને આથી પણ આપણું અનુમાન વધારે દૃઢ થાય છે.

હવે 'મહાવીર ચરિત'નો સાતમો અંક.

તેમાં નીચે લખેલાં સ્થળોનો ક્રમવાર નિર્દેશ કર્યો છે. (૧) સમુદ્ર, (૨) સેતુ; (૩) મલયાચલ; (૪) એક જીર્ણ કંદર—જ્યાં રામલક્ષ્મણોએ વર્ષાકાલમાંની એક રાત્ર કહાડી હતી (૫) કાવેરી તીર, (૬) દક્ષિણમા થોડે અંતરે આવેલો અગસ્ત્યાશ્રમ. (૭) 'પંપાપર્યંત' પ્રદેશ—આ પ્રદેશોમા સપ્તતાલવેધ, વાલિવધ, દુંદુભિકંકલક્ષેપણ, કબંધવધ અને સીતોત્તરીય લાભ એટલી ઘટનાઓ બની હતી; (૮) જટાયુ મરણ સ્થાન; (૯) દંડકાસીમા ઉપરનો ખરાદિયુદ્ધપ્રદેશ; (૧૦) અત્યુચ્ચ સહ્ય સાનુમાન્.* એ પર્વત આર્યાવર્તની દક્ષિણ સીમા હોવાનું દેખાય છે કારણ કવિ કહે છે. **एनमतिक्रम्य गम्यते किलार्यावर्तः।**) (૧૧) તેનું અતિક્રમણ કરતાં મધ્યદેશ આવે છે. એથી વધારે માહિતિ ભવભૂતિ આપતા નથી.

આપણા અનુમાનને બાધક એવું સાતમા અંકમાં કાંઇ નથી.

उत्तरामचरितમાથીય આપણા અનુમાનને પોષક પુરાવો પ્રાપ્ત થાય છે.

એક વાતનો ઉલ્લેખ ઉપર આવ્યો છે. **उ. रा.** ૨/૧૫ ઉપરથી સમજાય છે કે પ્રસ્રવણગિરિ જનસ્થાનના મધ્ય ભાગમા હતો અને તેની પાસે પંચવટી હતી. તેમ જ શંબૂક જનસ્થાનનું વર્ણન કરતાં કહે છે–'**एतानि जनस्थानपर्यन्तदीर्घारण्यानि दक्षिणां दिशमभिवर्तन्ते।...अथैतानि...पश्यतु महाभागः प्रशान्तगम्भीराणि मध्यमारण्यकानि।**' એટલાપરથી અનુમાન કરી શકીએ કે પંચવટીમાંથી–જે જનસ્થાનના મધ્ય ભાગમાં હતી ત્યાથી–દક્ષિણ સીમાસુધી આવેલા અરણ્યો શંબૂકે રામને દર્શાવ્યાં. અત્યારનું નાસિક જનસ્થાનના મધ્ય ભાગમાં નથી, ઉત્તરસીમા ઉપર છે. ત્યાંથી 'જનસ્થાનપર્યન્ત દીર્ઘ' અરણ્યો જોવા શકય નથી. ગોદાવરીના મુખ પાસેનું જનસ્થાન લઇએ તો એ અડચણ દૂર થાય છે.

એવી કલ્પના કરીએ તો ઉતરામચરિતમાં બીજી એક અસંગતિ જેવી દેખાય છે તેનો પણ પરિહાર થઇ શકે. શંબુક રામને કહે છે.

मेघमालेव पश्चायमारादिव विभाव्यते।
गिरिः प्रस्रवणः साऽयं यत्र गोदावरी नदी॥

અત્યારની નાસિક પંચવટી લઇએ તો ત્યાંથી પ્રસ્રવણ પર્વત દેખાય તે અસંભવિત છે. રામાયણમાં કિષ્કિંધા કાંડના ૨૭ મા સર્ગમાં કિષ્કિંધાની બહાર તે પાસે જ હતો એમ વર્ણન છે. હાલમા નાસિકથી કિષ્કિંધા બહુ જ દૂર છે. માટે માનવું પડે છે કે પંચવટી દક્ષિણમાં હોવી જોઇએ.

+ એ ઠેકાણે 'સહ્ય' ને બદલે 'વિન્ધ્યઃ' એવું પાઠાન્તર જોઇએ એમ મને લાગે છે. વિંધ્ય પર્વત આર્યાવર્તની દક્ષિણ મર્યાદા રૂપે હતો એમ પ્રસિદ્ધિ છે. (ઉદાહરણ તરીકે જુઓ **मनुस्मृति अ० २. श्लो० २२; अ० १० श्लो० ३४**). સહ્ય પર્વતને માટે તેવી પ્રસિદ્ધિ નથી. સિવાય દક્ષિણથી ઉત્તરે જતી વખતે સહ્ય પર્વત ઓળંગવાની ખાસ આવશ્યકતા નથી. કારણ સહ્યપર્વતની હાર મુખ્યતઃ દક્ષિણોત્તર છે. એકાદ ભાગ પૂર્વ પશ્ચિમ કદાચ હશે; પરંતુ તે 'અત્યુચ્ચ' વિશેષણને લાયક હોવાનો સંભવ નથી એ સ્પષ્ટ છે.

આ મત સમર્થનાર્થ બીજો એક પુરાવો ઉત્તરરામ–ચરિતમાં જ છે. રામની રજા લેતા પહેલા શંબૂક કહે છે– **'यावत्पुराण ब्रह्मवादिनमगस्त्यमृषिमभिवाद्य शाश्वतं पदमनुप्रविशामि ।'** થોડા જ વખતમાં આશ્રમથી પાછા આવીને રામને અગસ્ત્યનો સંદેશ કહે છે. તે ઉપરથી પણ એવી કલ્પના કરવામાં બાધ નથી કે અગસ્ત્યાશ્રમથી પંચવટી દૂર નહોતી, નાસિક એટલું તો દૂર નજ હશે અગત્સ્યાશ્રમ ગોદાવરી મુખની દક્ષિણે કોઈ ઠેકાણે હોવાનું નાટકમાં છે તે ઉપર બતાવ્યું છે.

બીજો એક શ્લોક જુઓઃ—

> **एते ते कुहरेषु गद्गदनदद्गोदावरीवारयो**
> **मेघालम्बितमौलिनीलशिखराः क्षोणीभृतो दक्षिणाः ।**
> **अन्योन्यप्रतिघातसंकुल चलत्कल्लोलकोलाहलै–**
> **स्तालास्त इमे गभीरपयसः पुण्याः सरित्सङ्गमाः ॥**

જનસ્થાન તે અત્યારનું નાસિક સમજીએ તો, '**गद्गदनदद्गोदावरीवारयः**' અને '**अन्योन्यप्रतिघातसंकुलचलत्कल्लोलकोलाहलैः**' આ પદો અયુક્તાર્થક થાય છે. એ તો કવિકૃત વર્ણનની અતિશયોક્તિ સમજવી, એમ કદાચ કોઇ કહેશે. પરંતુ ઉપર સમર્થન કરવામાં આવેલું અનુમાન સાચું હોય તો એવા કલ્પનાગૌરવની અવશ્યકતા રહેતી નથી. કવિ યથાતથ વસ્તુસ્થિતિનું જ વર્ણન કરે છે એમ માનવું ઔચિત્ય ભરેલું છે. તેમજ, આ શ્લોકમાં **संगमाः** એ બહુ વચનાવાળું પદ છે. અત્યારની નાસિક પંચવટી લઇએ તો ત્રણ અથવા વધારે સંગમોના અભાવે, આ બહુ વચનવાળા પદનો પ્રયોગ ભૂલ ભરેલો અથવા અતિશયોક્તિપૂર્ણ માનવો પડશે. પરંતુ, ગોદાવરીના સાત મુખ પાસેની પંચવટી લઇએ તો બધું વર્ણન બંધ બેસતું આવે છે. ઉપર **बालरामायणनो** શ્લોક (**वाक्सत्त्वांग०** વિગેરે અં ૧૦ શ્લો૦ ૭૦) અને **अनर्घराघवनुं** વચન (**आन्ध्रविषयलक्ष्म्याः०** વિગેરે) એ ટાંકયા છે તેમાં સ્પષ્ટ કહ્યું છે કે ગોદાવરીના સાત સમુદ્ર સંગમ છે. એવી રીતે આપણા અનુમાનના બળે **गद्गदनदत् इत्यादि** વર્ણન અને **संगमा** એ પદ સાર્થ થાય છે.

સારાંશ ભવભૂતિના મત પ્રમાણે જનસ્થાન, નાસિક–પંચવટી અત્યારે માનીએ તે નહિ કિંતુ તે ઠેકાણા ગોદાવરી–સમુદ્ર સંગમ પાસેના હોવા જોઇએ,

भट्टि–આ છઠ્ઠી શતાબ્દીનો કવિ છે; તેના કાવ્યનું નામ **भट्टिकाव्य.**

આ કવિએ ભૂગોલવિષય માહિતિ બહુ આપી નથી. ભરતનો મેળાપ થયા પછી રામ દંડકારણ્યમાં ગયા ત્યાં વિરાધવધ; પછી શરભંગ મુનિનું દર્શન કરી સુતીક્ષ્ણાશ્રમ પાસે એક પર્ણશાલામાં રામાદિ ત્રિવર્ગે ઘણા દિવસ નિવાસ કર્યો. પછી તે અરણ્યમાં ફરતાં ફરતાં અન્ય મુનિઓના સન્નિધ પર્ણશાલા કરીને તેઓ રહ્યા. ત્યાં શૂર્પણખાનો પ્રસંગ બન્યો. આગળમાં, ખરાદિવધ, માયામૃગ વિક્ષોભન, સીતાપહાર, જટાયુવધ, રામવિલાપ, કબંધ વધ, ઋષ્યમૂક પર્વત પ્રત્યે પ્રયાણ અને શબરીદર્શન, એટલો વૃત્તાંત આવે છે. પંપાસરોવર

પાસે આવેલા રામલક્ષ્મણને જોઇને તેઓ વાલિના દૂત હશે એવી શંકા સુગ્રીવના મનમાં થઇ અને તેણે મલય પર્વતનો આશરો લીધો. (સર્ગ ૬, શ્લોક ૮૯) પરંતુ હનુમાને સાચી બીના કહેતાં તે નિર્ભય થયો અને રામલક્ષ્મણ સાથે સખ્ય કર્યું. ત્યારબાદ, વાલિવધ અને કિષ્કિંધામાં સુગ્રીવાભિષેક વિગેરે હકીકત છે. સીતાશુદ્ધિ માટે વાનરોની જે ટૂકડીઓ મોકલવામાં આવી હતી તેમાંથી દક્ષિણની ટૂકડી વિંધ્ય પર્વત ઉપર આવે છે (स० ७ श्लोक० ५३, ५४) ત્યા સંપાતિ મળે છે અને તેના કહેવા ઉપરથી મારુતિ સમુદ્રલંઘન કરીને લંકા જાય છે. સીતાને રામવૃત્તાંત નિવેદન કરતી વખતે હનુમાન્ કહે છે–

विप्रकृष्टं महेन्द्रस्य न दूरं विन्ध्यपर्वतात् ।
नानभ्यासे समुद्रस्य तव माल्यवति प्रियः ॥

सर्ग ८, श्लोक १११

આ શ્લોકનો અર્થ ટીકાકારોએ બે પ્રકારે કર્યો છે. આમાં જ્યાં રામ રહેતા હતા તે માલ્યવાન્ પર્વતનું મહેંદ્ર, વિંધ્ય અને સમુદ્ર, એથી અંતર કેટલું હતું તે કહ્યું છે. ' મહેંદ્ર પર્વતથી દૂર, અને વિંધ્ય અને સમુદ્ર–એમની પાસે આવેલા માલ્યવાન્ પર્વત ઉપર તારો પ્રિય પતિ છે ' એવો એક ટીકાકારનો અર્થ છે. ' મહેંદ્ર, વિંધ્ય અને સમુદ્ર એમની પાસે આવેલા માલ્યવાન્ પર્વત ઉપર તારો પ્રિયપતિ છે ' એવો અર્થ બીજો ટીકાકાર કરે છે. ' મહેંદ્ર અને સમુદ્ર એમની પાસે અને વિંધ્યથી દૂર ' એવો પણ અર્થ પહેલા ત્રણ ચરણોનો થઇ શકે. કયો અર્થ કવિને અભિપ્રેત હશે તે કહેવું મુશ્કેલ છે. ત્રણે અર્થોનું એક એક દૃષ્ટિથી સમર્થન કરી શકાય. એવા સૂક્ષ્મ વિવાદમા ઉતરવાની હાલ જરૂર નથી. આપણે સારાંશ એટલો જ લઇશું કે શ્લોકનો અર્થ અનિશ્ચિત હોવાથી કોઇ પણ પક્ષને કેવળ સમર્થક તરીકે આ શ્લોકનો આધાર લઇ શકાય તેવો નથી.

એવી રીતે આ શ્લોક કામનો નથી; તોપણ સ૦ ૭|૫૩ અને ૭|૫૪ કહ્યું છે કે વિંધ્ય પર્વત કિષ્કિંધાથી દક્ષિણમાં હતો; તેથી જનસ્થાન અને કિષ્કિંધા વિંધ્યની ઉત્તરે હોવાં જોઇએ એવું કોઇ અનુમાન કરશે. પણ તેમાં એક વાંધો આવે તેમ છે. રામનું પંપાગમન અને સુગ્રીવનું મલયગમન એની બરાબર સંગતિ થતી નથી. બીજું ઉપર કહેવામાં આવ્યું છે કે મુરારિના મત પ્રમાણે સંપાતિનું નિવાસસ્થાન પણ મલય પર્વત ઉપર હતું. ભટ્ટિ કહે છે કે વિંધ્ય ઉપર સંપાતિ વાનરોને મળ્યો. એ ચિંત્ય છે. અસ્તુ. એવી રીતે, પંપા અને મલય એમની ભૂગોલ સ્થિતિ ૭|૫૩, ૫૪ સાથે બંધબેસતી આવતી નથી. પંપા નામનું અન્ય સરોવર અને મલય નામનો બીજો પર્વત વિંધ્યાદ્રિની ઉત્તરે હતો એમ માનવામાં સાહસ છે કારણ તેનો પુરાવો સબળ નથી. કવિની ભૂગોલવિષયક માહિતિ બહુ જ મર્યાદિત હોવાથી તેના લખવામા વિસંગતિ દોષ દેખાય છે એમ માનવું વધારે યુક્ત છે એમ મને લાગે છે.

कुमारदास—એ પણ છઠ્ઠી શતાબ્દીનો કવિ છે. એના કાવ્યનું નામ **जानकीहरणम्.**

જાનકીહરણમાં આપણે માટે ઉપયોગી એવું કાંઇ મળતું નથી. ચિત્રકૂટે ભરતમેળાપ પછી રામ પંચવટી તરફ ચાલ્યા. માર્ગમાં વિરાધનો પ્રસંગ બન્યો.

ततस्तं त्यजता शैलं विराधो रावणारिणा ।
दृष्टस्तनूनपादर्चिबभ्रुः पञ्चवटीपथे ॥

સ० ૧૦-૬૧.

ત્યાંથી પંચવટી; ત્યાં શૂર્પણખાવિરૂપકરણ, ખરાદિવધ, રાવણકૃત સીતાહરણ. અહીંઆ દશમસર્ગની સમાપ્તિ થાય છે. કાવ્ય અધૂરું રહિ ગયું છે કે કેમ તે કહી શકાતું નથી.

વિમલસૂરિ:—આ એક જૈન ગ્રંથકાર છે. તે ત્રીજી શતાબ્દીમાં થયો હશે એવું અનુમાન છે. તેણે ' પઉમચરિય (પદ્મચરિત) નામક પ્રાકૃત ગ્રંથ રચ્યો છે. તેમાં જૈનાગમાનુસાર રામચરિત્ર વર્ણવ્યું છે. આ જ ગ્રંથના આધારથી પ્રસિદ્ધ જૈન સાધુ હેમચંદ્રે ' જૈન રામાયણ ' નામક સંસ્કૃત ગ્રંથ રચ્યો છે. પ્રસ્તુત વિષયના અંગે જરૂર જેટલા શ્લોકો હેમચંદ્રના સંસ્કૃત ગ્રંથમાંથી આપ્યા છે. જ્યાં વિમલસૂરિ વધારે માહિતિ આપે છે ત્યાં પ્રાકૃત વચનો છાયાસહિત મૂક્યાં છે.+

અયોધ્યાથી નીકળ્યા પછીઃ—

अथोग्रं श्वापदपदं निर्मनुष्यां घनद्रुमाम् ।
पारियात्राटवीं प्रापुर्जानकीरामलक्ष्मणाः ॥ ४९६ ॥
अभिधानेन गम्भीरां गम्भीरावर्तभीषणाम् ।
पृथुप्रवाहां पथि ते समीक्षाञ्चक्रिरे नदीम् ॥ ४९७ ॥
उत्ततार ततो रामो दुस्तरां तां तरङ्गिणीम् ।
ससीतालक्ष्मणः सास्रैः प्रेक्षितस्तैस्तटस्थितैः ॥ ५०१ ॥
कैकेयीभरतौ षड्भिः प्रापतुस्तद्वनं दिनैः ।
अपश्यतां द्रुमूले च जानकीरामलक्ष्मणान् ॥ ॥ ५११ ॥
रामः प्रणम्य कैकेयीं संभाष्य भरतं तथा ॥
विससर्ज प्रतस्थे च ककुभं दक्षिणा प्रति ॥ ५२७ ॥

सौमित्रिमैथिलसुतासहितोऽथ रामो
गच्छन्नतीत्य गिरिमध्वाजि चित्रकूटम् ।
आसादयत्कतिपयैर्दिवसैरवन्ति-
देशैकदेशमवानीस्थित देवदेश्यः ॥ ५३७ ॥

સર્ગ ૪.

+પ્રાકૃત શ્લોકોની છાયા અર્થ વિગેરે બાબતમાં પ્રસિદ્ધ જૈન પંડિત બેચરદાસે મને ઘણી મદદ કરી છે; તે વિશે હું તેમનો ઉપકાર માનું છું.

મૂળ પ્રાકૃત ગ્રંથમાં એવું વર્ણન છે કે રામ ચિત્રકૂટથી ચાર મહિને અવન્તિ ગયા. પછી એક નિર્જન પ્રદેશનો ઇતિહાસ આપેલો છે. પછી રામ ઉજ્જયિની પહોંચ્યા.

रामस्तत्र निशां नीत्वा ससीतालक्ष्मणः प्रये ।
गच्छन्क्रमेण सम्प्राप देशं कमपि निर्जलम् ॥ ७७ ॥

सर्ग ५.

પ્રાકૃતમાં નીચેના શ્લોકો છે તે ઉપરથી દેખાય છે કે તે દેશ નિર્જલ ન હતો અને તેનું નામ કૂપપ્રદ હતું.

एवं ते मन्दमन्दा दसरहतणया मेइणी सञ्चरन्ता
नामागन्धाइपुण्णे तरुणतरुफले भुञ्जमाणा पभूए ।
पत्ता ते कूववद्दं बहुभवणमहावप्पवावीसमिद्धं
उज्जाणे संणिविट्ठा विमल कुसुमिए मत्तभिङ्गाणुगीए ॥ १४८ ॥

उद्देश ३३

छाया—एवं ते मन्दमन्दं दशरथतनयो मेदिनीं सञ्चरन्तौ
नानागन्धातिपुण्यानि तरुण तरुफलानि भुञ्जानौ प्रभूतानि ।
प्राप्तौ तौ कूपषद्रं बहुभवनमहावमवापीसमृद्धं
उद्याने सन्निविष्टौ विमल कुसुमिते मत्तभृङ्गानुगीते ॥

અસ્તુ આગળ ચાલતાં હેમચંદ્ર કહે છેઃ

........काकुत्स्थस्तस्थौ तत्र दिनत्रयम् ।
निशाशेषे सुप्तजने ससीता लक्ष्मणो ययौ ॥ ९९ ॥
प्राप क्रमेण रामोऽपि नर्मदामुत्ततार च ।
पथिकैर्वार्यमाणोऽपि विन्ध्याटव्यां विवेश च ॥ १०१ ॥
विन्ध्याटवीमतिक्रम्य प्राप तापी महानदीम् ॥ १२३ ॥
तापीमुत्तीर्य च क्रामंस्तद्देशमान्तवर्तिनम् ।
अरुणग्राम नामानं रामो ग्राममथासदत् ॥ १२४ ॥
ते गच्छन्तः क्रमात्प्रापुरण्यमपरं महत् ।
कज्जलश्यामजलदः कालश्च समुपाययौ ॥ १३२ ॥
ततः प्रावृष्यतीतायां .... ॥ १६३ ॥
ते क्रामन्तः प्रतिदिनं जानकीरामलक्ष्मणाः ।
त्यक्त्वारण्यानि विजयपुरं सन्ध्याक्षणे ययुः ॥ १६८ ॥

रात्रिशेषे ततो रामः ससीता लक्ष्मणोऽचलत् ।
क्रमाद्वनानि लङ्घित्वा प्राप क्षेमाञ्जलिं पुरीम् ॥ २४१ ॥
निशायां निर्ययौ रामः सायं प्राप च पत्तनम् ॥
वंशस्थलं नाम वंशस्थलाख्यादि तटस्थितम् ॥ २५९ ॥

सर्ग ५.

વંશસ્થલ છોડયા પછી રામ દંડકારણ્યમા આવેલી કર્ણુરવા નામની નદી પાસે આવ્યા ત્યાં તે લક્ષ્મણને કહે છેઃ—

तत्थ समुद्दासन्ने काऊणं आलयं परिवसामो ।
भणिउं य लक्खणेमा जहाणवेसि त्ति एवेयम् ॥

उद्देश ४०–१४.

छायाः–तत्र समुद्रासन्ने कृत्वा आलयं परिवसामः ।
भणितं च लक्ष्मणे न यथाज्ञापयासि इत्येवेदम् ॥

ત્યાં અમુક કાલ રહ્યા પછી—

अथ ते वणतरुगहणं छङ्घेऊणं च पव्वए बहवे ।
अब्भन्तरं पविट्ठा तस्सारण्णस्स भयरहिया ॥ ४२ ५ ॥

छाया–अथ ते वनतरुगहनं लङ्घयित्वा च पर्वतान्बहून् ।
अभ्यंन्तरं प्रविष्टास्तस्यारण्यस्य भयरहिताः । ५

તે અરણ્યમાં ક્રૌંચરવા નદીને કાંઠે ત્રણ જણાએ વર્ષાકાલ વીતાડયો. (૪૨–૩૫) શ્લોકો આપીને વધારે જગ્યા રોકવાની ઇચ્છા નથી; માટે એટલું જ કહું છું કે આગળ અનુક્રમથી શૂર્પણખાવિરૂપકરણ, ખરદૂષણાદિવધ, સીતાહરણ, વાલિવધ, સુગ્રીવસખ્ય, ઇત્યાદિ પ્રસંગોનો ઇતિહાસ છે.

અહીંઆ સુધી જોવામાં આવેલા સ્થલોનો ક્રમ આપણને બતાવે છે કે જનસ્થાન અને કિષ્કિંધા આ બન્ને સ્થળો દંડકારણ્યના આગ્નેય ખૂણે આવેલા સમુદ્રની પાસે અને કર્ણુરવા નદીની પાર–એટલે દક્ષિણે હતાં. વિમલસૂરિ એમ કહે છે. કર્ણુરવા અને ક્રૌંચરવા નદીઓ નર્મદા–તાપીથી દક્ષિણે જ હોવી જોઇએ. ત્યાંથીય દક્ષિણે જનસ્થાન–કિષ્કિંધા હતાં. સ્થલાનુક્રમથી એમ લાગે છે કે કર્ણુરવા તે ગોદાવરી હોવી જોઇએ અને ક્રૌંચરવા તે ગોદાવરીનું એકાદ મુખ હશે. એક વાત તો સ્પષ્ટ જ છે; જનસ્થાન સમુદ્ર પાસે આવેલું હતું–વિમલસૂરીના મત પ્રમાણે–અને તે સમુદ્ર પૂર્વ સમુદ્ર જ હોઇ શકે. અર્થાત્ વિમલસૂરીનું જનસ્થાન અત્યારના નાસિક–જનસ્થાનથી ભિન્ન છે.

પ્રવરસેન—એ રાજકવિ ખ્રિસ્ત–શકના આરંભે થઇ ગયો છે. એમનું **દશમુખવધ** અથવા **સેતુબન્ધ** નામક પ્રાકૃત કાવ્ય પ્રસિદ્ધ છે.

કાવ્યના પ્રથમ આશ્વાસમાં કિષ્કિંધાથી રામપ્રયાણનું વર્ણન કરતી વખતે કવિએ ફક્ત ત્રણ જ પર્વતનો ઉલ્લેખ કર્યો છે. ૧ વિંધ્ય (૫૪); ૨ સહ્ય (૫૬); અને ગિરિ નદીઓનું ઉલ્લંઘન કરી (૫૯) ૩ મલય (૬૧). છઠ્ઠા આશ્વાસમાં મહેંદ્ર પર્વતનો ઉલ્લેખ છે (૨૨) પરંતુ તે સામાન્ય સ્વરૂપનો હોવાથી પ્રસ્તુત પ્રકરણમા વિશેષ બોધ થતો નથી. મલયાચલથી લંકામાં આવેલ સુવેલ પર્વત સુધી બાંધેલું સેતુનું વિસ્તૃત વર્ણન સાતમા આશ્વાસમાં છે; પરંતુ તેનો અત્રે ઉપયોગ નથી. કિષ્કિંધા પછી માર્ગમાં વિંધ્યનો નિર્દેશ છે; તેથી કિષ્કિંધા અને અર્થાત્ જનસ્થાન અને પંચવટી વિંધ્યથી ઉત્તરમાં આવેલાં હોવાં જોઇએ એવો પ્રવરસેનનો અભિપ્રાય દેખાય છે. તે ભૂગોલવિષયક ઇતર માહિતી કાંઇ આપતા નથી માટે વધારે લખી શકાય તેમ નથી.

કાલિદાસ:—આ કવિનું નામ સૌને જાણીતું છે. તેનો સમય ખ્રિસ્તપૂર્વ પ્રથમ શતાબ્દીનું દ્વિતીયાર્ધ એમ હું માનું છું. તેના **રઘુવંશ**ના આધારે નીચેની માહિતી આપવામાં આવે છે.

રઘુવંશના બારમા સર્ગમાં રામના દક્ષિણના પ્રવાસની હકીકત આપેલી છે. ચિત્રકૂટથી નીકળ્યા પછીનાં સ્થલોનો અને વૃત્તાંતોનો અનુક્રમ નીચે પ્રમાણે છે:–(૧) અનસૂયા–અત્રિનો આશ્રમ; (૨) વિરાધવધ; (૩) પછી અગસ્ત્યાદેશથી પંચવટીનિવાસ; (૪) ત્યાં શૂર્પણખાવિરૂપકરણ, ખરાદિવધ અને સીતાહરણ; (૫) લૂનપક્ષ જટાયુનું દર્શન; (૬) કબંધવધ; (૭) સુગ્રીવ સખ્ય; (૮) અંતે સીતાશુદ્ધિ, પુષ્પક વિમાનમાં બેસીને લંકાથી પાછાં આવતી વખતે રસ્તામાં દેખાતા સ્થલોનું મનોહર વર્ણન તેરમા સર્ગમાં છે. (૧) લંકા છોડતાં સમુદ્રોલ્લંઘન પછી પ્રથમ જનસ્થાનનું વર્ણન છે. (૨) નંતર, માલ્યવાન્ પર્વત જ્યાં વિરહાવસ્થ રામ વર્ષાકાલમાં રહ્યા હતા. (૩) પંપા સરોવર; (૪) ગોદાવરી નદી; (૫) 'અનુગોદ' (૬) અગસ્ત્યાશ્રમ; (૭) પંચાપ્સર સરોવર; (૮) સુતીક્ષ્ણાશ્રમ; (૯) શરભંગાશ્રમ; (૧૦) ચિત્રકૂટ; (૧૧) છેવટમાં ગંગા યમુના નદીઓ વિગેરે. આખા રઘુવંશમાં કિષ્કિંધાનું નામ નથી. જનસ્થાનનો ઉલ્લેખ ત્રણ સ્થળે છે. ૬/૨૨, ૧૨/૪૨ અને ૧૩/૨૨ માં. પંચવટીનો ઉલ્લેખ બે ઠેકાણે છે. ૧૨/૩૧ અને ૧૩/૩૪ માં. ગોદાવરીનો બે ઠેકાણે ૧૩/૩૩ અને ૧૩/૩૫ માં. વિંધ્ય પર્વતનો નિર્દેશ પાંચ વાર છે. ૬/૬૧, ૧૨/૩૯, ૧૪/૮, ૧૬/૩૧, અને ૧૬/૩૨.

આ ઉપરથી શું અનુમાન કરી શકીએ? એક તો એ લંકાથી આવતાં સમુદ્ર પછી તરતજ જનસ્થાન આવે છે એટલે તે અત્યારના નાસિક પાસેનું ન જ હોય. જનસ્થાન પછી પંપા–પંચવટી આવે છે; તે પણ તેમજ બતાવે છે. અત્યારનું નાસિક પંચવટીથી ઉત્તરમાં બહુ દૂર આવેલું છે. બીજું એ કે અગસ્ત્યાશ્રમ પહેલાં પંચવટીનો ઉલ્લેખ છે તેથી પંચવટી અગત્યાશ્રમથી દક્ષિણે હોવી જોઇએ. અગસ્ત્યાશ્રમ પૂર્વ સમુદ્રના કાઠે હતો તે આપણે પૂર્વે જોયું છે; ત્યારે પંચવટી પણ પૂર્વ સમુદ્ર પાસે ગોદાવરીની દક્ષિણે આવે છે. એટલે તે અત્યારની પંચવટી ન હોઇ શકે. ૧૩/૩૨ મા કહ્યું છે કે રામ અગસ્ત્યની આજ્ઞાથી પંચવટી રહેવા ગયા. તે આપણા અનુમાનને વધારે મજબૂત કરે છે.

રઘુવંશના છઠ્ઠા સર્ગમાં ઇંદુમતી સ્વયંવર વર્ણન છે. સ્વયંવર માટે આવેલા જુદા

જુદા રાજાઓની માહિતી સુનંદા ઇંદુમતીને આપે છે તે વખતે 'ઉરગપુરનાથ' પાંડય રાજાનું વર્ણન કરતાં સુનંદા કહે છે–

अस्त्रं हरादाप्तवता दुरापं येनेन्द्रलोकावजयाय दृप्तः ।
पुरा जनस्थान विमर्दशङ्की संधाय लङ्काधिपति· प्रतस्थे ॥ ६९१ ॥

ભાવાર્થ–આ પાંડય રાજાને શંકર પાસેથી અસાધ્ય અસ્ત્રની પ્રાપ્તિ થઇ હતી; તેથી રાવણને બ્હીક લાગી કે સખ્યને અભાવે જનસ્થાન જે પ્રદેશ ખરદૂષણાદિ રાવણના બંધવોથી વ્યાપ્ત હતો તે–પાંડવ રાજા આક્રાંત કરશે. માટે પ્રથમ તેની સાથે સંધિ કરી પછી રાવણે ઇંદ્રલોક વિજયાર્થ પ્રયાણ કર્યું.

આથી આપણે અનુમાન કરી શકીયે કે જનસ્થાન પાંડય દેશની પાસે અથવા પાંડય દેશની સરહદ ઉપર આવેલું હોવું જોઇએ. નહિ તો રાવણને પાડય રાજાથી ડરવાનું કારણ ન હતું. આ પાંડચ દેશ કયો તેનો ખુલાસો ચોથા સર્ગમાં કર્યો છે. દિગ્વિજયાર્થ નીકળેલા રઘુએ દક્ષિણ તરફ જતા પ્રથમ કલિંગ પછી તરતજ પાડય દેશ જીત્યાનું વર્ણન કવિએ કર્યું છે. કલિંગ એટલે અત્યારનો ઓરિસા પ્રાંત અને ગોદાવરીથી ઉત્તર તરફનો મદ્રાસ ઇલાકાનો થોડો ભાગ. ગોદાવરીનો દક્ષિણ કાંઠો તે પાંડય દેશની ઉત્તર સરહદ હશે. ૬/૫૯ ઉપરથી પણ તેમ લાગે છે. તેમાં પાંડયરાજાને 'ઉરગપુરનાથ' કહ્યો છે. ઉરગપુર તે અત્યારનું નાગાપટ્ટણ કદાચ હશે, જે રાજમહેંદ્રી પાસે છે. કાવેરી અને તામ્રપર્ણી નદીઓ પાંડય દેશમાં હોવાનું ૪/૪૫ અને ૪/૫૦ માં સૂચવ્યું છે. તેથી સ્પષ્ટ દેખાય છે કે કાલિદાસના અભિપ્રાય પ્રમાણે, ગોદાવરી–કાવેરી વચ્ચેના પૂર્વસમુદ્રના કાંઠાપરના પ્રદેશનું પાંડય નામ હતું. હમણાં જ આપણે જોયું કે જનસ્થાન પાંડયની સરહદપર આવવું જોઇએ. પૂર્વે અનર્ઘરાઘવના ટીકાકાર રુચિપતિનું એક વાક્ય મેં ઉદ્ધૃત કર્યું છે–'**जनस्थानं मलयाद्रिसमीपे रक्षोवासस्थानम् ।**' તેને માટે સબળ પ્રત્યંતર એવી રીતે રઘુવંશમા જડી આવે છે. આ પ્રમાણે જનસ્થાન તે પાંડયદેશની પૂર્વ સીમા ઉપરનો પ્રદેશ એમ નિશ્ચિત થયા પછી, રામાયણ કાલીન પંચવટી અત્યારની નાસિક–પંચવટીથી જુદી હોવી જોઇએ એમ પણ નિશ્ચિત થાય છે.

નિષ્કર્ષ:—અત્યારસુધી આપણે દસ ગ્રંથકારોના ગ્રંથોનું ટૂંકમાં પર્યાલોચન કર્યું તેનો સારાંશ જોતાં નીચે પ્રમાણે સ્થિતિ છે:–દસ કવિમાં એક કુમારદાસ કાંઇ માહિતી આપતા નથી; બે, પ્રવરસેન અને ભટ્ટિ થોડી આપે છે. તે આપણા અનુમાનને બાધક જેવી લાગે છે; પરંતુ તેઓનું ભૂગોલનું જ્ઞાન બહુજ અલ્પ દેખાય છે, અને તેઓએ આપેલું વર્ણન પણ સુસંગત નથી. માટે તેઓનો પુરાવો નિ:શંક રીતે ગ્રાહ્ય મનાય તેવો નથી. બાકી રહ્યા સાત કવિઓ. તેઓનો જનસ્થાનની બાબતમાં એક મત છે.–પૂર્વ કાંઠાપર, ગોદાવરી સમુદ્ર સંગમ નજદીક, અગસ્ત્યાશ્રમ પાસે નાસિક–પંચવટી–જનસ્થાન હોવાં જોઇએ. બીજી એક વાત ધ્યાનમાં લેવા જેવી છે. આ સાત કવિઓમાં, કાલિદાસ સૌથી પૂર્વ, ખ્રિસ્ત પૂર્વ કાલમાં થઇ ગયો છે. જયદેવ, સૌથી છેલ્લો, ખ્રિસ્તની ૧૪ મી શતાબ્દીમાં થયો છે. તેથી એમ માનવામાં બાધ નથી કે લગભગ ૧૪૦૦–૧૫૦૦ વરસ સુધી રામાયણ કાલીન જન-

સ્થાન પૂર્વમાં હોવાની માન્યતા અપ્રતિહત ચાલતી આવી હતી. અત્યારની માન્યતાનો ઉગમ કેવી રીતે થયો હશે તેનું વિવેચન કરવાનું આ સ્થળ નથી.

આરંભમાં કહ્યું છે તેમ કાવ્યનાટકોના આનુષંગિક આધારપર આપણા અનુમાનની ઇમારત રચાઇ છે. રામાયણાદિ ઇતિહાસનો મૂળ આધાર છે કે નથી એવો પ્રશ્ન સાહજિક રીતે ઉદ્દભવશે. પણ તેની ચર્ચા અત્રે ન થઇ શકે. રામાયણાદિ ઇતિહાસનો અને પુરાણોનો આધાર મળે છે એટલું જ ટૂંકમાં કહેવાની રજા લઇશ. બનશે તો તદ્દવિષયક ચર્ચા બીજા એક નિબંધમાં કરવાનો વિચાર છે.

બીજો એક ખુલાસો કરવો જોઇએ. નાસિક અને પંચવટી એ લગભગ પર્યાય શબ્દો તરીકે મેં વાપર્યા છે. વાસ્તવિક તેમ નથી. દંડકારણ્યનો એક વિભાગ જનસ્થાન; જનસ્થાનનો એક વિભાગ પંચવટી, પ્રાચીન ઇતિહાસમાં નાસિકનો ઉલ્લેખ પંચવટી સાથે મળતો નથી. શૂર્પણખાનાસિકાનું છેદન ત્યા થયું માટે રામની પંચવટીને જ નાસિક પ્રાચીન કાલમાં કહેવામા આવતું કે નહિ તે હું કહી શકતો નથી. તેમ હશે તો નાસિક નામનાં બે સ્થળો ગણવાં જોઇએ; અને નાસિક પંચવટી એક થાય. તેમ ન હોય તો નાસિક અને રામની પંચવટી જુદાં સ્થાનો ગણવાં જોઇએ. પરંતુ હાલમાં નાસિક તે જ પંચવટી મનાય છે. તે રૂઢિને અનુસરીને મેં નાસિક પંચવટી એક ગણ્યાં છે.

૭ ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં ઉમેરવાનું એક પ્રકરણ.

લેખક—રા. રા. દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર.

પ્રબંધચિંતામણિ, રત્નમાળા આદિ પ્રબંધો ઉપરથી જણાય છે કે ગુજરાત દેશમાંથી કનોજના રાજાઓ ખંડણી લેતા હતા. એવીજ હકીકત ગુજરાતની ફારશી તવારીખ 'મિરાત ઇ. અહમદી'માં પણ લખેલી છે. પ્રબંધ ચિંતામણિમા મેરુતુંગ[1] એમ પણ લખે છે કે કનોજના રાજા તરફથી ખંડણી લઇ જવાને જે લોક આવતા હતા તેઓને ખંડણી ઉઘરાવવામાં વનરાજ ચાવડો સાહાય્ય કરતો હતો અને જ્યારે એ લોકને લઇને સ્વદેશ જતા હતા ત્યારે વનરાજ તેઓની પાસેથી બધું દ્રવ્ય પડાવી લેતો હતો. આવી રીતે વનરાજના ભાગ્યનો ઉદય થવા લાગ્યો.

એવા એવા વૃત્તાંત ગુજરાતના ઇતિહાસવિષયક ગ્રંથોમા ઇશારારૂપ મળે છે. પરંતુ કનોજના કોણ કોણ રાજાના તાબામાં તે વખત ગુજરાત દેશ હતો એનું કાંઇ પણ શિલશિલાબંધ પ્રમાણ મળતું નહતું. ગુજરાત અને કાઠિયાવાડના ગૅઝેટીયરો તથા બીજા ગુજરાતના ઇતિહાસને લગતાં પુસ્તકોમાં તે વિષે કાંઇ પણ માહિતિ આપેલી નથી. તથાપિ થોડા વરસ પહેલાં ગુજરાત કાઠિયાવાડમાં તેમજ અન્યત્ર જે કાંઇ તામ્રપત્રો અને શિલાલેખો ઉપલબ્ધ થયાં છે તે ઉપરથી કનોજમાં એક વખત ગુર્જ્જર પ્રતિહાર કરીને જે એક પ્રતાપી રાજવંશ રાજ્ય કરતો હતો તેમાંના કોઇ રાજાઓનો અમલ ગુજરાત કાઠિયાવાડ ઉપર ચાલતો હતો એમ આપણે જાણી શકીએ છીએ. શોધખોળનો ઉપયોગ આપણા દેશનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાના કામમા કેટલો થાય છે તેનું આ એક સારૂં ઉદાહરણ છે. ગુર્જ્જર પ્રતિહાર રાજાઓ વિષે જાણવા આપણે હવે જે સમર્થ થયા છીએ તે પ્રો. દેવદત્ત ભાંડારકર, ડૉ૦ ફ્લીટ, ડૉ૦ કિલહૉર્ન, પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા જેવા પંડિતોના શ્રમનું ફળ છે. તેઓના લેખોના સાહાય્યથી તેમ જ અનેક ઉત્કીર્ણ લેખો ઉપરથી તે રાજવંશ સંબંધી મળેલી માહિતિ સંકલિત કરી નીચે આપવાનો પ્રયત્ન કર્યો છે.

ગુર્જ્જર પ્રતિહાર રાજાઓ મૂળ ક્યાંના, તેઓનું નામ શાઉપરથી પડ્યું, તેઓના વંશનો પ્રસ્થાપક કોણ વિગેરે સંબંધી વિશ્વાસલાયક કાંઇ માહિતિ મળતી નથી. તથાપિ અનેક ઉલ્લેખો ઉપરથી એટલું માત્ર સ્પષ્ટ દેખાય છે કે ગુર્જ્જર રાજાઓનો અમલ રાજપુતાનામા ઘણા પ્રાચીન કાળથી, એટલે ઓછામાં ઓછા ઇ. સ. ના છઠ્ઠી શતાબ્દીથી, ચાલતો હતો. ગુર્જ્જર રાજાના મનમાં પ્રભાવકવર્ધન (ઇ. સ. ૫૮૫) વિષે બહુ ભીતિ હતી આવો બાણ કવિના હર્ષચરિતમા ઉલ્લેખ છે. પ્રસિદ્ધ જ્યોતિષી બ્રહ્મગુપ્ત (ઇ. સ. ૬૨૮) ગુર્જ્જરોની રાજધાની ભીલમાલનો રહીશ હતો એમ કહેવાય છે. ઇ. સ. ૬૩૪ના [2]આઇહોલેના શિલાલેખમાં ચાલુક્ય રાજા બીજા પુલકેશીએ ગુર્જ્જરોનો પરાભવ કર્યો હતો એમ

---

૧ જુઓ રામચંદ્ર દીનાનાથ સંપાદિત પ્રબંધચિંતામણિ, ગુજરાતી ભાષાંતર પા. ૬૯.

૨ એપિગ્રાફિઆ ઇંડિકા પુસ્તક ૬ પા. ૧૧

લખ્યું છે. પ્રસિદ્ધ ચિની પ્રવાસી હુએનત્સંગ (ઈ. સ. ૬૪૦) ગુર્જ્જર રાજધાની ભીલમાલમાં ગયો હતો એવું તેની નોંધપરથી જણાય છે. જનાશ્રય પુલકેશીના ઇ. સ. ૭૩૮ ના [3]તામ્રશાસન ઉપરથી એમ જણાય છે કે મુસલમાનોએ કચ્છ, ચાવોટક, ગુર્જ્જર વિગેરે રાજાઓ જીત્યા હતા. આવા અનેક ઉલ્લેખો ઉપરથી ગુર્જ્જર વંશના કોઇ રાજાઓ હતા એમ આપણે જાણી શકીએ. હવે નીચે આપેલા કાંઇ ઉલ્લેખો તેઓના દેશ સંબંધી માહિતિ આપે છે. [4]ધટયાલમાં મળેલા એક શિલાલેખમા ગુર્જ્જરત્રા દેશ કક્કુક નામના પ્રતિહાર રાજાના તાબામાં હતો એમ લખ્યું છે. સીવામાં મળેલા પ્રતિહાર રાજા ભોજના એક તામ્રશાસનમા ગુર્જ્જરત્રા 'ભૂમિમા' અને ડેણ્ડવાનક 'વિષયમાં' સીમાગ્રામ હતું એમ લખ્યું છે. સીમાગ્રામ અને ડેણ્ડવાનક હાલના સીવા અને ડિડવાના છે અને તે જોધપૂર સંસ્થાનને તાબે છે. કાલંજરમાં મળેલા એક તામ્રશાસનમાં મંગલાનક ગ્રામ—જે હાલનું મંગલોના છે અને જોધપૂર સંસ્થાનને તાબે છે—તે ગુર્જ્જરત્રા 'મંડલ' માં હતું એમ લખ્યું છે. આવા અનેક ઉલ્લેખો ઉપરથી ગુર્જ્જર રાજાઓ હાલના રાજપુતાના ઉપર રાજ્ય કરતા હતા અને તેઓના તાબામા ગુર્જ્જરત્રા નામનો દેશ હતો એમ આપણે જાણી શકીએ. તેમ જ ઉપર બનાવેલા કોઇ ઉલ્લેખો તેઓની રાજધાની ભીલમાલ—જે ઉધ્વસ્ત સ્થિતિમાં હાલમા જોધપૂર સંસ્થાનના દક્ષિણ ભાગમાં છે—તે હતી એમ દર્શાવે છે. હાલમાં રાજપુતાનાના દક્ષિણ દેશને, જ્યાં ગુજરાતી ભાષા બોલવામાં આવે છે, તેને જ ગુજરાત દેશ કહેવામાં આવે છે. પરંતુ પ્રાચીન કાળમાં એટલે ઇ. સ. ની દશમી શતાબ્દીના પહેલાના ઉત્કીર્ણ લેખોમાં ગુજરાત નામ હાલના ગુજરાત પ્રાંતને લગાડેલું દેખાતું નથી. હાલના ગુજરાતને તે વખત સાધારણ રીતે [5]લાટ નામ લગાડવામાં આવતું હતું. અને રાજપુતાનાના અમુક ભાગને ગુર્જ્જર લોકોના વાસ્તવ્ય ઉપરથી ગુર્જ્જરત્રા નામ લગાડવામાં આવતું હતું. ગુર્જ્જરોનો અમલ તેઓના મૂળ રાજ્યના દક્ષિણ તરફ વધતો ગયો અને લાટ વિગેરે સર્વ પ્રાંત તેઓના તાબે થયો ત્યારથી તે દેશને પણ ગુર્જ્જરોનો દેશ એમ સંબોધવામાં આવતું હશે. ગુર્જ્જરોનો રાજકીય અમલ કાલાંતરે લાટ દેશ ઉપરથી નિકળી ગયો તો પણ એક વખત રૂઢ થયેલો શબ્દ તેઓના ઉત્તરાધિકારી ચૌલુક્ય રાજાઓના વખતમાં પણ વાપરવામાં આવ્યો અને એવી રીતે આપણા દેશને ગુજરાત નામ મળ્યું.

---

૩ ગુજરાત ગૅઝેટીયર પા. ૧૦૯

૪ રૉયલ એશિયાટિક સોસાયટીનું જર્નલ સને ૧૮૯૫ પા. ૫૧૭, એપિગ્રાફિઆ ઇંડિકા પુસ્તક ૯, પા. ૨૭૭

૫ લાટ નામ ઘણું કરીને દક્ષિણ ગુજરાતને જ એટલે મહી અને તાપી નદીઓના વચલા પ્રદેશને જ લગાડવાનો ઘણા પ્રાચીન કાળથી આજસુધી પ્રચાર છે, અને કોઇ વખત ઉત્તર ગુજરાતને આનર્ત નામ લગાડવામાં આવતું હતું. પરંતુ ઉત્તર ગુજરાતમા પણ મળેલા કેટલાક ઉત્કીર્ણ લેખો ઉપરથી એમ જણાય છે કે તે ભાગને પણ લાટ કહેવામાં આવતું હતું. એટલે સર્વ ગુજરાત દેશનો પણ નિદર્શક 'લાટ' શબ્દ હતો એમ દેખાય છે જુવો બૉમ્બે બ્રૅંચ રૉયલ એશિયાટિક સોસાયટીનું જર્નલ પુસ્તક ૨૧, પા ૪૧૩.

આપણા હાલના ગુજરાત ઉપર અથવા ઉપર બતાવ્યા પ્રમાણે પ્રાચીન કાળના લાટે દેશ ઉપર રાજ્ય કરનારો ગુર્જ્જર પ્રતિહાર વંશનો પ્રથમ રાજા નાગભટ થયો. તેના વખતનું સં. ૮૧૩ નું એક તામ્રશાસન ભરૂચ જિલ્લા તાબે [૬]હાંસોટ ગામમાથી મળ્યું છે. તેમાં એમ લખ્યું છે કે નાગાવ લોક નામના મહારાજાના માંડલિક તરીકે ચાહુમાન વંશનો ભર્તૃવડુ કરીને એક રાજા ભરૂચ પ્રાંત ઉપર રાજ્ય કરતો હતો. નાગભટે એક વખત મ્લેચ્છ જાતીના બલુચ લોકોનો પરાભવ કર્યો હતો. આ રાજાના વખતમાં કાઠિયાવાડ ઉપર વલભીના મૈત્રક રાજાઓનો અમલ હોવાથી તે પ્રાંત પ્રતિહાર રાજાના તાબામાં ન હતો એમ સ્પષ્ટ થાય છે. નાગાવલોકનું બીજું નામ નાગભટ હતું એમ જણાય છે.

તેના પછી તેનો ભત્રીજો કક્કુક અથવા કાકુસ્થ ગાદી ઉપર બેઠો. [૭]ઘટયાલમા મળેલા તેના એક શિલાલેખમાં એમ લખ્યું છે કે તેના તાબામાં મરૂમાડ (મેવાડ) [૮]વલ્લ, [૯]તમણિ, [૧૦]પરિયંકા, અને ગુર્જ્જરત્રા પ્રાંતો હતા.

કક્કુક પછી તેનો નાનો ભાઇ દેવરાજ, જેને દેવશક્તિ પણ કહેવામા આવતું હતું, તે બેઠો. આ રાજા વિષે કાંઇ માહિતિ મળતી નથી.

દેવરાજ પછી તેનો ભૂયિકા દેવી નામની સ્રીથી થયેલો વત્સરાજ નામનો પુત્ર ગાદી ઉપર બેઠો. સં. ૮૪૦ મા લખાયેલા જિનસેનકૃત હરિવંશ [૧૧]પુરાણમા એમ લખેલું છે કે ઉત્તરમાં ઇન્દ્રાયુધ, પશ્ચિમમાં વત્સરાજ અને દક્ષિણમાં શ્રીવલ્લભ રાજાઓ રાજ્ય કરતા હતા. વત્સરાજે ગૌડ દેશના રાજા ઉપર જય મેળવ્યો હતો. પરંતુ દક્ષિણ દેશના રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવે તેના ઉપર સ્વારી કરી તેનો પરાભવ કર્યો; તેણે ગૌડ દેશના રાજા પાસેથી જે બે શ્વેતછત્રો પડાવી લીધાં હતાં તે તાબે કર્યા, અને તેને મારવાડ તરફ નસાડી મુકયો, એમ રાષ્ટ્રકૂટ રાજાનાં કેટલાક [૧૨]તામ્રપત્રો ઉપરથી દેખાય છે. જીતેલા ગુજરાત દેશ ઉપર રાષ્ટ્રકૂટ ધ્રુવરાજે પોતાના પુત્ર ત્રીજા ગોવિંદને અમલ કરવા માટે નિમાવ્યો.

વત્સરાજને સુંદરીદેવથી નાગભટ નામનો પુત્ર થયો. તે તેના પછી ગાદી ઉપર બેઠો. તેનું પણ બીજું નામ નાગાવલોક હતું. પોતાના બાપ કરતા તે વધારે પરાક્રમી હતો. તે નાહડરાવ પડિહાર નામથી અત્યારસુધી રાજપુતાનામા પ્રસિદ્ધ છે. તેણે કનોજ ઉપર સ્વારી કરી ત્યાના રાજા ચક્રાયુધનો સર્વસ્વ પરાભવ કરી તેનું રાજ્ય લઇ લીધું, અને પોતાની રાજધાની મારવાડમા ભીલમાલમાથી બદલી કનોજ કરી. આ વિજયથી તેનું મહત્ત્વ અત્યંત વધી ગયું. તેણે આન્ધ્ર, સૈંધવ, વિદર્ભ, કલિંગ, અને બંગાલ દેશના રાજાઓને જીત્યા અને આનર્ત્ત, માલવ, કિરાત, તુરુષ્ક, વત્સ, મત્સ્ય, આદિ દેશોના રાજાઓના કિલ્લાઓ તાબે કર્યા, એમ તેના સંબંધી લખવામાં આવ્યું છે. તે ઉપરથી એમ દેખાય છે કે

૬ એપિગ્રાફિઆ ઇંડિકા પુસ્તક ૧૨ પા. ૧૯૧.

૭ રૉયલ એશિયાટિક સોસાયટીનું જર્નલ ૧૮૯૫ પા. ૫૧૭; એ. ઇ પુ. ૯, પા. ૨૭૭.

૮-૧૦ આ દેશો કયા તે સમજાતું નથી.

૧૧ બૉમ્બે ગૅઝેટીયર પુસ્તક ૧ ભાગ ૨ પાન ૧૯૭; ઇંડિયન ઍંટીક્વરી પુસ્તક ૧૪ પા. ૧૪૧.

૧૨ ઇ. ઍં. ૧૧-૧૫૭ અને એ. ઇ. ૬-૨૪૩.

વત્સરાજના વખતમા ગુજરાતનો ભાગ, જે દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાએ તેના પિતા પાસેથી લીધો હતો તે પાછો મેળવવા માટે નાગભટે પ્રયત્ન કર્યો. પરંતુ તે વખતે રાષ્ટ્રકૂટ રાજાઓનું જોર બહુ વધી ગયું અને છેવટે તેઓના રાજા ત્રીજા ગોવિંદે, જે પહેલાં પોતાના બાપના વખતમાં ગુજરાત ઉપર અમલ ચલાવતો હતો, તેણે સ્વારી કરી પ્રતિહારોને ગુજરાતમાથી બહાર કાઢ્યા. આ લડાઇમા ગોવિંદના માંડલિક કર્કરાજે તેને સારી મદદ કરી [૧૩]હતી. ગોવિંદે પોતાના નાના ભાઇ ઇન્દ્રરાજને ગુજરાતનો રાજા બનાવ્યો. આ ઇન્દ્રરાજના વખતથી ગુજરાતના રાષ્ટ્રકૂટોનો એક સ્વતંત્ર જ વંશ શરૂ થયો. આ હકીકત લગભગ સં. ૮૬૪ માં બની હતી. નાગભટના વખતનો સં. ૮૭૨ નો એક લેખ [૧૪]બુચકલામાંથી મળ્યો છે. તે ઉપરથી એમ જણાય છે કે ચાહુમાન વંશનો ગુવક કરીને એક રાજા નાગાવલોકનો માંડલિક હતો. [૧૫]પ્રભાવકચરિત નામના એક જૈન ગ્રંથમાં એમ લખ્યું છે કે, ભોજનો પિતામહ કાન્યકુબ્જનો રાજા નાગાવલોક સં. ૮૯૦ મા મરણ પામ્યો. આપણો નાગભટ અને આ નાગાવલોક એક જ છે એમાં શંકા નથી. નાગભટની સ્ત્રી ઇસટાદેવી હતી. તેનાથી તેને રામભદ્ર નામનો પુત્ર થયો. તે પોતાના બાપ પછી ગાદી ઉપર બેઠો.

રામભદ્ર વિષે કાંઇ માહિતિ મળતી નથી. અપ્પાદેવી નામની સ્ત્રીથી તેને ભોજદેવ નામનો પુત્ર થયો. તે તેના પછી ગાદી ઉપર આવ્યો.

ભોજદેવને આદિવરાહ અને મિહિર આ બે વધારે નામો હતાં. તેણે લાંબા કાળસુધી લગભગ સં. ૮૯૬ થી ૯૪૬ સુધી રાજ્ય કર્યું. તે બહુ પરાક્રમી હતો. તેના વખતમાં પ્રતિહાર રાજ્યનો વિસ્તાર વધી ગયો. ઉપર કહેવામા આવ્યું છે કે ઇન્દ્રરાજના વખતથી ગુજરાત ઉપર એક રાષ્ટ્રકૂટોની શાખા રાજ્ય કરતી હતી. પ્રતિહાર ભોજના વખતમાં તે વંશનો રાજા બીજો ધ્રુવ અથવા ધારાવર્ષ રાજ્ય કરતો હતો. તેના ઉપર મિહિર ભોજે સ્વારી કરી પરંતુ તેમા ભોજનો જ પરાભવ [૧૬]થયો. અને ફરીથી ગુર્જરોને ગુજરાત માટે નિરાશ થવું પડયું. ભોજના વખતનું એક તામ્રશાસન સં. ૯૦૦ નું જોધપુર સંસ્થાનમાંના સીવા ગામમાંથી મળ્યું છે. તેમા તે જ સીવા ગામ એક બ્રાહ્મણને આપ્યાનો ઉલ્લેખ છે. આ રાજાના પાંચ શિલાલેખો પણ મળ્યા છે. વિ. સં. ૯૩૨, ૯૩૩, અને એક સંવત્ વિનાનો એમ ત્રણ લેખો ગ્વાલિયરમાથી મળ્યા છે. અને પાંચમો હર્ષ સંવત્ ૨૭૬ (વિ. સં. ૯૩૮) નો પંજાબમા કર્ણાલ જિલ્લા તાબે પેહેવા ગામમાંથી મળ્યો છે. ભોજના રૂપાના તથા ત્રાંબાના ઘણા સિક્કાઓ રાજપુતાના અને ઉત્તર હિંદુસ્થાનમાથી મળ્યા છે. તેઓના ઉપર તેનું નામ આદિવરાહ લખેલું હોય છે. ભોજ રાજાને નાગભટ નામનો એક જ્યેષ્ઠ પુત્ર હતો એમ તેના ઉપર બતાવેલા તામ્રશાસન ઉપરથી માલુમ પડે છે. તથાપિ તે પોતાના પિતાની હયાતીમા જ મરણ પામ્યો એમ લાગે છે. કેમ કે ભોજ-

---

૧૩ ઇ. ઍ. ૧૨·૧૬૦; ૪૦·૨૩૦.

૧૪ એ. ઇ. પુ. ૯ પા. ૧૯૮.

૧૫ એ. ઇ. ૧૪ ૧૭૯ પદટિપ્પ ૩.

૧૬ ઇ. ઍ. ૧૨·૧૮૪ શ્લોક ૩૭–૪૧.

રાજ પછી તેનો બીજો પુત્ર મહેન્દ્રપાળ ગાદી ઉપર બેઠો, એમ ઉત્કીર્ણ લેખોમાં આપેલી વંશાવળી ઉપરથી સિદ્ધ થાય છે. મહેન્દ્રપાળની માતાનું નામ ચન્દ્રભટ્ટારિકાદેવી હતું.

મહેન્દ્રપાળના વખતનાં બે તામ્રશાસનો કાઠિયાવાડમા ઉના ગામમાથી મળ્યાં છે. તે ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે મિહિર ભોજે પોતાના રાજ્યકાળના આખરના વર્ષોમાં, અથવા મહેન્દ્રપાળે પોતાના રાજ્યકાળના આરંભમાં, કાઠિયાવાડ અને સ્હેજે ગુજરાત તાબે કર્યું. ઉપર કહેવામા આવ્યું છે કે મિહિરભોજે ધ્રુવરાજ ઉપર સ્વારી કરી હતી, પરંતુ તેનો પરાભવ થયો. કદાચ ભોજે ફરીથી સ્વારી કરી હશે, અને તે વખતે તેને જય મળ્યો હશે અને તેણે ગુજરાત વિગેરે તાબે કર્યા હશે. તેના એક તામ્રશાસનમા એમ લખ્યું છે કે ચાલુક્યવંશી અવનિવર્માનો પુત્ર બલવર્મા કનોજના પડિહાર સમ્રાટ ભોજદેવના પુત્ર મહેન્દ્રાયુધનો સામન્ત હતો. તેણે વલભી સંવત ૫૭૪ (વિ. સં. ૯૫૦) માં નક્ષિસપુર ચોરાશીમાં, જયપુર નામનું ગામ કર્ણવીચિકા નદીના તટ ઉપર તરુણાદિત્ય નામના સૂર્ય મંદીના ખરચ માટે અર્પણ કર્યું. બીજું તામ્રશાસન સં. ૯૫૬ નું છે. તેના ઉપરથી એમ જણાય છે કે સમ્રાટ ભોજના ઉત્તરાધિકારી ઉપર્યુક્ત મહેન્દ્રપાળનો સામન્ત, ઉપર્યુક્ત અવનિવર્માનો પૌત્ર અને બલવર્માનો પુત્ર બીજા અવનિવર્માએ—જેનું બીજું નામ યોગ [વર્મા] પણ હતું—ઉપર્યુક્ત સૂર્યમંદિરને અંબુલક નામનું ગામ અર્પણ કર્યું. આ લેખમાંજ અવનિવર્માના પૂર્વજોનાં પણ નામો આપેલા છે. સોલંકી વંશમાં કલ્લ અને મહલ્લ નામના બે ભાઇઓ મોટા રાજાઓ થઇ ગયા. કલ્લનો પુત્ર રાજેન્દ્ર હતો. તેનો પુત્ર બાહુક ધવલ હતો. [17]તેણે ધર્મ નામના રાજાનો પરાભવ કર્યો, રાજાધિરાજ પરમેશ્વર નામવાળા રાજાનો પરાભવ કર્યો અને [18]કર્ણાટકના સૈન્યને હરાવ્યું. તેનો પુત્ર અવનિવર્મા થયો. તેના પુત્ર બલવર્માએ [19]વિષઢનો પરાભવ કર્યો અને [20]જજ્જપ આદિ રાજાઓનો નાશ કરી, પૃથ્વી ઉપરથી હૂણ વંશને નષ્ટ કર્યો. તેણે ઉપર કહેલું વલભી સંવત્ ૫૭૪ નું દાનપત્ર આપ્યું. તેના પુત્ર અવનિવર્મા વિષે—જેણે ઉપર કહેલું બીજું તામ્રશાસન સ. ૯૫૬ નું આપ્યું—એમ જણાવ્યું છે કે તેણે યક્ષદાસ આદિ રાજાઓના દેશ ઉપર આક્રમણ કરી, તેઓની સેનાનો પરાજય કર્યો, અને [21]ધરણીવરાહને પરાસ્ત કર્યું. આ તામ્રશાસનો ઉપરથી બીજું એમ દેખાય છે કે, લગભગ વિ. સં. ૮૨૬ માં વલભીના મૈત્રક વંશનો નાશ થયા પછી, કાઠિયાવાડમાં સર્વત્ર અસ્વસ્થતા ચાલી રહી. તે વખતે દક્ષિણના ચાલુક્યોના, જઓનો રાષ્ટ્રકૂટ રાજા આ પહેલાં ગુજરાત ઉપર અમલ હતો. કાંઇ ભાયાતો નશીબ કાઢવા માટે કાઠિયાવાડમાં આવી વસ્યા, અને તેઓએ એક નાનું રાજ્ય ઉના તરફ સ્થાપ્યું. પ્રતિહાર ભોજે ઉપર કહ્યા પ્રમાણે જ્યારે કાઠિયાવાડ જીત્યું, ત્યારે તેઓએ તેનું માંડલિકત્વ સ્વીકાર્યું. કર્પૂરમંજરી, વિદ્ધશાલભંજિકા, બાલરામાયણ, બાલભારત, વિગેરે પુસ્તકોના કર્તા પ્રસિદ્ધ કવિ રાજશેખર આ મહેન્દ્રપાળનો ગુરુ હતો. તેણે પોતાનાં કાવ્યોમાં મહેન્દ્રપાળને રઘુકુલતિલક કહી ગુર્જર રાજાઓનો સંબંધ રઘુવંશ સાથે બનાવ્યો છે.

---

૧૭ આ રાજા કોણ હતા તે સમજાતું નથી.

૧૮ ઉપર કહ્યા પ્રમાણે યદિ મિહિરભોજે કાઠિયાવાડ તાબે કર્યું હશે તો આ સૈન્ય રાષ્ટ્રકૂટોનું હોવું જોઈએ. રાષ્ટ્રકૂટો સાથે પ્રતિહાર રાજાના માંડલિક તરીકે બાહુક લડયો હશે.

૧૯–૨૦ આ રાજાઓ વિષે કાઇ માહિતી મળતી નથી.

૨૧ ચાપ વંશનો એક રાજા. તેના વિષે વધારે માહિતી આગળ લેખમાં આવશે.

મહેન્દ્રપાળનો ઉત્તરાધિકારી તેનો પુત્ર ભોજદેવ (બીજો) થયો. પરંતુ તેણે થોડા કાળ સુધી રાજ્ય કર્યું એમ દેખાય છે.

તેના પછી તેનો નાનો ભાઇ મહીપાળ અથા ક્ષિતિપાળ ગાદી ઉપર બેઠો. તેના વખતનું એક તામ્રશાસન શક સંવત્ [૨૨]૮૩૬ (વિ. સં. ૯૭૧) નું કાઠિયાવાડમાં વઢવાણ પાસે હડાળા ગામમાંથી મળ્યું છે. તેના ઉપરથી એમ દેખાય છે કે, કાઠિયાવાડમાં 'વર્ધમાનામાં' (વઢવાણમાં) ચાપ કરીને એક નાનો રાજવંશ રાજ્ય કરતો હતો. તે વંશમાં વિક્રમાર્ક, અડ્ડક, અને પુલકેશી રાજાઓ અનુક્રમે થઈ ગયા. પુલકેશીને બે પુત્રો હતા; એક ધ્રુવભટ અને બીજો ધરણીવરાહ. આ ધરણીવરાહ મહારાજાધિરાજ મહીપાળદેવની કૃપાથી અડ્ડુણક દેશ ઉપર રાજ્ય હતો, તેણે વર્ધમાન ગામમાંથી આમર્દક પંથના શિવદેવાચાર્યના પુત્ર માહેશ્વરાચાર્યને કંથિકા 'સ્થલી' માં વિંકલ નામનું ગામ અર્પણ કર્યું. મહીપાળના વખતનો સં. ૯૭૪ નો એક [૨૩]શિલાલેખ પંજાબમાં ફતેપૂર જિલ્લામા આસ્ની ગામમાંથી-મળ્યો છે. મહીપાળના વખતમાં પણ ઉપર્યુક્ત રાજશેખર કવિ કનોજમા હતો. તેણે મહીપાળ વિષે 'આર્યાવર્તનો મહારાજાધિરાજ અને મુરલ, મેકલ, કલિંગ, કેરલ, કુલૂત, કુન્તલ અને રમઠ દેશના રાજાઓનો પરાભવ કરનારો' એમ લખ્યું [૨૪]છે. તથાપિ મહીપાળના વૈભવનો તેના જ વખતમાં ઓટ આવ્યો એમ દેખાય છે. કેમકે દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજા ત્રીજા ઇન્દ્રરાજે કનોજ ઉપર સ્વારી કરી, મહીપાળનો ભયંકર રીતે પરાભવ કર્યો અને તેને બંગાલના ધર્મપાલ રાજાના શરણાર્થ નાસી જવું પડ્યું, એમ ઇન્દ્રરાજનાં કેટલાક તામ્રશાસનો ઉપરથી દેખાય [૨૫]છે. ઇન્દ્રરાજને તેના ધારવાડ તરફના માંડલિક રાજા નરસિંહે આ યુદ્ધમાં ઘણી મદદ કરી હતી. એમ નરસિંહના આશ્રિત પ્રસિદ્ધ કાનડી કવિ પમ્પના કહેવા ઉપરથી સ્પષ્ટ થાય [૨૬]છે. મહીપાળના આ પરાભવથી કનોજના સામ્રાજ્યને જબરદસ્ત ધક્કો પહોંચ્યો; તેના દૂરદૂરના માંડલિક રાજાઓ સ્વતંત્ર થવા લાગ્યા, અને આપણે એમ પણ માની શકીએ કે તેનો ગુજરાત કાઠિયાવાડ ઉપરનો કાબુ નિકળી ગયો.

મહિપાળ પછી કનોજની ગાદી ઉપર વિનાયકપાળ, મહેન્દ્રપાળ (બીજો) દેવપાળ, મહીપાળ (બીજો), વિજયપાળ, રાજ્યપાળ, વિગેરે લગભગ આઠ રાજાઓ [૨૭]બેઠા. તેઓમાંથી એકે રાજાના અમલ નીચે ગુજરાતનો ભાગ હતો એમ માનવા આપણી પાસે આધાર નથી. આ વચલા કાળમાં કદાચિત્ દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓનો અમલ ગુજરાત ઉપર થોડો ઘણો હશે, તો તે પણ સં. ૧૦૧૭ માં સોળંકીવંશના પ્રસ્થાપક મૂળરાજે પોતાની સ્વતંત્ર સત્તા ગુજરાત ઉપર સ્થાપિત કર્યા પહેલાં જ નિકળી ગયો હતો એટલું ચોક્સ કહી શકાય છે. મહીપાળ પછીના રાજાઓના જે કાંઇ શિલાલેખો મળી આવ્યા છે તેમાંથી એક પણ ગુજરાત સાથે સંબંધ ધરાવનારો નથી.

---

૨૨ ઇં. ઍ. ૧૨. ૧૯૦.
૨૩ ઇં. ઍ. ૧૬–૧૭૩
૨૪ ઇં. ઍ. ૧૬–૧૭૭
૨૫ એ. ઇ. ૭–૩૨
૨૬ ગુજરાત ગેઝેટીયર પા. ૪૬૬
૨૭ જુવો એ. ઇં. ૧૪–૧૦૯

ઉપરના વિવેચન ઉપરથી વાચકોના ધ્યાનમાં આવ્યું જ હશે કે, ઇ. સ. ની આઠમી શતાબ્દીની શરૂઆતથી દશમી શતાબ્દીની શરૂઆત સુધીનાં બસો વરસના કાળમા ગુજરાત ઉપર સ્વામિત્વ કરવા માટે પ્રતિહાર અને રાષ્ટ્રકૂટ રાજાઓ વચ્ચે બહુ સખત ઝગડો ચાલતો હતો. એકંદર રીતે એમ કહી શકાય કે પ્રતિહાર રાજાઓના અમલ નીચે તે પ્રાંત વધારે સુખી હતો. પરંતુ તેઓનો અમલ મહેન્દ્રપાળ અને મહીપાળ આ બે રાજાઓ સિવાય બાકીના રાજાઓના વખતમાં સર્વદા નિર્વિવાદપણે ચાલતો હતો એમ માત્ર દેખાતું નથી. ઘણી વખત તેઓને રાષ્ટ્રકૂટ રાજાઓની સામે હાર ખાવી પડતી હતી, અને છેવટે પ્રતિહાર મહીપાળની આખરના કાળમાં, રાષ્ટ્રકૂટ રાજાઓનું જોર એટલે સુધી વધી ગયુ કે તેઓએ પ્રતિહારોનો અમલ ગુજરાત ઉપરથી તો કાઢી નાખ્યો એટલું જ નહિ, પણ ઉત્તર હિંદુસ્થાનમાં કનોજ ઉપરના તેઓના અમલને સંશયિત દશા પ્રાપ્ત કરાવી. તથાપિ આ બે પ્રબળ રાજવંશનો હમેશનો ઝગડો પરિણામે બન્નેને હાનિકારક નિવડયો અને એકેક સામન્ત પોતાની શક્તિ પ્રમાણે સ્વતંત્ર થવા લાગ્યો. ચૌલુક્ય રાજા મૂળરાજની નીચે ગુજરાત તદ્દન જ સ્વતંત્ર થયું એ સર્વ પ્રસિદ્ધ જ છે. બીજી એક વાત તરફ વાચકોનું લક્ષ ખેંચવાનું છે તે આ કે અદ્યાપિ વનરાજ ચાવડાના વખતમાં પ્રતિહાર રાજાઓનો કનોજ સાથે સંબંધ ન હતો તથાપિ પાછળના કાળના પ્રબંધકારોએ ગુજરાતમાંથી ખંડણી લઇ જનારા રાજાઓ કનોજના હતા એમ માનવું સ્વાભાવિક છે.

૮ ચૂડાસમા રાજાઓના શિલાલેખો અને તેઓની વંશાવળી.

લેખકઃ—રા. રા. દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર.

જુનાગઢમાં ઘણા લાંબા કાળ સુધી-લગભગ વિ. સં. ૯૦૦ થી ૧૫૨૮ સુધી ઓછામાં ઓછાં છસો વરસ સુધી ચૂડાસમા નામનો એક રાજવંશ રાજ્ય કરતો હતો. જુનાગઢ ઉપર રાજ્ય કરનારો તે જ છેલ્લો હિંદુ રાજવંશ હતો. તે વંશનો ઇતિહાસ તૈયાર કરવાના હેતુથી હું જ્યારે તેનો અભ્યાસ કરવા લાગ્યો ત્યારે મને માલુમ પડ્યું કે તે કામ માટે ઐતિહાસિક સાધનો બહુ જ ઓછા અને અલ્પ મહત્ત્વનાં છે. તે વંશમાં ક્યા રાજાએ ક્યારે રાજ્ય કર્યું એ તો શું, પણ તેમાં કેટલાક રાજાઓ ક્યા અનુક્રમથી ગાદી ઉપર બેઠા હતા એ પણ જાણવું અત્યંત મુશ્કેલ છે. આ વંશના રાજાઓ વિશે બારોટ ચારણ વિગેરેના ચોપડાઓમાંથી જે હકીકત મળે છે વિસંગત અને ક્રમવિશ્વસનીય છે. આ વંશની કાંઇ માહિતિ આપનારો 'મંડલિક કાવ્ય' નામનો એક અમુદ્રિત કાવ્યગ્રંથ+ છે પરંતુ તે પણ ઇતિહાસને માટે બહુ ઉપયોગી નથી. જે કોઇ શિલાલેખોમાં તેઓની વંશાવળી આપી છે તેમાં એકવાક્યતા નથી. આવાં એકાધિક કારણોથી આ વંશની સમાધાનકારક માહિતિ કાઢવાનું કામ અત્યંત ત્રાસદાયક થયું-છે. ફૉર્બસ, બર્જેસ, પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા વિગેરે વિદ્વાનોએ તેઓની વંશાવળી બેસાડવા માટે ઘણી મહેનત લીધી, પરંતુ તેઓને ઠીક યશ ન મળ્યો. મેં મનમાં ધાર્યું કે જ્યાસુધી આ વંશના તત્કાલીન સંવત્વાળા શિલાલેખો મળતા નથી ત્યાંસુધી આ બધો ગોટાળો દૂર થવાની આશા બહુ ઓછી છે. તે દિશામા કાર્ય કરવાથી સુભાગ્યે મને આ રાજવંશના નીચે બતાવેલા કુલ એકવીસ *શિલાલેખો મળ્યા જેમાંથી ઘણાખરા અત્યારસુધી અમુદ્રિત છે. આ લેખોના સાહાય્યથી ચૂડાસમા રાજાઓની વંશાવળીનો ઉત્તરાર્ધ માત્ર સારી રીતે તૈયાર થઇ શકે છે. તથાપિ મળેલા શિલાલેખો જે મંડલિક નામના રાજાથી વંશાવળી આપવાનું શરૂ કરે છે તે પહેલાના કેટલાક રાજાઓ સંબંધો અત્યારે પણ કાંઇ વિશ્વસનીય માહિતિ મળતી નથી. આવી રીતે જ સંશોધન કરવાથી ભવિષ્યકાળમાં તે કામમાં કાંઇ યશ મળે તો પ્રભુ જાણે.

મહીપાળ—

૧ માંગરોળનો લેખ; સં. ૧૩૭૫ પૌષ સુદિ ૧૫.

આમાં મહીપાળદેવના રાજ્યકાળમા સોઢલે એક વાવ બનાવ્યાનો ઉલ્લેખ છે.

+આ કાવ્યની માહિતી આપનારો તેમ જ ચૂડાસમા રાજાઓના ઇતિહાસ સંબંધી ચર્ચા કરનારો લાહોરના પંડિત જયચંદ્ર વિદ્યાલંકારજીનો એક સારો લેખ હિન્દી ત્રૈમાસિક નાગરિ પ્રચારિણી પત્રિકાના ભાગ ૪ અંક ૩ માં પ્રસિદ્ધ થયો છે.

* 'કાઠિયાવાડના સંકીર્ણ લેખો' નામના મેં બનાવેલા ગ્રંથમાં તે બધા થોડા કાળમાં છપાવવામાં આવશે.

૨ હાથસણીનો લેખ; સં. ૧૩૮૬.

(આ લેખ ઇંડિયન ઍન્ટીક્વરી સન ૧૮૮૬ પા. ૩૬ મા પ્રસિદ્ધ થયો છે.)
આમા ડેપકને–જેના નામથી સં. ૧૩૮૬ મા એક વાવ બનાવવામાં આવી હતી– ' મહીશ ' રાજાએ તાલધ્વજ (તળાજા) નો અધિકારી નિમ્યાનો ઉલ્લેખ છે. આ મહીશ રાજા મહીપાળ જ હોવો જોઇએ. તેનું બીજું કારણ આ છે કે ડેપકનો પિતામહ નાગાર્જુન મહીપાળના પિતામહ મંડલીકનો સાહાયકારી હતો એમ લેખમાં લખ્યું છે.

ખેંગાર—

૧ માંગરોળનો લેખ; સં. ૧૪૦૨.

આમાં લખ્યું છે કે ખેંગારના રાજ્યકાળમાં અને તેના અધિકારી ઝાઝાના વખતમાં સાહ૦ પદ્મમાએ ચતુર્વિંશતિ પટ્ટની સ્થાપના કરી.
[આ રાજાના સંબંધનો હિ. સ. ૭૫૦ (વિ. સં. ૧૪૦૬) ફારશી તવારિખો ઉપરથી માલુમ પડે છે.]

મહીપાળ—

૧ ઓસાનો લેખ; સં. ૧૪૩૫ પૌષ સુદિ ૨ ગુરુવાર.

આ લેખ ઉપરથી એમ માલુમ પડે છે કે સં. ૧૪૩૫ માં મહારાજ શ્રી જયસિંહસુત રાઉલ મહીપાળદેવના વખતમાં ઉસા ગામમાં કાઠી લોકો સાથે ગાયોનું સંરક્ષણ કરવા માટે કાહાનો દીકરો વણલ લઢાઇમાં કામ આવ્યો.

૨ ? સં. ૧૪૩૭.

આ લેખ ઉપરથી એમ જણાય છે કે મહીપાળના વખતમાં સૂદા નામના મંત્રીની સ્ત્રીએ એક વાવ બનાવી.

મોકલસિંહ—

૧ મેસવાણનો લેખ; સં. ૧૪૪૪ માર્ગશીર્ષ કૃષ્ણ અમાવાસ્યા.

મોકલસિંહના રાજ્યકાળમાં મેસૂઆણ ગામમાં ચાવડા ધાંગના મરણની નોંધ આ લેખમાં કરી છે.

૨ ધંધુસરનો લેખ; સં. ૧૪૪૫.

(આ લેખ ઍન્ટીકવેરીઅન રિમેન્સ ઇન ધી બૉમ્બે પ્રેસિડેન્સી નામના પુસ્તકમાં પા. ૨૪૫ ઉપર છપાવ્યો છે.)
આમાં પ્રથમ ખેંગારનું નામ આપ્યું છે; પછી તેનો પુત્ર જયસિંહ, ત્યાર પછી તેના પુત્ર મહીપતિનું નામ આપ્યું છે; ત્યાર પછી મહીપતિના ભાઇ મોકલસિંહનું નામ આપ્યું છે અને કહ્યું છે કે તેણે ધુમલી ઉપર સ્વારી કરી શત્રુનો પરાભવ કર્યો.

૩ બગસરાનો લેખ; સં. ૧૪૪૮ ફાગણ સુદિ ૧ શુક્રદિને.

મોકલસિંહના રાજ્યકાળમાં નાયકિ નામની એક સ્ત્રીના સહગમનની નોંધ પ્રસ્તુત લેખમાં કરી છે.

૪ ગોરેજનો લેખ; સં. ૧૪૫૦, શક ૧૩૧૬ ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા સોમે.

મોકલસિંહના રાજ્યકાળમાં ગોરિજ ગામમાં ભીમાક ગાયોનું સંરક્ષણ કરતાં મરણ એમ આ લેખ ઉપરથી જણાય છે.

મેલિગદેવ—

૧ થી ૫ વંથળીના લેખો; સં. ૧૪૬૯ જ્યેષ્ઠ સુદિ ૭ રવૌ

એક જ વખતના આ પાંચ લેખોમાં વામનપુરમાં મહારાણાશ્રી મોકલસિંહસુત મેલિગદેવના વખતમાં તુરુષ્ક લોકો સાથે લડાઇમાં મરણ પામેલા કેટલાક યોદ્ધાઓનાં મૃત્યુની નોંધ કરેલી છે.

૬ મેસવાણનો લેખ; સં. ૧૪૭૦ આષાઢ વદિ ૭ સોમે મહારાજા મેલિગના વખતમાં મેસુઆણા ગામમાં ધણી આ આહીર વીતા લડાઇમાં મરણ પામ્યો એમ આ લેખ ઉપરથી જણાય છે.

૭–૮ વાઘેલાણાના લેખો; સં. ૧૪૭૧ ભાદ્રપદ કૃષ્ણ ૪ શનિ દિને વાઘેલાણા ગામમાં મહારાણા મેલિગના રાજ્યકાળમાં ધામલિઆ સાંડાનો દિકરો મરણ પામ્યો અને તેની સ્ત્રીએ સહગમન કર્યું તે વિષેના આ બે લેખો છે.

૯ વંથળીનો લેખ; સં. ૧૪૭૨

આ લેખ ઘણોખરો ખંડિત છે પરંતુ સુદૈવે તેમાં રાજાનું નામ અને સંવત્ સુરક્ષિત છે.

જયસિંહ—

૧ જુનાગઢ (રેવતી કુંડ) નો લેખ; સં. ૧૪૭૩ જ્યેષ્ઠ સુદિ ૫ ગુરુવાર (આ લેખ ઍન્ટીક્વેરિયન રિમેન્સ ઇન ધી બૉમ્બે પ્રેસિડેન્સી નામના ગ્રંથમાં પા. ૨૪૩ ઉપર છપાયો છે.)

આમાં એમ કહ્યું છે કે યદુવંશમાં મંડલીક રાજા થયો. તેણે મુસલમાનોનો પરાભવ કર્યો હતો. તેનો પુત્ર નવઘણ અને નવઘણનો પુત્ર ખેંગાર થયો. ખેંગારનો પુત્ર જયસિંહ અને જયસિંહનો પુત્ર મુક્તસિંહ હતો. મુક્તસિંહને મંડલીક નામનો પુત્ર થયો. તેનો નાનો ભાઇ મેલિગ હતો જેને જયસિંહ નામનો પુત્ર થયો. આ જયસિંહના સેનાપતિ દામોદરે ઝિંઝરકોટની લડાઇમાં મુસલમાનોનો પરાભવ કર્યો હતો. તેણે સં. ૧૪૭૩ માં લોકોપયોગાર્થે એક મઠ બંધાવ્યો.

મહીપાળ—

૧ મેસવાણનો લેખ; સં. ૧૪૮૮ માગસર સુદિ ૫ બુધે.

આ લેખમાં ધણાણીઆ આહીર ખેવાનું મહારાજા મહીપાળદેવના વખતમાં ગાયોનું સંરક્ષણ કરતાં થયેલ મરણની નોંધ છે.

૨ મેસવાણનો લેખ; સં. ૧૪૯૫ માઘ શુકલ ૩ રવૌ.

આમાં ગાયોનું સંરક્ષણ કરવામાં ધણાણીઆ પૂંજાનું મૃત્યુ થયું તેની નોધ કરી છે.

મંડલીક—

૧ જુનાગઢ (ઉપરકોટ) નો લેખ; સં. ૧૫૦૭

આ લેખ ઉપરથી એમ જણાય છે કે મંડલીક રાજાએ પોતાના રાજ્યાભિષેકને વખતે અમુક પ્રાણિઓની અમુક દિવસે હિંસા બંધ કરી હતી.

૨ જુનાગઢ–ગિરનારમાં નેમિનાથ મંદીરનો લેખ; સં. ? નષ્ટ થયો છે.
(આ લેખ ઍંટીકિવટીઝ ઑફ્ કાઠિયાવાડ નામના પુસ્તકમાં પા. ૧૫૯ ઉપર છપાવ્યો છે.)

આ લેખમાં ચૂડાસમા રાજાઓની વંશાવળી પ્રત્યેક રાજાના વર્ણન સાથે નીચે પ્રમાણે આપેલી છે: યદુવંશમાં મંડલીક નામનો રાજા થયો. તેણે નેમિનાથનું મંદિર બંધાવ્યું. તેનો પુત્ર નવઘણ થયો. ત્યારપછી નવઘણનો પુત્ર (૧) મહીપાળ થયો. તેણે પ્રભાસમાં સોમનાથનું મંદિર બંધાવ્યું. તેના પછી તેનો પુત્ર ખેંગાર ગાદી ઉપર બેઠો, ખેંગારનો પુત્ર જયસિંહ, જયસિંહનો પુત્ર મોકલસિંહ. તેનો પુત્ર મેલિગ, તેનો મહીપાલ અને તેનો મંડલીક આ પ્રમાણે રાજાઓ થયા.
(આ રાજાના જ વખતમાં સં. ૧૫૧૭ માં 'મંડલીક કાવ્ય' ગંગાધર કવિએ રચ્યું એમ તે કાવ્યની છેવટેનાં **ધ્વનિરससरिद्विन्द्र** શબ્દપ્રયોગ ઉપરથી લાગે છે. તથાપિ આ શબ્દોના મેં કરેલા અર્થ સંબંધી મને પોતાને જ શંકા છે.)
(આ રાજાના જ વખતમાં સં. ૧૫૨૫ મા જુનાગઢમા એક મહારુદ્રીના ગ્રંથની નકલ કરવામાં આવી હતી એમ નીચેના વાકય ઉપરથી જણાય છે:

संवत् १५२५ कार्त्तिक–दि ३ बुधे सोराष्ट्रमंडले श्रीजीर्णदुर्गे महाराय श्री मंडलीकराज्ये दुवे भाण पतेषां पुस्तकं* ।]

હવે આ લેખો ઉપરથી આપણે નીચે બતાવ્યા પ્રમાણે વંશાવળી તૈયાર કરી શકીએ.

- મંડલીક
  - નવઘણ
  - મહીપાળ સં. ૧૩૭૫
    - ખેંગાર ૧૪૦૨, (૧૪૦૬)
      - જયસિંહ
        - મહીપાળ ૧૪૩૫, ૧૪૩૭
        - મોકલસિંહ ૧૪૪૪, ૧૪૪૫, ૧૪૪૮, ૧૪૫૦
          - મંડલીક
          - મેલિગ ૧૪૬૯, ૧૪૭૦, ૧૪૭૧, ૧૪૭૨
            - જયસિંહ ૧૧૭૩
            - મહીપાળ ૧૪૮૮, ૧૪૯૫
              - મંડલીક ૧૫૦૭ (૧૫૧૭૧) (૧૫૨૫)

* આ સંવત્ મને જુનાગઢના આર્કિઑલૉજીકલ સોસાયટીના સંગ્રહના એક લખાણમાંથી મળ્યો.

ઉપર બતાવેલા જે જે શિલાલેખોમાં આ વંશની જ્યા જ્યાં થોડી ઘણી વંશાવળી આપવામાં આવી છે તેની પ્રસ્તુત વંશાવળી સાથે તુલના કરવાથી એમ દેખાય છે કે જુનાગઢનો રેવતીકુંડનો લેખ, ગિરનારનો નેમિનાથ મંદિરનો લેખ તથા ઉપર એક ઠેકાણે નિર્દિષ્ટ કરેલું મંડલિકકાવ્ય આ ત્રણેમા ચૂડાસમા રાજાઓની વંશાવળી ફક્ત પુત્રપૌત્રાદિ અનુક્રમથી આપેલી છે. પ્રાચીન કાળમાં ઘણા લેખોમાં આવી રીતે જ વંશાવળી આપેલી જોવામાં આવે છે. રેવતીકુંડના લેખના પૂર્વાર્ધમાં પુત્રપોત્રાદિ વંશાવળી જ આપી છે પરંતુ ઉત્તરાર્ધમાં ફક્ત મોકલસિંહ પછી જ્યેષ્ઠ પુત્ર મંડલીકનું નામ આપી ત્યાર પછી મંડલીકના નાનાભાઇ મેલિગનું નામ આપ્યું છે, અને આવી રીતે ઉત્તરાધિકારીનો અનુક્રમ રાખ્યો છે. નેમિનાથ મંદીરના લેખમાં પ્રથમ મંડલીક પછી જ્યેષ્ઠ પુત્ર અને ઉત્તરાધિકારી નવઘણનું નામ આપ્યું છે. ખરી રીતે જોતાં તે લેખમાં જે પુત્રપૌત્રાદિ અનુક્રમથી વંશાવળી આપી છે તેની સાથે આ વાત વિસંગત થાય છે. ખરી રીતે મંડલીક પછી તરત જ મહીપાળનું નામ આવવું જોઇએ. પરંતુ અહીંઆ આપણે એમ સમજી શકીએ કે આ લેખના લેખકને એટલું માલુમ હતું કે મંડલીક પછી નવઘણ રાજા થયો અને નવઘણ પછી મહીપાળ થયો, પરંતુ મહીપાળ નવઘણનો નાનો ભાઇ હતો, પુત્ર ન હતો. આ ઘણા જુના વખતની વાતની તેને ખબર નહતી ધંધુસરના હાનીવાવના લેખમાં વંશાવળી ઉત્તરાધિકારીઓના અનુક્રમથી આપવામાં આવી છે. બાકીના લેખોમાં મોટી વંશાવળી આપેલી જ નથી.

નેમિનાથ મંદીરનો લેખ-જેમાનો સંવત્ દુર્ભાગ્યથી નષ્ટ થયો છે તે છેલ્લા મંડલીકનો છે-જેના વખતનો સં. ૧૫૦૭ નો જુનાગઢનો લેખ અને ૧૫૧૭ (?) નું મંડલીકકાવ્ય છે એ કહેવાની જરૂર નથી. છેલ્લા મંડલીકને મેલિગ નામનો એક પુત્ર હતો એમ મંડલીક-કાવ્ય ઉપરથી માલુમ પડે છે.

ઉપર આપેલી વંશાવળીના પ્રથમ મંડલીકથી છેલ્લા મંડલીક સુધી ચૂડાસમા રાજાઓ કયા અનુક્રમથી ગાદી ઉપર બેઠા તથા તેઓએ કયાંથી ક્યાસુધી રાજ્ય કર્યું તે સાથે જોડેલા પત્રકમાં બતાવ્યું છે. બારોટ અને ચારણ લોકોના ચોપડાઓ વિગેરેના આધારથી રાસમાળા અને કાઠિયાવાડ ગૅઝેટીયરમાં પ્રત્યેક રાજાનો રાજ્યકાળ જે આપ્યો છે તેમાં આપણા શિલા-લેખોની સાહાય્યથી યોગ્ય દુરસ્તીઓ કરી પ્રત્યેક રાજાના સંવતો મેં તેમાં આપેલા છે. દિવાન અમરજીએ તવારીખ ઇ. સોરઠમાં આપેલા આ વંશના બધા સંવતો ભૂલભરેલા છે એ અહીંયા કહેવું જોઇએ. લાહોરના પંડિત જયચંદ્ર વિદ્યાલંકારજીએ નાગરી પ્રચારિણી પત્રિકામાં પૂર્વના પંડિતોએ બનાવેલી વંશાવળીઓ જે આપી છે તે પણ હું તુલનામાટે પત્રકમાં દાખલ કરૂં છું. હું માનું છું કે હવે કેટલાક વાદગ્રસ્ત પ્રશ્નો સંબંધીનો વાદ સમાપ્ત થશે.

ચૂડાસમા રાજાઓની વંશાવળી

તવાખ ઇ. સોરઠ	ગાદી ઉપર બેસવાનો વિ. સં.	રાસમાળા	ગાદી ઉપર બેસવાનો વિ. સં.	ધંધુસરનો લેખ	જુનાગઢ રેવતી કુંડનો લેખ	જુનાગઢ નેમિનાથ મંદીરનો લેખ	મંડલીક કાવ્ય	ગૌરીશંકર ઓઝા	બર્જેસ	પ્રસ્તુત લેખ	ગાદી ઉપર બેસવાનો વિ. સં.
મંડલીક (૩)	૧૨૭૦	મંડલાક(૧)	૧૩૧૬		મંડલીક	મંડલીક		મંડલીક	મંડલીક	મંડલીક	૧૩૧૬
—	—	નોઘણ (૪)	૧૩૬૨		—	નવઘણ		નવઘણ	નવઘણ	નવઘણ	૧૩૬૨
મહીપાળદેવ	૧૩૦૨	મહીપાળ(૪)	૧૩૬૪		(મં.નોપુત્ર) મહીપાળ	મહીપાળ		મહીપાળ	મહીપાળદેવ	મહીપાળ	૧૩૬૪
ખેંગાર (૩)	૧૩૩૬	ખેંગાર (૪)	૧૩૮૧	ખેંગાર	ખેંગાર	ખેંગાર	ખેંગાર	ખેંગાર	ખેંગાર	ખેંગાર	૧૩૮૧
જયસિંહદેવ	૧૩૯૦	જયસિંહ(૨)	૧૪૦૭	જયસિંહ	જયસિંહ	જયસિંહ	જયસિંહ	જયસિંહ	જયસિંહ	જયસિંહ	૧૪૦૭
—	—	મહીપાળ(૫)	૧૪૨૫	મહીપતિ	—	—	—	—	—	મહીપાળ	૧૪૨૫
મોકલસિંહ	૧૪૦૨	મોકલાસંહ (મહી.નો)પુત્ર	૧૪૨૯	મોક.(જ.)નો પુત્ર ૧૪૪૫	મુક્તસિંહ	મોકલસિંહ	મોકલસિંહ	મોકલસિંહ (મુ.) ૧૪૪૫	મોક. (મુક્ત.)	મોકલસિંહ	૧૪૪૦
—	—	—	—		—	મેલગદેવ	મેલગદેવ	—	મેલગ	|	
મધુપત	૧૪૧૨	—	—		મધુપ	મહીપાળ	મહીપાળ	—	મહીપાળ-મધુ.	|	
મંડલીક (૪)	૧૪૨૧	મંડલીક (૨)	૧૪૫૩		મંડલીક	મંડલીક	મંડલીક	મંડલીક	મંડલીક	મંડલીક	૧૪૫૨
મેલગ (મંડલીકનો)ભાઇ	૧૪૩૯	મેલિગ (મંડ નો)ભાઇ	૧૪૫૬		મેલિગ (મંડ.નો ભાઇ)			મેલિગ (મંડ.નો) ભાઇ	—	મેલિગ	૧૪૫૬
જયસિંહદેવ (૨)	૧૪૬૮	જયસિંહ(૩)	૧૪૭૧		જયસિંહ ૧૪૭૩			જયસિંહ ૧૪૭૩	જયસિંહ	જયસિંહ	૧૪૭૨
										મહીપાળ	૧૪૮૬
										મંડલીક (મેલિગ)	૧૫૦૬

૯ સંશોધક દૃષ્ટિએ અફઘાન અમલ ઉપર પ્રકાશ.

(કેટલુંક નવીન સ્પષ્ટીકરણ.)

લેખક:-રા. રા. કેશવલાલ હિંમતરાય કામદાર.

વિષયનું તારણ.

આરંભ:—હિંદી ઇતિહાસના પાંચ મુખ્ય ભાગ.

(૧) અફઘાન સલ્તનત ઐતિહાસિક દૃષ્ટિવાળી હતી.
(૨) અફઘાન ઇતિહાસકારો અતિશયોક્તિ કરતા,
(૩) એક પક્ષી હતા, ને ઘણે ભાગે રાજકીય વૃત્તાંતો તરફ લક્ષ આપતા. શૈલી તેમને વધારે પ્રિય હતી.
(૪) અફઘાનોની સ્વતંત્ર સત્તા ઉત્તર હિંદમાં જામવાથી હિંદુસ્તાન મોટે ભાગે વાયવ્ય કોણ તરફના હુમલાઓથી બચવા પામ્યું.
(૫) જંગલી મોગલોને હાંકી કાઢનાર અફઘાન સુલતાનોએ સમગ્ર હિંદની સેવા કરી.
(૬) થોડા કાળમાં અફઘાન લોકો હિંદને પોતાની માતૃભૂમિ ગણવા લાગ્યા.
(૭) અફઘાન અમલથી બૌદ્ધધર્મને નુકશાન થયુ.
(૮) અફઘાન અમલથી હિંદુસ્તાન, ને ચીનના પરસ્પર સંબંધમાં ફાચલ પડી ગઇ.
(૯) અફઘાન અમલ લશ્કરી સરદારો હસ્તુ હતો.
(૧૦) સુલતાન આ લશ્કરી મંડળનો ચુંટી કઢાએલો મુખ્ય અમલદાર ગણાતો.
(૧૧) અફઘાન અમીરાત વ્યક્તિગત હતી.
(૧૨) અફઘાન કારકીર્દીથી શરૂઆતથી જ, હિંદમાં કેન્દ્રસ્થ વહિવટ વ્યક્તિગત બન્યો.
(૧૩) અને આર્યનીતિશાસ્ત્રમા દર્શાવેલ પ્રધાનમંડળની વ્યવસ્થા નાશ પામી.
(૧૪) અફઘાન અમલ લશ્કરી હતો, તેમા સહૃદયતાની ખામી હતી.
(૧૫) તેઓ હિંદુઓ સાથે સહકાર કરી શકયા ન હતા.
(૧૬) તે વખતે ગુલામોની સત્તા હદપાર હતી.
(૧૭) હિંદુઓએ અફઘાનોને કિલ્લા, બાંધકામ, સ્થાપત્ય, ગજયુદ્ધકળા, વગેરે શીખવ્યાં.
(૧૮) અફઘાન અમલ દરમ્યાન દક્ષિણ હિંદ સમૃદ્ધિમાન્ હતું.

આપણા દેશના ઇતિહાસના મુખ્યત્વે પાચ ભાગ થઇ શકે છે. પહેલા ભાગમાં આર્ય સંસ્કૃતિનો આખા હિંદની ભૂમિમાં પ્રસાર થાય છે. આ વેળા આર્ય લોકોએ ધર્મ, સાહિત્ય, કળા વગેરેનાં પોષણ કરેલાં. ઘણા લેખકો આ સંસ્કૃતિ કે ઇતિહાસને વેદના, ઉપનિષદના, બૌદ્ધ, જૈન, સંસ્કૃત અને પૌરાણિક, એવા ભાગોમાં વિભક્તિ કરી નાંખે છે; પણ તે વિભાગ માત્ર લેખક કે વિચારકની અનુકૂળતાની ખાતર જ કરવામાં આવે છે. ખરી રીતે, તે આખી સંસ્કૃતિ આર્ય સંસ્કૃતિ જ છે અને જે જે અભિઘાતો હિંદની બહારથી આ સંસ્કૃતિ ઉપર કરવામાં આવ્યા તે બધા અભિઘાતો આપણા ઇતિહાસના સાગરમાં સમાઇ ગયા અને અભિઘાત કરનારી બધી જાતિઓને આર્ય સંસ્કૃતિનાં મુખ્ય-તત્ત્વો સ્વીકારવાં પડયાં.

આપણા ઇતિહાસનો બીજો ભાગ અફઘાન કાળનો છે. જે ટોળાંઓ, પંજાબ, દિલ્હી, કનોજ, બહાર, બંગાળા, માળવા, ગુજરાત, વગેરે પ્રાંતોમા અફઘાનિસ્તાન તરફથી આપણા દેશ ઉપર વારંવાર ધસી આવતાં ને છેવટે ત્યા પોતે નિવાસ કર્યો; તે ટોળાંઓનો ધર્મ આગળ ઉપર ધસી આવતા ટોળાંઓના ધર્મથી તદ્દન ભિન્ન હતો તેઓના વડવાઓ ઇસ્લામમા થોડી મુદ્દત ઉપર જ ભળી ગયા હતા અને તેથી હિંદુસ્તાનમા જ્યારે તે બધાં આવ્યાં ત્યારે તેમની રાજ્યવ્યવસ્થા આપણી પુરાતન આર્ય વ્યવસ્થાથી તદ્દન ભિન્ન જ થઇ. તેઓ આપણી પુરાતન સંસ્કૃતિના પોષક બનવાને બદલે તદ્દન વિઘાતક જ બન્યા અને તેથી આપણા ઇતિહાસનો આ સમય બીજા બધા સમય કરતા જુદો જ તરી આવે છે.

ત્રીજો કાળ મુગલાઇનો છે. હિંદુ ધર્મ અને ઇસ્લામનું એકીકરણ આ કાળમા થાય છે. હિંદુઓનુ પ્રાંતિકપણું આ સમયમા વિલુપ્ત થાય છે અને લગભગ આખા દેશમા એકચક્રી રાજ્ય ચાલે છે.

ચોથો કાળ પાછો અંધાધુંધીનો આવે છે. મરાઠાઓ મુગલાઇની જગ્યા લેવા જતાં પોતાની સત્તા ગુમાવી બેસે છે. તે જ વખતમાં ઇંગ્રેજો વેપારી મટી રાજ્યકર્તાઓનો વેશ ધારણ કરે છે અને ઘણી નિષ્ફળતાઓ પછી તેઓ આપણા દેશમા મુગલાઇથી પણ ચડતી રાજ્યવ્યવસ્થા દાખલ કરે છે.

પાંચમો સમય આપણે હજુ હમણાં જ શરૂ કર્યો છે. ઇંગ્રેજોના નોકરશાહી અમલથી હિંદની પ્રજાઓ કંટાળી જતાં તેઓ રાજ્ય કારભારની જવાબદારી પોતાને શિર લેવાની શરૂઆત કરી ચુકી છે. આ કાળના લક્ષણો પણ નોંધવા જેવા છે. પ્રાચીન ઇતિહાસમાં ઘણી વાર નોંધાએલું એકચક્રી રાજ્ય, એક પ્રકરણીય રાજ્યવ્યવસ્થા, લોકનિયુક્ત ધારાસભાઓ અને ધારાઓ, લોકમતને અનુસરતી રાજ્યનીતિ, અને જગતની આર્થિક તેમ જ રાજકીય પ્રગતિઓ સાથેનો આપણો સહકાર—એ તુરત જ જણાઇ આવતાં ખાસ લક્ષણો છે.

આ નિબંધનું પ્રયોજન અફઘાન સમયના કેટલાંક વિશિષ્ટ લક્ષણો નોંધવાનું છે.

મુસલમાની રિયાસતનું મુખ્ય લક્ષણ તે મુસ્લીમ ઐતિહાસિક દૃષ્ટિ છે. એ સમયમાં મુસલમાની રાજ્યોની સ્થિતિ આપણને સાધારણ રીતે પૂરતી મળી આવે છે. અલબત્ત, મુસ્લીમ ઇતિહાસકારો આપણા સમયના જેવા હતા નહિ. તેમની ઐતિહાસિક વાસના બહુધા તેમના ધર્મ પરત્વે અને તેમના રાજ્ય વિપ્લવો પરત્વે રહેતી. તેઓ રાજ્યવ્યવસ્થા કે શાસનપદ્ધતિઓ ઉપર ઘણો જ ઓછો ઉહાપોહ કરતા. તેઓ દેશની આર્થિક સ્થિતિ ઉપર તેમનાં લખાણોમાં ઝાઝું વર્ણન કદી આપતા નહિ. એવી હકીકતો આપણે મુસલમાની ઇતિહાસકારોમાં નહિ પણ મુસલમાની મુસાફરોનાં લખાણોમાં જોઇ શકીએ છીએ. છતાં પણ તેમણે કરેલું સમકાલીન ઐતિહાસિક આલેખન આપણી રાજકીય વિક્રાંતિઓ સમજવાને માટે અત્યારે તો અમુક અંશે મુખ્ય ને પુષ્કળ સાધન કહી શકાય. શાસ્ત્રીય ઇતિહાસ લેખનપદ્ધતિ માત્ર છેલ્લા સૈકામા જ વિકાસ પામી છે અને મુસલમાની ઇતિહાસકારો તે જ વખતના યુરોપના કે બીજા દેશના ઇતિહાસકારો કરતાં જરા પણ ઉતરતા ન

હતા. એક પ્રજાના કે રાજ્યના ઇતિહાસમાંના ચિત્રમાં આર્થિક કે સામાજિક સ્થિતિની તેની પ્રગતિ ઉપરની કે સાહિત્યની ઇતિહાસના વિકાસ ઉપરની અસરોનું સિંહાવલોકન આવવું જોઇએ તે આપણો જ સમય સમજતો થયો છે.

ઘણી વાર આ મુસલમાની લેખકોના વચનો અતિશયોક્તિ ભરેલાં પણ જોવામા આવે છે. ઇતિહાસકાર તેમ સાહિત્યકાર એ બન્નેનું ગૌરવ જળવાઇ રહે તેવો તેમનો પ્રયાસ જોઇ શકાય છે; પણ ઇતિહાસ ને સાહિત્યની ભિન્નતા આ સમયમાં આપણે અન્યત્ર પણ જોઇ શકતા નથી. આ કારણથી આ ઇતિહાસકારોમા ઇતિહાસને અલંકારમય કરવાના પ્રપંચો આપણે ખાસ જોઇએ છીએ. તેમનું ધર્માંધપણું એ બીજું લક્ષણ છે. આ કારણથી આપણે તેમનાં લખાણોમાં બહુ વજન મૂકી શકીએ નહિ. સો હિંદુઓ માર્યા ગયા હોય ત્યા તેમના લખાણોમા હજારો હિંદુઓ માર્યા ગયાની બીનાઓ જાહેર કરેલી જોવામાં આવશે. દુર્ભાગ્યે હિંદુ તવારીખના અભાવે આ અતિશયોક્તિઓ આપણે દૂર કરી શકીએ તેમ નથી. છતા એ અતિશયોક્તિઓ ન હોય તેમ માનવાનું કારણ પણ નથી.

કુતબુદ્દિન આઇબાકના વખતમા ઉત્તર હિંદમાં મુસલમાની સ્વતંત્રતાનો પાયો નંખાયો. તે અગાઉ મુસલમાનો પંજાબ અને વર્તમાન સંયુક્ત પ્રાંતો, તથા ગુજરાત અને સિંધ ઉપર ચઢી આવેલા; પણ પંજાબ ને સિંધ સિવાય તેઓએ આપણા દેશના કોઇ પણ ભાગમાં કાયમનાં થાણાં નાખ્યાં ન હતા. સિંધના મુસલમાનો અરબો હતા, અને કાળક્રમે તેઓ બીજી એશીયાની ઇસ્લામી રિયાસતો ને પ્રજાઓથી છૂટા થઇ ગયા. પંજાબનો પશ્ચિમનો ભાગ વચમા મુસલમાની અમલ નીચે ગઝનીથી સ્વતંત્ર બનેલો પણ તે માટે થોડા વખત માટે જ શાહબુદ્દિન ઘોરીએ જોસભેર, ઉપરા ઉપરી, પંજાબ ઉપર ધસારાઓ કર્યા તેનું પરિણામ હિંદુઓના પરાજયમા આવ્યું અને મુસલમાનોએ ઇ. સ. ૧૨૦૬ માં દિલ્હીમાં પાયતખ્ત કર્યું. કુતબુદ્દિન પોતે ગુલામીથી સલ્તનત ઉપર આવેલો; પણ તેણે તખ્તશીન થયા પછી તુરત જ ગઝનીથી સ્વતંત્રતા જાહેર કરી અને ઉત્તર હિંદુસ્તાનના મુસલમાનો હિંદીઓ તરીકે પોતાના દેશનો બચાવ કરવા લાગ્યા. આ વિશિષ્ટતા આપણે ખાસ નોંધવા જેવી છે. ઘણી વાર હિંદુસ્તાનના મુસલમાનોને હિંદની બીજી પ્રજાઓ વિરુદ્ધ ઉઠાવવા માટે તેમની વચ્ચેનો પરસ્પર કૃત્રિમ વિરોધ જાહેર કરવામાં આવે છે. અલબત, ધર્મનો વિરોધ બન્ને પ્રજા વચ્ચે જે હતો તે હજુ પણ ચાલુ છે; પણ ખાસ કરીને પરદેશી હુમલાઓ સામે ઘણી વાર મુસલમાનો અને હિંદુઓ બન્નેએ સાથે રહીને બચાવ કર્યો છે. અફઘાનોના અમલ વખતે ઘણી વાર મોગલોના ટોળેટોળાં તીડની માફક આપણા દેશ ઉપર ચઢી આવેલાં; તૈમુર એ ટોળાનો પ્રચંડ સેનાની જગજાહેર છે. પણ દરેક વાર મુલતાન, સરહિંદ, આગ્રા, અને દિલ્હીના પ્રાંતોના હિંદુઓએ મુસલમાનોને મદદ કરેલી જોવામાં આવે છે. અફઘાન સલ્તનતની ગઝની પરત્વેની સ્વતંત્રતા એ આ સમયનું બીજું લક્ષણ છે.

આ લક્ષણનું સુંદર પરિણામ પણ જાણવા જોગ છે. એ સમયના મુસલમાની ઇતિહાસકારો ઘણી વાર પોતાના અસલ વતન તરફ અનુરાગ દર્શાવે તે સ્વાભાવિક છે. પણ હિંદ તેમની માતૃભૂમિ છે અને તેનાં યશોગાન કરવાનો તેમનો મુખ્ય ધર્મ છે તે પણ

એમાંના કેટલાક લેખકો ભૂલી જતા નથી. અમીર ખુશરૂ આવો એક લેખક હતો. તેનો જન્મ ઇ. સ. ૧૨૫૬ માં થયો હતો અને તે ઇ. સ. ૧૩૨૫ મા અવસાન પામ્યો. મુસલમાનો તેને **હિંદનો પોપટ** કહેતા. તેની દિવાનો હજુ પણ મશહુર છે. તે "આશિકા" નામના પોતાના ગ્રંથમાં લખી ગયો છે કે:–"પાંડિત્યમાં દિલ્હી બોખારા કરતા કોઇ રીતે ઉતરતું નથી. ગંગા અને હિંદનો વતની ટાગ્રિસ અને નીલના મુલકોના વતનીઓ સાથે ખુશીથી ટક્કર ઝીલી શકશે. જે માણસ માત્ર ચીનનું બુલબુલ જ જુએ તેને હિંદુસ્તાનના સુડાની સુંદરતાનો ખ્યાલ કેમ આવી શકે? ખોરાસાનનો વતની દરેક હિંદને મૂર્ખ ગણે તો તે હિંદના પાનના બીડાની કીંમત કેમ કરી શકે? તે તો તેને મન ઘાસના જેટલું જ તુચ્છ લાગવાનું. પરદેશી અંજીર કરતાં હિંદનું આમ્રફળ કેટલું વધારે મધુર છે? હિંદ દેશ દુનીઆના બધા દેશો કરતાં વધારે સમૃદ્ધિમાન્ ને વસ્તીવાળો છે. હિંદુસ્તાનને બધાએ સ્વર્ગસમાન લેખવો જોઇએ. જો હિંદુસ્તાન દેવભૂમિ ન હોત તો આદમે અને મયૂરે સ્વર્લોક પરથી અહિં હિંદમા વાસ કેમ કર્યો હશે?" મુસલમાની તખ્ત આપણા દેશમાં કાયમ થયા સો વર્ષ પણ હજુ થયાં નથી ત્યા જ આવા ઉદ્દગારો એક મુસ્લીમ રાજ્યકવિ અને રાજ્યલેખક કાઢે એ તે વખતના પરદેશી અફઘાનોનું સ્વદેશી હિંદીપણામાં પરિવર્તન થવાનું અદ્દભુત પણ સ્વાભાવિક ઉદાહરણ છે.

અફઘાન સુલતાનો અને અમીરોએ જેવું ઉત્તર હિંદનું પરદેશીય હુમલાઓથી રક્ષણ કર્યું છે તેવું બીજી કોઇ હિંદની સત્તાએ કદાચિત્ નહિ કર્યું હોય. આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે જો ઇંગ્રેજો પોતાના હિંદી લશ્કરને સારા પાયા ઉપર ન રાખે તો અફઘાનો કે રૂશિઅનો ને સરહદ ઉપરની તોફાની ટોળીઓ આપણા ઉપર એકદમ ધસી આવે. તેથી ઇંગ્લંડે આપણું આગળ ઉપર કદી કોઇએ નહિ કરેલું એવું અદ્દભુત રક્ષણ કર્યું છે. ઇંગ્લંડની આ દલીલમાં સ્વાર્થ કરતાંયે અતિશયોક્તિ વધારે રહેલી છે. સીખ લોકોએ પંજાબનું કાબલીઓથી રક્ષણ કરેલું એટલું જ નહિ પણ કાબુલીઓને પંજાબમાંથી તેઓએ હાંકી કાઢેલા પણ ખરા. સ્વદેશ પ્રીતિથી ઉભરાઇ ઉઠતી હિંદની મોટી પ્રજા અત્યારે અફઘાનીસ્તાનની પ્રજા વિરુદ્ધ પોતાનો બચાવ કરી શકે નહિ તે માનવા જેવું નથી. છતાં પણ અફઘાનોથી ઘણા વધારે જંગલી લોકો વિરુદ્ધ, અત્યારથી પણ વધારે, પરસ્પર લડી મરતા હિંદીઓએ અફઘાન સમયમાં પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કરેલું તે ભુલી જવું જોઇએ નહિ. ઇલ્તમ્સના વખતથી તે ઠેઠ તૈમુરના વખત સુધી, એટલે કે ઇ. સ. ૧૨૧૨ થી તે ઇ. સ. ૧૩૯૮ સુધી લગભગ ૧૮૬ વર્ષ સુધી મોગલો આપણા દેશના વાયવ્ય કોણ ઉપરથી ઘણી વાર ધસી આવેલા. ઇલ્તમ્સના વખતમાં ચિંઘીસખાને ખીવાના સુલતાન જલ્લાલુદ્દિનને સિંધુ નદીના તીર ઉપર હરાવ્યો મોગલોએ મુલતાનને ચાળીસ દિવસ સુધી ઘેર્યું. કુતબુદ્દીના વીર સરદાર નાસીરૂદ્દિને મુલતાનનો બહાદુરી ભરેલો બચાવ કર્યો. સુલ્તાન જલ્લાલુદ્દિનની નજર આ વાર દિલ્હી ઉપર હતી. પણ ઇલ્તમ્સ પોતે ઘણો જ બાહોશ સુલતાન હતો અને તેના લશ્કરી બળ આગળ પોતે નહિ ફાવે એમ ધારી જલ્લાલુદ્દિન સિંધ ને પછી સીસ્તાન તરફ ચાલ્યો ગયો. ઇલ્તમ્સ પછી બાલ્બન સુલતાને પણ પોતાના લશ્કરી બળથી મોગલોને હિંદ ઉપર આવતા અટકાવ્યા. એક યુદ્ધમા તેનો શાહજાદો મહમ્મુદ પોતાનો જાન પણ ખોઇ બેઠો. અલ્લાઉદ્દિનના વખતમાં પણ મોગલ લોકોનો ત્રાસ ઓછો ન હતો. તે સુલતાને

પણ મોગલોને ત્રાસ આપવામાં બાકી રાખી ન હતી. કેટલાક મોગલો દિલ્હીમાં આવીને વસ્યા તે સ્થળને, તેમના વસવાટને, મોગલપરા નામથી ઓળખવામાં આવ્યું. ઘણા મોગલો સુલતાની લશ્કરમાં દાખલ થયા. તેમાંના કેટલાક અમીરાતની જગ્યા ઉપર ચડયા. મહમ્મદ તઘલકના સમયમાં મોગલ અમીરોનો એક ખાસ પક્ષ જામ્યો હતો. અને તેમના ઉપર તે સુલતાનની પ્રીતિ પણ ઘણી હતી, કારણ કે અણીને પ્રસંગે તુર્ક બચ્ચા કે તુર્કી અમીરો અને હિંદુ સરદારોની સામે તે પક્ષનો ઉપયોગ થઇ શકે. આ મોગલ સવારીઓ છેલ્લી તૈમુરની સવારી જેવી ન હતી. તૈમુરના વખતના મોગલો ઇસ્લામી હતા અને ઇરાન, ગઝની, સમરકંદ, બોખારા, વગેરે સ્થળોની સંસ્કૃતિના પરિચયથી તેઓ સંસ્કારી બન્યા હતા. પણ ઇલ્તમ્સ, બાલ્બન, અને અલ્લાવદ્દિનના વખતના મોગલો રોમના સામ્રાજ્ય ઉપર ચડી આવેલા હૂણો, જર્મનો, ગોથ, પિકટ ને સ્કોટ લોકોના જેવા હતા. અમીર ખુશરૂ આ લોકોનું આબેહૂબ વર્ણન આપે છેઃ—આ મોગલો ઉંટ ઉપર સવારી કરતા. યુદ્ધ વેળા તેઓ મોટા સરદારો જેમ લડતા. તેમનાં શરીર વજ્ર જેવા હતાં. તેઓ ઘેટાંની ચામડીની ટોપીઓ પહેરતા. તેમના મોઢાનો રંગ દેવતાના અંગારા જેવો દેખાતો. તેમની આંખો એટલી બધી તો ઝીણી હતી ને તેમની દૃષ્ટિ એટલી બધી તો તીવ્ર હતી કે તેથી કોઇ વાસણમાં વીંધ પણ પડી શકે એમ બીક લાગતી. તેમનો દુર્વાસ તેમના શરીરના રંગથી પણ વધારે ભયાનક હતો. તેમની ડોક એટલી તો ટુંકી હતી કે માથું ને ધડ એકજ હોય એમ લાગતું. તેમના ગાલ પોચા ચામડાની કોથળીઓ જેવા હતા. તેમાં ઘણા ગાંઠાઓ અને કરચલીઓ નજરે આવતી. તેમનાં નાક એટલાં તો પહોળાં હતાં કે તેમનો વિસ્તાર એક ગાલથી બીજા ગાલ સુધી આવતો. તેમનાં મોઢાં પણ તેટલાં જ પહોળા હતાં. તેમનાં નસકોરાં કોઇ જૂનાં ખંડેરની ગુફાઓ જેવાં દીસતાં ને તેમાંના વાળ ઠેઠ હોઠ સુધી જતા. તેમની મૂછો બહુ લાંબી હતી. દાઢી તો તેમને ઉગતી જ નહિ. તેમની છાતીનો રંગ અરધો કાળો ને અરધો સફેદ હતો ને તેના ઉપરની બેસુમાર લીંખ ને જૂઓ ખરાબ જમીન ઉપર ધોળા તલ વેરાણા હોય તેવો દેખાવ આપતી. તેમના આખા શરીર ઉપર આવી જીવાતો જોવામાં આવતી. તેમની ચામડી જોડા કરવાના કાર્યમાં ખપ લાગે તેવી હતી. તેઓ કુતરાં ને ડુક્કરો ખાઇ જતા. એકનું વમેલું બીજો ગળી જતો. ઇશ્વરે તેમને નરકમાંથી જ ઉત્પન્ન કર્યા હોય તેમ જણાતું ને તેમનો દેખાવ સફેદ રાક્ષસો જેવો લાગતો. ”

આવા જંગલી લોકોએ ઇરાન, અફઘાનિસ્તાન, ઇરાક, એશીઆ માઇનોર, હંગરિ, ચીન, ને રૂશીઆના પૂર્વ ભાગોમાં કાળો કેર વર્તાવેલો ને તેમણે સંસ્કૃતિનાં અનેક ચિહ્નોને ભોંભેગાં કરી દીધેલાં. હજુ પણ તેમની જુલમી મુસાફરીઓની અસરો તદ્દન ભુંસાઇ ગઇ નથી. આપણા દેશમાં પણ તેઓ મુસલમાનો કરતા પણ વધારે કેર આપણા પરાજયે વર્તાવત. ઉત્તર હિંદનાં મુસ્લીમ રાજ્યોએ દક્ષિણ, ગુજરાત, માળવા, રાજપુતસ્થાન અને બહાર તથા બંગાળાની પ્રજાઓનું આ જંગલી મનુષ્યસંહારકો સામે જીવના ભોગે પણ રક્ષણ કર્યું અને તેથી મુસ્લીમ તથા આર્ય સંસ્કૃતિઓને ધૂળ ભેગી થતી અટકાવી. અફઘાન સલ્તનતોનું આ એક વિશિષ્ટ લક્ષણ આપણે લેખીશું. આપણા ઇતિહાસકારો બાલ્બન અને અલ્લાવદ્દિને મોગલો ઉપર વર્તાવેલા ત્રાસને વખોડતી વેળા તેમના અમલે કરેલી આપણા દેશની સેવા

તદ્દન ભૂલી જ જાય છે. ઇ. સ. ૧૨૦૬ ની સાલ પછી તૈમુરના સિવાય અફઘાનિસ્તાનને માર્ગે કે આપણા વાયવ્ય કોણના માર્ગે બીજા કોઇ આવનાર લશ્કરે દિલ્હીની ગાદીનો પરાજય કર્યો નથી. મુલતાન અને લાહોરના પ્રાતો–March lands–સરહદ ઉપરના બચાવ માટેના પ્રાતો તરીકે કામ કરતા હતા. તેમના ઉપર હમેશા ચુંદા લશ્કરી સરદારો રાખવામા આવતા. એ સરદારો મોગલો સામેના પોતાનાં વિજયી લશ્કરની મદદથી દિલ્હીની ગાદી પચાવી પાડતા. જલાલુદ્દિન ખિલજીએ તેમ કરેલું; ખિઝરખાં સૈયદે તેમ કરેલું; ને બહિલ્લોલ લોદિએ દિલ્હીના તખ્તનો એમ જ માર્ગ કર્યો.

જયારે ઉત્તર હિંદ મુસલમાનોના હાથમાં ગયું ત્યારે ત્યાંના લોકો વેદ ધર્મમાં માનતા. અલબત, બૌદ્ધનું જોર હજુ હિંદુસ્તાનમાં હતું પણ કાળક્રમે તે ક્ષીણ થતું જતું હતું. ઉત્તર હિંદનો કોઇ રાજા આ વખતે બૌદ્ધ નહતો. મુસલમાનોથી હાર ખાનારાઓ બૌધ્ધો નહિ પણ હિંદુઓ જ હતા. પરંતુ બહાર અને બંગાળામાં અને દક્ષિણ હિંદમાં બૌધ્ધોને જૈનો હજુ છુટા છવાયા હતા. મુસલમાની ઇતિહાસકારોના લખાણ ઉપરથી તથા બંગાળી સાહિત્ય ઉપરથી જણાય છે કે આપણા દેશના પૂર્વ ભાગમા હજુ પણ બૌદ્ધ મઠો નભી રહ્યા હતા. આ બૌધ્ધો ચારિત્રમા અને પાંડિત્યમાં તેમના પૂર્વજોથી ઉતરતા હતા પણ મુસલમાની અમલ પછી ઉત્તર હિંદમાં આપણે બૌદ્ધમત સંબંધી કાંઇ હજુ સુધી જોઇ શક્યા નથી. બૌદ્ધમતનો સદંતર વિનાશ હિંદમા કેમ થયો તેનો ખાસ અભ્યાસ કરવાની જરૂર છે પણ ઉત્તર હિંદમાં મુસલમાનોનો પ્રવેશ એ પણ ઘણાં કારણોમાનુ એક કારણ હોય તેમ જણાય છે. જ્યારે બખ્તયાર ખીલજીનું લશ્કર બહાર ઉપર અકસ્માત ધસી પડયું ત્યારે તેણે ઘણા "બ્રાહ્મણો" નો વધ કર્યો તેમ ઇતિહાસકાર લખે છે. તે જણાવે છે કે "તેમના માથા બોડેલાં હતાં અને તેમના વિહારોમા મોટી સંખ્યામાં પુસ્તકો મળી આવ્યા. જયારે મુસ્લીમોએ આ પુસ્તકો જેયા ત્યારે તેમણે કેટલાક લોકોને તેમનો અર્થ સમજાવવાને બોલાવ્યા; પણ તેમણે જવાબ આપ્યો કે અર્થ સમજાવનાર બધા વિદ્વાન્ પુરુષોની કતલ થઇ ગઇ હતી. તેથી તેમનામાથી કોઇ પણ અર્થ સમજાવવા શક્તિમાન્ નથી." મુસલમાની સરદારોને મન આ બધા મુસલમાનેતર હિંદુઓ જ હતા; તેમને મન બ્રાહ્મણ, બૌદ્ધ, અને જૈનનો ભેદ પ્રથમથી ભાગ્યે જ હોઇ શકે. તેઓ અભ્યાસી તરીકે કે મુસાફરો તરીકે નહિ પણ માત્ર સિપાહઓ તરીકે હિંદમાં આગળ વધતા. માળવા, બંગાળા, બહાર અને ઉત્તર હિંદમાં તે વાર અસ્ત પામતા બૌદ્ધ મતનું ત્વરિત ખંડન કરવામાં મુસલમાનો કેટલેક અંશે સહાયભૂત થયા છે એમ માનવામા કશી અતિશયોક્તિ નથી. ચંદ બારોટ પણ પોતાના "રાસા" માં પૃથ્વીરાજના નજીકના પૂર્વજો બૌદ્ધ મતના પક્ષપાતી હતા એમ જણાવે છે. શ્રીયુત વૈદ્ય આ આધારે બૌદ્ધમતના પ્રસારને અને સ્વીકારને હિંદના પરાજયના કારણરૂપ માને છે. પણ તે માન્યતા અતિશયોક્તિ ભરેલી અને બૌધ્ધોને ને જૈનોને અન્યાય આપનારી છે. માત્ર અહીં એટલું જ કહેવાની જરૂર છે કે બૌધ્ધો કે જૈનો નહિ પણ હિંદુઓ મુસ્લીમો પાસે સ્વતંત્રતા ખોઈ બેઠા. ઉત્તર હિંદના વૃદ્ધ, શિથિલ તથા નિર્બળ અને સંખ્યાએ ક્ષીણ થતા જતા બૌદ્ધમતને સ્હેજ વ્હેલા પણ સદંતર મૃત્યુને વશ કરવામાં હિંદુઓની પ્રતિસ્પર્ધા કરતા મુસલમાનોને હાથે થએલા બૌદ્ધ ભિક્ષુકોનો વધ અને તેમણે બાળેલા કે તોડેલા બૌદ્ધ વિહારો અને તેમણે ભસ્મીભુત કરેલી એ બૌધ્ધોની અતિ ઉપયોગી

સાહિત્યસામગ્રી, એ બધાંનો નાશ, એ વધારે જવાબદાર હતા. છુટા છવાયા જૈનો ને બૌધ્ધોનું હિંદુ રાજાઓ ને સરદારો રક્ષણ ન કરી શકે તે કારણથી પણ પાછળથી બૌદ્ધ અને જૈન મતની ક્ષીણતા અને છેવટે બૌદ્ધ મતનો નાશ તે અફઘાનોના અમલનું વધારે વિશિષ્ટ લક્ષણ છે.

આ લક્ષણનું એક બીજું નોંધવા લાયક પરિણામ આ પર્યાલોચનમાં આપવું જોઇએ. બખ્તયાર ખિલજીના વખતથી બંગાળા ને બહારમા મુસ્લીમ અમલ સ્થપાયો. તે અમલ થોડા જ મુદ્દતમાં દિલ્હીથી સ્વતંત્ર થયો. તે સ્વતંત્રતા લગભગ ઠેઠ શેરશાહના વખત સુધી અને પાછી તાજી થઇને ઠેઠ અકબરના અમલના પહેલા વીશ વર્ષ સુધી ટકી રહી. બંગાળાના મુસ્લીમ સુલ્તાનોએ બંગીય સાહિત્યને સારૂં ઉત્તેજન આપેલું. પણ તે ઉત્તેજન હિંદુ સંસ્કૃતિને આપવામાં આવ્યું. અયોધ્યા, અને જમના ને ગંગા નદીની ઉત્તરના પ્રદેશો પણ મુસ્લીમ અમલ નીચે આવ્યા. અફઘાનીસ્તાન, કાશ્મીર, આગળ જતાં આકસસ (અક્ષિ) અને જેકુસાર્ટિસ નદીના ઉપરના મુલકો ઉપર પણ મુસ્લીમ સત્તા જામી પડી. આવી રીતે હિંદુસ્તાનની આર્ય સંસ્કૃતિને ઉત્તર, પૂર્વ અને પશ્ચિમથી મુસ્લીમ વિદ્યાએ ઘેરી લીધી. આગળના વખતતમા ચીનના બૌદ્ધ મુસાફરો પશ્ચિમ ને ઉત્તર માર્ગો દ્વારા બુદ્ધ ગયાજીના દર્શને આવતા. વળી દાર્જીલીંગ પાસે થઇ ચુંબીની ખીણમાં થઇને બૌદ્ધ ભિક્ષુકો ટીબેટ અને ત્યાંથી ચીન પણ જતા. આમ આર્યાવર્ત અને ચીનને સૈકાઓ થયા સંસ્કૃતિ અને વ્યાપારના ક્ષેત્રમાં નિકટ સંબંધ ટકી રહ્યો હતો. મુસ્લીમ અમલે ચીન અને ટીબેટની આ બાજુ ઉપર એક મોટી પ્રચંડ દીવાલ ઉભી કરી અને તે દીવાલને ભેદીને ચીન કે ટિબેટથી અહીં, તેમ અહીંથી ત્યાં, કોઈ જઇ કે આવી શકતું નહિ. બ્રહ્મદેશ સાથેનો પણ આપણો સંસ્કૃતિ સંબંધ આ કાળથી તૂટી પડયો. ઠેઠ આપણા વખત સુધી આ "ક્રૌંચમા" કોઇ "પરશુરામે" એક "રન્ધ્ર" પણ પાડયું નહિ. એ મુસ્લીમ દીવાલ અભેદ્ય જ રહી.

પઠાણ સલ્તનતનું ઘણું જ રસિક લક્ષણ તેના સુલતાનની પદવી સંબંધીનું છે. કુતબુદ્દિનથી માંડીને તે ઠેઠ છેલ્લા ઇબ્રાહીમ લોદીના વખત સુધી એટલે કે લગભગ ૩૨૦ વર્ષ સુધી પઠાણોના સુલતાનોના ઇતિહાસમા સુલતાનનું પદ એકજ સ્થિતિમા રહ્યું હતું. પઠાણોનું અંતર્ગત બંધારણ આ કારણથી કેટલું દૃઢ હશે તે તુરતજ જણાઇ આવશે. સુલતાનની પદવી વંશપરંપરાગત નહતી. "ગુલામવંશ" નામાભિધાન જ જણાવી આવે છે કે તે પદવી ઉપર લશ્કરી મંડળમાંથી સૌથી બાહોશ માણસની જ પસંદગી કરવામાં આવતી. કુતબુદ્દિન ને ઇલ્તમ્સ લશ્કરી સરદારો હતા. પ્રથમ તેઓ સુલતાનોના ગુલામો હતા. પછી રાજ્ય કુટુબમા લગ્ન સંબંધે તેઓ જોડાયા. બાલ્બન પ્રથમ ગુલામ હતો. પછી અમીરને માલિક બન્યો ને છેવટે સુલતાન બન્યો.

એક સુલતાનના મરણ વખતે બધા સરદારો ભેગા મળી સૌથી લાયકને સુલતાન બનાવતા. બનતાં સુધી તેમની પસંદગી રાજ્ય કુટુંબમાથી જ થતી. પણ કોઈ કોઇ વાર તેમને રાજ્યકુટુંબની બહાર જવાનો પણ ચોખ્ખો હક હતો. કેટલીક તવારીખ ઉપરથી એમ પણ માલુમ પડે છે કે આ સરદારી મંડળ વ્યવસ્થિત મંડળ હતું. તેમની મિજલસને માટે પ્રમુખ વગેરે પણ હતા. દરેક મુસલમાની ઇાતહાસકાર દરેક સુલતાનના અમલનો અંત

લાવતી વખતે ચોખ્ખા શબ્દોમા લખે છે કે ત્યાર પછી નવા સુલતાનની પસંદગી સરદારો, અમીરો, માલેકો, ખાનો, વગેરેએ મળી કરી અને બધાએ સાથે મળી નવા નિયત સુલતાનને ગાદી ઉપર બેસવા અરજ કરી. જ્યારે મહમ્મદ તઘલખ મોટી મોટી કૂચ કરી—તે સુલતાનની કૂચ આગળ નેપોલિયનની કૂચ ઉતરી પડશે—બળવાખોરોને હરાવતો હરાવતો, દેવગિરિ, તેલંગણ, બેદર, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર. કચ્છનું રણ, ને છેવટે, સિંધ થઇ, ઠઠ્ઠા પાસે આવી માંદગી ભોગવી મરી ગયો ત્યારે તેના ભત્રીજા ફિરોઝશાહ તઘલખને સરદારોએ તેની મરજી વિરુદ્ધ પણ સમગ્ર સલ્તનત એનાયત કરી અને દિલ્હીમાં જ્યારે એ કાર્ય વિરુદ્ધ કેટલાક અમલદારો ને લોકો પડયા ત્યારે તે જ સરદારોએ તેને પુષ્કળ મદદ આપી. ફીરોઝશાહના વંશજો નબળા નીવડયા. તૈમુરે દિલ્હીના તખ્તને તોડી નાંખ્યું. ત્યાર પછી સરદારોનું જોર ઘણું જ વધી પડયું સૈયદો ને લોદીના વખતમાં સુલતાનની પદવી નામની જ હતી. ઇબ્રાહિમ લોદીએ સરદારોનું બળ તોડવા જીવતોડ પ્રયત્નો કર્યાં પણ તેથી તેને પોતાની ગાદી ગુમાવવી પડી ને પોતાનો જીવ પણ તેમા જ ખોયો. બાબરના વિજયનું એક મુખ્ય કારણ અફઘાન સરદારોનુ વધી પડેલું જોર હતું. જ્યારે શેરશાહે હુમાયુને હરાવ્યો ત્યારે પાછું આવી વ્યવસ્થાનું જોર વધી પડયું. તે બળ ઠેઠ અકબરના અમલના અધવચ સૂધી ચાલ્યું. એ વખતના સરદારો બાદશાહના જેટલું ગુમાન ધરાવતા તારીખ-ઇ-દાઉદીનો કર્તા અબ્દુલ્લા બહિલોલ લોદી વિષે લખા ગયો છે કે "તે સુલતાન કદિ પણ તખ્ત ઉપર બેસતો નહિ; પોતાની હાજરીમાં પણ અમીર ઉમરાવોને ઉભવા દેતો નહિ. ભર દરબારને વખતે પણ પોતે શેતરંજી ઉપર બેસતો; કોઇ ઉમરાવ પર ફરમાન મોકલતી વેળા તેને "મસ્નદઅલી" કહી સંબોધતો. જો કોઇ અમીર નારાજ થાય તો સુલતાન પોતે તેને ઘેર જાય; પોતાની તરવાર તેને ચરણે ધરે; કોઇ વાર પોતાનું તાજ પણ માથા પરથી લઇ લે; અને માફી માંગે; એમ છતાં પણ જો સામા પક્ષનો ગુસ્સો ન શમે તો કહે કે "જો હું નાલાયક હોઉં તો મારી જગ્યાએ બીજા કોઇ વધારે યોગ્યતાવાળા માણસને મૂકો." ખુદ સુલતાનના પદની સ્થિતિ આવી હોય ત્યા અરાજકતા વધે તેમા નવાઇ નથી. સૈયદો ને લોદીઓના સમયમા હિંદુ તથા મુસલમાન સરદારો કેટલા ફાટી ગયા હતા તેની સાક્ષી તે વારની તવારીખો પૂરે છે. મોગલ બાદશાહોને રાજ્યતંત્રને સારા પાયા ઉપર મૂકતાં કેટલી મુશ્કેલી પડી હશે તેનો આ ચિત્રથી તુરત જ ખ્યાલ આવી શકે તેવું છે. સુલતાનની જગ્યા કેવી હોવી જોઇએ તેની આખી પદ્ધતિનો મૂળ પાયો જ તેમને નાંખવાની જરૂર હતી. હુમાયુંને હિંદ છોડી જવું પડયું તે સમજવું આ હકીકતથી તુરત જ સરળ થઇ પડે છે. સુરવંશના હાથથી સલ્તનત કેમ ગઇ તેનું પણ એ જ મુખ્ય કારણ હતું. જો અકબરને હિંદુઓની મદદ ન હોત તો તેની ગાદી પણ સલામતી ભરેલી નીવડી ન હત. શાહજહાંના અમલમાં ખાનજહા લોદીનો બળવો અફઘાન કે પઠાણ સરદારની સ્વતંત્રતાના પૂરનો છેલ્લો તણખો હતો. સુલતાનના પદની નિર્બળતા, સરદારોની સમાનતા, ને સુલતાનની પસંદગીમાં તેમની કુલ સત્તા, તે અફઘાન કે પઠાણ અમલનું એક વધારે વિશિષ્ટ લક્ષણ છે.

પ્રાચીન હિંદુ રાજાઓ નીતિશાસ્ત્ર પ્રમાણે એકલા રાજ્ય ચલાવતા નહિ. તેમના પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન, અમાત્ય, સુમંત, મંત્રી, ન્યાયાધીશ, પુરોહિત, સેનાધિપતિ

વગેરે સભાસદો હતા. તેમાંના પ્રત્યેકને યોગ્ય ખાતાંઓ સોંપવામાં આવતાં. તે સિવાય મંડળેશ્વર, માંડલિક, દંડનાયક, વગેરે લશ્કરી ને પોલિસ અમલદારોનાં નામ પણ વાંચવામાં આવે છે. વિજયનગરનું મહારાજ્ય મુસલમાનોનું સમકાલીન હતું. પણ અહીં પણ તેવાં જ નામાભિધાનો જોવામાં આવે છે. ત્યાંના મહારાજાઓએ પુરાતન શાસનપદ્ધતિ ચાલુ રાખી હોય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જ્યારે શિવાજીએ મહારાષ્ટ્રમાં “ સ્વરાજ્ય ” સ્થાપ્યું ત્યારે તેણે પણ આ જ પ્રધાનમંડળની વ્યવસ્થા રાખી હતી પણ પાછળથી તેના વંશજોના વખતમાં તે પદ્ધતિ નીકળી ગઇ અને તેમણે મુગલાઇ વ્યવસ્થા દાખલ કરી. અફ્ઘાન સુલતાનોએ પણ પોતાના કેંદ્રસ્થ રાજ્યતંત્રમાં આ આર્યોની પુરાતન રીતને સ્થાન ન આપતાં પોતાની જ વ્યવસ્થા કાયમ રાખી. આ સમય કાળમાં સુલતાનની પદવી પછી બે મોટા પદવીધરોનાં નામ નજરમાં આવે છે. એકને “ નાઇબ ” ના નામથી મુસ્લીમ લેખકો ઓળખાવે છે; બીજાને “ વઝીર ” ના નામથી તેઓ ઓળખાવે છે. મહમ્મદ તઘલખના વખતમાં ઇબનબાતુના નામનો મૂર પણ આ પદ્ધતિનો ઉલ્લેખ કરે છે. દામાસ્કસથી શાહબુદ્દિન ઔલઆબ્બાસ નામના લેખકે પણ સુલતાનના વખતની રાજ્યપદ્ધતિનું આવું જ વર્ણન આપ્યું છે. સુલતાનની ગેરહાજરીમાં રાજ્યનો અમલ “ નાઇબ ” ના હાથમાં રહેતો. કેટલીક વાર આખા રાજ્યના ત્રણ કે ચાર ભાગો પાડી નાખવામાં આવતા અને દરેક ભાગ ઉપર એકેક નાઇબ નીમવામાં આવતો. વઝીર સુલતાનનો અંગત સચિવ હોય એમ જણાય છે. બન્નેની પદવી સમાન ગણાતી. રાજ્યના સરદારો, ખાન, માલિક, ને અમીર એમ ત્રણ શ્રેણિમાં આવી જતા. તેમની પાસે લશ્કરો રહેતાં ને દરેકને પ્રાંતો કે શહેરો આપવામાં આવતાં. નબળા સુલતાનોના વખતે આ લોકોની જોહુકમી વધી જતી. બાલ્બન કે અલ્લાવદ્દિના વખતમાં તેમના ઉપર પુષ્કળ અંકુશ રાખવામાં આવતો ને લશ્કરની ભરતી સુલતાનના અંગત કાબુ નીચે થતી. મુગલાઇ વખતમાં પણ કેંદ્રસ્થ શાસનપદ્ધતિમાં આવા જ પ્રકારની વ્યવસ્થા હતી. આ અમલદારોનો મોટો ભાગ મુસલમાનોનો બનેલો હતો. મુગલાઇના વખતમાં પણ મોટી જગાઓ ઘણે ભાગે મુસલમાનોને આપવામાં આવતી; જો કે તે વખતે ઘણા હિન્દુઓ સારા હોદ્દા ઉપર ચડયા હતા તે ભુલવું જોઇતું નથી. આ જ પદ્ધતિ પાછળથી બધાં હિંદુ રાજ્યોમાં પ્રવેશ પામી. જ્યારે ઇંગ્લંડની સત્તા અહીંઆ જામી ત્યારે પ્રધાનમંડળથી રાજ્યતંત્ર આગળ ઉપર ચાલતુ તે માત્ર ભૂતકાળની જ વાત બની ગઇ. વ્યક્તિગત કેન્દ્રસ્થ રાજ્યપદ્ધતિ તે અફ્ઘાન અમલનું એક વિશિષ્ટ અંગ ગણાય.

અફ્ઘાનોની અમીરાત પણ વ્યક્તિગત હતી, વંશપરંપરાગત ન હતી. મોગલોના મનસબદારો પણ વંશપરંપરાગત ન હતા. અફ્ઘાનોની શાસનવ્યવસ્થામાં અરજી સાંભળવા માટે, શિકાર માટે, જાહેર બાંધકામો માટે, વાકેફ માટે, ધર્માદાની જગ્યા માટે, કેળવણી માટે, આરોગ્ય માટે, શહેરોના બચાવ માટે, દેશની શાંતિ માટે, ગુલામોના ખબરઅંતર પર દેખરેખ રાખવા માટે, મ્હેસુલ માટે, ઇસ્લામના ફેલાવા માટે, એમ જુદાં જુદાં ખાતાંઓ હતાં ને તેમને માટે અધિકારીઓ હતા. તેમને જમીનો આપવામાં આવતી અને તેઓ સુલતાનને જવાબદાર હતા.

ઉપરની હકીકત ઉપરથી માલુમ પડશે કે અફઘાનોનું તંત્ર પદ્ધતિહીન ન હતું. તેઓ જ્યારે હિંદમાં આવ્યા ત્યારે તેઓ પોતાની સાથે અમુક સંસ્થાઓ લેતા આવ્યા. તે સંસ્થાઓ તેમણે આપણા દેશમા ચાલુ રાખી. ધર્મના ઝનુનમા તેઓએ હિંદુઓ પાસેથી ઝાઝું લીધુ નહિ. તૈમુર પોતાના "સ્મરણો" મા કહે છે કે જ્યારે હિંદ ઉપર ચડાઇ કરવાની હતી ત્યારે તેણે પોતાના સરદારોની સલાહ લીધી. રાજ્યમા કાઇક જોખમવાળું કામ કરતી વેળા અફઘાન સુલતાનો પણ પોતાના વઝીરની અને છેવટે સરદારોની મજલસની સલાહ પૂછતા. પણ આ રાજ્યપદ્ધતિથી હિંદુઓને ઘણું જ નુકશાન વેઠવું પડત. તે વખતના સરદારોમાં સહિષ્ણુતા ઝાઝી મળી આવતી નથી શેરશાહ સિવાય પઠાણ સુલતાનોમાથી કોઇની પાસે અકબ્બરના જેવી ઉદાર રાજ્યનીતિનો એક અંકુર પણ તેમની તવારીખ ઉપરથી જોવામા આવતો નથી. ફિરોઝ તઘલખ પણ ઝનુની સુન્ની હતો ને સુફીઓનો કટ્ટો શત્રુ હતો. શેરશાહમા પણ અકબ્બરના જેવી કલ્પના બુદ્ધિ કે દીર્ઘદૃષ્ટિ નહોતી. પ્રો કાનુગો શેરશાહને અકબ્બરથી વિશિષ્ટ માને છે પણ તે ચારિત્રલેખકની અતિ પક્ષપાતી દૃષ્ટિ છે. શેરશાહમાં કારોબારી શક્તિ અકબ્બરના કરતા વધારે હતી ને સ્વામીભક્તિ ઉત્પન્ન કરવામા તે નિપુણ હશે, પણ અકબ્બરે મોગલાઇ તરફ હિંદી પ્રજાઓમા જે વફાદારીના અંકુરો મૂક્યા તે કોઇ પણ પઠાણ સુલતાન કરી શક્યો નથી. પઠાણ સલ્તનત મોટા સામ્રાજ્યનો ભાર કદી પણ ઉપાડી શકત નહિ અલ્લાઉદ્દિન ખિલ્જીએ દક્ષિણમા પોતાનું આધિપત્ય સ્થાપ્યું પણ તે ઝાઝું ટક્યુ નહિ. મહમ્મદ તઘલખે તેને સજીવિત કરવા પ્રયત્નો કર્યા પણ તે હારી બેઠો. પઠાણોનુ રાજ્યતંત્ર શાહિનશાહી કદી હતું જ નહિ; તેઓનું રાજ્યતંત્ર જાતિબદ્ધ (tribal) હતું. તેથી તે કુસંપવાળું હતું. આ કારણથી તેઓ પોતાનું સર્વસ્વરાજ્ય ગુમાવી બેઠા.

હિંદુઓ તે વખતના મુસલમાનો કરતા કેટલાક વિષયોમા ઘણા આગળ હતા. દરેક મુસલમાની લેખક હિંદુઓની કિલ્લા બાંધવાની શક્તિના ઘણા જ વખાણ કરે છે. અમીર ખુશરૂ તેલગણના લશ્કરમા સાથે હતો. તેણે પ્રતાપરુદ્ર ને રુદ્રામ્બાની રાજધાની વરંગુલના કિલ્લાનો અને તેની આસપાસના ઉપવનોનો સુંદર હેવાલ આપ્યો છે. પઠાણો આ બાબતમા નિપુણ ન હતા. સ્થાપત્યમા પણ પઠાણોને હિંદુઓની મદદ લેવી પડતી. તૈમુરે પણ દિલ્હીથી સમરકંદમા જુમ્મા મસ્જિદ બાધવા માટે ઘણા કારીગરોને સાથે લઇ લીધા હતા. હાથીઓથી યુદ્ધ કરવાની પદ્ધતિ પણ પઠાણો હિંદુ પાસેથી શીખ્યા. તે વેળા બંગળામાં હાથીના યૂથોના યૂથો મળતાં. દીર્ઘ દૃષ્ટિવાળા સુલતાનો ને અમલદારો હાથીના બળને લશ્કરના એક ઉપયોગી વિભાગ તરીકે માનતા. તૈમુરના લશ્કરને મહમ્મુદ સુલતનના હાથીઓનો ઘણોજ ત્રાસ લાગતો હતો અને તેના સરદારોએ તેને હિંદ ઉપર ચડાઇ કરવા ના પાડી તેનું કારણ એ પણ હતું કે હિંદુસ્તાનના હાથીઓ હિંદની બહાર અજય્ય ગણ[illegible] પઠાણ સુલતાનોએ કેટલાક હિંદુ રાજાઓને પોતાના મિત્ર કર્યા હતા. અલ્લાવદ્દિને રા[illegible] રા[illegible]વ જાદવને હરાવ્યો પણ તેણે તેને તેનું રાજ્ય લગભગ બધું પાછું આપ્યું, ને તેની પા[illegible] મો[illegible] મોટો દંડ તથા વરાડ પ્રાતનો થોડો ભાગ લીધો. તે ઉપરાત તે રાજાને તેણે "[illegible] પરાયણ"નો ઇલ્કાબ આપ્યો હતો. પણ પાછળથી આવી જાતની વર્ણુંક જોવામાં આ[illegible] નથી. પઠાણ સુલતાનોએ જો ઉત્તરના રાજપૂતોની મિત્રતા કરી હત તો તેના સરદારો

બહુ જોરદાર નીવડત નહિ અને દક્ષિણમાં તેમનું બળ સારી રીતે જામી શકત પણ તેમના સરદારાજ આવી નીતિ પ્રસન્ન ન કરત; કારણ કે તે નીતિના સ્વીકારમાં તેમનો પરાજય સમાયો હતો.

પઠાણોની કારકીર્દીમા ગુલામોનું કેટલું જોર હતું તે આપણે ઉપર જોયું. મુગલાઇમાં અને તેમા આ એક મોટો ફરક હતો. બીજો ફરક પણ આપણે હમણાં જ જોઇ લેશું. બાલ્બનની તવારીખ લખતા ઇતિહાસકાર જણાવે છે કે તેણે હિંદુઓને મુખ્ય હોદ્દાઓ ઉપર આવતા અટકાવ્યા. અલાઉદ્દિને હિંદુઓના ઉપર સખત દાબ રાખેલો. તેના મ્હેસુલી અધિકારીઓને બીચારાને ખાવા જેટલું પણ તે ન આપતો એમ બાર્ણી જણાવે છે. તેના પછી હિંદુઓ તુરત જ જોર ઉપર આવી ગયા. ઢેઢ ખુખરૂને મુસ્લીમ લેખકો ઘણો અન્યાય કરે છે પણ તેના સમયમા હિંદુઓનું પરિબળ ઘણું વધી પડયું તે ચોક્કસ બાબત છે. મહમ્મદ તઘલખના વખતના બધા બંડખોરો લગભગ મુસ્લીમ હતા. ફિરોઝ તઘલખને તેના એક હિંદુ સરદારે મોટા કાવત્રામાથી બચાવ્યો હતો. તેની મા દીપાલપુરના રાજા રણભટ્ટની રૂપવતી કન્યા હતી. તૈમુરના હુમલા પછી હિંદુ સરદારો દિલ્હીની રાજ્ય ખટપટમાં ઘણો જ અગત્યના ભાગ લેતા જોવામા આવે છે. સૈયદો અને લોદીઓના સમયમાં દીલ્હી મુકામે અને માળવામાં પણ હિંદુઓ મુખ્ય સત્તા ઉપર જોવામા આવે છે. રાણા કુંભ, સંગ્રામસિંહ, મેદનીરાય, વગેરે હિંદુ રાજાઓ અને સરદારો ઉત્તર હિંદમા મુસ્લીમ સત્તાનો અંત લાવવા મંથન કરે છે. જો બાબરે ફતેહપુરસિક્રિ પાસે સાંગારાણાને હરાવ્યો ન હત તો ફરીથી ઉત્તર હિંદમા હિંદુસામ્રાજ્ય જામી પડત અને પંજાબના શિખોની મદદથી તે સુખેથી મુસલમાનોને ફરીથી જામવા દેત નહિ.

તે વખતનો ઇતિહાસ વાચતા બીજી એક બાબત ધ્યાનમા આવે છે. ઉત્તર હિન્દ ધનાઢ્ય હતું જ; પણ દક્ષિણ હિન્દ કાંઇ ઓછું તાલેવંત નહતું. દક્ષિણમાં બંદરોના અસ્તિત્વને લઇને જૂના કાળથી ત્યાના લોકોનો ને બહારની દુનિયાનો સંબંધ ચાલ્યો આવે છે ને ગુજરાત તથા સૌરાષ્ટ્રના બંદરો ને બંગાળાના અખાતનાં બંદરો કાઢી નાખતાં, આપણા દેશને બહારની દુનિયા દક્ષિણદ્વારા વધારે ઓળખતી થઇ છે, એમ કહીએ તો પણ કાંઇ અતિશયોક્તિ નથી. દક્ષિણની સમૃદ્ધિ તે વેળા ઘણી જ હતી. શાહરૂખનો વિજયનગરનો એલચી અબ્દર્ રાઝાક, તથા ખ્રિસ્તી મુસાફરો, નાઇકોલો કૅાન્ટિ, એનેથેશિયસ નિકિટિન અને સ્ટિશનોના લખાણો આ વિષેની પૂરતી સાક્ષી પૂરે છે. અબ્દર્ રાઝાકનું વિજયનગરનુ વર્ણન તો અમરાવતીના વર્ણન એવું લાગે છે. તે વારના કાલિકટના બંદર ઉપરની વ્યવસ્થા અત્યારે મુબઇના બારામા પણ જોવામા આવતી નથી. વિજયનગરના મહારાજ્યના લશ્કરી બળનું માપ પોર્ચુગીઝ મુસાફરોએ જે આપ્યું હતું તે ઉપર ગણત્રી કરતા સેવેલ જણાવે છે કે તે વળા તે મહારાજ્યની વસ્તી ઘણી જ ગીચોગીચ હોવી જોઇએ.

પઠાણોએ સૌરાષ્ટ્ર ઉપર અને ગુજરાત ઉપર ઘણા આક્રમણો કર્યા. છતાં ગુજરાત ને સૌરાષ્ટ્ર ગુજરાતપણું ને સોરાષ્ટ્રપણું જાળવી શકયા. મોગલોએ ને મરાઠાઓએ પણ આક્રમણો કર્યા છે પણ આપણે આપણું વ્યક્તિત્વ ગુમાવ્યું નથી. ઘણા માંડલિક રાજ્યોનું અસ્તિત્વ જ હજુ પણ ગુજરાતીઓની અને કાઠીઆવાડીઓની સ્વતંત્રતા ઉપરની પ્રીતિ

સૂચવે છે. ગુજરાતને પરાજિત દેશ કહેવો તે ગુજરાતને ને કાઠીઆવાડને ઐતિહાસિક અન્યાય થાય છે.

ઉપર પ્રમાણે આપણે ટૂંકામા પઠાણો કે અફઘાનોના અમલનાં વિશિષ્ટ લક્ષણો જોયાં. આ નિબંધમાં તેનું સવિસ્તર વર્ણન આપવું યોગ્ય નથી ધાર્યું.

ગુજરાતી સાહિત્ય પરિષદે ઇતિહાસના સમર્થ અધ્યયન માટે સારો પ્રયાસ કરવો જોઇએ. આ અધ્યયનને તેના સમર્થન માટે માત્ર સંસ્કૃત કે અરબી કે ફારસી ભાષાના જ્ઞાનની જરૂર નથી. આ સમયમાં ઇતિહાસના સમર્થન માટે સમગ્ર ઇતિહાસના જ્ઞાનની જરૂર છે. ઇતિહાસ લખતાં કે સ્પષ્ટ કરતાં વર્તમાન કરતાં ભવિષ્ય ઉપર દષ્ટિ રાખવી જોઇએ. જગતનો અને ખાસ કરીને અર્વાચીન જગતનો ઇતિહાસ જે ન જાણે તે પોતાના દેશના ઇતિહાસને ન્યાય નહિ આપી શકે.

હિંદુસ્તાન તે દુનિયાની રંગભૂમિ છે. તેના ઇતિહાસના સ્પષ્ટીકરણ માટે સમર્થ શકિત જોઇએ. સાહિત્ય સંમેલનોએ આ વિષય માટે સરલતા કરી આપવી જોઇએ. અત્યાર સુધી આપણે ભાષાતરોત્મક ઇતિહાસસાહિત્ય ઉત્પન્ન કર્યું છે. હવે તે દિશા બદલવાની જરૂર છે.

મહારાષ્ટ્રના ઇતિહાસનું ત્યાંના સેવાકોએ પુનઃ સ્થાપન કર્યું છે. ગુજરાતનો પ્રાચીન, અર્વાચીન અને સમકાલીન ઇતિહાસ ઓછો જ્વલંત નથી. માત્ર તે ભભકને જાહેર કરવા ઉત્સાહ ને સાહાય્યની જરૂર છે.

ગુજરાતનો ઇતિહાસ ગુજરાતી દષ્ટિએ ગુજરાતીમા ને . ઇંગ્રેજીમાં કયારે લખાશે ? હિંદનો ઇતિહાસ હિંદી દષ્ટિએ ગુજરાતીને હાથે ગુજરાતીમાં જોવા ગુજરાત કયારે ભાગ્ય-શાળી બનશે ?

છેવટે હિંદના ને ગુજરાતના ઇતિહાસના અભ્યાસીને પણ નર્મદાશંકર જેવું સ્વપ્ન ઘણી વાર કેમ ન આવે ? આપણા દેશની અને પ્રાંતની ઐતિહાસિક "રાત્રી"નો કાળ ચાલી ગયો છે, "અરુણું પ્રભાત" પણ હવે પ્રસાર થતું જાય છે. હવે 'મધ્યાહ્ન'નો કાળ નજીક આવતો જાય છે, જે વખતે

"ધ્વજ પ્રકાશશે ઝળળળ કુસુંબી"

ને તે જ વેળા,

"પર્વત ઉપરથી વીર પૂર્વજો દે (શે)
આશિશ જયકાર. જય —૦.

ભાગ ૫ મો

વિજ્ઞાનવિભાગ

સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્.

ભાવનગર.

ભાગ ૫ મો.

૧ પ્રાચીન આર્યોનું ભૌતિક શાસ્ત્ર.

(લેખક–રા. રા. પુરુષોત્તમ વિશ્રામ માવજી.)

સાક્ષર બંધુઓ અને બહેનો,

આપણી સાતમી સાહિત્ય પરિષદના અભીષ્ટ પ્રસંગે આર્યોની સાહિત્યસંપત્તિનો ખ્યાલ આપ સહુની સમક્ષ એક વિશેષ વખત રજુ કરવાની તક લેતા મને અપૂર્વ આનંદ થાય છે. આપણી ગત પરિષદ્ના પ્રસંગમાં લલિતકળા પ્રદર્શન ખુલ્લું મુકતી વખતે આર્યોનાં પ્રાચીન કળાકૌશલ્ય વિષે મને મળેલી હકીકત આપ સહુની સમક્ષ રજુ કરવાની મેં તક લીધી હતી; અને તેમ કરવામાં પણ વિષયના વિસ્તારને લીધે મેં હિંદુસ્થાનની પ્રાચીન શિલ્પકળા અને ચિત્રકળા એ બે કળાઓનું જ માત્ર દિગ્દર્શન કરી સંતોષ માન્યો હતો. હું માનું છું કે ઉક્ત પ્રસંગે મેં રજુ કરેલી હકીકત ઉપરથી આપ સહુને ખાત્રી થઇ હશે કે શિલ્પકળા નકસીકળા કે ચિત્રકળાના રમ્ય અને ઉત્કર્ષક પ્રદેશોમાં હિંદુસ્થાનના વિશ્વકર્માઓ જે કામ કરી ગયા છે તે કામની કોટિએ દુનિયાના કોઇ દેશનો કોઇ શિલ્પકાર કે ચિત્રકાર અદ્યાપિ પર્યન્ત પહોચી શકયો નથી. શિલ્પકળા અને ચિત્રકળાના પ્રદેશમા પ્રાચીન કાળમાં હિંદુસ્થાન એક અદ્વિતીય પદવી ભોગવતું હતું એટલું જ નહિ, પરન્તુ તેના વિદ્યાસંપન્ન બ્રહ્મર્ષિઓના બારણે શિક્ષણ લઇને ઇરાન, એશિયા માઇનર, ગ્રીસ, રોમ, બલ્કે સમસ્ત યુરોપ વિગેરે દેશો પણ કળાપ્રદેશમાં વિહાર કરતા થયા હતા. ઉક્તપ્રસંગે મેં કહ્યું હતું તેમ અતિ પ્રાચીન કાળમા હિંદમા જે વિદ્યા હતી તેનો દશાંશ પણ હજી યુરોપ કે અમેરિકામાં સંપાદિત થયેલો નથી. પ્રાચીન કાળના વિમાન શાસ્ત્રો, ભૌતિક શાસ્ત્રો, વૈદક શાસ્ત્રો, જ્યોતિષ શાસ્ત્રો, શિલ્પશાસ્ત્રો, વાયુશાસ્ત્રો, મંત્રશાસ્ત્રો, વિગેરે આપણા જાણવામાં આવે છે ત્યારે આપણને સહજ પ્રતીતિ થાય છે કે પ્રાચીન કાળમા આર્યોએ વિદ્યાનો જે સંચય કરેલો હતો તેટલો સંચય પાશ્ચાત્યો એક બે સૈકામા પણ હજુ કરી શકશે કે નહિ તે શંકા છે. "હું જેમ જેમ કળાપ્રદેશમા વિશાળ દ્રષ્ટિથી જોઉં છું તેમ તેમ હિંદુસ્થાનનાં નૈસર્ગિક કળા–કૌશલ્યમાં મારી શ્રદ્ધા દ્રઢ થતી આવે છે, અને ભૂતકાલનો ઇતિહાસ વધારે ઉત્સાહભેર બહાર લાવવાનું મને વધારે આવશ્યક જણાય છે. હિંદની પ્રાચીન વિદ્યાનું સત્યસ્વરૂપ સમજાય, હિંદના પ્રાચીન વિદ્યાભંડાર તરફ આશ્ચર્ય અને માનથી ઉત્કંઠ બની લોકો નજર કરતાં શીખે, હિંદના અનુકરણમાંથી ઉદ્ભવેલી વિદેશીય કળાને પરિપૂર્ણ માની તેને પૂજવાને બદલે આર્ય–પુત્રો હિંદની જ દિવ્ય કળાદેવીનું સત્ય સ્વરૂપ ઓળખી તેની આરાધના કરતા શીખે, એવા હેતુથી મને પ્રાચીન શાસ્ત્રોનો જે કાંઈ લેશ મળી શકશે તે

આર્ય બંધુઓની જાણ માટે થોડા વખતમાં પ્રગટ કરવા ધારૂં છું અને મને ખાત્રી છે કે હિંદની વિદ્યા સંબંધમાં, ખરી હકીકત સમજાયા પછી, જે એકદેશીય મતો બંધાય છે તે બદલવાનો પ્રસંગ આવશે." મારી આ રજુઆતનાં અનુસંધાનમા અને સમર્થનમાં આર્યોની પ્રાચીન વિદ્યાસંપત્તિની ખાણો તપાસતાં મને જે કાંઇ હકીકત મળેલી છે તે વિશેષ હકીકત હું આ પ્રસંગે આપ સહુની જાણ માટે રજુ કરવાની તક લઇ કૃતાર્થ થાઉં છું.

ગત પ્રસંગે મેં હિંદુસ્થાનની પ્રાચીન કળા સંબંધે જ–અને તેમાં પણ શિલ્પકળા અને ચિત્રકળા સંબંધે જ–સંક્ષેપમા હકીકત રજુ કરેલી હતી. આ પ્રસંગે હું એ પ્રદેશનું વિશેષ વિવેચન નહિ કરતા કંઇ જુદાજ વિદ્યાપ્રદેશનો ખ્યાલ આપની સમક્ષ આલેખવા માગું છું કે જે પ્રદેશમાં અર્વાચીન દેશોની પ્રગતિ અદ્વિતીય અને અપૂર્વ હોય એમ પુનઃ પુનઃ પ્રતિપાદન કરવામાં આવે છે. આ પ્રદેશ–કે જેને હું Natural Philosophy અથવા Physics and Mechanics અથવા ભૌતિક શાસ્ત્રોનો પ્રદેશ કહું છું અને જે મારા આ લેખનો મુખ્ય વિષય છે–તેમાં અર્વાચીન પાશ્ચાત્ય દેશોની ગયા એક બે સૈકાની સિદ્ધિઓ એટલી પ્રત્યક્ષ અલૌકિક અને અંજાવી નાખે તેવી દેખાય છે અને હિંદુસ્થાનની સિદ્ધિઓનો અભાવ અર્વાચીન કાળમાં તો શું પરંતુ ગયા બે ત્રણ હજાર વર્ષોમા પણ એટલો સચોટ અને શૂન્ય દેખાય છે કે હિંદુસ્થાને આ પ્રદેશમાં કંઇ સિદ્ધિઓ મેળવેલી હોય કે કંઇ વિદ્યાસંપાદન કરેલી હોય એમ રજુઆત કરવી એ પહેલી નજરે તો કેવળ મિથ્યાવાદ જેવું જ જણાય તેમ છે. વરાળની શોધ અને ઉપયોગને પરિણામે પશ્ચિમે પૂર્વની ઉપર એવી સર્વવ્યાપક સત્તા મેળવેલી છે કે પશ્ચિમની આસુરી શક્તિઓની જળહળતી જ્યોતમા અંજાઇ જઇ પૂર્વ, કેવળ આત્મશ્રદ્ધા કે શક્તિહીન થઇ ગયું છે અને પશ્ચિમની સિદ્ધિઓને દૈવી કે અલૌકિક માની લઇ હિંદના પ્રાચીન દિવ્ય ભંડારોનો ખ્યાલ સરખો પણ નહિ લેતા પશ્ચિમની જ સિદ્ધિઓના ગુણગાન કરવામાં મસ્ત બની ગયું હોય એમ દેખાય છે. પ્રાચીન હિંદુસ્થાનમાં તત્ત્વજ્ઞાન હશે, પદ્યજ્ઞાન હશે, જ્યોતિષ કે વૈદક જ્ઞાન હશે, વખતે શિલ્પકળા કે ચિત્રકળાનું પણ જ્ઞાન હશે, એવું લખાણ ક્યાંક ક્યાંક દૃષ્ટિગોચર થાય છે. પરંતુ હિંદમાં ભૌતિક શાસ્ત્રોનું જ્ઞાન હતું એવી હકીકત સામાન્ય રીતે ભાગ્યેજ દૃષ્ટિગોચર થાય છે. તો પછી એ જ્ઞાન અર્વાચીન દેશોના જ્ઞાનની સરખામણીમા ઉભી શકે તેવું હતું એવી રજુઆત તો ક્યાથી જ મળી શકે? પરંતુ જ્યારે આર્યોની પ્રાચીન વિદ્યાની ખાણો તપાસવાનું આપણે શરૂ કરીએ છીએ અને તેમાંથી એક પછી એક બેમૂલાં શાસ્ત્રરત્નો નીકળતાં આવે છે, જ્યારે વિજળીના પ્રદેશમાં કે જળના વિષયમાં, આકાશયાનની બાબતમા કે જળગર્ભયાન સંબંધમાં, વનસ્પતિ શાસ્ત્રમાં કે ખનિજ શાસ્ત્રમાં, ઔષધશાસ્ત્રમા કે ધૂમ્રશાસ્ત્રમાં, આર્યોનાં જ્ઞાન અને સિદ્ધિઓનો વિસ્તાર અગાધ, અપરિમિત, પરિપૂર્ણ અને અપૂર્વ કે અકલ્પ્ય જોવામાં આવે છે, ત્યારે સ્વાભિમાન, આનંદ અને આશ્ચર્યથી આપણું અંતઃકરણ પ્રફુલ્લ થયા વિના રહેતું નથી. ભૌતિક શાસ્ત્રો જેવા ગહન વિષયમાં પણ પ્રાચીન મહર્ષિઓએ શું વિદ્યા અને સિદ્ધિઓ મેળવેલી હતી તેનો કંઇક ખ્યાલ મારા આજના વિષયથી હું આપ સહુની સમક્ષ રજુ કરી શકીશ એવી આશા રાખું છું. આ વિષય આપ સુજ્ઞ બંધુઓ સમક્ષ રજુ કરતા, વિષયના અગાધ વિસ્તારને લીધે માત્ર

પ્રસ્તાવના રૂપેજ પ્રાચીન આર્ય સાહિત્ય સંબંધે બે શબ્દો હું બોલી શકીશ એમ મને લાગે છે. પ્રાચીન આર્ય સાહિત્ય ગ્રન્થમાળા હું થોડા વખતમા પ્રગટ કરવાની ઉમેદ રાખું છું; અને આ પ્રસંગ તેની પ્રથમ પુષ્પાંજલિ રૂપે સાક્ષર બંધુઓને એ વિષયનો યત્કિંચિત્ ખ્યાલ આપી શકશે એમ હું માનું છું. મજકુર ગ્રન્થમાળામા હાલ ઉપલબ્ધ કોઇ પણ ગ્રન્થમા ન મળી શકે એવા નવીન વિષયોનો સમાવેશ થાય છે. કળા અને વિજ્ઞાનશાસ્ત્ર-સાહિત્યના ક્ષેત્રમા આર્ય પ્રગતિએ આપેલા પોતાના ફાળાને હું હમેશા સંતોષ અને મગરૂબીની નજરથી જોતો આવ્યો છું, અને હું એમ ચોક્કસ માનું છું કે બીજા વિષયોની માફક આ વિભાગમાં પણ તે વખતમા પ્રસિદ્ધ થયેલી દુનિયાના કોઇ પણ દેશો કરતા હિંદની પ્રગતિ ઘણીજ ઉચ્ચ કોટિએ પહોચેલી હતી. પરંતુ અત્યાર સુધી મારા આ મતને પુષ્ટિ આપવા માટે સાહિત્ય સંગ્રહમાં પુરાવો ઉપલબ્ધ નહિ હોવાથી એ વિષયને લગતી ચર્ચામા કાઇ પણ સ્પષ્ટ સાબીતી આપવાને હું શક્તિવાન થયો ન હતો. આર્ય કળા અને વિજ્ઞાન-શાસ્ત્રનાં પ્રેમીઓના સદ્ભાગ્યે આ જ વિષયને લગતું તેમજ તેના પેટા વિષયોની સંપૂર્ણ માહિતી આપનારૂં વિજ્ઞાનશાસ્ત્ર વિષયક સાહિત્ય હાલમા સારા જથ્થામા મને પ્રાપ્ત થયુ છે. આ સાહિત્ય પ્રાચીન હિંદની સંસ્કૃતની પ્રગતિ ઉપર ઘણું જ સારૂ અજવાળું પાડે છે, અને તદ્દન નવીન વિષયોનું આપણને જ્ઞાન આપે છે એટલુંજ નહિ પરંતુ પ્રાચીન કાળમા સાહિત્ય અને કળાના પ્રદેશમા હિંદુસ્થાને જે માનભર્યું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેને સુદૃઢ કરી તે પદ ચિરસ્થાયી બનાવે છે. આ સાહિત્યની અંદર ચર્ચાયેલા વિષયોની મોટી સંખ્યા તથા વિવિધતા જોતાં, તેમજ ભૌતિક શાસ્ત્રો જેવા કઠિન વિષયોનું વિવેચન કરવામા પણ નાનામાં નાની વિગતોની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલી છે તે જોતાં, તથા અદ્યાપિ પર્યંત જે વિષયો કેવળ અજ્ઞાત અથવા તો માત્ર પૌરાણી દંતકથાઓમાં જ રહેલા છે તેની શાસ્ત્રીય રીતે જે સંપૂર્ણ ચર્ચા આપેલી છે તથા તદ્વિષયક જ્ઞાનનો વ્યવહારમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તે વિષે જે અદ્ભુત સમજુતિ આપેલી છે તે જોતા એમ સહજ સિદ્ધાંત સ્થાપી શકાય છે કે સંસ્કૃતિ અને પ્રગતિમા પ્રાચીન હિંદ એટલું બધુ આગળ વધેલું હતું કે અર્વાચીન સુધરેલા દેશો હજુ પણ એ સ્થાન પ્રાપ્ત કરી શકયા નથી. જે શાસ્ત્રો હું પ્રગટ કરવાની ઉમેદ રાખું છું તે મને આર્ય શાસ્ત્રોમા અતીવ નિષ્ણાત, સમર્થ વિદ્વાન, મહાત્મા, યોગી પાસેથી મળ્યા છે: અને તેમણે તે શાસ્ત્રો જનસમાજનાં કલ્યાણાર્થે પ્રગટ કરવાની મને અનુજ્ઞા આપેલી છે. તે શાસ્ત્રોની સંખ્યા અગણિત હોઇ અને તેમનો વિસ્તાર અપરિમિત હોઇ, તેમા સમાયેલું જ્ઞાન અપૂર્વ, અને અદ્ભુત હોવા છતા તે બધાં પ્રગટ થઇ શકે તેવી અનુકૂલતા નહિ હોવાથી, તેમાંના જેટલા આપણને વ્યવહારમાં ઉપયોગી થઇ શકે તેટલાંજ પ્રગટ કરવાનો મારો ઇરાદો છે. આ પૂજ્યપાદ મહર્ષિ મહાત્મા, અનેકલ નિવાસી પંડિત શ્રી સુબ્રાયા છે. ઉપરોક્ત ભિન્ન ભિન્ન શાસ્ત્રોના સૂત્રો અને ટીકા પણ તેમણે સ્વમુખથી જ લખાવ્યા છે, અને તે કેવળ જનસમાજના કલ્યાણ માટેજ પ્રગટ કરવાની મને તેમણે રજા આપી છે. તેમની આ મહત્ કૃપાનો ઘટતા શબ્દોમા ઉપકાર માનવાને હું અશક્ત છું, અને મારી માન્યતા પ્રમાણે સમસ્ત જગત્ તેમની આ કૃપા માટે ઋણી છે એમ કહીએ તોપણ ખોટું નથી. તેમની જીહ્વા-માંથી વહેતી જ્ઞાનામૃતરસધારા જેવુંજ અદ્ભુત તેઓશ્રીનું જીવનવૃત્તાત છે, જે હું બીજી

તકે પ્રગટ કરવાની તક લઇશ. પરંતુ મને લાગે છે કે એટલું તો મારે અત્ર અવશ્ય જણાવવુ જોઇએ કે તીવ્ર સ્મરણશક્તિ અને તે પણ સિત્તેર વર્ષના પાકટ વયે, આચારવિચારની ઉચ્ચતા, જીવનની સાચાઇ અને જ્ઞાનની વિશાળતા અને સંપૂર્ણતા તરફ જોતાં મારા નમ્ર મત પ્રમાણે બ્રહ્મર્ષિ સુબ્રાયા અત્યારના આપણા સંસ્કૃતસાહિત્ય ક્ષેત્રમાં અદ્વિતીય છે. વેદ, પુરાણો, ધર્મશાસ્ત્રો, શ્રુતિ, સ્મૃતિ, અલંકાર શાસ્ત્ર, કાવ્ય, ન્યાય, વ્યાકરણ, શુદ્ધ લેખનવિદ્યા, જ્યોતિષ, વિદાંત, મીમાસા, સાખ્ય, અને યોગશાસ્ત્ર વિગેરે વિષયોના ઘણાં પુસ્તકો અસ્તિત્વમા છે અને વિદ્વાનોએ સદીઓ પૂર્વે તેના ઉપર ટીકાઓ રચી સ્પષ્ટ બનાવ્યા છે. પરતુ હું જે શાસ્ત્રો પ્રગટ કરવાની ઉમેદ રાખુ છું તે ઉપરોક્ત શાસ્ત્રોથી તદ્દન ભિન્ન પ્રકારના અને નવીન જ છે, અને મારી માન્યતા પ્રમાણે અદ્યાપિ પર્યંત ક્યાય પણ પ્રગટ થયા નથી, એટલુંજ નહિ પરંતુ પ્રગટ થયેથી મજકુર શાસ્ત્રો તેમના વિષય-ગાંભીર્ય, ઉપયોગિતા અને અદ્ભુત જ્ઞાનથી અર્વાચીન સંસ્કૃત ભાષાના વિદ્વાનોને આશ્ચર્યમુગ્ધ બનાવી, પ્રાચીન મહાન્ મહર્ષિઓની શક્તિ તથા દૈવી જ્ઞાનનો તેમને સાક્ષાત્કાર કરાવશે અને અર્વાચીન શોધખોળના કાર્યમા અતિ મહત્ત્વની અને અમૂલ્ય મદદ કરી શકશે એમ હું ઉચિત માનું છું. પ્રાચીન મહર્ષિઓનું આ ઊંડું અને અદ્ભુત જ્ઞાનામૃત ભૌતિક શાસ્ત્રોને સૂત્રના રૂપમા સમજાવે છે. "સૂત્ર" ની વ્યાખ્યા પ્રોફેસર દાસ ગુપ્તે પોતાના 'હિંદુ ફિલસુફી' નામના ગ્રન્થમા બહુ સ્પષ્ટ સમજાય એવી રીતે આપેલી છે. તે કહે છે (પા. ૬૨) કે સુવ્યવસ્થિત શાસ્ત્રોને ટુંકાં અને બહુ અર્થગર્ભિત અર્ધ વાક્યોમા આ (સૂત્રો) લખવામાં આવતાં. આ સૂત્રો પ્રસ્તુત વિષયની ઝીણી વિગતો આપતા નહિ, પરતુ અર્થગંભીર મુખ્ય વિષયથી પરિચિત હોય તેવા વાચકોને તે વિષયને ટુંકામાં યાદ રાખવાને બહુ મદદરૂપ થઇ પડતા. આ ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે આ ગર્ભિત અર્થવાળા અર્ધવાક્યો, વિષયની સપૂર્ણ માહિતી જીહ્વાગ્રે ધરાવનારને અનુક્રમણિકાનો અર્થ સારતા. હું જે શાસ્ત્રો પ્રગટ કરવાની ઉમેદ રાખું છું તે આવા સૂત્રો તથા તેના ઉપરની પ્રખ્યાત મહર્ષિઓએ રચેલી ટીકાઓના રૂપમા છે. મહર્ષિ ભરદ્વાજે "ભાષા પ્રકરણ" મા વર્ણવેલી ચાર રીતિઓમાની "બાલભાષા" અથવા તો શાસ્ત્રોથી અપરિચિત સામાન્ય જનસમાજથી પણ સમજી શકાય તેવી ભાષામા આ શાસ્ત્રોના સૂત્રો રચવામાં આવેલા છે. આ ગ્રન્થ (ભાષાપ્રકરણ) મા સંસ્કૃત ભાષા લખવાની ચાર રીતિઓ કહેલી છે. જે ભાષા પહેલ વહેલી જ અસ્તિત્વમા આવી તેનું નામ "માતૃભાષા" રાખવામા આવેલું છે. પાછળથી "પ્રાકૃત" અને "પ્રત્યય" થી તેમા સુધારો વધારો કરવામા આવ્યો હતો; આમ થવાથી વૈદિક ભાષાને તે મળતી ભાષા બની. વાતચિતમાં છુટથી બોલી શકાય એવી અને વ્યવહારૂ ભાષા બની; આ પ્રમાણે જે ભાષાને ઉપર કહેલો 'સંસ્કાર' કરવામા આવ્યો તે ભાષાનું નામ 'સંસ્કૃત' પડયુ. આ સંસ્કૃત ભાષાના ચાર વિભાગ છે; દૈવ ભાષા, આર્ષ ભાષા, પૈશાચિક ભાષા અને માનુષ ભાષા. આમાની પહેલી ત્રણ ભાષાઓના દરેકના ત્રણ વિભાગ અને ચોથી "માનુષ ભાષા" ના ચાર વિભાગ-પ્રાકૃત, વિકૃત, નાગારક અને બાલભાષા-પાડવામા આવેલા છે. છેલ્લા વિભાગનું નામ 'બાલભાષા' એટલા માટે રાખવામાં આવ્યું છે કે, પંડિતોને બાદ કરતાં, બાલકથી તે વૃદ્ધ પર્યંત-એટલે કે જેઓનું ભાષાજ્ઞાન તદ્દન ઉતરતા દરજ્જાનું છે તેઓને પણ-સર્વને સમજવામા સ્હેલ પડે તેવી ભાષા તે બાલભાષા કહેવાય છે આપણે જે શાસ્ત્રોની વાત કરીએ છીએ તે ભૌતિક શાસ્ત્રો હોવાથી,

જો ભાષાજ્ઞાન અતિ કઠિન પ્રકારનું હોય તો તે વિષય સમજવામા અને તેનો અભ્યાસ કરવામાં મોટી અડચણ ઉપસ્થિત થાય. આટલા માટે મહાર્ષિઓએ બધા-એકસો બત્રીસ-ભૌતિક શાસ્ત્રોને બાલભાષામા જ રચેલા છે જેથી તેઓ સમજવામા સ્હેલા થઇ પડે. બીજા વિષયોની માફક આ પ્રાચીન આર્યશાસ્ત્રોનો ઇતિહાસ આપવો અશક્ય છે, પરંતુ મહાકાવ્ય મહાભારતની પહેલાના વખતમાં આ શાસ્ત્રો રચાયા હશે એમ માનવાને કારણો મળે છે. મહાભારત પાંચ હજાર વર્ષ ઉપર રચાયું છે એમ બહુમત છે. આ સમયમા સંસ્કૃતિ અને પ્રગતિમા હિંદ પોતાની સર્વોત્કૃષ્ટ મહત્તાએ પહોંચ્યું હશે એમ સહજ અનુમાન થઇ શકે છે. કુરુક્ષેત્રનાં મહા યુદ્ધે હિંદની આ ઉત્કૃષ્ટતાને સજ્જડ અને પ્રાણઘાતક ફટકો માર્યો અને ત્યારથી આર્ય સંસ્કૃતિની અવનતિની શરૂઆત થઇ. આ મહાયુદ્ધની અંદર ભાગ લેનારા અસંખ્ય રાજાઓ અને રાજકુટુંબોનો નાશ થયો એટલુંજ નહિ પરંતુ તે સાથે હજારો પ્રખ્યાત વિદ્વાનો, કારીગરો અને કળારસિકોનો પણ નાશ થયો. આ સમગ્ર મહાપ્રલયથી પ્રાચીન આર્યકળાઓ અને વિજ્ઞાન શાસ્ત્રોનો પણ એટલો સદંતર નાશ થયો કે બિચારૂં હિંદ હજુ પણ એ વિનાશમાથી સજીવ થઇ શક્યુ નથી. વિજ્ઞાન શાસ્ત્રો અને કળાઓનો અભ્યાસ અને પ્રગતિ સદંતર બંધ થયા અને તે વખત પછી આ વિષયોના જ્ઞાનમા કંઇ-પણ સુધારો થયો હોય એમ જણાતુ નથી, એટલે ભૌતિક શાસ્ત્રોના ક્ષેત્રમાં હિંદુસ્થાને જે કાઇ વિદ્યા અને સિદ્ધિઓ સંપાદન કરેલા હતા તે માટે આ સમય પહેલાના સમયની પરિસ્થિતિ એટલે કે પ્રાચીન કાળના ઇતિહાસને આપણે તપાસવો જોઇશે એમ સ્પષ્ટ જણાય છે. અર્વાચીન કાળમાં તેમજ મધ્યમ યુગમાં આ પ્રદેશમા હિંદુસ્થાનની સિદ્ધિઓ એટલી નજીવી છે કે ઉક્ત કાળમા કાઇ પ્રગતિ થયેલી જ નથી, બલ્કે પ્રાચીન કાળમા થયેલી પ્રગતિની સર્વથા અવનતિ થયેલી છે એમ કહીએ તો ખોટું નથી. ગયા ત્રણ હજાર વર્ષોનો ઇતિહાસ તપાસીએ છીએ ત્યા પણ જણાય છે કે ન હતી હિંદમા કંઇ ભૌતિક સિદ્ધિઓ કે ન હતું તેનું સાહિત્ય, ન હતા તેના કાંઇ પ્રગતિના પુરાવા કે ન હતી અવનતિની પણ પ્રત્યક્ષ નિશાનીઓ-પ્રાચીન કાળની અદ્ભુત સિદ્ધિઓનો નાશ એટલો સચોટ થયો કે તેના નામ નિશાનીઓ મેળવવા પણ અસભવિત થઇ પડ્યુ છે, અને તેથી હિંદમા તેવી જાતની વિદ્યા અને સિદ્ધિઓ હતી એમ પ્રતિપાદન કરવું એ પણ મુશ્કેલ થઇ પડે છે. પ્રાચીન અવશેષો તથા શિલાલેખોના જે આધારો મળી આવ્યા છે તે ઉપરથી પુરાણ વસ્તુશાસ્ત્રવેત્તાઓ તથા પૌર્વાત્ય વિષયક પંડિતોએ આર્ય સંસ્કૃતિ કેટલે સુધી પહોચી હતી તે નક્કી કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તે પ્રયાસ કેવળ પોતાની માની લીધેલી 'કલ્પના શ્રેણી' ના લૂલા સમર્થન સિવાય વધારે નથી. તેઓએ માનવા લાયક પ્રમાણોનો નિષ્પક્ષપાત, અને સ્વતંત્ર રીતે ઉપયોગ કર્યો નથી અને વિષયો પર અજવાળું પાડવાને બદલે વધારે ગુંચવણો ઉભી કરેલી છે.

આધુનિક કાળમા કળા અને વિજ્ઞાન શાસ્ત્રની પ્રગતિ જોતા એમ સહજ અનુમાન થઇ શકે છે કે પ્રાચીનકાળમા દુનિયાના કોઇ પણ દેશો એ વિષયોમા જે સ્થાન પ્રાપ્ત કરી શક્યા હશે તેના કરતા આધુનિક કાળમા પ્રગતિમાન્ દેશોએ ઉચ્ચતર સ્થાન મેળવ્યુ છે એટલું જ નહિ બલ્કે સર્વોત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરેલું છે એમ કહીએ તોપણ સપ્રમાણ છે. પરંતુ વિશેષ બારીકીથી તપાસતાં જણાય છે, કે આ સ્થાન ઐહિક વિષયો પુરતું જ છે. જ્યારે

અર્વાચીન કે મધ્યમ યુગમાં નહિ તો પ્રાચીનકાળમા એક દેશ એવો હતો કે જેમા એવી વિદ્યા સિદ્ધિ પામેલી હતી કે જે સમકાલીન પ્રગતિમાન્ દેશોમા અદ્વિતીય હતી એટલું જ નહિ, પરંતુ જેની કોટીએ અર્વાચીન દેશો પણ બહુ અંશે પહોંચી શક્યા નથી. તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને અધ્યાત્મ વિદ્યાના વિષયોમા તો હિંદુસ્થાન અદ્યાપિ પર્યંત ઊંડું મનન, ન્યાયશાસ્ત્ર પુરઃસર વિષયોને તપાસવાની પદ્ધતિ, સંપૂર્ણ અભ્યાસ, અને વિષયોને ચર્ચવાની અદ્વિતીય સંપૂર્ણ રીતિમાં દુનિયાના સર્વ દેશોમા ઉચ્ચતમ સ્થાન ભોગવતું આવ્યું છે અને હજી ભોગવે છે, એ સર્વમાન્ય હકીકત છે. પરંતુ ભૌતિક શાસ્ત્રોમા હિંદુસ્થાને જે અલૌકિક વિદ્યા સંપાદન કરેલી હતી તેના કાઇ પ્રત્યક્ષ પુરાવા ઉપલબ્ધ નહિ હોવાથી એ વિષયમાં હિંદુસ્થાને કાંઇ આકર્ષક સિદ્ધિઓ મેળવેલી ન હતી અને જે કાંઇ વિદ્યા હિંદુ-સ્થાનમાં જોવામા આવે છે તે કેવળ પશ્ચિમને જ આભારી છે એવી સાહસિક હકીકત સામાન્ય રીતે રજુ કરવામા આવે છે. સત્ય હકીકત જુદી જ છે. પરંતુ એ સત્ય સ્થાપિત કરવા માટેના પુરાવા મળતા નહિ હોવાથી સત્ય અંધારામાં રહ્યું છે, અને પ્રત્યક્ષ દેખાતી અર્વાચીન સિદ્ધિઓએ પૂર્વ પરત્વે પશ્ચિમની કળાકૌશલ્યની કીર્તિનો વાવટો ફરકતો રાખ્યો છે. પ્રસ્તુત વિષયની ચર્ચા કરતા એટલું તો સહજ કહી શકાય છે કે આપણો જમાનો કળાકૌશલ્ય અને હુન્નર ઉદ્યોગોનો છે; અને જ્ઞાનપ્રગતિના બીજા ક્ષેત્રો કરતા આ ક્ષેત્રમા દુનિયાના કોઇ પણ દેશે કદી નહિ કરેલી પ્રગતિ હાલના પ્રગતિમાન્ દેશોએ ગયા બેત્રણ સૈકાઓમા કરેલી છે. આપણને અત્યારે જે પ્રમાણો ઉપલબ્ધ છે તેને આધારે ઉપરનું કથન વાસ્તવિક નથી એમ સાબીત કરવું લગભગ અશક્ય છે; પરંતુ આ વિષયને લગતી વધુ માહિતીવિષયક શાસ્ત્રો હવે મળી આવવાથી અને જે શાસ્ત્રો હું પ્રગટ કરવાની ઉમેદ રાખું છું તે ઉપરથી ઉપરના કથનની વાસ્તવિકતાનું પ્રમાણ ઘણે અંશે નબળું પડશે એમ હું માનું છું. આધુનિક પ્રગતિમાન્ દેશો કરતાં પ્રાચીન હિંદ કયા કયા વિષયો અને પેટાવિષયોમાં અને કેટલું પ્રગતિમાન્ અને આગળ વધેલુ હતું તેનો તુલનાત્મક અભ્યાસ કરી પ્રાચીન હિંદના જ્ઞાનક્ષેત્રને તપાસવું એ અશક્ય અને બીનજરૂરી છે. પ્રોફેસર સરકારના મત પ્રમાણે વરાળની શોધ થઇ અને મોટા જથ્થામાં માલ પેદા કરવામા અને એકથી બીજી જગ્યાએ લઇ જવામા એ વરાળનો ઉપયોગ કેમ કરવો તે જાણવામા આવ્યું ત્યારથી આધુનિક કાળની પ્રગતિની પ્રત્યક્ષ શરૂઆત થઇ. વરાળયંત્રથી ઓગણીસમી સદીની શરૂઆતમા એક મહાન્ ઔદ્યોગિક ક્રાંતિ થઇ, અને આ ક્રાંતિને લઇનેજ ઔદ્યોગિક સંસ્થાઓ, વિજ્ઞાન-શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનમા કહેવાતી "આધુનિકતા" ઉત્પન્ન થઇ અને પૂર્વના દેશોપર પશ્ચિમનું આધિપત્ય સ્થપાયુ. અર્થાત ઔદ્યોગિક પ્રગતિને લીધે જ મુખ્યત્વે કરીને અર્વાચીન કાળની પ્રગતિ સિદ્ધ થાય છે એમ સ્પષ્ટ જણાય છે, એટલા માટે આધુનિક પ્રગતિમાન્ દેશોએ ઔદ્યોગિક ક્ષેત્રમા અપુર્વ પ્રગતિ સંપ્રાપ્ત કર્યાનું સામાન્ય રીતે કહેવામાં આવે છે તે ક્ષેત્ર તપાસી, મજકુર ઔદ્યોગિક ક્ષેત્રમા પ્રાચીન કાળની પ્રગતિ અને સંસ્કૃતિના સમયમાં હિંદુસ્થાન કેટલે સુધી આગળ વધેલું હતું તે જોઇ શું અને પ્રાચીન હિંદ અને આધુનિક પ્રગતિમાન્ દેશોની તુલનાત્મક સરખામણી કરી એ સરખામણીમાં પ્રાચીન હિંદ કયું સ્થાન પ્રાપ્ત કરે છે તે તપાસશું તો કળા અને ભૌતિકશાસ્ત્રોમાં હિંદુસ્થાને શું પ્રગતિ કરેલી હતી તેનો આપણને ખરો ખ્યાલ આવી શકશે, મજકુર મુદ્દાનું સમર્થન કરવાંમાં પ્રત્યક્ષ

પ્રમાણો મળી શકવાં કે નક્કી કરવાં અશક્ય હોવાથી, પ્રાચીન કાળમાં કળા અને ભૌતિક શાસ્ત્રોની શું શું કૃતિઓ પ્રત્યક્ષ થયેલી હતી, તે કેવી રીતે બનાવવામાં આવતી, શું શું હતી, અને કેવા પ્રકારની, કેવા પ્રમાણની, ને શું કોટિની હતી વિગેરે બાબતોને લગતું ઉપલબ્ધ સાહિત્ય તપાસવાનું રહે છે કે જે દ્વારા તે સમયની હિંદની ઔદ્યોગિક પરિસ્થિતિનો ખ્યાલ બાંધી શકાય. મને લાગે છે કે હું જે શાસ્ત્રો પ્રગટ કરવાની ઉમેદ રાખું છું તે ઉપરથી ઉપરોક્ત તુલનાત્મક પરીક્ષામા પ્રાચીન હિંદ અર્વાચીન દેશો કરતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઘણું વધારે આગળ વધેલું હતું એમ ચોક્કસ અનુમાન ઉપર આવી શકાશે. સૃષ્ટિ હમેશાં પ્રગતિમાન્ છે અને હાલના કરતાં ત્રણ હજાર વર્ષ પૂર્વે દુનિયા વધારે પ્રગતિમાન્ હતી એમ કહેવું એ સાહસિક રજુઆત કહેવાય, પરંતુ નીચે જણાવેલા પ્રમાણોથી આ રજુઆતનો જવાબ મળી શકશે એમ હું આશા રાખું છું.

પ્રાચીન હિંદનાં ભૌતિકશાસ્ત્રો અને તેમના ઐતિહાસિક સમય વિષે આપણને બહુ જ થોડી માહિતી મળી શકે છે. બાબુ બ્રજેન્દ્રનાથ સીલ પોતાના "પ્રાચીન હિંદનાં ભૌતિક શાસ્ત્રો" નામના પુસ્તકમાં કહે છે કે ગ્રીકોની માફક હિંદુઓએ પણ પદાર્થશાસ્ત્ર વિષયમાં પદ્ધતિપુરઃસરના વિચારો અને રીતો જણાવવામા પોતાનો ફાળો આપેલો છે. હિંદુઓએ ભૌતિક બાબતો વિષે જ્ઞાનનો જથ્થો એકઠો કરવામાં અને હુન્નરઉદ્યોગોમાં તેમનો ઉપયોગ કરવામા તેમ જ છેક સારાસાન સામ્રાજ્ય, ચીન, જાપાન, પશ્ચિમ દેશો અને પૂર્વ દેશોમાં ભૌતિકશાસ્ત્રોના સિદ્ધાંતોને અને તેને લગતી પદ્ધતિઓને અમૂલ્ય મદદ કરેલી છે. પરંતુ બાબુ સીલ આ પ્રાચીન હિંદુ ભૌતિકશાસ્ત્રોનો સમય ઇ. સ. પૂર્વે ૫૦૦ થી તે ઇ. સ. ૫૦૦ સુધીનો જણાવે છે. ભૌતિક ક્ષેત્રમાં પ્રાચીન હિંદની પ્રગતિ જોતાં આટલી મુદ્દત યથાર્થ જણાતી નથી, તેમ વળી મજકુર સમય હિંદના કળાકૌશલ્ય અને ઔદ્યોગિક પ્રગતિની અવનતિનો હતો. તોપણ અહીંઆં એટલું તો કહેવુંજ જોઇએ કે હાલમાં મળેલી વિગતો જોતાં બાબુ સીલનું પુસ્તક હિંદના ભૌતિક શાસ્ત્રો ઉપર ઘણું અજવાળું પાડનારૂં છે. તેમ આપણે એટલું પણ યાદ રાખવું જોઇએ કે પ્રાચીન હિંદની પ્રગતિના ઐતિહાસિક સમય વિષે સ્પષ્ટ નિશ્ચયાત્મક ઉલ્લેખ થઇ શકવો તદ્દન અશક્ય છે. બાબુ બિનયકુમાર સરકાર પોતાના "વિજ્ઞાન શાસ્ત્રમા હિંદુઓએ મેળવેલી સિદ્ધિ" નામના પુસ્તકમાં હિંદુઓ કયા કયા વિષયમાં ઊંડા ગયા હતા તેની ટુંકી નોંધ લે છે અને હિંદુઓએ સંપ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો સમય વહેલો ઠરાવે છે. તેના મત પ્રમાણે આ સમય ઈ૦ સ૦ પૂર્વે ૮૦૦ થી તે ઈ૦ સ૦ ૧૩૫૦ સુધીનો છે. તેઓ એમ પ્રતિપાદન કરે છે કે જો કે હિંદુઓએ વિજ્ઞાનશાસ્ત્રના વિષયમાં મહાન્ શોધો નથી કરી તોપણ ભૌતિક જ્ઞાન સંબંધક વિષયો જેવા કે ઔષધશાસ્ત્ર, રોગચિકિત્સા, શારીરિક વિદ્યા, ગર્ભશાસ્ત્ર, ધાતુવિદ્યા, રસાયન શાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન અને વર્ણનાત્મક પશુવિદ્યામાં તેઓએ ઘણું સારૂં જ્ઞાન મેળવેલું હતું અને મધ્યકાલીન યુરોપીય કે ગ્રીક લોકોના કરતાં તેઓ કોઈ પણ પ્રકારે ઉતરતા નહતા, એટલું જ નહિ પરંતુ પૂર્વમા ચીન અને જાપાનને રસ્તે અને પશ્ચિમમાં સારાસન લોકો મારફત સમસ્ત દુનિયાના મુખ્ય દેશોએ હિંદુસ્થાને પ્રાપ્ત કરેલ સિદ્ધિઓનો લાભ લીધેલો છે અને ખાસ કરીને ગણિતશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર અને ઔષધ શાસ્ત્રમાં સારાસન લોકો મારફત આર્ય વિચારશ્રેણિ અને સિદ્ધાંતોની યુરોપીય

ભૌતિક શાસ્ત્રો ઉપર ઘણી જ અસર થયેલી છે. શુદ્ધ વ્યવસ્થાત્મક ભૌતિક શાસ્ત્રો હિંદુઓને માલુમ ન હતા; પરંતુ તાપશાસ્ત્ર, દર્શનવિદ્યાશાસ્ત્ર, શ્રવણવિષયકશાસ્ત્ર, લોહચુંબકશાસ્ત્ર અને વિદ્યુતશાસ્ત્ર વિગેરેમા હિંદુઓએ ઘણી પ્રશસ્ય સિદ્ધિ પ્રાપ્ત કરેલી હતી. વળી ચશ્મા બનાવવવાનું કામ અને દર્પણોની પણ તેઓને માહિતી હતી અને કાચ બનાવવાનો અને પોલીશ કરવાનો ઉદ્યોગ પણ ખૂબ ચાલતો હતો. પ્લિની કહે છે તે પ્રમાણે હિંદુઓ ઉત્તમ પ્રકારનો કાચ બનાવતા. અવાજના તરંગો, વિદ્યુતવિષયક બનાવો અને હોકાયંત્રનું તેમને જ્ઞાન હતું. રસાયનનું જ્ઞાન ઘણું જ સારૂં હતું અને ધાતુવિદ્યા અને તેને લગતી કળાઓમા રોમન લોકોમાં એક મહાન્ હુન્નરબાજ પ્રજા તરીકે હિંદુઓની ગણત્રી થતી. ઇ૦ સ૦ ના પહેલા સૈકામા થઇ ગયેલો રોમન પ્લિની કહે છે કે હુન્નર ઉદ્યોગ અને વ્યાપારમાં હિંદુઓ તે વખતે આખી દુનિયામા શ્રેષ્ઠ હતા. વૈદકશાસ્ત્ર અને શસ્ત્રવિદ્યામા તેઓ નિષ્ણાત હતા, અને તે ઉપરાંત તેઓએ સારી શોધો કરેલી છે. ક્રાઇસ્ટની પહેલા, સદીઓ પૂર્વે આર્યોની વૈદક અને શસ્ત્રવિદ્યા યુરોપથી ઘણીજ આગળ વધેલી અને લોકોપયોગી હતી. "હિંદમા એક જુદું જ, ખાસ વિજ્ઞાનશાસ્ત્ર વિષયોને લગતું જ સાહિત્ય, વિષયવાર, કોષો સહિત જન્મ પામ્યું. હિંદુઓના ભૌતિક શાસ્ત્રો તેમના નીતિશાસ્ત્રો કે અર્થશાસ્ત્રોથી ઉતરતા દરજ્જાના ન હતા. વનસ્પતિશાસ્ત્ર, ધાતુવિદ્યા, રત્નપરીક્ષા, રસાયનશાસ્ત્ર, શસ્ત્રક્રિયા, ગર્ભવિદ્યા, શરીરશાસ્ત્ર, રોગચિકિત્સા, અંકગણિત, બીજગણિત, જ્યોતિષશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, વિગેરે દરેક શાસ્ત્રનું આર્યોનાં જ્ઞાનક્ષેત્રમાં સ્વતંત્ર અને જુદું સ્થાન હતું. વળી પ્લિનીના "સ્થાવર જગમ વિદ્યા" નામનાં પુસ્તકની માફક સંસ્કૃતમા પણ "બૃહત્સંહિતા" (છઠ્ઠો સૈકો) જેવા વિશ્વ કોષો થયા છે. વિજ્ઞાનશાસ્ત્રની શોધો હિંદના અમુક ભાગમા, હિંદની અમુક પ્રજા કે અમુક જાતિમા જ સમાયલી ન હતી. બુદ્ધિના વિકાસક્રમમા એ એક સામાન્ય પ્રવૃત્તિ અને સમગ્ર પ્રયાસરૂપ હતી. અમુક મતવાદીઓ બીજાઓની શોધો ઉપર ટીકા કરતા." (બી. કે સરકાર). પરંતુ આટલું કહ્યા પછી "હિંદુઓની ભૌતિક શાસ્ત્રોમા સિદ્ધિઓ" ના અંતમા પ્રોફેસર સરકાર કહે છે કે બીજી પ્રજાઓની માફક હિંદુઓની પદ્ધતિપુરઃસરની ભૌતિક શાસ્ત્રોની શોધોનો ઇતિહાસ, તેમની ટીકા કરવાની શક્તિનો પ્રભાવ નાસ્તિકતા અને બુદ્ધિવાદમા પૂરો થાય છે. પ્રોફેસર સરકારના મત પ્રમાણે હિંદુઓનાં બધા શાસ્ત્રો વિજ્ઞાનશાસ્ત્રના ઇતિહાસ કાળની પૂર્વના વખતમા જાય છે. તે એમ જણાવે છે કે હિંદુ તત્ત્વવેત્તાઓની કારકીર્દિ તપાસતાં તેમા આપણને અતીવ બુદ્ધિમત્તા, ઉપાયો શોધવાની અને એક બીજા સાથે તેમનો સબંધ નક્કી કરવાની સૂક્ષ્મ ઝીણવટ, વ્યવસ્થા અને ચાતુર્ય માલુમ પડે છે: પરંતુ આ બધાંમાથી એક પણ પદાર્થશાસ્ત્રનો જન્મ થઇ શક્યો નહિ. આપણને ન્યાય અને આત્મવિદ્યા, ભૂમિતિ, અને બીજગણિત મળી શકે છે, પરંતુ આ સાધનોમાથી આપણને રસાયનશાસ્ત્ર, જીવંત પ્રાણીશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર કે દર્શનવિદ્યા શાસ્ત્ર પ્રાપ્ત થઇ શકે નહિ.

પ્રાચીન અને મધ્યકાલીન હિંદનાં ભૌતિક શાસ્ત્રો" ના ઇતિહાસને લગતાં પુસ્તકોમાં પ્રોફેસર સરકારનો એક ઉત્તમ ગ્રન્થ છે. પરંતુ ઉક્ત વિદ્વાનને મજકુર પુસ્તક શરૂ કર્યા પહેલાં એ વિષયને લગતી સંપૂર્ણ માહિતી મળી હોત તો એ ઇતિહાસ તદ્દન જુદી જ રીતે લખાતે એમ નિઃસંદેહ જણાય છે. યુરોપીય લેખકોનું વલણ ખાસ કરીને ભૌતિકશાસ્ત્રોના

વિષયમાં હિંદુઓએ મેળવેલી સિદ્ધિઓને ઉતારી પાડવાનું જ છે; જો કે આર્યોની એ વિદ્યાનાં મૂળતત્ત્વો રોમ કે ગ્રીક સંસ્કૃતિને આભારી છે એમ પ્રતિપાદન કરવામાં તેઓ તદ્દન નાસિપાસ થયા છે. વરાળની શોધ અને તેને લઇને ઓદ્યોગિક ક્રાન્તિ થઇ તેનાં બાહ્ય તેજમાં પશ્ચિમે પૂર્વને આજી નાખ્યું છે અને ઉદ્યોગની વૃદ્ધિ માટે સાધનો ઉત્પન્ન કરી આપવાથી અર્વાચીન પશ્ચિમ પ્રાચીન પૂર્વથી શ્રેષ્ઠ કહેવાય છે, જો કે પૂર્વનું કાર્યક્ષેત્ર તદ્દન જુદા જ પ્રકારનું હતું. સત્ય હકીકત તો એ છે કે પ્રાચીન હિંદુ સિદ્ધિઓનું સ્વતંત્ર પોતાનું સ્થાન હતું, તે વખતના પશ્ચિમના દેશો કરતા હિંદ ઘણું જ આગળ વધેલું હતું એટલું જ નહિ પરંતુ યુરોપીય શોધખોળો પણ કેટલેક અંશે હિંદુઓની શોધખોળને આભારી છે અને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમા તો કેટલીક બાબતોમા અત્યારનાં ભૌતિકશાસ્ત્રો કરતાં પણ પ્રાચીન હિંદ આગળ વધેલું હતુ. અલબત મારો એમ કહેવાનો હેતુ નથી કે પ્રાચીન આર્ય સંસ્કૃતિ અને પ્રગતિ હાલના જમાના કરતાં સર્વાંશે ઉચ્ચતર હતા. પરંતુ હું એટલું જ પ્રતિપાદન કરવા માગું છું કે સાધનો અર્થાત્ પ્રત્યક્ષ પુરાવાની ખામીને લીધે પ્રાચીન હિંદુ ભૌતિક શાસ્ત્રોને બહુ જ ગૌણપદ આપવામા આવે છે તે યોગ્ય નથી. હિંદુ શાસ્ત્રો સ્વતંત્ર વિચાર પુરઃસર અને શાસ્ત્રીય રીતિ અનુસાર રચાયેલાં છે અને તે વિષયોમા પશ્ચિમની પ્રજાઓ પાસેથી કાંઇ ભિક્ષા માગવાને બદલે અમુક બાબતોમાં તેમને મદદરૂપ થયા છે. ક્વચિત્ ક્વચિત્ હાલના જમાનાની શોધખોળ કરતાં પણ વિશેષ પ્રગતિ કરેલી હોય એમ નિર્વિવાદ માલુમ પડે છે. હિંદુસ્થાને શિલ્પકળા, કોતરકામ અને ચિત્રકામમાં દુનિયાની બીજી પ્રજાઓ કરતા શું અને કેટલી સર્વોપરી વિદ્યા અને સિદ્ધિ સંપાદન કરેલી હતી તેનું સવિસ્તર વિવેચન હું આપ સહુની સમક્ષ ગત પ્રસંગે કરી ગયો છું

હિંદુ ભૌતિક શાસ્ત્રોની વિગતોને લગતું સાહિત્ય તપાસતાં પ્રથમ આપણે હિંદુઓએ સંપાદન કરેલાં અદ્ભુત જ્ઞાન તરફ સહેજ દૃષ્ટિપાત કરીએ કે જેનાં માત્ર દિગ્દર્શન ઉપરથી આપણને સહજ ખ્યાલ આવી શકે છે કે પ્રાચીન કાળના હિંદુઓની વિદ્યા અને સિદ્ધિઓનું ક્ષેત્ર કેટલું વિશાળ હતું અને અર્વાચીન દેશોની કહેવાતી અપૂર્વ પ્રગતિનું ક્ષેત્ર એ ક્ષેત્રની તુલનામા કેટલું ગૌણસ્થાન લે છે.

अनुकरण शब्द शास्त्र—નાદનાં પ્રતિબિંબ અને પડઘાઓનું પૃથક્કરણ કરી, ચર્ચા કરી, નાદ (Sound) વિષે માહિતી આપે છે.

'**शाकुनिशास्त्र**'—પક્ષિઓની ભાષા (બોલી), તેનું વર્ગીકરણ અને અનુસરણ શીખવે છે.

'**मालिनीशास्त्र**'— રૂપાંતર થવાની જુદી જુદી રીતો સંપૂર્ણ રીતે સમજાવે છે.

'**विषवादम्**'—મા જુદી જુદી જાતનાં વિષોનું, તેની ચિકિત્સાનું અને તેના ઉપાયોનું વર્ણન છે.

'**परकाय प्रवेश**'—સાબીત કરે છે કે પ્રાચીન આર્યો બીજાઓનાં શરીરમાં પ્રવેશ કરી શકવાની વિદ્યા જાણતા હતા.

'**रत्नपरीक्षा**'—કિંમતી પથરોની કેમ પરીક્ષા કરવી તેનું સંપૂર્ણ વર્ણન કરે છે,

'**महेन्द्रजालम्**' માં માયા ઉત્પન્ન કરી અગ્નિમાં અને ઊંડા જળમા કેમ પ્રવેશ કરવો એવું અને ઇજા પામ્યા વગર કેમ બહાર નીકળવું તે સમજાવ્યુ છે.

'**शक्तितन्त्रम्**' અને '**सौदामिनी कला**' માં વિદ્યુત્, ચુંબકત્વ, આકાશતત્ત્વ, તેમજ પૃથ્વી પરના અને આકાશમાંના પદાર્થોની છબીઓ કેમ પાડવી, તથા નાદનાં મોજાં અને આકાશતત્ત્વનો સંબંધ કેમ નક્કી કરવો અને તેનો ઉપયોગ કેમ કરવો વિગેરે બાબતોનું સપૂર્ણ જ્ઞાન આપવામા આવેલું છે.

'**अंशुबोधिनी**' હવા અને પ્રકાશ, લાંબે અંતરે પણ એક બીજા સાથે વાતચીત કરી શકાય તેવાં યંત્રો, આકાશમા અદ્ધર ચાલવાનાં સાધનો–વિમાનો–વિગેરેનું સુંદર રીતે જ્ઞાન આપે છે.

'**कर्क प्रकरणम्**' વાદળાંઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને કેમ કામ કરે છે તે સમજાવે છે અને,

'**मेघोत्पत्तिप्रकरणम्**,' જુદી જુદી જાતનાં વાદળાં, વરસાદ, કરાનું પડવું, તોફાનો, કિંમતી પત્થરો વિગેરેનું પૃથક્કરણ કરી વર્ગીકરણ કરે છે.

'**यंत्रसर्वस्वम्**' જુદી જુદી જાતના ચાળીસ જાતના વિમાનો, તેની રચના અને બનાવટ તથા સાધારણ રીતે યંત્રો કેમ બનાવવા અને તેમાં કેમ ફેરફાર કે દુરસ્તી કરવી અને તેનો કેમ ઉપયોગ કરવો વિગેરેનુ સંપૂર્ણ અને વિસ્તારપૂર્વક જ્ઞાન આપે છે.

'**वैश्वानरतन्त्रम्**' મા એકસો અઠ્ઠાવીસ જાતના અગ્નિ, તેના વર્ણ ગરમી વિગેરેનું વર્ણન છે.

'**धूम्रप्रकरणम्**' પુરાવા સાથે સાબીત કરે છે કે પ્રાચીન આર્યો જુદી જુદી જાતના ધૂમ્રોનું પૃથક્કરણ કરી શકતા, તેની અસર નક્કી કરી શકતા, તેમા કઇ જાતનું ઝેર સમાયેલું છે તથા અગ્નિનું સ્વરૂપ અને અમુક પદાર્થ અમુકજ ધૂમ ઉત્પન્ન કરે છે વિગેરે બાબતો જાણતા હતા.

'**लौहतन्त्रम्**' ધાતુ અને ખનિજ પદાર્થોની જુદી જુદી જાતની ઉપયોગિતા, શુદ્ધિકરણ અને બનાવટની સમજુતી આપે છે.

'**अगतत्त्वलहरी**' વનસ્પતિ કેમ વાવવી, ઉગાડવી અને તેનો મનુષ્યના ખોરાકમાં કેમ ઉપયોગ કરવો વિગેરે બાબતોનું સારૂં પૃથક્કરણ કરે છે.

ઉપર જણાવેલી નોંધ સંપૂર્ણ નથી પણ તે ઉપરથી એટલું સહજ સ્પષ્ટ થશે કે સામાન્ય રીતે માની લેવામા આવે છે તેમ પ્રાચીન આર્યો ભૌતિક શાસ્ત્રોના વિષયમાં અજ્ઞાન નહતા. પ્રાચીન મહર્ષિઓ ભૌતિક શાસ્ત્રોમાં ખૂબ આગળ વધેલા હતા. પૃથક્કરણ કરવાની વિદ્યામાં પારંગત હતા, અને પોતે સંપાદન કરેલી વિદ્યા પોતાના ચાલુ ઉપયોગમાં વાપરતા. આર્ય લોકો વિદ્યુત, લોહચુંબકત્વ, આકાશતત્ત્વ, ઉષ્મા, પ્રકાશ અને નાદની શક્તિઓનું જ્ઞાન ધરાવતા હતા, અને તેનો ઉપયોગ જાણતા હતા; તેઓ ગ્રહો અને ગ્રહમંડળો, વાદળાંઓની

ઉત્પત્તિ, બંધારણ અને ઉપયોગિતા, વરસાદ, ગર્જના, વિજળી અને સૂર્ય તથા ચંદ્રનાં કિરણો વિગેરેનું ઉંચા પ્રકારનું જ્ઞાન ધરાવતા. તેઓ જુદાં જુદા अप् (જળ) તત્ત્વોની શક્તિ અને ઉપયોગ જાણતા હતા, અને પડઘા અને નાદનાં આંદોલનો, ધૂમો, અગ્નિ અને ખનિજ પદાર્થો અને વાતાવરણનાં દશ્યોને સમજી શકતા હતા; તેઓ સ્વરક્ષણાર્થે ખાઇઓ ખોદતા, કિલ્લાઓ બાંધી જાણતા, હથિયારો અને અસ્ત્રો બનાવતા એટલું જ નહિ પરંતુ વિમાનો અને જલાંતરગામી નૌકાઓ પણ બનાવતા અને વાપરતા અને તેને કેમ બનાવવાં, ચાલુ કરવાં અને દુરસ્ત કરવાં તે વિષયનું સંપૂર્ણ સાહિત્ય પાછળ મુકી ગયા છે. વિમાનોની મુસાફરીમાં કઇ જાતનાં કપડાં પહેરવાં, કેવો ખોરાક લેવો, વાતાવરણમાં નડતા ઝેરી પવનોથી કેમ બચવું વિગેરે બાબતનું સાહિત્ય ધરાવનાર આર્ય પ્રજાને માત્ર કલ્પનાશક્તિ અને શુષ્ક નિરુપયોગી તત્ત્વજ્ઞાનમા જ આનંદ પામતી પ્રજા કહી શકાય તેમ નથી. ભૌતિક શાસ્ત્રોનાં તેઓનાં આ અદ્દભુત જ્ઞાનના દશ્ય નમુના આપણને સાબિતિ તરીકે મળતા નથી, પરંતુ સારે નસીબે આર્યો ભૌતિક શાસ્ત્રોનાં ક્ષેત્રની શોધમા કેટલા આગળ વધેલા હતા અને તેનો કેવો ઉપયોગ કરી શકતા તે દર્શાવતું સાહિત્ય સારા પ્રમાણમા હમણા આપણને મળી આવ્યું છે. આ વિષયને લગતા મુખ્ય શાસ્ત્રોનું વર્ણન નીચે આપવામા આવેલું છે.

શાસ્ત્રોનાં નામ અને વિષય

(૧) **अक्षरलक्ष गणित शास्त्र**—આ ગણિતશાસ્ત્ર છે અને વાલ્મીકિ ઋષિએ લખેલું છે.

(૨) **अनुकरण शब्द शास्त्र** કુડિક ઋષિએ રચેલ આ પુસ્તક નાદના પડઘા અને આંદોલનોનું શાસ્ત્ર છે.

(૩) **स्त्रीलक्षण शास्त्र**-શાકતાયને લખેલું છે.

(૪) **पुरुषलक्षण शास्त्र**-જીવડાંઓ સુદ્ધા સમસ્ત જીવંત સૃષ્ટિની નરજાતિ અને નારીજાતિ ઓળખવાની રીતિ દેખાડનારૂં આ શાસ્ત્ર બભ્રુ ઋષિએ રચેલું છે,

(૫) **कन्यालक्षण शास्त्र**-આ પણ બભ્રુ ઋષિએ રચેલું છે. આમાં સ્ત્રીએ પુરુષ સંગ કર્યો છે કે નહિ વગેરે મુદ્દાઓનો સ્વતનિર્ણય કરવાની રીતો આપેલી છે.

(૬) **शकुनिशास्त्र**-ગાર્ગ ઋષિએ લખેલું છે. આમાં પક્ષીઓના અવાજો અને બોલી ઉપરથી મનુષ્યોનું શુભ અથવા અશુભ ભવિષ્ય પારખવાની રીતનું વર્ણન આપેલું છે.

(૭) **शिल्पीशास्त्र**-મયે રચેલું છે. બત્રીસ જાતના શિલ્પ કામો તથા બીજાં બાંધકામોનું સુંદર વિવેચન આ શાસ્ત્રમા આપેલું છે.

(૮) **सूपशास्त्र**-સુકેશે બનાવેલું છે. આમાં ઘણી ઉપયોગી અને ઘરગથુ બાબતો જેવી કે રસોઇ કેમ બનાવવી વિગેરે વિષે હકીકત આપેલી છે.

(૯) **मालिनी शास्त्र**-ઋષ્યશૃંગ મુનિએ બનાવેલું છે. આમા માયાથી રૂપાતર, અદૃશ્ય કેમ થવું વિગેરેનું વિવેચન આપેલું છે.

(૧૦) **प्रलय शास्त्र**-વ્યાસ ઋષિએ રચેલું છે અને ચાર પ્રલયોની સમજણ અને બીજા ચોસઠ પ્રલયોનું વિવેચન તેમા કરેલું છે.

(૧૧) **कलाशास्त्र**-ષણ્મુખ ઋષિએ લખેલું છે અને કળાઓના જુદા જુદા સમય, વંશાવળી અને ૬૪,૦૦૦ કળાપુરુષોનું વર્ણન તેમા કરેલું છે.

(૧૨) **मायावाद शास्त्र**-અંજનય ઋષિએ બનાવેલું છે.

(૧૩) **धातुवादम्**-અશ્વિનિકુમારે રચ્યું છે અને ખનિજ પદાર્થો, તેના સંમેલન વિગેરેનું સવિસ્તર વર્ણન તેમા કરેલું છે.

(૧૪) **विषवादम्**-અશ્વિનિકુમારે રચેલ છે અને તેમા જુદી જુદી જાતના વિષો, તેની ચિકિત્સા વિગેરેનું વિવેચન કરેલું છે.

(૧૫) **गारुडम्**-વલ્લે લખેલું છે. આમા જાદુગરોના બત્રીસ ખેલો અને ઝેરી પ્રાણીઓના ડંખના ઉપાયોનું વિવેચન આપેલું છે.

(૧૬) **चित्रकर्म**-ભીમ ઋષિએ રચેલું છે અને તેમાં ચિત્રકળા અને છબી પાડવાની કળા-(ફોટોગ્રાફી)-નું સુંદર વિવેચન કરેલું છે.

(૧૭) **मल्लशास्त्र**-મલ્લ ઋષિએ બનાવેલું છે અને તેમાં કુસ્તી કેમ કરવી તેની ભિન્ન ભિન્ન રીતો તથા કસરતોનો સમાવેશ થાય છે.

(૧૮) **भारतम्**-ગણપતિ ઋષિએ રચેલું છે અને તેમાં વાદ્યો સાથે સંગીત અને નૃત્યનું વિવેચન કરેલું છે.

(૧૯) **परकाय प्रवेश**-વાલખિલ્ય મુનિએ લખેલું છે અને બીજાના શરીરમાં કેમ પ્રવેશ કરવો તે વિષેનું જ્ઞાન તેમા આપેલું છે.

(૨૦) **अश्वहृदयम्**-સુગ્રીવે રચેલું છે; તેમાં અશ્વોની પરીક્ષા, સવારી કરવી, રથ હાકવાની રીતો તેની પરીક્ષા કેમ કરવી વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૨૧) **गजहृदयम्**-કુમાર સ્વામીએ લખેલું છે; તેમા હાથીઓને કેમ પાળવા કેળ-વવા વિગેરે સંબંધે હકીકત આપેલી છે.

(૨૨) **रत्नपरीक्षा** વાત્સાયન મુનિએ રચેલું છે: તેમા રત્નો, ઝવેરાત વિગેરેની કેમ કસોટી કરવી તેનું બારીક જ્ઞાન આપેલું છે.

(૨૩) **इन्द्रजालम्** વીરબાહુ મુનિએ બનાવેલું છે; તેમા જાદુના ખેલો, માયા કેમ ઉત્પન્ન કરવી, મંત્રથી નવી વસ્તુઓ કેમ પેદા કરવી વિગેરે સમજાવવામા આવ્યું છે.

(૨૩) **महेन्द्रजालम्** વીરબાહુ મુનિએ રચેલું છે, તેમાં ૧૧૫ જાતનાં સ્તંભનો, જેવાં કે અગ્નિસ્તંભન-અગ્નિમા કુદવું, અગ્નિમા બેસી રહેવું અને તેમાંથી કાંઈ પણ ઇજા પામ્યા વગર બહાર નીકળવું, જલસ્તંભન—પાણીમાં પડવું, પાણીમાંથી સલામત બહાર નીકળવું વિગેરે માયાવી પ્રયોગો સમજાવેલા છે.

(૨૫) **अर्थशास्त्र** વ્યાસ મુનિએ લખેલ છે; અને તેમાં નીતિને રસ્તે ચાલી ધન કેમ પ્રાપ્ત કરવું તે વિષે સમજુતી આપવામા આવેલી છે.

(૨૬) **शक्तितन्त्रम्** મહર્ષિ અગત્સ્યે સૂત્રોના રૂપમા રચેલું છે. આમા મૂલપ્રકૃતિ અથવા આદિ શક્તિમાથી શક્તિઓનું પેદા થવું, કેવી રીતે તેઓ બહાર નીકળે છે તે, તેઓ કયા પદાર્થની બનેલી છે તે, અને આ બત્રીસ શક્તિઓના કેટલા ઉપયોગ થઇ શકે તે, વિદ્યુત્, ચુંબકત્વ, આકાશતત્ત્વ, વિગેરેની સંપૂર્ણ અદ્ભુત રીતે માહિતી આપવામા આવી છે.

(૨૭) **सौदामिनीकला** મહર્ષિ માતંગે રચેલ છે; તેમાં પાર્થિવ અને આકાશસ્થ વસ્તુઓની છાયા (ફોટોગ્રાફ) કેમ લેવી અને આ દૃશ્યોનાં, નાદના આંદોલનોનો કેમ અભ્યાસ કરવો, પૃથક્કરણ કરવું અને ઉપયોગ કરવો વિગેરેની રીતોનું વર્ણન આપેલું છે.

(૨૮) **शुद्धविद्याकल्प** મહર્ષિ અશ્વલાયને બનાવેલું છે; તેમા સૃષ્ટિ અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે કે કોઇએ તે ઉત્પન કરી છે? આ સૃષ્ટિ અને તેના સૃષ્ટાનો સંબંધ કેવી જાતનો છે? કેટલી જાતની સૃષ્ટિઓ છે વિગેરે સવાલોનો કાળજીપૂર્વક અભ્યાસ અને મનનપુરઃસર યોગ્ય નિર્ણયો આપવામાં આવ્યા છે.

(૨૯) **ब्रह्मांडसारम्** મહર્ષિ વ્યાસે રચેલું છે. આમાં ઘણાં બ્રહ્માંડોના ગુણો તેઓમા કેટલી દુનિયાઓ આવેલી છે તે, તેમાંના દરયો, તેઓમાં આવેલી સ્થાવર જંગમ વસ્તુઓ, નદીઓ, પર્વતો, પ્રાણી, વનસ્પતિ, કેવી જાતના મનુષ્યો તેમા વસે છે તે, અને સ્થૂલ સૂક્ષ્મ ઉપાયોથી આ બધુ કેમ શોધી કાઢવું તેની સમજણ આપેલી છે.

(૩૦) **अंशुबोधिनी** મહર્ષિ ભરદ્વાજે રચેલ છે. આમા જુદા જુદા ગ્રહો, ગ્રહોની અંદર રહેલ અને બહાર નીકળતાં તેજ અને ઉષ્મા, તેમની નિરીક્ષા કરવા માટે આવશ્યક યંત્રો અને સાહિત્યો. ગ્રહોની અંદર આવેલી શક્તિઓ, વિદ્યુત્, રંગ, ગતિ, ઉષ્મા, અંધકાર કે પ્રકાશ વિગેરે જોવા અને તપાસવાના કાર્યો અને ગ્રહોની શક્તિઓના ગુણ અને વેગ માપવાની રીતો બતાવેલી છે. સૂર્યનાં કિરણોને આકર્ષવાનાં, જુદાં પાડવાના યંત્રો બનાવવાની રીત, તેમ જ જુદી જુદી શક્તિઓને ભેગી કરી તેની મદદવડે અતિ દૂર રહેતા મનુષ્યો સાથે વાત કરવાની સગવડ આપનારાં યંત્રો, આકાશમાં અદ્ધર લટકતા દોરડા મારફત સંદેશા મોકલવાની રીત, અને સૃષ્ટિના જુદા જુદા ભાગોમાં જવા માટેનાં વિમાનો કેમ બનાવવા વિગેરે ઘણી જ મહત્ત્વની બાબતો સમજાવેલી છે.

(૩૧) **अंडकौस्तुभ** મહર્ષિ પરાશરે રચેલ છે. તેમા અંડો એટલે બ્રહ્માંડો, તેમને યોગ્ય સ્થાનમાં રાખનાર વાતાવરણમય આવરણો, દરેક અંડના ગ્રહો, અંડનો વિસ્તાર, સ્વરૂપ અને માપ, અંડનું સ્થૂલ સ્વરૂપ, વેગ, વિગેરેનું તેમ જ તેની અંદર માલુમ પડતી વસ્તુઓનું અપૂર્વ વર્ણન આપવામાં આવેલું છે.

(૩૨) **कौमुदी** સોમનાથ મુનીએ રચેલ છે અને તેમા દરેક અંડના ઉપગ્રહો, અંડની અંદર થતા ફેરફારો વિગેરે હકીકત આપી છે.

(૩૩) **कर्कप्रकरणम्** મહર્ષિ અંગીરસે રચેલ છે. તેમા વાદળાઓની અંદર સૂર્યનાં કિરણો પ્રવેશ કરે છે ત્યારે શું શું ક્રિયાઓ થાય છે તે, વાદળાની અંતર્ગત શક્તિઓ સાથે સૂર્યના કિરણોની શક્તિનું સંમેલન થતાં સ્વેદજ, ઉદ્‌ભિજ વિગેરે અંડોમા બીજ કેમ ઉત્પન્ન થાય છે તે, વનસ્પતિની ઉત્પત્તિ માટે આવશ્યક બીજો તથા પત્થર, રત્નો, શંખ, પરવાળાં વિગેરેની ઉત્પત્તિ કેમ થાય છે વિગેરે અલૌકિક બાબતોનું, અગાધ જ્ઞાન સૂચવતું સાહિત્ય આપેલું છે.

(૩૪) **मेघोत्पत्ति प्रकरणम्** મહર્ષિ અંગીરસે લખેલું છે. તેમાં વાદળાંઓની બાર જુદી જુદી જાતો, તેનાં નવ સ્વરૂપો, તેની ઉત્પત્તિ, સૃષ્ટિ કાર્યમાં તેમનું સ્થળ, બાર જાતના વરસાદ, ચોસઠ જાતની વિજળી, ગર્જનાનાં કારણો, બત્રીસ જાતની મેઘ ગર્જનાઓ, એકવીસ જાતના વિદ્યુપાત, ક્યારે અને કેવી રીતે વિદ્યુત્પાત થાય છે તેનું વિવેચન. આઠ જાતના કરાઓ, ધાતુઓ; અગ્નિ ઓલી પત્થર વિગેરેનું વર્ણન આપેલું છે.

(૩૫) **अक्षशास्त्र** મહર્ષિ ભરદ્વાજે રચેલું છે. તેમાં **अक्ष** શબ્દની સમજૂતી, અક્ષોની સાત જાતો, અક્ષના વિભાગો, અક્ષશક્તિઓના સંમેલનસ્થાનો, વિવિધ પ્રકારના વાતાવરણમય આવરણો, તેના સ્થાનો અને તેની વચ્ચેનાં અંતરો, તેની અંદર આવેલી ઉષ્મા અને અગ્નિ, જે ગ્રહો, સ્થાનો અને પરિધિઓની અંદર અક્ષો ભ્રમણ કરે છે તેનું વર્ણન, આકાશ પ્રદેશમા આવેલા જલમય આવરણો, નક્ષત્રગણો, અને વિભાગો, આ અક્ષપરિધિમા આવેલી પૃથ્વીઓ, અક્ષોની ગતિ, તેનું ભ્રમણ, તેની શક્તિઓમાંથી ઉત્પન્ન થતા મોજાંઓ અને તેની ગતિ વિગેરે અતિ રસમય બાબતોનું વિવેચન કરેલું છે.

(૩૬) **लोकसंग्रहम्** વિવરણાચાર્યે રચેલુ છે. આમા જીવંત પ્રાણીઓની જુદી જુદી બધી જાતિઓનું વર્ણન કરેલું છે. વળી મનુષ્યોની જુદી જુદી જાતો, તેની વચ્ચેના તફાવતો, રીતભાત અને રિવાજો, તેની ઉત્પત્તિ, વર્ણ, કદ, તેમનો ખોરાક, પહેરવેશ જીવનપદ્ધતિ અને બીજી રસમય તેમજ બોધક બાબતો પણ વર્ણવેલી છે. તેમા ૧૭૧૪ જુદી જુદી ભાષાઓ કહી છે. આ બધી ભાષાઓની ઉત્પત્તિ, કાળ અને વિકાસનું વર્ણન તથા અમુક ભાષા કોણે પ્રથમ શોધી તે, કયે સમયે તે શોધાઇ તે, વિગેરે વિષયને લગતી તમામ બાબતોનું સુંદર વિવેચન કરેલું છે.

(૩૭) **अग्तत्त्वलहरी** મહર્ષિ અશ્વલાયને બનાવેલ છે. અને તેમા વનસ્પતિઓનું વર્ણન હોઇ તે શાસ્ત્ર બહુ જ ઉપયોગી અને કિંમતી છે. વનસ્પતિશાસ્ત્રની સંપૂર્ણ માહિતી, જીવંત પ્રાણીઓ શરીરપોષણાર્થે વનસ્પતિને કેટલા આભારી છે તે, વનસ્પતિનો સંપૂર્ણ વિકાસ ફતેહમંદ રીતે કરવાની રીત વિગેરે ઉપયોગી હકીકત આમા આપેલી છે.

(૩૮) **प्रपंचलहरी** મહર્ષિ વસિષ્ઠે લખેલું છે. આમા વિશ્વ રચનાત્મક અથવા નાશાત્મક પરમાણુઓની શક્તિથી બનેલુ છે કે એક સત્તા–શક્તિથી ઉત્પન્ન થયેલું છે તે અગત્યનો સવાલ ઉત્તમ રીતે ચર્ચી નિર્ણય બાંધવામાં આવ્યો છે.

(૩૯) **यंत्रसर्वस्वम्** મહર્ષિ ભરદ્વાજે રચેલું છે, આ ગ્રંથમા યંત્રો કેમ બનાવવા તથા ચલાવવા તે વિસ્તારપૂર્વક સમજાવવામા આવેલું છે; અને જો મજકુર શાસ્ત્રને સમજી ઉપયોગ કરવામા આવે તો તે અતિ મહત્ત્વનો ગ્રંથ થઇ પડે તેમ છે. આ ગ્રંથમા ' વિમાનાધિકરણમ્, ' એ વિષયનો સમાવેશ થાય છે, એટલે કે વિમાનોની મદદથી આકાશ પ્રદેશમા મુસાફરી કેમ કરી શકાય અને મરજીમાં આવે ત્યા એક સ્થળથી બીજા સ્થળે અંતરિક્ષમાર્ગે કેમ જઇ શકાય તે સમજાવવામા આવેલુ છે આ ગ્રંથના પાચમા પ્રકરણમા આ વિષયનું વિવેચન કરવામા આવેલુ છે. વિમાનોના ત્રણ પ્રકાર કહ્યા છે: (૧) મંત્રિક વિમાનો. (૨) તાંત્રિક વિમાનો, અને (૩) કૃતિક વિમાનો. મંત્રિક વિમાનો મંત્રસિદ્ધિથી

ઉત્પન્ન કરવામા આવે છે અને ઘણે ભાગે દેવોજ તેનો ઉપયોગ કરી શકે છે. તાન્ત્રિક વિમાનો ૬૪ તંત્રશાસ્ત્રોમા કહેલી રીત પ્રમાણે બનાવવામાં આવે છે અને સિધ્ધો તેનો ઉપયોગ કરે છે. કૃત્તિક વિમાનો મનુષ્યબુદ્ધિથી બનાવવામાં આવે છે. કૃત્તિક વિમાનો ચાલીસ પ્રકારના છે અને તેના સાધનો, તેને બનાવવાની તથા દુરસ્ત કરવાની તેમજ ચલાવવાની રીતો ઘણી જ બારીકીથી સવિસ્તર હકીકત આપી સમજાવવામાં આવેલાં છે. ગ્રંથ ઉપરથી સહજ સિદ્ધ થઇ શકે છે કે આ વિમાનોની બનાવટ અને ઉપયોગ એ પ્રાચીન કાળમાં માત્ર સાહિત્ય પ્રદેશમાંજ સમાયેલાં નહતાં, પરંતુ પ્રત્યક્ષ રીતે ઉપયોગમાં હતાં. અર્વાચીન કાળમા પણ, જરૂર જોઇતી બુદ્ધિ, મહેનત અને ખર્ચ કરવામા આવે તો તે વિમાનો બનાવી તેમા આકાશમાર્ગે મુસાફરી કરવાનું બની શકે તેમ છે. સાપ્રત કાળમા વિમાનોના પ્રકાર અને અચોકસ અજમાયસોનો ખ્યાલ કરતા પ્રાચીન હિંદમા સંચાર કરતા ચાલીસ જાતનાં વિમાનો, તેને બનાવવાની, ચલાવવાની અને દુરસ્ત કરવાની જુદી જુદી રીતો, તેમાં લેવાનો ખોરાક, પહેરવાનાં કપડા અને ઝેરી પવનથી બચવા સંબંધે આપેલી બારીક સૂચનાઓ આપણને આજ પણ સહજ ખ્યાલ આપી શકે છે કે પ્રાચીન કાળમાં ભૌતિકવિદ્યાના ક્ષેત્રમા પણ આર્યાવર્ત કઇ કોટિએ પહોચ્યું હતું.

(૪૦) **लोहतंत्रम्** મહર્ષિ શકતાયને રચેલું છે. આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે અને સ્પષ્ટ અને સરળ રીતે તેમા ખનીજ પદાર્થો અને ધાતુઓનું બંધારણ, વિકાસ અને પેદાશ સમજાવવામા આવ્યા છે.

(૪૧) **ज्योतिसर्वस्वम्** મહર્ષિ જૈમિનિએ બનાવેલું છે આમા ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુ, ખરતા તારાઓ, ભ્રમણ પરિધિઓ વિગેરે બાબતો વિષે વિવેચન કરવામાં આવેલુ છે.

(૪૨) **कर्माब्धिसारम्** મહર્ષિ આપસ્તંબે રચેલું છે. આનો વિષય મનુષ્યોથી કરાતા કર્મો છે. દરેક વ્યકતિએ કરવાના કર્મો, અમુક કર્મનું ફળ, કર્મો કયારે અને કેમ કરવાં વિગેરે રહસ્યમય જ્ઞાન આમા આપવામા આવ્યું છે.

(૪૩) **धातुसर्वस्वम्** મહર્ષિ બોધાયને લખેલુ છે. આમાં ખાણોમાથી નીકળતા ખનીજ પદાર્થોના સ્વરૂપ, તેમજ મનુષ્યોએ બનાવેલ ધાતુઓનું વર્ણન આપવામા આવ્યું છે. વળી જુદા જુદા પ્રકારના વિષ, તેનો પ્રતીકાર, ધાતુ સંમેલન વિગેરે બાબતો પણ આમા ચર્ચેલી છે.

(૪૪) **रुग्हृदयम्** મહર્ષિ અત્રિએ રચેલું છે. આ ગ્રંથમા રોગો પરમાત્માએ ઉત્પન્ન કર્યા છે કે મનુષ્યોના ખોરાક, હવાપાણી, કપડા અગર કર્મોમાં અનિયમિતતાનું પરિણામ છે એ સવાલ ઘણીજ ઉત્તમ રીતે ચર્ચવામા આવ્યો છે. વિશેષ એમ સ્થાપિત કરવામાં આવ્યું છે કે સૃષ્ટપદાર્થો કે દશ્યોના બીજની માફક રોગનાં બીજ પણ પંચમહાભૂતમા જ રહેલા છે. જુદા જુદા રોગોના સ્વરૂપ, કેવી રીતે, કયારે

અને શા માટે રોગો જોર કરે છે. રોગના વધવાની જુદી જુદી નિશાનીઓ, તેનો પ્રતીકાર–દવાઓ, ચામડી, સ્નાયુઓ અને હાડકાઓપર શસ્ત્રક્રિયા કેમ કરવી, જુદા જુદા અવયવોને કેવી રીતે કાપીને સાંધી જોડવા, અને રોગોનાં શમનમા વરાળ, પાણી, અગ્નિ, હવા, વનસ્પાત અને ખનિજ પદાર્થો, સૂર્ય તથા બીજા ગ્રહોના કિરણોનો કેમ ઉપયોગ કરવો વિગેરે વિગેરે ઘણી મહત્ત્વની હકીકત આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક ચર્ચી બારીકીથી સમજાવવામા આવેલી છે.

(૪૫) **नामार्थकल्पम्** મહર્ષિ અત્રિએ બનાવેલું છે. આમા કોઇ પણ વસ્તુનું નામ તે વસ્તુ ઉપરથી તેની ઉત્પત્તિ પછી પડયું કે પહેલા હતું, અગર નામ અને પદાર્થ સાથેજ હસ્તિમાં આવ્યા વિગેરે બાબત ચર્ચેલી છે.

(૪૬) **वायोतत्त्वप्रकरणम्** મહર્ષિ શાકતાયને રચેલું છે. આ ગ્રંથમા વાતાવરણ-મય ૮૪,૦૦૦ જુદા જુદા આવરણો, પૃથ્વીની તદ્દન નજીકના આવરણોના સ્વ-રૂપ અને ગુણો અને વનસ્પતિ સૃષ્ટિના ગુણ, રંગ, સ્વાદ વિગેરેનું વર્ણન આવે છે.

(૪૭) **वैश्वानरतन्त्रम्** મહર્ષિ નારદે રચેલું છે. આ ગ્રંથમા ૨૮ પ્રકારના અગ્નિ તેમના રંગ, સ્વરૂપ અને અંદર રહેલી ગરમીનું તુલનાત્મક પ્રમાણ વિગેરે વિષયો ચર્ચવામાં આવેલા છે.

(૪૮) **धूमप्रकरणम्** મહર્ષિ નારદે રચેલું છે. આમા ધૂમોની પૃથક પૃથક જાતોની પરીક્ષા કેમ કરવી તે સમજાવવામા આવ્યું છે. આ કામને માટે ખાસ આર-સીઓ બનાવવાની રીતો સમજાવવામા આવી છે, અને વિવિધ પ્રકારના અ-ગ્નિઓના ધૂમોને મજકુર આરસીઓ પર ફેરવી એ અગ્નિઓના ગુણોની કેમ પરીક્ષા કરવી તે જણાવેલું છે. વળી મજકુર આરસીપર જામેલી મસને અમુક જાતના ઓસડોથી તપાસવામા આવે ત્યારે કયા પદાર્થ સળગવાથી ઉત્પન્ન થયેલા અગ્નિના ધૂમની એ મસ છે એ પણ શોધી શકાય છે. પછી તે પદા-ર્થનું પૃથક્કરણ કરી તેમા અમૃત કે વિષ કેટલા પ્રમાણમાં છે તે શોધવામા આવે છે અને આ રીતે અમુક ધૂમ ઝેરી છે કે નહિ તે નક્કી કરવામાં આવે છે. આ શાસ્ત્રના જ્ઞાનથી મનુષ્યો ઝેરી ધૂમોથી દૂર રહી શકે છે અને તંદુરસ્તી વધારનારા ધૂમો લઇ શકે છે.

(૪૯) **औषधिप्रकरणम्** મહર્ષિ અત્રિએ રચેલું છે. વનસ્પતિમાથી બનતી દવાઓને ઔષધિ કહેવામા આવે છે અને ઘણીજ સરળ અને સ્પષ્ટ રીતે આ ગ્રંથમા આ મહત્ત્વનો વિષય સમજાવવામાં આવ્યો છે.

સુજ્ઞ બંધુઓ અને બ્હેનો ! ઉપર જણાવેલી નોંધ તે આર્ય મહર્ષિઓના વિદ્યા-ભંડારમાં નીપજેલાં બધા શાસ્ત્રોનીજ નોંધ નથી, પરંતુ તેમાંના કેવળ મુખ્ય શાસ્ત્રોનીજ નોંધ છે અને તે પણ આપ સહુને જણાશે તેમ એક માત્ર અનુક્રમણિકાનો અર્થ સારે તેવીજ નોંધ છે. આ મુખ્ય શાસ્ત્રોનો પણ પુરેપુરો ખ્યાલ આપ સહુ સમક્ષ અત્રે રજુ કરવાને

હું શકત છું. પરંતુ હું આશા રાખું છું કે આ ટૂંક નોંધથી પણ એટલુ સહજ સ્પષ્ટ થશે કે આપણી માતૃભૂમિ કે જે ભૌતિક વિદ્યા માટે પશ્ચિમ તરફ કેવળ આભાર અને આશ્ચર્યથી જોઇ રહી છે તેમાં એક વખત એવો કાળ હતો કે જ્યારે ભૌતિક વિદ્યાની સમગ્ર ઉપાસના અને સિદ્ધિ થયેલી હતી અને આર્ય મહર્ષિઓ તેમાં એટલા પારંગત થયેલા હતા કે જેની સરખાણીમા અર્વાચીન એક પણ દેશ ઉભી શકે તેમ નથી. માત્ર આટલા શાસ્ત્રો આટલો ખ્યાલ આપી શકે છે તો પછી કુલ શાસ્ત્રો કેટલા હશે, એ અલૌકિક ભૌતિક વિદ્યા-વિસ્તાર શું હશે, આર્ય મહર્ષિઓ ભૌતિક શાસ્ત્રમા અજ્ઞાન હોવાને બદલે કેટલા પારંગત હશે અને તેમની સિદ્ધિઓ કેટલી બહુદ્દેશીય, મહત્ત્વની અને બુદ્ધિપુરઃસરની હશે, અને આપણો આર્યાવર્ત પશ્ચિમને આભારી હોવાને બદલે આવી સિદ્ધિઓથી સંપન્ન થઇ કેટલો રિદ્ધિસિદ્ધિથી ભરપૂર હશે તેનો ખ્યાલ હું આપ સહુને જ સોપુ છું. સામાન્ય રીતે કોઇ પણ કાર્યસિદ્ધિના આધારે તેને લગતું સાહિત્ય લખાય છે અને તેથી ભૌતિક વિદ્યાના ક્ષેત્રમા આર્યોની સિદ્ધિઓની શરૂઆત પ્રસ્તુત સાહિત્યની ઘણાં વર્ષો પૂર્વે થયેલી હશે એમ સહજ અનુમાન થઇ શકે છે. જે સાહિત્ય ઉપલબ્ધ છે તે આર્યોની વિદ્યાની એટલી અદ્ભુત ઝાખી કરાવે છે કે એટલી મહત્ત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરતા તેઓને સેંકડો વર્ષો થયા હોવા જોઇએ એમ માનવાનુ દરેક કારણ મળે છે. એટલે પ્રસ્તુત સાહિત્યના સમયની પૂર્વે પણ ઘણા કાળ પહેલા આર્ય મહર્ષિઓએ ભૌતિક ક્ષેત્રની શોધખોળ અને સિદ્ધિઓ હાથ કરેલી હશે એમ જણાય છે. જે યુગમા આ શાસ્ત્રો લખાયેલા જણાય છે તે યુગમા આધુનિક પ્રગતિમાન્ યુરોપમાં તો શુ પરંતુ તેના પ્રાચીન કીર્તિના ગ્રીસ કે ઇટલી અથવા એસીરીઆ, પેલેસ્ટાઇન કે મિસર દેશમા પણ આવી જાતની કાંઇ સિદ્ધિઓ હોય અથવા તેને લગતું સાહિત્ય લખાયેલું હોય એવું કાઇ સૂચન કે આધાર સરખો પણ મળતો નથી. એટલે આર્યોનું ભૌતિક શાસ્ત્ર સ્વતંત્ર રીતે રચાયેલું છે અને પશ્ચિમ પાસેથી લીધેલી ભીક્ષા હોવાને બદલે પશ્ચિમમાં સારાસાન લોકો દ્વારા સમસ્ત યુરોપને અને પૂર્વમા ચીન જપાનને મજકુર ક્ષેત્રમા માર્ગદર્શક થયેલું હશે એમ નિઃસંદેહ જણાય છે. એટલુંજ નહિ પરંતુ આપણને ઉપલબ્ધ શાસ્ત્રો ઉપરથી તેઓની સિદ્ધિઓ એટલી મહત્ત્વની અને બહુદ્દેશીય જણાય છે કે અર્વાચીન દેશો પણ તેનો મોટો ભાગ હજી જાણી કે મેળવી શક્યા નથી, તો પછી એ વિદ્યા અને સિદ્ધિઓ માટે હિંદુસ્થાન પશ્ચિમ દેશોને આભારી છે એમ સાર કાઢવો એ કેવળ સત્યની અરુચીજ સૂચવે છે. જે હિંદુસ્થાન શિલ્પકળા ચિત્રકળા અને કોતરકામના અવશેષ રહેલા જુજ નમુનાઓથી પણ અત્યારે સમસ્ત દુનીયાને તેના કળા–કૌશલ્ય માટે આશ્ચર્યમુગ્ધ બનાવી રહ્યું છે, જે હિંદુસ્તાન તત્ત્વજ્ઞાન માનસશાસ્ત્ર અને આત્મવિદ્યાના અગાધ વિષયોમા પણ પારંગત હોવાને માટે અમર કીર્તિ ભોગવી રહેલુ છે, તેજ હિંદુસ્તાનમા જ્યારે તેની સંપત્તિનો સૂર્ય ગગનમંડળ ઉપર ચમત્કાર કરી રહ્યો હતો ત્યારે એવી ભૌતિક વિદ્યા અને સિદ્ધિઓ હતી કે જેનો ખ્યાલ સરખો પણ અર્વાચીન કાળને આવી શકે તેમ નથી હતભાગ્યે મજકુર વિદ્યા અને સિદ્ધિઓના કાઇ આધાર ઉપલબ્ધ નહિ હોવાથી, આર્ય બંધુઓનું એ દિશા તરફ લક્ષ ખેંચાયુ નથી અને પરિણામે પાશ્ચાત્ય લોકોએ ઉપસ્થિત કરેલી રજુઆતો ટકી રહેલી છે. મ્હારા આ પ્રસંગથી ઉક્ત વિષય ઉપર અજવાળું પડશે અને આર્ય બંધુઓનું લક્ષ તે દિશા તરફ વળશે એમ હું ઉમેદ રાખું છું અને મને ખાત્રી છે કે જો આર્ય વિદ્વાનો

આ દિશામા પુરતો પ્રયાસ કરશે તો ઘણી અગત્યની વિગતો બહાર આવશે. મેં આ દિશામાં બનતો પ્રયાસ કરેલો છે અને યત્કિંચિત્ સેવા બજાવેલી છે અને બજાવતો રહીશ, અને આપણા વિદ્વાન બંધુઓ આ દિશામા યથેષ્ટ પ્રયાસ કરી હિંદુસ્તાનની ભૌતિક વિદ્યાનું અમૂલ્ય અને અદ્‌ભુત ક્ષેત્ર હાથ કરે અને એ રીતે એક અતિ કિંમતી દેશસેવા બજાવે એટલોજ મ્હારો આ પ્રસંગનો ઉદ્દેશ છે; અને એટલીજ આપ વિદ્વાન્ બંધુઓને મ્હારી પુનઃ પુનઃ વિનંતિ છે.

૨ પ્રાચીન હિન્દમાં વિજ્ઞાન.

(લેખકઃ—રા. રા. પોપટલાલ ગોવિન્દલાલ શાહ.)

પ્રાચીન હિન્દના ઋષિઓ અને બીજા વિદ્વાનો આપણને જ્ઞાનનો મ્હોટો વારસો મુકતા ગયા છે. તેમની માનસિક અને ધાર્મિક પ્રવૃત્તિએ જ્ઞાનના ક્ષેત્રોને રસાળ કર્યા છે. સાહિત્ય, કવિતા, તત્ત્વજ્ઞાન, ધર્મવિદ્યા એ સર્વે ક્ષેત્રોમા તેમની માનસિક સમૃદ્ધિની કીર્તિ અમર છે. વિજ્ઞાનમાં પણ તે સમયમા તેમણે ઉંચા પ્રકારની સમૃદ્ધિ સંપાદન કરેલી હતી. તેમની વિજ્ઞાનસૃષ્ટિ કેવા પ્રકારની હતી અને વિજ્ઞાનની વિવિધ શાખાઓમા પ્રાચીન હિન્દનાં શું પરાક્રમો હતા તેનો ખ્યાલ આપવાનો આ લેખમાં પ્રયત્ન કરીશ. વિષય કઠિન છે અને નિબંધની સીમાનું ઉલ્લંઘન થઇ જાય નહીં એ ભયથી ઘણુંખરૂં વિવેચન ટુંકાણમાજ કરીશ.

શરૂઆતમાં આ વિષયના અભ્યાસની વિલક્ષણતા વિષે બે બોલ કહેવા જરૂરના છે. વિષય વિવાદગ્રસ્ત છે અને ઘણે સ્થળે મતભેદને સ્થાન રહે છે. પ્રાચીન હિન્દુઓનું સ્થાન જેટલું ઉંચે મુકાય તેટલું મુકવું એ આગ્રહ-દુરાગ્રહથી દૂર રહેવું એ મુશ્કેલ છે; તેવીજ રીતે એક સ્વતંત્ર ઇતિહાસકાર અને નિષ્પક્ષપાતી ટીકાકારના દૃષ્ટિબિન્દુમાથી ચલિત ન થવું એ પણ મુશ્કેલ છે. હિન્દના ઇતિહાસમાં એક સમય એવો હતો કે હિન્દી પ્રજાને જેમ બને તેમ હલકી પાડવામાં અને તેમની શિષ્ટતાની નિન્દા કરવામાં જ યૂરોપીય વિદ્વાનો પોતાના કર્તવ્યનું સાફલ્ય સમજતા. એ સમય બદલાયો છે. હિન્દની પ્રાચીન શિષ્ટતાનું ઉંચું સ્થાન હવે સ્વીકારાયું છે-પ્રતિવર્ષે વધારે અંશમાં સ્વીકારાતુ જાય છે. આવી સ્થિતિમા અસત્ય કે અત્યુક્તિની આવશ્યક્તા છે જ નહીં. પોતાના પૂર્વજોની અપૂર્ણતા, અને ખાસ કરીને પ્રાચીન સમયની ભિન્ન પરિસ્થિતિમા તેમના જ્ઞાનની અપૂર્ણતા કે વિલક્ષણતા સ્વીકારવાને કોઇ પણ અર્વાચીન પ્રજાએ ખચકાવું જોઇએ નહીં. આવી સત્યપ્રેમી માનસિક વૃત્તિ વિના આ વિષયનો વાસ્તવિક અભ્યાસ સંભવતો જ નથી.

પ્રાચીન સમયના હિન્દુઓના જ્ઞાનની શ્રેષ્ઠતા સરખાવવાને માટે તે સમયની બીજી પ્રજાઓના જ્ઞાનની સાથે તુલના કરવાને બદલે અર્વાચીન જ્ઞાનની સાથે તુલના કરવામાં ઘણી રીતે અયોગ્યતા સ્પષ્ટ થાય છે. પ્રાચીન હિન્દુઓના વિમાનોને અર્વાચીન યૂરોપીય કે અમેરીકન વિમાનોની સાથે સરખાવવા કરતા, પ્રાચીન સમયની પ્રજાઓની જ વિમાન તૈયાર કરવાની શક્તિ સાથે સરખાવવામા વધારે વાસ્તવિકતા રહેલી છે. પ્રાચીન અને અર્વાચીન વિજ્ઞાન ભાગ્યેજ ત્રણસેં વર્ષનું બાળક ગણાય, પરંતુ યંત્રકળા અને છાપવાની કળાની શોધને લીધે આ ત્રણસેં વર્ષનો ઇતિહાસ લગભગ સંપૂર્ણ રીતે કાંઇ પણ ત્રુટિઓ સિવાય મોજુદ છે. પ્રાચીન હિન્દના વિજ્ઞાનનો ઇતિહાસ લગભગ ૨૦૦૦ થી પણ વધારે વર્ષ જેટલા કાળઉપર પથરાયેલો છે: તે સમયમા મોઢે ગોખવાની મહેનત બચાવવાને માટે ટુંકાં સૂત્રો બનાવવાની પદ્ધતિ પ્રચલિત હતી. તેમા પણ લેખનકળા અને મુદ્રણકળાના અભાવને લીધે

આ જ્ઞાનનું સાતત્ય જોઇએ તેવી રીતે સાચવી શકાયું નથી. આવા ટુંકા સૂત્રો ઉપરથી અર્વાચીન વિજ્ઞાનનાં વિગતવાર વર્ણનોની સરખામણી થાય એવી વિગતો ઉપજાવી કાઢવી એ કેવળ તર્કનુંજ કામ ગણાય અને તેને ભાગ્યેજ વિજ્ઞાનનું નામ આપી શકાય.

વળી આપણે યાદ રાખવું જોઇએ કે પ્રાચીન હિન્દુઓના સૃષ્ટિજ્ઞાનના આધારરૂપ આધ્યાત્મિક જ્ઞાનને અર્વાચીન વિજ્ઞાનમાં સ્થાન છેજ નહીં. અર્વાચીન વિજ્ઞાનની બધી રચના અને વિચારસંકલના ઇશ્વરની કર્તૃત્વભાવના દૂર રાખીને ગોઠવવામાં આવે છે. સૃષ્ટિની ઘટનાના કાર્યકારણની શોધમા આ કર્તૃત્વશક્તિનું સ્થાન રહેતું નથી. તેથી ઉલટું પ્રાચીન હિન્દમાં ધાર્મિક વિચારોનું પ્રાબલ્ય એટલું બધું હતું કે લગભગ દરેક ગ્રન્થની શરૂઆતમાં, પછી તે ગ્રંથ ગણિતવિદ્યાનો કે ઔષધવિદ્યા કે રસાયનવિદ્યાનો હોય—મંગળાચરણમા ઇશ્વરનું કે કોઇપણ અધિષ્ઠાતા દેવ કે દેવીનું આવાહન તો હોયજ. તે છતા પણ મધ્યકાલીન યૂરોપની પેઠે પ્રાચીન હિન્દમાં રાજ્ય તરફથી અમુકજ મત ખરો છે એવું જુલમથી દબાણ કરવામાં આવતું નહીં; તેથી ધાર્મિક વિચાર અને તત્ત્વજ્ઞાનમાં અપ્રતિમ સ્વતંત્રતા અને વિવિધતા જોવામાં આવે છે. વૈજ્ઞાનિક અન્વેષકો પણ આવી રીતે સ્વતંત્ર હતા; અને દરેક વિષયમા પ્રવીણ શોધકો (Specialists) પોતપોતાનું કામ કરી શકતા. પરંતુ આખા સમાજનું બંધારણ આધ્યાત્મિક હોવાને લીધે અને બધા વિચારકોનુ અંતિમ ધ્યેય આધ્યાત્મિક હોવાને લીધે, પ્રાચીન હિન્દના વૈજ્ઞાનિકો પણ આવા વિચારની પ્રબળ અસર નીચે રહેતા; અને અમુક દર્શન, ધર્મ, કે અમુક સંપ્રદાયને અનુકૂલ થાય તેવાજ વિચારો અને પ્રમાણો તરફ તેમનું વલણ રહેતુ. તેટલા અંશે વિજ્ઞાનની દરેક શાખાના આધારભૂત નિયમોના શોધનમા ખામી રહેતી: તેથી અર્વાચીન વિજ્ઞાનની નિયમશોધનની પદ્ધતિ પ્રાચીન હિન્દમા બહુ પ્રચલિત નહોતી. ગુરુત્વાકર્ષણના નિયમો કે રાસાયનિક સંયોજનના નિયમો હિન્દમાં નહીં શોધી કઢાવાનું એક કારણ આ ધાર્મિક ભાવનાની ધુંસરી હશે. બીજું કાંઇ પણ કારણ હોય કે ન હોય તો પણ એટલું તો સ્પષ્ટ છે કે હિન્દના વિજ્ઞાન અને અર્વાચીન વિજ્ઞાનની પદ્ધતિ અને દૃષ્ટિબિંદુમાં ઘણી ભિન્નતા છે.

પ્રાચીન હિન્દમાં વિજ્ઞાનનો પ્રચાર સારો હતો અને બીજી પ્રાચીન પ્રજાઓ કરતા તેમની સૃષ્ટિજ્ઞાનની સમૃદ્ધિ ઉંચા પ્રકારની હતી, એટલું સ્વીકાર્યા પછી, વેદમાં બધું અર્વાચીન વિજ્ઞાન છે, વેદમાં જંતુવિદ્યા (Bacteriology) હાલના જેવાજ સ્વરૂપમા વર્ણવેલી છે, વેદમાં હાલના જેવા વિમાનો બનાવવાનાં સૂકતો છે, પ્રાચીન કાળમા રસાયનવિદ્યા કે ઔષધવિદ્યાનું જ્ઞાન સંપૂર્ણ હતું, વગેરે અત્યુક્તિઓથી દૂર રહેવું એ ઇષ્ટ છે. આવી અત્યુક્તિઓનાં ટેકામાં જે ખોટું પાંડિત્ય ખર્ચવામા આવે છે તેનો એક નમુનો અત્રે આપવો યોગ્ય ધારૂં છું વેદમા ઓકસીજન અને હાયડ્રોજનથી પાણી બની શકે છે એવું લખેલું છે એ સિદ્ધ કરવાને માટે એક લેખકે નીચેની ઋચાનો ઉલ્લેખ કરતા તેનો ખાસ અર્થ કર્યો હતો:—

मित्र हुवे पूतदक्षं वरुण च रिशादसं ।
धियं घृताचीं साधन्ता ॥ ऋग्वेद १. २. ७,

ખાસ અર્થ—બે વસ્તુઓમાથી પાણી બનાવવાની ઇચ્છા રાખનારે શુદ્ધ અને ખુબ તપાવેલું હાયડ્રોજન (**पूतदक्षं मित्रं**) અને ખાઇ જવાની શક્તિવાળુ ઓકસીજન (**रिशादसं वरुणं**) લેવું.

સાધારણ અર્થ—પવિત્ર અને દક્ષ (ચતુર) મિત્રદેવને, અને શત્રુઓને ખાઇ જનાર વરુણ દેવને ઘી ઝરતી (ઉજ્જવળ) બુદ્ધિ સાધનારા (એ બેને) નિમંત્રુ છું.

ઉપરની ઋચાનો સાધારણ અર્થ ક્યા અને તેમાથી ખાસ કરીને હાયડ્રોજન (**मित्र**) અને ઓકસીજન (**वरुण**) ની ઉપપત્તિ ક્યાં ? અને તેની સાથે પાણી બનાવવાની ક્રિયાનો સંબંધ ક્યાં ? અને ધારો કે કાઇ પણ સંબંધ હોય તો પણ પાણી બનાવવાની ક્રિયાની વિગતોના વર્ણન સિવાય અર્વાચીન શોધની સરખામણી કરવી એ કેટલી અનુચિત છે ? પરંતુ ધૃષ્ટતાની સીમા ભાગ્યેજ હોય છે ! આનાથી આગળ વધીને **मित्रावरुणौ** એ સમાસમા હાઇડ્રોજન (મિત્ર) ના બે અણુઓ અને ઓકસીજનના એક અણુનુ સૂચન છે એમ કહીને આર્યસમાજી પંડિતો સિદ્ધ કરવા મથે છે કે પાણીના રાસાયનિક બંધારણનું ચોકસ જ્ઞાન વેદમા છે !

પ્રાચીન હિન્દના ઇતિહાસનું વાસ્તવિક અભિમાન દરેક હિન્દીએ રાખવું જોઇએ. પરંતુ ખોટા અભિમાનના આડંબર નીચે અસત્યનો અથવા અત્યુક્તિનો આશ્રય લેવાની લાલચથી સાવધ રહેવું જોઇએ. કારણ કે તેમ કરવાથી નથી વધતી પ્રાચીન હિન્દુઓની પ્રતિષ્ઠા અને નથી વધતું અર્વાચીન હિન્દુઓનું વાસ્તવિક ગૌરવ. જે પ્રાચીન જ્ઞાનનો વારસો આપણને મળ્યો છે તે ટકાવી રાખવાનો અને તેમા વૃદ્ધિ કરવાની આપણી લાયકાતનો આધાર આપણી મહેનત, ખંત, અભ્યાસ અને પરાક્રમ ઉપરજ રહેશે. ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉય કે સદ્‌ગત પ્રો. ગજ્જર પ્રાચીન હિન્દુ રસાયનનો વિચાર માત્રજ કરીને બેસી રહ્યા હોત તો દેશને શો લાભ થયો હોત ? સ્વર્ગસ્થ રામાનુજમ્, સર જગદીશચંદ્ર બોસ અને ડૉ. રામન જેવા સમર્થ વિદ્વાનો અર્વાચીન સમયમાં પૃથ્વીના અગ્રગણ્ય વૈજ્ઞાનિકોમા (F. R. S. રૉયલ સોસાયટીના ફેલો તરીકે) હિન્દનું નામ શોભાવે છે. જે દેશના ઇતિહાસમા આવા ઉજ્જવળ પુત્રોના નામ ઝળકે છે અને જે પ્રજાના પૂર્વજોએ પણ પોતાના સમકાલીન વિદ્વાનોમા પોતાનું અપ્રતિમ સ્થાન સ્થાપી તેને જાળવી રાખ્યું હતું તે દેશના પ્રાચીન કે અર્વાચીન ગૌરવની રક્ષાને માટે સત્ય શિવાય બીજા કશાની જરૂર નથી.

હવે પ્રાચીન હિન્દમાં વિદ્યાનની સ્થિતિ આપણે વિષયવાર તપાસીશું. મુખ્ય ૧૧ પેટા વિભાગો કરીને તેટલી શાળાઓનું ટુંકાણમા વર્ણન કરવામાં આવશે. સ્થળસંકોચને લીધે વધારે વિગતો આપવામા આવી નથી; પરંતુ આટલું વાચવાથી વધારે વાચવાની ઇચ્છા ઉત્પન્ન થાય તો નીચેના પુસ્તકોના અભ્યાસ કરવાથી કાઇક સંતોષ થશે એમ હું માનું છું:—

R. C. Dutt.	Civilisation in Ancient India
B. N. Seal.	Physical Sciences of the Hindus. (Panini Office.)

B. N. Seal.	Positive Sciences of the Ancient Hindus. (Longmans).
P. C. Ray.	Hindu Chemistry 2. Vols.
P. C. Ray.	Essays and Discourses.
B. N. Sarkar.	Hindu Achievement in Exact Sciences (Modern Review Vols. XXIII & XXIV.)
Har Bilas Sarda.	Hindu Superiority.
Sumant Mehta.	Ayurvedic Medicine.
Thakore Saheb of Gondal	Hindu Medicine.

૧. અંકગણિત.

ગણિતવિદ્યા અને તેની શાખાઓમાં પ્રાચીન હિન્દુઓમા મેળવેલી પ્રવીણતા વિષે કાઇ શંકા નથી. ગણિતવિદ્યાના ઇતિહાસકાર કૅજોરીનો નીચેનો અભિપ્રાય પ્રમાણ રૂપે ગણી શકાય:—

"આપણા સમયના વિજ્ઞાનમા હિન્દુ ગણિતવિદ્યા કેટલા અંશે પ્રવેશ કરે છે તે નોંધવા યોગ્ય છે. અર્વાચીન સમયના અંકગણિત અને અક્ષરગણિતનું રૂપ અને ભાવ અને બંને વાસ્તવિક રીતે ગ્રીક નહીં પણ હિન્દુ શિષ્ટતાની પ્રસાદી છે. ગણિતના સાંકેતિકોમાં સર્વથી ઉત્તમ હિંદુ અંકપદ્ધતિનો, આપણા જેટલીજ સંપૂર્ણતાએ પહોચેલી હિન્દી અંકગણિતની ક્રિયાઓનો, અને તેમની સુન્દર અક્ષરગણિતની રીતોનો વિચાર કરો અને પછી નિર્ણય કરો કે ગંગાતટાનવાસી બ્રાહ્મણો કેટલી પ્રશંસાને પાત્ર છે. આપણા દુર્ભાગ્યે indeterminate analysis અનિશ્ચિત પરિમાણોના પૃથક્કરણના વિષયમા હિન્દુઓની કેટલીએક ઉત્તમ શોધો યુરોપમાં ઘણીજ મોડી પહોંચી—અને જો બે કે ત્રણ શતકો પહેલા તે પહોંચી હોત તો વધારે ઉપયોગી થઇ પડત."

જ્યોતિર્વિદ્યા અને ખગોલવિદ્યામા વપરાતી ગણત્રીના અભ્યાસને લીધે પ્રાચીન હિન્દુઓ ગણત્રીમાં એક્કા હતા. સંખ્યાના ગુણાકાર ભાગાકાર, અને મૂલશોધનમા તેમણે પ્રવીણતા મેળવી હતી; વર્ગમૂલ અથવા ઘનમૂલ કાઢવું એ તો રમત વાત હતી. હજુ પણ દેશી આંક અને દેશી લેખાંની પદ્ધતિની સરળતા અને ઉપયોગ વિષે શંકા નથી; દૈનિક વ્યવહારમા પણ દેશી "રામ" "પા" "સવાયા" "અઢીયા" "ઉઠા" વગેરે આંકની પદ્ધતિથી અને લેખાની કુંચીથી ઘણા મ્હોટા હિસાબ ટુંકામાં અને જલદીથી પતાવી શકાય છે. અંકગણિતના મુખ્ય પાયા રૂપ (૧) સંખ્યાવાચક અંકો—આંકડાની અને (૨) દશાંશની પદ્ધતિ એ બંનેની શોધનું માન પ્રાચીન હિન્દુઓને જ ઘટે છે. યુરોપીય ઇતિહાસકારો આ જ્ઞાનના આદ્ય સંપાદકો તરીકે આરબો અને ગ્રંકોને પૂજે છે; પરંતુ પ્રાચીન આરબો અને ગ્રીકો હિન્દુઓ પાસેથી ઘણું શીખ્યા હતા; ઉત્તર યુરોપના કેટલાએક પ્રદેશો સાથે હિન્દને સીધો સંબંધ નહીં

હોવાને લીધે પ્રાચીન હિન્દુ શિષ્ટતાનો પ્રચાર યુરોપમાં તે સમયના આરબો ગ્રીક અને મિસર દેશના વેપારીઓની મારફત જ થયેલો હોવાથી તેવી ભ્રાન્તિ થાય એ સ્વાભાવિક છે.

અશોકના સમયના કીર્તિસ્તંભોમા સંખ્યાવાચક અંકોનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે, એટલે ઇસ્વી સન પૂર્વે ત્રણસો વર્ષ પહેલા આ અંકો હિન્દમાં પ્રચલિત હતા. આ અંકો હાલમાં અંગ્રેજીમાં " અરેબીક અંકો " તરીકે ઓળખાય છે, કારણ કે તેમની શોધ હિંદમાથી આરબ વિદ્વાનોની મારફત જ યુરોપીય પ્રજાને મળી હતી. રોમન સંખ્યાંક કરતા આરબ ગણાતા સંખ્યાંક વધારે સરળ અને સુગમ છે. તેથી યૂરોપના ઇતિહાસકો તેનાં ખૂબ વખાણ કરે છે; કારણ ચાલુ સાલ રોમન અંકોમા લખવી હોય તો MCMXXIV લખવું પડે અને આરબ ગણાતા હિન્દુ અંકોમાં લખવું હોય તો 1924 એમ ટુંકાણમા લખી શકાય. આર્યભટ (ઇ. સ. ૪૭૬) બ્રહ્મગુપ્ત (ઇ. સ. ૫૯૮-૬૬૦) અને ભાસ્કરાચાર્ય (૧૧૧૪) વિગેરે વિદ્વાનોએ દશાંશની રીત વર્ણવેલી છે. છઠ્ઠા સૈકામાં રચાયેલા " વ્યાસભાષ્ય " નામના રાસાયનિક તંત્રોમા રાસાયનિક રૂપાંતરને એકડા ઉપર મીંડા મુકવાથી થતા રૂપાતર અને સંખ્યાંતરની સાથે સરખાવવામા આવ્યું છે; તેથી ડૉ. વ્રજેન્દ્રનાથ સીલ અનુમાન કરે છે કે આરબો, અથવા ગ્રીકો-સીરીયન પ્રજાઓના કરતાં ઘણાજ પ્રાચીન સમયમાં હિન્દુઓમા આ દશાંશપદ્ધતિ પ્રચલિત હતી.

આરબોએ અંકપદ્ધતિ અને ગણનારીતિ વિષે હિન્દુઓ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું એ નિઃશંક છે; ખલીફ વાલીદ (ઇ. સ. ૭૦૫-૭૧૫) ના સમય સુધી આરબોને સંખ્યાવાચક અંકોનું જ્ઞાન નહોતું; અને તેઓ અંકોને બદલે મૂળાક્ષર વાપરતા. સિંધમાથી કેટલાએક હિન્દુ વિદ્વાનો ખલીફ મન્સુરના દરબારમાં ગયા હતા (ઇ. સ. ૭૭૩) અને હિન્દુ જ્યોતિષ અને ગણિતનુ જ્ઞાન આરબોને આપ્યું હતું. ખલિફ મામુન (ઇ. સ. ૮૧૩-૮૩૩) ના સમયમા પુસ્તકશાળાના ઉપરી મહમદ બીન મુસાએ બનાવેલા પુસ્તકનો આધાર લઇને કૅાલબ્રુકે અભિપ્રાય આપ્યો છે કે હિન્દુ ગણિતનો આરબોમાં પ્રચાર થયો હતો. હિન્દુ અંકને અરબી ભાષામાં " હિન્દુસા " કહે છે અને અંકગણિતને " ઇલ્મે હિન્દુસા " કહે છે. આ ઉપરથી પણ આરબી અંકગણિત સાથે હિન્દુ વિદ્યાનો સબંધ સ્પષ્ટ સમજાય છે. આ ઋણ સ્વીકારતા અલ્બેરૂની (ઇ. સ. ૧૦૩૩) નામના પ્રસિદ્ધ આરબ વિદ્વાને લખ્યુ હતું:-" અમે જે સંખ્યાવાચક સંજ્ઞાઓ વાપરીએ છીએ તે હિન્દુઓમાં વપરાતી સંજ્ઞાઓના ઉત્તમ રૂપો ઉપરથી ઉપજાવી કાઢેલી છે. " મુસાના પુસ્તકો ઉપરથી સ્પેન અને ઇટલીના વિદ્વાનોને સંખ્યા અને હિન્દુ અક્ષરગણિતનું જ્ઞાન થયું હશે એમ ધારવાને સબળ કારણો છે. ઇટાલીના લીઆનાર્ડો વીન્સી નામના વિદ્વાને અંકગણિત ઉપર ઇ. સ. ૧૨૦૨ માં પુસ્તક લખીને યુરોપમાં અર્વાચીન અંકગણિતની શરૂઆત કરી. આ સર્વ પ્રચારમા ઇટાલીની પીસાની પાઠશાળા અને સ્પેનમા કૅાર્ડોવાની પાઠશાળાઓના મુસલમાન શિક્ષકો સહાયકારક થયા હતા. આ પ્રમાણે યુરોપમા અંકગણિતનો પ્રચાર આરબો અને મુસલમાનોની મારફત થયો હતો તે સત્ય છે, પરંતુ તેથી હિન્દુઓના અંકગણિતના જ્ઞાનની શ્રેષ્ઠતા અને પ્રાચીનતા નષ્ટ થતી નથી.

૨. અક્ષરગણિત.

અક્ષરગણિત પણ એક પ્રાચીન હિન્દુવિદ્યા છે. ગ્રીક દેશનો આદ્ય અક્ષરગણિતવેત્તા ડાયેફેન્ટસ (ઇ. સ. ૩૬૦) હિન્દમાંથી આ વિદ્યા શિખ્યો હશે એવી શંકા કેજોરી દર્શાવે છે. હીથના અભિપ્રાય પ્રમાણે અક્ષરગણિતના સાંકેતિક રૂપમાં યૂરોપીય પ્રજાના કરતા હિન્દુઓ આગળ હતા. ખરી rational અને irrational સાંકેતિક સંખ્યાને અંકગણિતની રીતો લાગુ પાડવાની વિદ્યાને અક્ષરગણિતનું નામ આપી શકાય તો તેના મૂળ શોધકો હિન્દુઓ જ હતા એમ હેન્કલનો અભિપ્રાય છે.

પ્રાચીન હિન્દુઓનું અક્ષરગણિત સંબંધીનું ત્રુટક જ્ઞાન વ્યવસ્થિત રૂપમા મુકનાર અને તે નવી વિદ્યાના મૂળ સ્થાપક તરીકે નામ કાઢનાર ગણિતશાસ્ત્રી આર્યભટ પાટલીપુત્રમાં ઇ. સ. ૪૭૬ માં જન્મ્યો હતો. તેથી તેનો કાળ ડાયેફેન્ટસ કરતા લગભગ સો વર્ષ જેટલો મોડો કહી શકાય; પરંતુ તેની પદ્ધતિ તેમજ પરાક્રમની વિચક્ષણતામા આ ગ્રીક વિદ્વાનને હિન્દુ ગણિતશાસ્ત્રીનો ગુરુ કહી શકાય નહીં એમ સ્મીથે સિદ્ધ કર્યું છે. વળી ડીમૉર્ગનના મત પ્રમાણે જે અર્થમાં આ હિન્દુવિદ્યાને અક્ષરગણિતનું નામ આપી શકાય તે અર્થમા ડાયાફેન્ટસના પુસ્તકને તે નામ આપી શકાય નહીં.

ઇ. સ. પાંચથી બારમા સૈકા સુધીમા હિન્દુ અક્ષરગણિતમા ઘણો વિકાસ થવા પામ્યો હતો; હિંદુઓએ સંપાદન કરેલું જ્ઞાન યુરોપમા સત્તરમા અને અઢારમા સૈકા સુધી પ્રાપ્ત થયું નહોતું અને તે પણ એક જ વસ્તુને બીજી વાર શોધી કઢાઇ હતી એમ કહી શકાય. આ સમયનું હિન્દુ અક્ષરગણિત અંકગણિતની પેઠે યાકુબ અને મુસાના પુસ્તકોની મારફત આરબોમા, અને તેમની મારફત મધ્યકાલીન યુરોપમા પ્રસિદ્ધ થયું. ચીન અને જાપાનમાં પણ ત્યાંના ગણિતશાસ્ત્રીઓ હિન્દુ અક્ષરગણિતનો ઉપયોગ જાણતા હતા.

૩. ભૂમિતિ.

વૈદિક કાળમાં યજ્ઞની અને યજ્ઞકુંડ વગેરેની રચનાના વ્યાવહારિક જ્ઞાન ઉપરથી ભૂમિતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાચીન ઋષિઓને પ્રાપ્ત થયું હતું અને આ વિષયમા સર્વથી પ્રથમ ઉલ્લેખ બૌધાયન અને આપસ્તમ્બનાં "શુલ્વસૂત્રો" માં મળી આવે છે. આ શુલ્વસૂત્રો ઇસ્વી સન પૂર્વે આઠમા સૈકા જેટલા પ્રાચીન છે; અને મિસર દેશના ભૂમિતિકારોની મદદ મળી હોય તેમ લાગતું નથી. તેમજ આ સમયની હિન્દુ ભૂમિતિમાં ગ્રીક શિષ્ટતાની અસર થવા પામી નહોતી એમ હીથનો અભિપ્રાય છે, તે છતા પણ આ જ્ઞાન કેવળ વ્યાવહારિક નહોતું. પણ તે ઉપરાંત તેમની લગભગ બધી શોધોમા તર્કબુદ્ધિ અને વિચાર શક્તિનો ઉપયોગ થયેલો છે એમ કેજોરીનો અભિપ્રાય છે.

પ્રાચીન હિન્દ ભૂમિતિકારોની સંખ્યા નાની નહોતી. લટ, આર્યભટ્ટ (૪૯૬. ઇ. સ.) લલ્લ (૪૯૯) વરાહમિહિર (૫૦૫) બ્રહ્મગુપ્ત, શ્રીધર મહાવીર (૮૫૦) નાનો આર્યભટ (૯૭૦) અને ઉત્પલ (૯૭૦) એ બધા આચાર્યોના ગ્રંથો ઉપરથી ભાસ્કરાચાર્યે (ઇ. સ. ૧૧૧૪) એક પુસ્તક લખેલું છે; તેમાં પ્રાચીન અન્વેષકોના જ્ઞાનને વ્યવ-

સ્થિત અને સારરૂપમાં આણેલું છે. પાયથાગોરસના નામે ઓળખાતો એક સાધારણ સિદ્ધાન્ત –" કાટખુણાવાળા ત્રિકોણની સામેના ભુજનો વર્ગ કાટખુણાના બે ભુજના વર્ગના સરવાળાની બરોબર થાય છે "–ભાસ્કરાચાર્યે બે રીતે સિદ્ધ કર્યો છે; તે બેમાંની એક રીત ઈ. સ. ૧૬૧૬–૧૭૦૩ માં વૉલીસે શોધી કાઢી ત્યાં સુધી યુરોપમાં અજ્ઞાત હતી. ગ્રીક ગણિતશાસ્ત્રીઓના જેટલાજ પરિણામો અને સિદ્ધાન્તો લાવવા છતાં એટલું કબૂલ કરવું પડશે કે ઇ. સ. પૂર્વે ૩૦૬–૨૮૩ ના સમયમાં યુકલીડે જે પદ્ધતિ અને વ્યવસ્થા ભૂમિતિમાં આણી હતી તે વ્યવસ્થા હિન્દુ ભૂમિતિમાં જોવામા આવતી નથી. આનું એક કારણ એ હોઇ શકે કે વૈદિક સમય પછી યજ્ઞોનો રીવાજ બંધ થવાથી અને મૂર્તિપૂજા અને મંદિરોની વ્યવસ્થા થવાથી ભૂમિતિ ભૂલાઇ ગઇ હતી.

૪. ત્રિકોણમિતિ.

ત્રિકોણમિતિના વિષયમા કેટલીએક દિશામા ગ્રીક કરતા હિન્દુ ગણિતશાસ્ત્રીઓ આગળ વધેલા હતા; અને બીજી કેટલીએક દિશામા અર્વાચીન ત્રિકોણમિતિમાં અગ્રજ્ઞાન સંપાદન કર્યું હતુ. " જ્યા " " કોટિજ્યા " અને " ઉત્ક્રમજ્યા " એ સર્વેના કોષ્ટકો બનાવવામાં હિન્દુઓ પ્રથમ હતા. જ્યાને માટે અંગ્રેજીમાં વપરાતો " સાઇન " શબ્દ સંસ્કૃત ઉપરથી આરબોએ કરેલા અપભ્રંશનું ફળ લાગે છે. ગ્રીક ગણિતશાસ્ત્રીઓ જ્યાના ઉપયોગથી પરિચિત નહોતા. તેઓ પૂર્ણજ્યા–ચાપકર્ણ–chord ની સહાયથી ગણત્રી કરતા હિન્દ જ્યોતિષીઓનાં કોષ્ટકો ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે પ્રાચીન હિન્દુઓને (plane) તલત્રિકોણમિતિ ઉપરાંત ગોલીય (spherical) ત્રિકોણમિતિનું જ્ઞાન હતું.

૫. કલનવિદ્યા.

કલનવિદ્યા calculus અને ચલન–કલનવિદ્યા differential calculus તેમજ તેનો ખગોલશાસ્ત્ર અને જ્યોતિર્વિદ્યામા ઉપયોગ કરવામાં ન્યુટન (૧૬૪૨–૧૭૨૭) કરતા ભાસ્કરાચાર્ય (૧૧૧૪) ની શોધ લગભગ પાચસે વર્ષ જેટલી પ્રાચીન હતી. અર્વાચીન ખગોળવિદ્યામા ગ્રહના પરિણામ magnitude નું ચલન શોધવામા વપરાતું સૂત્ર અને તે સૂત્ર સિદ્ધ કરવાની પદ્ધતિ ભાસ્કરાચાર્યની રીતને લગભગ મળતી આવે છે. વ્રજેન્દ્રનાથ સીલના અભિપ્રાય પ્રમાણે આર્કીમીડીસ નામના ગ્રીક વિદ્વાનના કરતાં ભાસ્કરાચાર્યની રીત અને પરિણામ અર્વાચીન પદ્ધતિને વધારે મળતી આવે છે અને તેથી તે વિષયમાં ગ્રીક કરતા વધારે શ્રેષ્ટતાનું માન ઘટે છે.

૬. ખગોલવિદ્યા.

મનુષ્યજાતિની દરેક પ્રાચીન પ્રજા પોતપોતાના નિરીક્ષણ અને અનુભવ પ્રમાણે ખગોલનું બંધારણ રચે છે. પ્રાચીન સમયના ચાલ્ડીઅન–ખાલ્ડીઆની, મીસર દેશની, ચીન અને ગ્રીસ દેશની પ્રજાઓએ હિન્દુઓની માફક તારા, ગ્રહ અને સૂર્યની ગતિ સંબંધી થોડું ઘણું વ્યવહારિક જ્ઞાન સંપાદન કર્યુ હતું. પરંતુ કેવળ નિરીક્ષણ ઉપરાંત વ્યવસ્થાપૂર્વક શોધ-

વણ અને વિચારપૂર્વક ચિંતનથી બીજી પ્રજાઓ કરતા હિન્દુઓએ આ વિષયમાં વધારે પ્રવીણતા મેળવી હતી. હીપાર્કસ (ઇ. સ. પૂર્વ ૧૫૦) અને ટોલેમી (ઇ. સ. ૧૩૯) એ બે યુનાની ખગોલવેત્તાઓના કરતાં હિન્દુ ખગોલવેત્તાઓનું જ્ઞાન ઓછું નહોતું. તે છતાં પ્રાચીન હિન્દુ ખગોલવેત્તાઓ બેબીલોનીઅનો પાસેથી ઘણું શીખ્યા હશે એમ મનાય છે. ખાસ કરીને રાશિચક્ર અને સત્તાવીસ નક્ષત્રોની વ્યવસ્થા તેમની તરફથી મેળવી હશે; પરંતુ કોલબ્રુક અને મેક્સમુલર એવો મત દર્શાવે છે કે આકાશના નિત્ય દર્શનથી અને ચંદ્રની ગતિના નિરીક્ષણથી આ પ્રમાણે આકાશનુ વિભાજન કરવાનુ હિન્દુઓને સ્વતઃ સુઝ્યું હોય.

હિન્દુરાશિચક્રની સંજ્ઞા યુનાની સંજ્ઞાઓના અર્થ અને સંજ્ઞાદર્શક પ્રાણીના આકારને મળતી આવે છે; આ સંજ્ઞાઓ આર્યભટ (ઇ. સ. પૂર્વે ૪૭૬) ના પુસ્તકોમાં વપરાઇ છે. તેથી હિન્દુ રાશિચક્ર બેબીલોનીયન નહીં પણ યુનાની પ્રજા તરફથી મળ્યું હશે એમ માનવું વધારે ઇષ્ટ છે. આરબોને તેમના અઠાવીસ " મન્ઝીલ " વિષે હિન્દુઓ પાસેથી આઠમા સૈકામા જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે વિષે શંકા રહેતી નથી.

પૃથ્વીની ધરી ઉપરની ગતિનું જ્ઞાન આર્યભટે ઇ. સ. પૂર્વે પાચમા સૈકામા મેળવ્યુ હતું; અને સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના ખરા કારણની સમજુતી તેણે આપી છે. આ ઉપરાત હિન્દુ ખગોલવેત્તાઓ પૃથ્વીની સરખામણીમા સૂર્ય અને ચંદ્રના કદ (size), ગ્રહના પરિક્રમણ કાળની ગણત્રી, precession of the equinoxes અયનાંશ, અને બીજી અનેક પ્રકારની ગ્રહ અને તારાઓની ગતિની ગણત્રીમા મેળવેલી ચોકસાઇ વિષે તેમના સમયની બીજી પ્રજાઓનું જ્ઞાન જોતા આપણને અભિમાન અને સંતોષ થાય છે.

યુનાની ખગોળવિદ્યા અને તેના ગુણદોષથી પ્રાચીન હિન્દુ ખગોલવેત્તાઓ પરિચિત હતા તે વિષે શંકા રહેતી નથી; કારણકે વરાહમિહિર (ઇ. સ. ૫૮૭) યુનાની પ્રજામા આ વિદ્યા સુવ્યવસ્થિત છે એમ સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરે છે. પરતુ આ બંને પ્રજાઓ તેથી કેટલા અંશે વિનિમય કરી શકી હતી તે વિષે શંકા રહે છે: બર્ગેસના અભિપ્રાય પ્રમાણે હિન્દુ અને યુનાની પ્રજા વિષે પરસ્પર બહુ ઓછો વિનિમય થયો હતો, કારણ કે એ બે પ્રજાઓની ગણત્રીમાં અને પરિણામોમા કોઇ પણ સ્થળે સંપૂર્ણ સામ્ય મળતું નથી. હિન્દુઓએ યુનાની પ્રજાની પાસેથી જે કાંઇ લીધુ હશે તેમા હિન્દુ શિષ્ટતાના તત્ત્વો દાખલ થયા વિના રહ્યાં નથી. દાખલા તરીકે chord ચાપકર્ણને બદલે દરેક ઠેકાણે sines નો ઉપયોગ જોવામાં આવે છે અને ભૂમિતિના રૂપને બદલે અંકગણિતની રીત વાપરવામા આવી છે.

ચીનમા પણ હિન્દુ ખગોલવેત્તાઓની શ્રેષ્ઠતા સ્વીકારાઇ હતીઃ હિન્દુ વેદશાળાના ઉપકરણો ચીનમાં દાખલ કરવામાં આવ્યા હતા એવું દેખાડનાર અવતરણો વર્નરે બતાવ્યા છે. મિકામીની માન્યતા પ્રમાણે ઇ. સ. સાતમા સૈકામાં અને ત્યાર પછી ચીનાઈ સરકારની નોકરીમાં હિન્દુ ખગોલવેત્તાઓ હતા; અને કેટલાએક સંસ્કૃત પુસ્તકોનો ચીનાઇ ભાષામાં તરજુમો કરવામાં આવ્યો હતો; ઇટ્સીંગ (૬૭૩–૭૨૭) અને બીજા ચીનાઇ વિદ્વાનોએ કરેલા ચીનાઇ પંચાંગના સુધારામા હિન્દુ ખગોલવિદ્યાની અસર સ્પષ્ટ જોવામા આવે છે. તેવીજ રીતે આરબોમાં આઠમા સૈકામા હિન્દુ ખગોલવિદ્યાનો પ્રચાર થયો હતો.

તેમના બહોળા વ્યાપારને લીધે હિન્દુઓને નૌકાશાસ્ત્રનો સારો અનુભવ હતો અને તેને અંગે તારા અને નક્ષત્રોની ગતિ વિષે સારૂં જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તારા, ગ્રહો અને નક્ષત્રોના નિરીક્ષણોને માટે પ્રાચીન સમયમા કેવી વેધશાળાઓ હતી તેનો ખ્યાલ જેપુરના મહારાજ જયસિંહે બાધેલી વેધશાળાઓ ઉપરથી આવે છે. ઉજ્જન, જયપુર, અને કાશીની હિન્દુ વેદશાળાના યંત્રો અને ઉપયંત્રો હિન્દુ પદ્ધતિની પ્રયોગાત્મક બાજુની સાક્ષી પુરે છે. તે છતા આપણને કબૂલ કરવું પડશે કે પ્રાચીન હિંદુઓના સમય પછી ખગોલવિદ્યામાં, અને અવૈજ્ઞાનિક ગણાતી જ્યોતિર્વિદ્યામા પણ, અર્વાચીન સમયમા યુરોપના વિદ્વાનોએ આપણું જ્ઞાન ઘણું વધાર્યું છે.

૭. ભૌતિક વિદ્યા.

પ્લેફેર નામના અર્વાચીન ભૌતિકશાસ્ત્રના નીચેના વાક્યો ગ્રીક ભૌતિકવિદ્યાને માટે લખવામાં આવ્યા હતાં; પરંતુ તે વાક્યો ભૌતિક વિદ્યામાં પ્રાચીન હિન્દુઓના જ્ઞાન વિષે વાપરી શકાય:—

"પ્રાચીન પ્રજાઓમા–ભૌતિકવિદ્યાની વાસ્તવિક પ્રદ્ધતિ પ્રચલિત હતી એમ કહી શકાય નહીં. તે છતા તેમના પુસ્તકોમા અનેક ઉન્નત વિચારો, કેટલીએક સુભાગ્યે ખરી કલ્પનાઓ અને અનેક દિશામાં પ્રકાશના કિરણો જોવામાં આવે છે."

યુનાની ભૌતિકવિદ્યાની પેઠે હિન્દુ ભૌતિકવિદ્યાના પરાક્રમોમા અને પદ્ધતિમાં તે જ પ્રકારનું સામર્થ્ય અને તેવાજ પ્રકારની અપૂર્ણતા જોવામા આવે છે. તે છતાં હિન્દુ ભૌતિ-શાસ્ત્રના સિદ્ધાન્તો તે સમયની બીજી વિદ્યાઓના પરિણામની સાથે સમકક્ષી અને સમન્વિત હોવાને લીધે વધારે વસ્તુતાવાળા હતા: અને વૈજ્ઞાનિક અન્વેષણની પદ્ધતિ જો કે બેકનના મતના જેટલી પ્રયોગપૂર્વક આગમન experimental induction ની નહોતી તે છતા એરીસ્ટોટલના કેવલ તર્કવાદ કરતા વધારે પ્રયોગાત્મક હતી.

પ્રાચીન હિન્દુઓના તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતા સ્વીકારાઈ છે; અને આધ્યાત્મિક જ્ઞાનની સાથે આધિભૌતિક સૃષ્ટિના નિરૂપણમાં પણ તેઓ પછાત નહોતા. "પુરુષ" અને "પ્રકૃતિ" અર્વાચીન ભૌતિકવિદ્યાના શક્તિ અને દ્રવ્ય (Energy અને matter) સાથે અમુક અંશે સરખાવી શકાય. અર્વાચીન જડવાદની મૂળ કલ્પના રૂપ અણુવાદ અને પરમાણુ-વાદ યુનાની પ્રજાઓના કરતા વધારે ઉત્તમ રીતે અને સંપૂર્ણ રીતે હિંદમા સમજાવવામાં આવ્યો હતો. ડીકશનરી ઓફ ફીલોસોફીમાં આ વિષે લખનાર પ્રો. ફ્લેમીંગના અભિપ્રાય પ્રમાણે "આ અણુવાદ યુનાનમા નહીં પણ પૂર્વના દેશોમા પ્રથમ ઉદ્ભવ્યો હતો." કણાદનો વૈશેષિકવાદ અણુવાદની અસંખ્ય હિન્દુ કલ્પનાઓમાંની એક જ છે. પરમાણુ એટલે દ્રવ્યના અવિભાજ્ય કણની કલ્પના અને અણુને અવિનાશી અને શાશ્વત ગણવાની પદ્ધતિ, પ્રાચીન સમયથી જ સૃષ્ટિરચનાના મૌલિક સિદ્ધાન્ત તરીકે સ્વીકારાય છે. જૈન મતમા પણ અણુઓને અતિસૂક્ષ્મ, શાશ્વત, અને અંતિમ ગણવામાં આવે છે; ઉમાસ્વાતિ (ઇ. સ. ૫૦) નામના જૈન વિદ્વાને પરમાણુઓની સંકલના, તેમનું પરસ્પર આકર્ષણ અને અપાકર્ષણ, અને તેમાથી અણુઓનું બંધારણ વગેરે વિષે સારી ચર્ચા કરી છે. ડૉ.

વ્રજેન્દ્રનાથ સીલના મત પ્રમાણે એકજ પ્રકારના પ્રાથમિક પરમાણુમાંથી જુદા જુદા પ્રકારના તત્ત્વોના પરમાણુ ઉત્કાન્ત થવાની માન્યતા જૈનોમા છે. જે બળથી પરમાણુઓની સંકલના થઇને અણુઓ બને છે તે જ પ્રકારના બળથી પરમાણુઓમાથી તેમજ અણુઓમાંથી રાસાયનિક સંયોજનથી નવા સમ્મેલનો-પદાર્થો બને છે. સૃષ્ટિમા આ પરમાણુઓ સ્વતંત્ર અને અસંયોજીત દશામા રહી શકે નહીં; અને તેથી ખાસ આવશ્યકતા અને નિયતિને લીધે સૃષ્ટિનું સર્જન, વર્ધન, અને રૂપાંતર થાય છે. આ વિચારથી જડવાદ અને નાસ્તિકવાદને પોષણ મળે છે એ કહેવાની જરૂર નથી.

કણાદના વૈશેષિક સિદ્ધાન્તમા, તેમજ જૈન અને બૌદ્ધ મતમાં, તેમજ બીજા તત્ત્વવેત્તાઓના મતમા પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા, સંસક્તિ (cohesiveness), અભેદ્યતા (impenetrability), ચિક્કટતા (viscosity), પ્રવાહિતા (fluidity), છિદ્રમયતા (porosity) વગેરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામા આવ્યું હતું. વનસ્પતિમા મૂળથી શાખા સુધી જીવનરસના (sap) ઉદ્‌ગમનથી, તેમજ છિદ્રમય વાસણોમાંથી પ્રવાહીઓના થતા વ્યાપન (diffusion), અભિસર્પણથી કેશીય ગતિ (capillary motion) સમજાવવામા આવતી.

દ્રવ્ય અને શક્તિના સંરક્ષણ–Conservation of matter and energy ના *સિદ્ધાન્તો પ્રાચીન હિન્દુભૌતિક વિદ્યામા સ્વીકારાયેલા હતા. દ્રવ્ય અને શક્તિને અવિનાશી* ગણવામાં આવતા· તેમનામા વધઘટ થવા છતાં અને વૃદ્ધિ અને નાશ થવા છતાં પણ છેવટે તેમની એકંદર માત્રા Quantity સ્થિર રહે છે એમ ધારવામાં આવતું.

ગતિવિદ્યાના સૈદ્ધાન્તિક જ્ઞાનમા પ્રાચીન હિન્દુઓ પ્રવીણ હતા; પૃથ્વી, સૂર્ય, અને ગ્રહોની ગતિના વ્યવહારિક અનુભવ ઉપરથી તેમનું જ્ઞાન ફલિત થયુ હતું. ગતિમાન પદાર્થની ગતિનું કારણ ગુરુત્વાકર્ષણ છે એમ આર્યગુપ્ત, અને ભાસ્કરાચાર્યના જ્યોતિષના ગ્રંથોમા મળી આવે છે; પરંતુ ન્યુટનના ગુરુત્વાકર્ષણના નિયમો તેમનાથી શોધી કઢાયા નહોતા. પ્રશસ્તપાદભાષ્યના કર્મગ્રન્થવિભાગમા કર્મ (ગતિ) નું પૃથક્કરણ અને નિરૂપણ કરવામાં આવ્યું છે. પરંતુ " કર્મ " અને " ગતિ " ના દાર્શનિક અને ભૌતિક અર્થમા ગુંચવાડો અને સેળભેળ થવાથી અર્વાચીન દૃષ્ટિએ આ વિવેચન આપણને અત્યારે ઉપયોગી નથી, તે છતાં ગતિની વ્યાખ્યા, ગતિના[1] પ્રકારઃ ગતિનાં કારણ–બલ[2] ના પ્રકાર, અર્વાચીન momentum ની કલ્પનાના જેવી વેગસ્થ સંસ્કાર-ગતિના ખાસ કારણની કલ્પના હિન્દુ વિદ્વાનોની બુદ્ધિ અને તર્કશક્તિને શોભાવે તેવી છે. ગતિવિદ્યાના સૈદ્ધાન્તિક વિભાગ વિષે આપણને મળી આવતા પુસ્તકો હજુ અપૂર્ણ હોય અને બીજાં પુસ્તકો અને લેખો મળી આવે તો એ વિષયપર હજુ વધારે પ્રકાશ પડી શકે. પરંતુ ગતિવિદ્યાનું પ્રયો-

૧. ભ્રમણ, (ચકરવાળી ગોળ ગતિ) સ્પન્દન (vibratory) કમ્પન, ગમન. (curvilinear) પતન (downward motion) સ્યન્દન (current fluid) અભિસર્પણ (capillary motion).

૨. નોદન pressure અભિઘાત impact સંસ્કાર momentum વેગસ્થ, અને સ્થિતિસ્થાપક ગુરુત્વ gravity દ્રવત્વ fluidity.

ગાત્માક અન્વેષણ અને ગેલીલીઓના જેવું પ્રત્યક્ષ નિરીક્ષણ અને માપન પ્રાચીન હિન્દુઓમા થયુ હોય એવી સાબિતી મળતી નથી એવો ડૉ. સીલનો અભિપ્રાય છે. તેવી જ રીતે ગતિવિદ્યાની સાથે સંબંધ ધરાવતી સ્થિતિવિદ્યા Statics, અને જલસ્થિતિવિદ્યા Hydrostatics તેમજ યંત્રવિદ્યા Engineering ના મૂળ સિદ્ધાન્તોનું અન્વેષણ થયું હોય એમ લાગતું નથી.

ભૌતિકવિદ્યાની દરેક શાખામા હિન્દુઓ થોડુંઘણું જ્ઞાન મેળવી શક્યા હતા. **પ્રકાશ** અને **ઉષ્મા** એ બંને એક જ શક્તિનાં ભિન્ન સ્વરૂપ છે એમ કણાદની માન્યતા હતી; પૃથ્વી ઉપરની બધી ઉષ્માનું મળ સૂર્યમા છે એમ ઉદયનાચાર્યે સિદ્ધ કર્યું હતુંઃ પ્રકાશ અને ઉષ્માના કિરણો પ્રકાશિત અને ઉષ્ણ પદાર્થોમાથી નીકળતા સૂક્ષ્મ અણુઓના બનેલા હોય છે એવી વાચસ્પતિ (ઇ. સ. ૮૫૦) ની કલ્પના હતી; પાણીની ઉકળવાની ઘટના બાષ્પભવન અને પાણીની વરાળ થતા તેનું વજન હલકું થાય છે એ ઘટનાઓ શંકરમિશ્રે સારી રીતે સમજાવી છે. **પ્રકાશના** વિષયમા પણ પારદર્શક, અર્ધદર્શક, અને અપારદર્શક વસ્તુઓ અને તેમની છાયા વિષે ઉદ્યોતકરમાં વિવેચન જોવામા આવે છે; પ્રકાશના કિરણોમા આવર્તન, અને પરાવર્તનનો કોણ સરખો રહે છે તે નિયમથી પ્રાચીન યુનાનીની પેઠે પ્રાચીન હિન્દુઓ પણ માહિત હતા, વક્રીભવનની ઘટના ઉદ્યોતકરે સમજાવી છે; અને પ્રકાશનાં કિરણોથી થતી રાસાયનિક ક્રિયાઓ વિષે જયન્તે ઉલ્લેખ કર્યો છેઃ કાચ, ત્રિપાર્શ્વ, ગોળ, અને ઇંડાકારના આયનાઓ પ્રયોગોમા વપરાતા હતા; અને લેન્સની મારફત ઘાસ અથવા રૂ બાળી શકાય છે એમ માહિતી હતી. કાચ બનાવવાનો હુન્નર તે વખતે સારી સ્થિતિમા હતો. પ્લીનીના અભિપ્રાય પ્રમાણે સર્વોત્તમ કાચ તે સમયે હિન્દુઓ બનાવતા.

નાદશાસ્ત્ર accoustics વિષેનુ પ્રાચીન હિન્દુઓનુ જ્ઞાન જેવું તેવું નહોતું. સંગીતનો મૂળ પાયો નાદશાસ્ત્ર અને સ્વરજ્ઞાન ઉપર રચાયેલો છે. પ્રાચીન હિન્દુ સંગીતની નવીનતા અને સંપૂર્ણતા વિષે અર્વાચીન અભ્યાસકો પણ માનની દૃષ્ટિએ જુએ છે. ધ્વનિ, પ્રતિધ્વનિ, અને ધ્વનિનું વક્રીભવન, અને પરાવર્તન વગેરે વિષે સારૂં જ્ઞાન પ્રાપ્ત થયું હતું. મીમાંસકો અને નૈયાયિકોમા પણ ધ્વનિના ભૌતિક કારણો વિષે વિવેચન જોવામાં આવે છે. નાદ, ધ્વનિ, અને સ્ફોટ એ ત્રણ તરંગોથી ઉત્પન્ન અને વ્યક્ત થાય છે એમ સ્વીકારાતું; કેટલાએકના મત પ્રમાણે આ તરંગો વાયુ–હવામાં થાય છે, અને બીજા કેટલાએકના મત પ્રમાણે આ ether આકાશમા થાય છે. શબ્દસંતાન–Sound waves ની કલ્પના અને વીચિતરંગ–પાણીના મોજાં સાથેનું સામ્ય અને શબ્દનાં તારમન્દાદિ ભેદ (Pitch), તીવ્રમન્દાદિ ભેદ (intensity) અને અસાધારણ ધર્મ (quality) એ સંબંધી નિરૂપણ, અને કમ્પસન્તાન સંસ્કાર momentum of vibration ની નિર્બળતાની સાથે ધ્વનિની થતી નિર્બળતા અને લયની સમજુતિ, શ્રુતિ અને સ્વરના સમ્બન્ધની સમજુતિ, અને સારંગદેવનાં સંગીતરત્નાકર (૧૨૩૦–૧૨૪૭) અને દામોદરનાં સંગીતદર્પણ (૧૫૬૦–૧૬૪૭) જેવા પુસ્તકો. ઉપરથી પ્રાચીન હિન્દુઓની આ વિષયના જ્ઞાનની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

અંબરથી ઘાસ વગેરે આકર્ષાય છે અને લોખંડની સોય ચુમ્બક તરફ આકર્ષાય છે એ વાત પ્રાચીન હિન્દુઓના જ્ઞાન બહાર નહોતી. હિન્દુ વહાણુ બાંધનારાઓ દૂરના સમુદ્ર માટે બનાવવામાં આવતા વહાણુમાં લોહચુમ્બક પત્થરોવાળા ડુંગરોથી હાનિ ન થાય તેટલા માટે લોખંડના ખીલાઓ વાપરતા નહીં. અર્વાચીન હોકાયંત્ર જેવું "મત્સ્યયંત્ર" પ્રાચીન નૌકાઓમા વપરાતું; અને આજથી બે હજાર વર્ષ પહેલા જાવા નજીકના બીજા પ્રદેશમા જનારા હિન્દુ સંસ્થાનીઓ પાસે આવું એક મત્સ્યયંત્ર હતું એવું પ્રો. રાધાકમળ મુકરજીના પુસ્તકમાં વર્ણવેલું છે: આ મત્સ્યનું માથું અને આખ ઉત્તર દિશા તરફ રહેતું. પરંતુ પ્રાચીન હિન્દુઓએ વિદ્યુત્શાસ્ત્ર અને ચુમ્બકશાસ્ત્રમાં આ યંત્રથી વધારે પ્રગતિ કરી હોય એમ સચોટ સિદ્ધ થતું નથી.

૮. રસાયનવિદ્યા.

પ્રાચીન હિન્દુઓના રાસાયનિક જ્ઞાન સંબંધી પુષ્કળ લખાયું છે. ડૉ. પ્રફુલ્લચંદ્ર રૉયના બે પુસ્તકોનો અનુવાદ ગુજરાતીમાં રા. પર્જન્યરાય મેઢ પાસે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ કરાવેલો છે; તે ઉપરાંત ડૉ. રૉયે મદ્રાસ યુનિવર્સિટીમા આપેલાં બે ઉત્તમ ભાષણોનો અનુવાદ "વસન્ત" પુ. ૧૭ માં મારા હાથે થયેલો છે. તેથી આ વિષયમાં વધારે વિગતમાં ઉતરવાની જરૂર નથી.

બીજા દેશોની માફક હિન્દમા પણ રસાયનવિદ્યા પ્રથમ તો આયુર્વેદનું–ઔષધવિદ્યાનું અંગ હતું અને ઔષધના સંશોધન અને વિશોધનમાં રસાયનિકો મચ્યા રહેતા. યુરોપના મધ્યકાલીન રસાયનિકો પણ સોનું બનાવવા માટે પારસમણિની અને અમર થવાને માટે જીવનરસની શોધમાં મચ્યા રહેવાને લીધે જ અર્વાચીન રસાયનવિદ્યાનો પાયો નંખાયો હતો. કીમીઆગીરી અને રસસિદ્ધિ, એ પણ હિન્દમા ઘણા સમય સુધી રાસાયનિકોને ઉત્તેજક બળ આપતા. ઇ. સ. ૧૧ થી ૧૪ સૈકા સુધીનાં રસશાસ્ત્ર અને યોગસિદ્ધિ પણ સંબદ્ધ ગણાતાં. પતંજલિએ (ઇ. સ. પૂ. બીજા સૈકામાં) મોક્ષનો એક માર્ગ રસાયન ગણાવ્યો છે, કારણ કે તેનાથી આયુષ્ય લંબાવી શકાય છે અને અમર થઇ શકાય છે અને અમર થયા પછી મોક્ષપ્રાપ્તિની તૈયારીનો અવકાશ મળી શકે છે.

આ પ્રમાણે આયુષ્ય લંબાવવાને માટે અનેક પ્રયત્નો કરતા ધાતુમય ઔષધોની શોધ થઇ હતી. આરબ અને યુનાની હકીમો આ ધાતુમય ઔષધોથી ઘણા ડરતા અને હિન્દુઓનો પારા અને બીજી ધાતુઓની ભસ્મોનો સંગ્રહ અપ્રતિમ ગણાતો એટલું જ નહીં પણ ધાતુવિદ્યા એટલે ખનિજ પદાર્થોમાંથી ધાતુશુદ્ધિની ક્રિયામા હિન્દુઓએ ખાસ શ્રેષ્ઠતા મેળવી હતી. લોખંડ અને ગજવેલ પકવવામા તેમની કળાની ખ્યાતિ પશ્ચિમના બધા દેશોમાં પ્રસરેલી હતી. ડમાસ્કસની પ્રખ્યાત તરવારો બનાવવાનો હુન્નર ઇરાનીઓ હિન્દમાંથી શીખ્યા હતા અને પાછળથી આરબો પણ શીખ્યા હતા. દીલ્હીના કુતુબમિનારાની નજીકનો દોઢ હજાર વર્ષ જેટલો પ્રાચીન લોખંડનો સ્તંભ, જગન્નાથપુરીના મ્હોટી લોખંડની પીઢોના આડસરો (ગર્ડરો), સોમનાથના પ્રાચીન મંદિરના નકશીવાળા દરવાજા, નરવારની મ્હોટી તોપો,–એ સર્વે પ્રાચીન સમયની ધાતુવિદ્યામા મેળવેલી પ્રવીણતાની નિર્ણયાત્મક સાક્ષી પુરે છે.

૯. ઔષધવિદ્યા.

પ્રાચીન સમયની વિવિધ પ્રજાઓને ઔષધિના શોધન અને તેમના ઉપયોગ વિષે હિન્દુઓ પાસેથી તેમજ આરબો અને યુનાની હકીમો પાસેથી ઘણું શીખવાનું મળ્યું હતું. યુરોપમા અર્વાચીન ઔષધવિદ્યા, અને વૈદ્યવિદ્યા ફક્ત ત્રણસેં વર્ષ જેટલી જુની ગણી શકાય: તે પહેલા યુરોપના લગભગ બધા પ્રદેશોમાં ઔષધોની સાથે તાવીજો, દોરાઓ, અને બીજી વહેમી પદ્ધતિ પ્રચલિત હતી. કોલમ્બસના અમેરિકાથી પાછા આવ્યા પછી સ્પેનની પ્રજામા વિસ્ફોટક વગેરે રોગો લગભગ આખી પ્રજામાં ફુટી નીકળ્યા હતા. આ રોગને ઇશ્વરી કોપ માનવામાં આવતો અને પ્રાર્થના અને દાન વગેરેથી કોપની શાંતિ કરવાના પ્રયત્ન થતા હતા: વહેમ, અજ્ઞાન, અને અનિશ્ચિતતાના આ સમયમાં હિન્દુઓનું આયુર્વેદ અને ઔષધવિદ્યાનું જ્ઞાન અનેક રીતે શ્રેષ્ઠ હતું એમ સ્વીકારાય છે. હિન્દુ આયુર્વેદનું જ્ઞાન આરબ અને યુનાની પ્રજાઓની મારફત યુરોપમાં પ્રસરવા પામ્યું હતું અને અર્વાચીન વૈદકશાસ્ત્રના ઉદ્ભવમા આ પ્રાચીન જ્ઞાન ઉપયોગી થઇ પડયું હતું અને તેથી ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિથી પણ પ્રાચીન હિન્દુઓના આ પરાક્રમો માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આયુર્વેદના મૂળ ગ્રંથકારો ચરક અને સુશ્રુત લગભગ અઢીહઝાર વર્ષ જેટલા પ્રાચીન છે. ચરક (ઇ. સ. પૂ. ૫૦૦) ઔષધ સંગ્રહ માટે વિખ્યાત છે અને સુશ્રુત (ઇ. સ. ૧૦૦) શસ્ત્રવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ તે બંને જણ કોઇ નવા શોધકો નહોતા: ફક્ત તેમના પૂર્વના સમયમાં સંગ્રહ થયેલા જ્ઞાનભંડારને મૂર્તિમંત સ્વરૂપ આપનારા હતા. તેમના પુસ્તકોમાં મળી આવતાં વનસ્પતિ અને ઔષધના વર્ણનો, અને રોગોની ચિકિત્સા ઉપરથી તેમની પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાની ટેવ માટે આપણને આશ્ચર્ય અને અભિમાન ઉત્પન્ન થયા વિના રહેતું નથી. જે સમયમાં ગૅલેન નામના પ્રાચીન ગ્રીક વિદ્વાનની ખોટી માન્યતાઓના અંધકારમા યુરોપના વૈદ્યો ગોથાં મારતા હતા તે સમયમાં (ઇસ્વી. પહેલા અને બીજા સૈકામાં) રોગચિકિત્સા અને ઔષધનિદાનમા હિન્દુ વૈદ્યો પ્રવીણ હતા: તેમણે શસ્ત્રવિદ્યામાં પણ નિપુણતા પ્રાપ્ત કરી હતી અને તે સમયનાં પુસ્તકોમાં ૧૨૭ જાતના શસ્ત્રોનું વર્ણન કરેલું છે.

ઔષધશાળા અને રોગગ્રહોની પ્રણાલિકા ઇ. સ. પૂ. ત્રીજા સૈકાના સમયથી બંધાયેલી છે: અશોકના સમયના સ્તંભ લેખોમાં ઢોર અને મનુષ્યના રોગનિવારણને માટે ઔષધોનું વર્ણન જોવામા આવે છે, ત્યારે યુરોપમાં સાતસો વર્ષ પછી જ પહેલી ઇસાઇ ઇસ્પિતાલ ઇ. સ્વી. ચોથા સૈકામાં કોન્સ્ટન્ટાઇને બંધાવી હતી. યુરોપમા નવી ગણાતી કેટલીએક ઔષધિઓ પ્રાચીન કાળથી હિન્દમા વપરાય છે. ધાતુઓ અને તેમની ભસ્મો પણ પહેલી હિન્દમાં ઔષધ તરીકે વપરાતી શરૂ થઇ હતી. પ્રાચીન ગ્રીક અને રોમન પ્રજાઓમાં ધાતુમય ઔષધો બાહ્યોપચાર તરીકે વપરાતા: પરંતુ પારા અને બીજી ધાતુઓના ઔષધોની શોધ પહેલા હિન્દમાં થઇ હતી. ઇસ્વી સાતમા સૈકામાં વરાહમિહિરે પારા અને લોહની ભસ્મોનો ઉલ્લેખ કર્યો છે; તે પહેલાંના સમયના ગ્રંથોમાં ધાતુમય ઔષધોનું વર્ણન છે; આ બધા ગ્રંથોના આરબોએ તરજુમા કરીને સ્પેન દ્વારા યુરોપમાં પ્રસિદ્ધ કર્યા હતા. યુરોપમાં ધાતુમય ઔષધોનો ઉપયોગ પેરેસેલ્સસના સમય પછી જ સોળમા સૈકામાં થયો હતો. બારમા સૈકાના ગ્રીક હકીમોને પણ ત્રિફળા જેવી પ્રાચીન હિન્દુ ઔષધિનું જ્ઞાન હતું; ઍક્ચુએરી-

અસ નામના એક ગ્રીક વૈદ્યે ત્રિફળાનું નામ "ત્રિફેરા પાર્વા" આપ્યું હતું. હિન્દુ વૈદકમાં સોમલ, લોહ, અને રસ (પારા) નો ઉપયોગ જોઇને આરબ અને યુનાની હકીમો વિસ્મય પામતા; હજુ આયુર્વેદ કરતા યુનાની દવાઓમાં આ ધાતુઓ અને તેમની ભસ્મો ઘણાજ ઓછા અંશે જોવામા આવે છે.

વૈદકની સાથે પ્રાચીન હિન્દુઓમા શસ્ત્રવિદ્યા સારી રીતે ખીલવેલી હતી. શરૂઆતમા તો યુદ્ધમાં, ખેતીમાં, અને શિકારમા થતા અકસ્માતમાં તેનો ઉપયોગ સારો થવા પામ્યો હતો; અને તે સમયમાં તીર, કાંટા, શલ્ય, વગેરે શરીરમાં દાખલ થયેલા અનિષ્ટ પદાર્થોને દૂર કાઢવાનું કામ પ્રાથમિક હશે; અને તે સમયમા આ શસ્ત્રવિદ્યાને શલ્યવિદ્યા કહેવામાં આવતી.

સુશ્રુત (ઇ. સ. ૧૦૦) ના સમય પહેલા આ શસ્ત્રવિદ્યા સારી સ્થિતિએ પહોંચી હતી; મૃત અને જીવંત પ્રાણીઓને ચીરીને તેમની અંદરની રચના જોવાને તેમજ, જીવંત પ્રાણીઓ ઉપર શસ્ત્રક્રિયા કરવામાં તે સમયે ખાસ નવીનતા ગણાતી નહી. તે સમયમાં બૌદ્ધ અને જૈન અહિંસાનો અંધ મત હાલના જેટલો પ્રચલિત થયો નહીં હોય એમ લાગે છે. પરંતુ પાછળથી તે મતની અસરને લીધે આ શસ્ત્રવિદ્યામાં આગળ પ્રગતિ થઇ નહોતી. ઇ. સ. પહેલા સૈકામાં શસ્ત્રવિદ્યાનું જ્ઞાન હિન્દમાં સારી રીતે પ્રસરેલું હતું અને તે સમયના એક વિદ્વાન્ શસ્ત્રવૈદ્યનું નીચેનું વાક્ય એક અર્વાચીન શસ્ત્રવૈદ્યને શોભાવે તેવું છે:—

"વૈદકમાં શસ્ત્રવિદ્યા સર્વોત્તમ અને શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે, કારણ કે તેમાં તર્ક અને બુદ્ધિના દોષ રહી શકતા નથી—અને શુદ્ધ હોવાથી તેનો ઉપયોગ શાશ્વત રહે છે, તે સ્વર્ગની ઉત્તમ બક્ષીસ છે અને કીર્તિ સંપાદન કરવાનું નિશ્ચિત સ્થાન છે."

હિન્દુ શસ્ત્રવિદ્યામાં ૧૨૭ જાતના શસ્ત્રોનું વર્ણન છે; અને તેનો ઉપયોગ કરવાને માટે વિદ્યાર્થીઓને મીણ, દુધી, કાકડી, વગેરે ફલો આપવામાં આવતાં. આ પ્રમાણે અનુભવ પ્રાપ્ત થયા પછીજ જીવન્ત અને મૃત પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવા દેવામાં આવતા. પાટા બાંધવાને માટે મનુષ્યના શરીરના વળી શકે તેવા નમુના ઉપર પ્રેકટીસ (મ્હાવરો) કરાવતા.

યુરોપમાં સોળમા અને સત્તરમા સૈકા સુધી આ હુન્નર હજામોના હાથમાં હતો. તેના કરતાં પ્રાચીન હિન્દુ શસ્ત્રવૈદ્યો પોતાની વિદ્યામાં સારી પ્રગતિ કરી શક્યા હતા એ નિઃશંક છે. પ્રાચીન ગ્રીક પ્રજામાં મૃત શરીરની વહેમપૂર્વક પૂજા થતી હતી અને તેથી તેની ઉપર શસ્ત્રવિદ્યાના પ્રયોગના પ્રસંગો ભાગ્યેજ મળતા; અને તેથી ગ્રીક વૈદકના પિતા હિપોક્રેટસનું શરીર રચના અને શરીરવ્યાપાર સંબંધીનું જ્ઞાન ઘણું અપૂર્ણ હતું. પરંતુ તે સમયના હિન્દુ વૈદ્યોનું જ્ઞાન, તેમનું નિરીક્ષણ, અવલોકન અને વર્ણન કરવાની ચોકસાઇ વિસ્મયકારક છે. તેમણે ૫૦૦ પેશીઓનું વણન આપેલું છે: તેમાંથી ૪૦૦ હાથ અને પગ, હથેલી, અને આંગળામાં, ૬૬ શરીર trunk મા અને ૩૪ ખભાની ઉપરના ભાગમાં દર્શાવેલા છે. તેમની અસ્થિની ગણત્રી અને વર્ણન, તેમના સમય અને તેમની વર્ણનની વિલક્ષણ પદ્ધતિ જોતાં, અર્વાચીન અસ્થિવિદ્યા કરતાં ઓછી ચોકસ ગણી શકાય નહી. હાલમાં મનુષ્યના શરીરની મુખ્ય અસ્થિની સંખ્યા આશરે બસેં ગણાય છે; અને ચરકમાં ૩૬૦ અને સુશ્રુતમાં ૩૦૦ વર્ણવેલી છે. ચરકે દાંતનાં મૂળ sockets બત્રીસ અને ૨૦

નખને હાડકા અસ્થિ તરીકે ગણ્યા હતા તેથી તેની સંખ્યા ૬૦ જેટલી વધારે હતી. હાલની સંખ્યા કરતાં સુશ્રુતની સંખ્યા એકસો જેટલી વધારે હોવાનું કારણ એમ દર્શાવાય છે કે તેણે અસ્થિઓના ટેકા, અને Cartilage ને અસ્થિમા ગણ્યા હતા.

પાચન–અન્નપાચન–નું વર્ણન પ્રાચીન હિન્દુ વૈદકમાં આપેલું છે; આમાશય Stomach માં ખોરાક પહેલાં ગળપણવાળા કફથી મિશ્રિત થાય છે અને ત્યાર પછી તેમાથી અમ્લ-રસના સંયોગથી તેનું પાચન થાય છે. તેની ઉપર પિત્તના કાર્યથી રસ થાય છે. આ રસનો સ્વાદ કટુ લાગે છે. આ રસના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભાગ બને છે. સ્થૂલ ભાગ ધમનીઓ મારફત વ્યાન વાયુથી આખા શરીરમાં પ્રસરે છેઃ અને સૂક્ષ્મ ભાગ બીજી ધમનીઓ મારફત હૃદય (જેને રસનો ભંડાર ગણવામા આવે છે) યકૃત્ (Liver) અને પ્લીહા (Spleen) મા જાય છે અને ત્યાં રક્તત્વ પ્રાપ્ત કરે છે. સ્થૂલ રસમાંથી વાયુ અને માંસાગ્નિની મદદથી પૃથ્વીમય તત્ત્વોમાંથી માસ બંધાય છે; અન્નના પૃથ્વી અને આપમય તત્ત્વોમાથી દેહમાંથી વાયુની મદદથી મેદ–ચરબી–બને છે; આ મેદ સૂક્ષ્મ અંશો-માંથી પૃથ્વી, વાયુ, અને તેજના સંઘાતથી શ્લેષ્મના આવરણમાં કઠિન હાડકા અસ્થિ બંધાય છે; આ અસ્થિના પોલાણમાં મેદ રહે છે અને તે મેદમાથી શુક્ર બંધાય છે. આ વર્ણનમા અપૂર્ણતા અને અચોકસાઇ ઘણી છે અને અર્વાચીન જ્ઞાનની સાથે તેને સરખાવી શકાય નહીં.

રસપરિક્રમણના આ જ્ઞાન ઉપરથી એટલું તો ફલિત થાય છે કે રક્તપરિક્રમણની ગતિ વિષે પ્રાચીન હિન્દુઓને શંકા નહોતી. રસની અને રક્તની ગતિનું કેન્દ્રસ્થાન હૃદય છે એ વાત સ્વીકારાઇ હતી; રક્ત હૃદયમાં શિરાઓ વાટે જાય છે અને તેમાથી ધમની વાટે શરીરમાં પ્રસરે છે એટલી સાધારણ વાત તો તેમની સમજમાં હતી. પરંતુ તે સિવાય રક્તશુદ્ધિમા હવા અને ફેફસાના ઉપયોગ સંબંધી તેમનું જ્ઞાન અપૂર્ણ હતું. તે છતાં પણ તે સમયની બીજી પ્રાચીન પ્રજા કરતાં ઉતરે તેમ ન હતું તે કહેવામા અત્યુક્તિ નથી. હૃદ-યને અગત્યનું સ્થાન આપવામા પ્રાચીન ગ્રીકોની પેઠે પ્રાચીન હિન્દુઓએ પણ ભુલ કરી હતી. હૃદયને ફક્ત રક્તાશય તરીકે નહીં પણ પાચન થયેલા રસનો ભંડાર ગણવામાં આવતું અને તેની સાથે ચેતનનું પણ સ્થાન ગણવામા આવતું. આથી Nervous system નું જ્ઞાન પ્રાચીન વિદ્યામા વાસ્તવિક રીતે ખરૂં નહોતું.

ચરક અને સુશ્રુતમા હૃદયને મુખ્ય ઇંદ્રિય અને ચેતનનું સ્થાન કહેવામા આવ્યું છે; પરંતુ તે સમય પછીના તાન્ત્રિક પુસ્તકોમા મગજ, અથવા તો બ્રહ્મરંધ્રને મુખ્ય સ્થાન આ-પવામાં આવ્યું છે; તેની સાથે જ્ઞાનતંતુઓ, નાડીઓ (Nerves) અને જ્ઞાનતંતુચક્રોનું અને તે દરેકની માનસિક સ્થિતિ અને વિચારની સાથેના સંબંધનું વર્ણન મળે છે. યૌગિક સંપ્રદાય પ્રમાણે જીવ–આત્મા મગજના બ્રહ્મરંધ્ર વિભાગમા (મગજની મધ્યરેખા અને Munroe's foramen ની વચ્ચેના સ્થાનમા) રહે છે; અને તેમાથી બ્રહ્મદંડ (કરોડના હાડકા-મેરૂ) મા, બ્રહ્મનાડી, સુષુમ્ના નાડી, અને મનોવહા નાડીમાં રમે છે. સુષુમ્ણાના મધ્ય રજ્જુમાંથી “ ઇડા ” અને “ પિંગલા ” નામની નાડીઓ (જ્ઞાનતંતુઓ)- નીકળે છે. તે વર્ણનનાં દસ ચક્રોમાથી ત્રણ ચક્રો ખાસ અગત્યના છે. એક તો આજ્ઞાચક્રમાથી

ગતિ અને ચલનના ઉપર કાબુ મેળવી શકાય છે; બીજું મનશ્ચક્ર જેમાં જ્ઞાનેન્દ્રિયનાં તંતુઓ —ગંધવહા, રૂપવહા, શબ્દવહા, રસવહા, અને સ્પર્શવહા નાડીઓ એકઠી થાય છે. મનશ્ચક્ર મનોવહા નાડીથી જીવની સાથે સંયુક્ત થાય છે ત્યારે જ સવિકલ્પ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનતંતુઓની સંખ્યા એકંદર સાતસો ઉપરની ગણવામાં આવે છે. આ વર્ણન અર્વાચીન જ્ઞાનતંતુસંસ્થાનના વર્ણનની સાથે સદંતર મળતુ આવતું નથી. તો પણ તેનો કેટલોએક ભાગ ખરો પડે છે એ માટે તે કાળના હિન્દુઓને ધન્યવાદ ઘટે છે. સાધારણ વૈદકવિદ્યા માટે આ જ્ઞાન ઉપયોગી નહીં હોય પરંતુ યોગીઓ અને યોગના ઉપાસકો હજુ પણ એ વિચારપ્રણાલિકાને સત્ય સમજીને ચાલે છે.

પ્રાચીન હિન્દુઓ ગર્ભવિદ્યા, ગર્ભપોષણ અને ગર્ભવૃદ્ધિ વિષે સારૂં જાણતા હતાઃ મડદા ચીરીને અથવા તો બીજી રીતે પ્રત્યક્ષ નિરીક્ષણ અને અવલોકનથી પ્રાપ્ત કરેલું તેમનું જ્ઞાન અર્વાચીન સમયમા પણ બહુ અશુદ્ધ ગણી શકાય નહીં. સુપ્રજનનવિદ્યા અને અન્વય Heredity ના તત્ત્વો પણ તેઓ સારી રીતે સમજ્યા હતા. જાતિની શુદ્ધિ જાળવવા માટે અને વિદેશી અને અનાર્ય પ્રજાઓને દૂર રાખવાને માટે જ્ઞાતિસંસ્થા ઘણી ઉપયોગી થઇ પડી હશે; અનુલોમ અને પ્રતિલોમ લગ્નના સિદ્ધાન્ત નીચે સુપ્રજનન વિદ્યાના તત્ત્વોનો ભાસ થાય છે. તે ઉપરાંત બીજા રીવાજો, અને પ્રણાલિકા ગર્ભરક્ષણ અને સુપ્રજાની ઉત્પત્તિ માટે અનેક રીતે અનુકૂલ હતા. આ રીવાજો સાપ્રત કાળમા કેટલે અંશે ઉપયોગી છે એ વિવાદગ્રસ્ત વિષયમા ન ઉતરતાં આપણે એટલું તો કહી શકીશું કે પ્રાચીન સમયની બીજી પ્રજાઓ કરતા હિન્દુ વિદ્વાનોનું આ વિષયનું જ્ઞાન વધારે ઉત્તમ પ્રકારનું હતું.

૧૦. વનસ્પતિ વિદ્યા.

ઔષધને માટે આવશ્યક વસ્તુઓને સ્વહસ્તે એકઠી કરવાની પદ્ધતિને લીધે પ્રાચીન હિન્દુ વૈદ્યોનું વનસ્પતિ વિદ્યાનું જ્ઞાન તે સમયમા ઉચ્ચ પ્રકારનું હતું. વનસ્પતિઓનું ચરકમાં અને ચક્રપાણિમા નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

વનસ્પતિઓ

- વનસ્પતિ. ફુલવગર ફલ ધારણ કરનાર
- વાનસ્પત્ય ફુલ અને ફલ બંને ધારણ કરનાર
- ઔષધિ, ફલ આવ્યા પછી મરી જાય તેવા છોડવા.
  - ફલ ધારણ કરનાર
  - ફલ ધારણ કર્યા વિના મ્હોટા થઇને સુકાઇ જનાર
- નિરન્ધ. ફાલતા થડવાળા

વૈશેષિક સંપ્રદાયના પ્રશસ્તિપાદ નીચે પ્રમાણે વર્ગીકરણ કરે છેઃ—

(૧) તૃણ—ઘાસ. (૨) ઔષધિ—ફલ થયા પછી સુકાઇ જનારા. (૩) લતા—વેલાઓ (૪) અવતાન—બાગનાં ઝાડો અને છોડવા. (૫) વૃક્ષો–ફુલ અને ફલ ધારણ કરનાર. (૬) વનસ્પતિ–ફુલ વગર ફલ ધારણ કરનાર.

ઉદયન (ઇ. સ. ૯૭૫), વૃક્ષ અને વનસ્પતિમા જીવન, મરણ, ઉંઘ, જાગરણ, રોગ, દવાની અસર, બીજમાંથી સજાતી અનુબન્ધ, અનુકૂલ પદાર્થ તરફની ગતિ અને પ્રતિકૂલ પદાર્થથી દૂર જવું વિગેરે ગુણોનું વર્ણન કરે છે. સૂર્યમુખી ફુલની સૂર્ય તરફની ગતિના વિચાર ઉપરથી ઉપજતી કવિતા અને બીજી અનેક કલ્પનાઓ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. સૂર્યની શક્તિ વનસ્પતિઓમાં એકત્રિત થાય છે અને મૃત વૃક્ષોને બળતણ તરીકે વાપરતાં આ સૂર્યશક્તિનો જ ઉપયોગ થાય છે.

વનસ્પતિમાં જીવ હોઇ શકે અને તેમનામા પ્રાણીજીવનનું સાદશ્ય પ્રાપ્ત થઇ શકે એ વિચાર અર્વાચીન વનસ્પતિવેત્તાઓને કબુલ કરાવવાને માટે સર જગદીશ ચંદ્ર બોસને વીસ વર્ષ લાગ્યાં; પરંતુ પ્રાચીન હિન્દુઓને લજ્જાવતી–લજામણીમાં " સંકોચાદિ **परिस्फुटो क्रिया** " નું જ્ઞાન હતું. વનસ્પતિ જીવનનાં લક્ષણોનું વર્ણન કરતા ગુણરત્નાકર નામના જૈન ગ્રંથમાં વનસ્પતિમા (૧) બાલ્યાવસ્થા, યુવાવસ્થા, અને વૃદ્ધાવસ્થા (૨) નિયમિત વૃદ્ધિ (૩) નિદ્રા, જાગ્રદવસ્થા, (૪) સ્પર્શથી સંકોચ અને વિકાસ, અને આધાર (ટેકા) તરફની ગતિ (૫) ઘા વાગવાથી અને છોલાવાથી સુકાઇ જવું, (૬) આહારની અનુકૂલતા અને પ્રતિકૂલતાની સાથે તેમની વૃદ્ધિ અને મરણ, વ્યાધિ રોગનિદાન, અને વૃક્ષાયુર્વેદ, વગેરેનું વર્ણન જોવામાં આવે છે. વૃક્ષો અને વનસ્પતિમાં ચેતના અને અંતઃસંજ્ઞા હોય છે એ તો હિન્દુ શાસ્ત્રોમા સ્વીકારાય છેઃ તેમનામાં સુખ દુઃખ અનુભવવાની શક્તિ હોય છે પણ તે અતિમંદ અને ગુપ્ત હોય છે. **वृक्षास्तु चेतनावन्तोऽपि तमश्छन्नज्ञानतया शास्त्रोपदेशाविषया एव** ।–ચક્રપાણિ. પરંતુ તેમની એ ચેતના મનુષ્ય જેવા પ્રાણીના મગજના વિચારો કરતાં ભિન્ન પ્રકારની છે કે કેમ એ એક ઘણો ગૂઢ પ્રશ્ન છે. મનુષ્ય થાકી જાય છે ત્યારે તેના જ્ઞાનતંતુઓ અને મગજમાં જે કાંઇ ફેરફાર થાય છે, તેવો માનસિક વ્યવહાર હજુ સુધી સ્પષ્ટ રીતે વનસ્પતિઓમાં જોવામા આવતો નથી. સર જગદીશનું કામ આ દિશામાં ચાલુ છે અને તેમાંથી હજુ ઘણી આશા રખાય છે. પરંતુ એક શંકા–પ્રાણીઓ અને વનસ્પતિમા એક જ પ્રકારનું જીવન હોય અને તેમની ઉત્ક્રાન્તિ સિદ્ધ થઇ શકતી હોય તો પછી સર્જન અને સૃષ્ટિકારની શી જરૂર ?

૧૧ પ્રાણીવિદ્યા.

વનસ્પતિ વર્ણનની સાથે પ્રાણી વર્ણન અને તેમના વર્ગીકરણમાં પ્રાચીન હિન્દુઓ પ્રવીણ હતા. યજ્ઞમાં અપાતાં પ્રાણીઓની આહુતિના રીવાજને લીધે, ખેતીમાં ઢોરના ઉપયોગને લીધે, અને યુદ્ધમાં ઘોડાઓના અને હાથીના ઉપયોગને લીધે, તેમજ માંસ મત્સ્યાદિના ખોરાકમાં અથવા ઔષધમાં ઉપયોગને લીધે, પ્રાણીઓના બહારના વર્ણન અને તેમની અંદરની રચના વગેરેનું જ્ઞાન તેમને સારી રીતે થવા પામ્યું હતું. દ્દ્વણે આપેલું હરણ અને

પક્ષિઓનું, તેમના બહારના દેખાવ અને વર્ણનું ચોકસ વર્ણન ઘણા અંશે ખરૂં છે. સુશ્રુતમાં છ જાતની કીડીઓ, (પિપીલિકા), છ જાતની માખો, પાચ જાતના મચ્છર, આઠ જાતના કાનખજુરા, ત્રીસ જાતના વીંછી અને છ જાતના કરોળીઆનું વર્ણન છે. પ્રાણીઓના વર્ગીકરણમાં તેમની જન્મ અને ઉત્પત્તિ પ્રમાણે, અથવા તો તેમની Senses જ્ઞાનેદ્રિય, તેમનું વર્તન, અને તેમની મનુષ્યને ઉપયોગિતાના ઉપર આધાર રાખવામા આવતો. ભવિષ્યપુરાણમાં નાગ અને સાપમાં કેવી રીતે પ્રજાની ઉત્પત્તિ થાય છે, કઇ ઋતુમાં ઈંડાં ઉત્પન્ન થાય છે અને કઇ ઋતુમાં ઈંડાનું નર અને માદા ભક્ષણ કરે છે વગેરેનું વર્ણન, ઈંડા પરિપકવ થતા તેના લાલ રંગ ઉપરથી નર અને સોનેરી રંગ ઉપરથી સ્ત્રી સર્પની ઉત્પત્તિ થાય છે, જન્મ્યા પછી સાત દિવસમા સાપનો રંગ ઘેરો થાય છે અને પંદર દિવસમા દાંત આવે છે અને બાવીસ દીવસે દાંતમા ઝેર ઉત્પન્ન થાય છે અને પચીસમી રાત્રે આ ઝેર કાતીલ થાય છે, છ છ મહીને સાપ કાંચળી ઉતારે છે; મનુષ્ય, નોળીઓ, મોર, ચકોર, બિલાડી, વીછીથી સાપનું મોત થાય છે, પરંતુ તેમાંથી બચવા પામે તો તે ૧૨૦ વર્ષ જીવે છે—આ વર્ણન ઉપરથી પ્રાચીન હિન્દુઓનું સૃષ્ટિનું અવલોકન અને નિરીક્ષણ શક્તિનું આપણને ભાન થાય છે. પ્રાણીઓના વર્ગીકરણમાં સ્વેદજ (તાપ અને ભેજમાં ઉત્પન્ન થતા) અંડજ (ઈંડામાંથી ઉત્પન્ન થતા કૃમિ, કીટ, કીડી) ઉદ્‌ભિજ્જ (અવ્યક્ત રૂપમાં ઉત્પન્ન થતા) દેડકા [**प्रावृट्काले ततः (महेश्वर शुक्रात्) मण्डोदके जाताः**] અને જરાયુજ placental ગર્ભમાંથી ઉત્પન્ન થતા પ્રાણીઓ ચતુષ્પાદીઓ એ મુખ્ય હતા. આ પ્રાથમિક વર્ગીકરણના દાખલા ડો. વજેન્દ્રનાથ સીલે આપેલા છે. પરંતુ બે સઘળામા બાહ્ય વર્ણન સિવાય અંદરની રચના અને અંદરની પ્રવૃત્તિનું વર્ણન આધારભૂત નહી હોવાથી વાસ્તવિક રીતે અર્વાચીન વિજ્ઞાનમા તે ઉપયોગી થઇ પડે તેમ નથી. તેથી પ્રાચીન હિન્દુઓને પ્રકૃતિ અધ્યયન, પ્રકૃતિ નિરીક્ષણ અને અવલોકન માટે આપણે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ધન્યવાદ તેમની પ્રાણીઓની અંતર રચના અને અંતર પ્રવૃત્તિના અભ્યાસને માટે આપી શકાય નહીં; તેનું એક કારણ એ કે તેમનું નિરીક્ષણ અને વર્ણન એકજ દૃષ્ટિથી કરવામાં આવ્યું હતું અને તે તત્ત્વજ્ઞાનની અને ધાર્મિક વિચારના સંઘટ્ટનની દૃષ્ટિથી. દરેક વિદ્યાને ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનથી તદ્દન જુદું પાડવાની હાલની પદ્ધતિ તે સમયમા પ્રચલિત નહોતી.

ઉપસંહાર.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ થયું હશે કે પ્રાચીન હિન્દુઓએ એકજ વિષયમા નહીં પણ વિજ્ઞાનની લગભગ બધી શાખાઓમાં એક સરખા પ્રકારની પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર, અને આયુર્વેદનું તેમનું જ્ઞાન બીજી પ્રાચીન પ્રજાઓના કરતાં અપ્રતિમ હતું; અને પાછળથી આરબ, તુર્કી અને સ્પેનીશ પ્રજાઓ મારફત આ જ્ઞાન યુરોપને પહોંચ્યું નહોત, તો મધ્યાકાલીન યુરોપના અંધકારનો સમય વધારે લંબાયો હોત. વિજ્ઞાનની બધી શાખામાં મેળવેલી પ્રવીણતા ધ્યાનમાં રાખીએ તો પછી ખાલ્ડીઅન, ઇજીપ્શીઅન, ગ્રીક, ફીનીશ્યન, કે સીરીયન પ્રજાઓના સંસર્ગથી જ હિન્દમાં વિજ્ઞાનનો પાયો

નંખાયો હતો એ મત સ્વતઃ તુટી જાય છે; કારણ કે તેથી એમ સિદ્ધ થાય છે કે હિન્દી વિદ્વાનો પોતાના સ્વતંત્ર અન્વેષણથી પ્રકૃતિનાં ગૂઢ સત્યો શોધી કાઢવાને સમર્થ હતા.

બીજું એક યાદ રાખવાનું છે કે હિંદમાં વિજ્ઞાનનો દીપ અમુક સમય સુધી ઝળકીને બુઝાઇ ગયો નહોતો. વૈદિક સમયથી પૌરાણિક કાળ સુધીનાં લગભગ ૨૫૦૦ વર્ષ સુધી અને ત્યાર પછી બીજાં પંદરસો વર્ષ સુધી પણ આ દીપની જ્યોતિનો પ્રકાશ દેશમાં સર્વત્ર પથરાઇ રહ્યો હતો. દેશનો વિસ્તાર વિશાળ હોવા છતા પણ વિજ્ઞાનભક્તોને આ દીપનો પ્રકાશ બધે પહોંચતો. તેથી ફક્ત કાશી જેવા મ્હોટાં શહેરોમાંજ નહીં પણ પંજાબમા તક્ષિલા, બંગાલામા નાલન્દ, રજપુતાનામાં ઉજ્જયિની અને તેમના જેવા બીજા અનેક સ્થળોમાં વિદ્વાનો વૈજ્ઞાનિક અન્વેષણમા મચ્યા રહેતા હતા. નાલન્દ, વિક્રમશીલા ઉદન્દપુરના મઠોમાં દસ દસ હજાર વિદ્યાર્થીઓ ભણતા અને તેમને રસાયનશાસ્ત્ર શીખવવામા આવતું એ વિષે ડો. રૅાયે ઉલ્લેખ કર્યો છે. ચરક (ઇ. સ. પૂ. ૬૦૦) પંજાબનો રહેવાશી હતો; સુશ્રુત (આશરે ઇ. સ. ૧૦૦) કાશીમા રહેતો હતો એમ ધારવામાં આવે છેઃ વાગ્ભટ (આશરે ઇ. સ. ૭૦૦)નું નિવાસસ્થાન સિંધમાં હતું; ચક્રપાણિ (ઇ. સ. ૧૦૫૦) બંગાલી હતો; આર્યભટ્ટ ઇ. સ. ૪૭૬ માં પાટલીપુત્રમા જન્મ્યો હતો અને સારંગધર (ઇ. સ. ૧૩૫૦) રજપુતાનામાં રહેતો. તે ઉપરાંત મગધ, ઓરીસા, નેપાલ, તિબેટ, દખ્ખણ, કલિંગ, અને કોંકણ પ્રાંતોમાં થયેલા વૈજ્ઞાનિકોના નામ મળી આવે છે. આવા મ્હોટા વિસ્તાર ઉપર પથરાઇ ગયેલા વિદ્વાનમંડળમા દૃષ્ટિબિંદુ અને કાર્યક્રમની ભિન્નતા જોવામાં આવે એ સ્વાભાવિક છે, પરંતુ તેથી પ્રાપ્ત થતી વિવિધતા અને નવીનતા હિન્દુ પ્રાચીન વિજ્ઞાનનું એક ખાસ લક્ષણ છે. તેથી ઉલટું વાસ્તવિક સહકાર ટીકા, અને વિવેચનના અભાવે અપૂર્ણતા વગેરે દોષો જોવામાં આવે છે. તે છતાં તમારી ખાત્રી થઇ હશે કે પ્રાચીન હિન્દુઓનું વિજ્ઞાન ઉંચા પ્રકારનું હતું, અને આ વારસો મેળવવાને અને સાચવવાને માટે, અને તેને અર્વાચીન સમયને અનુકૂલ રૂપમા મુકવાને માટે ઘણી મહેનત અને ખંતની જરૂર છે. વનસ્પતિ વિદ્યાના એકજ નિયમની અર્વાચીન દૃષ્ટિએ સિદ્ધિ પ્રાપ્ત કરવામા સર જગદીશ બોસે પોતાનું આખું જીવન વ્યતીત કર્યું છે. એવા અનેક વિદ્વાનો ગુજરાતમાં નીપજે અને ગુજરાતના વિજ્ઞાનના સાહિત્યમાં અભિવૃદ્ધિ કરે અને હિન્દનું પ્રાચીન ગૌરવ અર્વાચીન પદ્ધતિએ સિદ્ધ કરે એવી પ્રાર્થના સાથે વિરામશું.

ચરક સંહિતામાં દઢબલનો હાથ.

(લેખકઃ—રા. રા. દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી.)

આયુર્વેદના મૂળભૂત અને પરમ પ્રતિષ્ઠિત ગ્રન્થો ત્રણ; ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ. આ ત્રણ ગ્રન્થોને માનથી વૃદ્ધત્રયી કહે છે. પણ આ ત્રણમાંયે ચરક અને સુશ્રુત વાગ્ભટ્ટ કરતાં ઘણા વધારે પ્રાચીન અને સ્વતંત્ર છે. વાગ્ભટ્ટે એ બેયનો ઘણો આધાર લીધો છે. ચરક સુશ્રુતમા સુશ્રુત વધારે ચોક્કસ અને વધારે સર્વગ્રાહી છે ત્યારે ચરક વધારે પ્રાચીન છે. ટુંકામા આયુર્વેદનો જૂનામા જૂનો ગ્રન્થ ચરકસંહિતા છે.

મૂળ પુનર્વસુ આત્રેયે ઉપદેશ કર્યો, એના શિષ્ય અગ્નિવેશે કાયચિકિત્સાનું તંત્ર રચ્યું અને એમા વિશાળ સુધારા વધારા કરી ચરકે એનો પ્રતિસંસ્કાર કર્યો. આનુ નામ ચરકસંહિતા. અત્યારે તો આખો ગ્રન્થ ચરકસંહિતા નામથી જ પ્રખ્યાત થયો છે અને એમાં કાંઇ નવાઇ પણ નથી. હાલની ચરકસંહિતામા પુનર્વસુ આત્રેયનો કેટલો ભાગ છે? અગ્નિવેશે એમાં શું વધાર્યું છે?—કે ચરકે પ્રતિસંસ્કાર કરતા મૂળનું કેટલું એમ ને એમ રાખ્યું અને કેટલું પોતે નવું ઉમેર્યું એ કાંઇ સમજાતું નથી. એ નક્કી કરવાનું કાંઇ સાધન પણ નથી.

પ્રતિસંસ્કર્તાનું કર્તવ્યક્ષેત્ર પણ નાનું નથી. ચરકસંહિતામા જ લખ્યું છે કેઃ-

विम्तारयति लेशोक्तं संक्षिपत्यातीविस्तरम् ।
सस्कर्ता कुरुते तन्त्रं पुराण च पुनर्नवम् ॥ च. सि. अ. १२

અર્થ—" ટુંકામાં કહ્યું હોય તેનો વિસ્તાર કરે, વધારે પડતું લાંબું હોય ત્યાં ટુંકું કરે; ટુંકામાં સંસ્કર્તા જૂના તંત્રને ફરી નવું કરે છે." આનો અર્થ સ્પષ્ટ છે. અગ્નિવેશ તંત્રના લખાણને ચરકે પોતાના દેશકાળના આયુર્વેદના જ્ઞાનની કક્ષામા મુકવાનો પ્રયત્ન કર્યો હોવો જોઇએ. આ રીતે જોતા આ ગ્રન્થ ચરકસંહિતા કહેવાય છે તે યોગ્ય જ છે. પણ ચરકાચાર્યે જે રૂપમા આ ગ્રન્થ એમના શિષ્યોને આપ્યો હશે તે રૂપમાં આજે આપણી પાસે નથી. ચરકે સંપૂર્ણ કર્યો હતો કે નહિં તે પણ આપણે જાણતા નથી. પણ ઘણા વખત પહેલા ગ્રન્થ ત્રુટિત થઇ ગયો હતો અને પંચનદના દઢબલે ૪૩ અધ્યાયો ઉમેરી ગ્રન્થ સપૂર્ણ કર્યો, પણ નામ ચરકસંહિતા જ રહેવા દીધું; તેણે પોતાની અનુપૂર્તિમા પણ અગ્નિવેશ પુનર્વસુ આત્રેયને પૂછે છે અને આત્રેય જવાબ આપે છે એ રીતનું લખાણ કર્યું છે. પણ ગ્રન્થમા પોતાની રચના વિશે બે સ્થળે ઉલ્લેખ કર્યો છે. ચિકિત્સાસ્થાનની સમાપ્તિમાં નીચે પ્રમાણે બે શ્લોકો છે.—

अस्मिन्सप्तदशाध्यायाः कल्पा सिद्धय एव च ।
नासाद्यन्तेऽग्निवेशस्य तन्त्रे चरकसंस्कृते ॥

तानेतान्कापिलबलः शेषान्दृढबलोऽकरोत् ।
तन्त्रस्यास्य महार्थस्य पूरणार्थं यथातथम् ॥
चरक. चि. अ. ३०

વળી આખા ગ્રન્થની સમાપ્તિમા નીચેના શ્લોકો છેઃ—

इदमन्यूनशब्दार्थं तन्त्रं दोषविवर्जितम् ।
अखण्डार्थं दृढबलो जातः पञ्चनदे पुरे ॥
कृत्वा बहुभ्यस्तन्त्रेभ्यो विशेषाच्च बलोच्चयम् ।
सप्तदशौषधाध्यायसिद्धिकल्पैरपूरयत् ॥
चरक. सि. अ. १२.

ભાવાર્થ—ચરકસંહિતામા ચિકિત્સાસ્થાનના ૧૭ અધ્યાયો, કલ્પસ્થાન અને સિદ્ધિ-સ્થાન એટલું મળતું ન હતું (દૃઢબલના વખતમા) તેથી ચરકસંહિતાને સંપૂર્ણ કરવા માટે બીજાં ઘણાં તંત્રોમાથી વસ્તુ લઇને પંચનદ પુરમાં ઉત્પન્ન થયેલા કાપિલબલ દૃઢબલે એટલો ભાગ ઉમેરીને ચરકસંહિતા સંપૂર્ણ કરી.

એક કાળે ચરકસંહિતા ચિકિત્સાસ્થાનના ૩૦ અધ્યાયો, કલ્પના ૧૨ અને સિદ્ધિ સ્થાનના ૧૨ અધ્યાયો સાથે સંપૂર્ણ હશે એમ માનવામા વાંધો નથી. દૃઢબલે એ પરંપરાને અનુસરીને જ આટલા અધ્યાયો ઉમેર્યા હશે. સૂત્ર સ્થાનના ૩૦ મા અધ્યાયમાં ચરકસંહિતાની અનુક્રમણિકા આપી છે પણ એ તો કદાચ દૃઢબલની લખેલી હોય અથવા એની પણ પછી કોઇ પંડિત વાચનારે લખેલી હોય. સૂત્રસ્થાનના ૩૦ મા અધ્યાયના ૩૦ મા શ્લોકથી એ અધ્યાયના અન્ત સુધીના શ્લોકો પાછળથી ઉમેરાયલા–હાલની ચરકસંહિતા સંપૂર્ણ થયા પછી લખાયેલા સ્પષ્ટ દેખાય છે. વધારે ખુબી તો એ છે કે ચરકસંહિતાના જુદા જુદા સંશોધનોમા આ શ્લોકોનો પાઠ જુદો જુદો મળે છે. ખાસ કરીને ચિકિત્સા-સ્થાનના અધ્યાયોના વર્ણનમા મોટો ફેર છે. (સરખાવો નિર્ણયસાગરનો પદે શાસ્ત્રીએ સંશોધિત ગુટકો અને ચક્રપાણિદત્તની ટીકા સાથે નિર્ણયસાગરમાં છપાયેલ આવૃત્તિ.)

દૃઢબલને, ચરકસંહિતામાં શું શું હતું તે વિશેની શ્રુતપરંપરા ઉપરાંત પુનર્વસુ આત્રેયના ભેલ, જતુકર્ણ, પરાશર વગેરે શિષ્યોનાં તંત્રોની રચનામાંથી પોતે કેવી રચના કરવી તે વિશે મદદ મળી હોય એ સંભવિત છે. વસ્તુ બીજાં તંત્રોમાથી લીધું છે એમ તો એ પોતે જ કહે છે.

હવે દૃઢબલ વિશે બે શંકાસ્થાનો રહ્યા (૧) એનો સમય અને (૨) ચિકિત્સ્થાનના કયા કયા અધ્યાયો દૃઢબલના છે તે. (કલ્પ ને સિદ્ધિસ્થાન માટે તો કાઇ પ્રશ્ન જ નથી.)

દૃઢબલ વિશે બે માહિતી તો એ પોતે જ આપે છેઃ-એક તો પોતે કપિલબલના પુત્ર છે તે. અને બીજું પોતે પંચનદપુરમા જન્મ્યા છે તે. આ પંચનદપુર તે કયું સ્થાન એ વિશે ઘણા વિવાદો પ્રાચ્યતત્ત્વવેત્તાઓએ કર્યા છે. પંચનદ તે પંજાબ નહિં એ તો નિર્વિ-

વાદ લાગે છે કારણ કે દૃઢબલ પંચનદ નામના શહેરની વાત કરે છે. આ દેશમા જૂના કાળમાં પંચનદ નામનાં અનેક સ્થાનો હતાં પણ ડા. હુર્નલના મત પ્રમાણે કાશ્મીરમાં જે પન્તઝીનોર નામનું ગામ છે, જેની પાસે પહેલાં–કાશ્મીરના રાજા અવન્તિવર્માના વખતમાં જેલમ અને સિન્ધુનો સંગમ થતો હતો (જુઓ રાજતરંગિણી ૪–૨૪૮ તથા એ ઉપર આ સંગમના ફેરફાર વિશે ડા–સ્ટીનનું વિવરણ Vol II Pp. 239, 419), તે દૃઢબલનું પંચનદપુર. ચક્રપાણિદત્ત અને વિજયરક્ષિત ચરકસંહિતામાથી ઉતારા કરતા કાશ્મીર પાઠનો કેટલીક વખત ઉલ્લેખ કરે છે (જુઓ **च. चि. अ. १** ની ટીકા તથા **मधुकोष अर्शचिकित्सा**). અને જે અધ્યાયો દૃઢબલના પોતાના છે તેમાં દૃઢબલના નામથી ઉતારો કરે છે. અર્થાત્ ચરકસંહિતામાં ખૂટતા અધ્યાયો ઉમેરતી વખતે બાકીના ભાગનો દૃઢબલે જે પુનઃ સંસ્કાર કરેલો તેને આ ટીકાકારો કાશ્મીરપાઠ કહે છે. એટલે કે આ ટીકાકારોના વખતમાં ચરકસંહિતાની એક ત્રુટિત–દૃઢબલના ભાગ વગરની દેશના બીજા ભાગમાં પ્રચલિત પ્રત હશે અને બીજી દૃઢબલના ભાગવાળી પ્રત હોવી જોઇએ. આ કાશ્મીરમાં લખાયેલી પ્રતોમા બીજા ભાગમા યે કવચિત્ પાઠાંતર નિવાસનું. ટુંકામા દૃઢબલનું મૂળ સ્થાન કાશ્મીરમાં માનવામાં હરકત નથી.

દૃઢબલના સમય માટે બહુ મતભેદ છે. કવિરાજ ગણનાથસેન વગેરે અત્રત્ય વિદ્વાનોનો મત એવો છે કે વાગ્ભટ ચરકના દૃઢબલે ઉમેરેલા ભાગમાંથી ઉતારા કરે છે. માટે એ વાગ્ભટ પહેલાં ઘણે વખતે–લગભગ ઇ. સ. ૩૦૦ ની આસપાસમાં થઇ ગયા હોવા જોઇએ. આથી વિરુદ્ધ ડા. હર્નલનો એવો મત છે કે અષ્ટાંગ સંગ્રહકાર વૃદ્ધ વાગ્ભટ અને અષ્ટાંગ હૃદયકાર વાગ્ભટ બન્ને ભિન્ન છે. અને દૃઢબલ અષ્ટાંગ સંગ્રહકાર વાગ્ભટથી તથા નિદાનકાર માધવથી અર્વાચીન અને અષ્ટાંગહૃદયકાર વાગ્ભટથી પ્રાચીન છે.

ઐતિહાસિક વિચાર ન કરનારો આપણો જૂનો વૈદ્યવર્ગ તો સંગ્રહકાર, હૃદયકાર તથા રસરત્નસમુચ્ચયકાર ત્રણેયને એક જ માને છે. પણ રસરત્નસમુચ્ચયની અતિ અર્વાચીનતા–અષ્ટાંગહૃદય પછી રચાયેલા અનેક ગ્રન્થોમાથી રસરત્નસમુચ્ચયમા કરાયેલા અનેક ઉતારા વગેરે સ્પષ્ટ પ્રમાણોનું જોર જોઇને કવિરાજ ગણનાથસેન વગેરે રસરત્નસમુચ્ચયકારને તો જુદા સ્વીકારે છે. પણ સંગ્રહકાર અને હૃદયકારનો પ્રશ્ન હજી વિવાદગ્રસ્ત છે. માટે હર્નલની મુખ્ય દલીલોનો અહીં ટુંકામા વિચાર કરવો ઠીક જણાય છે. (કવિરાજ ગણનાથસેને કે બીજાએ આ દલીલોનું ખંડન કરેલું જાણ્યુ નથી.)

વૃદ્ધ વાગ્ભટનું સ્થાન નક્કી કરતા હર્નલ કહે છે કે સંગ્રહકાર ચરક અને સુશ્રુત પછી થયા છે. આયુર્વેદની પરંપરા પણ ચરક, સુશ્રુત, વાગ્ભટ એ રીતે ચરક સુશ્રુત, પછી વાગ્ભટનું સ્થાન માને છે. સંગ્રહકાર પોતે ચરક સુશ્રુતનો નામથી ઉલ્લેખ કરે છે તથા એમાંથી કેટલીક વાર શબ્દશઃ ઉતારા કરે છે. એના વખતમાં ચરકસંહિતા અપૂર્ણ હતી પણ સુશ્રુતનું ઉત્તરસ્થાન રચાઇ ગયું હતું, એમ ડા. હુર્નલ માને છે પણ નિઃસંદિગ્ધ રીતે નથી કહી શકતા. કારણ કે વૃદ્ધ વાગ્ભટે કોઇ સ્થળે સુશ્રુતના ઉત્તરસ્થાનમાંથી સ્પષ્ટ ઉતારો કર્યો હોય એવું પ્રમાણ એમને મળ્યું નથી: પણ સુશ્રુતના ઉત્તરસ્થાન કરતાં અષ્ટાંગસંગ્રહની અર્વાચીનતાના અનેક આડકતરાં પ્રમાણો છે. દાખલા તરીકે વૃદ્ધ વાગ્ભટનું અક્ષિરોગનું

પ્રકરણ. જો કે સામાન્ય રીતે સુશ્રુત ઉત્તરસ્થાનના તે પ્રકરણને મળતું છે; પણ સુશ્રુતની અક્ષિરોગોની ૭૬ સંખ્યા ગણવાની રીત વધારે સ્વાભાવિક અને વૃદ્ધ વાગ્ભટ્ટની, એને બદલે ૯૪ અક્ષિરોગો ગણવાની રીત વધારે કૃત્રિમ અને પંડિતાઇ ભરેલી લાગે છે. બીજી અનેક બાબતોમાં વૃદ્ધ વાગ્ભટ્ટનું સુશ્રુત ઉત્તરસ્થાનથી અર્વાચીનપણું દેખાય છે. સુશ્રુતનું ઉત્તરસ્થાન ઇ. સ. પહેલા શતકમા રચાયુ હોવાનો સંભવ છે. વૃદ્ધ વાગ્ભટ્ટનો સમય તે પછી ઘણે વખતે ઇ. સ. સાતમા શતકના આરંભમા મુકવા માટે ડા. હર્નલ નીચેના કારણો આપે છે. ચીનાઇ બૌદ્ધ પ્રવાસી ઇત્સીંગ જે ઇ. સ. ૬૭૫ થી ૬૮૫ સુધીનાં દશ વર્ષો નાલન્દાનાં શારદાપીઠમાં રહ્યા હતા; તે પોતાના Record of Buddhist Practices- પુસ્તકમા લખે છે:- Eight arts (*i. e* branches of medicine) formerly existed in eight books, but lately a man epitomised them, and made them into one bundle (or book) અને ઉમેરે છે કે 'all physicians in the five parts of India (*i. e.* the whole of India) practise according to his book.'

'વૈદ્યકવિદ્યાના આઠ અંગો માટે પહેલા આઠ જુદા જુદા પુસ્તકો હતાં અને પાછળથી એક માણસે એ આઠેયનો એક પુસ્તકમા સંગ્રહ કર્યો છે અને હિન્દુસ્થાનના બધા ભાગના વૈદ્યો હવે એ પુસ્તક પ્રમાણે વૈદું કરે છે.' આ શબ્દો બહુ સ્પષ્ટ નથી. સંહિતાઓ પહેલા, સૂત્રગ્રંથો જુદા જુદા દરેક અંગ ઉપર હતા એ વાત ખરી, પણ એ રીતે તો આ વાક્ય સુશ્રુતને પણ લાગુ પડે. પરંતુ ચીનાઇ પ્રવાસીના '**સંગ્રહ**' શબ્દ ઉપર ઘણો ભાર મુકીને હર્નલ આ શબ્દો અષ્ટાગસંગ્રહને લાગુ પડે છે એમ ગણે છે. વળી પાછળથી (lately) શબ્દનો અર્થ ઇત્સીંગ આવ્યા પહેલા થોડા વખત ઉપર જ એવો કરીને વૃદ્ધ વાગ્ભટ્ટ ઇ સ. ૬૨૫ ની આસપાસ થઇ ગયા હોવા જોઇએ એમ નિર્ણય કરે છે. (જુઓ Studies in the medicine of ancient India, Introduction, 10–11.) આ વિષયમા જૉલી જેવા આયુર્વેદના પાશ્ચાત્ય જ્ઞાતાનો મતભેદ છે. તેઓ ઇત્સીંગના શબ્દો વૃદ્ધ વાગ્ભટ્ટને જ લાગુ પડે એવા છે એમ માનતા નથી. (જુઓ Journal of the Ro-A. Society 1907, Pp. 172–175) હર્નલ બીજી વાત એ કરે છે કે સુશ્રુતના ઉત્તરસ્થાન પછી શારીર (anatomy) નુ પ્રત્યક્ષ જ્ઞાન આ દેશના વૈદ્યોમાથી ઘટતું ગયું છે. આ શારીર જ્ઞાનની અધોગતિના ક્રમની શરૂઆતમા જ વૃદ્ધ વાગ્ભટ્ટનું સ્થાન દેખાય છે. સુશ્રુતમાં મનુષ્ય શરીરની રચના વિશે ઘણો સરસ પરિચય પગલે પગલે દેખાય છે. એથી ઉલટું વૃદ્ધ વાગ્ભટ્ટનું શારીરનું વર્ણન પરસ્પર વિરોધ અને દેખીતા પ્રત્યક્ષ વિરોધવાળું ઘણે સ્થળે છે. અષ્ટાંગહૃદયમા તો ૩૬૦ હાડકાનો અર્ધા શ્લોકમા ઉલ્લેખ માત્ર કર્યો છે. વળી આંખના મોતીઆ જેવા રોગની શસ્ત્ર ચિકિત્સાનું સુશ્રુત ઉત્તરસ્થાનમા ઘણુ વિસ્તૃત વિવેચન છે; જ્યારે વૃદ્ધ વાગ્ભટ્ટમા ટુંકામા પતાવ્યુ છે અને અષ્ટાગ હૃદયમાં તથા ચરકની દૃઢબલની અનુપૂર્તિમા એ પ્રકરણ બીલકુલ નથી. ટુંકામા આયુર્વેદિક સાહિત્યમા વૃદ્ધ વાગ્ભટ્ટના સ્થાન ઉપરથી હર્નલ એવા નિર્ણય ઉપર આવે છે કે સુશ્રુત પછી ઝાઝે વખતે વૈદ્યોમાથી શારીરજ્ઞાન ક્રમે ક્રમે ઘટવાને લાગે એટલા વખતે અને માધવ, દૃઢબલ અને અષ્ટાંગ હૃદયકારની પહેલા વૃદ્ધ વાગ્ભટ્ટ થયા છે.

માધવ, દઢબલ અને વાગ્ભટ્ટ (અષ્ટાગહૃદયકાર) ના સમય માટે હર્નલનો એવો મત છે કે એ ત્રણેય વૃદ્ધ વાગ્ભટ્ટ પછી અને ચરકના ટીકાકાર ચક્રપાણિદત્તની પહેલાં થયા છે, અને ચક્રપાણિદત્ત ઇ. સ. ૧૦૬૦ ની આસપાસ થઇ ગયા છે. ચક્રપાણિદત્તના સમય માટે સંશય નથી, કારણ કે એણે પોતે જ સૂચન કર્યું છે. ચક્રપાણિદત્ત પહેલાં માધવ, દઢબલ અને વાગ્ભટ્ટ થઇ ગયા છે એ બાબતમાં પણ મતભેદ નથી. ચક્રપાણિદત્તે દઢબલનો સ્પષ્ટ ઉલ્લેખ અનેક વાર કર્યો છે, વાગ્ભટ્ટમાથી નામ સાથે ઉતારા કર્યા છે અને માધવ નિદાનના ક્રમને ચક્રસંગ્રહમાં અનુસરે છે. ચક્રદત્ત સ્પષ્ટ શબ્દોમાં વૃન્દને અનુસરે છે (**यः सिद्धयोगलिखिताधिकसिद्धयोगान्**० એ ચક્રપાણિદત્તનું વચન સ્પષ્ટ છે) અને વૃન્દ તથા ચક્રપાણિ માધવ નિદાનનો ક્રમ સ્વીકારે છે. (**गदविनिश्चयजक्रमेण-वृन्द**) માટે ચક્રપાણિ પહેલાં ૨૦૦ વર્ષે અર્થાત્ નવમા શતકમા વૃન્દ થઇ ગયા અને તે પહેલાં બસો વર્ષે નિદાનકાર માધવ એમ કવિરાજ ગણનાથસેનનું માનવું છે (જુઓ પ્રત્યક્ષ શારીરનો ઉપોદ્ઘાત.) આઠમા શતકના ખલીફ હરૂન અલરશીદના રાજ્યમાં બીજા સાથે માધવના ગ્રન્થનું પણ અરબીમા ભાષાંતર થયું છે એ પુરાવાથી ઉપલા અનુમાનને ટેકો મળે છે. હર્નલ પણ માધવને સાતમા આઠમા શતકમા માને છે, પણ દઢબલ અને અષ્ટાંગહૃદયકાર વાગ્ભટ્ટ એ માટે જ બધો મતભેદ છે ગણનાથસેનના મત પ્રમાણે વૃદ્ધ વાગ્ભટ્ટ અને અષ્ટાગહૃદયકાર એક જ છે. કારણ કે બેય ગ્રન્થોની ભાષા સરખી છે. પિતાના નામ સાથે ગ્રન્થકર્તાનું નામ એક છે (પણ એમ તો રસરત્નસમુચ્ચયમાં પણ એ જ સ્થિતિ છે). સંગ્રહ અને હૃદય વચ્ચે ક્યાંય મતભેદ દેખાતો નથી. વાગ્ભટ્ટે અષ્ટાંગસંગ્રહ નામનો મોટો ગ્રન્થ લખીને પછી એમાંથી હૃદય જેવો નાનો પણ ઉપયોગી આ ગ્રન્થ રચ્યો છે એમ એમણે પોતે જ કહ્યું છે.

અષ્ટાગહૃદયના શબ્દો ખરેખર બહુ સ્પષ્ટ છેઃ—

अष्टांगवैद्यकमहोदधिमंथनेन
योऽष्टांगसंग्रहमहामृतराशिराप्तः
तस्मादनल्पफलमल्पसमुद्यमानां
प्रीत्यर्थमेतदुदितं पृथगेव तंत्रम् ॥

अ. हृ. ५. अ. ४०

"અષ્ટાંગ વૈદ્યક રૂપ મહા સમુદ્રનું મંથન કરીને જે અષ્ટાગસંગ્રહ રૂપ મહા અમૃતરાશિ મળ્યો તેમાંથી થોડી મહેનત કરી શકે એવા માણસોની પ્રીતિ માટે, મોટા ફળવાળું આ તંત્ર જુદું રચ્યું છે." આ શબ્દો તો સ્પષ્ટ રીતે સંગ્રહકાર અને હૃદયકારને એક જ ઠરાવે છે. વળી દઢબલ વાગ્ભટ્ટ પહેલાં થઇ ગયા છે કારણ કે વાગ્ભટ્ટ ચરકના દઢબલે રચેલા ભાગમાંથી ઉતારા કરે છે, એમ કહી વાગ્ભટ્ટને પાચમા અને દઢબલને ત્રીજા શતકમાં ગણનાથસેન મુકે છે. (જુઓ પ્રત્યક્ષ શારીરનો ઉપોદ્ઘાત.)

આ વિષયમાં હર્નલની વિચારપ્રણાલી નીચે ટુંકામાં બતાવી છે. એ કહે છે કે

માધવ વૃદ્ધ વાગ્ભટ્ટ પછી થયા છે, કારણ કે **એ વાગ્ભટ્ટનું** નામ લખે છે તથા **એમાંથી** નામ વગર ઉતારા કરે છે.*

વળી **માધવ** આંખના રોગો ૯૬ ગણે છે એ વૃદ્ધ વાગ્ભટ્ટની ૯૪ ની ગણતરીને **અનુ-**સરીને છે. **માધવ**, દૃઢબલ અને **અષ્ટાંગહૃદયકારના** કાલાનુક્રમ માટે હર્નલ કહે છે કે **જો કે** ચોક્કસ કહી શકાતું **નથી** પણ પ્રમાણોનો ઝોક જોતા નીચે પ્રમાણે સ્થિતિ લાગે છે. **પહેલું** તો **માધવ** દૃઢબલ પહેલાં થયા છે. આ બાબતમા મુખ્ય બે દલીલો છે. એક તો **આંખના** રોગોની ગણતરી સંબંધી **છે.** સુશ્રુતે વિગતવાર વર્ણન આપી આંખના ૭૬ રોગો ગણ્યા છે. વૃદ્ધ વાગ્ભટ્ટે **સુશ્રુતની** ગણતરીથી જુદી રીતે ગણતરી કરીને ૯૪ રોગો ગણ્યા છે. **માધવ** પોતાની ગણતરીમાં સુશ્રુતને અનુસરે છે. પણ પાંપણના બે રોગો ઉમેરી કુલ આંખના રોગો ૭૮ ગણે છે. (કુંચન અને પક્ષ્મશાત સુશ્રુતમાં **નથી** અને માધવમાં છે.+) **અષ્ટાંગહૃદયમાં** તો અષ્ટાંગ સંગ્રહનું જ અનુસરણ છે. જ્યારે દૃઢબલે બેયનો સમન્વય કરવાનો પ્રયાસ કરી આંખના રોગો ૯૬ ગણ્યા છે. દૃઢબલે ૯૬ કેવી રીતે ગણ્યા તે લખ્યું **નથી** તેમ આંખના રોગોની કાંઇ વિગત પણ આપી **નથી.**

ચરકસંહિતાની ઘણી છાપેલી આવૃત્તિઓમા **नेत्रामयाः षण्णवीतस्तु भेदात्** એ રીતે શબ્દો છે. માત્ર સેનભાઇઓએ કલકત્તામા છપાવેલ ચરકસંહિતામાં ૭૬ રોગો કહ્યા છે, **એ** લોકોએ કવિરાજ ગંગાધરની બરહોમપોરની આવૃત્તિનું અનુસરણ કર્યુ છે. અને **કવિરાજ** ગંગાધરે પોતની બુદ્ધિથી ચરકસંહિતાના પાઠમાં અનેક ઠેકાણે ફેરફારો કર્યા છે; જે હર્નલે સવિસ્તાર દર્શાવ્યા છે. વળી હર્નલે જોયેલ અનેક હસ્તલિખિત પ્રતોમાંથી કોઇમા ૭૬ વાળો પાઠ નથી એમ એ કહે છે. ચક્રપાણિદત્તની ટીકા સાથે જે ચરકસંહિતા નિર્ણયસાગરમા છપાયેલ છે. તેમાં મૂળમા: —

षट्सप्ततिर्नेत्रगदास्तु भेदात એ રીતે પાઠ છપાયો છે. નિર્ણયસાગરની આવૃત્તિના સંશોધક પાસે હસ્તલિખિત પ્રતો વધારે ન હોવાથી કદાચ તેઓ કવિરાજ ગંગાધરને અનુ-સર્યા હોય. ટીકાકારે આ કટકો ટીકામા ઉતાર્યો નથી એટલે વાત સંદિગ્ધ રહે છે. પણ એના શબ્દો આ વિષયમા ઠીક અજવાળુ પાડે છે. ચક્રપાણિદત્ત લખે છે કે :—

अनुक्तनेत्रामयेषु आचार्याणां विप्रतिपत्तिश्चेन्न । रोगाणां षट्सप्ततिः विदेह ग्राह करालस्तुषण्णवतिः अशीतिं कौशीतकिः प्राह ।

ચક્રપાણિદત્તના શબ્દો સ્પષ્ટ છે. એ શબ્દો જોતાં મૂળમા **षण्णवतिः** વાળો પાઠ હોવો જોઇએ એમ લાગે છે અને ચક્રપાણિદત્ત ચરક સુશ્રુત વચ્ચેનો વિરોધ શમાવતાં

---

* **સિદ્ધયોગમા વાગ્ભટ્ટનું** નામ છે પણ **સિદ્ધયોગના** કર્તા એ જ **માધવનિદાનના** કર્તા હોવા બાબત શંકા છે. સિદ્ધયોગના કર્તા પોતાને વૃન્દ જ કહે છે. વળી વૃદ્ધ **વાગ્ભટ્ટમાંથી** જેમ **માધવે** નિદાનમાં ઉતારો કર્યો છે, તેમ જ નિદાનના શરુઆતના શ્લોકો **निदानं पूर्वरूपाणि** વગેરે અષ્ટાંગહૃદય (**नि. अ. १**) માંથી ઉતાર્યા છે.

+ હર્નલ ફુટનોટમા પક્ષ્મકોપ અને પક્ષ્મશાંત કહે છે તે તો ભૂલ છે. (જુઓ Studies in Medicine of Ancient India, Introduction N. 13.)

કહે છે કે વિદેહ ૭૬ રોગો માને છે, જેનું અનુસરણ સુશ્રુતે કર્યું છે અને કરાલ ૯૬ માને છે જેનું અનુસરણ ચરકે (દૃઢબલે) કર્યું છે. આ ખુલાસો જો બરાબર હોય તો દૃઢબલે વૃદ્ધ વાગ્ભટ્ટમાંથી ૯૪ ની સંખ્યા લીધી અને પછી માધવમાથી બે ઉમેરી ૯૬ કર્યા માટે દૃઢબલ માધવ પછી એ હુર્નલની દલીલનું બળ તુટી જાય છે. ખરી રીતે સુશ્રુત, દૃઢબલ, વાગ્ભટ્ટ અને માધવ બધાય એ વખતે વિદ્યમાન અને હવે લુપ્ત થઇ ગયેલાં તંત્રોમાથી જુદા જુદા મતો ગ્રહણ કરે છે.

હુર્નલની બીજી દલીલ એ છે કે માધવ નિદાનની ટીકામા વિજયરક્ષિત ઘણે સ્થળે મૂળથી જુદું પાઠાંતર કાશ્મીરપાઠ કહીને આપે છે. અર્થાત્ માધવ દૃઢબલના પ્રતિસંસ્કાર વગરની ચરકસંહિતામાથી ઉતારો કરે છે અને એને દૃઢબલના પ્રતિ સંસ્કારની ખબર ન હોવી જોઇએ. પણ આ દલીલમા કાંઇ જોર નથી. વિજયરક્ષિત પોતે જ અન્યત્ર માધવ પહેલાં દૃઢબલને થઇ ગયેલા ગણે છે; ટુંકામા વિજયરક્ષિતના શબ્દો ઉપરથી કોઇ જાતનો ઐતિહાસિક નિર્ણય થઇ શકે એમ નથી. હવે અષ્ટાંગહૃદયકાર પહેલાં દૃઢબલ થઇ ગયા છે એનો પુરાવો આપતાં હુર્નલ કહે છે કે અષ્ટાંગ હૃદયકાર પોતાના ગ્રન્થની સમાપ્તિમા કહે છે કે ચરકે આંખના રોગો વિશે ઘણી અપૂર્ણ માહિતી આપી છે. ખરી રીતે આંખના રોગોવાળો ત્રિમર્માંય ચિકિત્સતનો ૨૬ મો અધ્યાય દૃઢબલનો છે.× માટે અષ્ટાંગહૃદયકાર દૃઢબલ પછી થઇ ગયા. વળી વૃદ્ધ વાગ્ભટ્ટના ગદ્યનુ દૃઢબલે કરેલું પદ્યાત્મક રૂપાન્તર થોડા ફેરફાર સાથે અષ્ટાંગહૃદયમાં ઉતારેલું ઘણી વાર દેખાય છે; દાખલા તરીકે વૃદ્ધ વાગ્ભટ્ટના ઉદરચિકિત્સિત નામના ૧૭ મા અધ્યાયના નીચેના ગદ્યનો દૃઢબલે એક શ્લોકમાં અને અષ્ટાંગહૃદયે બે શ્લોકોમા અનુવાદ કર્યો છે એમ હુર્નલ કહે છે:—

एवमनुपशाम्यत्यप्राप्तपिच्छोदके
वातकफोल्वणे गुल्मविधिनाऽग्निकर्म
कुर्यात्पित्तोल्वणे तु जीवनीयघृतक्षीर–
बस्तिविरेचनानि प्रयुंजीत ॥

वृ. वा. चि. अ. १७.

× ખરી રીતે અષ્ટાંગહૃદયમાં શ્લોક આ પ્રમાણે છે:—

यदि चरकमधीते तद्ध्रुवं सुश्रुतादि-
प्रणिगदितगदानां नाममात्रेऽपि बाह्यः ।

अ. हृ. उ. अ. ४० श्लो. ८३

આ શ્લોકમા માત્ર ચરક ભણનાર સુશ્રુત વગેરેએ કહેલ રોગોના નામ પણ નથી જાણી શકતો એટલું જ કહ્યું છે. અલબત્ત ટીકાકારે **सुश्रुतादिप्रणिगदितगदानां** નો અર્થ આંખના રોગો ઉદ્દિષ્ટ છે એવો કર્યો છે ખરો પણ આમાંથી હુર્નલ ખેંચે છે તેવું અનુમાન ખેંચી શકાય એમ નથી.

આ ગદ્યનો દ્દઢબલે નીચેના શ્લોકમા અનુવાદ કર્યો છે.

अग्निकर्म च कुर्वीत भिषक्वातकफोल्वणे ।
पैत्तिके जीवनीयानि सर्पीपि क्षीरबस्तयः ॥
च. चि. अ. १८ श्लो. ८९.

અષ્ટાંગહૃદયમા નીચે પ્રમાણે શ્લોકો છે:—

अशांतौ गुल्मविधिना योजयेदग्निकर्म च ।
अप्राप्तपिच्छासलिले प्लीह्नि वातकफोल्वणे ॥
पैत्तिके जीवनीयानि सर्पांषि क्षीरबस्तयः
अ. हृ. चि. अ. २५ श्लो. १३७,

અષ્ટાગહૃદયના આ શ્લોકોમા પહેલા બે પદોમા વાગ્ભટ્ટનો સ્પષ્ટ અનુવાદ છે અને ત્રીજું પદ દૃઢબલનું જ છે. એ પહેલાંના અષ્ટાગહૃદયના ૯૩, ૯૪ શ્લોકો ચરક ચિ. અ. ૧૮ માથી ઉતાર્યા છે (જુઓ શ્લો. ૮૨, ૮૩). (આ શ્લોકોમા કહેલ રોહીતક ઘૃતમા ચરક અને વૃદ્ધ વાગ્ભટ્ટનો પાઠ એક હોવા છતા અષ્ટાગહૃદયમાં રોહીતકને બદલે હરીતકનો પાઠ છે તે ભૂલ લાગે છે.)

વળી અષ્ટાગહૃદય શારીરસ્થાન અ. ૩ શ્લો. ૬૨, ૬૩ ઉપર ટીકા કરતા અરુણોદત્ત સ્પષ્ટ કહે છે **तथा चरकसंहितायां दृढबलोप्याह** અને પછી ચરકમાથી **रसाद्रक्तं** વગેરે શ્લોક ઉતાર્યો છે જે શબ્દશઃ અષ્ટાગસંગ્રહના શારીરસ્થાનના અ. ૬ ઠ્ઠાના **रसस्य सारीरक्तं** વગેરે વાક્યોનો દૃઢબલે **रसाद्रक्तं** વગેરે શ્લોકોથી અનુવાદ કર્યો છે અને અષ્ટાગહૃદયમા દૃઢબલમાથી ઉતારો કર્યો છે. ત્રણે ગ્રન્થોના આ ભાગ સરખાવતા અષ્ટાગહૃદયમા દૃઢબલનો ઉતારો છે એ તો નિઃસંદેહ દેખાય છે. બીજા અનેક સ્થળેથી આવા દાખલા આપી શકાય એમ છે, પણ દૃઢબલે વૃદ્ધ વાગ્ભટ્ટમાથી ઉતારો કર્યો છે એ હર્નલનું વિધાન એણે આપેલા કોઇ પણ દાખલાથી સિદ્ધ થાય છે એમ ગળે ઉતરતું નથી. વૃદ્ધ વાગ્ભટ્ટથી જુદી જ રીતે દૃઢબલે એ વિષય ચર્ચ્યો છે. ટુંકામા અષ્ટાગહૃદયમાં દૃઢબલમાથી ઉતારા છે એ નિઃસંદિગ્ધ. પણ માધવ અને અષ્ટાગસંગ્રહકાર દૃઢબલ પહેલા થઇ ગયા છે એમ સિદ્ધ કરવા માટે હર્નલની દલીલો નિર્ણયકારક નથી, અને એથી ઉલટો નિર્ણય કરવા માટે સબળ પુરાવા છે. દાખલા તરીકે માધવે ગ્રહણી રોગના નિદાનમા ચરક ચિકિત્સાસ્થાનના દૃઢબલે રચેલા ગ્રહણી ચિકિત્સિત નામના અધ્યાયમાથી ત્રણ શ્લોક (૫૩ ૫૪ અને ૫૬) મુકી દઇને બરાબર અનુક્રમે ૧૪ શ્લોકો ઉતાર્યા છે, અને આમા માધવે જ દૃઢબલમાથી ઉતારો કર્યો છે અને એથી ઉલટી સ્થિતિ નથી જ એમ સિદ્ધ કરવા માટે નીચેનો પુરાવો બસ છે.

ચરકમા ગ્રહણીચિકિત્સામા ૬૯-૭૦ મો શ્લોક નીચે પ્રમાણે છે.—

... ...
पृथग्वातादिनिर्दिष्टहेतुलिङ्गसमागमे ॥
त्रिदोषं निर्दिशेत्तेषां भेषजं शृण्वतःपरम ।
श्लो. ६९, ७०. . . . .

આ શ્લોક માધવનિદાનની ગ્રહણી ચિકિત્સામાં ૧૭ મો છે. માત્ર છેલ્લા પદમાં **तेषां वक्ष्यामि भेषजम्** એટલું પાઠાન્તર છે. હવે નિદાનના ગ્રન્થમાં " હવે તેની દવા બતાવું છું " એમ કહેવાનો શું અર્થ ? માધવ નિદાનમા ચિકિત્સા તો છે જ નહિ. ટીકાકાર ખરો ખુલાસો કરે છે કે:-**संपूर्णश्लोकानुरोधात् तेषां वक्ष्यामि भेषजम् इति लिखितम्** ચરકમાંથી આખો શ્લોક ઉતારેલો હોવાથી દવા કહું છું એ પદ લખેલું છે. માધવ પાસેની ચરકની પ્રતમા આ શ્લોકમા આ પ્રમાણે પાઠાન્તર હશે. માધવે દ્દઢબલમાંથી ઉતારા કર્યાના બીજા પણ અનેક દાખલા આપી શકાય એમ છે. અષ્ટાંગહૃદયમાથી માધવે શરૂઆતના શ્લોકો ઉતાર્યા છે એ તો ઉપર કહ્યું જ છે. વળી માધવે અર્શોનિદાનમા અષ્ટાગહૃદયમાંથી ઉતારો કર્યો છે. (જુઓ નિ. શ્લો. ૧૦ થી ૨૭ **अ. हृ. नि. अ. श्लो.** ૨૮ થી ૪૫) અહીં પણ અષ્ટાગહૃદયમાં સ્વાભાવિક ક્રમ છે–માધવે તો પહેલાં ચરકમાથી ઉતારો કર્યો છે અને ચરકમા ગદ્ય આવ્યું એટલે અષ્ટાગહૃદયમાથી ઉતારો કર્યો છે. હુર્નલની, માધવમાંથી અષ્ટાંગહૃદયકાર ઉતારા કરે છે એ વાત બેસતી નથી.

આ રીતે માધવ અને અષ્ટાંગહૃદયનો નિર્ણય થઇ શકે છે. પણ વૃદ્ધ વાગ્ભટ્ટનો પ્રશ્ન વધારે ગુંચવણવાળો છે. વૃદ્ધ વાગ્ભટ્ટના ગદ્યમાથી દ્દઢબલે ઉતારો કર્યો છે એમ માનવા માટે તો સબળ પુરાવા નથી. ખરી રીતે આજે ન મળતાં કોઇ તંત્રોમાથી વસ્તુ લઇને વૃદ્ધ વાગ્ભટ્ટે ગદ્યાત્મક રચના કરી છે અને એ જ મૂળમાંથી કે એને મળતા બીજા તંત્રમાંથી દ્દઢબલે ઉતારો કર્યો છે એમ માનવું એ જ વધારે સયુક્તિક છે. ચક્રપાણિદત્ત વગેરે ટીકાકારો એમ જ માનતા જણાય છે. (જુઓ ઉપર આંખના રોગનો દાખલો).

વૃદ્ધ વાગ્ભટ્ટ અને અષ્ટાગહૃદયકાર એક જ છે કે જુદા જુદા એ પ્રશ્નનો ઉકેલ સહેલો નથી. અષ્ટાગહૃદયની સમાપ્તિનો ઉપર જે શ્લોક આપ્યો છે તેમાં તો બેયની એકતા સ્પષ્ટ ઉદ્દિષ્ટ છે. પણ બેય ગ્રન્થો વાચતાં વિચિત્રતા પણ ઘણી દેખાય છે. અષ્ટાંગહૃદયમાં વ્યવસ્થા ઘણી વધારે છે; સંગ્રહમા નથી. સંગ્રહ ચરક પેઠે આડીઅવળી વાતો કરે છે. (જુઓ નિદાનસ્થાનનો પહેલો અધ્યાય નિદાનની વાત કરતા ચરકના વિમાનસ્થાન **अ.** ૩ માથી ત્રુટિત અનુવાદ વગેરે). અષ્ટાંગહૃદયે સંગ્રહનો સાર ખેંચ્યો છે એમ માનવાથી પણ આ વાતનો ખુલાસો નથી થતો. આમા ઓછાવધુ વિસ્તારનો પ્રશ્ન જ નથી. અવ્યવસ્થિત કે વ્યવસ્થિત રીતનો પ્રશ્ન છે. આયુર્વેદ વિશેની બધી વાતનો સંગ્રહ કરવો એવો અષ્ટાગસંગ્રહનો ઉદ્દેશ દેખાય છે. એની રચનામા વ્યવસ્થા નથી. અલબત્ત સ્થાન અને અધ્યાયોનો ક્રમ તો અષ્ટાગસંગ્રહ અને અષ્ટાગહૃદય બન્નેનો એક જ. પણ નિશ્ચયપૂર્વક કહેવું મુશ્કેલ છે, કારણ કે અષ્ટાંગહૃદય અષ્ટાગસંગ્રહનો સાર હોવા છતાં વારંવાર સંગ્રહને છોડીને વિરુદ્ધ જઇને ચરકના પાઠને અનુસરે છે (જુઓ ચિ. સ્થાન ગુલ્મ અધ્યાય) છતા બેય વાગ્ભટ્ટ એક હશે એમ માનીને દ્દઢબલ અને વાગ્ભટ્ટનું પૌર્વાપર્ય વિચારીએ. બેયને એક માનવાથી એની મેળે જ દ્દઢબલ વૃદ્ધ વાગ્ભટ્ટ પહેલા ઠરે છે, અને ઉદરનિદાનમા તો વૃદ્ધ વાગ્ભટ્ટે ચરકમાંથી શબ્દશઃ શ્લોકો ઉતાર્યા છે.

દ્દઢબલે વાગ્ભટ્ટમાંથી ઉતારો નથી કર્યો પણ વૃદ્ધ વાગ્ભટ્ટે જ દ્દઢબલમાંથી ઉતારો કર્યો

છે એમ સાબીત કરે એવા ચરકચિકિત્સાસ્થાનના દૃઢબલના અધ્યાયોને વૃદ્ધ વાગ્ભટ્ટના તે તે અધ્યાયો સાથે સરખાવવાથી ઘણા પુરાવા મળી આવશે, પણ નીચે એક જ ટાંકયો છે.

ચરકચિકિત્સાસ્થાનનો ૧૬ મો પાંડુરોગાધ્યાય દૃઢબલનો છે, એ નિર્વિવાદ છે.

પાંડુરોગનું નિદાન કહેતા ચરક લખે છે કેઃ—

समुदीर्णं यथापित्तं हृदये समुपास्थितम् ॥
वायुना बलिना क्षिप्त स्रोतोभिर्दशभिः सृतम् ।
प्रपन्नं केवलं देहं त्वङ्गमांसान्तरमाश्रितम् ॥
प्रदूष्य कफवातासृक्त्वङ्गमांसानि करोति तत् ।
वर्णान् हरितहारिद्रान् पाण्डून्बहुविधांस्त्वचि ॥
स पाण्डुरोग इत्युक्तः … …. ….

चरक चि. अ. १६ श्लो. ७ थी ९.

હવે જુઓ વૃદ્ધ વાગ્ભટ્ટઃ—પહેલું તો ચરકે આરંભના ત્રણ શ્લોકોથી જેના પિત્તપ્રધાન દોષો કોપે તેના ધાતુઓ શિથિલ તથા ભારે થઇને એમા વૈવર્ણ્ય કેવી રીતે આવે છે તે બતાવ્યું છે અને પછીના ત્રણ શ્લોકોથી ક્ષાર વગેરે ખોરાકથી તથા કામ ચિન્તા વગેરેથી પિત્ત કેવી રીતે ઉછળે છે તે દર્શાવ્યું છે. વૃદ્ધ વાગ્ભટ્ટે આ ભાગ છોડી દીધો છે, છતાં આરંભમા લખ્યું છે કે.—

पित्तप्रधाना. कुपिता यथोक्तैः कोपनैर्मलाः ।

વૃદ્ધ વાગ્ભટ્ટની આ પંક્તિ ચરકના

दोषाः पित्तप्रधानास्तु यस्य कुप्यन्ति धातुषु ।

એ પહેલા શ્લોકના પહેલા પદનો અનુવાદ છે પણ પછીની પંક્તિ ચરકના ૭ શ્લોક કૂદીને આઠમા શ્લોકના અનુવાદરૂપ છેઃ—

तत्रानिलेन बलिना क्षिप्त हृदि स्थितम् ॥

હવે પિત્ત સમુદીર્ણ કેવી રીતે થયું એ તો વૃદ્ધ વાગ્ભટ્ટે કહ્યું જ નથી એ યાદ રાખવાનું છે. વળી પહેલી પંક્તિમાં **यथोक्तै** એટલે શું ? અને પહેલી અને બીજી પંક્તિનો જાણે સંબંધ જ બેસતો નથી. પણ હવે આગળ ચાલોઃ—

धमनीर्दश सम्प्राप्य व्याप्नुवत्सकलं वपुः ।
श्लेष्मत्वग्रक्तमांसानि प्रदूष्यान्तरमाश्रितम् ॥
त्वङ्गमांसयोस्तत्कुरुते त्वचि वर्णान्पृथग्विधान्
पांडुहारिद्र हरितान् …. .. ….

વૃદ્ધ વાગ્ભટ્ટના આ શ્લોકો ચરકના આઠમા અને નવમા શ્લોકોના અનુવાદરૂપ છે. વૃદ્ધ વાગ્ભટ્ટે કેટલાક શબ્દો ચરકના જ વાપર્યા છે; એ પણ જોવાનું છે. એથી ઉલટી

સ્થિતિ નથી—અર્થાત્ વૃદ્ધ વાગ્ભટ્ટમાંથી ચરકે નથી લીધુ એમ તો આટલા વિવેચનથી જ દેખાશે. પણ ચરકનો નવમો શ્લોક ખાસ જોવા જેવો છે. નવમા શ્લોકની બીજી પંક્તિ તો લગભગ વૃદ્ધ વાગ્ભટ્ટે પૂરેપૂરી લીધી છે. ચામડીમાં હરિત અને હરિદ્ર વર્ણ ઉત્પન્ન થાય છે એ વાત ચરકે જ લખી છે; સુશ્રુતે નથી લખી; સુશ્રુત તો સ્પષ્ટ લખે છે કેઃ—

निषेवमाणस्य विदूष्य रक्तं
कुर्वन्ति दोषास्त्वचि पाण्डुभावम्

અર્થાત્ આ બાબત ચરકમાંથી જ વૃદ્ધ વાગ્ભટ્ટે લીધી છે. પણ વૃદ્ધ વાગ્ભટ્ટની આખી યોજના ચરક સુશ્રુતનો સમન્વય કરવાની હોવાથી પાણ્ડુ, હારિદ્ર અને હરિત વર્ણો ઉત્પન્ન કરે છે એમ કહી દીધા પછી સુશ્રુતનો વિચાર મેળવવા માટે વૃદ્ધ વાગ્ભટ્ટે ઉમેર્યું છે કે:—

पाण्डुत्वं तेषु चाधिकं
यतोऽतः पाण्डुरित्युक्तः

આ શબ્દો પણ લગભગ સુશ્રુતમાંથી જ લીધા છે જુઓ:—

सर्वेषु चैतेष्विह पाण्डुभावो
यतोधिकोतः स पाण्डु रागः ॥

सु. उ. अ. ४४ श्लो, ४

જો દૃઢબલે વૃદ્ધ વાગ્ભટ્ટમાથી ઉતારો કર્યો હોત, તો સુશ્રુતનો ઉપરનો સિદ્ધાન્ત ચરકમાં આવી જાત, પણ અહીં તો વૃદ્ધ વાગ્ભટ્ટે થોડું ચરકમાંથી અને થોડું દૃઢબલમાંથી લીધું છે એમ સ્પષ્ટ તરી આવે છે. વૃદ્ધ વાગ્ભટ્ટે ચરકમાંથી લેતાં પણ આગળ પાછળ ક્રમ ફેરવીને ઉતારા કર્યા છે. પાંડુરોગનું લક્ષણ કહ્યા પછી ચરકે આરંભમાં કહેલ ધાતુઓની શિથિલતા અને ભારેપણું થાય છે, એ વાત વૃદ્ધ વાગ્ભટ્ટ કહે છે.

धातूनां स्याच्च शैथिल्यमोजसश्च गुणक्षयः
ततोल्परक्तमेदस्को निःसारःस्याच्छ्लथेन्द्रियः

આ શ્લોકોની બીજી પંક્તિ **શિથિલનો શ્લથ** કર્યો છે એટલા પાઠાંતર સાથે ચરકમાંથી જ છે. અને આ સ્થિતિને પાંડુના લક્ષણ સાથે મેળવી દીધી છે. અને લક્ષણો કહ્યા પછી ચરકને અનુસરી પાંડુનું પંચધાપણું કહીને પછી પૂર્વરૂપનાં ચિહ્નો આપ્યાં છે.

प्राग्रूपमस्य हृदयस्पन्दनं रूक्षता त्वचि ।
अरुचिः पीतमूत्रत्वं स्वेदाभावोऽल्पवह्निता ॥
सादः श्रमः ....

આમાંનાં હૃદયસ્પંદન, રૂક્ષતા, સ્વેદાભાવ અને શ્રમ એ ચાર ચરકમાંથી લીધાં છે અને પીતમૂત્રત્વ, સાદ અને અલ્પવહ્નિતા એ સુશ્રુતમાંથી લીધાં છે.

આગળ ચાલતાં માટી ખાવાથી થતા પાંડુરોગનું વર્ણન વૃદ્ધ વાગ્ભટ્ટે ચરક (અ. ૧૬ શ્લો. ૨૫ થી ૨૮) માંથી લીધું છે. આ શ્લોકરચના જો કે વાગ્ભટ્ટની છે પણ વસ્તુ ચરકમાંથી લીધું છે. ક્વચિત્ ચરકના જ શબ્દો લીધા છેઃ—

कषाया मारुतं पित्तं उषरा मधुरा कफम् ॥

चरक.

मृत्कषायाऽनिलं पित्तं उषरा मधुरा कफम् ।

वृद्ध वाग्भट्ट

સુશ્રુતે માટી ખાવાની ઇચ્છાને પાંડુના પૂર્વરૂપમા ગણેલ છે અને માટી ખાવાથી થતા પાંડુને જુદો ભેદ નથી માન્યો એ યાદ રાખવાનું છે.

વળી વૃદ્ધ વાગ્ભટ્ટે કામલા કુમ્ભકામલાના તથા હલીમકના લક્ષણો ચરકમાથી લીધા છે અને ચરકમા ન કહેલ સુશ્રુતોક્ત અલસકને હલીમકનો પર્યાય ગણ્યો છે. (ખરી રીતે ચરકમાં પાંડુરોગની ચિકિત્સા કહી લીધા પછી જે હલીમકનું લક્ષણ આવે છે તે જ પાછળથી ઉમેરાયલું લાગે છે.)

આ જ પ્રમાણે ઉદરનિદાનમાં વૃદ્ધ વાગ્ભટ્ટે ચરકમાંથી શબ્દશઃ શ્લોકો ઉતાર્યા છે તથા ચરકના ગદ્યનો પદ્યમા અનુવાદ કર્યો છે અને ઉદરચિકિત્સતમા સુશ્રુત અને ચરક બેયની વાતોનો સરવાળો કર્યો છે.

વૃદ્ધ વાગ્ભટ્ટ દૃઢબલ પછી થયા છે એમ આ સરખામણીથી સ્પષ્ટ દેખાય છે. દૃઢબલ વૃદ્ધ વાગ્ભટ્ટ અને માધવ પછી થયા છે એમ સાબીત કરવા ડા. હર્નલે કરેલી દલીલો તથા આપેલા પુરાવા મેં વાચી વિચારી જોયા છે, પણ કોઇ સજ્જડ પુરાવો દેખાતો નથી અને એથી ઉલટી સ્થિતિ સાબીત કરે એવા પુરાવા વૃદ્ધ વાગ્ભટ્ટમા સ્થળે સ્થળે દેખાય છે. ડા. હર્નલ કેમ આડે રસ્તે દોરવાઇ ગયા એ જ સમજાતું નથી.

ચરકમાં દૃઢબલનો કેટલો ભાગ છે એ હવે જોઇએ. ચિકિત્સાસ્થાનમા ૧૭ અધ્યાયો, કલ્પ અને સિદ્ધિ એટલું પોતાનું છે એમ દૃઢબલ કહે છે. કલ્પ અને સિદ્ધિ માટે કાંઇ વિવાદ નથી પણ ચિકિત્સાસ્થાનના ૧૭ અધ્યાયો દૃઢબલના તે કયા કયા એ પ્રશ્ન છે, કારણ કે ચરકની છાપેલી આવૃત્તિઓમા અધ્યાયોનો ક્રમ એક સરખો નથી. આ વિષયમાં બે પરંપરા મળે છે. કવિરાજ ગંગાધરની બરહામપોરની આવૃત્તિમાં એક ક્રમ છે એ જ ક્રમ જૂનામાં જૂની હસ્તલિખિત પ્રત-નેપાળની ઇ. સ ૧૧૮૩ માં લખાયેલી પ્રત–મા છે. અને બીજી પરંપરા કલકત્તામા છપાયેલી જીવાનન્દની આવૃત્તિમા મળે છે. નિર્ણયસાગરમાં પદે શાસ્ત્રીએ સંશોધિત ગુટકો જીવાનન્દની આવૃત્તિના ક્રમને અનુસરે છે અને હાલમાં નિર્ણયસાગરમાં છપાયેલ સટીક આવૃત્તિ ગંગાધરના ક્રમને અનુસરે છે. હવે પહેલા આઠ અધ્યાયો તો નિર્વિવાદ રીતે મૂળ ચરકના જ છે. એ આઠ અધ્યાયોની બાબતમાં બેય પરંપરા એક છે; વળી એમાંના છ અધ્યાયો ચરક નિદાનસ્થાનના ક્રમને અનુસરે છે. એટલે ચરકના જ છે. અને ચિકિત્સાસ્થાનના છેલ્લા પાચ અધ્યાયો દૃઢબલના જ હોવા જોઇએ, કારણ કે

બે ય પરંપરામાં એ પાંચ અધ્યાયો છેલ્લા જ છે. વળી ૨૬, ૨૭ અને ૨૮ મા અધ્યાયોમાંથી ઉતારો કરતાં વિજયરક્ષિતે દૃઢબલનો ઉલ્લેખ કર્યો છે. હવે બાકીના ૧૭ અધ્યાયો માટે સંશય રહ્યો. એમાથી તૃષ્ણારોગ ચિકિત્સિત અને વિષ ચિકિત્સિતના અધ્યાયો દૃઢબલના છે એમ વિજયરક્ષિત સૂચન કરે છે. (જુઓ મા. નિ. ટીકા. **तृष्णानिदान** તથા **मूर्च्छादिनिदान**). એ જ રીતે પાણ્ડુરોગ ચિકિત્સા અને હિક્કાશ્વાસ ચિકિત્સિત, દૃઢબલના છે એમ એ જ ટીકાકાર કહે છે (જુઓ મા. નિ. તે તે રોગની ટીકા) અને ગ્રહણીચિકિત્સિત અધ્યાય દૃઢબલનો છે એમ અષ્ટાંગહૃદયના ટીકાકાર અરુણદત્ત કહે છે. (જુઓ अ. हृ. शा. अ. ३) આ રીતે બીજા પાચ અધ્યાયો પણ નીકળી ગયા. હવે જે ૧૨ અધ્યાયો બાકી રહ્યા તેમાથી કયા પાંચ મળ ચરકસંહિતાના ગણવા એટલો જ પ્રશ્ન બાકી રહ્યો.

અર્શ, અતિસાર, વિસર્પ, મદાત્યય, દ્વિવ્રણીય, ઉન્માદ, અપસ્માર, ક્ષતકાસ, શ્વયથુ, ઉદર, છર્દિ અને કાસ એ ૧૨ અધ્યાયો ઉપર કહ્યું તેમ સંદેહાસ્પદ છે. પણ કાસ અને છર્દિ વિશે બહુ શંકાનું કારણ નથી. કારણ કે એ બે ય અધ્યાયો બન્ને પરંપરામા ૧૩ પછી આવે તે જીવાનન્દવાળી પરંપરામા ૨૨ મો અધ્યાય **कासचिकित्सित** અને ૨૩ મો **छर्दिचिकित्सित** છે. જ્યારે ગંગાધરવાળી પરંપરામા કાસનો ૧૮ મો અને છર્દિનો ૨૦ મો છે. જો કે અહીં એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે કે પહેલા ૧૩ અધ્યાયો બરાબર હતા અને પછીના ૧૭ અનુક્રમમાં નહોતા મળતા એમ દૃઢબલે સ્પષ્ટ કહ્યું નથી. પણ એમ હોવાનો સંભવ માનીને આપણે ચાલીએ છીએ. ત્યારે હવે બાકી ૧૦ અધ્યાયો રહ્યા. આ અધ્યાયો માટે જ મોટો વિવાદ છે. અર્શ, અતિસાર, વિસર્પ, મદાત્યય અને દ્વિવ્રણીયને જીવાનન્દની આવૃત્તિમાં ૯–૧૦–૧૧–૧૨ અને ૧૩ અધ્યાયનો ક્રમ આપ્યો છે અને ગંગાધરની આવૃત્તિમા એ જ ક્રમમા ઉન્માદ (૯), અપસ્માર (૧૦), ક્ષતક્ષીણ (૧૧), શ્વયથુ (૧૨) અને ઉદર (૧૩) રોગની ચિકિત્સા કહી છે. આ વિરોધ ઘણો જુનો છે. જીવાનન્દ અને કવિરાજ ગંગાધરના વખતથી આ વિરોધ શરૂ થયો નથી. જુદી જુદી હસ્તલિખિત પ્રતોમાં આ વિરોધ છે. ચરકના મહાન ટીકાકાર ચક્રપાણિદત્તે તો ચિકિત્સાસ્થાનના ૩૦ મા અધ્યાયનાં દૃઢબલનાં વચનોની ટીકા કરતાં સ્પષ્ટ લખ્યુ છે કે:—

सप्तदशाध्याय इति चिकित्सास्थाने सप्तदशाध्यायान्ते यक्ष्मचिकित्सितांता अष्टौ अध्यायाः तथा अतीसारविसर्पद्विव्रणीयमहात्ययोक्ताः परिशिष्टसंस्कारस्य दृष्ट्वा अतिशयसंपादकत्वादात्मनो निर्दिष्टा.

આ વાક્ય અતિશય અશુદ્ધ છપાયું છે. એકાદી હસ્તલિખિત અને તે પણ ત્રુટિત પ્રત ઉપરથી નિર્ણયસાગરમાં છપાયેલ ચરકની સટીક આવૃત્તિ ઘણે સ્થળે અશુદ્ધ છે. વળી સંશોધકે ચિકિત્સાસ્થાનનો ક્રમ ગંગાધરની આવૃત્તિને અનુસરીને રાખ્યો છે. પણ ઉપરના વાક્યને શુદ્ધ કરીને તથા **अतिसार** પહેલાં પડી ગયેલ **अर्श** શબ્દ ઉમેરીને વાચીએ તો સ્પષ્ટ અર્થ સમજાય છે કે યક્ષ્મચિકિત્સિત સુધીના આઠ તથા અર્શ, અતિસાર, વિસર્પ દ્વિવ્રણીય અને મદાત્યય એ પાચ એમ કુલ ૧૩ સિવાયના ૧૭ અધ્યાયો

દઢબલના છે.* ચરકના ટીકાકર ચક્રપાણિદત્તના મતને માન્ય કરવા માટે એક એમનાથીએ ઘણા જૂના સમયનો આધાર છે.

નાવનીતક નામનો એક વૈદ્યનો સંસ્કૃત સંગ્રહ ગ્રન્થ ભૂર્જત્વક્ ઉપર ઇ. સ. ચોથા શતકના ગુપ્ત અક્ષરોમાં લખાયેલો પૂર્વ તુર્કસ્તાનનાં ખંડેરોમાંથી મળી આવ્યો છે. જેને ' બોઅર મેન્યુસ્ક્રીપ્ટ ' નામથી હર્નલે સરકારી આર્કીઓલૉજીકલ ખાતાં મારફત મૂળના તાદૃશ બ્લોક, નાગરી અક્ષરાન્તર અને ઇંગ્રેજી ભાષાંતર સાથે છપાવ્યો છે.

આ નાવનીતક ગ્રન્થ જો કે ત્રુટિત મળ્યો છે પણ આયુર્વેદના ઇતિહાસમા એ અસાધારણ ઉપયોગી છે. આ ગ્રન્થ ઇ. સ. ૩૫૦ થી ૩૭૫ ની આસપાસ હિન્દુસ્થાનના વાયવ્ય પ્રાન્તમાં લખાયો છે એમ એ ગ્રન્થના લખાણના અક્ષરોને ગુપ્ત સમયના અનેક લેખોના અક્ષરો સાથે મેળવીને હર્નલે નિઃસંદિગ્ધ સાબીત કયુ છે. (જુઓ The Indian Antiquary 1914. pp XLV. અત્યારે બોઅર મેન્યુસ્ક્રીપ્ટ નામથી ઓળખાતી જે પ્રત નાવનીતકની મળી છે તે મૂળ લેખકની લખેલી નથી પણ કોઇએ મૂળમાંથી ઉતારેલી

*ચરકસંહિતાના ચિકિત્સાસ્થાનમાંથી દઢબલના અધ્યાયો જુદા પાડવા માટે ટીકાકારોએ ચરકના નામથી જે ઉતારાઓ કર્યા હોય તેને જુદા પાડવા એ પણ એક રસ્તો છે. ટીકાકારો ગ્રન્થકારના નામને પ્રથમા, તૃતીયા, ષષ્ઠિ કે સપ્તમી વિભક્તિ લગાડીને તેના ગ્રન્થમાંથી ઉતારો કરે છે. હવે **चरके, चरकस्य** અથવા સમાસ રૂપે **इति चरकवचनं** એ રીતે જ્યાં ટીકાકારોએ પ્રયોગ કર્યો હોય ત્યાં આજે જેમ આખો ગ્રન્થ ચરકસંહિતા કહેવાય છે તેમ ત્યારે પણ આખો ગ્રન્થ ચરકસંહિતા કહેવાતો હોવાથી ગ્રન્થ જ ઉદ્દિષ્ટ હોય છે, અને દઢબલની રચના માટે પણ એ રીતે અનેક સ્થળે ટીકાકારોએ માત્ર ચરક નામથી ઉતારો કર્યાના દાખલા છે. પણ પ્રથમા કે તૃતીયા વાપરીને ઉતારો કરે ત્યાં ગ્રન્થકર્તા વિવક્ષિત હોઇને દઢબલની રચના માટે દઢબલનું અને ચરકની રચના માટે ચરકનું નામ લખેલું હોવું જોઇએ એમ આપણે માનીએ, તો અર્શ, અતિસાર, વિસર્પ, મદાત્યય અને ઉદર એ પાંચ અધ્યાયોમાંથી પાઠોદ્ધાર કરતાં ટીકાકારો પ્રથમા કે તૃતીયા વિભક્તિ સાથે ચરકનું નામ લખે છે અને દઢબલનું લખતા નથી. એ ઉપરથી આ અધ્યાયો ચરકના ઠરે. આપણે ઉપર જે નિર્ણય કર્યો છે તેમાં અને આમાં માત્ર એક જ અધ્યાયનો તફાવત છે. આપણે દ્વિવ્રણીયને ચરકનો ઠરાવ્યો છે અને આ રીતે ઉદરચિકિત્સિત અધ્યાય ચરકનો ઠરે અને દ્વિવ્રણીય દઢબલનો ઠરે. પણ આ પ્રથમા, તૃતીયાના પ્રયોગ ઉપર પણ બહુ વિશ્વાસ રાખવા જેવું નથી. કારણ કે સુશ્રુતના ટીકાકાર ડલ્હણ વાતરક્તચિકિત્સિત નામના સર્વાનુમતે દઢબલના અધ્યાયમાંથી ઉતારો કરતાં ચરકને પ્રથમા લગાડે છે જુઓ.—

तथा वातरक्तेऽपि चरकः
औदकप्रशस्तवेशवारसुसंस्कृताः ।
जीवनीयौषधस्नेहयुक्ताः स्युरुपनाहने ॥

सु॰ चि॰ अ॰ ५ ની ટીકા

જુઓ ચરક ચિ. અ. ૨૧. શ્લો. ૧૩૫, ઉપરના શ્લોકનું પહેલું પદ ટીકામાં ખોટું છપાયું છે. **औदक प्रसहानुपवेशवाराः सुसंस्कृताः** એમ જોઇએ.

નકલ છે એમ લહીઆની ભૂલો ઉપરથી સાબીત થાય છે. એટલે હુર્નલના મત પ્રમાણે નાવનીતક ગ્રન્થ ઇ. સ. બીજા કે ત્રીજા શતકમાં–મોડામાં મોડો ઇ. સ. ૩૦૦ ની આસપાસમાં રચાયો હોવો જોઇએ.× જો કે નાવનીતકના રચનારનું નામ મળતું નથી, કારણ કે ગ્રન્થનો અન્ત તથા છેલ્લું પ્રકરણ મળ્યાં નથી, પણ નાવનીતકના આરંભમાં જ કહ્યું છેઃ—

नमस्तथागतेभ्यः प्राक्प्रणीतैर्महर्षिणा
योगमुख्यैस्समन्वितं वक्ष्येहं सिद्धसंकल्प
नाम्ना वै नावनीतकम् ॥

ભાગ બીજો પાનું પહેલું.

તેમ આ ગ્રન્થ પહેલાના મહર્ષિઓએ બનાવેલા યોગોના સંગ્રહરૂપ છે. વળી પહેલા ભાગની શરૂઆતમાં મુનિ સભાનું નીચે પ્રમાણે વર્ણન છે.

सर्वर्तुपुष्पफलवद्द्रुमरम्य
मानावेते विधूततमसो मुनयो वसन्ति ॥
आत्रेयहारितपराशरभेलगर्ग
शांबव्यसुश्रुतवसिष्ठकरालकाप्याः ।
सर्वौषधीरसगणाकृतिवीर्यनाम--
जिज्ञासवः समुदिताः शतशः प्रचेरुः ॥
दृष्ट्वा पत्रैर्हरितहरितैरिन्द्रनीलप्रकाशैः
कन्दैः कुन्दस्फटिककुमुदेन्दुशुशंखाभ्रशुभ्रैः ।
उत्पन्नास्थो मुनिमुपगतः सुश्रुतः काशिराजं
किन्वेतदस्यादथ स भगवानाह तस्मै यथावत् ॥

બોઅર મેન્યુસ્ક્રીપ્ટ ભાગ ૧ પા. ૧

આ શ્લોકોથી સ્પષ્ટ દેખાય છે કે નાવનીતકના કર્તાને આયુર્વેદના આત્રેય, હારિત, પરાશર, ભેલ, કાશિરાજ, સુશ્રુત વગેરે આચાર્યોનો સારી રીતે પરિચય છે અને તેણે આ મહર્ષિઓના ગ્રન્થોમાંથી જ યોગોનો સંગ્રહ કર્યો છે. આયુર્વેદના યોગ સંગ્રહોમાં આ કદાચ જૂનામા જૂનો સંગ્રહ હશે.

આ નાવનીતકમાં ચરક, સુશ્રુત, ભેલ વગેરેમાંથી પુષ્કળ પાઠો ઉતાર્યા છે પણ નામ ભાગ્યે જ આપ્યું છે. હુર્નલે જે તારણ કર્યું છે તે પ્રમાણે ૧૨ પાઠો ભેલસંહિતામાંથી

× પુરાતત્ત્વ વર્ષ બે અંક ત્રણમાં નાવનીતકના લેખમાં પાને ૨૮૭ મે ૧૧ મી પંક્તિમાં ઇ. સ. ૩૯૦ છપાયું છે ત્યાં ૩૦૦ જોઇએ. પાને ૨૮૭ મે નંચેથી ત્રીજી પંક્તિમા ઇ. સ. ૨૦૦ છે ત્યાં ૩૦૦ જોઇએ અને પાને ૨૮૮ મે આઠમી પંક્તિ ઇ. સ. બીજા છે ત્યાં બીજા કે ત્રીજા એમ જોઇએ.

નાવનીતકમાં લીધા છે, અને જો કે અત્યારે મળેલી ત્રુટિત ભેલસંહિતામાં **નથી મળતા** પણ બીજા ત્રણ પાઠો જેને યોગરત્નસમુચ્ચયના કર્તા **ચન્દ્રટ ભેલના** ગણે છે તે ઉમેરીએ તો ૧૫ પાઠો **ભેલમાથી નાવનીતકે** લીધા ઠરે. **ચરકમાથી** ૨૯ પાઠો નાવનીતકમાં લીધેલા દેખાય છે અને છ પાઠો **સુશ્રુતમાથી** લીધા છે. વધારે ખુબી તો એ છે કે આમાતિસાર ઉપરના ત્રણ યોગો **સુશ્રુતના ઉત્તર સ્થાનમાથી ભેલસંહિતામા** આવ્યા છે અને ભેલમાથી **નાવનીતકે** ઉતાર્યા છે. કારણ કે **નાવનીતકનો** પાઠ **ભેલના** પાઠને વધારે મળતો છે. આ ઉપરથી એટલું સાબીત થાય છે કે **નાવનીતક** પહેલા **ભેલસંહિતા** રચાઈ છે અને તે પહેલાં **સુશ્રુતનું ઉત્તરસ્થાન** રચાયું હોવું જોઇએ. હવે **સુશ્રુતનું ઉત્તરસ્થાન વિદેહ** વગેરેનાં શાલાક્ય તંત્રો તથા કાયચિકિત્સાના આગ્નવેશ વગેરેનાં તંત્રો ઉપરથી સંગ્રહીત થયું છે. અર્થાત્ **અગ્નિવેશ** વગેરેના કાયચિકિત્સા તંત્રો સુશ્રુત વગેરેના શલ્ય તંત્રો તથા વિદેહ વગેરેના શાલાક્ય તંત્રો **સુશ્રુતના** ઉત્તરસ્થાનથી પણ જૂના કાળમા રચાયા હોવા જોઇએ, અને વર્તમાન **ચરકસંહિતા, સુશ્રુતસંહિતા** વગેરે તૈયાર થયા પછી ધીમે ધીમે મૂળ તંત્રો નષ્ટ થઇ ગયા. **નાવનીતક** લખાયું ત્યારે કદાચ એ જૂનાં તંત્રો હોય અને એમાંથી આજે જેનું મૂળ નથી મળતું એવા અનેક પાઠો **નાવનીતકના** સંગ્રહકારે લીધા હોય એ સંભવિત છે.

નાવનીતકના કર્તાએ **વાગ્ભટ્ટ માધવ** વગેરે પાછળના કોઇ ગ્રંથકારનું નામ લખ્યું નથી પણ અતિ જૂના કાંકાયન, નિમિ, સુપ્રભ, ઉશનાઃ, વાહ્લીક, બૃહસ્પતિ, અગસ્ત્ય ધન્વન્તરિ, જીવક, કાશ્યપ, આત્રેય અને અશ્વિનના નામથી પાઠો ઉતાર્યા છે. જેમાંનો મોટો ભાગ આજે કોઇ ગ્રન્થમાં મળતો નથી

આત્રેયના નામથી છ પાઠો નાવનીતકમા મળે છે. **હુર્નલ** તો ધારે છે કે આ પાઠો **નાવનીતકના** કર્તા પાસે જે **ચરકસંહિતા** અને ભેલસંહિતા હતી તેમા નહિ હોય; નહિ તો બીજા પાઠો નામ વગર ઉતાર્યા છે તેમ જ આ પણ ઉતારત. **આત્રેયના** છ પાઠોમાથી એક બીજે ક્યાંય મળતો નથી, બીજો વૃન્દના સિદ્ધયોગના અજીર્ણ પ્રકરણમા અગ્નિમુખચૂર્ણ નામથી મળે છે પણ રચનામા થોડો ફેર છે અને **આત્રેયનું** નામ સિદ્ધયોગમાં નથી. ત્રીજો પાઠ ત્રુટિત છે અને બાકીના ત્રણ અમૃતપ્રાશઘૃત, મહા કલ્યાણક ઘૃત અને બલાતૈલ ચરકસંહિતા ચિકિત્સાસ્થાનમા ક્ષતક્ષીણ, ઉન્માદ અને વાતવ્યાધિના અધ્યાયોમા મળે છે.

નામ એક જ હોવા છતા, વસ્તુઓ પણ લગભગ એક જ હોવા છતાં નાવનીતકના અને ચરકસંહિતાના પાઠોની રચના તદ્દન જુદી છે. વળી ચરકસંહિતામા પહેલા બે પાઠોમાં આત્રેયનું નામ નથી આપ્યું.

અર્થાત્ નાવનીતકના કર્તાએ તથા દઢબલ એમના વખતમા વિદ્યમાન કોઇ તંત્રમાથી આ પાઠો લીધા છે અને પાઠરચના જોતા નાવનીતકનો પાઠ દઢબલના પાઠ કરતાં વધારે જુનો લાગે છે.

હવે ચરક ચિ. સ્થાનના રસાયન, વાજીકરણ, જ્વર, રક્તપિત્ત, ગુલ્મ, પ્રમેહ, કુષ્ઠ, યક્ષ્મ, અર્શ, અતિસાર, અને વિસર્પ એ ૧૧ અધ્યાયોમાથી નાવનીતકમાં પાઠો ઉતારેલા છે. **જીવાનન્દની આવૃત્તિના** ૧૨ મા અને ૧૩ મા અધ્યાયોમાથી **નાવનીતકમાં** કોઇ પાઠ

મળતો નથી, અને ગંગાધરની આવૃત્તિના ૯ મા, થી ૧૩ સુધીના ઉન્માદ, અપસ્માર; ક્ષત-ક્ષીણ, શ્વયથુ અને ઉદરરોગમાંથી કોઇ પાઠ મળતો નથી. ઉલટું ઉન્માદ, ક્ષતક્ષીણ અને વાત વ્યાધિના અમૃતપ્રાશઘૃત વગેરે પાઠો વિશે ઉપર જે વિવેચન કર્યુ છે તે ઉપરથી તો આ અધ્યાયો દઢબલના હોવાનો જ સંભવ જણાય છે, અહીં જે નિર્ણય કર્યો છે તેની વિરુદ્ધ જાય એવી એક વાત ચરકસંહિતામા જ છે. ચરકસંહિતાના નિદાનસ્થાનનો ૭ મો અને આઠમો અધ્યાય ઉન્માદ અને અપસ્મારનો છે. ગંગાધરની આવૃત્તિમાં ચિ. સ્થાનનો નવમો અને દશમો અધ્યાય ઉન્માદ અને અપસ્મારનો હોઇને ગંગાધરની આવૃત્તિ દશમા અધ્યાય સુધી નિદાનસ્થાનના ક્રમને અનુસરે છે. ટુંકામા ચરક ચિ. સ્થાનમાંથી દઢબલના અધ્યાયો જુદા તારવવામા મુશ્કેલી ઘણી છે. પ્રમાણો પરસ્પર વિરુદ્ધ મળે છે. પણ ચિકિત્સા-સ્થાન નિદાનના ક્રમને જ અનુસરે એવો દઢ નિયમ જૂની સંહિતાઓમાં દેખાતો નથી. સુશ્રુતના નિદાનસ્થાનમાં ભગ્નનિદાનનો અધ્યાય ૧૫ મો છે, અને ચિકિત્સાસ્થાનમા ભગ્નચિકિત્સિતનો અધ્યાય ત્રીજો છે. અલબત ચિકિત્સાસ્થાનનો ક્રમ વધારે સ્વાભાવિક છે. આ પ્રમાણે પ્રમાણોમાં કંઇક અંશે પરસ્પર વિરોધ હોવાથી દઢબલની રચના માટે નિઃસંદિગ્ધ નિર્ણય થઇ શકતો નથી. પણ દઢબલનું કર્તૃત્વ આ ૪૩ અધ્યાયોમા જ સમાપ્ત થતું નથી એ યાદ રાખવાનું છે. ચરકના પોતાના ગણાતા ભાગમા પણ દઢબલે ઘણો પ્રક્ષેપ કર્યો છે, એમ સ્પષ્ટ દેખાય છે. સૂત્રસ્થાનનો છેલ્લો અધ્યાય તો કદાચ આખોય દઢબલે ફરી લખ્યો જણાય છે. અત્યારના સંશોધકો એમા ફેરફાર કરે છે તો દઢબલે કર્યો હોય એમા શું આશ્ચર્ય? સૂ. સ્થાનના ત્રીશમા અધ્યાયમા દઢબલના પોતાના અધ્યાયોનો પણ અનુક્રમ બરાબર બતાવ્યો છે તે દઢબલે ન લખ્યો હોય તો કોણે લખ્યો હોય? પછી ચરકસંહિતાના નિદાનસ્થાનમાં ગુલ્મનિદાનમા ૧૯ અને ૨૦ પેરેગ્રાફોમા ચિકિત્સાનું સૂચન છે. એ ત્યા કોણે મુક્યું? વળી ગુલ્મચિકિત્સાની શરૂઆતના ૧૭ શ્લોકોમાં ફરી નિદાન પદ્યમા કહ્યું છે. નિદાન સ્થાનમા જે વાત ગદ્યમાં લખી છે તે જ વાત કેટલાક ફેરફાર સાથે ચિ. સ્થાનમાં પદ્યમા કોણે લખી? દઢબલ વીશે જ શંકા જાય છે. વળી ચિ. સ્થાનમાં સ્થળે સ્થળે કલ્પ અને સિદ્ધિ સ્થાનમા કહેલી વાતનો હવાલો આપે છે. (જુઓ. च. चि. अ. ९ श्लो. १६४ વગેરે વગેરે) આવા શ્લોકો દઢબલના ન હોય ત્યારે કોના? વળી સાધારણ રીતે ચરક શસ્ત્રચિકિત્સાની જરૂર હોય ત્યાં શલ્યતંત્રવિદ્‌નો હવાલો આપી ચાલ્યા જાય છે; અને એથી વિરુદ્ધ અસંબદ્ધ રીતે શલ્યચિકિત્સાનો વિષય ચરકમાં દેખાય ત્યાં એ ભાગ દઢબલે બીજાં શલ્યતંત્રોમાથી લીધો હોવાનો સંભવ માનવો પડશે. (જુઓ ગુલ્મચિકિત્સામા ૧૩૩ થી ૧૩૬ શ્લોકો. ગુલ્મની આ રીતે ઘટદ્વારા શસ્ત્રચિકિત્સા વૃદ્ધ વાગ્ભટ્મા પણ છે. હર્નલ એ ઉપરથી દઢબલે વૃદ્ધ વાગ્ભટ્માથી એટલો ભાગ ચરકમા દાખલ કર્યો એમ માને છે, પણ બન્નેયે કોઇ ત્રીજા આજે ન મળતા ગ્રન્થમાથી એ ભાગ લીધો હોય એ વધારે સંભવિત છે).

ચરક સંહિતાનો બારીક અને સવિસ્તર અભ્યાસ કરીને, આત્રેયનો, અગ્નિવેશનો, ચરકનો તથા દઢબલનો અંશ કોઇએ જુદો પાડ્યો નથી. અલબત્ત સંપૂર્ણ રીતે આત્રેય વગેરેના અંશો 'આજ જુદા' પડી શકે એ સંભવિત નથી વળી આમા કલ્પનાનો ઘણો સંભવ છે

પણ દૃઢબલનો અંશ લગભગ છુટો પડી શકે એવો છે. અને પછી ચરકનો જે ભાગ રહે તેમા આત્રેય અગ્નિવેશનો અતિ જૂદો દેખાતો ભાગ કેટલો હશે તે અટકળવાનું જ રહે છે.

દૃઢબલનો સમય—આટલા વિવેચનથી દૃઢબલનો સમય લગભગ નક્કી થઇ જાય છે. ટુંકામા ચરક નાવનીતક પહેલાં અને કનિષ્કના સમકાલીન ચરક એ જ જો આ સંહિતાકાર હોય, તો તે ઇ. સ. પહેલા શતકમા થઇ ગયા હોય. ગમે તેમ હોય તો પણ એ ઇ. સ. પૂર્વે બીજાથી ઇ. સ. પહેલા શતક સુધીમા થયા હશે. (કનિષ્કને કેટલાક હજી ઇ. સ. બીજા શતકમાં અને કેટલાક ઇ. સ. પૂર્વે પહેલા શતકમાં મુકે છે). અને દૃઢબલ નાવનીતક પછી અને વૃદ્ધ વાગ્ભટ્ટ પહેલા થયા હોય એમ માનીએ તો ઇ. સ. ત્રીજાથી ઇ. સ. પાંચમા શતક સુધીમાં થયા હોવા જોઇએ. વૃદ્ધ વાગ્ભટ્ટ ચીનાઇ મુસાફર ઇત્સીંગ પહેલાં થઇ ગયા છે એ તો કહ્યું છે. પણ વરાહમિહિરની બૃહત્સંહિતામાં કાન્દર્પિક પ્રકરણમાં માક્ષિક વગેરેની એક શક્તિ આપનાર બનાવટ છે. એ બનાવટ મૂળ વૃદ્ધ વાગ્ભટ્ટ (उ. अ. ४९, अ. हृ. उ. अ. ३१) માંથી લેવામાં આવી છે. ફલશ્રુતિ જોતાં પણ સ્પષ્ટ રીતે બૃહત્સંહિતાએ વાગ્ભટ્ટમાંથી પાઠ લીધો દેખાય છે. (જુઓ આયુર્વેદ વિજ્ઞાન પુ. ૩ પાનું. ૩૫૮, ૩૫૯). વરાહમિહિર ઇ. સ. છઠ્ઠા શતકમાં થઇ ગયા છે. [૬]અર્થાત્ વૃદ્ધ વાગ્ભટ્ટ તે પહેલા કદાચ પાંચમા શતકમા થયા હશે અને દૃઢબલ તેથીએ પૂર્વે થયા હોય તો એનો સમય ત્રીજું ચોથું શતક ઠરે. વૃદ્ધ વાગ્ભટ્ટ તથા અષ્ટાંગહૃદયકાર એક કે જુદા એ પ્રશ્નનો કદાચ છેવટનો નિર્ણય નથી થઇ શકતો પણ દૃઢબલ અને વૃદ્ધ વાગ્ભટ્ટના સમયની મર્યાદા તો ઉપર આપી છે, તે લગભગ બરાબર લાગે છે.

ચરક પછી સુશ્રુતસંહિતાનું ઉત્તર સ્થાન, પછી નાવનીતક, નાવનીતક પછી દૃઢબલ અને તે પછી વાગ્ભટ્ટ એવો ક્રમ સ્પષ્ટ દેખાય છે. દૃઢબલ તથા વાગ્ભટ્ટ નાવનીતક પહેલાં થયા હોવાનું કંઇ કારણ દેખાતું નથી, જ્યારે નાવનીતક પછી થયા હોવાનાં ઘણાં પ્રમાણો છે. જેમ વરાહમિહિરે વૃદ્ધ વાગ્ભટ્ટનો પોતાનો રચેલો પાઠ ઉતાર્યો છે તેમ નાવનીતકે વૃદ્ધ વાગ્ભટ્ટનો કોઇ પાઠ ઉતાર્યો નથી. દૃઢબલ નાવનીતક પછી થયા હોવાનાં પ્રમાણો ઉપર દર્શાવ્યા જ છે.

આ વિચારસરણી બરાબર હોય તો દૃઢબલે પ્રતિસંસ્કૃત તથા પરિવર્ધિત વર્તમાન ચરકસંહિતા ઇ. સ. ત્રીજા ચોથા શતકમા અને મૂળ દૃઢબળના સ્પર્શ વગરની ચરકસંહિતા ઇ. સ. પૂર્વે બીજાથી ઇ. સ. પહેલા શતક સુધીમાં તૈયાર થઇ હોવી જોઇએ.

---

૬ આ પુરાવા તરફ અત્રત્ય કે પાશ્ચાત્ય કોઇ પણ પ્રાચ્ય તત્ત્વવેત્તાનું ધ્યાન કેમ ખેંચાયું નથી એ સમજાતું નથી.

૪ વિકાસવાદ THEORY OF EVOLUTION

(લેખકઃ—રા. રા. રેવાશંકર ઓઘડભાઇ સોમપુરા)

(૧) ભૂમિકા

સૃષ્ટિમા વિચિત્ર કાર્યો આપણી નજરે પડે છે. જીવનનિર્વાહને સારૂ એક બીજાનું કોઇ ને કોઇ રીતે હરણ થાય છે. કરોળીયો પેટ વાસ્તે જાળ બાંધે છે; બગલો એક પગે ઉભો રહે છે; પક્ષી પેટ વાસ્તે ઉડે છે. મોટું વૃક્ષ તે જ કારણસર નાનાને વધવા દેતું નથી. આ જીવનસંગ્રામ પેટ વાસ્તે વા જીવનની રક્ષા સારૂ થઇ રહ્યો છે. વિવિધ પ્રકારનાં તથા વિચિત્ર પ્રાણીઓ તથા વનસ્પતિ આપણી નજરે પડે છે તે પરથી સહજ પ્રશ્ન થાય છે કે આ વિવિધતાનું કારણ શું ?

મનુષ્ય, પશુ, પક્ષી, વનસ્પતિ-સર્વના શરીરમાં છ બાબત આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ-ઉત્પત્તિ, વૃદ્ધિ, સ્થિતિ, ફેરફાર, ક્ષય અને છેવટ નાશ. દરેકમાં આ જ ક્રમમાં પૂર્વવત્ પરિવર્તન કે વિકાસક્રમ નજરે પડે છે. આ વિકાસના શા નિયમ છે તે બતાવવું એ વિકાસવાદનું એક લક્ષ્ય છે. તેના બધા નિયમ હજુ જ્ઞાત નથી.

(૨) વિકાસવાદના અભ્યાસથી લાભ શું ?

(अ) મનુષ્ય સૃષ્ટિના ઇતિહાસનું જ્ઞાન થાય છે. (ब) પ્રકૃતિના કેટલાક નિયમ તથા મનુષ્યવ્યવહારની ઘટના તથા તેમનું જીવન જાણી શકાય છે. (क) વિકાસવાદના અભ્યાસનું ફળ જીવનરક્ષા, જીવનસુખ અને જીવનની મનોહરતા છે. (ख) વિકાસવાદથી સ્પષ્ટ થાય છે કે મનસુખીપણું તથા સ્વાર્થબુદ્ધિ વિકાસનાં ઘાતક છે તથા ઉંધે રસ્તે દોરે છે.

વિકાસવાદ એમ સિદ્ધ નથી કરતો કે ' જે યોગ્ય વ્યક્તિ-યોગ્ય જાતિ છે, તે જ જીવતી રહી છે, જીવતી છે અને જીવતી રહેશે '; પણ એટલું તો સ્પષ્ટ બતાવે છે જ કે ' જેનામાં યોગ્યતા નથી, તે પરાધીન બની નષ્ટ થાય છે. તે ખરાબ સ્થિતિમા છે અને રહેશે. ' જીવનસંગ્રામમાં " બળીયાના બે ભાગ "-' Might is right ' નું રાજ્ય છે. સર્વને જીવનસંગ્રામમા ઉતરવું પડે છે. **प्रकृतिस्त्वाम् नियोक्ष्यति** (ગીતા વાક્ય. અ. ૧૮. ૫૯) બધું વિકાસવાદનું ક્ષેત્ર છે. વિકાસવાદ કલ્પના માત્ર નથી પણ કુદરતી સત્ય ઘટના છે. આ વાતો જે સંપૂર્ણ ન સમજે તે વિકાસવાદ પણ પુરો સમજી શકે નહિ. અહીં કુદરતી ઘટના તથા વિકાસક્રમ પર તથા તેના પ્રસિદ્ધ પરિણામ પર જ દૃષ્ટિ નાંખવાની જરૂર છે. દર્શનકારની દુનિયા વિકાસવાદીની દુનિયાથી નિરાળી છે. કેમકે વિકાસવાદી જીવનની ઘટના પર જ વિચાર કરે છે.

(૩) વિકાસવાદનો ઇતિહાસ

જનસમાજમાં વિકાસવાદના સિદ્ધાન્તનો શોધક ડાર્વિન મનાય છે, પણ તે સત્ય નથી. તે તો ઇ. સ. ૧૮૫૯ માં થયો. પણ તે અગાઉ આ સિદ્ધાન્તના સ્થાપકો થએલા છે. તેનો મૂળ શોધક ઍરિસ્ટોટલ મણાય છે. આપણા ચાર્વાક પણ તેનાથી જાય તેમ નથી. ચાર્વાક-

જીનું અણુ અને વિકાસવાદીનું પ્રોટોપ્લેઝમ કેટલીક બાબતમાં મળતા છે. ઍરિસ્ટોટલ પછી તેનો વિરોધી રૅડી ઇસ્વી ૧૬૬૮ માં થયો. ત્યાર પછી વ્યહાલિસનેર તથા બફન ઇત્યાદિ તેના સાધક થયા. પછી ૧૯ મી સદીમા આ વિદ્યાના પાંચ શાસ્ત્રની શોધખોળ ડાર્વિને ૨૫ વર્ષ સુધી કરી, જેથી તેનું નામ લોકોમા પ્રસિદ્ધ થયું હજુ આ બાબતની શોધ ચાલુ જ છે.

(૪) વિકાસવાદની પરિભાષા

અહીં કેટલાક ખાસ શબ્દો વપરાય છે, જેના આ વિદ્યાને લગતા સંપૂર્ણ અર્થ જાણવાની દરેક વાચકને જરૂર છે:—

(૧) વિકાસ=જડચેતન પદાર્થોનું પૂર્વવત્ પરિવર્તન અથવા પરિસ્થિતિ અનુકૂળ ઉત્પત્તિ; એક જીવનું રૂપાન્તર થઇ બીજો જીવ થાય તે; નિર્જીવનો પરિસ્થિતિ દ્વારા વિકાસ. દા. ત. પ્રથમ સૂર્યના તડકા પરથી અગર રાત્રે તારાઓના સ્થાન પરથી કાળ-વખત કહી શકતા; તે પછી સૂર્યના તાપનું ઘડીયંત્ર, પછી જલયંત્ર, પછી વાલુકાયંત્ર-ઘડીયાળની શીશી, પછી ક્લૉક (મોટું ઘડીયાળ), પછી વૉચ (નાનું ઘડીયાળ-ખીસાનુ) પછી બોલતુ ઘડીયાળ-એ મુજબ ઘડીયાળના વિકાસને " વિકાસ " કહી શકાય.

તે જ મુજબ જીવધારી પ્રાણીઓનો પણ વિકાસ થયો છે. જેમ પ્રોટોપ્લેઝમથી એમીબારૂપ થવું તે.

ઉત્ક્રાંતિક્રમ:-ધારો કે એક प એમીબાને ૧, ૨, ૩ સંતાન થયાં; તેમાનું નં. ૨ મૃત્યુ પામ્યું. નં. ૧ ને વૃદ્ધિની પરિસ્થિતિ ન મળવાથી પોતાનાં તથા પૂર્વજોના જેવાં જ સંતાન થતા ચાલ્યાં. નં. ૩ ને વૃદ્ધક પરિસ્થિતિ મળી; જેથી તેના વંશમાં જુદા પ્રકારનું રૂપાન્તર થયું. હવે તે નં. ૩ ને अ, ब, क ત્રણ સંતાન થયા. अ મૃત્યુ પામે છે; ब ને વૃદ્ધક પરિસ્થિતિ મળતી નથી, તેથી તેના જેવાં જ સંતાન થતા ચાલે છે. क ને વૃદ્ધક પરિસ્થિતિ મળવાથી તેનુ નવી જાતિમાં પરિવર્તન થાય છે. ફરીથી क ને ત્રણ સંતાન થયા ને ઉપર મુજબ ક્રમ ચાલ્યો. આ પ્રકારના વિકાસક્રમને ઉત્ક્રાંતિક્રમ કહ્યો છે. એ ક્રમ મુજબ પ્રાણીઓની શ્રેણી, કક્ષા, જાતિ, ઉપજાતિ થઇ છે; જેના વર્તમાનમાં આપણે જુદા જુદા ભેદ જોઇએ છીએ.

ઉપર કહેલ ઘડીયાળનો વિકાસ ચાલુ જ છે. હવે ઘડીયાળનું કામ મન આપી શકે તેવું બને ત્યારથી તેનો વિકાસ બંધ થાય ને બીજા રૂપનો વિકાસ થવા લાગે. જેમ હાલ અમુક પશુઓનો વિકાસ બંધ થયો છે ને તે સ્થાને મનુષ્ય નામના પ્રાણીનો વિકાસ જારી છે.

વિકાસનો ૨ જો દાખલો-કોઇ જંગલમા વાંદરા રહેતાં હતા. ત્યા તેની વસ્તી ઘણી વધી ગઇ. તેથી જીવનસંગ્રામને લઇ નિર્બળોને તે જંગલ છોડી સપાટ પ્રદેશમાં રહેવું પડયું. બળવાન વાંદરાઓના સંતાન જંગલી રહ્યા. નિર્બળોના સંતાન સપાટ પ્રદેશમાં રહેતાં હોવાથી તેમનો કૂદવા ઠેકવાનો અભ્યાસ જતો રહ્યો. અનુપયોગથી પૂછડું પણ ઘસાઇ ગયું. કાંકરા તથા પત્થર ખુંચવાથી લાકડા તથા પાંદડા પર સૂવાનો અભ્યાસ થયો. શરદી ગરમી લાગવાથી ગુફામાં રહેવા લાગ્યા. કોઈ વાંદરા ચાલવાથી થાકી ગયા.

ઘોડા, બળદ, પાડા ઇત્યાદિ પશુઓને જોઇ તેની પીઠ પર સ્વારી કરવા લાગ્યા; ને એ મુજબ અન્ય પશુઓને તાબે કરવાનો અભ્યાસ થયો. ઇત્યાદિ પ્રકારે પરિસ્થિતિ તથા જરૂરતવશ શરીર અને મગજમાં જે પરિવર્તન થયું તેના સંસ્કાર સંતાનમાં ઉતર્યા. એમ થતાં થતા લાખો વર્ષે વાદરા જંગલી મનુષ્યના રૂપમા આવ્યા. તે પછી ધીમે ધીમે સેંકડો વર્ષો પછી સભ્ય મનુષ્ય બન્યા. આ પ્રકારે સર્વ પ્રાણીનો યથાયોગ્ય વિકાસ થયો છે. આ પરિવર્તનનું નામ " વિકાસ " છે.

(૨) પરિવર્તન=પૂર્વનું રૂપ બદલી જવું તે. તે ત્રણ પ્રકારનું છે. ૧ પરિસ્થિતિરૂપ, ૨ કાર્યરૂપ, ૩ પૈત્રિક સંસ્કાર. પૈત્રિક સંસ્કાર=અદૃષ્ટ અથવા પૂર્વના સંસ્કાર શરીરની સાથે પેદા થાય છે તે.

(૩) પ્રોટોપ્લેઝમ=ચેતન ઉમાદક રસ. જીવરસ કે ચેતન કણ. તે ૧૨ કે ૧૬ જડ તત્ત્વોના મિશ્રણવાળો ઢીલો પદાર્થ છે. જીવનનો તે મૂળ આધાર છે, ચેતનત્વનું પહેલું સાદું સ્વરૂપ છે. જેમ ચાવી આપ્યા બાદ ઘડીયાળ આપોઆપ ચાલે છે તેવી શક્તિ તેમાં ભરી છે તેમ આ શક્તિ પ્રાણીની ક્રિયા પર કામ કરે છે. તે દરેક કોષ્ટ (સેલ-બિંદુ) માં ભરી છે.

વૈજ્ઞાનિકો આવું જ જડ તત્ત્વોનું કણ બનાવે છે. તેનું બાહ્ય રૂપ આ કુદરતી કણ જેવું જ થાય છે. પણ તેમાં ઉત્પાદક વર્ધક શક્તિ હોતી નથી. માટે તે રસાયણીય સંયોગજન્ય પદાર્થ નથી, પણ જરૂર તેની બનાવટમા કોઇ ગુપ્ત શક્તિ કામ કરી રહેલી છે એવું સમજાય છે.

(૪) સેલ=બિંદુ=કોષ્ટ=ઉપરના પ્રોટોપ્લેઝમનો એક ભાગ. તેનામાં જીવનશક્તિ છે. સાધન મળતાં પોતાના જેવું નવીન સ્વરૂપ તે પેદા કરે છે.

(૫) એમીબા=પ્રોટોપ્લેઝમનો એક કોષ્ટવાળો નાનામાં નાનો જીવ.

(૬) થર=ચટ્ટાન=પૃથ્વીની ગતિથી માટી વગેરેના જે થર જમીન પર જામી જાય છે તે કુદરતી થર; વર્ષાદ, નદી, બરફ દ્વારા પહાડ કે જમીન કોઇ જગાએ ઘસાઇ જઈ કાંકરા, વેળુ કે પત્થરના જે થર જામે તે બનાવટી થર. આવા એક પર એક પડ દર સાલ જામતાં જાય છે. દરિયામાં અનેક પદાર્થ વહી આવી ત્યાં ઠરી જાય છે અને પડ ઉપર પડ ચડતાં ખૂબ દબાણ થાય છે. શોધકોએ જમીન ખોદી ખોદીને જોયું છે ને તે પરથી અજીવ, જીવ પ્રાણી તથા તેના શાસ્ત્રાદિનો ઇતિહાસ આપ્યો છે.

(૭) સ્વતઃજનનવાદ=જીવ વિના જીવની સ્વતઃ ઉત્પત્તિ થવી તે-નહિ કે કોઇ અગમ્ય શક્તિદ્વારા. આ વિકાસને સિદ્ધ કરનાર સિદ્ધાન્તને સ્વતઃજનનવાદ કહે છે. આપણા આર્યાવર્તના ચાર્વાકનો તે પ્રાચીન સિદ્ધાન્ત છે. ગ્રીસમાં તે પૂર્વથી પ્રચલિત છે.

(૫) વિકાસવાદનો સિદ્ધાન્ત

જીવોની ઉત્પત્તિ કોઇ અગમ્ય શક્તિ-ઇશ્વર દ્વારા થઇ એવી ઇશ્વરવાદી લોકોની (આપણી ઘણાખરાની) માન્યતા છે. કેટલાક વૈજ્ઞાનિકોને તે અસત્ય લાગે છે. પૂર્વે વર્તમાનની જેમ પરિવર્તન થતું ચાલ્યું છે, જે હાલ સ્થિતિએ પહોચ્યુ છે તેમાં અગમ્ય

શક્તિ માનવાની જરૂર નથી. પૃથ્વિ પર વાયુ, વર્ષા, નદી ઇત્યાદિથી પરિવર્તન જારી જ છે તેનાથી વનસ્પતિ તથા જીવનું સ્વરૂપ બની પરિવર્તન થતું રહ્યું છે.

વિજ્ઞાનવાદ માને છે કે આ પહેલાં પૃથ્વી મધ જેવી પાતળી હતી. તે અગાઉ વધુ ગરમ હતી. તે પહેલાં અતિ તપ્ત સૂરજથી જુદી નહોતી. જ્યારથી જુદી પડી ઠંડી થઇ ત્યારથી તેનું નામ પૃથ્વી પડ્યું. તેજ મુજબ શનિ, મંગળ વગેરે ગૃહ બન્યા. સૂર્ય હજુ પૂર્વવત્ તપ્ત જ છે. સર્વ ગૃહોની મધ્યમાં સૂર્ય છે. પૃથ્વી ઠંડી પડયા બાદ વનસ્પતિ ને તે પછી જીવોની ઉત્પત્તિ થવા લાગી તે જ દહાડાથી આ વિકાસનો આરંભ થયો, જેનું ફળ વર્તમાન સંસાર છે. આ વિકાસનું વર્ણન કરવું તે વિકાસવાદનું કામ છે. પૃથ્વી પર પહેલ વહેલાં વનસ્પતિ આપોઆપ બની, જેનું પરિણામ જીવ પ્રાણી છે.

પ્રોટોપ્લેઝમ–જીવનરસ–ચેતન કણ, જે વનસ્પતિનું પણ આદિ પિતા છે તે પ્રથમ ક્યાંથી આવ્યું ? કેટલાક એમ માને છે કે કોઈ તારો તુટયો, તેનો જે ભાગ પૃથ્વી પર પડયો તેમાં એ પ્રોટોપ્લેઝમ પૃથ્વી પર આવી પડયું. બીજા એમ કહે છે કે એવી સ્થિતિમાં એ કણ કાયમ ન રહી શકે. તેથી પૃથ્વી પર અનુકૂળ સ્થિતિ આવવાથી આપોઆપ તેનો આરંભ થયો; વૈજ્ઞાનિકો પ્રોટોપ્લેઝમ ઉત્પન્ન કરી શકતા નથી; કેમકે તે સજીવ પદાર્થ છે.

રસાયણીય પૃથક્કરણથી જાણવામાં આવ્યું છે કે એ જીવનરસમાં ૧૨ કે ૧૬ જડ તત્ત્વો છે–કાર્બન, ઑક્સીજન (ઉદજન), ગંધક, ફૉસ્ફરસ, હાઇડ્રૉજન, સોડીયમ, પારો (હરિણ), મૅગનેશિયમ, પોટૅશિયમ તથા બે ચાર બીજાં જડ તત્ત્વ છે. આ ચેતન ઉત્પાદક રસ વધુ ઓછો થતો રહે છે. જડ પદાર્થનું પરિવર્તન જ આ ચેતનરસ છે. તે દીવાના પ્રકાશ જેવો વા દરિયાના મોજાં જેવો ક્ષણિક છે; પણ તેનું અસ્તિત્વ જણાય છે. કોઇ આ મિશ્રણને સ્વાભાવિક માને છે. કોઇ તેને ગુપ્ત મહાન શક્તિ–ઇશ્વર દ્વારા બને છે એમ માને છે. આ સજીવ રસના ભાગને સેલ (બિંદુ–કોષ્ટ–કોથળી) કહે છે જે સૂક્ષ્મદર્શકયંત્ર વિના દેખાતી નથી. આ કોષ્ટોના જમાવથી જ શરીરના ભાગ બને છે; જેનામા જીવનશક્તિ છે તેનું નામ બિંદુ કે કોષ્ટ છે. તે ગોળ ઇંડાકાર થાય છે. ઇંચના છ હઝારમા ભાગ જેટલી નાની શી તે થાય છે. પાણીમાં તે પીગળતી નથી, ને તેની કશી રચના જાણી શકાતી નથી. તે પારદર્શક છે. જો તે યોગ્ય સ્થળમાં હોય તો તેનું માપ વધે છે. બાહ્ય વસ્તુને લઇ પોતાનું રૂપ તેને અનુકૂળ કરી લે છે, અને આ ગુણ જીવનશક્તિમાં છે.–વાયુ, હવા, વિજળીમાં નથી. તે જ બીજા હઝારો કોષ્ટો ઉત્પન્ન કરે છે. ફરી તે પેદા થયેલ કોષ્ટ અન્ય હઝારો પેદા કરે છે. જો દરરોજ શરીર એક ઇંચ વધતું હોય તો એમ માનવું કે આવા નવ અબજ કોષ્ટ પેદા થયા. ચામડી, લોહી, માસ ઇત્યાદિ સર્વ આનાં જ બનેલાં છે. જીવનરસ આ સેલ–કોષ્ટ–બિંદુમા ગતિ કરે છે.

નાનામાં નાનું પ્રાણી–એમીબા જળચર છે. તે માત્ર એક જ સેલનું છે. તે સ્વયં ગતિ કરે છે. પોતાને મનગમતો ખોરાક લે છે. પોતામાંથી જ પોતાના જેવાં નવીન પ્રાણી પેદા કરે છે. જ્યારે અનુકૂળ ખોરાક પર તે બેસે છે ત્યારે તેમાં છિદ્ર પડી જાય છે ને તેમાંથી એ ખોરાક તે ખેંચી લે છે. એ એમીબાથી માંડી ઠેઠ હાથી જેવા મ્હોટા પ્રાણીના

શરીરમાં પણ ત્રણ બાબતો રસાયણશાસ્ત્રથી સિદ્ધ થઇ ચુકી છે-(૧) બધા પ્રાણીના શરીરની રચના એક જ પ્રકારની છે તથા બધામાં સર્વ તત્ત્વો સમાન પ્રમાણમાં છે. (૨) નાશ પામતી અવયવ શક્તિ અનુકૂળ ખોરાકથી પુનઃ પ્રાપ્ત કરી શકાય છે. (૩) એક પ્રાણીથી બીજા પ્રાણીની ઉત્પત્તિ થાય છે-અર્થાત્ ઉત્પાદન શક્તિ સર્વ ચેતન પદાર્થોમાં છે. પ્રાણીઓના શરીર ૧૨ કે ૧૬ જડ તત્ત્વોના બન્યા છે ને દરેકમા આઠ સ્થાન છે.-પોષણ, શ્વાસોચ્છ્વાસ, મળમુત્રવાહક, રક્તવાહક, પ્રેરક, આધાર, જ્ઞાનતંતુ અને પ્રસવ. આ આઠ પ્રબંધ નાના એમીબાથી તે હાથી જેવા મોટા પ્રાણીઓને કરવો જ પડે છે. પ્રાણી માત્રના દરેક અવયવ કોષ્ટોના સમૂહના બનેલા છે અને તે અવયવો વિવિધ પ્રકારના પણ સમાન હોય છે. જેમ ખેડુત, વણકર, લુહાર, સુથાર, કડીયો, દરજી, મોચી, વૈદ્ય, ન્યાયાધીશ, રાજાથી કોઇ એક નગરનું કામ ચાલે છે, તેમ સર્વ સેલના જુદા જુદા કામથી શરીર ચાલે છે ને તે શક્તિ એક રૂપમાં દેખાય છે. જો દરેકે દરેક કોષ્ટનો નાશ કરીએ તો સજીવ પ્રાણી મૃત્યુ પામે છે.

વનસ્પતિ પણ સજીવ પદાર્થ છે. તેમા પણ ચેતનોત્પાદક રસ-પ્રોટોપ્લાઝમની ધારા વહે છે.

(૬) વિકાસવાદ સિદ્ધ કરનાર પાંચ શાસ્ત્રો.

(૧) જાતિ વિભાગ શાસ્ત્ર.

જીવ પ્રાણી બે પ્રકારના છે—(૧) સજીવ પ્રાણી (૨) વનસ્પતિ.

સજીવ પ્રાણી બે પ્રકારનાં છે—(૧) બરડાની કરોડવાળા (૨) કરોડ વિનાના (કીડી, મકોડા ઇત્યાદિ.) પાછી આ બેની શ્રેણી, કક્ષા, જાતિ તથા ઉપજાતિ એમ ૪ વિભાગ છે.

(૨) તુલનાત્મક શાસ્ત્ર.

કરોડવાળા સ્તનધારી શ્રેણીના પ્રાણી વ્હેલ માછલી, સીલ માછલી, માછલી, મગર, અને ગાય—આ પ્રાણીઓની શરીર રચના સમાન છે. પરિસ્થિતિવશ બાહ્યરૂપ જુદા જુદા પ્રકારનું થયું છે. આમ શરીરરચના પરથી તુલના કરી પ્રાણીઓના વિભાગ પાડવામાં આવે છે તે શાસ્ત્રને તુલનાત્મક રચનાશાસ્ત્ર કહે છે.

(૩) ગર્ભશાસ્ત્ર.

ગર્ભના આરંભથી પોતપોતાની સ્થિતિ પૂર્ણ થાય ત્યા સુધીમાં જેટલું જેટલું પરિવર્તન થાય છે તેનું જ્ઞાન ગર્ભશોધનથી થયું છે-થાય છે. આ પરિવર્તન સર્વ પ્રાણીમા સમાન માલમ પડે છે.

(૪) લુપ્તજંતુ શાસ્ત્ર.

પ્રાણીઓની પરંપરા મેળવવાથી તેની સંતતિ ઉપસંતતિનો ઇતિહાસ મળે છે. પણ પૃથ્વીમાં લાંબા કાળથી ફેરફાર થતો રહેવાથી કેટલીક વચલી કડીઓનો પતો મળતો નથી. અમુક જાતિ તથા પ્રકારના જંતુ નાશ પામ્યાં છે. ભૂસ્તરવિદ્યાના થરોમાં તેનાં ચિહ્ન મળતાં નથી જેમ કે વનમાણસનું રૂપાન્તર મનુષ્યજાતિ છે. પણ એ

બન્નેની વચ્ચેની કડી–જાતિનો લોપ થયો છે. હજુ ગર્ભશાસ્ત્રમા એ લુપ્ત કડીનું ચિન્હ હોય એમ માની શકાય છે. પણ સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે. કેટલાક કારણથી આ શાસ્ત્ર અપૂર્ણ છે, તો પણ વૈજ્ઞાનિકોની શોધ સારૂ ઘણીક સામગ્રી સંપાદન થયેલી છે.

(૫) ભૂગોલક શાસ્ત્ર.

આથી અમુક પ્રાણી અમુક જગાએ થયું તે; તથા પાસે પાસેના દેશમા રહેવાવાળા પ્રાણીઓનું સાધર્મ્ય જણાઇ આવે છે. જેથી વિકાસવાદને ઘણી મદદ મળી છે.

આર્ય પ્રજનમા:—આપણા પુરાણોમા જે અવતારસંજ્ઞા છે તે વિકાસવાદ બતાવે છે. જેમકે મચ્છ (જળચર) પછી કચ્છ (જળચર–સ્થળચર), પછી વરાહ (ભૂચર), પછી નૃસિંહ (વનચર), પછી વામન (લઘુ મનુષ્ય), પછી પરશુરામ (અર્ધ સભ્ય–લડાયક), પછી રામ, કૃષ્ણ (સભ્ય માનવ), પછી બુદ્ધ, પછી કલંકી..પણ આ સર્વ અવતારનું વર્ણન વૈજ્ઞાનિક રીતિએ આપવામા નથી આવ્યુ, જેથી જેવું જોઇએ તેવું સંતોષકારક નથી.

ઉપરનાં શાસ્ત્રો દ્વારા એવી માન્યતા ધરાવવામા આવે છે કે:—

(૧) જેમ બીજથી થડ, શાખા, પત્ર, ઉપશાખા, ફૂલ, ફળ થાય છે ને નષ્ટ થાય છે તેમ પ્રોટોપ્લેઝમ (બીજ), કોષ્ટ–તેમાંથી એમીબા જંતુ; તેમાથી હૈડરા; તેનું રૂપાન્તર કાનખજુરા, વગેરે કૃમિ; પછી કીડી, મકોડા, કાકીડા વગેરે કૃમિ; તે પછી તેનું રૂપાન્તર બરડાની કરોડવાળાં પ્રાણી, જેવાં કે માછલી ઇત્યાદિ; તેમાંથી દેડકા, સર્પ; તેમાથી પક્ષી; તેમાથી સ્તનધારી ચોપગા જાનવર; તેમાંથા વાનર–વનમાણસ; તેનું રૂપાન્તર લુપ્ત કડી (નથી જણાયું તે); એ લુપ્ત કડીનું રૂપાન્તર જંગલી મનુષ્ય; તેનું રૂપાન્તર સભ્ય મનુષ્ય. આ ક્રમ મુજબ પરિસ્થિતિ અને આવશ્યકતાને લીધે પરિવર્તન થયું છે. તેમા ઇશ્વરશક્તિ કે એવું કાઇ નિમિત્ત નથી.

(૨) આરંભમા વનસ્પતિ પ્રોટોપ્લેઝમથી થઇ. તેનાથી ચેતન પ્રાણી થયુ. આમ જડ ચેતનનો તફાવત તે માત્ર પરિવર્તન જ છે. બધા પ્રકારના સજીવ પ્રાણી પૂર્વે એક જ જાતિમાથી થયાં છે. વિકાસ માત્ર સ્વાભાવિક ઘટના છે. કોઇ ગુપ્ત શક્તિએ પ્રથમ નર માદા જાતિ બનાવ્યા એ માન્યતા યુક્તિ વિચાર ને પ્રમાણ રહિત છે. પરિસ્થિતિના કારણે જ સર્વ પ્રાણીઓએ જુદા જુદા રૂપ પકડયા છે. પ્રકૃતિના નિયમ સર્વને સમાન લાગુ પડે છે. તેનો એક નિયમ એ છે કે ઉદરપારણાર્થ હરેકને સંગ્રામ કરવો પડે છે–તેને જ જીવનસંગ્રામ કે જીવનકલહ કહે છે. યોગ્ય–બળવાનનો જય થાય છે. અયોગ્ય–નિર્બળનો નાશ થાય છે.

(૩) ઉપર જણાવ્યું તેમ પ્રથમ ઉત્પત્તિ, બરડાની કરોડ રહિત પ્રાણી–એમીબા, કીડા, મચ્છરાદિની થઇ, તેમાથી હાડકા વિનાના વીંછી, કીડા, કાનખજુરા, ટુકડા ટુકડા ભેગા મળી થયા. ભમરા, માંખી, તીડ, તતૈયા ઇત્યાદિ દરેકના દેખાવમાં ભેદ છે પણ અસલમા સમાન છે; ત્યા સુધી કે નાનામાં નાનો કીડો જે પાથર સાથે એવો જકડી ચોંટી જાય છે કે પાણીના ભારે વેગથી પણ હાલતો નથી તેના શરીરની રચના પણ વીંછી જેવી જ છે.

પ્રોટોપ્લેઝમ પછી એમીબા થયું. તે એક કોષ્ટવાળું ઝીણામાઝીણું જંતુ છે. સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા તે દેખાય છે. જે બાજુ તેનો ખોરાક હોય તે તરફ વધે છે ને સામી બાજુ સંકોચાય છે, જે સ્વાભાવિક જ છે. જેમા ઇચ્છા કે ચેતનરૂપ ઇરાદો બીલકુલ નથી. તેની ખોરાક લેવાની એવી આશ્ચર્યકારક રીત છે કે તે પ્રથમ ખોરાકને ઢાંકી લે છે તે પછી તેના શરીરમાના એક છિદ્ર દ્વારા તે ખોરાક અંદર લે છે. તેને મુખ, કાન, નાક ચક્ષુ કશું દેખી શકાતું નથી. પ્રોટોપ્લેઝમ જ તેનો આધાર છે. બીજાં પ્રાણી કરતા આમા અંતર માત્ર એટલો જ છે કે બીજાં પ્રાણી અનેક કોષ્ટના છે, જ્યારે આમા માત્ર એક જ કોષ્ટ છે. સંક્ષેપમા આ એમીબા તમામ જીવોનો પૂર્વજ–પિતા છે. તેનું રૂપાન્તર થતા થતા આપણે સર્વ પ્રાણીઓ બન્યા છીએ. બાલ્ય, કિશોર, યુવાન, વૃદ્ધ–અવસ્થામા પ્રાણીનું જેટલું પરિવર્તન થાય છે તેનાથી વિશેષ ગર્ભાવસ્થામા થાય છે. રાઇના દાણાથી પણ નાના બીજમાથી મોટું વૃક્ષ ઉગી નીકળે છે. પક્ષી ઈંડું ફોડી બહાર નીકળ્યું કે થોડા વખતમા ઉડવા માંડે છે. દરેક પ્રાણીના ગર્ભનો ઇતિહાસ એમ બતાવે છે કે દરેકને પોતાની ઉન્નતિનો આખો ક્રમ એ અવસ્થામા ઘુમવો પડે છે. મુરઘીના ગર્ભમા પ્રથમ એમીબા રૂપ, પછી તેનો વિકાસ–મીંડક રૂપ, પછી તેનો વિકાસ સર્પ જેવું, પછી તેનો વિકાસ પક્ષી રૂપ થાય છે. જ્યારે પક્ષી રૂપમા આવે છે ત્યારે ઈંડું ફુટે છે. સારાંશ એ છે કે આપણને દરેકને ગર્ભમા આપણા પૂર્વજોનું સંક્ષેપમાં અનુકરણ કરવું પડે છે, જેનું નામ વિકાસક્રમ છે. અંડજ પ્રાણીની માફક જ બિલાડી તથા કૂતરાના ગર્ભની પણ અવસ્થા છે. માંસભક્ષક, તીક્ષ્ણદંતિ, નખોરીયાવાળા પ્રાણી એક જ કુળનાં સંતાન છે. અને હાડકા વિનાના પ્રાણીઓની ગર્ભાવસ્થા સમાન છે. ગર્ભાવસ્થામા જે પરિવર્તન થાય છે તેનો આધાર પરંપરાના તત્ત્વજન્ય બીજ ઉપર છે. પૂર્વજના સંસ્કારાનુસાર ગુણ ઉતરે છે. એ પરથી વિચારી લેવાનું છે કે આટલુ રૂપાન્તર ગર્ભકાળમા તથા જન્મ પછી થઇ જાય છે તો સેંકડો–હઝારો–લાખો વર્ષોમા આતર બાહ્ય રૂપનો આવો ભારે વિકાસ થાય તે સ્વાભાવિક છે.

વિજ્ઞાનવાદ કહે છે કે સૂર્યથી પૃથ્વી જ્યારે જુદી પડી ત્યાર પછી કેટલોક કાળ તપ્ત રહી. પછી ધીમે ધીમે ઠંડી પડી. પછી દ્રવ પદાર્થ, પછી ફટકડી વગેરે કઠણ પદાર્થ થવા લાગ્યા. આ પછી આકર્ષણને લીધે પૃથ્વીમા ફાટો પડવા લાગી. પૃથ્વીના કેટલાક ભાગ બેસી ગયા કેટલાક ઉપસી આવ્યા. ઉપસેલા ભાગ પર્વત પહાડ ટેકરીઓ બની, ને ફાટો પડેલી પૃથ્વીની ખાઇઓ ને ખાડીઓ થઇ. તેમાં વરસાદથી ફેરફાર થયો, અર્થાત્ પાણીના મારથી ખાઇઓ ને ખાડીઓ કેટલીક મોટી થતાં તળાવો અને સમુદ્રો બન્યા. પર્વત પર વાયુ, વર્ષા ને બરફના ઝપાટા લાગતા ઘસાઇ જે ચુર્ણ જમા થયુ તેનાં કૃત્રિમ થર જામ્યા. પૃથ્વીની અંદરની ગરમી, જ્વાળામુખી તથા ધરતીકંપથી ઘણા પ્રકારના ફેરફાર થયા–જળ ત્યાં સ્થળ, સ્થળ ત્યાં જળ થઇ ગયું. નદીના પ્રવાહથી ને પરિવર્તનથી થરના કેટલાક પડ કપાઇ ગયા, જેથી થરો દ્વારા પુરતો ઇતિહાસ મળી શકતો નથી. જે થર મળે છે તેમાં સૌથી નીચેનો પહેલો નિર્જીવનો, પછી પ્રાચીન, પછી પ્રાથમિક, પછી મધ્ય

કાળને થર છે, જેમા પ્રાણીઓના હાડકાં મળે છે જેથી ક્રમ જણાય છે. થરોની શોધથી જણાયું છે કે પ્રથમ મત્સ્ય, પછી મીંડક, પછી સર્પ, પછી મગર, પછી છીપકલી (જેના મૃત દેહ ૮૦ ફુટ લાંબા ને ૫૦૦ મણ વજનના નીકળે છે તે), પછી ઉડનાર સર્પ, પછી સ્તનધારી પ્રાણીઓ થયા છે. આ થરોમા હાથી તથા ઘોડાના શરીરો પણ મળે છે.

આ થરોની શોધથી જ્ઞાત થયુ છે કે આરંભમા સીધી સાદી રચનાવાળાં પ્રાણી હતાં. પછી કાળ અને પરિસ્થિતિને અનુકૂળ જુદાં જુદાં રૂપ થયા. આ પ્રાણી ત્યા ગયું; પેલું અહીં રહ્યું, કોઇ પાસેના દેશમાં જઇ વસ્યું. એમ દેશાદિથી રૂપ બદલ્યા. વીંછી, વાઘ, સિંહ, હાથી ઇત્યાદિ ઇગ્લાંડમા નથી. જરાફ આફ્રિકામાં જ છે. ચાર પગવાળા સર્પ અમુક સ્થળે મળે છે. નજદીકના દેશવાળાઓમા સાધર્મ્ય અને સામ્ય દેખાય છે. પાસિફીક મહાસાગરમાં પ્રથમ મ્હોટો બેટ હતો, જેમાંથી હાલ કોઇ કોઇ ઠેકાણેજ ન્હાના ટાપુ રહ્યા છે. આ જોવાથી પણ વિકાસવાદને સહાયતા મળે છે, જેનો ભૂગોલક શાસ્ત્રમા સમાવેશ થાય છે.

કુદરતમાં ઉત્પત્તિ અનુસાર વૃદ્ધિ થતી નથી. જેટલા જીવ જન્મે છે તે સર્વ જીવતા રહે તો તે બધા માટે કુદરત પાસે પુરતો ખોરાક નથી. કોઇ નિબળનો સ્વભાવતઃ નાશ થાય છે; કોઇને જાનવર ખાઇ જાય છે: કોઇને પ્રતિપક્ષી મારે છે; કોઇ રોગથી મૃત્યુ પામે છે: કોઇ ઉત્પત્તિ વૃદ્ધિનું સ્થાન જ લઇ શકતા નથી; કોઇ હવા, વર્ષા, શરદી, ભૂકંપ, દરિયો કે અગ્નિના કારણથી નાશ પામે છે; અને કેટલાક જીવનસંગ્રામમાં નષ્ટ થઇ જાય છે. જીવનસંગ્રામને વાસ્તે સર્વને પરિશ્રમ તો વેઠવો જ પડે છે– એ પ્રકૃતિનો અટળ નિયમ છે, જેથી સ્પષ્ટ થાય છે કે તે જાતિ જીવી નહિ શકે કે જે અયોગ્ય છે અને બીજી જીવતી જાતિની હરીફાઇ કરી શકતી નથી. " બળીયાના બે ભાગ " –એ વાક્યનું આ વિવેચન છે. એકથી અધિક સંતાન કે બીજની ઉત્પત્તિમાં હેતુ એ છે કે નિર્બળનો નાશ થાય છતા જાતિ ચાલુ રહે. પણ દયા, સ્નેહ, માયા, પ્રેમ, સ્વાર્થ, ત્યાગ, આત્મસમર્પણ ઇત્યાદિ ગુણ મનુષ્ય જાતિમા પેદા થયા છે, જેથી તેમાં પશુવત્ વ્યવહાર કે જીવનસંગ્રામ નથી રહ્યો.

માનવ જાતિ

મનુષ્ય જાતિ આરંભથી નથી. પણ વિકાસક્રમ દ્વારા સ્તનધારી ચોપગા પ્રાણીનુ પરિવર્તન છે. કેમકે તેના શરીરની રચના બરડાની કરેડવાળા સ્તનધારી પ્રાણીના જેવી છે, બીજાના શરીરની જેમ તેના શરીરના દરેક અવયવ અનેક કોષ્ટાના સમૂહથી બનેલ છે ને દરેક કોષ્ટમાં ઉપર કહેલ પ્રોટોપ્લેઝમ છે. મનુષ્ય પ્રાણીનો સમાવેશ વાનર કક્ષામાં થાય છે.

ગર્ભમાં મનુષ્યનું બાળક વનમાણુસના શરીર જેવુંજ હોય છે. પૂછડાનું નિશાન પણ હોય છે. સ્તનધારી પ્રાણીના તથા મનુષ્યના ગર્ભનું પરિવર્તન સમાન છે. પહેલાં માછલી જેવું, પછી મીંડક જેવું, પછી સર્પ જેવું, પછી પક્ષી જેવું, પછી ક્રમ દરજ્જાના મનુષ્ય જેવું, પછી ગર્ભમાંથી બહાર નીકળતા પહેલા થોડે વખતે મનુષ્યરૂપ થાય છે. જેણે ઘણા ગર્ભોની પરીક્ષા કરી છે તે આવો ઇતિહાસ આપે છે. વિજ્ઞાનવાદીઓએ પણ સિદ્ધ કર્યું છે કે દરેક પ્રાણી પ્રથમ એમીબારૂપ, પછી માછલી વગેરેના જેવું થાય છે–અર્થાત્ પોતાના પૂર્વજોના રૂપનું સંક્ષેપમાં અનુકરણ કરી લે છે. હજુ સુધી વાદરા તથા મનુષ્યની દરમ્યાનની કડી જડી નથી; પણ ગર્ભશાસ્ત્રની સંકળનાથી ઉપલું અનુમાન કરી શકાય છે. વળી નીચેના

થરોમાં બધા પ્રાણીની ખોપરી મળે છે પણ મનુષ્યની નથી મળતી. ત્રીજા થરમા તે મળે છે. તેથી મનુષ્ય છેલ્લેજ થએલુ હોવું જોઇએ. ખસ, દાદર, વગેરેની દવા મનુષ્ય તથા અન્ય જાનવરોની સમાનજ છે ઇત્યાદિ શોધથી મનુષ્ય-વનમાણુસ વાદરાનું પરિવર્તન છે.

મનુષ્ય જાતિનો ઉદ્‌ભવ પ્રથમ કયા દેશમાં થયો તેમાં ત્રણ મતભેદ છે- (૧) કોઇ એશિયામાં, (૨) કોઇ એશિયા યા આફ્રિકાની મધ્યમાં જાવા પાસે (૩) કોઇ આફ્રિકામા ઉદ્‌ભવ્યાનું કહે છે. પણ આફ્રિકામા ઉદ્‌ભવી મનુષ્ય જાત અન્ય સ્થળે ગઇ એવો ઘણાનો મત છે.

મનુષ્ય પણ અન્ય પ્રાણીઓની જેમ વિકાસની શૃંખલામા બદ્ધ છે. તેમનામાં પણ જીવનસંગ્રામ સિદ્ધ છે. તેઓ પણ ભૂખ, રોગ, ને લડાઇથી મરે છે. તેમના મગજની ઉન્નતિથી તન, ધન, અને યંત્રનું બળ પેદા થયું. ધીરે ધીરે તેમનામાં અગ્નિ, જળ, ભોજનના પદાર્થો તથા પહેરવાના વસ્રોનું જ્ઞાન પેદા થયું. પત્થર ફેંકવા, નિશાન પાડવું, પત્થરના શસ્રાદિ બનાવવાં વસ્ર બનાવવા ઇત્યાદિ પ્રારંભિક કાર્યો પછી શનૈઃશનૈઃ મકાન બનાવવા, અને બીજ વાવી ખેતી કરવાનું જ્ઞાન પ્રાપ્ત થયું. પ્રથમ અંગચેષ્ટા, પછી ચિત્રમય સંકેત, ને પછી અક્ષરમય ચિહ્‌નથી પોતાના મનોભાવ બતાવવાની શૈલી મનુષ્યે શોધી કાઢી. વિચારશક્તિ વધવાથી અનેક સાધન એકત્ર થયા. સોલસાદિનો મત છે કે મનુષ્યનો પ્રાદુર્ભાવ થયાને લગભગ આઠ લાખ વીસ હજાર વર્ષ થયાં છે. ડાર્વિનશ્રીએ પ્રથમ વાંદરાનો મનુષ્યવત્ વ્યાપાર તે પછી પરિસ્થતિને લીધે ઠેકવું કૂદવું છોડી દીધું તે, પછી અનુપયોગથી પૂછડાનો અભાવ, અને એ મુજબ મનુષ્ય રૂપમા સર્વ પ્રકારની ઉન્નતિના ક્રમનું અચ્છું વર્ણન કર્યું છે.

ઇશ્વરે મનુષ્યને શક્તિ આપી છે એવું માની શકાતું નથી. કેમકે અન્ય સર્વ પ્રાણીઓમાં પણ શક્તિ છે. પ્રથમ માનસિક શક્તિ કેમ થઇ તે ચેતનોત્પત્તિ જેવોજ બહુ ભારે પ્રશ્ન છે. મનુષ્યના સમાન ઇન્દ્રિય, ઇચ્છા, ભાવ, સુખ, દુઃખ, શોક, સંશય, મત્સર, બદલો લેવાની બુદ્ધિ, આશ્ચર્ય, જીજ્ઞાસા, કૃતજ્ઞતા, હસવું, ઠઠ્ઠા મશ્કરી, નકલ ઉતારવી, એકાગ્રતા, સ્મૃતિ, થોડી કલ્પનાશક્તિ, ઇત્યાદિ ઓછાંવત્તાં સર્વ પ્રાણીઓમાં છે. માછલી, બીલાડી, કૂતરા, ઘોડા, રીંછ, હાથી, વાંદરા ઇત્યાદિ પ્રાણીઓના કામોની પરીક્ષા તથા કથાઓ પ્રસિદ્ધ છે. મનુષ્યના મગજનો વિકાસ અન્યથી ઘણો થયો છે તેથી તેનામાં કલ્પનાશક્તિ તથા કાર્યકારિણી વિચારશક્તિ બીજાથી વિશેષ છે. સંચા બનાવવા, પ્રાણી વશ કરવા, દ્રવ્ય સંગ્રહ, અગ્નિ ને હવા પાસેથી કામ લેવું, ભાષા, શોભા, અનુભવ, ઇશ્વર તત્ત્વબોધ, સદ્ અસદ્‌ના ભેદનું જ્ઞાન એ સર્વ ઉપર કહેલ એ શક્તિના જ પરિણામ માત્ર છે.

સર્વ સજીવ પદાર્થોના વિકાસનો સિદ્ધાન્ત વિકાસવાદીઓ ઉપર મુજબ આપે છે. આ સિદ્ધાન્તના કેટલાક અપવાદ આપણા આર્ય તથા પાશ્ચાત્ય વિદ્વાનો નીચે મુજબ આપે છેઃ—

અપવાદઃ—

(૧) સૂર્યથી પૃથ્વી સ્વતઃ ઉત્પન્ન થઈ એવું માની શકાય નહિ. કેમકે સૂર્ય સ્વતંત્ર નથી. તે કોઇને આશરે રહેલો છે.

(૨) એક પ્રોટોપ્લેઝમમાંથી પ્રાણી માત્રનું પરિવર્તન થયું છે એ માન્યતા ખરી નથી. કેમકે કોઇની ઉત્પત્તિ અનેક દેશમાં થયલી હોવી જોઇએ. વળી જડ ચેતન થઇ શકે જ નહિ. કોઇ અન્ય ગૃહમાથી તે અહીં આવી પડયું માનો તોપણ ત્યાં તે કેવી રીતે પેદા થયું ?

(૩) ઉપર કહેલ પાંચ શાસ્ત્રો સંપૂર્ણ નથી. તેમાં પણ કેટલુંક સંશયાત્મક છે. દા. ત. જમીનના થર પરથી નક્કી થતો વિકાસક્રમ ગર્ભશાસ્ત્રથી નક્કી થતા ક્રમ મુજબ મળતો નથી. તેથી જેમ કેટલાક પંથવાળા શાસ્ત્રનો અમુક ભાગ ક્ષેપક કહે છે તેમ આ લોકો પણ કરે છે.

(૪) જડ સ્વયં ગતિ કરે ને પોતાના જેવું બીજાને બનાવી લે; તથા સ્વયં ઉત્પાદક વર્ધક થાય એવું પહેલ વહેલું બીજ બનાવવામાં કોઇ અગમ્ય અચિન્ત્ય શક્તિની અપેક્ષા રહેલી છે.

(૫) બધાં બીજ સમાન હોઇ શકે નહિં. પૈત્રિક સંસ્કાર તથા પરિસ્થિતિથી બીજમા અંતરભેદ થયો છે. પુરુષત્વ સ્ત્રીત્વનો ભેદ છે તે જ મૂળ બીજોની અસમાનતા બતાવે છે. આરંભમા નરમાદાનો ભેદ કેમ ઉત્પન્ન થયો તે વિકાસવાદ બતાવી શકતો નથી. આ ભેદ હોવાનું કોઇ અદૃષ્ટ કારણ હોવું જોઇએ. નરમાદાના રજવીર્યના પ્રોટોપ્લેઝમ સમાન હોય તો નરમાદાનું જુદું જુદું રૂપ ઉત્પન્ન થવું જ અસંભવિત છે. કદાચ પરિસ્થિતિથી એ ભેદ ઉત્પન્ન થયો એમ માનો તો તેનો આરંભ ક્યારે થયો ?

પ્રોટોપ્લેઝમ તથા એમીબામાં વાયુ જેવી અબુદ્ધ ગતિ છે કેમકે તે જડ છે પરંતુ વ્યવહારમા તમામ જંતુઓમા બુદ્ધ ગતિ દેખાય છે, તેથી એમ જણાય છે કે તેમા કોઈ અન્ય અદૃષ્ટ વસ્તુ છે, જે અનાદિ પ્રવાહથી વિકાસ અવિકાસમા આવતી રહે છે. આ અદૃષ્ટ વસ્તુ તે અનેક સંસ્કારોવાળુ મન છે, જે વિકાસવાદીઓએ બીલકુલ લક્ષમાં લીધુ જ નથી એના સ્વીકારથી તેમની કેટલીક મુશ્કેલીઓ દૂર થશે. એ મનથી જ સબુદ્ધ ગતિ થાય છે. એના સંસ્કાર અનુસાર જ પ્રોટોપ્લેઝમના અનેક પ્રકારના કોષ્ટો બની ઉપયોગ થાય છે.

(૬) હમેશા કેવળ શક્તિવાદ માની શકાય નહિ. જો સર્વથા શક્તિવાદ જ માનો તો મનુષ્યમંડળના ઉચ્ચ ગુણ સંસ્કાર નિષ્ફળ થઇ જાય. સૃષ્ટિમાં જીવવાનો સર્વને હક્ક છે. અન્યનું સુખ અમારા સુખદુઃખ જેવું છે. દયા, ન્યાય, નીતિ, આત્મભોગ, સુધારણા ઇત્યાદિ ઉચ્ચ ગુણ છે. તે પ્રમાણે વર્તવાથી સર્વપર ઉપકાર તથા સુખપૂર્વક જીવન ચલાવવાની યોગ્યતા મળે છે. હવે જો કેવળ શક્તિવાદ માનીએ તો સર્વ ઉચ્ચ ગુણ નિષ્ફળ જાય. વળી મનુષ્ય વૃત્તિનું અંતિમ સુખ શાન્તિ છે, જેથી હમેશ શક્તિવાદ ન મનાય. વળી તે સુખ ન્યાય, નીતિ, સદાચાર, સંપ, તથા પ્રેમાદિ વિના ન મળે જેથી જીવનસંગ્રામમા હમેશ શક્તિવાદ ન ચાલે. શક્તિવાન સમૂહમા એક જ હોય, દરેક ન હોય. સમાજમાં સમૂહ પક્ષની જય થાય છે અને સમૂહનો પક્ષ જ ન્યાય નીતિ ગણાય છે.

(૭) વૃક્ષોનો ખોરાક પ્રાણનાશક વાયુ છે, જે પ્રાણીઓ આપે છે; ને પ્રાણીઓનો ખોરાક પ્રાણપ્રદ વાયુ છે, જે વૃક્ષો આપે છે. જેથી વૃક્ષો ને પ્રાણીઓની સંકળનાનો મેળ મળતો નથી. વનસ્પતિ કાપી નાખવાથી તેના અંગની વૃદ્ધિ થાય છે પરંતુ પ્રાણીઓના અંગની વૃદ્ધિ તેમ થતી નથી. એમીબાના ટુકડા કરવાથી પણ તે જીવે છે માટે તે વૃક્ષોનું મૂળ હોવા સંભવ છે–પ્રાણીઓનું નહિ.

(૮) આર્ય પ્રજામા આજ સુધી સૃષ્ટિની ઉત્પત્તિના વર્ષ ૧ અબજ, ૯૭ કરોડ, ૨૯ લાખને આશરે થયાં છે. અહર્ગણની ગણત્રીથી મેળવવાથી તે બરાબર થાય છે. ચીની સંવત દેશના પહેલા રાજાથી ચાલ્યો છે જે વર્તમાનમા ૯ કરોડ, ૬૦ લાખને આશરે વર્ષ થયાં. તેથી જણાય છે કે મનુષ્ય પૂર્વ જેવું જ છે.

વિકાસવાદી આરંભમાં સૃષ્ટિ અયોનિજ માને છે તેમ આર્ય પ્રજા ચીની પ્રજા પણ માને છે. વિકાસવાદી એક બીજ થયું કહે છે ત્યારે આર્યો જુદા જુદા પ્રકારના મૂળ બીજ કહે છે.

પૃથ્વી વનસ્પતિ તથા પ્રાણીના સ્થાન યોગ્ય થયાં ત્યારે અન્ય સ્થળથી તેમા મૂળ બીજ આવ્યાં–પોતાની મેળે જ વનસ્પતિરૂપ કે પ્રાણીરૂપ થઇ ગઇ–એ વિકાસવાદીની માન્યતા અસંભવિત લાગે છે. તેમ પ્રારંભમા મનુષ્યોત્પતિ પણ કોઇ શીતોષ્ણ દેશમાં થયેલ હોવી જોઇએ; તેવો ભાગ હિમાલયગત કૈલાસ, ટીબેટ, વા કોકેસસના અગ્નિખૂણાનો દેશ જણાય છે. અને આર્ય, ચીની તથા ઇરાની પ્રજા પણ આરંભિક ઉત્પત્તિ તે જ દેશમાં માને છે.

મનુષ્ય જાતિમાં શનૈઃ શનૈઃ ભાષા ઉત્પન્ન થઇ તે ડાર્વિનનું મંતવ્ય કેટલાક વૈજ્ઞાનિકો અસત્ય ઠેરવે છે. આર્યશાસ્ત્ર પણ આરંભકાળ વિષે ઇશ્વર પ્રેરિત વેદ દ્વારા વિશેષ જ્ઞાન મળેલું માને છે. તેમ જ ઇરાની, યહુદી પણ ઇશ્વરદત્ત સંસાર માને છે.

વિકાસવાદમાં ચેતન તથા પ્રોટોપ્લેઝમની વચ્ચેની કડી–સંસ્કારી મન (જીવવૃત્તિ) હાથ લાગે તો આ સિદ્ધાન્ત સત્ય સ્વરૂપમાં પ્રકટી ઉઠશે એમ લાગે છે.

૫ વિજ્ઞાન શું છે?

(લેખક: **શા. રા. પરજનરાય વૈકુંઠરાય મહેતા.**)

વિજ્ઞાનની ટુંકામાં વ્યાખ્યા કરી શકાય એમ નથી.

અવલોકન અને અનુભવનું જ્ઞાન, વ્યવસ્થાથી એકત્ર કરતા "વિજ્ઞાન" થાય છે. અને તે એવું જ્ઞાન છે કે જે કોઇ અભ્યાસી અવલોકન અને અનુભવવડે તેનો બારીકીથી અભ્યાસ કરે છે તેને તે સિદ્ધ થાય છે. આવી રીતે વિજ્ઞાન પ્રમાણભૂત હોઈ સંવાદશીલ છે તેમ જ વિકાર રહિત હોવાથી વ્યક્તિગત નથી; જો કે તમામ પ્રકારનું વિજ્ઞાન આટલી ઉંચી કોટીએ પહોંચેલું હોતું નથી, દાખલા તરીકે ખગોળનું જ્ઞાન જેટલું સ્વતંત્ર છે તેટલું નૃવંશવિદ્યાનું (Anthropology) જ્ઞાન વ્યક્તિવાચક હોઇ સ્વતંત્ર હોઇ શકતું નથી.

વિજ્ઞાનનો ઉદ્દેશ.

સૃષ્ટિની અમુક વસ્તુની ચોક્કસ દશાનું અનુભવ અને અવલાકન વડે જ્ઞાન મેળવી તેને એકત્ર કરી વ્યવસ્થિત કરવાથી તે વિષયનું સ્વતંત્ર વિજ્ઞાન થઈ શકે છે. જેમકે; એક ભૂસ્તરશાસ્ત્રી પૃથ્વી પરના પત્થરો–રેતી–માટી ધુળ વિગેરેનું એક દિશામાં જ્ઞાન મેળવી પૃથ્વીની ઉત્પત્તિ અને વિકાસનો અભ્યાસ કરે છે; જ્યારે ખગોળશાસ્ત્રી આકાશના તારાઓ–ગ્રહો–ઉપગ્રહો અને ઉલ્કાઓની ગતિનું નિરીક્ષણ કરી વિશ્વની વ્યવસ્થિત દશા સિદ્ધ કરે છે. પરંતુ આ અભ્યાસમા તે સૃષ્ટિસૌન્દર્ય અને વિશ્વનિરૂપણની અગાધ મનોદશામાંથી વિરક્ત રહે છે. તેવી જ રીતે શરીરરચનાના શાસ્ત્રનો અભ્યાસ કરતા માનસિક દશાનો વિચાર કરી શકાતો નથી. આ પ્રમાણે વિજ્ઞાનનો ઉદ્દેશ પ્રત્યેક જ્ઞાનને વ્યવસ્થિત કરી તેનું ટુંકામાં પણ ચોક્કસ રીતે સમજાય તેવું "સૂત્ર" તૈયાર કરવાનો હોય છે. એટલે અસામ્ય વિચિત્રતામાંથી એકરૂપતા શોધી કાઢવા વિજ્ઞાન પ્રેરે છે. અમુક બનાવ કેમ બન્યો તેનો ખુલાસો કરવા માટે તે બનાવ **કેવી રીતે** બન્યો તે તપાસવાથી આપણું જ્ઞાન નવીન જ દિશામા દોરાય છે અને તેનું ઊંડું રહસ્ય સમજી શકે છે. ઝાડ ઉપરથી ફળ કેમ પડયું તે જાણવા માટે ન્યુટન ફળ **કેવી રીતે** પૃથ્વી ઉપર પડે છે તેના વિચારમા લીન થયો અને ચંદ્રની ગતિનો અભ્યાસ કરી, જેવી રીતે ફળ પૃથ્વી પર પડે છે, તેવી રીતે ચંદ્ર પણ પૃથ્વી તરફ પડે છે એમ સિદ્ધ કરી "ગુરુત્વાકર્ષણ" નું મહાન સૂત્ર શોધી કાઢ્યું. આ સૂત્રવડે એક પદાર્થ બીજા પદાર્થથી કેમ આકર્ષાય છે તેનો ખુલાસો થઇ શકતો નથી પણ તે **કેવી રીતે** આકર્ષાય છે તે ચોક્કસ રીતે સિદ્ધ કરી શકાય છે. આ સૂત્ર વડે પૃથ્વી પરના છેક નાનામાં નાના પદાર્થથી માંડીને ઠેઠ આકાશના મોટામાં મોટા તારાઓ અને સૂર્યમંડળોની ગતિનો હિસાબ થઇ શકે છે. આ પ્રમાણે આખું ગતિનું શાસ્ત્ર એક સાવ સાદા અને સરળ સૂત્રથી બંધાએલું વિજ્ઞાન જ્યારે સિદ્ધ કરી આપે છે ત્યારે વિજ્ઞાનનો ખરો ઉદ્દેશ શું છે તે સહજ સમજી શકાય છે. વિજ્ઞાન "ગતિ" **શા માટે** થાય છે તે જાણવા કરતાં **કેવી રીતે** થાય છે તે ચોક્કસાઇથી તપાસે છે, અને આ જ બાબતમાં વિજ્ઞાનનો હેતુ "તત્ત્વજ્ઞાન" અને "ઇશ્વરજ્ઞાન" થી જુદો

માલુમ પડી આવે છે અને તેને લઇને જ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું અને વિજ્ઞાન અને ઇશ્વરજ્ઞાનનું વૈષમ્ય સામાન્ય નજરે જણાય છે, વિશ્વનું તંત્ર "**શા માટે**" ચાલે છે તેનો જવાબ વિજ્ઞાન કદી આપી શકશે નહિ પણ તે તંત્ર **કેવી રીતે** ચાલે છે તે જાણવા દિનપ્રતિદિન પ્રગતિ કર્યે જાય છે.

વૈજ્ઞાનિક ચિત્તવૃત્તિ (Scientific attitude.)

કોઇ પણ વિષયનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે, અને તે વડે ચિત્તવૃત્તિનો વિકાર થાય છે, તેટલા પરથી એમ કહી નહિ શકાય કે માત્ર વિજ્ઞાનથી જ ચિત્તવૃત્તિ કેળવાય છે. તે જ વિષયનું રસિક ભાવનાથી, કવિત્વની પ્રેરણાથી અગર બીજી કોઇ પણ શુદ્ધ વ્યવહારિક રીતે ધ્યાન થઇ શકે છે. અને વિજ્ઞાન આ દિશાઓના માર્ગમાં આવવા જરા પણ દાવો કરી શકે નહિ. એટલે જો કે **વૈજ્ઞાનિક** ચિત્તવૃત્તિ અને **રસિકકલાત્મક** ચિત્તવૃત્તિ એક બીજાથી સ્વતંત્ર છે તો પણ તે એક બીજાની હરીફ કે વિરોધી હોવાનો હક્ક કરી શકે નહિ અને તેને લઇને જ આ જ બન્ધુભાવનાથી આજે આપણે સાહિત્ય પરિષદ્‌મા વિજ્ઞાનનું વિવેચન કરીએ છીએ.

વૈજ્ઞાનિક વૃત્તિમા એક પ્રકારની જડ ભાવના રહેલી છે એવું હમેશા રસિક લોકોને લાગ્યા કરે છે, એનું કારણ એ છે કે વિજ્ઞાન હમેશા શુષ્ક લાગતી વિગતો તપસ્યા કરે છે અને બહુ જ ચોકસાઇથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ માપ લઈ વ્યક્તિભાવનો બને તેટલો ત્યાગ કરી વિગતનું સત્ય શોધવા મથે છે, અને આ વિગતો પરથી ઘણી જ કાળજીથી અનુમાન કરી એક સિદ્ધાતના નિર્ણય પર આવે છે. અને હંમેશાં સંદેહાત્મક હોઇ તેનો નિર્ણય બને તેટલો વ્યક્તિભાવથી વિલુપ્ત હોય છે. વિજ્ઞાન વળી તેની વિગતોમા એટલી બધી સ્પષ્ટતા શોધવા માગે છે કે જેથી કરીને કોઇ પણ જાતની ગૂઢતા કે સંદિગ્ધતા અથવા શિથિલતાનો અવકાશ રહી શકતો નથી. વળી વિજ્ઞાન હમેશા આ વિગતો પરથી વસ્તુઓનો પરસ્પર સબંધ એવો તો નિપજાવવા મથે છે કે જુદી જુદી જણાતી ગોચર વસ્તુઓ, એક સૃષ્ટિના જ અંગો હોય એવું એક તંત્ર આખા વિશ્વમા વ્યાપી રહ્યું છે એમ સિદ્ધ કરે છે. આવા પ્રકારની વૈજ્ઞાનિક વૃત્તિ જો કે રસિક નહિ હશે તો પણ તેનો અંતિમ હેતુ તો વિશ્વનું તંત્ર શુ છે તે શોધવાનો છે.

વિજ્ઞાનની પદ્ધતિ.

કોઇ પણ વૈજ્ઞાનિક તપાસ માટે પહેલાં તો હકીકત એકત્ર કરવી પડે છે અને તે માટે ઘણી ચોકસાઇ, ખંત, બારીક તપાસ કરી મન અને ઇંદ્રિયોદ્વારા કોઇ જાતનો પક્ષપાત થાય નહિ એવી વૃત્તિ ધારણ કરવી પડે છે અને આ ચોક્કસ હકીકતો ઉપરથી વિગતોની નોંધ લેવામાં આવે છે. આમ વિજ્ઞાનની શરૂઆત માપથી થાય છે. જેમ માપ ચોક્કસ અને બારીક તેમ વૈજ્ઞાનિક શોધ આગળ વધે છે. માપ ઉપરથી મળતી હકીકત સમજી શકાય તેવા રૂપમા ગોઠવવાથી, જેમકે કોઇ પણ વધઘટ થતી બીના સરખા માપમા એક વાંકમાં આલેખવાથી ઘણા ગુંચવાડાભરેલી હકીકતો પણ ઘણું સ્પષ્ટ રૂપ દેખાડી શકે

છે. આવી રીતે જુદી જુદી બીનાઓમા એક સરખું સામ્ય જણાયાથી એક સિદ્ધાન્ત ઉપર આવી શકાય છે. કોઇક વારજ તર્ક શક્તિથી ઘણી નવાઇભરેલી રીતે મોટું સત્ય જડી જાય છે. જેમકે ઝાડપરથી પડતા ફળની સાથે ચંદ્રને પૃથ્વી પર પડતી ગતિવાળો કલ્પવાની બુદ્ધિ તો ન્યુટન જેવી મહાન્ વ્યક્તિને જ સ્ફુરે ! પણ બીજા ઘણા સિદ્ધાંતો તો અનેક વિજ્ઞાનીઓના સતત પ્રયાસો વડે ઘણા કાળે જ નિર્માણ થાય છે. જેમકે હાલમા અણુ (molecule) પરમાણુ (atom) અને વિદ્યુતઅણુ (Electron) ની કલ્પના ધીમે ધીમે ઘણા પ્રયાસોથી વૃદ્ધિગત થઇ છે.

વિજ્ઞાન કેવળ કલ્પના નથી.

વિજ્ઞાનના સિદ્ધાન્તો જો કે કુદરતના કાયદા તરીકે લેખાય છે તો પણ એક રીતે તો મનુષ્યની કલ્પનાઓ છે. મનુષ્ય જ્ઞાનના વિકાસ સાથે આ કહેવાતા કાયદાઓ પણ વિકાસ પામતા જાય છે. પ્રાણીશાસ્ત્રમા ઉત્ક્રાન્તિનો કાયદો મનુષ્યના વ્યવહારમાથી જ જાગ્રત થયો છે. વિજ્ઞાન આવી રીતે શુદ્ધ પદાર્થનિષ્ઠ જ હોવાનો (objective) દાવો કરી શકે નહિ. કેમકે તે મનુષ્ય પ્રકૃતિના વિષયને ઘણે અંશે આધીન રહે છે, તો પણ તે કેવળ મનુષ્યની એકલી કલ્પના (બુટ્ટો) નથી એ સિદ્ધ છે. કેમકે અમુક ધૂમકેતુ પાછો ક્યારે આવશે અને અમુક પ્રકારનું ગ્રહણ ક્યારે થશે તે ખગોળશાસ્ત્રથી ચોક્કસ ગણી શકાય છે તેમ જ પ્રાણીશાસ્ત્રી મેન્ડેલીયનના નિયમથી જુદા જુદા રંગના કુતરાઓની પ્રજા કીયા રંગની થશે તેનું ભવિષ્ય ભાખી શકે છે. આટલા ઉપરથી જ આપણી ખાત્રી થાય છે કે વિજ્ઞાન એ કંઇ કેવળ કલ્પના નથી પણ પદાર્થના નિયમોનું ચોક્કસ જ્ઞાન છે.

વિજ્ઞાનનું ક્ષેત્ર.

વિજ્ઞાનનું ક્ષેત્ર આખા વિશ્વમા વ્યાપેલું હોઇ ઘણું વિશાળ છે. એટલે વિશ્વના બાહ્ય દરયોના નિરીક્ષણથી માંડીને ઠેઠ પ્રાણીઓ અને મનુષ્યના બુદ્ધિમય રાજ્યતંત્ર સુધી તેનું ક્ષેત્ર ફેલાયલું છે. પદાર્થ અને શક્તિના ભૌતિક અને રસાયણશાસ્ત્રીથી જેટલા નિયમો ચોક્કસાઇથી આજસુધી માલૂમ પડયા છે તેટલા ચોક્કસ નિયમો હજી જીવ સૃષ્ટિ વિષે આપણે અત્યારે જાણતા નથી. એટલે પદાર્થશાસ્ત્ર ઘણું વ્યવસ્થિત અને નિયમબદ્ધ જેટલું વિજ્ઞાન દૃષ્ટિએ જણાય છે તેટલુ ચોક્કસ જીવશાસ્ત્ર અત્યારે જણાતુ નથી. તોપણ આ વિષયમા પણ જેમ જેમ બારીક નિરીક્ષણ થઇ અભિવૃદ્ધિ થતી જાય છે તેમ તેમ આ શાસ્ત્ર પણ વિશેષ નિયમિત જણાતું જાય છે. વિજ્ઞાનનું વિશાળ ક્ષેત્ર હજી ઘણું જ થોડું ખેડાયેલું છે અને તેનો આપણી બુદ્ધિથી વિકાસ કરવામા તમામ કેળવાયેલી પ્રજાની વૃત્તિ પ્રેરાયેલી હોય છે.

વિજ્ઞાન અને ઇશ્વરભાવના.

વિજ્ઞાન આ પ્રમાણે હમેશા અજ્ઞાત ક્ષેત્રમા માથું મારે છે અને તેથી ઇશ્વરવાદીઓએ બંધ કરેલાં બારણાં ઉઘાડવા પ્રયત્ન કરતું સામાન્ય દૃષ્ટિએ જણાય છે અને તેને લઇ વિજ્ઞાન અને ઇશ્વરભાવનાનો વિરોધ દેખાય છે. ધાર્મિક ભાવના ઇશ્વરના અજ્ઞાત તત્ત્વવડે વિશ્વતંત્ર ચાલતું કલ્પી લે છે, જ્યારે વિજ્ઞાન આ અજ્ઞાત તત્ત્વને અજ્ઞેય માને છે. જેમ જેમ અજ્ઞાત

વસ્તુ વિજ્ઞાનથી જ્ઞાત પ્રદેશમા આવતી જાય છે તેમ તેમ અજ્ઞાત ક્ષેત્ર વિશાળ થતું જાય છે, અને અજ્ઞાતતત્ત્વ વિશેષ જ્ઞાન વડે જ્ઞેય થવાને બદલે વિશેષ અને વિશેષ અજ્ઞેય થતું જાય છે. ઇશ્વિરભાવના આ અજ્ઞાત તત્ત્વને સહજમાં સમજાવવા યત્ન કરે છે પણ વિજ્ઞાન તો તેની ચોક્કસાઇ કરી અજ્ઞાતને બને તેટલું જ્ઞાત કરવા મથે છે. આ ઉપરથી સમજી શકાશે કે વિજ્ઞાન કંઇ ઇશ્વિરભાવનાને તોડતું નથી પણ ઉલટું ઇશ્વરભાવનાને વધારે શુદ્ધ કરી વિશેષ જાગ્રત કરે છે. એટલે ઇશ્વરત્વ કોઇ રીતે જ્ઞાત થઇ શકતું નથી અને તે હમેશાં અજ્ઞેય હોઇ આપણી દીનતા સ્પષ્ટ કરી આપે છે.

વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન.

તત્ત્વજ્ઞાનની વૃત્તિ ઇશ્વરવાદીથી વળી નિરાળી જ છે. તે તો હમેશાં જ્ઞાત સૃષ્ટિનું એકીકરણ કરી અજ્ઞાતને સમજવા યત્ન કરે છે. એટલે જ્યાં વિજ્ઞાન અટકે છે ત્યાંથી તેની પાર તત્ત્વજ્ઞાન વિજ્ઞાનના સિદ્ધાંતોનું તત્ત્વ જોવા યત્ન કરે છે. આવી રીતે તત્ત્વજ્ઞાન જો કે વિજ્ઞાનના પાયા ઉપર ઉભું રહે છે ખરું, તોપણુ તેની કલ્પનાઓને અજ્ઞાત પ્રદેશમાં એટલી તો ઊંચે લઇ જાય છે કે વિજ્ઞાનનો પાયો આ મોટી ઇમારતનો ભાર ઝીલી શકતો નથી અને તેટલા પુરતો જ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો વિરોધ દેખાય છે. ટુંકામાં કહીએ તો ઇશ્વરવાદી અજ્ઞેયવડે અજ્ઞાતને સમજી જાય છે અને તત્ત્વજ્ઞાની જ્ઞાનના તત્ત્વવડે અજ્ઞાતને સમજાવે છે. જ્યારે વૈજ્ઞાની અજ્ઞાત પ્રદેશને ધીમે ધીમે ચોક્કસ રીતે સમજવા માત્ર પ્રયત્ન કરે છે અને તેથી કરીને અજ્ઞેયથી તો દૂર દૂર હમેશા જતો જાય છે.

વિજ્ઞાન અને મનુષ્યજીવન.

વિજ્ઞાનનો ઉદ્દેશ પ્રત્યેક વસ્તુનું રહસ્ય સમજવાનો છે અને એ જ્ઞાન મનુષ્યની મોટી શક્તિ થઇ પડે છે. તમામ વિજ્ઞાનના શાસ્ત્રો મનુષ્યના જીવનના નિત્ય ક્રમના અનુભવોના સમવેત (Concrete) જ્ઞાનમાંથી ઉદ્‌ભવેલાં છે અને તેની કેવલ (Abstract) કલ્પનાઓ પરથી મનુષ્ય જીવનના અનેક સુખ સાધનોની શોધ થઇ રહે છે. તાર વિનાના વિદ્યુત્‌ના સંદેશાઓ આંદોલનની કલ્પના ઉપરથી શોધાયા છે. દૂરથી વાત કરવાના યંત્રો શબ્દના આંદોલનોને લેહચુંબકવડે વિદ્યુત પ્રવાહ લઇ જાય છે. પ્રકાશ પૃથક્કરણ કરવાની વિદ્યાવડે દૂરના પદાર્થોનું સ્વરૂપ સમજાય છે અને વિદ્યુત પ્રવાહના એકસ X કિરણો વડે અપારદર્શક વસ્તુ પારદર્શક થઇ શકે છે. આ તમામ શોધો વિજ્ઞાનની કેવળ કલ્પનામાંથી શોધાએલી આ જમાનાની નવાઇ થઇ રહી છે. વિજ્ઞાન આવી રીતે મનુષ્યજીવનનું ઉપયોગી સાધન થઇ પડયું છે. તોપણુ તેનો ઉદ્દેશ તો અજ્ઞાતનું કેવલ જ્ઞાન મેળવવાનો જ છે.

વિજ્ઞાનના શુદ્ધ જ્ઞાનથી મનુષ્ય જીવનના એક પછી એક નવા સુખ સાધનો માટે નવો પ્રકાશ પડયા કરે છે. મન અને શરીરની તન્દુરસ્તીની વૃદ્ધિ કરવા માટે તેમજ કેળવણીના અને ખેતીનાં સાધનોની ઉત્પત્તિ માટે તેમજ માનસિક અને નૈતિક વિકાસ તરફ અને સૃષ્ટિના કુદરતી સાધનોનો વિવેકથી વિકાસ કરવા માટે વિજ્ઞાન વધારે ને વધારે પ્રેરણા

કર્યા કરે છે. વિજ્ઞાનનો શુદ્ધ હેતુ જો બરોબર સમજી સર્વ જ્ઞાનનું નિરીક્ષણ મનુષ્ય શુદ્ધ ભાવનાથી કર્યો જશે તો સત્ય અને ચિતનું પરમ તત્ત્વ સમજી અલૌકિક આનંદમાં મનુષ્ય જીવન કાળે કરી લીન થયા વિના રહેશે નહિ.

વિજ્ઞાનનો ઉદ્દેશ આ પ્રમાણે ઘણો સાત્વિક હોઇ તે સ્થૂલ દૃષ્ટિએ જો કે જડ ભાવન પ્રેરિત છે તોપણ તેનું ધ્યેય તો આધ્યાત્મિક અમૂર્ત તત્ત્વનું રહસ્ય ધીમે ધીમે સમજવા તરફ પ્રેરાયેલું છે.

૬ વિજ્ઞાન શાસ્ત્રનો પ્રસાર

(લેખકઃ—રા. રા. વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ)

ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનનો પ્રસાર કરવા માટે વારંવાર પ્રયત્ન કરવામા આવે છે. પણ આ સર્વ પ્રયત્નોમાં આપણને કંઇ યોજના જણાતી નથી. આ યોજના નક્કી થાય તો વિજ્ઞાનનો પ્રસાર વધારે સારી રીતે અને સરળતાથી કરી શકાય. દરેક પ્રયત્ન એ આ માળાનો એક મણકો છે. પણ આ પ્રયત્નનો પુરો લાભ પ્રજા લઇ શકે તો પ્રયત્ન કરનારને ઉત્સાહ રહે તેમજ વધારે ઉપયોગી અને સારૂં સાહિત્ય ઉત્પન્ન થાય. જેમ હાલના સમયમાં અંગ્રેજી ભાષાના થોડા જ્ઞાન વિના માણસ પોતાને શિક્ષિત માનતો નથી તેમ વિજ્ઞાનના જ્ઞાન વિના પણ શિક્ષિત સમજે નહિ એવું થવું જોઇએ.

વિજ્ઞાન શાસ્ત્ર શુદ્ધ જ્ઞાન હોવાથી કોઇ પણ પ્રજાને અથવા દેશને એના સર્વ હક્ક સ્વાધીન થતા નથી, તેમ કોઇ પણ દેશનું જ્ઞાન પોતાના સાહિત્યમા ઉતારવા કંઇ પણ સંકોચ કરવો નહિ. બગદાદના ખલીફોએ આઠની સદીમા સુશ્રુત અને ચરકનાં ભાષાન્તર કરાવ્યા તેમ યવન દેશોમાંથી ગ્રહોની ગણત્રી તેમ યંત્રો આપણા દેશમાં આવ્યાં. હાલના સમયમાં વિજ્ઞાન શાસ્ત્ર એ એક અદ્ભુત શાસ્ત્ર રહ્યું નથી. પણ માણસના સામાન્ય વ્યવહારમાં એનો ઘણો ઉપયોગ થાય છે. અને હિંદુસ્થાનમાં સર્વ સામાન્ય સ્થાન વ્યવહારમાં આચાર રૂપે ગણાતા ધર્મને આપવામા આવે છે, તે સ્થાન જો વિજ્ઞાનને મળે તો આપણા જીવનમાં ઘણો ફેરફાર થાય.

લોકોને વિજ્ઞાનનો રસ લાગવો જોઇએ. અત્યાર સુધી વિજ્ઞાન શાસ્ત્ર ત્રણ રીતે લોકોમાં ઓળખાય છે. લોકોપયોગી દવાઓ બનાવવાનું શાસ્ત્ર, ઔદ્યોગિક શાસ્ત્ર અને ત્રીજું આપણને ધર્મમાથી વિમુખ કરાવનાર વિષય. પણ વિજ્ઞાનને કુદરતમા બનતા બનાવો સમજવાના શાસ્ત્ર તરીકે લોકોમાં પ્રસિદ્ધ કરવા પ્રયાસ થવો જોઇએ. કયા પ્રદેશમા રાજ્ય-ક્રાન્તિ થઈ તે જાણવાની જેટલી ઉત્કંઠા સામાન્ય વાચકને હોય છે તેટલી ઉત્કંઠા કુદરતના બનાવો જાણવાને થવી જોઇએ. ટાપુઓમાં થએલા ધરતીકંપથી થયેલું નુકશાન જાણવાની લોકોની વધારે ઉત્કંઠા હોય છે. પણ એ ધરતીકંપ શાથી થયો એ જાણવા કોઇ ઇંતેજાર હોતું નથી. હેલીનો ધૂમકેતુ જ્યારે દેખાયો અને થોડા દિવસમાં ધૂમકેતુની પુંછડી ફરી ગઇ ત્યારે કોઇએ પણ આ બાબતમાં લેખ લખ્યો હોય એમ જણાતું નથી. જ્યારે ગ્રહણ આવે છે ત્યારે તે વિષે ભાગ્યે એકે લેખ આપણે જોઇએ છીએ.

આપણો દેશ વિજ્ઞાનશાસ્ત્રમાં ઘણો પછાત છે. છુટી છુટી કોલેજોની પ્રયોગ શાળાઓમાં વિજ્ઞાનની નવી માહીતી ભેગી થતી હશે તે સર્વે વિજ્ઞાન શાસ્ત્રના કોષમાં ચાલી જવાની. એમાં લોકોને રસ ઘણો જ ઓછો પડે: વિજ્ઞાન શાસ્ત્રને લોકમાં પ્રિય કરવા માટે એક એવી યોજના થવી જોઇએ કે લોકોને એમાં સ્વાભાવિક રસ પડે. અહીં એક બાબત યાદ રાખવાની છે. તે એ કે વિજ્ઞાનમાં જે વર્ગ વધારે શિક્ષિત છે તે પોતાને અનુકૂલ વિજ્ઞાન શાસ્ત્રની ચોપડીઓ અંગ્રેજી ભાષામાં વાંચી લેવાના.

આપણામાં એવા કોઇ વિજ્ઞાનશાસ્ત્રી નથી કે ગુજરાતીમાં લખાયેલા એમના પુસ્તકો કોઇ નવીન રસ અને ઉત્કંઠા ઉત્પન્ન કરે. દાખલા તરીકે આઇન સ્ટાઇને પોતાના સિદ્ધાંતો સહેલાઇથી સમજાવવા માટે અંગ્રેજીમા જે પુસ્તક લખ્યું છે તે દરેક સુશિક્ષિત વાંચક વાંચી લેવાનો પણ એના ગુજરાતી ભાષાંતરનો ઉપયોગ પણ કરે નહિ.

જેમ આપણે રોમ ગ્રીસ અથવા યુરોપનો ઇતિહાસ શીખીએ છીએ અને એના ઉપર વિવેચનો કરીએ છીએ. તેવી રીતે હાલમાં વિજ્ઞાન શાસ્ત્ર શીખવામાં તેમ જ શીખવવામા આવે છે; જાણે કે એ સર્વ યુરોપની પ્રયોગ શાળાઓનો એક ઇતિહાસ હોય. આ વિચારો જેમ ઓછા થાય તેમ આપણે પ્રયત્ન કરવો જોઇએ અને આપણી આસપાસ બનતા કુદરતના નાના મોટા બનાવો વિજ્ઞાન શાસ્ત્રના મત પ્રમાણે સમજાય તો વિજ્ઞાન શાસ્ત્ર લોકપ્રિય ને લોકોપયોગી થાય. અંગ્રેજી ભાષામાં પુસ્તકો દ્વારા તથા ચોપાનીઆમા આવતા લેખો દ્વારા વિજ્ઞાન શાસ્ત્રનો પ્રસાર કરવાના ઘણા પ્રયત્નો થાય છે એમાના એક પ્રયત્ન તરીકે R. P. A. Series ના પુસ્તકો સુપ્રસિદ્ધ છે. પણ ગુજરાતી સાહીત્યના હાલના સંજોગોમાં આ પદ્ધતિનાં પુસ્તકો વિજ્ઞાન શાસ્ત્રોને લોકપ્રિય કરવામાં કામ આવે નહિ. બીજાં Popular sciences નામનાં પુસ્તકો છે. આ તરેહના પુસ્તકોની જરૂરીઆત આપણુ સાહિત્યમા ઘણી છે અને એ યોજના પ્રમાણે જો પુસ્તકની માળા લખાય તો વધારે સારૂં. આપણો પ્રશ્ન બીજા દેશ કરતાં વધારે કઠણ છે. વિજ્ઞાન શાસ્ત્ર શું એનું પ્રજાને ભાન પણ નથી. એમને તો હજુ આપણા પુરાણોમાં આપેલી વાતો કબુલ કરવી છે.

આવાં પુસ્તકોની યોજનાનું અનુકરણ કરાય પણ અનુવાદ કરવો ઠીક નથી. દાખલા તરીકે Popular Science ના એક ગ્રંથમા પૃથ્વીના પડમાં ચાક છે અને એનો હાલમાં શો ઉપયોગ થાય છે તે વિષે નિચે પ્રમાણે લખ્યું છેઃ—

Strange still that he should rub it on the top of a cue, in order to screw a ball made of tusk of an eliphant which is it-self largely composed of Calcium.

બીલીઅર્ડનો બોલ રમતા ચાક લગાડવાની વાત લખી. આનું ભાષાંતર આપણી પ્રજાને કશુંએ કામ આવે નહિ. આરસપહાણને માટે કરારની ઇટાલીની સુપ્રસિદ્ધ ખાણોનું ચિત્ર અથવા વર્ણન આપણને શું કામ આવે ? આપણને તો જબલપુરના આરસપહાણ અથવા જેપુરની આરસની ખાણોનું વર્ણન વધારે જીજ્ઞાસા ઉત્પન્ન કરે. કબીરવડનું ચિત્ર આપી તેનું વર્ણન લખી એ કેવી રીતે વધ્યું અને એના થડ ઉપરથી અથવા આસ-પાસના દેખાતા થડ ઉપરથી કબીરવડને કેટલાં વર્ષ થયાં હશે અને એ કેવી રીતે ગણાય તે સર્વ બાબતો કોઇ પણ સુશિક્ષિતની જીજ્ઞાસા ઉત્પન્ન કરે અને એના સબંધીના લેખમાં વનસ્પતિ શાસ્ત્રના સિદ્ધાન્તો સામાન્ય વાચકના મનમાં પણ સચોટ ચોટી જાય.

લોકપ્રિય વિજ્ઞાન શાસ્ત્રના પુસ્તકોમાં હંમેશાં દેખાતા અને બનતા કુદરતના બનાવોનું વર્ણન આવવું જોઇએ. ઓરોરા બોરીઆલીસ એટલે ઉત્તર ધ્રુવ પ્રદેશમાં દેખાતી તેજની જ્યોત અથવા ગ્લેશીઅર્સ એટલે બરફની નદી વિગેરે ઉપરના લેખો સામાન્ય વાચકનું ધ્યાન ઝટ ખેંચી શકે નહિ પણ આપણા દેશનો મોટામાં મોટો કુદરતી બનાવ વર્ષા ઋતુનું આગ-

મન આપણે સમજાવીએ, તો તેમા વાચકને વધારે રસ પડે. વિજળી, વાદળાં ગર્જના, મેઘધનુષ, પવનનું બદલાવું એ સર્વ બાબત તરફ આપણું લક્ષ ખેંચાયલું રહે છે, ને તે વિજ્ઞાનની દષ્ટિએ સમજાવવું જોઇએ. વૃત્રાસુર અને ઇંદ્રનું યુદ્ધ વિગેરે વર્ણનો આ વર્ષા ઋતુ સંબંધીનાં વર્ણનો છે એ આપણે જાણીએ છીએ, અને એ વર્ણનો વેદના સમયથી ચાલતાં આવે છે. આ ઉપરથી એક નવો વિષય સુઝે છે તેની અહીં સૂચના કરવામાં આવે છે. તે એ કે આપણાં પુરાણો વિગેરે જુના પુસ્તકોમા જણાવેલા બનાવો વિજ્ઞાન શાસ્ત્રના આધારે સમજવા પ્રયત્ન થવો જોઇએ. રામાયણની અંદર ત્રિપંખુ આખ્યાન જે આપેલું છે તે ઉપરથી આપણને લાગે છે કે વિશ્વામિત્ર અને એ બ્રાહ્મણોએ દક્ષિણ ધ્રુવ શોધી કાઢયો હશે. જે નવી દુનીઆ વિશ્વામિત્રે ઉત્પન્ન કરી કહેવાય છે તે દક્ષિણ ધ્રુવની અથવા તો દક્ષિણ ધ્રુવ આગળના નક્ષત્રોની દુનીઆ છે. બીજો દાખલો આપણે રામ-સેતુનો લઇએ. આ સેતુ એ હિંદુસ્થાન અને લંકા વચ્ચે રહેલી મોટી "કોરલ રીફ" નું વર્ણન છે અને હાલ એ ડુબી ગઇ છે. ધ્રુવાખ્યાનમાં આપેલા છ મહિને પ્રગટ થતા વિષ્ણુનું દર્શન ઉત્તર ધ્રુવ પ્રદેશમાં છ મહિને દેખાતા સુર્ય દર્શનનું વર્ણન છે.

જે જે પ્રદેશોમા આકાશ નિર્મળ રહે છે ત્યા ખગોળવિદ્યાનું જ્ઞાન સહેલાઇથી વધે છે. આપણે ત્યાં પણ એમ જ છે. આપણું પંચાગ ચંદ્રની ગતિ ઉપર બનેલું છે. ખગોળ વિદ્યાએ આપણા જીવન ઉપર એટલી બધી ઉંડી અસર કરી છે અને કરે છે કે આપણાં સર્વ ધર્મકાર્યો તેમ જ વ્યવહારિક કાર્યો ચંદ્રની ગતિ અને એના આકાશમાં રહેલ સ્થાન ઉપર આધાર રાખે છે. ખગોળ વિદ્યાનું જ્ઞાન આપણે જેટલું ફેલાવીએ તેટલું ફેલાવી શકાય. લોકપ્રિય વિજ્ઞાન શાસ્ત્રની માળાની યોજનામાં પ્રથમ સ્થાન ખગોળ વિદ્યાને આપવું જોઇએ. ત્યાર પછી ઋતુ વર્ણન અને ખાસ કરીને વર્ષા ઋતુ કેવી રીતે આવે છે તે પણ બતાવવું જોઇએ. આના પછી ભૂગોળને સ્થાન મળવું જોઇએ. આવી ભૂગોળમાં શહેરનાં વર્ણન અથવા કયો પર્વત ક્યા આવ્યો છે તેનું કાંઇ કામ નથી, પણ મોટા ધોધો, મોટાં રણ, ઉના પાણીના ઝરાઓ, પાતાળ કુવાઓ વિગેરે જુદા જુદા સ્થાનોનું વર્ણન અને ચિત્ર આપવાં જોઇએ; અને આ કુદરતી બનાવો વિજ્ઞાન દષ્ટિએ સમજાવવા જોઇએ. આપણે જોઇએ છીએ કે આવાં ઘણા સ્થાનો આગળ એક નાનું મંદિર અથવા કંઇ બાધા આખડીનું સ્થાન હોય છે. પણ એને ધર્મના નામે ચાલતા વહેમમાથી બદલી ખરા વિજ્ઞાન શાસ્ત્ર સમજાવવાના કુદરતી બનાવ તરીકે ઓળખાવવા પ્રયત્ન થવો જોઇએ. આ વિષય જો બરાબર ખીલવવામા આવે, તો ઘણો જ રસિક થઇ પડે તેમ છે. આ બધા બનાવો કુદરતી બનાવો છે એમ લોકો સમજતા થાય. આ કામમાં ઘણાઓની મદદની જરૂર પડે. જુદી જુદી જગ્યાઓનાં સાચાં વર્ણન, છબીઓ, વિગેરે ભેગાં કરી એને સામાન્ય વાચક સમજી શકે એવી રીતે ગોઠવવા જોઇએ. દાખલા તરીખે આબુની ટળેટીમાં આવેલો અંબાજી પાસેનો ગબ્બર એ એક શાન્ત થએલો "જવાળામુખી" છે એમ હું માનું છું. ત્યાં દેખાતી સુવર્ણ રેત લોખંડ છે; પણ સોનું નથી. માતાના કોપથી નાશ થએલા કુંભાળીઆના મંદિરો એ એક વખતના જવાળામુખી અથવા ધરતીકંપથી પડી ગએલા મંદિરોનું વર્ણન આપે છે. આબુ ઉપરનું નખી તળાવ એ શાન્ત થએલા જવાળામુખીના મુખમાં ભરાએલું પાણી છે. આવી રીતે ઘણા દાખલાઓ મળી રહે છે.

આ પછી વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર લેવાં જોઇએ. આપણો પ્રદેશ ઘણો જ સપાટ છે અને એથી વનસ્પતિમાં મોટા ઝરાઓ દેખાતા નથી. છતાંએ મુબઇથી ઉત્તરે આવતા આપણને દરીયા કિનારાના તાડો દેખાય છે. અને ધીમે ધીમે તે તાડો દેખાતા બંધ થાય છે. પછી ગુજરાતના ઘટ છાયાનાં વૃક્ષો દેખાય છે. આગળ મુસાફરી કરીએ તો ઉત્તર હિંદુસ્થાનના એકદમ સીધા અને ઉંચા દેવદાર વગેરે ઝાડો દેખાય છે. એટલે વનસ્પતિમાં થતો પ્રદેશ વાર ફેરફાર દેખાડી શકાય; એટલે પ્રદેશ વાર વનસ્પતિમા કેવો ફેરફાર થાય છે એ સમજાવી શકાય. આ ઉપરાત ફુલોનાં વર્ણન, તેમના રંગ સુગંધ તેમ જ જળકમલો લીલ વિગેરેના સચિત્ર વર્ણનો આપી વનસ્પતિ ઉત્પત્તિ તેમ જ તેનો ફેલાવો કેવી રીતે થાય છે, ફળ શું છે, શા માટે રંગિત હોય છે, વિગેરે સમજાવાય. પપૈયા જેવા નરમાદા વૃક્ષોનું વર્ણન ધ્યાન ખેંચી શકે. આ ઉપરાત કૃત્રિમ રીતે ફુલોના રંગો કેવી રીતે બદલાવાય તેમ જ એક ફુલના છોડ ઉપર બીજા છોડની કલમ કેવી રીતે થાય વિગેરે લોકોપયોગી બાગબગીચાને કામ લાગે એવા દાખલાઓ આપી વિષયને રસિક બનાવી શકાય. લજામણીનો છોડ, અને તેના પાદડાનું બંધ થવું. સુર્યમુખી ફુલનું ફરવું, મોટા ચદર જેવા ઝાડોના પાદડાના બીડાવાથી ઝાડોની નિદ્રા અવસ્થા પણ દેખાડી શકાય અને પ્રોફેસર બોઝ વિગેરે શાસ્ત્રીઓના પ્રયોગોનો પણ અહિં સારી રીતે ઉપયોગ થઇ શકે. જીવાત ઉપર રહેતા છોડ કે ઝાડ ગુજરાતમા છે કે નહિ એની મને બરાબર ખબર નથી, પણ અમરવેલ કેવી રીતે બીજા ઝાડના રસનું શોષણ કરી પોતાનું પોષણ કરે છે અને તેથી તેને પાદડાંની જરૂર નથી વિગેરે બાબતો દર્શાવી વનસ્પતિ કેવી રીતે પોતાનો ખોરાક મેળવે છે એ વિષય આણી શકાય. પ્રાણીશાસ્ત્રમાં ગરોળી, મગ્ગર, કાચબો, દેડકો, ઉંટ, વિગેરે પ્રાણીઓના વર્ણન આપી શા માટે એ જનાવરો એવાં સ્થાનોમા રહે છે, વિગેરે સમજાવી શકાય અને એ રીતે પરિસ્થિતિથી થતા પરિણામોનો કંઇક અણશારો અપાય. અને મનુષ્યનું પ્રાણીમાં શું સ્થાન છે એ જણાવી શકાય.

આપણા સામાન્ય વ્યવહારમા આવતા બનાવો ઉપરથી શક્તિ શાસ્ત્ર અને રસાયણ શાસ્ત્રનું જ્ઞાન આપવું જોઇએ. સહેલા દેખાતા બનાવો સમજવા અને સમજાવવા ઘણા કઠણ છે. પાણીમા ખાંડ ઓગળે તો શુ થાય છે, એ સમજાતું નથી. વસ્તુ પૃથ્વી ઉપર કેમ પડે છે એ સમજાવવુ ઘણુ જ કઠણ છે અને એ એટલો બધો હરહંમેશનો બનાવ થઇ ગયો છે કે એ તરફ માણસનું લક્ષ જાય નહિ. વિજ્ઞાનશાસ્ત્ર અથવા કોઇ પણ શાસ્ત્રનું જ્ઞાન મેળવવાને માણસે ઉત્સુક રહેવું જોઇએ. ટેલીફોન, તાર, મોટર, ગ્રામોફોન, છબીઓ, વીજળીના દીવા, વીજળીના પંખા, બલુન, એરોપ્લેન, એન્જીન આ બધાં કેવી રીતે ચાલે છે અને તેની યાન્ત્રિક રચનાઓ સમજાવી, તેમાં રહેલા વિજ્ઞાનશાસ્ત્રના નિયમો સહેલાઇથી સમજાવી શકાય. રસાયણશાસ્ત્રના આવા દાખલાઓ ઝટ મળતા નથી, અને તેથી રસાયણશાસ્ત્રને લોકપ્રિય ભાષામા ઉનારતાં ઘણી મુશ્કેલીઓ નડે છે. દીવાસળી, ફટાકા, દીવો વિગેરે કેટલાં દષ્ટાંતો આપી થોડું ઘણું સમજાવી શકાય.

વિજ્ઞાન શાસ્ત્રની લોકપ્રિય માળા કેવી થવી જોઇએ અને સામાન્ય વાચકને રસિક થઇ પડે તેની યોજના ઉપર જણાવી છે. આ યોજના પૂર્ણ નથી પણ વ્યવહારૂ છે અને આવી એક યોજના નિશ્ચય કરી ઘડી કાઢવામા આવે અને તેને માટે વિષયો મેળવવાનો સતત

પ્રયાસ થાય તો ધીમે ધીમે ગુજરાતી સાહિત્યમા વિજ્ઞાન શાસ્ત્રની લોકપ્રિય માળાઓ નીકળે. આપણા દેશમાંના ઉના પાણીના ઝરાઓ, જબલપુર માર્બલ રોક્સ જેવા દેખાવો, રણનાં વર્ણનો વિગેરે વિષયો ઉપર છુટક છુટક નિબંધો મળી શકે અને તે ભેગા કરી તેનો ઉપયોગ આવી માળામા કરાય તો બસ છે. તાઢ કેમ પડે છે, શીયાળામાં સુર્યનો તડકો કેમ ઝાંખો રહે છે, વાદળાંઓ કેમ થાય છે, એવા પ્રશ્નો સમજાવતાં વિજ્ઞાન શાસ્ત્રની માહીતી સારી અપાય અને પ્રજાનું ધ્યાન વિજ્ઞાનશાસ્ત્રમા વધારે ને વધારે રહે.

કુદરતના આવા બનાવો કુદરતના નિયમના આધારે ચાલે છે અને એમાં ઇશ્વર ઇચ્છા જેવું કાંઇ નથી એવો પ્રજામત કેળવાય તો બસ. ઉપરાંત કુદરતના નિયમો જાણ્યાથી કુદરતની શક્તિઓ આપણા કાબુમા આવે છે એ વાત લોકોને બરાબર સમજાવી શકીએ તો સારૂં. આ બધા ઉપરાન્ત સેંકડો વર્ષથી બંધ પડી ગએલી વિજ્ઞાનની ઉત્સુકતા જાગ્રત કરીએ અને કુદરતનું દીર્ઘ દર્શન કરતા લોકો શીખે તો લોકપ્રિય વિજ્ઞાન શાસ્ત્રના લેખોનું સાર્થક થાય અને પોતાના ખેતરમાથી જોતા એક ખરતા તારાને અપશુકન ન ગણતા એ ખરતો તારો કયાં પડયો હશે તેનો વિચાર આપણા દરેક દેશબંધુને આવે ત્યારે જ વિજ્ઞાન લોકપ્રિય થયુ ગણાયુ.

૭ સમાજ–શાસ્ત્ર.

(લેખકઃ–રા. રા. માધવપ્રસાદ નવીનતરાય મજમુદાર.)

સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ.

સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપવા કરતા વર્ણન આપવું વધારે સહેલું છે અને યોગ્ય થઇ પડશે, કારણ કે વિજ્ઞાન–મંડળમા છેલ્લી બે ત્રણ પેઢીથી સતત ઉમેદવારી કર્યા છતાં આ શાસ્ત્રનો યથાર્થ ધર્મ કે ધ્યેય કે કાર્ય પ્રદેશ કે પદ્ધતિ શું છે તે હજી વિવાદાત્મક છે. જેવી રીતે બીજાં વિજ્ઞાનોને પોતપોતાનું ક્ષેત્ર (અભ્યાસ–વસ્તુ) હોય છે તેમ સમાજ શાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર સમાજ છે. જો કે પદ્ધતિપુરઃસર વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રની ગણના હાલ જ થવા માડી છે, તો પણ સમાજની ઉત્પત્તિ, ઉત્ક્રાંતિ, ધર્મ અને ધ્યેય શું છે તે સમજવા જૂના કાળથી વત્તા ઓછા અગત્યના પ્રયત્નો થયા વિના રહ્યા નથી. નવાઇની વાત એ છે કે પાશ્ચાત્ય દેશોમા સમાજ વિશે થયેલા સૌથી પ્રથમ નિરૂપણમા સૌથી ભવ્ય કલ્પના સમાયલી છે, અને આજના વિદ્વાન અને બાહોશ પંડિતો અને સંશોધકોથી થતા નિરૂપણમા પણ એટલી ભવ્ય કે આકર્ષક કલ્પના જોઇ શકાતી નથી; અથવા કેટલીક વખત એવી નવા જમાનાની કલ્પનામા જે કાઇ આકર્ષક કે પ્રૌઢ તત્ત્વ હોય છે તે એ આદિ નિરૂપણના પડઘારૂપ હોય છે. એ ભવ્ય કલ્પનાનો જનક ગ્રીક ફીલ્સુફ પ્લેટો (Plato) હતો. એના " રિપબ્લીક " નામના ગ્રંથમાં, આદર્શ સમાજનું નિરૂપણ કરતાં સમાજજીવનના પ્રત્યેક વિશેષ કાર્ય વિભાગથી અતીત થઇ સમસ્ત સમાજની સમાજ તરીકે ઉત્પત્તિ શી રીતે થઇ, તેના ધર્મો શુ છે, અને તેના ધ્યેયો શુ છે તે બતાવવા પ્લેટોએ ભવ્ય પ્રયાસ કર્યો છે. સમાજની નૈતિક, આર્થિક અને રાજકીય પ્રવૃત્તિઓ એક બીજા સાથે કેવી રીતે સંકળાઇ રહેલી છે, સમાજ કેવી રીતે અવિભાજ્ય એકત્રરૂપ હોઇ તેના ખંડો પાડી શકાય નહિ કે પૃથક્ પૃથક્ સમજી શકાય નહિ, સમાજના જુદા જુદા વર્ગો કેટલે દરજ્જે અન્યોઅન્યને અવલંબીને સહકારથી વર્ગનું, વ્યક્તિનું અને સમાજનું અંતિમ હિત સાધી શકે છે, તે પ્લેટોના રિપબ્લીકમા ઘણું જ સુંદર અને આકર્ષક અને અનુપમ રીતે ચર્ચાયુ છે. સમાજના કેટલાક અગત્યના પ્રશ્નો, જેવા કે લગ્નનું સ્વરૂપ અને ધર્મ, રાજ્યસંસ્થાનું સ્વરૂપ, સમાજજીવન માટે જોઇતી મજુરીની થવી જોઇતી વ્યવસ્થા વગેરે જે મુદ્દાઓ પ્લેટોએ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ઉભા કર્યા હતા તેનો સંતોષકારક જવાબ હજીએ ફીલ્સુફોએ કે સુધારકોએ કે રાજ્ય–મુત્સદ્દીઓએ આપ્યો નથી. પ્લેટોનો પોતાનો જ પટ્ટ શિષ્ય એરિસ્ટોટલ પણ પ્લેટોની કલ્પનાની પૂર્ણ ભવ્યતા સાચવી કે સમજી શક્યો નથી, અને સમાજજીવનની વ્યાપકતા ગ્રહણ કરવાને બદલે, જીવનના અનેક વિભાગો જ ધ્યાનમાં રાખી રાજકીય પ્રવૃત્તિ, નૈતિક પ્રવૃત્તિ વગેરે સમાજજીવનના વિશેષ સ્વરૂપોનું જ એ નિરૂપણ કરી શક્યો હતો. એરિસ્ટોટલ ફીલસુફ કરતા વિજ્ઞાન–પંડિત વધારે દરજ્જે હતો, એટલે એણે સમાજજીવનનું વિભક્તિકરણ કરી નિરૂપણ કર્યું એ સ્વાભાવિક છે. એરિસ્ટોટલ પછી સમાજના પ્રશ્નોનું સંશોધન કરનારાઓએ એ જ પદ્ધતિ પકડી સમાજજીવનના માત્ર અમુક વિશેષ સ્વરૂપ કે પક્ષ પર જ ધ્યાન આપ્યું. પ્રાચીન રોમના અનેક પંડિતોએ ધારાશાસ્ત્ર

અને રાજ્યવ્યવસ્થાને લગતો અભ્યાસ આગળ વધાર્યો અને "તમોયુગ" માં ચુસ્ત કાઇસ્ટ માર્ગની અંધ–શ્રદ્ધાથી ભરપૂર ધર્મભાવનામાં આખું યુરોપ તરબોળાઇ રહ્યું હોવાથી ધર્મ સિવાય કોઇ પણ વિષયનો અભ્યાસ કે સંશોધન આગળ વધ્યાં નહિ. આશરે સોળમી સદીથી યુરોપીય નવજીવન શરૂ થયુ. તેની જોડે વિજ્ઞાન–ભાવના ફાટી નીકળી અને આગામી (વ્યાપ્તિ ન્યાય) પદ્ધતિએ અનેક વિષયોનો અભ્યાસ આગળ વધ્યો. ભૌતિક શાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, જીવવિદ્યા–એમ એક પછી એક વિજ્ઞાનો ધર્મભાવનાની ગુલામીથી સ્વતંત્ર બની વિકાસ પામ્યાં અને જોડે સમાજજીવનને લગતા કેટલાંક વિશેષ–શાસ્ત્રો તરફ ધ્યાન અપાવા લાગ્યું. હૉબ્સ (Hobbes), હ્યૂમ (Hume), લૉક (Locke), કાન્ટ (Kant) વગેરે ફીલસુફોએ, રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ધર્મમીમાંસા વગેરે સમાજ-જીવનનાં વિશેષ સ્વરૂપોને લગતાં નિરૂપણો ઉપાડી લીધાં અને અઢારમી સદીના મધ્ય ભાગમાં અર્થશાસ્ત્રના જનક ગણાતા ઍડામ સ્મિથે (Adam Smith) "રાષ્ટ્રોની સંપત્તિ" (Wealth of Nations) નામના મશહૂર ગ્રંથમાં સમાજશાસ્ત્રના અભ્યાસમા અત્યંત અગત્યના અર્થશાસ્ત્રના પ્રશ્નો ચર્ચવા ઉપરાંત સમાજ વિકાસને લગતા કેટલાક પ્રશ્નો પર પણ કાંઇક પ્રકાશ નાંખ્યો. પણ પ્લેટો પછીના એ બધા પ્રયત્નોથી સમાજશાસ્ત્રની ઉત્પત્તિ થઇ કહી શકાય નહિ. રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર વગેરે સમાજજીવનના અમુક વિશેષ સ્વરૂપ ઉપર ધ્યાન આપતાં વિજ્ઞાનો છે. પરંતુ સમાજજીવનની વ્યાપકતા અને અવિભાજ્યતા સ્વીકારી તેનો અભ્યાસ કરવાની જરૂર રહી હતી. ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં સમાજશાસ્ત્રના જનક ગણાતા ફ્રેંચ વિદ્વાન ઑગસ્ટે કૉંતે (Auguste Comte), સમાજ એકરૂપ હોઇ તેની ઉત્પત્તિ અને તેમાં થતા રૂપાંતરો આગામી એટલે વ્યાપ્તિ ન્યાયની પદ્ધતિએ બીજાં કુદરતી વિજ્ઞાનોની માફક થઇ શકે છે એ કલ્પના યુરોપના વિદ્વાન વર્ગ સમક્ષ મૂકી. કૉંતને સમાજશાસ્ત્રનો જનક ગણવો કે કેમ તે કદાચ વિવાદાત્મક રહેશે પણ કૉંત "સોશીઑલૉજી (Sociology)" એ શબ્દનો પિતા છે એ નિર્વિવાદ છે. ઇ. સ. ૧૮૩૯ માં એ શબ્દ ("સોશીઑલૉજી") "સામાજિક દૃશ્યોને લગતા સર્વ મૂળભૂત નિયમોનો હકીકતની દૃષ્ટિએ અભ્યાસ" (Positive study of all the fundamental Laws proper to Social phenomena) એ અર્થમા વાપર્યો અને ત્યારથી સમાજ શાસ્ત્રના અભ્યાસ તરફ વધારે અને વધારે ધ્યાન ખેંચાતું જાય છે. કૉંત માનતો કે જે રીતે આગામી પદ્ધતિથી સ્થૂલ સૃષ્ટિને લગતા નિયમોનું કાર્યકારણ નિયમથી એકીકરણ કરવા ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, પ્રયત્ન કરે છે; તે જ પ્રમાણે સામાજિક દૃશ્યોને જે નિયમો લાગુ પડે છે, તેનો પણ આગામી પદ્ધતિએ અભ્યાસ કરી શકાય અને એવા અભ્યાસને પરિણામે સમાજમાં થનાર ભાવી ફેરફારોને આપણે આગળથી જ ચોક્કસ ગણત્રી કરી સમજી શકીએ. કૉંતનો આગ્રહ એ હતો કે જેમ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરતા કુદરતી નિયમો આપવામાં આવે છે અને કુદરતના ક્રમથી અતીત પંક્તિની કોઇ પણ ગુપ્ત શકિતને માનવામાં આવતી નથી તે જ પ્રમાણે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરતાં, આર્થિક, રાજકીય અને ધાર્મિક બાબતોમાં ઘણી વાર માનવામા આવે છે એવી અતીતધર્મી ગુપ્ત શક્તિઓ વિશેની માન્યતાનો બહિષ્કાર કરી બીજાં વિષયગત (Objective) વિજ્ઞાનો માટે વાપરવામા આવે છે તે જ આગામી પદ્ધતિ વાપરવી જોઇએ.

કૉંટ પછી ૧૯ મી સદીના ઉત્ક્રાંતિવાદીઓએ, અને તેઓમાં વિશેષ કરીને હર્બર્ટ સ્પેન્સરે સમાજશાસ્ત્રનો અભ્યાસ આગળ વધારી તેનો પ્રચાર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો છે. સ્પેન્સરના મત પ્રમાણે જે ઉત્ક્રાંતિ નિયમ સ્થૂલ પદાર્થો, વનસ્પતિઓ, સેંદ્રિય વસ્તુઓ (Organisms) અને આખા વિશ્વ ઉપર વ્યાપી રહ્યો છે તે જ નિયમથી સમાજમાં વિકાસ થતો જાય છે. ઉત્ક્રાંતિવાદમા સમાયલા "કુદરતી પસંદગી" (Natural selection) અને "પરિસ્થિતિ અનુસાર પરિવર્તન" (adjustment to environment) ના નિયમો સમાજજીવનને પણ લાગુ પડે છે અને સમાજશાસ્ત્રી માત્ર કુદરતના કાર્ય–કારણ નિયમ અનુસાર જ સમાજનો યથાર્થ અભ્યાસ કરી શકે છે. એ મત કહે છે કે મનુષ્યસમાજમાં એવું કાંઇ પણ વિશેષ નથી કે જે મનુષ્ય સિવાયના બાકીના વિશ્વમાં ન હોય, જેથી મનુષ્યસમાજનો અભ્યાસ વિશ્વવ્યાપક ઉત્ક્રાંતિ સિદ્ધાન્તને આધારે જ અને તેની પદ્ધતિએ જ થઇ શકે.

સ્પેન્સર પછી અનેક વિદ્વાનોએ સમાજશાસ્ત્રના યથાર્થ સ્વરૂપ સમજવા પ્રયત્ન કર્યા છે, જે બધા એક સરખા અગત્યના નથી. ચાલુ જમાનામા પ્રોફેસર વૉર્ડ અને પ્રોફેસર ગીડીંગ્સ (Giddings) બે સમાજશાસ્ત્ર–વિશારદો ગણાય છે. પ્રો. વૉર્ડ સમાજશાસ્ત્રના પિતા પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવતા જણાય છે અને પોતાના ગુરુના સિદ્ધાન્તોનું ઘણી વિદ્વત્તાથી બને એટલું સમર્થન કરી રહ્યા છે. પ્રો. વૉર્ડ પણ કૉંતની માફક માને છે કે સમાજવિકાસના નિયમો આગામી પદ્ધતિએ સમજી શકાય અને એ નિયમના જ્ઞાનથી ભવિષ્યમા થનારા સામાજિક બનાવો આગળથી જાણી શકાય અને તેનું આપણા ધ્યેયો પ્રમાણે નિયંત્રણ પણ થઇ શકે. પ્રો. ગીડીંગ્સ એ સિદ્ધાન્તને સ્વીકારતા નથી અને બાહ્ય સૃષ્ટિમાં વ્યાપી રહેલા કેટલાક નિનમો સમાજવિકાસને પણ લાગુ પડે છે એ સ્વીકાર્યા છતા કહે છે કે સામાજિક દશ્યોની વિશિષ્ટતા એ છે કે એની અંદર જાતિચેતના સમાયલી હોય છે અને એ જાતિચેતનાને લીધે જ બધી મુખ્ય સામાજિક પ્રવૃત્તિઓ ઉદ્‌ભવે છે. પ્રો. ગીડીંગ્ઝ કહે છે કે જાતિચેતના એવી વસ્તુ છે કે સ્થૂલ સૃષ્ટિના નિયમો કે ઉત્ક્રાંત નિયમને તે તાબે થતી નથી, પણ સ્વતંત્ર ધોરણે ઉદ્‌ભવે છે અને વિકાસે છે. જાતિચેતનાથી ઉદ્‌ભવતી પ્રવૃત્તિઓનો સ્થૂલ સૃષ્ટિના રૂપાતરો માફક, માત્ર આગામી પદ્ધતિએ અભ્યાસ થઇ શકે નહિ માટે સમાજશાસ્ત્રને તત્ત્વજ્ઞાનની માફક માત્ર કલ્પનાત્મક તર્ક (Speculation) વિના ચાલે એમ નથી.

વિજ્ઞાનોનું હકીકત દૃષ્ટિએ અભ્યાસને ધોરણે કૉંતે કરેલું વર્ગીકરણ.

આ રીતે સમાજશાસ્ત્ર નામનું જે નવું વિજ્ઞાન ઉભું થયું છે તેને વિજ્ઞાન–મંડળમાં ચોક્કસ કયે દરજ્જે સ્થાન છે તે નક્કી કરવા ઘણા પ્રયત્ન થયા છે. કૉંતે વિજ્ઞાનોનું વર્ગીકરણ કરી તેમાં સમાજશાસ્ત્રને જે સ્થાન આપ્યું તે બાબત ઘણી ચર્ચાઓ થઇ છે. કૉંતે કહ્યું છે કે જ્ઞાનપ્રગતિ માટે પ્રયત્ન કરતાં વિજ્ઞાનો અંતર્મુખદષ્ટિની પદ્ધતિએ અથવા અતીતાત્મક તત્ત્વજ્ઞાનની માફક કલ્પનાત્મક તર્ક (Speculation) થી આગળ વધી શકે નહિ, પણ એવા વિજ્ઞાનોએ કુદરતી દશ્યોના અવલોકન ઉપરથી આગામી (વ્યાપ્તિન્યાયી) પદ્ધતિથી

વ્યાપક નિયમો શોધી કાઢવા જોઇએ અને જરૂર પડે તો એ વ્યાપક નિયમો ઉપરથી જે અનુમાનો સપ્રમાણ મળી શકે તેનો ઉપયોગ કરવો જોઇએ. કૉંત કબૂલ કરે છે કે એ પદ્ધતિએ મનુષ્યની જ્ઞાનમર્યાદા અંકાઇ જાય છે અને માણસની બુદ્ધિની અલ્પતા તથા વિશ્વની મહત્તા કે અનંતતાને લીધે એ પદ્ધતિથી મળતું બૌદ્ધિક (Rational) જ્ઞાન અપૂર્ણ જ હોય. છતાં પણ કૉંત કહે છે કે સંભાળથી અને શ્રમથી કુદરતી વિજ્ઞાનોને ધોરણે અને પદ્ધતિએ જ્ઞાનપ્રગતિ સારી રીતે સાધી શકાય અને વધારે અને વધારે વ્યાપક કુદરતી નિયમોનું સંશોધન કરી ઉત્તરોત્તર વિશાળ વિજ્ઞાનોની શ્રેણિ રચી શકાય. કૉંત કહે છે તે આગામી પદ્ધતિની વિશિષ્ટતા એ છે કે એની મદદથી જે નિયમોનું જ્ઞાન સંપાદન થઇ શકે તે કલ્પના દૃષ્ટિએ નહિ પણ ચોક્કસ દૃષ્ટિએ (Positive) વિગતોની સાથે યથાર્થ અર્થાત્ સપ્રમાણ (Verified) હોય છે. આગામી પદ્ધતિએ સ્થાપવામા આવેલાં વિજ્ઞાનોમાં વધતે ઓછે અંશે રહેલા એ હકીકતસિદ્ધતાના ગુણને આધારે કૉંત એવા વિજ્ઞાનોની ક્રમપરંપરા ગોઠવવા પ્રયત્ન કરે છે. સૌથી વધારે પ્રમાણીકૃત અને હકીકતસિદ્ધ વ્યાપ્તિઓ ગણિત શાસ્ત્રમાં સમાયલી છે. તેથી ગણિતશાસ્ત્રને બીજાં બધા હકીકત-આત્મકવિજ્ઞાનોની તુલના કરવા ધોરણરૂપ ગણી, કૉંતે બધા વિજ્ઞાનોને નીચેના ક્રમમા ગોઠવ્યા.

ધોરણ--ગણિતશાસ્ત્ર —	ખગોળશાસ્ત્ર Astronomy
	ભૌતિકશાસ્ત્ર Physics
	રસાયનશાસ્ત્ર Chemistry
હકીકત દૃષ્ટિએ અભ્યાસનું	જીવ વિદ્યા Biology
	સમાજશાસ્ત્ર Sociology

વિજ્ઞાનોની એ ક્રમપરંપરા ગોઠવવામા કૉંતનો શુ આશય હતો તે સમજવાની જરૂર છે. (૧) હકીકતસિદ્ધતા અને પ્રમાણીકરણની દૃષ્ટિએ ખગોળશાસ્ત્ર જેટલી હકીકતસિદ્ધતા ભૌતિકશાસ્ત્રમા નથી અને ભૌતિકશાસ્ત્ર જેટલી રસાયનશાસ્ત્રમાં નથી. એ રીતે જણાઇ આવે છે કે આ ક્રમમા જેમ પરંપરા આગળ વધતી જાય છે તેમ હકીકતસિદ્ધતા ઓછી અને અચોક્કસ થતી જાય છે. (૨) એ પરંપરામાં ગોઠવેલાં વિજ્ઞાનો જનક-જાત ક્રમ (*order of filiation or genetic order*) મા ગોઠવાયેલા છે, એટલે કે, જે શાસ્ત્રના વ્યાપક નિયમોમાથી બીજું શાસ્ત્ર ઉદ્‌ભવે તેવા ઉત્પાદક શાસ્ત્રને પ્રથમ ગોઠવી તેમાંથી ઉદ્‌ભવતું શાસ્ત્ર, તેની પછી જ ગોઠવવામાં આવ્યું છે. ગણિતશાસ્ત્રના વ્યાપક નિયમોમાંથી ખગોળશાસ્ત્ર ઉદ્‌ભવે છે, અને ખગોળશાસ્ત્રના વ્યાપક નિયમોમાથી ભૌતિકશાસ્ત્ર ઉદ્‌ભવે છે અને તે જ પ્રમાણે આખી પરંપરા હકીકતસિદ્ધતા ઉપરાંત જનક-જાત સંબંધ પ્રમાણે રચાઇ રહી છે. જેમ વંશાવળીમા બાપના નામ નીચે તેના છોકરાનું નામ આવે છે તેમ આ પરંપરામાં ઉત્પાદક વિજ્ઞાનની નીચે તેમાંથી ઉત્પન્ન થતું વિજ્ઞાન ગોઠવાયેલું છે એમ કૉંત કહે છે. અલબત્ત, કૉંતના કહેવાનો આશય એ ન હતો કે આ પરંપરામા ગોઠવેલાં વિજ્ઞાનોમા જનક વિજ્ઞાન એક ખંડ તરીકે એની હેઠળ ગોઠવેલ જાત વિજ્ઞાનોમા ગણવું જોઇએ. ખગોળશાસ્ત્ર જો કે ગણિતશાસ્ત્રમાંથી ઉદ્‌ભવે છે તો પણ ગણિતશાસ્ત્રનો વિભાગ નથી, તેમ ભૌતિકશાસ્ત્ર પણ ખગોળ શાસ્ત્રનો વિભાગ નથી, અને સમાજશાસ્ત્ર પણ જીવવિદ્યાનો વિભાગ નથી. ઉપરની ક્રમ-

પરંપરા માત્ર વિજ્ઞાનોનો ઉત્પત્તિક્રમ સૂચવે છે અને એ ક્રમમાં જે વિજ્ઞાનો આગળ વધેલું સ્થાન ભોગવે છે તે વધારે સંકીર્ણ સ્વરૂપ પામ્યાં હોય છે. ખગોળશાસ્ત્ર કરતાં ભૌતિકશાસ્ત્ર વધારે ગુંફિત કે સંકીર્ણ અને તેના કરતા રસાયનશાસ્ત્ર વધારે સંકીર્ણ છે. (૩) વળી, આ ક્રમમાં વિજ્ઞાનોનું વર્ગીકરણ કર્યાથી એમ નથી સમજવાનું કે એ સિવાય બીજાં કોઇ વિજ્ઞાનો છે જ નહિ. પણ એ વિજ્ઞાનોને જે જ્ઞાન પ્રદેશમા નીસ્બત છે, તે પ્રદેશમાં આ વિજ્ઞાનો સૌથી વધારે વ્યાપક છે અને એવા પ્રદેશનાં બીજાં પેટા-વિજ્ઞાનો અને વિશેષ-વિજ્ઞાનો આ વ્યાપક વિજ્ઞાનોની તળે સમાવી શકાય છે. દાખલા તરીકે, આ વિજ્ઞાનક્રમમાં, ભૂગોળવિદ્યા, ભૂસ્તરવિદ્યા, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર કે કેળવણીશાસ્ત્ર બતાવ્યાં હોય એમ લાગતું નથી. પણ ખરૂં જોતા, એ બધાને આ જ પરંપરામાં એક કે બીજા વ્યાપકવિજ્ઞાનના મથાળા હેઠળ ગોઠવી શકાય છે. ભૂગોળવિદ્યા અને ભૂસ્તરવિદ્યા ખગોળશાસ્ત્રના વર્ગમાં પડે છે, અને અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને કેળવણીશાસ્ત્ર એ બધા સમાજશાસ્ત્રના વર્ગમા પડે. એ રીતે બધાં જ અમૂર્ત વિજ્ઞાનોને ઉપલી પરંપરામાં સમાવી શકાય છે.

વિજ્ઞાનની હકીકતસિદ્ધતા કે પ્રમાણીકરણ બાબતનો કૅાંતનો આ સિદ્ધાન્ત ઘણો ચર્ચાયો છે. અમેરિકાના પ્રો. વૅાર્ડના મત પ્રમાણે કૅાંતના આ સિદ્ધાંતમાં ઓગણી-સમી સદીની સૌથી વધારે ભવ્ય, રસાત્મક અને અગત્યની કલ્પના રહેલી છે. તેથી પ્રો. વૅાર્ડ અને તેના સંપ્રદાયના અનુયાયીઓ કૅાંતના સિદ્ધાંતને ઉત્સાહથી વધાવી લે છે.

પણ પ્રો. વૅાર્ડના સંપ્રદાય સિવાય સમાજશાસ્ત્રના લગભગ બધા જ અભ્યાસકો કૅાંતના ન્યાયે થયેલા વિજ્ઞાન-વર્ગીકરણને તિલાજલિ જ આપવી યોગ્ય લેખે છે. કૅાંત અને પ્રો. વૅાર્ડ સમાજશાસ્ત્રને કુદરતી વિજ્ઞાનોની પંક્તિએ મુકી તેની જોડે વર્ગીકરણ કરે છે તેમાં એક મૂળભૂત ભૂલ સમાયલી જણાય છે. સમાજજીવનના ઘણાક સૌથી વધારે અગત્યનાં દૃશ્યો, ભૌતિક દશ્યોની માફક કોઇ રીતે માપી શકાય એવા હોતાં નથી અને ગણિતશાસ્ત્રના ન્યાયે સમજી શકાતા પણ નથી. કુદરતી વિજ્ઞાનોને કોઇ પણ ધ્યેય કે આદર્શ કે હેતુની દૃષ્ટિએ પોતાના પ્રદેશનાં દશ્યો સમજવાનાં હોતાં નથી, પણ સમાજનો અભ્યાસ કરતાં એવા ધ્યેય, હેતુ કે આદર્શ ધ્યાનમા લીધા વિના એક ડગલું પણ ભરવું અસંભવિત છે. સમાજજીવનના ઘણાં દશ્યો નૈતિક અને અતીનાત્મક ધ્યેયોથી ઉદ્ભવે છે, અને કેટલીક વાર એવાં દશ્યો પોતે જ ધ્યેયરૂપ હોય છે. ખગોળશાસ્ત્રમાં એવા નૈતિક ધ્યેયને સ્થાન નથી. સૂર્ય, ચંદ્ર, તારા અને ગ્રહો વસ્તુતઃ શી રીતે વર્તે છે તે વિશે વિધિ-આત્મક અભ્યાસથી ખગોળશાસ્ત્રીને સંતોષ મેળવવો પડે છે. સૂર્ય મંડળના વર્તનની નૈતિક યથાર્થતા શી-એ પ્રશ્ન ઉદ્ભવતો જ નથી, અને એવી યથાર્થતાની તુલના કરવા કોઇ નૈતિક ધોરણ પણ નથી. તે જ પ્રમાણે ભૌતિકશાસ્ત્રમા, રસાયણશાસ્ત્રમા અને જીવવિદ્યામાં નથી નૈતિક ધોરણ કે નથી દશ્યોની યથાર્થતાની તુલના કરવાની આવશ્યકતા. પાણીના પ્યાલામાં રૂપીઓ નાખતા ગુરુત્વાકર્ષણ અને આર્કીમીડીસના નિયમ પ્રમાણે વસ્તુતઃ શું દશ્ય ઉદ્ભવશે, હાઇડ્રો-જનના બે પરમાણુઓનો ઑક્સીજનના પરમાણુ જોડે સંયોગ થવાથી વસ્તુતઃ શું દશ્ય ઉદ્ભવશે, વગેરે વિધિ-આત્મક જ્ઞાન આવાં કુદરતી વિજ્ઞાનોમાથી મળે પણ એ વિધિ-આત્મક સંશોધન જોડે યથાર્થતા કે આદર્શની તુલના કરવાની હોતી નથી. પણ મનુષ્યજીવનમાં

બાહ્ય સૃષ્ટિ કરતાં કાંઇક વિશેષ તત્ત્વો રહેલાં છે. મનુષ્યજીવન પ્રકટ કે અપ્રકટ ધ્યેયો અને આદર્શોથી જ આગળ વધે છે અને વિકસે છે અને વ્યક્તિ તરીકે અથવા સમાજ તરીકે મનુષ્યોનો અભ્યાસ કરતાં એમનું જીવનધ્યેય નિર્મિત છે એ વાત બાજુએ મુકાય નહિ. હકીકતસિદ્ધતાની દૃષ્ટિએ ગણિતશાસ્ત્ર કે ભૌતિકશાસ્ત્ર ભલે નમુનારૂપ હોય પણ એ બાબતમાં તેનું અનુકરણ કે હરીફાઇ કરવા સમાજશાસ્ત્રને કોઇ રીતે જરૂર નથી. મનુષ્યજીવનમાં સ્થૂલ સૃષ્ટિથી અતીત રહેલા જે ધર્મો સમાયલા છે તે વિશેષ માનુષી ધર્મોને જ બાજુએ મુકી, જડભરત પદ્ધતિએ સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવો એ ભાગ્યે જ પ્રમાણિક જ્ઞાનભાવનાના ચિહ્નરૂપ લેખી શકાય. આદર્શો કાંઇ તેના કદ કે વજનના માપથી અંકાતા નથી પણ શીલસુશીમય કલ્પનાથી અને અતીતાત્મક ધોરણે જ તે સમજી શકાય છે અને તેનું સમર્થન થઇ શકે. આદર્શો અમાપ્ય છે. સમાજની વસ્તીના માથા ગણ્યાથી કાંઇ તેના મનોમય જીવનની પ્રગતિ મપાતી કે સમજાતી નથી. જેમ એન્જીનની કાર્યશક્તિ (efficiency) "હૉર્સ–પાવર" (Horse-Power)મા આંકી શકાય છે તેમ વ્યકિતઓ અને સમાજની કાર્યશક્તિ "હૉર્સ પાવર" ના અંકમાં માપી શકાય નહિ અને માપી શકાય તો તેથી તે શક્તિ સમાજના વિકાસ અને પ્રગતિને લગતા અભ્યાસ ઉપર કાંઇ પણ પ્રકાશ પાડે નહિ. કુદરતી વિજ્ઞાનો સ્થૂલ વસ્તુઓમા થતાં રૂપાંતરોના નિયમોનું સંશોધન કરે છે, પણ સમાજશાસ્ત્રી તો સમાજમાં થતી પ્રગતિનો અભ્યાસ કરે છે. સ્થૂલ સૃષ્ટિના ફેરફારો કે રૂપાંતરો કોઇ ધ્યેય કે આદર્શ પ્રત્યે થતા નથી, પણ માનુષી અમુક આદર્શ કે આદર્શો પ્રત્યે જ અને આદર્શો પ્રમાણે જ થાય છે. માનુષી આદર્શો ગણિત–અંકમા માપી શકતા નથી, માટે તેના ઉપર નિર્લક્ષ બની મનુષ્યજીવનનો અને પ્રગતિનો અભ્યાસ કરવો એ ગણિતના કોઇ અઘરા દાખલાનો થોડોક ભાગ ભુસી નાંખી તેને સહેલો કરવાના પ્રયત્નરૂપ છે. બીજી ઉપમાએ કહીએ તો જેમ શબ્દો અને વાક્યોના અર્થને બાજુએ મુકી અક્ષરોના ઘાટ અને કદનો અભ્યાસ કરનાર ભાષાશાસ્ત્રી ભાષા વિશે જ્ઞાન મેળવી શકતો નથી તેમ સમાજજીવનનાં ધ્યેયો અને હેતુઓને તિલાંજલિ આપી સમાજના માત્ર હકીકતસિદ્ધ દૃશ્યોનો જ અભ્યાસ કરનાર સમાજશાસ્ત્રી સમાજ વિષે યથાર્થ જ્ઞાન મેળવી શકતો નથી.

સમાજશાસ્ત્રની આવશ્યકતા અને યથાર્થતાઃ—

ઉપર કહી ગયા તેમ સમાજશાસ્ત્ર હજી તરુણાવસ્થામા છે, અને તેથી એના ચોક્કસ ધર્મ અને કાર્ય ક્ષેત્રનું નિરૂપણ કરતાં વિધાનો ઘણા ગોથાં ખાતાં આવ્યાં છે. સમાજના સત્ય સ્વરૂપ બાબત અનેક વિરોધી–ધર્મીમતો બહાર પડયા છે અને વિદ્વાનોમાં રહેલા એવા મતભેદને લીધે શંકાવાદીઓ અને નિકંદનવાદીઓ સમાજશાસ્ત્રને હસી કાઢે છે. સમાજનો અભ્યાસ કરતાં હજી અલ્પમાત્ર પરિણામ આવ્યું છે, સમાજવિકાસનું અન્વેષણ કરતાં ગંભીર ભૂલો થઇ છે અને સંશોધકો એકમત થઈ શકયા નથી એ કબૂલ કરીએ છતાં, તેથી સમાજશાસ્ત્રના અભ્યાસની જરૂર નથી, સમાજશાસ્ત્રનો અભ્યાસ થઇ શકે એમ નથી અથવા સમાજ વિષે કાંઇ અભ્યાસ કરવા જેવું છે જ નહિ એવી માન્યતાઓ નોંધવાની જરૂર નથી. હજી તો સમાજશાસ્ત્રના પદ્ધતિપુરઃસર અભ્યાસને પૂરાં સો વર્ષ થયાં નથી. જેમ ભૌતિકશાસ્ત્રી કે રસાયણશાસ્ત્રીનાં અન્વેષણો પ્રયોગશાળામાં થઈ શકે છે અને તેનાં ચોક્કસ પરિણામો નોંધી શકાય છે તેમ સમાજશાસ્ત્રીથી કાંઇ થઇ શકતું નથી. લાખો વર્ષ થયાં

મનુષ્યની ઉત્ક્રાંતિ અને વિકાસ થઇ રહ્યાં છે પણ માત્ર થોડીક પ્રજાઓના જુજ માત્ર કાળને લગતા ઇતિહાસ સિવાય સમાજના અભ્યાસમાં મદદરૂપ થાય એવો પુરાવો પણ આપણને મળી શકતો નથી. એ મુસીબતોને ધ્યાનમાં લઇ વિચાર કરતાં સમાજશાસ્ત્રની અપૂર્ણતા અને ખામીઓ ક્ષમ્ય જ ગણી શકાય. જેમ જેમ જૂની પ્રજાઓના જીવનને લગતી વધારે માહિતી મળતી જાય, અને સામાજિક સૃષ્ટિનાં જે જીવંત દશ્યોના અવલોકનથી સમાજશાસ્ત્રના અભ્યાસ ઉપર પડી શકે તેવાં દશ્યો વિવિધ પરિસ્થિતિમાં ઉદ્‌ભવતા જાય તેમ તેમ સમાજવિકાસ વિશે વધારે અને વધારે દૃઢ અને વિશ્વાસપાત્ર જ્ઞાન પ્રાપ્ત થતું જશે. જે સ્થિતિ આજે સમાજશાસ્ત્રની છે તેને મળતી જ સ્થિતિ આગળ બીજાં શાસ્ત્રોને પણ હતી. દાખલા તરીકે, એક વખત રસાયણશાસ્ત્ર વિશ્વમાં માત્ર ચાર કે પાંચ મૂળતત્ત્વો (આકાશ, વાયુ, પાણી, અગ્નિ અને પૃથ્વી વગેરે) ગણાવતું. પણ આજે એ પાંચમાંથી એક પણ "તત્ત્વ" ગણાતું નથી અને પાચને બદલે હવે લગભગ પંચોતેર તત્ત્વો ગણાવવામાં આવે છે. તે જ પ્રમાણે પૃથ્વીની આજુબાજુ સૂર્ય ફરે છે, પૃથ્વી ચપટ છે, ચંદ્ર પોતાના તેજથી પ્રકાશે છે, પૃથ્વીથી, સૂર્ય કરતાં, ચંદ્ર વધારે દૂર છે વગેરે માન્યતાઓ ખગોળશાસ્ત્રને અંગે પ્રચલિત હતી. પણ રાસાયણિક તત્ત્વો બાબત ખોટા સિદ્ધાન્તો પ્રચલિત થયાથી કાંઇ તે તત્ત્વોનો વિનાશ થતો નથી અને ખમંડળના ગ્રહો વિશે ખોટા સિદ્ધાન્તો સ્થપાયાથી કાંઇ તે ગ્રહો કે તેમના વર્તનનું અસ્તિત્વ કે ધર્મ ખોટાં ઠરતાં નથી, તેમ જ સમાજ વિશે ખોટા સિદ્ધાંતો ચર્ચાયાથી કાંઇ સમાજના અસ્તિત્વ કે તેના જીવન અને વિકાસ પર આક્ષેપ પડતો નથી. સમાજને અસ્તિત્વ છે અને એનો વિકાસ પણ થાય છે માટે એનો પદ્ધતિપુરઃસર અભ્યાસ કરવા સમાજશાસ્ત્રદ્વારા પ્રયત્ન કરીએ તો યોગ્ય જ છે.

સમાજશાસ્ત્ર ઉપર બીજી દષ્ટિએ પણ આક્ષેપ નાખવામા આવે છે. એ જાતના ટીકાકારો કહે છે કે વિશેષ વર્ગનાં સામાજિક વિજ્ઞાનો (જેવા કે અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, કેળવણીશાસ્ત્ર વગેરે) સમાજજીવનના દરેક સ્વરૂપનું નિરૂપણ કરી રહ્યાં છે અને એવો કોઇ પ્રદેશ રહી જતો જ નથી કે જેને માટે સમાજશાસ્ત્ર નામના એક જુદા શાસ્ત્રની જરૂર રહે. પણ એ જાતની ટીકામાં ગંભીર ભૂલ સમાયલી છે. જેને આપણે વિશેષ વર્ગનાં સામાજિક વિજ્ઞાનો કહીએ છીએ તે સમાજજીવનના પૃથક્ પૃથક્ સ્વરૂપો ઉપર લક્ષ ગોઠવી તેવાં પ્રત્યેક સ્વરૂપમાત્રનું નિરનિરાળું અને એકપક્ષી જ્ઞાન મેળવી શકે છે. પણ એવા અનેક જ્ઞાનવિભાગનો સમૂહ કરવાથી આખી સમાજના એકત્ર જીવન બાબત કાંઇ જ્ઞાનપ્રગતિ થતી નથી. છ આંધળા આદમીઓ હાથીને તપાસવા જતાં, તેમાનો એક આદમી પગ તપાસે, બીજો સૂંઢ તપાસે, ત્રીજો પુછડી તપાસે, ચોથો શરીર તપાસે, પાંચમો દાંત તપાસે અને છેલ્લો કાન તપાસે અને એ અવયવોનું સચોટ અવલોકન કરે છતાં, એ છમાંથી એકે પણ હાથી વિષે જ્ઞાન મેળવ્યું કહેવાય નહિ. તે જ પ્રમાણે વિશેષ વર્ગનાં વિજ્ઞાનો પોતાના પ્રદેશમા સંપૂર્ણ અને અનુપમ હોવા છતાં પણ એવાં પ્રત્યેક વિજ્ઞાનો એકપક્ષી હોઇ સમાજજીવનના માત્ર અમુક અવયવો કે સ્વરૂપો જોઇ શકે છે, અને સમસ્ત સમાજજીવનનાં દશ્યો ગ્રહણ કરી શકતા નથી. કેટલીક વાર એવું બને છે કે એકાદ એકપક્ષી અને વિશેષ વર્ગનું સામાજિક વિજ્ઞાન વિશાળ અને વ્યાપક હોવાનો દાવો કરી બેસે છે. પ્રાચીન ગ્રીસ અને રોમમાં રાજ્યશાસ્ત્રીએ અને અર્વાચીન કાળમાં (એડામ સ્મીથ, કાર્લ

માર્ક્સ વિગેરેના મતપ્રચારથી) અર્થશાસ્ત્રીએ પોતાનો એકપક્ષી અને મર્યાદિત પ્રદેશ સ્વીકારવાને બદલે સમસ્ત સમાજજીવન ઉપર આક્રમણ કરવા પ્રયત્ન કર્યા છે. એવી સ્થિતિએ, વિશેષ વર્ગના વિજ્ઞાનો વ્યાપક શાસ્ત્રનું સ્થાન પચાવી પડતા જણાય છે પણ તે યથાર્થ નથી. મનુષ્યજીવન વિવિધ પ્રકારના હેતુઓ અને ધ્યેયોની પરંપરાથી આગળ વધે છે. એવા પ્રકીર્ણ હેતુઓ સાધતાં જુદી જુદી વિશેષ ધર્મની સામાજિક સંસ્થાઓ ઉદ્‌ભવે છે અને એવી સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરતા વિશેષ વર્ગનાં સામાજિક વિજ્ઞાનોની જરૂર પડે છે. પણ તેની જોડે, એ બધા પ્રકીર્ણ ધ્યેયોનું એક ઇષ્ટ અને વ્યાપક ધ્યેયથી નિયંત્રણ થાય છે અને એવા ઇષ્ટ અને વ્યાપક ધ્યેયને અર્થે એક વ્યાપક રચના—**સમાજ**—ઘડાઇ રહે છે. એ સમસ્ત સમાજનો અભ્યાસ કરનાર વ્યાપકશાસ્ત્ર **સમાજશાસ્ત્ર** માટે નિર્વિવાદ અવકાશ અને આવશ્યકતા છે.

૮ કલાત્મક વિજ્ઞાન અને કેળવણી.

Technical Science and Education

(લેખકઃ રા. રા. હરિલાલ મૂળશંકર મૂલાણી.)

પ્રમુખ મહાશય અને બંધુઓ,

એક ન્હાનાં શાં વ્યાખ્યાન માટે આટલો મોટો વિષય પસંદ કરવો એ ભૂલ ગણાય ખરી. પણ જેટલો સમય મળે તેટલામાં-તક મળી છે ત્યારે તો-અત્યારે હિંદ સમક્ષ આવી ઉભેલા આવા અગત્યના પ્રશ્નને ચર્ચવાની ઇચ્છા સહજ થાય છે. છતા એ સાહસ માટે ક્ષમા યાચીને હું મારૂં વ્યાખ્યાન શરૂ કરીશ.

બીજા દેશોમાં ઘણુંખરૂં સામાન્ય પ્રજા વર્ગના પ્રયત્નથી ધંધાઓ શરૂ થયા છે, ખીલ્યા છે, વિસ્તર્યા છે અને પરદેશના ધંધાઓ સામે ટક્કર ઝીલી શકાઇ છે. એની સ્વયં-સિદ્ધિ પછી જ કેટલેક કાળે વિજ્ઞાને એમની સમાલોચના કરી છે, અને એ નવીન બળને પ્રતાપે એ ધંધાઓની પ્રગતિ સહસ્ત્રગણી વધી ગઇ છે. એમ થતા વિજ્ઞાન અને કલાના સંયોગરૂપ કલાત્મક વિજ્ઞાન પણ એક અભ્યાસનો વિષય થઇ પડયો છે અને એના ઉપાસ-કોની કીમ્મત જનસમૂહમાં અંકાઇ છે.

હિંદમાં પરિસ્થિતિ કઇ જૂદી જ છે. એની પ્રાચીન કલાઓ વિજ્ઞાનના રસસિંચનને અભાવે અને પરદેશી રાજ્યના સહાનુભૂતિહીન પ્રખર તાપે સૂકાઇ, કરમાઇ ગઇ છે. કોઇ કોઇ તો કેવળ મરીજ ગઇ છે: જ્યારે બીજી પણ મૃતપ્રાય થઇ ગઇ છે. જે ગઇ છે તે અંધકારમાં ક્યાંય વિલીન થઇ ગઇ છે; જે રહી છે તે પ્રગતિહીન-બલહીન-તેજહીન-દશા અનુભવી રહી છે. એ બે શિવાય એક ત્રીજા પ્રકારની કલા અહીં દાખલ થઇ છે. તે વિદેશી કલા: જો કે એ કલા પણ કલારૂપે આવી છે કે કેવળ પરદેશીની નકલરૂપે એ સમજવું જરી કઠણ છે. આમ કેમ થયું એની ચર્ચામાં નાહક કાલક્ષેપ આપણે નહીં કરીએ. આપણે તો અત્યારે જે સ્થિતિ છે તેનો જ વિચાર કરવાનો છે.

આગળ કહી ગયા તેમ બીજા દેશોની માફક ધંધાઓના વિકાસ પછીજ આપણે આપણા શિક્ષણક્રમમાં કલાત્મક વિજ્ઞાન દાખલ કરવું કે પ્રથમ શિક્ષણ તો શરૂ કરીજ દેવું એ પ્રશ્ન અત્યારે મહત્ત્વનો છે. મહત્ત્વનો છે-કેમકે સકારણ છે. કોઇ પણ શિક્ષણક્રમનો વિષય વિદ્યાર્થીને ભવિષ્યમા આજીવિકાનું સાધન બની રહે તેવો હોવો જોઇએ. કલાત્મક વિજ્ઞાન શીખનારો વિદ્યાર્થી કલાભવનમાંથી બહાર પડયા પછી એની કિમ્મત દેશમાં અંકાશે કે નહીં, એની માગ દેશમા થશે કે નહીં એ પ્રથમથી જ વિચારી જોવાનો ભાર ભવનના ચાલકોને શિર ઉપસ્થિત થાય છે. આ સબંધમા ટેકનીકલ એજ્યુકેશન માટે નીમાયલાં કમીશનનો રિપોર્ટ વાંચવા લાયક છે. હિંદુસ્થાનના દરેકે દરેક અગત્યના શહેરોમાં ફરી ત્યાંની મીલો અને કારખાનાવાળાઓના મત પૂછી, પ્રાંતપ્રાતના કલાભવનો તપાસ્યા પછી લખેલો

એ રિપૉર્ટ આપણને ઘણું જાણવા જેવું કહે છે. પ્રથમ તો કર્નલ એટકીન્સન અને મી. ડૉસનને ભય હતો કે કલાત્મક વિજ્ઞાનને માટે હજી આ દેશ તૈયાર જ નથી; એ શીખનાર વિદ્યાર્થીને માટે આ દેશમાં સ્થાન જ નથી. પણ તપાસને પરિણામે એ લોકોને સહર્ષ સમજાયું કે એવા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે કેળવાયલા હોય તો તેમને માટે અહીં સ્થાન છે–અવકાશ છે.

આમા "યોગ્ય રીતે" એટલે શું, એ સમજવાની જરૂર છે. સામાન્ય રીતે કલાભવનોમાંથી નીકળનાર વિદ્યાર્થીને માથે બે પ્રકારના દોષો મૂકવામા આવે છે:

(૧) એમને પ્રેક્ટીકલ–ક્રિયાત્મક–જ્ઞાન ઘણું ઓછું હોય છે.

(૨) એમનામા મહેનત વેઠવાની વૃત્તિ મંદ હોય છે.

આ બેમાંથી પ્રથમ પ્રકારનો અપવાદ નિવારવાને માટે શિક્ષણક્રમમા ક્રિયાત્મક જ્ઞાનને વિશેષ મહત્ત્વ અપાવું જોઇએ એ દેખીતું છે. પ્રથમ તો એ પ્રકારનું જ્ઞાન આપવાને, યોગ્ય અને અનુભવી અધ્યાપકો નીમવા જોઇએ, અને પછી તેમના હાથમા પૂરતી સામગ્રી આપવી જોઇએ. યોગ્ય અધ્યાપક અને પૂરતી સામગ્રી, આ બેમાથી એક પણ વસ્તુમાં ઊણપ રહે તો કલા શીખવવાનો યત્ન વૃથા જ નીવડે એમાં કંઇ શક નથી. વળી, લેબોરેટરીમા કે નાના સંચાઓપર કામ કરતા વિદ્યાર્થીને પણ પ્રથમ મોટી મીલમા કે કારખાનામા જતાં નવું લાગવાનો સંભવ છે. એટલા માટે અઠવાડીઆમાં એક અથવા બે દિવસ કે વર્ષમાં અમુક મહીનાઓ એ વિદ્યાર્થીઓને કારખાનાનો અનુભવ મળે એવી વ્યવસ્થા હોવી જોઇએ. આટલી સગવડ અપાય તો કલાભવનમાંથી બહાર પડતો વિદ્યાર્થી અભણ પણ ધંધાના અનુભવથી જ ઉપર ચ્હડેલા કોઇ પણ માણસની સ્પર્ધામાં ટક્કર મારી શકે તેવો થાય જ એમાં શક નહીં. તેમ છતાં, એવા વિદ્યાર્થીએ પણ બહાર પડતાં તુર્તજ મોટી જગ્યા મેળવવાનો ખ્યાલ રાખવો ન જોઇએ. પ્રથમથી જ મેનેજર થઇ ખુરસીપર બેસનાર આદમી થવાની હોંસ એના મનમાં હોવી ન જોઇએ. કેળવણી જ એવા પ્રકારની જોઇએ કે ધંધાના અંગનું કોઇ પણ કામ કરતાં તેને શરમ ન આવવી જોઇએ. કારખાનામા દાખલ થતાંજ હુકમો ચલાવવાનો પ્રયત્ન ન કરતા જતેજ કોટ કહાડી, ખમીસની બ્હાય ચડાવી, હાથો હાથ કામ કરનાર મનુષ્યને પેદા કરે તોજ કલાભવનના અભ્યાસક્રમની સાર્થકતા ગણાય. એવો વિદ્યાર્થી પ્રથમ પગલું ભલેને સીડીનાં છેક નીચેના પગથીઆં પર મૂકે; પણ થોડાજ વખતમા, પોતે મેળવેલા વૈજ્ઞાનિક શિક્ષણને બળે, આસપાસના ગમે તેવા હુશીઆર પણ બીન કેળવાયલા માણસોની સ્પર્ધામાં સરસાઇ ભોગવશે, અને પોતાની લાયકાત સાબીત કરતો જતો, છેક ઉપરનાં પગથીઆં સૂધી સપાટાબંધ ચડી જશે. ચીલા પરજ કામ કરી શકે તેવા તેના ધંધા–ભાઈઓની માફક ચીલો પૂરાઇ જતાં, કે લડાઇના વખતમા ઉપજી હતી તેવી અણધારી અડચણ આવતાં એ બેસી નહીં રહે, પણ તુર્તજ પોતાનાં જ્ઞાનને બળે બીજે અને કદાચ વધારે સરળ માર્ગ શોધી કહાડશે અને ગાડું ગબડતું રાખશે. આપણે કેળવવા છે તે આવા યુવકો, અને એવા યુવકોને માટે માગણી છે અને દરવર્ષે

વધતીજ જશે એમ ખાતરી છે. એવા વિદ્યાર્થીને શરૂઆતમા આપણા બી. એ. કરતા કદાચ ઓછું મળશે, પણ સમય જતાં આગળ વધવાની તક એમને ઘણી રહેશે.

એ વિદ્યાર્થીઓની સામેનો બીજો આરોપ "કામમાં આળસ" એ છે. એ નિવારવા માટે વિદ્યાર્થીને દાખલ કરતા પહેલા પ્રથમજ એનું શરીર કારખાનાંની સખત મહેનત કરી શકે તેવું સુદૃઢ છે કે નહી તે તપાસાવવુ જોઇએ. આનો અર્થ એમ નહીં કે જડબુદ્ધિવાળા પણ સુદૃઢ બાંધાના વિદ્યાર્થીને લેવા. પણ નબળા બાંધાના યુવકોને માટે કારખાનાંની સખત જીંદગી નથી એ એમને અને એમનાં માબાપોને સમજાવી એમને અલગ રાખવા જોઇએ. શિક્ષણનો ક્રમ પણ એટલો સખત હોવો જોઇએ કે ઇન્સ્ટીટ્યૂટમાંથી નીકળનાર વિદ્યાર્થીને કારખાનાંના કલાકો આકરા લાગે નહીં, અને આ માટે ભણાવનારા અધ્યાપકો પોતે પણ સખત મહેનત કરવાની અને કરાવવાની વૃત્તિવાળા હોવા જોઇએ, ફક્ત વ્યાખ્યાન આપનારા નહી. આટલું જ નહીં પણ વિદ્યાર્થીઓનાં શરીરબળ વધારવાને ગમ્મત અને વ્યાયામની પણ યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ. આટલી સાવચેતી રાખવાથી વિદ્યાર્થીનું શરીર શિક્ષણને અંતે કટાઇ ન જતા કસાયલું રહેશે અને આળસુ વૃત્તિ એનામા જણાશે નહીં. એવો વિદ્યાર્થી મજૂર વર્ગમા પોતાની કામ કરવાની વૃત્તિને લઇને–જેમ એક યુદ્ધવિશારદ સરદાર પોતાની ટુકડીના માણસોની પ્રીતિ અને માન પામે છે તેમ–પ્રીતિપાત્ર થઇ પડશે, અને એના હાથનીચે કામ કરનારા એને માનની દૃષ્ટિએ જોઈ પોતાનું કામ બરોબર બજાવશે.

ઉપર કહી તે બધી બાબતો બની શકે તેવી છે. માત્ર "કારખાનાંના અનુભવી' ની વ્યવસ્થા કરવામા મુશ્કેલી નડવા સંભવ છે. પણ એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે એની મુશ્કેલી કરતા પણ એની અગત્ય વિશેષ છે. એટલે કોઇ પણ ભોગે એવી ગોઠવણ વિદ્યાર્થી માટે કરી આપવી એ એક ફર્જ થઇ પડે છે. આ સ્થળે એક વાત યાદ રાખવાની છે. ગવર્મેન્ટની સ્ટેટ ટેકનીકલ સ્કૉલર્શીપ લઇ વિલાયત જતા વિદ્યાર્થી માટે પણ કારખાનામા કામ કરવાની અનુકૂળતા–ઓછા વત્તી સંતોષકારક પણ ગવર્મેન્ટ કરી આપે છે. પારકા દેશનાં કારખાનાઓ પોતાના દ્વાર આપણા વિદ્યાર્થીઓને માટે ખુલ્લા રાખે એમ આપણે ચાહીએ છીએ ત્યારે શું આપણાજ દેશનાં કારખાનાંઓ પોતાનાં દ્વાર આપણા જ વિદ્યાર્થીઓને માટે ખોલશે નહી ? છતાં વ્યાપારી વર્ગ એટલી ઉદારતા દાખવી ન જ શકે તો ગવર્મેન્ટ કે સ્ટેટ તરફથી એમને કંઇક બદલો આપીને પણ એવી ગોઠવણ કરાવી જોઇએ. આ જાતની વ્યવસ્થા સયુક્ત પ્રાન્તના ટેકનોલૉજીકલ ઇન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ માટે સર હારકોર્ટ બટલર ગવર્નર હતા ત્યારે પ્રધાન મી. ચિંતામણી અને ડાયરેકટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ મી. વિનાયક નંદશંકર મ્હેતાના વખતમાં થયેલી, અને એવી ગોઠવણ બીજા પ્રાંતોમા અથવા દેશી રાજ્યોમાં પણ થઇ શકે એમા શક નથી. માત્ર અહીં સવાલ વિદ્યાર્થીઓની સંખ્યાનો આવશે. કાનપુરના ઇન્સ્ટીટ્યુટમા ભણનારા વિદ્યાર્થીની સંખ્યા એટલી થોડી લેવામાં આવે છે કે એ લોકોને માટે સરળતાથી ગામમા ને ગામમાં જ વ્યવસ્થા થઇ શકે છે. પણ જે ઇન્સ્ટીટ્યુટમા સેંકડો છોકરા ભણતા હોય–જેમ કે વડોદરાના કલાભવનમા–તેમાં દરેક વિદ્યાર્થીને માટે આટલો બંદોબસ્ત થઇ ન શકે એ સ્વાભાવિક છે. અહીં વળી એ પ્રશ્ન ઉભો થશે કે થોડા વિદ્યાર્થીઓ લઇને આ પ્રકારની સંપૂર્ણ કેળવણી અપાય તે ઠીક કે ઝાઝા વિદ્યાર્થીઓ

દાખલ કરી બધાને ઉપરછલું અથવા કંઇક ઊણું જ્ઞાન અપાય તે ઠીક. હું તો એમ કહીશ કે કલાત્મક કેળવણીમાં ઉપરછલું કે કેવળ વ્યાખ્યાનમય જ્ઞાન ચાલે નહીં. એવા સો વિદ્યાર્થી બહાર પડે તે કરતાં સંપૂર્ણ રીતે ઘડાયલા પાંચ–દસ વિદ્યાર્થી જ બહાર પડે તે દેશનું તેમજ પોતાનું વધારે કલ્યાણ કરી શકશે. છતાં સંયોગોને લઇને કે દબાણને લઇને વિદ્યાર્થીઓની મોટી સંખ્યાજ દાખલ કરવામાં આવે તો ત્યા કર્નલ એટકીન્સન આદિની સૂચના પ્રમાણે ઇન્સ્ટીટ્યુટનો અભ્યાસક્રમ ઉત્તીર્ણ કર્યા પછી પણ બે વર્ષ સુધી વિદ્યાર્થીને સર્ટીફીકેટ ન આપવું; એ બે વર્ષ એ વિદ્યાર્થીએ કોઇ પણ કારખાનામાં આજીવિકાપૂરતા માત્ર નામનાજ પગારે–કે છેવટ મફત પણ–એપ્રેન્ટીસ તરીકે કામ કરવું, અને એ અનુભવ મેળવ્યા પછીજ એ વિદ્યાર્થીને સર્ટીફીકેટ આપવું. ટૂંકમાં એક રીતે નહીં તો બીજી રીતે પણ વિદ્યાર્થીને બહાર પડયા પહેલા કારખાનાનો અનુભવ ફરજીઆત અપાવવો એવો એમનો મત છે.

જે પ્રકારના કારખાના પોતાના પ્રાન્તમાં હશે તેનો અનુભવ તો એ લોકો લઇ શકશે. જેમકે મુંબઇ ઇલાકામા ઇજનેરી, સ્થાપત્ય, વણાટ, રંગાટ અને એવા વિષયોના વિદ્યાર્થી માટે કારખાનું શોધતાં અડચણ નહીં પડે. પણ બીજા કેટલાક ધંધાઓ એવા છે કે જે આપણા દેશમાં હજી ઉગતી અવસ્થામાંજ છે. તેલની મીલોની સંખ્યા હજી હમણાંજ વધી છે અને તેમાંની પણ કેટલીક અવનવાં કારણોને લઇને બંધ પડી છે. દર વર્ષે આપણા દેશમાં પચાસ લાખ ટન જેટલાં તેલનાં બીયા ઉપજે છે; અને તેલ, બીયાં અને ખોળ મળીને કુલ ૨૭ કરોડ રૂપીયાનો માલ પરદેશ ચડે છે. છતા એક સાબુ જેવી ચીજને માટે પણ હજી આપણે પરદેશ તરફ નજર નાખીએ છીએ અને લગભગ સવા કરોડનો સાબુ દર વર્ષે આપણા દેશમાં મગાવીએ છીએ. મહુડાના, ટોપરાના, અને બીજાં કેટલાક તેલોના ઉત્તમ સાબુ બની શકે તેમ હોવા છતાં આપણે વિલાયતથી ચરબીનો સાબુ આયાત કરવો પડે છે એ ઓછી શરમની વાત નથી. વળી દર વર્ષે બે થી છ કરોડ રૂપીઆનું અળસીનું તેલ અને તે ઉપરાંત બીયાં પરદેશ ચડે છે, અને ત્યાંથી બેલતેલ, વાર્નીશ, પેઇન્ટસ વિગેરે બનીને આવે છે. લેધર કલોથના હુન્નર માટેની બન્ને મૂળ વસ્તુ આપણે ત્યાં છે· શણનું કાપડ બંગાળામાં બને છે અને સંયુક્ત પ્રાતમાં અળસી પાકે છે. પણ લેધર કલોથ વિલાયતથી બનીને આવે છે. હજુ હમણાજ ગોદરેજવાળાએ આ સાહસ હાથમા લીધું છે પણ બીજે ક્યાંય હજી એ જાતનાં કારખાનાંઓ ઉઘડયાં નથી. પેઇન્ટ અને વાર્નીશ બનાવનારા નાના મોટાં કારખાના છે પણ મીણબત્તી બનાવનારૂં કારખાનું માત્ર એકજ બીલીમોરામા છે. આમ જોઇશું તો કેટલાક ઉદ્યોગો, જેનો કાચો માલ આપણા દેશમાંજ બને છે, તે હજી સુધી માત્ર શરૂજ થયેલા હોઇને એ કારખાનાંનો અનુભવ આપણે વિદ્યાર્થીને કદાચ પૂરા પાડી ન શકીએ. પણ માટે એ વિષયો કાર્યક્રમમાં ન લેવા એમ પણ બની ન શકે. બે પ્રકારના વિદ્યાર્થી ઘડાવા જોઇએ. એક તો અત્યારે જામી ગયેલા ધંધાઓમાં તુર્ત નોકરી મેળવી શકે એવા; અને બીજા ખીલતા અથવા નવા ઉદ્યોગો ચલાવી શકે તેવા. અણખીલ્યા ધંધા સંબંધી જ્ઞાન વધારવાને માટે કલાભવનના અધ્યાપકોના હાથ નીચે શોધખોળ ચલાવવી જોઇએ અને દરેક વિદ્યાર્થી કોઇ પણ એક હુન્નરમાં પાવરધો થઇને બહાર પડે એમ કરવું જોઇએ. પણ કોઇ મોટો નવો હુન્નર શીખનાર વિદ્યાર્થી જાતે પૈસાદાર કુટુમ્બનો નહીં હોય તો ગમેતેવા જ્ઞાન છતાં તેના જીવનનાં પ્રથમ વર્ષો તો કષ્ટમય જશે એમ સંભવ છે. આ સ્થિતિ પ્રજાની વૈજ્ઞાનિક

જાગ્રતિના અભાવને આભારી છે. આપણો પૈસો વેપારી વર્ગના હાથમાં છે અને એ વર્ગને વેપારમાંથી જ પૈસો મેળવવાની આદત પડી ગયેલી હોઇને–વેપારમાં લાખ્ખોનું સાહસ ખેડવા છતાં–એક નવીન હુન્નર જમાવવાનું સાહસ ખેડવાની વૃત્તિ થતી નથી. નવા હુન્નરને માટે પૈસો મેળવવાનો પ્રયત્ન કરનાર વિદ્યાર્થીને આવી રીતે પૈસાદારની સહાનુભૂતિ અને મદદ મેળવતાં કેટલો સમય નીકળી જાય તે કહી શકાય નહીં. શું સ્થિતિ ઉભી થાય છે તેનો કંઇક ચિતાર આપવો ઉચિત ધારૂં છું. કંઇ નવું સાહસ સૂચવનારને ધનિક પૂછે છે કે "તમે એ કંઇક નાના પાયા પર પણ કરી જોયું છે? એમાં સફળતા મેળવી છે?" જેણે નાના પાયા પર કરી જોયું હોય તેને એમ પૂછાશે કે તેમાં ખર્ચ અને આવકનાં તારણ કહાડી નફો કેટલો થશે તે બતાવો. આમા જો વ્યાજ કરતા ઓછો નફો મળે તેમ લાગતું હોય તો એ સાહસ ખેડવાની વૃત્તિ વ્યાજની મીઠાશ ચાખેલ ધનિકને થાય નહીં એ સ્વાભાવિક છે. પણ કોઇ પણ નવા ઉદ્યોગમાં રોકેલા નાણાનું વ્યાજ શરૂઆતથી જ મળવા નથી માંડતું એ ઘણા શેઠીઆઓને સાલે છે. એમને તો પ્રથમ જ વર્ષે નફો જોઇએ, તે નવો સાહસિક કયાંથી કહાડે? બનાવટી ગળીની પાછળ બાર બાર વર્ષ સુધી લખલૂટ ખર્ચ કરનાર જર્મનોનું સાહસ ધૈર્ય અને શ્રદ્ધા કયા, અને છ મહીનામાં કે વરસ દિવસમાં નફો ન નીકળે તો નવા ઉદ્યોગને બંધ કરનાર આપણો વ્યાપારી વર્ગ કયાં? કુદરતનો નિયમ તો એવો છે કે તપ કરે તેનેજ ફળ મળે. શ્રમ વિના ફાયદો કહાડવાની વૃત્તિ આત્મઘાતક છે, એ સત્ય હવે ધીરે ધીરે સમજાવા માંડયું છે; અને લડાઇ વાળા દસકામા ઉદ્યોગના ક્ષેત્રમાં પ્રગતિ ઘણી થઇ ગઇ છે એ ઓછા આનંદની વાત નથી. કાચા માલને પરદેશ ચડાવવા કરતા અહીંજ તેનો ઉપયોગ કરવાની વૃત્તિ જાગ્રત થઇ છે અને દિવસે દિવસે વધતી જવાનો સંભવ છે. એટલે જો ખરેખર લાયકાતવાળા વિદ્યાર્થી તૈયાર કરવામા આવે અને વ્યપારી વર્ગની એ લોકોમા શ્રદ્ધા ઉપજે તો અનેક હુન્નર ઉદ્યોગ ખીલી નીકળવાનો માર્ગ ઉઘડે એમા શક નહીં. વિલાયત જઇ ધંધા સંબંધી શીખી આવેલા માણસો અલબત્ત વિશેષ આવકારદાયક થઇ પડે. પણ હજારે કેટલા વિલાયત જઇ શકે? વળી વિલાયત જઇ આવનારને કરેલા વ્યય અને શ્રમના પ્રમાણમા વિશેષ બદલો મળવાની ઇચ્છા રહે એ સ્વાભાવિક છે. જ્યારે અહીંના કલાભવનોમા ગરીબમાં ગરીબ વિદ્યાર્થી પણ શીખી શકે અને શરૂઆતમા ઓછે પગારે કામ કરવા પણ ખુશી થાય. વિલાયત જઇ આવનાર એક મોટા હોદ્દાપર કામ કરે ત્યારે એના હાથ નીચે જોઇતા એસીસ્ટંટોની જગ્યા પૂરવાને તો આવા માણસોની જ જરૂર પડવાની.

અત્ર વ્યાપારી વર્ગને પણ એક વિનતી કરવાની અગત્ય જણાય છે. જે વ્યાપારીઓએ ઉદ્યોગ હુન્નર માટે કેમીસ્ટોને રોકવાનું ધન્ય પગલું ભર્યું છે, તેમાંના ઘણાને સમજાયું હશે કે એવો માણસ સમય જતા પોતાનું ખર્ચ કહાડવા ઉપરાંત વિશેષ લાભ માલેકોને અપાવે છે. આમ છતાં પણ કેટલાંક કારખાના વાળાઓએ, તે સારી રીતે ચાલતા છતાં, પોતાના જૂના કેમીસ્ટોને જતા કર્યા છે એ શોકપ્રદ નથી? એક નવો ઉદ્યોગ ખીલવવામાં જેટલો ભાગ ધનનો છે તેટલો જ ભાગ કામ કરી તેને ચાલુ સ્થિતિએ મૂકવાનો છે. એક વખત કામ ચાલતું થયા પછી એના ચાલક વિના પણ કદાચ એ ચલાવી લેવાય; એટલે એ સ્થિતિમાં મોંઘા માણસને નકકામો શું કરવા રાખવો એમ ટૂંકા વિચારથી ઘણી વાર મૂળના ચાલકને

રજા આપવામાં આવે છે. આ કેટલો અન્યાય છે એ સહજ સમજી શકાશે. જે માણસ નવા સાહસને સારી રીતે ચાલુ કરી શકે છે તે કદી મોંઘો પડે જ નહીં એ ભૂલી જવું ન જોઇએ. એક તો એનોય એ ચાલુ કરેલા ધંધામાં ભાગ મેળવવાનો હક છે એ ભૂલી જવું ન જોઇએ. બીજું, એવો માણસ દિન પ્રતિદિન એ હુન્નરને વિશેષ ખીલવી શકે; અને ઉદ્યોગ માત્ર ચાલુ રાખે એટલું જ નહીં પણ એમાં નવી નવી પ્રગતિ કરી વધારે અને વિશેષ લાભ અપાવે. માટે એક વખત પોતાની શક્તિનો, પોતાનાં જ્ઞાનનો વ્યય જેણે એક ધંધામાં કર્યો છે તેને એ ધંધામાં આગ્રહથી રોકી રાખવો એમાં જ વ્યાપારી વર્ગનું પણ શ્રેય છે એમ સમજવું જોઇએ. પણ હું ધારું છું કે ચાલુ સમય અંગ્રેજીમાં જેને transition period કહે છે તેવો—સાન્ક્રાન્તિક—સમય છે. વ્યાપારી અને હુન્નરબાજ આ સમયમાં જે કંઇ અશ્રદ્ધાથી એક બીજાને જુએ છે તે થોડા વખત પછી દૂર થઇ જશે, એટલે કલાભવનના વિદ્યાર્થીઓને હાલ નોકરી મેળવતાં જે કંઇ મુશ્કેલી નડતી હશે તે ભવિષ્યમાં ઓછી થઇ જશે. આ મુશ્કેલી કંઇક અંશે ઓછી થવા માડી જ છે એ વડોદરાનાં કલાભવન અને મુંબઇનાં વિકટોરીઆ જ્યુબીલી ટેકનીકલ ઇન્સ્ટીટ્યૂટના છેલ્લાં વર્ષોના રેકૉર્ડ્ઝ પરથી જણાશે. બાકી રહ્યો સવાલ ગવર્મેન્ટમાં જગ્યાઓનો. ઉદ્યોગની ખીલવણી સાથે આ જરૂર ઓછી ને ઓછી જણાતી જશે; જ્યારે બીજી તરફથી, પ્રજાકીય રાજ્ય બંધારણમાં—અત્યારે પણ દેશનાં માણસોને ઉત્તેજન આપવાની પ્રથા દાખલ થઇ છે એટલે એ દિશામાં નોકરીની તક વધતી જ જશે.

આમ છતાં, ખાસ કરીને કલાત્મક રસાયણના વિદ્યાર્થીના હાથમાં કલાભવનનાં શિક્ષણ દરમીયાન કંઇ નહીં તો એક પણ એવો નાનો હુન્નર મૂકાવો જોઇએ કે જે ઓછી મૂડીમાં થઇ શકે, અને છતાં જે શરૂઆતમાં આજીવિકાનું સાધન બની શકે. નોકરી ન મળે તો પણ કલાભવનના વિદ્યાર્થીને લાચાર સ્થિતિ ભોગવવી ન પડે. જેના હાથમાં હુન્નર હોય તે લાચાર સ્થિતિ ભોગવે જ કેમ? કેવળ અભણ માણસો કેમીસ્ટો પાસેથી ફોર્મ્યુલાઓ મેળવી એવા નાના હુન્નર શરૂ કરી આજીવિકા ચલાવી લે છે. આવા અનેક દાખલાઓ, ખાસ કરીને વોરા લોકોમાં, જોવામાં આવે છે. આનું કંઇક કારણ નોકરી કરતાં ધંધા તરફની આ લોકોની વિશેષ પ્રીતિ પણ છે. કલાભવનના વિદ્યાર્થીઓ કેવળ નોકરીને જ ધ્યેય માનતા બંધ પડે તો કેટલું શ્રેય સાધી શકે?

કલાત્મક વિજ્ઞાનના વિદ્યાર્થીને ભવનમાંથી વિદાય દેતી વખતે એક સૂચના કરવી પડશે. "ગમે તે સ્થિતિમાં મૂકાઓ પણ મેળવેલું જ્ઞાન કટાવા ન દેશો." ચાલુ ધંધામા કોઇ અમુક પદવી પર નીમાયા પછી અભ્યાસ છોડી દેવાની વૃત્તિ કદાચ થાય, પણ વિજ્ઞાનના ઉપાસકને એ પોસાય તેમ નથી. એમણે તો પોતાનું જ્ઞાન તલવારની ધાર જેવું સતેજ રાખવાની જરૂર છે, અને એ માટે પોતાના વિષયમાં દુનીયામાં થતી પ્રગતિનો અભ્યાસ એમણે સતત રાખવાની જરૂર છે. ભાઇ પ્રીતમરાયની સૂચના મુજબ સાયન્ટીફીક એન્યુઅલ બહાર પડવા લાગે તો આ બાબતમાં ઘણી અનુકૂળતા થાય એ દેખીતું છે.

હવે માત્ર એક જ બાબતનો ઉલ્લેખ કરી આ વિષય સમાપ્ત કરીશ. કલાત્મક વિજ્ઞાનનું શિક્ષણ કઇ ભાષામાં અપાવું જોઇએ? લેશ માત્ર સંકોચ વિના કહી શકાશે કે માતૃભાષામાં.

જ્યાં એક જ ભાષા બોલનારા વિદ્યાર્થીઓ હોય ત્યાં તો માતૃભાષામાં જ શિક્ષણ અપાવું જોઇએ. કેમકે ઉત્તેજન–ઉત્સાહ–એ સઘળું માતૃભાષામાંથી જેટલું વહે છે, તેટલું પરભાષામાંથી વહેતું નથી. આમાં મોટામાં મોટી અડચણ એ છે કે વિજ્ઞાનનું સાહિત્ય આપણી ભાષામાં નામ માત્ર જ છે; એટલે અભ્યાસ કરવાને માટે વિદ્યાર્થીને પૂરતાં પુસ્તકો મળે તેમ પણ નથી. આ મુશ્કેલીને લઇને શરૂઆતમાં કદાચ અંગ્રેજીમાં પણ શિક્ષણ આપવું પડે; અથવા કંઇ નહીં તો પોતાની મેળે અંગ્રેજી વાંચી શકે એવા વિદ્યાર્થીઓને જ દાખલ કરવા પડશે. સાથે સાથે દરેક વિષયમાં એક બે સ્ટેન્ડર્ડ પુસ્તકો લખવાં જોઇએ; અને તે પણ માત્ર ભાષાંતરો જ નહીં પણ હિંદની પરિસ્થિતિને ખ્યાલમાં રાખીને લખાયલાં હોવાં જોઇએ. ઇટાલીઅન ડૉકટર મૉલીનેરીનાં પુસ્તકોની પદ્ધતિનાં થોડાંક પુસ્તકો રચવામાં વડોદરા અને ભાવનગર જેવાં આગળ પડતાં રાજ્યો મદદ કરે એમ આશા છે.

વિજ્ઞાનના પારિભાષિક કોષ વિશે બોલવાનો અત્રે અવકાશ નથી. એ વિશે કંઇક વિચારો મેં લાહોરનાં Scientific World નામનાં માસિકમાં પ્રકટ કર્યા હતા; તેમાં હજી તો કંઇ ફેરફાર થયો નથી. મૂળ પદાર્થ–એલીમેન્ટ્સનાં સંસ્કૃત નામો આપણે દાખલ કરવાં કે જે નામો અને સંજ્ઞાઓ આખી દુનીયાં વાપરે છે તે જ સ્વીકારી લેવાં એ વિચારણીય છે. આપણે એવું કયું નવું એલીમેન્ટ શોધ્યું છે કે આપણે આપણાં નવાં નામો આપવાનો હક્ક પ્રાપ્ત થાય છે? અને ગમે તે નામો આપશું તે, આખી પૃથ્વી પર તો ઠીક, પણ ભારતવર્ષમાં પણ સર્વમાન્ય થશે કે નહીં એ સવાલ છે. તો વિદ્યાર્થીને માટે એ નવીન ક્લિષ્ટતા દાખલ કરવી કે નહીં એ પણ વિચાર કરી જોવો.

આ બધું, કંઇક વાંચનવડે, અને કંઇક અનુભવને અંગે ઉપજેલા વિચારો ગુજરાતના વિજ્ઞાનીઓ સમક્ષ મૂકવાનું મેં આજે સાહસ કર્યું છે. ખાસ કરીને ભાગનગરમાં અત્યારે નવું કલાભવન ઉઘડવાનું છે ત્યારે ભાવનગરમાં જ ભરાયલી પરિષદ્‌માં આ ચર્ચા ઉપાડવી એ અસ્થાને તો નહીં જ ગણાય. વિષય એટલો ગંભીર છે કે એક નાનાં વ્યાખ્યાનમાં એનાં બધાં અંગો સમાવવાનો પ્રયત્ન કરવો નકામો છે. એટલે મેં માત્ર છૂટા છવાયા વિચારો ટાંકીને કેટલીક સૂચનાઓ આપ લોકો સમક્ષ મૂકી છે. એનો કંઇ પણ ઉપયોગ વ્યવહારમા થઇ શકશે તો હું મારા વ્યાખ્યાનની સફળતા માનીશ.

ભાગ ૬ ઠ્ઠો

જૈનવિભાગ

શ્રી ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં પંડિત સુખલાલજીએ કરેલું ભાષણ.

જૈન ન્યાયનો ક્રમિક વિકાસ

ન્યાય અને ન્યાયશાસ્ત્ર—જે અનુમાન પ્રણાલિકાથી સંદિગ્ધ વસ્તુનો નિર્ણય કરી શકાય છે, તે અનુમાન પદ્ધતિને ન્યાય કહેવામાં આવે છે. જે શાસ્ત્રમાં આવી અનુમાન પદ્ધતિનો વિચાર મુખ્યપણે હોય છે; તે શાસ્ત્ર ન્યાય-સાહિત્યમાં સ્થાન લે છે. ન્યાય-શાસ્ત્રમાં માત્ર ન્યાયની અનુમાન પદ્ધતિનીજ ચર્ચા હોય તેમ કાંઈ નથી હોતું, તેમાં સમગ્ર પ્રમાણોનું નિરૂપણ હોય છે. એટલુંજ નહીં પણ તેમાં પ્રમેયોનું નિરૂપણ સુધ્ધાં હોય છે. છતાં એટલું ખરૂં કે તેવી જાતના સાહિત્યમાં પ્રમાણ નિરૂપણે અને તેમાંયે અનુમાન પદ્ધતિના નિરૂપણે મોટો ભાગ રોકેલો હોય છે, તેથીજ તેવી જાતનું સાહિત્ય "**प्राधान्येन व्यपदेशा भवन्ति**" એ ન્યાયને અનુસરી ન્યાય સાહિત્ય કહેવાય છે.

ચેતન સૃષ્ટિમાં મનુષ્ય જાતિનું મહત્વ તેની બુદ્ધિને લીધે છે. તેની બુદ્ધિની મહત્તા વિચાર-સ્વતંત્રતાને લીધે છે. વિચાર-સ્વાતંત્ર્ય એ તર્ક અને જીજ્ઞાસા શક્તિનું પરિણામ છે. તેથી જ્યારે કોઈ બ્હારનું કે અંદરનું દબાણ ન હોય ત્યારે હરકોઇ મનુષ્યની બુદ્ધિ આપોઆપ શંકા અને તર્ક કર્યા કરે છે, અને તેમાંથી જ કલ્પના શક્તિ ખીલતાં ક્રમે અનુમાન પદ્ધતિ નિષ્પન્ન થાય છે. આ કારણથી ન્યાય એ કોઇ પણ દેશની કોઇ પણ મનુષ્ય જાતિની વિકસિત કે વિકાસ પામતી બુદ્ધિનું એક દશ્ય સ્વરૂપ છે. થોડામાં કહીએ તો મનુષ્ય જાતિની વિચાર-શક્તિ એ એક માત્ર ન્યાયશાસ્ત્રનું ઉદ્‌ગમ સ્થાન છે.

છતાં દેશભેદ કે સંપ્રદાય ભેદથી ન્યાયશાસ્ત્રના વિભાગ પડી જાય છે. જેમ કે—પશ્ચિમ ન્યાયશાસ્ત્ર, પૂર્વીય ન્યાયશાસ્ત્ર. પૂર્વના ન્યાયશાસ્ત્રમાં પણ વૈદિક, બૌદ્ધ અને જૈન એ મુખ્ય ભાગો છે.

ત્રણ ભેદોનું પારસ્પરિક અંતર—આવા ભાગો પડી જવાનું મુખ્ય કારણ સંપ્રદાય ભેદ એ તો છે જ, પણ બીજાંએ ખાસ કારણો છે. જેમકે ભાષા-ભેદ, નિરૂપણ પદ્ધતિની ભિન્નતા અને ખાસ કરી સાંપ્રદાયિક પ્રમેયોની અને માન્યતાઓની ભિન્નતાને લીધે ઉપસ્થિત થયેલો પ્રસ્થાન ભેદ. વૈદિક ન્યાયનું પ્રસ્થાન વેદને પ્રમાણ માની તેને અનુકૂળ ચાલવામાં છે. બૌદ્ધ ન્યાયનું પ્રસ્થાન વેદ કે અન્ય આગમ પ્રમાણને આશ્રિત ન રહી પ્રધાનપણે અનુભવને આધારે ચાલવામાં છે. જૈન ન્યાયનું પ્રસ્થાન વેદના પ્રામાણ્યનો સ્વીકાર ન કર્યા છતાં

પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારી ચાલવામાં છે. તે ઉપરાંત આ ત્રણે મુખ્ય સંપ્રદાયના ન્યાયની ભિન્નતાનું એક બીજું પણ બીજ–કારણ છે અને તે વિષય ભેદ. વૈદિક ન્યાય કોઇ પણ તત્ત્વને સિદ્ધ કરતો હોય ત્યારે તે સાધ્ય તત્ત્વને અમુક એક રૂપેજ સિદ્ધ કરે છે. જેમકે આત્મા વગેરે તત્ત્વોને વ્યાપક અથવા નિત્ય રૂપેજ અને ઘટ આદિ પદાર્થોને :અનિત્ય રૂપેજ. બૌદ્ધ ન્યાય આંતર કે બાહ્ય સમગ્ર તત્ત્વોને એકરૂપેજ સિદ્ધ કરે છે, પણ તે એકરૂપ માત્ર ક્ષણિકત્વ. તેમાં ક્ષણિકત્વના વિરૂદ્ધ પક્ષ સ્થાયિત્વને કે નિત્યત્વને બિલકુલ અવકાશ નથી. જૈન ન્યાય એ વૈદિક અને બૌદ્ધ ન્યાયની વચ્ચે રહી પ્રત્યેક સાધ્ય તત્ત્વને માત્ર એકરૂપે સિદ્ધ ન કરતાં અનેકરૂપે સિદ્ધ કરે છે. આ કારણથી જૈન ન્યાય બીજા ન્યાયો કરતાં જુદો પડે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે જે ન્યાય જૈનાચાર્યોએ રચેલો હોય, જે કેવળ પૌરૂષેય આગમનું પ્રામાણ્ય સ્વીકારી ચાલતો હોય અને કોઈ પણ તત્ત્વનું સાપેક્ષ દૃષ્ટિએ નિરૂપણ કરતો હોય તે જૈન ન્યાય.

એક બીજાના પ્રભાવથી થયેલ વિચાર ક્રાંતિ—એક સંપ્રદાય અમુક તત્ત્વો ઉપર વધારે ભાર આપતો હોય, ત્યારે જાણે કે અજાણે તેનો પ્રભાવ બીજા પાડોશી સંપ્રદાયો ઉપર અનિવાર્ય રીતે પડે છે. જો જૈન અને બૌદ્ધ સંપ્રદાયની અહિંસાનો પ્રભાવ વૈદક સંપ્રદાય ઉપર પડયાની વાત માની લેવા તૈયાર થઈએ તો સત્ય ખાતર એ પણ માની લેવું જોઇએ કે વૈદિક વિદ્વાનોની દાર્શનિક પદ્ધતિની અસર બીજા બે સંપ્રદાયો ઉપર પડી છે. જો કે સામાન્ય ન્યાયસાહિત્યના વિકાસમાં ત્રણે સંપ્રદાયોના વિદ્વાનોએ અને આચાર્યોએ ફાળો આપ્યો છે, છતાં પહેલેથી છેલ્લે સુધીનો ન્યાયસાહિત્યનો તથા પાઠન–પાઠનનો ઇતિહાસ જોતાં એવા નિર્ણય ઉપર આપોઆપ આવી જવાય છે કે ન્યાયના તત્ત્વોની વ્યવસ્થા કરવામાં પ્રધાનસ્થાન વૈદિક વિદ્વાનોનું છે. એ વિષયમાં તેઓનો પ્રભાવ સ્પષ્ટ છે અને આજ કારણથી ક્રમે ક્રમે બૌદ્ધ અને જૈન વિદ્વાનો પોતાની આગમમાન્ય પાલી અને પ્રાકૃત ભાષા છોડી વૈદિક સંપ્રદાયમાન્ય સંસ્કૃતં ભાષામાં પોતાની પદ્ધતિએ ન્યાયના ગ્રંથો રચવા મંડી ગયેલા છે.

જૈન સાહિત્યની પ્રધાન બે શાખાઓ—ભગવાન્ મહાવીરના સમયમાં જૈન સંઘ પ્રધાનપણે મગધ અને તેના આસપાસના પ્રદેશોમાં હતો. પછી લગભગ એક સૈકા બાદ તે સંઘ બે દિશાઓમાં વહેંચાયો. એક ભાગ દક્ષિણમાં અને બીજો ઉત્તરમાં. ત્યાર બાદ થોડાક સૈકાઓ વ્યતીત થયા કે તે વહેંચાયેલ બે ભાગો સ્પષ્ટ રૂપે જુદા પડી ગયા. એક દિગંબર અને બીજો શ્વેતાંબર. દક્ષિણવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે દિગંબર સંપ્રદાયી થયો, અને ઉત્તરવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે શ્વેતાંબર સંપ્રદાયી થયો. આ રીતે વિભક્ત થયેલ શ્રમણ સંઘે જે સાહિત્ય રચ્યું તે પણ બે ભાગમાં આપોઆપ વહેંચાઇ

ગયું. પહેલું દિગંબરીય સાહિત્ય અને બીજું શ્વેતાંબરીય સાહિત્ય. મૂળમાં અવિભક્ત જૈન સાહિત્યના આ રીતે મુખ્ય બે ભાગલા પડી ગયા.

દિગંબરીય શ્રમણ સંઘનું પ્રાધાન્ય દક્ષિણમાં હોવાથી તે સંપ્રદાયનું મૌલિક સાહિત્ય ત્યાંજ ઉત્પન્ન થયું, પોષાયું, વિકાસ પામ્યું અને સંગ્રહાયું. તે સાહિત્યના રચયિતા પ્રધાન પ્રધાન આચાર્યો જેવા કે, કુંદકુંદ, સમંતભદ્ર વગેરે ત્યાં જ થયા. શ્વેતાંબર શ્રમણસંઘનું પ્રાધાન્ય પહેલાં તો ઉત્તર હિંદુસ્તાન (રજપુતાના) માં અને ક્રમે ક્રમે પશ્ચિમ હિંદુસ્થાન (કાઠીયાવાડ, ગુજરાત) માં વધતું ગયું. તેથી તે સંપ્રદાયનું સાહિત્ય ઉત્તર અને પશ્ચિમમાં ઉત્પન્ન થયું અને વિકસ્યું છે. તેમ જ તે સાહિત્યના રચયિતા આચાર્યો પણ તે જ પ્રદેશમાં થયેલા છે. ઉત્તર કરતાં પશ્ચિમ હિંદુસ્થાનમાં શ્વેતાંબર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લા લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે કાઠિયાવાડમાં અને ગુજરાતમાં લખાયું, રચાયું, પોષાયું, વિકસિત થયું, અને સંગ્રહાયું છે. આ રીતે જૈન સાહિત્યની મુખ્ય બે શાખાઓ આપણી નજરે પડે છે.

બન્ને શાખાઓના સાહિત્યમાં નવયુગ— આ બન્ને શાખાઓના શરૂઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે, તેની નિરૂપણ પદ્ધતિ માત્ર સિદ્ધાંત રૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય બન્નેનું નિરૂપણ ઉપનિષદ્ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું, પણ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ વૈદિક દર્શનોમાં ન્યાય દર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈન સાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાયદર્શનની તર્કપદ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો. બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બન્નેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર પણ થઈ. તેથી જૈન આચાર્યો પણ બૌદ્ધ આચાર્યોની પેઠે પોતાની આગમસિદ્ધ ભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન ન્હોતું એમ માનવાને કોઈ ખાસ પ્રમાણ નથી, પણ એટલું ખરૂં કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય ? એ કહેવું કઠણ છે. પણ એમ કહી શકાય છે કે, બન્ને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઇએ.

જૈન ન્યાયનું કાળમાન અને વિકાસની દૃષ્ટિએ તેના ચાર ભાગો— શાસ્ત્રપ્રદેશમાં વિચારક્રાંતિ તથા ભાષા અને શૈલીભેદ થવાને પરિણામે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ન્યાયપદ્ધતિ જન્મી. તેથી પ્રથમ એ જોવું જોઇએ કે આ જૈન ન્યાયનું વય–કાળમાન કેટલું છે અને તેના વિકાસ ક્રમને સમજવા માટે તેને કેટલા ભાગમાં વહેંચી શકીએ ?

જૈન ન્યાયના જન્મસમયની પૂર્વસીમા વધારેમાં વધારે વિક્રમના પહેલા સૈકાથી આગળ લંબાવી શકાતી નથી અને તેના વિકાસની ઉત્તર સીમા વિક્રમના અઢારમા સૈકાથી આગળ આવતી નથી. આ રીતે વધારેમાં વધારે જૈન ન્યાયનું કાળમાન અઢારસો વરસ જેટલું આંકી શકાય. પણ ઉત્તર સીમા નિશ્ચિત છતાં વિવાદાસ્પદ પૂર્વસીમાને ઓછામાં ઓછી પાંચમી શતાબ્દીથી શરૂ કરીએ તોયે તેનું કાળમાન તેરસો ચૌદસો વરસ જેટલું તો છે જ.

જૈન ન્યાયના વિકાસની ક્રમિક પાયરીઓના ભેદ સમજવા ખાતર તે કાળમાનને સ્થૂળ રીતે ચાર ભાગમાં વહેંચી શકાય છે. પહેલો ભાગ વિક્રમના પાંચમા સૈકા સુધીનો, બીજો છઠ્ઠા સૈકાથી દશમા સુધીનો, ત્રીજો ભાગ અગીઆરથી તેરમા સુધીનો અને ચોથો ચૌદમાથી અઢારમા સુધીનો. આ ચાર ભાગને અનુક્રમે બીજારોપણ કાળ, પલ્લવિતકાળ, પુષ્પિત કાળ, અને ફળકાળના નામે ઓળખીએ તો જૈન ન્યાયના વિકાસને વૃક્ષના રૂપકથી સમજી શકીએ.

જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાની પ્રતિષ્ઠા થતાં જ શરૂઆતમાં ક્યા વિષયો ઉપર ગ્રંથો લખાયા ? એ વિચાર પ્રસ્તુત નથી, પણ જૈન સાહિત્યમાં ન્યાયનો સૂત્રપાત કોણે અને કયારે કર્યો ? એટલું જ અહીં કહેવાનું છે. દિગંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની સ્પષ્ટ પ્રતિષ્ઠા આચાર્ય સમંતભદ્રે અને શ્વેતાંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની બલવતી પ્રતિષ્ઠા આચાર્ય સિદ્ધસેન દિવાકરે કરી. આ બંને આચાર્યમાં કોણ પૂર્વવર્તિ અને કોણ પશ્ચાત્વર્તિ એ હજી નિર્ણીત થયું નથી. પણ એ બે વચ્ચે વિશેષ અંતર ન હોવું જોઈએ એવી સંભાવના માટે પ્રમાણો છે. આ બે આચાર્યોના સમયની ઉત્તરસીમા ઇ. સ. પાંચમા સૈકાથી આગળ લંબાવી શકાય તેમ નથી અને પૂર્વસીમા લગભગ ઈ. સ. ના આરંભ પહેલાં નિર્દિષ્ટ કરી શકાય તેમ નથી.

સિદ્ધસેન અને સમંતભદ્ર એ બન્નેની કૃતિઓ–સંપ્રદાયો જુદા હોવા છતાંએ બન્નેનું એક એવું પરંપરાગત સામ્ય છે કે, જે તરફ ધ્યાન ગયા વિના રહેતું નથી. દિગંબર સંપ્રદાયમાં ગંધહસ્તિના નામથી સમંતભદ્ર પ્રસિદ્ધ છે. અને તત્ત્વાર્થ ઉપરની ગંધહસ્તિ મહાભાષ્ય ટીકા તેઓની કૃતિ તરીકે પ્રસિદ્ધ છે અને આજે ઉપલબ્ધ આપ્ત મીમાંસા તે જ મહાભાષ્યનું મંગલ મનાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધસેન દિવાકર ગંધહસ્તિ કહેવાય છે અને તત્ત્વાર્થ ઉપર તેઓએ ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું એમ મનાય છે. બન્ને સંપ્રદાયની આ માન્યતાઓ નિરાધાર નથી, કારણ કે બન્ને સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં તે બાબતના સૂચક ઉલ્લેખો મળી આવે છે.

આ બે આચાર્યોની વિશિષ્ટતા થોડામાં આ પ્રમાણે બતાવી શકાય. સમંતભદ્ર પોતાના દરેક ગ્રંથોમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હન્ અને તેનો મુખ્ય સિદ્ધાંત અનેકાંત એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિએ ઓજસ્વિની પ્રવાહબદ્ધ સંસ્કૃત ભાષામાં સૂક્ષ્મચર્ચા કરે છે અને સાથે સાથે અન્ય દર્શનો, તેના પ્રણેતાઓ અને એકાંતનો સોપહાસ પ્રતિવાદ કરે છે. તેઓની ઉપલબ્ધ કૃતિઓ જોતાં એમ જણાય છે કે, સમંતભદ્ર તર્કસિદ્ધ દાર્શનિક મીમાંસા કરવામાં સિદ્ધહસ્ત હતા. સિદ્ધસેન દિવાકરે પણ જૈન દર્શન, તેના પ્રણેતા તીર્થંકર અને સ્યાદ્વાદ એ વિષયોની તાર્કિક પદ્ધતિએ પ્રતિષ્ઠા કરવા સાથે અન્ય દર્શનોનો સપરિહાસ નિરાસ કર્યો છે. તેઓની મધુર અને પ્રાસાદિક સ્વતઃસિદ્ધ સંસ્કૃત ભાષાનો પદ્ય પ્રવાહ જોઇ આચાર્ય હેમચંદ્રે તેઓને કવિશ્રેષ્ઠ જણાવવા "**अनुसिद्धसेनं कवयः**" એ ઉદાહરણ ટાંકયું છે. સિદ્ધસેને જૈન ન્યાયનું વ્યવસ્થિત સ્વરૂપ બાંધી તેનો સંક્ષેપમાં અભ્યાસ કરવા ઇચ્છનાર માટે ન્યાયાવતાર નામનો એક નાનકડો પદ્યમય ગ્રંથ રચ્યો છે. જેની મર્યાદાને આજ સુધીના સમગ્ર પ્રસિદ્ધ શ્વેતાંબર દિગંબર વિદ્વાનો અનુસર્યા છે. તે સિવાય તત્કાલીન સમગ્ર ભારતીય દર્શનોને સંક્ષેપમાં પણ મૌલિક અભ્યાસ કરવા ઇચ્છિનાર માટે તે તે દર્શનનું યથાર્થ સ્વરૂપ બતાવનારા પદ્યમય ગ્રંથો રચ્યા છે અને તે રીતે આચાર્ય હરિભદ્રને પડ્દર્શન સમુચ્ચય રચવાની અને માધવાચાર્યને સર્વદર્શન સંગ્રહ રચવાની કલ્પનાનો ખોરાક પૂરો પડ્યો છે. તત્કાલીન ભારતીય સમસ્ત દર્શનોનું નિરૂપણ કરનાર બીજી કોઇ કૃતિ તેનાથી પ્રાચીન ન મળે ત્યાં સુધી દર્શન સંગ્રહ કરવાનું પ્રાથમિક ગૌરવ સિદ્ધસેનને આપવું જોઇએ. સિદ્ધસેનની એક વેદવાદ દ્વાત્રિંશિકા જોતાં એમ તુરત ભાસે છે કે, તેમણે વેદ અને ઉપનિષદ્‌નો મૌલિક તેમજ તલસ્પર્શી અભ્યાસ કરેલો. સિદ્ધસેન દિવાકરનો પ્રસિદ્ધ ગ્રંથ સમ્મતિ તર્ક છે, જે પદ્યમય પ્રાકૃતમાં ત્રણ ભાગમાં કુંદકુંદના પ્રવચન સારની પેઠે પૂરો થયેલો છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર એમ બન્ને આચાર્યોએ ટીકાઓ રચી છે. તેમાં વર્ણવેલા સિદ્ધાંતો એટલા સતર્ક અને હૃદયગ્રાહી છે કે, આગળના આચાર્યો પણ તેથી વધારે મૂળ વસ્તુ કહી શકયા નથી. સમંતભદ્રની ઉપલબ્ધ કૃતિઓમાં સિદ્ધસેનના ન્યાયાવતાર જેવી કે વૈદિક છએ દર્શન અને બૌદ્ધ દર્શનનું નિરૂપણ કરનાર બત્રીશીઓ જેવી કોઇ કૃતિ નથી. વાચકોએ સિદ્ધસેનની ઉપલબ્ધ એકવીશ બત્રીશીઓ અને સમંતભદ્રની આપ્ત મીમાંસા, યુક્ત્યનુશાસન અને સ્વયંભૂસ્તોત્ર એ એક સાથે સામે રાખી અવલોકવાં જેથી બંનેનું પરસ્પર સાદૃશ્ય અને વિશેષતા આપોઆપ ધ્યાનમાં આવશે.

બીજા ભાગનું પલ્લવિત કાળ એ નામ રાખ્યું છે, તેનો અભિપ્રાય એટલો

છે કે, સિદ્ધસેન અને સમંતભદ્ર દ્વારા બંને સંપ્રદાયોમાં જે જૈન ન્યાયનું બીજારોપણ થયું, તેને જ આ યુગમાં પલ્લવિત કરવામાં આવ્યું છે. આ યુગ દિગંબર સંપ્રદાયમાં અનુક્રમે અકલંક, વિદ્યાનંદ અને પ્રભાચંદ્ર એ ત્રણ પ્રધાન આચાર્યોએ મુખ્યપણે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ પ્રધાનપણે ત્રણ આચાર્યોએ આ યુગમાં જૈન ન્યાયને વિસ્તૃત અને વિશદ બનાવ્યો છે. મલ્લવાદી, હરિભદ્ર અને રાજગચ્છીય અભયદેવ. એ ત્રણેએ અનુક્રમે કાંઈને કાંઇ વધારે વિશેષતા અર્પી છે. અકલંક આદિ ત્રણે દિગંબર આચાર્યોએ જૈન ન્યાયના સ્વતંત્ર ગ્રંથોયે લખ્યા છે અને સમંતભદ્ર આદિ પૂર્વાચાર્યોની ન્યાયવાણીને પલ્લવિત પણ કરી છે. તેવી જ રીતે મલ્લવાદી વગેરે આ યુગના શ્વેતાંબર આચાર્યોએ જૈન ન્યાય ઉપર સ્વતંત્ર ન્યાયના ગ્રંથો લખ્યા છે અને પોતપોતાના પહેલાંની તર્કવાણીને પલ્લવિત પણ કરી છે. ઉક્ત દિગંબર ત્રણ આચાર્યો અને ઉક્ત :શ્વેતાંબર ત્રણ આચાર્યોની કૃતિઓ બરાબર સામે રાખી જોવામાં આવે તો એક બીજા ઉપર પડેલો પ્રભાવ, પરસ્પરનું સાદૃશ્ય અને વિશેષત્વ ધ્યાનમાં આવ્યા વિના રહે તેમ નથી.

ત્રીજા ભાગનું નામ પુષ્પિત કાળ છે. પુષ્પો કાંઇ સંખ્યામાં પલ્લવો જેટલાં નથી હોતાં. કદાચિત્ પુષ્પોનું પરિમાણ પલ્લવોથી નાનું પણ હોય છે, છતાં પુષ્પ એ પલ્લવોની ઉત્તર અવસ્થા હોઈ તેમાં એક જાતનો વિશિષ્ટ પરિપાક હોય છે. બીજા યુગમાં જૈન ન્યાયનો જે વિસ્તાર અને સ્પષ્ટીકરણ થયાં તેને પરિણામે ત્રીજો યુગ જન્મ્યો. આ યુગમાં અને આ પછીના ચોથા યુગમાં દિગંબર આચાર્યોએ ન્યાય વિષયક કેટલાક ગ્રંથો રચ્યા છે, પણ હજુ સુધી મારી નજરે એવો એકે ગ્રંથ નથી પડ્યો કે જેને લીધે જૈન ન્યાયના વિકાસમાં તેને સ્થાન આપી શકાય. ત્રીજા યુગના શ્વેતાંબર સંપ્રદાયમાં વાદીદેવસૂરિ અને હેમચંદ્ર એ બેનું મુખ્ય સ્થાન છે. એ ખરૂં કે આચાર્ય હેમચંદ્રની પરિચિત કૃતિઓમાં જૈન ન્યાય વિષયક બહુ કૃતિઓ નથી, તેમ પરિમાણમાં મોટી પણ નથી. છતાં તેઓની બે બત્રીશીઓ અને પ્રમાણ મીમાંસા જોનારને તેઓની વિશિષ્ટતા ધ્યાનમાં આવ્યા સિવાય નહીં રહે. અને એમ આપોઆપ જણાશે કે મોટા મોટાને લાંબા લાંબા ગ્રંથોથી કંટાળેલ અભ્યાસીઓ માટે સંક્ષેપમાં છતાં વિશેષતાવાળી રચનાઓ તેઓએ કરી અને ફુલનું સૌરભ તેમાં આણ્યું. વાદીદેવસૂરિ કાંઇ કંટાળે એવા ન હતા. તેઓએ તો રત્નાકરની સ્પર્ધા કરે એવો એક સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ રચ્યો અને કોઇ અભ્યાસીને જૈન ન્યાય માટે તેમજ દાર્શનિક ખંડન મંડન માટે બીજે ક્યાંય ન જવાની સગવડ કરી દીધી.

ચોથો ફળ કાળ—આ યુગમાં જે સાહિત્ય રચાયું, તે ફળરૂપ છે. ફળમાં બીજથી ફુલ સુધીના ઉત્તરોત્તર પરિપાકનો સાર આવી જાય છે. તેવી રીતે આ

યુગના સાહિત્યમાં પહેલા ત્રણે યુગના સાહિત્યમાં થયેલો પરિપાક એક સાથે આવી જાય છે. આ યુગમાં જે જૈન ન્યાય સાહિત્ય રચાયું છે. તે જ જૈન ન્યાયના વિકાસનું છેલ્લું પગથીયું છે. કારણકે, ત્યારબાદ તેમાં કોઇએ જરાયે ઉમેરો કર્યો નથી. મલ્લીષેણની સ્યાદ્વાદ મંજરી બાદ કરીને આ યુગના ફેલાયમાન ન્યાય વિષયક ઉચ્ચ સાહિત્ય તરફ નજર કરીએ તો જણાશે કે તે અનેક વ્યક્તિઓના હાથે લખાયું નથી. તેના લેખક ફક્ત એક જ છે અને તે સત્તરમા અઢારમા સૈકામાં થયેલા, લગભગ સો શરદો સુધી મુખ્યપણે શાસ્ત્રયોગ સિદ્ધ કરનાર, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને મારવાડી એ ચારે ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનાર ઉપાધ્યાય યશોવિજયજી છે. ઉપાધ્યાયજીના જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાય વિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સમંતભદ્રથી વાદિદેવસૂરિ, અને હેમચંદ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસીત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્ક ગ્રંથોમાં મૂર્ત્તિમાન થાય છે. અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના અને સમન્વયના રંગો પૂર્યા છે, કે જેનાથી મુદિતમના થઇ આપોઆપ એમ કહેવાઇ જાય છે કે, પહેલા ત્રણ યુગનું બન્ને સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાય વિષયક સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોયે જૈન વાઙ્મય કૃતકૃત્ય છે. ઉપાધ્યાયજીએ અધિકારી ભેદને ધ્યાનમાં રાખી, વિષયોની વહેંચણી કરી તે ઉપર નાના મોટા અનેક જૈન ન્યાયના ગ્રંથો લખ્યા. તેઓએ જૈન તર્કપરિભાષા જેવો જૈન ન્યાય પ્રવેશ માટે લઘુ ગ્રંથ રચી, જૈન સાહિત્યમાં તર્કસંગ્રહ અને તર્કભાષાની ખોટ પૂરી પાડી. રહસ્ય પદાંકિત એકસો આઠ ગ્રંથો કે તેમાંના કેટલાક રચી જૈન ન્યાયવાઙ્મયમાં નૈયાયિકપ્રવર ગદાધર ભટ્ટાચાર્યના ગ્રંથોની ગરજ સારી. નયપ્રદીપ, નયરહસ્ય, નયામૃતતરંગિણી સહિત નયોપદેશ, સ્યાદ્વાદ કલ્પલતા, ન્યાયાલોક, ખંડન ખંડ-ખાદ્ય, અષ્ટસહસ્રીટીકા આદિ ગ્રંથો રચી જૈન ન્યાય વાઙ્મયને ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનું નૈવેદ્ય ધર્યું. અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ જેવા ગ્રંથોથી જૈન ન્યાય વાઙ્મયનો ગીતા, યોગવાસિષ્ઠ આદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડ્યો. થોડામાં એટલું જ કહેવું બસ છે કે, વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રામાણિકપણે આખું જીવન વ્યતિત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજાં બધાં તેજો લગભગ સમાઇ જાય છે; એમ કહેવું પડે છે.

ઉપસંહાર—આ લેખમાં જૈન ન્યાયના વિકાસક્રમનું માત્ર દિગ્દર્શન અને તે પણ અધુરી રીતે કરાવવામાં આવ્યું છે. આ સ્થળે જૈન ન્યાયના વિકાસક

તરીકે જે જે આચાર્યોનાં નામ લેવામાં આવ્યાં છે, તેઓનાં જીવન, તેઓનો સમય, તેઓની કાર્યાવલિ વગેરેનો ઉલ્લેખ જરાયે નથી કર્યો. તેવીજ રીતે તેઓના સંબંધમાં જે કાંઈ થોડું ઘણું લખ્યું છે, તેની સાબીતી માટે ઉતારાઓ આપવાના લોભનું પણ નિયંત્રણ કર્યું છે, આ નિયંત્રણ કરવાનું કારણ જોઈતા અવકાશ અને સ્વાસ્થ્યનો અભાવ એ એકજ છે. આચાર્યોના જીવન આદિની વિગત એટલી બધી લાંબી છે કે, તે આપતાં વિષયાંતર થઈ જવાય. તેથી જેઓ તે વિષયના જિજ્ઞાસુ હોય તેઓની જાણ ખાતર એક છેવટે એવું પરિશિષ્ટ આપવામાં આવે છે કે, જેની અંદર ઉપર આવેલા આચાર્યોના સંબંધમાં માહિતી આપનાર ગ્રંથો નોંધેલા છે અને તેઓનું પ્રકાશિત થયેલું કેટલુંક સાહિત્ય નોંધેલું છે. એ સાહિત્ય અને એ ગ્રંથો જોવાથી તે તે આચાર્યોના સંબંધમાં મળતી આજ સુધીની માહિતી ઘણેભાગે કોઈપણ જાણી શકશે.

આ લેખમાં જૈન ન્યાયના પ્રણેતા અમુકજ વિદ્વાનોનો ઉલ્લેખ છે. બીજા ઘણાને છોડી દીધા છે. તેનું કારણ એ નથી કે, તેઓનો જૈન ન્યાયના વિકાસમાં સ્વલ્પ પણ હિસ્સો ન હોય; છતાં તેવા નાના મોટા દરેક ગ્રંથકારનો ઉલ્લેખ કરતાં લેખનું કલેવર કંટાળા ભરેલ રીતે વધી જાય તેથી જે વિદ્વાનોનું જૈન ન્યાયના વિકાસમાં થોડું છતાં વિશિષ્ટ સ્થાન મને જણાયું છે, તેઓનોજ ઉલ્લેખ કર્યો છે. બાકીનાઓના નામનું બીજું એક પરિશિષ્ટ અંતમાં આપી દેવામાં આવે છે.

આ લેખ સમાપ્ત કરતાં એક વાત તરફ વાચકોનું ધ્યાન ખેંચુ છું, તે આ—હિંદુસ્થાનના કે બ્હારના વિદ્વાનો ગુજરાતના સાક્ષરોને એમ પૂછે કે ગુજરાતના વિદ્વાનોએ દાર્શનિક સાહિત્ય રચ્યું છે? અને રચ્યું હોય તો કેવું અને કેટલું? આ પ્રશ્નનો કોઇ પણ સાક્ષર હામાં અને પ્રામાણિક ઉત્તર આપી ગુજરાતનું નાક રાખવા ઇચ્છે તો તેણે જૈન વાઙ્મય તરફ સપ્રેમ દૃષ્ટિપાત કરવો જ પડશે. એવી સ્થિતિમાં ગુજરાતના દાર્શનિક સાહિત્યનું મુખ ઉજ્જવલ કરવા ખાતર અને દાર્શનિક સાહિત્યની સેવામાં ગુજરાતનું વિશિષ્ટ સ્થાન જણાવવા માટે દરેક સાહિત્ય-પ્રેમી વિદ્વાનની એ ફરજ છે કે તેણે કેવળ સાહિત્યોપાસનાની શુદ્ધદૃષ્ટિથી જૈન ન્યાય સાહિત્યના ગુજરાતીમાં સરલ અને વ્યવસ્થિત અનુવાદો કરી સર્વસાધારણ સુધી તેનો ધોધ પહોંચતો કરવો. જૈનોનું આ સંબંધમાં બેવડું કર્તવ્ય છે. તેઓએ તો સાંપ્રદાયિક મોહથી પણ પોતાના દાર્શનિક સાહિત્યને વિશિષ્ટ રૂપમાં અનુવાદિત કરી પ્રચારવાની આવશ્યકતા છે.

સુખલાલ સંઘવી.

ગુજરાત પુરાતત્ત્વ મંદિર—અમદાવાદ.

परिशिष्ट नं. १.

(क)

નિબંધાંતર્ગત દાર્શનિકો

શ્વેતાંબરીય.

નામ.	ન્યાય વિષયક કૃતિઓ.	તેમની માહિતીનાં સાધનો.
સિદ્ધસેન દિવાકર.	સમ્મતિતર્ક, ન્યાયાવતાર અને બત્રીશીઓ.	પ્રભાવક-ચરિત, પ્રબંધ ચિંતામણિ, ચતુર્વિંશતિ પ્રબંધ, જૈન સાહિત્ય સંશોધક વર્ષ ૧ અંક ૧. ગુર્વાવલી, વીરવંશાવલી (જૈન. સા. સં. વ. ૧ અં. ૩).
મલ્લવાદી.	દ્વાદશાર નયચક્ર, સમ્મતિ ટીકા.	પ્ર૦ ચ૦, પ્રબં૦ ચિં, ચતુ૦ પ્ર૦, ગુર્વાવલી, વીરવંશાવલી (જૈન. સા૦ સં૦ વ૦ ૧, અં૦ ૩).
હરિભદ્ર.	અનેકાંતજયપતાકા, ષડ્દર્શન સમુચ્ચય, લલિતવિસ્તરા, ન્યાય પ્રવેશ-પ્રકરણ ઉપર ટીકા, શાસ્ત્રવાર્તા-સમુચ્ચય, લોકતત્ત્વનિર્ણય, ધર્મસંગ્રહણી અને ન્યાયાવતાર-વૃત્તિ.	પ્ર૦ ચ૦, ચતુ૦ પ્ર૦, શ્રી હરિભદ્રસૂરિ ચરિત્ર, જૈન દર્શન (પં. બેચરદાસ કૃત) ની પ્રસ્તાવના, જૈન સા૦ સં૦ વ૦, અં૦ ૧, વીરવંશાવલી, ધર્મસંગ્રહણિની પ્રસ્તાવના, ઉપમિતિ ભવપ્રપંચાની પ્રસ્તાવના, વગેરે.
અભયદેવ (રાજગચ્છીય)	સમ્મતિ ટીકા.	પીટર્સન રિપોર્ટ ૪ માં લેખકોની અનુક્રમણિકા.
વાદી દેવસૂરિ.	સ્યાદ્વાદ રત્નાકર.	પ્ર૦ ચ૦, પ્રબં૦ ચિં૦, વીરવંશાવલી,
આચાર્ય હેમચંદ્ર.	પ્રમાણ મીમાંસા, અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા.	પ્ર૦ ચ૦, પ્રબં૦ ચિં૦, ચતુ૦ પ્ર૦, કુમારપાળ પ્રતિબોધ, કુમારપાળ પ્રબંધ, કુમારપાળ ચરિત્ર, રાસમાળા વગેરે.

મલ્લિષેણ.	સ્યાદ્વાદ મંજરી	
મહોપાધ્યાય યશોવિજયજી.	અધ્યાત્મમત પરીક્ષા સટીક, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિકમતદલન સટીક, અષ્ટસહસ્રી વિવરણ, ઉપદેશ રહસ્ય સટીક, જ્ઞાનબિંદુ, જૈનતર્કભાષા, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા–સટીક, ધર્મ પરીક્ષા સટીક, નયપ્રદીપ, નયામૃત તરંગિણી, ન્યાય ખંડન ખાદ્ય–સટીક, ન્યાયાલોક, પાતંજળ યોગદર્શન વિવરણલેશ, ભાષારહસ્ય સટીક, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, નયરહસ્ય, તત્ત્વાર્થસૂત્ર–વૃત્તિ. વગેરે	યશોવિજય જીવન–ચરિત્ર (આ બુદ્ધિસાગરકૃત), આનંદઘન પદ્ય રત્નાવલી પ્રસ્તાવના (કાપડીયા કૃત), આત્માનંદ પ્રકાશ પુ૦ ૧૩ અં. ૬, શાસ્ત્રવાર્તા સમુચ્ચયની પ્રસ્તાવના, ધર્મ સંગ્રહની પ્રસ્તાવના વગેરે.

(ख)

દિગંબરીય.

સમંતભદ્ર.	દેવાગમસ્તોત્ર, તત્ત્વાનુશાસન, યુક્ત્યનુશાસન; સ્વયંભૂ સ્તોત્ર	જૈન હિતૈષી ભા૦ ૬–અં. ૨, ૩, ૪, વિદ્વદ્ રત્નમાલા ભા. ૧, અષ્ટસહસ્રીની પ્રસ્તાવના.
અકલંક.	રાજવાર્તિક, અષ્ટશતી, ન્યાયવિનિશ્ચય, લઘીયસ્ત્રયી.	લઘીયસ્ત્રયી આદિની પ્રસ્તાવના, વિદ્વદ્રત્નમાળા ભા. ૨, રાજવાર્તિકની પ્રસ્તાવના.
વિદ્યાનંદ.	પ્રમાણ પરીક્ષા, અષ્ટસહસ્રી, શ્લોકવાર્તિક, આપ્ત પરીક્ષા, પત્ર પરીક્ષા વગેરે.	જૈન હિતૈષી ભા. ૮ પૃ. ૪૨૯, યુક્ત્યનુશાસનની પ્ર૦, અષ્ટસહસ્રીનો પ્ર૦
પ્રભાચંદ્ર.	ન્યાય કુમુદ ચંદ્રોદય, પ્રમેય કમળ માર્તંડ.	વિદ્વદ્ રત્નમાલા ભા. ૨, પ્રમેય કમળ માર્તંડની પ્રસ્તાવના.

નોંધ:—આ આચાર્યોએ અનેક વિષયો ઉપર અનેક ગ્રંથો લખ્યાના પ્રમાણો મળે છે, પણ અહીં ફક્ત તેઓના ન્યાયવિષયક સાહિત્યનો ઉલ્લેખ પ્રસ્તુત હોવાથી તે દરેક આચાર્યની ન્યાયવિષયક કૃતિઓનો ઉલ્લેખ કરેલો છે.

परिशिष्ट नं. २

નિબંધ બાહ્ય જૈનન્યાયના લેખકો.

(अ)

શ્વેતાંબરીય.

અનુક્રમ.	નામ.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી ગુણરત્નસૂરિ	ષડ્દર્શન સમુચ્ચય વૃત્તિ
૨	શ્રી ચંદ્રસેન	ઉત્પાદ સિદ્ધિપ્રકરણ
૩	શ્રી ચંદ્રપ્રભસૂરિ	પ્રમેયરત્નકોષ
૪	શ્રી દેવભદ્ર મલધારી	ન્યાયાવતાર ટિપ્પન
૫	શ્રી દેવચંદ્રજી	નયચક્ર
૬	શ્રી પદ્મસુંદર	પ્રમાણસુંદર
૭	શ્રી બુદ્ધિસાગર	પ્રમાણલક્ષ્યલક્ષણ
૮	શ્રી મુનિચંદ્ર	અનેકાંતજય પતાકા ટિપ્પન
૯	શ્રી રાજશેખર	સ્યાદ્વાદકલિકા, રત્નાકરાવતારિકા ટિપ્પન
૧૦	શ્રી રત્નપ્રભ	રત્નાકરાવતારિકા
૧૧	શ્રી શુભવિજય	સ્યાદ્વાદ ભાષા
૧૨	શ્રી શાંતિસૂરિ	પ્રમાણ પ્રમેયકલિકા વૃત્તિ

દિગંબરીય.

(ब)

અનુક્રમ.	ગ્રંથકાર.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	અનંતાચાર્ય	ન્યાયવિનિશ્ચયાલંકારવૃત્તિ
૨	શ્રી સુમતિ	સિદ્ધસેનના સમ્મતિપર ટીકા, ઉલ્લેખ. શ્રવણ બેલ-ગુલાની મલ્લિષેણકૃત પ્રશસ્તિ તથા વાદીરાજ કૃત પાર્શ્વનાથ ચરિત્ર
૩	શ્રી દેવસેન	નયચક્ર, આલાપપદ્ધતિ
૪	શ્રી ધર્મસાગર સ્વામી	નયચક્ર

૫	શ્રી ધર્મભૂષણ	ન્યાયદીપિકા, પ્રમાણુવિસ્તાર
૬	શ્રી પ્રભાદેવ સ્વામી	પ્રમિતિવાદ, મુક્તિવાદ, અવ્યાપ્તવાદ, તર્કવાદ, તથા નયવાદ
૭	શ્રી નરેન્દ્રસેન	પ્રમાણુ પ્રમેય કલિકા
૮	શ્રી પંડિતાચાર્ય	પ્રમેયરત્નાલંકાર, પ્રમેયરત્નમાલિકા પ્રકાશિકા, સપ્તભંગી તરંગિણી ટીકા.
૯	શ્રી ભાવસેનાચાર્ય	ન્યાયદીપિકા
૧૦	શ્રી ભાવસેન કવિ	વિશ્વતત્વ પ્રકાશ
૧૧	શ્રી વાદીરાજ મુનિ	વાદમંજરી
૧૨	શ્રી વાદીસિંહ	પ્રમાણુનૌકા, તર્કદીપિકા
૧૩	શ્રી વિમળદાસ	સપ્તભંગીતરંગિણી
૧૪	શ્રી શ્રુતસાગર સ્વામી	સંમતિ તર્ક
૧૫	શ્રી શ્રુતસાગર	તર્કદીપક

परिशिष्ट नं. ३

જૈનેતર ન્યાય ઉપર લખનારા જૈનાચાર્યો.

શ્વેતાંબરીય.

નંબર	નામ.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી અભયતિલક	ન્યાયાલંકાર ટિપ્પન
૨	શ્રી ક્ષમાકલ્યાણુ	તર્ક ફક્કિકા
૩	શ્રી ગુણુરત્ન	તર્કરહસ્યદીપિકા
૪	શ્રી જયસિંહ	ન્યાયસારવૃત્તિ (મૂળ ભા. સર્વજ્ઞ કૃત)
૫	શ્રી જિનવર્ધન	સપ્તપદાર્થી–ટીકા
૬	શ્રી નરચંદ્રસૂરિ	કંદલી ટિપ્પન (મૂલ શ્રીધર કૃત)
૭	શ્રી મલ્લવાદી	ન્યાયબિંદુ વૃત્તિ ટિપ્પન (મૂળ વૃત્તિ ધર્મોત્તર રચિત)
૮	શ્રી ભુવનસુંદર	મહાવિદ્યા વિડંબનાવૃત્તિ
૯	શ્રી રત્નશેખર	લક્ષણુ સંગ્રહ
૧૦	શ્રી રાજશેખર	કંદલિપંજિકા
૧૧	શ્રી શુભવિજય	તર્કભાષાવાર્તિક
૧૨	શ્રી હરિભદ્ર	ન્યાયપ્રવેશ પ્રકરણુ–વૃત્તિ (મૂળ દિગ્નાગાચાર્ય રચિત)

ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં
શાહ કુંવરજી આણંદજીએ વાંચેલું ભાષણ.

કર્મ સંબંધી જૈન સાહિત્ય.

અનેક દર્શનોના પ્રાચીન અને અર્વાચીન તમામ સાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં જૈન દર્શનમાં કર્મને લગતું જેટલું સાહિત્ય પૂર્વ પુરૂષોએ રચેલું છે અને જેટલું છપાયેલું છે તેટલું કોઇ પણ દર્શનમાં લખાયેલ કે છપાયેલ નથી. પ્રાયે એમ કહીએ તો ચાલી શકે કે એ વિષયમાં અન્ય દર્શનકાર ઉતરેલજ નથી. કર્મનો વિષય અતીંદ્રિય છે. તેથી તેના મુખ્ય પ્રણેતા સર્વજ્ઞજ હોઇ શકે; એમાં કલ્પના ચાલી શકતી નથી. એ કલ્પનાતીત વિષય છે. આ સંબંધમાં જૈન સાહિત્ય કેટલું છે ? તેની ટુંક નોંધ આ સાથે આપેલી છે તે ઉપરથી સમજી શકાશે કે એ વિષયમાં લાખો શ્લોકો જૈનાચાર્યોએ રચેલાં છે અને તેનો બહોળો ભાગ તેજ રૂપમાં (પ્રાકૃત ને સંસ્કૃતમાં) છપાયેલ છે, તેમજ ગુજરાતી ભાષાંતર સાથે પણ ઘણો ભાગ બહાર પડેલ છે (છપાયેલનો નોંધ પણ આ સાથે આપેલ છે.)

જૈન દર્શન ખાસ **પુરૂષાર્થવાદી** છે; કારણ કે પુરૂષાર્થવડેજ આત્મા પૂર્વકૃત કર્મોનો નાશ કરીને શિવસ્થાન-નિરૂપદ્રવ સ્થાન-અપુનરાવૃત્તિવાળું સ્થાન મેળવી શકે છે, છતાં કર્મને લગતા શાસ્ત્રો તેમાં ઘણા હોવાથી તેમજ તે સંબંધમાં ઉપદેશ, ચર્ચા તેમજ તેનાથી ડરવાપણું વિશેષ હોવાથી જૈનોને **કર્મવાદી** કહેવામાં આવે છે. ખરો જૈન જેમ બને તેમ નવાં કર્મ ન બંધાય, ઓછા બંધાય, શુભ બંધાય તેને માટે પ્રયત્નશીલ હોય છે; કારણકે ઉપર જણાવેલા મોક્ષસ્થાનમાં જતાં રોકી રાખનાર કર્મોજ છે. તેથી વ્યવહાર વિચક્ષણ વણિક જેમ આવક વધારે ને ખર્ચ ઓછો કરી શ્રીમંત થાય તેમ ખરો જૈન પણ આત્મિક સંપત્તિ જેમ બને તેમ વધારે મેળવે-પ્રગટ કરે અને નવો કર્મબંધ રૂપ ખર્ચ ઓછો કરે, એમ કરીને સાચો શ્રીમંત બને.

કર્મ બે પ્રકારના છે-શુભ અને અશુભ. શુભ કર્મ સુખ આપે છે ત્યારે અશુભ કર્મ દુઃખ આપે છે. આ વિષય વધારે સમજવા માટે કર્મના મૂળ ૮ વિભાગ પાડવામાં આવ્યા છે, અને તેના ઉત્તર ભેદો ૧૫૮ પાડવામાં આવ્યા છે.

તે સંબંધી અહીં વધારે વિસ્તાર ન કરતાં માત્ર આઠ કર્મનીજ ટુંકી વ્યાખ્યા આપવામાં આવે છે.

૧ જ્ઞાનને આવરણ કરે-રોકે-ખરી સમજ પડવા ન દેય તે **જ્ઞાનાવરણીય** કર્મ.

૨ ઇંદ્રિયોથી ને આત્માથી જોવાતા વિષયને રોકે તે **દર્શનાવરણીય** કર્મ.

૩ સુખ અને દુઃખ આપે તે સાતા ને અસાતા રૂપ **વેદનીય** કર્મ.

૪ સંસારમાં મોહ પમાડે-મુંઝવે-અનેક પ્રકારની ખટપટમાં ઉતારે-સંસારમાં પરિભ્રમણ કરાવે-ખરી સમજ પડવા ન દેય, શુભાચરણ પણ થવા ન દેય તે **મોહનીય** કર્મ.

૫ ઊંચ અને નીચ જાતિમાં ઉત્પન્ન કરે-જન્મ આપે તે **ગોત્ર** કર્મ.

૬ દાન દેતાં, લાભ મેળવતાં, વસ્તુઓનો ભોગ-ઉપભોગ લેતાં અટકાવે-તેમાં ખામી લાવે, આત્મવીર્ય કે શારીરિક બળ પૂરતું ફોરવવા ન દેય તે **અંતરાય** કર્મ.

૭ મનુષ્ય, તિર્યંચ, દેવાદિક ગતિ, એકેંદ્રિયાદિક જાતિ, શરીર, તેની આકૃતિ, તેમાં બળ ઇત્યાદિ અનેક બાબતો શુભ અને અશુભ-ઓછું ને વધતું આપનાર વિચિત્ર પ્રકારનું **નામ** કર્મ.

૮ મનુષ્યમાં કે દેવાદિક ગતિમાં એક ભવ આશ્રી અમુક વર્ષો સુધી રહેવા દેય-રાખે-રહેવું પડે તે **આયુ** કર્મ.

આ કર્મો બાંધવાના અનેક કારણો છે તે પૈકી ટુંકામાં નીચે જણાવેલા ચાર કારણો કહ્યાં છે તે ખાસ ધ્યાન આપવા લાયક છે. ૧ દેવગુરૂ ધર્મસંબંધી તેમજ જગતના અન્ય પદાર્થો સંબંધી ખોટી માન્યતા, ભૂલભરેલી માન્યતા અને તેનો આગ્રહ, તે **મિથ્યાત્વ** નામનું સૌથી પ્રબળ પ્રથમ કારણ ગણાય છે.

૨ હિંસાનો, અસત્યનો, ચોરીનો, પરસ્ત્રી સાથેના સંબંધનો અત્યાગ, પરિગ્રહ-દ્રવ્યાદિકની મૂર્ચ્છા (તૃષ્ણા)નું અપરિમિતપણું તેમજ બીજી પણ અનેક બાબતોમાં **અવિરતિ** ભાવ (અત્યાગ ભાવ) એ કર્મબંધનું બીજું કારણ છે.

૩ કોઇની ઉપર ક્રોધ કરવો, અભિમાન કરવું, માયાકપટ કરવું, અતિશય લોભ કરવો, હાસ્યાદિક કરીને અન્યને દુઃખ ઉપજાવવું, ઇંદ્રિયજન્ય સુખની અત્યંત અભિલાષા (વાંચ્છા) કરવી એ **કષાય** નામનું કર્મબંધનું ત્રીજું કારણ છે.

૪ મન, વચન અને કાયાને અશુભ કાર્યમાં પ્રવર્તાવવાથી જે અધ્યવસાયની મલિનતા જણાય છે, તેથી કર્મબંધ થાય છે, તે યોગ નામનું કર્મબંધનું ચોથું કારણ છે.

આ ચારે કારણનું જૈનશાસ્ત્રોમાં ઘણું વિસ્તૃત વર્ણન છે, અને તે ખાસ ધ્યાન આપવા લાયક છે. તે ધ્યાનમાં લીધા પછી તે કારણોમાં આત્માને ન વર્તવા દેવો અને તેથી વિરૂદ્ધના શુભ કારણોમાં આત્માની પ્રવૃત્તિ કરવી તે શુભ બંધના અથવા કર્મની નિર્જરાના કારણો છે. એમાં પ્રગતિ કરતાં આ આત્મા છેવટે સર્વ કર્મથી વિમુક્ત થાય છે અને સર્વ ઉપદ્રવ રહિત મોક્ષસ્થાનને પામે છે. આ પ્રગતિને જૈનશાસ્ત્રકારોએ ગુણસ્થાન રૂપે ગુણસ્થાનના નામથી વર્ણવેલ છે. એવા ગુણસ્થાન મુખ્ય ૧૪ કહ્યા છે. તે દરેકના પણ તરતમતા યોગે અનેક ભેદો થાય છે. તેમાં છેવટના બે ગુણઠાણા તો તરતમ ભાવ વિનાના છે. એ સ્થાને પહોંચેલ સર્વ જીવો (આત્માઓ) સમાન હોય છે.

કર્મગ્રંથોની અંદર કર્મબંધના મુખ્ય ચાર પ્રકાર બતાવેલા છે. ૧ પ્રકૃતિ બંધ- (કર્મોનો સ્વભાવ) આત્માને તે શું લાભ અથવા હાનિ કરે તે. ૨ સ્થિતિબંધ—બાંધેલ કર્મ કેટલા વખત સુધી ભોગવવું પડે તે. ૩ અનુભાગ બંધ-જેવા જેવા મંદ અથવા તીવ્ર શુભ કે અશુભ અધ્યવસાયથી કર્મ બાંધેલ હોય તેવો તેની અંદર તીવ્ર કે મંદ અથવા શુભ કે અશુભ રસ પડે છે તે. અને ૪ પ્રદેશ બંધ-તે આત્માની સાથે કર્મના પ્રદેશોનું ચોંટવું-એકરૂપ થવું તે.

હવે 'આત્મા અરૂપી છે અને કર્મ રૂપી છે તો તે બન્નેનો સંયોગ સંબંધ શી રીતે થાય ?' એ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે-આત્મા અરૂપી છતાં તેને મદિરાપાનાદિ બેશુદ્ધ બનાવે છે, વિષભક્ષણાદિવડે દેહમાંથી નીકળવું પડે છે, વિષના પુદ્‌ગળો તેને શરીરમાંથી કાઢે છે-જુદા પાડે છે, તે રીતે કર્મ રૂપી છતાં પણ અરૂપી આત્માની ઉપર અસર કરી શકે છે, એમાં સંશય કરવા જેવું નથી.

કેટલાએક દર્શનકાર કર્મને અરૂપી માને છે પણ તે માન્યતા ભૂલભરેલી છે; કારણ કે જો કર્મ અરૂપી હોય તો અરૂપી આકાશ જેમ આત્માને ઉપઘાત કે અનુગ્રહ કરી શકતું નથી તેમ તે પણ કરી શકે નહીં.

આત્મા સાથે કર્મ અનંત કાળથી-અનાદિથી લાગેલા છે અને તે જુના છૂટે, નવા ચોંટે એમ થયા કરે છે. પ્રવાહે અનાદિ છે. જો એમ ન હોય તો-અને

પ્રથમ કર્મરહિત આત્માને પછી કર્મ લાગ્યા એમ કહેવામાં આવે તો કર્મ-રહિત થયેલા-મુક્તિ પામેલા સિદ્ધના જીવોને પણ કર્મનો સંભવ થાય; પરંતુ કારણ વિના કાર્ય બનતું નથી તેમ જીવને પણ પૂર્વકર્મ કારણરૂપ છે અને તેથીજ નવા કર્મ બંધાય છે. કર્મરહિત હોય તો પૂર્વકર્મરૂપ કારણ વિના નવા કર્મ બંધાયજ નહીં. આ વાત ન્યાયથી પણ સિદ્ધ થાય તેવી છે.

આત્મા (જીવ) અને કર્મ બન્ને અનાદિ છે. તેની આદિ માનવાથી અનેક પ્રકારના દૂષણો પ્રાપ્ત થાય છે. તે અહીં વિષયાંતર થઇ જવાના કારણથી બતાવવામાં આવેલ નથી. બાકી તેના અનાદિપણાની સિદ્ધિ માટે જૈનશાસ્ત્રમાં ઘણું લખાયેલ છે.

આ જગતની જે રચના છે, જે વિચિત્રતા છે, પ્રાણી જે સુખ દુઃખ પામે છે, અનેક પ્રકારના ધાર્યા અણધાર્યા ફેરફારો થાય છે, તે બધા કર્મને આભારી છે. કર્મને લઇનેજ થાય છે. આ જીવ તેમજ સર્વ જીવો કોઇપણ યોનિમાં જન્મ ધારણ કરે છે ત્યારથી તેની જે પ્રગતિ થાય છે તેમાં ખાસ કારણ કર્મજ છે. કંઇપણ કર્મના કારણ સિવાય બનતુંજ નથી. કર્મની પ્રક્રિયાને જે બરાબર સમજે છે તેને એમાં કાંઇપણ આશ્ચર્ય થતું નથી. તેને તો સૂર્યના પ્રકાશની જેમ આત્મામાં એવો પ્રકાશ પડી જાય છે કે તેની અંદર બધી હકીકતનો અત્યંત સ્ફુટપણે ભાસ થાય છે.

કેટલાએક દર્શનકારો અથવા બીજાઓ કર્મનીજ આવશ્યકતા સ્વીકારતા નથી. તેમણે એજ વિચાર કરવાનો છે કે-જો કર્મ ન હોય અને તેનું શુભાશુભ પરિણામ ન હોય તો એક જીવ સુખી ને એક દુઃખી, એક ધનવાન ને એક નિર્ધન, એક રાજા ને એક રાંક, એક મનુષ્ય ને એક પશુ, એક સ્ત્રી ને એક પુરૂષ, એક રૂપવંત ને એક કુરૂપી, એક સદ્‌ગુણી ને એક દુર્ગુણી, એક બુદ્ધિ-શાળી ને એક મૂર્ખ, એક સન્માનપાત્ર અને એક નિભ્રંછનાનું પાત્ર-ઇત્યાદિ અનેક પ્રકારનો દ્વિભાવ દેખાય છે તે કેમ બની શકે ? તેમજ એક માણસ એક ક્ષણમાં સુખીનો દુઃખી થઇ જાય, નિરોગીનો રોગી થઇ જાય, શુદ્ધિમાન્ મટીને બેશુદ્ધ થઇ જાય ઇત્યાદિ આકસ્મિક ફેરફારો પણ કર્મ વિના સંભવેજ નહીં; માટે કર્મની અવસ્થિતિ માનવા યોગ્યજ છે.

દરેક દર્શનકાર એક કે બીજે રૂપે પણ કર્મને માને તો છે. તેને માન્યા વિના છુટકો થતો નથી. બોદ્ધો કર્મને વાસનારૂપ માને છે, નૈયાયિક ને વૈશેષિક તેને આત્માના ગુણ ધર્મ અધર્મ રૂપે માને છે, સાંખ્યો કર્મને પ્રકૃતિ

રૂપ કહે છે, મિમાંસકો તેને **અપૂર્વ** કહે છે, વેદાંતી **માયા સ્વરૂપ** કહે છે, અને જૈનદર્શન તેને પુદ્ગળરૂપ માને છે. તે પુદ્ગળો **દ્રવ્યકર્મ** કહેવાય છે અને તેના ઉદયથી આત્માના જે શુભાશુભ પરિણામ થાય છે તે **ભાવકર્મ** કહેવાય છે. ભાવકર્મથી દ્રવ્યકર્મ બંધાય છે અને દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે. આમ તે બન્ને પરસ્પર કાર્ય કારણભાવ ધરાવે છે. જેમ તૈલાદિકથી સ્નિગ્ધ શરીર ઉપર ચારે તરફથી રજ ચોંટે છે તેમ શુભાશુભ અધ્યવસાયરૂપ ચીકાશથી દ્રવ્યકર્મ આત્માને ચોંટે છે અને ચીકાશના પ્રમાણમાં તીવ્ર કે મંદ એવા કર્મના ભેદ પડે છે.

જગતમાં રહેલા પુદ્ગળસમૂહની જૈનશાસ્ત્રકારોએ આઠ પ્રકારની વહેંચણ (જુદાઈ) બતાવી છે. તેને વર્ગણાઓ કહે છે. તે વર્ગણાઓ એક બીજા કરતાં સૂક્ષ્મ છે. કાર્મણ વર્ગણા સર્વ કરતાં સૂક્ષ્મ-આઠમી છે. એ વર્ગણાઓ અનંત પરમાણુઓના બનેલા અનંતા સ્કંધોની બનેલી હોય છે. તેવી વર્ગણાઓ પ્રતિસમય આ જીવ શુભાશુભ અધ્યવસાયવડે ગ્રહણ કરે છે; અને તે આત્માની સાથે ક્ષીરનીરની જેમ અથવા લોહ ને અગ્નિની જેમ એકરૂપ થઇ જાય છે; અને તે પોતપોતાના સ્વભાવ (પ્રકૃતિ) પ્રમાણે આત્માના જ્ઞાનાદિ ગુણોને હણે છે, રોકે છે, સુખ દુઃખ આપે છે અને સંસારમાં પરિભ્રમણ કરાવે છે. આ ચેતન અનંત શક્તિવાળો છે, છતાં કર્મના સંબંધથી તે કાયર થઇ ગયેલો છે. સદ્ગુરૂ યોગે તેનામાંથી કાયરતા જશે અને શૂરવીરતા પ્રગટ થશે ત્યારે તે કર્મોને હઠાવીને પોતાની સત્તાને-પોતાના ગુણોને પૂર્ણપણે પ્રગટ કરશે.

કર્મ મૂર્ત્ત હોવા છતાં જેમ અતિ સૂક્ષ્મ વસ્તુ આકાશમાં રહેલ હોય છતાં આપણે જોઇ શકતા નથી, તેમ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી જોઈ શકાતા નથી. તેના ફળ તરીકે પ્રાપ્ત થયેલા ઔદારિક ને વૈક્રિય શરીરો વિગેરે જ દેખાય છે. મનુષ્ય અને તિર્યંચના શરીરો ઔદારિક કહેવાય છે અને દેવતા નારકીના શરીરો વૈક્રિય કહેવાય છે.

'આત્મા ને કર્મનો અનાદિ સંબંધ (સંયોગ) છે તો પછી તેનો વિયોગ કેમ થાય ?' એમ કોઈ શંકા કરે તો તેનો ખુલાસો એ છે કે-સુવર્ણ અને મૃત્તિકાનો અનાદિ સંબંધ છતાં પણ અગ્નિ વિગેરેના પ્રયોગથી તે બન્ને જુદા પડે છે તેમ આત્મા સાથે લાગેલા કર્મો પણ શુભધ્યાનરૂપ અગ્નિવડે જુદા પડી શકે છે, બીજી રીતે પણ જુદા પડે છે. વળી કર્મો પણ એકના એક કાયમ રહેતા નથી.

જુના ખરે છે ને નવા બંધાય છે. એમ પ્રવાહની અપેક્ષાએ જ તેનો અનાદિ[1] સંબંધ કહ્યો છે.

આઠે પ્રકારના કર્મ બાંધવાના જેમ ઉપર મિથ્યાત્વ અવિરતિ કષાય ને યોગ એ ચાર સામાન્ય હેતુ બતાવ્યા છે તેમ આઠે પ્રકારના કર્મના જુદા જુદા કારણો પણ બતાવવામાં આવ્યા છે. તે અહીં ટુંકામાં બતાવવામાં આવેલ છે.

આઠ પ્રકારના કર્મબંધના વિશેષ હેતુ.

૧-૨ જ્ઞાન અને જ્ઞાનીઓનું પ્રત્યનિકપણું-શત્રુપણું કરનાર, ગુરૂને ઓળવનાર (તેનો છુપાવનાર), ઉપઘાત કરનાર (પીડા કરનાર), પ્રદ્વેષ કરનાર, અંતરાય કરનાર (વિઘ્ન કરનાર) તેમજ અત્યંત આશાતના કરનાર **જ્ઞાનાવરણીય** ને **દર્શનાવરણીય** કર્મ બાંધે છે. (આ બંને કર્મના બંધ હેતુ સરખાજ છે. કારણ કે દર્શન સામાન્ય ઉપયોગ છે અને જ્ઞાન વિશેષ ઉપયોગ છે.)

૩ ગુરૂમહારાજની, ધર્માચાર્યની તેમજ માતા પિતાની ભક્તિ કરવાથી, તેમનું બહુમાન કરવાથી, ક્ષમાથી, કરૂણાથી, વ્રત પાળવાથી, યોગની ક્રિયાથી, કષાયો ન કરવાથી અને દાનાદિક કરવાથી **શાતા વેદનીય** કર્મ બંધાય છે અને તેથી વિરૂદ્ધ વર્તન કરવાથી **અશાતા વેદનીય** કર્મ બંધાય છે.

૪ ઉન્માર્ગનો ઉપદેશ કરવાથી, સન્માર્ગનો નાશ કરવાથી, શુભ નિમિત્તે વાપરવાના દ્રવ્યોનો વિનાશ કરવાથી, તેમજ દેવ, ગુરૂ, દેવાયતન અને ધર્મારાધન કરનારાઓનું પ્રત્યનિકપણું કરવાથી, તેમની વિરૂદ્ધ વર્તન કરવાથી, **દર્શન મોહનીય** કર્મ બંધાય છે. અને ચાર કષાય (ક્રોધ, માન, માયા ને લોભ) હાસ્યાદિ ષટ્ક (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક ને દુગંચ્છા), અને ત્રણ વેદ, (પુરૂષવેદ, સ્ત્રીવેદ, ને નપુંસક વેદ) થી વિવશ—પરવશ—તેને વશ બનવાળા જીવો **ચારિત્રમોહનીય** કર્મ બાંધે છે કે જે કર્મ સદાચરણ (ચારિત્ર) ને રોકનાર છે. તેમાં દૂષણ લગાડનાર છે.

૫ આયુ ચારે ગતિનું બાંધવાના કારણો જુદા જુદા છે.

૧ મહા આરંભના—મહા પાપના કર્મો કરનાર અને પરિગ્રહની અત્યંત તૃષ્ણાવાળો તેમજ ક્રૂર પરિણામવાળો જીવ **નરકનું આયુ** બાંધે છે.

---

૧ સુવર્ણ ને મૃત્તિકાનો અનાદિ સંબંધ અપેક્ષાએ કહ્યો છે. કારણ કે તે સંબંધ પણ આદિવાળો છે, પરંતુ પ્રવાહે અનાદિ કહેવાય છે.

૨ મહા કપટી, પ્રપંચી, મિષ્ટભાષી ને અંતઃકરણનો મહામલિન, શલ્યયુકત હૃદયવાળો, વ્રત નિયમમાં દોષ લગાડનારો તિર્યંચનું આયુષ્ય બાંધે છે.

૩ સ્વભાવેજ મંદ કષાય (ક્રોધાદિ) વાળો, દાન કરવાની રૂચિવાળો, અને મધ્યમ પ્રકારના ગુણોવાળો મનુષ્યનું આયુ બાંધે છે.

૪ અજ્ઞાન કષ્ટ કરનાર, દેહને બહુ દમનાર, કર્મની નિર્જરા કરનાર, વ્રતાદિકનું મધ્યમ પરિણામે સેવન કરનાર દેવગતિનું આયુ બાંધે છે.

(જે ગતિનું આયુ બાંધ્યું હોય તે ગતિમાં આ જીવ મરણ પામીને જાય છે.)

૬ માયા (કપટ) વિનાનો, સરલ સ્વભાવવાળો, ગર્વવિનાનો, સંસાર ભીરૂ, ક્ષમામાર્દવાદિ ગુણવાળો શુભ નામકર્મ બાંધે છે અને તેથી વિરૂદ્ધ વર્તનવાળો અશુભ નામકર્મ બાંધે છે.

૭ ગુણગ્રાહી, મદવિનાનો, અધ્યયન ને અધ્યાપનમાં રૂચિવાળો, પરમાત્મા ઉપર ભક્તિવાળો, ગુરૂ વિગેરેનો ભકત--એવો જીવ ઉચ્ચગોત્ર બાંધે છે અને તેથી વિરૂદ્ધ વર્તનવાળો નીચગોત્ર બાંધે છે.

૮ પરમાત્માની તેમજ સદ્ગુરૂની ભકિતમાં વિઘ્ન કરનારો, હિંસા, અસત્ય ચોરી, અબ્રહ્મચર્ય સેવવામાં અને પરિગ્રહ (દ્રવ્ય) મેળવવામાં અહર્નિશ તત્પર, કોઈને દાન કરતાં અટકાવનારો, લાભમાં વિઘ્ન કરનારો, કોઇની ભોગ ઉપભોગાદિકની વસ્તુનો નાશ કરનારો અને અન્યની શક્તિને હણનારો જીવ દાનાંતરાયાદિ પાંચે પ્રકારના અંતરાય કર્મ બાંધે છે.

કર્મના સંબંધમાં લખવા બેસીએ કે કહેવા માંડીએ તો ઘણું કહેવાનું ને લખવાનું લક્ષ્ય થઇ શકે તેમ છે, પરંતુ અહીં તો ટુંકામાં કર્મ એ શું વસ્તુ છે ? તે અને તેનું સ્વરૂપ બતાવવાને માટે જૈન સાહિત્યકારોએ કેટલો પ્રયાસ કરેલો છે તે બહુ ટુંકામાં બતાવવાનોજ ખાસ હેતુ છે; અને જૈન દર્શનની મહત્તાનું એ પણ એક ખાસ કારણ છે.

પ્રાચીન અને નવ્ય તેમજ સંસ્કૃત કર્મગ્રંથોમાં ખાસ કરીને કર્મના બંધ, ઉદય, ઉદીરણા ને સત્તાનો જ અધિકાર છે. કર્મ કેવી રીતે બંધાય છે ? અમુક અમુક ચઢતી ચડતી હદવાળા (ગુણઠાણાવાળા) જીવો કયા કયા કર્મ બાંધે છે અને કયા બાંધતા નથી ? તે (બંધ) પ્રથમ બતાવવામાં આવેલ છે.

ત્યારપછી તે બાંધેલા કર્મ ક્યારે અને કેવી રીતે ક્યા સ્વરૂપમાં ઉદય આવે છે? તે બતાવ્યું છે. જેમ જેમ આત્મા ઉંચી હદે ચડતો જાય છે તેમ તેમ અશુભ કર્મો તેને ઉદયમાં આવી શકતા નથી. વળી કર્મ તો સમયે સમયે બંધાય છે, તે કાંઈ તરત ઉદયમાં આવતા નથી. અમુક કાળ જેને અબાધા કાળ કહે છે તે વ્યતીત થયા પછી ઉદય આવે છે. અત્યારે આપણે જે શુભ કે અશુભ કર્મ ભોગવીએ છીએ તે તો પૂર્વના બાંધેલા કર્મો ભોગવીએ છીએ. એટલું છે કે- **अत्युग्रपुण्यपापानां इहैव फलमश्नुते**=કોઈ અતિ ઉગ્ર પુણ્ય કે પાપ કરવામાં આવે તો તેના ફળ અહીં પણ ભોગવવા પડે છે. ઉદય પછી ઉદીરણા પ્રકરણ આવે છે. કેટલાક કર્મો ઉદીરણા કરીને તેની સ્થિતિ પાકયા અગાઉ પણ ભોગવવામાં આવે છે, તેનું એ પ્રકરણમાં સ્વરૂપ બતાવેલું છે.

ઉદયના બે પ્રકાર બતાવ્યા છે. ૧ પ્રદેશ ઉદય ને ૨ વિપાક ઉદય; એટલે કેટલાક કર્મો માત્ર **પ્રદેશ ઉદયથીજ** ભોગવાઈ જાય છે. તેનું ફળ કાંઈ આત્માને દેખાતું નથી અને કેટલાક કર્મ-પ્રાયે ઘણા કર્મ ભોગવવાથીજ છુટે છે તે **વિપાક ઉદય** કહેવાય છે. આમાં પણ એક કેદી, જેમ તેને સજા કરેલી પૂરી મુદતે છુટે છે અને એક કેદી સારી ચાલથી તેમજ કોઈ શુભ નિમિત્તથી (રાજાને ત્યાં પુત્રજન્માદિ કારણથી) વહેલો છુટી જાય છે, તેમ કર્મને માટે પણ બને છે. કેટલાંક કર્મ લાંબી સ્થિતિના બાંધ્યા હોય છતાં શુભ નિમિત્તો મળવાથી-શુભ અધ્યવસાયથી વહેલા પણ છુટી જાય છે.

કર્મનો બંધ થયા પછી જ્યાંસુધી ઉદયમાં ન આવે ત્યાંસુધી તે કર્મ આત્માની સાથે **સત્તા** તરીકે આત્માને ચોંટેલા રહે છે. તે સંબંધી હકીકત સત્તા નામના ચોથા પ્રકરણમાં આવે છે.

કર્મપ્રકૃતિ ને પંચસંગ્રહ શિવાયના બાકીના કર્મ સંબંધી ગ્રંથોમાં ઉપર જણાવેલ ચાર બાબત (બંધ, ઉદય, ઉદીરણા ને સત્તા) નોજ વિસ્તાર છે. જ્ઞાનદૃષ્ટિએ તેનું જે જે પ્રકારનું જુદું જુદું સ્વરૂપ સમજવામાં આવ્યું તે સર્વજ્ઞોએ કહ્યું છે અને તેને ગણધરોએ તેમજ ત્યારપછીના પૂર્વાચાર્યોએ ગ્રંથરૂપે ગુંથ્યું છે. તે અત્યારે આપણને મહા ઉપકારક થઈ પડ્યું છે. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે.

આઠ કર્મના ઘાતી ને અઘાતી એવા બે ભેદ પાડ્યા છે. ચાર ઘાતિ છે છે ને ચાર અઘાતી છે. ઘાતીકર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે છે અને અઘાતી કર્મો આત્માના ગુણોનો ઘાત કરતા નથી, પણ તે કર્મો હોય ત્યાંસુધી

આ જીવને સંસારમાં રહેવું પડે છે. સર્વ કર્મનો ક્ષય થાય ત્યારેજ પ્રાણી મુકતાવસ્થા–સિદ્ધાવસ્થા પામે છે.

કર્મપ્રકૃતિ--નામના ગ્રંથમાં આઠ કરણ ને ઉદય, સત્તા–એમ દશ પ્રકરણો છે. આઠ કરણ ખાસ જાણવા જેવા છે. તેના નામ–૧ બંધન, ૨ સંક્રમણ, ૩ ઉદીરણા, ૪ ઉપશમના, ૫ ઉદ્વર્ત્તના, ૬ અપવર્ત્તના, ૭ નિધત્તિ ને ૮ નિકાચના છે. આ આઠેનું સ્વરૂપ તે ગ્રંથમાં તો ઘણું વિસ્તારે આપેલું છે. અહીં તો માત્ર તેનું ટુંકું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે કે જે જાણવાથી વધારે જાણવાની અભિલાષા થાય તો તે ગ્રંથ વાંચવા પ્રયત્ન કરે.

૧ બંધન—જીવનું કર્મની સાથે બંધાવું–એકરૂપ થઇ જવું તે.

૨ સંક્રમણ—અધ્યવસાયના ફેરફારથી--શુભના અશુભ થઇ જવાથી અને અશુભના શુભ થઇ જવાથી પૂર્વે બાંધેલા શુભ કર્મો અશુભ કર્મોપણે સંક્રમે છે અને અશુભ કર્મો શુભપણે સંક્રમે છે તે. (બીજી રીતે બીજા કારણથી પણ કર્મોનું સંક્રમણ થાય છે.)

૩ ઉદીરણાનું લક્ષણ ઉપર બતાવેલું છે. અર્થાત્ ઉદયમાં આવવાની સ્થિતિ થયા અગાઉ ઉદીરણા કરીને કર્મોને વહેલા ઉદયમાં લાવવા તે.

૪ ઉપશમના—ઉદયમાં આવેલા કર્મોને પ્રદેશે વેદવા અને અનુદય કર્મને ઉદય આવતાં રોકવા તે ઉપશમના કહેવાય છે. જે કર્મપ્રકૃતિની ઉપશમના કરી હોય તે વિપાક ઉદયે વેદાતી નથી.

૫ ઉદ્વર્ત્તના—શુભ અથવા અશુભ અધ્યવસાયની તીવ્રતાથી પૂર્વબદ્ધ કર્મોના રસમાં ને સ્થિતિમાં વૃદ્ધિ થાય તે.

૬ અપવર્ત્તના—શુભ અથવા અશુભ અધ્યવસાયની તીવ્રતાથી પૂર્વબદ્ધ કર્મોના રસમાં ને સ્થિતિમાં હાનિ થાય--ઘટાડો થાય તે.

૭ નિધત્તિ—અધ્યવસાયની તીવ્રતાથી–પૂર્વે કરેલા શુભ અથવા અશુભ કાર્યની વધારે વધારે ચોળણા--પ્રતિચોળણા કરવાથી પૂર્વે બાંધેલા શુભ કે અશુભ કર્મોને વધારે દૃઢ--મજબુત કરવા તે.

૮ નિકાચના–ઉપર જણાવેલા કારણનીજ વધારે પુષ્ટતા કરવાથી પૂર્વે બાંધેલા કર્મો અવશ્ય ભોગવવાજ પડે ભોગવ્યા વિના છુટકોજ ન થાય એવા કરવા તે.

આ આઠ કરણ કહેવાય છે. તે ઉપરાંત કર્મપ્રકૃતિના ઉદય અને સત્તાની હકીકત પણ કર્મપ્રકૃતિમાં દાખલ કરેલ છે. કર્મગ્રંથો કરતાં આ કર્મપ્રકૃતિ ગ્રંથમાં ઘણી વિશેષ હકીકત છે. તેની ઉપર બે ટીકા છે. પ્રથમ ટીકાકાર મલયગિરિજી છે, બીજા ટીકાકાર યશોવિજયજી ઉપાધ્યાય છે. તેમણે મલયગિરિજીએ કહેલ તમામ હકીકત કહ્યા ઉપરાંત બીજી વધારે હકીકતો કર્મના અંગની દાખલ કરી છે. તેથી પ્રથમની ટીકા ૮૦૦૦ શ્લોક પ્રમાણ છે, ને બીજી ટીકા ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ થઈ છે.

પંચ સંગ્રહ—આ ગ્રંથના બે વિભાગ છે. તેના પહેલા વિભાગમાં પાંચ અધિકારનો તેમજ બે ભાગમાં થઇને પાંચ ગ્રંથોનો સમાવેશ કરેલો છે. તે પાંચ ગ્રંથો પૈકી શતક, સપ્તતિકા ને કર્મપ્રકૃતિ લભ્ય છે અને સત્કર્મ તથા કષાય પ્રાભૃત નામના બે ગ્રંથ હાલ લભ્ય નથી. એ ગ્રંથના બીજા વિભાગમાં કર્મ પ્રકૃતિ ગ્રંથનોજ બહોળો ભાગ અક્ષરશઃ દાખલ કરેલો છે.

કર્મ સંબંધી ગ્રંથોનું લીસ્ટ આ સાથે આપેલ છે, તેમાંથી બહોળો જરૂરી ભાગ છપાયેલો પણ છે, તેનું લીસ્ટ પણ તેની નીચે આપેલ છે. આ કાર્ય મુનિમહારાજની પૂરતી સહાયતાથી શ્રી જૈન ધર્મપ્રસારક સભા તથા શ્રી જૈન આત્માનંદ સભાએ વિશેષે કરેલ છે.

કર્મનો વિષય જેટલો ગુઢ છે, તેટલોજ જાણવાની જરૂરીયાતવાળો છે. જો આપણે જાણીએ કે અમુક જાતિનું સુખ કે દુઃખ આપણે અમુક કર્મપ્રકૃતિના ઉદયથી ભોગવીએ છીએ અને તે પ્રકૃતિનો બંધ અમુક કારણોથી થાય છે, તો કદી આપણે ઉદયને તો રોકી ન શકીએ પણ નવા બંધને તો રોકવા અવશ્ય પ્રયત્ન કરીએ કે જેથી ફરીને તેવો સંતાપકારી ઉદય ભોગવવો ન પડે. સુજ્ઞ મનુષ્યો આ હેતુને ધ્યાનમાં લઇને કર્મસંબંધી ગ્રંથોનો ગુરૂગમથી અભ્યાસ કરશે અને જેમ બને તેમ કર્મથી હલકા થવા તેમજ અશુભ કર્મબંધને રોકવા પ્રયત્ન કરશે એટલું ઇચ્છીને આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે.

આશા છે કે આ લેખનો અવશ્ય સદુપયોગ થશે.

કુંવરજી આણંદજી.

કર્મના સંબંધમાં જૈન સાહિત્ય.*

(પ્રાકૃત અને સંસ્કૃતમાં)

૧ કર્મ પ્રકૃતિ ગ્રંથ-મૂળ ગાથા ૪૭૫. શ્રી શિવશર્મસૂરિવિરચિત.
ચૂર્ણિ ૭૦૦૦ ટિપ્પન ૧૯૨૦ મુનિચંદ્રસૂરિ કૃત.
વૃત્તિ ૮૦૦૦ મલયગિરિજી કૃત ૧૩૦૦૦ યશોવિજયજી કૃત.

૨ પંચ સંગ્રહ ગ્રંથ— શ્રી ચંદ્રર્ષિ મહત્તર કૃત. ગાથા ૯૬૩
વૃત્તિ સ્વોપજ્ઞ[1] શ્લોક ૯૦૦૦
વૃત્તિ મલયગિરિજી કૃત. ૧૮૮૫૦
દીપક જિનેશ્વરસૂરિ શિષ્ય વામદેવજી કૃત. શ્લોક ૨૫૦૦

૩ પ્રાચીન કર્મગ્રંથ. કુલગાથા ૫૬૭ (છની)
કર્મગ્રંથ પહેલો. (કર્મ વિપાક) ગાથા ૧૬૮ ગર્ગર્ષિકૃત.
,, વૃત્તિ પરમાનંદ કૃત ૯૨૨. ટિપ્પન ઉદયપ્રભ કૃત ૪૨
વ્યાખ્યા (કર્ત્તાનું નામ નથી) ૧૦૦૦
કર્મગ્રંથ બીજો. (કર્મ સ્તવ) ગાથા ૫૭ (કર્ત્તાનું નામ નથી.)
,, ભાષ્ય. તાડપત્ર પર લખેલ છે. ગાથા ૨૪
,, વૃત્તિ. ગોવિંદાચાર્ય કૃત. ૧૦૯૦. ટિપ્પન ઉદયપ્રભ કૃત. ૨૯૨
કર્મગ્રંથ ત્રીજો. (બંધસ્વામિત્વ) ગાથા ૫૪ (કર્ત્તાનું નામ નથી.)
,, વૃત્તિ. હરિભદ્રકૃત ૫૬૦
કર્મગ્રંથ ચોથો. (ષડશીતિ) ગાથા ૮૬. શ્રી જિનવલ્લભકૃત.
,, વૃત્તિ. હરિભદ્ર કૃત. ૮૫૦. રામદેવ કૃત. ૮૦૫ પ્રાકૃત.
,, મલયગિરિજી કૃત. ૨૧૪૦. યશોભદ્ર કૃત ૧૬૩૦
,, અવચૂરિ. ૭૦૦. ઉદ્ધાર ૧૬૦૦. વિવરણ-મેરૂવાચક કૃત.
કર્મગ્રંથ પાંચમો. (શતક) ગાથા ૧૧૧ શિવશર્મસૂરિ કૃત.
,, લઘુ ભાષ્ય ગાથા. ૨૪. બૃહદ્ભાષ્ય ચક્રેશ્વરસૂરિ કૃત. ૧૪૧૩૦
,, ચૂર્ણિ ૨૩૮૦ વૃત્તિ ૩૭૪૦ મલ્લધારી હેમચંદ્ર કૃત.
,, ટિપ્પન ૯૭૪ ઉદયપ્રભ કૃત. અવચૂરિ પત્ર ૨૫ ગુણરત્ન કૃત.

---

* આમાં જે સંખ્યા આપેલ છે તે ૩૨ અક્ષરોનો એક શ્લોક ગણીને તેની શ્લોક સંખ્યા સમજવી. ૧ પોતાની કરેલી (ગ્રંથકર્ત્તાએજ કરેલી.)

૩ સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધશતક (કર્મગ્રંથ.) જિનવલ્લભસૂરિ કૃત. ગાથા ૧૫૨. ભાષ્ય ગાથા ૧૧૦

,, ચૂર્ણિ ૨૨૦૦ મુનિચંદ્ર કૃત. વૃત્તિ ૮૫૦ હરિભદ્ર કૃત.

,, વૃત્તિ ૩૭૦૦ ધનેશ્વરસૂરિ કૃત. ટિપ્પનક ૧૪૦૦ (કર્તાનું નામ નથી)

૪ પાંચ નવ્ય કર્મગ્રંથ. કુલ ગાથા ૫૨૨. શ્રી દેવેંદ્રસૂરિ કૃત.

,, વૃત્તિ સ્વોપજ્ઞ. ૧૦૧૩૭. અવચૂરિ ૨૯૫૮ મુનિશેખર કૃત.

,, અવચૂરિ. ૫૪૦૭ ગુણરત્નકૃત. (છ કર્મ ગ્રંથની ભેળી)

૫ સત્તરી (સપ્તતિકા છઠ્ઠો કર્મગ્રંથ) ગાથા. ૯૧ ચંડર્ષિ મહત્તર કૃત.

,, ચૂર્ણિ. પત્ર ૧૩૨. કર્ત્તાનું નામ નથી.

,, વૃત્તિ સ્વોપજ્ઞ ૨૩૦૦. શ્રી મુનિશેખરસૂરિ કૃત ૪૧૫૦

,, મલયગિરિજી કૃત ૩૭૮. ટિપ્પનક ગાથા ૫૪૭ રામદેવ કૃત.

,, ભાષ્ય શ્રી અભયદેવ સૂરિકૃત ગાથા ૧૯૧ તેની ઉપર વૃત્તિ શ્રી મેરૂતુંગ આચાર્ય વિરચિત. ગ્રંથા ગ્ર. ૪૧૫૦

૬ સંસ્કૃત કર્મગ્રંથ ૪. શ્રી જયતિલકસૂરિ વિરચિત. શ્લોક ૫૬૯

૧ પ્રકૃતિવિચ્છેદ પ્રકરણ. ૧૩૯ ૨ સુક્ષ્માર્થસંગ્રહ પ્રકરણ. ૨૦૨

૩ પ્રકૃતિ સ્વરૂપ સંરૂપણ પ્રકરણ. ૧૮૧ ૪ બંધસ્વામીત્વ પ્રકરણ. ૪૭

૭ કર્મસ્તવ વિવરણ, કમળસંયમ ઉપાધ્યાય કૃત.

૮ કર્મ સંબંધી હકીકતવાળા ૫--૭ નાના નાના પ્રકરણો--સટીક છે.

ગુજરાતી ભાષાંતર સાથે (છપાયેલ.)

૧ પ્રકરણમાળામાં છ કર્મગ્રંથ અર્થ સહિત.

૨ મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી છ કર્મગ્રંથ વિસ્તાર અર્થયુકત.

૩ પંડિત સુખલાલજી કૃત. હિંદી વિવેચન વાળા. ચાર કર્મગ્રંથ.

૪ પ્રથમ કર્મગ્રંથ વિવેચન સહિત. (પંડિત ભગવાનદાસ હરખચંદ)

૫ કર્મપ્રકૃતિ ગ્રંથ સટીકનું ભાષાંતર. (શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ)

૬ કર્મવિચાર ભાગ ૧ લો. (પરભુદાસ બેચરદાસ પારેખ) સ્વતંત્ર લેખ.

૭ યંત્ર પૂર્વક કર્મગ્રંથાદિ વિચાર. (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા)

૮ કર્મબોધ પ્રભાકર. વાગરા નિવાસી વાજંગ સદાજી જૈન વિરચિત. (બહુ ઉપયોગી સંગ્રહ)

સંસ્કૃતમાં છપાયેલ.

૧ પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. (શ્રી જૈન આત્માનંદ સભા)
૨ નવ્ય કર્મગ્રંથ પાંચ સટીક. (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા)
૩ સપ્તતિકા (છઠ્ઠો) કર્મગ્રંથ. મલયગિરિજીકૃત ટીકા યુકત. ,,
૪ સંસ્કૃત ચાર કર્મગ્રંથ મૂળ. ,,
૫ સપ્તતિકા ભાષ્ય મેરૂતુંગસૂરિકૃત ટીકાયુકત ,,
૬ કર્મપ્રકૃતિ ટીકા મલયગિરિજી કૃત ,,
૭ ,, ટીકા યશોવિજયજી કૃત ,,
૮ સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધશતક ટીકા સહિત ,,
૯ પંચસંગ્રહ સટીક. મલયગિરિજી કૃત. વિભાગ ૧ લો (શ્રી જૈન આત્માનંદ સભા)
૧૦ બીજા કર્મ સંબંધી વિવરણવાળા નાના નાના પ્રકરણો સટીક છપાયેલા છે.
(શ્રી જૈન આત્માનંદ સભા તરફથી.)

કર્મ સંબંધી દિગંબરાય સાહિત્ય.

૧ મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત. આચાર્ય પુષ્પદંત ને ભૂતબલિકૃત. છ ખંડ
શ્લોક સંખ્યા ૩૬૦૦૦

તેની ઉપર જુદી જુદી છ ટીકાઓ છે.

૧ પદ્મનંદી આચાર્ય કૃત. ત્રણ ખંડ ઉપર	૧૨૦૦૦
૨ શામકુંડ આચાર્ય કૃત. પાંચ ખંડ ઉપર	૬૦૦૦
૩ તુંબુલૂર આચાર્ય કૃત. કાનડીમાં પાંચ ખંડ ઉપર	૫૪૦૦૦
છઠ્ઠા ખંડ ઉપર પંજિકા.	૭૦૦૦
૪ સમંતભદ્રાચાર્ય કૃત. પાંચ ખંડ ઉપર	૪૮૦૦૦
૫ બપ્પદેવગુરૂ કૃત. પ્રાકૃતમાં (કર્મપ્રાભૃત ને કષાયપ્રાભૃત ઉપર)	૧૪૦૦૦
૬ વીરસેન આચાર્ય કૃત. પ્રાકૃત, સંસ્કૃત ને કનડીમાં	૭૨૦૦૦

૨ કષાય પ્રાભૃત. ગુણધર આચાર્ય કૃત. ગાથા ૨૩૬
  ૧ ચૂર્ણવૃત્તિ. યતિવૃષભાચાર્ય કૃત. ૬૦૦૦
  ૨ ઉચ્ચારણ વૃત્તિ. ઉચ્ચારણાચાર્ય કૃત ૧૨૦૦૦
  ૩ શામકુંડ આચાર્ય કૃત. ૬૦૦૦
  ૪ તુંબુલૂરાચાર્ય કૃત. (કર્મપ્રાભૃતની આની મળીને) ૮૪૦૦૦
  ૫ બપ્પદેવગુરૂ કૃત. પ્રાકૃતમાં ૬૦૦૦૦
  ૬ વીરસેન ને જિનસેન કૃત. જયધવળા નામની. પ્રાકૃત, સંસ્કૃત, કર્ણાટકી ભાષા મિશ્રિત. ૬૦૦૦૦

આ ઉપર જણાવેલ ગ્રંથ કે ટીકા છપાયેલ નથી. લખેલ છે પણ દુર્લભ્ય છે.

૩ ગોમ્મટસાર–ગાથા ૧૭૦૫. નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી કૃત. એમાં જીવકાન્ડ ગાથા ૭૩૩ માં ને કર્મકાંડ ગાથા ૯૭૨ માં છે. તેનું બીજું નામ પંચ સંગ્રહ પણ છે. તે જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ ને વર્ગણાખંડ–એ પાંચ વિષય હોવાથી પડેલ છે. એની ઉપર કનડી, સંસ્કૃત ને હિંદીમાં ઘણી ટીકાઓ બનેલી છે. તેમાં મુખ્ય નીચે પ્રમાણે છે.

  કર્ણાટકી ટીકા ચામુંડરાય કૃત. સંસ્કૃત ટીકા કેશવવર્ણી કૃત.
  સંસ્કૃત ટીકા. બીજી. શ્રીમદભયચંદ્ર કૃત. હિંદી ટીકા ટોડરમલજી કૃત.
  તે ભાષા ટીકા સાથે છપાયેલ પણ છે.

૪ લબ્ધિસાર–નેમિચંદ્રાચાર્ય કૃત.–એમાં પાંચ લબ્ધિઓ ને ઉપશમ તથા ક્ષપકશ્રેણિનું વર્ણન ગાથા ૬૫૦ માં છે.

૫ ક્ષપણાસાર–માધવચંદ્ર ત્રૈવિદ્યદેવકૃત. સંસ્કૃત ગદ્યમાં છે. ટોડરમલજીએ કરેલી ગોમ્મટ સારની ભાષા ટીકામાં લબ્ધિસાર ને ક્ષપણાસાર બંનેનો સમાવેશ કર્યો છે.

૬ પંચસંગ્રહ–અમિતગતિ વીતરાગ કૃત–સંસ્કૃત.

જૈનહિતૈષી પુ. ૧૨ માના પૃષ્ટ ૩૭૪-૭૫ ઉપરથી શ્રીયુત્ મુનિ જિનવિજયજીના લેખમાંથી જરૂરી વિભાગ.

જૈનધર્મકા તત્ત્વજ્ઞાન ' કર્મવાદ ' કે મૂલ સિદ્ધાન્ત પર રચા ગયા હૈ, કર્મવાદકો જૈનધર્મકા મુદ્રાલેખ માનના ચાહિએ, જિસ પ્રકાર શ્રીકૃષ્ણકા મુખ્ય પ્રબોધ નિષ્કામ કર્મયોગ, બુદ્ધદેવકા સમાનભાવ, પતંજલિકા રાજયોગ ઔર શંકરાચાર્યકા જ્ઞાનયોગકો પ્રકટ કરનેકે લીયે થા, વૈસે હી શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરકે ઉપદેશકા લક્ષ્ય-બિન્દુ કર્મવાદકો પ્રકાશિત કરનેકા થા. મહાવીર દેવને કર્મકે કુટિલ કાર્યોંકા ઔર કઠોર નિયમોંકા જૈસા ઉદ્ઘાટન કિયા હૈ વૈસા ઔરોંને નહીં કીયા. ભગવાન્ મહાવીરકા યહ કર્મવાદ અનુભવગમ્ય ઔર બુદ્ધિગ્રાહ્ય હોને પર ભી સ્વરૂપમેં અત્યન્ત સૂક્ષ્મ ઔર ગહન હૈ. ઇસકી મીમાંસા બહુત વિકટ ઔર રહસ્ય વિશેષ ગંભીર હૈ. ઇસ વિષયકા સમ્યગ્-અવગાહન કરનેકે લીયે શાસ્ત્રીય જ્ઞાન સમ્બન્ધી યોગ્યતાકી અપેક્ષાકે સિવા, ઇસ તત્ત્વકે ખાસ અનુભવી જ્ઞાતાકી ભી આવશ્યકતા રહતી હૈ. કેવલ પુસ્તકકે આધાર પર મનુષ્ય ઇસકે સ્વરૂપસે યથાર્થ પરિચિત નહીં હો સકતા. યહી કારણ હૈ કી બહુતસે વિદ્વાન્ જૈનધર્મકે સામાન્ય ઔર કુછ વિશેષ સિદ્ધાન્તોંકો જાનતે હુએ ભી કર્મવાદકે વિચારોંસે સર્વથા અપરિચિત હોતે હૈ. હમારે ઇસ કથનકી સત્યતાકે પ્રમાણમેં, યહી બાત કહી જા સકતી હૈ કિ આજપર્યંત અનેક જૈનેતર વિદ્વાનોંને જૈનધર્મકે ભિન્ન ભિન્ન વિચારોંકા આલોચન--પ્રત્યાલોચન કીયા હૈ, પરન્તુ ઇસ કર્મવાદકા કીસીને નામ તક ભી નહીં લીયા.

જૈનધર્મકા યહ કર્મવાદ સર્વથા ભિન્ન, અપૂર્વ ઔર નવીન હૈ. જિસ પ્રકાર જૈન, બૌદ્ધ ઔર વૈદિક ધર્મકે અન્યાન્ય તત્ત્વોંકા એક દુસરેકે સાહિત્યમેં પ્રતિબિમ્બ (છાયા) દૃષ્ટિગોચર હોતા હૈ વૈસા ઇસ કર્મવાદકે વિષયમેં નહીં પ્રતિત હોતા. યદ્યપિ—

पुण्यो वै पुण्येन कर्मणा भवति, पापः पापेन । (बृहदारण्यक)

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥ (भगवद्गीता ४, ७.)

येषां ये यानि कर्माणि प्राक् सृष्ट्या प्रतिपेदिरे ।
तान्येव प्रतिपद्यन्ते सृज्यमाना पुनः पुनः ॥
(महाभारत, शान्ति० २३१, ४८.)

शुभाशुभफलं कर्म मनोवाग्देहसम्भवम् ।
कर्मजा गतयो नृणामुत्तमाधममध्यमाः ॥ (मनुस्मृति. १२, ३.)

ઇત્યાદિ કર્મતત્ત્વ પ્રતિપાદક વિચાર વૈદિક સાહિત્યમેં ઔર—

" कम्मस्स कोमृहि कम्मदायादो कम्मयोनि कम्मबन्धु कम्मपरिसरणो,
यं कम्मं करिस्सामि कल्याणं वा पापकं वा तस्स दायादो भविस्सामि ।"
(अंगुत्तरनिकाय तथा नेत्तिपकरण.)

' कम्मना वत्तती लोको कम्मना वत्ततीपजा ।
कम्मनिबंधना सत्ता रथस्साणीव यायतो । (सुत्तनिपात, वासेठ सुत्त, ६१.)

ઇસ પ્રકાર કર્મ--સત્તાકો પ્રદર્શિત કરનેવાલે ઉદ્‌ગાર બૌદ્ધ--સાહિત્યમેં અવશ્ય ઉપલબ્ધ હોતે હૈ; પરન્તુ જૈનધર્મકે કાર્મિક વિચારોંકે સાથ ઈનકા કોઈ સામ્ય નહીં. ભગવાન્ મહાવીરકે કાર્મિક વિચાર શ્રીકૃષ્ણ ઔર બુદ્ધદેવકે વિચારોંસે સર્વથા ભિન્ન સ્વરૂપ રખતે હૈ.

કિતને એક આધુનિક વિદ્વાનોં કે ઐસે વિચાર દૃષ્ટિગોચર હોતે હૈ કિ " જૈન ધર્મ ઔર બૌદ્ધધર્મ કોઈ સ્વતંત્ર મત નહીં હૈ, પરન્તુ વૈદિકધર્મહીકે ભેદ વિશેષ હૈં. યે દોનોં ધર્મ વૈદિકધર્મહીકે અપને પિતાકે સમીપસે અપની આવશ્યકતાકે અનુસાર વિચાર--સંપત્તિકા હિસ્સા લેકર કીસી કારણવશ જુદા નિકલે હુએ પુત્ર સમાન હૈં, અર્થાત્ યે ધર્મ પરકીય—ભિન્નજાતિય ન હોકર ઇનકે પૂર્વવર્ત્તિ બ્રાહ્મણધર્મહીકી પૃથક્--ભૂત શાખાયેં હૈં. " ઈન વિચારોંકી વિશેષ મીમાંસા કરનેકા યહ પ્રસંગ નહીં હૈ. યહાઁ હમ કેવલ ઇતના હી કહ કર આગે બઢતે હૈં કિ યે વિચાર જૈનસિદ્ધાન્તોંકા સમ્યગ્ અભ્યાસ--વિશેષાવલોકન—કીયે બિના હી પ્રદર્શિત કીયે ગયે હૈં, અતએવ ઇનમેં સત્યકી માત્રા બહુત કમ હૈ. જૈન-ધર્મકે સ્યાદ્વાદ, જીવવાદ, કર્મવાદ ઔર પરમાણુવાદ આદિ અનેક પ્રૌઢ વિચાર--તત્ત્વ હૈં જિનકા વૈદિક—સાહિત્યમેં કહીંપર આભાસ ભી દૃષ્ટિગોચર નહીં હોતા. યદિ જૈનધર્મકે સિદ્ધાન્તોંકા મૂલસ્થાન વૈદિકધર્મ માના જાય, તો ભગવન્મહાવીર પ્રતિપાદિત જૈનતત્ત્વોંકા મૂલ સ્વરૂપ વૈદિકસાહિત્યમેં અવશ્ય ઉપલબ્ધ હોના ચાહીએ; પર વહાઁ ઉસકા કોઇ ચિહ્ન નહીં મીલતા. જૈનધર્મકે ઉપર્યુક્ત અનેક વાદોંકો છોડકર કેવલ અકેલે કર્મવાદહીકો લેકર વિચાર કીયા જાય, જો ઈસ લેખકા ઉદ્દિષ્ટ વિષય હૈ, તો પ્રતિત હોગા કી જો કર્મવાદવિષયક સાહિત્ય જૈન-સમાજમેં વિદ્યમાન હૈ ઔર ઉસમેં કર્મસંબંધી જિન હજારોં વિચારોંકા સંગ્રહ હૈ ઉસકે એક ભી અંશ યા વિચારકા સામ્ય કર સકે ઐસા કોઈ ઉલ્લેખ વૈદિક સાહિત્યમેં નજર નહીં આતા. હજારોં વર્ષોંકે પ્રચંડ આઘાત--પ્રત્યાઘાતોંકે કારણ કલિકાલકે કરાલ ગાલોંમેં વિલીન હોતે હોતે ભી જો કુછ અત્યલ્પ ભાગ, જૈનધર્મકે ઇસ કર્મવાદવિષયક સાહિત્યકા ઉપલબ્ધ હૈ ઉસકા ઠીક ઠીક અવલોકન કરનેસે હમારે ઇસ કથનકી સત્યતાકા અનુભવ હો સકતા હૈ. જો કુછ કાર્મિક--સાહિત્ય ઇસ સમય વિદ્યમાન હૈ વહ ભી ઈતના વિશાલ હૈ કી ઉસકા યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરનેકે લીયે મનુષ્યકો અપને આયુષ્યકા બહુત બડા ભાગ લગાના પડતા હૈ. ઐસી દશામેં, જૈનધર્મકે વિચારોં--સિદ્ધાન્તોંકા મૂલસ્થાન વૈદિક ધર્મ હૈ, યહ કથન કૈસે યુક્તિ--યુક્ત માના જા સકતા હૈ.

૩ પાશ્ચાત્ય વિદ્વાનો ને જૈન સાહિત્ય

(લેખકઃ—રા. રા. ફુલચંદ હરિચંદ શાહ.)

એક સમય એવો હતો જ્યારે જૈન ધર્મ–જૈન સાહિત્ય ને જૈન ઇતિહાસ વિષે પાશ્ચાત્ય તેમજ પૌર્વાત્ય વિદ્વાનોમા ભારે અજ્ઞાન હતું. જૈન ધર્મને નવો ધર્મ–જૈન સાહિત્યને કંટાળા ભરેલું સાહિત્ય ને જૈન ઇતિહાસને અવ્યવસ્થિત માનવાની લાગણી ફેલાઇ રહી હતી.

ડો. હોપકિન્સે તો ત્યાસુધી કહેવાની હિંમત કરી હતી કે "જે ધર્મ મનુષ્યને પૂજે છે ને કીડી મકોડીને પોષે છે તેને જગતમા જીવવાનો અધિકાર નથી." કેટલું બધું અજ્ઞાન ને અપમાન !

આજસુધી પણ અનેક વિદ્વાનોની માન્યતા ભૂલભરેલી છે. આ માન્યતાઓ એ છે કે ૧. જૈન ધર્મ બુદ્ધ ધર્મની શાખા છે; ૨. મહાવીર તેના સ્થાપક છે; ૩. જૈન ધર્મ હિંદુ ધર્મમાંથી ઉત્પન્ન થયેલ નવો ધર્મ છે ૪ જૈન ધર્મ નાસ્તિક ધર્મ છે કારણ કે તે ઇશ્વરને માનતો નથી. આ માન્યતાઓ મહાન વિદ્વાન ગણાતા ડો. વેબર, પ્રો. લાસેન, મી. બાર્થ, મી. વિલ્સન વગેરેની હતી. બુદ્ધધર્મની શાખા એ ઉપરથી કે શ્રી મહાવીર સ્વામી બુદ્ધ ભગવાનના સમકાલીન હતા, બન્ને ધર્મ યજ્ઞ–યાગાદિના વિરોધી હતા, બન્ને મહાન તપસ્વીઓ અને અહિંસાના પ્રચારક હતા, તેમજ બન્ને ધર્મના સિદ્ધાંતોમાં પણ કેટલુંક સામ્ય ઉપર ઉપરથી જણાઇ આવે છે. મેજર–જનરલ ફોરલીંગે પણ પોતાનાં (Rivers of Life) પુસ્તકમાં જૈનધર્મને બુદ્ધધર્મની શાખા તરીકે ગણાવ્યો હતો પણ પાછળથી તેમણે જ ૧૭ વર્ષ આબુના મંદિરો ને પહાડોમાં શોધખોળ કરી લખ્યું કે "Jainism thus appears as the earliest faith in India."–ભારતવર્ષમાં જૈનધર્મ જુના કાળથી છે તેમ જણાય છે.

ડો. પેરરોટે પોતાના એક Comparative Science of Religions "તુલનાત્મક ધર્મ–શાસ્ત્ર" વિષેના ભાષણમાં જૈનધર્મ વિષે જે કહ્યું છે તેમાંથી બે વાક્યો નીચે પ્રમાણે છેઃ–

"The Jain view of God is a very natural one for a thinking being. I am strongly opposed to those, who may call Jainism an *Atheism* and there-by deny its being a religion at all."

અર્થાત્–એક વિચારક મનુષ્યને તો જૈનધર્મનો ઇશ્વિર વિષેનો વિચાર ઘણો જ સ્વાભાવિક જણાય છે. જૈનધર્મને નાસ્તિક ધર્મ કહેનાર અને તેથી તેને ધર્મ તરીકે સ્વીકારવા ના કહેનારનો હું મજબૂત રીતે વિરોધ કરૂં છું.

"To make a final conclusion I venture to say, that the Jain religion is for the comparative Science of religion one of the

most important developed religions because of its advanced view of religious matter as well as of the methods."

અર્થાત્—છેવટે હું કહેવાને હિમત કરૂં છું કે ધાર્મિક બાબતો અને પદ્ધતિઓમાં તેના વિચારો આગળ પડતા હોવાથી જૈનધર્મ તુલનાત્મક ધર્મ-શાસ્ત્ર માટે વિકસિત ધર્મોમાં અત્યંત ઉપયોગી છે.

આમ આજે અનેક વિદ્વાનોના પ્રયાસથી આ અજ્ઞાનનો નાશ થતો જાય છે. બૌદ્ધ સાહિત્યમાં જૈનધર્મના ઉલ્લેખ છે તેમજ ડો. ફુહરે (Fuhrer) મથુરામાં કરેલી શોધ-ખોળના પરિણામે માલુમ પડયું છે કે મથુરા ક્રાઇસ્ટ પહેલાં પહેલી બીજી સદીમાં જૈન-ધર્મનું કેન્દ્ર હતું જે ત્યાંથી કંકાલી ટીલામાંથી નીકળેલ મૂર્તિઓ અને સ્તૂપના લેખોથી જણાય છે.

શ્રી ઋષભદેવ-જૈન ધર્મના પ્રથમ તીર્થંકરનું જીવન ને નામ ભાગવત પુરાણમાં આવે છે તેથી સાબીત થાય છે કે જૈન ધર્મના સ્થાપક શ્રી મહાવીર નહિ પણ શ્રી ઋષભદેવ હતા અને શ્રી મહાવીર, શ્રી પાર્શ્વનાથ ત્યાર પછીના સુધારક ગણાયા છે. વિદ્વાનો પણ હવે ધીમે ધીમે આ માનવા લાગ્યા છે.

જૈન ધર્મ વિષે હજી આજે પણ દુનિયાના ઘણાખરા ભાગમાં ભારે અજ્ઞાન છે એટલું જ નહીં પણ આ દેશમાં પણ તે માટે ગંભીર અજ્ઞાન ફેલાઇ રહ્યું છે-જે લાલા લજપતરાયના ભારતવર્ષના ઇતિહાસમાં જૈન ધર્મ વિષેની નોંધથી-પંડિત શીવશંકર મિશ્રના ભારતના ધાર્મિક ઇતિહાસના જૈન ધર્મના ઉલ્લેખ ઉપરથી તથા-ડૉ. હ્યુમ (અમેરિકા કોલમ્બીયા યુની.) જે હમણાં જ મુબઇ અને લાહોરમાં ભાષણો આપી ગયા તેમણે જૈન ધર્મ વિષે બતાવેલ અજ્ઞાનથી સાબીત થાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાં જૈન ધર્મ વિષેનું અજ્ઞાન દૂર કરવા માટે વિદ્વાન ડો. યાકોબી જે વર્ષો થયાં જૈન સાહિત્યના ઉંડા અભ્યાસી છે તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે અને ડો. બુલર તથા ડો. હોર્નલે અત્યંત ઉત્સાહથી આ વિદ્વાનને મદદ કરી છે. આજે જે ઘણા ખોટા ખ્યાલ નાશ પામ્યા છે તે તેઓને આભારી છે.

પાશ્ચાત્ય પ્રદેશોમા જૈન ધર્મ ને જૈન ધર્મનાં પવિત્ર પુસ્તકો-સૂત્રોના અભ્યાસની-સંશો-ધનની શરૂઆત કરનાર જર્મન પ્રો. વેબર હતા. તેઓજ જૈન ધર્મના અભ્યાસના પ્રથમ પ્રચારક કહેવાય છે.

પહેલ વહેલા-સને ૧૮૭૬ માં પ્રો. વેબરે હિન્દી સાહિત્યનો ઇતિહાસ લખ્યો તેમાં જૈન ચરિત્ર વિષે ટુંક નોધ તેમણે લખી હતી-તેમજ જૈન ધર્મનાં પવિત્ર પુસ્તકો વિષે ઉલ્લેખ કર્યો હતો અને જૈન સાહિત્યની અને તેમાં પણ વ્યાકરણ અને કોષનું જૈન સાહિ-ત્યમાં શું મહત્ત્વ છે તે તેઓશ્રીએ બતાવ્યું હતું.

સને ૧૮૮૭ મા પ્રો. લીઓપોલ્ડ-ફોન-શ્રડરે Literature and Culture of India મા માત્ર અર્ધા પાનામા જૈન જાતિનો ઉલ્લેખ કર્યો હતો-સને ૧૯૦૦ માં પ્રો. એ. મેકડોનેલે સંસ્કૃત વાઙ્મયના ઇતિહાસમાં નહિ જેવો ઉલ્લેખ કર્યો હતો.

સને ૧૯૦૨ માં એ. બોમગાર્ટનરે તેના "Die-literaturen-Indiens und Patasiens" મા ચાર પાનામાં જૈનો અને તેના સાહિત્યનો ઉલ્લેખ કર્યો હતો. સને

૧૯૦૩ માં એચ. લીડનબર્ગે પોતાના Literature of Ancient India મા જૈનો વિષે ત્રણ લીટી જ લખી છે.

સને ૧૮૯૮ મા (P. W. Frazer) પી. ડબલ્યુ. ફ્રેઝરે પોતાના Literary History of India માં દ્રેવિડીયન સાહિત્યમાં જૈન ધર્મની ને જૈન સાહિત્યની મહાન અસર બતાવી છે અને કહ્યું છે કેઃ

" It was through the fostering care of the Jains, that the South first seems to have been inspired with new ideals and its literature enriched with new forms of expression.

" તે જૈનોની કાળજી ભરી સંભાળનું પરિણામ છે કે દક્ષિણમાં પહેલવહેલા નવા આદર્શોને ઉત્તેજના મળી અને તેનું સાહિત્ય નવીન પદ્ધતિથી સમૃદ્ધ બન્યું. "

૨૫-૩૦ વર્ષ પહેલાં આ સ્થિતિ હતી તે આજે નથી-આજે યુરોપમા અનેક દિશામા પ્રયત્ન થાય છે. જૈન સાહિત્ય તરફ અભિરુચિ ને માન વધતું જાય છે. અભ્યાસકો ઉત્સાહ ને પ્રેમથી કામ કરી રહ્યા છે અને અનેક અંધારા ને અજ્ઞાનમાંથી પ્રકાશ થવા લાગ્યો છે. જ્યારે ૨૫ વર્ષ પહેલાં ગણ્યા ગાંઠયા જ વિદ્વાનો હતા ત્યારે આજે સ્થળે સ્થળે અનેક કામ થઇ રહ્યાં છે.

આ ઉપરાંત સૌ કહેવા લાગ્યા છે કે " જૈન ધર્મ પ્રાચીન ધર્મ છે-તુલનાત્મક Science of Riligion (ધર્મ-શાસ્ત્ર) માં જૈન ધર્મના સિદ્ધાંતોએ ઉંચો ભાગ ભજવ્યો છે, જૈન સાહિત્ય સમૃદ્ધ, વિશાળ અને વ્યવસ્થિત છે. એવી એક પણ શાખા નથી જેમાં જૈન સાહિત્ય ન લખાયું હોય—

જૈન આગમોમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ ને કથાનુયોગ એક સમૃદ્ધ સાહિત્યની સાક્ષી પૂરે છે. કોષ ને વ્યાકરણ ઉત્તમ કોટીના છે. ન્યાય, જ્યોતિષ, અધ્યાત્મ, વૈદક અને જંતુશાસ્ત્રમાં ઉચ્ચતમ ગ્રંથોનો ખજાનો છે ને જૈન ધર્મમાં મહાન પ્રચંડ વિદ્વાનો થઇ ગયા છે. "

પ્રો. વીન્ટરનીટ્ઝે પોતાના Jains in the History of Indian Literature માં લખ્યું છે કે: " It would take a fairly big volume to give a History of all that the Jains have contributed to the treasures of Indian literature. "

" Jains have contributed their full share to the Religious, ethical, poetical, and Scientific literatures of Ancient India.

" હિન્દી સાહિત્યના ખજાનામાં જૈનોએ જે સબળો હિસ્સો આપ્યો છે તે બધાનો ઇતિહાસ આપવા જતાં એક મોટું પુસ્તક ભરાય. જૈનોએ પ્રાચીન હિંદી સાહિત્યમાં ધાર્મિક નૈતિક કાવ્ય સંબંધી અને વૈજ્ઞાનિક સાહિત્યનો સુંદર ને સંપૂર્ણ હિસ્સો આપ્યો છે."

પશ્ચિમમાં જૈન સાહિત્ય તત્ત્વજ્ઞાન ને સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં બે સમર્થ ધર્મ-વીર પુરુષોનાં નામ જૈન કોમ સદાને માટે યાદ કરશે. તેઓશ્રીની ઉદારતા, ધર્મ-પ્રેમ, સાહિત્ય-

સેવા અને પ્રચાર-કાર્ય જૈન સમાજ આજસુધી ભલે નથી પીછાણી શકી-પણ અનેક વિદ્વાનો-જૈન ધર્મના અભ્યાસકો તેઓના હંમેશના ઋણી ને આભારી છે તેમાં શક નથી. એક તો સ્વર્ગસ્થ પૂજ્યપાદ્ શ્રી આત્મારામજી (વિજયાનંદ સૂરિ) કે જે પ્રખર વિદ્વાન અને જૈન સમાજના તે વખતના નેતા ને આચાર્ય હતા-સને ૧૮૯૩ મા અમેરિકાના ચિકાગો શહેરમાં "જગતની સર્વ ધર્મ-પરિષદ્" મા તેઓશ્રીને નિમંત્રણ કરવામાં આવ્યું હતું. સાધુ હોઇને અને જૈન સાધુ સદાને માટે પગે ચાલીને ગામેગામ ને દેશેદેશ વિચરનાર અને દર ચોમાસામાં એક જ સ્થાનમાં રહેનાર તેમ જ ભિક્ષા લાવીને જીવન નિર્વાહ ચલાવનાર તે સત્ય-બ્રહ્મચર્ય-અહિંસા-અસ્તેય અને અપરિગ્રહના વ્રત વાળા હોઇને તેઓ ત્યાં જઇ શકે તેમ નહોતું, તેથી તેમણે મહુવાના વતની તે વખતના જૈન એસોસીએશનના મંત્રી રા. વીરચંદભાઇ રાઘવજી ગાધીને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા અને રા. વીરચંદ રાઘવજી ગાંધીએ પરિષદ્મા અત્યુત્તમ ભાષણ આપી જૈન ધર્મના ઉત્તમ સિદ્ધાંતોની ઝાંખી વિદ્વાનોને કરાવી. તેઓએ ત્યાર પછી અમેરિકા અને યૂરોપમા પ્રવાસ કરી સ્થળે સ્થળે ભાષણો આપી અનેક વિદ્વાનોને આકર્ષ્યા, કેટલાકને જૈન ધર્મનું રહસ્ય સમજાવ્યું-શીખવ્યું અને ત્યારથી અનેક વિદ્વાનો આ દિશામાં વળ્યા.

શ્રીયુત ગાંધીએ અનેક વિદ્વાનોને જૈન ધર્મ તરફ એટલા આકર્ષ્યા કે મી. હર્બર્ટ વોરન અને મી. એ ગોર્ડન જેવા વિદ્વાનોએ Jain તરીકે પોતાની સરનેઇમ રાખી અને જૈન કહેવડાવવાને તેઓ ગૌરવ માનવા લાગ્યા. મી. હર્બર્ટ-વોરન પોતાના પત્રમા લખે છે કે "મારી ૩૪ વર્ષની ઉમરે શ્રીયુત વીરચંદ ગાધીના સહવાસથી ૧૯૦૦ ના માર્ચમાં જૈનધર્મ વિષે મને પહેલો પરિચય થયો. આજે પણ લંડનમા તેઓ અને બીજા વિદ્વાનો "Jain Literature Society" ચલાવી રહ્યા છે.

ડૉ. હોર્નેલ આચાર્યશ્રી આત્મારામજી મહારાજના આભારી હતા. તેમના ઘણા પ્રશ્નોના જવાબ તેઓશ્રીએ આપ્યા હતા. ડૉ. હોર્નેલે તેમનું ઇંગ્રેજીમા તૈયાર કરેલું ઉવાસગદસાઓ સૂત્ર તેમણે આચાર્યશ્રીને અર્પણ કર્યું હતું.

બીજા વીર પુરુષ સ્વ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિ હતા, જેઓએ દોઢ વર્ષ પહેલાં શિવપુરીમાં સ્વર્ગવાસ કર્યો અને જેનાં સંસ્મરણો અનેક વિદ્વાનો અને તેમના યૂરોપીય શિષ્યોએ લખેલ હૃદયોદ્ગાર આજે પ્રેસમાથી બહાર પડી ચૂક્યાં છે.

એ આચાર્યશ્રીએ પાશ્ચાત્ય વિદ્વાનોમાં જેટલું કામ કર્યું છે, જેટલો પ્રચાર ને પ્રયાસ કર્યો છે તેટલો કોઇ પણ વિદ્વાને નથી કર્યો તેમ તટસ્થ દૃષ્ટિએ પણ કહેવા મન થઇ જાય છે.

આચાર્યશ્રી પોતે પ્રખર વિદ્વાન અને સાહિત્યપ્રેમી હતા. તેમણે અનેક કામો કરી-અનેક સંસ્થાઓ ખોલી-ગામેગામ ને દેશોદેશ ભ્રમણ કરી ધર્મ-વીર નામ સાર્થક કર્યું છે.

અનેક વિદ્વાનોના કાગળો ને પ્રશ્નો-આભારો ને અભિનંદનો-મારી સામે હું જોઇ રહ્યો છું અને તે વાંચી તેમની ઉદારતા, વિદ્વાનોને અપનાવી લેવાની શક્તિ, પ્રચંડ ઓજસ્ ને અનેક યોજનાઓની ઝાખી થાય છે.

કોઇને પત્રદ્વારા, કોઇને પ્રશ્નોના સમાધાન લખી, કોઇને સૂચના ને સલાહ આપી કોઇને હસ્તલિખિત પ્રતો જોવા અપાવી, કોઇને જૈન સાહિત્યના પુસ્તકોના સંગ્રહ મોક્લી

કોઇને જરૂર પડયે ઉત્તેજનાર્થે કાંઇક મદદ અપાવી, કોઇને રૂબરૂ મળી અને કોઇને આમંત્રી અનેક વિદ્વાનોને અપનાવ્યા છે.

તેઓનું આ પ્રચારકાર્ય જો કે હજી જૈન સમાજની દૃષ્ટિપથની બહાર છે, પણ નજીકના ભવિષ્યમાં તેનું રૂડું ફળ ને પરિણામ બહાર આવવા સંભવ છે.

તેમના યૂરોપીય શિષ્યોમાં ડૉ. ઓટોસ્ટાઇન, ડૉ. વીન્ટરનીટઝ, ડૉ. પેરરોલ્ડ, ડૉ. ફર્ડેગોન, ડૉ. થોમસ, ડૉ. હેલમાઉથ, ડૉ. શુબ્રિંગ, ડૉ. ઝીયર, ડૉ. સ્ટેન કોનો, ડૉ. જીટુચી અને ડૉ. સીલ્વન લેવી વગેરે છે. આજે પણ તેઓશ્રીના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયેન્દ્ર સૂરિ આ દિશામાં કામ કરી રહ્યા છે અને તેને વ્યવસ્થિત કરવા ધારે છે.

આટલું આવશ્યક અને ટુકું વિવેચન તે એ મહાન્ પુરુષોના પ્રચારકાર્ય સબંધી લખવાની જરૂરીયાત જણાયાથી લખ્યું છે. તે સિવાય આ નિબંધ અધૂરો જ ગણાત.

પચાસ વર્ષ પહેલાં કોણ જાણતું હતું–કોની કલ્પનામાં પણ હશે કે જૈન સૂત્રોનાં પ્રકાશનો જર્મન–યુરોપીયન વિદ્વાનો કરશે, તેના અનુવાદ અંગ્રેજી અને જર્મનમાં થતા જશે, એક બે કે પાંચમાંથી વધતા વધતા સો વિદ્વાનો આ દિશામાં ઝૂકશે અને સ્વપ્નમાં પણ કોને ખ્યાલ હતો કે મિસ કાઉઝ જેવી જર્મન કુમારિકા Ph. D. થઇને હિંદી–ગુજરાતી–મારવાડી–સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી આપણા ધર્મ પુસ્તકોનું તેની ભાષામાં ભાષાંતર કરશે તેમ જ અમેરિકન કન્યા મિસ. જોન્સન Ph. D. પણ મહાવીર ચરિત્રનું ભાષાંતર કરશે !

આજે યુરોપમાં શું શુ કામ થઇ રહ્યું છે? આજ સુધીમાં કેટલું થયું છે? તેના સવિસ્તર સમાચાર હું અભ્યાસી ન આપી શકું અને આ ટુંક નિબંધમાં તે આવી પણ ન શકે. બની તેટલી હકીકતો મેળવી–વાંચી–અભ્યાસની દૃષ્ટિએ આવડયું તેમ–લખવા પ્રયાસ કર્યો છે. તોપણ–પશ્ચિમમાં અને ખાસ કરી જર્મનીમાં જૈન સાહિત્યના સબંધમાં જે કામ થઇ રહ્યું છે તે પ્રશંસનીય છે. તેવા કામને ઉત્તેજન આપવામાં આવે તો જૈન સાહિત્યનું પ્રકાશન કામ જલ્દી પ્રચાર પામ્યા વિના ન રહે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન સાહિત્ય સબંધી અનેક સંશોધન ભર્યા લેખો લખ્યા છે, અભ્યાસ દૃષ્ટિએ તુલનાત્મક દૃષ્ટિએ નિબંધો લખ્યા છે, સૂત્રોનાં પ્રકાશન કર્યા છે, અનેક ભાષામાં અનુવાદ કર્યા છે અને હજી તો કામ વધતુંજ જાય છે. આજે તો ઇટલી ને ઝેકોસ્લાવીયા, જર્મની ને અમેરીકા, ઇગ્લાંડ અને ફ્રાન્સ ચારે દિશામાં–દેશદેશમાં વિદ્વાનો કામ કરી રહ્યા છે–અને જૈન ધર્મનો અભ્યાસ કરે છે, અનેક તુલનાત્મક નિબંધો લખે છે. અનેક સંસ્કૃત ગુજરાતી, હિન્દી, માગધી ભાષા શીખે છે તેથી એ દિવસ પણ આવશે કે જ્યારે જૈન ધર્મ સાહિત્યરસિક વિદ્વાનોના મગજમાં ઉચ્ચ સ્થાન પામશે.

કેટકેટલા વિદ્વાનો કામ કરી રહ્યા તેની ચોકસ સંખ્યા તો હું નથી મેળવી શક્યો પણ મળ્યાં તેટલાં નામ આ નીચે જણાવ્યાં છે. ડૉ. ઓટોસ્ટાઇન (પ્રાગ), ડૉ. જોન નોબલ (બર્લીન) ડૉ. ઓ. પેરરોલ્ડ (પ્રાગ) પ્રો.–બી.–ફેડેગોન (હોલેન્ડ) મી. એચ વારેન (લંડન) ડૉ. હર્મન યાકોબી (જર્મની), ડૉ. સ્ટેન કોનો (ક્રીશ્ચીયાનીયા) પ્રો, લ્યૂમન

(જર્મની), ડો. વીન્ટરનીટઝ (પ્રાગ), ડો. હેલમાઉથ (જર્મની) ડો. કિરફેલ (જર્મની) ડો. મિસ-ક્રાઉઝ (લીપઝીગ) , ડો. પ્રો. ગ્રેચરીમ (જર્મની) ડો, શુબ્રિંગ (જર્મની), ડો, ઝીમર (જર્મની) ડો. જોલી (જર્મની) ડો. જોન્સહર્ટલ, મી. એ. ગોર્ડન, ડો. બેલોની-ફીલીપ (ઇટલી) ડો. ગેરીનોટ (પારિસ) ડો. સિલ્વન લેવી (ફ્રાન્સ) ડો. જી. ટુચી (ઇટલી) ડો. મેસન ઓરસેલ (ફ્રાન્સ) ડો. થોમસ (લંડન) ડો. ફ્રેન્કલીન-મિસ. જોન્સ અમેરિકા—આ અને બીજા અનેક વિદ્વાનો કામ કરી રહ્યા છે. આ નિબંધને અંતે એક લીસ્ટ આપ્યું છે જેમાં બહાર પડેલ અને તૈયાર થતાં પુસ્તકોનું સૂચીપત્ર આપ્યું છે, તેથી પણ ઘણું જાણવાનું મળશે.

જૈન સમાજમાં આટલું પણ જાણવાની ઉત્કંઠા ધરાવનાર બહુ થોડા છે તો આવી પ્રવૃત્તિને પોષણ ને સિંચન આપવાની તો વાતજ ક્યાં કરવી ?

જૈન સાહિત્યનો અપૂર ખજાનો સંભાળી રાખવો—તેનો પ્રચાર કરવો-તેનો વિકાસ કરવો-તેમાં સંશોધન કરાવવું તે આજે જૈન શ્રીમંતોની પહેલી ફરજ છે.

આજે તો જૈન વિદ્વાનો આ દેશમાં બહુજ ઓછા છે, જે છે તેને સમાજ અપનાવી નથી શકી, તેઓને ઉત્તેજન પ્રેરણા ને બળ આપનાર ઘણા થોડાજ છે અને તેથી વ્યવસ્થિત કાર્ય થવામાં પણ સમય લાગશે, એમ જણાય છે.

આજની કેળવણી પદ્ધતિ તો એટલી દોષવાળી છે કે શ્રીમહાવીરના જીવન ઉપર યા કાંઇ પણ તુલનાત્મક દૃષ્ટિએ નિબંધ લખવા માટે ઇનામ કાઢો તો પાંચ આઠ લેખ સાધારણ લખાણના પણ ન આવી શકે. જૈન સાહિત્ય ઇતિહાસ ને તત્ત્વજ્ઞાનના અભ્યાસીને અભ્યાસ કરવા સ્થળ ને સાધનજ નથી. આ લેખ ધાર્યા કરતાં મોટો થઇ ગયો છે, હવે થોડુંક ઉમેરવાની ઇચ્છા છતાં મન ના કહે છે. તોપણ ભવિષ્યના પ્રચારકાર્ય માટે દિશાસૂચન કરી મારો નિબંધ પુરો કરીશ.

જૈન સાહિત્યના પ્રચાર માટે નીચે પ્રમાણે વ્યવસ્થિત કાર્ય હાથ ધરવાની પ્રથમ આવશ્યકતા મને લાગે છે. જૈન સમાજ દર વર્ષે લાખો રૂપીઆ ખર્ચે છે તેનો ખરો સદ્ ઉપયોગ વ્યવસ્થિત રીતે કરવા યુવકો ને શ્રીમંતો, મુનિમહારાજો ને વિદ્વાનો પ્રયાસ કરે તો થોડા વખતમાં રૂડું પરિણામ આવેજ.

૧ * જૈન ડીરેક્ટરી કરવી કે જેમાં પાશ્ચાત્ય તેમજ પૂર્વના વિદ્વાનોની કાર્ય દિશાની નોંધ આવી જાય.

૨ એક " જૈન ઇન્ફર્મેશન બ્યૂરો " સ્થાપવા પ્રયાસ કરવો કે જે પાશ્ચાત્ય જૈન વિદ્વાનોને આ દેશમાં છપાતા પુસ્તકોની નોંધ ત્રીમાસિક મોકલે, જરૂરી પ્રશ્નોના

* જૈન ડીરેક્ટરી માટે મારા વિદ્વાન મિત્ર લાલા બનારસીદાસ જૈન એમ. એ. પંજાબ યુનિવર્સીટીની સાથે અમે કામ શરૂ કર્યું છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ ઠીક જવાબ આપ્યો છે પણ આ દેશના વિદ્વાનો તેમજ સાધુ-સાધ્વીએ મૌનજ સેવ્યું છે. એક પૂજ્ય મહારાજશ્રી કેશરવિજયજી ગણી સૂચવે છે તેમ એક મુસાફરી કર્યા પછી જોઇએ તે કામ થશે એમ ધારી તે માટે ઉત્તેજન મળ્યે વિચાર રાખ્યો છે.

જવાબ વિદ્વાન વર્ગ કે મુખ્ય મહારાજોને પૂછીને આપે, જરૂરી સહાય તેમના પુસ્તકપ્રકાશનમાં આપે, તેઓના કાર્યની ત્રિમાસિક નોંધ આ દેશમાં ફેલાવે અને તેઓને જરૂરી પુસ્તકો વગેરે સાધનો મેળવી આપે.

૩ જ્યા જ્યાં પુસ્તક-સંગ્રહ કે ભંડાર હોય તેનો જીર્ણોદ્ધાર થાય. કીડાના ઉદરમાં જતા હજારો ખજાનાનાં પુસ્તકો બચે ને સ્થળે સ્થળે જ્ઞાનમંદિર ખોલાય ને વ્યવસ્થિત થાય.

૪ જૈનસાહિત્યના અભ્યાસકો વધારવા-ઉત્તેજન ને ઇનામી નિબંધ-પત્રિકાઓ ને ટ્રેકટો દ્વારા પ્રયાસ કરવો.

૫ ઇતર દેશના જૈનસાહિત્યમાં રસ લેનાર વિદ્વાનોને પ્રસંગે પ્રસંગે આમંત્રણ કરી હિંદમાં બોલાવવા ને ભાષણો અપાવવાં.

૬ આ દેશના ઉત્સાહી જૈનસાહિત્યના અભ્યાસની આંકાક્ષા રાખનાર વિદ્યાર્થીઓ-યુવકોને જર્મની કે અમેરિકા-થોડી ઘણી તાલીમ આપીને મોકલવા ને તેઓને સારી સ્કૅાલરશીપ આપવી.

૭ એક જૈન-વિદ્યાપીઠ સ્થાપવા પ્રયત્ન કરવો જેની દ્વારા જૈનસાહિત્યનો સ્વતંત્ર પ્રચાર થાય, વિદ્વાનોને કાર્ય કરવા ક્ષેત્ર મળે, સ્વતંત્ર શિક્ષણ અપાય અને તે અનેક સંસ્થાઓનું કેન્દ્ર બને.

આજ સુધી થયેલા કામકાજની ટુંક નોંધ

૧ આચારાંગ સૂત્ર ડૉ. યાકોબી, પાલી ટેકસ્ટ સોસાયટી. લંડન ૧૮૮૨ (મૂળ)

૨ આચારાંગ સૂત્ર ડૉ. ડબલ્યુ શુબ્રીંગ, જર્મન ઓરીઅન્ટલ સોસાએટી લીપઝીગ ૧૯૧૦ પ્રથમ સૂર્યખન્ડ-પ્રાકૃત સંસ્કૃત શબ્દકોષ સાથે.

૩ ભગવતી (ખન્ડક કથા) ડૉ. વેબર, બર્લીન ૧૮૬૬-૬૭.

૪ ન્યાયધર્મકથા પ્રો. સ્ટીનથલ, લીપઝીગ-૧૮૮૧ પ્રથમ પ્રકરણ.

૫ ઉપાસકદસાઓ ડૉ. હૉર્નેલ કલકત્તા ૧૮૮૮ મૂળ-ટીકા.

૬ અનુત્તરોપપાતિક સૂત્ર—એલ. ડી. બારનેટ, લંડન ૧૯૦૭.

૭ ઔપપાતિક સૂત્ર ઇ. લ્યૂમેન લીપઝીગ ૧૮૮૩ (પ્રાકૃત સંસ્કૃત શબ્દકોષ સાથે)

૮ નિરયાવલી સૂત્ર એસ. જે. વેરન આમ્સટરડામ ૧૮૭૯ (પ્રા. સં. શબ્દકોશ).

૯ કલ્પસૂત્ર ડૉ. યાકોબી લીપઝીગ. ૧૮૭૯ („ „)

૧૦ દશવૈકાલિક ઇ. લ્યુમેન ૧૮૯૨ જર્મની

૧૧ ઉત્તરાધ્યયન સૂત્ર કારપેન્ટીયર ૧૯૨૧

૧૨ વ્યવહારમહાનિશીથ. જર્મની.

અંગ્રેજી-અનુવાદ

૧ આચારાંગ, કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ, (ચાર) ઙર્મન યાકોબી-Sacred Books of the East Series

૨ ઉવાસગદસાઓ-હોર્નેલ-૧૮૫૨.

૩ અંતકૃત્સૂત્ર-અનુત્તરોપપાતિક સૂત્ર-એલ. ડી. બેરનેટ-લંડન. ૧૯૦૭.

ડૉ. ફુહરરે મથુરામાં શોધ ખોળ કરી છે. તે વિશે-વિન્સેન્ટ સ્મિથે-મથુરા-જૈન સ્તૂપ વિષે પુસ્તક લખ્યું છે.

ડૉ. એ. ગેરીનોટે ફ્રેન્ચ ભાષામાં જીવવિચાર લખ્યો છે.
ડૉ. બેલોની ફીલીપીએ ઇટાલીઅન ભાષામા યોગશાસ્ત્ર પ્રકાશિત કર્યું છે.
એમ્બ્રોઝીયો—બેલીનીએ ઉપમિતીભવ-પ્રપંચકથા ઇટાલીઅન ભાષામાં ઉતારી છે.
ડૉ. પીશેલે હેમચંદ્ર પ્રાકૃત વ્યાકરણનું જર્મન ભાષાંતર કર્યું છે.
જૈન પ્રાકૃત વિષે ઇ. મૂલરે (જર્મન) નિબંધ લખ્યો છે.
હિન્દી સાહિત્યનો ઇતિહાસ (જર્મન) ભાગ. ૨ વીન્ટરનીટ્ઝ.

મી. પીટર્સન—ડૉ. કીલહોર્ન અને ડૉ. વેબરે હસ્તલિખિત પુસ્તકોના કેટલોગના રીપોર્ટ સંશોધન કરી બહાર પાડ્યા છે તેમા જેપુર-ખંભાત (૧૮૮૨) અલવર ૧૮૮૩-૮૪, ખંભાત ૧૮૮૪-૮૬, પાટન-૧૮૮૭-૯૨-૯૫-૯૮-તેમ જ બર્લીનની રોયલ-લાયબ્રેરીના સંસ્કૃત ને પ્રાકૃત હસ્તલિખિત પુસ્તકોનાં કેટલોગ પણ છે.

આજે જે કામ થઇ રહ્યું છે તેની વિગત.

ડૉ ઓટો સ્ટાઇન-Ph. D. એ જૈન આગમોમાંથી દુર્ગ, શહેરો, ગ્રામવ્યવસ્થા, ભૂગોળ, ન્યાય, નીતિ અને રાજ્ય વ્યવસ્થાના સૂત્રોનું સંશોધન કર્યું છે.

પ્રા. ડૉ હેલમાઉથ- Ph.D. (બર્લીન) તેમણે ૫૦૦ પાનાનું “ જૈન ધર્મ ” નામનુ જર્મન અને અંગ્રેજી ભાષામા પુસ્તક લખ્યું છે તે પ્રેસમાં છે. તેમાં નીચે પ્રમાણે પ્રકરણો રાખ્યાં છે.

ઇતિહાસ, સાહિત્ય, સિદ્ધાંત, તત્ત્વજ્ઞાન, નીતિ, લોકપ્રકાશ, ચરિત્ર, સમાજ, ક્રિયાવાદ, કળા અને દુનિયામાં જૈન ધર્મનું સ્થાન.

મિસ-ક્રાઉઝ Ph. D. (લીપઝીગ) આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજીની ધર્મદેશનાનું જર્મન ભાષાંતર કરે છે.

પ્રો. બ્લૂમફીલ્ડ (અમેરિકા) Ph. D. શાલીભદ્ર ચરિત્ર અંગ્રેજી ભાષામાં તૈયાર કરી પ્રેસમાં મોકલ્યું છે.

મિસ. જોન્સન Ph. D. (અમેરિકા) મહાવીર. ચરિત્ર દસમા પર્વના ૧૧ મા સર્ગનો અનુવાદ કરી ડૉ. બ્લૂમફીલ્ડ પર છપાવા મોકલ્યો છે.

ડૉ. પેરરોલ્ડ "જૈનધર્મ" વિષે એક પુસ્તક લખી રહ્યા છે. મે માસમાં બહાર પડશે.

આ ઉપરાંત અનેક વિદ્વાનોએ નિબંધો લખ્યા છે. તે પણ વિદ્વત્તા ભરેલા—સંશોધન પૂર્વક લખેલા છે.

આ ઉપરાંત અનેક વિદ્વાનો ડૉ. હેલમાઉથ—ડૉ. ઑસ્સેલ વગેરે પોતપોતાની વિદ્યાપીઠમાં ભાષણો આપી રહ્યા છે તે જુદું જ.

વાસ્તવિક જે કામ થઇ રહ્યું છે, તેની આ ઝાંખી રૂપરેખા માત્ર છે.

આટલાથી શું જૈન સાહિત્ય-પ્રેમીને આનંદ નહિ થાય? મારી દૃઢ માન્યતા છે કે આ દિશામાં કામ કરવા ક્ષેત્ર વિશાળ છે.

ઉત્તેજન—સાધન ને વ્યવસ્થિત કામ કરવાથી ભવિષ્યમાં રૂડું ફળ મળશે. પ્રભુ મહાવીરનાં સૂત્રો ને સિદ્ધાંતોનો પ્રચાર અવશ્ય વિશેષ થશે. એક વિદ્વાને ઠીક જ કહ્યું છે કે—

The Spirit of Jainism is the Spirit of India.

૪ જૈન કવિઓ

(લેખકઃ—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી)

પ્રસ્તાવના.

મુજ્ઞ પ્રમુખ સાહેબ, ભગિનીઓ અને ભાઇઓ,

મેં મારા આ નિબંધો સાહિત્ય પરિષદે નક્કી કરેલ નિબંધો પૈકી જૈન નિબંધમાથી જૈનાચાર્યો ,જૈન રાજાઓ જૈન મંત્રીઓ અને જૈન દાનવીરો એ નિબંધ મારા વિષય તરીકે સ્વીકારી તે કામ મારી શક્તિ મુજબ કર્યું છે. જો કે આ કાર્ય મારા જેવા સામાન્ય અભ્યાસી કરતા કોઇ બીજા વિશેષ અભ્યાસી સહિત્યપ્રેમી મહાશયે બહુ સુંદર રીતે કર્યું હોત, તોપણ મહાપુરૂષોનાં વચનાનુસાર એ મહાન્ નિયમને અનુસરી આ પ્રયત્ન કર્યો છે. હવે મે લીધેલા વિષયમાથી કેટલીએક મહાન્ વ્યક્તિઓની ટુંકાણમા ઓળખાણ કરાવીશ.

પ્રાચીન કાલમા જૈન ધર્મ અને જૈન પ્રજા ભારતવર્ષના દરેક પ્રદેશમા ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. કર્નલ ટોડના કથન પ્રમાણે હિંદુસ્થાનના દરેક શહેરો પ્રાયઃ જૈન ધનાઢયો–શ્રાવકોથી ગૌરવ ભર્યા શોભી રહ્યા હતા. પૂર્વમા બંગાલ અને ઓરિસાથી માંડી પશ્ચિમમા ઠેઠ સમુદ્રના કાંઠા સુધી અને ઉત્તરમાં છેક હિમાલયથી માંડી દક્ષિણમાં છેક કન્યાકુમારી સુધી દરેક દેશો અને સુંદર સ્થાનો, પવિત્ર જૈન તીર્થો અને ગગનચુમ્બી ભવ્ય મંદિરોથી સુશોભિત હતાં. જૈન પ્રજાએ પોતાના તીર્થસ્થળો અને ભવ્ય મંદિરો બંધાવવામા જે અગણિત દ્રવ્યનો વ્યય કર્યો છે તેનો નમુનો હિંદુસ્થાનના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે બલ્કે અલભ્ય છે.

જૈનાચાર્યોના ઉપદેશથી જેવા ભવ્ય આદર્શ સ્થાનો ધનાઢય ધર્મપ્રેમી જૈન ગૃહસ્થો-એ બંધાવ્યા છે તેવા ભવ્ય આદર્શ સ્થળો હિંદુસ્થાનના મોટા મોટા રાજા મહારાજાઓ પણ નથી કરાવી શકયા એમ કહેવામા કંઇ અતિશયોક્તિ નથી.

પ્રથમ જૈનાચાર્યોએ ભારતવર્ષમાં જે અગણિત ઉપકાર કર્યા છે તેની નોંધનો આ સમય નથી. જૈનાચાર્યોએ ભારતવર્ષના દરેક પ્રદેશોમા વિચરી આપણા ધર્મનું મૂલ-શ્રદ્ધાને ટકાવી રાખવાનું સતત કામ કર્યું છે. તેઓએ નિસ્પૃહપણે ઉઘાડે માથે અને ઉઘાડે પગે ભારતવર્ષના શહેરે શહેર અને ગામો ગામડામાં વિચરી અનેક મનુષ્યોને ન્યાય અને નીતિના સુંદર ઉપદેશો પોતાની મનોહર વાણીમા આપ્યા છે-હતા. તેઓના ઉપદેશમાં ભારત-વર્ષના અન્ય સાધુમહાત્માની પેઠે ભીક્ષા સિવાય કોઇ પણ જાતની સ્પૃહા–ઇચ્છા કર્યા સિવાય પોતાના ઉચ્ચ ચારિત્ર દ્વારા અનેક મનુષ્યોને ઉત્તમ ચારિત્રવાન કર્યા છે.

ભારતવર્ષને ઉન્નત બનાવવામા જૈનાચાર્યોએ અથાગ પ્રયત્ન સેવ્યો છે. જેવી રીતે હિંદુ-સ્થાનને ધર્મપ્રેમી અને દયા દેવીના પરમ ભક્ત બનાવવામા તેમનો મુખ્ય હિસ્સો છે તેવીજ રીતે સંસ્કૃત, પ્રાકૃત, માગધી, સૌરશેની, પિશાચી, અપભ્રંશ, ગુજરાતી આદિ ભાષા સાહિત્યો-

દ્યાનને સિંચી સિંચી નવવિકસિત બનાવવામા પણ તેઓએ નિર્જન વનોમાં રહીરહીને પણ અથાગ પ્રયત્ન સેવ્યો છે.

મહાન્ પ્રખર નૈયાયિક આચાર્યવર્ય શ્રી સિદ્ધસેન દિવાકર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, શ્રીહરિભદ્રસૂરિ, અને કલિકાલ સર્વજ્ઞ બાલબ્રહ્મચારિ પંડિતવર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વર જેવા ધુરંધર આચાર્યોની અથાગ સેવાથી જૈન પ્રજાજ નહિ બલ્કે સમસ્ત આર્યાવર્ત ગર્વભર્યું હાસ્ય કરી રહ્યું છે. તેમાથી સિદ્ધસેન દિવાકરે મહાન્ વીર વિક્રમની સભા શોભાવી હતી. આચાર્ય શ્રીબપ્પભટ્ટ સૂરિએ ગોપુર (ગ્વાલિયર) ના મહારાજાની આમ સભા શોભાવી હતી. નવાંગીટીકાકાર શ્રીઅભયદેવસૂરિએ ગુજરાતના મહારાજા ભીમદેવની સભા શોભાવી હતી. તેમજ બાલબ્રહ્મચારિ શ્રીહેમચંદ્રસૂરિશ્વરે ચક્રવર્તી કુમારપાલની સભા શોભાવી હતી અને છેલ્લે જગદ્‌ગુરૂ શ્રીહીરવિજયસૂરીશ્વરે મોગલ કુલતિલક સમ્રાટ અકબર જેવા વિદેશી રાજ્યકર્તાની સભા શોભાવી અહિંસાના પવિત્ર મંત્રથી તેના હૃદયને કોમળ બનાવ્યુ હતું.

આ સિવાય ઘણા જૈન સાધુ મહાત્માઓએ ભારતવર્ષમા અહિંસાના પવિત્ર મંત્રો ફેલાવી ભારતવર્ષને નંદનવન બનાવવાનું મહત પુણ્ય ઉપાર્જન કરેલ છે. જેમ તેમણે ભારતવર્ષની અથાગ સેવા કરી છે તેમ આપણા ભાષા સાહિત્યરૂપી બગીચાને પોતાની વાણી અને કલમ દ્વારા વિકસિત બનાવી સુંદર ફલોથી લચકતો બનાવ્યો છે.

આવી રીતે જૈન કવિઓએ પણ પોતાની સુંદર કલમથી સુંદર કવનો કરી સાહિત્યને અપૂર્વ રીતે ખીલવ્યું છે. જો કદી સંસ્કૃત, પ્રાકૃત કે ગુજરાતી ભાષા સાહિત્યમાથી જૈનોનો ફાળો બાદ કરવામાં આવે તો બાકીનું સાહિત્ય નહિ જેવુંજ થોડુંક જ રહેશે. ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, ષડ્‌દર્શન શાસ્ત્રવેત્તા શ્રીહરિભદ્રસૂરિશ્વર તથા શ્રીહેમચંદ્રસૂરિશ્વરને બાદને સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય રડે તેમ છે. જૈન સાધુમહાત્માઓના સુંદર કાવ્યો ઘણા છે. પરંતુ હું લાચાર છું કે તેમાથી કોઇ પણ સાધુ મહાત્માનુ જીવનચરિત્ર–તેમના જીવનનો નામ નિશાન પણ નથી મેળવી શકયો. માત્ર પ્રખ્યાત કવિઓનાં પણ ક્વચિતજ જીવનચરિત્ર મળી શકે છે કે જેમાના પ્રખ્યાત કવિઓમા, કવિ શિરોમણી શ્રીહેમચંદ્રસૂરિશ્વર કે જેઓશ્રીના મહાકાવ્યો એ દ્વયાશ્રય, ત્રિષષ્ટિ તથા સાહિત્યમા કાવ્યપ્રકાશની કક્ષાનો કાવ્યાનુશાસન એક અદ્‌ભુત ગ્રંથ છે.

આ સિવાય જયન્તવિજય કાવ્યના કર્તા શ્રીઅભયદેવસૂરિ (બીજા) તથા શ્રીવર્ધમાન સૂરિ પણ મહાકવિ હતા કે જેમનું અત્યારે પ્રખ્યાત વાસુપૂજ્ય ચરિત્ર કે જે ચરિત્ર કરતા મહાકાવ્યની ગણતરીમાં પણ શ્રેષ્ઠ છે. આ બન્ને મહાત્માના જીવનચરિત્ર મને નથી મળી શકયાં તેમજ શ્રીસોમપ્રભસૂરિ કે જેઓ મહાન્ ગ્રંથકાર, પ્રસિદ્ધ આચાર્ય અને મહા કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીની સૂક્તમુક્તાવલી, વૈરાગ્યતરંગિણી તેમજ પ્રાકૃતમા કુમારપાલ પ્રતિબોધ મહાકાવ્ય તરીકે પ્રસિદ્ધ છે. ગુ. વિ. આ. શ્રીજિનવિજયજી તેમને છેલ્લા પ્રાકૃત કાવ્યના કર્તા તરીકે ઓળખાવે છે, તેમજ સપ્તસંધાન મહાકાવ્ય (કે જેમા એકી સાથે સાત મહાપુરુષોના જીવનચરિત્ર શરૂ થાય છે.) ના કર્તા મહોપાધ્યાય શ્રીમેઘવિજયજી ગણી આ બંને મહાપુરુષોના જીવનચરિત્ર પ્રસિદ્ધ હોવાથી મેં નથી આપ્યા. હું કવિઓના જીવનચરિત્ર બહુ ઓછાં મેળવી શકયો છું તેમા મુખ્ય દોષ મારો છે. તો પણ ઘણા જૈન ગ્રંથકારો કે

કવિઓએ પોતાના જીવનની રૂપરેખા પણ નથી આપી. માત્ર પોતાના ગુરુની પરંપરા જ ઘણા આચાર્યોએ જણાવી છે કે જે પરંપરા ઉપરથી મૂળ વતન, માતપિતાનું નામ આદિ મેળવવામાં બહુ મુશ્કેલી પડે છે, બલ્કે ન મળી શકે એમ કહું તો પણ ચાલે. હવે માત્ર રહ્યા મહાકવિ ધનપાલ અને કવિ શિરોમણિ શ્રીશોભનાચાર્ય (કે જેમનાં જીવનચરિત્ર ટુંકાણમાં મેં આપ્યાં છે) કે જેઓ મહારાજા ભોજની સભાના પંડિતરત્ન હતા અને શોભનાચાર્ય તેના ગુરુ હતા. મહાકવિ ધનપાલની તિલકમંજરી કે જે " બાણની કાદમ્બરી જ્યારે રસિક વાચકભ્રમરોને લાંબા લાંબા સમાસો, લાંબાં લાંબાં વાક્યો અને અનૌચિત્ય વર્ણનોથી કંઇક કંટાળો આપે છે " ત્યારે તિલકમંજરી રસલોલુપી રસિક વાચકભ્રમરોને ટુંકાં અને સરલ વાક્યો, ટુંકા સમાસો અને ઉચિત વર્ણનો સાથે થોડા પદ્યથી સુંદર મધુનો રસ આપે છે અને આ વિશેનો ટકોર પોતેજ પોતાની પ્રસ્તાવનામાં કરે છે. આ સિવાય ધનપાલ પંચાશિકા કે જેનાં વખાણ પ્રખર પંડિત હેમચંદ્રસૂરિશ્વરે પણ કર્યાં હતાં. આ સિવાય બીજી પણ કૃતિઓ હોવી જોઇએ. તેમજ તેમના લઘુબંધુ શ્રીશોભનાચાર્ય કે જેઓ મહાન્ શીઘ્ર કવિ હતા તેમણે ગોચરી જતાં રસ્તામાં શોભનસ્તુતી બનાવી હતી કે જેના ૯૬ શ્લોક છે અને જે વર્ણાલંકાર શબ્દાલંકાર અને યમકથી ભરપુર છે. આવીજ રીતે સપ્તક્ષેત્રી રાસના કર્તા કે જેમને અત્યારે તો હું આદ્યકવિ તરીકે ઓળખાવું છું. તેમજ ગૌતમ રાસના કર્તા શ્રી ઉદયવંત કે જેમનું ચરિત્ર હું નથી મેળવી શકયો, તેમજ પ્રખ્યાત મહા કવિ શ્રી લાવણ્ય-સમય કે જેમનાં કાવ્યો વિમલપ્રબંધ આદિ ગુજરાતી સાક્ષરોથી અજાણ નથી તેઓશ્રીનું જીવનચરિત્ર પ્રખ્યાત હોવાથી મેં નથી આપ્યું. ત્યાર પછી શ્રાવક કવિ શ્રીઋષભદાસ કે જેમનું જીવનચરિત્ર પાંચમી સાહિત્ય પરિષદ્ ઉપર રા. મોહનલાલ દેશાઇએ રજુ કર્યું હતું. ત્યાર પછી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કે જેઓએ ગુજરાતી ભાષામાં બહુ સારાં કાવ્યો કર્યાં છે જેમાં દ્રવ્યગુણપર્યાયનો રાસ, શ્રીપાલરાસો ઉત્તરાર્ધ આદિ પ્રસિદ્ધ છે, તેમની ઓળખાણ ટુંકાણમાં મેં કરાવી છે. તેમજ તેમના કાકાગુરુ મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી પણ બહુ સારા કવિ હતા. તેઓશ્રીનો શ્રીપાલરાસ પૂર્વાર્ધ, વિનયવિલાસ આદિ પ્રસિદ્ધ છે. આ સિવાય મહાયોગીશ્વર આનંદઘનજી પણ બહુ સારા કવિ હતા. ત્યાર પછી છેલ્લા મહા-કવિ શ્રીવિરવીજયજી અને રૂપવિજયજી કે જેમાંના મહાકવિ શ્રીવીરવિજયજીની ઓળખાણ મેં કરાવી છે.

જૈન રાજાઓના વિષયમા ચંપાપતિ શ્રેણીક અને વિશાલાનો મહારાજા ચેડા (ચેટક) કે જેઓ પરમ કૃપાળુ શ્રી મહાવીર સ્વામીના સમકાલીન હતા. તેઓ પહેલાં બૌદ્ધ ધર્મ પાળતા પરંતુ પાછળથી શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત થયા હતા કે જેમની ઓળખાણ મેં કરાવી છે. આ સિવાય શ્રી મહાવીર સ્વામીના સમકાલીન ઘણા રાજાઓ હતા કે જેમાં ચંપાપતિ અશોકચંદ (શ્રેણીકનો પુત્ર અજાતશત્રુકોણીક) કાશી અને કૌશલના નવમલ્લીક અને નવલ્લેચ્છીક રાજાઓ, પુલાશપુરનો વિજયરાજા, વિતભદ્રપટ્ટનનો ઉદાયન જેણે મહા-વીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને જૈન ગ્રંથોમાં જેને અંતિમ રાજર્ષિ તરીકે ઓળ-ખાવ્યો છે. કૌશામ્બીનો ઉદાયનવત્સ, ક્ષત્રિય કુંડનો રાજા નંદિવર્ધન (શ્રી મહાવીર સ્વામીના મોટાભાઇ) ઉજ્જયનીના ચંડપ્રદ્યોત, હિમાલયની ઉત્તરે પૃષ્ટચંપાના સ્વામી શાલ અને મહાશાલ, પોતનપુરનો પ્રસન્નચંદ્ર (તેણે મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને તે પણ

રાજર્ષિ તરીકે ઓળખાય છે.) હસ્તશીર્ષનો અદિનશત્રુ, ઋષભપુરનો ધનવાહ, વીરપુરનો વીરકૃષ્ણમિત્ર, વિજયપુરનો વાસવદત્ત, સૌગંધિકનો અપ્રતિહત, કનકપુરનો પ્રદીપચંદ્ર, મહાપુરનો બલ, સુઘોષપતિ અર્જુન, અને શાકેતપુરનો રાજા દત્ત ઇત્યાદિ અનેક રાજાઓ શ્રી મહાવીર પ્રભુના સમયમાં મહાવીર ભક્ત-ચુસ્ત જૈન હતા. આ બધા રાજાઓની ઓળખાણ જૈન સૂત્રમા કરાવી છે પરંતુ મને તે જોવાનો સમય નહિ મળવાથી હું આ રાજાઓની ઓળખાણ નથી કરાવી શક્યો. આ સિવાય ત્યાર પછી બૌદ્ધ સમ્રાટ્ અશોકનો પૌત્ર ચક્રવર્તિ સંપ્રતિ (સંપઇ) મહાન્ ચુસ્ત જૈન રાજા હતો. તેણે જૈન દર્શનની ઉન્નતિમાં બહુ કીંમતી મદદ આપી છે કે જેની ઓળખાણ મેં ટુંકાણમાં કરાવી છે. તેમ જ વીર વિક્રમ શ્રી સિદ્ધસેન દિવાકરના ઉપદેશથી ચુસ્ત જૈન થયો હતો. ત્યાર પછી બપ્પભટ્ટ સૂરિના ઉપદેશથી ગ્વાલીયરનો આમરાજા જૈન થયો હતો. આ અને બીજા ઘણા જૈન રાજાઓ છે જેઓએ જૈન ધર્મની ઉન્નતિ પાછળ પોતાના રાજ્યની પણ દરકાર કર્યા સિવાય પુષ્કળ ફાળો આપ્યો છે. આ બધા મહારાજાનાં જીવન ચરિત્ર મને નથી મળ્યાં. સમય મળ્યે જૈન રાજાઓનાં જીવન ચરિત્ર આપવાની વૃત્તિ છે. છેલ્લો જૈન રાજા "મહારાજાધિરાજ પરમાર્હત" કુમારપાલ કે જે શ્રીહેમચંદ્રસૂરિશ્વરના ઉપદેશથી ચુસ્ત જૈન થયો હતો તે રાજર્ષિની મેં ઓળખાણ કરાવી છે.

જૈન મંત્રીઓમાં બુદ્ધિનિધાન શ્રી અભયકુમાર મંત્રી કે જેઓ શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત હતા અને મહારાજા શ્રેણીકના મુખ્ય મંત્રી હતા, તેઓનું જીવન ચરિત્ર જૈન સમાજમાં બહુ હર્ષથી ગવાય છે. સમયે ગુર્જર સાક્ષરોને તેની ઓળખાણ કરાવીશ. આ સિવાય નવમા નંદના મહામાત્ય શકટાલ (શકડાલ) મંત્રી (સ્થુલીભદ્રજીના પિતા) અને તેમનો પુત્ર મહામંત્રી સિદ્દિયક (શ્રીયક) તેમ જ ગુજરાતમા વનરાજથી માંડી ઠેઠ વીરધવલ સુધી ઓછાવત્તા પ્રમાણમાં જૈનોએ મત્રીપણું ભોગવ્યું છે. તેમાં મુખ્ય મંત્રીઓમાં વનરાજનો મંત્રી ચાંપો કે જેણે ગુજરાતની ગાદી સ્થાપવામાં વનરાજને અણુમોલી મદદ કરી હતી. ત્યારપછી ઓસવાલકુલતિલક શ્રી વિમલમંત્રી કે જેમની ઓળખાણ મેં કરાવી છે અને જેણે માળવાના ભોજની પ્રતિસ્પર્દ્ધામાં ગુજરાતનો ગર્વ બહુ સારી રીતે સાચવ્યો હતો અને જેમણે આબુનાં જગપ્રસિદ્ધ જૈન મંદિરો બંધાવી ગુજરાતને બલ્કે હિંદુસ્તાનને ગૌરવવાન બનાવ્યું છે; તેમ જ ગુજરાતનો નાથ સિદ્ધરાજદેવના મહામાત્ય મુંજાલ કે જે પાકો મુસદ્દી અને મહાન્ યોદ્ધો હતો અને ચુસ્ત જૈન હતો. આ સિવાય ઉદાયનમંત્રી, સૌરાષ્ટ્રનો અધિપતિ સજ્જન તેમ જ તેનો પુત્ર પરશુરામ, સિદ્ધરાજનો ધર્મપુત્ર ચાહડ (ઉદાયન મંત્રીનો પુત્ર) આદિ ચુસ્ત જૈન હતા. તેઓ અહિંસાના પરમ ઉપાસક હતા છતાં તીક્ષ્ણ કલમની માફક હાથમાં ઉઘાડી તરવાર લઇ રણાંગણમાં વીર યોદ્ધાની માફક લડયા હતા અને ગુજરાતનું ગૌરવ સદાને માટે ટકાવ્યું હતું.

કુમારપાલનો મંત્રી વાગ્ભટ, બાહડ, આમ્રભટ આદિ પણ ચુસ્ત જૈન હતા. તેમણે શત્રુંજયતીર્થના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો હતો. આ સિવાય વીરધવલના મંત્રી વસ્તુપાલ તેજપાલ પણ પ્રસિદ્ધ છે કે જેમની ઓળખાણ મેં ટુંકાણમાં કરાવી છે. તેઓએ ગુજરાતની ઓસરવાઇ જતી વીરતાને સતેજ બનાવી હતી-કરી હતી. આ બન્ને ભાઇઓ

ચુસ્ત જૈન હતા અને યુદ્ધવિશારદ પણ હતા. તેમણે આબુમા લાખ્ખો રૂપિયા ખર્ચી હિંદુસ્તાનની શિલ્પકળામા શ્રેષ્ઠ મંદિરો કરાવ્યા છે. આ સિવાય મોગલ સમ્રાટ અકબરના મંત્રી ટોડરમલ્લ અને કર્માશાહ પણ પ્રસિદ્ધ છે જેમા ટોડરમલ્લ મુસદ્દી મંત્રી અને વીર યોદ્ધો હતો. તેણે જ અકબરના સમયમા ખેતરોની માપણી કાઢી હતી કે જે માપણી થોડા ઘણા ફેરફાર સાથે હજુ પણ ચાલુ છે. લંબાણના ભયથી હું બધા મંત્રીઓના જીવન નથી આપી શકયો. ધીમે ધીમે તેમની પણ ઓળખાણ કરાવીશ.

હવે છેલ્લે જૈન દાનવીરો સંબંધે ટુંકાણમાં કહી હુ વિરમીશ. જૈન દાનવીરોની ઓળખાણ કરાવવી એ તો સૂર્યને દીપકવડે ઓળખાવવા સરખું છે.

જૈનોની દાનવીરતા ઘણે સ્થલે પ્રસિદ્ધ છે. જૈનધર્મના સિદ્ધાતો જ એવા ઉદાર છે કે જેમાં દરેક મનુષ્યોએ થોડે ઘણે અંશે ઉદાર બનવુ જ જોઇએ. તેઓએ હરકોઇ રીતે શક્તિ પ્રમાણે દરરોજ થોડું ઘણું દાન આપવું જોઇએ. જૈન રાજાઓએ, મંત્રીઓએ અને જૈન શેઠીયાઓએ અનેક સ્થળે અઢળક પૈસો ખર્ચી પોતાની દાનવીરતા બતાવી છે. તેમાંય મંદિરો પાછળ, જૈન દર્શનની ઉન્નતિ પાછળ અને દેશના રક્ષણ માટે ભયંકર દુષ્કાળોમા લગાર પણ આચકો ખાધા સિવાય પુષ્કળ પૈસો ખર્ચી પોતાની દાનવીરતા કાયમ રાખી છે. તેમાના ઐતિહાસિક દૃષ્ટિએ મહમ્મદ બેગડાના સમયમા ૧૩૧૫ ના ભયંકર દુષ્કાળમા ગુજરાતના દાનવીર શેઠ ખેમાહડાલીયે પોતાની ઉદારતાથી ગુજરાતમા દુષ્કાળને બદલે સુકાળ જેવું કરી પોતાના બીરૂદો સાચવ્યા હતા.

તેમજ કચ્છભદ્રેશ્વરના શેઠ જગડુશાહે (ગુજરાતના કુબેર ભંડારી) પણ ભયંકર દુષ્કાળના સમયમા આખા હિંદુસ્તાનને મદદ કરી કાળના મુખમાંથી ઘણા મનુષ્યોને બચાવ્યા હતા. તે વખતના હિંદના પ્રખ્યાત રાજા મહારાજાઓને પણ તેણે પૈસો અને દાણા આપી બહુ મદદ કરી હતી. આ ગુજરાતના કુબેર માટે ઘણું ઘણું કહેવાનું છે પરંતુ સમય ન હોવાથી વિશેષ કંઇ નથી લખતો. તેને માટે કહેવાય છે કે જ્યારે આ દાનવીર શેઠ મરણ પામ્યો ત્યારે હિંદુસ્તાનની પ્રજાએ અને રાજા મહારાજાઓએ તેના ઉપકારો સંભારી ઘણા દિવસ સુધી શોક પાળી તેના મરણ પછી આજે ખરો કળીયુગ માન્યો હતો. અત્યારે પણ જૈનોની દાનવીરતા કંઇ ઓછી નથી. છેલ્લે થયેલા શાંતિદાસ, શેઠ પ્રેમચંદ રાયચંદ અને મોતીશા શેઠ આદિની દાનવીરતા કાંઇ અપ્રસિદ્ધ તેમ ઓછી નથી. તેમજ ૧૯૫૬ના દુકાળમા અને ૧૯૭૪-૭૫ ના ઇન્ફલ્યુએન્ઝામાં પણ કંઇ જૈનોની સેવા કે દાનવીરતા ઓછી નહોતી. તેમ જ અત્યારે પણ કચ્છના એક ગૃહસ્થે કચ્છમા દુષ્કાળમા ૫૦૦૦૦ રૂ. જેટલી રકમની ઉદારતા બતાવી છે. ખરેખર એવા પ્રસિદ્ધ અપ્રસિદ્ધ દાનવીર ગૃહસ્થોને સદાને માટે અમારાં અભિનંદન છે.

મેં આ નિબંધમા મુખ્યપણે નીચેના ગ્રંથોની મદદ લીધી છે. કલ્પસૂત્ર, ચતુર્વિંશતી પ્રબંધ, વિમલપ્રબંધ, પ્રબંધચિંતામણી, જૈનઐતિહાસિક રાસમાલા ભા. ૧, વીરવંશાવલી (જૈનસાહિત્ય સંશોધકમાંથી) જૈન ધર્મનો ઇતિહાસ, તપગચ્છની પટ્ટાવલી, જૈન કોન્ફરન્સ હેરલ્ડનો દિવાળીનો અંક, પુરાતત્ત્વ અને આત્માનંદ પ્રકાશ માસિક આદિ ઘણા ગ્રંથો અને નિયતકાલિકોની મદદ લીધી છે, તેટલે અંશે તેમનો હું આભારી છું.

મહાકવિ ધનપાલ

વિક્રમના તેરમા સૈકામા જૈન સાહિત્યનો સૂર્ય ગગન મધ્યે ઉપર ચડયો. જૈન સમર્થ કવિઓ ભારતવર્ષના ભૂષણરૂપ વિદ્યમાન હતા. તેઓમા મહાકવિ ધનપાળ અને શોભન મુખ્ય હતા. તેઓ બંને ભાઇ થતા હતા. તેઓ ઉદારચરિત ભોજ રાજાના સમયમા થઇ ગયા. ધનપાળની કાવ્ય ચમત્કૃતિ અદ્દભુત હતી. તેણે જૈન ધર્મના ઘણા ગ્રંથો રચ્યા છે. તેના દરેક ગ્રંથમા તેની બુદ્ધિનું ચમત્કાર ભરેલું ચાતુર્ય પ્રકાશી નીકળે છે. ધનપાળની કવિતામા કોઇ અનેરા ઓજસ સ્થળે સ્થળે ઝબકી રહેલ છે. તેની અદ્દભુત પ્રતિભા, તેની લોકોત્તર કવિત્વશક્તિ આદી ગુણો તેના કાવ્યના વાચકોને રસમગ્ન બનાવી દે છે. ભોજરાજા સંસ્કૃત સાહિત્યનો અતિ પ્રેમી હતો તે સ્વયં સારો કવિ પણ હતો. તેની સભામાં આર્યાવર્તના બધા ભાગોમાથી કવિઓ અને વિદ્વાનો આવતા અને પોતાનું પાંડિત્ય પ્રદર્શન કરી રાજા અને સભાજનોનુ ચિત્ત આકર્ષણ કરતા. રાજા પણ તેમને યોગ્ય સત્કાર આપી પ્રજાનું મનરંજન કરતો. તેના આશ્રય હેઠળ સંખ્યાબંધ કવિઓ વિદ્વાનો રહેતા અને સાહિત્યની સેવા કરી યશોરાશિને મેળવતા. મહાકવિ પદ્મનાભ વિદ્વાનોની સભાનો પ્રમુખ હતો અને ભોજનો ગાઢ પ્રેમી હતો. બાલ્યાવસ્થાથી ભોજ અને ધનપાલ મિત્ર હતા ધનપાળના પ્રખર પાંડિત્ય ઉપર મુગ્ધ થઇ મુંજરાજે તેને જ "સરસ્વતી" નું ગૌરવસૂચક બિરૂદ આપ્યું હતું. ધનપાલ પ્રથમ વૈદીક ધર્માવલબી હતો અને પાછળથી તે જૈન ધર્માવલબી થયો હતો. તેનું જન્મ સ્થળ ધારાનગરી હતું. તેના પિતાનું નામ સર્વદેવ હતું અને તે પણ ચુસ્ત બ્રાહ્મણ હતો. એક વખતે ધારાનગરીમા પ્રસિદ્ધ વિદ્વાન શ્રી મહેન્દ્ર સૂરિ પધાર્યા અને તેમનો ઉપદેશ સાભળવા સર્વદેવ દરરોજ આવતા[1]. પછી અમુક કારણસર તેણે પોતાના પુત્ર શોભનને શ્રી મહેન્દ્ર સૂરિને વહોરાવ્યો. જો કે આ કામ શોભનની ઇચ્છાથી જ થયુ હતું પરંતુ ધનપાલને ખોટું લાગવાથી તેણે ભોજરાજાને કહી ધારાનગરીમા સાધુઓને આવવાનો રસ્તો જ લગભગ બંધ કરાવ્યો.

બીજી બાજુ ધનપાલના ભાઇ શોભન દીક્ષા લઇ પોતાના ગુરુ પાસે અભ્યાસ કરી પ્રખર વિદ્વાન થયા. તેમના ગુરુએ તેમની યોગ્યતા જોઇ આચાર્ય પદવી આપી. હવેથી શોભમુનિ શોભનાચાર્યના નામથી પ્રસિદ્ધ પામ્યા તેમની વક્તૃત્વ શક્તિ બહુ અસાધારણ હતી. તેમની શક્તિની કીર્તિ દેશોદેશ ફેલાવા લાગી. ધારાનગરીના જૈન સંઘે પણ તેમનો આ કિર્તિનાદ સાભળ્યો તેમને ઇચ્છા થઇ કે શોભનાચાર્ય અત્યારે પધારે તો સારૂં. તેમને વિનંતિ કરવાને માટે સંઘના શેઠીઆને તેની પાસે મોકલ્યા. શોભાનાચાર્ય ગુરુ આજ્ઞા લઇ ધીમે ધીમે ત્યાં આવ્યા. શોભન મુનિની અસાધારણ વકતૃત્વ શક્તિથી ધારા-

---

૧ જૈન સમાજમા આને માટે એક દંતકથા ચાલે છે પરંતુ મને તેમા વજુદ નહિ લાગવાથી મેં સ્થાન નથી આપ્યું. કેટલાએક લોકો તેને મહત્ત્વની ગણે છે પરંતુ કદાચ આમ પણ બન્યું હોય કે એક વાતમા બીજી વાતનો સેળભેળ થઇ ગયો હોય કે જેથી વાચકને કે લેખકને માન્ય ન થાય.

નગરીની પ્રજામાં નવચેતન આવ્યું. એક વખતે તેમના શિષ્યો શ્રી ધનપાલને ત્યાં વહોરવા ગયા. (ધનપાલને લાબે વખતે દ્વેષ ઓછો થઇ ગયો હતો તેથી જ તેમના ભાઇ જૈનમુનિ ત્યા આવી શકયા હતા) ધનપાલ નહાતો હતો. ઘરમા તેની સ્ત્રીએ દહીં લાવી વહોરાવા માંડયું ત્યારે તેમણે પુછ્યું. કેટલા દિવસનું છે? ત્યારે તેણે કહ્યું કે ત્રણ દિવસનું દહીં છે. ત્યારે તેમણે કહ્યું કે સાધુને તે લેવું યોગ્ય નથી, કારણ કે તેમા જીવ પડી જાય છે. ધનપાલ આ સાંભળી કાઇક આશ્ચર્ય પામ્યો અને કાંઇક મશ્કરી જેવું લાગ્યું. તેણે કહ્યું કે આપ શા ઉપરથી એમ કહો છો? ત્યારે તેમણે કહ્યું કે તમને પ્રત્યક્ષ દેખાડીએ પછી વાંધો નથીને? તેમણે અળતાનો રંગ મંગાવી દહીંમા નાંખ્યો કે જેથી અંદર રહેલા જીવો પ્રત્યક્ષ દેખાવા લાગ્યા. ધનપાળે આશ્ચર્ય સાથે પોતાની ભૂલ કબુલી મુનીઓને ભક્તિથી પુછ્યું કે આપના ગુરુ કોણ? ત્યારે તેમણે કહ્યું કે અમારા ગુરુ શ્રી શોભનાચાર્ય છે. બીજે દિવસે ધનપાલ તેમની પાસે આવ્યો શોભનાચાર્યને પૂર્વ ભ્રાતૃપ્રેમ એકદમ ઉભરી આવ્યો અને એકદમ ઉઠી તેને પ્રેમથી ભેટયા. ધનપાલની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. પોતાની ભુલ માટે માફી માગી. ઉદાર દીલના શોભનાચાર્યે તેને માફી આપી. પછી બન્ને ભાઇએ ખુબ ધર્મચર્ચા કરી. અંતે ધનપાળે પોતાના ભાઇના વખાણ કરતાં કહ્યું કે ભાઇ તેં તારૂં સુધાર્યું. આવો પવિત્ર સત્ય સનાતન ધર્મ અંગીકાર કરી તારા જીવનને સાર્થક કર્યુ અને આપણા કુળને તેં તાર્યું. ધનપાળને શોભનાચાર્ય ઉપર અનન્ય પ્રેમ ઉત્પન્ન થયો. ધીમે ધીમે તેણે જૈન સિદ્ધાંતોનો અભ્યાસ તેમની પાસે શરૂ કર્યો. તેણે સંસર્ગથી શ્રી મહેન્દ્ર સૂરી પાસે જૈન ગાર્હસ્થ્ય દીક્ષા અંગીકાર કરી. ધનપાળના આમ એકાએક ધર્મપરિવર્તનથી વૈદિક ધર્મમા ચુસ્ત ભોજને કાઇક આશ્ચર્ય થયું અને વારંવાર ધનપાળ સાથે જૈન ધર્મ વિશે વાદવિવાદ કરતા. પરંતુ જૈન દર્શનમાં નિષ્ણાત પામેલા ધનપાળની યુક્તિઓ સાંભળી મહારાજા ભોજને કાંઇક નમતું આપવું પડતું–બલ્કે નિરુતર થતો. વખતના વહેવા સાથે રાજાનો આગ્રહ કાંઇક મંદ થયો. તે જૈન સાહિત્ય ઉપર સદભાવ ધરાવવા લાગ્યો. ધનપાલ પણ પોતાના ગુરુ શ્રી મહેન્દ્ર સૂરિ પાસે અભ્યાસ કરી જૈન દર્શનનો પાર્દશ્વા થયો. ભોજ-રાજા પણ સ્વયં પંડિત અને તત્ત્વજ્ઞ હોવાથી સ્વધર્મ–વૈદિક ધર્મમાં નિષ્ણાત હતો. જૈન ધર્મના વિશેષ પરિચયના અભાવે જૈનના સ્યાદ્વાદથી તે અજાણ્યો હતો. હવે તેને તે જાણવાની રુચિ થઇ અને કવિએ તે ઇચ્છા પુરી પણ કરી છે. (કવિએ તેની ઇચ્છાથી પ્રેરાઇને જ તિલકમંજરીની અદ્દભુત કથા રચી હતી) હવે આપણે તેમની કૃતિ તરફ વળીએ. કવિએ પોતાની પછવાડે અસાધારણ મૌલીકતાવાળાં ત્રણ રત્નો મુક્યાં છે જે આઠ આઠ શતાબ્દિઓ થઇ ગઇ છે છતાં હજી જ્વલંત ભાવે શોભી રહેલ છે. તેમાં તિલકમંજરી, ઋષભપંચાશિકા અને પાઇયલચ્છીનામમાલા (કોશ, આ કોશ પ્રાકૃત છે). શોભનસ્તુતિ ઉપર ટીકા પણ તેમણે રચી છે. તે બધામાં તિલકમંજરી એક અદ્દભુત ગદ્યમય મહાકાવ્ય છે. તેમાં કવિનું અસાધારણ પાંડિત્ય સ્થળે સ્થળે પ્રકાશી રહેલ છે. તિલકમંજરીની રચના બાણની કાદંબરી જેવી વિસ્તૃત આખ્યાયિકાના રૂપમાં બનેલી છે. પાત્ર અને વસ્તુ કવિએ કલ્પેલાં હોવાથી તે સંસ્કૃત સાહિત્યનું અદ્દભુત પુસ્તક કહી શકાય. સુબંધુની વાસવદત્તા, દંડિનું દશકુમાર, વિક્રમની નલકથા અને બાણની કાદંબરીમાં ઘણો ફેર છે. ગુલાબના કંટક સમાન કાદંબરીનાં લાંબાં વાકયો રસપ્રવાહમાં આઘાત પહોંચાડે છે, ત્યારે ધનપાલની તિલકમંજરી કાવ્યમધુ લોલુપ રસિક ભ્રમરોના ચિત્તવિનોદ

માટે ઋતુનાં પુષ્પોથી સુગંધિત અને નવનવા રસથી પૂરિત કમનીય કાવ્ય છે.[૧] સાથે વચ્ચે વચ્ચે ઉપયોગી શ્લોકો આપી તેની શોભામાં ઓર વધારો કર્યો છે.

આ કવિને માટે પ્રભાવકચરિત્રકાર કહે છે કે **रसान् नव परांकोटि प्रापिता कविचक्रीणा.** આમાં સહૃદય વાચકોને અતિશયોક્તિનો લેશ પણ માલુમ નથી પડતો. શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રખર વિદ્વાન પણ ધનપાળની મુક્તકંઠે સ્તુતિ કરી તેનું ગૌરવ-મહત્તા બતાવી ગયા છે. આવી રીતે કાવ્યાલંકાર આદિ ગ્રંથોમાં ગદ્ય કાવ્યોના ગ્રન્થોનાં નામ આપતાં પ્રથમ નામ ધનપાલની તિલકમંજરીનું છે. ધનપાળની તિલકમંજરી જૈન શ્વેતામ્બર સાહિત્યસાગરમાં એવું અદ્દભુત રત્ન છે કે જેની કીર્તિને અન્ય સંપ્રદાયના દિગંબર જેવા આગ્રહી સમાજના વિદ્વાનો પણ નમસ્કાર કરે છે. અને તેની આવી અનન્ય કીર્તિ-અસાધારણ કીર્તિ જોઇ તેના ઉપર મુગ્ધ થઇ પોતાના સામાજિકોને લાભ આપવા પ્રશંશનીય પ્રયત્ન કરી તિલકમંજરી સાર પુસ્તક રચી (શ્વેતાંબરોમાં પણ દિગંબરીનો તિલકમંજરી સાર જોઇ તિલકમંજરી સાર ગ્રંથ રચવામાં આવ્યો છે, સ્પર્ધાથી પણ એક રીતે સાહિત્ય તો વધ્યું જ) કર્તાના વિષયમાં પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી છે. પ્રબંધચિંતામણીકાર કહે છે કેઃ—

वचनं श्री धनपालस्य चंदनं मलयस्य च
सरसां हृदि विन्यस्य का भूत्रामनिर्वृतिः ॥

---

૧. તિલકમંજરીની ઉત્પત્તિ માટે જૈન સમાજમાં એક દંતકથા પ્રચલિત છે અને તે બહુ રસિક હોવાથી તેને અહીં ટાંકવાની લાલસા હું રોકી શકતો નથી. આના સંબંધમાં જૈન ઇતિહાસ લેખકો જણાવે છે કે-ભોજરાજાએ કેટલા દિવસ સુધી ધનપાલકવિને અનુપસ્થિત જોઇ એક દિવસ તેનું કારણ પુછતાં કવિએ જણાવ્યું કે હું આજ કાલ એક તિલકમંજરી નામની અસાધારણ કથા રચું છું. (આ ઠેકાણે **सम्यक्त्व सप्ततिका** ના લેખકે ભરતરાજકથાનું તથા ઉપદેશપ્રાસાદમાં **युगादिचरित्र** નું નામ આપેલું છે) તે કાર્યની અંદર વ્યગ્ર મનવાળો હોવાથી નિયમિત સમયે આપની સભામાં હાજર થઇ શકતો નથી. રાજાએ વાત સાંભળી પોતાને તે કથા સંભળાવવા કવિને આગ્રહ કર્યો. કવીશ્વરની વિનંતિથી રાજા નિરંતર પાછલી રાત્રીએ તે કથા સાંભળતો (તે સમય બહુ રમણીય હોવાથીજ રાજા તેમ કરતો, નહિ કે રાજકાર્યના અભાવને લીધે એમ સમ્યકત્વ સપ્તતિકાકાર કહે છે) કથા સાંભળતી વખતે રાજા કથાના પુસ્તક નીચે સુવર્ણ પાત્ર એવા આશયથી રાખતો કે રખેને કથામૃત વહી ન જાય. સંપૂર્ણ કથા સાંભળ્યા પછી રાજા અતિ આનંદિત થયો. કથાની સર્વોત્કૃષ્ટતાએ રાજાનું મન બહુ આકર્ષ્યું. આ કથાની સાથે મારૂં નામ અંકિત થાય તો યાવત્ચંદ્રદિવાકરો મારો યશ આર્યાવર્તની પવિત્ર ભૂમિપર અખંડિત રહે એવી અસદ્ અભિલાશાને વશ થઇ રાજા કવિને કહેવા લાગ્યા કે કથાના નાયકને સ્થાને મારૂં નામ, અયોધ્યા નગરીને ઠેકાણે અવંતીનું નામ, એને શક્રાવતાર તીર્થને ઠેકાણે મહાકાલનું નામ દાખલ કરે તો બહુ માન, ધન, અને ઇચ્છિત વર પ્રદાન કરૂં. રાજાની

વિ. ૬. ૭.

મહા કવિ શોભનાચાર્ય

જેમ ધનપાલ અસાધારણ કવિ હતા તેમ તેના નાનાભાઇ શોભનાચાર્ય પણ અસાધારણ કવિ હતા.. તેઓશ્રી કૃત શોભનસ્તુતિ વિદ્યમાન છે. તે સ્તુતિ બહુ કઠણ છે. જો કદી તેની ટીકા યા ટીપણ ન હોય તો તેનો અર્થ કરતાં વિદ્વાનોને લગાર વિચાર કરાવે તેવી છે. તેમા તેમણે એક અદ્દ્ભુત ખુબી કરી છે. દરેક શ્લોકનું બીજું અને ચોથું પદ સમાન છે. છતાં અર્થમાં અસાધારણ નવીનતા છે આપણે તેને માટે થોડા છુટા છુટા શ્લોકો જોઇશું તો અસ્થાને નહિ કહેવાય.

भव्यां भोजविबोधनैक तरणे विस्तारि कर्मावली
रंभा सामज नाभिनंदन महा–नष्टा पदा भासुरे ।
भक्त्या वंदित पादपद्म विदुषां संपादय प्रोज्झितामू
रंभासामजनाभिनंदन महानष्टा पदा भासुरै ॥

અર્થ:—

ભવ્યાત્મારૂપી કમલોને વિકાસ પમાડવામાં સૂર્ય સમાન અને વિસ્તાર પામેલી કર્મની પંક્તિરૂપી કેળને માટે તો હસ્તિ સરખા (હસ્તિને કેળ ભાગતાં જેટલી વાર લાગે તેટલી વારમા કર્મના વિસ્તારને તેમણે હણ્યા–હઠાવ્યાં છે) અને મોટી નાશ પામી ગઇ છે આપત્તિ–દુઃખ જેને અને કાન્તિના સમૂહવડે કરીને શોભતા, દેવોવડે કરીને પુજાયેલા છે ચરણકમળ જેના, એવા અને પ્રકર્ષ રીતે તજ્યા છે સાવદ્ય આરંભ (સાવદ્ય એટલે પાપ સહિત

આ અનુચિત પ્રાર્થના સાંભળી કવીશ્વર બોલ્યો કે શ્રોત્રીઓના હાથમાં રહેલો અને પવિત્રજળથી ભરેલો પૂર્ણ કુંભ જેમ મદ્યના એક બિંદુથી અપવિત્ર થઇ જાય છે તેમ ઉપર્યુક્ત નામોના પરિવર્તનથી સંપૂર્ણ કથાનું પાવિત્ર્ય નષ્ટ થઇ જાય છે અને તેના પાતકથી કુલ, રાજ્ય અને રાષ્ટ્રનો નાશ થાય છે. માની રાજાએ આ ઉત્તર સાંભળી ક્રુદ્ધ થઇ પાસે પડેલી ભડભડતી અંગારાની સગડીમાં મુર્ખતાને વશ થઇ તે પુસ્તક બાળી નાખ્યું. રાજાના એ દુષ્ટ કૃત્યથી કવીશ્વર બહુ ખિન્ન થયો. પોતાને સ્થાને આવી નિશ્વાસ નાખતો એક જુના ખાટલામાં બેઠો. કવિને સાક્ષાત સરસ્વતી સરખી એક નવ વરસની તિલકમંજરી સુંદર બાળા હતી, તેણે પોતાને પિતાને કાર્યશૂન્ય, ખિન્નમનસ્ક જોઇ તેનું કારણ પુછ્યું. પુત્રીના અત્યાગ્રહને વશ થઇ કવિએ કથાના વિષયમા બનેલો સમગ્ર વૃત્તાંત સંભળાવ્યો. સાંભળીને તે બાળા બોલી કે પિતાજી આપ ખેદ ન કરો. આપ સ્નાન પૂજન અને ભોજન કરી લ્યો મને તે કથા સંપૂર્ણ યાદ છે, તેથી હું આપને તે બધી ઉતરાવીશ. કવિ એ સાંભળી હર્ષિત થયો અને પોતાનો નિત્ય નિયમ કરી પુત્રીના મુખકમળથી આખી કથા લખી; અને પોતાની પુત્રીનું નામ ચિરસ્મરણીય કરવાને માટે તેનું નામ તિલકમંજરી રાખ્યું. આ વૃત્તાત સમ્યકત્વ સપ્તતિકામાં આપેલું છે.

જો કે પ્રભાવકચરિત્રમા આ કથા થોડા ફેરફાર સાથે ઉપલબ્ધ છે પરંતુ લંબાણુના ભયથી તેને હું સ્થાન આપવું ઉચિત ધારતો નથી (આત્માનંદ, પુ ૧૭. અં. સાથ. પૃ. ૧૫૮, ૧૫૯.).

તજ્યા છે વ્યાપાર જેમણે) અને નથી રોગ જેમને એવા અને મનુષ્યોને આનંદ આપનાર એવા હે નાભિરાજાના પુત્ર (આદિનાથ) પંડિતોને ઉત્સવ-આનંદ આપ.

આ શ્લોકમા નાભિરાજાના પુત્રનો સૂર્યની સાથે સમાન ભાવ કવિએ બતાવ્યો છે. હજી આગળ એક શ્લોકમા જૈન આગમ-સૂત્રનું વર્ણન કરતાં કવિવર્ય લખે છે કે:—

श्रान्तिच्छिदं जिनपरागममाश्रयार्थ-
माराममानमलशं तमसंगमानाम्।
धामाग्रीमम् भवसरित् पतिगशेतुमसी-
माराममानमलशं तमसंगमानाम् ॥

અર્થ:—

શ્રમ-થાકને છેદવાવાળું અને સાધુઓના આશ્રય માટે તો સુંદર બગીચા સરખું (ગૃહસ્થો તો બાહ્ય બગિચામા નિરંતર ફરી બહુ લોક સંબંધી આનંદ ભોગવે છે પરંતુ ત્યાગી સાધુઓ કે જેઓને માટે આ બાગ બગિચા નકામા છે તેમને માટે જૈન આગમો એક સુંદર બગિચા સરખા આનંદદાયક છે. તેમાથી સાધુપણાને યોગ્ય જીવનનાં મનોહર સૂત્રો રૂપી સુગંધ સ્થળે સ્થળે બહેકી રહેલી-શોભી રહેલી છે.) અને મોટા મોટા આલાવા (પેરીગ્રાફ) ના સ્થાન સરખું અને આ ભવસાગર ઉતરવાને માટે પુલ સરખું અને નાશ કર્યા છે કામ, રોગ, અહંકાર, પાપ, અને અજ્ઞાન જેણે એવા આગમને હે મનુષ્યો તમે નમસ્કાર કરો.

આવી રીતે એક દેવીનું સુંદર વર્ણન કરતાં કવિવર્ય લખે છે કે:—

સૂર્યનું પ્રતિસ્પર્ધી અને (સૂર્ય કરતાં પણ રત્નની કાન્તિ વધારે છે એમ કવિવર્યનો આશય છે.) પાણિદાર રત્ન અને કાન્તિવડે અસ્ત કર્યો છે સૂર્યને જેણે એવી નવી તરવાર-ખડગને ધારણ કરતી અને હાથીઓનો શત્રુ-સિંહ તેના ઉપર બેઠેલી અને રણ-યુદ્ધ ક્ષેત્રના શબ્દથી ક્ષય પામેલી-ત્રાસ પામેલી શત્રુની પંક્તિને-સમૂહને નાશ કરતી એવી મહા માનસી દેવી (મનુષ્યોને) ઇચ્છિત આપ.

આવી રીતે કવિએ ચોવીસ ભગવાનની સ્તુતિમા ૯૬ શ્લોકો બનાવ્યા છે અને દરેક શ્લોકોમાં નવીન અર્થો અલંકારો અને રસો સ્થળે સ્થળે મુક્યા છે. કહે છે કે કવિવરે આ સ્તુતિ ગોચરી-મધુકરી જતાં રસ્તામાજ બનાવી હતી. આ ઉપરથી આપણને પ્રતીતિ થાય છે કે કવિમાં કેવી અસાધારણ નૈસર્ગિક કવિત્વશક્તિ હશે!

ગુજરાતી મહાકવિ શ્રી વીરવિજયજી

કવિવર્ય શ્રી વીરવિજયજી જૈન સમાજમાં એક મહા કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. આ મહા કવિથી આબાલવૃદ્ધ ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. તેમણે ગુજરાતી ભાષામાં પૂજાઓ, સ્તવનો, ચોખલીયાં, રાસા આદી ગ્રંથો બનાવી પોતાનું નામ અમર કરેલ છે. ગુજરાતી ભાષાની પૂજામાં અસાધારણ ઝમક ભાવો અને જુદા જુદા રસો તેમણે યોજ્યા છે. તેમની પૂજાઓ જૈન દર્શનનો જ્ઞાતા એક બાળક પણ સહેલાઇથી—સરલતાથી ગાઇ શકે છે, સમજી શકે છે. તેમને જૈન સમાજમાં અંતિમ કવિ કહીએ તો પણ કાંઇ અતિશયોક્તિ ભરેલું નથી.

તેમનું જન્મ સ્થળ ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. તેઓ જાતે ઔદીચ્ય બ્રાહ્મણ હતા. પિતાનું નામ જગનેશ્વર અને માતાનું નામ વીજકોરબાઇ હતું. તેમનો જન્મ ૧૮૨૯ માં વિજયા દશમીને દિન થયો હતો. તેમનું નામ કેશવરામ હતું. તેમને એક બ્હેન હતી. તેમનું નામ ગંગા હતું. કેશવરામનું ૧૮ વર્ષની ઉમરે દેહગામના રળીયાત બાઇ સાથે લગ્ન થયું હતું. ત્યાર પછી થોડા વખતમા તેમના પિતા મરણ પામ્યા. પિતાના મરણ પછી કોઇ કારણસર તેમને તેમની માતા સાથે કજીયો થયો; પોતે રીસાઇ ઘર છોડી ચાલી નીકળ્યા. માતા તેમને શોધવાને માટે નીકળી પરંતુ પુત્રનો પતો ન લાગ્યો. પુત્રપ્રેમી માતાને બહુ આઘાત લાગ્યો અને પુત્રના શોકથી અંતે મૃત્યુ પામી. માતાનું મરણ અને ભાઇનો વિયોગ આ માઠા સમાચાર સાભળી તેમની બેન ગંગા પણ મૃત્યુ પામી.

આ બાજુ કેશવરામ ત્યાંથી નીકળી જૈનોના પવિત્ર અને સૌરાષ્ટ્રના શિરતાજ શત્રુંજયની યાત્રા કરવા ગયા અને ત્યાં જૈન મુનિશ્રી શુભવિજયજીના સમાગમમાં આવ્યા (ધોલેરા નજીક ભીમનાથ ગામમા મળ્યા એમ પણ છે.) પાલીતાણે તેમની તબીયત લથડી અને ગુરુકૃપાથી શાતી વળી તેથી તેમને તે ગુરુ (શ્રી શુભવિજયજી) ઉપર અનન્ય શ્રદ્ધા બેઠી. પછી ગુરુ સાથે ત્યાથી વિહાર કરી ખંભાત તરફ નીકળ્યા. રસ્તામાં કેશવરામની ઇચ્છા દીક્ષા લેવાની થઇ. તેના ખુબ આગ્રહથી પ્રેરાઇ શ્રી શુભવિજયજીએ વીર સં. ૧૮૪૮ માં ખંભાત પાસેના કોઇ ગામડામાં દીક્ષા આપી. આ વાતની ખબર ખંભાતમાં શ્રાવકને પડી. તેઓ ત્યા સામા આવ્યા અને ગુરુને બહુ ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો.

શુભવિજયજીને શિષ્યને ભણાવવાની બહુ કાળજી હોય તેમ જણાય છે, કારણ કે દીક્ષા આપ્યા પછી તુરતજ ખંભાતમાં પાચ વરસ સુધી તેમને ભણાવવાને ત્યાં રહ્યા અને શીષ્યને ખુબ કાળજી પૂર્વક ભણાવી પોતાના અમુલ્ય જ્ઞાનનો વારસો શીષ્યને આપ્યો (આ ઉપરથી સમજી શકાશે કે આગળના સાધુઓ પોતાના શીષ્યોને પોતાના હાથેજ પઠન પાઠન કરાવતા હતા. અત્યારે આ પ્રવૃત્તિમાં ઘણીજ મંદતા આવી ગઇ છે. જો કે ક્યાક ક્યાંક આ પ્રવૃત્તિ ચાલુ છે. પરંતુ પૂર્વની પ્રવૃત્તિ તો અત્યારે શિથિલ છે એમ કહ્યા સિવાય તો નહી ચાલે.)

ગુરુએ યોગ્યતા જોઇ શ્રીવીરવિજયજીને અમદાવાદમાં પન્યાસપદ—પંડિતપદ આપ્યું, અને ત્યાર પછી એટલે સં. ૧૮૬૭ માં ફાગણ વદી ૨ ના દિવસે વીરવિજયજીના ગુરુ શ્રી શુભ-

વિજયજી સ્વર્ગે સીધાવ્યા. વીરવિજયજીને ગુરુનો આ વિયોગ બહુ આકરો લાગ્યો. તેમને પોતાના ગુરુપર બહુ પ્રેમ હતો. ગુરુએ તેમને સંસારસાગરમાંથી તાર્યા-બચાવ્યા અને વળી ઉચી વિદ્યા આપી તેમને ઋણી બનાવ્યા હતા. શીષ્યે ગુરુની ભક્તિ કરી ઋણ પતાવવા કાંઇક પ્રયત્ન કર્યો હતો. પોતપોતાના ગુરુની સ્તુતિ કરતાં "શુભવેલી" માં કહ્યું છે કે (આ શુભવેલી પોતાના ગુરુની હૈયાતીમાં સં. ૧૮૬૦માં લખી હતી–

એ ગુરુના ગુણ જલનિધિ, મુજ મતીએ ન કહાય
ગુણનિધિ જલનિધિ જલ ભર્યો, ગરગરીએ ન અપાય.

આ ઉપરથી જણાઈ આવે છે કે પોતાના ગુરુના ગુણ ઉપર તેમને કેટલાં અનહદ પ્રેમ-ભક્તિ હતાં. તેમણે દીક્ષા લીધા પછી તરત જ એટલે પાંચ વરસ પછી પોતાની કવિત્વ શક્તી ખીલવવા માંડી અને તેના પ્રથમ સુગંધી પુષ્પ તરીકે ગોડી પાર્શ્વનાથના ખલીયા સં. ૧૮૫૩ માં બનાવ્યા ત્યાર પછી સં. ૧૮૫૭ માં સુરસુંદરી રાસ અને પરમ કારુણિક શ્રી મહાવીર દેવની પાંત્રીસ પ્રકારની વાણીના ગુણનું વર્ણન લખ્યું છે.

તેમની ઉપદેશક શક્તિ બહુ આકર્ષક હતી. તેમનો ઉપદેશ સાંભળવા મનુષ્યોની મેદની એટલી ભેગી થતી કે પોતે જ્યાં હોય ત્યાં ઉપાશ્રય મનુષ્યોથી ચીકાર ભરાયેલો રહેતો. તેઓ જેમ સારા ઉપદેશક હતા તેમ નીડર પણ હતા. તેમણે ઢુંઢકો અને શિથિલ યતીઓનું જોર તોડવા પોતાના ઉપદેશસાગરનો પ્રવાહ વાળ્યો હતો. તે વખતના ઘણા શિથિલ યતીઓ અને ઢુંઢકો તેમના આ સુંદર કાર્યથી બહુ નારાજ રહેતા. તેમણે પંડિતજી વીરવિજયજીને હેરાન કરવામાં કાંઇ મણા નથી રાખી. તેમણે વીરવિજયજીને કોર્ટે પણ ચડાવેલા; પરંતુ આપણો સનાતન સિદ્ધાંત—**सत्यमेव जयते** પ્રમાણે તેમનો કોઇથી પરાભવ નથી થયો. ન્યાયાધીશો પણ તેમનાં ત્યાગ તપસ્યા ઉચ્ચ ચારિત્ર અને અસાધારણ વક્તૃત્વ શક્તિ જોઇ તેમના પર મુગ્ધ થતા અને તેમને માનભેર નમસ્કાર વંદન કરી રજા આપતા.

તેઓને જૈનોનાં પરમપવિત્ર સૂત્રોનું જ્ઞાન બહુ ઉંચું હતું. તેનો પ્રજાને લાભ આપવા સ્થળે સ્થળે સૂત્રોના પાઠો સ્તવનો સઝઝાયો-સ્વાધ્યાય રાસ તથા પૂજામાં મુક્યા છે તેને માટે તેમનો એક દુહો હું ટાંકું છું.

ઉતરાધ્યયને સ્થીતી લગો, અંતર મૂર્ત કહાય;
પન્નવણામાં બારતે, શાતા બંધ સંપ્રાય ॥ ૧ ॥
સાત વેદની બંધનું ઠાણ પ્રભુ પુર ધુપ,
મીચ્છત દુર્ગંધ દુર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ, ॥ ૨ ॥

(વિવિધ પૂજાસંગ્રહ પૃષ્ટ ૧૬૭)

આ દુહામાં જૈનોનાં બે સૂત્રો (ઉતરાધ્યયન અને પન્નવણા) ના નામ છે. આવી રીતે ઘણેજ સ્થળે તેમણે સૂત્રોના પાઠ આપ્યા છે.

શ્રી વીરવિજયજીના ગ્રંથો જોવાથી તેમની અસાધારણ વિદ્વત્તા અને કવિત્વશક્તિ વાચકોને ખ્યાલ આપે છે. એમની કૃતિઓ ઘણે સ્થળે બહુ ઉંચું સ્થાન ભોગવે છે. ગમે

તે જૈન મંદિરમા જ્યારે પૂજા ભણાવવી હોય ત્યારે પ્રથમ તેમની પૂજાઓ ભણાવવાનું સૂચવવામા આવે એ જ તે પૂજાઓનું ગૌરવ બતાવવાને બસ છે. તેમની કવિતાઓ બહુ સરસ અને બાળક પણ સહેલાઇથી સમજી શકે તેવી છે. સાથે સાથે કવિએ પોતાનું પાંડિત્ય દેખાડવા કેટલાક સ્થળે ગહન અર્થો પણ મુકયા છે. ભલભલા પંડીત પણ તેનો અર્થ કરતાં મસ્તક નમાવ્યા સીવાય નહી રહે. તેમણે જૈન સાહિત્યોદ્યાન પોતાના નીર્મલ આત્મોદ્દગાર રૂપી નીર્મલ જલથી–અમૃતથી સીંચી ષડ્ ઋતુના નવનવા વિકસિત પુષ્પોથી સુગંધિત બનાવ્યું છે અને તે સાહિત્યોદ્યાનના મધુકરના સુંદર ગણગણાટનો રણકાર હજી સુધી સુંદર રીતે ગણગણી રહ્યા છે. જૈન ગુજરાતી સાહિત્યના આ મનુનું સ્થાન જૈન ઇતિહાસમાં ધ્રુવના તારાની પેઠે જ્વલંત ભાવે પ્રકાશશે–પ્રકાશી રહેશે.

તેમની અદ્ભુત કવિત્વશક્તિના થોડા દાખલા ટાંકીશ તો તે અસ્થાને નહી કહેવાય.

રૂડો માસ વસંત ફળી વનરાજીરે,
રાયણને સહકારવાલા કેતકી જાયને માલતીરે,
ભ્રમર કરે ઝંકાર વાલા, કોયલ મદભર ટહુકતીરે,
બેઠી આંબાડાળ વાલા, હંસ યુગલ જળ ઝીલતારે,
વિમળ સરોવરપાળ વાલા, મંદ પવનની લહેરમાંરે.
માતા, સુપન નિહાળ વાલા,
... ... વિ. વિ. પૃ. સં. પૃ. ૫૩૦

જીવહિંસાના પચ્ચખ્ખાણ, શુલથી કરીયેરે,
દુવિહતિવિહેણં પાઠ, સદા અનુસરિયેરે
વાસિ બોળો વિદલનિશિ ભક્ષ, હિંસા ટાળું રે,
સવા વિશ્વા કેરી જીવ, ધ્યાનિત્ય પાળુંરે.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૦૪

બીજું વ્રત ધરી જુઠ ન બોલું, પણ અતિમારે ર્યો રે,
વસુરાજા આસન સેં પડીયો, નરકાવાસ જયો રે.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૦૫

શ્રી શુભવિજય સુગુરુ નમી, માતપિતા સમજેહ,
બાળપણ બતલાવિયો, આગમનિધિ ગુણગેહ
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂથી લહિયે નાણ,
નાણ થકી જગ જાણીયે, મોહનીના અહિઠાણ.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૭૪

કરપી ભુંડા સંસારમાંરે, જેમ કપિલા નાર,
દાન ન દીધું મુનિરાજનેરે શ્રેણીકને દરબાર. કo ૧.
... ... વિ. વિ. પુ. સં. પૃ, ૨૨૧

મન મંદિર આવોરે, કહું એક વાતલડી,
અજ્ઞાની સંગેરે રમીયો રાતલડી. મન૦ ૧

વ્યાપાર કરે વારે, દેશ વિદેશ ચલે,
પરસેવા હેવારે, કોડી ન એક મળે. મન૦ ૨
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૨૨૨
અખિયન મેં અવિકારા, જીણંદા તેરી અખિયનમેં અવિકારા,
રાગ દોષ પરમાણુ નિપાયા સંસારી સવિકારા. જી૦
શાંત રુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્ર મનોહારા. જી૦ ૧
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૨૨૭
વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ,
કેઇ બોલે કરતા તાડા, સાંકડા બાઇ પર્વના દહાડા. પ્રભુ૦ ૫
... ... વિ. વિ. પુ સં. પૃ. ૫૬
થયો કમઠ ભરી મેઘ માળી, આવ્યો વિભંગે નિહાળી,
ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જીન છાતીરે, મન૦ ૫
ગગને જળ ભરી વાદળીયો વરસે ગાજે વીજળીયો,
પ્રભુનાસા ઉપર જળજાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવેરે મન૦ ૬
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૬૨
શ્રી. વીરવિજયજી કૃત દ્વાદશવ્રત પૂજા પૃ. ૬૨.

મુબઇના દાનવીર શેઠ મોતીશાહે સત્રુંજય ઉપર અઢળક ધન ખર્ચી પોતાના નામની એક ભવ્ય ટુંક[1] (આ ટુક મોતીશાહ શેઠની ટુંક તરીકે બહુ પ્રસિદ્ધ છે અને સત્રુંજય ઉપરના મોટા મોટા ગણાતાં મંદીરોમાં પણ તેની ગણના થાય છે) બંધાવી ત્યારે અંજન સલાકાની શુભ ક્રિયા શ્રી વીરવિજયજીએ કરી હતી (નવી પ્રતિમા–ભગવાનમાં જે પ્રભુત્વના ગુણોનું આરોપણ કરવાની ક્રિયા તેને જૈનો અંજનસલાકા કહે છે) અને અમદાવાદના શેઠ હઠીસંગ તરફથી દિલ્હી દરવાજા બહારની વાડીમાં ભવ્ય મંદીર બંધાવ્યું ત્યારે પણ તેમણે અંજનસલાકાની શુભ ક્રિયા કરી હતી. (આ બહારની વાડી હઠીસંગની વાડી તરીકે અમદાવાદમાં પ્રસિદ્ધ છે અને તેમાં બંધાવેલ ભવ્ય મંદીરનાં શિખરનો ઉજ્વલ સુવર્ણ કલશમાં તેના કર્તાનો સુંદર યશ પ્રકાશી રહ્યો છે. આ બન્ને શેઠના નામ અને ભવ્ય કામ અમર કરવા પંડિત શ્રી વીરવિજયજીએ તેના ખલીયા બનાવ્યા છે તે ખલીયા જૈન સમાજમાં અત્યારે પણ બહુ હોંશથી ગવાય છે.

વિ. સં. ૧૯૦૫ અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ સત્રુંજયનો મહાન સંઘ કાઢયો હતો અને તેમાં કવિશ્રી વીરવિજયજી પણ સાથે હતા. કવિશ્રીએ આ સંઘનું વર્ણન બહુ સુંદર બાનીમા રચી તેનું નામ પણ અમર કર્યું છે. આ મહા કવિએ કદી કોઇનાં ખોટાં વખાણ નથી કર્યાં, તેમ કોઇની ખુશામત સરખી પણ નથી કરી. તેમણે માત્ર પ્રભુભક્તિ, ધાર્મિક કાર્યો અને આગળના મહા પુરુષ સાધુસંતો અને ભૂતપૂર્વ થઇ ગયેલા જૈન રાજાઓ અને રાજર્ષિઓનાં યથાયોગ્ય રીતે સુંદર વર્ણન કર્યાં છે. તેમના ગ્રંથોમાં ભક્તિરસ મુખ્ય ભાગ ભજવે છે.

---

૧ ટુંકનો ટુંકો અર્થ એટલો થાય છે કે એક જ સ્થાને ઝાઝા મંદીરોનો સમૂહ.

૫ જૈન દાનવીરો

(લેખક-આચાર્યશ્રી મુનિ ન્યાયવિજયજી)

૧ ભવડશાહ.

આ જૈન દાનવીર ગૃહસ્થ વિક્રમની પ્રથમ સદીમા વિદ્યમાન હતો, અત્યારે તેને શતાબ્દિઓ વહી ગયા છતાં આ બહાદુર નરની કીર્તિ જૈન ઇતિહાસમાં જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. જૈન ઇતિહાસકારો-ગ્રંથકારોની ભાવડનાં યશસ્વી કામોની નોંધે તેના યશને ચિરકાલીન બનાવ્યો છે. શત્રુંજયમાહાત્મ્યના કર્તા સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી ધનેશ્વરસુરિએ પોતાના ગ્રંથમાં તેનાં યશોગાન બહુ લંબાણુપૂર્વક કર્યાં છે; અને ત્યાર પછીના બીજા ગ્રંથકારોએ પણ તે યશસ્વી પુરુષના યશ હર્ષભેર ગાયા છે. જૈન ત્યાગી મુનિવરો કે જેઓએ કદી પણ કોઇનાં ખોટાં કથન નથી કર્યાં, તેઓ પણ જ્યારે એક ગૃહસ્થના આટલી હદે ગુણ ગાય એ જ તેની મહત્તા અને ગૌરવને માટે બસ છે.

ભવડના પિતા ભાવડ મૂળ કાંપિલ્યપુરમા રહેતાં હતા. તેઓ પહેલા તો કોટયાધિપતિ શેઠ હતા અને તેમનું નામ કાંપિલ્યપુરમાં સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે પ્રસિદ્ધ હતું. ભાવડ વેપારમાં બહુ સાહસિક ગૃહસ્થ હતો. તે દેશપરદેશમાં વહાણો ભરી ભરી પોતાનો માલ મોકલતો અને બદલામાં ધન લાવતો. એક વખતે તે સાહસિક વેપારીએ પોતાની સઘળી મિલકતનો માલ લઇ વહાણો ભરી પરદેશ મોકલ્યાં, પરંતુ તેનું નસીબ વાંકુ હોવાથી રસ્તામા જ તેનાં વહાણો સમુદ્રદેવને આધીન થયાં. ભવડ જેટલો તવંગર હતો તેટલો જ ગરીબ થઇ ગયો. પરંતુ "ભાગ્યું તોય ભરૂચ" એ હિસાબે તેની ખાનદાની અને તેની પ્રતિષ્ઠા કાંઇ ઓછા નહોતાં થયાં. પોતે ધીમે ધીમે વેપાર કરવા લાગ્યો અને બાકીનો સમય ધર્મકાર્યમા કહાડવા લાગ્યો. એક વખતે એક સાધુ તેને ત્યાં "ગૌચરી" આવ્યા અને તેનું ભાગ્ય ચડતું જોઇ મુનિવરે તેને કહ્યું કે-મહાનુભવ કાલે તમારે ત્યાં કોઇ ઘોડી લઇને આવે તો તમે તે ખરીદી લેજો, અને તેનું યોગ્ય લાલનપાલન કરજો. તમારો ભાગ્યરવિ હવે ઉદય થવાની તૈયારીમાં છે. ભાવડ મુનિવર્યનું આ વચન સાંભળી ખુશી થયો અને આ પરોપકારી મુનિશ્રીનો આભાર માન્યો.

બીજે દિવસે તેને ત્યાં એક વેપારી ઘોડી લઇને આવ્યો. ભાવડે મુનિશ્રીનાં વચન પ્રમાણે મોંમાગ્યા દામ આપી તે ખરીદી લીધી. તેણે તેનું યોગ્ય લાલનપાલન કરી મોટી કરી. તેણે એક વછેરાને જન્મ આપ્યો. ભાગ્યનો જાણે કોઇ અદ્વિતીય રવિ હોય તેમ તેની અદ્દભુત કાન્તિ હતી. આ સિવાય સૂર્યના કિરણો સરખા બીજા વછેરાનો તેએ જન્મ આપ્યો. ભાવડે તે બધા વછેરાને ખુબ ખવડાવી પીવડાવી પુષ્ટ કર્યાં. જે પહેલું બચ્ચું હતું તે તો એક અશ્વરત્ન હતું. તે સારા રાજવીને ત્યા શોભે તેવું હતું. આ અશ્વરત્નની કીર્તિ ચોતરફ ફેલાઇ અને ઘણા ઘણા રાજાઓએ તેનાં માગાં કર્યાં, પરંતુ તેણે કોઇને તે આપ્યો નહિ. એ વખતે તપન રાજાએ તે ઘોડાની કીર્તિ સાંભળી અને તેનું માગું કર્યુ.

તેણે ત્રણ લાખ દ્રવ્યથી તે ઘોડો ખરીદી લીધો. ભાવડનું ભાગ્ય હવે બરાબર ઉદય થવા માંડયું. તેણે ઘોડીથી થયેલાં બીજા બચ્ચાં મહારાજા વિક્રમને ભેટ આપ્યાં. ઉદાર દિલના રાજાએ આના બદલામાં તેને મધુમતિ (મહુઆ) આદિ બાર ગામનો રાજા–સુબો નીમ્યો. ભાવડ ગરીબ મટી પહેલાં કરતા પણ વધારે સુખી થયો. તેણે મધુમતિમાં ખુબ ઠાઠથી પ્રવેશ કર્યો અને પોતાના બાર ગામ સંભાળ્યાં. આગળના વાણીયા કેવા બુદ્ધિકુશળ હતા તેનો આ નમુનો છે. જે શેઠીઓ પહેલાં પોતાની કલમના બળથી વહીવટ ચલાવતો હતો તેણે હવે પોતાના બુદ્ધિબળથી રાજવહીવટ ચલાવવા માંડયો. રાજાએ તેને રાજા બનાવ્યો કે તરત જ મારાથી રાજ્ય થશે કે કેમ તેનો વિચાર કર્યા સિવાય એકદમ બાર ગામ સંભાળ્યાં, અને એક સુનિપુણ રાજાની પેઠે પોતાનો રાજ વહીવટ દીપાવ્યો. ભાવડને અહિંયાં તેની સ્ત્રી ભાવલાથી એક પુત્રરત્ન ઉત્પન્ન થયું.[૧] અને તેનું નામ ભવડ (આ ચરિત્રનાયક) પાડયું. ભાવડે પોતાના પુત્રને યોગ્ય અવસ્થા થયા પછી યોગ્ય કેળવણી આપી તેનાં ઘેટીના શેઠની પુત્રી સુશિલા સાથે સ્વયંવરથી લગ્ન કર્યા.

થોડા વખત પછી વૃદ્ધ ભાવડ સ્વર્ગે ગયો અને તેના બહાદુર પુત્રે રાજકારભાર સંભાળ્યો. ભાવડે પોતાના પિતાની પેઠે ન્યાય અને નીતિથી પ્રજાનું પાલન કર્યું. તેણે પોતાની પ્રજાના સુખને માટે વાવ, કુવા તળાવ આદિ સગવડો બનાવી પ્રજાના આશિર્વાદ મેળવ્યા.

એક વખતે અચાનક મોગલ સૈન્ય ત્યાં ચડી આવ્યું.[૨] મોગલ સૈનિકો સાથે ભવડ હાર્યો અને બાદશાહ તેને તથા બીજા ઘણા માણસોને પોતાની સાથે લઇ ગયો. પરંતુ ત્યાં ગયા પછી મોગલ બાદશાહ તેની સાથે બહુ ઉદારતાથી વર્ત્યો હોય તેમ જણાય છે કારણ કે તે ત્યા રહીને પણ પોતાના ધર્મની ક્રિયા ખુશીથી કરતો હતો. આને માટે રાસકાર લખે છે કેઃ–

આ રજ દેશ જેમ આપણા ન્યાતિ વસાવિસ્યે વાસ રે
તિહાપિણિ ચૈત્ય કરાવિસ્યે, મહારો ધર્મ અભ્યાસરે. ૬

આ. કા. મ. પૃ. ૬૬૧

ભાવડ જ્યા રહેતો હતો ત્યાં વિહાર કરતા જૈન મુનિઓ આવે છે. (આ ઉપરથી એમ લાગે છે કે આ નિસ્પૃહી મુનીશ્વરો ઉપદેશને માટે મ્લેચ્છ દેશમાં પણ ફરતા હશે–હતા)

૧ આ પુત્ર કેવો થશે તેને માટે શત્રુંજય રાસના કર્તા કહે છે કે–

સૂરજ સમ અશ્વે કરી, એક ભુવન દીપાવે તેહરો
એહનો સુત તિનલોકને કરિસ્યે ઉદ્યોત ગુણ ગેહરો.

આનંદકાવ્ય મહોદધિ પૃ. ૬૫૬

૨ આ મોગલ બાદશાહનું નામ નથી આપ્યું પરંતુ શત્રુંજય રાસના કર્તા તેનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છેઃ–

દુઃખમ કાલના મહાત્મથી મુગલ તણા બલ જોર રે
સમુદ્રના પુર જેમ સહુ ધરા લેસ્યે પ્રાણ જેમ બહુ ફેર રે

આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩–૪ પૃ. ૬૬

અને શત્રુંજય માહાત્મ્ય ભાવડને સંભળાવે છે. ભાવડ તેમાં શત્રુંજય તીર્થના ઉદ્ધાર કરનાર તરીકે પોતાનું નામ સાંભળી આશ્ચર્ય પામે છે અને ઉત્કંઠાસર પૂછે છે કે એ ભાવડ હું કે કોઇ બીજો. મુનિઓ પોતાના જ્ઞાનથી જોઇ તેને કહે છે કે તે ભાવડ તમે જ છો.

પછી ભાવડે તે મુનિઓના કહેવા પ્રમાણે ઘેર જઇ ઉપવાસ શરૂ કર્યા. ત્યાગ અને તપસ્યા એ આપણા આર્યાવર્તનું મુખ્ય શસ્ત્ર છે. તેના બળથી અને તેની શક્તિથી ગમે તેવા જાલિમને પણ નમાવવો સહેલ છે. આપણા પૂર્વના ઋષિમુનિઓએ ત્યાગ અને તપસ્યાના બળથી ઇંદ્રના ઇંદ્રાસન પણ ડોલાવ્યાં છે. તો પછી ભાવડે એક માસના ઉપવાસ કર્યા તે તેને કેમ નિષ્ફળ જાય ? તેને દૈવી સહાય મળે તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી અને દૈવી સહાય માગી એટલે ચક્રેશ્વરી દેવી ત્યાં સાક્ષાત્ પધાર્યા અને તેને સહાય આપી. ભાવડ દેવીની સહાયતાથી તક્ષશિલાથી આદિનાથ પ્રભુની સુંદર પ્રતિમા લઇ તે સહિત વહાણમા બેસી મધુમતિ (મહુઆ) આવ્યો.

હવે ભાવડનો ભાગ્યરવિ મધ્યાહ્ન લગભગ આવી પહોચ્યો. પોતે મહુઆ આવ્યો કે થોડા દિવસ પછી તેનાં પહેલાંના માલ ભરીને ગયેલાં વહાણો પણ આવ્યા. આ બાજુ જ્યારે કીંમતી ભરેલાં વહાણો આવ્યાં ત્યારે બીજી બાજુ બાલબ્રહ્મચારી પ્રખર વિદ્વાન આચાર્યવર્ય શ્રી વ્રજસ્વામી ત્યાં પધાર્યા. વહાણ અને આચાર્ય આવ્યાની વધામણી એક સાથે તેની પાસે આવી. તેને વિચાર થયો કે પહેલા આચાર્ય પાસે જાઉં કે વહાણની ખબર કહાડવા જાઉં ? આ સંબંધે ખુદ રાસકાર બહુ સારી રીતે વર્ણન કરે છે તો તેમના શબ્દોમાજ જણાવું તે વધારે ઉચિત ગણાય.

બીજો દ્વાદશ વરસને, પ્રાન્તે આવ્યા પોત
કહિ આનંદ ઉપજાવિસ્યે, કનકધાતુ ભૃત ઓપ. ૭
તીણે ચિત્ત ડોલાવિઓ તે ચિંતિવસ્યો એમ
પાપકર લક્ષ્મી કિહાં, કિહાં મુનિ પૂજ્ય સુપ્રેમ. ૮

... ...

ચિંતે ભવડ મનમાહિરે, ધરમ તણી કરણી સારીઓ,
બીજો નહિ છે કોઇ રે
પહિલી નમિસ્યું વ્રજમુનિને, સુણસુ તેહની વાણીરે;
તેહના દરસણથી તે આવસ્યે, લખમી પિણિ ખંચાણીરે ચિં ૨
એહવો ચિંતવી ઉત્તમ નરને, જંગમ તીરથ આવેરે
મહા મહોછવ લોક સંઘાતે, વાદિસી ભવડ ભાવેરે. ચિં. ૩

આવી રીતે તે લક્ષ્મીને તુચ્છ ગણી આચાર્યને વંદવા જાય છે અને ત્યારપછી વહાણ ઉતારવા જાય છે.

આચાર્યશ્રીએ તેને શત્રુંજય તીર્થના ઉદ્ધાર માટે ઉપદેશ આપ્યો. આચાર્યશ્રીના સચોટ ઉપદેશથી પ્રતિબોધ પામી મહાન્ સંઘ કહાડી આચાર્ય સહિત પોતે શત્રુંજય ગયો.

ત્યાં જઇ શત્રુંજય પર્વતને તેણે દુધથી પખાળ્યો-ધોયો અને તે પવિત્ર થયેલા ડુંગર ઉપર પ્રતિમા સહિત ત્યાં ગયો. પરંતુ ત્યાંનો જુનો દેવ કે જે હિંસક થઇ ગયો હતો તેણે તેને નવી પ્રતિમા બેસાડવા ન દીધી અને ભવડે દિવસે પધરાવેલી પ્રતિમાને નીચે મુકી આવ્યો. જુના દેવે તેને આ પ્રમાણે એક વાર નહિ પરંતુ ઘણી વાર હેરાન કર્યો એટલે તેણે પોતાના ગુરુ આચાર્યવર્યશ્રી વજ્ર સ્વામીને[૧] બધી બીના કહી.

વજ્રસ્વામીએ તે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવને સ્થાપ્યો. આને માટે પણ રાસકાર કહે છે કે:—

કેતલેકે અસુરે હો, વૃત દુષાતમા
અનરથ ઇચ્છાઇ હો, તે અધમાધમા ૧૯
એભસ્પદ વર્ણું હો, બ્રાહ્મ નૂતનમાં હે
થાપું ઇમચિંત વીરો, ઉધરસ્યે નાહે ૨૦ આ. કા. મ. પૃ. ૬૬૯

વજ્રસ્વામી મંત્રે હો, સ્થંભ્યા અસુરસહુ
કરિ ન સકે ઉપદ્રવ હો, કરિસ્યે રાવ બહુ ૨૧
... ...
પૂરવયક્ષ બિહંતોરો, નાસી સમુદ્ર તટે
ચંદ્રપ્રભાસક્ષેત્રાંતે હો, રહિસ્યે ગુપ્ત વટે ૨૬

આવી રીતે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવની સહાયથી નવા ગગનચુંબી ભવ્ય મંદિરમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા બેસાડી. આ સમયનું વર્ણન પણ રાસકાર બહુ સુંદર રીતે આપે છે. પરંતુ લંબાણના ભયથી તેને સ્થાન નહિ આપું. હવે પ્રતિજ્ઞા પુરી થયા પછી ધ્વજા ચડાવવાનો દિવસ આવ્યો. તે દિવસે ખુબ હર્ષથી સારી પેઠે પૈસાનો વ્યય કરી ભવડ અને તેની સ્ત્રી સુશિલા ધ્વજા ચડાવવા શિખર ઉપર ચડયાં અને ત્યાં પોતાના આત્માને ધન્ય માનતો નીચે પ્રમાણે ભાવના કરવા લાગ્યો.

અદ્દભુત એહ પૂણ્ય મેં કીધો, વલી કર્મ વસિ પ્રાણી
આર્તરૌદ્ર ધ્યાનાદિક કરીને કલંકિત આત્મ પ્રમાણીરે ૬૭૧

આ પ્રમાણે ભાવના કરતાં હર્ષના અતિરેકથી ભવડ અને તેની સ્ત્રીનું હૃદય ફાટી ગયું અને ત્યાં મૃત્યુ પામી સ્વર્ગે ગયો.

એ સંસાર વાસ મુકીને, શ્રીજીન ધ્યાન સનાથે
કર્મ ખપાવો જો હું મહારા, સિદ્ધિ આયે મુજ હાથે રે ૧૦
શેઠ શેઠાણી એમ ચિંતવતાં આતમ ભાવ વસાવે
નિકલંક શુભ ધ્યાન ક્ષણિકમાં, થાસ્યે આતમ ભાવે રે ૧૧

---

૧ આ વજ્રસ્વામી બહુ પ્રતિભાસંપન્ન મહાપુરુષ હતા. તેમણે દક્ષિણના તે વખતના પ્રસિદ્ધ બૌદ્ધ સમ્રાટને પ્રતિબોધી જૈન બનાવ્યો હતો. તેમને તેમની માતાએ ત્રણ વર્ષની નાની ઉમ્મરે તેમના પિતા—સાધુને વહેરાવી દીધા હતા એટલે તેમણે બહુ નાની ઉમ્મરે દીક્ષા લીધી હતી.

ઘણું વરસ આ ઉંખુ પાળી અંત સમય શુભ ભાવે
મરી ઉતરાં ચોથે સુર લોકે, એ જણ સુર સુખ પાવે રે ૧૨

શત્રુંજય ઉપર અઢળક દ્રવ્ય વાપરી જેમ પોતાની દાનવીરતા દેખાડી છે તેમ તે વખતે કવિઓને ભાટચારણોને યાચકોને અને ગરીબોને પુષ્કળ દ્રવ્યથી નવાજી પોતાની દાનવીરતા દેખાડવામા તેણે કચાશ નથી રાખી.

૨ ખેમાદેશાણી.

મહમદ બેગડાના સમયમાં એક ભયંકર દુષ્કાલ સમયે એક વર્ષ સુધી દેશને મફત અન્ન પુરૂં પાડી વાણીયાઓની "શાહ" પદવી કાયમ રાખનાર હડાલાનો ખેમો શેઠ હતો. તેનો સંબંધ નીચે મુજબ છે.

ગુજરાતમાં પવિત્ર પાવાગઢની તલેટીમાં ચાંપાનેર નગરમાં એક વખતે કેવી જાહોજલાલી હતી તે ઇતિહાસવાચકોથી અજાણ્યું નહિ હોય. મહાન વીજયી મહમદબેગડો[૧] ગુજરાતમાં રાજ્ય કરતો હતો ત્યારે તેનો માનીતો ઉમરાવ સાદુખાન ચાંપાનેરનો સુબો હતો તથા તે જ વખતે ચાંપાનેરનો નામીચો નગરશેઠ ચાંપશી મહેતો હતો. એક વખતે ચાંપાશી શેઠ સમસ્ત મહાજન સાથે રાજ દરબારમાં જતો હતો ત્યારે સાદુલખાનનો રસ્તામાં ભેટો થયો અને પછી બન્ને સાથે સાથે રાજમહેલ તરફ ચાલવા લાગ્યા. તે વખતે બોલવામાં ચાલાક બંભા ભાટ બેઠો હતો. તેણે ઉભા થઇ સુમા સામે આવી પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઉમરાવનાં કેટલાક સામાન્ય વખાણ કર્યા અને પછી મહાજનની સન્મુખ ઉભા રહી હાથ જોડી તેમનાં પણ કેટલાક બીરુદ ગાયાં. તે મહાજનને ઉદ્દેશીને બોલ્યો કે—

બરદ કહે દકાલ દોહથ્થ, રાયેં બંધ છોડણુ સમરથ.
રાયેં થાપના ચારજરૂપ જીવોજીવદયા પ્રતિભૂપ.
કરણિ કુબેર બરદ બહુધાર વડહથ જગડું અવતરિ
બંભે કહી કીરત અત્ય ઘણી તવ તેં શ્રવણે ખાંને સુણી

આવી રીતે કરણીમા કુબેર સરખા અને જગડુના અવતાર સરખા ઇત્યાદિ વિશેષણો આપ્યા. સાદુલખાને આ વિશેષણો બાદશાહને કહી સંભળાવીને કાન ભંભેર્યા કે—જહાંપના આ ભીખારીની જાત તમારૂં ખાઇને વાણીયાને વખાણે છે. કાચા કાનના શાહે સહેજ પણ આડોઅવળો વિચાર કરવાની તસ્દી લીધા સિવાય જ બંભભાટને પકડી મંગાવવા હુકમ કર્યો, આથી સાદુલખાન ખુશી થયો. પરંતુ ચાંપશી શેઠને ચિંતા થઇ કે "ભૂંડી થઇ-પણ હશે જે થવાનું હતુ તે થયુ" થોડી વારમાં તો ત્યાં ભાટ આવ્યો તેને દેખી પાદશાહે પૂછ્યું કે—તમો મારૂં અન્ન ખાઇ બકાલનાં ખોટાં વખાણ કરો છો તે કેમ? બટાકબોલા નીડર

---

૧ કહેવાય છે કે તે ૧૭૦૦૦ ગુર્જરનો ધણી હતો. તેની પાસે ઉત્તમ સવા લાખ ઘોડા, દશ હજાર હાથી, સીત્તેર ખાન અને બહોંતેર ઉમરાવની સાહ્યબી હતી. બીજા ઘણાય રાવરાણા તેની તાબેદારી ઉઠાવતા—તેના કદમમાં શીર ઝુકાવતા હતા.

ભાટે ચોકખો ઉત્તર આપ્યો કે–હે પાદશાહ અમે વાણીયાની સ્તુતિ કરીયે છીએ તે ઠીક કરીએ છીએ. અમે તો માત્ર તેમનાં વડવાનાં જે બીરૂદો હતાં તે ગાઇયે છીએ. કરણીમાં કુબેર સરીખા અને દુકાળના દોહથ્થ વિગેરે બીરૂદાવલી તેમના સુવિખ્યાત દાનેશ્વરી વડવા જગડુથી તેમને પ્રાપ્ત થઇ છે. કારણ કે સંવત ૧૩૧૫માં દુકાલ પડયો જે પનરોત્તરા તરીકે હજી પણ પ્રખ્યાત છે, તે વખતે ભદ્રેશ્વરના જગડુશાહે રાવરાણા, રંક, જતી, સતી આદિ ઘણા જીવોને બચાવ્યા હતા. હજી પણ કહેવાય છે કે એવો મોટો દુકાળ હજીસુધી કોઇ પડયો નથી અને જગડુ જેવો દાતા કોઇ જન્મ્યો નથી. આ શબ્દ સાંભળતાં પાદશાહને પગથી માથા સુધી ઝાળ લાગી અને ક્રોધથી ધુંધવાતી આંખે તે ભાટ સામે જોઇ રહ્યો. બાદશાહે હૃદયમાં તે બીનાનો ડાઘ રાખી સભા બરખાસ્ત કરી મહેલનો રસ્તો પકડયો. આ તરફ નગર શેઠે બંભને કહ્યું કે—મોટા સામે વાદ કરવો નહીં તેમાં હાર્યા તોય નુકશાની છે અને જીત્યા તોય ગેરલાભ છે.

કહે શેઠ કીજે નહીં વડા સરીખું વાદ—
હારે જીતે રાણુ હુઇ વાત વધે વિખવાદ

આથી ભાટ બોલ્યો કેઃ—

શેઠ પ્રત્યે શું કવ્ય કહે એવો અમ આચાર,
બોલું બોલ ન પાલટું જો કોપ્યો કીરતાર;

એટલે—કદી પરમેશ્વર કોપે તો પણ બોલેલ બોલ ઉથ્થાપવાનો નથી.

કાયર ખડગ ને કૃપણ વચન કાયઅકોટ નિધાન
જ્ઞાની દાન ભટવચન એ ગજદંત સમાન

આ સાંભળી શેઠ ચુપ થઇ ગયો. ભાટે વળી કહ્યું કે–

લોહા રસોઇજીને કવ્યજી આ મોંલે નહોઇ મુલ,
દાતા જયમ દેતો થકો ન ગણે પાત્ર કુપાત્ર;
બોલ્યું ભાટ ન સંસહે મરણ તૃપણા માત્ર.

આ સાંભળી શેઠે કહ્યું–ફીકર કરશો નહિં. રાજા ખુશીથી જે માંગશે તે આપીશું. આમ કેટલીક મુદત ગયા પછી એક વરસ નરસું આવ્યું અને બીલકુલ વરસાદ પડયો નહિં, જેથી અન્ન પાણી વિના લોકો બહુ હેરાન થવા લાગ્યા. પિતા પુત્રને ન જોઇ શકે અને ભાઇ ભાઇને ન જોઇ શકે. આ પ્રમાણે પાદશાહે ઠેકાણે ઠેકાણે લોકોને દુઃખી થતા જોયા, દુર્બલોના દયાર્દ પોકાર સાંભળ્યા તથા દીવાન પાસેથી દુકાળની હકીકતના ફરિયાદ સાંભળી અંબ ભાટને બોલાવ્યો અને કહ્યું કે–તમો વાણીયાની વડાઇના બીરૂદ ગાતા હતા તેનો પ્રકટ દાખલો બેસાડો. જો વાણીયા દરેકને અન્ન આપે તો તેમનું બીરૂદ સાચું, નહીં તો ગાનાર અને ગવરાવનાર બન્ને ગુન્હેગાર છે. ભાટ ત્યાંથી ઉઠી શેઠ પાસે આવ્યો અને મહાજન ભેગું કરી તેમની બીરૂદાવળી બોલવા લાગ્યો.[1]

---

૧ મહાજન અસમે સમો કરે, કરે તે ઉત્તમ કાજ, આગળબુદ્ધી વાણીયા, સોમે દીઠા- આ — લીય દીયે લેયે કરી લાખ કોટ અન ચીર, મલુક સમો કો અવર નહી બલ્લ મંગર ૫૧

બહુ બીરૂદાવલી કહ્યાં પછી વળી પાછો ભાટ બોલ્યો—તમારા બીરૂદ માટે બાદશાહ સાથે રોડ થઇ છે. બાદશાહ કહે છે કે કાંતો મહાજન અન્નદાન દઇ પોતાનું બીરૂદ ખરૂં કરી બતાવે અથવા તો તે બીરૂદ છોડી દે.

પછી મહાજનની સલાહ લઇને ભાટ બાદશાહ પાસે ગયો અને એક માસની મુદત માગી જણાવ્યું કે કાતો મહાજન મહીનામા અન્નદાન પુરૂં પાડવાના નિશ્ચય ઉપર આવશે અથવા તો પોતાનું બીરૂદ–નુર છોડી દેશે. બાદશાહે તે વાત કબુલ રાખી. હવે શું કરવું તેને માટે સમસ્ત મહાજન ભેગું થયું. (નાના મોટા બધાય મહાજન કહેવાય) મુખ્યમાં નગરશેઠ ચાંપશી મહેતા અને તેમના ભાઇ કરમશી, કલ્યાણ, કમલશી, વેમલશી, તેરશી, પ્રતાપ, પદમશી[1]......માણેકચંદ, લાલજી, લક્ષ્મીચંદ આદી મહાજનસમસ્ત એકઠું થયું. ચાંપશી મહેતાએ કહ્યું કે એક દીવસ હું આપીશ. બીજા ચાર જણે મળી એક દીવસ લીધો. એમ એકંદર સર્વેના દીવસો મેળવતાં ચાર મહીના થયા. હવે બાકી રહેલા મહીનાનો ખર્ચ લેવા તે વખતના પ્રખ્યાત સમૃદ્ધિશાળી પાટણ તરફ તેમની નજર ગઇ અને તેઓ ત્યાં જવા તૈયાર થયા. તેમાં ખુદ નગરશેઠ પોતે જ ખાસ નીકળ્યા અને બીજા પણ સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થો નીકળ્યા. પાટણ નજીક તેઓ પહોંચ્યા ત્યારે પાટણના સમૃદ્ધિશાળી શેઠીઆઓએ ચાંપાનેરના મહાજનનું સારૂં સ્વાગત કર્યું. પાટણના મહાજને બે મહીના માથે લીધા એટલે તેઓ ત્યાંથી વેરાટ ગયા અને ત્યાથી દસ દીવસ લખી આવ્યા. પાટણ અને વેરાટ વચ્ચે વીસ દીવસ તો નીકળી ગયા. હવે એક મહીનામાથી માત્ર દસ દીવસ રહ્યા અને તેટલા દીવસમાં તો ચાંપાનેર જઇ પાદશાહને કહેવાનું રહ્યું. જો તેમ ન થાય તો પોતાની નેક અને–બીરૂદ જાય ને ભાટ પણ આપઘાત કરીને મરી જાય. મહાજનને આ ખરેખરી કસોટીનો સમય હતો. તોય મહાજન વેરાટ (ધંધુકા) થી ધોળકે જવા નીકળ્યા. રસ્તામા હડાળા ગામ આવ્યું. હડાળા નીવાસી ખેમાદેરાણીને ખબર પડી કે ચાંપાનેરનું મહાજન ગામની ભાગોળે થઇને જાય છે. એટલે એ મેલાં લુગડાંવાળો ખેમો શેઠ મહાજનની સામે ગયો અને કહેવા લાગ્યો કે મારી માગણી સ્વીકારો, અને એ પ્રમાણે વિનંતી કરવા લાગ્યો.

મેલાઘેલા કપડાવાળા આ વાણીયાની અત્યંત આજીજી ભરેલી વિનંતી સાભળી નગરશેઠને વિચાર થયો કે–

મેં તો મન માહે વીચ્યારે ધન માગે મુઝ સહુ પાસે.

ત્યાર પછી શેઠે કહ્યું કે વીચારીને જે માગવું હોય તે ખુશીથી માગો. ત્યારે ખેમાએ કહ્યું કે મારે ઘેર છાસ (ભોજન) પીને જજો. ખેમાની આ વિનંતી સાભળી ભોજનનું નોતરૂં પાછું ન ઠેલાય એમ વિચારી તેની વિનંતી સ્વીકારી મહાજન તેને ઘેર ગયું. ત્યાં ખેમાએ તેઓને બહુ સારી રીતે ભોજન કરાવ્યુ અને તેનું ખરેખરૂં વર્ણન કાવ્યકાર પોતે જ બહુ સારી રીતે આપે છે.

માંડી થાળ અનોપમ લાવે સાકરનો શીરો પીરસાવે
દાંત જોર કાંઇ ન કરાવે ઘરડાં બુઢાં તેપણ ચાવે. ૯૫

---

૧ બીજાં નામો ઘણાં છે પરંતુ લંબાણના ભયથી નથી આપ્યાં.

સીયાલામાં ઘણેરો ભાવે તેનો ગુણ કહ્યો ન જાવે.
પાસે પાપડ વડી પીરસવે તે તો કેર કેરી અણાવે. ૯૬
મેલમલીઓ છે હુરમફેરો સર્યો રસ ઘૃત ઘણેરો.
સાકર પીરસી અતી ચતુરાઇ પ્રેમે ઘણી કીધી ભલાઇ. ૯૭

આવી સારી રીતે મહાજનની ભક્તિ કરી બધાને જાયફળ પાન સોપારી આદી મુખવાસ આપ્યા પછી બધા ડેરે ભેગા થયા. શેઠ પણ ત્યાં આવી બેઠા. એટલે ખેમે વિનયથી પુછ્યું કે મહાજન શા સારૂ બહાર નીકળ્યું છે તે મને કૃપા કરી જણાવો. ત્યારે ચાંપસી શેઠે ટીપના કાગળમાં ખેમાનું નામ લખી કાગળ આપ્યો અને અથ થી ઇતી સુધી બધી બીના કહી સંભળાવી. ખેમો ટીપમાં પોતાનું નામ જોઇ રાજી થઇ કહેવા લાગ્યો કે સેવકને સંભાર્યો એ બહુ સારૂં કર્યું. અને મારે મારા પિતાને પુછી જવાબ આપું છું. ખેમો પિતાને પુછવા ગયો ત્યારે તે રાજવી સરખા ઉદાર દિલના પિતાએ પુત્રને કહ્યું કે બેટા આવો અણમેલો સમય ફરીફરી નહી આવે. આતો ઘેર બેઠાં ગંગા આવી છે. તારાથી જેટલો લાભ લેવાય તેટલો લઇ લે.[1] ખેમા, જે મનુષ્ય સમયને જાણે તે જ બહુ ઉદાર નર છે, માટે આ પચીસમા તીર્થંકર સરખા સંઘનું માન તારાથી થાય તેટલું થોડું છે. પિતાનો આવો સચોટ ઉપદેશ સાંભળી ખેમો ઘણો રાજી થયો. જેના પિતા ઉદાર દિલના હોય તેનો પુત્ર પણ તેવો જ હોય તેમાં નવાઇ નથી. બસ થઇ ચુક્યું. પિતાની આજ્ઞા મળી ચુકી એમ સમજી ખેમો વાજતે ગાજતે સંઘ પાસે આવ્યો, અને તેમનાં વખાણ કરી પોતે જણાવ્યું કે સંઘે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હું સંઘનો બદલો આપવાને સમર્થ નથી પરંતુ મારી એટલી વિનંતી છે કે મારા ૩૬૦ દિવસો સ્વીકારો. મહાજન તો આ સાંભળી દીંગ થઇ ગયું. એક મેલાઘેલાં કપડાંવાળો તેની આટલી બધી ઉદારતા, અરે સાથે તેનો વિનય અને ભક્તિ જોઇ કેટલાકને તો એમ લાગ્યું કે આ મોઢાની મીઠાશ લાગે છે. નહિતર આવો પૈસાદાર ગૃહસ્થ આવી સ્થિતિમા કેમ સંભવી શકે? ત્યાં તો ચાંપશી મહેતો બોલ્યો–ખેમા, પોતાની શક્તિ હોય તેથી ચડયું બોલીયે તો ઠીક નહી, નહીંતર તેની કીંમત નથી રહેતી. માટે જે બોલવું હોય તે વીચારીને બોલો. ત્યારે ખેમો બોલ્યો–શેઠ મેં તો બહુ વિચાર કરીને અને મારી શક્તિથી હજી ઓછું બોલ્યો છું. શ્રીમંતાઇમાં ઉછરેલા અને શ્રીમંતાઇનો મોભો જાળવનાર ચાંપશી મહેતો તો આભો જ બની ગયો અને વિચાર કર્યો કે આની પાસે કંઇક હશે નહીંતર આટલી હીંમત ન ભીડે. પછી શેઠે ખેમાને કહ્યું શેઠ તમે તમારાં આ મેલાઘેલા કપડાં ઉતારી નાખ ધોઇ સારા કપડાં પહેરો; ત્યારે તે ઉદાર દીલના ખેમે શેઠને વિનયથી કહ્યું કે–શેઠ

---

૧ ખેમા જાણ જે ઘર બેઠા આવી ગંગા યાહુણીરે,
ખેમા અવશે આચાર, ખેમા ભેદ રાખીશરે ૧૦૭
ખેમા પચવીસમો તીર્થંકર જીનેશ્વરે ભાષીયોરે,
ખેમા ખરચે નહી ધન ધર્મ મતકો નર ફેડોરે. ૧૦૮
ખેમા હેમ ડુંગરી નવ્યનીષ્ય તે સાગરમાં રહીરે,
ખેમા લો સરીની રીદ્ધ હતી તે ક્યાં ગઇરે. ૧૧૦

અમે વીવા વાર તહેવાર સવાંગ ન પાલટુંરે,
નવી જાણું સાલ દુશાલ,............ ૧૧૮
અમે ગામડીયા ગમાર, નગર ના જાણીયેરે,
અમે મેલડીયા હીંગતોલ અમે તો વાણીયારે. ૧૧૯

સ્વપ્નેય નહિ ધારેલો ખેમાનો ઉત્તર સાંભળી શેઠ તો વિસ્મય પામી ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે ધન્ય છે એની ઉદારતાને અને સત્યને શોભાવે તેવા તેના વિનયને. ચાંપશી મહેતાએ ખેમાને કહ્યું કે શેઠ શ્રીમંત કે દાતા તો તમે છો, અમે તો તમારા નોકર થવાને યોગ્ય છીએ. પછી મહાજન ખેમાને પાલખી[૧]-મયાનામાં બેસાડી ચાંપાનેર લાવ્યા. મહાજન તેને પાદશાહ પાસે લઇ ગયું અને જણાવ્યું કે પાદશાહ આ શેઠ ૩૬૦ દીવસો આપશે. પાદશાહ તો આ મેલાં ઘેલાં જાડાં કપડા જોઇ આશ્ચર્ય પામતો તેને પુછવા લાગ્યો કે તમારે ઘેર કેટલાં ગામ છે; ત્યારે ખેમો બોલ્યો–મારે ઘેર બે ગામ છે. પાદશાહે પુછ્યું–કયાં કયાં બે ગામ છે? ત્યારે તેણે કહ્યું પળી અને પાલી. પલી અને પાલી પાદશાહ આગળ મુકી કહ્યું–આ બે ગામ છે. પળી ભરીને આપું છું અને પાલી ભરીને લઉં છું

તવ ખેમો બોલીયો મહારે છે બે ગામ,
સાહ કહે જો ગામ રે, દોનું કયા કયા નામ. ૧૨૯
મુકે તવ પાલી પળી મુખ આગલ સુલતાંન,
દેઊ તેલ પલી ભરઇ પાલીયું લેઉં ધાન. ૧૨૭

પાદશાહ આ સાંભળી ઘણો ખુશ થયો અને વિચારવા લાગ્યો કે મારી પ્રજામાં આવા ઉદારચરિત ભદવીર નરો વસે છે માટે મારે પણ ખુશી થવા જેવું છે.

ત્યાર પછી પાદશાહે ખુશી થઇ મહાજનને પણ બીરૂદથી નવાજ્યા અને ત્યારથી એક શાહ વાણીયો અને બીજો શાહ બાદશાહ આ કહેવત બરાબર ચાલતી રહી.

ખરેખર ધન્ય છે ખેમાની ઉદારતાને તેના વિનયને તેની સાદાઇને કે જે પાદશાહ એટલે તે વખતના મનાતા દેવસરખા પુરુષ પાસે જતાં જેણે પોતાની સાદાઇ નમ્રતા ન છોડી. અંતે તેણે એક વરસ સુધી દુષ્કાળમાં પુષ્કળ પૈસો ખર્ચી ગુજરાતને ઉગાર્યું અને શાહની પદવી સાચવી. અત્યારે તે રૈયત નથી છતા તેની ઉદારતા ગુજરાતીની સેવા તેનું ગાંભીર્ય સાદાઇ આદી ગુણો તો અત્યારે પણ સૂર્યના પ્રકાશની જેમ ઝળહળી રહ્યા છે. આવા ઉદાર અને દિલાવર દિલના ગૃહસ્થના ગુણને ધન્યવાદ સિવાય આપણાથી શું બીજું આપી શકાય તેમ છે? તે દુષ્કાલનું વર્ષ પુરૂં થયા પછી સપવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની યાત્રા કરી સ્વર્ગસ્થ થયો. તેવા સાધુપુરુષને આપણા કરોડવાર નમસ્કાર હો. સાથે અત્યારના આ ભારતવર્ષના સંઘમાંથી કોઇક ખેમો પાકે એમ ઇચ્છી હું આગળ વધીશ.

---

૧ તે વખતના સમયમા પાલખીમાં બેસવું એ એક મહોટું માન ગણવામા આવતું હોય તેમ જણાય છે.

૪ જગડુશાહ (ગુજરાતનો કુબેર)

જે વખતે મહમદ બેગડો ગુજરાતમાં રાજ્ય કરતો હતો તે વખતે ૧૩૧૫ માં એક ભયંકર દુષ્કાળ પડયો હતો. એ દુષ્કાળ એકલા ગુજરાતમાં નહોતો પરંતુ કચ્છ, સીંધ, પંજાબ, દક્ષિણ આદિ દરેક દેશોમાં તેનું જોર સખત હતું. જેમ ગુજરાતમા ખેમાદેરાણીએ તે વરસમાં લોકોને અન્નપાણી પુરાં પાડયાં હતાં તેવી રીતેજ સીંધ, કચ્છ, માળવા, પંજાબ, દક્ષિણ આદિ દેશમાં જગડુશાહે અન્ન પાણી પુરાં પાડવાની ઉદારતા દર્શાવી પોતાના ધનનો સદુપયોગ કર્યો હતો. જગડુશાહ વિક્રમની ૧૪ મી સદીમાં વિદ્યમાન હતો. તેનો જન્મ કચ્છ–ભદ્રેશ્વરમાં થયો હતો. તેના પિતાનું નામ સોલ્હા—સોખા હતું અને માતાનું નામ ખેતી હતું. સોલ્હા પોતે બહુ ગરીબ હતો–એક વખતે અમુક નિમિત્તે તેને ખબર પડી કે તેના ઘરમાં ધન દાટેલું છે એટલે પોતે તે ધન કાઢી લીધું અને પોતાનો દારિદ્રચડુંગર ભેદી નાખ્યો. ત્યાર પછી થોડા સમયમાં ૧૩૧૫ માં ભયંકર દુષ્કાળ પડયો અને તેમાં અનેક મનુષ્ય અન્નપાણી વિના મોતને શરણ થતાં ગયાં. જગડુને આ દેખી દયા આવે એ બનવા જોગ છે. તે વખતે તેણે દરેક દેશના રાજાઓને પોતાની ખાણમાં ભરેલું અન્ન આપ્યું અને તેમાં સિદ્ધના રાજા હમીરને ૧૨૦૦૦ મુડા અનાજ આપ્યું; ઉર્જ્જયનીના રાજા મદનવર્માને ૧૮૦૦૦ મુડા અનાજ આપ્યું; દીલ્હીના બાદશાહ મોજઉદીનને ૨૧૦૦૦ મુડા અનાજ આપ્યું; પ્રતાપસીંહને ૩૨૦૦૦ મુડા અનાજ આપ્યું; કંદહારના મહારાજાને ૧૨૦૦૦ મુડા અને પાટણના રાજા વિમલદેવને ૮૦૦૦ મુડા ધાન્ય આપ્યું. આવી રીતે ૯૯૯૦૦૦–નવલાખ નવાણું હજાર મુડા ધાન્ય આપ્યું. તેની ઉદારતા હજી આટલેથી નથી અટકી. તેણે ૧૧૨ સાર્વજનિક દાન-શાળા મંડાવી હતી. હરકોઇ આવે અને જમે. એમ કહેવાય છે કે દરરોજ લાખ મનુષ્યો આનો લાભ લેતા હતા. તેણે ૧૮ કરોડ દ્રમ્મ[1] યાચકોને ભેટ આપ્યા હતા. આવી રીતે તે ભયંકર દુષ્કાળમાં અનેક મનુષ્યોને કોઇ પણ જાતનો જાતિભેદ રાખ્યા સિવાય છુટે હાથે દાન આપી તેણે તે વખતના " કુબેર " નું યોગ્ય પદ મેળવ્યું હોય તેમાં નવાઇ નથી. આવી રીતે તેણે જૈન ધર્મને દીપાવવામાં પણ મણા નથી રાખી. તેણે ૧૦૮ જૈન મંદિર બંધાવ્યાં હતાં અને પવિત્ર તીર્થાધિરાજ સત્રુજયના ત્રણ વખત મહાન સંઘ કહાડી યાત્રા કરી હતી. તેણે ભદ્રેશ્વરનું મહાન મંદિર પણ બંધાવ્યું હતું કે જેની કીર્તિ કલશને શોભાવી રહી છે. અત્યારે તો તે જગડુના ભદ્રેશ્વરનું જીનું નીશાન કે કંઇ પણ રહ્યું નથી. હજુ પણ કહેવાય છે કે નીચે ખોદતાં કેટલીક જુની હાથીદાંતની કારીગરી નીકળે છે. કાળની ગતિ વિષમ છે. ભલે જગડુ તો જીવતો નથી છતાં તેની કીર્તિ જ્વલંતભાવે પ્રકાશી રહી છે. ધન્ય છે જગડુ તને અને તારા દેશને કે જેણે પોતાના ભૂગર્ભમાંથી તારા જેવાં નરરત્નો ઉત્પન્ન કર્યાં.

તા. ક. આ લેખ લખાઇ રહ્યા પછી મને જગડુશાહનું એક વધુ સાર્વજનિક ઉપયોગી કાર્ય–જેની નોંધ મને કાઠિયાવાડ સર્વસંગ્રહમાંથી મળી છે તે ખાસ ઉપયોગી અને તેના જીવનમાં નવો પ્રકાશ પાડનાર હોવાથી હું અક્ષરશઃ તેનો ઉતારો આપું છું.

---

૧ તે વખતનું ચલણી નાણું.

"ગાંઢવીની પાસે કેટલીક નાની નાની ડુંગરીઓ છે. તે કોયલાની ડુંગરીઓ કહેવાય છે. કહે છે કે પાર્વતીને શિવની સાથે કલહ થયો તેથી તેણે કોયલ સ્વરૂપ ધારણ કરી અહીં વાસ કર્યો હતો ત્યારથી એ ડુંગરીઓ કોયલા ડુંગરીઓ નામે ઓળખાતી આવી છે. ડુંગરીઓ નદીના તટ ઉપર જ આવેલી છે. એ ડુંગરી ઉપર હરસદ માતાનું (મહાકાળીનું) દહેરૂં છે; પણ ત્યાં કોઇ રહેતું નથી તેમ કોઇ જતું પણ નથી. હાલમાં એ માતાનું દહેરૂં ડુંગરીની તળેટીમાં આણેલું છે. દહેરૂં ડુંગરી પર હતું ત્યારે જે કોઇ વહાણની દૃષ્ટિએ તે પડતું તે જરૂર ભાંગતું જ. આખરે કચ્છના એક વેપારી નામે જગદુશાહ જેનાં વહાણ અહીં ભાંગ્યાં હતા તેણે ઘોર તપ આચરી મહા મહા દેહકષ્ટથી માતાને પ્રસન્ન કર્યા ને તેમને ડુંગરીની તળેટીમાં ઉતરી આવવા વિનંતી કરી. માતાએ કહ્યું પગલે પગલે એક એક પાડાનું બલિદાન આપે તો ઉતરૂં. જગદુશાહ કબુલ થયો પણ માતા એટલાં ધીમે ધીમે ઉતર્યા કે તળેટીમાં આવતા પહેલાં જ ભોગ આપવા આણેલા સઘળા પાડાઓ ખપી ગયા. ત્યારે જગદુશાહે પોતાની સ્ત્રીનો, છોકરાંનો ને છેલ્લે પોતાનો ભોગ આપ્યો. જગદુશાહની ભક્તિથી માતા ઘણાં તુષ્ટમાન થયા ને તેને તથા તેની સ્ત્રી છોકરાંને સજીવન કરી બોલ્યાં 'પુત્ર, વર માગ.' વણિકે વર માગ્યો કે "મારો વંશ અક્ષય રહે" એટલે માતા 'તથાસ્તુ' બોલી અંતર્ધાન થયાં ને ડુંગરીની તળેટીમાં આવી વાસ કીધો. તે વખત પછી ત્યાં આગળ વહાણો ભાંગતાં પણ બંધ થયાં. તળેટીમાં તેનું દહેરૂં જગદુશાહ શેઠે બંધાવ્યું છે." (કાઠિયાવાડ સર્વસંગ્રહ પૃ. ૩૪૫) આ તેના અદ્ભુત આત્મત્યાગથી વાંચકો સમજી શકશે કે તેને દરેક મનુષ્ય ઉપર કેટલો પ્રેમ હતો. તેણે ભેટને માટે બૈરી છોકરાં અને અંતે પોતાનો આત્મા પણ આપ્યો. જૈનો પરોપકારી કાર્યોમાં પણ કેવી રીતે મરી જાણે છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત જગત આગળ ચિર કાલ સુધી રહેશે.

૬ જૈન મંત્રીઓ

(લેખક:-આચાર્ય મુનિ ન્યાયવિજયજી)

૧ વિમલ મંત્રી.

ભીમ બાણાવળીનો મંત્રી વિમલમંત્રી ચુસ્ત જૈન, અને દયાધર્મ પાળનાર શ્રાવક હતો છતાં એક સારા યુદ્ધવિશારદ તરીકે એક સારા મુત્સદ્દી તરીકે એક દાનવીર તરીકે તેની કીર્તિ તેનું નામ અને કામ ગુજરાતના ઇતિહાસમાં જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે.

વિમલનું જન્મસ્થળ પાટણ હતું. તેના પિતાનું નામ વીર અને માતાનું નામ વીરમતિ હતું. તેના દાદા (વીરના પિતા) ગુજરાતના પ્રથમ રાજા, ગુજરાતના રાજ્યના પ્રથમ સ્થાપક શ્રી વનરાજ ચાવડાના દંડનાયક હતા. "ગુજરાતની રાજ્ય ગાદીના મુળ પુરુષથી માંડી અંતિમ ચક્રના-સારંગદેવ સુધી જૈનોએ ઓછાવત્તા પ્રમાણમાં સત્તા ભોગવી છે." તેવી રીતે વિમલના દાદા લાહીર પણ વનરાજના દંડનાયક હતા. તેઓ બહુ પ્રતાપી અને મુત્સદ્દી હતા. તેઓ પોરવાડ વંશના હતા કે જેના પૂર્વજો ક્ષત્રિય વંશના હતા. તે વખતે ઘણા રજપુતો જૈનો હતા. એટલે લાહીરના શરીરમાં પોતાના પૂર્વજ ક્ષત્રિયોનું લોહી પણ ફરતું હતું. વિમલનો પિતા વીર બહુ ધર્મચુસ્ત હતો અને પોતાની જીંદગીનો ઘણો ખરો વખત તેણે ધર્મકાર્યમાં જ ગાળ્યો હતો.

વિમલ દિવસે દિવસે બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તેના પિતાએ તેને પાંચ વર્ષની ઉંમરે નિશાળે મુક્યો. વિમલ પોતાની તીક્ષ્ણ બુદ્ધિના બળે બહુ થોડા વખતમાં જ્ઞાન સંપાદન કરી ભણવાનું [૧] છોડી પોતાને ઘેર બેઠો. હવે પુત્રને યોગ્ય વયનો જાણી ધર્મી પિતાએ પુત્ર ઉપર ઘરનો બધો ભાર મુકી પોતે દીક્ષા લઇ ત્યાંથી ચાલી નીકળ્યો.

તેના પિતા દીક્ષા લઇને ગયા પછી તેની માતાને એમ લાગ્યું કે મારો પુત્ર નાની ઉંમરનો છે અને તેના દુશ્મનો રખેને તેને મારી નાખે એ ભયથી પોતાના પુત્રને લઇને રહેવાને પીયર ગઇ. વિમલ ગામડામાં ગ્રામ્ય અને સાદું જીવન ગાળતો અને ત્યાં તેણે બાણ ફેંકવાની કળામાં સારી પ્રવીણતા મેળવી. તેની આ અદ્ભુત બાણકળા અને બાહુબળની સર્વત્ર પ્રશંસા થવા લાગી. [૨] અને આ પ્રશંસા સાંભળી પાટણના નગરશેઠે લાહીર મંત્રીના પૌત્ર વિમલને પોતાની એકની એક કન્યા આપી.

શીલ લગઇ તૂઠી અંબિકા, ત્રિભુવર દીધા પોતિઇ થકા.
બાણ પ્રમાણ ગાઉ તે પંચ, હય લક્ષણના લક્ષ પ્રપંચ—૭૨.

---

૧. તે ભણી ઉતર્યો ત્યારનું તેનું રસમય વર્ણન કરતાં કવિવર શ્રી લાવણ્યસમય વિમલની વિદ્યારંભની પ્રશંસા બહુ સારી રીતે કરે છે. લંબાણ માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ-૧૨૨.

૨. આને માટે કવિ લાવણ્યસમય વદે છે કે તેને અંબા માતાની કૃપા હતી. અને માતાએ તેને ત્રણ વરદાન આપ્યાં હતાં. તેને માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ ૧૩૧.

નવ નવ રૂપ નિરતિઇ નિર્મલા, ત્રીજી અદ્દભુત અક્ષર કલા.
વર દેઇ દેવી સંચરી, વિમલ વધાવિઉ વિદ્યાધરી—૭૩.

વિમલનું મોસાળ બહુ ગરીબ હતું એટલે તેનાથી વિમલને પરણાવવાનું ખર્ચ થઇ શકે તેમ નહોતું. વિમલની માતાએ પણ કહ્યું કે પૈસા સિવાય હું વિમલનાં લગ્ન નહિ કરૂં. કારણ કે તેના દાદા લાહીર મંત્રી હતા માટે તેમના કુટુંબને છાજે તેમ તેના લગ્ન થવાં જોઇએ. આમ રકઝક કરતાં એક વખતે વિમલને ખેતરમાંથી ખોદતાં પુષ્કળ ધન મળ્યું.[૧] અને તે પૈસાથી તેના કુટુંબને છાજે તેવી સારી રીતે લગ્ન કરવામા આવ્યાં. વિમલ હવે પાટણ રહેવા આવ્યો અને ત્યાં પોતાની અદ્દભુત બાણકળાનો પરિચય એક વખતે ગુર્જરેશ ભીમને કરાવ્યો.[૨] ભીમે તેની બાણકળાથી ખુશી થઇ તેને મોટો સેનાધિપતિ નીમ્યો. વિમલ પોતાની ચતુરાઇથી ધીમે ધીમે આગળ વધ્યો અને ઠેઠ ગુર્જરેશનો મહામંત્રી પણ થયો.

વિમલની મંત્રી તરીકેની કારકીર્દી બહુ પ્રશસ્ય હતી. તે વખતના ગુજરાતના બધા ખંડીઆ રાજાઓ અને મંડલીકો તેનાથી બીતા હતા. તે વખતનો મરૂ ધરાધીશ ભોજને પણ તેણે હરાવ્યો હતો તથા ઠઠ્ઠાનો રાજા બંભણી-પંડીઆને પણ તેણે હરાવ્યો હતો. આ સિવાય બીજી મુખ્ય લડાઇ કયાંય થઇ નથી લાગતી. પરંતુ વિમલપ્રબંધકાર કહે છે કે પૂર્વના રોમનગરના બાર સુલતાનોને તેણે હરાવ્યા હતા. આને માટે અત્યારે તો વિશેષ પુરાવો મળવો મુશ્કેલ છે બલ્કે નથી. છતાં રા. મણીલાલ વ્યાસ આ સંબંધી કાંઇક સમાધાન કરે છે તે આ પ્રમાણે છે. સંવત ૧૦૮૦ માં શહાબુદ્દીન ગોરીએ ગુજરાત ઉપર ચઢાઇ કરી અને તેણે ગુજરાત જીત્યું. ગુર્જરેશ હાર્યો નાઠો અને કંથકોટના કિલ્લામાં ભરાયો હતો. પછી સુલતાનનું વિજયી સૈન્ય પાછું જતું હતું તે વખતે વિમલે ત્યાં જઇ લાગ સાધી તેના પટાવતો ઉપર જીત મેળવી હોય અને જૈન સાધુઓએ પટાવતોને સુરત્રાણ નામથી ઓળખાવ્યા હોય તે હકીકત સંભવે છે. (રા. વ્યાસનું આ સમાધાન કંઇક અંશે ઠીક છે પરંતુ હજી વિશેષ માહીતીની જરૂર તો છે જ.) આ સિવાય વિમલે કઇ કઇ લડાઇ કરી તેનો કોઇ ખાસ ઉલ્લેખ નથી. પરંતુ જે હકીકત મળે છે તે ઉપરથી માલમ પડે છે કે "વિમલ એક બહાદુર યોદ્ધો હતો, પાકો મુત્સદી હતો તો તેણે

---

૧. કવિ કહે છે કે આ ધન મળ્યું તે પણ માતાના પ્રતાપથી જ.
જુઓ વિમલપ્રબંધ. પૃ. ૧૮૩.

૨. ઇમ કરતા જુ તુમનિ કોડ, બાંણ તણા દેખાડું મોડ
બાલ સુઆરી કર સાથરૂ, પેટી પાન અઠોત્તર ધરઉ—૨૨
કુહુ તેતાં વીંધૂં મનરંગિ, બાંણ ન લાગિ બાલક અંગિ
જુ અધિકું ઊછઊઁ વીંધાઇ, તુ માથૂં અહ્મારૂં જાઇ—૨૩
કલા દિખાડું અવર પ્રકારિ, વિલોણઉં વિલોવઇ નારી.
ઝબકઇ વેધી જાઇ ઝાલિ, ધંધણ ધસર ન ભાજિ આલિ—૨૪
અર્થ સમજાય તેમ છે.

પોતાના શાકંભરી (અજમેર) મરૂસ્થલી (મારવાડ) મેદપાટ (મેવાડ) જ્વાલાપુર વિગેરે સો રાજાને જીતીને भूपालशतसेवितः થયો હશે. ગુર્જરેશે પણ અંતે પોતાની ભુલ સ્વીકારી. અને તેને મનાવવા ખાતર છત્રચામર [1] મોકલાવ્યાં. પોતાની ભુલનો રાજાએ પશ્ચાતાપ કર્યો અને વિમલે પણ પોતાના રાજાની ભેટ સહર્ષ સ્વીકારી.

વિમલની કીર્તિ હવેથી એક રાજવી તરીકે પ્રસરી અને તે चंद्रावतीश અને ચંદ્રાવતીશ આદિ બીરૂદોથી પ્રસિદ્ધિ પામ્યો.

આવી રીતે વિમલ ચંદ્રાવતીમાં રહી રાજ્ય કરી રહ્યો હતો તેવામાં ત્યાં શ્રી ધર્મઘોષસૂરિ પધાર્યા. તેમણે ચંદ્રાવતીશને ખૂબ ઉપદેશ આપ્યો અને તેના આગ્રહથી તે ત્યાં ચોમાસું રહ્યા. સૂરીશ્વરના નિરંતર ઉપદેશથી વિમલને ધર્મ ઉપર અડગ શ્રદ્ધા બેઠી. ગુરુએ પણ તે શ્રદ્ધાનો બરાબર યોગ્ય જોઇ લાભ લીધો અને વિમલને કહ્યું કે અત્યાર સુધીની આખી જીંદગી અર્થ અને કામમાં ગાળી છે માટે હવે કાંઇક ધર્મકાર્ય કરો, પરલોકને માટે કાંઇક ભાથું બાંધો. વિમલને પણ તે ગળે ઉતર્યું. જીંદગીનાં કામો તેને સાંભર્યાં. તેણે કહ્યું, ગુરુદેવ આપ કહો તેમ કરવાને તૈયાર છું. ગુરુએ કહ્યું આબુ ઉપર આપણું એકે મંદિર નથી માટે ત્યાં મંદિર બંધાવો. વિમલે તે વાત ખુશીથી સ્વીકારી અને તે દ્વારા પોતાના પાપને ધોઇ નાખી–નિર્મળ થવા પ્રયત્ન આદર્યો.

વિમલે આબુ ઉપર જઇ યોગ્ય જગા જોઇ અને તેના પુજારીઓની પાસે જમીનની માગણી કરી, પરંતુ તેમાં કંઇ ફાવ્યો નહિ. પછી તેણે પોતાની સત્તાના બળે જમીન લીધી, પરંતુ પુજારીઓને ખૂબ સમજાવી પુજારીઓના કહેવાં પ્રમાણે ન્યાયસર પોતાને જેટલી જમીન જોઇતી હતી તેટલી જમીન સુવર્ણ ટંકાથી પુરી વેચાતી લઇ મંદિર બંધાવવું શરૂ કર્યું. વિમલે તે મંદિરમાં અઢળક દ્રવ્ય વાપરી ઉત્તમ શિલ્પકળાના નમુના રૂપ ભવ્ય, મનોહર, વિશાળ, જિનચૈત્ય બંધાવ્યું. વિમલ ભલે અત્યારે જોતો નથી પરંતુ તેના નિર્મળ આત્મા સમું આ મંદિર તેની કીર્તિને હજી પણ જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. તે મંદિરના ગગનચુંબિ શિખરો ઉપરની ધ્વજાઓ હજી પણ વિમલના યશઃપ્રવાહના ઝંકાર ફડફડાટ દ્વારા, જગતને સુણાવી રહેલ છે. અત્યારે વિમલનાં મંદિર જગપ્રસિદ્ધ છે. તેની ઉત્તમ શિલ્પકળાનો નમુનો ભારતવર્ષમાં બીજે મળવો અલભ્ય છે બલ્કે નહિ મળે. તે મંદિરમાં બેસાડવા માટે તેણે અઢાર ભાર પિત્તળની આદિનાથ પ્રભુની (જૈનોના પ્રથમ તિર્થંકર–દેવ) પ્રતિમા કરાવી, અને સં. ૧૦૮૮ માં પોતાના પરમ ગુરુ શ્રી ધર્મઘોષ સૂરી પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. જ્યારે આબુ ઉપર મંદિર પૂર્ણ થયું અને પ્રભુને પધરાવી પ્રતિષ્ઠા–સ્થાપન કરાવી તે વખતે તેણે ભાટ ચારણોને પુષ્કળ દાન આપ્યું હતું. આ દાનનું મનોહર વર્ણન કવિ લાવણ્યસમય બહુ લંબાણથી આપે છે. પરંતુ તે જ ગ્રંથે એ અહીં નથી આપ્યું.

આવી રીતે જે નગરમાં પોતે રહેતો હતો તેમાં પણ તેણે ઘણાં ભવ્ય અને ગગન-

---

૧ કુમારપાળ અને પ્રબંધચિંતામણીમાં લખ્યું છે કે विमलपरमेश्वरीमेन छत्रचामरादि दत्वा नृपति कृतः विमलः જુઓ વિમલપ્રબંધ પૃષ્ઠ ૬૭,

ચુંબી જિન મંદિરો કરાવ્યાં હતાં. તે વખતે ચંદ્રાવતી[1] જૈનપુરી તરીકે પણ ઓળખાતી હતી આવી રીતે વિમલમંત્રીએ જેમ પોતાની પૂર્વ જીંદગી અર્થ અને કામમાં વાપરી, રાજાના મંત્રી તરીકે, એક યોદ્ધા તરીકે અને અંતે એક રાજા તરીકે જેમ પોતાની કીર્તિ તેણે મેળવી તેમ એક ધર્મી પુરુષ, દાનેશ્વરી પુરુષ, અને ગુજરાતને શોભાવનાર તરીકે પણ તેની કીર્તિ અખંડ રહેશે. અંતમાં આપણે તેની કીર્તિનું કવિવર શ્રી લાવણ્યસમયનું બનાવેલું એકાદ કવિત જોઇએ તો તે અસ્થાને નહિ કહેવાય.

> आम किति किहां लगइ, जोइ उत्तर अणु उत्तर,
> जाम किति किहां लगइ, पुव्वि नही निरति निरंतर,
> आम किति किहां लगइ, पेक्खि पश्चम समुद्र पर.
> आम किति किहां लगइ, देषि दक्षण दिगि अंतर,
> पायालि किति पनंग करइ, उंची इंद्र सभा लगइ.
> लावण्यसमय कहि विमल तूह, किति त्रिभोवनि झगमगइ,

જુઓ વિમલ પ્રબંધ પૃષ્ટ ૩૬૨, ૭૮

આ અર્થ સુગમ હોવાથી આપેલ નથી.

આવી રીતે વિમલની કીર્તિ ગુર્જરેશના મહામંત્રી તરીકે, એક સેનાધિપતિ તરીકે–ચંદ્રાવતીશ–રાજા તરીકે, જગપ્રસિદ્ધ છે. પરંતુ એક વ્યાપારી તરીકે વિમલની કીર્તિ નથી પ્રસરી, છતાં પણ એક ગુજરાતી પંચાંગમાં વિમલમંત્રીને મંત્રીશ્વર તરીકે નહિ ઓળખાવતાં વેપારી તરીકે ઓળખાવવાની બાળચેષ્ટા થઇ હતી. આ ઉપરથી સુજ્ઞ વાંચકો જોઇ શકશે કે વિમલની કીર્તિ મંત્રી તરીકે કેટલી પ્રસરી છે, અને વેપારી તરીકે કેટલી પ્રસરી છે? તે વખતના બધા કવિઓ અને લેખકો જ્યારે વિમલને મંત્રી તરીકે ઓળખાવે છે ત્યારે એક કોઇ વિમલને વેપારી તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરી ન્યાય (!) નું દર્શન કરાવી રહ્યા છે તે કેટલું યોગ્ય છે.

આ જગપ્રસિદ્ધ આબુ ઉપરનાં મંદિર બંધાવ્યા પછી વિમલનો આત્મા આ ભૂલોક છોડી સ્વર્ગે સિધાવ્યો.

૨ મહામંત્રી વસ્તુપાલ.

ગુજરાતના મહારાણા વીરધવળના મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળનાં નામ અને કામથી ગુજરાત અજાણ્યું નથી. તે બંન્ને મંત્રીઓની કીર્તિનો રણકાર હજી સુધી ભેરીની પેઠે મધુર અને આનંદદાયક રીતે વાગી રહેલ છે.

---

૧ કાળચક્રના ક્રમાનુસાર કોઇ પણ વસ્તુ અમર નથી. અત્યારે કળીયુગના પરિબળે મોટા મોટાં નગરોનાં ખંડિએર થઈ ગયાં છે. અરે તેના અસ્તિત્વની નીશાની સરખી પણ હાથ નથી આવતી. તેવી રીતે વિમલની એ રાજ્યધાની ચંદ્રાવતી પણ મુસલમાન રાજાઓની ક્રૂરતાનો ભોગ થઇ પડી લાગે છે. અત્યારે ત્યાં પુરાતની નિશાની પણ નથી રહી.

તેમનું જન્મ સ્થળ.

આ બંન્ને ભાઇઓનું જન્મસ્થળ સુંટાલક નગર હતું અને તેમના પિતા પ્રાગવાટ (પોરવાડ) વંશીય નામે અશ્વરાજ મંત્રી અને માતા સાહુરાજ મંત્રીની પુત્રી કુમારદેવી હતું. કુમારદેવીને ત્રણ પુત્રો હતા—નામે મલદેવ[૧], વસ્તુપાળ, તેજપાળ અને ઝલ્હમાં આદિ સાત બહેનો હતી. અશ્વરાજ મહારાણા વીરધવલની આજ્ઞાથી સુંટાલક નગરના મંત્રી તરીકે ત્યાંજ રહેતો હતો. તેણે પોતાના પુત્રોને સારી રીતે વિધિ અભ્યાસ કરાવી પોતાનું સ્થાન સાચવે તેવી ઉત્તમ કેળવણી આપી હતી. આપણા ચરિત્રનાયક શ્રી વસ્તુપાળનાં સાક્ષાત્ લક્ષ્મી સરખી લીલાવતી નામે સ્ત્રી સાથે લગ્ન થયાં હતાં અને તેજપાળનાં સાક્ષાત્ સરસ્વતી સરખી અનોપમા દેવી સાથે લગ્ન થયાં હતાં. થોડા વખત પછી અશ્વરાજ મંત્રીનું મરણ થયું એટલે માતાના આગ્રહથી ત્યાંથી નીકળી માંડલમાં આવી વાસ કર્યો. ત્યાં તેઓ પોતાના દિવસો આનંદમાં ગાળતા હતા. એક વખતે તેઓ માતાની સાથે યાત્રાએ નીકળ્યા. બધે સ્થાને યાત્રા કરી પાછા વળતાં ધ્વલક્કપુર (ધોલકા) માં રાજ્ય પુરોહિત સોમેશ્વર ભટ્ટ સાથે તેમને મૈત્રી થઇ અને તેમના આગ્રહથી તેઓ ધોલકામાં રહ્યાં.

તે વખતે ગુજરાતના રાણા વીરધવલને એક સારા મંત્રીની જરૂર હતી. તેને સામાન્ય રીતે તપાસ કરતાં ખબર પડી કે તે પદવીને યોગ્ય વસ્તુપાળ અને તેજપાળ છે (વસ્તુપાળ ચરિત્રકાર કહે છે કે તેમને સ્વપ્નામાં કોઇ દેવ આવી કહી ગયો હતો.) બીજે દીવસે ખાનગીમાં રાજાએ પુરોહિતને પુછ્યું અને તેમાં તેણે ખાસ સમંતિ પૂર્વક કહ્યું કે તેમનાથી આપણા રાજ્યની આબાદી થશે. કારણ કે એ સમયે ગુજરાતના ઘણાખરા રાજાઓના મંત્રીઓ વાણીયા જ હતા. માટે તેમને તે પદવી ખાસ આપવી રાજાએ તે વખતે વસ્તુપાળ તેજપાળને બોલાવી મંત્રીપદ સ્વીકારવા આગ્રહ કર્યો. વસ્તુપાળે એક સરત પૂર્વક[૨] મંત્રીપદ સ્વીકાર્યું.

વસ્તુપાલ હવે એક સામાન્ય મનુષ્ય મટી ગુજરાતનો માહાન મંત્રી થયો. તેનું જીવન (૧) પ્રધાન તરીકે (૨) મહાન યોદ્ધા તરીકે (૩) પરદુઃખભંજન તરીકે (૪) કવિ તરીકે અને કવિના આશ્રયદાતા તરીકે અને (૫) ધર્મી તરીકે સંપૂર્ણ છે. હવે આપણે ટુંકાણમાં તેના જીવનની કારકીર્દિ જોઇશું.

પ્રધાન તરીકે.

આપણે પ્રથમ તેની પ્રધાન તરીકેની કારકીર્દિ જોઇએ. વસ્તુપાળચરિત્રકાર ટુંકમાં તેનું બહુ સારૂં બ્યાન આપે છે. તેનો સાર નીચે પ્રમાણે છે.

---

૧ મલદેવ વસ્તુપાલનો મોટો ભાઇ છે છતાં તેના જીવન સાથે અહીં સંબંધ નહિ હોવાથી માત્ર નામથી જ ઓળખાણ કરાવી છે.

૨ કે જ્યારે કોઇ ચાડીયો પુરુષ આપને અમારી વિરુદ્ધ ખોટું ભરમાવી જાય અને આપને ક્રોધ આવે ત્યારે તમારે અમારૂં અત્યારે જેટલું દ્રવ્ય છે તે અને કુટુંબ સહિત રજા આપવી.

વસ્તુપાલે મંત્રીપદ લીધા પછી આખો રાજ્યકારભાર પોતાના કબજે કરી તેની બરાબર વ્યવસ્થા કરી. કારણ કે " પોતાના પગ નીચે બળતું પ્રથમ જોવું એ સજ્જન પુરુષનું કામ છે. " તેણે રાજ્યવ્યવસ્થા બરોબર કર્યા પછી પોતાની પ્રજાના ખાનગી સુખ દુઃખ નીહાળી તેમનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન આદર્યો. તેણે ગુજરાતની પ્રજાને ફરીથી સિદ્ધરાજ અને કુમારપાળ આદિ રાજવીઓની યાદી કરાવી. તેણે સંત પુરુષોને માન અને ખલ પુરુષોને દંડ આપી રાજ્ય નિષ્કંટક બનાવ્યું. જુના મંત્રીના વખતના કેટલાએક નોકરો પાખંડ અને લાંચીયા થઇ ગયા હતા. તેમની પાસેથી લાંચથી એકઠું કરેલું બધુ ધન પાછું કઢાવી તે ધનથી તેણે સૈન્યમા ભરતી કરી; અને જુના પૂજ્ય પુરુષનું પૂજન કરતા, વૃદ્ધોને તેમની યોગ્યતા પ્રમાણે માન આપી રાજ્ય ગુરુશ્રી સોમેશ્વર દેવને પ્રસન્ન રાખતા, ગુણવંત જનોને બહુ માન આપતા, ધાર્મિક જનોને વધાવતા, પ્રવીણ જનોને અગ્રેસર કરતા અને દુષ્ટ જનોને ભય બતાવતા. રાજ હંસની પેઠે રાજાના ' માનસ " સરોવરમાં રમતાં યથાયોગ્ય રાજ્યવ્યવહાર કરતા અને દુર્જનોની તપાસ રાખતા. " સુમિત્રા " ને આનંદ આપનાર લક્ષ્મણની સાથે જેમ રામચંદ્રે સ્વકાર્યની સિદ્ધિ કરી તેમ પોતાના અનુજ બંધુ તેજપાલની સાથે વસ્તુપાલે પણ સ્વકાર્ય (મંત્રીપદ) ની સિદ્ધિ કરી. " તેના મનમાં એમજ હતું કે સજ્જનોનો સત્કાર કરવો અને દુર્જનોનો દંડ કરવો. ધન અને ધર્મની વૃદ્ધિ કરવી અને સર્વ લોકો ઉપર ઉપકાર કરવો એ રાજ્ય શાસનનો નિયમ છે." આ પ્રમાણે બીચારી પ્રજાને પીડનારા દુષ્ટ લક્ષ્મીથી મદોન્મત્ત બનેલા એવા અનેક પુરુષોનો મદ ઉતારી તેમને આમ્રવૃક્ષની પેઠે નમ્ર બનાવ્યા. આવી રીતે તે પ્રજાને સંતોષ પમાડવામાં કુશલ હતો તેમ પાકો મુત્સદી પણ હતો. તેનું જ્વલંત ઉદાહરણ નીચે પ્રમાણે છે.

એક વખતે દીલ્હીના બાદશાહ મોજુદીનની માતા મક્કે હજ કરવા પોતાના રાજ્યમાં થઇને ખાનગી રીતે જતી હતી અને તેની ખબર મંત્રીને પડી એટલે તેણે તરતજ પોતાના ચરપુરુષો પાસે લુંટાવી. આમ હેરાન થઈ માટે રાજમાતા ફરીયાદ લઇને વસ્તુપાલ પાસે ગઇ. મંત્રીએ જાણે કાંઇ બન્યુંજ નહોય તેમ દેખાવ રાખી તેની બધી બીના સાંભળી લઇ તેને આશ્વાસન આપી પોતાને ત્યા ઉતારો કરાવી લુંટનાર મનુષ્યોને પાસે બોલાવી ધધડાવી બધો માલ પાછો અપાવ્યો અને પછી પોતે પણ તેની સાથે ઠેઠ મક્કા યાત્રા કરવા ગયો અને ત્યાં જઇ કીંમતી મુક્તાફલનું એક તોરણ ચડાવ્યું. પછી તે રાજ્યમાતા સાથેજ પાછો આવ્યો અને તેમના આગ્રહથી ઠેઠ દીલ્લી ગયો. પછી જ્યારે રાજ્યમાતાના મુખથી બધા સમાચાર બાદશાહે સાભળ્યા ત્યારે તે બહુ ખુશી થયો અને વસ્તુપાલને એક ઉદાર અને પરોપકારી નર જાણી માન આપ્યું અને વસ્તુપાલ સાથે મૈત્રી બાધી. આવી રીતે એક વીરોધી મુસલમાન બાદશાહ સાથે એક રાજાના મંત્રી તરીકે મૈત્રી બાંધી પોતાના રાજ્યને નિષ્કંટક બનાવ્યું. ટુંકાણમાં એટલુંજ કે તેની મંત્રી તરીકેની કારકીર્દિ બહુ ઉત્તમ હતી. હવે આપણે તેનું યોદ્ધા તરીકેનું જીવન જોઇએ.

યોદ્ધા તરીકેનું જીવન

તે વખતના સોરાષ્ટ્રના મદોન્મત્ત રાજવી સાંગણ અને ચામુંડ કે જેઓ વીરધવળના સાળા થતા હતા તે બન્ને જણાએ એક સંપ કરી ગુર્જરેશ્વરની આજ્ઞા સ્વીકારવાની નાપાડી. વીર-

ધવલે સલાહને માટે ઘણાં કહેણ મોકલ્યાં. અંતે પોતાની સ્ત્રી સાંગણની બ્હેન જયલતાને પણ તેને સમજાવવા મોકલી. પરંતુ મદોન્મત્ત રાજવીએ તેનું માન્યું નહી અને ગુર્જરેશ્વરની પત્ની (પોતાની બ્હેન) નું અપમાન કર્યું. આનો બદલો લેવા વસ્તુપાલ મહારાણા વીરધવલ સહિત ત્યા ગયો અને બહાદુરીથી લડી તે બન્ને ભાઇને માર્યા અને તેમના પુત્રોને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરને ડંકો વગડાવ્યો. આવી રીતે ભદ્રેશ્વર (કચ્છ) ના મહારાણા ભીમસિંહે ગુર્જરેશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો હતો વીરધવલે તેની પાસે ખંડણી માગી પરંતુ તેણે તે આપવાની ના પાડી તેનું મુખ્ય કારણ તો એમ હતું કે માળવાના રાજાના ત્રણ કુંવરો ત્યાંથી રીસાઇને પહેલા ગુર્જરેશ્વર પાસે ગયા હતા અને ત્યાં નોકરીની માગણી કરી અને પગારમાં એક લાખ દ્રમ્મ માગ્યા. ગુર્જરેશ્વરે તેની ના પાડી જો કે ખરી રીતે આ ત્રણે ભાઇઓને રાખી લીધા હોત તો રાજ્ય દૃષ્ટિએ લાભ હતો, કારણ કે એ ત્રણે ભાઈ બહુ યુદ્ધકુશલ અને બલિષ્ટ હતા.

પછી ત્રણે ભાઇ ત્યાંથી નિરાશ થઇ ભદ્રેશ્વરમાં ગયા અને ત્યાંના ભીમસિંહે તેમને રાખી લીધા. એ ત્રણે ભાઇની યુદ્ધકુશલતા અને બહાદુરીના બલથી ભીમસિંહને ગર્વ ચડયો અને તેથીજ ગુર્જરેશ્વરની આજ્ઞાનો તેણે અનાદર કર્યો હતો. ગુર્જરેશ્વર પોતે ત્યા યુદ્ધ કરવા ગયો પરંતુ સૈન્ય થાકેલું હોવાથી પ્રથમ હાર ખાવી પડી. ત્યા તો વસ્તુપાલ બીજી બાજુથી સૈન્ય લઇ ત્યા આવી ચડયો. વસ્તુપાલના યુદ્ધકૌશલ્યની અત્યારે ખરેખરી કસોટી હતી. ગુર્જરેશ્વર હતાશ થયો હતો. શત્રુ એ ત્રણે ભાઇઓના બલથી બહુ જોમ હતો અને વળી પેલા પણ શત્રુનાજ દેશમાં હતા. વસ્તુપાલે કપટથી સૈન્યને ચારે બાજુ વ્હેંચી નાખી થોડા સૈન્ય સાથે યુદ્ધ આદર્યું. જયાં શત્રુ બરાબર મધ્યમાં આવ્યો કે તેની ચારે બાજુથી સૈન્યે મારો ચલાવ્યો. આ ચારે બાજુના મારે ભીમસિંહના સૈન્યમા ભંગાણ પાડયું. અંતે ભીમસિંહ હાર્યો, મરાયો અને ગુર્જરેશ્વરનો વિજય થયો. તેના છોકરાને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરની આણ પ્રવર્તાવી ત્યાંથી વિજયલક્ષ્મી સહિત પાછો રાજ્યધાનીમા આવ્યો.

હજી તો યુદ્ધમાથી હમણાંજ વસ્તુપાલ આવ્યો ત્યા તો ખબર સાંભળી કે ગોધરાના રાજા ઘુઘરે ગુર્જરેશ્વરની ધુંસરી ફેંકી દઇ સ્વતંત્ર રીતે પ્રજાને ત્રાસ આપવા માંડયો છે. ગુર્જરેશ્વરે નીતિ પ્રમાણે દૂતદ્વારા ખબર આપી પરંતુ તે મદોન્મત્ત બનેલા રાજવીએ કાઇ માન્યું નહિ અને સાથે પોતાના દૂતદ્વારા કાજળ કાચળી અને સાડી ગુર્જરેશ્વરને માટે ભેટ મોકલી અને સાથે પત્ર લખી ગુર્જરેશ્વરનું આખી ગુજરાતનું સખ્ત અપમાન કર્યું. ગુર્જરેશ્વર આ જોઇ ચકિત થયો. તેની આંખમાથી અંગારા ઝરવા માંડયા. તેણે પોતાની લાલચોળ આખો સભામાં ફેરવી કે કોઇ વીર પુરુષ ઉઠે; પરંતુ તેની સભામાંથી તે મદોન્મત્ત બનેલા રાજવી સામે જવાની કોઇની હીંમત ન ચાલી ઘુઘરની હાક આખા ગુજરાતમાં બહુ સખ્ત હતી. તેણે ફરી વાર સભામા જોયું પરંતુ કોઇ ન ઉઠયું. અંતે તેની નજર મંત્રી પર ઠરી. વસ્તુપાળ સમજી ગયો. તે બીડું ઝડપવા ઉઠયો અને તેણે હાકલ મારી. તેનામાં હજી પણ પોતાના પૂર્વજો (ક્ષત્રિઓ) નું લોહી ઉછળી રહ્યું હતું તેની હાકલથી સભા ગાજી ઉઠી. પોતે બીડું સ્વીકારવાની હા પાડી. ત્યાં તો તેના નાનાભાઇ તેજપાલે તે

બીડું પોતાના ભાઇ પાસેથી ઝુંટવી લઇ પોતે તેનો સ્વીકાર કર્યો. આખી સભાએ, ખુદ ગુર્જરેશ્વરે તેને ધન્યવાદ આપ્યો. બીજે દિવસે સવારે તે નવું સૈન્ય લઇ ઘુઘર સામે ગયો. ઘુઘર તેનું સ્વાગત કરવા પહેલેથી જ તૈયાર હતો. જો કે લડાઇના બહાનાની જરૂર નહોતી છતાં તેજપાળે જતા વેંતજ તેનું અમૂલ્ય એવું ગૌધનનું હરણ કર્યું. તેજપાળે સાપને ફરી છંછેડયો. લડાઇ શરૂ થઇ. ઘુઘર બળવાન હતો. સૈન્યસામગ્રી પણ તેની પાસે જબરી હતી. યુદ્ધના પહેલા ઉફાળામાં શત્રુ મદોન્મત્ત હોવાથી કંઇક જીતતો જણાયો, પરંતુ ઉફાળો તે ઉફાળો જ. તેજપાળે પેલા ઉફાળામાજ શત્રુનું બળ માપી લીધુ અને તેને નિર્બળ બનાવ્યો. બીજે દિવસે તેજપાળે સૈન્ય ગોઠવી વ્યૂહ રચ્યો. ઘુઘર તેમાં સપડાયો અને અંતે જીવતો પકડાયો. તેજપાળે કાજલ કાચળી અને સાડી યાદ કરાવી તેને કાષ્ઠના પીંજરમાં પુર્યો. આવી રીતે ગુર્જરેશ્વરની આજ્ઞા પ્રવર્તાવી તેજપાળ તેનો અખૂટ ધનભંડાર લુંટી ડભોઇ થઇ શત્રુ સહિત રાજ્યધાનીમાં આવ્યો. ગુર્જરેશ્વરે તેને બહુ સન્માનપૂર્વક પુરપ્રવેશ કરાવ્યો અને સભામાં પણ પુષ્કળ માન આપ્યું અને ઘુઘરને ગુર્જરેશ્વર માટે મોકલેલી કાજળ કાચળી અને સાડી ભર સભા વચ્ચે તેને પરાણે પહેરાવી. માની ઘુઘરને આ અપમાન અસહ્ય લાગ્યું અને જીભ કરડી સભા વચ્ચે આપઘાત કરી મુવો. બીજાં છુટક યુદ્ધો પણ તેણે કર્યાં હતાં પરંતુ તે એટલા બધાં પ્રસિદ્ધ નથી. સામંતપાળ આદિના યુદ્ધો સામાન્ય છે એટલે તેનું વર્ણન હું નહી આપું. આવી રીતે સારા યુદ્ધવિશારદ તરીકે પણ તેની કીર્તિ બહુ સારી છે. તે ચુસ્ત જૈન ધર્મી હતો (કે જેના દાખલા આગળ આવશે) છતાં તે કાયર કે નિર્બળ નહોતો. અત્યારના કેટલાએક વાણીઆઓની દુર્બળતા જોઇ કોઇ કોઇ લેખક મહાશયો એમ ઠસાવવા માગે છે કે જૈનોએ હિંદુસ્તાનને અહિંસાનો ઉપદેશ આપી બાયલો કરી નાખ્યો છે. પરંતુ તે લેખક મહાશયો દીર્ઘદૃષ્ટિથી જોશે તો માલમ પડશે કે તેમના તે આક્ષેપમાં કેટલું સત્ય છે. વસ્તુપાળ, તેજપાળ તથા આગળ થયેલા સંપ્રતિ, આમ, કુમારપાળ, આદિ રાજાઓ તથા અભયકુમાર, વિમલ, ઉદો, મુંજાલ, આદિ મંત્રીઓનાં જ્વલંત ઉદાહરણ મોજુદ છે. ઘણા ચુસ્ત વાણીઆઓએ પોતાના દેશ માટે પોતાના રાજા માટે અને સ્વરક્ષણ માટે કલમની પેઠે તીક્ષ્ણ પાણીદાર તરવાર પણ ઉપાડી છે. માટે તેવો આક્ષેપ કરનાર લેખક મહાશયોને મારી નમ્ર પ્રાર્થના છે કે તેમણે આક્ષેપ કરતાં પહેલાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો. આ જરા વિષયાંતર થયું. *હવે મુળ બાબત ઉપર આવીને આપણે પરદુ:ખભંજન તરીકેની તેની કારકીર્દિ જોઇએ.*

પરદુ:ખભંજન તરીકે.

આપણે પ્રથમ જોઇ ગયા છીએ કે તેણે શઠ પુરુષોને શિક્ષા કરી સંત પુરુષોને સુખી કર્યા હતા. બીજી રીતે પણ ઘણાં મનુષ્યોને ગુપ્ત દાન આપી કાળના ગ્રાસમાંથી બચાવી લીધા હતા તથા વાવ કુવા સરોવર તથા પરબ આદિ મંડાવીને પણ પોતાની પરદુ:ખભંજકતા દેખાડી છે.

એક વખત ખંભાતમા આકાશના સૂર્ય સમાન અભિમાનનું પુતળું અને સત્તાના અવતાર સરખા અને લક્ષ્મીના મદથી મદોન્મત બનેલા અને રણાંગણમાં વીરરત્ન સરખા સદીક નામના વેપારીએ ખંભાતની પ્રજાને બહુ પીડા કરવા માંડી. તેની બીકથી

પ્રજા ત્રાસી રહી હતી. ત્યાં તો તેણે એક કરપીણ કામ કરી પ્રજાને દુઃખનો એક વધારે પ્રસંગ ઉભો કર્યો. તેણે ત્યાંના એક પ્રખ્યાત સમૃદ્ધિવાન્ અને પોતાના ભાગીદાર નગરશેઠને એક ક્ષુદ્ર ગુહ્‌ના માટે તેનાં ઘરબાર લુંટી લઇ તેનું ખાનગીરીતે ખુન પણ કરાવ્યું. પ્રજા આ સાંભળી ત્રાસી ગઇ આ દુઃખદાયક બીના જણાવવાને તેનો પુત્ર રાજ્યધાનીમાં ગયો અને ત્યાં જઈ મંત્રીને અથ થી ઇતિ સુધી બધી બીના કહી સંભળાવી. મંત્રીને આ સાંભળી ઘણો ખેદ થયો. તેને વિચાર થયો કે રાજ્યના એક પ્રતિષ્ઠિત અને ધનવાન ગ્રહસ્થને એકદમ હેરાન કરવો તેની લાજ લેવી તે ઉચિત નહી. તેથી તેણે તેને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો; પોતે જાતે ત્યાં ગયો તેને સમજાવ્યો. પરંતુ ધનથી મદોન્મત બનેલા સદીકે મંત્રીને યુદ્ધનું આવાહન આપ્યું. સદીકને સંખરાજાએ સૈન્યની મદદ આપી. યુદ્ધ શરૂ થયું. સંખરાજા પોતે પણ આવ્યો પરંતુ તે ટકી શકયો નહિં. વસ્તુપાળે એક કાંકરે બે ઘા માર્યા. એક રાજ્યદ્વારી શત્રુને માર્યો અને બીજા સદીકને પણ માર્યો. તેનું બધું ધન લુંટી લઇ. રાજ્યધાનીમાં પહોંચતું કર્યું[1]. ગુર્જરેશ્વર આથી બહુ પ્રસન્ન થયો અને વસ્તુપાળને સભામાં ત્રણ બીરૂદ આપ્યાં (૧) સદીકકુલસંહારી (૨) સંખમાનમર્દન (૩) અને રાજેંદ્રસ્થાપનાચાર્ય. આવી રીતે પરદુઃખભંજક તરીકે તેની કારકીર્દિ પુરી કરી કવિ તરીકેની તેની કારકીર્દિ તરફ વળીએ.

કવિ તરીકે.

કવિ તરીકેની વસ્તુપાળની ખ્યાતિ ઘણે સ્થળે મળી આવે છે. પોતે જ પોતાના કાવ્યમાં પોતાને સરસ્વતી પુત્ર તરીકે ઓળખાવે છે. ગિરનારના એક મંદિરની એક પ્રશસ્તિમાં પણ તેને કાવ્ય દેવીના પુત્ર તરીકે વર્ણવ્યો છે, તથા કવિચક્રવર્તી આદિ ઘણા બીરૂદોથી તે મહાકવિ વિભૂષિત હતો. સોમેશ્વર દેવ જેવા ચુસ્ત હીંદુઓ પણ તેને એક સારા કવિ તરીકે વર્ણવે છે અને તેણે વસ્તુપાળને આબુની પ્રશસ્તિમાં પણ શ્રેષ્ઠ કવિ તરીકે વર્ણવ્યો છે. આવીજ રીતે અલંકારમહોદધિના કર્તા જણાવે છે કે કાવ્યશાસ્ત્રની સુંદર રચના માટે વસ્તુપાળને પણ માન ઘટે છે. તેની કૃતિઓમાં નરનારાયણાનંદ મહાકાવ્ય કે જે સોળ સર્ગનું છે અને તેમાં કૃષ્ણ અને અર્જુનની મૈત્રી, તેમનો ગિરનાર ઉપર આનંદવિહાર, સુભદ્રાહરણ આદિ સુંદર રચના કરી છે. તે અને તેવાં બીજાં વર્ણનો જેવા કે સૂર્યોદય, ચંદ્રોદય, શહેર, રૈવત, રાજા, પુષ્પાવચય, આદિવર્ણન બહુ સારી રીતે કર્યાં છે. આ ઉપરાંત તેની બનાવેલી સુખ્તીઓ પણ બહુ વખણાય છે. તેની સુખ્તીઓ છુટક છુટક ઘણાં કાવ્યોમાં આવે છે. આદિનાથ સ્તોત્ર પણ તેણે રચ્યું[2] છે. આ મહાકવિની બીજી પણ કૃતિઓ હોય તો ના ન કહેવાય. વસ્તુપાળમા એક વિદ્વાન તટસ્થ ટીકાકાર તરીકે તથા કાવ્યોના ગુણદોષ પરિક્ષક તરીકે

---

૧ તેની સંખ્યા આ પ્રમાણે છે. પાંચ હજાર સુવર્ણની ઇંટો, ચૌદસો ઘોડી અને રત્નમાણેક અને મોતીના થાળ ભરી ભરી ધન હતું.

૨ સીયાજીરાવ સીરીજમાં નરનારાયણાનંદ મહાકાવ્ય છપાયું છે અને તેમાં તેની સુક્તીઓ આદિનાથ સ્તોત્ર તથા વસ્તુપાળકીર્તિ પ્રબંધોનો પણ સાર કહેલો છે.

અસાધારણ શક્તિ હતી. તે કાવ્યકળાનો બહુ પ્રશંસક હતો. તેને કવિઓ ઉપર બહુ માન હતું. પોતે કવિઓની કદર પણ સારી રીતે કરી જાણતો. રાજ્ય કવિ હરિહરની ઈર્ષા સોમેશ્વર ઉપર ઝુઝુમતી હોવા છતા જો સોમેશ્વર દરબારમાં સ્થાન પામ્યો હોય તો તે કવિપૂજક વસ્તુપાળના જ રૂડા પ્રતાપ હતા.

તેની કવિઓ તરફની દાનવીરતા એટલી બધી પ્રસિદ્ધ હતી કે તે "લઘુ ભોજરાજા" નું બીરૂદ પામ્યો હતો. તેનું બીજુ નામ વસંતપાળ હતું કે જે નામ સોમેશ્વર અને હરિહરે આપ્યું હતું અને તેથી જ બાલચંદ્ર કવિએ તેની પ્રશસારૂપે સુંદર કાવ્ય રચ્યું હતું. આવી રીતે જેમ તે કવિ તરીકે પ્રસિદ્ધ હતો તેમ કવિઓના આશ્રયદાતા તરીકે પણ તે પ્રસિદ્ધ હતો. હરિહર, સોમેશ્વર, દામોદર, નાનક, જયદેવ, મદન, વીકળ, અને કૃષ્ણસીંહ આદિ કવિઓનો તે આશ્રયદાતા હતો. આ સિવાય ઘણા કવિઓ અને ભાટ ચારણોનો પણ તે આશ્રયદાતા હતો. તેણે તેમાના ઘણાને ધનવાન બનાવ્યા હતા. તેની આ દાનવીરતાને લીધેજ એક કે બીજો કોઇ પ્રસંગ આવી પોતાના આશ્રયદાતાનું નામ અમર રાખતો તેની પ્રશંસારૂપે ઘણા કાવ્યો રચાયા છે જેવાં કે સોમેશ્વરની કીર્તિકૌમુદી વગેરે. બીજાં છુટાં કાવ્યોમા તથા અરિસિંહના સુકૃતસંકીર્તનમા તેની દાનવીરતા તથા અસાધારણ પરાક્રમનું વર્ણન આપ્યું છે. એવીજ રીતે હમીરમદમર્દન તથા ઉદયપ્રભકૃત ધર્માભ્યુદય આદિ કાવ્યમાં તેના આશ્રિતોએ કાવ્યો રચી પોતાનું ઋણ પતાવવા કાંઇક પ્રયત્ન કર્યો છે આવી રીતે કવિ તરીકે અને તટસ્થ ટીકાકાર તરીકે તથા કવિઓના આશ્રયદાતા તરીકે તેનો કીર્તિકલશ બહુ સારી રીતે શોભી રહ્યો છે. એક રાજ્યમંત્રી તરીકે અહોનિશ કાર્યમાં ગુંથાઇ રહ્યા છતાં તે એક મહા કવિ તરીકે પ્રશસા મેળવે અને તેમાય વળી તેના વિરોધીઓ સુદ્ધાત તેની મહાકવિ તરીકે પ્રશંસા કરે એ એક આશ્ચર્ય તો છે જ. મને તો એમજ લાગે છે કે વસ્તુપાળ અદ્દભુત પ્રતિભાસંપન્ન પુરુષ હોવો જોઇએ. નહતર દરેક કાર્યોમા આટલી બધી પ્રશંસા મેળવવી એ અલભ્ય નહી તો મુશ્કેલ તો છેજ હવે આપણે તેની ધર્મી તરીકેની કારકીર્દિ જોઇએ.

ધર્મી તરીકે

ધર્મી તરીકે તે ચુસ્ત શ્રાવક હતો. તે શ્રાવકના બાર વ્રત તથા દરરોજ પ્રતિક્રમણ દેવપૂજા ગુરુપૂજા આદિ કાર્યો નિયમિત કરતો. તે સિવાય તે વખતના પ્રખર ધુરંધર આચાર્યો પાસે પણ તે દરરોજ જતો અને ઉપદેશ સાંભળતો. તેના કુલક્રમાગત ગુરુ શ્રી જયસેનસૂરી તથા તે વખતના સમકાલીન આચાર્યો શ્રી દેવપ્રભસૂરી, શ્રી નરચંદ્રસૂરી આચાર્ય શ્રી દેવેંદ્રસૂરી તથા નાગેંદ્રસૂરી આદિ આચાર્યો પાસે ઘણી વખત ઉપદેશ સાંભળવા જતો અને તેમના ઉપદેશથી તેણે ઘણા મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા આબુના જગપ્રસિદ્ધ મંદિરોમાં પણ અઢળક દ્રવ્ય વાપર્યું હતું. બીજાં પણ ઘણાં નવા મંદિરો કરાવ્યાં હતા. તેણે સાડા બાર વાર મોટા સંઘ કાઢી સંઘપતિની પદવીયુક્ત યાત્રાઓ કરી હતી.[૧] તપસ્યામાં પંચમી તપ, ચતુર્દશી આદિ તપસ્યા

૧ છેલી તેરમી યાત્રા કરવા જતા રસ્તામા તે કાળગ્રસ્ત થયો હતો એટલે બાર આખી અને તેરમી અર્ધી એમ થઇ સાડાબાર યાત્રા તેણે કરી હતી.

કરી તેનું ઉજમણું પણ બહુ સારી રીતે કરતો. તેણે ઉદયપ્રભસુરિની આચાર્ય પદવીના સમારંભ ઉપર પણ બહુ સારૂં દ્રવ્ય ખરચ્યું હતું અને તે વખતથી દર વરસે એક કરોડ દ્રમ્મ શ્રાવકોને આપવાનો તેણે નિયમ કર્યો હતો.

તે ધર્મી હતો છતાં ધર્માંધ નહોતો. તેણે કોઇ પણ ધર્મ ઉપર અન્યાય થતો જોઇ યોગ્ય ઇન્સાફ આપ્યો છે તો પછી પોતે તો અન્યાય કરે જ શાનો ? તેણે અન્ય ધર્મીઓનાં મંદિરો પણ ઘણાં બંધાવ્યા છે તેણે ૩૨૦૦૦ બીજા ધર્મવાળાનાં દેવગૃહ કરાવ્યાં હતાં અને સવા લાખ શિવલિંગ કરાવ્યાં હતાં, તથા ૭૫૦ બ્રહ્મશાળાઓ કરાવી હતી.

આવી રીતે જેણે અપૂર્વ પરાક્રમ કરી રાજ્ય કારભાર ચાણક્યબુદ્ધિથી વહી ગુજરાતના રાણા વીરધવલના રાજ્યને મજબુત બનાવ્યું હતું તેની વિદ્વત્તા તેની સત્તા અને શકિત કેવાં હતાં તેનો ખ્યાલ તેનાં અપૂર્વ પરોપકારી સાર્વજનિક કાર્યોથી અને આબુ ઉપર બંધાવેલા જગવિખ્યાત મંદિરો જોવાથી આવે છે. તે દરેક સંપ્રદાયના પક્ષમાં સહાનુભૂતિ દર્શાવનો અને પ્રજાનું હૃદય આકર્ષવાને માટે તે કેટલો આતુર હતો તેનો ખ્યાલ તેણે મુસલમાનોને માટે બંધાવેલી મસીદો નીહાળતા આપણને આવે છે. તેના કીર્તિલેખો, પરોપકારી કૃત્યો, અને સાર્વજનિક કાર્યો તથા અનેકવિધ પ્રશસ્તિઓ બસોથી અઢીસો શિલાલેખો ચતુર્વિંશતિ પ્રબંધ, પ્રબંધ ચિંતામણી, કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન વગેરેમાનાં તેનાં કીર્તિ સ્તવનોએ તેને અમર કર્યો છે. વસ્તુપાળના અવસાન પછી વસ્તુપાલના પુત્રની અભિલાષાના અંગે બાલચંદ્ર મહાકવિએ વસંતવિલાસ રચી તેની કીર્તિ અમર કરી છે. તેમજ મુનિજિનહર્ષરચિત વસ્તુપાળ–ચરિત્ર આદિ સાહિત્ય જોવાથી તેના જીવનમાં કોઇક અનેક ઓજસ જળહળી ઉઠે છે. હવે હું ટુંકાણમાં તેણે કરેલા કાર્યોની નોંધ લઇ વિરમીશ.

તેણે ૧૩૧૩ જિન ચૈત્ય નવા કરાવ્યા તથા ૩૩૦૦ જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો હતો. સવાલાખ પ્રતિમા, એક લાખ શિવલિંગ, ૩૨૦૦ અન્ય ધર્મવાળાંના મંદિરો, ૭૫૦ બ્રહ્મશાલાઓ, ૭૦૧ તપસ્વીઓને રહેવાના મઠ, ૭૦૦ દાનશાલાઓ, ૯૮૪ ઉપાશ્રયો તથા ૮૪ સુંદર સરોવરો, ૪૬૪ વાવ્યો, ૧૦૦ પુસ્તકાલયો[1] તથા ૧૦૦ તપસ્વીઓને માટે વરસાશન બાધી આપ્યું હતું; ૩૦ નવા કીલા બંધાવ્યા હતા અને ૬૩ યુદ્ધ કર્યા હતાં. આવી રીતે ટુંકાણમા તેના કાર્યોની નોંધ મેં લીધી છે. જો કે આથી વધારે નોધ વસ્તુપાળચરિત્રમાં મળે છે, પરંતુ લંબાણુના ભયથી મેં નથી ટાંકયું. વસ્તુપાલનું જીવન સુયોગ્ય મંત્રી તરીકે મહાન યુદ્ધવિશારદ તરીકે પરદુઃખભંજન તરીકે કવિ તરીકે અને સારા ધર્મી તરીકે સંપૂર્ણ છે.

આવા સુનિપુણ મનુષ્યોચિત જીવન પરિપૂર્ણ કરી પોતાની કીર્તિ રૂપી ગંગાને ત્રિલોકમાં ભમાવાને જ્યારે પોતે છેલ્લીવાર યાત્રા કરવા સંઘ સહિત નીકળ્યો ત્યા રસ્તામાંજ તેને વ્યાધિ થયો. અંતે તે વ્યાધિ પ્રાણઘાતક નીકળ્યો અને ત્યાં તે સંવત ૧૨૯૮ મા સ્વર્ગે ગયો.

ભલે તેનો નાશવંત દેહ નાશ પામ્યો હોય પરંતુ તેના નિર્મળ આત્મોદ્દગાર તો નિર્મળ નભોમંડલના ચમકતા તારાની પેઠે જવલંત ભાવે પ્રકાશી રહેલ છે અને તેની કીર્તિ " અમરશ્રીના શુભ્ર પ્રવાહની જેમ " ચો તરફ ફેલાઇ અમરસ્થાન ભોગેવી રહેલ છે–રહેશે.

---

૧ તેણે પોતાને ઘેર ખાનગી ત્રણ જબરજસ્ત પુસ્તકાલય કરાવ્યાં હતા.

જૈન રાજાઓ.

(લેખક—આચાર્ય મુનિ ન્યાયવિજયજી)

૧ મહારાજા ચેટક—ચેડા.

જૈન સાહિત્યમાં વૈશાળીનો ચેટક રાજા શ્રી મહાવીરસ્વામીના પરમ ભક્ત તરીકે બહુ પ્રસિદ્ધ છે તેવીજ રીતે વ્યવહારિક પ્રસંગોથી પણ તેની ખ્યાતિ પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધિનું પ્રથમ કારણ તો શ્રી મહાવીર સ્વામીની માતા ત્રિસલા ચેટકરાજાની બેન થતી હતી અને શ્રી મહાવીર સ્વામીના મોટાભાઇ નંદીવર્ધન સાથે ચેટકની વચલી પુત્રી-જયેષ્ઠાના લગ્ન થયાં હતાં જેમ મહાવીર સ્વામી સાથે તેને ધાટો સંબંધ હતો તેમ ભારતના તે વખતના પ્રસિદ્ધ પ્રસિદ્ધ રાજાઓ સાથે પણ તેને સારો સંબંધ હતો.

સિંધુસૌવીરનો રાજા ઉદાયન, અવંતિનો રાજા પ્રદ્યોત, કૌશંબીનો રાજા શતાનિક, ચંપાનો રાજા દધિવાહન, મગધનો રાજા અને રાજગૃહનો સમ્રાટ શ્રેણિક આદિ તેના જમાતા થતા હતા. તેમજ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલ અજાતશત્રુ (કોણિક) તેનો દૌહિત્ર થતો હતો.

મહારાજા ચેટક બહુ ચુસ્ત જૈનધર્મી હતો અને તેણે પ્રતિજ્ઞા કરી હતી કે પોતાની પુત્રીઓનું કન્યાદાન જૈન રાજાઓ સિવાય બીજા કોઇને ન આપવું. તે પ્રતિજ્ઞા તેણે ઠેઠ સુધી પાળી હતી. તેણે શ્રેણીકને પોતાની પુત્રી ન આપવાથી શ્રેણીકે તે કન્યાનું હરણ કર્યું હતું અને પરણ્યો હતો. જૈન સૂત્રોમા ચેટક રાજા માટે છુટક છુટક ઉલ્લેખો ઘણે સ્થળે મળી આવે છે તેમાંથી થોડા દાખલા અત્રે ટાકું છું. જૈનોના આગમમા ગણાતા આવશ્યક સૂત્રની ચૂર્ણીમા નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છેઃ—

भगवतो मायाति चेडगस्सभगिनी, भो (जा) यीई चेडगस्सधुया

અર્થ:—

"ભગવાન મહાવીર સ્વામીની માતા તે ચેટકની ભગિની હતાં અને મહાવીર સ્વામીની ભોજાઇ તે ચેટકની પુત્રી હતી." આ ઉલ્લેખ ધ્યાનમાં રાખીને ત્યાર પછીના બીજા ગ્રંથકારોએ પણ ચેટકને મહાવીર સ્વામીના મામા તરીકે ઓળખાવ્યા છે. જૈનોના પ્રથમ ગણાતા સૂત્ર આચારાંગમાં મહાવીર સ્વામીના જીવનની ઓળખાણ આપતા નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલ છેઃ—

यथा-समणस्समं भगवओ महावीरस्सअमावासीट्ठसकुला तिसेणंतिम्नि नामधिज्जा एव माही जन्ति. तन्जहा तिसला इवा विदेहदिन्ना इवा प्रिय-कारिणी इवा (આચારંગ સૂત્ર, આગમોદય સમિતિ દ્વારા પ્રકાશિત. પૃ. ૪૨૨).

અર્થ:—

સમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની માતા જેનું વાસિષ્ઠ ગોત્ર હતું તેનાં ત્રણ નામ હતાં. ત્રિસલાદેવી, વિદેહીદિન્ના, અને પ્રિયકારિણી.

મહારાજા ચેટકને પોતાના પૌત્ર સમર્થ સમ્રાટ્ કોણીક સાથે એક ખુનખાર લડાઇ થઇ હતી. તેનું મુખ્ય કારણ જૈન ગ્રંથકારો નીચે પ્રમાણે આપે છે.

શ્રેણીકને અમુક કારણસર કોઇક દેવે પ્રસન્ન થઈ અમુલ્ય કુંડલ અને એક ગંધ હસ્તી ભેટ આપ્યો. શ્રેણીકે તે વસ્તુ પોતાની સ્ત્રીને આપી અને તેમણે પોતાના પુત્રને આપી.[1] શ્રેણીકના મરણ પછી કોણીક ગાદી ઉપર આવ્યો અને તેણે સત્તાના મદથી પોતાના ભાઇ ઉપર હુકમ કર્યો કે હસ્તિ અને કુંડલ મને સ્વાધીન કરો. ખરો હકદાર હું જ છું. બંને ભાઇઓએ રોકડું પરખાવી દીધું કે પિતાએ અમને હસ્તિ અને કુંડળ આપ્યાં છે અને તમને રાજ્ય આપેલું છે એટલે તે વસ્તુઓમા તમને કંઈ લાગે વળગે નહિ. આથી કોણીક ખીજાયો અને તેમને મારવા પ્રયત્ન કરવા માંડયો. બંને ભાઇ ત્યાંથી પોતાના માતામહ પાસે ગયા. ચેટકે પોતાના દૌહિત્રોને આશ્વાસન આપી પોતાના આશ્રિત તરીકે રાખ્યા. કોણીકે પોતાના માતામહ પાસે ભાઇની માગણી કરી પણ બહાદુર ક્ષત્રિય રાજાએ જવાબ આપ્યો કે આશ્રિતોનું રક્ષણ કરવું એ અમારી ફરજ છે. આ સાંભળી કોણીકને ક્રોધ ચડયો અને મોટું સૈન્ય લઇ ધુમતો યુદ્ધ કરવા આવ્યો. ચેટકને વિચાર થયો કે દૌહિત્રને મારીને રાજ્ય મેળવવું એ પણ એક જાતનું કલંક છે. અંતે તેણે લાચારીથી યુદ્ધ માંડયું. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અને યુવાન રાજા કોણીકે કપટથી પોતાના માતામહને હરાવ્યો. તેને છાતીમા બાણ મારી ભૂમિ ચાટતો કર્યો. ચેટક રાજા દૌહિત્રના હાથે મરાયો.[2] કોણીકને આથી વિશેષ ધિક્કાર મળ્યો. તેણે પિતાને માર્યો, માતામહને માર્યો અને અંતે ભાઇને પણ માર્યો.

જૈન સૂત્ર ગ્રંથોમાં ચેટક રાજા માટે છુટક છુટક ઘણા લેખો મળે છે પરંતુ આ મહાન રાજાને હિંદના ઐતિહાસિક રાજા તરીકેનું હજી સ્થાન પ્રાપ્ત થયું નથી. કોઇ જૈન વિદ્વાન્ મહાશય આ રાજાને બહાર લાવવા શુભ પ્રયત્ન કરશે એમ આશા છે. આ સિવાય બીજા ઘણા રાજાઓ છે કે જેમનાં નામ જૈન ઈતિહાસ સિવાય આપણે બીજે સ્થાને સાંભળ્યાં નથી.

તા. ક. ચેટક રાજા માટે સાહિત્યપ્રેમી આચાર્ય શ્રી જિનવિજયજી તરફથી "વૈશાલીનો ગણસત્તાક રાજ્યનો નાયક રાજા ચેટક" નામનો લેખ પુરાતત્ત્વમાં શરૂ થયો છે. તેમા તેમણે તે રાજાને ઐતિહાસિક દૃષ્ટિએ સિદ્ધ કરવા બહુ સારો પ્રયત્ન કર્યો છે. આચાર્ય શ્રીને સાથે સાથે એટલી પણ વિશેષ વિનંતી છે કે ક્રમશઃ બીજા જૈન રાજાઓના સંબંધમાં કાંઇક જાણવા જેવું બહાર પાડે.

---

૧ અથવા તો એમ પણ મળે છે કે પોતાના મોટા પુત્રને રાજ્ય અને નાના કુંવરને કુંડલ અને હસ્તિ આપ્યાં.

૨ ચેટક રાજા કોણીથી મરાણા નથી. તેણે અનશન કરીને કુવામાં પડતું મુક્યું હતું.

મહારાજા ઉદાયન (અન્તિમ જૈન રાજર્ષિ.)

સિંધુ સૌવીરના આ પ્રખ્યાત રાજાના સંબંધમાં જૈન સૂત્રોમાં ઘણે સ્થળે ઉલ્લેખો મળે છે. આ રાજા અન્તિમ જૈન રાજર્ષિ તરીકે પ્રસિદ્ધ છે તેમજ મહારાજા ચેટકના જમાતા તરીકે પણ પ્રસિદ્ધ છે. આ રાજર્ષિ માટે જૈનોના અતિપવિત્ર આગમ–સૂત્ર શ્રી ભગવતીજીમાં નિચે પ્રમાણે ઉલ્લેખ મળે છેઃ—

तेणं कालेणं समयेणं सिंधुसैवीरेसु जणवएसु वीतीभए नाम नगरे होत्था। तस्सणं वीतीभयस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थणं मियवणं नामं उज्जाणे होत्था। तत्थणं वीतीभए नगरे उदायणे नामं राया होत्था...तस्स...रन्नो प्रभावती नामं देवी होत्था...तस्स णं उदायणस्स रन्नो पुत्ते प्रभावतीए देवीए अत्तए अभीति नामं कुमारे होत्था।...तस्सणं उदायणस्स रन्नो नियए भायणेज्जे केसी नामं कुमारे होत्था।... से णं उदायणे राया सिंधु सैवीरप्पामेक्खाणं सोलसाण्हं जणवयाणं वीतीभय प्पामोक्खाणं तिण्हं ते सट्ठिणं नगरागर सयाणं महासेणप्पामोक्खाणं दसण्हं राइणं बद्ध माउ डाणं विदिन्नछत्तचामरवालवीयाणं न्नेसिं च बहूणं राईसरतलवर जावसत्थवाहप्पभिईणं आहेवच्चंजाव कारेमाणे पालेमाणे समणेवासए अभिगयजीयाजीवे जावविहरइ। (આગમોદય સમિતિદ્વારા પ્રકાશિત ભગવતી. પૃ ૬૧૮.)

તે કાલ અને તે સમયમા સિંધુસૌવીર નામના દેશમાં વીતિભય નામે એક શહેર હતું, તે શહેરની ઉત્તર–પૂર્વ બાજુએ મૃગવન નામે ઉદ્યાન હતું. તે વીતિભય શહેરમાં ઉદાયન નામે રાજા હતો. તે રાજાને પ્રભાવતી નામે પટરાણી હતી. તેને અભિત નામે પુત્ર હતો. તે ઉદાયન રાજાને કેસી નામે એક કુમાર ભાણેજ હતો. તે ઉદાયન રાજા સિંધુસૌવીર આદિ સોળ જનપદ, વીતિભય આદિ ત્રણસો ત્રેંસઠ નગર અને આકર (ખાણ) તથા મહાસેન આદિ દસ મોટા મુકુટબદ્ધ રાજાઓનો, તેમજ બીજા અનેક નગર રક્ષક. દણ્ડનાયક, શેઠ, સાર્થવાહ આદિ જનસમૂહનો સ્વામી હતો. એ શ્રમણોપાસક અર્થાત જૈન શ્રમણોનો ઉપાસક હતો, અને જૈન શાસ્ત્ર પ્રતિપાદિત જીવ અજીવ આદિતત્ત્વ–પદાર્થનો જાણકાર હતો ઇત્યાદિ.

આ સૂત્ર ઉપરથી સમજાય છે કે તે બહુ ધર્મચુસ્ત અને જૈન દર્શનનો યથાર્થ જ્ઞાતા હતો. આ સૂત્રમાં લખ્યું છે કે તે મહાસેન પ્રમુખ દસ મુકુટબદ્ધ રાજાઓ તેના આજ્ઞાંકિત હતા. મહાસેન સિવાય બીજા નવ રાજાઓનાં નામ ક્યાંય જોવામાં આવ્યાં નથી. મહાસેન જેનું બીજું નામ ચંડપ્રદ્યોત છે તે તેનો આજ્ઞાંકિત કેવી રીતે બન્યો તેનો ઉલ્લેખ જૈન સૂત્રોમાંથી નીચે પ્રમાણે મળે છે અને તેનો ઉલ્લેખ આચાર્ય શ્રી જિનવિજયજીએ પુરાતત્ત્વમા આપ્યો છે, તેનો ટુંકાણમા ઉતારો આપું છું.

" એક વખતે કેટલાએક મુસાફરો સમુદ્રની યાત્રા કરતા હતા ત્યાં રસ્તામાં અચાનક તોફાન થવાથી તેમનાં વહાણુ એક ધારાએ ચડયાં અને કોઈ રીતે આગળ વધે નહિ તેથી

લોકો બહુ ગભરાયા. તેમની આ દશા નજીકના એક દેવના જોવામાં આવી. તેણે પોતાની શક્તિથી વહાણ બહાર કહાડયું અને તેણે લોકોને પોતે બનાવેલી એક ચંદનમય શ્રી મહાવીર દેવની પ્રતિમા લાકડાની એક પેટીમા પેક કરીને આપી અને કહ્યું કે આ પેટીમાં દેવાધિદેવની મુર્તિ મુકેલી છે; એના માહાત્મ્યથી તમે સહિસલામત પાર ઉતરી જાઓ. થોડા દિવસમા વહાણ સિંધુસૌવીરના કાઠે આવ્યું અને અહીં તેમણે તે પેટી પ્રતિમા સહિત ઉતારી મુકી અને તે પ્રતિમાને ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતે ઘેર એક ચૈત્ય બનાવી પધરાવી અને હંમેશાં તેની પૂજા કરવા લાગી.

રાજા જો કે પહેલા તાપસધર્મી હતો પરંતુ પાછળથી જૈન થયો હતો અને ધીમે ધીમે આ નવી આવેલી પ્રતિમા ઉપર બહુ શ્રદ્ધાવાળો થતો ગયો. એક દિવસે રાણી નાચ કરતી હતી અને પોતે વીણા વગાડતો હતો તે વખતે રાજાની દૃષ્ટિમા રાણીનું માથું દેખાયુ નહિ તેથી રાજા બહુ ગભરાયો અને તેના હાથમાંથી વીણા વગાડવાનો ગજ સરકી પડયો. રાણીના તાલમાં ભંગ થવાથી ગુસ્સે થઇ બોલી કે સ્વામિન્ મારી કંઇ ભૂલ થઇ કે જેથી તમે એકદમ વીણા વગાડવી બંધ કરી દીધી? રાણીના આગ્રહથી રાજાએ બનેલી બીના કહી. આ સાંભળી રાણી સમજી ગઇ કે મારૂ આયુષ્ય થોડું છે માટે કંઇક આત્મસાધન કરવું એમ સમજી દીક્ષા લેવા માટે સ્વામીની રજા માગી, ત્યારે રાજાએ તું મરીને દેવી થા તો મને બોધ કરવા આવજે એમ કહી દીક્ષા લેવાની રજા આપી. રાણી દીક્ષા લઇ થોડા વખતમાં મૃત્યુ પામી સ્વર્ગલોકમાં ગઇ અને ત્યાં જઇ તેણે સ્વર્ગમાંથી આવીને રાજાને સદ્‌બોધ કર્યો અને રાજા ત્યારથી ધર્મ ઉપર વધારે દૃઢ મનનો થતો ગયો.

રાણીના મરણ પછી તે મુનિની પૂજા તેની એક વિશ્વાસુ કુબડી દાસી નિયમિત કરતી હતી. એક વખતે દર્શનને માટે આવેલા કોઇક દેવે પ્રસન્ન થઇ તેને એક સુવર્ણ ગુટિકા આપી અને તેના પ્રતાપથી તે કુબડી મટી સુડોળ અને કંચનવર્ણી કાયાવાળી થઇ. દાસીના રૂપના વખાણ ચોતરફ ફેલાયાં અને અવન્તિનાથ ચંડપ્રદ્યોતે પણ તે સાંભળ્યા. દાસીના રૂપનાં વખાણ સાંભળી તેના રૂપ ઉપર તે મોહિત થયો અને તેને પરણવાને માટે પેરવી રચી. પછી એક દિવસે ખાનગી રીતે કુબડી દાસીના કહેવા પ્રમાણે એક નવી બનાવટી પ્રતિમા લઇ તે ત્યાં આવ્યો. દાસીએ પેલી નવી પ્રતિમા જુની પ્રતિમાને સ્થાને મુકી પેલી પ્રભાવશાળી જુની પ્રતિમા સાથે ઉપાડી લીધી. રાજાને આ વાતની ખબર બીજે દિવસે પડી કે પ્રતિમા સહિત દાસીનું ચંડપ્રોદ્યત રાજા હરણ કરી ગયો છે. તેણે ચંડપ્રોદ્યત પાસે તેની માગણી કરી પરંતુ ગર્વિષ્ટ અવન્તિનાથે તે આપી નહિ. ઉદાયને કહ્યું કે તું દાસીને લઇ ગયો તેની મને ચિન્તા ઓછી છે પણ પ્રતિમાને તું પાછી મોકલાવી દે. પરંતુ તેણે કંઇ માન્યું નહિ. પછી ઉદાયન રાજા પોતાના મોટા સૈન્ય સાથે લડાઇ કરવા તેની સામે ગયો. અવન્તિનાથ તેનું સન્માન કરવા તત્પરજ હતો. બે શત્રુ ભેગા મળ્યા. ઉદાયને અવન્તિનાથને કહ્યું કે સૈન્યોનો ઘાણ કહાડવા કરતા આવી જાઓ આપણે બન્ને એકલા લડીએ. અવન્તિનાથે તે કબુલ કર્યું. બન્ને જણા રણાંગણમા આવ્યા પરંતુ થોડી વાર પછી તરતજ અવન્તિનાથ હાથી ઉપર બેસી ગયો અને લડાઇ કરવા માંડી. ઉદાયને જરા પણ વિચાર કર્યા સિવાય

ઉભાં ઉભાં લડવા માડયું. તેણે પોતાના ભાલાથી શત્રુના ગજના કુંભસ્થલ ઉપર ભાલા માર્યા. હાથી હેઠો પડયો કે તરતજ ઉદાયને બહાદુરીથી શત્રુની અંબાડીમાં પેસી તેને જીવતો કેદ કર્યો. અવન્તિનાથ હાર્યો; તેના સૈનિકોએ નાસ ભાગ કરી પછી ઉદાયને શત્રુનું રાજ્ય સંભાળ્યું. અને રાજકેદી–ચંડપ્રદ્યોતને સાથે લઇ પોતાના દેશભણી આવવા નીકળ્યો. રસ્તામા તેને ચોમાસું નડવાથી એક મોટા મેદાનમાંજ જુદા જુદા કીલ્લા બાંધી સૈન્ય વિશ્રાંત માટે રહ્યું.

ત્યાં પર્યુશણ પર્વ આવ્યાં. ઉદાયન રાજા ચુસ્ત જૈન હતો એટલે સંવત્સરી[1] ને દિવસે પોતાના શત્રુ રાજાને[2] પણ ઉદાર દિલથી માફી આપવા છોડી દીધો.

પોતે ઘેર આવ્યા પછી એક વખતે જગદુદ્ધારક શ્રી વીરપ્રભુના ઉપદેશથી દીક્ષા લીધી અને પોતે ધીમે ધીમે ઉપદેશને માટે અન્ય સ્થળે વિહાર કરવા લાગ્યો. સાધુપણામા નિરંતર તપસ્યાના કારણથી તેના કોમળ શરીરને વ્યાધિ થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું કહ્યું અને તે વ્રજમાં રહ્યો. એક દિવસે પોતે પોતાની રાજધાનીમાં ગયો. ત્યા તેના ભાણેજના મંત્રીઓએ તેના ભાણેજને ખોટું ભરમાવ્યું કે ઉદાયન દીક્ષાથી કંટાળી રાજ લેવા આવ્યો છે. તેના ભાણેજે પહેલાં તો કંઇ માન્યું નહિ પરંતુ તેઓએ તેને સમજાવ્યું કે તે વાત સાચી છે ત્યારે તેણે કહ્યું કે રાજ તેમનું છે ને લઇ લે તો કંઇ વાંધો નથી. તેઓએ કહ્યું કે રાજધર્મ એવો નથી. અને તેમણે એમ નક્કી કર્યું કે તેને વિષ આપવું પછી એક ગોવાલણ પાસે દહીંમા ઝેર અપાવ્યું. રાજા ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગે ગયો. રાજાના મૃત્યુથી ત્યાં નજીકના નગરદેવના બહુ કુપિત થયા અને તેણે ધુળનો વરસાદ વરસાવી એક કુંભાર કે જે ઉદાયનની ભક્તિ કરતો હતો તેના સિવાય આખા ગામને દાટી દીધુ અત્યારે પણ તે ધુળનો ઢગલો મોજુદ છે.[3]

૨ મહારાજા શ્રેણીજી

મહારાજા શ્રેણીક અત્યારે જીવંત રૂપે નથી; તે તો આજથી ૨૫૦૦ વરસ પહેલા થઇ ગયા, છતાં તેની કીર્તિ જૈન સમાજમા અત્યાર સુધી જ્વલંત ભાવે પ્રકાશી

---

૧ જૈનોનો અતિ પવિત્ર દિવસ મનાય છે. તે દિવસે લોકો પોતાનાં આખા વર્ષનાં પાપોનું પ્રાયશ્ચિત કરે છે અને જેની સાથે કંઇ પણ બોલાચાલી થઇ હોય તેને ખુલ્લા દિલથી ખમાવે છે–માફી માગે છે.

૨ જ્યારે ઉદાયને ચંડપ્રદ્યોતને હરાવ્યો ત્યારે "દાસીપતિ" શબ્દ કપાલમાં લખ્યા હતા, પરંતુ જ્યારે એક સધર્મી તરીકે તેને છોડયો ત્યારે તે શબ્દો ન દેખાય તેને માટે તેના કપાલમા એક પટ્ટબંધ બાંધ્યો હતો. ઉદાયને ચંડપ્રદ્યોતને એક સધર્મી બંધુ જાણી છોડી દીધો હતો અને તેનું મુખ્ય કારણ એમ હતું કે તેણે પણ સંવત્સરીને દિવસે ઉપવાસ કર્યો હતો.

૩ આ હકીકત માટે વધુ જાણવા ઇચ્છનાર મહાશયે આવશ્યક ચૂર્ણિ આદિ ગ્રંથો જોવા તસ્દી લેવી.

રહી છે. જૈનોના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત તરીકે એક ન્યાયી પ્રજાપાલ તરીકે અને યુદ્ધવિશારદ તરીકે તેના યશોગાન જૈન સૂત્રો અને ગ્રંથોમાંથી, હેમચંદ્રાચાર્યના પર્વમાં તથા શ્રેણીકચરિત્ર આદિ કથામાં જૈન ત્યાગી મુનીવરો—આચાર્યોએ આદરભાવથી ગાયાં છે એ જ તેની કારકીર્દિ જણાવવાને ખરાં સાધનભૂત છે.

હીંદના એક ઐતિહાસિક રાજા તરીકેની કીર્તિ તથા તેનું નામ જૈન ગ્રંથોમા જેટલું પ્રસિદ્ધ છે તેટલું બૌદ્ધ ગ્રંથોમાં પણ અજાતશત્રુના પિતા તરીકે ઘણે સ્થળે મળી આવે છે. છતાં આ પુરુષ હીંદના પ્રાચીન રાજાઓના ગણમા એટલો બધો પ્રસિદ્ધ નથી કે જેટલો જૈન અને બૌદ્ધ ગ્રંથોમા પ્રસિદ્ધ છે. જો કે અત્યારે આ રાજાને ઐતિહાસિક દૃષ્ટિએ સિદ્ધ કરવાનો સમય નથી, એટલે હું અત્યારે તે સબંધી ચર્ચા કરવા નથી ઇચ્છતો, છતાં આ રાજાના એક નજીકના સગા મહારાજા ચેટક અને શ્રેણીકને શો સંબંધ હતો અને એ ચેટક કોણ હતો તેનું વર્ણન ટુંકાણમા આપીશ તો અસ્થાને નહિ ગણાય. મહારાજા ચેટક તે વખતનો એક સુપ્રસિદ્ધ રાજા હતો અને તેની રાજ્યધાનીનું મુખ્ય શહેર વિશાલ નગરી હતું. તેને સાત કુંવરી હતી તેમાં ચેલણા બધાથી નાની હતી. તેને આપણો ચરિત્રનાયક શ્રેણીક હરણ કરી પરણ્યો હતો, એટલે શ્રણીક ચેટક રાજાનો જમાઇ થાય. તેની પોતાની પ્રથમ પુત્રી ઉદાયન સાથે પરણી હતી, બીજી ચંપાના દધિવાહનને, ત્રીજી મૃગાવતી કોસંબીના સેનાનિકને, ચોથી ઉજ્જૈયનીના પ્રદ્યોતને પાંચમી કુંડગામમાં મહાવીર સ્વામીના મોટા ભાઇ નંદિવર્ધનને પરણાવી હતી. તેમા છેલ્લીએ દીક્ષા લીધી હતી અને ચેલણાને શ્રેણીક રાજા હરણ કરી પરણ્યો હતો. આવી રીતે તે વખતના મુખ્ય મુખ્ય રાજા સાથે તેને સંબંધ હતો. (વંશ માટે જુઓ ભારતીય પ્રાચીન રાજ્યવંશો ભાગ ૧ લો.)

મહારાજા શ્રેણીક સાહસિક અને ધૈર્યવાન હતો. તેના પિતાનું નામ પ્રસેનજીત હતું શ્રેણીકને બત્રીસ ભાઇ હતા તેમા તેનો નંબર સૌથી છેલ્લો હતો. શ્રેણીકને એક ચક્રવર્તી રાજા થવાની યોગ્યતા હતી. તે નાનપણથી જ હોશીયાર હતો. તેના પિતાએ પુત્રની યોગ્યતા પહેલેથી જ જોઈ લીધી હતી. પિતાએ બધામાંથી રાજ્યને યોગ્ય કોણ છે તેની બારીક તપાસ કરવા માંડી. આપણે તેનાં થોડાંક દૃષ્ટાંતો જોઇશું તો અસ્થાને નહિ ગણાય. એક વખતે રાજ્યમહેલમાં અગ્નિ દેવે કૃપા કરી બધી વસ્તુઓનું ભક્ષણ કરવા માડયું. પિતાએ કહ્યુ કે આ અગ્નિ દેવના મુખમાંથી જે મનુષ્ય જે વસ્તુ બચાવી લે તે વસ્તુ તેની. ઘણા મનુષ્યો આ લાભ લેવા જીવના જોખમે પણ ઝુકયા અને તેમાં રાજાના બત્રીસ કુંવરો પણ તે લોભ ન છોડી શકયા. કુમારોમાથી કોઇએ નવલખો હાર તો કોઇ હીરા મોતીનો હાર, તો કોઇએ કિંમતી કુંડલ આદિ લઈ લીધા, પરંતુ શ્રેણીકે યુદ્ધની ભંભા લીધી.[૧]

બધાએ શ્રેણીકની અમુલ્ય તથા તેમના મનથી તુચ્છ વસ્તુ માટે તેની ઠઠ્ઠા મશ્કરી કરી. આવીજ રીતે એક બીજી પરીક્ષા કરી તેમાં પણ શ્રેણીક પ્રથમ નંબરે ઉતર્યો છતાં તેના પિતાએ તો તેની ગૂઢ મશ્કરીજ કરી. તેણે બધા કુમારોને થોડા થોડા દેશના સુબા નીમ્યા પરંતુ શ્રેણીકને પોતાની રાજ્યધાનીમા જ રાખ્યો. જો કે પિતાની ઇચ્છા તો

૧ આ એક જાતનું યોદ્ધાઓને શૂર ચઢાવનાર વાજીંત્ર છે.

એવી હતી કે શ્રેણીક રાજા થવાને મથે છે માટે તેને અહીંઆજ રાખવો. શ્રેણીકને આ વાતની ખબર નહોતી એટલે અભિમાની શ્રેણીકને ઘણું ખોટું લાગ્યું અને પોતે પોતાનું ભંભા નામનું કીંમતી વાજીંત્ર લઇ ત્યાથી છાનો માનો ચાલી નીકળ્યો. રસ્તામાં પોતાનું ક્ષાત્ર તેજ પ્રકાશતો તે રાજવી ત્યાથી બેનાતીમા ગયો અને ત્યા એક વણિકની દુકાને જઇ પોતાનો ઉતારો કર્યો. તે ઉદાર દિલના વાણીઆએ અમુક નિમિત્તથી તેનું ભાગ્ય તપાસી પોતાને ઘેર ઉતારો આપ્યો અને તેને પોતાની કુંવરી પણ પરણાવી. હવે પોતે ત્યા પોતાના ભાગ્યની પરિસીમાના બળથી એક રાજવી તરીકે સુખ ભોગવવા લાગ્યો.

હવે આ બાજુ તેના પિતાએ પણ શ્રેણીકની ઘણી તપાસ કરાવી. પહેલાં તો તેનો પત્તો ન લાગ્યો વૃદ્ધ પિતાને પોતાની ભુલ ઉપર ઘણો પસ્તાવો થયો. અન્તે તપાસ કરતા માલુમ પડયું કે શ્રેણીક ત્યા બેનાતીમાં મજા ઉડાવે છે પછી પુત્રવત્સલ પિતાએ તેને એક માણસ દ્વારા એક ગુપ્ત શ્લોકથી ખબર આપી અને તેમા પોતે અંતમાં જણાવ્યું કે હવે હું છેલ્લી ઘડી તારૂં મુખ જોઉં કે જેથી મારા આત્માને શાંતિ મળે. પિતાપ્રેમી પુત્રને આ વાચી ઘણું દુઃખ થયું અને પોતાની ભુલ પોતે જાણી ઘણો પસ્તાવો કર્યો, અને તે જ સમયે પોતાની સ્ત્રી જેને ગર્ભ રહ્યો હતો તેને પોતાના સસરાના આશ્રયે મુકી તેની સપ્રેમ રજા લઇ પોતાના વતન તરફ રવાના થઇ ગયો.

ત્યાંથી મજલ દર મજલ કરતો જલ્દી તે પોતાના પિતા પાસે ગયો. જ્યારે તે તેના પિતાને મળ્યો તે વખતે તેનો પિતા અંતિમ સ્થિતિએ હતો–મરવાની અણી પર હતો. તેણે પોતાના પુત્રનું મુખ જોઇ રાજી થઇ પોતાનુ સમગ્ર રાજ્ય શ્રેણીકને આપ્યું અને સાથે સાથે કહ્યું કે તારા વડીલ ભાઇઓને પણ યોગ્ય સન્માનપૂર્વક સાચવજે આવી ભલામણ કરી પુત્રને સુખી સ્નેહાળ પિતા સ્વર્ગે સિધાવ્યો.

શ્રેણીકને કંઇક આશ્ચર્ય તો થયું કે હું તો એમ સમજતો હતો કે પિતાનો મારા ઉપર પ્રેમ નથી અને મને તો રાજ્ય આપ્યું. પરંતુ તેને પછી માલુમ પડયું કે પોતેજ સમજવામાં ભૂલ કરી હતી પોતાને પોતાની ભૂલ અને પિતાના શોક માટે ઘણું ખોટું લાગ્યું અને અમુક દિવસ સુધી તો પોતે ઘરબહાર પણ ન નીકળ્યો. પછી મંત્રીઓએ ખુબ સમજાવી તેને રાજકારભાર સોપ્યો. શ્રેણીકે પોતાના હાથમાં રાજકારભાર લઇ તેની બરાબર સંભાળ લીધી અને આખા રાજને સંતોષ પમાડયા પછી પોતે વિજયયાત્રા કરવા નીકળ્યો.

તેણે પિતાએ જીતેલા દેશો ઉપરાત બીજા પણ કેટલાએક રાજાઓને જીત્યા હતા. પરંતુ તે વખતનો સુપ્રસિદ્ધ મહારાજા ચેટક તેની આજ્ઞા નહોતો માનતો. બે રાજાઓ અડગ, બળવાન, અને ધૈર્યમાં એક સરખા હતા એટલે બેમાથી કોઇ એક બીજાની આજ્ઞા નહોતો માનતો, તોપણ એ બન્ને મિત્રો તરીકે રહેતા હતા. આ સંબંધ શ્રેણીક સુધી જ ચાલ્યો હતો.

મહારાજા શ્રેણીક જેમ સારો યોદ્ધો હતો તેમ પંડિતો ઉપર પણ તેને સારો પ્રેમ હતો. તે પંડિતોને બહુ સારૂં માન આપતો અને પોતાના મંત્રીઓ તરીકે વિદ્વાન અને

ડાહ્યા પુરુષોને જ રાખતો. એમ કહેવાય છે કે તેને ૫૦૦ મંત્રીઓ હતા.[1] તેમાં પણ ૪૯૯ મંત્રીઓ કરતા છેલ્લો મંત્રી શ્રી અભયકુમાર કોઈક અલૌકિક પ્રતિભાસંપન્ન પુરુષ હતો. તે મહારાજા શ્રેણીકનો મોટો છોકરો થતો હતો. મહારાજા શ્રેણીકે એક વખતે પોતાના પાડોશી અને મિત્રરાજા ચેટકની પુત્રી સુજ્યેષ્ઠા કે જેના રૂપનાં વખાણ દેશોદેશમા બહુ પ્રસરી રહ્યાં હતાં તેનું માગું કર્યું પરંતુ ચેટક રાજાને તે વાત પસંદ ન પડી અને તેણે તે માટે શ્રેણીકનું અપમાન કર્યું.

શ્રેણીકને ચેટકની મૈત્રી તોડવી ન ગમી પરંતુ તેને કન્યા ન મળી તેના કરતાં પણ અપમાનથી બહુ દુઃખ થયું. તેણે વિચાર કર્યો કે ગમે તેમ કરી અપમાનનો બદલો લેવો. તેનું શરીર ચિન્તામાં અને ચિન્તામાં ગળવા લાગ્યું. આ ખબર તેના પુત્ર અને મહામંત્રી અભયકુમારને મળ્યા. તેણે પિતાને કહ્યું કે હું ગમે તેમ કરી તમને ચેટકની પુત્રી મેળવી આપીશ આપ ચિન્તા ન કરો.

અભયકુમાર એક વેપારીનો વેશ લઈ શ્રેણીક રાજાની સુંદરમાં સુંદર તાદશ છબી ચિતરાવી વિશાલા નગરીમાં એક અત્તરના મહાન્ વેપારી તરીકે ગયો, અને રાજમંદિર પાસે પોતાનો વેપાર ચલાવ્યો. તેણે દુકાનોમા ચારે બાજુ બધી છબીઓ ગોઠવી અને વચમાં ચૂડામણિ સરખા શ્રેણીકની છબી મૂકી. પછી દરરોજ આ સુજ્યેષ્ઠાની દાસી તેની પાસે તેલ અત્તર આદિ લેવા આવે ત્યારે પોતે તે છબીને પગે લાગે ફૂલ ચડાવે. દાસીએ પૂછ્યું કે આ છબીને તમે શું કરો છો? એટલે તેણે કહ્યું કે એ અમારા રાજા શ્રેણીક છે. તે દાસીએ તે છબી જોવા માગી ત્યારે તેણે કહ્યું કે અમારા રાજાનું અપમાન ન થાય તેવી રીતે ખુશીથી લઈ જાવ. પછી દાસી તે છબી સુજ્યેષ્ઠા પાસે લઇ ગઈ. સુજ્યેષ્ઠા શ્રેણીકનું અદ્ભુત રૂપ જોઈ તેના ઉપર મુગ્ધ બની. તેને શ્રેણીકને પરણવાનું મન થયું અને પોતે પગે ચાલી અભયકુમાર પાસે આવી કહ્યું કે મને તમારા રાજાના ગુણ સાંભળવાનું મન થયું છે. બુદ્ધિનિધાન અભયે તે યથાયોગ્ય વર્ણવી બતાવી આપ્યુ અને સુજ્યેષ્ઠાને ખાતરી કરી કે આ મને લાયક વર છે. તેણે અભયને ખાનગીમાં કહ્યું કે મને શ્રેણીક પાસે લઈ જાવ. અભયકુમારે વિશાલા નગરીની બહાર ખંડેરથી માંડી ઠેઠ શ્રેણીકની રાજધાની રાજગૃહ સુધી મોટી સુરંગ ખોદાવી. શ્રેણીકને બોલાવ્યો. શ્રેણીક બત્રીસ સુભટો સહિત ત્યાં ગયો અને સુરંગ બહાર જઇને જોયું તો સુજ્યેષ્ઠા અને ચેલણા બંને બહેનો ત્યાં ઉભી હતી. શ્રેણીકને સુજ્યેષ્ઠા પરણવી હતી, પરંતુ નાની બહેનને સુજ્યેષ્ઠા પર બહુ હેત હોવાથી તેના આગ્રહથી તે ત્યાં આવી હતી. શ્રેણીકે કહ્યું કે તમે રથમાં બેસી જાત; ત્યાં સુજ્યેષ્ઠાને કંઇક સાભરી આવ્યું હોય તેમ તેણે કહ્યું કે હું ઘેર ઘરેણાનો કંડીઓ ભુલી ગઈ છું. માટે લઇ આવું ત્યાંસુધી અહીં થોભો. સુજ્યેષ્ઠા ઘેર ગઇ, પાછળ શ્રેણીકના સુભટોએ કહ્યું કે શત્રુરાજ્યમા નિર્ભય રીતે વધારે વખત રોકાવું ઠીક નથી માટે ચાલો. શ્રેણીક ચેલણાને લઈ ત્યાંથી ચાલી નીકળ્યો. થોડી વારમાં સુજ્યેષ્ઠા પાછી આવી પરંતુ ત્યા

---

૧ તેને ૫૦૦ મંત્રીઓ હોય તે વાત લગાર અસંભવિત લાગે છે. પરંતુ એમ હોય ખરૂં કે તેની સભાના ૫૦૦ સભ્યો હોય અને તેઓ તેને રાજકાર્યમાં મદદ આપતા હોય અને તેથી જ તેમને મંત્રી કહ્યા હોય તો તેમા કાંઈ અયોગ્ય નથી.

તો કોઇ ન હતું. તે ગભરાઈ ગઇ અને તેણે બુમ પાડી કે મારી બ્હેનને શ્રેણીક લઇ ગયો. બહાદુર ચેટકરાજા આ સાંભળી ત્યાં આવ્યો. શ્રેણીક તો પોતાના સુભટોથી ઘણે આગળ નીકળી ગયો હતો. તેને પછવાડે શું થાય છે તેની ખબર ઘણી મોડી પડી. તેના સૈનિકો લડયા અને બહાદુર બત્રીસ સુભટો મરાયા. ત્યાં રાજગૃહની હદ આવી એટલે ચેટકરાજા હાથ ઘસી પાછો વળ્યો.

શ્રેણીકરાજા ચેલણાને પરણ્યો તે પહેલા બુદ્ધ ભગવાનનો પરમ ભક્ત હતો. પરંતુ ચેલણા જૈન હતી અને તેના ઉપદેશથી તેને પરમ કારુણિક શ્રી મહાવીર સ્વામી ઉપર શ્રદ્ધા બેઠી અને તે તેમની પાસે ઉપદેશ સાંભળવા જતો. ધીમે ધીમે તે ચુસ્ત શ્રાવક થયો અને તેણે ગાર્હસ્થ દીક્ષા સ્વીકારી. પોતાના રાજ્યમા પણ તેણે જૈન ધર્મનો ફેલાવો સારો કર્યો હતો. એ તો કહેવાય જ છે કે **यथा राजा तथा प्रजा**. આ કથની બરાબર સાચી છે. તેને જૈન સાધુઓ ઉપર એટલો બધો હાર્દિક પ્રેમ હતો કે કોઇ એક ખોટી રીતે એમ કહે કે અમુક સાધુની આ ભૂલ છે તોપણ તે માનતો નહિ; કારણ કે તેની ખાતરી હતી કે મહાવીર સ્વામીના શિષ્યમાં ભુલ ન હોઇ શકે. જેના ગુરુ સર્વજ્ઞ છે તેમના શિષ્યો ભુલ કેમ કરી શકે ?

શ્રેણીક રાજા બહુ ગુણગ્રાહી હતો. એક વખતે પોતે પોતાના સૈનિકો સહિત શ્રી મહાવીર પ્રભુને વંદવા જતો હતો ત્યાં રસ્તામા એક કુતરાનું મૃત શરીર પડયું હતું. બધા સૈનિકો તેની તરફ થુંક્યા અને ઘૃણાની નજરે જોઇ ચાલતા થયા. શ્રેણીકરાજા કુતરાને જોઇ બોલ્યા કે મહંતોની દંતપંક્તિ કેવી સુંદર અને ઉજ્વલ છે ! આ સુંદર દાખલો તેની ગુણગ્રાહકતા માટે બસ થશે.

શ્રેણીક રાજાને પોતાની વહાલી સ્ત્રી ચેલણા રાણીથી કોણીક નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે ગર્ભમા હતો ત્યારથી જ તેની માતાને પોતાના પતિનું માસ ખાવાની દુષ્ટ ઇચ્છા થઇ હતી. પુત્ર જન્મ્યો કે તરત જ તેણે તે પુત્રને દાસી દ્વારા ઉકરડામાં ફેંકાવી દીધો. શ્રેણીક આ ખબર સાભળી બોલ્યો કે પુત્રને પાછો બોલાવો. દાસીએ તે પુત્રને પાછો આપ્યો ઉકરડામાં છોકરાની આંગળી કુકડે કરડી ખાધી અને તેમાંથી લોહી નીકળતું હતું. પુત્ર-વત્સલ શ્રેણીકે પુત્રની તે આંગળી મુખમા નાખી તેને શાંત કર્યો અને આજ પુત્ર અંતે તેનો ઘાતક નિવડયો. કોણીક લાલનપાલનથી ધીમે ધીમે મોટો થયો. તે જેવો યોગ્ય અવસ્થાએ પહોચ્યો કે તરત જ તેને રાજ્ય મેળવવા ઉત્કંઠા વધી રાજના લોભી પુત્રે અંતે વૃદ્ધ પિતાને કેદ કર્યો અને વળી થોડું બાકી હોય તેમ તેણે પિતાને મીઠાના પાણીમા બોળેલ કોરડાનો માર મારવો શરૂ કર્યો અને ખોરાકમાં પણ બહુ જ તુચ્છતા વાપરવા માંડી. કોણીકની માતા પતિની આ સ્થિતિ જોઇ ઘણી દિલગીર થઇ પરંતુ પુત્ર પાસે તેનું કાઇ ચાલતું નહિ.

એક વખતે કોણીક જમવા બેઠો હતો ત્યા તેનો નાનો બાળુડો આવ્યો અને મુતર્યો, છતા કોણીકને કંઈ ઘૃણા ઉત્પન્ન ન થઇ ,અને પોતે ગર્વથી માતા પાસે બોલ્યો કે મારા જેવો કોઇને પુત્રપ્રેમ હશે ખરો ? તેની માતાએ નિર્ભય પરંતુ શાંત ચિત્તે કહ્યું કે આથી પણ તારા ઉપર તારા પિતાનો ઘણો પ્રેમ હતો. તું જન્મ્યો ત્યારે મેં તને ઉકરડામાં નાખી દીધો હતો છતાં તેમણે તને પાછો મંગાવી તારી લોહીવાળી આગળી મોંમા નાખી તને રડતો છાનો

રાખ્યો હતો તેનો અત્યારે તો તું તારા પિતા ઉપર પૂર્વનો કાંઇ બદલો આપતો હોય તેમ જણાય છે. કોણીક આ સાભળી શરમાયો અને પોતે પોતાના હાથમાં કુહાડી લઇ પિતાનું પીંજર તોડી નાખી છોડાવવા ઉઠયો. રાજકેદી શ્રેણીક કોણીકની આવી ક્રૂર અવસ્થા જોઇ બીનો કે રખે પુત્ર મને મારી નાખશે! શ્રેણીકને મૃત્યુનો ભય ન હતો છતાં રખેને પુત્રને હાથે પિતૃ-હત્યા થાય તે તેને ઉચિત ન લાગ્યું એટલે પોતે પોતાના હાથે મરવું ઠીક ધારી પોતાની પાસે હાથમાં રહેલ હીરાની વીંટી ચુસી મરી ગયો. કોણીકે જોયું કે પરિણામ બહુ ખરાબ આવ્યું. તેને પિતાનો પ્રેમ સાંભરી આવ્યો અને તેણે ઘણું કલ્પાંત કર્યું. પરંતુ તે રાંડયા પછી ડહાપણ લાવવા જેવું હતું એટલે તેનું રુદન નિષ્ફળ ગયું. કોણિક પિતૃહત્યાનો મહાન્ ભોગી થયો અને તેથી બૌદ્ધ અને જૈન ઇતિહાસમાં તેને એક નૃશંસ નર તરીકે આલેખ્યો છે. આવી રીતે મહારાજા શ્રેણીકનું જીવન મેં ટુંકાણમાં દેખાડયું છે. વિશેષ જોવા ઇચ્છનાર મહાશયે શ્રેણીકચરિત્ર તથા અભયકુમારચરિત્ર ઇત્યાદિનું અવલોકન કરવું.

૩ સમ્રાટ્ સંપ્રતિ

બૌદ્ધ સમ્રાટ્ અશોકના પૌત્ર સંપ્રતિના નામથી જૈનસમાજમાં શ્વેતામ્બર, દિગમ્બર, કે ઢુંઢક પંથમાં પણ કોઇ અજાણ્યો નહિ હોય. આ મહાન્ રાજાએ તો જૈન ધર્મને દિગંતવ્યાપી કર્યો છે. જેમ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારી તે ધર્મને તેણે રાજધર્મ કર્યો હતો તેમ તેના પૌત્ર સંપ્રતિએ જૈન ધર્મ સ્વીકારી તેના સત્ય સનાતન સિદ્ધાંતોને વિશ્વવ્યાપી બનાવી રાજધર્મ તરીકે ફેલાવ્યો હતો.

તેનું જન્મ સ્થલ.

મહારાજા સંપ્રતિનો જન્મ મરૂ દેશ–મેવાડમા ઉજ્જયનીમાં થયો હતો. તેના પિતાનું નામ કુણાલ કે જે સમ્રાટ્ અશોકનો પાટવી કુંવર હતો. તે કમનસીબ કુણાલ પોતાના પિતાનું વિસ્તૃત રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થયો નહોતો. જૈનસમાજમાં આને માટે એક દંતકથા ચાલે છે તે નીચે પ્રમાણે છે.

મહારાજા સમ્રાટને તેમની પટરાણીથી કુણાલ નામનો મુખ્ય પુત્ર થયો હતો. તે જન્મ્યો ત્યારથી ઉજ્જયનીમા જ પોતાની માતા સાથે રહેતો, અને ત્યાજ ઉછરતો મોટો થયો. ઉજ્જયનીના રાજા—સમ્રાટના સુબાએ અશોકને ખબર આપ્યા કે કુમારની ઉમ્મર ભણવા લાયક થઇ છે માટે તેનો યોગ્ય બંદોબસ્ત થાય તો ઠીક. અશોક આ વાંચી ઘણો ખુશી થયો અને તેણે એક પત્ર સુબા ઉપર લખ્યો. તેમા લખ્યું કે તેના ઉપર બરાબર ચોકસાઇ રાખી તેને રાજ્યધર્મ બરાબર શીખવાડવો તેમજ બીજી પણ યોગ્ય સુચના તે પત્રમા લખી અને કુમારને પણ લખ્યું કે **कुमारेण अधीयतां** ' ભણવાને માટે પ્રયત્ન કરવો. ' આ પ્રમાણે પત્ર લખી કવરમાં બીડી તેને બરાબર મ્હોર છાપ માર્યા સિવાય પોતાને ઉતાવળ હોવાથી બીજા કાર્યમાં ચાલ્યો ગયો. આ વાતની ખબર કુણાલની

ઓરમાન માતાને પડી. તેણે વિચાર્યું કે "યુવરાજ કુણાલ છે અને મારો પુત્ર યુવરાજ નથી માટે એવો ઉપાય કરૂં કે ભવિષ્યમાં મારો પુત્ર ગાદીએ બેસે અને હું રાજમાતા તરીકે પૂજાઉં." આ પ્રમાણે દ્વેષથી તેણીએ તે કવર ઉઘાડી પત્ર વાંચી જ્યાં **कुमारेण अधीयतां** લખ્યું હતું ત્યાં તેણીએ એક મીંડું વધારી **कुमारेण अंधीयतां** લખ્યું. થોડી વાર પછી સમ્રાટ આવ્યો અને તેણે તે પત્ર ફરી વાર વાંચ્યા સિવાય કવરને મજબુત પેક કરી ઉપર મ્હોર છાપ મારી એક ખેપીઆ સાથે જલ્દી રવાના કરી દીધું. ખેપીઆએ તે કવર જઇને ત્યાંના સુબાને આપ્યું. તેને આ પત્ર વાંચી ઘણો ખેદ થયો. તેણે પત્ર અડધો કરી કુમારને વંચાવ્યો, પરંતુ કુમારે આખો પત્ર વાંચવાની હઠ લીધી. અંતે બલાત્કારે તે પત્ર તેણે વાંચ્યો અને **कुमारेण अंधीयतां** તે પણ વાંચ્યુ. વિનયી પુત્રે વિચાર્યું કે પિતાની આજ્ઞા મારાથી કેમ લોપાય? હિંદના રાજાઓ પણ જેની આજ્ઞા નથી લોપતા અને અમારા વંશમા કોઇએ પણ પિતાની આજ્ઞાનો લોપ નથી કર્યો, તો પછી હું મારા પિતાની આજ્ઞાનો લોપ કેમ કરી શકું? સુબાએ ઘણી ના પાડી, છતાં કુમારે લોઢના ઉના ઉના સળીયા આંખમાં ચાંપી દીધા અને પિતાની આજ્ઞા પાળી—સાથે પોતાનું જ્વલંત દૃષ્ટાંત પણ જગત આગળ રજુ કર્યુ. સમ્રાટ અશોકને આ સાભળી ઘણું આશ્ચર્ય થયું અને પોતે વાંચ્યા વિના પત્ર મોકલ્યો માટે પોતાને ઘણો ખેદ થયો.

હવે કુણાલે અંધ અવસ્થામા પોતાના પિતા પાસે જવું ઉચિત ન ધાર્યું. પોતે પોતાની દુઃખી જીંદગીના દિવસો ત્યાંજ ગાળવા લાગ્યો. ધીમે ધીમે તેને પોતાનું દુઃખ ઓછું થવા લાગ્યું. પછી તેણે સંગીતનો અભ્યાસ શરૂ કર્યો. ધીમે ધીમે તે સારા ગવૈયા તરીકે અને વિવિધ જાતનાં વાજીંત્ર વગાડનાર તરીકે તૈયાર થયો. તેણે દેશ દેશના સારા સંગીતશાસ્ત્રીઓને બોલાવી તેમની પાસે જુદી જુદી જાતના ઘણા અનુભવો મેળવ્યા.

હવે તેણે દેશાન્તરમાં પોતાની કીર્તિનો વાવટો ફરકાવવા જુદા જુદા વેશે દેશાટન શરૂ કર્યું. બધે સ્થળે વિજય પામતો પોતાની વિજયપતાકા ફરકાવતો અશોકની રાજધાની પાટલી પુત્ર (પટ્ટના) ગયો. સમ્રાટે તેને ઓળખ્યો નહિ, પરંતુ કુણાલનું એક સારા ગવૈયા તરીકે ખુબ સન્માન કર્યું. બીજે દિવસે કુણાલે રાજસભામા પોતાના પિતાને મુખ દેખાડયા સિવાય લાલ પડદો નખાવી ગાવાનું શરૂ કર્યુ. સમ્રાટ પોતાના મંત્રીઓ સેનાધિપતિ અને સારા શેઠીઆઓ સહિત ત્યાં હાજર હતો. કુણાલે એક પછી એક જુદી જુદી સુંદર ચીજો ગાઇ બતાવી. પછી જ્યારે બરાબર રંગ જામ્યો એટલે તેણે પોતાની આત્મકથા ગાઈ. સમ્રાટને પુત્ર સાંભર્યો. પુત્રની વાર્તા તાજી થઈ તેને એમ નક્કી લાગ્યુ કે આ પોતાનો પુત્ર કુણાલ છે. પછી પોતે કહેવડાવ્યું કે પુત્રે પિતા પાસે હાજર થવું પરંતુ કુણાલે તે વાત સ્વીકારવા ના પાડી. પછી સમ્રાટે કહ્યું કે તમારી ધીરજ, શૌર્ય, પાંડિત્ય જોઇ હું ખુશી છું. મૌર્ય વંશના કુંવરને આવી જ ઉદારતા ઘટે. તમારે માગવું હોય તે ખુશીથી માગો. કુણાલે સમય જોઈ પિતાનું સિંહાસન અને તાજ માગ્યું. પિતાએ કહ્યું કે તમે અંધ છો પછી રાજ્ય કેવી રીતે કરશો? ત્યારે તેણે કહ્યું કે મારે એક નાનો પુત્ર છે તેને રાજ્ય આપો. તે રાજ્ય ચલાવશે. પછી સમ્રાટ અશોકે ખુશી થઇ તે બાળકને પોતાને હાથે રાજતિલક કર્યુ. આ બાળકને નાનપણથી ગાદી મળી એટલે તેનું નામ સંપ્રતિ પડયું.

હવે ધીમે ધીમે સંપ્રતિ ઉમ્મર લાયક થયો. તેનામા નાનપણથી રાજાને યોગ્ય ગુણો બહુ સારી રીતે ખીલ્યા હતા. સમ્રાટ્ અશોકના મરણ પછી સંપ્રતિએ રાજની લગામ હાથમાં લીધી.

ગાદીએ બેઠા પછી થોડા સમયમાં નિર્ગ્રંથ ગચ્છના મુકુટમણિ સરખા આચાર્યવર્ય શ્રીઆર્યસુહસ્તિ સૂરિનો તેને મેલાપ થયો. એક વખતે પાટલિપુત્રમાથી રથયાત્રાનો મહાન વરઘોડો નિકળતો હતો અને સંપ્રતિ પોતાના મહેલના ગોખમાં બેઠો હતો તેને એ વરઘોડાની ભવ્યતા જોઈ ઘડીક વિચાર થયો. ત્યા તેણે પોતાના પૂર્વના ગુરુ જોયા. તેને ખાત્રી થઇ કે એ મારા જ ગુરુ છે એટલે પોતે ગોખમાથી નીચે ઉતર્યો આચાર્ય શ્રી પાસે આવી વંદન કરી પુછ્યું કે–ગુરુદેવ મને ઓળખો છો? ત્યારે આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો –મૌર્યવંશના મુકુટમણિ સરખા તને કોણ નથી ઓળખતું? રાજાએ ફરી કહ્યું કે–પ્રભુ એમ નહિ. આપ વિચાર કરો–ત્યા તો આચાર્યશ્રીએ જ્ઞાનબળથી તપાસી જોયું કે અરે, આ તો તે જ છે કે જેણે પૂર્વ ભવમા મારી પાસે દીક્ષા લીધી હતી અને લઇને એક દિવસમા મૃત્યુ પામ્યો હતો.[1] તે પછી રાજા પોતાના ઉપકારી ગુરુની સાથે વરઘોડામાં ચાલ્યો અને ત્યાંથી ઉપાશ્રયે જઇ તેમની પાસેથી ઉપદેશ સાભળ્યો.

ઉપદેશ સાભળીને તેને ગુરુ પ્રત્યે પ્રેમ થયો અને તેમાં પૂર્વ ભવના પ્રેમે વૃદ્ધિ કરી. ત્યાર પછી તેણે જૈન ધર્મ સ્વીકાર્યો અને પ્રજાને તેના પવિત્ર સિદ્ધાતો પહોંચાડયા અને પ્રજાએ પણ પ્રેમથી તેના પવિત્ર સિદ્ધાન્તોનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી તે વિજયયાત્રા કરવા નીકળ્યો. તેની વિજયયાત્રાનું વર્ણન વિસ્તૃત રીતે કયાંય મારા જોવામાં આવ્યું નથી, પરંતુ એટલું મળે છે કે તેણે આખા હીંદના રાજા મહારાજાઓને તાબે કરવા ઉપરાંત મ્લેચ્છ દેશ જેવા કે અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ઇરાન આદિ દેશોને પણ તેણે તાબે કર્યા હતા. પૂર્વમાં બંગાલ અને ઓરિસ્સાથી માંડી પશ્ચિમમા ઠેઠ સમુદ્ર સુધી અને ઉત્તરમાં છેક હિમાલયથી માડી દક્ષિણમા છેક કન્યાકુમારી સુધી દરેક દેશ તેના તાબામાં હતો. જો કે સમ્રાટ્ અશોકે પહેલેથી તેને માટે રાજ્ય સંગ્રહી રાખ્યું હતું, છતાં સ્વતંત્ર રીતે પોતાની આજ્ઞા મનાવવા તેણે વિજયયાત્રા કરી હતી. તેમા મુખ્ય મુખ્ય રાજાઓને હરાવ્યા એટલે નાના રાજાઓ તો એની મેળેજ તાબે થઈ ગયા. જૈન ગ્રંથકારો કહે છે કે તેણે ચક્રવર્તીની માફક આખા ભારતવર્ષમાં પોતાની આણ ફેરવી હતી. આવી રીતે વિજયયાત્રા કરીને આવ્યા પછી તેણે પોતાના ગુરુના ઉપદેશથી જૈન-ધર્મની ઉન્નતિનાં પગલાં લેવા માંડયાં. તેમાં તેણે પ્રથમ દેશોદેશમાં અનેક સુંદર સ્થળે ભવ્ય જિન મંદિરો કરાવ્યાં. તેનાં ગગનચુમ્બી ભવ્ય શિખરોનાં નામ નિશાન પણ અત્યારે તો હાથ નથી લાગતાં; પરંતુ તેનાં એ ભવ્ય મંદિરો, તેની બાંધણી અને શિલ્પકળાના નમુનાના કયાંક કયાંક ભણકાર સંભળાય છે. તેના ઉપર જીર્ણોદ્ધાર થવાથી મુળ મંદિરની ભવ્યતા તથા

૧ આ રાજાના પૂર્વ ભવની કથા બહુ લાંબી છે. લંબાણના ભયથી મેં નથી આપી. વિશેષ જાણવા ઇચ્છનાર મહાશયને કલ્પસૂત્ર, પરિશિષ્ટ પર્વ, સંપ્રતિચરિત્ર વગેરે જોવા ભલામણ છે.

સુંદરતા કંઇક ઓછાં થયાં છે. તે એકલાં જિન મંદિરો કરાવી શાંત નહોતો રહ્યો. પરંતુ જૈન ઉપદેશકો–સાધુ મહાત્માઓને દરેક જાતની અનુકૂળતા કરાવી દરેક સ્થળે–મ્લેચ્છ દેશમાં પણ—તેણે વિહાર ચાલુ કરાવ્યો હતો. તે વખતે જૈનધર્મ રવિનો મધ્યાહ્ન સમય હતો. તેના પ્રખરો કરણો ભારતવર્ષમાં અને તેની બહાર પણ ઘેર ઘેર તપી-શોભી રહ્યાં હતાં. તેણે જૈન મંદિરો, જિન પ્રતિમાઓ, સાધુઓ, પુસ્તકો અને શ્રાવકોની વૃદ્ધિ કરવા સારો પ્રયત્ન સેવ્યો હતો અને તેમાં સફળતા પામી તે બધાની ખુબ વૃદ્ધિ કરી હતી.

ઐતિહાસિક નોંધ.

આ મહાન્ જૈન ચક્રવર્તિ રાજાની ઐતિહાસિક નોધ જૈન સુત્રોમાં અને ખાસ કરી હેમચંદ્રાચાર્યકૃત પરિશિષ્ટિ પર્વમાં છે.[1] બૌદ્ધ ગ્રંથોમાં પણ તેનું થોડું ઘણું વર્ણન કર્યું છે અને તેમા તેને 'સંપઇ' તરીકે ઓળખાવ્યો છે. આ સિવાય સમ્રાટ અશોકની માફક તેના કીર્તિસ્તંભો, શિલાલેખો આજ્ઞાપત્રો કે તામ્રપત્રો કંઇ પણ મળી આવતું નથી. આ રાજાએ જૈનપ્રતિમાઓ ઘણી કરાવી છે કે જેની ભવ્યતા અને સંદરતા બહુ અલૌકિક છે અને તેનો નમુનો બીજે મળવો મુશ્કેલ છે. અત્યારે અમદાવાદ, પાટણ, ખંભાત, પાલીતાણામાં શત્રુંજય ઉપર અને ગિરનાર જામનગર ઇ. મા તેની કરાવેલી પ્રતિમાઓ છે પરંતુ તે પ્રતિમાઓમાં કયાંય તેના નામના શિલાલેખો મળી આવતા નથી. કોઇ મહાશય તે બાબતમા વિશેષ જાણવા જેવું બહાર પાડી તેની ઐતિહાસિક નોંધની ખોટને પુરી પાડે એમ હું ઇચ્છું છું. આનું મુખ્ય કારણ મને એકજ લાગે છે તે એ જ કે આગલા સમયમાં પોતાની નામના કાઢવામા–બીજા શબ્દોમાં કહું તો આત્મપ્રશંસાના ભયથી ઘણા જણે પોતાના કાર્યોની નોધ કરાવવાનું મોકુફ રાખ્યું હોય અને તે જ કારણે સંપ્રતિએ પણ તેમ કર્યું હોય એ બનવા જોગ છે. આ સિવાય પુરાણ સમયમાં ઘણા રાજા મહારાજાઓએ કરાવેલી પ્રતિમાઓમાં ઘણે સ્થળે શિલાલેખો મળી આવતા નથી અને આધુનિક સમયમાં ક્યાક ક્યાક તેવું બને છે પણ ખરૂં જેથી મારા ઉપલા અનુમાનમાં કંઇક સત્ય હશે એમ માનવું પડે છે.

આ મહાન્ ચક્રવર્તિની ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ નોંધ નહિ મળી શકવાથી તેના જીવન સંબંધે વિશેષ લખવું મોકુફ રાખી તેનાં મળી આવતાં થોડા સુકૃત્યોની નોંધ અને તેણે પોતે જૈન ધર્મ સ્વીકારી પોતાના તાબાના રાજાઓને પણ ચુસ્ત જૈન કેવી રીતે કર્યા હતા તે સંબંધે મળી આવતા થોડા શ્લોકો ટાંકી વિરમીશ.

તેણે ગગનચુમ્બી ભવ્ય સવાલાખ નવાં જિન મંદિરો કરાવ્યા હતા અને મનોહર સવા-કરોડ નવી જિન પ્રતિમાઓ કરાવી હતી. ૩૬૦૦૦ હજાર મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને પંચાણુ હજાર પિત્તળની પ્રતિમાઓ કરાવી હતી. દીનદુઃખીને માટે અનેક સદાવ્રત તથા વાવ, કુવા, તળાવ, પરબ આદિ ઘણાં લોકોપયોગી કાર્યોની નોંધ મળે છે. તેણે સવાલાખ જિનમંદિરો કરાવ્યા હતા એ ઉપરથી આપણે સમજી શકીશું કે તે કેટલો ધર્મચુસ્ત હતો છતા તેણે ચક્રવર્તી રાજાની માફક એક સત્તાએ ભારતવર્ષમા પોતાની આણ–

---

[1] આ પરિશિષ્ટ પર્વમાં જૈન સમાજના ઘણાખરા મહાપુરુષોનાં જીવનચરિત્રો સુંદર રીતે વર્ણવ્યાં છે.

આજ્ઞા મનાવી હતી–બેસાડી હતી. સંપ્રતિ ધર્મી હતો છતાં અશોક કે સિદ્ધરાજની જેમ ધર્માંધ નહોતો. તેણે ધર્મને માટે કદી તલવાર નથી ઉપાડી તેમજ કોઇ પણ ઇતર મંદિરોની ધ્વજા પણ નથી ઉતરાવી. તેણે પ્રેમથી બીજા રાજાઓને અને પ્રજાને પણ જૈન ધર્મ સ્વીકારાવ્યો હતો. તેને માટે સંપ્રતિચરિત્રકાર નીચે પ્રમાણે લખે છે,

महाप्रभावानां कुर्वंस्तमनुव्रज्य संप्रतिः तेषां राज्ञां विधिं सर्वं दर्शयित्वाऽगमत् गृहान् ॥ ४१४ ॥ ततः सर्वान् नृपान् स्माह न नः कार्यं धनेनेवः मन्यध्वे स्वामिनं चेन्मां, तद्भवन्तोऽत्रसंप्रतिः धर्मं प्रवर्तयन्त्वेनं, लोकद्वयसुखावहम् ॥४१५॥ स्वदेशेषु सर्वत्र प्रीतिरेवं यतो मम ॥ ४१६ ॥ ततस्तेऽपि गतास्तत्र जिनचैत्यान्यकारयन् कुर्वते तत्रयात्राश्च, रथयात्रोत्सवोद्भूताः ॥ ४१७ ॥ सदैवोपासते साधुनमारिं घोषयन्ति च राजानुवृत्यतत्रापि लोकोऽभूद्धर्मतत्परः ॥ ४१८ ॥

ભાવાર્થ—" મહાપ્રભાવના ઉત્સવને કરતો અને તે રથની પછવાડે ચાલતો રાજા (સંપ્રતિ) બીજા બધા રાજાઓને એકઠા કરી તેમને સર્વ વિધિ દેખાડી પોતાને ઘેર ગયો.

ત્યાર પછી બધા રાજાઓને તેણે કહ્યું કે જો મને તમારો ઉપરી રાજા–સ્વામી માનતા હો તો મારૂં અનુકરણ કરો. મારે ધનથી કંઇ કામ નથી.

તમારા દેશમાં બધે ઠેકાણે ઇહલોક અને પરલોકના સુખના કારણભૂત ધર્મ (જૈનધર્મ) ને પ્રસરાવો–તેથી જ મને ખરેખરી પ્રીતિ થશે.

ત્યાર પછી બધા રાજાઓ ઘેર જઇને નવાં જિન મંદિરો કરાવતા હતા અને મોટા ઉત્સવવાળી રથયાત્રા અને યાત્રાઓ કરતા હતા અને હમેશાં સાધુઓની સેવા કરતા. **અમારિપટહ** (કોઇ પણ નિર્દોષ જીવની હિંસા ન કરે.) પણ વગડાવતા હતા, ત્યારે પ્રજા રાજાઓનું અનુકરણ કરી ધર્મ (જૈન ધર્મ) માં તત્પર બની. એ તો કહેવત છે કે " **यथा राजा तथा प्रजा** " યદિ રાજા ધર્મી અને ન્યાયી હોય તો પ્રજા પણ ધર્મી અને ન્યાયી બને એમાં કંઇ આશ્ચર્ય નથી.

હજી આગળ કલ્પસૂત્રકાર સંપ્રતિએ ક્યાં ક્યાં સારાં કાર્યો કરાવ્યાં તેની નોંધ નીચે પ્રમાણે આપે છે.

" **श्रेणीकसुतोवाचि पट्टोवित नवनंदपट्टोद्भूतचंद्रगुप्त अशोक श्री सुतपुत्रः संप्रतिनामाभूत्, स च जातमात्र पव पितामहदत्तराज्ये रथयात्रा प्रवृत्त श्रीआर्यसुहस्तिदर्शनाज्जातजातिस्मृतिः सपाद लक्ष जिनालय सपाद कोटी नवीन बिंब षट्त्रिंशत् सहस्र जीर्णोद्धार पंचनवतिसहस्र पित्तलमय प्रतिमानेक शतसहस्र सत्रशालादिभिर्विभूषितां त्रिखंडामपि महीमकरोत्**

કલ્પસૂત્ર ટીકાકાર વિનયવિજયજી ઉપાધ્યાય. (**અર્થ** સુગમ છે માટે આપ્યો નથી.)

ઉપરનાં વચનો ઉપરથી આપણને જાણવાનું મળે છે કે તે બહુ ધર્મચુસ્ત ચક્રવર્તી રાજા હતો.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પરિશિષ્ટ પર્વમાં તેનાં વખાણ નીચે પ્રમાણે કરે છે.

अभ्यगृहीदथ नृपस्तदग्र तदनुज्ञया अर्हन देवो गुरुः साधुः प्रमाणं मे अर्हतो वचः ॥ ६१ ॥ अणुव्रतगुणव्रतशिक्षाव्रतपवित्रितः प्रधान श्रावको जज्ञे सम्प्रति स्तत्प्रभृत्यपि ॥ ६२ ॥ त्रिसन्ध्यमर्च्यऽवन्ध्य श्रीजिनर्चाम मर्चति स्म सः साधर्मिकेषु वात्सल्य बन्धुष्विव चकार च ॥ ६३ ॥ आवैताढ्यं प्रतापाढ्य स चकाराविकारधीः त्रिखण्डं भरतक्षेत्रं जिनायतनमण्डितम् ॥ ६४ ॥

ભાવાર્થ—તે (સમ્પ્રતિ) આચાર્યશ્રીની અનુજ્ઞા છે અરિહંત પ્રભુ મારા દેવ છે. સુસાધુ (કંચન કામિનીના ત્યાગી) મારા ગુરુ છે અને અરિહંત પ્રભુનું વચન મને માન્ય છે એ પ્રમાણે સ્વીકારતો હતો ॥ ૬૧ ॥ (સમ્યકત્વવ્રત ધારણ કર્યું) અને ત્યારથી માંડી અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતથી પવિત્ર એવો તે ચુસ્ત શ્રાવક થયો. ॥ ૬૨ ॥ દાનાવળી લક્ષ્મીવાળો તે ત્રણકાલ જિનેશ્વર પ્રભુની પૂજા કરતો હતો અને પોતાના ભાઇઓની જેમ સધર્મી તરફ વાત્સલ્ય કરતો હતો. ॥ ૬૩ ॥ પ્રતાપથી યુક્ત અને અવિકારી બુદ્ધિવાળો સંપ્રતિ વૈતાઢ્યથી માંડી ત્રણ ખંડ ભરતક્ષેત્રને જિન ચૈત્યોથી યુક્ત કરાવતો હતો.

આવી રીતે તે ચુસ્ત જૈનધર્મી મહાન્ રાજા હતો.

૪ "મહારાજાધિરાજ" કુમારપાલ

ગુજરાતનો આ મહાન્ વૈભવશાલી નૃપતિ, ચૌલુક્યવંશચૂડામણિ, ગુજરાતની જયસિંહદેવની કીર્તિનો કલશ ચઢાવનાર, ગુજરાતને સમૃદ્ધ તેમ જ શોભાવાન બનાવનાર "મહારાજાધિરાજ" પરમાર્હત કુમારપાલથી જૈન સાક્ષરો તથા ઇતર સાક્ષરો પણ અજાણ્યા નથી એટલું જ નહિ પરંતુ તેના જીવનથી પણ કેટલેક અંશે સુપરિચિત છે.

કુમારપાલની આટલી પણ ઓળખાણ કરાવવી એ તો ભગવાન સવિતાનારાયણને દીપકલિકાથી ઓળખાવવા બરાબર છે તેમને કેટલાએક પરમાર્હત તરીકે, ચક્રવર્તી તરીકે, મહારાજાધિરાજ તરીકે તો વળી કોઇક હિંદુસ્તાનના નાશનું પ્રથમ બીજ રોપનાર તરીકે, જયસિંહદેવની ભાવનાને નહિ પોષનાર તરીકે તથા અહિંસાનો પુજારી બની પોતે નિર્માલ્ય બનવા સાથે મારા ગુજરાતને પણ નિર્માલ્ય–નમાલું બનાવનાર તરિકે, તથા બીજાં અવનવા વિશેષણોથી ગુજરાતના સાક્ષરો–ગુજરાતીઓ તેને ઓળખે છે. આમાંથી કેટલાએક મહાશયો તેનું જીવન નિષ્પક્ષપાત રીતે તપાસ્યા વગર અને સાથે તેનું આંતરજીવન પણ તપાસ્યા સિવાય યોગ્ય ન્યાય ન આપી શકે–નથી આપી શકતા એ નિર્વિવાદ રીતે બનવા યોગ્ય છે–સંભવી શકે.

[૧] ભીમબાણાવળીનો પુત્ર ક્ષેમરાજ તેનો પુત્ર દેવપ્રસાદ અને તેનો પ્રતાપી પુત્ર "સિદ્ધરાજદેવનો જમણો હાથ" ત્રિભોવનપાલ અને તેનો પુત્ર 'મહારાજાધિરાજ' ચક્રવર્તી આદિ બીરૂદધારી કુમારપાલદેવ આપણા વિષયનો મુખ્ય નાયક છે. તેની માતાનું નામ કાશ્મીરાદેવી હતું કે જે સિદ્ધરાજની માતા મીનલદેવીની ભત્રિજી થતી હતી. તેને કુમારપાલ

૧ નીચે મુળરાજથી માંડી ઠેઠ કુમારપાલ સુધીનું વંશવૃક્ષ આપ્યું છે તે જોવા ભલામણ છે.

સિવાય બે પુત્ર મહીપાલ, કીર્તિપાલ તથા બે પુત્રીઓ પ્રેમળદેવી અને દેવળદેવી હતી. તેમાં પ્રથમ પુત્રી જયસિંહદેવના મુખ્ય સેનાધિપતિ કૃષ્ણસિંહ વેરે અને બીજી પુત્રી શાકંભરીના રાજા સાથે પરણાવી હતી, અને કુમારપાલદેવની સ્ત્રીનું નામ ભોપાલદેવી હતું.

ત્રિભોવનપાલને જયસિંહદેવની સભામાં પાટણ ઘણી વખત આવવું પડતું અને તેની સાથે ગુજરાતનો ભાવિ બાલરાજા કુમારપાલ પણ ઘણી વખત આવતો. ત્રીભોવનપાલ પોતાના ચાલાક પુત્રને જયસિંહદેવની સભાનો બધો વૃત્તાત કહેતો–કહી સંભળાવતો. બાલ-રાજા એ વાતો સાભળી આશ્ચર્ય પામતો. તેને તે સમયે ખબર સરખીયે નહોતી કે પોતે ભવિષ્યમાં જયસિંહદેવના સિંહાસને બેસી સભામાં તે વાતોના કેન્દ્રરૂપ બનશે.

એક વખતે જયસિંહદેવની સાથે કુમારપાલને સાક્ષાત્ સરસ્વતીનો અવતાર, ધર્મની મૂર્તિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સાથે પરિચય થયો. કુમારપાલ તેમનું બ્રહ્મતેજ જોઇ પ્રથમ ક્ષણે જ તેમના તરફ આકર્ષાયો અને વળી 'ગુજરાતનો નાથ' જયસિંહદેવ પણ જેને ઘણું સન્માન આપે છે તે જોઇ હેમાચાર્ય ઉપર વિશેષ માનની દષ્ટિથી જોવા લાગ્યો. ત્યાર પછી તેણે સૂરિજીની બે ત્રણ વાર મુલાકાત લીધી. એક વખતે જયસિંહદેવ તેના મુખ્ય અમાત્યો,

---

ચૌલુક્ય વંશ

- મૂલરાજ — સં. ૯૯૮ માં ગાદી, ૫૫ વર્ષ રાજ્ય
  - ચામુંડ — ૧૩ વર્ષ રાજ્ય
    - વલ્લભરાજ — ૬ માસ રાજ્ય.
    - દુર્લભરાજ — ૧૩ વર્ષ ૬ માસ રાજ્ય
    - નાગરાજ
      - ભીમદેવ — ૪૨ વર્ષ અભિષેક
        - ક્ષેમરાજ
          - દેવપ્રસાદ
            - ત્રિભુવનપાળ
              - કુમારપાલ — સં. ૧૧૯૯ થી સં. ૧૨૩૦ સુધી ૩૦ વર્ષ અને ૮ માસ.
              - મહીપાલ
              - કીર્તિપાળ
        - કર્ણદેવ — ૨૯ વર્ષ રાજ્ય
          - સિદ્ધરાજ જયસિંહ — ૫૦ વર્ષ રાજ્ય

અધિકારીએ અને કુમારપાલ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળવા બેઠા હતા. સૌરશ્વરજીને પૂછ્યું કે "બધા ગુણોમાં શ્રેષ્ઠ ગુણ કયો છે" ત્યારે આચાર્ય શ્રીએ કહ્યું કે— મહાનુભાવ, બધા ગુણોમાં "પરદારસહોદર્યયુક્ત સત્ત્વગુણ" શ્રેષ્ઠ છે. કારણ કે સત્ત્વગુણ બધા ગુણગણોમા મસ્તકમણી "જયશ્રી" ને આપનાર અને સર્વ પદાર્થની સિદ્ધિ કરવામાં લોકોત્તર કામધેનુ સમાન છે. બત્રિસ લક્ષણોથી અધિક સલક્ષણ તરીકે સત્ત્વગુણ પ્રસિદ્ધ છે. સત્ત્વવાન પુરુષમાં ભલે બીજા ગુણો હોય યા ન હોય તો પણ તે શ્રેષ્ઠતમ છે. કહ્યું છે કે—

प्रयातु लक्ष्मीश्चपला स्वभावा गुणा विवेकप्रमुखाः प्रयान्तु
प्राणाश्चगच्छन्तु कृतप्रयाणा मा यातु सत्वन्तु नृणां कदाचित् ।

અર્થ "ચપળ સ્વભાવવાળી લક્ષ્મી જાઓ વિવેક પ્રમુખ ગુણ જાઓ અથવા પ્રયાણ કરેલા પ્રાણ જાઓ પરંતુ પુરુષોનું સત્ત્વ કદાપિ ન જાઓ" સકળ કાર્ય કરવામાં સમર્થ એવા એકજ પુત્રથી બસ છે વધારે સંતતિનું શું પ્રયોજન? એકલો નિશાપતિ જ (ચંદ્ર) દિગ્વધુના મુખમંડળને પ્રકાશિત કરવા સમર્થ છે. બાકીનો તારાગણ તો ઉગ્યા છતાં દિગ્વધુને પ્રકાશિત કરવા સમર્થ થતો નથી. સાત્ત્વિક શરીર આપણા હાથમા છે અને રિદ્ધિ દૈવને આધીન છે માટે સત્ત્વ ન છોડવું. "જ્યાં સાહસ ત્યાં સિદ્ધિ." જુઓ વૈભવમા અમરાપુરીને જીતે તેવી લંકા જીતવાની હતી અને મહાન રત્નાકર (સમુદ્ર) પગે ઉલ્લંઘવાનો હતો. જેનાથી દેવદાનવ અને મનુષ્યો કંપતા એવા રાક્ષસરાજ રાવણ જેવો મહાન પ્રતિસ્પર્ધી હતો અને કપિઓ પોતાના સહાયક હતા છતાં ભગવાન રામચંદ્રે સત્ત્વથી જ રાક્ષસ સૈન્યનું દળ છિન્ન કરી રાવણનાં દશ મસ્તક રણમાં રગદોળ્યાં. મહા પુરુષોની કાર્યસિદ્ધિ તેમના સાહિત્યમાં નહિ પરંતુ તેમના સત્ત્વમાંજ રહેલી છે. અને તે સત્ત્વ પણ જ્યારે પરદારસહોદરવ્રતથી સંજીવિત હોય છે ત્યારેજ તે પુરુષને લોકોત્તર ફળ–પ્રતિષ્ઠાના કારણભૂત થાય છે.

વિવેક વિનાનું સત્ત્વ સિંહ કે વાઘની માફક ક્રૂરતાને ઉત્પન્ન કરવાનું સાધન બને છે. એટલે કે વિચાર વગરનું સત્ત્વ (સાહસ) જાનવરી જોરને ઉત્પન્ન કરનાર છે. માટે પ્રતિષ્ઠા કીર્તિ, ધર્મવિજય આદિની વૃદ્ધિ કરવા ઇચ્છનારે પરસ્ત્રીથી વિરક્ત રહેવું જોઇએ. કારણ કે—

तावल्लोक विलोचनामृतरसस्तावन्मनो वल्लभं
तावद्धर्ममहत्त्वसत्यविलसत्कीर्ति प्रतिष्ठापदं ।
तावद्भूमिपतिप्रसादभवनं तावच्च सौभाग्य भूः
यावन्नो परदारसंगरसिको लोकेऽभवन् मानवः ॥

"જ્યાં સુધી પુરુષ પરદારા સંગનો રસિક નથી થયો ત્યાં સુધીજ તેના ઉપર લોકોની અમી દષ્ટિ રહી તેનું ચિત્ત પ્રસન્ન રહે છે; અને પ્રતિષ્ઠાનું પાત્ર, રાજાના પ્રસાદનું ભવન અને સૌભાગ્યની ભુમી બની રહે છે." માટે જો જીવિતને વલ્લભ ગણતા હો તો પરસ્ત્રીનો સંગ મુકી દ્યો. એક મૃગલોચના સતી સીતાના નિમિત્તે જ રાક્ષસપતિ રાવણના મસ્તક રણમાં રોળાયાં, ત્રિકુટ શિખર પર શોભી રહેલી અલકા સરખી લંકા જેની રાજ્યધાની હતી, ઘુઘવાટ કરતો સમુદ્રદેવ જે નગરની પરિખાઈ હતો, અનન્ય બલશાલી

કુંભકર્ણ જેનો બંધુ હતો, જગજજેતા અજેય ઇંદ્રજીત જેનો પુત્ર હતો અને પોતે કે જેના નામથી દુનીઆના વીર પુરુષો રાડ નાખતા, અનેક દેવો જેના નોકરો હતા અને અદ્દભુત વિદ્યાઓ જેની જીવ્હાગ્રરૂપી રંગભૂમી ઉપર નાચ કરતી હતી એવો લંકેશ્વર પણ સતી સીતાની આકાંક્ષા કરવાથી વૈભવ અને પ્રતાપથી રહિત બની દીનહીન દશાને પામ્યો. સ્વસ્ત્રી સ્વાધિન હોવા છતાં નીચ પુરુષો જ પરસ્ત્રીની ઇચ્છા કરે છે." આવી રીતે કુમારપાલને ઉપદેશ આપ્યો. કુમારપાલે પણ એ પરમ યોગીશ્વરના મુખકમળમાથી નીકળતી ગંગાના ધોધ સમાન નિર્મલ વાણી સાભળી તેમના ઉપદેશથી પરનારીસહોદરવ્રત સ્વીકારી તેમની ગંગાના પ્રવાહ સમાન પવિત્ર વાણીમાં પોતાના આત્માને નવરાવી કૃતકૃત્ય–પવિત્ર બન્યો અને ત્યાથી પોતાના પિતા સાથે દધિસ્થળી ગયો.

હવે જયસિંહદેવની અવસ્થા વધવા સાથે ગૃહસ્થ ધર્મના ફળ રૂપ પુત્રપ્રાપ્તિની ચિંતા પણ વધવા લાગી. તેને સદા એમ લાગ્યા કરતું કે જો પિતૃદાન દેનાર એક પુત્ર થાય તો મારો જન્મ સફળ થયો ગણાય. પરંતુ વિધિ તેનાથી વાંકું હતું. 'સૂર્ય વિના આકાશ, ન્યાય વિના વિક્રમ, સિંહ વિના વન, ચંદ્ર વિના રાત્રી, બળ વિના પરાક્રમ, તેજ વિના લક્ષ્મી,' એ જેમ શોભતા નથી તેમ પુત્ર વિના કુળ શોભતું નથી. તેણે પુત્રપ્રાપ્તિ માટે ઘણાં ઘણાં ફાફાં માર્યા, અનેક કાળાં ધોળાં કર્યાં, અને અનેક જોગીઓનાં પડખાં સેવ્યાં; પરંતુ તેમાં તે નિષ્ફળ નિવડયો. તેણે અનેક જોશીઓને પૂછવા માંડયું પરંતુ તેમાંય તેને કયાંયથી સંતોષ ન મળ્યો. સાથે તેના કાને એમ પણ ભણકાર આવ્યા કે મારી પછી ત્રિભુવનપાલનો પનોતો પુત્ર કુમારપાલ ગાદીએ આવશે. તેને આ સાંભળી અસંતોષ વધતો ગયો; અને તે વાતને એકદમ તે સાચી પણ ન માનતો. એક વખતે પોતે સભા ભરી બેઠો હતો તે વખતે એક મહાન જ્યોતિષી પંડિત ત્યાં આવ્યો. સિદ્ધરાજે તેને પ્રશ્ન પુછયો; પંડિતે લગ્ન લઇ ચોકખો ઉત્તર આપ્યો કે "મહારાજા આપને કોઇ પણ પ્રકારે પુત્ર થશે નહિ અને આપની પછી ત્રિભુવનપાળનો વીર પુત્ર કુમારપાલ તમારી ગાદીએ આવી તમારી પેઠે ચક્રવર્તી થશે." પંડિત પાસે આવો ઉત્તર સાભળી તેનું હૃદયમંદિર ભગ્ન થયું, તેને બહુ ખેદ થયો. તેણે આની આ વાત ફરીથી પોતાની સભાના પંડિત રત્ન બાલબ્રહ્મચારી, શ્રી હેમચંદ્રાચાર્યને પુછી. આચાર્યશ્રીએ પણ તે ને તે જ વાત ફરીથી કહી. તેણે જ્યારે પોતાના ગુરૂશ્રી પાસેથી આ ઉત્તર સાંભળ્યો ત્યારે તેને એમ ખાત્રી થઇ કે મારે પુત્ર નહિ થાય અને કુમારપાલ ગાદીનો અધિપતિ થશે. હવે સિદ્ધરાજને બીજો એક કુવિચાર થયો કે કુમારપાલને મારી નાખું તો મહાદેવજી મને પુત્ર આપે.

અંતે આ વિચારે તેના હૃદયમાં ઘર કર્યું અને તે કુવિચારને સફળ (!) કરવા પ્રયત્ન શરૂ કર્યો.

તેણે કુમારપાળને મારી નાખવા પહેલાં વિચાર કર્યો કે તેનો પ્રતાપી પિતા ત્રિભુવનપાળને માર્યા પહેલાં–તેના દેહમા પ્રાણ છે ત્યા સુધી કુમારપાલનો વાળ ખેંચવાને હું સમર્થ નથી. માટે ત્રિભુવનપાળને કપટથી મારી નાંખું તોજ મારી મુરાદ બર આવે તેમ છે. તેણે ત્રિભુવનપાળને મારી નાખવા 'રાજદ્વારી ખાનગી કામના બહાના હેઠે બાપ દિકરાને ગામ (પાટણ) બહાર મહાદેવના મંદિરમાં બોલાવ્યા. વિર ત્રિભુવન-

પાળ કોઇ પણ જાતના સંશય વગર પુત્ર સહિત મહાદેવના મંદિરમાં આવ્યો. સિદ્ધરાજ પણ શિકાર જાળમાં આવ્યાનું સમજી તેને ચારે બાજુથી ઘેરી લઇ મલકાતે મ્હોડે પોતાના ખાનગી ચરો સાથે મહાદેવના મંદિરમાં આવ્યો. પરંતુ ત્યાં તો ચાલાક ત્રિભુવનપાળને સિદ્ધરાજના કપટની અગાઉથી ખબર પડી ગઇ. તેણે બધો ખેલ જોઇ લીધો અને તે જ વખતે પોતાના પુત્રને દધિસ્થળી બીજા ખાનગી રસ્તે રવાના કરી દીધો હતો, અને પોતે ખુલ્લી તરવારે તેનું સ્વાગત કરવા તૈયાર થઇ ઉભો. જેવો સિદ્ધરાજ અંદર ગયો કે તરતજ ત્રિભુવનપાળે ત્રાડ નાખતાં કહ્યું કે "પાપી કુત્તા ચલાવ તારી તલવાર" સિદ્ધરાજ ભોંઠો પડયો અને તેને ત્રિભુવનપાળના બધા પૂર્વના ઉપકારો, તેનો નિઃસ્વાર્થ ત્યાગ આદિ બધાં કામો સાંભરી આવ્યાં.

પરંતુ મનોબળ એકઠું કરી પોતાના સહચરોને કહ્યું કે–ઉભા છો શું? ચલાવો તમારી તલવાર. ત્યાં તો ત્રિભુવનપાલે તેને કહ્યું કે–જો તારામાં તાકાત હોય તો આવી જા આપણે બન્ને દ્વંદ્વ યુદ્ધ કરીએ. સિદ્ધરાજને ત્રિભુવનપાળના ભુજબળની ખબર હતી કે ત્રિભુવનપાળ પોતાને તો જેમ મદોન્મત્ત હાથી હરણિયાને ચગદી નાખે તેમ જરૂર દાબી દેશે. સિદ્ધરાજ મુંગો રહ્યો ત્યાં તો તેના સૈનિકોએ ત્રિભુવનપાળ ઉપર તલવાર ચલાવી. એકી સાથે તેના ઉપર પચાસેક તલવાર ઉપડી છે તેમ તેણે જોયું. તે બધાનું સ્વાગત કરવા કરવા તૈયાર હતો; તેણે તેમાંથી ઘણાનું સ્વાગત કરી દેવલોકમાં પહોંચાડયા; અંતે તેનું વૃદ્ધ શરીર થાક્યું. તેના શરીરમાંથીલે ાહીની ધારા છુટવા માંડી. તેની નાડી તુટવા માડી. તેને હવે લાગ્યું કે તે નહિ બચે, એટલે પોતે તરત જ સિદ્ધરાજ પાસે જઇ કહ્યું કે "પાપી કૃતઘ્ન અંતે તેં તારૂં કાળું કર્યું. પરંતુ ઠીક છે કે મહાદેવજીએ તારા પાપી લોહીમાંથી પુત્રરૂપી ફળ નથી આપ્યું. નહિતર તું શું ન કર એ હું નથી કહેતો."

એમ કહીને વીર પુરુષે પોતાના શરીર ઉપર તલવાર ચલાવી પોતાનું લોહીવાળું મસ્તક સિદ્ધરાજની ઉપર નાખી તેને લોહી છાંટયું. આ કમકમાટીભર્યો બનાવ જોઇ સિદ્ધરાજનું પાપી હૃદય પણ કપ્યું, પરંતુ તે કમકમાટ વધુ ટકયો નહિ. તેણે કુમારપાલને શોધવા માંડયો; પરંતુ કુમારપાલ ત્યાં નહોતો. પછી તે દધિસ્થળી ઉપર હલ્લો લઇ ગયો. કુમારપાલ તેને સૈન્ય સહિત સામો મળ્યો. બન્ને સૈન્યનો ભેટો થયો. સિદ્ધરાજ પાસે સૈન્ય થોડું હતું અને કુમારપાલનું શૌર્ય વધારે હતું. પિતૃમરણે તેને ખુબ ઉશ્કેર્યો. સિદ્ધરાજે જોયું કે હવે નહિ ટકાય. અંતે બન્યું પણ તેમ જ. સિદ્ધરાજ તેની સામે ન ટકી શકયો અને ત્યાથી પાટણ નાસી આવ્યો. ત્યાં આવ્યા પછી તેણે ગામમાં એવી વાત ફેલાવી કે "ત્રિભુવનપાળ લુંટારો હતો, તે પાટણ લુંટવા આવ્યો હતો.' પરંતુ કૃતઘ્ન પાટણની પ્રજાએ પોતાના એ ઉપકારી પુરુષને ચંદનની ચિતામાં બાળી તેની પછવાડે શોકના બે આંસુ ખેરવ્યાં.

કુમારપાલનું દેશાટન

હવે કુમારપાલ ઉપર સિદ્ધરાજનું વજ્ર અને શની ગ્રહ પડયાં. તેણે દધિસ્થળી છોડયું અને બાવાને વેશે ગુજરાતના પથ્થરે પથ્થરે ભટકયો. વળી એક વખત મહાદેવના મંદિરનો પુજારી થયો; સિદ્ધરાજને તેની ખબર પડી એટલે આવ્યું. તેણે પુજારીઓને બ્રહ્મભોજન કુમારપાલ પણ ત્યાં ગયો પરંતુ એક કૃતઘ્ન રજપુતની સંજ્ઞાથી–સંકેતથી ઉલ્ટીના બહાને નાસી

છુટયો. સિદ્ધરાજને આ વાતની ખબર પડી કે તરતજ પોતાના માણસો તેની પછવાડે મોકલ્યા. કુમારપાલ ઉઘાડે શરીરે માત્ર એક અબોટીયાભેર જ હતો. તેણે પછવાડે ધૂળ ઉડતી જોઇ એટલે પોતે સંતાવાની જગ્યા શોધી. પાસેના ખેતરમાં એક ખેડુત વાડ કરતો હતો ત્યાં જઇ તેણે મદદ માગી. એ દયાળુ ખેડુતે તેને વાડમાં સંતાડી તેના ઉપર કાંટાનાં ઝુંડ નાખ્યાં. સિદ્ધરાજના માણસોએ ઘણી શોધ કરી પણ અંતે તેઓ નિષ્ફળ નિવડયા અને વીલે મ્હોડે પાછા પાટણ ગયા. કુમારપાલ વાડમાથી બહાર નીકળ્યો. તેના કોમળ શરીરમાથી લોહી નીકળવા માંડયું એ જાણે કોઇ નવા પ્રકારના પરવાળાના અંકુર હોય તેવો ભાસ કરાવતું હતું. ત્યાથી ભાડ ભાડ ચાલી તે દધિસ્થળી ગયો અને ત્યાથી પોતાનું નામ બદલી ભીમસિંહ રાખ્યું અને વેશબદલો કરી વળી નીકળ્યો. રસ્તામાં તેણે ઝાડ નીચે એક ઉંદર પોતાના દરમાંથી રૂપીયા કહાડી બહાર લાવતો હતો તે જોઇ તે રૂપીયા લઇ લીધા. ઉંદર પોતાના રૂપિયા ગયા જોઇ માથું પટકી મરી ગયો. કુમારપાલે વિચાર્યું કે " મનુષ્ય તો ઠીક પરંતુ પશુ પંખી પણ અર્થની મોહનીમાં મુંઝાય છે."તે વખતે રસ્તામા તેને ઉમરાગામના દેવસિંહ શેઠની પુત્રી દેવશ્રી પોતાના સાસરેથી પીયર જતી હતી તે મળી. તે ઉદાર દિલની દેવશ્રીએ કુમારપાલને ભૂખ્યો અને દુઃખી જાણી પોતાની પાસેનું ભાતું આપ્યુ. કુમારપાલે પણ બે દિવસનો ભુખ્યો હોવાથી સારી પેઠે ખાધું. પછી તે ઉદાર દિલની દેવશ્રીના કહેવાથી તેની ગાડીમા બેસી વચ્ચે દધિસ્થળીને રસ્તે ઉતરી પડયો. જતી વખતે તેણે દેવશ્રીને કહ્યું કે " આજથી તું મારી ધર્મબહેન છો અને હું જયારે ગાદીએ બેસીશ ત્યારે તારી પાસે ભગિનીતિલક કરાવીશ " પછી દધિસ્થળી જઇ પહોંચ્યો ત્યાં તેણે જોયું કે સિદ્ધરાજ કુટુંબ ઉપર પણ કેર વરસાવી રહ્યો હતો. એટલે પોતાના **યથા નામ તથા ગુણા** એવા સજ્જન નામના મિત્રદ્વારા પોતાના કુટુંબને બીજે સ્થળે મોકલાવી પોતે વોસિરી નામના બ્રાહ્મણ મિત્રની સાથે ફરી વાર રખડપટ્ટી શરૂ કરી.

તે પ્રથમ ખંભાત ભણી ગયો. ત્યા ખંભાતની બહાર પરમ પ્રતાપી ગુરૂશ્રી હેમાચાર્ય તેને મળ્યા. પોતે તેમને એકદમ ન ઓળખી શકયો પરંતુ તેના ગુરુએ તો તેને ઓળખ્યો અને તેને પોતાની સાથે ઉપાશ્રયે લઇ જઇ સિદ્ધરાજના મહામાત્ય અને ખંભાતના સત્તાધીશ ઉદાયનને કુમારપાળની બલામણ કરી. કુમારપાળ ઉદાયનને ઘેર શાંતિથી રહેતો હતો ત્યાં આ વાતની ખબર સિદ્ધરાજને પહોચી કે મારો શત્રુ મારા મહામંત્રીને ત્યા છે એટલે તેણે ઉદાના પુત્ર ચાહડ કે જે પોતાનો ધર્મપુત્ર થતો હતો તેને કુમારપાળની શોધ કરવા મોકલ્યો. તેણે ખંભાત જઇ પોતાના ઘરમાં કુમારપાલને ઘેર્યો પણ કુમારપાલ ત્યાંથી આંબડની મદદથી રાતોરાત નાસી હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયે ગયો. ત્યાં પરમ કારુણિક શ્રી હેમચંદ્રાચાર્યે પણ તેને પોતાના પુસ્તક ભંડારમાં સંતાડયો. બીજે દિવસે ચાહડે ઘરમાં તપાસ કરી પણ ત્યાં તેનો પત્તો ન ખાધો એટલે તે ઉપાશ્રયે આવ્યો અને ત્યાં કુમારપાલની શોધ કરી. પરમ કારુણિક, યોગીશ્વર શ્રી હેમચંદ્રાચાર્યે ત્યા કુમારપાલના દેહનું બહુ યુક્તિ પૂર્વક રક્ષણ કર્યું. અંતે ચાહડ ત્યાંથી પણ વીલે મ્હોડે ખાલી હાથે પાછો પાટણ ગયો.

હવે કુમારપાલ અહિં રહેવાનું સલામત ન ધારી વડોદરે થઇ ભૃગુકચ્છ (ભરૂચ) ગયો; ત્યાથી કલ્હોપુર ગયો અને ત્યા એક યોગીની સારી પેઠે સેવા કરી; યોગીએ તેની

સેવાથી પ્રસન્ન થઇ એક મંત્ર આપ્યો. પછી પોતે તે મંત્રને સાધી પોતાનું કાર્ય કરી વિવિધ દૃશ્ય જોતો કાંતિપુરનગર ગયો; ત્યા તેણે ઘણા ઘણા ચમત્કારો જોયા. ત્યાંથી તે મલ્લિનાથ દેશમાં કોલંબપટ્ટન ગયો. કહે છે કે કોલંબેશ્વરને મહાલક્ષ્મીજીએ એવું સ્વપ્ન આપ્યું હતું કે 'તારા રાજ્યમાં ગુજરાતનો નરેશ બાવાને વેશે આવે છે માટે તેનું સન્માન કરજે.' કોલંબેશ્વરે તેનું ખુબ સન્માન કરવા તેના નામના-છાપના સિક્કા પડાવ્યા. ત્યાંથી અનુક્રમે પેઠ થઇ તે ઉજ્જયિની નગરીમા આવ્યો. ત્યાં તેણે કુડગેશ્વર મહાદેવના મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુ[1] નાં દર્શન કર્યાં અને ત્યાર પછી ત્યાં તેના જોવામાં એક શિલાલેખ આવ્યો. તેમાં તેણે નીચે પ્રમાણે વાંચ્યું કે—

पुण्णेवास सहस्से सयम्मि वरिसाण नव नवइकलिए ।
होही कुमरनरिंदो तुह विक्कमराय सारिच्छो ॥

અર્થ—પવિત્ર અગિયારશો નવ્વાણુ વર્ષ વીત્યા પછી, હે વિક્રમરાજ તારા જેવો કુમારપાળ રાજા થશે. કુમારપાળ આ લેખમા પોતાનું નામ જોઇ કંઇક આશ્ચર્ય પામ્યો. તેણે એક વિદ્વાનને બોલાવી પૂછ્યું તો તેણે કહ્યું કે "પૂર્વે અહિં શ્રી સિદ્ધસેન[2] દિવાકર નામે જૈન મતના પ્રખર પંડિત, આચાર્ય થઇ ગયા છે તેમણે સંસ્કૃત ભાષામાં દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા (બત્રીસ બત્રીસી) રચી અને શ્રી વીતરાગદેવની સ્તુતિ કરી.[3] તેના પ્રભાવથી કુડેશ્વર મહાદેવનું લીંગ ફાટી અંદરથી શ્રી પાર્શ્વનાથ પ્રભુ નીકળ્યા. વિક્રમરાજા આ ચમત્કાર જોઇ આશ્ચર્ય પામ્યો અને તેમનો ભક્ત બન્યો અને ધીમે ધીમે તે ચુસ્ત જૈન-પરમાર્હત થયો. તે રાજાએ દાન વડે જગતને અનૃણ બનાવી પોતાના નામનો સંવત્સર ચલાવ્યો. એક વખતે રાજાએ પોતાના ગુરુને પૂછ્યું કે મારી પછી કોઇ મહાન જૈન રાજા થશે?-ત્યારે સિદ્ધસેન દિવાકરે પોતાના જ્ઞાનના બળથી જણાવ્યું કે "તારી પછી મહારાજાધિરાજ ચક્રવર્તી કુમારપાલ પરમાર્હત થશે[4]" અને આ ગાથા પણ તેઓશ્રીએજ કહેલી છે. વીર વીક્રમે આ ગાથા શિલાલેખમાં ટંકાવી છે કે જે ગાથા તમે અત્યારે વાંચી." કુમારપાલ આ સાંભળી ઘણો આશ્ચર્ય પામ્યો અને સાથે સાથે આચાર્યશ્રીનું આવું અદ્ભુત જ્ઞાન જોઇ વિશેષ ખુશી થયો.

ઉજ્જયનિમાં તેનો મિત્ર સજ્જન અને પોતાનું કુટુંબ મળ્યું. પોતે બધાના કુશળ સમાચાર પૂછી કુટુંબને ત્યા રાખી પોતાના મિત્ર વોસિરી નામના બ્રાહ્મણ સાથે

---

૧ જૈનોના ત્રેવીસમા તીર્થંકર.

૨ આ આચાર્યવર્યની વિશેષ માહિતી માટે જૂઓ મારો 'સિદ્ધસેન દિવાકર' નામનો નિબંધ.

૩ કલ્યાણ મંદિરસ્તોત્ર રચ્યું એમ પણ બીજે સ્થળે મળે છે. આ કલ્યાણ મંદિર સ્તોત્ર અત્યારે વિદ્યમાન છે કે જે અનેક મંત્રાક્ષરોથી ભરપુર છે.)

૪ આ ચમત્કારિક બીના કુમારપાલપ્રબંધ અને પ્રબંધચિંતામણીમાં વધુ વિસ્તારથી આપેલી છે.

દશપુર[૧] થઇ ચિત્રકૂટ (ચિતોડ) ગયો. ત્યાં ઘણાં ઘણા અવનવાં દશ્યો જોઈ અનુક્રમે કાશી થઇ પટ્ટના આવ્યો. ત્યાં તેણે નવનંદનો રાજવૈભવ સાંભળ્યો. ત્યાંથી રાજગૃહી[૨] થઇ કામરૂપ દેશમાં ગયો. ત્યા વિવિધ દશ્યો જોઇ ત્યાંથી નાગેંદ્રપત્તન ગયો; ત્યાં તેણે તે નગરની અજાયબ ભરી ઉત્પત્તિ સાંભળી; અહીં તેની મોજડી ફાટી જવાથી એક મોચીએ કુમારપાળને રેશમી મોજડી ભેટ આપી. કુમારપાળે તેને કહ્યું કે જ્યારે તું એમ સાંભળ કે ' કુમારપાલ ગુજરાતની ગાદીએ બેઠો છે ' ત્યારે તું ત્યા આવજે. અહીં તેણે સિદ્ધરાજદેવના મરણ પથારીના ઉડતા ખબર સાભળ્યા એટલે ત્યાંથી સીધો તે ઉજ્જયિની આવ્યો. ત્યાં તેને પાકેપાયે ખબર મળ્યા કે ગુજરાતનો નરેશ જયસિંહદેવ સ્વર્ગે ગયો છે અને તેમની ગાદીએ તેમના નામની પાદુકા સ્થાપી છે. કુમારપાળ આ ખબર સાંભળી કુટુંબને મળી પાટણ આવ્યો. પોતે જ્યારે પાટણ આવ્યો ત્યારે ખબર સાંભળ્યા કે ' આજેજ રાજતિલક કરવાનું મુહૂર્ત છે. ' કુમારપાલને બરાબર સમયે આવેલો જોઇ બધા મંત્રિઓ, ભાયાતો અને સામંતો આશ્ચર્ય પામ્યા. સિદ્ધરાજ મરતી વખતે પોતાના મંત્રીઓને કહી ગયો કે ' મારી પછી ધર્મચુસ્ત ઉદાયન મંત્રીનો પુત્ર ચાહડ મારી ગાદીએ આવે ' પરંતુ આ વાતમાં ઘણા મંત્રીઓ વિરુદ્ધ હતા, અને ખુદ ચાહડનો પિતા ઉદાયન મંત્રી પણ તેમાં વિરુદ્ધ હતો. એટલે કુમારપાળ જોવો આવ્યો કે તરતજ તેનો બનેવી કૃષ્ણસિંહ તેને પોતાને ઘેર લઇ ગયો અને ત્યાં સારી પેઠે ન્હવડાવી ધોવડાવી સારાં યોગ્ય કપડાં પહેરાવી તેને રાજસભામાં લઇ ગયો.

સભામાં ઘણી ઘણી વાટાઘાટ પછી અંતે એમ ઠર્યું કે ત્રિભુવનપાલના પુત્રને ગાદી આપવી કારણ કે ખરા હકદાર અને યોગ્ય તે છે. તેમાં પ્રથમ ત્રિભુવનપાલના મ્હોટા પુત્ર મહીપાળને ઉઠાડી પૂછવામાં આવ્યું કે તમે રાજ્ય શી રીતે ચલાવશો, ત્યારે તેણે બરાબર ઉત્તર ન આપ્યો. ત્યાર પછી બીજા પુત્ર કીર્તિપાલને બોલાવ્યો ત્યારે તેણે પણ ગોટાળોજ વાળ્યો. અન્તે કુમારપાલને પૂછ્યું ત્યારે તેણે પોતાની વીરતાથી જવાબ આપ્યો કે " હું મારી આ સમશેરથી રાજ્ય ચલાવીશ. " મંત્રીઓએ તેને રાજ્યને યોગ્ય ધારી "૧૧૯૯ ના માગશર વદી ૪ ને દીવસે પુષ્ય નક્ષત્ર, મીન લગ્ન અને બીજા પણ ઉચ્ચ ગ્રહો હતા ત્યારે તેનેજ (કુમારપાલને) રાજગાદીએ બેસાડી રાજતિલક કર્યું અને ' મહારાજાધિરાજ શ્રી કુમારપાલદેવ 'ના નામની આણ ફેરવી. "

ગુજરાત, લાટ, મહારાષ્ટ્ર, માળવા, મેવાડ, પૂર્વ દેશ આદિના પથ્થરે પથ્થર ભટકેલો, ત્યાં અનેકવિધ દશ્યો જોઇ અનુભવ પામેલો, અનેક કષ્ટો સહન કરી ઘડાએલો ઘણા ઘણા ડાહ્યા રાજવીઓની રાજનીતિ અનુભવી કુશળ મુસદ્દી બનેલો અને સિદ્ધરાજને

૧ આ દશપુરને અત્યારે ચન્દસોર કહે છે. આ સબંધી વિશેષ જોવા ઇચ્છનાર મહાશયે પુરાતત્ત્વમાં ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી જિનવિજયજીએ લખેલો વિશાલાના ગણસત્તાક રાજા ચેટક (ચેડા) નામનો લેખ જોવા તસ્દી લેવી.

૨ આ રાજગૃહી નગરી આજથી અઢી હજાર વર્ષ ઉપર થઇ ગયેલ જગદુદ્ધારક શ્રી મહાવીર સ્વામીના પરમભક્ત મહારાજા શ્રેણીકની મુખ્ય રાજધાનીનું નગર હતું. વિશેષ માટે જુઓ અભયકુમાર ચરિત્ર આદિ.

જસ્માઓડણુ અને રાણુકદેવીના લાગેલા કલંકો ધોઇ નાખવા, ગુજરાતની ગાદીને જગપ્રસિદ્ધ બનાવવા અને ચૌલુકય વંશને કીર્તિનો કળશ ચડાવવા આ પરનારીસહોદર કુમારપાળ ગુજરાતની ગાદીએ આવ્યો. કુમારપાળ ગાદીએ આવ્યો ત્યારે આખું પાટણુ કપટ અને ફાટફૂટથી ભરેલુ હતું. તેણે પ્રથમ પાટણને કપટની બળતી જવાળામાથી બહાર કહાડી શાંતિ અને વિશ્વાસના મંત્રો રૂપી જળ રેડી રાજનીતિ રૂપી અંકુશથી બધાને સીધા કરવા પ્રયત્ન કર્યો.

ગાદીએ બેઠા પછી તેણે કેવી રાજનીતિ ચલાવી તેને માટે કુમારપાલ–પ્રબંધકાર નીચે પ્રમાણે જણાવે છે "ગામ નગર દેશના રક્ષણુ સારૂ યોદ્ધાઓનો સંગ્રહ કર્યો. કુનીતિનો નાશ કરી સુનીતિ ફેલાવી. વ્રતીઓ પર સમતા બતાવી. દેવળોમાં મહા પૂજાઓ ચાલુ કરી. સત્પુરુષોને માન આપી દુર્જનોને દુર કર્યા. એ રીતે રાજ્યમાં સર્વત્ર શાંતિ પ્રસરે એવા ઉપાયો લેવા માંડયા. ભોપાલદેવીને પટ્ટરાણીની પદવી આપી અને પોતાને ઉપકાર કરનાર બીજા માણસોને મહુ માનથી બોલાવી યોગ્ય બદલો આપ્યો." "તેમજ ઉદાયન મંત્રીને મુખ્ય પ્રધાન નીમ્યો. તે પુરુષ સ્વામિભક્ત, ઉત્સાહી, કૃતજ્ઞ, ધાર્મિક, પવિત્ર, માયાળુ, કુલીન, શાસ્ત્રજ્ઞ, સત્યભાષિન, વિનીત, દીર્ઘદર્શી, નિર્વ્યસની, વૃદ્ધસેવક, ઉદાર, સાત્વિક, પ્રાજ્ઞ, શૂર અને ચપળ હતો. રાજા પ્રજા અને પિંડનું હિત તાકનાર હતો. નિસ્પૃહી અને સ્વભાવે શાંત હતો. તે બહુધા મિથ્યા વચન કાઢે તેવો નહોતો. સર્વ ધર્મોને માન આપી પાત્રની યોગ્યતા પ્રમાણે અધિકાર આપનાર હતો. ત્રણ વેદ, વાર્તા, દંડ અને નીતિમાં તેણે સારો શ્રમ લીધો[1] હતો." તેના પુત્ર વાગ્ભટને સર્વરાજ્યકારભારમાં સહાયક નીમી "આલિંગ" પ્રધાનની (મદદગાર પ્રધાન, નાયબ દિવાન) પદવી આપી અને પોતાને દુઃખી અવસ્થામાં મદદ આપનાર બધા ઉપકારી મિત્રોને સંભારી તેમને નીચે પ્રમાણે યોગ્ય બદલો આપ્યો.

"આલિંગ (સજ્જન) કુમારને ચિત્રકૂટ (ચિતોડ) ની પટ્ટીકાનો સ્વામી બનાવ્યો કે જે પટ્ટિકા નીચે ૭૦૦ ગામો હતા. કુમારપાલપ્રબંધકાર કહે છે કે હજી પણુ તેના વંશ જોસગરા રજપુત તરીકે ઓળખાય છે. જે ખેડુતે પૂર્વે કાંટાની વાડમા પોતાને સંતાડી રક્ષણુ કર્યું હતું તે ખેડુતને પોતાનો અંગરક્ષક કર્યો અને પોતાના દુઃખના સહચારી વોસિરી બ્રાહ્મણને (તેની માતાનું પહેલાંનું મ્હેણું સંભારી.) લાટદેશ આપ્યો અને રસ્તામાં પોતાની ખરેખર દુઃખી અવસ્થામા ખાવાનું આપનાર, પોતાની ગાદીમાં બેસાડનાર અને આર્થિક મદદ આપનાર ઉદાર દિલની શ્રીદેવીની પાસે રાજતિલક કરાવી તેને ધોળકા આપ્યું અને ચણા આપનાર દુકાનદારને વટપદ્ર (વડોદર) આપ્યું આવી રીતે કુમારપાલપ્રબંધકાર કહે છે કે પોતાના અનેક ઉપકાર કરનાર મિત્રોને સારી પેઠે સંભારી બધાને સંતોષ્યા.

આ બાજુ તે વખતના પ્રખર વિદ્વાન જૈનાચાર્ય શ્રી હેમચંદ્ર સુરિશ્વરનું પણુ તેને તે વખતે સ્મરણુ થયું. તેણે પોતાના પરમ ઉપકારી, જીવનદાતા, ગુરુને પ્રેમપૂર્વક આમંત્રણુ આપી તેમનું ખુબ સન્માન કરી, તેમને ચરણે આખું રાજ્ય ધરી દીધું. પરંતુ તે

---

૧ ઉદાયન મંત્રીને, 'વ્યભિચારી, નિર્દય, કૃતઘ્ન, પાપી આદિ વિશેષણો લગાડનાર મહાશયો ઉપલાં વાક્યો જોશે એમ નમ્ર વિનંતી છે.'

નિસ્પૃહ જૈનાચાર્યે કુમારપાળને કહ્યું કે "અમારે કંચન અને કામિનીના ત્યાગીઓને તો રાજ્ય સુખને બદલે દુઃખપ્રદ છે માટે તેને તો તમેજ સંભાળો. હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજદેવ કે કુમારપાળ દેવ બેમાંથી એકેના રાજગુરુ નહોતા થયા. એ નિસ્પૃહી પરમ યોગીશ્વર આચાર્ય શ્રી ગુજરાતના બન્ને રાજવીઓના ધર્મગુરુ તરીકે જ રહ્યા છે અને શોભ્યા છે. પણ માત્ર સિદ્ધરાજે તેમના પ્રત્યે કંઇક ઓછો ભક્તિભાવ દેખાડયો અને કુમારપાળે તેમના પ્રત્યે તેમના ધર્મ પ્રત્યે–શાસન પ્રત્યે વિશેષ પ્રેમ ભક્તિભાવ દેખાડયો છે એ મોટા ફેર છે. કુમારપાળ તેમનો ત્યાગ અને યોગ જોઇ તેમના ઉપર વિશેષ ભક્તિવાળો થયો અને તેમના ઉપદેશથી અહિંસાના પવિત્ર વ્રતો–મંત્રો પોતે સ્વીકારી પ્રજાને પહોંચાડી જૈન ધર્મ સ્વીકાર્યો.

કુમારપાળે ગાદીએ બેઠા પછી પોતાનો દિવસ અને રાતનો કાર્યક્રમ કેવી રીતે ગોઠવ્યો તેનું સુંદર ટાઇમટેબલ નીચે પ્રમાણે છે. "રાજાએ પ્રથમ દિવસના આઠ ભાગ કરી પ્રથમ ભાગમાં રક્ષા સારૂ ખર્ચનો વિચાર કરવો, બીજા ભાગમાં નગરના લોકોની રક્ષાનું ચિંતવન કરવું, ત્રીજા ભાગમાં દેવર્ચા કરી ભોજન કરવું, ચોથા ભાગમાં ખજાનો તપાસવો, પાંચમા ભાગમાં બીજાં બધાં કામોમાથી નિવૃત્ત થઇ ચરોને પરદેશ મોકલવા, છઠ્ઠા ભાગમાં મરજી મુજબ ફરવા નીકળવું, સાતમા ભાગમા હાથી ઘોડા અને બાણુ વગેરેની રચના કરવી–કરાવવી અને આઠમા ભાગમાં જય મેળવવા નવી સેનાની ગોઠવણુ કરાવવી. તેવી જ રીતે રાત્રિના આઠ ભાગમાં અનુક્રમે (૧) એકાતમાં મોટા આપ્ત માણુસોની સાથે વાતચિત કરવી. (૨) સુખથી ગંભીર અર્થવાળા શાસ્ત્રનું સ્મરણુ કરવું (૩) વાજીંત્ર સાંભળી શયન કરવું (૪–૫) નિદ્રા લેવી (૬) વાદ્ય નાદથી જાગી મન વચન અને કાયાની એકાગ્રતાએ ધ્યાન કરવું (૭) મંત્રનો વિચાર કરવો અને (૮) માં બ્રાહ્મણોના આશીર્વાદ ગ્રહણુ કરી વૈદ્યોની મુલાકાત લેવી."[૧]

કુમારપાળ ગાદીએ આવ્યો એ તે વખતના કેટલાએક રાજવીઓને ન રુચ્યું. તેમાંથી માળવાનો રાજા અને શાકંભરીનો અર્ણોરાજ ધુમતા સૈન્ય સાથે કુમારપાળ ઉપર ચડી આવ્યા. કુમારપાળે સાંભળ્યું કે તેમાં સિદ્ધરાજના ધર્મપુત્ર ચાહડનો મુખ્ય હાથ હતો અને તેની ઉશ્કેરણીથી જ તે રાજવીઓ ચડી આવ્યા હતા. ચાહડે તેમને બધા ખાનગી રસ્તા બતાવવા ઉપરાંત કુમારપાળના પરાભવની ચાવી પણુ બતાવી હતી. પરંતુ વીર કુમારપાળ તેમનું સ્વાગત કરવા પહેલેથી સૈન્ય લઇ તેમની સામે ગયો. બંને પ્રતિસ્પર્ધીઓ સામસામા મળ્યા. થોડું ઘણું બાકી હતું તે પણુ "ચાહડે કુમારપાળના મુખ્ય સેનાધિપતિ માલ્હણુ આદિ બીજા સૈનિકોને દ્રવ્યદ્વારા ફોડી" પુરૂં કર્યું. આ વખતે આખું પાટણુનું સૈન્ય કપટની જ્વાળામાં પતંગીયાની માફક ઝુકવા તત્પર થઇ રહેલું હતું. કુમારપાળને આ કપટની ખબર ઠેઠ સુધી ન પડી. બીજે દિવસે જ્યારે પોતે પોતાના કલહપંચાનન નામના હાથી ઉપર બેસી યુદ્ધ કરવા ગયો ત્યારે તેણે જોયું કે પાટણુનું સૈન્ય ફૂટયું છે. તેને લગાર વિમાસણુ થઇ પરંતુ તેના સાહસે અને વીરતાએ તેને પાછો ન પાડયો. તેનામાં

૧ કુમારપાલપ્રબંધકારે આપેલો કુમારપાળનો કાર્યક્રમ વાંચી આ વૃદ્ધ રાજવીની આવી નિયમસર દિનચર્યા જોઇ અત્યારના અમારા રાજવીઓ પોતાના સમયનો વિચાર કરશે ?

ક્રોધક નવું દૈવી બળ આવ્યું હોય તેમ કલહપંચાનનના કાનમા પોતાનો ખેસ ભરાવી[1] હાથીને આગળ ધપાવ્યો. કુમારપાળનું શૌર્ય, તેની ધીરતા અને વીરતાની ખરેખરી કસોટી આ વખતે હતી. તેને જગતને બતાવવું હતું કે ગુજરાતની ગાદીએ તો વીર પુરુષ જ આવ્યા છે. સારા યુદ્ધવિશારદને છાજે તેવી રીતે તેણે શૌર્યથી પોતાના કલહપંચાનનને અર્ણોરાજની સામે ધપાવી શિકાર બરાબર સામો આવ્યો જોઇ, લાગ શોધી વીર પુરુષની માફક હાથી ઉપરથી કુદકો મારી અર્ણોરાજની અંબાડીમાં જઇ તેને હેઠો પાડી કેદ કરી લીધો. ગુજરાતના સૈનિકો ભુલ્યા. તેમણે જોયું કે ગુજરાતનું નાક કુમારપાળે અખંડ રાખ્યું છે; પછી તો સૈનિકોએ કુમારપાળનું અનુકરણ કર્યું અને તેની મદદે જઇ પહોંચ્યા. અર્ણોરાજનું સૈન્ય ઉભી પુંછડીએ નાઠું. માળવાનો રાજા પણ આ ખબર સાભળી પોબારા ગણી ગયો અને કુમારપાળની વીરતાનાં યશોગાન ચોતરફ ફેલાયાં. ત્યાંથી પાછા વળતા વિક્રમસિંહને કેદ કરી તે પાટણ આવ્યો. ગુજરાતનો નરેશ વિજયયાત્રા કરી વિજયલક્ષ્મી મેળવી પાછો આવ્યો. ગુજરાતે, પાટણની યુવતિઓએ તેને ઉઘાડે મુખડે ફૂલ અને ચોખાથી વધાવ્યો અને તેનાં યશોગાન ગાયાં.

હજી તો વિજયયાત્રાના યશોગાન ગવાતા હતાં ત્યા તો કોકણના મલ્લિકાર્જુનનું "રાજ્ય-પિતામહ" બીરૂદ કુમારપાલને ખુંચ્યું. તે વૃદ્ધ રાજવીને થાક ઉતારવાની જરૂર હતી છતા તેનું વીર ક્ષત્રીય લોહી ઉછળી આવ્યું. તેણે તે જ વખતે યુદ્ધવિશારદ વાહડ–વાગ્ભટને સૈન્ય આપી મલ્લિકાર્જુન ઉપર મોકલ્યો પરંતુ પહેલી વાર તો વાહડનો પરાજય થયો. તે ચતુર સેનાપતિએ કાળા તંબુ સહિત પાછાં આવી પાટણ બહાર પડાવ નાખ્યો. કુમારપાલે ગામ બહાર કાળો તંબુ જોઇ તપાસ કરાવી તો તેને માલુમ પડયું કે વાગ્ભટ પરાજય પામી પાછો આવ્યો છે, એટલે તરત જ કુમારપાલ તેની પાસે ગયો અને પુષ્કળ સૈન્ય આપી પાછો મલ્લિકાર્જુન સામે મોકલ્યો. વાગ્ભટ બીજી વાર સાવચેતીપૂર્વક જઇ વ્યૂહ રચી તેની સામે યુદ્ધના મોરચા માંડયા. આ બીજી વારના યુદ્ધમાં વાહડ વિજયી થયો. તેણે તે યુદ્ધમાં "રાજપિતામહ" મલ્લિકાર્જુનને મારી નાખી તેની વિજયલક્ષ્મીને વર્યો. સાથે તેણે મલ્લિકાર્જુનની જે રાજલક્ષ્મી મેળવી તેમાં નીચેનાં મુખ્ય હતા. "શૃંગારકોટી નામની સાડી, માણિક્ય નામનું વસ્ત્ર, પાપક્ષય હાર અને વિષાપહાર છીપ. એ સિવાય ૧૪ ભાર સોનાના ૩૨ કુંભ–ચરૂ, ૬ મુડા મોતિ, ૧૪ કરોડ સોનૈયા, ૨૦૦૦ હજાર વાસણ, ચતુર્દંત હાથી અને સેદુક નામનો શ્વેત હાથી વગેરે ઘણી ચીજો સાથે લઈ વિજયયાત્રા કરી તે પાટણ પાછો આવ્યો. ગુજરાતના નરેશે તેને બહુ માનપૂર્વક પુરપ્રવેશ કરાવ્યો. તેણે સભામાં જઇ કુમારપાલ સન્મુખ મલ્લિકાર્જુનનું માથું ધર્યું અને બધી રાજલક્ષ્મી સભામા હાજર કરી. કુમારપાલે તેને ધન્યવાદ આપી મલ્લિકાર્જુનનું "રાજ-પિતામહ" બીરૂદ વાગ્ભટને આપી બીજું પણ સારૂં ઇનામ આપ્યું.

આ સિવાય સૌવીર, સૌરાષ્ટ્ર, સપાદલક્ષ, તૈલંગ, કોકણ આદિ દેશોમાં વિજયયાત્રા કરી કુમારપાલ પાછો આવ્યો. ગુજરાતની સમસ્ત પ્રજાએ, તેની યુવતિઓએ આ પોતાના પરનારીસહોદર વિજેતા રાજવીને ઉઘાડે મુખડે દુઃખડાં લઇ ફૂલ અને ચોખાના સ્વસ્તિકથી

1 વાજીંત્ર અને શંખનાદ સાભળી તે પાછો પડતો હતો એટલે તેણે તેના કાનમાં ખેસ ભરાવ્યો કે જેથી તે શબ્દ સાંભળી ન શકે.

વધાવ્યો. ગુજરાતની પ્રજાએ ફરી વાર વનરાજ, મુળરાજ અને સિદ્ધરાજને સંભાર્યા. સિદ્ધરાજ જે દેશોને વર્ષો સુધી પોતાના ત્રણ મહારથીઓથી (ત્રિભુવનપાલ, મુંજાલ મંત્રી અને ઉદાયન મંત્રી તેના રણાંગણના ખેલાડીઓ, સુત્રધારો, અને મહારથીઓ હતા) લડી લાંબે સમયે વિજયપતાકા પામ્યો હતો તેમાંના દરેક દેશમાં પોતાના ભુજબળથી વિજયપતાકા મેળવી ગુજરાતની વિજય કીર્તિના મંદિરને સુંદર કળશ ચડાવી તેની શોભામાં વધારો કરી, ગુજરાતનાં યશોગાન પોતાના ફડફડાટ દ્વારા ગાતી વિજયપતાકા તેના ઉપર ચડાવી.

હવે વિજયયાત્રા કરી આવેલા વૃદ્ધ રાજવીએ પરદેશની લક્ષ્મી અને બળથી ગુજરાતને સમૃદ્ધ બનાવી અનેકવિધ કળાઓ અને સુંદર ભવ્ય સ્થાનોથી શોભાવવા પ્રયત્ન આદર્યો. તેમાં તેણે સૌથી પ્રથમ આર્યાવર્તના સુધાસાગર સમા અહિંસાના પવિત્ર અને મીઠા મંત્રો ઘેર ઘેર પહોંચાડયા અને પોતાના તાબાના બીજા દેશોમાં પણ અહિંસાના સુમધુર નાદો પહોંચાડી પ્રજાને શાંતિસાગરમાં હિલોળા ખાતી બનાવી.

ત્યાર પછી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી સોમનાથપટ્ટણના મહાન જીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી અઢકળ પૈસો ખર્ચી તેને વિવિધ શિલ્પથી શોભાવી મજબુત બનાવ્યું.[૧] આ સિવાય તે પરમ યોગીશ્વરના ઉપદેશથી તેણે જ્યારથી તે મંદિરના જીર્ણોદ્ધારનું કામ આરંભ્યું હતું ત્યારથી તે પુરૂં થતાં સુધી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પાળી હતી. તેઓશ્રીના ઉપદેશથી 'કુમારપાલવિહાર' 'ઉદરવસહીકા' અને તારણ (તારંગા હીલ) પર્વત ઉપર ૨૪ હાથ ઉંચુ ભવ્ય જિન મંદિર કરાવ્યું કે જે ગગનચુંબી ભવ્ય પ્રાસાદની સુંદર પતાકા અત્યારે પણ પવનમા હીલોળા ખાતી કુમાળપાળનાં યશોગાન ગાઇ રહી છે. તે મંદિરની અંદર તેણે ૧૦૪ આંગળની અજીતનાથ પ્રભુ (જૈનોના બીજા તીર્થંકર) ની પ્રતિમા ભરાવી હતી. આ સિવાય 'આલોગ નામની વસતી' 'કુમારપાલવિહાર'[૨] 'યુકા વિહાર' 'ઝોલીકા વિહાર' આદિ ઘણાં જિન મંદિરો તેમ જ બ્રાહ્મણોના ઘણા મંદિરો નવાં કરાવ્યાં. આ ઉપરાંત અનેક કુવા, વાવ, તળાવ આદિ પ્રજાહિતનાં ઘણા કામો કરાવ્યાં. તેમ જ પ્રજાને માટે સ્થળે સ્થળે જ્ઞાનભંડારો (લાયબ્રેરીઓ) પાઠશાળાઓ, નીશાળો આદિ પણ કરાવી. આવી રીતે ગુજરાતમાં કળિયુગમા પણ તેણે સત્‌યુગ ફેલાવ્યો.

જ્યારે ગુજરાતમાં સત્‌યુગ પ્રવર્ત્તી રહ્યો હતો તે સમયે ગુજરાતને કોઇક અનેરો વજ્રપાતનો ધ્રાસકો લાગ્યો. તે સત્‌યુગના વિધાતા, ગુજરાતના સુવર્ણાક્ષરના ઇતિહાસમાં **यावत्‌चंद्र दिवाकरौ** ઉચ્ચ સ્થાન ભોગવવાને લાયક શ્રીહેમચંદ્રાચાર્યની તબીયત લથડી. કાળ કોઇને છોડતો નથી. રાજામહારાજા ચક્રવર્તી કે તીર્થંકર દેવ જેવા અનેકને પણ દુષ્ટ કાળે પોતાના કોળીયા બનાવ્યા છે–તેમ તેણે તે ધર્મની

---

૧ જૈનેતર મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાનો ઉપદેશ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય આપે એ તો તેમનો નિષ્પક્ષપાત કે તટસ્થતા સિવાય બીજું કશું નથી. હજી આગળ વધીને કુમારપાલના આગ્રહથી હેમચંદ્રાચાર્ય મહાદેવનાં દર્શન કરવા સોમનાથપટ્ટણ પણ ગયા હતા અને ત્યાં જઇ મહાદેવાષ્ટક બનાવ્યું હતું.

૨ પહેલાં આ મંદિર વાગ્ભટે બંધાવ્યું હતું પરંતુ કુમારપાળના આગ્રહથી તેમને આપી તે મંદિરનું નામ કુમારપાળવિહાર રાખ્યું.

મૂર્તિ, સાક્ષાત્ સરસ્વતિના અવતાર સમા અને સત્‌યુગના વિધાતાને પોતાનું ભક્ષ્ય બનાવ્યું. ગુજરાત ઉપર વજ્રપાત કંપ થયો. આખું ગુજરાત તે સત્‌યુગના વિધાતાની પાછળ ગાંડુ બન્યું. રાજા અને પ્રજા બંનેએ તે ગુજરાતના ગર્ભમાંથી પાકેલા નરરત્નની કીમ્મત આંકી હતી એમ કહેવામા લગારે અતિશયોક્તિ નથી. આખા ગુજરાતમાં તેના તાબાના રાજ્યોમાં બધે તે નરરત્નની ખોટ જણાઇ. તેનો શોક પ્રજાએ ઘેર ઘેર પાળ્યો. પાટણની પ્રજાએ અને રાજાએ તેમના દેહને ચંદનમલયાગરૂકર્પુરકુસુમ આદિ સુગંધી દ્રવ્યોથી બાળી તેમની પછવાડે ખુબ શોકનાં આસુ સાર્યાં.

હેમચંદ્રાચાર્યના સ્વર્ગવાસ પછી છ મહીને ગુર્જરેશ તેમને (પોતાના ગુરુને) મળવા માટે હોય તેમ સ્વર્ગને રસ્તે પ્રયાણની તૈયારી કરવા માંડી. ગુરુવિરહ અને રાજ્યમાતા ના ભત્રીજા અજયપાલની ખટપટથી ચિંતાએ તેના હૃદયમાં ઘર કર્યું. અંતે તે ચિંતા ચિતા સમાન નીવડી. અને કુમારપાળ સં. ૧૨૩૦ માં આ ભૂત દેહ છોડી સ્વર્ગે સીધાવ્યો. ગુજરાતની ગાદી ઉપર આ વીર, ધર્માત્મા અને મહાન વૈભવશાલિ નરેશ કુમારપાલ છેલ્લો જ હતો એમ કહું તેમાં લગારે અતિશયોકિત નથી.

કુમાળપાલની પછીના રાજાઓ એશઆરામી, આળસુ અને વિલાસી હતા. તેમણે રાજ્ય મંત્રીઓને સોંપ્યું અને ધીમે ધીમે ગુજરાતની સમૃદ્ધિનો નાશ થવા માંડયો અને તેમા ય કરણઘેલાના મંત્રી માધવે વિદેશીઓની સત્તાને પેસાડી ગુજરાતની લક્ષ્મી લુંટાવીને તેને પાયમાલ કરી અને ગુજરાતને વિદેશીઓની મજબુત બેડીઓથી જડકી તેને ગુલામ બનાવ્યાનું પાતક વ્હોર્યું.

કુમારપાલે ગાદીએ આવ્યા પછી અહિંસાના પવિત્ર મંત્રો સ્વીકારી પ્રજા પાસે સ્વીકારાવી શત્રુઓને પરાભવ પમાડી પોતાની પાછલી જીંદગી શાંતિમાં ગાળી ગુજરાતને સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કર્યો છે.

કુમારપાલની રાજ્ય વૃદ્ધિ.

કુમારપાળના સમયની રાજવૃદ્ધિ નીચે પ્રમાણે છે. રાજ્યમા અગીયારસો હાથી, પચાસ હજાર રથ, અગીયાર લાખ ઘોડા અને અઢાર લાખ પાયદળ હતું. બીજા દેશના રાજાઓ તેની આજ્ઞા પાળતા. તેની સભામાં ૭૨ સામંતો (નાના મોટા રાજાઓ) તેની સેવા કરતા હતા. આ સિવાય તેણે ૧૪૪૪ નવાં જિન મંદિરો કરાવ્યાં, ૧૬૦૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ અનેક મહાદેવનાં મંદિરો પણ સમરાવ્યાં. તેમાં સોમનાથપટ્ટણનું ભવ્ય મંદિર મુખ્ય હતું. તેણે સંઘો કાઢી સંઘપતિની પદવી મેળવી સાત વાર મહાન્ યાત્રાઓ કરી હતી.[૧] આવી રીતે ગુજરાતને અનેક રીતે સમૃદ્ધ બનાવી તેણે બીજા ધર્મરાજાનું બીરૂદ મેળવ્યું હતું.

---

૧ કુમારપાળે યાત્રા કેવી રીતે કરી હતી તેનું વિસ્તૃત વર્ણન સુંદર ભાષામાં કુમારપાલપ્રબંધકાર નીચે પ્રમાણે આપે છે. કુમારપાળે પુછ્યું "મહારાજ, સંઘપતિમા કેવા ગુણ હોવા જોઇએ ?" શ્રીહેમચંદ્રાચાર્ય બોલ્યા કે "સંઘપતિ માતપિતાનો ભક્ત અને સ્વજન પરજનને આનંદ આપનાર હોવો જોઇએ. તે શાંતિ, શ્રદ્ધા, શુદ્ધ બુદ્ધિ, દયા, દાન, અને શીયળથી ભૂષિત અને પરગુણના વૈભવના ઉત્કર્ષમાં હર્ષ માને એવો જોઇએ. તેનામાં મદ અને

કુમારપાલને નીચે પ્રમાણે બીરૂદ મળ્યાં હતા 'મહારાજાધિરાજ, ચક્રવર્તી, પરમાર્હત, પરદારસહોદર, વિચારચતુર્મુખ ૧(બ્રહ્મા) શરણાગત, વજ્રપંજર, રાજર્ષિ, જીવદાતા, મેઘવાહન, ગુજરાતનો વિક્રમ, બીજો ધર્મરાજા, સત્કૃત્યનો વિધાતા અને પ્રજાગુરૂ.'

તેનો જન્મ ૧૧૪૯ માં લગભગ છે. તે ૫૦ વર્ષની ઉમ્મરે ૧૧૯૯ ના માગશર વદ ૪ ને દિવસે ગાદીએ બેઠો અને ૧૨૩૦ સુધી જીવી રાજગાદી ભોગવી. તેણે કુલ ૩૦ વર્ષ અને ૮ માસ રાજ ભોગવ્યું અને ૮૦ વર્ષનું દીર્ઘાયુ ભોગવી પ્રથમ અવસ્થામા દુઃખ ભોગવી છેલ્લી અવસ્થા શાંતિમા ગાળી એક પ્રજાપાલક રાજા તરીકે નામના મેળવી ગુજરાતને

કલહનો અભાવ હોઇ તે કોઇનાથી ક્ષોભ ન પામે. ટુંકામાં સાક્ષાત્ દેવ સમાન મોક્ષગામી પુરુષ જ સંઘપતિના ઐશ્વર્યનો અધિકારી થાય. સંઘજાત્રાના ફળની ઇચ્છા રાખનાર સંઘપતિ મિથ્યાત્વનો સંગ છોડે એને તેવા વચન પર આદર ન કરે. યાત્રાળુઓને પોતાના બાંધવો કરતાં પણ વધુ લેખે. સર્વ ઠેકાણે શક્તિથી અથવા ધનથી અમારિપટહ દેવડાવે. શ્રી અરિહંતનું ભજન રાખી નિરંતર સાધુ સાધ્વી અને સધર્મિકોને અન્નવસ્ત્રાદિનાં દાન અને પ્રણામ વડે પ્રસન્ન રાખે." એ પ્રકારે ગુરુનો ઉપદેશ સાંભળવાથી કુમારપાળના હૃદયમાં તીર્થયાત્રા કરવાના મનોરથનો અંકુર ફૂટયો, તેથી તેણે શુભ મુહૂર્ત જોવડાવી પ્રસ્થાન સારૂ સુવર્ણ અને રત્નથી જડિત પટ્ટ ગજ ઉપર સુવર્ણમય પ્રતિમાથી અલંકૃત દેરાસર પધરાવ્યું. સર્વ મંદિરોમાં અઠ્ઠાઇ મહોત્સવ મંડાવ્યો, બંધીવાનોને છોડાવ્યા અને બહુ ધામધુમ કરી. પછી વરઘોડામાં સર્વથી આગળ રાજાનું દેરાસર પછી ૭૨ સામંતોનાં દેવાલય પછી ૨૪ વાગ્ભટ મંત્રીના અને તેની પાછળ અઢારસો શેઠીયાનાં દેરાસર એ રીતે મોટી હારની હાર મેઘાડંબર અને છત્રચામરાદિથી શોભિત નીકળી.

સંઘના મુખ્ય માણસોની નોંધ આ પ્રમાણે છે. પહેલાં તેણે મોટો ઉત્સવ કરી સંઘયાત્રાનો ડંકો વગડાવ્યો અને પોતે મુખ્ય સેનાધિપતિ થયો. તે સંઘમા જવા સારૂ કુમારપાલના સામંતો, વાગ્ભટાદિ મંત્રીઓ રાજ્યમાન્ય નગરશેઠના પુત્ર આભડ, ષડભાષાચક્રવર્તી શ્રી દેવપાલ, કવિઓ અને દાનાઓમાં અગ્રણી એવો સિદ્ધપાળ, પાલનપુરનો પહ્લાદ રાણો, નવ્વાણું લાખની મુડીવાળો—પુંજીવાળો છાડાશેઠ, રાજાનો ભાણેજ પ્રતાપમલ્લ, અઢારસો શાહુકારો, હેમચંદ્રાચાર્યાદિ મુનિઓ અને બીજા પણ છએ દર્શનના વેત્તાઓ તથા ગામ નગર અને સ્થાનના કરોડો લોકો તૈયાર થયા.

અગીયાર સો હાથી અગીયાર લાખ ઘોડા અને અઢાર લાખ પાયદળને સાથે લેવાનો હુકમ થયો અને અનેક યાચક લોકોના ટોળાં પણ એકઠાં થયાં. બીજું વર્ણન લંબાણના ભયથી નથી આપતો.

૧ આ બીરૂદ વૃદ્ધાવસ્થામા સંસ્કૃત ભણી પ્રખર પંડિત થવાથી અને સારા કાવ્યકાર અને ટીકાકાર થવાથી પંડિતોએ તેને આપ્યું હતું. કુમારપાળની કૃતિઓ પણ કેટલીએક મળી આવે છે કે જે સાર અર્થ અને ચમત્કારથી ભરપુર છે. સમયે ઓળખાણ કરાવીશ.

ચિ. ૬. ૧૪.

શોભાવી સિદ્ધરાજનાં જસ્માઓડણ અને રાણકદેવીનાં કલંકો ધોઇ નાખી એ પરનારી-સહોદર સ્વર્ગે ગયો. તેની સ્તુતિરૂપ એક શ્લોક નીચે પ્રમાણે છે:—

कृत्यकृत्योऽसि भूपाल कलिकालेऽपि भूतले ।
आमंत्रयति तेन त्वां विधिः स्वर्गे यथाविधि ॥ १ ॥

" હે રાજન કલિકાળને વિશે પણ ભૂતળને વિષે પણ આપ કૃતકૃત્ય થયા છો તેથી પ્રસન્ન થઇ વિધાતા આપને સ્વર્ગમાં યથાવિધિ નિમંત્રણ કરે છે. "

ઉપસંહાર.

ઉપસંહારમાં મારે કંઇ વિશેષ જણાવવાનું નથી, પરંતુ અત્યારના કેટલાએક મહાશયો રા. મુનશી આદિ કુમારપાળ અને તેના ગુરુ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ઉપર અણછાજતા આક્ષેપો કરે છે. જો કે તેમના આ આક્ષેપોનો ઉત્તર આપવા હું નથી બેઠો અને અત્યારે તેનો સમય પણ નથી; પરંતુ તેઓના પ્રત્યે મારી એક નમ્ર વિનંતી છે કે તે મહાશય પોતાની વિયતવિહારી કલમ દ્વારા ઇતિહાસ ઉપર છીણી મુકવાનું જે પાતક વ્હોરી રહ્યા છે તેને આગળ વધતું અટકાવે. સાચો ઇતિહાસ નિષ્પક્ષપાતપણે તપાસી તટસ્થ ભાવે તેને બહાર લાવે તેમાં જ તેમની કલ્પનામય કલમનું મહત્ત્વ છે. બીજાની ચોરી કરી બીજાને બનાવવા તેના કરતાં તો બહેતર છે કે કલમને છોડી દેવી. ભાઇ મુનશી આટલા શબ્દોમાં જરૂર સમજી જઇ સત્યને ગ્રહણ કરશે એમ હું ઇચ્છું છું.

હવે મેં ' મહારાજાધિરાજ ' કુમારપાળના નિબંધમાં જે જે ગ્રંથોની મદદ લીધી છે તેના લેખકો—આચાર્યશ્રીના ઉપકાર માની વિરમીશ.

કુમારપાળનું જીવનચરિત્ર તેમના ગુરુશ્રી હેમચંદ્રાચાર્યે મહાવીર સ્વામીના જીવનચરિત્રમાં કંઇક અને પ્રાકૃતદ્વાશ્રયમાં વિસ્તારથી આપ્યું છે અને તેઓશ્રીએ લખેલું જીવનચરિત્ર ઐતિહાસિક દષ્ટિથી બહુ મહત્ત્વનું છે. જો કે મને આ ગ્રંથોની મદદ નથી મળી માટે દિલગીર છું. મેરુતુંગાચાર્યકૃત પ્રબંધચિંતામણી તથા જિનમંડણ ગણીકૃત કુમારપાળપ્રબંધની મદદ મેં ખાસ લીધી છે. આ સિવાય જૈન સાહિત્ય સંશોધકમાં આવેલ—શ્રી જિનવિજયજીએ લખેલ કુમારપાળ પ્રતિબોધની પ્રસ્તાવના આદિની મદદથી મેં આ નિબંધ તૈયાર કર્યો છે.

જિનમંડણગણીએ કુમારપાલપ્રબંધમાં ઘણી નવી વાતો લખી છે. મેં ખાસ આ ગ્રંથ ઉપરથી જ નિબંધ તૈયાર કર્યો છે માટે એ ગ્રંથકારનો ખાસ ઉપકાર માની વિરમું છું.

૮ જૈન રાસાઓ.

(લેખકઃ-રા. રા. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.)

અનેક જૈન કવિઓએ અનેક રાસો લખેલા છે. કવિતામા લખાયેલા અનેક મહાપુરુષોનાં ચરિત્રોના કથા રૂપ ગ્રંથોને મુખ્યત્વે રાસ એવું નામ આપવામાં આવે છે. આવા રાસોમાં નીતિ અને ધર્મની જુદી જુદી વાતો સમજાવવા માટે ઉન્નત આત્માઓના જીવનચરિત્રો આપવામાં આવેલ હોય છે. વૈષ્ણવ ધર્મમાં પણ કેટલાક રાસો તે ધર્મના મહાપુરુષોએ રચ્યા છે. જૈન કવિના બનાવેલા રાસોમા જુદે જુદે સ્થળે દૃષ્ટિ કરતાં તેમાં નવરસયુક્ત વર્ણનો આવે છે. જૈન રાસો કેટલેક સ્થળે તો રસ અને અલંકારથી છલકાઇ જાય છે, તેટલું જ નહીં પરંતુ રસના આલંબન, ઉદ્દીપન, વગેરે વિભાવોનો જ્યાં જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાંચવામાં આહ્લાદ થાય તેવાં રસભરિત કર્યા છે તેથીજ આવી કૃતિને જૈન કવિઓએ રાસ એવું નામ આપેલ ઉચિત છે. કાવ્યનો આત્મા રસ છે, જેથી રસિક કાવ્યને રાસ એ નામ યોગ્ય રીતે અપાયેલ છે. આવા રાસોમાંથી જેમ કેટલેક અંશે જૈન ઇતિહાસ દેખાય છે તેમ જુની ગુજરાતી ભાષા તે સમયે કેવી હતી તેનું પણ ભાન થાય છે. વળી સાહિત્ય શબ્દનો ખરો અર્થ આપતી વેળા એક સંસ્કૃત કોષમાં દાખલા તરીકે "રસાલંકારાદિ" એવું લખેલ જાણવામાં આવેલ છે, તો તે અર્થ લક્ષમાં રાખવાથી સ્પષ્ટ જણાશે કે, જૈન કવિતાઓને ગુજરાતી ભાષાનું સાહિત્ય કહેવું એ આવશ્યક છે કારણ સાહિત્યનો ખરો અર્થ તેમાં સાર્થક થાય છે.

જૈન રાસોની કવિતા હાલના કવિઓની પેઠે વૃત્ત કે છંદમાં લખવામાં આવેલ નથી, પરંતુ અમુક રાગ, મેળ અને તાલ સહિત ગવાય અને તેમાં કોઇ રાગ રાગિણીની છાયા આવે એવી દેશીઓ ઢાળો, ગરબીઓ, વગેરેમાં રચાયેલ છે. કવિ શ્રી પ્રેમાનંદે જેમ કડવાં અને શ્રીયુત દયારામભાઇએ મીઠા એમ પોતાના કવિતાના ગ્રંથોમાં લખ્યું છે તેમ જૈન કવિઓએ દેશીઓનું નામ આપી ઉપર ઢાળ પહેલી ઢાળ બીજી એમ લખેલ છે. અને કવિ પ્રેમાનંદની કવિતામાં જેમ વલણ આવે છે તેમ જૈન કવિ રચિત રાસાઓમાં ઢાળની પૂર્વે દુહા-દોહરા કે સોરઠી દોહરા આપેલ હોય છે.

જૈન કવિ વિરચિત રાસાઓમા પ્રથમ મંગળાચરણમાં જિનેંદ્રપ્રભુ-દેવની સ્તુતિ, પછી પોતાના ગુરુ અને સરસ્વતી દેવની સ્તુતિ કરેલી હોય છે; ત્યાર બાદ કયા પુરુષ માટે અને ધર્મના કયા સ્વરૂપ ઉપર રાસ લખ્યો છે તે જણાવવામા આવે છે. દરેક રાસમાં છેવટે પ્રશસ્તિ-રચનાર મહા પુરુષનું નામ, રચવાનો સમય, સ્થળ (ગામ, સંવત, માસ વાર વગેરે) તેમજ પોતાના ગુરુની પરંપરા-પેઢીનામું આપવામાં આવતું હોવાથી તે ઐતિહાસિક સાહિત્યનું અંગ પણ બને છે અને તેથી તેને સહાયરૂપ છે.

મુસલમાની રાજ્યના આરંભનો કાળ ગુજરાતમાં અંધાધુંધીનો અને ત્રાસનો તેમજ કેટલેક અંશે હિંદુ મંદિરો, અને સાહિત્યના વિધ્વંસનો હતો. આવા જુલમવાળા કાળમાં

લોકો સંસ્કૃત માગધિ-પ્રાકૃતાદિ ભાષાઓનો અભ્યાસ કરી ઉંચું તત્વજ્ઞાન મેળવે એવી યોજના કે શાંતિ તે વખતે નહોતી, પરંતુ દરેક ધર્મ પુસ્તકોના ભંડારોનું રક્ષણ કરવું મુશ્કેલ થઇ પડતું હોવાના કારણે તે ભંડારો માહેના પુસ્તકોનો વિનાશ થવાના ભયે સંતાડી મુકવામાં આવતા હતા. તેવા સંયોગમા તેમજ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના અજ્ઞ જીવો માટે–સામાન્ય મનુષ્યો માટે, તે વખતના લોકોની અભિરુચિ ઉપર લક્ષ આપી આવા રાસો રચવામા આવેલ છે. આવા ત્રાસના વખતમા પણ જૈન મહાત્માઓ, ધર્મગુરુઓ જાગ્રત હતા. આવા રાસોની રચના જૈન ધર્મના આગમ–સુત્રો ઉપરથી જ લીધેલી છે તે નિઃસંદેહ વાત છે. સામાન્ય મનુષ્ય પ્રાકૃત સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવી ધર્મબોધ લઇ શકે એમ ન હોવાથી તે કાળમા ચાલતી સરલ–ગુજરાતી ભાષામા કાવ્યરૂપે તેવા મનુષ્યો ધર્મ-બોધ પામી શકે, સરલતાથી સમજી શકે એવી સ્વ–પરહિત બુદ્ધિથી સંસારથી ત્યાગી થયેલા, સંયમી મહાન પુરુષોએ આગમ–સુત્રો–સંસ્કૃત કાવ્યોમાંની આખ્યાયિકાઓને રાસરૂપે દેશી ભાષામાં ઉતારી રચના કરી.

મુબઇ યુનિવરસીટિની એમ. એ. ની પરીક્ષામા ગુજરાતી ભાષા લઇને પાસ થનારને પંડિત વર્યશ્રી નેમવિજયજી રચિત જે શીલવતીનો રાસ વાચવો પડે છે તે રાસ વડોદરા તરફથી પ્રાચીન કાવ્યમાળાના અંકમાં વિવેચન સહિત પ્રકટ થયેલ છે, તેમા રા૦ બા૦ શ્રીયુત હરગોવિંદદાસ કાંટાવાળાએ જણાવેલ છે કે "રાસાનો સામાન્ય અર્થ કહાણી થાય છે. તે ઉપરથી આવા કથાના ગ્રંથોને રાસો કહેવાનો પરિચય પડ્યો હશે. રાસામાં કથેલી કથાઓ કવિ કલ્પિત હશે કે મૂળ તેમા કાઇ સત્ય હોઇ કવિની કલ્પનાએ વધારો કર્યો હશે તે વિશે અહીં વિવેચન કરતા નથી, પરંતુ આ કથા-ઓ ઘણી રસભરિત અને મનોરંજક હોય છે એમા તો સંશય નથી. અમારા જોવામા જે જે રાસાઓ આવ્યા છે તે સઘળામા એક વાત અમે સામાન્ય રીતે જોઇ છે કે, તે બધામા અદ્‌ભુત વાર્તા સર્વોપરી હોય છે. શ્રોતાના મનને ચમત્કાર ઉત્પન્ન કરવા માટે કવિઓએ તે કાળમા લોકશ્રદ્ધાને અનુસરીને એવા અદ્‌ભુત કથન તેમા દાખલ કર્યા હશે એમ સમજાય છે. મંત્રસિદ્ધિ, સુવર્ણ સિદ્ધિ રત્નાદિકના ચમત્કારી ગુણો, ભુત પ્રેતાદિની અદ્‌ભુત ક્રિયાઓ, આકાશગમન, વૃક્ષાદિનું એક ઠામથી બીજે ઠામ ઉડી જવું ઇત્યાદિ અનેક કથાઓ એવા રાસાઓમા વર્ણવેલી હોય છે......ધર્મ અને સુનીતિને કેવો ગાઢ સંબંધ છે તે જૈન કવિઓના લખાયેલા રાસાઓ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે."

ઉપર પ્રમાણે રા૦ બા૦ શ્રીયુત કાંટાવાળાએ જૈન રાસોના સંબંધમાં તેમાંની કથા રસભરિત અને મનોરંજક હોય છે એમ જે કહ્યું છે તે અમારા અભિપ્રાયને મળતું છે. પરંતુ તે કલ્પિત છે કે કાઇ સત્યતાવાળી છે તેમા તેઓશ્રી શંકાશીલ અથવા તે સત્ય છે જ એમ જે શ્રદ્ધાપૂર્વક માનતા નથી તે સંબધમાં અમારે જણાવવું અસ્થાને નથી કે જેમ મીમાસક દર્શનના મુખ્ય શાસ્ત્ર ઇશ્વિરપ્રણિત હોઇ તે કે તેમા આવેલ કથાઓ સત્ય જ હોઇ શકે, તેમ જૈન ધર્મના મૂળ સૂત્રો આગમો કે જે તેમના ઇશ્વિરપ્રણિત–તીર્થંકર ભગવાને પ્રરૂપેલા હોઇ તેમા આવેલ વિષયો કે કથા સત્ય જ હોઇ શકે, તેથી અમોએ ઉપર જણાવેલ છે તેમ આ જૈન રાસો તે આગમોમાંથી ઉદ્ધરેલ હોવાથી તે

માંહેની વાતો આ રાસોમા પદ્ય રૂપે જણાવેલ હોવાથી તે કલ્પિત કે અપૂર્ણ સત્ય નથી પરંતુ ખરેખર બનેલી હકીકતોને જૈન કવિઓએ આકર્ષક ઘટનામા ગોઠવેલી છે.

જૈન કવિઓએ જેમ જૈન રાસો ગુજરાતી ભાષામા બનાવ્યા છે તેમ ગુજરાતી ભાષામાં સ્તવનો, સ્તુતિઓ અને સજ્ઝાયો–સામાજિક સર્વમાન્ય–ઉપદેશક પદો પણ બનાવેલાં છે. હાલમાં જાણવા પ્રમાણે ગુજરાતી ભાષામાં અંકિત થએલા તેવા રાસો સુમારે પોણા-ચારસેં તો હાથ આવ્યા છે, છતા હજી બીજા રાસો પણ ભંડારોમા પડેલા હોય અને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તેમ બનવા જોગ છે. આ બધા રાસો પ્રકટ થાય તો અનેક કાવ્યદોહનનાં પુસ્તકો થાય ! ! !

જૈન ધર્મમાં શ્વેતાંબરી અને દિગંબરી એમ બે મુખ્ય ભેદો છે. શ્વેતાંબરીમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ ભેદો છે. સ્થાનકવાસી મૂર્તિને માનતા નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન મહાત્માઓની કૃતિના ઘણા રાસો છે, જ્યારે સ્થાનકવાસી જૈન મહાત્માના આંગળીના ટેરવે ગણાય તેટલા જ રાસો છે. સ્થાનકવાસી જૈન ધર્મગુરુઓ ધર્મસિંહજી, ધર્મદાસજી, ખોડીદાસજી, જેમલજી ઋષિ, તિલોક ઋષિ, જેઠમલજી અને હમણા થઇ ગયેલા શ્રી ઉમેદચંદજી ઇત્યાદિ મુનિઓએ જ માત્ર રાસો વગેરે લખી ગુજરાતી સાહિત્યવૃદ્ધિની દિશામા કંઇક પ્રયત્ન કર્યો છે.

કવિતા જેવી ચીજ સારા રાગમા ગવાતા ઘણા જીવોને પ્રિય થઇ પડે છે. ગાયનથી મનુષ્યો તેમ જ પશુઓનું પણ ચિત્ત લય પામે છે, જેથી કવિતા તરફ રુચિ કરાવી લોકોને નીતિના રસ્તે દોરવાનું કાર્ય આવા મનોરંજક રસભક્તિવાળા રાસો વડે ગુજરાતી ભાષામાં જૈન મહાત્માઓએ કરેલ છે તેમ ચોક્કસ જણાય છે.

શાસ્ત્રોના વાચનનું કામ બાળ જીવોને માટે કઠિન હોવાથી આવા રાસો વાંચવાથી તે વધારે પ્રિય થઇ પડતાં જલદી બોધ પામી શકે છે. કેટલાક રાસો વાંચતાં તેના રચનાર મહા-પુરુષોએ તર્ક અને કવિત્વશક્તિને એટલી બધી સરાણે ચડાવી હોય છે કે તે વાચતાં તે પુરુષોના બુદ્ધિબળની પ્રશંસા સ્વાભાવિક રીતે આપણાથી થઇ જાય છે.

દરેક રાસમાં મુખ્ય પાત્રે સંસારને ત્યાગી સ્વર્ગ કે મોક્ષસુખની પ્રાપ્તિ કર્યાનું જણાય છે કે જે દરેક જીવને અંતે મેળવ્યા સિવાય છુટકો નથી. મોક્ષગામી ઉચ્ચ પાત્રને જ કવિશ્રી મૂળ ગ્રંથોમાંથી મુખ્ય પાત્ર તરીકે રાસમા પસંદ કરે છે અને ખરેખરા સદ્વર્તનશાળી ઉચ્ચ કોટીના પાત્રને જનસમૂહ આગળ ખડા કરી તેના જીવનવૃત્તાંતથી શ્રોતાઓને–વાચકોને સદ્ગુણશાલી બનાવે છે. આત્માને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો મહાપુરુષોનો–કવિઓનો આ શ્રમ સ્તુતિપાત્ર આવકારદાયક અને ઉપકારક છે

જૈન કવિઓના બનાવેલા અનેક રાસોમાંથી કેટલાક જેવા કે વિમલમંત્રીશ્વરનો રાસ–કુમારપાળનો રાસ વગેરે વાંચવાથી કેટલુંક ઐતિહાસિક જ્ઞાન પણ આપવાનો યોગ્ય પ્રયત્ન થયો છે, એટલે જૈન મહાત્માના રાસોમા માત્ર કવિતા, અને જીવનવૃતાંત છે તેટલું જ નહીં પરંતુ ઐતિહાસિક સાહિત્ય પણ આવેલું છે. આની સાથે શુદ્ધ વ્યવહારનું જ્ઞાન,

કેટલેક સ્થળે જ્યોતિષ તથા સામુદ્રિક શાસ્ત્રનું જ્ઞાન પણ કિંચિત્‌કિંચિત્ જણાય છે. વળી જૈન ધર્મના બાવીસમા જૈનેશ્વર શ્રી નેમિનાથના જે ભાઇ થતા હતા તે મહાત્મા શ્રીકૃષ્ણ જ. યાદવો વગેરે પણ જૈન ધર્મી હતા. વલ્લભીપુરના રાજા શિલાદિત્યના દરબારમા જૈન મહાત્માઓ ધર્મ સંબંધી સંવાદ લોકભાષામાં કરતા હતા. વનરાજ ચાવડાથી માંડીને વિશળદેવ વાઘેલા અને રાજા કુમારપાળ સુધી જો ઇતિહાસ તપાસીએ તો તેમાં પણ જૈન મુનિઓ અને જૈન મંત્રીઓ દર્શન દેતા જણાય છે. જૈનોના સંપૂર્ણ ઉદયકાળમાં બીજા મહાપુરુષો બીજાઓ તરફ ઉદાર ભાવથી વર્તતા હતા, એમ ગુજરાતનો જૈનોનો ઇતિહાસ અને આવા ગુજરાતી રાસો તપાસતાં જણાય છે તેટલું જ નહીં પરંતુ જેમ જૈન મુનિઓએ રાસો, કાવ્યો, ઇતિહાસ અને ઉપદેશગ્રંથો લખી ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરી છે તેમ જૈન ગૃહસ્થો વસ્તુપાળ જેવા અમાત્યો વગેરેએ પણ કાવ્યો વગેરે લખી સાહિત્યમાં અભિવૃદ્ધિ કરી છે; જેથી જૈન ધર્મનો ઇતિહાસ તપાસતા એમ જણાય છે કે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ માટે અને ધર્મનીતિના સિદ્ધાંતોના જનસમાજમા પ્રસાર માટે જૈન કવિવરોએ અસાધારણ શ્રમ લઇ બીજાઓ માટે અનુકરણીય દૃષ્ટાંત મૂકયું છે.

આ પ્રકારનું જે જૈન સાહિત્ય હજી પણ અપ્રકટ અવસ્થામા પ્રમાદ અને ઉધઇને લઇને નાશ પામે છે તેને જલદી બહાર લાવવું જોઇએ. અત્યારના બ્રીટીશ રાજ્યમાં તે સંરક્ષિત હોવાથી તેને પ્રકટ કરવાનું કાર્ય જૈનદર્શનના શ્રીમાનો જલદી સુષ્મતવે હાથ ધરશે અને ગુજરાતી સાહિત્યમાં પોતાનો ફાળો આપી તેમા અભિવૃદ્ધિ કરશે એમ અમે નમ્ર ભાવે સુચવીએ છીએ.

ઉપર જણાવેલ રાસાઓ ધર્મસ્થાનમાં આજે પણ ચોમાસામાં નિવૃત્તિના દિવસોમાં તેમ જ કેટલેક સ્થળે ઉનાળાના લાંબા દિવસોમાં પણ બપોરના વખતે ધર્મગુરુઓ અને જાણકાર ગૃહસ્થો વાંચે છે ને અનેક શ્રોતાઓ શ્રવણ કરે છે. જૈનશાસ્ત્રો–આગમો વાચવા વિચારવા કે સમજવાનું સામાન્ય જીવો માટે મુશ્કેલ હોવાથી સર્વના લાભ માટે ધર્મ–નીતિનું સરલ રીતે શિક્ષણ આપનારા આવા રાસો દેશભાષામાં રચનારા માહપુરુષોએ છેલ્લાં ચારસેં પાંચસેં વર્ષનો ભૂતકાળ તપાસતા જનસમૂહ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે એમ સહજ કબુલ કરવું પડે છે. ગુર્જરી ભાષાના પ્રદેશમાં જૈન કવિઓ સારી રીતે દીપી નીકળ્યા છે. આવા રાસોમા આવેલી તેમની કવિતાઓએ અનેક રંગો દેખાડયા છે. અનેક દાખલા, દૃષ્ટાંતો, ઉપનયો આપી દાન, શીલ, તપ, ભાવના, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, સર્વ જીવ પ્રત્યે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થપણું વગેરે બાબતોનો મહિમા બતાવવા જૈન કવિશ્રીઓએ સાચો શ્રમ લીધો છે. અમુક દેવનું, અમુક ધામનું કે અમુક અવતારનું જ વર્ણન માત્ર લઇ તે માટે રાસો બનાવ્યા છે એમ નથી, પરંતુ ધર્મનીતિના સિદ્ધાંતો તરફ જ જનસમૂહને વાળી શકાય તેવાં પાત્રો આગમ–મૂળ સૂત્રોમાથી પસંદ કરી તેમનાં વર્ણનો બનાવવાનો પ્રયત્ન આ રાસોમાં કરવામાં આવ્યો છે. ગૌતમ સ્વામીજીનો રાસ કે જે તે જ વ્યક્તિ માટે લખાયેલ છે તેવા દાખલાઓ જુજ છે. કોઇ પણ મહાશયે જૈન ગુજરાતી સાહિત્યને અત્યાર સુધી પુરતો ઇન્સાફ આપ્યો નથી તેથી તે તરફ જનસમાજનું લક્ષ જોઇએ તેવું ખેંચાયું નથી. જૈન કવિતાઓ ગુજરાતી ભાષા ગુજરાતમા જન્મ પામ્યાનું બતાવી

આપે છે. તે ભાષાની કવિતામા સવિ, નયરી વગેરે જુની ગુજરાતી ભાષાના શબ્દોનો ઉપયોગ થયેલો હોવાથી ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી તેને ગૌણ કરવાનું કોઇ પણ રીતે વ્યાજબી નથી. જો કે આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌નું લક્ષ તેના ઉપર કેટલાક વખતથી ગયેલ હોવાથી જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં પણ મ્હોટો ફાળો આપ્યો છે એમ હવે કેટલાક સાહિત્યપ્રેમી સાક્ષર બંધુઓને જણાયું છે તે ખુશી થવા જેવું છે.

હાલમા માત્ર ગુજરાતી પાચ ધોરણ ભણી ઇંગ્રેજી સ્કુલો અને આગળ કોલેજમા દાખલ થઇ અનેક ઉપાધિ મેળવનાર કેટલાક ગુજરાતી બંધુઓ કહે છે કે હાલના વિદ્વાનોની સંસ્કૃતમય ગુજરાતી ભાષા અમારાથી સમજાતી નથી, તેટલા ઉપરથી તેવા વિદ્વાનોની તેવી કૃતિઓથી દૂર રહેવાય નહીં, તો પછી જૈનોની ગુજરાતી ભાષાને પણ ગુજરાતી ભાષાસાહિત્યનું અંગ ન કહેવું એમ બને જ નહીં. પ્રથમથી જ જૈન સાહિત્ય તરફ બેદરકારી બતાવવામાં આવી ન હોત, તો ગુજરાતી સાહિત્યને પરિપુષ્ટ થવાની સારી જોગવાઇ ક્યારનીએ મળી ગઇ હોત, જો કે આમાં કેટલેક અંશે જૈન કોમ પણ પોતાના તેવા પ્રમાદ માટે ઠપકાપાત્ર છે.

કેટલાક વિદ્વાનો કહે છે કે જૈન ગદ્ય, પદ્ય સાહિત્ય તો માત્ર તેમના ધર્મને લગતું હોવાથી ભાષાના અભ્યાસીઓનું લક્ષ તેના તરફ ખેંચાયું નથી. અમો તે ના કહીએ છીએ, અને સાથે નમ્રતાપૂર્વક પુછવા માગીયે છીયે કે શું નરસિંહ મહેતાની કે શું પ્રેમાનંદની કે શું દયારામભાઇ કે ભાલણ કવિની કે બીજા કોઇ ગુજરાતી કવિની કવિતાઓ ધર્મ સિવાય બીજા વિષયની છે ? એક સામળભટ્ટ સિવાય બીજા જુના કવિઓની કવિતા પોતાના ધર્મને લગતી જ છે. પોતપોતાના અનેક ધર્મને લગતી કવિતાઓને ગુજરાતી ભાષાના સાહિત્યમાં સ્થાન મળે તો પછી જૈન કવિઓની કવિતાઓને પણ ગુજરાતી ભાષા સાહિત્યમાં સ્થાન મળવું જ જોઇએ.

ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓ પોતાની કવિતાઓ રચી ગયા છે અને તેમા ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા ભારતવર્ષમાં ધર્મભાવનું, આત્મવાદનું પ્રાબલ્ય હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે, તે જ કવિતા, કથા કે રાસ આ દેશની પ્રજાને પછી તે પોતે ગમે તે ધર્મ માનતી હોય તેને પ્રિય તથા પૂજ્ય થઇ પડે છે અને તેઓ પરંપરાએ અમર થાય છે. જેથી આટલી હકીકત સ્પષ્ટ સમજાશે કે ધર્મ વિષયે લખાયેલી કવિતાઓ—રાસાઓ પણ ગુજરાતી સાહિત્યમાથી બાતલ કરી શકાય નહિ કારણ તે પણ ગુજરાતી સાહિત્યમા અમુક સ્થાન ભોગવે છે અને ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિના અંગો પૈકીનું એક મુખ્ય અંગ છે.

૯ જૈન ભૂગોલ.

(લેખક—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી.)

આધુનિક ભૂગોલના સંસર્ગમા પ્રાચીન ભૂગોલનું નિરીક્ષણ કરી તેને યથાર્થ રીતે વર્ણવવું તે સંબંધે વિચાર ચર્ચા કરતાં આ નિબંધ લખવાનું બન્યું છે. પરંતુ પ્રાચીન ભૌગોલિક માન્યતા અને અર્વાચીન માન્યતા વચ્ચેનું સામ્ય આલેખવામાં જે મુસ્કેલી છે તેની અપેક્ષાએ પરસ્પર પ્રાચીન ભૂગોલ વર્ણનની સરખામણી કરવામાં અમુક અનુકૂળતા હોવાથી નગ્ન સત્યને પ્રકાશમાં લાવવાની વૃત્તિને સ્વીકારી આ નિબંધ લખેલ છે.

પ્રાચીન કે અર્વાચીન દરેક વિદ્વાનો કબુલ રાખે છે કે આકાશ અનન્ત છે. આ અનન્તાકાશના મધ્ય ભાગમાં લોકાકાશ રહે છે. તે લોકાકાશ મનુષ્યાકારે છે. બન્ને હાથ કેડે મુકી ટટ્ટાર ઉભા રહેલ મનુષ્યની જે આકૃતિ થાય તેવીજ આકૃતિ આ લોકાકાશની છે. તેની પગથી માથા સુધીની લંબાઇ ચૌદ રજ્જુ પ્રમાણ છે અને પહોળાઇ નીચેના ભાગમાં સાત રાજ, નાભિના ભાગમાં એક રાજ, છાતી તથા કોણીના ભાગમાં પાંચેક રાજ, અને શિખાના ભાગમાં એક રાજ છે.

પુરુષાકૃતિ લોકના મધ્ય ભાગમાં નાભિના સ્થાને મૃત્યુ લોક છે તેની નીચે અસુર સ્થાન (નાગ લોક) છે અને અનુક્રમે રત્ન પ્રભા, શર્કરા પ્રભા, વાલુકા પ્રભા, પંક પ્રભા, ધૂમ પ્રભા, તમ પ્રભા અને તમસ્તમ પ્રભા એમ સાત નરકસ્થાન છે. મૃત્યુ લોકની ઉપર ૭૯૦ થી ૯૦૦ યોજન સુધીમા જ્યોતિષ ચક્ર છે તેની ઉપર બાર દેવલોક અને નવ લોકાંતિક દેવોનાં નિવાસસ્થાનો છે. ગળાના ભાગમા ગ્રૈવેયક દેવસ્થાનો છે. મુખના ભાગમાં પાંચ અનુત્તર દેવસ્થાનો છે અને લલાટ શિખાના સ્થાને સિદ્ધ શિલા મોક્ષસ્થાન છે. મનુષ્યાકૃતિ લોકાકાશ આ પ્રમાણેના સ્થાનોમા વહેંચાયેલ છે.

(સ્કં. ૨ અધ્યાય ૫. શ્લોક ૩૪ થી ૪૨)

જીવ ધર્માસ્તિકાય (ગમન સહાયક શક્તિ) અધર્માસ્તિકાય, ગતિ નિરોધક શક્તિ) પુદ્ગલ વિગેરે પદાર્થો લોકતાદર્શક પદાર્થો છે. આ દ્રવ્યો આકાશના જેટલા ભાગમા પ્રસરાઇ રહેલ છે તે આકાશનું નામ લોકાકાશ છે અને બાકીનું લોકતાદર્શક દ્રવ્યોથી રહિત અગુરુ લઘુ સ્વભાવવાળું આકાશ તે અલોકાકાશ છે. આ બન્ને આકાશો માત્ર ઉપચાર ભેદથી જુદાં પડે છે. જેમાં લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે અને અલોકાકાશના પ્રદેશો અનંતા છે.

પુરાણ ગ્રંથો પણ આકાશના લોકાકાશ અને મહાકાશ એવો બે ભેદો પાડે છે. વિદ્વાન ગાર્ગીએ કરેલ પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્કેય જણાવે છે કે—" ઉપલી નીચલી બધી જગા મહા-

---

૩૮૧૨૭૯૭૦ મણનો એક ભાર એવા એક હજાર ભારના તપેલા લોઢાના ગોળાને કોઇ સમર્થ દેવતા નીચે ફેંકે તે ગોળો ચંડ ગતિથી આવતા આવતા ૬ માસ ૬ દિવસ ૬ પ્રહર અને ૬ ઘડીમા જેટલું અંતર કાપે તે અંતરની રજ્જુ કે રાજ એવી સંજ્ઞા છે.

કાશથી ઓતપ્રોત છે" એટલે મહાકાશના મધ્યમાં લોકથી ભરેલું નાનું આકાશ છે. વળી લોકસ્થાપના માટે પુરાણ ગ્રંથો કથે છે કે—પરમાત્મા કૃષ્ણ ભગવાનમાં સર્વ લોકનો સમાવેશ થાય છે, કેમકે ઉભા રહેલ પરમાત્માનું શરીર જ સર્વ પદાર્થોનું આધાર સ્થાન છે. આ જ બીનાનું સ્પષ્ટીકરણ કરતાં ઉત્પત્તિના અધિકારમાં ઋગ્વેદ જણાવે છે કે—"વિરાટ રૂપની નાભિથી આકાશ, મસ્તકથી સ્વર્ગ અને બે પગોથી ભૂમિ ઉત્પન્ન થતી હતી." આ સંક્ષેપ સુચનાનો વિસ્તાર ભાગવતમાં નીચે પ્રમાણે કરેલ છે.

હજાર વર્ષ સુધી અંડ સુતું હતું. કાલ કર્મ અને સ્વભાવમાં રહેલો જીવ જીવને જીવાડતો હતો. તે હજાર પગ, હજાર ઉરૂ, હજાર હાથ અને હજાર નેત્ર વાળો થયો છતો અંડ ભેદી બહાર નીકળ્યો. જેના અવયવથી લોકકલ્પના છે, તેના કેડના ભાગમાં મૃત્યુ લોક છે, ને કટી ઉપરના વિભાગમાં જુદા જુદા દેવલોકો છે. જે પૈકીમાં નાભી ઉપર ભૂવ લોક (ગૃહચાર) હૃદય ઉપર સ્વર્ગલોક, છાતી ઉપર મહસ્ ગ્રીવામાં જન, સ્તનદ્વયમાં તપો-લોક અને માથા ઉપર સત્ય લોક છે અને તેની ઉપર સનાતન બ્રહ્મ છે. કેડથી નીચેના ભાગમાં સાત તલ (નરક સ્થાન) છે. કેટલેક ઠેકાણે આ સંખ્યાની નોંધ એકવીસના આંકથી પણ દેખાડેલ છે જ્યા સાત તલની યાદગીરી આ પ્રમાણે છે. કેડ નીચે અતલ, ઉરૂ (સાથલ) નીચે વિતલ, જાનુ નીચે સુતલ, જાંઘ નીચે તલાતલ, ઘુંટી નીચે મહાતલ, પગમાં રસાતલ અને પગના તળીયા નીચે પાતાલ એમ જુદાં જુદાં સ્થાનો રહેલાં છે. આ સિવાય બીજી રીતની કલ્પના પણ પ્રાપ્ત થઇ શકે છે જેમાં કહે છે કે, ભૂલોક, ભુવર્લોક અને સ્વર્લોકના સ્થાને અનુક્રમે પગ, નાભિ અને મસ્તક છે. આથી સમજી શકાય છે કે લોકસ્થિતિના પુરાણ સિદ્ધાંતો પણ જૈન સિદ્ધાંતની સમાન માન્યતાવાળા છે.

આ લોકાકાશના મધ્ય ભાગમાં દર્શાવેલ મૃત્યુ લોક-ભૂલોક તેજ આપણી પૃથ્વી છે. આ પૃથ્વી તે માટીનો ઘટ્ટ સપાટ થર છે. 'બ્રહ્મા માટી પાથરીને તેને પાષાણથી ટીપતો હવો.' (**तैत्तिरीयोपनिषद्**) તે સ્થિર છે.

અર્વાચીન કાલમાં પૃથ્વી માટે ભ્રમણવાદની માન્યતા વિશ્વાસ પાત્ર બની છે પરંતુ દરેક પ્રાચીન ગ્રંથોમાં તો પૃથ્વીને સ્થિર તરીકે ઓળખાવેલ છે. પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે. આ બાબતની નોંધ લેવા પણ અહીં જરૂરી ધારૂં છું.

જૈન ભૂગોલ શાસ્ત્રઃ-જંબુ દ્વીપ પ્રજ્ઞપ્તિ સૂર્ય પ્રજ્ઞપ્તિ છે. ભાષાની દૃષ્ટિથી જેનો રચના કાલ ૨૨૦૦ થી ૨૪૦૦ વર્ષ પૂર્વે છે તેમાં લોકને અને પૃથ્વીને સ્થિર કહેલ છે.

ઋગ્વેદ અ૦ ૩ વ૦ ૬ મા લખે છે કે—વિશ્વ પ્રકાશી સૂર્ય સુવર્ણમય રથમા બેસીને આવે છે. તે પ્રવણવત્, ઉર્ધ્વ દેશ યુક્ત ઉર્ધ્વ ભાગમાં થઇ પ્રવણ માર્ગના ભેદથી ગમના-ગમન કરે છે. પ્રણય જનકારક દેશમાં શ્વેતાશ્વથી આવે છે.

ઋગ્વેદ અ૦ ૨ અ૦ ૧ વ૦ ૫—માં લખે છે કે સૂર્ય નિત્ય ૫૦૫૯ યોજન ચાલવા વડે મેરુને પ્રદક્ષિણા દે છે. આ પ્રદક્ષિણા દક્ષિણોપક્રમ જાણવી.

ઋગ્વેદ અ૦૨ અ૦ ૫ કા૦ ૨ **अचरंती अचले पर्वते द्यावापृथिव्यौ** દ્યાવા અને પૃથ્વી અચર છે, અચલ છે.

પવિત્ર પુસ્તક બાઇબલમાં પણ એ જ માન્યતા પ્રકાશેલ છે. "પણ પૃથ્વી કાયમ છે. સૂર્ય આથમે છે" અને ઉગે છે (સભા શિક્ષક ૧-૪) "તેણે અચલ પૃથ્વીનો પાયો નાખ્યો." (ગીત ૧૦૪-૫) "પૃથ્વી સ્થિર છે." (ગીત ૧૦૯-૯૦) ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષે થયેલ હીપારકસ પણ પૃથ્વીને સ્થિર કહેતો હતો. ટોલેમી અને કોપરનીકસના મધ્ય ભાગમાં થયેલ કોસ્માહિયે પણ પૃથ્વી માટે સ્થિરતા જ કબુલ કરેલ છે. પણ તેની વિશેષ માન્યતા એ હતી કે-સૂર્ય અને ચંદ્ર પૃથ્વીને આંટો દે છે અને બીજા ગૃહો સૂર્યની ચારે બાજુ ફરે છે અને અત્યારે પણ પૃથ્વી સ્થિર હોવાનો દાવો કરનાર ઘણાય પાશ્ચાત્ય પંડિતો છે. મેં સાંભળ્યું છે કે હમણાંજ એક પ્રોફેસરે નવીન શોધમાં પૃથ્વીને (છ ખુણાવાળી અને) સ્થિર દર્શાવેલ છે. ઇ. સ. પૂર્વનું ગ્રીક જ્યોતિષ પણ પૃથ્વીને સ્થિર કહે છે એટલે પ્રાચીન કાલમાં સર્વાનુમતે એમ મનાતું કે પૃથ્વી સ્થિર છે.

આ પૃથ્વીના મધ્ય ભાગમાં (પ્રમાણાંગુલે) લાખ યોજન લાંબો પહોળો જંબુ વૃક્ષના નામથી પ્રસિદ્ધિ પામેલો જંબુ દ્વીપ છે. તેના મધ્ય ભાગમા ૧૦૦૦૦ યોજન ભૂમિમાં પથરાયેલ લાખ યોજન ઉચો મેરુ પર્વત છે. તેની ઉત્તરમાં અને દક્ષિણમાં ૨૫૦-૨૫૦ મળીને પાંચસો યોજન વિસ્તારવાળાં બે ભદ્ર શાળ વનો છે. મેરુ પર્વતની દક્ષિણના ભદ્ર શાળ વનની દક્ષિણે ૧૧૮૪૨$\frac{2}{19}$ યોજનનું દેવ કુરુક્ષેત્ર છે. તેથી દક્ષિણમાં ને દક્ષિણમાંજ અર્ધા અર્ધા માપવાલા ૧૬૮૪૨ યોજનનો નીષધ, ૮૪૨૧ યોજનનું હરિવર્ષ ક્ષેત્ર, ૪૨૧૦ યોજનનો મહા હેમવંતગિરિ, ૨૧૦૫ યોજન પ્રમાણ હેમવંત ક્ષેત્ર, ૧૦૫૨ યોજનનો ચુલ હેમવંત ગિરિ, ૫૨૬ યોજનનું ભરત ક્ષેત્ર, એમ અનુક્રમે રહેલ છે.

આજ રીતિથી મેરુની ઉત્તરમા ઉત્તર કુરુક્ષેત્ર છે, અને ત્યાર પછી ઉત્તર તરફ દક્ષિણની પેઠે અર્ધા અર્ધા માપવાળા નીલવંત પર્વત, રમ્યકક્ષેત્ર રૂપી પર્વત, હિરણ્યવંત ક્ષેત્ર, શિખરી પર્વત અને ઐરવત ક્ષેત્ર છે. ઉપરોક્ત દરેક ક્ષેત્રમાં મનુષ્યની વસ્તી છે. વળી નિષધ અને નીલવંત પર્વતની મધ્યે મેરુના પૂર્વ પશ્ચિમ ભાગમાં મહાવિદેહ ક્ષેત્ર છે તેમાં પણ મનુષ્યો રહે છે. ઉત્તરનું ઐરાવત ક્ષેત્ર અને દક્ષિણનું ભરતક્ષેત્ર છે. તે બન્ને જંબુ દ્વીપના ૧૯૦ મા ભાગમાં પથરાયેલા અર્થાત્ ૫૨૬$\frac{6}{19}$ યોજન પ્રમાણવાળા છે. આ પ્રમાણે એક લાખ યોજનના જંબુદ્વીપની જૈન દર્શનની માન્યતા છે.

પુરાણોમાં પણ જંબુદ્વીપનું ઉપર લખ્યા પ્રમાણેજ સ્વરૂપ દર્શન કરાવ્યું છે. માત્ર કેટલાક નામોમાં અને માપમા થોડો ફરક છે જેથી પુરાણોમાં જંબુદ્વીપની રચના નીચે પ્રમાણે ખડી થાય છે.

લવણ સમુદ્રથી વીંટાયેલો ચક્ર જેવો લાખ યોજનનો જંબુદ્વીપ છે. (વિષ્ણુ પુરાણ-નૃસિંહ પુરાણ) તેના મધ્યમાં મેરુ પર્વત છે. મેરુની દક્ષિણે અને લવણોદધિની ઉત્તરે ભરતકિંપુરુષ અને હરિવર્ષ ક્ષેત્રો છે ને આંતરે એક એક પર્વત છે. તે જ પ્રમાણે મેરુની ઉત્તરમાં કરુ, હિરણ્ય અને રમ્યક એમ ત્રણ ક્ષેત્રો છે. મેરુની પૂર્વ પશ્ચિમે કેતુમાલ અને ભદ્રાશ્વવર્ષ છે. મેરુ તે લાખ યોજન ઉંચો સોનાનો પર્વત છે; જેનું ઇલાવર્ત નામે ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં સોનાના કાગડા હોય છે. આ મેરુને સૂર્ય ચંદ્ર નક્ષત્ર અને વાયુ દક્ષિણોપક્રમથી નિત્ય પ્રદક્ષિણા દે છે. આ ઉપરથી દિશા માટે એવી મર્યાદા બંધાય છે કે

મેરુની ભૂમિ તે સમપ્રદેશોનું ઉત્તર સ્થાન છે અને સૂર્ય ઉગે તે દરેક પ્રદેશ માટે પૂર્વ દિશા છે. તેથી **सर्वेषामुत्तरे मेरुः** આ માન્યતા સત્ય પાઠને ભજવે છે. (**मात्स्य० अ० १०१**) મેરુના સ્વરૂપ માટે પુરાણમાં જુદા જુદા મતો છે. જુઓ—મેરુ ગાયના પુચ્છ જેવો છે, (વિષ્ણુ પુરાણ). ધતુરાના ફુલ જેવો છે, (પદ્મપુરાણ). ચોખુંટો છે, (ભાગુરી). અષ્ટકોણ છે, (સાવરણ). સાત ખુંટો છે, (અત્રિ). સહસ્ર ખુંટો છે, (ભૃગુ). ગુંથેલા વાળ જેવો છે, (ગાર્ગી). ગોળ છે, (અન્ય). ચોખુંટો છે, (મત્સ્ય પુરાણ).

ઇલાવર્ષમા ચાર દેવોદ્યાન છે. જેમાં સિદ્ધ ચારણો વિચરે છે. આ દરેક ક્ષેત્રો પૈકીના દક્ષિણ અને ઉત્તર બન્ને ક્ષેત્રો ધનુષ્ય કામઠીના આકારે છે. (પદ્મપુરાણ ભૂમિખંડ અધ્યાય ૧૦૧. નૃસિંહપુરાણ કોષ અધ્યાય ૩૦) વહ્નિ પુરાણમાં ક્ષેત્રોનાં નામો ઉપર પ્રમાણેજ દર્શાવ્યા છેઃ—

उत्तरा कुरवोरम्यं वर्षं हैमवतं तथा भद्राश्व केतुमालं च तथा वर्ष-मिलावतं ॥ १ ॥ भारतं हरिवर्षं च तथा किंपुरुषावृतं एतान्यष्टौतु वर्षाणि पुण्यानि कथितानि तु ॥ २ ॥ તિલકકૃત મૃગશીર્ષમાં પણ એ જ નામો મળે છે.

અર્વાચીન શોધકો પણ સમુચ્ચિતપણે ૪૯૩૨૦૦૦૦ માઇલ પૃથ્વી તથા તેથી ચાર ગણો સમુદ્ર હોવાનું કહે છે.

આ જંબુદ્વીપની ચોતરફ લપેટાયેલો ચુડીની જેવો બે લાખ યોજનનો ખારો લવણ સમુદ્ર છે તેમાં મનુષ્ય નિવાસના ૫૬ દ્વીપો છે. લવણ સમુદ્રનાં કેટલાંએક માછલાંઓ રાક્ષસી કદનાં હોય છે.

લવણ સમુદ્રની ફરતો ચાર લાખ યોજનનો ધાતકી દ્વીપ છે. આ દ્વીપમાં પણ પૂર્વ પશ્ચિમમાં બે મેરુ પર્વત છે અને જંબુદ્વીપની પેઠે જ ઉત્તર દક્ષિણના વિભાગે બે મેરુનાં બબ્બે ક્ષેત્રો અને પર્વતો છે. તેમાના દરેક ક્ષેત્રોમાં મનુષ્યો વસે છે.

ધાતકી દ્વીપની ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે, જ્યાં તદ્દન કાળું પાણી હોય છે. તેની પેલીપાર ગોળ વીંટાયેલો પુષ્કરવર નામે દ્વીપ છે. જેની અધવચમાંજ ફરતો ચક્રાકારે ૧૭૨૧ યોજન ઉંચો માનુષોત્તર પર્વત છે. આ કારણથી દ્વીપનો અર્ધ ભાગ પર્વતની બહાર અને અર્ધ ભાગ અંદર રહે છે. એટલે આ દ્વીપને અર્ધ પુષ્કરાવર્તના નામે ઓળખાવાય છે. આ દ્વીપનો અંદરનો અર્ધ ખંડ પૂર્વ પશ્ચિમના બે મેરુનાં ક્ષેત્રો, નદીઓ, પર્વતો અને મનુષ્યોથી વિભૂષિત છે. ઉપર પ્રમાણે માનુષોત્તર પર્વતના મધ્ય ભાગમાં ૧ જંબુદ્વીપ ૧ ધાતકીખંડ અને ૦॥ પુષ્કરવર એમ ૨॥ દ્વીપ છે. તેમાં મનુષ્યો તથા તિર્યંચો જન્મે છે વસે છે અને મરે છે. અને તેની ફરતા બીજા અસંખ્ય દ્વીપો છે. તેમાં માત્ર તિર્યંચો હોય છે જેથી મનુષ્ય ક્ષેત્ર એ સંજ્ઞામા ૨॥ દ્વીપનો સમાવેશ થાય છે.

પુષ્કરવર દ્વીપની ફરતો પુષ્કરવર સમુદ્ર છે અને તેને વીંટીને ચારે બાજુ વારુણી દ્વીપ રહેલ છે. આ પ્રમાણે બમણા બમણા પ્રમાણવાળા દ્વીપ. અને સમુદ્રો રહેલ છે જે પૈકીનાં અત્યારે છત્રીસ નામો મળી શકે છે. તદ્દન છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. જે અર્ધ રાજલોકમાં પથરાયેલ છે ને તેની પછી અલોકાકાશ છે.

પુરાણી ભૂગોળમાં જંબુ દ્વીપની માન્યતામા જે સમાનતા છે તે સમાનતા ત્યાર પછીના કથનમાં અલ્પાંશે છે કેમકે પુરાણ ગ્રંથો પ્રમાણે એક પછીનો બીજો દ્વીપ બમણો હોય છે, જ્યારે આગમાનુસારે દ્વીપ પછીનો દ્વીપ ચાર ગણો થતો જોવાય છે વળી પુરાણ ગ્રંથોનો એવો સાર છે કે–ક્ષીરોદધિ, ઇક્ષુરસોદધિ, સુરોદધિ, ઘૃતોદધિ, ક્ષીરોદધિ, મંડોદધિ અને શુદ્ધોદધિ (માર્કંડેય પુરાણ) આ પ્રમાણે સાત સમુદ્રો છે અને ત્યાર પછી માનુષોત્તર પર્વત છે. મેરુ પર્વતથી આ માનુષોત્તર પર્વતની વચમાં જેટલી પૃથ્વી છે તેટલીજ માનુષી વસ્તીથી રહિત માનુષોત્તર પર્વતની બહાર બીજી પૃથ્વી છે. આ સમસ્ત પૃથ્વીનો વિસ્તાર ૫૦ કરોડ યોજન છે અને તેના ચોથા ભાગમા લોકાલોકાચલ પર્વત છે. આ પુરાણ ગ્રંથ માન્યતાથી તૈત્તિરીય બ્રાહ્મણ ૨–૧૧–૧ વિશેષ અજવાળું પાડે છે જે વક્તવ્યતામાં મૃત્યુલોકની વિશાલતા માનવાનો અવકાશ રહે છે. તે કહે છે કે વિશ્વ અનંત–અપાર છે.

જૈન શાસ્ત્ર કહે છે કે મનુષ્ય ક્ષેત્ર–અઢી દ્વીપ ૪૫ લાખ યોજનમા છે. પરંતુ મૃત્યુલોકનો વિસ્તાર એક રાજલોક અને ઉંચાઇ નીચે ૯૦૦ ને ઉપર ૯૦૦ મળીને ૧૮૦૦ યોજન છે.

આપણો હિંદુસ્થાન દક્ષિણ જંબુદ્વીપના ભારતક્ષેત્રનો એક વિભાગ છે. તેનું પ્રાચીન નામ ભરતખંડ હતું. આ નામ ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીના રાજ્ય સ્થાપનથી પ્રસિદ્ધ થએલ છે. (માર્કન્ડેય૦) તેમજ તે અરસામાં ભરત ચક્રવર્તીના ભાઇઓના નામ ઉપરથી કચ્છ, મહાકચ્છ, સુદર્શન, કુરુપંચાલ, વિગેરે દરેક દેશોનાં નામ પડયાં હતાં. અત્યારે તેમાના ઘણા નામોમાં ફેરફાર થઇ ગયાં છે. હિંદુસ્તાન આ સંજ્ઞા સિંધુવાસી લોકો માટે વપરાતી હતી. પરંતુ અત્યારે તો તે સંજ્ઞામાં ભરતક્ષેત્રના મોટા વિભાગોનો સંગ્રહ જોવામાં આવે છે. આજ પ્રમાણે કેટલાક દેશોને પણ રૂપાન્તર પામેલા નામોથી ઓળખીએ છીએ. તેમનાં પ્રાચીન નામો બીજાં હતાં જેમ કે–હિંદુસ્તાનનાં તેલંગ, ઓરીસા, આસામ, આગ્રા પ્રાંત, મલબાર, અયોધ્યા, દક્ષિણ પંજાબ, મદ્રાસ, બંગાલા, કચ્છ, બ્રહ્મદેશ, મેવાડ, સુરત અને તીબેટને પ્રાચીન પ્રજા આંધ્ર, કલીંગ, કામરૂપ, કુરુ, કેરલ, કોશલ, જાલંધર, દ્રાવીલ, નૈષધ, ભોજકોટ, મગધ, મેદપાટ, સૌવીર અને હૂણના નામથી ઓળખતી હતી. તેમજ હિંદુ બહારના કાબુલ, રૂશિયા, ગ્રીસ, બલુચિસ્તાન, આફ્રીકા, અરબસ્તાન, મીસર અને સીલોન વિગેરે પ્રદેશો કૈકેય, રૂમ, યવન, પુલીંદ, બર્બર, બાહ્લિક, ભદ્ર અને સિંહદ્વીપ વિગેરે નામોથી પ્રસિદ્ધ હતા. આ પ્રમાણે તે અરસાનાં નામો જેમ રૂપાન્તર પામ્યા છે તેમ હિંદુસ્તાનને પણ ભરતખંડની નામના ટૂંક મુદત થયા કેટલેક અંશે ભુંસાયેલ છે.

ભરતક્ષેત્રની ઉત્તરે ૧૦૦ યોજન ઉંચો હિમવાન પર્વત છે; તથા પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણે લવણોદધિ સમુદ્ર છે. ભરતક્ષેત્રની પહોળાઇ ૫૨૬ $\frac{6}{19}$ યોજન છે અને ઉત્તર દક્ષિણમાં સુતેલ ૫૦ યોજન પહોળા વૈતાઢયગિરિથી તે ક્ષેત્રના બે ભાગ પડે છે. વળી ઉત્તરમાંથી નીકળી દક્ષિણમાં વહેતી ગંગા સિંધુના સંયોગથી ઉપરોક્ત બન્ને ભરતાર્દ્ધના ત્રણ ત્રણ વિભાગો થાય છે. આ પ્રમાણે ભરતક્ષેત્રના છ ખંડ થાય છે. તે છ ખંડમાંથી દક્ષિણ ભરતાર્ધનો મધ્યમખંડ આર્યખંડ તરીકે ઓળખાતો હતો. આ ખંડો એટલા બધા વિશાલ છે

કે જેમા વસનારા મનુષ્યો કોઇ જાતનો પરસ્પર વ્યવહાર કરી શકતા નથી. અર્થાત્ એક ખંડમાંથી બીજા ખંડમાં જવામાં બહુ મુશ્કેલીઓ રહેલી છે—આર્યખંડના મધ્યમાં શાશ્વતા સ્વસ્તિક ઉપર બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી વિનીતા નગરીનું સ્થાન છે જેની ઉત્તરમાં અષ્ટાપદ પર્વત છે. વિનીતા અને લવણ સમુદ્રના મધ્યમાં શત્રુંજય પર્વત છે તથા ભરતક્ષેત્રની દક્ષિણમાં ત્રણ તીર્થભૂમિઓ છે.

પુરાણ ગ્રંથો પણ જંબુદ્વીપના નવમા સ્થાનને પવિત્ર ભરત તરીકે ઓળખાવે છે પરંતુ તેનો વિસ્તાર નવ યોજન હોવાનું કહે છે. વિનીતા (પ્રાચીન અયોધ્યા) ની ઉત્તરમાં રહેલા અષ્ટાપદ પર્વતનું પૌરાણીક નામ કૈલાસ પર્વત છે.

જૈન ભૂમિતિ ગણનામાં ત્રણ પ્રકારના યોજન કલ્પેલ છે. પ્રથમ ઉત્સેધાંગુલથી ગણતી કોષ્ટકમાં આધુનિક માપને મળતું યોજનનું માપ છે. બીજા સ્વાત્માંગુલથી ગણાતા કોષ્ટકમાં વિવિધ મનુષ્યોમાં ઉંચાઇ નીચાઇનો ફેરફાર પડતો હોવાથી વિવિધ કાલનું માપ ઘડાય છે. અને ત્રીજા પ્રમાણાંગુલથી ગણાતા કોષ્ટકમાં ઉત્સેધાંગુલથી કલ્પેલ યોજન કરતાં લંબાઇમાં ચારસો ગણું અને પહોળાઇમાં અઢી ગણું માપ આવે છે.

આ અંતિમ યોજનની લંબાઇથી કે પહોળાઇથી દ્વીપ ક્ષેત્રોની યોજન ગણના કરેલ છે. આ રીતિએ ગણના કરતાં સમસ્ત દેશ પ્રદેશોનો સમાવેશ સુલભતાથી ભરત ક્ષેત્રમાં થઇ શકે એમ છે અને ભરત ક્ષેત્ર સિવાયની પૃથ્વીનું કેવું કદ છે તે પણ તુરત કલ્પનામાં આવી શકે તેમ છે. આ પ્રમાણે જૈન દર્શને દર્શાવેલ પૃથ્વીનું પ્રમાણ બહુ વિશાલ છે.

પુરાણ ગ્રંથો પણ ભરતખંડના બહુ દેશોનાં અને કેટલાક દ્વીપોનાં નામો તથા વર્ણનો સંક્ષેપમાં કરે છે છતાં આ માન્યતા અલ્પાંશે જૈન દર્શનથી જુદી પડે છે.

આ લોકસ્થિતિ શાને આધારે છે, યાને આ પૃથ્વી કોની ઉપર સ્થિર છે તે વિષયમાં દીર્ઘદર્શી જૈન દર્શને અતિ સુક્ષ્મ દૃષ્ટિનો ઉપયોગ કર્યો છે. કેમકે પૃથ્વી મૂર્ત છે અને તેને ધારી રાખનાર પણ કોઇ તેવોજ મૂર્ત પદાર્થ હોય તો પછી તે પૃથ્વીના આધારભૂત પદાર્થને આકાશમાં ટકાવી રાખનાર કોઇ ત્રીજો પદાર્થ પણ કલ્પવો પડે. પરંતુ આ પ્રમાણે અંતે અનવસ્થાદોષ આવે છે માટે અનવસ્થા દોષની અડચણ દૂર થાય તેવા માર્ગને અવલંબવા જૈન દર્શને અપૂર્વ યુક્તિ વાપરી છે.

આપણે જાણીએ છીએ કે આપણી પાસેનું વાતાવરણ બહુ પાતળું છે પણ જેમ જેમ ઉપર ઉંચે ચઢીએ છીએ તેમ તેમ ત્યાં ઘટ્ટ વાતાવરણ જોઇ શકાય છે. ઉંચે અમુક હદે તો વાયુમાં પક્ષી કે વિમાનનો ભારને ઝીલી શકે તેવી નક્કરતા અનુભવાય છે. ગેલુસોક પોતાના ઇ. સ. ૧૮૦૪ ના વર્ણનમાં લખે છે કે સુમારે ચાર માઇલ ઉંચે જતાં ઠંડી હવાના સબબે અમારી શાહી પણ સુકાઇ ગઇ હતી. વળી ત્યાં અમારૂં પક્ષી પણ ઉડી શક્યું નહીં. આથી વધારે આગળ જઇએ તો ફેફસા પણ ન સંગ્રહી શકે એવી હવા છે. સને ૧૮૬૨ માં ૭ માઇલ જતાં જર્મન વિદ્વાન ગ્લેશીયાને બેભાનની અસર થઇ હતી. ત્યાં એવી હવા છે કે જેના આધારે વાદળાં અને પાણી સ્થિર રહી શકે છે. આમ પુરુષોના જ્ઞાનથી જૈન દર્શન આ જ બુદ્ધિનો સ્વીકાર કરી જણાવે છે કે તન વાયુ (પાતળો વાયુ) ની ઉપર ઘન વાયુ છે ને તેની ઉપર ઘનોદધિ વરફની જેવું ઘટ્ટ પાણી છે

જેની ઉપર ગમે તેટલો ભાર નાખવા છતાં સ્થિર રહી શકે છે. આ કથનની સાબીતી બરફના પર્વતો જોવાથી વિશેષ પુરવાર થાય છે. :આ નિયમાનુસાર તનવાયુ, ઘનવાયુ અને ઘનોદધિ ઉપર આપણી પૃથ્વી સ્થિર રહેલ છે. સ્વર્ગાદિક સ્થાનો માટે આ ત્રણ અને તે સિવાયના બીજા કેટલાક આધાર છે. આ પ્રમાણે પૃથ્વીના આધારના સબંધે જૈન દર્શનોમાં સુંદર વિવેચન મળી શકે છે.

હવે પ્રાચીન જૈનેતર દર્શનોમાં તપાસીએ તો આ વિષયની માન્યતા જુદી જુદી રીતે દર્શાવેલ છે. આ સબંધે બાઇબલમાં લખેલ કે–" આ પૃથ્વીનો પાયો સમુદ્રના પ્રવાહો પર સ્થાપેલ છે " " તે યહોવાહ પોતાના ઓરડાના ભારવટીયા પાણી ઉપર મુકે છે." આ શબ્દોથી પૃથ્વીની નીચે સમુદ્ર છે એવું બાઇબલકારનું મન્તવ્ય છે. કુરાને શરીફના ફરમાન પ્રમાણે " આ પૃથ્વી ગાયના શીંગડા પર છે " એમ સમજાય છે. ગુજરાતી પત્રના ચાલુ ૪૪ મા વર્ષના અઢારમા અંકમાં જગતના આધાર માટે પુરાણી માન્યતા દેખાડતા ઇસ્લામ લાલાજી નુરાજી લખે છે કે મુળ આધારભૂત તત્ત્વ " ધર્મ " છે. તેની ઉપર અનુક્રમે જુગ્ન, નીર, શેષનાગ અને ધમાડોધોરી છે (ત્યારપછી) આ ધમડાધોરીના શૃંગ (શીંગડાં) ઉપર રાઇ અને રાઇ ઉપર સૃષ્ટિ છે.

કેટલાક ગ્રંથો માત્ર શેષનાગ ઉપર પૃથ્વી હોવાનું જણાવે છે પરંતુ તે કથનમાં એટલો સત્યાંશ રહેલો છે કે પૃથ્વીની નીચે શેષસ્થાન–નાગલોક અસુરોનું નિવાસસ્થાન છે.

વળી અમૃતસાગરના ગ્રંથકાર તો જણાવે છે કે હાથી, વૃષભ, કચ્છપ અને સર્પ ઉપર પૃથ્વી છે. અમુક અમુક સૂર્ય સંક્રાંત રાશીમાં તે રાશી સાથે સબંધ રાખનાર આધારમાંથી એક ચલાયમાન થવાથી ભૂકંપના પ્રસંગો બને છે.

તૈત્તિરીય બ્રા. ૧ અષ્ટક ૧ અધ્યાય ૧ માં લખે છે કે પાણીમાં કમલ છે અને તે કમલ ઉપર પૃથ્વી છે. આ પૃથ્વીને બ્રહ્માએ ટીપીને સીધી સપાટ કરેલ છે. વળી કેટલાંક પુરાણો કહે છે કે–પૃથ્વી લાંબી પહોળી ૫૦ કરોડ યોજન છે. તેના ચોથા ભાગમાં લોકાલોકાચલ પર્વત છે. તે ઉપર દિગ્ગજો રહીને સુંઢવડે પૃથ્વીને ધરી રાખે છે અને પૃથ્વીને તેમ ધરી રાખવામા પોતાની બધી સેનાથી વીંટાએલા ભગવાન પણ પોતાના હાથોવડે સહાય કરે છે. (પદ્મપુરાણના ભૂમિ ખંડમાં ભૂમિવર્ણન અધ્યાય ૧૩૧).

આ ઉપલબ્ધ થતા પુરાવા ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે પૌરાણિક કાલમાં પૃથ્વીના આધારભૂત કયા કયા પદાર્થ છે તે માન્યતા વિવાદાસ્પદ હતી.

આ પ્રમાણે પ્રાચીન ભુગોલ વિષયમાં બહુ અંશે જૈન માન્યતામાં અને બીજી માન્યતામાં કેટલું સામ્ય અને કેટલો ફરક હતો તે ઉપરના નિબંધમાં સમજાવવા પ્રયત્ન થએલ છે.

---

૧. આ નિબંધ પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દર્શનવિજયજીકૃત અપ્રકટ વિશ્વરચના પ્રબંધમાથી ઉધૃત કર્યો છે માટે આ લેખનું બધું માન તેઓશ્રીને જ ઘટે છે.

૧૦ મહોપાધ્યાય પંડિતપ્રવર જૈનકવિરત્ન

શ્રીમદ્ દેવચંદ્રજી

તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

(લેખકઃ— મણિલાલ મોહનલાલ પાદરાકર. પાદરા.)

" હોવત જો તનું પાંખડિ, આવત નાથ હજુર લાલરે !
જો હોતી ચિત્ત આંખડિ, દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે ! "

શ્રી દેવજશા સ્તવન.

ફાગ—

" આત્મ પ્રદેશ રંગથલ અનૂપમ,
સમ્યક્દર્શન રંગરેં નિજ સુખ કે સયેયા ॥
તું તો નિજ ગુણ ખેલ વસંત રે ॥ નિજ ॥
પરપરિણતી ચિંતા તજી નિજમેં,
જ્ઞાન સખાકે સંગરે ॥ નિજ ॥
વાસ બરાસ સુરુચિ કેશર ધન,
છાંટો પરમ પ્રમોદ રે !
આતમરમણ ગુલાલ કી લાલી,
સાધક શક્તિ વિનોદ રે ॥ નિજ ॥ "

શ્રી મહાજસજિન સ્તવન.

શ્રીમદ્‌નું જીવનચરિત્ર જાણવાનાં સાધન.

શ્રી જૈન ધર્મના ખરતર ગચ્છીય અધ્યાત્મજ્ઞાનગગનદિનમણિ પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના જીવનચરિત્રની રૂપરેખા તેમના વર્તમાન કાળે ઉપલબ્ધ એવા અમૂલ્ય ગ્રંથોમાં શ્રીમદે કાઢેલા વાણીના ઉદ્‌ગારો પરથી દોરી શકાય છે. તેઓશ્રી જૈન ધર્મના મહાન્ ઉપદેષ્ટા, અનન્ય આત્મજ્ઞાની, જૈનધર્મરક્ષક, ગીતાર્થ અધ્યાત્મી મુનિવર હતા. આ જૈન તત્ત્વજ્ઞાની, મહાન્ અલખમસ્ત કવિરત્નનું સાદ્યંત જીવનચરિત્ર, સાહિત્ય, ધર્મ કે જ્ઞાનના અનન્ય ઉપાસક તરીકેનું વૃત્તાંત, કોઈ પણ ઠેકાણેથી જોઈએ તેવા સ્વરૂપમાં ઉપલબ્ધ થતું નથી એ જૈન ઇતિહાસના આલેખનના અભાવને આભારી અને શોચનીય છે. તેમના સમકાલીન શ્રીમદ્ જ્ઞાનસાગરજી, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી, શ્રીમદ્ જ્ઞાનવિમળસૂરિ, શ્રીમદ્, જિનવિજયજી, શ્રીમદ્ ઉત્તમવિજયજી, શ્રીમદ્ વિનયવિજયજી, શ્રીમદ્ ઉદયરત્નજી, શ્રીમદ્ મોહનવિજયજી આદિ મહાસમર્થ વિદ્વાનો, કવિઓ, પંડિતો અનેક ગ્રંથોના રચયિતા હતા, તેમ છતાં તેમનું જીવનચરિત્ર કોઈએ સાહિત્યમાં જળવાઈ રહે તેવા

પ્રબંધ તરીકે રચ્યું હોય તેમ અદ્યાપિ નિર્ણય થયો નથી. જૈન દર્શનના મહાત્માઓ પોતાનું ચરિત્ર પોતાની મેળે, આત્મ પ્રશંસાદિ કારણે, નહિં લખવાની પ્રણાલિકાના કારણે, તેઓના જીવનની હકીકત, તેમના શ્રીમુખથી વા લેખિનીથી કથં પ્રકટી શકે? જો તેઓ આચાર્ય પરંપરાની પાટ ઉપર થયા હોત, તો કેટલીક હકીકત, પટ્ટ પરંપરામાં થનારા, આચાર્યોની પેઠે જાણી શકાત વા તેમના શિષ્યો જ્ઞાની થયા હોત, તો તેઓએ પોતાના ગુરુનું જીવનચરિત્ર આલેખ્યું હોત જ. પણ તેમ બન્યું નથી. પૂર્વાચાર્યોની પાછળ થનાર તેમના શિષ્યો વા તેમના ગુણાનુરાગીઓ, પૂર્વાચાર્યોનું ઐતિહાસિક મુદ્દા આદિથી મિશ્ર જીવનચરિત્ર લખી શકે છે પણ અસલીયાતમા અને કૃત્રિમતામાં ભેદભાવ પ્રકટ જ રહે છે. શ્રીમદ્‌ના બનાવેલા અનેક અમૂલ્ય સંસ્કૃત પ્રાકૃત તથા ગુર્જર ભાષાના ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી શ્રીમદ્‌નું કેટલુંક જીવનચરિત્ર જાણી શકાય તેમ છે, અને તે પરથી તેમના હૃદય વિચારના અવલોકન દ્વારા, આચારાદિ બાહ્ય ચરિત્ર, અંતરંગ સ્થિતિ, અધ્યાત્મજ્ઞાનમસ્ત દશા ઉચ્ચ કવિત્વ–વક્તૃત્વ–લેખનશક્તિ અને તે પ્રસંગના કેટલાક બનાવોને આલેખી શકાય. પણ તેમ કરવા માટે તેમના ગ્રંથોનું પૂર્ણતયા સતત પરિશીલન થવું જોઇએ.

જીવનચરિત્ર માટે પત્ર વ્યવહાર અને શોધ ખોળ.

શ્રીમદ્‌ના સંસ્કૃત પ્રાકૃત–વ્રજ–માગધી અને ગુર્જર ભાષાના ગ્રંથોની હસ્તલિખિત દુર્મિળ પ્રતો મેળવવાનો પ્રયાસ, પ્રાતઃસ્મરણીય–અધ્યાત્મજ્ઞાની–વિદ્વાન કવિરત્ન શ્રીમદ્ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી એમના સદુપદેશથી, મારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી વકીલ મોહનલાલ હિમચંદ એમણે જાહેરખબરો વડે, તથા, મારવાડ, મેવાડ, જોધપૂર, બીકાનેર, જેસલમેર, કલકત્તા, અમદાવાદ, સુરત, ભરૂચ, આદિ દૂર દૂરના પ્રદેશોમા માણસો મોકલી–પત્રવ્યવહાર કરી–ને ક્યાંક ક્યાંક જાતે જઇ, દ્રવ્ય વ્યયથી, લાગવગથી, ઘણી મુશ્કેલીએ દીર્ઘ સમય પ્રયત્ન કરી, મોટો સંગ્રહ મેળવ્યો. જૂદા જૂદા ભંડારોમાંથી એકજ ગ્રંથની ભિન્ન ભિન્ન પ્રતો મેળવી, તે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પાસે સંશોધિત કરાવી, પોતાના અધ્યાત્મજ્ઞાનરસિક સહાધ્યાયીઓ સાથે છપાવવાનો પ્રબંધ કરી છપાવી, જે પરથી શ્રીમદ્‌નું જીવનચરિત્ર તૈયાર કરવા મને સારી અનુકૂળતા મળી ગઇ.

શ્રીમદ્‌ની જન્મભૂમિ.

કેટલાક વૃદ્ધ પુરુષોના કહેવા પ્રમાણે શ્રીમદ્‌ની જન્મભૂમિ ગુર્જરાષ્ટ્ર (ગુર્જરત્રા) છે એમ જણાય છે. કારણ શ્રીમદ્‌ની સૌથી પ્રથમ કૃતિ સં. ૧૭૪૭ ની સાલમાં બનેલી અષ્ટપ્રકારી અને એકવીસ પ્રકારી પૂજાઓમાં તે વખતની ઘરગતુ ગુર્જર ભાષા વપરાયલી જણાય છે. ગુર્જર સિવાય અન્યદેશીય ગુજરાતી ભાષા શરૂઆતના ગ્રંથમાં આટલી સુંદર અને પૂર્ણાંશે ન હોય. ગુર્જર ભાષાના સાક્ષરો જો તે લક્ષ દઇને વાંચશે તો શ્રીમદ્‌ની શરૂઆતની કૃતિઓની ભાષામાં છંટાઇ રહેલી ઘરગતુ ગુર્જર ભાષાની છાંટ જણાઇ આવ્યા સિવાય રહેશે નહીં. શ્રીમદ્‌ની ૨૧ પ્રકારી પૂજામાની ૧૭ મી પૂજાની ભાષા જુઓઃ—

ભંભા ભેરી મૃદંગ વર, તંત્રી તાલ કંસાલ ।
ઝલ્લરિ દુંદુહિ શંખ ઇતિ, વાજિત્ર પૂજ વિશાલ ॥

જિમ જિમ વાજિત્ર વાજે, ગાજે અતિ ઘનઘોર ।
તિમ તિમ જિનગુણે રાચે, નાચે જ્યું ઘનમોર ॥

૧૮ મી ગીતપૂજા—

ભૈરવ વિભાસ આશાવરી, ટોડી નટ્ટ કલ્યાણ ।
ધન્યાસિરિ પમુહે સ્તવે, પૂજાગીત પ્રમાણ ॥
ગુણ રાગેં શુદ્ધ રાગેં, જે કરે જિન ગાન ।
જાગે અનુભવ વાસના, માગેં કેવળ જ્ઞાન ॥
તાન માન સ્વર ગામની, મુર્ચ્છના ભેદેભેદ ।
લય લાગે રુચિ જાગે, ત્યાગે મનના ખેદ ॥

૨૦ મી સ્તુતિપૂજા—

વ્યાકરણ કાવ્ય અલંકૃતિ; તર્ક છંદ અપભ્રંશ ।
દોષ ન દોષેં સ્તુતિ કરે, સ્તુતિપૂજા ગુણ સત્ય ॥
સ્વર પદ વર્ણ વિરાજતી, ભાવતી ઉક્તિઅનૂપ ।
અતિશય ધારી ઉપગારી, અહ તસ શુદ્ધ સ્વરૂપ ॥

અષ્ટ પ્રકારી પૂજામાં તૃતિય પુષ્પપૂજા—

શત્રપત્રી વરમોગરા, ચંપક જાઇ ગુલાબ ।
કેતકી દમણો બોલસિરિ, પૂજે જિન ભરી છાબ ॥
અમલ અખંડિત વિકસિત, શુભ સુમની ઘણી જાતે ।
લાખિણો ટોડર ઠવો, અંગિ રચી બહુ ભાતિ ॥
ગુણ કુસુમે નિજ આતમા, મંડિત કરવા ભવ્ય ।
ગુણ રાગી જડ ત્યાગી, પુષ્પ ચઢાવો નવ્ય ॥

આ ઉપરથી પ્રતીતિ થશે કે શ્રીમદ્‌ની વાણીમાં ઘરગતુ ગુજરાતી ભાષા ચમકે છે ને તેથીજ શ્રીમદ્‌નો જન્મ ગુર્જરાષ્ટ્રમાં હોવાનો પૂર્ણતયા સંભવ છે. તેમજ આ મહાપુરુષ રત્નનો જન્મ પણ બ્રાહ્મણ વણિક અગર ક્ષત્રિયના ઉચ્ચ કુળમાં થયો હોવો જોઇએ. તેમણે ગુજરાતમાં મહાન અધ્યાત્મ જ્ઞાની ઉપાધ્યાયજી શ્રીમદ્ જ્ઞાનસાગરજી પાસે અભ્યાસ કરેલો હતો, તે વાત તેઓશ્રી પોતે ગુરુના ગુણગાનમાં સ્પષ્ટ કર્યે છે કેઃ—

"અગણિત ગુણગણ આગર, નાગર વંદિત પાયઃ
શ્રુતધારી ઉપગારી, જ્ઞાનસાગર ઉવઝાયઃ
તાસ ચરણરજ સેવક, મધુકર પરે લયલીન '
શ્રી જિન પૂંજા ગાઇ, જિનવાણી રસ પીન, "
"સંવત ગુણયુગ અચલ ઇન્દુ (૧૭૪૩)
હર્ષભર ગાઇઓ શ્રી જિનેંદુ,
લહો જ્ઞાન ઉદ્યોત ઘન શિવ નિશાનીઃ"

શ્રી જ્ઞાનસાગરજી પ્રાયઃ અંચળ ગચ્છમાં થયા જણાય છે. જૈનોમા પૂર્વે ૮૪ ગચ્છો

શ્રીમદ્‌નો જન્મઃ હતા. પણ હવે તો ૫–૭ ગચ્છો જ રહ્યા જણાય છે ને તેમાં પણ ઝાઝા ભેદભાવ નથી જણાતા. શ્રીમદ્ ખરતર ગચ્છના, તેમના વિદ્યાગુરુ અંચળ ગચ્છના, અને તેમણે તપાગચ્છના મહાન્ ધુરંધર પંડિતોને ભણાવ્યા છે. આ પરથી શ્રીમદ્‌ના ગચ્છભેદની બાબતના વિચારોની વિશાળતાની પ્રતીતિ થાય છે.

શ્રીમદે ૧૭૪૩ ની સાલમાં પ્રથમ ગ્રંથ લખ્યો ને એ ગ્રંથ તે અષ્ટપ્રકારી પૂજા. તે વખતે તેમની ઉમર ઓછામાં ઓછી બાવીશ વર્ષની હોવી જોઇએ. એટલે તેમનો જન્મ સં. ૧૭૨૦ ની સાલ લગભગ સંભવે છે અને દીક્ષા સં. ૧૭૩૨ લગભગમાં સંભવે છે. આ પ્રમાણે તો શ્રીમદ્ દીક્ષા લીધા બાદ ૧૧ વર્ષે અને જન્મથી ત્રેવિશ વર્ષે ગ્રંથ રચવાને સમર્થ થયેલા હોવા જોઇએ. તેમજ તેમનો ગ્રહસ્થાવાસ લગભગ ૧૨ વર્ષનો હોઇ શકે.

દીક્ષા. શ્રીમદે ખરતર ગચ્છના પાઠક દીપચંદ્રજી પાસે દીક્ષા લીધી હતી. આ ગચ્છમાં મહાપ્રતાપી શ્રી જિનચંદ્રસૂરિ, તેમના શ્રી પુણ્યપ્રધાનોપાધ્યાય, તેમના સુમતિસાગરોપાધ્યાય, તેમના રાજસાગર, તેમના જ્ઞાનધર્મપાઠક થયા, અને તેમના શિષ્ય રાજહંસ અને દીપચંદ્રજી થયા. એ શ્રમાન્ ઉપાધ્યાયજી દીપચંદ્રજી પાસે શ્રી દેવચંદ્રજીએ દીક્ષા લીધી હતી.

વિહાર. દીક્ષા લીધા બાદ તેઓશ્રી ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડમાં વિચર્યા હોય તેમ જણાય છે. શ્રીમદ્‌નો ગુર્જર ગિરાપરનો કાબુ ઘણો સારો હતો. સં. ૧૭૬૬ ની સાલમાં તેઓએ પંજાબ (મુલતાન) માં ધ્યાનદીપિકાચતુષ્પદી બનાવી, તે પણ ગુજરાતીમાં જ બનાવી છે. એથી જણાઇ આવે છે કે શ્રીમદ્ ગુર્જરરાષ્ટ્રીય જ હોવા જોઇએ. ધ્યાનચતુષ્પદીની થોડીક વાનગીઃ—

"સંસ્કૃત વાણિ પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી ॥
જ્ઞાતા જનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી ॥
સંવત લેશ્યા રસને વારો (૧૭૬૬) જ્ઞેય પદાર્થ વિચારોજી ॥
અનુપમ પરમાતમ પદ ધારો, માધવ માસ ઉદારોજી ॥
ખરતર આચારજ ગચ્છ ધારી, જિણચંદ્રસૂરિ જયકારીજી ॥
તસુ આદેશ લહી સુખકારી, શ્રી મુલતાન મઝારીજી ॥
ધ્યાનદીપિકા એહવો નામો, અરથ અછે અભિરામોજી ॥
રવિશશિ લગિ થિરતા એ પામો, દેવચંદ્ર કહે આમોજી ॥

આ ભાષાપરથી સહજ પ્રતિત થાય છે કે શ્રીમદ્ લાંબો વખત ગુજરાતમાં રહેલા, ગુજરાતમાં જન્મેલા અને ગુર્જર ભાષા પર તેમનો કાબુ ઉત્તમ હોવા ઉપરાંત ભાષા ક્લિષ્ટતા–કઠોરતા વિનાની, સરળ ને ભાવવાહી છે.

ગુજરાતમાંથી વિહાર કરી શ્રીમદ્ મારવાડ ગયા. ત્યાં તેઓએ ચાતુર્માસ કર્યું ને ત્યાંથી

શ્રીમદ્‌ની વ્રજ ને માગધી ભાષામાં પ્રવીણતા.

જેસલમેર થઇ પંજાબ તરફ વિચર્યા હોય તેમ જણાય છે. પંજાબમાં તે વખતે જૈન વણિકોની ઘણી વસ્તી હોવી જોઇએ. ૧૭૬૬ ના વૈશાખ માસમાં ધ્યાનદીપિકા ચતુષ્પદી (મુલતાનમાં) અને ૧૭૬૬ ના પોષ માસમા દ્રવ્યપ્રકાશ વ્રજ ભાષામાં બનાવ્યો. આ ગ્રંથ વિકાનેરમાં–સવૈયા છંદમાં રચ્યો છે. ધ્યાનદીપિકાની વાનગી તો આપણે જોઇ ગયા. હવે શ્રીમદ્‌ની વ્રજ ભાષાની બાની તરફ વળીયે—

પરમાત્મ સ્વરૂપ કથન

સવૈયા.

શુદ્ધ બુદ્ધ ચિદાનંદ, નિરદ્વંદ્વ; મિસુકુંદ,
અફંદ અમોઘ કંદ, અનાદિ અનંત હે.
નિરમલ પરિબ્રહ્મ પૂરન પરમજ્યોતિ,
પરમ અગમ અપ્રીરિય મહાસંત હે.
અવિનાશી અજ, પરમાત્મા સુજાન.
જિન નિરંજન અમલાન સિદ્ધ ભગવંત હેઃ
એસો જીવ કર્મ સંગ, સંગ લગ્યો જ્ઞાન મુલી,
કસ્તુર મૃગ જ્યું, ભૂવનમેં રહેત હેઃ

ગ્રંથ મહિમા વર્ણન

પરસુ પ્રતિત નાહિં, પૂન્ય પાપ ભીતિ નાહિં,
રાગ દોષ રીતિ નાહિ, આતમ વિલાસ હે·
સાધકકો સિદ્ધિ હે બુજવે કુબુદ્ધિ હે કી,
રીજવે કો રિદ્ધિ જ્ઞાન, ભાનકો વિકાસ હેઃ
સજ્જન સુહાય દુજ, ચંદ જ્યું ચઢાવ હે કી,
ઉપસમ ભાવે યામે, અધિક ઉલ્લાસ હેઃ
અન્ય મત સૌ અફંદ, બંદત હે દેવચંદ,
એસે જૈન આગમમેં દ્રવ્યકોપ્રકાશ હેઃ

સંવત કથન

બિક્રમ સંવત માનયહ. ભય લેસ્યાકે ભેદ
શુદ્ધ સંયમ અનુમોદિકે, કરી આશ્રવકો છેદ. (૧૬૬૭)

આ ઉપરાંત શ્રીમદ્‌નો વિહાર પંજાબ અને સરહદ સુધી થયો હોવો જોઇએ. પંજાબ તરફથી વિહાર કરી, સિંધ વગેરે થઇ, મોટા કોટમરોટ (મારવાડ) માં તેઓએ ચાતુર્માસ કર્યું જણાય છે. અહિં તેમણે સં. ૧૭૭૬ ફાલ્ગુન માસમાં તેમના સહાયક મિત્ર દુર્ગાદાસના આત્મ કલ્યાણ અર્થે આગમસારોદ્ધારની રચના કરી છે. આગમસારોદ્ધારનો ઉપસંહાર કરતાં શ્રીમદ્ કહે છેઃ—

કર્મરોગ ઔષધ સમી, જ્ઞાનસુધા રસવૃષ્ટિ;
શિવ સુખામૃત સરોવરી, જય જય સમ્યગ્દષ્ટિ.
× × ×
તાસ શિષ્ય આગમ રુચિ જૈન ધર્મકો દાસ;
દેવચંદ આનંદમેં, કીનો ધર્મ પ્રકાશ;
આગમસારોદ્ધાર યહ પ્રાકૃત સંસ્કૃત રૂપ;
ગ્રંથ કીનો દેવચંદ મુનિ, જ્ઞાનામૃત રસ કૂપ;
કર્યો ઇહા સહાય અતિ, દુર્ગાદાસ શુભ ચિત્ત;
સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રંથ પવિત્ર;
સંવત સિત્તર છિહત્તરે, મન શુદ્ધ ફાગુન માસ,
મોટે કોટ મરોટમેં, વસતાં સુખ ચોમાસ

પ્રાકૃત-માગધી ભાષા. મારવાડથી વિહાર કરીને તેઓ ગુજરાત તરફ આવ્યા જણાય છે. સંવત ૧૭૯૬ માં જામનગર (નવાનગર) માં કાર્તિક શુદ એકમે વિચારસાર નામે ગ્રંથ અને શુદી પંચમીએ જ્ઞાનમંજરી[1] પૂર્ણ કર્યા જણાય છે. વિચારસાર માગધીમાં-સંસ્કૃત ટીકા સાથે મહાન્ ગહન ગ્રંથ છે. તેના ઉપસંહારમા શ્રીમદ્ કથે છે કેઃ—

**जा जिणवाणी विजयइ, ताव थिरं चिट्ठउइमं वयणं ।
नूतण पूरम्मिर इयं, देवचंदेण नाणठूं ॥
रसनिहीसंजमवरिसें, सिरीगोयम केवलस्य वरदिवसे ।
आयत्थं उद्धरियो, समय समुद्धाओरुहाओ ॥**

રસ ૬ નિધિ ૯ સંયમ ૧૭ એટલે ૧૭૯૬ ના વરસે શ્રી ગૌતમ કેવળ જ્ઞાન પામ્યા તે દિવસે એટલે કારતક શુદ-૧ ના રોજ આત્મબોધ અર્થે ઉદ્ધર્યો

જ્ઞાનમંજરી ટીકા. મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે શ્રી જ્ઞાનસાર સૂત્ર સંસ્કૃતમાં બનાવ્યું છે, જેનું નામજ જ્ઞાનસાર છે. તે પરથી તેમાં શું ભર્યું હશે એનો ખ્યાલ વિદ્વાન વાચકને સહેજે આવી શકશે જ. આ જ્ઞાનસાર સૂત્ર અષ્ટક કહેવાય છે, કારણ તેના આઠ આઠ શ્લોકના ૩૨ વિભાગ પાડી જૂદા જૂદા જ્ઞાન વિષયક વિષયો દરેકમાં અત્યંત ખૂબીથી ચર્ચ્યા છે. આ ઘણો કઠિન વિષય હોઇ તેનાપર શ્રીમદે સંસ્કૃતમા જ ટીકા લખી છે, જેનું નામ જ્ઞાનમંજરી ટીકા રાખ્યું છે. શ્રીમદ્‌ને શ્રીમદ્ યશોવિજયજી માટે કેટલું બધું બહુમાન હશે, તેમજ ટીકાકાર તરીકેની તેમની કેટલી શક્તિ હશે એનો ખ્યાલ તો જ્ઞાનમંજરીનો જ્ઞાનાસ્વાદ લીધા સિવાય-કલમથી ભાગ્યે જ વર્ણવી શકાય. જેમ જ્ઞાનસારના ૨૫૬ શ્લોકોમાં શ્લોકે શ્લોકે અદ્‌ભુત જ્ઞાન રસ ટપકે છે, તેથી પણ વધુ મસ્ત બનાવી નાખનાર આ જ્ઞાનમંજરીના પરિમળ છે. નયનિક્ષેપભંગપ્રમાણ યુક્ત આ જ્ઞાનસાર અને મંજરીનો રસાસ્વાદ મનુષ્યને અક્ષય સુખ આપનાર હોવાથી વધુ સુન્દર અને અમૂલ્ય છે.

૧. શ્રી યશોવિજયોપાધ્યાય વિરચિત જ્ઞાનસારની ટીકા

આથી જણાય છે કે શ્રીમદ્ સં. ૧૭૬૬ માં ગુજરાત તરફ આવેલા અને ગુર્જરા-ષ્ટ્રમાં રહેલા. આ સમય દરમીયાન, એટલે ૧૭૭૦ પછી તેઓશ્રી પં. જિનવિજયજીને ભણાવવા પાટણ આવ્યા. બાદ સં. ૧૭૭૫ પછી મોટા કોટમરોટ ગયેલા સંભવે છે.

શ્રીમદે પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજીને કરાવેલો અભ્યાસ.

શ્રીમદ્ સિદ્ધાંતોના પારગામી, પરમ જ્ઞાતા, મહા પ્રખર પંડિત અને સમદષ્ટિવાળા હતા. પોતે ખરતર ગચ્છના હોવા છતાં શ્રીમદ્ ખીમાવિજયજીએ જ્યારે પોતાના શિષ્ય જિનવિજયજીને વિશેષાવશ્યક (એક ગહન તત્વજ્ઞાનનો મહાન ગ્રંથ) ભણાવવા માટે પાટણ આવવા આમંત્રણ કર્યું ત્યારે તેઓ તુર્તજ ત્યાં ઉપકાર બુદ્ધિથી પ્રેરાઇને ગયા (સં. ૧૭૭૦ થી ૧૭૭૫ સુધી) તેની સાક્ષી આ પ્રમાણેઃ—

શ્રી જ્ઞાનવિમળસૂરિજી કન્હે, વાંચી ભગવતિ ખાસ;
મહાભાષ્ય અમૃત લહ્યો દેવચંદ ગણિ પાસ.

શ્રી જિનવિજયના શિષ્યરત્ન ઉત્તમવિજયે દીક્ષા લીધા બાદ તેમણે ગુરુ સાથે સંવત ૧૭૯૯ માં પાદરામાં (લેખકના ગામમાં) ચોમાસું કર્યું હતું અને એ જ સાલમાં શ્રાવણ શુ. ૧૦ મે જિનવિજયજીએ ભગવતી સૂત્ર વાંચતાં વાંચતાં જ પાદરામાં જ દેહોત્સર્ગ કર્યો હતો, અને જ્યાં તેમને અગ્નિદાહ દીધેલો ત્યાં તળાવ કાંઠે તેનો સ્મરણસ્તંભ (દેરી) અદ્યાપિ તેની સાક્ષી પુરી રહેલ છે. ત્યાર બાદ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેમણે ભાવનગરમાં ચોમાસું કર્યું જ્યાં શ્રીમદ્‌ને અભ્યાસ કરાવવા બોલાવ્યા હતા—

ભાવનગર આદેશે રહ્યા, ભવિહિત કરે મારા લાલ.
તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ.
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ;
પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ.
સર્વ આગમની આજ્ઞા દીધી. દેવચંદ્રજી મારા લાલ;
જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદજી મારા લાલ.

શ્રી ઉત્તમ વિજય નિર્વાણ રાસ.

૧૮૦૩ માં શ્રીમદ્ ભાવનગરમાં હતા. તત્પશ્ચાત્ સુરત જઇ કચરા કીકાના શત્રુંજયના સંઘમાં યાત્રાર્થે ગયા. ભાવનગરથી પં. ઉત્તમવિજયજી પણ એક સંઘમાં શત્રુંજય યાત્રાર્થે આવ્યા. ૧૮૦૪ માં શ્રીમદે સંઘવીના સ્તવનમાં લખ્યું છે કેઃ—

સંવત અઢાર ચિડોતેર વરસે, સિત મૃગસિર તેરસીયે !
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીયે !
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ ગુણવંતજીએ !
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણંદજીએ.
જ્ઞાનાનન્દિત ત્રિભુવન વન્દિત, પરમેશ્વર ગુણભીના !
દેવચંદ્ર પદ પામે અદ્ભુત, પરમ મંગળ લયલીના !

આ પ્રમાણે શ્રીમદ્‌ના વિહાર ને ચાતુર્માસ ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, લાટ, મારવાડ, સિંધ, પંજાબ આદિ દેશોમાં થયા હતા.

પ્રતિષ્ઠાઓ.

સં. ૧૭૯૪ માં શ્રીમદે શત્રુંજય પર્વતપર પ્રતિષ્ઠા કરાવી છે એમ શિલાલેખ પરથી જણાયાનું શ્રીયુત મોહનલાલ દીલચંદ દેશાઇ જણાવે છે. તેમજ તેમના ગુરુની સાથે ૧૭૮૮ માં શત્રુંજય પર કુંથુ નાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રીમદ્ હાજર હતા, તથા અમદાવાદમાં સહસ્ત્ર-ફણાની પ્રતિષ્ઠા વખતે તથા સમવસરણની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. તેમજ લીમડીના દેરાસરના મૂલ નાયકની બે બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી. ઉપલબ્ધ સાહિત્ય આટલું જણાવે છે. બાકી અન્ય સ્થળની પ્રતિષ્ઠાઓ કે જે અપ્રકટ છે તેવી અપ્રસિદ્ધ અનેક હોવા સંભવ છે.

શ્રીમદ્‌ની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા.

શ્રીમદ્ જૈન આગમોના પારગામી હતા. તેમણે અનેક સ્થળોના વિદ્વાન શ્રાવકોએ પુછેલા દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયોના પ્રશ્નોના ઉત્તરો સરલપણે સત્વર અને સંતોષકારક રીતે આપ્યા છે. પ્રશ્નોત્તર નામે શ્રીમદ્‌નો ગ્રંથ તેની સાક્ષી પૂરે છે. તે સમયના વિદ્વાનોમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા ઘણી સારી રીતે વિસ્તરેલાં હતાં. ખરતર ગચ્છમાં તે વખતે તેમના સમાન કોઇ વિદ્વાન હોય, એમ તત્કાલીન ગ્રંથો અવલોકતાં અવબોધાતું નથી. તપાગચ્છના સંવેગી સાધુઓમાં પણ તેમની મહત્તા ઘણી હતી. તેમજ મહત્તામાં વૃદ્ધિ કરનાર આત્મગુણો વડે શ્રીમદ્ વિભૂષિત પણ હતા જ. તપાગચ્છના સંવેગી વિદ્વાનો પૈકી પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજી જેવા પંડિતો–વિદ્વાનો–કવિઓ અને જ્ઞાનીઓના તેઓ વિદ્યાગુરુ હતા. તપાગચ્છ અને ખરતર તથા અંચળગચ્છના વિદ્વાન મુનિવરોમાં ઘણો પ્રેમભાવ હોઇ, શ્રીમદ્‌ની ગુણાનુરાગ–દ્રષ્ટિ–સમભાવ વિદ્વત્તા અને આત્મજ્ઞાનની અદ્‌ભુતતાને લીધે સર્વે ગચ્છોના સાધુઓમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા અને વિદ્વત્તાની ખ્યાતિ તેમની હયાતીમાં જ ઘણાં વધ્યાં હતાં. શ્રીમાન પં. પદ્મ-વિજયજી કે જેઓ પંચાવન હજાર ગાથાના રચયિતા પદ્મદ્રહ તરીકે પ્રસિદ્ધ છે તે, શ્રી ઉત્તમ-વિજયજી નિર્વાણ રાસમાં કથે છે કેઃ—

> ખરતર ગચ્છ માહે થયાંરે, નામે શ્રી દેવચંદરે !
> જૈન સિદ્ધાત શિરોમણિરે લોલ !
> ધૈર્યાદિક ગુણવૃંદરે ! દેશના જાસ સ્વરૂપનીરે લોલ !

ઇત્યાદિથી શ્રીમદ્‌ની વિદ્વત્તાની તથા સાધુ તરીકેની મહત્તાની સ્તુતિ કરી છે. તપા-ગચ્છમાં શ્રી પદ્મવિજયજી પંન્યાસની પ્રતિષ્ઠા ઘણી છે. શ્રીમદ્‌નો તેમણે સંસારીપણામાં (પુંજાશા તરીકે) તથા સાધુપણામાં ઘણો સમાગમ કરેલો હતો. તેઓએ શ્રીમદ્‌નો સ્વાનુભવ કર્યા બાદ શ્રીમદ્‌ને જૈનસિદ્ધાંતશિરોમણિ એવા પદથી નિવાજ્યા છે તથા ધૈર્યાદિકગુણના વૃંદ તરીકે પ્રકાશી, તેમની દેશના (ઉપદેશ) સ્વ–રૂપની અર્થાત્ આત્મસ્વરૂપને પ્રકાશનારી છે, એમ પ્રતિપાદન કર્યું છે. સંવેગપક્ષિ મણિશેખર પં. પદ્મવિજયજી જેવા મહાન્ વિદ્વાન અને ગુણાનુરાગીએ શ્રીમદ્‌ની પ્રતિષ્ઠા–વિદ્વત્તા અને મહત્તાની આ રીતે વિશ્વમાં અમર ખ્યાતિ કરી છે.

એક પૂર્વનું જ્ઞાન.

શ્રી જ્ઞાનસારજીએ સાધુપદ સજ્ઝાયના ટબામાં જણાવ્યું છે કે શ્રીમદ્‌ને એક પૂર્વનું જ્ઞાન (અતિ ઉંચ કોટિનું–દિવ્ય જ્ઞાન) હતું. આ પરથી શ્રીમદ્‌ની મહત્તા–પ્રતિષ્ઠા ને વિદ્વત્તા સર્વમાન્ય હતાં એ સ્પષ્ટ થાય છે.

સમકાલીન જૈન સાક્ષર મુનિઓ.

શ્રીમદ્‌ના સમકાલીન સાક્ષર કવિ પંડિત મુનિવરોમાં ભારતવર્ષના મહા સમર્થ વિદ્વાન મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી, કે જેમના જેવા ભક્ત–કવિ–જ્ઞાની–કર્મયોગી મહાત્મા વિરલ જ થયા હશે, તેઓ મુખ્ય છે. તેઓ જૈન કોમમાં સર્વમાન્ય ધર્મધુરંધર અને સર્વ અનુયોગમાં ગીતાર્થ હતા (જેમનું જીવન તથા ગુર્જર સાહિત્ય એ નિબંધ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ શ્રી ચોથી ગુર્જર સાહિત્ય પરિષદ્‌માં રજુ કર્યો હતો.) તેમણે માત્ર ન્યાય એ વિષય ઉપર જ ૧૦૮ ગ્રંથો રચ્યા છે અને એકંદર બે લાખ શ્લોકના જે રચયિતા હતા. તદુપરાંત બીજા શ્રી જ્ઞાનવિમળસૂરિ, જેમની અનેક કૃતિઓ વિદ્યમાન છે, તથા શ્રી જિનવિજયજી તથા શ્રી પદ્મવિજયજી તથા શ્રી વિનયવિજયજી જે શ્રીપાલ રાસ જેવા મહારાસના કર્તા, કલ્પસૂત્રની સુખબોધિકા ટીકાના રચયિતા, શત્રુંજયસ્તવન તથા શાંતસુધારસ ગ્રંથના પ્રણેતા; તથા ચંદરાજાના રાસના કર્તા શ્રી મોહનવિજયજી તેમ જ ઘણું કરીને મહાન્ આત્મજ્ઞાનદિવાકર શ્રી આનંદઘનજી, તથા પંડિતપ્રવર કવિરત્ન ઉદયરત્નજી જેવા મહા પ્રખર સાક્ષર વિદ્વાનો શ્રીમદ્‌ના સમકાલીન હતા, જેમની અદ્‌ભુત કૃતિઓથી જૈન તેમ જ જૈનેતર સમાજ વર્તમાનકાળે પણ ગ્ધ છે. આ પૈકી ઘણાખરાને શ્રીમદ્ સાથે બહુ સારો સમાગમ હતો એમ સંભવે છે, ને કેટલાક વિદ્વાનોને તો શ્રીમદે અધ્યયન કરાવેલ હતું.

શ્રીમદ્ અને સમકાલીન મુનિરત્નોએ ગુર્જર સાહિત્યને ઘણી જ સુંદર રીતે પોષ્યું છે. ગુર્જર ભાષામાં અનેક ચિરંજીવ અદ્‌ભુત રાસાઓ, ઢાળો, સ્તવનો, અધ્યાત્મજ્ઞાનના તથા વૈરાગ્યના રસિક ગ્રંથો તથા સંસ્કૃત માગધી ભાષાના ગ્રંથોપર સરળ વિવેચનો યા બાષાંતરો કરી તથા લખી ગુર્જર સાહિત્યને ઘણું જ પોષ્યું છે, અને આ સત્ય ગુર્જરગિરાના ઉપાસકોથી અજ્ઞાત નથી જ, તે આ કૃતિઓ વાંચ્યાથી તે પ્રતીત પણ થશે.

સમકાલીન વિદ્વાનોનાં મિલન.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજના સમાગમમાં શ્રીમદ્ આવ્યા હોય એમ ચોક્કસ લાગે છે. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી સં. ૧૭૪૫ લગભગ સુધી જીવતા હતા અને શ્રીમદ્ તેઓશ્રીના સમાગમમાં આવ્યાથી તેમનું આત્મજ્ઞાન તરફ લક્ષ ગયું હોય એમ અનુમાન થાય છે અને તેથી જ તેમણે શ્રીમદ્ યશોવિજયજીકૃત જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી હોય, ને શ્રી યશોવિજયજીની વિચારમાળાની પુષ્ટિ કરી હોય એમ સંભવે છે. પાટણમાં શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિ જોડે શ્રીમદ્‌નો સમાગમ થયેલો પ્રતિત થાય છે. પં. જિનવિજયજીને શ્રી જ્ઞાનવિમલસૂરિએ ભગવતી વંચાવ્યું હતું અને તે સાલ લગભગ શ્રી જિનવિજયજીને શ્રીમદે વિશેષાવસ્યક વંચાવ્યું હતું, તેથી પાટણમાં બન્ને વિદ્વાનોનો સમાગમ સંભવે છે. શ્રીમદ્ અને જ્ઞાનવિમલસૂરી બન્નેએ મળી આનંદઘન ચોવીશીનાં છેલ્લાં બે

સ્તવનો રચ્યાં હતાં. શ્રીમદ્ યશોવિજયને શ્રીમદ્ આનંદઘનજીનો સમાગમ થયો હતો. સંભવ છે કે શ્રીમદ્નો સમાગમ પણ આ દ્વારા શ્રીમદ્ આનંદઘનજી સાથે થયો હોય.

શ્રીમદ્ની કૃતિઓ. શ્રીમદ્ની અપૂર્વ રસસાગરથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં વિદ્યમાન હશે, પણ આપણે તો ઉપલબ્ધ થયેલ કૃતિઓ સિવાય અન્ય કૃતિઓથી તદ્દન અજ્ઞાત જ ગણાઇએ. ઉપલબ્ધ થએલી ઉત્તમ કૃતિઓ નીચે પ્રમાણે છે:—

પુસ્તકનું નામ.	રચ્યાનો સંવત	ક્યાં રચી.	પ્રત ક્યાંથી મળી.
૧ અષ્ટ પ્રકારી પૂજા	૧૭૪૩	...	પાદરા ભંડારમાં
૨ એકવીશ પ્રકારી પૂજા	,,	...	
૩ ધ્યાનદીપિકાચતુષ્પદી	૧૭૬૬ વૈ. વ. ૧૩	મુલતાન (પંજાબ)	આચાર્ય શ્રી વિજયકમલસૂરિ (મૂ. મ.) ઘોરાજી ભંડાર.
૪ દ્રવ્ય પ્રકાશ.	૧૭૬૭ પો. વ. ૧૩	વિકાનેર	અમદાવાદ વિદ્યાશાળા જ્ઞાન ભં. તથા પં. લા. વિ.
૫ આગમસાર.	૧૭૭૬ ફા. શુ ૩.	મોટા કોટમરોટ.	પાદરાના ભંડારમાંથી બે પ્રતો. સુરત શ્રી મોહનલાલજી મહારાજના ભંડારમાંથી તથા મુનિલાભ વિ.
૬ નયચક્ર	...	...	...સુરત શ્રી મોહનલાલજીના ભંડારમાંથી.
૭ વિચાર સાર.	૧૭૯૬ કા. શુ. ૧	નવાનગર	(જામનગર) શ્રી અમરચંદજી બોથરા માર્ફતે શ્રી જિનયશસૂરિ પુ. ભંડાર.
૮ જ્ઞાનમંજરી ટીકા.	૧૭૯૬ કા. શુ. ૫	નવાનગર	,, જુની બે પ્રતો સુરત મોહન લાલજી ભંડાર. બીજી એક છપાયેલ પ્રત હમણાં જ મળી.
૯ વિશવિહરમાન વીશી	...	...	... પાલીતાણા
૧૦ સિદ્ધાચળ સ્તવન.	૧૮૦૪ મા. શુ. ૧૩		,,
૧૧ ગુરુગુણષટ્ત્રિંશીનો ટબો	...	...	... પં. ગુ. વિ. પાસેથી ભોજક. ગિ. હે. મેળવી આપી.
૧૨ પાંચ કર્મગ્રંથનો ટબો	...	...	... પં. ગુલાબવિજયજી પાસેથી ભોજક ગિરધરભાઇ હેમચંદ મેળવી આપી.

૧૩ વિચારરત્નસાર	(પ્રશ્નોતર ૩૫)		પ્રવર્તક શ્રી કાં. વિ. ૧. અમદાવાદ શાંતિ સાગરજી ભંડાર ૧ મુનિ. લા. વિ.
૧૪ પ્રશ્નોત્તર	... ...	... ...	શ્રી કાંતિવિજય પાસેથી
૧૫ કર્મ સંવેદ્ય	... ...	...	અમદાવાદ ડેહેલાના ઉપાશ્રયેથી જવેરી ભો. તા.
૧૬ પ્રતિમા પુષ્પ પૂજા સિદ્ધિ	... ...	... ...	પાદરાના ભંડારમાંથી તથા સુરતના ભંડારમાંથી તથા લાભવિજયજી પાસેથી મળી.
૧૭ ગુણસ્થાનક અધિકાર.	... ...	... ...	
૧૮ અધ્યાત્મગીતા	(પ્રાયઃ ૧૭૪૩)	લીંમડી.	૨ પ્રતો સુરત મોહનલાલજી મહારાજના ભંડારમાંથી.
૧૯ વર્તમાન ચોવીશી.	... ...	...	પ્રવર્તક શ્રી કાં. વિ.
૨૦ અતીત ચોવીશી પૈકી એકવીશી	...	...	...
૨૧ સ્નાત્રપૂજા.	... ...	...	પાદરા ભંડારમાંથી
૨૨ નવપદ પૂજા ઉલાળા	... ...	...	
૨૩ વીર નિર્વાણનાં સ્તવનની ઢાળો.		ભાવનગરમાં.	અમદાવાદ વિદ્યાશાળાના ભંડારમાથી ભો. ગિ. હે.
૨૪ બાહુજિન સ્તવન અને ટબો.	...	...	અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી.
૨૫ ભાવિ ચોવીશી પૈકી પદ્મનાભજિન સ્તવન		...	...શ્રી. અમરચંદજી બોથરાજી તથા ભોજક ગિરધર હેમચંદજી.
૨૬ શ્રી સીમંધર જિન સ્તવન.	...	...	ભોજક ગિ. હે.
૨૭ દીવાળીનું સ્તવન લઘુ.	...	...	પાદરા ભંડારમાંથી
૨૮ નવાનગર આદિજિન સ્તવન.	...	...	
૨૯ ધ્રુ૦ પદ સ્તવન	... ...	...	
૩૦ સમવસરણ સ્તવન	... ...	...	શ્રીમાન્ અમરચંદજી બોથરાજી.
૩૧ કુંભ સ્થાપના	... ...	...	
૩૨ સહસ્રકૂટ સ્તવન.	... ...	...	ભો. ગિ. હે.
૩૩ અજિતનાથજિન હોરી.	...	...	હોરી સંગ્રહમાં છપાયેલું.
૩૪ પ્રભુ સ્તુતિ...	...	...	શ્રીયુત્ અમરચંદજી બોથરાજી તરફથી.
૩૫ સિદ્ધાચળ સ્તુતિ	... ...	...	
૩૬ ગિરનાર સ્તુતિ	... ...	...	
૩૭ વિંશસ્થાનક સ્તુતિ	... ...	...	
૩૮ જ્ઞાન બહુમાન સ્તુતિ	... ...	...	

૩૯ ૪૦ ૪૧	સિદ્ધાચળ સ્તવન	પાદરા ભંડારમાંથી
૪૨	બડી સાધુ વંદના	શ્રીઅમરચંદજી બોથરાજી.
૪૩	અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય જામનગર	છપાય છે.
૪૪	પ્રભંજનાની સજ્ઝાય લીમડી	
૪૫	ઢંઢણ ઋષિની સજ્ઝાય	
૪૬	સમકિતની સજ્ઝાય	
૪૭	ગજસુકુમાળની સજ્ઝાય	
૪૮	પંચેદ્રિય વિષય ત્યાગ પદ	શ્રીયુત્ અ. બોથરાજી.
૪૯ ૫૦ ૫૧	ત્રણ કાગળ (લખેલા પત્રો)	બે આત્માનંદ પ્ર. માં છપાયેલા એક શ્રી કાં. વિ. મહારાજ.
૫૨	સાધુ સ્વાધ્યાય તેના પર જ્ઞાનસારનો ટબો	
૫૩	સજ્ઝાય	આચાર્યશ્રી અજીતસાગરજી
૫૪	સાધુની પંચભાવના	

૫૫ શ્રીઆનંદઘનજી ચોવીશીમાં જ્ઞાનવિમળજી અને શ્રીમદે ભેગા થઇ બનાવેલાં ૨૩-૨૪ મા પ્રભુનાં સ્તવનો. જેસલમેર.

૫૬ આજકો લાહો લીજીયે (પ્રાયઃ શ્રીમદ્‌ની કૃતિ જણાય છે.)

૫૭ રત્નાકર પચ્ચીશીના અનુવાદરૂપ સ્તવન.

શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાનદિવાકર આચાર્યશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગરજી (વર્તમાન કાળે વિદ્યમાન) સૂરીશ્વરજીની લાંબી પ્રશસ્તિમાંથી બે શ્લોકો અત્ર ટાંકવા ઇષ્ટ છે.

आत्मोद्गारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां, पूर्ण शांति प्रदायकम् ॥ ४ ॥
आत्मशमामृतास्वादी, शास्त्रोद्यान विहारवान्
यत्कृत शास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जनाः ॥ ६ ॥
देवचन्द्र कृत ग्रन्थान्, स्तुवेऽहं भक्तिभावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ ३३ ॥

आचार्य श्रीमद् बुद्धिसागरसूरि.

શ્રીમદ્‌ની આત્મદશા. શ્રીમદ્‌ના ગ્રંથો પરથી તેમની ઉચ્ચ પ્રકારની આત્મદશાની સહજ પ્રતીતિ થાય છે. તેઓ વ્યવહારમાં સ્થિર હતા, તેમ જ નિશ્ચયમાં વિશેષ સ્થિર હતા. તેમણે પોતાના સ્તવનોમાં પ્રભુભક્તિ પ્રસંગે અટલ-ઉભરાતી ભક્તિભર્યા ઉદ્દગારો કાઢયા છે. કોઇ પણ ભક્ત, હૃદયના ઉદ્દગારો, નિરંકુશ-સ્વતંત્ર રીત્યા વિશ્વસન્મુખ રજુ કરે છે. હૃદયના ઉદ્દગારોમાં કૃત્રિમતા હોતી નથી પરંતુ નૈસર્ગિક આત્મદશાના ઉભરાઓ જ હોય છે. કવિતા એ કવિના હૃદયનો અરીસો છે.

ભક્તની સ્તવના એ જ ભક્તનું હૃદય છે, જ્ઞાનીના ગ્રંથો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. ભક્તિભર્યા ઉદ્ગારો વહેવરાવતાં તેમાં આત્મદશાની ખરી ખુમારીની છાંટ છંટાયા સિવાય રહેતી નથી. આત્માના સુખનો અનુભવરસ પીધાથી તેમને બાહ્ય વિષયરસ તે રસ તરીકે ભાસતો જ નથી. આત્માને શુદ્ધાનુભવરૂપ આનંદ રસ પ્રાપ્ત થયા વિના અને બાહ્ય કામનો રસ નષ્ટ થયા વિના અંતર્મુખ વૃત્તિ થતી નથી. આત્મા પોતાના સ્વભાવમાં દેહાધ્યાસન નાશપૂર્વક પ્રવૃત્તિ કરે છે ત્યારે જ આત્મસુખનો અનુભવ થાય છે. શ્રીમદ્દને એવી ઉત્તમ જ્ઞાન દશા પ્રકટ થઇ હતી અને એવી દશામાં અવધૂત બનેલા હતા કે તે પ્રસંગે બહાર પડેલા ઉદ્ગારોમાં આત્મદશાની ખુમારી નીતરી રહી છે. તેઓ લીમડીના દેરાસરના ભોંયરામાં કલાકો પર્યંત ધ્યાનમગ્ન થઇને બેસી રહેતા. શુદ્ધોપયોગમાં તલ્લીન તેમ જ આત્મસમાધિમાં મગ્ન રહેતા. તેમણે સવિકલ્પ સમાધિ ઉપરાંત નિર્વિકલ્પ સમાધિનો અપૂર્વ રસ પણ ઝીલ્યો હતો, અને પોતે દેહાતીત દશામાં વર્તતા હતા. તેથીજ તેઓશ્રીએ શુદ્ધોપયોગના તાનમાં સ્તવનોની અંદર આત્મદશાનો અમૂલો રસ રેલ્યો છે. જેટલા પ્રમાણમાં આત્મદશા પ્રકટી હોય તેટલાજ પ્રમાણમાં ઉદ્ગારો પ્રકટે છે અને આમ છતાં પણ તેમની રચનામાં ગુર્જર સાહિત્યનો સરસર વહેતો વહેળીઓ વહ્યોજ જાય છે. શ્રીમદ્દનું પુસ્તકોમાં ભરેલું સાહિત્ય એ જ તેમનું આંતર જીવન છે.

શ્રીમદ્દનાં પ્રભુસ્તવનોમાં આત્મદશાના ઉદ્ગારોમાંથી થોડાક જોઇએ—

" આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાશીપણો રે, કર્તા સાધન સાધ્ય ॥ આ૦ ॥
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ, ॥ આ૦ ॥

\+ \+ \+

તીનભુવન નાયક શુદ્ધાતમ, તત્ત્વામૃત રસ વુઠ્ઠરે;
સકલ ભવિક વસુધાની લાણી, મારૂં મન પીણ તુઠ્ઠરે ॥ આ૦ ॥
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધોરે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઇ પીધોરે ॥ આ૦ ॥
જ્ઞાનસુધા લાલીની લ્હેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;
સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસ, શુચિ નિજ બોધ સમાર્યો રે ॥ આ૦ ॥
જિનગુણ રાગ પરાગથી રે, વાસિત મુજ પરિણામ રે;
તજશે દુષ્ટ વિભાવતા, સરશે આતમ કામ રે
જિન ભક્તિરત ચિત્તને રે, વેધક રસ ગુણ પ્રેમ રે;
સેવક જિનપદ પામશે રે, રસ વેધિત અય જેમ રે ॥

× × ×

ભાસ્યો આત્મ સ્વભાવ, અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ ॥

શ્રીમદ્‌ની સંસ્કૃત તથા ગુર્જર ભાષાની વિદ્વત્તા

શ્રીમદે સંસ્કૃત, પ્રાકૃત, ગુર્જર, તથા હિન્દી ભાષાના રચેલા ગ્રંથોપરથી તેમની ભાષા સંબંધી વિદ્વત્તાનો ખ્યાલ સહેજે આવે તેમ છે. બાળ જીવોને સમજાવવા માટે તેમણે સંસ્કૃત ભાષામાં બહુ સરળતાએ રચના કરી છે. જેમ બને તેમ ભાષામાં કિલષ્ટતા પ્રૌઢતા, દુરવગાહતા આવવા દીધી નથી. દ્રવ્યાનુયોગના વિષયમાં સામાન્ય સંસ્કૃત જાણનારાઓ પણ રસ લઇ શકે તેવો પ્રયત્ન તેમાં સ્પષ્ટ જણાય છે. જ્ઞાનમંજરી ટીકા તથા વિચારસાર ટીકાદિથી તેમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા માટે યથાયોગ્ય પ્રવૃત્તિ કરી જૈન કોમની અને સંસ્કૃત સાહિત્યની ભારે સેવા ઉઠાવી છે. કેટલાક આધુનિક સંસ્કૃત ભાષાજ્ઞ મુનિવરોનો એવો મત છે કે શ્રીમદ્ સંસ્કૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન નહોતા પણ અમે એમા એટલું સુધારીશું કે-શ્રીમદે દ્રવ્યાનુયોગાદિ ગહન વિષયોને સાદી સંસ્કૃત ભાષામાં બાળજીવોને સમજાવવાપર ખાસ લક્ષ દીધું છે તેથીજ તેઓએ પ્રૌઢ સંસ્કૃત ભાષા વાપરી નથી. તેમજ ભાષા દ્વારા વિદ્વત્તા દેખાડવા તરફ તેમનું બીલકુલ લક્ષ નહોતું તેજ તેમાં કારણ છે. આત્મજ્ઞાની મહાત્માઓ ભાષાને શણગાર સજાવવા તરફ લક્ષ દેતા નથી. તેઓ તો ભાષા દ્વારા હૃદયના આત્મિક ભાવ જણાવે છે કવિમાં અને જ્ઞાની ભક્તમાં ભાષાના શણગાર પરત્વે તફાવત રહ્યાજ કરે છે. કવિ ભાષાને શણગાર સજાવવાની ઉપાસના કરે છે અને જ્ઞાની ભાવરસનો ભોગી હોવાથી તે પોતાનું વક્તવ્ય સાદા ભાષામાં જણાવે છે.

સંસ્કૃત ભાષાની પેઠે શ્રીમદે પ્રાકૃત ભાષામાં પણ વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્‌ના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોની માફક ગુર્જર ભાષાના ગ્રંથો પણ ઘણો ઉંચો દરજ્જો ભોગવે છે. ગુર્જર ભાષા પર તેમનો કાબુ અદ્વિતીય હતો અને મારવાડ-કચ્છ-સિંધ-આદિ દેશોમાં વિહરવા છતાં ગુર્જર ભાષાપરનો શ્રીમદ્‌નો કાબુ અને પ્રેમ તેવાજ હતા, અને ગમે તે દેશમાં પણ ગુર્જર ગિરાની તેમની ઉપાસના અખંડિતજ હતી. ગુર્જર સાહિત્યના બળમાં તેમનો પુષ્ટિનો ફાળો ચાલુજ રહ્યો છે અને દ્રવ્યાનુયોગ જેવા અતિ ગહન વિષયોને તેમણે ચોવીશી વગેરે પદ્ય ગ્રંથોમાં એવી સાદી ને સુન્દર રીતે ગુંથ્યા છે કે જે વિષયો પહેલા ગુર્જર ભાષામાં કોઇએ ગુંથ્યા નહતા. શ્રીમદે ચોવીશી પર જાતેજ ટબો ભરીને દ્રવ્યાનુયોગના ગહન જ્ઞાનનો લાભ સરલતાથી જે જૈન કોમને આપ્યો છે તે અતિ ઉપકારક છે. એકંદર શ્રીમદે ગુર્જર ભાષામાં ગદ્યપદ્યમાં જૈન તત્ત્વજ્ઞાનના ગહન ગ્રંથો લખીને ભાષાજ્ઞાનની વિદ્વત્તાની પણ મહત્તા જનસમાજને બતાવી આપી ગુર્જર સાહિત્યને પોષ્યું છે. ભાષાની-દૃષ્ટિએ વાચકો તેમાથી ભારે લાભ મેળવી શકશે. સંસ્કૃત પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચીને શ્રીમદે વિશ્વના ભાષા સાહિત્યની વૃદ્ધિમાં સારો ફાળો આપ્યો છે.

શ્રીમદ્‌ની કવિત્વશક્તિ.

શ્રીમદે કવિત્વ શક્તિનો ભક્તિમાં વ્યય કર્યો છે. ભક્ત લોકો કવિત્વ શક્તિને ભક્તિના રૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે. શ્રીમદે ઉપમાલંકારોને પ્રભુભક્તિના રૂપકોમાં પરિણમાવ્યા છે. તેમણે આધ્યાત્મિક દૃષ્ટિએ મેઘને પ્રભુની ભક્તિમાં રૂપકથી પરિણમાવ્યો છે તે જોઇએઃ—

શ્રી નમિજિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ॥ ઘ૦ ॥
દીઠો મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગયો રે ॥ ભ ॥
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાં રે ॥ અ ॥
આતમ પરિણતી શુદ્ધ, તે વીજ ઝબુકડાં રે ॥ વી ॥ ૧

વાજે વાયુ, સુવાયુ, તે પાવન ભાવના રે ॥ પા ॥
ઇન્દ્ર ધનુષ ત્રિકયોગ, તે ભક્તિ એકમના રે ॥ ભ ॥
નિર્મળ પ્રભુસ્તવ ઘોષ, ધ્વની ઘન ગર્જના રે ॥ ધ્વ ॥
તૃષ્ણા ગ્રીષમ કાળ, તે તાપની તર્જના રે ॥ તા ॥ ૨

શુભ લેસ્યાની આલિ, તે બગ પંક્તિ બની ॥ બ ॥
શ્રેણિ સરોવર હંસ, વસે શુચિગુણ મુનિ ॥ વ ॥
ચઉગતિ મારગ બંધ, ભવિક નિજ ઘર રહ્યા રે ॥ ભ ॥
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે ॥ રં ॥ ૩

સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે ॥ હ ॥
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવરતણું રે ॥ પ ॥
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે ॥ જ ॥
ધર્મરુચિ ચિત્ત ભૂમિ, માંહે નિશ્ચળ રહી રે ॥ માં ॥ ૪

ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે ॥ ક ॥
અનુભવ રસ આસ્વાદ, સકલ દુખ વારણો રે ॥ સ ॥
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે ॥ તૃ ॥
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે ॥ બી ॥ ૫

પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે ॥ ત ॥
સાધ્ય ભાવ નિજ સ્થાપી, સાધનતાએ સધ્યાં રે ॥ સા ॥
ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે ॥ ચ ॥
આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે ॥ આ ॥ ૬

પ્રભુ દર્શન મહામેહ તણે પ્રવેશમેં રે ॥ ત ॥
પરમાનંદ સુભક્ષ, થયો મુજ દેશમેં રે ॥ થ ॥
દેવચંદ્ર જિનચંદ્ર તણો અનુભવ કરો રે ॥ ત ॥
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે ॥ આ ॥ ૭

શ્રીમદ્‌ની ઉપમા આપવાની આધ્યાત્મિક કાવ્યશક્તિ બહુ ઉત્તમ છે. બાહ્ય ભાવોને આધ્યાત્મિક રૂપમાં ગોઠવીને જનસમાજને તે તરફ વાળવા તેમણે કાવ્યશક્તિનો ધર્મમાર્ગમાં સદુપયોગ કર્યો છે. શ્રીમદે અલંકારી કાવ્યશક્તિનો આધ્યાત્મિક ભાવ પ્રકટ કરી દર્શાવ્યો છે. આવાં અનેક સ્તવનો તથા કાવ્યો રૂપે શ્રીમદ એક ઉચ્ચ કોટિનાં ગુર્જર કવિ તરીકે સાહિત્ય સૃષ્ટિમાં ઉભા રહે છે, તે પણ આધ્યાત્મજ્ઞાન જેવા મહા વિકટ ને ગહન વિષયમાં, છતાં રસની રેલો રેલાય ને જ્ઞાન પિપાસુઓ ઘન ઘટા જોઈ નાચતા મયૂરોની માફક આ આસ્વાદી નાચી-ટહુકી ઉઠે એ આશ્ચર્યજનક છે!

શ્રીમદ્‌ની વર્ણનશક્તિ.

શ્રીમદ જ્યારે પ્રભુ ભક્તિમાં લીન થઇ-મસ્ત બની જાય છે ત્યારે બાહ્ય ભાવોને ભૂલી જાય છે અને પોતે દેહાતીત બની આત્મરમણતામાં રસ-બસ બની રહે છે. છતાં પ્રભુપ્રેમ ખુમારીના રસીયા એઓશ્રી જ્યારે આત્મપ્રદેશના રસાળ ક્ષેત્રના રૂપકોમાં ક્યારે ક્યારે ભ્રમણ કરી જ્ઞાનપુષ્પો વીણતા અલખ મસ્તીમાં મહાલે છે ત્યારે તેમનાં વચનોમાં વર્ણનશક્તિનો અદ્‌ભુત પ્રાદુર્ભાવ ઉદ્‌ભવે છે. એવાં અનેક ઉદાહરણો પૈકી એક જોઇએ. આમાં શ્રીમદ્ નિજાનંદ મસ્તીનો ફાગ ખેલે છે—ખેલાવે છે:

રાગ ફાગ--

આતમ પ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્ દર્શન રંગરે ?
નિજ સુખકે સધઇયા, તું તો નિજગુણ ખેલ વસંત રે ॥ નીજ, ॥
પરપરિણુતી ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગ રે ॥ ની. ॥ ૧ ॥
વાસ બરાસ સુરુચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદ રે ॥ ની. ॥
આતમ રમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે ॥ ની. ॥ ૨ ॥
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે ॥ ની. ॥
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિત્ર સનમુખ યોગ રે ॥ ની. ॥ ૩ ॥
શુકલ ધ્યાન હોરીકી જ્વાલા, જાલે કર્મ કઠોર રે ॥ ની. ॥
શેષ પ્રકૃતિ દલ ક્ષિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોર રે ॥ ની. ॥ ૪ ॥
સકલ અજોગ અલેશ અસંગત, નાહિં હોવે સિદ્ધ રે ॥ ની. ॥
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે ॥ ની. ॥ ૫ ॥

હવે બીજુ ઉદાહરણ—અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેધપૂજા—દોહા.

સરસ શુચિ પકવાન ભર, શાલ દાલ ઘૃતપૂર ॥
ધરે નૈવેદ્ય જિન આગળે, ક્ષુધા દોષ તસુ દૂર ॥ ૧ ॥
ઢાલ—લપનશ્રી વરઘેવર, મૃદુતર મોતીચૂર ॥
સિંહ કેસરીયા સેવૈયા, દલિયા મોદકપૂર ॥ ૨ ॥
સાકર દ્રાખ સિંગોડા, ભક્તવ્યંજન ઘૃતસદ્ય
ધરો નૈવેદ્ય જિન આગળે, જીમ મિલે સુખ અનવદ્ય ॥ ૩ ॥

ચાલે—દોવતાં ભોજ્ય પરભાવ ત્યાગે, ભવિજન નિજગુણ ભોજ્ય માગે,
અક્ષ ભણી અક્ષતણો સરૂપ ભોજ્ય—આપશો તાતજી જગત્ પૂજ્ય ॥

પ્રેમલક્ષણા ભક્તિમાં ભાષાપ્રભાવ.

શ્રીમદ્‌ની પ્રેમલક્ષણા ભક્તિ ઉંચી કોટિની હતી; એ સાથે સાથેજ તેમનો ભાષા પ્રભાવ કેટલો ઉચ્ચ કોટિનો હતો તેની પ્રતીતિ માટે:—

રાગ પરભાતી—

હું તો પ્રભુવારી છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની!
સમતા અમૃતમય સુપ્રસન્નની, ત્રેય નહિં રાગ રૂખની ॥ હું. ॥

અમર અધર શિષ ધનુહર કમલદલ, કીર દીર પુનમ શશિની ॥
શોભા તુચ્છ પ્રભુ દેખત થાકી, કાયર હાથે જીમ અસિની ॥ હું. ॥
મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતિ અમચિ ।
મોહ તિમિર રવિ હરચંદ્ર છબી, મૂરત એ ઉપશમચિ ॥ હું. ॥
મીન ચકોર મોર મતંગજ, જલશશિ ધનની ચનથી ।
તિમ મો પ્રતિ સાહિબ સુરતથી, ઓાન ન ચાહું મનથી ॥ હું. ॥
જ્ઞાનાનંદન જાયા નંદન, આશ દાસની યતની ।
દેવચંદ્ર સેવનમેં અહનિશ, રમજો પરિણતી ચિતની ॥ હું. ॥

શ્રીમદ્‌ની ભક્તિદશા. શ્રીમદ્ પરમાત્માના જ્ઞાની ભક્ત હતા. તેમણે હૃદયના પૂર્ણ ભાવથી વાસ્તવિક પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું છે: તેમની ભક્તિમાં લઘુતા અને પરમાત્માની પ્રભુતાનું દશ્ય છે. પ્રભુને મળવા માટે પોતે અનેક આશામય સુરમ્ય ભાવનાઓને હૃદય આગળ ખડી કરે છે. શ્રીમદ્‌નાં ભક્તિરસનાં પદો જોઇએ.

હોવત જો તનું પાંખડી, આવત નાથ હજુર લાલરે ।
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર લાલ રે ॥ દે. ॥

× × ×

મીઠી હો પ્રભુ મીઠી સુરત તુજ, દીઠી હો પ્રભુ દીઠી, રુચિ બહુ માનથી જી!
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુકત,
સેવે હો, પ્રભુ સેવે, તસુ ભવભય નથી જી:

× × ×

ભલુ થયુ મ્હેં પ્રભુગુણ ગાયા, રસનાનો ફળ લીધો રે ।
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સિધો રે ॥ ભ. ॥

× × ×

કડખાની દેશી.

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે!
દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો!
દયાનિધિ દીનપર કીજે ॥ તાર ॥
રાગ દ્વેશે ભર્યો—મોહવૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુંય રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધગુણ નવી રમ્યો,
ભમ્યો ભવમાહિ હું વિષય માતો ॥ તાર ॥
જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભૂ ચરણને શરણ વાસ્યો ॥
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા.
દાસની સેવાના રખે જોશો ॥ તાર ॥

× × ×

વદનપર વારી હો જશોધર! વદન પર વારી!
મોહ રહિત મોહન જ્યાકો, ઉપશમ રસ ક્યારી હો!
મોહ જીવ લોહકો કંચન, કરવે પારસ ભારી હો!
સમકીત સુરતરુ વન સેંચનકો, વર પુષ્કર જલધારી હો!

શ્રીમદ્દ પ્રભુપ્રેમ ખુમારીમાં મસ્ત–લયલીન રહી ઝીલતા તેમના સ્તવનોમાં જણાય છે.

શ્રીમદ્દનો પ્રભુપ્રેમ

એમનું ભક્ત હૃદય પ્રભુ પ્રેમ હિંચોળે હિંચતું તેમની કૃતિ· ઓમાં સ્પષ્ટ તરે છે:—

ઋષભજીણંદશું પ્રીતડી, કીમ કીજે હો કરો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નહિ હો કોઇ વચન ઉચ્ચાર ।૧।
કાગળ પણ પહોંચે નહિ, નવિ પોહોંચે હો તીહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઇનું વ્યવધાન ।૨।

× × ×

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણુ!
ત્હારે દર્શન સુખ લહુ, તુહિંજ ગતિ સ્થિતિ જાણું!

\+ + +

હું ઇન્દ્ર ચન્દ્ર નરેન્દ્રનો, પદ ન માગુ તિલમાત્ર
માગું પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણમાત્ર ॥
જ્યાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની, નવી કરી શકું મુજ ઋદ્ધિ ।
તહાં ચરણુ શરણુ તુમારડી; એહિજ મુંજ નવનિદ્ધિ.

શરીરની તથા સંસારની અસારતાનું પૂર્ણ સ્વરૂપ જાણ્યા અને માણ્યા સિવાય શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંગી ન જ થાય. આધ્યાત્મ જ્ઞાનીઓનાં શરીર બાહ્ય સંસારથી ક્યારનાંએ મરી પરવાર્યા હોય છે અને એ શરીરનું ને બાહ્યસંસારનું મૃત્યુ શ્રીમદ્દના શબ્દોમાં ટપકતું આપણે જોઇએ:—

સંસાર તથા શરીરની અસારતાના ઉદ્દગાર.

ભાવો એકલ ભાવના, સંગ ન કોઇ સંસારો રે!
ઇન્દ્ર ચંદ્ર નાગેંદ્રકો, અંતે નહિ આધારો રે ॥ ૧ ॥

× × ×

એ સંસાર અસાર, સુર નર નાગકુમાર;
રહી ન શકે પલવાર, તુટે આયુ જિ વાર ॥
ભુવન યમ સાપે ડસ્યારે હાં, બ્હીતા પુરુષ પ્રધાન;
દેવ ઉપાયે નહિં રહે રે હાં, તૌ· નરકે હૈ જ્ઞાન ॥
બાલ વૃદ્ધ ધન નિરધનીરે હાં! જીમ કાયર તિમ સૂર;
મંત્રોષધ સેના સહુરે હાં! જુઠી કાલ હઝુર ॥
હરિહર હળધર રવિશશીરે હાં, દેવ પવન અહિનાથ;
ઈત્યાદિક રાખે નહિં રે હાં! સાહે યમ યદિ હાથ ॥

નાસે મૃગલી ચેતનારે હાં! યમ કંઠીરવ નાદ;
તે તું રાખી શકે નહિંરે હાં! તો ભોગે કિશો સવાદ ॥
ઇમ અંતક મુખ પાડમેંરે હાં, તિને લોક સમાય ।
કામ ભોગ લાલચ પડ્યા રે હાં! તે નર દુરગતિ જાય ॥

હવે શરીરની અસારતાના ઉદ્‌ગારઃ—

એહ શરીર જે આપડો રે, વિંટ્યાઉ ચર્મ ન હોઇ;
તો માખીકૃમીકતાથી રે, રાખી ન શકે કોઇ રે ॥ ૧ ॥
દેહ અશુચિ રોગે ભરી રે, પતન સરૂપ શરીર;
એહનો ફળ એહજ અછે રે, ધારો ધર્મ સધીરો રે ॥ ૨ ॥
કેશર અગર ને મૃગમદ રે, હરી ચંદન કર્પુર;
મઇલ ગ્રહે વપુ સંગથી રે, દેહ અશુચિ ભરપુર રે ॥ ૩ ॥
અસ્થિ ચરમ પંજર અછે રે, કુથિત મૃતક સમાન,
જે પાયમ રોગાદિના રે, પ્રીતિ ધરે નહિતાસો રે ॥ ૪ ॥

શ્રીમદ્‌ની વૈરાગ્ય દશાના ઉદ્‌ગારોથી તો ગ્રંથોના ગ્રંથો ભર્યા પડ્યા છે. આપણે તેમાની થોડીક વાનગી જોઇએઃ—

વૈરાગ્ય દશાના ઉદ્‌ગાર

"દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસ ભર્યો હો લાલ ।
ભાસ્યો આત્મ સરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ ।
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ ।

× × ×

મોહાદિકની ઘુમિ, અનાદિની ઉતરે હો લાલ ।
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવજ સાંભરે હો લાલ ।
તત્ત્વરમણ શુચિધ્યાન, ભણી જે આદરે હો લાલ ।
તે સમતા રસ ધામ, સ્વામિ મુદ્રાવરે હો લાલ ।

× × ×

રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી
નિરાગીથીરે રાગનું જોડવું, લહીયે ભવનો પારો રે! નેમિ.

× × ×

સહજ ગુણ આગરો, સ્વામિ સુખ સાગરો
જ્ઞાન વૈરાગરો પ્રભુ સવાયો,
શુદ્ધતા એકતા, તીક્ષ્ણતા ભાવથી
મોહ રિપુ જીતી જય પડહ વાયો.

શ્રીમદ્‌ના અંતરમાં વૈરાગ્ય તથા સાધુતા રગે રગે કેટલે દરજ્જે વ્યાપ્ત હશે તે તેઓની વાણી આપણને કહે છે જ. જ્યાં દેહ છતાં દેહાતીત દશા વર્તે,

સાધુ દશાના ઉદ્‌ગાર

જ્યાં બાહ્ય શરીરને બાહ્ય વિશ્વ મરીજ જાય ત્યાં સાધુને સાધુતા સિવાય શું રહ્યું? આવી સ્થિતિમાં રમતા શ્રીમદે સાધુ દશાની ઉત્કૃષ્ટતાના સ્વાનુભવના ઉદગારો આ પ્રમાણે કાઢ્યા છેઃ—

" જગતમે સદા સુખી મુનિરાજ, પરવિભાવ પરિણતી કે ત્યાગી.
જાગે આત્મ સ્વભાવ, નિજગુણ અનુભવ કે ઉપયોગી
જોગી ધ્યાન જહાજ ॥
નિર્ભય નિર્મળ ચિત્ત નિરાકુળ, વિલસે ધ્યાન અભ્યાસ.
દેહાદિક મમતા સવિ વારી, વિચરે સદા ઉદાસ. અ:
ભાવે સાધન જે એક ચિત્તથારે, ભાવ સાધન નિજ ભાવ ॥
ભાવસિદ્ધ સામગ્રી હેતુ તેરે, નિઃસંગી મુનિ ભાવ ॥ સાધક ॥
હેય ત્યાગથી ગ્રહણ સ્વધર્મનોરે, કરે ભોગવે સાધ્ય ॥
સ્વ સ્વભાવ રસીયા તે અનુભવેરે, નિજસુખ અવ્યાબાધ ॥ સાધક ॥
નિઃસ્પૃહ નિર્ભય નિર્મમ નિર્મલારે, કરતા નિજ સામ્રાજ ॥
દેવચંદ્ર આણાયે વિચરતાંરે, નમિયે તે મુનિરાજ ॥ સાધક ॥ "

શ્રીમદ્‌ને સ્વસ્વરૂપની ઝાંખી અવશ્ય થઇ હતીજ, અને એ સત્ય તેમના શબ્દે શબ્દે બોલી ઉઠે છે. સ્વસ્વરૂપની ઝાંખી થયા સિવાય આટલો બધો નિજાનંદ મસ્તીનો ઉછાળો આવેજ નહીં. શ્રીમદ્‌ના આવી દશાના ઉદ્‌ગારો જોઇએઃ—

સ્વસ્વરૂપ ઝાંખીના ઉદ્‌ગાર

આત્મ ગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ;
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ.
જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ;
આત્મ તાદાત્મ્યપૂર્ણ ભાવે, તદા નિર્મલાનંદ સંપૂર્ણ ભાવે.
વસ્તુ તત્ત્વે રમ્યા તે નિગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;
તિણે ગિતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે;
આત્મગુણ રમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;
દેવચંદ્રે રચી અધ્યાત્મ ગીતા, આત્મરમણિ મુનિ સુપ્રતિતા.

—અધ્યાત્મગીતા.

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મનારેઃ
પ્રભુ પ્રભુતા લયલીન.
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયીરે '
તુમ આસ્વાદન પીનઃ પૂજના તો કીજેરે;
શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતનારે,
પામે આત્મ સ્વભાવ.
આત્માલંબી નિજ ગુણ સાધતોરે !
પ્રકટે પૂજ્ય સ્વભાવ પૂજનાતો કીજેરે !
જિનવર પૂજેરે તે જિન પૂજનારે !
પ્રકટે અન્વય શક્તિઃ
પરમાનન્દ વિલાસી અનુભવે રે !
દેવચંદ્ર પદ વ્યક્તિઃ
પૂજના તો કીજેરે !

શ્રીમદ્દનું નિર્વાણ.

સંવત ૧૮૦૪ સુધી તો શ્રીમદ્ હૈયાત હોઇ પોતાની અમૃત વાણી ને અમૂલ્ય બોધ વડે પૃથ્વિને પાવન કરી રહ્યા હતા, એમ તેમના બનાવેલા સિદ્ધાચળજીના સ્તવન પરથી જણાય છે. તે સમયે તેઓશ્રી લગભગ ૮૪ વર્ષની ઉમ્મરના હોવા જોઇએ. પછીથી સ્થિરતાવાસ સ્વીકારવો પડ્યો હોય એમ અનુમાન થાય છે. ૧૮૦૪ બાદ આ સ્થિરતાવાસ પાલીતાણે થયો સંભવે છે. સિદ્ધાચળ સમાન મહાતીર્થ સ્થાનમાં સમાધિ મરણ કયો સત્પુરુષ ન વાંચ્છે ? ત્યાં અનેક મુનિઓએ અનશન કર્યાં છે. જ્યારે વૃદ્ધાવસ્થાનો પૂર્ણ અમલ શરીર પર થાય છે ત્યારે છેવટે પરમાત્માનું સ્મરણ ને આત્માના શુદ્ધોપયોગની રમણતા કરવી એ જ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ આવીજ સ્થિતિમાં ધ્યાન રાખી શરીર, જાતિ નામ આદિ વિસારી આસક્તિ રહિત બન્યા હતા અને આત્માના શુદ્ધોપયોગના તારેતારમાં લયલીન રહેતા. **अंते समाधि मरणं अभव्वजीवा न पावंति** ॥ અભવ્યોને મરણકાળે સમાધિ મરણ પ્રાપ્ત થતું નથી. જેમણે લગભગ ૭૫ વર્ષ જેટલો સમય આત્મજ્ઞાનોપયોગ, આત્મધ્યાન, આત્માનું ચિન્તન, મનન અને આત્મ સમાધિમાં ગાળ્યો હોય, તેને સમાધિમરણ–પંડિતમરણ સુખેથી સાંપડે એમાં સંશય શો ? શ્રીમદે અનાદિ અનંત જ્ઞાનરૂપ આત્મજીવનમાં મનને લીન કર્યું હતું અને બાહ્ય દસ્ય પદાર્થોમાં રાગ દ્વેશ પરિણામથી મુક્ત થયા હતા. કર્મયોગી હોવાથી મરણ વખતે શારીરિક દુઃખ સહેવામાં જરા માત્ર કાયર બન્યા ન હતા. પોતે બાળ બ્રહ્મચારી હતા તેથી તેમને આત્મ શુદ્ધોપયોગની રમણતામાં શૂન્યતા આવતી નહોતી અને એમ આત્માની શુભ પરિણતિના એક ધ્યાનમાં, અરિહંત સિદ્ધ, સાધુ અને કેવળી શરણ સ્વીકારીને પરમેષ્ટી મહામંત્રના ધ્યાનમાં બાહ્ય પ્રાણોનો ત્યાગ કરી શુભ ગતિ વિષે ચાલ્યા ગયા અને જૈન સમાજ અને ભારતવર્ષના એક મહાન ધર્મપ્રભાવક આત્મજ્ઞાની સાહિત્યરસિક કવિરત્નની ખોટ ભારતવર્ષને દેતા ગયા. તેઓ ગયા પણ તેમનો અક્ષર દેહ–તેમનાં પુસ્તકો સદ્ભાગ્યે વિદ્યમાન છે. ગુર્જર સાહિત્યના પરમ પોષકનાં એ અમોઘ તત્ત્વો અમને મુગ્ધ કરી મુકે છે તો તેઓ પોતે સદેહે કેવા હશે ?

શ્રીમદ્દનો મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી તરીકે અવતાર

શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની આત્મશુદ્ધોપયોગી દેવચંદ્રજી મહારાજ હાલમાં મહાવિદેહક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, એમ અનેક મનુષ્યોના મુખે કિંવદંતી તરીકે શ્રવણ કર્યું છે. સાભળવા પ્રમાણે શ્રીમદ્દના રાગી એક અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન તપ કર્યું હતું; તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યું હતું; તે વખતે તે શ્રાવકે ભૂવનપતિ દેવને શ્રીમદ્ કઇ ગતિમાં ગયા એ પ્રશ્નના ઉત્તરમાં, દેવે કહ્યું કે "શ્રીદેવચંદ્રજી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા છે, અને હાલ કેવળજ્ઞાની તરીકે વિચરે છે અને અનેક ભવ્યજીવોને દેશના દઇને તારે છે." અમદાવાદમાં સારંગપૂર તળીયાની પોળમાં આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી **श्री मणिचन्द्रजी** નામના યતિ સાધુ હતા. તેમણે 'આતમરામેરે મુનિરમે' વિગેરે અપૂર્વ વૈરાગ્યમય સજ્ઝાયો પદ રચ્યાં છે. તેઓ મહા તપસ્વી હતા. તેમના તપ પ્રભાવે તેમની પાસે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધું, અને **मणिचन्द्रजी**ને શાતા પુછી. **मणिचन्द्रजी**ને રક્તપીત્તનો મહા ભયંકર રોગ હતો, તે દર્દથી પીડાતા હતા. દેવે **मणिचन्द्रजी**ને વરદાન માગવાનું કહેતાં–તેમણે કાંઇજ માગ્યું નહિ. દેવે તેમનો રોગ ટાળવા

વિનંતી કરી પણ તેમણે ના કહી, અને કહ્યું કે, તે રોગ ભોગવ્યા વિના છૂટકો નથી; કર્યા કર્મ ઉદયમાં આવે છે તેનું લ્હેણું રોગ ભોગવીને આપવું જોઇએ. પ્રારબ્ધ કર્મ તો શ્રી તીર્થંકર ભગવાનને પણ ભોગવવાં પડે છે તો મારે પણ ભોગવવા જ જોઇએ, કે જેથી પરભવમાં કર્મનું લ્હેણું દેણું રહે નહીં. શ્રી **મણિચંદ્રજીએ** શ્રી ધરણેંદ્રને શ્રીમદની ગતિ વિષે પૂછતાં ધરણેન્દ્રે કહ્યુ કે શ્રીમાન દેવચંદ્રજી હાલમાં મહા વિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, શ્રી આનંદઘનજીની ગતિ વિષે પુછતાં, તેઓને એકાવતારી જણાવ્યા હતા અને શ્રીમદ્ યશોવિજયજીને પણ એકાવતારી જણાવ્યા હતા. એ વૃદ્ધ શ્રોતા શ્રાવકે અમને એ પ્રમાણે કિંવદન્તી પરંપરાથી ચાલતી આવેલી કહી હતી તે અત્ર જણાવી છે. કલકત્તામાં રહેનાર આધ્યાત્મજ્ઞાની સુશ્રાવક હીરજીભાઇએ પણ ઉપરના ભાવવાળી કિંવદન્તી કહી હતી પણ વિસ્તારભયથી અત્ર આપી નથી.

શ્રીમદ્નો ચમત્કાર

શ્રીમદ્ના ચમત્કારો સંબંધી અનેક કિંવદન્તીઓ સાભળવામાં આવે છે. કાશીવાળા મંડળાચાર્ય શ્રી બાલચંદ્ર સૂરિ બહુ વિદ્વાન થઇ ગયા. તેમના સમયમાં તેમની સાથે વિચરનાર ૮૦ વર્ષના એક વૃદ્ધ યતિજી (વિજાપુર તાલુકે આજોલમાં) આ સંબંધી ઘણું જાણતા ને કહેતા જાણવામાં આવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમના નેવું વર્ષના ગુરુજીના સ્વમુખે તેમણે બાલ્યાવસ્થામાં શ્રીમદ્ સંબંધી ઘણી વાતો સાંભળી હતી. તે પૈકી કેટલીક અત્ર દર્શાવવામાં આવે છેઃ—

શ્રીમદે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેઓ બાલ્યાવસ્થામાં હતા. તેઓશ્રી એક વખતે કાઉસ્સગમાં હતા ત્યારે એક ભયંકર સર્પ આવ્યો ને શ્રીમદ્ના શરીરપર ચઢવા લાગ્યો, ને શ્રીમદ્ના ખોળામાં બેઠો. આથી આજુબાજુના લોકો ગભરાવા લાગ્યા પણ શ્રીમદ્ યતકિંચિત પણ ચલાયમાન થયા નહિ. શ્રીમદે કાઉસ્સગ પાળ્યો સર્પ ફૂત્કાર કરતો ખોળામાથી ઉતરી સામે બેઠો. શ્રીમદે તેને શમતા ભાવનાં વચનો કહ્યા તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. આવી સ્થિતિ જોઇને અન્ય સાધુઓ શ્રીમદને પ્રશંસી—ખરા હૃદયથી તેમના ધૈર્યને વખાણવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે શ્રીમદ્મા આત્માની નિર્ભય દશા પ્રાપ્ત થઇ છે. શ્રીમદ્ બાલ્યાવસ્થામાં એક દિવસમા બસો શ્લોક મુખપાઠ કરતા અને વિસરી જતા ન હતા.

શ્રીધરણેંદ્રનું બ્રાહ્મણસ્વરૂપે વ્યાખ્યાન સાંભળવા માટે આવાગમન.

શ્રીમદ્ના મોટાકોટમરોટ (મારવાડ) ના ચોમાસામાં એક અપૂર્વ ઘટના બની હતી. શ્રીમદ્ની દેશના (વ્યાખ્યાન શૈલી) અદ્ભુત અને આત્મસ્વરૂપની ચાલતી હતી. દરરોજ વ્યાખ્યાનમા સર્વ દર્શનના હજારો શ્રોતાઓ આવતા હતા. તેમના વ્યાખ્યાનમાં એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો મનુષ્ય હમેશા આવતો હતો. તે કોણ હતો તેની કોઇને ખબર પડતી નહોતી. શ્રીમદ્ મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસારનું દરરોજ વ્યાખ્યાન કરવામાં આવતું હતું, અને શ્રીમદ્ તેનું અનુભવ પૂર્વક ઉંડા ઉતરીને વ્યાખ્યાન કરતા હતા. તેથી શ્રોતાઓના આત્માઓમા જ્ઞાનાનંદરસ છલકાઇ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદથી ઉલ્લસિત બની ઉઠતો હતો. તે બોલતો નહોતો તથા

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ ક્યાં જતો તે કોઇ જાણી કે જોઇ શકતું નહતું. એક વખતે રાત્રે તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો ને શ્રીમદ્‌ને વંદના કરી બેઠો. તે વખતે અન્ય સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યું કે 'હું ધરણેન્દ્ર છું, તમારી આત્મસ્વરૂપની દેશના મ્હેં ચાર માસ સુધી સાંભળી છે. આ વખતે ભરત ક્ષેત્રમાં તીર્થંકરની પેઠે આત્મસ્વરૂપની વ્યાખ્યા તમે કરો છો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું, ધરણેન્દ્રે શ્રીમદ્‌ને કાંઇક માગવાનું કહેતાં શ્રીમદે અનંત દુઃખનો નાશ કરનાર અને સુખને પ્રકટાવનાર આત્માના શુદ્ધોપયોગ વિના અન્ય વસ્તુની ચાહના રહી નથી એમ સ્પષ્ટ જણાવ્યું. આ સાંભળી ધરણેન્દ્રે તેમને ધન્યવાદ આપ્યો. ધરણેન્દ્રે સર્વ સાધુને પોતાની પ્રતીતિ થવા માટે એકદમ ઉત્તર વૈક્રિય શરીર પ્રકટ કરી બતાવતાં સર્વની આંખો અંજાઇ ગઇ. આથી સાધુઓને શ્રીમદ્ મહા પુરુષ છે અને તેમનાં વચન આરાધ્ય છે એવો નિશ્ચય થયો. મહાત્માઓ દેવતાઓને આરાધતા નથી તોપણ તેમના જ્ઞાન–ગુણથી ખેંચાઇ તેઓ સ્વયં તેમની પાસે આવે છે. આધ્યાત્મજ્ઞાની મહાત્માઓમાં અનેક પ્રકારની લબ્ધિઓ (સિદ્ધિઓ) પ્રકટે છે તેમાં કાંઇ આશ્ચર્ય સરખું નથી.

શ્રીમદ્‌ને શાંત થઇ પગે લાગેલો સિંહ.

શ્રીમદ્ એક વખત પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વતની પાસે થઇને જવાનો રસ્તો હતો. પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો, ને ઘણી વખત ત્યાંથી પસાર થનાર પ્રવાસીઓને તે ખાઇ જતો. શ્રીમદ્ ત્યાંથી જવા લાગ્યા ત્યારે ઘણા લોકોએ તેમને ત્યાં થઇને જવા ના કહી, પણ તેઓશ્રી પાછા વળ્યા નહિ અને જણાવ્યું કે 'મારે સમસ્ત વિશ્વના પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવ છે, માટે ભય શો ?' તેઓ તત્પશ્ચાત જ્યાં સિંહ બેઠો હતો ત્યાં થઇને જવા લાગ્યા. આ વખતે આવો પ્રસંગ જોઇ ઘણા ગૃહસ્થો પણ સાથે જ રહ્યા હતા. પેલા સિંહ પાસે શ્રીમાન્ આવી પહોંચ્યા ને તેમને જોઇ સિંહ બરાડી ઉઠ્યો અને શ્રીમદ્‌ની પાસે આવી તેમના પગે પડી સામે ઉભો રહ્યો. શ્રીમદે તેને કરુણ–દષ્ટિએ શાંત કર્યો; તે પછી તે ચાલ્યો ગયો. પાછળ આવનાર ગૃહસ્થો આ દશ્ય જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા. **अहिंसा धर्म प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** આ મહાન્ સૂત્ર સત્ય થયું અને ખરેખર જ મહાનુભાવના વૈર રહિત અને વિરક્ત પણ કરુણાથી ભરેલા હૃદયની છાપ તેમના પ્રશાંત મુખ પર છવાય છે ને સાત્ત્વિક ભાવ ભર્યા મહાત્માઓની સાત્ત્વિકતા–પવિત્રતાની પાસે આસુરી ભાવવાળાં પ્રાણીઓ પણ સાત્ત્વિક બની શાંત થઇ જાય છે જ.

જામનગર જૈન દેરાસરનાં તાળાં તુટ્યાં.

પૂર્વે જામનગરમાં મુસલમાનોનું જોર ઘણું વધી ગયું હતું અને તેથી ત્યાંના એક જૈન દેરાસરનું ભોંયરૂં ખોલી તેમાં તમામ પ્રતિમાઓ ભંડારવામાં આવી હતી. મુસલમાનોએ જબરીથી તે દેરાસરનો કબજો લઇ મસીદ તરીકે તેનો ઉપયોગ કરવા માંડ્યો હતો. કેટલોક વખત વીત્યે મુસલમાનોનું જોર ઘટ્યે, અને હિન્દુ રાજ અમલમાં જૈનોએ આ મંદિરનો કબજો મેળવવા રાજા પ્રત્યે ફરિયાદ કરતાં કાંઇ ન વળ્યું. બાબથી

તે અંદરથી આ જૈનમંદિર હતું એમ અઢારે વર્ણ કબુલ કરતી હતી છતાં ચમત્કાર વિના નમસ્કાર થાય તેમ ન હતું. એવામાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજા સમક્ષ તે જૈન દેરાસર હતું એવું તથા મુસલમાનોએ મસીદ હોવાનું સાબીત કરવા પ્રયત્ન કર્યો. છેવટે રાજાએ ઠરાવ કર્યો કે દેરાસરને તાળાં લગાવવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડી શકે તેને તેનો હક્ક આપવામાં આવશે. ફકીરો પ્રથમ કુરાનાદિ પ્રાર્થનાથી મથ્યા પણ કાંઇ ન વળ્યું. પછી શ્રીમદે જીનેંદ્ર ભગવાનની સ્તુતિ કરી કે તડાક દઇને તાળાં તુટી હેઠે પડયાં અને વૃદ્ધ શ્રાવકોએ રાજાને તે દેરાસરના ગુપ્ત ભોંયરામાંથી જૈન પ્રતિમાઓ બતાવવા શ્રીમદ્‌ને વિનતી કરી. ભોંયરાનાં તાળાં પ્રભુસ્તુતિથી તુટતાં–ભંડારેલી સંખ્યાબંધ પ્રતિમાઓ બતાવી. તત્પશ્ચાત તે મૂર્તિઓની પુનઃ તે દેરાસરમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રીમદ્‌ના ચમત્કારો દેખીને જામનગરના રાજા તથા પ્રજા ખુશ થઇ ગયા તથા જૈનધર્મની પ્રસંશા સર્વત્ર પ્રસરી. શ્રી કૃપાચંદ્રસૂરિજી તથા અન્ય સાધુઓ અને વૃદ્ધ શ્રાવકોના મુખથી આ વાર્તા જણાઇ છે. આત્માની અનંત શક્તિ છે, આત્માની જેઓ ઉપાસના કરે છે તેઓ પરમાત્માની પેઠે શક્તિઓ ફેરવી શકે છે. અરે જ્ઞાની ધ્યાની મહાત્માઓ સ્વયં ચમત્કાર રૂપજ છે ॥ **अहो अनंतवीर्योऽयमात्मा विश्वप्रकाशकः । त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥ ज्ञानार्णव ॥** અનંત વિર્યરૂપ આત્મા છે, અને તે વિશ્વનો પ્રકાશક છે અને ધ્યાનશક્તિના પ્રભાવે ત્રણ લોકને ચલાયમાન કરવા તે શક્તિવાન છે.

સિદ્ધાચળપર કાગડા આવતા બંધ કર્યા.

શ્રીમદે શ્રી સિદ્ધાચળજીની યાત્રા ઘણી વાર કરી છે. ત્યાં શ્રીમદે વિહરમાન વીશી રચી હતી. 'ઋષભજીણંદશું પ્રીતડી' એ સ્તવન કિંવદન્તી પ્રમાણે શ્રીમદે અહિંજ પ્રભુ પાસે રચ્યું હતું. દુષમકાળ યોગે શ્રીસિદ્ધાચળજી પર કાગડાઓ આવવા લાગ્યા. કાગડાઓનું આ મહાતીર્થ પર આવવું અનિષ્ટકારક ગણવામાં આવે છે. આ કાગડાઓનો ઉપદ્રવ બંધ કરાવવાના અન્ય અનેક પ્રયત્નો વ્યર્થ જતાં શ્રીમદે સં. ૧૮૦૪ માં જ્યારે પોતે શા. કચરા કીકાના સંઘમાં સિદ્ધાચળજી પધાર્યા ત્યારે શ્રીસંઘની વિનંતીથી શાંતિસ્નાત્ર ભણાવી, પર્વતની ચારે બાજુ શાંતિજળની ધારા દેવરાવી કાગડાઓ આવતા બંધ કર્યા. આ ચમત્કારથી સર્વત્ર આનંદ શાંતિ છવાયાં. શ્રીમદ્ યશોવિજયજી તથા શ્રીજ્ઞાનવિમળસૂરિજીએ પણ પ્રસંગોપાત્ત આવા ચમત્કારો કર્યા છે. પ્રસંગ વિના મહાત્માઓની શક્તિનાં દર્શન થતાં નથી તેમજ જ્ઞાનીઓ વાદીની પેઠે જ્યાં ત્યા ને જ્યારે ત્યારે પોતાની શક્તિઓનું પ્રદર્શન કરાવતા પણ નથી.

શ્રીમદે મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમ સ્વામિના ધ્યાનથી એક હજાર શ્રાવકો જમે તેટલી રસોઇમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશક્તિ વાપરી હતી. વળી અનેક પ્રકારની અવધાનોની શક્તિ પણ શ્રીમદ્‌નામાં ખીલી હતી પણ તેઓ પ્રસંગ વિના કોઇને તે જણાવતા નહિ. હાલની પેઠે તે વખતે મહાત્માઓ અવધાનોના ખેલો કરતા ન હતા.

શ્રીમદ્ રચિત ગ્રંથોનો સાર.

શ્રીમદ્ દેવચંદ્રજી ઉપાધ્યાયે આગમોમાંથી સારમાં સાર તત્ત્વ જે દ્રવ્યાનુયોગ કહેવાય છે, તેનો સારભાગ ખેંચીને ગ્રંથોની રચના કરી છે. દ્રવ્યાનુ-યોગ જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, શાંત અને વૈરાગ્ય રસ તો તેઓના ગ્રંથોમાંથી જ્યાં ત્યાં નીતર્યા જ કરે છે. તેઓના ગ્રંથોરૂપી સરોવરો ખરેખર તત્ત્વજ્ઞાનથી છલકાઇ જ જાય છે. તેમના ગ્રંથો પૈકી આગમસાર, નયચક્ર અને વિચારસાર એ ત્રણ ગ્રંથો તો ખાસ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એ ત્રણ ગ્રંથોનો ગુરુગમપૂર્વક અભ્યાસ કરવાથી સર્વ આગમોમાં પ્રવેશ કરી શકાય છે, ને પાર પામી શકાય છે. અનંત જ્ઞાનસાગરનો પાર નથી, પણ તેમાં પ્રવેશ થવા માટે એ ત્રણ ગ્રંથો ઘણા જ ઉપયોગી છે. પ્રશ્નોત્તર નામનો શ્રીમદ્ કૃત ગ્રંથ ખરે-ખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે. અનેક જૈનશાસ્ત્રો વાંચ્યા બાદ પ્રશ્નોત્તર ગ્રંથમા કરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઇ શકે એમ છે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે શ્રીજ્ઞા-નસાર પર કરેલી શ્રી જ્ઞાનમંજરી ટીકા અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં, ભગવદ્-ગીતાથી પણ કોઇ મહાન્ સત્યપૂર્ણ ગ્રંથ હોય તો તે જ્ઞાનસાર ગ્રંથ છે. તેના પર શ્રીમદે ટીકા રચીને પોતાના અધ્યાત્મજ્ઞાન સંબંધી વિચારોને જીવતા મૂકી ગયા છે. અર્વાચીન કાળમાં જ્ઞાનસારની મહત્તા ઉપયોગિતા સર્વત્ર પ્રસાર ને પ્રચાર પામી છે. અધ્યાત્મ જ્ઞાની-ઓનું જ્ઞાનસાર ગ્રંથ આનંદમય હૃદય છે અને તેના પર ટીકા રચીને શ્રીમદે જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડ્યો છે. શ્રીમદ્ ઉપાધ્યાય શિરોમણી શ્રીમદ્ યશોવિજયજીનો છેલ્લામાં છેલ્લો અધ્યાત્મ જીવનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર છે અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાન રસનો જીવતો ઝરો તેમાં વહ્યો છે. પછી તેમાં રહેલા અધ્યાત્મજ્ઞાનાનંદરસની મીઠાશ સંબંધે શું પુછવું ?

શ્રીમદ્ રચિત ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઈ જાય છે. શ્રીમદ્‌ના ગ્રંથોમાં ષડ્‌દ્રવ્ય નવતત્ત્વ, કર્મવ્યાખ્યા, સાતનય, સપ્તભંગી અનેક પક્ષ, આગમ વ્યાખ્યાન, આત્મતત્ત્વસ્વરૂપદર્શન વિગેરે સર્વ બાબતોનું વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર રીત્યા તેમના ગ્રંથોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ઉપાસનાયોગ વિગેરે સર્વ યોગોનું સ્વરૂપ આવ્યું છે. શ્રીમદ્ સનાતન જૈનમાર્ગોપદેશક હતા. શ્રીમદે જિનેશ્વરની પ્રતિમાને પુષ્પો ચઢાવ-વાના પાઠોને આગમના આધારે દર્શાવ્યા છે. તેમાં ખુબી એ છે કે તેમણે મગજની સમ-તોલતા ખોઇ નથી. તેમના શબ્દોમાં મધુરતા, સ્નેહ ને આકર્ષક્તા છે. દીર્ઘકાલીન જૈન તત્ત્વજ્ઞાનની દિશા દેખવી હોય તો, વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રંથોનો ગુરુગમ પૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. પાકેલી કેરીનો કોઇ રસ કાઢી લે તેવી રીતે તેમણે જૈન શાસ્ત્રોમાંથી રસ કાઢીને આગમસાર નયચક્ર–વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્‌નો શિષ્ય સમુદાય.

શ્રીમદ્‌ના શિષ્યભૂત સાધુઓ અને સાધ્વીઓ હતાં કે નહિ તે હજી ચોક્કસ થતું નથી. મહા પ્રખ્યાત પુરુષોની પાછળની સંતતિ તેવા પ્રકારની હોતી નથી. કાંતો દેવતાની પાછળ કોલસા જેવું થાય છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની પાછળ તેમની સંતતિ-પરંપરા વહી નથી. શ્રીમદ્ યશોવિજયજીની પાછળ શિષ્યો હતા પણ તેમની પરંપર વહી

નથી. શ્રીમદ્ આનંદઘનજીની પાછળ સાધુ શિષ્યો જણાયા નથી. તેમની પાસે ઉપદેશ શ્રવણ કરનાર શ્રાવક શિષ્યો તો ઘણા હતા. શ્રીમદ્નો પ્રતિબોધિત શ્રાવક સમુદાય તો અનેક દેશોમાં હતો. તેમના ભક્ત શ્રાવકોએ તેમની બનાવેલ અધ્યાત્મગીતાને સુવર્ણના અક્ષરે લખાવી હતી. શ્રીમદ્ની ચોવીશી વર્ષોપર એક જ હાથે લખાયલી સાર્થ-ઘણા સુન્દર સુવર્ણ રંગોથી પરિપૂર્ણ સારી જળવાયેલી આ લેખકને ત્યાં મોજૂદ છે તે જોઇ આફ્રીન બોલી જવાય છે ને તેમના ભક્તોની ભક્તિ ને ગુરુપ્રેમ માટે માન ને પૂજ્યભાવ પ્રકટે છે. આવા જ ગુરુપ્રેમી ભક્ત શ્રાવકોએ શ્રીમદ્ના ગ્રંથોનો પ્રચાર સર્વ દેશોમાં કરી દીધેલો હતો એ તેમની ગુરુભક્તિની ઉત્તમતા હતી. શ્રીમદ્ના સાધુ શિષ્યો હોત તો તેઓ કોઇપણ ઠેકાણે કાંઇપણ લખ્યા વિના રહ્યા ન હોત. આથી શ્રીમદ્ના શિષ્ય પરિવારમાં કોઇ વિદ્વાન ઉદ્ભવ્યા જણાતા નથી.

ઉપકાર પ્રદર્શન. આ જીવન અને ગુર્જર સાહિત્ય વિષયક નિબંધ પૂર્ણ કરતાં પહેલાં વાચક વર્ગ, વિદ્વાન વર્ગ અને જ્ઞાની પુરુષોની પાસે, લખાણમાં રહી ગયેલા દોષો સ્ખલત અશુદ્ધિ વગેરે માટે બે હાથ જોડી ક્ષમા માગું છું. કારણ હું છદ્મસ્થ અને બાલજીવ છું. તો આ નિબંધમાં દ્રષ્ટિદોષથી વા મંદ બુદ્ધિને લઇ રહેલી અપૂર્ણતા ને ભૂલો માટે ક્ષમા યાચતાં આ લખાણ માટે જો કોઈ પણ મારા મહાઉપકારક હોય તો તે પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજજી કવિરત્ન-સમદ્રષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી જ છે. તેમની પૂર્ણ દયા પ્રયાસ અને સદ્બોધથી આ નિબંધ હું લખી શક્યો છું તથા મહારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી જેઓ શ્રીમદ્ સૂરીશ્વરજીના અનન્ય ભક્ત અને અધ્યાત્મજ્ઞાનના અનન્ય જીજ્ઞાસુ છે તેમની પ્રોત્સાહન પૂર્ણ પ્રેરણા અને વાત્સલ્યપૂર્ણ સહાય વડે જ આ નિબંધ પૂર્ણતયા હું આલેખી શક્યો છું. માટે તેમનો અત્ર અતિ ભક્તિભાવે પૂજ્યભાવે ઉપકાર માનું છું ને જૈન સાહિત્યના પરમપ્રેમી ભાવનગર નિવાસી મુરબ્બી શેઠ કુંવરજીભાઇ આણંદજી કે જેમની પ્રેરણાથી આ નિબંધ પ્રચાર કરવામાં મને સરળતા થઇ તથા પરિષદ્ કે જેના નિમિત્તે આવા અપૂર્વ નિબંધો પ્રકાશમાં આવી શકે છે તેમનો અત્ર આભાર માનું છું. આ નિબંધ વિશ્વના હિત ઉપકાર ને સદ્બોધ દ્વારા સૌના આત્મ કલ્યાણને અર્થે હો એમ ઇચ્છી પૂર્ણ કરી વિરમું છું.

परिशिष्ट १

महोपाध्याय श्रीमद् देवचन्द्रमहाराज अने तत्कृत पुस्तको.

ज्ञानदर्शनचारित्र–व्यक्तरूपाय योगिने
श्रीमते देवचन्द्राय, संयताय नमोनमः ॥ १ ॥
द्रव्यानुयोगगीतार्थो, व्रताचारप्रपालकः
देवचन्द्रसमः साधुरर्वाचीनो न दृश्यते ॥ २ ॥
वाचकस्य महारागी, सर्वजैनोपकारकः
संप्रति यस्य सद्ग्रंन्थैस्तत्त्वबोधः प्रजायते ॥ ३ ॥
आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां, पूर्णशान्तिप्रदायकम् ॥ ४ ॥
आनन्दघनगीतार्थ–पदस्तवनपूजकः
गच्छे खरतरे तस्य, समः कोऽपिनयोगिराद ॥ ५ ॥
आत्मशमामृतस्वादी, शास्त्रोद्यानविहारवान्
यत्कृतशास्त्रपाथोधौ स्नानं कुर्वन्ति सज्जनाः ॥ ६ ॥
सिद्धान्तपारदृष्य यो, गुणानुरागिशेखरः
माध्यस्थ्यं यस्य सच्चित्ते, तस्मै नित्यं नमोनमः ॥ ७ ॥
गुर्जरोर्व्यां च सौराष्ट्रे मेदपाट च मालवे
लाटदेशे च पञ्जावे, मरुदेशे स्वपादतः ॥ ८ ॥
विहाराश्चकृतानेके, लोकानां बोधहेतवे
ज्ञानिने देवचन्द्राय, पूर्णप्रेम्णा नमोनमः ॥ ९ ॥
संभूत अन्तरात्मा य, आत्मानुभववेदकः
अप्रमत्तदशायोगी, जिनेन्द्राणांप्रसेवकः ॥ १० ॥
श्रुतागमप्रलीनाथ भक्ताय ब्रह्मरागिणे
चिदानन्दस्वरूपाय, सर्वसंघस्य रागिणे ॥ ११ ॥

ध्यानसमाधिरक्ताय, विश्ववन्द्यायसाधवे
श्रीमते देवचन्द्राय, पूर्णप्रीत्या नमोनमः ॥ १२ ॥
जैनसंघस्य सेवायै, सर्वस्वार्पणकारिणे
श्री ते देवचन्द्राय, शुद्धात्मने नमोनमः ॥ १३ ॥
भारत जैनसंघे यः, प्रादुर्भूतो महामुनिः
मोहतमाविनाशेन, देवचन्द्रो हि भास्करः ॥ १४ ॥
शीतलः सर्वलोकानामान्तरशान्तिकारकः
क्षमा पृथ्वीसमा यस्य, गांभीर्यं सागरोपमम् ॥ १५ ॥
धैर्यं मेरुसमं यस्य, गंगावन्निर्मलं मनः
तस्मै श्रीदेवचन्द्राय पूर्णप्रीत्या नमोनमः ॥ १६ ॥
कार्यो धर्ममयो यस्य, वचश्च विश्वपावकम्
मनआत्मनिसंलग्नमात्मालीनः प्रभौसदा ॥ १७ ॥
तस्मै श्रीदेवचन्द्राय, त्यागिने धर्मरागिणे
नमः श्रीविश्वपूज्याय, विश्वकल्याणकारिणे ॥ १८ ॥
भावमेघस्वरूपाय विश्वोपग्रहकारिणे
नमः श्रीदेवचन्द्राय सिद्धांतपारगामिने ॥ १९ ॥
सर्वगच्छेषू माध्यस्थ्यं, यस्य सत्यं प्रतिष्ठितम्
तस्मै श्रीदेवचन्द्राय, पूर्णप्रीत्या नमोनमः ॥ २० ॥
स्वपरगच्छमाध्यस्थ्य, यस्य ज्ञानेन शोभते
सर्व गच्छसम ! श्रीमद् ! देवचन्द्र नमोऽस्तुते ॥२१॥
तपागच्छीय साधुभिः सार्धं मैत्री प्रवर्तकः
आदर्शो देवचन्द्रोऽभूत् सर्वसाधुशिरोमणिः ॥ २२ ॥
देवचंदकृत ग्रन्थान्, स्तुवेऽहं भक्तिभावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ २३ ॥
गुणानुरागयोगेन, देवचन्द्रमहामुनेः
स्तुतिःकृता तपागच्छे, बुद्धिसागरसूरिणा ॥ २४ ॥
गुणीनां गुणरागेण, व्यक्ताभवन्ति सद्गुणाः
दोषा स्त्याज्या गुणाःग्राह्या भाषते बुद्धिसागरः ॥२५॥

आचार्य श्री बुद्धिसागरजी सूरिश्वरजी.

૧૧ કવિવર સમયસુન્દર.

(લેખક: રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ.)

જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર-નિયમ પ્રમાણે ભ્રમણશીલ-પરિવ્રાજક છે. એક વર્ષમાં એકી સાથે ચાતુર્માસ એક સ્થળે ગાળવું તેમને અપરિહાર્ય છે; જ્યારે બાકીના આઠ માસમાં એક ગામથી બીજા ગામ અપ્રતિહત વિહાર કરી દરેક સ્થલે ઉપદેશ આપતા રહી વિહાર કર્યે જાય છે. લગભગ પચીસસો વર્ષ પહેલાં થયેલા ધર્મ સંસ્થાપક શ્રી મહાવીરના અનુયાયી જૈન શ્રમણોની સંસ્કૃતિ સમયધર્મ પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોલે હીંચીને હજુ સુધી પણ અખંડપણે ચાલી આવી છે. તે શ્રમણ-પંથે સ્થાપેલા દયા ધર્મની અસરથી ભારતમાં હિંસક યજ્ઞયાગ બંધ પડયા એટલું જ નહિ પણ જાતિભેદના જુલમને ઘણા સૈકાઓ સુધી વિશેષ અવકાશ મળ્યો નહિ. વિશેષમા કાવ્ય, નાટક, કથા-ભાષા વગેરે સાહિત્ય પ્રદેશમાં પણ તે શ્રમણોએ દરેક શતકમાં-દરેક યુગમાં અન્ય પંથોની સાથે સાથે પ્રબળ ફાળો આપ્યો છે, અને એ સત્યની પ્રતીતિ તેના સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે અતિ સ્પષ્ટ રીતે અને જરૂર થશે.

સંસારની ઉપાધિઓના બંધનથી મુક્ત એવા નિર્બંધ પંખીઓ પેઠે વિચરતા માત્ર ધર્મપરાયણ જીવન ગાળવા નિર્માએલા સાધુઓના સૂર વિશ્વબંધુ-ભાવનાં, પ્રભુભક્તિનાં, અને નીતિના ઉપદેશનાં ગીતો ગાવામાં જ નીકળી શકે. પોતપોતાના જમાનાની ભાવનાઓને વ્યક્ત કરવી, પોતાના સમયના જૂદા જૂદા આદર્શોને અને નોખા નોખા વહેતા લાગણી-પ્રવાહોને એકત્ર કરી પયગમ્બરી વાણીમાં તેનું ઉદ્‌બોધન કરવું એ કવિઓનું કર્તવ્ય છે. સામાન્ય લોકોના દિલમાં જે સુન્દર ભાવો જાગે-પણ જે સમજવાની કે સમજાવવાની તેમનામાં તાકાત નથી-તેમને ભાષા આપવી, તેમને અમર વાણીમાં વ્યક્ત કરવા એ કવિ-ઓનું કાર્ય છે. નિર્બંધ પંખીઓમાં કોકિલા જેવું ભ્રમણશાલી પંખી ભાગ્યે જ જોવામાં આવશે. આવા કવિપરભૃતો જૈન સાધુઓએ પ્રાન્ત પ્રાન્ત અને દેશેદેશ વિહાર કરી પોતાના કાવ્યનો ટહુકો લોકોને સંભળાવ્યો છે. આ પૈકી એક કવિપરભૃતનો પરિચય કરાવવાની આ નિબંધની ઉમેદ છે.

તેમનું નામ કવિવર સમયસુન્દર. તેમનો કાળ વિક્રમનો સત્તરમો શતાબ્દિ છે. તેમને સંવત્ ૧૬૪૯ માં વાચનાચાર્ય-ઉપાધ્યાય પદ લાહોરમાં મળ્યું હતું. એમનો પ્રથમનો ગ્રંથ 'ભાવશતક' સં૦ ૧૬૪૧ માં રચેલો મળી આવે છે, તેથી તે વખતે તેમની ઉમર ૨૧ વર્ષની ગણીએ તો તેમનો જન્મ સં૦ ૧૬૨૦ માં મૂકી શકાય કે જે વખતે તેમના દીક્ષા-ગુરુ સકલચંદ્ર ઉપાધ્યાયના દીક્ષાગુરુ જિનચંદ્રસૂરિને સૂરિપદ (૧૭ વર્ષની વયે, સંવત્ ૧૬૧૨ માં) મળ્યાને આઠ વર્ષ થઇ ગયાં હતાં. તેમનો છેલ્લો ગ્રંથ સં૦ ૧૬૯૭ લગભગનો મળી આવે છે તેથી તેઓ સં૦ ૧૬૨૦ થી ૧૭૦૦ સુધી-૮૦ વર્ષ જેટલું જીવન ગાળી શક્યા હતા એ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

તત્કાલીન સ્થિતિ.

ખરતર ગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા આવતા. એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં વધી પડયો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિદેવ નામના શ્વેતામ્બર સૂરિએ કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગમ્બરોને ગૂજરાતના રાજ્યની હદપાર કરાવ્યા-તે પછી એ બંનેનાં કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જૂદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ બીજી બાજુએ શ્વેતામ્બર મૂર્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત અને બીજા મત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઇ પડયો હતો. શ્વેતામ્બર મતના ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઇ પડી હતી અને તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપગચ્છીય વિદ્વાન્-પણ-ઉગ્રસ્વભાવી સાધુએ કુમતિકંદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) નામનો ગ્રંથ બનાવી તપગચ્છ સિવાયના અન્ય સર્વ ગચ્છ અને મત સામે અનેક આક્ષેપો મૂક્યા. આથી તે સર્વ મતો ખળભળી ઉઠયા; અને તેનું જો સમાધાન ન થાય તો આખા જૈનસમાજમાં દાવાનળ અગ્નિ પ્રકટે. આ વખતે જોખમદાર આચાર્યોથી વચ્ચે પડયા વગર રહી શકાય નહિ, તેથી તપગચ્છાચાર્ય શ્રી વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી 'સાત બોલ' ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ-વિવાદની અથડામણ કરતા અટકાવ્યા, પણ આટલાથી વિરોધ જોઇએ તેવો ન શમ્યો તેથી વિજયદાનસૂરિ પછી આચાર્ય હીરવિજયસૂરિએ ઉક્ત 'સાત બોલ' એ નામની બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. (સં૦ ૧૬૪૬.) આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી, અને ખરતર ગચ્છના અને તપગચ્છના આચાર્યો એક બીજાની નિન્દામા ન ઉતરતાં જૈન ધર્મનો પ્રભાવ અન્ય સમાજમાં અને રાજદ્વારમાં પાડવા માટે પ્રયત્નશીલ થયા.

વિક્રમનો સત્તરમો સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો. તે સદીમાં મહાન મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં (સં૦ ૧૬૧૨ થી સં૦ ૧૭૧૪) એ ત્રણ શહેનશાહોએ સમગ્ર ભારતવર્ષમા રાજ્યસત્તા જમાવી રાખી લોકોમાં આબાદી અને શાન્તિની સ્થિરતા કરી. અકબરે સં૦ ૧૬૨૪ માં ચિતોડ, ૧૬૨૫ માં રણથંભોર અને કલંજરના કિલ્લા જીતી લીધા અને સં૦ ૧૬૨૯ મા અમદાવાદમાં પોતાનો વાવટો ફરકાવ્યો. પછી વડોદરા, ચાંપાનેર, સુરત એ સઘળો મિર્ઝાઓએ કબજે કરેલો મુલક તેઓને હાંકી મેલી, પોતાના રાજ્ય તળે મૂકી અકબર આગ્રે આવ્યો. ત્યારપછીના ત્રણ વર્ષમાં બિહાર અને બંગાલા હાથ કર્યા. સામાન્યે સર્વ સ્થળે શાંતિ પ્રસરી. આ સૈકામા શ્વેતામ્બર જૈન સાધુઓ સંસ્કૃત પ્રાકૃત અને સ્વભાષા-લોકભાષામાં સાહિત્ય વિશેષ વિશેષ ઉત્પન્ન કરવા લાગ્યા. તપગચ્છીય પ્રભાવક મહાપુરુષ હીરવિજયસૂરિએ તથા તેમના શિષ્ય ઉપાધ્યાય શાંતિચંદ્ર આદિએ; ખરતર ગચ્છીય જિનચંદ્રસૂરિએ; અને નાગપુર તપગચ્છીય પદ્મસુંદર ઉપાધ્યાયે અકબર બાદશાહને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવી તેની તેના પ્રત્યે સદ્ભાવના ખેંચી અનેક જૈન તીર્થ સંબંધી ફરમાનો, જીવ-વધ-બંધની આજ્ઞાઓ અને પુસ્તકો, સ્થાન વગેરેનાં ઇનામો પ્રાપ્ત કર્યાં. જહાંગીરે તપગચ્છી વિજયસેનસૂરિ અને ખરતરગચ્છી

જિનસિંહસૂરિને મોટાં ધાર્મિક બિરૂદો આપ્યાં, અને શહાજહાંએ પણ સહાનુભૂતિ દાખવી. આ સામાન્ય રીતે શાંતિની શતવર્ષીમાં અન્ય ધર્મોમાં પણ ઘણી જાગ્રતિ આવી અને સાહિત્યવૃદ્ધિ થઇ.

સં૦ ૧૬૦૦ માં તળ અમદાવાદમાં જન્મનાર દાદુજીએ ત્યાગી ફકીર બની જયપુર-માંના રાજ્યમાં ઘણો જીવન-કાળ કાઢી ૧૬૪૨ માં અકબર સાથે ધર્માલાપ કર્યો. વેદાન્ત-જ્ઞાન સામાન્ય મનુષ્યોને ગળે ઉતારવા સરલ રીતિથી લોક-ગમ્ય ભાષામાં ઉપદેશ કર્યો: મુખ્ય વાત એ હતી કે.

આપા મટે, હરિ ભજૈ, તન મન તજૈ વિકાર,
નિર્વૈરી સબ જીવસો, દાદુ યહુ મત સાર.

એક પરમેશ્વર જગતનો સાર છે. તે પરબ્રહ્મ ઇષ્ટદેવ તે 'રામ' છે. તેની ઉપાસનાથી સુખની પ્રાપ્તિ થાય છે. જગતનાં સુખો તેની પાસે નિઃસાર છે. તે પરમ આનંદમય સુખ પ્રાપ્ત કરવા દાદુ દયાલે બીજાં સાધન માર્ગોમાં જણાતા બાહ્ય આડંબરી પ્રપંચ (જેવા કે રામાનુજ, વલ્લભાદિ સગુણ પૂજાઓમાં), કોરી બંદગી આદિને તુચ્છ બનાવ્યાં. સર્વ સાથે દ્વેષ તજી હળી મળી રહેવું અને સર્વ જીવપર દયા દષ્ટિ રાખવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે એવાં સાધનો તેણે બતાવ્યાં કે ભિન્ન મતવાળા હિન્દુ મુસલમાન આદિ અવિરોધે આચરી શકે. તે સં૦ ૧૬૬૦ માં નારાયણ ગામમાં (નારાણે) સ્વર્ગસ્થ થયા. તેના શિષ્ય સુન્દરદાસે (જન્મ સં૦ ૧૬૫૩, દાદુજી પાસે દીક્ષા સં૦ ૧૬૫૯, મરણ ૧૭૪૬) વેદાન્ત જ્ઞાનને સુમધુર સરલ અને ઉચ્ચ હિન્દી કાવ્યમાં વિવિધ પ્રકારની રચના કરી. તેમણે અદ્વૈત બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરવાથી અને તેઓ અતિ કુશલ વિદ્વાન્ હોવાથી તેમને દાદુ-પંથીઓ 'બીજા શંકરાચાર્ય' કહે છે. ૧

ગોસ્વામી તુલસીદાસઃ—(જન્મ સં૦ ૧૬૦૦; મરણ સં૦ ૧૬૮૦) આ હિન્દી સાહિત્યના અપ્રતિમ મહાકવિ છે. તેમણે રામાયણ રચી તે એટલી બધી આજસુધી પ્રસિદ્ધ છે કે, તેનું વાચન દરેક હિન્દી કુટુમ્બમાં થાય છે. તેમજ તેમણે અનેક હિન્દી કાવ્યો રચ્યાં છે. તે અકબરના પ્રસિદ્ધ કવિ ગંગના તથા અન્ય હિન્દી પ્રસિદ્ધ કવિ વિહારી તથા કેશવદાસના સમકાલીન છે.

મહારાષ્ટ્રમાં અઢાર પર્વના મહાભારતને મરાઠીમાં પહેલવહેલાં અવતારનાર કવિ વિષ્ણુ-દાસ, અને મુકતેશ્વર (જન્મ ૧૬૫૬, સ્વર્ગ૦ ૧૭૦૬) તેમજ પ્રસિદ્ધ સંતકવિઓ એક-

---

૧ રાઘવીય ભક્તમાલમાં જણાવ્યું છે કે 'શંકરાચાર્ય દૂસરો, દાદુ કે સુંદર ભયો.' આ સુન્દરદાસજીએ સં૦ ૧૬૬૩-૧૬૮૨ કાશીમાં રહી વિદ્યા લઇ લોકને આપી. પછી બહુ પર્યટન કર્યું. ગુજરાતમાં પણ તે ઘણો કાળ રહ્યા હતા અને ગુજરાતી ભાષા પોતે શીખી લીધી હતી. તેના અપ્રસિદ્ધ 'દશોં દિશાકે સવૈયે' માં ગુજરાત સંબંધી લખ્યું છે કેઃ—

'આભડછોત અતીત સોં કીજિયે, બિલાઇ રૂ કૂકર ચાટત હાંડી'

આ પરથી જણાય છે કે વૈષ્ણવ સંપ્રદાયની અસરથી ગુજરાતમાં આભડછેટ પર લોકોનું ઘણું ધ્યાન રહેતું હશે.

નાથ (જન્મ સં૦ ૧૬૦૫, સ્વ૦ ૧૬૫૬); તુકારામ (જન્મ સં૦ ૧૬૩૪ યા ૧૬૬૪-સ્વ૦ ૧૭૦૮), સમર્થ રામદાસ (જન્મ સં૦ ૧૬૬૫ સ્વ૦ ૧૭૩૮) આદિ થયા છે.

ગૂર્જર ભાષાના આ યુગ માટે એમ કહેવામાં આવે છે કે 'જે ભાષાના પ્રથમ યુગમાં-સાહિત્યના પ્રભાતમાં-નરસિંહ મહેતા જેવા ભક્ત કવિનાં પ્રભાતિયા ગાજી રહ્યાં હતાં તેના મધ્ય યુગમા-સોળમા અને સત્તરમા શતકમા-કવિતાનાં સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મન્દ પડી ગયો'-આ વાત સત્ય નથી. જૈનેતર ગૂર્જર કવિઓ આ યુગમાં વધુ સંખ્યામાં મળી નથી આવ્યા તેથી તેવી વાત મૂકવામાં આવે તે સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે આ ઉન્નતિના અને જાગ્રતિના યુગમાં અનેક જૈનેતર ગૂર્જર કવિઓ થયા હોવા જોઇએ; અને તે શોધખોળ કરતાં સાંપડી શકશે. જ્યારે મધ્ય યુગમાં જૈન કવિઓ માટે તો નિર્વિવાદ રીતે સ્પષ્ટ કહી શકાય તેમ છે કે તેમણે સાહિત્યની ધારા અખંડ નિરાવરણ અને નિર્મલ રાખી, તેનામાં ઓજસ્વાળું પયઃ સિંચી તેને બલવતી, વેગવતી અને ઉજ્વલ બનાવી હતી.

આ સત્તરમા શતકમા જેમ અંગ્રેજીમાં, રાણી એલિઝાબેથનો સમય (સં૦ ૧૬૧૫-૧૬૬૦) ઉક્ત ભાષા માટે એક મહાન્ ઉન્નતિનો છે, તેવો જ અકબરનો રાજત્વકાલ (સં૦ ૧૬૧૩-૧૬૬૨) સર્વ દેશી ભાષાઓ માટે વૃદ્ધિ અને ગૌરવનો યુગ થયો છે. બંને દેશોમાં આ સમૃદ્ધિશાલી સમયમાં અતિશય સંતોષજનક ઉન્નતિ થઇ છે અને સારા સારા કવિ અને લેખક પાકયા છે. ઉર્દુ ભાષાની સ્થાપના-પ્રતિષ્ઠા મુખ્યપણે આ સમયમાં થઇ. હિંદી ભાષાના સમયવીર-મુખ્ય નાયક ગોસ્વામી તુલસીદાસ આ યુગમાં થયા કે જેમનો કવિતાકાલ (સં૦ ૧૬૩૧-સં૦ ૧૬૮૦) છે. તે મહાનુભાવ-મહાત્માએ રામાયણ આદિ રચી હિન્દીપર જેટલો ઉપકાર કર્યો છે તેવો કોઇએ કર્યો નથી; કવિપ્રિયા અને રસિકપ્રિયાના કર્ત્તા હિન્દી કવિ કેશવદાસ (કવિતાકાલ સં૦ ૧૬૪૮-૧૬૬૮) એક પ્રતિષ્ઠિત નામી કવિ થયા; આ ઉપરાંત અકબરના દરબારમાના ગંગકવિ, બીરબલ ('બ્રહ્મ' ઉપનામથી) આદિ, તેમજ સેનાપતિ, દાદુ દયાલ, સુન્દરદાસ, બનારસીદાસ પ્રભૃતિ કવિઓ ઉદ્ભવ્યા. આ બૃહત્કાલમાં આની પહેલા સૂરદાસ આદિએ વ્રજભાષાદ્વારા કૃષ્ણ કવિતાપર અધિક ધ્યાન આપ્યું હતું, જ્યારે તુલસીદાસના કાલથી રામભક્તિની ધારા વહી અને પછી રામભકતોએ કૃષ્ણની પેઠે રામનું પણ શૃંગારપૂર્ણ વર્ણન કર્યું. (આની અસર જૈન સાહિત્યમા નેમિનાથ-રાજુલ અને સ્થુલિભદ્ર ને કોસ્યાના પ્રસંગો લઇ શૃંગારપર મર્યાદીત સ્વરૂપે ઉતરી વૈરાગ્ય પરિણામપર લાવવા જૈન કવિઓ પ્રેરાયા હોય એવું સંભવે છે) મહારાષ્ટ્રમા મહાભારત મરાઠીમાં અવગત થયું અને તત્ત્વજ્ઞાનમય અભંગો-દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં ઉતરવા લાગ્યા. આવા પ્રતાપી-ઉત્સાહભર્યા શતકમાં ગૂજરાતી સાહિત્યમાં ગાનનો ધ્વનિ મંદ પડે એ માનવાને આંચકો આવે.

મધ્યયુગ ભાષા

ગૂર્જર પ્રાચીન સાહિત્યના ત્રણ યુગ નામે અપભ્રંશ યા પ્રાચીન ગુજરાતી યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ એમ પાડીએ, તો અપભ્રંશ યુગમાં 'અપભ્રંશ' કિંવા પ્રાચીન ગુજરાતીનાં વ્યાકરણ આદિપ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના પાણિની'-હેમાચાર્ય

(વિ૰ સં૰ ૧૧૪૫ થી ૧૨૨૯), પ્રબંધચિંતામણિના કર્તા મેરુતુંગ (વિ૰ સં૰ ૧૩૬૧), કવિ ધનપાલ (ભવિષ્યદત્ત કથાના કર્તા) આદિ અનેક જૈન ગ્રંથકારોએ પ્રબલ સાહિત્ય-સેવા કરી છે. જૈન ભંડારોમાં અપભ્રંશનાં અનેક પુસ્તકો મળી શકે તેમ છે. એ સિદ્ધ વાત છે કે સંવત પંદરમા સૈકા સુધી સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન એ સર્વ પ્રદેશોમાં અપભ્રંશ ભાષા જ વ્યાપક ભાષા તરીકે પ્રવર્તતી હતી. સંવત્ ૧૩ મા સૈકાથી સં૰ ૧૫૫૦ સુધીની ભાષાને અન્તિમ અપભ્રંશ ભાષા ગણી શકીએ. આને ડા૰ ટેસિટોરી જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહે છે.

મધ્યકાલીન યુગ વિક્રમ પંદરમા શતકથી સત્તરમા શતકનો ગણીએ તો તેમાં પંદરમા શતકમાં થોડા, પણ સોળમા શતકમાં ઘણા વધુ, અને સત્તરમામાં તો અતિ વિપુલ પ્રમાણમાં જૈનકવિઓ અને ગ્રંથકારો મળી આવે તેમ છે. મધ્યકાલીન કે અર્વાચીન યુગમા એક પણ શતક જૈનોની ગૂર્જર સાહિત્યસેવા વગરનું રહ્યું નથી. જૈન સાધુઓએ ભંડારોદ્વારા આ સર્વ સાચવી રાખ્યું છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તેથી તે સર્વ સાહિત્યનો ઇતિહાસ અખંડ લખી શકાશે. તેમ થયે વિશેષ પ્રભાનાં દર્શન થશે.

રા. નરસિંહરાવે આંકેલ ગૂજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખામાં સં૰ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીની ભાષાને 'મધ્ય ગૂજરાતી' કહી છે. આ મધ્ય ગૂજરાતી કે ઉપર નિર્દેશેલ મધ્યકાલીન યુગમાં પ્રસ્તુત કવિ (વિક્રમ સત્તરમો સૈકો) થયેલ છે. તે સૈકામાં અનેક સુંદર કૃતિઓ રચી પોતાને સિદ્ધહસ્ત આખ્યાન-કથા કવિ તરીકે સિદ્ધ કરનાર જૈન-કવિઓ નામે કુશલલાભ (કૃતિઓ સં૰ ૧૬૧૭ થી ૧૬૨૪), સોમવિમલસૂરિ (કૃતિ સં૰ ૧૬૧૫ થી ૧૬૩૩), નયસુંદર (કવિતાકાલ સં૰ ૧૬૩૨ થી ૧૬૬૯), પ્રસ્તુત કવિ સમયસુંદર (સં૰ ૧૬૫૮ થી ૧૭૦૦), અને શ્રાવક કવિ ઋષભદાસ (કવિતાકાલ સં૰ ૧૬૬૨ થી ૧૬૮૭) એ પાંચ અગ્રભાગ લે છે. આ પૈકી ઋષભદાસ સંબંધી લેખ પાંચમી ગૂર્જર સાહિત્ય પરિષદ્માં મેં જરા વિસ્તારથી લખી મોકલ્યો હતો તે તેના રીપોર્ટમાં તેમજ અન્યત્ર છપાઇ ગયો છે, અને નયસુન્દર સંબંધી મારો નિબંધ આનંદ કાવ્ય મહોદધિના છઠ્ઠા મૌક્તિકની પ્રસ્તાવનામાં પ્રકટ થયો છે. આ લેખદ્વારા કવિવર સમયસુન્દર સંબંધી કંઇક હકીકત જણાવવા મેં પ્રયત્ન કર્યો છે.

મધ્યયુગનું કથાસાહિત્ય

સં૰ સત્તરમા સૈકાના પ્રારંભથી લોકકથાઓને કાવ્યમાં મુકવાના સુંદર પ્રયાસો જૈન સાધુઓના હાથથી થઇ રહ્યા હતા. માત્ર પોતાના ધાર્મિક કથા સાહિત્યમાંથી જ વસ્તુ લઇ જૈન સાધુઓએ પોતાનું-જૈન કાવ્ય સાહિત્ય અખંડપણે ઉત્પન્ન કર્યું છે (જેમ પ્રેમાનંદાદિએ કર્યું છે તેમ), એટલુંજ નહિ, પણ તે ઉપરાંત લોકકથાઓને પણ કાવ્યમાં (શામળદાસાદિની માફક) ઉતારી છે; વિશેષમાં તેઓએ, એ બંને કવિઓ-પ્રેમાનંદ અને શામળભટ્ટ-ની અગાઉના સૈકામાં એટલે સવંત સત્તરમા સૈકામાં-તેના પ્રારંભથી ભાષામાં અવતાર્યું છે.

આના સમર્થનમાં કહીશું કે સં૰ ૧૫૬૦ માં સિંહકુશલે નંદબત્રીશી રચી, ઉદયભાનુએ વિ૰ સં૰ ૧૫૬૫ માં વિક્રમસેન ચોપાઇ રચી કે જેના માટે રા. મણિભાઇ બકોરભાઇએ

નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબંધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબંધની રચના કોઇ પણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી'; ત્યારપછી[2] કુશલલાભે સં૦ ૧૬૧૬માં માધવ–કામકુંડલા પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારુઢોલા પર ચોપાઇ; [3]દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચવીશી અને હેમાનંદે તે જ નામનો ગ્રંથ સં૦ ૧૬૪૬ માં; ગુણમેરુસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન (પંચતંત્ર) ચતુશ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકબહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખંભાતમાં, [4]વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઇ સં૦ ૧૬૪૮ માં; [5]હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ મા; [6]મંગલમાણેકે વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮ માં; નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપઇ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી; [7]હેમરત્ને ગોરાવાદલ પદમિણી કથા ચોપાઇ સં૦ ૧૬૬૦ માં; સારંગે ભોજપ્રબંધ ચોપાઇ સં૦ ૧૬૫૧ માં; અને બિલ્હિણ પંચાશિકા; અને કનકસુંદરે સં૦ ૧૬૬૭ મા સગાલશા રાસ; એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે. જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આગ્રપદ્ર (આમોદ)ના કાયસ્થ કવિ નરસાસુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમા બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે. જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઇ શકે તેમ છે.

---

૨ કુશલલાભ–ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય. તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાંત તેજસાર રાસ, વીરમગામમાં સં૦ ૧૬૨૪ માં અગડદત્તરાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

૩ દેવશીલ–તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ૦ સોમવિમલસૂરિ શિ૦ લક્ષ્મીભદ્ર શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ૦ પ્રમોદશીલના શિષ્ય. તેની આ કૃતિ રા. જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે

૪ વચ્છરાજ–પાર્શ્વચંદ્રસૂરિ–સમરચંદસૂરિ–રત્નચારિત્ર શિ૦ તેની અન્ય કૃતિઓ સં૦ ૧૬૪૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર.

૫ હીરકલશ–ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ૦ અન્યકૃતિઓ સમ્યકત્વ કૌમુદી સં૦ ૧૬૨૪, કુમતિ વિધ્વંસ ચોપાઇ સં૦ ૧૬૦૭.

૬ મંગલમાણેક–આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ, મુનિરત્નસૂરિ આનંદરત્નસૂરિ જ્ઞાનરત્ન ઉદયસાગર–ભાનુભટ્ટ શિ૦ તેણે વિશેષમાં અબંડ કથાનક ચોપાઇ સં. ૧૬૩૮ જેઠ શુદ ૧૫ ગુરુએ શરૂ કરી સં. ૧૬૩૯ માં કાર્તિક શુદ ૧૩ ઉજ્જેણીમાં નિઝામનાં રાજ્યમાં પૂરી કરી છે.

૭ હેમરત્ન–પૌર્ણમિક ગચ્છ દેવતિક સૂરિ–જ્ઞાનતિલકસૂરિ–પદ્મરાજ ગણિ શિષ્ય. અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી.

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે. ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથાસાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન ડૉક્ટર હર્ટલકૃત " ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતાંબરાસ્ ઑફ ગુજરા." એ નામનું ચોપાનીયું અવલોકવું.

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગૂજરાતીમાં વાર્ત્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે; પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્ત્તાઓ રૂપે બનાવેલા મળી આવે છેઃ ઉપર એ વાત કર્ત્તાઓ અને તેમની કૃતિઓનો નામ નિર્દેશ કરી જણાવી છે; તે પરથી શામળભટ્ટને વાર્ત્તાઓના આદિરચયિતા નહિ કહી શકાય. વિશેષમાં એ પણ સંભવ છે કે ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટે પોતાની વાર્ત્તાઓનાં મૂળ-વસ્તુ પણ પ્રાચીન જૈન કવિઓના વાર્ત્તારૂપે લખાયેલ રાસાઓ પરથી પ્રાયઃ લીધેલાં હોય. સં૦ ૧૫૭૨ માં સિંહકુશલે નંદબત્રીશી રચી છે કે જે ટુંકી છે, તેની સાથે સરખાવો શામળભટ્ટની નંદબત્રીશી કે જે વિસ્તારવાળી થયેલી છે. ઉપરોક્ત કુશલલાભની માધવાનળ અને કામકુંડલાની કથા સાથે સરખાવો શામળભટ્ટે રચેલી બત્રીશ પુતળીની વાર્ત્તામાંની ૨૬ મી માધવાનળની વાર્ત્તા, કે જે કેટલીક થોડી બાબતમાં જૂદી પડે છે; પણ તે શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.[૮] તેમ વૈતાળ પચીસી, સિંહાસન બત્રીશી, સુડાબહોતેરી વગેરે જેવી કૃતિઓ સાથે શામળભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. વખતે જૈન કવિઓએ જેમ લોકમાં પ્રચલિત કથાઓને એકત્રિત આકારમાં ગોઠવી સંગ્રહ કરી યા કોઇ અન્ય ભાષાના ગ્રંથોમાંથી સ્વ ભાષામાં ઉતારી હોય, તેવી રીતે શામળભટ્ટે પણ કર્યું હોય. લોકકથાના સાગર રૂપ કથાસરિત્સાગર, ક્ષેમંકર કૃત સિંહાસન દ્વાત્રિંશિકા અને સંસ્કૃત વેતાલ પંચવિંશતિ જૂની-પ્રાચીન કૃતિઓ છે.

કેટલાક એમ કહેતા હોય કે જૈન સાધુઓ શૃંગારરસથી યુક્ત કાવ્યને તે રચે યા રચવાનો દાવો કરે તો તે જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય[૯] તો આના ઉત્તરમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની માધવાનળની કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમપ્રતિની વાર્ત્તા છે, એ રા. હરગોવિન્દદાસ કાંટાવાળાએ સ્વીકાર્યું છે. જૈન કવિઓ અલબત ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહિ મૂકે, કે જેથી જેમ શામળભટ્ટને માટે નર્મદ કવિને કહેવું પડયું કેઃ 'શામળભટ્ટે કેટલીક વાર્ત્તાઓ ન લખી હોત તો સારૂં' તેમ જૈન કવિઓ માટે કહેવું નહિ જ પડે. "વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ (માધવાનળની કથાના) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) શામળભટ્ટ કરતાં ચઢે છે......આ કૃતિ શામળભટ્ટની પુર્વેના શતકમાં રચાઇ હતી." (રા. હરગોવિન્દદાસ કાંટાવાળા)

આ કથા તેમ જ મારૂ ઢોલાની બંને જેસલમેરમાં ત્યાંના મહારાજા રાવળ માલદેવજીના પાટવી કુમાર શ્રી હરરાજજી (કે જેમણે વિ૦ સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું) ના કુતૂહલ અને વિનોદ અર્થે બનાવેલ છે. મારૂઢોલાની ચોપાઇ સંબંધી એવી વાત છે કે હરરાજજીએ સં૦ ૧૬૧૭ માં અકબરનું સ્વામીત્વ સ્વીકારી

---

૮ સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલનો માધવાનળ કામકુંડલાની લોક કથાપર 'સાહિત્ય' માં આવેલ લેખ.

૯ લખપતિ શૃંગાર એ મથાળાનો લેખ. સ્વ. કવિ જીવરામ અજરામર ગોર. ગુજરાતી દીવાળી અંક સં૦ ૧૯૬૭.

દિલ્હી દરબારમાં જવા આવવા માંડયું હતું. એમણે પૃથ્વીરાજની કરેલ 'વેલિ' (કૃષ્ણ રૂકિમણીની વેલી) ૧૦નાં વખાણ સાંભળી પોતે યુવરાજ હતા ત્યારે અને પટ્ટાભિષેક થયા પછી જેસલમેરના સર્વ કવિ અને વિદ્વાનોને એકઠા કરી 'મારૂઢોલાની વાર્તાના પ્રાચીન દોહા એકઠા કરી તેને વાર્તાના આકારમાં યથાક્રમે ગોઠવી જે ઉત્તમ ગ્રંથ બનાવશે તેને હું ઇનામ આપીશ' એમ કહી કેટલાક ગ્રંથો રચાવેલા. પોતા પાસે તૈયાર હતા તેમાંથી સર્વોત્તમ જે ગ્રંથ બન્યો હતો તે બાદશાહને ભેટ ધર્યો. આ વાતને મારૂઢોલાની વાર્તા પર જેટલા ગ્રંથો બન્યા છે તે હરરાજજીની આજ્ઞાથી બન્યા છે એવું છ સાત ગ્રંથોની પ્રશસ્તિ પરથી જણાતાં ટેકો મળે છે. (વાક્સૌંદર્ય સં૦ ૧૯૭૩ માર્ગશીર્ષનો અંક).

આ રીતે આપણે આ મધ્યયુગના—સત્તરમા સૈકાના ખાસ વિશિષ્ટ ગુણો જોયા. જૈન કૃતિઓ અપ્રકટ હોવાના કારણે યા તે પર અલક્ષ હોવાના કારણે માત્ર જૈનેતર કૃતિઓ લઈ યુગોનાં લક્ષણો જૈનેતરો બાંધે અને તે માટે તેમજ અમુકના અમુક જૈનેતર ઉત્પાદક એમ સિદ્ધાન્તો (theories) ઘડે એ સ્વાભાવિક છે. પણ જે અત્ર ભારપૂર્વક નમ્ર વક્તવ્ય છે તે એ છે કે જૈન કૃતિઓ પર લક્ષ રાખવાથી તે સિદ્ધાંતો ખંડિત બની ચૈતન્યશૂન્ય થાય તેમ છે. ગૂર્જર વાગ્દેવીનાં બંને સંતાનો—જૈનેતર તેમજ જૈન—સમાન—દૃષ્ટિએ નિરખાવાં ઘટે. બંનેનો ફાળો સંયુક્ત અવિભક્ત પુંજી છે. કોઈ ઓછો, કોઇ વધુ ફાળો આપે, પણ એકેયનો અનાદર ન ઘટે. જૈનેતરોમાં સંસ્કૃત ભાષાપ્રત્યેના મોહને લીધે, યા મુસલમાનોના આક્રમણથી થયેલી હિન્દુ રાજ્યની પાયમાલીને કારણે ભાષાસાહિત્ય મુખ્યપણે ન ખીલ્યું હોય તો તે સંભવિત છે, તેમજ જૈનોમાં મુખ્યપણે ત્યાગી અને પરિભ્રમણશીલ સાધુઓ બ્રહ્મચર્ય સેવી વિદ્યાવ્યાસંગી રહી ભાષાસાહિત્યપ્રત્યેના મોહને લીધે તે વિશેષ ખીલવી શકયા હોય તે તદ્દન સંભવિત છે; સ્વ૦ રણજીતરામ વાવાભાઇ મહેતાએ સત્ય રીતે અને આગળ વધીને જણાવ્યું છે કે:—

"અલાઉદ્દીન ખીલજીના સરદારોએ ગુજરાતના હિંદુ રાજ્યને પાયમાલ કીધું ત્યાર પછી ચાલેલી અંધાધુધીમા નાસભાગ કરતા બ્રાહ્મણોએ શારદાસેવન ત્યજી દીધું, પણ મંદિરો—પ્રતિમા આદિની આશાતના થવા છતાં જૈનસાધુઓ પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદા દેવીને અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન સાધુઓને પાટે, અમદાવાદની સલતનત તૂટી ત્યારે, શ્રી હીરવિજયસૂરિ નામે સાધુ હતા. આગ્રે જઇ ઇબાદતખાનામાં અકબર બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈનધર્મનો મહિમા બતાવ્યો હતો.

---

૧૦ જુઓ ગુજરાતીનો દીવાળી અંક સં૦ ૧૯૭૭ પૃ. ૬૬. 'રાઠોડ પૃથ્વીરાજ અને વેલી ક્રિસન રૂકમણીરી' એ નામનો લેખ. તેમાં તેનો રચ્યા સં૦ ૧૬૩૪ આપેલ છે ને ભાટ ચારણો આગળ પરીક્ષા માટે સં૦ ૧૬૪૪ માં મૂકેલ હોય એમ તેની છેલ્લી બે કડીઓ પરથી જણાય છે. જો આ કડીઓ પાછળથી ઉમેરી ન હોય ને પૃથ્વીરાજની સ્વરચિત હોય, તો પછી હરરાજજી તે કૃતિની સામે મૂકવા બીજી કૃતિ સં૦ ૧૬૧૭ માં ઉત્પન્ન કરાવવા માગે એ બંધબેસતું નથી. બાકી હરરાજજીના આનંદ માટે તે કૃતિ થઇ અને બનાવરાવી એ કથન સિદ્ધ છે.

"આ ઇતિહાસ શું કહે છે ? ગુજરાતના અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાહ્નમાં હતો અને હેમચંદ્રની માફક અમાસને દિવસે પ્રકાશોજ્જવલ પૂર્ણિમા આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓના મહિના સુધી દરિયો ખેડી લાંબી સફરો કરી દેશદેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમાં ઢોળતા; પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતા, અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતા–વધારતા; બીજા દેવોનાં મંદિરો ખંડિયેર થઇ જતાં હતા, છતાં સરસ્વતી દેવીનાં મંદિરો જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાડાપરનાં વિમળશાહનાં દહેરાં જેવાં અનેક સૌંદર્યથી ગૂજરાત વિભૂષિત થતું હતું; રાજ્યની ઉથલપાથલો, અંધાધૂધી, અને બીનસલામતી વારંવાર નડતી છતાં પોતાના ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાંગવા ન દીધો અને આજ પર્યંત વેપાર ખેડવાની લાયકાત અને શક્તિ તેજ રાખ્યાં."

(જૈનધર્મ પ્રકાશનો જ્યુબિલી અંક).

આટલું કહી હવે આપણે પ્રસ્તુત કવિનો પરિચય કરવા પ્રત્યે વળીશું.

કવિનો પરિચય.

કવિ પોતાના જૂદા જૂદા ગ્રંથમાં નાની મોટી પ્રશસ્તિ આપી પોતાનો કંઇક પરિચય કરાવતા ગયા છે. તે પરથી સમજાય છે કે પોતાનો ગચ્છ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય પૈકી ખરતર ગચ્છ હતો. તે ગચ્છના ઉત્પાદક સંબંધી એવો ઉલ્લેખ કરે છે કેઃ—

"જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની પટ્ટપરંપરાએ દેવાચાર્ય થયા, તેમના પટ્ટધર નેમિચંદ્ર, તેના પછી ઉદ્યોતનસૂરિ થયા. તેમણે આબુગિરિના એક શિખર પર અષ્ટમ તપ આદરી સૂરિમંત્ર આરાધ્યો. ત્યાર પછી વર્ધમાનસૂરિ થયા. તેના શિષ્ય જિનેશ્વરે ગૂજરાતના રાજા દુર્લભરાજ (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્યસભામાં શ્રી અણહિલપુર (પાટણ) નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો અને વસતિનો મનોહારી માર્ગ પ્રકટ કર્યો. તે સૂરિના પટ્ટધર સંવેગરંગશાલા નામની ગ્રંથના રચનાર જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતરગણનાયક, જૈન સિદ્ધાંત શાસ્ત્રો પૈકી નવ અંગ–આગમપર સંસ્કૃતમા વૃત્તિ–ટીકા રચનાર અભયદેવસૂરિ થયા. ૧૧

---

૧૧. વિક્રમની સત્તરમી શતાબ્દિમાં (સં૦ ૧૬૧૭) અભયદેવસૂરિ ખરતર હતા કે નહિ તે સંબંધી પાટણમા જ તપાગચ્છના ધર્મસાગર ઉપાધ્યાય અને ખરતર ગચ્છના ધનરાજ ઉપાધ્યાયને જબરો ઝઘડો થયો હતો. ધર્મસાગરે એવું પ્રતિપાદન કરવા માગ્યું હતું કે ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિથી નહિ, પણ જિનદત્તસૂરિથી થઇ છે. અભયદેવસૂરિ ખરતર ગચ્છમા થઇ શકતા નથી; જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી છે.—વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિક મતોત્સૂત્રદીપિકા નામના ગ્રંથમાં મૂકયા (રચ્યા સં૦ ૧૬૧૭.) આ ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જૂદા હોય–બંનેમા વિષયો સરખા છે. તેમાંના એકનું બીજું નામ કુમતિકંદકુદ્દાલ છે. આથી બહુ હોહાકાર થયો. બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં તે કયાં અટકશે એ વિચારવાનું રહ્યું.

"ત્યાર પછી તેમના શિષ્ય જિનવલ્લભસૂરિ થયા, તેમના પછી ૬૪ જોગણીને વશ કરનાર જિનદત્તસૂરિ થયા. તેના જિનચંદ્રસૂરિ, તેના પછી અનુક્રમે જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ અને જિનચંદ્રસૂરિ થયા. જિનચંદ્રસૂરિના આદેશથી તેજઃપાલે શાંતિનાથનું બિંબ બનાવ્યું, તેના પછી જિનકુશલસૂરિ (ખરતરગચ્છની પટ્ટાવલિમાં ૪૩ મા.) ત્યાર પછી જિનપદ્મ, જિનલબ્ધિ, જિનચંદ્ર, જિનોદય, જિનરાજ, જિનભદ્ર અનુક્રમે થયા. આ ૫૬ મા જિનભદ્રસૂરિએ જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગપુર નાગોર), અને પાટણમાં પુસ્તક ભંડારો કરાવ્યા. (પટ્ટધર પદ સં૦ ૧૪૭૫ અને મરણ સં૦ ૧૫૧૪). ત્યાર પછી ક્રમે જિનચંદ્ર, જિનસમુદ્ર, જિનમાણિક્ય થયા. જિનમાણિક્યના જિનચંદ્રસૂરિ થયા કે જે હાલ વિદ્યમાન છે. તે જિનચંદ્રસૂરિને અકબ્બર બાદશાહે આનંદથી 'યુગપ્રધાન' પદ આપ્યું."

ઉક્ત (૬૨ મા) જિનચંદ્રસૂરિના[૧૨] હસ્તદીક્ષિત મુખ્ય શિષ્ય સકલચંદ્ર

જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ, તેથી તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમા બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઇની પણ પાસે હોય તો, તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. ખરતરગચ્છવાળાએ પોતાના મતનું પ્રતિપાદન કરાવવા ભગિરથ પ્રયત્ન સેવ્યો હતો એ વાતના પ્રમાણમાં જણાવવાનું કે આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ માં રચેલા સામાચારી શતકમા સં૦ ૧૬૧૭ માં પાટણમાં થયેલા એક પ્રમાણપત્રની નકલ આપેલી છે કે જેમાં એવી હકીકત છે કે અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થયેલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, અને એ પ્રમાણપત્ર સાચું જણાય છે, અને તેનો હેતુ ઉપરનો કલહ–વાદ શમાવવા અર્થે હતો.

૧૨. જિનચંદ્રસૂરિ-ગોત્ર રીહડ, પિતા શ્રીવંત, માતા શ્રિયાદેવી. જ્ઞાતિ વણિક, તિમરી (તીવરી–જોધપુર રાજ્ય) ની પાસે આવેલા વડલી ગામમાં સં૦ ૧૫૯૫ મા જન્મ. માત્ર નવ વર્ષની ઉમરે સં૦ ૧૬૦૪ માં જૈન સાધુની દીક્ષા. ૧૭ વર્ષની વયે સં૦ ૧૬૧૨ ભાદ્રપદ સુદિ નવમી ગુરુવારે જેસલમેરમા સૂરિપદ. તેમણે અકબર બાદશાહને જૈન ધર્મનો બોધ આપ્યો હતો અને બાદશાહે યુગમા પ્રધાન પુરુષ સૂચક 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. એમ કહેવાય છે કે બાદશાહને જૈનધર્મી–જૈનધર્મ પ્રશંસક બનાવ્યો હતો (**प्रबोधितो येन दया परेण अकब्बराख्यः पतिसाहि मुख्यः**–જિનલાભસૂરિના સં૦ ૧૮૩૩ ના આત્મપ્રબોધની પ્રશસ્તિ). તેમને સકલચંદ્ર ઉપાધ્યાય ઉપરાન્ત ૯૫ શિષ્યો હતા–તેમા મુખ્ય સમયરાજ, મહિમારાજ, ધર્મ, નિધાન, રત્નનિધાન, જ્ઞાનવિમલ વિગેરે હતા. તેમનો સ્વર્ગવાસ વેનાતટ (બિલાડા–મારવાડ) સં૦ ૧૬૭૦ ના અશ્વિન વદિ બીજના દિને થયો. (જુઓ ઇંડિયન એંટિકવરીમાં આપેલ ખરતર ગચ્છની પટ્ટાવલિ–મારૂં ભાષાન્તર, સનાતન જૈનના ૧૯૦૭ ના જુલાઇના અંકમાં. વધુ માટે જુઓ રત્નસાગર ભાગ ૨ જો પૃ૦ ૧૨૫) તેમણે પોતાની પાસે ગેલી નામની શ્રાવિકાએ સં૦ ૧૬૩૩ ફા૦ વ૦ ૫ ને દિને બાર વ્રત સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કર્યાં તે સંબંધી 'ઇચ્છા પરિણામ ટિપ્પનક' યા બાર વ્રતનો રાસ ભાષામાં

ઉપાધ્યાય[૧૩] થયા અને તેના શિષ્ય તરીકે હું, સમયસુંદર વાચક-ઉપાધ્યાય થયો. (જુઓ સં૦ ૧૬૭૬ માં રચેલી અર્થરત્નાવલી અથવા અષ્ટલક્ષીની પ્રશસ્તિ પીટર્સન ચતુર્થ રીપોર્ટ. નં. ૧૧૭૪-પૃ૦ ૬૮.)

આ રીતે પોતાની ગુરુપરંપરા પોતે આપી છે તે અત્ર જણાવી. પોતે પોતાના ગચ્છનું નામ બૃહત્ ખરતર ગચ્છ આપેલું છે કારણ કે ખરતર ગચ્છમા પોતાના સમય સુધીમા અનેક શાખાઓ મૂળ વૃક્ષમાથી નીકળી હતી અને પોતાનું મૂળ વૃક્ષમાંથી ચાલી આવેલ થડ બતાવવા ' બૃહત્ ' શબ્દ યોજેલ છે.

સં૦ ૧૬૪૯ ના ફાગણ સુદિ ૨ ને દિને યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં (લાભપુરમાં) માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ[૧૪] રાખ્યું, તે સમયે તેજ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણ-

---

સં૦ ૧૬૩૩ માં બનાવ્યો છે. વળી મેડતામા જેને હાલ ' લોઢારો મંદિર ' કહેવામા આવે છે તેમા ચિંતામણી પ્રાર્શ્વનાથની પ્રતિમાની તેમણે સં૦ ૧૬૬૯ ના માઘ શુદિ ૫ શુક્રવારે મહારાજા સૂર્યસિંહના રાજ્યમા પ્રતિષ્ઠા કરી છે (પ્રાચીન લેખ સંગ્રહ ભા૦ ૨ પૃ૦ ૩૦૭). તેમના જ સમયમા તેમના અનુયાયી ભક્ત, પ્રખ્યાત કર્મચંદ્ર મંત્રીએ સં૦ ૧૬૩૫ ના ભયંકર દુકાળના વખતમાં સવાકરોડ રૂપીઆ ખર્ચી સત્રાકારો બંધાવી બહુ જનોને બચાવ્યા હતા અને તે કર્મચંદ્રે તેમનો યુગપ્રધાન મહોત્સવ-તેમના શિષ્ય જિનસિંહસૂરિનો આચાર્ય પદ મહોત્સવ અતિ દ્રવ્ય ખર્ચી સં૦ ૧૬૪૯ માં ઉજવ્યો હતો. વળી તેમના સમયમાં સોમજી અને શિવજી એ બે પ્રસિદ્ધ શ્રાવકોએ રાણકપુર, ગિરનાર, આબુ, ગોડીપાર્શ્વનાથ અને શત્રુંજય એ પાંચ જૈન તીર્થોએ સંઘ કાઢી લઇ ગયા હતા. (જુઓ સમયસુંદરની કલ્પસૂત્ર ટીકાની પ્રશસ્તિ). આ કર્મચંદ્ર મંત્રીએ સધર નગરમાં જિનકુશલસૂરિનો મોટો સ્થૂભ સં૦ ૧૬૫૫ મહા શુદ ૧૦ મે કરાવ્યો. તે સિવાય બીજાં સ્થળોએ તેમના અનેક સ્થૂભ કરાવ્યા હતા.

૧૩ સકલચંદ્ર ગણી-તેઓ વિદ્વાન પંડિત અને શિલ્પશાસ્ત્રમાં કુશલ હતા. પ્રતિષ્ઠાકલ્પ શ્લોક ૧૧૦૦૦, જિનવલ્લભ સૂરિકૃત ધર્માશક્ષા પર વૃત્તિ (પત્ર ૧૨૮), અને પ્રાકૃતમા હિતાચરણ નામના ઔપદેશિક ગ્રંથ પર વૃત્તિ ૧૨૪૩૯ શ્લોકમાં સં૦ ૧૬૩૦ માં રચેલ છે.

૧૪. જિનસિંહ સૂરિ-પિતા ચાપસી, માતા ચતુરંગાદેવી, ગોત્ર ગણધર ચોપડા, વણિક જ્ઞાતિ. જન્મ ખેસર (ખેતાસર) ગામમા સં૦ ૧૬૧૫ ના માગશર સુદિ પૂર્ણિમાને દિને; તેમનું મૂલ નામ માનસિંહ. દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૨૩ ના માગશર વદિ ૫ ને દિને; વાચક ઉપાધ્યાય પદ જેસલમેરમાં સં ૧૬૪૦ ના માઘ શુદિ ૫ ને દિને; સૂરિપદ લાહોરમાં સં૦ ૧૬૪૯ ના ફાલ્ગુન સુદિ ૨ ને દિને. અકબ્બર બાદશાહને મળવા માટે કાશ્મીરમાં કઠિન વિહાર (મુસાફરી) કર્યો હતો, વાર, સિંદૂર અને ગજજણા (ગિઝની) આદિ દેશોમા પણ તેમણે અમારિ એટલે જીવદયા—અહિંસા પ્રવર્તાવરાવી હતી. અકબ્બર બાદશાહે પોતાના રાજવહિવટના છેલ્લા વર્ષમાં (સં૦ ૧૬૬૦ મા) દસ્તાવેજ કરી ફરમાન કરી આપ્યું હતું કે ભાદરવા શુદ ૯ થી ભાદરવા શુદ ૧૫ સુધી પોતાના સંપૂર્ણ રાજ્યમાં જીવહિંસા બંધ રાખવી. ત્યાર પછી જહાંગીર બાદશાહે તેમને ' યુગપ્રધાન ' પદ આપ્યું

વિનય એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું. આ વાત ઉક્ત ગુણવિનય[૧૫] ઉપાધ્યાયે જ સં૦ ૧૬૫૫ મા રચેલા કર્મચંદ્ર મંત્રિવંશ પ્રબંધ–કર્મચંદ્રવંશાવલિ પ્રબંધમા આપેલી છે. કે જે કર્મચંદ્ર મંત્રીએ આ આચાર્ય મહોત્સવ કરેલો. આ સમયે જ જિનચંદ્રસૂરિને યુગ-પ્રધાનપદ મળેલું જણાય છે.

> વાચક પદ ગુણ વિનયનઇ, સમયસુંદરનઇ દીધઉ રે
> યુગ પ્રધાનજીનઇ કરઇ, જાણિ રસાયણ સીધઉ રે
> —શ્રી જિન શાસન ચિર જયઉ.

આ ઉત્સવના શુભ કાર્યના ઉપલક્ષમાં બાદશાહ અકબ્બરે ખંભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઇ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ બહાર પાડયો હતો. તેમ લાહોરમાં પણ એક દિવસ કોઇએ પણ જીવની હિંસા નહિ કરવાની આજ્ઞા ફેરવી દીધી હતી. (જુઓ ઉક્ત પ્રબંધ ઐતિહાસિક રાસમાળા ભા૦ ૩; જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય.) જુઓ પં૦ જયસોમ કૃત સંસ્કૃતમાં કર્મચંદ્ર મંત્રી પ્રબંધ. ઉક્ત જિનસિંહ સૂરિએ બાદશાહ પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસોમાં બીલકુલ જીવવધ ન થાય એવું ફરમાન મેળવ્યું હતું. આ અસલી ફરમાન પત્ર હાથ આવ્યું છે ને તે હિન્દી 'સરસ્વતી' માસિકના જૂન, સને ૧૯૧૨ ના અંકમાં છપાયું છે. આમા હીરવિજય સૂરિના ઉપદેશથી પર્યુષણના આઠ અને બીજા ચાર એમ બાર દિવસો સુધીમાં જીવવધના નિર્બંધ માટે ફરમાન આપ્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

જિનચંદ્રસૂરિ એક પ્રભાવક મહાપુરુષ હતા. તેમનાં જ્ઞાન અને આચારની ખ્યાતિ અકબ્બર બાદશાહે ઉક્ત કર્મચંદ્ર બાછાવત પાસેથી સાંભળી પોતાની કલમવડે ફરમાન (વિનતિ) પંજાબના લાહોર નગરથી લખી અને પોતાના ખાસ મરજી દાન ઉમરાવો તે

હતું. પટ્ટધર જિનચંદ્ર સૂરિ સ્વર્ગસ્થ થતાં વેનાતટમાં (બિલાડા મારવાડમા) ગચ્છનાયક પદ સં૦ ૧૬૭૦ ના પૌષ વદિ ૧૩ ને દિને મેડતામા થયો. (જુઓ ઉપરોક્ત ખરતર ગચ્છ પટ્ટાવલિ; સનાતન જૈન, જુલાઇ ૧૯૦૭, રત્નસાગર ભા૦ ૨ પૃ૦ ૧૨૭; જ્ઞાનવિમલકૃત સં૦ ૧૬૫૪ ની શબ્દપ્રભેદ વૃત્તિમાંની ગુરુપટ્ટાવલિ; પીટર્સન રીપોર્ટ બીજો પૃ૦ ૬૫) તેમની પાટે જિનરાજ સૂરિ (બીજા) આવ્યા.

૧૫. ગુણવિનય વાચક-તેમણે ભાષામા આ પ્રબંધ ઉપરાન્ત અંજનાસુંદરી પ્રબંધ સં૦ ૧૬૬૨ ના ચૈત્ર શુદ ૧૩ બુધે; ગુણસુંદરી ચોપઇ; અંચલમત સ્વરૂપ વર્ણન રાસ સં૦ ૧૬૭૪ માઘ શુદ ૬ રવિવારે માલપુરમાં રચેલ છે. ખરતર ગચ્છની ક્ષેમ શાખામાં ક્ષેમરાજ ઉપાધ્યાયના પ્રમોધમાણિક્ય શિષ્ય, તેના જયસોમ, અને તેના તેઓ શિષ્ય થાય. આ કવિએ સંસ્કૃતમાં પણ અનેક ગ્રંથો રચ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય ટીકા સં૦ ૧૬૪૧, દમયંતી ચંપૂ ટીકા સં૦ ૧૬૪૬, રઘુવંશ ટીકા સં૦ ૧૬૪૬, વૈરાગ્યશતક ટીકા સં૦ ૧૬૪૭, ઇંદ્રિય પરાજયશતક વૃત્તિ સં૦ ૧૬૬૪, ઉત્સૂત્રોદ્ઘટ્ટન કુલક ખંડન સં૦ ૧૬૬૫ કે જેમાં ઉપરોક્ત ધર્મસાગર ઉપાધ્યાયના મતનું ખંડન કરેલું જણાય છે, સંબોધસત્તરી ટીકા, લઘુ-અજિતશાંતિ સ્તોત્ર ટીકા છે. આ ઉપરથી તેઓ સત્તરમા સૈકામાં એક વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ વાત નિર્વિવાદ સ્થાપિત છે. (વધુ માટે જુઓ ઐ૦ રાસસંગ્રહ ભાગ ૩ જો)

ગુરુને બોલાવવા માટે મોકલ્યા. તે વખતે તે ગુરુના ૮૪ શિષ્યમાં મુખ્ય સકલચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પંડિત સમયસુંદરજી પણ વિહારમાં સાથે હતા. તે વિહાર ક્યાંથી ક્યાં કર્યો અને લાહોરમા આવ્યા પછી ઉપરોક્ત મહોત્સવ કેમ થયો એ સંબંધી સમયસુંદરે જ 'ગુરુ ગુણ છંદ અષ્ટક' હિન્દીમાં બનાવેલ છે તે અત્ર જણાવીશું.

૧૬ સંતનકી મુખ વાણિ સુણી જિનચંદ મુણિંદ મહંત જતી,
તપજપ કરૈ ગુરુ ગુજ્જરમૈં પ્રતિબોધત હૈ ભવિકું સુમતી,
તબહી ચિતચાહન ચૂંપ ભઇ સમયસુંદરકે ગુરૂ ગચ્છપતી,
ભેજૈ પતસાહ અકબ્બરી છાપ બોલાયે ગુરૂ ગજરાજ ગતી. ૧

એજી ગુજ્જરતેં ગુરુરાજ ચલે વિચમેં ચોમાસ જાલોર રહે,
મેદનીતટમેં મંડાણ કિયો ગુરુ નાગોર આદરમાંન લહે,
મારવાડરિણી ગુરૂવંદનકોં તરસૈ સરસૈ વિચ વેગ વહૈ,
હરખ્યો સંઘ લાહોર આયે ગુરૂ પતસાહ અકબ્બર પાંવ ગહૈં. ૨

એજી સાહ અકબ્બરી વબ્બરકે ગુરૂ સૂરત દેખત હી હરખૈ,
હમ જોગી જતી સિદ્ધ સાધ વ્રતી સબહી ખટ દરસન કે નિરખૈ,
ટોપી બસડમાવાસ ચંદ ઉદય અજ તીન બતાય કલા પરખૈ,
તપ જપ દયા દર્મ ધારણકોં જગ કોઇ નહીં ઇનકે સરખૈ. ૩

ગુરૂ અમૃતવાણિ સુણી સુલતાન એસા પતસાહ હુકમ્મ કિયા,
સબ આલમ માંહિ અમાર પવાય બોલાય ગુરૂ ફુરમાણ દિયા,
જગજીવ દયા ધર્મ દાક્ષણતૈં જિન સાસનમૈં જુ સોભાગ લિયા,
સમયસુંદર કહૈ ગુણવંત ગુરૂ દગ દેખત હરખત ભવ્ય હિયા. ૪

એજી શ્રીજી ગુરૂ ધર્મ ધ્યાન મિલૈ સુલતાન સલેમ અરજ્જ કરી,
ગુરૂ જીવ દયા નિત પ્રેમ ધરૈ ચિત અંદર પ્રીતિ પ્રતીતિ ધરી,
કર્મચંદ બુલાય દિયો ફુરમાણ છોડાય ખંભાયતકી મછરી,
સમયસુંદર કે સબ લોકનમૈં નિત ખરતર ગચ્છકી ખ્યાતિ ખરી. ૫

એજી શ્રી જિનદત્ત ચરિત્ર સુણી પતસાહ ભયે ગુરૂ રાજિયે રે,
ઉમરાવ સબૈ કર જોડ ખડે પભણે અપણે મુખ હાજિયે રે,

૧૬. ૨. મેદનીતટ–મેડતા; મારવાડરિણી–મારવાડની સ્ત્રીઓ. ૩. ટોપી......હરખે–આનો અર્થ બરાબર સમજાતો નથી, પણ એમા એમ હોવાનો સંભવ છે કે ટોપી ઉડાડી અધર રાખી હોય, અમાવાસને દિને ચંદ્રનો ઉદય બતાવ્યો હોય અને ત્રણ બકરાં બતાવી ચમત્કાર બતાવ્યા હતા. ૪. ભવ્ય—પાઠાંતર હોત. મછરી—માછલી પકડવાનું ખંભાતમાં થતું હતું તે ફરમાનથી દૂર કરાવ્યું. ૬–આમર છત્ર......જિયરે–પાઠાંતર–જુગપ્રધાનકાએ ગુરૂદં ગિગડદું ગિગડદું ધુંધું બાજીયેરે સમયસુંદર કે ગુરૂ માન ગુરૂ, પતિસાહ અકબ્બર ગાજીયેરે. (જૈન સંપ્રદાય શિક્ષા પૃ. ૬૪૯)

ચામર છત્ર મુરા તબ ભેટ ગિગડદૂં ધૂંધૂં બાજિયે રે,
સમયસુંદર તૂહી જગત્ર ગુરૂ પતસાહ અકબ્બર ગાજિયે રે. ૬

હેજી ગ્નાન વિગ્નાન કલા ગુણ દેખ મેરા મન સદ્દગુરૂ રીઝીયેજી,
હુમાયૂકો નંદન એમ અખે, અબ સિંધ (માનસિંધ) પટોધર કીજીયેજી,
પતસાહ હજૂર થપ્યોં સંઘ સૂરિ મંડાણ મંત્રીશ્વર વીંઝીયેજી,
જિણચંદ પટે જિણસિંહ સૂરિ. ચંદ સૂરજ જ્યૂં પ્રતપીજીયેજી. ૭

હેજી રીહડવંસ વિભૂષણ હંસ ખરતર ગચ્છ સમુદ્ર શશી,
પ્રતપ્યો જિન માણિક્ય સૂરિ કૈ પાટ પ્રભાકર જ્યૂં પ્રણમૂં ઉલસી,
મન શુદ્ધ અકબ્બર માંનત હૈ જગ જાણત હૈ પરતીત એસી,
જિનચંદ મુણીંદ ચિરં પ્રતપો સમયસુંદર દેત આશીશ એસી.× ૮

આ પરથી એમ અનુમાન થાય છે કે જિનચંદ્રસૂરિ, અકબર બાદશાહે બોલાવવાથી ગૂજરાતમાં હતા ત્યાંથી અનેક શિષ્યો સાથે લઇ ગયા તેમાં સમયસુંદર હતા. ગૂજરાતમાંથી વિહાર કરતાં પહેલાં જાલોર, ત્યાંથી મેદિનીતટ મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઇને લાહોર આવ્યા.

સં૦ ૧૬૪૯ પહેલાં તો સમયસુંદર ગૂજરાતમાં જ રહ્યા હતા અને સં૦ ૧૬૪૯ માં લાહોર આવી ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ-મારવાડમા પ્રવાસ કર્યો છે, અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, મારવાડી શબ્દો, ફારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેના નિર્દિષ્ટ સ્થલપરથી-તે ગ્રંથો પરથી જણાઇ આવે છે.

સં૦ ૧૬૫૮ અમદાવાદ, સં૦ ૧૬૫૯ ખંભાત, સં૦ ૧૬૬૨ સાંગાનેર, સં૦ ૧૬૬૫ આગ્રા, સં૦ ૧૬૬૭ મરોટ, સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨ અને ૧૬૭૩ મેડતા. સં૦

×આ અષ્ટક 'મહાજન વંશ મુક્તાવલિ'-ઉ૦ રામલાલ ગણી. રાંઘડી વિદ્યાશાલા બીકાનેરમાથી તેની પ્રસ્તાવના પૃ૦ ૫-૬ પરથી ઉતારેલુ છે. તેમાં વિશેષ જણાવ્યું છે કે "આ વખતે નકાસ (ચિતારા) એ તસવીર બાદશાહ અને ગુરુમહારાજની ઉતારી તે બીકાનેરના ખરતર ભટ્ટારક શ્રી પૂજ્યજી પાસે મોજૂદ છે. ચિતારાએ બાદશાહ અકબ્બરની સભામાંથી બાદશાહની પાછળ મુખ્ય ૩ તસબીર વખી છે. બિરબલ, કરમચંદ બછાવત, તથા કાજી ખાનખા, અને શ્રી ગુરુ મહારાજના સર્વ સાધુ સમુદાયમાથી ૩ ત્રણ સાધુ નામ લખ્યાં છે:-વેષહર્ષ (ખરૂં નામ વિવેકહર્ષ) પરમાનંદ, તથા સમયસુંદર." આ છબી પ્રકટ થાય તો ઘણો પ્રકાશ પડે અને કવિ સમયસુંદરની તસબીર મળી આવે. આવીજ છબી તપાગચ્છીય હીરવિજય સૂરિની તે વખતની પ્રકટ થઇ છે (જુઓ સાક્ષર શ્રી જિનવિજયજીએ કૃપારસકોશની લખેલી ભૂમિકા સાથે પ્રકટ કરેલ છબી. તેમાં પણ અકબ્બર સાથે ત્રણ અમીરાદિ, અને હીરવિજય સાથે ત્રણ જૈન સાધુઓ છે. આ અને ઉપરની છબી બંને એક તો નથી એમ શંકા રહે છે. વળી આ અષ્ટક જૈન સંપ્રદાય શિક્ષા (યતિ શ્રી પાલચંદની) માં પૃ૦ ૬૪૯ ની ટિપ્પણીમાં પ્રકટ થયું છે.

૧૬૭૪ મા જિનચંદ્રજીસૂરિ મેડતામાં સ્વર્ગસ્થ થયા ને જિનરાજસૂરિને ૧૬* તેમની ગાદી ત્યાં મળી. સં. ૧૬૭૬ માગશર માસમાં રાણકપુર (સાદડી પાસે) ની જાત્રા કરી. [તે રાણકપુરની જાત્રા વખતે કરેલા સ્તવનમા તેના મંદિરનું વર્ણન આપ્યું છે કે ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, તે દેહરાનું નામ ત્રિભુવન દીપક. ૮૪ દેરી, ભોંયરાં મેવાડ દેશમા ૯૯ લાખ ખર્ચી પોરવાડ ધરણાકે બંધાવ્યું. ત્યાં ખરતર વસતિ છે ને તે ઉપરાત બીજા પ્રાસાદ છે.] અને તે વર્ષમાં લાહોર ગયા, સં૦ ૧૬૮૧ જેસલમેરમાં હતા. આની પછી સં૦ ૧૬૮૨ માં જેસલમેર પાસેના પાંચ ગાઉ પરમા-અસલ રાજ્યધાની લોદ્રવપુરમાં રહેતા૧૭ થેરૂ ભણશાલીએ જેસલમેરથી શત્રુંજય પર જવાનો સંઘ કાઢ્યો.

૧૬*. જિનરાજસૂરિ-(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરો જન્મ સં૦ ૧૬૪૭ વૈ. શુદ. ૭, દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૫૬ ના માર્ગશીર્ષ શુદિ ૩, દીક્ષાનામ રાજસમુદ્ર, વાચક (ઉપાધ્યાય) પદ સં૦ ૧૬૬૮, અને સૂરિપદ મેડતામા સં૦ ૧૬૭૪ ના ફાગણ શુદ ૭ ને દિને થયું. તે મહોત્સવ ત્યાંના ચોપડા ગોત્રિયસાહ આસકરણે કર્યો. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી-દાખલા તરીકે સં૦ ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય ઉપર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી હતી. સં૦ ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરુવારે જહાગીરના રાજ્યમાં અને શાહજાદા શાહજહાના સમયમાં ઉક્ત આસકરણે બનાવેલા મમ્માણી (સંગેમર્મર) ના પથ્થરના સુંદર વિહાર (મંદિર) માં મેડતામા શાંતિનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અંબિકા દેવીએ વર આપ્યો હતો. તેઓ પાટણમાં સં૦ ૧૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા. તેમણે નૈષધીય કાવ્યપર જૈનરાજી નામની વૃત્તિ રચી છે અને બીજા ગ્રંથો રચ્યા છે. તેમના કહેવાથી મતિસારે ધન્ય શાલિભદ્રનો રાસ સં૦ ૧૬૭૮ આસો વદિ ૬ ને દિને ખંભાતમાં રચ્યો છે.

૧૭. થેરૂ ભણશાલી સંબંધી એવું કહેવાય છે કે તે લોદ્રવપુર (હાલનું લોધરા) માં ઘીનો વેપાર કરતો હતો. એક ઘીનું પાત્ર લઇ ભડવારણ વેચવા આવી, તેની નીચે હરીવેલ હતી. આથી તે પાત્ર નીચેની ઇંઢોણી સાથે હતી, તે ઇંઢોણી લઇને થેરૂશાહે ફેંકી દીધી, પછી તેમાંથી તે વેલ લઈ તેના પ્રતાપે અખૂટ ઘીથી અઢળક સંપત્તિ તેણે પ્રાપ્ત કરી. આ વાત તેણે જિનસિંહસૂરિને કહી. ગુરુએ સુકૃતાર્થ કરવા કહ્યું ત્યારે થેરૂએ ત્યાં થઇ ગયેલા ધીરરાજા (ધીરજી ભાટી) એ સં૦ ૧૧૯૬ પછી બંધાવેલા લોધરામાંના સહસ્રફણા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, તેમા વિશાલપ્રતિમા સ્થાપન કરી અને પોતાની બે પત્ની તથા બે પુત્રના કલ્યાણાર્થે ચાર બાજુએ ચાર દેવકુલિકાઓ બંધાવી આની પ્રતિષ્ઠા નૈષધકાવ્ય ઉપર જૈનરાજી નામની ટીકાના કર્તા મહા વિદ્વાન્ આચાર્ય જિનરાજસૂરિએ સં૦ ૧૬૭૫ મા કરેલી છે. વિશેષમા થેરૂશાહે જ્ઞાનભંડાર કરાવ્યા અને નવરત્નોનાં જિનબિંબ કરાવ્યાં. ક્રોડો રૂપીઆ ખર્ચ્યા. ત્યાર પછી શત્રુંજયનો સંઘ સં૦ ૧૬૮૨ માં કાઢ્યો. આની પહેલાં બાદશાહ અકબ્બરે થેરૂશાહને દિલ્હી બોલાવી ઘણું માન આપ્યું. થેરૂશાહે નવ હાથી પાંચસે ઘોડા નજર કર્યા ત્યારે બાદશાહે 'રાયજાદા' નો ખિતાબ બક્ષ્યો. આથી આની ઓલાદ 'રાયભણશાલી' કહેવાય છે. આમામાં મોટું જિનમંદિર કરાવ્યું કે

આમાં શ્રી જિનરાજસૂરિપ્રમુખ અનેક આચાર્ય સાથે હતા અને સમયસુંદર ઉપાધ્યાય પણ આ સંઘમા ગયા હતા. આ સંઘ શત્રુંજયની યાત્રા કરી આવ્યો—સં૦ ૧૬૮૨. પછી સમયસુંદર ૧૬૮૨ મા નાગોર આવ્યા, કે જ્યા શત્રુંજય રાસ રચ્યો. ત્યાથી સં૦ ૧૬૮૩ મેડતામાં, સં૦ ૧૬૮૫ લૂણકર્ણસર, સં૦ ૧૬૮૭ પાટણ. આ વર્ષમાં ભારે દુકાળ પડયો હતો કે જેનું વર્ણન તેમણે ચંપક ચોપઇમા કર્યું છે. સં. ૧૬૯૧ ખંભાત, સં૦ ૧૬૯૪ અને ૧૬૯૫ જાલોર, સં૦ ૧૬૯૬ અમદાવાદ, સં૦ ૧૬૯૮ અહમદપુર (અમદાવાદ); એ રીતે એ સ્થલોએ આપણા કવિએ અચૂક નિવાસ કર્યો હતો.

આ ઉપરાંત સમેતશિખર (જેને હાલ કેટલાક પાર્શ્વનાથહિલ કહે છે), ચંપા, પાવાપુરી, ફલોધી (મારવાડ), નાદોલ, વીકાનેર, આબુ, શંખેશ્વર, જીરાવલા, ગોડી, વરકાણા, અંતરીક્ષ પાર્શ્વનાથ, તેમ જ ગિરનાર વગેરે અનેક જૈન તીર્થોની જાત્રા કરી હતી. ૧૭* જેસલમેરમાં પોતે ઘણાં વર્ષો ગાળ્યાં લાગે છે.

જે હાલ મોજૂદ છે. ભણુશાલી એ મૂળ નામ એ રીતે પડયું કે લોદ્રપુરના યદુવંશી ધીરાજી ભાટી રાજાના પુત્ર સગરની માતાને બ્રહ્મરાક્ષસ લાગ્યો હતો તેને સં૦ ૧૧૯૬ માં ખરતર ગચ્છના ચમત્કારી આચાર્ય જિનદત્તસૂરીએ કાઢયો તેથી રાજા કુટુંબ સહિત જૈન થયો અને તેના પર આચાર્યે જૈનત્વની ક્રિયારૂપે ભંડશાલમાં વાસક્ષેપ કર્યો તેથી તેનું ગોત્ર ભંડશાલી (ભણુશાલી) સ્થાપિત થયું, અને તેના આ વંશજ થેરૂશાહ થયા. આ રીતે મૂલ ભણુશાલી જૈન હતા. જુઓ મહાજન વંશ મુક્તાવલિ ૨૯–૩૦.

૧૭* જેસલમેર—આનો કિલ્લો રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. યદુવંશી ભટ્ટી મહારાઉલોએ લોદ્રપુરથી આવી સં૦ ૧૨૧૨ માં બાંધ્યો. ખરતર ગચ્છના શ્વેતામ્બરી સાધુઓનો આ પ્રબલ નિવાસરૂપ હતો. જિનરાજ, જિનવર્ધન, જિનભદ્ર આદિ સૂરિયોએ અનેક જૈન દેવાલયોની પ્રતિષ્ઠા કરી છે. કિલ્લા પર આઠ જૈન મંદિર છે; તે પૈકી મુખ્ય ચિંતામણી પાર્શ્વનાથનું છે—સં૦ ૧૪૫૮ મા જિનરાજસૂરિના આદેશથી તેનાં ગર્ભગૃહમાં સાગરચંદ્રસૂરીએ પ્રતિમા સ્થાપિત કરી, અને સં૦ ૧૪૭૩ માં રાઉલ લક્ષ્મણસિંહના સમયે સંપૂર્ણ થયું. તે રાજાના નામપરથી તેનું નામ લક્ષ્મણવિહાર રાખ્યું ને તેમાં જિનવર્ધનસૂરિએ પ્રતિષ્ઠા કરી. તેમાંની ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ ભટ્ટીઓની પ્રાચીન રાજધાની લોદ્રપુરથી આણેલી વેલુની હોઇ પ્રાચીન છે. બીજું મંદિર સંભવનાથનું સં૦ ૧૪૯૪ માં જિનભદ્રસૂરિના ઉપદેશથી આરંભાયેલું તે ૧૪૯૭ મા પૂરૂં થયું ને તેમાં સૂરિએ પ્રતિષ્ઠા કરી. તે વખતે ૩૦૦ મૂર્તિની પ્રતિષ્ઠા થઇ. આ મંદિરની નીચે જ્ઞાનભંડાર વાસ્તે ભોંયરૂં બંધાવ્યું. તેમાં ભંડાર રાખ્યો, જે હજુ વિદ્યમાન છે. તેમા ૧૦ મીથી ૧૫ વિક્રમ સદીના લખાએલાં તાડપત્રના પ્રાચીન દુર્લભ પુસ્તકો મોજુદ છે. બીજા મંદિરો—આદીશ્વર, શાંતિ, ચંદ્રપ્રભ, મહાવીર વગેરેના વિક્રમના સોળમા શતકના પૂર્વાર્દ્ધમા નજીક નજીક ત્યા બધાવેલાં છે. આ તથા સર્વ બીજાં મંદિરોમાં કુલ મળી આશરે ૭૦૦૦ જિનબિંબો છે. વળી બધાં મળી ૬ જ્ઞાનભંડારો છે. ત્યાંના ભંડારોની પુસ્તકસૂચિ સદ્દગત સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલે મહાશ્રમ લઇ કરેલી તે ગાયકવાડ સરકારે હમણાં બહાર પાડી છે. જોધપુર બિકાનેર રેલ્વેમા બાડમેર સ્ટેશનથી જેસલમેર ૯૨ માઇલ છે. તપાગચ્છે ૧૯ મી સદીમાં પ્રવેશ કર્યો ને

જૈનોનાં ભારતવર્ષમાં તેમના તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવલજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ તરીકેના તીર્થો અનેક છે. તેમાં મુખ્ય શત્રુંજય, ગિરનાર, સમ્મેત–શિખરાદિ છે. તે સર્વની યાત્રા દરેક ચુસ્ત જૈનને માટે આવશ્યક ગણાય. આ કવિએ રચેલ 'તીર્થમાલા સ્તવન' પરથી જણાય છે કે તેમા લખેલ અષ્ટાપદ અને નંદીશ્વર એ શાસ્ત્રોક્ત તીર્થ સિવાય બધાંય તીર્થની યાત્રા તેમણે કરી હતી. તે સ્તવન નીચે પ્રમાણે છેઃ–

૧૮ શત્રુંજે ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યારે, સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુરે,
તીન કલ્યાણક તિહા રયા, મુગતેં ગયારે, નેમિશ્વર ગિરનાર, તીરથ તે નમુરે ૧
અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે, ભરતેં ભરાવ્યા બિંબ–તી૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવનતિલોરે, વિમલ વસઇ વસ્તુપાલ. ૨
સમેતશિખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીશ,
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. ૩
પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધિ ભરીરે, મુક્તિ ગયા મહાવીર.
જેસલમેર જુહારીયે, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક. ૪
વિકાનેર જ વંદીયે, ચિર નંદીયેરે, અરિહંત દેહરા આઠ.
સેરિસરો સંખેશ્વરો, પંચાસરોરે, ફ્લોધી થંભણ પાસ. ૫
અંતરિક અંજાવરો, અમીઝરોરે, જીરાવલો એ જગનાથ.
'ત્રૈલોકય દીપક' દેહરો, જાત્રા કરોરે, રાણપુરેં રિસહેસ. ૬
શ્રી નાહુલાઇ જાદવો, ગોડી સ્તવોરે, શ્રી વરકાણો પાસ,
નંદીશ્વરના દેહરાં, બાવન ભલારે, રૂચકકુંડલે ચાર ચાર. ૭
શાશ્વતી આશાશ્વતી, પ્રતિમા છતીરે, સ્વર્ગ મૃત્યુ પાતાલ,
તીરથ યાત્રા ફલ તિહા, હોજો મુઝ ઇહારે, સમયસુંદર કહે એમ. ૮

મહાકષ્ટે ૧૮૬૯ મા કોટની નાચે તેમના તરફથી શિખરબધ દહેરૂં બંધાયું. દહેરાં સંબંધી વિગત જિનસુખસૂરિએ જેસલમેર ચૈત્ય પરિપાટી બનાવેલ છે તેમાં મળે છે. (જુઓ પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ૦ ૧૪૬.)

૧૮. શત્રુંજય–પાલીતાણા કાઠીયાવાડમાં–આવેલો પવિત્ર ગિરિ. ગિરનાર–જુનાગઢમાં. આબુ કે જ્યાં વિમલ મંત્રીએ અને વસ્તુપાલ મંત્રીએ મહાન્ કારીગરીનાં અદ્‌ભુત જૈન દેવાલયો બંધાવેલા છે. સમેતશિખર કે જયા ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ મુક્તિ પામ્યા છે–કલકત્તાથી જવાય છે.

ચંપા એ વાસુપૂજ્યની નિર્વાણભૂમિ. પાવાપુરી–મહાવીરની નિર્વાણભૂમિ. જેસલમેર–વીકાનેર પ્રસિદ્ધ છે.

સેરીસરો, સેરિસા–કલ્લોલ પાસે. આ તીર્થનો હમણાજ ઉદ્ધાર કરવામાં આવ્યો છે.

શંખેશ્વર પાર્શ્વનાથ–પાટણથી ૨૦ ગાઉ દૂર. પંચાસરો પાર્શ્વનાથ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલ.

ફલોધી–મેડતારોડ સ્ટેશનથી પા ગાઉ. સં. ૧૧૮૧ મા પાર્શ્વનાથની પ્રતિમા સ્થપાએલી છે. વિ. ૬. ૨૧.

શિષ્યપરંપરા.

હર્ષનંદન નામના એક વિદ્વાન્ શિષ્ય તેમને હતા. તે શિષ્યે સં૦ ૧૬૭૩ માં 'મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ' તથા બીજો ગ્રંથ નામે 'ઋષિમંડલ સ્તવ' (મહર્ષિ સ્તવ) ગાથા ૨૭૧ નું,-તેના પર ૪૨૦૦ શ્લોકની ટીકા રચેલ હતી. ખરતર ગચ્છમાં લધ્વાચાર્યીય નામનો આઠમો ગચ્છભેદ ખ૦ જિનસાગરસૂરિએ સં૦ ૧૬૮૬ માં કર્યો હતો તે ગચ્છને હર્ષનંદને ઘણો વધાર્યો. વિશેષમાં હર્ષનંદને, તથા ખ૦ સુમતિકલ્લોલ એ બંનેએ મળીને તૃતીય જૈન આગમ નામે સ્થાનાંગ પરની વૃત્તિમાની ગાથાઓપર શ્લોક ૧૩૬૦૪ ની વૃત્તિ રચી હતી.

સમયસુંદરના શિષ્યના શિષ્ય નામે હર્ષકુશલ ગણિ (ઉપાધ્યાય) હતા કે જેણે સમયસુંદરની ભાષાકૃતિ નામે ધનદત્તની ચોપઇ પોતે સંશોધિત કરી હતી.

સમયસુંદરની શિષ્યપરંપરા અખંડપણે સં૦ ૧૮૨૨ સુધી તો ચાલી આવેલી હતી એ વાત સિદ્ધ છે. સં૦ ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિવસે તેમની શિષ્યપરંપરામાંના આલમચંદે 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' એ નામની પદ્યકૃતિ મક્ષુદાબાદમાં બનાવેલ છે તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં જણાવે છે કે:-

યુગવર શ્રી જિનચંદ સૂરીંદા, ખરતર ગચ્છ દિણંદાજી.
રીહડ ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદ્ગુરુ સુજસ લહંદાજી.
પ્રથમ શિષ્ય તસુ મહા વૈરાગી જિણુ મમતા સહુ ત્યાગીજી.
સકલચંદજી સકલ સોભાગી સમતા ચિત્તસું જાગીજી.
તાસુ સીસ પરગટ જગમાંહી સહૂ કોઇ ચિત્ત ચાહિજી.
પાઠક પદવીધર ઉચ્છાહિં સમયસુંદરજી કહાહિજી.
તાસુ પરંપરમે સુવિચારી ભયે વાચક પદ ધારીજી.
કુશલચંદજી બહૂ હિતકારી તાસુ શિષ્ય સુખકારી જી.
સદ્ગુરુ આસકરજી સુહાયા જગમે સુજસ ઉપાયાજી.
તાસુ શિષ્ય આલમચંદ કહાયા એ અધિકાર બણાયાજી.

આ રીતે સમયસુંદરની શિષ્યપરંપરામા કુશલચંદ ઉપાધ્યાય થયા, તેના શિષ્ય આસકરણજી અને તેના શિષ્ય આલમચંદ.

થંભણ—સ્થંભનક પાર્શ્વનાથ. હાલ ખંભાતમા. તેની પ્રતિમા અભયદેવસૂરિના સમયમા પ્રકટેલી.

અંતરિક્ષ પાર્શ્વનાથ—આકોલાથી લગભગ ૨૦ ગાઉ દૂર.

અજાવરો (અજાહરો) પાર્શ્વનાથ-કાઠિયાવાડના ઉના ગામ પાસે.

અમીઝરો પાર્શ્વનાથ—ડુઆમા (પાલણપુર તાલુકો.)

જીરાવલા પાર્શ્વનાથ (મારવાડ). નાડુલાઇ—મારવાડમાં. ગોડી પાર્શ્વનાથ-પારકરમાં. વરકાણા પાર્શ્વનાથ-મારવાડમાં.

સંસ્કૃત ભાષામાં કૃતિઓ.

કવિ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર અને અવગાહનાર હતા એ તેમના નીચેના ગ્રંથોપરથી જણાઇ આવે છે. આ ગ્રંથો ગૂર્જર ભાષા સિવાયના છેઃ–

ભાવશતક–શ્લોક ૧૦૧ સં૦ ૧૬૪૧.

રૂપકમાલા પર વૃત્તિ–શ્લો૦ ૪૦૦, સ૦ ૧૬૬૩ આ વૃત્તિ કવિના પ્રગુરુ ઉક્ત જિન-ચંદ્ર સૂરિના શિષ્ય રત્નનિધાન ગણીએ શોધી હતી.

કાલિકાચાર્ય કથા (સંસ્કૃત) સં૦ ૧૬૬૬.

સામાચારી શતક સં૦ ૧૬૭૨ મેડતામાં.

વિશેષ શતક (પત્ર ૬૭) સં૦ ૧૬૭૨ મેડતામાં, આનો ઉલ્લેખ કર્તાએ પોતાની ગાથાસહસ્રીમાં કર્યો છે. રચ્યા દિન પાર્શ્વજન્મ દિને.

વિચાર શતક (પત્ર ૪૫) સં૦ ૧૬૭૪.

[૧૯]અષ્ટલક્ષી સં૦ ૧૬૪૬ (રસ જલધિરાગ ગોસમેતે) લાહોર. આ **राजानो ददते सौख्यम्**–એ રીતના વાક્યના આઠ લાખ અર્થોવાળો ગ્રંથ છે. આનું બીજું નામ અર્થરત્નાવલિ છે. તે લાભપુર (લાહોર) માં પૂર્ણ કર્યો. (પી. રી. ૪ થો. પૃ. ૬૮–૭૩).

આ અષ્ટલક્ષી ગ્રંથ કવિએ સં૦ ૧૬૪૯ પહેલાં શરૂ કરી તે વર્ષમાં એક પુસ્તકના પ્રમાણનો કરી નાંખ્યો હોવો જોઇએ એમ જણાય છે. એટલું જ નહિ પણ તે વર્ષમાં શ્રી અકબર બાદશાહે ખુદ રાજસભામાં વાંચી સાંભળી આ પુસ્તક સ્વહસ્તે લઇ કવિના હાથમાં આપી તે રીતે પ્રમાણ–ભૂત કર્યો એવું પોતે આ ગ્રંથમાં જ જણાવે છેઃ—

संवति १६४९ प्रमिते श्रावण शुक्ल १३ दिने सन्ध्यायां कश्मीरदेश-विजयमुद्दिश्य श्री राजश्री रामदासवाटिकायां कृतप्रथमप्रयाणेन श्री अकब्बर-पातशाहिना जलालदीनेन अतिजात साहिजाने श्री सिलेम सुरत्राण सामंतमं-डलिकराजराजिविराजितराजसभायां अनेकवैयाकरणतार्किकविद्वत्तमभट्टसमक्षं अस्मद् गुरुवरान् युगप्रधानखरतर–भट्टारकश्रीजिनचन्द्रसूरीश्वरान् आचार्य

---

૧૯. આમાં પહેલા એક શ્લોકમાં સૂર્યદેવની સ્તુતિ કરી છે. તે ખાસ ધ્યાન ખેંચે છે. ત્યારપછી બીજા શ્લોકમાં બ્રાહ્મી–સરસ્વતીની સ્તુતિ કરી જણાવે છે કે 'રાજાનો દદતે સૌખ્યમ્' એ શ્લોકના એક પાદના મેં નિજબુદ્ધિની વૃદ્ધિ નિમિત્તે અર્થો કર્યા છે તેમાં તે પાદમાંના 'રાજા' નો અર્થ સૂર્ય પણ થાય છે એમ જણાવી સૂર્યદેવનાં નામો આપે છેઃ–

सावित्री भविता राजा विस्रजो विघृणो विराट् ।
सप्तर्चिः सप्ततुरगः सप्तालोकनमस्कृतः ॥

એમ સ્કંદપુરાણમાં શ્રી સૂર્યસહસ્ર નામમાં જણાવ્યું છે તેથી રાજા એટલે શ્રી સૂર્ય, નઃ એટલે અમને સૌખ્ય આપે છે.

આમ જૂદા જૂદા અર્થો દરેક શબ્દોના મૂકી આખા વાક્યનો અર્થ કરી, સર્વ મળી આઠ લાખ અર્થ કર્યા છે તે જણાવી છેવટે પોતાની પ્રશસ્તિ આપે છે.

श्रीजिनसिंहसूरिप्रमुखकृतमुखसुमुखशिष्यव्रातपरिकरान् असमानसन्मानबहुदानपूर्वं समाहूयायमष्टलक्षार्थी ग्रन्थो मत्पार्श्वाद् वाचयांचक्रेऽवक्रेण चेतसा। ततस्तदर्थश्रवणसमुत्पन्नप्रभूतनूतनप्रमोदातिरेकेण संजातचित्तचमत्कारेण बहुप्रकारेण श्रीसाहिना बहुप्रशंसापूर्वं 'पठ्यतां सर्वत्र विस्तार्यतां सिद्धिरस्तु' इत्युक्त्वा च स्वहस्तेन गृहीत्वा एतत् पुस्तकं मम हस्ते दत्वा प्रमाणीकृतोऽयं ग्रन्थः। अतः सोपयोगित्वात् श्रीसाहिनापि समुद्दिश्यार्थमाह-राजा श्री अकब्बरः नोऽस्मभ्यं सौख्य सुखं ददते प्रजानामिति।

એટલે—સંવત્ ૧૬૬૩ ના શ્રાવણ સુદ ૧૩ દિને સાંજે કાશ્મિર દેશપર વિજય કર્યો તે નિમિત્તે શ્રીરાજ શ્રી રામદાસ (આ રામદાસ તે જણાય છે કે જેણે સં૰ ૧૬૫૨ મા સેતુબંધ (રાવણવહો) ની ટીકા રચી છે અને જેને માટે પ્રાજ્યભટ્ટની (રાજતરંગિણીમા વિશેષ ઉલ્લેખ મળી આવે છે) વાડીમાં શ્રી અકબ્બર બાદશાહ-જલાલદીને પ્રથમ પ્રયાણ કરી અતિ ખાનદાન શાહજાદા શ્રી સલીમ (પાછળથી જહાંગીર બાદશાહ) સુલતાન સામંત મંડલિક રાજાઓથી વિરાજિત રાજસભામા અનેક વ્યાકરણીઓ તાર્કિક વિદ્વત્તમ ભટ્ટ-પંડિત સમક્ષ અમારા ગુરુવર યુગપ્રધાન ખરતર ભટ્ટારક શ્રી જિનચંદ્ર સૂરીશ્વરને આચાર્ય શ્રી જિનસિંહસૂરિ વગેરે આણેલા શિષ્યસમુદાય સહિતને અતિશય સન્માન આપીને બોલાવી આ અષ્ટલક્ષાર્થી ગ્રંથ મારી પાસે શુદ્ધ ચિત્તથી વંચાવ્યો, ત્યાર પછી તેના શ્રવણથી તેને અતિ નવીન પ્રમોદનો અતિરેક થતા ચિત્તમા ચમત્કૃતિ થતાં બહુ પ્રકારે શ્રી બાદશાહે બહુ પ્રશંસા કરી અને 'સર્વત્ર વાચી આનો વિસ્તાર કરો' એમ કહી સ્વહસ્તે તેને લઇને આ પુસ્તક મારા હાથમા આપી આ ગ્રંથ પ્રમાણભૂત કર્યો. પછી પોતે જેને અર્થ કરવા ચાહે છે તે પદ લઇ રાજા એટલે બાદશાહ અકબર તે નઃ એટલે આપણને પ્રજાને સૌખ્ય આપે છે. આ ગ્રન્થની અંતે કવિએ 'અકબર ગુણ વર્ણન અષ્ટક' મૂકેલ છે તે ખાસ અવગાહવા યોગ્ય છે.

વિસંવાદક શતક સં૰ ૧૬૮૫. આમા સૂત્રોઆદિમા પરસ્પર જે વિરોધ ભાસે છે તે બતાવ્યો છે.

सूत्र प्रकरण टीका प्रबंध संबंध चारु चरितेषु।
ये केऽपि विसंवादा दृष्टा एकीकृता इह ते ॥ પી. રી. ૩ પૃ. ૨૯૦.

વિશેષ સંગ્રહ સં૰ ૧૬૮૫ લૂણકર્ણસરમા.

ગાથાસહસ્રી સં૰ ૧૬૮૬ (પી. રી. ૩ પૃ. ૨૮૮).

આમા જમાલિ આદિ નિન્હવોની આવશ્યક ચૂર્ણિમાંથી ૧૬ ગાથા ટાંકી કહેલ છે કે 'આની વ્યાખ્યા સંબંધ સહિત મારા રચેલ વિશેષ સંગ્રહમાંથી વિદિત થશે.' આમાંની અનેક ગાથાઓ જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે ઉપયોગી થાય તેવી છે.

गाथाः कियत्यः प्रकृताः कियत्यः श्लोकाश्च काव्यानि कियंति संति।
नानाविध ग्रंथ विलोकन श्रमादेकीकृता अत्र मया प्रयत्नात् ॥

જયતિહુયણ નામના સ્તોત્રપર વૃત્તિ સં૰ ૧૬૮૭ પાટણમા.

આ રચવામા શ્રી જિનસિંહ સૂરિના શિષ્ય ઉપાધ્યાય સમયરાજ ગણિએ (મદ્વિદ્યૈક ગુરુ-કે જે મારા વિદ્યાગુરુનાજ શિષ્ય થાય) મારા પર અનુગ્રહ કરેલો છે એમ પોતે સ્વીકારે છે.

૨૦ દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થ વૃત્તિ. ટીકા શ્લો. ૩૩૫૦ સં૦ ૧૬૯૧ ખંભાતમાં.
વૃત્તરત્નાકર વૃત્તિ સં૦ ૧૬૯૪ જાલોરમા

૨૧ કલ્પસૂત્રપર કલ્પકલ્પલતા નામની વૃત્તિ શ્લો૦ ૭૭૦૦
નવતત્ત્વપર વૃત્તિ.

વીર ચરિત્ર સ્તવ નામના જિનવલ્લભસૂરિ કૃત સ્તવન પર ૮૦૦ શ્લોકની ટીકા, વીરસ્તવ વૃત્તિ (દુરિયરય સમીર વૃત્તિ)
સંવાદસુંદર ૩૩૩ શ્લો૦
ચાતુર્માસિક વ્યાખ્યાન.
રઘુવંશ વૃત્તિ (પત્ર ૧૪૫).

કવિ કાલિદાસકૃત રઘુવંશ નામનો ગ્રંથ જૈનોમાં સાહિત્ય અર્થે પઢાવવામા આવતો અને તેથી તેના પર વૃત્તિઓ પણ જૈન સાધુઓએ અનેક કરેલી જોવામાં આવે છે.

આ રીતે સંસ્કૃત ભાષામાં કૃતિઓ તેમણે કરી છે. વૃત્તિ–ટીકા ઉપરાંત અનેક ગ્રંથો સૂત્રો વાંચી તે સર્વેનું દિગ્દર્શન કરાવી તેમાં રહેલા વિસંવાદ શોધી પોતાનું બહુશ્રુતપણું દાખવ્યું છે.

ગૂર્જર ભાષાની પદ્યકૃતિઓ.

૧ ચોવીશી (૨૪ તીર્થંકરનાં સ્તવનો) સં૦ ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં. આને કવિએ ' ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ 'એ નામ આપ્યું છે. આની શુદ્ધ પ્રત આણંદજી કલ્યાણજી હસ્તકના પાલીતાણાના ભંડારમાં છે.

૨ શાંબપ્રદ્યુમ્ન પ્રબંધ રચ્યા–સં૦ ૧૬૫૯ વિજયાદશમી. ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથના પસાયથી.

ભાષામાં મોટો ગ્રંથ રચવાનો આ તેમનો પ્રયાસ છે એમ તે જણાવે છે.

---

૨૦. દશવૈકાલિક—સૂત્ર એ પ્રાચીન સય્યંભવ સૂરિકૃત જૈનાગમ છે તે પર પ્રસિદ્ધ હરિભદ્ર સૂરિએ ટીકા કરી છે. કર્તા કહે છે તેથી શિષ્યોને અર્થે શીઘ્રબોધ થાય તે હેતુથી સુગમ કરી છે. (મુદ્રિત સં૦ ૧૯૭૫).

૨૧. કલ્પસૂત્ર—એ પણ પ્રાચીન, ભદ્રબાહુકૃત જૈનાગમ છે. આ પરની કર્તાની ટીકા ડૉ૦ જેકૉબી (કે જેણે અંગ્રેજીમાં આ સૂત્રનો અનુવાદ કરેલો છે. જુઓ સેક્રેડ બુકસ ઓફ ધ ઇસ્ટ) ના કહેવા પ્રમાણે જિનપ્રભમુનિએ કલ્પસૂત્ર પર રચેલી સંદેહવિષૌષધિ નામની ટીકાનો માત્ર સંક્ષિપ્ત સાર–abstract–છે. આ જિનરાજસૂરિ (કે જેનું સૂરિપદ સં૦ ૧૬૭૪થી મરણ સં૦ ૧૬૮૬ સુધી રહ્યું)ના રાજ્યમાં ને જિનસાગર સૂરિના યૌવરાજ્યમાં લૂણકર્ણસર ગામમાં આરંભ કરીને તે જ વર્ષમાં રીણીપુરમાં પૂર્ણ કરેલ છે. તેથી આ રચના સં૦ ૧૬૭૪ થી ૧૬૮૬ ની વચમાં કરી છે ને તે દરમ્યાનમાં લૂણકર્ણસરમાંજ સં. ૧૬૮૫ માં પોતે હતા તે વિશેષ સંગ્રહનાં રચનાકાલ અને સ્થલ પરથી જણાય છે. તેથી આ રચના સં૦ ૧૬૮૫ માં જ પૂર્ણ થયેલી છે.

શક્તિ નહી મુઝ તેહવી બુદ્ધિ નહી સુપ્રકાશ
વચનવિલાસ નહી તિસ્યઉ એ પણિ પ્રથમ અભ્યાસ.

કૃષ્ણના કુંવર શાંબ અને પ્રદ્યુમ્ને આખરે નેમીશ્વર પાસે દીક્ષા લીધી અને વિમલગિરિ પર સંલેખના કરી મોક્ષે ગયા. આ બંનેનો અધિકાર આઠમા અંગમાંથી (અંતકૃત દશાંગ–અંતકૃત એટલે તદ્દભવ મુક્ત થનાર–ચરમભવી મહાત્માઓ સંબંધીનું સૂત્ર) લઇ આ પ્રબંધ બે ખંડમાં રચ્યો છે. ગાથા ૫૩૫, ઢાલ ૨૧, શ્લોક ૮૦૦ છે અને તે જેસલમેરના વતની નાનાવિધશાસ્ત્ર વિચાર રસિક લોઢા સા૦ સિવરાજની અભ્યર્થનાથી રચેલો છે એવું એક જૂની પ્રતમાં લખેલું છે. સં૦ ૧૬૭૦ થી લખેલી સારી અને જુની પ્રત લીંબડીના ભંડારમા મોજુદ છે.

૩ દાન શીલ તપ ભાવના સંવાદ. P (અથવા સંવાદ શતક)[૨૨] સં૦ ૧૬૬૨ સાંગાનેરમાં ' પદ્મપ્રભુ સુપસાઉલે '—

જૈનના ધર્મના ચાર પ્રકાર નામે દાન, શીલ, તપ અને ભાવના જણાવ્યા છે–તે દરેક પોતપોતાને વડો માને છે અને એ રીતે ચારે પોતપોતાના ગુણ ગાઇ પોતપોતાથી કેટલા સુખી અને સિદ્ધ થયા તે જણાવી તકરાર કરી આપવડાઇ, વીરની પરિષદૂમાં, વીર પ્રભુ પાસે કહે છે ત્યારે છેવટે વીર સમાધાન કરી જણાવે છે કેઃ—

કો કેહની મ કરો તુમ્હે નિંદા ને અહંકાર
આ આપણે ઠામે રહો સહુકો ભલો સંસાર
તોપણ અધકો ભાવ છે, એકાકી સમરત્થ
દાન શીલ તપ ત્રિણે ભલા, પણ ભાવ વિના અકયત્થ.
અંજન આખે આંજતા, અધિકો આણી રેખ
રજમાંહે તજ કાઢતાં, અધિકો ભાવ વિશેષ.

૪ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ. P માર્ સં૦ ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગ્રામાં.

પ્રત્યેક બુદ્ધ થઇ સિદ્ધ થયેલ જૈન કહેલા કરકંડુ, દુર્મુખ, નેમિરાજ અને નર્ગતિ (નિગ્ગઇ) એ ચાર સંબંધી ચાર ખંડમાં આ રાસ વિભક્ત છે. પ્રત્યેક ખંડ સં૦ ૧૬૬૪ મા પૂર્ણ કર્યો છે પણ દરેકની તીથિ જુદી જુદી છે. ૧ કરકંડુ પરનો સં૦ ૧૬૬૪ ફાગણ સિદ્ધિયોગ બુધવારે. ઢાલ ૧૦, ગાથા ૧૮૭, શ્લોક ૨૫. ૨ દુમુહપર ચૈત્ર વદ ૧૩ શુક્ર. ઢાલ ૮. ૩ નેમિરાજ પર–તીથિ નથી જણાવી ઢાલ ૧૭. ૪ નિગ્ગઇ પરનો માર્ સંવત ૧૬૬૫ જેઠ શુદ ૧૫ આગ્રામા 'વિમલનાથ પસાઉલે' સાન્નિધ્ય 'કુશલસૂરીંદ'; ઢાળ ૯. આ ચારે

આ P ચિન્હ મુદ્રિત થયેલ ગ્રંથ સૂચવે છે.

૨૨. કોઇક પ્રતમાં પાઠાંતર બાસઠ ને બદલે છાસઠ છે. પણ ઘણી પ્રતોમાં બાસઠ છે તેથી તે જ પાઠ યોગ્ય લાગે છે. આ સંવાદને 'સંવાદશતક,' કર્ત્તાએ પોતે એક ઠેકાણે કહેલ છે. પોતાની સીતારામ ચોપાઇમાં એક ઢાલનો રાગ મૂકતાં જણાવ્યું છે કે "રાગ ધન્યાસિરી–સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે (કે જે આ સંવાદમાં બીજી ઢાલમાં શીલ કહે છે) એ સંવાદ શતકની બીજી ઢાલ." કુલ ૫ ઢાલ છે અને ૫૦ કડી છે. આ સંવાદ સજ્ઝાયમાળા અને રત્નસમુચ્ચયમાં મુદ્રિત થયેલ છે.

ખંડ નાગડ ગોત્રના સંઘનાયક સૂરશાહના આગ્રહથી રચ્યા છે. આખો રાસ અતિ સુંદર અને રસમય છે. મદનરેખા (મયણરેહા) સંબંધી આખ્યાન ત્રીજા ખંડમાં અંતર્ગત થાય છે. મુંબઇના શ્રાવક ભીમસી માણેકે આ મુદ્રિત કરેલો છે. ચાર પ્રત્યેક બુદ્ધ પર તિલકાચાર્યકૃત ૨૧૫ પત્રમાં, ૧૧૩૮ શ્લોકમાં, ૬૦૦ શ્લોક અને ૩૫૦ શ્લોકમાં રચાયેલી એમ ચાર પુસ્તકરૂપે કથાઓ જૈન ગ્રંથાવલીમા નોધાઇ છે.

૫ પોષધવિધિ સ્તવન. (એક નાની કવિતા) સં૦ ૧૬૬૭ માગશર શુદ ૧૦ ગુરુ. મરોટમા.

૬ મૃગાવતી ચરિત્ર રાસ–ચોપઇ . સં૦ ૧૬૬૮ મુલતાનમા.

વત્સદેશની રાજધાની કૌશામ્બીના રાજા શતાનીકની રાણી અને ઉદાયનની માતા મૃગાવતી પતિ પોતાના પુત્રને સગીર મૂકી સ્વર્ગસ્થ થતાં પોતે રાજ્ય ચલાવે છે તે વખતે તેના પર આસક્ત બની અવંતીનો રાજા ચંડપ્રદ્યોત આક્રમણ કરે છે, પણ તેને સમજાવી રાજ્યને દુર્ગઆદિથી પ્રબલ કરી આખરે મહાવીર ભગવાન્ પાસે પોતે દીક્ષા લે છે. આ પ્રમાણે શીલ સાચવી પુત્રહિતાર્થે રાજ્યવ્યવહાર કરી ધર્મ વૈરાગ્ય પામી મુક્તિ મેળવે છે; તે જૈન સતી પર આ સુંદર આખ્યાન છે. જુદી જુદી ગુજરાતી, મરૂધરની, સિંધી, પૂર્વની નવી નવી ઢાળોમાં ત્રણ ખંડોમાં આ 'મોહનવેલી' ચોપઇ રચેલી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાળ, ગાથા ૨૬૬ અને બીજામા પણ ઢાળ ૧૩, ગાથા ૨૬૬, ત્રીજામાં ઢાલ ૧૨, ગાથા ૨૧૧ છે. મૂળ જેસલમેર નિવાસીને મુલતાનવસતા રીહડ ગોત્રના કરમચંદ શ્રવક વગેરે માટે મુલતાનમાં કે જ્યાં 'સિંધુ શ્રાવક સદા સોભાગી ગુરુગચ્છ કેરા બહુરાગી' સિંધી શ્રાવકો વસતા હતા ત્યાં રચેલ છે.

આ રચનાની પહેલાં પોતે સાંબપ્રદ્યુમ્નની ચોપઇ રચી હતી એવું આના મંગલાચરણમા જ જણાવ્યું છે.

૭ કર્મ છત્રીશી–P સં૦ ૧૬૬૮ માહ શુદ ૬ મુલતાનમાં ૩૬ કડીનું કર્મવશ સર્વ જીવ છે એમ જણાવી તે માટેનાં દૃષ્ટાંત આપ્યાં છે. (પ્ર૦ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ પુના.)

૮–૧૦ પુણ્ય છત્રીશી (સં૦ ૧૬૬૮ સિદ્ધપુર) શીલ છત્રીશી. અને સંતોષ છત્રીશી { સં૦ ૧૬૬૯ દરેકમાં ૩૬ કડી

૧૧ ક્ષમા છત્રીશી P નાગોરમાં.

(આદરજીવ ક્ષમા ગુણ આદર એથી શરૂ થતું ૩૬ કડીનું પ્રસિદ્ધ કાવ્ય.)

૧૨ સિંહલ સુત પ્રિયમેલક રાસ. [૨૩] સં૦ ૧૬૭૨ મડેતામાં.

---

૨૩ આમાં પ્રાચીન સુભાષિત મૂકેલ છે કેઃ—

યતઃ—ઘરિ ઘોડો નંઇ પાલો જાય, ઘરિ ધેણુ ને લૂખઉ ખાય,
ઘરિ પલ્યંકને ધરતી સુઇ, તિણુરી બઇયરિ જીવતાને રૂઇ.

આની પ્રત મારી પાસે છે. પત્ર ૧૧. પંક્તિ ૧૩. બીજી પ્રતો ધોરાજીના સર્વજ્ઞ મહાવીર ભંડાર, તેમજ ગારીયાધરના, પાલણપુરના ભંડારોમાં છે.

દાન વિષય ઉપર આ આખ્યાન છે. સાધુને દાન દેવાથી સિંહલસુત સિંહલસિંહ કેવાં સુખ પામે છે તે અને તેમાં પ્રિયમેલક નામના તીર્થનું માહાત્મ્ય જણાવી તે ઉત્તમ શ્રાવક તરીકે ધર્મના રૂડા કામ કરે છે અને સમાધી મૃત્યુ પામી સુરપદવી લહે છે એ બતાવ્યું છે. ઢાલ ૧૦ છે. આ પોતાની સ્વકલ્પિત કથા લાગે છે.

૧૩ નલદમયંતી રાસ. સં૦ ૧૬૭૩ વસંત માસમાં મેડતામા.

કવિ પ્રેમાનંદે નલાખ્યાન રચ્યું છે, તેની પહેલાના સૈકામાં કવિ સમયસુંદરે જૈન કથામાં નિરૂપેલું નલદમયંતી ચરિત્ર પરથી ભાષામાં આ રસમય રાસ રચ્યો છે. [૨૪]તિલકાચાર્ય કૃત દશવૈકાલિક વૃત્તિ અને પાંડવ નેમિ ચરિતમાથી અધિકાર ઉદ્ધરી 'કવિયણ કેરી કિહાં કણિ ચાતુરી' કેળવી છ ખંડમા, સર્વ ગાથા ૯૧૩, શ્લોક સંખ્યા ૧૩૫૦, અને ઢાલ ૩૮ મા રચના કરી છે, આની પ્રત મુંબઇની મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં; આણંદજી કલ્યાણજીના પાલીતાણાના ભંડારમાં, લીંબડીના ભંડાર વગેરે સ્થળે વિદ્યમાન છે.

૧૪. પુણ્યસાર ચરિત્ર. સં૦ ૧૬૭૩ આની પ્રત મને પ્રાપ્ત થયેલ નથી.

૧૫. રાણકપુર સ્તવન સં૦ ૧૬૭૬ માગશર, રાણકપુરમાં.

મારવાડમાં સાદડી પાસે રાણકપુરમા સોમસુંદરસૂરિથી પ્રતિષ્ઠિત થયેલું ૯૯ લાખ ખર્ચી ધનાશા પોરવાડે સં૦ ૧૪૬૧ માં બંધાવેલું અતિ ઉત્તમ અને શિલ્પકારીગરીથી ભરપૂર અનેક સ્તંભોવાળું 'ત્રિભુવનદીપક' નામનું મંદિર વિરાજે છે. તેની કવિએ જાત્રા કરી તેના ટુંક વર્ણન રૂપે આ સ્તવન રચ્યું છે. ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુમુખ (ચોમુખ) પ્રતિમા, ૮૪ દેરી, ભોંયરાં. ત્યાં ખરતર વસતિ–દેહરૂં છે.

૧૬. વલ્કલચીરી રાસ. સં૦ ૧૬૮૧ જેસલમેરમાં.

ઉપરોક્ત જેસલમેરી કર્મચંદ મુલતાનમાં વસતો હતો તેના આગ્રહથી આ પણ રાસ રચ્યો છે. આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરાના ભંડારમાં છે અને લીંબડીના ભંડારમા છે.

૧૬અ. એકાદશી (મૌન એકાદશી) નું વૃદ્ધ (મોટું) સ્તવન.P સં૦ ૧૬૮૧ જેસલમેર પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૧૭૨–૩.

૧૭. વસ્તુપાલ તેજપાલનો રાસ. સં૦ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬) તિયરી પુરમાં.

આ એક બહુ ટૂકી કૃતિ છે. આમાં વસ્તુપાલ અને તેજપાલ જે ગૂર્જરરાજ વીરધવ-

---

૨૪. તિલકાચાર્ય–શ્રી ચંદ્રપ્રભ–ધર્મઘોષ–ચક્રેશ્વરસૂરિ–શિવપ્રભસૂરિ અને તેના શિષ્ય. તેમણે આવશ્યક સૂત્ર લઘુવૃત્તિ ૧૦૬૫૦ શ્લોકમાં સં. ૧૨૯૬ માં, ચૈત્યેવંદના વંદનક પ્રત્યાખ્યાનવૃત્તિ શ્લો. ૫૫૦, શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ શ્લો. ૨૦૦, સાધુપ્રતિક્રમણવૃત્તિ શ્લો. ૨૯૬, ઉક્ત દશ વૈકાલિક સૂત્રવૃત્તિ શ્લોક ૭૦૦૦, સં. ૧૩૪૬ માં જીતકલ્પવૃત્તિ શ્લો. ૧૭૦૦, સં. ૧૨૭૪ માં, શ્રાદ્ધજીતકલ્પ મૂળગાથા ૩૬ અને તેના પર સ્વોપજ્ઞવૃત્તિ શ્લો. ૧૧૫, પૌર્ણમિક સામાચારી શ્લો. ૨૫૦૦, નેમિનાથ ચરિત્ર શ્લો. ૩૫૦૦ અને પ્રત્યેક બુદ્ધ ચતુષ્ટય કથા રચેલ છે. આ પૈકી છેલ્લો ગ્રંથ પણ કવિએ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ રચતાં કદાચ જોયો હોય.

લના પ્રખ્યાત શૂરવીર જૈન મંત્રીઓ થયા તેમણે જે દેવળ કર્યાં તેનો તથા બીજાં ધર્મકાર્યો કર્યાં તેનો ટુંક અહેવાલ છે. આની પ્રત મેં લખી લીધેલી છે. એક પ્રત ફાર્બસ સભા પાસે છે.

૧૮. શત્રુંજય રાસ. P. સં૦ સં૦ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬)[૨૫]નાગોરમાં શ્રાવણ વદમાં. આ રાસ ટૂંકો છે. તેમાં લખ્યું છે કે સં૦ ૪૭૭ માં ધનેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય નામનો ગ્રંથ શિલાદિત્ય પાસે હજુર કર્યો (આ એક દતકથા છે) તેનો કંઇક આધાર આમાં લીધો છે. આમાં પહેલી ઢાલમાં શત્રુંજયનાં ૨૧ નામ, પછી તેનું પ્રમાણ; બીજી ઢાલમાં ત્યાં સિદ્ધ થયેલાનાં નામ, ત્રીજી તથા ચોથી ઢાલમાં ઉધ્ધાર વર્ણવેલાં છે. પછી માહાત્મ્ય બતાવી પાંચમી ઢાલમાં ત્યાં પાપનું આલોયણ (આલોચના) કરતાં છુટકો થાય છે એ બતાવી છઠી ઢાલમાં ત્યાના દેવળોનું ટુંક વર્ણન કરી–ચૈત્ય પ્રવાડિ વર્ણવી જણાવે છે કે—

ચૈત્ય પ્રવાડિ ઇણુ પર કરીએ, સીધા વંછિત કામ.
જાત્રા કરી શેત્રુંજ તણીએ, સફલ કિયો અવતાર
કુશલ ક્ષેમશું આવિયોએ, સંઘ સહૂ પરિવાર—

આ રીતે સંઘ સાથે પોતે જાત્રા કરી કુશલક્ષેમ આવ્યા ને ત્યાર પછી સં. ૧૬૮૨ માં નાગોરમાં આ રાસની રચના કરી. તો આ સંઘ કયો તે અંદર જણાવેલ સોમજીશાહ-

વંશ પોરવાડે પરગડો એ સોમસી' સાહ મલાર
રૂપજી સંઘવી કરાવીઓ એ, ચૌમુખ મૂલ ઉદ્ધાર

નો સંઘ કદાચ હોય એવી કલ્પના થવા સંભવ છે. કારણ કે તે અમદાવાદના શેઠ સોમજી સવાઇએ સં૦ ૧૬૭૫ માં આ ચૌમુખની ટોંક બંધાવી. તેમાંના બહારના ભાગને ખરતરવસહિ અને અંદરના ભાગને ચૌમુખ–વસહિ કહે છે. મીરાતે–અહમદી કહે છે કે આ મંદિર બંધાવવામાં ૫૮ લાખ રૂપીઆ લાગ્યા હતા.

(રત્નસમુચ્ચયમાં પૃ. ૨૭૦ થી ૨૮૦ ને પાને પ્રસિદ્ધ થયેલ છે. છેલ્લી પ્રશસ્તિ આમાં છે તેથી વધારે ૧૯ મી કડી પછી ત્રણ કડી બીજી પ્રતમાં વિશેષ છે. તેમાં જણાવેલ છે કે આ રાસ શત્રુંજય માહાત્મ્ય સાંભળી તે અનુસાર રચ્યો છે અને તે જેસલમેરથી ભણશાલી થિરે શત્રુંજયનો સંઘ કાઢયો હતો, તો આ થિરનો સંઘજ ઉપર જણાવેલ કુશલક્ષેમથી આવેલ સંઘ હોવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે.)

૧૯ સીતારામ પ્રબંધ ચોપઇ. સં૦ ૧૬૮૩ મેડતામાં.

આ રાસ ઘણો મોટો છે અને જૈન રામાયણ આખી તેમાં મૂકી છે. અમા પ્રથમ જ પોતે આની અગાઉ ચાર રાસ રચ્યા છે તેમાં 'હે સરસ્વતિ તેં મદદ કરી હતી તેમ આમાં પણ મદદ કરજે' એવું જણાવે છેઃ—

સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ
માતા દે જે મુજઝને કરૂં વચન વિલાસ;

---

૨૫. બાસી અને છાસીઃ એમ તેમ બાસઠ અને છાસઠ ...એમ પાઠાંતર બા અને છા એકબીજાને બદલે લખાઇ જવાના હસ્તદોષથી સંભવે છે. આ બંને રાસો માટે જુઓ ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી પૃ. ૪૭ અને પૃ. ૬૭.

સંબ પ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેક બુદ્ધ પ્રબંધ (૨)
નલ દવદંતી (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સંબંધ.

આઇ તું આવી તિહાં સમયીં દીધો સાદ,
સીતારામ સંબંધ પણિ સરસતિ કરે પ્રસાદ.

આ પદ્મ ચરિત્ર (પઉમ ચરિયમ્)—સીતાચરિતના આધારે રચેલ છે. હિન્દુ રામાયણમાંથી અનેક આખ્યાનો જૂદા જૂદા હિન્દુ કવિએ લખેલાં છે. કવિ કહે છે કે—

જિનશાસન શિવશાસને સિતારામ ચરિત્ર સુણીજેરે
ભિન્નભિન્ન શાસન ભણી કો કો વાર્તા ભિન્ન કહિજેરે.

આ નવ ખંડમાં લગભગ ૩૭૦૦ ગાથાનો આ રાસ, ગોલછા ગોત્રીય પ્રસિદ્ધ રાયમલના પુત્રરત્ન અમીપાલ અને નેતસી, તથા ભત્રીજા રાજસીના આગ્રહે રચેલો છે. તેમાં કવિએ ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી, દિલ્હી વગેરે અનેક સ્થળોમાં ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં પોતાની દેશીઓ બનાવી કાવ્યચાતુરી એવી કુશલતાથી રસને ખીલવી બતાવી છે કે ન પૂછો વાત. આ કૃતિ તો કવિની અદ્‌ભુત થઇ છે અને તે ગૂર્જર કવિ શિરોમણી પ્રેમાનંદથી અનેકધા ટક્કર મારી કેટલીક બાબતમાં ચઢી જાય છે. કવિ પોતે આ કૃતિને માટે મગરૂર છે એમ તે છેલ્લે જે જણાવે છે તે પરથી સ્પષ્ટ થશેઃ—

સીતારામની ચોપાઇ જે હુંઇ તે વાંચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચોરે
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સુઘડો સમજી લેજ્યો રે,
જે જે રસ પોષ્યા ઇહાં, તે ઠામ દેખાડિ દેજ્યો રે–
કે કે ઢાલ વિષમ કહિ તે, દુષણ મત દ્યો કોઇ રે,
સ્વાદ સાબૂણી જે હુવે તે લિંગ હદે કદે ન હોઇ રે–
જે દરબારે ગયો હુસે ઢુંઢાડિ મેવાડિ ને ઢિલ્લી રે,
ગુજરાત મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે–
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવી કથા, સાભલતાં શાબાશ દેશો રે–

આ રસ ખાસ પ્રકટ કરવા યોગ્ય છે. દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડવાળા પાસેથી આની પ્રત મને જોવા મળી હતી. તેઓ પ્રકટ કરવા ઇચ્છતા હોય એમ જણાતું હતું, પણ આને ત્રણ ચાર વર્ષ થયા છતાં કંઇપણ તે માટે પ્રયાસ થયો નથી જણાતો તે શોચનીય છે. આ રાસની કવિસ્વહસ્તલિખિત પ્રત આગ્રાભંડારમાં છે.

૨૦ બારવ્રતરાસ સં. ૧૬૮૫
૨૧ ગૌતમપૃચ્છા સં. ૧૬૮૬
૨૨ થાવચ્ચા ચોપાઇ સં. ૧૬૯૧
[થાવચ્ચા પુત્ર કથા શ્લોકબદ્ધ પત્ર ૧૧ ની જૈનગ્રંથાવલીમાં નોંધાયેલી છે.]
૨૩ ચંપક શ્રેષ્ઠીની ચોપાઇ સં. ૧૬૯૫ જાલોરમાં.

આ અનુકંપાદાન ઉપર કથાનક છે. પોતાના અધિક સ્નેહી શિષ્યના આગ્રહથી, બે ખંડ. કુલ ગાથા ૫૦૬. ગ્રંથાગ્રંથ શ્લો. ૭૦૦. પ્રત આણંદજી કલ્યાણજીના તથા ધોરાજીના ભંડારમાં છે.

આમાં એ પણ બતાવ્યું છે કે સરજત ઉપર આધાર રાખનાર હોય છે પણ ઉદ્યમ અને ભાવી બંનેને- ભાવી કરતાં ઉદ્યમ અધિકું છે.

'સહુ કો લોક લહઇં છઇ સરજ્યું, તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, સમયસુંદર કહઇ સાચું.

[ચંપકશ્રેષ્ઠિ કથા એ નામથી (૧) ૩૫૫ શ્લોકમાં, (૨) જયસોમ (કવિ સમય-સુંદર સાથે જેણે ઉપાધ્યાય પદ લીધું તે ગુણવિનયના ગુરુ) કૃત, (૩) વિમલગણિ કૃત, એમ ત્રણ જૈન ગ્રંથાવલિમાં નોંધાએલ છે.]

૨૪ ધનદત્ત ચોપાઇ સં० ૧૬૯૬ આસો માસ. અમદાવાદમાં.

આ વ્યવહારશુદ્ધિ પર કથાનક છે. શ્રાવકે વ્યવહારમાં કેવી રીતે વર્ત્તવું એ આનો ઉદ્દેશ છે. શુદ્ધ વ્યવહાર—ચોખવટભર્યો વ્યવહાર કયો તે કવિ બતાવે છે. શ્રાવકના ૨૧ ગુણ ગણાવે છે.

વિણજ કરતઉ વાણીયઉ, સાહજી, ઓછું નાપઇ ટાંક,
અધિકું પિણ તોલઇ નહી, સાહજી, મનમાંહિ આણઇ સાંક—
સુણઉ રે ભવિકજન, શ્રાવક ગુણ ઇકવીસ ઇણિ પરઇ-
સખર વચન ન કહઇ નિખર, સા० નિખર સખર ન કહેઇ
જિણ વેલા દેવું કહ્યું, સા० તિણિ વેલા તે દેહ—સુ०
ઝુઠું કદિ બોલઇ નહિ, સા० સાચું કહઇ નિતમેવ,
પહિલઉ વ્યવહાર શુદ્ધિ ગુણ, સા० ઇમ કહ્યુ અરિહંતદેવ. સુ०

લગભગ દોઢસો ટુંકનો આ રાસ છે. આની પ્રત અમદાવાદમાં, ધોરાજી અને પાટણના ભંડારમાં છે. પાટણના હાલાભાઇના ભંડારના ડાબડા ૮૨ માં પત્ર ૯ ની આ રાસની એક પ્રત છે તેની અંતે લખ્યું છે કે 'સર્વ ગાથા ૧૬૧ શ્રી. સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલ ગણિના સંશોધિતા. સા. હરજી ધનજી સુશ્રાવિકાગ્રહેણુ.' પત્ર ૯. આ પરથી જણાય છે કે કવિની શિષ્યપરંપરા હતી અને તે પૈકી તેના શિષ્યના શિષ્યનું નામ પંડિત હર્ષકુશલ હતું.

[ધનદત્ત કથા (૧) શ્લોકબદ્ધ પત્ર ૨૪, (૨) ગદ્યમાં પત્ર ૧૦, (૩) પત્ર ૧૭ માણિક્યસુંદર કૃત, (૪) ૩૩૦ શ્લોકની, એમ ચાર અને સૌથી પ્રાચીન તાડપત્રમાં લખેલી અમરચંદ્ર કૃત એમ પાંચ જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૫ સાધુવંદના સં० ૧૬૯૭ (લીં० ભંડાર)

૨૬ પાપ છત્રીશી સં० ૧૬૯૮ અહિમદપુરમાં. (પૂરણચંદજી નહાર પાસે પ્રત છે).

૨૭ સુસઢ રાસ—આ પ્રાપ્ત થયેલ નથી. [મૂળ આ કથા પ્રાકૃતમાં દેવેંદ્રસૂરિ કૃત ૫૩૭ ગાથામાં અને બીજી પ્રાકૃતમાં ૬૫૦ ગાથા, જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૮ પુણ્યાઢ્ય રાસ (ડહેલાનો ઉપાસરો તથા રત્નવિજયજીનો ભંડાર. અમદાવાદ)

૨૯ પુંજા ઋષિનો રાસ.

નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિમાં થએલા એક મુનિના તપનું વર્ણન કરવા સમયસુંદર ઉપાધ્યાયે આ રાસ કરેલો જણાવ્યો છે. પાર્શ્વચંદ્રસૂરિ સંતાનીય વિમલચંદ્રસૂરિ થયા તેની પાસે પુંજા મુનિએ રાજનગરમા વિ. સં૦ ૧૬૭૦ માં અષાઢ શુદિ ૯ ને દિને દીક્ષા લીધી, અને ત્યાર પછી ઉગ્ર તપ ક્રિયા કરી ૧૨૩૨૨ (?) ઉપવાસ કર્યા અને બીજાં અનેક તપ કર્યા. આ સર્વ તપની સંખ્યા વગેરે ઉક્ત રાસમા આપી છે.

આ સિવાય કવિએ અનેક સ્વાધ્યાયો (સઝાયો), સ્તવનો, પદ વગેરે ટુંકી કવિતાઓ રચેલી છેઃ—

સઝાયો—મહાસતી યા મહાપુરુષો પર લખેલી, અને બીજી વૈરાગ્યોપદેશક સઝાયો એમ બે પ્રકારે છે.

(૧) રાજુલની સઝાય. (પ્રથમ ચરણ–રાજુલ ચાલી રંગશું રે)
ગજસુકુમાલ સ૦ (નયરી દ્વારામતિ જાણિયેજી)
અનાથી મુનિ સ૦ (શ્રેણિક રયવાડી ચડયો)
બાહુબલિ સ૦ (રાજતણા અતિ લોભિયા...વીરા મ્હારા ગજથકી ઉતરો)
ચેલણા સ૦ (વીર વાંદી વલતાં થકાંજી......વીરે વખાણી રાણી ચેલણાજી)
અરણક મુનિ સ૦–(અરણિક મુનિવર ચાલ્યો ગોચરી)
કરકંડુ સ૦–(ચંપા નગરી અતિ ભલી, હું વારી લાલ)
નમિરાજર્ષિ સ૦. પ્રસન્નચંદ રાજર્ષિ સ૦ સ્થૂલભદ્ર સ૦
મેઘરથ રાય સ૦–દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય–રૂડારાજા...ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણ...)
શાલિભદ્ર સ૦ (પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવર દાન...)
ભૂદેવ–નાગિલાની સ૦ (અર્ધ મંડિત ગોરી નાગલા રે–આ દેશી વિનય વિજય અને યશોવિજય કૃત શ્રીપાળરાસમા લેવાઇ છે) અપ્રગટ.
ધનાની સઝાય–(જગિ જીવન વીરજી, કવણ તમારો શીષ)–અપ્રકટ.

(૨) નિંદા પર–(નિંદા મ કરજો કોઇની પારકી રે)
માયા પર–(માયા કારમીરે માયા મકરો ચતુર સુજાણ.)
દાનશીલ તપ ભાવ પર– (રે જીવ જિન ધર્મ કીજીએ.)

ધોબીડા પર–(ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે)
પંચમઆરાપર–

(શ્રાવકના) એકવીસ ગુણે સ૦ (પુરણચંદજી નહાર–કલકત્તા પાસે પ્રત છે)—આ કદાચ વ્યવહાર શુદ્ધિ રાસનો ભાગ હોય.

સ્તવનો

(૧) મુનિસુવ્રત સ્વામી સ્ત૦ (પખવાસાનું સ્ત૦)—૧૫ દિવસના ઉપવાસ કરવાના તપ ઉપર–(જંબૂદ્વીપ સોહામણો, દક્ષિણ ભરત ઉદાર.)

ઋષભદેવ સ્તવન.

તીર્થમાલા સ્તવન (શત્રુંજયે ઋષભ સમોસર્યા).

રાણકપુર સ્ત૦ સં૦ ૧૬૭૬ (રાણકપુર રળિયામણું રે...શ્રી આદીશ્વર દેવ મન મોહ્યું રે

અષ્ટાપદ ગિરિ સ્ત૦ (મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશિદીસજી)

સીમંધર સ્ત૦ (ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી.)

શત્રુંજય મંડળ શ્રી આદિનાથ સ્તવન-સં૦ ૧૬૯૯ માં કવિના હાથનું લખાયેલું પંડિત લાલચંદ પાસે છે. "સંવત સોલ ૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને લિષિતં ।। સ્વયમેવ" એમ છેલ્લે ઉલ્લેખ છે. તેમાંની ૨૨ મી કડી-

ચંચલ જીવ રહે નહીંજી રાચઇ રમણી રૂપ;
કામ વિટંબણ સી કહુંજી તું જોણઇ તે સરૂપ

તે જિનહર્ષે પોતાના 'આદિજિન વિનતિ' સ્તવનમાં થોડા ફેરફાર સાથે લીધી જણાય છે,

(૨) પંચમી તપ પર લઘુ સ્ત૦-(પંચમી તપ તમે કરો રે પ્રાણી.)

પંચમી તપ પર વૃદ્ધ (મોટું) સ્ત૦-ઢાલ ૩ નું (પ્રણમી શ્રી ગુરુપાય, નિર્મલ જ્ઞાન ઉપાય) જ્ઞાન પંચમી એ જૈનોમાં જ્ઞાન વૃદ્ધિ અર્થે એક ધાર્મિક પર્વ છે. આમાં જણાવ્યું છે કે—

જ્ઞાન વડો સંસાર, જ્ઞાન મુગતિ દાતાર,
જ્ઞાન દીવો કહ્યો એ, સાચો સદ્દહવો એ.
જ્ઞાન લોચન સુવિકાશ, લોકાલોક પ્રકાશ,
જ્ઞાન વિના પશુ એ, નર જાણે કિસ્યું એ.

એકાદશી વૃદ્ધ સ્ત૦ ૧૩ કડીનું. (સમવસરણ બેઠા ભગવંત, ધરમ પ્રકાશે શ્રી અરિહંત).

મૌન એકાદશી નામના ધાર્મિક પર્વ પર જેસલમેરમાં સં૦ ૧૬૮૧

ઉપધાન તપ સ્ત૦-(શ્રી મહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી.)

પોષધવિધિ સ્ત૦—

(૩) વિનતિ એટલે સંબોધન રૂપે આપવીતિ- સ્વદોષ જણાવી પ્રભુની કરુણા અને દયા માંગવા માટે જેમાં આર્જવ પૂર્વક વિનતિ કરવામાં આવી છે તેવાં વિનતિ સ્તવનો.

મહાવીર વિનતિ સ્ત૦ (વીર સુણો મોરી વિનતિ, કરજોડી હો કહું મનની વાત)

આ જેસલમેરમાં વાચનાચાર્ય પોતે હતા ત્યારે બનાવ્યું છે.

અમરસરપુર મંડન શીતલનાથ વિનતિ સ્ત૦

(મેરા સાહેબ હો, શ્રી શીતલનાથ કિ, વિનતિ સુણો એક મોરડી)

આલોયણ (આલોચના) રૂપે વિનતિ સ્ત૦

(૪) છંદ- પાર્શ્વનાથ છંદ (આપણ ઘર બેઠાં લીલ કરો.)

(૫) દાદાજી સ્ત૦ (ખરતર ગચ્છમાં પોતાની ગુરુપરંપરામાં થયેલ જિન કુશલ-સૂરજી 'દાદાજી' તરીકે ઓળખાય છે. ઘણા ચમત્કારી હોઇ તેમને સમરતાં

ઘણાને પરચા આપ્યા છે એમ મનાય છે. એવો પરચો કવિને મળ્યો હતો તેવું આ સ્તવનમાં જણાવેલ છે, તેમજ પોતાની કૃતિમાં પણ સ્તુતિ રૂપે તેમનું સાંનિધ્ય લઇને અવ્હાહન કરેલું છે. (આદિ ચરણ–આયો આયોજી સમરંતા દાદોજી આયો.)

સ્તુતિઓ, પ્રભુ સ્તુતિ.

વિમલાચલ ઋષભ સ્તુતિ.

[26] **કેટલાંક પદો.** વૈરાગ્ય-ઉપદેશ બોધક ટુંકાં કાવ્યોને 'પદ' એ નામ અપાય છે. જે મળેલાં તે આ નિબંધમાં ઉદ્ધૃત કર્યાં છે. આ બધાં હિન્દી ભાષામાં છે.

અન્ય કૃતિઓ—ઉપરોક્ત સિવાય કવિની અન્ય કૃતિઓ હોવાનો સંભવ છે. એ પૈકી ઋષિમંડળ પર પોતાની ટીકા કે સ્તવક–કંઇ પણ હોવું જોઇએ.[27]

---

૨૬ ઉપર સઝાયો, સ્તવનો, પદ વગેરે સર્વ મુદ્રિત થયાં છે. જુઓ જૈનપ્રબોધ સઝાયમાળા, રત્નસાગર, રત્નસમુચ્ચય, જૈનકાવ્યસંગ્રહ ચૈત્યવંદનસ્તુતિસ્તવનાદિ સંગ્રહ.

૨૭ કારણ કે પં૦ શિવચંદ પાઠકે ૨૪ જિન પૂજા. સં. ૧૮૭૯ (નંદ મુનિ નાગધરણી) વર્ષમાં આસો શુદ ૨ ને શનિને દિને જયપુરમાં રચેલ છે તેમાં સમયસુંદરની આ કૃતિનો પોતે આધાર લીધેલો જણાવ્યો છે:—

સમયસુંદર અનુભવી ઋષિમંડલ, જિનકી રીત સવાયા,
પૂજા રચી પાઠક શિવચંદે આનંદ સંઘ વધાયા—

રત્નસાગર ભાગ ૧ લો પૃ. ૨૮૮.

વિભાગ—૭ મો

સાહિત્યવિભાગ.

પૂરવણી.

૨૩. સરસ્વતીચન્દ્ર.

ત્હેની સમાલોચનામાં એક પ્રકરણ.

(લેખકઃ રા. રા. વિષ્નુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી)

ગોવર્ધનસ્મરણસ્તૂપ અવિચ્છિન્ન જ્વલંત જ્યોતિ જેવો આત્મા ' સરસ્વતીચન્દ્ર ' છે તો પથ્થરના સ્મરણ સ્તૂપો શું સ્મરણ રાખશે ?

સમુદ્રશા પડેલા ' સરસ્વતીચન્દ્ર 'ને, ત્હેને છાતા ગોવર્ધનરામને નહિં વિલોકાય તો યે " ફરી ફરી ખખડાવ્ય તું, છો એ કદી ઉઘડે નહિં " એ ન્યાયે સરસ્વતીચન્દ્રનું દ્વારજ ખખડાવશે તો યે ક્યહાં ?

' સરસ્વતીચન્દ્ર ' અને ' કુસુમમાળાથી ' ગુજરાતી સાહિત્યના નવયુગની વસન્ત બેઠી. દલપતરામ અને નર્મદાશંકર હવે ગયા યુગના થયા. ત્હેમની અને નવીન સાહિત્યની વચલી કડીઓ વિવેચક નવલરામ, ' પૃથુરાજરાસા'ના કર્તા ભીમરાવ, ' કુસુમાવલિ'ના લખનાર દોલતરામ પંડયા, ' રાણકદેવી ' કાવ્ય લખનાર બાપાલાલ ભાઇશંકર ભટ્ટ, અને હરિલાલ હર્ષદરાય. એ વચલી કડીઓ પછી, એક મતે, ' નવીન યુગની વધારે સમીપ ' જ ગોવર્ધનરામ અને મણિલાલ. તે મત પ્રમાણે શુદ્ધ નવીન યુગને આંકનાર ' કુસુમમાળા ' આ મતને જરાક ફેરવવો પડશે. એક તો એની વચ્ચે સમયનો બહુ ફેર નથી. ' કુસુમમાળા ' અને ' સરસ્વતીચન્દ્ર 'ની વ્યાપક અસર સરખાવિયે તો ' સરસ્વતીચન્દ્ર ' સરોવરનાં અમૃત પી અમર થવા જનારની સંખ્યા ઘણી વધી જશે. ગુજરાતી સાહિત્ય આલમનું વિશિષ્ટ લક્ષણ થઇ પડેલી સ્નેહલગ્નની ભાવના ' સરસ્વતીચન્દ્ર 'ની છે. ' સરસ્વતીચન્દ્ર 'નો અભ્યાસ વધ્યો જાય છે, પણ ત્હેનાં પ્રેરણાં બીજ ફૂટયા નથી. આ બધું જોતાં સાહિત્યમાં ' વસન્ત ' પોકારનાર કોયલનું કામ ' કુસુમમાળા ' નહિં પણ કુસુદ અને ' કુસુમ. ' ' સરસ્વતીચન્દ્ર 'જ નવીન ગુજરાતી સાહિત્યનો યુગ* આંકનાર છે.

પાનાં ને પાનાં અને પ્રકરણના પ્રકરણ રાજ્ય, સમાજ, ધર્મ કે તત્ત્વના ચિન્તનથી ભરેલાં છે. તેમજ મુખ્ય કથા અને આડ કથાઓનો, અગર નામ બદલી ' પંચ જૂટ જટાકલાપ 'નો આડંબર ઘણો છે; એટલે યુરોપી આધુનિક નવલકથા કે અત્યારની ગુજરાતી નવલકથા જેવી આ નવલકથા નથી લાગતી એ દેખીતું છે. તેથી એ નવલકથા જ નથી એમ કોઇ કહે; તેથી એ નિષ્ફળ નવલકથા છે એમ પણ કોઇ કહે. આમ કહેવામાં જે તથ્ય છે ત્હેના જ્ઞાનથી ' સરસ્વતીચન્દ્ર 'ને ' સરસ્વતીચન્દ્ર પુરાણ ' નામ પ્રો. આનન્દશંકરે આપ્યું.

પણ કથા અને આડકથાઓનો આડંબર શી રીતયે વધ્યો એ જરા જોવા જેવું છે. સરસ્વતીચન્દ્રને લીધે લક્ષ્મીનંદનની વાત હોયજ; અને ત્હેને લીધે ચન્દ્રકાન્તના ઘરની બે પાંચ કાગળમાં વર્ણવેલી સ્ત્રીઓને ગમે હેવી વાત આવે છે. સાધુ સરસ્વતીચન્દ્રને લીધે સાધુ-

---

* કવિ ન્હાનાલાલે કેકારવની પુરવણીની પ્રસ્તાવનામાં સ્વીકારેલી યુગ આંકવાની પદ્ધતિ, અને ગુજરાત સાહિત્ય સંસદે—અર્વાચીન સાહિત્ય પુરતી તો બેશક—સ્વીકારેલી યુગ આંકવાની પદ્ધતિ—એ બંન્ને પદ્ધતિ ઉતાવળી અને અશાસ્ત્રીય છે ?

ઓના સામાન્ય જીવનની કથા હોય એમાં નવાઇ નહિં, પણ તે સાથે અમુક વ્યક્તિઓની જીવનકથા પણ આવે છે. "વસિષ્ઠ જેવા વિહાર પુરીજીનાં અરુન્ધતી જેવા ચન્દ્રાવલી" ની રસિક કથાઓ ન્હાની મ્હોટી છે. કુમુદની માતા ગુણસુંદરીના ગૃહજીવનની અને ત્હેના પિતા વિદ્યાચતુરના રાજ્યજીવનની કથા સ્વાભાવિક રીત્યે હોય. ગુણસુંદરી અને વિદ્યાચતુરની પાછળ તો જાણે અસંખ્ય મનુષ્યોના ઘરના પરોણા થઇ આવિયે છિયે. માનચતુર ને ગાનચતુરની જીવનકથા, દુઃખબા વિગેરેની જીવનકથા, વળી વિદ્યાચતુરની આગળ પાછળ મલ્લરાજ ને મણિરાજ ને ખાચરરાજનું ટોળું ઉભેલું જ હોય. કુમુદના પ્રથમ વિવાહે કથામાં સરસ્વતીચન્દ્રનું ઘર સંકળાયું; બીજા વિવાહથી બુદ્ધિધનનું ઘર સંકળાયું. બુદ્ધિધનની કથામાં ત્હેની માતા અને વડીલોનું જીવન, શઠરાયનું જીવન, ભૂપસિંહનું જીવતર અને નરભેરામ જેવા ઊભેલા તે જુદા. કુસુમના જીવનને આધારે બીજાં મનુષ્યોના જીવન લટકેલાં છે; પણ ત્હેના જીવનવર્ણનને આધારે બીજાં જીવનવર્ણનો લટકેલા નથી. કુસુમસુંદરી આખી કથાની સાક્ષી છે. આમ એક કથામા અનેક કથાઓ કેટલીક કુદરતી રીત્યે, કેટલીક શ્રમથી અને કેટલીક કૃત્રિમતાથી સંડોવાઇ છે.

આમ વાત પાછળ વાત અને ત્હેની પાછળ વાત એમ દૂર સુદૂર તણાયા જઇયે છિયે, એટલે કોઇ વખત રસક્ષતિ લાગે-રસનું કેન્દ્ર સરસ્વતીચન્દ્ર, કુમુદ અને કુસુમ માનિયે તો. પરંતુ તે રસક્ષતિ ન લાગે હેવું પાત્રાલેખન અને પાત્રવૈવિધ્ય નજરે પડે છે, તેથી આડકથાઓ દોષરૂપ ન બનતા આનંદને ગંભીર બનાવે છે. અનંત આકાશના અનંત રંગો ચિતરવા ચિત્રકારને જુદા જુદા ચિત્રો ભલે ચિતરવા પડે, પરન્તુ, અનંત જીવનના અનંત દૃશ્યો એકજ નવલકથામા આલેખવામા આવ્યાં હોય તો તે ઉચ્ચતમ પ્રતિભાની જ પ્રસાદી હોય. ચિત્રકાર લીટી માટે ને 'ડીઝાઇન' પણ કાઢે. કલાકાર મૂર્તિ ઘડે કે મહેલ બાંધે. ગોવર્ધનરામે લીટી દોરી શ્રી, 'ડીઝાઇન કાઢયું છે, ત્હેણે પૂતળું ઘડયું નથી; પણ મહાન મંદિર બાંધ્યુ છે ઉંચા પહોળા પગથિયા, આરસનુ જડામણ, માજુએ ત્રણ દરવાજા અને તત્ત્વચિન્તનના ઘટાટોપ નીચે વિલસતી મૂર્તિ, કુસુમની આરતી, કુમુદની ભક્તિ, વીણાસંગીત—"સરસ્વતીચન્દ્ર'—એક મહાન્ મંદિર નહિં તો બીજું શું?

દરેક વાર્તા એટલે કાંઇ જીવન આલેખન હોતું નથી. ગમે તેમ કાર્યકારણનો સંબંધ બાંધી 'સાગર'ના પ્રસંગો પેઠે પ્રસંગોનુ ભંડોળ કરી રેખા દોરતા હાંકયે એમ વાર્તા લખવી એ એક વસ્તુ છે, અને કુદરતી રીત્યે જાગૃ કાર્યકારણના સંબંધ આવ્યો હોય અને પાત્રો ખરા મનુષ્ય-પછી તે પ્રાકૃત જન હો કે આદર્શ પુરુષ હો—લાગે, જીવન એ રેખા નહિં પણ કોઇ ઘન વસ્તુ લાગે, અને હેવા ઉદ્દેશથી વાર્તા લખાય એ જુદી વસ્તુ છે. સામાન્ય વાર્તાનો નાયક અકસ્માત આવી પડતા કે કૃત્રિમ રીત્યે ઉલાળેલા પરિણામ માટે નિર્મિત હોય એમ પહેલેથી લાગે છે. કારણ કે, હેનુ આખું જીવન એ પરિણામને ઉદ્દેશી જ આલેખવામાં—લખવામા—આવે છે. 'સરસ્વતીચન્દ્ર' જેવી નવલકથાનો નાયક કુટુમ્બ વ્યક્તિ, સમાજ વ્યક્તિ, અને રાજ્ય વ્યક્તિ હોઇ શકે છે, અને એક વિશ્વ વ્યક્તિ હોઇ જીવનરણમા આત્મ તત્ત્વની છાયડી શોધનાર પંખી બને છે. શુદ્ધ કલાકાર માગે હેવી ઘટના "સરસ્વતીચન્દ્ર" મા નથી. બાકી જીવનમાં ક્યહા કેન્દ્રિત ઘટના હોય છે? નવલકથા

એટલે જીવનનું સંકાલત અને રસભર્યું આલેખન; હેનું કેન્દ્ર મ્હોટે ભાગે એક બે વ્યક્તિઓ; અને વાચકને ગૂઢ રહેતું, કુદરતી રીત્યે ફલિત થતું રસિક પરિણામ એ હેનો નિરંતર જળવાતો ઉદ્દેશ. આ બધું ઘણે ભાગે "સરસ્વતીચન્દ્ર" મા છે, છતા જો દૂર તળેટી પરથી "સરસ્વતીચન્દ્ર" પર્વત પરનો રસ્તો અહી તહીં તૂટેલો લાગે, ઝાડ કે ક્વચિત્ ઝાંખરાંથી ભરાઇ ગયેલો લાગે, તો બ્રાઉનીંગ પેઠે કહીશું કે માનવીની આંખ્યને-હ્રદયને-કેળવવાને જ એ રસ્તો અહીં તહીં તૂટેલો કેમ ન હોય ?

કેંદ્રિત ઘટનાનું તો જાણે સ્હમજ્યા. પણ ચિન્તન ભર્યા પ્રકરણોનું શું ? ત્રીજા ભાગની પ્રસ્તાવનામા લેખક કહે છે: "This narrative still continues to be a mosaic or even blending of the actual and ideal aspects of our life in these days but the latter, henceforth begin to acquire a distinct predominance over the former." જીવન પાછળ જીવનતત્ત્વ બતાવવાની ગાઢ અભિલાષા એ ચિન્તનપ્રધાન પ્રકરણોનુ ખાસ કારણ છે. ત્રીજા અને ચોથા ભાગમાં જ્યહારે જ્યહારે ભાવનાસત્ય અને વાસ્તવિકતાનું અંતર વધી જાય છે, કવિતાનું તેજ આંખ્યને આનંદ આપવું છોડી હેને આજી દેવા માડે છે, જ્યહારે વર્ડ્ઝવર્થનું ચંડોળ શેલીનું ચંડોળ થવા જાય છે, જ્યહારે "નવલના ભૂલોકમાથી" કર્તા "પુરાણના ભુવર્લોક" તરફ વધારે ને વધારે તણાય છે, ત્યહારે ગોવર્ધનરામની નવલકથા મટી નિબંધમાળા થઇ જાય છે; હેમના લખાણમા પ્લેટોના સંવાદો, કે ફિલસુફ, રાજપુરુષ, પક્ષવાદી નિબંધ લેખક કે પત્રકારના વ્યાખ્યાનો જેવા ભાગ વધતા જાય છે, એ સત્ય દીવા જેવું છે. અહીં તહીં દેખા દેતું ચિન્તન કોઇ નવલકથામાં અસ્થાને નથી. વળી આ નવલકથાનો નાયક તત્ત્વચિન્તક કલ્પાયલો છે, એટલે કથાનુ અંગ તત્ત્વચિન્તન ન થઇ પડે હેવો સંભવ નથી.

આમ છતા, ત્રીજા ચોથા ભાગના કેટલાક પ્રકરણોનો નવલકથાની દૃષ્ટિથી બચાવ થઇ શકે એમ જ નથી. હેવો ચિન્તનપ્રધાન પ્રકરણોનો બચાવ ન હોય, પણ હાવા પુસ્તકમાં તે બધા કેમ આવ્યા તે સ્હમજી શકાય હેવું છે.* એક કારણ તો, આગળ કહ્યુ તેમ, જીવન તત્ત્વ બતાવવાની ગોવર્ધનરામની અભિલાષા, બીજું ભાવનાસત્ય તરફ લઇ જવાની ગોવર્ધનરામની અનિયંત્રિત વૃત્તિ અને પ્રતિહત શક્તિ. ત્રીજું અગત્યનું કારણ ગોવર્ધનરામની હાસ્ય રસિકતાની ઓછપ. હાવી નવલકથાનો ચિન્તનપ્રધાન અંશ તે સમયનું સ્વાભાવિક ફળ હતું. જે સમયમા આપણી જૂની દૃઢ ભાવનાઓ તરફ આપણે શંકાથી જોવા લાગ્યા, અને પ્રાશ્ચાત્ય પવનના ઝપાટા જોસભેર વાવા લાગ્યા, તે વખતે દરેક વિચારકને જુદા જુદા રાજકીય, ધર્મ વિષયક, અને સામાજિક પ્રશ્નો ઉપર વિચારો અનિવાર્ય થઈ પડે જ. જો કે કથામા બતાવેલા ભિન્ન ભિન્ન વિચારોથી ગોવર્ધનરામના પોતાના વિચારો સ્પષ્ટ સ્વરૂપમાં જણાતા નથી. નવલકથામા વિચારપ્રદર્શન આછું કરી આચારનું આલેખન જો વધારે કર્યું હોત, ને સમાજનીતિ, રાજનીતિ, અને ધર્મ સંબધી જુદાજ પુસ્તક લખ્યા હોત તો આ નવલ-

* આ સંબંધમાં સ્વ. ઉત્તમલાલનું લૂલા બચાવ રૂપે સ્મરણ રાખવા જેવું એક વાક્ય તે એ કે: "ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીએ નૉવેલ લખવાનું શરૂ કર્યું માટેજ તે નૉવેલમાં ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અંશો વધી ગયા છે."

કથાનું સ્વરૂપ હાલની નવલકથા જેવું થાત અને જનસમાજને જો કે વધારે લાભ થાત, તો પણ નવલના પાત્રમાં પડેલા એ વિચાર સમુદ્રની કીંમત ગુજરાત શી ન આપે? વળી, મુંબાઇનું બહુ વખોડાયલું ધાંધલ છોડી નિવૃત્તિનો જે સ્વીકાર ગોવર્ધનરામે કર્યો તે આ સોના જેવા ભારને કેટલો જવાબદાર છે તે કોણ કહેશે ?

એક જ રંગે રંગાયેલાં પણ ભિન્ન ભિન્ન મહત્તાવાળાં, અગર સંજોગોની સરખી ભૂમિકા ઉપર ઉભા રહેલા પણ જુદા જુદાં ઉચ્ચ ગ્રાહવાળાં કે ઉચ્ચ ગ્રાહશૂન્ય, એકદમ એક જ કોટિ ઉપર આવે હેવા અને સંજોગો પણ સરખા પણ ભાગ્યદોરીથી જુદી જુદી દિશામાં તણાતાં હેવાં ઘણાં પાત્રો 'સરસ્વતીચન્દ્ર' મા છે. એક પાત્રની છાયામાં બીજું પાત્ર કેવું લાગે છે, બન્ને પાત્રના સંબંધમાં આવેલું ત્રીજું પાત્ર કેવું દીપે છે, વગેરે, લાંબી સમાલોચના માટે બહુ રસિક થઇ પડે હેવું છે. ગુણસુંદરી અને સૌભાગ્યદેવી, બુદ્ધિધન અને વિદ્યાચતુર, ઉચ્ચ ગ્રાહવાળા મલ્લરાજ અને મણિરાજ સાથે ઉચ્ચ ગ્રાહ વિનાનો કેવળ પરિસ્થિતિમાં તણાતો ભૂપસિંહ, સૌભાગ્યદેવી અને ગુણસુંદરી અને પોતપોતાનાં બાળકો માટે ત્હેમની જવાબદારી, એક બાજુ ચન્દ્રકાન્ત અને બીજી બાજુ તરંગોથી ભરેલું 'સરસ્વતી ચન્દ્રનું મિત્રમંડળ; બિન્દુમતિ અને કુસુમ, કુસુમ અને કુમુદ; અલક અને પ્રમાદધન; સરસ્વતીચન્દ્ર અને ચન્દ્રકાન્ત; સરસ્વતીચન્દ્ર અને વિષ્ણુદાસ બાવા; વગેરે પાત્રો; ત્હેમની પાછળ કાં તો મુંબાઇની ધાંધલભૂમિ, કે મણિરાજનું મલ્લ મહાભવન, ભૂપસિંહનો દરબાર કે કલ્યાણગ્રામ, કે સમુદ્ર, નદી અને તાડનાં વન વગેરે જોતાં અને નિરખતા આપણી આંખ્ય થાકી જાય એમ છે. કલાની દૃષ્ટિએ આમ તેજછાયાના સંમિશ્રણથી, કે પ્રમાણસર ઘટનાથી આખુંય ચિત્રમંદિર જોઇ શકાય; પરંતુ સૌન્દર્યની ખાતર સૌન્દર્ય, કે ઘટનાની ખાતર ઘટના 'સરસ્વતીચન્દ્ર'મા મ્હોટે ભાગે નથી. "આપણા સંસારમાં આધેડ ગૃહિણીની જરૂરીઆત અને કિમતી સહાયનું વ્યતિરેક દૃષ્ટાંત" શઠરાયનું કુટુંબ પૂરૂં પાડે છે. બુદ્ધિધનનું કુટુંબ નાયિકાની વધારે નજીક એટલે ત્હેની કથા પણ વિસ્તારવાળી છે. 'જૂના જમાનાનાં આર્ય સંસારના આ દમ્પતિએ માલ્થસની દલીલોને નિરપેક્ષ કરી હતી. પ્રમાદધન અને અલકનું જીવન સમૃદ્ધિમાં આટોળતાં માબાપોનું ધ્યાન ખેંચે છે અને ખેંચશે. બુદ્ધિધન અને પ્રમાદધનમાં કંઇ ભણતરમાં ફેર નહતો; પણ બુદ્ધિધન ગરીબાઇમાં ઉછર્યો અને બહાદુર માતાના સંસ્કાર ત્હેના ઉપર પડયા અને પેઢીઓથી ઉતરી આવેલું કુટુંબભાન ત્હેનામાં જાગ્યું અને વિકસ્યું. બુદ્ધિધનના ચારિત્ર્યનું મહત્ત્વ જરાતરા પહેલેથી જણાય છે, પણ રાજકીય ગડમથલમાં એ બરોબર ખીલવા પામતું નથી. પરંતુ સૌભાગ્યદેવીના મૃત્યુ પછી તે ચારિત્ર્ય પૂર્ણાંશે ખીલી નીકળે છે. હેવા પિતાનો પુત્ર પ્રમાદધન થયો, ધર્માંધ માતા તે પ્રમાદને અટકાવી ન શકી; જે સ્ત્રીહૃદયની રહી ગયેલી કોમળતા અલકકિશોરીમાં હતી તે પ્રમાદના પુરુષત્નમાં ન આવી, તેથી કુમુદ અલકને સુધારી શકી પણ પ્રમાદધન ઉપર વિજય મેળવી શકી નહિં. વળી બીજાં કારણથી પણ અલક પ્રમાદધન કરતા ઉંચી કોટિની છે. દુર્ગંધભર્યા દુર્ગુણોથી મોહ પામનાર પ્રમાદધન હતો. ગુણની પરીક્ષા કરવાની શક્તિ, પરીક્ષા કરી તેને વખાણવાની વૃત્તિ, અગર પરીક્ષા કર્યા વગર લાગણી માત્રથી જ ગુણ ઓળખી, ત્હેને વખાણી પોતાનામાં ઉતારવાની શક્તિ અને વૃત્તિ પ્રમાદધનમાં ઘણાં કમી હતાં. અલક સરસ્વતીચન્દ્ર જેવાના ગુણથીજ અંજાઇ ગઇ જેમ સેકસપીઅરના

'Measure for Measure' માં એંજેલો આઇસાબેલાના ગુણથીજ અંજાઇ જાય છે તેમ.

ગુણસુંદરીની કુટુંબજાળમાં હિંદુ સંસારનું એકંદરે અચ્છું ચિત્ર આલેખાયું છે, છતાં અહીં તહીં રંગો વધી પડયા છે. "સુશિક્ષિત સ્ત્રીસ્વભાવનો ઉત્કર્ષ" આપણું ધ્યાન ખેંચે છે અને રોકી રાખે છે. "ગૃહપતિ કરતાં ગૃહિણી ઉપર સંસારજીવનની ખુબીઓ અને ખામીઓનો આધાર છે." એ અહીં સ્પષ્ટ બને છે. ગુણસુંદરી જેવી ગૃહિણી અવિભકત ગૃહજીવનની હોડી બરાબર ચલાવી શકે એ જેટલું ચોકખું દેખાય છે તેટલુંજ સ્પષ્ટ આપણને જણાય છે કે સ્વાર્થ ત્યાગ, દીર્ઘ દૃષ્ટિ, ઉદ્યોગ અને સહનશીલતા એ ગુણો જે ગૃહિણીમા હોય તે જ ઘરરખુ ગૃહિણી અવિભક્ત હિન્દુ ગૃહમા પોતાનું કર્તવ્ય બરાબર બજાવી શકે છે. વળી અવિભક્ત કુટુંબને જાળવવા ગુણસુંદરીને ઓછો ભોગ આપવો પડતો નથી. પહેલું બાળક કુસુમ જેવું ન બનતાં કુમુદ જેવું બને છે એ અવિભકત કુટુંબજાળની સુંદર ટીકા છે.

સીમન્ત પછી ગુણસુંદરી પિયેર કેમ ન ગઇ હેનો ઉલ્લેખ નથી, તેથી સીમન્ત પછીનો પ્રસંગ અસ્વાભાવિક લાગે છે. અસ્વાભાવિક પ્રસંગનું આલેખન અતિશયોક્તિવાળું છે. વિદ્યાચતુર જેવાના કુટુંબમા નણંદ સાસુ આ કોમળ પ્રસંગે એટલાં બધાં નિષ્ઠુર હોય એમ ચિતરવામાં આખી સ્ત્રી-સમાજ ઉપર આક્ષેપ થયો છે. ગુણસુંદરીને આદર્શ સ્ત્રી આલેખવામાં બીચારી ધનલક્ષ્મીને પણ કૂર અને બેદરકાર ચિતરવામાં આવી છે. ગુણસુંદરીનો ઉત્કર્ષ અને હેનું દુઃખ બતાવવામાં વિદ્યાચતુરની પણ ઉપેક્ષા ચિતરાઇ છે. આમ આ ચિત્રમા વિષમતા, ઘટનાદોષ, અતિશયોક્તિ અને અનૌચિત્ય છે.* છતાં હેમા એક વસ્તુનું સુન્દર ભાન થાય છે.

"સ્થૂલ સંબંધથી શરૂ થતો પતિ પત્નીનો પ્રેમ ધીમે ધીમે વિશુદ્ધ થતાં સંસાર જીવનમાં મનોમય એકતા કરવામા સમર્થ થાય છે." ઉમ્મર વધતા અને દુઃખની બીજી ઝડી આવતાં ગુણસુંદરીનું કાળજું અને ચારિત્ર્ય પોચું પડી જાય છે. બાળકોનાં દુઃખ દેખતો વિદ્યાચતુર ચારિત્ર્યબળ વધારે વધારે બતાવતો જાય છે. "ભાવ કરતાં બુદ્ધિના વિશેષ વૈભવવાળા વિદ્યાચતુરનું હૃદય જરા તો કઠણ છે.' પણ તે જ 'કઠણાઇ' બળને પોષવામા કામ આવે છે. જે કઠણાઇથી, ભણતર ગણતર અને દુનીઆદારીના ડહાપણથી વિદ્યાચતુર પ્રમાદધનને કુમુદ સોંપે છે-આપે છે, તેજ કઠણાઇથી વિદ્યાચતુર કુમુદ અને કુસુમના ઉચ્ચ ગ્રાહ પોષવા પોતાનું બધું હોમી દેવા તૈયાર થાય છે. જુવાનીમાં જે બળ ગુણસુંદરી

---

* "કમાનાર ભાર વહેનાર દમ્પતિ વિદ્યાચતુર અને ગુણસુંદરી: અને વડીલો માનચતુર અને ધર્મલક્ષ્મી આમ બે જુદા હોવાથી હિંદુ અવિભક્ત કુટુંબની કેટલીક ; વિલક્ષણ મુશ્કેલીઓ ગોવર્ધનરામના ચિત્રમા સ્થાન પામી જ નથી." "વળી ગુણસુંદરીની કુટુંબજાળમા સંયુક્ત કુટુંબનાં મ્હોટે ભાગે સંવાસના દુઃખો છે." "સાંસારિક પ્રશ્નોમાં સ્થિતિરક્ષકનય જ રાખીને આપણી રૂઢિઓના શુદ્ધ રૂપનો બનતો પક્ષવાદ કરવો એ જ પોતાનો પોતાના જમાનામાં મુખ્ય ધર્મ છે એવી દૃઢ પ્રતીતિવાળા કર્તાએ પણ આ ભાગમાં સંયુકત હિંદુ કુટુંબ સંસ્થામાં દોષસ્થાનો ચિતરવામા મણા રાખી નથી. એ એમના કલ્પનાના વાસ્તવિકતાના ગુણનો મહિમા પ્રતિપક્ષીઓને પણ સ્વીકારવો પડે છે."

બતાવે છે તે કુમુદ અને કુસુમના ભવિષ્ય જોવામાં, વિચારવામાં અને સાધવામાં કામ આવતું નથી. ગુણસુંદરી કથાના છેવટે સામાન્ય સ્ત્રી બની જાય છે, દુનીઆનુંજ ડહાપણ સત્ય માને છે, કુસુમના ઉચ્ચ ગ્રાહ વિરુદ્ધ બદ્ધપરિકર થાય છે. ઘડીભર વિધુર બનેલા બુદ્ધિધન સાથે પરણાવવા અગર ચન્દ્રકાન્તને એક ઉપર બીજી આપવા હા ભણે છે. જગત્ કુમુદને કેમ જોશે એ વિચારી કુમુદ–પોતાના પ્રિય અને દુ:ખી બાળક–તરફ ગુણસુંદરી, મીઠી નજર તો રહી, પણ તિરસ્કારની નજરે જૂએ છે, અરે તિરસ્કારથી તેને જોતી જ નથી. અને જે શુદ્ધ પ્રીતિ, વર્ડઝવર્થના માઇકલ જેવો માનચતુર બતાવી શકે છે, ત્હેવી પ્રીતિજન્ય હિંમત કે હિંમતવાળી પ્રીતિ ગુણસુંદરી બતાવી શકતી નથી એ જ ગુણસુંદરીની નિર્બળતા. ચોથા ભાગની ગુણસુંદરી જોઇ બીજા ભાગની ગુણિયલનો ઉત્કર્ષ અતિશયોક્તિવાળો વધારે ને વધારે લાગે છે. ગુણસુંદરી પાત્રના નિરૂપણમા વિષમતા તો છે જ. ચરિત્રવિકાસ માગી લે હેવી વિષમતા દરેક પાત્રમા હોય અને અહીં પણ વિષમતાનું કારણ સુખદુ:ખના પ્રસંગો હશે. પણ તે કારણો એટલા તો સબળ નથી જ કે " અહીં તહીં રંગો વધી પડયા છે," હેવા આપણા મતને બાધ આવે.

લક્ષ્મીનંદન જેવાના ઘરની સ્થિતિ બહુ પરિચિત છે તેથી મણિરાજ, મલ્લરાજ અને ભૂપસિંહના ગૃહજીવન સામાન્ય હિંદુને બહુ અપરિચિત છે તેથી, અને ઉન્નત સુન્દરગિરિના વસનારાની જીવનવ્યવસ્થા સાંકેતિક વ્યવસ્થા કે ધર્મવ્યવસ્થા જેવી–એટલે આખાં કુટુંબો અને કુટુંબો હવે આપણે જોવાના નથી. બુદ્ધિધન અને વિદ્યાચતુરના કુટુંબો ઉપર આછા આછા તેજઉજાળા ધુમસ જેવો પડદો પડેલો બતાવી, ગોવર્ધનરામ રાજદ્વારી પુરુષોની કરુણ કથા આપણને પૂરી પાડે છે. સરસ્વતીચન્દ્ર સાથે કુસુમના લગ્નથી વિદ્યાચતુરને આશ્વાસનનું અમૃત મળ્યું–પણ કપાળે લખેલુ કુમુદનું ભાગ્ય એ જ રાજપુરુષ વિદ્યાચતુરની કરુણ કથા–પથ્થરો ભર્યા પર્વતોમાંથી માર્ગ કાઢતો ઠેઠ સુધી વિદ્યાચતુર જણાય છે. એ જ હેની કરુણ કથા–જે કુમુદના ભાગ્યે વિદ્યાચતુરની કથા કરુણ બનાવી તે જ કુમુદના સરસ્વતીચન્દ્રને ન પરણવાના નિશ્ચયે બુદ્ધિધનને આશ્વાસનનું અમૃત પાયું. જ્યહા સુવર્ણપુરમાં લગભગ એકહથ્થુ રાજ્ય ભોગવવાનો અવસર આવ્યો ત્હા પ્રમાદધને માની કુખ લજાવી હેવું કરુણ ભાન એ રાજદ્વારી પુરુષને થયુ. કુમુદ નદીમાં પડી અને સૌભાગ્યદેવી મૃત્યુ પામી એ બુદ્ધિધનની કરુણ કથા. અપૂર્ણ રહેલા મનુષ્ય કર્તવ્યમા કે અસાધેલા ધ્યેયમા જે પ્રકૃતિ સ્વભાવ અને કરુણ રસ સમાયો છે તે કરુણ રસમા આસુ નહિ સારતી પણ અનિમિષ રહેતી આંખ્યોથી આપણે ઝબકોળાઇએ છીયે.

એ રાજ્યદ્વારી પુરુષોના કથાથી આપણે સ્તબ્ધ માત્ર થઇએ છીયે, પણ જ્ઞાનની કરુણ કથા એટલે સરસ્વતીચન્દ્રની કથાથી આંસુ સર્યે જાય અને શુદ્ધ પ્રેમ, સૌન્દર્ય, અને સાધુતાની કરુણ કથા એટલે કુમુદની જીવનકથાથી નિ:સીમ અરણ્યમાં એકલા રખડનાર માનવીનો એકનો એક–આધાર–ચોમેર અંધારૂં ને એક જ ઝીણું તેજ–જેમ જતું રહે ને માનવીના છેલ્લા આશાતન્તુ તૂટી જાય તેમ કુમુદની જીવનકથાથી હૃદયમાંથી આર્ત ચીસ નીકળી પડે છે.

કોમળ, સ્વસ્થ અને સલક્ષણા મનવાળો પિતૃભક્ત મનસ્વી આપણો પ્રિય સરસ્વતીચન્દ્ર

આપણને જ પ્રિય છે એમ નથી. નવલકથાના પ્રત્યેક સુજ્ઞ કે રસિક વ્યક્તિને તે પ્રિય થઇ પડયો છે. જુદા જુદાં દૃષ્ટિબિન્દુથી જીવન ઉપર દૃષ્ટિ કરનાર તરંગશંકર, ઉદ્ધતલાલ, ચન્દ્રકાન્ત, અને વિદ્યાચતુર, સ્ત્રી તરીકે જુદી જુદી કક્ષાવાળા સૌભાગ્યદેવી, અલકકિશોરી, ગંગાભાભી, ગુણસુંદરી, કુમુદ, કુસુમ, ને ચન્દ્રાવળી–સર્વ ભિન્ન ભિન્ન મત તન્ત્રવાળા કે ચિત્ર વિચિત્ર સ્વભાવવાળા સરસ્વતીચન્દ્ર ઉપર ઓછો વત્તો શુદ્ધ સ્નેહ દાખવે છે. કાર્યદક્ષતા કે વ્યવહારમા ઝીણી સૂઝ બાજુએ રાખીએ તો પણ કોઇ હેની વિદ્વત્તાથી, કોઇ સૌન્દર્યથી, કોઇ રસિકતાથી, તો કોઇ હેના વૈરાગ્યથી મધમાખી માફક તેની પાછળ ભમ્યા કરે છે. –આમ છતાં આ વ્યક્તિઓમાની લગભગ દરેક નાયકના અનુભવની ન્યૂનતા તરફ આંગળી કરે છે. આ અનુભવન્યૂનતાની કીડીનો વાઘ કરી કોઇ વિદ્વાને સરસ્વતીચન્દ્રને 'philosophical vagabond કહ્યો; સરસ્વતીચન્દ્રે આત્મ પરીક્ષક થઇ પોતાને જ dreamy vagabond કહ્યો. સરસ્વતીચન્દ્ર મૂર્ખ છે, હેને કાર્યમા ઝીણી સૂઝ નથી, તે કાર્યદક્ષ નથી, હેનાં મનોરાજ્યમાં વિલસતા જ્ઞાન અને પ્રીતિ સંસારમા ઘનાકારના ઉતારવાની હેનામા જે વૃત્તિ છે તો શક્તિ અને ધૈર્ય નથી–હાવા આક્ષેપો philosophical vagabond કહેવામા સમાયા છે. અનુભવન્યૂનતા અને મૂર્ખતા પર્યાય નથી–તત્ત્વચિન્તક ઘણી વખત પ્રકૃતિથી જ લશ્કરી કપતાન થઈ શકતો નથી. વ્યક્તિ માત્રને જીવનમા કપતાન થવાના ઘણા પ્રસંગો આવે છે. સ્વર્ગ અને નરક વચ્ચે સ્વીકાર કરવાના યુધિષ્ઠિર પેઠે ઘણાને પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેવે વખતે કલ્પનાશીલ વિચારક માથે હાથ મૂકી "To be or not to be" નો વિચાર કરવા બેસે તો પાલવે નહિં. સારા નરસાનો વિચાર કરવામા થતા કાળક્ષેપથી જ હાવો વિચારક નરસું જ પ્રાપ્ત કરે ત્હા માનવીનો પુરુષાર્થ શુ કામ આવે ?

આવાજ કોઇ અલૌકિક કારણોથી સરસ્વતીચન્દ્રને "દીધું વિધિએ તે પીવું" કરવું પડ્યું. ગૃહત્યાગ કર્યો એ અનુભવની ન્યૂનતા ખરી પણ મૂર્ખતા નહિં જ. "જે મૂર્ખતાએ ઘર છોડાવી અહીં આણ્યો તે જ મૂર્ખતાએ આ જ એ દેશ–દશાનું દર્શન કરાવ્યુ." સરસ્વતીચન્દ્રે આમ અનુભવન્યૂનતાને મૂર્ખતા કહી એ તો હેની જાત્ય ઉપરની રીસ. વળી જ્યહારે કુમુદને પોતાના ગૃહત્યાગનું સમાધાન કથાના અંતમા સરસ્વતીચન્દ્ર આપે છે ત્યહારે એ મૂર્ખતા તો નહોતી જ એમ આપણને જણાય છે. સરસ્વતીચન્દ્ર કહે છે–

"મ્હેં આ શરીરના સર્વ સંબંધીઓનો, લક્ષ્મીનો, અને ગૃહનો પરમ ધર્મ રૂપ ત્યાગ કર્યો, અને કર્યો તે કર્યો. મ્હેં પ્રીતિ અપ્રીતિથી કાંઇ કર્યું નથી...સુભાઠમાં તો એટલો જ વિચાર કર્યો હતો કે રત્ન નગરી જવું અને અજ્ઞાત રૂપે ત્હમારા મનની ઇચ્છા જાણી લેવી...સીતાને લેઇ રામ ગયા ને દમયન્તીને લેઈ નળ ગયો હતો તેમ હું ત્હમને સાથે લેઇ જાત...સમુદ્ર માર્ગે રત્ન નગરી આવતાં પ્રતિકૂળ પવનને લીધે દિવસ વીતી ગયા. ત્યા આવ્યો ત્યારે તો ત્હમે સુવર્ણપુર ગયાં હતાં."

પ્રતિકૂળ પવનને લીધે વીતેલા જે થોડા દિવસ ત્હેમાં જ વિદ્યાચતુર જેવો પિતા, અને ગુણસુંદરી જેવી માતા કુમુદ જેવી પુત્રીનો વિવાહ કરે એ જરા અસ્વાભાવિક લાગે છે, એ વાત ચર્ચવાનો આ પ્રસંગ નથી સરસ્વતીચન્દ્રનું પોતાના હૃદયનું પૃથક્કરણ ભૂલ્ય ભરેલું હશે. પણ તે પિતા ઉપર રોષ કરી ત્યાગી ન હોતો થયો એ આટલા ઉપરથી જ સ્પષ્ટ બને છે.

કુમુદના વિવાહ પહેલાની ચન્દ્રકાન્તને સમજાયલી, નિગૂઢ રહી ધુંધવાઇ રહેલી સંન્યાસીની શુદ્ધ ભાવના પ્રસંગ મળતા ભભૂકી હતી. કાચે તાંતણે બંધાયલી કુમુદ વિસરાઇ તો ન હોતી જ. સરસ્વતીચન્દ્રના આશ્રમમા યાજ્ઞવલ્ક્યના મૈત્રેયી થવાનું કુમુદનું ભાગ્ય સરસ્વતીચન્દ્રના તે વખતના મનોરાજ્યમા તો હતું જગતમા બુદ્ધ પેઠે વિચરવાનો અભિલાષ મૂર્ખતા નથી. કુમુદને સંન્યાસમાં પ્રિય શિષ્યા બનાવી દીક્ષા આપવી એ વ્યવહારિક નહિ તો ઉચ્ચ આદ તો હતો જ. માત્ર ગૃહત્યાગથી "philosophical vagabond" ની ઉપાધિ આપણા નાયકને આપી શકાય એમ નથી. ગૃહત્યાગના વૈફલ્યમા એક તત્ત્વચિન્તકની કાલવશતા જ જણાય છે.

જ્વાલામુખ સંન્યાસના છઠ્ઠા પાતાળમા આવતા પહેલાના પાંચ પાતાળમાં ક્હ્યા ક્હ્યાં સરસ્વતીચન્દ્રે ધૈર્ય, બાલિશતા નહિં પણ મનોબળ ને કાર્યદક્ષતા દર્શાવી તે આપણે પણ સરસ્વતીચન્દ્ર જોડે યદુશૃંગ ઉપર ઉભા રહી વિલોકીયે ઉચા તાડનાં વચાળામાથી છેટે સુવર્ણપુરમાં કછોટો મારી પરસાળ પરની મેડીના ઉપલા માળમાં દાખલ થનાર, "ફીકર ન કરશો—મ્હેં નવીનચન્દ્રે બ્હેનને છોડવ્યા છે," એમ બોલતો રાતના બે વાગ્યાના અંધકારમા કટાર વાગ ાથી બેશુદ્ધ પડેલો સરસ્વતીચન્દ્ર દેખાય છે. સુભદ્રા અને સમુદ્ર ઉપર થઇ દોરડા વગરના તારથી "અલકબ્હેન, હું તો તહમારો ભાઇ થાઉં હો!" હેવા સ્વર ઇથરના તરંગે આવી આપણા હૃદયમાં સમાય છે. "જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન" સ્મરણમાથી ક્હ્યા સરી જાય એમ છે? હૃદયબળથી આંખ્યો ન ઉઘાડનાર સરસ્વતીચન્દ્રે પ્રસંગ બળે કુમુદની મસ્તકકળી ખોળામાં લીધી અને "આશ્વાસક હાથ મૂર્છિત મુખ ઉપર ફરવા ગયો પણ અટક્યો." જયવંત વિશુદ્ધિના આથી સ્ફુટતર પ્રસંગ હોઇ શકે? હથીયાર વિનાના સુકુમાર સરસ્વતીચન્દ્રે બ્હારવટિયા વચ્ચે વાણીયણને છોડાવી અને "બધી સ્ત્રીયોનું રક્ષણ થશે તે ભેગું તહમારૂ પણ થશે......પાછો આવું એટલામા આ વાત ઉપર એક નિબંધ લખી ક્હાડજો," હેવો માનચતુરનો ચન્દ્રકાન્ત પરનો આક્ષેપ નિરર્થક કર્યો. કાળરાત્રિ જેવી ભયાનક રાત્રિયે, શ્મશાન જેવા જંગલમા ધ્રુવ સમુ ધૈર્ય દાખવી સંસારનું અવસાન નજીક દેખી મહામંગળ જેવા મરણ કામને વાસ્તે આંખ્યના પલકારા જેટલી વારમાં સજ્જ અને સાવધાન થઇ જનાર સરસ્વતીચન્દ્ર ઝાકળ જેવા તારાઓના તેજમાં ઓ...દેખાય!

આ બધા કૃત્યો એ એક Philosophical vagabond નુ જીવન નહિં; એ તો કોઇ સમાધિભ્રષ્ટ યોગીનું જીવન.

યદુશૃંગના વિષ્ણુદાસને પણ ઘડીભર આંજી નાખે હેવા સરસ્વતીચન્દ્ર માટે રખડેલ બીનઅનુભવી વિચારહોળી તરંગી નથી હેવો પક્ષવાદ કરવો પડે છે, એ જ પ્રથમ તો જ્ઞાનની કરુણ કથા છે. એક બાજુ કુમુદ તરફનો પ્રેમ સ્થાયી અને સત્ય સ્વીકાર્યા વિના છૂટકો નથી. જે કુમુદને માટે સન્યાસની કથા આસુભીની થઇ ત્હેને માટે શુદ્ધ, અને જેની પાછળ પાછળ સરસ્વતીચન્દ્રનું હૃદય અને શરીર મુબઇથી રત્નનગરી, અને રત્નનગરીથી સુવર્ણપુર ભટક્યું ત્હેને માટે સ્થાયી પ્રેમ સરસ્વતીચન્દ્રને ન હોય એમ કેમ બને? છતાં તે જ સરસ્વતીચન્દ્ર કુસુમના મ્હોડાની કે સાચી અનિચ્છા છતાં ત્હેને પરણે હેમાં ચિન્તનશીલ મનુષ્યની મ્હને તો કરુણ કથા લાગે છે, ને કરુણ કથાને અંગે સરસ્વતીચન્દ્ર ઉપર થતા બધા

આક્ષેપ આપણે ગમે તેટલું સ્હમજાવિયે અને કથાનો અંત સ્વાભાવિક છે એમ બનાવિયે તેમજ કુસુમ સાથે કુમુદના સ્મરણમા સરસ્વતીચન્દ્રે "ખાધું પીધું અને મોજ કરી" એમ ગમે તેટલું ગણિયે પરંતુ તેથી મ્હારા અધીન મતે તે કરુણ કથા ઓછી કરુણ થતી નથી.

પહેલી તો કદાચ નબળામા નબળી દલીલ, પણ હિંમતથી કરવી પડે એવી ઝડપથી ભૂલી જવા માટે કરી દેવી કે પ્રેમ એ હેવી વસ્તુ નથી જેના તત્ત્વ માત્રથી હેવું પરિણામ આવે કે એક તરફ શુદ્ધ સાચી અને સ્થાયી લગની લાગ્યા પછી, તેવી જ અગર તેથી વધારે ઉંચી વ્યકિત તરફ તેટલી જ શુદ્ધ અને સ્થાયી લગની ન લાગે. બીજું, શરીરની વિગતો આ દુનિયામાં રહિયે ત્હાં સુધી ખરી વિગતો છે, અને ત્હેની વહેવારુ ચોકી રાખવી એ મનુષ્યનું કર્તવ્ય છે. અનુભવ વગરના સરસ્વતીચન્દ્રે ગૃહત્યાગ કરતાં પહેલા એમ ભૂલ્યથી–પાછળથી પોતે સ્વીકારેલો–માનેલું કે લગ્ન એક જાતની મૈત્રી છે, અને પુરુષ પુરુષમા પણ સંભવી શકે. અલક જોડે પડેલા પ્રસંગથી કુમુદની મસ્તકકળી ખોળામા લેવી પડી ત્હારે, ચિરંજીવશૃંગમા એક જ પાત્રમા આહાર કર્યો ત્હારે, બેભાન કુમુદના વસ્ત્ર અને પવનની રમતમા સરસ્વતીચન્દ્ર ન્હાઇ રહ્યો ત્હારે, અને બીજા કેટલાક પ્રસગે, સરસ્વતીચન્દ્ર શરીરનો સ્વભાવ બરાબર સ્હમજ્યો. જો લગ્ન કરવું જ પડે તો કુમુદ સાથે કેમ ન કરવું?–આ પ્રશ્નનો જવાબ હકારમાં આપતી વખતે કુમુદની ઇચ્છા કે ત્હેની ઇચ્છાની પ્રમાણિકતા ઘણા જણ ભૂલી જાય છે. સરસ્વતીચન્દ્રે તો અનેક વખત કહેલું કે ત્હમને સુખ થાય એમ હોય તો હું ત્હમને પરણવા તૈયાર છું, નહિં કે ત્હમને પરણવાની વાસના છે; પણ તે પરણવું અને લોકની ટીકા સહન કરવી એ મ્હારા અઘોર કૃત્ય માટે પ્રાયશ્ચિત રૂપે સ્હમજીશ. પ્રાયશ્ચિતનો આદેશ દેનાર કુમુદ જ જાતે પરણવાની ઉછળતી વૃત્તિઓને દબાવી પ્રમાણિક નિશ્ચય બતાવી ના પાડે, તો પ્રાયશ્ચિત્ત રૂપે જ કુમુદને સરસ્વતીચન્દ્રથી ન પરણાય. વૃત્તિઓ દબાવી રાખી, સરસ્વતીચન્દ્ર લોકકલ્યાણ કરવા કેટલો સમર્થ છે એ જોઇ, ગુણસુન્દરી અને સુન્દરનું માનસિક વલણ પારખી, પ્રમાદધનના મૃત્યુની અપવાથી, બુદ્ધિધનના દુઃખી જીવનમા હાથલાકડી થવાના ઉદ્દેશથી, સૌભાગ્ય દેવીના સ્મારકને ઉછેરવાની ઇચ્છાથી અને કુસુમનું શ્રેય સાધવાની વૃત્તિથી, ગમે તેથી, ગમે તેવા કારણથી, ગમે તેટલા સંકોચથી કુમુદે તો દૃઢ અને પ્રમાણિક નિશ્ચય કર્યો હશે એ અહી જોવું વધારે પડતું છે. એ દૃઢ અને પ્રમાણિક નિશ્ચય જોઇ, બીજું કંઇ નહિં તો કુમુદ માટેના પોતાના પ્રેમની ખાતર ત્હેને ન પરણી શકે. કુમુદ તરફનો સ્થાયી અને સાચો પ્રેમ સંસારમાં ઉતારવાની શકિત સરસ્વતીચન્દ્રમાં હતી, પણ મરજી ન હતી, અને ઢીલીપોચી ગલીપચી કરતી મરજી હશે તો કુમુદના અચળ નિશ્ચયથી તે ઓસરી ગઇ.

યોગ્ય સ્ત્રીને પરણવું જરુરનું લાગ્યું ત્હેનું કારણ શરીરની નબળાઈ એકલી ન હતી; તે શરીરને નબળાઇ આવી જાય હેવા જગતમાં આત્માના અને ચિરંજીવોના આદેશથી સરસ્વતીચન્દ્રને કામ કરવાનું હતું. લોકકલ્યાણનો માર્ગ વિદુષી પત્ની હોય તો ઉજળો થતો હતો, પણ કુમુદ જેવી વિદુષી છતાં કહેવાતી વિધવા હોય તો ઘોર અંધકારમય થઇ જતો હતો. એટલે કોઇ કુસુમને પરણવું જરૂરનું હતું. કુસુમને પરણવું તે સરસ્વતીચન્દ્રને મન પ્રાયશ્ચિત્ત યજ્ઞની પૂર્ણાહુતિ બરોબર હતું.

કુસુમ જેવા સ્વતંત્ર પક્ષીને બંધનમા નાખવાના વહેવારી કારણો સુન્દરની રસિક તોછડાઇભરી વાતોમા ગોવર્ધનરામે સમાવ્યાં છે. પણ એટલાથી સન્તોષ ન માની, આપણે કુસુમ અને સરસ્વતીચન્દ્રના બુદ્ધિમય જીવનની પરખ કરિયે તો એટલે સુધી કહેવાનું મન થાય છે કે કુમુદ કરતા કુસુમ પ્રકૃતિથી જ સરસ્વતીચન્દ્ર જેવાને માટે વધારે લાયક હતી. કુસુમ અને સરસ્વતીચન્દ્ર મિત્ર બન્યા એ પ્રારબ્ધની વાત. સરસ્વતીચન્દ્ર અને કુસુમ, પ્રસંગ મળતા એકદમ મિત્ર બની જાન એ તો રસ્તે દોડતા પણ વંચાય હેવું છે. પણ કલ્પનાના તરંગો મૂકી દઇ કથામાં જેટલુ આવ્યુ છે તે જોઇયે તોય કુસુમ અને સરસ્વતીચન્દ્રના પ્રેમનું બીજ કર્તાએ આપેલું ચોકખું જણાય છે.

" કુસુમ સુન્દરીનો કુમારિકા રહેવાનો અભિલાષ રમણીય છે. તપોવનના હરિણના હૃદય પેઠે એનું હૃદય બાલભાવના ઉત્સાહથી ભરેલુ છે, વ્યવહાર સૃષ્ટિની રચનાના ભયનો લેશ દેખી શકતું નથી, નિર્દોષ સ્વતંત્ર વિહારના સ્વપ્નથી મોહ પામે છે,...અવલોકન કરી નવા વેશ કહાડે એવી એ દક્ષ છે–અને–અને મ્હારા મિત્રને રમવાનું રમકડું થાય એવી એ રમતીયાળ છે. "

" *Here* is an angel *that* can shake *to the* roots the foundations of society in my beloved Bombay, and revolutionize the fortunes of her sex in that my City of Gods, if only He–He would stoop to conquer–her. "

કુસુમે બ્હેન ઉપર આવેલા કાગળ વાંચ્યા હતા, એટલે સરસ્વતીચન્દ્રનું હૃદય કેવા પ્રેમથી દ્રવી શકે ત્હેનું હેને ભાન હતું ત્હેના પુસ્તકો તે રસથી વાચતી, ત્હેની રચેલી કવિતા ગાતી અને સ્હમજતી '' તું હવે નક્કી સરસ્વતીચન્દ્રને પરણવાની હેવા મીઠ્ઠા સૂચન પણ થતા.'' સ્વતંત્રતાની વાસના સરસ્વતીચન્દ્ર પાસેથી જ કુસુમે લીધી હતી કુસુમે સાભળેલું એક સત્ત્વનું ભાષણ આ વધારે સ્પષ્ટ રીત્યે જણાવે છે.

"સૌન્દર્ય ઉદ્યાનના સુન્દર કુસુમ ' ત્હારૂં ભાગ્ય રાત્રિવિકાસી કુમુદ જેવું નથી. આ દેશકાળને અપરિચિત સ્વતંત્રતાની જે વાસના ત્હારામા જન્મી છે ત્હેનો પિતા હું છું. "

સરસ્વતીચન્દ્ર અને કુસુમનો જે ઉચ્ચગ્રાહ લગ્નના નામ માત્રથી ભડકતો હતો, તે જ ઉચ્ચગ્રાહે–એમા એક જાતનો હોવાથી–એની વચલી કડીનું સ્વરૂપ લીધુ. ત્હેમાથી લાગણી, પ્રેમ જન્મ્યા; કોમળ સચનોથી અને દલીલોની સ્હમજણથી તે ઉચ્ચ ગ્રાહ લગ્નમા પરિણમ્યો.

કથાના અંતમા–કર્ત્તા સરસ્વતીચન્દ્રને કુસુમ સાથે પરણાવે છે એ ભાગમાં–પ્રસંગો એક ઉપર એક એમ હિમાલયના ખડકો પેઠે ગબડી પડયા છે. આમ આટલી ઉતાવળથી સરસ્વતીચન્દ્ર કુસુમને પરણશે એમ વાચકને લાગતું નથી. નવલકથાના પાત્રો પણ હેને માટે, તૈયાર ન હોય એમ લાગે છે, એક ચન્દ્રકાન્ત અને કુમુદ સિવાય. પણ આ પ્રશ્ન મુખ્યત્વે કલાવિધાનનો છે. પ્રેમબીજ અને ત્હેનો વિકાસ કર્તાએ આપેલો હોવાથી અક્ષમ્ય ઘટનાદોષ આવતો નથી, વળી એ પ્રશ્ન વિગતવાર અહિં ચર્ચવાનો નથી.

કુસુમ સાથે સરસ્વતીચન્દ્રને પરણાવવામા કર્તા સરસ્વતીચન્દ્રને અન્યાય કરે છે, તે પ્રશ્ન ઉપલી ચર્ચાથી ચર્ચાઇ જાય છે. કથાના મ્હેં કહેલા કરુણ પર્યવસાનથી ગોવર્ધનરામને માથે આ દોષ આવી પડે છે. કુસુમને પરણ્યા પછી કુમુદ તરફ સરસ્વતીચન્દનો પ્રેમ કાયમ રહે તો સરસ્વતીચન્દ્ર સંસારનો, વિષ્ણુદાસ બાવાનો અને ચન્દ્રાવળી મૈયાનો ગુનેહગાર કેમ નહિ ? સરસ્વતીચન્દ્રના હાવા ગુનાહની કલ્પના કરવાનો વખત આવે છે તે જ સરસ્વતીચન્દ્રની કરુણ કથા. " He censures god who quarrels with the imperfections of man." એમ કહી આપણે સન્તોષ માનિયે. एम. ए. ઇત્યાદિ ઉપાધિધારી, ચિન્તક, લેખક, મનસ્વી પણ કર્તવ્યશીલ પુત્ર, પ્રેમી મિત્ર, સાધુ અને દેશભક્ત, હેવા સરસ્વતીચન્દ્રની કરુણ કથા એટલે જ્ઞાનમય જીવન કે બુદ્ધિમય જીવનની કરુણકથા ' મહાન મંદિરનું દ્વાર હાલ તો આટલું જ ખખડાવીશું.

૨૪ એ ત્રણ નાટકો.

(લેખકઃ—રા. રા. ડોલરરાય રંગીલદાસ માંકડ)

ઈ. સ. ૧૮૯૧–૯૨ મા જ્યારે આ નાટકો પહેલા પ્રસિદ્ધ થયાં ત્યારે તેના કર્તા તરીકે પ્રેમાનંદ કવિનું નામ પણ સાથે જ બહાર આવ્યું હતું. છતા નાટકોની ભાષા, શૈલી વગેરે સાક્ષરોને પ્રેમાનંદ કરતા જૂદા જ લાગતાં અને સહુ પોતપોતાની રીતે તેના જવાબ આપતા. પણ આ બધી વાતો તો જાણે ભૂગર્ભમાં થતી.

આ સંબંધી પહેલું વિવેચન બહાર પાડનાર રા. રા. નરસિંહરાવ ભોળાનાથ હતા. તેમણે ઇ. સ. ૧૯૦૯ માં, ત્રીજી સાહિત્ય પરિષદ્‌મા, બધાને પહેલા તો ચમકાવે એવો 'પ્રેમાનન્દનાં નાટકો' વિશેનો પોતાનો નિબંધ રજુ કર્યો. તેમણે કહ્યુ હતું કે નાટકો પ્રેમાનન્દનાં હોવાનો સંભવ નથી અને એની પુષ્ટિ માટે ઘણી જ મક્કમ અને સરસ દલીલો કરી હતી. છતાં તેમને જવાબ દેવાને પ્રયત્ન ન થયા એમ તો નહિ. પહેલા તો તેમને ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં રા. રા. અંબાઇદાસ કાળિદાસ પટેલે જવાબ આપ્યો. પણ બધા જોઇ શકે તેમ છે કે જવાબ ખાસ સંતોષકારક તો નહોતો જ. પછી છુટક, 'વસન્ત' માં રા. 'ग' એ પણ રા. નરસિંહરાવભાઇને જવાબ આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેમની દલીલો પણ રા. નરસિંહરાવની દલીલોને જડમૂળથી ઉખેડી નાખવાને બસ તો નહોતી જ. અને વળી આ બન્નેને રા. નરસિંહરાભાઇએ 'વસન્ત' માં જ 'પ્રેમાનન્દના નાટકના પક્ષકારો' નામનો લેખ લખી, જવાબ આપી દીધો હતો. આથી નાટકના કર્તા વિશે જેવી સ્થિતિ ત્રીજી સાહિત્ય પરિષદ્ પછી હતી તેવી જ લગભગ રહી અને બધાનો એકમત પણ ન થયો અને હમણાં તો આ ચર્ચા સાવ ભૂલાઇ ગઇ હોય એમ જ લાગે છે.

આ લેખમાં હુ આ વિષયને, તેના ઉપર ચઢેલી ધૂળ ખંખેરીને, હાથમાં લેવા ધારૂ છુ અને કંઇક નવું જ કહેવા માગું છું. પણ મારે જે કહેવું છે તેમાં મારે રા. નરસિંહરાવભાઇની દલીલોનો જવાબ આપવો પડે તેમ છે એટલે પહેલાં હું તેમ કરીશ અને પછી મારી વાત મૂકીશ.

રંગભૂમિના અસ્તિત્વ સિવાય નાટકોનું અસ્તિત્વ ન સંભવે, એમ રા. નરસિંહરાવભાઇએ તે વખતે કહેલું અને તે માટે પ્રેમાનન્દના વખતમા અત્યારના જેવી રંગભૂમિ હતી કે નહિં તે વિશે પણ ચર્ચા કરેલી. પરંતુ રંગભૂમિનાં અસ્તિત્વ વગર પણ પ્રેમાનન્દના જમાનામા નાટકો લખી શકાય. આ ત્રણે નાટકો સંસ્કૃત નાટકોની જ શૈલીના છે અને તેની સાથે ઘણી રીતે સરખાવાય તેમ છે. કોઇએ આખું સંસ્કૃત નાટ્યસાહિત્ય સંભાળથી વાંચ્યું હોય તો તે નાટકો ભજવાતાં જોવાયા વગર પણ આવાં નાટકો લખી શકે. જન્મથી જ કોઇ માણસને એવી જગ્યાએ રાખવામા આવે કે તે બહારની દુનિયામાં શું થાય છે તે જરા પણ જાણી ન શકે, પરંતુ તેને જોઇએ તેવી ચોપડીઓ વાંચવા મળતી હોય અને તેણે સંસ્કૃત નાટકો પણ વાંચ્યાં હોય, વળી કંઇક કુશાગ્ર બુદ્ધિનો હોય એટલે પોતે વિચારી

પણ શકનો હોય–એવો માણસ જો એ નાટકોનું અનુકરણ કરી તેવું નાટક પોતાની ભાષામાં લખવા ઇચ્છે તો ન જ લખી શકે એમ કાંઇ નથી. વિક્રમ સંવતના અઢારમા સૈકામા નાટકો ભજવાતાં નહિ હોય એમ આપણે કબુલ કરીએ તોપણ આ નાટકોના કર્તાએ કાલિદાસ, ભવભૂતિ વગેરેનાં નાટકો વાંચ્યા હોય એમ જણાય છે.[1] ત્યારે એ માણસે સંસ્કૃત નાટકો વાચી, વિચારી, પોતાના ગુજરાતી ભાષાના પ્રેમને લીધે[2] તેમ જ બીજી ભાષાઓને નીચું જોવરાવવા, ગુજરાતીમા નાટકો લખવાનું ધારી, લખ્યાં હોય તો તે ન બની શકે તેવું તો નથી જ. નાટકની શૈલીથી તેમ જ જુસ્સાથી તો પ્રેમાનન્દના સમયના પંડિતો જાણીતા હતા જ એમ માનવાને કારણ મળે છે.[3] વળી, ખાસ ખાત્રી લાયક સાબીતી નથી છતાં પ્રેમાનન્દ, વલ્લભ અને દયારામે નાટકો લખ્યાં છે એવું કહેવાય તો છે જ. પણ ખાસ તો સંસ્કૃત નાટ્યસાહિત્ય વાચીને, નાટકો ભજવાતાં જોયા સિવાય પણ કોઇ પ્રતિભાશાળી પુરુષ, એનું અનુકરણ કરીને ધારે તો અઢારમા સૈકામાં પણ નાટકો લખી શકે એમ મને લાગે છે; અને એટલા માટે જ આ ત્રણે નાટકો સંસ્કૃત નાટકોની સાથે કેવાં મળતાં આવે છે તે બતાવવાનો હું યત્ન કરૂં છું. જૈન સાહિત્યકારો તો સંસ્કૃતમાં નાટકો ઘણે મોડે સુધી લખતા.

" તપત્યાખ્યાન " માં વાઘની જે વાત છે એ આગળ બતાવી મારે બીજું અનુમાન કરવું છે એટલે એ પ્રસંગ હમણાં મૂકી દઉં છું બાકીનું આખું નાટક ભાસનાં **स्वप्नवासवदत्तम्**, કાલિદાસના **मालविकाग्निमित्रम्**, તથા શ્રી હર્ષની **रत्नावलीनाटिका** ઉપરથી જ લખાણું હોય એમ લાગે છે. પ્રધાન[4] સુષેણની રાજ્ય ચલાવવાની પદ્ધતિનું વર્ણન, કાલિદાસનાં **शाकुन्तलम्** માંના તેવા પ્રસંગનું જ અનુકરણ હોય એમ સ્પષ્ટ લાગે છે. તેમજ છેલ્લે સુલોચનાના દીકરાની વાત છે તે વાંચીને તો બધાને સર્વદમન યાદ આવે જ. એટલું ખરૂં કે દેશ, કાળ અને કર્તાની બુદ્ધિ પ્રમાણે છોકરા ઉપર જૂદા જ સંસ્કારો પડેલા દેખાય છે, અને સર્વદમનની આગળ આ કુમાર કોઇ હલકા વર્ણના છોકરા જેવો લાગે છે.[5]

અને આમ જ્યારે એક માણસ એક નાટક લખી શકયો એટલે બીજું નાટક પણ લખી શકે અને તેમાં પોતાના ઘરનું પણ કંઇક ઉમેરી શકે. " સત્યભામારોષદર્શિકાખ્યાન " ની અંદરનું આંતરનાટક તો આબેહુબ **उत्तररामचरित्र** માંના આતર નાટકનું જ અનુકરણ છે. " પાંચાલીપ્રસન્નાખ્યાન " માં ભીમ અને હનુમાનના મેળાપના વર્ણનમા તો શબ્દો પણ મહાભારતમાંથી લીધા છે. અને " રોષદર્શિકાસત્યભામાખ્યાન " માં ચિત્રપટની વાત છે તે તો સંસ્કૃત નાટકના અભ્યાસીઓને નવી નહિંજ લાગે.

---

૧. જુઓ. સત. પૃ. ૧૨.

૨. ' આ તે લલિત' વાળું સંગીત અને ભરતવાકયો વાંચવાથીજ આની ખાત્રી થશે.

૩, નાટકોના કર્તાનાં નામ મળે છે તેટલા ઉપરથી.

૪. જુઓ આગળ.

૫. થોડા વખત પહેલાં ' સાહિત્ય 'માં આવેલી આ પ્રશ્નની ચર્ચામાં હું ઉતરવા માગતો નથી.

આમ છતાં કદાચ સંસ્કૃત નાટકના પ્રારંભકાળ માટે એમ કહી શકાય કે રંગભૂમિની કે અભિનયકળાની આવશ્યકતા તેને માટે છે, પણ ગુજરાતી માટે આવી જરૂર લાગતી નથી. એક પ્રજામા નાટ્યસાહિત્ય પહેલી જ વખત ઉભું થવામાં અભિનય વગેરેની જરૂર ખરી; પરંતુ જેમ ગ્રીક અને સંસ્કૃત ભાષાઓ નોખી હતી તેમ ગુજરાતી અને સંસ્કૃત ભાષા માટે નથી. રંગભૂમિ અને અભિનયકળા, એક દેશમાં, એક વખત દાખલ થઇ ગયા અને તેને અનુસરી નાટકો લખાઇ ગયાં અને એમ નાટ્યસાહિત્ય ચાલુ થઇ ગયું પછી કદાચ તે લલિતકળાઓ દેશમાથી સાવ અદૃશ્ય થઇ જાય તો પણ નાટકો લખવાનું તો ચાલુ જ રહે. એટલું ખરૂ કે આમ નાટકો લખાતાજ હોય તો રંગભૂમિ પણ હોય; પણ અઢારમા સૈકામા કદાચ કોઇ સ્વતંત્ર પુરુષે ગુજરાતમા નાટકો લખવાનું યોગ્ય ધારી, લખ્યાં હોય અને પછી તેને કોઇ અનુસર્યું ન હોય તો તે ન ભજવાય એમ પણ બને.

[૬]નાટકોમા રંગભૂમિ કલ્પી છે અને રંગભૂમિ હોય એવીરીતે નાટકો લખાયા છે એમ પ્રકાશકોને લાગતું હોય તો ભલે, બાકી મને તો "શ્રીદામો કનકપ્રસાદ નિરખતો પ્રવેશ કરે છે" વગેરે ભજવનાર પાત્રો માટેની સૂચનાઓ પણ, નાટકમાં એવા પડદા ન હોય તોપણ, સંસ્કૃત વાકય ઉપરથી મૂકી શકાય એમ લાગે છે. જો ઉપરનાં વાકય ઉપરથી હાલનાં જેવા ચિત્રપટની જરૂર જણાતી હોય તો નીચેના ફકરામા પણ તેવીજ જરૂર જણાશે.

रामः—किं नाम दण्डकेयम् (सर्वतोऽवलोक्य) हा कथम्
स्निग्धश्यामा क्वचिदपरतो भीषणाभोगरूक्षाः
स्थाने स्थाने मुखरककुभो झांकृतैर्निर्झराणाम् ।
एते तीर्थाश्रमगिरिसरिद्गर्तकान्तारमिश्राः
संदृश्यन्ते परिचितभुवो दण्डकारण्यभागाः ॥ ४ ॥
उत्तररामचरितम् । द्वितीयांकः ।

આમાં (**सर्वतोऽवलोक्य**) એ ભજવનાર પાત્ર માટેની સૂચના (Stage direction) છે, અને શ્લોકમાંના **संदृश्यन्ते** શબ્દ ઉપરથી તો એમ સ્પષ્ટ છે કે રંગભૂમિ ઉપર જ આ દેખાવો જોવા જોઇએ. ભવભૂતિના વખતમા રંગભૂમિની આ સ્થિતિ હતી કે નહિં તેના અન્વેષણની વાત હું નથી કરતો. પણ ભવભૂતિનું આ નાટક વાંચી, વાચનાર અઢારમા સૈકામા તો શું પણ ગમે તે સૈકામાં તેવું લખી શકે.

"શેષદર્શિકા સત્યભામાખ્યાન" માંનાં "નાટકી લોકો નાટક કરતા હતા તેને દેવીની સખીએ પકડી આણ્યા" એ વાકયથી પણ રંગભૂમિ હોવીજ જોઇએ એવું સિદ્ધ નથી થતું. એટલું ખરૂં કે કર્તા એમ ધારે છે કે આ નાટક કયાક ભજવાય એવું છે. પણ પોતે લખેલું નાટક ભજવાય એવું છે એમ ધારવામા કાંઇ રંગભૂમિની જરૂર નથી જ. આમ આ નાટકોમાં ક્યાંય એવું નથી લાગતું કે જેથી કર્તાએ નાટકો ભજવાતા જોયાં હોવાં જોઇએ એવું માનવાની આપણને ફરજ પડે.

[૭]નાટકમાંની આહીરી અને રાક્ષસી બોલીઓ પ્રાકૃતના દરેક નિયમ પળાઇને તો નથી ઘડાઇ પણ અમુક શબ્દો એવા છે કે લખનારને પ્રાકૃતનું જ્ઞાન હોય એમ મનાય. આ વાત

૬. જુઓ રા. નરસિંહરાવભાઇનો 'કવિ પ્રેમાનન્દના નાટકો'નો નિબંધ, પૃ. ૧૨.
૭. આ વિશેની ચર્ચા માટે જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૨૦.

કર્તાએ હેમાચાર્યના **પ્રાકૃતપ્રકાર** ની વાત કરી છે તેના ઉપરથી પણ મનાય. આ નામનો ગ્રંથ અત્યારે આપણે સાભળ્યો નથી એ ખરૂં પણ બસો વર્ષ પર તે ગ્રંથ પ્રસિદ્ધ હોય પણ ખરો. આમ ન હોય તો પણ જૈન સાહિત્ય પ્રસિદ્ધ થયા પછી એક વાત તો પ્રકાશમાં આવી છે કે જૈન મુનિઓ ઘણે મોડે સુધી–એટલે કે વિક્રમના ઓગણીસમા સૈકા સુધી અને કોઇક તો હજી પણ પ્રાકૃતના નિયમ પ્રમાણે અમુક રૂપો કરતા અને વાપરતા.[૮] પરિચય હોય તોપણ આમ બની શકે.[૯]

નાટકોમાં[૧૦] શુદ્ધ છંદો છે તે ક્યાથી–તેના વિશે વલ્લભના "કુન્તીપ્રસન્નાખ્યાન"–માનું વાક્ય આધાર તરીકે મૂકી શકાય તેમ છે.

છંદ પ્રેમ કેરા ઘણા, પદમા તો શેની મણા,
દુહા ને ચોપાઇ ઘણી, સાખબંધ જોઇએ.

આમાં એક વાત છે કે પ્રેમાનંદે છંદ વાપર્યા હોય એવા કાવ્યો આપણને મળ્યા નથી એટલે એ વાત કેમ સંભવે ? પણ આપણા કરતા વલ્લભને વધારે ખબર હોય એ એક દલીલ છે.[૧૧]

[૧૨]વ્રજવાસી અને બંગવાસી ઉપહાસ કરે છે તેમ જ ગુર્જરદેશ આખ્યાન ભજવવાને યોગ્ય નથી એ વાક્યોમા પણ વિચારવા જેવું છે. આ વાક્ય ઉપરથી બંગાળી વગેરે ભાષામાં નાટકો હતા જ એવું અનુમાન નથી નીકળતું. તેઓના ઉપહાસનું કારણ એમ પણ હોઇ શકે કે ગુજરાતી એવી ખરાબ છે કે તેમાં નાટકો ન ભજવાય. આથી એમ અનુમાન ન થાય કે બીજી ભાષામા સારા નાટકો છે એમ તેઓ કહેતા હોય; પરંતુ એટલું જ અનુમાન થઇ શકે કે નાટકો હોય તો પણ જ્યારે તેમનો દેશ નાટક ભજવવાને લાયક છે ત્યારે ગુજરાત નથી. પ્રશ્ન નાટક છે કે નહિ તેનો નથી પણ દેશ નાટક ભજવવા યોગ્ય છે કે નહિ તે છે. દેશ રસિક નથી અથવા તો ભાષા જ ભાવ પ્રદર્શિત કરવા લાયક નથી અથવા તેમાં એટલો જુસ્સો નથી એવો પણ અર્થ હોઇ શકે.

"તપત્યાખ્યાન"ની અશ્લીલ શૃંગારચેષ્ટાઓ માટે તો એક જવાબ એ છે કે ભવાઇ વગેરેમા અશ્લીલ દોષો કેવા હોય છે એ પ્રસિદ્ધ છે અને આની છાપ આમ આડકતરી રીતે નાટકો ઉપર પડી હોય. બાકી પ્રેમાનન્દમા આવી ચેષ્ટાઓ બીજે નથી મળતી એમ તો મને પણ લાગે છે.[૧૪]

---

૮. જૈન રાસાઓ જોવાથી આ વાત તરત સમજાશે.
૯. શામળ ઉપર તો જૈન અસર દેખાય છે.
૧૦. જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૨૧
૧૧. વધારે વિવેચન માટે આગળ જુઓ.
૧૨. જુઓ. રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૩૯
૧૩. જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૪૬
૧૪. વધુ માટે જુઓ આગળ.

હવે રા. નરસિંહરાવભાઇએ અમુક કહેવતો અંગ્રેજી ઉપરથી જ આવી છે. એમ જે કહ્યું છે[૧૫] તેને માટે થોડુંક લખું.

વાટ જોનારને વેળા લાંબી થાય.

આની સાથે–Time seems long to those that wait–એ વાક્ય સરખાવવા જેવું છે એ ખરૂં પણ તેનાથી પણ વધારે તો નીચેનું આજથી બસો વર્ષ પર લખાયેલું વલ્લભના 'યક્ષપ્રશ્નોત્તર' માંનું વાક્ય સરખાવવા જેવું છે.

"વાટ જોઇ બેશી રહે તેને લાગે કાળ મોટો."

યક્ષપ્રશ્નોત્તર–પૃ. ૧૨૦.

આમાં જોવામા આવશે કે અંગ્રેજી વાક્ય સાથે પહેલાં વાક્યનું જેટલું સામ્ય છે તેથી પણ વધારે બીજાનું છે. એટલે જો નાટકનો કર્તા પ્રેમાનન્દના સમયનો ન હોય તો 'યક્ષપ્રશ્નોત્તર' નો કર્તા પણ ન હોય. પણ આ સ્વતંત્ર રીતે ઉદ્ભવ્યા એમ માન્યા પછી "એક કાંકરે અનેક પક્ષી પડે" એ વાક્ય 'To kill two birds with one stone' એ વાક્યના જ્ઞાન પછી જ ગુજરાતીમાં આવે એવો આગ્રહ નહિ રહે. વળી શિકાર ઉપરથી આપણે ત્યાં કહેવતો ન ઉપજતી એમ સાવ નથી.

'કોકિલા ઉપર બાજ'–યક્ષ. પૃ. ૫૮

આ કહેવત શિકાર ઉપરથી જ આવી હશે એમ દરેક સમજશે.

હવે અમુક શબ્દો કે જે પ્રાચીન કવિમા અસ્થાને ગણાય તેમ જ અર્વાચીન સમયમાં જ ઉપયોગમાં આવતા થયા છે એમ રા. નરસિંહરાવભાઇએ કહ્યું છે તેને માટે પ્રાચીન કવિમાથી જે દૃષ્ટાન્ત મળે છે તે નીચે લખું છું.

(૧) **શપથ.**

તૃષ્ણા જાય તુટી મારી **શપથ** છે દેવના—યક્ષ. પૃ. ૨૫૦

શપથ ખાઇ હું આજ ભાખું છુ.—યક્ષ. પૃ. ૨૧૨.

(૨) **તૈયાર.**

વાર વધુ કરો નહિ સર્વ ત્યાં **તૈયાર** છે.—મિત્રધર્માખ્યાન. પૃ. ૭૦.

(૩) **મસ્ત.**

એવે દોડી આવ્યા દાસ **મસ્ત** હાથી થયો **મસ્ત**–કુંન્તી. પૃ. ૯૧.

માતંગને વધુ **મસ્ત**, કરતા મૂકી હડી. ,, પૃ. ૯૨.

હસ્તી એમ **મસ્તી**વાળો, પકડી શકે ન વસ્તી ,, પૃ. ૯૪.

(૪) **મરદ**

મિંદુ **મર્દ** બની બોલ્યો, નીલાંબર કાળો ક્યાંથી ?—મિત્ર. પૃ. ૩૨.

વાદ ને વિવાદ કરે મિંદુ **મર્દ** બની ઘણો. ,, પૃ. ૧૯.

(૫) **શરમ.**

---

૧૫. જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૪૭–૫૨.

આ શબ્દ 'પાંચાલીપ્રસન્નાખ્યાન' માં પાને ૧૭ મે તો નહિ પણ મારી પાસેની પ્રતમાં પાને ૧૪ મે મળે છે. તે આમ છે.

કરમ નામ છે, કર્મી તાહરું,
શરમ શેં હર્યું, ધર્મી માહરું;

પણ અહિં '**શરમ**' નો અર્થ સુખ થાય છે. '**શર્મ**' નો આવો ઉપયોગ વલ્લભમાં પણ મળે છે.

શર્મ ગ્રહો અર્પો સહુને—યુધિષ્ઠિરવૃકોદરસંવાદાખ્યાન. પૃ. ૯૨.

આટલું છતાં '**શરમ**' લજ્જાના અર્થમાં વપરાએલો પણ નાટકમાં દેખાય છે. અને વલ્લભનાં કાવ્યમાં પણ તે અર્થમાં તેનો ઉપયોગ મળે છે.

શરમાઈ ગયા તેહ પડયો નવ દાવ કંઈ.— મિત્ર. પૃ. ૨૧
તો પણ બે આંખ તણી **શરમ** ધરે છે સહુ.— યક્ષ. પૃ. ૧૬૫.
એવું છે તો પછે કેમ **શર્મ** વૈદ્ય ધર્મ કેરી
રાખી રહે સાંખી રહે— યક્ષ. પૃ. ૩૨

(૬) **ક્યાસ.**

કાંઇ કર્યો **ક્યાસ** રે. યક્ષ. પૃ. ૧૫૦

(૭) **મશ્કરી.**

તે સહુ **મશ્કરી**માં ય મિંદુ નમે મારણે. મિત્ર. પૃ. ૯૩

(૮) **જરૂર.**

જુએ છે **જરૂર** પણ રૂઠી એની રીત છે. યુધિ. પૃ. ૩૦

(૯) **પરવા.**

બેપર્વાઇ એવી ધરે ગાંડી તેની ગત્ય છે. યુધિ. પૃ. ૬૮

(૧૦) **પિતાશ્રી.**

મંદિરમા જઇ પે'લાં **પિતાશ્રીને** નમ્યો પોતે. મિત્ર પૃ. ૧૦૦
શાંત કર્યા **પિતાશ્રીને** બોલતા સહુ રહ્યા. ,, પૃ. ૧૦૨
પ્રતાપી **પિતાશ્રીને** નમુ ભલે મને શાપિયો. યુધિ. પૃ. ૧.
પેખી **પિતાશ્રીને** પાસ નમન નેહેથી કર્યું. કુન્તી પૃ. ૧૧૧

(૧૧) **સિધારવું.**

સમરે **સીધારી** કરી. યુધિ. પૃ. ૮૪.

(૧૨) **રવાને થવું**

સ્વપક્ષ વધારવાને **થાય** નવ **રવાને**. યુધિ. પૃ. ૮૧

(૧૩) **દગો.**

અતિ દુઃખી સુખી સમો દમાય ન **દગા**થી. યક્ષ પૃ. ૨૨૧.
'દગો' શબ્દ મળ્યો એટલે 'દગાબાજી' માટે ખાસ કહેવાનું નહિ રહે એમ ધારૂં છું.

(૧૪) **લાગુ પડવું.**

ફોડખાનું ઉપનામ **લાગુ પડયું** હતું જાણુ. મિત્ર.પૃ. પર.

(૧૫) **ખુશી.**

આનો વિશેષણ તરીકેનો ખોટો ઉપયોગ પણમળે છે.
જોઇ થતા **ખુશી ખુશી** ચાર કંથ કામિની. યક્ષ. પૃ. ૨૩.
અતિ **ખુશી** થાય છે. મિત્ર પૃ ૯૭

(૧૬) **કહી શકાય.** મિત્ર. પૃ. ૯૭.

પણ કોઇ પૂછે ત્યારે **કહી તો શકાય** જાણુ. યક્ષ.પૃ. ૯૯.

(૧૭) "**ઊભવું.**"

કર જોડી ઇંદ્ર **ઊભો.** યક્ષ. પૃ. ૩૭.
પણ **ઊભા** ધર્મરાજ. ,, પૃ. ૪૫.

(૧૮) **ધન્યવાદ આપવો.**

પાવકને અષ્ટવસુ વળી બીજા સર્વ દેવ
ધન્યવાદ અર્પી કહે સત્યનું સ્વરૂપ છે. યક્ષ. પૃ. ૨૬૨.

(૧૯) **અકલ.**

દેવરૂપ દરિયાબ **અકલ** ધણી અનુપ.—વૈતાળપચ્ચીશી–શામળ બૃ. કા. દો. પૃ. ૬૧૧.

(૨૦) **ગરક.**

અજીત કામ જીતે કવણ માયામા સહુ **ગરક.** વૈતાળ. પૃ. ૬૦૭.

આટલામા રા. રા. નરસિંહરાવભાઇના અમુક વાધાઓનો જવાબ આપવા પ્રયત્ન કર્યો છે. બાકી રહ્યા તેના જવાબો આ નિબંધના બીજા ભાગમા આપીશ.

૨

દરેક પુસ્તકમા-પછી તે ગમે તેવું હોય- તેના કર્તાનું વ્યક્તિત્વ ઓછા વધતા પ્રમાણમા આવી જ જાય છે. તેમ જ તેના પોતાના વિચારો, રહેવાની શૈલી તથા માનસિક સ્વભાવ અને વર્તનની ઊંડી છાપ તેની કૃતિ ઉપર પડે જ છે. આ એક માનસશાસ્ત્રનું સત્ય (Psychological fact) છે. એટલે જ્યારે આપણે ગમે તે એક વ્યક્તિનું એક પુસ્તક વાચીએ ત્યારે કર્તાની શૈલી, વિચાર, વ્યક્તિત્વ વગેરે આપણને દેખાય જ, અને જો આમ વાંચવાનો અભ્યાસ હોય તો તે જ કર્તાના બીજાં પુસ્તકો જ્યારે આપણે વાચીએ ત્યારે, તેમા નામ ન હોય તોપણ, કર્તાના વ્યક્તિત્વ, વિચાર વગેરેને આપણે પકડી શકીએ જ. પણ આમ કરવામા પુસ્તકની આખી વિચારશ્રેણી, રચના, ભાષા, શૈલી અને બીજાં આન્તરિક તેમ જ બાહ્ય લક્ષણો ખાસ ધ્યાનમા રાખવા જોઇએ.

પ્રકાશકો અને બીજા થોડાક જ સિવાય, બીજું કોઇ એમ નહિં જ માનતું હોય કે પ્રેમાનન્દના બીજાં કાવ્યમા જે વ્યક્તિત્વ, જે વિચાર અને જે શૈલી દેખાય છે તે જ આ નાટકોમાં પણ દેખાય છે. રા. રા. કેશવલાલભાઇ પણ નાટકો પ્રેમાનન્દનાં માને છે છતા ભાષા તો કૃત્રિમ જ કહે છે. આ સ્થિતિ વિચાર ઉત્પન્ન કરે એવી તો છે જ.

પણ હજી આથી પણ વધારે એક બાબતનો વિચાર કરીને પછી જ આપણે આપણા મુખ્ય વિષય ઉપર આવશું. પ્રાચીન ગુજરાતી સાહિત્ય પ્રસિદ્ધ કરવાની શૈલી શી છે તે આપણે જોઇ જઇએ. કોઇ પણ પ્રાચીન કાવ્ય હાથમા આવ્યું એટલે પોતાની બુદ્ધિ પ્રમાણે સુધારા વધારા કરવાનું તો પ્રકાશકોને મન થાય જ; અને બધા કાંઇ રા. કેશવલાલભાઇ જેવા હોય પણ નહિ. પણ આમ સુધારા વધારાઓ કરવાથી એક જબરી હાનિ સાહિત્યને થાય છે તે પ્રકાશકો ભૂલી જતા હોય એમ લાગે છે.

પ્રાચીન કવિઓનાં કાવ્યોને પ્રકાશમા લાવવાનું માન ખાસ કરીને સ્વ. ઇચ્છારામભાઇને તથા રા. બા. હરગોવિંદદાસભાઇને છે. હવે આ બન્નેએ કાવ્યો પ્રસિદ્ધ કરતી વખતે થોડા ઘણા પણ સુધારા તો કર્યા જ છે, તે આપણે જાણીએ છીએ; અને સ્વ. દલપતરામભાઇ જેવાએ 'જે ચક્રવાક' વાળો શ્લોક ભાષાતર કરીને ઘુસાડયો તે પણ જાણીએ છીએ. એ ખરૂં કે આમ સુધારીને પસિદ્ધ કરવાથી પ્રજાને ઠીક પડે ગમે તેમ હોય પણ એટલું તો નક્કી કે આમ થાય છે ખરૂં. વળી સ્વ. ઇચ્છારામભાઇએ જે સુધારા કર્યા હશે તે કરતા રા. બા. હરગોવિંદદાસભાઇએ પ્રસિદ્ધ કરેલા કાવ્યોમાં વધારે થયા હશે. કારણ સ્વ. ઇચ્છારામભાઇ જે પ્રસિદ્ધ કરતા તે પ્રત ઉપરથી, જ્યારે પ્રાચીન કાવ્યમાળામાં જે કાવ્ય પ્રસિદ્ધ થતાં તેમાં પહેલાં તો સ્વ. નાથાશંકર શાસ્ત્રી કાવ્યની પ્રત કયાંકથી ઉતારી આવતા તે વખતે તે પણ સુધારતા હશે. રા. છોટાલાલ નરભેરામ ભટ્ટે ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં કહ્યું હતું—"તેમાં નાથાશંકરે પોતે કાંઇ પોતાનું પાંડિત્ય કર્યું હોય તેથી જો અર્વાચીનતા રૂપ વિસંગતતા દેખાતી હોય તો નાટકના પદાર્થમાત્રનું સ્ફોટન કરવા તરફ મુખ્ય દૃષ્ટિ હોવાથી તે કાંઇ મારી નજરે આવ્યું નથી." એટલે સ્વ. નાથાશંકરને "પોતાનું પાંડિત્ય ડહોળવાની ટેવ હતી એમ તો લાગે છે. અને દરેક વખતે પદ્ય મળતું હોય અને આ વખતે ગદ્ય મળ્યું હોય એટલે તેઓએ એમા ઘરનું ઉમેરવામા કાંઇ જ બાકી નહિ રાખ્યું હોય. આમ એક વખત તેઓ પુસ્તક સુધારી રા. બા. હરગોવિંદદાસ વગેરે પાસે લાવતા એટલે તેઓ પણ થોડું ઘણું તેમા સુધારતા જ હશે. આમ એક પુસ્તક બે વાર સુધારાય એટલે તેની મૂળની ભાષા ઘણી જ ફેરવાઇ જાય એમા તો કોઇ ના નહિ પાડે. એટલા માટે અત્યારે જે સ્વરૂપમાં નાટકોની ભાષા આપણી પાસે છે તે ઉપરથી નિર્ણય કરવો એ બરાબર નહિં ગણાય. પણ સાથે એટલું પણ ધ્યાન રાખવાની જરૂર છે કે આમ ભાષા ફરે ત્યારે મૂળ લખનારનાં ભાવ, જુસ્સો, શૈલી વગેરે સચવાઇ રહે. એટલે ભાષામાં આધુનિક સ્વરૂપો વખતે ઘુસ્યાં હોય પણ વિચાર તો ન જ બદલાયા હોય. છતાં આવી શંકા આવે એવા શબ્દોમાંના અમુક ક્ષેપક છે એમ કહેવા જેટલી સ્થિતિ પણ અત્યારે રહી નથી. પણ અત્યાર સુધીમાં સંસ્કૃત ભાષામાં તેમ જ ગુજરાતી ભાષામા ઘણાંય પ્રાચીન પુસ્તકો બહાર આવ્યાં છે અને તે દરેકમા એક અક્ષર પણ ક્ષેપક નથી એમ કોઇ કહી શકશે નહિં. ત્યારે જો નાટકો કોઇ પ્રાચીન કવિનાં લખેલા હોય અને તેની નકલ સ્વ. નાથાશંકરે ઉતારી હોય, તો તેમાં એક પણ અક્ષર ક્ષેપક ન હોય એમ શું અત્યારે કોઇ પણ અભ્યાસકની બુદ્ધિ કબુલ કરશે કે?

આટલું કહ્યા પછી હું મારૂં કામ શરૂ કરીશ. નાટકો વાચ્યા પછી—તેના ઉપર વિચાર કર્યા પછી—થોડે સમયે મને શંકા આવી કે નાટકોનો અને પ્રેમાનંદપુત્ર વલ્લભનાં કાવ્યોનો

કર્તા વખતે એક જ હોય. એટલે એ પ્રમાણે વાચ્યુ અને વિચાર્યું. તેમા મને જે મળ્યું તે રજુ કરૂં છું.

પહેલાં 'પાંચાલીપ્રસન્નાખ્યાન' લઇએ. આ નાટકમાં પાંડવની વાત છે. પણ ભીમ, પાચાલી, યુધિષ્ઠિર, તથા ધૌમ્યના પાત્રો મારી દૃષ્ટિ વધારે ખેંચે છે. ભીમની આવી રેખા બીજા કોઇએ આપી હોય એમ ધ્યાનમાં નથી. ખાસ કરીને ભીમ—પાચલીનો સંયોગ—ને ધૌમ્યનું પાત્ર—આ બેનું આવું વર્ણન અથવા ચારિત્ર્ય કોઇએ ઘડયું નથી. ભીમ—દ્રૌપદી વચ્ચે આને કાંઇક જ મળતા, આવા કે આથી ઉતરતા પ્રસંગોનું વર્ણન મહાભારતમા કોઇક જગ્યાએ મળે છે. તેમ જ ભીમનું આને મળતું ચારિત્ર્યાલેખન ભાસના **मध्यमव्यायोग**-માં કંઇક અંશે દેખાય છે. [૧૬] પણ એ તો બહુ દૂરના સમયની વાત થઇ.

બાકી ધૌમ્યનું આવું ચિત્ર તો હજુ સુધી એક જગ્યા સિવાય મને કયાય નથી મળ્યું. મહાભારતમાં દરેક પ્રસંગે અગત્ય લોમશને જ અપાય છે. ભીમ કમળ લેવા જાય છે ત્યારે કે જટાસુર પાંડવોને લઇ જાય છે ત્યારે, મહાભારતમા તો ધૌમ્યનું નામ પણ નથી મળતું. પણ ધૌમ્યનું આના જેવું જ ચિત્ર વલ્લભના 'યક્ષપ્રશ્નોત્તર' માં મને મળી આવ્યું. હરણ કાઇ લઇ જાય છે અને શિષ્ય યુધિષ્ઠિર પાસે આવે છે તે વખતનું, અને દ્રૌપદી પોતાના પતિઓને શોધવા જાય છે તે વખતનું ધૌમ્યનું ચિત્ર ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. મહાભારતમાં આ જગ્યાએ પણ ધૌમ્યનું નામનિશાન નથી મળતું. આ દરેક પ્રસંગોએ જે જુસ્સાથી તેનું વર્ણન 'યક્ષપ્રશ્નોત્તર' મા કરાયું છે તે જ જુસ્સાથી 'પાંચાલીપ્રસન્નાખ્યાન' મા કરાયું છે. હવે જ્યારે મહાભારતમાં આ બન્ને પ્રસંગોએ ધૌમ્યનું નામ પણ મળતું નથી તેમ જ બીજે પ્રસંગે પણ ધૌમ્યની પાંડવો પ્રતિ આવી વૃત્તિ કયાંય દેખાતી નથી, અને આખા સાહિત્યક્ષેત્રમા આ બે જ પુસ્તકમા તેનું આવું ચારિત્ર્ય નજરે પડે છે, અને તેમા પણ એકનો કર્તા વલ્લભ છે એમ આપણે જાણીએ છીએ, ત્યારે બીજાનો કર્તા કોણ હોય તે સહજ સમજાય તેવી વાત છે. એક જ માણસનું, એક જ જાતનું ચિત્ર, આવા પ્રસંગોએ તો એક જ માણસના મગજમાંથી નીકળે એમ મનાય અને બીજાં પ્રમાણો એ કલ્પનાને મળતાં હોય તો તો જરૂર એમ મનાય.

બીજી એક વાત તરપ મારે લક્ષ ખેંચવાનું છે તે એ છે કે ભીમ અને દ્રૌપદીના સહવાસના જે પ્રસંગો મહાભારતમા વર્ણવવામા આવ્યા છે તેમા જો કે સ્વાભાવિક રીતે જ દ્રૌપદીનો ભીમ તરફ પક્ષપાત દેખાય છે; છતા 'પાચાલીપ્રસન્નાખ્યાન' મા તો એથી પણ વિશેષ સાધારણ નાયકનાયિકા પ્રમાણે તેઓ ચિતરાયાં છે. ભીમ અને દ્રૌપદીના સહવાસનું આવું ચિત્ર વલ્લભના "દુઃશાસનરુધિરપાનાખ્યાન"માં મળે છે. તેમાં જ્યારે ભીમને ઉશ્કેરવા દ્રૌપદી જાય છે ત્યારે તે ભીમને રીઝવે છે તે જ રીત 'પાંચાલીપ્રસન્નાખ્યાન' માં પણ લેવાઇ છે. આ પ્રમાણે આ બનાવોનું સામ્ય પણ ધ્યાનમાં રાખવા જેવું છે.

---

૧૬. વલ્લભ ઉપર ભાસની અસર હોય એમ બીજી રીતે પણ લાગે છે. વલ્લભ જેમ દરેક કાવ્યને અંતે જૂદા જૂદા અવતારની સ્તુતિ કરે છે તેમ ભાસે પણ કેટલાંક નાટકમાં કર્યુ છે. પણ વખતે આ અસર ભાસની ન પણ હોય. જયદેવની પણ અસર હોય. ગીતગોવિન્દમાં તેનું દશાવતારનું વર્ણન જાણીતું છે.

બીજી એક વાત 'પાંચાલીપ્રસન્નાખ્યાન' વિશે રા. નરસિંહરાવભાઇએ કહી છે.[૧૭] તેઓએ તેના નામનું 'કુન્તીપ્રસન્નાખ્યાન' સાથે સામ્ય સૂચવ્યું હતું; પણ તેઓને તો 'કુન્તીપ્રસન્નાખ્યાન' ઉપરથી જ અનુકરણ કરીને આ નામ અપાયું હોય એમ લાગે છે. પણ 'યક્ષપ્રશ્નોત્તર' એ પ્રાચીન કાવ્યમાળાનું એકવીસમું પુસ્તક છે. 'કુન્તીપ્રસન્નાખ્યાન' સત્તાવીસમું છે અને 'પાંચાલીપ્રસન્નાખ્યાન' ત્રીસમું છે. આ બધાં પુસ્તકો ઇ. સ. ૧૮૯૧–૯૨ માં જ, એટલે એક જ વર્ષમા પ્રસિદ્ધ થયાં હતા. અને જ્યારે 'કુન્તીપ્રસન્નાખ્યાન' પ્રસિદ્ધ થયું હશે ત્યારે 'પાંચાલીપ્રસન્નાખ્યાન' કાં તો છપાતું હશે કે છપાઇ રહ્યું હશે અને કાં તો બન્ને સાથે જ પ્રસિદ્ધ થયાં હશે. આવા સંયોગોમાં આધુનિક લેખક 'કુન્તીપ્રસન્નાખ્યાન' નામ જાણ્યા વગર જ તેનું અનુકરણ કેમ કરે તે ખરેખર ન સમજાય તેવી વાત છે. એ ખરૂ કે પ્રકાશકો ઉપર આપણે બહુજ અવિશ્વાસ રાખી શંકા કરીએ તો આનું સમાધાન થાય, પણ આ અનુમાન બહુ જ નિર્બળ અને શિથિલ હોવા ઉપરાંત પ્રકાશકોની પ્રમાણિકતા ઉપર જબરી તરાપ મારે છે. પ્રકાશકોની પ્રમાણિકતાની ખાત્રી તો તેઓની સત્યભામાની પ્રસ્તાવના ઉપરથી જ થાય છે. એટલો ઉત્સાહ એક સાવ જુઠા માણસમાં હોય જ નહિં. ત્યારે જો બીજા કોઇને ખબર ન હોય તો એ નામ કયાથી આવ્યું? હા એક જ મગજમાથી બે નામ નીકળે ખરાં.[૧૮]

એક 'તપત્યાખ્યાન' બાદ કરતાં, બાકીના બે નાટકોના બનાવો મહાભારતના સાવ ખૂણામાંથી શોધી કાઢેલા છે એ વાત પણ ધ્યાન ખેંચે એવી છે. પ્રસંગ અને વસ્તુ પસંદ કરવામા પણ કર્તાનાં મનના વલણ ઉપર વધારે આધાર રહે છે. જેમ નાટકોમાં તેમ જ વલ્લભના કાવ્યોમા વસ્તુ મહાભારતના ખૂણામાંથી જ લીધું છે. વલ્લભને આ ટેવ હતી એમ પ્રકાશકોને પણ લાગ્યું હતું. 'દુઃશાસનરુધિરપાનાખ્યાન'ના ગ્રંથવિવેચનમાં તેઓ લખે છે કે "બીજા જૂના કવિઓ કરતા તેનામા વિશેષ લક્ષણ એક જોવામા આવતું હતું કે તે જૂના સંસ્કૃતાદિ ગ્રંથોમાથી કથાભાગ પસંદ કરવાને ઠામે કાઇક નવીન યોજના જ પસંદ કરીને કાવ્ય કરતો હતો." આમ વલ્લભ ખૂણામાથી પ્રસંગો શોધતો અને એવા પ્રસંગોને શણગારી તેમા જીવન રેડતો અને એ જ જાતનું સામ્ય નાટકના કર્તાનાં મનના વલણમાં દેખાય છે.

આના કરતાં પણ વધારે સબળ પ્રમાણ તો 'પાંચાલીપ્રસન્નાખ્યાન'મા કર્તાએ એક બે ફેર કર્યા છે તે છે. એક તો અર્જુન, ભીમ વગેરેને તેઓ કુબેરની તળાવડીમા હોય છે ત્યાજ મળે છે તે–પણ મહાભારતમા જેમ જટાસુરના વધ પછી પણ ઘણે વખતે મળે છે તેમ નહિં; અને બીજું, ભીમ જ્યારે હનુમાનને મળે છે ત્યારે તેની પાસે વર માગે છે તે આ બન્ને વાતમાં નાટકના કર્તાએ મહાભારતથી જૂદા પડીને ફેર કર્યો

૧૭. જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૭.

૧૮. વલ્લભે 'કુન્તીપ્રસન્નાખ્યાન' ઉપરથી રાખ્યું હોય એમ કરી એ નાટક પ્રેમાનંદનું હોય એમ દલીલ થાય ખરી પણ મારાં બધા પ્રમાણોના પરસ્પર સંબંધ અને ટેકાને ખાતર મેં કરેલી કલ્પના જ મને સાચી લાગે છે.

છે, અને આવો જ ફેર આ જ એ વાતમાં વલ્લભના ' યક્ષપ્રશ્નોત્તર ' માં મળે છે. વાત બહુ જ અગત્યની છે એટલે આખો ભાગ જ ઉતારૂં છું.

કમળનયનીને કમળ જોઇ રાડ લાગી
ભીમ લેવા ગયો તેહ સે'વાયું ન રાયથી
અર્જુનને કાજ તેણે વાનર રીઝાવ્યો વીર
કમળ લેવા તે ગયો કષ્ટ સહી કાયથી.
અપાર ત્યાં યુદ્ધ થયું યુધિષ્ઠિર દોડી આવ્યા
યક્ષ અનુચર નાઠા ધીટ ઘણા ઘાવથી.
અજાતશત્રુનું ત્યાંહી હરણ વનમા થયું
ભીમ વ્યાઘ્ર ગયો દોડી નાહરને મારિયો.
'હ' કાઢીને કરવું છે વ્યાઘ્રે રાખ્યું માટે જાણ
નીકર હરણ કેરો ભીમ છે વિડારિયો.
એમ થાય અને જાય અકૃત્ય કૃત્ય થાય.
કવીશ્વર અર્થ કહો હજુએ ન સારિયો ?
પંચ કેરી આશ પૂરૂં હકારને સુણું પછે
ખરેખર કવીશ્વર કરુણથી હારિયો.
સર્વ આશ પૂરી કરી આવી મળ્યો અર્જુન તો,
જોઇ થતા ખુશી ખુશી ચાર કંથ કામની;
હળી મળી ચાલિયા તે રથ આદિ સર્વ લેઇ
એક પછી એક એમ વીતી ચાલી જામની.
શ્રોતા કહો સર્વ હવે કરુણ થયો ન પરો ?
ના કહો તો આપુ હવે પદવી હજામની.
અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય જ્યાંહી જ્યાહી ભાઇ
કરુણ તો ત્યાહીં ત્યાહી થાય ન બહામની.
બહું નહિં બહું નહિં નટવાના વેશ એ તો
મૂળ મીઠા ઝાડ તણા કાઢવે શું કાર્ય છે ?
વીરને રડાવે એવો પિતા વિના હોય કોણ ?
ધિઃક ધિઃક આજ કહું કરવા આચાર્ય છે.
અષ્ટ રસ પૂર્ણ પ્યારા સગા ભાઇ અમારા
ઓરમાઇ કરુણ તો અપાર અનાર્ય છે.
પ્રતિજ્ઞા કરો જો કોઇ સોઇ જોઇ સર્વ કરો
ખોઇ બેસવું ન નૂર વલ્લભ તો આર્ય છે.

(યક્ષપ્રશ્નોત્તર. પૃ. ૨૪ .)

આ ઉપરના ઉતારા-પરથી બે ત્રણ બાબતો મારે બતાવવાની છે. જેમણે 'પાંચાલી-પ્રસન્નાખ્યાન ' બરાબર વાચ્યું હશે તેઓને તો ઉપરની લીંટીઓમા તેનો સાર જ દેખાશે. આ ભાગ 'યક્ષપ્રશ્નોત્તર ' માં આવે છે અને કાવ્ય જે બનાવથી શરૂ થવાનું છે ત્યાંસુધીનો

–આગળનો:–પાંડવોનો ઇતિહાસ શું છે તે ટુંકામાં આપણને કવિ કહી જાય છે. પાંડુને શાપ હતો અને પછી પુત્રો કેમ ઉત્પન્ન થયા ત્યાથી માંડી ઠેઠ અર્જુન ઇંદ્ર પાસેથી આવીને મળ્યો ત્યા સુધીના બનાવોની વાત કવિ પહેલા કહી જાય છે. પછી સ્વર્ગમા દેવસભા મળે છે તેની વાત શરુ થાય છે એટલે કે તેને તો કથા સાથે સંબંધ હોઈ, તે તો કથાનો એક ભાગ ગણાય. મેં ઉપર જે લીંટીઓ ઉતારીની છે તે આ ટુંક સારની છેલ્લી જ લીંટીઓ છે. આ પછી પણ થોડીક વાતો રહી જાય છે કે જેના પછી ખરો કથાભાગ શરુ થાય છે. તે વાતો, ઇંદ્રસભાની વાત વચ્ચમા કર્યા પછી, કવિ કરે છે. એટલે આમ ટુંક સાર આપતાં વચ્ચમાં દેવસભાવાળો ભાગ મૂકી, તે સારને બે ભાગમાં વ્હેંચવા જેવું કર્યુ હોય એમ લાગે છે. જો કે બીજો ભાગ પ્રમાણમાં સાવ નાનો છે, છતા બે ભાગ કરવાનો પ્રયત્ન લાગે છે, કાવ્યના કથનના સ્વાભાવિક પ્રવાહમાથી કાઇક ખંચાવું પડે છે, માટે આમ આ અર્જુન પાછો ફર્યો ત્યા સુધીના ભાગને જૂદો પાડવામા કાઇક હેતુ હોવો જોઇએ. આ વાતનો નિકાલ બીજી એક વાતથી થાય છે. “પાચાલીપ્રસન્નાખ્યાન” મા પણ આટલી જ વાત આવે છે. વલ્લભે ‘યક્ષપ્રશ્નોત્તર’ ખાસ કરુણ રસ જમાવવા લખ્યું છે તે તો પ્રસિદ્ધ છે. પણ કરુણ રસ વર્ણવવો તેને ગમતો નહિ એ વાતને પાયા તરીકે લઇ નીચેની કલ્પના ચર્ણું છું. કદાચ વલ્લભે “પાચાલીપ્રસન્નાખ્યાન” નાટક લખ્યું હોય અને તેને જ કરુણ રસના કાવ્ય તરીકે ચલાવવાને તેની ઇચ્છા હોય, અને એમ ધારી, પોતાના પિતાને તે બતાવ્યુ હોય, ત્યારે પ્રેમાનંદે તો તેમાં કરુણ ન જોઇને કહ્યુ હોય કે “બહુ નહિ બહુ નહિ નટવાના વેશ એ તો.” આથી વલ્લભને ન છૂટકે ‘યક્ષપ્રશ્નોત્તર’ લખવાની ફરજ પડી હોય. ઉપરના “બહુ નહિ” વાળા વાકયનો સ્પષ્ટ અર્થ તો નટ લોકો નાચ કરતા બોલે છે તે અર્થને અનુલક્ષીને છે, પણ ધ્વનિમા કદાચ ‘નટવાનો વેશ એ તો’ એ શબ્દથી પોતે જે ગ્રંથ બાપને બતાવ્યો હતો તે નાટક હતું એમ પણ સૂચિત હોઇ શકે. આ કલ્પના છે એ ખરૂં; પણ જેમ વલ્લભને વાત શરુ કરતા પહેલા આગળના બનાવોનો ટુંક સાર આપી જવાની ટેવ હતી તેમ જ તેને સીધી વાતમા આડકતરી રીતે પોતાની કે પોતાના બાપની વાત કરવાની પણ ટેવ હતી. વળી “દુઃશાસન૦” મા પણ ટુંક સાર આપવામા આપણે આ વાતની આશા રાખીએ પણ ત્યાં તો થોડા જ શબ્દોમાં આની વાત કરી તરત વાત શરુ કરે છે. આથી આમા આ વાત ખાસ હેતુપૂર્વક વલ્લભે મૂકી હોય એમ લાગે છે. ‘બહુ નહિ’ વગેરે પર પ્રકાશકોની ટીકા પણ “જ્યારે વલ્લભે ગ્રંથ પ્રેમાનંદને બનાવ્યા ત્યારે તેણે તે કબુલ ન કર્યો” એવી કંઇક છે. હવે આ વાત વલ્લભ ‘યક્ષપ્રશ્નોત્તર’ લખવાની શરૂઆત કર્યા પહેલાં લખે છે; અને આમ જો કોઇ ગ્રંથ વલ્લભે પ્રેમાનંદને બતાવ્યો હોય તો તે “યક્ષ૦” તો ન જ હોય. કારણ તે તો હજી હવે લખાવાનો હતો. શેકસપીઅર પોતાના prologue પાછળથી લખતો એ સામ્ય લઇ આપણે એમ કહીએ કે આખું “યક્ષ૦” લખ્યા પછી વલ્લભે આ લીંટીઓ લખી હશે. પણ આપણે ધ્યાન રાખવું જોઇએ કે આ કંઇ prologue નથી. આ તો કથાની શરૂઆત માટે, પરસ્પર સંબંધ સમાજવાને જરૂરનો ટુંક સાર છે અને તે કોઇ દિવસ પાછળથી લખે જ નહિ. એટલે જો એ ગ્રંથ “યક્ષ૦” ન હોય તો બીજો કયો હોય? મારો જવાબ તો એ જ છે કે તે “પાંચાલી૦” હોય અને આથી જ

એ નાટકનું તેમા સૂચન લાગે છે. અને જ્યારે પ્રેમાનન્દે તે નાટકને કરુણ રસના ગ્રંથ તરીકે કબુલ ન કર્યું હોય ત્યારે વલ્લભે ખીજાઇને "મૂળ મીઠાં ઝાડ તણાં કાઢવે શું કાર્ય છે?" વગેરે વચનો કહ્યા હોય.

દેખીતી રીતે "પાંચાલી૦" મા જે પ્રસંગો આવે છે તેમાં કરુણ રસને પોષે એવું ઝાઝું નથી લાગતું. છતા વલ્લભે તેને કરુણ રસનો ગ્રંથ કેમ માન્યો હશે એ એક સવાલ જેવું થઇ પડે એ સાચું; પણ વલ્લભનો પોતાનો મત આપણે જોઈ ગયા. તે તો આ પ્રસંગોમા કરુણ રસ ખાસ આવ્યો છે એમ કહે છે અને આપણે જો તે કબુલ ન કરીએ તો આપણને એ "હજામની પદવી" આપવા તૈયાર થઇ જાય છે. એટલે પોતે એને કરુણ રસનો ગ્રંથ ગણ્યો હોય અને પિતાએ ના પાડી હોય એટલે ઉપલાં વચનોથી વલ્લભે પોતાના મનનો ઉભરો કાઢ્યો હોય. ગમે તેમ હોય પણ ઉપલા શબ્દોથી "પાંચલી૦" વલ્લભે રચ્યું હતું એમ માનવાને બહુ મન થાય છે. તેને બીજાં પ્રમાણો પોષે છે.

પણ હજી ખાસ અસંબદ્ધ લાગે એવું વાકય છે તે તો બીજું જ છે. ઉપર જે ૫કરો આપ્યો છે તેમા ત્રીજી લીંટી

"અર્જુનને કાજ તેણે વાનર રીઝાવ્યો વીર"

એમ છે. આનો અર્થ મેં પહેલા વાચ્યું ત્યારે તો સમજાયો જ નહિં. મહાભારતમા વાત એમ છે કે ભીમ કમળ લેવા જાય છે ત્યારે હનુમાનને મળે છે; એટલે 'વાનર' કોણ તે તો સમજાયું. પણ 'અર્જુનને કાજ' તેને ભીમે કેમ રીઝાવ્યો તે સમજાયું નહિં. એટલે એ ભાગ આખો મહાભારતમાંથી વાચ્યો. ભીમને હનુમાને ખુશ થઇ, કંઇક માગવા કહ્યું ત્યાં આ બાબત હશે એમ ધાર્યું પણ ત્યાં તો આમ છેઃ—

ભીમઃ—"હું તમારી પાસે માગું છું કે તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. હે વીર્યવાન! તમે અમારા સ્વામી છો તેનાથી જ અમે સઘળા પાડવો ધણિયાતા થયા છીએ અને તમારા જ પ્રતાપથી અમે સર્વ શત્રુઓનો વિનાશ કરીશું."

હનુમાનઃ—"તું મારો બંધુ અને સુહૃદ થાય છે માટે હું તારૂં હિત કરૂં છું. હે મહા બળવાન! તું બાણોથી ને શક્તિથી આકુળ થઇ, શત્રુની સેનામા પ્રવેશ કરીને જ્યારે સિંહ પેઠે ગર્જના કરીશ, ત્યારે હું પણ અર્જુનની ધ્વજામા રહીને તારી ગર્જનાની પાછળ ગર્જના કરીને તારી ગર્જનામા વધારો કરીશ, અને શત્રુના પ્રાણનાશક દારૂણ નાદો કરીશ કે જે નાદો સાભળીને તું સહજમા શત્રુઓનો નાશ કરી શકીશ."[૧૯]

મહાભારતમાં આ વિશે આટલું જ છે. ખાસ "અર્જુનને કાજ" હનુમાનને રીઝાવવાનો પ્રયત્ન ભીમે કર્યો હોય તેવું આમાં છે જ નહિ, અને "અર્જુનની ધ્વજામા રહીને" એટલા ઉપરથી એવો ધ્વનિ પણ નથી નીકળતો. આમ જે વાત કયાંય નથી એ વાત વલ્લભને કયાંથી સુઝી એ મોટો પ્રશ્ન થઇ પડે. વખતે એમ હોય કે વલ્લભે મહાભારતની જે પ્રત વાંચી હોય તેમા એવું હોય. પણ એમ ધારવાને આપણી પાસે કેવળ કલ્પના સિવાય બીજું કંઇ નથી. ત્યારે તો હવે એક જ વાત રહી કે વલ્લભને પોતાને એવો ફેર કરવા

૧૯. જુઓ ગુજરાતી પ્રેસનું મહાભારતનું ભાષાતર.

ઇષ્ટ લાગ્યો હશે. પણ સાથે જ એક બીજી વાત મળી આવે છે. " પાંચાલી૦ " માં ભીમ હનુમાનને મળે છે અને હનુમાન પ્રસન્ન થઇ, તેને વર આપે છે ત્યારે જે વર માગે છે તે આ છેઃ—

ભીમઃ—" જ્યેષ્ઠ ભ્રાતા ! જેમ મને વરદાન આપી પ્રસન્ન કર્યો, તેમ જ પાર્થને એક વાર દર્શન દઇ તેને સ્વેચ્છિત વરદાન આપવા કૃપા કરશો; અને દિવ્ય કમલ કિંકર જ પ્રાપ્ત કરી શકે એવા ઉપાયની યોજના કરશો. "

પછી હનુમાન તેને એ વર આપે છે. આમાં પાર્થને દર્શન દઇ, તેને સ્વેચ્છિત આપવાનું વરદાન ભીમ માગે છે એટલે એ વાત ધ્યાનમાં રાખીએ તો 'અર્જુનને કાજ' ભીમે હનુમાનને રીઝાવ્યા એમ અર્થ બેસે. એટલે નાટકનો કર્તા તો એ ફેરથી જાણીતો હશે; અથવા તેણે પોતે આ ફેર કર્યો હોય; અને નાટક જો તેણે વાંચ્યું હોય, તો વલ્લભને પણ આ ફેરની ખબર હોય. પણ એક નાટક વાચતાં આવો નજીવો ફેર વલ્લભના ધ્યાનમાં આવી જાય અને જ્યાં મહાભારતના પ્રસંગોની તારવણી જ કરતો હોય ત્યા વચ્ચમા એ ફેર મૂકે એ કાંઇ ઠીક નથી લાગતું. પણ જો વલ્લભે પોતે એ નાટક રચ્યું હોય અને " યક્ષ૦ " માં મેં ઉપર કહ્યું તેમ, તે જગ્યાએ મહાભારતના બનાવોનો ટુંક-સાર આપતાં સાથે જ નાટકનું સૂચન કરવા ધાર્યું હોય તો તે એ ફેર ત્યાં કરે. આ વાત મને તો બહુ વજનદાર લાગે છે. જે માણસે " પાંચાલી૦ " માં 'અર્જુનને કાજ' ભીમને મોઢે એવો વર મંગાવ્યો હોય તેના મનમા તો એ વાત રમતી હોય અને સ્વાભાવિક રીતે જ તે નાટકનું સૂચન પણ સાથે જ કરવાનો વિચાર હોય એટલે તે ત્યાં મૂકે. એકલા મહાભારતના બનાવોની જ યાદી આપવી હોય અને કાંઇ ગર્ભિત આશય ન હોય તો તે ત્યા આ ફેર ન મૂકે. આનાથી ઉપરની મારી પહેલી નિર્બળ કલ્પનાને મજબુત ટેકો મળે છે.

હવે એ ફકરા વિષે એક બાબત બાકી છે. મહાભારતમાંથી જ " પાંચાલી૦ " નું વસ્તુ લીધું છે એમા તો કાંઇ શક નથી. તેમા આ બનાવો નીચે પ્રમાણે છે. ભીમ કમળ લાવે છે, પછી જટાસુર યુધિષ્ઠિર વગેરેનું હરણ કરી જાય છે, ને તેઓને ભીમ પાછો લાવે છે. પછી પાંડવો અહિં તહિં ભટકે છે. ત્યાર પછી અમુક વખતે અર્જુન સ્વર્ગમાથી પાછો આવી મળે છે. હવે જો કે ઉપલા ફકરામાં વાત બરાબર આ જ ક્રમમાં કહેવાયેલી છે, પણ અર્જુન પાછો આવ્યો અને મળ્યો તેના ઉપર ખાસ ભાર મૂકીને બધા બનાવો સાંધવા જેવું કર્યું છે. 'પાચાલી૦' મા ભીમ વગેરેને અર્જુન તલાવડીમાં જ મળે છે. આવું ક્યાંય મહાભારતમાં નથી. તો આ ફેર કરવાનું કર્તાને શું કારણ હોય એ વિચાર સહજ આવે તેવો છે. પણ તેનો જવાબ ઝટ મળે તેમ નથી. ઘણા વિચાર પછી વલ્લભના 'યક્ષ૦' ના ઉપરના ફકરામાંથી જ એનો જવાબ મળે છે. તે ફકરામાથી એક વાત આપણને મળે છે કે વલ્લભની એવી માન્યતા હતી કે અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ જ્યા જ્યાં થાય, ત્યાં ત્યાં કરુણ રસ પૂરો જામ્યો કહેવાય. હવે તે ફકરામાં 'આવી મળ્યો અર્જુન તો' એ વાકય ઉપરથી કર્તાએ કેમ જાણે અર્જુનને ખાસ બીજા પાંડવો સાથે મેળવ્યો હોય એમ લાગે છે. એટલે આમ જો વલ્લભે પોતે એ નાટક લખ્યું હોય, અને તે કરુણ રસનો ગ્રંથ ગણાશે એમ માન્યું હોય તો જ, દેખીતી રીતે આખા નાટકમાં કરુણ રસને પોષે એવું ઝાઝું કશું નથી છતાં, ઉપરનો

ફેર કરી, અર્જુનનો યોગ કરાવી, કરુણ રસ પૂરો જમાવે. વળી, ઉપલા ફકરામાં એ વાત એવા જુસ્સાથી લખાણી છે તે પણ નાટકનું ગર્ભિત સૂચન કરવું હોય તો જ લખે. આથી પણ ઉપરની કલ્પનાને ટેકો મળે છે.

ગમે તેમ હોય પણ એટલું તો ચોક્કસ છે કે ઉપરના બન્ને ફેરફાર આખા સાહિત્યનાં ક્ષેત્રમાં માત્ર "યક્ષ૦" અને "પાચાલી૦" મા જ દેખાય છે. એટલે બીજી વાતો ન હોય તોપણ એમ શંકા આવે કે બન્નેનો કર્તા એક હશે. કારણ ફેર એવા નજીવા છે કે બીજો માણસ એકમાંથી દાખલો લઇ પોતે ફેર કરે એમ નથી લાગતું–બીજા માણસને એવી જરૂર પણ ન લાગે.

આટલું છતા, હજી એક વાત આ જ ફકરામાં છે કે જેનું સમાધાન હું નથી કરી શકયો. મહાભારતમા બનાવો જે ક્રમમા વર્ણવ્યા છે તે જ ક્રમ "યક્ષ૦" મા છે, જ્યારે "પાચાલી૦" મા તે જ ક્રમ નથી. તેમા તો પહેલા જટાસુરવધની વાત અને પછી કમળની વાત છે. આ એક વાધો છે ખરો પણ તે નજીવો છે. વળી, "યક્ષ૦"–મા તો વલ્લભને મહાભારતના બનાવોનો ટુંક સાર આપવાનો હતો એટલે ક્રમ તો મહાભારતનો રાખે તો જ ઠીક પડે. સાથે સાથે, એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે નાટકના કર્તાને તો પાચાલીને ભીમે કેમ પ્રસન્ન કરી એ જ બતાવવાનું હતું અને એટલા માટે તેણે ઉપલી બે વાત પસંદ કરી લીધી હતી. એક તો મંત્રાનંદને પાંચાલીની મરજી પ્રમાણે માન અપાવ્યું અને તેનું જે પરિણામ આવ્યુ તે–અને બીજું, પાચાલીની કમળની ઇચ્છા પુરી પાડી તે. આ બે બનાવો એક બીજાથી સ્વતંત્ર છે અને એક પહેલાં ને બીજો પછી એમ ખુશીથી ફેરવીને મૂકી શકાય.

પણ હજી આમા ય એક વાત છે કે પાચાલીને પ્રસન્ન કરી એ જ વાત લખવી હતી તો પછી કર્તાએ બે પ્રસંગો શા હેતુથી મૂકયા હશે? એકથી ચાલત. પણ આ શંકાનું સમાધાન જો નાટક વલ્લભે લખ્યું હતું એમ માનીએ તો તરત થઇ જાય છે. તેને કરુણ રસ જમાવવો હતો માટે એકના કરતા બે ઠીક એમ ગણી બે ય પ્રસંગો મુકયા, અને બે ય પ્રસંગોમા કરુણ કેમ આવે છે તે તો વલ્લભ પોતે જ ઉપલા ફકરામા કહે છે. ગમે તેમ હોય પણ ઉપલા ફકરા ઉપરથી મને સુઝતા બધા પ્રમાણો મેં અહિં મૂકી દીધા છે. વલ્લભના એ ફકરામા અને "પાંચાલી૦" નાં વસ્તુમાં, બીજે કયાય નથી એવું સામ્ય છે અને આ વાત જ એકલી શંકા ઉપજાવે એવી છે.

આમ "પાચાલી૦" ના બધા બનાવોનું વલ્લભમા કેવું સામ્ય મળી આવે છે તે આપણે જોયું અને એ એક નાટક વલ્લભનું માન્યું એટલે બીજાં નાટકોમાથી પણ અમુક બનાવો વલ્લભમા મળી આવે છે તે હવે જોઇએ.

'તપત્યાખ્યાન'ને સંસ્કૃત નાટકો સાથે કેવો સંબંધ છે તે આગળ બતાવ્યું છે. આ આખ્યાન પણ મહાભારતમાંથી જ લીધેલું છે. પ્રથમ તો મહાભારતમા એમ છે કે સંવરણ મૃગયા રમવા ગયો, ત્યા ભૂલો પડયો અને તપતીને દીઠી. 'તપત્યાખ્યાન' માં જરાક ફેર છે. ઋષિઓ વાઘથી રક્ષણ કરવાનું તેને કહેવાને આવ્યા. તે ગયો. વાઘ વાઘણ માયાવી

હતાં તેને મારવા જતા તે અલોપ થયાં અને ત્યાં તેણે તપતીને જોઇ. આમ આટલો ફેર છે. આવો ફેર કેમ કર્યો હશે એ વિચારવા જેવું છે. પણ 'યક્ષ' માં વાત આમ શરૂ કરી છે. ઋષિકુમારનું કાષ્ઠ ખોવાય છે તે લઇ આવવા યુધિષ્ઠિર મૃગની પાછળ જાય છે. મૃગ માયાવી છે, અલોપ થાય છે અને અંતે તેઓ તળાવે પહોચે છે. આ વાત તો મહાભારતમાં પણ આમ છે. પણ આ જ વાતનુ અનુકરણ 'તપત્યાખ્યાન' માં થયું લાગે છે. માયાવી વાઘ કે હરણની વાત તો ઘણે ઠેકાણે આવે છે પણ આ બે વચ્ચેનું સામ્ય કંઇક દેખાય તેવું છે. તેમ જ અરસ્પરસ પ્રમાણો મળતાં જાય ત્યારે આપણને એ વાત ઉપર વિચાર પણ આવે. વલ્લભે 'યક્ષ' લખ્યું ત્યારે એ વાત એને ગમી હોય અને એવો ફેર પોતાનાં નાટકમાં કર્યો હોય તો ના નહિ.

આ સાથે આ પણ નોધવા જેવું છે. 'તપત્યાખ્યાન' મા ઋષિકુમારો જ્યારે રાજાની મદદ માગવા જાય છે ત્યારે પૂજા વગેરે સ્વીકારતા નથી તેમ જ શાપ આપવાની બીક બતાવ્યા કરે છે. 'યક્ષ૰' મા પણ પેલો ઋષિકુમાર જ્યારે યુધિષ્ઠિર પાસે જાય છે ત્યારે નકુળની પૂજા સ્વીકારતો નથી અને શાપના બળ ઉપર ઝુમે છે. આ સામ્ય વિચારવા જેવું છે.

બીજી એક બાબત પણ વિચારવા જેવી છે. નાટકોના કર્તાનો હેતુ વેદિયા ઢોર જેવા પંડિતોને તથા ફક્ત ખાવામા જ મશગુલ થઇ, પોતાનાં કર્મો ભૂલેલા બ્રાહ્મણોને બરાબર સમજાવવાનો હતો એમ તો બધાને દેખાશે જ. "પાચાલી૰" મા સ્મરવર્ધક, મોદકાનંદ, ભારતીભટ વગેરે મુનિઓ–'તપત્યાખ્યાન' માનો વસંતક સંસ્કૃત નાટકોના વિદૂષકનો જ નમુનો છે છતાં તેનામાં પણ અધઃપતન પામેલા બ્રાહ્મણોના દાખલ થયેલા ગુણો—અને 'સત્યભામા૰' માં નારદ જેવાને પણ 'જા જા જોગટા' જેવું વાક્ય કહેવા સત્યભામાની ધૃષ્ટતા—આ બધું કર્તાનો આવા નામના બ્રાહ્મણો તરફ ઘણો જ ધિક્કાર હતો તે બતાવે છે. આવા પ્રયત્નો પ્રેમાનંદમાં પણ મળશે ખરા; પણ વલ્લભના બિંદુ મહારાજને જોયા એટલે તો બધાને લાગશે જ કે તેનો ધિક્કાર તો એવા બ્રાહ્મણોનો સંહાર કરી નાખે એટલો ઉગ્ર હતો. તે ઉપરાંત, પેલા કાષ્ઠવાળા 'યક્ષપ્રશ્નોત્તર' માંના ઋષિકુમાર માટે

> બ્રાહ્મણભાઇ બીચારા તેમાં વળી કર્મકાંડી
> હારી છૂટયા નાસી છૂટયા એક મૃગલા થકી,

કહી, વલ્લભે એવા બ્રાહ્મણોની મશ્કરી કરવામાં બાકી રાખી નથી. તેમ જ વલ્લભનું ગમે તે કાવ્ય વાચતાં—જ્યાં તેવી ટીકાનો અવકાશ હોય ત્યાં–તેનો આવા બ્રાહ્મણ તરફનો ખાસ ધિક્કાર અને તત્કાલીન તેમની અધોગતિ તરફનાં કટાક્ષો આપણને મળશે.

'તપત્યાખ્યાન' અને 'રોષદર્શિકા૰' બન્નેમા મુખ્યત્વે કરીને સંસ્કૃત નાટકોની અસર વધારે લાગે છે. જ્યારે 'પાંચાલી૰' માં કાંઇક સ્વતંત્ર તત્ત્વ ભળ્યું લાગે છે. એટલે પહેલાં બે નાટકોમાં કર્તાની બીજી કૃતિઓ સાથે સામ્ય ન મળે એ બને તેવું છે. વળી બીજી પણ વાત કે 'પાંચાલી૰' મા જે વિષય છે તેવા વિષય ઉપર જ વલ્લભનાં બીજાં કાવ્યો આપણને મળી આવ્યા છે પણ બીજાં બે નાટકોનું સામ્ય શોધવા માટે આપણી પાસે એવું સાધન નથી.

એટલે હવે વસ્તુસામ્યની ચર્ચા અહિં જ સમાપ્ત કરશું.

રા. નરસિંહરાવભાઇએ એમ કહ્યું [20] છે કે નાટકમાં છંદો એ પ્રાચીન કવિમાં ન દેખાય–અને તેમાં પણ પ્રેમાનંદમાં તો નહિ જ–એવા છે. તેને માટે એક જવાબ તો મેં આગળ આપ્યો છે. બીજું, એ કે વલ્લભનાં કાવ્યોમા તો છંદ પણ દેખાય છે. 'યક્ષ૦' માં 'લલિત છંદ' અને 'દુઃશાસન૦' મા 'શિખરિણી છંદ' અને 'ભુજંગી છંદ' લખનાર બીજા છંદ લખી પણ શકે. રત્નેશ્વરનો 'માલિની છંદ' તો સંપૂર્ણ જ ગણાય છે. વળી કાવ્યોમાં પ્રાચીન કવિઓ 'દેશી' વગેરે રાગ વાપરતા તેનું મૂળ આપણે જયદેવની અષ્ટપદીમાં કે જૈન રાસાઓમા શોધી શકીએ. તેમાં પણ જયદેવની અષ્ટપદીએ તો નરસિંહ વગેરેના પદો પ્રેર્યાં છે, અને સંસ્કૃત કાવ્યોમાં એવા રાગ નથી એટલે આપણા કાવ્યોમા રાગ દાખલ થવાનું મૂળ કારણ મને તો જૈન રાસાઓમાં જ જણાય છે. ગમે તેમ હોય પણ કાવ્યમાં રાગ વાપરવા એ કોઇ પ્રેમાનંદના જમાનાના પુરુષે શીખ્યું નહોતું. હવે જો નાટક પ્રેમાનંદના સમયમાં લખાયા હોય તો તે નાટકો સંસ્કૃત નાટકો ઉપરથી જ રચાયાં હશે. કોઇ પણ સંસ્કૃત નાટકમા છંદ સિવાય બીજો રાગ નથી મળતો. હવે પોતાની પાસે નમૂના હોય તેવા કોઈ પણ નાટકમાં રાગ ન હોય છતાં તેનાથી એટલો બધો જૂદો પડીને પ્રેમાનંદ નાટકમાં રાગ દાખલ કરે એ વાત ઝટ મનાય તેવી છે? ઉલટું, જો નાટકમાં રાગ હોત તો નાટકો અર્વાચીન છે એમ હું માનત. *પ્રેમાનંદના સમયમા નાટક લખાયા હોય તો તેમા છંદની જ આશા રાખી શકાય.* વળી છંદો, શુદ્ધ છંદોથી, પ્રેમાનંદના જમાનાનાં માણસો જાણીતા ન હોય તે પણ સંભવિત નથી. જે લોકો સંસ્કૃત નાટકો ને કાવ્યો વાંચતા તથા ભણતા હોય તેઓ તેમાંના છંદોની રચનાથી વાકેફ ન હોય તે વાત કેમ મનાય?

છતા પ્રેમાનંદને નામે નાટકો ચડાવવામાં મને પણ બાધ આવે છે, વલ્લભ પોતે જ કહે છે કે પ્રેમાનંદને છંદ તરફ ભાવ નહોતો. જુઓઃ—

કડવું ન લાગે કાંઇ, કવિતને લીજે સાંઇ,
કડવું મીઠું [21] હું સોંપું, પ્રેમાનંદ બાપને;
ઢાળ નહિં ઢાળો કોઇ, સવૈયે સવૈયા જોઇ,
પવૈયા પુરુષ હોઇ, સુણી ફેડે તોપને;
વળણમાં વમો નહિં, ભજંગથી ભમો નહિં,
શિખરિણી શમો નહિં, ધારી રૂડા માપને;
વર્ણ એક વધે નહિં, વધઘટ સધે નહિં,
એવા વૃત્ત માંહિ નાહિ ટાળિયે સંતાપને.

"દુઃશાસન૦" પૃ. ૧૯૬.

ઉપરના ફકરાની છેલ્લી બે લીંટી ઉપરથી એક બીજી વાત પણ ફલિત થાય છે કે એક પણ વર્ણની વધઘટ વગરના વૃત્તો વલ્લભ બનાવી શકતો; એટલે વલ્લભ છંદ વાપરે તેમા તો

---

૨૦ જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૨૧

૨૧. સરખાવો દયારામનું "મીઠું."

નવાઇ જ નહિં. વળી, ‘ છંદ દેખી છળી જાય ’ એવું વાક્ય પ્રેમાનન્દ માટે વલ્લભ ‘ દુઃશાસન૦ ’ માં છઠ્ઠે પાને મૂકે છે. એટલે પ્રેમાનન્દને છંદ તરફ કંટાળો હતો એમ સિદ્ધ થાય છે. છતાં વલ્લભનું ‘ કુન્તી૦ ’ માંનું વાક્ય આની આડે આવે છે. વખતે પ્રેમાનંદે છંદ બહુ જ થોડા લખ્યા હોય પણ તે બધા બરાબર માપસર અને સુંદર હોય.

નાટકમાં એક ચર્ચા ખાસ ધ્યાન ખેંચે એવી છે. નાટકને નાટક શા માટે કહેવું નહિ અને આખ્યાન શા માટે કહેવું તે. તેને વિષે રા. નરસિંહરાવભાઇએ કહ્યું છે કે [૨૨] વખતે આ રાજશેખરનું અનુકરણ હોય. હવે આ બાબતમાં રાજશેખરનું અનુકરણ હોય તો પણ ખાસ વાંધા જેવું નથી. આપણને રાજશેખરની ખબર નહોતી એટલે પ્રેમાનંદના વખતમા પણ ન હોય એમ માનવાને આપણી પાસે કાંઇ કારણ નથી. [૨૩]અને તેના વખતમાં રાજશેખરનો ઉલ્લેખ ક્યા ય નથી મળતો એવી નિષેધક દલીલો ઉપર કાંઇ વજન ન મૂકાય. રા. નરસિંહ-રાવભાઇની ઘણીખરી દલીલો નિષેધક છે. રંગભૂમિની, નાટકો આગળ ક્યાં ય સાંભળ્યાં નથી તે-અમુક કહેવતો આગળ નથી વપરાઇ માટે આધુનિક હોય તે-આવી દલીલો નિષેધક જ છે. અને આવી દલીલો ઉપર રચેલા અનુમાનો કોઈ નવી શોધ થતાં કેવાં ભાંગી પડે એ વિચારવા જેવી બાબત છે. છતાં આપણે તો રાજશેખરની વાત બાજુએ મૂકીને જ વાત કરીએ.

નામ કાવ્ય રાખી કે'વું, આ તો મારૂં કાવ્ય કાવ્ય,
એ તો રૂપ સાકરનું, લઇ કીર્તિ ગાવી છે;
મહાકાવ્ય મહાકાવ્ય, લખ્યાં લખ્યા મહાકાવ્ય,
મુખથી જણાવે મૂઢ, શોભા તો ગૂમાવી છે;
નાટકમાં ચેટક તો લાગે ખેટક શો થયો,
ભલે દેવગિરા હોય મહત્તા ગુમાવી છે.
+ + +
નથી નામ રાખ્યાં તેણે ઉપદેશ્યો એણે વેણે
વલ્લભે આખ્યાન નામ રાખ્યું શીખ ભાવી છે.

આમ આપણે વલ્લભમાં જ આખ્યાન નામ રાખવાનો આગ્રહ જોઇએ છીએ અને આ જોયું એટલે પછી રાજશેખર સુધી જવાની જરુર નહિં રહે. આ એક નાટકના કર્તા અને વલ્લભના મન વચ્ચે સામ્ય છે.

જેમ આખ્યાન નામ રાખવાની ચર્ચા એ નાટકોનું એક વિશિષ્ટ લક્ષણ છે તેમ જ હલકા પાત્ર પાસે હલકી બોલી બોલાવવી એ પણ એક વિશિષ્ટ અને ધ્યાન ખેંચે તેવુ લક્ષણ છે. પ્રેમાનંદે નાટકો લખ્યાં હોય તો આહીરી વગેરે બોલી તેમાં વાપરવા ધારે તો

---

૨૨ જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૭૩.

૨૩. ખરી રીતે પ્રેમાનંદના સમયમાં રાજશેખર ગુજરાતમાં જાણીતો હતો. જુઓ ‘ નાટક શકુંતલા સુમુરારિ, શાટક કર્પૂર-મંજરી ધારિ ’ વગેરે. રૂપચંદ કુંવરદાસ નયસુંદર, આનંદ કાવ્ય-મહોદધિ ભાગ ૫. આ રાસ ૧૬૩૭ માં પૂરો થયો હતો.

વાપરી શકે કે નહિ તેના માટે થોડુંક મેં આના પહેલા ભાગમા જ લખ્યું છે. પણ વલ્લભને હલકા પાત્ર પાસે હલકી બોલી બોલાવવાની ટેવ જ હતી. મિત્રધર્માખ્યાનમા ઈંદુ બિંદુ ગુરુને ત્યાથી આવતાં જ્યારે નદી ઉતરીને જળકૂઇ ગામ પાસે આવે છે ત્યારે કોળીના છોકરા તેને પૂછે છે કે—

"અલ્યો, ભાજ સે ભાંજ તમારી પાહે ? હિયોને."

પછી,

"દાકોર વહેસ હઉ, કિમ અલ્યા પૂસે કેની
ધરોડા હું જાણું નહિં ?" મિત્ર. પૃ. ૩૫.
"ઓલ્યા મો'દ'માંહે જઇ પડી રૈં ને પાધરો તું" ,, ,, ૩૬.
"અલ્યા રૈંછ ઊભો કે ન દાણો નાંછિયે દળી." ,, ,, ૬૦.
"બાપનો થિયો તો માલ પુંક બાંધી નાહી જાહ
મુચ્ચ મુચ્ચ વે'લો મુચ્ચ" ,, ,, ૬૦.
"વધો એમ માલ ધણો મૂચિએ શી પેર મુછી
આપ લેઈ વેંચી દીજ દીક સે મુખી કહે
મુખી કહે મોજી ખાજે અલ્યા એક વસ્તર ઘો
ભલે સે એ ભરામણ દાન આપ્યું સો ગ્રહે."

ઉપરના ફકરાઓ પરથી સમજાશે કે ગામડિયાની ભાષા વાપરવાનો વલ્લભને શોખ હતો અને તેથી નાટક જો તેણે જ લખ્યા હોય, તો એક તો સંસ્કૃત નાટકોમા પ્રાકૃત, માગધી વગેરે બોલીઓ જોઇ હોય અને બીજું પોતાને આવો શોખ હોય તો તે હલકા પાત્રની બોલી આવી વાપર્યા વગર રહે નહિં. "પાંચાલી૰" મા અવગતિક, ઝાંપડા વગેરેની બોલી તો ઉપરની કોળીની બોલી જેવી જ છે, છતા દરેકની બોલી જેટલી જૂદી રીતે બોલાય છે તેટલે અંશે એક બીજાથી જૂદી પડે છે. ઉપલા ફકરાઓમાં જટાસુરની કે શ્રીદામાની વહુની બોલી જેવી બોલી નથી આવતી એ કબુલ, છતા "દુઃશાસન૰" માં અમિ, જિ, તિ, વગેરે રૂપો આવે છે એટલે જૂની ગુજરાતીથી વલ્લભ થોડો પણ જાણીતો હશે એમ આપણે કહી શકીએ. બીજું વલ્લભે કાલિદાસ, ભવભૂતિ વગેરેના સંસ્કૃત નાટકો વાચ્યા હોય તો પ્રાકૃત, માગધા વગેરેના નિયમો ન જાણતો હોવાથી, તે વખતે બોલાતી કોળી વગેરેની બોલીઓનું તત્ત્વ મેળવીને જટાસુર વગેરેની બોલી તેણે બનાવી હોય. એ દૃષ્ટિએ વિચાર કરતા લાગશે કે એવી બોલી માટે પ્રાકૃતના નિયમો તે ન જાણતો હોય તો જ તે તે લખી શકે એમ વધારે સંભવ છે. સંસ્કૃત નાટકોનાં સ્ત્રી પાત્ર વગેરેની બોલીનું અનુકરણ કરતા આવી અશુદ્ધ બોલી ઉત્પન્ન થઇ હોય તો તે ન બને તેવું જરા ય નથી. વળી પ્રેમાનંદ કરતાં વલ્લભને આમ નવીનતા કરવાનું બહુ ગમતું–એના મનનું વલણ જ એ પ્રકારનું હતું, એટલે નવીનતા શોધવી એ એનું કામ.

નાટકોની એક બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં કહેવતો બહુ વપરાયેલી લાગે છે. આ પણ રા. નરસિંહરાવભાઇને રાજશેખરનું અનુકરણ લાગ્યું હતું.[૨૨] આનો જવાબ રા. અંબાઇદાસ પટેલે આપ્યો હતો, તે કેવો લુલો અને અસંબદ્ધ હતો તે તો આ ચર્ચાના

અભ્યાસી જાણતા જ હશે. 'માર્કંડેય પુરાણ' વિશે જ જ્યા શંકા હોય ત્યાં તેમાં કહેવતો છે એમ દાખલો કેમ અપાય? અને 'મિત્રધર્માખ્યાન' માં ઘણી કહેવતો છે એમ કહેવાથી પ્રેમાનંદનું કર્તૃત્વ સાબીત થતું જ નથી. ઉલટું, 'મિત્ર૰' નો દાખલો આપવાથી તો મારી કલ્પનાને પુષ્ટિ મળે છે. પણ મારે જે કહેવાનું છે તે તો એ છે કે વલ્લભને પોતાને કહેવતો વાપરવાની બહુ ટેવ હતી. તેનાં દરેક પુસ્તકમા કહેવતો ઘણી દેખાય છે, અને આનાં કરતાં પણ વધારે ધ્યાન ખેંચે એવી વાત તો એ છે કે નાટકમાં જે કહેવતો વપરાઇ છે તેમાંની ઘણી તો વલ્લભમા પણ મળે છે. બન્નેમા વપરાએલી થોડીક કહેવત નીચે આપુ છું.

(૧) માથે પડી વસંદેવા. તપત્યા૰. પૃ. ૯૯.
(૧) માથે પડી વસંદેવા એમ તો કે'વાય છે. યક્ષ૰ પૃ. ૫૯.
(૨) વાળંદના વાકા દહાડાની પેઠે કોથળીમાંથી સાપ નીકળ્યો. તપત્યા. પૃ. ૧૧૩
(૨) વાકા હોય વાળંદના દિવસ તો જ્યારે ત્યારે
કોથળી મધ્યેથી આવે સર્પ ચાલી રૂખમાં યક્ષ. પૃ. ૬૧.
(૩) તાણ્યે તુટી જાય. પાંચાલી. પૃ. ૯૨.
(૩) તાણતે તણાયું છે. યક્ષ. પૃ. ૧૧૪.
(૪) વાટ જોનારને વેળા લાબી થાય. સત્યભામા૰
(૪) વાટ જોઇ બેશી રહે તેને લાગે કાળ મોટો. યક્ષ૰ પૃ. ૧૨૦.
(૫) ભાવતું'તું ને વૈદ્યે કહ્યું. તપત્યા૰ પૃ. ૧૪૫. પાચાલી. પૃ. ૧૦૧
(૫) ભાવતું હતું અને જ્યાં વૈદ્યે અભિપ્રાય આપ્યો. યુધિ૰. પૃ. ૧૬.
(૬) **शतं विहाय भोक्तव्यम्** પાચાલી. પૃ. ૨૭.
(૬) શાસ્ત્રમાહી કહ્યું એમ શત કાર્ય મૂકી કરી
ભોજન કરવા જવું. મિત્ર. પૃ ૬૨.
(૭) પખાલીને વાકે પાડાને ડામવા જેવું છે. પાચાલી. પૃ. ૩૪.
(૭) પખાલીને વાકે ડામે પાડાને તો આડા લોક. કુન્તી. પૃ. ૭૭.
(૮) પ્રાઘૂર્ણ્ કને સર્પ શી રીતે મરાવાય? પાચાલી પૃ. ૨૦.
(૮) મરાવવો પ્રાઘૂર્ણથી નાગ ખોટું કામ છે. કુન્તી. પૃ. ૯૪.
(૯) માળાના મુળમા ગયા. તપત્યા૰ પૃ. ૧૧૫. ૧૧૭.
(૯) માળા તોડય મેરથી યુધિ. પૃ. ૧૧૨.
(૧૦) જ્ઞાતિ તો નાકકટ્ટાતણી વાધે તેમ વધારીએ. પાચાલી૰ પૃ ૧૦૪.
(૧૦) નાકકટ્ટાતણી નાત વધારવા ધારે આપ. દુઃશાસન૰. પૃ ૪.
(૧૧) એકથી અનેક ભલા. પાચાલી પૃ. ૧૦૩.
(૧૧) ભલા એક થકી બેય. યક્ષ. પૃ. ૧૧૨.
(૧૨) જગત તો ઝવેરી છે. સત્ય૰ પૃ. ૨૭.
(૧૨) જગત છે ઝવેરી. કુન્તી. પૃ. ૮.
(૧૩) એ દૂધ પાઇને સાપ ઉછેરવા જેવું છે. સત્ય. ૪૮.

(૧૩) પણુ પય પાઈ સાપ ઉછેરવો સાર એ. મિત્ર. પૃ. ૮૦
(૧૪) આપ તેની વાય. સત્ય૦ પૃ. ૧૫૦.
(૧૪) આપ તેની વાય. સુધિ. પૃ. ૧૩૦, ૧૧૯.

ઉપર જે કહેવતોનું સામ્ય મેં દર્શાવ્યું છે તે ફક્ત ખાસ અગત્યની કહેવતોનું જ છે. વલ્લભના કાવ્યોમા કહેવતો તો ઘણી જ છે. ઉપરની કહેવતોમા પણ ૧-૨-૪-૭-૮-૧૦-૧૪ આટલી કહેવતો તો ખાસ લક્ષ ખેંચે તેવી છે. વળી વલ્લભના કાવ્યોમાં કહેવતો જોઇ નાટકોના ગૂઢ કર્તાએ એ કહેવતો વાપરી હશે એમ પણ દલીલ મૂકી શકાશે નહિ. કારણ મેં આગળ કહ્યું છે તેમ નાટકો અને વલ્લભના કાવ્યો એક જ સાલમા બહાર પડ્યાં છે, અને જ્યારે વલ્લભનું પહેલું કાવ્ય બહાર પડ્યું હશે ત્યારે ત્રણે નાટકો પ્રકાશકોને મળી જ ગયા હશે.

પ્રેમાનંદ જેવો કવિ, નાટકમા દેખાય છે તેવી ગ્રામ્યતા અને કોઇક જગ્યાએ અશ્લીલતા વર્ણવે કે કેમ એ સંબંધે પહેલાં કંઇક કહ્યું છે, તે વિશે ખાસ કહેવાનું કે વલ્લભનાં કાવ્યોમા તો આપણે એવું જોઇ શકીએ છીએ. એક તો તે જુસ્સાવાળો હતો અને પ્રવાહમા પડ્યો એટલે તેમા તણાતો જ; પછી પોતાની શૈલીમા શિથિલતા કે ગ્રામ્યતા આવે તે પણ તે ન જોતો. દાખલા તરીકેઃ—

એક ખત્તા બીજી ખત્તા, માને ત્રીજી ખત્તા માથ—
૨ અખત્તા બને નિશ્ચે. કુન્તી પૃ. ૫૬.

એ વાક્યમાં કાવ્યમા ન લેવી જોઇએ તેવી છૂટ લેવાઇ છે અને આ બાબતમાં તો—નાટકનો કર્તા જો વલ્લભ હોય તો તે તપતીના જેવી શૃંગારચેષ્ટા વર્ણવે કે કેમ તેમાં તો—આટલું જ કહેવું બસ થશે. છતા કુન્તીપ્રસન્નાખ્યાનમાં જ્યારે ભીમ અને અર્જુન ઇંદ્રને ત્યાં ઐરાવત લેવા જાય છે ત્યારે ઇંદ્ર (અર્જુનનો બાપ) તેને (દીકરાને) કેવી રીતે લલચાવે છે તે જરાક અહિ બતાવી આ વિશે મૌન જ પકડીશ.

અપ્સરાઓ આવી નવ સુખ કેરો સ્વાદ છે
કેંવાય ન મારા થકી અધિક હવે તો કાંઇ
સ્વર્ગમાહિ લજ્જા કશી માનવ પ્રમાદ છે.

આવા નૈતિક વિચાર જે બહાર મૂકી શકતો હોય, જે લજ્જાને માત્ર 'માનવ પ્રમાદ' કહી શકતો હોય તે વલ્લભ તપતીની એવી શૃંગારચેષ્ટા વર્ણવે એમા નવાઇ લાગતી નથી.

સાથે જ એક બીજી વાત લખવા જેવી છે. કૃષ્ણથી રીસાતી વખતની સત્યભામાની ગ્રામ્યતા પણ દરેક વાચનારને દેખાઇ આવે તેવી છે. પ્રેમાનંદ એવું ન કરે એ મનાય. જો કે રા. કેશવલાલભાઇ તો તેને પણ 'તત્કાલીન ભવાઇ' ની છાપમાંથી મુક્ત ન માની એ વાતને પતાવે છે. પ્રેમાનંદમા પણ 'સુભદ્રાહરણ' મા દ્રૌપદી જે રીતે ચિત્રાઈ છે તે રીત આપણી આર્ય લાગણીઓ દુભવે એવી છે જ. છતા વલ્લભમા પણ એવી ગ્રામ્યતા મળી આવે છે એટલું જ નહિ પણ એવા વાક્યો પણ મળી આવે છે કે જેથી આપણને સત્યભામાનો કજીઓ યાદ આવે જ. 'કુન્તી૦' માં કુન્તી જ્યારે ઐરાવત માટે હઠ લે છે ત્યારે તે આવાં વચનો ઉચ્ચારે છેઃ—

સુત શ્યામા કેરા થશે, જાણી રહી જીવતી ના
મૂઢ મતિ જીવી હું શેં, વ્યર્થ વારી મુજને. કુન્તી. પૃ. ૪૩.
ભલાં ભાગ્ય બાઇ તારા મારા કર્મનો હું દોષ. ,, ,, ,,

એ આખો પ્રસંગ આ દૃષ્ટિએ ખાસ વાંચવા જેવો છે. વળી યુધિ૦. મા ૧૧૩ મે પાને 'વા'લશેરી' જેવો શબ્દ પણ મળી આવે છે. ગમે તેમ હોય પણ જે ગ્રામ્યતાની છાપ નાટકના કર્તામાં દેખાય તે જ વલ્લભમાં પણ મળી આવે છે.

પ્રેમાનંદ વિશે દરેક ઠેકાણે–તેને ગુજરાતી માટે બહુ શોખ હતો–ગુજરાતીની તે બહુ સેવા કરતો–એવું કહેવાય છે, તે વિશે રા નરસિંહરાવભાઇએ બતાવ્યું હતું કે [૨૩] વસ્તુસ્થિતિ ગમે તેવી હોય પણ પ્રેમાનન્દના પોતાનાં કાવ્યમા તો ક્યાંય એવું દેખાતું નથી. પ્રેમાનદ જબરો ભાષાભક્ત હતો એ ખરૂં પણ તેની તેણે એકે કાવ્યમાં વાત ન કરી અને નાટકમાં કરી એ જરા નવાઇ તો ખરી. પ્રેમાનંદમા ભાષાભિમાન જ નહોતું એમ કહેવાની મારી મતલબ જ નથી. પણ તેને પોતાના કાવ્યોમા પોતાના વિશે ગુણો ગાવાની અને બરાડા પાડવાની ટેવ નહોતી એટલું જ કહેવાનું છે. પણ વલ્લભને તો આ ટેવ હતી. તેનું દરેક કાવ્ય આ બાબતનો પૂરાવો છે. છતાં થોડાક ફકરાઓ નીચે આપું છું.

(૧) અમે તમે અડે કડે ઇકિડં ને તિકડં
શું શાં થકી ચડે કેમ જૂદી વાત જેની છે.

× × × ×

જાત જાત તણા ગ્રંથ વાકય શબ્દરચનાથી
સિદ્ધાંત સાચો કરાવું, અવદશા એની છે. યુધિ૦. પૃ. ૬.

(૨) કોમળતા કમળથી, અધિક દેખાય જેમાં
મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે;
અમલતા એના જેવી નથી કોઇ ભાષા મધ્ય,
પ્રાચીનપણું તો જેનું મોટેરૂં મનાય છે
નવરસની નાયકા, સુખદાય છે સિદ્ધ
જાણે નહિ તેહ એના ખોટા ગુણ ગાય છે–.વગેરે–
યુધિ૦. પૃ. ૬૧

(૩) રે લાબ્ય તું બતાવ્ય તું ગુર્જરી શા ગ્રંથ ગૂઢ. યુધિ પૃ. ૧૨.

(૪) પિતા જેટલું આયુષ્ય સુત જો સપુત પામ્યો
તો ગિર્વાણ ગભરાશે શું હિંદી સ્વરૂપમ ।

(૫) વરિષ્ટમાં વરિષ્ટ જે કૃષ્ણ દેવ તારકા
ગુર્જર ગિરાની પેઠે અજાણ્યાના નવીન છે. યુધિ. પૃ ૧૬.

આ ઉપરના ફકરાઓમાં વલ્લભનો પૂરો જુસ્સો અને તે પોતે કેવા સ્વભાવનો હતો એ બધું બરાબર દેખાય છે. બીજો ફકરો તો "આ તે લલિત" વગેરે સાથે ખાસ સરખાવવા

---

૨૩. જુઓ. રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૧૯.

જેવા છે. વળી આના ઉપરથી જ એક બીજી વાત મને સુઝે છે. પ્રેમાનંદને ભાષા માટેનો ભાવ ઘણો હતો પણ તેની કામ કરવાની શૈલી શાન્ત હતી. તે ધાધલ કરે એ મને તો નવાઇ લાગે. પ્રેમાનંદનો એ સ્વભાવ જ નથી. જ્યારે ઉલટું, વલ્લભનું તો એ જ કામ હતું. હિન્દી તથા ચંદની સાથે તો તેણે બાકીરીજ બાધી હતી. ઉપરના ફકરાઓમાથી પહેલા અને ચોથા-માથી વલ્લભની ધારણાની કંઇક અંશે આપણને ખબર પડે છે. તેને જાતજાતના ગ્રંથ લખ-વાની ઇચ્છા હતી; એટલે વખતે નાટકો પણ લખ્યાં હોય, કારણ તે તો ગિર્વાણને પણ ગભરાવવાના વિચાર કરતો. ગુજરાતી ભાષા માટે વલ્લભને પક્ષપાત હતો એટલું જ નહિ પણ તેના માટે તે પોતાના કાવ્યમા ચર્ચા અને વિવાદ પણ કરતો, એટલું તો ઉપરની વાત ઉપરથી સિદ્ધ થાય છે.

હવે આની સાથે જ એક વાત લખી દઉં છું. ઉપર આપેલા ફકરામાંથી પહેલામા વલ્લભે હિન્દી, મારવાડી અને મરાઠી એ ત્રણેથી ગુજરાતી ચડી જાય એમ કહ્યું છે. પ્રેમા-નંદના વખતમા ગુજરાતને મરાઠાઓ સાથે સંબંધ હશે કે કેમ એ જૂદી વાત છે. પણ વલ્લભ તો વિ. સં. ૧૭૮૦ મા એટલે ઇ. સ. ૧૭૨૪ માં લખતો હતો. આ વખતે મરાઠા ગુજરાતમા ઠીક જામ્યા હશે. પણ આવી ધારી લીધેલી અથવા અચોક્કસ દલીલ ઉપર આધાર ન મૂકાય.[૨૪]

અહિં જ નાટકના કર્તા ઉપર કાઠિયાવાડની અને ચરોતરની અસર હતી એમ જે રા. નરસિંહરાવભાઇએ બનાવ્યુ હતું [૨૫] તે વલ્લભની બાબતમા ઘટાવું છું. કાઠિયાવાડી [૨૬] ક્રિયાપદ 'ઊભવું' વલ્લભમા મળે છે તે આપણે ઉપર જોઇ ગયા. પ્રેમાનંદ જાત્રા કરવા ઘણા દેશોમા ગયો હતો એમ આપણને વલ્લભ જ કહે છે; એટલે દ્વારકા ગયો જ હશે એમ ધરાય. તે દ્વારા પણ કાઠિયાવાડના સંસ્કારો વલ્લભ ઉપર પડયા હોય. વળી,

તરવાનો આરો નહિં ઘાટો પંથ ગિરનો—કુન્તી૦ પૃ. ૭૧

વાકયમા ગિરના ઘાટા જંગલને ઉદ્દેશીને જ વાત છે. કદાચ એમ કહેવાય કે એ તો બહુ જાણીતી વાત છે, તો 'મીંદડી' [૨૭] શબ્દ નાટકમાં જે જગ્યાએ વપરાયો છે ત્યાં કહેવતમા વપરાયો છે; અને કહેવત પણ જાણીતી હોય. હવે વલ્લભ ઉપર દેખાતી ચરોતરની અસર જોઇએ.

---

૨૪. અંગ્રેજોની અસર ગુજરાતમા સહુથી પહેલી થઇ હશે એટલું ચોક્કસ છતા પ્રેમા-નંદ કે શામળ ઉપર તેમની અસર હતી એમ ઝટ ન મનાય. પરંતુ શામળની 'સુડાબહોતેરી' મા એવુ વચન આવે છે કે જે બધી નિષેધક દલીલોને તોડી નાખે. જુઓ. 'ઉત્તર પંથ અમેરિકા અધ' સુડાબહોતેરી વાર્તા ૧૩. આના ઉપરથી એકે જાતનું અનુમાન કરવું તે જોખમ ભરેલું તો લાગે જ છે.

૨૫. જુઓ રા. નરસિંરાવભાઇનો નિબંધ પૃ. ૬૮.

૨૬ રા. નરસિંહરાવભાઇના મત પ્રમાણે.

ફેર ન પડે રઇ. યક્ષ. પૃ. ૨૩૨.
અને પાણી પાવા માટ ચાર પડયા છતા પાટ, યક્ષ. પૃ. ૧૪૪.
ખઉં સર્વ સાચા સમ. યુધિ.
મૃગની પૂંઠે ધઇ. યક્ષ. પૃ. ૬૮.

આમાં 'રાઇ' ને બદલે 'રઇ'; 'ચતા' બદલે 'છતા'; 'ખાઉ' ને બદલે 'ખઉ' અને 'ધાઇ' ને બદલે 'ધઇ' છે. અને આ જ શબ્દો રા. નરસિંહરાવભાઇએ નાટકોમાંથી ચરોતરી પ્રયોગના નમૂના તરીકે શોધી કાઢ્યા છે. વલ્લભ ચરોતરી હતો કે નહિ એ સવાલને બાજુએ મૂકીએ તોપણ ચરોતરની અસર તેના ઉપર હતી એમ તો લાગે છે.

છેલ્લાં ભરતવાક્યો ઉપરથી રા. નરસિંહરાવભાઇએ નાટકોનો કર્તા કોઇ 'હરિ' હોય તો હોય એમ તર્ક બાંધ્યો હતો. મારે આ વિશે કાંઇ ખાસ તો કહેવાનું નથી પણ ત્યાં જે અર્થમા 'હરિ' શબ્દ વપરાયો છે તે જ અર્થમાં તે વલ્લભમાં મળે છે એ બતાવવાનું છે.

સુખી તવ વધો ત્યાહી, નૃપાળને નમી અતિ
મહીતીર એક ગામ, જમરૂઇ છે, હરિ ! મિત્ર. પૃ. ૧૧૦.

રાજાને પણ 'હરિ' કહી સંબોધ્યો છે. આવો જ ઉપયોગ 'તપત્યાખ્યાન'માં પાને ૩૨ મે મળે છે

તાપસી તર્ફડયા, હે હરિ, હર્બડયા.

આપ્તેના શબ્દકોષમાં 'હરિ'ના અર્થ આમ પણ છે–'બ્રાહ્મણનું નામ' અને 'માણસ'. આમાંથી એકાદ અર્થ લઇ વસિષ્ઠ કે નારદને સંબોધી શકાય. વળી જેણે પોતાનું નામ બે નાટકોમાં અંતે સૂચવ્યું તે પાંચાલી૦ માં પણ શા માટે ન સૂચવે? જ્યારે કોઇ પણ કર્તાનું નામ આપણે શોધવું હોય ત્યારે આપણે કાં તો છેલ્લે અને કાં તો પહેલે જોઇએ. અને આ છતાં જે કર્તાને પોતાનું નામ ગૂઢ રાખવું હોય તે પોતાનું નામ છેલ્લે કેમ સૂચવે?

અહિં જ આગળ ચર્ચાયેલી [૨૮] એક વાતનો ઉલ્લેખ કરૂં છું.

વલ્લભ પ્રાણથકી પણ વલ્લભ સુલ્લભ પુત્ર પિતા શું કમાયો?
બાપ તને નવ તાપ કરે તન તાપ નિવારણ તે જ વ'વાયો.
આપથી આપ ઝગે જગ ભીતર ધન્ય પિતા સહુ ઠામ મનાયો,
ભીષણ ભીમ મા'વર મા'ભડ ધન્ય હું ધન્ય હું સુત સવાયો,
પંચાલી૦. અં. ૪. શ્લો. ૨.

આ શ્લોકની પહેલી બે લીંટી તો વલ્લભની જ છે. પ્રેમાનંદ પોતે આમ બોલતો હોય એવો ધ્વનિ મને તો બરાબર ઠીક નથી લાગતો. તેનું કારણ પ્રેમાનંદને આમ પોતાને વિશે કે પોતાના દિકરા વિશે વચ્ચમા બોલવાની ટેવ જ નહોતી, પણ વલ્લભની તો એ ખાસ ટેવ જ હતી.એટલા માટે જ આ શ્લોકમા આ બાબત આકસ્મિક પ્રયોગ નથી પણ વલ્લભની ઘણા વખતની ટેવ પ્રમાણે આમાં પણ તેણે એમ લખ્યું છે. કબુલ કરૂં છું કે, આ કલ્પના નાટક વલ્લભનાં

૨૮. જુઓ રા. નરસિંહરાવભાનો નિબંધ પૃ. ૭૫.

છે એમ માનીએ ત્યારે આવે છે. એક લીંટીમાં વલ્લભ, દુલ્લભ કે સુલ્લભનો આમ ઉપયોગ કરવો એ તો વલ્લભની જ ખાસ ટેવ છે. જુઓ,

વલ્લભ વલ્લભ ગાય ભાષા ભાવ ભાવ તો. દુઃશાસન૦ પૃ. ૨૦.
વલ્લભ વલ્લભ વલ્લભ જે અતિ
વલ્લભ મૃગમદ મેરૂ દુઃશાસન.
વલ્લભ ગ્રંથતણો પથ વલ્લભ, વલ્લભ સાલ[૨૯] રસાલ વખાણ્યું. કુન્તી–છેલ્લે.

આના સિવાય પણ આવા દાખલા ઘણા મળશે. વળી,

સુત હું શેં થયો ઉત્પન્ન
નવ જનની કરી જ પ્રસન્ન
જનકે જાણિયો ના શૂર
જન કે' ગુમાવિયું સૌ નૂર. પાંચાલી૦ અં. ૫. શ્લોક ૧૦.

અને

શેં કાળ કરતા જ કાળ સા'ય
માગે કહો જ કિયે ઉપાય?
જો કાળ તે તણી સા'ય થાય
કો'ક્યમ કરી તે કરતા મનાય? પાંચાલી૦ અં ૫, શ્લો. ૧૧.

આ બે શ્લોકોમાં પણ ધ્વનિ વલ્લભને પોતાના બાપ સાથે કેવો સંબંધ હતો તે બતાવે છે. ખરૂં કે ધ્વનિ ઘણો ઝાંખો છે; પણ અનુમાનોથી જ વાતો સિદ્ધ કરવાની હોઇ, કોઇ પણ બાબતને નજીવી ગણી કાઢી ન નાખવી જોઇએ. પહેલા શ્લોકથી જરા દિલગીર થઇ બીજાથી તે કાંઇક દિલાસો મેળવે છે. વળી,

પ્રતાપી પિતાજી કુબેર સમાન
ક્ષમાધર યક્ષપતિ મતિમાન
સુતે કરિયા અપરાધ મહાન
પિતા ન ગણે ગણના ગુણવાન. પાંચાલી, અં ૫. શ્લો. ૧૨.

આ શ્લોકનો પ્રસંગ જ જો કે જૂદો છે અને કુબેરને પિતાની ઉપમા આપી યુધિષ્ઠિર તેની ક્ષમા યાચે છે—અને આ સ્વાભાવિક પણ છે, છતાં અહીં આ ધ્યાન રાખવા જેવું છે. કર્તાએ પહેલા બે શ્લોકમાં પોતાને વિશે ધ્વનિત કાંઇક કહ્યું અને પછી પ્રસંગ ઉકલી ગયો તો પણ તેના મગજમાં એ જ વિચારો ઘોળાયા કરે છે. આ એક માનસશાસ્ત્રનું સત્ય છે, એક વાત ઉપર આપણે વિચાર કરતા હોઇએ અને ત્યાર પછી વાતનો વિષય બદલાય તો તેમાં પણ આપણા મગજમાં રમી રહેલા વિચારો આવિર્ભૂત થાય છે. કર્તાના મગજમાં પણ આમ આત્મવૃત્તાંતનો રંગ (autobiographical tocuh) આપવાનું આવ્યું હશે

---

૨૯. પ્રેમાનંદના વખતમાં 'સાલ' જેવો શબ્દ ન વપરાય એમ નથી એનો આ દાખલો છે. નિષેધક દલીલના પ્રતાપે આ તેમ જ આવા બીજા શબ્દો (પહેલા ભાગમાં આવેલા) હું બતાવી શક્યો છું.

એટલે વિચારની પરંપરા તેમ ચાલી. વળી એ શ્લોકોનો ક્રમ પણ ધ્યાનમાં રાખવા જેવો છે. પરંતુ કબુલ કરું છું કે આવાં કલ્પિત અનુમાનો બીજાં પ્રમાણોની મદદ વગર બહુ મજબુત નથી હોતાં.

આ નિબંધમાં એક ખાસ સંભાળ રાખી છે તે એ છે કે રા. નરસિંહરાવભાઇના લગભગ બધા વાધાભર્યા શબ્દો તથા વાક્યો વલ્લભમાં જ વપરાયા છે એમ બતાવ્યું છે. એક કૃતિ વિશે ઉઠાવેલા બધા વાધાના જવાબ જો એક જ કવિમાંથી મળતા હોય તો બન્નેનો કર્તા એક હોય એવી શંકા તો થાય. નાટકના કર્તાનાં ખાસ વાક્યો–mannerisms–જેવાં વલ્લભમાં પણ દેખાય છે તે હવે બતાવું છું.

(૧) સુખ માય એવું માગ્ય તેવું દેવું આણી હું સતિ. પાંચલી. ૧. ૨.
આમાં ‘ સુખ માય એવું માગ્ય ’ એટલું વચન કાંઇક ધ્યાન ખેંચે છે. વલ્લભમાં પણ એવું મળે છે.
ભીમ ભડ ભાખ્યો મોમાં માય એવું માગો. કુન્તી. પૃ. ૫૦.
માગ માગ મારા સુત સુખ માગ્યું આપું તને. યક્ષ. પૃ. ૨૬૫

(૨) માધવ રતિધવ યોગે વનરાજી આ પ્રફુલ્લ પેખાયે. સત્ય૦. પૃ. ૨૩૪.
‘ માધવ રતિધવ ’નું જોડકું વલ્લભે પણ બનાવ્યું છે.
માધવ રતિધવ શા એવે મૂર્તિમાન દીઠા. કુન્તી૦. પૃ. ૧૧૭.

(૩) નારદ ધન્ય તું પારદ પૂરણ શારદ શુચિ ભય્ય ન ફાવી. સત્ય૦. પૃ. ૨૩૭.
નારદ શારદ માટે જુઓ—
નારદ શારદ શો પંડિત બનું હું પૂરો. મિત્ર. પૃ. ૫૦

(૪) સત્ય૦ માં ‘ આપણે ’ ને બદલે ‘ આપડે ’ ૫૭ અને ૭૭ મે પાને છે. તેમજ યક્ષ૦ માં ૬ અને ૧૨ મે માને છે.

(૫) પગ લખલખી જવા. તપત્યા૦ પૃ. ૫૨.
લખલખે પગ. યક્ષ. પૃ. ૧૦૦–૧૧૩.
લખલખે પગ અને ઢગ થઇ બેસું એવું. કુન્તી૦. પૃ. ૧૧૩.

(૬) ઝાડબીડ. સત્ય૦ પૃ ૧૨. યુધિ. પૃ. ૫૨.
આ પણ મરાઠી અસર હોય એમ લાગે છે. આપણે ઝાડબાડ કહીએ પણ મરાઠીમાં જ ઝાડબીડ કહે છે. આ મરાઠી અસર જો નાટકના કર્તા ઉપર હતી તો વલ્લભ ઉપર પણ હતી.

(૭) “ હાં ! હા ! ” એ નાટકના વાંચનારને આંખમાં ખૂંચે એવું છે. વલ્લભમાં પણ એવું છે—
હાં ! હા ! હું સમજી ગઇ. યુધિ૦ પૃ. ૫૬.
હા ! હાં ! કરો આ શું તમે ? „ „ ૫૧.
હાં ! હા ! હું સમજ્યો સર્વ. „ „ ૬૬.

(૮) ભીમ અને હનુમાનના મેળાપમા ‘ મહાકાય ’ શબ્દ કાંઇક નવીન લાગે છે. તેવો જ ‘ અતિકાય ’ શબ્દ યુધિ૦ માં પૃ. ૭૧ મે છે.

(૯) "હાં ! હાં !" જેવો બીજો પ્રયોગ નાટકમા "શિવ ! શિવ !" નો છે. વલ્લભમાં પણ મળે છે—

શિવ ! શિવ ! કહી પડ્યો. યક્ષ. પૃ. ૭૫ ૧૪૮.

(૧૦) "હાં ! હાં !" કરતાં પણ વધારે ઉત્કટ ઉપયોગ 'અધુના' નો નાટકમા થયો છે. તેમ જ વલ્લભમા પણ 'અધુના' જ્યા ત્યા વપરાય છે.

હું પાછું આવ્યો છું એવી અધુના ખબર થશે. મિત્ર. પૃ. ૯૦

અધુના ન કાંઇ બને. મિત્ર. પૃ. ૯૭ યક્ષ૦ પૃ. ૧૭૨.

(૧૧) લાંગૂલ.–પાંચાલી૦ ભીમ અને હનુમાનનો મેળાપ.

લટકતું લાગૂલ આ લાલ તો દેખાય છે. કુન્તી૦ પૃ. ૧૧૭

(૧૨) ભીમને માટે 'વૃકોદર' શબ્દ જરા ધ્યાન ખેંચે છે. પાચાલી૦ માં ૬૧–૬૨–૬૩–૬૪–૬૫–૭૩–૮૬–૧૦૨–૧૧૩–૧૨૦ વગેરે પાનાંપર વપરાય છે. કેમ જાણે નાટકના કર્તાને તે વાપરવાનું વ્યસન પડી ગયું હોય ? વલ્લભને શોખ હતો તે તો 'યુધિષ્ઠિર વૃકોદર૦' ના નામ ઉપરથી જ ખબર પડશે. એ કાવ્યમાં પણ 'વૃકોદર' ખૂબ વપરાયો છે.

(૧૩) જ્યારે જ્યારે મનુ વિશે કાંઇક કહેવું હોય ત્યાયે ત્યારે જૂના વખતના લોકો ઘણે ભાગે મનુ ભગવાન કે મનુ મહારાજ વાપરે છે. પણ નાટકમાં જ્યાં જ્યાં મનુની વાત આવે છે ત્યા ત્યા તેને મનુ જ કહ્યો છે (જુઓ તપત્યાખ્યાન પૃ. ૭૯) વલ્લભ પણ એમજ વાપરે છે.

કહી દાખું સુણો આજ મનુનું વચન છે. યુધિ૦ પૃ. ૧૧૭. યક્ષ. પૃ. ૨૩૩.

(૧૪) ભોગદારી– સત્ય૦ પૃ. ૨૬૯. યુધિ૦ પૃ ૫૦.

(૧૫) કંજારિ. સત્ય૦ પૃ. ૨૧૮

કમલારિ. ચંદ્રના અર્થમા યુધિ૦. પૃ.૪.

૧૬) 'સુણવું' ને બદલે 'શણવું'.

ભુજ આ સુગદાથી બચ્યા ન શણ્યા. પાચાલી

કષ્ટ તો શિણી શિણી. યુધિ. પૃ. ૯૫.

આ ઉપરાંત ભીમ ભડ-ભીષણ ભીમ, મા'વર, વડ ભ્રાત, બેડશી, એવે, શે, શેણે વગેરેના સરખા ઉપયોગ નાટક તેમજ વલ્લભમાં મળે છે.

આ સામ્યો ઉપરથી વલ્લભની અને નાટકના કર્તાની શૈલી મળતી આવે છે તે જણાશે.

[30]આ ઉપરાત વલ્લભના કાવ્યમા પણ આધુનિક લાગતા કેટલાક રૂપો અને શબ્દો છે તે બતાવું છું.[31]

(૧) છૂટેલો ન જોયા તેહ. કુન્તી૦ પૃ. ૯૫.

પાપ કરતા જોએલું પાછું કંઇ સુરભિએ યક્ષ૦ પૃ. ૪૧.

---

૩૦ આ ચર્ચા માટે જુઓ રા. નરસિંહરાવભાઇનો નિબંધ પૃ. ૬૨–૬૫.

૩૧ ચંદ્ર અને ચંદ્રિકાને પતિ પત્ની તરીકે ગણવાની કલ્પના આધુનિક નથી. જુઓ. ज्योत्स्ना दुर्बलभर्तृकेव वनिता प्रोत्सार्य मेघैः हृता ॥ मृच्छकटिक ५. २०.

(૨) ગંધર્વ એ ગાન ગર્વ **તમારે ત્યાં** આવે કદી. કુન્તી. પૃ. ૯૯.
(૩) એમ જ્યા **અનુમોદન** અજાતઅરિએ **આપ્યું**. કુન્તી. પૃ. ૬૪.
અનુમોદન આપવું.–to support ના અર્થમા આધુનિક લાગે.
(૪) એમ **ઓળખાવા** પડે કવિને તો રાજ્યભ્રષ્ટ. યક્ષ. પૃ. ૬૬.
(૫) મહતાની **આગમચ**. યક્ષ. પૃ. ૧૦૦
(૬) નમુ એ **મહંતને**. કુન્તી૦ પૃ. ૨૨. મહાશય જેવા અર્થમા.
(૭) **તકાવતો** તીર શિર દારવા સારંગને. યક્ષ. પૃ. ૭૮
તકાવીને માર્યું તીર. યુધિ૦ પૃ. ૧૧૨.

આ બન્ને જગ્યાએ 'તાકતો' અને 'તાકીને' જોઇએ. નાટકમા આવી અશુદ્ધિ છે તો વલ્લભમા પણ છે; શુદ્ધિમા સામ્ય છે એ તો ઠીક પણ અશુદ્ધિમા યે સામ્ય છે.

(૮) સંશય મિટાવી નાખો. યુધિ૦ પૃ. ૭.

હવે અમુક વિચારો અને કલ્પનાઓ જેમાં આધુનિક રણકારો લાગે છે તે બતાવું છું.

(૧) **યુગાંતે શું** લોકપાળ પડયા તાણી સોડ હા. યક્ષ૦ પૃ. ૧૩૧.
(૨) નાશી છુટય નાશી છુટય નૃપતિમાં શોભે નહિ.
મોરલી લે મોંઘામૂલ ગાન ગા મીઠે રવે. યુધિ૦ પૃ. ૧૯.
(૩) વદો વદો વેગે વીર ઉભરા આ મનના. યુધિ૦ પૃ. ૮૫.
(૪) એવો મિત્ર મળો સહુને પ્રેમના પ્રભાતમા. મિત્ર૦ પૃ, ૧૩

વલ્લભમા ઉર્દુ–ફારસી શબ્દો પણ ઘણા મળે છે. તેના કેટલાક ઉદાહરણ આપું છું.

(૧) પૂછવામાં **પીર** છો. યક્ષ. ૨૪૬. (૨) **બાંકો**. યુધિ. ૬. (૩) રંક પર **રેંમ** છે. યુધિઃ ૨૫. (૪) **બુલંદ**. યુધિ. ૩૬. (૫) **કદર્દાન** ૩૫ છો. યુધિ. ૨૫. (૬) સ્વધર્મથી **યારી કરી**. યુધિ. ૮૪. (૭) ખ્વાર કર્યા. યુધિ. ૧૩૬. (૮) **રોફદાર** રાજા હું તો. યુધિ. ૮૫ (૯) **બ્યાન**. યુધિ. ૪૭. (૧૦) **ઇશારત**. મિત્ર૦ ૧૦૮.

હવે વલ્લભમા મળતા આન્તર્યમકના એક બે દાખલા આપુ છું.

(૧) ગયા દેવ જાણી **ઝટ કટ** આરંભાયો સેતુ. કુન્તી. ૮૨
(૨) **સીડી ભીડી** નભે જઇ **કીડી** ચઢી ચાલી જાય
પીડી પેરપેર દેવ. કુન્તી૦ ૮૨.
(૩) **હસ્તી** એક **મસ્તી**વાળો પકડી શકે ન **વસ્તી**. કુન્તી૦ ૯૪
(૪) **તૃષા** લાગી ઘણી ઘણી **મૃષા** ના ભાખીએ. યક્ષ૦ ૨૫૦.

મને બરાબર ખબર છે કે હજી આટલું લખ્યા છતા પણ રા. નરસિંહરાવભાઇની ખાસ વજનદાર દલીલોનો જવાબ મેં આપ્યો નથી. આ દલીલો બીજી રીતે નકી પણ

ગણાય. 'ઉત્સર્ગમાળા' ની કહેવતો વિશેનો તેમનો વાંધો જબરો છે. પણ આ કહેવતોને ક્ષેપક ગણી કાઢી નાખીએ તો નાટકમા જરાય ક્ષતિ નહિ થાય.

ચરોતર માટે કર્તાને કેમ પક્ષપાત હતો એ વિશે હું એક બે બાબતો જ રજુ કરીશ. એક તો ચરોતરમાં વડોદરા કે સુરત આવે કે નહિ? આવે કે ન આવે તે ગમે તે હો પણ કેટલાક કહે છે કે બેમાથી એક તો આવે. જો આવે તો તો સવાલ અહીં જ અટકે. કર્તાને ચરોતર માટે કેવી જાતનો પક્ષપાત હતો તેને માટે નીચેનું વાકય કંઇક અજવાળુ પાડે છે.

"જેને બોલાવતી હશે તેનું તો ભાગ્ય ચરોતર ભૂમિના જન્મ જેવું જ માનવું જોઇએ." સત્ય. પૃ. ૬૯

આમા ચરોતરની ભૂમિનો જન્મ વખાણ્યો છે. એટલે કર્તાનો ચરોતર સાથે અંગત સંબંધ લાગે છે. આને માટે એક બે વાત વિચારવા જેવી છે. એક તો કર્તા ચરોતરનો જ રહેવાસી હોય. બીજું, તે ચરોતરનો રહેવાસી ન હોય પણ વખતે તે જન્મ્યો ત્યા હોય આ બને તેવું છે. જન્મ વખતે મા પિયર હોય અને પિયર ચરોતરમા હોય તો જન્મ ચરોતરમા ગણાય. કર્તાની બાબતમા આવું કાઇક પણ હોય. વડોદરા કે સુરત ચરોતરમા હોય કે ન હોય તો પણ આટલી બીજી વાતોનો પણ એ બાબતમા અવકાશ રહે છે અને વલ્લભના ઉપર ચરોતરની અસર છે તે આપણે જોઇ ગયા.

આ નાટકો પ્રેમાનંદને નામે જ પ્રસિદ્ધ થયા છે. વાંધો લેવાયો છે તે એટલો જ છે કે તે પ્રેમાનન્દ જેટલા જૂના હોઇ શકે નહિ; પણ કોઇ આધુનિક કવિએ લખી, પ્રેમાનન્દને નામે ચડાવ્યા હશે. હવે આજ હું એક બાજુથી કહું છું કે નાટકો પ્રેમાનંદ જેટલા જૂના કાળના હોય એ જ સંભવે છે ત્યારે બીજી બાજુથી એમ કહું છું કે તે પ્રેમાનંદના નહિ પણ વલ્લભના છે. આને માટે મને જેટલી દલીલો સુઝી તેટલી મેં અહીં મૂકી છે, તેમ જ જે અર્વાચીન અંશો આમા દેખાય છે તે પણ પ્રાચીન કવિમા સંભવે એમ મેં બતાવી દીધુ છે. છતા નાટક પ્રેમાનન્દના નહિ અને વલ્લભના છે એમ કહેવાનું મને મન થાય છે તેનુ કારણ એટલું જ કે નાટકમા કયા ય પ્રેમાનન્દનો જુસ્સો કે શલી દેખાતા જ નથી. હું એમ કહું છુ કે પ્રેમાનન્દે જો નાટક લખ્યુ હોય તો પણ તે આવું ન લખે. વળી કોઇ આધુનિક માણસે લખી પ્રેમાનંદને નામે ચડાવ્યાં હોય એવું આજના જમાનાનો લેખક ન કરે એ ઝટ માનવાનું મન થાય છે. જ્યારે નાટકો વલ્લભના હોય છતાં પ્રેમાનન્દને નામે ચડી જાય એવો દાખલો તો સાહિત્યના ઇતિહાસમા મળે છે. રત્નેશ્વરના એક કાવ્યને છેડે એક પ્રતમા તેનું નામ, એકમા પ્રેમાનન્દનુ અને એકમા આધારભટ્ટનું નામ છે એ વાત બહાર આવી ગઇ છે. આ નાટકમાં પણ આમ બન્યું હોય તો અસંભવિત નથી અને આમ થયું હોય એમ માનીએ તો તો એમ પણ માનવુ જોઇએ કે ભાષા પણ સાથે જ બદલાઇ હશે. અહીં આપણે નાટકની ભાષાની અર્વાચીનતા વિશે માત્ર એક જ વાત કરી લઇએ. અત્યારે જે ભાષા નાટકોમા છે તેનું રૂપ તો આધુનિક જ લાગે છે. પણ સાથે સાથે એમ પણ લાગે છે કે મૂળ થર આધુનિક નથી. ભાષામાં ઘણો ફેર થઇ ગયો હોય એમ

સંભવે છે એમ મેં આગળ બતાવ્યું છે. પણ અહિં તો હું નાટકમાં દેખાતી જૂની ભાષાના એક બે દાખલા જ આપવા માગું છું. જટાસુર અને ભીમ જે દ્વિઅર્થી વાત ચલાવ્યે જાય છે તેમાથી એકાદ દાખલો મળે તેમ છે. આ ભાગ એવો છે કે પ્રકાશકો, અર્થને હાનિ પહોચાડયા વગર ઝટ ફેરવી શકે નહિં. એટલે ન છૂટકે પ્રકાશકોને એ ભાગમાથી. પણ અમુક ભાગ તો એમ ને એમ રાખવો પડયો હશે. જુઓ--

"ભીમઃ—જમ પ્રાઘૂર્ણું જવાની ઉતાવળ કરે છે તમ મારૂં મુખ પણ ભીમપત્નિ તમ કરે ત્યારે દેખાડવાનો ચાલ છે."

અને એક બીજું વાકય પણ છે કે જે જૂની ઢબનું છે.

"કૃષ્ણ-એમની જે રીસ તે કોના[32] પર?" સત્ય૦ પૃ ૧૮૮.

આ વાકય વાચતા સમજાશે કે મૂળ થર નાટકમા જૂની ભાષાનો છે ખરો.

હવે મારી બધી દલીલો પૂરી થઇ છે. જેમ રા. નરસિંહરાવભાઇને નાટકો પ્રેમાનંદના ન હોય એમ કહેતા જરા ક્ષોભ થયો હતો તેમ કે તેથી પણ વધારે ક્ષોભ મને નાટકો વલ્લભના છે એમ કહેવામાં થાય છે. આ નિબંધમાં મેં નાટકોનો કર્તા વલ્લભ હોવાનો ઘણો સંભવ છે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે—માત્ર સમય જ તેની કસોટી કરશે. કંઇક ત્રુટીઓ અને અપૂર્ણ અભ્યાસને લઇને, અંદરની ઘણી દલીલો નિર્બળ ગણાઇ, કદાચ ભવિષ્યમાં નીકળી જાય-કદાચ મારો આ સુદર લાગતો સપ્તરંગી પરપોટો, મને છેહ દઇને, ફૂટી જાય,-અને કદાચ મારી આ બધી મહેનત પાણીમા જાય-એવી શંકાઓ મને ઘણી વાર થઇ છે. પણ એ બધાની વચ્ચમાં મને એક દિલાસો છે કે મેં લખ્યુ છે તે, મારી બુદ્ધિને જે સત્ય સુઝયું તે મારે બતાવવું જોઇએ, એમ વિચારીને લખ્યું છે; નહિ કે સાહિત્યનાં ગુંચવાયેલા કોકડાને વધુ ગુંચવવારૂપ એક તોફાન મચાવવા ખાતર.

---

૩૨ 'ઉપર' ને બદલે 'પર' આધુનિક લાગે છતા વલ્લભમાં છે. જુઓ--

તેના પર ઘાવ થાય— યુધિ૦ પૃ. ૧૧૩

ગિરિરાજ પર વૃષ્ટિ મેઘ કરે મંડી ઘણી. કુન્તી૦ પૃ. ૯૫

૨૫ રામાયણનું રહસ્ય.

(લેખક.—રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર.)

ઉપોદ્ઘાત.

રામાયણ મહાભારત એ કેવળ આર્યોની લોકકથા કે લોકગીત નથીઃ એ તો સમગ્ર માનવ મહાકથાના મહાકાવ્યો છેઃ ચિત્રવિચિત્ર કથાઓના ચોપડા છે. એ કાવ્યોમાં સદાચારનુ મહા સગીત ગુંજે છે; સન્ત જનોના સદ્બોધ એમા ભરેલા છે. તેથી જ એ કથાઓમા મનુષ્ય જાતનું મહા આકર્ષણુ છે. મહા કવિઓની પ્રેરણા છે; અખંડ કાવ્યરસનું ઉદ્દીપન છે.

નાળી નજર ન પહોચે એવા પ્રાચીન યુગમાં જે સમયે મંત્રદષ્ટા ઋષિઓએ પ્રકૃતિની અસંખ્ય વિભૂતિઓમા પ્રકાશના દિવ્ય સત્ત્વનો મહિમા ગાયો, જે સમયે ઉપનિષદ્ સાહિત્યની પરમોજ્જ્વલ બ્રહ્મભાવના પ્રકટી, જે સમયે ગાર્ગી જેવી મહિલાઓ પૂજાઇ, અને અરુન્ધતિ જેવી સપ્તર્ષિની પંક્તિમા માન્યપદ પામી, તે જમનાએ રામાયણ અને મહાભારત જેવી વિશ્વવિખ્યાત વીરસંહિતાઓને જન્મ આપ્યો.

પ્રાચીન આર્ય સંસ્કૃતિની એક ધારા યુરોપમાં અને એક ધારા ભારતમા વહી છે. એ રસધારાનો પ્રવાહ ઝીલી પુરાણા આર્યવર્તે, પુરાણા ગ્રીસની જેમ બે વીર કથાઓને જન્માવી છે. જૂના કથાનકો અને એક મોટી ઇતિહાસપ્રસિદ્ધ યુદ્ધની લોકકથાઓના વસ્તુ ઉપર રચાયલું મહાભારત હિંદનું ‘ ઇલીયડ ’ છે· પોતાના રાજ્યમાથી દેશવટો પામેલા એક રાજકુમારનો વનવાસ વર્ણવનાર, અને એના વીર પરાક્રમો ગાનાર રામાયણમા, ‘ ઓડીસી ’ સાથે તેટલા પૂરતું મળતાપણુ છે.

“ઇતિહાસની આરસી”

રામાયણ મહાભારત એકલા કાવ્ય નથીઃ ઇતિહાસ પણ છે. ભારતવર્ષનો ચિરકાલનો ઇતિહાસ એમા બોલે છે. એમા આર્યોની સાધના, આરાધના અને સંકલ્પના ઇતિહાસ આલેખાયા છે. આ બન્ને ઇતિહાસમૂર્તિ સમા મહાકાવ્યો હિંદનું મોટું કાવ્યધન છે. પ્રાચીન આર્યાવર્તની સંસ્કૃતિ અને બુદ્ધિવિકાસ, સામાજિક અને રાજકીય જીવન, ધર્મ અને તત્ત્વજ્ઞાન—એ બધાના ભાવનાભર્યા પ્રતિબિંબો આ “ ઇતિહાસની આરસીમા ” પડેલા જોઇ શકાય છે.

કોસ ખેંચનારથી માંડી કેળવણી લેનાર ઊંચા વર્ણો સુધી એક સરખી અસર કરનાર મહાકાવ્યોમા આર્ય સંસ્કૃતિના સનાતન સત્યોનો ઇતિહાસ કોતરાઇ રહ્યો છે. તેથી સૈકા ઉપર સૈકા જાય છે છતા રામાયણ મહાભારતનો સ્રોત ભારતમાં લેશમાત્ર ક્ષીણ થતો નથી.

હિંદુઓના આ મહાકાવ્યોને સમજવાં એ હિંદુઓને સમજી લીધા બરોબર છે; અને એ મહાકાવ્યોની અસર આર્યાવર્તના જીવન અને સંસ્કૃતિ ઉપર જોવાથી, તથા હાલની ભાષાઓ, સાહિત્ય અને ધાર્મિક ઉત્ક્રાન્તિ તે બધા ઉપર નજર કરવાથી ત્રણ હજાર વર્ષની અંદરનો પ્રજાનો ઇતિહાસ સમજી લેવા જેવું થાય છે.

આ કથામૃત બાળક માતાના દૂધની સાથે પીએ છે; વખતે માતાના દૂધની સાથે તે નથી મળતું તો પિતાની સાથે તેના ખોળામા બેસી, જ્યારથી બાલક વાતો સાંભળવાનુ રસીયું થાય છે, ત્યારથી તેના શિક્ષણનો મંગળ આરંભ આ પુણ્ય કથાઓથી થાય છે.

લોકકથા:

સાહિત્યનો ઉદય લોકગીતમાંથી થયો છે. દરેક પ્રજાનું સાહિત્ય પ્રથમ ગાથા અથવા ભજનોના રૂપમાં અવિર્ભાવ પામ્યું છે. સમાજસ્થિતિની ઝાખી આવાં લોકગીતોમાથી કરી શકાય છે. માનવીના હૃદયની વાછનાઓ અને આત્માની અભિલાષાઓ, તેની અભિરુચિ, લાગણી વગેરેનો સૂક્ષ્મ ઇતિહાસ આવી લોકકથામા સાચવી રખાયલો હોય છે. મધ્ય યુગમા રાસા, રાસડા, દુહા, સોરઠા, પવાડા વગેરે આવા ત્રુટક ઇતિહાસના માર્ગસૂચક સ્તંભોની હયાતી આ સત્યની સાક્ષી પૂરે છે.

લોકકથાના વિકાસનો ઇતિહાસ જાણવો એટલે પ્રજાના વિચાર, આચાર અને ઉલ્લાસના જૂદા જૂદા પ્રદેશોની ઝાંખી કરવા બરોબર છે. તેથી અહીં કહેવું જોઇએ કે આપણી લોકકથાઓની કિંમત ઇતિહાસના સાધન તરીકે, ઉદયમાર્ગના ભોમીઆ રૂપે, પ્રજાસમૂહના વિનોદ વિલાસના પ્રતિબિંબ તરીકે, અને વિચારશીલતાની મૂર્તિ લેખે અંકાવી જોઇએ. એ જગજૂની કથાઓ આપણા જીવનમા અને વાણીમા જૂનો ઉત્સાહ, દઢતા, વિનોદ, મીઠાશ, કલાવિધાન, રસપ્રિયતા, ભક્તિભાવ અને ઉલ્લાસ ભરવામા સાધનભૂત થાય છે અને થશે.

સાહિત્યનાં મૂળ.

આમ લોકકથાને દેવકથા કહો; પુરાણકથા કહો, દંતકથા કહો, ઇતિહાસ કહો–પરંતુ એ બધાનો સમુચ્ચય તે આપણી લોકકથા. કથા સાહિત્યનો પ્રાચીન ઇતિહાસ કહે છે કે લાબી મહાકથાઓની પહેલા ટૂંકા પ્રસંગોની કથાઓ અસ્તિત્વમાં હોય છે. પ્રાચીન સંસ્કૃતિના અવશેષ રૂપ વેદના સૂક્તોમાં પણ ટૂંકા આખ્યાનનો અંશ છે.

આ કથાઓ, ઉપકથાઓ અને આખ્યાનોના અંશો વડે પ્રાચીન કાવ્ય–સાહિત્યનો દેહ બંધાયો છે. કાળે કરીને, છૂટાં છવાયા વાર્તાના રસળતા ઝરણનો ધોધ એકઠો થઇને મહાકાવ્યો રૂપે સાહિત્યભૂમિ ઉપર વહેવા માંડે છે; અને આમ લોકકથામાથી કાવ્ય સાહિત્યની ઉત્પત્તિ થઇ છે. રામાયણ, મહાભારત, કથા–સરિત્ સાગર, પંચતંત્ર આદિ કથા–સાહિત્યનો ઉદ્દભવ આ રીતનો છે.

આ મહાકથાઓની ભાષા પ્રથમ ભૂમિકામા સહેલી, સાદી અને રમતીઆળ પણ સ્વચ્છંદી અને અચોક્કસ હોય છે. વખત જતા તેમા મનોહરતા, રમ્યતા લાલિત્ય સચોટતા અને આકર્ષવાનો ગુણ પ્રતીત થાય છે. આ વસ્તુ ઉપરથી કાવ્ય નાટકની રચના થાય છે; અને તેમા કલા અને કલ્પનાની રમ્ય ગુંથણી ભળવાથી તેની ભાષા–શૈલીમા પ્રફુલ્લતા આવે છે.

પૃથ્વી ઉપરની સંસ્કારી પ્રજાઓના મહાકવિઓને માથે આ લોકકથાનું મહાઋણ છે.

દેશ દેશનાં મહાકાવ્યો

જગતના મહાકાવ્યોમા વાલ્મીકિ વ્યાસનાં રામાયણ મહાભારત સૌથી જૂનાં છે. ગ્રીક કવિ હોમરના ‘ ઇલીયડ ’ અને ‘ ઓડીસી ’ મા, રોમન ‘ ઇનીડ ’માં, અંગ્રેજી કવિ ચોસરની ‘ કેન્ટરબરી ટેલ્સ’મા, મિલ્ટનના ‘ પેરેડાઇઝ લોસ્ટ ’મા, અને ટેનીસનના ‘ આઇડીલ્સ ઓફ ધી કિન્ગ ’ મા, ફારસી કવિ ફિરદોસીના ‘ શાહનામાહ ’મા અને એવા બીજા કવિઓના કાવ્યોમા— એમનાં કાવ્યો રચાતા પહેલાં પ્રચલિત હતી એવી કેટલીક લોકકથાઓનો ઉપયોગ થયો છે.

ઊંડું જોવા જઇએ તો પહેલા, જ્યારે લખવાની કલા વપરાશમા નહોતી અને શ્રુતિ-પરંપરાથી લગભગ બધું કંઠસ્થ સાહિત્ય સચવાઇ રહેતું હતું અને યુગેયુગે એ મૂળ કથાઓમા ચમત્કારનું તત્ત્વ ભેળવાતું હતું, ત્યારે એવી કંઠસ્થ લોકકથાઓને મહાકવિઓએ પોતાના કાવ્યોમાં ગૂંથી લીધી, અને તેને ચિરંજીવ બનાવી. ‘ શ્રુતિ ’ નામથી સાર્થ થયેલા વેદનો વારસો આર્યોને એવીજ રીતે ઉતરી આવેલો છે.

કવિ નિમિત્તમાત્રઃ

આમ અમૂર્ત લોકકથાને મૂર્તરૂપ આપનાર મહાકાવ્યોના ખરા કવિઓ ફક્ત નિમિત્ત-માત્ર થયા છે, કારણ કે તેમાનો ઇતિહાસ તો તેમનાથીયે પહેલા અસ્તિત્વમા હતો. રામાયણ મહાભારતની કથા જાણે જાહ્નવી અને હિમાલયની માફક અસલ ભારતની છે; વાલ્મીકિ વ્યાસ નિમિત્તમાત્ર છે. પ્રાચીન ગ્રીસમા ‘ ઇલીયડ ’ હતું તે સમસ્ત ગ્રીસના હૃદયમાથી ઉદ્ભવેલું છે; અને ત્યા વાસ કરી રહેલું છે. કવિ હોમરે બીજા મહાકવિઓની પેઠે ફક્ત પોતાના દેશકાલને ભાષાદાન કર્યું છે. આજે તે ભાષાનો ફુવારો દેશભરમા ચિરકાલને માટે રેલી રહ્યો છે.

આધુનિક કોઇ કાવ્યમાં આ મહાકાવ્યો જેવી વ્યાપકતા આવવી અશક્ય જણાઇ છે. ફક્ત સાહિત્યદૃષ્ટિએ અને કલાની દૃષ્ટિએ ચઢીઆતા ગણીએ એવા મહાકાવ્યો રચાયા છે ખરા. મિલ્ટનના ‘ પેરેડાઇઝ લોસ્ટ ’ જેવા કાવ્યમા ભાષાનું ગાભીર્ય, છંદનું માહાત્મ્ય અને રસની ગહનતા ગમે તેટલા હોય, તથાપિ તે દેશનું ધન ગણાયા નથી; ફક્ત એ સાહિ-ત્યના ભૂષણ જેવા છે. આથીજ કેટલાક કહે છે કે “ પ્રાચીન કાવ્યને ‘ મહાકાવ્ય ’ કરતા કંઇ જૂદું નામ આપવું ઘટે છે: કારણ કે પ્રાચીન કાળના દેવો અને દાનવો જેવી આ કાવ્યોની જાત હવે લુપ્ત થઈ છે. ”

મહાકવિ અને મહાકાવ્યઃ

કેટલાક કાવ્યો એકલા કવિની કથા હોય છે, ત્યારે કેટલાક મહાજનસમૂહની કથા હોય છે. કવિની કથા એટલે રચનાર પોતાની પ્રતિભાથી ફક્ત પોતાનાં સુખ દુઃખ, પોતાની કલ્પના અને પોતાના જીવનની મર્મકથા ઉકેલે છે. આવી કવિતા સ્વાનુભવરસિક અથવા સ્વલક્ષી કહેવાય છે.

મહાજનસમૂહની કથા કહેનાર કવિ પોતાની રચનાદ્વારા પોતાના હૃદયને અને પોતાના અનુભવને વ્યક્ત કરી એક સમસ્ત દેશ–એક સમગ્ર યુગને મનુષ્ય માત્રની ચિરન્તન મિલકત

બનાવી દે છે. આ બીજા પ્રકારના સર્વાનુભવરસિક કવિ મહાકવિ કહેવાયા છે. સમસ્ત દેશ વા સમગ્ર જાતિની સરસ્વતી તેમના દ્વારા પ્રગટ થાય છે. તેમની રચનામા એક વિશિષ્ટ વ્યક્તિનો ભાસ થતો નથી. પરંતુ એમા સમષ્ટિની કથા કહેવાયલી હોય છે.

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાંથી એમ ફલિત થયું છે, કે સર્વાનુભવરસિક કવિતા સ્વાનુભવરસિક કરતા આગળ જાય છે. છતા વાલ્મીકિના આદિ–સ્વાનુભવરસિક શ્લોક ઉપરથી જણાય છે, કે એવા મહાકવિની વૃત્તિ પણ પ્રથમ સ્વાનુભવ ગાવાની હોય છે. સૌથી જૂની વેદની ઋચાઓ પણ સ્વાનુભવરસિક કવિતાના નમૂના છે. આમ સ્વાનુભવરસિક તે કવિઓનો કવિ સર્વાનુભવરસિક તે લોકનો કવિ. મહાકવિમા ઉભયનો રમ્ય સંયોગ હોય છે. તેથીજ વાલ્મીકિ આદિકવિ અને મહાકવિ બન્ને છે.

અખંડલહરીના કાવ્ય તે મહાકાવ્ય એમ નવલરામભાઇ એક ઠેકાણે લખે છે. સામાન્ય કવિની કવિતામાં અને એની બાનીમા પ્રૌઢી હોતી નથી; એ વાચનાં લહરીખંડન ડગલે થાય છે. તેથી એવી તૂટક કથાઓને ખંડલહરી કહી છે. અખંડલહરી કાવ્યમા રસનું અખંડિત વહેવું થાય છે. વળી બધા કાળમા સામાન્ય રીતે જે સર્વમાન્ય થાય તે જ ઉત્તમ કાવ્ય; કારણ કે એવા કાવ્યોમાં સમય સમયનાં કાવ્યો કરતા જનપ્રિયપણું વધારે હોય છે. રામાયણ અને મહાભારત એવા લોકપ્રિય (universal) મહાકાવ્યો છે.

સંસ્કૃત આલંકારિકોએ મહાકાવ્યનું લક્ષણ એમ બાધેલું છે, કે એમા ઋતુવર્ણન, સૂર્યોદય ચંદ્રોદય, નદી, સાગર, પર્વત, નગર, વન, સૈન્યની છાવણી, રણપ્રયાણ વગેરેનાં વર્ણનો અવશ્ય આવવા જોઇએ. સંસ્કૃતમાં 'પંચકાવ્ય' ને નામે ઓળખાતા મહાકાવ્યો આ લક્ષણને ઝીણવટથી વળગીને લખાયલા છે, છતા એ મહાકાવ્યો તેમાં રહેલા કલ્પનાબાહુલ્ય અને કલાવિશેષને લીધે રામાયણથી જૂદા પડી જાય છે.

દેશજય શત્રુવિનાશ, એ પ્રબળ વિરોધી પક્ષનો પ્રચંડ આઘાત પ્રત્યાઘાત, એ બધો વ્યાપાર મહાકાવ્યમાં આંદોલન અને ઉદ્દીપનનો સંચાર કરે છે. રામાયણમા આ બધા વર્ણનો ઠેકઠેકાણે મૂકેલા છે, તેથી પછીના કવિઓને નમૂના તરીકે આ મહાકાવ્ય ઉપયોગી થયું છે.

સંસ્કૃત સાહિત્યમા આદિકાવ્ય અને મહાકાવ્ય તરીકે રામાયણ ગણાતું આવ્યું છે.

Epic–વીરકથા:

અને જેમ પાશ્ચાત્ય કાવ્યરચનાના પંડિત Epic નું લક્ષણ 'ઇલીયડ ' માંથી ઉપજાવી કાઢે છે, તેમ ભારતમા મહાકાવ્યનું કાવ્યલક્ષણ સુદ્ધાત આ રામકથા ઉપરથી ઉપજેલું સંભવે છે. સામાન્ય રીતે પાશ્ચાત્ય Epic સજ્ઞાથી રામાયણને કેટલાક ઓળખે છે: પરંતુ એમાં એ તત્ત્વોનો અભાવ છે.

Epic કાવ્ય બહુધા શ્રાવ્ય હોય છે, અને એનો વૃત્ત ગંભીર, કાવ્યવિસ્તાર ધીમો અને ગૌરવયુક્ત હોય છે. કાવ્યના વસ્તુ તરીકે એક ઉત્તમ નાયકની વીરતા મનુષ્યના હૃદયમાં પ્રશંસાવૃત્તિને સવિશેષ ઉત્તેજનાર છે. તેથી આવી વીરકથા લોકકથા બને છે. ધર્મની પ્રીતિ અને અધર્મનો દ્વેષ એ મનુષ્યની સામાન્ય પવિત્ર વૃત્તિ છે. આ વૃત્તિ વીરરસથી પોષાય છે.

વીરકથામા સાથે સાથે કથારસની અખંડ માધુરી ભળેલી હોય છે, છતાં કેટલીક વાર આવાં લાબા કાવ્યોનો વાર્ત્તા-વિસ્તાર વિશાળ હોવાથી તેમા કળાવિધાન દાખવવા છતા અને અનેક રસનો જમાવ કરવા છતા કાવ્યનો વણાટ ઢીલો અને ફીસો થઇ જાય છે.

રામાયણ શ્રાવ્ય કરતાં ગેય વધારે છે, અને તેથી તે Epic નથી. રામનું જીવન એવું ઉદાત્ત છે કે તેથી ગેય કાવ્યને અનુકૂળ લાગણીનો સ્વાભાવિક ઉદ્રેક થયો છે. ભક્તિ, નિષ્ઠા સ્નેહ અને વીરતા એ લાગણીઓ ઉપર ગેય કાવ્યની રચનાનો આધાર છે. કુમાર લવ અને કુશે રામસભામા એ કાવ્ય ગાયું હતું, તેથી તેમના ઉપરથી ગાયન કરનાર માટે ' કુશિલવ ' જેવો શબ્દ સંસ્કૃતમા રૂઢ થયો છે.

સ્ત્રી કાજેના સંગ્રામો: જગતના ઇતિહાસમા સ્ત્રીને નિમિત્તે ત્રણ મોટાં મહાભારતો અને પરિવર્તનો નોધાયા છે. એક આર્યવર્તમા, બીજું ગ્રીસમા અને ત્રીજું રોમમા. બીજાં અનેક યુદ્ધો રજપૂત અને મુસલમાની ઇતિહાસમાં થયાં છે ખરાં, પરંતુ તેને નોંધી રાખનાર કોઇ મહાકવિ થયો નથી. તેથી ફક્ત ત્રણનો વિચાર કરીએ. ઉપરના ત્રણે યુદ્ધ-પ્રસંગોની યથાર્થ તુલના કરવાનું આ સ્થાન નથી. પરંતુ તે ઉપરથી સ્ત્રી જાતિની નીતિનું દર્શન કરાવવું અહીં અપ્રસ્તુત નથી,

પંચવટીમાંથી રાવણ સીતાને હરી ગયો, પણ શત્રુઓની વચ્ચે છતા તે તેને વશ થઇ નહોતી, રાવણની સમૃદ્ધિની લાલચ અથવા તો બળ પરાક્રમની બીક સીતાને લાગી નહોતી. યુદ્ધ પછી જ્યારે અગ્નિશુદ્ધિ વડે સીતાની પવિત્રતાની રામને ખાત્રી થઇ, ત્યારે રામે તેનો અંગીકાર કર્યો.

ગ્રીસમા ટ્રોજન લોકોનો રણજંગ મંડાયો હતો. તેમાં પેરીસ હેલનને હરી ગયો; પણ હેલન તેને પ્રેમથી ચાહતી હતી. એ પેરીસ યુદ્ધમાં પડ્યો, ત્યારે તે તેના ભાઇને પણ તેટલાજ પ્રેમથી વરી. યુદ્ધ પૂરૂં થયું ત્યારે કાંઇ પણ આશંકા વગર મેનીલીયસ પાસે એ તેટલાજ પ્રેમથી ગઇ. મેનીલીયસે પણ જરાયે સંકોચ વગર હેલનનો સ્વીકાર કર્યો.

રોમમાં લુક્રેશીયા નિમિત્ત રણસ્થંભ રોપાયો હતો. ત્યાં લુક્રેશીયા પતિપરાયણા સાધ્વી હતી; પણ સાથે સૌંદર્યવતી હતી. સૌંદર્યના શિકારી સેક્ટસની દાઢ સળકી. રોમન રાજકુમાર સેક્ટસે તેના ઉપર બળાત્કાર કર્યો. પરાધીન લુક્રેશીયા તેને ન છૂટકે વશ થઇ ખરી; પણ સદ્‌ગુણથી આમ ભ્રષ્ટ થવાથી એવું પાપી જીવન ગાળવા કરતા પેટમા કટાર ખાઇ એ મરી ગઇ. રોમન રાજકુલનુ નિકંદન ગયું.

આ ત્રણે દેશની સ્ત્રીઓની નવનવી જાતિની ભાવના ઉપરથી તે તે કાળની સંસ્કૃતિ અને માનસિક વિકાસનો કંઇક ખ્યાલ આવી શકે છે. પ્રાચીન ગ્રીસ અને રોમમાં ઉલ્લાસ, સૌંદર્ય અને વિલાસ એ જીવનના આદર્શો હતા. પ્રાચીન આર્યાવર્તમા ધર્મ-પરાયણતા, સહનશીલતા અને ભક્તિ એ ત્રણની એરણ ઉપર પ્રજાના ઉન્નત આદર્શો ઘડાતા હતા.

હેલન અને લુક્રેશીયાની કથા એટલે એક સ્ત્રીના સૌંદર્યની કથા-સ્ત્રીના સૌજન્યની કથા અને તેના ઉપર પાશ્ચાત્ય દુનિયા મોહ પામી. સીતાની કથા એટલે એક સ્ત્રીની અડગ

પતિભક્તિ અને આત્મભોગની કથા ! તે કથા માટે હિંદુ આલમ આજે પણ માંડી વેલી થાય છે.

રામાયણ એટલે વીરરસ કથા નહીં પણ ગૃહકથા; કારણ કે વાલ્મીકિની ખાસ ખૂબી એ છે તેમણે એક ગૃહકથાને અત્યંત બૃહત્ બનાવી છે.

ગૃહસ્થાશ્રમનું કાવ્ય: પિતાપુત્ર, ભ્રાતાભ્રાતા, અને પતિપત્ની વચ્ચે ધર્મબંધન તથા પ્રીતિભક્તિનો સંબંધ તે મહાકાવ્યનો વિષય બન્યો છે. પિતા પ્રત્યે પુત્રનું આજ્ઞાપાલન ભ્રાતા માટે ભ્રાતાનો આત્મત્યાગ, પતિપત્ની વચ્ચે અન્યોન્યની નિષ્ઠા અને પ્રજા પ્રત્યે રાજાનું કર્તવ્ય કેટલે સુધી જઇ શકે છે તે રામાયણે દર્શાવ્યું. કૈકેયી મન્થરાના કૂડકપટના કઠિન આઘાતે અયોધ્યાના રાજગૃહને વિચ્છિન્ન કર્યાં છતા પણ ગૃહધર્મની દુર્ભેદ્ય દઢતા રામાયણે પોકારીને બતાવી છે. આવા ગૃહસંબંધો કોઇ પણ દેશના મહા-કાવ્યમાં આવી રીતે વર્ણનને યોગ્ય વિષય મનાયા નથી.

રામાયણ તે ગૃહસ્થાશ્રમનું કાવ્ય છે. એ જ ગૃહસ્થાશ્રમ-ધર્મને પ્રતિકૂળ અવસ્થામા વનવાસ દુઃખની ઘટના તરીકે વર્ણવવાથી ગૌરવ આપ્યું છે. આ કાવ્યમાથી ગૃહ અને ગૃહધર્મ એ ભારતવર્ષને કેવાં મહત્ત્વના છે તે સમજવા જેવું છે. ગૃહસ્થાશ્રમ એકલો પોતાના સુખ અને સુગમતાના અર્થે નહોતો; પરંતુ ગૃહસ્થાશ્રમ સમસ્ત સમાજને ધારણ કરી રાખતો. આર્ય સમાજનો એ પાયો મનાયો છે.

આ ગૃહ-કથાના બધા પ્રસંગો એવા સચોટ, સાચા અને આંખ આગળ ખડા થાય એવા છે, કે શેકસપીયર પણ મનુષ્ય-હૃદયમાં થતું લાગણીઓનું ધમસાણ આટલી ખૂબીથી તદ્દશતાથી અને સ્વાભાવિક કલાથી ચીતરી શક્યો નથી. માનવહૃદયના મહાસંક્ષોભજનક વિચારો તાદક્ષતા અને સચોટતાથી આલેખવામાં રામાયણની વિશેષતા છે; વીરો અને વીરત્વયુક્ત પ્રસંગોનાં વર્ણન કરવામાં નહીં.

રામાયણનો મહિમા રામ-યુદ્ધને અવલંબેલો નથી. એ યુદ્ધઘટના તો રામ અને સીતાની દામ્પત્ય પ્રીતિને જ ઉજ્જવળ કરી દેખાડવાનું નિમિત્ત માત્ર છે, બાહુ બળને નહીં. જિગીષાને નહીં, રાષ્ટ્રગૌરવને નહીં, પણ શાન્ત રસાસ્પદ ગૃહ—ધર્મને રામાયણે કરુણાનાં આંસુથી સીંચીને તેમાં કાવ્યતત્ત્વની પ્રતિષ્ઠા કરી છે

કુટુંબની ઘટનાઓ અને કુટુંબમા દેખા દેતા કડવા મીઠા ભાવોનું આલેખન રાય અને રંક બંનેને સરખું રુચે છે, અને તેથી બન્ને સરખું પ્રિય લાગે છે. આવા આલેખનથી રામાયણ અનેકાનેક ભારતવાસીઓના હૈયામાં સીધી સચોટ અસર કરે છે; અને સર્વ ઉપરાંત રામની સત્યનિષ્ઠ ભક્તિના અને સીતાના પતિવ્રત અને સ્નેહના જે બે સુવર્ણ તંતુઓ મહા કાવ્યના આખા પોતમાં ગુંથાઇ રહ્યા છે, તેને લીધે તે ગ્રંથ હિંદુઓની દૃષ્ટિએ ઉદાત્ત અને પવિત્ર છે.

રામાયણ મહાભારત કરતા કેટલેક અંશે જૂદું પડે છે ? કુરુ અને પંચાલના ઐતિહાસિક મહાયુદ્ધની લોકકથા અને દંત કથાઓમાંથી મહાભારતનું

રામાયણ-મહાભારત વસ્તુભેદ: કાવ્ય કલેવર ઘડાયું છે; રામાયણનો ઉદ્ભવ કોસલ અને વિદેહનાં રાજ્યોની જાહોજલાલીના વખતના સત્ય સુખના સંસ્મરણોને લીધે થયો છે- મહાભારતના કવિ પરંપરાગત

ઉતરી આવેલી એક ઐતિહાસિક યુદ્ધની લોકકથાઓને સુંદર મહાકાવ્યમા ગૂથી લે છેઃ રામાયણનો કવિ સત્ય યુગના સ્મરણો તાજાં કરી નીતિ, ધર્મ અને સત્યના ઉદાત્ત આદર્શો ધરે છે; અને કૌટુંબિક સ્નેહના રસભર્યા પ્રસંગોને નિઃસીમ કરુણા ભાવથી વર્ણવે છે.

વીરરસ કાવ્ય તરીકે મહાભારતને વિશેષ ઉંચી કોટીએ મૂકાય છે. પરંતુ હમેશના સામાન્ય વ્યવહારમાં અનુભવાતી કોમળ લાગણીઓનું યુદ્ધ વર્ણવનારી રામાયણ કથાના મહા વડની વડવાઇઓ તો કરોડો હિંદુઓનાં હૃદય તલમાં મૂળ ઘાલી બેઠેલી છે. બીજાં સંસ્કૃત કાવ્યોની સરખામણીમાં લાગણી અને કલ્પનામા જ રામાયણનું ઉત્કૃષ્ટપણું મનાયું છે.

મહાભારત સામાન્ય જીવનમાથી બોધ શીખવે છે; રામાયણ એ જ સામાન્ય જીવનના આદર્શો દ્વારા અપરોક્ષ ઉપદેશ આગળ ધરે છે. એકમાં આ જીવતી જાગતી દુનિયાનાં દુઃખ અને ત્રાસ વર્ણવાયાં છેઃ બીજામાં એક ઉચ્ચ જીવનનાં સુખ દુઃખની છાયડીનાં નિદર્શન છે. ટૂંકામાં જેને સાત્વિક, ઉદાત્ત, ઉત્સાહક અને દૃઢ ચરિત્રનું વર્ણન રુચે છે, તેને મન જગતમાના બધાં કાવ્યોમાં રામાયણી કથા એક અમૂલ્ય વસ્તુ છે.

રામાયણમા પ્રાચીન આર્યાવર્તના કૌટુંબિક જીવનની અને ધાર્મિક જીવનની ઝાંખી થાય છેઃ મહાભારતમાથી રાજકીય જીવનને અંગે વીર્ય, પરાક્રમ, મહત્ત્વાકાંક્ષાઓ અને ઉચ્ચ ક્ષાત્ર તેજના પ્રસંગોના વર્ણન છે. એ બંને ચિત્રો એક બીજા વગર અધૂરાં છે. બંનેના સંયુક્ત ચિત્રમાંથી પ્રાચીન આર્ય જીવન અને સંસ્કૃતિનાં સાચાં અને આબેહુબ દર્શન થાય છે. બીજી કોઇ પ્રજા પાસે પોતાના કીર્તિવંત ભૂતકાળનું આવું મિશ્ર ચિત્ર સંઘરેલું નથી.

મહાભારતની જેમ રામાયણનું વસ્તુ એટલું બધું ગુંચવાડા ભરેલું, ક્લિષ્ટ કે અવનવા પ્રસંગોથી ભરપૂર નથી. પાંડવોના જીવન જેટલો રામનો વનવાસ ઇતિહાસપૂર્ણ અને વિવિધ અવસ્થાભેદથી રંગાએલો નથી; છતા આર્યાવર્તની પ્રજા જેને અવતાર ગણે છે, એવા સર્વ ઇતિહાસ પુરાણના પુરુષોમાં રામનુ જીવન એકસરખું સાદું અને પવિત્ર છે. કોઇક પ્રસંગના અપવાદ સિવાય રામનું જીવન એટલું બધું વિશુદ્ધ રહી શક્યું છે, કે કોઇ એમના ચરિત્ર સામે આંગળી ચીંધી શકે એમ નથી. રામની પવિત્રતા અને હૃદયની નિખાલસતાએ હિંદુઓના હૃદયકિલ્લાઓ સર કરી લીધા છે.

રામાયણ મહાભારત પાત્ર ભેદ.

મહાભારતના પાત્રો જીવતા જાગતા સામાન્ય મનુષ્યો છે; અને આ પાત્રોનાં આલેખન આપણી ઐતિહાસિક સૃષ્ટિમા હોય છે તેવા સાહજિક ગુણ અને દોષોના સંમિશ્રણ રૂપ છેઃ રામાયણના પાત્રો, ઘણું ખરૂં કૌટુમ્બિક જીવનના મળી આવતા સત્યના દૃઢાગ્રહી પુરુષો અને પતિપરાયણા સ્ત્રીઓના આદર્શો જેવાં છે.

મહાભારતની પેઠે રામાયણ પણ કરુણ–પર્યવસાયી મહાકાવ્ય છે; છતાં બંને કાવ્યોનાં પાત્રોની સપાટીમા બહુ અન્તર છે. વ્યાસના મહાકાવ્યનાં પાત્રો વ્યવહારમાં મળી આવે એવાં સાચા લાગે છે. રામાયણનાં પાત્રો હમેશા કંઇક ઉંચી કોટિનાં લાગ્યા કરે છે; પૃથ્વી ઉપર એ પગ પણ મૂકતા હોય એમ જણાતું નથી. એ જાણે અદ્ધર ફરતાં લાગે છે. મહાભારતના યુદ્ધમાં યુધિષ્ઠિરનો રથ પૃથ્વીથી બે આગળ ઉંચો રહેતોઃ પરંતુ આખા જીવનમાં

એમના એક અસત્યકથન (**नरो वा कुञ्जरो वा**) ને લીધે એમનો રથ પૃથ્વીને અડકવા લાગ્યો એમ કહેવાયું છે પરંતુ આવા એક યુધિષ્ઠિરના જેવા તો રામાયણનાં લગભગ બધાં પાત્રો આ પાર્થિવ જગતથી અદ્ધર વિહરતા જણાય છે.

છતા રામાયણનાં પાત્રો અતિપ્રાકૃત (Supernatural) લાગે એવાં નથી. પ્રાકૃત જગતમાં મળી આવતો જનસ્વભાવ ચીતરવાને બદલે એકલી કલ્પનાનું સુંદર ચિત્ર રામાયણમાં અપાયું હોત, અને આપણી સંસારસીમાની હદ એમા બતાવી દીધી હોત તો રામ એક જ કાળે દેવ અને મનુષ્ય જેવા ન લાગત; તેમજ આપણી પ્રીતિ અને ભક્તિને એક સામટી અસર એ કાલ્પનિક ચિત્ર કરી ન શકત.

મહાભારતનાં પાત્રો ખરા માનુષી પાત્રો છે; વાસ્તવ જગતમાં ઘૂમતાં વીર પાત્રોના ગુણ અને દોષ તેમનામાં છે; રામાયણનાં પાત્રો વિશેષ અંશે પુરુષની સત્યપરાયણતા અને ગૃહજીવનમાં સ્ત્રીના પાતિવ્રત્ય અને સ્નેહના પરમ આદર્શો આગળ ધરે છે. તેથી જ રામાયણમાં ભારતવર્ષને જે જોઈએ છે તે મળ્યું છે. તે કથામાંથી આબાલવૃદ્ધે બોધ અને આનંદ લીધો છે, અને તે કથા મસ્તક પર ચઢાવી છે, હૈયામાં સ્થાપી છે. તે એમનું ધર્મશાસ્ત્ર માત્ર નથી; તેમનું કાવ્ય પણ છે. તેથીજ ભારતવાસીઓને રામ, લક્ષ્મણ અને સીતા જેટલા સત્ય લાગે છે, તેટલા પોતાનાં ઘરનાં માણસો તેમને સત્ય લાગતાં નથી.

રામાયણ મહાભારત સામ્ય.

હવે બંને મહાકાવ્યોની ભિન્નતામા સામ્ય બતાવતા એક સરખા (parallel) પ્રસંગો ગણાવીએ. વીર રસમાં સીતાસ્વયંવરનું વર્ણન છેક સાદું અને સાધારણ છે. દ્રૌપદીના સ્વયંવરમાં રાજાઓનો ઉત્સાહ, 'પણ' પૂરું કરવાની સ્પર્ધા અને કસોટી અને યોદ્ધાની વર થવાની હોંસ–તે સીતાસ્વયંવરમા નથી.

રામ અને રાવણ, લક્ષ્મણ અને ઇંદ્રજિત–એ દ્વંદ્વોને અર્જુન અને કર્ણ, ભીમ અને દુર્યોધન–એવાં જીવનભરના વૈરભાવ અને અદેખાઈવાળા દ્વંદ્વો સાથે સરખાવતા છેક મોળા પડે છે. રાવણ જ્યારે સીતાને હરી જાય છે, તે વખતનો સીતાનો વિલાપ, આક્રંદ અને તિરસ્કાર સભાની વચમાં અપમાનાતી દ્રૌપદીનાં ઉગ્ર સ્વરૂપ અને જોસભર્યા વિલાપ સાથે સરખાવતાં જુસ્સામાં અને ભાવમાં ઉતરતાં છે.

રાવણ જે યુદ્ધ માટે સભા (council of war) ભરે છે, તે મત્સ્યરાજ યુધિષ્ઠિરે ભરેલી મંત્રસભાની સરખામણીમાં એટલી બધી ઓજસ્વતી નથી; યુદ્ધનો નિશ્ચય થતા વિભીષણે ભરેલી રાવણને છેલ્લી આજીજી, રાવણે કરેલો તેનો અનાદર અને તિરસ્કાર–તે પ્રસંગો સાથે અંધ કુરુપતિ ધૃતરાષ્ટ્રને ઘોર યુદ્ધમાંથી બચાવવા શ્રીકૃષ્ણે યુક્તિપુરઃસર કરેલી વિષ્ટી, અને દુર્યોધને જાહેર કરેલો પોતાનો અડગ દુરાગ્રહ કે પાંચ ગામ તો શું પણ એક સોયના અગ્ર જેટલી પૃથ્વી પણ હું પાંડવોને આપનાર નથી–એ બધા પ્રદેશોમા બન્ને કાવ્યો એકસરખા પ્રસંગો છેડે છે.

કર્ણ અને અર્જુન, ભીમ અને દુર્યોધન જેવાં પાત્રોમાં ઉગ્ર નિશ્ચય અને પ્રતિસ્પર્ધા માટે ઊંડાં વેર રહેલાં છે-તેવું એકે પાત્ર આખા રામાયણમાં નથી. અભિમન્યુવધ, અર્જુને

જયદ્રથ ઉપર લીધેલું વેર; અર્જુન અને કર્ણ વચ્ચેનું છેવટનું દ્વંદ્વયુદ્ધ અને ભીમ દુર્યોધનનું આખરનું ગદાયુદ્ધ–તેના જેવા ઉત્તેજક, આવેશપૂર્ણ અને રોમેરોમ ખડા કરે તેવા પ્રસંગો રામાયણનાં યુદ્ધોમાં ભાગ્યે દેખા દે છે.

રામાયણ મહાભારત ઉપદેશ.

રામાયણમા ગૃહધર્મ અને રાજધર્મનો ઉત્તમ ઉપદેશ છે. ઘરમાં સૌ કુટુંબીઓએ પરસ્પર કેવા સ્નેહથી વર્તવું જોઇએ એ જૂદાં જૂદાં દષ્ટાંતોથી બતાવ્યું છે. પિતાના વચન ખાતર પુત્ર રામે વનવાસ સ્વીકાર્યો, પત્નીએ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું જોઇએ, તેથી સીતાજી રામ સાથે વનવાસમા ગયાં. ભાઇ લક્ષ્મણે રામના વનવાસમાં તેમજ રાવણ સામે યુદ્ધમાં રામની સેવા કરી. બીજા ભાઈ ભરતે મોટા ભાઇનો હક્ક વિચારી સામી આવતી લક્ષ્મીને ઠોકર મારી, નાના ભાઇ તરીકે પોતાની ફરજ હતી તે જ બજાવી. રાજા અધર્મને ઉત્તેજન આપે છે, એવી એક દુષ્ટ પ્રજાજનને શંકા થઇ, એ શંકાને પણ અવકાશ રહેવો ન જોઇએ તેટલા માટે રામે ઉગ્ર રાજધર્મ પાળ્યો અને સીતાનો ત્યાગ કર્યો; છતા પતિ તરીકે એમને સીતા ઉપર અવિચલ પ્રેમ હતો એ અશ્વમેધ યજ્ઞ વખતે ફરી ન પરણતાં સીતાજીની સોનાની મૂર્તિ પાસે રાખીને પોતે ચલાવી લીધું એટલાથી જણાઈ આવ્યું. રામની પિતૃભક્તિ અને રાજધર્મ, એમની કર્તવ્યનિષ્ઠા અને એક પત્નીવ્રત–હિંદુધર્મના ઇતિહાસમાંથી કદિ ભૂલાવાના નથી.

મહાભારત જૂદી જ ઢબનો ગ્રંથ છે. એમાં રામાયણ કરતાં કુટુમ્બજાળ વિશેષ છે; અને કુટુમ્બીઓ સ્વાર્થને માટે કેવો અન્યાય કરે છે, કલહમાં ઉતરે છે ઇત્યાદિ ઘરસંસારની કાળી બાજુ પુરેપુરી બતાવી છે. તે સાથે એની ઉજળી બાજુ પણ બતાવવી બાકી રાખી નથી. જૂદા જૂદા સ્વભાવના ભાઇઓ પણ સંપથી કેવા એકત્ર રહી શકે, અને પાસેના બીજાં સગા સંબંધીઓ સાથે કેવો સ્નેહભર્યો સંબંધ રાખી શકે તે પાંડવોના માંહોમાંહેના અને કૃષ્ણ સાથેના સંબંધથી બતાવ્યુ છે. પણ તે સાથે આની મોટી ખૂબી એ છે કે દરેક મનુષ્યમા ગુણ અને દોષ કેવા ભળેલા હોય છે, અને તેથી મનુષ્યસ્વભાવના કેવા જૂદા જૂદા નમૂનાઓ બને છે એ એમાં બહુ રસિક અને અદ્‌ભુત રીતે બતાવ્યું છે; અને આખી વાર્તામાથી એ સાર કાઢી આપ્યો છે કે ‘ यतो धर्मस्ततो जयः । ’ બીજાં આખ્યાનો અનેક છે; ધર્મરહસ્ય પણ એમા બહુ ભર્યું છે અને તેથીજ મહાભારત માટે યોગ્ય કહેવાયું છે, કે “ જે આમાં છે તે જ બીજે છે; અને જે આમાં નથી તે બીજે કોઇ ઠેકાણે નથી.”

રામાયણનો કવિ:

રામાયણ કાવ્યના આદિ કવિ વાલ્મીકિ છે. એ વાલ્મીકિ રામના સમકાલીન હશે કે કેમ એ પ્રશ્ન પંડિતો પાસે ઉભો છે. જો બાલકાંડના ઉપોદ્‌ઘાત જેવા પહેલા ચાર સર્ગમા આપેલી હકીકત માનીએ તો રામની કથા એમણે શ્રુતિપરંપરાથી સાંભળી છે; કારણ કે નારદને ઋષિ પ્રશ્ન પૂછે છે એટલે ઉત્તમશ્લોક રામની કથા નારદ સંભળાવે છે; અને જો બીજો, લવકુશ કને રામસભામા પોતાનું રામાયણ ગવરાવ્યાનો પ્રસંગ માનીએ તો વાલ્મીકિ સમકાલીન ઠરે ખરા. ગમે તેમ માનીએ તોપણ વાલ્મીકિ એમના વખતમાં પ્રસિદ્ધ હશે. મહાભારતકાર વ્યાસ પણ પૂજ્ય ઋષિ તરીકે એમને સંભારે છે; અને એમણે રામાયણમાંથી કેટ-

લાખ શ્લોક સાંગોપાંગ પોતાના કાવ્યમાં ઉતારેલા જણાય છે. વાલ્મીકિ રામના રાજ્ય-કાળમાં હતા ને તે મુનિ ત્રિકાળજ્ઞાની હતા એટલે રામ-ચરિત્ર તેમણે રામના જન્મ પૂર્વે જ રચ્યું હતું એમ પણ કર્ણ-પરંપરા છે. આમ રામાયણ, રામ અને વાલ્મીકિ એ ત્રણે એક જ સમયમાં હોય એમ સ્થાપવા પ્રયત્ન થાય છે.

કાલિદાસ જેવા મહા-કવિ વાલ્મીકિનાં વહેતા નિર્મળ કાવ્ય-ઝરણમાંથી પ્રેરણાજલ પી તૃપ્તિ પામ્યા છે; ભવભૂતિની સરસ્વતી પણ એમાંથી ઉદ્‌ભવી છે. રામાયણી કથાનો રસ ઝીલનાર બીજા અસંખ્ય કવિઓ અને નાટકકારો છે; પ્રાકૃત કવિઓ તો અનેક છે. તેથી પુરોગામી આદિ કવિને બધા આવું કંઇ વંદન કરે છે કે '**इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे।**'

કાવ્યના કરુણ પ્રસંગોમાં સાક્ષાત્ કવિએ ભાગ ભજવેલો છે; તેથી રામાયણ એક ઐતિહાસિક કાવ્ય મનાયું છે. અને એમના સમકાલીન કવિ વાલ્મીકિએ એમનો ઇતિહાસ રચ્યો છે. એ જ વાલ્મીકિ રામે તજેલા જાનકીને આશ્રય આપે છે, અને પછી લવ કુશને ઉછેરે છે. ને પછી તેમના જીવનના અસર કરે એવા પ્રસંગોનું એક કાવ્ય રચે છે; અને કુમારોને ગાતાં શીખવે છે. એક યજ્ઞ વખતે રામ વાલ્મીકિને બોલાવે છે, ત્યારે રામ સમક્ષ પેલા કુમારો રામાયણ ગાય છે. આ ગાયનની અસર તથા પ્રસંગનું એકંદર પરિણામ બહુ દુઃખ અને શોકપૂર્ણ આવે છે. ધ્રૂજતી અને નિરાશામાં ડુબેલી સીતા આગળ આવે છે; અને પ્રતિજ્ઞા લે છે—જો હું સાચેસાચી પવિત્ર હોઉં તો ઓ ધરતી માતા! તારા ઉદરમાં મને માગ આપ. ઉગ્ર પ્રતિજ્ઞાથી પૃથ્વી ફાટે છે. સિંહાસન ઉપર બેઠેલાં પૃથ્વી માતા ભૂમિમાંથી એકદમ નિકળે છે; અને પોતાની વહાલી પુત્રીને એકદમ ઉચકીને બેસાડે છે ને પાછાં સમાઇ જાય છે. રામ આ નાટકથી આભા બને છે ને બહેબાકળા થાય છે. પછી પોતાનો રાજ-દંડ લઇ નીચે ઉતરી પૃથ્વીમા સમાવા જાય છે; ઋષિઓ વારે છે. આખર બંને પુત્રોનો રામ સ્વીકાર કરે છે, અને પોતાના શેષ દુઃખી જીવનમાં એ દ્વારા કંઇક દિલાસો ખોળે છે.

રામાયણની ઉત્પત્તિ:

આવી રીતે કાવ્યની ઉત્પત્તિનો ઇતિહાસ છે. બીજો આવોજ એક પ્રસંગ કાવ્યની શરૂઆતમાં કાવ્યની રચના સંબંધી આપેલો છે. વાલ્મીકિ વનમાં ફરતા હોય છે, ત્યાં તમસા નદીને કાંઠે એક પારધીને ક્રૌંચના જોડામાંથી એકને મારતા એમણે જોયો. પક્ષીની મરતી વખતની ચીસ અને બીજા જીવતા રહેલાનું આક્રંદ સાંભળી ઋષિને લાગણી થઇ. એ લાગણીના આવેશમાં જે ઉદ્‌ગાર નિકળ્યા તે શ્લોકબદ્ધ નિકળ્યા. '**शोकः श्लोकत्वमागतः।**' એમ ઋષિને થયું.

ખરેખર કવિતાનો ઉદ્‌ભવ ચિત્ત-ક્ષોભથી છે. જેમ વેદની ઋચાઓમાં સૃષ્ટિના દેખાવ જોવાથી ચિત્તમાં ઉઠેલી ઊર્મિઓનો આવિર્ભાવ છે, તેમ ચિત્તક્ષોભ થવાથી શોકાર્દ્ર હૃદય કવિની વાણી નિકળી કે

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः।
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम्॥

પારધી ! ક્રૌંચ પક્ષીના જોડામાંથી કામથી મોહિત થયેલા એકને માર્યું, તો તું કોઇ પણ કાળે પ્રતિષ્ઠા ન પામતો '* સંસ્કૃત ભાષામાં આ સૌથી પહેલો જ શ્લોક કહેવાય છે. આ શ્લોકમાં જાણે કવિતાના સર્વ વિષયનો ઉલ્લેખ થયો છે. પ્રથમ તો શોકની લાગણી આ કવિતાનું મૂળ છે; વળી કીર્તિ (**प्रतिष्ठा**) અનન્તતા (**शाश्वतीः**) કાળ (**समाः**) પક્ષી, તેનું જોડું, મૃત્યુ (**अवधीः**) કામ અને મોહ અંતર્ભાવની પ્રેરણાથી થયેલી કવિતા-માંની ઘણીખરી કવિતા આ વિષયો ઉપર જ રચાઇ છે.

ઋષિ શ્લોકથી પ્રસન્ન થયા; અને સાથે સાથે તેમના જ સમયમાં થએલો સીતાહરણનો પ્રસંગ તેમને સાંભરી આવ્યો. એટલે એમણે રામાયણનો પ્રસંગ, અને રામનાં પરાક્રમોને એ જ શ્લોકની ઘાટી ઉપર રચીને વર્ણવવાનો સંકલ્પ કર્યો. આદિ કવિના આ પહેલા ઉદ્ગારને દેવો, ઋષિઓ અને બ્રહ્મદેવ સુદ્ધાં વધાવી લે છે.

છંદ ભાષા:

આ કથાનક ઉપરથી એટલું તો ખરું કે મહાસંસ્કૃતકાળના વેદના છંદોનો કાવ્ય સાહિત્યમાં પહેલ વહેલો ઉપયોગ કરનાર તો વાલ્મીકિ જ. કારણ કે વેદના છંદોમાં એવું અચોક્કસપણું અને સાદાઇ હતાં કે પછીના ઋષિઓ અને આચાર્યોને એ છંદો ઉપરથી મોહ ઉતરતો ગયો; અને એમણે બ્રાહ્મગ્રંથો તથા આરણ્યકોને સરળ અને સંક્ષિપ્ત ગદ્યમાં અને સૂત્રભાષામાં રચવાનો પ્રારંભ કર્યો. આવા સમયમાં વાલ્મીકિએ એના એ જૂના વેદ કાળના છંદોનો જીર્ણો-દ્ધાર કર્યો, અને અનુષ્ટુપને જરા નિયમિત અને ચોક્કસ બનાવી કવિતા લખવાની પ્રવૃત્તિને બળ આપ્યું. ત્રિષ્ટુભ્‌માથી ઉપેન્દ્રાવજ્રા બન્યો. આને લીધે કવિને ' આદિ કવિ ' કહી બધા ઓળખે છે. જેમ વૈદિક મંત્રોના આદિ કવિ બ્રહ્મા છે, તેમ સંસ્કૃત કાવ્યોના આદિ કવિ વાલ્મીકિ છે.

પ્રત્યેક ભાષાના સાહિત્યમાં સામાન્ય રીતે કવિતા પ્રથમ પ્રગટે છે, અને તે પણ સાદા અને સ્વાભાવિક સ્વરૂપમાં. તેમા નથી દેખાતી અલંકારોની ટાપટીપ કે નથી જણાતો વાણી-વિલાસ અને ભાષાડંબર; નથી જામતી સૂક્ષ્મ રસવૃત્તિ કે નથી આંજતું કૃત્રિમ રચનાબંધન; પરંતુ સહજ રીતે કવિનો અંતઃક્ષોભ અને મનોવૃત્તિનું પ્રતિબિંબ, વસ્તુનું સાદું સ્વરૂપજ્ઞાન, સૃષ્ટિસૌન્દર્યની અદ્‌ભુત છાપથી ઉપજેલી મુગ્ધતા, જ્ઞાન અને તર્કશક્તિના કંઇક કંઇક ચમ-કારા, પ્રસન્ન અને જુસ્સાવાળી ગતિ—એ સર્વનો સરળ અને સુરસ આવિર્ભાવ કવિતામાં પ્રગટે છે. આ અવસ્થામાં ભાષાને મધુરા, નાનકડા બાળકની ક્રીડાની ઉપમા આપી શકાય. રામાયણની ભાષા આવા પ્રકારની છે.

---

*આ આદિ શ્લોકમા કાવ્યનું બીજ અથવા મંગળાચરણ છે, એ શ્લોકના વાચ્યાર્થ ઉપરાંત બીજા બે અર્થ ટીકાકારોએ કર્યા છે:—

(૧) હે લક્ષ્મીપતિ (રામચંદ્ર) ! રાવણ મંદોદરી રૂપી ક્રૌંચ મિથુનમાથી (સીતા ઉપર) કામ–મોહિત થએલા એક (રાવણ)ને મારવાથી તમારી અનંતકાળ સુધી કીર્તિ રહો !

(૨) હે રાક્ષસ પતિ રાવણ ! શ્રેષ્ઠ નરપતિના જોડામાંથી એક (સીતા) ને તેં અત્યંત દુઃખ આપ્યું છે, માટે તારું કોઇ દિવસ સારું ન થાઓ ! '

મહાકાવ્ય માટે અંગ્રેજ કવિઓ બ્લૅંક વર્સ વાપરે છે. એમાં સામાન્ય ગદ્યના વિષય થાય એવા સંવાદો અમુક પદ્ધતિવાળા રચનાબંધમાં ગોઠવેલા હોય છે. સામાન્ય રીતે ગંભીરતા, ઓજસ્વિતા, સામર્થ્ય, ઋજુતા, પ્રસાદ અને ધારાવાહી વાણીનો પ્રવાહ—એ આ કાવ્યબંધનાં લક્ષણો છે. રામાયણનો અનુષ્ટુપ્ છંદ આવો જ સર્વવ્યાપક અને સર્વોપકારક છતાં સરળ છે.

આ કાવ્યના સરલ અનુષ્ટુપમાં ભારતવર્ષનું હૃદય સહસ્ર વર્ષ થયાં ધબકી રહ્યું છે. પરંતુ તે સાથે છંદની સરળ રચનાને લીધે ચોર કવિઓને પોતાનો ચળવળતો હાથ આ કાવ્ય ઉપર અજમાવતાં જરા પણ મુશ્કેલી નહી નહીં. મૂળ કથામાં સૈકે સૈકે ઉમેરા થવાનું મુખ્ય કારણ એ ઇતિહાસનો સરલ છંદ જ છે.

કાવ્યનો રસ ?

રામાયણમાં ભક્તિ, નિષ્ઠા, સ્નેહ અને વીરતા એ લાગણીઓનું પૂર પ્રસંગે પ્રસંગે ઉછળી રહ્યું છે ખરું; પરંતુ રામના સમગ્ર જીવનમાં એ લાગણીઓને ઢાંકી દેનાર તો કરુણ રસની રેલ છે; કારણ કે રસનો ઉદ્રેક કરુણા અને અનુકમ્પામાંથી થયો છે. તેથી ભવભૂતિએ કહ્યું છે કે '**एको रस करुण एव**।'—અને બીજા રસ એ જ રસના વિવર્ત જેવા છે. રામાયણના સર્વ રસમાં કરુણ રસ જ સ્થાયી છે; એમાં બીજા રસનાં આલંબન નથી એમ નથી; છતાં એકંદરે કરુણ રસની સઘન છાપ વાંચનાર ઉપર પડયા વગર રહેતી નથી.

રામાયણના આખા કાવ્યનો પ્રવાહ શરદનાં નીતર્યાં પાણી જેવો શાંત, સૌમ્ય, ધીર-ગંભીર અને પવિત્ર છે: મહાભારતનો પ્રવાહ વર્ષાના પૂર જેવો જોસભેર વહેતો, ધસમસતો અને ડહોળાએલો છે. મહાભારતના લડાયક વીરરસના ઝબકારા રામાયણમાં નથી; છતાં આપણા હમેશના જીવનમાં જે જે સનાતન લાગણીઓ આપણે મનુષ્ય તરીકે અનુભવીએ છીએ, તેવી લાગણીના સચોટ આલેખનમા તો તે ઘણું ચડી જાય છે અને આ વર્ણનો ખાસ કરીને હિંદુસંસારનાં છે. તો પણ એમાં રહેલું સનાતન સત્ય એટલું બધું વ્યાપક છે, અને વર્ણનો એટલાં બધાં હૃદયસ્પર્શી અને સાચાં છે કે પૃથ્વી ઉપરની ગમે તે ધર્મની પ્રજાને તે લાગુ પાડી શકાય એવાં છે.

વીરસપ્રધાન કાવ્યના દેશમાં અને કાળમાં વીરરસનું ગૌરવ સ્વીકારાયલું હોય છે, પરંતુ રામાયણનો કાળ એવો નહોતો. જો કે રામાયણમાંયે યુદ્ધવ્યાપાર પુષ્કળ છે, રામનું બાહુબળ સામાન્ય નથી, તથાપિ રામાયણમાં જે રસને સર્વના કરતાં પ્રાધાન્ય મળ્યું છે, તે વીરરસ નથી. યુદ્ધ–પ્રસંગો અને બાહુબળના ગૌરવનો ઘોષ એ તેના મુખ્ય વર્ણનના વિષય નથી.

કરુણ રસનું આલેખન અને તેની જમાવટમાં વાલ્મીકિ અદ્વિતીય છે. કરુણરસ ભાગ્યેજ આટલી સચોટતા અને સાહજિકતાથી બીજા કોઇ કાવ્યની લીટીએ લીટીએ વહેતો મળી આવે છે. કરુણરસની કવિતા આપણી લાગણીને અને હૃદયને વિશુદ્ધ કરે છે. કરુણ દશ્યો પ્રત્યક્ષ જોવાથી આપણા અનુભવમાં આવેલા સ્વાભાવિક પ્રસંગોથી હૃદય હલમલી ઉઠે છે. અને જાણે આપણી લાગણીઓનું નાટક આપણી આંખ સામે ભજવાતું જોઇએ છીએ. કરુણ લાગણીથી ગદ્‌ગદ્ થવાનો આનંદ રસિક અને સૂક્ષ્મ છે.

રામના જીવનમાં સહનશીલતાનો ગુણ એવો દષ્ટિએ પડે છે, કે તેથી દયા અને અનુકંપાને બદલે આપણી પ્રશંસા અને સાથે સાથે દુ:ખમાં સમભાગ થવાની વૃત્તિ આપણને થાય છે. વિપત્તિઓથી ઘડાયલું રામનું શરીર એટલું દઢ હતું કે સામળભટની ચંદન મલયાગરીની વાતના દુહામા આવે છે તેમ 'જેમ જેમ પડે વિપત્તડી, તેમ તેમ સહે શરીર' એના જેવું લાગે છે. કરુણરસની સફળતા આને જ લીધે સધાઇ છે.

કોસલ વિદેહનાં રાજ્યો-નો કાળ: ઇ. સ. પૂર્વે લગભગ હજાર વર્ષ પહેલાં ઉત્તર હિંદમા અયોધ્યોના કોસલ લોકો અને બિહારના વિદેહ લોકો બહુ સંસ્કાર પામેલા હતા. એમના કુલગુરુઓ શાસ્ત્રની પ્રખ્યાત શાખાઓના સ્થાપક હતા. તેમના દાનયજ્ઞોને લીધે દૂર દૂરથી લોકો ખેંચાઇ એમના તરફ આવતા. તેમની પરિષદમાં ફરતા દેશોમાંથી શિષ્યો આવી રહેતા. એમણે રચેલી વેદની ઋચાઓ હિંદના કેટલાક ભાગોમાં ગવાતી. તેમના વિસ્તૃત બ્રાહ્મણ ગ્રંથો ગુરુપરંપરાથી ઉતરી આવતા. એમના આત્મજ્ઞાન અને આત્માનાં અન્વેષણનાં રહસ્યો ઉપનિષદમાં સાચવી રખાયાં છે. આ તત્ત્વજ્ઞાને જ એ પ્રજાને વેદાંતમા ઉંચું સ્થાન અપાવ્યું છે.

આ કોસલ વિદેહનાં રાજ્યોની જાહોજલાલીના કાળ પછી થોડાક સૈકામાં રામાયણનો ઇતિહાસ રચાયો હોય એમ સંભવે છે. આ ઇતિહાસશેષ થએલા યુગના એ ક્ષત્રીઓનું વીર્ય અને એમની વિદ્યાનું પુણ્ય સ્મરણ આર્યાવર્તમાં તે વખતે પરંપરાગત લોકકથા દ્વારા થતું હતું. આવે વખતે મહાકવિએ પોતાની સંહિતા રચી અને એમની કીર્તિને અમરત્વ આપ્યું. વચમાં ઘણાં વર્ષોનો ગાળો પડવાથી આ સંસ્કારી પ્રજાની સંસ્કૃતિ માટે લોકોમાં ઓર માન વધ્યું હતું. એમને મન જે યુગ વહી ગયો તે સત્યયુગ હતો. કવિની કલ્પનામાં એ કોલસ અને વિદેહનો યુગ એટલે જે જે ઉદાત્ત અને યશસ્વી, સાત્ત્વિક અને શુદ્ધ તેનોજ એ યુગ હતો.

અયોધ્યાનું વર્ણન એટલે સાત્ત્વિકતાના ક્ષેત્રનું વર્ણન, અને દશરથ એટલે '**राजा प्रकृतिरंजनात**' એ સૂત્રનો જ અર્થાવતાર. રામ એટલે એક આદર્શ રાજકુમાર, શરવીર અને સંસ્કારી, ધર્મમા ધીંગો અને સાચનો સીપાઇ, જનક એટલે રાજયોગનો ઉપાસક રાજવી અને સાથે સાથે જીવન્મુક્ત સંન્યાસી, સીતા એટલે આદર્શ સતી અને ભક્તિપરાયણા સતી–આવા લોકોત્તર પાત્રાલેખન દ્વારા કવિની ભૂતકાળ કાજેના માનની લાગણી સ્પષ્ટ જોઇ શકાય છે.

રામાયણનો રચના કાળ: વાલ્મીકિ રામાયણ, પાણિનીની અષ્ટાધ્યાયી અને પતંજલિના મહાભાષ્યનો લોકોમાં સારી પેઠે પ્રચાર થયા પછી રચાયલું હોવું જોઇએ એમ માનવાને કારણ છે. વ્યાકરણસૂત્રોમાં વ્યાસનું નામ ગણાવેલું છે; પરંતુ રામાયણ રચનાર વાલ્મીકિ કે ભાગવતકાર શુકદેવનાં નામો ગણાવ્યાં નથી. મનુની સંહિતા પણ રામાયણ પહેલાં રચાયલી છે (જુઓ કિષ્કિન્ધાકાંડ સર્ગ ૧૮).

આ વાલ્મીકિ રામાયણ એટલે આધુનિક સાત કાંડવાળું રામાયણ; આધુનિક કહેવાનો અર્થ એટલોજ કે મૂળ કવિની રચના થયાને તો તે પહેલાં પાંચ સાત સૈકા વહી ગયા

હતા. પરંતુ અસલ રામાયણની કથા એટલી બધી લોકપ્રિય થતી ગઇ કે સૈકે સૈકે તેમાં વધારો થતો ગયો; છતા મહાભારતની પેઠે એમા નવાં આખ્યાનો, નવી કથાઓ અને નવી વંશપરંપરાઓનો ઉમેરો થયો નથી. આમા તો એનો એ કથા ભાગ અને એના એ પ્રસંગોનાં વર્ણનો નવેસર લખાયા છે. નવા નવા કવિઓએ અને કથાકારોએ પોતાનો ચળવળતો હાથ તેના ઉપર અજમાવ્યો છે; આથી ઘણી પુનરુક્તિઓ અને કેટલાક અપ્રસ્તુત અને અસંગત વર્ણનો આજે એમા ઘુસાડેલા મળી, આવે છે.

કાવ્યના છેવટના ઉત્તરકાંડમા રામ અને બીજા ભાઇઓના વંશજોએ સ્થાપેલા નવાં રાજ્યોનો ઇતિહાસ આપ્યો છે. એ ઇતિહાસ ઈ. સ. પહેલાં ચોથા અને પાંચમા સૈકાનો છે. તે ઉપરથી અનુમાની શકાય કે ઇ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષ ઉપર રામાયણ લખાવા માંડયું હશે; અને પછી ઇ. સ. પહેલા થોડાક સૈકા ઉપર હાલના સ્વરૂપમા પરિણામ પામ્યું હશે.

રામાયણને છેવટનું સ્વરૂપ આપનાર લેખકનો સમય કેવળ ધર્મના રંગે રંગાયલા સાહિત્યનો હતો. એ સમય એવો હતો કે જ્યારે સર્વ ઉપદેશ–સર્વ જ્ઞાન આપવાનું દ્વાર ધર્મ હતોઃ પ્રતીતિ, શ્રદ્ધા અને પ્રેમ ઉપજાવનારો માર્ગ દેવકથા હતીઃ રુચિ અને આદર પ્રગટાવવાનો પ્રકાર અદ્ભુત કથન હતું. તેને લીધે જ નીતિનો બોધ દેનારાં અનેક ઉપાખ્યાનો ઉદ્ભવ્યાં. જ્ઞાન અને નિર્વાણનો માર્ગ સર્વને માટે ખુલ્લો મૂકનાર ઐતિહાસિક મહાવીર સ્વામી અને ભગવાન બુદ્ધ ઇશ્વરાવતાર મનાયા. જે કાળમા વ્યક્તિની સ્તુતિના રાસા અને પ્રબંધો ઇશ્વરાવતારની ભાવનાથી રચાતા હતા તે કાળ એ હતો.

આમ એકંદર જનસ્થિતિના ચિત્ર તરીકે, ભૂગોળની દૃષ્ટિએ, તેમજ ધાર્મિક, સામાજિક અને નૈતિક પરિસ્થિતિનો વિચાર કરતા આધુનિક રામાયણ, બુદ્ધના ધર્મની અસર (**यथा हि चौरः स तथा हि बौद्धः ।** જેવા વચનો ઉપરથી) મોળી થયા પછીનું છે એ તો ચોક્કસ. તેથી મહાભારતની શોધિતવર્ધિત આવૃત્તિ થયા પછી થોડાક કાળમાં એટલે ઇ. સ. પૂર્વે નિદાન ૨૦૦ વર્ષ પહેલા રામાયણ આ છેવટના રૂપમા કાયમ થવું હોવું જોઇએ.

મહાભારત પહેલાં રચાયુ ?

રામાયણનો કેટલોક ભાગ મહાભારતથી જૂનો છે એ વાત ખરી, છતા એકંદર રામાયણની છેવટની આવૃત્તિ, મહાભારતની નવી આવૃત્તિ થયા પછીની છે; અને તેના અનુકરણ રૂપ થએલી છે. કયા કયા નવા ઉમેરા આ અનુકરણને લીધે દાખલ થવા પામ્યા, તેનો વિચાર કરવાનું આગળ ઉપર રાખી રામાયણનો રચના–કાળ મહાભારત પછી કેમ મૂકાય છે તે જોઇએ.

મહાભારત એના અસલના સ્વરૂપમાં ભારતના યુદ્ધનું જ એક વર્ણન હતું, પણ એ અઢાર દિવસના યુદ્ધના લોક–પ્રસિદ્ધ લોક–ગીતોનો સંગ્રહ થયા પછી પ્રાચીન વંશવર્ણનો, જૂનાં ધર્મશાસ્ત્રો, નીતિ ગ્રંથો, જૂના કથાનકો અને તત્ત્વજ્ઞાનના રહસ્યો–એ બધાનો સંભાર મહાભારતમા ભરવામા આવ્યો. આ બધાં સાહિત્યની કલાભરી વ્યવસ્થા કરનાર–વહેંચી

નાખનાર–વ્યાસ હતા. આ પ્રમાણે મહાભારતનો (પહેલા ‘ ભારત ’ કહેવાતું) ઉલ્લેખ તેના આધુનિક સ્વરૂપમા ભરતપુત્રોના યુદ્ધ પ્રસંગના કાવ્ય તરીકે આશ્વલાયન સૂત્રોમા એટલે બુદ્ધના જન્મ પહેલાં ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થયો છે.

આર્યોની વર્ણવ્યવસ્થાના પ્રતિબિંબ તરીકે પણ રામાયણ, મહાભારત પછી લાંબે સમયે થએલું છે. મહાભારતના ક્ષત્રીઓની ઉગ્ર હિંમત અને દૃઢ પ્રતિજ્ઞા આપણે રામાયણમા જોઇ શકતા નથી; અને આચાર્યવર્ણ ઉપર લોકોની આધીનતા રામાયણમાં વધારે સંપૂર્ણતાની હદ ઉપર આવે છે. જનક ક્ષાત્રવિદ્યાના અને અધિકારના પક્ષવાદી તરીકે નહીં પણ બ્રાહ્મણોના નમ્ર સેવક તરીકે વર્ણવાયા છે. સાક્ષાત્ રામ પણ એક બ્રાહ્મણ સુભટ પરશુરામની સન્મુખ આવી તેને હરાવે છે, છતા અત્યંત આજીજી અને યોગ્ય નમ્રતાપૂર્વક તેમ કરે છે. આ બ્રાહ્મણ–ક્ષત્રિયોની સ્પર્ધાનો ઇતિહાસ તેમના સમય ઉપર સારૂં અજવાળું પાડે છે.

મહાભારતમા આર્ય જનતાનું ધૈર્ય, શૌર્ય, યુદ્ધનો ઉત્સાહ વગેરે વર્ણવવામાં સમય જતાં, સમાજમા ધીમે ધીમે શાંતિ પ્રસરી અને યુદ્ધનો ઉત્સાહ કમી થયો. પછી જ્યારે સમાજમા યુદ્ધને બદલે નૈતિક આચરણનું મહત્ત્વ વધારે મનાવા લાગ્યુ, જ્યારે એક પત્નીવ્રત, બંધુપ્રેમ, સેવ્ય–સેવકભાવ, પતિવ્રતા–ધર્મ, સત્ય–વચન વગેરે નૈતિક ગુણોની મહત્તા સમાજમા વધવા લાગી, ત્યારે તે સમયમા વાલ્મીકિએ રામચરિત્ર લખી અમર કીર્તિ મેળવી. ભૂગોળની દૃષ્ટિએ રામરાજ્યનો વિસ્તાર વિચારતા, અને સામાજિક ઉત્ક્રાતિના તત્ત્વ પ્રમાણે સમાજની નીતિમત્તા ધ્યાનમા લેતાં કેટલાક એમ ઠરાવે છે, કે રામાયણ મહાભારત પછી રચાયું હોવું જોઇએ.

કાવ્યનું પૂરઃ કાવ્યનું પૂર એટલે શ્લોક સંખ્યા અથવા કાવ્યનો વિસ્તાર. તેને ચોક્કસ લખી રાખવાનો કવિઓનો સંપ્રદાય બીજા દેશોમા હશે કે કેમ તે જાણવું રસિક થઇ પડે. આપણા સંસ્કૃત તેમજ પ્રાકૃત કવિઓમા ટુકોની સંખ્યા તેમજ કેટલાકમા તો રાગની અનુક્રમણિકા પણ છેવટે આપેલી હોય છે. આ ઉપરથી લહીઆનાં લખાણમા કેટલોક ભાગ ઓછો થાય અથવા વધે તો તેને મેળવી જોવા આ કાવ્યનું આપેલું પૂર બહુ ઉપયોગી થઇ પડે છે.

રામાયણનું પૂર બાલકાંડના ચોથા સર્ગમા, તેમજ ઉત્તરકાડના ૯૪ મા સર્ગમાં આપેલું છે. તેમા “ ૫૦૦ સર્ગ, ૨૪૦૦૦ શ્લોક, અને ૧ થી ૬ કાંડ અને સાતમો ઉત્તરકાંડ ” એમ ગણના આપેલી છે. આ કાવ્યવિસ્તાર છેક છેવટની (બધા ઉમેરા થઇ રહ્યા પછીની) ઉત્તરકાંડ સહિતની આવૃત્તિમાં આપ્યો છે. કાવ્યનું પૂર આપવામા “ પહેલેથી ૭ કાડ અને સાતમો ઉત્તર ” એમ લખેલું હોવાથી, ઉત્તરકાડને છૂટો પાડી ગણાવવાનું કંઇક કારણ છે કે કેમ તે હવે જોઇએ.

ઉત્તરકાંડની રચનાઃ એમ લાગે છે કે રામાયણનું મૂળ કાવ્ય છઠ્ઠા કાડમાથી જ પૂરૂં થાય છે; કારણ કે એ કાડમાં મુખ્ય નાયક, અયોધ્યામા પોતાના દેશમા અને પોતાની પ્રજા વચ્ચે પાછો આવી પહોચે છે, તેથી સાતમા કાંડને ઉત્તર એટલે પરિશિષ્ટ જેવો કહ્યો છે. આમ વાલ્મિકીપ્રણીત

છ જ કાંડ છે અને સાતમો કોઇ પાછળથી થએલા કવિની કલ્પના અને રચના છે. વળી જાણવા જેવું છે કે પ્રાકૃત રામાયણ તુલસીદાસાદિકમા આઠ કાંડ જોવામા આવે છે. એ આઠમો કાંડ તે લવકુશ કાંડ.

ઉત્તરકાંડ પ્રમાણમા આધુનિક છે છતા તેની રચના રઘુવંશના ઉદ્દગાતા કાલિદાસ પહેલા, અને કવિ ગુણાઢ્યે રચેલી બૃહત્કથાની પહેલાની હોવી જોઇએ. કારણ કે રઘુવંશમાં જે સીતા–વનવાસ વર્ણવેલો છે તે વાલ્મીકિના રામાયણનો જ એક ભાગ છે. તેમજ કવિ ગુણાઢ્યે ઋષ્યમૂક પર્વત, સીતાનું હરણ, હનુમાન ચરિત આદિ જે વૃત્તાન્તો પોતાની બૃહત્કથામા આપેલા છે તે આ ઉત્તરકાંડ ઉપરથી જ હોય એમ માનવું પડે છે. તેથી ઉત્તરકાંડને આધુનિક માનીએ તોપણ ઇ. સ. પૂર્વે એ રચાયલો એટલું તો સ્વીકારવું પડશે.

આમ ઉત્તરકાંડ એ રામાયણના છ કાંડ લખાયા પછીનો એ સ્પષ્ટ છે. તેની ભાષા, વિચાર, પુરાતન લોકાચાર, ઐતિહાસિક વિષય અને તે કાલમા પ્રચલિત રૂઢિ એટલા ઉપરથી નહીં, પણ ગ્રંથના અંતમાં લખાયલા છેલા સર્ગ ઉપરથી જ તેને માટે પૂર્ણ સંશય ઉપજે છે. યુદ્ધકાંડને છેડે આપેલું માહાત્મ્ય, અને ઉત્તરકાંડની અંતે આપેલું ગ્રંથફળ વહેમ પડતું છે. ' પ્રચેતાના પુત્ર મહર્ષિ વાલ્મીકિએ (कृत्वा प्रचेतसः पुत्रः) આ કથા કહી ' એવો સ્પષ્ટ ઉલ્લેખ એમા છે. વળી

> एतावदेतदाख्यानं सोत्तरं ब्रह्मपूजितम् ।
> रामायणमिति ख्यातं मुख्यं वाल्मीकिना कृतम् ॥ "

એ શ્લોક ઉપરથી પોતાના લેખ માટે સંશયવાળો ઉત્તરકાંડનો લેખક પ્રજા અને વિદ્વાનો પાસે એ કાંડને વાલ્મિકિનો છે એમ મનાવવાને આગ્રહ કરે છે, તે સ્પષ્ટ જણાઇ આવે છે.

ઉત્તરકાંડનો કથા–ભાગ:

ઉત્તરકાંડની રચના વાલ્મીકિના જેટલી પુરાણ નથી એમ બાહ્ય તેમજ આંતર પ્રમાણોથી ઠરે છે; છતાં એ કાંડમાંની મૂલકથા તો વાલ્મીકિની કલ્પનાની ન હોય એમ માનતા અચકાવું પડે છે. યુદ્ધકાંડના છેવટમાં રામાયણ પૂરૂં થયું એવો ભાસ આપણને થાય છે; પણ વિચારવા જેવું છે કે રાવણના પૂર્વજન્મની કથા કહ્યા વગર રામાયણ અધૂરૂં નથી લાગતું ? પ્રતિ–નાયક વગર રામનું શૌર્ય એટલું દીપી ઉઠત ?–એ પ્રશ્નો અનુત્તર રહે છે. આકાશના દિનવર્ણા પટ ઉપર સૂર્ય શોભે છે તે કરતા રજનીવર્ણા આકાશમા સોળ કળાયલ ચંદ્ર ઓર ખીલે છે. નક્ષત્રો અને તારાગણના પ્રકાશ આગળ ચંદ્રના તેજનો પડછો પડે છે, તેમ રાવણના જન્મની કથા આપવાથી રામના મહિમાનો પ્રકાશ સોવસા ઓપે છે.

તે જ પ્રમાણે કુમાર લવકુશ યુદ્ધકાંડ સુધીનું રામાયણ રામ આગળ ગાય છે; તેથી વખતે યુદ્ધ પછીના પ્રસંગોને વાલ્મીકિએ જ ઉત્તરકાંડમા કેમ સમાવ્યા ન હોય ? આ જ કાંડમાં રામસભામાં રામાયણનું ગાન, તેથી થએલો પુત્ર અને સીતાનો સ્વીકાર, ફરી શુદ્ધિની માગણી, સીતાનું પૃથ્વીમાં સમાઇ જવું–એ બધા પ્રસંગોમાં કરુણભાવની એવી સરસ રેલ રેલી રહી છે, કે એ કથા મૂલ કથાનો જ ભાગ હોવો જોઇયે એમ લાગે છે.

તે ઉપરાત કાવ્યના પાત્રોના ભવિષ્યની કથા જાણવા સૌ ઉત્સુક હોય જ. એવી જિજ્ઞાસા તૃપ્ત થવી જ જોઈએ. તેથી રામ અને લવકુશ, લક્ષ્મણ, ભરત, સુગ્રીવ અને હનુમાન–એ બધાં પાત્રોનું પછી શું થયું એની જિજ્ઞાસા વાંચનારને થાય છે જ. ઇલીયડની કથા પછી જેમ ઓડીસીની કથા વાંચવી એ એ જ કથાનો ઉત્તર ભાગ વાચવા જેવું છે, અને જેમ ઇલીયડમા ટ્રોય અને એના વીરોનું શું થયું–પેરીસ અને હેલનનું, યુલીસીસ અને એગેમેમ્નનનું શું થયું–એ વાત જાણવાની ઉત્કંઠા રહે છે, તેમ યુદ્ધકાંડ પછી કાવ્યના બધા પાત્રોનું શુ થયું એ જાણવાનું રહે છે જ. આમ ઉત્તરકાંડ એ મૂલ કથાનું જ સ્વાભાવિક ઉપાંગ છે; છતા આ કથા ભાગ ઉપરાંત પાત્રોના ભવિષ્યકથનમા દેખાતા નવા નવા ક્ષેપક ભાગો, અને રામાયણની છેલ્લી આવૃત્તિ કરનારના વખતમાની તાજી હકીકતોના ઉમેરા તો આર્ષ–ઋષિપ્રોક્ત કહી શકાય નહીં.

કથામાં નવા ઉમેરાઃ સમાજમા રામને માટે જેમ જેમ પૂજ્યભાવ વધતો ગયો તેમ તેમ રામાયણની પુનરાવૃત્તિ કરનારાઓએ તેમા નવા પ્રસગોના ચમત્કાર ઉમેર્યા. યુગે યુગે રામાયણી કથામા જે જે નવી માન્યતાઓ ઘર કરતી ગઇ, તે બધીનો ઉલ્લેખ કરવો આ લેખની મર્યાદાની બહાર છે; તોપણ તેમાંથી થોડીક માન્યતા અહીં ગણાવીએ છીએ.

(૧) લોકમાન્યતામાં સીતાનો સ્વયંવર એક મોટો સમારંભ મનાય છે. એમાં ઘણા રાજાઓએ ભાગ લીધો હતો; રાવણ તેમાનો એક હતો. તેણે શિવ ધનુષ્ય છાતી સુધી ઉંચક્યું, પણ બહુ ભાર લાગવાથી તે તેના હાથમાથી છટક્યું. રામે તે ઝાલી લઇ રાવણને બચાવ્યો. આ બધી વિગત આધુનિક રામાયણની આવૃત્તિમા કે કાલિદાસમા પણ નથી. ઉલટું જ્યારે રામે ધનુષ્ય ઉચક્યું, અને પ્રત્યંચા ચઢાવી, ત્યારે બીજુ ત્યા કોઇ નહોતું.

(૨) રામ રાવણનો નાશ કરે તેટલા સારુ રામને અયોધ્યામા દડકારણ્યમા મોકલવા માટે મન્થરાને દેવોએ યોજી હતી, એ હકીકત પણ રામાયણમાથી ખોળી જડતી નથી.

(૩) ઇંદ્રજિત વધની વાતમાં, જ્યારે સુલોચનાના ખોળામા એકાએક ઇંદ્રજીતનો હાથ અદ્ધર આવીને પડે છે, ત્યારેજ સુલોચનાને એ વાતની ખબર પડે છે. આ વખતે હૃદયને વલોવી નાખે એવો એ વિલાપ કરે છેઃ અને છેવટે એ સતી થાય છે એ વાત પણ નિરાધાર છે.

(૪) અહિરાવણ મહિરાવણની કથામા મહિરાવણની પત્ની ચંદ્રાવતીને રામ વચન આપે છે કે ‘ કૃષ્ણાવતારમા હું સત્યભામા તરીકે ત્હારી સાથે લગ્ન કરીશ ’–તે કથા પણ પાછળનો ચમત્કાર છે.

(૫) સામાન્ય માન્યતા પ્રમાણે ભવભૂતિના સમયથી અથવા તેથી યે પહેલાંથી, કુશ અને લવને એકલી રામ કથાનું ગાયન કરનાર બાળકો જેવા વર્ણવ્યા નથી. રામના અશ્વમેધના ઘોડાને દોરી જઇ બાધી રાખનાર, અને લક્ષ્મણ તથા ચંદ્રકેતુ સહિત સૈન્યને હરાવનાર તરીકે એમને વર્ણવ્યા છે. આ છેવટની પ્રચલિત માન્યતાએ રામયણને એક કરુણરસપૂર્ણ કાવ્યમાંથી આનંદ પર્યવસાયી કાવ્ય બનાવી દીધું છે; કારણ કે રામ આ પ્રસંગ પછી

સીતાનો સ્વીકાર કરે છે. આ પલટાનો ઉપયોગ ભવભૂતિએ પોતાના ઉત્તર-રામચરિતમાં રસિક રીતે કર્યો છે.

હવે વાલ્મીકિની કથાને આવા નવા ઉમેરાથી વિસ્તારવાના કારણભૂત સંયોગો કયા કયા હતા, તેનું સહજ દિગ્દર્શન કરાવીએ. આદિ કવિના સાદા

કથાનો વિસ્તાર

કાવ્યને પ્રથમ તો કાવ્યલંકારો સજાવવાની વૃત્તિ પછીના લેખકોને થઇ. તેમણે ઋતુઓ, યુદ્ધો, નગરો અને મહાલયના વર્ણન ઉમેરવાની પહેલી તક લીધી; અને વળી શોકપ્રસંગમા વિલાપ, વીર પ્રસંગમા પ્રશંસા અને સંવાદોમા ચાતુર્ય ભેળવી તેના વર્ણનો લંબાવવાની હોસ વ્યક્ત કરી. એટલેથી સંતોષ ન થતા, ધીમે ધીમે રામાયણને લોકકથા અને દંતકથાનો ભંડાર બનાવવાની વૃત્તિ જાગ્રત થઇ. સત્યયુગના સંસ્મરણો જગાડવાની ઇચ્છાથી કથામાં ચમત્કાર અને અદ્ભુત રસનું સિંચન પણ થતું ગયું.

એટલામા મહાભારતના યુદ્ધની કથા નવા સ્વરૂપમા પ્રચલિત થઇ, તેનાથી પ્રેરાઇ રામને વિષ્ણુના અવતાર તરીકે મનાવવાને ઘટના સુધારા થયા. જ્ઞાન-કથાઓને પણ વિસારી દેવામાં ન આવી. આમ છેવટે રામાયણની કથાનું ચોક્કસ કલેવર ઘડાયા પછી, પ્રથમ અધ્યાયોમા વહેંચાયલા કાવ્યના વિભાગોને 'સર્ગ' નામ આપી, રામાયણને આદિ સર્ગબદ્ધ મહાકાવ્ય લેખકોએ કહેવરાવ્યું.

યુગે યુગે વિસ્તૃત થતી કથામા આવતો પૂર્વાપર વિરોધ ઉપર ગણાયલા સંયોગોને લીધે સહેજે સમજી શકાય એવો છે. મૂળ રામાયણનો દેશકાળ અને

પૂર્વાપર વિરોધ

પછીના ઉમેરા કરનારાનો દેશકાળ ભિન્ન હોવાથી કેટલાક પરસ્પર વિરુદ્ધ કથનો આધુનિક આવૃત્તિમા દાખલ થયાં છે; બંને વખતનો સમાજ, તેની સંસ્કૃતિ, ભાવના, અને માન્યતા ઘણાં જૂદાં પડે છે, કારણ, બંને સમાજની વચ્ચે બે મુખ્ય કારણ આડે આવ્યાં હતા. એ કારણો એટલે બૌદ્ધ ધર્મીઓની જાહોજલાલી અને તેમનો ધર્મવિસ્તાર: સાથે સાથે અલેકઝાન્ડરના અનેક આક્રમણો સાથે પાશ્ચાત્ય સંસ્કૃતિની છોળોનુ હિંદ ઉપરનું આક્રમણ,–એ બને મોટા કારણોને લીધે સમાજની ભાવનાની ઉથલપાથલ થતી હતી; અને સમાજની રહેણી કરણીમા પણ તફાવત પડયે જતો હતો. આથી કાવ્યમા જણાતો દેખીતો વિરોધ આ વસ્તુસ્થિતિને જ જવાબદાર છે.

કેટલાક આવા વિરોધના દૃષ્ટાંતો નીચે આપીએ છીએ:—

(૧) રામનું એક-પત્નીવ્રત આગળની આવૃત્તિઓમા હાનિ પામ્યું છે. રામને એક મહિષી (અભિષેક થએલી રાણી) હતી, પણ બીજી પત્નીઓ

મૂળ કથા સાથે વિરોધ

ઘણી હતી, એમ મંથરાના કૈકેયી પ્રત્યેના વચન ઉપરથી નીકળે છે–'રામનો અભિષેક થશે તો "**हृष्टा खलु भविष्यति रामस्य परमाः स्त्रियः।**" એમ એ કહે છે. તે જ પ્રમાણે ભરતને પણ અનેક પત્નીઓ હતી; અને દશરથને તો **अर्धसप्तशताः** (૩૫૦) સ્ત્રીઓ હતી-વગેરે વચનો આધુનિક આવૃત્તિમા છે.

આ છેવટના ક્ષેપક ભાગોમાં દાખલ થયેલુ બહુપત્નીકત્વ તે સમયે ક્ષત્રિય સમાજમા

પ્રચલિત હશે એમ માનવું પડે છે. યજ્ઞ વખતે સીતાની મૂર્તિ પધરાવી હતી (આ છેવટના લેખકનો ખુલાસો છે), તે તો એટલા માટે કે યજ્ઞક્રિયાઓ વખતે અભિષિક્ત રાણીને જ એ ધાર્મિક ક્રિયાઓનો અધિકાર છે, પરંતુ અસલ વાલ્મીકિના રામાયણમા એક પત્નીનો જ ઉલ્લેખ હશે; અને તેથી જ કાલિદાસ પણ ' **अनन्यजानेः सैवासीद्धार्या यस्य हिरण्यमयी ।** એમ સ્પષ્ટ લખે છે. તેથીજ આ બીજી વાત વધારે માનવા જેવી છે.

(૨) બીજો પ્રસંગ અહલ્યા–શાપોદ્ધારનો છે. મળી આવતા હાલના રામાયણમા પણ અહલ્યાનું શાપથી શિલારૂપ થવું તથા રામના પાદસ્પર્શથી મૂળ સ્વરૂપને પામવું–એ વર્ણવેલું નથી. તેમા ફક્ત ક્રુદ્ધ ગૌતમ અહલ્યાને શાપે છે, કે તું 'વાતભક્ષા,' 'નિરાહાર' અને તપ કરતી એવી પૂર્ણ પશ્ચાતાપ કરતી આ આશ્રમમાં ખૂણે પડી રહેજે!" અહલ્યા એમ તપ કરીને શુદ્ધ થયેલી હોય છે; અને અકસ્માત રામ આશ્રમમા આવી ચડેછે , એટલે અહલ્યા પોતે સામી જઇ તેમને પગે પડે છે. રામ પોતાનો પાદસ્પર્શ તેને કરતા નથી. આજે અહલ્યાનું તપ પૂરૂં થયું હશે, એટલે અતિથિ સત્કારનું ગૃહિણી–કર્તવ્ય બજાવવા અહલ્યા ભાગ્યશાળી થઇ હોય છે. આટલું એમાં વક્તવ્ય છે.

છતા કાલિદાસ અને તેના યે પહેલાંના લોકો કેટલાક વર્ષોથી એમ માનતા (જુઓ રઘુ. સર્ગ ૨ શ્લોક ૩૪, કે શિલામયી ગૌતમવધુ રામની ચરણરજથી શાપનો અનુગ્રહ પામી, અને એનું મૂળ સ્વરૂપ પામી. આ શ્લોક ઉપર ટીકા લખનાર ટીકાકારો પણ લખે છે કે પુરાણાદિમાં પ્રસિદ્ધ થયેલા શિલારૂપપ્રાપ્તિશાપનો અહીં ધ્વનિ છે.)

(૩) ત્રીજો પ્રસંગ સાગર ઉપરના સેતુબંધનો છે. રામેશ્વર અને લંકા વચ્ચે તરતા પત્થરનો પૂલ બાંધ્યાની વાત રામાયણમા નથી. એમા ફક્ત એટલું જ આવે છે કે વાનરોએ મોટા મોટા પથ્થરોથી વચ્ચેની ખાઇ પૂરી દીધી અને ઓળંગવાનો રસ્તો કર્યો; છતાં સામાન્ય લોકોની આજે પણ માન્યતા છે કે રામ નામે પથ્થર તર્યા, ને સેતુ બંધાયો.

(૪) સુવર્ણમૃગના વધના પ્રસંગમાં વાલ્મીકિમા એમ આવે છે કે રામલક્ષ્મણ શિકારે ગયા હોય છેઃ સીતાના રક્ષણ માટે જટાયુ પર્ણકુટિમા હોય છેઃ રાવણ આ ઘડીએ સંન્યાસી વેષે ભિક્ષા માગવા આવે છેઃ સીતા રામલક્ષ્મણના આવવાની વાટ જોવા એને કહે છે; અને આણેલા શિકારમાંથી ભિક્ષા આપી સત્કાર કરવા કહે છે. હવે જો પ્રચલિત માન્યતા પ્રમાણે, કંચુકીને માટે સુવર્ણમૃગનું ચર્મ લેવા રામ ગયા હોત, અને લક્ષ્મણને પાછળથી ઠપકો આપી રામની વહારે મોકલ્યો હોત, તો ઉપર પ્રમાણે શાંત રીતે રાવણનો સત્કાર સીતા કરત નહીં; જટાયુએ સીતાનું રક્ષણ કરવાનું માથે લીધાથી જ રામ લક્ષ્મણ, ખરેખરી રીતે, બહાર ગયા હોય છે; અને આમ એકાંતનો લાભ લઇ રાવણ સીતાનું હરણ કરી જાય છે. આ મૂળ પ્રસંગને સંસ્કૃત કવિઓએ બહુ રસિક બનાવ્યો છે.

(૫) વળી લક્ષ્મણના સંબંધમાં ઇંદ્રજિતને મારવા માટે પૂરતું તપ એકઠું કરવા વનવાસમાં લક્ષ્મણ ૧૪ વર્ષનો જે ઉગ્ર અપવાસ કરે છે, તેની વાત પણ એક રીતે માનતાં અચકાવું પડે છેઃ પરંતુ લક્ષ્મણને, છેલ્લી આવૃત્તિ કરનારે શેષનો અવતાર કહ્યાથી–(અને શેષનાગ તો વાયુનો આહાર કરીને રહી શકે છે.) લક્ષ્મણ એટલો લાંબો અપવાસ કરી

શકે એમ સમાધાન આપ્યું છે. આ શેષાવતારની વાતને આપણા આધુનિક રામાયણમાં આધાર નથી. પદ્મપુરાણ વગેરેની રામકથાઓ આવા ચમત્કારથી ભરલી છે ખરી. વાલ્મીકિમાં તો ઉલટું, અયોધ્યાકાંડમાં શ્લોકો છે ત્યા ‘ રામલક્ષ્મણને જમાડયા પછી સીતા જમતાં ’ એમ સ્પષ્ટ ઉલ્લેખ થયો છે.

આવા આવા મુખ્ય અને ગૌણ બધા વિરોધો ગણાવવા બેસીએ તો એક સ્વતંત્ર લેખ લખવો પડે, તેથી ફક્ત ખાસ મહત્ત્વના પ્રસંગોને સંભારીને અહીં મન વાળ્યું છે.

આધુનિક રામાયણ: ચોથી આવૃત્તિ.

ક્રૌંચવધના પ્રસંગથી અંતઃક્ષોભ થતા વાલ્મીકિની સરસ્વતી ઉત્પન્ન થઇ; અને એ સરસ્વતીના પુણ્યજળથી એમણે રામાયણ ગાયું. એ રામકથાનું ઝરણ વહેતું વહેતું યુદ્ધકાંડ સુધી વહ્યું, અને તેમાથી મોટી સરિતા વહી. રામસભામા કુમાર લવકુશે એટલે સુધી રામાયણ ગાયું. એ ગાયનનું પરિણામ અણચિંતવ્યું થયું: છેવટે ઉત્તર ભાગ–સીતામિલનનો પ્રસંગ વાલ્મીકિએ ગાયો કે ન ગાયો એ વાત સંદિગ્ધ છે–આ રામાયણનો પ્રથમ જન્મ.

અત્યાર સુધી મુખપરંપરાથી કંઠસ્થ રહેલું અને ઉત્તરોત્તર ભણાવાતું રામાયણ કાવ્ય જ્યારે પ્રથમ લખી લેવામાં આવ્યું, ત્યારે એ લખી લેનાર કવિએ બાળકાંડના પ્રથમ ચાર સર્ગ ઉપોદ્ઘાત તરીકે લખ્યા હોય એમ સંભવિત અનુમાન છે. નારદજીએ વાલ્મીકિને પૂછેલા પ્રશ્નનું નિરાકરણ, કાવ્યશક્તિની પ્રાપ્તિ, રામાયણ કેમ રચાયું, કેમ વિસ્તાર પામ્યું–આ પ્રસ્તાવનાના ચાર સર્ગ વાલ્મીકિના કોઇ શિષ્યે પાછળથી લખ્યા હશે, અને મૂળ સાથે મેળવી દીધા હશે એમ માનતા અડચણ નથી.

અસલી રામાયણી કથાના મૂળ વસ્તુની ત્રીજી આવૃત્તિ કરનાર કવિએ ઋતુનાં વર્ણન, જનસ્થાન, લંકા વગેરેનું વર્ણન, રાવણના મહાલયનું વર્ણન, રામ સીતા, દશરથ કૌશલ્યા, તારા, મંદોદરી વગેરેના વિલાપ તથા કેટલાક સંવાદો ઉમેરીને મૂળ રામાયણનું કદ બેવડું વધારી મૂક્યું. લગભગ આ અરસામાં મહાભારતની કથા નવેસર લખાઇ; અને એમા ચમત્કાર, અવતાર, જ્ઞાન અને નીતિનો સંભાર ભરેલો જોઇ રામાયણની પણ આવી ધાટીથી નવી રચના થવાની જરૂર જણાઇ; પરિણામે ચોથી આવૃત્તિ પ્રચારમા આવી.

આ ચોથી આવૃત્તિ વખતે, સીતામિલન અને તે પછીનો વૃત્તાંત આપતો ઉત્તરકાંડ મૂળ કાવ્ય સાથે ભેળવી દેવામા આવ્યો; આ છેવટના ભાગમા આ છેલ્લી આવૃત્તિ કરનાર કવિના વખતમાથી તાજી હકીકતો ભેળવેલી છે, એ સ્પષ્ટ જોઇ શકાય છે. રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન–એ ચારેના પુત્રોએ જે રાજ્યો સ્થાપ્યા તેનું વર્ણન ઉમેર્યું છે. વખતે કેટલાક રાજાઓએ, આ લવકુશ વગેરેના વંશ–વર્ણન અપાવી પોતાનો સંબંધ સૂર્યવંશ સાથે જોડવાની યુક્તિ આ દ્વારા ન કરી હોય એમ પણ ન બનવા જેવું નથી. આ આવૃત્તિનો કાળ ઇ. સ. પૂર્વે બસેં વર્ષ ઉપરનો ગણાય છે.

કાલિદાસ અને ભવભૂતિના સમયમાં આ જ આવૃત્તિ પ્રચારમાં હશે એમ રઘુવંશ અને ઉત્તર રામચરિત વગેરે સાંપ્રત રામાયણ સાથે વાંચતા જણાય છે. કાલિદાસમા કેટલીક

વાર મૂળમાંના શબ્દો યે (**‘श्लोकत्वमापद्यत यस्य शोकः ।’ ‘अरावणमरामं वा ।’** જેવા) સાંગોપાંગ દેખા દે છે. ભવભૂતિ લવકુશ કને વાલ્મીકિપ્રણીત રામાયણમાંથી ત્રણ શ્લોક સહેજ ફેરફાર સાથે બોલાવે છે. એ ત્રણ શ્લોક હાલના રામાયણમાં દેખાય છે: પરંતુ ભવભૂતિ કોઇ સર્ગબદ્ધ કાવ્યનો ઉલ્લેખ કરતો નથી. અમુક ‘અધ્યાયો’માં વહેંચાયલા રામાયણમાંથી એ શ્લોકો છે એમ એ કહે છે. તેથી ભવભૂતિ પછી કાવ્યની સર્ગબદ્ધ રચના થઇ હશે એમ માની શકાય.

આમ સાંપ્રત રામાયણ એ ચોથી આવૃત્તિ છે. પ્રથમાવૃત્તિ વાલ્મીકિપ્રણીત લવકુશે રામસભામાં ગાયેલી, બીજી પ્રથમના ઉપોદ્‌ઘાત સાથેના ચાર સર્ગ સાથેની, ત્રીજી ઋતુ વગેરેના વર્ણનના વિસ્તારવાળી, અને છેલ્લી તે ઉત્તરકાંડ સાથેની.

ચમત્કારનું તત્ત્વઃ

રામકથાના વર્ણનો અસંખ્ય થવાથી ધીમે ધીમે એમાં ચમત્કારનું તત્ત્વ વધારે પ્રમાણમાં દાખલ થતું ગયું, અને તેમાં પણ યુગેયુગે જૂના ચમત્કારોનો રંગ ફટકી ગયાથી નવા નવા ચમત્કારોના રંગ એમાં પૂરાતા ગયા. આવા ચમત્કારો દરેક અવતારી પુરુષના જીવનમાં ભળેલા હોય છે. એ ચમત્કારોની સત્યાસત્યતા તપાસવાનો ભક્તનો અધિકાર નથી. એવી વિતંડા કરવાની નાસ્તિકતા તે બતાવી શકે પણ નહિ. ભક્ત હૃદયની ભક્તિને સિદ્ધ કરનાર–સમૃદ્ધ કરનાર આવા ચમત્કારો છે.

એક દૃષ્ટિએ આખું વિશ્વ પણ અદ્‌ભુત ચમત્કાર છે. નિયમિતપણે ઉગતા અને આથમતા સૂર્ય અને ચંદ્ર, આકાશમાં કશાના ટેકા વગર અદ્ધર રહેલા કોટિ નક્ષત્રો, મહાન સમુદ્રો, પૃથ્વીના ઉદરમાં તેમ જ સપાટી ઉપર વસી રહેલા કોટ્યાવધિ પ્રાણીઓ, મનુષ્ય શરીરની અદ્‌ભુત યોજના–એ સૌ ચમત્કાર છે, અને આ સૌ જે પરમપૂજ્ય, સર્વશક્તિમાન પ્રભુએ ઉત્પન્ન કરેલું તે પ્રભુની શક્તિનો પાર પામવો અશક્ય છે. સૌ અવતારોમાં એ પ્રભુનો અંશ છે.

રામના ચરિત્રમાં આવા દિવ્ય અંશ તરીકે ગણાવીએ તો, રામે કિશોર વયમાં શિવ-કોદંડ ભાગ્યું; નક્ષત્રી પૃથ્વી કરનાર ભાર્ગવ પરશુરામનો તેજોવધ કર્યો; સુગ્રીવ સાથે પ્રસંગ પડતાં એક જ બાણે ઘાડું વન ભેદ્યું ને સુગ્રીવને ચકિત કર્યો, શલ્યાની અહલ્યા કરી; શૂદ્ર શંબૂકને વર્ણાશ્રમનો ભંગ કરતો અટકાવી બ્રાહ્મણના મૃત પુત્રને સજીવન કર્યો; સમુદ્રને બાળી નાખવા બાણ સાધતાં સમુદ્રને શરણે આણ્યો; પથ્થર તરાવી સેતુ બાંધ્યો; લોકરાવણ–ત્રિલોકને રડાવનાર દશકંધર રાવણને હણ્યો–એ બધા અંશોમાં ચમત્કારને વિસ્તારવાનો કવિઓને પુષ્કળ અવકાશ મળ્યો છે.

આ ચમત્કારનું તત્ત્વ મૂળકથા સાથે સરખાવી જોતાં એટલું બધું પેંશી ગયેલું લાગે છે, કે કેટલોક અસંભવ અને કેટલાક અસત્ય કથન આ પાછળના રામાયણોમાં ઉમેરવામાં આવ્યાં ન હોત તો કેવળ શ્રદ્ધાળુ સિવાયનો બીજો વર્ગ મૂળ રામકથાને એક ઇતિહાસ તરીકે માનતાં અચકાય છે તેવું બનવા વખત ન આવત.

આ ચમત્કારનું પહેલું વર્ણન કાલિદાસના સમયના કવિઓનું છે, બીજો વર્ણન-વિસ્તાર પદ્મપુરાણ અને અધ્યાત્મ રામાયણના કાળના પુરાણોમાં અંતર્ગત છે; અને ત્રીજું,

છેવટના ચમત્કારોના પૂર્ણ વિકાસ જેવો વિસ્તાર પ્રાકૃત કવિઓ તુલસીદાસ જેવાના "રામ ચરિત માનસમાં" જોઇ શકાય છે

અવતાર કલ્પના.

રામનું લોકોત્તર ચરિત્ર દૈવી ચમત્કારથી ઓતપ્રોત થયું; અને સામાન્ય મનુષ્યના જીવનમાં આવા ચમત્કારો થવા અશક્ય છે, તેથી રામ પુરુષોત્તમનું પૂર્ણ સ્વરૂપ મનાયા. રામ અને સીતા હિંદુઓને મન પૂર્ણ પુરુષ અને પૂર્ણ સ્ત્રીના આદર્શો છે. સંકટ અને પ્રલોભનના સમયે તેમની દૃઢતા, વિપત્તિમા તેમનું ધૈર્ય અને ભાગ્યની સર્વ દશામા તેમની કર્તવ્યપરાયણતા એ હિન્દુ દૃષ્ટિએ પૂર્ણ જીવનનો આદર્શ છે. આથી એ અવતાર તરીકે આદરભાવ પામ્યા છે.

પરંતુ આ અવતારોમા દૈવી ચમત્કારો માનવા ઉપર અવતારનુ ખરૂ મહત્ત્વ ટકી રહેલું નથી; કારણ કે નહીં તો અર્વાચીન સમયમા મહાન શોધકોની શોધો ફોનોગ્રાફ, ટેલીગ્રાફ, વાયરલેસ, એરોપ્લેન, એક્સ રે વગેરેની શોધથી જગતને આશ્ચર્ય પમાડનાર મનુષ્યોની ગણના પણ અવતારમા જ થઇ હોત. અવતારનું ખરૂં મહત્ત્વ મનુષ્યોના સદ્વર્તન, ચારિત્ર અને નીતિ ઉપર જ આધાર રાખે છે. તેથી ફક્ત રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ક્રાઇસ્ટ, મહમદ વગેરેની અવતારમા ગણના થાય છે.

પરંતુ રામાયણ દેવતાની અવતાર લીલા ગાવાને રચાયું છે એમ નથી. કવિ આગળ રામ અવતાર હતા જ નહીં, મનુષ્ય હતા. જો રામને દેવ ગણીને કાવ્ય રચાયું હોત, તો કાવ્યના ગૌરવમા અને કાવ્યત્વમા ક્ષતિ આવત. રામચરિત્ર મનુષ્ય ચરિત્ર છે, માટે જ એ મહિમા પૂર્ણ છે. રામાયણ નરચંદ્રમાની કથા છે, દેવતાની નથી. એમા મનુષ્ય જ પોતાના ગુણે કરીને દેવતા થયો છે. વાલ્મીકિનો હેતુ મનુષ્યનો અંતિમ આદર્શ સ્થાપવાનો છે; તેથી જ કવિએ રામના શૌર્ય, વૈર્ય, એક પત્નીવ્રત વગેરે ગુણોનું વર્ણન કરીને ખૂબ બતાવ્યો છે. રામને પ્રાકૃત મનુષ્યની પેઠેજ દુઃખ, હર્ષ, શોક વગેરે થતા હતા, અને પોતાના મન ઉપર વિજય મેળવવા તેમને પણ બીજા માણસની મદદ લેવી પડી છે તે ઉપરથી જણાય છે કે રામને પરમેશ્વર ગણવાનો વાલ્મીકિનો વિચાર નથી.

રામ અવતાર તરીકે:

રામકથા એટલી બધી ઉદાત્ત, મનમોહક અને પવિત્ર છે કે બૌદ્ધોએ એ રાષ્ટ્રવીરને પોતાના ધર્મ પક્ષમા લઇ લીધો, અને એ કથાને પોતાની ધર્મ જાળમા ગૂંથી લીધી. પાલી ભાષામા રચેલા એમના "દશરથ જાતકમા" છેવટમા એમ બતાવ્યુ છે કે રામ એ બુદ્ધનો પૂર્વાવતાર હતો.. બૌદ્ધોની અવતાર માટેની ઘેલાઇથી વેદધર્માઓને પણ એવા અવતાર પોતાના ધર્મની કથામા જોવાની હોસ થઇ; તેથી યુગે યુગે પ્રભુનો અવતાર થવાની વાતમા બૌદ્ધોનુ અનુકરણ એમણે કર્યુ અને વાસુદેવને વિષ્ણુનો અવતાર ગણ્યો.

આ અવતારકથાના નવા સ્વરૂપને દાખલ કરતી વખતે મહાભારતના કવિએ પહેલાના રાષ્ટ્રવીરોને અવતારની કથામા મૂકી દીધા, અને તેથીજ મહાભારતના વનપર્વમા રામો-

પાખ્યાન" દાખલ થવા પામ્યું; ત્યા રામને વિષ્ણુનો અવતાર કહ્યા છે. આ રામોપાખ્યાનના નવા રંગઢંગથી રામાયણની નવી આવૃત્તિ કરવાની પ્રેરણા જાગી, અને રામને અધર્મીઓનો નાશ કરનાર અવતાર વરીકે વર્ણવવામા આવ્યા.

છતાં દશાવતાર અને ચોવીશ અવતારનો સિદ્ધાત–એ પુરાણોની કલ્પના છે. મહાભારત કે રામાયણમા એને માટે આધાર નથી. અહીં જાણવા જેવું છે કે બૌદ્ધો પણ બુદ્ધના ૨૪ અવતાર ગણે છે, અને જૈનો પણ ૨૪ તીર્થંકર થયા માને છે. રામાયણના કાળમા 'વરાહ' નો ઉલ્લેખ છે, પણ ત્યાં વરાહની અવતાર તરીકે ગણના થઇ નથી; બ્રહ્મા જાતેજ વરાહ થઇને પૃથ્વીને ઉચી કરે છે. આ અવતારોની ક્રમવાર ગોઠવણી પુરાણોના વખતની છે.

રામકથાનો ઉપયોગ જૈનોએ પણ આ અરસામા કર્યો છે. વિક્રમ સં. ૬૦ (મહાવીર સં. ૫૩૦) મા પ્રાકૃત ગાથામા રચાયલા **पउमचरियम्** (**पद्मचरित्रम्**) નામના ગ્રંથમા રામને 'પદ્મ' નામ આપીને આખી કથા વર્ણવી છે, અલબત્ત દૃષ્ટિબિંદુ અને કાવ્ય-વિસ્તાર જૈન ધર્મીઓનાં છે.

પાંચમા સૈકામા થયેલો કાલિદાસ રામને વિષ્ણુનો અર્ધાંશ કહે છે; ભરતને ચતુર્થાંશ અને લક્ષ્મણને બાકીનો અંશ વહેંચી આપે છે. પરંતુ પુરાણના રચનારાઓને રામનો આટલો અંશાવતાર કહેવાય તે ગમ્યું નહીં, તેથી પદ્મ પુરાણમા કથા આપી કે રામ વિષ્ણુના પૂર્ણાવતાર હતા, ભરત વિષ્ણુના પંચજન્યનો અવતાર હતા લક્ષ્મણ શેષાવતાર, શત્રુઘ્ન સુદર્શનનો અવતાર અને સીતા લક્ષ્મીનો અવતાર હતા. આમ કાલિદાસના સમય પછી પણ પુરાણકારોએ રામકથામાં પૂજ્ય બુદ્ધિ ઉપજાવનારો ઘટતો સુધારો કરી તક જવા દીધી નથી

આ અવતારકલ્પનાનો મોહ છેક આધુનિક મુસલમાનોને પણ લાગ્યો છે, એમ જાણતા આશ્ચર્ય થાય છે. વિધર્મી એવા ખોજાઓના 'સાહિત્યમા સત્પંથ ગ્રંથ'મા ઇમામુદીન કૃત નારાયણનો દશ અવતારનો ગ્રન્થ છે તે ખાસ ધ્યાન ખેંચે છે. એમા દશ અવતારમા-હિંદુઓના મચ્છ, કચ્છ, વરાહ, આદી નવ અવતાર ગણાવી દશમો અવતાર અરબસ્તાનમા મહમદ પેગંબરનો થયો એમ જણાવ્યું છે.+

રામ યુગમાં ડોકીયું

આ યુગમાં ક્ષત્રિયોની શ્રેષ્ઠતા છતા બ્રાહ્મણોની મહત્તા સર્વથા સ્વીકારાઇ ગઇ, તેથી જ વિશ્વામિત્રે ઉદ્ગાર કાઢયા હતા કે **धिग्बलं क्षत्रियबलं ब्रह्मतेजो बलं बलम्** । યાજ્ઞવલ્કય જેવા અનેક મુનિઓ જનક પાસેથી બ્રહ્મજ્ઞાન પામ્યા હતા. છાંદોગ્ય, કૌષીતકી અને બીજા ઉપનીષદોમા જુદા જુદા ક્ષત્રિય સામે બ્રાહ્મણો હાથ જોડીને કેવી બેસતા અને પરમાત્મ જ્ઞાન કેવી રીતે મેળવતા તેનુ વર્ણન કરેલું છે.

---

* ગર્ગ સહિતાના પહેલા ખંડમા આ અવતારના છ પ્રકાર કહ્યા છે અંશ, અંશાશ, આવેશ, કલા, પૂર્ણ અને પરિપૂર્ણ; ઇશ્વિરનું નિયત કામ કરનાર અંશાવતાર બ્રહ્માદિનો છે: અંશાંશ અવતાર મરિચિ આદિ મુનિઓનો છે: ભાર્ગવ પરશુરામાદિનો આવેશ અવતાર છે: યુગે યુગે થતો નૃસિહ, વામન વગેરેનો કલા અવતાર છે રામનો પૂર્ણાવતાર છે, અને કૃષ્ણનો પરિપૂર્ણ છે.

\+ જુઓ છઠ્ઠી સાહિત્ય પરિષદ રિપોર્ટ પૃ. ૫૦. પ્રમુખ રા. બ. કાંટાવાળાનું ભાષણ.

સર્વ બ્રાહ્મણોને પરમ પૂજ્ય એવો ગાયત્રી મંત્ર વિશ્વામિત્રે રચેલો છે. આમ બ્રાહ્મણોને પવિત્ર મંત્રોપદેશ પણ ક્ષત્રિયો તરફથી મળ્યો છે. આ યુગના ક્ષત્રિઓ બ્રાહ્મણોને બ્રહ્મવિદ્યા શીખવી શકે એવા હતા. સહેજ જાણવા જેવું છે કે આર્ય ઇતિહાસમા મોટા મોટા જ્ઞાન અને ઉપદેશના સિદ્ધાતો પ્રગટ કરનારા ક્ષત્રિય રાજવીઓ હતા. રામ, જનક, કૃષ્ણ, ભીષ્મ, મહાવીર બુદ્ધ વગેરે ક્ષત્રિય હતા. અવતારોની બાબતમા જોઇશુ તો પરશુરામ તથા વામનના બ્રાહ્મણ અવતાર રામ અને કૃષ્ણના ક્ષત્રિય અવતારો આગળ ઝાખા પડી જાય છે. યોગવાસિષ્ઠ માહેના રામના વિચારો અને ગીતા માહેનું કૃષ્ણનું તત્ત્વજ્ઞાન આ બાબતની સાક્ષી પૂરે છે.

છતા રામાયણ કાળમા બ્રાહ્મણોનું મહત્ત્વ બહુ વધ્યું હતું. સૌ એમનો પડયો બોલ ઝીલતા. જનક અને દશરથ એમના કુલગુરુઓને બહુ માન આપતા. પરશુરામ સાથે યુદ્ધ કરવાનો જ્યારે રામને પ્રસંગ આવ્યો, ત્યારે રામે ફક્ત બ્રાહ્મણ જાણીને તેની ક્ષમા માગી હતી. આ પરશુરામ કથામા એક ઐતિહાસિક સત્ય સમાએલુ છે. રામચંદ્ર વનવાસમાં જવા નીકળ્યા ત્યારે તેમણે અને સીતાએ બ્રાહ્મણોને પોતાના અલંકાર વહેંચી નાખ્યાં હતાં. રામે લક્ષ્મણને કહ્યું છે, "લક્ષ્મણ, બ્રાહ્મણ અભ્યાસમા મગ્ન હોવાને લીધે પોતાના જીવન નિર્વાહની ફીકર રાખતા નથી, માટે તેમને દાન આપવું એ કર્તવ્ય છે." આ વચનમા બ્રાહ્મણવર્ણ તરફની પૂજ્યબુદ્ધિનો રદીઓ મળે છે.

મહાભારત કાળમા વસ્તુસ્થિતિ જૂદી હતી. ક્ષત્રિઓની શ્રેષ્ઠતા સર્વમાન્ય થઇ હતી. ધર્મમાર્ગદર્શક તરીકે પણ તે કાળમા ક્ષત્રિયો હતા. શ્રી કૃષ્ણ, ભીષ્મ, ધર્મ વગેરે ક્ષત્રિઓએ જ ધર્મતત્ત્વનું વિવરણ કર્યું છે. દ્રોણ જેવા બ્રાહ્મણો મહાભારતના કાળમા શસ્ત્ર સજીને ક્ષત્રિઓ સાથે લડતા હતા. આમ રામાયણ મહાભારત કાળની સામાજિક સ્થિતિમાં દેખીતો ફેરફાર એટલો જણાય છે, કે રામાયણમા બ્રહ્મતેજોબળ અને મહાભારતમા ક્ષાત્રબળને વિશેષ માન મળતું. રામાયણના કાળમા શૌર્ય કરતા સાત્ત્વિક ગુણોની મહત્તા વિશેષ હતી, તે માટેજ તે વખતના સમાજનુ ચિત્ર આલેખતી વખતે વાલ્મીકિએ સદાચાર, સત્ત્વસ્થ વૃત્તિ, ભૂતદયા વગેરે ગુણોની મહત્તા ગાએલી છે.

ધાર્મિક ઉત્ક્રાન્તિ અને રામાયણ

રામચરિત્રમા અવતાર કલ્પનાનું માધુર્ય ભળ્યું એટલે વિશુદ્ધ જીવનમા દેવભાવનાનો રમ્ય સંયોગ થયો. તેથીજ રામકથા ધાર્મિક સુધારકો અને આચાર્યોને પ્રેરણા આપી રહી છે, અને અર્વાચીન પ્રજાના લોકમાન્ય ધર્મને વિશુદ્ધ બનાવતી ગઇ છે. બધા અવતારોમા રામ અને કૃષ્ણના અવતાર મુકુટ રૂપ ગણાયા છે.

એ અવતાર કથાનાં રહસ્યનો આધાર લઇ દક્ષિણમાં આચાર્ય રામાનુજે ઇ. સ. ના બારમા સૈકામા વિશિષ્ટાદ્વૈતને નામે ઓળખાતો એકેશ્વર વાદ ગાયો. તેરમા સૈકામા મધ્વાચાર્યે રામની ઇશ્વિર તરીકે બાગ પૂકારી. લગભગ તેરમા અને ચૌદમા સૈકામા રામાનંદે એ જ એકેશ્વરવાદનો પડઘો ઉત્તરમા પાડયો. તેના અનુયાયી સંત કબીરે હિન્દુમુસલમાનને એકેશ્વરવાદમા આણ્યા, અને રામ-રહેમાનની એકતા ઉપદેશી. સોળમા સૈકામા બંગાળામા ગૌરાંગ પ્રભુ ચૈતન્યે અને ગુજરાતમા આચાર્ય વલ્લભે એ જ ઉચ્ચ એકેશ્વરવાદને શુદ્ધાદ્વૈત રૂપે પ્રજાને

શીખવાડયો; સુધારક નાનકે આ જ અરસામા પંજાબમા એ રામકૃષ્ણના બ્રહ્મવાદની ઘોષણા કરી. આજે પણ વિશ્વેશ્વરની વિભૂતિ જેવા અનેક દેવ દેવીની ઉપાસના હિન્દુઓમા પ્રચલિત છતા લોકોમા એકેશ્વરવાદનું સત્ય ઝાંખું પડયુ નથી અને રાષ્ટ્રકાવ્ય જેવાં મહાકાવ્યોના નાયકો રામ અને કૃષ્ણને વિષ્ણુના અવતાર તરીકેનું માન આજે પણ આપી રહ્યા છે.

રાષ્ટ્રકાવ્યોની સીધી અસર સમાજમા થાય છે એમ વખતે કોઇ નહિ સ્વીકારે, પરંતુ તેનું અસ્તિત્વ સમાજને ઉપકારક થયા વગર રહેતું નથી એ ઇતિહાસમાથી જ સિદ્ધ થઇ ચૂક્યું છે, કારણ કે કવિનુ કવિત્વ રાષ્ટ્રત્વથી સ્વતંત્ર હોવા છતા રાષ્ટ્રીયત્વને ઉપકારક થાય છે. હોમરના વીર પાત્રોનું બુદ્ધિપૂર્વક અનુકરણ કરીને એલેકઝેન્ડર જગવિજેતા થયો, અને ગ્રીક સંસ્કૃતિને એણે એશિયામા વિસ્તારી; બંકીમચંદ્રના એક '**वन्दे मातरम्**'ના કાવ્યે હિંદુસ્થાનને એકતાન કર્યું, અને સ્વદેશીનો મહામંત્ર પઢાવ્યો; તેમ શિવાજી અને રાજપૂતો રામાયણ અને મહાભારતની કથાના દૂધ ઉપર ઉછરી દેશનું સ્વાતંત્ર્ય રક્ષી તથા ઉદ્ધારી શકયા. આમ રામાયણની રાષ્ટ્રકાવ્ય તરીકે અને એક ધર્મગ્રંથ તરીકેની અસરનો ઇતિહાસ છે.

રામ પૂજા ક્યારે શરૂ થઇ ?

પુરાણોના કાળથી રામ અને કૃષ્ણ અવતાર ગણાવા માંડયા; અને લોકોએ પોતાની પૂજ્યબુદ્ધિ વ્યક્ત કરી. સૈકાઓથી આવી રીતે રામ તરફ લોકોની પૂજ્યબુદ્ધિ-અવતારભાવના હશે એ ખરૂં, પરંતુ છઠ્ઠા આ સમય સુધી રામકૃષ્ણની પૂજા થયાનો ઉલ્લેખ થયો હોય એમ ખબર નથી. અમરસિંહ પોતાના અમરકોષમા (છઠ્ઠા સૈકામા) દેવતાઓના નામ ગણાવે છે, તેમા રામનુ નામ નથી. પરંતુ તે જ સમયમા થએલા વરાહમિહિરે કૃષ્ણ, સૂર્ય, યમ, રામ વગેરેની મૂર્તિ શી રીતે બનાવવી તેની રીત બતાવેલી છે. આ ઉપરથી વરાહમિહિરના સમયમા રામને અવતાર તરીકે માનતા હતા ખરા, પણ પછીના પાચ સાત સૈકા ઉપર જેમ થવા માડયુ તેમ તેની પૂજા અને તેના પાઠ અને કીર્તન તે સમયમા ચાલતા નહોતા.

તેરમા સૈકામા રામની ઉપાસના ચાલુ હતી. મધ્વ ઉર્ફે આનંદતીર્થે રામની મૂર્તિ બદ્રિકાશ્રમમાથી આણી, અને જગન્નાથપુરીમાંથી રામ સીતાની મૂર્તિ લાવવાને એમણે ૧૨૬૪ મા નરહરિતીર્થને મોકલ્યો.* એ જ શતકમા હેમાદ્રિએ લખેલા વ્રતખંડ નામના પુસ્તકમા રામનો જન્મઉત્સવ કેમ ઉજવવો એ લખેલુ છે.

રામાનંદ પછી તેમના બાર શિષ્યોમાના કબીરે રામભક્તિનો મહિમા વધાર્યો. ઉત્તર હિંદુસ્થાનમા ગોસ્વામી તુલસીદાસે રામાયણના પુણ્યસ્મરણ તાજા કર્યા; રામ ભક્તિની સંહિતા રચી રામજી મંદિરોની સ્થાપના કરાવી. દક્ષિણમા રામદાસ સ્વામીને લીધે સત્તરમા સૈકામા રામપૂજા શરૂ થઇ; અને રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનના મંદિરો સ્થપાયાં. આથી રામચંદ્રનો મહિમા આખા હિંદુસ્થાન ઉપર ફેલાયો.

* આર્યોના તહેવારોનો ઇતિહાસ-એ પુસ્તકમાથી રામનવમીનો ઉત્સવ જુઓ.

કેટલાક રામને કાલ્પનિક વ્યક્તિ કહે છે. એક અનુમાન કરે છે કે આ દેશના અસલ વતનીઓ સામે આર્યોના યુદ્ધ અને સુધારાના સ્થિતિદર્શનનું રામાયણ એ સાંકેતિક ફળ છે. બીજા કહે છે કે બ્રાહ્મણધર્મ અને બાદ્ધ ધર્મ વચ્ચે જે ધર્મયુદ્ધ ચાલતું હતું, તેનું એ નિદર્શન છે. ત્રીજા કહે છે કે કૃષિવિદ્યાના સબંધમા એ એક રૂપક છે; અને ચોથા વળી રામાયણી કથામાં આધ્યાત્મિક અર્થ રહસ્યની ઘટના કરે છે.

રામાયણ રૂપક છે?

પહેલા લેખકો એમ કહે છે, કે રામના કાળમા કહો કે વાલ્મીકિના કાળમા કહો, ગંગાનો દક્ષિણનો પ્રદેશ વેરાન હતે. રાક્ષસ. તે સસ્કાર વગરના માસાહારી આર્યોને સંતાપનારા, સાધુ પીડા કરનારા, યજ્ઞો અને યજ્ઞો કરનાર ઋષિઓનો ધ્વસ કરનારા અને કેવળ જંગલી હતા. આ જંગલી કરતા તે કાળના આર્યોની સ્થિતિ કેવી ઉત્તમ હતી તે બતાવવા રામાયણની રચના થઇ છે. રામે સ્પર્શથી શલ્યાની અહલ્યા કરી તે ઉપરથી તેઓ તર્ક કરે છે કે પહેલા વિન્ધ્ય પર્વતની આપપાસનો મુલક ઉજ્જડ અને વેરાન હતો, ત્યા આર્યોના પ્રવેશથી ખેતી વધી. આ સ્થિતિદર્શનનું રામાયણ એક રૂપક છે, એમ આ લોકો મનાવવા માગે છે.

બીજું અનુમાન કરનારાઓ 'બૌદ્ધો સામે વૈદિક બ્રાહ્મણોનો વિરોધ બતાવનારૂં કાવ્ય' એને કહે છે. રાક્ષસો તે બીજા કોઇ નહીં પણ વેદધર્મની આણમાંથી ખસેલા બૌદ્ધો; કારણ કે ગ્રથના લેખકો બ્રાહ્મણ એટલે એમણે બૌદ્ધોને તિરસ્કારમા રાક્ષસ તરીકે વર્ણવ્યા છે. વૈદિક અને વેદબાહ્ય ધર્મોના સિદ્ધાતો વિપરીત હોવાથી બૌદ્ધ ધર્મીઓ બ્રાહ્મણોને કનડતા (સરખાવો જૈનોના રામાયણમાં રાવણની કલ્પના, યજ્ઞોદ્વારા થતી હિંસાને અટકાવનાર રાવણ જૈન હતો.) તેથીજ રાવણને મુનિઓના યજ્ઞાદિ કર્મનો નાશ કરનારો લખ્યો છે. બૌદ્ધ ધર્મમા યજ્ઞાદિ કર્મનો પ્રતિબધ છે, તેથી તે અટકાવનાર રાવણને તિરસ્કારમા રાક્ષસ લખ્યો છે.

ધર્મ યુદ્ધનું રૂપક?

બૌદ્ધ ધર્મનો જુવાળ વૈદિક ધર્મ ઉપર આવીને ફરી ગયો, અને સાથે કર્મકાંડ તથા વર્ણાશ્રમના સિદ્ધાતોને ઘસડી ગયો. પરિણામે બ્રાહ્મણ બળ તુટયું પણ પુનઃ શંકરાચાર્યને હાથે બ્રાહ્મણ ધર્મ સ્થપાયો, અને બૌદ્ધોને તેમના ધર્મના ઉત્પત્તિ સ્થાનમાથી–આર્યાવર્તમાથી જ દેશવટો મળ્યો. આ બ્રાહ્મણ–ધર્મના વિજયની કથા રામાયણમાં ગવાઇ છે, એમ આ લોકો કહે છે.

ત્રીજા અનુમાનવાળા ફકત 'સીતા' શબ્દનો ઋગ્વેદમા એક ઠેકાણે 'રૂપ રેખા—ખેડાયલી ભૂમિ' એવો અર્થ કરેલો જોઇ રામાયણને તે ઉપરથી કૃષિ વિદ્યાની ઉત્પત્તિનું રૂપક કલ્પે છે. સીતાની વેદમા (ઋગ ૪, સૂક્ત ૫૮) કૃષિ દેવતા તરીકે સ્તુતિ કરેલી છે. રામાયણમા એમ ઉલ્લેખ છે કે જમીનમાથી સીતા મળ્યા અને એ "અયોનિજા" છે. આ ઉપરથી વેદના વારાની સીતા રામાયણમા રામપત્ની થઇ. તે જ પ્રમાણે રામ એ ઇન્દ્ર, રાવણ એ વૃત્રાસુર, અને હનુમાન એ મરુત–ના સાંકેતિક શબ્દો છે. રાવણે સીતાનું હરણ કર્યું;

કૃષિ વિદ્યાનું રૂપક?

અને રામ એટલે ઇન્દ્રે અસુરને હાર કરીને વૃષ્ટિ કરી—વૃષ્ટિનો માર્ગ ખુલ્લો કર્યો અને બધાને સુખી કર્યાં. એ રીતે આખું રૂપક ઘટાવવામા આવે છે. અહલ્યોદ્ધારના પ્રસંગનો ખુલાસો પણ એ રૂપક દ્વારા અપાય છે. ઇંદ્ર એટલે સૂર્ય અને અહલ્યા તે રાત—એટલે અહલ્યારૂપી રાતની પાસે ઇંદ્રરૂપી સૂર્ય જતાંજ તે નાશ પામી—ઉદ્ધાર પામી

મેક્સમૂલરનો અભિપ્રાય છે કે, "સીતા અને હળની કોશને ઋગ્વેદના સમયથીજ દૈવી માન મળતું આવ્યું હતુ; અને તે દેવી તરીકે પૂજાઇ હતી. જ્યારે ખેતી ધીમે ધીમે દક્ષિણ આર્યાવર્ત તરફ ચાલી, ત્યારે "સીતા" ને દક્ષિણ તરફ લઇ ગયા. એવી કાવ્યમા કલ્પના ઘડવી મુશ્કેલ ન પડી; અને જ્યારે મનુષ્ય કલ્પનાની આ ઉચ્ચ ભાવનારૂપ સ્ત્રી દેવીની સ્પષ્ટ અને લલિત વ્યકિત બંધાઇ, ત્યારે ઇતિહાસમા અતિ પવિત્ર અને વિદ્વાન વિદેહના રાજા જનકની પુત્રી તરીકે જ તે સાધારણ રીતે વખણાઇ.

"ઉત્તરકાલીન પુરાણોમા રામને વિષ્ણુનો અવતાર કહ્યા છે, પણ વિષ્ણુની જ દેવતા તરીકેની પ્રસિદ્ધિ ત્યાર પછી થયેલી હતી. મહાભારતકાળના દેવોમા હજી ઇંદ્ર જ મુખ્ય સ્થાને હતો. (સરખાવો—શ્રીકૃષ્ણે કરાવેલી ગોવર્ધન પૂજા પહેલા ઇંદ્ર મહોત્સવ થતો હોવાની વાત ભાગવતમા છે). પારસ્કર ગૃહ્યસૂત્ર (૨–૧૭–૯)મા દેવી સીતાને ઇંદ્રની પત્ની કહી છે; તેમ રામાયણનો નાયક રામ, અનાવૃષ્ટિના રાક્ષસોની સાથે યુદ્ધ કરનાર ઋગ્વેદના ઇંદ્રની જ પુનરાવૃત્તિ છે, એવી કલ્પના શું પાયા વગરની છે? આ રામની ઇંદ્ર કલ્પનારૂપક ભેગુ આર્યાવર્તના ઐતિહાસિક વિજયનું વર્ણન ભેળવીને રામાયણ કાવ્ય ઉદ્ભવ્યું છે."

અધ્યાત્મ રામાયણ

અધ્યાત્મજ્ઞાનીઓ રામાયણને જૂદી દૃષ્ટિએ જુએ છે. જેને દશ ઇંદ્રિયો જોડાયલી છે એવો જીવાત્માનો દેહરૂપી રથ તે દશરથ, જીવાત્મા એ રામ, સદ્બુદ્ધિ એ સીતા, અવિદ્યા એ કૈકેયી, વૈરાગ્ય તે વન, વિવેક તે લક્ષ્મણ, પંચવટી એ યોગીની ધ્યાનસ્થિતિ, દેહાભિમાન એ રાવણ, સદ્ભાવ એ વિભીષણ, ભાવાર્થ એ જટાયુ—ભક્તિ એ એની પાંખો, યોગશાસ્ત્રોક્ત મનચક્ર અષ્ટદલ તે જ લંકા, અંજન એ જ અંજનાપુત્ર હનુમાન, નિષ્કામ એ સુગ્રીવ, સકામ એ વાલી, કપિ એટલે સમાધિ પ્રાપ્ત કરી લેવાનો માર્ગ—વગેરે રૂપકના અર્થ આપીને રામાયણના બધા પ્રસંગો સાથે અધ્યાત્મજ્ઞાનનો મેળ આ અધ્યાત્મજ્ઞાનીઓ બેસાડે છે.

પરંતુ રામકથાનું આવું આધ્યાત્મિક સ્વરૂપ કલ્પવાથી રામનું અસ્તિત્વ જ નાબૂદ કર્યા બરોબર થાય છે, અને અવતારમા બતાવેલો રામાવતાર થયો જ નથી એમ સાબીત થાય છે. આ વાત ધર્માભિમાનીઓએ ભૂલવા જેવી નથી. કારણ કે કેવળ આધ્યાત્મિક જ્ઞાનનો શબ્દાડંબર લોકો આગળ ધરવાથી જ્ઞાન ફક્ત શબ્દોના આડંબરમા સમાઇ જાય છે; એ જ્ઞાન હૃદયને સ્પર્શ કરતું નથી. તે કરતા સાત્વિક, પ્રેમાળ અને ઉદાર રામચરિત્રને ઐતિહાસિક મહાકાવ્ય તરીકે અને પુરુષોત્તમના ચારિત્રકાવ્ય તરીકે વાચવાથી વધારે લાભ મળી શકે છે.

કોઇ પૂછશે, રામાયણની મહત્તા શેમા રહેલી છે, તો તેનો ઉત્તર ટૂંકો છે. એક વચન, એક પત્ની, એક બાણ*. રામ એ સાક્ષાત ધર્મમૂર્તિ છે;

* સરખાવો "—रामो द्विर्नाभिसंधत्ते रामो द्विर्नाभिभाषते ।"

રામાયણની મહત્તા. તેની ભાર્યા ધર્મશ્રદ્ધા છે, બન્ધુ સત્ય વેણુ છે; સહોદર એકવચન છે; માતા ત્યાગબુદ્ધિ છે; અને મંત્રી વેદોક્ત વચનાનુસાર વર્તન છે. ભગવાન રામચંદ્રના ઇતિહાસ સાથે સંકળાયલા 'રામબાણ', 'રામરાજ્ય' જેવા વચનો આજે યે આર્ય પ્રજામાં સેંકડો વર્ષ થયાં ઘરગથ્થુ થઇ રહ્યાં છે.

રામાયણ એ આર્યોની લગ્નભાવનાનું જીવતું જાગતું સ્મારક છે. પતિપત્નીવ્રતની પુણ્યભાવના રામાયણે સરળ રીતે ગાઇ છે. એ પુણ્ય ભાવનાના પિંડમાંથી લગ્નના રહસ્યનો હંસ પછીના યુગોમાં ઉડી જવાથી રૂઢિનું ખોખું માત્ર પડી રહ્યું છે. રામાયણનો પ્રધાન હેતુ નીતિનું સંરક્ષણ, અધર્મ અને મદોન્મત્તનો વિનાશ, આજ્ઞાપાલન, સ્નેહનું માહાત્મ્ય,—એ સર્વનું આર્ય પ્રજાને નિદર્શન કરાવવાનો છે, અને છેવટ એક અંશાવતારી ભગવાનનું ચિંતન કરાવી આર્ય પ્રજાને પાવરહિત કરવા, તેમજ તેનો ભક્તિભાવ વધારવા રામાયણનો હેતુ સિદ્ધ છે, અને તેમાંજ તેની મહત્તા છે.

રામાયણના કવિનું, સત્યયુગ જેવા કોશલ વિદેહોના યુગને માટે ઉંચું અને પવિત્ર માન આખા ઇતિહાસમાંથી શ્લોક શ્લોકે જોઇ શકાય છે. મનુષ્યના ચરિત્રને ઉન્નત ઘડવાના પ્રસંગોમાં તેની પ્રશંસાનો પાર નથી. રામાયણમાં કાટુમ્બિક જીવન અને કુટુમ્બીઓના સદ્ગુણનું આલેખન કોમળતા અને લાગણીથી એટલું બધું ઉભરાઇ જાય છે, કે એ બધો ઇતિહાસ હિન્દુસ્થાનના લોકોના હૃદયમાં આજે પણ ઘર કરી રહ્યો છે. નરદેહમાંથી નારાયણ થયાના આદર્શો રામાયણે આપ્યા છે. અને પરિપૂર્ણતા તરફ પગલાં ભરવાની ભારતવર્ષને જે ઉંડી આકાંક્ષા છે તે તૃપ્ત કરીને રામાયણના કવિએ ભરતખંડના ભક્ત હૃદયને ચિરકાળ માટે જીતી લીધું છે.

શતકોટિ રામાયણ વાલ્મીકિના આદિ કાવ્યના રચાયા પછી સંસ્કૃતમાં એને આધારે અનેક રામકથાઓ રચાઇ છે. દરેક પુરાણ અને ઉપપુરાણમાં એ કથાને માટે સ્થાન હોય છે. એ રીતે બહુ નહી તો ૮૦ રામાયણ સંસ્કૃતમાં રચાયાં છે.* ગુજરાતી કવિ ગિરધર પોતાના રામાયણના પ્રારંભમાં 'શતકોટિ રામાયણ' + હોવાનું જણાવે છે, તેને આધારે એણે પોતાનું રામાયણ રચ્યું છે. કોઇક ઠેકાણે ઉપકથા તરીકે, તો બીજે ઠેકાણે દૃષ્ટાંત તરીકે, ત્રીજે ઠેકાણે અવતારગણનામાં તો ચોથે ઠેકાણે વંશવર્ણનના ઇતિહાસ તરીકે-એમ વિવિધ ઠકાણે એકજ રામકથાનાં વર્ણન અને વિસ્તારમાં સ્વાભાવિક રીતે મૂળ હકીકત કરતાં ઘણો ફરક પડી ગયો છે. જે હેતુથી એક પુરાણી રામકથા કહે છે, તે હેતુથી વેદાન્તી અધ્યાત્મ રામાયણ કહેતો નથી. સૌમાં રસ ઓછો વત્તો હોય; અને તે રીતે અનેક રામાયણો અસ્તિત્વમાં આવ્યાં છે.

એ બધી પુરાણાન્તર્ગત રામકથાઓનો હેતુ, પ્રસંગ અને હકીકત જાણવાથી પ્રત્યક્ષ

---

* નામ માટે જુઓ "વાલ્મીકિ રામાયણ" ભાષાંતર—ગુજરાતી પ્રેસ—પ્રસ્તાવના.

+ મહાકવિ પ્રેમાનંદ પણ 'રણયજ્ઞ'માં

'શતકોટિ રામાયણ લીલા માંહીથી સાર ગ્રહ્યું છે થોડું'

એમ ઉલ્લેખ કરે છે.

ફળ કંઇ જ **નથી.** ફક્ત આવી બે મુખ્ય રામકથાઓનો ઉલ્લેખ અહીં કરવો ઇષ્ટ છે. મહાભારત વનપર્વમા આપેલા રામોપાખ્યાનનો ઉલ્લેખ અમે કરી ગયા છીએ. મૂળ કથાના પ્રસગોને ફરીથી કહેતા કેટલોક ફેરફાર જાણી જોઇને અને કેટલોક અજાણતા થતો ગયો છે. પુરાણોમા મહાપુરાણ ગણાતા શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કંધમા રામકથા આપેલી છે.

બૌદ્ધ ધર્મીઓ જાતકમાળામા બુદ્ધના પૂર્વાવતારની કથાઓ કહે છે; એમા આવતા "દશરથજાતક" મા રામાયણની કથા ટુંકામા આપી છેઃ પરતુ ત્યા દૃષ્ટિબિંદુ બૌદ્ધોનું છે; ખાસ વિરોધ જેવી વાત એમા એ આપી છે કે સીતા રામલક્ષ્મણની બ્હેન કહેવાઇ છે અને તે વનવાસમા સાથે જાય છે.

જૈનોએ પણ વેદધર્મીઓના કથાનકોનો ઉપયોગ પોતાના ધર્મની પ્રતિષ્ઠા લોકોમા થાય તે હેતુથી કર્યો છે. મહાવીર સં. ૩૦ મા (વિક્રમ સં. ૬૦ મા) તેમના એક સાધુ વિમલસૂરિએ **पउमचरियम्** નામનું રામચરિત્ર પ્રાકૃત દશહજાર ગાથાના પૂરનું રચ્યુ છે. એ ઉપરથી સ. ૭૭૫ મા રવિસેનાચાર્યે સસ્કૃત **पद्मपुराण** લખ્યું છે. એ પ્રાકૃત અને સંસ્કૃત કાવ્યોને આધારે કલિકાલસર્વજ્ઞ સિદ્ધ હેમચંદ્રસૂરિએ સં. ૧૧૬૮ મા **त्रिषष्टीशलाकापुरुषचरित्र**ના સાતમા પર્વમાં રામાયણ ફરીથી સંસ્કૃતમા લખ્યું છે. અહીં જૈનોની કથા કહેવાની રીત અને હેતુ વિપરીત હોવાથી રામાયણ કથાના આર્યત્વને ઓછી હાનિ પહોચી નથી. આમ રામકથાનો સ્રોત ભારતવર્ષમા શત શાખાઓ વિસ્તર્યો છે.

વાલ્મીકિની રામકથાનું મહાઋણ સંસ્કૃત તેમજ પ્રાકૃત બધા કવિઓને માથે ખડુ છે.

સંસ્કૃત કાવ્ય–નાટકોઃ સંસ્કૃત કવિઓએ ઘણે ભાગે રામાયણ મહાભારત કથાના પ્રસંગો લઇ તેમાથી અનેક કાવ્યો અને નાટકો ઉપજાવી કાઢ્યા છે. જો આર્યાવર્તમા રામ અને કૃષ્ણ ન થયા હોત, તો આર્યપ્રજાના કવિઓ અને ઋષિઓ માટે કાવ્ય શાસ્ત્ર અને ધર્મ રહસ્યના ગ્રંથો ગૂંથવાને બીજો કોઇ પણ ઉત્તમ નાયક નહોતો

મહાકવિ કાલિદાસનું "**रघुवंश**" નુ મહાકાવ્ય પાચમા સૈકામા રચાયુ છે કાલિદાસ પછી કુમારદાસે '**जानकीहरण**' કાવ્ય રચ્યું છે. ભાસ કવિએ **प्रतिमादशरथम्** અને **रामाभिषेक** નાટક રચ્યા છે. ભવભૂતિએ છઠ્ઠા સૈકામા રામાયણના યુદ્ધકાંડ સુધીની કથા "**महावीरचरित**" નાટકમા ગૂંથી છે; અને પછીનો સીતા–મિલનવાળો ભાગ "**उत्तररामचरित**" નાટકમા લીધો છે. આ "ઉત્તરરામ ચરિત"મા કવિએ પત્થર કનેયે આંસુ પડાવ્યા છે અને તેમા કવિની વિશિષ્ટતા છે પંડિતો કહે છે "**उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते ।**"

ગુજરાતના પંડિત ભટ્ટીએ સાતમા શતકમા "**रावणवध**" અથવા "**भट्टी काव्य**" ના નામથી પ્રસિદ્ધ મહાકાવ્યની રચના કરી છે. આ કાવ્યમા પણ એક પક્ષે વ્યાકરણનાં–મંત્રોનો ઉપયોગ બતાવ્યો છે; બીજે પક્ષે રામાયણની કથા કવિએ કાવ્યમાં ઘટાવી છે. નવમા શતકની શરૂઆતમા કવિરાજ નામના કવિએ **राघवपांडवीय** નામનું દ્વિઅર્થી કાવ્ય રચ્યું છે. રાજશેખરે દશમા શતકમા **बालरामायण** નાટક રચ્યું છે. દસમા–અગીઆરમા

શતકમાં “ **हनुमन्नाटक** ” અથવા “ **महानाटक** ” આ રામાયણના વસ્તુ ઉપરજ રચાયું છે. ક્ષેમેન્દ્રે **रामायण कथामंजरी** અગીઆરમા શતકમાં રચી અને એ જ સૈકામાં ભોજ કવિએ **रामायण चंपू** રચ્યા છે.

જૈન લેખકોએ સંસ્કૃત કાવ્યો રચ્યા છે, તેમા ચોથા શતકમા રચાયલું “ **अनर्घ्य-राघव** ” અથવા “ **मुरारिराघव** ” નું નાટક જિનદર્પ ગણિએ રચેલું પ્રસિદ્ધ છે. એક સુભટ નામના કવિએ “ દેવ કુમારપાળ દેવના મેળામા ભજવવા માટે મહારાજાધિરાજ ત્રિભુવનપાલની આજ્ઞાથી ” ‘ **दूताङ्गद** ’ નામનું એકાકી નાટક રચ્યું છે. હેમચંદ્ર સૂરિના શિષ્ય રામચંદ્ર સૂરિએ લગભગ આ અરસામા ‘ **रघुविलास** ’ અને ‘ **राघवाभ्युदय** ’ (દશાંકી) નામના બે નાટકો રચ્યા છે. આ ઉપરાત ‘ **राघवनैषधीय** ’ જેવાં દ્વિઅર્થી કાવ્યોને ગણાવતા બહુ વિસ્તાર થઇ જાય; તેથી ફક્ત પ્રસિદ્ધ કાવ્ય નાટકોનો ઉલ્લેખ અત્રે કરેલો છે.

રામાયણનો પ્રાકૃત ભાષાવતાર.

ઇ.સ. ના નવમા અને દસમા સૈકામા જ્યારે હાલમા બોલાતી પ્રાંતિક ભાષાઓ સંસ્કૃત અને પ્રાકૃતમાથી અવતાર પામી, ત્યારે એ પ્રાકૃત કવિઓની કાવ્યજાહ્નવીઓ રામાયણની ગંગોત્રીમાથી વહેવા માંડી. દક્ષિણે એ બાબતમાં પહેલ કરી; અને તામિલ ભાષામાં પ્રથમ અવતરણ સં. ૧૦૫૬ મા થયું. ઉત્તર હિન્દુસ્થાન, બંગાળ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તે પછી રામાયણ કથાની છાયા ઉતારવામા આવી; છતાં લગભગ એક જ યુગની એ બધી પ્રવૃત્તિ છે.

જેમ સાહિત્ય પરિષદ્ કે સાહિત્ય સંમેલન ભરવાના પ્રથમ આંદોલનો ગુજરાત, મહા-રાષ્ટ્ર, બંગાળા અને ઉત્તર હિન્દુસ્થાન જેવા દૂર પડેલા પ્રાન્તોમાં લગભગ એક સાથે પ્રવૃત્ત થયાં (પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ૧૯૦૫ માં, પહેલું મરાઠી સાહિત્ય સંમેલન ૧૯૦૫–૬માં, બંગીય સાહિત્ય સંમેલન ૧૯૦૭મા અને હિન્દી સાહિત્ય સંમેલન ૧૯૦૯–૧૦ મા) હતા, તેમ રામાયણના પ્રાન્તિક પ્રાકૃત ભાષામા અવતરણો પણ લગભગ એક જ સૈકામા થયાં છે.

સંસ્કૃત કવિઓએ જ ફક્ત રામાયણના રસસાગરમા ચાંચ બોળી છે એમ નહી. પ્રાન્ત પ્રાન્તના પ્રાકૃત કવિઓ પણ પોતાની કાવ્ય-પ્રેરણા આ રામાયણની વીર-કથામાંથી પામ્યા છે. તામિલ ભાષામાં લખાયલા દ્રાવીડી રામાયણનો ઉલ્લેખ થયો છે. બંગાળામા કૃત્તિવાસ કવિએ પંદરમા સૈકામાં રામાયણને સરળ પદ્યમા ઉતાર્યું તુલસીદાસે “ રામચરિતમાનસ ” સોળમા સૈકામાં હિન્દીમા રચ્યું. શ્રીધરે મરાઠીમા આ જ સમયમા “ રામ-વિજયનો ” ગ્રન્થ બનાવ્યો. ગુજરાતમા કર્મણ મંત્રીએ સં. ૧૫૨૫ માં “ સીતાહરણ ” લખ્યું; વિષ્ણુદાસ અને ઉદ્ધવે સોળમો સૈકો ઉતરતા રામાયણના કાંડ લખ્યા. એક કહાન નામના કવિએ સં. ૧૬૨૦ મા રામાયણ રચ્યું છે *

* આ કવિનું ‘ રામાયણ ’ વડોદરા સેંટ્રલ લાયબ્રેરીના સંગ્રહમાં છે; અને તે અપ્રસિદ્ધ છે.

એકલા રામાયણુ કાવ્ય સિવાય આધ્યાત્મ રામાયણુ પણ પ્રાકૃતમાં અસ્તિત્વમા આવ્યા. મરાઠીમાં મોરોપંત અને એકનાથના ભાવાર્થ રામાયણુ રચાયા. ગુજરાતમા “ અધ્યાત્મ રામાયણુ ” (અપ્રસિદ્ધ) એક હરિદાસે અરાઢમા સૈકામા રચ્યુ છે; અને “ યોગવાસિષ્ઠ ” (અપ્રસિદ્ધ) રામભક્તે સં ૧૭.૭ મા રચ્યુ.

આમ રામાયણી કથાના પ્રાકૃત ભાષાન્તર સુધી રામાયણના રહસ્યને ઇતિહાસ લાવી મૂકી આગળની હકીકત અહીં પડતી મૂકી છે. ગુજરાતી કવિઓએ સૈકે સૈકે રામાયણુ કથામૃતમાંથી અંજલી ભરીને પાન કર્યા કર્યું છે. તેનો સૈકાવાર ઇતિહાસ રજુ કરી રામકથાનું નવું નવું સ્વરૂપ સરખાવવાનું બીજા લેખ માટે રાખી આ લેખ આટલેથી સમાપ્ત કરૂ છું *

---

* આ લેખ લખવામાં નીચેના લેખો સાધનભૂત થયા છે:—

(૧) રોમેશચંદ્ર દત્તકૃત “ Epics of India ” ની પ્રસ્તાવના.

(૨) રા. બ. ચિંતામણરાવ વૈદ્ય એમ. એ કૃત “ The Riddle of Ramayana ”

(૩) બાલાસાહેબ પંત પ્રતિનિધિએ છપાવેલા “ ચિત્ર રામાયણુ ” ની પ્રસ્તાવના.

(૪) રા. કૃષ્ણલાલ ઝવેરીનો “અંગ્રેજી સાહિત્ય”નો બીજી પરિષદ્ વખતનો લેખ

(૫) સ્વર્ગસ્થ રણછોડરામ વાવાભાઇના “ લોકગીત ” અને “ લોકકથા ” ના બે લેખ: પહેલી સાહિત્ય પરિષદના રીપોર્ટમાં છપાયલા લેખ.

(૬) રા. ઋગવેદી કૃત “ આર્યાના તહેવારોનો ઇતિહાસ ” માથી રામનવમી ઉપરનો લેખ.

(૭) ગુજરાતી પ્રેસના વાલ્મીકિ રામાયણના ભાષાન્તરમા આપેલી પ્રસ્તાવના.

(૮) ડા. રવીન્દ્રનાથ ટાગોરના “ પ્રાચીન સાહિત્ય ” માથી ‘ રામાયણુ’ના નિબંધ.

(૯) રા. ચંદ્રશંકર શુકલ કૃત “ સીતાહરણ. ”

(૧૦) ઉદ્ધવ કવિકૃત ‘રામાયણુ’– રા. મ. હરગોવિંદદાસ કાંટાવાળાની આવૃત્તિ,

(૧૧) કવિ ગિરધરકૃત રામાયણુ.

(૧૨) પં. કેશરાજજીકૃત “ રામયશોરસાયનરાસ ” આનન્દકાવ્યમહોદધિ, મૌક્તિક ૨ જાું.

૨૬. સૌ. કનુબ્હેનનું કવન.

લેખક રા. રા. શ્રી મંજીલાલ જમનાદાસ દવે

From the cold earth in earliest spring
A flower peeped out—dear fragrant thing'
Then sipped a bee, as half—afraid;
Sure each was for the other made.

Goethe

સત્ તણી જે અનુભવી,
જ્યોતિ-જોણહારી જે,
અમૃતમાં પેખતી......

*   *   *

પૃથ્વી, પૃથ્વી પાર્થની,
સ્વર્ગને અંતરીક્ષની,
કથાઓ તેની ઉંડી
સૂક્ષ્મ તાત્ત્વિક અર્થની.

*   *   *

લલિતતા ઉપયોગિતા—
કલાના રસવર્ગ બે
પેખતી ને બોધતી:......
ને લલિતતા પર પ્રીતિ
ઉંડી ને અંતરવતી:......

સહતી ના આઘાત કો
આથી તે પર આવતા
વૃદ્ધિ ને ય વિકાસ તેના
ઇચ્છતી ઉર નિત્ય આ'
સત્ય ને સૌંદર્યમા,
વળી સારપ રૂપ વિષે,
યુવા વસન્ત અનન્તતાનાં
દેવ-સ્વરૂપો ન્યાળી રહે.

*   *   *

ચિકિત્સક રસદૃષ્ટિથી
પેખી અંતર્મર્મને
સારૂં ને નરસું અહો ।
પારખે એ તત્ક્ષણે.

*   *   *

શક્તિને, સંસિદ્ધિને,
પરમભાવી શિવત્વને
વાચતી જગસુખતર્યા
ને ગુંજતી આત્મારવે:
એજ કવિતાની કલા,
એજ આત્મમિઠાશ હા:

વસુધૈવ-કુટુમ્બની
વીર-હાકલ એ સદા.
હંસી એ સોऽહમ્ તણી
અભય વાણી નિર્ઝરી:
હંસી એ પાર્થિવથી પર
મૌક્તિકોને ચરી રહી.

*   *   *

કવિતમૂર્તિ એ નરી:
કલાભાવની કોડીલી:
સૂક્ષ્મ ને ગૂઢ મંત્રણા
પ્રેરતી ને પ્રકટતી.

*   *   *

(સમર્પણમ્).

" What a poet is here !–Watching, meditating brooding, creating !–Thackeray.

Poetry, at all events, exercises two distinct functions: it may reveal, it may unveil to every eye, the ideal aspects of common things, or it may actually add to the number of motives, poetic and uncommon in themselves, by the imaginative creation of things that are ideal from their very birth.

(Appreciations–Walter Peter)

ભગિની–બંધુઓ !

ઉપલા સૌ અવતરણો- ગુજરાતી ને અંગ્રેજીને--અનુરૂપ - અનુગુણ કવિજીવન જીવનાર ને જીતનાર એક આત્માનું ' કવન ' પેખવા ને પારખવાનો આ યત્કિંચિત્ પ્રયાસ આરંભેલ છે. જેમા લાબી પ્રસ્તાવનાની જરૂર નહીં લેખીએ ને માત્ર સીધી વાર્તા જ લક્ષમા ગ્રહીશું. " સૌ. કનુબ્હેનની સાક્ષરતાથી કોણ અજ્ઞાત હોય ? "—એ રા. માનશંકરભાઇએ આલેખેલ ભાવમાત્રનેજ લક્ષમાં લઇ અત્યારે તો એ ' સાક્ષરતા ' મા કિયું પરમ તત્ત્વ વિરાજમાન છે તેટલુંજ આપણે અવલોકવાનું ઉચિત ગણીશું—અને તે પણ તેમની પ્રસિદ્ધ થએલ કૃતિઓમાથી. અલબત એ પ્રસિદ્ધ કૃતિઓના અર્થ—ઉકેલ ને અંતર્ગત ભાાપિછાનના સમર્થનમા કોક કોક સ્થળે આપણે તેમની અપ્રસિદ્ધ ગદ્યકૃતિઓ—દૃષ્ટાંત તરિકે " જીવનસ્મૃતિ " તથા " મ્હારી નોધ—પોથી—" માથી ઉલ્લેખ આદરશું.

ખરેખર ! કલાપી કહે છે તે સત્ય જ લાગે છે કે—

કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તાવિણ કલા નહિ !
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ !

પણ દુનિયાનો સાક્ષર—ઇતિહાસ કબૂલે તેમ આ કલા ભિન્ન ભિન્ન કવિગણોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે માલૂમ પડી આવેલ છે. કેટલાક કવિઓ જન્મતઃ પરિપૂર્ણ છે, તો કેટલાકોમા વૃદ્ધિ ને વિકાસ નજરે તરે છે. કેટલાકોની કૃતિઓ Classical ગણાએલ છે, તો કેટલાકોની Romantic, જે Walter Pater ના શબ્દોમા કહીએ તો પાછી Classical થવાને માટેજ. કેટલાક ડી ક્વીન્સી કહે છે તેમ શક્તિસમૃદ્ધ સાહિત્યના સ્રષ્ટા છે—Literature of Power, તો કેટલાક જ્ઞાનસમૃદ્ધ સાહિત્યના ઉત્પાદક રૂપે પ્રસિદ્ધ છે. કેટલાકો ભવ્યતાને ઉંડી જીજ્ઞાસુતાનાં પ્રકાશન નિજ નિજ કવિતા દ્વારા કરાવી રહેલ છે, તો કેટલાકો જે છે તે વસ્તુસ્થિતિને જ બદલાવવામા કાવ્યાનંદની સાર્થકતા માને છે–મનાવે છે. કેટલાકોમાં Antiquarianism–પ્રાચીનતા પરનો પરમ પ્રેમ છલકાતો ઉભરાતો માલુમ પડી આવે છે. તો કેટલાકોનાં કાવ્યો તે પ્રાચીનતાના બારોબાર સુવર્ણ પારખ્યા છતાય Convinced modern રૂપે પ્રકાશે છે. કવિતા રૂપી ભોજ્ય કલાના સાચા ભોક્તા થવા આ સર્વ તેના પ્રવાહો ન્યાળવાની ને સ્મરણમા રાખવાની કંઇ અંશે જરૂર તો છે જ.

સૌ. કનુબ્હેનની કવિતામા ઉત્તરોત્તર થયેલ વૃદ્ધિ ને વિકાસ નજરે તરે છે જ અને છતાય કવિત્વ બીજ તો તેમનામા પ્રથમથી જ પરિપૂર્ણ વિકસતું માલૂમ પડી આવે છે. જે કાંઇ વૃદ્ધિ ને વિકાસ સમું જણાય છે તે ભાવનાઓના ઓછાવત્તા ઉદ્ઘાટનને અંગે છે એમ કહી શકાશે. ઉપરાન્ત શ્રીમતી માર્ક્સ મતનાં ' Realms of gold ' મા પ્રવાસ આદર્યા છતા અને પ્રાચીન કૃતિઓના સંપૂર્ણ પાન પીવા—ને પચવ્યા છતાય સૌ કનુબ્હેન, સાચી રીતે જણાવીએ તો, એક ' Convinced modern ' રૂપે જ પ્રકાશે છે. તેઓ જાતે જ જણાવે છે કે " જૂનું ને નવું સાહિત્ય ઉકલાયું. જુના સાહિત્યની કલાવિધાનની ઓછપ સાથે નવીન સાહિત્યની કલાવિધાનની સંપૂર્ણ લીલા વિશેષ આકર્ષી રહી. છતાય કેટલાક જુના ભાવોમાંનું ભારોભારનું સુવર્ણ અજાણ્યુ ન જ રહ્યું તેવા ભાવો ચૂંટી લીધા—જીવનમાં વણી દીધા. આમ જૂના ને નવા સાહિત્ય—ઉભયની હું રસિયણ બની. પરંતુ વધુ છાપ નવાની ટકી ને તેમાથી ય વધુ નવાની" ....રા બ. રમણભાઇના ' કવિતા ને સાહિત્ય' નામના અપૂર્વ ગ્રંથના અધ્યયને તેમને ચોક્કસ પ્રતીતિ થએલ કે કવિતા ધન્ય પલ વિના ન જ ઉદ્‌ભવી શકે, કવિ કરે—તે કવિતા : નહિં કે કવિતા કરે તે કવિ; અને કવિ ત્યારે જ કવિતા કરે-સર્જે જ્યારે તે આન્દોલનની ધન્ય પલ તેને લાધે ત્યારે જ. ત્યાં સુધીના—તે વિનાનાં કવનો કવનો નથી. કેવળ કથનો માત્ર છે, મિથ્યા જલ્પનો જ. ' મ્હારી નોંધ પોથી 'મા તેઓ એક સ્થળે જણાવે છે:—"મને લાગે છે કે કવિતાના પરમ પ્રકાશનને માટે અમુક વયનો નિર્દેષ હોવો જોઇએ. જો કે મિલ્ટન ને વર્ડ્ઝવર્થ જેવા કોઇક અપવાદો નીકળશે, પરંતુ બહુધા તો યુવાવસ્થાજ કવિતા માટે સર્વથા સફળ ને અમોઘ વય જણાય છે. કુદરત, યૌવન ને કવિત્વ એ ત્રણ સુસુન્દર રીતે સંકળાયેલ છે એ પછીના કાળની કવિતા શ્રમસાધ્ય હોય છે, નૈસર્ગિક ને સ્વયંસ્ફુરિત ચડોળના ગીત સમી નહિ. —ની કવિતા આજ આ પ્રકારની શ્રમસાધ્ય લાગે છે. એના આત્મા નથી નિઝરતો. પરમ આન્દોલન વહ્યું તે ' દિવ્ય ' ઝરણું નથી લાગતું. પ્રથમના તેના કાવ્યોનું કાવ્યત્વ ને આજના —કૃતિયાદિમા આસમાન જમીનનું અંતર લાગે છે.........કેટલાક દોષ છતાય પ્હેલી કવિતા છે એવો પ્રસન્ન સાક્ષાત્કાર થઇ રહે છે, જ્યારે બીજામા શુષ્ક શબ્દાવલિ છે એવો ભાસ ઉઠે છે.........

એમણે તો એક અભિમાની ' કવિતાના કરનાર 'ને પાટણથી આવતાં ચોખ્ખું કહી દીધુ હતું કે ' ભાઇ, કવિતા લખવી તમે બંધ કરો તો શું ખોટું ? '—અલબત, આ એમનું કથન તે ભાઇની કવિતામાં જે આગળ પડતા સ્વગુ ભાવો—નમાલા ને નિરર્થક ભાવો—દેખાતા તેની ખાતર હતું. છતાં પણ એના એ જ શબ્દો કદાચ —ને માટે અત્યારે કોઇ વાપરે તો ખોટું નહિ ગણાય. મારી મચડીને, તાણી તુશીને કવિતા ન લખાઇ તો શું થઇ ગયું ? કવિપદને તેથી શી હાનિ થવાની છે ? કલાપી તો બિચારો લખી ગયો છે કે એક પણ શબ્દ ઉંડેરા ભાવને વહતો લખાયો તો બસ છે.........

કુદરત ગઇ છે, યુવા ગઇ છે, મધુરતા ને કરુણતા વિરમ્યા છે; બાળ-વસંત આથમ્યો છે, કોમળતા ને બાલુડી કોયલના ટહુરવ-જાતકણના મધુ-ટાકના શબ્દરવ—Still small voice—હાલ તે પ્રબંધોમાં નથી અને એ વિના કવિતા કેવી રીતે કહી શકાય ?"......

એક બીજી જગાએ તેઓ જણાવે છે—વિશેષ કરીને અવલોકનકારની દૃષ્ટિથી—કે " રસ

ગીતો'નું* અવલોકન લોકો કેવી રીતે કરી રહ્યા છે? રસ શું? ગીતો કેમ કહ્યા છે? આવું નામ કેમ આપી શકાય? પણ રસગીતોનું અન્તર ઉતરીને અવલોકન તો કોઈએ કર્યું જ નથી. માલ શું છે તે તો કોઈએ જોવાની તસ્દી સરખી જ નથી લીધી. શબ્દોની મારામારીમાં અર્થ ને ભાવની સુન્દરતમ માધુરી એ અવલોકનકારો ઝીલવી જ વીસરી ગયા!

મેં તો એક જ લીટીમાંથી એ ગીતનો રસ કહી જોયો અને એવા નિર્ણયપર આવી કે જે એક જ લીટી ઉત્તમ રીતે એ ગાણી શકેલ છે તેને વધુ ને સુન્દર લખવાનો હક પ્રાપ્ત થઈ જ ગયો છે. 'કવિતા કરે તે કવિ નહિ, કવિ કરે તે કવિતા' એ સત્ય મને પરમ પ્રિય થઈ પડેલ છે, ને તે દૃષ્ટિએ જોતાંય 'રસગીતો'માં લહરતું ઊંડું કવિ-હૃદય હું જોઈ શકું છું. પ્રેમ અને ભક્તિ બન્નેના રસતર ખિલાવ આદિથી અંત સુધી તેમાં પરમના માલુમ પડી આવે છે, અને આ પ્રેમ અને ભક્તિ સામાન્ય તો નથી જ. પૃથ્વીથી પર ઉભતું,-ક્ષણભંગુર આ જીવનને તે પરમ પ્રેમનું ભાન કરાવતું-જે કાંઈ નાનું યા મોટું લખાય તે સર્વ કાંઈ મને પસંદ છે, ને તે નજરે જોતાંય 'રસગીતો' ઓછાં ભવ્ય નથી......કાર્લાઈલ કહી ગયો છે કે--All po-try is m isical t'oug it. અને આ music જે વિચારોમાં, ભાવનાઓમાં વિહરતું હોય ત્યાં ત્યાં તે વિચારો ભાવનાઓ અદ્ભુત કાવ્યો હોઈ શકે છે. અથવા એ કાવ્યો તે ગીતો ગણાઈ રહે છે-તેમને ગીતો કહેવામાં જરાય બાધા ન આવવી જોઈએ. મને એ નામની સાર્થકતા-'રસગીતો' એ સત્ય નામની સત્યતા-પુરવાર કરવી પડે છે, તે જ વિસ્મયભર્યું લાગે છે! એ ગીતોમાં music તો સ્થળે સ્થળે વહી રહ્યું છે. અને તેના ઉદ્ગાતા તો કોઈક જ, તેની પ્રસ્તાવનામાં લખ્યા પ્રમાણે, 'અર્થસાધક સૃષ્ટિથી ઘણે દૂર' વસી રહેલ છે, જે તેને ગજવી રહે છે-વસંતોત્સવની એ સમૃદ્ધિભરી શાશ્વતતા સદૈવ ઝીલી રહે છે ...."

વળી પોતે જ એક કાવ્યદ્વારા 'સખી કવિતાને' સંબોધી નીચે પ્રમાણે જણાવે છે

સખી કવિતાને.

(તોટક)

ક્યમ વ્હાલી રિસાઈ ગઈ તું કહે?
મમ કોમળ દિલ સખી! શું દહે?
વધી મૈત્રી પછી શું રિસાવું ઘટે?
કહે શું કવિતા તુજ લક્ષણ એ?
વિરલા કવિ કોક મહાન હશે--
જઈ ત્યાં તું નિરંતર શું રમશે?
ભરિયો જહીં બુદ્ધિ તણો જ નિધિ,
ઉછળી રહી ઊર્મિ અગાધ મહીં '--
જઈ ત્યાં વસશે તું સખી! શું મહીં
તજી મૈત્રી તણી કરુણા જ બધી?

* રા. બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયાનું એક પુસ્તક.

કરુણા પછી કેમ કહી હું શકું—
મધુરી હુંર તુજ ન પામી શકું!
નવ હર્ષ હું તુ-વિણ માણી શકું;
અહ આવ, તું આવ, તને વિનવું,
રસ-ભાવ જગતી કલા સમ તું
પ્રભુ પ્રેરિત આવ, સખી! વિનવું.

તા. ૩૧-૮—૧૬

છેલ્લી બે પંક્તિઓ તેમા વ્યક્ત થયેલ ભાવ સૌ. કનુબ્હેનની કવિતાના નવીન અંશની સાક્ષી આપતા જણે છે. 'રસભાવ જગતી કલા' રૂપે, 'પ્રભુપ્રેરિત,' ધન્યપલના આવિર્ભાવ રૂપે, તેના મૃદુલ મધુર ઉદ્ઘાટન રૂપે, રિસાઇ ગયેલ—મૈત્રિ વધી છતાય રિસાઇ ગયેલ—કવિતાને પુનઃ પામવાની, તેનું રસસખ્ય અનુભવવાની, આ તેમની વીનવણી જરૂર તેમને નવીન કાવ્ય-શૈલી પ્રકટતા સ્ત્રી—કવિરૂપે આપણી સમક્ષ સ્થાપે છે.

આ સાથે તેઓ Romantic ભાવભર્યા કાવ્યો ઉતારી શકેલ છે. નરી અદ્દ્ભુતતા જગી ભાવનાઓને છેક ન્હાનપણથી જ વરેલું ચિત્ત Romantic વૃત્તિ-શક્તિ વિના અન્ય શું દાખવી રહે? Classical કાવ્યોમા જરતા, વૉલ્ટર પેટર જણાવે છે તેમ, Energy, freshness, અને orderly desposition, થકી પર જે Strangeness (અદ્દ્ભુતતા) અને Curiosity (જીજ્ઞાસા) પૃથ્વી પાર્યનું, સ્વર્ગ ને અન્તરીક્ષનું જાણવાની 'વાસના' નહિ પણ 'ભાવના'—પુઃ પરમાત્માના હાથમાથી તેના પરાત્પર રસરહસ્યને પ્રાપ્ત કરવાની, તેના ભેદકુસુમને ચુંટી લેવાની વાન્છના-સ્નેહલ ને સુકોમળ વાન્છના-જે Romantic કાવ્યોને અનુરૂપ છે તે સૌ. કનુબ્હેનમા છે. નર્યાં વસ્તુવર્ણન વા સ્થળ કે માનવવર્ણન તેમણે નથી ચીતર્યાં. કનિષ્ટ પંક્તિના વર્ણનાત્મક કાવ્યો ભલે તેમણે નથી જ લખ્યા એમ કહેવાશું હોય હરકત નથી. કવિતાને તેમણે ઉંડરા ગાભીર્યભર્યાં સેવાભાવે નિહાળી છે, ને તેવી રીતે તેના સખ્યની આરાધના ઉચ્ચારી છે. મૂલગત આત્મા જ તેમનો ભાવના-પ્રધાન છે, તેનુ ગુંજન રસધ્વનિ ને રાગ-ધ્વનિ કાવ્યોનુ જ ઉત્પાદક હોઇ શકે છે, અને તે મુજબ જ અદા થવા પામેલ છે. ઉપર જે અવલોકનદ્વારા જણાવેલ છે તે કાર્લાઇલનો-All poetry is musical thought એ નામક ભાવ સૌ. કનુ બ્હેનની કવનાએ આબાદ ઝીલ્યો છે. 'વાક્યમ્ રસાત્મકમ્ કાવ્યમ્' સાથે 'વાક્યમ્ સંગીતાત્મકમ્ કાવ્યમ્' એ તમના કાવનામાં ઉતરેલ છે, અને તેથી જે કંઇ મધુરકરુણ કૂજન તેમણે કૂજેલ છે, તે ઉંડેરા ભાવ, ઓજસ્ ને પ્રસાદ દાખતું પ્રકાશે છે—એટલુંજ નહીં પણ તેમણે ઉભય પ્રકારના સાહિત્યને યથાશક્તિ પોષેલ છે--Literature of Power અને Literature of Knowledge ગદ્યદ્વારા બહુધા જ્ઞાનસમૃદ્ધ સાહિત્ય તેમણે ઉપજાવ્યુ છે જ્યારે પદ્યદ્વારા શક્તિસમૃદ્ધ-કલા-લીલાના સામર્થ્યસમૃદ્ધ-સાહિત્ય તેમણે ખીલવ્યુ છે; અને તે ઉભયે Great and Good શૈલીદ્વારાઃ-જે શૈલીમા એક પ્રકારનો શક્તિસમૃદ્ધ આત્મા વારવાર પ્રત્યક્ષ થઇ રહે છે, અને જેનું વર્ણન કરતા વૉલ્ટર પેટર જણાવે છે કેઃ—

"As a quality of style, at all events, soul is a fact, in certain writers–the way they have of absorbing language, of attracting into the peculiar spirit are of, with a subtlety which makes them, actual result seem like some *inexplicable inspiration* (Italics are ours)"

આ જ રીતે Great and Good શૈલીના–કવિત્વ કલાના પ્રકાશકના સંબંધમાં જ તે શૈલીનો ભાષ્યકાર આ પ્રમાણે કહી રહે છે, અને તેમાનુ ઘણે અંશે સૌ. કનુબ્હેનની કલામા વ્યક્ત થયેલ છે:—

It is on the quality of the matter it informs or controls, its compass, its variety, its alliance to great ends, or the depth of the note of revolt or the languages of hope in it, that the greatness of literary art depends........Then if it be denoted further the increases of men's happiness, to the redemption of the oppressed, or the enlargement of our sympathies with each other, or to such presentment of new or old truth about ourselves or our relation to the world as may ennoble and fortify us in our sojourn here, or immediately, as with Dante, to the glory of God, it will be also great art... ..If, one and above these qualities I summed up as mind and soul. That colour and mystic perfume and that reasonable structure, it (the great art) has something of the structure, it has somethig of the soul of humanity in it, and finds its logical, its architectural place, in the great structure of human life."

સૌ. કનુબ્હેનની આ રીતની સાહિત્ય ઉપાસનાના, તેની સરસ શૈલીના અને તેમા નિવસતા–વિલસતા શક્તિસમૃદ્ધ આત્માના કંઇક ઉપલક પિછાન કીધા પછી આપણે કેવળ હવે એક સંકુચિત માર્ગ પ્રતિ વળીએ. ક્રીરમની માફક સૌ કનુબ્હેનના કાવ્યો ત્રણ ખંડમા વ્હેંચાયેલ માલૂમ પડી આવે છે. ૧૯૧૪ થી ૧૭ સુધીમા લખાયેલ કાવ્યોનો પ્હેલો ખંડ, ૧૭ થી ૨૦ નાનો બીજો, અને ૨૦ પછીનાનો ત્રીજો. આ નિક્ષેપમાં ઉતારેલ કાવ્યો ને ગીતો એ ત્રણે ખંડમાંથી છે–સિવાય કે ટાગોર–શૈલનાં કાવ્યો છંદ કે ગેયતા દ્વારા આત્મ-ગુંજન જ્યાં પ્રદર્શિત નથી થઇ શકેલ ત્યાં ટાગોર-શૈલીનો ઉપયોગ કીધો છે ને તે દ્વારા મનોમત્ત નિજ વિશાળ ભાવનાને ઉચ્ચરી છે. પણ તેમની સર્જની સમાલોચના અત્રે નથી કીધી—તેમનામાં સર્જના નીરનીરાળી રીતે વહતા તત્ત્વની સમીક્ષા અત્રે સ્થળસંકોચને લઇને થઇ શકે એવું ન જણાતા માત્ર ઉપલા ત્રણ ખંડોનાં કાવ્યો ને ગીતો માત્રને જ આ નિબંધમા સ્થાન આપેલ છે; તેમનો જ અંતર્ગત મર્મ, તેમનું જ વ્યાપક તત્ત્વ પિછાનવા

પ્રયાસ આદર્યો છે. એટલે સારૂં ય તેમનું "સાક્ષરજીવન" અહિં નથી ઉકેલાયું-કેવળ 'કવન' જ અને તે ે અમુક પ્રકારના કાવ્યો સિવાય-

પ્રભુપ્રેમ.

"તુજ યશગાન ગાવા મ્હારૂં અહિં અવતરણ છે. આ વિશ્વમંદિરના એક ખૂણામા મ્હારૂં સ્થાન છે." —ગીતાજલિ, ગી. ૧૫.

"આ વિશ્વના આનંદ-ઉત્સવમા મને મ્હારૂં નિમંત્રણ પ્રાપ્ત થયું છે; ને એ પ્રકારે મ્હારૂં જીવન ધન્ય બન્યું છે. દષ્ટિશ્રુતિ મ્હારાં સફળ થયાં છે.

"બંસી બજાવવાનું કાર્ય મને આ ઉત્સવમા સોપ્યું હતું; ને યથાશક્તિ મેં તે કર્યું છે." ગીતાજલિ. ગી. ૧૬.

બસ, પ્રેમ-એ એક જ શબ્દમા સૌ. કનુબ્હેન દવેનાં સર્વ કાવ્યો ને ગીતોનું રસરહસ્ય પ્રતીત થઇ રહે છે. Love is her Alpha and Omega-Love transcendental love etherial. 'પરમ પ્રેમ પરબ્રહ્મ, માત-પ્રેમ, તાત-પ્રેમ, ભગિની-પ્રેમ, બન્ધુ-પ્રેમ, દામ્પત્ય-પ્રેમ અને અન્તે સન્યસ્ત-સારપ્રેમ' એ રા. કવિની ઉત્તમ ગીતમાળાનો સર્વોત્કૃષ્ટ મંત્ર સૌ. કનુબ્હેનનાં કાવ્યો ને ગીતોના પ્રત્યેક શબ્દમાથી સરી રહે છે. ભક્તિ, દયા, સન્માનભાવ એ સર્વ આ પ્રેમભાવનાના જ તેમના કવનમા દીપતા નીરનીરાળા આદર્શ માત્ર છે. આથીજ પરમ પ્રાર્થનભાવી ભક્તિસાદર્ય ઝરતા કાવ્યોથી માંડીને તે મૂક ને નિર્દોષ પ્રાણી પ્રત્યે પણ આ પ્રેમતત્ત્વનું સૂક્ષ્મ સ્વરૂપ દયા રૂપે, માયા રૂપે, સમભાવના રૂપે દષ્ટિગોચર થતું તેમનાં કાવ્યોમાં આપણે જોઇ શકીએ છીએ.

હા રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો,
  જન્મ મૃત્યુનો ઝૂલો ઝુલાવતો·
હા રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો.
  સ્નિગ્ધ સનાતન એક જીવનની
  નોંબે વીરહાક વગાડતો.
હા રે કોક ઓથેથી વિશ્વને હુલાવતો.
  વિજળી ચમકારમાં ને નયનપલકારમા
  એક એ અવિનાશ વિરાજતો:
હા રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો.
  સ્થૂલ સૂક્ષ્મ જીવન જંત્રી અદ્દભુત કો છેડતો.
  ભાવભાન વિરલાં જગાડતો:
હાં રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો.

---

* જુવો સૌ. કનુબ્હેનનો એક ઉલ્લેખ-"વનિતા ને કવિતા' નામનો મુંબઇમાં એક ભાષણરૂપે વાંચેલ તથા 'સાહિત્ય' માં ૧૯૧૮ ના જાનેવારીના અંકમાં પ્રસિદ્ધ થએલ-જે તેમના કવિતા વિષેના વિચારો સારી રીતે પ્રકટ કરી રહે છે.

ભરતી ને ઓટ સમાં દ્વંદ્વમૂલ કારમા
ત્યા યે એ પ્રેમલ પ્રકાશતો:
હાં રે કોક ઓથેથી વિશ્વને હુલાવતો.
ગુણાતીત ગુણીયલ, વામન વિરાટ સમો
સચરાચર વ્યાપક વિલાસતો:
હાં રે કોક ઓથેથી વિશ્વને હુલાવતો.

આ ગીતદ્વારા પરમ પ્રેમાસ્પદ પરબ્રહ્મની ઉંડેરી ભાવના પ્રકટ થયેલ આપણને નજરે પડયા વિના નહિ રહે. ધીરા કવિનું નાનકડું પદ—

તરણા ઓથે ડુંગર રે:
ડુંગર કોઇ દેખે નહિ:
અજાજૂથમાંહે રે:
સમરથ ગાજે સંહીં—

એ પદના સંસ્કાર 'હાં રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો' મા વ્યક્ત થએલ સહજ માલૂમ પડી આવે છે. પરન્તુ એટલેથી જ તે અટકતા નથી. ઓથેથી વિશ્વને હુલાવનાર, પ્રસન્નપ્રાણ તેને રમાડનાર, લીલા ને ખેલનભાવે તેને પ્રચંડ ક્રોડારૂપે લેખનાર, એ ગુણાતીત છતાં ગુણીયલ–નિર્ગુણ છતા સગુણ, વામન છતા વિરાટ, સાકારનિરાકાર Spirit–Person ચરાચર વ્યાપક કોક પરાત્પર પરબ્રહ્મ નાનકડાં વિધવિધ જન્મ મૃત્યુ સમાં દ્વંદ્વોમાં સળંગ સ્નિગ્ધ ને સનાતન એક અનંત અખંડ જીવનતત્ત્વની જ પ્રેરણા સ્થાપી રહેતો, તેના પ્રભાવ-પ્રતાપ ભણતો, અને એ દેખીતાં ભરતી ને ઓટ સમા દ્વંદ્વમા ઉંડેરી પ્રેમલતાના ભવ્ય દિવ્ય પ્રકાશ પાડતો એ સ્રીકવિને મન વસેલ છે.

જર્મન–ફિલસુફીને વશવર્તી બનેલ કાર્લાઇલને મન જેમ સારૂં જ પ્રકૃતિતત્ત્વ કોક નિગૂઢ અંતર્ગત અદીઠ સ્વરૂપનું–Divine Idea નું પ્રકટીકરણ જણાઇ રહે છે, અને જેને ઉપનિષદ્કાર 'ઇશાવાસ્ય' ઇદં સર્વં યત્કિંચ્ય જગત્યાં જગત્' એ રીતે વર્ણવે છે તેમ અહીં સૌ. કનુબ્હેનને ચિત્ત પ્રેમ–પરબ્રહ્મનો આ જીવંત સાક્ષાત્કાર થએલ જણાઇ આવે છે. એક બીજા કાવ્યમાં તેઓ જણાવે છે તેમ—

ઉષસ્‌સ્મિતમા: સમીરલહરીમા
આન્દોલન–અભિષેક:
ઝીલાયે:–
દૂર દૂરના સન્દેશ.

દેવભાવના આ પરમ આન્દોલનવલ્લા સંદેશ એ કોમલ હૃદયને વારંવાર સ્પર્શ કરી રહેતા માલૂમ પડી રહે છે. શેલી લખે છે તેમ:–

That Light whose smile kindles the Universe,
That Beauty in which all things walk and move,
That Benediction which the eclipsing curse
Of Birh can quench not, that *sustaining Love*

Which through the web of being blindly wore
By man and beast and earth and air and sea
Burns bright or dim as each are mirrors of
The fire for which all thirst; now beams on me,
Consuming the last clouds of cold mortality.—

તે પ્રકાશ, તે સૌંદર્ય, તે કલ્યાણતત્ત્વ, તે પ્રેમ-પરબ્રહ્મનાં આન્દોલન સૌ. કનુબ્હેન અહીં ઝીલી રહેલ છે. તેઓ આવા સમયે લખે છે કે—

સ્મૃતિ અગોચર, લાધે અનંદન:
જયધ્વનિ ગર્જે વિશેષ:
પ્રાણપ્રોયું મ્હારૂં પુષ્પ વિકસીયું:
સુરભિ ચરાચર એક:

ઝીલાયે —

દૂર દૂરના સન્દેશ.

વર્ડ્ઝવર્થને મન કુદરતમાં order વ્યવસ્થા વ્યાપક દીસતી; અને શેલીને મન ‘ પ્રેમ ’ તત્ત્વ સર્વત્ર સચરાચર સભર ભર્યું ભાસતું. સૌ. કનુબ્હેનને ચિત્ત ‘ વિશ્વને ઓથેથી હુલ્લવનાર ’ કોક અનિર્વાચ્ય અવિનાશ વ્યક્તાવ્યકત ભાવમાં કેવળ પ્રેમ-પરબ્રહ્મનું જ પ્રકાશન થયેલ માલૂમ પડી આવે છે. એ જ એક તત્ત્વ ઉપનિષદકારની પરિભાષામાં ‘ નયન-પલકારમાં ને વીજળી ચમકારમાં ’ સ્પષ્ટ દીસી આવે છે, એ જ એક તત્ત્વ સ્થૂલસૂક્ષ્મ સર્વ કો જીવન તંત્રીને અદ્‌ભુત બજાવનાર તરીકે વિલસી રહેલ છે, એ જ એક તત્ત્વ માનવી માત્રમાં વિરલ ભાવ-ભાનનું પ્રેરક તત્ત્વ છે-કવિઓનાં, પયગંબરોનાં, શસ્ત્રજ્ઞોનાં, કલા--વિનોદનાં, સન્તોનાં-સર્વ કોઇનાં ‘ હદ્દેશે ’ વિરલ આન્દોલન-પ્રભાવ પ્રકટ કરનાર તેજ એક અગોચર સત્ત્વ છે, તે જ સ્નિગ્ધ સનાતન એક જીવનની-સળંગ જીવનની-Life is all life-it can't be death -ની વીર હાક વગાડતું પરમ તત્ત્વ છે. એથીજ સૌ ‘ સંતોને ’ પ્રાર્થે છે કે આ સન્તના-તમારા વિશ્વ-આશ્રમને પ્રેમગૃહ, પ્રાર્થનગૃહ બનાવી રહો—

વિશ્વ--પ્રેમ સ્ફૂરે જહીં,
ભક્તિભાન જાગે જહીં.
અભય શાન્તિ અનંદ લ્હાવો, હો સન્તો!
પ્રાર્થનગૃહ વિશ્વને બનાવો:
દેવગૃહ વિશ્વને બનાવો:
* * *
જનતા જગની જહીં
ઝીલે આશ્વાસન;
પિતૃત્વ ઇશ્વરી પઢાવો; હો સન્તો!
માતૃત્વ પ્રકૃતિના કહાવો; હો સન્તો!
ભ્રાતૃત્વ પ્રાણીના સુણાવો; હો સન્તો!
પ્રાર્થનગૃહ વિશ્વને બનાવો.
* * *

પ્રાણે મહાપ્રાણ પધરાવો;
પિંડે બ્રહ્માંડ પ્રકટાવો;
અદ્વૈત મોક્ષદા બઢાવો; હો સન્તો !
પ્રાર્થનગૃહ વિશ્વને બનાવો.
જડભાવી ભાવના ત્યજાવો, હો સન્તો !
મિથ્યા ક્રય વિક્રયો હઠાવો, હો સન્તો !
પ્રાર્થનગૃહ વિશ્વને બનાવો.

'હા રે, કોક ઓથેથી વિશ્વને હુલાવતો '–ખરેખર, અર્વાચીન ગુજરાતમાં આવા અનુત્તમ ભાવ ભણતાં કાવ્યો કદાચ થોડાંજ જણાય છે. એમાં સૌંદર્ય, ઓજસ્, પ્રસાદ ને માધુર્ય પ્રત્યેક તેના ચરણમાં સુવ્યક્ત થઇ રહેલ છે. અદ્ભુત રસનું સંમાર્જન આધન્ત તેમાં થઇ રહેલ છે. અદીઠ ને ઓથેથી વિશ્વને હુલાવનાર વિશે તો મીરાંરાણી કહે છે તેમ 'અચરજ લીખીયો ન જાય '–એમજ અહીં થઇ રહેલ છે. નરી ફિલસુફી વા અગમ્ય ભાવના નહીં પણ કાવ્યમય ફિલસુફી- દુનિયાના અન્ય શાસ્ત્રકાવ્યોને અનુકૂલ અનુરૂપ ફિલસુફી પ્રસન્નમન પથરાયેલી અહીં દૃષ્ટિએ પડે છે. શેલી લખે છે તેમઃ—

He spoke of poetry, and how
Divine it was--a light, a love-
A spirit which like wind doth blow
As it listeth, to and fro
A dew rained from God above,
A power which comes and goes like dream,
And which none can ever trace.

Heaven's light on earth--truth's brightest beam.

આવી ઉચ્ચતર શુદ્ધતર દિવ્યતર ભાવના સારા ય કાવ્યમાં ઇશ્વરી પ્રકાશને પૃથ્વીપર વેરતી, સર્વોત્કૃષ્ટ સત્યના ઉજ્જ્વલતમ કિરણને ગીતાભાખ્યા 'અનિત્યમ્ અસુખમ્ લોકમ્ પ્રદમ્ ' માં પ્રકટાવતી, સૌ. કનુબ્હેનની આ એકજ કાવ્યકૃતિ તેમને સાહિત્યમાં ઉંચું ને યોગ્ય સ્થાન અલંકૃત કરવાનો અધિકાર બક્ષી રહે છે.

કલાપી કહેતા કે જે કોઇ ઉન્નત ભાવનાવાળી એક જ પંક્તિ રચી રહે છે તેને કવિ તરીકે ઉભવાનો સારો ય અધિકાર પ્રાપ્ત થઇ રહેલ છે. તેમનામાં Creative vision છે. Poetic Impulse છે, તેમ અહીં લક્ષ્યદષ્ટા આ સ્ત્રી કવિ સંબંધી થઇ રહેલ છે. કવિને છાજતી Plato કહેતો તેમ Divinity થી ભરીપરી તેમની ચિત્તસ્થિતિ છે. અને એ રીતે આ અણમૂલી ફિલસુફી દાખતા આ એકજ કાવ્યમાં આપણને તેમની સાક્ષરતાની પિછાન થઇ શકે છે.

ઇશ્વર--ભાવી, પરમ પ્રેમાસ્પદ પરબ્રહ્મ--ભાવી આવી અનન્ય ભાવનાને લીધે જ તેઓએ ટાગોરને ચિત્ત જે પ્રભુ પ્રેમના દિવ્ય સામ્રાજ્યનો, અનાદ્યનંત જીવનતત્ત્વનો, વિશ્વવ્યાપી

આનંદનો, અનાહત ઉલ્લાસનાદનો, જીવન્ત ને શાશ્વત પ્રકાશનો, દેખીતા દ્વૈતમાં ચરાચર સભરભર્યા સંપૂર્ણ અદ્વૈતનો, માયામા વસેલ માયાતીત પરબ્રહ્મનો, જે કાંઇ અમુલખ સાક્ષાત્કાર થવા પામેલ છે, અને જેને નિજ વૈખરી વાણી દ્વારા ટાગોરે ગીતાંજલિમાં ગુંથેલ છે, તે Book of Books નું ભાષાન્તર તેઓ આદરી શકયા અને 'સારી દુનિયામા ગાજતા અને ભરતખંડની કવિતાના કોકિલ ટહુકારનો મધુરો ટ્હુકાર તેમના ભાષાન્તરમાં જે બોલી રહેલ રા. કવિ જણાવે છે તેનું કારણ પણ ઉપલી અપરિમિત પ્રીતિ--ભક્તિ જ છે. અજબ શ્રદ્ધાના બળે કરીનેજ એ સંસ્કારી આર્યા આવા એક અપ્રતિમ ભાવનાભર્યા પુસ્તકનો અનુવાદ કરવા પ્રેરાયા. અને એ પ્રભુશ્રદ્ધાને નિરંતર સતેજ રાખવા—કાર્લાઇલ કહે છે તેમ સદૈવ Everlasting Yea તરફજ વળી રહેવા—તેમની આ પ્રાર્થના જ કાંઇ ઓછી સુંદર નથી—

શ્રદ્ધાનો દીપક સતેજઃ
રહેજો મ્હારો—
શ્રદ્ધાનો દીપક સતેજ.
શંકા અંધાર ઘેરી
ઉગજો ન આગણેઃ
ઉજળો મુજ અંતરનો દેશઃ
રહેજો મ્હારો—
શ્રદ્ધાનો દીપક સતેજ.
દેવાધિદેવના
દિદાર દીઠો આત્મન્
ઓપજો જી' નવલખ વેશ
રહેજો મ્હારો—
શ્રદ્ધાનો દીપક સતેજ.
આન્દોલન ઝીલતું
મુજ પ્રાણ કેરૂં પંખીડું,
પીજો એ અમૃત હમેશઃ
રહેજો મ્હારોઃ—
શ્રદ્ધાનો દીપક સતેજ.

આમ આ અનુવાદ ઇશ્વરતત્ત્વપરના પરમ શ્રદ્ધાભાવે તથા અનન્ય પ્રીતિ ભક્તિને લઇનેજ થવા પામેલ છે. એમાંના પ્રેમભક્તિનાં સૌંદર્યે તેમને આંજી નાંખેલ છે. એમાંનું વેદની ઋચાઓ સમી સરલ સૌમ્યતા તથા ઉપનિષદના મંત્રો સમી વિરલ ભવ્યતાનું સુરસિક ગુંથણ સૌ. કનુબ્હેનને અતિ આકર્ષક થઇ પડેલ છે, અને પ્રાર્થનભાવની પરિસ્થિતિનો નિત્ય અનુભવ કરનાર એ આત્માને 'ગીતાંજલિ' જેવા 'અશ્રુતપૂર્વ' પુસ્તકના ભાષાન્તરદ્વારા ઉંડેરી કૃતકૃત્યતાના અહ્લાદ પ્રગટેલ એ જણાવવું ઓછું જ આવશ્યક થઇ પડે છે. એ પુસ્તકનાં ગીત ૧૮ ને ૧૯ એમને જે અત્યંત પ્રિય હતાં તે એ પરમ પ્રેમભાવનીજ વ્યંજના દાખવી રહે છેઃ—

Clouds heap upon clouds, and it darkens-

Ah love, why dost thou let me wait outside at the door all alone!...............

If thou showest me not thy face, if thou leavest me wholly aside, I know not how I am to pass these long rainy hours......

\+ \+ \+ \+ \+

If thou speakest not I will fill my heart with thy silence and endure it..............

અલબત આજ તો એ વિશ્વનાથ દેવાધિદેવનાં દ્વાર તેમને માટ ખૂલ્યાં છેઃ આજ પ્રતીક્ષા કરવી મટી ગઈ છેઃ આજ તો, તેઓ જણાવે છે તેમ—

કોમલ પ્રકાશ ચુમ્યા
આત્મના ઉઘાડમા
વિરામે ઉરના ઉચાટ:
  લ્યો, લ્યો, ખૂલતાં આ દિવ્યતાના દ્વાર.

ઉભું નીરવ હું
અનંતતાને કાંઠડે
ઝીલન્તી વત્સલ દિદારઃ
  લ્યો, લ્યો, ખૂલતાં આ દિવ્યતાના દ્વારઃ

ભક્તિ ભાવભીની
મુજ દેલ કેરી દેહરી
પ્રસરે તેજસી પ્રભાવ:
  લ્યો, લ્યો, ખૂલતાં આ દિવ્યતાના દ્વાર.

" અનસ્ત બ્રહ્મ વસન્ત કેરા વિરલ ભાવ વિભાવ ત્યા– " તે અનંતતાને કાંઠડે ઉરના સો ઉચાટ શમવી Blessed Damozel જેવી અંશુમાળ ધારણ કરેલ " ન્હાની શી નારાયણી " જેવી આજ તો તે પ્રકાશે છે, ને અહીં જે 'ઓયેથી' વિશ્વને હુલવનાર કલ્પેલ તેનાં સંમુખ પ્રકટ વત્સલ દર્શન ઝીલી રહેલ છે.

સગુણ એ બ્રહ્મ સમાં સાકારઃ
  નમું મુજ માતતાતને પાયઃ

—' લલિત '

આ એકજ ભાવનાભર્યા અર્થાત્ પ્રેમ—તત્ત્વની અનેરી ઝાંખી ભર્યાં બીજાં પ્રેમ–દશ્યો સમા ગીતો ને કાવ્યો પ્રત્યે હવે, આપણે વળશું—પિતૃપ્રેમને ઉદ્બોધતાં માતા અને પિતા બન્ને સૌ. કનુબ્હેનના છેક નાનપણમાથી પરમાત્પદે ઢળેલ છે. એ બન્નેને શ્રાદ્ધાંજલિ અર્પતાં ને એ રીતે સાધુજીવનને છાજતા પિતૃયજ્ઞનું પરમ ભાન કરાવી રહેતાં આ બે નીચલાં તેમનાં ગીતો પણ તેટલાંજ સરસ ને ભાવભીનાં છે. કૈવલ્ય પામેલ સાધુ— પિતામાતાનું શ્રાદ્ધ, જીવ-

ર્ધનરામભાઇ કહે છે તેમ, પુત્રો તથા પુત્રીઓ તેમના ગુણકીર્તન ને જ્ઞાનોલ્લેખથી જ કરે છે. આ નીચનાં ઉભય કાવ્યોમાં પણ એ જ સરસ જ્ઞાનોલ્લેખ ને ગુણકીર્તન ગોચર થઇ રહેશેઃ —ઉપરાંત એટલું ધ્યાનમા રાખવાનું છે કે આ બંને ગીતો કવિ તરિકેની તેમની છેક ઉગતી અવસ્થાનાં છે અને તે રીતેજ તેમને અવલોકવાનાં છેઃ—

તાતને.

પુણ્યધામે મ્હારા તાત રે!
પ્રભુ, ત્હારા—
પુણ્યધામે મ્હારા તાત રે!
સેવા કરતા ને મીઠા મેવા આરોગતા,
હૈયામાં હરખ ન માય રે!
પ્રભુ, ત્હારા—
પુણ્ય ધામે મ્હારા તાત રે!
સૂર્ય શી કાન્તિ ને ચન્દ્ર શી શાન્તિ ધરી
તાપસી એ અણમુલા સુહન્ત રે!
પ્રભુ, ત્હારા—
પુણ્યધામે મ્હારા તાત રે!
વેણુ વાગે પ્રભુ, ત્હારી આકર્ષતી
થૈ થૈ થૈ એ નાચંત રે!
પ્રભુ, ત્હારા—
પુણ્યધામે મ્હારા તાત રે!
શબ્દબ્રહ્મ ગાજે ને ચિતડાં નાચે,
કલ્યાણમંત્ર વહંત રે!
આંદોલનો એ અવનવાં કંઇ
અમ શિર ઢોળે અનંત રે!
પ્રભુ, ત્હારા—
પુણ્યધામે મ્હારા તાત રે!

માતને

સ્નેહધામે મ્હારી માત રે!
વિભુ ત્હારા—
સ્નેહધામે મ્હારી માત રે!
શ્રદ્ધાણુ સોહાગણુ, રસકેરી માલણુ,
નિર્મળા વિલાસે મ્હાલંત રે!
નયન નયનમાં સન્દેશ કહાવે,
રભુ ત્હારી રસબંધ રે!
વિભુ ત્હારા—
સ્નેહધામે મ્હારી માત રે!
ઉષા શું તરતી ને ચંદા શું રમતી
તારલી શું રવતી અતુલ રે!
કિરણુ કિરણુમાં આનંદ બહાવે
પ્રભુ! ત્હારી રસવેણુ રે!
વિભુ ત્હારા—
સ્નેહધામે મ્હારી માતરે!
વ્હાલના વ્હેણુ ને અમીનાં ગોરસો
ઝરતી એ કલ્યાણ દૂધ રે!
ભવના બંધન માજી! છોડી દઇને
ઢળીએ પ્રભુ!—પાય રે?
વિભુ ત્હારા—
સ્નેહધામે મ્હારી માતરે!
માત ને તાત પ્રભુ! ત્હારા ચરણમાં
શાન્તિ પામો રસ ભેર રે!
પૂર્ણાનંદે મ્હાલી હર્ષ કેરે આસુડે
ભીંજી રહો અમારાં અંગ રે!
પ્રભુ ત્હારા!
પુણ્ય—સ્નેહ ધામે માત તાત રે!

પ્રભુના પુણ્ય ધામે પિતાની અને સ્નેહધામે માતાની પ્રતિષ્ઠા સ્થાપતાં આ કાવ્યદ્વય કોઇ અનેરા બાળભાવનું નિર્દોષ ને નિખાલસ ગુંજન વાચકને ચિત્ત પ્રેર્યા વિના નથી રહેતાં. તેમની ' જીવનસ્મૃતિ ' માં પ્હેલવ્હેલાજ આંકેલા ભાવ આ રીતે પ્રકટ છેઃ

" હું ઘણીજ ન્હાની હતી ત્યારથી માતા કરતાં પિતા મ્હારાપર વિશેષ વ્હાલ રાખતા. માતા કરતાં પિતા કને હું વિશેષ ઉછરી હતી. પિતાની હું લાડકી પુત્રી હતી. પરંતુ માતાના ગુણોત્કર્ષ ધાવણમાંથી મને મળેલા તે હજુય તેમના તેમજ છે. મ્હારી માતા ગીતા ઉપનિષદ્નાં અભ્યાસી હતાં; સાથે સાથે સમાધિ-યોગ પણ ધારતાં. એમની મુદ્રા શાન્ત ને દીન હતી. અને તેવીજ મુદ્રા મ્હારી પર પણ પડી-છેક નાનપણથી પડી ને હજુય તે તેવીજ રહી. સમૌન શાન્તિ મને સદાસર્વદા પ્રિય થઇ પડી છે, તે માતાનીજ. પિતા કનેથી હું મનોબલ શીખી છું; અને સંસારમાં મને તે સન્મિત્ર રૂપ નીવડયું છે. આજ અને સદાસર્વદા-શ્રદ્ધાભાવે પિતામાતા બન્નેનો મને મળ્યો છે. અને મ્હારા જીવનના જીવનમાં છેક ઉંડા તેનાં મૂળ પથરાયાં છે. એ શ્રદ્ધાભાવે જીંદગી-અફલ જેવી જીંદગી-મેં યત્કિંચિત્ સફલ કીધી છે-કરૂં છું.

માતપિતા પ્રત્યની મૂલગત આ સન્માનભાવી પૂજ્યબુદ્ધિમા રા. બ. રમણભાઇ જણાવે છે તેમ નિસર્ગભાવી ' તેમની કલ્પનાપરાયણ પ્રકૃતિ સહાયભૂત થઇ ' અને આ કાવ્યોનો —ગીતોનો ઉદ્ભવ થઇ શકયો. એ જ ' જીવનસ્મૃતિ ' ના ત્રીજા ખંડમાં તેઓ જણાવે છે કેઃ—

" જન્મપ્રૌઢા તો કંઇક હું ન્હાનપણથીજ હતી. ઉંડાં ઉંડાં સ્વપ્નો ને તરંગોમાં કેટલીક વખત હું પૂર્ણ ઘૂમી રહેતી. કેટલીક દીઠેલી તો કેટલીક નહિ દીઠેલી એવી વ્યક્ત અવ્યક્ત મૂર્તિઓ સાથે વાર્તાલાપ કરતી, તેમના સન્દેશ સુણતી, તેમના ભાવાભાવ જાણી લેતી, ને મ્હારો જીવનપંથ તે દ્વારા ઉજાળવા પ્રયત્ન કરતી. કોક કોક એ કલ્પિત મૂર્તિઓ તો જાણે મને આખુંય મ્હારૂં ભવિષ્ય કહી જતી. સુખદુઃખ, સારૂં નરસું, જીવન મૃત્યુ ઇત્યાદી દ્વંદ્વોનાં ભાન કરાવી જતી. હવે મ્હને લાગે છે કે તે મ્હારા દેવદૂતો તો કદાચ ન હોય જે હજુય મ્હારી સાથે વાતાવરણમા, તો કદિક પ્રકટ, એમ લહેરે છે ને સત્ય વાણી સૂણાવે છે. "

'જીવનસ્મૃતિ' માંનાં બન્ને અવતરણો પરથી એટલું તો આપણે જાણી શકશું કે આ બન્ને કાવ્યો કેવળ બહિર શિક્ષણના અથવા કેવળ માના ધાવણમાંથી હિન્દમા મળતા તેવા સંસ્કારોનાં પ્રતિબિમ્બ નથી. પણ તેથી પર તેઓ કોક જીવન્ત સાક્ષાત્કારના—ધન્ય આંદોલનો ઉકેલતી આત્માની કો ' દિવ્ય' પલમાત્રનાં તે ગીતો છે આજ તો એ પોતેજ ત્યાં—એ પ્રભુ ધામમા પરમ પ્રકાશે છે—પૃથ્વીપરનાં નિજ માતાપિતાની સ્હોડયમા અને સૌ બ્રહ્માંડના પરમ પિતાની પ્રેમળ પાંખમાં—એટલે જે સંવેદન અહીં આ કાવ્યો દ્વારા જગવેલ છે તેનું પ્રકટ દર્શન તેઓ કરી રહેલ છે. સેવા કરતા અને મીઠા મેવા આરોગતા પિતા—અને 'શ્રદ્ધાળુ સોહાગણ તથા રસકેરી માલણ' માતાના ભાવો તે તે કાવ્યો દ્વારાજ મઝેથી વ્યકત થએલ છે. અલબત એ બાળભાવી શિશુપ્રેરણાભર્યા કાવ્યોમાં જે કોક કોક Unique word-જગન્નાથ જેને રમણીયાર્થ પ્રતિપાદક શબ્દ કહે છે તે વીહરતો માલૂમ પડે છે, ત્યાંજ તેમની સંપૂર્ણ સાર્થકતા કાવ્ય તરીકની સાર્થકતા પૂરવાર થઇ રહે છે.

ગુસ્ટાવ ફ્લૉબર્ટની રસકલામાંવીહર તું સૌંદર્યતત્ત્વ શા વડે આટઆટલું દીપી રહે છે તેનું ભાન કરાવતો તેના પરના એક સમભાવશીલ ટીકાકારનો નીચલો ઉલ્લેખ ઉપલી Unique word. ની સૌ. કનુબ્હેનના કાવ્યોમાની યોજના વિશેનો અચ્છો અનુભવ કરાવી રહેશેઃ—

Possessed of an absolute belief that there exists but one way of expressing one thing, one word to call it by, one adjective to qualify, one verb to animate it, he gave himself to superhuman labour for the discovery, in every phrase, of that word, that verb, that epithet. In this way, he believed in some *mysterious harmony of expression,* and when a true word seemed to him to lack euphony he still went on seeking another, with invincible patience, certain that he had not yet got hold of the unique word. Among all the expressions there is but one-one form, one mode to express what I want to say. વૉલ્ટર પેટર આના પર ટીકા કરતા લખે છે કે—The one word for the one thing, the one thought, amid the multilude of words, terms that might just do, the problem of style was there !–the unique word, phrase, sentence, paragraph, essay or song, absolutely to the single mental presentation or vision within.

આ રીતે ઉપલા કાવ્યોની સમીક્ષા આદરતા ઉચિત શબ્દોની–રસોત્પાદક શબ્દોની–રમણીય અર્થનું પ્રતિપાદન કરતા શબ્દોની–મૃદુલ–મધુર ખીલવટ જામેલ ત્યા જણાઈ આવશે:

' સૂર્યા શી કાન્તિ ને ચન્દ્ર શી શાન્તિ '–આ ભાવને દર્શાવવા ભાગ્યેજ બીજા ઉચિત શબ્દો (Unique words) ભાષામા મળી આવે !

' શબ્દબ્રહ્મ ગાજે, ને ચિત્તડા નાચે: ' આ ભાવનાવાહક રસોત્પાદક શબ્દો ભાગ્યે જ અન્ય મળી શકે !

' અહ્રાળુ સોહાગણ, રસ કેરી માલણ '–કિયા અન્ય શબ્દો દ્વારા આમા ઓતપ્રોત થએલ ભાવ દર્શાવી શકાય તે કળવું મુશ્કેલ છે !

' રૂપાશું તરતી ને ચન્દાશુ રમતી
તારલીશું રવતી અતુલ રે ! '—

કેવળ સુયોગ્ય ક્રિયાપદની જ રસિક ગુંથણી આ શિશુભાવી કલ્પનામા સર્વોપરિ ભાવ ભજવી રહેલ કોને નહીં સમજાય ?

' વ્હાલના બ્હેન, ' ' અમીના ગોરસા, ' ' કલ્યાણ દૂધ '–એ સર્વ આવા જ સુરસિક શબ્દપ્રયોગો યોજાએલ છે અને તે પણ વિનાઆયાસે: સ્વયંસ્ફુરિત જ:

એક બે લીંટીઓની ગણનાજ કરી ભૂલી ગયા ! ' નયનનયનમા સદેશ કહાવે '–કેટલું સુમધુર ઉચ્ચારણ ! ને તેથી ઉપજતું કેટલું રસમર્યું ભાવપ્રકાશન' અને તે જ પ્રમાણે:—

' કિરણ કિરણમા આનંદ વ્હાવે: '

બસ, વિશેષ ટીકા વા વિવેચનને હવે અવકાશ નથી ! માત્ર એટલું જ જણાવવું ઉચિત થઇ પડશે કે આ ઉભય શિશુભાવી નિર્દોષ ને નિખાલસ કાવ્યોમા જે અનન્ય પ્રેમતત્ત્વનું

ભાન થઇ રહે છે તે પ્રથમ કહી ગયા તેમ સગુણ બ્રહ્મસમા માતપિતાનાજ પ્રેમનું છે. અર્થાત્ માતપ્રેમ, તાતપ્રેમ દ્વારા પરમાવધિ પ્રભુપ્રેમ જ પ્રકટ થએલ છે.

૩ ભગિની પ્રેમ.

ભગિની-પ્રેમને પ્રકટતુ આ એક કરુણ કાવ્ય પણ જોઇએ:—

દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનડી !
જન્મી સખી ! સંસારમા
ન મળી કદી સુખની ઘડિ:
શાન્તિ ન ક્યાં, આનંદ ના:
આશા નિરાશામા ભળી !
દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનડી !
ભાગ્ય ફેરવવા મથી:
પ્રારબ્ધ સામે યે ઝૂઝી !
પુરુષાર્થ સંધુ પ્રકટતી
લીલાકલા ક્યા આથમી ?
દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનની !
અવ જોમ ના: ઉત્સાહ ના:
પૂર પ્રેમના વહી ગયા !
હૃદય પટ આસ્તિકતાના
રંગ સૌ ઉપટી ગયા !
દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનડી !
ગીત ગભીરા વિરમ્યા.
જીવન મૃત્યુમા ભજ્યા
પ્રકાશના કિરણો મધુરા
અનંત અંધારે શમ્યા !
દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનડી !
રસ ગયા: રસધાર સૂકી:
અંગ-સૌંદર્યે સર્યા !
ઉરનાં ઐશ્વર્ય કહી
આલિંગને સંચર્યા !
દુ:ખના ઓછાડ, મ્હારી બ્હેનડી !

' કારમો કરુણરસ ' તે આનું નામ ! પ્રત્યેક પંક્તિમા આદિથી અંત સુધી આત્માનું ઉંડેરું રુદન શબ્દ રૂપે ચીતરાયું છે-અને છતાંય પૂટપાકવત્ એ શોકછાયા છાયા રૂપેજ તેના પ્રખર કલ્પાન્તમા પણ નજરે આવે છે.

સને ૧૯૧૫ મા સૌ. કનુબ્હેને સુરત સાહિત્ય પરિષદ માટે 'અકાળે કરમાયલી કળીઓ' નામનો એક નિબંધ લખેલ, જેમા સૌ. સુમતિબ્હેન તથા સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી એ બન્ને અકાળે ધ્વસ્ત થયેલ સાહિત્યની ભાવી પ્રચંડ અભિલાષાઓ વિશે અતીવ કરુણ ઉલ્લેખ હતો. એમા પણ ઉપરોક્ત જ એક ધ્વનિ પ્રકટ થતો હતો. પોતે એ બન્નેમાથી એકપણના પરિચયમા આવેલ નહિ, પરન્તુ શેલી જેમ કિટ્સ પ્રત્યે તેના અકાળ મૃત્યુના ક્રૂર કારણ વિશે જાણી Adonais રૂપી અતિ કરુણ ને મર્મવેધક કાવ્ય આલેખી શકેલ, તે જ રીતે સૌ. કનુબ્હેનને આ ઉભય નિજ પ્રાન્ત ભગિનીઓના અકાળ અવસાનના ક્રૂરતમ કારણની પિછાન થતા તેમના ચિત્તને જબરજસ્ત આઘાત થયેલ ને તેને અનુસરીને તેમના શ્રાદ્ધ રૂપે એ નિબધ તેમણે આલેખેલ. સૌ. સુમતિબ્હેનના 'હૃદય—ઝરણા' નો નરસિંહરાવભાઇનો પુરઃસ્કરણ લેખ-Foreword તથા સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદીના પોતાના જીવનવૃતાત સંબધીના સુંદરી સુબોધમા પ્રકટ થએલ પત્રોએ સૌ કનુબ્હેનના ચિત્તપર અતિ કારમી છાપ —ખાસ કરીને તેમાના ગૃહજીવનના—પતિપત્નીના આન્તર જીવનના પ્રસંગોના ઉલ્લેખોએ — જે સૌનો ધ્વનિ ગોવર્ધનરામ ભાઇ જણાવે છે તેમ આ એક જ પ્રકટ થતો હતો કેઃ—

> મુજ દેશ વિષે રસમાળી વિના
> ફળ ફુલ ધરે નહીં નારી લતા !
> રસ શોધન સેચન ના જ બને !
> ધન રાશિ અચેતન મુજ રહે !

રસઐક્ય ને ઉર-ઐક્ય વિનાના લગ્નોમાં 'રસશોધન સેચન' કઇ રીતે થઇ શકે? અને એ રીતે Ruskin કહે છે તેમ દેશનું અણમૂલું નારીધન, અને તેના સર્વ કોઇ રસ-રાશિ કેવળ અચેતન—જડ જ રહે એમા શી નવાઇ ! એક પાખાળું આપણે અહીંનું પુરુષ-જીવન કેટલું ઉડી શકે ?—અને તે ઉપરાત કોક કોક જન્મસિદ્ધ સંસ્કારી નારીલતાઓની અવગણના કરતું, તેમના સર્વ સંસ્કાર લૂંટી લેતું, અને તે દ્વારા તેમની અકાળે 'હિંસા' કરતું પુરુષ—જીવન દેશમસ્તનો શો અભ્યુદય સાધી શકશે ? કારણ સ્નેહના આઘાતે ઘવાયેલ સ્ત્રીહૃદય તો કુમુદસુંદરીની માફક દર્દભર્યું કેવળ ૫ટકયું ફટકયુંજ ૫રવાનું ! પ્રેમનાં પૂર વહી ગયા પછીનુ ઉત્સાહશૂન્ય, સામર્થ્યશૂન્ય સ્ત્રી—જીવન મૃત્યુમાં મળ્યા વિના ન જ રહે ! નભીર તેના સારાંય ગીત વીરમી જ જાય ! પ્રકાશના બાલ્યકાળે ઝીલેલ ને યુવાને ઉમરે પગ માડતાં સ્વપ્નેલ મધુર કિરણજુથ માત્ર અનંત અંધારમા જ શમી રહે ? કારણઃ—

> રસ ગયા !
> રસ-ધાર સરી !
> અંગ સૌંદર્યે સર્યા !
> ઉરનાં ઐશ્વર્ય ઉડી
> આર્તિ-ગતે સંચર્યા !

આવું આર્ત્તિ—આચ્છાદન ઓઢેલ હિન્દી લલના-ગુજરાતી યુવતીઓ શું ઓછી છે ? નિજ બ્હેનના એક વિલાપ—ગીતમા, ગોવર્ધનરામભાઇએ નિજ પુત્રી 'લીલાવતીની જીવન-કલા' ની પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ સૌ. કનુબ્હેને પણ અનેક નિજ દેશ—ભગિની-

ઓના પ્રેમ—ધ્વસની અને તે સાથે સર્જરવના અવસાનની કરુણરસપ્રધાન ગાથા છેડેલ છે, મેરી કોરેલીના Murder of Delcia અને Innocent–Her fancy and His fact–નામના બન્ને નવલો જેણે જેણે ઉકેલ્યા હશે, તેમને જરૂર સૌ કનુબ્હેનના ઉપલા કાવ્યના પ્રત્યેક શબ્દ—મર્મનું રહસ્ય સમજાયા વિના નહીં રહે.

આજ બ્હેન વિષે ૧૯૨૧ મા 'મ્હારી નોધ— પોથી'મા તેઓ નીચે પ્રમાણે લખી ગયા છે:—

" માતૃજ્યોતિની જ્વલત જ્વાલા '
મહીયરની યોગમાયા ' "

" કેવું મીઠું ને પ્રેમાલ અભિધાન ' પરમ વત્સલ માતૃજ્યોતિના તથા સાથે મ્હારી સ્ત્ભીની બ્હેનના મને આજ સ્વપ્નદર્શન લાધ્યા. તે સિદ્ધલોકમા ઉભયે સંચાર કીધો છે. જ્યા ગોવર્ધનરામે સૌભાગ્યદેવી ને ચંદ્રલક્ષ્મી સમા ઉજ્જવલ પાત્રોનો નિવાસ નિયોજ્યો છે. એની એ જ યોગવિલીનતા મ્હારા માતાને મુખડે દેખાઇ એની એ જ ચિન્તનરેખાઓ તેમને લલાટ દોરાયલી હતી: એની એ જ સુન્દરતા, એની એ જ શાન્તિ: એના એ જ સહનશીલતા ને ક્ષમાભાવ:—પણ અહી તે સર્વ તેમના સંપૂર્ણ સ્વરૂપમા જાજ્વલ્યમાન દીસતા. સ્થૂલ વૃદ્ધિ માતાની તેમ બ્હેનની અટકી હતી, અને તેથીજ સૂક્ષ્મ સદ્ભાવનાઓના પ્રકાશન આટ-આટલા સતેજ ને સોહામણા દીસતા.

" બ્હેનના ગંભીરતા, શાણપણ, સુશ્રુષા, હેતાળતા,—સૌ જ પ્રત્યક્ષ થયા. એમના ટુંકા આયુષ્યનું પૃથ્વી પરનું સૌ સહુ ઉંડી તપસિદ્ધિને દાખવી રહેલ મને જણાયું: ને ભગવદ્વાક્ય સાભરી આવ્યું કે:—

नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति ।

ઉભયને નમન નમી રહી: ઉભયના આશીર્વાદ ઝીલી રહી ને એ જ સિદ્ધપ્રદેશમાં હુંય ભવિષ્યમા નિવસુ એને માટ જોઇતી મારી તપસમૃદ્ધિની ગણત્રી ગણતી આ લોકમાં, આખ ઉઘડતા, પુનઃ પ્રવેશી રહી..."

ખરેખર ! આ ભવિષ્યવાણી સહસાજ સાચી પડી ' જાનેવારી ૧૯૨૨ માં આ ૧૯૨૧ ના અક્ષરો સાવ લીલાજ હતા અને બરાબર સો વર્ષ પૂર્વે દૂરના એક દેશમા જે ભાવ ભજવાએલ—શેલીએ ૧૮૨૧ મા કિટ્સની અવસાન ગીતામા પોતા વિષે જે ભાવો સૂચિત કરેલ, અને બીજે જ વર્ષે જેમ તેનું અવસાન થવા પામેલ, તેવુંજ અહી બની ગયું !

" The soft sky smiles,,—the low wind
whispers near:
' Tis Adonais calls ' oh, hasten thither.
No more let Life divide what Death can join together. "

* * * *

The soul of Adonais, like a star,
Beacons from the abode where the Eternals are.- Shelly

સિદ્ધલોકમા વસવાટ કરવાની ને તેને સારૂ જોઇતી તપસમૃદ્ધિ પૂરેપૂરી છે કે નહીં તેની ગણત્રી કરવાની અને હવે તે સાવ પૂરેપૂરી નીવડી તે પ્રત્યક્ષ કરવાની ઉમેદ સૌ. કનુબ્હેનની પાર પડી ' તે સિદ્ધલોકના વસનારાઓએ તેમની આતરવાછના જાણીને દૂરથી ગાયું:

Away away
Where the glittering plauets whirl and swim
And the glory of the sun grows dim
Away Away '
To the regions of light aud fire and air
Where the spirits of life are everywhere.
Come, oh come away !
Away, away !
Come, oh come ! *we have waited long.*
And we sing thee now a summoning song.
Away, away '
Thou art freed from the, world of the dreaming dead,
And the splendours of Heaven are round thee spread.
Come away '-away !

આ ગીતના સાદ તેમને સુણાયા-સ્વાગત ગીતાના નાદ સહસાજ તેમણે સૂણ્યા ને તેઓ ઉડચા.........

૪ સખિ-પ્રેમ.

નર જાત સુખી હશે અહીં કદી મહાલતી સ્વચ્છંદથી:
પણ નારીને રોવા વિના નહિ કર્મમાં બીજું કંઇ:

-ગોવર્ધનરામ

સખિ-પ્રેમનું પ્રકાશન કરતું આ એક બીજું કાવ્ય-તેટલુંજ કરુણરસપ્રધાન કાવ્ય -હવા અવલોકીએ:—

" સખિ! વ્હાલી! વ્હાલી ' રુદન તવ સાલે જીગરમા '
ઉંડા ચીરા પાડે કરુણ ધ્વનિ આ મુજ દિલમા !
સખિ ' છાની; ત્હારૂ રુદન નવ સ્હેવાય મુજથી:
વિધિનું નિર્મેલું નહીં કદી ફરે એ રૂદનથી '
નથી જેમાં ધાર્યું મનુજ તણું થાતું પ્રિય, સખિ!
વૃથા ત્હોયે હૈયું નિશદિન ભર્યું કાં રુદનથી ?

ભદન્તો ને સન્તો જગત સહુ મિથ્યા કહી ગયા:
ઋણાનુબંધે આ જગત તણી મૈત્રિ રહી, અહા!
વિયોગો સ્નેહીના ચિરસ્મરણ રાખે હૃદયમા:
પછી શાને રોવું? **સ્મરણ પણ સંયોગ નવ કાં?**
વિયોગો નિર્માયા સ્થૂલ શરીર જાતા, પ્રિયતમે!
પરંતુ આત્મા તો નહીં કદી વિયોગી થઇ શકે.”

૧૬-૮-૧૬

વાચક કલ્પી શકશે કે આ ‘રુદનમય કરુણતમ ધ્વનિ’નુ મૂળ સ્નેહાળ નિજ સખિના કારમા આ સંસારના કષ્ટ સિવાય અન્ય શું હોઇ શકે? સૌ. કનુબ્હેનની આ વિધવા સખિ આજ અહીં હયાત છે. તેમના પ્રત્યેનો તેમનો પ્રેમ કેટલો ગાઢ ને ભાવવાળો હતો તે આ ‘મ્હારી નોંધ પોથી’ ના તેમના ઉલ્લેખ પરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

“જીવનમા મિત્ર તો થોડાજ હોઇ શકે છે-અલબત, સાચા મિત્ર કે સાચી સખી! દૈવે મને એક આવી સાચી સખી આપી છે-છેક નાનપણથી તે અત્યારની ઘડી સુધી આ ગુણીયલ સખીની છાયામા હું આનંદ અનુભવી રહી છું. તેનામા ઉંડી સહૃદયતા છે, તેનામા ભવ્ય નિખાલસતા છે; વ્હાલસહોઇ એ સખી આ જગતમા દુઃખની પારવિનાની ઝડીઓના પ્રહાર સહન કરી રહી છે, છતા મ્હારા પ્રત્યે તેનો ભાવ જરાય ઘટતો નથી.........

“તે દિવસે તેને હું મળી......મ્હારાથી તે ચિત્ર અતીવ કરુણતમ દુઃખ ભર્યું ચિત્ર-નજ જોવાયુ. એણે મ્હારા હાથમા દિનેશને મૂક્યો ને તે સાથેજ મ્હારૂં હૈયું હાથ ન રહ્યું....એ પછી અમે બન્ને એક મેકના ખોળામા માથું નાખી દઈ પુષ્કળ રડયા......સારો ય સંસાર પ્રજળી રહ્યો ભાસ્યો ને તેની વચ્ચે આ એકલી મ્હારી સખીની નાજુક આત્મવેલી બળી ભસ્મ થઇ જતી હું નીરખી રહી!......

“હાય! દિનેશ ગયો! આધળીની એ એક લાકડી ય જતી રહી! હવે આ કટુને ક્રૂર સંસારમા તેના દિવસ કેવી રીતે વીતશે? આશાના સૌ કો કિરણ એનાં આથમી ગયા, હવે એ આયુ કેમ ટકાવી રહેશે? અલબત, હું માનું છું કે મ્હારા કરતા એનામા ધૈર્ય વિશેષ છે, ને તેથીજ તે આટલું ટકી રહી છે. પણ આ દુપટ ઘા કઇ રીતે સહન થઇ શકે? કુદરતને ય દયા ન આવી! ઇશ્વરી શિક્ષાને ય અવધિ ને મર્યાદા નથી હોતા?-ન હોઇ શકે?......

“છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન! સૌભાગ્યથી કૈં!
“છે ભક્તિમા વધુ વિમલતા, બ્હેન! શૃંગારથી કૈં!

કલાપીના “વિધવા બ્હેન બાબાને” પ્રબોધેલ-એ સમાશ્વાસક ભાવ સમોજ પરમ ભાવ અહીં ય સૌ. કનુબ્હેનના ગીતમા કોઇ અન્ય રીતનો ગુંથાએલ છે. તેઓ કહે છે, “**સ્મરણ પણ સંયોગ નવ કાં?**” વ્હાલાનું સ્મરણ, પ્રિયજનનું—આપ્તજનનું સ્મરણ, સ્મૃતિભોમમા તેમની નિત્યનિરંતરની સ્થાપના ને પ્રતિષ્ઠા, એ તેમની અમરતા સિદ્ધ કરવા, તેમનો સંયોગ સતત સાચવી રાખવા પૂરતું નથી શું? કલાપી કહે છે તેમ—“માણ્યું તેનું સ્મરણ કરવું એય છે ઇષ્ટ લ્હાણું.” અને તેથીજ સૌ. કનુબ્હેન લખે છે તેમ “સ્મરણ પણ સંયોગ

નવ કા ? " એ વધુ વ્યાજબી લાગે છે. અવસાન પામેલ પ્રિયજનોનો સ્મરણભોમમાં સદૈવ નિ-વાસ તે તેમના સતત સંયોગને જ પુરવાર કરી રહે છે. આને સાક્ષી આપનો મેટરલીકનો આ નીચલો પ્રસન્નમન મંત્ર અજબ ભાવ જગી રહે છે.

—How can they be dead, when they *live* in your *memory*? ......Men do not know this secret, they know so little...T*he dead who are remembered live as happily as though they were not dead.*

એ તો સૌ. કનુબ્હેન લખે છે તેમ:—

વિયોગો નિર્માયા સ્થૂલ શરીર જાતા, પ્રિયતમે !
પરન્તુ આત્મા તો નહીં કદી વિયોગી થઇ શકે.

આ એકજ સાવ સાચું લાગે છે—સાચું અનુભવાય છે. પ્રિયજનનું અનન્ય આત્મ-ચિંતન પરમાત્માના આત્મચિંતન સમુજ તેમને આપણી નિકટ આણી રહે છે. આપણા 'યોગક્ષેમ' વહવા સતત પ્રેરી રહે છે. 'નવીન પ્રકાશ' નામના એક પુસ્તકમાંનો ઉલ્લેખ નીચે પ્રમાણે દાખવી રહે છે:-

મૃત્યુ—અને તેમાયે પુણ્યપરિચિત પ્રિયજનનું મૃત્યુ પ્રત્યેક જ્ઞાનસંપન્ન મનુષ્યને આ પાર ને પેલી પારની વિચારણા આદરવા જરૂર ફરજ પાડયા વિના નથી રહેતું.

તે પછી શું ?—એ પ્રશ્ન અહીં રહેલાઓ—પ્રિયજનને નિત્ય સ્મરણે સંઘરતાં પ્રેમાળા સંબંધીઓને ઉર જરૂર ઉત્પન્ન થયા વિના નથી રહેતો. અને તેના ઉદ્ઘાટન-કાજેજ તેઓ જીવનસનાતનનો, શાશ્વત વિશ્વશ્રેણિનો, પરમ પ્રેમાસ્પદ પરમાત્માની પરમ સૃષ્ટિરચનામાં વિહરતી અનેરી કલાલીલાનો સાક્ષાત્કાર કરવા ઉદ્યુક્ત થાય છે. પરિણામ એ આવે છે કે ઉભય પારનો સબંધ-એક અવિચ્છિન્ન સંબંધ-સધાય છે, ને તેના-તે સ્મરણવશ પરમ પ્રિય આત્મજનના "નિત્ય આગમન" ની પ્રતીતિ થઇ રહે છે. રવિ બાબુના આ પ્રસન્નમન ગીતના ગુંજન સમો તે જીવન્ત સાક્ષાત્કાર આત્માના તાર ઝણઝણાવી રહે છે—

"શાન્ત એના પદસ્વ તમે નથી સાંભળ્યા ? એ આવે છે, એ આવે છે, એ આવે છે......

સૂર્યપ્રકાશ વિલસતા વસન્તના પરિમલિત દિન વનપથ વટાવી એ આવે છે, આવે છે, નિત્ય આવે છે............

વર્ષાભીની શ્રાવણી રાત્રીના અંધકારમા ગર્જન્તા અભ્રરથપર એ આવે છે આવે છે, નિત્ય આવે છે ....

એનાજ ચરણકમળ દુઃખ ને ગ્લાનિમાં ઉરને આશ્વાસે છે, એનાજ પદારવિંદનો સુનેરી સ્પર્શ અમ આનંદને અજવાળે છે..........

(સૌ. કનુબ્હેન કૃત ગીતાંજલિના અનુવાદમાથી)

પ્રશ્ન:— ને એ તે કોણ

ઉત્તર:—આ લોકમાંથી અમૃત થએલ તે દેવપ્રદેશ નિવાસી પ્રિયજન. આપણેજ સ્મરણે નિત્ય સંઘરેલ આત્મજન. *

---

* ટાગોરના 'પોસ્ટ ઓફીસ' નાટકના અમલ પાત્ર વિશે વિવેચના કરતી આ તેમની નોંધ પણ ઉપલા તેમના " સ્મરણ પણ સંયોગ નવ કા ? " ને સવિશેષ સ્પષ્ટ કરી રહે છે:-

બસ, "સ્મરણ પણ સંયોગ નવ કાં ?" એ ૧૯૧૬ ના સૌ. કનુબ્હેનના શબ્દો આજ ભવિષ્યમાય પરમાવધિ સત્યસમા અનુભવાય છે.

હવે, જે સખિને માટે એમણે ઉપલી 'રુરુદિષા' આદરી છે તે સખિનો પ્રેમ પણ સૌ. કનુબ્હેન પ્રત્યે કેટલો ઉચ્ચ ને અપાર્થીવ છે તે આ તેમના અવસાન સમાચાર સાભળ્યા પછીનો એ પ્રિયતમ સખીનો મર્મવેધક કલ્પાન્ત દાખતો નીચલો પત્ર કથી રહે છે. માત્ર કેટલાક extracts જ બસ થશેઃ—

......હમારો સ્નેહ કેવો ગાઢ હતો તે તમે જાણો છો. અમે વરસે કે બે વરસે મળતા પણ હમારો સ્નેહ તો દિવસે દિવસે ગાઢોજ થયે જતો....મ્હારી વ્હાલી સખી મ્હારા સુખદુઃખની વિભાગી હતી. મ્હારા દુઃખની વાત, મ્હારા મનની મુઝવણ હું એને કહી શાન્તી મેળવતી. એને મળવાથી, એના પત્રથી મને જે અવર્ણ્યિ આનંદ થતો તે એક પરમાત્માજ જાણે છે ......એના સદ્દગુણો પણ એવાજ હતા કે એને જીવનભર વીસરી ન જ શકાય. મ્હારી સખિ તો દેવી સ્વરૂપ હતી. સંસારની બધી ફરજો એણે બજાવી છે. એના હૃદયની વિશાળતા, ઉદારતા તથા ક્ષમતા અપાર હતી. એ આત્મા શુદ્ધ સાત્વિક, ધીર ગંભીર, શાન્ત ને પ્રેમથી પૂર્ણ હતો. એવા ઉચ્ચ ગુણોથી ઓપાયલો આત્મા પુણ્યશાલીજ હતો. એ પુણ્યમય જીવનને, કર્તવ્યનિષ્ઠ પ્રિયજનને જીવનભર કેમ વીસરાય ?......

હવે તો એ બ્હેનને સમર્પેન કાવ્યની છેલ્લી બે પંક્તિઓમા સમાયેલ આશ્વાસન ને સમાધાન શાન્તિ પામવા રહ્યા. પતિ પુત્રને મિત્ર વિહોણી તેમની પ્યારી જીંદગીમા સ્મરણના સંયોગજ તેમને અનુભવવા રહ્યા.

"......અમલનું અમરત્વ તો સુધા તેને ભૂલી નથી– તે સદાસર્વદા સુધાના સ્મરણમા વસેલ છે–તે પરથીજ સિદ્ધ થઇ રહ્યું છે. પૃથ્વી પરના કોઇપણ વ્હાલા મૃતજનના સ્મરણજ તે સદૈવ જીવન્ત છે તેનું ભાન નથી કરાવતા ? નહી તો આપણી સ્મરણ ભોમમા તેઓ કેવી રીતે વિરાજી રહે ? આપણું સ્મરણ–આપણે એમને સ્મરીએ છીએ તે જ બતાવી આપે છે કે તેઓ મર્યાં નથી, તેઓ જીવતાં છે, આપણી ઉંડેરી હૃદયગુહામાં તેમનો નિવાસ છે. સર્વભૂતોના હૃદયદેશમાં અર્જુનજી ને પરમાત્મા વિરાજે છે એ જાતનો જે ગીતાબોધ અપાયો, તે બીજું કાઇજ નહિં, પરન્તુ સ્મરણે વિશ્વનાથ સચરાચર સભર ભરી રહેલ છે, તે અમર ને અવિનાશી છે, તે ઘટઘટ વ્યાપક છે, એટલુંજ સિદ્ધ કરી રહે છે..........

મૃતજનોનું મર્યા પછી અસ્તિત્વ છે કે નહિ એ પ્રશ્ન તો અહીં ઉદ્દભવતોજ નથી— એની તો નાની સુતીય શંકા નથી રહેતી. સ્મરણથી વિસારો, ને વ્હાલામા વ્હાલું તમારૂ મૃતજન જરૂર મરી ગયું છે, એમ ચોકસ જણાશે. સ્મરણે તેને મંથરો અને સનાતન સંજીવન ભોગવી રહ્યું છે એવો સાક્ષાત્કાર થશે. ઉંડી ને અસ્ખલિત તેની સ્મૃતિજ તેનું અમરત્વ સ્થાપી રહે છે—તેને અમ્મર કરે છે. આ સ્મરણાંજલિ—નિત્ય નિરંતરનુ તે પ્રિયજનનું સ્મરણજ તેનું 'શ્રાદ્ધ' છે..........

વ્હાલેરાંની સંસ્મૃતિ તે જ તેમનુ આનંદન શ્રાદ્ધ છે–અને અહીં તો સુધા–અમૃત અમલને નિષ્પાપને નહિ ભૂલે એ ભાવજ અદભુત શ્રદ્ધાજલિ અર્પી રહ્યો છે, અમલની અમરતા સિદ્ધ કરી રહ્યો છે."

" વિયોગો નિર્માયા સ્થૂલ શરીર ભાના પ્રિયતમે !
" પરંતુ આત્મા તો નહીં કદી વિયોગી થઇ શકે.

"It is only in this union of souls that death has no meaning.

" સૌન્દર્ય ને સ્નેહ અજીત મૃત્યુથી."

૫ પુત્રી-પ્રેમ

(1) All mothers are rich when they love their children:—Maeterlinck.

(2) Riddle of destiny, who can show
What this short visit meant, or know
What thy errand here below ?—C. Lamb.

પુત્રી-પ્રેમને પ્રકટતું આ કરુણકાવ્ય પણ તેટલું જ ભાવવાહી છે—

પ્રિય બાલ મ્હારી ! તેં પ્રયાણ જ અહીં થકી શું આદર્યું !
અહીં ના રુચ્યું ? કે શું જવા પ્રભુ સ્હોડયમા મન તેં કર્યું ?
અમ સ્નેહ ભાસ્યો શિથિલ ? કે મૃગજલ દીઠી માયા બધી ?
સંસારના સ્વાર્થી પવનને માનીઓ શું વિષમયી ?
કયાથી રુચે આ મૃત્મયી સંસાર અમૃતમયી–તને ?
તો વિકસજે પ્રભુપાદ પંકજમા ભલે તું વિરમીને.
અમ હસ્તમા છાજી નહીં સુકુમાર કલિકા તુ સમી:
ઘડિ બે ઘડિ અરપી સુગંધી ને પછી કરમાઇ શી !
અમ ઇચ્છશું કલ્યાણ ત્હારૂં અહીં થકી વિભુજી કને
શાન્તિ હજો, શાન્તિ હજો, શાન્તિ હજો તુજ આત્મને

પરમાત્મા, પ્રકૃતિતંત્ર, માનવ-આત્મા સૃષ્ટિતંત્ર, જગત્, અને તે સર્વના અન્યોન્ય સંબંધ, તેમના મૂળ આદિ કારણ, તેમના લક્ષ્ય હેતુ ને ઉદ્દેશ.—એ સર્વને ઉકેલતા ઉપનિષદો લખાયા છે તેમ 'પ્રેમ'ના પરમાવધિ જગદંબાસ્વરૂપ 'માતૃપ્રેમ' ના—ઉપનિષદ્ ઉચ્ચારાય તો તેમા જરૂર આ કરુણ કાવ્ય ઉત્તમ પંક્તિએ વિરાજી રહે એ નિશંક છે ને તેનો ભવ્ય 'શાન્તિપાઠ' તેમા સર્વોપરિ સ્થાન ભોગવી રહે તે તેટલુંજ સત્ય છે.

સૌ. કનુબ્હેન આ પુત્રીને 'ગીતાપુત્રી' એ નામે વધાવતા. તેનું કારણ જણાવતો આ 'મ્હારી નોંધપોથી' માંનો ઉલ્લેખ મનનીય થઇ પડશે:—

ગીતાપુત્રી પરનો મ્હારો વ્હાલ આટઆટલો કેમ વધી શકયો તે કદાચ તમને નહીં ખબર હોય. અગિયાર જ માસની એ બાલકી મ્હારૂં દિલ આટઆટલું કેવી રીતે જીતી રહી હશે એ તો એની પોતાની જ સદ્દગુણ પરંપરાને માલૂમ. એ કાઇક શ્યામળી હતી; પણ એ

શ્રીકૃષ્ણના ગીતામૃતની પીધેલી હતી. જ્યારે પિતાજી ગુજરી ગયા ને ગીતાના ગેબી રસધ્વનિ આપણ જગવતા તે કાળે આ તરતનું જ ચેતનદાન પામેલ, જીવનરસનો તાજેજ અનુભવ કરેલ, આ બાળકી આપણા આત્માની અગોચર ઉચ્ચતા ને અધ્યાત્મિકતા અનુલક્ષતી. પ્રાણમાં મહાપ્રાણ સમાય તેમ તેના ફૂટતા ચેતનમાં ગીતાગાનના અજબ રણકાર રણકી રહ્યા ને ગર્ભ-દર્શિકા તે અવતરી. આ પછી તેની તેજસ્વિતા કેટલી ભવ્ય ! પ્રભાતમા એ સૌ પ્હેલાં ઉઠતી ને નિજાનંદી સમી પારણામાં રૂમઝુમતી રમતી–એકલી જ આહ્લાદતી અને તમારા 'હરિ ૐ' ના નાદે પૂર્વની કોઇ દિવ્ય સ્મૃતિ સાધતી હોય તેમ તે એક ધ્યાન થઇ જતી. રડવું તો તેણે કદી જાણ્યુ જ નથી. છેલ્લા બે માસની તેની ગંભીર માંદગીમાંય તે રડી નથી. પણ સૌ સહન કરતાં જ સંસારવાટેથી તે સંચરી હતી. નર્મદાનો પટ ઓળંગી તે માંદીને ખભે નાખી, વૈદ્યને ઘેર તેને (ચાદોદ) લઇ જતી તે કાળે વાટમાં એ અવાક બાળાના આત્માના સૂરો મને સંભાળાતા. તે કહેતી, "બા! શા માટે આવડો શ્રમ ઉઠાવી રહ્યાં છો? મને આજ્ઞા મળી ચૂકી છે. જવાના સાદ થઇ રહ્યા છે." આ તેના નિગૂઢ શબ્દોએ હું એકાકી રડતી ને નર્મદાની કોઇ કોઇ ભેખડોએ ઉન્હા સુજ અંતરનાં આંસુ ઝીલી લેતી. ફરીથી તે કહેતી, "બા, ન રડતાંઃ હુ પુનઃ એક કાળે આવીશ; પણ તેમને બહુ દુઃખ થશે–તમે દુઃખી થશો." માદીકરી એટલા જ અમે ઉપર આભ ને નીચે ધરતી–એમ ખરા બપ્પોરે વૈદ્યને ત્યાં જતા. ત્યા તેની સારવાર થતી, ને મને સંતોષ થતો કે આ ફૂલ—આ કમળ—નિષ્પાપ આ પારેવું—મૃત્યુને બિછાને પોઢે તે પ્હેલા મ્હારાથી તેની જેટલી સેવા બને તેટલી સૌ શ્રેયસ્કર છે. કારણ હુ માનતી કે જે દૃષ્ટિ તેને લાધી છે તે કોઇ અજબ છે મોક્ષદા દૃષ્ટિની જે અપૂર્વ બક્ષિસ તે પામી છે તેની તો બસ વાછનાજ રહી જાય એવું છે. યોગભ્રષ્ટ કોઈ મહાત્મા જ મ્હારે આગણે પધારેલ ને તેની પળ આવી ત્યારે અવશિષ્ટ નિજ પૃથ્વીપરનું આયુષ્ય ભોગવી દેવદેશ તે પાછો ઉડી જાય છે! પણ મ્હારો શોક—તેની પાછળનો મ્હારો તીવ્ર શોક તો અદ્યાપિ કાયમ જ છે. મને લાગ્યું કે આપણે રંક ઘર આ વિમળ ને તપસ્વિન્ રત્ન ન છાજ્યું—આપણે તેની જોઇતી દરકાર ન કરી. બી. એ. નું તમારૂં છેલ્લુ વર્ષ એટલે તેમાં તમે ગુંથાયા ને મ્હારાથી ય અનેકવિધ જંજાળમા તેની સારવાર ન સધાઇ. આ રત્ન પોષાયું હોત તો હું જરૂર માનું છું કે સંસાર કોઇ દૈવી સુવાસે જ તેણે સભર ભર્યો હોતઃ ને આપણી સર્વની તે તારિણી બની હોત"...

ઉપલું માતૃપ્રેમનું ઉજ્જ્વલ દૃષ્ટાંત મેટરલીંકના આ નીચલા શબ્દો સ્મરણે ભરી રહે છેઃ—

There are no poor mothers, no ugly ones, no old ones...... Their love is always the most beautiful of the joys. And when they seem most sad, it needs but a kiss which they receive or give to turn all their sorrows into joys. All mothers are rich when they love their children.

આખા ય ઉપલા કાવ્યમા પથરાયલી ફિલસુફીભરી પ્રશ્નાવલી એટલી તો હૃદયભેદક છે કે તેનો અનુભવ 'માતાઓ' વિના અન્યને ન જ હોઇ શકે. પ્રત્યેક માતા પોતાના બાળક માટે

અને કોક કોક ગોવર્ધનરામભાઇ જેવા પિતાઓ પણ *-પરમ જ્ઞાનવન્તા માતાપિતાને ય આ દુઃખકર આઘાત ઉંડા શોક-અર્ણવમાં ડુબવવા પૂરતો છે. સૌ. કનુબ્હેન 'સુન્દરી સુબોધ' મા વર્ષો પૂર્વે પ્રસિદ્ધ થયેલ એક બીજાં કાવ્યમા જણાવે છે તેમ—

મન મોહને જીતી શકયું પણ શોક જીતી ના શકયુ:
" એ શોકથી જલતા જીગરને કયાય શાન્તિ ના મળી.

અને બાળાને જેમ પ્રભુપાદપંકજમાં શાન્તિ મેળવવાની ભાવના ભાખી તેમ પોતે ય શોકભારવન્તા ચિત્તે એ જ કાવ્યમા ભાખે છેઃ—

---

* એક માતાપિતાના સહસાજ— જન્મતાં વારને જ—મૃત્યુખોળે બિરાજેલ બાળકને ઉદ્દેશીને લખાયેલ એક ગીતમાં ચાર્લ્સ લેમ્બ આ પ્રકારની ફીલસુફી ગુંથી આ ભાવના આલેખી રહે છે-

Riddle of destiny, who can show
 What this short visit meant, or know
What thy errand here below ?
 Shall we say, that Nature blind
Checked her hand, and changed her mind
 First when she had exactly wrought
A finished pattern without fault ?
 Could she flag, or could she tire,
Or lacked she the Promethean fire;
 With her nine moon's long working sickened
That should thy little limbs have quickned ?
 * * * *
Or did the stern-eyed Fate descry,
 That babe or mother, one must die;
So in mercy left the stock,
 And cut the branch, to save the shock
Of young years widow'd and the pain
 When Single State comes back again
To the lone man who, reft of wife
 Thenceforward drags a maime'd life?
The economy of Heaven is dark,
 And wisest clerks have missed the mark
Why human buds like this, should fall
 More brief than fly ephemeral
That has his day..............etc

શાન્તિ અરે, શાન્તિ કહી હું ટેલતી થાકી ગઇ:
" થાકયુ જીગર શાન્તિ પ્રભુવિણુ મેળવે કહો, ક્યાં જઇ:

અશરણ શરણ, અનાથન કે નાથ, પ્રભુવિણ શોકશમન-શાન્તિ-મળવી મુશ્કેલ જ છે.

*

ગીતાપુત્રી જ્યોતિની ભાવિ વાણી સાચી પડી ને ચિ. જ્યોત્સ્નાનો જન્મકાળ સૌ. કનુબ્હેને આ રીતે વધાવ્યો.—

પ્રકટી પરિમળ વિશેષ:
આજ મ્હારે આંગણે;—
પ્રકટી પરિમળ વિશેષ.
જીવન ઉજાસ સમી ઉજ્જવલી એ ઉગતી
અમૃતના ગુંજતી વિશેષ:
આજ મ્હારે આંગણે—
પ્રકટી પરિમળ વિશેષ.
દેવના પ્રકાશચૂમી દેવપ્રભા દીકરી
બાળરાજ ગૃહની પ્રાણેશ:
આજ મ્હારે આંગણે—
પ્રકટી પરિમળ વિશેષ.
ઐશ્વર્યે ઓપતી ને સૌન્દર્યે શોભતી,
અતિથિ કો અદ્ભુત વેશ;
આજ મ્હારે આંગણે:
પ્રકટી પરિમળ વિશેષ.
લળી લળી પ્રસરૂં હું પ્રાણમન-પ્રકાશન:
દેવજશ જગવું હમેશ:
આજ મ્હારે આંગણે –
પ્રકટી પરિમળ વિશેષ.

આ કાવ્ય લખાયું તે કાળે મેટરલીંકના 'બ્લુ બર્ડ' માંનો ભવ્ય દિવ્ય અજન્મી બાળકોનો ભાવ સૌ. કનુબ્હેનને અંતર અજબ રસભરી અસર સાથે વ્યાપેલ હતો. તે બાલરાજગૃહની પરમ પ્રેરણા તેમને ચિત્ત મનહરણી ને પ્રેમલ ભાવનાભરી લાગી હતી. ત્યાંની જ 'દેવના પ્રકાશચૂમી દીકરી દેવપ્રભા' જ અહીં નિજ આંગણ પ્રકટે છે એવું ઊંડેરૂં રસિક ભાન તેમને થએલ. તે Kingdom of the Future ના Azure Palace-માંના સારાંય રસચિત્ર ને તેનાં અનેરા દર્શન સૌ. કનુબ્હેન વારંવાર નિજ 'કલ્પના પરાયણ પ્રકૃતિ' દ્વારા ઝીલતા-અને એ સૌ આનંદન ભાવ અહીં વ્યક્ત થયા વિના નથી રહેલ. આ સાથે Eugenics નો સૌ. કનુબ્હેનનો અભ્યાસ વિરલ હતો. સંસાર માટે 'પશુતાના ખેલનથી' પશુ-બાળકોનો ભાર ન ભરતાં 'પ્રાણખર્ચી' પ્રાણભરપુર મહાભાગ કુમાર ને કુમારીઓ સરજવા અને તેમનો જવલંત ને જીવન્ત ઉછેર આદરવાનો એમનો ઉચ્ચ ગ્રાહ

વારંવાર ' મ્હારી નોંધ-પોથી 'ના પાનાઓમા તરી રહેતો માલૂમ પડી આવે છે. Superman-ની એક અનિર્વચનીય ભાવના-ભાવિ પૃથ્વી પરના વસનારાઓની કોક સુમધુર કલ્પના--સૌ. કનુબ્હેનને ચિત્ત નિત્ય રમી રહેતી. જર્મન ફિલસુફ Nietzsche ની માફક-She too dreamt of a future race of men and women strong and handsome, straight-forward and courageous, heroes and heroines, in various walks of life, geniuses in all nobler arts. આટલા માટે તે ફિલસુફના જેમ She too advocated the elimination of the unfit by the legislation to prevent offspring in the case of the diseased, the weak, the ugly, and the criminal; અને પોતે ચોક્કસ માનતાં કે The Superman is the meaning of the earth.

આ સર્વ સિદ્ધાન્તોની ચર્ચા ને ઉહાપોહ જ્યારે તેઓ નિજ સંસ્કારી સખીમંડળીમાં આદરતા ત્યારે તે સમયનું દૃશ્ય અણમૂલું ભાસ્યા વિના ન જ રહેતું. આ સાથે પુત્રપુત્રીઓ માતાપિતાના આમંત્રિત અતિથિઓ છે, અને એવા આમંત્રિત અતિથીઓને કાજ સર્વ કોઇ ભવ્યદિવ્ય સામગ્રી માતાપિતાની પાસે હોવીજ જોઇએ, જેથી તેઓના આત્મા, હૃદય, બુદ્ધિ ને શરીર એકસરખી કેળવણી-ખીલવણી પામી રહે-એ પ્રાચીન આર્ય ભાવ પણ તેમના ચિત્તમા ઓતપ્રોત થએલ જોવામા આવે છે.-પણ એમના એ અતિથિઓ, તે બાલ-રાજગૃહ ' Children's Palace 'માથી આમંત્રેલા અતિથિઓ તેમની Superman ની ભાવના પુરતાર કરવા ન ટકયા ! ' હાજી મહમદ સ્મારક ગ્રંથ ' ને પા. ૩૬૫ મે તેઓ લખે છે કે:--

વિરૂપ વેરાનમા—તે પ્રાસાદના ખંડિયેરોની સારી ય દિશાઓમા-હવે તો શોધુ છું મ્હારા એ અંતરધાન અતિથિઓને. નથી રુચના હવે એ વેરાનની વિરૂપતાનાં ભયંકર ખંડિયેરો હું તો હૈયાસુની એ અતિથિઓને શોધું છું, ને જલ્પુ છું કે કયાં એ પ્રાસાદની મનોહર ભવ્યતા ને કયાં આ ખંડિયેરોની ભયંકરતા! ઓ આકાશ અને પૃથ્વી ! ઓ સૂર્ય ને ચન્દ્ર ! બતાવો, મ્હારા એ અંતરધાન અતિથિઓને.........

હજીય મ્હને મ્હારા ખંડિયેર ને વેરાનમાં અતિથિઓના ભણકારા વાગે છે. હું ને મ્હારી કોકિલ તેમની પદાવલિ મંદિર, મઢી, વનદેશ ને સંસારની ઝાડીમા પણ શોધી રહ્યાં છીએ: પણ નથી તેનો આદિ કે અંત. જો તે સ્વર્ગીય સ્મૃતિચિહ્ન લાધે તો આદરીએ તે પર આંસુના અભિષેક ને પુનર્જન્મે તે અતિથિઓનો પુણ્ય સંગમ "......

૧૯૨૦ માં સુરતમાં આ ઉલ્લેખ આદરેલ અને ૧૯૨૧ માં ભાઇ રાવળને મોકલી આપેલ, તે કાળે "પુનર્જન્મે તે અતિથિઓના પુણ્ય સંગમ' પામવાની ભાવિ વાણી પોતે બે વર્ષ પછી અનન્ય બ્રહ્મજન્મ ગ્રહણ કરી સાચી પાડી ! હા-સાચીજ પાડી ! કારણ સર આર્થર કૅાનન ડોઇલ પોતાના Vital Message દ્વારા જણાવે છે:—

The child grows up to the normal, so that the mother who lost a babe of two years old and dies herself twenty years later finds a grown up daughter of twenty-two awaiting her coming,

સૌ. કનુબ્હેનને ય પોતાના અતિથિઓ એ પુનર્જન્મમાં–નિજ સનાતન બ્રહ્મજન્મમાં તે સાકારનિરાકારની સમીપ લાધ્યાં છે. માતાએ નિજબાળકોને પુનઃ ખોળામા લીધાં છે ને અધુરા રહેલ માતૃપ્રેમના નિજ લ્હાવ ત્યા તે અક્ષરધામમા–'જન્મમૃત્યુજયશ્રીના' ધામમા— પોતે આદરી રહેલ છે! ૧૯૭૮ ના શ્રાવણના 'વસન્ત' મા પ્રસિદ્ધ થએલ અજબ ભાવના અને વાસ્તવિક્તાના અનુપમ સંમિશ્રણ–ગુંથણવતા એક જીવનપરજીવનવિષયક 'ભેદી જીવન' નામ નિજ કાવ્યમાં સૌ. કનુબ્હેન આ પ્રમાણે કવી રહે છેઃ—

ભેદી જગજીવન જીવાય છે!
  હો રાજ! રાજ!
ભેદી જગજીવન જીવાય છે!
પળમા અનામી પરબ્રહ્મ સગ વિહરૂં:
પળમાં રૂપનામ ભાન થાય છેઃ હો રાજ! રાજ! ...
પળમા અનામી બાલવૃન્દ સંગ ઘૂમું:
પળમાં જગફૂલડાં ચૂમાય છેઃ હો રાજ! રાજ! ...
પળમાં શાશ્વતતીર અમૃતતા ભોગવું:
પળમાં ભવમૃત્યુ સૂણાય છેઃ હો રાજ! રાજ! ...
પળમાં તે પાર તણાં કીર્તિગાન ગજવું:
પળમાં આ પાર ઉજવાય છેઃ હો રાજ! રાજ! ...
વત્સલ અદ્વૈત કિન્તુ આપણાં પ્રતિપન્ન
ઉભય પાર એક સુહાય છેઃ
  હો રાજ! રાજ!
ભેદી જગજીવન જીવાય છે.

૬. દામ્પત્ય પ્રેમ

બસ. તો હવે દામ્પત્ય–પ્રેમનાં ઉભય પાર સુહાતાં આ 'વત્સલ અદ્વૈત' વિષે તેમનાં અનેક ભાવભર્યાં કાવ્યો પ્રતિ વળીએઃ અને તેમના સુહામણા રસમંત્રો ઉકેલી રહીએ.

રસશક્તિ ને રસોદ્બોધકશક્તિ સમા પતિપત્નીનાં પરમ ભાવવતાં 'વત્સલ અદ્વૈત' સંબંધીનો સૌ. કનુબ્હેનનો રસભાવ પ્રાચીન ને અર્વાચીન, પૂર્વ તેમ પશ્ચિમના અનેક રસ-ચિત્રોના મનન અને નિદિધ્યાસન પછી સમધુર રીતે પ્રકટ થએલ જણાઇ આવે છે.

'લગ્નની સંસ્થા દિવ્ય છે. તેમા સંલગ્ન થતાં યુગલો પવિત્ર છે. લગ્નનું રહસ્ય શુદ્ધ છે, તેના અર્થમા પ્રભુમય અંશ છે. લગ્ન નામજ માનનીય છેઃ તેની ક્રિયા ધાર્મિક છે, મનુષ્યસમાજને લાભકારી છે અને પરમકૃપાળુ પરમાત્માની નજરમા લગ્નની પરમ પવિત્રતા પૂર્વથી મનાઇ છેઃ "–આ જાતનો ઉલ્લેખ–આત્મામાં વણી દીધેલ મુદ્રા–શ્લોક (Motto) સૌ. કનુબ્હેનના દામ્પત્ય–પ્રેમનો કર્ણધાર હતો.

છેક પહેલા ખંડમાંનાં પ્હેલેરાં કાવ્યોમા ય લગ્ન–પ્રેમની એ વૃતિની નિજ 'રસમાળાને' આ પ્રમાણે નિજ ઉંડેરો આત્મ–ભાવ જણાવી રહે છે.

રસમાલી અહો ! રસસિંચનથી
મમ આત્મકલિ વિકસાવી જ શી !
મમ ઉરતણી હતી વાડી સૂકી
તહીં સ્નેહસલીલ સાંચી જ સીંચી
નવજીવન કૈં અરપી જ રહ્યો:
ઉરવલ્લરી તું વિકસાવી રહ્યો:
તુજ આત્મતણો મધુરો મધુરો
કંઇ પ્રેમપ્રકાશ ચૂમ્યો જ ચૂમ્યો:
કુમળી ટશરો ફૂટતી ઉરમાં
મૃદુ સ્નેહ સુવાસ ભરી પમરી
ઉપકાર ભૂલું ક્યમ એ તું કહે ?
ઉપકાર તણો બદલો શું ચહે ?
અહ ! એ બદલો ક્યમ વાળું, સખા !
ઉપકારનો ભાર સહું ન, સખા !
મુજ આત્મની પાંખડી-પાંખડી એ
ચરણે ધરૂં, ઓ રસમાળી ! તને

૨૩-૯-૧૬

આ ગીત લખાયા પૂર્વે એ 'રસમાળી' એ તો ક્યારનું ય નિજ પુષ્પ ઓળખી લીધુ હતું: વડોદરા કૉલેજની મીસેલેનીમાનું તેનું એક કાવ્ય આ રીતે આરંભાએલ છે:—

મેં તો સુંઘ્યું મ્હારૂં ફૂલડું રે:
માહિ ગેબી હતી કો સુવાસ:
આત્માના ઓજે વધાવીયું રે:
માહિ પૂરી જીવનની મિઠાશ:
મેં તો સુંઘ્યું મ્હારૂં ફૂલડું રે:—

"સ્વર્ગના અસંખ્ય ગુલ-પુષ્પોમાંનું તે એક: અખંડ ને અમૃત-હા, એકજ-પણ સર્વશ્રેષ્ઠ ને સદાસર્વદાનું.

નરનારીનાં લક્ષાવધિ પ્રેમસ્વરૂપમાનું તે એક: અખંડ ને અમૃત-હા, એક જ પણ સર્વશ્રેષ્ઠ ને અનંતકાળ સુધીનું.

કેટલો કાળ તે પુષ્પને પ્રફુલ્લ થતાં વીતી ગયો ?—કેટલો કાળ તે પ્રેમને પરિપૂર્ણ પ્રગટ થતાં વહી ગયો ?—દેવવરનાં લાડિલા જ એ તો જાણી-જણાવી શકે: ત્હારી મ્હારી જીવનનોંધ નોંધનારા જ એ તો ઉકેલી શકે.

—બસ, એક જ વખત-સ્થળકાળના વિરાટ ઉપવનમા, વિશ્વની સુખકુંજમાં, વિશ્વની-સંતોના આશ્રમ સમા વિશ્વની-સુખકુંજમાં, એકજ વખત આવું સર્વોત્કૃષ્ટ ગુલ-પુષ્પ પ્રફુલી રહે.

—બસ, એક જ વખત,-લોકલોકાન્તર ઝગ્મા બ્રહ્માંડભરમા, દેવદેવાધિદેવના અણુરણુ ઝગ્યા નિવાસસ્થાનમાં, એક જ વખત આવો વિરલ પ્રેમ અવિનાશ પ્રકાશી રહે.

સ્વર્ગના અસંખ્ય ગુલ-પુષ્પોમાંનું તે એક: અખંડ ને અમૃત-હા, એકજ, પણ સર્વશ્રેષ્ઠ ને સદામર્વદાનું:

નરનારીના લક્ષાવધિ પ્રેમસ્વરૂપમાંનું તે એક: અખંડ ને અમૃત-હા, એકજ, પણ સર્વશ્રેષ્ઠ ને અનંત કાળ સુધીનું."

—ઉપલા જ મીસેલેનીમાના કાવ્યની ગદ્ય-નોટ્સ રૂપે એ જ રસમાળાનો આ ઉલ્લેખ તેની પ્રિયતમાને પદપદ્મે ઢળી રહેલ છે-સમર્પિત થઈ રહેલ છે.

'સુકાનીને' નામના એક બીજા તે જ અરસાના કાવ્યમા એવો જ રસપ્રદ ઉલ્લેખ સૌ. કનુબ્હેને આદર્યો છે:—

ઝુકાવ્યુ નાવ ભરદરીએ:
　　પ્રભુ! તું સ્હાય થાજે હો!
પ્રભુ, તું સ્હાય થાએ તો
　　પછી ચિંતા મને શાની?
તુફાની વા ભલે વાયે,
　　ભલે ને આવતા ખડકો
કુશળ મ્હરો સુકાની તો
　　પછી ચિંતા મને શાની?
જીવનનૌકા ધીરી તુને
બન્યો તું સ્નેહસુકાની·
નિયંતા તું ચતુર નાવિક
પછી ચિંતા મને શાની?
　　સુકાની ઓ! ભલા બાપુ!
નિરંતર જાગતો રહેજે:
　　વમળમા જાય ખેંચાઇ
ઉગારી નાવ લ્વા લે જે·
ફરાવીને જીવન-યાત્રા
પ્રભુ સામીપ્ય લઇ જાજે
વિહરવું છે પ્રભુ ધામે
પછી ચિન્તા મને શાની?

"મ્હારો રસવીર નાવિક, મ્હારો આશાકેન્દ્ર હૃદયનાથ, મ્હારો પૃથ્વી પરનો પ્રભુ, અહોરાત્ર નમન નમવા, પ્રાણથાળ ભરી ભરી પૂજવા"-વિગેરે વિગેરે. રા. કવિએ ઇન્દુકુમારદ્વારા દાખવેલ ભાવો સૌ. કનુબ્હેનને ચિત્ત પ્રથમથી જ સ્ફુરેલા અને તેને અનુરૂપ કવન-દામ્પત્યપ્રેમનાં અગોચર અણમૂલાં કાન-તેમણે કેવળ સ્વયંસ્ફુરિત જ આદરેલાં. અહીં પણ પ્રભુ ને પ્રભુ-સામીપ્યમાં સનાતન નિવાસ પામવાની 'દિવ્ય' રસ-વાંછના કદી ય તેમની શમી જ નથી. એ સહસા જણાઇ આવે છે; બાકી એમાં આદેશાએલ સુકાનીએ જાગ્રત રહી જીવન નાવ વમળમાં ખેંચાઇ ન જાય ને આબાદ ઉગરી રહે તે માટે કેવું

ને કેટલું કર્યું—ન કર્યું તે તો તેનો પોતાનો આત્મા જ કહી શકે. કારણ તે પૃથ્વીપરનો હતો, જ્યારે તેની પ્રતિની દેવભુવનની દેવલાડિલી રસઆલિકા હતી:-

"Slowly the great side-doors of the Cathedral swung back on their hinges, and out on their steps in a glorious blaze of sunlight came Poet and his Angel-companion together. The one, a man in the full prime of splendid and vigorous manhood—the other a woman, timid and sweet, robed in grey attire, with a posy of white flowers at her throat. A simple girl, and most distinctly human,—the fresh pure colour reddened in her cheeks, the soft spring-tide wind fanned her and the sunbeams seemed to dance about her in a bright revel of amaze and curiosity. Her lustrous eyes dwelt on the busy Platz below with a vaguely compassionate wonder—a look that suggested some far foreknowbdge of things that at the same time were strangely unfamiliar. Hand in hand with her companion she stood,—while he holding her fast, drank in the pureness of her beauty the love-light of her glance, the holy radiance of her smile, till every sense in him was *spiritualised* anew by the passionate faith and reverence in his heart, the marvell of glory that had fallen upon his heart, the nameless rapture that possessed his soul. To have knelt at her feet, and pewed his head before her in worshipping silence would have been to follow the strongest impulse in him.—but she had given him a higher duty than this. He was to "*lead her*"—lead her "into the world!"—The dreary dark world so unfitted to receive such brightness,—she had come to him clad in all the sacred weakness of womanhood;—and it was his proud privilege to guard and shelter her from evil,—from the evil in others,—but chiefly from the evil in himself. No tint must touch that spotless life which God had entrusted to him!—Sorrow might come, nay, *must* come, since as long as humanity errs, so long must angels grieve,—sorrow but not sin! A grand, awed sense of responsibility filled him,—a responsibility that he accepted with passionate gratitude and joy,—he had attained a vaster dignity than any king on any throne,—and all the visible Universe was

transfigured into a Golden pageant of loveliness and light, fairer than the fabled Valley of Aurhion !

And as he looked at her proudly, adoringly,—she raised her beautiful, innocent, questioning eyes to his.

" This is a city ? " she asked—" A city of man who labour for god and serve each other ?

" Alas; not so, my sweet ! " he answered, his voice trembling with its own infinite tenderness.

" There is no city on the sad Earth where men do not labour for mere vanity's sake, and oppose each other ! "

દિવ્ય આશીર્વાદની કલ્યાણધાર શિરપર વરસાવનારી આ દેવબાલિકા 'સંસાર' વાટે સંચરી:—એવા મહદ્ આશયથી કે અનિત્ય ને અસુખ સંસારના અંધારા ઉલેચાય ને તેમા પ્રકાશના સોજ્જ્વલ પૂર સભર વહી રહે' તેનામા હિમ્મત હતી, બળ હતું, આગ્રહ હતો, ઉત્સાહ હતો. એકજ જન્મમા લક્ષ્ય સાધવાની બહાદૂરી ય હતી.........

દામ્પત્ય-પ્રેમનાં બીજાં અનેરાં કાવ્યો ને ગીતો ઉકેલીએ—

વર ને વનિતા બે એક:
　　વિશ્વ વાટે—
વર ને વનિતા બે એક:
ઉંડેરા તપ કેરા ફલ રૂપ ઓપે
સુજનજૂતા એ હમેશ:
　　વિશ્વ વાટે—
વર ને વનિતા બે એક:
મળતા દષ્ટોદષ્ટ એકમેક ઓળખે:
વાચે આત્માના ઉલ્લેખ·
　　વિશ્વ વાટે—
વર ને વનિતા બે એક
સાધતા સૈનારી સફર ભવભરદરિયે
સાથી સનાતન સઝેલ.
　　વિશ્વ વાટે—
વર ને વનિતા બે એક.

અહીં સ્વીડનબૉર્ગની અનેરી લગ્નભાવના "સંગે ઉંડેરા તપકેરા ફલ" ની પ્રાચીન આર્યભાવના ગુંથાઇ છે ને વળી પાછી પશ્ચિમના એ દષ્ટાની સુન્દરતમ સનાતન સાથની ઉત્કૃષ્ટ ભાવના પણ વ્યક્ત થએલ છે. સ્વ. કલાપી વિષેની એક રસભરી ચર્ચાને 'મ્હારી નોંધ-પોથી' માં ઉલ્લેખ આદરતાં તેઓ જણાવે છે:—મ્હારૂં તો ચોક્કસ માનવું છે કે સૃષ્ટિ-

મંડાણ કોઇક અનિર્વાચ્ય ને અગમ્ય એવા કાનુન વડે જ નિર્માયું છે. અને આ કાનુન વડેજ મનુષ્યો મનુષ્યો વચ્ચે લગ્નસ્નેહ પણ જામી રહે છે. સ્વીડનબૉર્ગ લખે છે કે સૃષ્ટિમાટે એકજ વનિતા એકજ વરને માટે નિર્માણ થઇ ચુકેલ છે ને તેને સાક્ષી આપનો મેટરલીંકનો 'બ્લુ બર્ડ ' પછીનો ડ્રામા ' ધી બીટ્રોથલ ' પણ એનું એ જ ભાખી રહે છે. કલાપી શોભના પ્રત્યે કેમ આકર્ષાયા અને તેને કેમ વર્યા, અને તે પણ અનેકશઃ સંકલ્પ વિકલ્પ પછી–એ સૌ વક્ર દૃષ્ટિથી જોવા કરતા ગંભીર અને અભ્યસનીય દૃષ્ટિથી જોવા જેવું-વિચારવા જેવું મને તો પ્રથમથીજ લાગેલ. તેથી જ એ સંબંધીનો એક હરફ સુદ્ધાંતે મેં ઉચ્ચારેલ નથી. મનુષ્યથી થઇ શકે તેટલા સૌ પ્રયત્નો તેણે કરી જોયા. બન્નેને સમાન દૃષ્ટિથી ચ્હાવાના સો પ્રયાસો તેણે યોજ્યા. પણ ત્યાં તે ભૂલનો હતો. કિરતારની કરણીથી વિરુદ્ધ વર્તનો હતો ને તે જ સંકષ્ટનો વિષય થયો. એક પાસ તમારો સમાજ ને બીજી પાસ અંતરનો અવાજઃ આ બેમાથી તેણે કોને માન આપવું? અતિ વિકટ પ્રશ્નાવલિ ઉભી થઇ ખરી રીતે તો તે સમાજના બંધનોને ઉવેખી શકયો હોત અને અત્યારે તમે જે તેને 'નીતિભ્હાર ' ગણી રહો છો તેવો થવા પામ્યો ન હોત. સત્ય દૃષ્ટિથી તો ' નીતિબ્હાર ' નથીજ; તે-- ઇશ્વરી પયગામની દૃષ્ટિથી ને ગંભીર સાકેતિક દૃષ્ટિથી તો તે નીતિના–ધર્મના જ માર્ગમાં ઉભેલ છે, પણ આપણને તે ગૂઢ છે, અગમ્ય છે. આખો ' કેકારવ ' આત્માનો ઊંડો કકળાટ –struggle–દાખવી રહે છે. તમે તેને માટે જે શબ્દો વાપરેલ છે તે જ સાચા ને–આપણા ' કેકારવ 'ને મોખરે તમે એ શબ્દો ટાંકેલ છે ને મને તે પ્રિય થઇ પડયા છે.

કલાપીનો કેકારવ.

Or

"A Declaration of the Rights of Feeling in opposition to the binding power of social relations" અહીં ' Rights of Feeling ' –એટલે પ્રેરણા ને અંતરજ્ઞાનવડે જે લાગણી ઉદ્‌ભવે તેના અધિકાર એમ સમજવાનું છે. આને માટે હું તેના પ્રત્યેક પત્રને નિર્દેશી રહીશ. ' કેકારવ ' મા ઉતારેલો પ્હેલોજ પત્ર ને તેનું પ્હેલું જ વાકય આ ઉંડેરી પ્રેરણા (Instinct) અને અંતર્જ્ઞાન (Intuition) ની સાબીતી આપી રહે છે......એ પત્રો થકી તો આપણે એક ગહનતમ પ્રશ્નને ઉકેલી શકવાનું સામર્થ્ય મેળવી શકીએ છીએ. આપણે સંસારે માનેલાં–મનાવેલાં સત્યોથી દૂર આત્માના અવાજને વશ વર્તી પરમ ભાવનાવંતાં સત્યોને ઉકેલી રહેવા શક્તિમાન થઇ રહીએ છીએ. એ પત્રો ન અપાયા હોત તો કવિની અંતર્દૃષ્ટિ કેટલી સતેજ છે, પ્રભુના માર્ગને કેટલી પિછાનતી છે, તે ભાગ્યેજ માલૂમ પડયું હોત." ....

અલબત, ગોવર્ધનરામભાઇ જણાવે છે તેમ ' સંસારી જનોમાં સંવનન અને પરિશીલન શૂન્ય થયાં છે '—પ્રિય ને પ્રિયાના રસનાં અને ઉરના ઐકય ઓળખવાના દ્વાર બંધ થયા છે–છતાં ય સૌ. કનુબ્હેન એવા સંવનનશૂન્ય ને પરિશીલનશૂન્ય સંસારમાંય ક્યાંક કયાંક સાચા ' વર ' ને સાચી ' વનિતા ' નાં ઉચ્ચોચ્ચ દૃશ્ય નીરખી રહે છે. ' સજોડીલા સાચાં સન્ત ' સમાં કોઇક સાધુદમ્પતી ' અયસ્કાંત ને અયો ધાતુ પેઠે ' પરસ્પર જોડે ત્રસરેણુક અદ્વૈત પામેલ તેઓને જણાય છે. " અદ્ભુત સહચારી આ દમ્પતી પરસ્પર સામર્થ્યથી, પરસ્પર સાહાય્યથી, પરસ્પર અભિલાષથી અને પરસ્પર પ્રવૃત્તિથી સર્વાંગી સૂક્ષ્મ અદ્વૈત યોગ

વડે એકજ ભવ્ય યજ્ઞ-સમારંભ આદરે છે-જે પ્રીતિયજ્ઞ છે-જે પ્રીતિયજ્ઞનાં યજમાન દમ્પતીનાં સૂક્ષ્મ શરીરના અમરયોગનો નાશ તો બ્રહ્મા પણ કરી શકે તેમ નથી; અને દમ્પતી જાતે પણ તેમ કરી શકે તેમ નથી. એમને તો માત્ર સ્થૂલ શરીરના વિયોગ કરવા કાળ આવે ને કોઇ મહા યજ્ઞને માટે તેમ કરવું યોગ્ય લગે તો ઉભયની અદ્વૈત ઇચ્છાથી તેમ કરતાં કાંઇ બાધ નથી. આવાં દમ્પતીનું તો સર્વત્ર યજમાનત્વ અદ્વૈત રૂપે છે."......આ ભાવવડે ઓતપ્રોત થઇ સૌ. કનુબેન આ એક નીચેનું ભવ્ય ગીત ગાય છે, જેમાં એક મૃત ને બીજું જીવન્ત બે અનંતની સફરમાં આત્માના તાને કરી તણાઇ રહેલ છે, ને તે રીતે દમ્પતીના ઉપરોક્ત ઉચ્ચારેલ 'વત્સલ અદ્વૈત' ના ભાવની સચોટ સાક્ષી આપી રહે છે: જોઇએ તે ગીત-

ભવ-ભવસાગરમાં નૌકા લ્હેરાય:
આત્માના તાને તણાય:
ભવ-ભવસાગરમાં નૌકા લ્હેરાય:
મૃત ને જીવન્ત બે
અનંત કેરી સફરે:
અમૃત-આનંદ લ્હાય:
ભવ-ભવસાગરમાં નૌકા લ્હેરાય.
યોગ ને સંન્યાસ બે
સુરીલાં સુહાયે:
વિશ્વતેજ વિરલાં વેરાય.
ભવ-ભવસાગરમાં નૌકા લ્હેરાય.
સામેની પારે
બંસી ધીર બાજે:
ઓળખ અમુલખ થાય:
ભવ-ભવસાગરમા નૌકા લ્હેરાય.
આત્માના તાને તણાય.
ભવ-ભવસાગરમાં નૌકા લ્હેરાય.

આ આકર્ષણ ભવભૂતિ લખે છે તેમ કો આન્તર્હેતુથી ભરપૂર છે-બહિર્ ઉપાધી થકી નહીં. "પ્રેમનું કારણ પ્રેમ: પ્રેમીની લક્ષ્મી એ બધી" અને તેથી તજ્જન્ય ઓળખ પણ જેટલી સૂક્ષ્મ અને ઉંડી છે, તેટલી જ તે સ્થિર ને સનાતન છે. કારણ એ જ દામ્પત્ય-ભાવનો પરમ સત્યાનુભવી કવિ દાખવે છે તેમ આવી સૂક્ષ્મ પ્રીતિની જ્વાલા આમરણાંત જ્વલી રહે છે: (વસ્તુત: "સૌન્દર્ય ને સ્નેહ અજીત મૃત્યુથી" એ ન્યાયે નિહાળતાં 'આમરણાન્ત' એ શબ્દ પ્રયોગનું સ્થાને 'નિરંત-અખંડ ને અનન્ત' જ્વલી રહે છે એ પ્રયોગ વધારે સયુક્તિક થઇ પડત.) સુખ-દુ:ખમાં અદ્વૈત રહે છે, સર્વાવસ્થામા અનુગુણ રહે છે, કાળ એને અસ્ત નથી કરતો; પણ એનાં આવરણનો નાશ કરે છે; વધારે કાળ જાય તેમ એ પ્રીતિ પ્રીતિના સાર રૂપે પરિણામ પામે છે-અને જરાવસ્થાથી, વૃદ્ધ વયની વિકલ-

તાથી તેનો રસ નષ્ટ થનો નથી. લગ્નનું આ ઉત્કૃષ્ટ સ્વર્ગ દાખવતાં નીચલા બે દમ્પતીના અનન્ય આકર્ષણ-ઓળખના ગીતો અજબ ને મનોહારી છે:—

યુગયુગની ઓળખ અમારી:
હો સન્તજી !
યુગયુગની ઓળખ અમારી.

આધુનિક કવિગણોમા તેમનું સ્થાન અમને તો આ તેમના રસગીતો વડેજ બહુધા તેમને મળી રહેશે એમ પ્રતીતી થયા વિના નથી રહેતી. બીજું ગીત જોઇએ:—The Echoes of the Past,"—

ભૂત તણા ભણકાર:
અહો હો !
ભૂત તણા ભણકાર
પ્રિય પ્રેમામૃત સાર;
જાત ન પૂછું; નામ ન પૂછું;
આત્મ બને એકતાર:
અહો હો !
ભૂત તણા ભણકાર.
પ્રિય પ્રેમામૃત-સાર.
આદિ સનાતન : અન્ત સનાતન:
પારખ એ નિરધાર·
અહો હો !
ભૂત તણા ભણકાર;
પ્રિય પ્રેમામૃત-સાર.
તે રસ મન્મય : હું રસતન્મય:
વિરલા યોગ-વિહાર:
અહો હો !
વિરલા બ્રહ્મ-વિહાર:
પ્રિય પ્રેમામૃત-સાર......

સનાતન વૃદ્ધિ ને વિકાસ પામતા યોગ-વિહાર-બ્રહ્મવિહાર રૂપી લગ્ન-સ્વર્ગ હરકોઇ સાચાં દમ્પતી ધારે તો માણી શકે-અનુભવી શકે એમ સૌ. કનુબ્હેન સચોટ માનતા:—

That state of perfect happiness—the immortal union of two souls in one, creatures of God's eternal light partaking each other's thoughts, bestowing upon each other the renewal of joy, and creating loveliness in form and action by their mutual sympathy and tenderness. Here in this Heaven of Marriage-age

cannot touch them, death has no meaning for them—life is their air and space and movement—life palpitates through them and warms them with colour and glory as the sunshine warms and reddens the petals of the rose—they grow beyond mortality and are immune from all disasters. These lovers of God are the beloved of God—their passion is divine, knowing no weariness, no satiety, no end '

દામ્પત્યભાવની પરાકાષ્ઠા દાખવતી આ તેમની પ્રભુપ્રાર્થના તેટલી જ ગંભીર રીતે ઉપલા ભાવો મઝેથી વ્યક્ત કરી રહે છેઃ—

રક્ષોજી ! રક્ષો અમ બે હો !
વિભુ વર !
રક્ષોજી ! રક્ષો અમ બે હો !
સંગ સાયુજ્યનો સફળ કરાવો:
મોક્ષદ્વાર મીઠડાં ઓર પ્રકટાવો;
ચિન્તન ક્રિયા બહલાવો:
વિભુ વર!
રક્ષોજી ! રક્ષો અમ બે હો !
અધ્યયન-ઓપતાં ઉભે વિકસાવો
શાન્ત્યાનંદ માણતાં ઉભે વિલસાવો
ઉજ્જ્વલ અમ ભાગ્યભાનુ સ્થાપો:
વિભુ વર !
રક્ષોજી ! રક્ષો અમ બે હો !

પ્રભાતે પ્રભાતે સંજીવન પામતા પ્રત્યેક દમ્પતી નિજ લગ્નવ્રતની સરળતા ઉપલી પ્રાર્થનાના ભવ્ય મંત્રે કરીને નિત્ય ઉજાળી રહે તો પૃથ્વી પર કલ્યાણની ઝડીઓ જ ઝડીઓ શું ન વર્ષી રહે ?

આજ રીતની પ્રત્યેક પોતાની લગ્નવતિની દેશભગિનીને દીધેલ શુભાશીર્વાદની મહાવાણુ પણ અહીં ઉતારવી નિરર્થક નહિ જ ગણાય—

વ્રત લગ્ન તણું લીધુ શાણી ' રે: †
પ્રેમમા પ્રભુતાને પિછાણી રે.
સ્નેહ સ્વર્ગ છે એ મૂત્ર જાણી રે:
રૂડા પત્નીના ધર્મ પ્રમાણી રે:

† " મ્હારી સાર લેજો અવિનાશીરે ! " એ રૂક્મિણીગીતનો ઢાળ-જે સૌ. કનુ બ્હેનને અતિરુચિકર હતો. ' સાહિત્ય ' માં આ ગીત પ્રસિદ્ધ થઇ ગયું છે.

લીધી દમ્પતી-ધર્મ-પ્રતિજ્ઞા રે:
દાન આત્મ તણા દીધા-લીધા રે:
પરણી પ્રભુનામા પગલા માડ્યા રે:
સ્નેહ સફરે સલુણા સુહાયાં રે:

દિવ્ય સ્નેહ તણા તપ તપજો રે:
સીતા-અનસૂયાને અનુસરજો રે:
દયા-ધર્મ-શ્રદ્ધા ઉર ભરજો રે:
જહાજ જીવનનુ પતિકર ધરજો રે:

પ્રેમ-સરવરે કમલો ખીલવજો રે:
રામ કૃષ્ણ હસુને હુલવજો રે:
સતી સાવિત્રી હિન્દમા ધરજો રે:
શુદ્ધ સ્નેહના ફાલ ફુલવજો રે: *

---

* 'લગ્નવન' ના સંબંધમા સૌ. કનુબ્હેનને ચિત્તે પ્રાચીન આર્ય ભાવનાઓ અજબ અસર કરી રહેલ. **आत्मना आत्मानम् संदधामिः प्राणैस्ते प्राणान्**, અને તે જ રીતે મૅરી કોરેલીએ તેમના Master Christian મા દાખવેલ આ લગ્નભાવો પણ સુંદર પ્રભાવ પાડી રહેલ:-પતિ પત્નિને કહે છે. I swear to devote myself to her body and soul-to cherish her first and last of all human creatures, to be true to her in thought, word and deed,-to care for her in sickness as in health, in age as in youth, to honour her as my chiefest good, and to die faithful to her in the world, hoping by the mercy of God to complete a more perfect union with her in the world to come! Amen-આજ રીતે પત્ની કહે છે:-અને પતિ પત્નીને લગ્નમુદ્રિકા દેતાં ભાખે છે:-

" In the presence of you all, before God, I place this ring upon my wife's hand as a symbol of unbreaking faith and loyalty! I pledge my life to hers; and promise to defend her from all evil, to shelter her, to work for her, and to guard her with such tenderness as shall not fail! I swear my faith: and may God forsake me if I break my vow! અને પત્ની તે સ્નેહમુદ્રાનો સ્વીકાર કરતા કથે છે:-

In the presence of you all and before God, I take this ring and wear it as a symbol of my husband's trust in me, and a token of his love! I pledge my life to his; and promise to uphold the honour of his name,-to obey him in every just and rightful wish,-to defend his additions,-to guard his home in

'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં'; 'અનુગુણ દમ્પતી રૂપે અન્યોન્યની ન્યૂનતા પૂરવી': વિશ્વતંત્રના પ્રભુજીએ જે અનન્ય કાનુનો નિમ્યા છે તેમાં સક્રિય ને સુન્દર ભાગ ભજવી રહે એવા રસબાળ-દેવબાળ પૃથ્વી પાટે નર્યા ચેતનના ફૂવારા સમા મૂકવા—શરીર-આકર્ષણથી પર, સગવડના લગ્નોથી પર, કોક અનેરા આત્મસંબંધના સહભાગી ને સહચારી થઇ રહેવું, મોહથી પર પરમ પ્રેમના પ્રકાશ જીવન ને પરજીવન-આ લોક ને પરલોક-એમ અખંડ અનંત પ્રકટવા ને પાથરવા—એવા એવા સુમધુર લગ્નભાવો સૌ. કનુબ્હેનને ચિત્ત પ્રથમથી જ રમતા. એક કુમારીની તેમની ભાવનામાં વ્યક્ત કરેલ "હું સીતા ને એહ રામ" સમા પતિપત્નીએ કુલવિષ્ણુ ને ગૃહલક્ષ્મી સમા ઓપવું, એ લગ્નામૃતસાર તેમણે ઝીલ્યો હતો ને તેથી જ તેમના તે વિષયક સર્વ કાવ્યોમાં અજબ પ્રકારની જે મોહિની ને મિઠાશ, ભાવ-પ્રધાન કાવ્યત્વના જે રસિક ને સોહામણા ચમત્કાર જોવામાં આવે છે, તે સર્વ પથરાઇ રહ્યા છે. સાચો દામ્પત્ય પ્રેમ જ ઇશ્વિર પ્રેમનું પ્રાકટ્ય કરાવી રહે છે એમ તેમનું સચોટ માનવું હતું. સનાતન યુવા વસન્ત ને અનંતતાનાં ગાન ગજવી રહે છે; વર્તમાનમાં તે ભવિષ્યની આશાભિલાષાઓ અનુભવી રહે છે. કશું જ તેમને અશક્ય કે દુર્મિલ થતું કે નીવડતું જ નથી. સર્વ કાર્ય પ્રાપ્ય-સરલતાથી પ્રાપ્ય થઇ રહે છે-એવી સર્વ Chivalrous ભાવનાઓ તેમને ચિત્ત ઉભરાતી તેઓ લખે છે: "લગ્નભાવની દિવ્યતા બહુ જ નાની હતી ત્યારથી મને આકર્ષતી. કેટલાક એવાં જોડાં જોતી ત્યા મને તાદાત્મ્યતા જણાતી. પણ બહુ જ જુજ એવા જોડા જણાતાં અને જ્યા તેમ થતું ત્યાં એ 'સુભગ દર્શન' ઘડિકમા અસ્ત થતું"...............

કવિ ન્હાનાલાલ "ન્હાના ન્હાના રાસ" વિષે એક સુન્દરી સુબોધમા સૌ. કનુબ્હેનના પ્રસિદ્ધ થયેલ ઉલ્લેખના ભાવો તેમના દામ્પત્ય પ્રેમભાવને આ રીતે દાખવી રહે છે:—
'પ્રેમ-સરોવર' નો રાસ એમને રુચેલ છે, તેની મીઠી હલકે તેમને ડોલાવ્યા છે, તેટલા જ તેમનાં અંતરમાં ભાવોએ તેમનાપર બલવત્તર અસર કીધી છે:

તેઓ લખે છે:-

"ખાસ કરીને એ રાસ વધારે પ્રિય થઇ પડવાનું કારણ તેમાં રહેલી પ્રેમ અને નીતિની ઉચ્ચતર ભાવના છે, જે પવિત્ર ને નિર્દોષ દમ્પતીને પ્રભુસામીપ્ય લઇ જતી હોય એમ લાગે છે. આખાએ રાસની કલ્પના ઘણી મઝાની ગુંથાઇ છે, તેની રૂપક ગ્રંથિ આથી જ રૂડી અને ઉંડી લાગે છે. સરોવર પ્રેમથી ભર્યું છે, જે કાંઠે દેવફુલડાં ઉગ્યાં છે. ખરેખર પ્રેમસરોવરને કાંઠે તો દેવફુલડાં જ ઉગે ને? ઉપરાન્ત આ પંક્તિઃ-કુંજની કુસુમચ છાયમાં રેઃ ભૂલશું જગતપરિતાપઃ-મા એવા દેવકુસુમની છાયામાં તો જગતના સર્વ પરિતાપ ભૂલાય જ ભૂલાય. જે જગતમા પ્રભુની દયારૂપી ઘટા આચ્છાદિત થઇ રહી છે ને જ્યાં નીતિની જ લતાઓ પથરાઇ રહી છે, ત્યાં તો પુણ્યના જ પમરાટ પથરી રહે, આખ્ખા ય રાસમા દામ્પત્ય જીવનની વિશુદ્ધ પ્રેમમય ઝાંખી થઇ રહે છે. અને છેવટે દામ્પત્યપ્રેમમાંથી

---

peace and good report, and to surround him with such tenderness as shall not fail! I swear my faith; and may God forsake me, if I break my vow."

ઇશ્વરપ્રેમનું પ્રાકટ્ય નજરે પડે છે, એ રાસ પ્રભુના પરમપદનું અમી પીતાં શીખવે છેઃ–
'પીશું પરમ પદનાં અમી રે "

બીજું તેમાંથી એ પણ સૂચન થઇ રહે છે કે દામ્પત્ય પ્રેમમાંથી વિશ્વવ્યાપી પ્રેમ પ્રસરાવી જનહિતાર્થે જીવન વહન કરવા પત્ની પોતાના પ્રિયતમને કહેતી જણાય છે.

" જગત્ જુવે ત્હારી વાટડી રેઃ
જીવનના જંત્ર જણાવઃ મ્હારા વ્હાલમા !

......પ્રેમરસ ને ભક્તિરસથી ઉભરાતો આ રાસ જાણે કોઇ યુવાવસ્થાના પુરમાં મદ-ડોલતી યુવતી ગાતી ન હોય, અને છતાં ય વૈરાગ્યની નિવૃત્તિમય પ્રવૃત્તિની અજબ સુંદરતા પોતાના ચિત્તમાં ધારણ કરી રહી ન હોય અને સર્વ સંસારિક વિકારોને હડસેલી નાખી, પ્રેમભક્તિના શિખરપર નિરંકુશ વૃત્તિથી પોતાના પ્રિયતમ વ્હાલાને " પૃથ્વી ને નભોમંડળ ઓળંગાવી પ્રભુપદમાં ઉતારવા" ન મથતી હોય; કંથની પરમભાગ્યવતી વિધાત્રી રૂપે તેના લલાટ પ્રદેશમાં અદ્દ્ભુત મંત્ર ન આલેખતી હોય એમ સહજ જણાઇ આવે છે, અને એ જ પ્રીતિ, નીતિમય પ્રીતિ, ભક્તિમય પ્રીતિ અને વિશુદ્ધિમય પ્રીતિ–આખા યે કાવ્યની પરમ ભાવના છે. અને એ પ્રીતિ કેવળ પતિપત્નીના જ સંતોષમાં પરિસમાપ્ત ન થતાં તેથી આગળ વધી ઊંડા કર્તવ્યનું ભાન, 'પ્રવૃત્તિનું મહાસૂત્ર,' દાખવી રહેતી જણાય છે....... યુવતીના આત્માના આભૂષણ જેવું, સમસ્ત સંલગ્ન સ્રીસમાજના દામ્પત્ય ધર્મ–કર્મ–મર્મને ભાખતું આ કાવ્ય જેટલું તેના સુવાચ્ય શબ્દોમાં અને રસિક ભાવોમાં મીઠું ને મનહરણું છે, તેટલું જ તેના આધ્યાત્મિક રસમાં અને સાત્વિક તત્ત્વબોધમાં ચિત્તને પવિત્ર કરતું ને પ્રાણને પ્રકાશ આપતું જણાય છે......

૭. માનવ–પ્રેમ.

માનવ–પ્રેમનાં પરમ ગાન પણ સૌ. કનુબ્હેને ગાયેલ છે, તો તે તરફ હવે વળીએઃ—

જનતા–દુઃખ સર્વ નિવારણમાં
મમ આત્મ સમર્પી રહું હું સદાઃ
મમ બાંધુ–તણાં દુઃખ સંહરવા
નવ દેહ તણી મુજને જ સ્પૃહા.
ધનહીન અધીન અશાન્તિ ભર્યો
મુજ દેશ અરે ! અતિશે સહતોઃ
સહુ આધિ ઉપાધિ જ વ્યાધિ વહો.
વિષજ્વાલ અનંત મહીં જળતો.

જહીં બાળક માતવિહોણું બનેઃ
જહીં ભાઇ ભગીનીથી દૂર બને;
જહીં પ્રેમની પાંખ્ય પિખાઇ જતી
જહીં બાળ–કલિ વિધુરી બનતી ?

સહુ ત્રાયની ચીસ પુકારી રહેઃ
વડવાનલ શો મુજ આત્મ જલેઃ
કહીં ક્લેશ કુસંપ તણા ભડકાઃ
કહીં ભૂખ-તૃષાતુર જો ! રડતા.
સહુનીજ પીડા દૂર તે કરવા.
મમ આત્મ ધરો ઉંડી તત્પરતા.
ધરી પ્રેમ દયા મૃદુતા દઢતા
પ્રિય ભાડુતણા કરૂં સાન્ત્વન શાં !
બનું બૌદ્ધ પરિવ્રજિકા સમ હું ?
બનું પુત્રી દયાની ઇસુપ્રિય હું ?
ક્ષમતા શિવતા રતિભક્તિ વહુંઃ
સહુ સ્થાન શું મંત્ર-અમી વરસું.

શેલીની માફક સૌ. કનુબ્હેનને ચિત્ત પણ "a passion for reforming the world" જામેલ અહીં નજરે પડી આવે છે. મીસીસ શેલી જણાવે છે કેઃ—

To defecate life of its misery and its evil was the ruling passion of his (Shelly) soul; he dedicated to it every power of his mind, every pulsation of his heart. He looked on political freedom as the direct agent to effect the happiness of mankind; and thus any newsprung hope of liberty inspired a joy and exultation more intense and wild than he could have felt for any personal advantage. Those who have never experienced the workings of passion on general and unselfish subjects cannot understand this. He was generous to imprudeuce, devoted to heroism.

These characteristics breathe throughout his poetry. The struggle for human weal; the resolution firm to martyrdom the impetuous pursuit, the glad triumph in good, the determination not to despair; such were the features that marked those of his works which he regarded with most complacency, as sustained by a lofty subject and useful aim,"

આયર્લેંડવાસીઓને મુક્ત કરવાની તેની બાલ-ભાવના પણ કેવળ સૌ. કનુબ્હેન લખે છે તેમ 'જનતા દુઃખ સર્વ નિવારણાર્થ' જ ઉદ્દભવેલી.

'સરસ્વતીસંદ્ર' માં ઉતારેલું સર એડવીન આરનોલ્ડના Light of Asia પરથી સૂચિત બુદ્ધદેવનું ત્યાગગીત સૌ. કનુબ્હેનનું એક અતિ પ્રિય ગીત હતું. તેમ ભગવાન ઇસુના સ્વાર્થત્યાગના કથનોય તેમણે "પવિત્ર પુસ્તક"માંથી મનનપૂર્વક વાંચેલ ને વિચારેલ.

"મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સૌ અંગ સર્વ છો મ્હારાં!
"જનપશુજગના કલ્યાણયજ્ઞ પર હોમું અંગ સહુ મ્હારાં.

આ પંક્તિઓ એમને અત્યંત રુચિકર થઇ પડેલ અને તે જ ભાવવાહી ઉપલું ગીત અને તેના છેલ્લાં ચરણો આપણુનેય મનનીય ને રુચિકર લાગ્યા વિના નહીં રહે.

એક સ્થળે તેઓ જણાવે છે: "હું જાણું છું કે નરી ભાવનાઓનેજ વધારી દેવી તે સંસારમાં સુખી થવાનો માર્ગ નથી. પરંતુ ભાવના ન હોય ને કેવળ જડ જેવુંજ પૃથ્વીને પાટલે વસવાનું હોય તો તે યે કેમ સહન થઇ શકે? ભાવના તો મનુષ્યને, ખુદ પરમાત્માનેય તેના સનાતન વૃદ્ધિ ને વિકાસ માટે-સારાયે વિશ્વતંત્રના વિકસન માટે-અત્યંત આવશ્યક છે. આ ભાવનાને તજી કેમ દેવાય? સર્વ કોઇ શુરાઓ ભાવના પરજ ઝઝુમી રહ્યા હતાં-છે. ધર્મ શું છે? સંસાર શું છે? રાજ્ય શું છે? કેવળ ભાવનાઓજ ને. સોક્રેટીસ ને પ્લેટો, લ્યુથર ને ટોલસ્ટોય, થેરો ને એમર્સન, કેવળ ભાવનાની જ મૂર્તિઓ નહીં તો બીજું શું? અને મ્હારા બુદ્ધદેવ!

આ રાત્રી ગાજતી આજ:
મુજ મ્હેલતણી ચોપાસ:
આ અંધકાર વીંટાય:
તે અંધકારની મધ્ય:
સૂઇ રહ્યું પુત્ર- ગૃહ રત્ન:

એ પ્રજા તાત ને પ્રિયા પુત્ર: પ્રિતિરત્ન સર્વ મ્હારાં છે.

અલબત્ 'અંધકારની મધ્ય' સંસાર અંધકારની મધ્ય સર્વ સૂતેલ છે, તેમને તજી બુદ્ધ કોના આદેશને અનુસરી રહેલ છે? કોના આદેશે કરીને એ સૌને તે તજી રહેલ છે? દ્વાર ભણી જવા ચરણ ઉપડે છે, પણ હૃદયસૂત્ર તો જ્યા સંસારી પ્રીતિવડે જડાયેલ છે ત્યાંજ વળે છે. પણ અન્તે તે ભાવનાના દોર્યા મહેલ તજે છેઃ અંધકારમાંથી પ્રકાશમાં જાય છેઃ કઠિણ તપ તપે છે: અને અન્તે નિર્વાણની તેમની મહા-ભાવનાને વહી રહેતા દીસે છે. આ આદેશ બુદ્ધ ન અનુસરે તેને સારૂ કેટલીય યુક્તિઓ રચાઇ હતી. પણ સૌ ફોકટ: તેમનો સ્વભાવ જ તેમને 'તપસ્યા' ને શ્રેયસ્કર પંથ તરફ વાળી રહ્યો. અને એ સૌ કંઇ ભાવનાને કાજ?

જગદુદ્ધરણને કાજ:
એ મહાધર્મને કાજ.

૮. પ્રાણી-પ્રેમ

"He prayeth well who loveth well
Both man and bird and beast.
For the dear God who loveth us,
He made and loveth all.—Coleridge.

માનવ પ્રેમથી પર પણ આ સ્ત્રી કવિનું દિલ દ્રવી રહ્યું છે. સારાય પ્રાણીમાત્ર પ્રત્યે દયા કરવા-કરાવવા તેનું ચિત્ત તલસે છે. અતિ જૂના "શીકારીને" નામના તેમના આ કાવ્યના મર્મો આ રીતના છેઃ—

શિકારી ! તું એ પંખીને માર્ય નાઃ
એ છે ત્હારૂં મીઠું ભોળું ભ્રાત જોઃ
એક પિતા પરમેશ્વર ત્હારો એહનો.
ત્યજ તેથી આ ક્રૂર અતિ સંહાર જો.
ના છે વાચા ગરિબ બિચારા પંખીનેઃ
મારીશ તું પણ એ નહીં કેહ 'નવ માર્ય' જો !
આવે ગેલ કરન્તું પાસમા—
તરછોડી નવ મારીશ કુમળું છેક જો.
કુંજ મહીં બેસી આનંદે ખેલતું
એ આનંદે નવ પાડીશ તું વિઘ્ન જો.
પંખી જાત એ નવ ભૂલશે ઉપકાર તુજ
કદી કદી હરશે ચિન્તા તારી એહ જો.
શીકારી તું એ પંખીને માર્ય નાઃ
એ છે ત્હારૂં મીઠું ભોળું ભ્રાત જો.

કલાપી કહે છે તેમ "પશુ આ માનવી આ-એ કાઇ ભેદ ન પ્રેમને" એ સાવ સાચું છે. સૌ. કનુબ્હેનની ઉત્તરોત્તર વધતી જતી પ્રેમભાવનાએ પંખી તથા માનવીનો ભેદ નહિવત્ કરી દીધો છે. ઉપરાત શીકારી-માનવીને તેનો ને તે વધ્ય પંખીનો એક જ પિતા પરમેશ્વર છે એવો બોધ આપેલ છે.

Glow worm અને Nightingale ના કવિ કાઉપરે ગુંથ્યા એક સંવાદ-કાવ્યમાં જે ભાવભાન રેલાઇ રલાઇ રહે છે તે અહીં પણ ઉપરની પંક્તિ "એક પિતા પરમેશ્વર ત્હારો એહનો" માં રેલાએલ છે. આજ રીતે પ્રભાકીટને મુખ કાઉપર બુલબુલને કહેવરાવે છે.—

It was the selfsame power divine
That taught you to sing and me to shine.

અને તે પછી કાવ્યને અંતે સર્વ કોઇ warring Sectaries ને-લઢવાડીયા માનવ મંડળને-અજબ ભ્રાતૃભાવની મહાવાણ કાઉપર શીખવી રહે છે.

આ સાથે ઉપલા કાવ્યમા કલાપીના તેત્રાજ મથાળાના કાવ્યની છાયા પથરાયલી જણાઇ આવે છે.

"પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને" એ પંક્તિના સહૃદય ને માર્મિક પડઘા સૌ. કનુબ્હેનના ઉપલા કાવ્યમા સ્પષ્ટ સૂણાઇ રહેલ છે.—

દયા છે ઇશ્વરી માયા આ બ્રહ્માંડ કરુ મહીં,
દયામાં બ્રહ્મ પ્રીતિનું કંઇ ભાન જનો કરે;—

એ બીજી પંક્તિઓની છાયા પણ તેમના મનન ને નિદિધ્યાસનને પામેલ 'કેકારવ'ની છાપ પ્રકટ કરી રહે છે. એ સિવાય બાકીના વિચારો તો સ્વતંત્રજ છે-કવિ ચિત્તને પોતાની દયામય પ્રેમમય વૃત્તિનાજ તે પોષક ને પ્રવર્તક છે-તે જુદું જણાવવાની જરૂર નથી રહેતી.

'મ્હારી નોંધપોથી'માં તેઓ લખે છે કે "Modern civilization" માત્ર મનુષ્ય સુખનોજ શેં વિચાર કરી રહ્યું છે? તેને ચિત્ત ઇશ્વરે સરજેલા અને માનવોને સુખપ્રદ થઇ રહેતાં અન્ય પ્રાણીઓની કિંમતજ જણાતી નથી એવું લાગે છે. અનેક સુસુન્દર પંખીઓનાં પીછાં-તેમને હણીને ગ્રહણકરેલ પીછા-પ્હેરેલી યુરોપીય લલનાઓને જોઇએ છીએ ત્યારે ખરેખર હૈયામાં ઉંડો આઘાત થઇ રહે છે.

કવિઓનો યુગજ જાણે શમ્યો હોય, યુરોપના સારા યે ખંડમાં જાણે દયાના ને પ્રેમના ભગવાન ઇસુએ ભાખેલ કવનોજ શાન્ત પડયા હોય, વર્ડ્ઝવર્થ જેમ કહેતો તેમ એક જડ-જીવનજ વ્હાલું, અતિ વ્હાલું થઇ રહ્યું હોય-એમ સહસા જણાઇ આવે છે. કુદરત સાથે એકતાનતા કરવી તો કોરણે રહી, પણ તેથી ઉલટું કુદરતના સૌન્દર્યનો ધ્વંસ કરવો એ જ એક આજ તે ખંડ પોતાના મહત્કાર્યરૂપે ગણી રહ્યો લાગે છે! સાયન્સના વધતા જતા બળનો આમાં હું દોષ નથી કાઢતી. સાયન્સ ભલે વધો. જ્ઞાન ભલે વૃદ્ધિંગત થઇ રહો. તેની ના નથી. પણ ટેનિસન ઉચ્ચારે છે તેમ જ્ઞાન સાથે સન્માન પણ વધવું જોઇએ છે. નહિતર સન્માનવિહોણી સૌ Modern civilization ની ઉંચામાં ઉંચી સાઠ સિત્તેર કે એંશી મજલા જેટલી બાંધેલ ઇમારત પણ એક ફુંકમાં નીચે ગરી પડશે નષ્ટ થઇ જશે એ નિઃશંક છે.

બિચારાં નિર્દોષ પંખીઓને આ પ્રમાણે કનડવા એ તો કેવળ "stupid fancy" નહીં તો બીજું શું કહેવાય? અને આવી અમર્યાદ ને નિરંકુશ મોજીલી વૃત્તિ કદીય કોઇને હિતકર કે શ્રેયસ્કર નીવડી છે ખરી? "ગ્રીસે સૌન્દર્યને પૂજ્યું" છેલ્લે શરીર સૌન્દર્યને-અને તેનો અંત આવ્યો. "રોમે વિલાસને પૂજ્યો"-જડભાવી વિલાસને, ઇન્દ્રિય ને ઇન્દ્રિયાર્થના સર્વ કોઇ વિલાસમાત્રને-અને રોમ ભસ્મસાત થઇ ગયું. તેમ દેહનાં સૌન્દર્ય ઓપાવવાને, ક્રૂરતા ભરી રીતે તેમને વિલમાવવાની આ યોજના, હું તો કળી શકું છું ત્યાં સુધી, ને દુનિયાનો ઇતિહાસ સાચી સાક્ષી પૂરતો હોય તો તેનેય મ્હારી સાથે લઇ, હું પુકારી શકું છું કે આવું આ ચણતર લાંબો કાળ નહીંજ ટકે-નથીજ ટકવાનું."

અલબત્ત એ તો સાચુંજ છે કે નવીન સંસ્કૃતિનું સારીય સૃષ્ટિભરીનું ચણતર સ્ત્રીઓને હાથેજ થવાનું છે. લડાયક, હિંસક ને આસુરી સૌ ભાવોને જડમુળથી તેઓજ આ પૃથ્વીપરથી ભસ્મીભૂત કરી દેવાના છે. એવે કાળે ઉપલો **'अहिंसा'**-વાચક ભાવ-સૌ. કનુબ્હેને પ્રદર્શિત કરેલ પ્રાણીમાત્રના સંરક્ષણનો ભાવ-જરિય અસ્થાને નહિ જ લખાય.

ઉપસંહાર.

ભગિની-બંધુઓ !

આ પરથી ચોક્કસ જોઇ શકાશે કે સૌ. કનુબ્હેને ઉપજાવેલ કવિતા-સાહિત્ય કેવળ આત્મ-લક્ષી (Literature of self-expression) છે, જેમાં ભાવપ્રધાન રસધ્વનિ અને રાગધ્વનિ કાવ્યો ને ગીતો, ધ્યાનપ્રધાન પ્રાર્થન ગીતો અને કરુણ પ્રશસ્તિઓ મુખ્યત્વે સમાયેલ છે. આ સર્વમાં તે ઉપરાત સાહિત્યને અનુરૂપ ચારે તત્વ-વિચાર, પ્રેરણા. કલ્પના ને સ્વરૂપતત્વ (element of technicality) સારી રીતે જળવાયેલ જણાઈ આવે છે. અને એ રીતે એમનું સાહિત્ય એમની આખીય Personality નું પ્રકટીકરણ-પ્રકાશન ને ઉચ્ચારણ આબાદ રીતે વ્યક્ત કરી રહેલ છે. કવિના મસ્તિષ્ક ને હૃદયમાંથી તેનો જન્મ થએલ છે, તેણે જાતેજ નિજ કવિતા પુસ્તકના પાનાપર પોતાને ઉતારેલ છે, તેનું સાફેય વ્યક્તિત્વ તેમા તરી રહેલ છે. સાચું સાહિત્ય તે જ કે જે તેના કર્તાની-ઉત્પાદકની સાચી ઓળખને પિછાન કરાવી રહે. તેના આત્માની ઉત્તરોત્તર વધતી જતી કલાલીલાનાં ઓળખ ને પિછાન, તેનામા રહેલ સામાન્ય દૃષ્ટિથી પરની આંતરદૃષ્ટિ (Insight) ને સામાન્ય વિચારણાથી પાર્યની અદ્દભુત ને અલૌકિક વિચારણાથી જાણ આપી રહે. એક પ્રકારની કર્ત્તાની સ્વતંત્ર કવનશક્તિની છાપ આદ્યન્ત પડેલ દાખવી રહે. કાર્લાઇલ જેને ‘ genuine voices ’ કહે છે તે જાતના ધ્વનિ તેમા પ્રતિક્ષણ વાચકને સુણાવ્યા વિના ન જ રહે. I have read a new literature, not a reprint; nor a reflection of any other literature, but a new literature ’ ઇત્યાદિ રીતનો સાક્ષાત્કાર વાંચકને ચિત્ત જામી રહે. આમ થવા અલબત જે sincerity જોઇએ તે સૌ. કનુબ્હેનના કાવ્યોમાં છે. તેમના જીવનની ઉત્તમોત્તમ પળોનાં ઉત્તમોત્તમ આન્દોલન પ્રવાહનાં તે અવતરણ માત્ર છે. તેમની ઉજ્જવલ પ્રતિભાપ્રભાથી તેઓ ઉજ્જવલ ને અનેરાં દીપી રહેલ છે. આ કાવ્યો ને ગીતો ઉકેલતા આપણે એમના જીવનની, તેમાં નિવસતા પુણ્યાળુ આત્માની, અને અજબ નિર્દોષ ને નિખાલસ વ્યક્તિત્વની ઝાંખી કરી રહીએ છીએ.

આજ રીતે તેમની ભાષાશૈલીના સંબંધમાય તે વ્યક્તિત્વ કેવી અજબ નોહિની ભરી રીતે ભાત પાડી રહે છે તે એ જોવા જેવું છે. કલાપીની માફક ગદ્યમાં તેમણે એક પ્રકારની Conversational Style નો ઉપયોગ કીધો છે. ડા. જોન્સનને માટે કહેવાતું કે તે તેના મંડળમાં Great Talker તરિકે ઉમદા સ્થાન ભોગવી રહેતો. તે જ રીતે સૌ. કનુબ્હેને એમની ગદ્યશૈલીને ઉંડી ને ઉંડી Conversation ની ભાવનાથી ઓતપ્રોત કીધેલ હરકોઇને જણાઈ આવ્યા વિના નહિ રહે; જ્યારે પદ્યશૈલી અનુત્તમ ડોલન ભરી-તેના નાદ શમે છતાંય અતુપ અનુકંપ સ્મૃતિમાં જગવ્યા વિના ન રહે-એવી સંગીતશૈલી તેમણે સ્રજી છે. કેટલાંક એમના ગીતોના રણકારજ એટલા ભવ્ય છે, કેટલાકના ભાવોજ એટલા મનોહર છે, કેટલાકમાંની કલ્પનાજ એટલી રસિક ને દૂરગામી છે, ને કેટલાકની પાછળ વિહરતી પ્રેરણા ને અંતર્દૃષ્ટિની ઝલક એટલી પ્રબલ ને પ્રાણવાન છે કે એમનું હરકોઇ લખાણ એક પ્રકારની નીરાળી ભાત પાડયા વિના રહેતુંજ નથી. મેથ્યુ આર્નોલ્ડ જેને ઉચ્ચોચ્ચ સત્ય ને ઉચ્ચોચ્ચ ગાંભીર્ય કહે છે તેવા પ્રકારનું-તે સૌન્દર્ય ને સારપ ઝરતા રસ-અંશોનું ભર્યું પૂર્યું સાહિત્ય -આ સ્ત્રી-કવિએ આપણી સમક્ષ રજુ કર્યું છે; જેનો આત્મા ‘પ્રેમ’ છે.

છેક પરમાત્મ પ્રેમથી માંડીને તે તેનાં સર્જેલા સામાન્યમાં સામાન્ય પંખી પર્યન્ત પ્રેમની જીવન્ત જ્વલંત ભાવના સૌ. કનુબ્હેનનાં કાવ્યોમા તરી રહેલ જણાયા વિના નથી રહેતી. તેઓએ વર્ષો પૂર્વે લખેલ 'યુવતીના આભૂષણો' નામના નિબંધનું પ્હેલુંજ વાક્ય આ પ્રમાણે ઉતારેલ સ્મરણમા છે. 'શાણાઓ સમજાવે છે કે પુરુષનું અવતરણ જ્ઞાન ફેલાવવા સારૂ, તથા સ્ત્રીનું સ્નેહ ફેલાવવા સારૂ છે,"—અહીં આપણને સચોટ પ્રતીતિ થઇ રહેશે કે જે શાણાઓ—ફિલસુફો, પયગંબરો, કવિવરો, ઋષિઓ ને મહન્તોની સમજુતી તેમણે ગ્રહણ કરી હતી, ઉરપ્રાણ જેને ઉતારી હતી, જીવનના પ્રત્યેક વાણા ને તાણામા જેને વણી હતી, તે 'પ્રેમ-પ્રવર્તન'-એક સુભગા આર્યાને છાજતું 'પ્રેમ પ્રવર્તન' એક પૃથ્વીપાટે અવતરેલ માનવી આદરે તેટલી મર્યાદા સુધીનું 'પ્રેમ-પ્રવર્તન' તેમણે દાખવેલ છે. ઉપલાં કાવ્યોની–ગીતોની પ્રાણપ્રકાશિની અક્ષરમાળ તેની અજબ સાક્ષી ને સાબીતી આપતી આપણી સમક્ષ અક્ષર ઉભેલ છે.

પણ આટલા પ્રેમ થકીય એ રસિક સ્ત્રીકવિને સંતોષ નથી થયો. વધારે બલવત્તર સ્નેહની, વધારે દિવ્યતર પ્રેમની તેને ચિત્ત આકાક્ષા જન્મેલ છે. વેદની ઋચાઓ જેવી પ્રકાશ-પ્રાર્થનની આ નીચલી રસધાર કોક અનિર્વચનીય પ્રેમ-પ્રકાશનને માટે આરાધના ઉચ્ચારી રહેલ જણાય છેઃ—

પ્રકાશ દોઃ
પ્રકાશ દોઃ
પ્રકાશ દોઃ
અમે પ્રકાશ-ભૂખ્યા પધારીઆ આ દ્વાર;
પ્રકાશ દોઃ (૩)

અમ આનંદ અધૂરા પ્રકાશતાઃ
અમ સૌન્દર્ય અધૂરા વિલાસતાંઃ
અમ સત્ય-સ્નેહ અધૂરા ઉલ્લાસતાંઃ
પ્રકાશ દોઃ

પ્રકાશ દોઃ
પ્રકાશ દોઃ
અમે પ્રકાશ ભૂખ્યાં પધારીઆં આ દ્વારઃ

જગઝૂતી અમ પ્રાર્થના આ ગાજતીઃ
સૃષ્ટિસંગની અમ શોધ આ ચલી રહીઃ
અમર આશ અમ હ્રદે હજી ઝગીઃ
પ્રકાશ દોઃ
પ્રકાશ દોઃ
પ્રકાશ દોઃ
અમે પ્રકાશ ભૂખ્યાં પધારીયાં આ દ્વારઃ

કોક શાશ્વત રહસ્યો અમ પામીએ:
કોક ઉંડાં આશ્વાસન અમ ઝીલીએ,
કોક અજરામર શાન્તિ પ્રમાણીએ.
પ્રકાશ દો:
પ્રકાશ દો:
પ્રકાશ દો:
અમે પ્રકાશ ભુખ્યાં પધારીઆ આ દ્વાર.

આ પ્રાર્થના સૂણાય છેઃ સાચા અંતઃકરણથી, ઉરપ્રાણ પાથરીને આદરેલી આરાધના ક્યારે ફોગટ જાય છે? અને 'જ્યોતિ ઝબકે' છે.

ઝબકી જ્યોતિ આત્માને આવાસ:
પ્રાણશું પ્રકટી એ ઉજ્જવલ ઉજાસ:
ઝબકી જ્યોતિ આત્માને આવાસ.
ઉલટી'તી આધી કો શોક ઘેરી ઉરમાં:
ઉલટ્યા' તા બારે મેઘ અશ્રુના પૂરમાં:
પીમળી પરિમળ પ્રેમલ ઉજાસ.
ઝબકી જ્યોતિ આત્માને આવાસ.
વિરમ્યા ઉચાટ ન્યાળી અંતરની આરસી.
વિશમ્યા ઘનઘોર સ્વચ્છ શોભે નભ-પાટલી:
ઉઘડયા ઉરપ્રાણ કેરા ઉઘાડ:
ઝબકી જ્યોતિ આત્માને આવાસ:
નમ્રનત ઉભું હું પ્રણમન પ્રસારતી:
યશગીત ગુંજું હું ભક્તિભાવ ભાખતી:
વરશી શિરપર કલ્યાણધાર:
ઝબકી જ્યોતિ આત્માને આવાસ.

અલબત્, પ્રાર્થના સૂણાઇ, જ્યોતિ ઝબકી, અધૂરા કંઇક આનંદ, અધૂરાં કંઇક સૌન્દર્ય, અધૂરા સત્ય, ને સ્નેહ, ઉલ્લસવા માડે છે, શાશ્વત રહસ્યોની કંઇક પિછાન થઇ રહે છે, ઉરના ઉચાટ સૌ શમે છે, શોક-વ્યાધિ ને માનવ વ્યથાના સૌ આર્ત નાદ વિરમે છે, અજરામર શાન્તિના ને અનુપમ જન-પશુ કલ્યાણના અનુભવની પરમ પલ ઉગે છે-એટલામાં તો એ જ્યોતિની અહીંની ઝલક-પૃથ્વી પરની તેની પ્રકાશરેખા-ઉડી જાય છેઃ અને

All God's angels say "Well done"!
"White and forgiven,
"Thou shall enter heaven,
"And pass unchallanged, the Golden gate,
"Where welcoming spirits watch and wait,
'To hail thy coming with sweet accord,
"To the Holy City of God the Lord."

૨૭ ઈસ્માઈલી સાહિત્ય.

(લેખકઃ—રા. રા. ગુલામહુસેન અનિલ.)

મહેરબાન પ્રમુખ સાહેબ, સાહિત્યપ્રેમી સજ્જનો અને સન્નારીઓ!

અમારા ઇસ્માઇલી સાહિત્યથી આપ સુજ્ઞ મહાશયોને પરિચિત કરવાનો આજનો કિમતી સમય અમોને પ્રાપ્ત થયો છે અને તેના માટે અમોને પરિષદ્‌ના કાર્યવાહકોએ જે સગવડ કરી આપી છે તે માટે એમનો ઉપકાર માનીએ છીએ.

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌મા અમારા ખોજા સાહિત્ય બાબતમાં અમારૂં ધાર્મિક સાહિત્ય ૧૦૦ વર્ષ પૂર્વેનું નહિં હોવા સંબંધે તે વખતના પ્રમુખ સાહેબ રા. બા. કાંટાવાળાએ અમારા ધાર્મિક સાહિત્યથી અજાણ હોવાને લીધે જે વિચારો જણાવેલ તે બાબત આજની આ ૭મી પરિષદ્‌મા અમારૂં સાહિત્ય સો વર્ષ જ પૂર્વેનું નહિ પણ ઘણી સદીઓથી ગુજરાતી સાહિત્યમા બહાર પડેલું છે તેવું સાબિત કરી આપવા અમો જે કાંઇ રજુ કરીએ તે આપ શાંતિથી સાંભળશો એવી આશા છે.

(૧) મી. એદલજી ધનજી કાબા કે જેવણુ પોતે અમારૂં સાહિત્ય સો વર્ષ પૂર્વેનું નહિં હોવા જણાવવાનું રા. કાંટાવાળા સાહેબ જણાવે છે તે જ મી. કાબાએ પોતાના શ્રી ઇસ્માઇલી મિશનપ્રયોગ નામના પુસ્તકની પ્રસ્તાવનામા ઇસ્માઇલી સાહિત્ય ઘણું જૂનું હોવાનો ઉલ્લેખ કર્યો છે.

(૨) અમારા મહાન બોધ ગુરુ પીર સદરૂદીનસાહેબ કે જેવણુ અમારા ૩૦મા ઇમામ હક મૌલાના શાહ ઇસ્લામશાહના વખતમા તેવણુ સાહેબના તરફથી હિંદુસ્થાનમા આજથી લગભગ ૫૦૦ વર્ષ પૂર્વે પધાર્યાનું ઘણી તવારીખોથી સાબિત છે તેમણે અહીંની ભાષાનો અભ્યાસ કરી વેદ વિગેરે પુસ્તકોનું અધ્યયન કરી કુરઆને શરીફ અને વેદોમાંના રહેલા તત્ત્વોનો અમારા ધાર્મિક સાહિત્યમાં પદ્યાત્મક ઉમેરો કરી ગયાનું મુંબાઇની હાઇકોર્ટમાં (બારાભાયા કેસ વખતે) બેરીસ્ટર ઇ. આય હાવર્ડ ૧૮૬૬ માં પોતાના ભાષણમા સિદ્ધ કરી બતાવેલું છે. (જુઓ સર જોસેફ આરનોલ્ડનો ચુકાદો.)

(૩) મુંબાઇ હાઈકોર્ટમાં હાજી બીબી વિરુદ્ધ ના. આગાખાન વચ્ચે ચાલેલા કેસમા અમારા ધાર્મિક સાહિત્ય પૈકીના સંખ્યાબંધ ગ્રંથો જે આ કેસમાં રજુ થયા હતા તેમાંના કેટલાક ૪૫૦ અને તેથી પણ વધારે વર્ષ પહલાંના હસ્તલિખિત છે તેમ તે વખતના નીમાએલ કમીશને પણ જાહેર કરેલું છે ને તે સૌકોઇની જાણમાં છે, કારણ કે તે કેસ જાહેર પેપરોમાં પણ આવતો હતો.

(૪) ઉપરાંત વોટસન્સ હિસ્ટરી ઓફ પરશીયા અને ત્વારીખે રસીદીના અંગ્રેજી ભાષાંતરમાં પણ આ બાબત ખુલ્લી જાહેર છે.

(૫) તેથી પણ વધારે પુરાવા રૂપે અમારા જમાયતખાનાઓમાં ઘણે ખરે ઠેકાણે લગભગ ૩ સદી પૂર્વેના હસ્તલિખિત ધાર્મિક ગ્રન્થો અત્યારે પણ મોજુદ છે ને વળી આજના પત્ર પ્રદર્શનમા પણ આપે અમારા ધાર્મિક ગ્રન્થો છપાએલા તેમજ હસ્તલિખિત જોયા હશે તે ઉપરથી પણ આપના જાણવામાં આવ્યું હશે કે અમારૂં ધાર્મિક સાહિત્ય નવું નથી, પરંતુ રસિલી રાગ રાગણીઓમાં આજે સદીઓ થયાં ગુજરાતી ભાષામા હસ્તી ધરાવે છે ને તેમાના થોડાજ ઉતારાઓ આપ સૌ સુજ્ઞ મહાશયોની સમક્ષ રજુ કરીશું તો અસ્થાને નહિંજ ગણાય.

હોજી રે મારા હંસા

કરણી કમાવો તો રબજી સું રાચો, આ તિરથ ત્રિવેણી આપ ચલણાજી

* * *

પીર સદરદીન ઓલીયા કોઇ મન આપણું સમજાવે
કપડા ધોવે સો કયા હુવા દિલ ધોવે સો પાવે

* * *

હોજો રે વીરા

વિષય વાસના જયારે ટળે તારે મન થર થાયે
પીર સદરદીન એમ ભણે તારે નુરે નુર સમાયે

* * *

આ ઘટે સાસ ઉસાસ નિરંજન સત સ્વરૂપી આનંદ
આ ઘટે અનંત સુરત હંસ રૂપી તો આ ઘટે અનંત સૂરજ ને ચંદ

* * * * *

સખી કે'વા સરીખો નથી મારો સ્વામી, તે તો જોવા સરીખો છે કે અલખ અનામી

આવી આવી રીતે આધ્યાત્મિક બાબતોનું એવું તો વર્ણન કરેલ છે કે જેના વિગતવાર ઉતારા રજુ કરવા અમારૂં દિલ તલસી રહ્યું છે, છતા તે આપવા બેસીએ તો ઘણું જ લંબાણ થઇ જાય.

સર્વ મનુષ્યોએ સેવાધર્મ તો સ્વીકારવો જ જોઇએ અને તે મુજબ અમારા ધાર્મિક સાહિત્યમા અમારા બોધગુરુએ પણ અમને ચેતાવેલ છે કે

સેવા કારણ તમને સુતા જગાડયા,
સેવક તે જે સેવા સાર

અમારા સાહિત્ય પ્રત્યેની અજ્ઞાનતાને લીધે કેટલાક ભાઇઓ અમારા ધાર્મિક સાહિત્ય વિરુદ્ધ નાપાયાદાર વાતો કર્યે જાય છે તેમના દિલમાંનો શક દૂર કરવા અમારા પીર સાહેબોના ઉપદેશમાં જે જણાવેલું છે તેમાંનાં થોડાં ઉદાહરણો આપણે લઇએ.

સદ્‌ગુરુ કહે રે

કરમ તો સર્વે ઉતરે ન ઉતરે પર નિંદાને આળ
પરગમન ના ઉતરે ના ઉતરે આપ હત્યા ને બાળ

જેના હૃદય માંહે દયા નવ આવશે, કેની ધાંસ રે'સ નવ ખમશે લગાર.
જે દુબળા દેખી દયા નવ આણુશે, તે આવશે નર્ક દુવાર.
માણુસ જન્મ માથે એટલું, જે કોઇ હોસે દુનિયામાં અવતાર,
બાર વર્ષ કેડે સૌ ઉપરે, ઇબાદત બંદગીની ફરજજ સાર.
હિન્દુ મુસલમાન સૌ ઉપરે, સૌને શિર છે એ ભાર.
તે માહે જે જીવ ચુકશે, તે આવશે નર્ક મોઝારરે

જુઠી કરણીએથી કંઇ નહિ વળે, રહેણીએથી પામીએ પાર;
જે જુઠી કરણી કરી મોટા થાશે, તે આવશે કુંભિ નર્ક મોજાર.
જુઠું બોલીને મીઠો થાયસે, ને ધુનશે સર્વ સંસાર.
એક પોતાના પેટ કારણે, માથે લ્યે છે એ ભાર.

ઉપર પ્રમાણે અમારા પીર સાહેબોએ અમારી કોમને ઉપદેશ આપવા અર્થે દરેક મુદ્દાઓ કાવ્યથી ને ગુજરાતી ભાષામાં દાખલા દલીલોથી સચ્ચોટપણે સમજાવેલ છે.

મહાત્મા ગાંધીજી હિંદુમુસ્લીમ ઐક્ય સાધવાનું જે કાર્ય કરી રહ્યા છે તે કાર્ય આજથી ૫૦૦ વરસો પૂર્વે અમારા બોધગુરુ પીર સદરૂદીન સાહેબે પુરા તોરથી ઉપાડી લીધેલું અને ફતેહમંદી પણ મેળવેલી, તે સાક્ષર શ્રી ઓલીયા જોષીના હૃદયોદ્‌ગાર વાંચ્યે આપ સૌને ખાત્રી થશે. છતાં પીર સદરૂદીન સાહેબના શબ્દોમાં કહીએ.

ૐકાર મધ્યે શાહઅલી રહેજેથી ઊપન્યા, ઉણીયાદે આદ શાહના નામ ભણાયા.
હિન્દુ મુસલમાન શાહજીના જીવડા, કેની ભ્રાંત મ રાખોજી.

હમદિલ ખાલક અલ્લાહ સોહિ વસે, જેણે કાયમ કુદરત ચલાઇ એબી અલ્લાહ;
સુનબે મુલ્લાં ! સુનબે કાજી ! આ સૃષ્ટિ કેણે રચાઇ એબી અલ્લાહ.

ઇસરે માટીમાંથી સારી દુનીયા નીપાઇ, ઇસમે કોણ હિન્દુ કોણ મુસલમાન એબી અ.

આવી રીતે હિન્દુ મુસલમાન એકતાની સાંકળ જડવા આજથી ૫૦૦ વરસ અગાઉથી જ અમારા બોધગુરુ સદરૂદીન સાહેબનો ઉદ્દેશ હતો.

આવી આવી અનેક બાબત તો અમારા ધાર્મિક સાહિત્યોમાં મળી આવે છે અને સઘળા વિષયો ઉપર અમારા પીરસાહેબોએ ઘણું ઘણું વર્ણન કરી સચોટપણે સમજાવેલ છે પરંતુ અહિં તો માત્ર નહિ જેવા જ દાખલા રજુ કર્યા છે.

ઉપર મુજબ જુદી જુદી બાબતોના ૪૧ નાના મોટા ગ્રંથો ૧૦૨૭ પદો અત્યારે ઇસ્માઇલી ધાર્મિક સાહિત્યના ક્ષેત્રે અસ્તિત્વમાં છે જે વિષે વિસ્તારપૂર્વક જણાવવાનું સબબથી અહીં ઉલ્લેખ કરવો ઉચિત નથી. હવે અમારા ધાર્મિક સાહિત્યના મુખ્ય ઉત્પાદક પીરો પૈકી પીર શમ્સ તબ્રેઝ વિષે પણ થોડું વિવેચન રજુ કરતાં જણાવીશું કે તેવણ બુઝર્ગ

એક મહાન સુફી હતા તેના માટે સ્વામી શ્રીરામતીર્થ તથા સ્વામી શ્રીવિવેકાનંદે યથેચ્છ વર્ણન કર્યું છે; જે મહાન નરે આકાશમાંથી સૂર્યને પૃથ્વી પર આણ્યો, જેણે પોતાના શબ્દના ઉચ્ચાર માત્રથી મૃત દેહને સજીવન કીધો અને જે મહાન નરે સ્વહસ્તે પોતાના શરીરની ખાલ ઉતારી આપી તથા નાનાવિધ અસંખ્ય મોઅજીઝાઓ બતાવ્યા એ મહાન નરથી કોણ અજાણ્યું હોય ?

આ સિવાય ઇસ્માઇલી ધાર્મિક સાહિત્યનો ઉર્દુ અને ફારસી ભાષામા ફેલાવો કરનાર મહાત્મા પીર શમ્સ તબ્રેઝ, મૌલાના જલાલુદીન રૂમી, ઉમ્મર ખય્યામ અને શેખ ફરીદ્દીન અત્તાર ખાસ કરીને છે.

વળી અહીં જરા એ ખુલાસો આપવો ઉચિત ગણાશે કે ગઇ કાલેજ સાહિત્ય વિભાગના પ્રમુખ શ્રી મારા વિદ્વાન મિત્ર શ્રીયુત અરદેસર ફરામજી ખબરદારે પોતાના શબ્દમા એક એવો ખેદ જાહેર કર્યો છે કે "શુદ્ધ મુસલમાનો તરફથી ગુજરાતી ભાષામા પુસ્તકો લખાયલાં જ નથી" શુદ્ધ મુસલમાનોએ તો ઉર્દુજ પસંદ કીધુ છે.

અહીં પ્રશ્ન એ ખડો થાય છે કે શુદ્ધ મુસલમાનો કોણ ? જેમ બ્રહ્મ પિછાને સોહિ બ્રાહ્મણ તેવીજ રીતે "લા ઇલાહા મહમદ રસુલિલાહ" નો પવિત્ર કલમો પઢનાર શુદ્ધ મુસલમાન જ ગણાય અને પવિત્ર કુરાને શરીફ એ રીતે સઘળા મુસલમાનોને સમાન જ ગણે છે. એક વૈદકનો ધંધો કરનારે સઘળા દર્દોથી જ્ઞાત રહેવાની અને વકીલાતનો ધંધો કરનારે કાયદાથી જ્ઞાત રહેવાની જરૂર છે તેમ સાહિત્યની સમાલોચના કરનારાઓએ બધા પાસાં તપાસવા જોઇએ ને પછી જ તેના વિષે પોતાનો મત રજુ કરવો જોઇએ. આ ઊંડું સત્ય ભુલી જવાયું છે, તે શોચનીય છે. અમારા બોધગુરુનો ખાસ હેતુ હિન્દુ અને મુસલમાન સર્વે આલમને ઐકયની સ્નેહભીની સાંકળમા સંગઠિત કરવાનો હોવાથી હિંદમાં આવનાર અમારા પીરોએ હિન્દુ સમાજને તેમની જ ભાષામા તેમનાં શાસ્ત્રોમાં રહેલ તત્ત્વો અને ઇસ્લામી ધર્મની મહાન ફીલોસોફી સમજાવવા એ પદ્ધતિ ગૃહણ કરેલી હોવાથી—અમારા ધર્મનો મૂળ હેતુ ઇસ્લામ પાયો અને ઇસ્માઇલી ને ઉપરની ઇમારત હોવા છતા અમારા સાહિત્યમા ગુજરાતી કવિવરોના જેવી રૂઢિથી પદ ભજન અને ગરબીઓ મારફતે સંબોધીને વેદાતના રહસ્યો સમજાવેલાં છે, જે લગભગ સઘળા ઇસ્માઇલી ભાઇઓને કંઠસ્થ હોય છે તેમાથી બે ચાર જરૂર જોગા મુદ્દાઓ રજુ કરીએ છીએ.

સખી ! સદગુરુ સતકારી જાણ, મહંમદ રૂપેરે
આદ નિરંજન શામ સદાય, અલી રૂપેરે
સખી નાભકમળ ઘટ માહે કે, સોહમ ઉઠેરે
ત્યાં જાપ જપે છે હંસ, તાર ન તુટેરે
સખી ઇંગલા પીંગલા સાર, સુખમણા નાડીરે
ત્યાં ચંદ્ર સૂરજ મળી બેઉ, મન્છા મારીરે

ગરબીનો નમુનો.—

કરીયા પંજેતનના વખાણ, ઉપાવણ નુરનીરે લોલ.
જયારે સીરજીયા કુતુબ તારાનું નુર, તે પંજેતન પાકનારે લોલ.
તે તો સીતેર હજાર વરસ ઉગમના સાર, ફરી અમ બોલતારે લોલ.
તે તારો નબી મહંમદ નામ, અલી શિર તાજમારે લોલ.
તેના હંસ ગળામા ફાતમા (ઇ) નુર, ઝબુકે જેમ વિજળીરે લોલ.
તેને બે પાસે ઇનામ હશન હુસેન, શમાયે તેજ માહેરે લોલ.

ઉપરની બાબતોથી જાણી શકાય છે કે, ઇસ્માઇલી ધાર્મિક સાહિત્યમાં જે પદો ને ગરબીઓ બોલાય છે તે ઇસ્લામનાં તત્ત્વોથી ભરપુર છે છતાં દરેક મુદ્દા અત્રેની પ્રજાને સચોટપણે સમજાવવા અત્રેની પ્રકૃતિને અનુકૂળ થઇ પડવા ખાતર માત્ર આ રીત અખત્યાર કરેલી છે ને તેવીજ રીતે અન્ય ઇસ્લામી પીરોએ અખત્યાર કર્યાનું પણ પ્રસિદ્ધ છે.

સાંસારિક સાહિત્ય

અત્યાર સુધીમાં અમારી જ્ઞાતિમાંથી ૧૭ વર્તમાન પત્રો બ્હાર પડ્યાં છે પરંતુ તેમાંથી અત્યારે ત્રણ જ ચાલુ છે. તે પૈકી પહેલું "ધી ઇસ્માઇલી" નામક અઠવાડિક પત્ર છે જે વાર્ષિક રૂ. બેના નજીવા લવાજમે (જા૦ ખ૦ સિવાય) સરાસરી ૨૦ પાનાનું વાચન પુરૂં પાડી ગુજરાતી સાહિત્યની સેવા બજાવી રહ્યું છે જે પત્ર સારી ગુજરાતી વાંચનારી આલમ માટેનું છે.

બીજું અમારૂં પખવાડીક પત્ર ધી ઇસમાઇલી આફતાબ છે તે વાર્ષિક ત્રણ રૂપીઆના લવાજમે ઇસમાઇલી આલમ માટે સારી હકીકતો રજુ કરી ગુજરાતી ભાષાની સેવા બજાવી રહ્યું છે. આ પત્ર અમારી જ્ઞાતિ માટેનું જ છે.

ત્રીજું અમારૂં માસિક સતપંથ-પ્રકાશ છે. આ માસિક આઠ વર્ષ થયાં બહાર પડે છે અને તેમાં દિન પ્રતિદિન શુદ્ધ ગુજરાતી ભાષા વાપરવા અમારા ઉછરતા કવિઓને ઘટતું ઉત્તેજન અને ઘટતી સૂચના આપી તેમને આગળ વધારવા ઉપર મહેનત કરી રહ્યું છે તેની સાથે આ વર્ષથી ઇસ્માઇલી આલમને કળાકૌશલ્યનો પણ રસ ચખાડી રહ્યું છે. આપ જાણી શકયા હશો કે એ અમારી જ્ઞાતિ માટેનું પત્ર છે.

કાવ્યો, વાર્તાઓ અને નિબંધો વિગેરેના મળીને કુલ્લે ૧૮૧ ગ્રન્થો અને ૭૨૩ પત્રિકાઓ બ્હાર પડેલ છે. અમારી જ્ઞાતિ રાજ્ય દરબારે માનપામેલા ૫ કવિઓ અને ૧૫૦ લેખકો તથા સાહિત્યની સેવા બજાવતા ૯ મંડળો હસ્તી ધરાવે છે.

ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવાની સઘળા ગુજરાતી ભાઇઓની ફરજ છે અને તદાનુસાર ઇસમાઇલી આલમે પણ ગુજરાતી સાહિત્યની અત્યાર સુધીમાં સારી સેવા બજાવી છે છતાં આટલું તો કબુલ કરવુંજ પડશે કે તે સેવા બજાવવામાં અમારી થોડે ઘણે અંશે અર્ધદગ્ધ સ્થિતિ છે અને તેનું મુખ્ય કારણ અમારા કેટલાક વિદ્વાનોની આળસ અને સમસ્ત ગુજરાતી ભાષાના વિદ્વાનોનું અમારી તરફનું દુર્લક્ષ છે.

અમારા કેટલાક વિદ્વાન ભાઇઓ ગુજરાતી સાહિત્યની સેવા બજાવી રહ્યા છે અને ઘણા બજાવી પણ ગયા છે તેના ઉદાહરણાર્થે શ્રીયુત્ તનસુખરામ ત્રિપાઠીના શબ્દોમાં કહીશું કે—

"ગુજરાતીમાં પ્રથમ યોગવાસિષ્ઠના ઉત્પત્તિ પ્રકરણનું ભાષાંતર પ્રકટ કરનાર ખોજા ગૃહસ્થ હતા, અને વેદાંતના હિન્દી વિચાર સાગર આદિ પ્રસિદ્ધ ગ્રન્થોના પ્રથમ પ્રકાશક પણ ખોજા ગૃહસ્થ જ હતા અને નીતિ વૈરાગ્ય શાંતિમય પ્રસ્તુત કાવ્યના સંગ્રહ કર્તા પણ એ જ જ્ઞાતિના હતા." અહિં મને અત્યારે મળેલી સૂચના મુજબ—હું કહેવા ધારૂં છું કે શેઠ શરીફભાઇ સાલેમહમદ વેરાવરવાળાએ "પંચદશી" નામનો ગ્રન્થ બહાર પાડેલ છે.

આ સિવાય વર્તમાન પત્રના યુગ પૂર્વે પહેલ વહેલું "વેપાર સમાચાર" પત્ર કાઢનાર ખોજા ભાઇ હતા. આવા તો અનેક દાખલાઓ અણનોંધ્યા ભસ્મિભૂત થયા છે.

અમારા બંધ પડી ગયેલા વર્તમાન પત્રોએ ગુજરાતી કળા અને સાહિત્યની જે જે અપૂર્વ સેવાઓ બજાવી છે તેનું સવિસ્તર વિવેચન કરતાં વિષય લંબાવાનો ભય રહે છે તેથી તે વળી કોઈ બીજા પ્રસંગે આપણે જાણીશું.

આજનું અમારૂં ભાષણ પુરૂં કરતાં અમારે જણાવવું જોઇએ કે પ્રસ્તુત ભાષણમા જો આત્મશ્લાઘા જેવો દોષ આપ સજ્જનો અને સન્નારીઓને જણાય તો ક્ષમા આપશો બાકી અમારો આશય તો સત્ય હકીકત રજુ કરવાનો અને તેમ કરી ગેરસમજ દુર કરાવવાનો જ છે.

અમારા સાહિત્ય પ્રત્યેની આપની મીઠી લાગણીઓમાં અભિવૃદ્ધિ થાય એવું ઇચ્છી અત્રેજ અટકીશું.